Ameliorative (ઍમીલિઓરેટિવ્), *a.* ઉન્નતિકારક; સુધારનારૂં. Tending to improvement.

Amen (ઍમેન્), *int.* & *ad.* તથાસ્તુ;આમીન;અસ્તુ. Be it so. 2. ખરેખર; ખચીત. Truly; indeed.

Amenable (ઍમીનેબલ્), *a.* જવાબદાર;જોખમદાર; Responsible; accountable. 2. આજ્ઞાધીન; વશ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધીન. Submissive.

Amenability (ઍમીનેબિલિટિ), *n.* જવાબદારી; આજ્ઞાધીનતા. Responsibility; submissiveness.

Amend (ઍમેન્ડ્), *vt. vi.* સુધારવું; સારા કરવું; દોષમુક્ત કરવો. To improve; to reform. **2.** સુધરવું; સારા થવું. To become better.

Amendable (ઍમેન્ડેબલ્), *n.* સુધારવા લાયક; સુધારી શકાય એવું. Fit to be corrected; capable of being improved.

Amendment (ઍમેન્ડ્-મેન્ટ્), *n.* ફેરફાર; દોષશોધન; સુધારો. Correction; a clause added to a bill. [સાટું. Compensation; recompense.

Amends (ઍમેન્ડઝ્). *n.* (*pl.*) બદલો; અવેજ;

Amenity (ઍમીનિટિ), *n.* રમણીયતા; શોભા; સૌન્દર્ય. Pleasantness of a place. **2.** અનુકૂળતા. Agreeableness.

Amerce (ઍમર્સ્), *vt. pr. p.* **Amercing.** *imp.* & *p. p.* **Amerced.** દંડ કરવો; છંડવું. To fine a person in a sum.

Amerce-ment (ઍમર્સ્-મેન્ટ્), *n.* દંડ; પૈસાથીજ દંડ કરવો તે. Pecuniary punishment.

Amethyst (ઍમીથિસ્ટ્), *n.* આસમાની રંગનું ઝવાહીર; યાકુત. A precious stone of a bluish colour; a purple kind of quartz.

Amiability (ઍમિએબિલિટિ), *n.* ભલાઈ; સુજનતા; સુશીલતા; મળતાવડાપણું. Gentility; loveliness.

Amiable (ઍમિએબલ્), *a.* ભલું; સુશીલ; મળતાવડું; પ્રીતિપાત્ર. Lovable; charming; gentle.

Amiableness (ઍમિએબલ્-નેસ્), *n.* Same as **Amiability.**

Amicable (ઍમિકેબલ્), *a.* મિત્રાચારીવાળું; સ્નેહભાવથી ભરપૂર; માયાળુ. Friendly; kind.

Amicability, Amicable-ness (ઍમિકેબિલિટિ, ઍમિકેબલનેસ્), *n.* સ્નેહભાવ; મિત્રતા; માયાળુપણું. Friendliness; kindness.

Amicably (ઍમિકેબ્-લિ), *adv.* મિત્રાચારી ભરેલી રીતે; માયાળુપણે. In a friendly way; kindly.

Amid, Amidst (ઍમિડ્, ઍમિડ્સ્ટ્), *prep.* મધ્યે; વચ્ચે; વચમાં. In the middle of; among.

Amiss (ઍ-મિસ્), *adv.* અયોગ્ય રીતે; અઘટીત રીતે; ખોટી રીતે. Improperly; badly; wrongly. **To take a thing amiss,** ઉલટો અર્થ લેવો; માઠું લાગવું. To take the contrary meaning. [Friendship; friendly relations.

Amity (ઍમિટિ), *n.* સ્નેહભાવ; મિત્રાચારી; દોસ્તી.

Ammonia (ઍમ્-મોનિયા), *n.* નવસાર; નવસાગર (એક જાતનો ક્ષાર છે). An alkali, gaseous in its uncombined state.

Ammoniac (ઍમ્-મોનિઍક્), *a.* નવસારનું; ઍમોનિયાને લગતું. Of ammonia.

Ammunition (ઍમ્-મ્યૂનિશન્), *n.* લડાઇનો સામાન દારૂગોળો; યુદ્ધ સામગ્રી. Military stores consisting of gunpowder, shots and shells.

Amnesty (ઍમ્-નેસ્ટિ), *n.* રાજ ક્ષમા; ક્ષમાપત્ર; સર્વ રાજ્યદ્રોહી ગુન્હેગારને એક સામટી માફી. A general pardon. *vt.* ક્ષમાપત્ર માંગવો; ક્ષમા આપવી. To grant a general pardon.

Among, Amongst (ઍમન્ગ્, ઍમન્ગ્-સ્ટ્), *prep.* અંદર; મધ્યે; માં. Amidst; mixed with.

Amoret (ઍમોરેટ્), *n.* આશક; ઇશ્કી; સ્નેહી. A lover. [**Amoret.**

Amorist (ઍમોરિસ્ટ્), *n.* Same as

Amorosa (ઍમોરોઝ્), *n.* વેશ્યા; પાતર; કસબણ. A wanton woman; a prostitute.

Amorous (ઍમોરસ્), *a.* વિલાસી; વિષયી; ઇશ્કી; રસિક; શૃંગારપ્રિય. Loving; inclined to love; relating to love.

Amount (ઍમાઉન્ટ્), *vt. vi.* (*to*). *pr. p.* **Amounting.** *imp.* & *p. p.* **Amounted.** બધું મળીને એકંદરે થવું; જુમલે થવું—બનવું; સારાંશ હોવો. To be the sum total of; to be equivalent. *n.* સરવાળો; પરિણામ; રકમ; સંખ્યા; આંકડો. A total; a result; a sum; a number.

Amorphous (ઍમૉર્-ફસ્), *a.* અનિયમિત આકારનું; ઢંગ વગરનું; ચોકસ આકાર વગરનું. Of irregular form or shape.

Amour (ઍમૂર્) *n.* ઇશ્કબાજી; વિલાસ; શૃંગાર. Love-affair; love-intrigue.

Amphibia (ઍમ્-ફિબિએ), *n.* જળ અને સ્થળ બન્નેમાં રહી શકે એવાં પ્રાણીઓ. A class of animals living on land as well as in water, like a frog, a serpent, etc.

Amphibious. (ઍમ્ફિબિઅસ્), *a.* જમીન ઉપર તેમજ જળમાં રહેવાને યોગ્ય; ભૂજળચર. Adapted for living on land and in water.

Amphibology (ઍમ્ફિબોલૉજી), *n.* બે અર્થનું વાક્ય; અનિશ્ચિત અર્થનું વાક્ય. A phrase or sentence having two meanings; a sentence of uncertain meaning.

Amphitheatre (ઍમ્-ફિ-થીએટર્), *n.* લંબગોળાકાર રંગભૂમિ; મોટી નાટકશાળા; મોટી ગોળ બેસવાની જગ્યા. Semi-circular gallery for spectators in a theatre.

Amphitheatrical (ઍમ્-ફિ-થીએટ્રિકલ્), *a.* મોટી નાટકશાળાને લગતું. Of or pertaining to an amphitheatre.

Amplification (ઍમ્-પ્લિફિકેશન્), *n.* વિસ્તાર; વૃદ્ધિ; લંબાણપૂર્વક કહેલી હકીકત; સવિસ્તર વર્ણન. Extent; spaciousness; diffusive discussion.

Ample (ઍમ્પલ્), *a.* વિશાળ; મોટું; પુષ્કળ. Wide; copious; abundant. **2.** પુરતું; જોઇએ તેટલા પ્રમાણે. Sufficient; quite enough. **3.** સવિસ્તર; ટુંકાણમાં નહિ એવું. Not brief.

Amplify (ઍમ્-પ્લિફાય્), *vt. vi. pr. p.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Amplifying. *imp. & p. p.* **Amplified.** લંબાવવું; વિસ્તારપૂર્વક કહેવું; લંબાવીને વિવેચન કરવું. To enlarge; to describe in detail.

Amplitude (ઍમ્-પ્લિ-ટ્યૂડ્), *n.* Same as **Amplification.**

Amply (ઍમ્-પ્લિ), *adv.* બહોળી રીતે; સારી પેઠે; ઉદારપણે; મોકળે હાથે;વિસ્તારપૂર્વક. Liberally; copiously.

Amputate (ઍમ્-પ્યૂ-ટેટ્), *vt. pr. p.* **Amputating.** *imp. & p. p.* **Amputated.** અંગ કાપવું; અવયવ કાપવું-છેદવું. To cut off a limb. 2. સોરવું; છાંટવું (ઝાડની ડાળી). To prune.

Amputation (ઍમ્-પ્યૂટેશન્), *n.* અંગ છેદન; છેદ; કાપ. An act of cutting off a limb; an act of pruning.

Amputator (ઍમ્-પ્યૂટેટર્), *n.* અંગ છેદન કરનાર. One who cuts off one's limb.

Amulet (ઍમ્યૂલેટ્) *n.* તાવીજ; મંત્રેલું માદળિયું. A charm against evil.

Amuck (ઍમક્),*adv.* ગાંડા થઇને જેને તેને મારવા દોડવાની માફક; ઉશ્કેરાયેલી હાલતમાં. In a frenzied state of mind.

Amuse (ઍમ્યૂઝ્), *vt. vi. pr. p.* **Amusing.** *imp. & p. p.* **Amused.** મનરંજન કરવું; ગમ્મત કરવી; રમાડવું; ગમ્મતમાં નાંખવું. To find diversion for.

Amusement (ઍમ્યૂઝ્-મેન્ટ્), *n.* ગમ્મત;તમાસો; ક્રીડા; રમત ગમત;મજાહ. Entertainment;sport; pastime; diversion.

Amusive (ઍમ્યૂઝિવ્), *a.* રમુજી;મનોરંજક;આનંદ પમાડે તેવું;ગમતી. Having the power to entertain; diverting.

Amygdaline (ઍમિગ્-ડે-લાઈન્), *a.* બદામી રંગનું; બદામનું. Pertaining to an almond; made of almond.

An (ઍન્), અંગ્રેજીમાં 'ઈન્ડેફિનિટ આર્ટિક્લ' છે, જેનો અર્થ કોઇએક, એક, એકાદ એવો થાય છે. An indefinite article, meaning some one.

Anachronism (ઍનૅક્રોનિઝમ્), *n.* વખતની ગણત્રીમાં ચુક; પ્રાચીન બનાવોની કાળગણનામાં ભૂલ. An error in chronology; an event or a thing considered to be out of date.

Anachronistic (ઍનૅક્રોનિસ્ટિક્), *a.* કાળગણનામાં ભૂલવાળું. Containing an anachronism; erroneous in date.

Anagram (ઍનૅગ્રૅમ્), *n.* કોઇ શબ્દના અક્ષરો ઉલટાવી નાંખ્યાથી થયેલો શબ્દ. A word formed from the letters of another.

Analeptic (ઍનૅલેપ્-ટિક્), *a.* પૌષ્ટિક; પુષ્ટિકારક; તાકાદ બક્ષનારૂં. Invigorating;giving strength.

Analogic,-al (ઍનૅલૉજિક્,-કૅલ્),*a.* ઉપમા પ્રમાણે કરેલું; સરખું; તુલ્ય. Based on analogy.

Analogous (ઍનૅલૉગસ્),*a.* સમાન;સદૃશ; સરખું; મળતું;અનુરૂપી. Similar;parallel;corresponding.

Analogy (ઍનૅલૉજી), *n.* મુકાબિલો; સરખાપણું; મળતાપણું. Similarity; likeness.

Analogue (ઍનૅલોગ્), *n.* મળતો પદાર્થ; સરખી વસ્તુ. A corresponding thing to some other thing.

Analysis (ઍનૅલિસિસ્), *n. pl.* **Analyses.** પૃથક્કરણ; મૂળતત્વશોધન; મૂળતત્વ જુદાં પાડવા તે. Resolution into simple elements.

Analyst (ઍનૅલિસ્ટ્), *n.* મૂળતત્વશોધક; પૃથક્કરણ કર્ત્તા. One skilful in analysing (esp. Chemical analysis).

Analytic,-al (ઍનૅલિટિક્,-કૅલ્), *a.* પૃથક્કરણ સંબંધી; મૂળતત્વશોધન સંબંધી. Pertaining to analysis.

Analytics (ઍનૅલિટિક્સ્), *n.* મૂળતત્વશોધક વિદ્યા;પૃથક્કરણ વિદ્યા The science of analysis.

Analyse (ઍનૅલાઇઝ્), *vi. pre. p.* **Analysing.** *imp. & p. p.* **Analysed.** મૂળતત્વ જુદાં પાડવા; પૃથક્કરણ કરવું. To separate into different parts; to ascertain the elements.

Analyser (ઍનૅલાઇઝર), *n.* મૂળતત્વ જુદાં પાડનાર; પૃથક્કરણ કરનાર; શોધન કરનાર. One well up in ascertaining the elements.

Anapest (ઍનૅપેસ્ટ્), *n.* બે લઘુ અને એક ગુરૂ એવા અક્ષરના ગણવાળું ચરણ. (⏑⏑–). A metrical foot of the first two short and the last long syllable.

Anarchic,-al (ઍનાર્કિક્,-કૅલ્), *a.* અવ્યવસ્થિત; ગેરબંદોબસ્તવાળું; અંધાધુંધીનું. Without proper rule or management.

Anarchist (ઍનાર્કિસ્ટ્), *n.* રાજ્ય સત્તાનો વિરોધી; બળવો કરનારૂં. One who advocates anarchy.

Anarchy (ઍનાર્કિ), *n.* અંધેર રાજ્ય; ગેરબંદોબસ્ત; અવ્યવસ્થા;અંધાધુંધી. Political confusion or disorder; mismanagement; misrule.

Anathema (ઍનૅથીમૅ), *n.* શ્રાપ; શાપ; બદદુઆ. A curse (esp. of God). 2. શાપ અપાયેલી ચીજ. An accursed object or thing.

Anatomical (ઍનૅટૉમિકૅલ્), *a.* શરીર છેદન વિદ્યા સંબંધી; છેદન વિદ્યાની બાબતમાં. Pertaining to anatomy.

Anatomist (ઍનૅટૉમિસ્ટ્),*n.* શરીર છેદન વિદ્યામાં કુશળ વૈદ્ય; શારીર વૈદ્ય. One clever in anatomy.

Anatomy (ઍનૅટૉમિ),*n.* શરીર શાસ્ત્ર. Science of bodily structure. 2. શરીર છેદન વિદ્યા. Dissection. 3. હાડ પિંજર. A skeleton.

Anatomize (ઍનૅટૉમાઈઝ્),*vt.* શરીર રચના જાણવા માટે ચીરવું; શરીર ચીરીને જુદા જુદા ભાગ કરવા; અવયવોનું પૃથક્કરણ કરવું. To dissect; to cut into pieces; to analyse.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Ancestor (ઍન્સેસ્ટર), *n.* વડિલ;પૂર્વજ; બાપદાદા; દ્વરડા. A forefather; a progenitor.

Ancestral (ઍન્-સેસ્ટ્રલ), *a.* બાપદાદાથી ઉતરી આવેલું; બાપદાદાનું; વડિલ તરફથી વારસામાં મળેલું. Inherited from a forefather; descended from a forefather.

Ancestry (ઍન્-સેસ-ટ્રિ), *n.* કુળ; વંશ; પેઢી; ઓલાદ; બાપદાદા. Lineage; birth; descent; forefathers.

Anchor (ઍન્કર્), *n.* લંગર; નાજર; ખિલાડી. A contrivance to hold a ship at rest in water. **To cast anchor,** લંગર નાંખવું. **To weigh anchor,** લંગર ઉપાડવું. The ship **is at anchor,** વહાણ લંગરાયેલું છે. *vt. vi.* બંદર કરવું; નાંગરવું. To place at anchor. 2. લંગરવાર થવું; થોભવું; અટકવું. To come to anchor; to fix.

Anchorage (ઍન્કરેજ્), *n.* વહાણને લંગરવાની જગ્યા. A place for anchoring. 2. બારામાં લંગર કરવા માટે લેવાતો કર. A duty on ships for anchoring.

Anchoret, Anchorite (ઍન્કોરેટ , ઍન્કોરાઇટ્), *n.* વનવાસી; તપસ્વી; યોગી; સંન્યાસી; યતિ. A hermit; a recluse.

Anchovy(ઍન્-ચોવિ),*n.* એક પ્રકારની નાની માછલી. A kind of small fish, of herring family.

Ancient (એન્શેન્ટ્), *a.* જુનું; પ્રાચિન; પહેલાના સમયનું. Of old times; old. 2. (*pl.*) *n.* અસલના લોકો; જુના જમાનાના લોકો; અસલી લોકો. Those, who lived in former ages; very old persons.

Ancillary (ઍન્-સિલ્લૅરિ),*a.* હાથ નીચેનું;તાબેદાર. [Subservient; subordinate.

Ancle (ઍન્કલ્), *n.* Same as **Ankle.**

And (ઍન્ડ્), *conj.* અને; તથા; ને; વધારામાં. A connecting word between two nouns or verbs or clauses.

Anecdote (ઍનેક્ડોટ્), *n.* કથા; વાર્તા; કહાણી; ઉપાખ્યાન. A description of a detached incident. 2. (*pl*). અપ્રસિદ્ધ ઐતિહાસિક હેવાલ. Unpublished details of history.

Anecdotal (ઍનેક્ડોટલ), *a.* વાર્તા સંબંધી;કહાણીને લગતું. Pertaining to an anecdote.

Anent (ઍનેન્ટ્), *prep.* વિષે; સંબંધી;ની બાબતમાં. Concerning; about.

Anew (ઍન્યૂ), *adv.* ફરીથી; નવેનામે; નવેસરથી. Again; afresh.

Angel (એન્-જેલ્), *n.* દેવદૂત; ફિરસ્તો; સ્વર્ગીય દૂત. A heavenly messenger. 2. લેગભગ છ શીલીંગ ને આઠ પેન્સથી દશ શિલિંગની કિંમતનું ઈન્ગ્લેન્ડનું નાણુ-સિક્કો. An ancient gold coin of England valued from 6s. 8*d*. to 10s.

Angelic,-al (એન્-જેલિક્,-કૅલ્), *a.* દેવદૂતનું; સ્વર્ગીય દૂત સંબંધી. Pertaining to an angel; like an angel.

Anger (ઍન્ગર્) *n.* ક્રોધ; રીસ; ગુસ્સો; કોપ. Wrath; vexation; rage. *vt.* ક્રોધાયમાન થવું; રોષે ભરાવવું;ગુસ્સે થવું. To be excited; to provoke; to irritate.

Angle (ઍન્ગલ્), *n.* કોણ; ખુણો. A point where two lines meet; a corner. 2. માછલા પકડવાનો આંકડો. A fishing tackle or hook. *vi.* આંકડાથી માંછલા પકડવા. To fish with a hook. 2. લાલચ બતાવવી; છળકપટ કરવું. To entice; to intrigue.

Angler (ઍન્ગ્-લર્), *n.* ગલવતી માંછલા પકડનાર. One who fishes with an angle. 2. એક જાતની દરિયાઈ મોટી માંછલી. A fish called a sea-devil.

Anglicize (ઍન્ગ્-લિસાઈઝ્), *vt.* અંગ્રેજ રૂઢિને અનુસરવું; અંગ્રેજી પદ્ધતિ પ્રમાણે વર્તવું. To follow the English rules and customs.

Anglo (ઍન્ગ્-લો), અંગ્રેજી. This is a prefix denoting the English.

Angrily (ઍન્-ગ્રિલિ), *adv.* ક્રોધથી; રીસથી;ગુસ્સે થઇને; ખીજાઇ જઇને. Wrathfully.

Angry (ઍન્-ગ્રિ), *a.* ક્રોધાયમાન; ક્રોધી; તામસ પ્રકૃતિવાળું; ઉશ્કેરાયેલું. Wrathful; irritated; provoked.

Anile (ઍનાઇલ્); *a.* કમજોર; અશકત; મંદબુદ્ધિનું. Weak; imbecile. 2. ઘરડી ડોશી જેવું. Old womanish.

Animadversion (ઍનિમૅડ્વર્-શન્), *n.* નિંદા અથવા ઠપકાથી ભરેલું ભાષણ-ટીકા;નિંદા; દોષારોપ. A speech full of censure;censure;reproof.

Animadvert (ઍનિમૅડ્-વર્ટ્), *vt.* ચર્ચા કરવી; ગુણદોષ તપાસવા; નિંદા કરવી. To criticise; to comment; to censure.

Animal (ઍનિમૅલ્), *n.* પ્રાણી; જીવ; પશુ; હેવાન. An irrational being (esp. a quadruped).

Animalcule (ઍનિમૅલ-ક્યૂલ), *n.* જંતુ; પોરા; અતિ સૂક્ષ્મ જંતુ. A little invisible animal or insect.

Animalism (ઍનિમૅલિઝમ્), *n.* પશુવૃત્તિ; વિષયાધીનતા. Sensuality.

Animality (ઍનિમૅલિટિ), *n.* હેવાનપણું; પશુત્વ. Animal nature or existence. [**Animality.**

Animalness (ઍનિમલ્-નેસ), *n.* Same as

Animalize (ઍનિમૅલાઈઝ્), *vt.* સચેત કરવું; પ્રાણીના ગુણવાળું કરવું; સજીવન કરવું. To convert into animal life; to look upon simply as an animal.

Animate (ઍનિમેટ્), *vt. pr. p.* **Animating.** *imp. & p. p.* **Animated.** સજીવન કરવું; ઉત્તેજીત કરવું; જીવવું કરવું. To make alive; to stimulate; to breathe life into. 2. ઉત્સાહી બનાવવું;હિંમતવાન બનાવવું.To encourage;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

to incite. *a.* સજીવન; જીવતું; ઉત્સાહિત. Alive; active; stimulative.

Animation (ઍનિમેશન્), *n.* સજીવન કરવું તે; જીવસંચારણ. An act of breathing life into. 2. ઉલ્લાસ; ઉત્સાહ; હોંશ; અત્યાનંદ. Liveliness; vivacity; ardour.

Animosity (ઍનિમૉસિટિ), *n.* વેર; દુશ્મનાવટ; અદાવત; દ્વેષ; વિરોધ. Enmity; hostile nature.

Animus (ઍનિમસ્), *n.* અંટસ; અદાવત; કડવી લાગણી; વેરઝેર. Bitter feelings; enmity; jealousy.

Anise (ઍનિસ્), *n.* સુવાનો છોડ; સુવાદાણા. An aromatic plant or its seeds.

Ankle (ઍન્કલ્), *n.* પગનો ઘુંટણ; ઘુંટી. A joint connecting foot with leg.

Anklet (ઍન્ક્-લેટ્), *n.* પગનું સાંકળું; કલ્લું; કાંબી; લંગર. An ornament for the ankles.

Annalist (ઍન્નૅલિસ્ટ્), *n.* ઇતિહાસ લખનાર; ઇતિહાસકાર. An historian; a recorder of public events.

Annals (ઍનૅલ્ઝ્), *n. pl.* ઇતિહાસ; ઐતિહાસિક વૃત્તાંત; સાલવાર વૃત્તાંત. A narrative of events year by year; history in the chronological order.

Anneal (ઍન્-નીલ્), *vt. pr. p.* **Annealing.** *imp.* & *p. p.* **Annealed.** ઉનું કરી પિંગાળીને ધીમે ધીમે ઠંડું કરવું (ધાતુ, કાચ વિ૦); પાકો રંગ ચઢાવવાને માટે તપાવવું. To heat to fluidity and then to cool slowly.

Annex (ઍન્-નેક્સ્), *vt. pr. p.* **Annexing.** *imp.* & *p. p.* **Annexed.** જોડવું; સંયોગ કરવો; ખાલસા કરવું; જોડી દેવું. To unite at the end; to add as a subordinate part; to connect. *n.* જોડાયેલો ભાગ. Something joined or added.

Annexation (ઍન્-નેક્-સેશન્), *n.* સંયોગ; સાંધણ; ખાલસા કરવું તે; એક રાજ્યને બીજા રાજ્ય સાથે જોડી દેવું તે. Union; addition.

Annihilate (ઍન્-નાઈ-હિ-લેટ્), *vt. pr. p.* **Annihilating.** *imp.* & *p. p.* **Annihilated.** નાશ કરવું; જડમૂળથી ઉખેડી નાખવું; ફના કરવું To destroy completely; to put out of existence.

Annihilation (ઍન્-નાઈ-હિલેશન્), *n.* નાશ; સમૂળગો નાશ; સત્યાનાશ Complete destruction; ruin. [સત્યાનાશ કાઢનાર. A destroyer.

Annihilator (ઍન્-નાઇ-હિલેટર), *n.* નાશ કરનાર;

Anniversary (ઍન્-નિ-વર્-સૅરિ), *n.* જન્મગાંઠ; વર્ષગાંઠ. A birth-day. 2. વાર્ષિકોત્સવ. A yearly celebration (of some famous event, or man). *a.* વાર્ષિક; દરેક વરસે આવતું; સાંવત્સરિક. Yearly; annual.

Anno-domini (ઍન્નો-ડૉમિનાઇ), *adv.* ઇસ્વીસન; ઇશુખ્રિસ્તના વરસમાં. In the year of the Lord Christ. (ટુંકું રૂપ **A. D.** છે.)

Annotate (ઍન્-નો-ટેટ્), *vt. pr. p.* **Annotating.** *imp.* & *p. p.* **Annotated.** ટીકા કરવી; વિવરણ કરવું. To comment on or upon; to add notes to.

Annotation (ઍન્-નો-ટેશન્), *n.* ટીકા; વિવરણ; સમજૂતિ; ખુલાસો. An explanatory note; a comment.

Annotator (ઍન્-નોટેટર્), *n.* ટીકા લખનાર; ટીકાકાર; કોઈપણ પુસ્તક ઉપર સમજૂતિ લખનાર; ભાષ્ય લખનાર. A commentator.

Announce (ઍન્-નાઉન્સ્), *vt.* જાહેર કરવું; પ્રસિદ્ધ કરવું; ખબર આપવી. To proclaim; to publish; to make known.

Announcement (ઍન્-નાઉન્સ્-મેન્ટ્), *n.* જાહેરાત; નિવેદન; પ્રગટ કરવું તે. Publication; proclamation.

Annoy (ઍન્-નૉય્), *vt. pr. p.* **Annoying.** *imp.* & *p. p.* **Annoyed.** ઇજા કરવી; દુઃખ દેવું; સંતાપવું. To molest; to trouble; to tease.

Annoyance (ઍન્-નૉયૅન્સ્), *n.* ત્રાસ; કંટાળો; પીડા; ક્લેશ. Molestation; trouble.

Annual (ઍન્ન્યૂઍલ્), *a.* વાર્ષિક; વરસે દિવસે આવતું-બનતું. Yearly; returning every year. *n.* વર્ષે વર્ષે છપાતું પુસ્તક,-'ગેઝેટ',-ચોપાનિયું. A book or a pamphlet published every year. 2. એક વર્ષ જીવે એવો છોડવો. A plant, living only a year. [વરસ. Yearly; coming every year.

Annually (ઍન્-ન્યૂઍલિ), *adv.* દરવરસે; વરસો-

Annuitant (ઍન્-ન્યૂઇ-ટૅન્ટ્), *n.* વર્ષાશન ખાનાર; જીવાઈથી પોષણ કરનાર. A holder of an annuity.

Annuity (ઍન્-ન્યૂઇટિ), *n.* વર્ષાશન; સાલીઆણું; વાર્ષિક વેતન. Yearly allowance; a sum of money payable yearly.

Annul (ઍન્-નલ્), *vt. pr. p.* **Annulling.** *imp.* & *p. p.* **Annulled.** રદ કરવું; બાતલ કરવું; કાઢી નાંખવું. To repeal; to nullify. 2. ભૂંસી નાંખવું; ચેકી નાંખવું. To obliterate.

Annular (ઍન્-ન્યૂલૅર્), *a.* વીંટીના આકારનું; કંકણના આકારનું. Having the form of a ring; ring-shaped.

Annulet (ઍન્ન્યૂલેટ્), *n.* નાની વીંટી; ગોળ કડી. A small ring. 2. ઝાલરનું ઝુલ. A fillet.

Annulment (ઍન્નલ્-મેન્ટ્), *n.* બાતલ કરવું તે; રદ કરવું તે; લોપ. Abolition; a repeal.

Annunciate (ઍનન્ સિએટ્), *vt.* (ઇશુના અવતારની) ખબર આપવી; જણાવવું; જાહેર કરવું. To proclaim; to notify.

Annunciation (ઍનન્-સિએશન્), *n.* ઇશુના અવતાર ખબર ઇશુની માતા મરીઅમને કહેલા તે માર્ચની પચીશમી તારીખે થતી ઇશુની સંવત્સરી; જાહે-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત. An intimation of the Incarnation said to Mary and its anniversary on the 25th. of March; proclamation.

Anodyne (ઍનોડાઇન્), *n.* દુઃખ ઓછું કરનારૂં ઔષધ-દવા. A drug that kills or soothes pain. *a.* દુઃખ મટાડનાર;પીડા નરમ કરનાર. Pain-killing; soothing.

Anoint (ઍનૉઈન્ટ્), *vt. pr. p.* **Anointing.** *imp. & p. p.* **Anointed.** તેલ લગાડવું; તેલ ચોપડવું; અભિષેક કરવો; અભ્યંગ કરવો. To smear with oil; to apply oil; to rub with oil.

Anointment (ઍનૉઇન્ટ્-મેન્ટ્), *n.* તેલ ચોળવું તે; મર્દન; માલિસ કરવું તે. Application of oil or ointment.

Anomalistic (ઍનોમૅલિસ્ટિક્), *a.* નિયમ વિરૂદ્ધ; ધારાથી ઉલટું; ગેરકાયદેસર. Contrary to a rule; irregular.

Anomalous (ઍનોમૅલસ્), *a.* નિયમ વિરૂદ્ધ; ગેરવ્યાજબી; વિલક્ષણ. Irregular; abnormal.

Anomaly (ઍનૉમૅલિ), *n.* નિયમ વિરૂદ્ધતા; કાયદાથી ઉલટી રીત; વિલક્ષણતા. Irregularity; inconsistency.

Anon (ઍનૉન્), *adv.* જલદીથી; થોડીવારમાં. [Soon; shortly;presently.

Anonymous (ઍનૉનિમસ્), *a.* નનામું; નામ રહિત; સંજ્ઞા વિનાનું. Nameless; of unknown name.

Anorexy (ઍનોરેક્સિ), *n.* મંદાગ્નિ; અરૂચિ. [Want of digestion.

Another (ઍનધર્), *a. & pro.* બીજું; અન્ય; બીજું કોઇ. Additional; one more (of the same sort.) [મૂર્ખ. Of a goose; silly.

Anserine (ઍન્-સેરાઇન્),*a.* હંસનું; હંસને લગતું;

Answer (ઍન્સર્), *n.* જવાબ; પ્રત્યુત્તર; ઉત્તર. A thing said or written in reply. **2.** જવાબ વાળવો તે; ખંડન. Refutation. *vt. vi.* જવાબ આપવો;પ્રત્યુત્તર દેવો. To speak or write in return. **2.** ના પ્રમાણે થવું—હોવું. To correspond; to suit.

Answerable (આન્સુરેબલ્), *a.* જવાબદાર;જુમ્મેદાર. Responsible; liable. **2.** મળતું આવતું;બંધ બેસતું; અનુકૂળ. Suitable; conformable.

Ant (ઍન્ટ્), *n.* કીડી. A pismire; a kind of insect. **Black ant,** મંકોડો. **Red ant,** ઝીમેલ; ધીમેલ. **White ant,** ઉધઇ.

Antagonism (ઍન્ટૅગૉનિઝમ્), *n.* વેર; દુશ્મનાવટ; વિરોધ. Enmity; opposition.

Antagonist (ઍન્ટૅગૉનિસ્ટ્), *n.* શત્રુ; હરીફ; વિરોધી; પ્રતિસ્પર્ધિ; પ્રતિપક્ષી. An enemy; an adversary; an opponent.

Antagonistic (ઍન્ટૅગૉનિસ્ટિક્), *a.* શત્રુતાવાળું; વિરૂદ્ધ; સામું; ઉલટું. Opposing; hostile.

Antagonize (ઍન્ટૅગૉનાઇઝ્),*vt.* દુશ્મનાવટ કરવી; સામે થવું; To oppose strongly; to contend.

Antarctic (ઍન-ટાર્ક્-ટિક્),*a.* દક્ષિણ ધ્રુવ સંબંધી. Pertaining to the south-pole.

Ante (ઍન્ટી),—અગાઉ અથવા પહેલા બતાવનાર ઉપસર્ગ. A prefix signifying *before* or *previously.*

Antecedence (ઍન્ટીસીડેન્સ્), *n.* અગાઉ જવું તે; પૂર્વ સિદ્ધિ. Precedence; an act of going before.

Antecedent (ઍન્ટીસીડેન્ટ્),*n.* (*Gr.*)પૂર્વ શબ્દ. A noun to which a relative refers. **2.** આગળની બીના;પૂર્વ હકીકત. The former events in a man's early age. *a.*આગળનું; પૂર્વનું. Prior; previous.

Antecessor (ઍન્ટીસેસર્), *n.* પૂર્વજ; વડીલ. A forefather; an ancestor. **2.** આગેવાન; નેતા. A leader.

Ante-chamber (ઍન્ટી-ચૅમ્બર્), *n.* દીવાનખાનાની આગળનો ઓરડો; દીવાનખાનાની બહારનો ઓરડો. An outer apartment.

Ante-date (ઍન્ટીડેટ્), *n.* આગલી અથવા પહેલાની તારીખ; પૂર્વમિતિ. Prior date. *vt.* પહેલાની તારીખ લખવી;વીતી ગયેલ તારીખ નોંધવી. To write the date before the true time.

Antediluvian (ઍન્ટીડિલ્યૂવિઍન્), *n.* જળપ્રલય પહેલાનું માણસ. An old-fashioned person. *a.* જળ પ્રલયની અગાઉનું—પહેલાનું. Before the flood; existing before the flood.

Antelope (ઍન્ટીલોપ્), *n.* હરણ; મૃગ; કાળિયાર. A deer; a kind of deer.

Antemeridian (ઍન્ટી-મીરિડિઍન્), *adv.* મધ્યાહ્ન પહેલાનું; બપોર પહેલાનું. Before noon. (ટૂંકું રૂપ **A. M.** છે.).

Ante-mundane (ઍન્ટી-મન્ડેન્),*a.* પૃથ્વી ઉપર ઉત્પન્ન થયા અગાઉનું. Existing before the creation of the world.

Ante-nuptial (ઍન્ટી-નપ્-શૅલ્), *a.* લગ્નની અગાઉનું;લગ્ન પહેલાનું. Being before marriage.

Ante-port (ઍન્ટી-પૉર્ટ), *n.* આગલો દરવાજો. An outer gate.

Ante-penult (ઍન્ટીપીનલ્ટ્), *n.* ઉપાંત્ય પદની પૂર્વનું પદ. A syllable, used last but two.

Anterior (ઍન્ટીરિઅર્), *a.* અગાઉનું; પ્રથમનું; પહેલાનું. Prior;before in time or place.

Anteriority (ઍન્ટી-રિ-ઑરિટિ), *n.* અગાઉ હોવું તે; પૂર્વકાલીનતા. Priority.

Ante-room (ઍન્ટી રૂમ્), *n.* દિવાનખાનાની આગળનો ઓરડો.An outer room in the house.

Anthem (ઍન્થેમ્), *n.* ઇશ્વર સ્તુતિ; કીર્તન; ભજન. A sacred hymn set to music.

Anther (ઍન્થર્), *n.* ફુલના નરતંતુની ટોચ-ટોપી. A part of stamen, with pollen.

Anthology (ઍન્થૉલૉજી),*n.* ફૂલોનો સંગ્રહ;ફુલોનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાર;સાહિત્ય પુષ્પમાળા; સુમનગુચ્છ. Collection of flowers; collection of small best poems.

Anthracite (ઍન્થ્રૅસાઇટ્), *n.* એક જાતનો કઠણ કોલસો. A kind of hard coal.

Anthropoid (ઍન્થ્રોપૉઈડ્), *a.* માણસના જેવું; મનુષ્યને મળતું. Resembling man.

Anthropology (ઍન્થ્રોપોલોજી), *n.* મનુષ્ય-શાસ્ત્ર;મનુષ્ય વર્ણન.The whole science of man.

Anthropophagi (ઍન્થ્રોપૉફૅજિ), *n.* નરભક્ષક મનુષ્યો; માંસાહારી રાક્ષસો. Cannibals.

Antic (ઍન્ટિક્), ઉલટું, સામે, વિરૂદ્ધ વિ. બતાવનાર ઉપસર્ગ. A prefix showing *against, opposition,* etc.

Anticipate (ઍન્ટિસિપેટ્), *vt. pr. p.* **Anticipating.** *imp. & p. p.* **Anticipated.** આગળથી ધારવું; આગળથી અટકળ બાંધવી; અગાઉથી જાણવું. To foresee; to foretell; to use in advance.

Anticipation (ઍન્ટિસિપેશન્), *n.* ધારણા;અગાઉથી કરેલો વિચાર; અટકળ; અગમચેતી. A supposition; a forethought; an inference.

Anticipatory (ઍન્ટિસિપેટરિ), *a.* અગાઉથી વિચાર કરવા યોગ્ય; અગાઉથી કહેલું. Forecasting; foretold. [મતલબ અથવા હકીકતવાળું વાક્ય.

Anti-climax (ઍન્ટિ-ક્લાઈ-મૅક્સ્), *n.* ઉતરતી

Antidotal (ઍન્ટિડોટલ્), *a.* વિષની અસર તોડનાર; ઝેર ઉતારનાર. Counteracting the effects of poison.

Antidote (ઍન્ટિડોટ્), *n.* ઝેર ઉતારવાનું ઔષધ-ઓસડ; વિષનાશક ઉપાય. A remedy to prevent the effects of poison.

Antifebrile (ઍન્ટિ-ફેબ્રાઇલ્), *a.* તાવ કાઢનારૂં; જ્વર વિનાશક. Tending to cure fever; removing fever. *n.* તાવ કાઢનારૂં ઔષધ. A medicine removing fever. [copy;a transcript.

Antigraph (ઍન્ટિ-ગ્રૅફ્), *n.* નકલ; ઉતારો. A

Antipathy (ઍન્ટિપથિ), *n.* જન્મવેર; કુદરતી વેર (ઉંદર બિલાડાને હોય છે તેવું); સ્વાભાવિક વેર. Natural aversion; hatred; opposition.

Antipathetic (ઍન્ટિપૅથેટિક્), *a.* જન્મવેરવાળું; કુદરતી વેરવાળું. Having natural aversion.

Antimony (ઍન્ટિમનિ), *a.* સુરમો; સુરમાની ધાતુ. A white metal used in medicine.

Antimonial (ઍન્ટિમોનિઍલ્), *a.* સુરમાવાળું; સુરમાની બનાવટનું. Containing antimony.

Antinomy (ઍન્ટિનૉમિ), *n.* એક કાયદાથી બીજા કાયદાની વિરૂદ્ધતા;વિરૂદ્ધનો કાયદો અથવા ધારો. Contradiction in a law or laws.

Antiphlogistic (ઍન્ટિફ્લૉજિસ્ટિક્), *a.* સોજાને દુર કરનાર;સોજો ઉતારનારૂં. Removing inflammation. *n.* સોજો ઉતારનાર દવા. A medicine allaying inflammation.

Antiphrasis (ઍન્ટિફ્રૅસિસ્), *n.* શબ્દને ઉલટા અર્થમાં વાપરવા તે. The use of words in their opposite meanings.

Antipodes (ઍન્ટિપોડીઝ), *n.* (*pl*). પૃથ્વીની સામી બાજુએ આવેલી બીજી પૃથ્વી; પ્રતિલોમ. The region of the Earth,opposite to our Earth.

Antiquarian (ઍન્ટિક્વેરિઍન્), *n.* પુરાતન કાળની બાબતમાં પ્રવીણ પુરૂષ. A person well versed in antiquites. *a.* પ્રાચીન કાળનું; પ્રાચીન; જુના જમાનાનું. Pertaining to antiquity.

Antiquary (ઍન્ટિક્વૅરિ), *n.* પ્રાચીન વસ્તુઓનો અભ્યાસ કરનાર; પ્રાચીન બાબતનો અભ્યાસક. A student of ancient things or the relics of the ancient things.

Antiquate (ઍન્ટિક્વેટ્), *vt. pr. p.* **Antiquating.** *imp. & p. p.* **Antiquated.**

Antique (ઍન્ટિક્), *a.* અસલી; પ્રાચીન; પુરાતન; જુના જમાનાનું. Old; ancient. **2.** વિલક્ષણ;કઢંગું. Odd; of strange form. **3.** જુના વખતનું નકલ કરી કરેલું. Made in imitation of antiquity. *n.* અસલી કારિગીરીની રહેલી બાકી વસ્તુઓ. The remains of ancient artists.

Antiquity (ઍન્ટિક્વિટિ), *n.* પ્રાચીનકાળની વસ્તુઓ; પ્રાચીનકાળ. The remains of old times; the former ages. **2.** જુના જમાનાના લોક. The people of old times.

Antispasmodic (ઍન્ટિસ્પૅઝમૉડિક્), *a.* ખેંચતાણ બંધ પાડે એવું; ગોળો (પેટનું દરદ.) બંધ પાડતું. Allaying convulsions; resisting the fits. *n.* ખેંચતાણ બંધ પાડે તેવી દવા. A medicine allaying convulsions.

Antiseptic (ઍન્ટિસેપ્ટિક્), *n.* કોહવાટ અટકાવનાર દવા. A medicine, counteracting putrefaction. *a.* કોહવાટ અટકાવનારૂં; કોહવાટને દૂર કરનાર. Removing putrefaction.

Antithesis (ઍન્ટિથેસિસ્), *n.* એકજ વાક્યમાં શબ્દના અર્થમાં અથવા વાક્યના અર્થમાં વિરોધ. The contradiction of meaning of words or a sentence.

Antler (ઍન્ટ્લર્), *n.* સાબરના શિંગડાની શાખા; સાબરશીંગુ. A branch of a deer's horns.

Anus (ઍનસ્), *n.* ગાંડા; ગુદા; મળદ્વાર. The posterior opening in the body.

Anvil (ઍન્-વિલ્), *n.* એરણ. An iron block on which a smith works.

Anxiety (ઍન્ગ્-ઝાયેટિ), *n. pl.* **Anxieties.** કાળજી; ચિંતા; ફિકર; સંભાળ; ઉદ્વેગ; ઉત્સુકતા. Uneasiness; mental care; restlessness due to some worries.

Anxious (ઍન્ક્-શસ્), *a.* કાળજીવાળું; ચિંતાતુર; ફિકરમંદ; ઉત્સુક. Uneasy; eager; restless.

Any (ઍનિ), *a.* & *pron.* કોઈ; કંઈ. Some;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

some one. *adv.* કાંઇપણ; લગારે; જરી. At all. **Any how, Any way,** ગમે તેમ કરીને. Under any circumstances. **Any where,** ગમે તે ઠેકાણે; કોઈ પણ જગાએ. In any place. **Any-wise,** *adv.* કોઇપણ ઉપાયે. Under any means.

Aorist (ઍઓરિસ્ટ્),*n.* અનિયમિત ભૂતકાળ. (ગ્રીક અને સંસ્કૃત ભાષામાં આવે છે). Past tense in the Greek or Sanskrit verbs.

Aorta (એઓર્ટ),*n.* ડીલની ડાબી બાજુએથી નીકળતી મોટી ઘોરી નસ. Great artery from heart.

Apace (ઍ-પેસ્), *adv.* ઝટપટ; ઉભે પગે; જલદી; તાકીદથી. Hastily; quickly; soon.

Apart (ઍપાર્ટ્), *adv.* દૂર;જુદું;નોંખું;વેંગળું;નિરાળી રીતે. Aside; separately; alone; exclusively.

Apartment (ઍપાર્ટ્-મેન્ટ્), *n.* ઓરડો; ખંડ; કોટડી. A single room; a chamber.

Apathetic (ઍપૅથેટિક્), *a.* લાગણી સિવાયનું; નિસ્પૃહી; ઉદાસીન; વિતરાગી. Insensible; indifferent; careless.

Apathy (ઍપૅથિ), *n.* ઉદાસીનતા; વૈરાગ્ય; બેપરવાઇ; નિસ્પૃહતા. Indifference; carelessness; insensibility.

Ape (એપ્), *n. pl.* **Apes.** ટુંકી પુછડીવાળું, લાલ મ્હોંવાળું વાંદરૂં; માંકડું. A tailless monekey. **2.** ચાળા પાડનાર;નકલ કરનાર. An imitator. *vt.* નકલ કરવી;ચાળા પાડવા. To imitate;to mimic.

Aperient (ઍપીરિ-એન્ટ્), *a.* રેચક; ઝાડો લાવે તેવું. Laxative; purgative. *n.* રેચક દવા; હલકો રેચ. A mild purgative.

Aperture (એપર્-ટ્યૂર), *n.* કાણું; નાકું; છિદ્ર; બાકું. A hole; an opening; a gap.

Apex (ઍપેક્સ્), *n. pl.* **Apexes.** શિખર;ટોચ અણી. A summit; a top; a point.

Aphorism (ઍફોરિઝમ્), *n.* સૂત્ર; કહેવત; શિખામણ વચન;શિક્ષા વચન. A short pithy maxim. **2.** વ્યાખ્યા. A definition.

Aphoristic (ઍફોરિસ્ટિક્), *a.* સૂત્રનું; કહેવતને લગતું;શિક્ષા વચનનું. Pertaining to an aphorism.

Aphthong (ઍપ્-થૉન્ગ્), *n.* શબ્દમાં ઉચ્ચાર સિવાયનો અક્ષર. A letter, without pronunciation in a word.

Apiarist (એપીઍરિસ્ટ્), *n.* મધમાંખો પાળનાર; મધપૂડા વેચનાર. One who keeps an apiary.

Apiary (એપીઍરિ), *n.* મધપૂડો; મધમાંખીઓને પાળવાની જગ્યા. A place where bees are kept.

Apiece (ઍ-પીસ્), *adv.* દરેકને;માથાદીઠ; પ્રત્યેકને. To each; severally.

Apish (ઍપિશ), *a.* વાંદરા જેવું; માંકડા જેવું; ચિબાવલું. Resembling an ape; like an ape.

Apogee (ઍપૉજી),*n.* ચંદ્રની કક્ષા માંહેલું પૃથ્વીથી આઘામાં આઘું બિંદુ. A point in orbit of moon, which is at a great distance from the earth.

Apollo (ઍપૉલો), *n.* સૂર્યદેવ; સૂર્યનારાયણ. The Sun God. **2.** અતિ કાંતિવાન માણસ. A man of great beauty.

Apologetic,-al (ઍપૉલૉજેટિક્,-કૅલ્), *a.* માફી આપે એવું; દોષમાંથી મુકત કરનાર. Excusing; of the nature of pardoning.

Apologize (ઍપૉલોજાઇઝ્), *vi.* માફી માંગવી; ક્ષમા યાચવી; પોતાની ભુલ કબૂલ કરવી. To beg pardon; to make an apology.

Apologist (ઍપૉલોજિસ્ટ્), *n.* માફી માંગનાર; ક્ષમા યાચનાર. One who makes an apology.

Apologue (ઍપૉલૉગ્), *n.* નીતિયુકત કહાણી-વાર્તા. A moral fable.

Apology (ઍપૉલોજિ), *n.* માફી; ક્ષમા; આજીજી; વિનંતી. Some thing said or written in defence; an excuse.

Apoplectic (ઍપૉપ્લેક્ટિક્), *a.* મગજે લોહી ચઢી જવાના રોગવાળું; વિકૃતિ અંગવાળું. Pertaining to apoplexy.

Apoplexy (ઍપૉપ્લેક્સિ), *n.* મગજે લોહી ચઢી જવાનો રોગ; અંગ વિકૃતિ. A disease suddenly arresting powers of sense and motion.

Apostasy (ઍપૉસ્ટૅસિ), *n.* સ્વધર્મ ત્યાગ; સ્વપક્ષ ત્યાગ. Desertion of one's religion or party.

Apostate (ઍપૉસ્ટેટ્), *n.* સ્વધર્મ ત્યાગી; સ્વપક્ષનો ત્યાગ કરનાર. One who abandons his religion, party or relatives.

Apostatize (ઍપૉસ્ટૅટાઇઝ્), *v. t.* સ્વધર્મ ત્યાગ કરવો; પોતાનો પક્ષ છોડવો. To abandon one's religion.

Apostle (ઍપૉસલ્), *n.* ખ્રિસ્તિ ધર્મનો બોધ કરવા મોકલેલો શિષ્ય; નવો ધર્મ ફેલાવવામાં આગેવાની કરનાર ઇશ્વર પ્રેરિત મનુષ્ય. A disciple of Christ, sent to preach Gospel; a missionary; a leader to preach a new religion.

Apostrophe (ઍપૉસ્ટ્રો-ફી), *n.* લુપ્તાક્ષર ચિન્હ (’); શબ્દ સંક્ષિપ્ત થયો છે તે જણાવવાને સારૂ વપરાતું ચિન્હ. A mark showing contraction in a word.

Apostrophize (ઍપૉસ્ટ્રૉફાઇઝ્), *vt.* લુપ્તાક્ષર ચિન્હ મૂકવું; બીજાને સંબોધીને બોલવું. To mark with a sign of contraction (’).

Apothecary (ઍપૉથી-કરિ), *n.* દવા વેચનાર; ડાકતરના ‘ પ્રીસ્ક્રિપ્શન ’ (નિદાન) પ્રમાણે દવા બનાવી આપનાર. A druggist;a dealer in medicines.

Apothegm (ઍપૉથેમ્), *n.* સૂત્ર; કહાણી; નીતિયુકત વચન; વાકય. A short and pithy saying or proverb.

Apotheosis (ઍપૉથીઑસિસ્), *n.* કોઈ મનુષ્યને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવની પદવી આપવી તે; દેવત્વ અર્પણ કરવું તે. Deification.

Apotheosize (ઍપૉથીઑસાઇઝ્), *vt.* દેવની પદવી આપવી તે; દેવત્વ છે એમ માનવું. To deify; to consecrate.

Appal (ઍપ્-પૉલ્), *vt. pr. p.* **Appalling.** *imp. & p. p.* **Appalled.** બીવરાવવું; ભયભીત કરવું; ડરાવવું. To dismay; to terrify.

Appanage (ઍપ્-પૅનેજ્), *n.* રાજકુંવરોના ગુજરાન સારૂ આપેલી જાગીર; ભાયાતની જીવાઇ; ગુજરાન. Provision for younger children of a king; a province used for the provision for younger children of a king.

Apparatus (ઍપૅરેટસ્), *n.* ઓજાર; સાહિત્ય; સાજ; સામગ્રી. A set of instruments used for scientific or any other work.

Apparel (ઍપૅરેલ્), *n.* પોશાક; લુગડાં; વસ્ત્ર. Dress; garments; clothings. *vt.* લુગડાં પહેરવા; પોશાક પહેરવો; શણગારવું. To dress; to attire; to adorn.

Apparent (ઍપ્—પૅરેન્ટ્), *a.* નજરે દેખાય એવું; ખુલ્લું; સ્પષ્ટ; ઉઘાડું; જાહેર. Visible to the eye; clear; obvious; evident. **2.** માત્ર દેખાવમાં સાચું; બહારથી ખરૂં. Appearing but not real. **Heir-apparent,** *n.* ગાદીનો વારસ; યુવરાજ.

Apparently (ઍપ્-પૅરેન્ટ્-લિ), *adv.* ખુલ્લી રીતે; ઉઘાડી રીતે; ઉપરથીજ; બહારથીજ. Plainly; clearly; outwardly.

Apparition (ઍપ્-પૅરિશન્), *n.* ભૂત; પ્રેત; વૈતાલ. A ghost; a visible spirit. **2.** આભાસ; દેખાવ; દેખાતી વસ્તુ; આકાર. Appearance; a visible object; appearance of startling kind.

Apparitor (ઍપ્-પૅરિટર્), *n.* રોમન મેજીસ્ટ્રેટનો નોકર; ખીજમતદાર. An attendant on a Roman Magistrate; a herald.

Appeal (ઍપ્-પીલ્), *vt. vi. pr. p.* **Appealing.** *imp. & p. p.* **Appealed.** વિનંતી કરવી; આજીજી કરવી; નીચલી કોર્ટના ચુકાદાથી નારાજ થઇ ઉપરની કોર્ટમાં ન્યાયને માટે અરજી કરવી. To apply for decision to the higher Court; to refer to. *n.* ઉપલી કોર્ટને કરેલી અરજી; મદદને માટે અરજ અથવા વિનંતી. An act of appealing to the higher Court.

Appear (ઍપ્-પીઅર્), *vi. pr. p.* **Appearing.** *imp. & p. p.* **Appeared.** દેખાવું; નજરે પડવું; હાજર થવું; માલૂમ પડવું. To be in view; to seem; to be present. **2.** પ્રગટ થવું; સ્પષ્ટ દેખાવું; ભાસવું. To be manifest; to stand in presence of.

Appearance (ઍપ્-પીઅરન્સ્), *n.* દેખાવું તે; હાજરી; રજુ થવું તે. A thing seen; a sight. **2.** આકૃતિ; રૂપ; ચહેરો. Likeness; mien. **3.** ઢાળ; ઉપરથી અથવા બહારનું સરખાપણું. An outward likeness.

Appeasable (ઍપ્-પી-ઝેબલ્), *a.* શાંત કરાય એવું; નરમ પાડી શકાય એવું. Capable of being pacified.

Appease (ઍપ્-પીઝ્), *vt. pr. p.* **Appeasing.** *imp. & p. p.* **Appeased.** શાંત કરવું; નરમ પાડવું; મટાડવું; સાંત્વન કરવું. To pacify; to conciliate.

Appellant (ઍપ્-પેલ્-લન્ટ્), *n.* અપીલ કરનાર; અરજ કરનાર. One who appeals to higher Court. *a.* અપીલ કરનાર; અપીલની બાબતમાં સંબંધ રાખનાર. Concerning an appeal.

Appellate (ઍપ્પેલ્લેટ્), *a.* નીચલી કોર્ટનો ચુકાદો સાંભળનારી કોર્ટ; અપીલ સાંભળનાર (કોર્ટ). Having the powers of hearing the decision of the lower Courts.

Appellation (ઍપ્-પેલ્લેશન્), *n.* (*gr*). નામ; સંજ્ઞા; અભિધાન. A name; a title; a designation.

Appellative (ઍપ્-પેલ્લેટિવ્), *a.* (*gr*). સામાન્ય; જાતિવાચક. Pertaining to a common noun, *n.* સામાન્ય નામ; જાતિવાચક નામ. A common name; a noun.

Append (ઍપ્-પેન્ડ્), *vt.* લટકાવવું; ટાંગી દેવું; ઉમેરો કરવો; જોડવું; સાંધણ કરવું. To attach; to affix; to add in writing.

Appendage (ઍપ્-પેન્ડેજ્), *n.* વધારો; ઉપાય; ઉમેરો; સાંધણ. Something added; accompaniment.

Appendant (ઍપ્-પેન્-ડન્ટ્), *a.* જોડેલું; ટાંગેલું; સાંધેલું; ઉમેરેલું; બીજી ચીજને લગતું. Hanging; attached; pertaining to another thing.

Appendix (ઍપ્-પેન્-ડિક્સ્), *n. pl.* **Appendices,** જોડેલો ભાગ; વધારેલો ભાગ; સાંધણ; વધારો; પરિશિષ્ટ; પુરવણી. An appendage; a subsidiary addition of a book, etc.

Appertain (ઍપ્-પર્-ટેન્), *vi.* સંબંધ ધરાવવો; નિસબત હોવી; ની બાબત હોવી. To belong; to pertain; to relate.

Appetence (ઍપ્-પી-ટેન્સ્), *n.* ઇચ્છા; તૃષ્ણા; ક્ષુધા. A desire; a craving.

Appetent (ઍપ્-પી-ટેન્ટ્), *a.* તૃષ્ણાવાળો; ભૂખ્યો; ખાવાની ઇચ્છાવાળો. Desirous; hungry.

Appetite (ઍપીટાઇટ્), *n.* ક્ષુધા; ભુખ; ખાવાની ઇચ્છા. Hunger; a desire for food.

Appetize (ઍપ્-પી-ટાઇઝ્), *vt.* ભુખ વધારવી; ક્ષુધા લાગવી; ખાવાની રૂચિ થવી. To increase an appetite; to create a desire for food.

Applaud (ઍપ્-પ્લૉડ્), *vt. pr. p.* **Applauding.** *imp. & p. p.* **Applauded.** વખાણ કરવા; તાળી પાડીને શાબાશી આપવી; ધન્યવાદ આપવો. To praise orally; to commend.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Applause (ઍપ્-પ્લૉઝ્), *n.* વખાણ; સ્તુતિ; ધન્યવાદ; પ્રશંસા. Approbation; praise.

Apple (ઍપ્-પલ્), *n.* સેબફળ; સફરજન. A kind of fruit of the genus Pyrus. **Apple of the eye,** આંખની પુતળી–કીકી.

Appliance (ઍપ્-પ્લાઍન્સ્), *n.* સાજ; સરંજામ; સાહિત્ય; સાધન. Things applied as a means or an instrument.

Applicability (ઍપ્-પ્લિકૅબિલિટિ), *n.* લાગુ પાડવાની યોજના; લગાડવાની યોગ્યતા. Fitness to be applied.

Applicable (ઍપ્-પ્લિકેબલ્), *a.* લાગુ પડે એવું; બંધબેસતું; લાગુ પાડવા જોગ. Suitable; fit to be applied.

Applicant (ઍપ્-પ્લિકન્ટ્), *n.* અરજદાર; વિનંતી કરનાર; દાદ માંગનાર. A petitioner; one that applies.

Application (ઍપ્-પ્લિ-કેશન્), *n.* અરજી; વિનંતી; પ્રાર્થના. A request; an entreaty. **2.** મન લગાડવું તે; આસક્તિ; પરાયણતા. Close attention; diligence. **3.** ચોપડેલી ચીજ-ઓષડ. A medicine applied.

Apply (ઍપ્-પ્લાય્), *vt. vi. pr. p.* **Applying.** *imp & p. p.* **Applied.** ચોપડવું; લગાડવું. To put in contact. **2.** અરજી કરવી; પ્રાર્થના કરવી. To solicit; to request. **3.** ચિત્ત પરોવવું; મન વાળવું. To devote.

Appoint (ઍપ્—પૉઇન્ટ્), *vt.* નીમવું; નક્કી કરવું; મુકરર કરવું; નિર્માણ કરવું; ઠરાવવું; યોજવું; મુલાકાતનો સમય નક્કી કરવો. To fix; to prescribe; to ordain; to ascertain the time of meeting.

Appointee (ઍપ્પૉઇન્ટી), *n.* જેની નીમણુંક થયેલી હોય તે પુરૂષ. A person appointed.

Appointment (ઍપ્-પૉઇન્ટ્-મેન્ટ્), *n.* નીમણુંક; હોદ્દો; નોકરી; જગ્યા. Designation to office; a service; a rank. **2.** ઠરાવ; મુલાકાતનો નક્કી કરેલો સમય. An engagement. **3.** કરાર; સંકેત. A stipulation.

Apportion (ઍપ્-પોર્-શન્), *vt. pr. p.* **Apportioning.** *imp. & p. p.* **Apportioned.** બરોબર વહેંચી આપવું; હિસ્સા પડતું વહેંચવું. To assign as share; to allot.

Apportionment (ઍપ્-પોર્-શન્-મેન્ટ્), *n.* હિસ્સા પ્રમાણે વહેંચણી; વિભાગ. An equal division; a distribution.

Apposite (ઍપોઝિટ્), *a.* લાયક; યોગ્ય; વ્યાજબી. Fit; well-adapted. **2.** લાગુ પડતું; યથાર્થ. Relevant.

Appositely (ઍપોઝિટ્-લિ), *adv.* યથાર્થપણે—રીતે; બરાબર રીતે; યોગ્ય સ્થાને. Properly; suitably.

Appositeness (ઍપૉઝિટ્-નેસ્), *n.* યોગ્યતા; લાયકાત; લાયકી. Fitness; propriety.

Apposition (ઍપોઝિશન્), *n.* (*gr*). અભેદ સંબંધ; સમાનાધિકરણ. An act of putting nouns in the same case.

Appraisal (ઍપ્-પ્રે-ઝલ્), *n.* Same as **Appraisement.**

Appraise (ઍપ્-પ્રેઝ્), *vt. pr. p.* **Appraising.** *imp. & p. p.* **Appraised.** કિંમત ઠરાવવી; મુલ્ય નક્કી કરવું; મૂલવવું. To set a value on; to fix the price on.

Appraiser (ઍપ્-પ્રેઝર્), *n.* કિંમત ઠરાવનાર; મૂલ આંકનાર. One appointed to fix the value.

Appraisement (ઍપ્-પ્રેઝ્-મેન્ટ્), *n.* સત્તાધારીના હુકમથી બંધાયેલ અથવા નક્કી કરેલ કિંમત; આંકણી. A valuation by means of authority.

Appreciable (ઍપ્-પ્રી-શિએબલ્), *a.* કિંમત કરવા જોગ; બુજ કરવા લાયક. Fit to be valued rightly.

Appreciate (ઍપ્-પ્રીશિએટ્), *v. t.* કદર કરવી; સારાસાર પારખવું; બુજ જાણવી; ગુણ માનવો. To estimate truely or rightly; to value. **2.** કિંમત વધારવી. To set a high value on.

Appreciation (ઍપ્-પ્રીશિએશન્), *n.* કદર; બુજ; કિંમત; યોગ્ય ગણત્રી; ગુણગ્રહણશક્તિ. A right valuation of merits; the power of judging another's services.

Apprehend (ઍપ્-પ્રી-હેન્ડ્), *vt.* પકડવું; ગ્રહણ કરવું. To arrest; to seize. **2.** બીવું; ભય રાખવો; બીક રાખવી. To fear; to be afraid. **3.** સમજવું; મનમાં ધરવું; અનુમાન કરવું. To understand; to perceive.

Apprehensible (ઍપ્-પ્રી-હેન્-સિબલ્), *a.* સમજાય એવું; કલ્પી શકાય તેવું; ભય લાગે તેવું; દેહેશત લગાડે એવું. Conceivable; dreadful.

Apprehension (ઍપ્-પ્રી-હેન્શન્), *n.* દહેશત; ધાસ્તી; ભય. Dread; fear. **2.** પકડી લેવું તે; કબજે કરવું તે. An arrest. **3.** સમજ; અભિપ્રાય; તર્ક કરવાની શક્તિ. Understanding; reasoning faculty.

Apprehensive (ઍપ્-પ્રી-હેન્-સિવ્), *a.* ભયભીત; બીકણ. Fearful; suspicious. **2.** વિષય અથવા કોઇપણ બાબત સમજવાની શક્તિવાળો. Capable of understanding any matter or thing; perceptive.

Apprentice (ઍપ્-પ્રેન્-ટિસ્), *vt.* ધંધો અથવા હુન્નર શિખવા મોકલવું; વેપારી રીત શિખવા દુકાને બેસાડવો. To send to learn any trade or art; to bind as a learner or a novice. *n.* ઉમેદવાર; શિખાઉ; શિષ્ય. A new learner of any trade or a calling.

Apprenticeship (ઍપ્-પ્રેન્-ટિસ્-શિપ્), *n.* શિખાઉપણું; ઉમેદવારી. The condition of an apprentice.

Apprise (ઍપ્-પ્રાઇઝ્), *vt. pr. p.* **Apprising.** *imp. & p. p.* **Apprised.** સૂચવવું; જણાવવું; ખબર આપવી; ચેતવવું. To inform; to indicate.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Apprize (ઍપ્-પ્રાઇઝ્), *vt. pr. p.* **Apprizing.** *imp. & p. p.* **Apprized.** કિંમત ઠરાવવી; કિંમત આંકવી. To set a value on.

Approach (ઍપ્-પ્રોચ્), *vt. vi. pr. p.* **Approaching.** *imp. & p. p.* **Approached.** પાસે જવું; નજીકમાં જવું; આવી પહોંચવું; મળતા આવવું; લગભગ આવી પહોંચવું. To go near; to come up. *n.* પાસે આવી પહોંચવું તે; આગમન; પ્રવેશ. An act of coming near; an access.

Approachable (ઍપ્-પ્રોચેબલ્), *a.* પાસે જઇ શકાય એવું; ગમ્ય. Accessible; that can be approached.

Approbate (ઍપ્-પ્રો-બેટ્), *vt.* સંમતિ આપવી; અનુમોદન આપવું; ટેકો આપવો; ખાત્રી કરવી. To approve; to comply with.

Approbation (ઍપ્-પ્રો-બેશન્), *n.* પસંદગી; સંમતિ; અનુમોદન. An approval; a sanction.

Approbative (ઍપ્-પ્રો-બેટિવ્), *a.* પસંદગી બતાવનાર; સંમતિ દર્શક. Approving; implying approval.

Approbatory (ઍપ્-પ્રો-બે-ટરિ), *a.* અનુમોદન આપે એવું; સંમતિદર્શક; ખાત્રી આપનાર. Complying; approving.

Appropriable (ઍપ્-પ્રો-પ્રિએબલ્), *a.* લાગુ પડી શકે એવું; બંધબેસતું; જોઇએ તેવું; બરાબર. Fit; suitable.

Appropriate (ઍપ્-પ્રો-પ્રિએટ્), *vt.* પચાવી પાડવું; પોતાનું કરવું; પોતાને માટે ઉપયોગ કરવો; જુદું કહાડવું. To take possession of; to set apart; to claim. *a.* યોગ્ય; લાયક; જોઇએ તેવું; ઉચિત. Fit; proper; suitable.

Appropriate-ness (ઍપ્-પ્રો-પ્રિએટ્-નેસ્), *n.* યોગ્યતા; લાયકી; લાયકાત. Fitness; suitability.

Appropriator (ઍપ્-પ્રો-પ્રિએટર્), *n.* પોતાના માટે ઉપયોગ કરનાર; વાપરનાર; પચાવી પાડનાર; વિનિયોગ કરનાર. One that appropriates; one that claims unduly.

Appropriation (ઍપ્-પ્રો-પ્રીએશન્), *n.* ઉપયોગ માટે જુદું રાખવું તે; ખાઈ જવું તે; ઉચાપત કરવું તે. A thing or money set apart for personal use.

Approvable (ઍપ્-પ્રુવેબલ્), *a.* વખાણનો જોગ; સ્તુતિપાત્ર; પસંદ કરવા લાયક. Praiseworthy; meritorious.

Approval (ઍપ્-પ્રુ-વલ્), *n.* પસંદગી; અનુમોદન; મંજુરી; પ્રશંસા. A favourable opinion; sanction.

Approve (ઍપ્-પ્રુવ્), *vt. pr. p.* **Approving.** *imp. & p. p.* **Approved.** પસંદ કરવું; માન્ય કરવું; વખાણવું. To be pleased; to accept. **2.** વખાણવું; પ્રશંસા કરવી. To praise; to commend. **3.** મંજુર રાખવું; બહાલ રાખવું. To confirm; to sanction.

Approximate (ઍપ્-પ્રૉક્સિ-મેટ્), *a.* ઘણું ખરું મળતું આવતું; નજીકનું; પાસેનું; લગભગ મળતું. Nearly true; near to the actual; almost true. *vt.* લગભગ થાય તેમ કરવું; પાસે જવું; પાસે આવી પહોંચવું. To carry near; to come near.

Approximation (ઍપ્-પૉક્સિ-મેશન્), *n.* અડસટ્ટો; આશરો. An estimate; a round-about calculation. **2.** પાસે આવવું તે; આગમન. An approach.

Approximative (ઍપ્-પૉક્સિ-મેટિવ્), *a.* Same as **Approximate.**

Appurtenance (ઍપ્-પર્ટી-નૅન્સ્), *n.* બીજા સાથે સંબંધ રાખતું હોય તે; વધારો; આનુષંગી પદાર્થ. Appendage; any object, added to another.

Apricot (એપ્રિકૉટ્), *n.* જરદાલુ. A delicious fruit of stone-fruit.

April (એપ્રિલ્), *n.* અંગ્રેજી વરસ પ્રમાણે ચોથો માસ. The fourth month of Christian era.

Apron (એપ્રન્), *n.* પહેરેલાં લુગડાં ખરાબ ન થાય તે માટે કામ કરતી વેળાએ શરીરના આગલા ભાગ ઉપર બાંધવાનું કપડું. Garment worn in front part of the body to protect clothes from dirt.

Apropos (ઍપ્રોપોસ્), *adv.* અણીને વખતે; અરે તીકડે; વખતસર To the point or purpose.

Apt (ઍપ્ટ્), *a.* લાયક; ઉચિત; યોગ્ય; બંધબેસતું. Fit; suitable. **2.** વલણવાળો; સ્વભાવવાળો; ચંચળ; કુશળ. Having a mind to do; quick; clever; active.

Aptitude (ઍપ્-ટિ-ટ્યૂડ્), *n.* લાયકાત; યોગ્યતા; હોંશિયારી; ચંચળતા; કુશળતા; સ્વભાવ; મનોધર્મ. Fitness; suitability; activity; inclination of mind.

Aptness (ઍપ્ટ્-નેસ્), *n.* Same as **Aptitude.**

Aquarium (ઍક્વેરિઅમ્), *n.* પ્રાણીઓ અથવા વનસ્પતિ રાખવા સારૂ બનાવેલું કૃત્રિમ તળાવ. A tank for live animals or plants.

Aquarius (ઍક્વે-રિઅસ્), *n.* કુંભરાશિ. One of the signs of Zodiac (the water-bearer).

Aquatic (ઍક્વૅટિક્), *a.* પાણીમાં રહેતું; પાણીને લગતું. Living in water; pertaining to water. *n.* પાણીમાં ઉગતી વનસ્પતિ. A plant growing in water.

Aqueduct (ઍક્વીડક્ટ્), *n.* પાણીનો નળ; જળ માર્ગ; નહેર; મોરી. A channel for conveying water; a conduit.

Aqueous (ઍક્વીઅસ્), *a.* જળરૂપ; જળમય; પાણીથી થયેલું-બનેલું. Of water; watery; produced by water.

Aquiline (ઍક્વિલાઇન્, -લિન્), *a.* ગરૂડના જેવું; ગરૂડ પક્ષીનું; ગરૂડની ચાંચ જેવું; વાંકું. Of an eagle; belonging to an eagle; curved.

Arab (ઍરૅબ), *n.* અરબસ્તાનનો વતની; આરબ. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

native of Arabia.

Arabian (ઍરૅબિઍન્), *a.* અરબસ્તાન દેશનું—દેશને લગતું. Pertaining to Arabia.

Arable (ઍરેબલ), *a.* ખેડવા લાયક; ખેતી કરવા જોગ. Fit for cultivation. *n.* ખેતી કરવા માટે જમીન અથવા જમીનનો કકડો. A plot of land fit for tillage or cultivation.

Arbitrament (આર્-બિટ્રમેન્ટ), *n.* લવાદનો ફેંસલો; ચુકાદો; મરજી; ઇચ્છા. The award of an arbitrator; a decision.

Arbitrary (આર્બિટ્રરિ), *a.* સ્વચ્છંદી;જુલમગાર; આપખુદ મનમાં આવે તેવું. Despotic;capricious.

Arbitrate (આર્-બિ-ટ્રેટ), *vt. vi. pr. p.* **Arbitrating.** *imp. & p. p.* **Arbitrated.** લવાદ અથવા પંચ તરીકે ફેંસલો આપવો; લવાદ તરીકે વર્તવું. To decide as an arbitrator; to act as an arbitrator.

Arbitration (આર્-બિ-ટ્રેશન્),*n.* પંચાયત;લવાદી; પંચનો ચુકાદો.The decision of an arbitraton.

Arbitrator (આર્-બિટ્રે-ટર્), *n.* લવાદ; પંચ; કજીયાનો અંત લાવવા બંન્ને પક્ષ તરફથી નીમાયેલ માણસ; મધ્યસ્થ રહીને ચુકાદો આપનાર પુરૂષ. An umpire; one appointed by two parties to settle their dispute.

Arbitress (આર્-બિ-ટ્રેસ્), *n.* કજીયાનો નિર્ણય લાવવા નિમાયેલ સ્ત્રી. A female appointed by two parties to settle the dispute.

Arbour (આર્-બર્), *n.* માંડવો; કુંજ; મંડપ; લતાગૃહ A bower; a shady retreat.

Arboreous (આર્-બોરીઅસ્), *a.* ઝાડ સંબંધી; ઝાડનું. Pertaining to trees; tree-like.

Arboret (આર્-બો-રેટ્), *n.* નાનું ઝાડ; નાના છોડવા. A small tree.

Arc (આર્ક્), *n.* વર્તુલના પરીઘનો કોઈપણ ભાગ. A part of circumference; any curve.

Arcade (આર્-કેડ્), *n.* સ્તંભોના આધારે રાખેલી કમાનોની હાર; લાંબી કમાનો; મહોરાબદાર મંકાનો વાળો રસ્તો. A line of arches, supported by columns; a covered walk lined with shops.

Arch (આર્ચ્), *a.* લુચ્ચું;ધૂર્ત; ખુશમિજાજી; ટીંખળી. Cunning; playful. *n.* વર્તુલનો કોઇપણ ભાગ; કમાન. Any place covered by an arc. *vt.* કમાન જેવું વાળવું; કમાન જેવું કરવું. To form as an arc.

Arch (આર્ચ્), *a.* મુખ્ય; પહેલા નંબરનું; અગ્રગણ્ય. Chief; forming the first number. *n.*સરદાર; હાકેમ. A leader.

Archangel (આર્કેન્જલ્), *n.* વડો ફિરસ્તો; મોટો દૂત; અગ્રગણ્ય દૂત. A chief angel; an angel of the highest rank.

Archbishop (આર્ચ્-બિશપ્-), *n.* ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ધર્માધ્યક્ષ; વડો પાદરી. The chief bishop.

Archbishopric (આર્ચ્-બિશપ્-રિક્), *n.* વડા પાદરીની જગ્યા; વડાપાદરીની હકુમત. The rank or office of an archbishop.

Archdecon (આર્ચ્-ડીકન્), *n.* ધર્માધ્યક્ષને મદદ કરનાર-સહાયક. A church dignity below a bishop.

Archduke (આર્ચ્-ડ્યૂક્), *n.* ઑસ્ટ્રીયાના શહેનશાહનો કુંવર.A son of the emperor of Austria.

Archer (આર્ચર્), *n.* તીર મારનાર; તીરંદાજ; ધનુર્ધારી. A bowman.

Archer-y (આર્ચરિ), *n.* તીરંદાજી; ધનુર્વિદ્યા. The art of using a bow.

Arche-type (આર્કી-ટાઇપ્), *n.* મૂળનો નમુનો; જે નમુનાથી બીજી કાંઇપણ વસ્તુ બનાવી હોય તે નમુનો; અસલની વસ્તુ. The original pattern from which a thing is made.

Archipelago (આર્-કિ-પે-લૅગો), *n.* ઘણા ટાપુવાળો દરિયો. A sea abounding in many islands; a group of islands.

Architect (આર્કિટેક્ટ્), *n.* શિલ્પશાસ્ત્રી; ઇમારત વિ૦ બાંધવાની વિદ્યા જાણનાર. One, skilful in the work of erecting buildings; a builder.

Architectural (આર્કિટેક્ટ્યૂરલ), *a.* ઘરની બાંધણી-વિષેનું; ઘરની બાંધણીને લગતું; ઈમારતનું. Pertaining to the science of building.

Architecture (આર્કિ-ટેક્ટ-ચ્યૂર્), *n.* શિલ્પશાસ્ત્ર; ઇમારતો બાંધવાનો હુન્નર; બાંધણી; કારીગરી. The art of building; structure; the science of building.

Archives (આર્-કાઇવ્ઝ્), *n.* દફતરખાનું; દફતર રાખવાની જગ્યા. The place where public records are kept.

Archivist (આર્-કાઇ-વિસ્ટ્), *n.* દફતરખાનું સાચવનાર; દફતરખાનાનો અમલદાર; દફતરી. A keeper of public records.

Archness (આર્ચ્-નેસ્), *n.* લુચ્ચાઇ; દોંગાઈ; ઠગબાજી. Roguery; cunningness.

Archway (આર્ચ્-વે), *n.* કમાનવાળો રસ્તો;મહેરાબનો રસ્તો. A passage under an arch.

Archwise (આર્ચ્-વાઇઝ્),*adv.* કમાનના આકારનું; કમાન આકારે. Of the shape of an arch; arch-shaped.

Arctic (આર્ક્-ટિક્), *a.* ઉત્તર ધ્રુવનું; ઉત્તર કેંદ્રિય. Of the north-pole; belonging to the north-pole.

Ardency (આર્-ડેન્-સિ), Same as **Ardour.**

Ardent (આર્-ડેન્ટ્), *a.* જલદ; ગરમ,તપેલું;લાલચોળ. Hot; burning; fiery. **2.** આતુર;ઉત્સાહી;હોંશીલો. Eager; zealous.

Ardently (આર્-ડેન્ટ્-લિ), *adv.* ઉત્સાહપૂર્વક; હોંશથી. Eagerly; zealously.

Ardour (આર્-ડર્), *n.* ગરમી; તાપ. Heat. **2.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્સાહ; ખંત; હોંશ. Enthusiasm.

Arduous (આર્-ડ્યૂઅસ્), *a.* ઉંચું; ઉન્નત. High; elevated. **2.** કઠણ; મુશ્કેલ; અઘરૂં; વિકટ. Difficult; hard;laborious. **3.** અતિ મહેનત કરાવે તેવું; ખંતીલું. Strenuous; energetic.

Area (એરીઆ), *n.* ક્ષેત્રફળ; ખુલ્લી જમીન; વિસ્તાર. Extent of surface.**2.** ઘરબાર અથવા વાડા આગળની ખુલ્લી અથવા છૂટક જમીન. Space round the basement of a house. **3.** ગજું; કાર્ય કરવાની શક્તિ. Scope; range of activity.

Arecanut (ઍરીકૅ-નટ્), *n.* સોપારીનું ઝાડ;સોપારી. A genus of palm-tree.

Arefy (ઍરીફાય્), *vt. pr. p.* **Arefying.** *imp.* & *p. p.* **Arefied.** હવામાં સુકવવું; કોરૂં કરવું. To make dry; to expose in air.

Arena (ઍરીના,-ન્), *n.* અખાડો; મલ્લશાળા;તાલીમખાનું.A scene of conflict;a centre of theatre.

Arenaceous (ઍરીનૅશસ્), *a.* રેતાળ; રેતથી ભરપૂર. Sandy; full of sand.

Are (આર્), *vi.* છીએ;હોઇએ છીએ. The present plural form of the verb **to be.**

Argent (આર્-જેન્ટ્), *n.* રૂપું; રૂપાનો ચળકાટ. Silver; the shining colour of silver. *a.* રૂપાના રંગ જેવું; રૂપેરી રંગનું; રૂપાનું. Silvery; made of silver. [Clay; potter's clay.

Argil (આર્-જિલ્), *n.* માટોડી; સ્વચ્છ માટી; ચીરો.

Argillaceous (આર્જિલૅશસ્), *a.* માટીવાળું; માટીનો ગુણ ધરાવતું. Clayey;containing clay.

Argosy (આર્-ગો-સિ), *n.* વૈપારિક મોટું વહાણ; યુદ્ધનું મોટું વહાણ. A large ship used for merchandise or for war.

Arguable (આર્-ગ્યૂએબલ્),*a.* દલીલ કરી શકાય એવું; વાદવિવાદ કરવા યોગ્ય. Capable of being argued.

Argue (આર્-ગ્યૂ), *vi.* (*for, against*), *pr. p.* **Arguing.** *imp.* & *p. p.* **Argued.** વાદવિવાદ કરવો; દલીલ કરવી; પ્રમાણસર કારણ બતાવવાં;દલીલથી તકરાર કરવી.To debate;to discuss with reason; to dispute; to reason with. **2.** રદીઓ આપવો; ખંડન કરવું. To refute.

Argument (આર્-ગ્યૂ-મેન્ટ્), *n.* દલીલ; પ્રમાણ; વાદવિવાદ; વિવાદ. A plea; a proof;controversy.

Argumentation (આર્-ગ્યૂ-મેન્ટેશન્), *n.* વાદવિવાદ તર્ક; નિરૂપણ; વિચારણા. Reasoning; valid discussion.

Argumentative (આર્-ગ્યૂ-મેન્ટેટિવ્), *a.* દલીલવાળું; તર્કથી ભરપૂર; પ્રમાણવાળું. Containing arguments.

Argus (આર્-ગસ્), *n.* બારીક રીતે તપાસ કરનાર; હોંશિયાર મનુષ્ય. A keen examiner; a scrutinizer.

Arid (ઍરિડ્), *a.* સૂકું; કોરૂં; શુષ્ક; જળ વિનાનું. Parched; dried; dry.

Aridity (ઍરિડિટિ), *n* સૂકાપણું;શુષ્કતા. Dryness; the state of being parched.

Aries (ઍરીઝ્), *n.* મેષ; ઘેંટો. A ram. **2.** મેષરાશી. The first of twelve signs of the zodiac.

Aright (ઍ-રાઇટ્), *ad.* બરાબર રીતે;વ્યાજબી રીતે. Rightly; in a correct way.

Arise (ઍરાઇઝ્), *vt. pr. p.* **Arising.** *imp.* **Arose.** *p. p.* **Arisen.** ઉગવું; ઉદય થવો;ઉઠવું. To come into sight; to appear. **2.** ઉત્પન્ન થવું;દેખાવું-માંથી નીકળવું. To result form;to issue. **3.** ચઢવું; ઉંચે જવું. To ascend; to go up.

Aristocracy (ઍરિ-સ્ટૉ-ક્રૅસિ), *n.* અમીર અથવા શ્રીમંત લોકોનું રાજ્ય; અમીરોની સત્તા. A form of government, in which the nobles have supreme power. **2.** ઉમરાવ લોકો;ખાનદાન અને શ્રીમંત લોકો. The nobility.

Aristocrat (ઍરિસ્ટૉક્રૅટ્), *n.* અમીરોનું રાજ્ય હોય તો સારૂં એવો મત ધરાવનાર; અમીરોના રાજ્યને ચહાનાર. One in favour of aristocracy. **2.** મગરૂર માણસ;સત્તાના મદમાં ફુલાતો મનુષ્ય.A proud person.

Aristocratic,-al (ઍરિસ્ટૉક્રૅટિક ,-કૅલ્)*a.* અમીર અને શ્રીમંત લોકોની સતાને લગતું-છાજતું. Befitting the powers of the nobility.

Arithmetic (ઍરિથ્મેટિક), *n.* અંકગણિત; અંકવિદ્યા; ગણિતશાસ્ત્ર. The science on numbers; the use of figures.

Arithmetical (ઍરિથ્-મેટિ-કૅલ્), *a.* અંકગણિતને લગતું; ગણિતશાસ્ત્રનું;અંકગણિતના નિયમ મુજબ. Pertaining to arithmetic; according to the rules of arithmetic.

Arithmetician (ઍરિથ્-મેટિશૅન્), *n.* ગણિતવેત્તા; ગણિતશાસ્ત્રમાં પ્રવીણ પુરૂષ. One well up in the study of arithmetic.

Ark (આર્ક્), *n.* મોટી હોડી; વહાણ; ખ્રિસ્તી મત પ્રમાણે જે વહાણમાં નોહા તેના કુટુંબ સાથે બેઠો હતો તે વહાણ. A large boat;a ship; a ship used by Noah at the time of deluge.

Arm (આર્મ્), *n.* હાથ; બાહુ. A human limb from shoulder to hand. **2.** ફાંટો; ખાડી. An inlet. **3.** શક્તિ;બળ;પ્રાબલ્ય. Power. **4.** (*pl*). હથિયાર;-શસ્ત્ર. Weapons. (esp. used in war). *vt. vi* હથિયાર સજવાં; હથિયાર બાંધી તૈયાર કરવું-થવું. To furnish or provide with arms; to provide with armature.

Armada (આર્-મેડા), *n.* લડાયક વહાણનો કાફલો; યુદ્ધ સામગ્રી. The fleet of war-ships (esp. of the Spanish Armada against the English.)

Armament (આર્-મૅ-મેન્ટ્), *n.* લડાઇ માટે તૈયાર કરેલો કાફલો-સૈન્ય. A military force prepared for war. **2.** યુદ્ધ સામગ્રી. Equipments for war.

Armature (આર્-મૅ-ટ્યૂર્), *n.* બખ્તર; કવચ. An

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

armour; arms.

Armet (આર્-મેટ્), *n.* ટોપ; શિરસ્ત્રાણ. A helmet; an iron covering for the head.

Armful (આર્મ્-ફુલ્), *a.* બાથમાં માય તેટલું. As much as the arms can hold.

Armistice (આર્-મિ-સ્ટિસ્), *n.* યુદ્ધવિરામ; સંધિ તહકુબી; થોડા સમયને સારૂ બંને પક્ષ યુદ્ધ કરતા અટકી જાય તેટલો સમય. A short truce; a temporary cessation of war.

Armlet (આર્મ્-લેટ્), *n.* સમુદ્રનો નાનો ફાંટો. A small arm of the sea. **2.** હાથની પોંચી. A band put round the arm.

Armorial (આર્-મો-રિઍલ્), *a.* બખ્તરને લગતું; બખ્તરનું; અમીર અથવા ખાનદાનની નિશાનીવાળું. Pertaining to an armour; of heraldic arms.

Armour (આર્--મર્), *n.* બખ્તર; કવચ. Defensive covering for the body. **2.** અમીરોના બખ્તર અથવા ડગલા ઉપર સોનેરી બુટ્ટાની નિશાની. Heraldic devices.

Armourer (આર્મ્-રર્), *n.* શસ્ત્ર બનાવનાર અથવા વેચનાર; કવચ, બખ્તર વિ. બનાવનાર. A maker of arms. લશ્કરના શસ્ત્રો ઉપર દેખરેખ રાખનાર અમલદાર. An officer in charge of arms.

Armoury (આર્-મરિ), *n.* હથિયાર રાખવાની જગ્યા; શસ્ત્રાગાર; શિલેખાનું. An arsenal.

Arms (આર્મ્ઝ્), *n.* (*pl.*) હથિયાર; શસ્ત્રો. Weapons; military weapons used in time of war. **To take up arms,** લડાઇ માટે તૈયાર થવું. To engage in warfare. **To lay down arms,** શરણે જવું; તાબે થવું. To surrender.

Army (આર્-મિ), *n. pl.* **Armies.** લશ્કર; સૈન્ય; ફોજ. The land forces of a state or kingdom.

Aroma (ઍરોમ્,-મા), *n.* સુગંધ; ખુશબો; સુવાસ. Fragrance; sweet smell.

Aromatic (ઍરોમૅટિક્), *a.* ખુશબોદાર; સુવાસિત; સુગંધીદાર; Sweet-smelling; fragrant.

Aromatize (ઍરોમૅટાઇઝ્), *vt.* ખુશબોદાર બનાવવું; સુવાસિત કરવું. To infuse fragrance; to perfume.

Around (ઍરાઉન્ડ્), *ad. prep.* આસપાસ; ચોતરફ; ચારે તરફ ફરવું; ગોળ ચકરમાં. On all sides; on every side; on every side of.

Arouse (ઍ-રાઉઝ્), *vt. pr. p.* **Arousing.** *imp* & *p. p.* **Aroused.** જાગૃત કરવું; ઉઠાડવું. To rouse; to set in motion. **2.** ઉશ્કેરવું; પ્રદીપ્ત કરવું; સાવધ કરવું. To stir.

Arrack (ઍર્-રૅક્), *n.* એક જાતનો દારૂ; તાડી. A spirituous liquor (made from cocoa-palm).

Arraign (ઍરેન્), *vt. pr. p.* **Arraigning.** *imp.* & *p. p.* **Arraigned.** તોહોમત મૂકવું; દોષ દેવો; વાંધો ઉઠાવવો. To accuse; to call in question; to find fault with.

Arraignment (ઍરેન્-મેન્ટ્), *n.* દોષારોપ; તોહોમત; વાંધો; હરકત. An accusation; an act of finding fault.

Arrange (ઍર્-રેન્જ્), *vt. pr. p.* **Arranging.** *imp* & *p. p.* **Arranged.** ગોઠવવું; બંદોબસ્ત કરવો; વ્યવસ્થા કરવી; ક્રમવાર ગોઠવણી કરવી; નક્કી કરવું. To put in order; to settle; to ascertain.

Arrangement (ઍર્-રેન્જ્-મેન્ટ્), *n.* વ્યવસ્થા; ગોઠવણી; બંદોબસ્ત; રચના; અનુક્રમ. Regular classification; settlement.

Arrant (ઍરૅન્ટ્), *a.* નામીચું; પક્કો; લુચ્ચો; નામ બોળું; અતિદુષ્ટ; અતિનિંદ્ય; હડહડતો લુચ્ચો. Notorious; vile; down-right.

Arras (ઍર્-રૅઝ્), *n.* ભીંતને શણગારવા માટેના સુંદર પડદા. Tapestry screen hung loosely on a wall.

Array (ઍરે), *vt. pr. p.* **Arraying.** *imp.* & *p. p.* **Arrayed.** શણગારવું; સુંદર રીતે દેખાડવું; To decorate. **2.** ગોઠવવું; હારબંધ ઉભું કરવું. To arrange in a series. **3.** વસ્ત્રો સજવાં. To dress. **4.** (*Law*) જ્યુરીનાં માણસોને ક્રમવાર ગોઠવવાં. To arrange the jury. *n.* આંજી નાંખે તેવી રીતે ગોઠવેલી ચીજો; ઠાઠમાઠ; આડંબર. An imposing order of things; an outward show. **2.** ગોઠવણી; રચનાક્રમ; શ્રેણી. An order; an arrangement; a series. **3.** પોષાક; કપડાં. Dress. **4.** (*Law*) જ્યુરીનાં માણસો. The jurors.

Arrears (ઍરી-અર્સ્), *n.* ચઢેલું કામ; બાકી રહેલું કામ; ચઢેલા પૈસા; ચડેલું દેવું. Work, in which one is behind; an out-standing debt.

Arrest (ઍર્-રેસ્ટ્), *vt. pr. p.* **Arresting.** *imp* & *p. p.* **Arrested.** અટકાવવું; પકડવું; સત્તાની રૂએ રોકવું; કેદ કરવું. To seize; to catch; to stop authoritatively. *n.* અટકાવ; કેદ; બંધન. Legal apprehension; imprisonment.

Arrival (ઍરાઈવૅલ્), *n.* આવી પહોંચવું તે; આગમન; પ્રાપ્તિ. Appearance on scene; a person or a thing that has arrived.

Arrive (ઍરાઇવ્), *vi.* (*at*) *pr. p.* **Arriving.** *imp* & *p. p.* **Arrived.** આવી પહોંચવું; દાખલ થવું. To come up; to reach. **2.** મેળવવું; પ્રાપ્ત કરવું. To attain.

Arrogance (ઍરૉગૅન્સ્), *n.* મગરૂબી; અભિમાન; ગર્વ; મદ; અહંકાર. Pride; haughtiness; conceit.

Arrogant (ઍરૉગૅન્ટ્), *a.* મગરૂર; અભિમાની; અહંકારી; ગર્વિષ્ઠ. Over-bearing; insolent; proud; conceited.

Arrogate (ઍરૉગેટ્), *vt. pr. p.* **Arrogating.** *imp.* & *p. p.* **Arrogated.** અહંકાર કરવો; વ્યર્થ અભિમાન કરવો; રોળ ઘાલવો; ગેરવ્યાજબી હક્ક કરવો. To assume; to demand proudly; to claim unduly.

Arrogation (ઍરૉગેશન્), *n.* વિશેષ હકની માંગણી કરવી તે; વ્યર્થ રોળ ઘાલવો તે. An act of ma-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

king undue claims.

Arrow (ઍરો), *n.* બાણ; તીર; ભાલોહું. A pointed missile. **Arrow-head,** *n.* જળમાં થતો એક જાતનો છોડ. A kind of plant growing in water. **Arrow-root,** *n.* પુષ્ટિકારક કાંજી. A nutritive starch. **Arrow-headed,** *a.* બાણ જેવા આકારનું (—>). Having the shape of an arrow.

Arrow-y (ઍરોઇ), *a.* બાણથી ભરપૂર; બાણ જેવું અણીદાર. Full of arrows;pointed as arrows.

Arsenal (આર્સી-નૅલ), *n.* તોપખાનું; દારૂખાનું; શસ્ત્રગૃહ. A military store of weapons.

Arsenic (આર્-સે-નિક), *n.* સોમલખાર; સોમલ. (એક જાતનું રસાયણ છે.) A kind of strong mineral poison.

Arson (આર્-સન), *n.* દ્વેષભાવથી કોઇના ઘરને અથવા માલને આગ લગાવવી તે. Wilful setting on fire of houses or other property.

Art (આર્ટ), *n.* હુન્નર; કળા; હસ્તક્રિયા. The result of manual skill. **2.** દાવપેચ; કપટ. An artifice. **3.** વિદ્યા; કૌશલ્ય. Learning; study. *vi.* To be ક્રિયાપદનું વર્તમાનકાળ બીજો પુરૂષ એકવચનનું રૂપ છે. It is *2nd per. sing.* of the verb **to be.**

Arterial (આર્-ટી-રિ-ઍલ), *a.* ઘોરી રગ સંબંધી; ઘોરી રગમાં આવેલું. Pertaining to an artery; containing an artery.

Artery (આર્-ટરિ), *n. pl.* **Arteries.** ઘોરી નસ;ઘોરી રગ; રક્તવાહિની. Any tube by which blood is conveyed from heart to all parts of body.

Artful (આર્ટ્-ફુલ્),*a.*કપટી;દગાબાજ;કારસ્તાની;લુચ્ચો. [Crafty; cunning; sly.

Artfully (આર્ટ્-ફુલ્-લિ), *ad.* કપટથી; લુચ્ચાઇથી; દગાબાજથી. In a cunning way;in a crafty manner.

Article (આર્ટિકલ્), *n.* અંગ્રેજીમાં ત્રણ આર્ટિકલ છે, એ, એન, ધી. There are three articles in English, *viz. a. an, the.* **2.** ચોપાનિયામાં છપાવવા સારૂ તૈયાર કરેલો લેખ-લખાણ. A contribution for newspapers or magazines. **3.** શરત; કરાર; બોલી. An agreement or a part of an agreement. **4.** ચીજ; જણસ; વસ્તુ. A thing; an object. *vt.* ભાગ પાડવા; વિભાગ પાડીને લખવું. To draw up in articles. **2.** તોહોમત મૂકવું; આળ ચઢાવવું. To set forth (as offences); to indict. **3.** શરત કરવી;સાટું કરવું.To bargain.

Articular (આર્ટિ-ક્યૂ-લૅર્),*a.* શરીરના સાંધાસંબંધી; શરીરના સાંધાને લગતું. Pertaining to joints.

Articulate (આર્ટિ-ક્યૂ-લેટ), *vi. vt. pr. p.* **Articulating.** *imp. & p p.* **Articulated.** સ્પષ્ટ બોલવું;શુદ્ધ રીતે ઉચ્ચાર કરવા. To utter distinctly. **2.** સાંધો જોડવો;સાંધો બેસાડવો. To unite the joints. *a.* સાંધાથી જોડેલું;સાંધાથી બનેલું. Formed with joints. **2.** સ્પષ્ટ;સ્ફુટ;વ્યક્ત. Clear; divided into syllables.

Articulation(આર્ટિક્યૂ-લેશન્), *n.* સ્પષ્ટ ઉચ્ચાર; સાફ ઉચ્ચારણ; વ્યંજન. Distinct speech;clear utterance; a consonant.

Articulator (આર્ટિ-ક્યૂ-લેટર્), *n.* સ્પષ્ટ ઉચ્ચાર કરનાર;સાફ ઉચ્ચાર બોલનાર.One that articulates.

Artifice (આર્ટિફિસ્), *n.* યુક્તિ; ઉપાય; કાવતરૂં; ઠગાઇ; છળકપટ;લુચ્ચાઇ પ્રપંચ; કિસબ. A device; a contrivance;deceit;cunningness; trickery.

Artificer (આર્ટિફિસર્),*n.* ખટપટીઓ માણસ;પ્રપંચી; કાવતરાં કરનાર; દગાખોર; ઠગ. A craftsman. **2.** કારીગર; કિસબી; શિલ્પકાર. An artisan; a mechanic; an artist.

Artificial (આર્ટિ-ફિ-શૅલ્), *a.* હાથનું બનાવેલું; હુન્નરી. Produced by some art and not by nature. **2.** બનાવટી; કૃત્રિમ. Feigned; unreal; unnatural.

Artificiality (આર્ટિ-ફિ-શૅલિટિ), *n.* હાથથી બનાવેલું હોવું તે; કૃત્રિમતાવાળું હોવું તે. The state of being unnatural.

Artillerist (આર્ટિલરિસ્ટ), *n.* ગોલંદાજ; તોપ ફોડવામાં બહાદૂર; તોપખાનાનો કારભારી. A person in charge of an artillery.

Artillery (આર્ટિલરિ), *n.* મોટી તોપ; તોપખાનું; યુદ્ધના શસ્ત્રો. A cannon; weapons.

Artisan (આર્ટિઝૅન્), *n.* હુન્નરી; કારીગર. A mechanic; a handicraftsman.

Artist (આર્ટિસ્ટ), *n.* કિસબી; પ્રવિણ ચિતારો; શિલ્પી;કોતરકામ કરનાર. A fine painter; a person practising one of the fine arts.

Artiste (આર્ટિસ્ટી), *n.* ગાવાનો અને નાચવાનો ધંધો લઇ બેઠેલ. A professional singer or dancer.

Artistic,-al (આર્ટિ-સ્ટિક્,-કૅલ્),*a.*કારિગરીને લગતું; હુન્નરી કામવાળું; હુન્નર સંબંધી. Petaining to some arts; of some art.

Artless (આર્ટ્-લેસ્), *a.* બીનકસબી; ભોળું; નિષ્કપટી; સરળ. Guileless; simple;frank; wanting some art. **2.** કુદરતી; સહજ. Natural.

Artlessness (આર્ટ્-લેસ્-નેસ્), *n.* નિષ્કપટ; સરળ સ્વભાવ; ભોળપણ;સરળતા. Simplicity; frankness in nature; sincerity.

As (ઍઝ્), *conj., adv.* જેવું; જેમ; પ્રમાણે; જ્યારે; જેમકે; માટે; તેથી. Like; similar; for example; because. **As fas as,** જેટલે દૂર બની શકે તેટલે. To the extent to which. **As if,** જાણે કે. It will be the case in case. **As though,** રખેને; જાણે કે. As if. **As yet,** હજુ સુધી. Up to this time.

As (ઍસ્), *n.* રોમન તાંબાનો સિક્કો; બાર ઔંસનું રોમન વજન. A Roman copper coin; a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Roman weight of 12 oz.

Asafaetida (ઍસૅફીટિડા,-ડૅ), *n.* હીંગ. A kind of gum, having the smell of garlic.

Ascend (ઍસેન્ડ્), *vt. vi. pr. p.* **Ascending**. *imp. & p. p.* **Ascended.** ચઢવું; ઉંચે જવું. To go up; to move onward. 2. ઉદય થવો; ઉપર ચઢવું; ઉન્નતિ થવી. To rise;to climb. 3. ના ઉપર ચઢવું;ઉપર જવું.To mount;to climb.

Ascendant (ઍસ્-સેન્-ડૅન્ટ્), *a.* ઉત્તમ;ચઢીઆતું; ઉંચું; શ્રેષ્ઠ. Predominant; excellent. 2. ક્ષિતિજની ઉપર આવતું. Coming out of horizon. *n.* ઉપરીપણું; પ્રાધાન્ય; શ્રેષ્ઠતા. Superiority.

Ascendancy } (ઍસ્-સેન્-ડૅન્સિ), *n.* ઉપરીપણું;
Ascendency } પ્રાધાન્ય સત્તા;અખત્યાર. Sway; a strong influence.

Ascension (ઍસ્-સેન્શન્), *n.* આરોહણ; ચઢવું તે;સુર્ય-તારાનું ઉપર ચઢવું તે. An act of ascending.

Ascent (ઍસ્-સેન્ટ્), *n.* ચઢાવ;ચઢાણ;ચઢવાનો રસ્તો; ઉંચાણ; ટેકરી. An upward slope; an inclination; a hill. 2. ચઢવાનો રસ્તો-ઉપાય-સાધન. The means of ascending.

Ascertain (ઍસ્-સર્-ટેન), *vt.* નક્કી કરવું; ખાત્રી કરવી; નિર્ણય કરવો. To make certain of; to assure; to decide; to find out.

Ascertainable (એસ્-સર્-ટે-નેબલ્), *a.* નક્કી થઇ શકે એવું; નિર્ણય કરી શકાય એવું; ખાત્રી આપી શકાય એવું. Capable of being ascertained.

Ascertain-ment (એસ્-સર્-ટેન્-મેન્ટ્), *n.* ખાત્રી; નિશ્ચય; નિરૂપણ. Certainty; a fixed rule.

Ascetic (એસ્-સે-ટિક્), *n.* સંન્યાસી;મુનિ;વાન્પ્રસ્થ; યતિ. A recluse; a hermit. *a.*ત્યાગી; વૈરાગ્યની વૃત્તિવાળો; તપશ્ચર્યા કરવાવાળો. Abstinent; severe in austerities.

Asceticism (એસ્-સે-ટિ-સિઝમ્), *n.* વૈરાગ; તપશ્ચર્યા; તપ; દેહદમન. Hard penance; the state of an ascetic.

Ascribable (ઍસ્ક્રાઇ-બેબલ્), *a.* લગાડવા જોગ; ઠરાવવા જોગ. Capable of being attributed.

Ascribe (ઍસ્ક્રાઇબ્); *vt. pr. p.* **Ascribing.** *imp. & p. p.* **Ascribed.** લગાડવું; કારણ છે એમ માનવું; ગુણ લાગુ પાડવો. To attribute; to refer.

Ascription (ઍસ્-ક્રિપ્શન્), *n.* તોહોમત; આરોપ. An imputation;an indictment;attribution.

Ash (ઍશ્), *n.* આશ નામનું ઝાડ; આશ નામનું લાકડું; રાખ; મુડદું. A kind of tree with silver-grey bark; what remains after a body is burnt; (*fig.*). a corpse.

Ashen (ઍશન્), *a.* 'આશ' નામના લાકડાનું બનાવેલું. Mede of ash wood.

Ashame (ઍશેમ્), *vt.* શરમાવવું; શરમિંદુ કરવું. [To make ashamed.

Ashamed (ઍશેમ્ડ્), *a.* શરમિંદુ; લજ્જાવાળું; લજ્જીત. Affected by shame.

Ashes (ઍશીઝ્), *n. pl.* રાખ; ભસ્મ; રખ્યા; રાખોડી; મુડદું. Powdery substance left after combustion; (*fig.*) a corpse.

Ashore (ઍશોર્), *ad.* કિનારા ઉપર; કિનારે (દરિયાના). On the border of the sea. 2. કિનારા તરફ. Towards the shore.

Ashy (ઍશિ), *a.* રાખથી ચોળેલું; ભસ્મથી ખરડાયેલું. Covered over with ashes.

Aside (ઍ-સાઈડ્), *ad.* એક બાજુએ; એક તરફ; જુદું. On one side; apart. 2. આડે રસ્તે; ખરાબમાર્ગે; કુમાર્ગે. Astray; out of way.

Asinine (ઍસિ-નાઇન્), *a.* ગધેડાનું; ગધેડા વિષે. Of an ass. 2. મૂર્ખ; અક્કલ વિનાનો. stupid; foolish.

Ask (આસ્ક્), *vt. vi.* પુછવું; માંગવું; પુછપરછ કરવી; કહેવું; સવાલ પુછવો. To put a question; to inquire.

Askance (આસ્કૅન્સ્), *ad.* આડું; વાંકું; આડું-અવળું. Sideways; in an oblique way.

Askant (આસ્કૅન્ટ્), *ad* Same as **Askance.**

Askew (ઍસ્-ક્યૂ), *ad.* વાંકું; આડું. Sideways. 2. તિરસ્કારપૂર્વક. Hatefully; scornfully.

Aslant (ઍ-સ્લૅન્ટ્), *ad. & prep.* વાંકું; તિરકસ; આડું. Obliquely; cross.

Asleep (ઍ-સ્લીપ્), *ad. a.* ઉંઘેલું; નિદ્રાવશ;ઉંઘમાં; ઉંઘતું. Sleeping; in a state of sleep.

Aslope (ઍ-સ્લોપ્), *ad.* ઢળતું; ઉતરતું; નીચે જતું. On a slope; crosswise.

Asp (ઍસ્પ્), *n.* એક જાતનો ઝેરી સાપ-સર્પ. A poisonous serpent of Egypt.

Aspect (ઍસ્પેક્ટ્), *n.* દેખાવ; આકાર;રૂપ; ચહેરો; Appearance; view; countenance. 2. આકૃતિ; ડોળ; શિકલ. Mien; look. 3. એક ગ્રહનું બીજા ગ્રહના અંતરથી સ્થાન. The position of one planet as situated from another. 4. દૃષ્ટિ; નજર. Sight; vision.

Asp,Aspen (ઍસ્પ્ , ઍસ્પન્),*n.* એક જાતનું લાકડું; 'ઍસ્પન' નામનું લાકડું. A kind of wood. *a.* 'ઍસ્પન' લાકડાનું બનાવેલું. Made of aspen wood.

Asperity (ઍસ્પેરિટિ), *n.* કઠોર અવાજ; અસભ્યતા; તોછડાઇ. Harsh sound; impoliteness. 2. ખરબચડાપણું. Unevenness. 3. ખટાશ; ખટાઇ. Sourness; the quality of being sour. 4. માફક ન આવે તેવા હવાપાણી. Severity of climate.

Asperse (ઍસ્પર્સ્), *vt. pr. p.* **Aspersing.** *imp. & p. p.* **Aspersed.** બટ્ટો લગાડવો; એબ લગાડવી; કલંકિત કરવું; આળ ચઢાવવી. To attack the fame of; to stain; to calumniate. 2. છાંટવું; રેડવું. To sprinkle.

Aspersion (ઍસ્પર્સન્), *n.* બટ્ટો; કલંક; ડાઘ; આળ. A stain; a blot; an imputation. 2.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિંચન; છાંટવું તે. A sprinkling (as, of water or dust particles).

Asphalt (ઍસ્ફૅલ્ટ), *n.* ડામર; ઍસ્ફાલ્ટ; પલાસ્તર કરવાનો એક જાતનો ડામર. A kind of substance used for pavement.

Asphaltic (ઍસ્-ફૅલ્ટિક), *a.* ડામરવાળું; ડામરનું બનાવેલું. Containing or having asphalt.

Asphodel (ઍસ્ફોડેલ), *n.* કમળની જાતનું અતિ સુંદર ફુલ. A flower resembling a lily.

Aspirant (ઍસ્-પિરન્ટ), *n.* ઉમેદવાર; શિખાઉ; આકાંક્ષી. One that aspires; a candidate. *a.* ઈચ્છા રાખનાર; મહત્વાકાંક્ષી. Ambitious.

Aspirate (ઍસ્પિરેટ), *n.* 'હ' નો ઉચ્ચાર કરવા માટે મૂકેલી નિશાની; મહાપ્રાણ; 'હ'કાર. A mark of deep breathing; an aspirated letter.

Aspiration (ઍસ્પિરેશન), *n.* મોટી ઇચ્છા-સ્પૃહા; આશા; મનોરથ; આકાંક્ષા. An ardent desire; a strong desire or hope.

Aspire (ઍસ્પાયર), *vi. pr. p.* **Aspiring.** *imp & p. p.* **Aspired.** આતુરતાથી ઇચ્છવું; મોટી ઇચ્છાઓ હોવી; તૃષ્ણા રાખવી. To desire eagerly or ardently; to aim at high things. **2.** (*fig.*) ઉંચે ચઢવું; ઉંચે ઉડવું. To tower up.

Asport (ઍસ્પૉર્ટ), *vt.* ખરાબ દાનતથી માલ ખસેડવો,—આઘો પાછો કરવો. To carry away (in a bad sense).

Asquint (ઍસ્-ક્વિન્ટ), *ad.* Same as **Askant.**

Ass (ઍસ્), *n. pl.* **Asses.** ગધેડો; રાસભ; ખર. A donkey. **2.** (*fig.*) મૂર્ખ માણસ; ગમાર; અક્કલહીન આદમી. A stupid fellow.

Assail (ઍસ્-સેલ) *vt. pr. p.* **Assailing.** *imp & p. p.* **Assailed.** હુમલો કરવો;—ના ઉપર તૂટી પડવું; લડવા માંડવું. To attack; to fight. **2.** વાદવિવાદમાં ઝપાઝપી કરવી; દોષારોપ કરવો. To argue; to altercate. **3.** (કોઇપણ કામ ઉપર) તૂટી પડવું. To begin any work firmly.

Assailable (ઍસ્-સેલેબલ), *a.* હુમલો કરી શકાય તેવું; લડી શકાય તેવું. Capable of being attacked.

Assailant (ઍસ્-સે-લૅન્ટ), *n.* હુમલો કરનાર; લડાઇ કરનાર; આક્રમણ કરનાર. One who attacks.

Assassin (ઍસ્સૅ-સિન), *n.* ખૂની; મારો; ગુપ્તરીતે ઘાત કરનાર; પ્રાણનો નાશ કરનાર. One who usually for a reward kills any man secretly.

Assassinate (ઍસ્સૅસિનેટ), *vt. pr. p.* **Assassinating.** *imp & p.p.* **Assassinated.** ગુપ્ત ઘાત કરવો; ખૂન કરવું; ઇનામની આશાએ કોઇને મારી નાંખવું. To murder by a secret assault.

Assassination (ઍસ્-સૅ-સિ-નેશન), *n.* ગુપ્ત ઘાત; વધ; ખૂન. A murder by a secret assault.

Assassinator (ઍસ્-સૅ-સિનેટર), *n.* ઘાતક; મારો; ખુની. A murderer; a hired man for a murder.

Assault (ઍસ્સૉલ્ટ), *n.* હુમલો; મારામારી. A sudden attack; a severe attack. *vt.* હુમલો કરનાર; આક્રમણ કરનાર. To make an attack.

Assaulter (ઍસૉલ્ટર), *n.* હુમલો કરનાર; આક્રમણ કરનાર. One that attacks.

Assay (ઍસ્-સે), *vt vi.* ધાતુની કસોટી કાઢવી; કસ જોવો.. To ascertain the purity of a metal (esp. gold, silver, etc.). **2.** વાપરવું; પ્રયત્ન કરવો; અજમાવવું. To try; to apply. *n.* કોઇપણ-સિક્કાની કસોટી; સોના, ચાંદી, વિ. ની પરખ. The determination of the purity of. **2.** પરીક્ષા; કસોટી. A trial of any thing.

Assayer (ઍસ્સેયર), *n.* ધાતુની પરીક્ષા કરનાર; પારેખ; સોના રૂપાની કસોટી કાઢનાર. One who tests the purity of metals (esp, gold.)

Assemblage (ઍસ્-સેમ્બ્લેજ), *n.* ટોળું; મંડળી; જમાવ. A collection of people; a mass. **2.** ચીજોનો ઢગલો; જથ્થો; થોકડો. A collection of things.

Assemble (ઍસ્-સેમ્બલ), *vt. vi. pr. p.* **Assembling.** *imp. & p p.* **Assembled.** સભા બોલાવવી; (સભાના કામ માટે) એકઠા થવું; એક ઠેકાણે મળવું. To convene a meeting; to meet together; to bring together.

Assembly (ઍસ્-સેમ્-બ્લિ), *n.* ધાર્મિક અથવા રાજદ્વારી સભા. A religious or a political meeting. **2.** મંડળી; સભા; કચેરી. A meeting; a gathering of persons for any purpose.

Assent (ઍસ્સેન્ટ), *vi. pr. p.* **Assenting.** *imp & p. p.* **Assented.** કબુલ કરવું; માન્ય રાખવું; સ્વીકાર કરવો. To concur; to admit (as true). *n.* સંમતિ; અનુમોદન; કબુલાત. A consent; an agreement.

Assenter,-or (ઍસ્સેન્ટર), *n.* કબુલાત આપનાર; સંમતિ બતાવનાર; અનુમોદન આપનાર. One that assents.

Assert (ઍસ્સર્ટ), *vt.* ખાત્રીપૂર્વક કહેવું—જણાવવું; પ્રતિજ્ઞાપૂર્વક કહેવું; પ્રતિપાદન કરવું; સિદ્ધ કરવું. To affirm; to bear evidence; to prove.

Assertion (ઍસ્-સર્-શન), *n.* નિશ્ચયપૂર્વક કહેવું તે; પ્રતિજ્ઞા; પૂર્વપક્ષ. Affirmation.

Asserter,-or (ઍસ્-સર્-ટર), *n.* ખાત્રીપૂર્વક કહેનાર-જણાવનાર; પ્રતિપાદક. One who makes a positive statement.

Assertive (ઍસ્-સર્-ટિવ), *a.* દૃઢ; ન ફરી શકે તેવું; નિશ્ચયવાળું. Confirming; positive; dogmatic.

Assertory (ઍસ્-સર્-ટરિ), *a.* Same as **Assertive.**

Assess (ઍસ્-સેસ), *vt.* રકમ નક્કી કરવી (કરની; દંડની); કર નાંખવો,—ઠરાવવો. To fix the amount of (a tax, fine); to determine the taxes.

Assess-ment (ઍસ્-સેસ્-મેન્ટ), *n.* કર; વેરો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જકાત; નુકશાની ઠરાવવી તે. An act of assessing; settlement of the taxes. 2. મિલ્કતની અથવા નફાની આંકણી. A valuation of property or profits.

Assessor (ઍસ્સેસર્), *n.* કર આંકનાર; કિંમત નક્કી કરનાર. One who assesses taxes. 2. ન્યાયાધીશને મદદ કરવા ચુંટી કઢાએલો મનુષ્ય. An adviser to a magistrate.

Assets (ઍસ્સેટ્સ), *n. pl.* પુંજી; મિલ્કત; માલમતા. The entire property of a merchant, or a body of merchants. 2. (*Law*) દેવાદાર અથવા મરણ પામેલાની મિલ્કત. The property of an insolvent or a deceased.

Asseverate (ઍસ્-સેવરેટ્), *vt.* પ્રતિજ્ઞાપૂર્વક કહેવું; સોગનપૂર્વક જણાવવું. To declare solemnly; to say on oath.

Asseveration (ઍસ્-સે-વરેશન્), *n.* પ્રતિજ્ઞા; ખરૂં વચન; સત્યોક્તિ. A solemn declaration.

Assiduity (ઍસ્-સિ-ડ્યૂઇટિ), *n.* ઉદ્યોગ; ખંત; મહેનત; પરાયણતા. Diligence; constant application to work.

Assiduous (ઍસ્-સિ-ડ્યૂઅસ્), *a.* ખંતીલું; પરિશ્રમી; મહેનતુ; ઉદ્યમી; ઉદ્યોગપરાયણ. Diligent; industrious; attentive.

Assign (ઍસ્-સાઇન્), *vt. pr. p.* **Assigning.** *imp. p. p.* **Assigned.** વહેંચી આપવું; ભાગ પાડવો; મુકરર કરવું; ઠરાવવું. To allot; to divide by share; to ascertain; to fix. 2. (*Law*) બીજાના હવાલે સોંપવું. To transfer to some one.

Assignable (ઍસ્-સાઇનેબલ્), *a.* વહેંચી શકાય એવું; ભાગ પાડી શકાય એવું; ઠરાવી શકાય તેવું. Capable of being assigned.

Assignation (ઍસ્-સિગ્-નેશન્), *n.* આશુક માશુકે એકબીજાને મળવા આપેલો સમય. An appointment of lovers (in bad sense). 2. (*Law*) મિલકતનો હક્ક સોંપવો તે. A transfer of the title of property.

Assignee (ઍસ્-સાઇની), *n.* જેને મિલ્કત સોંપી હોય તે; મુખત્યાર; વકીલ. A person to whom right or property has been assigned.

Assign-er (ઍસ્સાઇનર્), *n.* વહેંચી આપનાર; ભાગ પાડી આપનાર; સ્વાધીન કરનાર. One that assigns.

Assign-ment (ઍસ્સાઇન્મેન્ટ્), *n.* સરખે હિસ્સે વહેંચણી; નિમણોક. An act of alloting. 2. (*Law*) જાગીર મિલ્કત સોંપવાનો લેખ. The writing by which a transfer is made.

Assimilate (ઍસ્-સિમિલેટ્), *vt. vi. pr. p.* **Assimilating.** *imp. & p. p.* **Assimilated.** હળીમળી જવું; ની સોબતમાં એકરૂપ થઇ જાય તેમ કરવું; ભાગીઓ થવું; સરખું થવું; ખોરાકને પચાવીને લોહી, માંસ, વિ૦ના ધર્મવાળું બનાવવું. To become like; to make like; to change into a like substance (as, of food); to absorb.

Assimilation (ઍસ્-સિમિલેશન્), સરખું કરવું તે; સમીકરણ; ખોરાક પચાવીને લોહી, માંસવાળું બનાવવું તે; પાચન થવું તે. Conversion into a like substance.

Assimilative (ઍસ્-સિ-મિલેટિવ્), *a.* પાચન કરે એવું; એકરૂપ કરે તેવું. Causing assimilation.

Assist (ઍસ્-સિસ્ટ્), *vt. pr. p.* **Assisting.** *imp & p. p.* **Assisted.** મદદ કરવી; સહાય આપવી; ટેકો કરવો. To help; to aid.

Assistance (ઍસ્-સિસ્ટન્સ્), *n.* મદદ; સહાય; કુમક. A help; an aid; a support.

Assistant (ઍસ્-સિસ્ટન્ટ્), *a.* મદદ આપનાર; મદદગાર; સહાયકારક. Helping; auxiliary. *n.* મદદનીશ; મદદગાર; સહાય કરનાર. A helper.

Assize (ઍસ્સાઇઝ્), *n.* તોલ, માપ, વિ૦ ને નક્કી કરનાર કાયદો. A statute, settling the weights, rates, etc. 2. જ્યુરી મારફતે તપાસ. A trial by jury. 3. જ્યુરીનું પંચ. The jurors. *vt.* બજારમાં તોલ, ભાવ, માપ, વિ૦ નક્કી કરવું; કિંમત આંકવી; કિંમત ઠરાવવી. To fix the quantity or price. 2. કર બેસાડવો; કર નાંખવો–નક્કી કરવો. To assess.

Assizer (ઍસ્-સાઇઝર્), *n.* તોલ, માપ, વિ૦ નક્કી કરનાર અમલદાર. An officer inspecting the weights, measures, etc.

Associable (ઍસ્-સોશિએબલ્), *a.* મળતાવડું; મિલનસાર; સમાગમ કરવા યોગ્ય. Sociable. 2. સમાગમ કરી શકાય તેવું; મેળવી શકાય તેવું. Capable of being joined.

Associate (ઍસ્-સો-શિએટ્), *vt. pr. p.* **Associating.** *imp & p. p.* **Associated.** સાથે રહેવું; સોબતમાં લાવવું; સમાગમ કરવો. To join in company; to unite. 2. મનમાં જોડી રાખવું. To connect in thought. *a.* જોડાયેલું; સંયુક્ત; જોડીઓ; ભાગીઓ. Closely connected; joined together. *n.* સોબતી; મિત્ર; સાથી; ભાગીદાર. A companion; partner.

Association (ઍસ્-સોશિએશન્), *n.* સભા; સમાજ; મંડળ. A union; a body of members, united for some common object. 2. સંગમ; સમાગમ. Union; connection.

Assoil (ઍસ્-સૉઇલ્), *vt.* મુક્ત કરવું; છુટું કરવું; રજા આપવી; નિર્દોષ ઠરાવવું. To release; to solve; to set free.

Assort (ઍસ્-સૉર્ટ્), *vt. pr. p.* **Assorting.** *imp & p. p.* **Assorted.** વર્ગવાર ગોઠવવું; ક્રમ પ્રમાણે મૂકવું; જાતે જાત જોઇને જૂદું પાડવું. To classify; to arrange according to the order.

Assortment (ઍસ્-સૉર્ટ્-મેન્ટ્), *n.* વર્ગીકરણ; પૃથક્કરણ; રચના. A quantity or number of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

things assorted. 2. જુદી જુદી જાત. A variety (of things or articles).

Assuage (ઍસ્--સ્વેજ્), *vt. vi.* શાંત પાડવું; ઠંડું કરવું; હલકું પાડવું; દિલાસો આપવો. To soften; to mitigate. 2. શાંત થવું; ઓછું થવું; હલકું પડવું. To abate; to diminish.

Assuage-ment (ઍસ્-સ્વેજ્-મેન્ટ), *n.* શાંતિ; ઘટાડો; સાંત્વન. Mitigation; abatement.

Assuasive (ઍસ્-સ્વે-સિવ્), *a.* દિલાસો આપે તેવું; શાંતિ ઉપજાવે તેવું; વ્યથા મટે તેવું. Softening; persuasive.

Assuetude (ઍસ્-સ્વી-ટ્યૂડ્), *n.* મહાવરો; ટેવ; ઉપયોગ. A habit; a custom.

Assumable (ઍસ્-શ્યૂ-મેબલ્), *a.* ધારી શકાય તેવું; સ્વીકારી શકાય તેવું; પ્રમાણ વગર માની શકાય તેવું. Capable of being assumed.

Assume (ઍસ્-શ્યૂમ), *vt. pr. p.* **Assuming**. *imp. & p. p.* **Assumed**. પોતાના હાથમાં લેવું; ગ્રહણ કરવું; સ્વીકારવું. To take upon one's self. 2. માનવું; પ્રમાણ વગર સ્વીકારવું; કબુલી લેવું. To take for granted; to suppose. 3. ઢોંગ રાખવો; ડોળ કરવો. To pretend to have. 4. ગેરવ્યાજબી રીતે માંગણી કરવી. To claim unduly. 5. અભિમાની બનવું; ઉદ્ધતાઈ બતાવવી. To be arrogant.

Assumption (ઍસ્-સમ્-શન્), *n.* સ્વીકાર; અંગીકાર. Acceptance; an act of taking to one's self. 2. ધારણા; ધારેલી વાત; સ્વીકૃતપક્ષ. Supposition; a thing taken for granted.

Assurable (ઍસ્શૂરેબલ્), *a.* ખાત્રી આપવા લાયક; ભરોસાદાર; વિમો ઉતારી શકાય તેવું. Capable of being assured.

Assurance (ઍસ્શૂરન્સ્), *n.* ખાત્રી; ભરોસો; વિશ્વાસ; ખાત્રીપૂર્વક જણાવવું તે. Firmness of mind; confidence. 2. વિમો. Insurance. 3. (*Law*) બીજાને મિલ્કત આપી છે તે બાબતનો કંઈ પુરાવો-લખાણ. A legal evidence for the transfer of property.

Assure (ઍ-શૂર), *vt. pr. p.* **Assuring**. *imp & p. p.* **Assured**. ખાત્રી કરી આપવી; ભરોસો પાડવો-પડાવવો; નિશ્ચયપૂર્વક કહેવું. To make sure; to make secure; to create confidence. 2. વિમો ઉતરાવવો. To insure. 3. સગાઈ કરવી; વિવાહ કરવો. To betroth.

Assuredly (ઍશૂરેડ્-લિ), *ad.* ખાત્રી પૂર્વક; ખચ્ચીત; નિશ્ચયપૂર્વક. Certainly; without doubt.

Assurer (ઍશૂરર્), *n.* ભરોસો આપનાર; વિમો ઉતારનાર. One who insures.

Asterisk (ઍસ્ટરિસ્ક), *n.* તારાના આકારની ફુદડી, જેનો ઉપયોગ કંઈપણ લખાણ વધારવું હોય અથવા સંબંધ બતાવવો હોય ત્યારે થાય છે (*). A star-like sign used in writing to show extra addition or reference.

Astern (ઍસ્ટર્ન), *ad.* વહાણનો પાછલા ભાગ તરફ; વહાણના પાછલા ભાગમાં. Towards the hinder part of a ship. 2 પાછળ; પછવાડે. Behind.

Asteroid (ઍસ્ટરૉઇડ્), *n.* મંગળ અને બૃહસ્પતિની વચ્ચે, અને સૂર્યની પાછળ ફરનાર નાનો ગ્રહ; ઉપગ્રહ. A planet revolving between the orbit of Mars and Jupiter.

Asthma (ઍસ્થ્મૅ, ઍસ્મૅ), *n.* દમનો રોગ; દમ અથવા હાંફ; શ્વાસરોગ. A disorder in the system of respiration.

Asthmatic (ઍસ્મૅટિક્, ઍસ્થ્મૅટિક્), *a.* દમના રોગવાળું; દમિયલ; શ્વાસના રોગથી પીડિત. Affected by asthma; pertaining to asthma.

Astir (ઍસ્ટર્), *ad.* હરતું ફરતું; ચંચળ; ગતિમાન; અસ્થીર. Stirring; in activity; in motion.

Astonish (ઍસ્ટોનિશ્), *vt.* તાજુબ કરવું; વિસ્મય પમાડવું; હેરત પમાડવું; ચકિત કરવું. To amaze; to impress with wonder or surprise.

Astonishment (ઍસ્ટોનિશ્-મેન્ટ), *n.* અચંબો; આશ્ચર્ય; વિસ્મય. Wonder; admiration; surprise.

Astound (ઍ-સ્ટાઉન્ડ્), *vt. pr. p.* **Astounding**. *imp. & p. p.* **Astounded**. આશ્ચર્યથી ગભરાવી નાંખવું-અકળાવી નાંખવું; મૂર્છાગત કરી નાંખવું; આશ્ચર્યચકિત બનાવવું. To amaze; to stun; to stupefy; to strike with astonishment.

Astral (ઍસ્ટ્રલ્), *a.* તારા સંબંધી; નક્ષત્રનું. Pertaining to stars; belonging to stars; starry.

Astray (ઍસ્ટ્રે), *adv.* આડે માર્ગે; ખોટે રસ્તે; ગેરવલ્લે. Out of the proper way; to the improper path. **To lead astray**, ખરાબ માર્ગે દોરવું. To take to a bad path.

Astride (ઍસ્ટ્રાઇડ્), *adv.* બન્ને બાજુએ પગ મૂકીને; પલાણીને. With the legs apart or cross.

Astringe (ઍ-સ્ટ્રિન્જ્), *vt. pr. p.* **Astringing**. *imp. & p. p.* **Astringed**. ખેંચીને બાંધવું; સંકોચવું. To bind fast; to compress. 2. ફરજથી બાંધવું. To bind by the sense of duty.

Astringency (ઍસ્ટ્રિન્-જેન્સિ), *n.* ખેંચી પકડવાનો ગુણ; મજબૂત બનાવવાની શક્તિ. Power of contracting or making firm.

Astringent (ઍસ્ટ્રિન્-જેન્ટ), *a.* મજબૂત; જકડી રાખે તેવું; બંધક. Binding; contracting.

Astrolatry (ઍસ્ટ્રો-લૅટ્રિ), *n.* ગ્રહોની પૂજા; તારાઓની પૂજા. The worship of the stars.

Astrologer (ઍસ્ટ્રૉલૉજર્), *n.* જ્યોતિષ જાણનાર; જ્યોતિષી; જોશી. One well-versed in the science of astrology; a student of astrology.

Astrological (ઍસ્ટ્રૉલૉજિકલ્), *a.* જ્યોતિષ વિદ્યાને લગતું; જ્યોતિષનું. Of or pertaining to astrology.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Astrology (ઍસ્ટ્રૉલૉજી), *n.* જ્યોતિષ જોવાની વિદ્યા; ગ્રહવિદ્યા; નક્ષત્રવિદ્યા. The science of the stars.

Astronomer (ઍસ્ટ્રોનૉમર્), *n.* ખગોળવેત્તા;આકાશી પદાર્થો વિષે જ્ઞાન મેળવનાર. One well-versed in astronomy.

Astronomical (ઍસ્ટ્રૉ-નૉમિકૅલ્), *a.* ખગોળવિદ્યા સંબંધી; ખગોળવિદ્યાનું. Pertaining to astronomy.

Astronomy (ઍસ્ટ્રોનૉમિ), *n.* ખગોળશાસ્ત્ર;ખગોળવિદ્યા. The science of heavenly bodies;the science on stars, planets, etc.

Astrut (ઍસ્ટ્રટ્), *adv.* મખરાથી; ઠસ્સાથી. In a strutting way.

Astute (ઍસ્ટ્યૂટ્), *a.* ચતુર; ઉંડી નજરનું; કાર્યદક્ષ; કાર્યનિપુણ. Keen; shrewd; sagacious.

Astuteness (ઍસ્ટ્યૂટ્-નેસ્), *n.* નિપુણતા;ચતુરાઇ; કાર્યદક્ષતા. Sagacity; shrewdness.

Asunder (ઍસન્ડર્), *adv.* અલગ; વેગળું; છૂટું. Apart; separately.

Asylum (ઍસાઈલમ્), *n.* આશરો; આશ્રયસ્થાન. Any place of protection. 2. ધર્મશાળા;અનાથગૃહ. A charitable house. **Lunatic asylum,** *n.* ગાંડાઓનું દવાખાનું.

At (ઍટ્), *prep.* પાસે; નજીક; સમીપ; આગળ. Near; close. **At last,** આખરે; છેવટે. **At once,** એકદમ. **At first,** પ્રથમતો; પહેલાંતો. **At random,** છૂટું છવાયું. **At times,** કોઈ કોઈ વેળા. **At best,** બહુ બહુતો. **At most,** ઘણામાં ઘણું. **At large,** સામટું.

Ate (એટ્), *vt.* ખાધું. Past tense of the verb [to eat.

Atheism (ઍથીઇઝમ્), *n.* ઇશ્વર નથી એવો મત; નાસ્તિકતા; અનીશ્વરવાદ. The denial of the existence of God.

Atheist (ઍથીઇસ્ટ્), *n.* અનીશ્વરવાદી; નાસ્તિક. One who disbelieves in the existence of God; an infidel.

Atheistic,-al (ઍથીઇસ્ટિક,-કૅલ્), *a.* નાસ્તિકતાના મત સંબંધી; નિરીશ્વરવાદની બાબતમાં. Pertaining to atheism.

Athirst (ઍ-થર્સ્ટ્), *adv.* તરસ્યો;પ્યાસી. Thirsty. 2. (*Fig*). આતુર; ઉત્કંઠિત. Desirous; eager.

Athlete (ઍથ્-લીટ્), *n.* પહેલવાન; તાલીમબાજ; જીત માટે લડનાર. One vigorous in body or mind;a prize-fighter in feats of strength.

Athletic (ઍથ્-લેટિક્), *a.* કસરત સંબંધી;મલ્લક્રીડા સંબંધી. Relating or pertaining to physical exercises. 2. બળવાન; જોરાવર; તાલીમબાજ. Strong; robust.

Athletics (ઍથ્-લેટિક્સ્), *n.* અંગકસ્રત વિદ્યા; મલ્લ વિદ્યા. Physical exercise; the art of wrestling, running, etc.

Athwart (ઍ-થ્વૉર્ટ્), *adv. prep.* આડી રીતે; વાંકી નજરે; વાંકુ. Sidewise; obliquely.

Atlas (ઍટ્-લૅસ્), *n.* નકશાનું પુસ્તક. A volume of maps. 2 એટલાસ નામનો કલ્પિત રાક્ષસ કે જેણે પૃથ્વીને પોતાના ખભા ઉપર ધારણ કરી છે; ગરદનના હાડકામાંનું પહેલું હાડકું. An imaginary giant Atlas, who is supposed to bear the Earth on his shoulders; the first vertebra in the neck.

Atmology (ઍટ્-મૉલૉજી), *n.* વરાળશાસ્ત્ર. The [science on vapour.

Atmosphere (ઍટ્-મૉસ્ફીર્), *n.* વાતાવરણ;આકાશ; અંતરીક્ષ; આવરણ. The gaseous envelope surrounding the Earth. 2. (*Fig*). સ્થિતિ; પરિસ્થિતિ;મામલો. Any surrounding influence.

Atmospheric,-al (ઍટ્-મૉસ્-ફીરિક્,-કૅલ્), *a.* વાતાવરણને લગતું; વાતાવરણમાં રહેતું; વાતાવરણ ઉપર આધાર રાખતું. Pertaining to atmosphere; existing in the atmosphere.

Atom (ઍટમ્), *n.* રજ; અણુ; પરમાણુ; કણ. A smallest indivisible particle. 2. અતિ સૂક્ષ્મ પદાર્થ. Anything very small.

Atomic,-al (ઍટૉમિક્,-કૅલ્), *a.* અણુને લગતું; પરમાણુમય; સૂક્ષ્મ. Pertaining to an atom; very minute.

Atomism (ઍટૉમિઝમ્), *n.* પરમાણુવાદ; સૂક્ષ્મવાદ; અણુ અને પરમાણુથી જગત્માં સર્વ વસ્તુઓ બનેલી છે એવો મત. The doctrine of atoms; atomic philosophy.

Atomist (ઍટૉમિસ્ટ્), *n.* અણુ અને પરમાણુથી જગત્ બનેલું છે એવો મત માનનાર. One who believes in atomism.

Atone (એ-ટોન્), *vi. vt.* (*for*) *pr. p.* **Atoning.** *imp.* & *p. p.* **Atoned.** પાપ નિવારણ કરવું; પ્રાયશ્ચિત કરવું. To expiate. 2. અનુકૂળ થવું; મળતા આવવું; એકમત થવું. To be in accordance; to harmonize.

Atone-ment (એટોન્-મેન્ટ્), *n.* પ્રાયશ્ચિત; પાપ નિવારણ. Expiation. 2. મેળાપ;સમજુતી;સમાધાન; મેળ. Reconciliation; harmony; concord.

Atrocious (ઍટ્રૉશસ્), *a.* અતિદુષ્ટ; મહાપાપી; ઘોર કામ કરનાર; પાપિષ્ઠ; ભયંકર; આસુરી. Extremely wicked or cruel; heinous;execrable.

Atrocity (ઍટ્રૉસિટિ), *n. pl.* **Atrocities.** દુષ્ટ કર્મ; અતિનિંદ્ય કામ; દુષ્ટતા;મહાપાપ. A wicked action; wickedness; a cruel deed.

Atrophy (ઍટ્રૉફિ), *n.* શરીરશોષણ; ખોરાક વગર નિર્બળ થવું તે;શરીરની ક્ષીણતા. Emaciation; wasting away of the body.

Attach (ઍટૅચ), *vt.* જોડવું; બાંધવું; સંયોગ કરવો. To bind; to fasten. 2. બળાત્કારથી લેવું; કબજો લેવો. To seize by force. 3. મન દોરવું - આકર્ષવું. To win the heart of. 4. માનવું; ગણવું; લેખવું. To attribute. 5. (*Law*). ટાંચ મારવી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જપ્તી કરવી. To seize by legal force.

Attachable (ઍટૅચેબલ), *a.* જપ્તી કરી શકાય તેવું; વશ કરી શકાય તેવું. Capable of being attached.

Attache (ઍટ્-ટૅ-શે), *n.* એલચીનો ચાકર-મદદગીર -ખીજમતદાર. One attached to the suit of an ambassador.

Attachment (ઍટૅચ્-મેન્ટ્), *n.* પ્રીતિ; સ્નેહ; આસક્તિ. Affection. **2.** સંબંધ; જોડાયેલી વસ્તુ અથવા પદાર્થ; વળગણ. A thing connected; adherence. **3.** ટાંચ;જપ્તી; કલમબંધી.A seizure.

Attack (ઍટૅક્), *vt. pr. p.* **Attacking.** *imp.* & *p. p.* **Attacked.** ચઢાઈ કરવી; હુમલો કરવો; લડવું. To assault; to fall upon with arms. **2.** શત્રુભાવે વાદવિવાદ કરવો. To assail words or writing. **3.** રોગની અસર થવા માંડવી; રોગથી ઘેરાઇ જવું. To be affected with a disease. *n.* હુમલો; આક્રમણ; લડાઇ; ઘેરો. An onset; an assault.

Attain (ઍ-ટેન્) *vt. vi. pr. p.* **Attaining.** *imp.* & *p. p.* **Attained.** આવી પહોંચવું; પહોંચવું. To arrive; to reach. **2.** મેળવવું; પ્રાપ્ત કરવું; સંપાદન કરવું. To obtain; to get; to achieve. **3.** બરોબર થવું; સરખા ઉતરવું. To be equal.

Attainable (ઍટ્-ટે-નેબલ), *a.* પહોંચી શકાય એવું; મેળવી શકાય તેવું; સીધ્ધ; પ્રાપ્ય. Capable of being attained.

Attainder (ઍટ્-ટેન્ડર્), *n.* કલંક; દોષ;અપમાન; A stain; a blot. **2.** દેહાંત દંડની સજા પામેલા ગુન્હેગારને વારસાના હકમાંથી બાતલ કરવું. To deprive of civil rights for the conviction of treason.

Attainment (ઍટ્-ટેન્-મેન્ટ્), *n.* પ્રાપ્તિ; લાભ; સંપાદન. A gain; an acquisition. **2** (*pl.*) જ્ઞાન; મેળવેલા ગુણો. Knowledge;acquirement.

Attaint (ઍટ્-ટેન્ટ્), *vt.* બટ્ટો લગાડવો; કલંકિત કરવું; દૂષણ લગાડવું. To disgrace; to stain; to corrupt.**2.** (*Law*) ગુન્હેગાર ઠરાવવું.To convict. *n.* ડાઘ; લાંછન; કલંક. A spot; disgrace.

Attempt (ઍટ્-ટેમ્પ્ટ્), *vt. vi.* પ્રયત્ન કરવો; કોશીષ કરવી; યત્ન કરવો. To try to obtain; to endeavour. **2.** લલચાવવું;દોરવું;પ્રલોભન કરવો. To entice; to tempt. *n.* પ્રયત્ન; કોશીષ;અજમાયેશ. A trial; an effort. **3.** (*Law*) ગુન્હો કરવાની કોશીષ.An effort to commit a crime.

Attend (ઍટ્-ટેન્ડ્), *vt. vi. pr. p.* **Attending.** *imp* & *p. p.* **Attended.** ધ્યાન આપવું; ધ્યાન દઇને શીખવું. To consider; to learn mindfully. **2.** હાજર રહેવું; ચાકરી ઉઠાવવી-કરવી. To be present; to wait on. **3.** સંભાળ રાખવી; જતન કરવું. To care for.

Attendance (ઍટ્-ટેન્ડન્સ્), *n.* હાજર રહેવું તે; હાજરી. An act of attending. **2.** સેવા; ચાકરી. Service. **3.** હાજર રહેનાર સંખ્યા; તહેનાત Persons attending; a retinue. **4.** લક્ષ; ધ્યાન. Careful regard.

Attendant (ઍટ્-ટેન્ડન્ટ્), *n.* સેવક; અનુચર; હજુરીઓ; હાજર-રહેનાર. A servant; a follower.

Attention (ઍટ્-ટેન્શન્), *n.* લક્ષ; મન; ચિત્ત; ધ્યાન; એકચિત્ત; તન્મયતા. Steady application of the mind; heed. આદરસત્કાર; આગતા સ્વાગતા. Courtesy; civility.

Attentive (ઍટ્-ટેન્-ટિવ્), *a.* ધ્યાન દેનાર; સાવધ; સાવચેત; સભ્ય. Mindful; watchful; Courteous.

Attentively (ઍટ્-ટેન્-ટિવ્-લિ), *ad.* ધ્યાનપૂર્વક; સાવચેતીથી; સભ્યતાપૂર્વક. Mindfully; watchfully; carefully.

Attenuate (ઍટ્-ટેન્યૂએટ્), *vt. vi.* પાતળું કરવું; ઝીણું કરવું; નરમ કરવું. To render thin. **2.** પાતળું થવું; ઘટવું; કૃશ થવું. To become thin; to grow less.

Attenuation (ઍટ્-ટેન્યૂએશન્), *n.* પાતળું થવું તે; ઘટાડો. Emaciation; the process of becoming slender or thin.

Attest (ઍટ્-ટેસ્ટ્), *vt. vi. pr. p.* **Attesting.** *imp* & *p. p.* **Attested.** પ્રમાણ આપવું; સાક્ષી પુરવી; ખાત્રીપૂર્વક કહેવું. To certify; to bear a witness; to affirm on oath.

Attestation (ઍટ્-ટેસ્ટેશન્), *n.* સાક્ષી; પ્રમાણ; પ્રત્યક્ષ પુરાવો. Testimony; evidence; an act of attesting.

Attester,-or (ઍટ્-ટેસ્ટર્), *n.* સાક્ષી આપનાર-કરનાર. One who attests or vouches for.

Attic (ઍટ્-ટિક્), *n.* ઘરનું કાતરિયું; સૌથી ઉપરનો નાનો માળ. An uppermost story of a house; a room under the roof of a house. *a.* સફાઇદાર; સુંદર. Elegant; fine.

Attire (ઍટ્-ટાયર્), *vt. pr. p.* **Attiring.** *imp.* & *p. p.* **Attired.** પોશાક પહેરાવવો; શણગાર સજાવવો. To dress; to adorn. *n.* પોશાક; પહેરવેશ; વસ્ત્ર. Dress. **2.** આવરણ; ઢાંકણ. Any kind of covering.

Attitude (ઍટ્-ટિ-ટ્યૂડ્), *n.* ઢબ; અંગ સ્થિતિ; ભાવ. Posture of a person. **2.** ડોળ; ઘાટ; ઢબ; વલણ; વૃત્તિ. Gesture; position.

Attorney (ઍટ્ટર્નિ), *n. pl.* **Attorneys.** મુનીમ; પ્રતિનિધિ; મુખત્યાર. One authorised to act for another. **2.** (*Law*). વકીલ; સોલીસીટર; કોર્ટ કબુલ કરેલો મુખત્યાર. One legally qualified to manage cases in a court of laws.

Attract (ઍટ્-ટ્રૅક્ટ્), *vt.* ખેંચવું; આકર્ષણ કરવું; તાણવું. To draw; to draw by influence. **2.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોહ પમાડવો; મન હરવું. To allure; to entice.

Attraction (ઍટ્ર-ક્ટ્રૅક્શન્), *n.* આકર્ષણશક્તિ; આકર્ષણ. An act of attracting; the force that draws bodies to one another.

Attractive (ઍટ્ર-ક્ટ્રૅક્ટિવ્), *a.* આકર્ષક; મોહક; મનોહર. Alluring; enticing; having the power of attracting.

Attractiveness (ઍટ્ર-ક્ટ્રૅક્-ટિવ્-નેસ્), *n.* મનોહરતા; મોહકતા; રમ્યતા; આકર્ષકતા. Power of attracting; a charm.

Attributable (ઍટ્ર-ટ્રિ-બ્યૂટેબલ્), *a.* લગાડવા જોગ; આરોપ્ય; આરોપણ કરવા લાયક. Ascribable; imputable.

Attribute (ઍટ્ર-ટ્રિ-બ્યૂટ્), *vt. pr. p.* **Attributing.** *imp & p. p.* **Attributed.** ને લીધે બને છે તેમ માનવું; કારણ જાણવું; આરોપવું. To impute; to assign. *n.* (*Gr.*) ગુણ; ધર્મ. Property; quality.

Attribution (ઍટ્ર-ટ્રિ-બ્યૂશન્), *n.* ગુણ બતાવવો તે; આરોપણ; લગાડવું હોય તે ગુણ. A quality imputed; what is ascribed.

Attributive (ઍટ્ર-ટ્રિ-બ્યૂટિવ્), *a.* ગુણદર્શક; ગુણવાચક. Expressing an attribute. *n.* વિશેષણ. A word denoting an attribute.

Attrite (ઍટ્ર-ટ્રાઇટ્), *a.* ઘસાઈ ગયેલું; જીર્ણ; જર્જરિત થયેલું. Worn by friction. **2.** શિક્ષાના ડરથી પશ્ચાત્તાપ કરે એવું. Repenting through the fear of punishment.

Attrition (ઍટ્ર-ટ્રિશન્), *n.* ઘસારો; ઘર્ષણ; ઘસાઈ જવું તે. An act of wearing away. **2.** અનુતાપ; પશ્ચાત્તાપ; અનુશય. Repentance.

Attune (ઍટ્ર-ટ્યૂન્), *vt.* સુર મેળવવો; રાગ બેસાડવો. To put in tune; to adjust in tune. **2.** મળતું કરવું; બંધબેસતું કરવું; એક સ્થિતિમાં લાવવું. To make accordant; to bring in harmony.

Auburn (ઑ-બર્ન્), *a.* રતાશ પર ભુરૂં; રાતંભુરૂં; [ભગવું. Reddish brown.

Auction (ઑક્-શન્), *n.* લીલામ; હરાજી. A public sale. *vt.* હરાજીમાં વેચવું; લીલામથી વેચવું. To sell by auction.

Auctioneer (ઑક્-શનીર્), *n.* હરાજી કરવાવાળો; લીલામ કરનાર. A person, who sells at an auction.

Audacious (ઑડેશસ્), *a.* સાહસિક; બહાદૂર; [નિર્લજ; ઉદ્ધત. Daring; bold; impudent.

Audaciously (ઑડેશસ્-લિ), *ad.* બહાદુરીથી; ઉદ્ધતાઈથી. Boldly; impudently.

Audacity (ઑડેસિટિ), *n.* ઉદ્ધતાઈ; બેઅદબી; બહાદૂરી. Impudence; reckless daring.

Audibility (ઑડિબિલિટિ), **Audible-ness** (ઑડિબલ્નેસ્), *n.* સાંભળવાની યોગ્યતા. Power of being heard; a judicial hearing.

Audible (ઑડિબલ્), *a.* સાંભળી શકાય એવું; શ્રવણગોચર. Capable of being heard.

Audibly (ઑડિબ્લિ), *ad.* સંભળાય તેવી રીતે; સાંભળી શકાય તેમ. In a way, that can be heard.

Audience (ઑડિ-એન્સ્), *n.* શ્રવણ; સાંભળવું તે. An act of hearing. **2.** શ્રોતાજન; પ્રેક્ષકવર્ગ. An assembly of hearers. **To give audience,** ધ્યાનપૂર્વક સાંભળવું. To hear carefully.

Audit (ઑડિટ્), *vt. pr. p.* **Auditing.** *imp. & p. p.* **Audited.** હિસાબ તપાસી નક્કી કરવો; કાયદાપૂર્વક હિસાબ તપાસવો. To examine the accounts; to verify the accounts. *n.* નક્કી કરેલો હિસાબ; હિસાબની તપાસણી. Adjusted accounts; examination in accounts. **2.** તપાસ; તપાસણી. Examination in general.

Auditor (ઑડિટર્), *n.* હિસાબ તપાસનાર અમલદાર. An officer appointed to audit accounts. **2.** શ્રોતા; સાંભળનાર. A hearer.

Auditory (ઑડિટરિ), *a.* શ્રવણશક્તિવાળું; શ્રુતિવિષયક. Pertaining to the sense of hearing.

Auger (ઑગર્), *n.* સારડી; ગીરમીટ. A carpenter's instrument for boring large holes.

Aught (ઑટ્), *n.* કંઈપણ વસ્તુ; કંઇપણ ચીજ. Any thing; a part; a whit. *adv.* બીલકુલ; જરાકે. At all.

Augment (ઑગ્-મેન્ટ્). *vt. vi. pr. p.* **Augmenting.** *imp. & p. p.* **Augmented.** વધારો કરવો; વૃદ્ધિ કરવી; વધવું; મોટા થવું. To increase; to grow large. *n.* વૃદ્ધિ; વધારો. Increase; enlargement.

Augmentation (ઑગ્-મેન્ટેશન્), *n.* વધારવું તે; વર્ધન; વૃદ્ધિ. An act of increasing. **2.** વધારો; સમુન્નતિ. A thing added.

Augmentative (ઑગ્-મેન્ટે-ટિવ્), *a.* વધારો કરે તેવું; વૃદ્ધિજનક. Having the quality of increasing.

Augur (ઑગર્), *n.* પક્ષિઓના ઉડવા, તેમજ બીજી ક્રિયાઓથી શુકન જોઇ ભવિષ્ય કહેનાર; ભવિષ્ય કહેનાર; દૈવજ્ઞ. The knowledge of foretelling the events by observing the flight and the cries of birds; a diviner. *vt. vi.* પક્ષિઓની ગતિ ઉપરથી ભવિષ્ય કહેવું-ભાખવું. To foretell by the flight of birds; to presage.

Augural (ઑગ-રલ્), *a.* શુકન સંબંધી; શુકનનું. Of an augury.

Augury (ઑગરિ), *n.* શુકનવિદ્યા; ભવિષ્યકથન. The science of foretelling the events; a prediction.

August (ઑગસ્ટ્), *n.* અંગ્રેજી વર્ષનો આઠમો માસ. The eight month of the Christian era.

August (ઑગસ્ટ્), *a.* પ્રતાપી; પ્રૌઢ; ઓજસ્વી; ભવ્ય; ભભકાદાર. Majestic; grand; awful.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Aunt (આન્ટ), *n.* કાકી; માસી; ફોઇ; મામી. The wife of the brother of one's father or mother. (*Fig*) ઘરડી સ્ત્રી. An old woman.

Auricle (ઑરિકલ), *n.* બહારનો કાન. The external ear.

Auricular (ઑરિક્યૂલર) *a.* કર્ણ સંબંધિ; કાન વિષેનું. Pertaining to the ears. **2.** સાંભળેલું; કાને પડેલું તેવું Known by the sense of hearing.

Auriferous (ઑરિફરસ), *a.* સોનું પેદા કરે તેવું; સોનું પેદા કરતું. Producing gold;gold-bearing.

Aurora (ઑરૉર), *n.* પ્રાતઃકાળ; પ્રભાત; અરૂણ. The dawn of a day. **2.** ઉદય; પ્રારંભ; શરૂઆત. The rise; a beginning.

Auspice (ઑસ્-પીસ્), *n.* પક્ષિની ગતિ ઉપરથી લીધેલા શુકન; શુભ ચિન્હ. An omen drawn from observing the birds.

Auspices (ઑસ્પિસીસ્), *n.* કૃપાદૃષ્ટિ, નેક નજર; આશરો. A patronage; protection. **Under the auspices of,** ના આશરા નીચે.

Auspicious (ઑસ્પિશસ્), *a.* માંગળિક; મંગળ; શુભ. Containing good omens. **2.** આબાદ; યશસ્વી; દયાળુ; કૃપાળુ. Prosperous; favourable.

Auspicious-ness (ઑસ્-પિશસ્-નેસ્), *n.* મંગળતા; માંગલ્ય; કલ્યાણ: The quality of being auspicious.

Austere (ઑસ્ટીર્), *a.* કઠોર; આકરૂં; સખ્ત; ઉગ્ર; તીવ્ર. Severe; rigorous; stern; grave; severely simple without luxuries.

Austerity (ઑસ્ટીરિટિ), *n.* કઠોરતા; ઉગ્રતા; તપશ્ચર્યા. Severity of manners or of life; harshness; asceticism. [Southern.

Austral (ઑસ્ટ્રલ), *a.* દક્ષિણ તરફનું; દક્ષિણ દિશાનું.

Authentic,-al (ઑથેન્-ટિક્,-કલ), *a.* ખરૂં; સત્ય; ખાત્રીવાળું; માનવાજોગ; પાયાદાર; આધાર રાખવા જોગ. Genuine; real; true; trustworthy; credible.

Authenticate (ઑથેન્ટિકેટ), *vt.* પ્રમાણ આપી સત્ય ઠરાવવું; સાચું કરવું; ખરૂં કરવું. To prove genuine; to prove the validity of.

Authentication (ઑથેન્ટિકેશન), *n.* મંજુરી; મંજુર કરવું તે. Confirmation.

Authenticity (ઑથેન્ટિસિટિ), *n.* ખરાપણાની ખાત્રી આપવી તે; સત્યતા; સપ્રમાણતા. Genuineness; the state of being true.

Author (ઑથર), *n.* ગ્રંથકર્તા; લેખક; ગ્રંથકાર. A writer of a book. **2.** મૂળ કર્તા; ઉત્પાદક; જનક. An originator; a beginner.

Authoress (ઑથરેસ), *n.* ગ્રંથ બનાવનાર સ્ત્રી; ગ્રંથકર્ત્રી. A female writer.

Author-ship (ઑથર્શિપ), *n.* ગ્રંથકારનો હોદ્દો; લેખકની પદવી. The rank or position of an author.

Authoritative (ઑથૉરિટેટિવ્), *a.* સત્તાવાળું; સત્તાયુક્ત; પ્રમાણયુક્ત. Having the sanction of authority; commanding; dictatorial.

Authority (ઑથૉરિટિ), *n.* સત્તા; અધિકાર; અખત્યાર. Legal power. **2.** વજન; વક્કર; બોજ; કદર. Weight of testimony.

Authorization (ઑથૉરિઝેશન), *n.* અધિકાર આપવો તે; અધિકાર; સત્તા; સત્તા સાથે મુખત્યારી. An act of empowering; establishment of power or authority.

Authorize (ઑથૉરાઇઝ), *vt.pr. p.* **Authorizing.** *imp.* & *p. p.* **Authorized.** સત્તા આપવી; અધિકાર આપવો; સાબીતી આપવી; આધાર બતાવવો; રજા આપવી. To give authority to; to sanction; to permit.

Auto-biographer (ઑટો-બાઇઑગ્રફર), *n.* આત્મ-જીવન લખનાર; સ્વચરિત્ર લેખક. One who writes his own life.

Auto-biography (ઑટો-બાઇઑગ્રફિ), *n.* આત્મ-ચરિત્ર; સ્વચરિત્ર કથન. Memoirs of one's own life written by one's self.

Autocracy (ઑટો-ક્રેસિ), *n.* સ્વતંત્ર અધિકાર; આપ અખત્યારી. Self-supremacy; supreme power. **2.** કોઈપણ રાજ્યની રાજકીય સ્વતંત્રતા અથવા કુલ સત્તા. Absolute sovereignty of a state.

Autocrat (ઑટો-ક્રેટ), *n.* જહાંગીરી હુકમ અથવા દોર ચલાવનાર; પોતાનું ધાર્યું કરનાર. A despot. **2.** સ્વતંત્ર રાજા; આપ અખત્યાર રાજા. An absolute sovereign.

Autocratic,-al (ઑટોક્રેટિક્,-કલ), *a.* એકસત્તાક રાજ્યનું; સ્વતંત્ર રાજાને લગતું. Having independent power of government; pertaining to an absolute monarch.

Autograph (ઑટોગ્રેફ), *n.* પોતાના હાથે લખેલા અક્ષર; સ્વહસ્તાક્ષર; પોતાની સહી. One's own hand-writing. **2.** પોતાના હાથનો લેખ અથવા સહી. An original manuscript or signature. *a.* સ્વહસ્તાક્ષરનું-ના વિષે. Pertaining to one's handwriting.

Autographic (ઑટોગ્રેફિક), *a.* સ્વહસ્તાક્ષરના જેવું; પોતાના હાથે લખેલા અક્ષરનું. Pertaining to one's own handwriting.

Autography (ઑટો-ગ્રેફિ), *n.* કાગળ ઉપરથી પથ્થર ઉપર છપાય એવી શીલાછાપ વિદ્યાની રીત. Reproduction of a writing by fac-simile.

Automation (ઑટો-મૅશન), *n.* પોતાની મેળે ચાલવાની શક્તિ હોવી તે; કોઇની પણ મદદ સિવાય ચાલુ થઇ શકે તેવું યંત્ર, પ્રાણી, વિ. Natural power of motion; self-moving machine or being.

Automatic,-al (ઑટો-મૅટિક્,-કલ), *a.* સ્વસત્તાક; સ્વતંત્ર; પોતાના કાયદા કાનુનવાળું. Working of its self; mechanical.

Automatism (ઑટોમૅટિઝમ), *n.* સ્વયંવાહિની-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આત્મચલન શક્તિ. Mechanical routine; involuntary action; power of self-moving.

Autonomy (ઑટો-નૉમિ), *n.* સ્વરાજ્ય; સ્વરાજ્ય-સત્તા કાયદા કરવાનો સ્વતંત્ર અધિકાર. The right of self-government; political independence.

Autonym (ઑટોનિમ્), *n.* કર્તાના નામથી પ્રસિદ્ધ થયેલું પુસ્તક. A writing published under the author's name.

Autumn (ઑટમ્), *n.* શરદ્ ઋતુ; પાનખર ઋતુ. (ઇંગ્લેન્ડમાં). The third season of the year lasting from August to October. (*Fig*) ઉતરતી વયુ. Declining age.

Autumnal (ઑટમ્-નલ્), *a.* શરદ્ ઋતુનું; શરદ્ ઋતુને લગતું. Of or pertaining to autumn.

Auxiliar (ઑગ્ઝિલિઅર્), Same as **Auxiliary.**

Auxiliary (ઑગ્ઝિલિઅરિ), *n.* મદદ કરનાર; સહાય અપનાર. A helper; an assistant. *a.* મદદ કરનારૂં; સહાયક. Aiding; helping.

Avail (ઍવેલ્), *vt. vi. pr. p.* **Availing.** *imp* & *p. p.* **Availed.** લાભ લેવો; લાભ થવો; કામમાં લેવું; ઉપયોગમાં લેવું; કામ સાધવું; ફાયદો ઉઠાવવો. To gain; to be of use; to benefit. *n.* લાભ; ફાયદો; ઉપયોગ; ગુણ. A benefit; a gain; an advantage. **2.** (*pl.*) ઉત્પન્ન; પેદાશ. Proceeds.

Available-ness.

Availability (ઍવેલ્યુબિલિટિ), *n.* Same as

Available (ઍવેલેબલ્), *a.* કામમાં આવે એવું; ઉપયોગી; લાભકારક; હિતકારક. Advantageous; profitable.

Available-ness(ઍવેલેબલ્-નેસ્),*n.*ઉપયોગ; ઉપયોગીપણું. Efficacy; quality of being available.

Avalanche (ઍવૅલૅન્શ્), *n.* પહાડ ઉપરથી પડતો બરફનો ઢગલો; ખડકનું તૂટી પડવું તે. A mass of snow sliding down from a mountain.

Avarice (ઍવૅરિસ્), *n.* દ્રવ્યલોભ; તૃષ્ણા; દ્રવ્ય માટેની અતીશય લાલસા. Eager desire for wealth; covetousness.

Avaricious (ઍવૅરિશસ્), *a.* દ્રવ્યલોભી; ધનલોભી; કૃપણ. Covetous; greedy.

Avast (ઍ-વાસ્ટ્), *int.* સબૂર ! બસ ! થોભ ! Stop ! hold fast !

Avatar (ઍવૅટાર્), *n.* અવતાર; મૂર્તિમાન સ્વરૂપ. Incarnation.

[Begone !

Avaunt (ઍવૉન્ટ્), *int.* નિકળ ! જા ! કાળું કર !

Avenge (ઍવેન્જ્), *vi.* (*on.*) *pr. p.* **Avenging.** *imp.* & *p. p.* **Avenged.** વેર વાળવું; કીનો લેવો; બદલો વાળવો. To vindicate; to take revenge.

[લેનાર. One who avenges.

Avenger (ઍવેનજર્), *n.* વેર વાળનારે; બદલો

Avenue (ઍવેન્યૂ), *n. pl.* **Avenues.** બન્ને તરફ ઝાડવાળો રસ્તો; કુંજગલી; બન્ને બાજુએ ઝાડની હાર. A road with double row of trees; a walk in a garden; a double row of trees. **2.** પ્રવેશ; માર્ગ; રસ્તો. A passage; a means of entrance. **3.** પહોળો અને સુંદર રસ્તો-મોહોલ્લો. A wide and handsome street.

Aver (ઍવર્), *vt pr. p.* **Averring.** *imp.* & *p. p.* **Averred.** ખાત્રીથી કહેવું; પ્રતિજ્ઞાપૂર્વક જણાવવું. To declare positively; to assert. **2.** (*Law*) સાબીત કરવું; ખરૂં છે એમ પુરવાર કરવું. To prove; to prove to be true.

Average (ઍવરેજ્), *n.* સરાસરી; મધ્ય પ્રમાણ; General rate or degree. *vt.* સરાસરી પ્રમાણ નક્કી કરવું—ઠરાવવું. To estimate the general rate or degree. *a.* એકંદર; મધ્ય; મધ્ય પ્રમાણનું. Estimated by the general standard.

Averment (ઍવર્-મેન્ટ્), *n.* ખાત્રીથી બોલવું તે; પ્રતિજ્ઞા. Affirmation **2.** સાબીતી. Verification. **3.** (*Law*) કહેલી વાત ખાત્રીપૂર્વક સાબીત કરવી તે. A statement of facts.

Averse (ઍવર્સ્), *a.* વિરૂદ્ધ; પ્રતિકૂળ; વિમુખ; અણગમતું. Disliking; away from; unwilling.

Aversion (ઍવર્શન્), *n.* અણગમો; દ્વેષ; અપ્રીતિ; વિરોધાભાવ. Dislike; hatred; an object of hatred.

Avert (ઍવર્ટ્), *vt. pr. p.* **Averting.** *imp* & *p. p.* **Averted.** ટાળવું; અટકાવવું; દૂર રાખવું; નિવારણ કરવું. To ward off; to turn aside.

Aviate (એવિએટ્) *vi.* વિમાનમાં મુસાફરી કરવી; બલુનમાં ઉડવું; 'બલુન'નો વપરાશ કરવો. To manage travel in aircraft.

Aviation (એવિએશન્), *n.* વિમાનમાં મુસાફરી કરવી તે; બલુનમાં બેસીને ફરવાનું કામ. An act of aviating.

Aviator (એવિએટર્), *n.* બલુનમાં મુસાફરી કરનાર; હવાઈ વિમાનમાં ફરનાર. One that aviates.

Aviary (ઍવિ-ઍરિ), *n.* પક્ષિઓને રાખવાનું મોટું પાંજરૂં; પક્ષીઓ રાખવાની જગ્યા. A large cage or a building for keeping birds.

Avid (ઍવિડ્), *a.* લોભી; આતુર. Greedy; eager.

Avidity (ઍવિડિટિ), *n.* આતુરતા; અતિસ્પૃહા; લોભ. Eagerness; greediness.

Avocation (ઍવોકેશન્), *n.* ધંધો; કાર્ય; કામકાજ; વ્યાપાર; વૃત્તિ. A calling; a minor occupation.

Avoid (ઍવોઈડ્), *vt. pr. p.* **Avoiding.** *imp.* & *p. p.* **Avoided.** દૂર કરવું; કાઢી નાંખવું; ફેંકી દેવું; બાતલ કરવું; ત્યાગ કરવો. To shun; to throw off; to quit; to get rid of.

Avoidable (ઍવોઇડેબલ), *a.* દૂર કરી શકાય એવું; બાતલ થઇ શકે તેવું; ફેંકી દેવાય તેવું. Capable of being avoided.

Avoidance (ઍવોઇડન્સ્), *n.* દૂર કરવું તે; ત્યાગ; પરિત્યાગ. An act of avoiding.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Avoirdupois (ઍવર્-ડ્યૂ-પૉઇઝ્), *n.* એક જાતનું વિલાયતી તોલ જેમાં એક પાઉન્ડના ૧૬. આઉન્સ ગણાય છે. A weight, containing 16 ounces in a pound (*lb*).

Avouch (ઍવાઉચ), *vt. vi.* ખાત્રીથી કહેવું; નિશ્ચયપૂર્વક બોલવું. To assert positively. **2.** કબુલ કરવું; સ્વીકારવું. To admit. **3.** (*Law*) અપીલ રજુ કરવી; ઠરાવ રજુ કરવો. To appeal; to cite as authority.

Avouchment (ઍવાઉચ-મેન્ટ્), *n.* ખાત્રીપૂર્વક વચન-કથન; પ્રતિજ્ઞા. Positive declaration.

Avow (ઍવાઉ), *vt. pr. p.* **Avowing.** *imp. & p. p.* **Avowed.** ખુલ્લી રીતે કબુલ કરવું; માનવું; સ્વીકાર કરવો. To declare openly. **2.** (*Law*) નિર્દોષ ઠરાવી આપવું. To justify an act done.

Avowable (ઍવાઉ-એબલ્), *a.* ખુલ્લી રીતે કબૂલ કરી શકાય તેવું. That may be owned frankly.

Avowal (ઍવાઉઍલ્), *n.* જાહેર કબૂલાત; સ્વીકાર. A frank confession.

Avowedly (ઍવાઉએડ્-લિ), *ad.* ખુલ્લી રીતે; છડેચોક; સ્પષ્ટ રીતે. Openly.

Await (ઍવેટ્), *vt. pr. p.* **Awaiting.** *imp. & p. p.* **Awaited.** રાહ જોવી; થોભવું. To wait for; to delay. **2.** હાજર રહેવું; તહેનાતમાં રહેવું. To wait on; to serve.

Awake (ઍવેક્,), *vt. vi. pr. p.* **Awaking.** *imp.* **Awoke.** *p. p.* **Awaked, awoke.** જાગવું; જગાડવું; જાગૃત થવું. To cease from sleep; to wake. **2.** સાવધ કરવું; પ્રદીપ્ત કરવું; ઉશ્કેરવું. To make cautious; to rouse.

Awake (અ-ઉવેક્), *a.* જાગૃત; સાવધ; હોંશિયાર; Not asleep; vigilant; active.

Awaken (ઍવેકન્), *vt.* Same as **Awake.**

Award (એ-ઉર્વૉર્ડ્), *vt. vi pr. p.* **Awarding.** *imp. p. p.* **Awarded.** ફેંસલો આપવો; ચુકાદો આપવો-કરવો. To adjudge; to settle judiciously. *n.* ચુકાદો; ફેંસલો; નીવડો; હુકમનામું. A final decision; a judgment.

Aware (અ-ઉવેર્), *a.* સાવધ; હોંશિયાર; સાવચેત; Watchful; careful. **2.** વાકેફ; જાણીતું. Conscious; informed.

Away (અ-ઉવે), *ad.* દૂર; આઘે; ગેરહાજર. At a distance; absent. **2.** મરી ગયેલું; ગત થયેલું; નાશ પામેલું. Dead; expired; fainted. *int.* ચાલ્યો જા ! દૂર થા ! Be gone. **To make away with,** મારી નાંખવું. To kill. **To work away,** કામ કર્યા જવું. To go on working.

Awe (ઑ), *n.* આદરયુક્ત ભય; ધાસ્તી; દાબ; બ્હીક. Fear mixed with respect; reverence; dread. *vt.* ખીવરાવવું; ભય દેખાડવો. To strike with fear; to impress with dread.

Awful (ઑપુલ્), *a.* દારૂણ; ધાસ્તી ભરેલું; ભીષણ; ભયંકર. Terrible; dreadful; impressive.

Awful-ness (ઑપુલ્-નેસ્), *n.* ગંભીરતા; માન સાથે ભીતિ; દબદબો. Solemnity.

Awfully (ઑપુલ્-લિ), *ad.* ભય ઉપજાવે તેવી રીતે; દારૂણ રીતે; ભયંકર રીતે. Dreadfully; terribly.

Awhile (ઍ-ઉવાઈલ્), *ad.* થોડીવાર સુધી; કંઇક સમય સુધી. For a time; for a short time.

Awkward (ઑક્-ઉવર્ડ્), *a.* બેડોળ; અસભ્ય; બેઢબ; પ્રતિકૂળ; અણઘડ. Clumsy; ungraceful.

Awkwardly (ઑક્-ઉવર્ડ્લિ), *ad.* બેડોળપણે; અણઘડ રીતે. Clumsily; ungracefully.

Awl (ઑલ્), *n.* મોચીનું ટોચણુ-સોયો. A small pricking tool of a shoe-maker.

Awn (ઑન્), *n.* અનાજ અથવા ઘાસનું કુસળું; સંખળું Husk; beard of corn or grain.

Awning (ઑનિન્ગ્), *n.* ચંદરવો; છત; ચંદની. A covering to shelter from the rays of the sun.

Awry (ઍ-રાય્), *ad.* તિરકસ; આડું; વાંકું. Aquint; oblique.

Axe (ઍક્સ્), *n. pl.* **Axes.** કુહાડી; કુહાડો; ફરશી. An instrument for hewing or chopping. **To hang up one's axe,** કામધંધો છોડી દેવો; ધંધો બંધ પાડવો.

Axiom (ઍક્સિ-ઑમ્), *n.* પ્રત્યક્ષ પ્રમાણ; વચન; સૂત્ર. A self-evident truth; an established principle.

Axiomatic (ઍક્સિ-ઑમૅટિક્), *a.* પ્રત્યક્ષ પ્રમાણ સંબંધી; સૂત્રનું. Pertaining to an axiom.

Axis (ઍક્સિસ્), *n. pl.* **Axes.** ધરી; અક્ષ; આંસ. The line on which a body revolves.

Axle (ઍક્સલ્), *n.* ધરી; બે પૈડાને જોડનાર ગજ; સળીઓ.

Ay (એ), *int.* અરે ! હાય ! અફસોસ. Oh ! Alas !

Aye (આઇ), *ad.* હા; ઠીક; સારૂ; ખરેખર. Yes; in-deed.

Aye (આઈ), *ad.* હંમેશાં; સદા; સર્વદા. Always; forever.

Azote (ઍઝોટ્) *n.* એક જાતની ઝેરી હવા. Nitrogen gas.

Azure (ઍઝ્યૂર્), *a.* આછો આસમાની રંગનું; વાદળી રંગનું. Of a faint blue colour; of the sky colour. *n.* વાદળી રંગ; આસમાની રંગ. The blue colour; the sky colour.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

B.

B (બી), અંગ્રેજી મૂળાક્ષરનો બીજો અક્ષર. The second letter of English alphabet.

Baa (બે), *n.* બેંબેં; ઘેટાનું બેંબેં કરવું તે. The cry of a sheep. *vi* ઘેટાની માફક બેં બેં કરવું. To cry like a sheep.

Babble (બૅબલ્), *vt. vi. pr. p.* **Babbling.** *imp & p. p.* **Babbled.** તોતડું બોલવું; બબડવું; લવરી કરવી. To talk idly; to speak like a child; to prattle. **2.** ગુપ્ત વાત કહી દેવી; છાની વાત જાહેર કરવી. To tell secrets. *n.* લંવારો; બડબડાટ; લવરી. An idle senseless talk.

Babbler (બૅબ્-બ્લર્), *n.* લવરી કરનાર; બડબડનાર. A prattler. [An idle talk.

Babbling (બૅબ્-લિંગ્), *n.* લવારો; બડબડાટ.

Babe (બેબ્), *n.* બાળક; બચ્ચું. An infant; a child.

Babel (બેબલ્), *n.* કોલાહલ; અવ્યવસ્થા; ગરબડ; ઘાંઘલની જગ્યા. Confused noise of talk; a confused scene.

Babish, Babyish (બેબિશ્, બેબિઇશ્), *a.* બાળકના જેવું; બાળબુદ્ધિનું; અણસમજુ. Like a child; childish; wanting in common sense.

Baboon (બૅબૂન્), *n.* એક જાતનું વાંદરૂં. A kind of African monkey.

Baby (બેબિ), *n. pl.* **Babies.** બચ્ચું; બાળક. An infant; a babe. **2.** ઢીંગલી. A doll.

Babyhood (બેબિહુડ્), *n.* બચપણ; બાળપણ. Infancy.

Bachelor (બૅચેલર્), *n* કુવારો; વાંઢો. An unmarried man. **2.** પાઠશાળાની પહેલી પદવી પ્રાપ્ત કરનાર–મેળવનાર. One who has taken the first degree at a university. **3.** યુવાન યોદ્ધો. A young knight.

Bachelorship (બૅચેલર્-શિપ્), *n.* કુંવારાપણું; વાંઢાપણું; પાઠશાળાની પહેલી પદવી. The state of being a bachelor.

Back (બૅક્), *n.* પીઠ; વાંસો; બરડો. The hinder part of man; the hinder part. **2.** સમુદ્રની સપાટી. The surface of a sea. *a.* પહેલાંનું; પાછળનું. Remote; situated behind. *ad.* પછવાડે; પાછળ; પુંઠે; Towards the rear; backward. *vi.* સવારી કરવી;–ઉપર બેસવું. To ride; to mount. **2.** ઉત્તેજન આપવું; મદદ આપવી. To support **3.** ઉપરાણું લેવું; પક્ષ ખેંચવો. To take the side of. *vi* પાછા હઠવું; પાછા જવું. To go back; to recede. **To back down,** ત્યજી દેવું. **To back out,** નાણાં, અને સ્પર્ધાની તંગી થવી. **To back up,** ટેકો દેવો; આધાર આપવો. **To cast behind the back,** માફી આપવી.

Back-bite (બૅક્-બાઇટ્), *vt. vi.* ચાડી ખાવી; ચુગલી કરવી; નિંદા કરવી. To speak ill of a man in his absence; to slander.

Back-biter (બૅક્-બાઇટર્), *n.* ચાડી ખાનાર; નિંદા કરનાર; ચાડીઓ. A slanderer.

Back-biting (બૅક્-બાઇટિંગ્), *n.* ચાડી; ચુગલી; નિંદા. Slandering. [The spine.

Back-bone (બૅક્-બોન્), *n.* કરોડ; બરડાનું હાડકું.

Back-gammon (બૅક્-ગૅમન્), *n.* ચોપટી જેવી એક જાતની રમત. A kind of game played on board with dice.

Back-ground (બૅક્-ગ્રાઉન્ડ્), *n.* ગુપ્ત સ્થળ-જગ્યા. A place of obscurity.

Back-slide (બૅક્-સ્લાઈડ્), *vi* ધર્મભ્રષ્ટ થવું; સ્વધર્મનો ત્યાગ કરવો; પતિત થવું; નીતિ વિમુખ થવું. To relapse into sin; to have a disbelief.

Back-sword (બૅક્-સોર્ડ્), *n.* એક તરફની ધારવાળી તરવાર. One-edged sword. **2.** નાની લાકડી A small stick.

Back-water (બૅક્-ઉવૉટર્), *n.* ખાડી. An inlet.

Backward (બૅક્-ઉવર્ડ્), *a.* નારાજ; નાખુશ; મંદ; ઓછી આવડતનું; સુસ્ત. Unwilling; slow; dull. *ad.* પાછલા ભાગમાં; પાછળ; પછવાડે. Towards the back.

Backward-s (બૅક્-ઉવર્ડ્સ્), *ad.* પછવાડે; પાછળ; પુંઠે;–ઉતરતી સ્થિતિમાં; સારી હાલતમાંથી ખરાબ હાલતમાં. Towards the back; on the back; from better to worse condition.

Backwardness (બૅક્-ઉવર્ડ્-નેસ્), *n.* સુસ્તી; આળસ; તંદ્રા. Laziness; dulness.

Bacon (બેકન્), *n.* હુક્કરનું આથેલું માંસ. Swine's flesh pickled and dried.

Bacterium (બૅક્ટીરિયમ્), *n. pl.* **Bacteria.** સૂક્ષ્મદર્શક યંત્રવડે વનસ્પતિમાં જણાતા જંતુઓ. Microscopic vegetable organism.

Bacteriologist (બૅક્-ટીરિ-ઑલૉજિસ્ટ્), *n.* વનસ્પતિમાંના જંતુઓનો સૂક્ષ્મદર્શક યંત્રના સાધનથી અભ્યાસ કરનાર. One, clever in the science of bacteriology.

Bacteriology (બૅક્-ટી-રિ-ઑલૉજી), *n.* વનસ્પતિમાંના જંતુઓનો અભ્યાસ. The scientific study of bacteria.

Bad (બૅડ્), *a.* ખરાબ; ભૂંડું; નરસું; દુષ્ટ; બગડેલું; નુકશાનકારક. Ill; evil; hurtful. **2.** વાંધા પડતું; ખોડખાંપણવાળું. Defective. **To go to the bad,** વિનાશના રસ્તે જવું. To follow the ruinous path.

Badge (બૅજ્), *n.* ચિન્હ; પટ્ટો; નિશાની; લક્ષણ. A mark; a sign; a distinctive sign worn on the body as membership.

Badger (બૅજર્), *n.* એક જાતનું પ્રાણી. A kind of animal. **2.** કુચડો; પીંછી; બ્રશ. A brush made of a badge's hair. *vi.* પુંઠ પકડવી; વાંસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડવું; સતાવવું. To pursue; to tease.

Badinage (બૅડિ-નેજ્), *n.* મશ્કરી; મજાક; ઉપહાસ. A playful talk; a fun; a light talk.

Bad-ly (બૅડ્-લિ), *ad.* ખરાબ રીતે; ભૂંડાશથી; દુષ્ટતાથી. In an evil way; in a hurtful manner.

Badminton (બૅડ્મિન્ટન્), *n.* ટેબલપર રમવાની દડાની એક જાતની રમત. A kind of game resembling lawn tennis. **2.** 'ક્લોરેટ' દારૂની સોડા સાથે મેળવણી. A drink of Claret mixed with soda.

Baffle (બૅફ્-ફલ્), *vt. pr. p.* **Baffling.** *imp.* & *p. p.* **Baffled.** હરાવવું; નિષ્ફળ કરવું; ગુંચવવું; વ્યર્થ કરવું; પરાજય કરવો. To defeat; to frustrate; to elude.

Bag (બૅગ્), *n.* થેલો; કોથળો; થેલી; કોથળી. A sack; a pouch. **2.** મારેલો શિકાર. The quantity of game obtained. *vt.pr.p.* **Bagging.** *imp.* & *p. p.* **Bagged.** કોથળીમાં ભરવું; થેલામાં ભરવું. To load in bags; to put into a bag.

Baggage (બૅગેજ્), *n.* મુસાફરીમાં સાથે રાખવાનો સામાન; લશ્કરનો સામાન; બીસરસામાન. Necessaries of a traveller; the tents, etc. of an army. **2.** રાંડ; કુલટા સ્ત્રી; વેશ્યા. A prostitute; a mean woman.

Bagging (બૅગ્-ગિન્ગ્), *n.* કોથળા બનાવવાનું કપડું; ગુણપાટ. The cloth for bags, etc.

Bag-man (બૅગ્-મૅન્), *n.* વેપારાર્થે નમુના લઇને ફરનાર વેપારી. A commercial traveller.

Bagatelle (બૅગૅટેલ્), *n.* હલકી-નજીવી વાત; કંઇ પણ દમ વિનાની બાબત. A trifle; a matter of no importance. **2.** એક જાતની રમત છે. A kind of play.

Bagnio (બૅન્યો), *n.* વેશ્યાગૃહ; ખાંજરૂં; છીનાળવાડો. A house of ill-fame; a brothel.

Bag-pipe (બૅગ્-પાઈપ્), *n.* વાંસળી; મોરલી. A musical wind-instrument.

Bail (બેલ્), *n.* જામીન; જમાન; જામીનગીરી. A surety; a security. **To admit to bail,** જામીનપર છોડવું. To release on bail. **To give leg bail,** નાશી જવું; પોબારા ગણી જવા. To run away. *vt.* જામીન થવું; જામીનપર છોડાવવું; વિશ્વાસે માલ સોંપવો. To become a surety; to give security; to deliver goods on trust.

Bail (બેલ્), *n.* તબેલામાં ઘોડા બાંધવા સારૂં પાડેલા વિભાગનો સળિયો. A bar separating the horses in a stable. **2.** ક્રિકેટની રમતમાં સ્તંભ ઉપર મૂકવામાં આવતી ફરકડી. The cross pieces over the stumps.

Bailable (બેલેબલ્), *n.* જામીન લઈ છોડવા લાયક; જામીન ઉપર છોડાય તેવું. Capable of being released on bails.

Bailee (બેલી), *n.* જેને ત્યાં અનામત માલ મૂક્યો હોય તે; વિશ્વાસ ઉપર જેને માલ આપવામાં આવ્યો હોય તે. One to whom goods are delivered upon a contract.

Bailiff (બેલિફ્), *n.* સમન્સ બજાવનાર; જાગીર અથવા વતન ઉપર દેખરેખ રાખનાર; 'બેલીફ'. A sherrif's officer.

Bailment (બેલ્-મેન્ટ્), *n.* અમુક કરારથી માલની કરેલી સોંપણી; સોંપણી. Delivery of goods on certain conditions. **2.** (*Law*) તહોમતદારને જામીન ઉપર છોડવાનું કામ. The work of bailing an accused.

Bailsman (બેલ્સ્-મૅન્), *n.* બીજાને મોટે જામીનગીરી આપનાર. One who gives bail for another.

Bailor (બેલર્), *n.* બીજાને માલ સોંપનાર-આપનાર. One who entrusts goods.

Bait (બેટ્), *vt.* ખોરાક આપી લલચાવવું; લાલચમાં નાંખવું. To allure by food. **2.** પજવવું; હેરાન કરવું; સંતાપવું. To torment; to harass. *n.* શિકાર મેળવવાને અર્થે ખરો અથવા બનાવટી ખોરાક; ગલ. Food to entice the prey; allurement. **2.** લોભ; લાલચ. Enticement.

Baize (બેઝ્), *n.* ઉનનું જાડું કપડું. Coarse woollen stuff (used as coverings).

Bake (બેક), *vt. pr. p.* **Baking.** *imp.* & *p. p.* **Baked.** શેકવું; પકવવું; તપાવવું; તડકામાં નાંખીને કઠણ બનાવવું. To cook by the heat of the fire or sun; to dry; to harden. *vi.* ભઠીઆરા તરીકે કામ કરવું. To work as a baker.

Baker (બેકર્), *n.* ભઠીઆરો; પકવનાર; પાંઉ, રોટલી, બિસ્કીટ, વિ૦ બનાવનાર. One who bakes bread, biscuits, etc.

Bakery (બેકરી), *n.* ભઠીઆરખાનું; પાંઉ, રોટલી, બિસ્કીટ બનાવવાની જગ્યા. A bake-house.

Balance (બૅલૅન્સ્), *n.* ત્રાજવું; કાંટો; તોલ. A pair of scales. **2.** મુકાબલો; ગણત્રી; વસ્તુની બન્ને બાજુનો વિચાર. Comparison; estimate. **3.** સ્થિરતા; સામ્યતા. Steadiness; equality. **4.** બાકી; શિલિક; પુરાંત. The excess on the either side of the accounts. *v. t.* જોખવું; તોળવું. To weigh. **2.** ખ્યાલ કરવો; ગણત્રી કરવી; તુલના કરવી. To compare; to judge. **3.** સમતોલ રાખવું-જાળવવું. To equal in weight. **Balance-sheet,** સરવૈયું.

Balcony (બૅલ્કનિ), *n.* કઠેરો; ઝરૂખો; છજું. A railed space in front of a house.

Bald (બૉલ્ડ્), *a.* ટાલ પડેલું; વાળ વિનાનું; પાંછા સિવાયનું. Without hair; deprived of feathers. **2.** નિરસ; કળા વિનાનું. Inelegant; free from literary grace. **3.** હલકું; અધમ. Mean; trivial.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Balderdash (બૉલ્ડર્-ડૅશ્), *n.* અસભ્યતાવાળી બોલી; અપશબ્દવાળી ભાષા. An ungentle or rude talk. **2.** ગપાટો. An idle rumour.

Baldness (બૉલ્ડ્-નેસ્), *n.* માથાપરની ટાલ; શોભા વિનાની સ્થિતિ; રસહીનતા. The state of being bald; inelegance.

Baldric (બૉલ્-ડ્રિક્), *n.* કમરપટો; મેખલા. A girdle or belt (*esp.* for a sword, or a bugle).

Balefire (બેલ્-ફાઇર્), *n.* ઇશારતનો ભડકો-અગ્નિ; ભયસૂચક ભડકો. A signal fire; an alarm fire.

Bale (બેલ્), *n.* ગાંસડી; પોટલી. A bundle (of goods); a package. *vt.* ગાંસડી બાંધવી; પોટલું બાંધવું. To make into a bale.

Bale (બેલ્), *n.* દુઃખ; કષ્ટ; આપદા; સંકટ. Misery; a woe; calamity.

Baleful (બેલ્-ફુલ્), *a.* દુઃખદાયક; આપદા આપનાર; વિનાશ કરનાર. Calamitous; woeful; full of miseries.

Balk (બૉક્), *n.* ચાલવા માટે ખેતરમાં જે જગ્યા રાખવામાં આવે છે તે; સેઢો. Ridge left unploughed. **2.** પાટડો; ભારવટીઓ. A beam. **3.** અટકાવ; પ્રતિબંધ. A hindrance; an obstacle. **4.** નિરાશા; નાઉમેદી. Disappointment; failure. *vt. vi.* નાઉમેદ કરવું; ત્યજવું; અટકાવવું; અટકેવું. To disappoint; to avoid; to hinder; to stop. **2.** પડતર રાખવું; ખેડ્યા સિવાયનું રાખવું. To leave with balks.

Ball (બૉલ્), *n.* દડો; 'બૉલ.' A globular body (to play with). **2.** ગોળો. A globe. **3.** દડાથી રમાતી કોઇપણ રમત. Any game, played with a ball. **4.** નાચ; નૃત્ય; મીજલસ. A dance. *vt.* પિલ્લું વાળવું; ગોળી વાળવી. To form into a ball.

Ballad (બૅલ્ડ્), *n.* લાવણી; ગરબો. A poem in short and simple stanzas narrating a story. **2.** લોકગીત. A popular poem.

Ballast (બૅલ્-લૅસ્ટ્), *n.* ભાર; પથ્થર; કાંકરા; વહાણનું સમતોલ જાળવવા તેમાં ભરેલા પથ્થરો. Heavy material placed in a ship, for stability. *vt.* પથ્થર ભરવા; કાંકરા ભરવા. To furnish with ballast.

Ballet (બૅલ્-લેટ્), *n.* એક જાતનો નાચ; નૃત્ય કરનાર માણસોની ટોળી. A kind of dance; a company of dancers.

Balloon (બૅલ્-લૂન્) *n.* વીમાન; ગેસ ભરવાનું ગોળ વાસણ; ગુબારો; 'બલુન'. A round air-tight envelope inflated with gas. *vi.* બલુન-વિમાનમાં બેસીને ઉંચે ચઢવું. To ascend in a balloon.

Ballooner (બૅલ્-લૂનર્), *n.* Same as **Balloonist.**

Balloonist (બૅલ્-લૂનિસ્ટ્), *n.* બલુનમાં બેસીને મુસફરી કરનાર; બલુનમાં ઉડનાર. One, who ascends in a balloon.

Ballot (બૅલ્-લટ્), *n.* મત આપવાની ચિઠ્ઠી. A printed ticket used for voting; a secret voting. *vi.* ચિઠ્ઠીથી મત આપવા; મત નક્કી કરવા. To vote by a ballot.

Balm (બામ્), *n.* સુગંધીદાર મલમ-લેપ; ખુશબોદાર રસ. Any fragrant ointment. **2.** દુઃખ ઓછું કરનાર ઔષધ. A medicine healing pain.

Balmy (બામિ), *a.* સુગંધીદાર; ખુશબોદાર; સુવાસિત; તાપહર. Aromatic; soothing.

Balsam (બાલ્-સૅમ્), *n.* ખુશબોદાર તેલ; એક જાતનું ઝાડ; ઝાડનો સુગંધીદાર રસ. Soothing ointment.

Baluster (બૅલ્-સ્ટર્), *n.* નાનો થાંભલો; કઠેરાનો સળિયો. A small pillar; hand-rails.

Balustrade (બૅલ્-સ્ટ્રેડ્), *n.* કઠેરો. A line of small pillars.

Bamboo (બૅમ્બૂ), *n. pl.* **Bamboos.** વાંસ. A kind of strong Indian reed. *vt.* વાંસથી ઝુડવું-મારવું. To flog with a bamboo.

Bamboozle (બૅમ્-બૂ-ઝલ્), *vt.* છેતરવું; છેતરપીંડી કરવી; ઠગવું; ફસાવવું; ગુંચવણીમાં નાંખવું. To deceive; to confuse.

Ban (બૅન્), *n.* જાહેરનામું; ઢંઢેરો. A public notice; a proclamation. **2.** બદ્દુવા; શ્રાપ. A curse. **3.** અટકાવ; મના; નિષેધપત્ર. A prohibition; an interdiction. *vt. pr. p.* **Banning.** *imp.* & *p. p.* **Banned.** શ્રાપ દેવો; અટકાયત કરવી; મના કરવી. To curse; to forbid.

Banana (બૅનાના), *n.* સોનેરી કેળ-કેળું. A tropical fruit-tree or its fruit.

Band (બૅન્ડ્), *n.* પાટો; પટો; બંધન; દોરી. A strip of cloth, to bind round anything (as, a hat-band, waist-band, etc.) **3.** વાજંવાળાની ટોળી-ટુકડી. A company of musicians. **3.** ટુકડી; ટોળી. A company of persons. **4.** લશ્કરી ટુકડી. A body of armed soldiers. *vt.* એકઠું કરવું; સંપ કરવો. To form into a league.

Bandage (બૅન્ડેજ્), *n.* પાટો; બંધન. A strip for binding up wounds. *vt.* પાટો બાંધવો; બંધન બાંધવું. To tie with a strip.

Bandeau (બૅન્ડો), *n. pl.* **Bandeaux, Bandeauz.** માથાનો દોરો; ટોપીને છેડે મુકેલી ચામડાની પટ્ટી. Woman's hair-fillet.

Bandit (બૅન્-ડિટ્), *n. pl.* **Banditti, Bandits.** લુટારો; બારવટીઓ; ધાડપાડુ. A robber; an outlaw.

Bandog (બૅન્-ડૉગ્), *n.* વિકરાળ કુતરો. A fierce dog; a mastiff; a blood-hound.

Bandoleer (બૅન્ડો-લીર્), *n.* દારૂ ભરવાની નાની પેટી; દારૂગોળો રાખવાનો ચામડાનો પટ્ટો. A shoulder-belt with cartridge loops.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Bandrol (બૅન્-ડ્રૉલ્), *n.* નાનો વાવટો; ઝુંડો. A small flag; a banner.

Bandy (બૅન્ડિ), *n.* ગેંડીદડાની રમત. A game at ball with a club. *vi.* ગેંડીથી મારવું; આમ-તેમ ફેંકવું. To beat with a club; to toss from one to another.

Bane (બેન્), *n.* ઝેર; વિષ; વિખ. Poison. **2.** નાશ; સંહાર; સત્યાનાશ. Destruction; ruin.

Baneful (બેન્-ફુલ્), *a.* ઝેરી; નાશકારક;સંહારક. Poisonous; ruinous.

Bang (બૅન્ગ્), *vt. vi.* મારવું; ઝાપટવું;પ્રહાર કરવો; તાડન કરવું. To beat; to handle roughly; to thrash. *n.* ઝપાટો; પ્રહાર; ધબોધબ અવાજ;ધડાકો. A sharp blow; a sound of explosion.

Bangle (બૅન્ગલ્), *n.* બંગડી; કલ્લી. A ring bracelet; an anklet.

Banian (બૅનિઍન્), *n.* વડનું ઝાડ. An Indian tree of the fig family. **2.** વૈશ્ય; વૈશ્ય વેપારી. A hindu trader. **3.** બંડી; બદન. A loose jacket.

Banish (બૅનિશ્), *vt. ps. p.* **Banishing.** *imp. & p. p.* **Banished.** દેશનિકાલ કરવો; દેશવટો આપવો; હદપાર કરવું; દૂર કરવું;કાઢી મૂકવું. To exile; to dispel; to transport.

Banishment (બૅનિશ્-મેન્ટ્), *n.* દેશવટો; દેશ-નિકાલ. Exile;the state of being banished.

Banister (બૅનિસ્ટર્), *n.* કઠેરામાંનો સીઢિયો. A baluster.

Banjo (બૅન્-જો), *n.* સતારને મળતું એક જાતનું વાજીંત્ર. A musical instrument like guitar.

Bank (બૅન્ક), *n.* કિનારો; કાંઠો (નદી, તળાવ,વિ૦ નો); પાળ; બંધારો. The earthy margin of a river, etc. **2.** તીરું; કરાડ. A ridge of earth. **3.** સરાફી પેઢી; પેઢી. An institution for keeping and exchanging money;a place where money is deposited. **4.** જજની બેઠક. The bench on which judges sit. *vt.* પૈસા મૂકવા; પેઢી ચલાવવી. To deposit money in a bank. **2.** ઘોરો-બંધ બાંધવો. To embank.

Banker (બૅન્કર્), *n.* પેઢીવાળો; સરાફ; સાહુકાર. One employing in banking business.

Banking (બૅન્કિંગ્), *n.* શરાફનો ધંધો; સરાફી. The business of a bank. *a.* બેંકને અથવા બેંકના ધંધાને લગતું. Pertaining to a bank.

Bankrupt (બૅન્ક્-રપ્ટ્), *n.* દેવાળીઓ; નાદાર; દેવું નહિ ભરી શકનાર વેપારી. A person unable to pay off his debts; one who fails or breaks in business.*a.* દેવાળીયું;નાદાર.Insolvent.

Bankruptcy (બૅન્ક્-રપ્ટ્-સિ), *n.* દેવાળું; નાદારી; લાય; નાદાર હાલત. Insolvency; the state of being bankrupt.

Banner (બૅનર્), *n.* લશ્કરી વાવટો—નિશાન; ધજા. A military standard; a flag bearing some device.

Banquet (બૅન્-ક્વેટ્), *n.* મિજબાની; ઉજાણી. A feast; a rich entertainment. *vt.* મિજબાની આપવી; ખાણું આપવું. To treat with a feast. *vi.* ખાઈ પીને આનંદ કરવો. To enjoy a feast.

Banter (બૅન્ટર્), *vi.* મશ્કરી કરવી; હાંસી કરવી; મજા કરવી. To joke; to jest. *n.* મશ્કરી; હાંસી; વિનોદ; મજા. A joke; a jest.

Banterer (બૅન્ટરર્), *n.* મશ્કરી કરનાર; હાંસી કરનાર. A joker; a jester.

Bantling (બૅન્ટ્-લિંગ્),*n.* બાળક;બચ્ચું. A child; an infant.

Baptism (બૅપ્-ટિ-ઝમ્),*n.* ખ્રિસ્તિ ધર્મનો જળસંસ્કાર; શુદ્ધિ-સ્નાન વિધિ. Sprinkling with water as a religious ceremony in the Christians.

Baptist (બૅપ્-ટિસ્ટ્), *n.* બાળકને જળસંસ્કાર કરાવનાર. One who administers baptism.

Baptistery (બૅપ્-ટિસ્-ટેરિ), *n.* જળસંસ્કાર શાળા-સ્થાન. A place, where baptism is administered.

Baptise (બૅપ્-ટાઇઝ્), *vi.* જળસંસ્કાર કરવો; ખ્રિસ્તી નામ પાડવું; પવિત્ર કરવું. To christen; to sanctify; to consecrate.

Baptiser (બૅપ્-ટાઈ-ઝર્), *n.* જળસંસ્કાર કરનાર; જળવિધિ કરનાર. One that baptises.

Bar (બાર્), *n.* સળિયો; ગજ; ભુંગળ. A bolt; a rod. **2.** અંતરાય; વિઘ્ન; નડતર. An obstacle; a hindrance. **3.** કેદીનું પાંજરૂં. A place in the court, where prisoners are stationed for trial before a judge. **4.** અદાલત; ન્યાયગૃહ; મુનસફી. A tribunal. *vt.* ગજ ભરાવવો; સળિયો ભરાવવો. To fasten with a bolt. **2.** અંતરાય નાંખવો; અટકાવવું. To obstruct. **To call to the bar,** વકીલ થવું; બેરીસ્ટર બનવું.

Barb (બાર્બ્), *n.* દાઢી. A beard. **2.** ઘોડાનું બખ્તર. An armour for a horse. **3.** બાર્બરી દેશનો ઘોડો (જે ઝડપને માટે વખણાય છે). A horse of Barbery. *vt.* ઘોડાને બખ્તર પહેરાવવું; કાંટાવાળું અણીદાર કરવું.To clothe a horse in an armour.

Barbarian (બાર્-બેરિયૅન્), *n.* જંગલી માણસ; ગામડીઓ; અસભ્ય રીતભાતવાળો માણસ. An uncivilised person; a savage. **2.** નિર્દય માણસ; ક્રૂર માણસ;રાક્ષસ. A cruel man. *a.* અસભ્ય; અણઘડ; જંગલી. Rude; savage; uncivilised. **2.** ક્રૂર; ઘાતકી; નિર્દય. Cruel.

Barbaric (બાર્-બૅ-રિક), *a.* જંગલી; પરાયા દેશનું;બારકા દેશથી આવેલું. Uncivilised;foreign.

Barbarism (બાર્-બેરિઝમ્), *n.* જંગલીપણું; અણઘડપણું; અશુદ્ધ બોલી. Savage life; rudeness; an incorrect speech.

Barbarity (બાર્-બૅ-રિટિ), *n.* અસભ્યતા; જંગલીપણું. Savageness. **2.** નિર્દયતા. Cruelty.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Barbarize,-se (બાર્-બૅ-રાઈઝ્), *vt.* જંગલી બનાવવું; અસભ્ય કરવું. To make rude; to keep in an uncivilised state.

Barbarous (બાર્-બે-રસ્), *a.* જંગલી; અસભ્ય; ઘાતકી; નિર્દય. Rude; savage; brutal.

Barbecue (બાર્-બી-ક્યૂ), *n.* ખુલ્લી હવામાં કરેલી ઉજાણી. A large social entertainment. **2.** આખું શેકેલું જનાવર. A roasted animal. *v. t.* જનાવરને શેકવું. To roast any animal.

Barbed (બાર્-બ્ડ્), *a.* અણીદાર; આંકડાવાળું. Having a hook (esp. fishing).

Barber (બાર્-બર્), *n.* હજામ; વાળંદ; ઘાંચજો. One who shaves beards and dresses hair.

Bard (બાર્ડ્), *n.* ચારણ; ભાટ; બારોટ. A poet and a singer.

Bardic (બાર્ડિક્), *a.* ભાટ-ચારણ સંબંધિ; ભાટ અથવા ચારણની કવિતાને લગતું. Pertaining to a bard or his poetry.

Bardism (બાર્ડિઝમ્), *n.* ભાટ-ચારણની કહેવતો અથવા ઉખાણા; ભાટ લોકોનું જ્ઞાન. Maxims used by the bards; the learning of the bards.

Bare (બેર્), *a.* ઉઘાડું; નવસ્તું; ખોડું. Open; naked; uncovered. **Bare-faced,** ઉદ્ધત; શરમ વગરનું. **Bare-footed,** ઉઘાડા પગે. **Bare-headed,** ઉઘાડા માથે. [ગ્યેજ. Merely; seldom.

Barely (બેર્-લિ), *adv.* કેવળ; ફકત; માત્ર; ભા-

Bargain (બાર્-ગિન્), *n.* સાટું; કરાર; બોલી. An agreement; a contract. **2.** નફા સાથેનો સોદો. A profitable transaction. *v. t.* વેચવું; સાટું કરવું. To sell; to make an agreement. **To sell any one a bargain,** મૂર્ખ બનાવવો. To befool a person. **To strike a bargain,** સાટું નક્કી કરવું. To settle about a purchase.

Bargainer (બાર્-ગિનર્), *n.* સાટું નક્કી કરનાર; સોદો કરનાર. One that stipulates.

Barge (બાર્જ્), *n.* ક્રીડાનૌકા. A pleasure-boat. **2.** માલ અથવા ઉતારૂઓને લઇ જવા લાવવાની હોડી. A flat bottomed boat.

Bargeman (બાર્જ્-મૅન્), *n.* માલ અથવા ઉતારૂઓને લઇ જવા લાવવાની હોડીના ઉપર દેખરેખ રાખનાર. A manager of a barge.

Bark (બાર્ક્), *n.* કુતરાનું અથવા વરૂનું એકાએક ભસવું તે. The sudden cry of a dog, or wolf. **2.** ઝાડની છાલ. The covering of the trunk. **3.** નાનું વહાણ. Small-sized ship. *vi.* ભસવું. To yelp like a dog. **2.** શોરબકોર કરવો; ઘુમરાણ મચાવવી. To clamour. **To bark at the moon,** હાથી પછવાડે કુતરાનું ભસવું. *vt.* છાલ ઉતારવી. To peel.

Barley (બાર્લી), *n.* જવ. A kind of grain chiefly used for making malt liquors.

Barley-broth, *n.* જવનો જલદ દારૂ. Strong ale.

Barm (બાર્મ્), *n.* ખમીર; બીર દારૂનું ફીણ. Yeast; froth of beer.

Barn (બાર્ન્) *n.* ખળું; દાણો અથવા સૂકું ઘાસ ભરવાનો કોઠાર; છાપરાવાળું ખળું. A store-house for grain or hay. *v. t.* ખળામાં મૂકવું-ભરવું. To store in a barn.

Barnacle (બાર્-નેકલ્), *n.* છીપમાં રહેનારી માંછલી. A shell-fish. **2.** ઘોડાનું નાક પકડવાનું હથિયાર. Pincers put on a horse's nose to control him. **3.** *pl.* ચશ્માં. Spectacles.

Barometer (બૅરોમીટર્), *n.* વાયુમાપક યંત્ર; હવામાન; આકાશ તોલન યંત્ર. An instrument showing the pressure of the atmosphere.

Barometric (બૅરોમીટ્રિક્), *a.* વાયુમાપક યંત્રનું; હવામાન યંત્રને લગતું. Pertaining to a barometer.

Baron (બૅરન્), *n.* ઉમરાવ; ઉમરાવની પદવી. A rank or title of nobility; a noble.

Baroness (બૅરોનેસ્), *n.* ઉમરાવની સ્ત્રી; અમીરાણી. The wife of a baron; a lady holding a baronian title.

Baronet (બૅરો-નેટ્), *n.* ઉમરાવથી ઉતરતી પંક્તિનો અમીર. The peer next in rank to a baron.

Baronetcy (બૅરોનેટ્-સિ), *n.* 'બેરોનેટ' ની પદવી અને સત્તા. The dignity of a baron.

Barony (બૅરોનિ), *n.* ઉમરાવની જાગીર-પદવી-અધિકાર. The rank of a baron. **2.** ઉમરાવનો પ્રદેશ. The domain of a baron.

Baroscope (બૅરોસ્કોપ્), *n.* એક જાતનું વાયુમાપક યંત્ર. An instrument showing changes in the density of the air.

Barouche (બૅ-રૂશ્), *n.* ચાર પૈડાંની નાની ગાડી. Four wheeled carriage (*esp.* for four occupants). [A small vessel.

Barque (બાર્ક્), *n.* એક જાતનું નાનું વહાણ. A

Barrack (બૅરક્), *n.* લશ્કરી સિપાઇઓને રહેવા સારૂ ઓરડી-ઝુંપડું; 'બરાક'. A building for soldiers (*esp.* in garrison).

Barrel (બૅર્-રેલ્), *n.* પીપ. A cylindrical wooden cask (esp. containing 36 gallons of beer). **2.** નળી; પીપના આકારની કોઈ પણ ચીજ. Any thing long and hollow (as, the barrel of a gun). *vt. pr. p.* **Barrelling.** *imp.& p. p.* **Barrelled.** પીપમાં ભરવું. To put or to pack in a barrel.

Barrator (બૅરૅટર્), *n.* ખોટા કજીઆની ઉશ્કેરણી કરનાર; ખોટી રીતે ટંટો ઉડાવનાર. A helper in litigation.

Barratry (બૅરૅટ્રિ), *n.* કજીઆની ઉશ્કેરણી; વહાણના માલીક પ્રત્યે વહાણના નાયકથી થયેલો દગો. Incitement to a quarrel.

Barren (બૅરન્), *a.* ઉજ્જડ; ફળ ન આવે એવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુષ્ક; અફળ; અણફળાઉ. Unproductive; unfruitful. **2.** વાંઝણી; સંતાન ન થાય તેવું. Not producing an offspring

Barren-ness (બૅરેન્-નેસ્), *n.* વાંઝિયાપણું; વંધ્યત્વ; નિષ્ફળતા; શુષ્કતા. Unfruitfulness; sterility.

Barricade (બૅરિ-કેડ્), *n.* શત્રુ સામે બચાવ માટે ઉતાવળમાં કરેલો કિલ્લો; અટકાવ. A temporary fortification; any means of defence. *vt.* શત્રુને અટકાવવા માટે કામ ચલાઉ કોટ બાંધવો; અંતરાય કરવો. To fortify.

Barrier (બૅરિઅર્), *n.* અટકાવ; કોટ (શત્રુને રોકવા માટે). A hindrance; a fort; a fence; a railing.

Barrister (બૅરિસ્ટર્), *n.* પહેલા વર્ગનો સનંદી વકીલ; ધારાનો હિમાયતી; 'બારીસ્ટર'. (દિવાની કોર્ટમાં દાવો ચલાવવાનો હક 'બેરીસ્ટર'નો હોય છે. સોલીસીટર તેને સમજુતી અને બધી માહિતી આપે છે). One, who is qualified to plead at the bar in an English or Irish Law-court. **To call to the bar,** બેરીસ્ટર થવું.

Barrow (બૅરો), *n.* માટીનો ટેકરો. A mound raised over graves. **2.** હાથ ગાડી; ઠેલણ ગાડી. A carriage with one wheel used in carrying load.

Barter (બાર્ટર્) *v. t. v. i.* સાટાપાટી કરવી; માલની અદલાબદલી કરવી; વિનિમય કરવો. To exchange one commodity for another; to trade by exchange. *n.* સાટાપાટી; અદલાબદલો; વિનિમય; અવેજ. A trade by the system of exchange.

Basal (બૅસલ્), *a.* તળીઆને લગતું; તળીઆનું. Pertaining to the base; situated at the base.

Basalt (બૅ-સૉલ્ટ્), *n.* એક જાતનો ભુરો, અને કાળો પત્થર. A kind of blue black stone.

Base (બેસ્), *a.* હલકું; નીચ. Mean; low. **2.** હલકી કિંમતનું; ઉતરતી જાતનું. Of low value. **3.** હલકા દરજ્જાનું; ક્ષુલ્લક; અલ્પ. Of inferior quality or rank. *n.* પાયો; તળીયું. Foundation; bottom. **2.** આધાર. A support. **3.** ખડકનો તળિયાનો ભાગ. The lowest part of a rock.

Baseless (બેસ્-લેસ્) *a.* આધાર વગરનું; નિરાધાર; નિર્મૂળ. Without any foundation; groundless.

Baseness (બેસ્-નેસ્) *n.* નીચપણું; હલકાઈ. Meanness; mean-mindedness.

Basement (બેસ્-મેન્ટ્), *n.* ભોંય તળિયું; પહેલો માળ. The ground floor; the lowest storey of a building.

Baseviol (બેસ્વાઇ-ઑલ્), *n.* સારંગી. A kind of stringed instrument.

Bashful (બૅશ્-ફુલ્), *a.* શરમાળ; નમ્ર; ગરીબડું. Modest; shy; sheepish. **2.** (*Fig.*) આત્મ-વિશ્વાસ વિનાનું. Wanting self-confidence.

Bashful-ly (બૅશ્-ફુલ્-લિ), *a.* શરમાળપણે; લજ્જાપૂર્વક; નમ્રતાથી. Modestly; in a shy manner; meekly.

Bashfulness (બૅશ્-ફુલ્-નેસ્), *n.* શરમ; લજ્જા; વિનય; સંકોચ (મનનો). Modesty in excess; shyness.

Basic (બેસિક્), *a.* પાયાને લગતું; પાયાનું. Of a base; pertaining to foundation.

Basil (બૅઝિલ્), *n.* તુળશીનો છોડ. An aromatic herb. **2.** મેંઢાનું પકવેલું ચામડું. A sheep-skin roughly tanned. *v. t.* ધાર કાઢવી; હથિયારની અણી કાઢવી. To sharpen the edge of a tool.

Basilica (બૅઝિલિકૅ), *n.* ન્યાયશાળા; રાજગૃહ; ન્યાયકોર્ટ; દરબાર. A law-court; a court of justice.

Basilisk (બૅસિલિસ્ક્), *n.* મણિધર; કલ્પિત નાગ; સર્પરાજ. A fabulous serpent with a crest.

Basin (બેસન્), *n.* વાસણ; પાત્ર; ઠામ; રકાબી. A wide open vessel; a dish. **2.** કયારો; કયારડો; ખીણપ્રદેશ. A hollow place containing water; a drained area near water.

Basis (બેસિસ્), *n. pl.* **Bases.** પાયો; મૂળ; આધાર; ટેકો. The foundation of any thing; the first principle.

Bask (બાસ્ક્), *vi.* તાપવું; તડકે બેસવું; તડકો ખાવો. To lie in sun-shine. (*Fig.*) સુખચેન ભોગવવું. To enjoy the prosperity. *vt.* શેકવું; ઉનું કરવું. To warm in heat.

Basket (બાસ્કેટ્), *n.* ટોપલી; ટોપલો; છાબડી. A vessel made of plaited twigs.

Basket-ful (બાસ્કેટ્-ફુલ્), *a.* ટોપલી અથવા છાબડીમાં માય તેટલું. As much as held in a basket.

Basketry (બાસ્કેટ્રિ), *n.* ટોપલીઓ બનાવવાનો હુન્નર. The art of making baskets.

Bass (બાસ્), *n.* ગંભીર અવાજ. A deep sound. **2.** ખરજ. The lowest part in music. **3.** એક જાતની માંછલી. A kind of fish.

Bassoon (બૅસ્-સૂન્), *n.* એક જાતનું વાજું; વાંસળી; શરણાઈ. A musical wind instrument.

Bastard (બૅસ્ટર્ડ), *n.* છિનાળના પેટનું છોકરું; દાસીપુત્ર; અનૌરસ પુત્ર. A spurious child; an illegitimate son. *a.* છિનાળના પેટનું; અનૌરસ; હરામજાદું. Illegitimate; spurious.

Bastardy (બૅસ્ટ-ર્ડિ), *n.* વ્યભિચારોત્પત્તિ; દાસીપુત્રત્વ. Illegitimacy; the state of being a bastard.

Baste (બેસ્ટ્), *vt.* લાકડી મારવી; લાકડીથી ઝુડવું. To beat with a cudgel. **2.** ઠેબા મારવા. To sew roughly. **3.** હથોડા લગાડીને નિશાની કરવી. To mark (with tar).

Bastille (બૅસ્-ટિલ્), *n.* કિલ્લો; બુરજ. A fortification; an old fortress. **2.** કેદખાનું. A prison.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Bastinado (બૅસ્ટિ-ને-ડો), *n. pl.* **Bastinadoes.** લાકડીનો અથવા ચાબુકનો માર. A sound beating with a stick or a whip.

Bastion (બૅસ્ટિઅન્), *n.* કિલ્લાની આગળનો બુરજ. A projection from a fortification.

Bat (બૅટ્), *n.* વાગોળ; ચામાચિડિયું. A bird, resembling a mouse. **2.** દંડો; સોટો; ક્રીકેટની રમતમાં વપરાતું બેટ. A heavy stick; a flat club for striking the ball. **3.** ઇંટનો કકડો. A piece of brick. *vi.* 'બૅટ' થી રમવું. To play with a bat. **Batsman,** 'ક્રીકેટ' માં બેટથી રમનાર; દાવ લેનાર; ગેંડીદડાની રમતમાં દાવ લેનાર. **Batting,** *n.* ક્રીકેટમાં બેટથી રમવાનો દાવ; ગેંડીદડામાં રમવાનો દાવ.

Batch (બૅચ્), *n. pl.* **Batches.** એક જાતની વસ્તુઓનો જથ્થો; એક જાતની વસ્તુઓનો ઘાણ. The quantity of any thing got ready at one time; a set.

Bate (બેટ્), *vt. pr. p.* **Bating.** *imp.* & *p. p.* **Bated.** ઓછું કરવું; ઘટાડો કરવો; છૂટ મૂકવી. To abate; to deduct.

Bateau (બૅટો), *n.* એક જાતનો મછવો. A light river boat.

Bath (બાથ્), *n.* સ્નાન; ન્હાણ; ન્હાવાનું પાણી. Water for plunging the body into; a bathing. **2.** ન્હાવાની જગ્યા; દર્દીને ન્હાવાનો ઓરડો. A room for bathing. **Order of the Bath,** સરદાર અથવા નાઇટની પદવી. An English order of knight-hood.

Bathe (બેધ્), *vi. pr. p.* **Bathing.** *imp.* & *p. p.* **Bathed.** ન્હાવું; સ્નાન કરવું; અંઘોળ કરવું. To take a bath. *vt.* નવરાવવું; સ્નાન કરાવવું. To wash as in a bath. **2.** ભીંજવવું; ભીનું કરવું; પલાળવું. To wet. **3.** ઘેરવું; વીંટી લેવું. To encompass.

Bathometer (બાથોમીટર્), *n.* ઉંડાઇ માપવાનું યંત્ર. An instrument for ascertaining depth.

Bathos (બૅથોસ્), *n.* લખવા અથવા બોલવામાં ઉંચા વિષય પરથી છેક નીચા સ્થાન ઉપર ઉતરી પડવું તે. A ludicrous descent in writing or in speech.

Batlet (બૅટ્-લેટ્), *n.* કુંદી કરવાનો ધોકો; કુંદી કરવાની મોગરી. A wooden mallet.

Baton, Batoon (બૅટોન્, બૅટૂન્), *n.* ગદા; લાકડી; રાજદંડ. A staff (*esp.* of a police).

Battalia (બૅટલ્યા), *n.* લશ્કરની ગોઠવણી; વ્યૂહ રચના. The order of battle.

Battalion (બૅટ્-ટ-લિયન્), *n.* પલટણ; નવસેંથી આશરે હજીર માણસના લશ્કરની ટુકડી; સૈન્ય; લશ્કરની ટુકડી. A body of soldiers consisting of several divisions; a regiment of about 900 soldiers.

Batten (બૅટન્), *v. t.* પટ્ટીથી બંધ કરવું-જોડવું-સાંધવું. To stregthen with battens. *vi.* રૂષ્ટપુષ્ટ થવું; માતેલા સાંઢ જેવા બનવું. To grow fatty; to live in luxuries. *n.* પટ્ટી; ચીપ. A board; a strip of wood.

Batter (બૅટર્), *vt. pr. p.* **Battering.** *imp.* & *p. p.* **Battered.** તોડી પાડવું; ચુરેચુરા કરવા; તોપનો મારો ચલાવવો. To beat with successive blows; to attack with artillery.

Battery (બૅટરિ), *n.* તોપનો મારો; મોરચો; તોપખાનું. A number of cannon with their equipment; the men and horses, attending the battery. **2.** તારની વિદ્યામાં સાથે ગોઠવેલી બરણીઓ; વિજળીનો વેગ ઉત્પન્ન કરનાર યંત્ર. An apparatus for generating electricity. **3.** (*Law*) કાયદા વિરૂદ્ધ કોઇને મારવું તે. An assault by beating.

Battle (બૅટ્લ્), *n.* લડાઇ; યુદ્ધ; રણસંગ્રામ. A fight; an engagement; a combat of organized forces. *vi.* લડવું; યુદ્ધ કરવું; હલ્લો કરવો. To struggle. **Battle-array,** *n.* વ્યૂહ રચના; સૈન્યની ગોઠવણી. **Battle-axe,** *n.* ફરશી; પરશુ; ધારવાડો કુહાડો.

Battledore (બૅટ્લ્ડોર્), *n.* ધોકો; કપડાં ધોવાનો ધોકો-જાડું લાકડું. A bat used in washing clothes.

Battlement (બૅટ્લ્-મેન્ટ્), *n.* કાંગરાવાળી ભીંત-કોટ; બારીઓવાળી દિવાલ-ભીંત. Indented parapet.

Battology (બૅટ્-ટૉલૉજી), *n.* શબ્દોની નકામી તકરાર-મારામારી. An idle dispute or discussion about words.

Bauble, Bawble (બૉ-બલ્), *n.* હલકી કિંમતની દેખાવડી વસ્તુ; બચ્ચાં ખુશ થાય તેવી ચીજ. A showy trifle; a child's plaything.

Bawd (બૉડ્), *n.* કૂટણી; દૂતી; વ્યભિચારને માટે બૈરીઓ મેળવી આપનાર સ્ત્રી. A lewd woman; a procuress.

Bawdiness (બૉડિનેસ્), *n.* વ્યભિચાર; છિનાળું. Lewdness; unchastity.

Bawdy (બૉડિ), *a.* છીનાળ; ગંદુ; મલિન. Unchaste; dirty; filthy.

Bawl (બૉલ્), *vt. pr. p.* **Bawling.** *imp.* & *p. p.* **Bawled.** ઘાંટો પાડવો; બૂમ પાડવી; બૂમ પાડીને જાહેર કરવું. To shout loudly; to cry aloud. *n.* બૂમ; ઘાંટો; જોરથી બૂમ પાડવી તે. A loud cry; a shout.

Bay (બે), *n. pl.* **Bays.** ઉપસાગર; ખાડી. An inlet of the sea. **2.** લૉરલ ઝાડ. A laurel tree. **3.** શિકારી કુતરાનો ભસવાનો અવાજ. The cry of hounds in pursuit of a game **4.** પાણી બંધ રાખવાને કરેલી પાળ. A dam to keep water away. *vt. vi.* સામા થવું; અટકાવવું; દૂર રાખવું; ભસવું. To oppose; to bark. *a.* રતાશ ઉપર; બદામી રંગનું. Reddish.

Bayonet (બૅયોનેટ્), *n.* સંગીન; બંદુકની નળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર બેસાડેલું બાગનેટ. A stabbing instrument fixed to the muzzle of a rifle. **2.** (*pl.*) બાગનેટ બંદુકોથી સજ્જ થયેલું લશ્કર. Soldiers armed with bayonets. *vt.* સંગીનથી ભોકવું-મારવું. To stab with a bayonet.

Bazar, Bazaar (બૅ-ઝાર્), *n.* ચૌટું; બજાર. A market; a market place.

Bdellium (ડેલ્-લિયમ્), *n.* ગુગળ; દેવધૂપ. A kind of gum.

Be (બી), *vi. pr. p.* **Being.** *imp.* **Was.** *p. p.* **Been.** થવું; હોવું; અસ્તિત્વમાં હોવું. To exist; to last; to remain. **To be at one with,** મળતાં આવવું; અનુમતિ આપવી. **To be in wind,** માથા ઉપર આવી પડવું. **To be no more,** મરી જવું; નાશ પામવો.

Be-all (બી-ઑલ્), *n.* મોટામાં મોટો હેતુ-સ્વાર્થ. The first and most important aim.

Beach (બીચ્), *n.* દરિયાનો કિનારો-કાંઠો; સમુદ્ર તટ; સરોવર કાંઠો. A shore (between high and low water mark.) **2.** કાંકરા; મરડીઆ. Water-worn pebbles. *vt.* કિનારે ચઢાવી દેવું (વહાણને),-અથડાવવું. To run upon a beach.

Beacon (બીકન્), *n.* શત્રુઓ આવવાની સૂચના થાય માટે સળગાવેલો અગ્નિ; ભયસૂચક અગ્નિ. A signal fire used as a sign of danger. **2.** કિનારા પાસેની ઉંચી ટેકરી. A hill near a sea shore. **3.** દીવાદાંડી. A light house.

Bead (બીડ્), *n.* મણકો; જપમાળા; બેરખો. Any small ball of glass, forming a necklace. **To draw a bead upon,** નિશાન તાકવું. To aim at. **To tell beads,** માળા ફેરવવી; જપ કરવા. To pray (*esp.* to a deity).

Beadle (બીડ્લ્), *n.* છડીદાર; પટાવાળો; ચપરાશી. A mace-bearer; a messenger of a court.

Beadsman (બીડ્ઝ્-મૅન્), *n.* બીજા પાસેથી પૈસા લઈ જપ કરનાર-પ્રાર્થના કરનાર. An almsman; one employed to pray for others.

Beagle (બીગલ્), *n.* નાનો શિકારી કુતરો. A small hound. **2.** (*Fig*). જાસુસ; ગુપ્ત દૂત. A spy.

Beak (બીક્), *n.* પક્ષીની ચાંચ. The bill of a bird. **2.** અણી. Anything pointed.

Beaker (બીકર્), *n.* પ્યાલો; વાડકો. A large drinking cup. **2.** ખુલ્લા મોંનો કાચનો પ્યાલો. A glass vessel, used to measure liquids (used by chemists).

Beam (બીમ્), *n.* કીરણ. A ray (of light). **2.** મોભ; ભારવટિયો; પાટડો. A large piece of timber or iron. *vt.* કીરણ પાડવાં; પ્રકાશવું. To send forth light; to shine.

Bean (બીન્), *n.* શીંગ; ફળી; કઠોળનો છોડ; કોઈ પણ જાતનું કઠોળ. The name of several kinds of leguminous plants and their seeds. **To find the bean in the cake,** અચાનક લાભ થવો; પૈસાદાર બનવું. To get a sudden chance, leading to prosperity.

Bear (બેર્), *vt. vi. pr. p.* **Bearing.** *imp.* **Bore.** *p. p.* **Born, borne.** ઉંચકી લેવું; ઉઠાવી જવું. To carry; to support in carrying weight. **2.** ધારણ કરવું; પકડવું; લેવું. To assume; to hold. **3.** ખમવું; સહન કરવું; સહેવું; સહિષ્ણુતા રાખવી. To endure; to suffer; to tolerate. **4.** બતાડવું; દેખાડવું; ખુલ્લું કરવું. To exhibit; to display. **5.** જન્મ આપવો; જન્મવું; પેદા થવું; વીઆવું; ફળફૂલ બાઝવા. To give birth. to bring forth; to produce. **6.** લઈ જવું; લાવવું. To conduct; to carry. **7.** મેળવવું; પ્રાપ્ત કરવું; સંપાદન કરવું. To win; to obtain. **To bear down,** હરાવવું; પરાજય કરવો. **To bear off,** દૂર રાખવું; અટકાવવું. **To bear in mind,** યાદ રાખવું; યાદ કરવું.

Bear (બેર્), *n.* રીંછ. A kind of wild quadruped, with shabby hair. **Bear-herd,** રીંછને પાળનાર. **Bear-garden,** રીંછ રાખવાની જગ્યા. **2.** ધાંધલ મચાવવાનું સ્થાન.

Bearable (બેરેબલ્), *a.* સહન થઇ શકે તેવું; ખમી શકાય તેવું. Endurable; tolerable.

Bearer (બેરર્), *n.* લઇ જનાર (ચિઠ્ઠી, કાગળ) દૂત. A messenger; a carrier.

Bearing (બેરિંગ્), *n.* વર્ત્તણુક; ચાલચલગત; સંબંધ. Behaviour; relation; mien. **2.** ભાવાર્થ; મતલબ. A summary; purport.

Beard (બીઅર્ડ્), *n.* દાઢી; દાઢીપરના વાળ. The hair growing on the chin; the tuft on the lower jaw of a goat. *v. t.* દાઢી ઝાલવી; સામા થવું; અપમાન કરવું. To oppose; to insult. **Bearded,** *a.* દાઢીવાળું; દાઢીઆળું. Having a beard.

Beast (બીસ્ટ્), *n.* પશુ; ચોપગું જનાવર; ઢોર. Any irrational animal. **2.** (*Fig*). હેવાન; પશુતુલ્ય આદમી. Any senseless person. **3.** નિર્દય માણસ. A cruel man. **Beast of prey,** *n.* જંગલી જનાવર. **Beast of burden,** *n.* ભાર ઉંચકનાર પ્રાણી (બળદ, પોઠીઓ, ઉંટ, વિ૦).

Beastliness (બીસ્ટ્લિ-નેસ્), *n.* પશુવૃત્તિ; પશુધર્મ; ક્રૂરતા. Brutality; cruelty.

Beastly (બીસ્ટ્-લિ), *a.* પશુતુલ્ય-સમાન; પશુના જેવું. Like a beast in actions or in behaviour.

Beat (બીટ્), *vt. pr. p.* **Beating.** *imp.* **Beat.** *p. p.* **Beaten, beat.** મારવું; કોકવું; પ્રહાર કરવો; વગાડવું. To strike repeatedly; to thrash. *vi.* વાગવું; અફળાવું; ધડકવું. To throb; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

dash. **To beat about the bush,** સમજ્યા સિવાય કોઇ પણ બાબત પર ગમે તેમ બોલવું. **To beat off,** પાછા હાંકી કાઢવું; હરાવવું. **To beat the air,** કારણ સિવાય લઢવું. *n.* પ્રહાર; માર; સપાટો; ઠોંસો; ધક્કો. A stroke. **2.** ધબકારો; ધડક ધડક થવું તે. A throbbing. **3.** ફેરો; આંટો. A round (as, a police does at night).

Beater (બીટર્), *n.* મારનાર; ટીપનાર; ઠોકનાર. One who beats. **2.** ઘોકો; સાંબેલું. A crushing instrument.

Beatification (બીઍટિફિકેશન્), *n.* સ્વર્ગીય સુખ; મરી ગયેલો પુરૂષ મુક્તિ પામ્યો છે એવું જાહેર કરવું તે. Enjoyment of eternal happiness in heaven.

Beatify (બીઍટિફાઇ), *vt. pr. p.* **Beatifying.** *imp.* & *p. p.* **Beatified.** મોક્ષ આપવો; પરમ સુખ આપવું; મુક્તિ આપવી. To make blessed in heaven; to give eternal happiness.

Beatitude (બીઍટિ-ટ્યૂડ્), *n.* પરમ સુખ; સ્વર્ગીય સુખ; મુક્તિ; નિર્વાણ; સિદ્ધિ. Heavenly happiness; eternal bliss.

Beau (બો), *n. pl.* **Beaux** or **Beaus.** ફક્કડ; એકડબાજ; ઈશ્કી; વરણાગીઓ; લહેરીલાલા. A dandy; a gay person. **Beau-ideal,** *n.* મનમાં માનેલી પ્રતિમા; ખોડખાપણ સિવાયની ખુબસુરતી. The highest type of excellence.

Beauish (બોઇશ્), *a.* અક્કડબાજ; ફાંફડો. Foppish; gay.

Beautious (બ્યૂટિઅસ્), *a.* Same as [**Beautiful.**

Beautiful (બ્યૂટિ-ફુલ્), *a.* સુંદર; રૂપાળું; મનોહર; સ્વરૂપવાન. Fair; elegant; pleasant.

Beautifully (બ્યુટિ-ફુલ્-લિ), *ad.* સુંદર રીતે; મનોહર રીતે; સુશોભિત રીતે. In an elegant manner; in a pleasant way.

Beau-monde (બૉ-મૉન્ડ્), *n.* પોશાકના શોખીન લોક. The gay people.

Beautify (બ્યુટિફાઇ), *vt. pr. p.* **Beautifing.** *imp.* & *p. p.* **Beautified.** સુશોભિત કરવું; શણગારવું; શોભાયમાન બનાવવું. To adorn; to decorate.

Beauty (બ્યુટિ), *n.* સુંદરતા; સૌંદર્ય; ખુબસુરતી; કાંતિ; તેજ; લાવણ્યતા; શોભા. Grace; charm; excellence.

Beaver (બીવર્), *n.* જળસ્થળચર પ્રાણી. An amphibious animal valuable for its fur. **2.** 'બીવર' પ્રાણીની રૂંવાટી. The fur of beaver. **3.** 'બીવર' ની રૂંવાટીથી બનાવેલી ટોપી. A hat made of the fur of beaver.

Be-calm (બી-કામ્), *vt. pr. p.* **Becalming.** *imp.* & *p. p.* **Becalmed.** શાંત પાડવું; અટકાવવું; સ્થિર પાડવું. To make quiet or calm.

Be-cause (બી-કૉઝ્), *conj.* કારણ કે; કેમકે. For the reason that; for.

Be-chance (બી-ચૅન્સ્), *vi.* થવું; બનવું; દૈવયોગે બનવું. To happen by chance; to befall.

Beck (બેક્), *n.* ઇશારો; ઈશારત. A sign with the finger or head. *v. i.* ઇશારો કરવો. To sign with a finger.

Becket (બેકેટ્), *n.* દોરડાનો ગાળો. A loop hole in a rope. **2.** હુક. A large hook.

Beckon (બેકન્), *n.* ઇશારત; ઇશારો; સંકેત; સાન. A sign. *vi.* ઇશારો કરવો; સંકેત કરવો. To make a sign to.

Be-cloud (બી-ક્લાઉડ્), *vt.* ઝાંખું પાડવું; ઝંખવી નાંખવું; નિસ્તેજ કરવું. To obscure; to dim.

Become (બી-કમ્), *vi. pr. p.* **Becoming.** *imp.* **Became.** *p. p.* **Become.** થવું બનવું; ગુજરવું; વીતવું. To happen; to pass to be *vt.* ઘટીત થવું; શોભવું; લાયક હોવું. To suit; to befit.

Becoming (બીકમિન્ગ્), *a.* યોગ્ય; લાયક; ઘટિત; શોભાયમાન. Suitable; graceful; deserving.

Bed (બેડ્), *n.* પથારી; બિછાનું. A place to sleep on. **2.** ક્યારો; ક્યારી. A plot of land in a garden. **3.** તળિયું (નદી, તળાવ, વિગેરે). The bottom of a river, etc. **2.** પડ; થર. A layer. *v. t.* સુઇ જવું. To go to bed. **2.** રોપવું; મૂકવું. To plant. **To be brought to bed,** બાટલામાં હોવું; સુવાવડમાં હોવું. To be confined to bed for child-birth.

Bedabble (બી-ડૅબ્-બલ્), *vt. pr. p.* **Bedabbling.** *imp.* & *p. p.* **Bedabbled.** પલાળવું; છાંટવું; ભીંજવવું. To wet; to sprinkle.

Be-daub (બીડૉબ્), *vt. pr. p.* **Bedaubing.** *imp.* & *p. p.* **Bedaubed.** લપેટવું; ચોપડવું. To besmear.

Be-dazzle (બી-ડૅઝ્-ઝલ્), *vt.* આંજી નાંખવું; આંજી દેવું. To dazzle (by strong light).

Bedding (બેડ્ડિંગ્), *n.* પથારી; બીછાનું; ગોદડાં; તળાઇ. Materials of a bed.

Bedeck (બી-ડેક્), *vt. pr. p.* **Bedecking.** *imp.* & *p. p.* **Bedecked.** સુશોભિત કરવું; શણગારવું. To adorn; to decorate.

Bedew (બી-ડ્યૂ) *v. t.* ઝાકળથી ભીનું કરવું; પલળી જવું; ઝાકળથી ઝાંખુ થવું. To wet with dew; to moisten.

Bedight (બી-ડાઇટ્). *vt.* સુશોભિત કરવું; શણગારવું; સજ્જ કરવું. To adorn; to equip.

Bedim (બી-ડિમ્), *vt. pr. p.* **Bediming.** *imp.* & *p. p.* **Bedimmed.** અંધારૂં કરવું; ઝાંખુ કરવું. To make dim.

Bedlam (બેડ્-લૅમ્), *n.* ગાંડા માણસનું બંધીખાનું; ગાંડા માણસને માટે ઔષધશાળા. A mad house; an asylum for lunatics.

Bedlamite (બેડ્-લૅમાઇટ્), *n.* ગાંડો માણસ; દીવાનો. A mad person.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Bed-quilt (બેડ્-ક્વિલ્ટ), *n.* ચાદર; મચ્છરદાની. A coverlet.

Bedraggle (બી-ડ્રૅગ્-ગ્લ્), *vt. pr. p.* **Bedraggling.** *imp. & p. p.* **Bedraggled.** બગાડવું; ખરડવું; મેલું કરવું; કચરાવાળું કરવું. To soil by dragging in mud or dirt.

Be-drench (બી-ડ્રેન્શ્), *vt.* ભીંજવવું; પાણીથી પલાળવું. To wet thoroughly.

Bed-rid (બેડ્-રિડ્), *a.* માંદગીના કારણે પથારી વશ પડેલું; ખાટલાવશ; વ્યાધિગ્રસ્ત. Confined to bed by sickness.

Bed-stead (બેડ્-સ્ટેડ્), *n.* પલંગ; ખાટલો. A frame-work of a bed.

Bedtick (બેડ્-ટિક્), *n.* ખોળિયું; ખોર. The case in which cotton, hair, etc. are put for bedding.

Bee (બી), *n. pl.* **Bees.** મધમાંખી; મધમાંખ. Honey producing insect. 2. (*Fig*). ઉદ્યોગી પુરૂષ. A busy worker. [of bovine animals.

Beef (બીફ્), *n.* ગોમાંસ; ગાયનું માંસ. The flesh

Bee-hive (બી-હાઈવ્), *n.* મધપૂડો. A case for the habitation of bees.

Been (બીન્), *p. p.* of **Be.** થયેલું.

Beer (બીર્), *n.* જવનો દારૂ; 'બીર' નો દારૂ. An alcoholic drink, extracted from malt.

Beestings (બીસ્-ટિન્ગ્સ્), *n.* વિઆયેલી ગાયનું પહેલીવારનું દૂધ. The first milk, drawn from a cow after calving. [lected by bees.

Bees-wax (બીઝ્-વૅક્સ્), *n.* મીણ. Wax col-

Beet (બીટ્), *n.* એક જાતનું કંદમૂળ (જેમાંથી ખાંડ બનાવવામાં આવે છે.) An edible plant,

Beetle (બી-ટ્લ્), *n.* તમરૂં; વાંદો. A kind of insect. 2. લાકડાની મોગરી. A wooden mallet. **Beetle head,** *n.* મૂર્ખો; ઓછી બુદ્ધિનો માણસ. A fool; a stupid fellow.

Beeves (બીવ્ઝ્), *n. pl.* ગોધા; આખલા; બળદ. Fattened oxen.

Befall (બી-ફૉલ્), *vt. vi. pr. p.* **Befalling.** *imp.* **Befell.** *p. p.* **Befallen.** આવી પડવું; ગુજરવું;માથે પડવું (સંકટ, વિઘ્ન, વિ૦); વીતવું. To happen; to occur; to come to pass.

Befit (બી-ફિટ્), *vt. pr. p.* **Befitting.** *imp. & p. p.* **Befitted.** ઘટવું; લાયક હોવું; છાજવું; શોભવું. To become; to be suitable to; to be proper.

Befitting (બી-ફિટ્-ટિંગ્), *a.* યોગ્ય; ઘટીત; લાયક. Suitable; proper.

Befittingly (બીફિટ્-ટિન્ગ્-લિ), *a.* યોગ્ય રીતે; લાયકપણે; ઘટીત રીતે. Suitably; properly.

Be-fool (બી-ફૂલ્), *vt. pr. p.* **Be-fooling.** *imp. & p. p.* **Befooled.** ગાંડો બનાવવો;મૂર્ખો બનાવી કાઢવું;ભૂલથાપ ખવરાવવી. To treat as a fool; to deceive.

Before (બીફોર્), *ad.* અગાઉથી;પહેલાંથી;આગળ. Ago; on the front; in front of. *prep.* સામે;સન્મુખ; આગળ; પૂર્વે. In front of; ahead of.

Beforehand (બી-ફોર્-હૅન્ડ્), *adv.* અગાઉથી; આગળથી; પહેલેથી. Formerly.

Be-foul (બી-ફાઉલ્), *vt.* અપવિત્ર કરવું; મેલું કરવું; ડાઘ લગાડવો. To soil; to make foul.

Be-friend (બી-ફ્રેન્ડ્), *vt. pr. p.* **Befriending.** *imp. & p. p.* **Befriended.** દોસ્તી બાંધવી; મિત્રાચારી રાખવી; મિત્રભાવે વર્તવું. To form friendship with; to act as a friend. 2. કૃપા રાખવી; મહેરબાની બતાવવી. To favour.

Beg (બેગ્), **Begging.** *imp. & p. p.* **Begged.** વિનંતી કરવી; કાલાવાલા કરવા; આજીજી કરવી. To request; to pray. *vi.* ભિક્ષા માંગવી; ભીખ માંગવું. To ask alms; to maintain by begging. **To go a-begging,** ઘરાક અથવા માલ ખરીદનારની શોધમાં હોવું.

Beget (બી-ગેટ્), *vt. pr. p.* **Begetting.** *imp.* **Begot.** *p. p.* **Begot, begotten.** જન્મ આપવો; પેદા કરવું; ઉત્પન્ન કરવું. To generate; to produce; to cause.

Beggar (બેગર્), *n.* ભીખારી; ભિક્ષુક; યાચક; ભિક્ષાવૃત્તિ ઉપર જીવનાર. One that begs. 2. (*fig.*) અધમ અથવા નીચ વૃત્તિનો આદમી. A mean fellow. 3. ગરીબ માણસ. A man deserving pity.

Beggarliness (બેગર્-લિ-નેસ્), *n.* ભીખારીપણું; કંગાલ સ્થિતિ-હાલત; ગરીબાઇ. Extreme poverty; wretched condition.

Beggar-ly (બેગર્લિ), *a.* ગરીબાઇવાળું; ભીખારીને છાજે તેવું. Poor; mean.

Beggary (બૅગ્-ગરિ), કંગાળ અવસ્થા;દરિદ્રતા;ગરીબી; યાચકવૃત્તિ. Poverty;wretched condition; extreme poverty.

Begin (બી-ગિન્), *vt. pr. p.* **Beginning.** *imp.* **Began.** *p. p.* **Begun.** શરૂ કરવું; આરંભવું; શરૂઆત કરવી. To commence; to make a start with. *v. i.* શરૂઆત થવી; આરંભ થવો. To take a start; to commence.

Beginning (બિગ્-ગિનિંગ્), *n.* શરૂઆત; આરંભ; ઉત્પત્તિ. Commencement; origin.

Beginner (બિગ્-ગિનર્), *n.* આરંભ કરનાર (કોઇ પણ કાર્યને માટે); શરૂઆત કરનાર. One, who begins. 2. શિખાઉ. A novice.

Begird (બી-ગર્ડ્), *vt. pr. p.* **Begirding.** *imp.* **Begirded, begirt** *p. p.* **Begirt.** કમર બાંધવી; કમરે પટો બાંધવો. To bind with a band. 2. વીંટી લેવું; ઘેરો ઘાલવો. To encompass; to surround; to encircle. [away; go away.

Begone (બીગૉન્), *int.* દૂરથા ! નીકળ ! Get-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Be-grease (બી-ગ્રીઝ્), *vt.* ચરબી લેગાડવી; તેલ ચોપડવું. To cover over with fat; to apply any oily substance.

Be-grime (બી-ગ્રાઇમ્), *vt.* કાદવ ચોપડવો; ખરડવું; લેપ કરવો. To soil deeply.

Beguile (બી-ગાઇલ્), *vt. pr. p.* **Beguiling**. *imp.* & *p. p.* **Beguiled**. છેતરવું; નજર ચૂકાવવી; ભૂલમાં નાંખવું. To deceive; to cheat. 2. (આનંદમાં) પસાર કરવું;ગાળવું. To amuse;to divert.

Be-guile-ment (બી-ગાઇલ્-મેન્ટ્), *n.* ભૂલથાપ; છેતરપીંડી; નિર્ગમન. Deceit; diversion.

Be-guiler (બી-ગાઇલર્), *n.* છેતરનાર; છેતરપીંડી કરનાર. One that beguiles.

Be-half (બી-હાફ્), *n.* લાભ; હિત; ફાયદો. A gain; a profit; an advantage.

Behave (બી-હેવ્), *vi. pr. p.* **Behaving**. *imp* & *p. p.* **Behaved**. વર્તવું; ચાલવું; રહેવું; આચરણમાં હોવું-કરવું. To conduct; to work.

Behaviour (બી-હેવિઅર્), *n.* વર્તન; ચાલચલગત; આચરણ; વર્તણુક. Conduct; general course of life; treatment (shown to others).

Behead (બી-હેડ્), *vt. pr. p.* **Beheading**. *imp.* & *p. p.* **Beheaded**. ગરદન મારવું; શિરચ્છેદ કરવો;માથું કાપી નાંખવું. To cut off the head.

Beheading (બી-હેડિંગ્), *n.* શિરચ્છેદ; શિરચ્છેદન કરવું તે. An act of cutting off the head.

Behest (બી-હેસ્ટ્), *n.* હુકમ; ફરમાન; આજ્ઞા. A command; an injunction; an order.

Behind (બી-હાઇન્ડ્), *ad.* પાછળ થવું;પાછું. Backward; coming after. *prep.* પાછળ;પછવાડે; પુંઠે. Remaining on the back;coming on the back.

Behold (બી-હોલ્ડ્), *vt. vi. pr. p.* **Beholding**. *imp.* & *p. p.* **Beheld**. ધારી ધારીને જોવું; નિહાળવું; બારીકાઇથી તપાસવું. To look attentively; to see minutely.

Beholden (બી-હોલ્ડન્), *a.* આભારી; ઉપકારી; ઉપકારવશ. Indebted;bound in thankfulness.

Behoof (બી-હ્યૂફ્), *n.* નફો; ફાયદો. A profit; a benefit. 2. સગવડતા; અર્થ. Convenience.

Behove (બી-હોવ્), *vt. pr. p.* **Behoving**. *imp.* & *p. p.* **Behoved**. ઘટવું; લાજમ હોવું; લાયક હોવું. To be fit or right. 2. જરૂરીઆતનું હોવું; અગત્યનું હોવું. To be necessary for.

Being (બી-ઇન્ગ્), *n.* અસ્તિત્વ;હયાતી. Existence. 2. પ્રાણી; જીવવાળી વસ્તુ; મનુષ્ય. Any person or thing existing. 3. ચીજ;પદાર્થ. A substance. *a.* હયાત; વિદ્યમાન. Existing; present.

Be-jewel (બી-જ્યૂ-એલ્), *vt.* રત્નો,જિંથી શણગારવું-શોભાયમાન કરવું. To decorate with jewels.

Be-labour (બી-લેબર્), *vt. pr. p.* **Belabouring**. *imp.* & *p. p.* **Belaboured**. સારીપેઠે ઠોકવું; માર મારવો;ઝુડવું. To beat soundly.

Be-lay (બી-લે), *vt. prep. p.* **Belaying**. *imp.* & *p. p.* **Belaid**. હુમલો કરવો; તૂટી પડવું. To assault. 2. શણગારવું. To lay ornament on anything.

Belch (બેલ્ચ્), *n.* ઓડકાર-હોડકાર. Eructation. *vi.* ઓડકાર ખાવો; હોઇઆં કરવા. To let out wind from the stomach by opening the mouth.

Belated (બી-લેટેડ્), *a.* પાછળ રહી ગયેલું; મોડું થયેલું. Made too late. 2. રાત પડી ગયેલી;અંધારૂં થયેલું. Benighted; darkened.

Beldam,Beldame (બેલ્ડૅમ્,બેલ્ડેમ્), *n.* ડોશી; કુબ્જા; ડાકણ. An old woman; a hag.

Board (બોર્ડ્), *n.* પાટિયું; ચીપ; તકતો. A thin strip of timber; a wooden plank. **2.** જમણ; ભોજન. Food; dinner. **3.** પંચ; મંડળ; મંડળી. A committee; a body of councillors. **4.** જાડો કાગળ; જાડું પુંઠું. Thick and stiff paper (esp. used in binding books). **5.** વહાણનું સુકાન; તુતક. The deck of a ship. **6.** (*pl.*) રંગભૂમિ. The stage in a theatre. *vt.* પાટિયાં જડવા. To cover with planks. **2.** પૈસા લઇને ભોજન, વિ. પુરૂં પાડવું. To furnish with foods on payment. **3.** વહાણ ઉપર જવું–બેસવું–ચઢવું. To enter a ship. *vi* પૈસા આપીને ખોરાક મેળવવો–લેવો. To have meals on payment. **Above-board,** છડેચોક; ખુલ્લે ખુલ્લું. **To go by the board,** નાશ પામવું; અતિશય ખોટમાં આવી પડવું. **To sweep the boards,** ગંજીપત્તાના પાનાં ફેંકી દેવા.

Boarder (બોર્ડર્), *n.* પૈસા આપીને જમનાર નિશા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ળિયો અથવા વિદ્યાર્થી; વહાણ ઉપર જનાર. One who receives food; one who boards a ship.

Boarish (બોરિશ), *a.* નિર્દય; ક્રૂર; ઘાતકી. Cruel; brutal.

Boast (બોસ્ટ), *n.* ફિસિયારી; બડાઇ; પતરાજ; ગર્વ; શોર. An expression of pride; a brag. *vt. vi.* શેખી કરવી; બડાઇ મારવી; હુંપદ કરવી; અભિમાન કરવો. To brag; to exalt one's self.

Boaster (બોસ્ટર), *n.* ફુલણજી; પતરાજીખોર; બડાઇ મારનાર; શેખીખોર. A braggart.

Boasting (બોસ્ટિંગ), *n.* ડોળ; આડંબર; ડંફાસ. Vaunting; a vain display.

Boastful (બોસ્ટ-ફુલ), *a.* મોટી મોટી વાતો કરનાર; પતરાજી કરનાર; બડાઇખોર; અભિમાની. Given to brag; prone to brag.

Boastfully (બોસ્ટ-ફુલિ), *ad.* બડાઈપૂર્વક; અભિમાનપૂર્વક; ગર્વથી. In a way of showing empty pride.

Boat (બોટ), *n.* હોડી; મછવો; પનઇ; ફતેમારી. A small open vessel; a small ship. **In the same boat,** એકજ સ્થિતિમાં-અવસ્થામાં. **To have an oar in another's boat,** પારકી પંચાત કરવી; બીજાની વસ્તમાં ડાહ્યા થવું. *vt. vi.* હોડીમાં બેસીને જવું; હોડીમાં મુસાફરી કરવી; હોડીમાં માલ ભરવો. To go in a boat; to transport in a boat.

Boating (બોટિંગ), *n.* હોડી હંકારવાનું કામ; મછવાને હાંકતા શિખવો તે. The practice of sailing in boats.

Boatman (બોટ્મૅન), *n.* હોડીવાળો; ખલાસી; ખારવો. A sailor; a rower.

Boatswain (બોટ્સ્વેન), *n.* વહાણનો મુખ્ય ટંડેલ; સરંગ. A petty officer, in charge of a vessel.

Bob (બૉબ), *n.* લોલક; ફુમતું. Anything, that moves with a short motion. **2.** આંચકો; ઝોકો. A slight jerk. **3.** વાળનો નાનો અંબોડો. A small knot of hair. **2.** લોલકનો ગોળ ભાગ. The bob of a pendulum. *vi.* ધીમેથી માથું હલાવવું. To move one's head gently. **2.** ઠોસો મારવો; પ્રહાર કરવો. To strike with a blow.

Bobbin (બૉબ-બિન), *n.* સુતર વિંટાળવાની ફિરકી; 'બૉબિન'; કાટલું. A small piece of wood, on which thread is wound.

Bob, bobby (બૉબ, બૉબિ), *n.* પોલીસનું મશ્કરીનું નામ; કાળી ડગલીવાળો. A familiar name for a policeman.

Bobtail (બૉબ-ટેલ), *n.* ટુંકી પુંછડીવાળું પ્રાણી. An animal with a short tail.

Bode (બોડ), *vt. vi. pr. p.* **Boding.** *imp.* & *p. p.* **Boded.** અગમચેતી કરવી; ભવિષ્ય કહેવું-જણાવવું; અગાઉથી સૂચવવું; ભવિષ્ય ભાખવું. To prophesy; to foretell; to foreshow.

Bode-ful (બોડ્-ફુલ), *a.* અશુભસૂચક; અમાંગળિક; અકલ્યાણકર. Ominous; portendous.

Bode-ment (બોડ્-મેન્ટ), *n.* શુકન; ભાવી ચિન્હ. An omen; a presage.

Boding (બોડિંગ), *a.* અગાઉથી સૂચના આપતું; સૂચક. Foreshowing; forewarning.

Bodice (બૉ-ડિસ), *n.* ચોળી; સ્ત્રીઓનો કબજો; કાંચળી; કંચુકી. Close fitting dress of woman reaching upto waist.

Bodiless (બૉડિલેસ), *a.* નિરાકાર; અમૂર્તિમાન; અદેહી. Incorporeal; having no body or shape.

Bodily (બૉડિલિ), *a.* દેહવાળું; દૈહિક; દેહ સંબંધી; શારીરિક; કાયાનું. Pertaining to body; corporeal; relating to body. *ad.* તમામ; પૂરેપુરી રીતે; સંપૂર્ણ રીતે. Entirely; as a whole.

Bod-kin (બૉડ્-કિન), *n.* કાણાં પાડવાની મોટી સોય. A large blunt needle. **2.** વાળમાં ભરીવવાની સોય. Needles used for dressing the hair. **3.** નાનું ખંજર. A small dagger.

Body (બૉડિ), *n. pl.* **Bodies** શરીર; દેહ; વપુ; કલેવર; પંચ મહાભૂતનું પુતળું. Man or any animal alive or dead. **2.** માણસ; જણ; આદમી. A person; an individual. **3.** પંચ; મંડળ; ટુકડી; સભા. A corporation; an association. **4.** પદાર્થ; વસ્તુ. A matter. **5.** ખોખું; આકૃતિ. A skeleton. **6.** કોઇપણ વસ્તુનો મધ્ય અથવા મુખ્ય ભાગ. A main or middle part of anything.

Boer (બો-ર), *n.* દક્ષિણ આફ્રિકામાં જઈ વસેલો હિંદી અથવા ડચ. An Indian or a Dutch, inhabited in South-Africa.

Bog (બૉગ), *n.* પોચી ઘાસવાળી જમીન; કલાણ. A marsh; a quagmire. *vt.* ડુબી જવું;-માં ઉતરી પડવું. To sink; to whelm in mud.

Boggy (બૉગ-ગિ), *a.* પોચું; ઘાસવાળું. Swampy; full of bog.

Boggle (બૉગ-ગ્લ), *vi.* ભયથી પગ પાછા પડવા; આંચકો ખાવો; વિચારમાં પડવું; ગુંચવાઇ જવું. To start with fear; to hesitate.

Bogie (બોગી), *a.* રેલ્વે ગાડીમાં જોડવાનો ચાર પૈડાવાળો ડબો. An under-carriage pivoted below end of locomotive.

Bogus (બોગસ), *a.* બનાવટી; કૃત્રિમ; ખોટું; જુઠું. Spurious; counterfeit; sham; untrue.

Bogy, Bogey (બૉગિ), *n.* ભૂત; હાઉ; પિશાચ. A goblin; a bugbear.

Boil (બૉઇલ), *vt. pr. p.* **Boiling.** *imp.* & *p. p.* **Boiled.** ઉકાળવું; ખદબદાવવું; રાંધવું; બાફવું. To heat excessively; to cook. *vi.* ઉકળવું; ખદબદવું; વરાળ નીકળવી. To be excessively hot. **2.** (*fig.*) ગુસ્સે થવું; ઉકળી જવું. To be excited. *n.* તાપોડિયું; ગુમડું; ગાંઠ. A hard in-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

flamed tumour.

Boiler (બૉઇલર્), *n.* દેગ; ચરૂ; પાણી ગરમ કરવાનું વાસણ; 'બોઈલર્'. A vessel, in which any liquid is heated.

Boisterous (બૉઇસ્ટરસ્), *a.* શોરબકોર ભરેલું; તોફાની; પ્રચંડ. Violent; turbulent; noisy. **2.** સુસવાટ કરે તેવું (પવન); ગર્જના કરતો. Roaring; rough. **3.** મજબૂત; ઘણુંજ જોરાવર; કઠણ. Excessive; extremely powerful or forcible.

Bold (બોલ્ડ્), *a.* બહાદૂર; હિંમતવાન; શૂરો; સાહસિક; છાતીકઠો. Brave; daring; courageous.

Bole (બોલ્), *n.* ઝાડનું થડીયું; ઝાડનું થડ. A trunk of a tree; a stem.

Boldness (બોલ્ડ્નેસ), *n.* બહાદૂરી; હિંમત; શૂરવીરતા; નિર્ભયતા. Bravery; courage; valiancy.

Bolshevik (બૉલ્-શીવિક્), *n.* બળવામાં ભાગ લેનાર; બંડ જગાડનાર; રાજ્યક્રાન્તિ ઇચ્છનાર; 'સોવીએટ' પક્ષનો હિમાયત કરનાર. Any revolutionary; an advocate of republic in Russia by Soviets.

Bolster (બોલ્સ્ટર્), *n.* માથું અઢેલવાની ગાદી; તકીઓ; જાડું ઓસીકું. A pillow; a pad. *vt. vi.* ખુરસી ઉપર તકીઓ મૂકવો;-આસન મૂકવું. To support with a pad or pillow.

Bolstering (બોલ્સ્ટરિંગ્), *n.* આધાર આપવો તે; ટેકો દેવો તે; ટેકો; ઓથ; આસરો. An act of supporting; a propping.

Bolt (બોલ્ટ્) *vt. vi.* ભુંગળ દેવી-ભરાવવી; સાંકળ વાસવી. To fasten with a bolt. **2.** રોકવું; કબજે કરવું; ગોંધવું. To restrain; to curb. **3.** ફેંકવું; ઝડપથી નાંખવું. To throw off; to dart. *ad.* એકદમ; અચાનક. Suddenly; at once. *n.* ભુંગળ; સાંકળ; મોટો ખીલો; મોટો સ્ક્રુ. A bar used to fasten a door. **2.** તીર; બાણ. An arrow. **3.** વિજળીનો ચમકારો. A thunderbolt.

Bolter (બોલ્ટર્), *vi.* ઝડપથી નીકળવું; ત્વરાથી પસાર થઈ જવું. To sift; to pass quickly. *n.* ચાલણી; ચાયણી. A sieve.

Bolus (બોલસ), *n.* દવાની મોટી ગોળી. A large pill. **2.** વિંટલો. A rounded mass of anything.

Bomb (બૉમ્) *n.* છરાનો ગોળો; ગરભછાંટ; દારૂ ભરીને બનાવેલો મોટો ગોળો. A case filled with gunpowder.

Bombard (બૉમ્બાર્ડ્), *vt pr. p.* **Bambarding.** *imp. & p. p.* **Bombarded.** તોપના ગોળાનો મારો ચલાવવો. To batter with shells. **2.** (*Fig.*) ગાળોનો મારો ચલાવવો; ગાલીપ્રદાન કરવું. To assail with abusive language.

Bombardier (બૉમ્-બાર્ડીર્), *n.* ગોલંદાજ; તોપથી મારો ચલાવનાર લશ્કરી અમલદાર. The lowest non-commissioned officer in the British regiment below a sergeant.

Bombardment (બૉમ્બાર્ડ્-મેન્ટ્), *n.* તોપનો મારો ચલાવવો તે; છરાના ગોળાથી ઉડાડી મૂકવું તે. An act of assailing with bombs.

Bombast (બૉમ્બૅસ્ટ્), *n.* ખાલી ભભકાદાર ભાષણ. High-sounded language. **2.** રૂ, ઉન, વિ૦ ના જેવો પોચો પદાર્થ. Soft substance like cotton, wool, etc.

Bombastic (બૉમ્બૅસ્ટિક્), *a.* ભભકાદાર પણ અર્થ રહિત; ઉપરથી આંજી નાખે તેવું. High-sounded; inflated.

Bond (બૉન્ડ્), *n.* બંધન; બંધ. Mutual contract. **2.** દસ્તાવેજ; કોલકરારથી થયેલું લખાણ; ખત. A document; a legal agreement. *vt.* દસ્તાવેજ લખવો; ખત લખવું; જામીન થવું. To write a document; to be a security for.

Bondage (બૉન્ડેજ્), *n.* બંધન; કેદ; ગુલામગીરી; ગુલામી. Involuntary slavery; captivity.

Bond-maid (બૉન્ડ્-મેડ્), *n.* દાસી; ચાકરડી; ગુલામડી. A female servant, who works in the house without wages.

Bondsman (બૉન્ડ્ઝ્-મૅન્), *n;* નોકર;ગુલામ;દાસ. A slave, serving without wages.

Bone (બોન્), *n.* હાડકું; અસ્થી; હાડ. Any separate part of a skeleton. *vt. vi.* હાડકાં કહાડી નાંખવાં. To rid bones from flesh.

Bonfire (બૉન્-ફાયર્), *n.* ખુશાલીનો સળગાવેલો આતસ-અગ્નિ; હોળી; ભડકો. An open air fire made to celebrate some event, or occasion.

Bonnet (બૉનેટ્), *n.* સ્ત્રીઓને પહેરવાની ટોપી;-માથાનો પોશાક. A head covering for females. **2.** સ્કોટ લોકોના પહેરવેશની ટોપી. A head-covering of the Scotch.

Bonny (બૉન્-નિ), *a.* સુંદર; રૂપાળું; આનંદી;ખુશમિજાજી. Handsome; gay; cheerful; comely.

Bonus (બોનસ્), *n.* બક્ષીસ; સુખડી; ઇનામ; વ્યાજ ઉપરાંત ભાગીદારોને અપાતી રકમ; 'બોનસ.' An extra gratuity paid to workmen; an extra dividend given to shareholders.

Bony (બોનિ), *a.* હાડકાંવાળું; હાડકાનું; હાડકાનું બનાવેલું. Containing bones; of or pertaining to bones.

Booby (બૂબિ), *n.* જડ આદમી; મૂર્ખ માણસ; ઉંડી સમજણ વિનાનો પુરૂષ. A stupid fellow; a dunce; a senseless person. *a.* મૂર્ખ; જડ; મંદ બુદ્ધિવાળો. Stupid; senseless.

Book (બૂક્), *n.* ચોપડી; પુસ્તક; પોથી; કિતાબ. A literary work; a collection of records, writings, etc. **A book of fate,** પ્રારબ્ધ; નશીબ. *vt. pr. p.* **Booking.** *imp. & p. p.* **Booked.** વહાણ અથવા ગાડીએ જનારનું નામ નોંધવું; ટીકિટ કઢાવવી; ચોપડીમાં નોંધવું; લખવું. To write in a book. **Book-account,** *n.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડાનો હિસાબ. **Book-binder,** *n.* પુસ્તકો બાંધવાનું કામ કરનાર; ચોપડીઓ બાંધનાર. **Book-binding,** *n.* પુસ્તકો બાંધવાનું કામ. **Book-case,** *n.* ચોપડીઓ મુકવાની છાજલી અથવા અભરાઇ. **Booking-office,** *n.* ટીકિટ લેવાની જગ્યા (રેલ્વેમાં). **Book-keeper,** *n.* હિસાબી કામ જાણનાર મહેતો; કારકુન. **Book-mate,** *n.* નિશાળમાં સાથે ભણનાર-ગોઠીઓ. **Book-stall,** *n.* પુસ્તકો વેચવાની નાની દુકાન (ખાસ કરીને સ્ટેશનો ઉપરની). **Book-worm,** *n.* ચોપડીનાં પાનાં ખાઇ જનાર ઉધઈ. (*fig.*) ચોપડીયું જ્ઞાન ધરાવનાર પંડિત. **To bring to book,** હિસાબમાં નોંધવું. **To take a leaf out of another's book,** બીજાનો દાખલો લેવો-અનુસરવો.

Boom (બૂમ્), *vi.* ગર્જના કરવી; મોટેથી બોલવું; ઘુઘવાટ કરવો. To make a hollow sound; to roar. **2.** (*com.*) કોઈપણ ચીજના ભાવ વધારવા; ભાવમાં તેજી કરવી. To push the market price of anything. *n.* સમુદ્રનો ઘુઘવાટ; ગર્જના. A roaring hollow sound of a sea. *n.* ચીજોના ભાવ વધારવા તે; તેજી. A sudden activity in the market.

Booming (બૂમિન્ગ્), *n.* ઘુઘવાટ; ગર્જના. A violent roar; a roaring sound. *a.* ગર્જના કરતું; ઘુઘવતું. Roaring; resounding.

Boon (બૂન્), *n.* વરદાન; બક્ષિસ; દાન; વચન; ઇનામ. A request; a gift; a reward. *a.* દયાભાવવાળું; ઉદાર. Bounteous; liberal. **2.** આનંદી; ખુશમિજાજી. Gay; joyful.

Boor (બૂર્), *n.* ગામડિયો; અણસમજુ માણસ; ગમાર; રોંચો. A clown; a rustic. **2.** તોછડોમાણસ; અસભ્ય આદમી. An ill-mannered person.

Boorish (બૂરિશ્), *a.* બેવકૂફ; અણસમજુ; રીતભાત વિનાનો; જંગલી. Senseless; unmannerly; rude.

Boot (બૂટ્), *n.* નફો; લાભ; ફાયદો. A profit; a gain; an advantage. **2.** ઘુંટી સૂધી આવે તેવા જોડા. A cover of leather upto leg. *vt. vi.* જોડા પહેરવા. To put on shoes. **2.** નફો હોવો; લાભ થવો. To gain; to profit.

Booth (બૂથ્), *n.* છાપરૂં; પર્ણશાળા; મંડપ; પાલ; મેળામાં અથવા બજારમાં થોડા સમય સૂધી બાંધેલો મંડપ. A hut; a stall at a fair or market.

Boot-less (બૂટ્-લેસ્), *a.* મિથ્યા; ફોગટ; નિરર્થક; વ્યર્થ. Useless; unavailing; without any gain or profit.

Booty (બૂટિ), *n.* લુંટફાટ; જોરજુલ્મથી બીજા પાસેથી પડાવેલ માલ. Plunder.

Booze (બૂઝ્), *vi.* ખૂબ દારૂ પીવો; અતિશય છાકટા બનવું. To drink in excess; to tipple; to be intoxicated.

Bo-peep (બો-પીપ્), *n.* સંતાકુકડીની રમત. A kind of Indian game.

Borax (બોરૅક્સ્), *n.* ટંકણખાર; ખડીઓખાર. salt used in soldering.

Border (બોર્ડર્), *n.* હદ; સરહદ; સીમા; સીમાડો. A boundary of a country. **2.** છેડો; કીનારો; ઝુલ; કાંઠો; કીનાર; કોર. The edge or margin of anything. **3.** ફુલની પાળી; નાનો તકતો. A flower-bed in a garden. *vt.* મગજી મુકવી; કોર મુકવી. To adorn with a border. *vi.* હદ પર હોવું; સરહદ અથવા સીમા ઉપર હોવું. To be on the boundary of; to be adjacent.

Borderer (બોર્ડરર), *n.* બે સીમની વચ્ચે વસનાર; સરહદપરનો વતની. A dweller on the bordering places or towns.

Bore (બોર્), *vt. pr. p.* **Boring.** *imp.* & *p. p.* **Bored.** કાણું પાડવું; વિંધવું; સાર પાડવો; વ્હે પાડવો. To make holes with a revolving tools. *n.* કાણું; છિદ્ર; વ્હે. Cavity (of a gun); a hole.

Borer (બોરર્), *n.* સારડી; વિંધ-કાણાં પાડવાનું હથિયાર. An instrument used in boring.

Boreas (બોરી-ઍસ્), *n.* ઉત્તર તરફનો પવન; ઉતરાદો પવન. The north-wind.

Boring (બોરિંગ્), *n.* વિંધવું તે; સાર; વ્હે. An act of making a bore or a hole; a hole made by boring.

Born (બૉર્ન્), *p. p.* of **Bear,** to give birth to. જન્મેલું; અવતરેલું; ઉત્પન્ન થયેલું. Brought to life. [લઇ ગયેલું. Carried.

Borne (બોર્ન્), *p. p.* of **Bear,** to carry.

Borough (બરો), *n.* સનંદી ગામ; પાર્લમેન્ટમાં મેમ્બર મોકલવાને હક ધરાવનાર ગામ. A town with municipal corporation; a town sending a representative in parliament.

Borrow (બૉરો), *vt. pr. p.* **Borrowing.** *imp.* & *p. p.* **Borrowed.** ઉછીનું લેવું; કરજ કરીને લેવું; વ્યાજે લેવું; વિશ્વાસે લેવું. To obtain on loan or trust; to receive on credit. **2.** બીજાના લખેલા પુસ્તકમાંથી ઉતારો કરવો; સ્વીકારવું. To copy from another's book; to adopt.

Borrower (બૉરોઅર્), *n* ઉછીનું લેનાર; કરજ કરીને લેનાર; વ્યાજે લેનાર. One receiving on loan, trust or interest.

Bosh (બૉશ્), *n.* મૂર્ખાઇ; ખોટી વાત; દમદમાટ. Foolish talk; nonsense; a vain talk. *vt.* મૂર્ખ બનાવવો; મજાક કરવી; ઉપહાસ કરવું; ખીજવવું; ચીડવવું. To make a fool of; to tease.

Bosom (બૂઝમ્), *n.* છાતી; ઉર; વક્ષસ્થળ. The breast of a human being. **2.** અંતઃકરણ; હૃદય. The heart. *a.* દિલોજાન; વફાદાર; અતિ પ્રેમાળ. Hearty; sincere.

Boss (બૉસ્), *n.* નકશી; બુટ્ટો. A knob; an embroidered flower or any figure.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Botanical (બોટૅનિકૅલ્), *a.* વનસ્પતિને લગતું; વનસ્પતિશાસ્ત્રને લગતું. Pertaining to the study of botany.

Botanist (બૉટૅનિસ્ટ્), *n.* વનસ્પતિ વિદ્યામાં પ્રવીણ; વનસ્પતિવેત્તા. One well-versed in the science of botany.

Botanize (બૉટૅનાઇઝ્), *vt.* વનસ્પતિનો અભ્યાસ કરવો; વનસ્પતિશાસ્ત્રમાં પારંગત થવું. To study the plants, etc.

Botany (બૉટૅનિ), *n* વનસ્પતિ વિદ્યા; ઉદ્ભિજ વિદ્યા. Science of plants.

Botch (બૉચ), *n.* ફોલ્લો. A swelling on the skin. **2.** બેડોળ થીગડું. A clumsy patch. *vt.* બેડોળ કરવું; થીગડું મારવું. To patch in a clumsy way.

Both (બોથ્), *a. pro.* બન્ને; બેઉ; બે. Two; the one and the other. *conj.* જેમ તેમ; જેમ. As well as; on one side.

Bother (બૉધર્), *vt.* કંટાળો ઉપજાવવો; ત્રાસ આપવો; માથાકૂટ કરવી; રકઝક કરવી; કાયર કરવું. To tease; to perplex; to give trouble. *n.* માથાફોડ; કંટાળો; ત્રાસ. Troublesomeness; thing that troubles.

Botheration (બૉધરેશન્), *n.* માથાફોડ; પીડા; ઉપાધી. Trouble; worries; annoyance.

Bothersome (બૉધર્-સમ્), *a.* કંટાળો ઉપજાવે તેવું; ત્રાસદાયક; માથાફોડિયું. Vexatious; troublesome.

Bottle (બૉટ્લ્), *n.* શીશી; બોટલી; શીશો. A narrow-necked vessel usually of glass. *vt.* શીશીમાં ભરવું; શીશીમાં ભરીને દાટો મારવો. To store in a bottle; to pack in a bottle.

Bottom (બૉટમ્), *n.* તળિયું; નીચેનો ભાગ; તળેટી; આધાર. The lowest part of anything; the base; that on which anything is founded. **2.** પાયો; મૂળ; શરૂઆતનું અથવા પ્રથમનું કારણ. The foundation; an origin; the first. *vt.* સ્થાપવું;—ના આધારે ટકવું—રહેવું. To found; to rest upon. **To be at the bottom of,** નું મૂળ કારણ હોવું. **To stand on one's own bottom,** સ્વતંત્ર બનવું—થવું.

Bottomless (બૉટમ્-લેસ્), *a.* અગાધ; અમાપ. Fathomless; very deep.

Bottomry (બૉટ્-ટમ્-રિ), *n.* વહાણ ગીરો મુકી કરજે નાણાં લાવવા તે. Borrowing of money on security of a ship.

Boudvoir (બૂડ્વોર્), *n.* નાનું ઘર; ખાનગી ઓરડો. A small private room; a lady's private room.

Bough (બાઉ), *n.* ડાળી; ઝાડની શાખા; ડાળ. A large branch of a tree **2.** ફાંસી. Gallows

Boulder (બોલ્ડર્), *n.* પાણીમાં ઘસાઇ જઇને ગોળ થયેલો પથરો—પત્થર. A large water-worn stone. **2.** જુદો પડી ગયેલો ખડક. A detached rock.

Bounce (બાઉન્સ્), *vi.* છલંગ મારવી; કુદકો ભરવો; કૂદવું. To jump suddenly; to spring. *n.* છલંગ; કુદકો. A jump; a spring.

Bound (બાઉન્ડ્), *n.* હદ; મર્યાદા; છેડો; અંત. A boundary line; a limit; an encircling boundary. **2.** કુદકો; ઠેકડો. A spring; a jump. *vt. vi.* સીમા બાંધવી; કુદવું; ઉછળવું. To form a limit of; to spring.

Boundary (બાઉન્ડરિ), *n. pl.* **Boundaries.** હદ; મર્યાદા; છેડો. A limit; a line dividing country or estate; border; termination.

Bounden (બાઉન્ડન્), *a* જરૂરી; અગત્યનું. [Obligatory; binding.

Boundless (બાઉન્ડ્લેસ્), *a.* અમાપ; અગાધ; બેસુમાર; બેહદ. Unlimited.

Bounteous (બાઉન્ટીઅસ્), *a.* ઉદાર; સખી; મોટા મનનું; દિલાવર હૃદયનું. Liberal minded; generous.

Bountiful (બાઉન્ટિફુલ્), *a.* Same as **Bounteous.**

Bounty (બાઉન્ટિ), *n.* ઉદારતા; સખાવત; દાનશીલતા; દાનશૌર્ય. Generosity; liberality; the gift bestowed.

Bouquet (બુકે), *n.* ફુલનો ગોટો; કલગી. A nosegay. **2.** ખુશબો; સુવાસ. A fine fragrance or perfume.

Bourn (બોર્ન્), *n.* સીમા; હદ; નાની નદી; ન્હાનું વહેળીયું. A boundary; a limit; a rivulet.

Bout (બાઉટ્), *n.* ખેપ; ફેરો. A turn; a round. **2.** લઢવાની શરત; લડાઇ; ઝપાઝપી. A fencing. **3.** અજમાયેશ; પ્રયત્ન. An attempt.

Bovine (બોવાઇન્), *a.* બળદનું; ગાયને લગતું; ગાયનું. Pertaining to an ox or a cow.

Bow (બો), *n.* કામઠું; ધનુષ્ય; ચાપ. A weapon for shooting arrows.

Bow (બાઉ), *n.* નમન; નમસ્કાર; પ્રણામ. Salutation; an act of bending the body as a sign of respect. *vt.* પ્રણામ કરવા; નમન કરવું; આધીન થવું. To salute; to submit.

Bowman (બોમૅન્), *n.* ધનુર્ધારી; ધનુર્ધર. An archer; one well-acquainted with archery.

Bowels (બાઉએલ્સ્), *n.* આંતરડાં; કૃપા; દયા; રહેમ. Entrails; feelings of mercy.

Bower (બાઉ-અર્), *n.* કુંજ; લતા; મંડપ; માંડવો. A shelter-place in a garden; an arbour. **2.** ઝુંપડી; પર્ણકુટી. A hut; a small cottage.

Bowery (બાઉઅરિ), *a.* છાંયાદાર; છાંયડાવાળું. Shady.

Bowie-knife (બોઇ-નાઇફ્), *n.* ખંજર; કટાર. A dagger; a knife with a blade twelve inches long.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Bowl (બોલ), *n.* પ્યાલો; કટોરો; વાડકો. A drinking cup. 2. નાનો દડો. A small ball. *vt. vi.* ગબડાવવું; નાંખવું; ફેંકવું. To play at balls; to throw; to roll.

Bowler (બોલર), *n.* ક્રિકેટની રમતમાં દડો ફેંકનાર; 'બોલર'. One who throws ball; a person, skilful in bowling.

Bowshot (બો-શૉટ), *n.* બાણપથ; શરપથ. A place within the reach of a bow.

Box (બૉક્સ), *n. pl.* **Boxes.** પેટી; પટારો; દાબડો; ડબ્બો. A case of any size used for any material. 2. ગડદો; પાટુ. A blow with a fist. 3. ઓરચેસ્ટ્રાથી ઉપરનો વર્ગ. A seat of high rank in a theatre. *vt.* પેટીમાં મૂકવું; પેટી બંધ કરવી. To put into a box. 2. ગડદો મારવો; મુક્કો મારવો. To strike with a blow.

Boxing (બૉક્સ-સિંગ્), *n.* મુક્કામુક્કી; ઠોંસાઠોંસી. Fighting with fists; a combat with fists.

Boy (બૉય્), *n.* છોકરો; પુત્ર; દીકરો. A male issue; a lad. 2. નોકર; ચાકર. A servant (of young age.)

Boy-hood (બૉય્-હુડ્), *n.* બચપણ; બાલ્યાવસ્થા. The state of being a child; infancy.

Boyish (બૉયિશ્); *a.* છોકરવાદ; બાળકબુદ્ધિનું; નાદાન. Childish; puerile.

Boyishness (બૉયિશ-નેસ્), *n.* છોકરવાદપણું; નાદાની; છોકરા જેવા સ્વભાવ, વર્તન, વિ૦. The manners as of a child; childishness.

Boycott (બૉય્-કૉટ), *vt.* સંબંધ બંધ રાખવો; પરસ્પરનો વ્યવહાર તજવો. To refuse social relation. *n.* વ્યવહાર છોડવો તે; સંબંધ દુર રાખવો તે. Refusal of social relation.

Brabble (બ્રૅબ્-બલ્), *vi.* ઘાંટાઘાંટ કરવી; બખાળો કરવો; ઘાંઘળ મચાવવું. To cry out noisily. *n.* ઘોંઘાટ; બખાળો. A noisy quarrel.

Brace (બ્રેસ્), *n.* બંધન; પાટો; પટો; દોરી. A bandage. 2. બખ્તર (ખાસ કરીને માથાનું). An armour for the head. 3. પકડ; ચાંપ. An instrument for holding any object fast. 4. ટેકો; ભાર. A support. *vt.* તાણવું; મજબૂત કરવું; ટેકાવવું; બાંધવું. To prop; to tighten; to hold firmly.

Bracelet (બ્રેસ્-લેટ), *n.* પોંચી; કંકણ; બંગડી. A wrist-ornament; a chain for arm.

Brach (બ્રૅક), *n.* શિકારી કુતરી. A bitch of the hound kind.

Bracket (બ્રૅકેટ), *n.* કૌંસ; વજન ટેકવી રાખવા દિવાલ અથવા સ્તંભમાંથી બહાર નીકળી આવતો ભાગ. A sign [ ] used in writing; a support to something fastened to a wall. *vt.* કૌંસમાં લખવું; લખાણમાં કૌંસ વાપરવો. To use a bracket in writing; to support by brackets.

Brackish (બ્રૅકિશ્), *a.* ખારૂં; ખારાશપર. Saltish; of the nature of sea-water.

Brad (બ્રૅડ્), *n.* નાનો ખીલો; ચુક. A small nail.

Brag (બ્રૅગ્), *vi. pr. p.* **Bragging.** *imp.* & *p. p.* **Bragged.** બડાઇ મારવી; ફુલાશ મારવી; પતરાજી કરવી; આત્મશ્લાઘા કરવી. To boast; to bluster. *n.* ફુલાશ; પતરાજી; શેખી. A boast. 2. એક પ્રકારની પત્તાની રમત. A game at cards.

Bragging (બ્રૅગ્-ગિંગ્), *n.* ફુલાશ; શેખી; આત્મશ્લાઘા. A boasting; vanity.

Braggart (બ્રૅગ્-ગાર્ટ), *n.* બડાઇખોર; પતરાજીખોર; અભિમાની આદમી. A vain person; a boaster. *a.* અહંકારી; ગર્વિષ્ઠ; દંભી. Boastful; vain.

Braggadocio (બ્રૅગડોશિઓ), *n.* બડાઇખોર; ફુલણજી; પતરાજીખોર. A boaster; a vain fellow.

Braid (બ્રેડ્), *vt.* ગુંથવું; વણવું. To form into a plaited cord; to interweave. *n.* ગુંથેલી દોરી; વણેલી દોરી; અંબોડો; ચોટલો; વેણી. A plaited cord; plaited tress of hair.

Brain (બ્રેન્), *n.* મગજ; બુદ્ધિ; અક્કલ; સમજશક્તિ. The seat of the intellect and sensation; the intellect. *vt.* મગજ ફોડી મારી નાંખવું; ભેજું ભાગવું; ઠાર કરવું. To dash against the brain; to destroy. **Brain fever,** *n.* મુંઝારો; સન્નિપાત. **Brain sick,** *a.* ગાંડો; મૂઢ. **Brain pan,** *n.* ખોપરી.

Brainy (બ્રેનિ), *a.* ચંચળ; ચાલાક; કુશાગ્રબુદ્ધિનું. Smart; active; intelligent.

Brake (બ્રેક), *n.* ગતિરોધક યંત્ર; 'બ્રેક'. A contrivance for stopping the motion. 2. ઝાડી; કાંટાની જાળ. A place for brambles; a thicket. *vt. vi.* ગતિરોધક યંત્ર અથવા બ્રેક લગાડવી. To apply a brake to.

Bramble (બ્રૅમ્બલ્), *n.* કાંટાળુ ઝાડ; કાંટાનું ઝાડ. Any rough prickly shrub.

Bran (બ્રૅન્), *n.* થુલું; ભુંસું; ફોતરાં. Husk separated from flour

Branch (બ્રૅન્ચ્), *n. pl.* **Branches.** ડાળી; ડાળ; શાખા. A limb of a tree; a shoot of a tree. 2. ફાંટો; ફણગો; શાખા; વંશ; અંગ; વિભાગ; ભાગ. A division; a part. *vi.* વિભાગ થવા; ભાગ પડવા; શાખા થવી. To divide (as, into branches); to split. 2. ફણગો ફુટવો-થવો. To have an off-shoot.

Branchy (બ્રૅન્ચિ), *a.* ઘટાવાળું; ડાળીઓવાળું; ફાલેલું; વિસ્તીર્ણ. Full of branches; with many branches.

Brand (બ્રૅન્ડ્), *n.* બળતું લાકડું. A burning piece of wood. 2. ડહામ; ડામ. A mark, made out by a hot iron. 3. કલંક; ડાઘ. A blot; a stigma. 4. ડામ દેવાનો સળિયો; ડામણ. A branding iron. 5 નિશાની. A mark (used

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

in trade). *vt.* ડા'મ દેવો; ડહામવું. To mark with a brand.

Brandish (બ્રૅન-ડિશ), *vt.* પટા ખેલવા; પટા રમવા; તરવાર ફેરવવી. To wave or flourish a sword.

Brand-new (બ્રૅન્ડ્-ન્યૂ), *a.* નવું; તદ્દન નવું; નવું નક્કોર. Quite new; totally new.

Brandy (બ્રૅન્ડિ), *n.* જલદ દારૂ; સુરા; બ્રાંડી. An ardent spirit distilled from wine.

Brasier (બ્રેઝ્હર્), *n.* See **Brazier**

Brass (બ્રાસ્), *n.* પીત્તળ; પીત્તળની ધાતુ. An alloy of zinc and copper. **2.** (*fig.*) ઉદ્ધતાઇ; આડાઇ. Impudence. *a.* પિત્તળનું; પિત્તળનું બનાવેલું. Made of brass; full of brass.

Brassy (બ્રાસિ), *a.* પિત્તળનું; પિત્તળ જેવું; પિત્તળના જેવા રંગવાળું. Of or pertaining to brass. **2.** (*fig.*) ઉદ્ધત; બેશરમ; નિર્દય; નિર્લજ્જ. Impudent; pitiless.

Brat (બ્રૅટ્), *n.* છોકરૂં; બાળક; નાનું બચ્ચું. A contemptuous word for a child.

Bravado (બ્રેવેડો), *n.* બડાઇ; શેખી; ફિશિયારી; પતરાજી. A display of bravery; a vain show of one's courage.

Brave (બ્રેવ્), *a.* બહાદુર; હિંમતવાન; શૂરો; શૌર્યવાન. Bold; enterprising. *vt.* હિંમત રાખી લડવું; મર્દાનગી દેખાડવી; હિંમત કરવી. To defy; to show valour. **2.** સાહસિક બનવું; સાહસ ખેડવું. To encounter; to risk.

Bravery (બ્રેવરિ), *n.* બહાદુરી; હિંમત; શૂરવીરતા; શૌર્ય. Courage; heroism; valour. **2.** સાહસ; પરાક્રમ. An enterprise; an exploit.

Bravo (બ્રેવો), *n.* ખુની; મારો. A hired assassin. *int.* વાહ! શાબાસ! ધન્ય છે! Well-done; excellent.

Brawl (બ્રૉલ્), *vi.* કજીઓ કરવો; ટંટો કરવો; ઘોંઘાટ મચાવવો; ધમકાવવું. To quarrel; to scold. *n.* કજીઓ; ટંટો. A quarrel; a tumult. **2.** એક જાતનો નાચ. A kind of old-fashioned dance.

Brawn (બ્રૉન્), *n.* માંસ; મજબૂત સ્નાયુઓ; સ્નાયુઓનું બળ; શારીરિક બળ. A muscle; a muscular thing.

Brawny (બ્રૉનિ), *a.* સ્નાયુઓવાળાં; શારીરિક બળવાળું. Pertaining to muscles.

Bray (બ્રે), *vi.* બરાડવું; ખોખરો અવાજ કાઢવો. To utter in the fashion of an ass; to utter in a hoarse manner. *vt.* ખાંડવું; કચરવું; જીર્ણ કરવું. To pound in mortar. *n.* ગધેડાનું ભુંકવું તે; ગધેડાનો અવાજ; ગધેડા જેવો અવાજ. A cry of an ass; a loud asinine utterance.

Braze (બ્રેઝ્), *vi.* રેણ દેવું-ચોંટાડવું; મઢવું. To solder with brass and zinc. **2** પિત્તળના જેવું રંગવું-કરવું. To colour like brass.

Brazen (બ્રેઝન્), *a.* પીત્તળનું; પીત્તળની બનાવટનું: Made of brass. **2.** (*fig.*) તોછડું; બેશરમું; ફાટેલ; ઉદ્ધત. Impudent; unruly.

Brazier (બ્રેઝ્હર્), *n.* સઘડી; શગડી; પીત્તળનું કામ કરનાર કંસારો. A pan with lighted charcoal; one who works in brass.

Breach (બ્રીચ્), *n.* ભંજન; ઉલ્લંઘન; બિગાડ. A fracture; violation. **2.** ચીરો; ફાટ; તીર. A gap; a fracture; a break; **3** ઉઝરડો; જખમ. A bruise; a slight injury. **4.** હુમલો; હલ્લો. An attack; an assault. *vt.* બાકોરૂં પાડવું; કાણું પાડવું. To make an opening or a hole.

Bread (બ્રેડ્), *n.* રોટલો; રોટલી. Food made of flour. **2.** ગુજરાન; ભરણપોષણ. Maintenance; livelihood. **Bread buttered on both sides,** અનુકૂળ સંયોગો; સારા પ્રસંગો. **To take the bread out of one's mouth,** ગુજરાનનું સાધન છીનવી લેવું; આજીવિકા વિનાનું કરવું.

Breadth (બ્રેડ્થ્), *n.* પહોળાઇ; પનો. Width; extent from side to side.

Breadth-wise (બ્રેડ્થ્-વાઇઝ્), *ad.* પહોળાઇમાં; પનામાં. In view of breadth.

Break (બ્રેક), *vt. vi. pr. p.* **Breaking.** *imp.* **Broke.** *p. p.* **Broken.** તોડવું; ભાંગવું; ફોડવું; કકડા કરવા. To shatter; to crush; to part by force. **2.** તૂટવું; ભાંગી જવું; કકડા થવા. To be shattered to pieces; to be crushed. **3.** ફાટવું (વાદળનું); નીકળવું; પીગળવું (બરફનું). To burst; to appear; to melt. **To break a promise,** વચનભંગ થવું. **To break a secret,** છાની વાત કહી દેવી-ખુલ્લી કરવી. **To break in the house,** ઘરમાં પેસવું (ચોરી કરવા). **To break one's habit,** ટેવ સુધારવી. **To break the ice,** શરમ છોડી વાત કરવી. **To break off,** તોડી નાંખવું. **To break up,** કકડા કરવા; ચીરવું. **To break silence,** મૌન તોડવું; વચ્ચે બોલવું. **To break loose,** બંધનમાંથી નાશી જવું. **To break over,** હદ મૂકવી; ઉભરાઇ જવું.

Break (બ્રેક), *n.* બાકું; ચીરો; ફાટ; ભગદાળું. An opening; a hole; a gap. **2.** અટકાવ; વિરામ. A stop; an interruption.

Breakage (બ્રેકેજ્), *n.* ભાંગવું તે; ભંગાણ. The action of breaking. **2.** ભાંગતૂટ. Things broken.

Breaker (બ્રેકર્), *n.* ફીણવાળું મોજું. A heavy wave breaking on coast. **2.** ખરાબો. A rock under water.

Break-fast (બ્રેક ફાસ્ટ), *n.* નાસ્તો; હાજરી; શીરામણ. First meal of day. *vt.* નાસ્તો કરાવવો; શીરામણ કરાવવું. To furnish with breakfast. *vi.* નાસ્તો કરવો; શીરામણ કરવું. To take breakfast.

Break-water (બ્રેક વૉટર્), *n.* પુસ્તો; બાંધ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડ; ડક્કો. A mould built to stop the force of waves.

Breast (બ્રેસ્ટ), *n.* છાતી; વક્ષસ્થળ; હૃદય. The milk-secreting organ in woman. **2.** છાતી; અંતઃકરણ; દિલ. The chest. **3.** સ્તન; ધાઇ; ડીંટડી. One of the two mammary glands in women. *vi.* સામા થવું; ટક્કર ઝીલવી. To oppose bravely; to struggle. **Breast-work,** છાતીસુધી ઉંચી દિવાલ; છાતીપૂર ભીંત. **Breast-bone,** છાતીનું હાડકું. **To make a clean breast of,** ગુન્હાઓની કબૂલાત કરવી.

Breast-plate (બ્રેસ્ટ-પ્લેટ), *n.* ચપરાશ; છાતીએ પહેરવાનું બખ્તર. Piece of armour for the breast.

Breath (બ્રેથ્), *n* શ્વાસ; દમ; વિસામો; જીવ; પ્રાણવાયુ. One respiration; life. **2.** પળ; ક્ષણ. A moment; an instant.

Breathe (બ્રીધ્), *vi. pr. p.* **Breathing.** *imp. & p. p.* **Breathed.** શ્વાસ લેવો; દમ લેવો; જીવવું; શ્વાસોશ્વાસ લેવો અને કહાડવો. To inhale and to exhale; to respire; to live; to exist.

Breathing (બ્રીધિંગ્), *n.* શ્વાસ; શ્વાસોશ્વાસ; દમ. Respiration. **2.** ઉચ્ચાર; ઉદ્ગાર. Utterance. **3.** શ્વાસ લેવાની જગ્યા,-બાકું. A hole or a vent.

Breathless (બ્રેથ્-લેસ્), *a.* મરેલું; જીવ વગરનું; નિર્જીવ; મૃત. Dead; lifeless; expired.

Breech (બ્રીચ્), *n.* ગાંડ; કુલા; ઢગરા. The buttocks. બંદુકનો પાછળનો ભાગ. The back end of a gun. **3.** સુરવાળ; ચોયણો. A kind of garment worn tightly before knees. *vt.* સુરવાળ પહેરાવવો; કુંદો બેસાડવો. To furnish with trousers.

Breeches (બ્રીચીઝ્), *n. pl.* ઇજાર; પાયજામો; સુરવાળ; ચોયણો. A garment worn by men on the lower limb of the body. **Breeches part,** નાટકમાં છોકરીએ લીધેલો છોકરાનો વેશ.

Breed (બ્રીડ્), *vt. pr. p.* **Breeding.** *imp. & p. p.* **Bred.** ઉછેરવું; તાલીમ આપવી; કેળવણી આપવી. To bring up; to train; to educate.

Breeding (બ્રીડિંગ્), *n.* કેળવણી; શિક્ષણ; તાલીમ. Nurture; training. **2.** સારી રીતભાત; વિનય; સુજનતા. Good manners. **3.** ગર્ભ ધારણ કરવો તે. An act of conceiving. **4.** ઓલાદ; વંશ; ખાનદાની Descent.

Breeze (બ્રીઝ્), *n. pl.* **Breezes.** પવનની લહેર; મંદવાયુ. A gentle gale; a light wind.

Breezy (બ્રીઝિ), *a.* મંદમંદ પવનની લહેરોવાળું; હવાવાળું; પવનરૂપ. Fanned with breezes.

Brethren (બ્રેધ્-રેન્), *n. pl.* બંધુવર્ગ; ભાંડું; જાતભાઈ. Fellow-men; relatives. **2.** એકજ ધર્મ પાળતા જુદાજુદા માણસો. Persons of the same religion or society.

Brevet (બ્રેવેટ્), *n.* સનંદ; પરવાનો (જેનાથી લશ્કરી અમલદાર એક કરતાં વધારે હોદ્દા ધરાવી શકે છે). A royal order, granting certain privileges or rights.

Breviary (બ્રીવિઍરિ), *n.* ટુંક હેવાલ; સંક્ષિપ્ત વર્ણન. A summary; a short narration. **2.** રોમન કેથોલિક લોકની પ્રાર્થના પોથી. A Prayer-book of the Roman Catholics.

Brevity (બ્રેવિટિ), *n.* ટુંકાપણું; સંક્ષેપ. Shortness; conciseness.

Brew (બ્રૂ), *vt. vi.* જવનો દારૂ બનાવવો. To prepare malt liquor. **2.** ઉકાળવું; બાફવું. To boil; to seethe. **3.** છૂપી મસલત કરવી; ઘાટ ઘડવો; કાવત્રું કરવું. To plot; to concoct.

Brewage (બ્રૂ-એજ્), *n.* જવનો દારૂ. A kind of malt liquor.

Brewery (બ્રૂઍરિ), *n.* જવનો દારૂ બનાવવાનું કારખાનું-જગ્યા. A place for brewing.

Bribe (બ્રાઇબ્), *n.* લાંચ; રૂશ્વત; લાંચ રૂશ્વત. Some thing given unduly against the rules of morality. *vt.* લાંચ આપવી; રૂશ્વત દેવી; 'પાન સોપારી' આપવા. To gain over by means of a bribe. **2.** લાંચ ખાવી; લાંચ લેવી. To be influenced by undue gain or allurement.

Bribery (બ્રાઈબરિ), *n.* લાંચ આપવી તે; લાંચ લેવાનું કામ. The act of giving as well as receiving bribes.

Brick (બ્રિક્), *n.* ઇંટ; ઇંટનો ઢગલો. An oblong or square piece of burned clay. **Brick-bat,** રોડું; ઇંટનો કકડો. **Brick-kiln,** *n.* ઇંટો મકવવાની ભઠ્ઠી; ઈંટવાડો. **Brick-layer** *n.* મકાન બાંધવામાં ઇંટનો ઉપયોગ કરનાર કડીઓ. **Brick-maker,** *n.* ઇંટ પાડનાર. *vi.* ઇંટથી બાંધવું; ઇંટ વડે બાંધકામ કરવું. To use bricks in building any house, etc.

Bricky (બ્રિકિ), *a.* ઇંટોથી ભરપૂર; ઇંટનું બનાવેલું. Full of bricks; made or constructed of bricks.

Bridal (બ્રાઇડલ્), *a.* કન્યાનું-સંબંધી; લગ્ન સંબંધી. Of or pertaining to a bride; nuptial. *n.* વિવાહોત્સવ; લગ્નોત્સવ. Wedding ceremony.

Bride (બ્રાઇડ્), *n.* તુરતની પરણેલી સ્ત્રી; કન્યા; વહુ. A woman newly married; a woman about to be married.

Bride-groom (બ્રાઈડ્-ગ્રૂમ્), *n.* વરરાજા; વર. A man newly married.

Bride-well (બ્રાઇડ્-વેલ્), *n.* કેદખાનું; બંધીખાનું. A prison; a house of correction.

Bridge (બ્રિજ્), *n.* પુલ; સેતુ. A structure across a river or over a path. *vt.* પુલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાંધવો; સેતુ કરવો. To construct a bridge over.

Bridle (બ્રાઇડ્લ), *n.* લગામ; અંકુશ; દાબ. A controlling gear in the mouth of a horse (used in riding); a restraint. *vt. pr. p.* **Bridling.** *imp. & p. p.* **Bridled.** લગામ ચડાવવી; દાબમાં રાખવું; અંકુશ મુકવો. To put a bridle; to control; to curb.

Brief (બ્રીફ્), *a.* ટુંકું; સંક્ષિપ્ત; અલ્પ. Short; concise. *n.* ટુંકાણ; સંક્ષેપ. Conciseness. **2.** ટુંકું લખાણ. A short writing; a short statement. **3.** કોર્ટમાં ચાલતા કેશનો સંક્ષિપ્ત હેવાલ; બ્રીફ. A short account, of a client's case for a counsel's information. **To be brief,** ટુંકાણમાં બોલવું. **To take brief,** મુકદ્દમો હાથમાં લેવો. [In short; concisely.

Brief-ly (બ્રીફ્-લિ), *ad.* ટુંકાણથી; સંક્ષિપ્તપણે.

Briefless (બ્રીફ્-લેસ્), *a.* અસીલ સિવાયનો; કામ ધંધા વિનાનો; ટુંકો નોંધ વગરનો. Without having any client; without a brief.

Brier, Briar (બ્રાયર્), *n.* કાંટાળો છોડ; રાની ગુલાબ. A prickly shrub; a wild rose-bush.

Brig (બ્રિગ્), *n.* બેડોળી વહાણ. A vessel with two masts.

Brigade (બ્રિગેડ્), *n.* લશ્કરની મોટી ટુકડી; સાથે કુચ કરતી ફોજ-સૈન્ય. (૫૦૦૦ સૈનિકની સંખ્યા. સામાન્ય રીતે હોય છે.) A military troop consisting of two to four battalions.

Brigadier (બ્રિગેડીર), *n.* લશ્કરી ફોજનો ઉપરી; અમલદાર; સેનાપતિ. A commander of a brigade (Generally a brigade contains 5,000 soldiers).

Brigand (બ્રિગૅન્ડ્), *n.* લુંટારો; ચોર; ધાડપાડુ. A robber; plunderer. [bery; plunder.

Brigandage (બ્રિગૅન્ડેજ્), *n.* લુંટ; ચોરી. Rob-

Brigantine (બ્રિગૅન્ટાઇન્), *n.* ચાંચીઆઓનું વહાણ. A pirate vessel. **2.** બે ડોલી વહાણ. A vessel with two masts.

Bright (બ્રાઇટ્), *a.* ચળકતું; ભભકાદાર; ચકચકિત; પ્રકાશમાન; તેજસ્વી; દેદીપ્યમાન. Reflecting much light; shining; brilliant. **2.** આનંદી; ખુશમિજાજી. Gay; cheerful. **3.** યશસ્વી; પ્રતાપી; મહાન. Glorious.

Brighten (બ્રાઇટન્), *vt. pr. p.* **Brightening.** *imp. & p. p.* **Brightened.** ચકચકિત કરવું; તેજસ્વી બનાવવું; આનંદી કરવું. To make shining; to make lustrous; to make gay. *vi.* અજવાળું થવું; પ્રકાશમાં આવવું. To grow bright.

Brightness (બ્રાઇટ્-નેસ્), *n.* તેજ; કાન્તિ; અજવાળું; પ્રકાશ; ચળકાટ. Lustre; splendour.

Brilliance (બ્રિલ્-લિઍન્સ્), } *n.* ચળકાટ; ભ-
Brilliancy (બ્રિલ્-લિઍન્સિ), } ભકો; તેજ; પ્રતાપ; ઉજાશ. Lustre; brightness.

Brilliant (બ્રિલ્-લિઍન્ટ્), *a.* ચળકતું; તેજદાર; પાણીદાર; તેજસ્વી; ઝગઝગતું. Bright; sparkling; talented.

Brim (બ્રિમ્) *n.* કાનો; કોર; કિનાર; ટોચ. A rim or border of any vessel; an edge; a margin. *vt. pr. p.* **Brimming.** *imp. & p. p.* **Brimmed.** કાના સુધી ભરવું; ટોચ સુધી ભરવું. To fill to the top. *vi.* કાના સુધી ભરાયેલું હોવું. To be full to the top.

Brim-ful (બ્રિમ્-ફુલ્), *a.* છલોછલ; પરિપૂર્ણ; ડુબાડુબ; કાંઠા સુધી ભરાયેલું. Full to the brim.

Brimmer (બ્રિમ્-મર્), *n.* કાંઠા સુધી ભરેલો વાડકો-પ્યાલો. A bowl full to the top.

Brimstone (બ્રિમ્-સ્ટોન્), *n.* ગંધક. Sulphur. *a.* ગંધકનું; ગંધકનું બનાવેલું. Made of sulphur; containing sulphur.

Brindle (બ્રિન્ડલ્), *n.* કાબરચિતરા હોવું તે; કાબરચિતરો રંગ. The state of being brown with streaks of other colour (said esp. of dogs or cattle).

Brine (બ્રાઇન્), *n.* ખારૂં પાણી; દરિયાનું પાણી. Salt water; water saturated with salt. **2.** (*Fig.*) સમુદ્ર; દરિયો. An ocean. *vt.* ખારા પાણીમાં બોળવું; મીઠું ભભરાવવું. To sprinkle with salt.

Bring (બ્રિન્ગ્), *vt. pr. p.* **Bringing.** *imp. & p. p.* **Brought.** લાવવું; આપવું; લાવી આપવું; ઉપજવું; કબુલ કરાવવું. To carry; to fetch; to procure; to result. **To bring forth,** જન્મ આપવો; ઉત્પન્ન કરવું. **To bring about,** પાર ઉતારવું; પૂર્ણ કરવું. **To bring forward,** રજુ કરવું; મોં આગળ મૂકવું. **To bring home,** મનમાં ઠસાવવું; સાબીત કરવું. **To bring in,** (ખરડો) રજુ કરવો. **To bring to book,** પૂછવો. હિસાબ માંગવો; કોઇપણ રકમનો ખુલાસો **To bring to hammer,** લીલામ કરવું; હેરાજ કરવું. **To bring to terms,** કબુલ કરાવવું. **To bring to mind,** યાદ દેવરાવવું; સ્મરણમાં લાવવું. **To bring up,** ઉછેરવું; મોટું કરવું. [der, an edge; a margin.

Brink (બ્રિન્ક્), *n.* કાંઠો; તીર; કિનારો. A bor-

Briny (બ્રાઇનિ), *a.* મીઠાના પાણીનું; ખારૂં; ખારાશવાળું. Saltish; having salt.

Brisk (બ્રિસ્ક), *a.* ચપળ; ચાલાક; હોંશિયાર. Active; smart. **2.** આનંદી; ખુશમિજાજી. Gay; joyful. **3.** તેજ; જલદ. Full of spirit. *vt. vi.* ચાલાક કરવું; ચપળ બનાવવું; આનંદિત થવું; ચાલાક થવું. To make lively; to be active; to animate.

Briskness (બ્રિસ્ક્-નેસ્), *n.* ચાલાકી; ચપળતા; ખુશમિજાજ. Liveliness; quickness in work;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

gay nature. [animal's breast.

Brisket (બ્રિસ્કેટ્), *n.* જનાવરની છાતી. An

Bristle (બ્રિસલ્), *n.* જાડા અને ટુંકા વાળ. Stiff and coarse hair. *vt. vi.* ઉભા રહેવું–થવું; વાળ ટટ્ટાર થવા; પીંછા ટટ્ટાર થવા. To make hair or feathers stand.

Britain (બ્રિટેન્), *n.* બ્રિટન દેશ. (ઇંગ્લૅન્ડ, સ્કૉટલૅન્ડ, આયરલૅન્ડ). The country of the Britons.

British (બ્રિટિશ્), *a.* ગ્રેટબ્રિટન દેશનું; ગ્રેટબ્રિટનના વતનીઓનું. Of Britain; of the people of England, Scotland and Ireland.

Britisher (બ્રિટિશર્), *n.* ગ્રેટબ્રિટનનો રહેવાસી; અંગ્રેજ. An Englishman; a native of Great Britain.

Briton (બ્રિટન્), *n.* બ્રિટન દેશનો રહેવાશી; અંગ્રેજ. A native of Great Britain.

Brittle (બ્રિટ્–ટ્લ્), *a.* જલદી ભાંગી જાય તેવું; બરડ; ભંગુર. Easily broken; apt to break; fragile. **2.** (*Fig.*) ક્ષણભંગુર. Insecure; transitory.

Brittle-ness (બ્રિટ્–ટ્લ્–નેસ્), *n.* બરડપણું; ક્ષણભંગુરતા. Fragility; aptness to break.

Broach (બ્રોચ), *n.* સળિયો; સોયો; ટાંચણુ. A roasting spit; a bodkin; a chisel. **2.** પોશાક તંગ કરવા માટેની ચાંપ–હુક. A clasp used in fastening garments. *vt.* શારવું; કાણુ પાડવું. To bore; to pierce. **2.** શરૂઆત કરવી; પ્રારંભ કરવો. To begin; to commence. **3.** વાદવિવાદ કરવો; (કોઇપણ વિષયને) ચર્ચવો. To discuss.

Broad (બ્રૉડ્), *a.* પહોળું; વિસ્તીર્ણ; ખુલ્લું; વિશાળ; બહોળું. Wide; extended; large. **2.** બહોળા અર્થવાળું; વ્યાપક. Comprehensive; liberal in sense. **3.** સ્પષ્ટ; ખુલ્લું; ચોખ્ખું. Clear; evident. *n.* નદીના પાણીનો ફેલાવો. Expanse in water of a river. *ad.* વિશાળપણે; વિસ્તીર્ણતાથી. Widely; in an extended way. **Broad-axe,** *n.* ફરશી. **Broad-cast,** *ad. a.* બધી દિશાએ ફેલાતું; ફેલાયેલું. **Broad-sword,** *n.* પહોળા પાનાની તરવાર.

Broaden (બ્રૉડન્), *vt. vi pr. p.* **Broadening.** *imp. & p. p.* **Broadened.** વધારે પહોળું કરવું; વિસ્તાર પામવો; પહોળું થવું. To make extensive; to be wide in area.

Brobdingnag (બ્રૉબ્–ડિન્ગ્–નૅગ્), *n.* રાક્ષસોનો પ્રદેશ. The region of the giants.

Brocade (બ્રોકેડ્), *n.* કિનખાબ; કસબી કાપડ; જરીનું કાપડ. Fabric woven with raised pattern.

Broider (બ્રૉઇડર્), *vt.* ભરતકામ કરવું; બુટ્ટા ચીતરવા–કાઢવા. To embroider. [idery.

Broidery (બ્રૉઇડેરિ), *n.* Same as **Embro-**

Broil (બ્રૉઇલ્), *n.* તકરાર; કજીઓ; રકઝક; ટંટો. A quarrel; a tumult; a disturbance.

Broil (બ્રૉઇલ્), *vt. vi.* શેકવું; ગરમી કરવી. રાંધવું. To cook over coals. **2.** તપવું; શેકાવું. To be exposed to heat.

Broiler (બ્રૉઇલર્), *n.* તકરાર કરનાર; કજીઓ કરનાર. One who stirs up quarrels.

Broker (બ્રોકર્), *n.* દલાલ; મારફતિયો; આડતિયો. One employed to buy and sell for others; a second-hand dealer.

Brokerage (બ્રોકરેજ્), *n.* દલાલી; હકસાઇ; મારફત; આડત. The commission of a broker; the business of a broker.

Bromine (બ્રોમાઈન્), *n.* એક પ્રકારનું મૂળતત્વ છે. One of the elements.

Bronchial (બ્રૉન્–કિ–ઍલ્), *a.* કંઠમાંની નળિયો સંબંધી; કંઠની નળીઓને લગતું. Pertaining to ramifications of the windpipe.

Bronchitis (બ્રૉન્કાઇટિઝ્), *n.* કંઠની નળિયોનો સોજો. Inflammation of the bronchial tubes.

Bronchocele (બ્રોન્કોશીલ્), *n.* કંઠમાળ. An incision in the wind-pipe.

Bronze (બ્રૉન્ઝ્), *n.* પંચરસ ધાતુ; કાંસું. An alloy of copper, zinc, tin, etc. **2.** કાંસાની મૂર્તિ અથવા કાંસાની ધાતુમાંથી બનાવેલી કોઈપણ ચીજ. A statue or any other article, made of bronze. *vt. vi.* મિશ્ર ધાતુ બનાવવી; કાંસાના જેવું રંગવાળું બનાવવું–થવું. To give the appearance of bronze.

Brooch (બ્રોચ), *n.* છાતી અગર ગરદન પાસે પોશાક બરાબર રહે તેટલા સારૂ ચોંટાડેલી સુંદર પીન; ઓરીયું; ટાંચણીવાળું ઘરેણું. An ornamental pin worn to fasten some part of dress at neck.

Brood (બ્રૂડ્), *vt. vi. pr. p.* **Brooding.** *imp. & p. p.* **Brooded.** (ઇંડા ઉપર બેસીને) સેવવું; ચિંતવન કરવું. To sit for hatching the eggs; to hatch. **2.** (અમુક બાબતમાં) વિચાર કરેજ જવો; ચિંતાતુર રહેવું. To meditate very eagerly; to think anxiously. *n.* એકજ વખતે થયેલા પક્ષીનાં બચ્ચાં. The number of eggs hatched in one time. **2.** ઓલાદ; સંતાન; પ્રજા; વંશ. Offspring; a race.

Broodingly (બ્રૂડિન્ગ્–લિ), *ad.* વિચારપૂર્વક; મનનપૂર્વક. Thoughtfully.

Brook (બ્રૂક્), *n.* નહાનો ઝરો; વહેળીયું; ઝરો. A small stream. *vt.* સહન કરવું; સાંખવું; ખમવું; વેઠવું. To bear; to endure; to tolerate.

Brook-let (બ્રૂક્–લેટ્), *n.* નાનો ઝરો. A very small stream.

Broom (બ્રૂમ્), *n.* સાવરણી; ઝાડુ; જેમાંથી સાવરણી બને છે તે ઝાડ. A yellow-flowered shrub, from which the brush for cleaning the floor, etc. is made.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Broomy (બ્રૂમિ), *a.* સાવરણી જેવું; સાવરણીનું-થી ભરપૂર. Overgrown with brooms.

Broth (બ્રૉથ), *n.* માંસની કઢી; શોરવો. Liquor with which flesh is boiled.

Brothel (બ્રોથેલ), *n.* વેશ્યાસદન; ખાંજરૂં; ફૂટેણ-ખાનું. A house of prostitution; a house of lewdness or ill-fame.

Brother (બ્રધર્), *n. pl.* **Brothers, Brethren.** ભાઈ; સહોદર; બાંધવ. The sons of same parents. 2. મિત્ર; સોબતી; ગોઠીઓ. An intimate companion. **Brother-german,** *n.* એકજ માબાપને પેટે જન્મેલ બે અથવા વધારે ભાઈઓમાંનો એક.

Brother-hood (બ્રધર્-હૂડ્), *n.* બંધુત્વ; ભ્રાતૃ-ભાવ; ભાઇચારો. The state of being a brother. 2. મંડળ; સમાજ; સભા. An association of men for any purpose.

Brother-in-law (બ્રધર-ઇન્-લૉ), *n. pl.* **Brothers-in-law.** સાળો; બનેવી; જેઠ; દીયર. The brother of one's wife or the brother of one's husband.

Brotherly (બ્રધર્-લિ), *a.* ભાઈનાં જેવું; ભાઇનું; ભ્રાતૃતુલ્ય. Pertaining to a brother; loving; kind.

Brotherliness (બ્રધર્-લિ-નેસ્), *n.* બંધુભાવ; બંધુત્વ. The condition of being on brotherly terms; kindness shown to brothers.

Brougham (બ્રૂમ્), *n.* બે અથવા ચાર પૈડાંની ઘોડાગાડી. A two or four-wheeled carriage.

Brow (બ્રો), *n.* ભમ્મર; ભ્રકુટી; કપાળ; ભવાં. The eye-brow; the ridge over the eyes; the fore-head. 2. ટેકરીની કિનાર. The edge of a hill.

Brow-beat (બ્રો-બીટ્), *vt.* ડોળા કાઢીને બોલવું; ધુરકાવવું; ધમકાવવું. To check with arrogant speech; to bully.

Brow-less (બ્રો-લેસ્), *a.* નિર્લજ; ઉદ્ધત. Impudent; shameless.

Brown (બ્રાઉન્), *a.* ભુરૂં; બદામી; ઘઉં વર્ણનું; તપખીરીઆ રંગવાળું. Of dark colour; sunburnt. *n.* બદામી રંગ; તપખીરીઓ રંગ. A dusky reddish colour. *vt.* તપખીરીઓ રંગ કરવો-લગાડવો. To make of brown colour.

Brownish (બ્રાઉનિશ), *a.* ભૂરાશ પડતું. Somewhat brown.

Browse (બ્રાઉઝ્), *vt, vi.* ઝાડપાલો ખવરાવવો-ચરાવવો; તાજી કુંપળો ખવરાવવી. To feed on young shoots or crops. 2. ઝાડપાલો ખાવો; કુંપળો, પાક, વિ૦ ખાવા. To eat young shoots, etc. *n.* જનાવરોને ચરવા જેવો ઝાડપાલો; કુમળાં ઝાડ. Tender or green shoots for animals.

Bruin (બ્રૂઈન્), *n.* રીંછ. A bear.

Bruise (બ્રૂઝ્), *vt. pr. p.* **Bruising.** *imp.* & *p. p.* **Bruised.** કચરવું; પીલવું; છોલવું; સોળ ઉઠાડવો; ઝીણો ભુક્કો કરવો. To crush (either by beating or pounding); to inflict injury. 2. મુક્કાબાજીથી લડવું. To fight with the fists. 3. ઇનામની આશાએ લડવું. To contest with a hope of winning a prize. *n.* ઉઝરડો; જખમ; ઢીમણું. A slight injury on the body.

Bruit (બ્રૂટ્), *n.* ગપ; અફવા; બુમાટો. A report; a rumour. *vt.* ગપ ચલાવવી; અફવા ફેલાવવી. To circulate a rumour; to spread a rumour.

Brume (બ્રુમ્), *n.* ધુમસ. Mist.

Brumal (બ્રુમૅલ્), *a.* ધુમસ સંબંધી; શિયાળાનું; ઠંડીનું. Misty; covered over with mist.

Brunt (બ્રન્ટ્), *n.* ઝપાટો; હડસેલો; આંચકો; ધક્કો. A violent push; the force of a blow; a shock.

Brush (બ્રશ્), *n.* લુગડાં સાફ કરવાનું એક સાધન; કુચડો; પીંછી. A cleaning or hair-dressing implement; a kind of hair-pencil used by painters. 2. ઝપાઝપી; કજીઓ. A skirmish; an encounter. *vt.* સાફ કરવું; કચરો કાઢી નાંખવો. To remove dust, etc. by sweeping.

Brushwood (બ્રશ્વુડ્), *n.* ઝાડી; ઝાડવા; ઝાડની ડાળીઓ. A thicket; entangled branches of trees.

Brusque (બ્રુસ્ક્), *a.* અસભ્ય; જંગલી; તોછડું; ઉતાવળું. Rude; rough in manners; blunt; hasty.

Brutal (બ્રુટૅલ્), *a.* પશુ જેવું; પશુના જેવી વૃત્તિ-વાળું; પશુતુલ્ય. Resembling a beast. 2. જંગલી; અસભ્ય; ઘાતકી; નિષ્ઠુર. Cruel; savage.

Brutality (બ્રુટૅલિટિ), *n.* પશુપણું; નિર્દયતા; ક્રૂરતા; ઘાતકીપણું. Inhumanity; cruelty; savageness.

Brutalize (બ્રુટૅલાઇઝ્), *vt. vi.* પશુ જેવું કરવું-થવું; નિર્દય કરવું-બનાવવું-થવું; દયાહીન બનવું. To make inhumane; to be cruel.

Brute (બ્રુટ્), *n.* પશુ; જનાવર. A beast. 2. હેવાન; નરાધમ; દુરાચારી. A savage; a wicked person. 3. પશુવૃત્તિ. The qualities of a beast. *a.* જડ; ભાન વિનાનું; અજ્ઞાન; ચૈતન્ય રહિત. Without any reason; ignorant; irrational.

Brutish (બ્રુટિશ્), *a.* પશુ જેવું; પશુતુલ્ય; મૂર્ખ; અક્કડ. Of the nature of a beast; resembling a beast; unmannerly.

Bruitishness (બ્રુટિશ્-નેસ્), *n.* પશુપણું; ઘાતકી-પણું; નિર્દયતા. The state of being a brute; cruelty. 2. મૂર્ખતા; અક્કડપણું. Stupidity.

Brutism (બ્રુટિઝમ્), *n.* પશુપણું; પશુવૃત્તિ; મૂર્ખતા; હેવાનીઅત. The nature of animals; foolishness; irrationality.

Bubble (બબ્-બલ્), *n.* પરપોટો. A bladder of water inflated. *a.* સ્વપ્ન સમાન; કૃત્રિમ; બનાવટી. Unsubstantial; deceptive. *vt.* ઠગવું; છેતરવું; જાળમાં ફસાવવું. To deceive; to cheat

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

with false schemes. *vi.* પરપોટા થવા; પરપોટા આવવા. To rise in bubbles.

Bubby (બબ્-બિ), *n.* સ્તન; થાન. A woman's [breast.

Bubo (બ્યૂબો), *n.* બદ; જાંગ ઉપર અથવા બગલમાં જે ગાંઠ થાય છે તે (ઘણુંકરીને પ્લેગની). An inflamed swelling, in groin or arm-pit.

Buccaneer (બકનીર), *n.* ચાંચિયો; વહાણનો લુટારો. A sea-pirate (esp. of Spanish Main). *vt.* ચાંચિયા તરીકે કામ કરવું. To work as a sea-pirate.

Buck (બક), *n.* હરણ; બોકડો. A male of the deer, goat, etc. **2.** સાહસિક જુવાન પુરૂષ. A dashing young person. *v.i.* કપડાં નીખારવા. To wash clothes.

Bucket (બકેટ), *n.* ડોલ; બાલદી; બોખ. A pail-shaped vessel, used for carrying or holding water.

Bucket-ful (બકેટ-ફુલ), *a.* ડોલ ભરીને; બાલદીમાં માય તેટલું. As much as held in a bucket.

Buckish (બકિશ), *a.* નખરાંબાજ; ઇશ્કી; રંગીલું. [Foppish.

Buckle (બકલ), *n.* કડી; આંકડો; 'બકલ' A kind of clasp used for strap. *vt. vi.* કડી ભરાવવી; આંકડો ભરાવવો. To fasten with a hook. **2.** હોંશથી કામે લાગવું. To bend one's energy to work.

Buckler (બકલર), *n.* એક જાતની ઢાલ. A kind of shield. **2.** (*Fig.*) રક્ષણ. Protection; defence.

Buckram (બકરમ), *n.* શણ અથવા રેશમનું જાડા પોતનું કપડું. A coarse linen. **2.** અક્કડબાજપણું; અતડાપણું. Stiffness in manners. **3.** પોતાનામાં તાકાદ છે એવો બહારનો દેખાવ. A false show of one's strength.

Bud (બડ્), *n.* કળી; ફણગો. The first shoot of a plant or of a tree. **To nip in the bud,** જન્મતાંજ મારી નાંખવું; ખીલતી કળીનો નાશ થવો. *vt. vi. pr. p.* **Budding.** *imp.* & *p. p.* **Budded.** ફણગો ફુટવો; કળી વિકસવી-ખીલવી. To put forth as buds; to begin to grow. **2.** (*Fig.*) યૌવનમાં આવવું; ખીલવું. To bloom. **3.** ઝાડને કલમ કરવી. To graft (as, a plant).

Buddy (બડ્-ડિ), *a.* કળીથી ભરપૂર; ફણગાવાળું; યૌવનદશામાં આવવું. Full of buds; blooming.

Budge (બજ્), *vt.* ખસવું; હાલવું; સરકવું. To move very little; to move in the least degree.

Budget (બજેટ), *n.* સંગ્રહ; ઉપજ અને ખર્ચના હિસાબનો અંદાજ; સરવૈયું. An estimate of revenue and income. *vt.* આવક અને ખરચનો હિસાબ નક્કી કરવો-આંકડા જણાવવા. To ascertain the items of income and expenditure.

Buff (બફ), *n.* ભેંસ વિગેરેનું ચામડું. Leather of a buffalo or any other animal. **2.** આછો પીળો રંગ. A light yellow colour. **3.** લશ્કરી કોટ. A military coat (of buff colour).

Buff (બફ), *n.* ઠોંસો; ગડદો; પ્રહાર. A stroke; a blow. *vt.* ગડદો મારવો; પ્રહાર કરવો. To give a blow.

Buffalo (બફ્-ફેલો), *n. pl.* **Buffaloes.** ભેંસ; [રોબું; પાડો A kind of ox.

Buffer (બફ્-ફર), *n.* આગગાડીને દરેક ખૂણે રાખેલા ઢેકા; બીજી ગાડીને અથડાવાથી પણ નુકશાન ન થાય તેટલા સારૂ મુકેલા ઢેકા. An apparatus for deadening the force of a concussion.

Buffet (બફ્-ફેટ), *n.* મુક્કો; ઠોંસો; ગડદો; પ્રહાર. A blow with the fist; a stroke. *vi.* ગડદા મારવા; મુક્કો મારવો; પ્રહાર કરવો. To strike with the hand or fist.

Buffle (બફ્-ફલ), *vi.* ગભરાવવું; ગુંચવાવવું. To be puzzled or get confused.

Buffoon (બફ્-ફૂન), *n.* મશ્કરો; વિદૂષક; ભાંડ; રંગલો. A clown; a mimic; a joker.

Buffoonery (બફ્-ફૂનરિ), *n.* હસવા લાયક ચાળા; હલકા પ્રકારની મશ્કરી; ઠઠ્ઠો. Ludicrous or vulgar jesting. **2.** વિદૂષકનું કામ. The practice of a buffoon.

Bug (બગ્), *n.* ભય ઉત્પન્ન કરનાર વસ્તુ અથવા આદમી. An object of terror. **2.** માંકણ; ખટમલ. A kind of insect.

Bugbear (બગ્-બેર), *n.* હાઉ; ઘોઘર; બા'ઉ. An object of terror or extreme fear. *a.* ભય જણાવે તેવું; ભયાનક. Causing fear or terror.

Buggy (બગ્-ગિ), *n.* હલકી ગાડી; બગી. A light one-horse, four-wheeled vehicle. *a.* માંકણથી ભરપૂર; માંકણવાળું. Full of bugs.

Bugle (બ્યૂગલ), *n.* રણશિંગુ; તુરઇ. A hunting horn; a kind of trumpet.

Bugle-horn (બ્યૂગલ્-હૉર્ન) *n.* Same as **Bugle.**

Bugler (બ્યૂગ્લર), *n.* રણશિંગુ વગાડનાર; તુરાઇ વગાડનાર. One who plays upon a bugle.

Build (બિલ્ડ), *vt.* & *vi. imp.* & *p. p.* **Built.** બાંધવું; બનાવવું; ઉભું કરવું; ચણવું. To erect; to construct; to form. *n.* બંધારણ; બાંધો; રચના; ઘાટ. Construction; make.

Build-er (બિલ્ડર), *n.* બાંધનાર; બાંધકામ કરનાર. One who builds; one who contracts for the work of building.

Building (બિલ્ડિંગ), *n.* બાંધણી; હવેલી; મકાન; ઈમારત; ભવ્ય ઘર. An art of erecting a house; any thing built; a house.

Bulb (બલ્બ), *n.* કાંદો; કંદ. An onion-like root. *vi.* કાંદાના આકારમાં થવું; ઉપસી આવવું. To form bulbs; to swell.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Bulbous (બલ્બસ્), *a.* કંદવાળું; કંદમાંથી ઉગેલું; કંદમય. Having the shape of a bulb.

Bulge (બલ્જ્), *vi. pr. p.* **Bulging.** *imp. & p. p.* **Bulged.** બહાર નીકળવું; ઉપસી આવવું; નમી આવવું; ઘસી આવવું. To swell out. *n.* પીપનો ઉપસી આવેલો ભાગ. The widest part of a cask.

Bulk (બલ્ક), *n.* કદ; પ્રમાણ; આકાર. Dimension; size. **2.** મુખ્ય ભાગ; મહત્વતા ધરાવનાર ભાગ. The main portion of any thing.

Bulkiness (બલ્કિનેસ્) *n.* અતિશય વિસ્તાર; મહત્વતા. Greatness in size or in bulk.

Bulky (બલ્કિ), *a.* કદાવર; મોટા આકારવાળું; સ્થૂળ; વિપુલ; કદાવર; મોટું. Of great size; thick; large.

Bull (બુલ્), *n.* ગોધો; સાંઢ; વૃષભ. A male of ox. **2.** પોપનો હુકમ. The edicts of pope. **3.** વૃષભ રાશિ. A sign of zodiac. **4.** કોઇપણ ચીજનો ભાવ તેજ કરનાર; તેજી કરીને ભાવ વધારનાર. One who tries to raise the price of the stock, or commodity. *vt.* ભાવ ચઢાવવા; તેજી કરવી. To raise the prize of. **Bull-calf,** *n.* વાછરડો; મૂર્ખ માણસ. **Bull-baiting,** *n.* કુતરા પાસે ગોધાને ખીજવાવવો તે.

Bullary (બુલ્-લૅરિ), *n.* મીઠું શુદ્ધ કરવાની જગ્યા. A place, where salt is prepared.

Bull-dog (બુલ્-ડૉગ્), *n.* એક જાતનો શિકારી કુતરો. A kind of hound.

Bullet (બુલ્લેટ્), *n.* બંદુકની ગોળી; તોપનો ગોળો. A metallic ball of lead used in arms.

Bulletin (બુલ્-લેટિન્), *n.* સત્તાવાર હેવાલ-હકીકત; તાજા સમાચાર. A short official statement; an official report of public news.

Bullion (બુલ્યૉન્) *n.* સોના અથવા ચાંદીની લગડી. An uncoined mass of silver or gold.

Bullock (બુલ્-લૉક), *n.* બળદ; આખલો; ગોધો. An ox.

Bully (બુલ્લિ), *vi.* ધમકી આપી ડરાવવું; અપમાન કરવું; ધાંધલ મચાવવી To threaten noisily. *n.* લફંગો; ધાંધલીઓ. A rogue; a ruffian; a quarrelsome person.

Bullying (બુલ્-લિ-ઇન્ગ્), *n.* ધાંધલ; સતામણી કરી ઉતારી પાડવું તે. A threatening; a menace.

Bulrush (બુલ્-રશ્), *n.* બરૂ અથવા નેતરની એક જાત. A reed resembling a cane.

Bulwark (બુલ્-વર્ક્), *n.* બુરજ; કોટ. A fortification; a rampart. **2.** બચાવ; રક્ષણનું કોઇપણ સાધન. Any means of protection.

Bum (બમ્), *n.* ગાંડ; કુલો. The buttocks.

Bump (બમ્પ્), *a.* મુક્કો; ધપ્પો; ઠોંસો. A heavy blow; a stroke. *vt. vi.* અફાળવું; ઠોકવું. To strike.

Bumper (બમ્પર્), *n.* છલોછલ ભરેલો પ્યાલો. A cup, full to the brim (taken generally at the time of toast).

Bumpkin (બમ્પ્-કિન્), *n.* ગામડિયો; રોંચો; ગમાર. An awkward country-fellow; a clown.

Bumptious (બમ્પ્-શસ્), *a.* આપબડાઇખોર; અભિમાની. Self-assertive; vain.

Bun (બન્), *n.* પુરી; નાનખટાઇ; ભાખરી. A small soft cake.

Bunch (બન્શ્), *n.* ઝુમખું; લુમખું; લુમ. A cluster; a collection. **2.** ખુંધ; ઢેકો. A lump. *vt. vi.* ખુંધ નીકળવી; ખુંધ કાઢવી; ઉપસી આવવું. To swell out; to form a bunch.

Bunchy (બન્શિ) *a.* ઝુમખાવાળું; ગુચ્છાદાર. Growing in bunches; having tufts.

Bundle (બન્ડ્લ્), *n.* થોકડો; જથ્થો; ગાંસડી; પોટલું. A number of things loosely bound together. *vt.* પોટલું બાંધવું; ગાંસડી બાંધવી. To tie into bundles.

Bung (બન્ગ્), *vt.* દટ્ટો મારવો. To stop with a cork. *n.* પીપનો દાટો. The stopper of a hole in a barrel; a large cork.

Bungalow (બન્ગૅ-લો), *n.* ઘાટદાર મકાન 'બંગલો'. A house having a single floor.

Bungle (બન્-ગલ્), *vt. vi.* બેડોળ રીતે કામ કરવું; ગમે તેમ કામ કરી નાંખવું; ઢંગધડા વગરનું કામ કરવું. To work clumsily; to continue work in an awkward manner. *n.* ઢંગધડા વગર થયેલું કામ. Anything clumsily done. **2.** મોટી ભૂલ-ખામી. A gross mistake.

Bungler (બન્ગ્લર્), *n.* અણકિસબી કારીગર; અણઘડ કારીગર. One who does the work in an awkward manner.

Bunion (બન્યોન્), *n.* અંગુઠાની રસોળી. An inflamed swelling on a toe.

Bunker (બન્કર્), *n.* મોટો કોઠાર; કોઠી. A large bin or store-house.

Bunt (બન્ટ્), *vt.* ફુલવું; ઉપસવું. To swell out.

Buoy (બૉઇ), *n.* થોડા પાણીમાં નાંખેલી તરતી વસ્તુ; પાણી, ખડક, વિગેરેનું સૂચન કરવા માટે તરતી મૂકેલી વસ્તુ; બોયું. Anchored navigation mark; a floating cask, fastened by a rope to indicate shoals, etc. *vt. vi.* તરતું રાખવું; પાણીની ઉપર રેહેવા દેવું. To keep floating.

Buoyancy (બૉઇ-ઍન્સિ), *n.* તરતું રહેવાનો ગુણ; હલકાપણું હોવાથી તરવાની શક્તિ; તરણશક્તિ. The quality of floating on the surface of water.

Buoyant (બૉઇઍન્ટ્), *a.* તરતું; સપાટી ઉપર રહેતું. Floating; remaining on the surface. **2.** આનંદી; ઉત્સાહી; ચપળ. Joyful; active.

Bur (બર્), *n.* કાંટાવાળું પડ-છોડું. The prickly seed-case of any plant.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Burden (બર્ડન્), *n.* બોજો; ભાર; વેઠ. A load; a weight; a cargo. 2. દુઃખદાયક વસ્તુ; પીડાકારક ચીજ. A troublesome thing. 3. ગાયનમાં, અથવા કવિતામાં ફરીફરીને ગાવાની લીટી. A line, repeated often in a poem or song. *vt.* ભરવું; ભાર મૂકવો. To load.

Burdensome (બર્ડન્-સમ્), *a.* ઘણુ ભારે; સખ્ત; જુલ્મી; પીડાકારક. Heavy; oppressive.

Bureau (બ્યૂરો), *n.* ખાનાવાળું મેજ; ટેબલ. A Chest of drawers; a writing-table. 2. ઑફીસ; કચેરી; ખાતું; મંડળ. The department, chiefly for transaction of the public.

Bureaucracy (બુરોક્રૅસિ), *n.* મુખ્ય અધિકારીઓના હાથમાં સર્વ રાજ્યતંત્ર હોય તેવી રાજ્યની પદ્ધતિ; અકેક અમલદારના હાથમાં જુદા જુદા ખાતાં રાખી તે ચલાવવાની પદ્ધતિ. A system of government centralized in graded series of officials; officialism.

Bureaucrat (બુરોક્રૅટ), *n.* આપ અખત્યારી ચલાવનાર અમલદાર; જહાંગીરી હુકમો ચલાવનાર અમલદાર અથવા અમલદારનો મંડળ. An arbitrary officer or a body of officers.

Burgess (બર્-જેસ્), *n.* કોઇપણ પરગણાંમાંથી કોઇ એક પ્રતિનિધિ. A representative of any state sent to Parliament. 2. કસ્બાનો અમલદાર; ફોજદાર. A magistrate of a town

Burglar (બર્-ગ્લર્), *n.* રાત્રે ઘર ફોડી ચોરી કરનાર ચોર; ઘરફોડુ. One who breaks into a house by night to steal.

Burglary (બર્-ગ્લરિ), *n.* રાતના વખતે ઘર ફોડવાનો ગુન્હો-અપરાધ. An act of breaking into a house by night to steal.

Burial (બેરિઍલ્), *n.* ભૂમિદાહ; દફન; દાટવું તે. An act of burying a dead body. 2. ઘોર; કબર. A tomb.

Burin (બ્યૂરિન્), *n.* સલાટનું કોતરવાનું હથિયાર; કોતરણી. An engraver's tool; the style of an engraver.

Burlesque (બર્-લેસ્ક્), *a.* હાસ્યજનક; હાસ્યરસવાળું; મશ્કરી ભરેલું. Jocular; ludicrous. *n.* હાસ્ય; મશ્કરી. A joke; a satire. *vt.* હાસ્યજનક ભાષણ કરવું; હાસ્ય ઉપજાવે તેમ વર્તવું. To speak in a jocular way. [A musical farce.

Burletta (બર્-લેટ્), *n.* હાસ્યરસવાળું સંગીત નાટક.

Burliness (બર્લિનેસ્), *n.* વિપુલતા; કદાવરપણું; જાડાઇ. The state of being burly.

Burly (બર્લિ), *a.* મોટું; કદાવર; જાડું; જબરૂં. Of stout build or form. 2. અસભ્ય; ઘાંઘળિયું. Rude; noisy.

Burn (બર્ન્), *vt. vi. imp. & p. p.* **Burned, Burnt.** બાળવું; દઝાડવું શેકવું. To consume by fire; to injure by fire; to apply fire to. 2. બળવું; દાઝવું. To feel excess of heat; to be consumed by fire. **To burn a hole in one's pocket,** ખિસ્સાને કાણું પાડવું.

Burn (બર્ન્), *n.* ડામ; દાહ; દાઝ. A mark left out after the application of fire.

Burner (બર્નર્), *n.* ચીમનીનું મોઢિયું. The part of a lamp from which the flame arises.

Burnish (બર્નિશ્), *vt. vi.* ઓપવું; ઘસીને ચકચકિત કરવું. To polish by friction. 2. ચળકાટ મારવો; ચકચકિત થવું. To brighten; to shine.

Burr (બર્), *n.* ઘોઘરો અવાજ. A whirring sound. *vi.* ઘોઘરો અવાજ કાઢવો-કરવો. To make a whirring sound.

Burrow (બરો), *n.* દર; રાફડો; કોતર. A hole in the ground, dug out by certain animals. *vi.* દર કરીને રહેવું; રાફડો કરીને રહેવું. To make holes underground.

Bursar (બર્સર્), *n.* ખજાનચી; કિલિદાર. A treasurer (mostly of college, etc.)

Bursary (બર્સરિ), *n.* વિદ્યાર્થીને માટે કેરવેલી નિર્ભણક. A fixed sum given to a student as a help.

Burst (બર્સ્ટ્), *vt. vi. pr. p.* **Bursting.** *imp. & p. p.* **Burst.** એકાએક જોરથી ફોડવું; તોડી નાંખવું; ભાંગવું; ફાટી જવું; બહાર નીકળવું; તૂટી પડવું; ઉછળવું. To break into pieces; to break open suddenly. *n.* બહાર નીકળવું તે; આવેશ; ઉભરો; સપાટો. A sudden outbreak; a blow.

Burthen (બર્ધન્), *n.* Same as **Burden.**

Bury (બેરિ), *vt. pr. p.* **Burying.** *imp. & p. p.* **Buried.** દાટવું; જમીનમાં છુપાવવું-સંતાડવું; ભૂમિદાહ દેવો; દફન કરવું. To hide in the ground; to place in the ground; to cover in a grave.

Bush (બુશ્), *n. pl.* **Bushes.** નાનું ઝાડ; ઝાડવું. A shrub. 2. ઝાડી; ઝાડવા. A thicket. *vt. vi.* ઝાડપાનને ટેકો આપવો; ઝાડીની માફક ઉગવું. To support the bushes; to grow bushy.

Bushel (બુશેલ્), *n.* અનાજ વિગેરે ભરવાનું માપ. A measure of eight gallons.

Bushy (બુશિ), *a.* ઝાડવા વાળું; ઝાડવાથી ભરપૂર. Full of bushes.

Business (બિઝ્-નેસ્), *n.* ધંધોરોજગાર; પ્રયોજન; કારણ-હેતુ. Employment; engagement; trade; profession. **To mind one's business,** પોતાનું જ કામ ધ્યાનમાં લેવું.

Buskin (બસ્કિન્), *n.* ઉંચી એડીના બુટ. A kind of boots with high heels. 2. કરૂણરસ પ્રધાન નાટક. A tragedy.

Busky (બસ્કિ), *a.* ઝાડીવાળું; ઝાડીદાર. Bushy; covered over with bushes.

Bust (બસ્ટ્), *n.* પેટથી ઉપરના ભાગની છબી; માણસનું કમ્મર સુધીનું પત્થરનું પુતળું. The upper

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

part of the human body; a sculpture representing the head or the breast of a person.

Bustle (બસલ્), *vi.* દોડધામ કરવી; ઘાલમેલ કરવી; ઉતાવળા થઇને કામ કરવું. To be more active in making noise than in real work; to busy one's self noisily; to make show of activity. *n.* આડંબર; દોડધામ; ઘાલમેલ; વ્યગ્રતા; ખોટી ખટપટ. An outward show; a tumult; a stir.

Bustler (બસ્લર્), *n.* ઘાલમેલ કરનાર; બડબડીઓ; વ્યગ્રચિત્તે કામ કરનાર. A tumultuous fellow; a noisy person.

Busy (બિઝિ) *a.* ઉદ્યોગી; કામગર; મહેનતુ; કામમાં ગુંથાયેલું. Diligent; hard-working; active. **Busy-body,** *n.* ખટપટીઓ; બીજાના કામમાં માથું મારનાર. *vt* કામમાં હોવું; કામમાં રોકાવું. To employ; to occupy.

But (બટ્), *prep.* સિવાય; વિના; વગર. Except; without. *adv. conj.* પણ. Also.

Butcher (બુચર્), *n.* કસાઈ; ખાટકી. One whose business it is to kill animals for food. **2.** (*fig.*) નિર્દય પુરૂષ. A merciless person. *vt.* કત્લ કરવું; મારી નાંખવું; રેંસી નાંખવું. To slaughter; to kill mercilessly.

Butchery (બુચરિ), *n.* કસાઇનો ધંધો-કામ. A slaughter; a cruel killing. **2.** કસાઇવાડો. A slaughter-house.

Butler (બટ્લર્), *n.* સાહેબલોકોનું ખાણું પીરસનારો મોટો બબરચી. A servant, who serves at the dinner of a European.

Butment (બટ્-મેન્ટ્), *n.* ટેકો; પુસ્તો; બંધ. A buttress of an arch.

Butt (બટ્ટ્), *n.* હદ; મર્યાદા; સીમા; છેડો. A limit; a bound; an end. **2.** નિશાન; ચોટ. A mark or a sign to aim. **Butts and bounds,** સીમાડો. Limits. *vi* હદ બાંધવી; છેડે આવવું. To terminate; to end.

Butter (બટ્-ટર્), *n.* માખણ; મરકો. An oily substance resulting from cream or milk. *vt.* માખણ ચોપડવું; મરકો ચોપડવો-ફેરવવો. To apply cream or butter. **2.** (*fig.*) ખુશામત કરવી. To flatter.

Butter-fly (બટરૂફ્લાય્), *n.* પતંગિયું A moth; a winged insect.

Buttery (બટ્-ટરિ), *a.* માખણ જેવું લીસું; સુંવાળું. Resembling butter; oily.

Buttock (બટ્-ટૉક્), *n.* કુલા; ઘગડા; પુંઠ; નિતંબ. The ramp.

Button (બટન્), *n.* બોરિયું; 'બટન' A knot; a small ball. *vt.* બોરિયું ભરાવવું. To fasten with a button. **Button-hole,** *n.* ગાજ. A hole to fasten the button in.

Buttress (બટ્-રેસ્), *n.* બંધ; પુસ્તો; ટેકો. An exterior support to a wall. *vt.* ટેકો દેવો; બંધ બાંધવો. To support; to prop.

Buxom (બક્સમ્), *a.* આજ્ઞાધીન; ગરીબ (સ્વભાવમાં). Obedient; submissive; yielding. **2.** મોજદી; ઉલ્લાસી; ખુશમિજાજી. Gay; cheerful; joyful.

Buy (બાઇ), *vi. pr. p.* **Buying.** *imp.* & *p. p.* **Bought.** ખરીદવું; વેચાતું લેવું; વહોરવું. To purchase for money. **2.** (*fig.*) લાંચ આપવી. To bribe.

Buyer (બાયર્), *n.* ખરીદનાર; વેચાતું લેનાર. A purchaser for money.

Buzz (બઝ્), *vt. vi.* ગણગણવું; ગુપચુપ વાત કરવી. To make a low sound. *n.* મધમાખીઓનો અથવા માખીઓનો અવાજ; ગણગણાટ. The noise of bees and flies; a humming sound.

Buzzard (બઝર્ડ્), *n.* એક જાતનું પંખી; મૂર્ખ. A bird of prey; a fool; a blokh.

Buzzer (બઝર), *n.* છાની વાત બહાર પાડનાર; જાસુસ. A whisperer; a tell-tale.

By (બાય્), *prep.* પાસે નજીક; દરમિયાન. Near; not far from; at the side of. *ad.* બાજુએ; પાસે; દરમિયાનમાં; દુર. Aside; away. **By-affair, By-job** *n.* કામભેગું કામ; પરચુરણ કામ. **By-election,** *n.* ચૂંટણીના ટાઈમ સિવાય અન્ય કોઈ વખતે થતી ચુંટણી. **By-gone,** *ad. a.* પહેલાનું; ગુજરેલું; બનેલું. **By-lane,** *n.* ચોરગલી; આડો રસ્તો. **By-law,** *n.* પેટા ધારો. **By-name,** *n.* ઉપનામ; બીજું નામ. **By-place,** *n.* એકાંત; ગુપ્ત સ્થળ. **By-play,** *n.* ઉપનાટક. **By-product,** *n.* અલકાઉ ઉપજ. **By-stander,** *n.* પાસે ઉભેલો-મોજ જોવા ઉભો રહેલો માણસ; તમાસગીર. **By-story,** *n.* ઉપાખ્યાન; નાની કથા. **By-stroke,** *n.* અણધાર્યો ઘા. **By-word,** *n.* કહાણી; કહેવત.

By, Bye (બાય્), *n.* વચમાં આવી પડેલી વસ્તુ; કોઇપણ ચીજ. An unaimed object. **2.** પકફાઉ 'રન' (ક્રિકેટની રમતમાં). A run made out by a missed ball. **3.** રહેઠાણ; મુકામ. A dwelling house.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

C.

C (સી), અંગ્રેજી મૂળાક્ષરનો ત્રીજો અક્ષર. The third letter of English alphabet. **2.** રોમન આંકડો, જે ૧૦૦ની સંખ્યા બતાવે છે. The roman figure showing one hundred.

Cab (કૅબ્); *n.* પછવાડેથી હાંકવાની બેચાર પઇડાની છાપરીવાળી એક ઘોડાની ગાડી–બગી. A public carriage, with two or four wheels, drawn by one horse.

Caaba (કાબૅ), *n.* કેબા નામનો મસ્જીદમાં પત્થર છે, જેની જાત્રા મુસલમાન લોકો કરે છે. A building at Mecca, containing the black stone, which is kissed by the Mahomedans.

Cabal (કૅબલ), *n.* મૂરસ્થાની મંડળ; ફિતુરી ટોળી. A small party united for some fraud or bad motive. **2.** કારસ્તાન; ફિતુર. The plot; an intrigue. *vt.* કાવતરૂં કરવું; કારસ્તાન કરવું. To plot; to intrigue.

Cabbage (કૅબ–બેજ્), *n.* કોબી; કોબીજ. A kind of kitchen vegetable. *vi.* કપડાં વેતરતાં થોડું કપડું ચોરવું. To purloin, (esp. cloth from a customer's cloth).

Cabala (કૅબૅલૅ), *n.* યાહુદી લોકોની દંત કથા. A Jewish tradition.

Cabalistic (કૅબલિસ્ટિક્), *a.* ગૂઢ; માર્મિક. Containing a secret meaning.

Cabin (કૅબિન્), *n.* વહાણની ઓરડી. A small room (esp. in a ship.) **2.** ઝુંપડી; નાની ઓરડી. A cottage; a hut. *vt.* નાની ઓરડીમાં પૂરવું અથવા બંધ કરવું. To shut up in a cabin. *vi.* નાની ઓરડી અથવા 'કેબીન'માં રહેવું. To dwell in a cabin. **Cabin-boy** *n.* વહાણમાં 'કેબીન'માં ઉતારૂઓ, અથવા અમલદારની તહેનાતમાં રહેનાર નોકર.

Cabinet (કૅબિનેટ્), *n.* મંત્ર સ્થાન; મસલત કરવા માટેની એકાંત ઓરડી. A private room for consultation. **2.** નાની ઓરડી. A small room. **3.** કબાટ. A cupboard with drawers. **4.** પ્રધાનમંડળ. The body of ministers. **Cabinet-maker,** *n.* કબાટ–પેટીઓ બનાવનાર સુથાર. A carpenter working in furniture.

Cable (કેબલ્), *n.* લંગર; દોર; સાંકળ; દોરડું. A strong rope or chain, which ties a ship to her anchor. **2.** ૭૨૦ ફીટની ઉંડાઇમાં દરિયામાં નાંખેલો તાર; તારનું દોરડું. A measure of 720 ft. *vt.* દોરથી મજબૂત બાંધવું. To fasten with a cable.

Cable-gram (કેબલ–ગ્રૅમ), *n.* દરીઆઈ તાર; દરિયાઇ રસ્તે મોકલેલો તાર. A message sent by submarine telegraph cable.

Cabriolet (કૅબ્રિઍલે), *n.* છત્રીવાળી ઘોડાગાડી. A carriage with two seats.

Cack (કૅક્), *vi.* દસ્ત લઈ મળશુદ્ધિ કરવી; શરીરને સાફ કરવું. To take a purge.

Cackle (કૅક્કલ્), *vi.* હંસની અથવા મરઘીની પેઠે બોલવું. To imitate a goose or a hen in sound. **2.** મોટેથી હસવું; ખીખી હસવું. To laugh loud. *n.* હંસ ધ્વની–નાદ; મરઘીનો નાદ. The sound made by a goose or a hen.

Cackling (કૅક્–લિંગ્), *n.* હંસનો ધ્વનિ; હંસનો બકબકાટ; મરઘીનો અવાજ. The noise of a hen or a goose.

Cacophony (કૅકૉફૉનિ), *n.* બગડી ગયેલો સ્વર–અવાજ; બેસી ગયેલો ઘાંટો. A disagreeable sound; a discordant voice.

Cactus (કૅક્ટસ્), *n.* થુવેર; થોર. A kind of prickly plant.

Cad (કૅડ્), *n.* નીચ વૃત્તિનો અધમ આદમી. A base and mean fellow; a vulgar fellow.

Cadaver (કૅડૅવર્), *n.* મુડદું; શબ. A corpse; a dead body.

Cadaverous (કૅડૅવરસ્), *a.* મડદા જેવું; બિહામણું. Pale; ghastly; sickly–looking.

Cade (કેડ્), *n.* એક જાતનું માપ; પીપ. A cask; a barrel. *vt.* પાળવું; પોષણ કરવું. To maintain; to support. *a.* પાળેલું; ઉછેરેલું. Bred; brought up.

Caddy (કૅડિ) *n.* ચ્હા રાખવાની પેટી–ડબ્બો. A small box for holding tea.

Cadence (કેડેન્સ્), *n.* ઉતરતો સ્વરપાત; સ્વરની નિયમસર ચઢ ઉતર થવી તે. The fall of the voice at the end of a sentence.

Cadet (કૅડેટ્), *n.* સૌથી નાનો પુત્ર; યુદ્ધશાળાનો વિદ્યાર્થી. The youngest son; a military student.

Caesura (સીઝ્યૂરૅ), *n.* અંત; વિરામ; કવિતામાં વિરામ સ્થાન. A pause in a verse.

Cafe (કૅફે), *n.* કાફીની દુકાન; ચ્હાની દુકાન; ઉપહાર ગૃહ. A coffee–house; a restaurant.

Cag (કૅગ્), *n.* નાનું પીપ. A small barrel.

Cage (કેજ્), *n.* પાંજરૂં; બંદીખાનું; દાદરનો કઠેરો. A box, of wire, holding birds; a place of confinement. *vt.* પુરવું; કેદ કરવું. To imprison, or to confine in a cage.

Cairn (કેર્ન્), *n.* મરી ગયેલાની યાદગીરીમાં કરેલો પત્થરનો ઢગલો; નિશાન માટે કરેલો પત્થરનો ઢગ. A heap of stones, used as a landmark for the departed souls.

Caitiff (કેટિફ્), *n.* પાપી માણસ; હરામખોર; દુષ્ટ માણસ; અધમ આદમી. A villain; a knave. *a.* દુષ્ટ; અધમ. Wicked; mean.

Cajole (કેજોલ્), *vt.* ફોસલાવવું; પટાવવું; ખુશામત કરીને સમજાવવું. To coax; to flatter; to persuade by flattery.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cajolery (કેજોલેરિ), *n.* પટામણું; ખુશામત; સવાસલું; મસ્કો. Flattery; persuasion by sweet words; a wheedling.

Cake (કેક), *n.* ભાખરી; પુરી; ચાનકી; ચોપડું. A small loaf of fine bread; a small flat loaf. *vt. vi.* ભાખરી–પુરી–ચાનકી બનાવવી–થવી. To form a cake.

Calabash (કૅલૅબૅશ), *n.* દૂધીની તુંબડી; તુંબડું. [A gourd.

Calamitous (કૅલૅમિટસ્), *a.* દુઃખદાયક; વિપત્તિથી ભરપૂર; આફતવાળું. Disastrous; making miserable; distressful.

Calamity (કૅલૅમિટિ), *n. pl.* **Calamities.** દુઃખ; વિપત્તિ; આફત; મહાસંકટ. A great misfortune; a disaster; an affliction.

Calamus (કૅલૅમસ્), *n.* ઘોડા વજ. A kind of herb, useful for some medicine.

Calash (કૅલેશ), *n.* બગી; છત્રીવાળી ગાડી; ગાડી ઉપરની છત્રી. A hooded carriage; a hood of a carriage.

Calcareous (કૅલ્કેરીઅસ્), *a.* ચુનાના ગુણવાળું; ચુનાથી ભરપૂર. Containing carbonate of lime.

Calcine (કૅલ્-સાઇન્), *vt.* ભસ્મ કરવું; મારવું (દવાને); બાળીને ખાખ કરવી. To reduce to powder by the action of heat.

Calculable (કૅલ્ક્યૂલેબલ્), *a.* ગણત્રી થઈ શકે એવું; ગણાય તેવું; ગણનીય. Capable of being esteemed; which can be counted.

Calculate (કૅલ્ક્યૂલેટ), *vt. pr. p.* **Calculating.** *imp. & p. p.* **Calculated.** ગણત્રી કરવી; ગણવું; હિસાબ કરવો; બંધબેસતું કરવું. To reckon; to count; to consider; to adapt.

Calculation (કૅલ્ક્યૂલેશન્), *n.* ગણત્રી; ગણના; અડસટ્ટો; અજમાયેશ. Reckoning; an estimate; consideration; a judicious thinking.

Calculator (કૅલ્ક્યૂલેટર્), *n.* હિસાબી કામમાં કુશળ પુરૂષ; ગણત્રીબાજ. One, very active in calculating. **2.** ગણત્રી કરવાનો કોઠો. A table for reckoning.

Calculus (કૅલ્ક્યુલસ્), *n.* પેશાબમાં થતી પથરી. A stone-like concretion in the bladder. **2.** (*math.*) ચલન કલન; શૂન્યલબ્ધિ. A higher branch in mathematics.

Caldron (કૉલ્ડ્રૉન્), *n.* ચરૂ; દેઘ; તાવડો; હાંડો. A large kettle.

Calendar (કૅલેન્ડર), *n.* પંચાંગ; ટીપણું; નોંધ (દિવસ, સમયની). An almanac; the list of days, etc.

Calender (કૅલેન્ડર), *n.* કાપડ અથવા કાગળને દાબીને સફાઈદાર બનાવવાનું ઓજાર; કુંદી; અસ્ત્રી. A press consisting of two rollers; used in smoothing or dressing cloth, papers, etc. *vt.* કુંદી કરવી; ઝલકદાર કરવું–બનાવવું. To dress in a calender.

Calends (કૅલેન્ડ્ઝ), *n.* રોમન લોકોમાં દરેક મહિનાનો પહેલો દિવસ. The first day of every month in the Romans.

Calf (કાફ), *n. pl.* **Calves.** વાછરડો. The young of a cow. **2.** પગની પીંડી. Fleshy part below a knee. **3.** મૂર્ખ માણસ; કમ અક્કલવાળો પુરૂષ. A stupid fellow.

Caliber, Calibre (કૅલિબર્), *n.* ગજું; શક્તિ; પહોંચ. Ability; power; intellectual capacity. **2.** તોપના અથવા બંદુકના મોંનો વ્યાસ ગોળાકાર. The size of the bore of a gun. **3.** કોઇપણ ગોળાકાર વસ્તુનો વ્યાસ. A diameter.

Calico (કૅલિકો), *n.* માદરપાટ; છિંટ. A kind of white cotton-cloth. *a.* માદરપાટનું; માદરપાટને લગતું. Made of calico.

Calid (કૅલિડ્), *a.* ઉષ્ણ; ગરમ. Warm; ardent.

Calif, Caliph (કૅલિફ્), *n.* ખલીફાનો હોદ્દો; ખલીફ. The name assumed by Mohamed's successors.

Caliphate (કૅલિફેટ), *n.* ખલીફાનો હોદ્દો; ખલીફાની સત્તા. The rank or power of the Caliph.

Caligraphy (કૅલિગ્રૅફિ), *n.* સુંદર લખાણ; શોભાયમાન લિપિ; સુંદર અક્ષર. The fine and elegant style of writing.

Calisthenics (કૅલિસ્થેનિક્સ્), *n.* કસરતવિદ્યા; કસરત. Physical exercise.

Calix (કૅલિક્સ્), *n.* ફુલનું દીઠું; પુષ્પાવરણ. The covering of a flower.

Calk (કૉક), *vt.* વહાણના સાંધામાં કાથાનાં છુછાં ભરવાં. To press the seams of a ship with untwisted rope.

Call (કૉલ્), *vt. vi.* બોલાવવું; હાંક મારવી; જોરથી બુમ પાડવી. To speak in a loud tone; to shout; to cry aloud. **To call at a house,** કોઇને ઘરે મળવા જવું. To go to see a person. **To call on (upon) a person,** કોઈને ત્યાં જવું. To visit a person. **To call forth,** વાપરવું. To bring to action. **To call in,** વસુલ કરવું; લેવું. To collect. **To call out,** લડાઇનું તેડું માંગવું. **To call a spade a spade,** ખરેખરું કહી દેવું. To give out the truth. *n.* હાંક; બુમ; ત્રણ; સાદ; પોકાર; માંગણી. A cry; a demand. **2.** મુલાકાત; મેળાપ. A brief visit; a stay (for a short time). **3.** ધંધો; ઉદ્યોગ. Employment.

Calling (કૉલિંગ્), *n.* ઉદ્યમ; ધંધો; હુન્નર. A business; work; occupation.

Callous (કૅલસ્), *a.* નિર્દય; નિર્લજ; કઠણ; હૈયા વિનાનું; કઠોર. Unfeeling; insensible; hardened.

Callow (કૅલો), *a.* પીંછા વિનાનું; ઉઘાડું; બોડું. Devoid of feathers. **2.** કાચી વયનું; બાળ બુદ્ધિનું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુભવ વિનાનું. Inexperienced; raw.

Calm (કામ્), *a.* શાંત; નરમ; ઠંડા સ્વભાવનું. Quiet; serene; tranquil. *vt.* શાંત પાડવું; શમાવવું; નરમ પાડવું. To quiet; to make calm.

Calm-ly (કામ્લિ), *ad.* શાંતિથી; ઠંડો સ્વભાવ રાખીને સ્થિરતાથી. In a quiet way.

Calm-ness (કામ્-નેસ્), *n.* શાંતિ; સ્થિરતા; નરમાશ. Peace; self-repose.

Calomel (કૅલે.મેલ), *n.* પારાની માત્રા; રસકપૂર. A purgative medicine.

Caloric (કૅલોરિક્), *n.* ઉષ્ણતા; ગરમીનું મૂળતત્વ. The principle of heat.

Calorific (કૅલોરિફિક્), *a.* ઉષ્ણતાજનક; તાપ વધારનાર; દાહક. Heating; causing heat.

Calorimeter (કૅલોરિમિટર્), *n.* વરાળની અંદર રહેલો ગરમીનો ભાગ માપવાનું યંત્ર; ઉષ્ણતામાપક યંત્ર. An apparatus to measure the temperature.

Calumet (કૅલ્યૂમેટ્), *n.* હુક્કો. A pipe for smoking tobacco.

Calumniate (કૅલમ્નિએટ્), *vt. pr. p.* **Calumniating.** *imp. & p. p.* **Calumniated.** આળ મૂકવું; તોહોમત મૂકવું; નિંદા કરવી; આરોપ ચલાવવો. To slander.

Calumniation (કૅલમનિએશન્), *n.* આળ; તોહોમત; નિંદા. Slandering; an imputation; an accusation.

Calumniator (કૅલમ્નિએટર્), *n.* નિંદા કરનાર; જુઠી આળ ચડાવનાર; તોહોમત મૂકનાર. A slanderer; an accuser.

Calumnious (કૅલમ્નિઅસ્), *a.* નિંદાકારક; બદબોઇ કરે તેવું; જુઠી આળ ચડાવે તેવું. Slandering; libelous.

Calumny (કૅલમ્-નિ), *n.* આળ; દોષ; નિંદા; અભિશાપ. An accusation; imputation; slander.

Calvary (કૅલ્વરિ), *n.* જે ટેકરી ઉપર ઇશુનો વધસ્તંભ કરવામાં આવ્યો હતો તે. The name of the place where Jesus was crucified.

Calve (કાવ્), *vi.* પશુનું જણવું-વીઆવું. To bring forth a calf.

Calx (કૅલ્ક્સ્), *n.* કળિચુનો; ખાખ. Lime of chalk.

Camber (કૅમ્બર્), *n.* કમાન કાપેલું લાકડું; મહેરાબ. An arc on the top of a beam.

Cambric (કૅમ્બ્રિક્), *n.* એક જાતનું શણનું ઝીણું સફેદ કપડું. Fine white linen.

Camel (કૅમેલ્), *n.* ઉંટ; સાંઢિયો. An animal of Asia, having a hump on its back.

Camel-bird, *n.* શાહમૃગ.

Camoleer (કૅમેલીર્), *n.* ઉંટ ઉપર સ્વારી કરનાર અથવા ઉંટને ઉછેરનાર. One who rides or drives a camel.

Camelopard (કમેલોપાર્ડ્), *n.* જીરાફ. The giraffe.

Camlet (કૅમ્લેટ્), *n.* ઉન અથવા રેશમનું બનાવેલું કાપડ. Cloth made of wool and silk.

Camp (કૅમ્પ્), *vt. vi.* છાવણી નાંખવી; છાવણી કરવી; મુકામ નાંખવો; પડાવ કરવો. To pitch tents. *n.* લશ્કરને રહેવાની જગ્યા; છાવણી; મુકામ; સવારી A permanent military station; any place, where an army halts.

Campaign (કૅમ્પેન્), *n.* મોટું મેદાન; લશ્કરની કુચ. An open field. **2.** મુસાફરી; દેશોદેશમાં પર્યટણ. An excursion. *vi.* લશ્કરમાં નોકરી કરવી. To serve in a campaign.

Camphor (કૅમ્ફર્), *n.* કપૂર. A kind of fragrant substance.

Camphorate (કૅમ્ફોરેટ્), *a.* કપૂરવાળું; કપૂરનું. Of camphor. *vt.* કપૂરવાળું બનાવવું-કરવું. To mix with camphor.

Can (કૅન્), *n.* પ્યાલો; કટોરો. A cup.

Can (કૅન્), *vi. imp.* **Could.** શકવું; શક્તિમાન હોવું; ગજું હોવું. To be able; to be within the reach.

Canaille (કૅનેલ્), *n.* હલકા લોક; અધમ લોક; ગામનો ઉતાર. The vulgar people.

Canal (કૅનૅલ્), *n.* નહેર; નીક; પાણીનો કાંસ. Any artificial water course; a duct.

Canard (કૅનાર્ડ્), *n.* ગપ; મુમાટો. A rumour.

Canary (કૅનૅરિ), *n.* કેનેરી બેટનો દારૂ. A light wine from Canary Islands. **2.** કેનેરી બેટનું પક્ષિ. A bird, originally from the Canary Islands. **3.** નૃત્ય. A dance.

Cancel (કૅન્સેલ્), *vt. pr. p.* **Cancelling.** *imp. & p. p.* **Cancelled.** બાતલ કરવું; કાઢી નાંખવું. To blot out; to erase; to make void.

Cancellation (કૅન્સેલેશન્), *n.* છેકો; રદ; બાતલ; રદ કરવું તે. An act of cancelling; revocation.

Cancer (કૅન્સર્), *n.* નાસુર; વ્રણ; ઘા. A kind of disease. **2.** કર્ક; કાચબો. One of the signs of zodiac.

Cancerate (કૅન્સરેટ્), *vi.* નાસુર પડવું; ઘા પડવો. To grow or turn into a cancer.

Candid (કૅન્ડિડ્) *a.* નિષ્કપટી; સાફ દીલનું; નિખાલસ; પ્રપંચ વિનાનું. Frank; free from prejudice; simple-hearted.

Candidly (કૅન્ડિડ્લિ), *ad.* નિષ્કપટથી; નિખાલસપણે; પ્રપંચ રહિત. Frankly; in a simple-hearted way.

Candidness (કૅન્ડિડ્નેસ્), *n.* Same as **Candour.**

Candidate (કૅન્ડિડેટ્), *n.* ઉમેદવાર; ઉમેદવારી કરનાર. One who seeks or proposes for an office or rank.

Candidateship (કૅન્ડિડેટ્શિપ્), *n.* ઉમેદવારી. The position of a candidate.

Candle (કૅન્ડ્લ્), *n.* મીણબત્તી; મશાલ; દીવો. A light; a torch. **The game is not worth**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

the candle, માલ વગરની મજુરી; થોડો નફામાં ઘણુંજ વૈતરૂં કરવું. To work with little profit.

Candle-stick, *n.* મીણબત્તીની શમેઇ.

Candour (કૅન્ડર), *n.* નિષ્કપટ; સાફ દીલ; નિખાલસપણું. Innocence; frankness.

Candy (કૅન્ડિ), *n.* મીઠાઇ; ખાંડ પાચેલી મીઠાઈ. A conserve of sugar. *vt.* ખાંડ પાવી; મુરબ્બો કરવો. To boil in sugar.

Cane (કેન), *n.* નેતર; હાથમાં રાખવાની નેતરની સોટી. A kind of reed. *vt.* નેતરની સોટીથી મારવું. To punish with a cane. **2.** નેતર ભરવું. To supply with cane.

Canine (કૅનાઇન), *a.* કુતરા જેવું; કુતરાનું. Like or pertaining to a dog. **Canine appetite,** અતીશય ક્ષુધા. Greediness. **Canine-teeth,** રાક્ષસી.

Canister (કૅનિસ્ટર), *n.* દાબડો; ડબ્બો. A case made of tin (generally for holding tea, etc.)

Canker (કૅન્કર), *n.* ઝાડમાં થતો સળો; મ્હોંમાં પડતી ચાંદી. A kind of disease in the trees; an ulcer in the mouth. **Canker-worm,** *n.* ઉધઇ; સળો. [A human flesh eater.

Cannibal (કૅનિબૅલ), *n.* નરભક્ષી; મનુષ્યાહારી.

Cannibalism (કૅનિબૅલિઝમ), *n.* મનુષ્યાહારીપણું; નરભક્ષણ. The eating of human flesh.

Cannon (કૅનન), *n. pl.* **Cannon** તોપ; મોટી બંદુક. A great gun used in time of war.

Cannon-ball (કૅનન-બૉલ). *n.* તોપનો ગોળો. A ball, made of cast iron to be shot from a cannon.

Cannonade (કૅનોનેડ), *vt.* તોપનો મારો ચલાવવો. To attack with cannon. *n.* તોપનો મારો. An attack with cannon.

Cannoneer, } (કૅનોનીર), *n.* ગોલંદાજ; તોપચી.
Cannonier } One who manages cannon.

Canoe (કૅનૂ). *n. pl.* **Canoes.** હોડી; હોડકું. A small boat prepared out of the trunk of a tree.

Canonical (કૅનોનિકૅલ), *a.* ધારાપ્રમાણે; કાયદાસર. According to a rule or order.

Canon (કૅનન), *n.* નિયમ; ધારો; કાનૂન. A rule; an order; a standard. **2.** દેવળનો ધારો-કાયદો. A rule in a church.

Canonist (કૅનોનિસ્ટ), *n.* ધર્મશાસ્ત્રમાં પ્રવિણ; શાસ્ત્રજ્ઞ. One versed in the scriptures.

Canonistic(કૅનોનિસ્ટિક), *a.* નિયમનું;ધારાને લગતું; કાનૂનનું. Pertaining to a rule or an order.

Canonize (કૅનોનાઇઝ), *vt.* સંતની પંક્તિમાં નામ ગણવું-દાખલ કરવું. To regard as a saint.

Canopy (કૅનોપિ), *n.* છત; ચંદરવો; ચંદની; છત્તર. A covering for the bed; any covering (as the sky).

Cant (કૅન્ટ), *vi.* ભરમમાં બોલવું; ચોરની ભાષામાં બોલવું; સમશ્યા વાપરવી. To speak in the language of thieves; to speak in a conventional way. *n.* સંકેતિક ભાષા; દાંભિક શબ્દ. A conventional expression.

Canteen (કૅન્ટીન). *n.* સિપાઇઓને દારૂ ભરવાનું વાસણ; લશ્કરમાં બુદીખાનાની દુકાન. A vessel used by soldiers to hold liquor.

Canter (કૅન્ટર), *n.* છારકત ચાલ; ધીમી ચાલ. An easy gallop. *vt. vi.* છારકત ચાલે ચાલવું-ચલાવવું. To move at an easy gallop.

Canthus (કૅન્થસ), *n.* આંખનો ખુણો; નેત્રકોણ. An angle formed by the junction of eye-lids.

Canticle (કૅન્ટિકૅલ), *n.* નાનું ગીત; પ્રાસ વિનાનું નાનું ગીત. A non-metrical song; a short song.

Canto (કૅન્ટો), *n. pl.* **Cántos.** કાવ્યનો એક ભાગ; ગીત; સર્ગ; પર્વ. A division of a poem; a part of a long narration or story.

Canton (કૅન્ટૉન), *n.* જીલ્લો; પરગણું; તાલુકો. A district; a division of a territory.

Cantonment (કૅન્ટૉન્મેન્ટ), *n.* છાવણી; લશ્કરોનો મુકામ. Separate quarters for troops.

Canvas (કૅન્વૅસ), *n.* કંતાન; તાટ; કંતાનનું જાડું કપડું; સઢનું કપડું. A coarse cloth made of hemp; the sail-cloth.

Canvass (કૅન્વૅસ), *vt. vi.* ઝીણી રીતે તપાસવું; અવલોકન કરવું. To examine minutely. **2.** વાદવિવાદ કરવો; દલીલ કરવી. To discuss. **3.** મતને માટે માગણી કરવી. To request some one for votes.

Caoutchouc (કુચૂક), *n.* રબર. India-rubber.

Cap (કૅપ), *n.* ટોપી; મથાળું; શિખર. A boy's head-dress; a top; a summit. *vt.* માથું ઢાંકવું. To cover the head with a cap.

Capability (કૅપબિલિટિ), *n. pl.* **Capabilities.** શક્તિ; યોગ્યતા; કાર્યદક્ષતા. Power of understanding; ability in work.

Capable (કૅપબલ), *a* શક્તિવાન; યોગ્ય; હોંશિયાર; સામર્થ્યવાન. Having ability for; competent.

Capacious (કૅપેશસ), *a.* વિશીળ; વિસ્તીર્ણ; વિપુલ; મોટું. Spacious; large; wide; extensive.

Capacitate (કૅપસિટેટ), *vt.* શક્તિમાન કરવું-બનાવવું; લાયક બનાવવું. To enable; to qualify.

Capacity (કૅપસિટિ), *n.* સમજશક્તિ; શક્તિ; બળ; ગજું. Power of mind; power of holding anything; ability. **2.** ધંધો. An occupation. **3.** (*Law.*) અધિકાર; લાયકાત. Fitness; qualification. [head to feet.

Capapie (કૅપપી), *ad.* માથાથી પગસૂધી. From

Caparison (કૅપરિસન), *n.* સુંદર ઘાસિલું; ઘોડાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીન ઉપર નાંખવાનું સુંદર કપડું. Harness; trappings. *vt.* ઘોડા ઉપર સુંદર કપડું નાંખવું-પાથરવું. To cover with a cloth; to adorn a horse with trappings.

Cape (કેપ્), *n.* ભૂશિર; ભૂશલાકા. A head-land.

Caper (કેપર્), *vi.* કુદવું; છલંગ મારવી; કુદકો-ઠેકડો મારવો. To leap; to dance with joy.

Capillary (કૅપિલૅરિ), *a.* વાળ જેવું બારીક; ઘણુજ ઝીણું. Fine like hair. *n.* ઝીણી રગો; બારીક રગો. Very fine blood-vessels.

Capital (કૅપિટૅલ્), *n.* રાજધાની; નગર; મુખ્ય શહેર. The chief city of a country. **2.** થાપણ; મુદલ. Principal; sum invested; money invested. *a.* મુખ્ય; માથાનું; શ્રેષ્ઠ. Chief; of the head; excellent.

Capitalize (કૅપિટૅલાઈઝ્), *vt.* મુડીના રૂપમાં ફેરવવું; મુડી રોકવી; થાપણ રોકવી. To change into investment.

Capitalist (કૅપિટૅલિસ્ટ્), *n.* મુડી કાઢનાર; થાપણ રોકનાર; કોઇપણ ધંધામાં મુડીવાળો. One who has capital or money.

Capitation (કૅપિટેશન્), *n.* માણસની ગણતરી; માથાદીઠ; શિરોગણના. A poll-tax; a reckoning by the head.

Capitulate (કૅપિટ્યૂલેટ્), *vi.* કોલ કરારથી ઠરાવ કરવા. To contract mutually.

Capitulation (કૅપિટ્યૂલેશન્), *n.* બોલી; ઠરાવ; કરાર. An agreement; terms of agreement.

Capon (કેપન્), *n.* ખાસી કરેલો કુકડો. A castrated cock. *vt.* ખાસી કરવી. To castrate.

Caprice(કૅપ્રિસ્), *n.* તુરંગ; સ્વછંદ; મનમાં ઉત્પન્ન થયેલો ગમે તેવો વિચાર. A whim; a fancy.

Capricious (કૅપ્રિશસ્), *a.* તુરંગી; સ્વછંદી; આસરંગી. Whimsical; fanciful.

Capriciousness (કૅપ્રિશસ્-નેસ્), *n.* લહેરીપણું; ચંચળતા; આસરંગીપણું. Whimsicality.

Capricorn (કૅપ્રિકૉર્ન્), *n.* મકર રાશિ (૧૦ મી રાશિ આવે છે.) One of the signs of zodiac.

Capsicum (કૅપ્સિકમ્), *n.* મરચું. A tropical plant which yields chillies.

Capsize (કૅપ્-સાઈઝ્), *vt.* ઉંધું વાળવું; ઉથલાવવું. To upturn; to overset.

Capstan (કૅપ્સ્ટૅન્), *n.* ભાર ઉપાડવાનું યંત્ર; લંગર ઉપાડવાનું યંત્ર. A machine used in raising an anchor or heavy load.

Capsular (કૅપ્સ્યૂલૅર), *a.* શીંગ સંબંધિ; પેટીનું; દાબડા જેવું. Resembling a capsule.

Capsule (કૅપ્સ્યૂલ), *n.* નાની રેકાબી. A small dish. **2.** શીંગ. A pod.

Captain (કૅપ્-ટિન્), *n.* નાયક; સરદાર; અધિપતિ; સેના નાયક; ઉપરી. A head or chief officer; the leader of a team in a game. **2.** નાખુદો; નૌકાધિપતિ. A commander in a ship.

Captaincy (કૅપ્ટીનસિ), *n.* નાયકપણું; અધિપતિનો હોદ્દો-પદવી. The rank or the office of a captain. [**taincy.**

Captain-ship (કૅપ્ટીન્શીપ્) *n.* See **Cap-**

Captious (કૅપ્શસ્), *a.* ચૂકો કાઢનાર; તકરારી; દોષ જોનાર. Inclined to fault-finding;peevish.

Captivate (કૅપ્ટિવેટ્), *vt. pr. p.* **Captivating.** *imp.* & *p. p.* **Captivated.** મોહ પમાડી વશ કરવું; મોહવશ કરવું; મન આકર્ષવું. To fascinate; to spell; to engage in bondage.

Captive (કૅપ્ટિવ્), *n.* કેદી; લડાઇમાં પકડાયેલો કેદી. A war-prisoner; one kept in bondage.

Captivity (કૅપ્ટિવિટિ), *n.* બંધન; કેદ. Subjection; imprisonment. **2.** ગુલામગીરી; દાસત્વ. Slavery.

Captor (કૅપ્ટર્), *n.* કેદી તરીકે પકડનાર; લુંટ ચલાવનાર. One who captures.

Capture (કૅપ્ટ્યૂર્), *n.* લડાઇમાં મળી આવેલી વસ્તુ; જીવ; દ્રવ્ય, વિગેરે. Thing taken by force. **2.** પકડી લેવું તે; લઇ લેવું તે. An act of seizing. *vt.* પકડવું; બળથી કબજે કરવું. To arrest; to take by force.

Car (કાર્) *n.* ગાડી; રથ; રેલ્વેનો ડબ્બો. A vehicle; a chariot; a wagon. **Car-man,** *n.* ગાડી હાંકનાર. One who drives a car or a cart.

Carabine, Carbine (કૅરૅબાઇન્, કાર્બાઇન્), *n.* એક જાતની નાની નળીવાળી બંદુક. A short musket.

Carbineer, Carabineer (કાર્-બાઇનીર્, કૅરૅબાઇનીર્), *n.* નાની બંદુક પાસે રાખીને ફરનાર સિપાઇ. A soldier, having a carbine.

Carafe (કૅરૅફ્) *n.* તાંબડીના જેવું કાચનું વાસણ. A water-bottle.

Carat (કૅરૅટ્), *n.* ચાર ગ્રેનનું તોલ છે (સોનું, રૂપું, મોતી, વિગેરે તોલવામાં વપરાય છે.) A weight of four grains.

Caravan (કૅરૅવૅન્), *n.* વણઝારાનો સમૂહ; કાફલો; રણમાં મુસાફરી કરતાં માણસોનું ટોળું. A company of travellers crossing the deserts; a company of people. **2.** કબજાવાળી લાંબી ગાડી. A large close carriage. [leads the caravan.

Caravaneer (કૅરૅવૅનીર્) *n.* વણઝારો. One who

Caravansary (કૅરૅવૅન્સૅરિ), *n.* ધર્મશાળા;મુસાફરખાનું; સુરાઈ. A halting place for a caravan.

Carbon (કાર્બૉન્), *n.* કારબોન નામનો તત્વ; શુદ્ધ કોલસો. An elementary substance.

Carbonate (કાર્બૉનેટ્), *n.* કારબનમય ક્ષાર. A kind of salt containing carbon.

Carboy (કાર્-બોઇ), *n.* શીશો; બાટલો (તેજાબનો). A large bottle containing sulphuric acid.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Carbuncle (કાર્-બન્-કલ્), *n.* માણેક; લાલ પાનું. A red precious stone. **2.** (*med.*) પાકું; ફોલ્લો. An ulcer.

Carcanet (કાર્-કૅનેટ્), *n.* રત્નમાળા; જડાવ હાર. A collar of jewels.

Carcass (કાર્-કેસ્), *n.* મુડદું; લાશ (ખાસ કરીને કોઈપણ જનાવરની). A dead body of any animal. **2.** જીર્ણ પામેલો કોઇપણ ભાગ;ખોખું. A ruin; a frame-work. **3.** 'બોમ'. A bomb-shell.

Card (કાર્ડ્), *n.* ગંજીફો; રમવાના પાનાં. The playing cards. **2.** ચિઠ્ઠી; ટિકિટ; કાગળ. A note. **To play one's cards well,** સારી રીતે દાવ ખેલવો. **To throw up the cards,** પોતાની હાર કબુલ કરવી.

Card (કાર્ડ્), *n.* પીંજવું; પંઝેટવું. To comb wool, etc. **2.** પંઝેટી; ખરેરો. An instrument for combing wool, etc.

Carder (કાર્ડર્), *n.* પીંજારો; ઊન, રૂ, વિગેરે પિંજનાર. One who cards wool, etc.

Cardamom (કાર્ડેમમ્), *n.* એલચી; ઇલાયચી. A kind of spices.

Cardinal (કાર્ડિનલ્), *a.* મુખ્ય; શ્રેષ્ઠ; અગત્યનું; સર્વોપરી. Fundamental; chief; most important. *n.* ધર્મગુરૂ. A bishop (who has a red robe).

Care (કેર્), *n.* કાળજી; સંભાળ; ફિકર; પરવા. Heedfulness; anxiety. *vi.* ચિંતા રાખવી; ચિંતાતુર બનવું. To be anxious; to be eagerly waiting for.

Career (કૅરીઅર્), *n.* વર્તણુક; વર્તન; ચારિત્ર. Manner of life; course of action. **2.** ઘોડાદોડ; ઘોડાદોડની શરતનું મેદાન. A race; a race-course.

Careful (કેર-ફુલ્), *a.* સાવધ; હોંશીયાર; સાવચેત. [Cautious; heedful.

Carefulness (કેરફુલનેસ્), *n.* સાવચેતી; સંભાળ; દેખરેખ. Caution; heedfulness.

Careless (કેરલેસ્), *a.* બેપરવા; સંભાળ વિનાનું; બેફીકર; ગાફેલ. Negligent; heedless; unconcerned.

Carelessness (કેરલેસનેસ્), *n.* બેપરવાઇ; બેકાળજી; બેફીકરાઇ. Negligence.

Caress (કૅરેસ્), *vt.* લાડ લડાવવા; પ્રીતિ કરવી-બનાવવી. To fondle in excess. *n.* લલનપાલન; સ્નેહથી બોલાવવું તે; લાડ; પ્રીતિ. An act of fondling; any act of affection.

Caret (કૅરેટ્), *n.* (^) કૌંસમાં બતાવ્યા પ્રમાણેની નિશાની. A mark used when some addition or alteration is to be inserted in writing.

Cargo (કાર્ગો), *n. pl.* **Cargoes.** વહાણમાં ભરેલો માલ. The freight or the load, contained in a ship.

Caricature (કૅરિકૅટ્યૂર્), *n.* હાસ્યજનક ચિત્ર; હાસ્ય ઉપજાવે તેવું વર્ણન. A ludicrous likeness or a description. *vt.* હાસ્યજનક ચિત્ર દોરવું-આલેખવું. To draw a ludicrous picture.

Caricaturist (કૅરિકૅટ્યૂરિસ્ટ્), *n.* હાસ્ય ઉપજાવે તેવું ચિત્ર દોરનાર-આલેખનાર. One who caricatures.

Caries (કેરીઝ્), *n.* હાડકામાં લાગેલો સડો. Decay [of a bone.

Carmine (કાર્માઇન્), *n.* કીરમજી રંગ. Deep red colour.

Carnage (કાર્-નેજ્), *n.* કાપાકાપી; કત્લ; ખૂનરેજી. A slaughter. **2.** મરેલાઓનો અથવા કપાઇ ગયેલાઓનો ઢગલો. A heap of those that are slain.

Carnal (કાર્-નૅલ્), *a.* શારીરિક; શરીરને લગતું. Fleshy. **2.** વિષયી; કામી; વિષયવાસનામાં ચકચુર. Sensual; lustful. **3.** માંસાહારી. Flesh-eating.

Carnality (કાર્નૅલિટિ), *n.* વિષયવાસના; વિષયીપણું. Lust; the state of being carnal.

Carnation (કાર્નેશન્), *n.* માંસનો રંગ. The colour of flesh.

Carnivorous (કાર્નિવોરસ્), *a.* માંસાહારી; માંસ ભક્ષક. Flesh-eating; feeding on flesh.

Carol (કૅરોલ્), *n.* આનંદકારી ગીત; સ્તોત્ર. A joyous song; a hymn. *vi.* ગાવું; સ્તુતિ કરવી. To sing joyously; to praise.

Carousal (કૅરાઉઝલ્), *n.* મીજબાની; દારૂ સાથે ખાણું. A feast (often mixed with wine).

Carouse (કૅરાઉઝ્), *vt.* હર્ષમાં દારૂ વધારે પ્રમાણમાં પીવો; ઉન્માદ બનવું. To drink in excess on an occasion of joy.

Carp (કાર્પ્), *vi.* ખોડ કાઢવી; ચૂકો બતાવવી; નિંદા કરવી. To find fault with. *n.* મીઠા પાણીમાં રહેતી એક જાતની માછલી. A fish living in fresh water.

Carpenter (કાર્પેન્ટર્), *n.* સુતાર; સુથાર. A worker in timber. *vi.* સુથારી કામ કરવું. To do a carpenter's work.

Carpentry (કાર્-પેન્ટ્રિ), *n.* સુથારી કામ; સુથારનો ધંધો. The business, or work of a carpenter.

Carpet (કાર્-પેટ્) *n.* ગલીચો; શેતરંજી; જાજમ. The woven covering of the floor, etc. *vt.* શેતરંજી જડવી; ગલીચો પાથરવો. To cover with a carpet. **Carpet-bag** *n.* મુસાફરીમાં સાથે ફેરવવાની ઝોળી. **Carpet-Knight** *n.* રાજ્યની મહેરબાનીથી જેને સરદારનો (નાઇટનો) ઇલ્કાબ આપવામાં આવ્યો હોય તે. **Carpet-monger,** *n.* નબળા બાંધાનો અને નબળા મનનો માણસ.

Carpeting (કાર્પેટિંગ્), *n.* જમીન ઉપર શેતરંજી વિગેરે પાથરવાની ચીજો (જાજમ, ગાલીચો, વિગેરે). Carpets, etc.

Carriage (કૅરેજ્), *n.* ગાડી; વાહન; લેઇ જવું તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A vehicle. 2. વર્તન; વર્તણુક. Behaviour.

Carrier (કરીઅર્), *n.* વેતરો; હેલકરી; કાસદ; મજુર. A porter; one, who carries any article or goods, on hire.

Carrion (કૅરિઅન્), *n.* મુડદાલ માંસ; કોહોવાઇ ગયેલું માંસ. The dead and putrid flesh of any animal.

Carrot (કૅરટ્), *n.* ગાજર. A kind of yellow-[wish edible root.

Carry (કૅરિ), *vt. vi. pr. p.* **Carrying.** *imp. & p. p.* **Carried.** એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું; ખેંચવું; ઉંચકવું; ઉપાડી લેવું. To bear; to convey; to take by force. 2. પહોચવું (બંદુકની ગોળીનું). To reach. **Carry off,** જીતી લેવું. **Carry on,** વધારવું; ખીલવવું. **Carry over,** લુલચાવવું; ફોસલાવવું. **To Carry the day,** ફતેહમંદ થવું. **To Carry weight,** સત્તા હોવી; લાગવગ હોવી.

Carry-all (કૅરિ-ઑલ્), *n.* ચાર પૈડાંની મોટી ઘોડાગાડી. A four-wheeled vehicle.

Cart (કાર્ટ્), *n.* ગાડું; રેંકડો-રેંકડી. A two-wheeled vehicle used for conveying heavy loads. **To put cart before the horse,** અવિચારી પગલું ભરી કામનો ગોટાળો કરવો; ખરા મુદ્દાનું કામ કરતાં બીજું કાર્ય કરવું.

Cartage (કાર્ટેજ્), *n.* ગાડાનું ભાડું; ગાડાભાડું. The cost of carting.

Carte (કાર્ટ્), *n.* વીશીમાં ખાધાખરચનું બીલ. A bill for fare in an inn.

Carter (કાર્ટર્), *n.* ગાડીવાન; ગાડુ હાંકનાર. One who is after a cart-driving.

Cartilage (કાર્ટિલેજ્), *n.* કુમળું હાડકું. A gristle.

Cartoon (કાર્-ટૂન્), *n.* જમાનાને લગતું કાગળ ઉપર દોરેલું ચિત્ર (જે જોતાં વાંચનારને હાસ્ય ઉપજે છે). Any large design on paper of current events in a comic paper. *vt.* ચિત્ર દોરવું-આલેખવું. To draw a working design.

Cartouche (કાર્ટૂશ્), *n.* બંદુકનો સામાન મુકવાનું તોરદાન; બંદુકના ટોટા, કારતુસ રાખવાની થેલી. A water-proof canvas case for cartridges.

Cartridge (કાર્ટ્-રિજ્), *n.* ટોટો; બંદુકનો કારતુશ; સિપાઇની રજાચિઠ્ઠી. A case containing the charge for a gun.

Cartwright (કાર્ટ્-રાઇટ્), *n.* ગાડાં બનાવનાર સુથાર. A carpenter, whose work it is to prepare carts.

Carve (કાર્વ્), *vi. pr. p.* **Carving** *imp. & p. p.* **Carved.** કોતરવું; કોરવું. To engrave. 2. ભાગ પાડવા; પિરસવું. To divide; to distribute.

Carver (કાર્વર્), *n.* કોતરનાર. An engraver; a sculptor. 2. પિરસનાર; જમતી વખતે માંસ કાપનાર. A distributor at table.

Carving (કાર્વિન્ગ્), *n.* કોતરણી; નકશી; કોતરવાનું કામ. An act of engraving.

Cascade (કૅસ્કેડ્), *n.* પાણીનો ધોધ; જળધોધ. A water-fall. *vi* ધોધમાં પડવું. To fall in a water-fall.

Case (કેસ્), *n. pl.* **Cases.** ઢાંકણું; ખાનું; ઘર. A covering; a box. 2. કજીઓ; મુકરદમો. A lawyer's suit. 3. દશા; હાલત; બનાવ. Condition; state. 4. દવા લેનાર દર્દી. A patient, under the care of a doctor, or a physician. 5. વિભક્તિ. A word, showing relation of a noun. પેટીમાં ઘાલવું--મુકવું; પેટી લાવવી-આપવી. To put into a box; to supply with a box.

Casein, Caseine (કેસીઇન્), *n.* દૂધમાંના રહેલા ખરેટા; દહીંનું ચક્કું. An organic subtance contained in milk or cheese.

Casement (કેસ્મેન્ટ્), *n.* બારીનું ચોકઠું; જાળિયું. A part of a window.

Caseous (કેસીઅસ્), *a.* પનીર જેવું; પનીરનું. Of or pertaning to cheese.

Cash (કૅશ્), *n.* નાણું; રોકડ નાણું. Money; ready-money. **Cash-book,** *n.* રોકડ મેળ. **Cash-payment,** *n.* રોકડેથી માલ આપવો તે અથવા લેવો તે *vt.* નાણાં લેવાં; ચટાવવું. To charge into ready money. **To cash a cheque,** ચેક વટાવવો.

Cashew (કૅશ્યૂ), *n.* કાજુ; કાજુકળિયા. A kind of dry fruit. **Cashew-nut,** *n.* ભીલામો.

Cashier (કૅશીઅર્), *n.* સરાફ; ખજાનચી. A cash-keeper. [covering.

Casing (કેસિન્ગ્), *n.* ગૂલેફ; અસ્તર; પડ. A

Cask (કૅસ્ક), *n.* પીપ; પીપમાં માય તેટલો પદાર્થ. A hollow round vessel (esp. for liquor) *vt.* પીપમાં રેડવું,-ભરવું. To put into a cask.

Casket (કૅસ્કેટ્), *n.* ઘરેણું વિગેરે મુકવાનો નાનો ડબ્બો-દાબડો. A small case for holding jewels.

Cassation (કૅસેશન્), *n.* રદ કરવું તે; બાતલ કરવું તે. An act of making the previous orders null and void. [cinnamon.

Cassia (કૅશિઅ), *n.* ગરમાળો. A kind of

Cassock (કૅસોક્), *n.* પાદરીઓને પહેરવાનો ઝભ્ભો-ડગલો. An outer coat worn by the clergyman.

Cast (કૅસ્ટ્), *vt. vi. imp. & p. p* **Cast** નાંખવું; ફેંકવું; પાડી દેવું; ઉથલાવી પાડવું. To throw; to fling. 2. બીબાં પાડવા; ઘાટ ઉતારવો; ઘાટ કરવો. To mould; to shape. *n.* ફેંકવું તે; ફેંકણી. An act of throwing. 2. બીબામાં પાડવું તે; ભરત. An act of casting in a mould. 3. આકૃતિ; ચહેરો; દેખાવ; શિકલ. Mien; appearance 4. નમુનો; આકાર; ફરમો. A mould. 5. ઝાંખો આભાસ; મુદ્રા. A slight shade; a tinge of shade. **To**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

cast anchor, લંગર નાંખવું; નાંગરવું. **To cast a glance,** નજર ફેંકવી. **To cast loose,** મોકળું મુકવું; છૂટું મૂકવું. **The last cast,** છેલ્લામાં છેલ્લું સાહસ.

Castanet (કૅસ્ટૅનેટ્), *n.* કડતાલ; ઝાંઝરી; મંજીરા. A kind of musical instruments.

Cast-away (કૅસ્ટૅવે), *n.* નાંખી દીધેલી વસ્તુ; ઇશ્વર જે માણસને ભુલી ગયો હોય તે. A thing thrown away; one cursed by God.

Caste (કાસ્ટ્), *n.* નાત; જાતિ; વર્ણ; જ્ઞાતિ. A section of society in India; a division of a race.

Castigate (કૅસ્ટિગેટ્), *vt. pr. p.* **Castigating.** *imp. & p. p.* **Castigated.** ફટકા મારીને સુધારવું; શિક્ષા કરવી; શિક્ષા કરીને સુધારવું. To chastise; to punish with stripes.

Castigation (કૅસ્ટિગેશન્), *n.* શારીરિક શિક્ષા; ફટકા; ફટકા મારીને કરેલો સુધારો. Chastisement; severe punishment.

Casting (કાસ્ટિન્ગ્), *n.* બીબામાં ઘાટ પાડવો તે; બીબામાં પાડેલી વસ્તુ; બીડનું ભરત. An act of founding; anything formed by casting.

Castle (કૅસલ્), *n.* કોટ; કિલ્લો; ગઢ. A fortress; a fortification; a large country mansion. *vt. vi.* કિલ્લો ચણવો–ચણાવવો; ગઢ બાંધવો–બંધાવવો. To erect a fortress. **To build castles in the air,** શેખશહલ્લીના વિચારો કરવા.

Castor (કૅસ્ટર્), *n.* બીવર જાતનું પ્રાણી અથવા તેના વાળમાંથી બનાવેલી બનાત. A beaver; the fur of a beaver. 2. બીવરની બનાતમાંથી બનેલી ટોપી. A hat made out of the beaver. 3. મેજના પાયા ઉપરની ગરગડી. A small wheel on the leg of a table. 4. એરંડો. An oily medicinal plant.

Castrate. (કૅસ્ટ્રેટ્), *vt.* ખાસી કરવું; નામર્દ બનાવવું. To remove the testicles; to geld.

Casual (કૅઝ્યૂઍલ્), *a.* અણધાર્યું; આકસ્મિક; ઓચિંતું. Unexpected; accidental.

Casually (કૅઝ્યૂઍલિ) *nd.* અણધારી રીતે; આકસ્મિક રીતે; દૈવયોગે. Unexpectedly; suddenly.

Casualty (કૅઝ્યૂઍલ્ટિ), *n.* અકસ્માત બનાવ; દૈવયોગ. An accident. 2. મોત; હાણ; લશ્કરમાં માણસોની એકાએક તૂટ. Deaths; loss of soldiers due to deaths.

Casuist (કૅઝ્યૂઇસ્ટ્), *n.* દોષાદોષજ્ઞાતા; વિવેકી. One who studies and resolves cases of conscience.

Casuistry (કૅઝ્યૂઇસ્ટ્રિ), *n.* દોષાદોષજ્ઞાન; તર્ક કુશળતા. The science of resolving the conscience.

Cat (કૅટ્), *n.* બિલાડી; મીની. An animal of the feline tribe. **To turn the cat into pan,** સબળ પક્ષનો આશરો લેવો. **To rain cats and dogs,** પુષ્કળ વરસાદ વરસવો.

Cataclysm (કૅટક્લીઝમ્), *n.* મોટી રેલ; પ્રલય. A deluge; a flood of water. 2. (*Fig.*) ક્રાન્તિ. A revolution.

Catacomb (કૅટકૉમ્), *n.* મુડદા દાટવાનું ભોંયરૂં -ભોંયમાં જગ્યા. A cave for the burial of the dead.

Catalepsy (કૅટલેપ્સિ), *n.* તટસ્થ વાયુ. Stupor; disease with recurrent trances.

Catalogue (કૅટલૉગ્), *n.* નોંધ; પુસ્તકો વિગેરેની યાદી; પત્રક. A list; a list of books, etc. *vt.* નોંધ બનાવવી; યાદી કરવી; નોંધવું. To prepare a list; to enlist.

Cataract (કૅટરૅક્ટ્), *n.* પાણીનો ધોધ. A waterfall. 2. આંખનો મોતીઓ; પડળ. A disease, in the eyes, which obstructs the light.

Catarrh (કૅટાર્), *n.* સળેખમ; રસપૂર્ણી; ખાંસી. The cold; the effect of cold.

Catastrophe (કૅટસ્ટ્રૉફિ), *n.* દુઃખકારક પરિણામ; આફત; વિપત્તિ; હોનારત. An unfortunate conclusion; a calamity; a mishap.

Catch (કૅચ્), *vt. vi. imp. & p. p.* **Caught.** પકડવું; ઝડપવું; પકડી લેવું; ગ્રહણ કરવું. To take hold of; to seize. 2. ફસાવવું; પુરવું; બંધનમાં રાખવું. To trap; to ensnare. 3. ભરાઇ પડવું; ગુંચવાઇ જવું. To be entangled. 4. ઝડપી લેવું; ઝડપથી ઉપાડી લેવું. To snatch. *n.* પકડવું તે. An act of seizing. 2. પકડ; આંકડો. A contrivance with which any thing is caught.

Catching (કૅચિન્ગ્), *a.* મોહક; મન લલચાવે તેવું. [Enticing; alluring.

Catechise (કૅટિકાઇઝ્), *vt* સવાલ-જવાબની રીતથી શિખવવું; પ્રશ્નોત્તરી કરવી; વારંવાર પ્રશ્નો પુછીને શિખવાડવું. To instruct by way of answering and questioning.

Catechism (કૅટીકિઝમ્), *n.* શિખવતી વખતે સવાલ અને જવાબ કરવાની રીત. A method of teaching in the way of questions and answers.

Catechu (કૅટીશ્યૂ), *n.* કાથો; ખેરસાર. A substance mostly used in dyeing.

Categorical (કૅટીગૉરિકૅલ્), *a.* જાતીય; વર્ગીય; Pertaining to a class; of a class.

Category (કૅટીગૉરિ), *n.* જાત; પંક્તિ; વર્ગ; સ્થિતિ; હાલત. Condition; state; a class; an order.

Catenate (કૅટીનેટ્), *vt.* સાંકળ બનાવવી–કરવી; સાંકળથી જોડવું-સાંધવું. To chain; to connect with a link or links.

Cater (કેટર્), *vt.* ખોરાક પુરો પાડવો–આપવો; મોદીખાનું પુરૂં પાડવું. To provide or supply with food or provisions.

Caterer (કેટરર્), *n.* ખોરાક પુરો પાડનાર; ખોરાક આપનાર મોદી. One that caters.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Caterpillar (કૅટર્-પિલર્), *n.* કીડો. A kind of worm, which lives upon the leaves of a plant.

Catgut (કૅટ્ગટ્), *n.* પશુઓનાં આંતરડામાંથી બનાવેલો વાજીંત્રનો તાર. A string made from the intestines of a cat.

Cathartic (કૅથાર્-ટિક્), *a.* રેચક; પેટ સાફ લાવે તેવું. Purging. *n.* રેચ. A purgative.

Cathedral (કૅથીડ્રલ્), *n.* બીશપનું મુખ્ય દેવળ. The principal church. *a.* દેવળનું;-ને લગતું. Pertaining to a church.

Catheter (કૅથેટર્), *n.* પેશાબની ઇંદ્રીમાં મૂકવાની સળી; મુત્રશલાકા. An instrument used in the bladders to take out the urine.

Catholic (કૅથૉલિક્), *a.* સાધારણ; સામાન્ય; વિશ્વમાન્ય. Common; universal. **2.** ઉદાર; મોટા મનનું; રોમન કૅથૉલિક પંથનું. General; of Roman catholic religion. *n.* રોમન કૅથૉલિક પંથી; રોમન કૅથોલિક પંથનો આશ્રય લેનાર. One following the tenets of Catholic religion.

Catholicism (કૅથૉલિસિઝમ્), *n.* અસલનો ખ્રિસ્તિ ધર્મ; રોમન કૅથૉલિક ધર્મ. The tenets of the Roman Catholic Church. **2.** વિશ્વપ્રેમીપણું; સામાન્યપણું. Universality.

Catholicity (કૅથૉલિસિટિ), *n.* Same as **Catholicism.**

Catkin (કૅટ્કિન્), *n.* એક જાતનું સુગંધીદાર ફળ. A kind of sweet-scented fruit.

Catoptrics (કૅટોપ્-ટ્રિક્સ્), *n.* તેજ પરાવર્તન શાસ્ત્ર. The science, which explains about reflected light.

Cattle (કૅટ્લ્) *n.* ઢોર; ચોપગાં પ્રાણી. Beasts of pasture. **Cattle-man,** *n.* ઢોરને ઉછેરનાર, ઢોર વિગેરે ચોપગાં પ્રાણીઓની માવજત કરનાર. One who tends cattle.

Caudle (કૉડ્લ્), *n.* માંદા માણસ માટે ઉકાળો,-કાઢો. A kind of warm drink (given to women esp. in child-birth). *vt.* ઉકાળો તૈયાર કરવો; ઉકાળવું. To prepare a caudle.

Caul (કૉલ્), *n.* માથા ઉપર પહેરવાની જાળ. A net for the head. **2.** પેટનો પડદો; આંતરડા ઉપરની પાતળી ચામડી. The membrane covering the belly, etc.

Cauliflower (કૉલિફ્લાવર્), *n.* કોબીજ; ફ્લાવર. A kind of cabbage.

Causal (કૉઝલ્), *a.* પ્રયોજક; કારણદર્શક. Relating to a cause. *n.* જે શબ્દો કારણ બતાવે છે તે; પ્રેરકવાક્યશબ્દ. Words denoting a cause.

Causality (કૉઝલિટિ), *n.* કારણત્વ; કાર્યનાં કારણો શોધવાની શક્તિ. The faculty of tracing effects to their causes.

Causation (કૉઝેશન્), *n.* કાર્યનું ઉત્પાદન કરવું તે; કારણત્વ. The relation of cause and its effect. [Showing causation.

Causative (કૉઝેટિવ્), *a.* કાર્યજનક; કારણદર્શક.

Cause (કૉઝ્), *n.* કારણ; હેતુ; પ્રયોજન; કાર્ય. That which produces an effect; a reason. **2.** (*Law*) મુકદ્દમો; દાવો. A legal suit. *vt. vi.* ઉત્પન્ન કરવું; પેદા કરવું; બહાનું કાઢવું. To make; to produce; to show an excuse.

Causeless (કૉઝ્લેસ્), *a.* વિનાકારણ; અમથું. Having no reason; without any purpose.

Causeway (કૉઝ્-વે), *n.* ભેજવાળી જમીન ઉપર બંધાવેલો રસ્તો; બાંધ. A raised way through a marsh. **2.** ચોરસાથી જડેલો મહેલ્લો-શેરી. A paved street. *vt.* ચોરસાથી જડવું-લાદવું. To pave.

Causey (કૉઝિ), *n.* Same as **Causeway.**

Caustic (કૉસ્ટિક્), *n.* માંસ બાળી નાંખે એવું ઓસડ. A substance, which burns skin or flesh. *a.* સખ્ત; માર્મિક; તીવ્ર. Bitter; harsh.

Cauterization (કૉટરિઝેશન્), *n.* કાસ્ટિક લગાડીને બાળવું તે-ડામ દેવો તે. An act of burning (body) by applying caustic.

Cauterise (કૉટરાઇઝ્), *vt.* કાસ્ટિક લગાડીને બાળવું; ગરમ સળિયો ફરીને ડામ દેવો. To burn with caustic or hot iron.

Cautery (કૉટરિ), *n.* દાહ; ડામ; બાળવાની નિશાની. A burning with caustics or hot iron.

Caution (કૉશન્), *n.* સાવધપણું; હોંશીઆરી; સાવચેતી; ખબરદારી. Heedfulness; a warning. *vt.* સાવધપણું રાખવું; સાવચેતી રાખવી. To warn (against any danger).

Cautious (કૉશસ્), *a.* સાવધ; હોંશીઆર; ખબરદાર; સાવચેત. Watchful; prudent; vigilant.

Cavalcade (કૅવૅલ્કેડ્), *n.* પાયગાની સ્વારી; ઘોડેસ્વારોની સ્વારી. A train of persons on horseback. *vi.* ઘોડેસવારોની સવારીમાં જોડાવું. To join a cavalcade.

Cavalier (કૅવૅલીર્), *n.* હથિયારબંધ ઘોડેસ્વાર. A soldier fighting on horseback in time of war. **2.** ચાર્લ્સ ૧ લાનો પક્ષ લેનાર સૈનિક. A Royalist. *a.* ફક્કડ; છેલ; આનંદી. Gay; warlike. *vi.* ઘોડેસ્વાર તરીકે વર્તવું. To act as a cavalier.

Cavalry (કૅવૅલ્-રિ), *n.* ઘોડેસ્વારની ફોજ; અશ્વસેના. A troop of soldiers, serving on horses.

Cave (કેવ્), *n.* ગુફા; કોતર; ખાડો; બખોલ. A den; a hollow place in the earth. *vt. vi.* કોતરમાં રહેવું; ગુફામાં રહેવું. To live in a cave.

Cavern (કૅવર્ન્), *n.* જમીનમાં ઉંડી ગુફા-બખોલ. A large cave; a deep hollow place in the earth. *vt.* ગુફામાં મુકવું-ભરવું રાખવું. To put in a cavern.

Cavernous (કૅવર્નસ્), *a.* બખોલવાળું; પોલું; ઉંડી ગુફાવાળું. Containing caverns; full of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

deep hollows.

Cavil (કૅવિલ્), *vt.* ખોટાં વાંધો લેવો; ખોટી રીતે તકરાર ઉઠાવવી. To raise false objections. *n.* ખોટી તકરાર; મિથ્યા વિવાદ. A false argument.

Cavity (કૅવિટિ), *n.* પોલાણ; ખાડો; પોલ; પોલાણ. A hollow place; hollowness.

Caw, Kaw (કૉ), *n.* કાગડાનું કા' કા' કરવું તે. The crowing of a crow. *vi.* કાગડાની પેઠે બોલવું; (કાગડાનું) બોલવું. To cry as a crow.

Cawing (કૉઇન્ગ્), *n.* કાગડાનું કા' કા' કરવું તે. The cry of a crow. [an emperor.

Cazique (કૅઝિક્), *n.* રાજા; પાદશાહ. A king;

Cease (સીઝ્), *vi. vt. pr. p.* **Ceasing.** *imp.* & *p. p.* **Ceased.** અટકવું; બંધ પડવું; છેડો આવવો. To stop; to come to an end; to end. **2.** અટકાવવું; બંધ પાડવું. To stop; to end.

Ceaseless (સીઝ્લેસ્), *a.* ચાલુ; નિરંતર; અખંડ. Continuous; incessant.

Ceaselessly (સીઝ્લેસ્લિ), *ad.* નિરંતર; ચાલુ રીતે; અખંડ. Continuously; incessantly.

Cedar (સીડર્), *n.* દેવદારુ; ગંધૂતરૂ. A kind of tree, which remains green for ever.

Cede (સીડ્), *vt.* મુકવું; સ્વાધીન કરવું; બીજાના હવાલે કરવું. To yield; to give up.

Cedule (સેડ્યૂલ્), *n.* લેખ; બીડો; લખોટો. A scroll; a writing.

Ceil (સીલ્), *vt.* છત જડવી; પલાસ્તર મારવું. To cover with a ceiling; to cover with plaster.

Ceiling (સીલિંગ્), *n.* છત; પલાસ્તર; ચંદરવો. The inner roof of a room.

Celebrate (સેલીબ્રેટ્), *vt. imp.* & *p. p.* **Celebrated.** વખાણવું; સ્તુતિ કરવી; ઓચ્છવ કરવો; ઉજવવું. To extol; to honour by observing the rites.

Celebrated (સેલીબ્રેટેડ્), *a.* પ્રખ્યાત; નામાંકિત; જાણીતું. Famous; well-known.

Celebration (સેલીબ્રેશન્), *n.* સ્તુતિ; ઓચ્છવ; ક્રિયા કર્મ કરી ઉત્સવ ઉજવવો તે. An act of celebrating any solemn ceremony.

Celebrity (સેલીબ્રિટિ), *n.* વિખ્યાતિ; કીર્તિ; પ્રતિષ્ઠા; ઇજ્જત; આબરૂ. Fame; reputation. **2.** આબરૂદાર માણસ; ઈજ્જતદાર માણસ. A person of distinction or fame.

Celestial (સીલેસ્ટિઍલ્) *a.* સ્વર્ગીય; દિવ્ય; સ્વર્ગ સંબંધી; સ્વર્ગમાં રહેતા. Heavenly; dwelling in heaven. **The Celestial Empire,** ચીન દેશ.

Celibacy (સેલિબૅસિ), *n.* કુંવારાપણું; વાંઢાપણું; બ્રહ્મચર્ય. The state of unmarried life; a single life.

Celibate (સેલિબેટ્), *n.* કુંવારો; વાંઢો; બ્રહ્મચર્યવ્રત પાળનાર. An unmarried man; a man not allowed to marry.

Cell (સેલ્), *n.* ગુફા; નાની કોટડી. A cave; a small room (esp. in a prison, or in a monastery). **2.** છિદ્ર; અણુ. A unit-mass of living matter.

Cellar (સેલર્), *n.* ભોંયરૂં; ખાનગી સ્થળી. Any underground room; a private apartment.

Cellarage (સેલરેજ્), *n.* ભોંયરા માટે ખોદેલો ખાડો; ભોંયરૂ. Space for cellars. **2.** ભોંયરા ભાડું. Charge for storing in cellars.

Cellular (સેલ્યૂલર્), *a.* છિદ્રોવાળું; ઝીણા ખાનાંવાળું. Containing many cells.

Cement (સીમેન્ટ્), *n.* જોડવા સારૂ બનાવેલી ચીકણી ચીજ; 'સીમેન્ટ'. Anything that makes two bodies stick together. *vt. vi. pr. p.* **Cementing.** *imp.* & *p. p.* **Cemented.** સીમેન્ટથી ચોંટાડવું; સજ્જડ ચોંટી જવું. To unite with cement; to join firmly.

Cementation (સીમેન્ટેશન્), *n.* સીમેન્ટથી સાંધો જોડવો તે; સંયોગ. The act of cementing.

Cemetery (સેમીટેરિ), *n.* મુડદાં દાટવાની જગ્યા; કબ્રસ્તાન; સ્મશાન. A grave-yard; a burying-ground. [A hermit; a sage.

Cenobite (સેનોબાઇટ્), *n.* યોગી; મઠવાસી; બાવો.

Cenotaph (સેનોટૅફ્), *n.* ખાલી કબર; સમાધિ; પાળિયો. A monument to one, who is buried elsewhere.

Cense (સેન્સ્), *n.* કર; જકાત; વસ્તીપત્રક. A public tax; a list of population. *vt.* ધુપ દેવો. To perfume with odour.

Censer (સેન્સર્), *n.* ધૂપદાની; ધૂપિયું. A pan in which incense is burned.

Censor (સેન્સર્), *n.* વસ્તી વિષે માહિતી ધરાવનાર પહેલાનો રોમન અમલદાર. A Roman officer, fully familiar about the population. **2.** ચોપડી, વિ૦ નું લખાણ કાયદેસર છે કે કેમ તે જોનાર અમલદાર. An officer scrutinizing every book or newspaper with a view of prohibition.

Censorial (સેન્સોરિઍલ્), *a.* સેન્સર અમલદારને લગતું-ની બાબતમાં. Of or pertaining to a censor.

Censorious (સેન્સોરિયસ્), *a.* દોષ કાઢનાર; નિંદક; દોષ જોવામાં નિપુણ. Fault-finding.

Censorship (સેન્સર્શિપ્), *n.* આચારદૃષ્ટાનો અધિકાર-પદવી. The office or rank of a censor.

Censurable (સેન્-સ્યૂરેબલ્), *a.* ઠપકાને પાત્ર; દોષપાત્ર; નિંદ્ય; વાંક કાઢી શકાય એવું. Blamable; deserving of censure.

Censure (સેન્-સ્યૂર), *vt. pr. p.* **Censuring.** *imp.* & *p. p.* **Censured.** વાંક કાઢવો; નિંદા કરવી; દોષ મૂકવો. To blame; to speak ill of.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

n. નિંદા; વાંક; દોષ મૂકવો તે. A blame; a reproof.

Census (સેન્સસ્), *n.* વસ્તીપત્રક; વસ્તીગણત્રી. An official statement of the number of the inhabitants of a country.

Cent (સેન્ટ), *n.* સો; સેંકડો. One hundred. **2.** ડોલરનો સોમા ભાગનો અમેરિકામાં ચાલતો સિક્કો. A coin worth one hundredth part of a dollar.

Centaur (સેન્ટૉર્), *n.* અડધો માણસ અને અડધો ઘોડો એવું કલ્પિત પ્રાણી. A fabulous monster half man and half horse.

Centenarian (સેન્ટેનૅરિઍન્), *n.* સો વરસની ઉમ્મરનું માણસ. A man, who is one hundred years old.

Centenary (સેન્ટેનૅરિ), *n.* સો; સેંકડો. A century.

Centennial (સેન્ટેનિઍલ્), *a.* સો વરસે બનતું; દર સો વર્ષે આવતું. Happening once in every hundred years.

Centigrade (સેન્ટિગ્રેડ્), *a.* સો અંશવાળું; સો ભાગવાળું. Containing one hundred degrees.

Centipede (સેન્ટિપેડ્), *n.* કાનખજુરો. A kind of creeping worm.

Central (સેન્ટ્રલ્), *a.* મધ્યનું; વચલું; મધ્યમાં આવેલું. Belonging to the centre. **2.** મુખ્ય; શ્રેષ્ઠ. Predominant; superior.

Centralisation (સેન્ટ્રલાઈઝેશન્), *n.* મધ્યબિંદુ તરફ લાવવું તે; મધ્યસ્થળમાં લાવવું તે; એકના હાથમાં રાજસત્તા હોવી તે. An act of settling the affairs by the sovereign government.

Centralise (સેન્ટ્રલાઈઝ્), *vt.* મધ્યબિંદુ તરફ ખેંચવું; એક સત્તામાં રાખવું; એકના હાથમાં રાજ્યસત્તા મૂકવી. To draw up to a centre; to get the state affairs settled by the sovereign government.

Centre (સેન્ટર્), *n.* મધ્યબિંદુ; કેંદ્ર. The middle point of anything. (esp. a circle, a sphere). **2.** (*fig.*) કોઇપણ કામમાં મુખ્ય કામ કરનાર-નેતા. A leader in any social or political sphere.

Centripetal (સેન્ટ્રિપીટલ્), *a* મધ્ય ભાગ તરફ લઇ જતું; મધ્ય કેંદ્ર તરફ જતું. Tending to approach the centre.

Centuple (સેન્ટ્યૂપલ્), *a.* સોગણું; સોપટ. Hundred-fold; hundred times.

Centurial (સેન્ટ્યુરિઍલ્), *a.* સૈકાને લગતું; સૈકાનું. Pertaining to a century.

Century (સેન્ટ્યૂરિ), *n.* સેંકડો; સો; સદી. A hundred; a period of one hundred years. **2.** સો ચીજોનો સમૂહ. A collection of hundred things.

Cerate (સીરેટ્), *n.* મીણ, તેલ, વિગેરેનો મલમ. An ointment made of oil and wax.

Cerberus (સીર્-બેરસ્), *n.* નર્કનો દ્વારપાળ. The monster that guards the entrance door of Hell. **2.** સો મોંવાળો કુતરો. A dog with hundred mouths.

Cerebrum (સેરીબ્રમ્), *n.* મગજનો ઉપલો ભાગ. The front and larger part of the brain.

Cerebral (સેરીબ્રલ્), *a.* મગજ સંબંધી; મૂર્ધન્ય. Pertaining to the front part of the brain.

Cere (સર્), *vt.* મીણ લગાડવું; મીણ ચોપડવું. To cover with wax.

Cereal (સીરીઍલ્), *n.* અનાજ. Corn. *a.* અનાજ સંબંધિ. Pertaining to corn.

Ceremonial (સેરીમૉનિઍલ્), *a.* કર્મસંસ્કાર વિધિનું-તે સંબંધી. Of the sacred rites.

Ceremonious (સેરીમોનિઅસ્), *a.* વિધિસંબંધી; કર્મસંબંધી; વિવેકી; ઠાવકું. Full of religious rites; precise.

Ceremony (સેરીમોનિ), *n.* ક્રિયા; ધાર્મિક ક્રિયા; વિધિ. A rite; a religious rite.

Certain (સર્-ટેન્), *a.* મુકરર; ચોક્કસ; બેશક. Definite; exact; without any doubt.

Certainly (સર્-ટેન્લિ), *ad.* ચોક્કસ રીતે; ચોક્કસ; બેશક; ખાત્રીપૂર્વક. Definitely; exactly; precisely.

Certainty (સર્ટેન્ટિ), *n.* નિશ્ચય; ખાત્રી; નક્કીપણું. The state of being free from doubt; an undoubted fact.

Certificate (સર્ટિફિકેટ્), *n.* પ્રમાણપત્ર; ખાત્રીપત્ર. A testimony; a letter of recommendation. **2.** (*Law.*) લેખ. A written declaration.

Certify (સર્ટિફાય્), *vt. pr. p.* **Certifying.** *imp. & p. p.* **Certified.** પ્રમાણપત્ર આપવું; ખાત્રી લેખ-પત્ર આપવો. To testify in writing; to state with authority.

Certitude (સર્ટિટ્યૂડ્), *n.* ખાત્રી; ખાતરજમા. Certainty.

Cerulean (સીરૂલીન્), *a.* આશમાની; વાદળી Blue; azure; of the sky-colour.

Ceruse (શીર્યુસ્), *n.* સફેદો-દો. White-lead; carbonate of lead.

Cess (સેસ્), *n.* વેરો; કર; દાણ. A tax; a local rate. *vt* વેરો નાંખવો; કર ઘાલવો; દાણ લેવું. To impose any tax.

Cessant (સેસ્-સેન્ટ્), *a.* ઉંઘણસી; ઓળસુ; સુસ્ત. Drowsy; dull; inactive.

Cessation (સેસેશન્), *n.* અટકાવ; તહકુબી; થોડા વખત માટે કીધેલી સલાહ. A rest; a pause; a truce.

Cesspool (સેસ્પૂલ્), *n.* ખાળકુવો; દટણકુવો. A hollow, where filthy water collects.

Chafe (ચેફ્), *vt. vi. pr. p.* **Chafing.** *imp. & p. p.* **Chafed.** ઘસીને ગરમ કરવું; ચોળીને ઉનું બનાવવું. To make hot by rubbing. **2.** ગુસ્સે કરવું; કોપાયમાન કરવું. To excite; to fret.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

n. ઘસવાથી ઉત્પન્ન થયેલી ગરમી. Heat caused by friction. **2.** ક્રોધ; ગુસ્સો. Anger; passion.

Chaffer (ચૅફ્-ફર્), *vt. vi.* ભાવતાલ ઠરાવવા; સાટું કરવું; કરાર કરવા. To bargain; to negotiate. **2.** ખરીદ કરવું. To purchase. **3.** ટપાટપી કરવી; રકઝક કરવી. To altercate; to exchange words.

Chagrin (શૅગ્રિન્), *n.* રીસ; ક્રોધ; ગુસ્સો. Anger; annoyance; wrath. *vt.* ક્રોધ કરવો; રીસ કરવી. To vex; to annoy.

Chain (ચેન્), *n.* સાંકળ. A series of links. **2.** હાર; શ્રેણી; ઓળ; વસ્તુ અથવા વિચારોની સંકલના. A series; a series of things or ideas, coming together. **3.** બેડી; બંધન. Fetters. **4.** ૬૬ ફીટની લંબાઈનું માપ. The measure of 66 feet. *vt.* સાંકળથી બાંધવું-જડવું. To fasten with a chain. **2.** સાંકળથી માપ લેવું. To measure with a chain. **Chain-pump,** *n.* પાણી કાઢવા માટે સાંકળનો સંચો-રેંટ. **Chain-rule,** *n.* સાંકળરીતિ.

Chair (ચેર્), *n.* ખુરશી; હોદ્દાનું આસન; અધ્યક્ષનું આસન. A movable seat; a chair for the president. **To take the chair,** પ્રમુખ સ્થાને આવવું. *vt.* પાલખીમાં બેસાડીને લઇ જવું. To carry publicly in a triumph.

Chairman (ચેર્મૅન્), પ્રમુખ; સભાપતિ; અધ્યક્ષ. A president. **Chairman-ship,** *n.* પ્રમુખની પદવી. The rank of a president.

Chaise (શેઝ્), *n.* એક જાતનો રથ; બગી. A two-wheeled carriage.

Chaldron (ચૅલ્ડ્રન્), *n.* કોલસા તોળવાનું એક પ્રકારનું વજન. An old coal measure.

Chalice (ચૅલિસ્), *n.* પ્યાલો; પંચપાત્ર. A cup; [a bowl.

Chalk (ચૉક), *n.* ખડી; 'ચાક'; સફેદો. A kind of white substance; a carbonate of lime. **Chalk for cheese,** કીંમતી વસ્તુ પાણીના મુલે વેચવી. *vt.* ખડી-ચાકથી નિશાની કરવી. To mark with a chalk.

Challenge (ચૅલ્-લેન્જ્), *vt. pr. p.* **Challenging.** *imp. & p. p.* **Challenged.** સામો આવી જ તેમ કહેવું; હોડ બકવી; દ્વન્દ્વ યુદ્ધનું આમંત્રણ આપવું. To call to account; to invite to duel. **2.** હકની રૂએ માંગવું. To claim as due. **3.** વાંધો ઉઠાવવો. To object. *n.* હોડ; યુદ્ધ નિમંત્રણ. An act of calling to account; an invitation to a duel. **2.** દાવો; હક; માગણી. A claim; a legal demand.

Chamber (ચૅમ્બર્), *n.* ઓરડો; કોટડી. An apartment; a room. **2.** સભાસ્થાન; સભા. The place where an assembly sits; an assembly. **3.** બખોલ; ઉંડો ખાડો. A cavity. *vt. vi.* એકાંત જગ્યાએ પુરવું-રાખવું; ઓરડામાં પુરવું. To confine in a chamber.

Chamberlain (ચૅમ્બર્લેન્), *n.* રાજાના મહેલનો વહીવટ કરનાર કારભારી. An attendant, serving in a palace.

Chambermaid (ચૅમ્બર્મેડ્), *n.* દાસી; ચાકરડી. A female servant, who has the care of bed-rooms. [A reptile resembling a lizard.

Chameleon (કૅમીલ્યોન્), *n.* કાચંડો; કાકીડો.

Champ (ચૅમ્પ્), *vi. vi.* ચાખવું; ભચભચ ચાવવું. To chew; to make a snapping noise while chewing.

Champagne (શૅમ્પેન્), *n.* શેમ્પેન નામનો દારૂ. A light and sparkling wine (made in Champagne in France).

Champion (ચૅમ્પિઑન્), *n.* શૂરવીર યોદ્ધો; હિમાયતી; પક્ષ લઇને કહેનાર-બોલનાર; બીજાના તરફથી લડનાર. One who fights in single combat for himself or for others; one who defends a cause. **2.** વીરપુરૂષ. A hero; a hero of the spot.

Champion-ship (ચૅમ્પિઑન્શિપ્), *n.* બીજાનો પક્ષ લઈ બોલવું તે; વીરપુરૂષનું સ્થાન. The place or rank of a champion.

Chance (ચૅન્સ્), *n.* દૈવયોગ; નશીબ; કિસ્મત; તક; યોગ; તાકડો. Fate; an unexpected event; an opportunity. *vt. vi.* દૈવયોગે બનવું; નશીબયોગે બનવું-થવું. To happen; to take place by accident. **2.** આવી પડવું; વીતવું. To befall; to take place.

Chancel (ચૅન્સેલ્), *n.* યજ્ઞવેદી; હોમ આપવાની જગ્યાનો દેવળનો ભાગ. That part of the church where an altar is placed.

Chancellor (ચાન્સેલર્), *n.* મુખ્ય ન્યાયાધીશ (જે વિલાયતમાં રહે છે). A judicial officer.

Chancery (ચાન્સેરિ), *n.* વિલાયતની સદર અદાલત. Lord Chancellor's court.

Chandelier (શૅન્ડેલીર્), *n.* ઝુમર; દિવાનું ઝુમ્મર. A frame with branches for holding lights.

Chandler (ચૅન્ડ્લર્), *n.* મિણબત્તી બનાવનાર અથવા વેચનાર. A candle-maker; a candle-dealer. **2.** વેપારી. A dealer.

Chandlery (ચૅન્ડ્લરી), *n.* મિણબત્તી રાખવાની જગ્યા; વેપારીને વેચવાની જણસો. A place for keeping candles; commodities of trade.

Change (ચેન્જ્), *vt. vi.* ફેરવવું; બદલવું; ફેર પડવો; વટાવવું. To alter; to give for another; to suffer a change; *n.* ફેરફાર; બદલો; વટાવ. Alteration; a shift; exchange.

Changeable (ચેન્જેબલ્), *a.* ફેરફાર કરવા જોગ; બદલાઇ શકે તેવું; વટાવી શકાય તેવું. Prone to change. **2.** અદ્રઢ; અસ્થિર. Fickle; unsteady.

Changeful (ચેન્જ્ફુલ), *a.* ફેરફારવાળું; ચંચળ; અસ્થિર. Inconstant; fickle.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Changeless (ચેન્જ્લેસ્), *a.* ફેરફાર વિનાનું; અવિકારી; સ્થિર; અચળ. Constant; without going any change.

Changeling (ચેન્જ્લિંગ્), *n.* બીજાને બદલે લીધેલું છોકરૂં. A child left in place of another child. 2. અદૃઢ મનનો માણસ. A person of unsteady mind.

Channel (ચૅન્નેલ્), *n.* નહેર; નાળું; ખાડી; નીક. The bed of a stream of water; the deeper part of a bay or a strait.

Chant (ચૅન્ટ્), *vt.* ગરબી ગાવી; પદ ગાવા; ગાવું (પક્ષીનું). To sing; to warble. *n.* રાગ; ગીત; ગરબી-બો. An act of singing or warbling; a song.

Chanticleer (ચૅન્ટિક્લીર્), *n.* મરઘડો; કૂકડો; મરઘો. [A cock.

Chanter,-er (ચૅન્ટર્), *n.* ગવૈયો; સારી રીતે ગાનાર. A singer. [singer.

Chantress (ચૅન્ટ્રેસ્), *n.* ગાનાર સ્ત્રી. A female

Chaos (કૅઑસ્), *n.* સંપૂર્ણ અવ્યવસ્થા; ગોટાળો. Complete disorder. 2. સૃષ્ટિની ઉત્પત્તિ પહેલાંની સ્થિતિ. The disorderly state before the creation of the Universe.

Chaotic (કૅઑટિક્), *a.* અવ્યવસ્થિત; ગોટાળાવાળું; અંધકારમય. Confused; darkened.

Chap (ચૅપ્), *vt. vi.* ચીરવું; ફાડવું; ચીરાવું. To crack. 2. ઘડીઅવળનું વાગવું. To strike of a clock. 3. ઠોકવું; ટકોરા મારવા (બારણાને). To knock. *n.* ચીર; ફાટ; ચીરાડો. A crack; a fissure in the skin.

Chape (ચેપ્), *n.* આંકડો; હુક; તરવારની મ્યાનને છેડે ઘાલેલી ધાતુની ખોળી. The plate of metal at the end of a scabbard.

Chapel (ચૅપેલ્), *n.* દેવળ; દહેરૂં. A place of worship in a church.

Chaperon (શૅપેરૉન્), *n.* આબરૂદાર સ્ત્રી સાથે રક્ષક તરીકે જનાર માણસ. One attending a lady, as a protector. 2. સાધુનો ટોપ-ટોપી. A kind of hood (of a priest).

Chaplain (ચૅપ્લેન્), *n.* પાદરી; વહાણમાં અથવા લશ્કર, વિ૦ માં નિમાયેલો પાદરી. A clergyman appointed to a war-ship, a regiment, etc.

Chaplet (ચૅપ્લેટ્), *n.* વેણી; ગજરો; પુષ્પમાળા. A garland of flowers. 2. માળા; ચોરખો. A string of beads used at the time of prayer. 3. નાનું મંદીર. A small shrine.

Champman (ચૅપ્મૅન્), *n.* ફરીફરીને માલ વેચનાર; વેપારી; ખરીદનાર. A pedlar; one who buys or sells.

Chapter (ચૅપ્ટર્), *n.* પ્રકરણ; બાબ; અધ્યાય. A division of a book; a portion of a book. 2. ધર્મોપદેશકોનું મંડળ. An assembly of monks. *vt.* ભાગ પાડવા; વિભાગ કરવા. To divide into parts; to divide into chapters.

Char (ચાર્), *n.* એક પ્રકારની માછલી. A kind of fish. *vt.* બાળવું; બાળીને કોયલો કરવો; ધીમેથી બાળવું. To reduce to coal; to burn slightly.

Character (કૅરૅક્ટર્), *n.* ચિન્હ; નિશાન; અક્ષર; છાપ. A mark; a letter; a figure; a stamp of any kind. 2. વર્તન; રહેણીકહેણી; ગુણ; મુદ્રા; ખાસિયત. Behaviour; nature; a habit. 3. પ્રતિષ્ઠા; શાખ. Reputation. 4. પાત્ર (નાટકમાં) One of the persons of a drama or a novel. *vt.* કોતરવું; વર્ણન કરવું; બ્યાન કરવું. To engrave; to inscribe.

Characteristic,-al (કૅરૅક્ટરિસ્ટિક્,-કૅલ્), *a.* વિશેષ લક્ષણ બતાવે તેવું; સ્વભાવસુચક. Distinctive; containing the peculiar nature.

Characteristic (કૅરૅક્ટરિસ્ટિક્), *n.* વિશેષ ગુણ; લક્ષણ; સ્વભાવ. A special feature; a mark.

Characterize (કૅરૅક્ટેરાઇઝ્), *vt.* લક્ષણ કહેવા; ગુણ કહેવા; છાપ મારવી; વિશેષ ગુણ આલેખવા. To describe by peculiar traits or qualities.

Characterization (કૅરૅક્ટરિઝેશન્), *n.* વિશેષ લક્ષણ બતાવવા તે; ન્યારે ગુણ કહેવા તે. Description by peculiar qualities. [Burnt coal.

Charcoal (ચાર્કોલ્), *n.* લાકડાનો બળેલો કોયલો.

Charge (ચાર્જ્), *n.* સોંપેલું કામ; સુપ્રત કરેલી જવાબદારી. The work entrusted. 2. બંદુકનો ભાર-અવાજ; બંદુકમાં ભરવામાં આવતો દારૂ. The powder for a gun. 3. તોહોમત; આળ; બટ્ટો. An accusation. 4. હુમલો. An attack. 5. કિંમત. A price; a value. *vt. vi.* સોંપવું; હવાલે કરવું; કર નાંખવો; ભાર ભરવો. To entrust; to load heavily. 2. હુમલો કરવો. To attack. 3. આળ મૂકવું; તોહોમત મૂકવું. To accuse. 4. કિંમત માંગવી. To demand a price.

Chargeable (ચાર્જેબલ્), *a.* લઈ શકાય એવું; મૂકી દેવાય એવું; તોહોમત મૂકવા જેવું; ખરચ કરાવે તેવું. Liable to be charged; imputable.

Charger (ચાર્જર્), *n.* લડાઈનો ઘોડો; યુદ્ધાશ્વ. A war-horse. 2. મોટી રકાબી. A large dish.

Charily (ચૅરિલિ), *ad.* સાવચેતીથી; સંભાળથી. Carefully; mindfully.

Chariot (ચૅરિઑટ્), *n.* રથ; ચાર પૈડાંની ગાડી; યુદ્ધરથ. A four-wheeled carriage; a car used in war in ancient times. *vt. vi.* રથ હાંકવો; રથમાં લઈ જવું. To ride in a chariot.

Charioteer (ચૅરિઑટીર્), *n.* રથ હાંકનાર; સારથી. One who drives a chariot.

Charitable (ચૅરિટેબલ્), *a.* પરોપકારી; કૃપાળુ; રહેમ નજરથી જોનાર. Benevolent; merciful.

Charity (ચૅરિટિ), *n.* પરોપકારબુદ્ધિ; ધર્મદાન; પુણ્ય; ધર્મ. Universal love; alms-giving.

Charlatan (શાર્લૅટન્), *n.* પોતાની મેળેજ પોતાનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વખાણ કરનાર; ફુલણજી. A pretender; a quack.

Charlantry (શાર્લૅન્ટ્રિ), *n.* આપબડાઈ; દંભ; શેખી; ડોળ. Quackery; vanity.

Charm (ચાર્મ), *n.* જાદુ; મોહ; મંતરજંતર. A spell; an object of attraction. **2.** માદળિયું; તાવીજ. A trinket worn as a guard. **3.** ગીત; ગાયન. A song. *vt.* મંત્રના બળથી વશ કરવું; મોહ પમાડવું. To influence by a charm; to infatuate; to enchant.

Charmer (ચાર્મર્), *n.* વશ કરનાર; જાદુગર; મોહ પમાડનાર. One that infatuates.

Charming (ચાર્મિન્ગ્), *a.* મોહક; આનંદદાયક. Enchanting; delightful.

Chart (ચાર્ટ), *n.* નકશો (સમુદ્રનો); પટ; ફોડો; નકશો. A marine-map; an out-line map.

Charter (ચાર્ટર્), *n.* ખતપત્ર; દસ્તાવેજ; સનંદ; ખાસ હક. Any writing or document expressing rights or privileges; a special privilege. *vt.* સનંદ મેળવવી; દસ્તાવેજથી સ્થાપવું. To establish by a charter. **2.** વહાણ ભાડે રાખવા આપવું. To let on hire a ship on certain terms.

Chary (ચૅરિ), *a.* સાવચેત; ખબરદાર; કસરીઓ. [Careful; sparing.

Chase (ચેઝ), *vt. pr. p.* **Chasing.** *imp.* & *p. p.* **Chased.** શિકાર કરવો; શિકારની પાછળ પડવું; મૃગયા કરવા જવું. To pursue; to hunt. **2.** નસાડવું; નસાડી મૂકવું. To put to flight. *n.* શિકાર; મૃગયા; શિકારનું ખુલ્લું મેદાન. A hunt; a pursuit; ground abounding in game. **2.** બીબાં રાખવાનું ખાનું. A case for holding types.

Chasm (કૅઝમ્), *n.* ચીરો; ફાટ; ખાલી જગા. An opening; a gap.

Chaste (ચેસ્ટ), *a.* પવિત્ર; નિર્દોષ; સદ્‌ગુણી સતી. Pure in taste and style; virtuous; modest.

Chasten (ચેસન્), *vt.* શિક્ષા કરીને સુધારવું; શિક્ષા કરવી; શુદ્ધ કરવું. To punish; to refine. **2.** દોષમુક્ત કરવું. To free from faults.

Chasteness (ચેસ્ટ-નેસ્), *n.* પતિવ્રતાપણું; નિર્દોષતા; શુદ્ધિ. Chastity; purity; the quality of being chaste.

Chastise (ચૅસ્ટાઈઝ), *vt.* શિક્ષા કરવી; દંડ કરવો; સુધારવાને માટે શિક્ષા તરીકે કોઈપણ ઉપાય યોજવા. To inflict punishment. **2.** વ્યવસ્થામાં લાવવું; નિયમમાં મૂકવું. To set in order.

Chastisement (ચૅસ્ટાઈઝમેન્ટ), *n.* શિક્ષા; દંડ; શાસન; સજા. Punishment (imposed with a view to correct).

Chastity (ચૅસ્ટિટિ), *n.* પવિત્રતા; સતીપણું; પતિવ્રતાપણું; નિર્દોષતા. Purity; modesty; faithfulness to one's husband. **2.** ભાષાશુદ્ધિ. Refinement in language.

Chat (ચૅટ), *vt.* વાતચીત કરવી; તડાકા મારવા. To talk idly. *n.* વાતચીત; ગપાટા; નકામી વાત. An idle talk; a gossip.

Chattel (ચૅટ્-ટેલ્) *n.* જંગમ મિલ્કત; સરસામાન; માલમિલ્કત; જમીન સિવાય બીજી કોઈપણ મિલ્કત. Any movable property except land. **Goods and chattels,** સરસામાન; માલમિલ્કત (જમીન સિવાયની).

Chatter (ચૅટર્), *vi.* બકબકાટ કરવો; લવરી કરવી; બડબડવું. To talk idly; to talk rapidly. *n.* બકબકાટ; લવરી; બડબડાટ. An idle talk.

Chatter-box, *n.* વાતોમાં શુરો; બોલવામાં બહાદુરી વાપરનાર. [idle-talker; a prater.

Chatterer (ચૅટરર્), *n.* વાતોડિયો; બકબકીઓ. An

Chatty (ચૅટિ), *a.* વાતોડિયું; બોલકણું; બડબડિયો. Talkative; prone to talk in excess.

Chaw (ચૉ), *vt. vi.* ચાવવું; ચાવી જવું; તમાકુ ચાવવી. To chew tobacco.

Cheap (ચીપ્), *a.* સસ્તું; સોંઘું; કિફાયત. Low in price or value; easily obtained.

Cheapen (ચીપન્), *vt.* સસ્તું કરવું; ભાવની સોંઘવારી કરવી; ભાવ ઉતારવો. To make cheap; to lower the price. [ness in price.

Cheapness (ચીપ્-નેસ્), *n.* સોંઘવારી; સોંઘાઈ. Low-

Cheat (ચીટ), *vt. vi.* છેતરવું; ઠગવું; ઠગાઈ કરવી. To deceive; to beguile. *n.* ઠગાઈ; છેતરામણી. Deceit. **2.** ઠગાઈ કરનાર; છેતરનાર. A deceiver; an impostor. [પિંડી. Fraud; trick.

Cheating (ચીટિંગ્), *n.* ઠગાઈ; કપટ; દગો; છેતર-

Check (ચૅક) *n.* અટકાવ; રોકાણ; મનાઈ; પ્રતિબંધ. Restraint; a control; an obstruction. *vt.* દાબમાં રાખવું; અટકાવવું; ધમકાવવું. To restrain; to control.

Checker, Chequer (ચેકર્), *vt.* ચિત્રવિચિત્ર કરવું-બનાવવું. To mark in squares of different colours. **2.** રંગબેરંગી કરવું. To variegate.

Checkered (ચેકર્ડ), *a* રંગબેરંગી; વિલક્ષણ; અદ્‌ભુત. Variegated; diversified.

Check-mate (ચૅક્-મેટ), *n.* માત; શહેમાત (શેત્રંજની રમતમાં). A complete defeat or overthrow in the game of chess.

Cheek (ચીક), *n.* ગાલ. The fleshy part of the face below the eye.

Cheer (ચીર્), *vt. vi.* ખુશી કરવું; આનંદી બનાવવું; હોંશમાં આવવું; ઉત્તેજીત થવું-કરવું. To comfort; to encourage. *n* આનંદ; હર્ષનાદ; જયજયકાર. Joy; a shout of welcome.

Cheerful (ચીર્-ફુલ), *a.* આનંદી; હસમુખો; ખુશ. Lively; joyful.

Cheerfully (ચીર્-ફુલિ), *ad.* આનંદપૂર્વક; ઉમંગથી; હોંશથી. Joyfully; in a lively way.

Cheerfulness (ચીર્-ફુલ-નેસ્), *n.* આનંદ; ઉમંગ; હોંશ. Joy; liveliness; joyfulness.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cheerless (ચીર્-લેસ્), *a.* આનંદ વિનાનું; શોકાતુર; ઉદાસ. Gloomy; sad.

Cheery (ચીરિ), *a.* આનંદી; આનંદ વધારે તેવું. Lively; causing joy.

Cheese (ચીઝ), *n.* પનીર; મઠો. A kind of sweet liquid food.

Chemical (કેમિકૅલ્), *a.* રસાયન શાસ્ત્ર સંબંધી; રસાયન શાસ્ત્રનું; રસાયણીક. Pertaining to Chemistry.

Chemicals (કેમિકૅલ્સ્), *n. pl.* રસાયણીક દ્રવ્યો-પદાર્થો; રસાયણમાં ઉપયોગી વસ્તુઓ. Substances which form the subject of chemical effects.

Chemise (શેમિઝ્), *n.* સ્ત્રીઓને પહેરવાનું લુગડું-કપડું. A woman's shirt.

Chemist (કેમિસ્ટ્), *n.* રસાયનશાસ્ત્રી; રસાયણીવૈદ્ય. One well up in the science of Chemistry.

Chemistry (કેમિસ્ટ્રિ), *n.* પદાર્થવિજ્ઞાન; રસાયનશાસ્ત્ર. The science, which treats of the properties of substances.

Cheque (ચેક્), *n.* નાણાં મેળવવાની ચિઠ્ઠી; હુંડી; 'ચેક્' A money-order on a banker payable at demand.

Chequer (ચેકર્), *vt.* See **Checker.**

Cherish (ચેરિશ્), *vt.* માયા-સ્નેહ બતાવવો; વૃદ્ધિ કરવી; વધારવું; ઉછેરવું. To treat with love; to nurse; to entertain.

Cheroot (ચીરૂટ્), *n.* તંબાકુના પાંદડાની બીડી. A kind of Cigar.

Cherry (ચેરિ), *n.* 'ચેરીનું ઝાડ' અથવા તેનું ફળ. A kind of tree. *a.* રાતું; લાલચોળ; સુરખીવાળું. Red; reddish. **Cherry-merry,** પાનસોપારી-પાનસોપારી તરીકે આપેલી રકમ-બક્ષિસ.

Cherub (ચેરબ્), *n.* ફીરસ્તો; દુત; રૂપાળું છોકરૂં. A heavenly spirit; a beautiful child.

Chess (ચેસ્), *n.* શેત્રંજની રમત. A kind of game played between two persons or parties. **Chess-board,** *n.* શેત્રંજની રમત જેના ઉપર રમવામાં આવે છે તે પાટિયું. **Chessman,** *n.* શેત્રંજનું મહોરૂં. A piece used in the game of chess.

Chest (ચેસ્ટ્), *n.* પેટી; પટારો. A large strong box. **2.** છાતી. The part between the neck and abdomen.

Chestnut (ચેસ્ટ્નટ્), *n.* એક જાતનું લાલ ફળ અથવા ઝાડ. A nut or a fruit enclosed in a shrub; the tree beaing such a fruit.

Chevalier (શેવૅલીર્). *n* બહાદૂર માણસ; શુરવીર; ઘોડેસ્વાર. A knight; a horseman; a gallant.

Chew (ચૂ), *vt.* ચાવવું; વાગોળવું. To masticate. **2.** (*Fig.*) મનન કરવું; વિચાર કર્યા કરવો. To meditate.

Chick (ચિક્), *n.* મરઘીનું બચ્ચું. The young of the hen. **2.** છોકરો; પોરીઓ. A lad; a boy.

Chicken (ચિકન), *n.* મરઘીનું બચ્ચું The young of the hen. **2.** (*fig.*) બ્હીકણ આદમી. A weak-hearted man. **Chicken-hearted,** *a.* બ્હીકણ; બાયલો. **Chicken-pox,** *n.* અછબડા; ઓરી.

Chide (ચાઈડ્), *vt. vi. pr. p.* **Chiding.** *imp.* & *p. p.* **Chid.** *p. p.* **Chid, Chidden.** ઠપકો દેવો; ધમકાવવું; વાંક કહાડવો. To rebuke; to blame; to find fault.

Chief (ચીફ્), *a.* મુખ્ય; પહેલું; શ્રેષ્ઠ, ઉત્તમ. Principal; highest; best; superior. *n.* રાજા; ઠાકોર; મુખ્ય માણસ. A head; a leader; the principal part of any thing.

Chiefly (ચીફ્લિ), *ad.* મુખ્યત્વે કરીને; ખાસ કરીને. Mostly.

Chieftain (ચીફ્-ટેન્), *n.* સરદાર; આગેવાન; નાયક. A leader; a commander.

Chieftaincy, Chieftainship (ચીફ્ટેનસી, ચીફ્ટેન્-શિપ્), *n.* નાયક અથવા સરદારનો હોદ્દો-પદવી. The rank or position of a captain.

Child (ચાઈલ્ડ્), *n. pl.* **Children.** બાળક; છોકરૂં; ફરજંદ. A boy; an infant. **Child-bearing,** *n.* પ્રસવ; સુવાવડ. **Child-bed,** સુવાવડ. **Child's play,** *n.* બહુજ ઓછી મહેનતથી થઈ શકે તેવું કામ. **With child,** *a.* સગર્ભા (સ્ત્રી).

Child-hood (ચાઈલ્ડ્-હુડ્), *n.* બચપણ; નાનપણ; બાલ્યાવસ્થા. The state of being a child.

Childish (ચાઈલ્ડ્-ઈશ્), *a.* છોકરવાદી; નાદાન; બેસમજ. Silly; wanting some sense.

Child-less (ચાઈલ્ડ્-લેસ), *a.* અપુત્ર; વાંઝિયું. Having no issue; barren.

Child-like (ચાઈલ્ડ્-લાઈક્), *a.* બાળકની માફક; બાળકને ઘટે તેવી રીતે; નમ્ર; ભોળું. Becoming a child; docile.

Chill (ચિલ્), *a.* શરદ; ઠંડું. Cold; shivering with cold. *n.* ઠંડક; શરદી. Coldness. *v. t.* ટાઢું કરવું; ઠંડક કરવી. To make chill. **2.** નાઉમેદ કરવું. To discourage.

Chilly (ચિલિ), *a.* ઠંડું; ધુજારો આણે તેવું. Somewhat cold; slightly cold or cool.

Chillies (ચિલીઝ્), *n.* મરચાં. The fruits of the capiscum.

Chime (ચાઈમ્), *vt. vi.* સુર મેળવવો; તાલમાં ગાવું. To sound in harmony. *n.* ગાયનમાં તાલનો મેળ; પ્રાસ; મેળ. Agreement of sound.

Chimera (કિમીરૅ), *n* ન બને તેવી કલ્પના; મનના તરંગ; આકાશપુષ્પ. An idle or impossible fancy. **2.** સિંહનું માથું, સાપની પુંછડી અને બકરાનું શરીર હોય એવો કલ્પિત રાક્ષસ. A fabulous monster, with a lion's head, serpent's tail and goat's body.

Chimerical (કિમેરિકૅલ્), *a.* ખાલી; વૃથા; કલ્પિત. Fanciful; wild.

Chimney (ચિમ્ની), *n. pl.* **Chimneys.** ધુમાડિયું; 'ચીમની'. A passage for smoke

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

from a furnace. **Chimney-piece,** *n.* ચુલા ઉપરની છાજલી.

Chimpanzee (ચિમ્પૅન્ઝી), *n.* આફ્રિકામાં વસતો એક જાતનો વાંદરો. An African ape, resembling the gorilla.

Chin (ચિન્), *n.* દાઢી; હડપચી; ડાચું. The jutting part of the face below the mouth. **Chin-cough,** *n.* ઉટાંટીઓ.

Chine (ચાઈન્), *n.* પશુની કરોડ. A backbone (generally of the beasts).

Chinese (ચાઈનીઝ્), *n.* ચીન દેશના રહેવાશી. An inhabitant of China. *a.* ચીન દેશનું; ચીન દેશ સંબંધી. Of China.

Chink (ચિન્ક્), *n.* ચીરુ; ફાટ; લાંબી અને સાંકડી ચીર. A crack; a gap.

Chintz (ચિન્ટ્ઝ્), *n.* છીટ; છાપેલું સુતરાઉ કાપડ. A kind of printed and well calendered cotton-cloth.

Chip (ચિપ્), *n.* છોડીયું; ચીપ; કરચ. A piece of wood or other substance chopped off. *vt.* છોડા પાડવાં; કાપવું. To cut into small pieces.

Chirology (કાઇરૉલૉજી), *n.* હાથની ઈશારતથી વાત કરવાની કળા. The art of discussing with the hands as to the deaf and the dumb.

Chiromancy (કાઇરોમૅન્સિ), *n.* હાંથની રેષાઓ જોવાની વિદ્યા; સામુદ્રિકવિદ્યા. Palmistry.

Chirp (ચર્પ્), *vi.* ચીંચીં કરવું; ચુંચું કરવું. To make a sharp shrill sound. **2.** આનંદિત રીતે વાત કરવી. To talk in a lively way. *n.* ચીંચીં અવાજ. A sharp and shrill noise.

Chirrup (ચિરપ્), *vi.* Same as **Chirp.**

Chirurgeon (કાયર-રૅજૅન્), *n.* શસ્ત્રવૈદ્ય; વ્હાડકામ કરનાર વૈદ્ય. A surgeon.

Chisel (ચિઝેલ્), *n.* સુતારનું વીંધણું; ફરસી. A steel tool used by a carpenter; the tool of a sculptor. *vt.* વીંધણાથી કાપવું; કોતરવું. To cut or carve with a chisel.

Chit (ચિટ્), *n.* બચ્ચું; બાળક. A child; a baby. **2.** ફણગો. A sprout.

Chitchat (ચિટ્ચૅટ્), *n.* ઠંડા પહોરની વાત; ગપ્પાં. A trifling talk; an idle talk; a gossip.

Chivalrous (શિવૅલરસ્), *a.* સ્ત્રી સન્માન કરનાર; બહાદૂર; વીરરસવાળો. Bold; gallant; of chivalry.

Chivalry (શિવૅલરિ), *n* સ્ત્રી સન્માન; બહાદુરી; શૌર્ય. Courtesy to fair sex; bravery; courage. **2.** સરદાર અથવા 'નાઈટ'ની પદવી-રહેણી-કહેણી વિગેરે. The qualifications of a knight

Chives (ચાઈવ્ઝ્), *n.* ફુલનાં તંતુ; પરાગ; કેસર Slender threads in the blossoms of a plant.

Chlorodyne (ક્લોરોડાઈન્), *n.* દરદ શાંત કરે અને ઉંઘ લાવે તેવી 'પેટન્ટ' દવા. A medicine allaying pain and inducing sleep.

Chloroform (ક્લોરોફૉર્મ્), *n.* બેશુદ્ધ બનાવવાનું એક ઔષધ. A kind of colourless liquid used to produce insensibility.

Chocolate (ચૉકોલેટ્), *n.* ખાંડ, તજ, ટોપરા, બિગેરેની બનાવેલી મિઠાઈ. A kind of sweet-meat.

Choice (ચૉઈસ્), *n,* મરજી; ઈચ્છા; પસંદ કરવાની મરજી; પસંદગી. An act of choosing; a thing selected; preference. *a.* અમુલ્ય; કિંમતી; ઉત્તમ. Precious; appropriate. **To take one's choice,** મરજી મુજબ લેવું-પસંદ કરવું.

Choir (ક્વાઈર્), *n.* દેવળમાં ગાનારી મંડળી; ગાનસ્થળ; કીર્ત્તનીઆં. A band of singers (esp. in a church).

Choke (ચોક), *vt. vi. pr. p.* **Choking.** *imp.* & *p. p.* **Choked.** શ્વાસ બંધ કરવો; દમ બંધ કરવો; ગુંગળાવી નાંખવું; અટકાવવું. To suffocate; to stop. **2.** દમ બંધ થવો; ગુંગળાઈ જવું. To be suffocated.

Choler (કૉલર્), *n.* ક્રોધ; ગુસ્સો; તામસ; કોપ; પિત્ત. Anger; irritation; a bile.

Cholera (કૉલરૅ), *n.* કોગળિયું; 'કોલેરા'. A kind of deadly disease affected by purging and vomiting.

Choleric (કૉલરિક્), *a.* કોગળિયાનું; કોલેરાને લગતું. Pertaining to cholera. **2.** પિત્તવાળું; તામસી મિજાજનું. Containing bile; hot-tempered.

Choose (ચૂઝ્), *vt. vi. pr. p.* **Choosing.** *imp.* **Chose.** *p. p.* **Chosen.** પસંદ કરવું; ચુંટી કાઢવું; મરજી હોવી. To select; to like.

Chop (ચૉપ્), *vt. vi. pr. p.* **Chopping.** *imp.* & *p. p.* **Chopped.** કાપવું; છુંદવું; ચુરેચુરા કરવા To cut with a blow; to cut into pieces. **2.** સાટું કરવું; અદલાબદલી કરવી. To exchange. *n.* કકડો; છેદ; ચીરાડો; ફાટ. A blow; a piece cut off; a slice of mutton.

Chopping (ચૉપ્-પિન્ગ્), *n.* કકડા કરવા તે; ચુરેચુરો. Small pieces of wood, etc. *a.* ભારે; જાડું; છોળો મારતું. Stout; flowing in irregular waves.

Choral (કોરૅલ્), *a.* ગાનાર મંડળીનું; કીર્ત્તનીઆઓનું; ગાયક મંડળી સંબંધી. Belonging to a choir.

Chord (કૉર્ડ્), *n.* તાંત; તાર; જ્યાં. The string of a musical instrument; a line joining the ends of an arc.

Chorist, Chorister (કૉરિસ્ટ્, કૉરિસ્ટર્), *n.* મંડળીમાંનો એક ગાનાર. A member of choir.

Chorus (કોરસ્), *n.* નટમંડળ; ગાનારી મંડળી. A company of singers. **2.** ધ્રુવ; ધ્રુપદ; ટુંક. An oft repeated stanza in a poem.

Chouse (ચાઉસ્), *vt.* છેતરવું; ઠગવું. To deceive; to swindle. *n.* ઠગાઈ; છેતરપીંડી. Deceit; a fraud.

Chowry (ચાઉરિ), *n.* ચમરી; ચમ્મર. An instrument for driving away flies.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Christ (ક્રાઈસ્ટ), *n.* ખ્રિસ્તિ ધર્મનો પેગંબર; 'જેસસ ક્રાઇસ્ટ'; ઈસુ. Jesus Christ; the propounder of Christian religion.

Christen (ક્રિસન્), *vt.* ખ્રિસ્તિ કરવું; નામ પાડવું; જળસંસ્કાર કરવા; બાપ્ટીઝમ આપવું. To baptize in the name of Christ.

Christendom (ક્રિસન્ડમ્), *n.* ખ્રિસ્તિમુલક; ક્રિશ્ચિયન ધર્મપંથ; ખ્રિસ્તિસમૂહ. All the Christians taken collectively; the faith of the Christians.

Christian (ક્રિસ્ટિઅન્), *a.* ખ્રિસ્તિને લગતું; માયાળુ; સંસ્કારી. Pertaining to one who observes Christianity. *n.* ખ્રિસ્તિ; વિશ્વાસી. A believer in Christ.

Christianity (ક્રિસ્ટિઅનિટિ), *n.* ખ્રિસ્તિ ધર્મ; ક્રિશ્ચિયન ધર્મની પદ્ધતિ. The religion of Christ. the principles of Christian religion.

Christianize (ક્રિસ્ટિઅનાઈઝ), *vt.* ખ્રિસ્તિ કરવું-બનાવવું. To convert into Christianity.

Christmas (ક્રિસ્મસ), *n.* નાતાલ; ઈસુખ્રિસ્તના જન્મદિવસના તહેવાર. A festival observed on the 25th of December on account of the birth of Christ. [science of colours.

Chromatics (ક્રોમેટિક્સ), *n.* રંગશાસ્ત્ર; રંગકલા. The

Chronic, Chronical (ક્રૉનિક્, ક્રૉનિકલ્), *a.* જુનું; ઘણા દિવસનું; ઘણા દિવસથી ચાલ્યું આવતું. Lasting a long time.

Chronicle (ક્રૉનિકલ્), *n.* કાળક્રમ; હેવાલ; ઈતિહાસ; બીના. A record of events in order of time; a history. *vt.* હેવાલ નોંધવો; ઈતિહાસ લખવો; બીના ટાંકવી-લખવી. To record; to record events in order of time.

Chronological (ક્રૉનોલૉજીકલ), *a.* કાળ ગણના સંબંધી; કાલ ગણનાનું. Pertaining to the science of time. [The science of time.

Chronology (ક્રૉનૉલૉજી), *n.* કાલગણન વિદ્યા.

Chronometer (ક્રૉનોમીટર્), *n.* ઘટીયંત્ર; કાળમાપકયંત્ર. An instrument to measure time; a watch. [wish, green, precious stone.

Chrysolite (ક્રિસોલાઈટ્), *n.* લસણીઓ હીરો. Yello-

Chrystal (ક્રિસ્ટલ્), *n.* બિલોરી કાચ. A prismatic glass. *a.* બિલારી કાચનું. Of chrystal.

Chub (ચબ્), *n.* એક જાતની માછલી. A kind of river-fish.

Chubby (ચબ્-બિ), *a.* ટુંકું અને જાડું; ગોળ મ્હોંવાળું. Plump; short and thick; round-faced.

Chuck (ચક્), *vi. vt.* મરઘીની માફક બોલવું; ચક્ચક કરવું; મરઘી બચ્ચાંને બોલાવે છે તેવી રીતે અવાજ કાઢવો. To call as a hen. *n.* મરઘીનો અવાજ. The call of a hen.

Chuckle (ચકલ્), *v.t. v.i.* બોલાવવું; મરઘીનાં બચ્ચાંને ચકચક બોલાવવું. To imitate a hen; to call as a hen does her chickens. 2. લાડ લડાવવાં; સ્નેહ બતાવવો. To caress.

Chuff (ચફ્), *n.* મૂર્ખ; ગમાર; ચીડાઈ જાય તેવો માણસ. A clown.

Chum (ચમ્), *n.* સાથી; સોબતી; ગોઠીઓ. A friend (chiefly among school boys). *vt.* મિત્ર સાથે રહેવું; સોબતી સાથે એક ઓરડીમાં રહેવું. To occupy the same room with a friend.

Chummy (ચમ્-મિ), *a.* મળતાવડો; મિલનસાર. Sociable. [lime; mortar.

Chunam (ચુનૅમ્), *n.* કળિચુનો; ચુનો. Brick-

Church (ચર્ચ્), *n. pl.* **Churches.** દેવળ; ભજનની જગ્યા. A house of worship, for Christians 2. પાદરીવર્ગ; ખ્રિસ્તિ સમાજ. The priests; the clergy.

Church-yard (ચર્ચ્-યાર્ડ), *n.* કબ્રસ્તાન; મુડદાં દાટવાની જગ્યા. The burial ground round a church. [A rustic; an ill-bred fellow.

Churl (ચર્લ), *n.* ગમાર; રોંચો; જંગલી ગમાર.

Churlish (ચર્લિશ), *a.* જંગલી; અસભ્ય; હઠીલું. Rude; ill-bred; unyielding.

Churn (ચર્ન), *n.* વલોવવાનું વાસણ-સંચો. A machine, producing butter from milk. *vt.* વલોવવું; હલાવી નાંખવું. To produce butter from milk; to agitate.

Chyle (કાઈલ), *n.* અન્નરસ; આહારરસ. A white fluid drawn from the food.

Chyme (કાઈમ્), *n.* હોજરીમાં પડેલો ખોરાક; આમરસ. The pulp made of food in the stomach.

Cicada (સિકૅડ), *n.* તીડ. A locust.

Cicatrice (સિકૅટ્રાઈસ્), *n.* ઝાડું; ચાંદું. A scar; a mark on the skin.

Cicatrize (સિકૅટ્રાઈઝ), *vt. vi.* રૂઝવવું; રૂઝ આવવી; ભોય આવવી. To heal; to be healed.

Cicerone (સિસેરોન્), *n.* ભોમીઓ; માર્ગદર્શક; રસ્તો બતાવનાર. A guide; one, who makes a stranger familiar with peculiarities.

Cider (સાઈડર), *n.* એપલ નામના ફળનો રસ-દારૂ. A drink made from apples.

Cigar (સિગાર), *n.* તંબાકુના પાંદડાની બીડી. A roll of tobacco leaves used in smoking.

Cigarette (સિગારેટ્), *n.* તંબાકુના પાંદડાની નાની બીડી. A little cigar rolled in thin paper.

Cilicious (સિલિશસ્), *a.* વાળનું; વાળની બનાવટનું. Made of hair.

Cimmerian (સિમીરિઅન્), *a.* અતિશય અંધકારવાળું; ઘોર અંધકારવાળું. Intensely dark.

Cinchona (સિન્કોનૅ), *n.* સિન્કોના નામનું ઝાડ જેમાંથી 'કીનાઈન' થાય છે. A kind of tree, out of which quinine is made.

Cincture (સિન્ક્ટ્યૂર્), *n.* કમરબંધ; કમરપટો; બંધન. A girdle; a belt. 2. ઘેરાવો; હદ; ઘેર. Inclosure

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. ઘેરવું; વીંટી લેવું; વિંટાળવું; બંધન બાંધવું. To encompass; to girdle.

Cinder (સિન્ડર્), *n.* નાની ચિણગારી; તણખો; નાનો અંગારો; જીવતો કોલસો. An ember; a small coal with flame. **2.** બળેલા કોલસાની રાખ. The refuse of burned coals

Cinnabar (સિન્-નૅ-બાર્), *n.* રક્તપારદ. Sulphuret of mercury, used as a pigment.

Cinema (સિનેમા), *n.* હાલના ચાલતાં ચિત્રો જોવાનું સ્થળ; 'સિનેમા'. A theatre, where moving pictures are shown.

Cinnamon (સિનૅમૉન્), *n.* તજ; દાલચીની. A kind of spices. [a shoot.

Cion (સાઈઑન્), *n.* અંકુર; કલમ. A sprout;

Cipher (સાઈફર્), *n.* શૂન્ય; મીંડું. A zero; A dot. **2.** (*Fig.*) અક્કલ વિનાનો માણસ. A senseless fellow. *vt. vi.* હિસાબ કરવા; દાખલા ગણવા. To do sums. [Enchanting; charming.

Circean (સર્સીઍન્), *a.* મોહિનીરૂપ; કામણરૂપ

Circle (સર્કલ્), *n* વર્તુલ; કુંડાળું; ગોળ. A ring; an orbit; theb ounding line of a figure. **2.** મંડળ; ટોળું. A company. *vt. vi. pr. p.* **Circling.** *imp.* & *p. p.* **Circled.** ગોળ ફેરવવું; ગોળ ફરવું; ઘેરવું; પ્રદક્ષણા કરવી. To move rouud; to move in a circle.

Circuit (સર્-કીટ્), *n.* ઘેરો; ફેરો; પરિવર્તન. The act of moving round; an extent. *vt.* ગોળ ફેરવવું. To go round.

Circular (સર્ક્યૂલૅર્), *a.* ગોળ; ગોળાકાર. Round. *n.* સંબંધ ધરાવનાર માણસોને લાગુ પડતો સરકારી કાગળ; ભ્રમણપત્ર. A note sent to member of persons. [Round-about.

Circuitous (સર્કીટસ્), *a.* ફેરવાળું; લાંબુ; આડું.

Circulate (સર્-ક્યૂલેટ્), *vt. vi.* ફેરવવું; ફેલાવવું; ફરવું; ઘુમવું. To make to go round; to spread; to move round.

Circulation (સર્-ક્યૂલેશન્), *n.* ફેલાવો; ફરવું તે; ફેલાવ; પરિભ્રમણ. The act of moving in a circle; diffusion.

Circulatory (સર્-ક્યૂલેટરિ), *a.* પરિભ્રમણ કરવું; ચારે તરફ ફરવું. Circulating; diffusing.

Circumambient (સર્કમ્-એમ્બિએન્ટ્), *a.* ઘેરી લેવું; ફરી વળેલું; ચોગરદમ ફેલાઈ રહેલું Going round about.

Circumambulate (સર્કમ્-એમ્બ્યૂલેટ્), *vt.* પ્રદક્ષિણા ફરવી; ચારે તરફ ફરવું. To move round about

Circumcise (સર્કમ્-સાઈઝ્), *vt.* સુન્નત કરવી; પવિત્ર બનાવવું. To purify.

Circumference (સર્કમ્-ફરેન્સ્), *n.* ઘેરાવો; પરિધ; ગોળ કુંડાળું; ગોળો; ચકરડું. The bounding line of a circle.

Circumflex (સર્કમ્-ફ્લેક્સ્), *n.* સ્વરિત સ્વર. A mark placed upon a vowel to show contraction.

Circumfuse (સર્કમ્-ફ્યૂઝ્), *vt.* આસપાસ ફેલાઈ જવું; ચારે બાજુએ રેડવું. To pour round.

Circumjacent (સર્કમ્-જેસેન્ટ્), *a.* આસપાસ પડેલું; ચોતરફ ફરતું આવેલું. Lying round; bordering on every side.

Circumlocution (સર્કમ્-લોક્યૂશન્), *n.* લાંબુ ધ્યાન કરીને લખવું તે; વક્રોક્તિ. Round about way of expression.

Circumnavigate (સર્કમ્-નૅવિગેટ્), *vt.* સમુદ્રમાર્ગે પૃથ્વીની પ્રદક્ષિણા કરવી. To travel round the earth by sea-route.

Circumpolar (સર્કમ્-પોલૅર્), *a.* ધ્રુવની નજીકમાં આવેલું; ધ્રુવના તારાની આસપાસનું. Situated round the Poles.

Circumrotary (સર્કમ્-રોટૅરિ), *a.* ગોળચક્કર ફરવું; ચકરચકર ફરવું. Moving in a circle.

Circumscribe (સર્કમ્-સ્ક્રાઈબ્), *vt.* હદ બાંધવી; ઘેરવું; સીમા ઠરાવવી. To enclose with certain limits; to draw a line.

Circumspect (સર્કમ્-સ્પેક્ટ્), *a.* સાવધ; હોંશિયાર; દીર્ઘદૃષ્ટિવાળો; નિપુણ; કાબેલ. Watchful; wary; clever.

Circumspection (સર્કમ્-સ્પેક્શન્), *n.* સાવચેતી; સાવધાની; હોંશિયાર. Watchfulness; cautiousness; wariness.

Circumstance (સર્કમ્-સ્ટૅન્સ્), *n.* બીના; હકીકત; સંજોગ; પરિસ્થિતિ; સ્થિતિ. An event; surroundings; the state or condition of one's affairs.

Circumstantial (સર્કમ્-સ્ટૅન્શૅલ્), *a.* મુદ્દાને લગતું; બારીક; પરિસ્થિતિને શોભે તેવું; સંજોગવાળું. Pertaining to surroundings; incidental.

Circumvallation (સર્કમ્-વૅલ્લેશન્), *n.* ઘેરો ઘાલનાર લશ્કરની પાછળ કરેલો કોટ; મોરચો. A fortification surrounding a fort or a town.

Circumvent (સર્કમ્-વેન્ટ્), *vt.* ઠગાઇ કરવી; છેતરવું; ફસાવવું; દગો દેવો. To deceive; to cheat. **2.** યુક્તિ કરી કોઈને ફસાવવું. To outwit a person.

Circumvention (સર્કમ્ વેન્શન્), *n.* ઠગાઇ; કપટબાજી; છેતરપીંડી. Deceit; fraud; delusion.

Circumvolve (સર્કમ્-વૉલ્વ્), *vt.* ગોળ ફેરવવું; ગબડાવવું. To turn round; to roll.

Circus (સર્કસ્), *n.* તમાશીની જગ્યા; કુસ્તી, વિ૦ દેખાવો જોવાની જગ્યા; જંગલી જનાવરોના ખેલ જોવાનું સ્થળ. An arena where the feats of tiger, lion, horses, etc. are exhibited.

Cistern (સિસ્ટર્ન્), *n.* ટાંકી; હૌજ; કુંડ. Any receptacle for holding water or other liquid; a reservoir. [fortress near a city.

Citadel (સિટૅડેલ્), *n.* કિલ્લો; કોટ; બુરજ. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Citation (સાઇટેશન્), *n.* હુકમ; હુકમપત્ર; 'સમન્સ'. A written order; a summon. **2.** ગ્રંથમાંથી ઉતારો કરવો તે; ઉતારો. Quotation.

Cite (સાઇટ્), *vt. imp. & p. p.* **Cited.** ગ્રંથમાંથી ઉતારો કરીને બોલવું અથવા લખવું. To quote. **2.** બોલાવવું. To summon. **3.** (*law*) અધિકારની રૂએ કોર્ટમાં હાજર થવા ફરમાવવું. To summon to answer in court.

Citizen (સિટિઝેન્), *n.* શહેરી; નાગરિક; નગરવાસી. A townsman; an inhabitant of a city.

Citizenship (સિટિઝેનશિપ્), *n.* નાગરિકત્વ; શહેરી તરીકેનો હક. The right of a citizen.

Citric (સિટ્રિક), *a.* મીઠા લીંબુ સંબંધી. Of a citron.

Citron (સિટ્રન્), *n.* મીઠું લીંબુ; શંત્રુ. The fruit resembling a lemon.

City (સિટિ), *n. pl.* **Cities.** શહેર; નગરી; નગર; પુરી. A town; a large town.

Civet (સિવેટ્), *n.* એક જાતની બિલાડી જેમાંથી કસ્તુરી નીકળે છે; કસ્તુરી. A cat yielding musk.

Civic (સિવિક), *a.* શહેરનું; નાગરિક. Pertaining to a city or a citizen.

Civil (સિવિલ્), *a.* સુધરેલું; સભ્યતાવાળું. Polite; refined **2.** મુલ્કી; લશ્કરી નહિ તેવું. Not military; of a city. **Civil-war,** દેશની અંદર અંદરની લડાઇ-ઝઘડો. **Civil-court,** દિવાની કોર્ટ.

Civilian (સિવિલિઍન્), *n.* દિવાની ખાતાંનો સનંદી અમલદાર; સીવીલ સર્વિસમાં પાસ થયેલો અમલદાર. A non-military officer; one engaged in civil pursuits.

Civility (સિવિલિટિ), *n.* વિવેક; સભ્યતા; રીતભાત. Politeness; modesty; good manners.

Civilization (સિવિલિઝેશન્), *n.* સુધારો; સંસ્કૃતિ; કળાકૌશલ્યમાં સુધારો; ઉન્નતિ; રીતભાત. Refinement; natural culture.

Civilize (સિવિલાઇઝ્), *vt.* કેળવવું; કેળવણી આપવી; સુધારો કરવો; સંસ્કૃતિમય બનાવવું; ઉન્નતિમાં મૂકવું. To instruct in arts; to refine; to culture.

Clack (ક્લૅક), *n.* કટકટ અવાજ. A sharp sudden sound. *vt.* કટકટ થવું; કડાક કડાક વાગવું. To make a sudden noise. **2.** બડબડવું; લવરી કરવી. To prattle; to talk at random.

Clad (ક્લૅડ્), *a. p. p.* of **Clothe.** વસ્ત્ર પહેરેલું; વસ્ત્રથી ઢંકાએલ; કપડાંવાળું. Clothed.

Claim (ક્લેમ્), *vt.* હક કરવો; દાવો કરીને માગવું; હકની રૂએ માંગવું. To demand as a right. *n.* હક; દાવો; હકની રૂએ માંગણી. A demand; a right for demanding.

Claimant (ક્લેમૅન્ટ્), *n.* હકદાર; દાવાદાર; હકની રૂએ માંગનાર. One who makes a claim.

Clairvoyance (ક્લેર્-વૉઍન્સ્), *n.* ભેદ સમજવાની શક્તિ; સૂક્ષ્મદર્શન. The power of seeing things, which are not present to the senses.

Clam (ક્લૅમ્), *vt. vi.* ચીકણા પદાર્થથી ચોંટાડવું-ચોંટવું; ચોંટી જવું. To smear; to clog.

Clamber (ક્લૅમ્બર્), *vi.* ટેકી ટેકીને ચઢવું; મુશ્કેલીથી ચઢવું; મહેનતથી ઉપર જવું. To climb with difficulty. [Sticky.

Clammy (ક્લૅમ્-મિ), *a.* ચિકણું; ચોંટી જાય તેવું.

Clamorous (ક્લૅમરસ્), *a.* ઘોંઘાટ કરનાર; શોરબકોર કરનાર; ટંટાખોર; ધાંધળિયો. Noisy; boisterous.

Clamour, Clamor (ક્લૅમર્), *n.* ઘુમ; શોરબકોર; ગડબડ; કોલાહલ. Noise; uproar; a loud outcry. *vt.* શોરબકોર કરવો; ઘોંઘાટ કરવો; પોકાર કરવો. To make a loud cry; to cry aloud.

Clamp (ક્લૅમ્પ્), *n.* પટ્ટી; ચાપડો; બાકો; પટો. A piece of timber or iron used to fasten any frame-work; any contrivance for holding. *vt.* પટ્ટીથી જડવું-બાંધવું. To fasten with a clamp.

Clan (ક્લૅન્), *n.* કુળ; વંશ; ટોળી; ગોત્ર. A tribe; a sect; persons belonging to the same class.

Clandestine (ક્લૅન્ડેસ્ટિન્), *a.* ખાનગી; સંતાડેલું; ગુપચુપ; છૂપું. Hidden; private; secret.

Clang, Clank (ક્લૅન્ગ્, ક્લૅન્ક્), *vt. vi.* ધાતુના સામસામા અથડાવાથી અવાજ કરવો-થવો; ખખડાવવું. To produce a sharp ringing sound. *n.* ખખડાટ; રણકાર; રણકો. A sharp ringing sound.

Clannish (ક્લૅનિશ્), *a.* એકસંપી; એક ગાંઠવાળું; હળીમળી ગયેલું. Closely united; mingled.

Clanship (ક્લૅન્શિપ્), *n.* એકસંપ; એકગાંઠ; પોતાની ટોળી માટે વફાદારી-અભિમાન. Union; loyalty to one's clan.

Clansman (ક્લૅન્સ્મૅન્), *n.* ટોળીમાંનો અથવા ટુકડીમાંનો એક આદમી-માણસ. A member of a clan.

Clap (ક્લૅપ્) *vt. vi. pr. p.* **Clapping.** *imp. & p. p.* **Clapped.** અથડાવવું; અફાળવું; ફેંકવું; શાબાશીના પોકાર તાળીઓના ગગડાટ સાથે પાડવા. To strike; to thrust; to applaud with the hands. *n.* ધબાકો; તડાકો; ગર્જના. The noise produced by the sudden striking of two things; a burst of sound. **Clap-trap,** *n.* ધંધામાં ફત્તેહ મળે તેટલા માટે ખોટી રીતે ધંધાનાં વખાણ કરાવવાં તે. **To clap eyes on,** જોવું; નીરખવું. **To clap hands,** કરાર કરવા. **To clap up,** એકાએક પૂરૂં કરવું. [wine.

Claret (ક્લૅરેટ્), *n.* લાલ રંગનો દારૂ. Dark-red

Clarification (ક્લૅરિફિકેશન્), *n.* તેજાબથી કોઇ વસ્તુને ચોખ્ખી કરવી તે-ગાળવી તે-શુદ્ધ કરવું તે. An act of purifying a thing esp. by Sulphuric acid.

Clarify (ક્લૅરિફાય્), *vt. pr. p.* **Clarifying.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

imp. & *p. p.* **Clarified.** શુદ્ધ કરવું; ચોકખું બનાવવું-કરવું. To make pure; to make clear.

Clarion (ક્લૅરિઍન્), *n.* એક જાતની તુરાઇ; એક જાતનું વાજું. A kind of trumpet.

Clash (ક્લૅશ), *vi. vt.* સામસામા અથડાવું; એકબીજાથી વિરૂદ્ધ આવવું; અડચણ આવવી; સંમત થવું નહિ; વિચારમાં જુદા પડવું. To dash noisily together; to meet in opposition; to disagree. *n.* ગડગડાટ; ધબાકો; અથડામણી. A loud noise; an opposition. **2.** વિચારમાં વિરોધતા. Contradiction.

Clasp (ક્લૅસ્પ્) *vt.* ભેટવું; બાથમાં લેવું-ભીડવું; બાઝવું. To embrace; to hold firmly. *n.* બાથ; આલિંગન; ચાપડો. An embrace; a hook for fastening.

Class (ક્લાસ્), *n. pl.* **Classes.** વર્ગ; ભાગ; ટુકડી; જાતિ; ગણ; વર્ણ. A group; a rank; an order. *vt.* વર્ગ પાડવા; ભાગ પાડવા; વર્ગીકરણ કરવું. To arrange in order; to divide into classes.

Classic (ક્લૅસિક્), *a.* પહેલા વર્ગનું; ઉત્તમ; સર્વોત્કૃષ્ટ; સુધરેલું. Superior; of the first rank; excellent; well-refined. *n.* ઉત્તમ કાવ્ય લખનાર; ઉત્તમ લેખક; ઉત્તમ કાવ્ય. The best poet; the best work.

Classical (ક્લૅસિકૅલ્), *a.* ઉત્તમ; શ્રેષ્ઠ; સર્વોત્કૃષ્ટ. Superior; of the first rank.

Classification (ક્લૅસિફિકેશન્), *n.* વર્ગીકરણ; જાતિવિભાગ. An act of forming into a class or a group.

Classify (ક્લૅસિફાય્), *vt. pr. p.* **Classifying.** *imp.* & *p. p.* **Classified.** ગુણ પ્રમાણે વર્ગ પાડવા; જાત પ્રમાણે ભાગ કરવા; વર્ગીકરણ કરવું; ક્રમવાર ગોઠવવું. To arrange into a group or class according to merits; to divide.

Clatter (ક્લૅટ્-ટર્), *vi.* ખણખણ અવાજ કરવો; બડબડવું. To make a rattling noise; to prate. *n.* ખણખણાટ; બડબડાટ. A rattling noise; a prattling.

Clause (ક્લૉઝ્), *n.* ભાગ; પેટાવાક્ય; પ્રકરણ. A part of a sentence; a part.

Clavicle (ક્લૅવિકલ્), *n.* ગર્દનનું હાડકું; હાંસડીનું હાડકું. The collar-bone of man.

Clavier (ક્લૅવિઅર્), *n.* વાજાંની કળ. The keyboard of a musical instrument.

Claw (ક્લૉ), *n.* પશુના અથવા પંખીના નખ અથવા પંજો; નહોર. The curved nail of a beast or a bird. *v.t.* નહોર મારવા; નહોરવતી ફાડવું; ઉઝરડા ભરવા; પકડી લેવું. To scratch with the claw; to seize. **2.** (*Fig.*) ખુશામત કરવી; મ્હોંએ વખાણ કરવા. To flatter.

Clay (ક્લે), *n.* માટી; મટોડી. Earth.

Clayey (ક્લેઇ), *a.* માટીનું; મટોડીવાળું; માટીમય. Containing earth; consisting of earth.

Clayish (ક્લેઇશ્), *a.* Same as **Clayey.**

Clean (ક્લીન્), *a.* સ્વચ્છ; સાફ; ચોકખું; શુદ્ધ; સુંદર; નિર્મળ. Free from dirt; pure; complete; neat. *vt.* સ્વચ્છ બનાવવું; નિર્મળ કરવું; ચોકખું કરવું. To make free from dirt; to make pure. *ad.* બિલકુલ; તદ્દન; છેક; સંપૂર્ણ રીતે. Totally; completely. **To make a clean breast,** હૃદય ખોલીને બધી વાત કરવી-કહેવી. **To show a clean pair of heels,** સહીસલામતીથી નાશી છુટવું.

Cleaning (ક્લીનિંગ્), *n.* સ્વચ્છ કરવું તે; શુદ્ધ કરવું તે. An act of making free from dirt, error, etc.

Cleanness (ક્લીન્-નેસ્), Same as **Cleanliness.**

Cleanliness (ક્લીનલિનેસ્), *n.* સુઘડતા; સફાઇ; સ્વચ્છતા; ચોકખાઇ. The state of being free from dirt; purity.

Cleanly (ક્લીનલિ), *a.* ચોખ્ખું; નિર્દોષ; શુદ્ધ. Clean in habits or in person; neat. *ad.* સફાઇથી; ચોખ્ખાઇથી. In a clean manner.

Cleanse (ક્લેન્ઝ્), *vt. pr. p.* **Cleansing.** *imp.* & *p. p.* **Cleansed.** સ્વચ્છ કરવું; સાફ કરવું; ચોખ્ખું કરવું; નિર્મળ બનાવવું. To make clean; to purify.

Clear (ક્લીર્), *a.* સ્વચ્છ; શુદ્ધ; નિર્મળ; ખુલ્લું; ઉઘાડું. Pure; bright; plain; distinct. *vt. v.i.* સ્વચ્છ કરવું; શુદ્ધ બનાવવું; સ્વચ્છ થવું-બનવું. To make clear; to be clear. **2.** ખાલી કરવું; ચોખ્ખું કરવું; પતાવવું; તારવવું. To empty; to receive the gain or loss; to settle the payment.

Clearance (ક્લીરૅન્સ્), *n.* ચોખ્ખો નફો; વહાણ હંકારવા મળેલી પરવાનગી. The clear profit; a certificate that a ship has been cleared at the custom house.

Clearness (ક્લીર્નેસ્), *n.* સ્પષ્ટતા; સફાઇ. The state of being free from ambiguity.

Cleave (ક્લીવ્), *vi. pr. p.* **Cleaving.** *imp.* **Clave, cleaved.** *p. p.* **Cleaved.** ચોંટવું; વળગી રહેવું. To stick.

Cleave (ક્લીવ્), *vt. vi. imp.* **Clove, cleaved, cleft.** *p. p.* **Cloven, cleaved, cleft.** ફાડવું; ફાટવું; જુદું પાડવું. To split; to sever; to part asunder.

Cleaver (ક્લીવર્), *n.* કસાઇનો છરો; ચીરનાર; ફાડનાર. A butcher's knife; one that cleaves.

Cleft (ક્લેફ્ટ), *n.* ચીર; તડ; ફાટ. A crack; a fissure; an opening made by splitting.

Cleg (ક્લેગ્), *n.* બગાઈ; ઘોડામાંખ; માખી. A horse-fly; a gad-fly.

Clemency (ક્લેમેન્સિ), *n.* દયા; કૃપા; રહેમ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષમા. Mild temper; gentility; readiness to forgive.

Clement (ક્લેમેન્ટ), *a.* દયાળુ; માયાળુ; રહેમીઅત; ક્ષમાશીલ. Mild; gentle; ready to forgive.

Clench (ક્લેન્શ), *vt.* મજબુત પકડવું; ઝાલવું; સખાઇથી કબજામાં લેવું. To hold tight; to fasten; to set firmly.

Clergy (ક્લર્જિ), *n.* ખ્રિસ્તિ ધર્મોપદેશક મંડળ; પાદરીઓનું મંડળ. The ministers of the Christian religion.

Clergyman (ક્લર્જિમૅન), *n.* ખ્રિસ્તિ ધર્મોપદેશક; પાદરી. A regularly ordained minister.

Clerical (ક્લેરિકલ), *a.* લખવાના કામ સંબંધી; પાદરી સંબંધી; કારકુનના કામ બાબતનું. Pertaining to the work of copying; relating to a priest.

Clerk (ક્લાર્ક), *n.* કારકુન; મહેતો; હિસાબ અથવા નામુંઠામું રાખનાર. An account-keeper; a writer. **2.** પાદરી; વિદ્વાન. A priest; a scholar. **The clerk of the court,** *n.* નાજર.

Cleromancy (ક્લીરૉમૅન્સિ), *n.* ચિઠ્ઠીઓ અથવા પાસા નંખીવી ભવિષ્ય જોવું તે. Divination by lots.

Clever (ક્લેવર), *a.* હોંશિયાર; ચાલાક; ચપળ બુદ્ધિનું; પ્રવીણ. Skilful; dexterous; able.

Cleverness (ક્લેવર-નેસ), *n.* હોંશિયારી; ચાલાકી; પ્રવીણતા. Skill; dexterity.

Clew, Clue (ક્લૂ), *n.* પીલ્લુ; દડી; આંટી. A ball of thread. **2.** ગુંચવણી છોડનાર; પત્તો; ભાળ. Any thing which solves a puzzling point. *vt.* દોરાને વીંટવું-લપેટવું. To coil up into a ball.

Click (ક્લિક), *vi.* ટચકારો-ડચકારો થવો; કટકટ થવું. To make a sharp sound. *n.* ટચકારો; ડચકારો. A light or sharp sound.

Client (ક્લાયેન્ટ), *n.* (*Law.*) અસીલ; વકીલનું ઘરાક. One who employs a lawyer. **2.** આશ્રિત; બીજાની ઓથ પકડનાર પુરૂષ. A dependent.

Cliff (ક્લિફ), *n.* ખડક; નાની ટેકરી; ઉભો ખડક. A steep rock; a hill.

Climacteric (ક્લિમૅક્ટેરિક), *n.* જીંદગીનો બારિક સમય જ્યારે શરીરના બધા અવયવો ખુલે છે. A critical time in life, in which, bodily change in supposed to take place. **2.** બારીક સમય. A critical time. *a.* બારીક; બારીક વખતનું. Critical; of critical time.

Climate (ક્લાઇમેટ), *n.* હવા; હવાપાણી; આબોહવા. The state of a country with regard to temperature. *vi* અમુક દેશમાં રહેવું-વસવું. To remain in a certain place.

Climatic (ક્લાઇમેટિક) *a.* હવાપાણીનું; હવાપાણી સંબંધી. Pertaining to climate.

Climatise (ક્લાઇમેટાઈઝ), *vt. vi.* હવાપાણી માફક આવવાં; આબોહવા ફાવવી. To suit the climate of a country.

Climax (ક્લાઇમૅક્સ), *n.* શિખર; ટોચ; ઉંચામાં ઉંચો ભાગ. The top; a culmination; the highest point. **2.** સારાલંકાર; ઉત્તરોત્તર વૃદ્ધિ. One of the Figures of speech in literature.

Climb (ક્લાઇમ), *vt. vi.* ઉપર જવું; ઉપર ચઢવું; ધીમે ધીમે ઉપર જવું-વધવું; શ્રમથી ઉપર ચડવું. To ascend; to go upward; to rise to a higher point. *n.* ચઢવું તે; ચઢાણ. An ascent.

Clime (ક્લાઇમ), *n.* દેશ; પૃથ્વીનો પ્રદેશ. A region; a territory.

Clinch (ક્લિન્શ), *vt.* પકડવું; ઝાલવું; જોરથી મુઠી વાળવી; સજ્જડ બેસાડી દેવું; ભીડવું. To grasp tightly; to hold firmly; to fasten. *n.* પકડ; કબજો; મુઠી; બાથ. A grasp; something set firmly.

Cling (ક્લિન્ગ), *vt. vi. imp.* & *p. p.* **Clung.** ચોંટાડવું; બાઝવું; વળગવું; વળગાડવું. To attach; to adhere; to stick.

Clinic (ક્લિનિક), *n.* ખાટલે પડેલો દરદી; પથારીવશ માંદો માણસ. One confined to bed by sickness. *a.* પથારીવશ; ખાટલામાં પડેલું. Confined to bed.

Clink (ક્લિન્ક), *v.t. v.i.* ખખડાવવું; ખણખણાટ કરવો. To make a ringing sound. *n.* ખણખણાટ; ખખડાટ. A ringing sound.

Clip (ક્લિપ), *vt. pr. p.* **Clipping.** *imp.* & *p. p.* **Clipped.** કાતરવું; કાપવું; ટુંકું કરવું. To cut off; to curtail. **2.** આલિંગન દેવું; ભેટવું. To embrace. *n.* કાપવું તે; કાતરવું તે. A shearing; an act of cutting off. **2.** આલિંગન. An embrace.

Clique (ક્લિક), *n.* સોનેરી ટોળી; ચંડાળ ચોકડી; સેતાનની ટોળી. A gang of persons (used in a bad sense).

Cloak (ક્લોક), *n.* ડગલો; ઝબ્બો; ઉપરનું ઢાંકણ. A loose outer garment; an upper covering. **2.** બ્હાનું; નિમિત્ત; વેષ. A pretext; a disguise. *v. t.* ઝબ્બો પહેરવો; ઢાંકવું; સંતાડવું; છુપું રાખવું. To clothe with an outer garment; to conceal; to hide.

Clock (ક્લૉક), *n.* મોટું ઘડિયાળ; દિવાલે ટાંગવાનું મોટું ઘડિયાળ. A watch that strikes the hour. **Clock-work,** *n.* ઘડિયાળનાં યંત્રો અથવા સામાન વિગેરે. **To know what o'clock it is,** વસ્તુસ્થિતિનું બરાબર ભાન થવું.

Clod (ક્લૉડ), *n.* ઢેકું; માટીનું ઢેકું; ગચિયું. **2.** પિંડ; માટીનું કલેવર. The body of man as of clay. *vt.* ઢેફાં મારવાં; જોરથી ફેંકવું. To throw clod; to hurl.

Cloddy (ક્લૉડ્-ડિ), *a.* ઢેફાંવાળું; ગઠ્ઠાવાળું. Full of clods.

Clog (ક્લૉગ), *vt. pr. p.* **Clogging.** *imp.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

& *p. p.* **Clogged.** બોજો મૂકી ભારે કરવું; અતિશય ભાર લાદવો. To encumber with load. **2.** હરકત કરવી; વિઘ્ન નાંખવું; મુશ્કેલીમાં મૂકવું. To obstruct *n.* ભાર; બોજો; અંતરાય; વિઘ્ન; હરકત. Any object hindering motion; an obstruction. **2.** લાકડાના તળિયાવાળો જોડો. A shoe with a wooden sole.

Cloister (ક્લૉઇસ્ટર્), *n.* મઠ; વિહાર; એકાંત જગા; અખાડો. A monastery; a nunnery. **2.** વાડો. An enclosed place. *vt.* મઠમાં પુરવો; એકાંત જગામાં રાખવું. To confine in a cloister.

Cloisterer (ક્લૉઇસ્ટરર્), *n.* મઠવાસી; વિહારમાં રહેનાર; બાવો. A monk; one belonging to a cloister. [nun.

Cloistress (ક્લૉઇસ્ટ્રેસ્), *n.* મઠવાસીની; બાવી. A

Close (ક્લોઝ્), *vt. vi. pr. p.* **Closing.** *imp.* & *p. p.* **Closed.** બંધ કરવું; ઢાંકવું; મીંચવું; સંપૂર્ણ કરવું. To stop; to finish; to cover. **2.** જોડાવું; સાથે થવું–આવવું. To draw together; to unite. **3.** બંધ થવું; પૂરું થવું; ઢંકાઇ જવું. To shut; to come to an end. *n.* સમાપ્તિ; છેડો; અંત; વિરામ. The end; a pause. *a.* ચપટ બેસાડેલું; પાસેનું; બંધ; ગુપ્ત; ખીચોખીચ; મજબુત; અડોઅડ. Confined; narrow; stingy; intimate; near. **Close-fisted,** કંજુસ. **Close-bodied,** શરીરે બંધબેસતું.

Closet (ક્લૉઝેટ્), *n.* એકાંત ઓરડી; એકાંત જગા; ગોખલો. A small private room. **2.** જાજરૂ; સંડાસ. A privy. *vt.* એકાંત ઓરડીમાં પૂરવું; ગુપ્ત રાખવું. To shut up in a private room.

Closely (ક્લોઝ્લિ), *ad.* પાસેપાસે; ખીચોખીચ; નિકટ સંબંધથી. Densely; nearly.

Closeness (ક્લોઝ્નેસ્), *n.* ઘટ્ટપણું; બારીક નજર; સંકડાશ; ઉકળાટ. Narrowness; compactness.

Closh (ક્લોશ્), *n.* ઢોરનાં પગનો એક જાતનો રોગ. A disease in the feet of cattle.

Closure (ક્લોઝ્યુર્), *n.* અટકાવવું તે; બંધ કરવું તે; અન્ત; છેડો; પરિણામ. An act of closing; the end; the result.

Clot (ક્લૉટ્), *vt.* બંધાવું; ચોંટી જવું; બંધાઇ જવું. To adhere; to coagulate. *n.* નરમ; ચિકણી વસ્તુની ગાંઠ; ગોળો. A mass of soft matter.

Cloth (ક્લૉથ્), *n.* કાપડ; લુગડું; કપડું. Woven material from which, garments are made. **Cloth-market,** *n.* કાપડ બજાર. **Cloth-merchant,** *n.* કાપડનો વેપારી.

Clothe (ક્લોધ્), *vt. vi. pr. p.* **Clothing.** *imp.* **Clothed.** *p. p.* **Clothed, Clad.** પોશાક પહેરાવવો; પોશાકથી ઢાંકવું; કપડાં પહેરવા–પહેરાવવા; વસ્ત્રો પુરા પાડવાં. To cover with garment; to provide with dress; to wear clothes.

Clothes (ક્લોધ્સ્), *n.* પોશાક; વસ્ત્ર; કપડાં. Dress; vestment; garments. **2.** બિછાના ઉપરના કામળા, બાનુસો, વિગેરે. Blankets for a bed.

Cloud (ક્લાઉડ્), *n.* વાદળું; ટોળું; નભ. A collection of vapour, which is visible; a mass of smoke; what obscures, or threatens; a great multitude. *vt. vi.* વાદળથી ઢાંકી દેવું; વાદળથી છવાવું. To overspread with a cloud. **2.** ઝાંખું કરવું; શોકાતુર કરવું–થવું. To dim; to be gloomy.

Cloudiness (ક્લાઉડિનેસ્), *n.* આંધી; ઘનઘોર; અંધકાર. The state of being cloudy; the darkened state. **2.** શોક; દિલગીરી. Sadness; grief.

Cloudy (ક્લાઉડિ), *a.* વાદળાંવાળું; વાદળથી છવાએલ; વાદળનું બનેલું Covered over with clouds; formed of clouds. **2.** ઝાંખું; અસ્પષ્ટ. Dim; unclear. [Clear; unclouded.

Cloudless (ક્લાઉડ્લેસ્), *a.* સ્વચ્છ; વાદળાં સિવાયનું.

Clough (ક્લફ્), *n.* ડુંગરની કરાડ; ચીરો; ફાટ (જમીનની). A ravine; a valley.

Clout (ક્લાઉટ્), *vt.* થીંગડું મારવું; ગમે તેમ જોડવું. To patch in an irregular way. *n.* થીંગડું; ચામડાનો કકડો; લુગડાનો કકડો. A patch; a piece of leather or cloth.

Clouterly (ક્લાઉટર્લિ), *a.* બેડોળ; ઢંગધડા વગરનું; વિચિત્ર; જેવું તેવું. Clumsy; awkward; deformed.

Clove (ક્લોવ્), *n.* લવીંગ. A kind of aromatic spice. **2.** ચીરો; ફાટ. A cleft.

Cloven (ક્લોવન્), *a.* ફાટેલું; ચીરેલું. It is past participle of **Cleave.**

Clown (ક્લાઉન્), *n.* ગામડિયો; રોંચો; રીતભાત સિવાયનો બબુચક. A country fellow; an ill-bred fellow. **2.** વિદુષક; રંગલો. A buffoon.

Clownish (ક્લાઉનિશ્), *a.* જંગલી; બેઅદબી; બેઢંગુ; રીતભાત વિનાનું. Rustic; ill-bred; awkward.

Cloy (ક્લૉય્), *vt.* ઓકારી આવે ત્યાં સુધી ખવરાવવું; અતિતૃપ્ત કરવું. To feed in excess; to satiate.

Club (ક્લબ્), *n.* ડાંગ; ધોકો; સોટો; ડંગોરો. A heavy tapering stick; a cudgel. **2.** રમત, વિ૦ આનંદ કરવાના હેતુથી સ્થપાયેલું મંડળ; સમાજ; કલબ. An association of persons who gather in the building for the purpose of recreation. *vt. vi.* ધોકાથી મારવું–પ્રહાર કરવો. To beat with a cudgel. **2.** સમાજમાં જોડાવું. To join in a club.

Cluck (ક્લક્) *vi.* (બચ્ચાંને બોલાવતી વખતે) મરઘીનું બોલવું; મરઘીની માફક અવાજ કાઢવો. To make the sound of a hen when calling to her chickens. *n.* મરઘીની માફક બોલવું તે. The call of a hen to her chickens.

Clue (ક્લ્યૂ), *n.* Same as **Clew.**

Clump (ક્લમ્પ્), *n.* જાડો કકડો; ઢીમચું. A short, thick piece of any thing. **2.** ઝાડી. A cluster

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of trees. *vt. vi.* શ્રમપૂર્વક ચાલવું; ભારે પગે ચાલવું. To walk heavily.

Clumsy (ક્લમ્ઝિ), *a.* બેડોળ; બેઢંગું; અનાડી; અણકિસબી; અણઘડ. Awkward; deformed; shapeless.

Cluster (ક્લસ્ટર), *n.* લુમ; લુમખો; ઝુમખું. A bunch. 2. જથ્થો; ટોળું. A group; a number of similar things. *vt. vi.* લુમ બાંધવી; ઝુમખું થવું; ઢગલો થવો; એકઠું થવું. To collect into a bunch; to heap up; to unite.

Clutch (ક્લચ), *vt.* સજ્જડ પકડી રાખવું; સજ્જડ મુઠી વાળવી. To hold tightly in the hand; to seize firmly. *n.* પકડ; કબજો; પંજો. A grasp; an act of seizing firmly.

Clutter (ક્લ-ટર), *n.* ઘોંઘાટ; ધાંધળ; ગરબડાટ. A bustle; a confusion; noise. *vt. vi.* ગરબડ કરવી; ધાંધળ કરવી; ઉતાવળમાં ગમે તેમ ચીજોને ભરવી. To crowd together; to go about noisily.

Clyster (ક્લિસ્ટર), *n.* ગાંઠો લાવવા જે દવાની પીચકારી મારવામાં આવે છે તે દવા; બસ્તી; પીચકારી. A liquid, washing the intestines.

Coach (કોચ), ગાડી; બગી; રથ. A four-wheeled carriage. 2. પરીક્ષા માટે તૈયાર (લેશન) કરાવનાર શિક્ષક. A private tutor. *vt.* ગાડીમાં બેસાડીને લઈ જવું. To carry in a coach. 2. પરીક્ષાને માટે લેશન તૈયાર કરાવવું. To tutor; to instruct. **Coach-box,** *n.* ગાડીવાનને બેસવાની જગ્યા. **Coachman,** *n.* ગાડીત; ગાડીવાન. **Coach-office,** *n.* મુસાફરોને ટીકીટ લેવાની જગ્યા.

Co-action (કો-ઍક્શન્), *n.* બળાત્કાર; જબરાઇ; જુલ્મ; ફરજીઆત કામ. Compulsion; force.

Coadjutor (કો-ઍડ્જ્યૂટર), *n.* મદદગાર; સહાયકારી. A helper; an associate.

Co-agulate (કો-ઍગ્યૂલેટ), *vt. vi.* જમાવવું; એકઠું કરવું; ઠરી જવું. To make to curdle; to congeal.

Coal (કોલ), *n.* કોયલો; કોલસો. A black combustible substance. *vt. vi.* કોલસા પુરા પાડવા; બંદરે કોલસા ભરવા. To supply with coal; to take in coal. **To carry coals to Newcastle,** લુહારવાડે સોય વેચવા જવું.

Coalesce (કોઍલેસ્), *vi.* એકઠા જોડાવું; હળીમળી રહેવું; સંધી કરવી. To unite into one body; to grow together.

Coalescence (કોઍલેસે-સ્), *n.* સંધી; સંયોગ; એકઠું થવું તે; સમાગમ. Union; the state of being united.

Coalition (કોઍલિશન્), *n.* હળીમળી જઇ એક થઇ જવું તે; એકત્ર થવું તે. An act of uniting into one body.

Coarse (કોર્સ), *a.* જાડું; ખડબચડું; અસભ્ય; અણઘડ. Thick; rough; unpolished; rude; mean.

Coarseness (કોર્સ્નેસ), *n.* જાડાપણું; અસભ્યતા; ખડબચડાપણું. Thickness; roughness; meanness.

Coast (કોસ્ટ), *n.* સમુદ્ર કાંઠો; સમુદ્ર તટ-કિનારો. The sea-shore; the side of the sea. *vi.* કિનારા પાસે વહાણ હંકારવું. To sail near the coast. **Coast-waiter,** *n.* બંદર ઉપર આવેલી જકાત ઑફિસ.

Coaster (કોસ્ટર), *n.* કિનારે કિનારે જતું વહાણ. A vessel, that sails along the shore.

Coat (કોટ), *n.* ડગલો; અંગરખું; ઢાંકણ; પડ. An outer garment; any covering. 2. બખ્તર; કવચ. An armour. *vt.* થર દેવો; પડ ચઢાવવું; ઢાંકણથી મઢવું. To cover with a coat or a layer. **Coat of mail,** બખ્તર. **To turn one's coat,** પોતાના વિચાર બદલવા.

Coating (કોટિન્ગ્), *n.* અંગરખાં, ડગલા, વિગેરેના લુગડાં; પડ; અસ્તર. Cloth for coats; a covering.

Coax (કોક્સ્), *vt.* પટાવવું; ફોસલાવવું; પ્રલોભન કરાવવું. To cajole; to wheedle; to entice.

Coaxer (કોક્સર), *n.* પટાવનાર; ફોસલાવીને કામ કઢાવી લેનાર. One who coaxes.

Coaxing (કોક્સ-સિન્ગ), *n.* પટામણી; ફોસલામણી; ખુશામત. Wheedling.

Cob (કૉબ), *n.* ટોચ; મથાળું; શીખર; કળશ. The top. 2. મકાઇ ડોડો. A head of maize.

Cobble (કૉબ્-બલ), *vt.* થીંગડું મારવું; જોડાને થીંગડાથી સીવવું. To patch up; to mend coarsely (as, a shoe). *n.* થીંગડું. A patch; a piece of leather or cloth.

Cobbler (કૉબ્લર), *n.* મોચી; અણઘડ મોચી. A shoe-mender. 2. (*fig.*) અણકિસબી કારીગર. A clumsy workman. 2. દારૂ, ખાંડ, વગેરેનું બનાવેલું સરબત. A sweet drink made up of wine.

Cobra (કોબ્ર-બ્રા), *n.* નાગ; ફણીધર નાગ. The hooded serpent.

Cob-web (કૉબ્-વેબ્), *n.* કરોળિયાની જાળ. The spider's net. 2. (*fig.*) ફસાવવા માટે જાળ-બિછાનું, વિગેરે. Any means of enticement.

Cochineal (કોચિનીલ), *n.* કીરમજી રંગ. A scarlet dye-stuff.

Cock (કૉક), *n.* મરઘો; કુકડો. The male of the fowl. 2. આગેવાન. A leader. 3. દારૂની નળી-ચકલી. A tap for liquor 4. બંદુકનો ઘોડો. The hammer of a gun. 5. ઘાસની નાની ગંજી. A small pile of hay. *vt.* ઉંચું કરવું; ચઢાવવું; અકડાઇમાં આમતેમ ચાલવું; બંદુકનો ઘોડો ખેંચવો. To raise; to strut; to set erect; to draw the trigger of a gun. **Cock-match** or **fight,** *n.* મરઘાઓની લડાઈ. **Cock-pit,** *n.* કુકડાઓને જે સ્થળે લડાવવામાં આવે તે સ્થળ. **Cock-sure,** *a.* ગળાસૂધીની ખાત્રીલાયક.

Cockade (કૉકેડ્), *n.* લશ્કરી અમલદારની ટોપી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોપી ઉપરનું છોગું-ફુમતું. A knot of a ribbon.

Cockatoo (કૉકેટૂ), *n.* **Cockatoos.** કાકાકૌઆ પક્ષી. A kind of bird.

Cockatrice (કૉકૅટ્રિસ્), *n.* સાપ; સાપના જેવો કલ્પિત રાક્ષસ. A fabulous monster like a serpent.

Cocket (કૉકેટ્), *n.* ફુરજામાંની ચિઠ્ઠી. A custom house certificate. *a.* ચંચળ; ચાલાક; ચપળ. Brisk; active.

Cockle (કૉક્લ્), *n.* એક જાતનો શંખ-છીપ; બે છીપવાળી માંછલી. A shell-fish. *vt. vi.* કરચલીઓ વાળવી; કરચલી પડવી. To pucker into wrinkles.

Cock-roach (કૉક્-રોચ્), *n.* વંદો; વંદો. A kind of insect; a beetle.

Cockscomb (કૉક્સ્કોમ્), *n.* કુકડાની કલગી-માંજર. The comb of a cock. 2. (*fig.*) ફાંફડો માણસ; અક્કડબાજ પુરુષ. A fop; a vain fellow.

Cocoa (કોકો), *n.* નાળિયેરી; નાળિયેરીનું ઝાડ. A palm tree bearing cocoa-nuts. 2. પીવાની વસ્તુ; 'કોકો'. A kind of sweet drink.

Cocoanut (કોકોનટ્), *n.* નાળિયેર; શ્રીફળ. The fruit of the cocoa-palm.

Cocoon (કોકૂન્), *n.* રેશમના કીડાનો કોશેટો. The silken sheath spun by the insects.

Coction (કોક્શન્), *n.* ઉકાળો; કાઢો; ઉકાળવું તે. The act of boiling; a thing boiled.

Cod (કૉડ્), *n.* એક જાતની માંછલી; 'કોડ' માછલી. A species of fish. 2. રાગ; ફળી; જે કોથળીમાં અંડ રહે છે તે કોથળી. A pod; a gland. 3. ઓશિકું. A pillow.

Coddle (કૉડ્-ડ્લ્), *vt.* લાડ લડાવવું; અતિશય માયા રાખીને વર્તવું. To fondle; to pamper.

Code (કોડ્), *n.* કાયદાનો સંગ્રહ; ધારાઓના સંગ્રહનું પુસ્તક. A digest of laws; a collection of laws. 2. લશ્કરમાં તેમજ અન્ય સ્થળે વપરાતા સાંકેતિક શબ્દો. A system of sounds, used in the army.

Codger (કૉજર્), *n.* ગામડીઓ; લોભી; પાજી માણસ. A mean fellow; a greedy fellow.

Codicil (કૉડિસિલ્), *n.* (*Law*) વસિયતનામામાં ઉમેરેલી કલમ. A note serving as a supplement to a will.

Codify (કોડિફાય્), *vt. pr. p.* **Codifying.** *imp. & p. p.* **Codified.** કાયદાનો સંગ્રહ કરવો; સંહિતા કરવી; કાયદા બાંધવા. To put into the form of a code.

Co-efficacy (કો-એફ્-ફિકેસિ), *n.* એકઠા મળી કામ કરવું તે; સમગુણકારિતા. Joint or combined efficacy.

Co-efficient (કો-એફ્-ફિશેન્ટ્), *a.* સહાયકારી; મદદગાર. Helping; acting in union. *n.* ગુણક આંકડો. The numerical figure put before any term in Algebra.

Co-equal (કો-ઈક્વૅલ્), *a.* બરાબર પદવીનું; સરખું; સમાન. Equal in rank or merit. *n.* બરોબરીઓ; સમાનપદે હોનાર. One of the same rank.

Coerce (કોઅર્સ્), *vt.* કબજામાં રાખવું; જોરજુલમથી કરાવવું; બળાત્કારથી કામ લેવું; કામ કરવાની ફરજ પાડવી. To restrain; to curb; to force to do any action.

Coercion (કોઅર્શન્), *n.* અટકાવ; પ્રતિબંધ; દબાણ. Restraint; a curb; an outward pressure to get a thing done.

Coercive (કોઅર્સિવ્), *a.* પ્રતિરોધક; જબરાઈનું; બળાત્કારનું. Restraining; compulsory.

Co-essential (કો-એસેન્શલ્), *a.* સમભાવવાળું; એક કાળે સાથે બનવાવાળું. Partaking of the same essence.

Coeval (કોઈવૅલ્), *a.* એકજ વખતે થયેલું; સરખી ઉમ્મરનું. Of the same age. *n.* એકજ વખતે જન્મેલા માણસોમાંનો એક; સમકાલીન. One of the same age; a contemporary.

Co-exist (કો-એક્ઝિસ્ટ્), *vi.* એકજ કાળે બનવું-થવું-હોવું. To exist at the same time.

Co-existence (કો-એક્ઝિસ્ટેન્સ્), *n.* સહજીવન; સહવર્તમાનપણું. The state of existence at the same time.

Co-existent (કો-એક્ઝિસ્ટેન્ટ્), *a.* સહજીવી; સહવર્તમાન; સાથે રહેનાર. Existing at the same time with another.

Co-extensive (કો-એક્ષ્ટેન્-સિવ્), *a.* સમવ્યાપક; સરખી અવધવાળું. Having an equal extent.

Coffee (કૉફી), *n.* બુંદદાણા; બુંદદાણાનો ઉકાળો; કાફી. The powder made from the seeds of the coffee-tree. **Coffee-house,** *n.* વીશી; હોટેલ.

Coffer (કૉફ્-ફર્), *n.* પેટી; ખજાનો; ભંડાર; પુંજી. A chest; a trunk; the property of a person. *vt. pr. p.* **Coffering.** *imp. & p. p.* **Coffered.** સંગ્રહ કરવો; પેટીમાં મૂકવું. To hoard; to place into a trunk.

Coffin (કૉફિન્), *n.* શબપેટી; કફન. The chest or box in which dead body is enclosed. *vt.* શબ પેટીમાં મુકવું: To place into a coffin. **To drive a nail in one's coffin,** પોતાનો વિનાશ પોતાના હાથેજ શોધવો.

Cog (કૉગ્), *vt. vi.* ઠગવું; ફોસલાવવું; છેતરવું. To deceive; to cheat; to wheedle. *n.* ઠગાઈ; છેતરપીંડી; કપટ. A deceit; a fraud. 2. ચક્રના ઘેર પરનો દાંતો. A tooth on a wheel. 3. નાનો મછવો-હોડી. A small boat.

Cogency (કોજેન્સિ), *n.* જોર; સબળપણું; મનને સમજાવવાની શક્તિ; પ્રબળતા. Power; convincing power.

Cogent (કોજેન્ટ્), *a.* બળવાન; જોરાવર; સબળ;

CC-0, In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનને સમજાવવાની શક્તિવાળું. Powerful; with the convincing influence.

Cogitate (કૉજિટેટ), *vi. vt.* મનમાં ને મનમાં ઘોળાવું; વિચારવું; યોજના કરવી. To meditate; to reflect; to devise.

Cogitation (કૉજિટેશન), *n.* ધ્યાન; વિચાર; ચિંતવન. Meditation; deep thought.

Cognac (કૉગ્-નૅક), *n.* સરસ બ્રાંડિ. A kind of fine brandy.

Cognate (કૉગ્-નેટ) *a.* સગું; સંબંધી; સગોત્ર. Related; [allied by blood.

Cognition (કૉગ્નિશન), *n.* જ્ઞાન; જાણવું તે; વિજ્ઞાન. Knowledge; perception.

Cognizable (કૉગ્નિઝેબલ), *a.* સમજી શકાય એવું; જાણી શકાય એવું; ઇંદ્રિયગોચર. Capable of being known or understood. **2.** (*Law*) કોર્ટ તપાસ ચલાવી શકે તેવું; કોર્ટ સાંભળી શકે તેવું. That may be judicially investigated.

Cognizance (કૉગ્નિઝન્સ), *n.* સમજણ; ચોકસાઈ; જ્ઞાન. Perception; knowledge. **2.** (*Law*) કબૂલાત; સ્વિકાર. An acknowledgment.

Cognizant (કૉગ્નિઝન્ટ), *a.* માહિત; જાણીતું; વાકેફ. Having the knowledge of; perceptive.

Cognomen (કૉગ્નોમેન), *n.* ઉપનામ; આડનામ. A surname; a nickname.

Cohabit (કોહૅબિટ), *vt.* સહવાસ કરવો; ધણી, ધણીઆણી માફક રહેવું; ઘર માંડવું. To enjoy the rights of a couple; to stay together as husband and wife.

Coheir (કો-એર), *n.* વારસાનો ભાગે લેનાર; વારસામાં હિસ્સો પડાવનાર. A joint heir.

Coheiress (કો-એરેસ), *n.* વારસામાં ભાગીદાર સ્ત્રી. A female partner in an estate.

Cohere (કોહિર), *v. i.* વળગી રહેવું; ચોંટી રહેવું. સંયુક્ત રહેવું. To stick together; to be united. **2.** બંધ બેસવું; અનુકૂળ આવવું. To be consistent.

Coherence,-cy (કોહીરેન્સ,-રેન્સિ), *n.* સંબંધ; સંગતિ; સંયોગ; ચોંટી રહેવું તે. Congruity; a sticking together.

Coherent (કોહીરેન્ટ), *a.* વળગી રહેવું; યોગ્ય; અવિરુદ્ધ; બંધ બેસતું. Sticking together; consistent. [The act of sticking together.

Cohesion (કો-હીઝહન), *n.* ચોટી રહેવું તે; સંયુક્તતા.

Cohesive (કોહીસિવ), *a.* ચિકણું; સંયોગશિલ; સ્નિગ્ધ. Possessing the power of sticking. [head.

Coif (કૉઇફ), *n.* માથાની ટોપી. A covering for the

Cohort (કો-હોર્ટ), *n.* પાંચસેથી છસો સિપાઇઓની ટુકડી. A troop consisting of 500 to 600 soldiers; a band of armed men.

Coil (કૉઇલ), *vt. vi.* વિંટવું; વિંટાળવું; લપેટવું. To wind in a ring; to twist. *n.* વિંટો; વિંટલો; પિલ્લું. A rope or wire, which has been gathered into rings. **2.** ઘોંઘાટ; ધાંધળ; ગરબડ. Tumult; noise.

Coin (કૉઇન), *n.* સિક્કો; મુદ્રા; ફાચર. A piece of metal legally stamped; a wedge. *vt.* સિક્કો પાડવો; છાપ પાડવી. To convert a piece of metal into money. **2.** બનાવવું; યોજવું. To invent; to fabricate. **To coin money,** સિક્કા પાડવા. **To coin words,** નવા શબ્દો બનાવવા. **To pay a man in his own coin,** થાય તેવા થવું; જેવું વર્તન તેવું આચરણ.

Coinage (કૉઇનેજ), *n.* સિક્કા પડાવવાની યોજનાયુક્તિ; સિક્કા પાડવાનું ખરચ. The act of coining money; the pieces of metal coined. **2.** નવી શોધ; નવી બનાવટ. An invention; a fabrication.

Coiner (કૉઇનર), *n.* સિક્કા પાડનાર. A minter. **2.** નવા શબ્દો બનાવનાર. One that coins words. **3.** ખોટા સિક્કા બનાવનાર. One that fabricates coins.

Coincide (કોઇનસાઇડ), *vt.* એક બીજાને બેસતું આવવું; મળતું થવું; મળતા આવવું. To correspond; to agree in position.

Coincidence (કો-ઇન્સિડેન્સ), *n.* એકમત; સરખાપણું; મેળાપ; સંમતિ. Agreement; concurrence; the condition of coinciding.

Coincident (કોન્ઇન્સિડેન્ટ), *a.* મળતું; સમકાલીન; અવિરુદ્ધ. Agreeing; consistent.

Coir (કૉઇર), *n.* કાથો; કાથાનાં દોરડા. The strong fabrics of the husk of the cocoa-nuts.

Coition (કોઇશન), *n.* સ્ત્રીપુરૂષનો સંભોગ; મૈથુન. Sexual intercourse.

Coke (કોક), *n.* કોલસાને બાળીને કરેલો કોયલો; 'કોક'. A form of fuel, obtained by burning the coal.

Cold (કોલ્ડ), *n.* ટાઢ; ઠંડી; સલેખમ. The absence of heat; chilliness. *a.* ઠંડું; શીતળ. Chilly; shivering; frigid. **2.** (*fig.*) નિરુત્સાહી; મંદ; શોકાતુર. Spiritless; unconcerned. **Cold-blooded,** ઠંડા લોહીનું. **To take cold,** શરદી થવી. **To give the cold shoulder,** બેપરવા બતાવવી; બેકાળજી કરવી.

Coldly (કોલ્ડ્લિ), *ad.* વગર મનથી; ઉમળકા રહિત; નિસ્પૃહતાપૂર્વક. Indifferently; insincerely.

Coldness (કોલ્ડ્નેસ), *n.* ઠંડક; શીતળતા; બેપરવાઇ. Wanting in heat; indifference.

Colic (કૉલિક), *n.* પેટમાં ચુંક-અમળાટ; શુળ; વાઢ. A disease of the abdomen.

Collaborator (કૉલૅબૉરેટર), *n.* કોઇ પણવિદ્યામાં, તેમજ ઉદ્યોગમાં સાથી-સોબતી. A helper in literary pursuits.

Collapse (કૉલૅપ્સ), *vi.* બેસી જવું; દબાઈ જવું; કૌવત નરમ પડવી; તાકાદ ઓછી થવી. To fall; to break down; to go to ruin. *n.* સંકોચ; એકદમ બેસી જવું તે; ક્ષય; લય. A falling away; a breaking down.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Collar (કૉલર), *n.* ગળેબંધ; પટો. Anything worn round the neck. *vt.* ગળચી પકડવી; ગળેબંધ બાંધવો. To seize by the collar. **Collar-bone,** હાંસડીનું હાડકું; હાંસડી.

Collate (કૉલ-લેટ), *vt* મુકાબલો કરવો; સરખાવવું; સરખામણી કરવી. To compare minutely; to compare precisely.

Collateral (કૉલેટરૅલ), *a.* સમાન્તર; આજુબાજુનું; પાસેનું; પડખેનું. On the side of; adjacent; nearing. *n.* સગો માણસ; સગોત્ર. A relative.

Collation (કૉલ-લેશન), *n.* મેળવવું તે; નાસ્તો; ફરાળ. An act of laying together; a repast.

Colleague (કૉલીગ), *n.* કામકાજમાં સોબતી; કાર્યબંધુ; સાથે સાથે કામ કરનાર. A companion; a co-worker. *vt.* બીજાને કામ કરવા લાગવું-મદદ કરવી; એકત્ર થવું. To unite; to combine.

Collect (કૉલેક્ટ), *vt.* એકઠું કરવું; ભેગું કરવું; વસુલ કરવું; જમા કરવું. To bring together; to assemble; to accumulate.

Collection (કૉલેક્શન), *n.* જમાવ; જથ્થો; સંગ્રહ; ઉઘરાણું; વસુલ. An act of gathering; a subscription; an accumulation.

Collective (કૉલેક્ટિવ), *a.* એકઠું કરે તેવું; ભેગું કરે તેવું. Tending to accumulate.

Collector (કૉલેક્ટર), *n.* એકઠું કરનાર; જમા કરનાર; વસુલ કરનાર; ઉઘરાવનાર; ટીપ કરનાર; 'કલેક્ટર'. One who collects (as, tickets, money, etc.)

Collectorate (કૉલેક્ટરેટ), *n.* કલેક્ટરનો હોદ્દો-હકુમત; તાલુકો. The jurisdiction of a Collector.

College (કૉલેજ), *n.* પાઠશાળા; વિદ્યાશાળા. A seminary of learning; an institution for imparting higher education.

Collegian (કૉલીજિઍન), *n.* પાઠશાળાનો વિદ્યાર્થી; વિદ્યાશાળામાં ભણનાર. A member of a college; a student studying in a college.

Collegiate (કૉલીજિએટ), *a.* પાઠશાળાને લગતું; વિદ્યાશાળાનું. Pertaining to a college; consisting of a college.

Collet (કૉલ-લેટ), *n.* નાનો ગલપટો; વીંટીના નંગનું ખાનું. [A collar; a ring.

Collide (કૉલ્લાઇડ), *vi. pr. p.* **Colliding.** *imp. & p. p.* **Collided.** સામસામી અથડાવું; અફળાવું. To come into collision; to dash together.

Collier (કૉલ્યર), *n.* કોલસાનો વેપારી. A dealer in coal. **2.** કોલસાની ખાણમાં કામ કરનાર-મજુર. A coal miner. **3.** કોલસા ભરવાના કામમાં આવતું મોટું વહાણ. A large ship used in carrying coal.

Colliery (કૉલ્યરિ), *n.* કોલસાની ખાણ; કોલસાનો વેપાર [A coal-mine; a coal-trade.

Collision (કૉલિઝન), *n.* પ્રતિઘાત; વિરોધતા; સામસામા અથડાવું તે. The state of being stuck together; opposition.

Collocate (કૉલ-લોકેટ), *vt.* હારબંધ મૂકવું; ગોઠવવું. To set in order; to place in order.

Collocation (કૉલ-લોકેશન), *n.* સ્થાપન; ગોઠવણ; વ્યવસ્થા. Arrangement; disposition in place.

Collocution (કૉલોક્યુઝન), *n.* સંભાષણ; સંવાદ; કથાપ્રસંગ. Mutual conversation or talk.

Colloquial (કૉલોક્વિઍલ), *a.* સાધારણ બોલિમાં વપરાતું; ઘરગથ્થું; અન્યોન્ય વાતચીત સંબંધી. Pertaining to common conversation.

Colloquy (કૉલોક્વિ), *n.* બેથી વધારે માણસની બોલચાલ-બોલી; અન્યોન્ય વાતચીત; સંભાષણ. Mutual discourse; conversation. *vi.* વાતચીત કરવી; બોલી વાપરવી. To converse; to go on with a discourse.

Collude (કૉલ-લ્યૂડ), *vi.* દગામાં સામેલ થવું; કપટમાં સામેલ થવું; કપટજાળ વાપરવી. To act in fraud (as, in a concert.)

Collusion (કૉલ-લ્યૂઝન), *n.* કપટ, દગા, વિગેરેમાં સંતલસ; છળપ્રપંચ. Mutual agreement; deceit.

Collusive,-sory (કોલ્લ્યૂસિવ,-સોરિ), *a.* દગાવાળું; કપટથી ભરપૂર; કપટી. Deceitful; fraudulent.

Colly (કૉલિ), *vt. pr. p.* **Collying.** *imp. & p. p.* **Collied.** મેંશથી કાળું કરવું; અંધારૂં કરવું. To blacken with coal-dust; to darken.

Collyrium (કોલ્લિરિયમ), *n.* આંખનું અંજન; સુરમો; મેંશ. Eye-salve; an application made to the eyes.

Colocynth (કોલૉસિન્થ), *n.* ઇંદ્રવારણાંનાં કડવા ફળ. A kind of fruit, bitter in taste.

Cologne-water (કોલોન-વૉટર), *n.* એક જાતનું ખુશબોદાર પાણી; 'કોલનવોટર'. A perfumed spirit first made at Cologne.

Colon (કોલૉન), *n.* આંતરડું; નળ. A great part of an intestine **2.** અલ્પવિરામ; અલ્પવિરામચિન્હ (,). A punctuation mark.

Colonel (કર્-નેલ), *n.* ફોજનો મુખ્ય સરદાર; લશ્કરનો મુખ્ય નાયક; 'કર્નલ'. A commanding officer in a regiment.

Colonelcy (કર્-નેલ-સિ), *n.* ફોજના મુખ્ય સરદારની પદવી-હોદ્દો; 'કર્નલ'નો હોદ્દો. The office or rank of a colonel. [**lonelcy.**

Colonel-ship (કર્-નેલ-શિપ); Same as **Co-**

Colonial (કૉલોનિઍલ), *a.* પરદેશમાં સ્થાપેલ સંસ્થાન અથવા થાણાં સંબંધી. Of a colony; pertaining to a settlement.

Colonist (કૉલોનિસ્ટ), *n.* સંસ્થાનવાસી; પરદેશમાં થાણાંનો રહેવાસી. An inhabitant of a colony.

Colonization (કૉલોનિઝેશન), *n.* સંસ્થાન સ્થાપવું તે; થાણું આબાદ કરવું તે. An act of establishing a colony.

Colonize (કૉલોનાઇઝ), *vt. vi.* સંસ્થાન વસાવવું; અસલનું રહેઠાણ ફેરવીને બીજે રહેવા જવું; થાણું બનવું. To establish a colony; to form a settlement.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Colonnade (કૉલોનેડ્), *n.* રતંભાવળી; થાંભલાઓની હાર; સરખે અંતરે રાખેલા થાંભલાઓની હાર. A range of pillars placed at regular intervals. 2. વૃક્ષોની હાર. A row of trees.

Colony (કૉલોનિ), *n. pl.* **Colonies.** સંસ્થાન; નવી વસ્તી; પોતાનું વતન છોડીને બીજે સ્થળે પરદેશીઓએ વસાવેલું થાણું. A body of persons, who establish the settlement in a foreign country; a settlement.

Colossal (કૉલોસૅલ), *a.* રાક્ષસી; ગંજાવર; જબરૂં; અત્યંત મોટું. Gigantic; huge.

Colossus (કૉલોસસ્), *n.* રાક્ષસી પુતળું; ગંજાવર મૂર્તિ અથવા પુતળું. A huge statue.

Colour (કલર્), *n.* રંગ; વર્ણ; લાલી; રતાશ. The hue; an appearance of the body to the eye. 2. (*Fig.*) બહાનું; રોળ. A false show; a pretext. 3. (*pl.*) વાવટો. A flag; a standard. 4. રંગો. Paints. *vt. vi.* રંગવું; રંગદ્વર કરવું; રંગીત બનાવવું; ચિત્રકામ કરવું To put colour to; to paint. 2. (*fig.*) મીઠું મરચું ભભરાવીને વાત કરવી; અતિશયોક્તિથી વાત કરવી. To exaggerate. 3. રંગીત હોવું; રંગ દેખાવો; શરમાઈ જવું. To show colour; to blush. **To change colour,** ફિક્કા પડી જવું; ધારતીથી મ્હોં ઉપરથી લોહી ઉડી જવું. **To desert one's colours,** કર્તવ્ય ભંગ બનવું; ફરજ ચૂકવી. **To come out in one's colours,** ખરા રૂપમાં પ્રકાશવું. **To hang out false colours,** બીજાના પક્ષમાં હોવું તેમ ઉપરથી જણાવવું. **To paint in bright colours,** મીઠું મરચું ભભરાવીને વાત કરવી. **To show one's colours,** પોતાના ખરા વિચારો, આચરણ, વિગેરે બહાર પાડવા. **To stick to one's colours,** સ્વપક્ષને વળગી રહેવું. **Under colour of,** બહાનું બતાવીને.

Colourable (કલરેબલ્), *a.* ઉપરથી ઠીક દેખાય એવું; રંગ લગાડી શકાય એવું. Having a fair appearance.

Colourless (કલર્-લેસ્), *a.* રંગ વગરનું; નિર્મળ; સાફ. Free from colours; plain.

Colt (કોલ્ટ), *n.* વછેરો; ટટ્ટુ. A young horse. 2. (*fig.*) અનુભવ વિનાનો જુવાન માણસ. An inexperienced youth. **To have a colt's tooth,** જુવાનીના છકમાં છકી જવું. *vt. vi.* વછેરાની માફક ઉછળવું-ગેલ કરવા. To frisk like a colt.

Colter (કોલ્ટર્), *n.* હળની કોશ. The fore-iron of a plough.

Column (કોલમ્), *n.* થાંભલો; રતંભ; ગોળ રચના. A long, round body used in support of a building; a long pillar. 2. આંકડાઓની ઉભી હાર; કોલો; ખાનું. A table of figures; a calculating table. **Column of water,** *n.* જળઘોધ.

Coma (કૉમા), *n.* ઘેન; સુરતીની ઉંઘ; બેશુદ્ધિ. A deep state of sleep.

Comate (કોમેટ્), *n.* સોબતી; સાથી. A companion; a mate.

Comart (કોમર્ટ્), *n.* શરત; બોલી; સાટું. An agreement.

Comatose (કોમેટોસ્), *a.* અતિશય નિદ્રાવાળું-ઉંઘમાળું; સુસ્તીથી ભરપૂર. Affected with coma.

Comb (કોમ્), *n.* માંજર; કલગી. The crest of a cock. 2. દાંતિયો; કાંસકી; કાંસકો. An instrument for dressing the hair. *vt. vi.* ઓળવું; સાફ કરવું; પિંજવું. To dress with a comb. **Honey-comb,** *n.* મધપૂડો.

Combat (કૉમ્બૅટ્), *n.* લડાઇ; યુદ્ધ; કુસ્તી. A fight; a struggle. *v.t. v.i.* લડાઈ કરવી; કુસ્તી કરવી; સામું થવું. To contend; to oppose.

Combatant (કૉમ્બૅટન્ટ્), *n.* યોદ્ધો; લડવૈયો; લડવૈયો. One who combats; a warrior. *a.* લડવાની ટેવવાળું; શૂરો. Prone to fighting.

Combative (કૉમ્બેટિવ્), *a.* લડવાને તૈયાર; યુદ્ધશીલ; યુદ્ધને માટે તૈયાર. Disposed or inclined to quarrel.

Combativeness (કૉમ્બેટિવ્નેસ્), *n.* યુદ્ધશીલ હોવું તે; લડાઇને માટે તૈયારી રાખવાનો સ્વભાવ હોવો તે. Inclination to quarrel.

Combination (કૉમ્બિનેશન્), *n.* મેળાપ; સંપ; સંયોગ; એકીકરણ. An act of combining; union.

Combine (કૉમ્બાઇન્), *vt. vi. pr. p.* **Combining.** *imp.* & *p. p.* **Combined.** મેળવવું; એકઠું કરવું; મેળવણી થવી. To join together; to unite; to form into union.

Combustible (કૉમ્બસ્ટિબલ્), *a.* સળગી ઉઠે એવું; બળી જાય તેવું; દહનશીલ; દાહ્ય. Liable to catch fire; liable to burn.

Combustion (કમ્બસ્ટ્યૉન્), *n.* સળગવું તે; દહન શક્તિ; દહનક્રિયા. The action of fire; a burning.

Come (કમ્), *vi. pr. p.* **Coming.** *imp.* **Came.** *p. p.* **come.** આવવું; આવી પડોંચવું; પાસે આવવું; નીપજવું; લાગુ પાડવું. To draw near; to approach; to result; to apply. **To come about,** બનવું; થવું. **To come by,** પાસે આવવું; સમીપમાં જવું. **To come in,** તાબે થવું; શરણે જવું; દાખલ થવું. **To come over,** થી ચઢીઆતા થવું. **To come to pass,** બનવું; સંજોગવશાત્ થવું. **To come up with,** પહોંચી વળવું. **To come upon,** હુમલો કરવો.

Comedian (કૉમેડિઅન્), *n.* હાસ્યરસ પ્રધાન નાટક રચનાર-ભજવનાર. One who writes or plays a comedy.

Comedy (કૉમેડિ), *n.* હાસ્યરસ પ્રધાન નાટક; હાસ્યરસ પૂર્ણ ખેલ. A dramatic performance of a pleasant type.

Comeliness (કમ્લિનેસ્), *n.* શોભા; ખુબસુરતી; કળા. Grace; handsomeness.

Comely (કમ્લિ), *a.* ફુટડું; ખુબસુરત; રૂપાળું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Handsome; graceful. *ad.* ખુશકારક; આકર્ષક રીતે. In a graceful way.

Comet (કૉમેટ્), *n.* પુંછડીઓ તારો; ધુમકેતુ. A heavenly body, with a luminous tail.

Comfit (કમ્ફિટ્), *n.* ખાંડ પાઇને સુકવી રાખેલો મુરબ્બો; મિઠાઇ. A sweetmeat made of fruit and sugar.

Comfort (કમ્ફર્ટ્) *n.* સુખ; ચ્હેન; સગવડ; આરામ; ધીરજ; દિલાસો. Enjoyment; ease; relief; encouragement. *vt.* ધીરજઆપવી; આશ્વાસનઆપવું; દિલાસો આપવો. To encourage; to cheer; to enliven.

Comfortable (કમ્ફર્ટેબલ્), *a.* સુખી; સુખ કરનાર; સગવડતાવાળું. Imparting ease; giving relief or enjoyment.

Comfortless (કમ્ફર્ટ્-લેસ્), *a.* સુખ-સગવડ વિનાનું; બેચેન; સાધન વિનાનું; આનંદરહિત. Deprived of any comfort; cheerless.

Comfortably (કમ્ફર્ટેબ્લિ), *ad.* સગવડતાથી; સુખેથી; કોઇપણ જાતની અગવડ વિના. In a way of enjoyment.

Comforter (કમ્ફર્ટર્), *n.* સુખ આપનાર; દિલાસો આપનાર. One that soothes the heart by sweet words. **2.** ગલેબંધ; રજાઈ. A long and narrow woollen muffler.

Comic (કૉમિક્), *a.* હાસ્યરસને લગતું; હાસ્યરસનાટકનું. Pertaining to a comedy.

Comical (કૉમિકલ્), *a.* હાસ્યજનક; હાસ્યકારક; નવાઈવાળું. Ludicrous; queer.

Comity (કૉમિટિ), *n.* સભ્ય વ્યવહાર અથવા સંબંધ; સભ્યતા. Civility; politeness.

Comma (કૉમા), *n.* અલ્પવિરામ ચિહ્ન:-(;). A mark, showing a pause in a sentence.

Command (કૉમ્-મૅન્ડ્), *vt. vi.* હુકમ કરવો; હકુમત ચલાવવી; ફરમાવવું; તહેનાતમાં રાખવું. To order; to exercise power; to bid. **2.** મુખ્ય સત્તા હોવી; હકુમત હોવી. To have chief power. *n.* હુકમ; આજ્ઞા; ઉપદેશ; હકુમત. An order; an authority; a supreme power.

Commandant (કૉમ્-મૅન્ડૅન્ટ્), *n.* લશ્કરી ટુકડી ઉપર અધિકાર ચલાવનાર અમલદાર; લશ્કરી ફોજનો ઉપરી. An officer of a troop of soldiers.

Commander (કૉમ્-મૅન્ડર્), *n.* સરદાર; હકુમત ચલાવનાર સેનાપતિ; લશ્કરી અમલદાર. An officer (in a navy) next below a captain. **Commander-in-chief,** *n.* મોટામાં મોટા દરજ્જાનો લશ્કરી અમલદાર.

Commandment (કૉમૅન્ડ્-મેન્ટ્), *n.* આજ્ઞા; હુકમ; ઈશ્વરી હુકમ (દશ આજ્ઞામાની એક). A command; a precept; a divine order.

Commemorate (કૉમ્મેમોરેટ્), *vt.* સંભારણું રાખવું; યાદગીરીમાં ખુશાલીનો ઉત્સવ ઉજવવો. To celebrate; to preserve the memory of.

Commemoration (કોમ્મેમોરેશન્), *n.* યાદગીરીમાં ખુશાલીનો ઉત્સવ; સંભારણું; સ્મરણોત્સવ. An act of preserving the memory of a person or of a thing by means of a solemn ceremony.

Commemorative (કોમ્-મેમોરિટિવ્), *a.* સ્મારક; યાદગીરીનું. Tending to preserve the memory.

Commence (કૉ-મેન્સ્), *vt. vi.* શરૂઆત કરવી; આરંભ થવો; ઉત્પત્તિ થવી; આરંભ કરવો. To begin; to originate; to take rise.

Commencement (કૉ-મેન્સ્-મેન્ટ્), *n.* શરૂઆત; આરંભ; ઉત્પત્તિ. The beginning; an act of taking a rise.

Commend (કૉમ્મેન્ડ્), *vt.* વખાણવું; સ્તુતિ કરવી; તારીફ કરવી; શણગારવું. To praise; to adorn. **2.** સંભાળને માટે સોંપવું;-ના હવાલે કરવું. To leave under the charge of; to entrust.

Commendable (કોમ્-મેન્ડેબલ્), *a.* વખાણવા જોગ; તારીફ કરવા લાયક; સ્તુત્ય. Praiseworthy; worthy of being praised.

Commendation (કૉમેન્ડેશન્), *n.* સ્તુતિ; તારીફ; વખાણ; પ્રશંસા. Praise; laudation.

Commendatory (કૉમેન્ડેટરિ), *a.* વખાણવાળું; સ્તુતિનું ભલામણવાળું. Containing praises.

Commensality (કૉમેન્સૅલિટિ). *n.* એક પંક્તિ ભોજન; પંગત વ્યવહાર. An act of eating at the same table.

Commensurability (કૉમ્-મેન્શ્યૂરેબિલિટિ). *n.* સમાનતા; સમતોલપણું. The quality of having a common measure.

Commensurable (કૉમ્-મેન્શ્યૂરેબલ્), *a.* સમાનપદવાળું; સરખું; તુલ્ય. Having the same measure.

Commensurate (કૉમ્-મેન્શ્યૂરેટ્), *a.* સમાન; સમપ્રમાણક; સરખા પદવાળું. Of the same measure; in proportion to.

Comment (કૉમ્-મેન્ટ્), *n.* ટીકા; ટિપ્પણ; ભાષ્ય; ખુલાસો; ચર્ચા. A remark; an observation; a criticism. *vi.* ટીકા કરવી; ખુલાસો કરવો; ચર્ચા કરવી. To make critical notes; to annotate.

Commentary (કૉમેન્ટૅરિ), *n.* ટીકા; ખુલાસો; ટીપ્પણ; વિવેચન; અર્થ; ટુંક બ્યાન અથવા વર્ણન. A series of remarks; a remark; a comment.

Commentator (કૉમેન્ટેટર્), *n.* ટીકાકાર; વિવેચન કરનાર; ટીપ્પણ કરનાર. An annotator.

Commerce (કૉમર્સ), *n.* વેપાર; લેવડદેવડ; વ્યવહાર. An interchange of commodities on a large scale; an intercourse. *vt.* વેપાર કરવો; લેવડદેવડ કરવી; વ્યવહાર ચલાવવો. To trade; to interchange.

Commercial (કૉમર્સિઍલ્), *a.* વેપારનું; વેપારને લગતું; લેવડદેવડનું. Of or pertaining to commerce.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Commination (કૉમિનેશન), *n.* ધમકી; ડરામણી; બીવરામણી. A threat; an act of threatening.

Commingle (કોમિન્ગલ), *vt.* એકઠું કરવું; મિશ્રણ કરવું; મેળવવું; સેળભેળ કરવો. To mix; to mingle; to add together.

Comminute (કોમિન્યૂટ), *vt.* ભુકો કરવો; ખાંડવું; ચૂર્ણ કરવું. To reduce to particles.

Commiserate (કૉમિઝરેટ), *vt.* દયા આવવી; રહેમ આવવી; લાગણી બતાવવી; અનુકંપા કરવી. To pity; to feel for the misery of another.

Commiseration (કૉમિઝરેશન), *n.* દયા; અનુકંપા; બીજાના દુઃખને માટે લાગણી બતાવવી તે. Compassion; pity.

Commiserative (કૉમિઝરેટિવ્), *a.* દયાળુ; કૃપાળુ; કરૂણાત્મક. Compassionate; expressing sorrow.

Commissariat (કૉમ્-મિસેરીએટ), *n.* લશ્કરી મોદીખાનું. The department in the army, minding the provisions, etc. for the soldiers.

Commissary (કૉમ્-મિસૅરિ), *n.* લશ્કરી મોદીખાનાનો વહીવટ કરનાર અમલદાર. An officer, who supplies provisions, etc. to the army. 2. મુનીમ; પ્રતિનિધિ. A deputy; a representative. 3. પોલીસ ખાતાનો વડો અમલદાર. A higher officer of the police 4. પાદરીની ગેર હાજરીમાં તેનું કામકાજ કરનાર માણસ. One representing a bishop in his absence.

Commission (કૉમિશન), *n.* દસ્તુરી; હક; લવાજમ; દલાલી; મારફત. The fee of an agent based on some moral principles. 2. અખત્યાર; સનંદ; સોંપેલું કામ. Authority; power; the work entrusted. 3. હકપત્ર; આજ્ઞાપત્ર. A writing offering some privileges. 4. પંચ; કોઈપણ સાર્વજનિક કામને માટે નીમાયેલા માણસો. A body of persons, appointed for some work. *vt.* સત્તા આપવી; અધિકાર આપવો. To authorize; to endow with power.

Commissioner (કૉમિશનર્), *n.* જેને કોઈપણ કામ બીજાને સોંપવાની સત્તા હોય તેવો; સરકારી કોઇ પણ ખાતાનો અધિકારી. One who holds a commission to perform some business.

Commit (કૉમિટ), *vt. pr. p.* **Committing.** *imp. & p. p.* **Committed.** હવાલે સોંપવું; સ્વાધીન કરવું. To give in charge of; to trust. 2. કરવું; કૃત્ય કરવું. To do. 3. (*Law*) તુરંગમાં નાંખવું; બંધનમાં નાંખવું. To imprison. 4. ફસાવી દેવું; ગભરાવી નાંખવું. To confound; to perplex.

Commitment (કૉમિટ્મેન્ટ), *n.* હવાલે સોંપવું તે; સ્વાધીન કરવું તે; કેદમાં મોકલવાનો હુકમ. An act of committing; an order for imprisonment.

Committal (કૉમિટૅલ), *n.* એકરાર; કબુલાત; હવાલે સોંપવું તે. A pledge; an act of committing.

Committee (કમિટી), *n.* કામ કરનારી સભા; મંડળી; મંડળ. A body of persons, combined for a good and common cause.

Commix (કૉમિક્સ), *vt. vi.* ભેળવવું; મિશ્રણ કરવું; એકઠું થવું. To mix; to blend.

Commixture (કોમિક્સ્ટ્યૂર્), *n.* મેળવણી; ભેળવણી; સેળભેળ થવું તે. An act of mixing together.

Commodious (કૉમોડિયસ), *a.* સગવડવાળું; સોઇદાર; લાયક; ઉપયોગી; સગવડથી મનને ગમે તેવું. Comfortable; fit; suitable. 2. વિશાળ; વિસ્તીર્ણ; પહોળું. Spacious; roomy.

Commodity (કૉમૉડિટિ), *n.* જણસ; ચીજ; માલ; સોદો. Goods; an article of traffic.

Commodore (કૉમોડોર), *n.* વહાણના કાફલાનો સરદાર; ઉપરી નાખુદો. The captain of a navy 2. કાફલામાં મુખ્ય વહાણ. The leading ship in a fleet.

Common (કૉમન્), *a.* સાધારણ; સાર્વજનિક; સામાન્ય; નિત્યનું. General; public; usual; ordinary. *n.* સામાન્ય માલીકીની જમીન; પાધર. A tract of land (used in common use.) **Common-book,** *n.* સ્મરણપોથી; નોંધપોથી. **Common-Bench,** *n.* હાઇકોર્ટના ન્યાયાધીશની સામાન્ય બેઠક. **Common-wealth,** *n.* સાર્વજનિક હિત; પ્રજાસત્તાક રાજ્ય.

Commonalty (કૉમૉનૅલ્ટિ), *n.* મધ્યમ સ્થિતિના લોકો; સામાન્ય પ્રજાજન; વચલા વર્ગના લોકો. The general body of the people.

Commoner (કૉમૉનર્), *n.* આમની સભાનો સભાસદ. A member of the House of Commons.

Commonly (કૉમનલિ), *ad.* ઘણીકરીને; સામાન્ય રીતે; બહુધા. Generally; usually.

Commotion (કૉમોશન), *n.* ગડબડ; હુલ્લડ; ગભરાટ; મનનો ગભરાટ; સંતાપ. Tumult; mental agitation or excitement.

Commune (કૉમ્યૂન), *vi. pr. p.* **Communing.** *imp. & p. p.* **Communed.** વાતચીત કરવી; એક બીજાના મનનો ખુલાસો કરવો; મસલત કરવી. To converse; to exchange ideas. 2. પ્રભુભોજન લેવું. To enjoy Lord's supper. *n.* વાતચીત; વિચારોની આપલે A talk; conversation.

Communicable (કૉમ્યૂનિકેબલ), *a.* એકથી બીજાને આપી શકાય તેવું; સમાચાર જણાવે તેવું; મિલનસાર. Affable; capable of being communicated.

Communicate (કૉમ્યૂનિકેટ), *vt. vi.* જણાવવું; નિવેદન કરવું; સરખે ભાગે વહેંચવું. To reveal; to inform; to share. 2. બક્ષવું; આપવું. To bestow; to give. 3. વ્યવહાર રાખવો; સંસર્ગ રાખવો. To have intercourse.

Communication (કૉમ્યૂનિકેશન), *n.* કાગળ પત્રનો વ્યવહાર; સંદેશો; પત્રદ્વારા ખબર; સંબંધ; સંસર્ગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Correspondence; intercourse; intelligence. 2. જવા આવવાનો રસ્તો. A way; a passage.

Communicative (કૉમ્યૂનિકેટિવ્), *a.* બધાંને કહેવાનું છુટું; બહુ બોલું; મોકળા મનનું. Inclined to give any information; unreserved.

Communion (કૉમ્યૂનિઅન્), *n.* સમાગમ; એક રાગ; સંગતિ. Intercourse between two or more persons. 2. પ્રભુભોજન; પ્રભુ ભોજનનો ઉત્સવ. The celebration of the Lord's supper.

Communism (કૉમ્યૂનિઝમ્), *n.* સમાજીત્વવાદ. The doctrine that each city or town be ruled independently.

Communist (કૉમ્યૂનિસ્ટ્), *n.* સમાજીત્વવાદને ટેકો આપનાર; નિરંકુશ રાજનીતિ હોવી જોઇએ એમ માનનાર. One who holds the doctrine of communism.

Community (કૉમ્યૂનિટિ), *n.* જ્ઞાતિ; નાત; લોક સમસ્ત; જનસમૂહ; રૈયત. The caste; society at large. 2. સામાન્ય ગુણ; સરખાપણું. Likeness. 3. (*Law*) સામાન્ય કબજો; ભોગવટો. Common possession.

Commutable (કૉમ્યૂટેબલ્), *a.* બદલામાં આપી અને લઇ શકાય એવું; સાટું કરી શકીય તેવું. Capable of being changed.

Commute (કૉમ્યૂટ્), *vi.* અદલબદલ કરવું; સજા ઘટાડવી; ઓછું કરવું. To exchange; to exchange a punishment for a less severe one.

Compact (કૉમ્પૅક્ટ્), *n.* બોલી; શરત; કરાર; ઠરાવ. A mutual agreement or bargain. *a.* ઘટ; સંગીન; દૃઢ. Dense; firm; united. *vt.* સજ્જડ જોડવું; બંધ બેસતું કરવું. To fasten together.

Companion (કૉમ્પૅનિઅન્), *n.* સાથી; મિત્ર; સોબતી; જોડીઓ; સહવાસી. A partner; a friend; an associate.

Companion-ship (કૉમ્પૅનિઅન્-શિપ્), *n.* મિત્રાચારી; સંગત; સોબત; સહવાસ. Partnership; friendship; association.

Company (કમ્પૅનિ), *n. pl.* **Companies.** મંડળી; પેઢી; ટોળી. An assembly of persons; a society. 2. સંગત; સોબત; સાથ. Fellowship.

Comparable (કૉમ્પૅરેબલ્), *a.* સરખામણી કરવા જેવું; તુલના કરવા લાયક; સરખાવી શકાય તેવું. That can be compared or likened.

Comparative (કૉમ્પૅરેટિવ્), *a.* મુકાબલાનું; તુલના સંબંધી; સાપેક્ષ Pertaining to comparison; relative. 2. અધિકતા અથવા ન્યૂનતા બતાવનાર. Expressing non-equality.

Comparatively (કૉમ્પૅરેટિવ્લિ), *ad.* સરખાવી જોતાં; મુકાબલો કરતાં. By comparing the relative merits.

Compare (કૉમ્પૅર્), *vt. vi. pr. p.* **Comparing.** *imp.* & *p. p.* **Compared.** સરખામણી કરવી; મુકાબલો કરવો. To liken; to draw a simile; to represent as similar.

Comparison (કૉમ્પૅરિસૉન્), *n.* મુકાબલો; તુલના; સરખામણી; ઉપમા. The act of comparing; a simile; an equal estimate.

Compart (કૉમ્પાર્ટ્), *vt.* ખંડ પાડવા; ભાગ કરવા; વિભાગ કરવા. To divide into parts.

Compartment (કૉમ્પાર્ટ્-મેન્ટ્), *n.* ખંડ; વિભાગ; કોઠો. A separate division of an enclosed space. 2. રેલ્વે ડબ્બાનું ખાનું. A division of a railway carriage.

Compass (કમ્પૅસ્), *n.* ફેરો; ચક્રની આસપાસનો ફેર-ઘેર; પ્રદક્ષિણા; ફરતો ઘેરાવ. A circuit; a circle; a limit; the circumference. 2. હોકાયંત્ર; હોકાયંત્રની સોય. The needle of the mariner's instrument. *vt. vi.* ઘેરવું; ફેરો મારવો; ચારે તરફ ફરી વળવું; પ્રદક્ષિણા કરવી. To move or go in a circle; to surround. 2. યોજના કરવી; મનસુબો કરવો. To plan; to think 3. પ્રાપ્ત કરવું; મેળવવું. To gain; to accomplish.

Compassion (કૉમ્પૅશન્), *n.* દયા; અનુકંપા; દાઝ; બીજાના દુઃખ માટેની લાગણી. Pity; fellow-feelings; sorrow for the sufferings of another. *vt.* દયા કરવી; લાગણીવાળું બનવું; દાઝ દેખાડવી. To pity; to show fellow-feelings.

Compassionate (કૉમ્પૅશનેટ્), *a.* દયાળુ; માયાળુ; લાગણીવાળું. Merciful; inclined to mercy or pity. *vt.* દયા હોવી; દયા દેખાડવી; દયાળુ બનવું. To have pity for; to pity.

Compatibility (કૉમ્પૅટિબિલિટિ), *n.* અવિરુદ્ધતા; મેળ; સંભાવના. Similarity; congruity.

Compatible (કૉમ્પૅટિબલ્), *a.* મળતું; મળતું આવતું; મેળવાળું. Similar; congruent.

Compatriot (કૉમ્-પૅટ્રિઍટ્), *n.* દેશી ભાઈ; એકદેશીભાઈ. One of the same country. *a.* દેશીભાઇનું; એકજ દેશનું. Of the same country or countryman.

Compear (કૉમ્પીર્), *vi.* નજરે પડવું; કોર્ટમાં જણાવું; દેખાવું. To come to the sight; to appear in court.

Compeer (કૉમ્પીર્), *n.* બરોબરીઓ; જોડીઓ; સાથી; ગોઠીઓ; મિત્ર. A companion; an associate. *vt.* ની બરોબરી કરવી; ના બરોબરીઆ હોવું. To be equal; to match.

Compel (કૉમ્પેલ્), *vt. vi. pr. p.* **Compelling.** *imp.* & *p. p.* **Compelled.** ફરજ પાડવી; બળાત્કારથી કામ લેવું; મરજી ન હોય છતાં કામ કરાવવું. To force; to oblige; to exact work forcibly.

Compendium (કૉમ્પેન્ડિયમ્), *n.* સારસંગ્રહ; સાર; સારગ્રંથ; સંક્ષેપ; ગુટકો. An epitome; an abridgment.

Compendious (કૉમ્પેન્ડિયસ્), *a.* સંક્ષિપ્ત; સરા [રૂપે લખાએલ. Short; concise.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Compensate (કૉમ્પેન્સેટ્), *vt.* બદલો વાળવો; અવેજ ભરવો–વાળવો; નુકશાની ભરી આપવી. To reward suitably; to recompense.

Compensation (કૉમ્પેન્સેશન્), *n.* બદલો; અવેજ; સાટું; નુકશાની. Reward; recompense; amends for loss sustained.

Compensative (કૉમ્પેન્સેટિવ્), *a.* બદલો વાળતું; પાડ માનતું; અવેજ આપતું. Affording a reward; giving compensation.

Compete (કૉમ્પીટ્), *vt. pr. p.* **Competing.** *imp. & p. p.* **Competed.** હરીફાઇ કરવી; સ્પર્ધા કરવી, બરાબરી કરવી; ઇનામને માટે લડવું–કામ કરવું. To rival; to strive for something; to contend for a prize.

Competence,-cy (કૉમ્પીટેન્સ્,–ન્સી), *n.* કાબેલિયત; સામર્થ્ય; કાર્યદક્ષતા. Skill in work; capacity; fitness. **2.** નીભાવ થઇ શકે તેટલી માયા અથવા મિલ્કત. Sufficiency of means.

Competent (કૉમ્પીટેન્ટ્), *a.* યોગ્ય; લાયક; હોંશિયાર; લાયકાતવાળું; કાબેલ. Fit; capable; legally qualified.

Competition (કૉમ્પીટિશન્), *n.* હરીફાઇ; સ્પર્ધા; ચડસાચડસી. Rivalry; an act of competing.

Competitive (કૉમ્પીટિટિવ્), *a.* હરીફાઇવાળું; સ્પર્ધાયુક્ત; ચડસાચડસીનું. Of the nature of rivalry.

Competitor (કૉમ્પીટિટૉર્), *n.* બરાબરી કરનાર; હરીફ; સ્પર્ધા કરનાર. A rival.

Compilation (કૉમ્પાઇલેશન્), *n.* જુદા જુદા ગ્રંથોમાંથી ઉતારા કરવા તે; ઉતારો કરીને બનાવેલું નવું પુસ્તક. An act of writing some parts from different books; a summary of the contents of many books.

Compile (કૉમ્પાઈલ્), *vt. pr. p.* **Compiling.** *imp. & p. p.* **Compiled.** ગ્રંથ રચવો; અન્ય પુસ્તકોમાંથી ઉતારો કરી પુસ્તક રચવું; એકઠું કરવું; સંગ્રહ કરવો. To write after collecting materials from other books; to collect.

Compiler (કૉમ્પાઈલર્), *n.* ગ્રંથ રચનાર; પુસ્તકો લખનાર; પુસ્તક લખવા માટે સામગ્રી તૈયાર કરનાર. One that compiles.

Complacence,-cy (કૉમ્પ્લેસેન્સ્,–ન્સી), *n.* સભ્યતા; ભલાઇ; સુજનતા; આનંદ; સંતોષ. Civility; politeness; satisfaction.

Complacent (કૉમ્પ્લેસેન્ટ્), *a.* સંતોષી; આનંદી; ખુશી. Displaying satisfaction; pleased; cheerful.

Complain (કૉમ્પ્લેન્), *vt vi.* ફરિયાદ કરવી; દાદ માંગવી; તહોમત મૂકવું; શોક કરવો; બડબડવું. To accuse; to file a suit against; to murmur.

Complainant (કૉમ્પ્લેનન્ટ્), *n.* (*Law*) ફરિયાદી; વાદી. One who complains; a plaintiff.

Complaint (કૉમ્પ્લેન્ટ્), *n.* ફરિયાદ; દાવો; કાયદેસર તકરાર. An act of lodging a suit. **2.** દિલગીરી; બડબડાટ. Murmuring; an act of finding faults.

Complaisance (કૉમ્પ્લેઝન્સ્), *n.* સભ્યતા; ભલમનસાઇ; સૌજન્ય. Civility; gentility; courtesy.

Complaisant (કૉમ્પ્લેઝન્ટ્), *a.* સભ્ય; સુશીલ; આદરશીલ; ખુશ કરે તેવું. Courteous; gentle; pleasing.

Complement (કૉમ્પ્લીમેન્ટ્), *n.* ઉમેરો; ભરતીયું; સભ્યતા; શોભા. That which completes or fills up; full number; politeness.

Complemental (કૉમ્પ્લીમેન્ટલ્), *a.* ખોટ પુરી પાડે તેવું; ખુટતું; પુરણીનું. Completing.

Complementary (કૉમ્પ્લીમેન્ટરિ), *a.* ખોટ પુરી પાડનાર; ખુટતું. Tending to complete; making whole together.

Complete (કૉમ્–પ્લીટ્), *vt.* પુરૂં કરવું; સમાપ્ત કરવું; પાર મુકવું. To finish; to bring to an end. *a.* પૂર્ણ; પુરેપુરૂં. Perfect; entire.

Completely (કૉમ્પ્લિટ્લિ), *ad.* સંપૂર્ણ રીતે; તદ્દન; પુરેપુરૂં. Perfectly; wholly; entirely.

Completion (કૉમ્પ્લીશન્), *n.* પૂર્ણતા; અંત; સમાપ્તિ; છેડો. The state of being complete; the end.

Complex (કૉમ્પ્લેક્સ્), *a.* ગુંચવણ ભરેલું; મિશ્રણ; અસુરળ; બે અથવા વધારે ભાગનું બનેલું. Intricate; difficult; composed of more than two parts.

Complexion (કામ્પ્લેક્ષન્), *n.* રંગ; કાંતિ; રૂપ; બાંધો; ચહેરો. Colour; colour of the face; appearance; temperament.

Complexity (કૉમ્પ્લેક્સિટિ), *n.* સંયુક્તપણું; સાથે હોવું તે; ગુંચવણ. The state of being together; intricacy.

Compliance (કૉમ્પ્લાઅન્સ્), *n.* પરીગ્રહ; સ્વીકાર; માન્ય કરવું તે; કબુલ રાખવું તે. Submission; an assent; an act of yielding.

Complicate (કૉમ્પ્લિકેટ્), *vt.* ગુંચવવું; ગુંચવી નાંખવું; ગુંચવાડો કરવો. To entangle; to render complex. **2.** એકઠું વણવું; સાથે સાથે વાળવું. To weave together. *a.* ગુંચવણ ભરેલું; ગુંચવાડાવાળું. Complex.

Complicacy (કૉમ્પ્લિકેસિ), *n.* ગુંચવણ; મુંઝવણ. [Intricacy.

Complication (કૉમ્પ્લિકેશન્), *n.* ગુંચવણ; ગોટાળો; એક રોગનું બીજામાં ભળી જવું તે. An intricate point.

Complicity (કૉમ્પ્લિસિટિ), *n.* સામેલપણું; સાથે હોવું તે (ગુન્હામાં) Partnership in an offence.

Compliment (કૉમ્પ્લિમેન્ટ્), *n.* પ્રશંસા; વખાણ; આદરસત્કારવાળું વાક્ય; મુબારકબાદી; નમસ્કાર; સલામ. A praise; an expression of formal respect or civility; congratulation. *vt.* વખાણવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુબારકબાદી આપવી; સ્તુતિ કરવી. To praise; to congratulate; to show respect. **To pay one's compliments,** પ્રણામ કહેવા; નેમસ્કાર કહેવા; સલામ કહેવી

Complimentary (કૉમ્પ્લિમેન્ટરિ), *a.* સત્કારથી ભરેલું; પ્રશંસાવાળું; સ્તુતિવાળું; આદરસત્કારવાળું. Containing regard or praise; conveying compliments.

Comply (કૉમ્પ્લાય્), *vi. pr. p.* **Complying.** *imp & p. p.* **Complied.** સંમતિ આપવી; હા પાડવી; કબુલ રાખવું. To yield; to consent; to agree.

Component (કૉમ્પોનેન્ટ્), *n.* મુળભાગ સાધન; અંશ. One of the elements of a compound. *a.* મુળ ભાગનું બનતું; મુળભાગવાળું. Forming one of the elements of a compound.

Comport (કામ્પૉર્ટ્), *vi. vt.* મળતું આવવું; બંધ બેસતું આવવું; અનુકૂળ હોવું. To agree; to suit. **2.** વર્તવું; આચરણ રાખવું. To behave; to suit. *n.* ચાલ; વર્તણુક; આચાર; વ્યવહાર. Behaviour; conduct. [અનુકૂળ; યોગ્ય Suitable; agreeable.

Comportable (કૉમ્પોર્ટેબલ), *a.* બેસતું; મળતું;

Comportment (કૉમ્પોર્ટ્મેન્ટ્), *n.* આચરણ; ચાલચલગત; વર્તન; વ્યવહાર. Behaviour; conduct.

Compose (કૉમ્પોઝ્), *vt. pr. p.* **Composing.** *imp. & p. p.* **Composed.** સાથે મુકવું; બનાવવું; ગોઠવવું; છાપખાનામાં બીબાં ગોઠવવાં. To put together; to arrange in order; to form by putting the different parts together; to set types. **2.** લખવું; ગ્રંથકર્તા તરીકે પુસ્તક લખવું. To write as author. **3.** સમજુતી કરવી; શાંત કરવું. To settle; to pacify.

Composed (કૉમ્પોઝ્ડ્), *a.* શાંત; સ્થિર; ગંભીર. Serious; calm.

Composedly (કૉમ્પોઝ્ડલિ), *ad.* સ્થિરતાથી; ગંભીરાઇથી. In a quiet manner; seriously.

Composer (કૉમ્પોઝર્), *n.* ગ્રંથ બનાવનાર; રચનાર; ગ્રંથકાર. An author. **2.** શાંત કરનાર; ઠંડુ પાડનાર. One that soothes.

Composite (કૉમ્પોઝિટ્), *a.* જુદા જુદા ભાગનું બનાવેલું; સંયુક્ત; મિશ્રિત. Formed of more than one part; combined.

Composition (કૉમ્પોઝિશન), *n.* ગ્રંથ રચના; સંયોગ; મેળવણી; બનાવટ. The act of putting together; a work in literature or in music, etc. **2.** (*Law*) દેવાની પતવણી; ફડચો. The final settlement of debt between two parties.

Compositor (કૉમ્પોઝિટર્), *n.* છાપખાનામાં બીબાં ગોઠવનાર. One, who sets types in a printing press.

Composure (કૉમ્પોઝ્યુર્), *n.* સ્વસ્થતા; ગંભીરતા; નિવૃત્તિ. Self-possession; calmness.

Compound (કૉમ્પાઉન્ડ્), *vt. vi.* ભેળવવું; મિશ્રણ કરવું; સમાધાન કરવું; પતાવવું; સમજવું. To combine; to mix; to adjust; to settle. *n.* મિશ્રણ; સંયુક્ત વસ્તુ. The mixture. **2.** મકાનની આગળ પાછળનો ભાગ. The yard or adjoining part of a building.

Compoundable (કૉમ્પાઉન્ડેબલ), *a.* ઘરમેળે પતાવી શકાય એવું; અંદર અંદર વાંધો પતાવી શકાય એવું. Capable of being settled amicably.

Compounder (કૉમ્પાઉન્ડર્), *n.* જુદી જુદી વસ્તુઓને એકઠી કરનાર–મિશ્રણ કરનાર; દાકતરના નિદાનના આધારે તેની સૂચના મુજબ દવાઓનું મિશ્રણ કરનાર. One that makes a mixture of various medicines.

Comprehend (કૉમ્પ્રીહેન્ડ્), *vt.* સમજવું; ધ્યાનમાં ઉતારવું–લેવું; ગ્રહણ કરવું. To understand; to seize with the mind. **2.** અર્થ હોવો; સમાવેશ કરવો. To imply; to mean.

Comprehensible (કૉમ્પ્રીહેન્સિબલ), *a.* સમજી શકાય એવું; ગ્રાહ્ય; જ્ઞાનગમ્ય. Capable of being understood. **2.** અર્થ હોઈ શકે એવું; સમાવેશ થઇ શકે એવું. That can be implied.

Comprehension (કૉમ્પ્રીહેન્શન્), *n.* સમજણ; ગ્રહણશક્તિ; સમાવેશ. Understanding; mental power to understand.

Comprehensive (કૉમ્પ્રીહેન્સિવ્), *a.* બહોળા અર્થવાળું; વ્યાપક; મનમાં ઉતરી શકાય એવું. Extensive; containing many meanings.

Compress (કૉમ્પ્રેસ્), *vt.* દાબવું; સંકુચિત કરવું; દબાવવું; ખીચોખીચ મૂકવું ભરવું; ઘટ્ટ કરવું. To press together; to condense. *n.* ગાદલું; પાટો. A soft pad.

Compressibility (કૉમ્પ્રેસિબિલિટિ), *n.* દબાઇ જવાનો ગુણ; સંકુચિત થઇ જવાનો ગુણ. The quality of being pressed.

Compressible (કૉમ્પ્રેસિબલ), *a.* દબાવી શકાય એવું; સંકોચી શકાય તેવું; સંકોચશીલ. Capable of being pressed together.

Compression (કૉમ્પ્રેશન્), *n.* દબાણ; સંકોચન. The state of being pressed; condensation.

Comprise (કૉમ્પ્રાઇઝ્), *vt.* અંદર આણવું; સમાવેશ કરવો;–ની અંદર ગણવું. To include; to contain.

Comptroller (કૉન્ટ્રોલર્), *n.* હિસાબ તપાસનાર સરકારી અમલદાર; મુસ્તાફી. An officer, who audits and examines the government accounts.

Compulsatory (કૉમ્પલ્સૅટૉરિ), *a.* બળાત્કારનું; જોરજુલમનું. Compelling; forcing.

Compulsion (કૉમ્પલ્શન્), *n.* બળાત્કાર; જબરજસ્તી; જુલ્મ; જરૂરીઆત. Outward pressure; force; obligation.

Compulsory (કૉમ્પલ્સરિ), *a.* આવશ્યક;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂરીઆતવાળું; ફરજીઆત; જરૂરી. Obligatory; binding; compelling.

Compunction (કૉમ્પન્ક્શન્), *n.* પસ્તાવો; દિલગીરી; ખેદ; માનસિક બળાપો. Remorse; mental pain; regret.

Compunctious (કૉમ્પન્ક્શસ્), *a.* પસ્તાવો કરાવે તેવું; ખેદજનક; દિલગીરીવાળું. Remorseful; causing mental uneasiness.

Computation (કૉમ્પ્યૂટેશન્), *n.* ગણત્રી; હિસાબ; સુમાર; અજમાએશ. A calculation; an estimate.

Compute (કૉમ્પ્યૂટ્), *vt.* ગણવું; હિસાબ કરવો; સુમાર કાઢવો; માપવું. To calculate; to estimate.

Comrade (કૉમ્રેડ્), *n.* સોબતી; શાથી; જોડીઓ. A mate; a companion.

Con (કૉન્), *vt. pr. p.* **Conning.** *imp. & p. p.* **Conned.** ગોખવું; વારંવાર યાદ કરવું; અભ્યાસ કરવો. To commit to memory; to study.

Con (કૉન્), લેટીન ભાષાનો એક ઉપસર્ગ છે જેનો અર્થ સાથે થાય છે. A prefix meaning with or together.

Concatenate (કૉન્કૅટીનેટ્), *vt.* જોડવું; વળગાડવું; સંધાડવું. To link together; to chain together.

Concatenation (કૉન્કૅટીનેશન્), *n.* જોડાણ; સંધાણ. An act of joining together.

Concave (કૉન્કેવ્), *a.* અંતરગોળ; ઉદરાકાર; ગગનાકાર. Curved; having a vault. *n.* પોકળ; પોલાણ; ઘુમટ. A hollow; a vault.

Concavity (કૉન્કેવિટિ), *n.* અંતરગોળ હોવું તે; ગગનાકાર થવું તે. The state of being concave.

Conceal (કૉન્સીલ્), *vt.* સંતાડવું; ઢાંકવું; ગુપ્ત રાખવું; છુપાવવું. To hide; to cover.

Concealable (કૉન્સીલેબલ્), *a.* સંતાડવા યોગ્ય; ઢાંકવા જોગ; સંતાડી શકાય તેવું. Capable of being concealed.

Concealment (કૉન્સીલ્મેન્ટ્), *n.* છુપાવવું તે; સંતાડવું તે; ઢાંકણ; આચ્છાદન. An act of hiding or keeping secret; a disguise. **2.** બેસવાની જગ્યા; છુપી જગ્યા. A secret place of rest.

Concede (કૉન્સીડ્), *vt.* કબુલ રાખવું; માન્ય કરવું; હા પાડવી; અનુમત થવું. To grant; to yield.

Conceit (કૉન્સીટ્), *n.* કલ્પના; વિચાર; ખ્યાલ; માનસિક ભાવના; દંભ; તોર; અભિમાન. A notion; an idea; an over-estimate of one's self; pride. *vt. vi.* કલ્પના કરવી; ખ્યાલ કરવો; વિચારવું. To think; to form an idea.

Conceivable (કૉન્સીવેબલ્), *a.* ધારી શકાય એવું; મનમાં ઉતારે તેવું; વિચારી શકાય એવું. Capable of being thought or believed.

Conceive (કૉન્સીવ્), *vt. vi. pr. p.* **Conceiving.** *imp. & p. p.* **Conceived.** સમજવું; ધ્યાનમાં આવવું; વિચારવું; ધારવું. To think; to imagine; to understand. **2.** ગર્ભ ધારણ કરવો; હમેલ રહેવો. To become pregnant.

Concentre (કૉન્સેન્ટર્), *vt. vi.* એકજ કેંદ્રાણે બિંદુમાં જોડવું–જોડાવું; એકાગ્ર કરવું. To bring to a common centre or point; to meet in a common point.

Concentrate (કૉન્સેન્ટ્રેટ્), *vt.* જોડવું; એકાગ્ર કરવું; સમકેન્દ્ર કરવું. To reduce towards a common centre.

Concentration (કૉન્સેન્ટ્રેશન્), *n.* એકાગ્રતા; કેન્દ્રમાં લાવવું તે. An act of reducing towards a common centre.

Concentrative (કૉન્સેન્ટ્રેટિવ્), *a.* કેન્દ્રમાં લાવી શકાય એવું. Capable of being concentrated.

Concentrativeness (કૉન્સેન્ટ્રેટિવ્નેસ્), *n.* એકાગ્રતા. An act of tending to concentrate.

Concentric (કૉન્સેન્ટ્રિક), *n.* સમકેંદ્ર; મધ્ય બિંદુવાળું. With a common centre.

Concept (કૉન્સેપ્ટ્), *n.* સામાન્યભાવ; ગુણ; ખ્યાલ; વિચાર. A thing thought of; a general notion; an idea.

Conception (કૉન્સેપ્શન્), *n.* સમજ; બુદ્ધિ; કલ્પનાશક્તિ; યુક્તિ; વિચાર. An act of conceiving a plan; a notion.

Concern (કૉન્સર્ન્), *vt.* કાળજી હોવી; લાગવું વળગવું થવું; વચ્ચે પડવું; સંબંધ હોવો. To make uneasy; to belong to; to be affected. *n* કામકાજ; ચિંતા; કાળજી; સ્વાર્થ અથવા કામકાજની કંઇ બાબત; અગત્યતા. Interest; anxiety; affair; importance.

Concerning (કૉન્સર્નિંગ્), *prep.* વિષે; બાબતનું; ના સંબંધી. Pertaining to; with reference to.

Concert (કાન્સર્ટ્), *vt.* નિશ્ચય કરવો; યોજવું; મનસુબો કરવો; ગોઠવવું. To devise; to arrange. *n.* એક રાગથી ગાનારી મંડળી; જલસો; સંપ; એક રાગ. A body of singers; harmony; unity; a musical performance.

Concertina (કૉન્સર્ટિનૅ), *n.* બે હાથે વગાડવાનું વાજું. A kind of musical instrument.

Concession (કૉન્સેશન્), *n.* અમુક પ્રકારથી બક્ષેલો હક્ક; સ્વીકાર; માન્ય કરવું તે. An act of conceding; an act of granting.

Conch (કૉન્ક), *n.* શંખ; કોડો; દરીઆઇ છીપ. A marine shell.

Conchology (કૉન્કૉલૉજિ), *n.* શંખ અને તેના પ્રકાર વિગેરેનું વર્ણન; શંખશાસ્ત્ર. The natural history which deals with the shells.

Conciliate (કૉન્સિલિએટ્), *nt.* અનુકૂળ કરવું; મન મેળવવું; સલાહ કરવી; સ્નેહપૂર્વક જોડાવું. To win over; to reconcile; to gain the good will of; to pacify.

Conciliation (કૉન્સિલિએશન્), *n.* સમજુતી; મન મેળવી લેવું તે; એકબીજાના મનનું સાંત્વન થવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે; મેળાપ. An act of winning over; pacification.

Conciliatory (કૉન્સિલિઍટોરિ), *a.* બધાની સાથે મેળાપ રાખે તેવું; મન મેળવી લે તેવું; સલાહ સંપ રાખે તેવું. Tending to pacify; of reconciling nature.

Concise (કૉન્સાઈઝ્), *a.* ટુંકું; સંક્ષિપ્ત; ટુંકું અને સહેલાઇથી લઇ શકાય એવું. Brief; condensed.

Concision (કૉન્સિઝ્હન્), *n.* ભાગ; વિભાગ; છેદન. A division; a part.

Conclave (કૉન્ક્લેવ્), *n.* ખાનગી જગ્યા; ગુપ્ત ઓરડો; ધર્માધ્યક્ષોની સભા; ગુપ્ત સભા. The room in which cardinals meet to elect a pope; a secret assembly.

Conclude (કૉન્ક્લ્યૂડ્), *vt. pr. p.* **Concluding.** *imp. & p. p.* **Concluded.** સમાપ્ત કરવું; પુરૂં કરવું; પાર મુકવું. To close; to finish; to end. **2.** અનુમાન કરવું; તર્ક કરવો. To infer; to guess.

Concluding (કૉન્ક્લ્યૂડિન્ગ્), *a.* આખરનું; છેવટનું; અંતનું. Final; ending; closing.

Conclusion (કૉન્ક્લ્યૂઝ્હન્), *n.* અંત; છેવટ; સમાપ્તિ; આખર. The end; the final result. **2.** અનુમાન તર્ક. An inference; a guessing.

Conclusive (કૉન્ક્લ્યૂસિવ્), *a.* અંત લાવે તેવું; છેડો લાવે તેવું; ટુંકામાં પતી જાય તેવું. Final; ending.

Conclusiveness (કૉન્ક્લ્યૂસિવ્નેસ્), *n.* નિવેડો; ફેંસલો લાવવો તે; સિદ્ધાંત. The quality of bringing final decision.

Concoct (કૉન્કૉક્ટ્), *vt.* પચાવવું; હજમ કરવું; મનમાં ગોઠવવું; પાકું કરવું. To digest; to contrive; to plan.

Concoction (કૉન્કૉક્શન્), *n.* હજમ થવું તે; પાચન; વિચારોની ગોઠવણી. Digeston; a contrivance.

Concomitance,-cy (કૉન્કૉમિટૅન્સ્,-ન્સિ), *n.* સોબત; સંગતિ; સંયોગ. The state of going together; the condition of joining.

Concomitant (કૉન્કૉમિટૅન્ટ્), *a.* જોડે આવનાર; જોડે જનાર; સરકારી; સહયોગી. Going with; accompanying.

Concord (કૉન્કૉર્ડ્), *n.* એકરાગ; મેળાપ; ઐકસંપ; અવિરોધ. Union; harmony; the quality of being of one heart. *vi.* એકરાગ થવો; મેળાપ થવો; ઐક્ય થવું. To agree; to harmonize.

Concordance (કૉન્કૉર્ડૅન્સ્), *n.* મળતાપણું; અન્વય; મેળ; ઐક્ય. Agreement; harmony. **2.** (બાઇબલની) અનુક્રમણિકા. An index of the Bible. [યોગ્ય; અવિરૂદ્ધ. Harmonious; united.

Concordant (કૉન્કૉર્ડૅન્ટ્), *a.* મળતું; માફક;

Concourse (કૉન્કોર્સ્), *n.* સંગમ; જમાવ; મેળાવડો; ટોળું. An assembly of persons or things.

Concreate (કૉન્ક્રીએટ્), *vt.* એકજ વખતે પેદા કરવું; ઉત્પન્ન કરવું. To create at the same time.

Concrete (કૉન્ક્રીટ્), *a.* એકત્ર થયેલું; ઘાડું થયેલું; ગુણવાચક-વિશિષ્ટ. Gathered in a solid form; formed into one mass. *n.* મિશ્ર પદાર્થ; ગાંઠ; ઢેપું. A mass formed by parts sticking together. **2.** કાંકરેટ. A mixture of sand, lime, pebbles, etc. used in building. *vt. vi.* કાંકરેટથી કામ કરવું; એક રસ થાય તેમ કરવું; ઘટ્ટ બનાવવું-બનવું. To form into a solid; to harden.

Concretion (કૉન્ક્રીશન્), *n.* પદાર્થોને એકઠા કરવા તે; ઘટ્ટ બનાવવું તે; ગઠ્ઠો; પિંડ. An act of solidifying; a lump.

Concubinage (કૉન્ક્યૂબિનેજ્), *n.* પરણ્યા સિવાય સ્ત્રી પુરૂષનું દંપતી જીવન ગાળવું તે. The state of enjoying the life as husband and wife in an illegal way.

Concubine (કૉન્ક્યૂબાઇન્), *n.* રાખેલી સ્ત્રી; રખાત; ઉપપત્ની. An unlawful wife; a woman, who is looked upon as a wife without the marriage.

Concupiscence (કૉન્ક્યૂપિસેન્સ્), *n.* વિષયલંપટપણું; વિષયલંપટતા; કામવાસના. Lust; sexual desire.

Concur (કૉન્કર્), *vi. pr. p.* **Concurring.** *imp. & p. p.* **Concurred.** કબુલ થવું; અનુમત થવું. To agree; to unite in idea or opinion; to coincide.

Concurrence (કૉન્કરેન્સ્), *n.* અનુમત; સંમતિ; સંપ; મેળાપી; એકતા. Assent; joint action; union.

Concurrent (કૉન્કરેન્ટ્), *a.* સાથે કામ કરનાર; જોડે રહેલું; ઘટ્ટ થઈ ગયેલું. Acting or coming together. **2.** સંપીલું; મેળાપવાળું. United; joined.

Concussion (કૉન્કશન્), *n.* ધક્કો; હડસેલો; આંચકો. A violent shock; a pull; any undue pressure exerted upon any one.

Condemn (કૉન્ડેમ્), *vi.* ગુન્હેગાર ઠરાવવું; દોષિત ઠરાવવું; અપરાધ જણાવવો; શિક્ષા કરવી. To pronounce guilty; to blame; to sentence to punishment.

Condemnable (કૉન્ડેમ્નેબલ્), *a.* ગુન્હેગાર ઠરાવવા જોગ; નિંદનીય; ધિક્કારવા લાયક. Blamable.

Condemnation (કૉન્ડેમ્નેશન્), *n.* શિક્ષા; દંડ; અપરાધ; ગુન્હો. A blame; punishment; an act of condemning.

Condemnatory (કૉન્ડેમ્નૅટોરિ), *a.* દંડપાત્ર ઠરાવે એવું; નિંદક; ગુન્હો કરાવે તેવું. Implying condemnation.

Condensation (કૉન્ડેન્સેશન્), *n.* ઘટ્ટ થવું તે; જાડું થવું તે; સાંકડી જગ્યામાં સમાઇ રહેવું તે. Compactness; the act of making dense.

Condensable (કૉન્ડેન્સેબલ્), *a.* ઘટ્ટ કરવા લાયક; જાડું થઈ શકે તેવું; સાંકડી જગ્યામાં સમાઇ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે તેવું. Capable of being condensed.

Condense (કૉન્ડેન્સ્), *vt. vi.* **Condensing.** *imp.* & *p. p.* **Condensed.** જાડું કરવું-થવું; ઘટ્ટ કરવું; ઘટ્ટ થવું. To compress by pressure; to reduce to a denser form.

Condensity (કૉન્ડેન્સિટિ), *n.* જાડાઇ; ઘટ્ટપણું. The quality of being dense.

Condescend (કૉન્ડીસેન્ડ્), *vi.* મ્હોટાઈ મૂકી વર્તવું; મન મુકી કામ કરવું; મહેરબાની કરવી; આધીન થવું; હા પાડવી. To act kindly to inferiors; to comply; to deign.

Condescension (કૉન્ડિસેન્શન્), *n.* વિનય; પોતાનાથી હલકા તરફ વિવેક; મહેરબાની કરવી તે. Modesty to inferiors; affability.

Condign (કૉન્ડાઇન્), *a.* લાયક; યોગ્ય; ઉચિત; વ્યાજબી. Adequate; well-designed.

Condiment (કૉન્ડિમેન્ટ્), *n.* ગરમ મસાલો; મરી મરચું. A seasoning used at table to give a flavour to any kind of food or drink.

Condition (કૉન્ડિશન્), *n.* હાલત; દશા; સ્થિતિ; પદવી; દરજ્જો. A state; a particular way of being; a rank. **2.** કરાર; શરત. A contract; a proposal. **3.** સ્વભાવ; ગુણ. Temper. *vt. vi.* શરત કરવી; મળતું આવવું. To enter into a contract

Conditional (કૉન્ડિશનૅલ્), *a.* શરતવાળું; કબુલાતવાળું; સાપેક્ષ; શરતી. Expressing a condition; not absolute.

Condole (કૉન્ડોલ્), *vi. vt. pr. p.* **Condoling.** *imp.* & *p. p.* **Condoled.** પારકા દુઃખે દુઃખી થવું;-ને માટે શોક કરવો; વિલાપ કરવો. To express grief for another's sorrow; to sympathize in sorrow; to grieve.

Condolement (કૉન્ડોલ્મેન્ટ્), દિલાસો; ખરખરો; દિલગીરી. Expression of grief for another's sorrow.

Condolence (કૉન્ડોલેન્સ્), *n.* દિલાસો; ખેદ;શોક; દિલગીરી. An expression of grief for another's sorroow.

Condone (કૉન્ડોન્), *vt.* માફ કરવું; જવા દેવું; ક્ષમા આપવી. To forgive; to pardon.

Condor (કૉન્ડૉર્), *n.* ગીધને મળતું એક જાતનું પક્ષી. A kind of vulture.

Conduce (કાન્ડ્યૂસ્), *vi. pr. p.* **Conducing.** *imp.* & *p. p.* **Conduced.** સહાયકારી થવું; ઉપયોગી બનવું; મદદ કરવી; કારણભૂત હોવું. To tend to some end; to promote the cause of; to contribute.

Conducible (કૉન્ડ્યૂસિબલ્), *a.* ઉપયોગી; સહકારી. Tending for some use.

Conducive (કૉન્ડ્યૂસિવ્), *a.* સહાયકારી; ઉપયોગી; પ્રયોજક. Helpful; promoting some use.

Conduct (કૉન્ડક્ટ્), *vt. pr. p.* **Conducting.** *imp.* & *p. p.* **Conducted.** દોરી જવું; લઈ જવું; વહીવટ કરવો; કામ ચલાવવું. To lead; to carry; to manage; to regulate. **2.** ભોમીઆ તરીકે લઇ જવું. To escort as a guide. **3.** વર્તન ચલાવવું; વર્તવું. To behave. *n.* ચાલચલગત; વર્તણુક; કારભાર; ભોમીઆ તરીકે દોરી જવું તે અથવા લઇ જવું તે. Behaviour; management; guidance.

Conductor (કૉન્ડક્ટર્), *n.* દોરી લઇ જનાર; ભોમીઓ; વહિવટ કરનાર; નાયક; નેતા. A leader; a guide; a manager.

Conduit (કૉન્ડીટ્, કન્ડીટ્), *n.* ગટર; મોરી; નહેર; નળ. A channel or pipe to convey water. **2.** ફુવારો. A water fountain.

Cone (કોન્), *n.* શંકુ; શંકુ આકારનું ફળ. A solid with a cylinder.

Coney, Cony (કોનિ), *a.* એક જાતનું સસલું. A rabbit.

Confection (કૉન્ફેક્શન્). *n.* મીઠાઇ; મુરબ્બો; ખાંડ પાયેલો મુરબ્બો. A sweetmeat. **2.** દવાની મેળવણી. A mixture of drugs.

Confectioner (કૉન્ફેક્શનર્), *n.* મિઠાઈવાળો; કંદોઇ. One whose business is to prepare confection.

Confectionery (કૉન્ફેક્શનરિ), *n.* મીઠાઇ; મીઠાઇ વેચવાની તેમજ બનાવવાની દુકાન. A sweetmeat; a place where sweetmeat is sold.

Confederacy (કૉન્ફેડરેસિ), *n.* એક સંપ; અરસ્પરસ કરેલી મસલત; સંપેલા રાજ્યો. A league; the states or princes united by a league.

Confederate (કૉન્ફેડેરેટ્), *a.* સંપીલું; સંપથી જોડાયેલું. Leagued together; united. *n.* સંપથી જોડાયેલું રાજ્ય અથવા રાજા. One united in a league; an ally. *vt. vi.* એક સંપ કરવો; મેળાપ કરવો-થવો. To join in a league.

Confederation (કૉન્ફેડરેશન્), *n.* એકસંપ; મેળાપ; એકસંપી પક્ષ (રાજાઓનો). A league (esp. of princes).

Confer (કૉન્ફર્), *vt. vi. pr. p.* **Conferring.** *imp.* & *p. p.* **Conferred.** આપવું; બક્ષીસ તરીકે દેવું; બક્ષવું. To give; to bestow. **2.** વાત ચીત કરવી; મસલત કરવી; મસલતને માટે ભેગા થવું. To talk; to consult together.

Conference (કૉન્ફરેન્સ્), *n.* મસલત અથવા વિચાર માટે મળેલી બેઠક; સભા; 'કોન્ફરેન્સ'. A meeting held for some discussion.

Confess (કૉન્ફેસ્), *vt. vi. pr. p.* **Confessing.** *imp.* & *p. p.* **Confessed.** ગુન્હો, અપરાધ, વાંક, વિ૦ કબુલ કરવો; કબુલ કરવું; સ્વીકારવું. To admit a crime or a fault; to own; to acknowledge.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Confession (કૉન્ફેશન્), *n.* સ્વીકાર; કબુલાત; પાપની કબુલાત. Avowal; acknowledgment of one's crimes or faults.

Confessor (કૉન્ફેસર્), *n.* સ્વીકાર કરનાર; કબુલ કરનાર; અપરાધો પોતે કર્યા છે તેમ કહેનાર. One who makes an avowal of one's sins.

Confessoress (કૉન્ફેસરેસ્), *n.* અપરાધો પોતે કર્યા છે તેમ કબુલ કરનાર સ્ત્રી. A woman that admits of her crimes, etc.

Confidant (કૉન્ફિડેન્ટ્), *n.* વિશ્વાસુ મિત્ર; ઇષ્ટમિત્ર; એકાંતમિત્ર. A bosom-friend; a petty friend.

Confide (કૉન્ફાઇડ્), *vt. vi. pr. p.* **Confiding.** *imp. & p. p.* **Confided.** વિશ્વાસ રાખવો; શ્રદ્ધા રાખવી; આફીન મૂકવું; ભરોસો રાખવો; વિશ્વાસે સોંપવું. To trust; to rely; to commit to the charge of.

Confidence (કૉન્ફિડેન્સ્), *n.* વિશ્વાસ; ભરોસો; શ્રદ્ધા. Trust; reliance.

Confident (કૉન્ફિડેન્ટ્), *a.* વિશ્વાસ રાખનાર; ભરોસો રાખનાર; આફીન મુકનાર; નિઃશંક. Trusting firmly; having full belief.

Confidential (કૉન્ફિડેન્શલ્), *a.* વિશ્વાસુ; છુપી રીતે સોંપેલું; ખાનગી. Given in trust; private.

Confidently (કૉન્ફિડેન્ટલિ), *a.* ખાત્રીથી; ભરોસાથી; વિશ્વાસપૂર્વક. In a trusting way; firmly.

Configuration (કૉન્ફિગ્યુરેશન્), *n.* આકૃતિ; આકાર; રૂપ. External figure; shape; an outline.

Configure (કૉન્ફિગ્યુર્), *vt. pr. p.* **Configuring.** *imp. & p. p.* **Configured.** આકૃતિ પ્રમાણે ગોઠવવું; રૂપ પ્રમાણે મૂકવું. To arrange according to shape.

Confine (કૉન્ફાઇન્), *vt. pr. p.* **Confining.** *imp. & p. p.* **Confined.** હદ બાંધવી; સીમા નક્કી કરવી. To enclose; to limit. **2.** કેદમાં નાંખવું; પુરવું; બંધનમાં રાખવું. To imprison. **To be confined,** સુવાવડમાં હોવું.

Confinement (કૉન્ફાઇન્મેન્ટ્), *n.* કેદ; બંધન. Imprisonment. **2.** સુવાવડ; પ્રતિબંધ; પ્રસુતિ. Restraint in walking abroad (esp. for females in child-birth); the time of child-birth.

Confirm (કૉન્ફર્મ્), *vt.* મજબૂત કરવું; પુષ્ટિ આપવી; બહાલી આપવી; મંજુર કરવું. To assure; to establish; to grant.

Confirmable (કૉન્ફર્મેબલ્), *a.* મંજુરી આપી શકાય એવું; પુષ્ટિ આપી શકાય તેવું. Capable of being confirmed

Confirmation (કૉન્ફર્મેશન્), *n.* સાબીતી; મંજુરી; કબુલાત; બહાલી; "બાપ્ટિઝમ" પછી થતી ક્રિયા. An act of making firm; convincing proof.

Confirmatory (કૉન્ફર્મેટરિ), *a.* પુષ્ટિ કર્તા; મજબૂત. Tending to confirm.

Confiscable (કૉન્ફિસ્કેબલ્), *a.* જપ્ત કરી શકાય તેવું; કબજો લેઈ શકાય તેવું. Liable to confiscation.

Confiscate (કૉન્ફિસ્કેટ્), *vt.* જપ્ત કરવું; છિનવી લેવું; લઇ લેવું. To forfeit; to seize by force. *a.* જપ્ત કરેલું. Forfeited.

Confiscation (કૉન્ફિસ્કેશન્), *n.* જપ્તિ; જોર જુલ્મથી લઈ લેવું તે. An act of confiscating; forfeiture.

Confiscator (કૉન્ફિસ્કેટર્), *n.* જપ્તિ કરનાર; માલ લઇ લેનાર. One, who seizes goods, etc. by legal force.

Conflagration (કૉન્ફ્લેગ્રેશન્), *n.* મોટી આગ; ભારે આગ. A great fire; a great burning.

Conflict (કૉન્ફ્લીક્ટ્), *vi.* લડવું; અથડાઅથડી કરવી; ઝઘડો કરવો. To strike together; to struggle; to dash against; to contend. **2.** વિરૂદ્ધ હોવું; સામું પડવું. To be in opposition to. *n.* અથડાઅથડી; યુદ્ધ; લડાઇ; ઝઘડો. A collision; a contest; a strife.

Conflicting (કૉન્ફ્લીક્ટિન્ગ્), *a.* વિરૂદ્ધ; ઉલટું; પ્રતિકૂળ. Clashing; contradictory.

Conflictive (કૉન્ફ્લીક્ટિવ્), *a.* વિરૂદ્ધ; ઉલટું; પરસ્પર વિરોધી. Tending to conflict.

Confluence (કૉન્ફ્લ્યુએન્સ્), *n.* નદીઓનો સંગમ; મેળાપ; સાથે વધવું તે. An act of meeting of the rivers; a flowing together.

Conflux (કૉન્ફ્લક્સ્), *n.* સંગમ; સાથે વહેવું તે. An act of flowing together. **2.** ટોળું; ભીડ; મેળાવડો. A crowd; a collection.

Conform (કૉન્ફૉર્મ્), *vt. vi.* સરખું બનાવવું; અનુસરવું કરવું; વખત પ્રમાણે વર્તવું; આજ્ઞામાં હોવું. To make of the same form; to adapt; to obey.

Conformable (કૉન્ફૉર્મેબલ્), *a.* મળતું; અનુસાર; લાયક; આધીન; આજ્ઞામાં રહે તેવું. Suitable; corresponding in form obedient.

Conformation (કૉન્ફૉર્મેશન્), *n.* એક રાગ; મેળ; અનુકૂળતા. Adaptation; a particular form.

Conformity (કૉન્ફૉર્મિટિ), *n.* સરખાપણું; અનુકૂળતા. Likeness; consistency.

Confound (કૉન્ફાઉન્ડ્), *vt.* ગુંચવી નાંખવું; ગભરાવવું; વ્યગ્ર કરવું. To perplex; to puzzle; to confuse. **2.** ભુલથી એકને બદલે બીજાને ઓળખવું. To know one for another through mistake.

Confraternity (કૉન્ફ્રેટર્નિટિ), *n.* બંધુવર્ગ; બંધુમંડળ. A brotherhood; a clan.

Confrication (કૉન્ફ્રિકેશન્), *n.* ઘસારો; મર્દન; ઘર્ષણ. An act of rubbing together.

Confront (કૉન્ફ્રન્ટ્), *vt.* સન્મુખ થવું; રૂબરૂ કરવું; રાખવું; સમક્ષ મૂકવું; સરખાવો કરવો. To stand

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

in front of; to compare; to bring face to face.

Confrontation (કૉન્ફ્રન્ટેશન્), *n.* રજુઆત; મુકાબલો; સરખામણી. An act of bringing face to face; comparison.

Confuse (કૉન્ફ્યૂઝ), *vt. vi. pr p.* **Confusing.** *imp. & p. p.* **Confused.** ગુંચવવું; ગભરાવવું; મુંઝાઈ જવું; મુંઝવવું; વ્યગ્ર કરવું; વ્યગ્ર થવું To perplex; to bewilder; to throw into disorder.

Confusion (કૉન્ફ્યૂઝન્), *n.* ગભરાટ; ગુંચવાડો; વ્યગ્રતા; મુંઝવણ. Perplexity; mental disorder; bewilderment.

Confutation (કૉન્ફ્યૂટેશન્), *n.* રદિયો; ખોટું પાડવું તે; દલીલથી ખોટું પાડવું તે; ખંડન. Refutation; an act of proving erroneous.

Confutable (કૉન્ફ્યૂટેબલ), *a.* દલીલથી ખોટું પાડી શકાય એવું; રદિયો આપી શકાય તેવું. Refutable; capable of proving erroneous.

Confute (કૉન્ફ્યૂટ્), *vt. pr. p.* **Confuting.** *imp. & p. p.* **Confuted.** દલીલથી ખોટું પાડવું; ખંડન કરવું; રદીઓ આપી જુઠું ઠરાવવું. To refute; to prove erroneous.

Conge (કૉન્જી), *n.* રજા લેવી તે; છેલ્લી સલામ; પ્રણામ; નમસ્કાર. An act of taking a farewell leave.

Congeal (કૉન્જીલ્), *vi. vt. pr. p.* **Congealing.** *imp. & p. p.* **Congealed.** ઠરી જઈ ઠારવું; જમાવવું; વટ કરવું. To solidify as, by cold.

Congelation (કૉન્જીલેશન્), *n.* ઠારવું તે; જમાવવું તે; જમાવટ; ચોસલું. An act of congealing; the result of congelation; solidification.

Congealment (કૉન્જીલ્મેન્ટ્), *n.* Same as **Congelation.**

Congener (કૉન્જેનર્), *n.* સમજાતીય વસ્તુ; એક જાતીય ચીજ-પદાર્થ. A thing of the same kind. 2. સમજાતીય પુરૂષ. A person of the same nature.

Congenial (કૉન્જીનીઍલ), *a.* કુદરતી માફક આવવું; માફકસર; સરખા સ્વભાવનું; અનુકૂળ. Suitable; of the same nature.

Congenital (કૉન્જેનિટૅલ), *a.* સ્વાભાવિક; જન્મનું; કુદરતી. Existing from birth; natural.

Congeries (કૉન્જીરીઝ), *n.* સમૂહ; સમુદાય; ઢગલો. A heap; a collection; a combination.

Congest (કૉન્જેસ્ટ્), *vt.* એકઠું કરવું; ઢગલો કરવો; સમુહ કરવો; ગંજ કરવો. To accumulate; to store up; to gather.

Congestion (કૉન્જેશન્), *n.* લોહીની ગાંઠ; લોહીનું બંધાઇ જવું તે. A gathering of blood in any part of the body.

Congestive (કૉન્જેસ્ટિવ્), *a.* લોહીની ગાંઠ બંધાઈ જાય તેવું; લોહી એકઠું થાય તેવું. Indicating congestion.

Conglomeration (કૉન્ગ્લોમરેશન્), *n.* ગોળો; દડો; પિંડ; ઢગલો. The state of gathering into a mass.

Conglutinate (કૉન્ગ્લ્યુટિનેટ્), *vt.* જોડવું; સાંધવું; ચોંટાડવું. To glue together; to stick.

Congou (કૉન્ગુ), *n.* એક જાતની કાળી ચાહ. A kind of black tea.

Congratulate (કૉન્ગ્રૅટ્યૂલેટ્), *vt.* મુબારક બાદી આપવી; અભિનંદન આપવું; શાબાશી આપવી; ખુશાલી દર્શાવવી. To wish joy to on any good occasion.

Congratulation (કૉન્ગ્રૅટ્યૂલેશન્), *n.* મુબારકબાદી; અભિનંદન; ધન્યવાદ. An expression of pleasure on another's good fortune.

Congratulator (કૉન્ગ્રૅટ્યૂલેટર્), *n.* મુબારકબાદી આપનાર; અભિનંદન આપનાર. One who congratulates.

Congratulatory (કૉન્ગ્રૅટ્યૂલેટરિ), *a.* મુબારકબાદીવાળું; અભિનંદન દેનારૂં. Containing an expression of pleasure.

Congregate (કૉન્ગ્રીગેટ્), *vt. vi.* એકઠું કરવું; ભેગું થવું; મળવું. To assemble; to meet. *a.* ભેગું; એકઠું. Collected.

Congregation (કૉન્ગ્રીગેશન્), *n.* જમાવ; સમૂહ; સમુદાય; સભા; મંડળી. A collection; an assembly.

Congregational (કૉન્ગ્રીગેશનૅલ), *a.* મંડળી બાબત; સમાજ સંબંધી. With reference to an assembly; of a congregation.

Congress (કૉન્ગ્રેસ્), *n.* પ્રજા સમસ્ત સભા; મંડળ; મંડળી; સભા. A meeting of delegates.

Congruity (કૉન્ગ્રુઇટિ), *n.* મેળ; યોગ્યતા; અનુસંધાન; મેળાપ. Agreement between things; consistency; harmony.

Congruent (કૉન્ગ્રૂએન્ટ્), *a.* લાયક; યોગ્ય; એક સરખું; મેળવાળું. Agreeing; suitable. [uent.

Congruous (કૉન્ગ્રૂઅસ્), Same as **Congr-**

Conic, Conical (કૉનિક, કૉનિકૅલ), *a.* શંકુ આકારનું; શંકુ આકારવાળું. Having a cone-like shape. [part of geometry.

Conics (કૉનિક્સ્), *n.* શંકુચ્છેદ ભૂમિતિ. The

Conjectural (કૉન્જેક્ટ્યૂરૅલ), *a.* અટકળ ભરેલું; કલ્પિત; અનુમાનવાળું; શકાવાળું. Containing a conjecture; doubtful.

Conjecture (કૉન્જેક્ટ્યૂર્), *vt.* કલ્પના કરવી; અટકળ બાંધવી; તર્ક કરવા. To infer; to guess. *n.* કલ્પના; અનુમાન; અટકળ. An inference; a guessing.

Conjoin (કૉન્જૉઇન્), *vt. vi.* સાંધવું; જોડવું; એક થવું; જોડાવું. To unite; to join together.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Conjoint (કૉન્જૉઇન્ટ), *a.* જોડેલું; સાથે મળેલું; એકઠું. Combined; united.

Conjointly (કૉન્જૉઇન્ટલિ), *ad.* ભેગા મળીને; એકઠું મળીને--થઇને. Unitedly; together.

Conjugal (કૉન્જ્યુગૅલ), *a.* વિવાહનું; લગ્ન સંબંધી; સ્ત્રીપુરૂષનું. Pertaining to marriage; of a couple.

Conjugate (કૉન્જ્યુગેટ), *vt.* જોડવું; ધાતુને રૂપ આપવા. To give the various inflections of a verb.

Conjugation (કૉન્જ્યુગેશન), *n.* જોડાણ; ક્રિયાપદનાં રૂપાખ્યાન. An act of giving inflections of a verb.

Conjunction (કૉન્જન્ક્શન), *n.* સંબંધ; સંયોગ; સમાયોગ. Connection; union. **2.** (વ્યાકરણમાં) વાક્યયોગી અવ્યય; ઉભયાન્વયી અવ્યય. A joining word in grammar.

Conjunct (કૉન્જન્ક્ટ), *a.* જોડેલું; મળેલું; જોડાયેલું; સંયુક્ત. United.

Conjunctive (કૉન્જન્ક્ટીવ), *a.* સંયોજક; જોડનારૂં; જોડવામાં મદદ કરનારૂં. Joining or connecting together.

Conjuncture (કૉન્જન્ક્ટ્યુર), *n.* પ્રસંગ; જોગવાઈ; તાકડો; અણીનો વખત-પ્રસંગ; તક. An important occasion; a crisis; an opportunity.

Conjuration (કૉન્જ્યુરેશન), *n.* જાદુ; મંત્ર; ઇલમ; સોગન આપવા તે. A practice of magical arts; enchantments; adjuration.

Conjure (કન્જર), *vt. vi. pr. p.* **Conjuring.** *imp.* & *p. p.* **Conjured.** મંત્રપ્રયોગ કરવો; જાદુ કરવું; ઇલમ ચલાવવો; મંતરવું. To practise magical arts; to call by a sacred name.

Conjure (કૉન્જ્યુર), *vt.* કાલાવાલા કરવા; આજીજી કરવી. To implore. **2.** સોગંદ ખાઈને એક સંપી બનવું. To confederate.

Conjurer,-or (કન્જરર), *n.* જાદુપ્રયોગ કરનાર; જાદુગર; ઇલ્મી; ધંતરમંતર કરનાર. One who practises magic; an enchanter.

Connascence (કૉન્નૅસેન્સ), *n.* એક જન્મ; સમજન્મ; સમોત્પત્તિ. The birth of two or more at the same time.

Connate (કૉન્નેટ), *a.* સાથે જન્મેલું; એકી વખતે ઉત્પન્ન થયેલું. Born at the same time.

Connect (કૉનેક્ટ), *vt. vi.* જોડવું; સાંધવું; સંયોગ કરવો; બાંધવું; બંધાવું. To form a relation between; to fasten; to tie; to associate.

Connection, Connexion (કૉનેક્શન), *n.* સંધાણ; જોડાણ; સંબંધ; નીસબત. An intercourse; a relation; intimacy.

Connective (કૉનેક્ટિવ), *a.* સાંધનાર; જોડનાર; સંયોજક. That which binds together; binding together. *n.* સંયોજક શબ્દ. A joining word between two words or clauses.

Connivance (કૉનાઇવન્સ), *n.* આંખ આડા કાન કરવા તે; જોયું ન જોયું કરવું તે; ચશમપોશી; અખાડા. An act of winking at a fault; an intentional oversight.

Connive (કૉનાઈવ), *vi. pr. p.* **Conniving.** *imp.* & *p. p.* **Connived.** જોયું ન જોયું કરવું; આંખ આડા કાન કરવા; ચશમપોશી કરવી. To wink at a fault; to take no notice.

Connoisseur (કૉનીસ્યૂર), *n.* પ્રવીણ પુરૂષ; ગુણની પરીક્ષા કરનાર; મર્મજ્ઞ. One well versed in any subject or any matter.

Connotation (કૉનોટેશન), *n.* ગુણ; ગુણબોધન. An attribute; an implication of some more meaning.

Connotative (કૉનોટેટિવ), *a.* ગુણોનો સમાવેશ કરે તેવું; અર્થ લાગુ પાડે તેવું. Attributive.

Connote (કૉનોટ), *vt. pr. p.* **Connoting.** *imp.* & *p. p.* **Connoted.** ગુણ દેખાડવો-બતાવવો; સમાવેશ કરવો. To signify; to imply.

Connubial (કૉન્યૂબિઍલ), *a.* લગ્ન સંબંધી; દંપતીનું; વિવાહને લગતું. Nuptial; pertaining to marriage; of the married state.

Connubiality (કૉન્યૂબિઍલિટિ), *n.* લગ્ન; દંપતીજીવન. The condition of being married.

Conquer (કૉન્કર), *vt. vi. pr. p.* **Conquering.** *imp.* & *p. p.* **Conquered.** જીતવું; જય મેળવવો; હરાવવું; ફત્તેહ મેળવવી. To gain by force; to overpower.

Conquerable (કૉન્કરેબલ), *a.* જીતી શકાય તેવું; જેય; તાબે કરી શકાય એવું. Capable of being conquered or subdued.

Conqueror (કૉન્કરર), *n.* જીતનાર; જય મેળવનાર; વિજેતા. A victor; one who conquers.

Conquest (કૉન્ક્વેસ્ટ), *n.* જય; જીત; વિજય; ફત્તેહ. A victory; an act of conquering.

Consanguine (કૉન્સૅન્ગ્વિન), *a.* એક લોહીની સગાઇવાળું; જન્મથીજ સગપણ ધરાવતું. Related by blood; of the same blood.

Consanguinity (કૉન્સૅન્ગ્વિનિટિ), *n.* એક લોહીની સગાઇ; સગપણ; સપિંડતા. Relationship by blood.

Conscience (કૉન્શેન્સ), *n.* અંતઃકરણ; ન્યાયબુદ્ધિ; ખરો ભાવ; વિવેકબુદ્ધિ. The sense of duty; the heart; the faculty of judging right from wrong.

Conscientious (કૉન્શિઍન્શસ), *a.* ઇમાનદાર; સાચી નિષ્ઠાવાળો; નેકી વાળો; શુદ્ધ દીનતવાળો. Influenced by the moral laws; scrupulous.

Conscientiously (કૉન્શિઍન્શસલિ), *ad.* સાચી નિષ્ઠાથી; શુદ્ધ દીનતથી; નેકીપૂર્વક. Scrupulously; sincerely.

Conscientiousness (કૉન્શિઍન્શસનેસ), *n.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાચી નિષ્ઠા; ઇમાન; શુદ્ધ દાનત; નેક. Scrupulousness; the quality of having the sense of duty.

Conscious (કૉન્શસ્), *a.* સાવધ; જાણીતું; હોશિયાર; જ્ઞાની. Having the power of knowing one's thoughts; aware.

Consciousness (કૉન્શસ્નેસ્), *n.* ચેતના; શુદ્ધિ; સાવધપણું; જ્ઞાન; બોધ; અનુભવ. The waking state of the mind; the state of being aware.

Conscript (કૉન્સ્ક્રિપ્ટ), *a.* નોંધેલું; દાખલ કરેલું. Written in the register.

Conscription (કૉન્સ્ક્રિપ્શન્), *n.* નોંધ; પત્રકમાં દાખલ કરવું તે; લશ્કરમાં અથવા નૌકાસૈન્યમાં દાખલ થવા સારૂ ફરજીઆત નામ નોંધવું તે. A compulsory enrolment for military or naval purpose.

Consecrate (કૉન્સીક્રેટ્), *vt. pr. p.* **Consecrating.** *imp. & p. p.* **Consecrated.** ઇશ્વરાર્પણ કરવું; અભિષેક કરવું; ક્રિયાવડે પવિત્ર કરવું. To render holy; to set apart for a holy use.

Consecration (કૉન્સીક્રેશન્), *n.* પ્રતિષ્ઠા; દેવાર્પણ; સંસ્કાર; અભિષેક. Dedication to God; the ceremony of consecrating.

Consecrator (કૉન્સીક્રેટર્), *n.* દેવાર્પણ કરનાર; કોઇપણ માણસ અથવા પદાર્થને ક્રિયાવડે પવિત્ર કરનાર. One, who helps in consecration.

Consecutive (કૉન્સેક્યૂટિવ્), *a.* એક પછી એક આવતું; સતત; સામટું ચાલુ. Following in regular order; coming in successive number.

Consecutiveness (કૉન્સેક્યૂટિવ્નેસ્), *n.* એક પછી એક ચાલુ રહેવું તે; સતત હોવું તે. An act or state of coming in order.

Consent (કૉન્સેન્ટ્), *vi. vt.* હા પાડવી; એક વિચારનું હોવું; મળતા થવું. To comply; to be of the same mind; to grant; to accord. *n.* સંમતિ; અનુમતિ; એક રાગ; અનુમોદન. Agreement; concurrence.

Consentient (કૉન્સેન્શિએન્ટ્), *a.* સંમત; કબૂલ; એક રાગ. Agreeing in mind.

Consequence (કૉન્સીક્વેન્સ્), *n.* પરિણામ; ફળ; હાંસલ; અર્થ; કાર્ય. An effect; an influence; an importance.

Consequent (કૉન્સીક્વેન્ટ્) *a.* અનુમાન દાખલ નીપજેલું; કાર્ય કારણ સંબંધી. Following as an effect.

Consequential (કૉન્સીક્વેન્શૉલ), *a.* પરિણામક; અનુવર્તી; ડોળી; ટોળી; મિજાજી. Following as a result; pompous.

Consequently (કૉન્સીક્વેન્ટ્લિ), *ad.* તેથી; પરિણામ ઉપરથી; તેટલા માટે As a result; eventually.

Conservancy (કૉન્સર્વૅન્સિ), *n.* સંભાળ; રક્ષણ; સંરક્ષણ; જતન. An act of preserving. **2.** નદીમાં માંછલા વિગેરેની સંભાળ રાખનાર સભા–કોર્ટ. A court looking after the preservation of the fisheries.

Conservation (કૉન્સર્વેશન્), *n.* રક્ષા; સંરક્ષણ; સાચવટ. An act of conserving; preservation.

Conservatism (કૉન્સર્વૅટિઝમ્), *n.* ચાલતા ક્રમ અથવા ધોરણ પ્રમાણે કામ થવા દેવાની ઇચ્છા; પ્રચલિત ધોરણમાં પ્રીતિ. The opinion of a conservative.

Conservative (કૉન્સર્-વેટિવ્), *a.* રક્ષક; જતન કરનાર. Preserving. *n.* 'કૉન્ઝર્વેટિવ' પક્ષનો એક જણ; ચાલુ રૂઢિ પ્રમાણે કામ થાય તેમ ઇચ્છનાર. A member of the conservative party.

Conservator (કૉન્સર્વેટર્), *n.* રક્ષણ કરનાર; દુઃખ, ઇજા, વગેરેમાં રક્ષણ કરનાર. One who preserves from injury; a guardian.

Conservatory (કૉન્સર્વૅટૉરિ), *n.* રક્ષણસ્થાન; આશ્રયસ્થાન; કુમળા છોડવાને લીલા રાખવાનું સ્થળ. A store–house.

Conserve (કૉન્સર્વ્), *vt.* સંભાળી રાખવું; જતન કરવું; રક્ષણ કરવું. To preserve; to retain. **2.** ફળ, વિગેરેને ખાંડ પાઇને મુરબ્બો કરવો. To preserve with sugar. *n.* મુરબ્બો; ખાંડની ચાસણીમાં બનાવેલી મિઠાઇ. Something (as, fruits) preserved in sugar.

Consider (કૉન્સિડર્), *vt.* વિચારવું; માનવું; ચિંતન કરવું; ગણત્રી કાઢવી–કરવી. To think; to deliberate; to compute.

Considerable (કૉન્સિડરેબલ્), *a.* વિચારવા લાયક; મનનીય; ઇજ્જતદાર; પૂજનીય. Worthy of being considered; respectable. **2.** અગત્યનું; ઘણું મોટું. Important; extensive.

Considerably (કૉન્સિડરેબ્લિ), *ad.* વિચારપૂર્વક; ગણત્રીની રીતે. Deliberately; mindfully.

Considerate (કૉન્સિડરેટ્), *a.* વિચારવંત; ડાહ્યો; ગંભીર; ઠાવકું. Thoughtful; wise; serious; prudent.

Considerately (કૉન્સિડરેટ્લિ), *ad.* વિચારપૂર્વક; બુદ્ધિસર; ગંભીરતાથી. Thoughtfully; seriously; in a prudent manner.

Consideration (કૉન્સિડરેશન્), *n.* વિચાર; ચિંતવન; ખ્યાલ. An idea; a notion; thoughtfulness.

Consign (કૉન્સાઇન્), *vt.* સોંપવું; આડતથી મોકલવો; વિશ્વાસ ઉપર આડતીયાને માલ રવાના કરવો. To entrust; to deliver goods on trust to an agent; to transmit for sale.

Consignee (કૉન્સાઇની), *n.* આડતીઓ; જેને માલ મોકલ્યો હોય તે વેપારી; માલ ઉતારનાર ઉતરાવનાર વેપારી. One to whom anything (esp. for sale) is entrusted.

Consigner,-or (કૉન્સાઇનર્,–નૉર્), *n.* માલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોકલનાર; માલધણી. One who entrusts to the care of.

Consignment (કૉન્સાઇન્મેન્ટ), *n.* વેચવા માટે મોકલેલો માલ; માલ હવાલે કર્યા બાબતનું લખત. The thing consigned; the writing, by which any thing is handed over.

Consist (કૉન્સિસ્ટ), *vi.* હોવું; થવું;–થી બનવું; નભવું. To exist; to coexist. **2.** મળતા આવવું; ના જેવું હોવું. To agree.

Consistence,-cy (કૉન્સિસ્ટેન્સ,-ન્સિ), *n.* મેળ; માફકપણું; ઘટ્ટપણું; સ્થિરતા; સંયોગ; મિશ્રણ; અવિરોધ. Agreement; the quality of being self-consistent; density.

Consistent (કૉન્સિસ્ટેન્ટ)–*a.* મળતું; બેસતું; બંધબેસતું; વિચારમાં મળતું; અવિરુદ્ધ. Congruous; uniform in thought or in action.

Consistently (કૉન્સિસ્ટેન્ટલિ), *ad.* અનુકૂળતાથી; અવિરોધપૂર્વક; અનુસાર. Agreeably; in a way, showing uniformity in thought and in action.

Consistory (કૉન્સિસ્ટૉરિ), *a.* ધર્મ સંબંધી સભાને લગતું. Pertaining to a solemn assembly. *n.* મોટી બાબતમાં વિચાર કરવાને મળેલી સભા; ધર્માધ્યક્ષની ધર્મસભા. A holy assembly of the bishops.

Consociate (કૉન્સોશિએટ), *vt. vi.* સંપ કરાવવો; સંપ કરવો; જોડવું; એકત્ર થવું. To associate together.

Consolable (કૉન્સોલેબલ), *a.* દિલાસો આપે તેવું; સાંત્વન આપે તેવું. Capable of giving comfort or solace.

Consolation (કૉન્સોલેશન), *n.* દિલાસો; આશ્વાસન; સાંત્વન. Solace; comfort.

Consolatory (કૉન્સોલૅટૉરિ), *a.* દિલાસો આપે તેવું; આશ્વાસન આપવું. Tending to console.

Console (કૉન્સોલ), *vi. pr. p.* **Consoling.** *imp. & p. p.* **Consoled.** દિલાસો આપવો; આશ્વાસન આપવું; મનનું સમાધાન કરવું; ધીરજ આપવી. To comfort; to soothe; to cheer in distress.

Consolidate (કૉન્સૉલિડેટ), *vt. vi. pr. p.* **Consolidating.** *imp. & p. p.* **Consolidated.** ઘટ્ટ બનાવવું; કઠણ કરવું–થવું; દૃઢ બનાવવું; મજબૂત થવું–કરવું. To make solid; to grow firm or solid.

Consolidation (કૉન્સૉલિડેશન), *n.* ઘટ્ટ બનાવવું તે; દૃઢતા; ઘટ્ટપણું; મજબૂત અવસ્થામાં મૂકવું તે. An act of making solid.

Consols (કૉન્સૉલ્ઝ), *n. pl.* વિલાયતમાં એક જાતની વ્યાજી સરકારી નોટ. The stock consisting of a part of the National debt in England.

Consonance,-cy (કૉન્સોનન્સ,-નન્સિ), *n.* એક રાગ; એક સ્વર; સ્વરમાં મળતાપણું; એક તાલ. An agreement; union of sounds.

Consonant (કૉન્સોનન્ટ), *a.* મળતું; માફક; અવિરુદ્ધ. Harmonious; agreeable. *n.* વ્યંજન. A letter other than a vowel.

Consonantal (કૉન્સોનન્ટલ), *a.* વ્યંજનનું; વ્યંજનને લગતું. Pertaining to a consonant or consonants.

Consort (કૉન્સૉર્ટ), *n.* સાથી; ભાગીઓ; સોબતી; ધણીઆણી; ધણી. A companion; a wife; a husband; a partner. *vt. vi.* તહેનાતમાં રહેવું; સાથે જવું; ભેગા રહેવું. To accompany; to keep company; to unite.

Conspectus (કૉન્સ્પેક્ટસ), *n.* સંક્ષિપ્ત હેવાલ; ટુંક હેવાલ; સારાંશ An epitome; a synopsis.

Conspicuous (કૉન્–સ્પિક્યૂઅસ), *a.* પ્રખ્યાત; જાહેર; મશહૂર; જલદીથી જણાય એવું; સ્પષ્ટ દેખાય એવું. Famous; eminent; prominent; visible; manifest.

Conspicuousness (કૉન્–સ્પિક્યૂઅસ–નેસ), *n.* પ્રખ્યાતિ; પ્રસિદ્ધિ; સ્પષ્ટતા–પણું; ખુલ્લાપણું. Eminence; prominence; the state of being clear to the eye.

Conspiracy (કૉન્સ્પિરૅસિ), *n.* કાવત્રું; ખોટું કામ કરવા માટેનો સંપ. A plot; a banding together for evil purposes.

Conspiration (કૉન્સ્પિરેશન), *n.* કાવત્રું; કપટ પ્રબંધ. A plot.

Conspirator (કૉન્સ્પિરેટર), *n.* કાવત્રાબાજ; દગાખોર; તર્કટ કરનાર. A plotter; one who conspires.

Conspire (કૉન્સ્પાયર), *vi. pr. p.* **Conspiring.** *imp. & p. p.* **Conspired.** કાવત્રું કરવું; ખોટું કામ કરવાને એકઠા મળવું; તર્કટ રચવું. To plot; to concur.

Constable (કૉન્સ્ટેબલ), *n.* જમાદાર; પોલિસ ખાતાનો સિપાઇ; સુલેહ જાળવનાર પોલીસ અમલદાર; 'કૉન્સ્ટેબલ'. A policeman; a peace-officer.

Constancy (કૉન્સ્ટૅન્સિ), *n.* જથુપણું; સ્થિરતા; દૃઢતા; માનસિક સ્થિરતા. Unchangeableness; fixedness. **2.** વફાદારી; અનન્ય ભક્તિ. Fidelity.

Constant (કૉન્સ્ટૅન્ટ), *a.* જથુ; સ્થિર; દૃઢ; દ્રઢ મનનું; વફાદાર. Continuous; fixed; unchangeable; faithful.

Constantly (કૉન્સ્ટૅન્ટલિ), *ad.* નિરંતર; હંમેશા; નિત્ય; દૃઢપણે. Continually; firmly.

Constellation (કૉન્સ્ટેલેશન), *n.* નક્ષત્ર; તારા; રાશિ. A group of stars. **2.** નામાંકિત પુરૂષોનો સમૂહ-જથ્થો. An assemblage of famous persons.

Constellate (કૉન્સ્ટેલેટ), *vt. vi.* સમુદાય બનાવવો; જથ્થો કરવો; ટોળું થવું. To cluster; to assemble. **2.** તારાઓની ગતિ મુજબ બનાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનવા. To be fated according to the position of the stars.

Consternation (કૉન્સ્ટર્નેશન્), *n.* બાવરાપણું; અતિશય ગભરાટ; વ્યાકુલપણું; ત્રાસ. Dismay; terror; mental agitation.

Consternate (કૉન્સ્ટર્નેટ્), *vt.* અતિશય ગભરાટ થવો; વ્યાકુલ બનાવવું. To dismay; to terrify.

Constipate (કૉન્સ્ટિપેટ્), *vt.* (ઝાડાને) કબજે કરવું; દાબીને થોડામાં સમાવવું. To make costive; to press together.

Constipation (કૉન્સ્ટિપેશન્), *n.* (ઝાડાની) કબજીઆત; દાબી દાબીને થોડામાં સમાવેશ કરવો તે. Costiveness; an act of pressing together.

Constituency (કૉન્સ્ટિટ્યૂએન્સિ), *n.* પ્રતિનિધિની ચુંટણી કરનાર સમસ્ત મંડળ. A body of electors, who elect their representative to the parliament.

Constituent (કૉન્-સ્ટિટ્યૂએન્ટ્), *a.* અંગભૂત; મૂળભૂત; યોજનાર. Elementary; essential. *n.* મૂળતત્વ; ભાગ. An elementary part. **2.** ધારાસભાનો પ્રતિનિધિ ચુંટવાનો હક ધરાવનાર One entitled to select a representative (esp. in parliament.)

Constitute (કૉન્સ્ટિટ્યૂટ્), *vt. pr. p.* **Constituting.** *imp.* & *p. p.* **Constituted.** નીમવું; સ્થાપવું; કાયદેસર બંધારણ કરવું; મુકરર કરવું. To set up; to establish; to ascertain; to appoint.

Constitution (કૉન્-સ્ટિટ્યૂશન્), *n.* સ્વભાવ; પ્રકૃતિ; બાંધો; બંધારણ. Disposition; physical form or condition. **2.** ધારાઓનું બંધારણ; રાજ્ય બંધારણ. A system of laws and customs; the established form of government.

Constitutional (કૉન્સ્ટિટ્યૂશનૅલ્), *a.* કુદરતી; પ્રકૃતિનું; રાજ્યબંધારણનું. Inherent in the natural state; of the form of government. **2.** કાયદેસર; જરૂરીઆતનું; રાજ્યબંધારણને અનુસરતું. Legal; essential; following the government rules.

Constitutionally (કૉન્સ્ટિટ્યૂશનૅલિ) *ad.* પ્રકૃતિજન્ય સ્વભાવથી; રાજ્ય નિયમપૂર્વક; શારીરિક રીતે; રાજ્યબંધારણથી. In accordance with the constitutional rules.

Constitutive (કૉન્સ્ટિટ્યૂટિવ્), *a.* સંયોજ્ય; મૂળ બીજનું; કારણભૂત. Essential; elemental.

Constrain (કૉન્સ્ટ્રેન્), *vt.* કબજામાં રાખવું; અટકાવવું; બળજોરી કરીને અટકાવવું; હદમાં પુરવું-રાખવું; સંકોચવું. To restrain; to check; to confine; to limit; to compress.

Constraint (કૉન્સ્ટ્રેન્ટ્), *n.* જુલમ; દબાણ; જબરજસ્તી; અટકાવ; બંધન; કેદ. Compulsion; confinement; repression of feelings.

Constrict (કૉન્-સ્ટ્રિક્ટ્), *vt.* દાબવું; સંકોચવું; સંકુચિત કરવું. To contract.

Constriction (કૉન્-સ્ટ્રિક્શન્), *n.* દબાણ; સંકોચન; દાબ. An act of pressing together; contraction.

Constrictive (કૉન્-સ્ટ્રિક્ટિવ્), *a.* સંકોચનશીલ; દબાવી શકાય તેવું. Capable of being pressed together.

Construct (કૉન્સ્ટ્રક્ટ્), *vt.* બાંધવું; રચવું; ચણવું. To build; to compile; to erect; to devise.

Construction (કૉન્સ્ટ્રક્શન્), *n.* રચના; બાંધણી; યોજના. An act of constructing; a building; a plan.

Constructive (કૉન્-સ્ટ્રક્ટિવ્), *a.* બનાવવાની શક્તિવાળું; રચવાની શક્તિવાળું; રચનાત્મક. Capable of being formed; not direct but inferred.

Construe (કૉન્સ્ટ્રૂ), *vt. pr. p.* **Construing.** *imp* & *p. p.* **Construed.** અન્વય કરવો; અર્થ સમજાવવો; અર્થનો સમાવેશ થવો. To explain; to translate; to interpret.

Consul (કૉન્સલ્), *n.* રોમન લોકમાં રાજ્યકારભાર જોનાર મુખ્ય ઉપરી; રાજ્યપ્રતિનિધિ; રાજ્યનો મુખત્યાર; પરરાજ્યનો એલચી. One of the chief magistrates in the Roman republic; a representative of the government at a foreign court.

Consular (કૉન્સ્યૂલર્), *a.* એલચીનું; પ્રતિનિધિનું. [Of a consul.

Consulate (કૉન્સ્યૂલેટ્), *n.* એલચીનો હોદ્દો; રાજ્યપ્રતિનિધિનું રહેઠાણ; એલચીની હકુમત. The rank, the place or the jurisdiction of a consul.

Consulship (કૉન્સલશિપ્); *n.* એલચીનો હોદ્દો. The rank or the position of a consul.

Consult (કૉન્સલ્ટ્), *vt.* સલાહ પૂછવી; મસલત ચલાવવી-કરવી; અભિપ્રાય માંગવો. To ask the advice of; to ask the opinion of.

Consultation (કૉન્સલ્ટેશન્), *n.* મસલત; મનસુબો; સલાહ (ખાસ કરીને દાકતર, વૈદ અથવા વકીલની). Deliberation of two or more persons.

Consultative (કૉન્સલ્ટેટિવ્), *a.* મસલત સંબંધી; સલાહનું; મસલત ચલાવે તેવું. Of or pertaining to consultation.

Consumable (કૉન્સ્યૂમેબલ્), *a.* વાપરી શકાય એવું; ઉપયોગમાં લેવાય એવું. Capable of being used to the end or exhausted.

Consume (કૉન્સ્યૂમ્), *vt. vi. pr. p.* **Consuming.** *imp.* & *p. p.* **Consumed.** બાળી નાંખવું; નાશ કરવો; વાપરવું; વાપરીને ઘટાડી દેવું. To reduce to ashes; to destroy; to spend; to exhaust.

Consumer (કૉન્સ્યૂમર્), *n.* વપરાશ કરનાર; વાપર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાર; ઉપયોગ કરનાર. One who takes into use. 2. ખાઈ જનાર; નાશ કરનાર. One that consumes.

Consuming (કૉન્સ્યૂમિન્ગ્), *a.* નાશક; ખાઈ જનાર; ક્ષય કરનાર. Destroying; wasting.

Consummate (કૉન્સમેટ્), *a.* સંપૂર્ણ; પુરેપુરૂં; પુરૂં; ઉંચા પ્રકારનું. Complete; supreme. *vt.* પુરૂં કરવું; છેડો લાવવો; સમાપ્ત કરવું. To finish; to perfect. 2. ઉંચી કક્ષાએ પહોંચાડવું. To raise to the highest point.

Consummation (કૉન્સમેશન્), *n.* સંપૂર્ણતા; છેડો; અંત; પૂર્ણાહુતિ. Completion; perfection; the end.

Consumption (કૉન્સમ્શન્), *n.* ઘસાઇ જવું તે; ક્ષયરોગ; નાશ; વપરાશથી નાશ કરવું તે. An act of wasting; destruction; diminution; loss.

Consumptive (કૉન્સમ્ટિવ્), *a.* ક્ષયરોગી; ઘસાઇ જાય તેવું; નાશ પામે તેવું; જીર્ણ થઇને નાશ પામવાની અણી ઉપર આવેલું. Suffering from the disease of consumption; wasting away.

Contact (કૉન્ટૅક્ટ્), *n.* સ્પર્શ; સંયોગ; પદાર્થોનો અંદર અંદરનો સંસર્ગ. A close union of objects; a meeting.

Contagion (કૉન્ટેજૉન્), *n.* ચેપ; ચેપીરોગ; સ્પર્શ; ચેપનો સ્પર્શ. Transmission of a disease to a healthy body.

Contagious (કૉન્ટેજસ્), *a.* ચેપી; સ્પર્શથી ચેપ ઉડે એવું. That may be spread by contact.

Contain (કૉન્ટેન્), *vt. vi.* સમાવવું; મવડાવવું; સમાવેશ કરવો; ધારણ કરવું. To hold; to include.

Contaminate (કૉન્ટૅમિનેટ્), *vt.* મેલું કરવું; ડાઘ લગાડવો; અપવિત્ર કરવું; ભ્રષ્ટ કરવું; કલંકિત કરવું. To defile; to pollute; to corrupt.

Contamination (કૉન્ટૅમિનેશન્), *n* ડાઘ; એબ; લંછન; અપવિત્રતા; ભ્રષ્ટતા. A stigma; pollution.

Contemn (કૉન્ટેમ્), *vt.* ધિક્કારવું; તિરસ્કાર કરવો; હલકું ગણવું; તુચ્છ માનવું. To despise; to disregard; to undervalue.

Contemplate (કૉન્ટેમ્પ્લેટ્). *vt. pr. p.* **Contemplating.** *imp. & p. p.* **Contemplated.** વિચારવું; મનન કરવું; ચિંત્વન કરવું. To consider; to meditate; to think deeply.

Contemplation (કૉન્ટેમ્પ્લેશન્), *n.* ધ્યાન સમાધિ; ચિંત્વન. Meditation; constant study of anything.

Contemplative (કૉન્ટેમ્પ્લેટિવ્), *a.* વિચારશીલ; ધ્યાનમગ્ન રહે તેવું; ચિંત્વન કરનાર. Meditating; given to constant thinking.

Contemplator (કૉન્ટેમ્પ્લેટર્), *n.* ધ્યાન મગ્ન રહેનાર; ચિંત્વન કરનાર. One, who meditates deeply.

Contemporaneous (કૉન્ટેમ્પોરેનીઅસ્), *a.* સમકાલીન; એકીજ વખતે થાય તે; સમકાલી. Living or existing at the same time.

Contemporary (કૉન્ટેમ્પોરૅરિ), *a.* Same as **Contemporaneous.**

Contempt (કૉન્ટેમ્ટ્), *n.* ધિક્કાર; અપમાન; અવગણના. A scorn; an insult; a disregard 2. (*Law*) કોર્ટનો તિરસ્કાર. Disregard of the rules of the court.

Contemptible (કૉન્ટેમ્ટિબલ્), *a.* ધિક્કારવા જોગ; અપમાનવાળું; અધમ; તિરસ્કારને લાયક. Despicable; mean; abject.

Contemptuous (કૉન્ટેમ્ટ્યૂઅસ્), *a.* તિરસ્કાર ભરેલું; ધિક્કારપાત્ર; નિંદાત્મક. Scornful; disdainful; haughty.

Contend (કૉન્ટેન્ડ્), *vt.* લડવું; તકરાર ઉઠાવવી; કજીઓ કરવો; કોશીશ કરવી. To struggle; to dispute; to strive.

Contending (કૉન્ટેન્ડિન્ગ્), *a.* સામસામેનું; વિરૂદ્ધ; વિરોધી; કોશીશ કરે તેવું. Disputing; opposing; striving

Content (કૉન્ટેન્ટ્), *n.* સમાધાન; સંતોષ; તૃપ્તિ. Satisfaction; gratification. 2. (*pl.*) અનુક્રમણિકા; સમાવેશ. The list of subjects in a book; the things contained. *vt.* રાજી રાખવું; સંતુષ્ટ કરવું; સમાધાન કરવું. To gratify; to satisfy. [Satisfied; content.

Contented (કૉન્ટેન્ટેડ્), *a.* સંતોષી; તૃપ્ત.

Contentedness (કૉન્ટેન્ટેડ્નેસ્), *n.* સંતોષીપણું; તૃપ્તિ. The state or condition of being satisfied.

Contention (કૉન્ટેન્શન્), *n.* કજીઓ; ટંટો; ઝપાઝપી; તકરાર; ઝઘડો. A quarrel; a strife; an altercation.

Contentious (કૉન્ટેન્શસ્), *a.* કજીઆખોર; તકરારી; લડાઈખોર. Quarrelsome; prone to quarrelling.

Contentment (કૉન્ટેન્ટ્મેન્ટ્), *n.* સંતોષ; શાંતિ; તૃપ્તિ. Satisfaction; content.

Conterminous (કૉન્ટર્મિનસ્), *a.* એક સીમાવાળું; નિકટનું. Having a common boundary; lying in the proximity.

Contest (કૉન્ટેસ્ટ્), *vt.* ટંટો કરવો; તકરાર લેવી; વિવાદ કરવો. To struggle; to debate. *n.* ટંટો; તકરાર; કજીઓ; વિવાદ. A struggle; a debate.

Contestable (કૉન્ટેસ્ટેબલ્), *a.* તકરાર લેવાજોગ; વાદવિવાદ કરી શકાય તેવું. Capable of being debated; admitting controversy.

Context (કૉન્ટેક્સ્ટ્), *n.* આગળ પાછળનો સંબંધ; પૂર્વાપર સંબંધ. Reference in a composition. *vt.* એકઠું ગુંથવું; ભેગું કરવું; જોડી દેવું. To weave; to unite.

Contexture (કૉન્ટેક્સ્ટ્યૂર્), *n.* પોત; રચના; કુમાસ. Any interwoven fabric; an act

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of interweaving parts into a whole.

Contiguity (કૉન્ટિગ્યૂઈટિ), *n.* સમીપપણું; નિકટપણું; સંનિધિ. Proximity; nearness; adjacency.

Contiguous (કૉન્ટિગ્યૂઅસ્), *a.* પાસેનું; નજીકનું; સમીપનું. Adjoining; touching.

Continence (કૉન્ટિનેન્સ્), *n.* સંયમ; ઇંદ્રિયનિગ્રહ; આત્મસંયમ. The restraint upon desires and passions.

Continent (કૉન્ટિનેન્ટ્), *n.* મહાદ્વીપ; ખંડ. A large extent of land. *a.* સંયમી; ઇંદ્રિયોને વશ રાખનાર; સદ્ગુણી. Temperate; virtuous.

Continental (કૉન્ટિનેન્ટૅલ્), *a.* ખંડને લગતું; મહાદ્વીપનું. Of a continent.

Contingence,-cy (કૉન્ટિન્જેન્સ્,-ન્સિ), *n.* દૈવયોગ; જે બીના ન બનવા જોગ હોય તે; સંભવ; સાથી; મદદગાર. An unexpected event; the state of being casual.

Contingent (કૉન્ટિન્જેન્ટ્), *a.* દૈવયોગી; બીજી ઉપર આધાર રાખનારૂં (બનાવ). Casual; dependent on another event.

Continual (કૉન્ટિન્યૂઍલ્), *a.* નિરંતર; નિત્ય; જથુ; સતત. Continuous; constant; unceasing.

Continually (કૉન્ટિન્યૂઍલિ), *ad.* નિરંતરનું; નિત્યનું; જથુનું. Continuously; constantly.

Continuance (કૉન્ટિન્યૂઍન્સ્), *n.* ચાલુ રહેવું તે; કાયમ રહેવાની પરિસ્થિતિ; નિભાવ; ટકાઉપણું. Duration; uninterrupted succession.

Continuation (કૉન્ટિન્યૂએશન્), *n.* ટકયા રહેવું તે; ચાલુ હોવું તે; વિસ્તાર. An act of continuing; constant succession; extension.

Continue (કૉન્ટિન્યૂ), *vt. vi. pr. p.* **Continuing.** *imp. & p. p.* **Continued.** ચાલુ રહેવું; નભવું; ટકવું; ચાલુ રાખવું. To prolong; to extend without any break.

Continuity (કૉન્ટિન્યૂઇટિ), *n.* અખંડપણું; જારીપણું; નિરંતરતા. The state of being continued; ceaselessness.

Continuous (કૉન્ટિન્યૂઅસ્), *a.* અખંડ; ચાલુ; તૂટયા સિવાયનું; સળંગ; આખું. Coming together without any interruption.

Continuously (કૉન્ટિન્યૂઅસ્લિ), *ad.* સળંગ; નિરંતર; એક સરખી રીતે. Without any break; ceaselessly.

Contort (કૉન્ટૉર્ટ્), *vt.* આમળવું; વળ દેવો; મરડવું. To twist together.

Contortion (કૉન્ટોર્શન્), *n.* પેચ; આમળો; શરીરના અવયવને વાળવું તે. A twisting.

Contour (કૉન્ટૂર્), *n.* ઘોટ; આકૃતિ; રેખા. The outline; the figure of any object. *vt.* આકૃતિ દોરવી; રેખા કાઢવી–આલેખવી. To mark with outlines.

Contra (કૉન્ટ્રૅ), સામું, વિરુદ્ધ, ઉલટું, વિગેરે બતાવનાર ઉપસર્ગ. A prefix showing opposition, etc.

Contraband (કૉન્ટ્રૅબૅન્ડ્), *n.* સરકારથી મનાઈ કરેલો માલ–વેપાર. Illegal traffic; prohibited goods. *a.* મનાઇનું; બંધીનું. Prohibited; illegal.

Contract (કૉન્ટ્રૅક્ટ્), *vt. vi.* સંકોચવું; સંકુચિત થવું. To shrink; to lessen. 2. બોલી કરવી; સાટું કરવું; કરાર કરવા. To bargain for; to enter into mutual agreement. 3. પ્રાપ્ત કરવું; (ટેવ) પાડવું; વળગવું. To form; to acquire. 4. સગાઇ કરવી; વાગ્દાન દેવું. To betroth. *n.* કરાર; ઠરાવ; બોલી; શરત. A mutual agreement; a bargain.

Contractibility (કૉન્ટ્રૅક્ટિબિલિટિ), *n.* સંકુચિત થવાની શક્તિ; સંકોચન શક્તિ. The power of being contracted.

Contractible (કૉન્ટ્રૅક્ટિબલ્), *a.* ટુંકુ થવા જેવું; સંકુચિત થાય એવું Capable of being contracted.

Contraction (કૉન્ટ્રૅક્શન્), *n.* સંકોચન; ઉપસંહાર; સંક્ષિપ્ત વસ્તુ. An act of becoming less; a symbol used for any abbreviated form.

Contractor (કૉન્ટ્રૅક્ટર્), *n.* ઈજારો લેનાર; ઇજારદાર; કરાર કરનાર. One of the parties to an agreement.

Contradict (કૉન્ટ્રૅડિક્ટ્), *vt.* વિરુદ્ધ બોલવું; ખંડન કરવું; ના પાડવી. To gainsay; to oppose.

Contradiction (કૉન્ટ્રૅડિક્શન્), *n.* વિરુદ્ધપણું; પ્રતિકૂલતા; અસંગત. An act of speaking against; inconsistency.

Contradictory (કૉન્ટ્રૅડિક્ટરિ), *a.* પ્રતિકૂલ; અસંગતિવાળું; એક બીજાથી ઉલટું. Contrary in sense; opposite in meaning.

Contradistinction (કૉન્ટ્રૅડિસ્ટિન્ક્શન્), *a.* ઉલટું વચન; વચનવિરોધ હોવો તે. Opposition in sense by contrast.

Contradistinguish (કૉન્ટ્રૅડિસ્ટિન્ગ્વિશ્), *vt.* ઉલટા ગુણ દેખાડી વિવેચન કરવું; ફેર દેખાડવો. To discuss by showing contrast.

Contralto (કૉન્ટ્રૅલ્ટો), *n.* ઝીણામાં ઝીણો રાગ કાઢીને ગવાયેલું ગાયન. A music sung at the lowest pitch by males and females.

Contrariety (કૉન્ટ્રૅરાઈટિ), *n.* ઉલટાપણું; વિરુદ્ધપણું; વિરોધ; પ્રતિકૂલતા. Opposition in sense; inconsistency.

Contrariwise (કૉન્ટ્રૅરિવાઇઝ્), *ad.* ઉલટું; ઉંધી રીતે; પ્રતિકૂલપણે; અર્થ હોય તેનાથી બીજી બાજુએ. On the contrary side.

Contrary (કૉન્ટ્રૅરિ), *a.* ઉલટું; વિરુદ્ધ; ઉલટા ગુણનું. Opposite; contradictory.

Contrarious (કૉન્ટ્રૅરિઅસ્), *a.* Same as **Contrary.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Contrast (કૉન્ટ્રૅસ્ટ), *vt. vi. pr. p.* **Contrasting.** *imp. & p. p.* **Contrasted.** મુકાબલો કરવો; ગુણ દેખાડવો; સરખામણી કરવી; ઉલટું દેખાવું. To compare by exhibiting the difference of qualities; to stand in opposition. *n.* ઉલટાપણું; ભિન્નભાવ; ઉલટા ગુણની સરખામણી. Opposition in qualities.

Contravene (કૉન્ટ્રૅવીન), *vt. pr. p.* **Contravening.** *imp. & p. p.* **Contravened.** હરકત કરવી; વચ્ચે આવવું; સામે થવું; ઉલ્લંઘન કરવું. To oppose; to obstruct.

Contravention (કૉન્ટ્રૅવેન્શન), *n.* હરકત; અંતરાય; ઉલ્લંઘન; અડચણ. Opposition; obstruction.

Contraversion (કૉન્ટ્રૅવર્શન), *n.* ફેરફાર; અદલાબદલી; સામી બાજુએ ફરવું તે. An act of changing side.

Contribute (કૉન્ટ્રિબ્યૂટ), *vt. vi. pr. p.* **Contributing.** *imp. & p. p.* **Contributed.** આપવું; ટીપમાં પૈસા ભરવા; મદદ રૂપે કામ કરવું; લેખ લખવો (કોઇ માસિક અથવા વર્તમાનપત્રમાં). To give along with others; to pay a share; to furnish an article to a newspaper.

Contribution (કૉન્ટ્રિબ્યૂશન), *n.* સામાન્ય ભંડોળમાં ભાગ-હિસ્સો; ટીપ; ઉઘરાણું. A collection; a share in a voluntary collection. **2.** વર્તમાનપત્ર અથવા કોઇપણ પુસ્તકમાં છપાયેલો લેખ. An article, printed in a newspaper or in any book.

Contributor (કૉન્ટ્રિબ્યૂટર), *n.* ભંડોળમાં ભાગ આપનાર; ઉઘરાણામાં મદદ કરનાર; ટીપ કરનાર; લેખ લખનાર. One that contributes.

Contributory (કૉન્ટ્રિબ્યૂટરિ), *a.* ભાગ આપે તેવું; ફાળો આપે તેવું; મદદ કરે તેવું. Giving a share; helping. [**Contributory.**

Contributive (કૉન્ટ્રિબ્યૂટિવ્), *a.* Same as

Contrite (કૉન્ટ્રાઇટ), *a.* પશ્ચાત્તાપ કરનાર; શોક કરનાર. Broken hearted for one's sins.

Contrition (કૉનટ્રિશન), *n.* પશ્ચાત્તાપ; શોક. Deep sorrow or grief for one's sins. **2.** દળીને ભૂકો બનાવવો તે; ઘસવાથી ભૂકો થવો તે; ઘર્ષણ. An act of grinding; friction.

Contrivance (કાન્ટ્રાઇવૅન્સ), *n.* તદ્બીર; યુક્તિ; ખેલ; હિકમત; યોજના. A design; an artifice; a plan.

Contrive (કૉન્ટ્રાઇવ્), *vt. pr. p.* **Contriving.** *imp. & p. p.* **Contrived.** યુક્તિ કરવી; હિકમત કરવી; ગોઠવણ કરવી. To plan; to invent; to arrange.

Contriver (કૉન્ટ્રાઇવર), *n.* યોજના કરનાર; ગોઠવણ કરનાર. A schemer; a manager.

Control (કૉન્ટ્રોલ), *vt. pr. p.* **Controlling.** *imp. & p. p.* **Controlled.** અંકુશ રાખવો; અમલમાં મૂકવું; દાબમાં રાખવું. To restrain; to govern. *n.* અંકુશ; લગામ; દાબ; હુકમ. Restraint; a command.

Controller (કૉન્ટ્રોલર), *n.* હિસાબ તપાસનાર અમલદાર. One who checks the accounts of others. Also spelt as **Comptroller.**

Controversial (કૉન્ટ્રોવર્-સિઍલ), *a.* વાદ વિવાદનું; ઝઘડા સંબંધી; વાદવિવાદ સંબંધી. Pertaining to a debate or discussion.

Controversy (કૉન્ટ્રોવર્સિ), *n.* વાદવિવાદ; તકરાર; દલીલ; ઝઘડો. A discussion; a debate; a strife. **2.** (*Law*) દાવો. A law-suit.

Controvert (કૉન્ટ્રોવર્ટ), *vt.* વાદવિવાદ કરવો; દલીલપૂર્વક સામા થવું; તકરાર કરવી; ખંડન કરવું. To contend; to debate; to refute.

Controvertible (કૉન્ટ્રોવાટબલ), *a.* વાદવિવાદ કરવા જોગ; વાંધો લેવાજોગ; ખંડન કરવાજોગ. Disputable; refutable.

Controvertist (કૉન્ટ્રોવર્ટિસ્ટ), *n.* દલીલપૂર્વક વાદવિવાદ કરનાર; ખંડન કરનાર; તકરાર લેનાર. One who argues against or refutes.

Crown (ક્રાઉન્), *n.* મુગટ; તાજ; સરકાર; રાજા. The diadem; the regal power; the sovereign. **2.** મથાળું; ટોચ; તાળવું. The top; the top of head. **3.** પાંચ શિલિંગની કિંમતનો સિક્કો. A coin worth five shillings. *vt.* તાજ પહેરાવવો; આબરૂ-દરજ્જો આપવો. To cover with a crown; to invest with dignity.

Crucial (ક્રૂશિઍલ્), *a.* સખ્ત; કસોટી કાઢે તેવું; આડું; ત્રાંસું; છેદીને જવું. Testing; searching; severe; relating to cross.

Crucible (ક્રુસિબલ્), *n.* ધાતુઓ વિગેરે ગાળવાની કુલડી. A vessel used for melting metals. **2.** (*fig.*) કસોટી. A severe test.

Crucifix (ક્રુસિફિક્સ્), *n.* ઇશુખ્રિસ્તને જે શુળીએ ચડાવ્યો તે. A figure of Christ, fixed to the cross.

Crucification (ક્રુસિફિકેશન), *n.* ક્રોસ સાથે ખીલા જડીને કોઇપણ માણસને મારી નાંખવો તે. (ખાસ કરીને ઇશુખ્રિસ્તને). Death of any one on the cross.

Crucify (ક્રુસિફાઇ), *vt.* ક્રોસપર હાથપગને ખીલાથી ચોંટાડીને મારી નાંખવું. To put to death by fixing the hands and feet to a cross.

Crude (ક્રૂડ્), *a.* કાચું; નહિ પાકેલું; અપક્વ; અધુરૂં. Raw; unfinished; incomplete.

Crudity (ક્રુડિટિ), *n.* કાચી સ્થીતિ; અપક્વ સ્થિતિ. The raw state; unripeness.

Cruel (ક્રૂએલ્), *a.* નિર્દય; ઘાતકી; ક્રૂર; જુલ્મી. Merciless; savage; severe.

Cruelly (ક્રૂએલિ), *ad.* નિર્દયતાથી; ઘાતકીપણે; ક્રૂરતાથી. Mercilessly; severely.

Cruelty (ક્રૂએલ્ટિ), *n.* નિર્દયતા; ઘાતકીપણું; ક્રૂરતા; નિષ્ઠુરતા. Mercilessness; severity.

Cruet (ક્રૂએટ્), *n.* સરકો, તેલ, વિગેરે વાપરવાની શીશી. A small phial or jar.

Cruise (ક્રુઝ્), *vi.* દુશ્મનના વહાણ પકડવા દરિયામાં ફરવું. To sail to capture the enemy's ships. *n.* દરિઆઇ મુસાફરી. A voyage, intended for various countries.

Cruiser (ક્રૂઝર્), *n.* સમુદ્રમાં ફરનાર વહાણ અથવા માણસ. A ship or a man travelling in a sea.

Crumb (ક્રમ્), *n.* રોટલીનો ટુકડો-બચકું. A part or a piece of a bread. **2.** ભાગ; કકડો; ટુકડો. A fragment; a piece. *vt.* ભાંગીને કકડા કરવા. To break into pieces.

Crumble (ક્રમ્બલ્), *vt. vi. pr. p.* **Crumbling.** *imp.* & *p. p.* **Crumbled.** ભુકો કરવો; ચુરો કરવો; ભુકો થવો. To break into pieces; to fall into pieces.

Crumple (ક્રમ્પલ્), *vt.* સળ પડવા; કરચોલી પાડવી; સંકોચાવું. To shrivel; to draw into folds; to contort.

Crupper (ક્રૂપર્), *n.* દુમચી. A leather-strap fastened to the saddle.

Crusade (ક્રૂઝેડ્), *n.* ખ્રીસ્તીઓએ ઉપાડેલી ધર્મની લડાઇ; જેરૂસલેમ શહેર મુસલમાનો પાસેથી પાછું લેવા માટે ખ્રીસ્તીઓએ ઉપાડેલી ધર્મની લડાઇ. A military expedition to recover the Holy Land from the Turks. **2.** (*Fig.*) કોઇપણ બહાદૂરી ભરેલું અથવા સાહસિક કામ. Any daring work. *vi.* ખ્રીસ્તીઓએ ઉપાડેલી લડાઇમાં ભાગ લેવો. To join a crusade.

Crusader (ક્રૂઝેડર્), *n.* ખ્રીસ્તીઓએ ઉપાડેલી લડાઇમાં ભાગ લેનાર. One, who engages in a crusade.

Crush (ક્રશ્), *vt. vi.* કચરવું; જમીનદોસ્ત કરવું; દબાવી દેવું; ખુંદો કરવો. To squeeze; to subdue; to ruin. **2.** કચરાઇ જવું; જમીનદોસ્ત થવું. To be broken under pressure. *n.* જોરથી થયેલો ધટાકો; કડડડ થઇને થયેલો અવાજ; ખુંદો. A violent squeezing.

Crust (ક્રસ્ટ્), *n.* પોપડો; પડ; કોટલું; થર. The outside coating of any thing; the outer part of bread; the solid exterior of the earth. *vt. vi.* કઠણ પડ કરવું; પોપડો બાંધવો; થર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવું. To cover or gather in a hard case.

Crusty (ક્રસ્ટિ), *a.* પોપડા જેવું; પોપડાવાળું; કઠણ. Like a crust; hard. **2.** ચિઢિયું; નિષ્ઠુર. Peevish; devoid of mercy.

Crutch (ક્રચ), *vt.* લંગડા માણસે કાખમાં લાકડી ઝાલી ઉભા રહેવું. To stand with a wooden staff. *n.* લંગડા માણસની લાકડાની ઘોડી. A wooden staff placed under the arm of a lame person.

Cry (ક્રાય), *vt. vi. pr. p.* **Crying.** *imp. & p. p.* **Cried.** બુમ પાડવી; પોકાર મારવો; મોટેથી રડવું; જાહેર ખબર આપવી. To utter a shrill loud cry; to lament; to weep; to proclaim; to make public. *n.* બુમ; શોર બકોર; પોકાર; રૂદન. A shrill loud sound; a weeping; a proclamation.

Cryer, Crier (ક્રાયર), *n.* પોકારનાર; દાંડી પીટનાર; ખબર આપનાર. One that cries to the public.

Crypt (ક્રિપ્ટ), *n.* જમીન નીચેનું ભોયરૂં; ગુફા; કબર. An under-ground cell; a chapel used for burial.

Crystal (ક્રિસ્ટલ), *n.* પાસાદાર સપાટી અને ખુણાવાળો કોઈપણ પદાર્થ; બિલોરી કાચ. A superior kind of quartz.

Crystalize (ક્રિસ્ટલાઈઝ), *vt. vi.* પાસાદાર આકૃતિ આપવી; પાસા થવા. To form crystals; to be changed into crystals.

Cub (કબ્), *n.* સિંહ, વાઘ, વિગેરે વિકોળ પશુઓનું બચ્ચું. The young of a lion, etc. *vt.* બચ્ચાં જણવા; વિઆવું. To bring forth young.

Cubbish (કબિશ), *a.* સિંહ, વાઘ, વિગેરેના બચ્ચા જેવું; બેડોળ; વિચિત્ર. Like a cub; awkward.

Cube (ક્યૂબ્), *n.* ઘન; ઘનાકૃતિ. A solid body; the product of a number thrice multiplied by itself. *vt.* ઘન કરવું; નો ઘન બનાવવો. To change into cube.

Cubeb (ક્યૂબેબ્), *n.* ચીનીકબાલા. A kind of country medicine, obtained from herbs.

Cubit (ક્યૂબિટ), *n.* ભરત ભરવા માટેનો હાથ (જેની લંબાઈ આશરે ૨૦ ઇંચ ગણાય છે). A measure of about twenty inches.

Cuckold (કકોલ્ડ), *n.* છિનાળનો ધણી; ભડવો. One whose wife has proved unfaithful.

Cuckoo (કકૂ), *n.* કોયલ; કોકિલા. A bird resembling a crow, noted in India for its fine note.

Cucumber (ક્યૂકમ્બર), *n.* કાકડી; ચીભડું. A kind of plant and its fruit.

Cud (કડ્), *n.* વાગોળ; વાગોળવું તે. An act of chewing the food, carrying from the first to the second stomach.

Cuddle (કડ્લ), *vt. vi.* આલિંગન દેવું; વહાલ કરવું. To embrace; to hug. **2.** સંતાઇ રહેવું; ભરાઈ રહેવું. To lie hidden.

Cudgel (કજેલ), *n.* લાકડી; ડાંગ; સોટો; બુધું. A heavy staff. *vt.* સોટાથી મારવું; લાકડીવતી પ્રહાર કરવો; ડાંગથી ઝુડવું. To beat with a staff.

Cue (ક્યૂ), *n.* લાંબો અંબોડો; પુછડું; ઇશારો; સૂચના; પોતાને ભજવવાનો પાઠ. A twist of hair at the back of the head; a hint; a part which one has to play.

Cuff (કફ), *n.* ઘોલ; લપડાક; તમાચો; બાંયનો આગળનો વાળેલો ભાગ. A stroke with an open hand; the part of the sleeve near the wrist. *vt.* તમાચો મારવો; લપડાક મારવી; મારવું. To strike with an open hand; to beat.

Cuirass (ક્વીરૅસ્), *n.* ગળાથી કેડ સુધીનું બખ્તર; ઉરસ્ત્રાણ. An armour for the breast.

Culinary (ક્યૂલિનૅરિ), *a.* રસોડાનું; રસોડાને લગતું. Pertaining to a kitchen.

Cull (કલ્), *vt.* વીણવું; ચુંટવું; પસંદ કરવું. To select; to pick out.

Culminate (કલ્મિનેટ), *vt. pr. p.* **Culminating.** *imp. & p. p.* **Culminated.** ટોચે પહોંચવું; માથા ઉપર આવવું; ઉન્નત સ્થિતિએ પહોંચવું; પરાકાષ્ટાએ પહોંચવું. To be vertical; to reach the highest point or the top; to attain the highest rank.

Culminating (કલ્મિનેટિન્ગ્), *a.* ટોચે પહોંચતું; માથા ઉપર આવતું; ઉન્નત સ્થિતિએ પહોંચે તેવું. Reaching the highest point; attaining the highest rank.

Culmination (કલ્મિનેશન્), *n.* કોઈપણ સ્થિતિની ટોચ; પરાકાષ્ટા; મધ્યાન્હ; ઉન્નત બિંદુ. An act of culminating; the top; an attainment of the highest rank or power.

Culpability (કલ્પૅબિલિટિ), *n.* દોષ; ગુન્હો; તકસીર. Liability to blame.

Culpable (કલ્પેબલ), *a.* ગુન્હેગાર; દોષિત; તકસીરવાન. Guilty; criminal.

Culprit (કલપ્રિટ), *n.* તકસીરવાન; ગુન્હેગાર; તોહોમતદાર; કેદી. A criminal; a person accused but not yet tried.

Cultivate (કલ્ટિવેટ), *vt.* ખેતી કરવી; ખેડવું; ખેડાણ કરવું. To till; to produce by tillage; to prepare for the crop **2.** કેળવણી આપવી; સુધારો કરવો. To refine; to civilize.

Cultivation (કલ્ટિવેશન), *n.* ખેતી; ખેડાણ; કેળવણી; સુધારો. An act of cultivating; refinement; civilization.

Cultivator (કલ્ટિવેટર), *n.* ખેડુત; કૃષીકાર; કેળવણીનો પ્રચાર કરનાર. A farmer; one that

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

cultivates refinement, etc.

Culture (કલ્ચર), *n.* ખેતી કરવી તે; ખેડાણ; ઉન્નતિ; સંસ્કૃતિ. An act of cultivating; civilization; refinement.

Culvert (કલ્વર્ટ), *n.* કમાનદાર ગરનાળું; ગોળાકાર નાળું. An arched channel for carrying water beneath a road, or a railway.

Cumber (કમ્બર), *vt.* ભાર ભરવો; ભારે મારવું; બોજો લાદવો; હેરાન કરવું. To trouble with some thing useless; to load in excess. *n.* ભાર; જુલ્મ; ત્રાસ. Burden; trouble.

Cumbersome (કમ્બરસમ), *vt.* ભારથી ભરેલું; કંટાળાવાળું; બોજરૂપ; હેરાનગતિ આપનારૂં. Burdensome; giving or causing trouble.

Cumbrance (કમ્બ્રન્સ), *n.* હરકત; બોજો; ઉપાધિ; Hindrance; trouble. [**rsome.**

Cumbrous (કમ્બ્રસ), *a.* Same as **Cumbe-**

Cumin-seed (ક્યૂમિન-સિડ), *n.* જીરૂં. A kind of plant or its seed.

Cumulate (ક્યૂમ્યૂલેટ), *vt.* ઢગલો કરવો; એકઠું કરવું. heap together; to store.

Cumulation (ક્યૂમ્યૂલેશન), *n.* ઢગલો; સંગ્રહ. An act of heaping together.

Cunning (કનિંગ), *a.* લુચ્ચું; ખંદું; દાવપેચવાળું. Artful; crafty; sly.

Cunningness (કનિંગ્નેસ), *n.* લુચ્ચાઇ; ખંદાઈ; ધૂર્તતા. Artfulness; slyness.

Cup (કપ), *n.* પ્યાલો; વાડકો; પંચપાત્ર; કટોરો. A vessel used to contain liquid; a drinking vessel. *vt.* દારૂના પ્યાલા પુરા પાડવા. To supply with cups of wine.

Cup-board (કપ્બોર્ડ), *n.* કબાટ; હાટિયું. A place for keeping dishes, victuals, etc. *vt.* કબાટમાં મૂકવું; સંગ્રહ કરવો. To store in a cupboard.

Cupel (ક્યૂપેલ), *n.* સોનું, રૂપું ગાળવાની કુલ્લી. A vessel for assaying gold or silver.

Cupid (ક્યૂપિડ), *n.* કામદેવ; મદન; અનંગ. The god of love. [લાલસા. Covetousness.

Cupidity (ક્યૂપિડિટિ), *n.* અતિલોભ; અતિકામના;

Cupola (ક્યૂપોલ), *n.* ઘુમ્મટ; કળસ. A dome; a spherical vault. *vt.* ઘુમ્મટ કરવો; કળસ બેસાડવો. To furnish with a dome.

Cur (કર), *n.* હલકી જાતનું કુતરૂં. A worthless dog. 2. (*Fig.*) નીચ, અધમ માણસ. A mean-minded fellow.

Curable (ક્યૂરેબલ), *a.* ઇલાજ થઇ શકે તેવું; મટી શકે તેવું; સાધ્ય. Capable of being cured.

Curate (ક્યૂરેટ), *n.* ધર્મગુરૂ; પાદરી. A clergyman; a rector.

Curative (ક્યૂરેટિવ), *a.* મટાડે તેવા ગુણવાળું; વ્યાધિ મટાડે તેવું. Healing; tending to cure.

Curator (ક્યૂરેટર), *n.* જાળવનાર; રખવાળ; સાચવણી કરનાર. One who has the charge of anything. 2. (*Law*) સરકાર તરફથી મિલ્કતનો વહીવટ કરવા નીમાયેલ માણસ; નાજર. One appointed by law as a guardian.

Curb (કર્બ), *vt.* કબજામાં રાખવું; અંકુશમાં રાખવું; નિગ્રહ કરવો; દાબમાં રાખવું. To control; to subdue; to restrain. *n.* કડી; લગામ; અંકુશ; દાબ. A restraint; a control; a check.

Curd (કર્ડ), *n.* જામેલું દૂધ; દહીં. Coagulated milk.

Curd, Curdle (કર્ડ, કર્ડલ), *vi.* દૂધ જમાવવું; દહીં કરવું. To turn into curd; to coagulate.

Cure (ક્યૂર), *vt. pr. p.* **Curing.** *imp.* & *p. p.* **Cured.** સારૂં કરવું; સુધારવું; ઇલાજ કરવો; ઉપાય અજમાવવો. To heal; to remedy; to preserve. *n.* ઉપાય; ઇલાજ; સુધારો; માવજત. A remedy; a healing; a care of the sick.

Curfew (કર્ફ્યુ), *n.* દેવતા ઓલવવાની સૂચના આપવા માટે વગાડવામાં આવતો ઘંટ. A bell, rung as a warning to put out fire.

Curiosity (ક્યૂરિઑસિટિ), *n.* જીજ્ઞાસા; કૌતુક; નવાઇની વસ્તુ; હોંશ Inquisitiveness; eagerness; singularity.

Curious (ક્યૂરિઅસ). *a.* આતુર; ઉત્સુક; જાણવાની તીવ્ર ઇચ્છાવાળો; ચમત્કારી; વિચિત્ર. Eager; inquisitive; singular.

Curiously (ક્યૂરઅસલિ), *ad.* આતુરતાપૂર્વક; ચમત્કારથી; વિચિત્રપણે Eagerly; in an inquisitive way.

Curl (કર્લ), *vt. vi.* ગુચ્છા વાળવા; વાળવું; બીંદડી કરવી. To twist into ringlets; to coil; to writhe. *n.* ગુચ્છો; ગુંછળું; વાંકડી. A ringlet; a coil.

Curly (કર્લિ), *a.* ગુચ્છાદાર; વાંકડીયું. Forming into coils or ringlets.

Currant (કરન્ટ), *n.* કાળી સુકી દ્રાક્ષ; મેવો. Dried grapes.

Currency (કરેન્સિ), *n.* ચાલતી કિંમત; ચલણી સિક્કો; વટાવી શકાય એવી ચલણી નોટ. Circulation of money; that which circulates as coins in a country.

Current (કરેન્ટ), *a.* ચાલતું; સાધારણ; પ્રચલીત; વ્યવહારિક. Customary; familiar; passing from person to person.

Curricle (કરિકલ), *n.* બે પૈડાંવાળી ગાડી. A two-wheeled open chaise drawn by two horses; a chariot.

Curriculum (કરિક્યૂલમ), *n.* અભ્યાસનો ક્રમ; શિક્ષણ ક્રમ; મુકરર ક્રમ-માર્ગ. A fixed course of study.

Currier (કરિઅર), *n.* ચામડીઓ; ચમાર; ખાલપો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

One who dresses tanned leather.

Curry (કરિ), *vt.* માલેસ કરવું; ખરેરો કરવો; ચામડાં સાફ કરવા. To rub and dress a horse; to dress hides.

Curse (કર્સ), *vt.* શાપ દેવો; શ્રાપ દેવો; બદ દુવા દેવી. To wish evil; to invoke evil. *n.* શ્રાપ; બદદુઆ; શાપ. An act of wishing evil; an imprecation.

Cursory (કર્સારિ), *a.* ઉપર ઉપરનું; ઉપર ચોંટિયું; ઉપર ટપકાનું; બેદરકાર. Superficial; careless.

Curt (કર્ટ) *a.* ટુંકું અને તોછડું. Short or concise but rude.

Curtail (કર્ટેલ), *vt.* ઘટાવવું; કમી કરવું; ઓછું કરવું; સંક્ષિપ્ત કરવું. To cut short; to abridge.

Curtailment (કર્ટેલ્મેન્ટ), *n.* ઘટાડો; સંક્ષિપ્ત કરવું તે; ઓછું કરવું તે. An act of shortening; a reduction; reduction; abridgment.

Curtain (કર્ટન), *n.* પડદો; ચક. A hanging cloth; a drapery. *vt.* પડદા પૂરા પાડવા; પડદા કરવા. To supply with curtains.

Curvature (કર્વેટ્યૂર) *n.* વાંક; વલણ; વક્રતા. A curving; a bending.

Curve (કર્વ), *vt. vi.* વાંકું વાળવું; ધીમે ધીમે બીજી દિશામાં ફરવું; ફંટાવું. To bend; to form into a bend. *n.* વાંક; વલણ; ઝોક; વાંકી લીટી. An inclination; a curve line.

Curvet (કર્વેટ), *n.* ઘોડાની છલંગ; બે પગે ઉછળીને ઘોડાએ મારેલો ફુદકો; ફાળ. A light leap of a horse.

Curvilinear (કર્વિલિનીઅર), *a.* વાંકી લીટીવાળું; વક્ર રેખાવાળું. Containing curve lines.

Cushion (કુશન), *n.* ગાદી; તકીઓ. A case, filled with soft stuff for resting on; a pillow. *vt.* ગાદી ઉપર બેસાડવું; ગાદી જડવી. To seat on a cushion; to furnish with cushions.

Custard (કસ્ટર્ડ), *n.* દૂધ, ઇંડાં, સાકર, વગેરેની બનાવટ; મઠો. A composition of milk, eggs, sugar, etc.

Custodian (કસ્ટોડિઅન), *n.* રખવાળ; રખેવાળી કરનાર; સંભાળનાર; રક્ષક. One who has got charge over public buildings.

Custody (કસ્ટોડિ), *n.* સંભાળ; હવાલો; બંધન; કબજો; કેદ. A care; a security; imprisonment.

Custom (કસ્ટમ), *n.* ચાલ; રીવાજ; રૂઢિ; પ્રચલિત ધારો; પ્રથા. A habit; a usuage; what one is wont to do. **2.** વેપાર; જકાત; દાણ. Regular trade; duties on exported and imported goods.

Customary (કસ્ટમેરિ), *a.* રૂઢિ પ્રમાણે થતું; પ્રચલિત; શિરસ્તા પ્રમાણે થતું. According to custom; holding by custom.

Customer (કસ્ટમર), *n.* ઘરાક; ખરીદનાર આસામી. A buyer; a purchaser.

Cut (કટ), *vt. vi. pr. p.* **Cutting.** *imp.* & *p. p.* **Cut.** કાપવું; જુદું પાડવું; વેતરવું; બંધ પાડવું; ઓછું કરવું; બંધ થવું; જુદું થવું. To make an incision; to divide; to separate; to lessen. *n.* ઘા; ચીરો; કાપ; ફટકો; પ્રહાર. Incision; a stroke. **2.** ટુંકો માર્ગ રસ્તો. A short path or course. **To cut off,** વ્યવહાર બંધ પાડવો. **To cut the knot,** મુશ્કેલીમાંથી પસાર થવું. **To cut short,** એકદમ બંધ કરવું; ટુંકું કાતરવું. **To cut to pieces,** કાપીને કકડે કકડે કરવા. **To cut one's stick,** છાનામાના નાસી જવું, **To cut the teeth,** દાંત આવવા–ફુટવા.

Cutaneous (કયુટેનીઅસ), *a.* ચામડીને લગતું; ત્વચાને લગતું. Of or pertaining to the skin.

Cuticle (કયૂટિકલ), *n.* શરીર ઉપરની ચામડી. The uppermost skin of the body.

Cutlass (કટ્લેસ), *n.* પહોળી વાંકી તરવાર. A short, broad sword.

Cutler (કટ્લેર), *n.* છરી, કાંટા, ચપ્પા, વિગેરે બનાવનાર અથવા વેચનાર. One, who makes or sells knives, etc.

Cutlery (કટ્લેરિ) *n.* છરી, કાંટા, વિગેરે પરચુરણ લોખંડનો સામાન. The business of a cutler.

Cut-purse (કટ–પર્સ), *n.* ગજવાં કાતરૂ; ખિસ્સાં કાતરૂ. A thief; a pick-pocket.

Cut-throat (કટ્–થ્રોટ), *n.* ગળા કાપુ; ફાંસિખોર; ખુની. An assassin; a murderer.

Cycle (સાઇ–કલ), *n.* દ્વિચક્રી; બાઈસીકલ. A bicycle. **2.** આકાશમાં કલ્પિત ચક્ર અથવા વર્તુલ. An imaginary circle in the heaven. *vt.* સાયકલ ઉપર બેસીને જવું. To ride on a cycle.

Cyclical, Cyclic (સાયક્લીકલ, સાયક્લીક), *a.* દ્વિચક્રીનું; બાઇસિકલનું; વર્તુલનું. Of or pertaining to a cycle

Cyclist (સાઇક્લીસ્ટ), *n.* સાયકલપર બેસીને ફરનાર. One riding a cycle.

Cyclone (સાઇક્લોન), *a.* ઘણા ગાઉ સુધીનો વંટોળિયો; પવનનું તોફાન. A circular storm.

Cyclopedia (સાઇક્લોપીડિઅ), *n.* વિશ્વજ્ઞાન કોશ; વિશ્વકોશ. A work supplying knowledge on every department.

Cylinder (સિલિન્ડર), *n.* ભુંગળું; નળાકાર. A solid circular body.

Cylindric (સિલિન્ડ્રિક), *a.* ભુંગળાનું; નળાકારવાળું. Pertaining to a cylinder.

Cymbal (સિમ્બલ), *n.* કાંશિયા; ઝાંઝ. A hollow brass musical instrument.

Cynic, Cynical (સિનિક,–કલ), *a.* રિસાળ; ચિઢીઉં; સિનિકના પંથનું; તોરી. Surly; dog-like; austere. *n.* કુતરા જેવા સ્વભાવનો માણસ; જનશત્રુ; વિરૂદ્ધ વર્તનાર. A morose man.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Cypress (સાઇપ્રેસ્), *n.* સરવનું ઝાડ; સરૂવર. A kind of tree.

Cyst (સિસ્ટ્), *n.* શરીરમાં પાચ, પરૂ, વિગેરેથી ભરેલી કોથળી. The part of the body containing morbid matter.

Czar, Tsar (ઝાર્) *n.* રૂશિયાના રાજાનો ઇલ્કાબ. The title of the king of Russia.

D.

D (ડી), અંગ્રેજી મૂળાક્ષરનો ચોથો અક્ષર છે. It is the fourth letter in English Alphabet. **2.** રોમન ભાષામાં ૫૦૦ ની સંખ્યા બતાવે છે. It represents the figure of five hundred in Roman language.

Dab (ડૅબ્), *vt. pr. p.* **Dabbing.** *imp.* & *p. p.* **Dabbed.** ટીપવું; થાપવું; થાબડવું; ચોપડવું. To strike gently; to smear. *n.* લપડાક; લોંદો. A gentle stroke; a lump. **2.** પ્રવીણ પુરુષ. An expert.

Dabble (ડૅબલ્), *vt. vi. pr. p.* **Dabbling.** *imp.* & *p. p.* **Dabbled.** પલાળવું; ખોળવું; ભીંજવવું. To moisten; to make wet. **2.** પાણીમાં ડુબકીઓ ખાવી; ઉપલગ કામ કરવું. To dive into water; to work in a trifling way.

Dabbler (ડૅબલર્), *n.* ખોળનાર; ભીંજવનાર; ઉપર ટપકે કામ કરનાર. One, who dabbles; one, who does things superficially.

Dacoit (ડૅકૉઈટ્), *n.* ચોરી કરનાર; ધાડ પાડનાર; ડાકુ. A gang of robbers (esp. in India & Burma). [brigandage.

Dacoity (ડૅકૉઇટિ), *n.* ચોરી; ધાડ; લુંટ. Robbery;

Dactyl (ડૅક્ટિલ્), *n.* પહેલા ગુરૂ અને પછી બે લઘુ અક્ષરવાળો ભગણ. A kind of order in prosody.

Dactylology (ડૅક્ટિલॉલૉજિ), *n.* કરપલ્લવી; બહેરા મુંગાને શિખવવાની નિશાની. The art of talking with the fingers to the deaf and the dumb.

Dad (ડૅડ્), *n.* બાપ; 'દાદા' A term of address used by children to their father. Also written as, **Daddy.**

Daff (ડૅફ્), *vi.* રમવું; વિનોદ કરવો; મશ્કરી કરવી. To play; to play the fool. **2.** મુલ્તવી રાખવું; વિલંબ કરવો. To delay; to put off.

Daffodil (ડૅફ્-ફૉડિલ્), *n.* 'ડૅફૉડિલ્' નામનું ફુલ અથવા ઝાડ (જેનો રંગ પીળો હોય છે). A yellow flower of the lily kind.

Daft (ડૅફ્ટ), *a.* મુર્ખ; ઢચુપચુ મનનું; નબળા મનનું. Silly; weak-minded.

Dagger (ડૅગર્) *n.* ખંજર; કટાર; જમૈયો. A short sword for stabbing. **2.** કટાર (†) નું નિશાન. A mark, showing some reference.

Daggle (ડૅગલ્), *vt. vi. pr. p.* **Daggling.** *imp.* & *p. p.* **Daggled.** ખરડી નાખવું; લપટાઈ જવું; રગદોળવું; ભીંજવવું. To wet; to grow wet.

Daily (ડેલિ), *ad.* દરરોજ; હરરોજ; નિત્ય. Every day. *a.* હંમેશનું રોજેરોજનું. Happening everyday; of every day. *n.* રોજીંદુ પત્ર-પેપર. A daily paper.

Dainty (ડેન્ટિ), *n.* મિષ્ટાન્ન; જમણ; પકવાન. A delicacy to the palate. *a.* સ્વાદિષ્ટ; મજેદાર; સુંદર. Pleasant to the palate; elegant; nice.

Dairy (ડેરિ); *n.* દૂધમાંથી મલાઈ, પનીર, વિગેરે બનાવવાની જગ્યા; ગોરસશાળા-સ્થાન. A place where butter, cheese, etc. are made.

Dairy-maid, *n.* દૂધવાળી; મહિયારી.

Dais (ડેઇસ્), *n.* જમવા બેસવાનો પાટલો; જમવા માટેનું ઉંચું મેજ. The raised seat, arranged at the time of table.

Daisy (ડેઝિ), *n.* મોગરાનું ફુલ-ઝાડ; બટમોગરો. A kind of garden-flower, noted for its fragrance.

Dak (ડૅક્), *n.* ટપાલ. The mail post in India.

Dakoit (ડૅકૉઈટ્), *n.* Same as **Dacoit.**

Dale (ડેલ્), *n.* ખીણ; બે પહાડ વચ્ચેની જગ્યા. The low ground between hills; a valley, through which a river flows.

Dalliance (ડૅલિઍન્સ્), *n.* ઇશ્કબાજી; સ્ત્રી પુરુષનું રમવું; વિષયક્રિડા; વિલાસ; વિહાર. Interchange of embraces; sensuousness.

Dallier (ડૅલિઍર્), *n.* ચેષ્ટા કરનાર; ચાળા કરનાર. A trifler.

Dally (ડૅલિ), *vi. pr. p.* **Dallying.** *imp.* & *p. p.* **Dallied.** વિષય ક્રીડા કરવી; રસળવું; રમવું; આનંદ કરવો. To exchange caresses; to lose time in idleness; to play.

Dam (ડૅમ્) *n.* પાણીનો ધોધ અટકાવવાને બાંધેલી પાળ; પુસ્તો; બાંધ. An embankment to retain water. **2.** જનાવરોની માદા. A mother of quadrupeds. *vt.* પાળ બાંધી પાણી બંધ કરવું; બંધ બાંધવો. To keep water by a bank.

Damage (ડૅમેજ્), *n.* નુકશાન; હાની; નાશ; નુકશાની; નુકશાન બદલ આપેલું કંઇપણ વળતર. Harm; loss; the value of what is lost. *vt. vi.* નુકશાન કરવું; હાની કરવી-પહોંચાડવી; નુકશાની સહન કરવી. To harm; to take injury.

Damageable (ડૅમેજેબલ્), *a.* બગાડ કરવા જોગ; નાશ થવા લાયક. Capable of being harmed.

Damask (ડૅમસ્ક્), *n.* હુમસનું કાપડ; રેશમી બુટ્ટાદાર કાપડ. A kind of cloth, in which

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

figures are woven and not painted.

Dame (ડેમ્), *n.* ઘરખટલો ચલાવનારી બાઇ; વયોવૃદ્ધ સ્ત્રી; ઘરડા માજી. A house mistress; a noble lady. **Dame-school,** *n.* ઘરડી સ્ત્રીની દેખરેખ નીચે ચાલતી શાળા.

Damn (ડૅમ્), *vt.* દોષ મૂકવો; ઠપકો દેવો; નરકવાસનો દંડ કરાવવો; છીટકારી કાઢવું. To condemn; to sentence to eternal punishment. *n.* શ્રાપ; શાપ. A curse.

Damnable (ડૅમ્નેબલ્), *a.* ધિક્કારવા લાયક; અતિ દુષ્ટ; નરકને પાત્ર. Hateful; deserving damnation.

Damnation (ડૅમ્નેશન્), *n.* નર્કવાસ; દુર્ગતિ; અધોગતિ; પતન. Condemnation; eternal punishment.

Damnatory (ડૅમ્નૅટૉરિ), *a.* ધિક્કારવું; અધોગતિ કરે તેવું. Tending to eternal punishment.

Damp (ડૅમ્પ્), *a.* હવાચેલું; ભેજવાળું; શરદી થાય તેવું. Foggy; moist; causing wet. *vt.* ભેજવાળું કરવું; હવાચેલું બનાવવું; ઠંડું બનાવી દેવું; નિરુત્સાહી કરવું. To render wet; to chill; to discourage. *n.* શરદી; ભીની હવા. Moist air; vapour. **2.** (*fig.*) ઉદાસીનતા; દિલગીરી. Sadness.

Dampish (ડૅમ્પિશ્), *a.* શરદીવાળું; ઠંડું; હવાચેલું. Slightly cold or chilly.

Damsel (ડૅમ્ઝેલ્), *n.* જુવાન કુંવારી છોકરી; તરુણ સ્ત્રી. A young unmarried woman; a girl.

Dan. (ડૅન્), *n.* કોલસા લઇ જવા લાવવાનું તગારૂં. A tub for carrying coal.

Dance (ડૅન્સ્), *n.* નાચ; રંગ રાગ; 'ડૅન્સ'; નૃત્ય. The movement of one or more persons, joined with rhythm and singing. *vt. vi.* નચાવવું; આનંદથી કુદાવવું; નાચવું; કુદવું. To move with measured steps; to frisk.

Dancer (ડૅન્સર્), *n.* નાચનાર; નાચ કરનાર; નૃત્ય કળામાં પ્રવીણ પુરૂષ. One well-versed in the art of dancing.

Dander (ડૅન્ડર્), *vi.* રઝળવું; આથડવું; ભટકવું. To walk leisurely; to move idly. *n.* ક્રોધ; આવેશ; લાગણી. Anger; passion.

Dandle (ડૅન્ડ્લ્), *vt.* રમાડવું; ઉછળવું; લાડ કરવા; ફોસલાવવું. To play with; to fondle in the arms (as, of babies).

Dandy (ડૅન્ડિ), *n.* ઈશ્કી; અક્કડબાજ; છેલ. A fop; one paying much care to dress simply.

Dandruff (ડૅન્ડ્રફ્), *n.* માથામાં થતો ખોડો. Scaly scurf on the head and on the skin.

Danger (ડેન્જર્), *n.* ભય; બીક; જોખમ; ભીતિ; ધાસ્તી. A peril; a risk. *vt.* ભયમાં નાંખવું; જોખમમાં નાંખવું; બીકમાં નાંખવું. To endanger; to throw into risk.

Dangerous (ડેન્જરસ્). *a.* ભયંકર; જોખમકારક; ધાસ્તીવાળું; બીકવાળું. Unsafe; full of danger; insecure.

Dangerously (ડેન્જરસલિ), *ad.* ભયંકર રીતે; ધાસ્તી ભરેલી રીતે. In a perilous way; dreadfully.

Dangle (ડૅન્ગલ્), *vt. vi.* **Dangling.** *imp.* & *p. p.* **Dangled.** ઝુલવું; લટકવું; ટીંગાવું; પાછળ પાછળ ફરવું. To hang loosely; to follow any one.

Dangler (ડૅન્ગ્લર્), *n.* પાછળ પાછળ ફરનાર; પાછળ ભમનાર (ખાસ કરીને સ્ત્રીઓની). One who dangles about others (esp. the women).

Dank (ડૅન્ક્), *a.* ભીનું; ભેજવાળું. Moist; wet.

Dapper (ડૅપર્), *a.* નાનું; ઠિગણું; ચાલાક; ચપળ. Little; quick; active.

Dapple (ડૅપલ્); *a.* કાબરચિત્રું; પંચરંગી. Marked with spots; variegated. *vt.* કાબરચિત્રું બનાવવું; પંચરંગી કરવું. To variegate with spots.

Dare (ડેર્). *vt. vi. pr. p.* **Daring:** *imp.* **Dared, Durst.** *p. p.* **Dared.** હિંમત દેખાડવી; હામ ભરવી; બહાદૂરી કરવી To be bold; to venture. **2.** (લડવાને અથવા સામા થવા) કહેણ મોકલવું; બાથ ભીડવી. To challenge; to defy. **3.** ગભરાવવું; ભયભીત કરવું. To terrify; to frighten. *n.* બહાદૂરી; હિંમત; સામા થવા માટે કહેણ. Boldness; a challenge.

Daring (ડેરિન્ગ્) *a.* બહાદૂરી; હિંમતવાન; છાતીકઠો; સાહસિક. Bold; courageous.

Dark (ડાર્ક્), *a.* અંધકારવાળું; અંધારાથી ભરપૂર; આંધળું અથવા ઝાંખું. Without light; black; dim. **2.** ઉદાસ; ખીન્ન. Gloomy; dejected. **3.** બીનમાહિતગાર. Unknown. *n.* અંધારૂં; અંધકાર; અજ્ઞાન. Absence of light; a state of ignorance.

Darkness (ડાર્ક્નેસ્), *n.* અંધકાર; શ્યામતા; કાળાશ. Want of light; blackness. **2.** (*fig.*) અપ્રસિદ્ધિ; પડદો; ગુપ્ત રાખવું તે. Privacy; secrecy.

Darken (ડાર્કન્), *vt. vi.* અંધારૂં કરવું; કાળારંગનું કરવું; શ્યામ રંગનું બનાવવું. To deprive of light; to make dim or black. **2.** ઉદાસ કરવું; ઝાંખું કરવું; અપકીર્તિ કરવી. To make gloomy; to defame.

Darkish (ડાર્કિશ્), *a.* સાધારણ કાળું; કાળાશ પડતું; ઝાંખું. Slightly black; dim.

Darkly (ડાર્ક્લિ), *ad.* અંધારામાં; અજાણપણે; ગુપ્ત રીતે. In darkness; in an ignorant way; secretly.

Darksome (ડાર્ક્સમ્), *a.* કાળું; શ્યામ; અંધારૂં; અતિ શ્યામ. Dark; gloomy.

Darling (ડાર્લિંગ્), *a.* પ્યારૂં; અતિ વહાલું; પ્રિય. Dear; very dear. *n.* લાડકું; અતિપ્રિય વસ્તુ-માણસ; સ્નેહી. One dearly loved; a favourite.

Darn (ડાર્ન્), *vt.* તુણવું; દોરાથી વણવું. To mend a hole by imitating the texture of the stuff.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Dart (ડાર્ટ), *vt. vi.* ફેંકવું; જોરથી નાંખવું; મારવું; ચમકીને બહાર નીકળવું; એકદમ નીકળવું. To send; to shoot; to throw off suddenly; to hurl. *n.* ભાલો; બરછી; સાંગ. A pointed spear; any thing which is pointed.

Dash (ડૅશ), *vt. vi.* પછાડવું; અફળવું; ચુરેચુરા કરવા; પટકવું. To throw forcibly; to strike. to come violently. **2.** અફળાઈ જવું; ઝપાટો કરીને જવું. To rush; to cast. *n.* ટક્કર; ઘસારો; ઝડપ. A sudden check; a rapid movement. **Dash-board,** *n.* ગાડીની સુપડી.

Dastard (ડૅસ્ટર્ડ), *n.* બ્હીકણ પુરૂષ; નામર્દ પુરૂષ. A coward; a cowardly fellow. *a.* બ્હીકણું; નામર્દ; બાયલો. Cowardly; shrinking through fear.

Dastardly (ડૅસ્ટર્ડ્લિ), *ad.* બ્હીકણપણે; નામર્દપણે. Timidly.

Data (ડેટ), *n. sing.* **Datum.** મુદ્દાની વાત; પાયો; આધાર. Given facts from which others may be proved.

Date (ડેટ), *n.* ખજુર; ખારેક. The fruit of the date palm. **2.** તિથિ; તારીખ; સમય. The time of any event; period of time. *vt. vi.* તારીખ લખવી; ગણત્રી કરવી. To write the date; to reckon. **2.** શરૂ કરવું; પ્રારંભ કરવો. To begin. **Date-tree,** ખજુરી.

Dative (ડેટિવ્), *n.* ચોથી વિભક્તિ; સંપ્રદાન. One of the cases used in case of nouns and pronouns.

Daub (ડૉબ્), *vt.* ખુશામત કરવી; ખરાબ રીતે ચિત્ર કાઢીને બગાડવું. To flatter; to paint coarsely; to smear. *n.* ઢંગધડા વગરનું ચિત્રકામ. A rough painting.

Dauber (ડૉબર્), *n.* ઢંગધડા વગરનું ચિત્ર કાઢનાર; ખરાબ રીતે ચિત્ર કાઢનાર. A coarse painter.

Daughter (ડૉટર્), *n.* દીકરી; પુત્રી; છોકરી; કન્યા. A female child.

Daughter-in-law (ડૉટર-ઈન્-લૉ), *n. pl.* **Daughters-in-law,** પુત્રવધૂ; છોકરાની વહુ. A son's wife.

Daughterly (ડૉટર્લિ), *a.* પુત્રી તુલ્ય; પુત્રી માફક; દીકરીને ઘટે તેવું. Becoming or like a daughter.

Daunt (ડૉન્ટ), *vt.* ડર લગાડવો; હિંમત છોડાવવી; મુંઝવવું; ધૈર્ય તોડવું. To frighten; to repress the spirit; to discourage.

Dauntless (ડૉન્ટ્લેસ્), *a.* હિંમતવાન; બહાદુર; શુરો; ભયહીન. Bold; daring; fearless.

Dauntlessly (ડૉન્ટ્લેસ્લિ), *ad.* હિંમતથી; બહાદુરીપણે. Boldly; fearlessly.

Dautlessness (ડૉન્ટ્લેસનેસ્), *n.* હિંમત; ભયહીનપણું; શુરવીરતા. Boldness; fearlessness.

Dauphin (ડૉફિન્), *n.* ફ્રાન્સના રાજાનો વડો રાજકુંવર. The eldest son of the king of France.

Daw (ડૉ), *n.* કાગડાની જાતનું પક્ષી. A bird of the crow kind; a jackdaw.

Dawdle (ડૉડ્લ), *vi.* વખત ગુમાવવો; રઝળવું; જાણી જોઇને રખડવું. To waste time by trifling.

Dawdler (ડૉડ્લર્), *n.* વખત ગુમાવનાર; જાણી જોઇને રઝળનાર. One who dawdles.

Dawk (ડૉક), *n.* Same as **Dak.**

Dawn (ડૉન્), *vi.* પહો ફાટવો; દિવસ ઉગવો; મળસ્કું થવું; પ્રભાત થવું. To become day; to begin to grow light. **2.** દેખાવની શરૂઆત કરવી. To begin to appear. *n.* પહો; મળસ્કું; પ્રભાત; શરૂઆત. Daybreak; beginning.

Day (ડે), *n. pl.* **Days.** દિવસ; દહાડો; વખત. The time from sunrise to sunset; a period of twenty-four hours; a man's period of influence. **Day-book,** *n.* રોજમેળ; ચોપડો. **Day-labour,** *n.* મજુરી; વૈતરૂં. **Day-man,** *n.* લવાદ; બંન્ને પક્ષમાં નીવેડો લાવવા સારૂ નીમેલો માણસ. **To give a person the time of day,** આવકાર આપવો; સન્માન કરવું.

Dazzle (ડૅઝ્-ઝલ્), *vt. pr. p.* **Dazzling.** *imp. & p. p.* **Dazzled.** અતિશય તેજથી આંજી નાંખવું; ઝળહળવું. To overpower with strong light. **2.** વિસ્મય બનાવવું; તેજ અથવા સૌંદર્યથી ચકિત કરવું. To confound by strong light or by beauty.

Deacon (ડીકન્), *n.* ખ્રીસ્તી ધર્મમાં ઉતરતા દરજ્જાનો પાદરી; પુજારી; ગરીબ લોકોની દેખરેખ રાખનાર પાદરી. A member of the clergy under priests.

Deaconness (ડીકનનેસ્). *n.* પાદરી તરીકે કામ કરનાર સ્ત્રી. A female deacon.

Deaconage (ડીકનેજ્), *n.* પાદરીનું જીવન; પાદરીની આવક, વિગેરે. The life or maintenance of a deacon.

Deaconhood, Deaconry (ડીકનહુડ્, ડીકનરિ), *n.* પાદરીની વૃત્તિ; 'ડીકન'ની હકુમત. The state or livelihood of a deacon.

Dead (ડેડ્), *a.* મુએલું; ગત; નિર્જીવ. Without life; extinct. **2.** નિરસ; આનંદ વિનાનું; મંદ. Cheerless; joyless; inactive. **Dead-sleep,** ભરનિદ્રા. **Dead language,** પુરાતન જમાનાની ભાષા. **Dead of night,** મધ્યરાત્રિ. **Dead colour,** ઝાંખો રંગ.

Dead (ડેડ્), *vt. vi.* જીંદગી ખોવી; જુસ્સો-બળ ખોવું. To lose life; to be deprived of vigour. *ad.* અચેતનપણે; શાંતુ; સ્થિર. In a dead manner; quiet.

Deaden (ડેડન્), *vt.* હલકું-મંદ કરવું; ટાઢું પાડવું; ઝાંખું પાડવું શિથિલ કરવું. To deprive of spirit, or vigour; to lessen; to stupefy.

Deadly (ડેડ્લિ), *a.* પ્રાણઘાતક; મારી નાંખે તેવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મરણાધીન. Fatal; causing death; destructive. *ad.* મરણતોલ; અતિશય. In a way causing death.

Deaf (ડેફ્), *a.* બહેરૂં; ફુટેલા કાનવાળું. Dull of hearing; unable to hear. **2.** બેદરકાર; સુનકાર. Inattentive.

Deafen (ડેફ્ન્), *vt.* બહેરૂં કરવું–બનાવવું. To deprive of the power of hearing.

Deafness (ડેફ્નેસ્), *n.* બહેરાપણું; બહેરાશ. The state of being deaf.

Deal (ડીલ્), *n.* દેવદારનું લાકડું; ઈમારતી લાકડું; સાગ. A fir board; timber. **2.** ભાગ; હિસ્સો. A portion. **3.** મોટો જથ્થો; મોટો ભાગ; અનિશ્ચિત ભાગ. A large quantity; an indefinite portion. *vt. vi. pr. p.* **Dealing**. *imp.* & *p. p.* **Dealt.** વહેંચી આપવું; ભાગ પાડવા; વહેંચણી કરવી. To divide; to distribute; to deliver. **2.** વેચવું; ખરીદી અથવા વેચાણના કોલ કરાર કરવા. To sell; to bargain.

Dealer (ડીલર્), *n.* વેપારી; સોદાગર. A merchant; a trader.

Dealing (ડીલિન્ગ્), *n.* ધંધો; વહેપાર; ચાલ; વર્તણુક. A commercial transaction; intercourse of trade.

Dean (ડીન્), *n.* પાદરી; અધ્યક્ષ મંડળનો ઉપરી. The chief chaplain of the Royal Chapel; The president of faculty in a college. **2.** નાની ખીણ. A small valley.

Deanery (ડીનેરિ), *n.* પાદરીની હકુમત; 'ડીન'નો હોદો. The rank or title of a dean.

Dear (ડીર્), *a.* વહાલું; પ્રિય; પ્યારૂં. Beloved; favourite. **2.** મોંઘું; કિંમતી; ક્વચિત મળે તેવું. Costly; valuable; rare. *n.* સ્નેહી; પ્રેમ. One who is an object of love.

Dearly (ડીર્લિ), *ad.* મોંઘે ભાવે; સ્નેહપૂર્વક; સપ્રેમ; પ્રેમથી. At a high price; affectionately.

Dearth (ડર્થ્), *n.* અછત; તંગી; દુકાળ; ભીડ. Scarcity; need; want.

Death (ડેથ્), *n.* મોત; મરણ; નાશ; છેડો; અંત. The state of being dead; extinction; decease. **Death-knell,** *n.* કોઈના મરણ વખતે દેવળમાં વગાડવામાં આવતો ઘંટ. **Death-wound,** *n.* પ્રાણઘાતક ઘા. **Death-bed,** *n.* મરણશૈયા.

Deathful (ડેથ્-ફુલ્), *a.* Same as **Deadly.**

Deathless (ડેથ્લેસ્), *a.* અમર; મરે નહિં તેવું; અજરામર. Immortal; not subject to death.

Deathly (ડેથ્લિ), *a.* ભયંકારી; કારી (જખમ); મૃત્યુહર. Destructive; deadly.

Debar (ડીબાર્), *vt. pr. p.* **Debarring.** *imp.* & *p. p.* **Debarred.** વચ્ચે નડવું; મના કરવી; પ્રતિબંધ કરવો; આડા આવવું. To hinder; to obstruct; to exclude.

Debark (ડીબાર્ક્), *vt. vi.* વહાણ ઉપરથી જમીન ઉપર ઉતરવું;–ઉતારવું. To land from a ship; to disembark.

Debase (ડીબેસ્), *vt.* હલકું પાડવું; પવિત્રતા ઘટાડવી; બગાડવું; અવગણના કરવી. To lower; to make of less value.

Debasement (ડીબેસ્-મેન્ટ્), *n.* નીચી અથવા હલકી સ્થીતિ; અધોગતિ; માનહાની. Degradation; the state of being debased.

Debatable (ડીબેટેબલ્), *a.* વાદવિવાદ થઇ શકે તેવું; દલીલમાં ઉતારી શકાય તેવું. Capable of being debated.

Debate (ડીબેટ્), *vi. vi. pr. p.* **Debating.** *imp* & *p. p.* **Debated.** વાદવિવાદ કરવો; દલીલ કરવી; શબ્દમાં તકરાર કરવી. To contend; to argue; to dispute. *n.* વાદવિવાદ; દલીલ; તકરાર; રકઝક. A contention in words; an argument; a dispute.

Debater (ડીબેટર્), *n.* દલીલ કરનાર; વાદવિવાદ કરનાર; રકઝક કરનાર. One who takes part in a debate.

Debauch (ડીબૉચ્), *vt.* વ્યભિચાર કરવો; બદ કામ કરવું; આડે રસ્તે જવું. To corrupt with lewdness. *n.* વ્યભિચાર; બદકામ. Lewdness.

Debauchee (ડીબૉશી), *n.* રંડીબાજ; વ્યભિચારી; છીનાળવો. A libertine.

Debauchery (ડીબૉચરિ), *n.* રંડીબાજી; વ્યભિચાર; છીનાળવાપણું. Lewdness; indulgence in sexual habits.

Debenture (ડીબેન્ટ્યૂર્), *n.* વ્યાજના રકમની લ્હેણા ચિઠ્ઠી; કબૂલાતનામું; પ્રતિજ્ઞાપત્ર. A bond of a company acknowledging a sum on which interest is given; a written acknowledgment of a debt.

Debilitate (ડીબિલિટેટ્), *vt.* નબળું કરવું; કમનેર બનાવવું; અશક્ત કરવું; શક્તિ ઘટાડવી. To weaken the strength; to impair.

Debility (ડીબિલિટિ), *n.* શારીરિક નબળાઈ; કમકૌવત; કમશક્તિ. Weakness and langour.

Debit (ડેબિટ્), *vt.* ઉધાર પાસું લખવું; ઉધારવું;–ને ખાતે લ્હેણું કહાડવું. To charge with debt. *n.* લ્હેણું; જમે રકમ; ઉધાર બાજુએ લખેલી રકમ. An item of debt; an entry on the debtor side of an account.

Debonair (ડેબોનેર્), *a.* સભ્ય; લાયકાતવાળું; નમ્ર. Courteous; of good manners.

Debris (ડીબ્રિ), *n.* ભાંગેલા કકડા; કચરો; ભૂકો; અવશેષ. Ruins; rubbish.

Debt (ડેટ્), *n.* કરજ; દેવું; ઋણ; આભાર. Liability; a sum owed to others; obligation. **Debt of nature,** *n.* મરણ; મોત.

Debtor (ડેટર્), *n.* કરજદાર; દેવાદાર; ઋણી. One who owes a sum to other.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Debut (ડેબ્યૂ), *n.* આરંભ; શરૂઆત; પ્રથમ કંઇ કરવા માંડવું તે. A beginning; a first appearance.

Decade (ડીકેડ્), *n.* દસકો; દશક; દાયકો. A group of ten; a period of ten years.

Decagon (ડેકેગૉન્), *n.* દશકોણાકૃતિ; દશ બાજુઓ અને ખુણાવાળી આકૃતિ. A figure of ten sides and ten angles.

Decalogue (ડેકેલૉગ), *n.* ધર્મના દશ ફરમાનો–સૂત્રો. The ten Commandments of god.

Decamp (ડીકૅમ્પ), *vi.* છાવણી ઉપાડી લેવી; રાતો રાત નાશી જવું. To run away secretly; to remove the camp.

Decant (ડીકૅન્ટ), *vt.* જીતારવું; નીતરવું રેડવું. To pour from one vessel into another one.

Decanter (ડીકૅન્ટર્), *n.* દારૂ ભરી રાખવાની મોટી શીશી. A bottle for holding liquor.

Decapitate (ડીકૅપિટેટ), *vt.* ગરદન મારવું; શિરચ્છેદ કરવો. To behead; to cut off the head.

Decapitation (ડીકૅપિટેશન્), *n.* શિરચ્છેદન; ગરદન મારવું તે. An act of cutting off the head.

Decay (ડીકે), *vt. vi. pr. p.* **Decaying.** *imp. & p. p.* **Decayed.** નાશ કરવો; નાશ થવો; જીર્ણ થવું; સૂકાઇ જવું; કોહવાઈ જવું. To cause to waste away; to waste away; to impair. **2.** પડતી સ્થિતિમાં મૂકવું; બગાડવું. To decline; to cause to fail. *n.* નાશ; ક્ષીણતા; ઉતરતી; અવસ્થા; કોહવાટ. Destruction; a wasting away; decline.

Decease (ડીસીઝ), *n.* દેહત્યાગ; મોત; મરણ; પરલોકગમન. Death. *v.i.* મરણ પામવું; દેહત્યાગ કરવો. To die; to expire.

Deceased (ડીસીઝ્ડ), *ad. a.* મરી ગયેલું; ગત; મર્હુમ. Dead; expired.

Deceit (ડીસીટ), *n.* કપટ; દગલબાજી; ધૂર્તતા; છળ; લુચ્ચાઇ. Fraud; falseness.

Deceitful (ડીસીટ્ફુલ), *a.* કપટી; દગલબાજ; લુચ્ચો; કાવત્રાબાજ. Inclined to deceive; insincere.

Deceitfulness (ડીસીટ્–ફુલનેસ), *n.* કપટ; ઠગ વિદ્યા; દગો કરવાની ટેવ. The disposition to deceive.

Deceive (ડીસીવ્), *vt. pr. p.* **Deceiving.** *imp. & p. p.* **Deceived.** છેતરવું; ઠગવું; થાપ મારવી; દગો દેવો. To mislead; to cheat.

Deceiver (ડીસીવર્), *n.* છેતરનાર; કપટ કરનાર; ઠગારો; ધૂર્ત. An impostor; a cheat; an untrustworthy cunning fellow.

December (ડીસેમ્બર્), *n.* ખ્રીસ્તી વર્ષનો બારમો અને છેલ્લો મહિનો. The twelfth and last month of the Christian era.

Decency (ડીસેન્સિ), *n.* યોગ્યતા; લાયકી; મર્યાદા; લજ્જા. Fitness; becomingness; modesty.

Decennial (ડીસેનિઍલ), *a.* દશ વર્ષનું; દાયકાનું; દશ વર્ષના સમયને લગતું. Pertaining; to the period of ten years.

Decent (ડીસેન્ટ), *a.* સારૂં દેખાય એવું; લાયક; આબરૂદાર; ઘટિત. Becoming; fit; proper; graceful; tolerable.

Decently (ડીસેન્ટ્લિ), *ad.* સારૂં દેખાય તેવી રીતે; લાયકાતપણે; આબરૂદારની માફક. Properly; gracefully; tolerably.

Deception (ડીસેપ્શન્), *n.* ઠગાઈ; છેતરપીંડી; ઠગવિદ્યા; ભુલાવો. An act of deceiving; the means to deceive.

Deceptive (ડીસેપ્ટિવ્), *a.* ઠગાઈ કરે તેવું; છેતરપીંડી કરે તેવું; ફસાવી પાડે તેવું. Tending to deceive; causing fraud or deception.

Decern (ડીસર્ન્), *vt.* જોવું; ઓળખવું; નક્કી કરવું. To see; to judge; to know.

Decide (ડીસાઇડ્), *vt. vi. pr. p.* **Deciding.** *imp. & p p.* **Decided.** ચુકાદો કરવો; ઠરાવવું; ફેંસલો કરવો; નક્કી કરવું. To determine; to settle; to pronounce a judgment.

Decided (ડીસાઇડેડ્), *a.* નિશ્ચિત; ચોખ્ખું; શંકા વગરનું. Determined; clear; resolute.

Decidedly (ડીસાઇડેડ્લિ). *ad.* ખચ્ચિત; દૃઢતા મૂજબ; યોગ્ય રીતે; એકસપણે. Clearly; firmly; properly.

Deciduous (ડીસિડ્યૂઅસ્), *a.* પડી જાય એવું; પડનારૂં; ખરી પડે એવું; અસ્થિર. Liable to fall; not permanent.

Decimal (ડેસિમૅલ્), *a.* દશાંશ અપુર્ણાંકનું; દશ ગુણિત. Numbering by ten. *n.* દશાંશ. The process in Arithmetic by ten in denominator.

Decimitate (ડેસિમિટેટ), *vt.* દશાંશ લેવો; દશમો ભાગ લેવો. To take the tenth part of. **2.** દરેક દશમા માણસને મારી નાંખવો. To put to death every tenth man.

Decipher (ડીસાઇફર્), *vt.* છાની ભાષામાં લખેલાનો અર્થ કરવો; વંચાય તેવું ન હોય તે બંધ બેસાડવું. To read secret writing; to make out what is unintelligible.

Decision (ડીસિઝ્હન્), *n.* નિર્ણય; ચુકાદો; ફેંસલો; નિશ્ચય; નિવેડો. A judgment; settlement; a firm thought.

Decisive (ડીસાઇસિવ્), *a.* નિકાલ લાવે તેવું; પરિણામ લાવે તેવું; આખરનું; છેવટનું. Having the power of deciding; final.

Decisively (ડીસાઇસિવ્લિ), *ad.* અંતમાં; છેવટમાં નિકાલ લાવે તેવી સ્થિતિમાં. Finally; positively.

Deck (ડેક), *vt.* શણગારવું; પહેરાવવું; સુશોભિત કરવું. To adorn; to decorate. **2.** તુતક જડવું. To furnish with a deck. *n.* તુતક; ઢાંકણ. The upper part of a ship; a covering.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Decker (ડેકર્), *n.* તુતકવાળું વહાણ; તુતક. A ship with a deck. **2.** શણગારનાર; સુશોભિત કરનાર. A person or a thing that decorates.

Declaim (ડીક્લેમ્), *vt.* જાહેર ભાષણ કરવું; મોટેથી બોલવું; પંડિતાઈ બતાવવી. To make a speech in public; to deliver a lecture; to harangue.

Declamation (ડેક્લેમેશન્), *n.* જાહેર ભાષણ; વાક્ચાતુર્ય; પંડિતાઈ. A public speech; an act of delivering a speech.

Declamatory (ડેક્લેમેટરિ), *a.* ભાષણ સંબંધી; વ્યાખ્યાનને લગતું; પાંડિત્યવાળું; ડોળી. Of the nature of declamation; noisy and rhetoric.

Declare (ડીક્લેર), *vt. vi. pr. p.* **Declaring.** *imp. & p. p.* **Declared.** જાહેર કરવું; જણાવવું; સાફ કહેવું; ખાત્રીપૂર્વક કહેવું. To announce; to assert; to assure.

Declaration (ડેક્લેરેશન્), *n.* જાહેર કરવું તે; પ્રસિદ્ધિ; જાહેરનામું. An act of declaring; a proclamation.

Declarative (ડીક્લેરેટિવ્), *a.* પ્રસિદ્ધ પામે તેવું; જાહેર કરે તેવું. Making declaration.

Declension (ડીક્લેન્શન્), *n.* ઉતરતો ઢાળ; ઢોળાવ; નાશ. A slope; a descent; a decay. **2.** વિભક્તિનાં રૂપો. Changes in the termination of nouns.

Declinable (ડીક્લાઇનેબલ્), *a.* જેને વિભક્તિનાં રૂપો લાગે તેવું. Capable of being declined.

Declination (ડેક્લીનેશન્), *n.* નમ્યા નમવું તે; વાંકા ચાલવું તે; વાંકું વળી જવું તે. An act of bending down. **2.** નબળી દશા; માઠી હાલત; પડતી. Decay; a fall.

Decline (ડીક્લાઇન્), *vt. vi. pr. p.* **Declining.** *imp. & p. p.* **Declined.** ના પાડવી; ના કબુલ કરવું. To refuse; to avoid. **2.** વાંકું વળવું; નમવું. To bend down. **3.** આડે માર્ગે જવું. To deviate. **4.** ક્ષય થવું; ઘટવું; ઓછું થવું. To decrease; to decay. **5.** વિભક્તિનાં રૂપો લગાડવા. To inflex a noun. *n.* ઉતરતી અવસ્થા; પડતી; ઘટાડો. A falling of; a decay.

Declivity (ડેક્લિવિટિ), *n.* ઢોળાવ; ઉતરણ; ઢાળ. A slope; a gradual descent.

Decoct (ડીકૉક્ટ્), *vt.* કાવો બનાવવો; ઉકાળો કરવો. To prepare by boiling.

Decoction (ડીકૉક્શન્), *n.* કાવો; ઉકાળો. A preparation by boiling.

Decompose (ડીકૉમ્પોઝ્), *vt. vi.* મૂળતત્વ છૂટા પાડવા; પૃથક્કરણ કરવું; તત્વો જુદા પાડવા. To separate the parts; to resolve into original parts.

Decomposition (ડીકૉમ્પોઝિશન્), *n.* પૃથક્કરણ; તત્વોનું છુટા પડવું તે. An act of decomposing. **2.** સડો; કોહવાટ. A gradual decay.

Decorate (ડેકોરેટ્), *vt. pr. p.* **Decorating.** *imp. & p. p.* **Decorated.** શણગારવું; સુશોભિત કરવું; વિભૂષિત કરવું. To beautify; to ornament.

Decoration (ડેકોરેશન્), *n.* શણગાર; શોભા; ભૂષણ; અલંકાર. Ornament; that which beautifies.

Decorative (ડેકોરેટિવ્), *a.* શણગારે તેવું; અલંકૃત કરે તેવું; શોભાવે તેવું. Ornamental; beautifying.

Decorous (ડીકોરસ્), *a.* શોભાયમાન; સારૂં દેખાય એવું; લાયક; ઉચિત. Becoming; proper; suitable.

Decorum (ડીકોરમ્), *n.* સભ્ય રીતભાત; સારી વર્તણુક; વિનય; વિવેક; અદબ. Good manners; gentility; decency.

Decoy (ડીકૉઈ), *n.* લલચાવનાર; ફંદમાં પાડનાર; લાલચ; પ્રલોભન. Anything intended for enticement; a temptation. **2.** લલચાવવું; ફંદામાં નાંખવું. To entrap; allure.

Decrease (ડીક્રીઝ્), *vt. vi.* ઓછું-કમી કરવું; ઘટાડવું; ન્યૂનતા દેખાડવી To make less; to lessen. **2.** ઓછું થવું; ઘટવું; ન્યૂનતા હોવું. To grow less; to be diminished in size or in power. *n.* ઓછું થવું તે; ઘટાડો; ન્યૂનતા. An act of growing less or making less; a reduction.

Decree (ડીક્રી), *n.* આજ્ઞા; ઠરાવ; હુકમ; નિર્માણ. An authoritative order; what is destined. **2.** ફેંસલો; હુકમનામું; કાનુન; ઠરાવ. A judicial decision; an edict. *vt. vi.* હુકમનામું કરવું; ફેંસલો કરવો; નક્કી કરવું. To decide lawfully; to appoint; to make a decree.

Decrepit (ડીક્રેપિટ્), *a.* ઘડપણથી લથડી ગયેલું; અવસ્થાને લીધે વળી ગયેલું; નાશના કિનારે આવેલું. Worn out in old age; in the last stage of destruction.

Decrepitude (ડીક્રેપિટ્યૂડ્), *n.* ઘડપણથી થયેલું અશકતપણું; જીર્ણાવસ્થા. The state of being worn out with age.

Decry (ડીક્રાઈ), *vt. pr. p.* **Decrying.** *imp. & p. p.* **Decried.** વખોડવું; બદનામ કરવું; અપમાન કરી કાઢી મૂકવું. To blame; to condemn.

Dedicate (ડેડિકેટ્), *vt.* અર્પણ કરવું; સમર્પણ કરવું; ગ્રંથાર્પણ કરવું. To devote solemnly; to inscribe to any one.

Dedication (ડેડિકેશન્), *n.* ગ્રંથાર્પણ; સમર્પણ; પુસ્તક છપાવવામાં મદદગારને અર્પણપત્રિકા. An address to a patron prefixed in a book.

Dedicator (ડેડિકેટર), *n.* ગ્રંથાર્પણ કરનાર; સમર્પણ કરનાર. One who dedicates.

Dedicatory (ડેડિકેટોરિ), *a.* ગ્રંથાર્પણની બાબતમાં. Pertaining to the work of dedication.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Deduce (ડીડ્યૂસ્), *vt. pr. p.* **Deducing.** *imp. & p. p.* **Deduced.** અનુમાન કરવું; તર્ક કરવો; એક વિચારથી બીજા વિચાર ઉપર જવું. To infer; to draw one fact from another fact.

Deducible (ડીડ્યૂસિબલ્), *a.* અનુમાન કરી શકાય એવું; સિદ્ધાંતપૂર્વક અનુમાન કરી શકાય એવું. Capable of being inferred.

Deduct (ડીડક્ટ્), *vt.* બાદ કરવું; કમી કરવું; ઓછું કરવું. To subtract; to separate.

Deduction (ડીડક્શન્), *n.* બાદ અથવા કમી કરવું તે. Subtraction. 2. અનુમાન; તર્ક. An inference. 3. સિદ્ધાંત; અનુમિતિ. A proposition.

Deductive (ડીડક્ટિવ્), *a.* અનુમાનથી સાર કહાડી શકાય એવું; અનુમેય. Capable of being deduced from accepted principles.

Deed (ડીડ્), *n.* કામ; કૃત્ય; પરાક્રમ; પુરૂષાર્થ. An action; an exploit. 2. (*Law*). દસ્તાવેજ; ખત; લેખ. A document; a legal transaction. **Deed of acquittance,** *n.* ફારગતિ. **Deed of gift,** *n.* બક્ષિસપત્ર. **Deed of lease,** *n.* પટ્ટો.

Deem (ડીમ્), *vt. vi.* ધારવું; વિચારવું; સમજવું. To esteem; to think; to be of opinion.

Deep (ડીપ), *a.* ઉંડું; ગંભીર; કઠણ; મુશ્કેલ; ઘેરૂં. Extending far down from the upper side; grave; still difficult to understand. *ad.* ઉંડી રીતે; ઉંડાણમાં. In a deep manner. *n.* દરિયો; સમુદ્ર. A sea.

Deepen (ડીપન્), *vt. vi.* વધારે ઉંડું કરવું; ઉંડું બનાવવું. To make deep; to increase the depth. 2. ગંભીર બનવું-બનાવવું. To be grave; to make serious.

Deeply (ડીપ્લિ), *ad.* ઉંડી રીતે; ઘણા ઉંડાણમાં; પુષ્કળ; પુરેપુરૂં. Thoroughly; completely.

Deepness, Depth (ડીપ્નેસ્, ડેપ્થ્), *n.* ઉંડાઇ; ઉંડાણ; ગંભીરતા; પ્રૌઢતા. The state of being deep; profundity.

Deer (ડીર્), *n. pl.* **Deer.** હરણ; સાબર; મૃગ. A kind of quadruped; a stag. **Deer-stalker,** *n.* હરણનો શિકાર કરનાર પારધી.

Deface (ડીફેસ્), *vt.* બેડોળ કરવું; ચેકો મારી ભગાડવું; છાપ ઉપર ડાઘો મારી રદ કરવું. To disfigure; to mar the external appearance.

Defacement (ડીફેસ્મેન્ટ્), *n.* છેકી નાંખવું તે; છેકો; વિચ્છેદ. An act of defacing; an obliteration.

Defalcation (ડીફૉલ્કેશન્), *n.* સોંપેલા નાણાંમાંથી કરેલી ઉચાપત; ખોટી રીતે પચાવી પડવું તે. Misappropriation of funds entrusted to some one.

Defamation (ડેફૅમેશન્), *n.* ડાઘ; કલંક; કોઇની આબરૂ ઉપર હાથ નાંખવો તે; બદનામી; આક્ષેપ. A calumny; a slander.

Defamatory (ડેફૅમેટોરિ), *a.* આબરૂને નુકશાન પહોંચાડે તેવું; આક્ષેપ કરે તેવું; બદનામ અપાવે તેવું. Slandering; causing a calumny.

Defame (ડી-ફેમ્), *vt. pr. p.* **Defaming.** *imp. & p. p.* **Defamed.** અપજશ આપવો; કલંકિત કરવું; આબરૂ લેવી; આરોપ મૂકવો; તહોમત મૂકવું. To disgrace; to accuse.

Default (ડીફૉલ્ટ્), *n.* જે કરવું જોઇએ તેમાં ચુક; ભુલ; ગફલત. A fault; a defect; a short-coming. *vt.* કબુલાત પુરી નહિ પાડવી; કરાર પ્રમાણે નહિ વર્તવું; કસુર કરવી. To fail to do one's duty.

Defaulter (ડીફૉલ્ટર્), *n.* કસુર કરનાર; તકસીર કરનાર; સોંપેલા નાણાંનો હિસાબ નહિ બતાવનાર. One who makes a default; one who fails due to neglect of duty.

Defeat (ડીફીટ્), *vt.* હરાવવું; પરાજય કરવો; ના ઉપર જય મેળવવો; નાશ પમાડવું; ધૂળધાણી કરવું. To frustrate; to ruin. *n.* હાર; પરાજય; નાશ. Frustration; a ruin; an overthrow.

Defect (ડીફેક્ટ્), *n.* ખામી; ખોડ; દોષ; ભૂલ. A fault; a blemish; a mistake; a deficiency.

Defection (ડીફેક્શન્), *n.* ફીતુર; તોફાન. A revolt. 2. પરિત્યાગ; ત્યાગ; કર્તવ્યવિમુખતા. Failure from one's duty.

Defective (ડીફેક્ટિવ્), *a.* ખામીવાળું; દોષવાળું; ન્યૂનતાવાળું. Having some faults; deficient; insufficient.

Defence (ડીફેન્સ્), *n.* બચાવ; રક્ષણ; આશ્રય. A protection; a support. 2. (*Law*) પ્રતિવાદી તરફથી દેવાયેલો જવાબ. A defendant's plea.

Defenceless (ડીફેન્સ્લેસ્), *a.* નિરાધાર; નિરાશ્રય; ઉઘાડું; ખુલ્લું. Helpless; supportless; unsheltered.

Defend (ડીફેન્ડ્), *vt.* રક્ષણ કરવું; બચાવ કરવો; તોહમતનો જવાબ આપવો. To protect; to guard; to maintain against any accusation.

Defendant (ડીફેન્ડન્ટ્), *n.* (*Law*) પ્રતિવાદી; પોતાના ઉપર મૂકાયેલ આરોપનો બચાવ કરનાર. An accused person. 2. રક્ષણ કરનાર; સંરક્ષક. A defender.

Defender (ડીફેન્ડર્), *n.* રક્ષણ કરનાર; સંરક્ષક. A protector; a guide.

Defensible (ડીફેન્સિબલ્), *a.* બચાવ થઇ શકે એવું; રક્ષણ થઇ શકે તેવું. Capable of being protected.

Defensive (ડીફેન્સિવ્), *a.* બચાવ કરવાને લાયક; બચાવ કરે એવું; દૂર રાખે તેવું. Serving to defend; tending to guard.

Defer (ડીફર્), *vt. vi. pr. p.* **Deferring.** *imp & p. p.* **Deferred.** વખત બંધ રાખવું; મુલત્વી રાખવું; મોકુફ રાખવું. To put off to another time; to delay. 2. બીજાના વિચારને આધીન થવું-તાબે થવું. To submit to an-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

other's will.

Deference (ડેફ્રેન્સ), *n.* માન; ઈજ્જત; આબરૂ; મર્યાદા; લાજ. A regard; a submission.

Deferential (ડેફરેન્શૅલ), *a.* અદબવાળું; મર્યાદશીલ; માન આપે તેવું. Expressing regard; showing respect.

Defiance (ડીફાઅૅન્સ), *n.* યુદ્ધ કરવા સામું તેડું કરવું તે; લડવાની ખુશી; બેદરકારી. A challenge; a desire to fight in a duel; heedlessness.

Defiant (ડીફાઅૅન્ટ), *a.* યુદ્ધનું સામું કહેણ મોકલે તેવું; બેદરકારીનું. Full of defiance; insolent; bold and daring.

Deficiency (ડીફિશેન્સિ), *n.* ન્યૂનતા; અપૂર્ણતા; કમતીપણું; કસર. A want; imperfection; a shortage.

Deficient (ડીફિશેન્ટ), *a.* અધુરૂં; અપૂર્ણ; તંગીવાળું; ખોટવાળું. Incomplete; insufficient in quantity. [Diffiiency esp. of revenue.

Deficit (ડેફિસિટ), *n.* ખોડ; ન્યૂનતા; કસર; ઘટ.

Defile (ડીફાઈલ), *vt. vi. pr. p.* **Defiling.** *imp. & p. p.* **Defiled.** બગાડવું; મેલું કરવું; અપવિત્ર કરવું; નીતિ ભ્રષ્ટ બનાવવું. To corrupt; to render unholy; to pollute.

Defilement (ડીફાઇલમેન્ટ), *n.* અપવિત્રતા;ભ્રષ્ટતા; મલિનતા; લાંછન. An act of defiling; foulness; a stigma.

Definable (ડીફાઈનેબલ), *a.* વર્ણન કરી શકાય એવું; ધ્યાન આપી શકાય તેવું; હદ અથવા મર્યાદા નક્કી થઇ શકે તેવું. Capable of being defined; that may be defined.

Define (ડીફાઇન), *vt. pr. p.* **Defining.** *imp. & p. p.* **Defined.** મર્યાદા બાંધવી; હદ કહેવી; વ્યાખ્યા કહેવી; ચોકસાઈથી વર્ણન કરવું. To fix the limits; to say with precision; to ascertain clearly.

Definite (ડેફિનિટ), *a.* મુકરર; ચોકસ; નક્કી. Exact; clear; having distinct limits.

Definitely (ડેફિનિટલિ), *ad.* મુકરર પણે; નક્કીપણે; ચોક્કસ રીતે. Exactly; precisely; certainly.

Definition (ડેફિનિશન), *n.* વ્યાખ્યા; શબ્દમર્યાદા; હદ. A description of a thing or a word; an exact explanation.

Definitive (ડેફિનિટિવ), *a.* હક્ક બાંધેલું; છેલ્લું; વિશેષ અર્થ બતાવે તેવું. Defining; limiting; final.

Definitively (ડેફિનિટિવલિ), *ad.* છેલ્લી રીતે; વિશેષ અર્થ બતાવે તેવી રીતે; પાછળથી તકરાર ન લેવાય તેવી રીતે. In a limiting way; finally; amicably.

Deflagrate (ડીફ્લૅગ્રેટ), *vt. vi.* સળગાવવું; બાળવું. To burn. 2. બળવું; સળગવું. To burn.

Deflate (ડીફ્લેટ), *vt.* હવા ખાલી કરવી; હવા વિનાનું કરવું. To empty; to deprive of air.

Deflect (ડીફ્લેક્ટ), *vt. vi.* આડે માર્ગે ચટાવવું; ખરાબ માર્ગે જવું; કુમાર્ગે ચડવું. To turn aside; to deviate.

Deflour (ડીફ્લોર), *vt.* ફુલ ઉતારી લેવું; આડે માર્ગે દોરવું; કૌમાર્ય અવસ્થાને ભંગ કરવો. To deprive of flowers; to lead astray; to deprive a girl of her virginity.

Deform (ડીફૉર્મ), *vt.* બેડોળ કરવું; કદરૂપું બનાવવું; લાંછન લગાડવું; બદશિકલ બનાવવું. To disfigure; to alter the form.

Deformed (ડીફૉર્મ્ડ) *a.* બેડોળ; કદરૂપું; બદશિકલ;ઘાટ વગરનું. Unshapely;awkward; clumsy.

Deformity (ડીફૉર્મિટિ), *n.* બેડોળ અવસ્થા; કુબડાપણું; કદરૂપાપણું. Ugliness; want of proper form; a clumsy shape.

Defoul (ડીફાઉલ), *vt.* અપવિત્ર કરવું; ખરાબ કરવું; અભડાવવું. To pollute; to corrupt.

Defraud. (ડીફ્રૉડ), *vt.* છેતરવું; ઠગવું; કપટ કરવું. To cheat; to deceive; to withhold in a dishonest way.

Defray (ડીફ્રે), *vt. pr. p.* **Defraying.** *imp. & p. p.* **Defrayed.** આપવું; અદા કરવું; ખરચ અથવા દેવા પેટે આપવું. To pay; to discharge the expenses.

Defrayal (ડીફ્રેઅૅલ), *n.* ખરચ પેટે આપવું તે; અદા કરવું તે. An act of defraying.

Deft (ડેફ્ટ), *a.* નિપૂણ; ચતુર; હોંશિયાર; કુશળ. Clever; active; intelligent.

Deftly (ડેફ્ટલિ), *ad.* હોંશિયારીથી; ચતુરાઈથી Cleverly; in an intelligent way.

Deftness (ડેફ્ટનેસ), *n.* નિપૂણતા; ચતુરાઈ; હોંશિયારી. Cleverness; skill.

Defunct (ડીફન્ક્ટ), *a.* મરી ગયેલું; મર્હુમ; દેવલોક પામેલું. Dead; not alive. *n.* મૃત આદમી. A dead person.

Defy (ડીફાય), *vt. pr p.* **Defying.** *imp. & p. p.* **Defied.** લડવા આમંત્રણ મોકલવું; તુચ્છકારવું; અવગણના કરવી. To challenge; to discard; to scorn.

Degeneracy (ડીજેનરૅસિ), *n.* ઉતરતી દશા; અધોગતિ; અવનતિ; પડતી. A moral fall; the condition of being degenerate.

Degenerate (ડીજેનરેટ), *vi.* બગડતા જવું; નબળું પડવું; ગુણોમાં ઉતરતા જવું; ઉતરતી દશાને પામતા જવું. To become worse day by day; to fall morally. *a.* બગડેલું; નબળું પડેલું; પતિત અવસ્થાને પામેલું; ભ્રષ્ટ; અધમ. Becoming worse; losing high and good qualities every day.

Degenerative (ડીજેનરેટિવ) *a.* ભ્રષ્ટશીલ;અધમ થાય તેવું; નબળું કરે તેવું. Causing mental fall.

Degeneration (ડીજેનરેશન), *n.* Same as **Degeneracy.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Digest (ડીજેસ્ટ્), *vt. vi.* પચાવવું; હજમ કરવું. To undergo the system of digestion; to dissolve in the stomach. **2.** ગોઠવવું; વ્યવસ્થા કરવી; વર્ગીકરણ કરવું. To arrange; to set in order. **3.** ધીરજથી સહન કરવું; સાંખવું. To endure; to tolerate. **4.** વિચારવું; સારી રીતે સમજવું-સમજાવવું. To think deeply; to explain clearly. *n.* કાયદાનો ગ્રંથ; કાયદા સંગ્રહ. A summary of laws. **2.** સંહિતા; ગ્રંથનો ટુંક સાર. A summary of any book. **3.** ગોઠવણ; વર્ગીકરણ. An arrangement; an order.

Digestible (ડિજેસ્ટિબલ્), *a.* પચે તેવું; હજમ થઇ શકે તેવું; વર્ગીકરણ થઇ શકે તેવું. Capable of being digested.

Digestion (ડિજેસ્ટ્યૉન્), *n.* પાચન; પચાવી જવું તે; પાચનશક્તિ. Conversion of food into chyme. **2.** પરિપક્વ; પાક. An act of digesting.

Digestive (ડિજેસ્ટિવ્), *a.* પાચન કરે તેવું; પચાવી દે તેવું; પાચનશક્તિમાં વધારો કરે તેવું. Having the power to digest; adding to digestion.

Digger (ડિગર્), *n.* ખોદનાર; સોનાની ખાણમાં કામ કરનાર મજુર. One who works in gold mines.

Digit (ડિજિટ્). *n.* મૂળ આંકડો; સંખ્યાનો આંકડો; રકમનો અકેકો ભાગ. Any integer from one to ten. **2.** આંગળી. A finger. **3.** સૂર્ય, ચંદ્રના વ્યાસનો બારમો ભાગ. One-twelfth part of the diameter.

Dignification (ડિગ્નિફિકેશન્), *n.* મોટી પદવી; પ્રતિષ્ઠા; ગૌરવ. An act of dignifying.

Dignify. (ડિગ્નિફાઇ), *vt. pr. p.* **Dignifying.** *imp. & p. p.* **Dignified.** મોટાઇ આપવી; માન મરતબો આપવો; શોભા વધારવી; મોટે દરજ્જે ચઢાવવું. To exalt in rank; to invest with honour; to honour.

Dignitary (ડિગ્નિટૅરિ), *n.* મોટી પદવી ધરાવનાર; ઉંચી પદવી મેળવનાર પાદરી. One, who possesses exalted rank.

Dignity (ડિગ્નિટિ), *n.* મનની મોટાઇ; પ્રતિષ્ઠા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રતાપ; પ્રભાવ. Nobleness of mind; a high and respectable position.

Digress (ડિગ્રેસ્), *vi.* આડું જવું; અસંબંધ વિષય માટે ચર્ચા ચલાવવી; આડું ફાટવું. To depart from the main object; to turn astray.

Digression (ડિગ્રેશન્), *n.* સીધે રસ્તેથી આડા જવું તે; અસંબંધ વિષય માટે બોલવું તે. An act of digressing; an act of turning astray.

Digressive (ડિગ્રેસિવ્), *a.* આડે રસ્તે જાય તેવું; આડા રસ્તે ફાટવું; સંબંધ વિનાના વિષય માટે બોલવાના સ્વભાવવાળું. Of the nature of digressing.

Dike, Dyke (ડાઇક), *n.* મોરી; નીક; બાંધો; પુસ્તો; ખાળ. A ditch; a channel; a water-barrier. **2.** વાડ અથવા રક્ષણ તરીકે વપરાતી દિવાલ. A low wall forming a fence.

Dilapidate (ડિલૅપિડેટ્), *vt. vi.* ભાંગી પાડવું; તોડવું; તૂટી હાલતમાં આવવું. To bring into a condition of decay; to fall to a ruinous condition. **2.** પૈસા ગમે તેમ વપરી નાંખવા; ઉડાવવું. To squander.

Dilapidated (ડિલૅપિડેટેડ્), *a.* ભાગી પડેલું; જર્જરિત થઇ ગયેલું; પડતી હાલતનું. Decayed; destroyed.

Dilapidation (ડિલૅપિડેશન્), *n.* પડતી; નાશ; જર્જરિત સ્થિતિ. A decay; a fall; a declining condition.

Dilate (ડાઇલેટ્), *vt. vi. pr. p.* **Dilating.** *imp.* & *p. p.* **Dilated.** ફુલાવવું; ઉપસાવવું. To distend; to swell out. **2.** ફુલવું; ઉપસવું. To swell in all sides.

Dilation (ડાઇલેશન્); *n.* ફુલીને મોટું થવું તે; વિકાસ; ફેલાવો. An act of expanding; the state of being expanded.

Dilative (ડાઇલેટિવ્), *a.* મોટું થાય તેવું; વિકસે તેવું; ફેલાઇ જાય તેવું. Of the nature of expanding.

Dilatoriness (ડીલૅટરિનેસ્), *n.* સુસ્તી; ઢીલ; વિલંબ. Slowness in work; tardiness.

Dilatory (ડિલૅટરિ), *a.* વાર કરે તેવું; ઢીલું; સુસ્ત; ચાલું. Lingering; loitering; tardy.

Dilection (ડિલેક્શન્), *n.* પ્રીતિ; પસંદગી. Choice; love.

Dilemma (ડિલેમા,–મૅ), *n.* સર્વ તરફથી મુશ્કેલી થઈ પડે તેની સ્થિતિ; આપદા; દુઃખ; મુંઝવણ. The condition full of difficulties from all sides; a puzzle.

Diligence (ડિલિજેન્સ્), *n.* ઉદ્યોગ; ખંત; મહેનત; પરિશ્રમ. Industry; assiduity; toil; proper care.

Diligent (ડિલિજેન્ટ્), *a.* ઉદ્યોગી; ખંતીલું; મહેનતુ. Industrious; assiduous; toiling.

Diligently (ડિલિજેન્ટ્લિ), *ad.* ઉદ્યોગપૂર્વક; ખંતથી; કાળજીપૂર્વક; ઉત્સાહથી. Industriously; assiduously.

Dill (ડિલ્), *n.* સુવા અથવા સુવાનો છોડ. A kind of aromatic and pungent seed, **Dill-water,** *n.* સુવાનું પાણી.

Dilucidate (ડિલ્યૂસિડેટ્), *vt.* સાફ કરવું; સ્વચ્છ કરવું; અજવાળું પાડવું; સ્પષ્ટ કરવું. To make clear; to elucidate.

Dilucidation (ડિલ્યૂસિડેશન્) *n.* સાફ કરવું તે; પ્રકાશ પાડવો તે; સ્પષ્ટીકરણ. An act of making clear; elucidation.

Dilute (ડાઈલ્યૂટ્) *vt. pr. p.* **Diluting.** *imp.* & *p. p.* **Diluted.** પાતળું કરવું; નરમ કરવું. To render more liquid; to weaken.

Dilution (ડિલ્યૂશન્), *n.* પાણી રેડીને પાતળું કરવું તે; નરમ બનાવવું તે. An act of diluting.

Diluvial (ડિલ્યૂવિઍલ્), Same as, **Diluvian.**

Diluvian (ડિલ્યૂવિઍન્), *n.* જળ પ્રલયનું; જળપ્રલય સંબંધી. Pertaining to a deluge; of a flood.

Diluvion (ડિલ્યૂવિઅન્), *n.* જળપ્રલય; પૃથ્વીને નાશ કરે તેવું ભારે પુર. A deluge; a heavy flood.

Dim (ડીમ્), *a.* ઝાંખું; ઝાંખું; કાળાશ પડતું; નિસ્તેજ. Slightly devoid of light; somewhat black; obscure. *vt. pr. p.* **Dimming.** *imp.* & *p. p.* **Dimmed.** ઝાંખું કરવું; નિસ્તેજ કરવું; કાળું કરવું; બગાડવું. To render dim; to make obscure.

Dimension (ડીમેન્શન્), *n.* (*pl.*) ક્ષેત્રફળ, જમીનનું માપ; વિસ્તાર. Measurement; extension.

Diminish (ડિમિનિશ્), *vt. vi.* ઓછું કરવું; કમી કરવું; ઘટાડવું. To make less; to lessen. **2.** ઓછું થવું; ઘટવું; ન્યૂન થવું. To grow less; to decrease.

Diminishable (ડિમિનિશેબલ્), *a.* ઓછું થઈ શકે તેવું; ઘટાડી શકાય એવું; ઘટે તેવું. Capable of being diminished.

Diminution (ડિમિન્યૂશન્), *n.* ઘટાડો; ઘટવું તે; ઓછું થવું તે. A state or condition of appearing less. **2.** માનભંગ; અપકીર્તિ. Degradation; discredit.

Diminutive (ડિમિન્યૂટિવ્), *a.* અલ્પ; નાનું; લઘુ; હ્રસ્વ; ક્ષુદ્ર; બારીક. Minute; small in size.

Dimissory (ડિમિસૉરિ), *a.* જવાની રજા આપનારું; પરવાનો આપવાવાળું. Granting leave to depart; sanctioning permission.

Dimly (ડિમ્લિ), *ad.* ઝાંખી રીતે; અસ્વચ્છ રીતે; અસ્પષ્ટ રીતે. Not clearly; in a dim way.

Dimmy (ડિમિ), *a.* ઝાંખાશ ઉપર; કાળાશપર. Slightly dim.

Dimness (ડિમ્નેસ્), *n.* ઝાંખ; સ્વચ્છ અથવા સાફ નહિ હોવું તે. The quality of being dim.

Dimple (ડિમ્પલ્), *n.* ગાલમાં અથવા દાઢીમાં ખાડો; ખંજન. A slight depression in the cheeks or in the face.

Din (ડિન્), *n.* ઘોંઘાટ; શોરબકોર; કાન ફોડી નાંખે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો મોટો અવાજ. A rattling or rumbling sound; a loud noise. *vt. pr. p.* **Dinning.** *imp. & p. p.* **Dinned.** કાન બહેરા થાય તેવી રીતે અવાજ કરવો; ઘોંઘાટ કરવો; શોરબકોર કરવો. To stun with noise; to clamour.

Dine (ડાઇન્), *vi., vt. pr. p.* **Dining.** *imp. & p. p.* **Dined.** જમવું; ભોજન કરવું; જમાડવું; ભોજન કરાવવું. To take dinner; to eat the chief meal.

Ding (ડિન્ગ્) *vt.* જોરથી વગાડવું; અફાળવું; ધક્કો મારવો. To ring with violence; to throw forcibly.

Ding-dong (ડિન્ગ્-ડૉન્ગ્), *n.* ઘંટારવ; ઘંટનાદ. The [sound of a bell or bells.

Dingy (ડિન્જી), *a.* કાળું; મેલું; અંધકારવાળું; હવા ઉજાસ વિનાનું. Having dark colour; dusky.

Dinner (ડીનર્), *n.* જમણ; ભોજન; ખાણું. The meal of the day. **Dinner-party,** *n.* ઉજાણી; જમણવાર.

Dint (ડિન્ટ્), *n.* ફટકો; પ્રહાર; ઝપાટો. A blow; a stroke. **2.** ખોભણ; ખાંચો; ઘાની નિશાની. A dent; a mark caused by a blow. **By dint of,** ને લીધે; ના જોરથી. *vt.* ઘોબો પાડવો; ખાંચો પાડવો. To make a mark by a blow.

Diocese (ડાઅૉસીસ્), *n.* પાદરીની હકુમતની સરહદ-સીમા. The extent of a bishop's jurisdiction.

Diocean (ડાઅૉસીઅન્), *a.* પાદરીની હકુમતનું -સરહદનું. Pertaining to a diocese.

Dip (ડિપ્), *vt. vi. pr. p.* **Dipping.** *imp. & p. p.* **Dipped.** બોળવું; ઝબોળવું; હુબકી મારવી. To plunge; to put into any fluid. **2.** (*Fig.*) ગરક થવું; તલ્લીન બનવું. To engross.

Dipthong (ડિપ્થૉન્ગ્), *n.* સંધિ સ્વર. A union of two vowels sounded together.

Diploma (ડિપ્લૉમ), *n.* સનદ; પદવી; મદ્રેસાની સનદ; હુકમ; કોઇપણ ખાતાનું સરટીફિકેટ. A writing conferring some power, rank or order.

Diplomacy (ડિપ્લૉમેસિ), *n.* બે રાજ્ય અથવા પ્રજા વચ્ચે સંધિ કરાવવાનું કામ; એલચીનું કામ. The work of conducting negotiations between nations; the work entrusted to the ambassadors. **2.** હોંશિયારી; નિપૂણતા; ચતુરાઇ. Skill in handling the work; act.

Diplomatic,-al (ડિપ્લૉમૅટિક્,-કલ્), *a.* સનંદી; સનંદવાળું; નિપૂણ; કાર્યદક્ષ; હોંશિયાર. Clever; artful; conferred by diploma. **2.** એલચીના કામમાં કાર્યદક્ષ; નિપૂણ. Dexterous in the work of an embassy.

Diplomatize (ડિપ્લૉમૅટાઇઝ્), *vt.* એલચીનું કામ સોંપવું; રાજ્યદૂત તરીકે મોકલવું. To select as an embassy.

Diplomatist (ડિપ્લૉમૅટિસ્ટ્), *n.* એલચીના કામમાં કુશળતા ધરાવનાર; કુશળ રાજ્યદૂત. A person skilled in diplomacy. [**Diplomacy.**

Diplomatism (ડિપ્લૉમૅટિઝમ્), *n.* Same as,

Dipsomonia (ડિપ્સોમોનિઅ), *n.* મદ્યપાનની અતિશય લાલસા; મદ્યોન્માદ A great desire for liquors. [Horrible; terrible; dreadful.

Dier (ડાયર્), *a.* ભયંકર; અત્યાચારી; નાશકારક; ઘોર.

Direful (ડાયર્ફુલ્), *a.* Same as, **Dire.**

Direct (ડિરેક્ટ્), *vt. vi.* માર્ગ દેખાડવો; ફરમાવવું; હુકમ કરવો; સૂચના આપવી. To show the right path; to suggest; to prescribe; to instruct. **2.** નિશાન માંડવું; નજર ફેરવવી. To aim; to look at a glance. *a.* સીધું; પાધરું. Straight. **2.** ખરા દિલનું; સાફ. Sincere; clear.

Direction (ડિરેક્શન્), *n.* દિશા; બાજુ. A line, in which something is directed. **2.** હુકમ; આજ્ઞા; ફરમાન; સૂચના. An order; a suggestion. **3.** વહીવટ; કારભાર. An administration; management.

Directly (ડિરેક્ટ્લિ), *ad.* સીધી રીતે; જાતેજ; ખુલી રીતે. In a straight way; openly. **2.** તરતજ; વિલંબ વિના. Instantly; without delay.

Directness (ડિરેક્ટ્નેસ્), *n.* સિધાપણું; પાધરાપણું; આડું અવળું નહિ હોવું તે. The state of being direct.

Director (ડિરેક્ટર્), *n.* સૂચવનાર; સૂચના આપનાર; કામ કરનાર; હુકમ કરનાર-બજાવનાર; અધિકારી. A manager; one who governs or directs.

Directorate (ડિરેક્ટોરેટ્), *n.* મુખ્ય ઉપરીની જગ્યા-હોદો; કારભાર ચલાવનારાઓનું મંડળ. The office of a director; the body of the directors.

Directory (ડિરેક્ટૉરિ), *n.* માર્ગોપદેશક ગ્રંથ; હુન્નર ઉદ્યોગ, અને ધંધાદારીઓની માહીતી આપનારૂં પુસ્તક. A book, containing the names of the trades and merchants. **2.** વહીવટ ચલાવનારાઓ; વહીવટદારોનું મંડળ. A body of the managers.

Directress (ડિરેક્ટ્રેસ્), *n.* કારભાર ચલાવનાર સ્ત્રી; ગોઠવણી કરનાર સ્ત્રી. A female who directs.

Dirge (ડર્જ્), *n.* શોકગીત; મરણગીત; રાજીઓ. A song, intending grief or sorrow; a funeral song.

Dirk (ડર્ક્), *vt.* કટાર મારવી; ખંજરથી મારવું ભોંકવું; જમૈયો મારવો. To stab. *n.* કટાર; ખંજર; જમૈયો. A dagger; a poniard.

Dirtiness (ડર્ટિનેસ્), *n.* ગંદકી; મલીનતા; ગલીચતા. Filthiness; nastiness.

Dirty (ડર્ટિ), *a.* મલીન; ગંદુ; મેલું. Nasty; filthy; foul.

Disability (ડિસ્-એબિલિટિ), *n.* અશક્તપણું; શક્તિહીનતા; નાલાયકી; કમજોરપણું. Want of power or strength; weakness; inability.

Disable (ડિસ્-એબલ્), *vt.* અશક્ત બનાવવું; નિર્બલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવવું; કમજોર કરવું. To deprive of strength; to weaken; to make incapable.

Disabuse (ડિસ્-ઍબ્યૂઝ), *vt. pr. p.* **Disabusing.** *imp. & p. p.* **Disabused.** ભૂલમાં પડતાં બંધ થવું; મોહમાં અથવા ભ્રમમાં પડતાં અટકવું; સીધે રસ્તે મૂકવું. To undeceive; to set right.

Disadvantage (ડિસ્-ઍડ્વૅન્ટેજ્), *n.* ખોટ; નુકશાન; ગેરફાયદો; અકલ્યાણ; ખામી. A loss; detriment; injury.

Disadvantageous (ડિસ્-ઍડ્વૅન્ટેજસ્), *a.* નુકશાનકારક; ખામીવાળું; અકલ્યાણકર; અહીતકર. Unfavourable; harmful.

Disadvantageously (ડિસ્ઍડ્વૅન્ટેજસલિ), *ad.* નુકશાનકારક રીતે; અહીતપણે; ખામી સાથે. Unfavourably; harmfully.

Disaffect (ડિસ્-ઍફ્ફેક્ટ્), *vt.* નાપસંદ કરવું; નારાજ કરવું; મનથી ઉતારી નાંખવું. To show disregard; to be apathetic to.

Disaffected (ડિસ્-ઍફ્ફેક્ટેડ્), *a.* બેદીલ; નાખુશ; નારાજ. Indisposed to; insincere.

Disaffection (ડિસ્-ઍફ્ફેક્શન્), *n.* અપ્રીતિ; અનાસ્થા; કોઇના ઉપરનો સ્નેહ ઓછો કરવો તે. Unfriendliness; change of feelings.

Disagree (ડિસ્-ઍગ્રી), *vi. pr. p.* **Diragreeing.** *imp. & p. p.* **Disagreed.** વિચારમાં જુદો પડવું; નાસંમત્ત થવું; ફેર પડવો. To differ in ideas; to be at variance. **2.** માફક ન આવવું; અપથ્ય હોવું. To be unsuitable; to be unwholesome.

Disagreeable (ડિસ્ઍગ્રીએબલ્), *a.* અણગમતું; નાપસંદ;પ્રતિકૂળ; ઉલટું. Unsuitable;unpleasant.

Disagreeably (ડિસ્ઍગ્રીએબ્લિ), *ad.* પ્રતિકૂળપણે; ના પસંદ પડે તેવી રીતે; નારાજીપણે. Unsuitably; in an unpleasant way.

Disagreement (ડિસ્-ઍગ્રીમેન્ટ્), *n.* જુદાપણું; તફાવત; ફેર; ભિન્નતા. Difference; dissimilitude.

Disallow (ડિસ્-ઍલાઉ), *vt.* ના મંજુર કરવું; આપવાની મના કરવી; નિષેધ કરવો. To refuse to sanction; to disown.

Disallowance (ડિસ્-ઍલાઉઍન્સ), *n.* નામંજુરી; અટકાયત; નિષેધ. A refusal; prohibition.

Disappear (ડિસ્-ઍપ્-પીર્), *vi. pr. p.* **Disappearing.** *imp. & p. p.* **Disappeared.** અલોપ થવું; અંતર્ધાન થવું; અદૃશ્ય થવું. To be invisible; to be out of sight.

Disappearance (ડિસ્ઍપ્-પીરન્સ્), *n.* અલોપ અથવા અદૃશ્ય થવું તે. The state of being out of sight.

Disappoint (ડિસ્-ઍપૉઇન્ટ્), *vt* નાઉમેદ કરવું; નિરાશ કરવું; નારાજ બનાવવું. To defeat of hope; to frustrate.

Disappointed (ડિસ્ઍપૉઇન્ટેડ્), *a.* નિરાશ; હતાશ; ના ઉમેદ. Baffled in hopes; frustrated despaired.

Disappointment (ડિસ્-ઍપૉઇન્ટ્મેન્ટ્), *n.* નિરાશા; ના ઉમેદી; આશાભંગસ્થિતિ; હતાશ. Hopelessness; despair; the state of being disappointed.

Disapprobation (ડિસ્-ઍપ્રોબેશન્), *n.* નાપસંદગી ઈન્કાર; નાખુશી; અસ્વીકાર. Disapproval; a disliking.

Disapproval (ડિસ્-ઍપ્રુવૅલ્), *n.* અણગમો; ગેરખુશી; નાપસંદગી. A dislike; a refusal to sanction

Disapprove (ડિસ્-ઍપ્રુવ્), *vt. pr. p.* **Disapproving.** *imp. & p. p.* **Disapproved.** નામંજુર કરવું; નાપસંદ કરવું; અસંમત્ત થવું. To refuse to sanction; to decline.

Disarm (ડિસ્-આર્મ્), *vt. vi.* હથિયાર છોડાવવાં; હથિયાર લઇ લેવાં; હાથપગ ભાંગી નાંખવા; શસ્ત્રહીન બનાવવું. To take weapons; to deprive of the power of attack.

Disarmament (ડિસ્-આર્મમેન્ટ્), *n.* હથિયાર છોડાવવાં તે; શસ્ત્રહીન બનાવવું તે. An act of depriving of arms.

Disarrange (ડિસ્-ઍરેન્જ્), *vt.* વિખેરી નાંખવું; અવ્યવસ્થિત બનાવવું; ઉંધું પાડવું; વ્યવસ્થા રહિત કોઈપણ કામ કરવું. To put out of order; to disturb the order.

Disarrangement (ડિસ્-ઍરેન્જ્મેન્ટ્), *n.* અવ્યવસ્થિત હાલત; ઉંધું પાડવું તે. An act of putting out of order; a disorderly state.

Disarray (ડિસ્-ઍરે), *vt.* ગેરવ્યવસ્થા કરવી; અવ્યવસ્થિત બનાવવું. To bring into disorder. **2.** પોશાક વિનાનું કરવું;કપડાંહીન રાખવું. To undress. *n.* અવ્યવસ્થા; ગમે તેમ ગોટાળાવાળી સ્થીતિ; કપડાંહીન દશા. A disorder; a disordered dress.

Disaster (ડિઝૅસ્ટર્), *n* આફત; વિપત્તિ; સંકટ; કષ્ટ. A calamity; a misfortune; an adversity.

Disastrous (ડિઝૅસ્ટ્રસ્), *a.* આફત ભરેલું; ગિહામણું; પ્રતિકૂળ; દારૂણ; ઘોર. Calamitous; accompanied by a misfortune.

Disavow (ડિસ્-ઍવાઉ), *vt.* નાકબુલ કરવું; ઈન્કાર કરવો; નામંજુર કરવું. To reject; to disapprove.

Disavowal (ડિસ્-ઍવાઉઍલ્), *n.* ઈન્કાર; નાપાડવી તે; અસ્વીકાર. Rejection; a denial.

Disband (ડિસ્બૅન્ડ્), *vt. vi.* લશ્કરની ટુકડીઓને રજા આપવી; ટુકડીઓ તોડી નાંખવી; વિખેરી નાંખવું. To dismiss from military service; to break up from a military line.

Disbar (ડિસ્-બાર્), *vt. pr. p.* **Disbarring.** *imp. & p. p.* **Disbarred.** વકીલની સનંદ ખુંચવી લેવી; વકીલાત લઇ લેવી. To remove from the list of pleaders.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Disbelief (ડિસ્-બીલીફ્), *n.* અવિશ્વાસ; બેઈતબારી; અમાન્યતા. Distrust; want or belief of faith; infidelity.

Disbelieve (ડિસ્-બીલીવ્), *vt. vi. pr. p.* **Disbelieving.** *imp. & p. p.* **Disbelieved.** અવિશ્વાસ મૂકવો; અમાન્યતા રાખવી; શ્રદ્ધા વિનાનું બનવું. To hold to be untrue. 2. અસત્ય માનવું. To deny the truth of.

Disbeliever (ડિસ્-બીલીવર્), *n.* અવિશ્વાસી; નાસ્તિક; ખોટું માનનાર; શ્રદ્ધા નહિ રાખનાર. One who refuses belief; an infidel.

Disburden (ડિસ્-બર્ડન્), *vt. vi.* બોજો ઉતારવો; હલકું કરવું; ભાર વિનાનું કરવું; બોજો ખસેડવો. To unload; to free from load. 2. છૂટું થવું; શાંતિ મેળવવી. To get rid of; to enjoy peace.

Disburse (ડિસ્બર્સ્), *vt. pr. p* **Disbursing.** *imp. & p. p.* **Disbursed.** ખરચવું; ખર્ચ કરવો; વ્યય કરવું. To expend; to waste.

Disbursement (ડિસ્બર્સ્મેન્ટ્), *n.* ખરચ; વ્યય; ખરચ કરવું તે. Expense; expenditure; waste.

Disc, Disk (ડિસ્ક્), *n.* બિંબ; ચકતું; ચંદો; ચક્કર. The face of the sun or moon; a flat or circular plate.

Discard (ડિસ્કાર્ડ્), *vt.* ધિક્કારવું; કહાડી નાંખવું; દૂર કરવું. To hate; to remove; to turn away; to cast off.

Discern (ડિસર્ન્), *vt. vi.* ઓળખવું; પિછાનવું; જાણવું; પારખવું; વિવેક બુદ્ધિથી સાર અસાર ગ્રહણ કરવો. To see; to discover by the eye; to distinguish.

Discerner (ડિસર્નર્), *n.* ઓળખનાર; પારખનાર; સાર અસાર ગ્રહણ કરનાર. One who knows and judges.

Discernible (ડિસર્નિબલ્), *a.* ઓળખી શકાય એવું; પારખી શકાય એવું; દૃષ્ટિગોચર થાય એવું. Perceptible; capable of being observed.

Discernment (ડિસર્નમેન્ટ્), *n.* બારીક સમજ; સમજશક્તિ; કોઈપણ ગુંચવણમાં કોયડો ઉકેલવાની શક્તિ. An acute understanding; a power of judging.

Discharge (ડિસ્ચાર્જ્), *vt. pr. p.* **Discharging.** *imp. & p. p.* **Discharged.** કાઢી નાંખવું; ખાલી કરવું; બરતરફ કરવું. To dismiss; to send away. 2. અવાજ કરવો; ફોડવું; ઘાર કરવો. To fire off. 3. બજાવવું (ફરજ); કામ કરવું. To carry on one's work. 4. મુક્ત કરવું; નિર્દોષ ઠરાવી છોડવું. To set at liberty; to release. 5. ફેડવું; આંપી દેવું; ચુકાવી દેવું. To release off one's debt; to free from debt. *n.* માલ ઉતારવો તે; બરતરફી; છૂટકારો; વેગ; ઘોધ. An act of unloading; a release; emission; a force; a flow.

Disciple (ડિસાઇપલ્), *n.* શિષ્ય; ચેલો; એકજ મત માનનાર. A learner; a follower; one, who learns a science from some one.

Disciplinarian (ડિસ્સિપ્લિનેરિઍન્), *n.* વ્યવસ્થા અને કાયદા કાનુન પ્રમાણે વર્તનાર; સુધારો કરવામાં આતુર; કાયદો અને વ્યવસ્થા પ્રમાણે કામ થવું જોઇએ તેવો મત ધરાવનાર. One who is obedient to law and order.

Disciplinary (ડિસ્-સિપ્લિનરિ), *a.* શિક્ષાસંબંધી; કાયદાનું; ધારાને લગતું; સુધારવાના હેતુથી કરેલું. Pertaining to discipline; intended for discipline.

Discipline (ડિસ્-સિપ્લિન્), *n.* કેળવણી; કવાએત; વ્યવસ્થા. Training; law and order; education tending to law and order. *vt.* કેળવવું; શિક્ષણ આપવું; વ્યવસ્થા અને કાયદાથી માહીત કરવું. To train; to educate.

Disclaim (ડિસ્-ક્લેમ્), *vt.* હક અથવા દાવો કાઢી નાંખવો; દાવો નાકબુલ કરવો. To disown; to reject any right.

Disclaimer (ડિસ્-ક્લેમર્), *n.* હક કાઢી નાંખનાર; દાવાનો ઇન્કાર કરનાર; નામુક્કર જનાર. One, who disowns any claim.

Disclose (ડિસ્ક્લોઝ્), *vt. pr. p.* **Disclosing.** *imp. & p. p.* **Disclosed.** ખુલ્લું કરવું; જાહેર કરવું; દેખાડી દેવું; પ્રગટ કરવું. To lay open; to bring to light; to make known.

Discloser (ડિસ્ક્લોઝર્), *n.* ખુલ્લી વાત કરનાર; ગુપ્ત બીના જાહેર કરનાર. One who discloses.

Disclosure (ડિસ્ક્લોઝર્), *n.* જાહેર કરવું તે; નિવેદન કરવું તે; ખુલ્લી વાત કરવી તે. An act of disclosing; an exhibition.

Discolour (ડિસ્-કલર્), *vt.* રૂપરંગ બદલવું; મેલું કરવું; રંગ ઉડાડી દેવો. To change the natural colour; to tinge.

Discolouration (ડિસ્-કલરેશન્), *n.* રંગ ઉડાડી દેવો તે; મેલું કરવું તે; વિરૂપ કરવું તે. An act of discolouring.

Discomfit (ડિસ્કૉમ્ફિટ્), *vt.* હરાવવું; નસાડવું; નાઉમેદ કરવું. To defeat; to cause to flee; to frustrate. *n.* પરાજય; હાર; નાઉમેદી. A defeat; frustration.

Discomfiture (ડિસ્-કૉમ્ફિટ્યૂર્), *n.* હાર; પરાજય; ઉદાસી; નિષ્ફળતા. A defeat; frustration; disappointment.

Discomfort (ડિસ્કૉમ્ફર્ટ્), *n.* નિરાશા; બેચેની; અસુખકર અવસ્થા; પીડા; અગવડતા. Hopelessness; uneasiness; pain; distress. *vt.* બેચેની કરવું; દુઃખી કરવું; સગવડ વિનાનું બનાવવું. To disturb the mind of; to pain.

Discommend (ડિસ્-કૉમ્-મેન્ડ્), *vt.* ઠપકો દેવો; દોષ દેવો; વાંક કાઢવો. To blame; to censure

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Discompose (ડિસ્કૉમ્પોઝ), *vt.* ઘાલમેલ કરવી; અવ્યવસ્થા કરવી;સંતાપવું; અસ્વસ્થ બનાવવું. To ruffle; to disturb the peace; to create disorder.

Discomposure (ડિસ્કૉમ્પોઝર), *n.* આકુળ વ્યાકુળતા; વ્યગ્રતા; અકળામણ; અસ્વસ્થપણું. Mental agitation; a disorder.

Disconcert (ડિસ્કૉન્સર્ટ), *vt.* ધુળધાણી કરવું; નિષ્ફળ કરવું; અસ્તવ્યસ્ત કરવું. To throw into disorder; to put out of order. **2.** ગભરાવવું; મન અસ્થિર બનાવવું. To confuse; to make one puzzled.

Disconnect (ડિસ્-કૉનેક્ટ), *vt.* સંબંધ તોડવો; સંબંધ છૂટો કરવો; ભિન્ન કરવું. To separate; to detach.

Disconnection (ડિસ્-કૉનેક્શન), *n.* વિયોગ; છૂટા પડવું તે; સંબંધનો નાશ. Separation; want of union.

Disconsolate (ડિસ્-કૉન્સૉલેટ), *a.* ઉદાસી; દુઃખે લીન થયેલું; દિલગીર. Sad; melancholy; gloomy.

Discontent (ડિસ્-કૉન્ટેન્ટ), *n.* અસંતોષ; નારાજી; અતૃપ્તિ; બેદિલી. Dissatisfaction; want of satisfaction. *vt.* અસંતોષ થવો; બેચેન કરવું. To make uneasy; to dissatisfy.

Discontentment (ડિસ્-કૉન્ટેન્ટ્મેન્ટ), *n.* અસંતોષ;અતૃપ્તિ;નારાજી.Dissatisfaction;discontent.

Discontented (ડિસ્-કૉન્ટેન્ટેડ), *a.* નારાજ; દિલગીર; અસંતુષ્ટ; બડબડે એવું. Dissatisfied; prone to grumbling.

Discontinue (ડિસ્-કૉન્ટિન્યૂ), *vt. pr. p.* **Discontinuing.** *imp. & p. p.* **Discontinued.** કાઢી નાંખવું; અટકાવી દેવું; તોડવું; આગળ વધવા ન દેવું. To stop; to put to an end; to give up; to leave off.

Discontinuance (ડિસ્-કૉન્ટિન્યૂઍન્સ), *n.* બંધ પડવું તે; વિરામ; અટકાવ; તહકુબી; નીકળી જવું તે. Cessation; an act of breaking off; interruption.

Discontinuity (ડિસ્-કૉન્ટિન્યૂઇટિ), *n.* ભાગ જુદા પાડવા તે; ખંડીત્વ; તહકૂબી. Disunion of parts.

Discord (ડીસ્કૉર્ડ), *n.* વિરોધ; ઉંચું મન; અણબનાવ; કુસંપ; મતભેદ; વિચારોમાં જુદાપણું. Disagreement; inconsistency. *vi.* વિરોધ થવો; પ્રતિકૂળ હોવું–થવું; અણબનાવ થવો. To disagree; to be inconsistent.

Discordance,-cy (ડિસ્કૉર્ડન્સ,-ન્સિ), *n.*વિરૂદ્ધતા; વિરોધ; અણબનાવ. Opposition; disagreement.

Discordant (ડિસ્કૉર્ડન્ટ), *a.* પ્રતિકૂળ; વિરૂદ્ધ; ઉલટું; પરસ્પર વિરોધી. Disagreeing; inconsistent; not harmonious.

Discount (ડિસ્કાઉન્ટ), *n.* વટાવ; છૂટ; મુદત કાપી આપેલું નાણું. An allowance on a bill, debt or any price. *vt.* વટાવ કાપવો; છૂટ આપવી-લેવી; વટાવ કાપીને હુંડીનાં નાણાં આપવાં. To make the payment after deducting the discount.

Discountable (ડિસ્-કાઉન્ટેબલ), *a.* વટાવ આપી શકાય એવું; મુદત કાપી શકાય એવું; વળૂતર અથવા છૂટ મુકી શકાય એવું. Capable of being discounted.

Discountenance (ડિસ્-કાઉન્ટીનૅન્સ), *n.* અકૃપા; ગેરમહેરબાની. Cold treatment. *vt.* શરમિંદુ કરવું; શરમાવી નાંખવું. To put to shame; to abash. **2.** હિંમત છોડાવવી; નાહિંમતવાન કરવું. To discourage; to dishearten.

Discourage (ડિસ્-કરેજ), *vt.* નાહિંમતવાન કરવું; ઉત્સાહભંગ કરવું–બનાવવું; મન ફેરવવું; મન ભાંગવું. To dishearten; to deprive of faith or confidence.

Discouragement (ડિસ્-કરેજ્-મેન્ટ), *n.* ઉત્સાહભંગ કરવું તે; આશાભંગ બનાવવું તે. An act of discouraging.

Discourageous (ડિસ્-કરેજસ), *a.* હિંમત છોડાવે તેવું; ઉત્સાહભંગ કરે તેવું; નિરૂત્સાહી બનાવે તેવું. Disheartening.

Discourse (ડિસ્કોર્સ), *vi.* સંવાદ કરવો; સંભાષણ કરવું; વાતચીત કરવી. To talk; to discuss; to converse. *n.* સંવાદ; સંભાષણ; વાતચીત. A talk; a treatise; a general talk.

Discourteous (ડિસ્-કૉર્-ટીઅસ), *a.* અસભ્ય; નાલાયક; બેઅદબ; રીતભાત વિનાનું. Uncivil; impolite; rude.

Discourtesy (ડિસ્-કોર્-ટેસિ), *n.* અસભ્યતા; બેઅદબી; અવિનય; નાલાયકી. Incivility; impoliteness; rudeness.

Discover (ડિસ્-કવર), *vt. pr. p.* **Discovering.** *imp. & p p.* **Discovered.** શોધ કરવી; પત્તો મેળવવો; ખુલ્લું મૂકવું; જાહેરાતમાં લાવવું. To make visible; to find out; to manifest.

Discoverable (ડિસ્-કવરેબલ), *a.* શોધી શકાય એવું; પત્તો મેળવી શકાય એવું; ખુલ્લું મુકાય એવું. Capable of being discovered.

Discovery (ડિસ્-કવરિ), *n.* શોધ; શોધખોળ; પ્રકાશન; ખુલ્લું પાડવું તે. An act of finding out; manifestation.

Discredit (ડિસ્ક્રેડિટ), *n.* નામોશી; બદનામી; એબ; અપજશ; અશ્રદ્ધા. Disgrace; reproach; dishonour. *vt.* બદનામી આપવી; એબ લગાડવી; ખોટું લગાડવું. To dishonour; to deprive of credit; to disrepute.

Discreditable (ડિસ્ક્રેડિટેબલ), *a.* અપજશવાળું; નામોશી ભરેલું; બદનામીવાળું. Dishonourable; disreputable.

Discreet (ડિસ્-ક્રીટ), *a.* વિચારવંત; ડહાપણવાળું; ઠરેલ સ્વભાવનું; દાનું; વિવેકી. Prudent; sagacious; discriminate. **2.** સાવધ; હોંશિયાર. Cautious;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

heedful.

Discreetly (ડિસ્-ક્રીટ્લિ), *ad.* ડહાપણપૂર્વક; વિવેકપૂર્વક; ઠરેલતાથી. Wisely; heedfully; prudently.

Discrepance,-cy (ડિસ્-ક્રેપન્સ્,-ન્સિ), *n.* તફાવત; જુદાપણું; ફરક; વિરોધ. Disagreement; niconsistency.

Discrepant (ડિસ્-ક્રેપન્ટ), *a.* વિરોધી; જુદા વિચાર ધરાવનારો. Disagreeing; differing.

Discretion (ડિસ્-ક્રેશન્), *n.* ડહાપણ; વિવેકબુદ્ધિ; ચતુરાઈ. Wisdom; the discriminative power; sound judgment.

Discretional (ડિસ્-ક્રેશનલ્), *a.* વિચારાધીન; આપ અખત્યારપર રાખેલું; મુનસફી ઉપર સોંપેલું. Prone to sound judgment; subject to judicious, thought. [**Discretional.**

Discretionary (ડિસ્-ક્રેશનેરિ), *a.* Same as,

Discriminate (ડિસ્-ક્રિમિનેટ્), *vt. vi.* પારખી કાઢવું; જૂદું પાડવું; પરીક્ષા કરવી; તફાવત જોવો. To perceive by distinction; to distinguish by some mark; to select.

Discrimination (ડિસ્-ક્રિમિનેશન્), *n.* પરીક્ષા; પારખ; તફાવત જોવાની શક્તિ; વિવેકશક્તિ. A right discernment; a keen perception.

Discriminative (ડિસ્ક્રિમિનેટિવ્), *a.* ઓળખવાની શક્તિવાળું; પરીક્ષા કરવાવાળું; પારખવાની આદતવાળું. Having the power of perception; forming the mark of difference.

Discrown (ડિસ્ક્રાઉન્), *vt.* તાજવિનાનું બનાવવું; ગાદી ભ્રષ્ટ કરવું. To deprive of a crown.

Discursive (ડિસ્-કર્સિવ્), *a.* દોડાદોડ કરી મૂકનારૂં; અસ્થિર વૃત્તિનું; આહું અવળું ઉતરી પડનારૂં; વ્યગ્ર મનનો. Passing rapidly from one topic to another topic; hasty; unsteady.

Discuss (ડિસ્કસ્), *vt.* વાદવિવાદ કરવો; ચર્ચા ચલાવવી; લંબાણથી દલીલ કરવી. To debate; to consider deeply; to reason minutely.

Discussion (ડિસ્કશન્), *n* વાદવિવાદ; ચર્ચા; દલીલ. An act of discussing; a debate.

Discussive (ડિસ્કસિવ્), *a.* વાદવિવાદ કરવાની ટેવવાળું; દલીલ વાપરે તેવું; ચર્ચા ચલાવે તેવું. Apt to discussing.

Disdain (ડિસ્ડેન્), *vt.* ધિક્કારવું; તિરસ્કાર કરવો; અવગણના કરવી; તુચ્છ માનવું. To hate; to detest; to disregard. *n.* ધિક્કાર; તિરસ્કાર; અણગમો. Hatred; detestation.

Disdainful (ડિસ્ડેન્-ફુલ્), *a.* તિરસ્કાર ભરેલું; મગરૂર; મોટાઇવાળું. Scornful; haughty.

Disdainfully (ડિસ્ડેન્-ફુલિ), *ad.* તિરસ્કાર ભરેલી રીતે; મગરૂરીથી; મોટાઇમાં. Scornfully; in a haughty way.

Disease (ડિઝીઝ્), *n.* રોગ; દરદ; પીડા; બીમારી. Malady; ailment; bodily pain; any depraved condition. *vt.* ઇજા કરવી; દુઃખ દેવું.

Diseased (ડીઝીઝ્ડ્), *a.* રોગી; બીમાર; વિકાર પામેલું. Affected with a disease; deranged.

Disembark (ડિસ્-એમ્બાર્ક્), *vt. vi.* વહાણ ઉપરથી જમીન ઉપર ઉતારવું, અથવા લાવવું; જમીન ઉપર ઉતરવું. To land; to remove to the land.

Disembarkation (ડિસ્-એમ્બાર્કેશન્), *n.* વહાણ ઉપરથી જમીન ઉપર ઉતારવાનું કાર્ય. An act of landing. [as, **Disembarkation.**

Disembarkment (ડિસ્-એમ્બાર્ક્મેન્ટ્), *n.* Same

Disembodied (ડિસ્-એમ્બૉડિડ્), *a.* વિદેહ; દેહ વગરનું; છૂટું થયેલું; વિમુખ થએલું. Divested of the body; deprived of the outward body.

Disembodiment (ડિસ્એમ્બૉડિમેન્ટ્), *n.* વૈદેહી હાલત; દેહ સિવાયની સ્થિતિ. The state of being disembodied.

Disembody (ડિસ્એમ્બૉડિ), *vt.* કાયાવિનાનું કરવું; વિદેહી બનાવવું. To deprive of the body.

Disembogue (ડિસ્એમ્બોગ્), *vt.* સમુદ્રમાં ખાલી કરવું;—ને મળે તેમ ગોઠવણી કરવી. To discharge into an ocean.

Disenchant (ડિસેન્ચૅન્ટ્), *vt.* જંતરમંતરની અસરમાંથી મુક્ત કરવું; નિવારણ કરવું અથવા ટાળવું. To free from the effects of charms.

Disencumber (ડિસ્-એન્કમ્બર્), *vt.* અડચણમાંથી મોકળું કરવું; પીડામાંથી મુક્ત કરવું. To free from troubles.

Disencumbrance (ડિસ્-એન્કમ્બ્રન્સ્), *n.* અડચણ અથવા પીડામાંથી મુક્ત કરવું તે. An act of making free from troubles.

Disendowment (ડિસ્-એન્ડાઉ-મેન્ટ્) *n.* નાણાં, વિગેરેની નિમણુંક પાછી લેવી તે. An act of depriving of an endowment.

Disengage (ડિસ્-એન્ગેજ્), *vt. pr. p.* **Disengaging.** *imp. & p p.* **Disengaged.** જુદું પાડવું; છૂટું કરવું; મોકળું કરવું; છોડાવવું; મુક્ત કરવું. To set free; to detach; to separate; to disunite.

Disengagement (ડિસ્એન્ગેજ્મેન્ટ્), *n.* છૂટકારો; જુદું કરવું તે; મોચન. An act of disengaging; separation.

Disennoble (ડિસ્એન્-નોબલ્), *vt.* હલકું ગણવું; ઉમદાપણામાંથી બાતલ કરવું. To deprive of nobility.

Disentangle (ડિસ્-એન્ટેન્ગલ્), *vt.* છોડવું; ઉકેલવું; ગુંચ કાઢવી; નિકાલ કરવો. To unravel; to free from knots; to clear from complications.

Disentanglement (ડિસ્એન્ટેગ્લમેન્ટ્), *n.* ઉકેલ; ઉકેલવું તે; નિરાકરણ. A process of disentangling.

Disenthral (ડિસ્-એન્થ્રૉલ્), *vt. pr. p.* **Disenthralling.** *imp. & p. p.* **Disenthra-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

lled. ગુલામગીરીમાંથી છોડાવવું; દાસત્વમાંથી મુક્તિ અપાવવી. To release from slavery; to liberate from servitude. **2.** સ્વતંત્રતા આપવી-બક્ષવી; જુલ્મમાંથી મુક્ત કરવું. To bestow liberty; to make one free from troubles.

Disenthralment (ડિસ્-એન્ટ્રૉલ્-મેન્ટ્), *n.* ગુલામગીરીમાંથી મુક્તિ; દાસત્વમાંથી બચાવ. A release from slavery; a freedom.

Disentitle (ડિસ્-એન્ટાઈટ્લ્), *vt.* ખીતાબ છિનવી લેવો; પદવી લઈ લેવી. To deprive of rank and power.

Disentomb (ડિસ્એન્ટુમ્), *vt.* કબરમાંથી લઈ લેવું; જમીનમાંથી બહાર કાઢવું. To remove from a tomb.

Disesteem (ડિસ્એસ્ટીમ્), *vt.* અપમાન કરવું; અનાદર કરવો; અવગણના કરવી. To insult; to disregard; to slight. *n.* ઇતરાજી; અનાદર; અવગણના. Disfavour; a disregard.

Disfavour (ડિસ્-ફેવર્), *n.* અરૂચિ; અવકૃપા; ઈતરાજી. Disregard; a dislike. *vt.* ઈતરાજી કરવી; નાપસંદ કરવું; અકૃપા બતાવવી. To disregard; to dislike.

Disfavourable (ડિસ્-ફેવરેબલ્), *a.* અરૂચિકર; નાપસંદ પડે તેવું; ગમે નહિ તેવું; પ્રતિકૂળ; વિરૂદ્ધ. Disliking; unpleasing.

Disfigure (ડિસ્ ફિગર્), *vt. pr. p.* **Disfiguring.** *imp.* & *p. p.* **Disfigured.** બેડોળ બનાવવું; બદસુરત કરવું; વિરૂપ બનાવવું. To deform; to spoil the beauty of.

Disfiguration (ડિસ્-ફિગરેશન્), *n.* વિરૂપ બનાવવું તે; બદશિકલ કરવું તે; બેડોળપણું; બદસુરતી. An act of disfiguring; clumsy shape or form. [**Disfiguration.**

Disfigurement (ડિસ્ફિગર્-મેન્ટ્), *n.* Same as,

Disgorge (ડિસ્-ગૉર્જ્), *vt.* ઓકવું; ઉલટી કરવી; વધારે ઉલટી થવાથી ચક્કર વગેરે આવવું. To vomit; to eject.

Disgrace (ડિસ્ગ્રેસ્), *n.* નામોશી; અકૃપા; માનહાની; અપ્રતિષ્ઠતા; શરમ. Infamy; ignominy. *vt.* બે આબરૂ કરવી; ફજેત કરવું; નામોશી લગાડવી; માનહાની કરવું. To dishonour; to bring shame or discredit to.

Disgraceful (ડિસ્ગ્રેસ્ફુલ્), *a.* શરમ ભરેલું; આબરૂ બગાડે તેવું; નામોશી ભરેલું; ઈજ્જત-આબરૂને હાનિ પહોંચાડે એવું. Dishonourable; shameful.

Disgracefully (ડિસ્ગ્રેસ્ફુલિ), *ad.* આબરૂ બગાડે તેવી રીતે; નામોશી ઉપજાવે તેવી રીતે; શરમ ભરેલી રીતે. Dishonourably; shamefully.

Disguise (ડિસ્ગાઇઝ્), *n.* છુપો વેષ; વેષાંતર; કપટ; છળ; ભેદ; પ્રપંચ; ખોટો ઢોંગ,-ડોળ. A dress concealing the identity; a false show; a pretence. *vt.* વેષ લેવો; ખોટું રૂપ ધારણ કરવું; ડોળ ઘાલવો; કપટ કરવું. To assume the appearance of; to pretend; to counterfeit; to deceive under the pretext.

Disguisedly (ડિસ્ગાઇઝેડ્લિ), *ad.* છુપા વેષમાં; ખોટા રૂપમાં; પ્રપંચમાં. In the disguise or form of.

Disguisement (ડિસ્ગાઇઝ્મેન્ટ્), *n.* વેષ બદલવાનું કામ; ખોટો દેખાવ-ઢોંગ રજુ કરવો તે. An act of disguising.

Disgust (ડિસ્ગસ્ટ્), *n.* સૂગ; કંટાળો; તિરસ્કાર; ધિક્કાર. A feeling of aversion; a dislike; hatred. *vt.* કંટાળો ઉપજાવવો; સૂગ આવવી; તિરસ્કાર કરવો; ધિક્કારવું. To feel disgust; to hate; to offend the taste of.

Disgustful (ડિસ્ગસ્ટ્ફુલ્), *a.* કંટાળાવાળું; તિરસ્કારને પાત્ર. Having disgust; containing a feeling of disgust.

Dish (ડિશ્), *n. pl.* **Dishes.** થાળી; રકાબી; તબક; ભોજન પીરસવાનો થાળ. An open, flat vessel used mostly for serving food at the table. **2.** ભોજન; ખાણું. A dinner; any kind of food. *vt.* પીરસવું; રકાબી અથવા થાળમાં મૂકવું. To serve dinner in a food.

Dishearten (ડિસ્હાર્ટન્), *vt.* નાઉમેદ કરવું; બેદીલ બનાવવું; નિરૂત્સાહી કરવું; હિંમત ખોવરાવી નાંખવી. To discourage; to depress the spirits of; to dispirit.

Dishevel (ડિશેવેલ્), *vt. pr. p.* **Dishevelling.** *imp.* & *p. p.* **Dishevelled.** વિખેરી નાંખવું; લબડવું; છૂટું મૂકવું. To scatter; to keep in a disorderly state.

Dishevelled (ડિશેવેલ્ડ્), *a.* વિખરાયેલું; છૂટું; જથરપથર થયેલું; લટકતું. Scattered; loose; not in order.

Dishonest (ડિસ્-ઑનેસ્ટ્), *a.* અપ્રમાણિક; બેઇમાન; છેતરપીંડી કરનાર; દગાખોર. Knavish; faithless; false in dealings.

Dishonestly (ડિસૉનેસ્ટ્લિ), *ad.* અપ્રમાણિકપણે; બેઈમાનપૂર્વક; દગાથી. Knavishly; in a dishonest way.

Dishonesty (ડિસૉનેસ્ટિ), *n.* અપ્રમાણિકપણું; બેઇમાની; નિમકહરામી; ઠગાઇ. Want of truth; faithlessness; treachery.

Dishonour (ડિસ્-ઑનર્), *n.* બેઆબરૂ; અપકીર્તિ; કલંક; અપયશ. Disgrace; shame; a stigma. *vt.* બેઆબરૂ કરવી; કલંકિત કરવું; અપયશવાળું કરવું. To disgrace; to put to shame.

Dishonourable (ડિસ્-ઑનરેબલ્), *a.* અપમાન કરે એવું; પાજી; નીચ; અમાનનીય; બેઆબરૂ થયેલું; Disgraceful; base; discredited.

Dishonourably (ડિસ્-ઑનરેબ્લિ), *ad.* અપમાન ભરેલી રીતે; નીચતાથી; અમાનનીય રીતે; બેઆબરૂ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણે. Disgracefully; discreditably.

Disinclination (ડિસ્-ઇનક્લીનેશન્), *n.* અનુત્કંઠા; અરૂચિ; અસ્પૃહા; વિમુખતા. Want of desire; an apathetic sight.

Disincline (ડિસ્-ઇનક્લાઈન્), *vt.* અનુત્કંઠા હોવી; અરૂચિ રાખવી–દેખાડવી; વિમુખતા બતાવવી. To show an apathetic side; to disregard.

Disinfect (ડિસ્-ઇન્ફેક્ટ્), *vt.* દુર્ગંધ કાઢવી; લાગેલો ચેપ કાઢવો; શુદ્ધ બનાવવું; ચોખ્ખું કરવું. To purify from contagious matter.

Disinfectant (ડિસ્-ઇન્ફેક્ટન્ટ્), *n.* લાગેલો ચેપ દૂર કરવાનું ઓસડ–ઇલાજ. A medicine that disinfects.

Disinfection (ડિસ્-ઇન્ફેક્શન્), *n.* ચેપને દૂર કરવો તે; ચેપને નાશ કરવાનું કામ. An act of purifying from infecting matter.

Dis-ingenuous (ડિસ્ઇન્જેન્યૂઅસ્), *a.* મેલા મનવાળું; પાપી; કપટી; નાલાયક. Insincere; artful; sly; unfit for confidence.

Disinherit (ડિસ્-ઇન્હેરિટ્), *vt.* વારસમાંથી બાતલ કરવું; બીનવારસી કરવું–બનાવવું. To deprive of the right of inheritance.

Disinheritance (ડિસ્-ઇન્હેરિટન્સ્), *n.* વારસામાંથી બાતલ કરવું તે; વારસમાંથી હકદારનો હક કાઢી નાંખવો તે. An act of disinheriting.

Disintegrate (ડિસ્-ઇન્ટીગ્રેટ્), *vi. vt. pr. p.* **Disintegrating.** *imp. & p. p.* **Disintegrated.** ધીમે ધીમે ભુક્કો થઇ જવો; ખડકોના છુટા છુટા ભાગ થવા. To reduce to powder; to separate the component parts.

Disintegration (ડિસ્-ઇન્ટીગ્રેશન્), *n.* ખડકોના ધીમે ધીમે જુદા જુદા ભાગ થવા તે; ધીમે ધીમે ભુક્કો થવો તે. An act of gradual wearing down of rocks.

Disinter (ડિસ્-ઈન્ટર્), *vt. pr. p.* **Disinterring.** *imp. & p. p.* **Disinterred.** કબરમાંથી બહાર કાઢવું; જમીનમાંથી બહાર કાઢવું. To take out from a grave; to dig out from the earth.

Disinterested (ડિસઈન્ટરેસ્ટેડ્), *a.* બીનસ્વાર્થી; નિર્લોભી; નિઃસ્પૃહાવાળું; પરમાર્થી. Free from one's own interest; unselfish.

Disinterestedness (ડિસ્-ઇન્ટરેસ્ટેડ્નેસ્), *n.* બીનસ્વાર્થ; પરમાર્થ; નિર્લોભ. Unselfishness; the state of being free from one's own interest.

Disinterment (ડિસઈન્ટર્મેન્ટ્), *n.* જમીનમાંથી ખોદી કાઢવું તે; કબરમાંથી બહાર લેવું તે. An act of taking out of the earth.

Disjoin (ડિસ્-જોઇન્), *vt. vi* સંબંધ તોડવો; જુદું પાડવું; વિખુટું કરવું. To disunite; to separate. **2.** જુદા પડવું; સંબંધ તૂટવો. To be separated.

Disjoint (ડિસ્-જૉઈન્ટ્), *vt.* સાંધામાંથી જુદું પાડવું; ઉતારી નાંખવું; લચકાઇ જવું. To dislocate; to separate from the joints.

Disjunctive (ડિસ્-જન્ક્ટિવ્), *a.* છૂટું પાડનારૂં; જુદો અર્થ બતાવનારૂં; ભિન્નાર્થ વાકયયોગી. Tending to separate; of a word that disjoins.

Disjunction (ડિસ્જંક્શન્), *n.* વિયોગ; છૂટું પાડવું તે. Disunion; separation.

Disk (ડિસ્ક્), *n.* Same as, **Disc.**

Dislike (ડિસ્લાઇક્), *vt. pr. p.* **Disliking.** *imp. & p. p.* **Disliked.** નાપસંદ કરવું; અણગમતું કરવું; ધિક્કારવું; અરૂચિ હોવી. To have an aversion; to hate. *n.* અરૂચિ; અણગમો; નાપસંદગી. Antipathy; aversion.

Dislocate (ડિસ્લોકેટ્), *vt. vi. pr. p.* **Dislocating.** *imp. & p. p.* **Dislocated.** સાંધામાંથી જુદું પાડવું; સાંધામાંથી ઉતરી જવું; લચકાઇ જવું. To displace; to put out of joint.

Dislocation (ડિસ્લોકેશન્), *n.* હાથપગની લચક; શરીરના સાંધામાંથી કોઇ પણ હાડકાનું ખસી જવું તે. An act of dislocating; a displacement of any joint.

Dislodge (ડિસ્લૉજ્), *vt. vi. pr. p.* **Dislodging.** *imp. & p. p.* **Dislodged.** રહેઠાણ વિનાનું કરવું; રહેઠાણ ઉપરથી ખસેડવું; સ્થાન બહાર કાઢી મૂકવું. To drive away from the fixed place; to remove from a place of hiding. **2.** જગ્યા ઉપરથી ખસવું; રહેઠાણ વિનાનું થવું. To go away from a secret place or a place shelter.

Dislodgment (ડિસ્લૉજ્મેન્ટ્) *n.* રહેઠાણ ઉપરથી ખસી જવું તે; સ્થાન બહાર જવું તે અથવા રહેઠાણ વિનાનું બનાવવું તે. An act of dislodging.

Disloyal (ડિસ્-લૉયલ્), *a.* નિમકહરામ; બેઇમાન; રાજ્યદ્રોહી. Faithless; faithless to the government; treacherous.

Disloyally (ડિસ્લૉયલિ), *ad.* નિમકહરામપણે; બેઇમાનીથી; બેવફાઈથી. Faithlessly; treacherously.

Disloyalty (ડિસ્-લૉયલ્ટિ), *n.* નિમકહરામી; રાજ્યદ્રોહ; બેઇમાની. Faithlessness; treachery.

Dismal (ડિસ્મૅલ્), *a.* ઉદાસ; ગાંખું; ભયાનક; બીહામણું. Gloomy; dull; terrible; horrible.

Dismalness (ડિસ્મૅલ્નેસ્), *n.* ઉદાસીનતા; ભય; ગાંખાશ. Gloominess; dulness.

Dismantle (ડિસ્મૅન્ટ્લ્), *vt.* કાઢી લેવું; રક્ષણનાં સાધન લઈ લેવાં; વસ્ત્રરહિત કરવું; લુગડાં અથવા પોશાક ઉતરાવી લેવો. To deprive of dress; to deprive of every means of protection.

Dismask (ડિસ્મૅસ્ક્), *vt.* બુરખો લઇ લેવો; ખુલ્લું મૂકવું; ઉઘાડવું. To deprive of a mask; to lay open.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Dismast (ડિસ્માસ્ટ્), *vt.* વહાણનો ડોલ; ભાંગી નાંખવો; વહાણને કુવાવિનાનું કરવું. To break a mast of a ship; to deprive a ship of its mast.

Dismay (ડિસ્મે), *vt. vi.* હેબકાવી નાંખવું; ગભરાવી નાંખવું; દહેશત ઉપજાવવી. To terrify; to discourage. **2.** હેબકાઈ જવું; ગભરાઈ જવું. To be daunted; to lose heart.

Dismember (ડિસ્મેમ્બર્), *vt.* અવયવ જુદાં પાડવાં; તોડી નાંખવું; અવયવ છેદન કરવું. To divide into limbs; to separate. **2.** જુદા ભાગ પાડવા. To separate into different parts or portions.

Dismemberment (ડિસ્મેમ્બર્મેન્ટ્), *n.* જુદા અવયવ પાડવાં તે; જુદા અંગ ગણવા તે. An act of dismembering.

Dismiss (ડિસ્મિસ્), *vt.* કાઢી મૂકવું; રજા આપવી; બરખાસ્ત કરવું; બરતરફ કરવું. To send way; to remove from the post or office.

Dismissal (ડિસ્મિસલ્), *n.* બરતરફી; વિદાય; વિસર્જન. An act of sending away; discharge.

Dismission (ડિસ્મિશન્), *n.* Same as, **Dismissal.**

Dismount (ડિસ્-માઉન્ટ્), *vt. vi.* ઉતારી નાંખવું; ઉતરી પડવું; ઉતરવું; પાડી નાંખવું. To alight (esp. from a horse); to come down.

Disobedience (ડિસ્ઓબીડિએન્સ્), *n.* આજ્ઞા અથવા હુકમનો અનાદર; આજ્ઞાભંગ; અનાદર; હુકમનો અમલ નહિ કરવાની ટેવ. A refusal to obey; a violation of an order.

Disobedient (ડિસ્ઓબીડિએન્ટ્), *a.* હુકમનું ઉલ્લંઘન કરનાર; કહ્યું ન કરનાર; આજ્ઞાભંગ કરનાર. Refusing to obey; not submissive; unyielding.

Disobey (ડિસ્ઓબે), *vt. pr. p.* **Disobeying.** *imp.* & *p. p.* **Disobeyed.** કહ્યું ન કરવું; આજ્ઞાનો ભંગ કરવો; હુકમનું ઉલ્લંઘન કરવું. To refuse to obey; to violate the orders.

Disoblige (ડિસ્-ઓબ્લાઇજ્), *vt. pr. p.* **Disobliging.** *imp.* & *p. p.* **Disobliged.** માઠું લગાડવું; નાખુશ કરવું; દુભવવું; ફરજમાંથી મુક્ત કરવું. To offend by acting against the desire of; to fail to do an unfriendly service.

Disobliging (ડિસ્ઓબ્લાઇજિંગ્), *a.* મરજીથી ઉલટું કરનાર; અનુપકારી; કૃતઘ્ન. Not obliging; indisposed to gratify the desire of another.

Disorder (ડિસ્-ઑર્ડર્), *n.* અવ્યવસ્થા; ગરબડ; ઘાલમેલ; બિગાડ. Mismanagement; irregularity; confusion.

Disorderliness (ડિસ્-ઑર્ડર્લિનેસ્), *n.* વ્યવસ્થા વિનાનું હોવું તે; બંદોબસ્ત વિનાની હાલત; અંધેર સ્થિતિ. A state of being disorderly.

Disorderly (ડિસ્-ઑર્ડર્લિ), *a.* અવ્યવસ્થિત; બંદોબસ્ત સિવાયનું; અસ્તવ્યસ્ત. Unruly; immethodical; violating law and order.

Disorganize (ડિસ્-ઑર્ગનાઇઝ્), *vt. pr. p.* **Disorganizing.** *imp.* & *p. p.* **Disorganized.** અવ્યવસ્થામાં લાવવું; બંધારણ તોડવું; ગમે તેવા નિયમો ઘડીને બંધારણ તોડવું. To destroy the structure of; to bring into disorder.

Disorganization (ડિસ્ઑર્ગનિઝેશન્), *n.* શિથિલ બંધારણ; અવ્યવસ્થિત રચના; બંધારણના નિયમો તોડીએ તેમ વર્તવું તે. An act of destroying the structure; an act of bringing into disorder.

Disorganizer (ડિસ્ઑર્ગનાઇઝર્), *n.* અવ્યવસ્થિત કરનાર; કાયદાકાનુનને તોડી કામ યોજનાર. One who disorganizes.

Disown (ડિસ્ઓન્), *vt.* પોતાનું નથી એમ કહેવું; ઈન્કાર કરવો; અસ્વિકાર કરવો; ના કબુલ કરવું. To refuse, to deny as one's own; to repudiate.

Disparage (ડિસ્પૅરેજ્), *vt.* વખોડવું; નિંદવું; હલકું ગણવું; ધિક્કારવું. To censure; to treat with contempt; to undervalue.

Disparagement (ડિસ્પૅરેજ્મેન્ટ્), *n.* નિંદા; અવગણના; હલકું ગણવું તે; હીણપત. Censure; an act of undervaluing; disgrace.

Disparity (ડિસ્પરિટિ), *n.* તફાવત; ફેર; ફરક; અસમાનતા. Difference in degree or age.

Dispassionate (ડિસ્પૅશનેટ્), *a.* ઠંડા મીજાજનું; શાંત; નરમ. Free from passion; calm; quiet.

Dispatch (ડિસ્પૅચ્), *vt.* રવાના કરવું; મોકલવું; વિદાય કરવું. To send off or away; to send soon. **2.** નિકાલ કાઢવો; મુક્ત કરવું. To dispose; to rid; to make free. *n.* સંદેશો; સરકારી લખોટો (કાગળિયાં). An official message; a prompt delivery of work. **2.** ઝડપ; ઝપાટો. Speed; prompt execution.

Dispel (ડિસ્પેલ), *vt. vi.* **Dispelling.** *imp.* & *p. p.* **Dispelled.** કાઢી નાંખવું; ઉડાવી દેવું; મટાડવું. To drive away; to scatter by force. **2.** અદૃશ્ય થવું; જતાં રહેવું. To disappear; to disperse.

Dispensable (ડિસ્પેન્સેબલ્), *a.* માફી આપે તેવું; કામ કરે તેવું; પરવાનગી આપે તેવું. Capable of being dispensed.

Dispensary (ડિસ્પેન્સરિ), *n.* દવાખાનું; ઔષધશાળા; ઔષધાલય. A place, where medicines are kept and sold.

Dispensation (ડિસ્પેન્સેશન્), *n.* વહેંચણ; ઇશ્વરી કામ-કળા; વિધાન; નિર્વાણ. Distribution; a system of divine law. **2.** માફી; છુટ; પરવાનગી. A licence to do what is forbidden.

Dispense (ડિસ્પેન્સ્), *vt. vi.* વહેંચી આપવું; વહેંચવું. To distribute. **2.** માફી આપવી; દરગુજર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું; જવા દેવું. To forgive; to excuse. **3.** વહિવટમાં મુકવું; કાર્ય કરવું. To administer. **4.** મેળવણી કરવી; જુદી જુદી વસ્તુની મેળવણી કરવી. To compound.

Dispenser (ડિસ્પેન્સર્), *n.* વહેંચનાર; પ્રવર્તક; વહિવટ કરનાર. One, who dispenses.

Dispeople (ડિસ્-પીપલ્), *vt.* વસ્તી વિનાનું કરવું; ઉજ્જડ કરવું; નિર્જન બનાવવું. To devastate.

Disperse (ડિસ્પર્સ્), *vt. vi.* **Dispersing.** *imp. & p. p.* **Dispersed.** વિખેરી નાંખવું; છુટું પાડવું; વિસર્જન કરવું. To scatter; to cause to vanish; to separate. **2.** વિખરાઇ જવું; વિસર્જન થવું. To scatter; to move apart.

Dispersion (ડિસ્પર્શન્), *n.* વેરાઈ જવું તે; વિક્ષેપ; ફાટાફાટ; વિકિરણ. An act of scattering; the state of being separated into various parts.

Dispersive (ડિસ્પર્સિવ્), *a.* વેરાઇ જાય તેવું; વિખરાઇ જવાની વૃત્તિવાળું; વિક્ષેપશીલ. Tending to scatter.

Dispirit (ડિસ્પિરિટ્), *vt.* નાહિંમત કરવું; બાયલા બનાવવું; નિરૂત્સાહી કરવું. To discourage; to make cheerless.

Dispiritedness (ડિસ્પિરિટેડ્નેસ્), *n.* નાહિંમત બતાવવું તે; નિરૂત્સાહી થવાની સ્થીતિ. An act of being dispirited.

Displace (ડિસ્પ્લેસ્), *vt.* (કોઇ ચીજને) ખસેડવી આઘું મુકવું; જગ્યા બદલવી; બરતરફ કરવું. To remove; to change from a place; to discharge.

Displacement (ડિસ્પ્લેસ્મેન્ટ્), *n.* ખસેડવું તે; સ્થળાંતર; બરતરફી. A removal; a change of place; an act of discharging.

Display (ડિસ્પ્લે), *vt. pr. p.* **Displaying.** *imp. & p. p.* **Displayed.** ખુલ્લું કરવું; બતાવવું; પાથરવું. To manifest; to make clear before the eyes; to exhibit. *n.* ભભકો; દેખાડ; પ્રદર્શન; આડંબર. An outward show; an exhibition.

Displayer (ડિસ્પ્લેઅર્) *n.* ખુલ્લી રીતે બતાવનાર; પ્રદર્શનમાં મૂકનાર; ભભકો કરનાર. One who displays.

Displease (ડિસ્પ્લીઝ્), *vt. vi. pr. p.* **Displeasing.** *imp. & p. p.* **Displeased.** નાખુશ કરવું; માઠું લગાડ્યું; નારાજ કરવું. To offend; to create dissatisfaction. **2.** નાખુશ થવું; નારાજ થવું. To be offended.

Displeasant (ડિસ્પ્લેઝન્ટ્), *a.* અણગમો ઉપજાવે તેવું; ખુશ કરે નહિ તેવું; નાખુશ. Loathsome; unpleasing; vexatious.

Displeasure (ડિસ્પ્લેઝર્), *n* ગુસ્સો; ઈતરાજી; અકૃપા; નાખુશી. Anger; dissatisfaction; dislike.

Disposal (ડિસ્પોઝલ્), *n.* ગોઠવણ; વ્યવસ્થા; યોજના; આપવાનો અધિકાર. An arrangement; an act of putting in order; right of bestowing.

Dispose (ડિસ્પોઝ્), *vt. pr. p.* **Disposing.** *imp. & p. p.* **Disposed.** ગોઠવવું; ગોઠવવું; યોજના કરવી; વહેંચણી કરવી. To arrange; to distribute. **2.** મનનું વલણ હોવું; ઇચ્છવું. To incline; to wish. **3.** વેચવું; નિકાલ કરવો; ફડચો લાવવો. To sell; to bargain.

Disposition (ડિસ્પોઝિશન્), *n.* ગોઠવણ; વ્યવસ્થા; રચના. An order; an arrangement; the state of being in order. **2.** સ્વભાવ; ગુણ; ધર્મ. Natural tendency; a characteristic; temper; an inclination.

Dispossess (ડિસ્-પઝેસ્), *vt.* કબ્જામાંથી લઈ લેવો; હક ઉઠાવી લેવો. To deprive of the ownership; to put out of possession.

Dispossession (ડિસ્-પઝેશન્), કબજા વિનાનું થવું તે; ઘરબાર, ઇત્યાદિ લુંટાઈ જવાં તે. An act of dispossessing.

Dispraise (ડિસ્પ્રેઝ્), *n.* નિંદા; અવગણના; અસ્તુતિ. A censure; a disregard. *vt.* નિંદા કરવી; વાંકુ બોલવું. To censure.

Disproof (ડિસ્પ્રુફ્), *n.* રદ કરવું તે; ખંડન; વિરૂદ્ધતા. A refutation; an act of proving to be false.

Disproportion (ડિસ્પ્રોપોર્શન્), *n.* પ્રમાણ ન હોવું તે; અસમાનતા; તફાવત. Want of proportion of one thing to another. *vt.* પ્રમાણમાં નાનામોટી કરવી; ન્યૂનાધિકતા વધારવી. To transgress the due proportion.

Disproportional (ડિસ્પ્રોપોર્શનલ્), *a.* પ્રમાણ વગરનું; અસમાન; અયોગ્ય; પ્રમાણમાં નાના મોટું. Pertaining to the undue proportion or parts.

Disproportionate (ડિસ્પ્રોપોર્શનેટ્), *a.* Same as, **Disproportional.**

Disprove (ડિસ્પ્રુવ્), *vt. pr. p.* **Disproving.** *imp. & p. p.* **Disproved.** દલીલથી રદ કરવું; ખંડન કરવું; ખોટું છે તેમ સાબીત કરવું. To refute; to prove to be false.

Disprover (ડિસ્પ્રુવર્), *n.* બાતલ કરનાર; ખોટું છે તેમ સાબીત કરનાર. One who disproves.

Disputable (ડિસ્પ્યૂટેબલ્), *a.* તકરાર લેવા જેવું; વાંધો ઉઠાવવા જેવું; તકરારી. Capable of being disputed; controvertible.

Disputant (ડિસ્પ્યૂટન્ટ્), *n.* વાદવિવાદ કરનાર; દલીલથી તકરાર લેનાર; તકરાર લેનાર. One, who is given to disputes.

Disputation (ડિસ્પ્યૂટેશન્), *n.* વાદવિવાદ; તકરાર; દલીલ સાથે ભાંજગડ. A controversy; a verbal contest.

Disputatious (ડિસ્પ્યૂટેશસ્), *a.* તકરારી; વિવાદ કરનાર; લઢવાડિયું. Inclined to dispute; fond

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of arguing.

Dispute (ડિસ્-પ્યૂટ્), *vt. vi. pr. p.* **Disputing.** *imp. & p. p.* **Disputed.** તકરાર લેવી; વાદવિવાદ કરવો; પ્રતિપક્ષ કરવો; દલીલ સાથે વાંધો ઉઠાવવો. To discuss; to examine; to debate; to reason. *n.* તકરાર; વાંધો; કજીઓ; દલીલ સાથે વિરોધ. A contest; a struggle; a discussion.

Disqualification (ડિસ્ક્વૉલિફિકેશન્), *n.* નાલાયકપણું; અયોગ્યતા; નાલાયક થવાનું કારણ. An act of disqualifying; disability.

Disqualify (ડિસ્ક્વૉલિફાય્), *vt. pr. p.* **Disqualifying.** *imp. & p. p.* **Disqualified.** નાલાયક કરવું; લાયકાત વિનાનું ઠરાવવું; યોગ્યતા વિનાનું કરવું. To make unfit; to regard unfit; to show disability.

Disquiet (ડિસ્ક્વાએટ્), *vt.* બેચેની કરાવવી; ઉદ્વેગ કરાવવો; અસ્વસ્થ કરવું. To deprive of mental ease; to make restless. *a.* અશાંત; ભ્રમિત. Restless; uneasy. *n.* ઉદ્વેગ; બેચેની; અસ્વસ્થતા. Uneasiness; anxiety.

Disquietude (ડિસ્ક્વાઈટ્યૂડ્), *n.* મનની બેચેની; માનસિક અશાંતિ; ઉદ્વેગ; અકુળતા. Uneasiness; agitation; restlessness.

Disquisition (ડિસ્ક્વિઝિશન્), *n.* કોઇપણ વિષય ઉપર યથાશક્તિ શોધ; તપાસ; વિવેચન; નિરૂપણ. A formal discussion; a debate; an essay; an inquiry.

Disregard (ડિસ્રીગાર્ડ્), *vt.* અવગણના કરવી; બેપરવાઈ કરવી-બતાવવી; ધ્યાનમાં ન લેવું; ઉપેક્ષા કરવી. To pay no heed; to remain careless; to to neglect. *n.* અવગણના; બેપરવાઇ; ઉપેક્ષા. Carelessness; neglect.

Disrelish (ડિસ્રેલિશ્), *vt.* અરૂચિ હોવી; ન ભાવવું; ન ગમવું. To dislike the taste of; to be averse to. *n.* અરૂચિ; અનેચ્છા; નાપસંદગી. Distaste; some degree of disgust.

Disreputable (ડિસ્રેપ્યૂટેબલ્), *a.* શરમ લાવે તેવું; હલકું; બેઆબરૂ; અપ્રતિષ્ઠિત. Disgraceful; low; discreditable.

Disrepute (ડિસ્રેપ્યૂટ્), *n.* અપકીર્તિ; ગેરઆબરૂ; બદબોઇ. Want of reputation; discredit.

Disrespect (ડિસ્રીસ્પેક્ટ્), *n.* અપમાન; અનાદર; બેઅદબી; અમર્યાદા. Want of reverence; incivility; a neglect. *vt.* અનાદર કરવો; અમર્યાદિત રીતે વર્તવું. To have no respect; to treat ungentlemanly.

Disrespectful (ડિસ્રીસ્પેક્ટ્ફુલ્), *a.* બેઅદબ; અમર્યાદ; અસભ્ય. Uncivil; wanting in respect.

Disrespectfully (ડિસ્રીસ્પેક્ટ્ફુલિ), *ad.* બેઅદબીથી; અમર્યાદપણે; અસભ્યતાથી. In an uncivil way; impolitely.

Disrobe (ડિસ્રોબ્), *vt.* લુગડાં લઈ લેવાં; લુગડાં ઉતારવા. To deprive of garments. 2. (*fig.*) શોભા વિનાનું કરવું. To deprive the beauty of.

Disruption (ડિસ્રપ્શન્), *n.* ફાટવું તે; ચીરો; ફાટ; ભાગ. A breach; a rent.

Dissatisfaction (ડિસ્-સૅટિસ્ફેકશન્), *n.* અસંતોષ; અતૃપ્તિ; અપ્રસન્નતા; નાખુશી. Discontent; the state of being dissatisfied.

Dissatisfactory (ડિસ્-સૅટિસ્ફૅક્ટૉરિ), *a.* અસંતોષકારક; અતૃપ્તિજનક; નાખુશી ઉપજાવે તેવું. Giving or causing discontent; displeasing.

Dissatisfy (ડસ્સૅટિસ્ફાય્), *vt. pr. p.* **Dissatisfying.** *imp. &. p. p.* **Dissatisfied.** નાખુશ કરવું; નારાજ કરવું; અસંતુષ્ટ કરવું. To fail to satisfy; to displease.

Dissect (ડિસ્-સેક્ટ્), *vt. pr. p.* **Dissecting.** *imp. & p. p.* **Dissected.** કાપવું; ચીરવું; ચ્હાડકામ કરવું. To cut off a limb into parts; to cut into pieces.

Dissection (ડિસ્સેક્શન્), *n.* અવયવછેદન; વિછેદન; ચ્હાડ કામ કરવાનું કામ. An act of dissecting.

Dissector (ડિસ્સેક્ટર્), *n.* અવયવ છેદન કરનાર; ચ્હાડ કામ કરનાર. One who dissects.

Dissemble (ડિસ્-સેમ્બલ્), *vt. vi.* **Dissembling.** *imp. & p. p.* **Dissembled.** ઢોંગ કરવો; વેષ ધરવો; કપટ કરવું. To feign; to assume the show; to play with a fraud.

Dissembler (ડિસ્સેમ્બ્લર્), *n.* ઢોંગી; ઢોંગ કરનાર; કપટ કરનાર. વેષધારી. One who dissembles.

Disseminate (ડિસ્સેમીનેટ્), *vt.* વેરવું; ફેલાવવું; પ્રસારો કરવો; બીરૂપે પાથરવું. To spread; to diffuse.

Dissemination (ડિસ્સેમીનેશન્), *n.* પ્રચાર; ફેલાવો; વ્યાપકપણું. Diffusion; an act of spreading.

Disseminator (ડિસ્સેમીનેટર્), *n.* પ્રચાર કરનાર; ફેલાવનાર. One, who disseminates.

Dissension (ડિસેન્શન્), *n* કજીઓ; બખેડો; કલહ; કંકાસ. A quarrel; a hot-headed discussion; a strife; a breach of friendship.

Dissent (ડિસ્સેન્ટ્), *vi.* જુદા મતનું થવું; અસંમત થવું; નોખા પડવું; જુદો રસ્તો ગ્રહણ કરવો. To differ in opinion; to disagree. *n.* જુદા મતનું પડવું તે; વિરોધ; વિચારમાં અસંમત થવું તે. Difference in opinions; diversity.

Dissenter (ડિસ્સેન્ટર્), *n.* મતમાં, અભિપ્રાયમાં, અથવા દેવળની પ્રાર્થનામાં જુદો પડનાર. One who dissents.

Dissertation (ડિસ્-સર્ટેશન્), *n.* વાદયુક્ત ભાષણ; પ્રબંધ; ગ્રંથ; નિબંધ. A formal discourse on any subject; an essay; any literary composition.

Dissever (ડિસ્-સેવર્), *vt. vi.* જુદું પાડવું; છૂટું કરવું; અલગ પાડવું. To separate; to part in two.

Dissimilar (ડિસ્સિમિલર્), *a.* એક બીજાથી જુદું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અસમાન; વિષમ. Unlike; different.

Dissimilarity (ડિસ્સિમિલૅરિટિ), *n.* તફાવત; ભેદ; જુદાપણું; અસમાનતા. Want of resemblance; unlikeness; difference.

Dissimilitude (ડિસ્સિમિલિટ્યૂડ્), *n.* Same as, **Dissimilarity.**

Dissimulate (ડિસ્સિમ્યૂલેટ્), *vt.* ઢોંગ કરવો; કપટ કરવું; છળભેદ કરવો. To pretend; to use foul means; to feign.

Dissimulation (ડિસ્સિમ્યૂલેશન્), *n.* ઢોંગ; કપટ; છળ; ભેદ. A false show; hypocrisy.

Dissimulator (ડિસ્સિમ્યૂલેટર), ઢોંગ કરનાર; છળકપટ કરનાર. One, who dissimulates.

Dukedom (ડ્યૂકડમ્), *n.* ડ્યૂકના તાબાનો પ્રદેશ. The territory ruled over by a duke. **2.** ડ્યૂક અથવા અમીરની સત્તા. The power or authority of a duke.

Dulcet (ડલ્સેટ), *a.* સ્વાદિષ્ટ; મિઠું; રૂચિકર; સ્વાદમાં પ્રિય. Sweet to the taste. **2.** કર્ણપ્રિય; કાનને મધુર લાગે તેવું. Melodious to the ears; pleasing to the ears.

Dulcify (ડલ્સિફાય્), *vt.* મીઠું બનાવવું; મધુર કરવું; સ્વાદિષ્ટ બનાવવું. To sweeten; to render agreeable to the taste.

Dulcimer (ડલ્સિમર્), *n.* એક જાતનું વાજીંત્ર. A kind of stringed instrument.

Dull (ડલ્), *a.* જડ; ઠોઠ; મંદબુદ્ધિનું; સુસ્ત; કામમાં પાછળ પડનાર. Stupid; wanting in sense; insensible. **2.** ઉદાસ; દિલગીર. Sad; cheerless. **3.** ઝાંખું; નિસ્તેજ. Darkish; not bright. *vt. vi.* મંદબુદ્ધિનું બનાવવું; મૂર્ખ બનાવવું. To make dull; to stupify. **2.** નિસ્તેજ કરવું; ઝાંખું બનાવવું. To make dim; to deprive of light.

Dullard (ડલર્ડ), *n.* બેવકૂફ; મૂર્ખ; મંદબુદ્ધિનો માણસ. Stupid fellow; a senseless fellow.

Dulness, Dullness (ડલનેસ્), *n.* મૂર્ખાઈ; બેવકુફી; મંદબુદ્ધિપણું; જડતા. Stupidity; foolishness; insensibility. **2.** ઝાંખાશ; આંધી; નિરૂત્સાહીપણું; અતીક્ષ્ણતા. The quality of being dim.

Duly (ડ્યૂલિ), *ad.* બરોબર; યથાસ્થિત; ઘટતી રીતે; યોગ્ય રીતે. Properly; in a required form.

Dumb (ડમ્), *a.* મુંગું; વાચા વિનાનું; બોબડું. Without the power of speech; silent; mute. *vt.* ચુપ કરવું; મોં બંધ કરવું. To silence. **Dumb-show,** *n.* કરપલ્લવી; મુંગો તમાસો. **To strike dumb,** બોલતાં બંધ કરી દેવું; મોંઢે તાળું મારવું.

Dumbness (ડમનેસ્), *n.* વાચાહીનતા; મુંગાપણું. The quality of being dumb.

Dummy (ડમિ), *n.* મુંગો પુરૂષ. A dumb person. **2.** ખોટો દેખાવ. A sham show. **3.** બનાવટી પડીકું; ખોટું પડીકું. A sham packet. *a.* જુઠું; ખોટું; બનાવટી. Sham; fictitious.

Dump (ડમ્પ્), *n.* શોક; ઉદાસીનતા; દિલગીરી. Sadness; a gloomy aspect of mind.

Dumpy (ડમ્પિ), *a.* ઠુંઠું અને જાડું. Short and thick

Dun (ડન્), *a.* તપખીરીઆ રંગનું; ભુરા રંગનું. Of brown colour; of a smoky colour.

Dun (ડન્) *vt. pr. p.* **Dunning.** *imp.* & *p. p.* **Dunned.** નાણાંને માટે ઉઘરાણી કરવી; માંગવું; નાણાં ભરી જવા બોલાવવું. To ask for a debt in a pressing manner. *n.* ઉઘરાણી કરનાર. One who asks for urgent payment.

Dunce (ડન્સ્), *n. pl.* **Dunces.** મૂર્ખ; બબુચક; અક્કલનો અધૂરો. A dullard; a fool.

Duncify (ડન્સિફાય્), *vt. pr. p.* **Duncifying.** *imp.* & *p. p.* **Duncified.** મૂર્ખ બનાવવું; બેવકુફ બનાવવો. To regard a fool; to befool.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Dung (ડન્ગ્), *n.* છાણ; હગાર; લાદ. The excrement of animals. *vt. vi.* છાણ, વિગેરેનું ખાતર નાંખવું. To manure with dung. **Dung-fork,** *n.* છાણ, વિગેરે ભેગું કરવાનો પાવડો. **Dung-hill,** *n.* ઉકરડો.

Dungeon (ડન્જૅન્), *n.* અંધારી કોટડી; હવા ઉજાસ વિનાની કોટડી. A deep and dark place. **2.** કેદખાનું; તુરંગ. A prison. **3.** કિલ્લામાં મજબૂતમાં મજબૂત મિનારો. The strongest tower of a castle.

Dupe (ડ્યૂપ્), *vt. pr. p.* **Duping.** *imp.* & *p. p.* **Duped.** ભોળવવું; ફસાવવું; ઠગવું; સહેલાઇથી છેતરવું. To deceive; to cheat. *n.* સહેલાઇથી ઠગાઇ જાય તેવો માણસ. A senseless and stupid person.

Duplicate (ડ્યુપ્લિકેટ્), *a.* બેવડું; બેગણું. Double; twofold. *vt.* બેવડું કરવું; બેગણું કરવું. To make two-fold; to double.

Duplicature (ડ્યૂપ્લિકેટ્યૂર્), *n.* બેવડું કરવું તે; પડ. An act of doubling; a fold.

Duplicity (ડ્યૂપ્લિસિટિ), *n.* મનમાં કાંઇ ને કહેવું કાંઇ તે; કપટભાવ; છળભેદ. A double-dealing; deceit; fraud.

Durability (ડ્યૂરેબિલિટિ), *n.* ટકાઉપણું; લાંબા વખત સુધી નાશ નહિ પામવાનો ગુણ. The quality of being durable; continuance.

Durable (ડ્યૂરેબલ્), *a.* ટકાઉ; લાંબો કાળ પહોંચે તેવું; જલદીથી ન ઘસાય તેવું. Lasting; not easily perishable. [**Durability.**

Durableness (ડ્યૂરેબલનેસ્), *n.* Same as,

Durance (ડ્યૂરૅન્સ્), *n.* આવરદા; જીંદગી. Duration; life. **2.** બંધન; કેદમાં જકડાવું તે. Confinement; imprisonment.

Duration (ડ્યૂરેશન્), *n.* મુદત; ટકાઉપણું; પહોંચવું અથવા ચાલવું તે. Continuance of time; the state of being durable.

During (ડ્યૂરિન્ગ્), *prep.* સુધીમાં; તેવામાં; દરમીઆનમાં. In the time of.

Dusk (ડસ્ક્), *n.* ભળભાંખર; પ્હો ફાટવાનો સમય; ઝાંખુ અજવાળું. An approach of darkness; a faint light. **2.** કાળાશ; ઝાંખો પ્રકાશ. Dimness; dim light. *a.* ઝાંખું; આંધળું; ધુંધળું. Dim; blackish; wanting in light.

Dusky (ડસ્કિ), *a.* આંધળું; ઝાંખું; કાળાશ પડતા રંગનું. Black; dim; not bright. **2.** દિલગીર; ઉદાસ. Sad; gloomy.

Dust (ડસ્ટ્), *n.* ધૂળ; માટી; રજ; કચરો. Powder of earth; particles of earth. *vt.* ધૂળ સાફ કરવી; કચરો કાઢવો. To free from dust. **2.** ઝીણો ભુકો કરવો. To reduce to powder. **Dust-bin,** *n.* કચરા પેટી. **Dust-brush,** *n.* કચરો કાઢવા સારૂ બ્રશ; સાવરણી.

Dusty (ડસ્ટિ), *a.* ધૂળથી ઢંકાઈ ગયેલું; ધૂળવાળું. Covered with dust; full of dust.

Dutiful (ડ્યૂટિફુલ્), *a.* કર્તવ્યપરાયણ; ફરજ સમજનાર; ધર્મ પ્રમાણે વર્તનાર; મર્યાદામાં રહેનાર; આજ્ઞાંકિત. Obedient; submissive; respectful.

Duteous (ડ્યૂટિઅસ્), *a.* Same as, **Dutiful.**

Dutifully (ડ્યૂટિફુલિ), *ad.* આજ્ઞાંકિતપણે; ધર્મપૂર્વક; ફરજ સમજીને. In a dutiful way.

Dutiable (ડ્યૂટિએબલ્), *a.* જકાત લાગુ પડી શકે એવું; જકાતી; જકાત લેવા લાયક. Subject to the payment of a duty.

Duty (ડ્યૂટિ), *n. pl.* **Duties.** ફરજ; ધર્મ; કર્તવ્ય; કાર્ય; કામ. A moral service; a binding or obligatory work. **2.** દાણ; જકાત; કર; મહેસુલ. A custom; a tax. **Duty-free,** *a.* જકાતમાંથી મુક્ત થયેલ હોય એવું.

Dux (ડક્સ્), *n.* શાળાનો મુખ્ય વિદ્યાર્થી; વર્ગમાં મુખ્ય વિદ્યાર્થી. A chief pupil in a school.

Dwarf (ડ્વૉર્ફ્), *n.* ઠીંગણો પુરૂષ; વામનજી. A very short stunted person. *vt.* ઓછું કરવું; કમી કરવું; ઠીંગણું બનાવવું; ઉંચાઇમાં ન વધે તેમ કરવું. To lessen; to stunt.

Dwarfish (ડ્વૉર્ફિશ્), *a.* ઠીંગણું; ઠેંગીયું. Like a dwarf; of a very low height.

Dwell (ડ્વેલ્), *vt. pr. p.* **Dwelling.** *imp.* & *p. p.* **Dwelled,** or **Dwelt.** રહેવું; વસવું; રહેઠાણ કરવું; વસવાટ કરવો. To abide as a permanent resident; to live in a place. **To dwell upon,** or **on,** લંબાવવું; વિવેચન કરવું.

Dweller (ડ્વેલર્), *n.* રહેનાર; વસનાર; રહેવાસી. One who dwells; an inhabitant.

Dwelling (ડ્વેલિંગ્), *n.* રહેઠાણ; વાસ; ઘર; મકાન. A habitation; a residence; an abode.

Dwindle (ડ્વિન્ડ્લ્), *vi. pr. p.* **Dwindling.** *imp.* & *p. p.* **Dwindled.** ઘટવું; ક્ષીણ થવું; ઉતરતા ગુણનું થવું. To become small; to shrink; to degenerate.

Dye (ડાય્), *vt. pr. p.* **Dyeing.** *imp.* & *p. p.* **Dyed.** રંગવું; રંગીત કરવું; રંગ ચઢાવવો. To give colour to; to colour. *n.* રંગ. Colour.

Dyed (ડાઇડ્), *a.* રંગેલું; રંગીત; રંગવાળું. Coloured.

Dyeing (ડાઈન્ગ્), *n.* રંગવાનું કામ; રંગરેજનું કામ. An act of colouring. [dyes cloths, etc.

Dyer (ડાયર્), *n.* રંગરેજ; રંગારો. One who

Dying (ડાઇન્ગ્), *a.* નાશવંત; મરણ પામતી વખતનું. Mortal; coming or drawing to a close.

Dynamics (ડાઇનૅમિક્સ્), *n.* ગતિમાન પદાર્થનું વર્ણન કરનાર; ગતિશાસ્ત્ર. The science of moving forces.

Dynasty (ડિનૅસ્ટિ), *n.* રાજવંશ; રાજવંશાવળી. A race of rulers; a succession of rulers.

Dysentery (ડિસેન્ટરિ), *n.* મરડો; અતિસાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગ્રહણી. A disease, akin to the looseness of bowels.

Dyspepsia (ડિસ્પેપ્સિઍ), *n.* અજીરણ; બાદી; અપચો. Indigestion; the difficulty in digestion. [**Dyspepsia.**

Dyspepsy (ડીસ્પેપ્સિ), *n.* Same as,

Dyspeptic (ડિસ્પેપ્ટિક), *a.* અજીર્ણવાળું; અજીરણના રોગવાળું. Pertaining to indigestion.

Dysury (ડિસ્યૂરિ), *n.* મૂત્રાવરોધ; પેશાબ કરવાની અડચણ. Difficulty in discharing urine.

E.

E (ઇ), અંગ્રેજી મૂળાક્ષરનો પાંચમો અક્ષર છે. It is the fifth letter of the English alphabet.

Each (ઈચ), *a. pro.* દરેક; પ્રત્યેક. Every; every one.

Eager (ઈગર), *a.* આતુર; ઉત્સુક; પ્રબળ; તીવ્ર ઇચ્છાવાળું Earnest; vehement; fervent; sharp.

Eagerly (ઇગરલિ), *ad.* આતુરતાથી; ઉત્કંઠાથી. Earnestly; in an eager manner; vehemently.

Eagerness (ઇગરનેસ), *n.* આતુરતા; હોંશ; ઉત્કંઠા; ઉત્સાહ. Earnestness; keeness.

Eagle (ઇગલ), *n.* ગરૂડપક્ષી; ગરૂડ. A bird of the falcon family. **2.** રાજ્યચિન્હ અથવા વાવટા ઉપર ગરૂડનું ચિન્હ. A symbol of an eagle on the standard (esp. of France). **3.** દશ ડૉલરની કિંમતનો એક સોનાનો સિક્કો. A golden coin worth ten dollars. **Eagle-eyed,** *a.* બારીક નજરવાળો; તીક્ષ્ણ બુદ્ધિવાળો.

Eaglet (ઇગ્લેટ), *n.* ગરૂડનું બચ્ચું; નાનું ગરૂડ. A young eagle.

Ean (ઇન), *vt. vi.* વિઆવું; જણવું (ઘેટા, વિગેરેનું) To bring forth; to give birth.

Eanling (ઇનલિન્ગ), *n.* તરતનું જન્મેલું ઘેટાનું બચ્ચું. A lamb, recently brought forth.

Ear (ઈર), *n.* કાન; કર્ણ; શ્રવણેન્દ્રિય. The organ of hearing; the sense of hearing. **To set by the ears,** કજીઓ કરાવવો; કજીઆમાં ભાગ લેવો. **To give ear to,** ધ્યાન દઇને અથવા કાળજીપૂર્વક સાંભળવું. **To poison the ears,** કાન ભંભેરવા. **Ear-finger,** *n.* ટચલી આંગળી. **Ear-ache,** *n.* કાનમાં સણકા આવવા તે. **Ear-drum,** *n.* કાનનો વચલો ભાગ. **Ear-shot,** *n.* સંભળાઈ શકે તેટલું અંતર–છેટું. **Ear-pick,** *n.* કાન ખોતરણી. **Ear-borer,** *n.* કાન વિંધનાર.

Ear (ઇર), *n.* કણસલું; હુંડું. The projecting part of an Indian plant, producing corn. *vt. vi.* કણસલું આવવું; હુંડા થવા. To put forth the ear in growing. **2.** ખેડવું; ખેડીણ કરવું. To cultivate; to plough.

Earl (અર્લ), *n.* અમીર; ઇંગ્લેન્ડનાં અમીરની પદવી; ઠાકોર. A title of nobility. **Earl-marshal,** *n.* લશ્કરી અમલદાર. [Jurisdiction of an Earl.

Earldom (અર્લ્ડમ), *n.* અર્લની પદવી–હકુમત.

Earliness (અલ નેસ), *a.* વખતસર હોવું તે; વહેલાં હોવું તે. The state of being early.

Early (અર્લિ), *ad.* વખતસર; વહેલું; વખતસર થયેલું. Done in time; in time. *a.* વખતસર; વહેલું. Sooner than due time; in time.

Earnings (અર્નિંગ્ઝ), *n* પેદાશ; કમાણી; આવક; આમદાની. What is gained or deserved by labour; wages; reward.

Earnest (અર્નેસ્ટ), *a.* ખરા દીલવાળું; ઉત્કંઠિત; ઉત્સુક; દીલોજાન. Fervent; hearty; sincere.

Earnest-money, *n.* બહાનામાં આપેલા પૈસા; બહાનાપેટે આપવામાં આવતી રકમ. Money given in advance.

Earnestly (અર્નેસ્ટલિ), *ad.* ખરા દીલથી; આતુરતાથી; ઉત્સુકતાથી. Sincerely; heartily.

Earnestness (અર્નેસ્ટનેસ), *n.* ઉત્સુકતા; આતુરતા; ઉત્કંઠા. The state of being earnest; zeal.

Earth (અર્થ), *n.* માટી; મટોડી. The particles composing the mass of the globe. **2.** પૃથ્વી; ધરતી; જમીન; વસુધા. The globe, on which the human beings, etc. live. *vt. vi.* ભૂમિદાહ કરવો; માટી ઢાંકવી; દાટવું. To bury; to inter into the ground. **2.** જમીનમાં સંતાઇ જવું. To lie hidden under ground.

Earthen (અર્થન), *a.* માટીનું; માટીનું બનાવેલું; મટોડીનું. Made of earth; of clay.

Earthliness (અર્થલિનેસ), *n.* ભૂલોકનો સંબંધ હોવો તે. The quality of being earthly.

Earthly (અર્થલિ), *a.* પૃથ્વીનું; સંસારી; સૃષ્ટિનું. Pertaining to the earth; worldly; carnal.

Earthling (અર્થલિંગ), *n.* માનવી; મનુષ્ય. A mortal; a man. **2** દુનિયાદારીમાં રચ્યો પચ્યો રહેનાર. One, too much engrossed in worldly affairs. [A shaking of the earth.

Earth-quake (અર્થ-ક્વેક), *n.* ધરતીકંપ; ભૂકંપ.

Earth-work (અર્થ-વર્ક), *n.* માટીનું અથવા મટોડીનું કામ; માટીથી બાંધેલો કિલ્લો. A fortification made of earth.

Earthy (અર્થિ), *a.* માટી જેવું; ઐહિક; જગતનું. Like earth; pertaining to earth.

Ease (ઈઝ), *n.* ચેન; સગવડ; સુખચેન; એશઆરામ. Repose; rest; tranquillity. *vt. vi.* આરામ આપવો; નરમ પાડવું; સમાધાન કરવું; સ્વસ્થ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To give rest or comfort; to free from worries or troubles.

Easel (ઇઝેલ્), *n.* ચીતારો જે ઘોડી ઉપર કેન્વાસ મુકીને ચીતરે છે તે ઘોડી. A wooden frame meant for a painter.

Easily (ઇઝિલિ), *ad.* સહેલાઇથી; સુખેથી; શ્રમ સિવાય. In an easy manner; without undergoing much trouble.

Easement (ઈઝ્-મેન્ટ્), *n.* સુખ; સગવડ; સોઇ. Comfort; convenience. **2.** (*Law*) પર જમીનમાં અથવા ભૂમિમાં અધિકાર હોવો તે. A privilege, enjoyed in the estate of another.

Easiness (ઇઝિનેસ્), *n.* સહેલાઇ; સુખ; આરામ; સગવડતા. The state of being easy; ease.

East (ઇસ્ટ્), *n.* પૂર્વ દિશા; ઉગમણી દિશ; પૂર્વ. One of the four cardinal points, from where the sun appears to rise. *a.* ઉગમણું; પૂર્વ દિશાનું. Of the east. *ad.* પૂર્વ તરફનું. Towards the east. *v.* પૂર્વ દિશા તરફ ખસવું-જવું. To move towards the east.

Easter (ઇસ્ટર્), *n.* ખ્રિસ્તી લોકોનો તહેવારનો સમય; 'ગુડ્ફ્રાયડે'. A festival of the Church, in connection with Christ, to be observed in March or April.

Easterly (ઇસ્ટર્લિ), *a.* પૂર્વમાંથી આવતું-પસાર થતું; પૂર્વનું; પૂર્વ તરફનું. Coming from the east; of the east.

Eastern (ઇસ્ટર્ન્), *a.* પૂર્વ તરફનું; ઉગમણી તરફનું; પૂર્વ બાજુનું. Of the east side.

Eastward,-s (ઇસ્ટ્-ઉવર્ડ્,-ઝ્), *ad.* પૂર્વ તરફ, -માં; ઉગમણી બાજુએ. To the direction of the east; in the side of the east.

Easy (ઇઝિ), *a.* સહેલું; સુખવાળું; જરા વારમાં થઇ શકે તેવું. Free from troubles; which can be done or solved soon. **Easy-chair,** *n.* આરામ ખુરશી.

Eat (ઈટ્), *vt. vi. pr. p.* **Eating.** *imp.* **Ate.** *p. p.* **Eaten.** ખાવું; ભક્ષણ કરવું; સ્વાદ લેવો; આરોગવું; જમવું. To eat and swallow as food. **2.** કોતરી ખાવું; ખાઇ જવું; નાશ કરવો. To corrode away; to consume.

Eatable (ઇટેબલ્), *a.* ખવાય તેવું; ખાઇ શકાય તેવું; ખાદ્ય. Esculent; capable of being eaten.

Eaves (ઇવ્ઝ્), *n. pl.* છજું; નેવ; છાપરાની પોંખ. The part of a building, projecting beyond the wall. **Eaves-drop,** *n.* નેવનાં પાણી; બીજાની વાત છુપી રીતે સાંભળનાર.

Ebb (એબ્), *n.* ઓટ. The coming back of tide water towards the sea. **2.** (*fig.*) પડતી; ઉતરતી દશા. The declining state or condition. *vt. pr. p.* **Ebbing.** *imp.* & *p. p.* **Ebbed.** ઓટ થવો; ભરતી ઉતરી જવી. To go back of the tide towards the sea. **2.** પડતી થવી; ઉતરતી દશામાં આવવું. To decline; to fall. **Ebb-tide,** *n.* ઓટ.

Ebony (એબૉનિ), *n.* અબનુસનું લાકડું. A kind of black-coloured wood.

Ebonize (એબોનાઇઝ્), *vt. pr. p.* **Ebonizing.** *imp.* & *p. p.* **Ebonized.** પોલીશ કરીને કાળા રંગનું અને ચળકતું બનાવવું (લાકડાને). To make black.

Ebriety (ઇબ્રાઇટિ), *n.* છાકટાપણું; ઉન્માદ; મદ. Drunkenness; the habit of drinking in excess.

Ebullient (ઇબ્યૂલિએન્ટ્), *a.* ઉકળતું; જોશવાળું; આવેશવાળું. Boiling; agitating.

Ebullition (ઇબ્યૂલિશન્), *n.* ઉકળવું તે; જોશ; એકદમ ઉભરો આવવો તે. An act of boiling; up. **2.** જુસ્સો; હૃદયનો આવેશ અથવા ઉભરો. A sudden burst of mind; an act of overflowing (as, of anger, passions).

Eccentric,-al (એક્સેન્ટ્રિક્,-કૅલ્), *a.* જેનું મધ્ય બિંદુ એક નહિ હોય તેવું; વિલક્ષણ; તરેહવાર; ખેઢંગુ. Departing from the centre; odd; singular.

Eccentricity (એક્સેન્ટ્રિસિટિ), *n.* મધ્ય બિંદુ ત્યાગ; ખેઢંગાપણું; તરેહવારપણું; વિલક્ષણતા. The state of being eccentric; oddity; singularity.

Ecclesiastic (એક્-ક્લી-ઝિએસ્ટિક), *a.* ધાર્મિક; દેવળ સંબંધી; દેવળનું. Pertaining to the church. *n.* પાદરી; ધર્મનો ઉપદેશ કરનાર. A priest; a religious preacher.

Ecclesiastical (એક્-ક્લી-ઝિએસ્ટિકૅલ્). *a.* ખ્રિસ્તી મંડળનું; ખ્રિસ્તી ધર્મને લગતું. Pertaining to Christianity; relating to the religion of the church of England.

Echo (એકો), *n.* પડઘો; પ્રતિશબ્દ; પ્રતિધ્વની; પ્રતિદોષ. An act of resounding; a sound reverberated. *vt. vi. pr. p.* **Echoing.** *imp.* & *p. p.* **Echoed.** પડઘો પાડવો; પ્રતિધ્વનિ કરવો; પ્રતિશબ્દ થવો. To send back the sound.

Eclat (એક્લા), *n.* ભભકો; શોભા; શાબાશી; ધન્યવાદ; ઠાઠમાઠ. Lustre; brilliancy; an applause.

Eclectic (એક્લેક્ટિક્), *a.* ચુંટી કહાડનારૂં; સારગ્રાહી. Selected; chosen from different sources.

Eclipse (ઇક્લિપ્સ્), *n.* ગ્રહણ; ગ્રાસ. An obstruction of light, by some other luminous body. *vt.* ગ્રહણ લાગવું; ઝાંઝ નાંખવું; પ્રકાશ ઢાંકી દેવો; ઝાંખું કરી દેવું. To obstruct the light; to obscure; to darken.

Ecliptic (ઇક્લિપ્ટિક્), *a.* ગ્રહને લગતું; ગ્રહણનું. Pertaining to the eclipse.

Economic,-al (ઇકૉનૉમિક્,-કૅલ્), *a.* કરકસરીયું; ઘરના બંદોબસ્તવાળું; ખરચમાં ડહાપણ બતાવનારૂં. Frugal; prudent in expenditure; judicious.

Economist (ઇકૉનૉમિસ્ટ્), *n.* કરકસરિયો; કરકસર કરનાર; અર્થશાસ્ત્રી. One, who manages

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

household affairs frugally; one clever in the science of economy.

Economize (ઇકૉનૉમાઇઝ્) *vt. vi. pr. p.* **Economizing.** *imp. & p. p.* **Economized.** કરકસર કરવી; ડહાપણથી ખરચવું; વિવેક પૂર્વક ખરચ રાખવો. To be frugal; to expend (money) prudently.

Economy (ઇકૉનૉમિ), *n.* ઘરનો બંદોબસ્ત; કરકસર; ઘરખરચની વ્યવસ્થા. Management of the household affairs. **2.** કરકસર; ત્રેવડ; વહીવટ. Frugality; a thoughtful use of money. **Political Economy,** *n.* અર્થશાસ્ત્ર. **Domestic Economy,** *n.* ગૃહવ્યવસ્થા.

Ecstasy (એક્સ્ટસિ), *n.* અતિશય ખુશાલી; પરમાનંદ; હર્ષોન્માદ. Joy in excess; a kind of trance; too much delight. **2.** ઘેલછા; ગાંડપણ. Madness; insanity.

Ecstatic,-al (ઍક્સ્ટૅટિક્,-કૅલ્), *a.* અતિશય ખુશાલીવાળું; હર્ષોન્માદવાળું; ઘેલછાથી ભરપૂર. Pertaining to ecstasy; rapturous.

Eddy (એડિ), *n. pl.* **Eddies.** વમળ; વંટોળિયો; પાણીનો પાછો મારતો ઓઘ. A whirlpool, a storm; a current (of water, or wind), moving round. *vi.* વંટોળિયો થવો; ગોળ ચક્કર ફરવું; પાણીનું અથડાઇને પાછું ફરવું. To cause to move in an eddy.

Edge (એજ્). *n.* કોર; કિનાર; કીનારી; પાળ. A border; the ending part of any thing; a margin. **2.** ધાર; તીક્ષ્ણતા; તેજ. The cutting side of any instrument. **3.** તીવ્રતા; તીક્ષ્ણતા. Keenness; sharpness. *vt. vi.* ધાર કાઢવી; તીક્ષ્ણ બનાવવું. To sharpen; to sharpen the border. **2.** કોર મુકવી; મગજી મુકવી; ઝાલર મુકવી. To furnish with a border or line. **3.** ઉસ્કેરવું; પ્રેરણા કરવી-થવી; આગળ વધારવું અથવા વધવું. To provoke; to incite; to move ahead.

Edgeless (એજ્લેસ્), *a.* કોર વિનાનું; ધાર વિનાનું; તીક્ષ્ણતા વિનાનું. Deprived of edge; blunt.

Edibility (એડિબિલિટિ), *n.* ખાવાનો ગુણ; ભક્ષ્ય પદાર્થનો ગુણ હોવો તે. The quality of being eatan.

Edible (એડિબલ્), *a.* ખાવાયોગ્ય; ખાદ્ય; ખાવાનું. Capable of being eaten as food; eatable.

Edibleness (એડિબલનેસ્), *n.* Same as, **Edibility.**

Edict (એડિક્ટ્), *n.* રાજ આજ્ઞા; રાજાનો હુકમ; ફરમાન. A royal order; a proclamation.

Edification (એડિફિકેશન્), *n.* બુદ્ધિનો વધારો; ઉન્નતિ કરવી તે; જ્ઞાન પ્રાપ્તિ. Improvement in intellect; mental progress. **2.** ઇમારત; ઇમારત બાંધવાનું કામ. An act of edifying.

Edifice (એડિફિસ્), *n.* ઇમારત; હવેલી; ઉત્તમ બાંધણીવાળું મકાન. A building; a fine structure.

Edify (એડિફાય્), *vt. pr. p.* **Edifying.** *imp. & p. p.* **Edified.** ઇમારત બાંધવી; બાંધવું. To build; to construct **2.** જ્ઞાન આપવું; નીતિને માર્ગે દોરવું; ઉપદેશ કરવો. To instruct morally.

Edit (એડિટ્), *vt. pr. p.* **Editing.** *imp. & p. p.* **Edited.** ગ્રંથ-પુસ્તક વિગેરે છપાવવા; સુધારો વધારો કરી છપાવવું; પ્રગટ કરવું; પ્રસિદ્ધિમાં લાવવું. To publish; to manage the publication (books, newspapers, etc).

Edition (એડિશન્), *n.* આવૃત્તિ; પ્રત. The whole number of copies, of a work published in one time.

Editor (એડિટર્), *n.* પુસ્તક, ચોપાનિયાં, વિગેરે પ્રસિદ્ધ કરનાર; વર્તમાનપત્રનો અધિપતિ. One, who publishes or manages the work of publication; a manager of a newspaper, magazine, etc.

Editorial (એડિટોરિઍલ્), *a.* વર્તમાનપત્રના અધિપતિને લગતું; પુસ્તક વિગેરેની પ્રસિદ્ધિની બાબતનું. Pertaining to the work of an editor. *n.* વર્તમાનપત્રમાં અધિપતિથી ખાસ લખેલો લેખ અથવા બાબત. An article contributed by the editor in a newspaper.

Educate (એડ્યૂકેટ્), *vt. pr. p.* **Educating.** *imp. & p. p.* **Educated.** કેળવણી આપવી; શિક્ષણ આપવું; કેળવવું; તાલીમ આપવી. To train; to instruct; to teach.

Education (એડ્યુકેશન્), *n.* કેળવણી; તાલીમ; શિક્ષણ; વિદ્યાદાન. A training; instruction; learning.

Educational (એડ્યૂકેશનૅલ્), *a.* કેળવણીનું; શિક્ષણને લગતું; શિક્ષણ સંબંધી. Pertaining to education.

Educationist (એડ્યૂકેશનિસ્ટ્), *n.* કેળવણીથી સુધારો થાય છે એવો મત ધરાવનાર; કેળવણીકાર; કેળવણીનો હિમાયતી. One, who advocates the cause of education.

Educator (એડ્યૂકેટર્), *n.* કેળવણી આપનાર; કેળવણી-શિક્ષણ વિગેરેનો પ્રચાર કરનાર. One, who educates.

Educe (ઇડ્યુસ્), *vt. pr. p.* **Educing.** *imp. & p. p.* **Educed.** કાઢવું; કાઢી લેવું; ખેંચવું. To bring out; to extract.

Educible (ઇડ્યૂસિબલ્), *a.* કાઢી શકાય તેવું; ખેંચી શકાય તેવું. Capable of being educed.

Eduction (ઇડક્શન્), *n.* અર્ક; સત્વ; ખેંચેલો પદાર્થ; ખેંચવું તે. An act of educing.

Eel (ઇલ્), *n.* 'ઇલ' નામની માંછલી જે સર્પના જેવી હોય છે. A fish having the shape of a serpent.

Effable (એફ્-ફેબલ્), *a.* બોલાય તેવું; વાચ્ય; કથનીય. Capable of being uttered or

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

explained.

Efface (ઇફેસ્), *vt. pr. p.* **Effacing.** *imp. & p. p.* **Effaced.** ચકવું; કાઢી નાંખવું; છેકો મારવો. To rub out; to destroy; to blot. **2.** ભૂલવું; વિસ્મરણ કરવું. To forget; to remove from the mind.

Effect (એફેક્ટ), *n.* અસર; કાર્ય; ગુણ; પરિણામ; મતલબ. A consequence; a cause; a reality. **2.** (*pl.*) (*Law*) માલમતા; માલમિલ્કત. Goods; movables; personal property. *vt.* ઉત્પન્ન કરવું; સાધવું; પાર પાડવું; કરવું. To produce (as, a cause); to achieve; to get.

Effective (એફ્-ફેક્ટિવ્), *a.* અસરકારક; ગુણકારી; ઉપયોગી; ફાયદો લાવે તેવું. Having the power to produce effect; with the power of sharp or active operation.

Effectiveness (એફ્-ફેક્ટિવ્-નેસ્), *n.* અસર થવાનો ગુણ-ધર્મ; ઉપયોગીતા. The quality of being effective.

Effectual (એફ્-ફેક્ટ્યૂઅલ્), *a.* સફળ; અસરકારક; રામબાણ; સાર્થક; ઉપયોગી. Adequate; producing a desired effect.

Effectuate (એફ્-ફેક્ટ્યૂએટ), *vt.* પાર પાડવું; સંપાદન કરવું; પૂર્ણ કરવું; પરીણામ લાવવું. To fulfil; to accomplish; to bring to pass.

Effeminacy (એફ્-ફીમિનેસિ), *n.* નામર્દપણું; અતિ કોમળતા; બ્હીકણપણું; ભીરૂતા; સ્ત્રીના જેવા ગુણો. The state of being effeminate.

Effeminate (એફ્-ફીમિનેટ), *a.* સ્ત્રી જેવું; અતિ કોમળ; નરમ. Womanish; very tender; soft. **2.** નામર્દ; બાયલું; હિંમત વિનાનું. Unmanly; coward; very weak. *vt. vi.* નામર્દ બનાવવું; કોમળ બનાવવું. To make cowardly; to make womanish. **2.** નામર્દ થવું-બનવું. To be womanish.

Effervesce (એફ્-ફર્-વેસ્), *vi.* ઉભરો આવવો; ખદખદવું; ઉકળવું. To bubble; to froth. **2.** (*fig.*) લાગણીનું ઉશ્કેરાઇ જવું. To show feelings.

Effervescence (એફ્-ફર્-વેસેન્સ્), *n.* ઉભરો; જોશ; ફીણ. The bubbling of a fluid; the flow of spirits.

Effervescent (એફ્ફર્વેસેન્ટ), *a.* ઉભરાતું; ફીણ આવતું. Showing the bubbles; full of foam.

Effete (એફ્-ફીટ), *a.* ઘૂંચિયું; ફળ ન આપે તેવું; નિષ્ફળ. Barren; fruitless.

Efficacious (એફિકેશસ્), *a.* અસરકારક; ગુણોત્પાદક; કાર્યસંપાદક; ગુણકારક. Producing effects; giving the desired effect.

Efficacy (એફિકેસિ), *n.* ગુણ; બળ; અસર; પ્રભાવ. Power to produce effects; the result of the desired effect. [as, **Efficacy.**

Efficaciousness (એફ્-ફિ-કેશસ્નેસ્), *n.* Same

Efficient (એફ્-ફિ-શેન્ટ), *a.* કાર્યસાધક; અસરકારક; ગુણકારી; નિપુણ. Effectual; competent; able.

Effigy (એફ્-ફિજી), *n. pl.* **Effigies.** પુતળું; મૂર્તિ; પ્રતિમા. An image; a likeness; a portrait. **2.** સિક્કા ઉપર પાડેલું રોકું-મુખવટો. The print of a ruler's head on a coin.

Effluence,-cy (એફ્-ફ્લ્યૂ-એન્સ્,-ન્સિ), *n.* વહેવું તે; પ્રવાહ; નિર્ગમ; ઝરો. An act of flowing; a flow; a stream. **2.** (*fig.*) પ્રસવ; ઉદ્ભવ; જન્મ. A birth; an issue.

Effluent (એફ્-ફ્લ્યુએન્ટ), *a.* વહેતું; ઝરતું; ધીમે ધીમે ફેલાતું. Flowing; spreading. *n.* નદીમાંથી નીકળતો ફાંટો-શાખા; નાની નદી. A stream flowing out from another river; a rivulet.

Effluvium (એફ્-ફ્લ્યૂવિઅમ્), *n.* દુર્ગંધ; બદબો; બાફ રૂપે ઉડવું તે. Noxious smell; bad smell; something flowing out in an invisible form. [An act of flowing out; a flow.

Efflux (એફ્-ફ્લક્સ્), *n.* પ્રવાહ; વ્હેણ; વહેવું તે.

Effluxion (એફ્-ફ્લક્શન્), *n.* Same as, **Efflux.**

Effort (એફ્ફર્ટ), *n.* પ્રયત્ન; મહેનત; કોશીષ; પ્રયાસ; An effort; exertion; an endeavour.

Effortless (એફ્-ફર્ટ્-લેસ્), *a.* પ્રયત્ન નહિ કરે તેવું; નિરૂદ્યમી; કોશીષ કરે નહિ તેવું. Making no attempt.

Effranchise (એફ્-ફ્રૅન્ચાઇઝ્), *vt.* હક આપવા; હક્કો બક્ષવા. To invest with some privileges.

Effrontery (એફ્-ફ્રન્ટરિ), *n.* નિર્લજ્જપણું; નફ્ટાઇ; ધૃષ્ટતા. Impudence; rudeness; brazenness.

Effulgence (એફ્-ફ્લજેન્સ્), *n.* અતિશય પ્રકાશ; શોભા; કાન્તિ. Great lustre; brightness; splendour.

Effulgent (એફ્-ફ્લજેન્ટ), *a.* પ્રકાશિત; ચકચકતું; તેજસ્વી; તેજદાર. Shining; bright; lustrous.

Effuse (એફ્-ફ્યૂઝ્), *vt. pr. r.* **Effusing.** *imp. & p. p.* **Effused.** રેડવું; ધાર કરવી. To pour forth; to spill.

Effusion (એફ્-ફ્યૂઝ્હન્), *n.* રેડવું તે; વરસવું તે. act of pouring out. **2.** બહાર નિકળેલો પ્રવાહી પદાર્થ. Any fluid which has come out. **3.** સારી રીતભાત બતાવવી તે. An overflowing of good manners.

Effusive (એફ્-ફ્યૂઝિવ્), *a.* રેડી શકાય તેવું; ધાર કરાય તેવું. Capable of being effused.

Egg (એગ્), *n.* ઇંડુ; બેદું. A round body produced by female birds (mostly by fowls); an ovum. **Egg-plant,** *n.* વેંગણનો છોડ. *vt.* ઉશ્કેરવું; ઉત્તેજીત કરવું. To stimulate; to provoke. [આપનાર. One that stimulates.

Egger (એગર્), *n.* ઉત્તેજીત કરનાર; પ્રોત્સાહન

Ego (ઇગો), *n.* સ્વ સ્વરૂપ; 'અહં'; ચૈતન્ય; આત્મા. One's self; self; the word "I"

Egoism (ઇગોઇઝમ્), *n.* અહંભાવ; અહંભાવ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાતમાં વાપરવો તે; પોતાનાં આત્મામાંજ બધા જ્ઞાનનો સમાવેશ છે એવો મત. Subjective idealism; a great love for 'one's self'.

Egoist (ઇગોઇસ્ટ), *n.* અહંભાવ વાપરનાર; સ્વસ્વરૂપમાંજ બધા જ્ઞાનનો સમાવેશ થાય છે તેવો મત ધરાવનાર. One, holding the doctrine of egoism.

Egotism (ઇગોટિઝમ્), *n.* હુંપદ; આત્મશ્લાઘા; આત્મસ્તુતિ. The habit of praising too much for one's self; self-conceit.

Egotist (ઇગોટિસ્ટ), *n.* હુંપદ રાખનાર; 'અહં' ભાવ રાખનાર; આત્મશ્લાઘી. One, who speaks too much of himself.

Egregious (ઈગ્રીજીઅસ્), *a.* ઘણુ મોટું; વિલક્ષણ; વિપુલ; પ્રચંડ. Remarkable; extraordinary.

Eight (એટ્), *a.* આઠ; ૮. A number or symbol showing six plus two. **Eightfold,** *a.* આઠગણુ. **Eighth,** *a.* ૮મું. **Eighty,** *a.* ૮૦; એંશી. **Eightieth,** *a.* એંશીમું. **Eighteen,** *a;* અઢાર; ૧૮. **Eighteenth,** *a.* અઢારમું.

Either (ઇધર્, આઇધર્) *a. pro* .આ અથવા પેલું; એમાંથી કોઇપણ. One of two things. *conj.* અથવા. Or.

Ejaculate (ઇજૅક્યૂલેટ્), *vt. pr. p.* **Ejaculating.** *imp.* & *p. p.* **Ejaculated.** પ્રાર્થના કરવી; ઉદ્ગાર કઢવા; હર્ષના આવેશમાં બોલવું. To utter suddenly and briefly.

Ejaculation (ઈજૅક્યૂલેશન્), *n.* ઉદ્ગાર; ઉદ્ગાર રૂપે પ્રાર્થના. An act of uttering short expression; a brief utterance.

Ejaculatory (ઇજૅક્યૂલેટૉરિ), *a.* ઉદ્ગાર રૂપે બોલાએલું; બહાર બોલવાના સ્વભાવવાળું. Of the nature of ejaculation.

Eject (ઇજેક્ટ્), *vt. pr. p.* **Ejecting.** *imp.* & *p. p.* **Ejected.** કાઢી નાંખવું; ખસેડી મૂકવું; બાતલ કરવું. To throw out; to drive out; to turn away.

Ejection (ઇજેક્શન્), *n.* કાઢી નાંખવું તે; ખસેડી નાંખવું તે; બરતરફ કરવું તે. An act of ejecting; dismissal.

Ejectment (ઇજેક્ટ્મેન્ટ્), *n.* (*Law*) ભાડુત પાસે કબજો મુકાવવાની ફરિયાદી. A removal of a person from the wrongful possession of land, etc.

Ejector (ઇજેક્ટર્), *n.* કાઢી નાંખનાર; બાતલ કરનાર; ખસેડી મૂકનાર. One, that ejects.

Eke (ઇક્), *vt.* વધારવું; ઉમેરવું; ઉમેરો કરવો. To add; to enlarge. *n* ઉમેરો; વધારો. An addition; something added.

Elaborate (ઇલૅબૉરેટ્), *a.* શ્રમપૂર્વક તૈયાર કરેલું; મહામહેનતે બનાવેલું. Finished with great care; carefully done; highly finished. *vt.* શ્રમપૂર્વક તૈયાર કરવું; મહા મુશીબતે પુરૂ કરવું; અતિશય શ્રમપૂર્વક યોજવું. To work out with great care; to work out perfectly.

Elaborately (ઇલૅબૉરેટ્લિ), *ad.* શ્રમપૂર્વક; મહા શ્રમથી; અત્યંત ખંતથી. In an elaborate way.

Elaborateness (ઇલૅબૉરેટ્નેસ્), *n.* શ્રમ; પરિશ્રમ આપવાનો ગુણ. The state of being elaborate.

Elaboration (ઇલૅબૉરેશન્), *n.* મોટો પરિશ્રમ; પરિશ્રમ પૂર્વક કરેલું કામ. A laborious work; any work, finished by an excessive labour.

Elaborative (ઇલૅબૉરેટિવ્), *a.* પરિશ્રમ કરે તેવું; શ્રમશીલ. Tending to excessive labour.

Elaborator (ઇલૅબૉરેટર્), *n.* પરિશ્રમ ઉપાડીને કામ પૂર્ણ કરનાર; શ્રમ વેઠીને કામ કરનાર. One, who elaborates.

Elan (એલૅન્), *n.* ઉત્સાહથી ઉત્પન્ન થયેલો આવેશ; ઉત્સાહ. Ardour; zeal.

Elapse (ઇલૅપ્સ્), *vi. pr. p.* **Elapsing.** *imp.* & *p. p.* **Elapsed.** પસાર થવું; (સમયનું) વીતી જવું; ગુજરવું. To slip away; to pass away silently.

Elastic,-al (ઇલૅસ્ટિક્,-કૅલ્), *a.* વળી શકે તેવું; સ્થિતિસ્થાપક; મૂળની સ્થિતિમાં પાછું આવે તેવું. Having the power of touching its original position.

Elasticity (ઇલૅસ્ટિસિટિ); *n.* સ્થિતિસ્થાપકતા; મૂળની સ્થિતિમાં પાછું આવે તેવો ગુણ. The state of being elastic.

Elate (ઇલેટ્), *vt. vi. pr. p.* **Elating.** *imp.* & *p. p.* **Elated.** ફુલાઈ જવું; મગરૂર બનવું; ફુલાવવું. To be arrogant or vain; to be proud due to prosperity.

Elation (ઇલેશન્), *n.* ફુલાશ; મગરૂરી; અભિમાન. Self-esteem; vanity; pride due to prosperity.

Elbow (એલ્બો), *n.* કોણી. The joint, connecting the arm with the forearm. *vt.* કોણીથી ધકેલવું; કોણી મારવી. To push with an elbow.

Elder (એલ્ડર્), *a.* મોટું; વડીલ; ઘરડું. Of an advanced age; grown up in age. **2.** આગળથી જન્મેલું-પેદા થયેલું; પહેલાનું; જુનું. Prior in age; senior. *n.* વડિલ; ગુરૂજન; બાપદાદા. A predecessor; one, born before in age.

Elderly (એલ્ડરલિ), *a.* વયોવૃદ્ધ; ઉત્તર વયનું. Somewhat old; advanced far in age.

Eldest (એલ્ડેસ્ટ્), *a.* સર્વથી મોટું. (ભાઈ, બ્હેન, પુત્ર, પુત્રી, વિગેરેની બાબતમાં). Most advanced in age.

Elect (ઇલેક્ટ્), *vt. pr. p.* **Electing.** *imp.* & *p. p.* **Elected.** પસંદ કરવું; ચુંટવું; ચુંટણીમાં પસંદ કરવું. To select; to pick out; to select

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

by the way of votes.

Election (ઇલેક્શન્), *n.* પસંદગી; ચુંટણી. An act of selecting; a selection. **2.** પસંદગી, અથવા ચુંટણી કરવાનો અધિકાર. Liberty to select.

Electioneer (ઇલેક્શનીર્), *vi.* કોઇપણ ઉમેદવારને ચુંટવા ઉપાયો યોજવા,–મહેનત લેવી. To work in any way to get the election of a candidate.

Elector (ઇલેક્ટર્), *n.* ચુંટણી અથવા પસંદગીના હકવાળો પુરૂષ; મતાધિકારી. A person, legally entitled to vote.

Elective (ઇલેક્ટિવ્), *a.* પસંદગીને લગતું; ચુંટણીની બાબતનું; પસંદ કરીને આપેલું. Pertaining to the work of election.

Electric,-al (ઇલેક્ટ્રિક,-કલ્), *a.* વિજળીને લગતું; વિદ્યુતનું; વિજળી સંબંધી. Pertaining to electricity.

Electricity (ઇલેક્ટ્રિસિટિ), *n.* વિજળી; વિદ્યુત્. One of the powers in Nature; the force seen in lightning.

Electrify (ઇલેક્ટ્રિફાઇ), *vt. vi. pr. p.* **Electrifying.** *imp. & p. p.* **Electrified.** વિજળીથી ભરવું; વિદ્યુતની ગતિ આપવી; વિજળીની અસર પહોંચાડવી. To carry on electricity to; to charge with electricity. **2.** વિજળીની અસરવાળું બનવું-થવું. To be influenced by electricity.

Elegance,-cy (એલીગન્સ,-ન્સિ), *n.* શોભા; સુંદરતા; સૌંદર્ય; રૂપ; ખુબસુરતી; ઠાઠપણું. The state of being elegant; beauty.

Elegant (એલીગન્ટ), *a.* શોભીતું; સુંદર; સુશોભિત; ભવ્ય. Graceful; pleasing to the eyes; nice; grand. **2.** રસિક; લાવણ્યતાવાળું; આકર્ષક. Interesting; sensitive to beauty.

Elegy (એલીજી), *n.* શોકગીત; રાજીઓ; પરજીઓ; મરશીઓ; શોકસૂચક ગીત. A mournful poem; a poem expressing sorrow or sadness.

Element (એલીમેન્ટ), *n.* તત્વ; મૂળતત્વ; પ્રકાર; બીજ. A primary substance; an ingredient.

Elemental (એલીમેન્ટલ), *a.* મૂળતત્વનું; તત્વ સંબંધી; મૂળતત્વને લગતું. Pertaining to the primary ingredients.

Elementary (એલીમેન્ટરિ), *a.* મૂળતત્વ વિષયક; તત્વનું; એક તત્વરૂપ; અમિશ્રિત; સાદું; એક ભાગવાળું. Primary; initial; uncombined; consisting of one whole part.

Elephant (એલીફન્ટ), *n.* હાથી; હસ્તિ; માતંગ. A kind of remarkable quadruped, (to be found in Africa and India).

Elephantiasis (એલીફન્ટિઍસિસ્), *n.* પગે ઉતરેલો રોગ, કે જેથી પગ સુજી જાય છે તે રોગ. A kind of disease, in which the legs become swollen.

Elephantine (એલીફન્ટાઇન્). *a.* હાથીના જેવું; ઘણું મોટું; ગંજાવર. Pertaining to the elephant; very large; huge.

Elevate (એલીવેટ), *vt. pr. p.* **Elevating.** *imp. & p. p.* **Elevated.** ઉંચું કરવું; ઉંચે ચઢાવવું. To raise; to place in a higher place from a lower one. **2.** મોટે દરજ્જે ચઢાવવું; ઉંચી પાયરીએ ચઢાવવું–મોકલવું. To raise to a higher rank or place. **3.** ઉત્તેજન આપવું; ઉત્સાહ આપવો. To animate; to encourage. *a.* ઉન્નત; ઉત્કૃષ્ટ. Exalted; raised.

Elevation (એલીવેશન્), *n.* ઉત્કર્ષ; ઉન્નતિ; ઉદય; અભ્યુદય Rise; prosperity. **2.** ઉંચાઇ. Altitude. **3.** ઉંચી કરેલી જગ્યા–સ્થાન. An elevated place.

Elevator (એલીવેટર્), *n.* ઉંચી સ્થિતિમાં લાવનાર; ઉન્નતિના માર્ગે પ્રેરનાર; ઉંચી જગ્યાએ લઈ જનાર. One that elevates. દાણા, સામાન, વિગેરે ઉંચકવાનો સાંચો. A mechanic contrivance, to raise grain, etc.

Eleven (ઈલેવન્) *a.* અગીઆર; ૧૧. One added by ten. **The eleven.** *n.* ક્રિકેટની રમતમાં ૧૧ રમનારાસની ટુકડી.

Eleventh (ઇલેવન્થ્), *a.* અગીઆરમો–મી–મું. Of the number following ten.

Elf (એલ્ફ્), *n. pl.* **Elves.** ભૂત; શેતાન; પિશાચ. A ghost; a goblin. **2.** છોકરો; પોરીઓ. A pet word for a child.

Elicit (ઇલિસિટ), *vt. pr. p.* **Eliciting.** *imp. & p. p.* **Elicited.** તર્કશક્તિનો ઉપયોગ કરી સત્ય શોધવું; તાત્પર્ય જાણવું. To bring out by reasoning; to deduce the truth of.

Elide (ઈલાઈડ્), *vt. pr. p.* **Eliding.** *imp. & p. p.* **Elided.** તોડી નાંખવું; કાપી નાંખવું; ખંડન કરવું. To cut off; to break down.

Eligibility (એલિજિબિલિટિ), *n.* પસંદ થવાની યોગ્યતા; સ્વીકારી શકાય તેવા ગુણ હોવા તે. The state of being chosen.

Eligible (એલિજિબલ્), *a.* પસંદ કરવા જોગ; ગ્રહણીય; પસંદગીને લાયક. Fit to be chosen or selected; qualified to be chosen.

Eligibleness (એલિજિબલનેસ), *n.* Same as, **Eligibility.**

Eligibly (એલિજિબ્લિ), *ad.* પસંદ કરાય તેવી રીતે; સ્વીકારી શકાય તેવી રીતે. In an eligible way.

Eliminate (ઇલિમિનેટ), *vt. pr. p.* **Eliminating.** *imp. & p. p.* **Eliminated.** સમીકરણમાંથી કોઇપણ પદ ઉડી જાય તેમ કરવું; જુદું કરવું; ગણત્રી પડતી મુકવી. To cause to disappear from an equation. **2.** બહાર કાઢવું. To set aside; to leave off.

Elimination (ઇલિમિનેશન્), *n.* સમીકરણમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઇપણ પદ ઉડી જાય તેમ કરવું તે; બહાર કાઢવું તે. An act of eliminating.

Elision (ઇલિઝ્હન્), *n.* અદર્શન; લોપ; શબ્દ સંક્ષેપ. An act of cutting of a letter in a word.

Elite (ઈલાઈટ્), *n.* પસંદ કરેલા માણસો; ઉત્તમ ગુણવાળા માણસો–પદાર્થો–ચીજો. Those, who are best; the best.

Elixir (ઇલિક્સર્), *n.* પુષ્ટિકારક રસાયણ; સત્વ; અર્ક; જીંદગી સતેજ બનાવનાર દવા. A medicine, helping in prolonging life. **2.** બીજી ધાતુને લગાડવાથી સોનું થાય તેવી દવા. A medicine, changing any other metal into gold.

Elk (એલ્ક્), *n.* એક જાતનું મોટું સાબર. A kind of the stag, well-known for its height, (which is about 7 feet).

Ell (એલ્), *n.* ૪૫ ઇચનું માપ. A measure of forty five inches.

Ellipse (એલ્લિપ્સ્), *n.* દીર્ઘ વર્તૂલ; અંડાકૃતિ. An [oval figure.

Ellipsis (એલ્લિપ્સિસ્), *n.* પડતો રાખેલો શબ્દ અથવા શબ્દ સમૂહ; અધ્યાહાર; ન્યૂનતા. The omission of a word, or words in a composition written or printed.

Elliptic,-al (ઈલ્લિપ્ટિક્,–કલ્), *a.* અધુરૂં; અધ્યાહારને લગતું; જેમાં કાંઈ અધ્યાહાર છે તેવું. Having some words left out; pertaining to an ellipse.

Elm (એલ્મ્), *n.* 'એલ્મ' નામનું ઝાડ છે. A kind [of European timber.

Elocution (એલોક્યૂશન્), *n.* બોલવાની ઢબ; શબ્દોચ્ચારણપદ્ધતિ; વક્તૃત્વશક્તિ. Mode of utterance; the art of delivering a lecture before the public.

Elocutionary (એલોક્યૂશનરિ), *a.* બોલીને લગતું; બોલવાની ઢબને લગતું; વાક્ચાતુર્યનું; શબ્દ ચાતુર્યનું. Pertaining to elocution.

Elongate (ઇલોન્ગેટ્), *vt. vi.* લંબાવવું; લાંબું કરવું. To lengthen; to extend. **2.** આઘે ખસેડવું; છુટ પાડવું. To remove; to lay aside. **2.** છુટ પડવું; પાછા પડવું; હઠવું. To recede.

Elocutionist (એલોક્યૂશનિસ્ટ્) *n.* છટાદાર બોલનાર; વક્તૃત્વશક્તિ ધરાવનાર. One well up, in the art of lecturing.

Elongation (ઈલોન્ગેશન્), *n.* લંબાણ; આઘે જવું તે; અંતર. Extension; an act of elongating.

Elope (ઇલોપ્), *vi. pr. p.* **Eloping.** *imp. & p. p.* **Eloped.** નાશી જવું; છાનામાનાં જતા રહેવું; ગુમ થવું. To run away; to run away secretly. **2.** યારની સાથે નાશી જવું–જતા રહેવું. To run away with a lover.

Elopement (ઇલોપ્મેન્ટ્), *n.* નાશી જવું તે; છાનામાના જતા રહેવું તે; યારની સાથે નાશી જવું તે. An act of eloping.

Eloquence (એલોક્વેન્સ્), *n.* વાક્ચાતુર્ય; વક્તાપણું; છટાદાર રીતે બોલવાની ઢબ; સુભાષણ. Oratory; fluent and forcible speech in the public.

Eloquent (એલોક્વેન્ટ્), *a.* વાક્ચાતુરીવાળું; સુભાષિત રીતે બોલનાર; છટાદાર અને અસરકારક રીતે જનસમૂહમાં ભાષણ કરનાર. Having the power of eloquence; characterized by oratory.

Eloquently (એલોક્વેન્ટ્લિ), *ad.* સુભાષિત રીતે; છટાદાર રીતે; સુંદર રીતે. In an eloquent way.

Else (એલ્સ્), *a.* બીજું; અન્ય. Other. *prep. ad.* સિવાય; ઉપરાંત. Besides. *con.* નહિ તો; જો તેમ ન હોત તો. Otherwise. **Elsewhere,** *ad.* કોઈપણ બીજે સ્થળે; અન્ય સ્થળમાં.

Elucidate (ઇલ્યૂસિડેટ્), *vt. pr. p.* **Elucidating.** *imp. & p. p.* **Elucidated.** ઉઘાડું કરવું; સમજ પડે એવું કરવું; સ્પષ્ટીકરણ કરવું. To explain; to make clear.

Elucidation (ઇલ્યૂસિડેશન્), *n.* ખુલાસો; ખ્યાન; સ્પષ્ટીકરણ; વર્ણન ઉદાહરણ સાથે વ્યાખ્યાન. A clear explanation; an explanation.

Elucidative (ઈલ્યૂસિડેટિવ્), *a.* સ્પષ્ટ કરનાર; ખુલાસો કરે તેવું; ખ્યાન આપે તેવું. Having the nature of making clear.

Elucidator (ઈલ્યૂસિડેટર્), *n.* સમજ પાડનાર; ખુલાસો કરનાર; ખ્યાલ કરીને સમજાવનાર. One, who elucidates.

Elucidatory (ઇલ્યૂસિડેટૉરિ), *a.* સમજ પાડે તેવું; સ્પષ્ટ કરવાના ગુણવાળું. Causing or making the matter more clear.

Elude (ઇલ્યૂડ્), *vt. pr. p.* **Eluding.** *imp. & p. p.* **Eluded.** નજર ચુકાવવી; ભુલાવવું; ભુલાવામાં નાંખવું; ફાવવા ન દેવું; નજર ટાળવી; દૂર કરવું. To evade; to mislead; to avoid the sight of.

Elusive (ઇલ્યૂસિવ્), *a.* ઠગાઇ ભરેલું; નજર ચુકાવે એવું; બનાવટી; માયિક. Showing or practising elusion; using tricks to make a thing disappear; tending to deceive.

Elusory (ઈલ્યૂસોરિ), *a.* Same as, **Elusive.**

Elysian (ઇલિઝિઅન્), *a.* સ્વર્ગીય; સ્વર્ગ સંબંધી; અત્યાનંદ આપનાર. Heavenly; celestial; excessively delightful.

Elysium (ઈલિઝિ-હમ્), *n.* સ્વર્ગ; વૈકુંઠ; ઇંદ્રભુવન; આનંદસ્થાન. Paradise; a place containing extreme delight.

Emaciate (ઇમૅશિએટ્); *vi. vt. pr. p.* **Emaciating.** *imp. & p. p.* **Emaciated.** ગળાઈ જવું; સુકાઈ જવું; દુર્બળ થવું; ક્ષીણ થવું; ઘટતા જવું. To become lean gradually; to lose flesh. **2.** દુર્બળ બનાવવું; ક્ષીણ કરવું. To make lean; to cause to lose flesh.

Emaciated (ઇમૅશિએટ્ડ્) *a.* સુકાઇ ગયેલું; કૃશ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષીણ; સુકલકડી. Lean; weak-bodied; meagre.

Emaciation (ઇમેશિએશન્), *n.* શારીરિક શોષણતા; ક્ષીણતા; પાતળું પડી જવું તે. The state of being reduced in body.

Emanate (એમેનેટ્), *vi. pr. p.* **Emanating.** *imp. & p. p.* **Emanated.** નીકળવું; વહેવું; ઉત્પત્તિ હોવી; નીપજવું; પેદા થવું. To issue; to flow; to have a source from; to result.

Emanant (એમેનન્ટ્), *a.* પેદા થતું; નીકળતું; નીપજતું; વહેતું. Flowing; emanating.

Emanation (એમેનેશન્), *n.* નીકળવું તે; નીકળેલો પદાર્થ; ઉત્પત્તિ; ઉદ્ભવ; પ્રવૃત્તિ. The state of emanating; an efflux; a source; a foundation.

Emancipate (ઇમેન્સિપેટ્), *vt. pr. p.* **Emancipating.** *imp. & p. p.* **Emancipated.** ગુલામગીરીમાંથી મુકત કરવું; સ્વતંત્ર કરવું; દુઃખકારક સ્થીતિમાંથી છોડાવવું; છોડી દેવું. To set free from slavery; to free from bondage; to liberate.

Emancipation (ઇમેન્સિપેશન્), *n.* ગુલામગીરીમાંથી છૂટકારો; છૂટકો; મુકિત. An act of setting free from slavery; liberation; deliverance.

Emancipationist (ઇમેન્સિપેશનિસ્ટ્), *n.* ગુલામગીરી દૂર થવી જોઇએ તેવો મત ધરાવનાર; સ્વતંત્રતાનો હિમાયતી. An advocate for emancipation.

Emancipator (ઇમેન્સિપેટર્), *n.* ગુલામગીરીમાંથી છુટકારો અપાવનાર; મુક્તિ આપનાર. One, who emancipates.

Emasculate (ઇમેસ્ક્યૂલેટ્), *vt.* ખાસી કરવું; નપુંસક બનાવવું; અંડ કાપી નાંખવા. To geld; to deprive of potentiality; to castrate.

Emasculation (ઇમેસ્ક્યૂલેશન્), *n.* ખાસી કરવું તે; નપુંસક બનાવવું તે; અંડ કાપી નાંખવા તે; નપુંસક અથવા નામર્દ થઇ જવું તે. An act of emasculating; castration.

Embalm (એમ્બામ્), *vt.* સડી ન જાય માટે મસાલો ભરવો; સુગંધીદાર પદાર્થ ભરવો. To preserve a dead body, by filling it with odoriferous spices. 2. યાદગીરી રાખવી–સાચવવી. To cherish the memory of.

Embank (એમ્-બૅન્ક્), *vt.* પાળ બાંધવી; પુસ્તો બાંધવો. To inclose with a bank; to defend by erecting mounds, etc.

Embankment (એમ્-બૅન્કમેન્ટ્), *n.* બાંધ; પુસ્તો. An act of defending with a bank.

Embargo (એમ્બાર્-ગો), *n.* બંદર આગળથી વહાણ હંકારવાની બંધી; બંદરમાં વહાણ જવા આવવાનો પ્રતિબંધ. A restraint imposed on a vessel to sail. 2. પ્રતિબંધ; રોકાણ. A restraint. *vt.* બંદરમાંથી બહાર જતાં અટકાવવું–રોકવું. To stop from sailing.

Embark (એમ્બાર્ક્), *vt. vi. pr. p.* **Embarking.** *imp. & p. p.* **Embarked.** વહાણ ઉપર ચઢાવવું (માલને); રવાને કરવું; દરિયાઇ રસ્તે મોકલવું. To put on ship-board. 2. દરિયાઈ રસ્તે રવાના થવું–જવું. To go on board of a ship, etc. 3.–માં હાથ ઘાલવો; પ્રવૃત્ત રહેવું; કામકાજમાં ઝંપલાવવું; નામ નોંધાવવું. To engage in any affair; to enlist.

Embarkation (એમ્બાર્કેશન્) *n.* વહાણમાં પ્રયાણ કરવું–કરાવવું તે; વહાણ અથવા હોડીમાં માલ મોકલવો તે. An act of embarking.

Embarrass (એમ્બૅરૅસ્), *vt. pr. p.* **Embarrassing.** *imp. & p. p.* **Embarrassed.** ગુંચવવું; ગભરાવવું; ગભરાટમાં નાંખવું; વ્યગ્ર કરવું; સપડાવવું. To perplex; to confound; to puzzle. 2. નાણાં ભીડ ભોગવવી; પૈસાની મુશ્કેલીમાં મુકાવું. To involve in money difficulties.

Embarrassment (એમ્-બૅરૅસ્મેન્ટ્), *n.* ગભરાટ; ભીડ; સપડામણ; ગુંચવણ; વ્યાકુળતા. Confusion; entanglement; perplexity.

Embassador (એમ્બૅસૅડૉર્), *n.* રાજદૂત; એલચી; રાજ્ય તરફથી મોકલવામાં આવેલો પ્રતિનિધિ. An ambassador; a representative of the state sent at a foreign court or state.

Embassy (એમ્બૅસિ), *n. pl.* **Embassies.** એલચી; રાજ્યદરબારી વકીલ; રાજ્ય પ્રતિનિધિ; એલચીનો મુકામ; રાજ્ય પ્રતિનિધિની સત્તા. The rank, power or jurisdiction of an ambassador.

Embattle (એમ્-બૅટ્લ્), *vt. vi. pr. p.* **Embattling.** *imp. & p. p.* **Embattled.** વ્યૂહ રચવો; સેના ગોઠવવી; વ્યૂહ સારૂ હારબંધ ઉભા રાખવું. To array; to arrange in order of a battle. 2. યુદ્ધના સાધનો પુરા પાડવા. To furnish with the military equipments. 3. લડાઈમાં હારબંધ ઉભા રહેવું. To get oneself arranged in order of battle.

Embattlement (એમ્-બૅટ્લ્મેન્ટ્), *n.* કાંગરાદાર છાતીપુર દિવાલ–ભીંત. An indented parapet. 2. છાતીપુર દિવાલથી રક્ષણ કરેલો કિલ્લો. A battlement, defended by raising an indented parapet.

Embellish (એમ્બેલિશ્), *vt.* શણગારવું; સુશોભિત કરવું; સુંદર બનાવવું. To decorate; to adorn; to make beautiful.

Embellisher (એમ્બેલિશર્), *n.* સુશોભિત કરનાર; શણગારનાર; સુંદર બનાવનાર. One, who embellishes.

Embellishment (એમ્બેલિશ્મેન્ટ્), *n.* શણગાર; શોભા; ઘરેણું; અલંકાર. Decoration; ornament.

Ember (એમ્બર્), *n.* અંગારો; ગરમ રાખ. A live or burning coal.

Embezzle (એમ્બેઝલ્), *vt. pr. p.* **Embezzling.** *imp. & p. p.* **Embezzled.** ઉચાપત કરવું; ગેરરસ્તે વાપરી નાખવું; ખાઇ જવું. To misappropriate; to use another's money in a dec-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

eitful manner.

Embezzlement (એમ્બેઝલ્મેન્ટ), *n.* ઉચાપત; પચાવી પડવું તે; હક વિનાનું ખાઇ જવું તે. Misappropriation; an act of embezzling.

Emblem (એમ્બ્લેમ), *n.* નિશાન; ચિન્હ; ઈસારો; સંકેત. A type; a symbol; a device.

Emblematic,-al (એમ્બ્લેમૅટિક,-કૅલ્), *a.* નિશાની વાળું; ચિન્હનું; સંકેતને લગતું; સાંકેતિક. Of an emblem; symbolic.

Emblematize (એમ્બ્લેમૅટાઇઝ), *vt. pr. p.* **Emblematizing.** *imp. & p. p.* **Emblematized.** દર્શાવવું; સૂચન કરવું; ચિન્હથી જણાવવું. To symbolize; to show by an emblem.

Embody (એમ્બૉડિ), *vt. vi. pr. p.* **Embodying.** *imp. & p. p.* **Embodied.** સંગ્રહ કરવો; એકઠું કરવું; ભેગું કરવું. To collect; to form into unity. **2.** દેહધારી કરવું; સદેહી બનાવવું; દ્રશ્ય શરીર આપવું. To invest with a body; to unite into a body.

Embodied (એમ્બૉડીડ્), *a.* દેહધારી; શરીરના દ્રવ્યરૂપે એકઠું થયેલું. Invested with a body.

Embodiment (એમ્-બૉડિમેન્ટ), *n.* દ્રશ્ય શરીર રૂપે એકઠું થવું તે; દેહધારી હોવું તે. An act of investing with a body.

Embolden (એમ્-બોલ્ડેન્), *vt.* ધીરજ આપવી; હિંમત આપવી; નિર્ભય બનાવવું. To encourage; to make courageous.

Emboss (એમ્બૉસ્), *vt.* ઉપસી નીકળે તેવી આકૃતિ પાડવી-ચિતરવી; નકસીદાર બનાવવું; ભાત પાડીને શોભાવવું (કપડાને). To represent in worked figures; to form bosses on.

Embosser (એમ્બૉસર્), *n.* નકસીદાર આકૃતિ ચિતરનાર; ઉપસી નીકળે તેવી આકૃતિ પાડીને શોભાવનાર. One who embosses.

Embrace (એમ્-બ્રેસ્), *vt. pr. p.* **Embracing.** *imp. & p. p.* **Embraced.** ભેટવું; છાતી સરસું દાબવું; આલિંગન કરવું; સ્નેહપૂર્વક મળવું. To inclose in the arms; to press as a sign of affection. **2.** સ્વીકારવું; આનંદથી કબૂલ રાખવું. To accept cordially. **3.** ઘેરવું; વીંટવું; ફરી વળવું. To encircle; to encompass. **4.** માં સમાવેશ કરવો; સમાવવું. To comprehend. **5.** (*Law*) લાંચ આપવાનો પ્રયત્ન કરવો. To attempt to bribe. *n.* આલિંગન; ભેટો; કોટી. Inclosure with arms; mutual endearment.

Embrasure (એમ્બ્રેઝ્યૂર્), *n.* તોપની બારી; અજવાળું આવવા દેવાને પાડેલું મોટું બાકું. An opening in a wall, through which a cannon is pointed.

Embrocate (એમ્બ્રોકેટ), *vt. pr. p.* **Embrocating.** *imp. & p. p.* **Embrocated.** દરદવાળી જગાએ દારૂ, વિ૦ થી ચોળવું; માલીસ કરવું, -ભરવું. To rub on a diseased limb.

Embrocation (એમ્બ્રોકેશન્), *n.* માલીસ કરવું તે; દુઃખવાળી જગ્યાએ ચોળવાની દવા. An act of embrocating; a liquid which is embrocated.

Embroider (એમ્બ્રૉઇડર્), *vt.* ભરત ભરવું; વેલ કાઢવી; ભરત ચિતરવું. To adorn with needle-work.

Embroiderer (એમ્બ્રૉઇડરર્), *n.* ભરતકામ કરનાર; વેલા કાઢનાર,-ચિતરનાર. One, who embroiders.

Embroidery (એમ્બ્રૉઇડરિ), *n.* ભરતનું કામ; ભરત; વેલ બુટ્ટાનું કામ. A fine needle-work in various thread on cloth.

Embroil (એમ્બ્રૉઇલ્), *vt. pr. p.* **Embroiling.** *imp. & p. p.* **Embroiled.** ગભરાટમાં નાંખવું; ગુંચવવું; વ્યવસ્થા વિનાનું કરવું; લડાઇમાં નાંખવું. To throw into confusion; to entangle in a quarrel.

Embroilment (એમ્બ્રૉઇલ્મેન્ટ), *n.* ગભરાટ; ગુંચવણી; લડાઈ; બખેડો. Perplexity; confusion; a quarrel.

Embryo (એમ્બ્રીઓ), *n.* તરતનો રહેલો કાચો ગર્ભ; હમેલ; અધૂરો ગર્ભ. The first rudiments of an organised being. [**Embryo.**

Embryon (એમ્બ્રીઑન્), *n.* Same as,

Emend (ઇમેન્ડ્), *vt. pr. p.* **Emending.** *imp. & p. p.* **Emended.** ભુલ સુધારવી; શુદ્ધ કરવું; દોષ રહિત કરવું. To correct (a mistake); to remove faults; to amend.

Emendable (ઇમેન્ડેબલ્), *a.* સુધારવા લાયક; સુધરી શકે તેવું; સુધારો કરી શકાય એવું. Capable of being corrected.

Emendation (ઇમેન્ડેશન્), *n.* ભુલનો સુધારો; શુદ્ધિ; ફેરફાર. A correction; an amendment.

Emerald (એમેરૅલ્ડ્), *n.* પાનું; લીલમ; લીલોમણી. A kind of precious stone of green colour. *a.* લીલા રંગનું; પાનાનું. Of or pertaining to emerald.

Emerge (ઇમર્જ્), *vi. pr. p.* **Emerging.** *imp. & p. p.* **Emerged.** બહાર નીકળી આવવું; ઉપર આવવું; દેખાવું; ઉદ્ભવ થવો; દૃષ્ટિગોચર થવું. To come out from something; to reappear; to come to notice.

Emergence (ઇમર્જેન્સ્), *n.* બહાર નીકળવું તે; ઉદ્ભવ; પ્રાદુર્ભાવ; દેખાવ. An act of emerging.

Emergency (ઇમર્જેન્સિ), *n.* અણધાર્યો બનાવ; સંકટ; વિપત્તિ; અડચણનો સમય. An unexpected event; a pressing need; critical time.

Emergent (ઇમર્જેન્ટ્), *a.* બહાર નીકળતું; ઉપયોગી; જરૂરનું; અગત્યનું. Coming out; useful; urgent. **2.** આકસ્મિક; અણધાર્યું. Unexpected; sudden.

Emery (એમરિ), *n.* ધાતુ, વિગેરે ઘોવાનો કઠણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પથ્થરનો ભુકો, અથવા ધાતુનો ભુકો. A kind of mineral used in polishing metals, etc.

Emetic (ઇમેટિક), *a.* ઉલટી લાવે તેવું; વમન કરાવે તેવું. Causing a vomit. *n.* ઉલટી કરાવે તેવી દવા. A medicine that causes a vomit.

Emigrant (એમિગ્રેન્ટ), *n.* પરદેશવાસી; દેશાંતર ગયેલો માણસ. One, who emigrates. *a.* વિદેશવાસી; પરદેશવાસી. Emigrating.

Emigrate (એમિગ્રેટ), *vi. pr. p.* **Emigrating.** *imp. & p. p.* **Emigrated.** પરદેશ જવું; સ્વવતન છોડી બીજા દેશમાં જવું; પરમુલકમાં જઇ રહેવું. To quit one's country; to settle in a foreign country.

Emigration (એમિગ્રેશન), *n.* વિદેશગમન; પરદેશવાસ; વતન છોડી બીજા દેશમાં વસવું તે. An act of emigrating.

Emigrationist (એમિગ્રેશનિસ્ટ), *n.* વિદેશગમન કરવાની તરફેણમાં મત ધરાવનાર. An advocate of emigration.

Eminence,-cy (એમિનેન્સ,-ન્સિ), *n.* ઉંચાણ; ઉંચી જગ્યા; ટેકરી. A height; an elevated place. **2.** પ્રખ્યાતિ; મ્હોટાઇ; ગૌરવ; ખ્યાતિ. Celebrity; the exalted rank; the distinguished position.

Eminent (એમિનેન્ટ), *a.* પ્રસિદ્ધ; પ્રખ્યાત; શ્રેષ્ઠ; મહાન; વિખ્યાત; ઉંચું. Exalted; prominent; distinguished.

Eminently (એમિનેન્ટલિ), *ad.* વિશેષે કરીને; ઘણું કરીને; વિખ્યાતીથી; ઉંચામાં ઉંચી કક્ષાએ. In an eminent way or manner.

Emissary (એમિસરિ), *n.* દૂત; જાસૂસ; ખેપિયો; કાસદ. A person sent on a secret mission; a spy; one who carries on secret communications.

Emission (ઇમિશન), *n.* બહાર કાઢવું તે; બહાર મોકલવું તે; સ્ખલન. An act of emitting.

Emit (ઇમિટ), *vt. pr. p.* **Emitting.** *imp. & p. p.* **Emitted.** કાઢવું; મોકલવું; બહાર પાડવું; બહાર કાઢવું. To send forth; to discharge; to issue forth.

Emmet (એમેટ), *n.* કીડી; મંકોડો. An ant; a pismire.

Emmollient (ઇમૉલ્-લિએન્ટ), *a.* પોચું; નરમ; સુંવાળું. Softening; making supple. *n.* નરમ અથવા સુંવાળું કરવાનું ઔષધ. A medicine, that softens the tissues, etc.

Emolument (ઇમૉલ્યૂમેન્ટ), *n.* પેદાશ; આવક; પ્રાપ્તિ. Income; gain; profit. **2.** પગાર; વેતન; ફાયદો. Salary; a profit in general.

Emotion (ઇમોશન), *n.* મનોવિકાર; મનોભાવ; વિકાર; ઇચ્છા; આવેશ. A moving of the mind; a sensation.

Emotional (ઇમોશનૅલ), *a.* તીવ્ર લાગણીનું; લાગણીવાળું; મનમાં લાગી આવે એવું. Influenced by emotion; liable to emotion.

Emotive (ઇમોટિવ્), *a.* તીવ્ર લાગણીવાળું; આવેશવાળું. Emotional.

Empale (એમ્પેલ્), *vt. pr. p.* **Empaling.** *imp. & p. p.* **Empaled.** સળિયાથી વાડ કરવી; વાડ કરવી. To fence; to form the boundary with the stakes. **2.** ફાંસી દેવી; શૂળીએ ચઢાવવું. To cause death by putting on a stake or stakes.

Empalement (એમ્પેલ્મેન્ટ), *a.* સળિયાથી વાડ બનાવવી તે; ફાંસી દેવી તે. An act of empaling.

Empannel (એમ્-પૅનેલ્), *vt;* જ્યુરરોની ટીપ નોંધવી; જ્યુરરો નક્કી કરવાં. To write down the names of the jurors. *n.* જ્યુરરોની યાદી-નોંધ. A list of jurors.

Emperor (એમ્પરર્), *n.* શહેનશાહ; બાદશાહ; રાજાધિરાજ. A supreme monarch; a sovereign.

Emphasis (એમ્ફૅસિસ્), *n.* શબ્દ ઉપર ભાર; શબ્દોચ્ચારણ; અસરકારક ઉચ્ચાર. A stress on words; the forcible way of uttering words.

Emphasize (એમ્ફૅસાઇઝ્), *vt.* ભાર મૂકીને શબ્દોચ્ચારણ કરવા; છટાદાર રીતે શબ્દના ઉચ્ચાર કરવા. To utter with emphasis; to lay stress on.

Emphatic,-al (એમ્ફૅટિક,-કૅલ્), *a.* ભારવાળું; વજનવાળું; મજબુત; ધ્યાન ખેંચે તેવું. Forcible; expressive.

Emphatically (એમ્ફૅટિકૅલિ), *ad.* અસરકારક રીતે; ધ્યાન ખેંચે તેવી રીતે; મજબૂતપણે. In an effective way; forcibly.

Empire (એમ્પાયર્), *n.* બાદશાહનું રાજ્ય; સામ્રાજ્ય; બાદશાહી શહેનશાહત. Sovereignty; royal or imperial power; a rule; a sway.

Empiric (એમ્પિરિક), *n.* અનુભવ અથવા કેવળ મ્હાવરા ઉપર આધાર રાખીને વર્તનાર. One, who relies upon practical experience only. **2.** (*fig.*) ઉંટવૈદ; વેશધારી વૈદ. A quack; an ignorant pretender to medical practice.

Empiricism (એમ્પિરિસિઝમ્), *n.* ઉંટવૈદું; ઉપરચોટિયું જ્ઞાન; બીજાના અનુભવ ઉપર આધાર રાખીને મેળવેલું જ્ઞાન. Quackery; superfluous knowledge of any line (esp. medical).

Employ (એમ્પ્લૉય્), *vt. pr. p.* **Employing.** *imp. & p. p.* **Employed.** કામમાં લેવું; ઉપયોગ કરવો; નોકરીએ વળગાડવું; ચાકરીમાં રાખવું. To make use of; to keep at work; to occupy. *n.* ઉદ્યોગ; ધંધો; કામ; રોજગાર. Business; work; a calling; an employment.

Employable (એમ્પ્લૉએબલ્), *a.* નોકરીએ વળગાડી શકાય એવું; કામમાં લઇ શકાય એવું. Capable of being employed.

Employee (એમ્પ્લૉઇ), *pl.* **Employees.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નોકરીમાં રાખેલું માણસ; નોકર; ચાકર. One, who is employed in service.

Employer (એમ્પ્લોયર્), *n.* કામે વળગાડનાર; નોકરીમાં રાખનાર; શેઠ; અધિપતિ. One, who keeps servants in some employment.

Employment (એમ્પ્લોય્મેન્ટ્), *n.* કામમાં રોકવું તે; ચાકરી; નોકરી; ધંધો; રોજગાર; કામ. A profession; a business; a service; a trade.

Emporium (એમ્પોરિઅમ્), *n.* વેપારનું મથક; વેપારિક સ્થળ; વેપારનું મુખ્ય બંદર A town, which is the centre of commerce. **2.** દુકાન; વખાર. A shop; a warehouse.

Empower (એમ્-પાઉવર), *vt. pr. p.* **Empowering:** *imp.* & *p. p.* **Empowered.** સત્તા આપવી; અધિકાર આપવો; હકુમત આપવી-સોંપવી. To give authority; to authorize.

Empress (એમ્પ્રેસ્), *n.* શહેનશાહબાનુ;સાર્વભૌમ રાણી. The spouse of an emperor; a female ruler of an empire.

Empty (એમ્ટિ), *a.* ખાલી; પોકળ; વ્યર્થ. Containing nothing; devoid of any meaning or sense. **2.** મિથ્યા; અર્થ વિનાનું. Hollow; vain. *vt. vi.* ખાલી કરવું;-ના વિનાનું કરવું. To remove the substance from; to make void. **2.** ખાલી થવું; અર્થ વિનાનું હોવું. To be without any contents; to be void of any sense.

Empyreal (એમ્પિરીઍલ્), *a.* અગ્નિ અથવા તેજનું બનેલું; અગ્નિમય; તેજોમય. Consisted of fire or light; full of light.

Emperian (એમ્પીરિઍન્), *a.* દિવ્ય; અગ્નિમય. Empyreal. *n.* સત્યલોક; દિવ્યલોક; અગ્નિ દેવનું રહેઠાણ. The abode of the god of Fire.

Emulate (એમ્યૂલેટ્), *vi. pr. p.* **Emulating.** *imp.* & *p. p.* **Emulated.** પાછળ હઠાવવું; હરિફાઇમાં ઉતરવું; સ્પર્ધા કરવી; ચડસાચડસી કરવી. To beat down in rivalry; to compete; to strive to be equal.

Emulation (એમ્યૂલેશન્), *n.* સ્પર્ધા; ચડસાચડસી; હરિફાઇ. A rivalry; a keen competition.

Emulator (એમ્યૂલેટર્), *n.* સ્પર્ધા કરનાર; હરીફ; ચડસાચડસીથી કામ કરનાર. A rival; a competitor.

Emulatory (એમ્યુલેટૉરિ), *a.* સ્પર્ધા કરવાની વૃત્તિવાળું; ચડસાચડસીની ટેવવાળું; હરીફાઇનું. Of the nature of rivalry; belonging to competition.

Emulous (એમ્યૂલસ્), *a.* સ્પર્ધામાં ઉતરવાની ટેવવાળું; ચડસાચડસીથી કામ લેવાની વૃત્તિવાળું. Tending to emulation.

Enable (એનેબલ્), *vt. pr. p.* **Enabling.** *imp.* & *p. p.* **Enabled.** શક્તિમાન બનાવવું; સત્તાધારી કરવું; સત્તા સોંપવી; અખત્યાર આપવો. To make strong; to invest with authority or power.

Enact (એનૅક્ટ્), *vt. pr. p.* **Enacting.** *imp.* & *p. p.* **Enacted.** કાયદો બાંધવો; કાયદો ઘડવો; નિયમ બાંધવો. To pass into an act or law. **2.** -નો પાઠ ભજવવો; વેશ લેવો. To play the part of.

Enactment (એનૅક્ટ્મેન્ટ્), *n.* કાયદો; નિયમ; ધારો. A law; a decree **2.** નવો ધારો બંધાવો તે. The passing of a bill into a law.

Enamel (એનૅમેલ્), *n.* કાચના જેવી એક જાતની વસ્તુ; મીનો. A glossy surface of various colours.

Enamour (એનૅમર્), *vt. pr. p.* **Enamouring.** *imp.* & *p. p.* **Enamoured.** આશક થવું; મોહીત બનવું; પ્રેમપાશમાં પડવું. To inflame with love; to captivate. **To be enamoured of,** ના પ્રેમમાં પડવું.

Enamorado (એનૅમરૅડો), *n.* આશક; મોહીત થયેલો સખ્સ. One, who is in love with.

Encage (એન્કેજ્), *vt. pr. p.* **Encaging.** *imp.* & *p. p.* **Encaged.** પાંજરામાં પુરવું (પક્ષીને); બંધનમાં રાખવું. To confine in a cage.

Encamp (એન્કૅમ્પ્), *vt. vi.* તંબુ તાણવા; છાવણી કરવી; મુકામ કરવો; પડાવ નાંખવો. To form or make a camp; to halt on a march.

Encampment (એન્કૅમ્પ્મેન્ટ્), *n.* છાવણી; મુકામ; પડાવ; તંબુ. An act of encamping; a temporary halt; a body of men, halting together on a march

Enchain (એન્ચેન્), *vt. pr. p.* **Enchaining.** *imp.* & *p. p.* **Enchained.** સાંકળથી બાંધવું; જોડવું; સાંધવું. To fasten with a chain; to link together. **2.** કેદ કરવું પુરવું; ગોંધવું. To confine; to hold in bondage.

Enchainment (એન્ચેન્મેન્ટ્), *n.* સાંકળથી બાંધવું તે; કેદ કરવું તે; પુરવું તે. An act of enchaining.

Enchant (એન્ચૅન્ટ્), *vt.* જાદુ કરવું; મંતર મારવા; તાવીજ કરવું; વશીકરણ કરવું. To pass spells on; to fascinate; to charm.

Enchanter (એન્ચૅન્ટર્), *n.* જાદુ કરનાર; મોહિની વળગાડનાર; જંતરમંતર કરીને કામ લેનાર. A sorcerer; one, who practises black art.

Enchantment (એન્ચૅન્ટ્મેન્ટ્), *n.* જાદુ; વશીકરણ; મોહીની; જંતર મંતર. Spells; sorcery; fascination.

Enchantress (એન્ચૅન્ટ્રેસ્), *n.* વશીકરણ કરનાર સ્ત્રી; જાદુગરીણી; જંતરમંતર જાણનાર અબળા. A sorceress; a woman, knowing the art of magic.

Enchase (એન્ચેઝ્), *vt. pr. p.* **Enchasing.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

imp. & *p. p.* **Enchased.** જડવું; બેસાડવું. To incase in a border.

Encircle (એન્-સર્કલ્), *vt. pr. p.* **Encircling.** *imp.* & *p p.* **Encircled.** ઘેરવું; વિંટાળવું; કુંડાળું કરવું; પ્રદક્ષિણા કરવી. To form a circle; to surround; to environ. 2. ભેટવું; બાથમાં લેવું. To embrace.

Enclose (એન્ક્લોઝ), *vt. pr. p.* **Enclosing.** *imp.* & *p. p.* **Enclosed.** વાડ બાંધવી; ઘેરી લેવું; હદ કરી લેવી. To inclose; to ascertain the boundary; to separate by constructing a fence.

Enclosure (એન્ક્લોઝ્હર્), *n.* વાડ; મર્યાદા; હદ; A fence; a limit; an end.

Encomium (એન્કોમિઅમ્), *n.* સ્તુતિ; તારીફ; પ્રશંસા; વખાણ. A praise; words showing the praise of some one.

Encomiast (એમ્કોમિઅસ્ટ), *n.* પ્રશંસા કરનાર; તારીફ કરનાર; વખાણનાર. One, who praises another.

Encompass (એન્કમ્પસ્), *vt. pr. p.* **Encompassing.** *imp.* & *p. p.* **Encompassed.** ઘેરવું; વિંટાળવું; ઘેરી લેવું; ચારે તરફ વિંટી લેવું. To encircle; to environ; to go round; to surround.

Encompassment (એન્કમ્પસ્મેન્ટ), *n.* ઘેરો; ચારે બાજુએ વિંટાઈ જવું તે; ઘેરાવો. An act of encompassing.

Encore (એન્કોર), *ad.* ફરીથી; ફરીથી પાછું; એકવાર. Once more; once again.

Encore (એન્કોર્), *vt. pr. p.* **Encoring.** *imp.* & *p. p.* **Encored.** ફરીથી બોલવા અથવા કહેવા માટે કહેવું; ફરીથી બોલાવવું; નાટકમાં 'વન્સમોર' કહીને બૂમ પાડવી. To ask to repeat.

Encounter (એન્કાઉન્ટર્), *vt. vi. pr. p.* **Encountering.** *imp.* & *p. p.* **Encountered.** સામા થવું; સામા ઉભા રહીને લડવું; ઝઝુમવું; મેળાપ થવો; અથડાઇ પડવું. To oppose; to meet inimically; to struggle with; to fight. *n.* સામસામા થવું તે; યુદ્ધ; ભેટો. An unexpected opposition; a fight; a conflict.

Encourage (એન્કરેજ્), *vt. pr. p.* **Encouraging.** *imp.* & *p. p.* **Encouraged.** ઉત્તેજન આપવું; ટેકો આપવો; ધીરજ આપવી; ઉત્સાહ આપવો. To inspire with courage; to embolden; to support.

Encouragement (એન્કરેજ્મેન્ટ), *n.* ઉત્તેજન; ટેકો; ઉત્સાહ; ધીરજ; પ્રોત્સાહન An act of encouraging; incitement.

Encourager (એન્કરેજર્), *n.* ધીરજ આપનાર; હિંમત આપનાર; ટેકો આપનાર; ઉત્તેજીત કરનાર. A supporter; a helper.

Encroach (એન્ક્રોચ્), *vi.* બીજાના અધિકારમાં હાથ ઘાલવો; પગપેસારો કરવો; ઘુસવું; મહામહેનતે દાખલ થવું. To intrude on the rights; to assail gradually.

Encroachment (એન્ક્રોચ્મેન્ટ), *n.* દબાવી પડવું તે; પગ પેસારો; પોતાનાહક કરતાં વધારે પચાવી પડવું તે. An act of encroaching; an intrusion.

Encumber (એન્કમ્બર્), *vt. pr. p.* **Encumbering.** *imp.* & *p. p.* **Encumbered.** (બોજો વધારે મૂકીને) અડચણ કરવી; અતિશય ભાર ભરવો; ગતિનિરોધ કરવો; બોજામાં ઉતારવું. To impede the motion, by putting too much burden; to obstruct. 2. મિલ્કત, જાગીર, વિ૦ને દેવામાં ઉતારવી. To load as an estate, with debts.

Encumbrance (એન્કમ્બ્રન્સ્), *n.* બોજો; ભાર; પીડા; અડચણ; ડખલ; અંતરાય. Any thing which makes an action more difficult; an obstacle; a hindrance. 2. જાગીર અથવા સ્થાવર મિલ્કત ઉપર કરેલું દેવું અથવા બોજો. Liability on an estate, etc.

Encyclopaedia (એન્સાઇક્લોપીડિઅ), *n.* સર્વ વિદ્યા સંગ્રહ; સર્વવિદ્યાકોષ; વિશ્વવિદ્યા સંગ્રહ. A book, containing the information and knowledge of all the sciences in the world.

End (એન્ડ્), *vt. vi. pr. p.* **Ending.** *imp.* & *p. p.* **Ended.** છેડો આણવો; અંત લાવવો; પુરૂં કરવું; સમાપ્ત કરવું. To finish; to terminate; to bring the final result of. 2. મારી નાંખવું; નાશ કરવો; પુરૂં થવું; સમાપ્ત થવું. To come to a close. *n.* અંત; છેડો; સમાપ્તિ; સંપૂર્ણતા. The extreme point; the termination; conclusion.

Endanger (એન્ડેન્જર્), *vt. pr. p.* **Endangering.** *imp.* & *p. p.* **Endangered.** ભયમા નાખવું; જોખમમાં ઉતારવું; ગુંચવાડામાં ઉતારવું; ગુંચવાવવું. To bring into trouble; to imperil; to expose to loss.

Endear (એન્ડીર્). *vt. pr. p.* **Endearing.** *imp.* & *p. p.* **Endeared.** પ્રેમ દેખાડવો; સ્નેહ કરવો; સ્નેહબંધનથી બાંધવું. To make beloved; to tie by the ties of love.

Endearment (એન્ડીર્-મેન્ટ), *n.* પ્રેમ અથવા સ્નેહ દેખાડવો તે; સ્નેહબંધન; મમતા; વ્હાલ. An act of endearing; affection.

Endeavour (એન્ડેવર્), *vt.* પ્રયત્ન કરવો; કોશીષ કરવી; યત્ન કરવો; અજમાયેશ કરવી. To attempt; to strive; to exert one's self. *n.* પ્રયત્ન; કોશીષ; અજમાયેશ. An attempt; an effort.

Endeavourer (એન્ડેવરર્), *n.* પ્રયત્ન કરનાર; કોશીષ કરનાર; યત્ન કરનાર. One, who endeavours.

Endless (એન્ડ્લેસ્), *a.* બેહદ; હંમેશનું; અનંત;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેસુમાર Without any conclusion; incessant; constant.

Endlessly (એન્ડ્લેસ્લિ), *ad.* બેહદપણે; અનંતપણે; નિરંતર. In an endless way.

Endlessness (એન્ડ્લેસ્નેસ), *n.* અપાર હોવું તે; અમર્યાદિત હોવું તે The state of being endless.

Endorse (એન્ડૉર્સ), *vt. pr. p.* **Endorsing.** *imp. & p. p.* **Endorsed.** શેરો કરવો; હુંડી વિગેરેની પાછળ સહી કરવી. To write on the back of a bill or a bill of exchange; to write a remark on. 2. મંજુર કરવું; પરવાનગી આપવી. To sanction; to approve.

Endorsement (એન્ડૉર્સ્મેન્ટ), *n.* શેરો; હુંડી, વિગેરે પાછળ કરેલી સહી. A remark or a note written on the back side of papers or documents; the signature of the holder of a cheque. 2. પરવાનગી; સ્વીકાર; કબુલાત. A sanction; an approval.

Endow (એન્ડાઉ), *vt. pr. p.* **Endowing.** *imp. & p. p.* **Endowed.** બક્ષીસ તરીકે આપવું; અર્પવું; આપવું. To furnish with any gift; to bestow. 2. મીલ્કત આપવી; વર્ષાસન આપવું; પલ્લું આપવું. To provide with a part of one's property; to supply with a dowry.

Endowment (એન્ડાઉમેન્ટ), *n.* બક્ષીસ; ભેટ; અર્પણ કરવું તે. A gift; a bestowing. 2. મીલ્કત અથવા મિલ્કતનો ભાગ આપવો તે; વર્ષાસન આપવું તે; પલ્લું જુદું કાઢી આપવું તે. An act of endowing. 2. કુદરતી બક્ષીસ; ગુણ; શક્તિ. Natural present or capacity.

Endue (એન્ડ્યૂ), *vt. pr. p.* **Enduing.** *imp. & p. p.* **Endued.** આપવું; દેવું; કપડાં પહેરાવવા. To invest; to clothe.

Enduement (એન્ડ્યૂમેન્ટ), *n.* આપવું તે; અર્પણ; કપડાં, વિગેરે પહેરાવીને સજ્જ કરવું તે. An act of enduing.

Endurable (એન્ડ્યૂરેબલ), *a.* સહન થાય એવું; સહ્ય; સહનીય. Capable of being endured.

Endurably (એન્ડ્યૂરેબ્લિ), *ad.* સહન થઇ શકે તેવી રીતે; સહનીય રીતે. In an endurable way.

Endurance (એન્ડ્યૂરન્સ), *n.* ધીરજ; સહનશક્તિ; સબુરી. Patience; the power of suffering; fortitude.

Endure (એન્ડ્યૂર), *vt. vi. pr. p.* **Enduring.** *imp. & p. p.* **Endured.** ખમવું; સહન કરવું; સાંખવું; સહેવું. To bear; to bear calmly; to suffer. 2. ટકવું; રહેવું; નભાવવું; નભી રહેવું. To last; to continue.

Endurer (એન્ડ્યૂરર), *n.* સહન કરનાર; સાંખનાર; સહેનાર. One who bears or endures.

Enemy (એનીમિ), *n. pl.* **Enemies.** શત્રુ; દુશ્મન; વેરી. A foe; an antagonist; an opponent.

Energetic,-al (એનર્જેટિક,-કલ), *a.* ઉત્સાહી; ખંતીલું; મહેનતુ; ઉદ્યોગી. Vigorous; diligent; industrious. 2. શક્તિવાળું; જોરાવર; તાકાદવાળું. Having energy or strength.

Energize (એનર્જાઇઝ), *vt. vi.* શક્તિવંત કરવું; શક્તિથી કામ કરવું; જોરદાર બનાવવું; તાકાદ લાવવી. To give strength or force to; to work with energy.

Energy (એનર્જી), *n. pl.* **energies.** શક્તિ; બળ; સામર્થ્ય; જોર; કૌવત; તાકાદ. Internal power; capacity; strength force; vigour.

Enervate (એનર્વેટ), *vt. pr. p.* **Enervating.** *imp. & p. p.* **Enervated.** કમજોર કરવું; તાકાદહીન બનાવવું; અશક્ત કરવું; જોર ઓછું કરવું. To deprive of force; to weaken; to deprive of strength. *a.* અશક્ત; દુબળું; શક્તિહીન. Weakened; wanting in strength or energy.

Enervation (એનર્વેશન), *n.* બળની ખામી; મનોબળની તંગી. A want of strength.

Enfeeble (એન્ફીબલ), *vt. pr. p* **Enfeebling.** *imp. & p. p.* **Enfeebled.** કમજોર કરવું; નાહિંમતવાન બનાવવું; નિર્બળ કરવું. To deprive of vigour or strength; to weaken.

Enfeeblement (એન્ફીબલમેન્ટ), *n.* કમજોર બનાવવું તે; નિર્બળ બનાવવું તે. An act of making enfeeble.

Enfeebler (એન્ફીબલર), *n.* અશક્ત બનાવનાર; કમજોર કરનાર; શક્તિ ઘટાડનાર. One, that enfeebles.

Enforce (એન્ફોર્સ), *vt. pr. p.* **Enforcing.** *imp. & p. p.* **Enforced.** જબરજસ્તીથી કામ કરાવવું અથવા અમલમાં મૂકવું; ચાલુ કરવું; બજવવું. To get a thing done forcibly; to compel; to get by compulsion or outward force; to execute.

Enforceable, Enforcible (એન્ફોર્સીએબલ, એન્ફોર્સિબલ), *a.* અમલમાં મુકી શકાય તેવું; ટેકો અથવા વજન આપી શકાય તેવું. Capable of being enforced.

Enforcement (એન્ફોર્સ્મેન્ટ), *n.* જોરથી કરાવવું તે; દબાણ; પુષ્ટિ મળવી તે; ટેકો; જબરજસ્તી. Compulsion; force; an act of putting into execution; a support.

Enfranchise (એન્ફ્રેન્ચાઇઝ), *vt. pr. p.* **Enfranchising.** *imp. & p. p.* **Enfranchised.** છોડાવવું; છુટાપણાનો હક આપવો; મોકળું કરવું; સ્વતંત્રતા આપવી. To release; to set free; to grant liberty to. 2. પરદેશીને જે નગરમાં અથવા દેશમાં રહેતો હોય તેના હક આપવા; તે દેશના રહેવાશી તરીકે ગણવો. To furnish with the right of voting.

Enfranchisement (એન્ફ્રેન્ચાઇઝમેન્ટ), *n.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલામગીરીમાંથી છુટકારો આપવો તે; છુટાપણાનો હક આપવો તે; પરદેશીને સ્થાનીક વતની તરીકે ગણવો તે. An act of enfranchising.

Engage (એન્ગેજ્), *vt. vi. pr. p.* **Engaging.** *imp.* & *p. p.* **Engaged.** કામે લગાડવું; કામે વળગાડવું–લાગવું; રોકવું. To employ; to occupy. 2. શરત; પ્રતિજ્ઞા, કરાર, વિ० થી બાંધવું અથવા બંધાવવું. To bind by oath, pledge, etc. 3. હુમલો કરવો; લડાઈ કરવી. To attack in a conflict. 4. કોઇપણ કામ શરૂ કરવું; પ્રવૃત્તિશીલ બનવું. To begin any work.

Engagement (એન્ગેજ્મેન્ટ), *n.* કરાર; શરત; બોલી. A contract; a pledge; a mutual agreement. 2. લડાઇ; યુદ્ધ. A conflict; a fight. 3. કામ; ઉદ્યોગ; ધંધો; વેપાર. A calling; a profession; any kind of work.

Engaging (એન્ગેજિન્ગ્), *a.* દીલપસંદ; મનોરંજક; ખુશકારક; આનંદી. Attractive; charming; pleasing; cheerful.

Engender (એન્જેન્ડર્), *vt. vi.* પેદા કરવું; ઉત્પન્ન કરવું. To produce; to bring into existence; to beget. 2. ઉત્તેજીત કરવું–થવું; પેદા થવું; કારણભૂત થવું. To stir; to be the cause of; to come into existence.

Engine (એન્જીન્), *n.* યંત્ર; સાંચો; 'એન્જીન'. A mechanical instrument complicated in any degree. 2. સાધન; હથિયાર. A tool; an instrument. *vt.* એન્જીન અથવા વરાળયંત્રો પુરૂ પાડવા. To furnish with an engine. **Engine-driver,** *n.* એન્જીન ચલાવનાર.

Engineer (એન્જીનીર્), *n.* યંત્રવિદ્યા જાણનાર; સાંચા કામનો માહિતગાર; સાંચા, વિગેરે ચલાવનાર; પૂલ, રસ્તા, વિગેરે બાંધવામાં કુશળ પુરૂષ; 'ઇજનેર'. One who is well up in managing the engines, propelled by steam, or any military constructing work. *vt.* સાંચા કામ ઉપર દેખરેખ રાખવી; સાંચા કામ ચલાવવા; વરાળયંત્રોથી કામ લેવું. To direct and to supervise the work of engineering.

Engineering (એન્જીનીરિન્ગ્), *n.* યંત્રવિદ્યા; ઇજનેરી કામ; સાંચા કામમાં નિપુણતા. The art of using engines or machines.

Engirdle (એનગર્ડ્લ) *vt.* વિંટી લેવું; ઘેરી લેવું; આસપાસ ફેલાવી દેવું. To inclose; to surround.

English (ઇંગ્લિશ), *a.* અંગ્રેજ લોકોનું; ઇંગ્લંડ દેશનું. Of the English people; pertaining to England. **Englishman,** *n.* ઇંગ્લંડમો વતની.

Engorge. (એન્ગૉર્જ્), *vt. vi.* ગળી જવું; ગટક કરી જવું; પેટમાં ઉતારી દેવું. To swallow; to eat away. 2. ખાઉધરાની માફક ખાવું; પેટમાં ઉતારવું. To eat away greedily.

Engorgement (એન્ગૉર્જ્મેન્ટ), *n.* ગળી જવું તે; પેટમાં ઉતારી દેવું તે; ખાઇ જવું તે. An act of swallowing.

Engraft (એન્ગ્રેફ્ટ) *vt. pr. p.* **Engrafting.** *imp.* & *p. p.* **Engrafted.** ઝાડની કલમ કરવી. To ingraft.

Engraftment (એન્ગ્રેફ્ટમેન્ટ), *n.* ઝાડની કલમ કરવી તે; ઝાડની કલમ. Ingraftment.

Egrave (એન્ગ્રેવ્), *vt. pr. p.* **Engraving.** *imp.* & *p. p.* **Engraved.** કોતરવું; નકસી પાડવી; કોતરકામ કરવું. To imprint; to cut figures, letters, etc. on stone, metal or wood.

Engraver (એન્ગ્રેવર્), *n.* કોતરનાર; કોતરણી કામ કરનાર; નકસી કાઢનાર; પત્થર, ધાતુ, લાકડા, વિગેરે ઉપર ચિત્ર અથવા વેલ કાઢનાર. One who engraves.

Engraving (એન્ગ્રેવિન્ગ્), *n.* નકસીકામ; નકસી પાડવાની કળા; કોતરણીનું કામ. The art of making designs; ~~the work~~ of engraving.

Engross (એન્ગ્રૉસ્), *vt. vi. pr. p.* **Engrossing.** *imp.* & *p. p.* **Engrossed.** મોટું બનાવવું; જાડું બનાવવું. To increase in bulk; to make thick. 2. લીન થવું; તલ્લીન બનવું; એક ચિત્ત બનવું. To occupy one's sole attention; to absorb. 3. અતિશય પ્રમાણમાં નફો કરવાના ઇરાદાથી માલ એકહથુ કરવો; કોઇના હાથમાં જવા ન દેવું. To purchase in undue quantity. 4. સારા અક્ષરે લખવું; નકલ કરવી. To write in good hand; to copy the writing of.

Engrosser (એન્ગ્રૉસર્), *n.* મોટા અક્ષરે લખનાર; માલ એક હાથે કરી લેનાર. One who writes in large letters; one who purchases in undue proportion.

Engrossment (એન્ગ્રોસમેન્ટ), *n.* લીન થવું તે; ગરક થઇ જવું તે; સારા અક્ષરે લખવું તે. An act of engrossing.

Enhance (એનહૅન્સ્), *vt. vi. pr. p.* **Enhancing.** *imp.* & *p. p.* **Enhanced.** વધારવું; મોટું કરવું; ઉંચું કરવું. To increase; to heighten. 2. ઉંચું થવું; મોટું થવું; વધવું. To grow larger; to increase.

Enhancement (એન્હૅન્સમેન્ટ), *n.* વધારો; ભરતી; વૃદ્ધિ. An act of enhancing; augmentation.

Enigma (ઇનિગ્મૅ), *n.* કોયડો; સમશ્યા; ઉખાણું. A puzzle; a riddle. 2. ગૂઢાર્થ; છૂપું રહસ્ય. A secret meaning.

Enigmatic,-al (ઇનિગ્મૅટિક્,–કૅલ્), *a.* ભેદવાળું; નહિ સમજાય તેવું; કોયડા વિશેનું. Pertaining to riddle; mysterious; obscure.

Enjoin (એનજૉઇન્), *vt.* તાકીદ આપવી; હુકમ આપવો; ફરમાવવું; કાયદાપૂર્વક મના કરવી. To

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

impose authoritatively; to put by way of injunction.

Enjoinment (એન્જૉઇન્મેન્ટ), *n.* તાકીદ; હુકમ; અમુક કામ નહિ કરવાને કાયદાપૂર્વકની મનાઇ. An act of enjoining.

Enjoy (એન્જૉય્), *vt. pr. p.* **Enjoying.** *imp. & p. p.* **Enjoyed.** ભોગવવું; મોજશોખ માણવો; અનુભવવું; લાભ લેવો. To fell satisfaction in the possession or experience of; to feel with pleasure.

Enjoyable (એન્જૉયેબલ્), *a.* ભોગવી શકાય એવું; સુખ મેળવી શકાય તેવું. Capable of being enjoyed.

Enjoyment (એન્જૉય્મેન્ટ), *n.* સુખ; ભોગ; આનંદ; મોજમજા; વિલાસ; વિહાર. The state of enjoying; pleasures; momentary happiness.

Enkindle (એન્કિન્ડ્લ્), *vt. vi. pr. p.* **Enkindling.** *imp. & p. p.* **Enkindled.** સળગાવવું; ચેતાવવું; પેટાવવું. ~~To inflame~~; to set on fire. **2.** ઉશ્કેરવું; પ્રદીપ્ત કરવું; જગાડવું. To stir; to excite; to rouse. **3.** સળગવું; ચેતવું, પ્રદીપ્ત થવું. To take fire.

Enlarge (એન્લાર્જ્), *vt. vi. pr. p.* **Enlarging.** *imp. & p. p.* **Enlarged.** મોટું કરવું; વિશાળ કરવું; ફેલાવવું; પહોળું કરવું. To extend; to expand; to increase; to broaden. **2.** મોટું થવું; પહોળું થવું; વિશાળ બનવું. To grow large; to increase in measure. **3.** ગુલામગીરીમાંથી મુક્ત કરવું-છોડાવવું. To set at liberty from slavery.

Enlargement (એન્લાર્જ્મેન્ટ), *n.* વિસ્તાર; ફેલાવો; વૃદ્ધિ. Expansion; something added for expansion; an act of enlarging. **2.** ગુલામગીરીમાંથી છુટકારો. A release from confinement. **3.** ગ્રંથમાં વધારો કરવો તે; વિસ્તારથી વાત કહેવી તે. Diffusiveness in writing.

Enlighten (એન્લાઇટન્), *vt. pr. p.* **Enlightening.** *imp. & p. p.* **Enlightened.** પ્રકાશિત કરવું; અજવાળું પાડવું; પ્રકાશ અથવા ઉજેશ આપવો. To illuminate; to reflex light. **2.** જ્ઞાન આપવું; માહિતગાર બનાવવું; ઉપદેશ આપવો. To favour with knowledge or information.

Enlightener (એન્લાઇટનર્), *n.* પ્રકાશિત કરનાર; અજવાળું પાડનાર; જ્ઞાન આપનાર. One, who enlightens.

Enlightenment (એન્લાઇટન્મેન્ટ), *n.* પાડેલો પ્રકાશ; રોશની; તેજ; અજ્ઞાનનો નાશ. An act of enlightening.

Enlist (એન્લિસ્ટ), *vt. pr. p.* **Enlisting.** *imp. & p. p.* **Enlisted.** નોંધવું; નોંધમાં દાખલ કરવું. To enter on a list; to enroll. પ્રજા સેવા માટે ભાડે રાખવું-નામ નોંધવા; લશ્કરી અથવા દરિયાઇ લશ્કરની ભરતી માટે નામો નોંધવા. To get on hire for the military or naval force.

Enlistment (એન્લિસ્ટ્મેન્ટ), *n.* નોંધ; ટીપ; નામ નોંધવા તે; સૈન્ય ભરતી માટે નામ નોંધવા તે. Enrolment; an act of enlisting.

Enliven (એન્લિવન્), *vt.* સજીવન કરવું; જીવ મૂકવો; સચેત કરવું. To give life to; to animate. **2.** ગતિ આપવી; જોસ આપવો; બળ આપવું. To give motion or force. **3.** ઉત્તેજીત કરવું; ઉત્સાહ પ્રેરવો; આનંદિત કરવું. To inspire with spirit; to make cheerful.

Enmity (એન્મિટિ), *n.* દુશ્મનાવટ; વેર; અદાવત; શત્રુતા. Hostility; unfriendly relations; ill-will.

En-noble (એન્-નોબલ્), *vt. pr. p.* **En-nobling.** *imp. & p. p.* **En-nobled.** ઉમરાવની પદવી આપવી; અમીરની પદવીએ ચઢાવવું. To raise to nobility. **2.** ઉંચી પદવીએ પહોંચાડવું; ઉન્નત જગ્યા આપવી. To exalt; to raise to honour.

En-noblement (એન્-નોબલ્મેન્ટ), *n.* ઉમરાવની પદવી આપવી તે; ઉંચી પદવીએ ચઢાવવું તે. An act of ennobling.

Ennui (આન્વી). *n.* કંટાળો; ત્રાસ; ગ્લાની; માનસિક વ્યગ્રતા. Mental langour; weariness.

Enormity (ઇનૉર્મિટિ). *n.* અતિદુષ્ટતા; મહા પાપ; અઘોર કર્તવ્ય-ક્રીમ. A wicked crime; an atrocity; a great offence.

Enomous (ઇનૉર્મસ્), *a.* ઘણુંજ મોટું; વિશાળ; અપરિમિત; પ્રચંડ. Excessively large; immeasurable; far beyond common.

Enormously (ઇનૉર્મસ્લિ), *ad.* અતિશય વધારે; ઘણુંજ; અપરિમિત રીતે. In an enormous way; beyond common.

Enormousness (ઇનૉર્મસ્નેસ્), *n.* અપરિમિતપણું; વિશાળતા; પ્રચંડતા. The quality of being enormous.

Enough (ઇનફ્), *a.* જોઇએ તેટલું; પુરતું; ખપ જેટલું. Answering the purpose; meeting the requirements. *int.* બસ થયું! બસબસ! A word of surprise showing satisfaction. *n.* પુરતાપણું; જોઇએ તેટલી વસ્તુ-ખીના. A sufficiency.

Enquire (એન્ક્વાઇર્), *vt. vi. pr. p.* **Enquiring.** *imp. & p. p.* **Enquired.** પૂછપરછ કરવી; તપાસ કરવી; પ્રશ્ન પુછવા; સવાલ કરવા. To ask about; to investigate.

Enquirer (એન્ક્વાઇરર્), *n.* પૂછપરછ કરનાર; તપાસ કરનાર; પ્રશ્ન પૂછી બાતમી મેળવનાર. An inquirer; one who enquires.

Enquiry (એન્ક્વાઇરિ), *n.* પૂછપરછ; તપાસ; બાતમી; માહિતી. An investigation; an act of asking about the whereabouts of.

Enrage (એન્રેજ્), *vt. pr. p.* **Enraging.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

imp. & *p. p.* **Enraged.** ખીજવવું; ગુસ્સે કરવું; સંતાપવું; અતિશય ઉશ્કેરવું. To provoke to madness; to excite anger.

Enrapture (એન્રૅપ્ચ્યૂર), *vt. pr. p.* **Enrapturing.** *imp.* & *p. p.* **Enraptured.** અત્યંત ખુશ કરવું; અત્યાનંદ પમાડવું; આનંદિત કરવું. To delight beyond measure; to enravish.

Enravish (એન્રૅવિશ), *vt. pr. p.* **Enravishing.** *imp.* & *p. p.* **Enravished.** ખુશ કરવું; આનંદિત કરવું; હર્ષ ઉપજાવવો. To gladden; to make over-joyous.

Enrich (એનરિચ), *vt.* તવંગર કરવું; પૈસાદાર બનાવવું. To make rich; to make wealthy. **2.** ફળદ્રૂપ બનાવવું; રસકસવાળું બનાવવું. To fertilize. **3.** સમૃદ્ધ બનાવવું. To make prosperous. **4.** શણગારવું; સુશોભિત કરવું. To decorate; to ornament.

Enrichment (એનરિચમેન્ટ), *n.* તવંગર બનાવવું તે; સમૃદ્ધિ; ફળદ્રુપતા. An act of enriching; fertilization.

Enrobe (એન્રોબ્), *vt. pr. p.* **Enrobing.** *imp.* & *p. p.* **Enrobed.** પોશાક પહેરાવવો; વસ્ત્રોથી ઢાંકવું. To clothe with attire; to invest.

Enrol, Enroll (એન્રોલ), *vt. pr. p.* **Enrolling.** *imp.* & *p. p.* **Enrolled.** નોંધાવવું; નોંધમાં દાખલ કરવું; નામ લખાવવું. To enter the name in a list; to enlist; to insert in records. **2.** વિંટો કરવો; વિંટાળવું. To cover in a roll; to envelop.

Enroller (એન્રોલર), *n.* નોંધનાર; નામ લખનાર; ભરતી કરનાર. One, who enrolls.

Enrolment (એન્રોલમેન્ટ), *n.* નામની નોંધ; નોંધાવવું તે; વિંટો. An act of enrolling.

Enroot (એન્રૂટ), *vt.* જડમૂળમાં બેસાડવું; સજ્જડ ચોટાડવું; ઉખડી ન જાય તેમ જમીનમાં ખોસવું. To insert firmly into earth or the ground.

Enroute (એન્રાઉટ), *ad.* રસ્તે જતાં; રસ્તામાં. On the way; by the way.

Ens (એન્ઝ), *n.* હયાતિ; સત્વ; પ્રાણી. Existence; [a being.

Ensanguine (એન્-સૅન્ગ્વિન), *vt.* લોહીથી ખરડવું; લોહી લોહાણ કરવું; લોહીમાં બોળવું. To cover or stain with blood.

Ensconce (એન્સ્કૉન્સ), *vt.* બચાવ કરવો; રક્ષણ કરવું; ઢાંકી દેવું; સંતાઇ જઇને જાત બચાવવી-નો આશરો લેવો. To protect; to defend; to take shelter.

Enshield (એન્શિલ્ડ), *vt.* બચાવવું; આશરો આપવો; ઓથ આપવી. To protect; to give shelter to.

Enshrine (એન્-શ્રાઇન), *vt.* સંભાળપૂર્વક પેટીમાં મૂકવું; સાચવીને રાખી મૂકવું. To inclose in a chest; to lay aside carefully.

Enshroud (એન્-શ્રાઉડ), *vt.* ચાદરથી ઢાંકવું,-લપેટવું. To cover in a shroud (esp. a dead human body).

Ensign (એન્સાઇન), *n.* નિશાન; ચિન્હ; વાવટો; ઝંડો. A mark; a token; a flag; a banner. **2.** લશ્કરમાં વાવટો ઉપાડનાર અમલદાર. A military officer in charge of a flag. **Ensign-bearer,** *n.* વાવટો ઉપાડનાર અથવા વાવટાનું રક્ષણ કરનાર લશ્કરી અમલદાર.

Enslave (એન્સ્લેવ્), *vt. pr p.* **Enslaving.** *imp.* & *p. p.* **Enslaved.** ગુલામ તરીકે રાખવો-કેદ કરવો અથવા પકડવો; બંધનમાં રાખવું. To make a slave of; to keep in bondage. **2.** વશ કરવું; દાબમાં રાખવું; નિગ્રહ કરવો. To master; to subjugate; to curb.

Enslavement (એન્સ્લેવ્મેન્ટ). *n.* ગુલામ તરીકે પકડવો અથવા રાખવો તે; દાબમાં રાખનાર. One, who enslaves.

Ensnare (એન્સ્નેર), *vt.* જાળમાં પકડવું; જાળમાં સપડાવવું. To entrap; to catch into a trap or net. **2.** (*fig.*) ફસાવવું; ભોળવીને ખોટા રસ્તે દોરવું. To make a dupe of; to lead astray.

Ensue (એન્સ્યૂ), *vt. pr. p.* **Ensuing.** *imp.* & *p. p.* **Ensued.** નીકળવું; પરિણામ થવું; પરિણામ નીપજવું; ફળ આવવું. To follow as a result; to be the consequence. **2.**-ની પાછળ આવવું; પાછળ આવવું. To succeed.

Ensuing (એન્સ્યૂઇન્ગ્), *a.* પરિણામરૂપે આવવું અથવા થવું; નીપજવું; પાછળ આવવું. Resulting; following the result.

Entableture (એન્ટેબ્લેચ્યૂર), *n.* થાંભલાના મથાળાનો ભાગ તથા નકશી. The uppermost and the carved portion of a pillar.

Entail (એન્ટેલ), *vt. pr. p.* **Entailing.** *imp.* & *p. p.* **Entailed.** વંશપરંપરા ચાલે તેટલું કરી આપવું; ગીરાસ કરી આપવો. To settle land, etc. on a person and his heirs. *n.* ગીરાસ તરીકે આપેલી મિલ્કત. Land or estate, settled to a person.

Entangle (એન્ટૅન્ગલ), *vt. pr. p.* **Entangling.** *imp.* & *p. p.* **Entangled.** ગુંચવવું; ગુંચવી નાંખવું; ગભરાવવું; ગુંચવણમાં નાંખવું. To puzzle; to confuse; to throw into canfusion; to perplex.

Entanglement (એન્ટૅન્ગલમેન્ટ), *n.* ગુંચવણી; ગભરાટ; ગુંચવણ; જાળ; ફાંસો. Confusion; a puzzle; mental derangement.

Entangler (એન્ટૅન્ગલર), *n.* ગુંચવણીમાં નાંખનાર; ગભરાટમાં પાડનાર; ફાંસામાં ઉતારનાર. One, who entangles.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Enter (એન્ટર્), *vt. vi. pr. p.* **Entering.** *imp. & p. p.* **Entered.** દાખલ થવું; અંદર અથવા–માં પ્રવેશ કરવો. To come into; to admit. **2.** ધંધે વળગવું; કામે લાગવું. To engage in; to be involved. **3.** નોંધવું; નોંધ લેવી. To record; to write to the account of. **4.** મળી જવું; ભળી જવું; ભળવું. To be mixed with. **5.** શરૂ થવું;પ્રારંભ કરવો. To begin; to commence.

Enteropathy (એન્ટરૉપૅથિ), *n.* પેટમાં અથવા આંતરડાનો કોઇપણ રોગ. A disease of the intestines.

Enterprise (એન્ટર્પ્રાઇઝ્), *n.* જોખમી કામ; સાહસ; સાહસિક કામ. A daring work; a courageous action; a risk; a hazardous undertaking. *vt.* જોખમી કામ માથે લેવું; સાહસ કરવું. To run into a risk.

Enterpriser (એન્ટર્પ્રાઇઝર્), *n.*સાહસ ખેડનાર; જોખમી કામ લેનાર. One, who enterprises.

Enterprising (એન્ટર્પ્રાઇઝિન્ગ્), *a.* સાહસિક; હિંમતવાન; ગમે તેવું કામ કરવાને ઉત્સુક. Daring; bold; desirous of doing any sort of work.

Entertain (એન્ટર્ટેન્), *vt. pr. p.* **Entertaining.** *imp. & p. p.* **Entertained.** પરોણાચાકરી કરવી; મહેમાનગીરી કરવી; આગતા સ્વાગતા કરવી. To receive a guest cordially; to treat hospitably. આનંદ કરવો; જમ્મત કરવી; ઉજાણીમાં ભાગ લેવો. To amuse; to partake of a feast.

Entertaining (એન્ટર્ટેનિન્ગ્), *a.* ગમતી; રમુજી; આનંદ આપનાર; મહેમાનગીરી કરે તેવું. Pleasing; amusing; diverting.

Entertainment (એન્ટર્ટેનમેન્ટ્), *n.* પરોણાગત; મહેમાનગીરી; આવકાર. An act of receiving guests cordially; a hearty reception. **2.** મીજબાની; ઉજાણી; જાફત. A feast; a repast.

Enthrall (એન્થ્રૉલ્), *vt. pr. p.* **Enthralling.** *imp. & p. p.* **Enthralled.** ગુલામ કરવો; દાસ તરીકે રાખવો. To enslave; to keep in bondange.

Enthralment (એન્થ્રૉલમેન્ટ્), *n.* ગુલામ તરીકે રાખવું તે; ગુલામી. an act of enthralling; slavery.

Enthrone (એન્થ્રોન્), *vt. pr. p.* **Enthroning.** *imp. & p. p.* **Enthroned.** ગાદીએ બેસાડવું; રાજ્યાભિષેક કરવો; તખ્તનશીન કરવું. To invest with kingly powers; to place on a throne. **2.** ખાલી મઠમાં કોઇપણ માણસને પાદરી તરીકે મૂકવો. To install a man with the powers and rights of a bishop.

Enthronement (એન્થ્રોન્મેન્ટ્), *n.*રાજ્યારોહણ; રાજ્યાભિષેક;તખ્તનશીન ક્રિયા.An act of enthroning.

Enthusiasm (એન્થ્યૂઝિઍઝમ્), *n.* આવેશ; ઝનુન; જુસ્સો; ઉત્સાહ; અત્યુન્માદ. A mental ecstasy; an ardent zeal; elevation of fancy.

Enthusiast (એન્થ્યૂઝિઍસ્ટ્), *n.* આવેશપૂર્વક કામ કરનાર; ઝનુની; જુસ્સાથી કામમાં મગ્ન રહેનાર. Onefull of zeal;a highly imaginative person.

Enthusiastic,-al (એન્થ્યૂઝિઍસ્ટિક્ ,–કૅલ્), *a.* આવેશી; ઝનુની; જુસ્સાદાર; ઉત્સાહી. Zealous; ardent; imaginative.

Enthusiastically (એન્થ્યૂઝિઍસ્ટિકૅલ્લી), *ad.* ઝનુનપણે; ઉત્સાહપૂર્વક; અત્યંત વેગપૂર્વક. In an enthusiastic way.

Entice (એન્ટાઇસ્), *vt. pr. p.* **Enticing.** *imp. & p. p.* **Enticed.** લલચાવવું; લોભાવવું; પ્રલોભન કરાવવું; ફંદામાં નાંખવું; લાલચમાં નાંખીને કામ કરાવવું. To allure; to lead astray; to induce.

Enticer (એન્ટાઇસર્), *n.* લલચાવનાર; ફોસલાવનાર; પ્રલોભન કરાવનાર. One, who entices.

Enticement (એન્ટાઈસ્મેન્ટ્), *n.* લાલચ; પ્રલોભન; મોહ. Allurement; temptation; an act of leading astray.

Entire (એન્ટાઇર્), *a.* સંપૂર્ણ; પુરૂં; તમામ; બધું; સર્વસ્વ. Perfect; complete. **2.** આખું; અખંડિત. Whole; unbroken.

Entirely (એન્ટાઇર્લિ), *ad.* છેક; સંપૂર્ણ રીતે; પુરેપુરી રીતે; તમામ રીતે. Wholly; Completely; perfectly.

Entireness (એન્ટાઇર્નેસ્), *n.* સંપૂર્ણતા; પૂર્ણ સ્થિતિ; સર્વપણું; અખંડિતપણું. The state or quality of being entire.

Entirety (એન્ટાઇરિટિ), *n.* Same as, **Entireness.**

Entitle (એન્ટાઇટ્લ્), *vt. pr. p,* **Entitling.** *imp. & p. p.* **Entitled.** ખિતાબ આપવો; નામ આપવું; અધિકાર આપવો. To give title to; to furnish with a right or name. **2.** હક આપવો To furnish with a due claim.

Entity (એન્ટિટિ), *n.* હોવાપણું; અસ્તિત્વ; વસ્તુસ્થિતિ; હયાતી. An existing thing or matter; a being.

Entomb (એન્ટુમ્), *vt.* દાટવું; કબરમાં મૂકવું; દફન કરવું. To bury; to lay into a tomb.

Entombment (એન્ટુમ્મેન્ટ્), *n.* દફનક્રિયા કરવી તે; કબરમાં મૂકવું તે. An act of entombing.

Entomology (એન્ટૉમૉલૉજી), *n.* જીવજંતુનું વર્ણન; જંતુશાસ્ત્ર. The science of zoology, treating with insects.

Entrails (એન્ટ્રેલ્સ્), *n. pl.* આંતરડા; અંદરનો ભાગ. The internal part of the belly (of animals); the bowels.

Entrance (એન્ટ્રન્સ્), *n.* દાખલ થવું તે; પ્રવેશ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંદર જવું તે. An act of entering into a place. 2. માર્ગ; રસ્તો; વાટ. A road or way to enter.

Entrance (એન્ટ્રન્સ), *vt. pr. p.* **Entrancing.** *imp. & p. p.* **Entranced.** બેશુદ્ધ બનાવવું; મૂર્છિત કરવું; અત્યાનંદમાં ગરકાવ કરવું. To infatuate; to enrapture.

Entranced (એન્ટ્રન્સ્ડ), *a.* મૂર્છિત; અત્યાનંદમાં ગરક થયેલું; હર્ષોન્માદમાં આવેલું. Enraptured; infatuated.

Entrancement (એન્ટ્રન્સમેન્ટ), *n.* અત્યાનંદમાં ગરક કરવું તે, હર્ષોન્માદ હોવો તે; મોહ; મોહને લીધે બેભાન બનવું તે. An act of entrancing.

Entrap (એન્ટ્રૅપ), *vt. pr. p.* **Entrapping.** *imp. & p. p.* **Entrapped.** જાળમાં સપડાવવું; ફસાવવું; ફાંદામાં નાંખવું. To insnare; to entangle; to lead astray.

Entreat (એન્ટ્રીટ), *vt. pr. p.* **Entreating.** *imp. & p. p.* **Entreated.** વિનંતી કરવી; કાલાવાલા કરવા; આજીજી કરવી; અરજ ગુજારવી. To beseech; to ask earnestly for; to request.

Entreaty (એન્ટ્રીટિ), *n.* વિનંતિ; વિજ્ઞપ્તિ; આજીજી; કાલાવાલા. An earnest petition; a solicitation.

Entry (એન્ટ્રિ), *n. pl.* **Entries.** પ્રવેશ; રસ્તો; ગલી. A way; an act of entering. 2. ચોપડામાં નોંધવું તે; નોંધ. An act of recording in a book of accounts. 3. પહેલો પ્રયત્ન; શરૂઆત. A beginning.

Entwine (એન્ટ્વાઇન), *vt. vi. pr. p.* **Entwining.** *imp. & p. p.* **Entwined.** વિંટાળવું; લપેટવું; વળ દેવો. To twist round. 2. વિંટાઇ જવું; લપટાઇ જવું. To be twisted round.

Entwist (એન્ટ્વિસ્ટ), *vt.* વળદેવો; આમળો દેવો. To twist; to twist round.

Enumerate (ઈન્યૂમેરેટ), *vt. pr. p.* **Enumerating.** *imp. & p. p.* **Enumerated.** ગણવું; ગણત્રી કરવી; સંખ્યાનો સુમાર કાઢવો; અડસટ્ટો મૂકવો. To count; to estimate; to recount.

Enumeration (ઈન્યૂમેરેશન), *n.* સંખ્યાની ગણત્રી; સુમાર; અડસટ્ટો. A calculation of number; an estimate.

Enumerative (ઇન્યૂમેરેટિવ), *a.* ગણત્રી કરવું; ગણત્રીબાજ. Calculating; counting.

Enumerator (ઇન્યૂમેરેટર), *n.* ગણત્રીબાજ; ગણત્રી કરીને કામકાજ કરનાર; અડસટ્ટો કાઢનાર. One who enumerates; a reckoner.

Enunciate (ઇનન્શિએટ), *vt. vi. pr. p.* **Enunciating.** *imp. & p. p.* **Enunciated.** કહેવું; કહી દેખાડવું; ઉલ્લેખ કરવો; નિદાન કરવું. To utter; to declare; to state.

Enunciation (ઇનન્શિએશન), *n.* કહી બતાવવું તે; પ્રસિદ્ધ વ્યાખ્યા; પ્રતિક્ષા. An utterance; an expression; a declaration; a statement.

Enunciative (ઈનન્શિએટિવ), *a.* સાફ ઉચ્ચારને લગતું; પ્રતિક્ષિને લગતું; ઉલ્લેખનું. Pertaining to an enunciation.

Envelop (એન્વેલપ), *vt. pr. p.* **Enveloping.** *imp. & p. p.* **Enveloped.** લપેટવું; આવરણ કરવું; ગલેફ કરવો; પરબીડીઆમાં મૂકવું. To cover; to surround; to form a covering of.

Envelope (એન્વેલપ), *n.* ઢાંકણ; ગલેફ; આવરણ; પરબીડિયું. A cover; a wrapper.

Envenom (એન્વેનૉમ), *vt. pr. p.* **Envenoming.** *imp. & p. p.* **Envenomed.** ઝેર આપવું; ઝેર પાવું; વિષ દેવું. To poison; to taint with a poisonous drug. 2. દુશ્મન કરવો; વૈર બાંધવું; ગુસ્સે કરવું. To form a foe; to enrage.

Enviable (એન્વિએબલ), *a.* ઈર્ષાળુ; અદેખાઇ ઉત્પન્ન કરે એવું; ઇચ્છવા લાયક. Capable of envying; exciting envy.

Enviably (એન્વિએબ્લિ), *ad.* અદેખાઇ ઉત્પન્ન થાય તેવી રીતે; ઇચ્છવાલાયકપણે. In an enviable way.

Envious (એન્વિઅસ), *a.* અદેખું; ઝેરીલું; ખારીલું. Directed by envy; feeling envy. 2. સાવધ; હોશિયાર. Careful; cautious.

Enyiron (એન્વિરૉન), *vt.* ઘેરવું; વિંટાળવું; હદ બાંધવી; મર્યાદિત કરવું. To surround; to hem; to encircle.

Environment (એન્વિરૉન્મેન્ટ), *n.* ઘેરાવ; આડોશપાડોશ; આજુબાજુની હદ-મર્યાદા. Area; surroundings; the encircling limit.

Environs (એન્વિરૉન્સ), *n.* આસપાસની જગ્યા; પરાં; મોટા શહેરની આજુબાજુમાં આવેલા નાના વિભાગો. The parts or places, surrounding a town.

Envoy (એન્વૉઈ), *n. pl.* **Envoys.** એલચી; રાજદૂત; રાજ્યદરબારથી રાજ્યને કામ સારૂ મોકલેલો વકીલ-દૂત. A royal messenger; a person, deputed to conduct the state affairs.

Envoyship (એન્વૉઈશિપ), *n.* એલચીની જગ્યા-હકુમત. The rank, position or jurisdiction of an envoy.

Envy (એન્વિ), *vt. pr. p.* **Envying.** *imp. & p. p.* **Envied.** અદેખાઇ કરવી; ઈર્ષા કરવી; સ્પર્ધા કરવી. To regard with malice; to look upon with jealousy. 2. આતુરતાપૂર્વક ઈચ્છવું. To desire earnestly. *n.* અદેખાઇ; ઈર્ષા; સ્પર્ધા. Jealousy; emulation.

Epaulet (એપૉલેટ), *n.* લશ્કરી સરદારના પોશાકની ખાંધ ઉપરનું નિશાન; સ્કંદ પટો. An ornamental badge, worn on the shoulder; a shoulder-piece.

Ephemeral (એફેમેરલ), *a.* એકજ દિવસ જીવતું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણિક ચાલે તેવું; ટુંકી જીંદગીનું. Living or existing one day only; momentary.

Ephemeris (એફેમેરિસ્), *n.* રોજનોંધ; રોજનામું. A journal of daily expense and income. **2.** પંચાંગ; ટીપણું. An almanac.

Epic (એપિક્), *n.* વીરચરિત્ર; મહાકાવ્ય; ઐતિહાસિક કાવ્ય. A heroic poem, full of events. *a.* ઐતિહાસિક; વીર અથવા બહાદૂર લોકોના ચારિત્ર સંબંધી. Historical; full of narration.

Epicure (એપિક્યૂર), *n.* ખાવાપીવાનો શોખીન માણસ; વિલાસી; ભોગી; વિષયાસક્ત પુરૂષ. One, who is devoted to sensual enjoyment.

Epidemic (એપિડેમિક્), *n.* મરકી; રોગચારો; ચેપીરોગ. A disease, which acts as the common cause of the deaths of many.

Epidemic,-al (એપિડેમિક્,-કલ્), *a.* મરકીનું; રોગચારાનું; ચેપીરોગનું. Pertaining to an epidemic.

Epidermis (એપિડર્મિસ્), *n.* બહારની ચામડી; ઉપરની ત્વચા; બહારની અથવા ઉપરની છાલ. The cuticle of the body; the exterior bark of a plant.

Epigram (એપિગ્રેમ્), *n.* ગજલ; ટુંકી કવિતા; અર્થસૂચક કહેવત. A short poem; a pointed saying.

Epigrammatic,-al (એપિગ્રેમૅટિક્,-કલ્), *a.* ટુંકી ટુંકી કવિતા વિષેનું; ગઝલોને લગતું. Of or pertaining to short poems.

Epigrammatist (એપિગ્રેમ્-મૅટિસ્ટ્), *n.* ગજલો બનાવનાર; ટુંકી ટુંકી કવિતાઓ લખનાર; કવિતાના લખાણથી આજીવિકા ચલાવનાર. One who composes short poems; one, who deals in short poems.

Epigrammatize (એપિગ્રેમ્મૅટાઇઝ્), *vt.* ટુંકી ટુંકી કવિતા લખીને વર્ણન કરવું; ગઝલમાં વર્ણવવું. To describe in short poems.

Epigraph (એપિગ્રેફ્), *n.* ઈમારત ઉપર કોતરેલો લેખ. An inscription on a building, etc.

Epilepsy (એપિલેપ્સિ), *n.* ફેફસાંનો રોગ; વાઇ. The falling sickness.

Epilogue (એપિલોગ્), *n.* નાટકનો છેવટનો શ્લોક; નાટકની છેલ્લામાં છેલ્લી કવિતા અથવા ગાયન. A short poem, recited just before the conclusion of a drama.

Episcopacy (એપિસ્કોપૅસિ), *n.* ધર્મગુરૂઓની સભા; ધર્મગુરૂઓની સત્તા; દેવળની સત્તા. The collective body of the bishops; the power of the bishops; the authority of the church.

Episode (એપિસોડ્), *n.* ઉપકથા; વ્યાખ્યાન; આડકથા. A narrative; an incident or event, full of description.

Epistle (એપિસલ્), *n.* કાગળ; પત્ર; ખત. A letter; a writing.

Epistler (એપિસલર્), *n.* કાગળ, પત્ર લખનાર; ખત લખનાર. A writer of epistles.

Epistolary (એપિસ્ટૉલૅરિ), *a.* ખતપત્રનું; કાગળ પત્રનું; કાગળપત્રથી ચાલતું. Of or pertaining to epistles.

Epistolize (એપિસ્ટૉલાઇઝ્), *vt.* ખતપત્ર લખવા; કાગળ લખવા. To write letters.

Epitaph (એપિટૅફ્), *n.* કબર ઉપરનો લેખ; મરણ પામેલાની યાદગીરી માટે થાંભલા ઉપર લખાયેલું અથવા કોતરાયેલું કંઈ પણ લખાણ. An inscription on a tomb, or monument, written or carved in memory of the dead.

Epithet (એપિથેટ્), *n.* ગુણવાચક શબ્દ; સંજ્ઞા; ઉપાધિ; ગુણનામ. A quality ascribed to a person or a thing.

Epithetic (એપિથેટિક્), *a.* સંજ્ઞાનું; ગુણવાચક શબ્દનું; ઉપાધિ વિષે. Pertaining to an epithet.

Epitome (એપિટોમ્), *n.* સારસંગ્રહ; સંક્ષેપ; મોટા પુસ્તકનું સાર રૂપે લખાયેલું નાનું પુસ્તક. A short summary; a summary from a book or writing.

Epitomize (એપિટોમાઇઝ્), *vt.* સંક્ષેપમાં લખવું; સાર રૂપે લખવું; ટુંકાણમાં લખવું. To write in the brief style of; to summarize; to abstract.

Epitomizer (એપિટોમાઈઝર્), *n.* સંક્ષેપમાં લખનાર; સંગ્રહરૂપે કરનાર; સાર સંગ્રહરૂપે લખનાર. One, who epitomizes.

Epoch (ઇપૉક્), *n.* શક; સંવત; સાલ; સન. A memorable period or time; an era; an age.

Equable (ઇક્વેબલ્), *a.* સરખું; સમાન; સમતોલ. Equal; uniform; unchangeable.

Equableness (ઇક્વેબલનેસ્), *n.* સમાન હોવું તે; સમતોલ હોવું તે. The state of being equal.

Equability (ઇક્વેબિલિટિ), *n.* Same as, **Equableness.**

Equal (ઈક્વૅલ), *a.* બરાબર; સમાન; સમતોલ; જોડીનું. Invariable; of even value; similar. **2.** ન્યાયી; નિષ્પક્ષપાતી; વ્યાજબી; ઇન્સાફી. Just; fair. *n.* લાયક; બરોબરીયું; સરખી પદવીનું માણસ. A person, of the same age or rank. *vt. pr. p.* **Equalling.** *imp. & p. p.* **Equalled.** એક સરખું કરવું; સમાન કરવું; સમતોલ બનાવવું. To equalize; to render the same either in quality or in quantity.

Equality (ઈક્વૅલિટિ), *n.* સરખાપણું; સમાનતા; યોગ્યતા; બરાબરી. The state of being equal; likeness; similarity.

Equalize (ઇક્વૅલાઇઝ્), *vt. pr. p.* **Equalizing.** *imp. & p. p.* **Equalized.** સરખાવવું; એક સરખું કરવું; સમાન કરવું. To make equal; to remove the difference from.

Equalizer (ઇક્વૅલાઈઝર્), *n.* એકસરખું બનાવનાર; સમાનતા સાચવનાર. One, who equalizes.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Equally (ઈક્વૅલિ), *ad.* એક સરખી રીતે; વ્યાજબી રીતે; સરખે ભાગે. In an equal manner; justly.

Equalness (ઈક્વૅલનેસ્), *n.* સમભાવ; સરખાપણું. [The state of being equal.

Equanimity (ઈક્વૅનિમિટિ), *n.* સમભાવ; સમાન પ્રકૃતિ; સમાનતા; મનનું સમતોલપણું; શાંતિ. Mental evenness or calmness; calmness of temper.

Equanimous (ઇક્વૅનિમસ્) *a.* સમાનતા અથવા સમભાવવાળું; સ્થિર મનવાળું; શાંત. Cool-minded; having calmness of temper.

Equation (ઇક્વેશન્), *n.* સમીકરણ; સમાનતા; સાદશતા. An expression showing equality of value between two expressions.

Equator (ઇક્વેટર), *n.* વિષુવવૃત્ત; ભૂમંડળ રેષા. The line dividing the earth into two hemispheres.

Equatorial (ઇક્વેટોરિઍલ્), *a.* વિષુવવૃત્તનું; ભૂમંડળ રેષાનું. Of or pertaining to the equator.

Equestrian (ઇક્વેસ્ટ્રિઅન્), *a.* ઘોડાને લગતું; ઘોડાની બાબતનું; ઘોડાની સ્વારીનું. Of a horse or horses; pertaining to horse-riding. *n.* ઘોડેસ્વાર. A horse-rider.

Equi-angular (ઈક્વીઍન્ગ્યુલર્), *a.* સમકોણ; સમખુણાવાળું. Having all equal angles.

Equidistant (ઈક્વીડિસ્ટન્ટ), *a.* સરખા અંતરનું; સમાંતર. Being at an equal distance from a particular place.

Equilateral (ઈક્વીલૅટરલ્), *a.* સમબાજુવાળું; સરખી બાજુનું. Of equal sides; having equal sides.

Equilibrium (ઇક્વીલિબ્રિયમ્), *n.* સમતોલ; સરખું વજન; ધડો; તોલ. Equality of forces or weight; a due balance.

Equinoctial (ઇક્વીનૉક્શલ્), *a.* વિષુવરેષા સંબંધી; વિષુવરેષાનું; રાત અને દિવસની સરખી લંબાઈ જણાવનારૂં. Pertaining to the equinoxes.

Equinox (ઇક્વીનૉક્સ), *n.* મેષ અને તૂલા રાશિમાં સૂર્યને આવવાનો વખત. The time when the sun reaches, one of the two equinoctial points. (The 21st of March; 23rd of September, when day and night are equal).

Equip (ઇક્વીપ્), *vt. pr. p.* **Equipping.** *imp. & p. p.* **Equipped.** સજ્જ કરવું; તૈયાર કરવું; પોશાક પહેરવો; હથિયાર સજવા. To fit out; to dress; to furnish with arms.

Equipment (ઇક્વીપ્મેન્ટ), *n.* સરંજામ; જોઇતો સામાન; તૈયારી; મુસાફરીને માટે સરસામાન લઇને તૈયાર થવું તે. An act of fitting out; necessaries for an expedition.

Equipage (ઇક્વીપેજ્), *n.* સરસામાન તૈયાર કરવો તે. Materials with which a person is equipped. **2.** વહાણની અંદર ફરનીચર, સરસામાન, વિગેરે. Furniture etc, in a ship. **3.** રસાલો; સ્વારી. A retinue. **4.** ગાડી, ઘોડા, વિગેરે સરસામાન. A carriage, with a horse.

Equipoise (ઇક્વીપૉઇઝ), *n.* સમતોલપણું; સરખું વજન; ધડો. Equality of weight; equality of force.

Equitable (એક્વીટેબલ્), *a.* પ્રમાણિક; ન્યાયી; નીતિમાન; ઇન્સાફ પ્રમાણે વર્તનાર. Impartial; just; fair; showing equity.

Equitableness (એક્વીટેબલનેસ્), *n.* Same as, **Equity.**

Equity (ઇક્વીટિ), *n.* ન્યાય; ઈન્સાફ; નીતિ; સમદૃષ્ટિ. Justice; impartiality; fairness of justice. **2.** (*Law*) ગીરો મિલ્કત મુકનારને તે મિલ્કત છોડાવવાનો હક. The right, given to a mortgager to take back his mortgaged property.

Equivalent (ઈક્વીવૅલેન્ટ), *a.* એક સરખું; સમાન; જેટલું; સરખું. Equal in value, force, etc. *n.* ઘેરોબરની વસ્તુ; અવેજ; સરખા કદની, માપની અથવા વજનની ચીજ. A thing, equal in value, or worth.

Equivacal (ઇક્વીવોકૅલ), *a.* બે અર્થનું; દ્વિઅર્થવાળું; વક. Ambiguous; having double sense. **2.** સંશયવાળું; શકમંદ. Doubtful.

Equivocate (ઇક્વીવોકેટ), *vt.* કોઇને છેતરવાના હેતુથી દ્વિઅર્થી બોલવું; સંદિગ્ધ ભાષામાં બોલવું; શક ઉપજાવે તેમ કહેવું. To speak ambiguously; to state in an uncertain way.

Equivocation (ઇક્વીવોકેશન), *n.* બે મતલબી વાત; શક ભરેલું ભાષણ; દ્વિઅર્થી બોલી. Words, or expression of words conveying double or doubtful sense.

Era (ઇરૅ), *n.* શક; સંવત; સન. An age; a period; an epoch.

Eradicable (ઇરૅડિકેબલ), *a.* નાશ પમાડી શકાય તેવું; જડમૂળમાંથી ઉખેડી શકાય તેવું. Capable of being destroyed or uprooted.

Eradicate (ઇરૅડિકેટ), *vt. pr. p.* **Eradicating.** *imp. & p. p.* **Eradicated.** જડમૂળમાંથી ઉખેડી નાંખવું; નાશ કરવું; નિકંદન કાઢવું. To extirpate; to destroy completely; to uproot.

Eradication (ઈરૅડિકેશન), *n.* નાશ; ઉચ્છેદ; સમૂળગો નાશ. Destruction; a complete ruin; extirpation.

Eradicative (ઈરૅડિકેટિવ્), *a* નાશ કરે તેવું; ઉખાડી નાંખે તેવું; ઉચ્છેદક; સંહાર કરે તેવું. Tending to destroy or to uproot; destructive.

Erase (ઇરેઝ), *vt. pr. p.* **Erasing.** *imp. & p. p.* **Erased.** ભુસી નાંખવું; છેકવું; કાઢી નાંખવું; ઉડાવી દેવું. To rub off; to remove; to efface.

Erasement (ઇરેઝ્મેન્ટ), *n.* ભુંસી નાંખવું તે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેકવું તે; નાશ. An act of rubbing out; destruction.

Erasure (ઇરેઝ્યૂર), *n.* છેકાછેકી; ડાઘાડાઘી. A scratching; blots and dots.

Ere (એર), *ad. conj. prep.* અગાઉ; પૂર્વે; આગળ ઉપર. Formerly; before. **Erelong,** *ad.* થોડી વારમાં; જલદીથી.

Erect (ઇરેક્ટ), *vt. vi. pr. p.* **Erecting.** *imp. & p. p.* **Erected.** બાંધવું; સ્થાપવું; ચણવું. To build; to raise; to construct. **2.** ઉભું કરવું; ટટ્ટાર કરવું. To set up; to raise. **3.** ઉંચી પદવી આપવી; ઉંચે ચઢાવવું. To exalt; to elevate. *a.* સીધું; ટટ્ટાર; ઉભું. Straight; elevated; upright.

Erection (ઇરેક્શન), *n.* પ્રતિષ્ઠાપન; સ્થાપના; ઉન્નતિ. An act of establishing. **2.** ઈમારત; બાંધણી; મકાન. A building; anything erected.

Eremite (એરીમાઇટ), *n.* બાવો; ત્યાગી; સંન્યાસી. An ascetic; a hermit.

Ergo (અર્ગો), *ad.* માટે; તેથી; તેટલા માટે. [Therefore

Ermine (અર્મિન), *n.* નોળિયાની જાતનું એક પ્રાણી. An animal resembling the weasel.

Err (એર), *vi. pr. p.* **Erring.** *imp. & p. p.* **Erred.** ભૂલચુક કરવી; આડે માર્ગે જવું; ખરાબ રસ્તે જવું; સ્વચ્છંદી થવું. To commit a mistake; to go astray; to falter from the path of morality.

Errand (એરન્ડ), *n.* સંદેશો; કહેણ; દૂતનું કામ. A message; the work of a messenger, sent urgently.

Errant (એરન્ટ), *a.* ભટકતું; નામીચું; નામચિન્હ. Wandering; notorious. **2.** પ્રખ્યાત થવાની આશાએ એક ઠેકાણેથી બીજે ઠેકાણે મુસાફરી કરતું. Travelling, with a view to be famous (said of a knight).

Errantry (એરન્ટ્રિ), *n.* પોતાની બહાદૂરી બતાવવાને મથતા સરદારનું કામ; પ્રયાણ કરવું તે. An act of a knight-errant; a wandering.

Erratum (ઇરેટમ), *n. pl.* **Errata.** લખવામાં અથવા છાપવામાં થયેલી ભૂલ; શુદ્ધિપત્ર; લખાણમાં અશુદ્ધિ. A mistake or an error in writing.

Erroneous (એરોનીઅસ), *a.* ભૂલવાળું; ખોટું; અશુદ્ધ. Wrong; inaccurate; far from being right; missing.

Error (એરર), *n.* ભૂલ; અશુદ્ધિ (લખાણમાં); ચૂક; દોષ A mistake; a short-coming.

Eructate (ઇરક્ટેટ), *vt. pr. p.* **Eructating.** *imp. & p. p.* **Eructated.** ઓડકાર ખાવો; હોજરીમાંથી વાયુરૂપે બહાર નીકળવું. To belch.

Eructation (ઇરક્ટેશન), *n.* ઓડકાર; ડેકાર; ઉદ્વમન. A belch from the stomach. **2.** પૃથ્વીમાંથી કોઇપણ પદાર્થનું એકાએક બહાર નીકળવું તે. A bursting forth of matter from the earth.

Erudite (ઇરૂડાઇટ), *a.* વિદ્વાન; સુશિક્ષિત; ભણેલ ગણેલ. Learned; well-read.

Erudition (ઇરૂડિશન), *n.* વિદ્યા; ઈલમ; જ્ઞાન; પાંડિત્ય. Knowledge; learning; scholarship.

Erupt (ઇરપ્ટ), *vt.* ધડાકો કરીને બહાર કાઢવું; ફાડીને બહાર કાઢવું. To cast out; to throw out (said of lava in case of a volcano).

Eruption (ઇરપ્શન), *n.* ધડાકો; ફાટવું તે; અવાજ સાથે બહાર નીકળવું તે. A sudden burst; a violent throwing out of flames, &c. (esp. from a volcano).

Erysipelas (એરિસિપેલૅસ), *n.* તાવ સાથે મોં ઉપર સોજો આવે તે રોગ. An inflammation, chiefly on the face accompanied with fever.

Escalade (એસ્કૅલેડ), *vt.* કિલ્લાની ભીંત ઉપર નીસરણી મૂકીને હુમલો કરવો—ઉપર ચઢવું. To mount and enter a fort by means of ladders. *n.* હુમલો; નીસરણી મૂકીને કિલ્લામાં હુમલો કરવો તે. A furious attack in the fort.

Escape (એસ્કેપ), *vt. vi. pr. p.* **Escaping.** *imp. & p. p.* **Escaped.** નાસી જવું; છટકી જવું; જતા રહેવું. To run away unnoticed; to fly away. **2.** ટાળવું; દૂર કરવું;—માંથી છટકવું. To avoid; to shun; to slip from. **3.** દૂર થવું; બંધન મુક્ત થવું. To be away from; to be free from bondage. *n.* નાશી જવું તે; પલાયન; બચાવ. A flight; an act of running away. **2.** મુક્તિ; છૂટકારો. Liberty; freedom; the state of being free. **3.** ભૂલથાપ; ભૂલચુક. An oversight; a mistake. **4.** બહાર નીકળી જવું તે. A flow.

Escheat (એસ્ચીટ), *n.* બીન વારસી મિલ્કત; વારસ ન હોવાથી મિલ્કતનું ખાલસા થવું તે. The resulting back of the property to the state or the king, due to the absence of any heir. *vt. vi.* બીન વારસી મિલ્કત ખાલસા કરવી; વારસ વિનાની મિલ્કત જપ્ત કરવી—થવી. To forfeit the property without any heir.

Eschew (એસ્ચૂ), *vt. pr. p.* **Eschewing.** *imp. & p. p.* **Eschewed.** ટાળવું; ત્યાગ કરવો; -થી દૂર રહેવું. To avoid; to escape from; to desert.

Eschewance (એસ્ચૂઅન્સ), *n.* ત્યાગ; દુર રહેવું તે; વર્જન. An act of avoiding; a desertion.

Eschewer (એસ્ચૂઅર), *n.* ટાળનાર; દુર રાખનાર-રહેનાર. One, who eschews.

Escort (એસ્કૉર્ટ), *n.* વળાવો; ભોમીઓ; માર્ગદર્શક; વરતણિયો. A guide, a guard of honour. **2.** રક્ષણ; રક્ષા. Protection; a safeguard on a journey. *vt.* ચોકીઆત રાખવો; વળાવો રાખવો. To engage as a guard. **2.** મુસાફરીમાં ચોકી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખવી. To guard on a journey.

Esculent (એસ્ક્યૂલેન્ટ), *a.* ખાવાજોગ; ભક્ષણીય; ખાદ્ય; ખાવા લાયક. Edible; fit for being eaten. *n.* ખાવા લાયક પદાર્થ–વસ્તુ. An edible thing.

Especial (એસ્પેશૅલ), *a.* મુખ્ય; ચોક્કસ; ખાસ. Chief; particular.

Especially (એસ્પેશૅલલિ), *ad.* મુખ્યત્વે કરીને; ખાસ કરીને; ચોક્કસ રીતે. Particularly; precisely; chiefly.

Esplanade (એસ્પ્લૅનેડ્), *n.* કિલ્લાની આગળનું મેદાન—ખુલ્લી જમીન. An open space, in front of a fort. 2. માણસ તથા ગાડીઘોડાને જવા આવવાનું કિલ્લા આગળનું મેદાન. A plane, near a fort meant for the public carriages, etc.

Espousal (એસ્પાઉઝલ), *n.* લગ્નની માંગણી; વેવિશાળ; લગ્ન. Betrothal; a marriage. 2. કોઇનો પક્ષ ખેંચવો તે; તરફદારીમાં રહેવું તે. An act of adopting the side of.

Espouse (એસ્પાઉઝ), *vt. pr. p.* **Espousing.** *imp. & p. p.* **Espoused.** વિવાહ કરવો; પરણાવવું; વાગ્દાન કરવું; લગ્ન ગાંઠથી બંધાવું. To give in marriage; to marry; to betroth. 2. પક્ષ ખેંચવું; તરફેણમાં રહેવું. To adopt the side of. 3. અંગીકાર કરવું. સ્વીકારવું. To accept.

Espy (એસ્પાઇ), *vt. vi. pr. p.* **Espying.** *imp. & p. p.* **Espied.** દૂરથી જોવું; નજરે પડવું; નિહાળવું. To see minutely; to look at a distance; to observe. *n.* જાસુસ; બાતમી આપનારે. A spy; a scout.

Esquire (એસ્ક્વાઈર), *n.* મહેરબાન; મહેરબાન, શેઠસાહેબ, ખાનસાહેબ, વિગેરેનો ખિતાબ. A title of honour, conferred on the knights and persons of high rank. (The abbreviated form is **Esq.**)

Essay (એસે), *n. pl.* **Essays.** પ્રયત્ન; અજમાએશ; યત્ન. An attempt; an effort; a trial. 2. ધાતુની કસોટી, અથવા પારખ. A test of a metal (esp. gold) to the touch-stone. 3. નિબંધ; લેખ; પ્રબંધ. A composition in prose. *vt.* યત્ન કરવો; કોશિશ કરવી; અજમાએશ કરવી; તપાસી જોવું. To attempt; to make an effort; to try the value of.

Essayist (એસેઇસ્ટ), *n.* નિબંધ લખનાર; નિબંધકાર. One, well-versed in writing essays.

Essence (એસ્સેન્સ), *n.* અર્ક; સુગંધ; ખુશબો; અત્તર. An extract; perfume; scent. 2. સત્વ; સારાંશ; મૂળાર્થ. A being; an abstract; the fundamental principle. 3. વિશેષગુણ–ધર્મ. A particular nature of a thing. *vt.* સુગંધીદાર કરવું; ખુશબો બહેકાવવી. To perfume.

Essential (એસ્સેન્શૅલ), *a.* જરૂરનું; આવશ્યક; વાસ્તવિક; શુદ્ધ. Indispensable; important; necessary. 2. સત્વનું; અર્કનું; પ્રકૃતિનું. Pertaining to an essence. *n.* અસ્તિત્વ; મૂળતત્વ. A fundamental principle.

Essentially (એસેન્શૅલલિ), *ad.* આવશ્યક રીતે; વાસ્તવિક રીતે; જરૂરીઆતથી. Indispensably; necessarily.

Establish (એસ્ટૅબ્લિશ), *vt.* સ્થાપવું; નિમવું; માંડવું; ઠરાવવું. To found; to bring into existence; to enact; to ordain; to fix. 2. કાયમ કરવું; સ્થિર કરવું. To confirm; to make steady.

Establishment (એસ્ટૅબ્લિશમેન્ટ), *n.* સ્થાપના; કાયમ કરવું તે; અધિષ્ઠાન; પ્રતિપાદન. Settlement; confirmation. 2. પેઢી; દુકાન; ઘરખટલો. A firm; household furniture.

Estate (એસ્ટેટ), *n.* વજીફો; વતન; મિલ્કત; વાડી વજીફો; જાગીર. A landed property; a landed possession. *vt.* જાગીર વસાવવી; મિલ્કત કરવી. To settle an estate.

Esteem (એસ્ટીમ), *vt. vi. pr. p.* **Esteeming.** *imp. & p. p.* **Esteemed.** ગણત્રી કરવી; હિસાબમાં લેખવું; કિંમત લેખવી; બુજ કરવી. To reckon; to value; to appreciate; to regard with honour. *n.* તુલના; ગણત્રી; બુજ; કિંમત. Value; appreciation; a reckoning.

Estimable (એસ્ટિમેબલ), *a.* માનજોગ; આબરૂલાયક; યોગ્ય; સન્માનયોગ્ય. Worthy of honour or respect; fit for regard or good opinion.

Estimate (એસ્ટિમેટ), *vt. pr. p.* **Estimating.** *imp. & p. p.* **Estimated.** અટકળ કાઢવી; આશરો કાઢવો; ગણત્રી કરવી. To form or fix the value of; to calculate approximately. *n.* અટકળ; આશરો; ગણત્રી; સુમાર. A rough calculation; an approximate result.

Estimation (એસ્ટિમેશન), *n.* ગણત્રી; અટકળ; સુમાર; અડસટ્ટો. Valuation; an act of estimating; a rough calculation.

Estrange (એસ્ટ્રેન્જ), *vt. pr. p.* **Estranging.** *imp. & p. p.* **Estranged.** છૂટું પાડવું; અલગ કરવું; જુદું કરવું; સ્નેહ ઉતારવો. To separate; to keep away from friendship.

Estrangement (એસ્ટ્રેન્જમેન્ટ), *n.* વિયોગ; છૂટાપણું; મન જુદું પડવું તે; એક બીજાનો સ્નેહ તૂટવો તે. Separation; an act of estranging.

Estuary (એસ્ટ્યૂઍરિ), *n.* ખાડી; અખાત. A firth; the wide mouth of a river; an arm of the sea.

Et caetera (એટ્સેટરૅ), *a.* ઈત્યાદિ; વિગેરે. Many others; and such others; and so on. (ટુંક રૂપમાં **Etc.** કે **&c.** વપરાય છે.)

Etch (એચ), *vt. vi.* આલેખવું; ચિતરવું; ધાતુ, કાચ, વિ૦ ઉપર ચિતરવું. To produce designs on

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

steel plates, glass, etc.

Eternal (ઇટર્નલ્), *a.* કાયમ; હંમેશનું; અનંત; નિત્યનું. Everlasting; continual; infinite; ceaseless; perpetual.

Eternally (ઈટર્નલિ), *ad.* કાયમ રીતે; હંમેશા; નિત્ય; કાયમકાળ. Ceaselessly; continuously; perpetually.

Eternity (ઇટર્નિટિ), *n.* અનંતપણું; નિરંતરતા; અનાદિકાળ; નિત્યતા. The state of being eternal; ceaselessness.

Eternize (ઇટર્નાઇઝ્), *vt.* અનંતકાળ સુધી પહોંચાડવું; અમર કરવું. To perpetuate; to render immortal.

Ether (ઇથર્), *n.* એક જાતની પાતળી હવા; 'ઇથર' સૂક્ષ્મ વાયુ. The very thin atmosphere beyond the atmosphere of the earth.

Ethereal (ઇથીરીઍલ્), *a.* 'ઇથર' નામની હવાનું; હવાને લગતું; સૂક્ષ્મ વાયુરૂપ. Formed of ether; containing fine atmosphere.

Etherize (ઇથીરાઇઝ્), *vt,* સૂક્ષ્મવાયુરૂપે બનાવવું; 'ઇથર'ના રૂપમાં ફેરવવું. To change into the form of ether.

Ethic,-al (એથિક્ ,-કૅલ્), *a.* નીતિશાસ્ત્રનું; નીતિવિદ્યાનું. Pertaining to the science of ethics.

Ethicist (એથિસિસ્ટ્), *n.* નીતિશાસ્ત્રમાં પ્રવીણ પુરૂષ; નીતિવિદ્યા વિગેરે ઉપર લખનાર. One clever in ethical science; a writer on ethics.

Ethics (એથિક્સ્), *n.* નીતિશાસ્ત્ર; નીતિવિદ્યા અર્થશાસ્ત્ર. The science, dealing on the morality and moral philosophy.

Ethnography (ઈથ્નૉગ્રૅફિ), *n.* મનુષ્ય જાતિના મૂળ કુટુંબનું વર્ણન કરનાર શાસ્ત્ર; નરકુળવિદ્યા; માનવ જાતિશાસ્ત્ર. The science dealing on mankind in general. [**Ethnography.**

Ethnology (એથ્નૉલૉજી), *n.* Same as,

Etiquette (એટિકેટ્), *n.* સલુકાઇ; સભ્યાચાર પદ્ધતિ; શિષ્ટાચાર. Social observance, required by good training.

Etymologic,-al (ઇટિમૉલૉજીક્ ,-કૅલ્), *a.* વ્યુત્પત્તિ શાસ્ત્રનું; વ્યુત્પત્તિ વિષેનું; શબ્દ, સાધન, વિગેરેની બાબતનું. Pertaining to etymology.

Etymologist (ઈટિમૉલૉજીસ્ટ્), *n.* વ્યુત્પત્તિકાર; શબ્દ, જોડણી, વિગેરેમાં સંપૂર્ણ માહીતી ધરાવનાર. One, clever in the science of etymology.

Etymology (ઈટિમૉલૉજી), *a.* શબ્દ સાધનવિદ્યા; શબ્દ વ્યુત્પત્તિશાસ્ત્ર; શબ્દ વિચાર. The science dealing on the formation and originality of words.

Etymon (ઇટિમૉન્), *n.* મૂળ શબ્દ; મૂળધાતુ. An original word; a root-word.

Eulogic,-al (યૂલોજીક્ ,-કૅલ્), *a.* વખાણવાળું; સ્તુતિનું; પ્રશંસાને પાત્ર. Containing eulogy.

Eulogist (યૂલૉજિસ્ટ્), *n.* પ્રશંસા કરનાર; તારીફ કરનાર; વખાણ કરનાર. One, who praises another.

Eulogium (યૂલૉજિઅમ્), *n.* સ્તુતિ; પ્રશંસા; વખાણ; તારીફ. A praise; a panegyric.

Eulogy (યૂલૉજી), *n.* Same as, **Eulogium.**

Eulogize (યૂલૉજાઇઝ્), *vt. pr. p.* **Eulogizing.** *imp.* & *p. p.* **Eulogized.** તારીફ કરવી; પ્રશંસા કરવી; વખાણ કરવા; સ્તુતિ કરવી. To praise; to extol; to speak in praise of.

Eunuch (યૂનક્), *n.* હીજડો; નપુંસક; ખ્યંડળ. A castrated male; a chamberlain.

Euphonic,-al (યૂફૉનિક્ ,-કૅલ્), *a.* કાનને પ્રિય લાગે તેવું; સુસ્વરવાળું; મીઠા અવાજવાળું. Pleasing to the ears; pertaining to euphony.

Euphonious (યૂફોનિઅસ્), *a.* Same as **Euphonic.**

Euphony (યૂફૉનિ), *n.* સુસ્વર; મધુર અવાજ; મીઠો શબ્દ; માધુર્ય. Sweetness of sound; an agreeable sound.

Eurasian (યૂરેશિઅન્), *n.* યુરોપ અને એશિઆ ખંડના જુદા જુદા માબાપને પેટે ઉત્પન્ન થયેલી પ્રજાઓલાદ. One, born of European and Asiatic parents.

European (યૂરોપીઍન્), *a.* યૂરોપ ખંડનું; યુરોપી પ્રજાનું. Pertaining to Europe; of the nation of Europe. *n.* યુરોપખંડનો વતની. An inhabitant of Europe; one, born in Europe.

Evacuate (ઇવૅક્યૂએટ્), *vt. pr. p.* **Evacuating.** *imp.* & *p. p.* **Evacuated.** ખાલી કરવું; છોડવું; રદ કરવું; બાતલ કરવું. To make empty; to set aside; to change for another.

Evacuation (ઈવૅક્યૂએશન્), *n.* ખાલી કરવું તે; છોડવું તે; રદ અથવા બાતલ કરવું તે. An act of evacuating; an act of making empty.

Evacuator (ઇવૅક્યૂએટર્), *n.* ખાલી કરનાર; રદ કરનાર; જગ્યા ખાલી કરનાર. One, who evacuates.

Evacuative (ઇવૅક્યૂએટિવ્), *a.* ખાલી કરવાની વૃત્તિવાળું; રદ કરે તેવું; છોડે તેવું (સ્થળ). Tending to evacuate.

Evade (ઇવેડ્), *vt. pr. p.* **Evading.** *imp.* & *p. p.* **Evaded.** ઉડાવવું; દૂર રેખિવું; છટકાવવું; બચી જવું. To avoid; to ellude; to keep away from.

Evadible (ઈવેડિબલ્), *a.* ઉડાવી શકાય તેવું; દૂર રાખી શકાય તેવું; છટકી જાય તેવું. Capable of being evaded.

Evanescent (ઇવૅન્નેસેન્ટ્), *a.* ક્ષણભંગુર; ઉડી જાય એવું; નાશવંત; ક્ષણિક; અસ્થિર. Fleeting; vanishing; disappearing.

Evangelic,-al (ઇવૅનજેલિક્ ,-કૅલ્), *a.* બાઇબલમાં લખ્યા પ્રમાણે; બાઈબલના લખાણને લગતું. Pertaining to what is written in the Bible.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Evangelist (ઇવૅન્જેલિસ્ટ), *n.* ઇસુખ્રિસ્તનો ઈતિહાસ લખનાર. One of the four writers of the gospels.

Evangelize (ઇવૅન્જેલાઇઝ), *vt.* ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ઉપદેશ આપવો; હિતોપદેશ કરવો. To preach the gospels; to instruct the people morally.

Evaporate (ઇવૅપરેટ), *vt. pr. p.* **Evaporating.** *imp. & p. p.* **Evaporated.** વરાળરૂપે ઉડી જવું; સૂર્યની ગરમીથી પાણીનું સુકાઈ જવું. To pass away in vapour. **2.** સુકાઇ જવું; વ્યર્થ જવું; અદૃશ્ય થવું. To be wasted; to be without any effect; to disappear.

Evaporation (ઇવૅપરેશન), *n.* વરાળરૂપે ઉડી જવું તે; બાષ્પીભવન; શોષણક્રિયા. An act of evaporating; the conversion of a liquid into steam or vapour.

Evaporative (ઇવૅપરેટિવ્), *a.* બાષ્પીભવન કરે તેવું; વરાળ રૂપે ઉડી જાય તેવું; શોષણશીલ. Causing evaporation.

Evasion (ઇવેઝ્હન), *n.* [illegible] અથવા કોઇપણ બીનાને ઉડાવી દેવી તે; ચૂકાવી દેવું તે; છળકપટ. An act of evading or avoiding.

Evasive (ઇવેસિવ્), *a.* દૂર રાખે તેવું; દુર કરે એવું; છળ ભરેલું; નજર ચૂકાવે તેવું. Using tricks to avoid; avoiding.

Eve (ઈવ્), *n.* આદમની સ્ત્રી 'ઇવ'–હવા. Eve, the wife of Adam. **2.** સાંજ; સંધ્યાકાળ; સંધ્યા. Evening; the time before night.

Eve, Even (ઈવ્, ઇવન), *n.* Same as, **Evening.**

Even (ઈવન), *a.* સપાટ; સરખું; સીધું; ન્યાયી; ખાડાખૈયા વિનાનું. Plane; equal; just. **2.** બેકી; બેકી સંખ્યાવાળું. Capable of being divided by two. *vt.* હિસાબમાં બન્ને બાજુ સરખી કરવી; સરભર કરવું; સરખું કરવું. To balance the accounts; to make equal. **2.** સપાટ કરવું; ખાડા ટેકરા દુર કરીને સપાટ કરવું. To level the ground. *ad.* બરાબર રીતે; તેમજ; એવીજ રીતે. Exactly so; in the like manner. **Even-minded,** *a.* શાંતવૃત્તિવાળું.

Evenness (ઇવનનેસ), *n.* સપાટી; સરખાપણું; ઇન્સાફ. Uniformity in level; justice.

Evening (ઇવનિન્ગ), *n.* સાંજ; સંધ્યા; સાયંકાળ. The close of the day; the time before nightfall.

Event (ઇવેન્ટ), *n.* બનાવ; બીના; ફળ; પરિણામ. A happening; an issue; a result; a consequence.

Eventful (ઇવેન્ટફુલ), *a.* ઘણા બનાવોવાળું; મહત્વનું; અગત્યનું. Full of incidents; important.

Eventual (ઇવેન્ટ્યૂઍલ), *a.* પરિણામરૂપે નીપજતું-ઉપજતું. Happening as a result or consequence. **2.** છેવટનું; આખરનું. Final. **3.** (*Law*) અનિશ્ચિત વાત ઉપર આધાર રાખે તેવું. Depending on uncertain events.

Eventually (ઇવેન્ટ્યૂઍલિ), *ad.* છેવટમાં; પરિણામમાં; આખરની અવસ્થામાં. Finally; consequently.

Ever (એવર), *ad.* નિત્ય; સદા; હંમેશાં. Always; continuously; at all times. **Ever-green,** *n.* બધી ઋતુમાં લીલું રહેતું ઝાડ; આસોપાલવનું વૃક્ષ. **Ever-lasting,** *a.* હંમેશાનું; સદાકાળનું. **Evermore,** *ad.* હંમેશાં.

Every (એવરિ), *a.* દરેક; હરેક; પ્રત્યેક. Each; one by one **Every body,** *n.* દરેકજણ; પ્રત્યેક પુરૂષ. **Everywhere,** *ad.* દરેક ઠેકાણે; સર્વ સ્થળે.

Evict (ઈવિક્ટ), *vt. pr. p.* **Evicting.** *imp. & p. p.* **Evicted.** (*Law*) કાયદાની રૂએ કબજો છોડાવવો; ખાલી કરાવવું; કબજો છોડવો. To dispossess legally. **2.** સાબીત કરવું; બતાવવું. To prove; to manifest.

Evidence (એવિડેન્સ), *n.* પુરાવો; સાબીતી; મુદ્દો; પ્રમાણ; દાખલો. Proof; a ground of belief or judgment. *vt.* સાબીત કરવું; સ્પષ્ટ દેખાડવું. To prove; to show clearly.

Evident (એવિડેન્ટ), *a.* સ્પષ્ટ; ખુલ્લું; ઉઘાડું. Clear; plain; obvious; manifest.

Evidently (એવિડેન્ટ્લિ), *ad.* સ્પષ્ટ રીતે; ખુલ્લી રીતે; ઉઘાડી રીતે; બુદ્ધિપૂર્વક; સહેલાઇથી સમજી શકાય તેવી રીતે. Clearly; openly; obviously.

Evidential (એવિડેન્શૅલ), *a.* સાબીતી આપે તેવું; પુરાવો આપે તેવું. Clearly proving; giving proof.

Evidentness (એવિડેન્ટનેસ), *n.* સ્પષ્ટ રીતે સમજાવવું તે; બુદ્ધિપૂર્વક સહેલાઇથી સમજી જવું તે. An act of being evident.

Evil (ઇવિલ), *a.* ખરાબ; નઠારૂં; પાપી; દુષ્ટ; દુઃખકારક. Bad; corrupt; vile; wicked; harmful. *ad.* ખરાબ રીતે: દુષ્ટતાથી. Badly; harmfully. **Evil-action,** *n.* દુષ્ટ કાર્ય. **Evil-eyed,** *a.* પાપી નજરવાળું; પાપી. **Evil-minded,** *a.* દુષ્ટ મનવાળું; કુબુદ્ધિવાળું. **Evil-starred,** *a.* કમનશીબવાળું.

Evince (ઇવિન્સ), *vt. pr. p.* **Evincing.** *imp. & p. p.* **Evinced.** સાબીત કરવું; દેખાડવું; દેખાડી આપવું. To manifest; to make clear. **2.** તાબે કરવું; હરાવવું. To conquer; to subdue.

Evocation (ઇવોકેશન), *n.* તેડાવવું તે; બોલાવવું તે. An act of calling forth; an act of summoning.

Evoke (ઇવોક), *vt. pr. p.* **Evoking.** *imp. & p. p.* **Evoked.** બોલાવવું; તેડાવવું. To call forth; to summon.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Evolution (એવોલ્યૂશન), *n.* ધીમે ધીમે થતો વિકાસ; પ્રકટીકરણ; ઉદ્ભેદન. A gradual development. **2.** ક્રમ; શ્રેણી. A series; a succession. **3.** મૂળ ઘાત; મૂળ કાઢવું તે. The extraction of roots in algebra. **4.** પરિણામ; એક પછી બીજા પરિણામોથી થતી અસર. A result; the effect of the results combined.

Evolutional (એવોલ્યૂશનૅલ), *a.* વિકાસનું; પ્રકટીકરણનું; પરિણામરૂપે; અસરનું. Pertaining to evolution. [**Evolutional.**

Evolutionary (એવોલ્યૂશનૅરિ), *a.* Same as,

Evolutionist (એવોલ્યૂશનિસ્ટ), *n.* પરિણામવાદી; પૃથ્વી ઉપર વિકાસ થયે જ્ય છે તે સિદ્ધાંત માનનાર. A believer in the doctrine of evolution.

Evolve (ઇવૉલ્વ), *vt. vi. pr. p.* **Evolving.** *imp. & p. p.* **Evolved.** ખુલ્લું કરવું; ઉઘાડું કરવું. To open; to lay bare. **2.** વિસ્તીર્ણ કરવું; ફેલાવવું. To develop; to expand; to spread. **3.** ખુલ્લું થવું; ફેલાઇ જવું. To become open; to be developed.

Evolver (ઇવૉલ્વર), *n.* ખુલ્લું કરનાર; ફેલાવનાર; પ્રચલીત કરનાર; વિસ્તીર્ણ કરનાર. One, who evolves.

Evulsion (ઇવલ્ઝ્હન), *n.* બળથી ધક્કો મારવો તે; ધક્કો; બળપૂર્વક થયેલી ગાત. An act of pulling out fercibly.

Ewe (યુ) *n.* મેંઢી; ઘેટી. A female sheep.

Ewer (યુઅર), *n.* કુજો; લોટો; ખરણી. A large pitcher; a drinking pot.

Exacerbate (એક્સૅસરબેટ), *vt. pr. p.* **Exacerbating.** *imp. & p p.* **Exacerbated.** ગુસ્સો વધારવો; ચિડાવવું; ખીજવવું. To irritate; to provoke.

Exacerbation (એક્સૅસરબેશન), *n.* ઉશ્કેરણી કરીને કોઇને ચીડાવવું તે; ગુસ્સો વધારવો તે. Provocation; irritation.

Exact (એગ્ઝૅક્ટ), *a.* બરોબર; દુરસ્ત; ખરૂં; વ્યાજબી; મળતું આવતું; ચોક્કસ; સંભાળ ભરેલું. Closely akin; precise; fair; careful. *vt. pr. p.* **Exacting.** *imp. & p. p.* **Exacted.** અધિકારની રૂએ માંગવું; જબરાઇથી લેવું; વસુલ કરવું; બળાત્કારથી લઈ લેવું. To extort authoritatively; to compel to pay.

Exactly (એગ્ઝૅક્ટલિ), *ad.* બરાબર; તેમજ; આબેહૂબ; એવુંજ. Precisely; in an exact way.

Exactness (એગ્ઝૅક્ટનેસ), *n.* બરાબરી; તરકીબ; વ્યાજબી રીત; ચોકસાઇ. The quality of being exact; preciseness; accuracy.

Exaction (એગ્ઝૅક્શન), *n.* જોર જુલ્મથી કામ લેવું તે; વસુલ કરવું તે. An act of exacting money.

Exaggerate (એગ્ઝૅજરેટ), *vt. pr. p.* **Exaggerating.** *imp. & p. p.* **Exaggerated.** અતિશયોક્તિ કરવી; મીઠું મરચું ભભરાવીને બોલવું; વાત વધારીને કહેવી. To represent or state beyond the reality; to enlarge the facts beyond limit.

Exaggeration (એગ્ઝૅજરેશન). *n.* અતિશયોક્તિથી બોલવું તે; મીઠું મરચું ભભરાવીને કહેવું તે; વાત વધારીને કહેવી તે; અતિશયોક્તિ. An act of exaggerating; an act of representing things beyond the reality.

Exaggerative (એગ્ઝૅજરેટિવ), *a.* મીઠું મરચું ભભરાવીને વાત કરે તેવું; અતિશયોક્તિ વાપરીને બોલે તેવું. Prone to exaggerate.

Exaggerator (એગ્ઝૅજરેટર), *n.* મીઠું મરચું ભભરાવીને વાત કહેનાર; અતિશયોક્તિ વાપરીને વાત કહેનાર; વધારીને હકીકત બોલનાર. One, who exaggerates.

Exalt (એગ્ઝૉલ્ટ), *vt. pr. p.* **Exalting.** *imp. & p. p.* **Exalted.** મોટી પદવી આપવી; ઉન્નત સ્થિતિએ પ્રહોંચાડવું. To dignify; to promote to a higher grade. **2.** સ્તુતિ કરવી; તારીફ કરવી વખાણવું. To praise; to extol. **3.** ઉંચો ચઢાવવો (સૂરને); ફુલાવવું. To elevate the tone; to elate.

Exalted (એગ્ઝૉલટેડ), *a.* ઉન્નત સ્થિતિએ પહોંચેલું; વખણાઇ ગયેલું; ગૌરવ પામેલું. Dignified; praised.

Exaltation (એગ્ઝૉલ્ટેશન), *n.* મોટી પદવી આપવી તે; માનવૃદ્ધિ; પ્રતિષ્ઠાનો વધારો કરવો તે. The state of greatness or elevation; mental elevation; dignity.

Examination (એગ્ઝૅમિનેશન), *n.* પરીક્ષા; તપાસ; ખરાખોટાની તપાસણી. A test; an investigation; an act of examining.

Examine (એગ્ઝામિન), *vt. pr. p.* **Examining.** *imp. & p. p.* **Examined.** પરીક્ષા કરવી; તપાસવું; બારીકાઈથી જોવું; ખરાખોટાની તપાસ રાખવી. To test; to investigate; to inquire minutely.

Examinee (એગ્ઝૅમિની), *n. pl.* **Examinees.** પરીક્ષા આપનાર; જેની તપાસણી થવાની હોય તે. A student or a person to be examined.

Examiner (એગ્ઝામિનર), *n.* પરીક્ષક; પારખનાર; ખરાખોટાની તપાસ રાખનાર; બારીકાઇથી અવલોકન કરનાર. One, who puts to test; a person appointed, to examine the studies of students (as in schools, colleges, etc.)

Example (એગ્ઝૅમ્પલ), *n. pl.* **Examples.** ઉદાહરણ; દાખલો; દૃષ્ટાંત; નમૂનો; આદર્શ. A pattern; a model; a specimen.

Exasperate (એગ્ઝૅસ્પરેટ), *vt.* ગુસ્સે કરવું; ખીજવવું; પજવવું. To enrage; to irritate; to add to the anger of.

Exasperation (એગ્ઝૅસ્પરેશન), *n.* પજવણી; ગુસ્સે કરવું તે; ખીજવવું તે. An act of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

exasperating.

Excavate (એક્સકૅવેટ), *vt. pr. p.* **Excavating.** *imp. & p. p.* **Excavated.** ખોદવું; પોલું કરવું; ખોદીને ખાડો પાડવો. To dig; to make a hollow of anything.

Excavation (એક્સકૅવેશન), *n.* ખોદાણકામ; ખોદીને પોલું કરવું તે; પોલાણ. An act of excavating; a hollow.

Excavator (એક્સકૅવેટર), *n.* ખોદનાર; ખોદીને ખાડો પાડનાર; પોલું બનાવનાર. One, who excavates. 2. ખાડો-પોલાણ કરવાનું યંત્ર. A machine, which excavates.

Exceed (એક્ષ-સીડ્). *vt. vi. pr. p.* **Exceeding.** *imp. & p. p.* **Exceeded.** વધારે હોવું; હદ બહાર જવું; પાછળ પાડવું;-થી અધિક થવું. To go too far; to pass the limits; to go beyond.

Exceeding (એક્ષ-સીડિન્ગ્), *a.* ઘણુંજ; અતિશય; પુષ્કળ; બેહદ. Very large; great. *ad.* પુષ્કળ રીતે; બેહદપણે; ઘણુંજ. Greatly; much.

Exceedingly (એક્ષસીડિંગ્લિ), *ad.* પુષ્કળરીતે; ઘણુંજ; અતિશય. In an exceeding way.

Excel (એક્ષેલ્), *vt. vi. pr. p.* **Excelling.** *imp. & p. p.* **Excelled.** પાછળ પાડવું; ચઢિઆતા થવું;-થી શ્રેષ્ટ બનવું. To surpass; to be superior to; to exceed.

Excellence (એક્ષ-સૅલેન્સ), *n.* ઉત્તમતા; શ્રેષ્ઠતા; ઉત્તમ ગુણ; ભૂષણ. Superiority; the state of excelling; any thing highly esteemed. 2. મોટા અમીર, વિગેરેને અપાતો ખિતાબ. A title given to the people of high rank.

Excellency (એક્સેલેન્સિ), *n.* ગવર્નર, વિગેરે બીજા હાકેમ અથવા સુબાઓને અપાતો ખીતાબ. A title of honour, given to the governors, etc.

Excellent (એક્સેલ્લેન્ટ), *a.* ઉત્તમ; શ્રેષ્ઠ; સર્વોત્તમ; સરસ. Of the first quality; superior; remarkable.

Except (એક્ષસેપ્ટ), *vt. vi. pr. p.* **Excepting.** *imp. & p. p.* **Excepted.** પડતું મુકવું; બાતલ કરવું; ગણ્યા સિવાયનું રાખવું. To omit; to exclude. 2. તકરાર લેવી; વાંધો ઉઠાવવો. To raise an objection.

Except (એક્ષસેપ્ટ), *prep.* સિવાય; વિના; વગર. Without; without the company of. *con.* જો; નહિ તો. Otherwise.

Exception (એક્ષસેપ્શન્), *n.* અપવાદ; બાતલ કરવું તે; નિયમની બહાર હોવું તે. An act of excluding; exclusion. 2. (*Law*) વાંધો; હરકત; બાધ. An objection.

Exceptional (એક્ષસેપ્શનૅલ્), *a.* અપવાદનું; નિયમ બહારનું; બાતલ કરવા જોગ. Pertaining to an exception; away from the ordinary rule.

Exceptionally (એક્ષસેપ્શનૅલ્લિ), *ad.* અપવાદપણે; નિયમવિરૂદ્ધ થઈને; ખાસ કરીને. In an exceptional way; particularly.

Excess (એક્ષેસ્), *n.* અધિકતા; વધારો; અતિશયપણું; બેસુમારપણું. Superfluity; that which exceeds any number or limit; the state of being immeasurable.

Excessive (એક્ષેસિવ્), *a.* હદથી જાદે; બેશુમાર; ઘણુંજ. Extreme; immoderate; beyond any measure or degree.

Excessively (એક્ષેસિવ્લિ), *ad.* ઘણુંજ; બેશુમાર રીતે. Extremely; in an excessive way.

Exchange (એક્ષચેન્જ), *vt. vi. pr. p.* **Exchanging.** *imp. & p. p.* **Exchanged.** અદલાબદલી કરવું; સાટું કરવું; બદલવું. To give and receive in place for; to barter; to change. 2. સાટું થવું; બદલી જવું. To adopt a change for. *n.* બદલો; અદલોબદલો; સાટું. An act of changing; a barter. **Bill of exchange,** *n.* હુંડી.

Exchangeable (એક્ષચેન્જેબલ્), *a.* બદલી શકાય એવું; અદલ બદલ થઇ શકે તેવું. Capable of being exchanged.

Exchequer (એક્સચેકર્), *n.* જમાબંધીની કચેરી; રેવન્યુ કોર્ટ. One of the superior courts of law. 2. જમદારખાનું; રાજતીજોરી; ભંડાર. A state treasury. *vt.* રેવન્યુ કોર્ટમાં કોઈ માણસ સામે કેસ ચલાવવો. To file a suit against any one in the court of exchequer.

Excise (એક્ષસાઈઝ્), *n.* જકાત; આબકારી; દાણ. A duty, imposed on certain goods; a tax. *vt.* જકાત નાંખવી; દાણ નાંખવું. To levy a duty or tax on. **Exciseman,** *n.* 'કસ્ટમ' ખાતાનો પોલીસ. **Excise department,** આબકારી ખાતું.

Excite (એક્ષસાઇટ્), *vt. pr. p.* **Exciting.** *imp. & p. p* **Excited.** ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; જગાડવું; ચેતન આપવું. To rouse; to stimulate; to animate. 2. ખીજવવું; ભંભેરવું. To provoke; to stir.

Excitation (એક્ષસાઇટેશન્), *n.* ઉશ્કેરણી; આવેશ. [Excitement.

Excitative (એક્ષસાઇટેટિવ્), *a.* ઉશ્કેરણી કરી શકાય તેવું; આવેશમાં આવી કામ કરે તેવું. Tending to excite.

Excitement (એક્ષસાઇટ્-મેન્ટ), *n.* ઉશ્કેરણી; આવેશ; પ્રકોપ; ક્ષોભ. Stimulation; enragement; agitation; a state of increased vitality. 2. આવેશમાં કરેલું કંઇપણ કૃત્ય. Any action done in the excited state.

Exclaim (એક્ષક્લેમ્), *vi. pr. p.* **Exclaiming.** *imp. & p. p.* **Exclaimed.** બુમ પાડવી; શોર કરવો; ઘોઘાટ કરી મુકવો; ઘાંટા પાડવા. To shout; to cry out; to utter noisily.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Exclamation (એક્સ્-ક્લૅમેશન્), *n.* શોર; પોકાર; ઉતાવળી ખૂમ; ઉદ્ગાર. Utterance; noisy talk; clamour; natural outburst of heart.

Exclamative (એક્સ્-ક્લૅમેટિવ્), *a.* શોરબકોર કાઢે તેવું; ઉતાવળી ખુમ પાડે તેવું; ઉદ્ગાર બોલે તેવું. Serving or tending to exclaim.

Exclamatory (એક્સ્-ક્લૅમૅટોરિ), *a.* Same as, **Exclamative.**

Exclude (એક્સ્-ક્લૂડ્), *vt. pr. p.* **Excluding.** *imp. & p. p.* **Excluded.** પ્રતિબંધ કરવો; બહાર કાઢવું; અવરોધ કરવો; દૂર કરવું. To shut out; to reject; to obstruct the way of; to keep away.

Exclusion (એક્સ્-ક્લૂઝ્હન્), *n.* દુર કરવું તે; બહિષ્કરણ; અવરોધ; બહાર કઢિવું તે. An act of excluding; a rejection.

Exclusive (એક્સ્-ક્લૂઝિવ્), *a.* અંદર ન આવવા દે તેવું; નિષેધક; નિવારક. Having the power of excluding.

Exclusively (એક્સ્ક્લૂઝિવ્લિ), *ad.* એકલું; માત્ર; કેવળ. Only; simply.

Exclusiveness (એક્સ્-ક્લૂઝિવ્નેસ્), *n.* એકલવાયું હોવું તે; દુર કરૂંવાની વૃત્તિ હોવી તે. The state of being exclusive.

Excogitate (એક્સ્-કૉજિટેટ્), *vt. pr. p.* **Excogitating.** *imp. & p. p.* **Excogitated.** વિચાર કરી શોધી કાઢવું; વિચારપૂર્વક ઓળખવું; યોજના કરવી. To devise; to contrive; to think out carefully.

Excogitation (એક્સ્-કૉજિટેશન્), *n.* વિચારપૂર્વક કરેલી યોજના-શોધ. A careful device; a contrivance.

Excommunicate (એક્સ્કૉમ્-મ્યૂનિકેટ્), *vt. pr. p.* **Excommunicating.** *imp. & p. p.* **Excommunicated.** ન્યાત બહાર મૂકવું; જ્ઞાતિ બહાર રાખવું; જ્ઞાતિ બહિષ્કાર કરવો. To expel from any caste or association. *a. n.* જ્ઞાતિ બહાર મૂકાએલો; ન્યાત બહાર થઈ ગયેલો. Expelled from any caste.

Excommunication (એક્સ્-કૉમ્મ્યૂનિકેશન્), *n.* ન્યાત અથવા જ્ઞાતિ બહાર હોવું તે; મંડળ બહાર રહેવું તે. An act of being excommunicated.

Excommunicator (એક્સ્-કૉમ્-મ્યૂનિકેટર્), *n.* જ્ઞાતિ બહાર મૂકનાર; ન્યાતના સંસર્ગથી દુર રાખનાર. One, who excommunicates.

Excoriate (એક્સ્-કોરિએટ્), *vt.* છોલી નાંખવું; જીવતાં ચામડી ઉતરાવવી; ચામડી ઉતરડી નાંખવી. To wear off the skin of; to abrade a part of the skin.

Excoriation (એક્સ્-કોરિએશન્), *n.* છોલ ઉતારી લેવી તે; જીવતાં ચામડી ઉતારી લેવાનું કામ. An act of excoriating.

Excrement (એક્સ્સ્ક્રીમન્ટ), *n.* છાણ; ગોબર. Matter discharged from the animal body. 2. શરીર ઉપર ઉગતા વાળ, નખ, વિગેરે. Hair, nails, etc. growing on the body.

Excretion (એક્સ્સ્ક્રીશન્), *n.* Same as, **Excrement.**

Excremental (એક્સ્-ક્રીમેન્ટૅલ્), *a.* છાણનું; હગારનું; ગોબરનું. Pertaining to excrement.

Excrescence (એક્સ્સ્ક્રેસેન્સ્), *n.* મસો; વરસોળી; ગાંઠ. A wart; a useless growth on the body.

Excruciate (એક્સ્-ક્રૂશિએટ્), *vt.* અતિશય પીડા કરવી; તીવ્ર વેદના ઉપજાવવી; દરદ કરવું. To cause extreme pain; to torment.

Excruciating (એક્સ્-ક્રૂશિએટિંગ્), *a.* અતિ વેદના ભરેલું; ઘણું ભારે દરદ કરતું; તીવ્ર વેદના ઉપજાવતું. Extremely painful; tormenting.

Exculpate (એક્સ્સ્કલ્પેટ્), *vt. pr. p.* **Exculpating.** *imp. & p. p.* **Exculpated.** નિરપરાધી છે એમ કહેવું-જણાવવું; નિર્દોષ ઠરાવવો. To clear from a charge or guilt. 2. દોષ નિવારણ કરવું. To render free from any sin committed; to make free from any blame.

Exculpation (એક્સ્સ્કલ્પેશન્), *n.* દોષ નિવારણ; દોષ મુકિત. An act of relieving of a blame.

Excursion (એક્સ્-કર્શન્), *n.* સહેલ; મોજસારૂ ફરવા જવું તે; પરિભ્રમણ; નાની મુસાફરી. A short trip; a pleasure trip; a journey for health.

Excursive (એક્સ્સ્કર્સિવ્), *a.* નાની મુસાફરી કરે તેવું; પરિભ્રમણ કરે તેવું; સહેલ કરવાની વૃત્તિવાળું. Prone to excursions; wandering.

Excusable (એક્સ્-ક્યૂઝેબલ્), *a.* માફ કરવા જોગ; ક્ષમા આપવા લાયક; દરગુજરને પાત્ર. Pardonable; fit for being excused.

Excuse (એક્સ્સ્ક્યૂઝ્), *a.* ક્ષમા; માફી. Pardon. 2. બ્હાનું; કારણ. A pretext. *vt. pr. p.* **Excusing.** *imp. & p. p.* **Excused.** માફી આપવી; ક્ષમા કરવી; દરગુજર કરવું. To forgive; to apologize. 2. મુકત કરવું; નિરપરાધી ઠરાવવું. To release; to absolve; to free from any kind of charge.

Excuser (એક્સ્સ્ક્યૂઝર્), *n.* ક્ષમા આપનાર; માફી આપનાર; દરગુજર કરનાર; નિરપરાધી ઠરાવનાર. One who excuses.

Excursionist (એક્સ્કર્શનિસ્ટ્), *n.* મુસાફરી કરનાર; પરિભ્રમણ કરનારૂં; લોકોને મુસાફરી માટે રેલગાડી, વિગેરેનો બંદોબસ્ત કરી આપનાર. One, who is after excursions.

Execrable (એક્સીક્રેબલ્), *a.* શાપ આપવા જેવું; અતિદ્વેષ; તિરસ્કારને લાયક. Detestable; worthy for a curse.

Execrate (એક્સીક્રેટ્), *vt. pr. p.* **Execrating.** *imp. & p. p.* **Execrated.** શાપ દેવો; ધિક્કારવું; તિરસ્કારથી દુર કરવું. To curse; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

abhor; to avoid scornfully.

Execration (એક્સીક્રેશન્). *n.* શ્રાપ; શાપ; બદદુઆ. A curse; an abhorrence. 2. તિરસ્કાર; ધિક્કાર. Detestation; a hatred.

Execretive (એક્સીક્રેટિવ્), *a.* બદદુઆ આપે તેવું; શ્રાપ વહોરી લેતેવું. Giving a curse; cursing.

Execute (એક્-સી-ક્યૂટ્), *vt. pr. p.* **Executing.** *imp. & p. p.* **Executed.** અમલમાં મૂકવું; કરવું; બજાવવું; સિદ્ધ કરવું; પૂરેપુરૂં કરવું; નીવેડે લાવવો. To put in force; to perform; to finish. મારી નાંખવું; જીંદગીનો અંત લાવવો.

Executer (એક્સીક્યૂટર્), *n.* બજવણી કરનાર; અમલમાં મૂકનાર; કાર્ય કરનાર. One, who executes.

Execution (એક્સીક્યૂશન્), *n.* અમલમાં મુકવું તે; બજવણી; કાર્ય; અમલ; અનુષ્ઠાન; આચરણ. An act of executing; a performance; a work. 2. દેહાંત શિક્ષા; જેહાંત શિક્ષાનો અમલ કરવો તે; ફાંસી; ફાંસીએ ચઢાવવું તે. A sentence of death; an act of sentencing to death.

Executive (એગ્ઝીક્યૂટિવ્). અમલમાં લાવનારૂં; પ્રવર્તાવનારૂં; કાર્યાત્મક. Tending to execute. *n.* અમલમાં લાવનાર અમલદાર. A supervising officer.

Executor (એક્સી-ક્યૂટર્), *n.* મરનારે પોતાનું વસિઅતપત્ર અથવા "વીલ" અમલમાં લાવવા સારૂ યોજેલ પુરૂષ. A person, appointed to carry out in force the will of the deceased. 2. કામ કરનાર; યોજક A performer, a doer.

Executrix (એક્સી-ક્યૂટ્રિક્સ્), *n.* મરનારે પોતાનું વસિઅત પત્ર અમલમાં લાવવા સારૂ નીમેલી સ્ત્રી. A woman appointed by the deceased to execute his will.

Exemplar (એગ્ઝેમ્પ્લર્), *n.* નમૂનો; દાખલો; દૃષ્ટાંત. A model; a pattern; a person serving as a pattern.

Exemplary (એગ્ઝેમ્પ્લરિ), *a.* અનુકરણ કરવાં લાયક; નકલ કરવા જોગ; દૃષ્ટાંત લેવા જોગ. Worthy of imitation; serving for a model.

Exemplification (એગ્ઝેમ્પ્લિફિકેશન્), *n.* દૃષ્ટાંત અથવા ઉદાહરણ આપીને સમજાવવું તે; નકલ કરવી તે. An act of exemplifying.

Exemplify (એગ્ઝેમ્પ્લિફાઇ), *vi. pr. p.* **Exemplifying.** *imp. & p. p.* **Exemplified.** ઉદાહરણ આપી સમજાવવું; દૃષ્ટાંત આપીને ચોખ્ખું કરવું. To illustrate or explain by giving an example. 2. ઉતારો કરવો; અસલ કાગળ અથવા ખતે ઉપરથી નકલ કરવી. To copy; to transcript.

Exempt (એગ્ઝેમ્ટ્), *a.* છુટું; માફ; મોકળું. Released; made free from work or duty. *n.* મુક્ત થયેલો માણસ. A person, who is made free. *vt.* છુટું કરવું; મોકળું કરવું. To release; to make free.

Exemption (એગ્ઝેમ્શન્), *n.* માફી; છુટકો; નિકાલ. An act of being exempted; the act of being free from.

Exercise (એક્સર્સાઇઝ્), *vt. pr. p.* **Exercising.** *imp. & p. p.* **Exercised.** મહાવરો રાખવો–પાડવો; કરવું; કામે લગાડવું; વાપરવું. To have a practice for; to employ; to utilize. 2. કસરત કરવી; તાલીમ લેવી; શિખવું. To enjoy the physical training; to be trained; to learn. *n.* ઉપયોગ; વપરાશ; ટેવ; મહાવરો; આદત. A use; a habit; a usage; a practice. 2. કસરત; તાલીમ; શિક્ષણ. Physical training; learning; instruction. 3. પાઠ; શિક્ષણ; અભ્યાસ. A lesson; a continuous study.

Exert (એગ્ઝર્ટ્), *vt. pr. p.* **Exerting.** *imp. & p. p.* **Exerted.** મહેનત કરવી; કામમાં લેવું; વાપરવું; શ્રમપૂર્વક વાપરવું. To toil; to bring all the energies into action; to consume.

Exertion (એગ્ઝર્શન્), *n.* મહેનત; પ્રયત્ન; કોશિષ. An effort; an attempt; an act of putting forth all the energies into force.

Exhalable (એગ્ઝ્હેલેબલ્), *a.* વરાળરૂપે બહાર નીકળી શકે તેવું; શ્વાસરૂપે બહાર જઇ શકે તેવું. Capable of being exhaled.

Exhalation (એગ્ઝ્હેલેશન્), *n.* વરાળરૂપે બહાર કાઢવું તે; વરાળ; શ્વાસ બહાર કાઢવો તે. An act of exhaling; vapour; a process of respiration.

Exhale (એગ્ઝ્હેલ્), *vt vi. pr. p.* **Exhaling.** *imp. & p. p.* **Exhaled.** વરાળ રૂપે બહાર કાઢવું–આવવું; બહાર મોકલવું; શ્વાસ કાઢવો. To send out gaseous matter; to emit as vapour; to breathe out. 2. શ્વાસ બહાર નીકળવો–આવવો. To come out as vapour or breathing.

Exhaust (એગ્ઝ્હૉસ્ટ્), *vt. pr. p.* **Exhausting.** *imp. & p. p.* **Exhausted.** થકવી નાંખવું; થાકથી નરમ ઘેંસ જેવું બનાવી દેવું; નિર્બળ કરવું. To tire; to wear out. 2. ખર્ચી નાંખવું; ઉડાડી દેવું; વાપરવું; સુકાઇ જવું; ખેંચી લેવું. To use away; to consume; to expend; to draw out.

Exhaustible (એગ્ઝ્હૉસ્ટિબલ્), *a.* કાઢી નાંખવા લાયક. Capable of being exhausted.

Exhaustion (એગ્ઝ્હૉશન્), *n.* થાક; શ્રમ; અતિશય મહેનત. Fatigue; weariness; the wearied state or condition. 2. વપરાશ; અતિશય ખર્ચ કરવો તે. Expense; too much expenditure. 3. શોષણ; સુકાઇ જવું તે; નાશ; ખોટ; સમાપ્તિ. An act of drawing out; loss; decay.

Exhaustive (એગ્ઝ્હૉસ્ટિવ્), *a.* બધી હકીકત, દાખલા, દલીલ, વિગેરેથી સંપૂર્ણ રીતે સમજાવવું. Containing

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

all the facts, etc. with argument.

Exhibit (એગ્ઝિબિટ), *vt. vi. pr. p.* **Exhibiting.** *imp. & p. p.* **Exhibited.** દેખાડવું; ખુલ્લું કરવું; રજુ કરવું; પ્રદર્શનમાં જાહેર દેખાવ માટે મુકવું. To show; to manifest; to bring out for the public show. *n.* (*Law*) પુરાવામાં રજુ કરેલો કાગળ. A document, presented in the court as evidence. **2.** દેખાવ; પ્રદર્શનમાં મુકેલી વસ્તુઓનો સમૂહ. A show; the articles, seen in an exhibition.

Exhibiter (એગ્ઝિબિટર), *n.* (*Law*) પુરાવા તરીકે કાગળ અથવા દસ્તાવેજ, વિગેરે રજુ કરનાર; ઉપલી કોર્ટમાં 'અપીલ' રજુ કરનાર. One, who presents a petition.

Exhibition (એગ્ઝિબિશન), *n.* પ્રદર્શન; ખેલ; તમાસો. A public display or show. **2.** આવિર્ભાવ; નજર આગળ દેખાડવું તે. An act of exhibiting. **3.** શિષ્યવૃત્તિ. An allowance granted to a scholar.

Exhibitioner (એગ્ઝિબિશનર), *n.* નીમણુક લઇને ભણનાર વિદ્યાર્થી; ભરણપોષણને માટે 'પેન્શન' લઈને આજીવિકા ચલાવનાર. One, who has some allowance or pension for his livelipood.

Exhibitor (એગ્ઝિબિટર), *n.* પ્રદર્શનમાં બધી વસ્તુઓ ગોઠવવામાં ભાગ લેનાર. One, who exhibits.

Exhilarate (એગ્ઝિલૅરેટ), *vt. pr. p.* **Exhilarating.** *imp. & p. p.* **Exhilarated.** હર્ષ પમાડવો; આનંદિત કરવું; મનરંજન કરવું. To make merry; to make cheerful or joyous; to gladden.

Exhilarant (એગ્ઝિલૅરન્ટ), *a.* મનરંજન કરતું; આનંદ પમાડતું; હર્ષ પમાડતું. Gladdening; cheering.

Exhilaration (એગ્ઝિલૅરેશન), *n.* આનંદ; હર્ષ; ઉલ્લાસ; આનંદીત કરવું તે. Gladness; cheerfulness.

Exhort (એગ્ઝૉર્ટ), *vt. vi. pr. p.* **Exhorting.** *imp. & p. p.* **Exhorted.** સારૂં કામ કરવા પ્રેરવું; ઉપદેશ દેવો; સૂચના કરવી; ચેતવણી આપવી. To incite by advice; to advise; to warn.

Exhortation (એગ્ઝૉર્ટેશન), *n.* ઉપદેશ; સૂચના; ચેતવણી; પ્રેરણી કરાવનાર શબ્દો. An advice; a suggestion; inciting words.

Exhortive (એગ્ઝૉર્ટિવ), *a.* ઉપદેશ આપે તેવું; પ્રેરણા ઉત્પાદક; સૂચનરૂપ; ચેતવણી આપે તેવું. Tending or serving to exhort. [**Exhortive.**

Exhortatory (એગ્ઝૉર્ટેટૉરિ), Same as,

Exhume (એક્સ્-હ્યૂમ), *vt. pr. p.* **Exhuming.** *imp. & p. p.* **Exhumed.** દાટેલું બહાર કાઢવું; ખોદી કાઢવું. To disinter; to dig out.

Exigence,-cy (એક્સિજેન્સ,-ન્સિ), *n.* તંગી; તાણ; સંકટ; દુઃખ; અણી. A want; urgent demand; a critical time; an urging need.

Exigent (એક્સિજેન્ટ), *a.* સંકટવેળાનું; આવશ્યક; જરૂરનું; અણીના વખતનું. Urgent; needful; critical; requiring urgent need.

Exile (એગ્ઝાઈલ), *vt. pr. p.* **Exiling.** *imp. & p. p.* **Exiled.** દેશવટો આપવો; દેશનિકાલ કરવો; કાળા પાણીએ મોકલવું. To banish; to transport. *n.* દેશવટો; દેશનિકાલ. Banishment; transportation. **2.** દેશવટો જેને આપવામાં આવ્યો હોય તે પુરૂષ. One, who has been exiled.

Exist (એગ્ઝિસ્ટ), *vi. pr. p.* **Existing.** *imp. & p. p.* **Existed.** હોવું; જીવવું; વેવું; રહેવું; અસ્તિત્વ ધરાવવું. To be in life; to live; to continue to be; to be animated.

Existence (એગ્ઝિસ્ટેન્સ), *n.* હયાતિ; અસ્તિત્વ; હોવું તે. The state of being in life. **2.** પ્રાણી; જીવ; જીવન. A being; a life; the state of existing.

Existent (એગ્ઝિસ્ટેન્ટ), *a.* જીવતું; હયાત; વિદ્યમાન; વર્તમાન. Continuing in life; taking place; being in life.

Exit (એક્સિટ), *n.* રંગભૂમિ ઉપર પાત્રનું તેનું કામ કર્યા પછી જવું તે. A departure of an actor from the state after performing his part. **2.** બહાર જવું તે; નિર્ગમન; જતા રહેવાનો માર્ગ. An act of going away or out; a departure; a way to go out. મોત; મરણ. Death.

Exodus (એક્સોડસ), *n.* સ્વવતનમાંથી ટોળાબંધ બીજે ગામ જવું તે; સંઘ. A departure of people from their place to any other place or country; an emigration.

Exogenous (એક્સોજેનસ), *a.* બહારથી વધારો થતો હોય એવું; બહારના દળમાં વધતું. Growing in size from outside.

Exonerate (એગ્ઝોનરેટ), *vt. pr. p.* **Exonerating.** *imp. & p. p.* **Exonerated.** આરોપ અથવા તહોમતમાંથી નિર્દોષ ઠરાવવું; છોડી મૂકવું; મુકત કરવું; ભાર ઓછો કરવો. To relieve from any charge; to discharge from responsibility.

Exoneration (એગ્ઝોનરેશન), *n.* નિર્દોષ ઠરાવવું તે; મુક્તિ; જવાબદારીમાંથી મુક્ત કરવું તે. An act of exonerating.

Exonerative (એગ્ઝોનરેટિવ), *a.* ભાર ઓછો કરે તેવું; જવાબદારીમાંથી મુક્ત કરે તેવું. Serving to exonerate.

Exorable (એક્સોરેબલ), *a.* સહેલાઇથી સમજાવી શકાય તેવું; સાંત્વન આપી શકાય તેવું; સાંત્વનીય. Capable of being persuaded.

Exorbitance,-cy (એક્સૉરબિટન્સ,-ન્સિ), *n.* અતિશયપણું; બેહદપણું; અપરિમિતતા. The state of being exorbitance; an excess.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Exorbitant (એગ્ઝૉર્બિટન્ટ), *n.* બેહદ; અતિશય; ઘણુંજ; અપરિમિત. Enormous; excessive; beyond limit.

Exorcise (એક્સૉર્સાઇઝ), *vt. pr. p.* **Exorcising.** *imp. & p. p.* **Exorcised.** ભૂત કાઢવું; મંતર જપીને કોઈને ત્યાંથી ભૂત કાઢવું; ઉંઝણી નાંખવી. To cast out by prayers, etc. the evil spirit; to make free from the demonic influence.

Exorciser (એક્સૉર્સાઇઝર); *n.* મંત્રાદિ, ઉપચારોથી ભૂત, પ્રેત વિગેરેને કાઢનાર; ઉંઝણી નાંખનાર. One, who exorcises.

Exorcism (એક્સૉર્સિઝમ), *n.* મંત્રાદિ, ઉપચારોથી ભૂત, પ્રેત વિગેરે કાઢવા તે. An act of exorcising.

Exorcist (એક્સૉર્સિસ્ટ), *n.* Same as, **Exorciser.**

Exordium (એગ્ઝૉર્ડિયમ), *n.* ઉપોદઘાત; દીબાચો; પ્રસ્તાવના. An introduction; an introductory part of any book.

Exoteric,-al (એક્સોટેરિક,-કલ), *a.* ખુલ્લું; પ્રકટ; બધા જોઇ શકે તેવું; બીજા પાસે જણાવી શકાય એવું. Open to all; public.

Exotic (એક્ઝૉટિક), *n.* પરદેશી ઝાડ; વિદેશી વનસ્પતિ. A foreign herb. *a.* પરદેશમાંથી દાખલ થયેલું; બીજા દેશનું; દેશનું પણ પાછળથી આવેલું. Introduced from a foreign country or place; not original.

Expand (એક્સ્પૅન્ડ), *vt. vi. pr. p.* **Expanding.** *imp. & p. p.* **Expanded.** લંબાવવું; ફેલાવવું; વિસ્તારવું; પ્રસારવું; પહોળું કરવું. To enlarge; to spread out; to widen; to dilate. **2.** વિસ્તાર પામવો; ફેલાઈ જવું; પહોળું થવું. To grow in extension; to be enlarged.

Expanse (એક્સપૅન્સ), *n.* સપાટી; ફેલાવો; વિસ્તાર. A wide extent of any object. **2.** વિશાળ મેદાન; સપાટી; આકાશ. The firmament.

Expansibility (એક્સ્પૅન્સિબિલિટિ), *n.* ચોતરફ ફેલાવવાની શક્તિ; પ્રસરણશક્તિ હોવી તે. The capacity of being expanded.

Expansion (એક્સ્પૅન્શન), *n.* ફેલાવો; વિસ્તાર; વૃદ્ધિ. Enlargement; extension.

Exparte (એક્સપાર્ટે), *a.* (*Law*) એક તરફી; એકપક્ષી. One-sided; partial.

Expatiate (એક્સ્પૅશિએટ), *vt. pr. p.* **Expatiating.** *imp. & p. p.* **Expatiated.** ફરતા ફરવું; ભટકયાં કરવું. To rove at random. **2.** વિસ્તારીને બોલવું; લંબાણથી કહેવું. To enlarge the points in discourse; to say at length.

Expatriate (એક્સ્પૅટ્રિએટ), *vt.* દેશવટો દેવો; દેશનિકાલ કરવો. To exile; to banish.

Expatriation (એક્સ્પૅટ્રિએશન), *n.* દેશવટો; દેશનિકાલ. An exile; a banishment.

Expect (એક્સ્પેક્ટ), *vt pr. p.* **Expecting.** *imp. & p. p.* **Expected.** રાહ જોવી; વાટ જોવી; થોભવું. To wait; to stop waiting for. **2.** આશા રાખવી; અપેક્ષા રાખવી; ધારવું. To hope; to desire eagerly; to suppose.

Expectant (એક્સ્પેક્ટૅન્ટ), *a.* આતુરતાથી રાહ જોતું; ઉત્સુક; અપેક્ષા રાખતું. Eagerly waiting for; very eager (to see the result of one's efforts). *n.* ઉત્સુકતાપૂર્વક રાહ જોનાર; અપેક્ષક. One, who waits eagerly for the result.

Expectation (એક્સ્પેક્ટેશન), *n.* અપેક્ષા; ઉમેદ; આશા. An eager desire; a hope; a longing.

Expectancy (એક્સ્પેક્ટૅન્સિ), *n.* ધારણા; ઉમેદ; આશા. An expectation; a hope. **2.** (*Law*) ભવિષ્યમાં કબજો મળે તેવી મિલ્કત. Some property, which is to be possessed in future.

Expectorate (એક્સ્પેક્ટોરેટ), *vt.* ગળફો કાઢવો; ગળું સાફ કરવું. To discharge phlegm.

Expedience,-cy (એક્સ્પીડિએન્સ,-ન્સિ), *n.* પ્રસંગ; યોગ્યતા; જે કાળે જે કરવું તે; વ્યાજબી જણાય તે; ઉચિતતા. Avisability; a habit of doing at the right time. **2.** સાહસ; પરાક્રમ. An enterprise; an undertaking.

Expedient (એક્સ્પીડિએન્ટ), *a.* યોગ્ય; ઉપયોગી. Proper; suitable. **2.** ઉતાવળું; જલદી જનારૂં. Quick; fast in motion.

Expedite (એક્સ્પીડાઇટ), *vt. pr. p.* **Expediting.** *imp. & p. p.* **Expedited.** ઉતાવળ કરવી; જલદીથી મોકલવું; ઝડપથી રવાના કરવું; ઉતાવળથી કામ કરવું. To be quick at work; to forward without delay.

Expedition (એક્સ્-પીડિશન), *n.* ઉતાવળ; ઝડપ; ત્વરા. Haste; quickness; speed. **2.** મુસાફરી; સ્વારી. A travel; a travel with a retinue.

Expel (એક્સ્પેલ), *vt. pr. p.* **Expelling.** *imp. & p. p.* **Expelled.** કાઢી મૂકવું; હાંકી કાઢવું; દૂર કરવું. To drive out; to drive off; to remove. **2.** સંબંધ તોડી નાંખવો; બહિષ્કાર કરવો. To sever the connections.

Expend (એક્સ્પેન્ડ), *vt. vi. pr. p.* **Expending.** *imp. & p. p.* **Expended.** ખરચવું; વાપરવું; ખરચી નાંખવું; વ્યય કરવો. To consume; to pay off; to disburse (money, etc.)

Expenditure (એક્સ્પેન્ડિટ્યૂર), *n.* ખરચ; ખર્ચ; ખરચવું તે; વ્યય. An act of expending; an expense. [**Expenditure.**

Expense (એક્સ્પેન્સ), *n.* Same as,

Expensive (એક્સ્પેન્સિવ), *a.* ખરચાળ; હાથનું છૂટું; ઉડાઉ. Spendthrift; lavish; extravagant. **2.** મોંઘું; ઘણી કિમતનું; વધારે ખરચ થાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવું.Dear;costly;undergoing much expense.

Experience (એક્સ્પીરિએન્સ્), *n.* અનુભવ; તપાસ; પરખ; અજમાએશ. A trial; an attempt; a test. *pr. p.* **Experiencing.** *imp.* & *p. p.* **Experienced.** *vt.* અનુભવ લેવો; અજમાએશ લેવી; અભ્યાસી બનવું. To prove by use; to make acquaintance with.

Experienced (એક્સ્પીરિએન્સ્ડ્), *a.* અનુભવથી શીખેલું-ઘડાએલું; માહીતી મેળવેલું; પ્રવીણ અથવા કુશળ બનેલું. Wise by repeated trials;skilful.

Experiment (એક્સ્પેરિમેન્ટ્), *n.* પ્રયોગ; તપાસ; અખતરો. A test; a proof. **2.** અભ્યાસ; અનુભવ; અનુભવથી સિદ્ધ કરવું તે. The constant and deep study. *vt.* અનુભવ લેવો; અભ્યાસથી શિખવવું. To prove by use; to teach by continuous study.

Experimental (એક્સ્પેરિમેન્ટલ્), *a.* પ્રયોગને લગતું; અખતરાનું; અભ્યાસને વિષે. Pertaining to an experiment.

Expert (એક્સ્પર્ટ્), *a.* ચતુર; ચાલાક; પ્રવીણ; નિપુણ; કુશળ વાકેફગાર. Skilful; intelligent; dexterous; adroit. *n.* પ્રવીણ પુરૂષ; ચતુરપુરૂષ; કારીગર; હુન્નરી. A skilful person.

Expertness (એક્સ્પર્ટ્નેસ્), *n.* ચતુરાઇ; ચાલાકી; પ્રવીણતા;નિપુણતા.Skill;intelligence;adroitness.

Expiable (એક્સ્પિએબલ્), *a.* પ્રાયશ્ચિતથી નિવારણ થઇ શકે તેવું; પ્રાયશ્ચિતથી ટળે એવું. Capable of being atoned.

Expiate (એક્સ્પિએટ્), *vt. pr. p.* **Expiating.** *imp.* & *p. p.* **Expiated.** પ્રાયશ્ચિત કરવું; પસ્તાવો કરવો; પ્રાયશ્ચિતથી નિવારણ કરવું. To atone; to be extremely sorry; to regret heartily.

Expiation (એક્સ્પિએશન્), *n.* પ્રાયશ્ચિત; પ્રાયશ્ચિત કરવું તે. Atonement; a feeling of repentance.

Expiration (એક્સ્પાઇરેશન્), *n.* શ્વાસ બહાર કાઢવો તે. Emission of breath; an act of expiring.

Expiry (એક્સ્પાઇરિ), *n.* શ્વાસ બહાર કાઢવો તે; અંત; છેવટ; મોત; પ્રયાણ. Expiration; the end; death.

Expire (એક્સ્પાઇર્), *vi. vi. pr. p.* **Expiring.** *imp.* & *p. p.* **Expired.** મરી જવું; મરણ પામવું. To die; to breathe one's last. **2.** શ્વાસ બહાર કાઢવો-મૂકવો. To breathe; to emit from the lungs.

Explain (એક્સ્પ્લેન્), *vt. pr. p.* **Explaining.** *imp.* & *p. p.* **Explained.** સમજાવવું; ખુલાસો કરવો; ટીકા કરવી; અર્થ કરવો; નિવારણ કરવું. To expound; to make intelligible;to give the meanings of.

Explanation (એક્સ્પ્લેનેશન્), *n.* ખુલાસો; સમજાણ; ટીકા; અર્થ;વિવરણ. An act of explaining; an act of making clear.

Explanatory (એક્સ્પ્લેનેટૉરિ), *a.* અર્થ બતાવે તેવું; ખુલાસારૂપ વિવરણ કરે તેવું. Tending or serving to explain.

Expletive (એક્સ્પ્લેટિવ્), *a.* વધારાનું; પૂરક. Additional; adding. *n.* વધારાનો શબ્દ; છંદ બેસાડતા અર્થ વગરનો વધારાનો શબ્દ. A superfluous word.

Explicable (એક્સ્પ્લિકેબલ્), સમજાવી શકાય એવું; સ્ફોટ કરી શકાય એવું. Capable of being explained.

Explicate (એક્સ્-પ્લિકેટ્), *vt. pr. p.* **Explicating.** *imp.* & *p. p.* **Explicated.** અર્થ બેસાડવો; સ્પષ્ટ રીતે સમજાવવું; વ્યાખ્યાન કરવું. To bring out the meaning of; to explain; to go on with a discourse.

Explication (એક્સ્-પ્લિકેશન્), *n* સમજૂતી; ટીકા. An explanation; an annotation. **2.** દુભાષિયાની ભાષા; ભાષાંતર. An interpretation.

Explicative (એક્સ્-પ્લિકેટિવ્), *a.* અર્થસૂચક; સમજાવે તેવું. Tending to explain.

Explicator (એક્સ્પ્લિકેટર્), *n.* અર્થ સમજાવનાર; દુભાષિઓ; ભાષાંતર કરી આપનાર. One, who explains.

Explicit (એક્સ્-પ્લિ-સિટ્), *a.* સ્પષ્ટ; ઉઘાડું; જાહેર. Distinct; plain; open.

Explicitly (એક્સ્-પ્લિસિટ્લિ), *a.* સ્પષ્ટ રીતે; જાહેર રીતે;ખુલ્લી રીતે.Distinctly;plainly;openly.

Explicitness (એક્સ્-પ્લિસિટ્નેસ્), *n.* સ્પષ્ટતા; જાહેરાત; ખુલ્લે ખુલ્લી રીતે સમજાવવું તે. An act of being explicit.

Explode (એક્સ્પ્લોડ્), *vt. vi. pr. p.* **Exploding.** *imp.* & *p. p.* **Exploded.** દારૂગોળાથી ઉડાવી દેવું; દારૂગોળાની મદદથી ફોડવું; અવાજ સાથે ઉડાવવું. To cause to burst asunder with gun-powder; to destroy by firing. **2.** અવાજ સાથે ઉડવું; ફુટવું; ફુટીને નાશ થવો. To burst with a loud report.

Exploit (એક્સ્પ્લૉઇટ્), *n.* મોટું કામ; પરાક્રમ. હેરત પમાડે તેવું કામ. A heroic deed; a feat; a great achievement. *vt. pr. p.* **Exploiting.** *imp.* & *p. p.* **Exploited.** પરાક્રમ કરવું; મોટું કામ કરવું;-નો લાભ લેવો. To render a heroic deed; to utilize.

Exploitation (એક્સ્પ્લૉઈટેશન્), *n.* મોટું કામ કરવાને ઉપાડવું તે; લાભ લેવો તે. An act of exploiting.

Exploration (એક્સ્પ્લોરેશન્), *n.* શોધખોળ; મુસાફરીદ્વારા શોધખોળ-તપાસ. An act of exploring; a discovery (of countries, etc.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Explore (એક્સ્-પ્લોર્), *vt. pr. p.* **Exploring.** *imp. & p. p.* **Explored.** શોધવું; તપાસ કરવી; શોધ કરવી; શોધખોળને માટે મુસાફરી કરવી. To search; to inquire; to travel for the sake of any discovery.

Explorer (એક્સ્-પ્લોરર્), *n.* શોધખોળ કરનાર; શોધક; શોધખોળને માટે મુસાફરી કરનાર. One, who explores.

Explosion (એક્સ્પ્લોઝ્હન્), *n.* ધડાકો; ભડાકો. A burst; a loud report caused by a burst. 2. મોટા અવાજની સાથે દારૂગોળાનું ફુટવું તે. A bursting of gun-powder with violence.

Explosive (એક્સ્પ્લોઝ્હીવ્), *a.* મોટા અવાજની સાથે ફુટે તેવું; ધડાક દઇને ફુટી જાય તેવું. Bursting out with violence and force.

Exponent (એક્સ્પોનેન્ટ્), *n.* ઘાતચિન્હ; નિશાની. An index in Algebra. 2. સમજાવનાર; બીજાને બદલે સમજાવનાર. One, who explains anything.

Export (એક્સ્પોર્ટ્), *vt.* પરદેશ મોકલવું; દેશાંતર ખાતે મોકલવું; પરદેશ માલ ચઢાવવો; નિકાશ કરવી. To send for sale in foreign countries; to carry away to distant places. *n.* જાવક; નિકાશ; પરદેશ માલ મોકલવો તે. An act of exporting (goods, etc.) to foreign places.

Exportable (એક્સ્પોર્ટબ્લ્), *a.* દેશાંતર મોકલાય તેવું; નિકાશ કરી શકાય તેવું. Capable of being exported.

Exportation (એક્સ્પોર્ટેશન્), *n.* દેશાંતર માલ મોકલવો તે; કરેલી નિકાશ. An act of exporting.

Exporter (એક્સ્પોર્ટર્), *n.* દેશાંતર મોકલનાર; One, who exports.

Expose (એક્સ્-પોઝ્), *vt. pr. p.* **Exposing.** *imp. & p. p.* **Exposed.** ખુલ્લું કરવું; ઉઘાડું મુકવું; જોઇ શકાય તેમ મુકવું. To lay bare in an open space; to uncover; to disclose. *n.* ગુપ્ત બીના રાખવાની ઇચ્છા હોય છતાં પણ બહાર આવી જાય તેવી બીના–હકિકત. A thing or matter, known, which was meant to be concealed.

Exposer (એક્સ્પોઝર્), *n.* ખુલ્લું મૂકનાર; ગુપ્ત વાત ફેલાવનાર; જાણ કરનાર. One, who exposes.

Exposition (એક્સ્પોઝિશન્), *n.* ઉઘાડું અથવા પ્રસિદ્ધ કરવું તે; ટીકા; ધ્યાન; વિવરણ. An act of making public; an explanation; an interpretation.

Expositor (એક્સ્પૉઝિટર્), *n.* ટીકા કરનાર–લખનાર; ટીકા લખનાર; ભાષ્યકાર. One, who expounds.

Expostulate (એક્સ્પોસ્ટ્યૂલેટ્), *vi. vt. pr. p.* **Expostulating.** *imp. & p. p.* **Expostulated.** દલીલપૂર્વક સમજાવવું; શિખામણ દેવી. To reason with; to remonstrate; to discuss.

Expostulation (એક્સ્પૉસ્ટ્યૂલેશન્), *n.* શિખામણ; બોધ; દલીલ સાથે સમજાવટ. An act of expostulating; a reasoning.

Expostulator (એક્સ્પૉસ્ટ્યૂલેટર્), *n.* શિખામણ દેનાર; તર્કવિતર્ક કરીને સમજાવનાર; દલીલ કરનાર. One, who expostulates.

Expostulatory (એક્સ્પૉસ્ટ્યૂલેટૉરિ), *a.* શિખામણરૂપ; સમજાવટ કરે તેવું. Tending to make a reasoning with; containing reasonings and arguments.

Exposure (એક્સ્પોઝર્), *n.* ખુલ્લુ મુકવું તે; પ્રકાશન. An act of making clear. 2. હવામાં ઉઘાડું મુકવું તે; ઉઘાડ. An act of laying bare in the air.

Expound (એક્સ્-પાઉન્ડ્), *vt. pr. p.* **Expounding.** *imp. & p. p.* **Expounded.** વિવરણ કરવું; સમજાવવું; અર્થ કરવો. To explain; to bring out the sense of; to interpret.

Expounder (એક્સ્-પાઉન્ડર્), *n.* સમજાવનાર; વિવરણ કરનાર. One who expounds.

Express (એક્સ્પ્રેસ્), *vt. pr. p.* **Expressing.** *imp. & p. p.* **Expressed.** કહેવું; સમજાવવું; ધ્યાન કરવું; સચોટ વર્ણન આપવું. To represent in words; to describe vividly; to mention. 2. જાહેર કરવું; પ્રદર્શિત કરવું. To declare; to make known. 3. નીચોવવું; પીલવું; ખેંચી લેવું. To press; to squeeze. *a.* ખુલ્લું; સ્પષ્ટ; ચોક્ખું. Clear; vivid; explicit. 2. ખાસ કામને માટે મોકલવા ધારેલું. Intended for a special work. **Express-train,** *n.* અતિશય ઝડપથી દોડતી રેલગાડી; ત્વરીત કામને માટે મોકલેલો દુત–ખેપીઓ. A messenger, sent on an urgent and special work or message.

Expressible (એક્સ્પ્રેસિબ્લ્), *a.* કહેવાય તેવું; વર્ણન કરી શકાય તેવું; ધ્યાન આપી શકાય તેવું. Capable of being expressed.

Expressibly (એક્સ્પ્રેસિબ્લિ), *ad.* વર્ણન આપી શકાય તેવી રીતે; કહી શકાય તેવી રીતે. In an expressible way.

Expression (એક્સ્પ્રેશન્), *n.* બતાવવું તે; વાક્ય; વાક્ય ઉચ્ચારવું તે; ઉચ્ચારણ. A mode of utterance; utterance. 2. અર્થનું આબેહૂબ વર્ણન કરી બતાવવું તે. A lucid and clear representation of the meaning. 3. મુખમુદ્રા. The face; the features on the face.

Expressive (એક્સ્પ્રેસિવ્), *a.* દર્શક; વાચક; સૂચક; બોધક. Tending to express; significant. 2. ધ્યાન ખેંચે તેવું; ભારરૂપ. Emphatic.

Expulsion (એક્સ્પલ્ઝ્હન્), *n.* કાઢી મૂકવું તે. હાંકી કાઢવું તે; રદ અથવા બાતલ કરવું તે. An act of removing or driving off.

Expunge (એક્સ્પન્જ્), *vt.* રદ કરવું; બાતલ કરવું; છેકી નાંખવું. To blot out; to efface;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

to obliterate.

Exquisite (એક્સક્વિઝિટ્), *a.* સુંદર; બારીક; ઉત્તમ. Fine; perfect; best; refined; excellent. **2.** તીક્ષ્ણ; તીવ્ર; જલદ. Keen; sharp; ardent. *n.* સુંદર કપડાં પહેરીને ફરનાર; વરણાગી કરનાર; ટાપટીપને પસંદ કરનાર. One, nice in dress; a fop; a coxcomb.

Exquisitely (એક્સક્વીઝિટ્લિ), *ad.* બારીક રીતે; ઉત્તમ રીતે; તીવ્ર રીતે. In an exquisite manner.

Extant (એક્સ્ટેન્ટ્), *a.* કાયમ; મોજુદ; હયાત; ચાલતું; લોકપ્રસિદ્ધ. Existing; continuous; familiar.

Extemporaneous (એક્સ્ટેમ્પોરેનિઅસ્), *a.* પ્રસંગે સુજેલું; સમયસૂચક; સમયને અનુસરીને શીઘ્ર બનાવેલું. Composed or formed at the spur of moment; unpremeditated.

Extemporary (એક્સ્ટેમ્પોરેરિ), *a.* Same as, **Extemporaneous.**

Extempore (એક્સ્ટેમ્પોર્), *ad.* આગળથી વિચાર કર્યા સિવાય; તાત્કાલીક. Without previous thought or consideration; without any preparation. *a* તાત્કાલીક વિચાર કર્યા સિવાય ચોજેલું. Done at the spur of the moment.

Extemporize (એક્સ્ટેમ્પોરાઇઝ્); *vt. vi.* આગળથી વિચાર કર્યા સિવાય બોલવું; વિના તૈયારીએ ભાષણ કરવું. To speak without previous preparation; to speak at the spur of the moment.

Extemporizer (એક્સ્ટેમ્પોરાઇઝર્), *n.* અગાઉની તૈયારી સિવાય ભાષણ કરનાર–બોલનાર. One, who extemporizes.

Extend (એક્સ્ટેન્ડ્), *vt. vi. pr. p.* **Extending.** *imp. & p. p.* **Extended.** લાંબું કરવું; ફેલાવવું; વધારવું; વિસ્તારવું. To expand; to enlarge, to widen; to diffuse. **2.** લાંબુ થવું; વધવું; મોટું થવું. To stretch; to increase in size.

Extension (એક્સ્ટેન્શન્), *n.* લંબાઇ; વિસ્તાર; ફેલાવો. Enlargement; expansion; the state of being extended.

Extensive (એક્સ્ટેન્સિવ્), *a.* વિશાળ; મોટું; બોહોળું. Wide; large; enlarged.

Extensiveness (એક્સ્ટેન્સિવ્નેસ્), *n.* બોહોળાપણું; વિશાળતા; વિપુલતા. The state of being extensive.

Extent (એક્સ્ટેન્ટ્), *n.* હદ; સીમા; મર્યાદા; અવધિ; વ્યાપતિ. A limit; bulk; a boundary; a compass; the area.

Extenuate (એક્સ્ટેન્યૂએટ્), *vt. vi. pr. p.* **Extenuating.** *imp. & p. p.* **Extenuated.** પાતળું કરવું; કમી કરવું; ઓછું કરવું. To render thin; to diminish. **2.** પાતળું થવું; ઓછું થવું; ક્ષીણ થવું. To be thin; to grow less; to waste away.

Extenuation (એક્સ્ટેન્યૂએશન્), *n.* ઓછું થવું તે; પાતળું થવું તે; ક્ષીણ થવું તે. An act of extenuating.

Extenuator (એક્સ્ટેન્યૂએટર્), *n.* ઓછું કરનાર; પાતળું કરનાર; ઘટાડનાર. One, who lessens.

Exterior (એક્સ્ટીરિઅર્), *a.* બહારનું; બાહ્ય; ઉપરનું. Outward; external. **2.** બહારની સપાટી. The outward surface.

Exteriority (એક્સ્ટીરિઑરિટિ), *n.* બહારની હદ અથવા સપાટી હોવી તે. The state of being exterior.

Exterminate (એક્સ્ટર્મિનેટ્), *vt. pr. p.* **Exterminating.** *imp. & p. p.* **Exterminated.** નાશ કરવો; સંહાર કરવો; મૂળથી ઉખેડી નાંખવું; નિકંદન કાઢવું. To destroy; to root out; to bring to an untimely end.

Extermination (એક્સ્ટર્મિનેશન્), *n.* નાશ; સંહાર; નિકંદન; ઉચ્છેદ. Destruction; an act of rooting out. Exterpation.

Exterminator (એક્સ્ટર્મિનેટર્), *n.* નાશ કરનાર; સંહાર-ઉચ્છેદ કરનાર. A destroyer; one, who exterminates.

External (એક્સ્ટર્નલ્), *a.* બહારનું; બહારની બાજુનું; ઉપર ચોટિયું. Of the outer surface; outward; superfluous. *n.* (*pl.*) બહારની ક્રિયા. Outward ceremonies.

Extinct (એક્સ્ટિન્ક્ટ્), *a.* નાશ પામેલું; નાબુદ; મરી પરવારેલું; ગત થયેલું. Destroyed; out of existence; dead.

Extinction (એક્સ્ટિન્ક્શન્), *n.* ખરાબી; નાશ; ઉચ્છેદ; લય; વિનાશ. Destruction; a ruin; a state of coming to an end.

Extinguish (એક્સ્ટિન્ગ્વિસ્), *vt. pr. p.* **Extinguishing.** *imp. & p. p.* **Extinguished.** હોલવી નાંખવું; બુઝાવી દેવું; બળતું બંધ કરવું. To put out; to stop burning. **2.** પ્રકાશ ઓછો કરવો; ગ્રહણ કરવું. To reduce the light of; to eclipse.

Extinguishable (એક્સ્ટિન્ગ્વિશેબલ્), *a.* હોલવી નાંખી શકાય એવું; બુઝાવી દેવાય તેવું. Capable of being put out.

Extinguisher (એક્સ્ટિન્ગ્વિશર્), *n.* હોલવનાર; બંધ કરનાર; તેજબંધ કરનાર. One, who extinguishes.

Extirpate (એક્સ્ટર્પેટ્), *vt. pr. p.* **Extirpating.** *imp. & p. p.* **Extirpated.** જડમૂળથી નાશ કરવું; નિકંદન કાઢવું; ઉખેડી નાંખવું. To destroy completely; to root out.

Extirpation (એક્સ્ટર્પેશન્), *n.* જડમૂળથી કરેલો નાશ; નિકંદન; ઉચ્છેદ; ધ્વંશ Destruction; a complete ruin; an act of uprooting.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Extol (એક્સ્ટૉલ્), *vt. pr. p.* **Extolling.** *imp. & p. p.* **Extolled.** વખાણવું; ગુણ ગાવા; સ્તુતિ કરવી; વખાણ કરવા. To praise; to eulogize; to laud.

Extoller (એક્સ્ટૉલર્), *n.* વખાણનાર; સ્તુતિ કરનાર. A praiser.

Extort (એક્સ્ટૉર્ટ), *vt. pr. p.* **Extorting.** *imp. & p. p.* **Extorted.** જોર જુલમથી પડાવવું; ખુંચવી લેવું; પડાવી લેવું. To get by force; to take under compulsion. **2.** (*Law*) જોરકોયદેસર લેવું. To possess illegally.

Extorter (એક્સ્ટૉર્ટર્), *n.* જોર જુલમથી લેનાર; ખુંચવી લેનાર; પડાવી લેનાર. One who gets anything by force.

Extortion (એક્સ્ટૉર્શન્), *n.* જોર જુલમથી લેવું તે; બળાત્કારથી પડાવેલી ચીજ; બળાત્કાર પૂર્વક કરાવેલું કામ. An act of extorting; illegal possession.

Extortioner (એક્સ્ટૉર્શનર્), *n.* જોરજુલમથી લઇ લેનાર; બળાત્કારપૂર્વક લઇ લેનાર. One, who extorts.

Extra (એક્સ્ટ્રે), *a.* વધારાનું; ક્રમ બહારનું; વધારે. Additional; supplementary. *n.* વધારાનો ક્રમ; વધારાની ચીજ; પુરવણી. Some thing more than due course or limit.

Extract (એક્સ્ટ્રૅક્ટ), *vt. pr. p.* **Extracting.** *imp. & p. p.* **Extracted.** ખેંચવું; ખેંચી કાઢવું; બહાર કાઢવું. To take out; to draw out; to squeeze out. **2.** ચુંટી કાઢવું; ઉતારો કરવો. To select; to copy out a passage from any book. *n.* અર્ક; તેજાબ; સાર; સારરૂપે ગ્રહણ કરવું તે. An act of taking or drawing out; a selected passage from any book.

Extraction (એક્સ્ટ્રૅક્શન્), *n.* કાઢવું તે; અર્ક; સત્વ. An act of drawing out; an essence. **2.** કુળ; વંશ;ઓલાદ. A race; a descent; a lineage.

Extradition (એક્સ્ટ્રૅડિશન્). *n.* એક રાજ્યનો ગુન્હેગાર પરરાજ્યમાં જાય તોપણ તે રાજ્યમાં પાછો સોંપવો તે. Delivery of a state criminal to the state, from where he has run away.

Extramundane (એક્સ્ટ્રૅમન્ડેન્), *a.* દુનિયાની બહારનું; પૃથ્વીપર નહિ જોયેલું; અલૌકિક Beyond the limit of the earth or the world; wonderful.

Extraneous (એક્સ્ટ્રેનીઅસ્), *a.* બીજી જાતનું; બહારનું; અપ્રસ્તુત. Not real or genuine; not belonging to a thing.

Extraordinarily (એક્સ્ટ્રૅઑર્ડિનૅરિલિ), *ad.* વિલક્ષણ રીતે; આશ્ચર્ય ઉપજાવે તેવી રીતે; અદ્ભૂત રીતે. Remarkably; wonderfully.

Extraordinary (એક્સ્ટ્રૅઑર્ડિનૅરિ), *a.* વિલક્ષણ;અદ્ભૂત;આશ્ચર્ય ઉપજાવે તેવું;ચમત્કારી. Remarkable; wonderful; surprizing; uncommon.

Extravagance,-cy (એક્સ્ટ્રૅવૅગન્સ,-ન્સિ), *n.* ઉડાઉપણું; ખરચાળપણું; ઘોતાળપણું. The state of being extravagant; spendthriftness; lavishness; irregular and heavy expenditure. **2.** અતિશયપણું. Prodigality. **3.** હદ બહાર ભટકવું તે. A wandering beyond limits.

Extravagant (એક્સ્ટ્રૅવૅગન્ટ), *a.* ઉડાઉ; અતિશય; અતિશય ખરચ કરનાર; મોકળે મનથી વાપરનાર. Spendthrift; prodigal; lavish.

Extravagantly (એક્સ્ટ્રૅવૅગન્ટલિ), *ad.* ઉડાઉપણે; ઘોતાળપણે; બ્હોળા હાથે. In an extravagant way; prodigally; lavishly.

Extreme (એક્સ્ટ્રીમ્), *a.* અતિશય; પરાકાષ્ટાનું; પુષ્કળ; ઘણું જ. Greatest; furthest; highest. **2.** છેલ્લું; આખરનું. Last; final. *n.* છેવટનો ભાગ; ટોચ; આખર. The last portion; the top; the final state.

Extremely (એક્સ્ટ્રીમ્લિ), *ad.* અતિશય; પુષ્કળ; ઘણું જ. Very much; excessively.

Extremity (એક્સ્ટ્રિમિટિ), *n. pl.* **Extremities.** છેડો; અણી; હદ; મર્યાદા. An end; a point; a limit; a boundary. **2.** અતિશય મુશ્કેલી; સંકટ; આપદા. A great calamity or hardship.

Extricable (એક્સ્ટ્રિકેબલ્), *a.* છૂટી શકે એવું; ભીકળી શકે એવું; છૂટકારો આપી શકાય એવું. Capable of being extricated.

Extricate (એક્સ્ટ્રિકેટ), *vt. pr. p.* **Extricating.** *imp. & p. p.* **Extricated.** માંથી છોડાવવું; મોકળું કરવું; સ્વતંત્ર કરવું. To disentangle; to free from perplexity; to relieve.

Extrinsic,-al (એક્સ્ટ્રિન્સિક્,-કૅલ્), *a.* બહારનું; પારકું; વિદેશી. External; outward; foreign.

Extrinsicality (એક્સ્ટ્રિન્સિકૅલિટિ), *n.* બહારનું હોવું તે; બાહ્ય હોવું તે. The quality of being extrinsic.

Extrude (એક્સ્ટ્રૂડ્), *vt. pr. p.* **Extruding.** *imp. & p. p.* **Extruded.** બહાર ધકેલવું; હાંકી કાઢવું; રજા આપવી; પાણીચું આપવું. To drive off; to dismiss.

Exuberance,-cy (એક્સ્યૂબેરન્સ,-ન્સિ), *n.* પુષ્કળપણું; રેલછેલ; અતિશયપણું. The state or condition of being plenteous; an overflowing condition; copiousness.

Exuberant (એક્સ્યૂબેરન્ટ), *a.* પુષ્કળ; અતિશય; રેલછેલ. Overflowing; rich; plenteous.

Exude (એક્સ્યૂડ્), *vi. vt. pr. p.* **Exuding.** *imp. & p. p.* **Exuded.** ઝડમાંથી ઝરવું-ગળવું; શરીરમાંથી ઝરવું; ટપકવું; નીતરવું. To discharge through the pores; to give out.

Exult (એગ્ઝલ્ટ), *vi. pr. p.* **Exulting.** *imp. & p. p.* **Exulted.** મગ્ન થવું; આનંદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પામવું; ખુશાલી ઉપજવી; હરખથી નાચવું. To be overjoyous; to rejoice in triumph.

Exultation (એગ્ઝલ્ટેશન્), *n.* ખુશાલી; આનંદ; હર્ષ; અત્યાનંદ. Extreme gladness; a feeling of delight or triumph.

Eye (આઇ), *n. pl.* **Eyes.** નેત્ર; આંખ; નજર; ડોળો. The organ of vision; a sight. **2.** સોયનું નાકું. The hole in a needle. *vt. pr. p.* **Eyeing.** *imp. & p. p.* **Eyed.** નજર કરવી; જોવું; અવલોકન કરવું. To fix the eye on; to look; to see carefully. **Eye-ball,** *n.* આંખનો ડોળો. **Eye-brow,** ભમર; ભવાં. **Eye-lash,** *n.* પાંપણ. **Eye-lid,** *n.* પોપચું. **Eye-piece,** *n.* દુર્બીન. **Eye-sight,** *n.* નજર. **Eye-tooth,** *n.* રાક્ષસી; ઉપલા જડબાનો અણીદાર દાંત. **Eye-witness,** *n.* નજરો નજર જોનાર; પ્રત્યક્ષ રીતે જોનાર.

Eyrie, Eyry (આઈરિ), *n. pl.* **Eyries.** ફાડી ખાનારાં પક્ષીઓનો માળો. A nest of the birds of prey.

F.

F. (એફ્), અંગ્રેજી મૂળાક્ષરનો છઠ્ઠો અક્ષર. It is the sixth letter of the English alphabet.

Fable (ફેબલ્), *n.* કથા; વાર્તા; કહાણી; જોડી કાઢેલી વાર્તા; કલ્પિત વાર્તા. A story; a fiction; a fabricated story. *vt. vi.* વાર્તા કહેવી; દંતકથા જોડવી. To tell a story; to invent a story.

Fabler (ફેબ્લર્), *n.* વાર્તા કહેનાર; વાર્તા લખનાર –લેખક One, who narrates stories; one, who writes stories.

Fabric (ફૅબ્રિક્), *n.* રચના; બનાવટ; ચણતર; બાંધણી; ઈમારત. A building; structure; the frame of a building. **2.** વણાટ; કુમાશ. Texture. *vt.* બાંધવું; બનાવવું. To construct; to frame.

Fabricate (ફૅબ્રિકેટ્), *vt. pr. p.* **Fabricating.** *imp. & p. p.* **Fabricated.** બનાવવું; જોડી કાઢવું; ખોટું બનાવવું; તરકટ ઉભું કરવું; બનાવટ કરવી. To devise artfully; to form; to invent artfully; to make a fraud against.

Fabrication (ફૅબ્રિકેશન્), *n.* તરકટ; બનાવટ; કાવતરું; જુઠાણું. An act of devising falsely; a deceitful work.

Fabricator (ફૅબ્રિકેટર્), *n.* તરકટ રચનાર; કાવતરું બનાવનાર; જુઠાણું ફેલાવનાર. One, who fabricates.

Fabulist (ફૅબ્યૂલિસ્ટ્), *n.* વાર્તા રચનાર; કથા કહેનાર; ગાથા લખનાર–રચનાર. A writer of fables.

Fabulous (ફૅબ્યૂલસ્), *a.* કલ્પિત; જોડી કાઢેલું; વાર્તા ઉપરથી બનાવી કાઢેલું; માની શકાય નહિ તેવું. Mythical; unreal; incredible.

Facade (ફૅકેડ્), *n.* ઇમારતનો આગલો ભાગ. The front part of a building.

Face (ફેસ્), *n.* મહોડું; મુખ; ચ્હેરો; ઉપલો ભાગ; આગળનો દેખાવ. The front part of head; the part from forehead to chin; the visage; the front part of anything. **2.** રૂપ; આકૃતિ; દેખાવ. A look; an appearance; an air. *vt. vi.* સામા થવું; ખાળવું; પ્રતિકાર કરવો. To oppose; to resist; to encounter. **2.** સન્મુખ આવવું; સામે ઉભા રહેવું. To stand opposite to; to be in front of. **3.** મ્હોં ફેરવવું; –ની તરફ જોવું. To look in the direction of.

To make a face, મોં મચકોડવું. **To fly in the face of,** ની સામા ઉડવું. **To face tea,** ચાહમાં ભેગ કરવો.

Facet Facette, (ફૅસેટ્), *n.* નાની સપાટી; હીરા ઉપરના પાસા. A small surface; a smooth surface on a gem.

Facetious (ફૅસિશસ્), *a.* આનંદી; વિનોદી; હાસ્યકારક; મશ્કરીરૂપ. Merry; jocular; witty.

Facile (ફૅસિલ્), *a.* સહેલું; સુગમ; સરળ. Easy; not hard; simple. **2.** નમ્ર; સુશીલ; શાંત. Yielding; mild.

Facilitate (ફૅસિલિટેટ્), *vt. pr. p.* **Facilitating.** *imp. & p. p.* **Facilitated.** સહેલું કરવું; ઓછી મહેનત અને અગવડતા પડે તેમ કરવું; સુતર કરવું. To make easy; to lessen the inconveniences and troubles of.

Facilitation (ફૅસિલિટેશન્), *n.* ઓછી અગવડતા પડે તેવી રીતે કોઈપણ કાર્ય કરવું તે; સહેલી રીતે કાર્ય કરવું તે; સગવડતા હોવી તે. The state of facilating.

Facility (ફૅસિલિટિ), *n. pl.* **Facilities.** સહેલાઈ; સુગમતા; સરળતા. Ease; the state of being facile.

Facing (ફેસિન્ગ્), *n.* આગલા ભાગનું ઢાંકણ; કોર; ચાહમાંનો ભેગ. A covering of a front part; mixture in tea. *a.* સામેનું; સન્મુખનું. Opposite.

Fact (ફૅક્ટ્), *n.* સાચી બીના; ખરી વાત; સત્ય હકીકત; સાચું નિવેદન. A real matter; a deed; a true statement.

Faction (ફૅક્શન્), *n.* ટોળી; તડ; પક્ષ; બાજુ. A party; a division; a side. **2.** બખેડો; બંડ. A rebellion; a riot.

Factionary (ફૅક્શનરિ), *n.* ટોળીનો માણસ; પક્ષનો માણસ. A party man.

Factionist (ફૅક્શનિસ્ટ્), *n.* ટોળી પાડનાર; જુદા જુદા પક્ષો કરનાર. One who divides into parties.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Factious (ફૅક્શસ્), *a.* બંડખોર; ફીતુરી. Practising a faction; of turbulent nature. **2.** ટોળીને લગતું; ટોળાનું. Of a faction.

Factiousness (ફૅક્શસ્નેસ્), *n.* બંડખોરની સ્થીતિ; ફીતુરી અવસ્થામાં હોવું તે. The state of being factious.

Factitious (ફૅક્ટિશસ્), *a.* બનાવટી; કૃત્રિમ; હસ્તકૃત; બીનકુદરતી. Arificial; made by art; unnatural.

Factitiously (ફૅક્ટિશસ્લિ), *ad.* બનાવટી રીતે; હસ્તકૃત લખાણથી. Artificially; unnaturally.

Factitiousness (ફૅક્ટિશસ્નેસ્), *n.* કૃત્રિમતા; બીન કુદરતી સ્થીતિ. The state of being factitious.

Factor (ફૅક્ટર્), *n.* આડતીઓ; ગુમાસ્તો. A commission agent; an agent. **2.** પેઢીનો કારભાર કરનાર; વ્યવસ્થા રાખનાર. A manager of an estate or firm. **3.** ગુણકપદ; ગુણ્ય. A multiplicating figure.

Factorage (ફૅક્ટોરેજ્), *n.* આડત; દલાલી; હકસાઇ. Commission; an allowance given to a factor.

Factory (ફૅક્ટોરિ), *n.* માલ ભરવાની વખાર; કોઠી; માલ બનાવવાનું કારખાનું. A place, where goods etc. are stored; a manufactory. **2.** કોઠી; કોઠાર; ભંડાર. A store-house.

Factorum (ફૅક્ટોરમ્), *n.* શેઠ તરફથી વેપાર અથવા પેઢીને લગતું સર્વ પ્રકારનું કામ કરવા માટે રાખવામાં આવેલો મુદ્દીમ અથવા આડતિયો. A clerk or an agent, empowered with all sorts of responsibilities for the factory, on behalf of the employer.

Faculty (ફૅકલ્ટિ), *n. pl.* **Faculties.** શક્તિ; તાકાદ; સામર્થ્ય. Any sort of mental or physical power; a capacity. **2.** ગુણ; ધર્મ. A characteristic; a nature. **3.** જુદી જુદી વિદ્યા શિખવનારા શિક્ષા ગુરૂઓનું મંડળ. A body of professors and learned persons of different parts of science.

Fad (ફેડ્). *n.* તુરંગ; લહેરો; બુટ્ટો. A whim; a fancy; a hobby.

Fade (ફેડ્), *vt. vi. pr. p.* **Fading.** *imp.* & *p. p.* **Faded.** નિસ્તેજ કરવું; કરમાવવું; ઝાંખું પાડવું. To deprive of vigour; to make dim. **2.** ચિમળાઈ જવું; ઝાંખું થવું; નાશ પામવું. To wither; to grow dim.

Fadge (ફેજ્), *vi.* લાયક થવું; અનુકૂળ બનવું. To be fit or suitable.

Fag (ફૅગ્), *vi. vt. pr. p.* **Fagging.** *imp.* & *p. p.* **Fagged.** વેતરૂં કરવું; મજુરી કરવી; મજુરી કરતાં થાકી જવું. To drudge; to work hard; to be weary. **2.** વેઠ કરવાની ફરજ પાડવી; મજુરી કરાવવી. To compel for drudgery or toilsome labour, *n.* વેતરો; બીજા માટે મહેનત કરનાર. A labourer; one, employed in drudgery.

Fagging (ફૅગ્-ગિન્ગ્), *n.* વેતરૂં; વેઠ; મજુરી. The wages; the price got by the hired labour.

Fagend (ફૅગેન્ડ્), *n.* વણ્યા સિવાયનો કાપડનો છેડો. The end of a web of cloth. **2.** કોઇપણ ચીજનો છેડાનો અને હલકો ભાગ. The latter and poorer part of anything.

Fagot, Faggot (ફૅગૉટ્), *n.* લાકડાંની ભારી; ઝુડી. A bundle of sticks; a bundle of small branches or shrubs. **2.** ઘરડી સ્ત્રીને માટે વપરાતો શબ્દ. A word used for an old woman. *vt. vi.* ભારી બાંધવી; ઝુડી કરવી-બાંધવી; કલ્લો કરવો. To bind in a bundle.

Fail (ફેલ્), *vi. vt. pr. p.* **Failing.** *imp.* & *p. p.* **Failed.** નિષ્ફળ થવું; નાશીપાસ થવું; નિષ્ફળતા મેળવવી; વ્યર્થ જવું. To be frustrated. **2.** ખુટવું; ઘટવું; ઓછું થવું; ન્યૂનતા દેખાડવી. To be short of; to be deficient; to be lacking in.

Failing (ફેલિન્ગ્), *n.* ખોટ; ખામી; ન્યૂનતા; ઘટારત. A deficiency; a shortage. **2.** નાદાર થવું તે; દેવાદાર થવું તે. The state of being insolvent.

Failure (ફેલ્યૂર્), *n.* નિષ્ફળતા; પાછા હઠવું તે; હાર. Frustration; want of success. **2.** ન્યૂનતા; ખામી; ત્રૂટ. Deficiency; omission or neglect of duty.

Fain (ફેન્), *a.* ખુશ; આનંદી. Glad; merry. *ad.* ખુશીથી; આનંદપૂર્વક. Gladly; in a pleasing way. [gladness; merriment.

Fainness (ફેન્નેસ્), *n.* ખુશાલી; હર્ષ; આનંદ. Joy;

Faint (ફેન્ટ્), *vi. pr. p.* **Fainting.** *imp.* & *p. p.* **Fainted.** મૂર્ચ્છા આવવી; બેશુદ્ધ બનવું; બેહોશ થઇને પડવું. To swoon; to be motionless; to lose strength, and energy. **2.** અશક્ત થવું; નબળા પડવું. To be weak; to grow feeble. **3.** ના હિંમત બનવું; નિરાશ બનવું. To lose courage, to be disappointed. *a.* નબળું; નરમ; ઓછી શક્તિવાળું. Weak; lacking in energy. **2.** ઝાંખું; ફિકું; અસ્પષ્ટ Dim; not bright; pale; indistinct. **Faint-hearted,** *n.* બીકણ હૃદયનો-સ્વભાવનો.

Faintness (ફેન્ટ્નેસ્), *a.* મૂર્ચ્છા; બેશુદ્ધિ; નિસ્તેજપણું; બાયલાપણું. The quality of being faint; a swoon; cowardice.

Fair ((ફેર્), *a.* સુંદર; રૂપાળું; ખુબસુરત. Beautiful; nice; fine-looking. **2.** નિર્મળ; ધોળું; સ્વચ્છ; સાફ. Clear; white. **3.** ખુલ્લું; અડચણ વિનાનું. Open; without any obstacle. **4.** પ્રમાણિક; ખુલ્લા દિલનું; ન્યાયી; નેકવાળું. Honest; just. **5.** સાધારણ; ઠીકઠીક; બહુ ખરાબ નહિ તેવું. Commonly good; of common capacity. *n.* ખુબસુરત સ્ત્રી. A beautiful woman. **2.** મેળો; તમાસો; બજાર. A gathering; a show;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a market. **Fair price,** *n.* યોગ્ય કિંમત; વ્યાજબી ભાવ. **Fair-dealings,** *n.* પ્રમાણિક વ્યવહાર–વેપારીની લેવડ દેવડ. **Fair and square,** પ્રમાણિકપણે. **After the fair,** ઘણુંજ મોડું. **Fair-way** *n.* નદી,વિગેરેનો ભાગ જેમાં વહાણ આવજા કરે છે. **Fair-weather,** *n.* અનુકૂળ હવા. **Fair-sailor,** *n.* બીન અનુભવી ખલાસી. **Fair-world,** *n.* આબાદ સ્થિતિ; સુખસંપત્તિ.

Fairly (ફેરલિ), *ad.* પ્રમાણિકપણે; વ્યાજબી રીતે; કાયદેસર. Honestly; justly; favourably.

Fairness (ફેરનેસ), *n.* પ્રમાણિકપણું; વ્યાજબીપણું; નીતિ; ન્યાય. Honesty;justice; agreeableness.

Fairy (ફેરિ), *n. pl.* **Fairies.** અપ્સરા; વનદેવી; પરી; યક્ષણી. An imaginarily superhuman being, (presiding mostly over the flowers, trees, lakes, etc.)

Faith (ફેથ્), *n.* વિશ્વાસ; આકીન; ભરોસો; ઇમાન. Trust; a confidence; a belief. **2.** (ધાર્મિક) પંથ; માર્ગ–સંપ્રદાય A prescribed or settled religious course. **3.** પ્રમાણિકપણું; કર્તવ્યતા. Loyalty; fidelity. **Faith-breach,** *n.* વિશ્વાસઘાત.

Faithful (ફેથ્ફુલ્), *a.* નિમકહલાલ; ઈમાનદાર; વફાદાર; વિશ્વાસુ. Loyal; true to an employer; trustworthy.

Faithfully (ફેથ્ફુલિ), *ad.* નિમકહલાલીથી; વફાદારીથી; ઈમાનદારીથી; સાચા દિલથી. In a faithful way; earnestly; sincerely.

Faithfulness, (ફેથ્ફુલનેસ), *n.* નિમકહલાલી; ઇમાનદારી; એકનિષ્ઠા; વફાદારી. Loyalty; sincerity; the state of being faithful.

Faithless (ફેથ્લેસ), *a.* નિમકહરામ; બેઈમાન; બેવફાદાર. Disloyal; infidel; insincere.

Faithlessness (ફેથ્લેસનેસ), *n.* નિમકહરામી; બેઇમાની; બેવફાદારી. The state of being faithless; disloyalty; infidelity.

Falchion (ફૉલ્શન), *n.* એક જાતની વાંકી તરવાર. A short and curved sword.

Falcon (ફૉકન), *n.* બાજપક્ષી; શકરો. A hawk; a bird of prey. **2.** નાની તોપ. A small cannon.

Falconer (ફૉકનર), *n.* બાજ પક્ષી પાળીને શિકાર કરનાર; શિકારી. A person, who trains hawks, for the purpose of game.

Falconry (ફૉકનરિ), *n.* શિકાર માટે બાજપક્ષીને પાળવા તે; બાજ પક્ષીઓને પાળી તેમની પાસે બીજા પક્ષીઓનો શિકાર કરાવવો તે. An act of training the hawks chiefly for game.

Fall (ફૉલ્), *vi. vt. pr. p.* **Falling.** *imp.* **Fell.** *p. p.* **Fallen.** નીચે પડવું; પતન થવું; નીચલી અવસ્થાએ પડવું. To drop; to sink; to go to a lower stage. **3.** ખાલી થવું; ખરાબી થવી; ભાંગી પડવું. To be empty; to be ruined. **3.** ખિન્ન થવું; નરમ પડવું. To be dejected. **4.** સંજોગ આવવો: બનવું. To take place; to happen. **5.** દબાવી દેવું. પાછા હઠવું. To let go; to supress. **To fall astern,** પાછા હઠવું. **To fall-down,** પગે લાગવું. **To fall in,** ધસી પડવું; બેસી જવું. **To fall in with,** અચાનક મળવું; મળતા થવું. **To fall off,** જુદા પડવું; તજવું. **To fall out,** કજીઓ કરવો. **To fall under,** બીજાના તાબામાં જવું.

Fall (ફૉલ્), *n.* પતન; પડવું તે; પાયમાલી; નાશ. An act of going down; a ruin; destruction; death. **2.** ધોધ. A water-fall; a cataract. **3.** પાનખર ઋતુ Autumn.

Fallacious (ફૅલેશસ), *a.* શક ઉપજાવે તેવું; ભુલ ઉત્પન્ન કરે તેવું; ખોટા પ્રમાણવાળું. Containing or having a fallacy.

Fallacy (ફૅલેસિ), *n.* ખોટું પ્રમાણ; ભ્રમ; ભ્રમણા. A mistaken argument; a misleading statement.

Fallen (ફૉલન્), *a.* પતિત; પાપભ્રષ્ટ; પડેલું. Depraved; degraded; descended.

Fallibility (ફૅલિબિલિટિ), *n.* ભ્રાંતિ; ભ્રમ; ભૂલમાં પડી જવું તે. The state of being fallible; a possibility of being in a mistake.

Fallible (ફૅલિબલ), *a.* ભુલે એવું; ભુલચુક કરે એવું; ભુલને પાત્ર. Liable to mistake; possible to error.

Falling-sickness (ફૉલિન્ગ્–સિકનેસ્), *n.* ફેફરું; વાઈ. The epilepsy.

Fallow (ફૅલો), *a.* ઝાંખા રાતા રંગનું; પીળા રંગનું. Of pale brown or red colour. **2.** ખેડયા સિવાયનું; પડતર; માલીકી વિનાનું. Uncultivated; unploughed; unowned. *n.* વાવેતર સિવાયની પણ ખેડાણ કરેલી જમીન. A plot of land, ploughed without being sown. *vi.* (જમીન) પડતર રાખવી; ખેડવા સિવાય રાખવું. To keep (land) unploughed.

False (ફૉલ્સ), *a.* ખોટું; બનાવટી; જુઠું; અસત્ય; કૃત્રિમ; બેઇમાન; અપ્રમાણિક. Not true; feigned; dishonest; unnatural; faithless. **False-hearted,** *a.* કપટી; દગાખોર.

Falsehood (ફૉલ્સહુડ્), *n.* જુઠાણું; અસત્યતા; બનાવટ; બેઈમાની; કૃત્રિમતા. A lie; the state of being false; untruthfulness; dishonesty.

Falsify (ફૉલ્સિફાઈ), *vt. vi. pr. p.* **Falsifying,** *imp. & p. p.* **Falsified.** ખોટા પાડવું; જુઠા પાડવું; ખોટું છે તેમ બતાવવું. To make false; to prove to be false. **2.** (*Law*) હિસાબમાં સાચી રકમો નોંધાઈ નથી તેમ બતાવવું. To suspect the account-books of. **3.** ખોટું બનાવવું; તરકટી રીતે ઉભું કરવું. To feign; to counterfeit. **4.** અસત્ય બોલવું. To tell a lie

Falsification (ફૉલ્સિફિકેશન), *n.* ખોટું પાડવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે; ખોટું કરવું તે; બનાવટ ઉભી કરવી તે. An act of falsifying.

Falsity (ફૉલ્સિટિ), *n.* અસત્યતા; જુઠાણું The state of being false.

Falter (ફૉલ્ટર), *vi. pr. p.* **Faltering.** *imp. & p. p.* **Faltered.** તોતડું બોલવું; જીભ અચકાતાં અચકાતાં બોલવું. To stammer **2.** અસ્થિર બનવું; જવાબમાં અસ્થિરતા બતાવવી. To be unsteady; to be fickle-minded in utterance. *n.* અચકાતાં બોલવું તે; -ધ્રુજારો; કંપ. A. stammering; a trembling.

Fame (ફેમ્), *n.* કીર્તિ; આબરૂ; નામના; ખ્યાતિ; યશ. Renown; celebrity.

Familiar (ફૅમિલિઍર), *a.* માહિતગાર; વાકેફ; મળતાવડું. Social; intimate; well-known; amicable. **2.** પ્રવિણ; વધારે માહીતી મેળવનાર;જાણનાર. Well-versed.

Familiarly (ફૅમિલિઍર્લિ) *ad.* મિલનસારપણે; વાકેફગારીથી; પરિચિતપણે. In a familiar way.

Familiarity (ફૅમિલિઍરિટિ), *n.* ઘરોબો; ઘરવટ; વાકેફગારી; પ્રવિણતા. Intimacy; close connections; the state of being well-known.

Familiarize (ફૅમિલિઍરાઇઝ્), *vt. pr. p.* **Familiarizing.** *Imp. & p. p.* **Familiarized.** માહિતગાર બનાવવું; પ્રવીણ કરવું; જાણીતા બનાવવું. To make intimate with; to make familiar.

Family (ફૅમિલિ), *n. pl.* **Families** કુટુંબ; ઘરનાં માણસો; બ્રાઇડી છોકરાં. The body of persons, living in a house under one head; the wife and children. **2.** વંશ; કુળ. A race; a tribe; a lineage. **Family-man,** *n.* ઘર ખટલાવાળો આદમી.

Famine (ફૅમિન્), *n.* દુકાળ; દુષ્કાળ; તંગી; અછત; દાણાપાણીનો અભાવ. A great want of water and food;scarcity of rain or water;drought.

Famish (ફૅમિશ્), *vt. vi. pr. p.* **Famishing.** *imp. & p. p.* **Famished.** ભુખે મરવું; ભુખથી અધમુવું કરવું; મરણતોલ કરી નાંખવું. To destroy with hunger; to keep one away from food. **2.** ભુખથી મરી જવું; મરણતોલ થઇ જવું. To die of hunger; to starve of hunger. **3.** જરૂરિયાતની વસ્તુ વિના દુઃખ ભોગવવું. To suffer from want of any necessary.

Famous (ફેમસ), *a.* પ્રખ્યાત; જાણીતા; પંકાએલા; યશસ્વી થયેલા; વિખ્યાત; મશહૂર. Renowned; well-known; celebrated.

Famousness (ફેમસનેસ્), *n.* પ્રખ્યાતિ; વિખ્યાતિ; યશ પામવો તે. The state of being famous.

Fan (ફૅન્), *vt. pr. p.* **Fanning.** *imp. & p. p.* **Fanned.** પંખાવતી પવન નાંખવો; પવન નાંખવો. To move with a fan. **2.** ઉપણવું; ઝાટકવું; વાવું. To winnow; to blow. *n.* પંખો; વીંજણો; સુપડું. A contrivance to produce air; an instrument to winnow grain,etc.

Fanatic,-al (ફૅનૅટિક્,-કૅલ્), *a.* ઝનુની; ધર્માંધ; ઝનુન ધરાવનાર. Wild and rude in embracing opinions. *n.* ધર્માંધ; ઝનુની માણસ. One who is blind in religion; bigot.

Fanaticism (ફૅનૅટિસિઝમ્), *n.* ઝનુન; ઉન્માદપણું; ધર્માંધતા. The state of being blind in religious matters; bigotry.

Fanaticize (ફૅનૅટિસાઇઝ્), *vt.* ધર્માંધ બનાવવું; ઝનુની કરવું; ઉન્માદી બનાવવું. To make fanatic.

Fanciful (ફૅન્સિફુલ્), *a.* મનમોજી; લહેરી; તરંગી; વિલક્ષણ; વિચિત્ર. Whimsical; full of wild and impossible images; visionary.

Fancy (ફૅન્સિ), *n. pl.* **Fancies.** કલ્પના; ધારણા; તુરંગ; લહેર. An imagination; a notion; a whim. *vt. vi. pr. p.* **Fancying.** *imp. & p. p.* **Fancied.** ધારવું; માનવું; કલ્પવું. To imagine; to think; to take for granted. *a.* સુંદર; સારા દેખાવનું; આકર્ષક. Fine-looking; showy; attractive. [A temple; a church.

Fane (ફેન્), *n* દેવાલય; મંદીર; દહેરૂં; દેવળ.

Fang (ફૅન્ગ્), *n.* મોટો અણીદાર દાંત; પંજો. A sharp-pointed long tooth; a claw. **2.** ચીપીઓ; પકડ. A contrivance, to hold things tight.

Fantastic,-al (ફૅન્ટૅસ્ટિક્,-કૅલ્), *a.* કલ્પિત; આભાસનું; લેહેરી; વિચિત્ર; વિલક્ષણ. Imaginary; existing in an image or idea only; unreal; having an odd shape.

Fantastically (ફૅન્ટૅસ્ટિકૅલિ), *ad.* વિલક્ષણ રીતે; કલ્પી શકાય તેવી રીતે; વિચિત્રપણે. In an imaginary way.

Fantasticism (ફૅન્ટૅસ્ટિસિઝમ્), કલ્પી શકાય તેવી રીત; વિલક્ષણ અથવા વિચિત્ર રીત. The state of being fantastic.

Fantasy (ફૅન્ટૅસિ), *n.* Same as, **Fancy.**

Fantom (ફૅન્ટૉમ્), *n.* ભૂત; પિશાચ; પલીત. A ghost; an evil-spirit.

Far (ફાર્), *a.* દૂરનું; આઘેનું; અણધાર્યું. Distant; remote; unexpected. *ad.* બહુ; દૂર; આઘે. At a great distance. **Far-off,** *ad.* ઘણે દુર. **Far and wide,** *ad.* ચારે બાજુએ; ચારે દિશામાં. **Far-sighted,** *a.* દીર્ઘ દૃષ્ટિવાળું.

Farce (ફાર્સ્), *n.* હાસ્ય ઉત્પન્ન કરે એવો તમાસો ખેલ અથવા નાટક; 'ફારસ'; ભવાઇ; મશ્કરી. A ludicrous show; a ludicrous part of a drama; a mere show.

Fare (ફેર), *vi. pr. p.* **Faring.** *imp. & p. p.* **Fared.** પ્રવાસ કરવો; મુસાફરી કરવી. To be on travels. **2.** વિતવું; ગુજરવું; માથે પડવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To happen; to befall. 3. જમવું; ભોજન લેવું. To be at table with; to dine. *n.* ભાડું; નુર; જમણ; ખોરાક. The price of a passage; dinner; food. 2. એકજ વાહનમાં બેઠેલા માણસો. Persons sitting in the same vehicle.

Farewell (ફેરવેલ), *nt* પ્રણામ; નમસ્કાર; છેવટના આશિર્વાદ. A good-bye; the final or last blessings. *int.* સુખી થાઓ, એ રીતનો ઉચ્ચાર. An expression stating, 'may you fare well'. *a.* રજા લેવું; વિદાય થવું. Leaving; departing.

Farina (ફેરાઈનૅ), *n.* લોટ; બટાટાનો આટો; 'ફેરીના'. Flour; the powdery state of potato.

Farm (ફાર્મ્), *n.* ખેતર; સાંથેલી જમીન. A plot of land or a field, hired for the purpose of cultivation. 2. ખેતીવાડી. Agriculture. 2. ઇજારો; પટ્ટો; ઇજારાની મુદત. A contract; period of contract. *vt. vi.* ખેડવું; ખેડાણ કરવું. To cultivate land. 2. ઇજારો આપવો; ગણોતે આપવું. To let on hire; to give a contract for. **Farmyard,** *n.* ખેતરની આસપાસની જમીન. **Farmyard manure,** છાણ, કચરાનું વાહાનું ખાતર.

Farmer (ફાર્મર્), *n.* ખેડુત; કૃષિવેલ; ખેડુ; ખેતી કરનાર. A ploughman; a cultivator; a husbandman.

Farming (ફાર્મિન્ગ્), *n.* ખેતીવાડી; ખેતી; કૃષિકર્મ. The work or business of a farmer.

Farrago (ફૅરેગો), *n.* ખીચડો; ભેળસેળ; મિશ્રણ. A mass formed of various materials; a medley.

Farrier (ફૅરિઅર્), *n.* ઘોડાને નાળ જડનાર; નાળબંધ. A shoer of horses. 2. ઘોડાનો વૈદ; અશ્વચિકિત્સક. A man, who professes to cure the diseases of horses.

Farriery (ફૅરિએરિ), *n.* નાળબંધનો ધંધો; ઘોડાને નાળ જડવાનું કામ. The art of shoeing horses. 2. અશ્વ ચિકિત્સકનું કામ. The art of curing the diseases of horses.

Farther (ફાર્ધર્), *a.* વધારે દુર; વધારે લાંબુ; લાંબુ અને લાંબુ. More remote; very far. *ad.* વળી વધારે; વધારે અને વધારે. In an additional way.

Farthing (ફાર્ધિન્ગ્), *n.* બે પાઈની કિંમતનો અંગ્રેજી સિક્કો; દમડી. One fourth part of a penny. 2. (*fig.*) બહુજ જુજ રકમ-કિંમત. Very small price or value.

Fascinate (ફૅસસિનેટ), *vt. pr. p.* **Fascinating.** *imp & p. p.* **Fascinated.** વશ કરવું; જાદુ કરવું; વશીકરણ કરવું. To bewitch; to enchant. 2. મોહ પમાડવું; મોહિત કરવું; મન હરણ કરવું. To captivate the mind of.

Fascinating (ફૅસસિનેટિન્ગ્), *a.* મોહ ઉપજાવે તેવું; મનહરણ કરે તેવું; જાદુ કરે તેવું. Captivating; enchanting.

Fascination (ફૅસસિનેશન્), *n* જાદુ; મોહ; મોહ ઉપજાવવો તે; વશીકરણ; કામણ. Enchantment; captivation; witchcraft.

Fashion (ફૅશન્), *n.* રિવાજ; પ્રથા; ચાલ; ધારો. A custom; a rule; an order. 2. લોકાચાર; રૂઢિ. The popular mode; the popular custom; a usage. *vt.* ઘડવું; બનાવવું; યોગ્ય કરવું. To mould; to give a shape to; to fit. 2. રિવાજ પ્રમાણે ચાલવું-કરવું. To follow the regular custom.

Fashionable (ફૅશનેબલ્), *a.* ચાલુ પદ્ધતિનું; વપરાશ મુજબ ઘાટવું; લોક રિવાજને લગતું. Of the prevailing mode, method or custom. 2. મોટા લોકમાં વપરાએલું; અમીર લોકને રહેણી કહેણીમાં ગમે તેવું. Genteel; well-bred.

Fast (ફાસ્ટ), *a.* સજ્જડ; મજબૂત; દૃઢ; અચળ. Firm; strong; immovable. 2. ઝડપવાળું; જલદી જનાર; ઉતાવળું. Swift; speedy; quick. *ad.* જલદીથી; ઝડપથી; દૃઢતાથી; સજ્જડ રીતે. Quickly; firmly. **Fast-handed,** *a.* કંજુસ; બખીલ.

Fast (ફાસ્ટ), *vi.* ઉપવાસ કરવા; અપવાસ કરવા; અન્નનો ત્યાગ કરવો-વર્જન કરવું; અનશન વ્રત પાળવું. To abstain from food as a religious duty; to remain hungry. *n.* ઉપવાસ; અપવાસ; અનશન વ્રત. Abstinence from food as a religious duty; an act of remaining hungry.

Fasten (ફાસન્), *vt. vi. pr. p.* **Fastening.** *imp. & p. p.* **Fastened.** બંધ બેસાડવું; જડવું; સજ્જડ રીતે બંધ કરી દેવું; જકડી લેવું. To fix firmly; to close firmly. 2. તાળું વાસવું; ઉલાળો ભરાવવો. To lock; to fix the bolt. 3. વળગી રહેવું; ભરાઇ પડવું. To attach strongly.

Fastener (ફાસનર્), *n.* સજ્જડ રીતે બંધ કરનાર; જડનાર; વાસનાર; વળગી રહેનાર. One who fastens.

Faster (ફાસ્ટર્), *n.* ઉપવાસ કરનાર; અન્નનો ત્યાગ કરનાર. One, who observes fast. *ad. comp.* વધારે ઝડપથી.

Fastly (ફાસ્ટલિ), *ad.* મજબૂત રીતે; દૃઢપણે; સજ્જડ રીતે. Firmly; in a fast way.

Fastness (ફાસ્ટનેસ્), *n.* મજબૂતિ; સજ્જડ થઇ જવું તે. The state of being fast.

Fastidious (ફૅસ્ટિડિઅસ્), *a.* કંટાળો આણે એવું; મિજાજી; ચિકણું; ચિપાસિયું. Disdainful; difficult to please; hard to suit the nature.

Fastidiousness (ફૅસ્ટિડિઅસનેસ્), *n.* કંટાળો; મિજાજ; સ્વભાવમાં ચિકણાશ; દોઢડાહ્યાપણું. The quality of being fastidious.

Fat (ફૅટ), *a.* જાડું; ચરબીવાળું; ફુલી ગયેલું Plump; fleshy. *vt. vi.* જાડું કરવું-થવું; હૃષ્ટપુષ્ટ કરવું-બનાવવું; ચરબીવાળું થવું. To make or grow fleshy. *n.* ચરબી; ચિકાશ. Tallow.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Fatness (ફૅટ્નેસ્), *n.* જાડાઇ; હૃષ્ટપુષ્ટતા. The fleshy part of the body; the state of becoming fat.

Fatal (ફૅટલ્), *a.* નાશકારક; જીવલેણ; સંહારક. Destructive; mortal; deadly. **2.** દૈવાધીન; અનિવાર્ય; ટાળી શકાય નહિ તેવું. Resulting from fate; depending on fate; unavoidable.

Fatality (ફૅટલિટિ), *n.* દૈવાધીનતા; તગદીર; નશીબ. The state of being dependent on fate; the decree of fate. **2.** મોત; મરણ. Death; mortality.

Fatalist (ફૅટલિસ્ટ્), *n.* કેવળ નશીબના ઉપર આધાર રાખનાર; પ્રારબ્ધવાદી. One, believing in the doctrine of fate.

Fatalism (ફૅટલિઝમ્), *n.* પ્રારબ્ધવાદ; દૈવવાદ; નશીબ ઉપર આધાર રાખીને બેસી રહેવું તે. The doctrine that all things are subject to fate.

Fatally (ફૅટલિ), *ad.* નાશકારક રીતે; જીવલેણ સ્થિતિમાં; અનિવાર્ય રીતે. In a fatal way.

Fate (ફેટ્), *n.* નશીબ; કિસ્મત; તગદીર. Destiny; an unavoidable decree of Nature; a fixed course of life. **2.** મોત; અંત; છેડો. Death; the final result; the end.

Fated (ફેટેડ્), *a.* નિર્માણ થયેલું; નિર્મિત. Destined; ordained.

Father (ફાધર્), *n.* બાપ; પિતા; જનક. A male parent; one who begets a child. **2.** (*fig.*) ઉત્પાદક; કર્ત્તા; સ્થાપનાર. An originator; a doer; the cause. *vt.* પેદા કરવું (સંતાનને); ઉત્પન્ન કરવું; મૂળ કારણ ભૂત હોવું. To beget; to generate; to originate; to be the cause of.

Fatherhood (ફાધર્-હુડ્), *n.* પિતૃપદ; બાપપણું. The state of being a father.

Father-land (ફાધર્-લૅન્ડ્), *n.* સ્વદેશ; સ્વભૂમિ; માતૃભૂમિ. One's own place of birth; the native place.

Father-in-law (ફાધર્-ઇન્-લૉ), *n.* શ્વસૂર; સાસરો; સસરો. The father of one's husband or wife.

Fatherly (ફાધર્લિ), *a.* પિતૃતુલ્ય; બાપના જેવું; પિતાની માફક. Paternal; like a father; befitting a father.

Fathership (ફાધર્શિપ્), *n.* પિતૃપદ; બાપનું સ્થાન-પદવી. The place or rank of a father.

Fathom (ફૅધમ્), *n.* છ ફુટ જેટલી લંબાઈ; વૈમ. The length of six feet. *vt.* ઉંડાઇ માપવી; ઉંડા ઉતરવું; તળિયું શોધવું; ઉંડો વિચાર કરવો. To measure the depth of; to find the bottom of; to think minutely.

Fathomable (ફૅધમેબલ્), *a.* ઉંડા ઉતરીને માપી શકાય તેવું; ગહનશીલ; ઉંડાણમાં ઉતરી શકાય તેવું. Capable of being fathomed.

Fathomless (ફૅધમ્લેસ્), *a.* અથાગ; અતળ; અંત સિવાયનું; કળાય નહિ એવું; માપી શકાય નહિ તેવું. Bottomless; in comprehensible; impenetrable.

Fatigue (ફટિગ્), *vt.* થાક લાગવો; શ્રમિત થવું; કંટાળો ઉપજવો; અતિશય મહેનત કરીને થાકી જવું. To tire; to weary with labour; to exhaust. *n.* શ્રમ; થાક; મહેનત. Exhaustion; weariness; toil.

Fatuity (ફૅટ્યૂઇટિ), *n.* જડતા; મૂર્ખાઈ; ઠોકપણું. Weakness of intellect; dulness.

Fatuous (ફૅટ્યૂઅસ્), *a.* જડ; ઠોક; નબળા મનનું. Foolish; silly; weak-minded.

Faugh (ફગ્), *int.* ધિક્કાર બતાવનાર શબ્દ; છટ. Exclamation, showing hatred.

Fault (ફૉલ્ટ્), *n.* ભુલ; ભુલચુક; વાંક; ગુન્હો; અપરાધ; ખોડખાંપણ. A mistake; a shortcoming; an offence; a defect; a slight neglect of duty.

Faultless (ફૉલ્ટ્લેસ્), *a.* નિર્દોષ; ખોડ વગરનું; અપરાધ વિનાનું. Free from any fault or blame.

Faultlessness (ફૉલ્ટ્લેસ્નેસ્), *n.* નિર્દોષતા; નિરપરાધીપણું; ભૂલચુક વગરની સ્થીતિ. The condition of being faultless.

Faultily (ફૉલ્ટિલિ), *ad.* અપરાધપૂર્વક; અપરાધી તરીકે; ભૂલચુકપણે. In a faulty way.

Faulty (ફૉલ્ટિ), *a.* ખોડખાંપણવાળું; ભુલચુકવાળું; અપરાધવાળું; ગુન્હાવાળું. Containing or having a fault; defective.

Favour (ફેવર્), *n.* કૃપા; દયા; મહેરબાની; ઉપકાર; મદદ. Kindness; mercy; a kind and gentle regard; good-will. *vt.* કૃપા કરવી; દયા બતાવવી; કૃપાળુ અથવા માયાળુ બનવું; મહેરબાની રાખવી. To regard with kindness; to show good-will; to be graceful to.

Favourable (ફેવરેબલ્), *a.* અનુકૂળ; માયાળુ; લાભકારી; ઉપકારી. Convenient; kind; profitable.

Favourably (ફેવરેબ્લિ), *ad.* માયાળુપણે; લાભકારી રીતે; અનુકૂળતા ભરેલી રીતે. Kindly; profitably; conveniently.

Favourite (ફેવરિટ્), *n.* માનીતું માણસ; અતિપ્રિય વસ્તુ અથવા માણસ; લાડકું; સ્નેહપાત્ર. One, excessively beloved; an object of love, preference or choice. *a.* માનીતું; પ્રિય; લાડકું. Beloved; dear; fondled.

Favouritism (ફેવરિટિઝમ્), *n.* પક્ષાપક્ષી; તરફદારી; પક્ષપાત; પોતાના સ્નેહીની બાજુ ખેંચવી તે. Partiality; a patronage towards one's favourite.

Fawn (ફૉન્), *n.* હરણનું બચ્ચું (એક વરસના આશરાનું). A young deer of the first year. *vi.* હરણના બચ્ચાંને જન્મ આપવો; વિઆવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To bring forth a fawn. *a.* હરણના રંગને મળતું; ચાંખો બદામી. Resembling a fawn in colour. [fairy; a spiritual woman.

Fay (ફે), *n. pl.* **Fays.** પરી; અપ્સરા. A

Feal (ફીઍલ), *a.* નિમકહલાલ; વફાદાર; ઇમાનદાર. Loyal; fidel; faithful.

Fealty (ફીઍલ્ટિ), *n.* વફાદારી; નિમકહલાલી; એકદીલી; સ્વામિભક્તિ. Loyalty; fidelity. **2.** આકીન; વિશ્વાસ. Faith; trust.

Fear (ફીર્), *vi. pr. p.* **Fearing.** *imp.* & *p. p.* **Feared.** બીવરાવવું; ભય ઉપજાવવો; બીવું; ડર ઉપજાવવો. To be afraid; to be inspired with awe, together with dread. **2.** સંશય હોવો; વ્હેમ લાવવો. To doubt; to suspect. **3.** કાળજી કરવી; ફીકરવાળા બનવું. To be anxious for. *n.* બીક; ભય; ડર. Apprehension; dread. **2.** પૂજ્ય બુદ્ધિ. Awe mixed with respect.

Fearful (ફીર્ફુલ), *a.* બીકણ; ભયભીત; બાયલું; નામર્દ; હિંમત વિનાનું. Wanting courage; afraid; timid. **2.** ભયાનક; ત્રાસ ઉપજાવે તેવું; ભયંકર. Terrible; dreadful.

Fearfully (ફીર્ફુલ્લિ), *ad.* બીકણપણે; ભયથી; ત્રાસપૂર્વક; ભયંકર રીતે. In a fearful manner or way; timidly; dreadfully.

Fearless (ફીર્લેસ્), *a.* નીડર; બહાદુર; હિંમતવાન. Bold; courageous; free from any fear. *a.* ચાલાકી ભરેલું; સુંદર; ખુબીદાર. Ingenious; skilful.

Fearlessly (ફીર્લેસ્લિ), *ad.* નીડરતાથી; બહાદુરીથી; હિંમતથી. Boldly; bravely; courageously.

Fearlessness (ફીર્લેસ્નેસ્), *n.* નિડરતા; બહાદુરી; હિંમત. Boldness; bravery; courage.

Feasibility (ફીઝિબિલિટિ), *n.* શક્યતા; સાધ્યતા; સંભવિતપણું. The state of being practicable; practicability.

Feasible (ફીઝિબલ), *a.* સાધ્ય; શક્ય; બનવાયોગ; બની શકે તેવું. Practicable; capable of being performed. [**Feasibility.**

Feasibleness (ફીઝિબલ્નેસ્), *n.* Same as,

Feast (ફીસ્ટ), *n.* ઉજાણી; મિજબાની; ઉત્સવ. A joyous meal or dinner; an entertainment; a banquet. *vt. vi.* ઉજાણી આપવી; ઉજાણી કરવી; મિજબાની આપવી—કરવી; ઉજવવું. To entertain with a feast; to celebrate. **2.** આનંદ પામવો-પમાડવો. To delight; to be delighted.

Feaster (ફીસ્ટર્), *n.* ઉજાણી આપનાર; મિજબાની આપનાર. One, who entertains with a feast.

Feat (ફીટ), *n.* પરાક્રમ; કાર્ય; હાથ ચાલાકીનું કામ; હાથની સફાઇવાળું કામ. An exploit; a deed; an act, showing cunningness. *a.* ચાલાકી ભરેલું; હાથ ચાલાકીવાળું. Full of tricks; containing tricks.

Feather (ફેધર્), *n.* પીછું. The growth on the hinder part of a bird. **2.** જાત; સ્વભાવ. Species; kind. *vt.* પીછાં બાંધવા-ઘાલવા-ખોંસવા. To decorate with feathers. **2.** પીંછાથી ઢાંકી દેવું. To cover with feathers. **Birds of the same feathers,** એકજ જાતનાં પક્ષીઓ. **To be in full feather,** બરાબર રીતે શણગારવું; સજ્જ થવું. **To show the white feather,** નામર્દાઈ બતાવવી; ભીરૂતા જણાવવી.

Feathery (ફેધરિ), *a.* પીંછાનું; પીંછા જેવું. Of or pertaining to feathers.

Feature (ફીટ્યૂર્), *n. pl.* ચહેરો; રૂપ; દેખાવ; મુખમુદ્રા. Mien; the cast of the face; the shape of the body in general; the countenance. **2.** મુખ્ય ભાગ; મુદ્દાની વાત-હકીકત. A prominent or chief part of anything.

Febrifuge (ફેબ્રિફ્યૂજ્), *a.* તાવ ઓછો પાડે તેવું; જ્વર નાશક. Removing the fever; subduing fever. *n.* જ્વરનાશક દવા. A medicine, removing the fever.

February (ફેબ્યૂઍરિ), *n.* અંગ્રેજી વર્ષનો બીજો માસ-મહિનો; 'ફેબ્યૂઆરિ' The second month of the Christian era.

Feculence,-cy (ફેક્યૂલેન્સ્,-ન્સિ), *n.* મેલાપણું; મેલ; કચરો; મલિનતા. The state of being muddy; dregs.

Feculent (ફેક્યૂલેન્ટ), *a.* મેલું; ગંદુ; કચરાવાળું; કાદવવાળું. Dirty; filthy; muddy.

Fecund (ફીકન્ડ), *a.* ફળદ્રૂપ; ગર્ભધારણશીલ; વિસ્તારવાળું. Fertile; fruitful in children.

Fecundate (ફીકન્ડેટ), *vt.* ફળદ્રૂપ બનાવવું; ગર્ભધારણ શક્તિ ખીલવવી; ગર્ભ રહે તેમ કરવું. To make fruitful; to impregnate.

Fecundity (ફીકન્ડિટિ), *n.* ફળદ્રૂપતા; ગર્ભધારણશીલતા; ઘણાં બચ્ચાં જણવાં તે. Fertility; the state of being fruitful in children.

Federal (ફેડરૅલ), *a.* કરારથી બંધાએલું; અરસપરસ કોલ કરારથી સ્થપાએલું; લખતપત્રથી બંધાએલું. Composed or formed by a league or a treaty; based on alliance between some states.

Federalism (ફેડરૅલિઝમ્), *n.* કરારથી મિત્ર રાજ્યોનું કોલ કરારથી જોડાવું તે; જુદા જુદા રાજ્યો વચ્ચે સ્થાપિત થયેલો મિત્રાચારીનો સંબંધ. The principle of the federal government.

Federalist (ફેડરૅલિસ્ટ), *n.* જુદાજુદા રાજ્યો કોલકરારથી અથવા મિત્રભાવથી એક બીજાની સાથે જોડાયા તો સારૂં એવો મત ધરાવનાર. One, upholding the cause of federalism.

Federalize (ફેડરૅલાઈઝ્), *vt. vi.* જુદાજુદા રાજ્યોનું કોલકરારથી એક બીજા સાથે મિત્રરૂપે એકઠા થવું-કરવું. To unite in a federal treaty.

Federate (ફેડરેટ), *a.* કરારથી જોડાએલા; એકસંપી. United by a treaty or compact.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Federation (ફેડરેશન્), *n.* કરારથી એક બીજા રાજ્યો અથવા પ્રજાનું જોડાવું તે. An act of uniting in a treaty or a league.

Fee (ફી), *n. pl.* **Fees.** હકના પૈસા; લવાજમ; દસ્તુરી; 'ફી'. A reward for rendering service or services; a recompense. **2.** (*Law*) સ્વતંત્ર માલીકીની અથવા વંશપરંપરા ભોગવટાની જમીન. The land or estate, of entire ownership. **Fee-simple,** *n.* વંશપરંપરાની શરતે આપવામાં આવેલી જાગીર-ઈનામ.

Feeble (ફીબલ્), *a.* નબળું; નિર્બળ; અશક્ત. Weak; infirm; wanting in force or engery. **Feeble-minded,** *a.* ઢચુપચુ મનનું.

Feebleness (ફીબલ્-નેસ્), *n.* નિર્બળતા; નબળાઇ; અશક્તિ. Weakness; infirmity; the state of being feeble.

Feed (ફીડ્), *vt. vi. pr. p.* **Feeding.** *imp.* & *p. p.* **Fed.** ખવરાવવું; ભરણપોષણ કરવું; ખાવાનું આપવું. To supply with food; to nourish. **2.** ખાવું; ભોજન લઈને જીવવું. To eat; to maintain on food. **3.** ચરવા જવું; ચરાવવું. To pasture; to graze. *n.* દાણા; ચંદી; અનાજ; ઘાસદાણો; ઘાસપાણી. Corn, (as eaten by horses, etc.); fodder.

Feeder (ફીડર્), *n.* ખવરાવનાર; ભરણપોષણ કરનાર; ખાનાર. One, who feeds. **2.** પુરૂં પાડનાર. That which supplies.

Feeding (ફીડિન્ગ્), *n.* ભરણપોષણ; ખાવા માટે આપેલું અનાજ; દાણોપાણી. Food; food, given to animals.

Feel (ફીલ્), *vt. vi. pr. p.* **Feeling.** *imp.* & *p. p.* **Felt.** લાગવું; સ્પર્શ કરવો; જાણવું; દેખવું. To perceive by the touch; to see by touching; to be impressed by. *n.* સ્પર્શ; લાગણી; અનુભવ. A sense of touch; an act of feeling.

Feeling (ફીલિન્ગ્), *n.* લાગણી; સ્પર્શ; સ્પર્શેન્દ્રિય. The sense of touch; emotion; an outburst of heart. *a.* દયાળુ; લાગણીવાળું; અસરકારક. Kind; having feelings; effective; affecting.

Feet (ફીટ્), *n. pl.* of **Foot.** see **Foot.**

Feign (ફેન્), *vt. pr. p.* **Feigning.** *imp.* & *p. p.* **Feigned.** ડોળ ઘાલવો; ઢોંગ કરવો; ખાનું કાઢવું-બતાવવું. To pretend; to counterfeit; to assume a false show.

Feint (ફેન્ટ્), *n.* બહાનું; ઢોંગ; છળ. A pretence; a stratagem. **2.** બનાવટી હુમલો; જુઠો હુમલો. A mock attack. *vt.* બીજાને બતાવવાસારૂ હુમલો કરવો. To make a mock attack. *a.* કૃત્રિમ; બનાવટી. Unnatural; pretended; artificial.

Felicitate (ફીલિસિટેટ્), *vt. pr. p.* **Felicitating.** *imp.* & *p. p.* **Felicitated.** મુબારકબાદી આપવી; બીજાના સુખ અથવા ઉન્નતિ તરફ રાજી થવું; અત્યાનંદ પામવો. To congratulate to express joy at another's success.

Felicitation (ફીલિસિટેશન્), *n.* મુબારકબાદી; અત્યાનંદ; હર્ષ. Congratulation; joy of extreme pleasure.

Felicitous (ફીલિસિટસ્), *a.* મુબારકબાદી આપતું; ખુશકારક; આનંદિત. Congratulating; expressing joy or pleasure.

Felicity (ફીલિસિટિ), *n.* પરમસુખ; પરમાનંદ. Blessedness; bliss.

Feline (ફીલાઇન્), *a.* બિલાડીનું; બિલાડીને લગતું; બિલાડીની જાતનું. Of or pertaining to a cat; like a cat.

Fell (ફેલ્), *vt. pr. p.* **Felling.** *imp.* & *p. p.* **Felled.** પાડવું; કાપવું; જમીન ભેગું કરવું; નીચે અફાળવું. To cause to fall down; to cut down; to hew. *a.* ઘાતકી; જંગલી; દારૂણ; ખુની. Cruel; savage; fierce. *n.* ઉજ્જડ ટેકરી; પત્થરની ઉંચી ટેકરી. A barren hill; a stony hill. **2.** પશુની રૂવાંટી. The fur of an animal. **Fell-monger,** રૂવાંટી અથવા 'ફર' નો વેપારી.

Feller (ફેલર્), *n.* કાપનાર; વાઢનાર; નીચે પટકનાર. One, who fells.

Fellow (ફેલો), *n. pl.* **Fellows.** સોબતી; સાથી; ગોઠીઓ; સાથે વિદ્યાભ્યાસ કરનાર. An associate; a companion; a member of the same college. **Fellow-feeling,** *n.* સમભાવ. **Fellow-student,** *n.* ગુરૂભાઈ; ગુરૂબંધુ; એક ગુરૂ પાસે ભણનાર.

Fellowship (ફેલોશિપ્), *n.* સોબત; સમાગમ; સાહાય્ય. Companionship; close acquaintance. **2.** ભાગીદારી; ભાગ. Partnership. **3.** શિષ્યવૃત્તિ; ફેલોની જગા. The rank or position of a fellow.

Felon (ફેલૉન્), *n.* ગુન્હેગાર; અપરાધી; દેહાંત દંડની સજાને પાત્ર. A person, guilty of most heinous crimes; a criminal. **2.** રસોળી; આંટણ. A kind of whitlow. *a.* ક્રૂર; ઘાતકી; અઘોર કર્મ કરનાર; વિશ્વાસઘાતી. Cruel; malignant; fierce; treacherous.

Felonious (ફેલોનિઅસ્), *a.* મહાપાપી; અતિદુષ્ટ કર્મ કરનાર; દેહાંત દંડની સજા થાય તેવા ગુન્હામાં ભાગ લેનાર. Treacherous; heinous; traitorous.

Felony (ફેલૉનિ), *n.* મોટો ગુન્હો; અઘોર પાપ. A heinous crime. **2.** (*Law*) જાગીર, અને મિલ્કત બન્ને અથવા બેમાંનું એક જપ્ત થાય તેવો ગુન્હો. A crime, forfeiting the landed or movable property, both or one of the two.

Felt (ફેલ્ટ્), *n.* ઉન અથવા વાળનું કપડું. A kind of soft woollen cloth. **2.** ઉનના કાપડમાંથી બનાવેલી સાહેબ ટોપી. A hat made of felt.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. ચોંટાડવું; વળગાડવું; ઉનના કાપડથી ઢાંકવું. To cover with felt. **2.** *imp.* & *p. p.* of **Feel.** લાગ્યું; સ્પર્શ થયો.

Female (ફીમેલ), *n. pl.* **Females.** સ્ત્રી; નારી; માદા; ઓરત. A fair sex; an individual with the power of conception and bringing forth young. *a.* સ્ત્રીને લગતું;નારીનું; ઓરત જાતનું. Of or pertaining to a woman; belonging to a woman. **2.** નાજુક; કોમળ; નરમ. Soft; tender; delicate.

Feminine (ફેમિનિન્), *a.* સ્ત્રીને લગતું; સ્ત્રી જાતિને લગતું. Pertaining to a woman. **2.** બાયલું; નામર્દ; કન્યારાશી. Coward; womanly. **Feminine gender,** *n.* નારીજાતિ.

Feme-covert (ફેમ્-કવર્ટ) *n.* (*Law*) પતિના આશરા નીચે રહેતી સ્ત્રી; પરણેલી સ્ત્રી. A married woman, who is under covert of her husband.

Feme-sole (ફેમ્-સોલ), *n.* પરણ્યા સિવાયની સ્ત્રી, ઓરત. An unmarried woman.

Femoral (ફેમોરલ) *a.* જાંગનું; જાંગની બાબતનું. Pertaining to a thigh.

Fen (ફેન્), *n.* કલાણ; ભીની જગા;શરદીવાળી જગા. Land, covered with water, but partly full of grass; moist ground; a marsh.

Fence (ફેન્સ), *n.* બચાવ; રક્ષણ; રક્ષણનું સાધન. Defence; protection; the means of defence. **2.** વાડ; ખેતરની આજુબાજુ કરેલી ઉભી વાડ; તટ્ટી; કઠેરો. An inclosure; a railing. **3.** પટાબાજી; પટા ખેલવાની ચતુરાઈ. Skill in fencing. swordsmanship. *vt. vi. pr. p.* **Fencing.** *imp.* & *p. p.* **Fenced.** બચાવ કરવો; સંરક્ષણ કરવું. To defend; to protect. **2.** વાડ બાંધવી; કઠેરો કરવો. To inclose with a fence; to cover with a railing. **3.** પટા ખેલવા; તરવારથી બાજી ખેલવી. To practise the fencing.

Fencing (ફેન્સિન્ગ્), *n.* રક્ષણ કરવું તે; વાડ ઉભી કરવી તે; તરવારથી પટા ખેલવા તે. An act of protecting or guarding; an act of raising a hedge or a railing; an act of practising with a sword.

Fencer (ફેન્સર્), *n.* અટાપટા ખેલનાર; અટાપટાથી દાવ રમનાર. One, who practises the art of fencing.

Fend (ફેન્ડ), *vt.* ખાળવું; અટકાવવું. To keep away; to prevent; to ward off.

Fender (ફેન્ડર્), *n.* રોકનાર; અટકાવનાર. One, who wards off. **2.** ચુલાની પાળ. An erected part of the fireplace.

Fennel (ફેનેલ), *n.* વરિયાળી. A kind of fragrant plant producing seeds.

Ferment (ફર્મેન્ટ), *n.* જુસ્સો; ક્ષોભ; ગભરાટ. Excitement; agitation; confusion. **2.** ફીણ; ઉભરો. Fermentation. *vt. vi.* ઉભરો આવવો; ઉભરાઇ જવું. To be in the state of fermentation. **2.** ઉશ્કેરાઇ જવું; જુસ્સાવાળું બનવું. To be excited; to be full of agitation; to lose calmness of mind.

Fermentation (ફર્મેન્ટેશન્), *n.* ખાટું થઇને ફીણ સાથે ચઢવું તે; ફીણનો ઉભરો આવવો તે. An act of fermenting. **2.** ઉશ્કેરણી; વેગ; ધાંધલ. Agitation; commotion; excitement.

Fenugreek (ફીન્યૂગ્રીક), *n.* મેથી. A kind of herb, producing seeds, bitter in taste.

Feracity (ફીરેસિટિ), *n.* ફળદ્રૂપતા; ફળવંતપણું. The state of being fertile; fertility.

Fern (ફર્ન), *n.* એક જાતનો રોપો (જે ભીની જગામાં થાય છે). A kind of plant growing in wet land.

Ferny (ફર્નિ), *a.* 'ફર્ન'ના રોપાથી ભરપૂર–ખીચોખીચ. Full of fern herbs.

Ferocious (ફીરોશસ્), *a.* ઘાતકી; ખુની;ઉગ્ર; ફાડી ખાનારૂં; જંગલી. Cruel; fierce; savage.

Ferociousness (ફીરોશસનેસ્), *n.* ઘાતકીપણું; ખુની અથવા ઉગ્ર સ્વભાવ; જંગલીપણું. Cruelty; the state of being ferocious; ferocity.

Ferocity (ફીરોસિટિ), *n.* Same as, **Ferociousness.**

Ferret (ફેરેટ), *n.* નોળિયો. A kind of polecat. *vt.* શોધી કાઢવું; નોળિયાની મદદથી શિકાર કરવો. To find out; to hunt with the help of a ferret.

Ferruginous (ફેર્યૂજીનસ્), *a.* લોઢાની કરચવાળું; લોખંડની કરચવાળું. Containing the particles of iron.

Ferrule (ફેરૂલ), *n.* લાકડીને છેડે રાખવામાં આવતી લોખંડની ખોલી,–કડી. A ring or cap of a metal.

Ferry (ફેરિ), *vt. vi. pr. p.* **Ferrying.** *imp.* & *p. p.* **Ferried.** સામે પાર લઇ જવું (નાવ અથવા હોડીમાં); ઉતારવું. To carry over a river in a boat. **2.** તરી પાર ઉતરવું; ઓળંગી જવું. To cross; to pass over in a boat. *n.* ઓવારો; આરો. A place, from where, the boats pass over a narrow place of water to convey the passengers. **2.** નાવ; હોડી. A boat.

Ferry-boat (ફેરિ-બોટ), *n.* ઓવારાની પાસે ઉતારૂઓને લઇ જવા લાવવાને સારૂ ઉભી રહેતી હોડી–નાવ. A boat, which plies at a ferry.

Ferry-man (ફેરિ-મૅન્), *n.* નદીમાં હોડી હાંકનાર. One, who keeps a ferry.

Fertile (ફર્ટાઇલ), *a.* ફળદ્રૂપ; રસાળ; રસકસવાળું. Fruitful; prolific. **2.** ચતુર; શોધક. Skilful; inventive.

Fertility.

Fertileness (ફર્ટાઇલનેસ્), *n.* Same as,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Fertility (ફર્ટિલિટિ), *n.* પાક; સારી ઉપજ; સારો પાક; ફળવંતતા; સારો પાક થાય એવો ગુણ. Fruitfulness; the state of being fertile.

Fertilization (ફર્ટિલાઈઝેશન્), *n.* ફળદ્રૂપ બનાવવું તે; ફળવાળું અથવા વધારે સારો પાક થાય તેને માટે પ્રયાસ કરવો તે. An act of fertilizing.

Fertilize (ફર્ટિલાઇઝ્), *vt. pr. p.* **Fertilizing.** *imp.* & *p. p.* **Fertilized.** ફળદ્રૂપ બનાવવું; સારી ઉપજવાળું કરવું. To make fertile **2.** સમૃદ્ધ બનાવવું; વિસ્તાર વધારવો. To enrich.

Fertilizer (ફર્ટિલાઇઝર્), *n.* ફળદ્રૂપ બનાવનાર; સારી ઉપજ થાય તેમ પ્રયાસ કરનાર; સમૃદ્ધ બનાવનાર. One, who fertilizes.

Fervency (ફર્વેન્સિ), *n.* આતુરતા; જુસ્સો; હોંશ; તીક્ષ્ણતા. Ardour; earnestness; zeal.

Fervent (ફર્વેન્ટ્), *a.* ઉકળતું; ગરમ; તપેલું. Hot; boiled. **2.** જુસ્સોમાં આવેલું; તપી ગએલું; ઉશ્કેરાઈ ગયેલું. Earnest; zealous; excited.

Fervently (ફર્વેન્ટ્લિ), *ad.* તપેલી સ્થિતિમાં; ઉકળેલી અવસ્થામાં; લાલચોળ તપી જઇને. In a fervent manner.

Fervid (ફર્વિડ્), *a.* ઉકળતું; ઘણું ગરમ; વરાળ નીકળતું. Boiling; burning. **2.** હોંસીલું; તીક્ષ્ણ સ્વભાવવાળું; આતુર. Brdent; zealous.

Fervidly (ફર્વિડ્લિ), *ad.* ઘણું ગરમ; વરાળ નીકળે તેવી રીતે; આતુરતાથી. In a fervid manner; zealously.

Festal (ફેસ્ટલ્), *a.* મિજબાનીને લગતું; મિજબાનીનું. Pertaining to a feast. **2.** (*fig.*) માંગલિક; શુભ; ખુશીનું. Auspicious; joyous.

Fervidity (ફર્વિડિટિ), *n.* ગરમી; ઉષ્ણતા; તીક્ષ્ણતા. Heat; ardour.

Fervour (ફર્વર્), *n.* ગરમી; ઉષ્ણતા. Heat; warmth. **2.** ઝનુન; જુસ્સો; આતુરતા. Zeal; passion; intense feelings.

Festival (ફેસ્ટિવલ્), *a.* તહેવારનું; ટાણાનું; મિજબાનીનું. Pertaining to a feast. *n.* તહેવારનું ટાણું; સપરમો દહાડો. The occasion of joy; the time for rejoicing.

Festive (ફેસ્ટિવ્), *a.* Same as, **Festal.**

Fester (ફેસ્ટર્), *vi.* દરદ પાકવું; પીડા થવી; પરૂ નીકળવું; પેટમાં બળ્યા કરવું. To become full of pus; to discharge pus. *n.* દરદ પાકવું તે; દરદનો પાક. An act of festering.

Festivity (ફેસ્ટિવિટિ), *n.* આનંદ; હર્ષ; ઉત્સાહ; ખુશાલી. Joy; pleasure; gaiety. **2.** તહેવાર; ઓચ્છવ; ઉત્સવ; પર્વ. A festival; a festive celebration.

Festoon (ફેસ્ટૂન્), *n.* તોરણ; થાંભલા પર પાડેલી ફુલના હાર જેવી વેલ–નકશી; વેલ. A garland or chain of flowers; a carved or sculptured ornament, appearing like a garment. *vt.* તોરણ બાંધીને શણગારવું; બુટ્ટાથી શણગારવું. To adorn with festoons.

Fetch (ફેચ્), *vt. pr. p.* **fetching.** *imp.* & *p. p.* **Fetched.** જઈને લાવવું; લાવવું; કિંમત ઉપજવી; નાણું થવા. To go and bring; to bring; to get or obtain as the price.

Fete (ફેટ્), *n.* મીજબાની; ઉજાણી; પર્વ. A festival; a holiday. **2.** પરાક્રમ; કસરત; હાથચાલાકીનું કામ. A feat; a work, full of tricks.

Fetid (ફીટિડ્), *a.* બદબો ભરેલું; ગંધાતું; વાસ મારતું Having or full of rancid smell; full of offensive smell.

Fetidness (ફીટિડ્નેસ્), *n.* બદબો; દુર્ગંધ; ખરાબ વાસ. The quality of smelling offensively.

Fetter (ફેટર્), *n.* (*pl.*) પગની બેડી; સાંકળ. A chain for the feet. **2.** બંધન; અંકુશ. A restraint. *vt.* બેડી ઘાલવી;–બેડી પહેરાવવી; બંધન યુક્ત કરવું. To put fetters on; to confine; to restrain.

Fetus (ફીટસ્), *n.* ગર્ભ; હમેલ; ગર્ભનું બચ્ચું; પેટમાં તાજેતરમાં રહેલો ગર્ભ. The state to an egg, before embryo.

Feu (ફ્યૂ), *n.* જાગીર; વતન. An estate.

Feud (ફ્યૂડ્), *n.* કજીઓ; ટંટો; ઝઘડો; તકરાર. A quarrel; a dispute. **2.** જાગીર; વેતન. A fief.

Feudal (ફ્યૂડલ્), *a.* જાગીરને લગતું; વતનને લગતું; જાગીર; વતનવાળું. Pertaining to feuds; possessing feuds. **Feudal system,** *n.* લશ્કરમાં નોકરી કરવાની શરતે જાગીર આપવાનો રીવાજ.

Feudatory (ફ્યૂડટોરિ), *a.* જાગીરદારનું; વતનદારનું. Holding fiefs. *n.* જાગીરદાર; ખંડીઓ રાજા. A vassal holding the land in lieu of military services.

Fever (ફીવર્), *n.* તાવ; જ્વર; બુખાર. A kind of disease, causing extreme heat in body. **2.** જુસ્સો; આવેશ. Excitement; agitation; an excited condition. *vt. vi.* તાત લાવવો; જ્વર આવે તેમ કરવું. To put fever in; to add fever to. **2.** તાવથી પીડાવું; જ્વર આવવો. To suffer from fever. **Intermittent fever,** આંતરીયો તાવ. **Malignant fever,** કમળો. **Quartan fever,** ચોથીઓ તાવ.

Feverish (ફીવરિશ), *a.* જરા તાવવાળું; જ્વરપીડિત; તાવથી સપડાએલું. Having a slight fever; affected with fever.

Feverishness (ફીવરિશનેસ્), *n.* તાવવાળું હોવું તે; જ્વરપીડિત દશામાં હોવું તે. The state of being suffering from fever.

Feverous (ફીવરસ્), *a.* Same as, **Feverish.**

Few (ફ્યૂ), *a.* થોડું; જુજ; કેટલુંક; અલ્પ. Not many; small in number.

Fewness (ફ્યૂનેસ્), *n.* જુજ; અથવા થોડું હોવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે; અછત. The state of being few.

Fiat (ફાએટ), *n.* આજ્ઞા; હુકમ; ફરમાન. An order; a command. **2.** (*Law*) જજે કાઢેલું વૉરન્ટ. An urgent warrant issued by the judge.

Fib (ફિબ્), *n.* ગપાટો; જુઠાણું; જુઠ; ગપ. A rumour; a lie; a falsehood. *vi.* જુઠું બોલવું; અસત્ય વાત કહેવી; ગપાટો મારવો. To tell a lie; to use falsehood. [નાર. One, who fibs.

Fibber (ફિબર્), *n.* જુઠાણું ફેલાવનાર; જુઠું બોલ-

Fibster (ફિબ્સ્ટર્), *n.* Same as, **Fibber.**

Fibre (ફાઇબર્) *n.* રેસા; તંતુ; દોર. A fine thread-like sticky substance (of a root); a very thin-thread.

Fibrous (ફાઇબ્રસ્), *a.* રેસાનું; તંતુવાળું; દોરનું. Of or pertaining to a fibre or fibres.

Fickle (ફિકલ્), *a.* અસ્થિર; ચંચળ ઢચુપચુ; ઘડી ઘડીમાં ફરી જાય તેવું. Unstable; changing; wavering. **Fickle-minded,** *a.* ઢચુપચુ મનવાળો; અસ્થિર મનનો.

Fickle-ness (ફિકલનેસ્), *n.* અસ્થિરતા; ચંચળતા; ઢચુપચુ સ્થિતિ. Unstability; the wavering state; the state of being fickle.

Fiction (ફિક્શન્), *n.* બનાવટી વાત; કલ્પિત વાત; બનાવટ; ગાથા. A story, composed for amusement; a tale.

Fictitious (ફિક્ટિશસ્), *a.* બનાવટી; કલ્પિત; કલ્પનાવાળી. Unreal; imaginative; false.

Fiddle (ફિડ્લ્), *n.* સારંગી; સિતાર; 'ફિડલ'. A kind of stringed musical instrument; a violin. *vt. &pr. p.* **Fiddling.** *imp.* & *p. p.* **Fiddled.** સારંગી વગાડવી; ફિડલ વગાડવી. To play on a fiddle or a violin.

Fiddler (ફિડ્લર્), *n.* સારંગી વગાડનાર; ફિડલ વગાડનાર. One, who plays on a fiddle.

Fiddling (ફિડ્લિન્ગ્), *n.* નજીવું; કિંમત વિનાનું; તુચ્છ. Trifle; trivial.

Fidel (ફિડેલ્), *a.* નિમકહલાલ; ઇમાનદાર; વિશ્વાસુ. Faithful; trustworthy.

Fidelity (ફિડેલિટિ), *n.* ઇમાનદારી; પ્રમાણિકપણું; નિમકહલાલી; સ્વામિભક્તિ. Loyalty; faithfulness; honesty; adherence to truth.

Fidge (ફિજ્), *n.* ચળવળાટ; બેચેની; જીવને તલપાપડ થવું તે. Restlessness.

Fidget (ફિજેટ્), *n.* Same as, **Fidge.**

Fidgety (ફિજેટિ), *a.* બેચેન; રઘવાયું; તલપાપડ થાય તેવું. Restless; prone to be uneasy.

Fie (ફાઇ), *int.* છટ્ છટ! છીટ! An exclamation of dislike or hatred.

Fief (ફીફ્), *n.* જાગીર; વતન; જમીનદારી. An estate; an estate obtained for valuable services, (either military or civil).

Field (ફીલ્ડ્), *n.* ખેતર; વાડી; ખેડવા લાયક જમીન; મેદાન. Land suitable for cultivation; the cultivated land. **2.** રણભૂમિ; રણાંગણ. A plot of land, where a battle is fought. **3.** યુદ્ધ; લડાઈ; સંગ્રામ. A battle; a warfare. **4.** વિષય; સ્થાન; અવસર. A subject; a province; an extent. *vi. vt.* લડાઈમાં ભાગ લેવો. To take an active part in a battle. **2.** દડો પકડવો; ઝીલવો. To catch a ball or to stop a ball (in the game of cricket). **Field-book,** *n.* જમીનની માપણી નોંધવાનું પુસ્તક. **Field-marshal,** *n.* સેનાપતિ. **Field-gun,** નાની તોપ. **Field-glass,** *n.* એક જાતનું નાનું દુર્બિન. **Field-work,** *n.* કિલ્લાનો બચાવ કરવા ઉપાડેલું કામ.

Fiend (ફીન્ડ્), *n.* ભૂત; શેતાન; પ્રેત. A demon; an evil spirit. **2.** અતિદુષ્ટ અને ઘાતકી માણસ. A wicked or malicious person.

Forensic (ફોરેન્સિક્), *a.* ઇન્સાફને લગતું; અદાલતમાં થતું; ન્યાયસભા સંબંધિ. Concerning justice; pertaining to the court of justice.

Fore-ordain (ફોર્ઑર્ડેન્), *vt. pr. p.* **Fore-ordaining.** *imp.* & *p. p.* **Fore-ordained.** અગાઉથી નક્કી કરવું; ઠરાવવું. To appoint beforehand.

Fore-part (ફોર્પાર્ટ્), *n.* આગલો ભાગ; મોડું; મોખરાનો ભાગ. The first or the beginning part of any thing.

Fore-runner (ફોર્-રનર્), *n.* આગળથી મોકલેલો દૂત અથવા ખેપીઓ; અગાઉ જનાર. A messenger, sent before to give some notice; a har-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

binger. 2. કંઇ પણ બનાવ ભવિષ્યમાં બનશે તેની સૂચના આપવું ચિન્હ. A mark or sign, indicating something to follow.

Fore-say (ફોર્સે), *vt.* ભવિષ્ય કહેવું; ભવિષ્ય ભાખવું; પ્રથમથી કહેવું. To predict; to foretell.

Fore-see (ફોર્સી), *vt. vi.* આગળથી જાણવું; દીર્ઘ દૃષ્ટિ વાપરવી; ભવિષ્ય જાણવું. To foreknow; to use foresightedness.

Forestry (ફૉરેસ્ટ્રિ), *n.* જંગલ ખીલવવાનું કાર્યકામ; જંગલની ખીલવણી. An act of cultivating a forest.

Foretaste (ફોર્ટેસ્ટ), *n.* વાનગી; આગળથી થોડું ચાખવું તે; અગાઉનો અનુભવ. A taste beforehand. *vt.* અનુભવ. લેવો; ચાખવું; વાનગી લેવી. To taste beforehand.

Foretell (ફોર્ટેલ), *vt.* ભવિષ્ય કહેવું; ભવિષ્ય કથન કહેવું; ભવિષ્ય વર્તવું. To predict; to prophesy.

Foreteller (ફોર્ટેલર), *n.* ભવિષ્યવેત્તા; દૈવજ્ઞ. One, who predicts.

Fore-thought (ફોર્થૉટ), *n.* અગાઉથી કીધેલો વિચાર; પૂર્વવિચાર; દૂરદેશી વિચાર. A pre-arranged idea; an anticipation.

Forever (ફોર્એવર), *ad.* નીરંતર; હમેશાં; સદા. Continuously; always.

Foreshow (ફોર્શો), *vt.* અગાઉથી જણાવવું; ભવિષ્ય સૂચન કરવું. To indicate beforehand; to predict.

Foresight (ફોર્સાઇટ), *n.* અગમચેતી; દીર્ઘદૃષ્ટિ; ડહાપણવાળો વિચાર. A forethought; prudence; a wise step guarding any evil.

Forest (ફૉરેસ્ટ), *n.* જંગલ; અરણ્ય; વન; વગડો. A spacious wood. *vt.* જંગલ જેવું બનાવવું; અરણ્ય કરવું. To cover with trees or wood. *a.* જંગલનું; જંગલ સંબંધી; અરણ્યને લગતું. Pertaining to a forest.

Forestall (ફૉરસ્ટૉલ), *vt.* અગાઉથી મનમાં લાવવું; સમજવું; જાણવું. To understand beforehand; to recognise; to anticipate.

Forestaller (ફોર્સ્ટૉલર), *n.* અગાઉથી મનમાં લાવનાર–માનનાર; પહેલેથી ધારી લેનાર. One, who forestalls.

Forester (ફૉરેસ્ટર), *n.* જંગલવાસી; અરણ્યવાસી. [An inhabitant of a forest.

Forewarn (ફોર્વૉર્ન), *vt.* અગાઉથી ચેતવવું; સૂચના આપવી; પહેલેથી જણાવવું. To give previous warning; to prewarn.

Forfeit (ફૉર્ફીટ), *vt.* જપ્ત કરવું; ગુન્હા બદલ લેવું; ગુમાવવું; દંડ તરીકે આપવું. To lose the right of the property, etc. for some crime; to be deprived of; to be fined. *n.* જપ્તિ; જપ્તીમાં ગુમાવેલી ચીજો; શિક્ષા અથવા ગુન્હેગારી બદલ આપવામાં આવેલી ચીજો; દંડ. An act of forfeiting; what is forfeited; a fine.

Forfeitable (ફૉર્ફીટેબલ), *a.* જપ્ત થઇ શકે તેવું; ગુન્હા બદલ દંડ તરીકે લઇ શકાય તેવું. Capable of being forfeited.

Forfeiter (ફૉર્ફીટર), *n.* જપ્ત કરનારિ; દંડ તરીકે વસુલ કરનાર. One, who forfeits.

Forfeiture (ફૉર્ફીટ્યૂર), *n.* દંડ આપવો તે; દંડ; જપ્તિ; ગુન્હેગારી બદલ જપ્ત થયેલી મિલ્કત. An act of forfeiting; an act of losing any landed property, money, etc. by some offence.

Forge (ફોર્જ), *n.* લુહારની ભઠ્ઠી; લુહારખાનું; લોખંડ ગાળવાનું કારખાનું. A furnace of a blacksmith; a smithy. *vt. vi.* ઘડવું; બનાવવું; રચવું; ઘટના કરવી. To form by beating and hammering; to mould. 2. ખોટું પાડવું; ખોટી રીતિ બનાવવું; તર્કટી રીતે બનાવવું. To counterfeit; to prepare in a wrongful way; to write a document, etc. dishonestly.

Forger (ફોર્જર), *n.* ખોટો દસ્તાવેજ કરનાર; ખોટા સિક્કા પાડનાર. One, who forges.

Forgery (ફોર્જરિ), *n.* બનાવટ કરવી તે; બનાવટથી કરેલો દસ્તાવેજ; ખોટો દસ્તાવેજ કરવાનો ગુન્હો. An act of counter-feiting; an unreal document; a crime of preparing a false document.

Forget (ફૉર્ગેટ), *vt. pr. p.* **Forgetting.** *imp.* **Forgot.** *p. p.* **Forgotten.** ભૂલી જવું; વિસરી જવું; વિસ્મરણ થવું; લક્ષમાં ન રહેવું; ચૂકી જવું. To lose the memory of; to let go from the mind; to neglect.

Forgetful (ફૉર્ગેટ્ફુલ), *a.* ભૂલી જાય તેવું; વિસરી જવાની ટેવવાળું; ચૂકી જનાર; વિસ્મરણ કરનાર. Apt to forget; easily neglecting.

Forgetfully (ફૉર્ગેટ્ફુલિ), *ad.* ભૂલી જાય તેવી રીતે; વિસરી જાય તેમ; વિસ્મરણ કરી શકાય તેમ. In a forgetful way.

Forgetfulness (ફૉર્ગેટ્ફુલનેસ), *n.* વિસ્મૃતિ; બેદરકારી; વિસ્મરણ; ખ્યાલ બહાર હોવું તે. The state of being forgetful; negligence; inattention.

Forgetter (ફૉર્ગેટર), *n.* ભૂલી જનાર; વિસ્મરણ કરનાર; ખ્યાલમાં ન રાખનાર; બેદરકાર રહેનાર. One, who loses remembrance of.

Forgive (ફૉર્ગિવ), *vt. pr. p.* **Forgiving.** *imp.* **Forgave.** *p. p.* **Forgiven.** માફી આપવી; ક્ષમા આપવી; દયા બતાવવી. To pardon; to excuse.

Forgiveness (ફૉર્ગિવ્નેસ), *n.* માફી; ક્ષમા; દયા; દયાશીલતા. An act of forgiving; a pardon.

Forgiver (ફૉર્ગિવર), *n.* માફી આપનાર; ક્ષમા આપનાર One, who forgives.

Fork (ફૉર્ક), *n.* કાંટો; પંજેટી; દાંતાવાળું હથિયાર. An instrument, with two or more prongs.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. vi. પંજેટીવતી ઉપાડવું; સાફ કરવું. To raise with a fork. **2.** બે ફાંટા થવા; ભાગ થવા. To be divided into two or more parts (esp. of a river).

Forlorn (ફૉર્લૉર્ન), *a.* નિરાધાર; નિરાશ્રિત; ત્યજી દીધેલું; રખડતું; રઝળતું. Deserted; helpless; wandering without any shelter or protection.

Forlornness (ફૉર્લૉર્નનેસ), *n.* નિરાધારપણું; નિરાધાર હાલત; નિરાશ્રિતપણું. The state of being deserted; the helpless condition; orphanage.

Form (ફૉર્મ), *n.* આકાર; આકૃતિ; નમુનો. A figure; a model; a shape. **2.** પાટલી. A bench. **3.** ખૂબસુરતી; શોભા. Beauty; a thing expressing beauty. **4.** રીત; પ્રકાર. A mode; a method. **5.** સસલાની ગુફા. A bed of a hare. *vt. vi.* ઘડવું; બનાવવું; ગોઠવવું; બાંધવું; રૂપ આપવું. To give a shape; to mould; to represent. **2.** ચાલવું; ગોઠવવું; બનાવવું; અંગભૂત થવું. To devise; to plan; to be an element of.

Formal (ફૉર્મલ), *a.* નિયમસર; યથાવિધિનું; શિષ્ટાચાર મુજબનું; ઉપર ઉપરનું; બહારનું. Ceremonious; done according to an established rule; outward; conventional.

Formally (ફૉર્મલ્લિ), *ad.* ઉપરઉપરથી; બહારથી; શિષ્ટાચારપૂર્વક. Outwardly; ceremoniously.

Formation (ફૉર્મેશન), *n.* બંધારણ; બનાવટ; ઘટના. An act of making or forming; a structure. **2.** ખનિજ પદાર્થોનો સમૂહ; ખડકોની હાર; નીચે બેઠેલો થર અથવા પદાર્થ. A series of rocks; a sediment. **3.** સૈન્યની ગોઠવણી; લશ્કરની રચના. An arrangement of the troops.

Former (ફૉર્મર), *a.* આગલું; પહેલું; પ્રાચીન. Old; ancient; old-fashioned; remote.

Formerly (ફૉર્મર્લિ), *ad.* પહેલાં; પૂર્વે; આગળના સમયમાં. In time past; in remote ages.

Formidable (ફૉર્મિડેબલ), *a.* ભય ઉપજાવે તેવું; બિહામણું; ભયજનક; ભયંકર. Dreadful; terrible; causing alarm.

Formula (ફૉર્મ્યુલા-લૅ), *n. pl.* **Formulas.** or **Formulæ.** કાયદો; નિયમ; સૂત્ર; વ્યવસ્થા. A prescribed rule or order; an enunciation.

Formulate (ફૉર્મ્યુલેટ), *vt* સૂત્રના રૂપમાં મૂકવું-ગોઠવવું; ટૂંકાણમાં લખવું. To write in a very precise way.

Fornication (ફૉર્નિકેશન), *n.* કુંવારી છોકરી સામે સંભોગ; વ્યભિચાર. An illicit sexual intercourse with an unmarried girl or a woman.

Fornicate (ફૉર્નિકેટ), *vi.* કુંવારી છોકરી સાથે સંભોગ કરવો; વ્યભિચાર કરવો. To have an unlawful sexual intercourse with an unmarried girl or woman.

Forray (ફૉર્-રે), *n.* ઉજાડ કરવું તે; વેરાન બનાવવું તે; નાશ. An act of ravaging; destruction.

Forsake (ફૉર્સેક), *vt. pr. p.* **Forsaking.** *imp.* **Forsook.** *p. p.* **Forsaken.** છોડવું; ત્યાગ કરવો; તજવું. To desert; to abandon; to give up.

Forsaker (ફૉર્સેકર), *n.* ત્યાગ કરનાર; છોડનાર; તજનાર. A deserter; one, who forsakes.

Forsooth (ફૉર્સૂથ), *ad.* ખરેખર; ખચિત; બહુ સારૂં. Indeed; well; in fact.

Forswear (ફૉર્સ્વેર), *vi. vt. pr. p.* **Forswearing.** *imp.* **Forswore.** *p. p.* **Forsworn.** સોગન ખાઇ છોડી દેવું; ત્યાગ કરવો. To renounce upon oath. **2.** જુઠા સમ ખાવા; ખોટી રીતે સોગંદ ખાવા. To swear falsely.

Fort (ફૉર્ટ), *n.* કિલ્લો; ગઢ; કોટ. A fortification; a fortress; a fortified place.

Forth (ફૉર્થ), *ad.* આગે; દૂર; આગળ. Forward; out; away. **Forthcoming,** *a.* આવતું; આવવાની અણી. ઉપર. **Forth-with,** *ad.* તત્ક્ષણે; તાત્કાલિક. **Forth-right,** *ad.* પ્રામાણિકપણે; સત્યતાથી.

Fortification (ફૉર્ટિફિકેશન), *n.* કિલ્લો; કોટ; કિલ્લો, કોટ, વિગેરે બાંધવા તે. An act of fortifying; a fortified place or area.

Fortify (ફૉર્ટિફાઇ); *vt. pr. p.* **Fortifying.** *imp.* & *p. p.* **Fortified.** કોટ બાંધવો; કિલ્લેબંધી કરવી; બચાવનું સાધન વધારતા જવું; મજબૂતીમાં ઉમેરો કરવો. To construct or erect a fort; to add strength; to surround with a wall.

Fortitude (ફૉર્ટિટ્યૂડ), *n.* સહનશક્તિ; દ્રઢતા; ધૈર્ય. Courage; endurance. **2.** હુમલો અટકાવવાની શક્તિ-બળ. Power to oppose an attack.

Fortnight (ફૉર્ટનાઇટ), *n.* પખવાડિયું; ચૌદ દિવસનો સમય. A period of two weeks.

Fortnightly (ફૉર્ટનાઇટલિ), *a.* પખવાડીએ આવતું-થતું-બનતું. Happening every fortnight.

Fortress (ફૉર્ટ્રેસ), *n. pl.* **Fortresses.** કિલ્લો; કોટ; બુરજ. A stronghold; a fortified place.

Fortuitous (ફૉર્ટ્યૂઈટસ), *a.* આકસ્મિક; અણધાર્યું; એકાએક. Accidental; taking place all of a sudden.

Fortunate (ફૉર્ટ્યૂનેટ), *a.* નશીબદાર; સારા ભાગ્યવાળું; સદ્ભાગ્યવાળું; મંગળ-શુભકર. Lucky; auspicious.

Fortunately (ફૉર્ટ્યૂનેટલી), *ad.* સદ્ભાગ્યે; સારા નશીબે; સુભાગ્યે. Luckily; by chance.

Fortune (ફૉર્ટ્યૂન), *n.* નશીબ; ભાગ્ય; ગુજરાન; માલમિલ્કત; સમૃદ્ધિ. Fate; chance; luck; large estate and wealth, etc. **A man of fortune,** નશીબદાર અથવા ભાગ્યવાન પુરૂષ. **Fortu-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ne-hunter, *n.* પૈસાદાર થવા અને વૈભવ ભોગવવા કોઇ શ્રીમંતની પુત્રી સાથે પરણવા મથનાર. **Fortune-teller,** *n.* ભવિષ્ય કહેનાર; જોશી.

Forty (ફૉર્ટિ), *a.* ચાળીસ; ૪૦. Five times eight. *n.* ચાળીસની સંખ્યા. The number of forty. **Fortieth,** (ફૉર્ટિએથ્), *a. n.* ચાળીસમું.

Forum (ફોરમ્), *n.* રોમમાં ઇન્સાફ આપવાનું મેદાન ચૌટું-બજાર. A public place in Rome, where the cases were tried; a court.

Forward (ફૉર્વર્ડ્), *ad.* આગળ; અગાડી; આગળની બાજુમાં. In front; onward. *a.* આગળનું; તૈયાર; હોંશિલું; ઉતાવળું. Prior; ready; quick; eager. *vt.* મોકલવું; પહોંચાડવું; જલદી વધે તેમ તૈયાર કરવું; પ્રવર્તાવવું. To send; to transmit; to advance onward.

Forwardness (ફૉર્વર્ડ્નેસ્), *n.* હોંશ; આતુરતા; ઉતાવળાપણું; ચાલાકી. Eagerness; ardour; quickness.

Foss, Fosse (ફૉસ્), *n.* પાણીથી ભરપૂર કિલ્લાની આસપાસની ખાઇ. A ditch filled with water.

Fossil (ફૉસિલ્), *a.* ખાણમાંથી નીકળેલું; ખનીજ. Dug out of the earth; taken out of the earth. *n.* ખનીજ પદાર્થ; પત્થર થઈ ગયેલાં હાડકાં. A substance, dug out from the earth; the remains of persons or plants, found in the rocks. **2.** ઘણાજ ચુસ્ત વિચારનું વયોવૃદ્ધ માણસ. An antiquated person.

Foster (ફૉસ્ટર્), *vt. pr. p.* **Fostering.** *imp. & p. p.* **Fostered.** પાળવું; ઉછેરવું; પાળી પોષીને મોટું કરવું. To nourish; to help in the breeding; to promote. **2.** ઉત્તેજન આપવું; ઉત્સાહ વધારવો. To encourage; to animate. **Foster-brother.** *n.* દૂધભાઈ; સાવકો ભાઈ. **Foster-sister,** દૂધ બ્હેન; સાવકી બ્હેન. **Foster-child,** *n.* દૂધ પીવરાવીને મોટું કરવા સારૂ લાવવામાં આવેલ બાળક. **Foster-father,** *n.* પાલક પિતા; પાલક. **Foster-daughter,** *n.* પાલક પુત્રી; બેટી.

Fosterer (ફૉસ્ટરર્), *n.* ઉછેરનાર; મોટું કરનાર; પાળીપોષીને મોટું કરનાર. One, who fosters.

Fother (ફૉધર્), *vt.* કુચા દબાવીને પાણી ચુસાવી લઇને ગળતું પાણી બંધ કરવું. To stop a leak, by pieces of cloth. *n.* સીસાનું વજન. A kind of weight of lead.

Foul (ફાઉલ્), *a.* મેલું; ગંદુ; અસ્વચ્છ; બીભત્સ; તુચ્છ; બદસીકલ; નામોશી ભરેલું. Filthy; dirty; unclean; abusive; disgraceful. **2.** દુષ્ટ; નિંદ્ય; ધિક્કારવા લાયક. Wicked; detestable. *vt. vi.* ગંદુ કરવું; મેલું કરવું; ખરડવું. To make filthy or dirty; to soil with mud. **2.** બગાડવું; ભ્રષ્ટ કરવું. To defile. **3.** મેલું થવું; ભ્રષ્ટ થવું; ગંદુ થવું. To be dirty; to become filthy. **Foul-play,** *n.* દુષ્ટ કર્મ; કુટિલ કામ. **Foul-means,** *n.* અપ્રમાણિક ઉપાયો. **To fall foul,** *n.* કજીયામાં ઉતરી પડવું. **Fair and foul means,** આડા અવળા ઉપાયો; ગમે તે ઉપાયો. **Foul-mouthed,** *a.* ગાળો આપે તેવું.

Foully (ફાઉલ્-લિ), *ad.* ગંદી રીતે; અસ્વચ્છપણે; બીભત્સપણે; તુચ્છપણે. In a foul manner.

Foulness (ફાઉલ્નેસ), *n.* ગંદવાડ; મેલાપણું; અસ્વચ્છતા. Dirtiness; filthiness; the quality of being foul.

Found (ફાઉન્ડ્), *vt. vi. pr. p.* **Founding.** *imp. & p. p.* **Founded.** પાયો નાંખવો; સ્થાપવું; બાંધવું. To lay the foundation; to establish; to build; to erect. **2.** શરૂ કરવું; શરૂઆત કરવી. To begin; to commence. **3.** ધાતુને ગાળીને બિબું પાડવું. To convert metal into a mould or a form by heating it.

Foundation (ફાઉન્ડેશન્), *n.* પાયો; આધાર; સ્થાપના; સ્થાપેલો સમાજ. An act of founding or establishing; a support; a basis; an institution. **2.** સ્થાપેલા સમાજના ખર્ચનો નિભાવ. Fund invested for any charitable institution.

Founder (ફાઉન્ડર્), *n.* સ્થાપનાર; શરૂઆત કરનાર; પાયો નાંખનાર. A man who founds.

Foundress (ફાઉન્ડ્રેસ્), *n.* સ્થાપનાર સ્ત્રી; શરૂઆત કરનાર સ્ત્રી; કોઈપણ કાર્યને માટે યોજનારી સ્ત્રી. A female, who founds.

Foundry (ફાઉન્ડ્રિ), *n.* ધાતુ ઢાળવાનું કારખાનું; ધાતુને ગાળીને બિંબો પાડવાનો હુન્નર. A building for casting metals. Also spelt as, **Foundery**

Fount (ફાઉન્ટ્), *n.* ઝરો; ફુવારો. A spring of water; a fountain. **2.** એક પ્રકારનાં છાપવાનાં બીબાં. A kind of types, used in a printing press.

Fountain (ફાઉન્ટેન્), *n.* ઝરો; ફુવારો. A spring; a water-spout. **2.** મૂળ કારણ; ઉત્પત્તિ હેતુ. A source; the origin. **Fountain-head,** *n.* મૂળ કારણ; આદિહેતુ.

Four (ફોર્), *a.* ચાર., ૪. Three added by one. *n.* ચારની સંખ્યા. A number, reckoning four. **Four-fold,** ચારગણું; ચોવડું. **Four-footed,** ચોપગું. **Four-score,** એંશી; ૮૦; ચાર કોડી. **Fourteen,** ચૌદ; ૧૪. **Fourteenth,** ચૌદમું. **Fourthly,** *ad.* ચોથી રીતે.

Fowl (ફાઉલ્), *n.* પક્ષી. A bird. **2.** મરઘાં, બતકાં, વિગેરે. Cocks, hens, etc.

Fowler (ફાઉલર્), *n.* પક્ષીઓનો શિકાર કરનાર; વાઘરી. One, who pursues wild fowls; a bird-catcher.

Fowling (ફાઉલિન્ગ્), *n.* પક્ષીઓનો શિકાર કરવો તે. An act of pursuing fowls. **Fowling-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

piece, પક્ષીઓના શિકાર કરવા માટે રાખેલી નાની બંદુક *vt. vi.* ખાટું કરવું; ખાટું થઇ જવું; બગડી જવું. To make sour; to turn sour.

Fox (ફૉક્સ), *n. pl.* **Foxes.** લોંકડી; શિયાળ; કહોલું A kind of quadruped, remarkable for its slyness. **2.** (*fig.*) લુચ્ચો માણસ; કપટી માણસ. A very crafty man. **Fox-brush,** *n.* શિયાળની પુંછડી. **Fox-evil,** *n.* એક પ્રકારનું માથાનું દરદ કે જેમાં વાળ ખરી પડે છે. **Fox-hound,** *n.* એક જાતનો શિકારી કુતરો. **Fox-sleep,** *n.* બનાવટી ઉંઘ. **Fox-glove,** એક પ્રકારની વનસ્પતિ.

Fracas (ફ્રેકે), *n.* ઘોંઘાટ; વઢવાડ; બોલાબોલી. A noise; a noisy quarrel.

Fraction (ફ્રૅક્શન્), *n.* અપૂર્ણાંક; ભાગ. A portion; a small part of a unit. **Vulgar fraction,** વ્યવહારીક અપૂર્ણાંક. **Proper-fraction,** *n* સમ અપૂર્ણાંક. **Decimal-fraction,** *n.* દશાંશ અપૂર્ણાંક.

Fractional (ફ્રૅક્શનૅલ), *a.* અપૂર્ણાંકને લગતું; ભાગનું. Pertaining to a fraction.

Fractionary (ફ્રૅક્શનૅરિ), *n.* Same as, **Fraction.**

Fractious (ફ્રૅક્શસ્), *a.* ચીડીયું; કજીયાખોર; લડકણું; લઢવાડિયું. Fretful; peevish; likely to quarrel.

Fractiousness (ફ્રૅક્શસ્નેસ્), *n.* ચીડ; કજીયા કરવાની ટેવ; લઢવાડિયો સ્વભાવ હોવો તે. Fretfulness; peevishness; a habit of quarrelling.

Fracture (ફ્રૅક્ચ્યૂર્), *n.* ફાટ; ચીરો; તડ. A crack; a breakage; a rupture. *vt.* ભાંગવું; ચીરો પાડવો; ફાટ પાડવો. To crack; to break; to make a rupture.

Fragile (ફ્રૅજિલ્), *a.* નાજુક; જલદી ભાંગી જાય તેવું; બરડ; તકલાદી. Brittle; easily broken; frail.

Fragility (ફ્રૅજિલિટિ), *n.* જલદી ભાંગવાનો ગુણ; તકલાદીપણું; નાજુકતા. The state of being fragile.

Fragileness (ફ્રૅજિલનેસ્), *n* Same as, **Fragility.**

Fragment (ફ્રૅગ્મેન્ટ્), *n.* ટૂકડો; અંશ; ભાગ; વિભાગ; જુદો પાડેલો ભાગ. A piece; a portion; a part.

Fragmental (ફ્રૅગ્મેન્ટૅલ્), *a.* ટૂકડાનું; ભાગનું; વિભાગને લગતું. Of or pertaining to a fragment.

Fragmentary (ફ્રૅગ્મેન્ટૅરિ), *a.* કકડાનું બનેલું; કકડાવાળું; જુદા જુદા ભાગોનું બનેલું. Formed of pieces or parts.

Fragrance,-cy (ફ્રૅગ્રૅન્સ્,-ન્સિ), *n.* સુવાસ; સુગંધ; ખુશબો. A fine smell; a perfume.

Fragrant (ફ્રૅગ્રૅન્ટ્), *a.* સુગંધીદાર; ખુશબોદાર; સુવાસિત. Having a fine perfume; of a good smell.

Frail (ફ્રેલ્), *a.* ક્ષણભંગુર; અસ્થિર; નાશવંત; નબળું. Easily broken; momentary; mortal; perishable. **2.** અવળે માર્ગે સહેલાઇથી વળે તેવું. Liable to fall from virtue.

Frailty (ફ્રેલ્ટિ), *n.* ક્ષણભંગુરતા; અસ્થિરતા; નાશવંતપણું; ભંગુરતા. The condition of being frail; perishableness. **2.** ભૂલ; સ્ખલન; પ્રમાદ; દૂષણ. A mistake; an error; a fall from virtue.

Frame (ફ્રેમ્), *n.* રચના; આકૃતિ; આકાર; રૂપ; ઘાટ. A form; a structure; a figure; a shape. **2.** માનસિક વલણ; ઇચ્છા. A mental inclination. **3.** ચોકઠું; ઘર; ઘોડી; પાયો. Any structure made for supporting things. *vt. vi. pr. p.* **Framing.** *imp.* & *p. p.* **Framed.** ચોકઠું બેસાડવું-બનાવવું; જોડવું; રચવું; યોજવું. To construct; to form a structure; to invent; to plan. **Frame-work,** *n.* ચોકઠામાં જડેલું કામ.

Franc (ફ્રૅન્ક), *n.* આશરે દશ પેન્સની કીંમતનો ફ્રાન્સમાં ચાલતો એક જાતનો સિક્કો. A french silver coin worth ten pence.

Franchise (ફ્રૅન્ચાઇઝ્), *n.* પાર્લામેન્ટની સભામાં સભાસદ પસંદ કરીને નીમવાનો અધિકાર; છુટાપણું; હક. A special right of voting in the Parliamentary election. *vt.* કોઇપણ માણસને સભાસદ પસંદ કરવાને હક આપવો; છૂટાપણું આપવું; સ્વતંત્રતા બક્ષવી. To enfranchise.

Frangibility (ફ્રૅન્જિબિલિટિ), *n.* ભાંગી જવાનો ગુણ; બરડપણું; જલદીથી ભાંગવાનો ગુણ. Capability of being broken; brittleness.

Frangible (ફ્રૅન્જિબલ), *a.* ભાંગી જાય તેવું; જલદી ભાંગી જાય તેવું; બરડ. Brittle; apt to break.

Frank (ફ્રૅન્ક), *a.* નિષ્કપટી; સાફ દીલનું; નિખાલસ સ્વભાવનું; સરળ. Candid; open-hearted; unreserved; simple-hearted. *n.* પાર્લામેન્ટના સભ્યની સહીથી ટપાલમાં પત્રો, વિગેરે ટપાલના સ્ટૅમ્પ, વિગેરે ચોડયા સિવાય રવાના કરવા તે. An act of sending letters free of postal stamps. *vt.* ટીકીટ ચોડયા સિવાય પત્રો રવાના કરવા. To send letters by means of a frank.

Frankincense, (ફ્રૅન્કીન્સેન્સ), *n.* લોબાન. A fragrant incense.

Frankness (ફ્રૅન્કનેસ્), *n.* નિખાલસપણું; સરળતા (સ્વભાવમાં); જેવું હોય તેવું બોલી દેવાનો ગુણ. Simplicity of nature; the state of being frank.

Frantic (ફ્રૅન્ટિક), *a.* ગાંડુ; દિવાનું; ઉશ્કેરાએલું. Mad; enraged; excited. **2.** ગરબડિયું; ઘોંઘાટવાળું. Noisy.

Frantically (ફ્રૅન્ટિકૅલ્લિ), *ad.* ગાંડપણથી; ઉશ્કેરાએલી હાલતમાં; ઘોંઘાટમાં. In a frantic way.

Franticness (ફ્રૅન્ટિક્નેસ્), *n.* ગાંડપણ; ઉશ્કેરાયેલી સ્થીતિ. Madness; enraged state.

Fraternal (ફ્રૅટર્નૅલ્), *a.* ભાઇનું; ભાઇ ભાઇઓનું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભ્રાતૃતુલ્ય. Brotherly; acting or working like brothers.

Fraternity (ફ્રેટર્નિટિ), *n.* ભ્રાતૃભાવ; બંધુભાવ; બંધુત્વ. Brotherhood; the state of acting in a brotherly manner. **2.** સમાજ; મંડળ. A society; a union.

Fraternize (ફ્રેટર્નાઇઝ્), *vt. pr. p.* **Fraternizing.** *imp. & p. p.* **Fraternized.** ભાઈચારાથી એકઠા થવું; ભ્રાતૃભાવની લાગણીથી એક બીજાને મળવું; હળીમળીને વર્તવું. To hold a kind connection or intercourse; to treat amicably. Also spelt as, **Fraternise.**

Fratricidal (ફ્રેટ્રિસાઇડલ્), *a.* ભાઈની હત્યાનું; ભાઇના ખૂન સંબંધી; ભાઇ વધનું. Pertaining to the killing or slaughter of a brother or brothers.

Fratricide (ફ્રેટ્રિસાઇડ્), *n.* ભાઈની હત્યા; ભ્રાતૃવધ. A slaughter or killing of one's brother or brothers.

Fraud (ફ્રૉડ્). *n,* કપટ; દગો; કાવતરૂં; છળભેદ; દગો ફટકો. Deceit; an unfair dealing; imposition.

Fraudless (ફ્રૉડ્લેસ્), *a.* નિષ્કપટ; દગા વિનાનું; છળભેદ સિવાયનું. Destitute of deceit; free from fraud.

Fraudulence,-cy (ફ્રૉડ્યૂલેન્સ્,-ન્સિ), *n.* કપટ; છળભેદ; પ્રપંચ; દગો. Deceitfulness; a state of being fraudulent.

Fraudulent (ફ્રૉડ્યૂલેન્ટ્), *a.* દગાબાજ; કપટી; છળભેદ કરનાર; પ્રપંચ કરનાર. Prone to fraud; deceitful; using or inclined to unfair means.

Fraudulently (ફ્રૉડ્યૂલેન્ટ્લિ), *ad.* દગલબાજીથી; છળભેદ પૂર્વક; પ્રપંચથી. Deceitfully; in a fraudulent way.

Fraught (ફ્રૉટ્), *a.* ભરપૂર; ભરેલું; પૂર્ણ. Filled with; full of. *n.* વહાણમાં ભરેલો માલ. A cargo.

Fray (ફ્રે), *n.* ટંટો; કજીઓ; બખેડો. A quarrel; a riot. *vt.* બ્હીવડાવવું; ભય બતાવવો; દહેશત દેખાડવી. To terrify; to show fear.

Freak (ફ્રીક્), *n.* તરંગ; ખ્યાલ; મનસુબો. A whim; a sudden change in the idea formed; a caprice. **2.** તરંગી અથવા આસરંગી પુરૂષ. A whimsical person.

Freakish (ફ્રીકિશ્), *a.* તરંગી; મનસુબા ઉપર મનસુબા ગોઠવનાર; તર્કવિતર્ક કરનાર. Addicted to whims; capricious.

Freakishness (ફ્રીકિશનેસ્), *n.* ઘડીએ ઘડીએ વિચારો ફેરવવાની ટેવ હોવી તે; તર્ક વિતર્ક કરવા તે. An act of being in the habit of raising whims.

Freckle (ફ્રેકલ્), *n.* ચામડીપરનો ડાઘ; તલ; મસો. A small spot on the face; discoloration on the skin.

Free (ફ્રી), *a.* મોકળું; સ્વતંત્ર; સ્વાધીન; ઉદાર; નિષ્કપટી; ખુલ્લા દીલનું. Without any restraint; independent; frank; liberal; open-hearted. *vt.* મોકળું કરવું; છોડી દેવું; છૂટકારો આપવો; દાબમાંથી છૂટું કરવું. To make free; to set at liberty. **Freeman,** *n.* ગુલામગીરીમાંથી મુક્ત થયેલો માણસ, **Free education** *n.* મફત કેળવણી. **Free trade,** *n.* બીનજકાતી વેપાર; સ્વતંત્ર વેપાર.

Free-booter (ફ્રી-બૂટર્), *n.* લુંટારો; બારવટિયો. [A plunderer; a robber.

Free-booty (ફ્રી-બૂટિ), *n.* લૂંટ; લૂંટફાટ. A plundering; a pillage.

Freedom (ફ્રીડમ્), *n.* સ્વતંત્રતા; છૂટ; સુખત્યારી. Independence; liberty; the state of being free.

Freehold (ફ્રીહોલ્ડ્), *n.* વતન; જાગીર; ગીરાસ. [An estate.

Freeholder (ફ્રીહોલ્ડર્), *n.* વંશપરંપરા જાગીર અથવા ગીરાસ ભોગવનાર. One, who possesses the estates.

Freely (ફ્રીલિ), *ad.* સ્વતંત્રપણે; નિરંકુશપણે. In a free or independent way.

Freemason (ફ્રીમેસન્), *n.* ભાઇબંધીનો હવાલો લેવાને અને અરસ્પરસ મદદ કરવાને મળેલી એક ગુપ્ત સભાનો સભાસદ. A member of a secret assembly, which is working on the principle of mutual help and common brotherhood.

Freemasonry (ફ્રીમેસનરિ), *n.* મિત્રાચારીના દાવા ઉપર સ્થપાએલી ગુપ્ત સભાના સિદ્ધાંતો. The principles of a freemason.

Freeze (ફ્રીઝ્), *vt. vi. pr. p.* **Freezing.** *imp.* **Froze.** *p. p.* **Frozen.** ઠરી જવું; ઠરી જઇને ચોસલાં રૂપે બનવું; ઘટ્ટ થવું; સંકોચાઇ જવું. To be congealed by cold; to be hardened; to get contracted. **Freezing point,** *n.* ઠાર બિંદુ; શીતોષ્ણમાપક યંત્રના જે બિંદુ આગળ પ્રવાહી ઠરી જાય છે તે બિંદુ.

Freight (ફ્રેટ્), *n.* વહાણમાં ભરેલો માલ; વહાણનું નુર-ભાડું; આગગાડીમાં ભરેલો માલ અથવા માલનું ભાડું. A cargo of a ship or of a railway; a sum charged for carrying the goods. *vt.* ભાર ભરવો; લાદવું; માલ ચઢાવવો (વહાણમાં, રેલગાડીમાં). To load; to burden with. **2.** માલ ચઢાવવા વહાણ ભાડે કરવું. To hire a ship for transportation.

Freightage (ફ્રેટેજ્), *n.* પરદેશ માલ મોકલવો તે; પરદેશ મોકલેલા માલનું ખર્ચ અથવા નુર; માલ; બોજો. An act of freighting; the charge for sending goods; goods.

Freighter (ફ્રેટર્), *n.* માલ મોકલનાર; પરદેશ માલ રવાના કરનાર. One, who freights.

Frenzy (ફ્રેન્ઝિ), ગાંડાપણું; ઝનુન; આવેશ. Madness; delirium; violent agitation of mind.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Frequence,-cy (ફ્રીક્વેન્સ્,-ન્સિ), *n.* વારંવાર બનવું તે; ઘડીએ ઘડીએ થવું તે. An act of taking place constantly; a continuous occurrence.

Frequent (ફ્રીક્વેન્ટ), *a.* વારંવાર થતું; ઘડીએ ઘડીએ બનતું. Happening constantly; occurring constantly. *vt.* વારંવાર જવું; વારંવાર મુલાકાત આપવી; ઘડીએ ઘડીએ જવું. To go often; to visit more than once.

Frequently (ફ્રીક્વેન્ટ્લિ), *ad.* વારંવાર; ઘડીએ ઘડીએ. Often; continuously

Fresh (ફ્રેશ), *a.* તાજું; લીલું; નવું; નૂતન; શિખાઉ; શરૂઆતનું. Unfaded; green; new; recently brought. *n.* મીઠા પાણીનો ઝરો; પુર. A spring of sweet water; a flood.

Freshen (ફ્રેશન્), *vt. vi. pr. p.* **Freshening.** *imp. & p. p.* **Freshened.** તાજું કરવું-બનાવવું. To make fresh. **2.** સજીવન કરવું; ઉત્સાહિત કરવું; આનંદ વધારવો. To revive; to make cheerful. **3.** તાજું થવું. To become or grow fresh.

Freshness (ફ્રેશનેસ્), *n.* તાજાપણું; નવીનતા; તાજગી; નૂતનતા; સ્વચ્છતા; નિર્મળતા. The state of being fresh.

Fret (ફ્રેટ), *vt. vi. pr. p.* **Fretting.** *imp. & p. p.* **Fretted.** ખીજવવું; છોલવું; ઘસવું; સોરવું. To tease; to irritate; to rub; to wear away by friction. **2.** ઘસાઈ જવું; ખીજાઇ જવું; છોલાવું. To be worn; to become angry; to be vexed. *n.* ખીજ; ક્રોધ; ઉષ્કેરણી; મનનો ઘુંઘવાટ. Anger; irritation; excitement.

Fretful (ફ્રેટ્ફુલ્), *a.* રીસ ચઢે તેવું; ચિડિયું; મિજાજી. Peevish; ill-humoured.

Fretfully (ફ્રેટ્ફુલિ), *ad.* રીસ ચઢે તેવી રીતે; મિજાજપૂર્વક; મિજાજથી. In a fretful way.

Fretfulness (ફ્રેટ્ફુલનેસ્), *a.* રીસ ચઢે તેવી સ્થીતિ; રીસાળ બનવાની આદત. A state of being fretful.

Fretter (ફ્રેટર્), *n.* રિસાળ માણસ; મિજાજી અથવા ઉંડ સ્વભાવનો પુરૂષ. One, who frets.

Friable (ફ્રાઇએબલ્), *a.* સહેલાઇથી ભાંગી શકાય તેવું; ચૂરો થઈ શકે તેવું. Capable of being reduced to powder easily.

Friar (ફ્રાઈઅર્), *n.* મઠવાસી; બાવો; ભિક્ષાવૃત્તિ કરનાર; ફકીર; સંન્યાસી. A monk; a member of any religious order.

Friarly (ફ્રાયર્લિ), *a.* સાધુને છાજે તેવું; સંન્યાસીનું; મઠવાસીને લગતું. Pertaining to a monk.

Friary (ફ્રાયરિ), *n.* મઠ; સંન્યાસી અથવા સાધુઓનું આશ્રયસ્થાન. A convent; a monastery.

Friction (ફ્રિક્શન્), *n.* ઘસવું તે; ઘર્ષણ; ઘસારો. An act of rubbing; attrition.

Friday (ફ્રાઇડે), *n.* શુક્રવાર; જુમેદીન. The day following Thursday. **Good-Friday,** ઈસ્ટરના તહેવારનો આગલો દિવસ (તે દિવસે ક્રાઈસ્ટને શૂળીએ ચઢાવવામાં આવેલ હતા.)

Friend (ફ્રેન્ડ્), *n.* મિત્ર; ભાઇબંધ; દોસ્ત; સાથી. A well-wisher; an intimate companion; one, who looks with an eye of favour. *vt.* મિત્ર અથવા ભાઇબંધ તરીકે વર્તવું. To treat as a friend. **2.** મદદ કરવી; ટેકો દેવો. To support.

Friendly (ફ્રેન્ડ્લિ), *a.* મિત્રાચારીવાળું; માયાળુ; મળતાવડું. દોસ્તીવાળું. Amicable; kind; social; favourable.

Friendship (ફ્રેન્ડ્શિપ્), *n.* મિત્રતા; ભાઇબંધી; દોસ્તી. Close familiarity; intimacy; a kind regard; mutual feelings.

Friendliness (ફ્રેન્ડ્લિનેસ્), *n.* દોસ્તદારી; સ્નેહભાવ; મિત્રાચારીનો સંબંધ ધરાવવો તે. The quality of being friendly.

Frigate (ફ્રિગેટ), *n.* યુદ્ધ નૌકા; નાની મનવાર; વહાણ. A war-ship; a vessel, used in time of war.

Fright (ફ્રાઇટ્), *n.* બ્હીક; દહેશત; ભય; ત્રાસ; ભય ઉત્પન્ન કરાવે તેવી વસ્તુ. Fear; terror; alarm; an object causing fear. *vt.* ભયભીત કરવું; બીક બતાવવી; ડરાવવું. To terrify.

Fright, Frighten (ફ્રાઇટ્, ફ્રાઇટન્), *vt.* બીવરાવવું; ભડકાવવું; ગભરાવવું. To terrify; to affright.

Frightful (ફ્રાઇટ્ફુલ્). *a.* ભયંકર; બિહામણું; ભયાનક; ઘોર; દારૂણ. Full of terror; dreadful; terrible.

Frightfully (ફ્રાઈટ્ફુલ્લિ), *ad.* ભયંકર રીતે; બીહામણી રીતે; ભયાનકપણે; દારૂણ રીતે. Dreadfully; terribly; awfully.

Frigid (ફ્રિજિડ્), *a.* ઠંડું; શિતળ; ટાઢું. Cold; wanting warmth. **2.** (*fig*) પ્રેમ વિનાનું; શુષ્ક; હેત વિનાનું. Unfeeling; dull; formal. **Frigid-zone,** *n.* શીત કટિબંધ.

Frigidity (ફ્રિજિડિટિ), *n.* ઠંડક; શીતળતા; ટાઢ; હિમ. Coldness, a state of being frigid.

Fringe (ફ્રિન્જ્), *n.* ઝાલર; સંજાપ; કીનારિ; મગજી; કોર; ઝુલ. A bording line; an edge; a bordor. *vt.* ઝુલ મુકવી; કોર મુકવી; ઝુલથી શણગારવું. To decorate with a border.

Fripper (ફ્રિપર્), *n.* જુનાં કપડાં વેચનાર. A dealer in second-hand or old clothes.

Frippery (ફ્રિપરિ), *n.* ફાતરી ગએલાં જુનાં કપડાં અથવા તે વેચવાનો ધંધો. Old tattered clothes; an act of dealing in old clothes. **2.** નકામી વસ્તુ; કામ વીનાની બાબત. Useless matter; waste matter. *a.* નજીવું; નકામું; કામ સિવાયનું. Trifling.

Frisk (ફ્રિસ્ક્), *vi.* નાચવું; કુદવું; આનંદથી રમવું; કુદાકુદ કરવી. To dance or leap with joy; to move joyfully. *n.* કુદકો; રમતગમત; લહેરથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફરવું તે. A gay jump; a playful manner of walking.

Frisker (ફ્રિસ્કર્), *n.* આનંદથી ફરનાર; કુદાકુદ કરનાર. One who leaps and moves joyfully.

Friskiness (ફ્રિસ્કિનેસ્), *n.* આનંદ; ચપળતા; ચંચળતા; લહેર. Gaity; cheerfulness.

Friskly (ફ્રિસ્કલિ), *ad.* આનંદથી; ચંચળતાથી; ચપળતાથી. Gaily; cheerfully.

Frisky (ફ્રિસ્કી), *a.* આનંદી; ચપળ; ચંચળ. Gay; cheerful; mirthful.

Frith (ફ્રિથ્), *n.* ખાડી; અખાત. A narrow arm of the sea. **2.** બાંધી લીધેલી જગ્યા; માછલા માટે કરેલી આડ. An inclosed space or area.

Fritter (ફ્રિટર્), *a.* પુરી; ટુકડો; કકડો. A small pancake; piece; a small piece. *vt.* ભાંગીને કકડા કરવા; ટુકડા કરવા. To cut into pieces.

Frivolity (ફ્રિવૉલિટિ), *n.* હલકાપણું; હલકાઇ; નકામાપણુ. Worthlessness; insignificance.

Frivolous (ફ્રિવૉલસ્), *a.* નકામું; નજીવું; માલ સિવાયનું; કિંમત વગરનું. Trivial; trifling; worthless; insignificant.

Frivolously (ફ્રિવૉલસલિ), *ad.* નજીવાપણે; નકામી રીતે. In a frivolous way.

Frivolousness (ફ્રિવૉલસનેસ્), *n.* નજીવાપણું હોવું તે; કિંમત વગરનું હોવું તે. A state of being frivolous.

Fro (ફ્રો), *ad.* આણીગમ પેલીગમ; ત્યાંથી અહિં. From that side to this side.

Frock (ફ્રૉક્), *n.* ઉપલું વસ્ત્ર; ઝભલું; ઉપરનું અંગવસ્ત્ર. An upper garment, generally put on by females and children.

Frog (ફ્રૉગ્), *n.* દેડકો; મંડુક. A kind of amphibious animal. **2.** ઘોડાની સુમ ઉપર થતું આંટણ. A horn growing on the foot of a horse.

Froggy (ફ્રૉગિ), *a.* દેડકાંથી ભરપૂર; દેડકાંવાળું. Full of frogs.

Frolic (ફ્રૉલિક્), *a.* આનંદી; ખુશી. Mirthful; cheerful. *n.* રમત; ખેલ; ક્રીડા; વિહાર. A merry-making play; amusement. *vi.* મોજ મારવી; નાચવું; કુદવું. To walk merrily; to amuse.

Frolicsome (ફ્રૉલિક્સમ્), *a.* ખુશમિજાજી; નાચતું; કુદતું; રમુજી; આનંદી; લહેરી. Sportive; full of mirth.

From (ફ્રૉમ્), *prep.* પાસેથી; કનેથી; માંથી;-થી. Out of; leaving by.

Front (ફ્રન્ટ્), *n.* ચહેરો; આગલો ભાગ; મોખરાનો ભાગ. The face; the projecting part; the foremost rank or position. *vt.* સામા થવું; સામા પડવું. To oppose; to contradict.

Frontage (ફ્રન્ટેજ્), *n.* ઇમારતનો આગળનો ભાગ. The front part of any building.

Frontier (ફ્રન્ટ્-ઈર્), *n.* સરહદ; હદ; સીમા. A boundary; a country, facing another country; the border. *a.* સરહદપર આવેલું; હદનું. Situated on the border.

Frontispiece (ફ્રન્ટિસપીસ્), *n.* ગ્રંથના આરંભમાં મુકેલું ચિત્ર. A picture, placed at the first page of a book.

Frost (ફ્રૉસ્ટ્), *n.* થંધાઇ ગયેલું હિમ; ઝાકળ; સખ્ત ટાઢ. Frozen dew; freezing climate. **2.** (*Fig.*) સખ્તાઇ; ક્રૂરતા. Harshness; severity of manners.

Froth (ફ્રૉથ્), *n.* ફીણ; ડોળ; ઢોંગ. Foam; a pretence.

Frothily (ફ્રૉથિલિ), *ad.* ફીણ આવે તેવી રીતે; [ઢોંગમાં. In a frothy way.

Frothy (ફ્રૉથિ), *a.* ફીણદાર; ફીણવાળું; ઢોંગીલું; ડોળ કરતું. Full of froth; foamy; pretending.

Frown (ફ્રાઉન્), *vi. pr. p.* **Frowning.** *imp.* & *p. p.* **Frowned.** ભવાં ચઢાવવા; ડોળા કાઢવા; ક્રોધ કરીને ઠપકો આપવો. To scowl; to put on a grim look; to rebuke. *n.* નાખુશી; નારાજીથી ભવાં ચઢાવવાં તે. Displeasure; an act of putting on grim look.

Fructify (ફ્રક્ટિફાઇ), *vt. vi. pr. p.* **Fructifying.** *imp.* & *p. p.* **Fructified.** રસાળ કરવું; ફળરૂપ બનાવવું; રસકસવાળું બનાવવું. To make productive; to fertilize. **2.** ફળરૂપ થવું; રસાળ બનવું. To be fruitful.

Frugal (ફ્રુગલ્), *a.* કરકસરિયું; કરકસર કરનારું; કોસીરિયું; મિતવ્યયી. Sparing; economic; thrifty; saving.

Frugality (ફ્રૂગૅલિટિ), *n.* કરકસર; મિતવ્યય; કરકસરથી કોઇપણ દ્રવ્ય વાપરવું તે. Economy; thrift; a sparing use of anything.

Fruit (ફ્રૂટ્), *n.* ફળ; મેવો. The product of a tree or a plant. **2.** પરિણામ; અસર; અર્થ; લાભ; નફો. An effect; a consequence; a gain; a profit. **3.** (*Fig.*) સંતાન; પ્રજા; સંતતિ. The progeny. *vi.* ફળ આવવાં; પરિણામ લાવવું. To produce a fruit or fruits. **Fruit-bearing,** ફળ નિપજાવનારાં; ફળ આપનારાં.

Fruiterer (ફ્રૂટરર્), *n.* ફળ, મેવો, વિગેરે વેચનાર. One, dealing in fruits.

Fruitful (ફ્રૂટફુલ્), *a.* ફળવાળું; ફળ આપે તેવું; સફળ; લાભદાયક. Yielding fruits; full of fruits.

Fruitless (ફ્રૂટલેસ્), *a.* ફળ વિનાનું; અફળ; લાભ વિનાનું. Without any fruit or result.

Fruition (ફ્રૂઈશન્), *n.* ઉપભોગ; ઓરિયો; લાવો; અનુભવ. Edjoyment; the pleasure derived from use.

Frustrate (ફ્રસ્ટ્રેટ્), *vt. pr. p.* **Frustrating.** *imp.* & *p. p.* **Frustrated.** નિષ્ફળ કરવું, વ્યર્થ કરવું; ભાંગી પાડવું; ફસાવવું; નાઉમેદ કરવું. To baffle; to disappoint; to make of no result or effect.

Frustration (ફ્રસ્ટ્રેશન્), *n.* નિષ્ફળતા; ભાંગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડવું તે; વ્યર્થતા. A disappointment; an act of making of no effect.

Fry (ફ્રાઇ), *vt. vi. pr. p.* **Frying.** *imp. & p. p.* **Fried.** તળવું; તેલ પાવું. To prepare for food in a pan with oil. **2.** તળાવું. To be prepared for food in a pan. *n.* તળેલી વસ્તુ; તળેલી વસ્તુનો સમૂહ. Articles of food, fried.

Fudge (ફજ્), *n.* ઉપજાવી કાઢેલી બીના–હકીકત; અસત્ય નિવેદન; અર્થ વગરની બીના. A fabricated story; a nonsense. *vt.* વાત બનાવી કાઢવી; અસત્ય નિવેદન કરવું; પાયા વગરની વાત કહેવી. To fabricate a story; to invent a false story.

Fuel (ફ્યૂએલ્), *n.* બળતણ; કાઠી; ઇંધણ; સરપણ. Wood, used for fire. **2.** ગુસ્સો અથવા હૃદયનો તાપ વધારનાર કોઈપણ બીના–બાબત. Anything causing excitement. *vt.* બળતણ પુરૂં પાડવું. To supply with fuel.

Fugh (ફ્ગ્), *int.* છટ્ ! છટ્ છટ્ ! A word denoting contempt.

Fugitive (ફ્યૂજિટિવ્), *n.* નાશી જનાર; ગુન્હામાંથી બચવા સારૂ છટકી જનાર; આશ્રયને માટે પલાયન કરનાર. One, who flees away; a run-away. *a.* પવનથી ઉડી જાય તેવું; ક્ષણિક; અસ્થિર; નાશ પામે તેવું. Disappearing in wind; momentary; unsteady; destructive.

Fulcrate (ફલ્ક્રેટ્), *a.* ટેકાથી રહેલું; ટેકાના આશરે રહેલું. Having a fulcrum.

Fulcrum (ફલ્ક્રમ્), *n. pl.* **Fulcra, Fulcrums.** ઉચ્ચાલનની નીચે મૂકેલો ટેકો અથવા આધાર. A prop; a support, by which a lever turns.

Fulfil, Fulfill (ફુલ્ફિલ્), *vt. pr. p.* **Fulfilling.** *imp. & p. p.* **Fulfilled.** પુરૂં કરવું; પાળવું; સાચું કરવું; સાધવું; પરિપૂર્ણ કરવું. To carry into effect; to perform; to complete.

Fulfiller (ફુલ્ફિલર્), *n.* પુરૂં કરનાર; પાળનાર; પરિપૂર્ણ કરનાર. One who fulfils.

Fulfilment (ફુલ્ફિલ્મેન્ટ્), *n.* પૂર્ણ કરવું તે. An act of fulfilling; accomplishment.

Fulgency (ફલ્જેન્સિ), *n.* તેજ; ચકચકિતપણું; ચળકાટ. Brightness; splendour.

Fulgent (ફલ્જેન્ટ્), *a.* ભભૂક મારતું; તેજસ્વી; ચકચકિત. Shining; bright.

Fulgidity (ફલ્જિડિટિ), *n.* Same as, **Fulgency.**

Full (ફુલ્), *a.* ભરેલું; પૂર્ણ; છલોછલ; ભરપૂર; ઉભરાઇ જતું. Not empty; copious; ample; entire; complete. *ad.* સંપૂર્ણ રીતે; છલોછલ રીતે. In a full way; completely; amply. **Full-dress,** સોળે શણગાર. **Full-moon,** *n.* પૂર્ણિમા; પુનમનો ચંદ્ર. **Full-brother** or **sister,** *n.* સગાં ભાઈ, બ્હેન. **Full-blooded,** *a.* પુરેપુરૂં ખીલેલું. **Full-fed,** *a.* ખાઇ પીને ધરાઈ ગએલું. **Full-grown,** *a.* વિકસેલું; ખીલેલું. **Full-length,** *a.* આખું; બધું; નખથી શીખા સુધી.

Full (ફુલ્), *vt. vi.* જાડું કરવું; ઘટ્ટ બનાવવું. To thicken; to make condensed. **2.** ચળકવું; પ્રકાશવું. To shine; to be illuminated.

Fuller (ફુલર્), *n.* કુંદી કરનાર; બંધારો; ધોબી. One, who bleaches; one, whose work is to full clothes.

Fulminate (ફલ્મિનેટ્), *vt. vi. pr. p.* **Fulminating.** *imp. & p. p.* **Fulminated.** સત્તાથી ઠપકાની વાત જાહેર કરવી–બહાર પાડવી–ફોડવું; એકદમ ઉઘાડું કરી દેવું. To issue the matter or to utter with censure. **2.** મોટો અવાજ કરવો; ભડાકો કરવો. To explode with a loud report; to explode.

Fulsome (ફલ્સૌમ્), *a.* અતિશય ખુશામતથી કંટાળો આવે એવું. Disgusted, from excessive praise or flattery.

Fulsomeness (ફલ્સમ્નેસ્), *n.* ખુશામતથી થયેલો અણગમો–ધિક્કાર. Disgust due to excess of praise or flattery.

Fumble (ફમ્બલ્), *vi. pr. p.* **Fumbling.** *imp. & p. p.* **Fumbled.** ફાંફા મારવા; નકામું કર્યા કરવું; માથાફૂટ કરવી. To grope about; to search for something in an awkward way.

Fumbler (ફમ્બલર્), *n.* ફાંફા મારનાર; નકામું કર્યા કરનાર; માથાફૂટ કરનાર. One, who fumbles.

Fume (ફ્યૂમ્), *n.* ધુમાડો; વરાળ; બાફ. Smoke; vapour. **2.** ગુસ્સો; ક્રોધ. Anger; excitement. *vi.* ધુમાડો નીકળવો; ગુસ્સે થવું; ઉશ્કેરાઇ જવું. To be full of smoke; to get excited.

Fumigate (ફ્યૂમિગેટ્), *vt.* ધુણી દેવી; ધુમાડો લગાડવો; ધૂણીને માટે હવામાં ખુલ્લું મુકવું. To expose to air for smoke; to expose to fumes.

Fun (ફન્), *n.* તમાસો; ખેલ; મશ્કરી; રમતગમત; વિનોદ; મજા. Sport; mirthful amusement.

Funny (ફનિ), *a.* ગમ્મતવાળું; મશ્કરીવાળું; વિનોદી; રમતગમત કરનારૂં. Amusing; sportive; mirthful.

Function (ફન્ક્શન્), *n.* કામ; કાર્ય; કાર્યની શાખા; ફરજ; ધર્મ; વ્યાપાર; વૃત્તિ; ચેષ્ટા. A performance; an action; a part of a duty; movements; an activity, reserved for a particular business.

Functional (ફન્ક્શનલ્), *a.* કામકાજને લગતું; ફરજનું; વ્યાપારવાળું. Pertaining to a function; suited to any work or service.

Functionary (ફન્ક્શનરિ), *n.* અધિકારી; અમલદાર. An officer; an officer, invested with particular powers.

Fund (ફન્ડ્), *n.* પુંજી; ભંડોળ; થાપણ. A total investment; a store or supply of money or resources; a capital; a contribution of money. *vt.* વ્યાજ મળે તેટલા સારૂ નાણાં ભરવાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To provide with a fund or funds for interest. *vt.* નિયમિત વ્યાજ મળે તેવા ભંડોળમાં રકમ ભરવી; જમા કરાવવું. To deposit a fixed sum with a view to getting regular interest.

Fundament (ફન્ડેમેન્ટ), *n.* તળિયું; નીચેનો ભાગ; કુલા; ધગડા. A base; a base, on which a thing rests; the anus.

Fundamental (ફન્ડેમેન્ટલ), *a.* અગત્યનું; મૂળનું; જરૂરિયાતનું; જરૂરી; આધારભૂત; પ્રધાનભૂત. Important; essential; elementary. *n.* મુખ્ય બાબત; સિદ્ધાંત; મૂળતત્વ. A chief or leading principle.

Fundamentally (ફન્ડેમેન્ટલલિ) *ad.* આધારભૂત પણે; જરૂરયાત ભરેલી રીતે; આવશ્યકપણે. In a fundamental state; originally; essentially.

Funeral (ફ્યૂનરૅલ), *a.* મૃતદેહ સંબંધી; ઉત્તર ક્રિયાનું; મૃત દેહને લગતું. Of a burial; pertaining to the dead. *n.* મૃત દેહની દફન ક્રિયા. The burial ceremony of a dead body.

Fungus (ફન્ગસ્), *n.* કુતરાની ટોપી. A kind of plant. **2.** વાદળી જેવી વેરસોળી. A diseased state, pending on the growth of vegetable parasites.

Funk (ફન્ક), *n.* બ્હીક; બાયલાપણું; નામર્દપણું. Fear; dread; cowardice.

Funnel (ફનેલ), *n.* ધુમાડિયું; ગરણી. A chimney; a utensil for conveying liquids.

Fur (ફર્), *n.* રૂઆં; રૂઆંવાળુ. Soft hair growing on the skin of various animals; the skin covered with soft hair. **2.** જીભ ઉપરનો મેલ. A refuse of the tongue. *vt.* રૂઆંથી ઢાંકવું; રૂઆંવાળું બનાવવું. To cover with fur.

Furry (ફરિ), *a.* રૂઆંથી ભરપૂર; રૂઆંવાળું; ઉલવાળું. Full of fur; resembling fur.

Furbish (ફર્બિશ), *vt.* ચળકતું કરવું; પૉલીસથી ઓપવું-ઉજળું કરવું; સફાઇદાર બનાવવું. To rub with polish; to make bright; to brighten. **2.** (*fig.*) ડાઘ, અથવા એબમાંથી ઉજળું કરવું. To free from a stain.

Furious (ફ્યૂરિઅસ્), *a.* પ્રચંડ; જબરૂં; ક્રોધાયમાન; ઉશ્કેરાએલું. Violent; boisterous; mad; raging.

Furiously (ફ્યૂરિઅસલિ), *ad* પ્રચંડ; ક્રોધયુક્ત; ઉશ્કેરાએલી હાલતમાં. In a furious way.

Furiousness (ફ્યૂરિઅસનેસ્), *n.* પ્રચંડતા; ક્રોધયુક્ત સ્થિતિ; ઉશ્કેરાએલી અવસ્થા. A state of being furious. [Madness; anger; fury.

Furor (ફ્યૂરર્), *n.* ગાંડપણ; ક્રોધ; દિવાનાપણું.

Furl (ફર્લ્), *vt.* વિંટાળવું; લપેટવું; વિંટાળી દેવું. To wrap; to roll.

Furlong (ફર્લૉન્ગ્), *n.* એક માઇલનો ૮ મો ભાગ. One eighth distance of a mile.

Furlough (ફર્લો), *n.* કોઇપણ સૈનિકને કેટલીએક મુદત સુધી આપવામાં આવેલી રજા. Leave granted to a soldier for some time. *vt.* ગેરહાજર રહેવાની રજા આપવી. To grant a furlough.

Furnace (ફર્નેસ્). *n.* ભઠ્ઠી; ચુલો. An inclosed space, with a strong fire, capable of melting ores or metals.

Furnish (ફર્નિશ્), *vt.* પુરૂં પાડવું; આપવું; વસ્તુ આપવી; સંપન્ન કરવું; માહિતગાર બનાવવું; જ્ઞાન આપવું. To supply; to make familiar; to afford; to provide with anything useful.

Furnisher (ફર્નિશર્), *n.* પુરૂં પાડનાર; મેળવી આપનાર; જરૂરિઆત ચીજો લાવી આપનાર. One who furnishes.

Furniture (ફર્નિચ્યૂર્), *n.* સામાન; ઘર શણગારવાનું સાધન (ખુરશી, મેજ, કબાટ, ઇત્યાદિ); દિવાનખાનાને લગતો સામાન. The household equipments consisting of chairs, tables, utensils, etc.

Furrow (ફરો), *n. pl.* **Furrows.** ચાસ; ખોભણ; ખાંચ. A trench in the earth, made by a plough; a trench. **2.** મ્હોં ઉપરની કરચલી. A wrinkle on the face. *vt.* ચાસ પાડવા ખેતરમાં હળ ફેરવવું; ચાસ પાડવા; ખેડવું. To plough a field in order to make furrows; to plough.

Furry (ફરિ), *a.* રૂઆંથી ભરપુર; રૂઆંવાળું; ઉલવાળું. Full of fur; resembling fur.

Further (ફર્ધર્), *a.* પેલી બાજુનું; ઓલું; વધારે; દૂરનું. More remote; at a greater distance. *ad.* વધારે આઘે; વધારે દૂર; વિશેષમાં. At a great distance; moreover. *vt.* વૃદ્ધિ કરવું; વધારો થાય તેમ યોજના કરવી; મદદ કરવી. To increase; to promote for the increase; to help.

Fury (ફ્યૂરિ), *n.* ઝપાટો; સપાટો; ઝોંઝ; આવેશ; ગુસ્સો; તોર; ઝનુન. Violence; excitement; irritation; a passionate feeling.

Fuse (ફ્યૂઝ્), *vt. vi.* ગાળવું; ઓગાળવું. To melt by heat. **2.** ગળવું; ઓગળવું. To melt by heat; to become blended.

Fusee (ફ્યૂઝી), *n.* ઘડીઆળની સાંકળી વિંટાળવાનો એક ભાગ; ચકમકવાળી બંદૂક. The cone, in a watch, round which the chain, etc. is wound; a kind of gun.

Fusible (ફ્યૂઝિબલ્), *a.* ઓગળી જાય તેવું; ઓગળી શકે તેવું. Capable of being melted.

Fusion (ફ્યૂઝ્હન્), *n.* ગાળ્યાથી થએલો પદાર્થ ગળાઇ જવું તે. A state of being melted by heat. [Capable of being melted.

Fusil (ફ્યૂરિલ્), *a.* ગળવા લાયક; ગળી જાય તેવું.

Fuss (ફસ્), *n.* ધાંધલ; ગડબડ; ખાલી ધામધુમ. A tumult; a bustle. *vi.* ધાંધલ કરવી; ધુમાધુમ કરી મૂકવું. To make a much bustle.

Fust (ફસ્ટ્), *n.* ઉબાઇ ગએલી વસ્તુની ગંધ. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

strong musty smell. *vi.* ખરાબ વાસ આવવી; ઉબાઈ ગએલી વસ્તુની વાસ આવવી. To become musty.

Fusty (ફસ્ટિ), *a.* ખરાબ વાસવાળું; ઉબાઇ ગએલી વસ્તુની ગંધનું. Ill-smelling; musty.

Fustian (ફસ્ટિઍન્), *n.* જાડું સુતરાઉ કપડું. A kind of rough cotton cloth.

Futigate (ફ્યૂટિગેટ), *vt.* ધોકાથી મારવું; ધબેડવું. To beat with a cudgel.

Futile (ફ્યૂટાઇલ), *a.* નિરૂપયોગી; વ્યર્થ; નકામું; સાર વગરનું. Useless; of no use; trivial.

Futilitarian (ફ્યૂટિલિટૅરિઍન્), *a.* નકામી બાબતમાં રચ્યું પચ્યું રહે તેવું; કામ વિનાની બાબતમાં ધ્યાન આપે તેવું. Devoted to the worthless matter; minding unimportant matter.

Futility (ફ્યૂટિલિટિ), *n.* નકામાપણું; વ્યર્થતા; પોકળપણું; નિરર્થકપણું. Uselessness; a state of being futile.

Future (ફ્યૂટ્યૂર), *a.* હવે પછીનું; ભવિષ્યનું. Following hereafter; of the coming time. *n.* ભવિષ્યનો સમય; ભવિષ્ય. Time, which is to follow.

Futurist (ફ્યૂટ્યૂરિસ્ટ), *n.* ભવિષ્યવાદી; પ્રારબ્ધવાદી. One, who blindly believes in future events.

Futurity (ફ્યૂટ્યૂરિટિ), *n.* ભવિષ્યકાળ; આવતો સમય; આવવાનો સમય-કાળ. The time which is to come; the time or the events, which are to take place in future.

Fuzz (ફઝ), *vi.* ઝીણી ઝીણી કરચોમાં ઉડી જવું. To disappear in small particles.

Fy, Fye (ફાય), *int.* છટ્ ! છટ્ છટ્ ! થુ, થુ. A word of contempt or dislike.

G.

G (જી), અંગ્રેજી મૂળાક્ષરનો સાતમો અક્ષર. The seventh letter of the English alphabet.

Gab (ગૅબ), *n.* બકવાટ; લવારો; બડબડાટ. An idle talk; a prattling. **2.** મ્હોં; મુખારવિંદ. The mouth; the face.

Gabardine (ગૅબાર્ડિન), *n.* હલકી કિંમતનો ઢીલો ઝબ્બો અથવા પોશાક. A coarse and rough kind of upper garment.

Gabble (ગૅબ્લ), *vt. pr. p.* **Gabbling.** *imp & p. p.* **Gabbled.** બડબડવું; બકબકાટ કરવો; લવરી કરવી; સમજ્યા સિવાય ગમે તેમ બોલવું. To prate; to talk in a noisy way. *n.* લવારો; બકવાટ; બડબડાટ. A prattle; a noisy talk; a rapid talk.

Gabbler (ગૅબ્લર), *n.* બકબકાટ કરનાર; અવાજ કરનાર. One, who gabbles.

Gable (ગેબલ), *n.* છાપરાનો ત્રિકોણાકારનો ભાગ. A triangular portion of a roof.

Gablet (ગૅબ્લેટ), *n.* ત્રિકોણાકારવાળું નાનું છાપરૂં. A small roof, in a triangular shape.

Gaby (ગૅબિ), *n. pl.* **Gabies.** મૂર્ખ; ઠોઠ; અક્કલ વગરનો. A dunce; a stupid fellow.

Gad (ગૅડ), *n.* પરોણો; આર; જનવરને હાંકવા માટેની લાકડી; ગજવેલની ફાચર. A goad; a spike; a rod with an iron point; a wedge. *vi.* ભટકવું; ભમવું; આથડવું. To wander; to ramble; to move idly.

Gad-fly (ગૅડ્-ફ્લાઇ), *n.* **Gad-flies.** બગાઈ; ડાંસ. An insect, stinging and living upon the flesh of cattle.

Gaff (ગૅફ), *n.* માછલીઓ મારવાનો એક જાતનો નાનો ભાલો. A light spear used in fishing. *vt.* માછલીને ભાલાવતી મારવું. To strike with a spear.

Gaffer (ગૅફર), *n.* ઘરડો પુરૂષ; વયોવૃદ્ધ ગ્રામ્યવાસી. An old person; an aged villager.

Gag (ગૅગ), *n.* મ્હોંએ મારેલો હુચો (બોલી શકે નહિ તેટલા માટે). Something thrust into the mouth. *vt. pr. p.* **Gagging.** *imp. & p. p.* **Gagged.** મ્હોંએ હુચો મારવો; બોલતાં અટકાવી દેવું. To shut the mouth by thrusting rags, etc. unabling him to speak any more.

Gage (ગેજ), *n.* સાનમાં મૂકેલી કોઇપણ ચીજ-જણસ; હોડ; જમીનગીરીમાં મૂકેલી કોઈપણ વસ્તુ. A pledge; a pawn. **2.** હોડ; બીડું; પ્રતિજ્ઞા. A stake; a pawn; a challenge. *vt.* સાનમાં મૂકવું; હોડમાં મુકવું; જમીનગીરી તરીકે રાખવું. To give as a pledge; to lay as a security.

Gaggle (ગૅગ્લ), *vi. pr. p.* **Gaggling.** *imp. & p. p.* **Gaggled.** હંસની માફક બોલવું; હંસના જેવો અવાજ કાઢવો. To imitate a goose in noise.

Gaiety (ગેઇટિ), *n.* ખુશાલી; હર્ષ; આનંદ; અત્યાનંદ; ભભકો; શોભા. Mirth; merriment; joy; an outward show.

Gaily (ગેલિ), *ad.* આનંદથી; ખુશાલી સાથે; હર્ષભેર; ઉલ્લાસીત મને. Cheerfully; in a pleasant way; merrily.

Gain (ગેન), *n.* લાભ; નફો; ફાયદો; પેદાશ; કમાણી; આમદાની; ઉપજ. An advantage; a profit; an income; a benefit. *vt. vi.* નફો મેળવવો; કમાવું; ફાયદો કરવો; લાભ કરવો; આમદાની કરવી; પ્રાપ્ત કરવું. To get as profit; to attain. **2.** નફો થવો; ફાયદો થવો; પ્રાપ્ત થવું. To acquire as a profit; to be the result.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gainable (ગેનેબલ્), *a.* લાભ અથવા ફાયદો થાય તેવું. Capable of being gainer.

Gainer (ગેનર્), *n.* ફાયદો મેળવનાર; નફો પ્રાપ્ત કરનાર; લાભ ઉઠાવનાર. One, who gains.

Gainful (ગેન્ફુલ્), *a.* લાભકારક; ફાયદાકારક; સફળ. Profitable.

Gainfully (ગેન્ફુલ્લિ), *ad.* લાભકારક રીતે; ફાયદો થાય તેવી રીતે. In a gainful way.

Gainless (ગેનલેસ્), *a.* નફા વિનાનું; ફાયદા વિનાનું. Without any profit or gain.

Gains (ગેન્સ્), *n. pl.* કમાણી; પ્રાપ્તિ; ઉપજ; ઉપાર્જન. Acquisition made by labour.

Gainsay (ગેનસે), *vt. pr. p.* **Gainsaying.** *imp. & p. p.* **Gainsaid,** વિરૂદ્ધ બોલવું; ખોટું પાડવું; ખંડન કરવું; રદ કરવું. To contradict; to dispute; to reason against.

Gainsayer (ગેનસેયર્), *n.* વિરૂદ્ધ બોલનાર; ખંડન કરનાર; રદ કરનાર. One, who gainsays.

Gairish (ગેરિશ્), *a.* ભભકાદાર; શોભિતું; શોનકદાર. Showy; gay. [A manner of walking.

Gait (ગેટ્), *n.* ચાલવાની ઢબ–રીત; લઢણ; ચાલ.

Gaiter (ગેટર્), *n.* ઘુંટી સુધીનું બંધન; ઘુંટી સુધી કપડાનું બંધન. A band of cloth for the leg. *vt.* ઘુંટી સુધી બંધ બાંધવા. To dress with gaiters.

Gala (ગૅલ), *n.* તહેવારનો પ્રસંગ; ઉત્સવ; ઉજાણીનો પ્રસંગ. An occasion of public festivity. **Gala-dress,** *n.* ઉજાણીમાં અથવા ઉત્સવમાં પહેરવાનાં કપડાં.

Galady (ગૅલડિ), *n.* ખુશાલીનો દિવસ; ઉજાણી; સપરમો દિવસ; તહેવાર. A day of festivity; a holiday.

Galaxy (ગૅલૅક્સિ), *n.* આકાશગંગા; મંદાકિની; સ્વર્ગ ગંગા. The milky and shining way in the sky. **2.** મહાન્ પુરૂષોનો જથ્થો; આકર્ષક વસ્તુઓનો ઢગલો. An assemblage of great persons; a collection of attractive things.

Gale (ગેલ્), *n.* પવનનો ઝપાટો; પવનનું તોફાન; નાનું વાવાઝોડું. A strong current of wind; a boisterous wind; a slight hurricane. **2.** જુસ્સો; વેગ; ઉભરો; આવેશ. A mental force; excitement. **3.** તળાવમાં ઉગતા નાના છોડવાઓ. Small plants growing in a pond. **4.** ભાડાનો હપતો. A periodical payment of rent.

Gall (ગૉલ્), *n.* પિત્ત; કલેજામાંથી નીકળતી અતિશય કડવી ચીજ. A bile; a bitter fluid, coming out from the lever. **2.** (*Fig.*) અંટસ; દ્વેષ; કઠોરતા. Bitterness of feelings; malice. *vt.* ઘસવું; ઘસારાથી ચામડી ઉખેડવી; છોલવું. To rub away by friction. **2.** (*Fig.*) ખિજવવું; સંતાપવું; સંતાપ થવો. To fret; to vex. **Gall-nut,** *n.* માયાફળ.

Gallant (ગૅલૅન્ટ), *a.* છાતીવાળો; બહાદુર; ભભકાદાર; ડોળદાર; મર્દ; શૂરો. Spirited; brave; courageous; noble. *n.* સ્ત્રીસન્માની પુરૂષ; રંગીલો પુરૂષ; સ્ત્રીઓ તરફ શૌર્ય બતાવીને પ્રેમથી જોનાર. One, looking with an eye of regard towards the ladies; a gay man.

Gallantly (ગૅલૅન્ટ્લિ), *ad.* બહાદૂરીથી; મર્દાઈથી; હિંમતથી. Bravely; spiritedly; in a gallant way.

Gallantry (ગૅલૅન્ટ્રિ), *n.* બહાદૂરી; મર્દાનગી; હિંમત. Bravery; courage; a state of being gallant. **2.** સ્ત્રીસન્માનતા; સ્ત્રીઓ તરફ બતાવવવામાં આવેલી સભ્યતા. Good manners and courtesy shown to females.

Galleon (ગૅલીઅન્), *n.* એક પ્રકારનું ચાર તુતકવાળું વહાણ. A kind of large ship, formerly used by the spanish people.

Gallery (ગૅલેરિ), *n. pl.* **Galleries.** લાંબી અને છૂટી પરસાળ; અગાસી; 'ગેલેરિ'; ચિત્રાલયનો ઓરડો. A long narrow place for walking; a room for the collection of paintings, pictures, etc.

Galley (ગૅલી), *n. pl.* **Galleys.** એક પ્રકારનું વહાણ અથવા મોટી હોડી. A kind of flat vessel or a boot. **2.** છાપવા માટે બીબાં ગોઠવવા માટે વપરાતું ચોકઠું. A frame used in printing.

Galliard (ગૅલિઆર્ડ), *n.* એક જાતનો સુંદર નાચ. A kind of fine dance.

Gallinaceous (ગૅલિનેશસ્), *a.* ઘરગથુ મરઘાં, બતકાં, વિગેરેનું. Pertaining to the domestic fowls.

Gallipot (ગૅલિપૉટ્), *n.* એક જાતની બરણી, જેમાં વસાણા ભરવામાં આવે છે; કુલ્ફી; એક જાતની માટલી. A small glazed earthen pot, used by druggists.

Gallon (ગૅલન્), *n.* પ્રવાહી પદાર્થનું દશ શેરનું માપ; 'ગૅલન'. A measure of liquid goods, which is about ten lbs.

Gallop (ગૅલપ્). *vt.* ચારે પગે ઠેકડા મારવા; કૂદવું; ઉછળવું; રવાલની ચાલે દોડવું અથવા ચાલવું. To move with leaps; to run speedily; to ride a horse at a rapid pace. *n.* ચારેપગે ઠેકડા ભરવા તે–ઉછળવું તે. A move with leaps; an act of leaping. [A kind of dance.

Gallopade (ગૅલોપેડ્), *n.* એક પ્રકારનો નાચ.

Gallows (ગૅલોઝ્), *n.* ફાંસી; ફાંસી દેવાનું ચોકઠું; વધસ્તંભ. A contrivance, by which criminals are hanged till death.

Galvanic (ગૅલ્વૅનિક), *a.* રસાયણ-સંજોગથી ઉત્પન્ન થતી વિજળીને લગતું. Pertaining to galvanism. **Galvanic-battery,** *n.* વિજળી પેદા કરવાનું સાધન–ઓજાર.

Gamble (ગૅમ્બલ્), *vi. vt. pr. p.* **Gambling.** *imp. & p. p.* **Gambled.** રમવું; જુગાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમવો; જુગટું ખેલવું; દ્યૂત રમવું. To play for money; to stake. **2.** જુગારમાં પૈસા ખોવા. To lose money in gambling.

Gambler (ગૅમ્બ્લર્), *n.* જુગારી; જુગાર રમનાર; દ્યૂત રમનાર. One, who gambles.

Gambling (ગૅમ્બ્લિન્ગ્), *n.* જુગાર; દ્યૂત; અતિશય નફો ખાવાની ઇચ્છાએ કોઈપણ ચીજનો સટ્ટો કરવો તે. An act of playing at dice; a speculation.

Gamboge (ગૅમ્બોજ્), *n.* રેવંચીનો શીરો. A kind of medical drug.

Gambol (ગૅમ્બૉલ્), *n.* કૂદકો; છલંગ; ફાળ. A leap; a bound; a hop. *vi.* નાચવું; કૂદવું; લહેરમાં ફરવું; કુદાકુદ કરવી. To dance in sport; to frisk.

Game (ગેમ્), *n.* ગમ્મત; રમત ગમત; હાથ; દાવ; પેચ; બાજી. A sport; an entertainment of any kind; a scheme; a plan; a point of winning or gaining (as in cricket.) **2.** શિકાર. A prey. **3.** મશ્કરી; વિનોદ. A joke; a jest. *vi.* રમવું; જુગાર અગર પાસાએ રમવું; જુગાર ખેલવો. To gamble; to play at dice; to stake. *a.* બહાદૂર; હિંમતવાન. Courageous. **To make game of,** મશ્કરી કરવી; બનાવવું. **To die game,** ટક્કર ઝીલવી; પાછી પાની ન કરવી. **To play the game,** પ્રમાણિકપણે વર્તવું.

Gamecock (ગેમ્કૉક્), *n.* લડાઈ માટે રાખવામાં આવેલો મરઘો-મરઘો. A cock, trained to fight.

Gamesome (ગેમ્સમ્), *a.* રમતિયાળ; વિનોદી; ચિંતા સિવાયનું; આનંદી. Playful; sportive; merry.

Gamesomeness (ગેમ્સમ્નેસ્), *n.* આનંદ; વિનોદ; ઉલ્લાસ; હર્ષ. Mirth; joy; merriment.

Gamester (ગેમ્સ્ટર્), *n.* જુગારી; જુગટું ખેલનાર; દ્યૂત રમનાર. A gambler; one accustomed to the habit of gambling.

Gammon (ગૅમન્), *n.* એક પ્રકારની પાસાની રમત A kind of game, mostly played with dice. **2.** ઠગાઇ; કપટ; ઠગવિદ્યા. A hoax; a deceit. **3.** ભુંડના માંસની સુકવણી. The flesh of a hog, pickled.

Gamut (ગૅમટ્), *n.* ગાયનનો કક્કો; સા-રી-ગ-મ. The scale in music.

Gander (ગૅન્ડર્), *n.* હંસ; ચક્રવાક; રાજહંસ. The male of a goose.

Gang (ગૅન્ગ્), *n.* ટોળું; ધાડપાડુઓની ટુકડી; સમૂહ; જમાવ. A company; a company of robbers; a crowd of persons, met together for a common cause. **2.** ઓજારોનો સમૂહ. A set of tools.

Ganger (ગૅન્ગર્), *n.* મજુરોના કામની દેખરેખ રાખનાર-તપાસ રીખનાર. One, who looks after the work of labourers.

Gangrene (ગૅન્ગ્રીન્), *n.* જીવતા પ્રાણીના માંસમાં સળો; શરીરમાંના માંસનો કોહોવાટ. A disease, consisting in the mortification of living bodies. *vt. vi.* માંસમાં કોહોવાટ કરવો; માંસ કોહોવાવું. To produce a gangrene in; to get a gangrene in.

Gannet (ગૅનેટ્), હંસની જાતનું દરિયાઇ પક્ષી. A sea-bird resembling a goose.

Gantlet (ગૅન્ટ્લેટ્), *n.* ગુન્હા કરનાર અપરાધીને શિક્ષા કરવાની લશ્કરી રીત-પદ્ધતિ. A way of punishing a culprit in the military fashion.

Gaol (જેલ્), *n.* બંદીખાનું; તુરંગ; જેલખાનું. A prison; a place of confinement.

Gaoler (જેલર્), *n.* બંધીખાનાનો અધિકારી; દરોગો; 'જેલર'. An officer, watching and supervising the affairs of a jail; a jail-officer.

Gap (ગૅપ્), *n.* બોકું; છિદ્ર; કાણું; માર્ગ; ભગદાળું; ફાંકું; છીંડું. An opening; a hole; an outlet; a breach. *vt.* ચીરા પાડવા; બાકું પાડવું; કાણું પાડવું; માર્ગ કરવો; છીંડું કરીને રસ્તો કરવો. To notch; to make an opening.

Gape (ગેપ્), *vt.* બગાસું ખાવું; મ્હોં પહોળું કરવું; મ્હોં વિકાસવું; ચિરો પાડવો. To open the mouth wide showing drowsiness; to yawn; to persent a gap. **2.** મ્હોં વિકાસીને બેસવું. To sit earnestly for. *n.* બગાસું; મ્હોં પહોળું કરવું તે; ડાચું ફાડવું તે. A yawning; an act of making a gap in the mouth.

Garb (ગાર્બ્), *n.* પોશાક; પહેરવેશ; બહારનો વેશ; ઢોળ. Clothes; dress; the manner of putting on dress.

Garbage (ગાર્બેજ્), *n.* એઠવાડો; કોહોવાટ; જોતાં ત્રાસ આવે એવી કોઇપણ ચીજ. Refuse; any offensive matter.

Garble (ગાર્બ્લ્), *vt. pr. p.* **Garbling.** *imp. & p. p.* **Garbled.** વીણવું; ચુંટવું; કોઇપણ બાબતમાં ખપ જેટલી બીના ગ્રહણ કરવી; ચાળવું. To pick out; to select; to choose the best part of any thing; to separate the best part. *n.* કચરો; ધૂળ; મસાલામાંથી જુદો કાઢેલો કચરો. Refuse; dirt; impurities taken out from spices.

Garden (ગાર્ડન્), *n.* બાગ; બગીચો; ઉદ્યાન; ઉપવન; પુષ્પવન. A plot of land abounding with flowers, plants, etc. **2.** (*Fig.*) દેશનો કોઇપણ ઘણોજ રસાળ પ્રદેશ. The most fertile part of a country.

Gardener (ગાર્ડનર્), *n.* બાગવાન; માળી; બગીચામાં રોપા, ફુલ, વિગેરેની તપાસ રાખનાર. One, who looks after a garden.

Gardening (ગાર્ડનિંગ્), *n.* વાડીનું ઉછેર કામ; બાગમાં ફુલ, ઝાડ, રોપા, વિગેરે રોપવાનું અને તેને લગતું દેખરેખ રાખવાનું કામ. The work of cultivating a garden; horticulture.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gargle (ગેર્ગલ્), *vi. pr. p.* **Gargling.** *imp. & p. p.* **Gargled.** કોગળો કરવો; ગળું સાફ કરવું. To wash the throat. *n.* કોગળા કરવાની પ્રવાહી દવા. A liquid medicine used in washing the throat.

Garish (ગૅરિશ્), *a.* ઝગઝગતું; પ્રકાશિત; તેજસ્વી. Dazzling; shining; bright. Also spelt as, **Gairish.**

Garishly (ગૅરિશ્લિ), *ad.* તેજસ્વી રીતે; પ્રકાશીતપણે; ઝગઝગતી રીતે. In a dazzling manner.

Garishness (ગૅરિશ્નેસ્), *n.* તેજ; પ્રકાશ; ઝગઝગાટ. A state of being garish.

Garland (ગાર્લૅન્ડ્), *n.* પુષ્પ; માળા; હાર; તોરણ; રત્નાવલી; રાજાનો મુગટ: A wreath made of flowers or leaves; the crown of a king. **2.** કાવ્યસંગ્રહ; કાવ્યમાળા; ગદ્યપદ્ય સંગ્રહ. A collection of literary best passages. *vt.* હાર પહેરાવવો; પુષ્પમાળા આપવી. To ornament with a garland; to deck with a flower-wreath.

Garlic (ગાર્લિક્), *n.* લસણ. A kind of plant.

Garment (ગાર્મેન્ટ્), *n.* પોશાક; કપડાં; વસ્ત્ર; પરિધાન. An article of clothing; a part of dress.

Garmented (ગાર્મેન્ટેડ્), *a.* વસ્ત્રથી આચ્છાદિત થયેલું; કપડાંથી ઢંકાએલ. Covered with dress.

Garner (ગાર્નર્), *n.* કોઠાર; વખાર; દાણો ભરવાની જગ્યા. A store-house; a granary; a place, where grain is stored. *vt.* ભરી રાખવું; કોઠારમાં ભરવું; વખારમાં ભરવું. To store; to heard in a granary.

Garnish (ગાર્નિશ્), *vt. pr. p.* **Garnishing.** *imp. & p. p.* **Garnished.** શણગારવું; સજવું; શોભિત કરવું; અલંકૃત કરવું. To adorn; to decorate; to ornament. **2.** (*Law*) જાહેર કરવું; જણાવવું. To advertise; to make public. *n.* શણગાર; શોભા; અલંકાર. A decoration; an ornamentation.

Garnisher (ગાર્નિશર્), *n.* શણગારનાર; સુશોભિત કરનાર. One who garnishes.

Garnishment (ગાર્નિશ્મેન્ટ્), *n.* શણગાર; સુશોભિત અલંકાર, વિ. Decorations; ornaments.

Garret (ગૅરેટ્), *n.* છાપરાની નીચેનું માળિયું; કાતરિયું. An attic; the floor under a roof.

Garreteer (ગૅરેટીર્), *n.* કાતરિયામાં રહેનાર; છાપરાની તળીએ જે ઓરડી હોય ત્યાં રહેનાર. One, who lives in a garret.

Garrison (ગૅરિસન્), *n.* કિલ્લાના રક્ષણાર્થે રાખેલી ફોજ; થાણું; લશ્કરી ટુકડી. A body of troops, established at a fortified place; a fort; a troop of soldiers. *vt. pr. p.* **Garrisoning.** *imp. & p. p.* **Garrisoned.** કિલ્લાનું રક્ષણ કરવા ફોજ રાખવી; ગામ બચાવવા માણસો (સિપાઇઓ) રાખવા; છાવણી ગોઠવવી. To maintain a troop for defence; to arrange for a troop.

Garrulity (ગૅર્યૂલિટિ), *n.* વાચાળતા; વાતોડીઆપણું; બહુ બોલવાની ટેવ; બકબકાટ કરવાની આદત. A habit of talking too much or prattling; talkativeness.

Garrulous (ગૅર્યુલસ્), *a.* વાચાળ; બહુબોલું; બકબકીયું. Very talkative; prone to prattling.

Garter (ગાર્ટર્), *n.* મોજા બંધન; 'ગાર્ટર'; બાંધણ. A band, used in banding stockings on the leg. **2.** સરદાર અથવા અમીરની પદવી. An order of knighthood. *vt.* મોજાને ગાર્ટરથી બાંધવું. To bind with a garter.

Gas (ગૅસ્) *n.* વાયુ; વાયુરૂપી પદાર્થ; ગ્યાસ. An invisible fluid matter. *vi.* બકબકાટ કરવો; ગપ્પાં મારવા. To talk idly; to boast. **2.** હવાને 'ગેસ'થી ઝેરી બનાવવી. To poison the air (in time of war). **Gas-coal,** *n.* વાયુ ઉત્પન્ન કરવાનો ઓરડો સ્થળ. **Gas-fitter,** *n.* ગેસ જવા આવવાની નળીઓ બરાબર બેસાડનાર. **Gas-light,** *n.* ગેસથી બળતી બત્તી.

Gaseous (ગૅશસ્), *a.* વાયુરૂપી; વાયુમય; વાયુનું. Consising in the form of gas; pertaining to gas.

Gasconade (ગૅસ્કોનેડ્), *n.* બડાઇ; પતરાજી; મોટી મોટી વાતો કરી અભિમાન દેખાડવો તે. A vaunt; an empty talk. *vt.* બડાઇ મારવી; ફુલ મારવી; પતરાજી કરવી. To brag; to be vain; to show pride in.

Gasconader (ગૅસ્કોનેડર્), *n.* પતરાજી મારનાર; ફુલ મારનાર; શેખીખોર. A braggard; a boaster; a vain person.

Gash (ગૅશ્), *n.* માંસમાં લાગેલો ઉંડો ઘા; જખમ. A deep cut in the flesh; a wound. *vt.* ઉંડો ઘા કરવો. To make a deep cut or wound.

Gasometer (ગૅસોમીટર્), *n.* વાયુ અથવા ગૅસ માપવાનું યંત્ર. An instrument to measure the gases; a gas tank.

Gasometry (ગૅસોમીટ્રિ), *n.* ગેસમાપક યંત્ર; ગેસ માપવાની કળા-રીત-ટેવ. A practice of measuring gases.

Gasp (ગૅસ્પ્), *vi. vt. pr. p.* **Gasping.** *imp. & p. p.* **Gasped.** મ્હોં ફાડીને ઘણીજ મ્હેનતે બોલવું; હાંફવું; શ્રમથી શ્વાસ લેવો. To labour for breath; to pant for breath; to breathe heavily. *n.* હાંફ; શ્વાસ. A panting for breath; a heavy respiration.

Gaspingly (ગૅસ્પિન્ગ્લિ), *ad.* શ્રમપૂર્વક; હાંફતા હાંફતા; મહામહેનતથી. In a gasping way.

Gastric (ગૅસ્ટ્રિક્), *a.* પેટનું; જઠર સંબંધી; ઉદરનું; હોજરીને લગતું. Of or pertaining to the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

stomach.

Gate (ગેટ), દરવાજો; દ્વાર; ઝાંપો. A large, door into a large edifice. **Gate-way,** *n.* રસ્તો; માર્ગ;-થી થઇને જવાનો માર્ગ.

Gateman (ગેટ્મૅન), *n.* દ્વારપાળ; પહેરેગીર; દરવાન. A person, who is in charge of the gates.

Gather (ગૅધર), *vt. vi. pr. p.* **Gathering.** *imp. & p. p.* **Gathered.** એકઠું કરવું; સંગ્રહ કરવો; અનુમાન કરવું. To collect; to accumulate; to infer. **2.** એકઠા થવું; સંગ્રહ થવો; સાથે ઉગવું-વૃદ્ધિ પામવી. To collect; to congregate; to grow.

Gatherer (ગૅધરર), *n.* એકઠું કરનાર; સંગ્રહ કરનાર; અનુમાન કરનાર; તાત્પર્ય કાઢનાર. One, who gathers.

Gathering (ગૅધરિન્ગ), *n.* એકઠું કરવું તે; સમુદાય; જથ્થો; મેળાવડો; સમૂહ. An act of collecting together; an assembly. **2.** ગડગુમડમાં પરૂનું એકઠું થવું તે. A gathering of pus.

Gaudily (ગૉડિલિ), *ad.* ભભકાદાર રીતે; પ્રકાશીત રીતે; ચકચકિતપણે; દબદબાથી. In a gaudy way.

Gaudiness (ગૉડિનેસ), *n.* ભભકો; ઠાઠ; દબદબો; શોફ. A state of being showy or gay beyond measures.

Gaudy (ગૉડિ), *a.* ભભકાદાર; દબદબાવાળું; ઠાઠમાઠવાળું; ચકચકિત; ધાટબંધ. Showy; gay; ostentatious. *n.* ઉજાણી; ઓચ્છવ (ઉત્સવ); જયાફત. A feast; a festival.

Gauge (ગેજ), *n.* માપ; અડસટ્ટો; રેલ્વેની સડકનું બે પાટા વચ્ચેનું અંતર; વિસ્તાર. A measure; a standard; an estimate; the distance between the two opposite rails of a railway. *vt.* માપવું; માપ કાઢવું. To estimate; to measure; to estimate.

Gaugeable (ગેજેબલ), *a.* માપી શકાય તેવું; વિસ્તાર કાઢી શકાય તેવું. Capable of being measured.

Gaunt (ગૉન્ટ), *a.* દુબળું થઇ ગયેલું; અધમુઉં થયેલું; તવાએલું; જીર્ણ થયેલું. Lean; starved; thin.

Gauntlet (ગૉન્ટ્લેટ), *n.* લોઢાનું હાથનું મોજું; પહોંચા સુધીનું મોજું. An iron-glove. **To accept the gauntlet,** લડાઇનું કહેણ સ્વીકારવું.

Gauze (ગૉઝ), *n.* ગાજનું લુગડું; ગાજ જેવું જાળીવાળું ઝીણું બારીક કપડું. A very thin and fine stuff, woven of cotton, or silk, etc.

Gauzy (ગૉઝિ), *a.* ગાજના જેવું; ઝીણા કપડા જેવું. Resembling gauze.

Gawk (ગૉક), *n.* મૂર્ખ; અક્કલ વગરનો આદમી. A fool; a simpleton.

Gawky (ગૉકિ), *a.* બેઢંગુ; અનાડી; ઢંગધડા સિવાયનું. Clumsy; awkward. *n.* મૂર્ખો; હેવાન; સમજણ સિવાયનો પુરૂષ. A fool; a brute.

Gay (ગે), *a.* આનંદી; ખુશમિજાજી; મોજીલું; ભભકાદાર;ડોળદાર;ઉલ્લાસી. Lively; mirthful; merry.

Gayness (ગેનેસ), *n.* આનંદ; ઉલ્લાસ; ખુશમિજાજ; ભભકો. A quality of being gay; mirth; a show.

Gaysome (ગેસમ), *a.* આનંદી; ઉલ્લાસી; ખુશમિજાજી. Mirthful; joyful; cheerful.

Gaze (ગેઝ), *vi. pr. p.* **Gazing.** *imp. & p. p.* **Gazed.** તાકીને જોવું; ટગર ટગર જોવું; એકી નજરે નીહાળવું To look steadily; to fix the eyes at; to see minutely. *n.* એકની એક નજર; નિરીક્ષણ; નજરની એકાગ્રતા. A steady look; fixed look (This look expresses often surprise or joy).

Gazette (ગૅઝેટ), *n.* વર્તમાનપત્ર; અખબાર; 'ગેઝેટ'; સમાચાર સંગ્રહ. A newspaper; a paper containing the information on current topics. *vt.* વર્તમાનપત્રમાં છપાવવું; પ્રસિદ્ધ કરવું. to publish in a gazette.

Gazetteer (ગૅઝેટીર), *n.* વર્તમાનપત્ર ચલાવનાર; 'ગેઝેટ' અથવા વર્તમાનપત્ર ઑફીસનો મેનેજર. A manager of a gazette. **2.** દેશો, મોટાં શહેરો, ઈત્યાદીનું સવિસ્તર વર્ણન આપનારૂં પુસ્તક. A book containing the geographical information of the different countries and cities.

Gear (જીર), *n.* કપડાં, પોશાક, વિગેરે; સરસામાન; રાચરચીલું; અલંકાર; ઘરેણાં આભૂષણ વિગેરે. Clothings; garments; ornaments; goods; property; **2.** ઘોડાનો સાજ; ગાડી ઘોડાનો બધો સામાન; પશુને શણગારવાનો સામાન. The harness of a horse; the full equipment of a carriage, with horse. *vt.* આભૂષણથી શણગારવું; કપડાં વિગેરેથી સુશોભિત કરવું. To harness; to put a gear on.

Gearing (જીરિન્ગ), *n.* સામાન; સાજ; યાંત્રિક બળને ગતિમાં મૂકનાર ભાગો. Harness; the parts of machinery, by which motion or force of moving is impelled.

Gelatine (જેલૅટિન), *n.* સરેશ; લાખ; સરેશ જેવો ચિકણો પદાર્થ. A sticky substance.

Gelatinous (જેલૅટિનસ), *a.* સરેશ જેવું; ચિકણું. Resembling gelatine; viscous.

Geld (ગેલ્ડ), *vt.* ખાસી કરવું; નામરદ બનાવવું; અંડ કાપવા. To castrate; to emasculate. **2.** ઉપયોગી ચીજ વિનાનું કરવું. To deprive of anything needful.

Gelder (ગેલ્ડર), *n.* ખાસી કરનાર; અંડ કાપનાર; નામરદ બનાવનાર; ઉપયોગી વસ્તુ છીનવી લેનાર. One, who gelds.

Gelding (ગેલ્ડિન્ગ), *n.* ખાસી કરવી તે; ખાસી; અંડ કાપવાનું કામ કરવું તે; ખસી કરેલું જનવર. An act of castrating; a castrated animal.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gelid (જેલિડ્), *a.* ઠંડુ; અતિશય ટાઢું; બરફના જેવું ઠંડુ; હિમમય. Cold; very cold; icy.

Gelidity (જેલિડિટિ), *n.* ઠંડક; બરફના જેવી ઠંડક. Coldness; a state of being icy.

Gem (જેમ્), *n.* જવાહીર; રત્ન; મણી. A precious stone of any kind; a jewel. **2.** કળી. A bud. *vt. pr. p.* **Gemming.** *imp. & p. p.* **Gemmed.** રત્નથી શણગારવું; જવાહીરથી શોભાવવું. To decorate with jewels.

Gemmy (જેમિ), *a.* રત્નોથી શણગારાયેલું; તેજસ્વી. Adorned with gems.

Gemini (જેમિનાઇ), *n.* મિથુન રાશી. A third [sign of Zodiac.

Gemmeous (જેમીઅસ્), *a.* રત્નોનું; રત્ન જેવું તેજસ્વી; ચકચકીત. Sparkling like gems.

Gender (જેન્ડર્), *n.* જાતિ; લિંગ. A sex; a grammatical class. *vt. vi.* ઉત્પન્ન કરવું; ઉછેરવું; પેદા કરવું; જન્મ આપવો. To beget; to breed.

Genealogic,-al (જીનીઍલૉજિક ,-કૅલ્), *a.* વંશાવળી સંબંધી; વંશનું; પેઢીને લગતું; વંશવૃક્ષનું. Of genealogy; perpaining to genealogy.

Genealogically (જીનીઍલૉજિકૅલિ), *ad.* વંશાવળીની રીતે; વંશ વૃક્ષની દૃષ્ટિએ. In a genealogic way.

Genealogist (જીનીઍલૉજિસ્ટ્), *n.* વંશાવળી કહેનાર; ભાટ; ચારણ; વહીવંચો કરનાર. One, who traces the births of persons and the names of families.

Genealogy (જીનીઍલૉજિ), *n.* વંશાવળી; પેઢીનામું; વંશવૃક્ષ; પેઢીપત્ર. An account of a person or persons with their forefathers and ancestors.

Genera (જેનર્), *n. pl.* of **Genus.** જાતિ; વર્ણ. A class; classification.

General (જેનરૅલ્), *a.* સામાન્ય; સામાન્યજાતિનું; વ્યવહારિક; લૌકિક; મોંઘમ; બધાને લાગુ પડતું; ઘણાંખરાંનું. Belonging to the whole class or order; common; most ordinary; wide; extensive. *n.* સેનાપતિ; ઉપરી; મોટી પદવીવાળો અમલદાર. The commander of an army. **2.** જનસમૂહ; સમાજ. The whole community.

Generally (જેનરૅલિ), *ad.* ઘણુ કરીને; સામાન્ય રીતે; વાસ્તવિક રીતે; ઘણે ભાગે; બહુધા. Ordinarily; for the most part; on the whole.

Generalness (જેનરૅલનેસ્), *n.* સામાન્યપણુ હોવું તે; સામાન્ય જાતિને લગતું થવું તે. A state of being general.

Generalization (જેનરૅલિઝેશન્), *n.* સામાન્ય અનુમાન; અમુક બાબતો ઉપરથી દોરી કાઢેલી સામાન્ય અટકળ; અમુક ચીજ અથવા પુરૂષને લાગુ પડતી હકીકત સર્વ ચીજો તેમજ જન સમૂહને લાગુ પાડવું તે. A general inference; an act of generalizing.

Generality (જેનરૅલિટિ), *n.* સામાન્યપણું; સાધારણપણું; જાતિસ્વભાવ; મુખ્ય ભાગ. A state of being general; a vague statement; the chief part.

Generalize (જેનરૅલાઇઝ્), *vt. vi. pr. p.* **Generalizing.** *imp. & p. p.* **Generalized.** સામાન્ય રૂપ આપવું; ઘણાખરાને લાગુ પાડવું; વિશાળ અર્થમાં વાપરવું. To give the most commonest form; to use in a general law or rule.

Generate (જેનરેટ્), *vt. pr. p.* **Generating.** *imp. & p. p.* **Generated.** ઉત્પન્ન કરવું; પેદા કરવું; જન્મ આપવો; નવું ઉપજાવવું; નવું રચવું. To engender; to beget; to originate; to bring into existence or life.

Generation (જેનરેશન્), *n.* ઉત્પત્તિ; પેદાશ; પેઢી; ઓલાદ; વંશ; વિસ્તાર; જમાનો; સદી. A formation; a pedigree; a race; progeny; people of the same time.

Generative (જેનરેટિવ્), *a.* ઉત્પાદક; ઉત્પન્ન કરે તેવું; પોતાની જાતિની વૃદ્ધિ કરે તેવું. Having the the power of generating; producing.

Generator (જેનરેટર્), *n.* ઉત્પાદક; ઉત્પન્ન કરનાર; જન્મ આપનાર. One, who begets or produces. **2.** પ્રવાહી પદાર્થ અથવા નક્કર પદાર્થોમાંથી વરાળ અથવા ગૅસ ઉત્પન્ન કરવાનું યંત્ર. A vessel, in which something is generated.

Generic (જેનરિક્), *a.* સામાન્ય; જાતિનું; આખી જાતને લાગુ પડે તેવું; સાધારણ. Belonging to a genus or kind; showing a whole class.

Generically (જેનરિકૅલિ), *ad.* સામાન્ય રીતે; આખી જાતને લાગુ પડે તેવી રીતે. In a generic way

Generosity (જેનરૉસિટિ), *n.* ઉદારપણું; સખાવત; સખીદીલ; મોટું મન; દાનશીલતા; ઔદાર્ય Noble-mindedness; munificence; liberality of mind.

Generous (જેનરસ્), *a.* ઉદાર; દાતા; સખી; મોટા મનવાળું; ઉમદા કુળમાં પેદા થયેલું. Liberal; open-handed; charitable; born in a high and noble family.

Generausly (જેનરસ્લિ), *ad.* ઉદારતાથી; સખી દીલથી; મોટા મનથી. In a generous way.

Generousness (જેનરસનેસ્), *n.* Same as, **Generosity.**

Genesis (જેનેસિસ્), *n.* ઉત્પત્તિ; જન્મ; પેદાશ. A production; a formation; an origin. **2.** ખ્રિસ્તિ ધર્મનું જુનામાં જુનું પુસ્તક. The first and oldest book of the Christian religion.

Genet (જેનેટ્), *n.* નોળિયાની જાતનું પ્રાણી. A kind of mongoose. **2.** સ્પેન દેશના ઘોડાની જાત. A kind of horse of Spain.

Genial (જીનિઍલ્), *a.* પાકને અનુકૂળ; આનંદી; પુષ્ટિકારક; સુખકર. Productive; jovial; cordial; cheerful. **2.** કુદરતી; સ્વાભાવિક. Naturally.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Geniality (જીનિઍલિટિ), *n.* આનંદીપણું; ખુશમિજાજ; ઉલ્લાસ; પ્રસન્નતા. Cheerfulness; gay disposition; mirthfulness.

Genii (જીનિઆઇ), *n. pl.* of **Genius.** ભૂત; પલિત; જીન; વીર; વૈતાલ. An evil-spirit; a ghost.

Genital (જેનિટૅલ), *a.* ઉત્પત્તિ સંબંધી; પેદાશનું. Of or pertaining to product.

Genitive (જેનિટિવ્), *a.* ષષ્ઠિ વિભક્તિનું; છઠ્ઠી વિભક્તિને લગતું. Pertaining to the case showing possession. *n.* છઠ્ઠી વિભક્તિ. The case in grammar showing possession.

Geniture (જેનિટ્યુર), *n.* જન્મ; સૃષ્ટિ. A birth; procreation.

Genius (જેનિઅસ્), *n. pl.* **Geniuses.** બુદ્ધિશાળી પુરૂષ; મહા શક્તિમાન પુરૂષ; પ્રવીણ પુરૂષ. A man of high intellect; a person, possessing uncommon sense. **2.** *pl.* **Genii.** ભૂત; પિશાચ; વૈતાલ; જીન; ડાકણ. An evil spirit; a ghost.

Genteel (જેન્ટીલ), *a* સભ્ય; ખાનદાન; વિવેકી; દેખાવડું; સુશીલ. Polite; well-bred; refined in manners; courteous; elegant.

Genteelness (જેન્ટીલનેસ્), *n.* સભ્યતા; ખાનદાની; વિવેક; સુશીલતા. Politeness; elegance; a state of being genteel.

Gentile (જેન્ટાઇલ્), *n.* મૂર્તિપૂજક લોકો; યાહુદી વિનાની બીજી પ્રજા. A heathen; any nation, excepting the Jews.

Gentilism (જેન્ટિલિઝમ્), *n.* મૂર્તિપૂજક હોવું તે; મૂર્તિપૂજકત્વ. Heathenism; paganism.

Gentility (જેન્ટિલિટિ), *n.* કુલીનતા; સભ્યતા; વિવેક; સુશીલતા. Politeness; the state of being gentle; courtesy.

Gentle (જેન્ટ્લ), *a.* નરમ; ગરીબ સ્વભાવનું; સાલસ; સુશીલ; આબરૂદાર; વિવેકી; સભ્ય. Meek; refined in manners; courteous; quiet.

Gentleman (જેન્ટ્લમૅન્), *n. pl.* **Gentlemen.** સદ્ગૃહસ્થ; આબરૂદાર અથવા ખાનદાન માણસ; સુજન; સજ્જન. A man of good breeding; a man of position or high rank.

Gentlemanlike (જેન્ટ્લમૅન્લાઇક્), *a.* સદ્ગૃહસ્થને છાજે તેવું; ખાનદાનીને લાયક; વિનીત; સભ્યતાવાળું. Well-behaved; polite; modest.

Gentlemanly (જેન્ટ્લમૅન્લિ), *a.* Same as **Gentlemanlike.**

Gentleness (જેન્ટ્લનેસ્), *n.* Same as **Gentility.**

Gently (જેન્ટ્લિ), *ad.* ધીમેથી; નરમાશથી; સુશીલપણે. Slowly; politely; softly; meekly.

Gentoo (જેન્ટૂ), *n. pl.* **Gentoos.** હિંદવાસી; હિંદુસ્તાનનો રહેવાસી. A native of India.

Gentry (જેન્ટ્રિ), *n.* કુળવંત માણસોનો સમૂહ; મધ્યમ વર્ગનો લોકસમૂહ; કુલીન જન. People of good-breeding and high education.

Genuine (જેન્યૂઇન્), *a.* ખરૂં; અસલ; ચોખ્ખું; અકલ્પિત; શુદ્ધ. Real; pure; natural; unmixed.

Genuinely (જેન્યૂઇનલિ), *ad.* વાસ્તવિક રીતે; યથાર્થ રીતે; અકલ્પિત રીતે. In a genuine way; really.

Genuineness (જેન્યૂઇનનેસ્), *n.* સત્યતા; યથાર્થતા; અસલપણું; નિષ્કપટપણું. Truth; a state of being genuine.

Genus (જીનસ્), *n. pl.* **Genera, Genuses.** જાતિ; વર્ગ; ગણ; પ્રકાર. A class; a sort; a kind; a classification.

Geographer (જીઑગ્રૅફર્), *n.* ભૂગોળવેત્તા; ભૂગોળશાસ્ત્રી; ભૂગોળવિદ્યામાં પ્રવીણ. One, well-versed in the science of Geography.

Geographical (જીઑગ્રૅફિકૅલ્), *a.* ભૂગોળ શાસ્ત્રને લગતું; ભૂગોળ વિદ્યાનું; ભૌગોલિક. Pertaining to geography.

Geographically (જીઑગ્રૅફિકૅલિ), *ad.* ભૌગોલિક દ્રષ્ટિએ; ભૂગોળશાસ્ત્રની રીતે. In a geographical way.

Geography (જીઑગ્રૅફિ), *n.* ભૂગોળ; ભૂગોળશાસ્ત્ર; પૃથ્વીના ગોળાની માહિતિ આપનારૂં શાસ્ત્ર. The science, treating of the earth, with its inhabitants.

Geological (જીઑલૉજિકૅલ્), *a.* ભૂસ્તર વિદ્યાનું; ભૂસ્તરવિદ્યાને લગતું; જમીનના અંદરના ભાગને લગતું. Pertaining to geology.

Geologist (જીઑલૉજિસ્ટ્), *n.* ભૂસ્તરવિદ્યા જાણનાર; ક્ષિતિ રચના વિશારદ; ભૂસ્તરવેત્તા. One, well-versed in the science of geology.

Geology (જીઑલૉજિ), *n.* ભૂસ્તરશાસ્ત્ર; ભૂસ્તરવિદ્યા; ભૂ રચના. The science, describing the mineral form of the earth; the science, dealing with the structure of the globe.

Geomancy (જીઑમૅન્સિ), *n.* રમળ કાઢી ભવિષ્ય કહેવું તે; રમળ વિદ્યા. A kind of divination by figures or by lines.

Geomancer (જીઑમૅન્સર્), *n.* રમળના આધારે ભવિષ્ય કહેનાર; રમળશાસ્ત્રી. One, well-versed in geomancy.

Geometric,-al (જીઑમેટ્રિક્,-કૅલ્), *a.* ભૂમિતિનું; ભૂમિતિને લગતું. Pertaining to geometry; of geometry.

Geometrician (જીઑમેટ્રિશૅન્), *n.* ભૂમિતિશાસ્ત્ર જાણનાર; ભૂમિતિ વિદ્યામાં પ્રવીણ પુરૂષ. One, well-versed in geometry.

Geometer (જીઑમેટર્), *n.* Same as **Geometrician.**

Geometry (જીઑમેટ્રિ), *n.* ભૂમિતિ; ભૂમિતિ વર્ણન; રેખા ગણિત. The science describing the relations of the magnitude.

Geonomy (જીઑનૉમિ), *n.* ભૂતળ રચના અને પૃથ્વીના બંધારણ, વિગેરેની માહિતી આપતું શાસ્ત્ર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The science describing the internal parts of the earth, etc.

Germ (જર્મ્), *n.* ફણગો; કળી; મૂળ; અંકુર; મૂળતત્વ; બી. The first stage of any thing; an origin; the first principle.

Germinal (જર્મિનલ્), *a.* ફણગાનું; કળીનું; મૂળનું. Pertaining to a germ or germs.

Germinate (જર્મિનેટ્), *vt. vi. pr. p.* **Germinating.** *imp.* & *p. p.* **Germinated.** ફણગો ફુટવો; અંકુર ફુટવો; ફણગો નીકળવો; ફુટીને બહાર નીકળવું. To sprout; to shoot; to bud out.

Germination (જર્મિનેશન્), *n.* ફણગો બહાર આવવો તે; ફુટીને બહાર નીકળવું તે. An act of germinating.

Gerund (જેરન્ડ્), *n.* કૃદંત નામ; ધાતુ સાધીત નામ. A kind of verbal noun, expressing the meaning of the present Infinitive active.

Gerundial (જેરનડિઍલ્), *a* કૃદંત નામનું; ધાતુ સાધીત નામને લગતું. Pertaining to a gerund.

Gestation (જેસ્ટેશન્), *n.* ગર્ભ ધારણ; ગાભણાપણું; બે જીવવાળી સ્થિતિ. A state of conceiving; pregnancy.

Gesticulate (જેસ્ટિક્યૂલેટ્), *vt. vi. pr. p.* **Gesticulating.** *imp.* & *p. p.* **Gesticulated.** ચાળા કરવા; મશ્કરી કરવી; ટોળ કરવી; હાવભાવ કરવા. To represent by gestures; to make gestures.

Gesticulation (જેસ્ટિક્યૂલેશન્), *n.* ચાળા; હાવભાવ; અભિનય; અંગચેષ્ટા. A gesture; an act of making gestures.

Gesticulator (જેસ્ટિક્યૂલેટર્), *n.* હાવભાવ; પ્રગટ કરનાર; ચાળા બતાવનાર; અંગચેષ્ટા કરનાર. One, apt to gesticulate.

Gesticulatory (જેસ્ટિક્યૂલેટોરિ), *a.* હાવભાવવાળું; અંગચેષ્ટા કરે તેવું; ચાળાને લગતું; અભિનયવાળું. Pertaining to gesticulate.

Get (ગેટ્), *vt. pr. p.* **Getting.** *imp.* & *p. p.* **Got.** મેળવવું; પ્રાપ્ત કરવું; સંપાદન કરવું; પેદા કરવું. To acquire; to obtain; to procure; to possess. **2.** શીખવું; મોઢે ગોખવું. To learn; to learn by heart. **To get in,** અંદર દાખલ થવું; પ્રવેશ કરવો. **To get the best of,** ચઢીઆતા થવું. **To get ahead,** આગળ વધવું. **To get back,** નિકળવાના સ્થાને પાછા જવું. **To get off,** ખસેડવું; દૂર કરવું. **To get up,** તૈયાર કરવું; જાગૃત થવું. **To get astray,** આડા રસ્તે જવું. **To get the day,** ફત્તેહમંદ થવું. **Get-penny,** *n.* જેમાંથી પૈસા મળે તેવું કામ.

Get-up (ગેટ્-અપ્), *n.* સામાન્ય રચના; ઘાટ; પહેરવેશ. A general form or structure; the mode of dress. [પેદાશ. A gain; an income.

Getting (ગેટિન્ગ્), *n.* આમદાની; આવક; કમાઇ;

Gew-gaw (ગ્યૂ-ગૉ), *n.* હલકી કિંમતનું રમકડું; નજીવી કિંમતનું ભભકાદાર રમકડું. A showy toy available at a cheap price; A penny thing of little value.

Ghast (ઘાસ્ટ્), *a.* બિહામણું; ભયકારક દેખાવવાળું. Having a terrible appearance; terrible.

Ghastliness (ઘાસ્ટ્લિનેસ્), *n.* ભંયકર સ્થિતિ; વિકાળપણું; ફિક્કાશ (બ્હીકને લીધે આવેલી). A state of being ghastly.

Ghastly (ઘાસ્ટ્લિ), *a.* મુડદા જેવું; ફિક્કું; ભયંકર; બિહામણું; વિકાળ. Deathlike; pale; terrible; dreadful; horrible. *ad* ભયંકર રીતે; વિકાળપણે. Terribly; dreadfully.

Ghost (ઘોસ્ટ્), *n.* ભૂત; ખવીસ; પિશાચ; પ્રેત. An evil-spirit; the visible spirit of a dead person.

Ghost-like (ઘોસ્ટ્-લાઇક્), *a.* ભૂતના જેવું; ખવીસના જેવું; પ્રેતનું. Like a ghost; resembling a ghost.

Ghostliness (ઘોસ્ટ્લિનેસ્), *n.* પ્રેત સ્થિતિમાં હોવું તે; ભૂતયોની ભોગવવી તે. A state of being ghostly.

Ghostly (ઘોસ્ટ્લિ), *a.* પ્રેતનું; ભૂત સંબંધી; ભૂત રૂપ. Of or pertaining to an evil spirit.

Giant (જાઍન્ટ્), *n.* રાક્ષસ; દૈત્ય; દાનવ; અસુર. A demon; a man of great bulk and stature. *a.* રાક્ષસી; કદાવર; મોટું. Very huge; bulky.

Giantess (જાઍન્ટેસ્), *n.* રાક્ષસણી; દૈત્યની સ્ત્રી; કદાવર અને ઘણા બળવાળી સ્ત્રી. A female demon; a woman of great size.

Giantly (જાઍન્ટ્લિ), *a.* રાક્ષસના જેવું; દૈત્યની માફક; પ્રચંડ. Resembling or like a giant.

Gibber (ગિબર્), *vi.* લવરી કરવી; અસ્પષ્ટ બોલવું; ગમે તેમ બોલવું. To talk idly; to say indistinctly.

Gibberish (ગિબરિશ્), *a.* નહિં સમજાય તેવી વાતચીત ભાષા અથવા બોલી; અસ્પષ્ટ વાણી. An indistinct talk; an inarticulate talk or language.

Gibbet (જિબેટ્), *n.* વધસ્તંભ; ફાંસીએ ચઢાવવાનું લાકડું; ફાંસીનું ચોકઠું. A kind of gallows. **2.** ભાર ઉંચકવાના સંચાનો ઉપલી આવતો ભાગ. A projecting part of a crane. *vt.* ફાંસી દેવી; વધસ્તંભે લટકાવવું. To hang on gallows.

Gibe (જાઇબ્), *vt. vi.* મશ્કરી કરવી; મહેણું મારવું; હાંસી કરવી. To taunt; to mock; to say in a hating way. *n.* મશ્કરી; મહેણું; હાંસી. A taunt; a mockery; a scoff.

Giber (જાઇબર્), *n.* મશ્કરી કરનાર; ટોળ કરનાર; હાંસી કરનાર; મહેણું મારનાર. One who taunts.

Giddiness (ગિડિનેસ્), *n.* ચક્કર આવવા તે; ચક્કર; ફેર; વાયુથી ભમી જવું તે. A condition of being giddy. **2.** અસ્થિરતા. Unsteadiness.

Giddily (ગિડિલિ), *ad.* ચક્કર આવે તેમ; વાયુથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભમાવી દે તેવી રીતે; અસ્થિરતાથી. In a giddy way.

Giddy (ગિડિ), *a* ફેર આવે તેવું; ચક્કરના રોગવાળું; તમરી આવે તેવું. Causing giddiness; dizzy. **2.** (*fig.*) અસ્થિર; ડામાડોળ; ઢચુપચુ મનનું. Unsteady; wavering; fickle.

Gift (ગિફ્ટ), *n.* દાન; બક્ષિસ; ભેટ; નજરાણું; ઇનામ. A donation; a present; a reward. **2.** વિશેષ બુદ્ધિ; ઈશ્વરદત્ત બક્ષિસ–ગુણ. A talent or faculty, endowed by God. **2.** (*Law*) કંઇપણ લીધા સિવાય મિલ્કત બીજાને નામે ચઢાવી દેવી તે. A voluntary transfer of property. *vt.* બક્ષિસ આપવી; નજરાણું આપવું; ભેટમાં મૂકવું; બુદ્ધિ આપવી. To give as a gift; to confer a gift to; to endow with.

Gig (ગિગ્), *n.* બે પૈડાની હલકી ગાડી; બગી; હલકી હોડી. A light carriage; a light boat. **2.** સારંગી; સતાર. A kind of fiddle.

Gigster (ગિગ્સ્ટર), *n.* બે પૈડાની હલકી ગાડીએ જોડવામાં આવે તેવો ઘોડો. Horse that is fitted for a gig.

Gigantic (જાઇગૅન્ટિક), *a.* રાક્ષસી; પ્રચંડ; કદાવર; અતિ મોટું; ગંજાવર; અદ્ભૂત. Of extraordinary size; huge; enormous.

Giggle (ગિગલ), *vi. pr. p.* **Giggling.** *imp.* & *p p.* **Giggled.** ખીખી હસવું; ખડખડાટ હસવું; મોટેથી અર્થ વગરનું હસવું. To laugh loudly; to titter. *n.* ખીખી હસવું તે; ખડખડાટ હાસ્ય. A loud laughter.

Giggler (ગિગ્લર), *n.* ખડખડાટ હસનાર; મોટેથી હસનાર. One, who giggles.

Gild (ગિલ્ડ), *vt.* રસવું; સોનાનો ઢોળ ચઢાવવો; ઓપવું; સોનેરી રંગનું બનાવવું; ચકચકિત કરવું. To cover with gold; to give a golden colour; to illuminate.

Gilder (ગિલ્ડર), *n.* રસણિયો; રસનાર; સોનાનો ઢોળ ચઢાવનાર. One, who gilds. **2.** ડચ લોકમાં પ્રચલિત સિક્કો. A Dutch coin.

Gilding (ગિલ્ડિન્ગ), *n.* સોનાનો ઢોળ; ઓપ. A work of a gilder; a thin covering of gold leaf. **2.** (*fig.*) ઉપર ઉપરનો ભભકો; બહારનોજ સુંદર દેખાવ. An outward fine show.

Gill (જિલ), *n.* ચુઈ; ઘ્રાણેન્દ્રિય; માછલીઓની શ્વાસ લેવાની ઈંદ્રિય; પક્ષીની ચાંચ નીચે લટકતો માંસનો લોચો. An organ for respiration. **2.** જુવાન સ્ત્રી; નખરાંખોર સ્ત્રી. A young wanton woman. **3.** દાવ; દીવપેચ; યુક્તિ; પ્રપંચ. An artifice; a fraudulent scheme. **4.** એક તરેહનું માપ. A measure, containing one-fourth of a pint. **5.** બે પૈડાની લાકડાં વિગેરે ભરવાની નાની ગાડી; લારી. A two-wheeled carriage for loading timber, etc.

Gilt (ગિલ્ટ), *a.* રસેલું; ઢોળ ચઢાવેલું. Overlaid with gold. *n.* સોનાનો ઢોળ; રસણ. A gilding.

Gimcrack (જિમ્-ક્રૅક), *n.* જુક્તિવાળું અથવા કળવાળું રમકડું. A pretty toy; a toy.

Gimlet (ગિમ્લેટ), *n.* સારડી; સારવનું હથિયાર અથવા ઓજાર. A boring tool (esp. in wood). *vt.* સારડી ફેરવવી; સારડીથી સારવું–કાણું પાડવું. To use a gimlet upon; to make holes with a gimlet.

Gin (જિન્), *n.* રૂ અને કપાસિયા જુદા કરવાનો સંચો; 'જીન'. A machine for separating seeds from cotton. **2.** એક જાતનો દારૂ. A kind of strong ale. *vt.* કપાસીઆ લોઢવા; રૂ અને કપાસીઆ જુદા પાડવા. To separate seeds from cotton. [**Dried-ginger,** *n.* સુંઠ.

Ginger (જિન્જર). *n.* આદુ. A kind of spices.

Gingerly (જિન્જરલિ), *ad.* બારિકાઇપૂર્વક; સાવચેતિથી. Cautiously; carefully.

Giraffe (જિરૅફ), *n.* 'જીરાફ'; એક જાતનું જનાવર. A kind of animal, inhabiting Africa.

Gird (ગર્ડ), *vt.* વિંટવું; લપેટવું; બાંધવું; તૈયાર થવું; સજ્જ થવું. To encircle; to bind; to bind on all sides; to make oneself ready.

Girder (ગર્ડર), *n.* લાકડાનો (ખાસ કરીને) લોખંડનો પાટડો; બીમ. A beam of wood or iron.

Girdle (ગર્ડલ), *n.* કમરબંધ; પટો; મેખલા; કટિબંધ. A belt; an enclosure. *vt.* કમરપટો બાંધવો; કમર લપેટવી; આસપાસ ફરી વળવું. To bind with a belt; to gird; to encircle.

Girl (ગર્લ), *n.* છોકરી; કન્યા; કુમારિકા; બાળા. A female child; a young maiden.

Girlhood (ગર્લ્હુડ), *n.* કૌમાર્ય; બાળપણ; કુમાર્યાવસ્થા. A state of being a girl.

Girlish (ગર્લિશ), *a.* છોકરીની માફક; કન્યા તુલ્ય; છોકરીના જેવું. Like or befitting a girl.

Girth (ગર્થ), *n.* ઘોડાનો તંગ અથવા પટો. A band, fastening the saddle of a horse. કોઇપણ વસ્તુનો ગોળાકાર ભાગ–ઘેર; ઘેરાવો. The cylindrical circumference of anything. *vi.* તંગથી બાંધવું; પટાવડે બાંધવું. To fasten with a girth.

Gist (જિસ્ટ), *n.* મુદ્દો; મુખ્ય વસ્તુ; સાર; મુખ્ય હેતુ. The main point; the chief idea of a thing; the substance.

Give (ગિવ્), *vt. pr. p.* **Giving.** *imp.* **Gave.** *p. p.* **Given.** આપવું; દેવું; આપી છુટવું; અર્પવું; અર્પણ કરવું. To confer; to bestow; to part with. **To give ear,** લક્ષ દઇને સાંભળવું. **To give over,** મેલી દેવું; આશા છોડવી. **To give out,** જાહેર કરવું; જાહેર રીતે બોલવું. **To give up,** મુકી દેવું; તાબે થવું; નાકમેદ થવું. **To give in,** હા પાડવી; કબુલ કરવું.

Gizzard (ગિઝર્ડ), *n.* પક્ષીને ચાવવાનો કોઠો–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોજરી. The third stomach of birds.

Glacial (ગ્લૅશિઍલ્), *a.* બરફ જેવું; ઘટ્ટ; જામી ગયેલું; બંધાઇ ગયેલું. Icy; resembling ice; frozen.

Glacier (ગ્લેશિયર્), *n.* બરફનો મોટો ઢગલો; હિમ ક્ષેત્ર; બરફનો પટ. An immense mass of ice or snow.

Glad (ગ્લૅડ્), *a.* આનંદી; આનંદકારક; ખુશકારક; ખુશાલી ઉપજાવે તેવું. Pleased; joyful; cheerful. *vt.* આનંદી બનાવવું; ખુશકારક બનાવવું. To make cheerful.

Gladden (ગ્લૅડન્), *vt. vi. pr. p.* **Gladdening.** *imp.* & *p. p.* **Gladdened.** ખુશી કરવું; પ્રસન્ન કરવું; રાજી કરવું–રાખવું. To make cheerful; to please. **2.** આનંદ પામવો; રાજી થવું. To be cheerful; to be pleased.

Glade (ગ્લેડ્), *n.* ખીણ; પગરવટ; વનમાર્ગ; ઝાડીમાં જતો રસ્તો. A passage through a wood; a valley.

Gladly (ગ્લૅડ્લિ), *ad.* રાજીખુશીથી; આનંદપૂર્વક; હર્ષથી. Joyfully; cheerfully.

Gladness (ગ્લૅડ્નેસ્), *n.* ખુશાલી; આનંદ; ઉલ્લાસ; હર્ષ; ખુશી. Cheerfulness; joy; pleasure.

Gladsome (ગ્લૅડ્સમ્), *a.* આનંદી; ખુશાલી ઉપજાવે તેવું; હર્ષવાળું. Cheerful; joyful.

Gladiate (ગ્લૅડિએટ્), *a.* તરવારના આકારનું; તરવારના આકાર જેવું. Resembling a sword in shape.

Gladiator (ગ્લૅડિએટર્), *n.* તરવારથી ખેલનાર; ઇનામ અથવા કીર્તિ માટે જીવના જોખમે કામ કરનાર; કોઈ ભારે લડાઈમાં ભાગ લેવા તૈયાર થનાર. A prize-fighter; a combatant.

Gladiatorial (ગ્લૅડિએટોરિઍલ્), *a.* તરવારથી જીવ સાટે ખેલ કરનારની બાબતમાં–ને વિષે. Of or pertaining to a gladiator.

Gladiatorship (ગ્લૅડિએટર્શિપ્), *n.* સાહસિક વીર અવવા યોદ્ધાનું સ્થાન; જીવ સાટે ખેલ કરનારની પદવી. The position of a gladiator.

Glair (ગ્લેર્), *n.* ઇંડાનો ઘોળો ભાગ; ઇંડાની સફેદી. The white of an egg. **2.** કોઇપણ ચીકણો ઘોળો પદાર્થ. Any viscous substance. *vt.* ઇંડાના ઘોળા ભાગથી ખરડવું. To smear with the white of an egg.

Glance (ગ્લૅન્સ્), *n.* આંખની ઈશારત; નજર; નજરનો પલકારો; આંખ. A quick cast of the eyes; a glimpse. **2.** અકસ્માત રીતે સુજેલો વિચાર; અણધાર્યો વિચાર. A natural thought or idea **3.** ઝબકારો; ઝબુકો; તેજ. A sudden flash of light. *vt. vi. pr. p.* **Glancing.** *imp* & *p. p.* **Glanced.** નજર ફેરવવી; કિરણો ફેંકવા; ઝબુકવું; આંખ પલકાવવી; કટાક્ષ રીતે જોવું. To cast a look at; to emit the rays; to flash; to look sideways.

Gland (ગ્લૅન્ડ્), *n.* શરીરમાં રસની નાની કોથળી; ઝાડો ઉપર થતી ગાંઠ. A part, in the body containing the vessels to secrete some fluid.

Glanders (ગ્લૅન્ડર્સ્), *n.* ઘોડામાં થતો એક જાતનો રોગ. A disease affecting the horses.

Glare (ગ્લેર્), *vi. pr. p.* **Glaring.** *imp.* & *p. p.* **Glared.** આંખ કાઢીને જોવું; ઉગ્ર દૃષ્ટિએ ઘુરકીને જોવું. To look with a fierce eye; to look in a frowning manner. **2.** ઝળકવું; પ્રકાશવું; ચળકવું. To shine in a dazzling way; to illuminate. *n.* ઝગઝગાટ; પ્રકાશ; તેજ; દ્યુતિ. A dazzling light; illumination; brightness.

Glass (ગ્લૅસ્), *n.* કાચ; કાચનો તકતો; કાચનો પ્યાલો. A kind of brittle and transparent substance; a looking glass; a pane of glass; a cup made of glass. **Glass-cutter,** *n.* હીરાકણી. **Crystal-glass,** *n.* બીલોરી કાચ.

Glassiness (ગ્લૅસિનેસ્), *n.* કાચ જેવું સુંવાળાપણું–લીસાપણું. Smoothness; a state of being glassy.

Glassy (ગ્લૅસિ), *a.* કાચ જેવું; ચળકતું; ચોખ્ખું; નિર્મળ. Resembling glass; lucid; shining and well-polished. **2.** કાચનું; કાચની બનાવટનું Made of glass.

Glaze (ગ્લેઝ્), *vt. vi. pr. p.* **Glazing.** *imp.* & *p. p.* **Glazed.** ~~કાચ~~–બેસાડવો; કાચ જડવો. To furnish with a pane of glass. **2.** કાચ જેવું લીસું બનાવવું; ઓપ દેવો. To make polished like glass. **6.** કાચથી જડાઇ જવું. To become glazed. *n.* ઓપ; રોગાન. Any material used in glazing.

Glazier (ગ્લેઝીર્), *n.* બારીમાં કાચ બેસાડનાર; કાચ જડનાર અથવા મઢનાર. One, whose work is to fix glass or panes of glass in windows.

Glead (ગ્લીડ્), *n.* અંગારો; ધગધગતો કોયલો. A live coal; a burning coal.

Gleam (ગ્લીમ્), *vi. vt.* પ્રકાશવું; કિરણો નીકળવાં; તેજસ્વી દેખાવું; ચળકવું. To shine; to emit rays of light; to glitter. *n.* ચળકાટ; પ્રભા; કાંતિ; તેજ; કિરણ. Brightness; lustre; illumination; a ray of light.

Glean (ગ્લીન્), *vt. pr. p.* **Gleaning.** *imp.* & *p. p.* **Gleaned.** કાપણી પછી દાણા વીણવા; ખેતરમાંથી ભેગું કરવું; વીણવું; ચુંટવું. To collect grain by grain; to collect with great labour and fatigue; to pick up.

Gleaner (ગ્લીનર્), *n.* કાપણી કર્યા પછી દાણા વીણનાર; ભેગું કરનાર; એકઠું કરનાર. One, who gleans.

Gleaning (ગ્લીનિંગ્), *n* વીણવું તે; વીણવાનું કામ; દાણો દાણો એકઠું કરવું તે. An act of collecting grain by grain.

Glebe (ગ્લીબ્), *n.* જમીન; ભોંય; ભોંયનું પડ–થર. જમીનનું ઉપલું પડ. Soil; the upper layer of the earth. **2.** માટી; ઢેપું; મટોડી. Earth; clay.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

3. દેવળની જમીન. The ground belonging to the church.

Glee (ગ્લી), *n.* હર્ષ; આનંદ; મોજમજાહ; સહેલ. Joy; merriment; gaiety. 2. ગાવા, વગાડવાની કળા; ગાયન કળા. The art of singing and playing upon the musical instruments.

Gleeful (ગ્લીફુલ), *a.* આનંદી; હર્ષવાળું; મોજમજાવાળું. Cheerful; joyful.

Gleet (ગ્લીટ), *n.* પરમીઓ; પ્રમેહ; ધાતુક્ષય. A disease, chiefly effected by gonorrhoea.

Glen (ગ્લેન), *n.* ઉંડી, સાંકડી પર્વતની ખીણ; ખો. A narrow valley; a dale.

Glide (ગ્લાઈડ), *vi. pr. p.* **Gliding.** *imp. & p. p.* **Glided.** લપસી જવું; સરી જવું; સરકી પડવું. To move gently; to fall easily. *n.* ધીમે ધીમે ખસી જવું તે; સરકવું તે. Gentle fall; an act of gliding.

Glimmer (ગ્લિમર), *vi.* ઝાંખુ બળવું; ધીમું ધીમું બળવું; મંદ મંદ પ્રકાશ પાડવો. To burn in a faint manner; to shine dimly. *n.* ઝાંખુ તેજ; મંદ પ્રકાશ; ધીમે ધીમે બળતો અગ્નિ. A faint light; an unsteady brightness or lustre.

Glimmering (ગ્લિમરિન્ગ), *n.* ઝાંખુ અજવાળું; ઝાંખો પ્રકાશ. A faint light; a twinkle. 2. વિચાર; કલ્પના; આભાસ. A glimpse; a notion; an idea.

Glimpse (ગ્લિમ્પ્સ), *n.* ઝાંખો પ્રકાશ; મંદ પ્રકાશ. A dim and slow light; a dim illumination. 2. ઉપર ઉપરની નજર; આભાસ; દેખાવ. A superfluous sight; a scene; a faint appearance. 3. સ્ફૂર્તિ; સ્ફુરણ; સ્મરણ. A faint remembrance; a faint idea. *vt. vi.* દેખાવું; આભાસ રૂપે જોવું; પ્રકાશ પડવો. To appear or see by glimpses.

Glister (ગ્લિસ્ટર), *vi.* ચળકવું; ઝગઝગવું; ઝગારો મારવો; પ્રકાશ મારવો. To shine; to glitter. *n.* ચળકાટ; ઝગઝગાટ; પ્રકાશ. A glittering; a bright light.

Glitter (ગ્લિટર), *vi.* ચળકવું; પ્રકાશવું; ઝબુકવું. To shine; to sparkle. *n.* ઝગઝગાટ; પ્રકાશ; તેજ. A sparking light; lustre.

Gloat (ગ્લોટ), *vi.* તાકીને જોવું; એકી નજરે જોવું. To stare; to gaze; to look with one eye.

Globe (ગ્લોબ), *n.* ગોળો; ગોળાકારવાળી વસ્તુ; વર્તુળ; પૃથ્વીનો ગોળો. A sphere; a round solid body; the earth. *vt.* ગોળાકારે બનાવવું; ગોળ અથવા વર્તુલ કરવું. To gather into a round form. **Globe-fish,** *n.* એક જાતની ગોળાકાર માછલી. **Globe-flower.** *n.* વિલાયતમાં ઉગતો એક પ્રકારનો છોડવો કે જેનાં ફુલ ગોળ અને પીળાં હોય છે.

Globose (ગ્લોબોસ), *a.* ગોળાકાર; ગોળાકૃતિવાળું; ગોળ. Round in shape; spherical.

Globular (ગ્લોબ્યૂલર), *a.* ગોળ; ગોળાકારનું; ગોળાકૃતિનું. Pertaining to a sphere; round; spherical.

Globule (ગ્લોબ્યૂલ), *n.* નાની ગોળી. A little pill (mostly of medicine). 2. નાનો ગોળો. A little globe.

Gloom (ગ્લૂમ), *n.* ઉદાસી; શોક; દિલગીરી. Sadness; sorrow. 2. અંધકાર; અંધારૂં; થોડું ઘણું અંધારૂં. Darkness; obscurity.

Gloomily (ગ્લૂમિલિ), *ad.* દિલગીરીથી; શોકાતુરપણે; ખિન્ન હૃદયે. Sadly; sorrowfully.

Gloominess (ગ્લૂમિનેસ), *n.* દિલગીરી અથવા શોક; હૃદયનું ખિન્ન બનવું તે. A state of being sad or sorry.

Gloomy (ગ્લૂમિ), *a.* શોકાતુર; ભયાનક; શોકમય. Melancholy; dreadful; sad. 2. ઝાંખુ; અંધકારમય. Dim; dark.

Glorification (ગ્લોરિફિકેશન), *n.* પ્રતિષ્ઠા અથવા આબરૂ મેળવવી તે; કીર્તિ પામવી તે. An act of acquiring fame.

Glorify (ગ્લોરિફાઇ), *vt. pr. p.* **Glorifying.** *imp. & p. p.* **Glorified.** પ્રતિષ્ઠા આપવી; કીર્તિમાન કરવું; ઉન્નત દશાએ પહોંચાડવું; મોટાઈ આપવી. To ascribe glory to; to exalt to glory; to praise.

Glorious (ગ્લોરિઅસ), *a.* કીર્તિવાળું; પ્રતાપી; યશસ્વી; સ્તુત્ય; કીર્તિમાન; તેજસ્વી; મહિમાવાળું. Splendid; praiseworthy; illustrious.

Glory (ગ્લોરિ), *n.* કીર્તિ; ખ્યાતિ; વખાણ; યશ; મહિમા; મોટાઈ. Fame; renown; reputation. 2. અભિમાન; અહંકાર. Pride; the object of pride. *vi.* હરખાવું; રાજી રાજી થઈ જવું; અતિશય હર્ષ પામવો. To exult with joy; to rejoice.

Gloss (ગ્લૉસ), *n.* ઓપ; ઓપણી; ચળકાટ; સફાઇ; પ્રકાશ. Brightness of a body; a polish; a sheen. 2. મોહમાં ફસાવનાર બહારની વસ્તુ. An outward show which leads astray. *vt.* ઓપવું; ચળકાટ આપવો; સફાઇદાર બનાવવું. To give lustre to; to make shining and well polished.

Glossiness (ગ્લૉસિનેસ), *n.* સફાઈ; ઝલેહ; ઓપ; મોહોરો. The brightness appearing on a smooth surface.

Glossy (ગ્લૉસિ), *a.* સફાઈદાર; ઝલેહદાર; ચળકાટવાળું. Having a smooth surface.

Glossarist (ગ્લૉસરિસ્ટ), *n,* શબ્દ સમૂહ ગોઠવનાર; પુસ્તકને અંતે શબ્દો અર્થ સાથે લખનાર. One, who writes a vocabulary.

Glossary (ગ્લૉસરિ), *n.* શબ્દસમૂહ; ગ્રંથ માંહેના શબ્દનો કોશ. A vocabulary of words.

Glottis (ગ્લૉટિસ), *n.* શ્વાસમાર્ગ; દમ લેવાની નળી; કંઠદ્વાર. An opening at the upper part of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a windpipe.

Glove (ગ્લવ્), *n. pl.* **Gloves.** હાથનું મોજું; મુક્કામુક્કી વખતે વપરાતું હાથનું મોજું. A defensive covering for the arm; the covering worn at the time of fighting.

Glover (ગ્લવર્), *n.* હાથનાં મોજાં બનાવનાર અથવા વેચનાર. One, who makes or sells gloves.

Glow (ગ્લો), *vi. vt.* ધગધગવું; લાલચોળ થવું; તપવું; ખીલવું; દીપવું. To shine with an intense heat; to show a strong bright colour **2.** મનોવેગથી બળવું-દાઝવું; જુસ્સો આવવો. To feel the heat of passions. **3.** તપાવવું; લાલચોળ કરવું. To make hot; to flush. *n.* ઘણી ગરમી; આગ; તાપ; લાલાશ; સુરખી. Extreme heat; brightness of colour; redness. **2.** જુસ્સો; આવેશ. Intense excitement; the heat of passions.

Glow-worm (ગ્લો-વર્મ્), *n.* આગીઓ; આગીઓ કીડો. A kind of bettle.

Gloze (ગ્લોઝ્), *n.* ખોટી પ્રશંસા; વખાણ; ખુશામત; હાજી હા કરવાની ટેવ. Flattery; false praises. *v. t. v. i. pr. p.* **Glozing.** *imp. & p. p.* **Glozed.** ખુશામત કરવી; ખોટા વખાણ કરવા હાજીહા કહેવી. To flatter; to praise falsely. **2.** ફોસલાવવું; અવળા પાટા બંધાવવા. To cajole; to wheedle.

Glue (ગ્લયૂ), *n.* સરેશ. Gelatine, obtained by boiling hoofs, skin, horns, etc. of animals. *vt.* સરેશ લગાડવો; ચીકણું કરવું. To apply glue to.

Gluer (ગ્લયૂઅર્), *n.* સરેશ લગાડનાર; સરેશ વાપરીને ચીકણું કરનાર. One, who applies glue.

Gluey (ગ્લયૂઇ), *a.* સરેશથી ભરપૂર; સરેશવાળું; ચિકટું. Full of or containing glue.

Glut (ગ્લટ્), *vt. pr. p.* **Glutting.** *imp. & p. p.* **Glutted.** એકદમ ઓહીંઆં કરી જવું; ધરાવી નાંખવું. To swallow; to feast to satiety. *n.* રેલછેલ; ભરચક; પુષ્કળપણું. Plenty; an oversupply.

Gluten (ગ્લયૂટેન્), *n.* ધાન્યાદિકનો ચિકણો પદાર્થ. The viscid substance, resulting from corn (esp. dough).

Glutinate (ગ્લયૂટિનેટ્), *vt. pr. p.* **Glutinating.** *imp. & p. p.* **Glutinated.** સરેશથી ચોંટાડવું; 'સીમેન્ટ' થી સજ્જડ જડી દેવું. To unite with glue; to cement.

Glutinous (ગ્લયૂટિનસ્), *a.* સરેશવાળું; અતિશય ચિકાશવાળું; ચિકણું. Gluey; viscid; tenacious.

Glutinousness (ગ્લયૂટિનસનેસ્), *n.* અતિશય ચિકાશ હોવી તે; ચિકાશ; સંલગ્નતા. A state of being glutinous.

Glutton (ગ્લટન્), *n.* ઘણુંજ ખાનાર; અકરાંતિયો; ખાઉધરો. A voracious eater; a gormandizer; one, who is too much after eating and drinking. **2.** અતિ આહારી પશુ. A too-much eating quadruped.

Gluttonish (ગ્લટનિશ્), *a.* ખાઉધરો; ઘણુંજ ખાનાર. Prone to too-much eating.

Gluttonous (ગ્લટનસ્), *a.* બહુ ખાનાર; અતિ ભક્ષી; ખાઉધરો. Prone to too-much eating; voracious.

Gluttony (ગ્લટનિ), *n.* અકરાંતિયાપણું; અતિશય ખાવાપીવાની ટેવ. The habit of too-much eating and drinking.

Glycerine (ગ્લિસરાઇન્), *n.* ચરબીનો એક જાતનો ચીકણો પદાર્થ (જે મધ જેવો જાડો અને મીઠો હોય છે); 'ગ્લીસરાઈન'. A sweet liquid obtained from fats.

Gnarl (નાર્લ્), *n.* ઝાડની ડાળિયોની ગાંઠ; વૃક્ષનો અમુક ઉપસેલો ભાગ. A knot.

Gnarl (નાર્લ્), *vi.* ખીજાઈને બોધવું; ધુરકીઆં કરવાં. To growl; to talk angrily.

Gnash (નૅશ), *vt. vi.* દાંત પીસવા; (દુઃખ અથવા ખીજમાં) દાંત કરડવા; પોંચા કરડવા. To strike the teeth (in anger or owing to some pain).

Gnat (નૅટ્), *n.* ડાંસ; મચ્છર. A blood-sucking fly.

Gnatling (નૅટ્લિન્ગ્), *n.* મચ્છરનું નાનું બચ્ચું. A little gnat.

Gnaw (નૉ), *vt. vi. pr. p.* **Gnawing.** *imp. & p. p.* **Gnawed.** કાતરી ખાવું; કોરી ખાવું; દાંતથી કરડવું. To nibble; to bite slowly and slowly; to bite often.

Gnawer (નૉઅર્), *n.* કાતરી ખાનાર; દાંતથી કરડનાર (ઉંદર, કોળ, વિગેરે). One, who gnaws; a mouse; a rat.

Go (ગો), *vi. pr. p.* **Going.** *imp.* **Went.** *p. p.* **Gone.** જવું; ચાલવું; સિધાવવું; પલાયન થવું; To be in motion; to walk; to leave off the place; to proceed. **To go between,** ભાંજગડ કરવી; બેની વચ્ચે સંદેશા લાવવા અને લઈ જવા. **To go by,** વચ્ચે પડતું મુકીને જવું. **To go for nothing,** નિષ્ફળ નિવડવું. **To go over,** લક્ષ દઇને વાંચવું-ધ્યાનમાં લેવું. **To go one's way,** પોતાના માર્ગે ચાલ્યા જવું. *n* કામ; વ્યાપાર; હકીકત; બીના. A business; a work; circumstance. **A go-cart,** *n.* ઠેલણગાડી; નાના છોકરાને ચાલતા શીખવવાની ગાડી. **Go-by,** *n.* કોઇ વાત ઉડાવી દેવાની કળા.

Goad (ગોડ્), *n.* આર; પરોણો; અંકુશ; દાણ; જોડ. A pointed spike; a wooden stick with an iron spike; a restraint. **2.** ઉત્તેજીત કરનાર; ઉશ્કેરણી આપનાર કોઈપણ વસ્તુ. Any thing which incites. *vt. vi. pr. p.* **Goading,** *imp. & p. p.* **Goaded.** આર ભોંકવી; પરોણો મારવો; અંકુશ મારવો. To punish with a goad; to cause to move with the help of a stick with a spike.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Goal (ગોલ્), *n.* સરત દોડાવવાની હદ; મુકામ; ઉદ્દેશ; છેવટનો આશય. The halting place of a race or of a journey; the final aim or purpose.

Goat (ગોટ્), *n.* બકરો; બોકડો. A kind of horned animal with four thin legs. **2.** બકરા રાખવાની જગ્યા. A place for keeping goats.

Goat-herd (ગોટ્-અર્ડ્), *n.* રબારી; બકરાંને ચરાવનાર રબારી; ભરવાડ. One, who tends goats.

Goatish (ગોટિશ્), *a.* બકરા જેવું; બકરાને મળતું. Like or resembling a goat.

Gobble (ગૉબલ્), *vt. pr. p.* **Gobbling.** *imp. & p. p.* **Gobbled.** ઉતાવળા ખાઇ જવું; ઉતાવળમાં ગળી જવું. To swallow hastily. **2.** તુર્કી મરઘડાની માફક ગળક ગળક ઉચ્ચાર કરવો. To utter in the manner of a Turkey cock.

Gobbler (ગૉબ્લર્), *n.* ઉતાવળમાં ગળનાર-ગળી જનાર. One, who gobbles.

Goblet (ગૉબ્લેટ્), *n.* પંચપાત્ર; પ્યાલો; જામ. A kind of cup; a drinking vessel.

Goblin (ગૉબ્લિન્), *n.* ભૂત; પ્રેત; પિશાચ; ખવીસ; વૈતાલ. An evil spirit; a dreadful phantom; an apparition.

God (ગૉડ્), *n.* પરમેશ્વર; પ્રભુ; પરમાત્મા; અવિનાશી; જગદીશ્વર; ઈશ્વર. The Supreme Being of the universe. **God-father,** *n.* પાલક પિતા; ધર્મ પિતા. **God-child,** *n.* પાલક પુત્ર કે પુત્રી. **God-fearing,** *a.* ઈશ્વરથી ડરીને ચાલનાર. **God-fend,** *a.* અલૌકિક; કુદરતી. **God-mother,** *a.* પાલક માતા.

Goddess (ગૉડેસ્), *n. pl.* **Goddesses.** દેવી; ઇશ્વરી; માતા. A female god. **2.** (*fig.*) ઉત્તમ સ્ત્રી. A woman of beauty and merits.

God-like (ગૉડ્-લાઇક્), *a.* દિવ્ય; ઇશ્વરી; દેવરૂપ; અલૌકિક. Divine; celestial; holy.

Godliness (ગૉડ્લિનેસ્), *n.* ઈશ્વરભક્તિ; પરમાર્થ બુદ્ધિ; ઈશ્વરપરાયણતા. A state of being godly.

Godly (ગૉડ્લિ), *a.* ઇશ્વર ભક્ત; ધર્મપરાયણ; ધર્મનિષ્ઠ. Devoted to god; pious; devout.

Goggles (ગૉગલ્સ્), *n. pl.* આંખને માટે જાળીવાળા ચશ્માં. A kind of spectacles

Goitre (ગૉઇટર્), *n.* ગળા ઉપરની રસોળી; વરસોળી. A kind of gland, growing on the neck.

Gold (ગોલ્ડ્), *n.* સોનું; સુવર્ણ; કનક. A precious metal of a bright colour. **2.** (*fig.*) દોલત; ધન. Wealth. *a.* સોનાનું; સુવર્ણમય. Of gold; containing gold; made of gold. **Gold-beater,** *n.* સોનાનો વરખ બનાવનાર. **Gold-dust,** *n.* સોનાની રજ; સોનેરી રજ. **Gold-finch,** (ગોલ્ડ્-ફીન્શ) *n.* એક જાતનું સુંદર પક્ષી. **Gold-leaf,** *n.* સોનાનો વરખ. **Gold-fever,** *n.* સોનાની ખાણ શોધવાનો ઈરાદો.

Golden (ગોલ્ડન્), *a.* સોનેરી; સોનાનું; આનંદી; આનંદવાળું. Containing gold; of or pertaining to gold; joyful. **Golden-eye,** *n.* બતકની એક જાત.

Goldsmith (ગોલ્ડ્સ્મિથ્), *n.* સોની; સુવર્ણકાર. One, who prepares the ornaments of gold and silver.

Golf (ગૉલ્ફ્), *n.* એક જાતની રમત જે દડાથી રમાય છે. A kind of game, played with a ball.

Golfer (ગૉલ્ફર્), *n.* 'ગૉલ્ફ'ની રમત રમનાર. A player of a golf.

Gondola (ગૉન્ડોલૅ), *n.* લાંબી અને સાંકડી પણ સુશોભિત હોડી (વેનીસમાં વપરાય છે). A long narrow boat, richly decorated.

Gondolier (ગૉન્ડોલીર્), *n.* સુશોભિત હોડી હાંકનાર; 'ગૉન્ડોલા'ને હાંકનાર. One, who rows a gondola.

Gong (ગૉન્ગ્), *n* મોઘરીથી વગાડવાની પિત્તળની ઘડિયાળ; ગોલર. A musical instrument, consisting of a flat round dish generally of brass.

Gonorrhoea (ગૉનારહીએ), *n.* પરમીઓ; પ્રમેહ. A kind of disease of the generating organ.

Good (ગુડ્), *a.* સારું; ભલું; બેશ; રૂડું; મજેનું; ઉત્તમ; ઉપયોગી. Serviceable; beautiful; suitable; useful; virtuous. **Good-bye,** *n.* છેલ્લી સલામ; રામ રામ; નમસ્કાર. **Good-Friday,** ઈસુખ્રિસ્તને જે દિવસે વધસ્તંભે લઇ જવામાં આવ્યો હતો તે દિવસ. **Good-breeding,** *n.* શિષ્ટાચાર; સભ્યતા. **Good-natured,** *a.* સુશીલ; ભલા સ્વભાવનો. **To make good,** ખોટ પુરી આપવી; મજરે આપવું. **Good-morning,** સવારની સલામ. **Good-night,** રાતની સલામ. **Good-will,** *n.* પરોપકારવૃત્તિ.

Good (ગુડ્), *n.* શુભ; ફાયદો; ફળ; હિત. Welfare; a benefit; a good result.

Goodliness (ગુડ્લિનેસ્), *n.* ખુબસુરતી; આનંદીપણું; રમ્યતા. A state of being pleasant or beautiful or agreeable.

Goodly (ગુડ્લિ), *a.* ખુશકારક; મળતાવડું; રૂપાળું; મજાનું. Pleasant; agreeable; beautiful.

Goodness (ગુડ્નેસ્), *n.* ભલાઇ; ભલમનસાઇ; સત્વગુણ. A state or quality of being good.

Goods (ગુડ્સ્), *n. pl.* માલ; સામાન; માલમતા. Property; commodities. **Goods-train,** *n.* માલગાડી; ભારખાનું.

Goose (ગૂસ્) *n. pl.* **Geese.** હંસ; હંસણી. A kind of web footed bird. **2.** મૂર્ખો; બેઅક્કલ આદમી. A silly fellow; a stupid person. **3.** દરજીનું ઓજાર. A tailor's tool.

Goose-berry (ગૂસ્બેરિ), *n. pl.* **Goose-berries.** એક જાતનાં ખાટાં ફળ. A fruit of a

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

prickly shrub; a shrub itself.

Gore (ગોર્), *n.* લોહી; જમી ગએલું લોહી. Blood, that is shed; clotted blood. **2.** ત્રિકોણાકારનો લુગડાનો નાનો કકડો. A piece of cloth, triangular in form. *v. t.* ભોંકવું; ઘોંચવું; પેસાડી દેવો (ભાલાને). To pierce; to stab.

Gorge (ગૉર્જ્), *n.* ગળું; ગળાની નળી; કંઠ The gullet; the throat. **2.** નહેર; ખીણ. A narrow path in a wood; a den. *vt.* અકરાંતીયાની માફક ખાઇ જવું; ઉપાડી જવું. To eat away greedily.

Gorgeous (ગૉર્જસ્), *a.* શોભાયમાન; આકર્ષક; સુંદર. Grand; showy; attracting.

Gormand (ગૉર્મૅન્ડ્), *n.* પુષ્કળ ખાનાર; ખાઉધરો; અકરાંતિયો. A person who is too much after eating; a voracious eater; a glutton.

Gormandize (ગૉર્મૅન્ડાઇઝ્), *vt.* અતિશય ખાવું; અતિ આહાર કરવો. To eat or swallow greedily.

Gosling (ગૉસ્લિંગ્), *n.* નાનું હંસનું બચ્ચું. A young goose.

Gospel (ગૉસ્પેલ્), *n.* સુવાર્તા; ક્રાઇસ્ટના વૃત્તાન્તમાંના એકાદની પસંદગી. The good news concerning Christ; a selection from one of the gospels. **2.** ખરૂંજ છે એમ માની લીધેલું વાક્ય; સૂત્ર; બ્રહ્મવાક્ય. An aphorism.

Gossip (ગૉસિપ્), *n.* ગપ; ગપાટો. A rumour; an idle talk. **2.** ગપ્પીદાસ; બડાઇ મારનાર. One, who talks idly; a boaster. *vt. vi.* ગપ મારવી; વાતોનાં વડાં કરવાં; ન હોય છતાં વાત ફેલાવવી. To talk idly; to exaggerate the matter.

Gouge (ગાઉજ્), *n.* ભુંગળીના જેવી ફરસી; વિંધણું. ચોપડીઓ બાંધવાનું હથિયાર. A chisel; a book binder's tool. *vt.* વિંધણાથી કોરવું; ફરશીથી કોરવું. To scoop out with a gouge.

Gourd (ગુર્ડ), *n.* તુમડું; તુમડી; દુધી; તુમડાનો વેલો. A kind of plant or its fruit.

Gout (ગાઉટ), *n.* સંધીવા; વાતરોગ; અનાજના સાંઠાનો થતો એક જાતનો રોગ. A disease, affecting the joints; a disease of corn stalks. **2.** ટીપું; ટપકું. A drop; a particle.

Gouty (ગાઉટિ), *a.* સંધીવાવાળું; સંધીવાથી પીડાતું. Suffering from gout; afflicted with gout.

Govern (ગવર્ન્), *vt. vi.* અમલ ચલાવવો; સત્તા ચલાવવી; હકુમત ચલાવવી; હુકમ ચલાવવો. To rule; to sway; to rule by authority. **2.** વિભક્તિ તરીકે સંબંધ રાખવો. To connect with reference to the case in grammar.

Governable (ગવર્નેબલ્), *a.* હકુમત, અમલ અથવા રાજ્ય ચલાવી શકાય તેવું Capable of being governed.

Governess (ગવર્નેસ્), *n.* બાળશિક્ષક સ્ત્રી; જુવાન સ્ત્રીઓને કેળવનાર સ્ત્રી. A female who trains or instructs young girls.

Government (ગવર્નમેન્ટ્), *n.* રાજ્ય; અમલ; સત્તા; હકુમત; રાજ્યસત્તા. An act of governing; a sway; a control; the royal authority.

Governor (ગવર્નર્), *n.* હાકેમ; સુબો; રાજ્ય ચલાવનાર મોટો અમલદાર. A chief ruler. **2.** નિયામક; દેખરેખ રાખનાર. A controller; a guardian. **Governor-general,** વાઇસરૉય; મુખ્ય સુબો.

Governorship (ગવર્નરશિપ્), *n.* હાકેમગીરી; સુબાગીરી. The rank or position of a governor.

Gown (ગાઉન્), *n.* ઝભ્ભો; ઉપર પહેરવાનો જમો. A loose upper garment. **2.** હોદ્દો દર્શાવનાર ઝભ્ભો. An official robe.

Gownsman (ગાઉન્સ્મૅન્), *n.* જે માણસોને ધંધામાં લાંબા ઝભ્ભા પહેરવાની જરૂર હોય તેવા માણસ (પાદરી, વકીલ, વિગેરે). One, who puts on a gown as a business man.

Grab (ગ્રૅબ્), *vt. vi.* પકડવું; ઝાલવું; વળગી પડવું. To seize; to hold fast; to clutch. *n.* પકડવું તે; ઝાલવું તે. An act of holding fast.

Grabble (ગ્રૅબલ્), *vi.* અંધારામાં ફાંફાં મારવા; વ્યર્થ શોધવું. To search in darkness; to attempt in vain.

Grace (ગ્રેસ્), *n.* કૃપા; મહેરબાની; ખુબસુરતી. Mercy; favour; beauty. **2.** ઉત્તમતા; શ્રેષ્ઠતા; ભૂષણ. Elegance; ornamentation. *vt.* શણગારવું; દીપાવવું; શોભાવવું; માન આપવું. To adorn; to dignify; to honour.

Graceful (ગ્રેસ્ફુલ્), *a.* કૃપાળુ; દયાળુ; ખુબસુરતીવાળું; સુંદર; શ્રેષ્ઠ. Elegant; beautiful; stylish.

Gracefully (ગ્રેસ્ફુલ્લિ), *ad.* સુંદર રીતે; માયાળુપણે; દયાળુપણે. In a graceful way.

Gracefulness (ગ્રેસ્ફુલનેસ્), *n.* સુંદરતા અથવા લાવણ્યતા હોવી તે; ખુબસુરતીવાળું થવું તે. An act of becoming graceful.

Gracious (ગ્રેશસ્), *a.* કૃપાળુ; દયાવંત; મહેરબાન; રહેમ કરનાર Full of grace; merciful. **2.** રમ્ય; સુંદર; મનોહર. Charming; excellent.

Graciousness (ગ્રેશસ્નેસ્), *n.* કૃપા હોવી તે; દયાવંત બનવું તે. An act of being gracious.

Gradation (ગ્રૅડેશન્), *n.* દરજ્જો; પાયરી; ઉત્તરોત્તર ક્રમ; ચઢ ઉતર રચના-વ્યવસ્થા. A rank; a position; a degree in an order or series.

Gradational (ગ્રૅડેશનૅલ્), *a.* દરજ્જાને લગતું; પાયરીને-ક્રમને લગતું; વ્યવસ્થાવાળું. Pertaining to a position or rank.

Grade (ગ્રેડ્), *n.* પાયરી; પગથીયું; દરજ્જો; મોભો; પંક્તિ; જાત. A degree in any rank or order; a position; a standing.

Gradient (ગ્રૅડિએન્ટ્), *a.* ડગલે ડગલે વધતું; ક્રમ પ્રમાણે થતું. Rising by regular degrees; happening according to order. **2.** ક્રમ પ્રમાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચે આવવું-ઉતરવું. Descending in order. *n.* ઢોળાવ; ચઢાવ; ચઢણ. A slope; an inclination.

Gradual (ગ્રેડ્યૂઍલ), *a.* ધીમે ધીમે થવું-બનવું; આસ્તે આસ્તે બનવું. Slow; of slow progress.

Gradually (ગ્રેડ્યૂઍલિ), *ad.* ધીમે ધીમે; આસ્તે આસ્તે; રફતે રફતે. In a gradual way.

Graduate (ગ્રેડ્યૂએટ), *n.* કોઈ વિદ્યા અથવા કળામાં પારંગત પુરૂષ; કળામાં પ્રવીણ માણસ; પદવી ધારી પુરૂષ. One, who has received an academical degree. *a.* ક્રમ પ્રમાણે મુકેલું-ગોઠવેલું. Arranged according to order. *vt. pr. p.* **Graduating.** *imp. & p. p.* **Graduated.** પાઠશાળાની પદવી લેવી; (બી. એ. અથવા એમ. એ.)ની પદવી મેળવવી; ક્રમ પ્રમાણે ચઢવું અથવા ઉતરવું. To take a degree in a college or university; to ascend or descend according to order. **2.** સરખા અંતરના કાપા પાડવા. To make signs or marks at equal distance.

Graduateship (ગ્રેડ્યૂએટશિપ), *n.* પ્રથમ પંક્તિના વિદ્યાર્થીની પાઠશાળામાં પદવી. The state of being a graduate in any college.

Graduation (ગ્રેડ્યૂએશન), *n.* અંશ પાડવા તે; રેખા પાડવી તે. An act of marking with lines at equal distance.

Graft (ગ્રૅફ્ટ), *n.* ઝાડની કલમ; રોપાની કલમ. A shoot of a tree. *vt.* કલમ કરવી. To insert a graft on.

Grafter (ગ્રૅફ્ટર), *n.* ઝાડની કલમ કરનાર. One, who grafts.

Grain (ગ્રેન), *n.* અનાજ; અનાજનો કણ; ધાન્ય; ધાન્યનો દાણો. The different kinds of corn, growing in fields; a particle of corn.

Gram (ગ્રૅમ), *n.* એક પ્રકારનું માપ. A kind of weight. **2.** ચણા. The seed of a plant, used as food or fodder.

Gramineous (ગ્રૅમિનીઍસ), *a.* ઘાસના જેવું; સાંઠાવાળું; ઘાસને લગતું. Of or pertaining to grass; resembling grass.

Graminivorous (ગ્રૅમિનિવોરસ), *a.* ઘાસ ખાઇને જીવનાર; ઘાસાહારી; તૃણાહારી. Living on grass.

Grammar (ગ્રૅમર), *n.* વ્યાકરણ; ભાષાશાસ્ત્ર; વ્યાકરણ ગ્રંથ. A book, describing the principles of language; a book containing the rules and principles of language.

Grammarian (ગ્રૅમેરિઍન), *n.* ભાષાશાસ્ત્રી; વૈયાકરણી; વ્યાકરણવેત્તા. One, well-versed in grammar.

Grammatic,-al (ગ્રૅમૅટિક,-કલ), *a.* વ્યાકરણનું; વ્યાકરણને લગતું; ભાષાશાસ્ત્રનું. Pertaining to grammar.

Grammatically (ગ્રૅમૅટિકલિ), *a.* વ્યાકરણને વિષે;ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ. In the form of grammar.

Granary (ગ્રૅનરિ), *n.* કોઠાર; અનાજ ભરવાની વખાર-દુકાન. A store-house for grain.

Grand (ગ્રૅન્ડ), *a.* મોટું; મહાન; વિશાળ; ઠાઠમાઠવાળું. Great; splendid; extensive; magnificent. **Grand-child,** *n.* પૌત્ર. **Grand-father,** *n.* દાદા. **Grand-mother,** *n.* દાદી. **Grand-son,** *n.* પૌત્ર. **Grand-daughter,** પૌત્રી.

Grandam (ગ્રૅન્ડૅમ), *n.* દાદી; ઘરડા માજી; ડોશી. A grand mother; an old woman.

Grandee (ગ્રૅન્ડી), *n.* ઉમરાવ; અમીર; કુલીન જન. A man of high rank; a noble; a peer.

Grandeur (ગ્રૅન્ડ્યૂર), *n.* પ્રૌઢતા; વિશાળપણું; ઠાઠમાઠ; વિભૂતિ; ભવ્યતા; પ્રભાવ; ઉજવલતા. Greatness; magnanimity; splendour; stateliness.

Granite (ગ્રૅનિટ), *n.* એક જાતનો પત્થર; અડદીઓ પત્થર. A kind of rock containing quartz and mica.

Grant (ગ્રૅન્ટ), *vt. vi.* કબૂલ કરવું; માન્ય રાખવું; હા પાડવી; બક્ષીસ આપવી. To concede; to allow; to give over; to give as a present. *n.* બક્ષીસ; બક્ષીસ તરીકે આપેલી રકમ. A thing or a sum granted in favour of something done.

Grantee (ગ્રૅન્ટી), *n.* જે માણસને બક્ષીસ આપવામાં આવી હોય તે માણસ. One, to whom a grant is favoured.

Grantor (ગ્રૅન્ટૉર), *n.* ઇનામ આપનાર; બક્ષિસ આપનાર; ભેટ તરીકે આપનાર. One, who gives free of charge.

Granulate (ગ્રૅન્યૂલેટ), *vt. vi.* દાણાદાર કરવું-થવું; ખડબચડી સપાટી કરવી. To form into grains or small masses.

Granulation (ગ્રૅન્યૂલેશન) *n.* દાણાદાર બનાવવું તે; ખડબચડું કરવું તે. An act of granulating.

Grape (ગ્રેપ), *n.* દ્રાક્ષ; દરાખ. A well-known, edible berry. **2.** દ્રાક્ષનો છોડ. The plant, bearing grapes. **Grape-cure,** *n.* દ્રાક્ષ ખવરાવી મટાડવામાં આવતો વ્યાધિ. **Grape-shot,** *n.* ગરભછાંટનો ગોળો. **Grape-vine,** *n.* દ્રાક્ષનો વેલો. **Grape-yard,** *n.* દ્રાક્ષ મંડપ.

Graphic,-al (ગ્રૅફિક,-કલ), *a.* આબેહૂબ; સચિત્ર; રસભેર વર્ણવેલું. Vivid; clear in style; vividly described.

Graphically (ગ્રૅફિકલિ), *ad.* આબેહૂબ રીતે; સચિત્રપણે; રસભર વર્ણન હોય તેવી રીતે. Vividly; clearly described.

Graphite (ગ્રેફાઇટ), *n.* સીસાપેન બનાવવાનો કોયલો 'ગ્રેફાઈટ' Carbon crystals, used in making pencils.

Grapple (ગ્રૅપલ), *vt. pr. p.* **Grappling.** *imp. & p. p.* **Grappled.** પકડવું; ઝાલવું; બાથ ભીડવી; હામ ભીડવી; સામા થવું; ટક્કર ઝીલવી. To seize; to hold; to oppose firmly. *n.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈપણ ચીજને મજબૂત રીતે પકડવાનું સાધન; ચાંપ. A contrivance to hold a thing fast.

Grasp (ગ્રૅસ્પ), *vt.* પકડવું; પકડી લેવું; ઝડપથી લેવું; ગ્રહણ કરવું; સમજવું; મગજમાં ઉતારવું. To seize; to catch; to hold; to comprehend. *n.* પકડ; ચપટ. A contrivance to hold fast a thing; clutches. **2.** (*Law*) બળજોરીથી લીધેલો કબજો. A forcible possession. **3.** હાથો; મુઠ. A handle (of a sword, an oar, etc).

Grass (ગ્રૅસ્), *n.* ઘાસ; ઘાસચારો; ઘાસના જેવો છોડ. Herbage; verdure covering the soil. *vt.* ઘાસથી ઢોકવું; ઘાસવડે આચ્છાદન કરવું; ઘાસ પુરૂં પાડવું. To cover with grass; to supply with grass.. **Grass-hopper** *n.* તીતીઘોડો; તીડ. **Grass-widow,** *n.* પરણ્યા સિવાય છોકરૂં થયું હોય તેવી સ્ત્રી.

Grassy (ગ્રૅસિ), *a.* ઘાસવાળું; ઘાસથી છવાએલું. Full of grass; containing grass.

Grate (ગ્રેટ્), *n.* ગજની સળીની જાળી; સઘડી. An iron frame work; an iron frame for holding fuel, while burning. *vt.* કઠોર અવાજ થાય તેમ ઘસવું; ખખડાવવું. To rub in a rough way. **2.** સંતાપવું; ગુસ્સે કરવું; ખીજવવું. To harass; to irritate; to tease.

Grateful (ગ્રેટ્ફુલ્), *a.* કૃતજ્ઞ; વફાદાર; નીમકહલાલ; આભારી; ઉપકાર માનનાર; ગુણ માનનાર. Expressing gratitude; sensible to the good done; thankful. **2.** સુખકારક; સ્વાદિષ્ટ; મઝેદાર; રમણીય. Affording pleasure; agreeable.

Gratefully (ગ્રેટ્ફુલ્લિ), *ad.* ઉપકાર અથવા આભારની દૃષ્ટિએ; ઉપકૃતપણે; રમણીય રીતે. In a grateful way.

Gratefulness (ગ્રેટ્ફુલનેસ્), *n.* આભાર; ઉપકાર; આભાર સમજવાની વૃત્તિ; કૃતજ્ઞતા. Thankfulness; The sense of expressing gratitude.

Gratification (ગ્રૅટિફિકેશન્), *n.* સંતોષ; તૃપ્તિ; ખુશી; આનંદ. Satisfaction; enjoyment; delight. **2.** ઈનામ; બદલો. A reward; a gratuity.

Gratifier (ગ્રૅટિફાયર), *n.* સંતોષ પમાડનાર; તૃપ્ત કરનાર; ખુશાલી ઉપજાવનાર. One, who gratifies.

Gratify (ગ્રૅટિફાઇ), *vt. pr. p.* **Gratifying.** *imp.* & *p. p.* **Gratified.** ખુશી કરવું; સંતુષ્ટ બનાવવું; આનંદિત કરવું; તૃપ્ત કરવું. To please; to satisfy; to give pleasure.

Gratis (ગ્રૅટિસ્), *a. ad.* મફત; ફોગટ; કિંમત વિનાનું; દામ ન બેસે તેવું. Free of charge; given for nothing.

Gratitude (ગ્રૅટિટ્યૂડ્), *n.* વફાદારી; કૃતજ્ઞતા; આભાર. Thankfulness.

Gratuitous (ગ્રૅટ્યૂઈટિસ્), *a.* મફત; વગર પૈસે; વિના મુલ્યે. Free; without any price or value.

Gratuitousness (ગ્રૅટ્યૂઇટસનેસ્), *n.* બક્ષીસ તરીકે મેળવવું તે; મફત લેવું તે; ઇનામ. An act of getting as free.

Gratuity (ગ્રૅટ્યૂઇટિ), *n.* બક્ષિસ; ઇનામ; ભેટ; સારી નોકરીના બદલામાં નોકરી છોડતી વખતે આપવામાં આવતી રકમ. A present; a reward; a sum granted in return for good work.

Grave (ગ્રેવ્), *n.* ઘોર; કબર; કબ્ર; હજીરો. A tomb; a sepulchre. **2.** મરણ; મોત; અવસાન. Death. *a.* ગંભીર; ભારે; મોટું; પ્રાઢ; વજનદાર. Solemn; serious; weighty; important. **Grave-digger,** *n* કબરો ખોદવા માટે રાખેલો માણસ. **Grave-stone,** મૃત્યુ સ્તંભ.

Grave (ગ્રેવ્), *vt. pr. p.* **Graving.** *imp.* & *p. p.* **Graved,** ખોદવું; કોતરવું; કોતરીને આકાર બનાવવો. To dig; to carve; to engrave. **2.** દાટવું; દફનાવવું; કબરમાં મુકવું. To entomb; to bury.

Gravely (ગ્રેવ્લિ), *ad.* ગંભીરાઇથી; વજનદારરીતે; પ્રાઢતાથી. In a grave way; seriously.

Graveness (ગ્રેવ્નેસ્), *n.* ગંભીરતા; વજન; પ્રૌઢતા. A state of being grave.

Graver (ગ્રેવર્), *n.* કોતરનાર; કોરનાર; કોતરણી. One, who or which engraves.

Grave-yard (ગ્રેવ્-યાર્ડ), *n.* કબ્રસ્તાન. An inclosure for the interment of the dead.

Gravel (ગ્રૅવેલ્), *n.* કાંકરો; કાંકરા; મરડીઆ. A small stone; small stones; pebbles. *vt. pr. p.* **Gravelling.** *imp.* & *p. p.* **Gravelled.** કાંકરા પાથરવા; ગભરાટમાં નાખવું; ગુંચવણીમાં નાંખવું. To cover with gravel; to perplex.

Gravitate (ગ્રૅવિટેટ્), *vi.* ગુરૂત્વાકર્ષણથી ખેંચાવું; ગુરૂત્વાકર્ષણના નિયમે ચાલવું. To be under the influence of gravitation.

Gravitation (ગ્રૅવિટેશન્), *n* ગુરૂત્વાકર્ષણથી થતું દબાણ-ખેંચાણ; ગુરૂત્વાકર્ષણ. An act of gravitating.

Gravity (ગ્રૅવિટિ), *n.* વજન; ગુરૂત્વ; ગંભીરતા; અગત્યતા; ભારેખમપણું. Weight; seriousness; importance; responsibility.

Gray (ગ્રે), *a.* કાબરચિત્રું; સફેદ; ભુરૂં; પરિપક્વ; ભુરા વાળનું. Of variegated colours; hoary; mature. *n.* ઘેરો ધોળાશ પડતો રંગ. A gray colour. **2.** ધોળા રંગનું કોઇ પશુ. Any beast of gray colour.

Graze (ગ્રેઝ્), *vt. vi. pr. p.* **Grazing.** *imp.* & *p. p.* **Grazed.** ચરાવવું; ચારવા લઇ જવું; ઢોરીને ચરાવવા લઇ જવું; ચરવું; ખાવું. To supply or furnish with grass; to eat from the ground. **2.** વીણી ખાવું; ઝાડપાલો ખાવો. To eat grass or herbage.

Grazier (ગ્રેઝીર), *n.* ઢોર ચરાવનાર રબારી; ગોવાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

One who grazes cattle for the market. 2. ઢોરને વેચવાને માટે ઉછેરનાર રબારી. A farmer dealing in cattle.

Grease (ગ્રીઝ), *n.* ચીકણો પદાર્થ; ચરબી. Animal fat. 2. ઘોડાની એડીએ આવતો સોજો. An inflammation on a horse's heel. *vt.* ચરબી-તેલ પુરવું; તેલ ચોપડીને સુંવાળું કરવું. To smear with fat; to lubricate.

Greasiness (ગ્રીઝિનેસ), *n.* ચીકાસવાળું થવું તે; ચરબીના ગુણવાળું હોવું તે An act of being greasy.

Greasy (ગ્રીઝિ), *a.* ચિકણું; ચિકાસવાળું; ચરબીવાળું. Cantaining animal fat; full of fat.

Great (ગ્રેટ), *a.* મહાન; મોટું; વિસ્તીર્ણ; ઘણુંજ ભારે; શ્રેષ્ઠ; પ્રતાપી; મહાન. Having much size; large in bulk; immense; weighty; noble; advanced in high qualities.

Greatly (ગ્રેટ્લિ), *ad.* પુષ્કળ; ઘણું; ઉમદા રીતે. In a great way; much; nobly.

Greatness (ગ્રેટ્નેસ) *n.* મોટાઇ; મોટપ; પ્રૌઢતા; મહિમા; ગૌરવ. A state of being great.

Greed (ગ્રીડ્), *n.* લોભ; અતિતૃષ્ણા; લાલચ; સ્પૃહા; લાલસા. A longing; an eager desire (esp. for money).

Greedily (ગ્રીડિલિ), *ad.* લોભથી; લાલસાપૂર્વક; તૃષ્ણાથી. In a greedy way; eagerly.

Greediness (ગ્રીડિનેસ), *n.* અતિલોભ-લાલેસા હોવી તે; અત્યુત્કંઠા. A state of having a great desire.

Greedy (ગ્રીડિ), *a.* લોભી; લાલચુ; અતિ તૃષ્ણાવાળો. Covetous; having an earnest desire for.

Green (ગ્રીન), *a.* લીલું; લીલોતરીવાળું; નીલ રંગનું. Verdant; not dry; of grassy colour. 2. તાજું; ખીલી રહેલું; અપરિપક્વ; કાચું. Fresh; raw; inexperienced; immature. **Green-crop,** તાજેતરનો ખેતરમાં થયેલો ફાલ-પાક. **Green-hand,** *n.* નવો બીનઅનુભવી માણસ. **Green-ware,** *n.* વગર પાકેલાં માટીનાં વાસણો. **Green-vitriol,** *n.* હીરાકશી. **Green-grocer,** *n.* કાછીઓ.

Green (ગ્રીન), લીલો રંગ; લીલોત્રી; લીલું મેદાન. A green colour; verdure. *vt. vi* લીલું બનાવવું; લીલુંછમ કરવું-બનાવવું; તાજું કરવું. To make green or fresh. 2. લીલું ઉગવું-થવું. To grow green.

Greenish (ગ્રીનિશ), *a.* લીલાશપડતા રંગનું; ઝાંઝા લીલા રંગનું. Somewhat green.

Greet (ગ્રીટ), *vt. vi. pr. p.* **Greeting.** *imp.* & *p. p.* **Greeted.** સલામ કરવી; ભેટવું; આવકાર આપવો; અભિનંદન આપવું. To salute; to embrace; to welcome.

Greeting (ગ્રીટિન્ગ્), *n.* સલામ; આવકાર; આદરસત્કાર; અભિનંદન; નમસ્કાર. A salute; a welcome; a cordial reception; an expression of kindness or of joy.

Gregarious (ગ્રીગેરિઅસ), *a.* સાથે સાથે ફરવાની ટેવવાળું; યૂથમાં સાથે રહેનારૂં; સંઘચર. Habitually moving in flocks or in herds.

Grenadier (ગ્રેનેડીર), *n.* લશ્કરમાં ઉંચા જબરા સિપાઇની પલટણનો સિપાઇ-સૈનિક.

Grey (ગ્રે), *a.* Same as, **Gray.**

Grey-hound (ગ્રે-હાઉન્ડ), *n.* શિકારી કુતરો. A kind of dog, famous for its swiftness and keen sight.

Griddle (ગ્રિડ્લ), *n.* રોટલી શેકવાની છાછરીકઢાઇ; લોઢાનો તવો. A shallow iron pan, used for preparing cakes, breads, etc.

Grief (ગ્રીફ), *n.* શોક; પસ્તાવો; ઉદાસી; દિલગીરી; વ્યથા; પીડા; અનુતાપ. Sorrow; sadness; a state of being downcast.

Grievance (ગ્રીવન્સ), *n. pl.* **Grievances,** દુઃખ; ઇજા; પીડા; સંકટ; અસંતોષ અથવા અસંતોષનું કારણ. An injury; a harm; a cause of discontent; discontentment.

Grieve (ગ્રીવ્), *vt. vi. pr. p.* **Grieving.** *imp.* & *p. p.* **Grieved.** દિલગીર થવું; શોક કરવો; ઉદાસીન થવું; ઉદાસ બનવું. To be sorry for; to lament; to be sad. 2. રડવું; વિલાપ કરવો. To weep; to shed tears.

Griever (ગ્રીવર), *n.* શોક કરનાર; વિલાપ કરનાર; ઉદાસીન બનનાર. One, who grieves.

Grievous (ગ્રીવસ), *a.* ત્રાસદાયક; કઠણ; પીડાકારક; ઘોર; અતિદુષ્ટ. Painful; harmful; dreadful; heinous.

Grievously (ગ્રીવસલિ), *ad.* ત્રાસદાયક રીતે; પીડાકારક રીતે; અતિ દુષ્ટતાથી. Painfully; harmfully; dreadfully.

Grievousness (ગ્રીવસનેસ), *n.* પીડા; ત્રાસ; અતિદુષ્ટતા હોવી તે. A state of being very wicked.

Grig (ગ્રિગ્), *n.* તીડ; તમરૂં. A grass-hopper; a cricket.

Grill (ગ્રિલ), *vt. pr. p.* **Grilling.** *imp.* & *p. p.* **Grilled.** શેકવું; ભુંજવું. To broil.

Grim (ગ્રિમ), *a.* બિહામણું; ઘોર; વિકટ; ક્રૂર. Frightful; horrible; dreadful; cruel.

Grimly (ગ્રિમલિ), *a.* ક્રૂર; બિહામણું; વિકટ. Cruel; having a dreadful appearance. *ad.* ક્રૂરતાથી; ભયંકર રીતે; ઘોરતાથી; બિહામણી રીતે. In a dreadful way.

Grimness (ગ્રિમનેસ), *n.* ક્રૂરતા; ભયંકરપણું; વિકટ સ્થિતિ. A state of being dreadful or horrible.

Grimace (ગ્રિમેસ), *n.* ચાળા; મ્હોંનું વાંકુચુકું કરવું તે; વાનરવેડા; ચેષ્ટા; દાંતીયા. A wry face; a distorted face. *vi.* ચાળા કરવા; દાંતીઆ કરવા; વાનરવેડા કરવા. To make faces at; to make grimaces.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Grime (ગ્રાઈમ્), *n.* મેલ; કચરો; કીટ્ટું; મળ. Foul matter; dirt. *vt. pr. p.* **Griming.** *imp. & p. p.* **Grimed.** મેલું કરવું; કચરાવાળું બનાવવું; મલીન કરવું. To make dirty; to soil.

Grimily (ગ્રિમિલિ), *ad.* ગંદી રીતે; કચરા સાથે; મલીન રીતે. In a dirty way or manner.

Griminess (ગ્રિમિનેસ્), *n.* કચરાવાળું હોવું તે; મલીન સ્થિતિ; ગંદવાડ. A state of being grimy.

Grimy (ગ્રિમિ), *a.* કચરાવાળું; ગંદું; મલીન. Dirty; filthy; impure.

Grin (ગ્રિન્), *vi. pr. p.* **Grinning.** *imp. & p. p.* **Grinned.** દાંતીઆ કરવા; દાંત દેખાડવા; દાંત પીરાવા. To snarl; to show the teeth. *n.* દાંતીઆ; દાંતીઆ કરીને બોલવું તે; નછુટકે કીધેલું હાસ્ય. A snarling; a mock-smile or laughter.

Grind (ગ્રાઇન્ડ્), *vt. pr. p.* **Grinding.** *imp. & p. p.* **Ground.** દળવું; લોટ કરવો; વાટવું; ચૂર્ણ કરવું. To reduce to powder; to remove to a powdery state. **2.** હેરાન કરવું; પજવવું; દુઃખ દેવું. To oppress; to trouble; to harass. **3.** લોટ થવો; ચુરો થવો. To be removed to the powdery state. **4.** ઘસવું; ઘસીને તીક્ષ્ણ બનાવવું. To whet; to sharpen.

Grinder (ગ્રાઇન્ડર્), *n.* દળનાર; દળીને લોટ અથવા ચૂર્ણ કરનાર; દાઢ. One, who grinds, a molar tooth.

Grip (ગ્રિપ્), *n.* નાની ખાઇ; નહેર. A furrow; a small ditch. *vt.* ખાઇ ખોદવી; નહેર બાંધવી. To trench; to construct a drain.

Gripe, Grip (ગ્રાઈપ્, ગ્રિપ્), *vt. vi.* જોરથી પકડવું; દુઃખ દેવું; મુઠ્ઠી ભીડવી-વાળવી. To hold fast; to clutch; to catch with the hand. **2.** ચુંક આવવી; આંકડી આવવી. To suffer pain in the stomach. *n.* મૂઠ; પંજો; જુલમ; આંકડી; ચુંક. A handle; an oppression; a pain in the belly.

Grisly (ગ્રિસ્લિ), *a.* બિહામણું; ભયંકર; વિકાળ; કારમું. Horrible; terrible; frightful.

Grist (ગ્રિસ્ટ્), *n.* દળણું; દળેલો લોટ; ઓરણું. The quantity of corn, ground at one time; the flour. **2.** ખોરાકી; ભરી મુકેલું અનાજ. Supply of food or provision.

Gristle (ગ્રિસલ્), *n.* કુમળું હાડકું; કોમલાસ્થિ. A cartilage.

Grit (ગ્રિટ્), *n.* લોટમાંનું થુલું; ચળામણ. Rough, hard particles of flour. **2.** કાંકરી; રેતી. Gravel; sand.

Gritty (ગ્રિટિ), *a.* કાંકરીનું; કાંકરીવાળું; રેતીનું. Containing grit.

Grivet (ગ્રિવેટ્), *n.* એક જાતનું વાંદરૂં. A kind of monkey (mostly of Abysinia).

Grizzle (ગ્રિઝલ્), *vi.* ચીડાઈ જવું; ખીજાઇ જવું. To fret; to get angry. *n.* ચીડ; ખીજ; રીસ. Anger; excitement.

Grizzle (ગ્રિઝલ્), *n.* ભૂરો રંગ; ધોળાશ ઉપરનો રંગ. A gray colour; a mixture of white and black.

Groan (ગ્રોન્), *vi. pr. p.* **Groaning.** *imp. & p. p.* **Groaned.** દુઃખનો અવાજ કરવો; રડવું; દુઃખનાં રોદણાં રોવાં. To utter a mournful voice; to heave with deep breathing.

Groaner (ગ્રોનર્), *n.* દુઃખનો અવાજ કરનાર; રડનાર; દુઃખનાં રોદણાં રોનાર. One, who groans.

Groat (ગ્રોટ્), *n.* ચાર પેન્સની કિંમતનો એક અંગ્રેજી સિક્કો. An English currency worth four pence. **2.** (*fig.*) પૈસાની જુજ રકમ. Any small amount of money.

Grocer (ગ્રોસર્), *n.* ગાંધી; કરિયાણું વેચનાર. One, who deals in tea, coffee, spices, sugar, and country herbs, etc. **Grocer's itch,** *n.* ચામડીનો રોગ; લોહીવિકાર.

Grocery (ગ્રોસરિ), *n.* ગાંધીહાટ; કરિયાણાં, વિગેરેની દુકાન. A grocer's shop. **2.** (*pl.*) કરિયાણાંની દુકાન. A shop containting the articles as sold by a grocer.

Grog (ગ્રૉગ્), *n.* પાણી ભેળવેલો કોઇપણ દારૂ; કોઇ પણ જાતનો પીવાનો દારૂ. A mixture of spirit with water. **Grog-shop,** *n.* દારૂનું પીઠું.

Groin (ગ્રૉઇન્), *n.* જાંગનો સાંધો; હુક્કરનું નાક. The nearest part to the thigh; the nose of a hog. **2.** લાકડાનું ચોકઠું. A wooden frame.

Groom (ગ્રૂમ્), *n.* અશ્વપાલ; અશ્વરક્ષક; ઘોડાવાળો; રાવત. One, who is in charge of a horse or horses. **2.** વર; કન્યાનું પાણિગ્રહણ કરનાર. A man, who is recently to be married. *vt.* ઘોડાની માવજત કરવી; અશ્વની દેખરેખ રાખવી; ઘોડાને ખરેરો કરવો. To care for horses; to look after the horses. **Groomsman,** *n.* વરની સાથે પરણતી વખતે રહેનાર; વરરાજાનો ગોઠીઓ.

Groove (ગ્રૂવ્), *n.* ખોભણ; ખાંચ; કોરણી; ચીલો. A long hollow made by a tool; a worn path; a rut. **2.** જીવન ક્રમ; જીંદગીનો ક્રમ અથવા કાર્યક્રમ. The fixed routine of life. *vt.* કોરણ પાડવી; ખોભણ પાડવી. To furrow.

Groover (ગ્રૂવર્), *n.* ખાણ ખોદનાર; ખોભણ પાડનાર. One, who grooves.

Grope (ગ્રોપ્), *vi. vt. pr. p.* **Groping.** *imp. & p. p.* **Groped.** અંધારામાં ફાંફાં મારવા; શોધવું; ગોથાં ખાવા; નકામી મહેનત કરવી. To search for anything in the dark; to try for anything blindly.

Groper (ગ્રોપર્), *n.* અંધારામાં ફાંફાં મારનાર; વ્યર્થ મહેનત કરનાર. One, who gropes.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gross (ગ્રોસ્), *a.* મોટું; જાડું; ભારે; નીચ; એકંદર; જુમલે. Large; coarse; great; obscene; total. *n.* મુખ્ય ભાગ; ૧૨ ડઝન. The chief part; the number of twelve dozen. **Gross-beak,** એક પ્રકારનું કઠણ ચાંચવાળું પક્ષી. **Gross-headed,** *a.* મૂર્ખ; ઠોઠ; જડબુદ્ધિનો.

Grossly (ગ્રોસ્લિ), *ad.* જાડી રીતે; અત્યંત; અમર્યાદ રીતે. In a gross way.

Grossness (ગ્રોસનેસ્), *n.* જાડાઇ; અધિકતા; અત્યંતતા. Thickness; a state of being gross.

Grotesque (ગ્રોટેસ્ક), *a.* તરેહવાર; વિલક્ષણ; વિચિત્ર; હાસ્યરૂપ. Wildly formed; odd; exciting laughter; extraordinary; whimsical.

Grotto (ગ્રૉટો), *n. pl.* **Grottos** or **Grottoes.** ભોંયરૂં; ભોંયમાં ગુહા; ગુફા. An opening in the earth; a cave; an unnatural cavern.

Ground (ગ્રાઉન્ડ્), *n.* જમીન; ભોંય; ધરતી; જાગીર. The surface of the earth; the soil; an estate. **2.** કારણ; નિમિત્ત; હેતુ. A reason; a cause. **3.** પાયો; આધાર. A foundation; a base; a support. *vt.* જમીન ઉપર મુકવું; બેસાડવું; સ્થાપવું; કારણ આપવું. To lay on the surface of the earth; to establish; to fix the reason for. **2.** દળ્યું;દળેલું. Reduced to powder. **To gain ground,** ફાયદો–નફો મેળવવો. **To lose ground,** નફો ગોવો; તક ખોવી. **Ground-floor,** ભોંય તળિયું. **Ground-nut,** ભોંયશિંગ; મગફળી. **Ground-work,** આરંભ; શરૂઆત; મૂળ કારણ.

Groundedly (ગ્રાઉન્ડેડ્લિ), *ad.* મજબૂતપણે; સ્થાપના થઇ ગઇ હોય તેવી સ્થિતિમાં. Firmly; well-established.

Groundless (ગ્રાઉન્ડ્લેસ્), *a.* વિનાકારણ; નિમિત્ત સિવાય; હેતુ વિનાનું. Without any reason or cause.

Groundlessness (ગ્રાઉન્ડ્લેસ્નેસ્), *n.* કંઇપણ કારણ ન હોવું તે; વિનાકારણ હોવું તે. A state of being groundless. *vt.* એકઠું કરવું; એકત્ર કરવું; સમૂહાયમાં ગોઠવવું. To collect; to arrange in order; to place in a regular form.

Group (ગ્રૂપ્), *n.* સમૂહાય; ટોળું; સંઘ; ટુકડી; જમાવ. A crowd; an assembly; a set; an arrangement of persons or things, according to their rank or merits.

Grove (ગ્રોવ્), *n. pl.* **Groves.** ઝાડની ઘટી; કુંજગલી; અમરાઈ. A wood of small extent or area.

Grovel (ગ્રૉવ્લ્), *vi. pr. p.* **Grovelling.** *imp.* & *p. p.* **grovelled.** જમીન ઉપર ઉંધા પડીને પેટે ઘસડાવું; પેટે ચાલવું. To move with the body prostrate on the earth. **2.** (*fig.*) નિંદ્ય થવું; અધમ થવું; ખરાબ કામમાં વૃત્તિ થવી. To be abject or mean; to be inclined to bad actions.

Groveller (ગ્રૉવેલર્), *n.* જમીન ઉપર પેટે પડીને ચાલનાર; અધમ માણસ; હલકી વૃત્તિનો આદમી. One, who grovels; a mean-minded fellow.

Grow (ગ્રો), *vt. vi. pr. p.* **Growing.** *imp.* **Grew.** *p. p.* **Grown.** ઉગવું; વધવું; મોટા થવું; પકવવું; ઉત્પન્ન કરવું; ઉછેરવું. To increase in size naturally; to advance in age or life; to result; to breed.

Growl (ગ્રાઉલ્), *vi. pr. p.* **Growling.** *imp.* & *p. p.* **Growled.** ઘુરકવું; ચીડાઇને બોલવું; ઘુરકીઆં કરવાં. To snarl; to fret; to be peevish. *n.* ઘુરકી; ચીડાઇ જઇને કરેલી વાતચીત. A snarl; a fretful talk.

Growth (ગ્રોથ્), *n.* વૃદ્ધિ; વધારો; ઉપજ; ફળ; અસર. An increase; an advancement; a product; a result; an outcome.

Grub (ગ્રબ્), *vt. pr. p.* **Grubbing.** *imp.* & *p. p.* **Grubbed.** ઉખેડવું; ખોદી કાઢવું; મુળિયાં ઉખેડી નાંખવાં. To uproot; to dig out; to root out. *n.* એક પ્રકારનો કીડો. A kind of insect. **2.** ઠીંગણો માણસ; વામનજી. A dwarf; a stunted fellow.

Grudge (ગ્રજ્), *vt. pr. p.* **Grudging.** *imp* & *p. p.* **Grudged.** નજરમાં ઘાલવું; અદેખાઇ કરવી; ઇર્ષા કરવી; નાખુશીથી રજા આપવી; બળતે કોડે દેવું. To envy; to cherish ill-will; to part with unwillingly. *n.* અદેખાઈ; દ્વેષ; ઇર્ષા; નાખુશી. An envy; jealousy; an ill-will.

Grudgingly (ગ્રજિન્ગ્લિ), *ad.* ઇર્ષાળુપણે; અદેખાઈપૂર્વક; નાખુશીથી. In an envious way.

Gruel (ગ્રુએલ્), *n.* રાબડી; કાંજી; ખીર. A kind of thin porridge.

Gruff (ગ્રફ્), *a.* કરડું; કઠોર; સખ્ત; કટાણું; નિષ્ઠુર. Harsh; severe; surly.

Gruffness (ગ્રફ્નેસ્), *n.* કઠોરતા; ઉગ્રતા; નિષ્ઠુરતા. Harshness of temper; surliness.

Grumble (ગ્રમ્બલ્), *vi. pr. p.* **Grumbling.** *imp.* & *p. p.* **Grumbled.** બડબડવું; ગણગણવું; અસંતુષ્ટ બનીને બોલવું. To fret; to remain dissatisfied; to murmur.

Grumbler (ગ્રમ્બલર્), *n.* બડબડ કરનાર; દરેક કામના પરિણામે અસંતુષ્ટ રહેનાર; બબડનાર. A discontented person; one, who grumbles.

Grumbling (ગ્રમ્બ્લિન્ગ્), *n.* બડબડાટ; અસંતોષ. Discontent; words uttered through discontent.

Grume (ગ્રુમ્), *n.* ગંઠાઇ ગએલું લોહી. A clot, [as of blood.

Grunt (ગ્રન્ટ), *vi. pr. p.* **Grunting.** *imp.* & *p. p.* **Grunted.** ડુક્કરની માફક બોલવું અથવા અવાજ કરવો. To imitate a hog in

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

voice; to utter a groaning sound. *n.* હુકરની માફક અવાજ કરવો તે. A deep groaning sound like a hog.

Guarantee (ગેરૅન્ટી), *n.* જામીન; બાંહેધરી; જામીનગીરી; 'ગેરંટી' A security; a surety. **2.** જામીનગીરી આપનાર. A guarantor? **3.** બાંહેધરી લેનાર–માંગનાર; જામીન માંગનાર. One, who asks for security. *vt.* જામીન થવું; બાંહેધરી આપવી. To be a surety; to give a security for.

Guarantor (ગેરૅન્ટૉર), *n.* જામીનગીરી આપનાર; બાંહેધરી આપનાર. One, who gives a guarantee.

Guard (ગાર્ડ), *n.* રખવાળ; પહેરેગીર; રક્ષક; ચોકીદાર. A watchman; a sentinel; one, who protects from any kind of danger. *vt.* સંભાળવું; ચોકી કરવી; સાવધ રહેવું; રક્ષણ કરવું. To defend; to watch; to be cautious.

Guardian (ગાર્ડિઍન), *n.* રક્ષકિ; વાલી; સંભાળપૂર્વક ઉછેરનાર. One, who guards; a protector; a helper.

Guardianship (ગાર્ડિઍન્શિપ), *n.* વાલી તરીકેની પદવી; રક્ષક તરીકેનો હક. The rank or position of a guardian.

Guava (ગ્વાવૅ), *n.* જામફળ; જમરૂખ; જામફળી. A kind of tropical tree or its fruits.

Gudgeon (ગર્જૅન), *n.* સહેલાઇથી પકડી શકાય તેવી માછલી; સહેલાઈથી છેતરી શકાય તેવો પુરૂષ. A fish easily caught; a person, easily duped.

Guerdon (ગર્ડૉન), *n.* બદલો; ઇનામ. A reward; a recompense. *vt.* બદલો વાળવો; સાટું વાળવું; ઇનામ આપવું. To reward; to give as a prize.

Guerrila (ગેરિલૅ), *n.* ઢંગધડા વગરનું યુદ્ધ; નિયમ વિના થતી લડાઈ. An irregular war. **2.** ઢંગધડા વગરની લડાઇમાં રહેલો સૈનિક. A warrior engaged in an irregular war–fare.

Guess (ગેસ), *vt. vi. pr. p.* **Guessing.** *imp.* & *p. p.* **Guessed.** અટકળ કરવી; કલ્પના બાંધવી; અનુમાન કરવું; તર્કવિતર્ક કરવા. To estimate; to form an opinion; to infer; to imagine. *n.* કલ્પના; અટકળ; અનુમાન. An estimate; an inference; a conjecture. **Guess-work,** *n.* કલ્પના અથવા અટકળના આધારે થયેલું કામ.

Guest (ગેસ્ટ), *n.* મહેમાન; પરોણો; અતિથિ; અભ્યાગત. A friendly visitor. **2.** વીશીમાં અથવા મુસાફરખાનામાં ઉતારો કરનાર. A lodger at an inn. **Guest-house,** *n.* ઉતારો; વીશી.

Guestwise (ગેસ્ટ્વાઈઝ), *ad.* મહેમાનને છાજે તેવી રીતે; અભ્યાગતને માફક આવે તેમ. In the manner suitable to a guest.

Guidance (ગાઇડૅન્સ), *n.* દેખરેખ; ઉપરીપણું; વહીવટ. A direction; a supervision; the management.

Guide (ગાઇડ), *vt. pr. p.* **Guiding.** *imp.* & *p. p.* **Guided.** માર્ગ દેખાડવો; રસ્તો દેખાડવો; માહીતગાર બનાવવું–કરવું; સૂચના આપીને રસ્તો બતાવવો. To show the path; to instruct; to suggest. *n.* ભોમિયો; વળાવો; માર્ગદર્શક. One, who shows a new path; a conductor; an adviser.

Guile (ગાઈલ), *n.* કપટ; ફરેબ; કાવોદાવો; પ્રપંચ. Craft; artifice; deceit.

Guileful (ગાઇલ્ફુલ), *a.* કપટી; ફરેબી; પ્રપંચી; કાવાદાવાવાળું. Fraudulent; deceitful.

Guileless (ગાઇલ્લેસ), *a.* ભોળું; નિષ્કપટી; સરળ; મોકળા મનનું Artless; innocent; free from guiles.

Guilt (ગિલ્ટ), *n.* અપરાધ; ગુન્હો; વાંક; દોષ; પાપ; પાતક. An offence; a serious fault; a heinous work.

Guiltless (ગિલ્ટ્લેસ), *a* નિર્દોષ; નિરપરાધી; ગુન્હા વિનાનું; તકસીર વિનાનું; અજ્ઞાત. Innocent; free from fault; ignorant.

Guilty (ગિલ્ટિ), *a.* ગુન્હેગાર; અપરાધી; તકસીરવાન; પાપાત્મા. Offending; wicked; heinous.

Guinea (ગીની), *n.* એકવીસ શિલિંગનો એક સોના મોહોર; 'ગીની'. A golden English coin. worth twenty-one shillings.

Guise (ગાઇઝ), *n.* પહેરવેશ; સુરત; સિકલ; ડોળ. Dress; a mode of putting on dress; garb in general.

Guitar (ગિટાર), *n.* સીતાર; વીણા; વીણા જેવું વાજીંત્ર. A musical instrument resembling a violin.

Gulf (ગલ્ફ), *n. pl.* **Gulfs.** અખાત; ખાડી. A bay; a bight. **2.** ઉંડો ખાડો; જમીનમાં પાણીના ધસારાથી પડેલો મોટો પટ. An abyss; a deep opening in the earth.

Gull (ગલ), *n.* નોળિયો; છેતરી શકાય તેવો માણસ. One, who is easily duped or cheated. **2.** છળ; કપટ; ઠગાઇ. Deceit; fraud. *vt.* ભોળવવું; છેતરવું; ઠગવું. To cheat; to beguile; to make a dupe of.

Gull (ગલ), *n.* એક જાતનું દરિયાઇ પક્ષી. A kind [of sea–bird.

Gullet (ગલેટ), *n.* ગળું; અન્નનળી; ગળામાં આવેલી નળી. A tube in the throat carrying food, water, etc. into the stomach.

Gulp (ગલ્પ), *vt. imp.* & *p. p.* **Gulping.** *imp.* & *p. p.* **Gulped.** ઓહિયાં કરી જવું; ખાઈ જવું; ગટગટાવી જવું. To swallow eagerly; to eat greedily.

Gum (ગમ), *n.* ગુંદર. A kind of sticky substance, coming out from some trees. *vt.* ગુંદર ચોપડવો; ગુંદરવાળું કરવું. To apply gum to.

Gummy (ગમિ), *a.* ગુંદર જેવું ચિકણું; ચોંટી જાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું; ચીકટ. Resembling gum; sticky; viscous.

Gums (ગમ્સ્), *n.* દાંતના અવાળુ; પેઢા ઉપરનો ભાગ. Sockets of the teeth.

Gun (ગન્), *n.* બંદુક; તોપ; નાની તોપ; અગ્ન્યસ્ત્ર. A fire-arm; a cannon. **Gun-boat,** *n.* તોપવાળી નાની બોટ. **Gun-metal,** *n.* કાંસું. **Gun-powder,** *n.* બંદુકમાં ભરવાનો દારૂ. **Gun-shot,** *n.* બંદુકનો પ્રહાર. **Gun-smith,** *n.* બંદુક બનાવનાર.

Gunner (ગનર્), *n.* ગોલંદાજ; તોપચી; તોપ છોડનાર. One, who is in charge of firing with a gun or cannon.

Gunnery (ગનરિ), *n.* ગોલંદાજી; ગોળા નાંખવાની આવડત-કળા. An art of firing guns.

Gunny (ગનિ), *n.* કંતાન; ગુણપાટ. A coarse kind of sacking.

Gurge (ગર્જ્), *n.* પાણીમાં થતા ભમર; વમળ. [A whirlpool.

Gurgle (ગર્ગલ્), *vi. pr. p.* **Gurgling.** *imp.* & *p. p.* **Gurgled.** ગળગળ નીકળવું-વહેવું; ખળખળ વહેવું. To run or flow in a noisy way: to flow with a purling sound. *n.* ખળખળ વહેવું તે; ગળગળ અવાજ થવો તે. A broken or bubbling noise.

Gush (ગશ્), *vi.* જોરથી વહેવું; જોરથી બહાર આવવું; દડદડ બહાર આવવું. To flow with force; to flow out; To issue out with force. *n.* એકદમ વહેવું તે; બહાર નીકળવું તે; જોરથી નીકળેલો પ્રવાહ. An act of flowing out; a violent flow.

Gust (ગસ્ટ્), *n.* સ્વાદ; લેહેજત. A taste. **2.** મનનો ઉભરો. The outburst of mental feelings. **3.** પવનનો સપાટો; પવનનું તોફાન. A blast of wind.

Gusty (ગસ્ટિ), *a.* પવનના તોફાનવાળું; પ્રચંડ. Full of a violent blast of wind.

Gut (ગટ્), *n.* આંતરડું; પેટના નળ. An intestine; bowels. **2.** નહેર; નીક. A passage for water. *vt.* આંતરડા કાઢવા-ખેંચી કાઢવા. To take out the bowels from.

Gutter (ગટર્), *n.* નીક; મોરી; નેર; 'ગટર'. An under-ground passage for dirty water to pass. *vt.* ગટર મુકવી; નીકો પુરી પાડવી. To supply with gutters.

Guttural (ગટરલ્), *a.* કંઠસ્થાની; 'ક' વર્ગનું. Of or pertaining to the throat. *n.* કંઠસ્થાની અક્ષર; 'ક' વર્ગનો અક્ષર. A sound, formed in the throat.

Gymnasium (જિમ્નેસિઅમ્), *n.* કસરતશાળા; તાલીમખાનું; અખાડો; વ્યાયામ ભૂમિ. A place or school, where physical exercises are performed.

Gymnastic (જીમ્નૅસ્ટિક), *a.* કસરતનું; શારીરિક તાલીમને લગતું; અખાડાની અંગકસરતને લગતું. Pertaining to athletic exercises. *n.* કસરત શિક્ષક-માસ્તર. A gymnastic teacher.

Gymnastics (જિમ્નૅસ્ટિક્સ્), *n.* કસરત; વ્યાયામ વિદ્યા; મલ્લકુસ્તિ. Athletic exercises or feats; an art of performing physical exercises.

Gynarchy (જીનાર્કિ), *n.* ત્રિયારાજ; સ્ત્રીરાજ્ય. Government conducted by a woman.

Gypsum (જીપ્સમ્), *n.* એક જાતનો ખાર-ક્ષાર; હરસોઠ. A kind of mineral acid.

Gypsy (જીપ્સિ), *n. pl.* **Gypsies.** એક જાતના રખડાઉ લોક, અથવા લોકોની ટોળી (જેઓ દવા રાખે છે, તેમજ લોકોને ભવિષ્યના બનાવો વિષે કહે છે.), A kind of wandering tribe; a person belonging to such a tribe. Also spelt as **Gipsy.**

Gyve (જાઇવ્), *n. pl.* **Gyves.** પગની બેડી. A fetter for the legs (used in the plural form). *vt.* બેડી જડવી; બેડી પહેરાવવી. To fetter; to chain.

H.

H (એચ્), અંગ્રેજી મૂળાક્ષરનો ૮ મો અક્ષર. The eighth letter of the English alphabet.

Ha (હે), *int.* આશ્ચર્ય, આનંદ, હર્ષ, વિગેરે બતાવનાર શબ્દ. A word denoting joy or pleasure.

Haber-dasher (હૅબરડૅશર્), *n.* દોરા, સોય, વિગેરે વેચનાર; ફેરિયો. A dealer of drapery goods, etc.

Haber-dashery (હૅબરડૅશરિ), *n.* દોરા, સોય, વિગેરે પરચુરણ ચીજો વેચવાનો વેપાર. The articles sold by a haber-dasher.

Habilable (હૅબિલેબલ્), *a.* વસ્ત્ર પહેરી શકાય તેવું; પોશાકથી ઢાંકી શકાય તેવું. Capable of being dressed.

Habiliment (હૅબિલિમેન્ટ્), *n.* લુગડાં; વસ્ત્ર; પોશાક. Clothings; a garment; a dress.

Habit (હૅબિટ્), *n.* પ્રકૃતિ; તબિઅત; ટેવ; આદત; ખાસિઅત. A temperament; the physical state; a natural disposition of mind. **2.** રીવાજ; મહાવરો; ટેવ; અભ્યાસ. A usage; a practice. **3.** પોશાક; પહેરવેશ; લિબાસ. A dress; an outward attitude; a garment. *vt.* પોશાક પહેરાવવો; કપડ પહેરાવવા; વસ્ત્રથી ઢાંકવું. To clothe; to invest with dress. **2.** વસવું; રહેવું; સ્થાન કરવું. To inhabit; to dwell.

Habitable (હૅબિટેબલ્), *a.* વાસ કરવા લાયક;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહેઠાણ કરી શકાય તેવું; રહી શકાય તેવું. Capable of being habited.

Habitation (હૅબિટેશન્), *n.* રહેઠાણ; વસવાની જગ્યા; વાસ; સ્થાન; મુકામ. An abode; a residence; a house. **2.** નિવાસ; રહેવું તે; વસવું તે. An act of dwelling.

Habitant (હૅબિટૅન્ટ્), *n.* રહેવાસી; રહેઠાણ કરનાર; વસનાર. A dweller; a resident.

Habitual (હૅબિટ્યૂઍલ્), *a.* ધારા પ્રમાણેનું; હંમેશનું; નિત્યનું; સતત. Customary; usual.

Habitually (હૅબિટ્યૂઍલિ), *ad.* રહી શકાય તેવી રીતે; રહેઠાણ કરી શકાય તેવી રીતે; અભ્યાસથી; હંમેશ; નિયમસર. Continuously; usually; in a habitual way.

Habituate (હૅબિટ્યૂએટ્), *vt. pr. p.* **Habituating.** *imp. & p. p.* **Habituated.** ટેવ પાડવી; મહાવરો પાડવો; સહવાસ કરવો; વધારે પરિચયમાં આવવું. To accustom; to be closely connected with.

Habitude (હૅબિટ્યૂડ્), *n.* સંહવાસ; વ્યવહાર; પરિચય; ધારો; રિવાજ; ટેવ. Familiarity; constant intercourse; a custom; a rule; a method of doing any work.

Hack (હૅક્), *vt.* આડું અવળું કાપવું; છેદવું; ઘા કરવો; છેદન કરવું. To cut irregularly; to make cuts; to notch. *n.* પ્રહાર; છેદન; કાપો. A stroke; a cut; a notch.

Hack (હૅક્), *n.* ચાલી ચાલીને થાકી ગયેલો ભાડાનો ઘોડો. A worn and tired horse. **2.** થાકી ગયેલો મજુર; વૈતરો. A tired labourer; a man who works on wages. **3.** થોડા પૈસા લઇને વધારે વૈતરૂ કરનાર લેખક. A writer of a book with a view to get only money. *vt.* ભાડે આપવું; પૈસા લઇને વાપરવા આપવું. To give on hire. *a.* ભાડે આપેલું; ભાડુતી. Hired.

Hackle (હૅકલ્), *vt. pr. p.* **Hackling.** *imp. & p. p.* **Hackled.** ઓળીને સાફ કરવું; પંઝેટવું. To comb (as cotton, hemp, flax, etc.)

Hackler (હૅક્લર્), *n.* ઓળીને સાફ કરનાર; પંઝેટનાર. One, who hackles.

Hackney (હૅક્ની), *a.* ભાડુતી; ભાડાની; સાધારણ વપરાશમાં આવતું; વારંવાર વપરાતું. Hired; let for hire; of continuous use; much used; tired. *n.* ભાડાનો ઘોડો; ભાડુતી ગાડીઘોડો. A hired horse and a carriage. **2.** વૈતરો; મજુર; પૈસા વાસ્તેજ મજુરી કરનાર. A horse kept for hire; a porter. **3.** પૈસાની આશાએ અધમ કામ કરનાર; વેશ્યા; સામાન્યા. A vicious person; a prostitute. *vt.* કામ કરાવીને થકવવું; કામથી કંટાળો આપવો; જીનું કરી નાંખવું; બહુજ ઉપયોગમાં લેવું; ભાડુતી ગાડીમાં લઇ જવું. To make exhausted; to carry in a hired coach.

Haft (હૅફ્ટ્), *n.* પકડ; હાથો; ચાંપ. A handle. *vt.* હાથો જડવો; હાથો બેસાડવો. To furnish with a handle.

Hag (હૅગ્), *n.* ડાકણ; વંતરી; બદશીકલ સ્ત્રી; જાદુગર સ્ત્રી; ઇલ્મ જાણનારી બાઇ. An ugly woman; an old woman with a deformed face; a sorceress; a witch.

Haggard (હૅગાર્ડ્), *a.* દુબળું; ગળી ગયેલું; મડા મુખું; શરીર ઉપર ચામડી ચોંટી ગયેલું. Lean; pale; worn in flesh and skin.

Haggish (હૅગિશ્), *a.* બિહામણું; ડાકણ જેવું; કદરૂપું; બદશિકલ. Fearful; deformed; resembling a witch.

Haggle (હૅગ્લ્), *vt. pr. p.* **Haggling.** *imp. & p. p.* **Haggled.** ચુંથીને કકડા કરવા; વાંકુંચુકું કરવું; કાપ પાડવા. To cut into small pieces; to disfigure the appearance. **2.** ભાવમાં ખેંચતાણ કરવી; રકઝક કરવી. To hesitate in fixing the prices of.

Hail (હેલ્), *n.* વરસાદના કરા; મેઘગર્ભ; શિલાવૃષ્ટિ. Masses of ice, formed in small form; frozen rain. *vi.* કરા પડવા; વરસાદનાં મોટાં ફોરાં પડવાં. To rain in hail. **Hail-stone,** *n.* વરસાદનો એક છૂટો કરો.

Hail (હેલ્), *vt. vi.* આવકાર આપવો; નમસ્કાર કરવા; પ્રણામ કરવા; બંદગી કરવી. To welcome; to greet; to bow; to utter a salutary word in the name of God. *n.* પ્રણામ; નમસ્કાર; બંદગી; જુહાર. A salutation; a greeting; a term of well-wishing. *int.* સ્વસ્તિ; કલ્યાણ; જયજય. A word showing welfare or blessing.

Hair (હેર્), *n.* વાળ; રૂઆં; નીમાળા. A filament on the skin; a down. **Hair-pin,** *n.* વાળમાં ભરાવવાની પીન-સોય. **Hair-dresser,** *n.* વાળ ઓળનાર; વાળ સાફ કરનાર. **Hair-breadth,** *a.* સંકડામણમાં આવી પડેલું; ઘણુંજ બારીક; તલપૂર. [સ્થીતિ. A state of having hair.

Hairiness (હેરિનેસ્), *n.* વાળ હોવા તે; રૂઆંવાળી

Hairy (હેરિ), *a.* વાળનું; વાળવાળું; કેશનું; વાળનું બનાવેલું; રૂંવાટીવાળું. Of or pertaining to hair; made of fur. [a pointed weapon.

Halberd (હૅલ્બર્ડ્), *n.* ફરશી; ભાલો. A spear;

Halcyon (હૅલસિઍન્), *n.* એક જાતનું જળગામી પક્ષી; માછલાં ખાઇ જનાર એક જાતનું પક્ષી. A kind of bird, supposed to have some divine powers.

Hale (હેલ્), *a.* તંદુરસ્ત; સાજુતાજું; નિરોગી. Healthy; free from any kind of disease; robust.

Half (હાફ્), *a.* અડધું; અર્ધ; અરધું. Consisting of an equal part; partial. *n.* અડધો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ; અડધીયું. One of two equal parts. *ad.* અડધો અડધ; અર્ધ રીતે. In an equal part; partially. **To cry halves,** અડધો અડધ ભાગની માગણી કરવી. **Half-brother,** *n.* દૂધ ભાઈ; ઓરમાન ભાઈ **Half-sister,** *n.* ઓરમાન બ્હેન; સાવકી બ્હેન. **Half-caste,** *n.* મિશ્રજાતિ. **Half-hearted,** *a.* હિંમત વિનાનું; કમનથી કામ કરે તેવું. **Half-witted,** ઓછી બુદ્ધિનું; મૂર્ખ. **Better-half,** *n.* પત્ની; અર્ધાંગના.

Hall (હૉલ), *n.* ઓરડો; પરસાળ; દિવાનખાનું; ખંડ; કચેરી; કોટવાળખાનું. A large room; a decorated part of a house; a room for justice; a court.

Hallelujah, Halleluiah (હૅલ્લીલુયા), *int. n.* 'ઈશ્વરની સ્તુતિ કરો' એ અર્થવાળા બોલાતા કેટલાક શબ્દો. Words, expressing to pray to God.

Halloo (હૅલ્-લૂ), *vt. vi.* બૂમ પાડવી; શિકાર કરતાં કુતરા દોડાવતી વખતે બુમ પાડવી. To cry, to shout (as after dogs.). *int. n.* બૂમ; મોટેથી પાડેલો અવાજ. A loud cry; a call, at the time of hunting.

Hallow (હૅલો), *vt. pr. p.* **Hallowing.** *imp. & p. p.* **Hallowed.** પવિત્ર કરવું; પૂજ્ય ગણવું-માનવું; સ્થાપના કરવી; પ્રતિષ્ઠા વધારવી. To render holy; to consecrate; to regard as sacred.

Hallucination (હૅલ્યૂસિનેશન), *n.* ભૂલ; વાંક; તકસીર; દોષ. A mistake; an error; a shortcoming. **2.** માયા; ભ્રાંતિ; મોહ. Infatuation.

Halo (હૅલો), *n. pl.* **Halos, Haloes.** જળકુંડું; પરિવેશ (સૂર્યચંદ્રનો); તેજોમંડળ; પ્રભામંડળ; કોઈપણ મહાન પુરૂષનાં ચિત્રમાં મસ્તકની આજુબાજુ ચિત્રેલું ગોળ કુંડાળું. A circle of light; a luminous light round the sun or the moon. *vt. vi.* જળકુંડું કાઢવું;-ની આસપાસ ચક્કર કાઢવું. To form a circle of light.

Halser (હૉસર), *n.* વહાણ અથવા હોડીને ખસેડવાનું મોટું દોરડું. A thick rope, between the cable and the towline.

Halt (હૉલ્ટ), *vi. vt. pr. p.* **Halting.** *imp. & p. p.* **Halted.** મુકામ કરવો; ઉભા રહેવું; થોડી વાર થોભવું; પડાવ નાંખવો. To stop while in march; to wait for a short time; to stand while walking. **2.** લંગડાતા ચાલવું; લંગડાઇ જવું. To become lame; to limp. **3.** કંઇ વાતમાં આંચકો ખાવો; અટકી પડવું. To hesitate; to stand quiet. *a.* લંગડું; લુલું. Lame; limping. *n.* મુકામ; પડાવ; વિશ્રાંતિ. A temporary residence; a place of short rest while on a travel or march. **2.** લંગડાપણું; લંગડી હાલત. A state of being lame. **3.** અટકાવ; પ્રતિબંધ. A stop; a hindrance.

Halter (હૉલ્ટર), *n.* ઘોડો અથવા કોઈપણ ચોપગાં જનાવરને દોરીને લઈ જવાનું દોરડું. A rope for leading a horse, etc. *vt.* દોરડાવતી બાંધવું. To tie with a rope.

Halve (હાવ્), *vt. pr. p.* **Halving.** *imp. & p. p.* **Halved.** બે સરખા ભાગ કરવા; અડધો અડધ કરવું. To divide or to distribute into two equal parts. **2.** જોડવું; સાલ બેસાડવું. To join as timber.

Ham (હૅમ્), *n.* ઘુંટણનો પાછલો ભાગ; જાંગ. The hind part of the knee; the thigh. **2.** સુકવેલું હુક્કરનું માંસ. The dried flesh of a hog.

Hamlet (હૅમ્લેટ), *n.* નાનું ગામડું; નાનામાં નાનું ગામ. A small village; a place, containing a few houses.

Hammer (હૅમર), *vt. pr. p.* **Hammering.** *imp & p. p.* **Hammered.** હથોડાવતી ટીપવું; ટીપીને ઘાટ ઘડવો; હથોડા મારવા. To beat with a hammer; to forge with a hammer. *n.* હથોડો; ઘણ. An instrument for beating. metals, esp. iron.

Hammerer (હૅમરર), *n.* હથોડાવતી ઘડનાર; હથોડાથી કામ કરનાર. One, who works with a hammer.

Hammock (હૅમ્-મૉક), *n.* ઝુલતો ખાટલો; ઝોળી; ખોચું. A kind of hanging bed.

Hamper (હૅમ્પર), *n.* ટોપલો; છાબડી. A large basket. **2.** બેડી; સાંકળ; કડી. Fetters; a chain. *vt.* હાથપગ બાંધી લેવા; જકડાવવું; અંતરાય નાંખવો; ગુંચવણમાં નાંખવું. To tie with fetters; to entangle. **2.** ટોપલામાં ભરવું. To put in a basket.

Hamstring (હૅમ્સ્ટ્રિન્ગ્), *n.* ઘુંટણના તળિયાની નસ. A tendon of the ham.

Hand (હૅન્ડ્), *n.* હાથ; કર; મુઠ. The arm of the human beings. **2.** કુશળતા; હોશિયારી; ચાલાકી. Cleverness; skill; dexterity. **3.** અક્ષર; દસ્તક; હાથનો મરોડ. Hand-writing; the style of writing. **4.** કબજો; સત્તા; અધિકાર. Power; possession. *vt.* હાથે કરીને આપવું; હવાલે આપવું; દોરવું; હાથ પકડીને ચલાવવું. To give with the hand; to lead; to guide. **Hand-bill,** *n.* ચોપાનીયું. **Hand-book,** *n.* મોટા પુસ્તકમાંથી સારરૂપે ઉતારેલું નાનું પુસ્તક-ચોપડી. **Hand-cart,** *n.* હાથથી ચલાવી શકાય તેવું ગાડું. **Hand-made,** *a.* સાંચાની મદદ સિવાય હાથથી તૈયાર કરેલું. **Hand-railing,** *n.* કઠેરો. **Hand-saw,** *n.* હાથ કરવત.

Handicraft (હૅન્ડિક્રૅફ્ટ), *n.* હાથનું કામ; હાથની કારીગિરી; હાથનો હુન્નર. Work done by the hand; manual work.

Handkerchief (હૅન્ડ્-કર્ચીફ્), *n.* મ્હોં લુવાનો રૂમાલ; રૂમાલ. A piece of cloth or silk or

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

cotton, to clear the face or hands of dirt.

Handle (હૅન્ડ્લ્), *n.* હાથો; દાંડો; મુઠ. The part of a thing, held in hand when using. **2.** ઓજાર; હથિયાર; સાધન. A tool; an instrument. *vt. pr. p.* **Handling.** *imp. & p. p.* **Handled.** હાથ અડાડવો; હાથે અડવું; વાપરવું; કામમાં લેવું. To touch with the hand; to use. **2.** ચતુરાઇપૂર્વક વાપરવું; યુક્તિથી વાપરવું. To manage skilfully or artfully. **3.** વર્તવું; વર્તન ચલાવવું; ઉપયોગ કરવો; હારમાં ગોઠવવું; સીધે રસ્તે દોરવું. To behave; to manage; to arrange in a right way.

Handleable (હૅન્ડ્લેબલ્), *a.* બરાબર વાપરી શકાય તેવું; ગોઠવી શકાય તેવું; ચતુરાઇપૂર્વક કામ કરી શકાય તેવું. Capable of being handled.

Handler (હૅન્ડ્લર્), *n.* ચતુરાઇપૂર્વક કામ કરનાર; કાર્ય ગોઠવનાર; સાચવીને ઉપાયેગમાં લેનાર. One, who handles.

Handling (હૅન્ડ્લિન્ગ્), *n.* હાથમાં લેવું તે; વપરાશ; કામ કરવાની કુશળતા–ચાલાકી. An act of touching; a mode of using a thing.

Hand-loom (હૅન્ડ્-લૂમ્), *n.* હાથવતી કપડું વણવાની સાળ. A loom used by a weaver.

Hand-maid (હૅન્ડ્મેડ્), *n.* ચાકરડી; દાસી; પરિચારિકા. A female attendant; a maid, who waits at hand. [**Hand-maid.**

Hand-maiden (હૅન્ડ્-મેડન્), *n.* Same as,

Hand-mill (હૅન્ડ્મિલ્), *n.* ઘંટી; ચક્કી. A mill used in grinding corn.

Handsel (હૅન્ડ્સેલ્), *n.* આરંભ; બોણી; પ્રથમ વેપારનો વકરો. A sale of the first time or instalment. *vt.* બહોણી કરાવવી; મૂહૂર્ત કરાવવું; વકરો કરવો. To sell for the first time. Also spelt as **Hansel.**

Handsome (હૅન્ડ્સમ્), *a.* સુંદર; ખુબસુરત; ફુટડું; દેખાવડું; સુશોભિત; રમ્ય. Pleasing to the eyes; comely. **2.** પેટ ભરાય તેટલું; સારી રીતે ચાલે તેવું; પેટપૂર. Ample; becoming.

Handsomely (હૅન્ડ્સમ્લિ), *ad.* સુંદર રીતે; સુશોભિત રીતે; ખૂબસુરતપણે. In a handsome way or manner.

Handsomeness (હૅન્ડ્સમ્નેસ્), *n.* સુંદરતા; સુશોભિતપણું; ખૂબસુરતી. A quality of being handsome.

Hand-writing (હૅન્ડ્-રાઇટિન્ગ્), *n.* હરફ; અક્ષર; દસ્કત. A form of writing peculiarly suited to each person.

Handy (હૅન્ડિ), *a.* આવડતવાળું; કુશળ; ચતુર; સુઘડ; કાર્યદક્ષ; સગવડતાવાળું. Dexterous; skilful; convenient.

Hang (હૅન્ગ્), *vt. vi. pr. p.* **Hanging.** *imp.* **Hung.** *p. p.* **Hung.** લટકાવવું; ખીંટીએ ભરાવવું–મુકવું; ટાંગવું. To suspend; to fasten in a suspending way. **2.** લટકવું; ઝુલવું; આમતેમ લબકવું. To be suspending; to float. **3.** ઢોળાવ હોવો; નીચું હોવું. To be in a sloping manner.

Hang (હૅન્ગ્), *vt. vi. pr. p.* **Hanging.** *imp. & p. p.* **Hanged.** ફાંસીએ દેવું; ફાંસી દેવી; ફાંસીએ લટકાવવું. To put to death by suspending by the neck; to execute.

Hanger (હૅન્ગર્), *n.* લટકાવનાર; ફાંસીએ દેનાર. One who hangs. **2.** એક પ્રકારની પહોળી તરવાર; જમૈયો. A kind of broad sword.

Hanger-on (હૅન્ગર્ ઑન્), *n.* બીજાના આશરે રહેનાર; અન્યની કૃપાપર જીવનાર; પરાવલંબી. A dependent; one, who lives on another's favour or mercy.

Hangman (હૅન્ગ્મૅન્), *n. pl.* **Hangmen.** ફાંસી દેનાર; જલ્લાદ; ચાંડાળ. An executioner; one employed to execute the persons, condemned to death.

Hanker (હૅન્કર્), *vi. pr. p.* **Hankering.** *imp. & p. p.* **Hankered.** તૃષ્ણા રાખવી; તલપ રાખવી; મેળવવાને ઇંતેજાર બનવું; તલપાપડ થવું. To desire earnestly; to be extremely eager; to pine after.

Hankering (હૅન્કરિન્ગ્), *n.* પ્રબળ ઈચ્છા; તીવ્રેચ્છા;લાલસા. A strong desire; an ardent desire.

Hap (હૅપ્), *n.* નશીબ; દૈવ; એકાએક આવી પડેલી બીના–બાબત. Fate; fortune; a sudden incident. **2.** ઝભ્ભો; ડગલો. A cloak. *vt. vi.* ઓચિંતું થવું; આવી બનવું; એકાએક થવું. To happen; to chance; to befall **2.** કપડાંથી ઢાંકવું; લુગડાં પહેરાવવા. To clothe.

Hap-hazard (હૅપ્-હૅઝર્ડ્), *n.* નશીબ; યોગ; દૈવયોગ. A chance; an accident.

Hapless (હૅપ્લેસ્), *a.* અભાગિયું; કમનશીબ; દુઃખી; નિર્ભાગી. Unlucky; unfortunate.

Haplessness (હૅપ્લેસ્નેસ્), *n.* કમનશીબ હાલત; કમનશીબી; દુઃખી સ્થિતિ હોવી તે. An act of being hapless; a state of being unlucky.

Haply (હૅપ્લિ), *ad.* કદાચીત; દૈવયોગે; કર્મસંજોગે; કદાચ; કદાપિ. Perhaps; at any time; by chance.

Happen (હૅપન્), *vt. pr. p.* **Happening.** *imp. & p. p.* **Happened.** બનવું; થવું; ગુજરવું; વીતવું; આવી પડવું. To take place; to come accidently; to fall suddenly.

Happening (હૅપનિંગ્), *n.* બનાવ; અણધાર્યો બનાવ; બીના. A event; an unexpected incident.

Happily (હૅપિલિ), *ad.* આનંદથી; ખુશીથી; મનમાં; સારા નશીબે. Joyfully; gladly; luckily.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Happiness (હૅપિનેસ્), *n.* સુખ; કલ્યાણ; કુશળ; આનંદ; સારૂં નશીબ; સગવડતા. Felicity; welfare; bliss; joy; good-luck.

Happy (હૅપ્-પિ), *a* સુખી; કુશળ; ભાગ્યશાળી; આનંદમય; કલ્યાણકારી. Blessed; prosperous; lucky; joyous.

Haptic (હૅપ્ટિક્), *a.* સ્પર્શજ્ઞાન સંબંધી. Pertaining to the sense of touch.

Harangue (હૅરૅન્ગ્), *vt. vi. pr. p.* **Haranguing.** *imp. & p. p.* **Harangued.** ભાષણ કરવું; દબદબાથી બોલવું; અલંકારયુક્ત ભાષણ કરવું. To make a showy speech; to deliver a bombastic speech. *n.* અલંકાર યુક્ત ભાષણ; દબદબાવાળું ભાષણ; અલંકાર યુક્ત બોલીભાષા. A bombastic speech; a pretentious speech.

Haranguer (હૅરેન્ગર્), *n.* ભાષણ કરનાર; અલંકારયુક્ત બોલી સાથે ભાષણ કરનાર; વક્તા. A speaker; one, who harangues.

Harass (હૅરૅસ), *vt. pr. p.* **Harassing.** *imp. & p. p.* **Harassed.** દુઃખ દેવું; પીડવું; સંતાપવું; ખુઆર કરવું; કલેશમાં નાંખવું. To annoy; to give pain; to tease; to perplex.

Harasser (હૅરૅસર્), *n.* દુઃખ દેનાર; પીડા કરનાર; સંતાપનાર; મુશ્કેલી ઉભી કરાવનાર. One, who harasses. [ગ્લાની; કલેશ. An act of harassing.

Harassment (હૅરૅસમેન્ટ્), *n.* દુઃખ; ગભરાટ;

Harbinger (હાર્બિન્જર્), *n.* પાદશાહની સ્વારીની આગળ જઈ બધી તૈયારીઓ કરનાર; આગળથી ખબર આપનાર. An officer of the Royal Court; a forerunner; a prewarner.

Harbour (હાર્બર્), *n.* બંદર; વહાણને લંગર કરવાની જગ્યા-સ્થાન. A port; a place for a ship to anchor. **2.** આશ્રય સ્થાન; બચાવનું સાધન અથવા સ્થાન. A place of shelter. *vt. vi.* રક્ષણ કરવું; બચાવનું સાધન આપવું; વહાણને લંગરવાને બંદરમાં જગ્યા આપવી. To protect a ship from a storm. **2.** મનમાં રાખવું; ધારણ કરવું (વિચાર, કલ્પના). To entertain; to foster.

Harbourage (હાર્બરેજ્), *n.* શરણ; આશરો; બંદર ઉપરની જકાત. A shelter; a protection; a tax, or duty imposed on every ship for stopping at a port.

Harbourer (હાર્બરર્), *n.* શરણ આપનાર; આશરો લેનાર. One, who gives shelter or protection.

Harbourless (હાર્બરલેસ્), *a.* બંદર વિનાનું; રક્ષણ સિવાયનું; અનાથ; નિરાધાર. Without any harbour; destitute of any help.

Hard (હાર્ડ્), *a.* કઠણ; મજબૂત; સખ્ત; સંગીન; મુશ્કેલ; ગેરવ્યાજબી. Not soft; unyielding; difficult; unfair. **2.** નિર્દય; દયાહીન. Cruel; harsh. *ad.* ખૂબ; જબરૂં; સખ્ત રીતે; મજબુતાઈથી; મુશ્કેલીથી; ગેરવ્યાજબી રીતે. In a hard or anyielding way; with difficulty. **Hard-fisted,** કંજુસ; મખ્ખીચુસ. Miserly. **Hard-hearted,** નિર્દય; જુલમી. Cruel.

Harden (હાર્ડન્), *vt. vi.* કઠણ કરવું; મજબુત બનાવવું; દૃઢ બનાવવું. To make hard; to make firm. **2.** દૃઢ થવું; મજબુત થવું; નઠોર થવું; લાગણી વિનાનું થવું. To be steady or firm; to be void of feelings. [Courage; boldness.

Hardihood (હાર્ડિહુડ્), *n* હિંમત; છાતી; બહાદૂરી.

Hardiness (હાર્ડિનેસ્), *n.* દુઃખ સહન કરવાની શક્તિ; હિંમત; છાતી. An enduring power; courage; boldness.

Hardly (હાર્ડ્લિ), *ad.* ભાગ્યેજ; મુશ્કેલીથી; મુશીબતે; જવલ્લેજ. Scarcely; seldom; barely; in a difficult way.

Hardness (હાર્ડ્નેસ્), *n.* કઠણ ગુણ હોવો તે; મજબુતાઇ; દયાહીનતા. A state of being hard.

Hardship (હાર્ડ્શિપ્), *n.* મુશ્કેલી; સંકટ; દુઃખ; કષ્ટ; પીડા; જુલ્મ. A difficulty; distress; a trouble; an oppression.

Hardware (હાર્ડ્વેર્), *n.* લોઢા, વિગેરે ધાતુનો સામાન; લોખંડનું કામ; ધાતુનાં હથિયાર-ઓજાર. Articles made of metal (esp. iron or steel); tools of iron.

Hardily (હાર્ડિલિ), *ad.* હિંમતપૂર્વક; બહાદૂરીથી; મજબૂતાઈથી. In a hardy way; bravely.

Hardy (હાર્ડિ), *a.* હિંમતવાળું; છાતીવાળું; બહાદૂર; મજબૂત; કસાએલું; ઘડાએલું. Bold; brave; strong; firm minded.

Hare (હેર્), *n.* સસલું; શશક. A kind of quadruped with long ears. **Hare-brained,** *a.* ચસ્કેલા મગજનું; ભ્રમિત બુદ્ધિનું; બહાવરૂં. **Hare-hearted,** *a.* બ્હીકણ; બાયલું. Coward.

Harem (હૅરેમ્), *n.* જનાનખાનું; અંતઃપુર; સ્ત્રીગૃહ; જનાનો. An apartment, appropriated for the use of the females of the nobles, etc. (esp. of the Mahomedans), Also spelt as **Hareem.**

Hark (હાર્ક્), *vi.* સાંભળવું; ધ્યાન દઇને સાંભળવું; ધ્યાન દેવું. To hear; to listen; to hear carefully. *int. n.* સાંભળો! શિકારી કુતરાઓને શિકારને માટે છોડતી વખતે શિકારીઓની ચિચિઆરી. Hear! hear!; A cry of the huntsmen at the time hunting.

Harlequin (હાર્લેક્વીન્), *n* વિદૂષક; મશ્કરો; રંગલો; નાટક, સરકસ, વિગેરેમાં રંગીન પોશાક પહેરીને જોનારાઓને હસાવનાર. A buffoon; an odd fellow. **Harlequin duck,** *n.* એક જાતની અમેરીકન બતક.

Harlot (હાર્લૉટ્), *n.* વેશ્યા; ગુણિકા; કુલટા સ્ત્રી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કસ્બણ. A prostitute; a woman of loose morals.

Harlotry (હાર્લૉટ્રિ), *n.* ગુણિકાનો ધંધો; કસ્બણનો ધંધો; વેશ્યાવૃત્તિ; જારકર્મ. A practice of prostitution.

Harm (હાર્મ્), *n.* દુઃખ; ઇજા; હાંની; નુકશાન; પીડા. An injury; a physical pain; a damage; a moral wrong. *vt.* દુઃખ દેવું; બગાડવું; હાની ઉપજાવવી; બગાડ કરવો. To injure; to hurt.

Harmful (હાર્મ્ફુલ્), *a.* હાનીકારક; પીડાકારક; નુકશાન કરે તેવું; ઇજા ઉપજાવે તેવું. Injurious; full of harms or injuries.

Harmless (હાર્મ્લેસ્), *a.* ઉપદ્રવ ઉપજાવે તેવું; ઇજા ન કરે તેવું; ગરીબડાંસ્વભાવનું. Free from any harm; meek; unhurt. **2.** નિરપરાધી; બિનગુન્હેગાર. Innocent; free from any guilt or offence.

Harmonious (હાર્મોનિઅસ્), *a.* યોગ્ય રચનાનું; મીઠું; મધુર; વિરોધ વિનાનું; સુસ્વર. Symmetrical; amicable; exhibiting harmony; melodious.

Harmoniously (હાર્મોનિઅસ્લિ), *ad.* મીઠી રીતે; મધુરતાથી; યોગ્ય રચનાપૂર્વક. In a harmonious way; amicably.

Harmonize (હાર્મોનાઇઝ્), *vt. vi. pr. p.* **Harmonizing**. *imp. & p. p.* **Harmonized.** બંધબેસતું કરવું; સંપીને રહેવું; યોગ્ય પ્રમાણમાં ગોઠવવું; એક બનાવવું; હળીમળીને રહેવું. To make agreeable; to adjust; to remain peacefully; to form unity.

Harmony (હાર્મનિ), *n.* મેળ; સૂર મેળાપ; મળતાપણું; એકમત; ઐક્ય. An act of adjusting; the sameness; an accordance; peace.

Harness (હાર્નેસ્), *n.* ઘોડાને જોડવાનો સાજ; અશ્વ સામગ્રી. The equipments of a horse. **2.** કવચ; બખ્તર. An armour esp. of a horse. *vt.* ઘોડાને સાજ ઘાલવો; ઘોડાને જોડતી વખતે સામગ્રીથી શણગારવો. To make a horse ready for draught, to furnish a horse with a harness. **2.** બખ્તર પહેરાવવું. To furnish with an armour.

Harp (હાર્પ્), *n.* વીણા; સારંગી; સીતાર; તારનું વાજીંત્ર. A stringed instrument; a lute. *vt.* સારંગી વગાડવી; સીતાર ઉપર ગાવું; વીણા વગાડવી. To play on a harp.

Harper (હાર્પર્), *n.* સારંગી વગાડનાર; વીણા વગાડનાર. A player on a harp; one, who plays on a harp [**Harper.**

Harpist (હાર્પિસ્ટ્), *n.* Same as,

Harpoon (હાર્પૂન્), *n.* માછલાં મારવાનો ભાલો; કોઈ મોટા જળચરને વિંધવાનો ભાલો. A spear used in killing large fish or the whales. *vt.* ભાલાથી વિંધી નાંખવું; ભાલાથી મારવું. To pierce with a spear; to kill by thrusting a spear.

Harpooner (હાર્પૂનર્), *n.* મોટા ભાલાની મદદથી જળચર પ્રાણીઓનો શિકાર કરનાર; ભાલાથી વિંધનાર. One, who harpoons.

Harpy (હાર્પિ), *n.* સ્ત્રીનું મ્હોં અને ગીધનું શરીર હોય તેવો કલ્પિત રાક્ષસ. A fabulous monster, with a womanish face, and a body of a vulture. **2.** લુંટારો; છીનવી લેનાર; ખુંચવી લેનાર. A plunderer; a pilferer.

Harrier (હૅરીર્), *n.* એક જાતનો શિકારી કુતરો (જેની ઘ્રાણેન્દ્રિય ઘણીજ તીવ્ર હોય છે.) A kind of hound used in hunting hares. **2.** (*fig.*) લૂંટ કરનાર; બીજા પાસેથી પડાવી લેનાર. One, who pilfers.

Harrow (હૅરો), *vt. pr. p.* **Harrowing.** *imp. & p. p.* **Harrowed.** દંતાળીવડે એક સરખું કરવું;–ની અંદર કળપ ફેરવવો; દંતાળીવડે ભાંગવું. To break with a plough, with an iron bar. **2.** દુઃખ દેવું; રીબાવવું; સંતાપવું. To torment; to harass. *n.* જમીનમાં ઢેફાં ભાંગવાનો દંતાળો; કળપી. An implement for breaking sods, etc. *int.* હાય હાય! અરે બાપરે! An exclamation of grief or sorrow.

Harrower (હૅરોઅર્), *n.* ખેડનાર; જમીન ઉપર હળ ફેરવનાર; દંતાળી ફેરવનાર. One, who harrows.

Harsh (હાર્ષ્), *a.* ખડબચડું; કઠોર; કરડું; કડવાશવાળું; કાનને અપ્રિય લાગે તેવું. Rough to the touch; rough to the taste; unpleasing the ears.

Harshness (હાર્ષ્નેસ્), *n.* કઠોરતા; ખડબચડાપણું; કાનને અપ્રિય લાગે તેવો અવાજ. A quality of being harsh. [stag; a male deer.

Hart (હાર્ટ્), *n.* સાબરનો નર; મૃગ; હરણ. A

Harvest (હાર્વેસ્ટ્); *n.* કાપણીનો વખત; મોસમ; પાક; ફળ; લાભ; ઉપજ. The season of a crop-gathering; a result; the product. *vt.* કાપણી કરવી; અનાજ ભેગું કરવું; પાક લેવો. To reap; to gather corn or fruits. **Harvest-feast,** *n.* પાક લીધા પછી અથવા પાક વખતે કરેલી ઉજાણી. **Harvest-home,** *n.* ખેતરમાંથી પાકને ઘર આગળ લાવવો તે. **Harvest-mouse,** *n.* ખેતરમાં રહેતા મોટા ઉંદરો–કોળ.

Hash (હૅશ્), *vt.* કચુંબર કરવું; ઝીણી ઝીણી કરચલી કરવી. To cut into small pieces. *n.* કચુંબર; કરચલી. That which is cut into pieces.

Hasp (હૅસ્પ્), *n.* ચપડાશી; સાંકળ; કડી; આંકડી; ચાપડો. A hook, used in fastening a door or doors. **2.** તરાક; ત્રાક; સુતર વિંટાળવાની ફરકડી. A spindle. *vt.* ચાપડાથી બંધ કરવું; આંકડાથી બંધ કરવું. To fasten with a metallic hook.

Haste (હેસ્ટ્), *n.* ઉતાવળ; વેગ; ઝડપ; શીઘ્રતા. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

speed; an expedition; a hurry. *vt.* ઉતાવળ કરવી; ત્વરા વાપરવી; ઉતાવળીઆ બનવું. To be speedy; to be quick.

Hasten (હેસન્), *vt. vi.* **Hastening.** *imp. & p. p.* **Hastened.** ઉતાવળ કરવી; ત્વરા કરવી; દોડાદોડ કરવી; ઉતાવળથી જવું. To be quick or sharp; to go quickly; to move in a hasty way.

Hastily (હેસ્ટિલિ), *ad.* તાબેડતોબ; ઉતાવળથી; ઝટ લઇને; વિલંબ વિના. Speedily; quickly; rashly.

Hasty (હેસ્ટિ), *a.* ઉતાવળિયું; અવિચારી; સાહસિક; અધીરૂં; જલદ. Quick and speedy; thoughtless; rash; impatient.

Hat (હૅટ્), *n.* સાહેબ ટોપી; એક પ્રકારની ઉભી ટોપી. A covering for the head put on by the Europeans and some of the natives.

Hatable (હેટેબલ્), *a.* ધિક્કારી શકાય એવું; અણગમો ઉપજાવે તેવું. Capable of being hated.

Hatch (હૅચ્), *vt. vi.* સેવવું; સેવણ બેસાડવું; બચ્ચાં ઇંડામાંથી કાઢવા. To produce young ones from eggs. **2.** ઇંડાંમાંથી બહાર આવવું; સેવાવું. To come out of eggs. **3.** ઘાટ ઘડવો; યુક્તિ કરવી; ગોઠવવું; તર્કવિતર્ક કરવા. To form a scheme; to contrive; to plot. *n.* એકીવખતે જણેલાં બચ્ચાં; ઇંડામાંથી બહાર નીકળેલાં બચ્ચાં. A brooding; young birds produced at one time.

Hatcher (હૅચર્), *n.* ઇંડા સેવનાર; યુક્તિ કરનાર; કાર્યની ગોઠવણી કરનાર. One who hatches.

Hatchet (હૅચેટ્), *n.* કુહાડી; નાની ફરસી; વાંસલો. A small axe. **To take up the hatchet,** લઢાઇ કરવી; યુદ્ધ જગાવવું. **To bury the hatchet,** સુલેહસંપ કરવો.

Hate (હેટ્), *vt. pr. p.* **Hating.** *imp. & p. p.* **Hated.** ધિક્કારવું; તિરસ્કાર કરવો; અણગમો બતાવવો; દ્વેષ કરવો. To detest; to dislike; to be very displeasing. *n.* ધિક્કાર; તિરસ્કાર; વેર; અંટસ; દ્વેષ. Detestation; a dislike; a feeling of revenge.

Hateable (હેટેબલ્), *a.* Same as, **Hatable.**

Hateful (હેટ્ફુલ્), *a* દુશ્મન જેવું; અંટશવાળું; કિનાખોર; ધિક્કારને પાત્ર. Inimical; malignant.

Hatred (હેટ્રેડ્), *n.* વેર; ધિક્કાર; અંટસ; કીનો; દ્વેષ; અપ્રીતિ. Enmity; aversion; bitterness of feelings.

Hatter (હૅટર્), *n.* ટોપીઓ બનાવનાર અથવા વેચનાર. One, who makes or sells hats.

Haughtiness (હૉટિનેસ્), *n.* અહંકાર; અભિમાન; ગર્વ; તોરૂં; મગરૂરી; તોછડાપણું. Arrogance; pride; a state of being haughty.

Haughty (હૉટિ), *a.* અભિમાની; મિજાજી; મગરૂરી; તોરી; અહંકારી. Arrogant; proud; overbearing.

Haul (હૉલ્), *vt. vi. pr. p.* **Hauling.** *imp. & p. p.* **Hauled.** જોરથી ખેંચવું; ઘસડીને લઇ જવું; જગ્યા ફેરવવી; પવનની તરફ વહાણનું મોં ફેરવવું. To pull forcibly; to draw with force. *n.* આંચકો; જોરથી લઇ જવું તે. A violent pull; a pull with force.

Haulage (હૉલેજ્), *n.* જોરથી ખેંચવાનું કામ; વહાણને ફેરવવાનું કામ; વહાણને ફેરવણી કરવામાં આપવામાં આવતું મહેનતાણું. An act of pulling forcibly or violently; the charge for hauling.

Hauler (હૉલર્), *n.* જોરથી ખેંચનાર; વહાણને પવનની તરફ ફેરવનાર. One, who hauls.

Haunch (હૉન્શ્), *n.* જાંગનો થાપો; શરીરનો મધ્ય ભાગ; નિતંબ. The thigh; the hip; the part of the body between the ribs and the legs.

Haunt (હૉન્ટ્), *vt. vi. pr. p.* **Haunting.** *imp. & p. p.* **Haunted.** ભમવું; ભમ્યા કરવું; અથડાવું; ફરવું. To wander; to ramble. **2.** વાસ કરવો; રહેઠાણ બનાવવું. To inhabit; to dwell. **3.** આવજા કરવું; વારંવાર જા આવ કરવું. To visit frequently; to frequent. **4.** ઉપદ્રવ કરવો; ત્રાસ ઉપજાવવો; હેરાન કરવું. To molest; to cause harm; to harass. *n.* આવજાની જગ્યા; રહેઠાણ; વાસ. A place, constantly visited; a dwelling place; an abode.

Haunter (હૉન્ટર્) *n.* ભમનાર; રખડનાર; વારંવાર આવજા કરનાર; ત્રાસ ઉપજાવનાર. One, who haunts.

Haut-boy (હોબૉઇ), *n.* પીપી; શરણાઇ; પિપુડી. [A kind of wind-instrument.

Hautboyist (હોબૉઇસ્ટ્), *n.* પીપી વગાડનાર; શરણાઇ; પિપુડી વગાડનાર. One, who plays a hautboy.

Hauteur (ઓટર્), *n.* મગરૂરી; પતરાજી; અહંકાર; અભિમાન. Pride; insolent manner.

Have (હેવ્), *vt. pr. p.* **Having.** *imp. & p. p.* **Had.** કબજામાં હોવું; ના માલીક હોવું–બનવું; રાખવું; પાસે રાખવું. To possess; to get; to acquire; to hold. **To have out,** જેવું હોય તેવું બોલી દેવું; ખુલ્લા દીલથી વાત કરવી. **To have on,** પહેરવું; ધારણ કરવું.

Haven (હેવન્), *n.* બંદર; બારૂં; વહાણને નાંગરવાનું અથવા લંગર કરવાનું સ્થાન. A port; a harbour; a halting place for ships. **2.** આશ્રયસ્થાન; રક્ષણસ્થાન; આશ્રમ. A place for shelter; an asylum. *vi.* બંદરમાં લંગર કરવું; નાંગરવું; આશ્રય લેવો. To shelter as in a port.

Haversack (હેવર્સૅક્), *n.* લશ્કરી સિપાઇઓને કુચ કરતી વેળા આપવામાં આવતી કોથળી; શણની મજબૂત કોથળી. A bag, worn by the soldiers at the time of their march.

Havock (હૅવૉક્), *n.* સંહાર; ખરાબી; પાયમાલી; ખરાબી; નખ્ખોદ. General destruction; a co-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

mplete devastation. *vt.* નાશ કરવો; સંહાર કરવો;પાયમાલી કરવી. To lay barren; to destroy.

Havoc (હૅવૉક્), Same as, **Havock.**

Haw (હૉ), *vi.* અટકી અટકીને બોલવું; ખમચાઇને વાત કરવી; જીભ ચોંટી જાય તેમ વાત કરવી. To speak in a faltering way; to say unhesitatingly. *n.* વાડ. A hedge. **2.** હૉથૉર્ન નામના કાંટાની વાડ. A hedge, made of haw-thorns.

Hawk (હૉક્), *n.* બાજ પક્ષી; શકરો; શ્યેનપક્ષી. A falcon. *vi.* બાજપક્ષી પાળીને તેની મદદવડે શિકાર કરવો. To hunt by the help of the hawks. **Hawk's bill,** *n.* એક જાતનો કાચબો. જેના મોંનો આકાર બાજપક્ષીની ચાંચને મળતો આવે છે.

Hawker (હૉકર્), *n.* બાજગીર; બાજ પાસે શિકાર કરાવનાર. A falconer. **2.** ફેરીઓ; ઘેરઘેર ફરીને માલ વેચનાર-અપાવનાર. A pedlar.

Hawkish (હૉકિશ્), *a.* બાજ પક્ષીના જેવું; તીક્ષ્ણ નજરવાળું. Of the nature of a hawk; keen-sighted. **2** (*fig.*)વિકરાળ; ભયંકર.Fierce;terrible.

Hawthorn (હૉથૉર્ન્), *n.* એક જાતનું કાંટાળું ઝાડ, જેનો ઉપયોગ વાડ બનાવવામાં થાય છે. A kind of thorny shrub.

Hay (હે), *n.* સુકું ઘાસ; ખડ; ઘાસ. Grass gathered and tied into bundles. **Hay-cock,** *n.* શંકુ આકારની ઘાસની ગંજી. **Hay-fever,** *n.* સુકો તાવ; સળેખમની સાથે જોડાએલો તાવ. **Hay-mow,** *n.* ખળીમાં સિંચેલા ઘાસનો ઢગલો. **Hay-stack,** *n.* સુકા ઘાસની ગંજી.

Hazard (હૅઝર્ડ્), *n.* જોખમ; ભય; ધોખો; દુઃખ. A danger; a risk; a peril. **2.** પાસાથી રમાતી રમત. A game, played with dice. *vt.* જોખમમાં નાંખવું; ભયમાં પાડવું; નુકશાનમાં ઉતારવું. To expose to danger; to put in a loss.

Hazarder (હૅઝર્ડર્), *n.* જોખમ માથે લેનાર; દુઃખ વહોરનાર; સાહસિક માણસ. One, who undertakes any sort of risk.

Hazardous (હૅઝર્ડસ્), *a.* જોખમી; જોખમવાળું; ભયભીત. Risky; dangerous.

Hazardously (હૅઝર્ડસ્લિ), *a.* જોખમી રીતે; ભયભિત રીતે; નુકશાની થાય તેવી રીતે. Dangerously; in a risky way.

Hazardousness (હૅઝર્ડસ્નેસ્), *n.* જોખમ લેવું તે-વેઠવું તે; ભય વેઠવાની શક્તિ. A state of undergoing troubles.

Haze (હેઝ્), *n.* ધુમ્મસ; ઝાંખાશ; ઓછા પ્રમાણમાં પ્રકાશનો ફેલાવો. Dimness; obscurity. *vt.* વધારે કામ કરાવીને ત્રાસ આપવો; હેરાન કરવું; કંટાળો ઉપજાવવો. To harass with overwork; to put to extreme annoyance.

Haziness (હેઝિનેસ્), *n.* ધુમ્મસવાળું હોવું તે; ઝાંખાશ. A state of being hazy.

Hazy (હેઝિ), *a.* ધુમરવાળું; ઝાંખું; ધુમસવાળું; ધુમાડાથી ભરપૂર. Foggy; dim; covered with smoke or vapour. **2.** માનસિક ઉપદ્રવવાળું; ગભરાયેલું; ગુંચવાયેલું. Mentally confused.

He (હી), *pro.* ત્રીજા પુરૂષ એકવચનનું નરજાતિનું સર્વનામ છે, જેનો અર્થ તે થાય છે; તે; પેલો; ઓલ્યો. A pronoun in the third person singular and masculine form.

Head (હેડ્), *n.* માથું; શિર; મસ્તક. The superior part of an animal; a poll. **2.** મુખી; નાયક; અગ્રેસર; અધિપતિ; ઉપરી. A chief; a leader; the important member of an organised body. **3.** જણ; માણસ; આદમી. An individual; a person. **4** બુદ્ધિ; સમજણ; અક્કલ. Intelligence;sense;the power of perception. *vt. vi.* આગેવાન થવું; નેતા થવું; દોરવું; ચલવવું. To lead; to guide; to direct. **2.** શરૂઆત થવી; નીકળવું; ઉદ્ભવવું. To have a start; to originate. *a.* મોટો; અગ્ર; મોભાદાર; અગ્રગણ્ય. Chief; principal; leading. **Head-band,** *n.* શિરબંધ. **Head-dress,** *n.* માથાનો ડ્રેસ; ટોપી, પાઘડી, વિગેરે. **Head-less,** *a.* માથા વિનાનું; નાયક સિવાયનું. **Head-land,** *n.* ભૂશિર; શેઢો; ભૂશલાકા. **Head-line,** *n.* મસ્તક રેખા. **Head-long,** *ad.* ઉંધે માથે; વગર વિચારે. **Head-quarters,** *n.* મુખ્ય અધિકારીનું રહેઠાણ-સ્થાન. **Head-strong,** *a.* જક્કી; ધાર્યું કરે તેવું; અવિચારી; માથાનું ફરેલ. **Head-piece,** *n.* ટોપ; શિરસ્ત્રાણ **Head-water,** *n.* નદીના મૂળ આગળથી થોડે દૂર નીકળતી બીજી નદી; ઉપનદી. **Head-wind,** *n.* નૌકાયાન માટે પ્રતિકૂળ પવન.

Head-ache (હેડેક્), *n.* માથાનો દુખાવો; માથાનું દુઃખવું તે. The pain in the head.

Headiness (હેડિનેસ્), *n.* અવિચારીપણું; ઉતાવળિયો સ્વભાવ; વગરવિચારે કામ કરવાની ટેવ. Rashness; impudence; the hasty nature.

Heady (હેડિ), *a.* ઉતાવળિયું; અવિચારી; વગર વિચાર્યું કામ કરનાર. Hasty; rash.

Headsman (હેડસ્મૅન્), *n. pl.* **Headsmen.** માથું કાપનાર; શિરચ્છેદક; જલ્લાદ. A man appointed to cut off the head of an offender; an executioner.

Heal (હીલ્), *vt. vi.* સાજું કરવું; નિરોગી બનાવવું; તંદુરસ્ત કરવું. To make sound in health; to cure; to make healthy.

Healable (હીલેબલ્), *a.* સાજું થઈ શકે તેવું; મટાડી શકાય તેવું; પથ્ય. Curable; capable of being healed.

Healer (હીલર્), *n.* સાજું કરનાર; મટાડનાર; નિરોગી કરનાર. One, who cures. **2.** મટાડનાર દવા અથવા ઔષધ; આરોગ્યવર્ધક દવા. A medicine that cures.

Health (હેલ્થ્), *n.* આરોગ્યતા; તંદુરસ્તી; સુખા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારી; આરોગ્ય; શરીર સુખ સંપત્તિ. Soundness of body; the state of being free from any sort of disease.

Healthful (હેલ્થ્ફુલ), *a.* નિરોગી; તંદુરસ્ત; ગુણકારી; આરોગ્યવર્ધક. Wholesome; sound; promoting health.

Healthy (હેલ્થિ), *a.* નિરોગી; તંદુરસ્ત; આરોગ્ય; તંદુરસ્તી આપનાર-બક્ષનાર. Sound; conducing to health; wholesome.

Heap (હીપ્), *n.* ઢગલો; ગંજ; અંબાર; સમૂહ; ઢગ. A collection; a pile; a mass. *vt.* સંચય કરવો; સંગ્રહ કરવો; ઢગલો કરવો. To arrange in a pile; to lay in a heap.

Heaper (હીપર્), *n.* ઢગલો કરનાર; સંચય કરનાર; સંગ્રહ કરનાર. One, who heaps.

Hear (હીર્), *vt. vi. pr. p.* **Hearing.** *imp. & p. p.* **Heard.** સાંભળવું; શ્રવણ કરવું; કાને પડવું; કાને આવવું; જાણવું; શીખવું. To perceive by means of ears; to listen; to give audience.

Hearer (હીરર્), *n.* સાંભળનાર; શ્રોતા; શ્રવણ કરનાર. One, who hears.

Hearing (હીરિન્ગ્), *n.* શ્રવણ; સાંભળવાની શક્તિ; સાંભળવું તે An act of listening; an act of giving audience.

Hearken (હાર્કન્), *vi. vt.* લક્ષ દઇને સાંભળવું; કાન દઇને સાંભળવું; ધ્યાનપૂર્વક સાંભળવું. To listen; to hear carefully; to be attentive.

Hearse (હર્સ્), *n.* કબ્રસ્તાનમાં મુડદાં લેઇ જવાની ગાડી; મુડદાંગાડી; શબવાહિની. A carriage for carrying the body to the grave; a bier. **Hearse-cloth,** *n.* શબ ઉપર ઓઢાડેલું કપડું.

Heart (હાર્ટ્), *n.* હૃદય; અંતઃકરણ; છાતી; દિલ. A hollow muscular organ, which circulates the blood in the whole body. **2.** પ્રેમ; ઉમળકો; સ્નેહ; લાગણિ. Affection; love; a feeling. **3.** ધીરજ; ધૈર્ય; હિંમત. Courage; patience. **4.** મધ્ય ભાગ; કેંદ્રસ્થાન. The middle portion; the centre of any thing. **By heart,** *ad.* મોઢે; જોયા સિવાય મોંએથી બોલી જવું. **At heart,** *ad.* અંદરખાનેથી; છૂપી રીતે. **With heart and Soul,** *ad.* અંતઃકરણપૂર્વક. **To have a heart for,** ને માટે ઇચ્છા ધરાવવી-કરવી. **To lose heart,** નાહિંમતવાન બનવું. **To set the heart on,** કાળજી રાખવી; જીવ પરોવવો. **To take to heart,** મનમાં રાખવું; લાગી આવવું. **Heart-ache.** *n.* માનસિક તાપ; પરિતાપ. **Heart-break,** *n.* ઘણીજ ઉદાસી; અત્યંત શોક. **Heart-felt,** *a.* લાગણીપૂર્વક; ઉમળકાથી. **Heart-piercing,** *a.* હૃદય ભેદક; મર્મભેદક. **Heart-sick,** *a.* અત્યંત ઉદાશ.

Hearth (હાર્થ્), *n.* તાપણી કરવાની જગ્યા; ભઠ્ઠી; સઘડી. A portion or part of a room, where the fire is kept burning to warm oneself and others in cold **2.** ઘરકુટુંબ; ઘરખટલો. The family.

Heartily (હાર્ટિલિ), *ad.* અંતઃકરણપૂર્વક; દિલોજાનથી; અંતઃકરણથી; સાચા હૃદયથી. Sincerely; in a hearty way.

Hearty (હાર્ટિ), *a.* સાચો; જાની; દિલોજાન; સાચા હૃદયનો; પ્રેમી; અંતઃકરણનું. Sincere; cordial; true; of the heart.

Heat (હીટ્), *vt. vi.* ગરમ કરવું; તપાવવું; અગ્નિમાં મુકવું; ગરમાવો આપવો. To make hot; to carry heat to. **2.** પ્રદીપ્ત કરવું; ઉત્તેજીત થવું-બનાવવું, જુસ્સો લાવવો. To grow hot; to inflame. *n.* ઉષ્ણતા; તાપ; ગરમી; ઉકળાટ. A state of being hot; the sensation produced by hot bodies. **2.** જુસ્સો; આવેશ; તીવ્રતા; ઉગ્રતા. Excitement; an ardour; a vehemence.

Heath (હીથ્), *n.* લીલોતરીની જગ્યા; નાના ઝાડોનું સ્થળ હોય તેવી જગા. A verdure; a place overgrown with green shrubs. **2.** ઝીણાં પાંદડાવાળો એક પ્રકારનો છોડ. A kind of creeper.

Heathen (હીધેન્), *a.* મૂર્તિપૂજક; મૂર્તિપૂજાનું. Pagan; of idol worship. *n.* ખ્રિસ્તિ અથવા મુસલમાન ધર્મ સિવાયનો કોઇપણ ધર્મ પાળનાર; મૂર્તિપૂજક. An idol-worshipper; a pagan. **2.** જંગલી અને આચાર વિચાર વિનાનો પુરૂષ. A rude person; a barbarous person.

Heathenism (હીધેનિઝમ્), *n.* મૂર્તિપૂજા; મૂર્તિ ઉપાસના. The worship of idols. **2.** ખ્રિસ્તિ અને મુસલમાન ધર્મ સિવાયનો કોઇપણ ધર્મ. Any other religion except Christianity or Mahomedanism. **3.** (*Fig.*) જંગલીપણું; અજ્ઞાનતા. Rudeness; ignorance.

Heave (હીવ્), *vt. vi. pr. p.* **Heaving.** *imp. & p. p.* **Heaved.** ઉઠાવવું; ઉપાડવું; ઉછાળવું; ઉંચે ફેંકવું. To lift; to raise; to throw upward. **2.** ફેંકવું; નાખવું. To throw away; to cast. **3.** મુશ્કેલીથી કાઢવું (શ્વાસ)-બોલવું. To utter with some stress. **4.** ઉપડવું; તરફડિયાં મારવાં; ઉંચકવા પ્રયત્ન કરવો. To rise; to struggle. *n.* ઉંચું આવવું તે; નિસાસો; કુદકો. An act of swelling; a deep breathing; a jump. **2.** પ્રયત્ન; કોશિષ. An effort; an attempt.

Heaven (હેવન્), *n.* આકાશ; આસમાન; સ્વર્ગ; જન્નત. The blue expanse, surrounding the earth; the sky; the place believed to be the abode of the blessed persons. **2.** પરમેશ્વર; પ્રભુ; અલ્લાહ. God; Almighty.

Heavenly (હેવનલિ), *a.* સ્વર્ગીય; આકાશસંબંધી; દૈવી; સ્વર્ગનું. Of or pertaining to heaven; celestial; divine.

Heavily (હેવિલિ), *ad.* ભારે; ઘણુંજ ભારે; પુષ્કળ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખથી; ઉદાસીથી. In a heavy way; plentifully; sadly; sorrowfully.

Heaviness (હેવિનેસ્), *n.* ભાર; બોજો; સુસ્તી; ઉદાસી. A state of being heavy; weight; sadness.

Heavy (હેવિ), *a.* ભારે; બોજાવાળું; વજનદાર. Weighty; ponderous; large in size. **2.** ઉદાસ; દીલગીર; નાખુશ. Sad; dejected; disappointed.

Hebdomadal (હેબ્ડૉમૅડલ્), *a.* અઠવાડીએ બનતું; અઠવાડિક; અઠવાડીએ થતું. Happening every seven days; weekly.

Hebrew (હીબ્રૂ), *n.* યાહુદી; યાહુદી લોકોની ભાષા. An Israelite; the language spoken by the Hebrews.

Hebraist (હીબ્રૅઈસ્ટ્), *n.* યાહુદી ભાષામાં પ્રવીણ પુરૂષ; યાહુદી ભાષાશાસ્ત્રી. One well versed in Hebrew language.

Hecatomb (હેકૅટૉમ્), *n.* શતપશુયાગ; કોઇપણ મોટો યજ્ઞ. A sacrifice of one hundred oxen or cattle; any great sacrifice.

Hectic (હેક્ટિક્), *n.* ક્ષય જ્વર; જીર્ણ જ્વર. A fever, accompanied by consumption. *a.* ક્ષય જ્વરવાળું; તાવથી સુકાતું. Consumptive; afflicted by the consumptive fever.

Hedge (હેજ્), *n.* વાડ A thicket round a field or any place, of thorny bushes. *vt. vi.* વાડ કરવી; હદ નક્કી કરવી; અટકાવવું; અંતરાય કરવો. To inclose with a hedge; to ascertain the boundaries. **2.** સંતાઇ રહેવું; ભરાઇ બેસવું. To conceal in a hedge. **Hedge-marriage,** *n.* છુપી રીતે થયેલાં લગ્ન. **Hedge-knife,** વાડ સરખી કરવા માટે વાપરવામાં આવતી છરી.

Hedge-hog (હેજ્-હૉગ્), *n.* એક જાતની નાની શાહુડી. A kind of porcupine.

Heed (હીડ્), *vt.* માનવું; ધ્યાનમાં લેવું; ગણકારવું; ભાન રાખવું; વિચારવું; મનન કરવું. To attend carefully; to regard thoughtfully; to observe. *n.* ધ્યાન; કાળજી; સંભાળ; ભાન; સાવચેતી. Attention; a regard; a careful observation.

Heedful (હીડ્ફુલ્), *a.* ખબરદાર; સાવધ; સાવચેત; હોશિયાર. Cautious; careful; attentive; watchful.

Heedfully (હીડ્ફુલલિ). *ad.* ખબરદારપૂર્વક; સાવધપણે; સાવચેતીથી. In a heedful way; carefully.

Heedfulness (હીડ્ફુલનેસ), *n.* ખબરદારી; સાવધાની; સાવચેતી; હોશિયારી. A state of being heedful; carefulness.

Heedless (હીડ્લેસ), *a.* બેભાન; ગાફેલ; અસાવધ; બેદરકાર. Inattentive; careless; unmindful; disregardful.

Heedlessly (હીડ્લેસલિ), *ad.* બેભાનપણે; અસાવધપણે; બેદરકારીથી. Inattentively; carelessly.

Heedlessness (હીડ્લેસનેસ્), *n.* બેભાનપણું; અસાવધપણું; બેદરકારી. A state of being heedless.

Heel (હીલ્), *n.* એડી. The hinder part of the foot. *vi.* નમવું; વાંકું થવું; વળવું; ઝોક ખાવો. To incline; to be slanting in position. **2.** એડીથી કરવું; એડીથી ભજવવું. To perform with a heel.

Heifer (હીફર્), *n.* વાછડી; વાછરડી. A young [cow.

Heigh-ho (હે-હો), *int.* બેચેનીનો પ્રોકાર; બેચેની ભરેલો અવાજ. An expression, showing restlessness.

Height (હાઈટ્), *n.* ઉંચાઇ; ઉંચાપણું; ઉંચી જગ્યાએ હોવું તે. A state of being high; an altitude; an elevation. **2.** ટોચ; શિખર; પરાકાષ્ઠા. A top; a summit; the final end.

Heighten (હાઇટન્), *vt. pr. p.* **Heightening.** *imp & p. p.* **Heightened.** ઉંચું કરવું; વધારવું; વૃદ્ધિ કરવી; ઉન્નત કરવું. To make high; to elevate; to augment.

Heinous (હેનસ્), *a.* અતિદુષ્ટ; ઉગ્ર; ઘોર; ઘણુંજ ભારે; અતિ નીચ. Extremely wicked; horrible; gross; atrocious.

Heinously (હેનસ્લિ), *ad.* અતિ દુષ્ટતાથી; નીચતાથી; ઉગ્રતાથી; પાપિષ્ટ રીતે. In a very wicked or heinous way; horribly.

Heinousness (હેનસ્નેસ્), *n.* અતિ દુષ્ટતા; અધમતા; ઘણુ ભારે પાપ; મોટું પાપ. Extreme wickedness; meanness; an atrocity.

Heir (એર્), *n.* વારસ; દાયાદ; ઉત્તરાધિકારી; વારસદાર. An inheritor; a man, who inherits the property of the deceased. *vt.* વારસો મેળવવો; વારસદાર થવું. To inherit. **Heir-apparent,** *n.* પાટવી કુંવર; તિલાટ.

Heiress (એરેસ્), *n.* સ્ત્રી વારસ; વારસ. A famale heir.

Heirless (એર્લેસ્), *a.* પુત્રનવારસી; વારસ વિનાનું. [Destitute of an heir.

Heir-loom (એર્-લૂમ્), *n.* વારસામાં મળેલું રાચરચીલું. Any article or thing got as an heir.

Hell (હેલ્), *n.* નર્ક; નર્કલોક; યમલોક; દોજખ. The place for the wicked, after their death; an abode of the god of death. **2.** (*fig.*) કેદખાનું; કારાગૃહ. A dungeon.

Hellish (હેલિશ), *a.* નર્કલોક સંબંધી; અતિશય દુષ્ટ; મહા પાપી. Pertaining to hell; extremely wicked

Helm (હેલ્મ્), *n.* સુકાન. A contrivance by which a ship is steered. **2.** (*fig.*) કારભાર ચલાવનાર; નિયામક. A director; a head manager.

Helmet (હેલ્મેટ્), *n.* ટોપ; શિરસ્ત્રાણ; જંજીરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટોપી. A defensive covering for the head.

Helmsman (હેલ્મઝ્મૅન્), *n. pl.* **Helmsmen.** સુકાની; વહાણ હંકારનાર મોટો ખલાસી. A man, in charge of the helm, who steers a ship.

Help (હેલ્પ્), *vt. vi.* મદદ કરવી; સહાય આપવી; કુમક આપવી. To assist; to aid. **2.** દુઃખ ટાળવું અથવા ઓછું કરવું. To redress the grievances of. *n.* મદદ; સહાય; કુમક. Assistance; aid. **2.** મદદગાર; સહાયક; સહાય આપનાર. One, who helps.

Helper (હેલ્પર્), *n.* મદદગાર; કુમકે જનાર; સહાય આપનાર. One, who helps; an assistant.

Helpful (હેલ્પ્ફુલ્), *a* સહાયકારી; મદદકારી; ઉપયોગી; કામનું; મદદમાં આવે તેવું. Giving help; useful; aiding.

Helpless (હેલ્પ્લેસ્), *a.* સહાય વગરનું; મદદ વિનાનું; નિરાધાર; નિરાશ્રિત. Wanting any sort of assistance; feeble; devoid of help.

Helplessness (હેલ્પ્લેસ્નેસ્), *n.* નિરાધાર સ્થિતિ હોવી તે; નિરાશ્રિતપણું. A state of being helpless.

Helter-skelter (હેલ્ટર્-સ્કેલ્ટર્), *ad.* દોડાદોડ કરતાં નાસી જતાં, A word denoting great haste or hurry.

Hem. (હેમ્), *n.* ઓટેલી કોર; મગજી; સંજાપ; ઘેર. The edge or border of a cloth well sewn. **2.** કિનારો; કાંઠો; પાલવ. A border; a margin; an edge. *vt. pr. p.* **Hemming.** *imp. & p. p.* **Hemmed.** ઝુલ મુકવી; ઓટવું. To border; to form a border on. **2.** વિંટાળવું; ઘેરી લેવું; ફરી વળવું. To surround; to inclose.

Hemisphere (હેમિસ્ફીર્), *n.* અર્ધગોળ; ગોળાર્ધ. A half sphere (esp. of the globe).

Hemistich (હેમિસ્ટિક્), *n.* અર્ધચરણ; પાદાર્ધ; કવિતાની અડધી લીટી. Half a line of any poetic composition.

Hemlock (હેમ્લૉક્), *n.* ઇંદ્રવારણી; એક પ્રકારનો ઝેરી છોડ. A kind of poisonous fruit or its plant.

Hemorrhage (હીમૉરેજ્), *n.* રગ ફાટવાથી લોહીનું વહેવું તે; રક્તસ્રાવ. Any sort of discharge of blood from the blood vessels.

Hemorrhoids (હીમૉરૉઇડ્ઝ્), *n.* હરસ; હરસનો રોગ. Piles.

Hemp (હેમ્પ્), *n.* શણનો છોડ; શણ. A kind of plant or its fibre. **Hemp-tops,** ગાંજો.

Hempen (હેમ્પન્), *a.* શણનું; શણ જેવું; શણની બનાવટનું. Made of hemp; resembling hemp.

Hen (હેન્), *n.* મરઘી; કુકડી; મરઘડી. A female of the domestic fowls. **2.** પક્ષીની માદા; પંખીણી. A female of any kind of bird.

Hen-bane (હેન્-બેન્), *n.* અજમો; ખુરાશાની. A kind of plant.

Hence (હેન્સ્), *ad.* અહિંથી; હવે પછી; આ વખતથી; આને લીધે. From this place; here-after; due to this.

Henceforth (હેન્સ્ફોર્થ્), *ad.* હવેપછી; આજપછી; ભવિષ્યમાં. From this time; in future.

Hence-forward (હેન્સ્ફૉર્વર્ડ્), *ad.* Same as, **Henceforth.**

Heptagon (હેપ્ટેગૉન્), *n.* સપ્તકોણ આકૃતિ; સાત ખુણાની આકૃતિ. A figure with seven sides and seven angles.

Heptarchy (હેપ્ટાર્કિ), *n.* સાત જણાનું રાજ્ય; જે ઠેકાણે જુદા જુદા સાતજણ રાજ્ય કરતા હોય તે પ્રદેશ. A kingdom of seven different rulers; a country governed by seven rulers.

Her (હર્), *pro.* તેણીનું; એણીનું; પેલીનું. Of that girl or weman. **Hers,** તેણીનું; પેલીનું. **Herself,** તેણીજાતે-પોતે.

Herald (હેરૅલ્ડ્), *n.* ભાટ; ચારણ; નકીબ; ખબર આપનાર; દૂત; રાજદૂત. A bard; a fore-runner; a proclaimer; a messenger. *vt.* અગાઉથી ખબર આપવી; ઢંઢેરો પીટવો; દાંડી પીટીને ખબર આપવી. To proclaim; to inform before-hand; to state royally.

Heraldry (હેરૅલ્ડ્રિ), *n.* ઢંઢેરો પીટવાનું કામ; રાજ્યસત્તાની રૂએ જણાવવું તે. A royal proclamation; an information. **2.** ઇંગ્લૅન્ડના અમીરોના આયુધોના ચિન્હોનાં અર્થ તથા તેમના વંશ વિગેરે જાણવાનું કામ. A practice of blazoning arms or armorial ensigns.

Herb (અર્બ્), *n.* વનસ્પતિ; ઝાડપાલો; ભાજીપાલો. Verdure; a kind of green plant.

Herbacious (અર્બેશસ્), *a.* વનસ્પતિ સંબંધી; ઝાડપાલાનું; ભાજીપાલાને લગતું. Of or pertaining to herbs in general.

Herbage (અર્બેજ્), *n.* ઝાડપાલો; ભાજીપાલો; ઝાડવાં. Green food for beasts and birds in general; pasture.

Herbarium (અર્બેરિયમ્), *n.* વનસ્પતિસંગ્રહ; સુકી વનસ્પતિ જાળવી રાખવાની પેટી. A collection of plants, etc.; a case for preserving dried plants, etc.

Herculean (હર્ક્યૂલીઍન્), *a.* ભારે શ્રમનું; અતિશય મહેનતનું; મહા કઠીન. Laborious; very difficult; dangerous.

Herd (હર્ડ્), *n.* ટોળું; સમૂહ; વૃંદ; જુથ; ઝુંડ; ઘણ. A number (of beasts), assembled together. *vt. vi.* ટોળાબંધ રહેવું; ટોળામાં જોડાવું; ભરવાડનું કામ કરવું. To remain in a herd; to work as a shepherd.

Herdsman (હર્ડ્ઝ્મૅન્), *n. pl.* **Herdsmen.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવાળિયો; ભરવાડ; ઘણને ચરાવનાર અથવા સંભાળ રાખનાર. One, attending a herd.

Here (હીર્), *ad.* અહિં; અહિંયા; આમ. In this place. **Here and there,** *ad.* અહિં તહિં; ચારે બાજુએ. **Here-abouts,** *ad.* આટલામાં. **Here-after,** *ad.* હવે પછી; બીજી દુનિયામાં. **Here-by,** *ad.* આથી; આ ઉપરથી. **Here-to-fore,** *ad.* આજ દિન પર્યંત; આજ સુધી. **Here-upon,** *ad.* આ ઉપરથી.

Hereditary (હીરેડિટેરિ), *a.* વંશપરંપરાથી પ્રાપ્ત થયેલું-મળેલું; બાપદાદા તરફથી મેળવેલું; વારસામાં ઉતરેલું; વડીલોપાર્જિત. Inherited; acquired by an heir from an ancestor; transmitted from a parent to an issue.

Hereditament (હીરેડિટેમેન્ટ્), *n.* વારસો; વારસાની સ્થાવર અને જંગમ મિલ્કત. An inherited property.

Heresy (હેરેસિ), *n.* પાખંડ; પાખંડ મત; ઉલટો મત. A doctrine, working against a true belief or faith; a false notion mostly about religion.

Heretic (હેરેટિક્), *n.* પાખંડ માનનાર; પાખંડ મતમાં વિશ્વાસ ધરાવનાર. A believer of a heresy.

Heretical (હેરેટિકલ્), *a.* પાખંડ ધર્મને લગતું; પાખંડી; ઉલટા મનવાળું. Pertaining to a heresy containing a false notion.

Heritage (હેરિટેજ્), *n.* વારસો. An inheritance; a possession. **2.** ખ્રિસ્તિ લોકોનું મંડળ; A body of the Christians.

Hermaphrodite (હર્મૅફ્રોડાઇટ્), *n.* હીજડો; ઉભયલિંગનું પ્રાણી; ફાતડો; બાયલો; નપુંસક. An individual, belonging to both the sexes. *a.* ઉભય જાતિનું; ફાતડાના જેવું. Pertaining to both the sexes.

Hermetic,-al (હર્મેટિક્,-કલ્), *a.* સજ્જડ રીતે બંધ કરેલું; હવા અથવા પ્રવાહી પદાર્થ પેસી ન શકે તેવું. Closely tied; air-tight.

Hermit (હર્મિટ્), *n.* વાનપ્રસ્થ; જોગી; યતિ; તપસ્વી; સંન્યાસી. An anchoret; a recluse.

Hermitage (હર્મિટેજ્), *n.* આશ્રમ; મઠ; પૂર્ણકુટી; મઢી. A dwelling place of a hermit; a very secluded place. **2.** ફ્રેન્ચ દારૂની એક જાત. A kind of French wine.

Hero (હીરો), *n. pl.* **Heroes.** વીર; પરાક્રમી; પહેલવાન; શૂરો; શૂરવીર. A brave man; man remarkable for his boldness. **2.** નાટક કવિતા અથવા કાવ્યમાં લખાયેલ મુખ્ય પાત્ર; નાયક. Prominent actor or a man, in a play or a poem. **Hero-worship,** *n.* વીરપૂજા.

Heroic,-al (હીરોઇક્,-કલ્), *a.* વીર; શૂરવીરને લગતું; પરાક્રમીનું; શૂરાની બાબતનું. Of or pertaining to a hero.

Heroine (હીરોઇન્), *n.* શૂરવીર સ્ત્રી; પરાક્રમી બાનુ; વીર સ્ત્રી. A bold woman; a brave and prominent woman. **2.** નાયિકા; નાટક, અથવા કાવ્યનું મુખ્ય સ્ત્રીપાત્ર. A chief actress in a play; a chief woman in a novel or a poetic description.

Heroism (હીરોઇઝમ્), *n.* શૂરવીરતા; બહાદૂરી; વીરતા; પરાક્રમ. Bravery; boldness; a characteristic of a hero or a heroine.

Heron (હેરન્), *n.* બગલું. A crane; a kind of wading birds.

Herring (હેરિન્ગ્), *a.* એક જાતની માછલી. A [kind of fish.

Hesitate (હેઝિટેટ્), *vi. pr. p.* **Hesitating.** *imp.* & *p. p.* **Hesitated.** આંચકો ખાવો; ખમચાવું; તર્કવિતર્ક ઉઠાવવા; મનમાં ઢચુપચુ હોવું. To stop; to pause; to be fickle-minded; to be unsteady in ideas. **2.** બોલતાં અટકવું; ગલ્લાંતલ્લાં ખાઇને બોલવું; તોતડી જીભે બોલવું. To falter while speaking.

Hesitation (હેઝિટેશન્), *n.* આંચકો; આનાકાની; સંશય; સંદેહ; તર્કવિતર્ક. A suspension of any work or idea; a doubt; a state of being fickle-minded.

Hesperian (હેસ્પીરિઍન્), *a.* પશ્ચિમ તરફનું; આથમણી બાજુનું. Western; situated towards the west. *n.* પશ્ચિમ તરફનો રહેવાસી; પશ્ચિમના દેશનો વતની. An inhabitant of the Western countries.

Heterodox (હેટેરોડૉક્સ્), *a.* પાખંડી; શાસ્ત્ર વિરૂદ્ધ; વામમાર્ગી; કુમાર્ગી. Acting against the prescribed rules of morality; not orthodox.

Heterodoxy (હેટેરોડૉક્સિ), *n.* પાખંડ; કુમાર્ગ; ધર્મવિરૂદ્ધાચરણ; વામમાર્ગ. A state of being heterodox.

Heterageneal (હેટેરૅજીનીઍલ્), *a.* વિજાતીય; જૂદી જૂદી જાતનું; ભિન્ન. Of different qualities; having unlike merits. [**Heterageneal.**

Heteragenous (હેટેરૅજીનસ્), *a.* Same as,

Heterology (હેટેરૉલૉજ્), *n.* ભિન્ન ધર્મ; વિધર્મતા. The state of having different qualities.

Hew (હ્યૂ), *vt.* કાપવું; હથિયારથી કાપવું; વાઢવું; હથિયારથી કોતરવું. To give a shape with an instrument. [One, who hews.

Hewer (હ્યૂઅર્), *n.* કાપનાર; હથિયારથી વાઢનાર.

Hexagon (હેક્સૅગૉન્), *n.* ષટ્કોણાકૃતિ; છ ખૂણાવાળી આકૃતિ. A plane figure having six sides and six angles.

Hexagonal (હેક્સૅગૉનલ્), *a.* છ ખૂણાવાળી આકૃતિનું; ષટ્કોણાકૃતિવાળું. Pertaining to a hexagon.

Hexameter (હેક્સૅમીટર્), *n.* છ ચરણનો શ્લોક અથવા પદ્ય. A verse, having six feet. *a.* છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચરણોવાળું. Containing six feet.

Hey (હે), *int.* ખુશાલી, અચંબો, અથવા આશ્ચર્ય દર્શાવનારો શબ્દ. A word expressing joy or surprise.

Hibernal (હાઈબ્રર્નલ્), *a.* શિયાળાનું; શિશિર ઋતુને લગતું; શિયાળા જેવું. Wintry; of the winter season.

Hiccough (હિકફ્), *n.* હેડકી; વાઘણી. A kind of jerk, produced in the respiratory system.

Hiccup (હિકપ્), *n.* Same as, **Hiccough.**

Hide (હાઈડ્), *vt. vi. pr. p.* **Hiding.** *imp.* **Hid.** *p. p.* **Hidden.** છુપું રાખવું; સંતાડવું; ગુપ્ત રાખવું; ઢાંકવું. To conceal; to keep secret; to remove from the sight. **2.** સંતાઈ-ઢંકાઇ જવું. To be away from sight; to disappear.

Hideous (હિડીઅસ્), *a.* બિહામણું; ભયંકર; વિકાળ; કાળ જેવું; દારૂણ; ઉગ્ર. Dreadful; terrible horrible.

Hideously (હિડીઅસ્લિ), *ad.* ભયંકર રીતે; બીહામણી રીતે; વિકાળપણે. In a hideous way; dreadfully.

Hideousness (હિડીઅસ્નેસ્), *n.* ભયંકરપણું; વિકાળતા; કાળ જેવું હોવું તે; દારૂણતા. A state of being hideous.

Hie (હાઇ), *vi. pr. p.* **Hieing.** *imp.* & *p. p.* **Hied.** જલદી જવું; દોડવું; દોડતા જવું. To go quickly; to run hastily.

Hieroglyphic (હાઇઅરોગ્લીફિક્), *n.* ચિત્રપલ્લવી; ન સમજાય તેવી નિશાની, ભાષા અથવા સંકેત; ગૂઢાક્ષર. A character in picture writing; an unintelligible language, sign or mark. *a.* ચિત્રલિપિનું; ચિત્ર લિપી સંબંધી; ન સમજી શકાય એવું. Pertaining to an unintelligible language or mark.

High (હાઇ), *a.* મોટું; પ્રૌઢ; જોરાવર; બળવાન; ઉંચું; બહુ. Lofty; grand; tall; strong; elevated; excessive. **High-born,** *a.* ખાનદાન; અમીર. **High-handed,** *a.* જુલ્મી; જાલીમ. **High-land,** *n.* પ્રહાડી મુલક. **High-priest,** *n.* મુખ્ય ધર્માધિકારી. **High-minded,** *a.* મોટા મનવાળું. **High-souled,** *a.* મહાશય; મોટા મનવાળું; મહાત્મા. **High-toned,** *a* ઉંચા સ્વરનું; મોટેથી બોલાયેલું. **High-water,** *n.* ચણામાં ઘણી આવી રહેલી ભરતી.

Highness (હાઇનેસ્), *n.* રાજા મહારાજાનો ઇલ્કાબ; શ્રીમંત સરકાર; નેકનામદાર. A title of honour used to the princes and chiefs.

Highly (હાઈલિ), *ad.* ઉંચી રીતે; પ્રૌઢતાથી; ઉન્નતપણે. In a high way.

Higgle (હિગ્-ગલ્), *vi. pr. p.* **Higgling.** *imp.* & *p. p.* **Higgled.** વેચવા સાટવાને ભાવની રકઝક કરવી; ભાવ ઠરાવવો; ફરી ફરીને વેચવું. To settle the bargain; to hawk the articles.

Higgler (હિગ્-ગ્લર્), *n.* ભાવની રકઝક કરનાર; ફરીફરીને માલ વેચનાર. One, who higgles.

Highway (હાઈ-ઉવે), *n.* સરિયામ રસ્તો; ધોરી રસ્તો; રાજમાર્ગ. A public road; a public way.

Highwayman (હાઇ-ઉવેમૅન્), *n pl.* **High waymen.** સરિયામ રસ્તે લુંટનાર; ધાડપાડુ; બારવટિયો. One, who robs on the public way; a robber; a dacoit.

Hilarious (હિલૅરિ-યસ્), *a.* ઉલ્લાસી; આનંદી; મોજી; રંગરાગવાળું. Joyful; mirthful.

Hilarity (હિલૅરિટિ), *n.* ઉલ્લાસ; આનંદ; ગમત; મોજ; રંગરાગ. Mirth; joy; an amusement.

Hill (હિલ્), *n.* ડુંગર; પહાડ; ટેકરી; મોટો ઢગલો. A naturally elevated place; a heap.

Hillock (હિલ્-લૉક્), *n.* નાનો ડુંગર; ટેકરી; ઉંચાણની જગા. A small hill; an elevated place.

Hilliness (હિલિનેસ્), *n.* ડુંગરાઉ પ્રદેશ હોવો તે; ટેકરીઓવાળું હોવું તે. A state of being hilly.

Hilly (હિલિ), *a.* ડુંગરાઉ; ટેકરીઓવાળું; પહાડી. Full of hills; containing or having hills.

Hilt (હિલ્ટ્), *n.* તરવારની મૂઠ; તરવારનો દાંડો. The handle of a sword.

Him (હિમ્), *pro.* તેને; એને. The objective or the dative case of the pronoun **He.** **Himself,** તેણે જાતેજ; પોતેજ; તેને પોતાને.

Hind (હાઇન્ડ્), *n.* સાબરી; મૃગલી. A female stag.

Hind (હાઈન્ડ્), *a.* પાછલું; પાછળનું; પુંઠનું. In the rear; following.

Hinder (હાઇન્ડર્), *a.* Same as, **Hind.**

Hinder (હિન્ડર્), *vt. vi.* પકડી રાખવું; અટકાવવું; રોકવું; ખાળવું; વિઘ્ન નાંખવું. To stop; to impede; to obstruct. **2.** વિઘ્ન પડવું; અટકાવ થવો; પ્રતિબંધ થવો. To be a hindrance or obstacle.

Hinderer (હિન્ડરર્), *n.* અટકાવનાર; રોકનાર; પ્રતિબંધ કરનાર; ખાળનાર. One, who hinders.

Hindrance, Hinderance (હિન્ડ્રન્સ્, હીન્ડરન્સ્), *n.* અડચણ; હરકત; પ્રતિબંધ; અંતરાય; અટકાવ. An impediment; an obstruction; a stop.

Hinduism (હિન્ડૂઈઝમ્), *n.* આર્ય ધર્મ; હિંદુ ધર્મ. The religious doctrines of a Hindu.

Hindoo, Hindu (હિન્ડૂ), *n.* આર્ય; ભારતવાસી; હિન્દુ. An Indian; an inhabitant of India.

Hinge (હિન્જ્), *n.* ચણિયારૂં; મિજાગરો; નરમાદા. A joint, on which a door turns. **2.** મૂળ પાયો; આધાર. A foundation; a root-cause. *vt. vi.* નરમાદા જડવા; મિજાગરા બેસાડવા. To furnish with a hinge or hinges.

Hint (હિન્ટ્), *n.* સૂચના; ઇશારો; સંકેત; સંજ્ઞા. A suggestion; a motive; a slight indication. *vt. vi.* સૂચના કરવી; સંકેત કરવો; ઇશારો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો. To suggest; to mention slightly.

Hinter (હિન્ટર્), *n.* સૂચના કરનાર; સંકેત કરનાર; સંજ્ઞા કરનાર. One, who hints.

Hip (હિપ્), *n.* કેડ; કટિ. The fleshy part of the thigh. છાપરાની બહારની બાજુનો ખુણો. An outward corner of a roof. *vt.* કમ્મર લચકાવવી; કમ્મરની મરોડ ખાવી. To dislocate the hip. *int.* જોજો! જોજો હોં! જીત્યાની ખુશાલીનો અવાજ. A word, expressing joy or pleasure. **Hip-roof,** *n.* ખૂણાવાળું છાપરૂં.

Hippopotamus (હિપ્-પોપૉટૅમસ્), *n. pl.* **Hippopotami.** દરિયાઇ જળઘોડો; હાથી જેવું દરિયામાં રહેતું જનાવર. A kind of quadruped, with an enormous size.

Hire (હાયર્), *n.* ભાડું; રોજ; સાંથ; મજુરી; કોઈ પણ ચીજના વપરાશના બદલામાં અપાતી રકમ. A rent; wages; a pecuniary compensation for the use of anything. *vt. pr. p.* **Hiring.** *imp. & p. p.* **Hired.** ભાડે આપવું; સાંથે આપવું; ગણોતે આપવું-રાખવું. To give or take temporarily in return of some payment.

Hireling (હાયર્લિન્ગ્), *n.* રોજીદાર મજુર; ભાડુતિયો; પૈસા માટે વૈતરૂં કરનાર. One, who works only for the sake of money or wages.

His (હિઝ્), *pro.* તેનો; તેની; તેનું. The possessive case of the pronoun **He.**

Hiss (હિસ્), *vi. pr. p.* **Hissing.** *imp. & p. p.* **Hissed.** સુસવાટ કરવો; સીત્કાર કરવો; ફુંફાડો કરવો. To make the sound in the manner of the letter '**s**' (said of serpents). **2.** ધિક્કારવું; ફિટકાર કરવો;-ની હે બોલાવવી. To condemn by hissing. *n.* સુસવાટ; સીત્કાર; ફુંફાડો. A hissing sound; the sound produced by a serpent. **2.** ફિટકાર; તિરસ્કાર યુક્ત શબ્દ. A word showing hatred or displeasure.

Historian (હિસ્ટૉરિઍન્), *n.* ઇતિહાસ કર્તા; ઐતિહાસિક બાબતો ઉપર સારૂં જ્ઞાન ધરાવનાર; તવારિખ લખનાર; ઇતિહાસકાર. A writer of history; one well-versed in the study of history.

Historic,-al (હિસ્ટૉરિક્,-કૅલ્), *a.* ઐતિહાસિક; ઇતિહાસને લગતું; તવારિખને લગતું. Pertaining to a history.

Historically (હિસ્ટૉરિકૅલિ), *ad.* ઐતિહાસિક દૃષ્ટિએ; ઇતિહાસની ગણત્રીમાં; તવારિખની બાબતમાં. In regard to the subject of history.

History (હિસ્ટૉરિ), *n.* ઇતિહાસ; તવારિખ; વૃત્તાંત; વર્ણન; બ્યાન. A book, containing the recorded events of a country; a vivid account; a description; an authentic narration.

Histrionic (હિસ્ટ્રિઍનિક્), *a.* નાટકના જેવું; નાટકના વિષયને લગતું. Theatrical; befitting a theatre.

Hit (હિટ્), *vt. vi. pr. p.* **Hitting.** *imp. & p. p.* **Hit.** મારવું; અફાળવું; ફટકો મારવો. To give a stroke; to come in contact. **2.** કલ્પના કરવી; ધારવું. To infer; to suppose. *n.* ફટકો; પ્રહાર; દાવ. A stroke; an act of striking against.

Hitch (હિચ), *n.* અટકાવ; આંચકો; ખૂલેલ; ડખલ; નડતર; હીચ; હરકત. An impediment; an obstacle. **2.** ફાંસો; ગાળો. A noose; a catch. *vi. vt.* ગુંચવણમાં પડવું; ફસી પડવું; ખમચાઇને ચાલવું. To be entangled; to be at a fix. **2.** ધુંસરીએ જોડવું; આંચકો મારવો. To yoke; to give a jerk to.

Hither (હિધર્), *ad.* અહિં; આમ; આ જગ્યાએ; અત્રે; આ સ્થાને. Here; at this place. **Hitherto,** *ad.* અત્યાર સુધી; હજુ સુધી. **Hitherward,** *a.* આ બાજુનું. **Hitherwards,** *ad.* આ બાજુએ.

Hive (હાઇવ્), *n.* મધપૂડો; મધમાખીનું ઝુંડ. A honey-comb; a place inhabited by the bees. **2.** (*Fig.*) ઉદ્યોગી અથવા પ્રવૃત્તિશીલ લોકોનું રહેઠાણ. A place, inhabited by the busy occupants. *vt. vi.* મધપૂડામાં મૂકવું-રાખવું; મધપૂડામાં એકઠું કરવું-થવું. To collect into a hive. **2.** સાથે રહેવું-વસવું. To reside in a body.

Ho (હો), *int.* એ ભાઈ! અરે! ઓ! Halloo; a word of address.

Hoar (હોર્), *a.* ધોળું; સફેદ; શ્વેત; ફુગાઇ ગયેલું. White; grey-coloured. **2.** ઉમ્મરને લીધે ધોળા વાળવાળું; વૃદ્ધ. White-haired; old.

Hoary (હોરિ), *a.* Same as, **Hoar.**

Hoard (હોર્ડ્), *vi. vt. pr. p* **Hoarding.** *imp. & p. p.* **Hoarded.** ભરી રાખવું; સંગ્રહ કરવો; એકઠું કરવું; સંચય કરવો. To collect; to lay up; to amass. *n.* સંચય; સંગ્રહ; એકઠું કરવું તે. A collection; a store; a stock; an act of gathering.

Hoarder (હોર્ડર્), *n.* સંચય કરનાર; એકઠું કરનાર; સંગ્રહ કરનાર. One, who collects.

Hoarse (હોર્સ્), *a.* ખોખરૂં; ભારે; બેઠેલ અવાજવું; કઠોર. Harsh in sound; having a rough sound.

Hoarsely (હોર્સ્લિ), *ad.* ખોખરી રીતે; કઠોરપણે; બેઠેલ અવાજથી. In a hoarse way; with a rough sound.

Hoarseness (હોર્સ્નેસ્), *n.* ખોખરાપણું; અવાજની કઠોરતા; બેઠેલ અવાજ. A state of being hoarse.

Hoax (હોક્સ્), *n.* મજાક; મસ્કરી; ટોળ; વિનોદ. A trick; a joke; a fun. *vt.* મજાક કરવી; મસ્કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવી;. વિનોદ કરવો. To pass a trick; to joke; to make a fun.

Hoaxer (હોક્સર). *n.* મશ્કરી કરનાર; વિનોદ કરનાર; મજાક કરનાર. One, who hoaxes.

Hobble (હૉબ્-બલ્), *vi.* લંગડાવું; ખોડાવું; ખોડંતા ચાલવું. To walk in a limping way; to walk lamely. *n.* લંગડાની ચાલ; લંગડાતાં ચાલવું તે. A limp; a walk in a limping way. **2.** મુશ્કેલી; ગભરાટ. A difficulty; a confusion.

Hobbler (હૉબ્બ્લર), *n.* લંગડાતાં ચાલનાર; મુશ્કેલીમાં કામ કરનાર. One, who hobbles.

Hobby (હૉબિ), *n. pl.* **Hobbies.** મનોરથ; કોઇપણ બાબતની ધુન; અતિશયની અભિરૂચી-ઈચ્છા. A favourite subject; a strong inclination of mind. **2.** બાજપક્ષી. A small falcon.

Hob-goblin (હૉબ્-ગૉબ્લિન્), *n.* ભૂત; પિશાચ; બાબરો ભુત; વૈતાલ; રાક્ષસ. A goblin; an imp.

Hockey (હૉકિ), *n.* દડીથી રમવામાં આવતી એક જાતની રમત. A kind of game played at a ball and a club.

Hocus (હોકસ્), *vt.* છેતરવું; ઠગવું; ઠગવિદ્યા ચલાવવી. To deceive; to cheat. **2.** છેતરવાને માટે અથવા લુંટવાને માટે દારૂ, વિ. પાઈ બેભાન કરવો. To stupefy with liquor, for the purpose of cheating.

Hocus-pocus (હોકસ્-પોકસ્), *n.* નજરબંધીનો ખેલ; ક્રુમંતર; હાથચાલાકી. A trick often used by a juggler; a conjuror's tricks. *vt.* છેતરવું; નજરબંધી કરવી; મશ્કરી કરવી. To deceive; to cheat.

Hod (હૉડ્), *n.* ઇંટને કોયલાનું વિલાયતી તગારૂં; છાછર (લાકડાની); તગારૂં. A vessel containing bricks and mortar, used by labourers to the masons.

Hodman (હૉડ્મૅન્), *n.* ઇંટ અને ચુનાનું તગારૂં ઉંચકનાર. A mason's labourer.

Hoe (હો), *n.* પાવડો; કોદાળી. A shovel; an instrument used in loosening earth from a field, *vt.* પાવડાથી ખોદવું; માટી કાઢવી. To dig with a hoe.

Hog (હૉગ્), *n.* હુક્કર; ભુંડ; સુઅર. A swine; a pig. **2.** એક વરસનું ઘેટાનું બચ્ચું. A sheep of one year age. **3.** (*fig*) ઘાતકી અથવા જંગલી માણસ; અધમ પુરૂષ. A mean fellow. **Hog's lard,** હુક્કર અથવા ભુંડની ચરબી.

Hoggery (હૉગરિ), *n.* હુક્કર અથવા ભુંડનો વાડો; હુક્કરને પાળવાનું અને રાખવાનું સ્થાન. A place, where hogs are tamed.

Hoggish (હૉગિશ્), *a.* હુક્કરના જેવું; સુઅરને મળતું; એકલપેટું; ગંદુ. Like or resembling a hog; selfish; filthy.

Hog-herd (હૉગ્-હર્ડ્), *n.* ભુંડને ચરાવનાર; હુક્કરોને સાચવનાર. A keeper of hogs.

Hogshead (હૉગ્સ્હેડ્) *n.* ૬૩ ગૅલન માય તેટલું મોટું દારૂનું પીપ. A cask, containing 63 gallons of English wine.

Hoiden (હોઇડન્), *n.* જંગલી, પણ બહાદૂર માણસ; જંગલી છોકરી. A rude, but bold man; a rude girl. *a.* જંગલી; અણઘડ; ગમાર. Wild; rude.

Hoist (હૉઇસ્ટ્), *vt.* ચઢાવવું; ઉંચકવું; ઉભું કરવું; ઉંચે ખેંચવું. To elevate; to lift; to draw high. *n.* ઉંચે ચઢાવી શકાય તેવું યંત્ર. A machine meant for raising the load on a very high level.

Hold (હોલ્ડ્), *vt. pr. p.* **Holding.** *imp.* & *p. p.* **Held.** ઝાલવું; પકડવું; ગ્રહણ કરવું; લેવું. To grasp; to catch; to sustain. **2.** ના કબજામાં હોવું; ચાલુ રાખવું. To possess; to continue. **3.** માઇ રહેવું; સમાઇ જવું; પુરાઇ રહેવું. To receive; to contain. **4.** ધારવું; માનવું; લેખવવું. To suppose; to consider. *n.* કબજો; ટેકો; આધાર; અંકુશ. A grasp; a support; a restraint. **2.** કિલ્લો; દુર્ગ. A fort; a fortification; a castle. **3.** કેદ; તુરંગ; કારાગૃહ. A confinement; a prison. **To hold off,** દૂર રાખવું, નિરાળું કરવું. **To hold in hand,** શક્તિમાં રાખવું. **To hold a wager,** શરત મારવી-બકવી. **To hold up,** ઉંચકવું; ઉભું કરવું. **To hold forth,** જાહેરમાં ભાષણ કરવું.

Holder (હોલ્ડર), *n.* પકડી રાખનાર; ધારણ કરનાર; કબજામાં રાખનાર. One, who holds.

Hold-fast (હોલ્ડ્-ફાસ્ટ્), *n.* હુક; આંકડો. An iron hook or catch.

Holding (હોલ્ડિન્ગ્), *n.* કબજો; અંકુશ; સત્તા; પકડવું તે. Possession; that which binds. **2.** બીજાની પાસેથી મળેલી જમીન. Any estate, possessed from another.

Hole (હોલ), *n. pl.* **Holes.** કાણું; દર; ખાડો; નાકું; બાકું. An opening; a pit; a cavity; a fissure. *vt.* કાણું પાડવું; ખાડો કરવો; નાકું કરવું. To make a pit; to make a fissure.

Holiday (હોલિડે), *n.* તહેવાર; પર્વ; પર્વણી; શુભ દિવસ. A festival day; a day of exemption from work. *a.* તહેવારનું; શુભ દિવસનું; ઉત્સવનું. Of a festival day; pertaining to a holiday.

Holiness (હોલિનેસ્), *n.* પવિત્રતા; વિશુદ્ધતા; પુણ્યશીલતા. Purity; piety. **2.** ધર્માધ્યક્ષનો ખિતાબ. A title of a bishop.

Hollo, Holloa (હૉલો), *int.* ઓ! અરે! સાંભળો! જુઓ! Ah!; listen; a loud cry, used in attracting attention. *vi.* હાંક મારવી; જોરથી બોલાવવું. To call out; to exclaim.

Hollow (હૉલો), *a.* પોકળ; ખાલી; ખોટું; પોલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Not solid; sunken; spurious. **2.** ઉપર ઉપરનું; બહારનું; મેલું. Unreal; false; deceitful. *n.* પોલાણ; ખાડો; બખોલ; નીક. A hole; a pit; an excavated place or ground. *vt.* ખાડો કરવો; બખોલ પાડવી. To make a pit; to excavate a hole **2.** બુમ પાડવી; અવાજ કરવો-કાઢવો. To shout; to call aloud.

Hollowness (હૉલોનેસ્), *n.* પોલાણ; ઉપર ઉપરનો ડોળ; આડંબર. A state of being hollow. **2.** (*fig.*) મેલાપણું; ઠગાઇ. Insincerity; deceit.

Holly (હૉલ્-લિ), *n.* બારે માસ લીલું રહે તેવું ઝાડ; બારમાસી. An evergreen tree or its shrub.

Holm (હોમ્, હોલ્મ્), *n.* નદીની પાસે સપાટ અને ફળદ્રૂપ જમીન; નદીમાંનો ટાપુ. A tract of land near a river.

Holocaust (હૉલોકૉસ્ટ્), *n.* આહૂતિ; બળિદાન; ભોગ; ઘણા જીવોની કતલ. A burnt offering; a slaughter of many lives.

Holy (હોલિ), *a.* પવિત્ર; ચોખ્ખું; ઈશ્વરાર્પણ થયેલું; શુદ્ધ; ધાર્મિક. Pure; sacred; pious; religious.

Homage (હૉમેજ્), *n.* ઉપાસના; સેવા; નમન; માન; અભિનંદન. Obeisance; respect shown to the superiors; a worship. *vt.* નમન કરવું; અભિનંદન કરવું; માન આપવું. To bow (as a sign of respect); to worship.

Home (હોમ્), *n.* પોતાનું ઘર; વતન; સ્વગૃહ. One's own house or dwelling place; a habitation. **2.** સ્વદેશ; વતન. One's native land. *a.* ઘરનું; સ્વદેશનું; ગામઠી. Domestic; not foreign; country. *ad.* ઘેર; પોતાને દેશ; પોતાના રહેઠાણમાં. To one's home or country. **To be at home,** થી માહિતગાર હોવું. **Home-industry,** દેશી ઉદ્યોગ.

Homeless (હોમ્લેસ્), *a.* ઘરબાર વિનાનું; રખડતું; રઝળતું. Deprived of a house or home; wandering.

Homelessness (હોમ્લેસ્નેસ્), *n.* ઘરબાર વિનાનું હોવું તે; રખડતી હાલત. A state of being homeless.

Homeliness (હોમ્લિનેસ્), *n.* સાદાઇ; સલુઝાઇ. માહિતી; ઘરોબો. Plainness; intimacy; familiarity.

Homely (હોમ્લિ), *a.* સાદું; દેશી; ગામઠી; ભભકા વિનાનું. Plain; native; unpolished; rough in size **2.** ઘરોબાવાળું; પરિચયનું; નિકટ સંબંધનું; હળી મળી જાય તેવું. Closely intimated; familiar; amiable.

Home-ward,-s (હોમ્-ઉવર્ડ્,-ઝ્), *ad.* ઘર તરફ; વતન તરફ. Towards one's house or country.

Homeopathy (હોમીઑપૅથિ), *n.* જે પ્રકારનો રોગ હોય તેવીજ અસર ઉત્પન્ન કરનારૂં ઘણું થોડું ઔષધ આપી રોગ મટાડી શકાય તેવું વૈદું. A system of medical treatment of diseases by drugs producing similar effects.

Homicide (હોમિસાઇડ્), *n.* મનુષ્યવધ. An act of killing a human body. **2.** ખૂની; હત્યારો; મનુષ્યવધ કરનાર. A murderer; one, who kills any human being.

Homilist (હૉમિલિસ્ટ્), *n.* વ્યાખ્યાનકાર; ઉપદેશક; ભાષણકર્તા; નીતિ ઉપર વ્યાખ્યાન કરનાર. A preacher; one, who preaches on morality.

Homily (હૉમિલિ), *n.* નીતિવ્યાખ્યાન; ધર્મ ઉપર આપવામાં આવેલું ભાષણ. A discourse on religion or morality.

Homogeneous (હોમોજીનીઅસ્), *a.* સમજાતીય; એક જાતનું; સમાન પદવાળું. Having or containing the same nature; of the same class.

Homologate (હોમૉલૉગેટ્), *vt.* કબુલ કરવું; સ્વીકારવું; મંજુર રાખવું. To accept; to approve; to assent.

Homologation (હોમૉલૉગેશન્), *n.* કબુલાત; મંજુરી; સ્વીકાર. An approval; an act of homologating.

Hone (હોન્), *n.* ચપ્પુ અથવા અસ્ત્રો ઘસવાની પથરી. *vt.* પથરીપર ઘસવું; ઘસીને ધાર કાઢવી. To sharpen the edge of a penknife or a razor.

Honest (ઑનેસ્ટ્), *a.* પ્રમાણિક; ઈમાનદાર; નિષ્કપટ; સત્યતાવાળું; કપટ સિવાયનું. Equitable; sincere; true; candid. **2.** લાયક; યોગ્ય; આબરૂદાર. Suitable; honourable.

Honestly (ઑનેસ્ટ્લિ), *ad.* પ્રમાણિકપણે; ઇમાનદારીથી; નિષ્કપટપણે; કપટ સિવાય. Sincerely; candidly; in an honest way.

Honesty (ઑનેસ્ટિ), *n.* પ્રમાણિકપણું; નેકી; સાફ દિલ; ઇમાનદારી. Straightforwardness; integrity; sincerity.

Honey (હનિ), *n.* મધ; મિઠાશ. A sweet fluid, prepared by the bees from the juice of flowers; excessive sweetness. *vt. vi.* મળતાવડું કરવું; મિઠાશ લેવી; મધ તૈયાર કરવું. To make amicable; to prepare honey. **Honey-bee,** *n.* મધમાખ. **Honey-comb,** *n.* મધપૂડો. **Honey-dew,** *n.* મધલાળ; મધનું નાનું ટપકું. **Honey-moon,** *n.* લગ્ન પછીના શરૂઆતના દિવસો. **Honey-tongued,** *a.* મીઠાબોલું; જીભે મીઠું બોલી બીજામાં વિશ્વાસ ઉત્પન્ન કરાવનાર.

Honour, Honor (ઑનર્), *n.* માન; આબરૂ; પ્રતિષ્ઠા; મોટાઇ; ઇજ્જત; પત; ભાર. Reverence; reputation; a dignity; a distinction; an exalted position. *vt.* માન આપવું; આબરૂ વધારવી; ગૌરવ સ્થાપવું; મોટા કરવું; ઈજ્જત વધારવી. To revere; to regard with respect; to ennoble; to dignify. **2.** માન આપીને પૂજવું; આરાધવું. To adore.

Honourable (ઑનરેબલ્), *a.* આબરૂદાર; નામીચું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોટાઈવાળું; ઇજ્જત આબરૂ ધરાવનાર. Reputed; famous; estimable; noble. Also spelt as **Honorable.**

Honourably (ઑનરેબ્લિ), *ad.* માનનીય રીતે; ઇજ્જત આબરૂથી; પ્રતિષ્ઠાપૂર્વક. In an honourable way; nobly.

Honorarium (ઑનરૅરિયમ્), *n.* મહેનતાણું; અવેજ. A fee for a professional work (as of a lawyer or a doctor).

Honorary (ઑનરૅરિ), *a.* કેવળ માન ખાતર કરનાર; મહેનતાણાની આશા સિવાય કામ કરનાર; મુસારાની અથવા પગારની આશા સિવાય કામ કરનાર; માનનીય ખિતાબ ધરાવનાર. Done for the sake of honour; doing with a sacrificing spirit; holding a title without any reward.

Hood (હુડ્), *n.* લુગડાંનો ટોપ; શિરસ્ત્રાણ. A covering for the head. **2.** ઘોડાનું માથું ઢાંકવાનું કપડું. A covering for a horse's head. **3.** સ્થિતિ; હાલત; દશા. A state; a condition. *vt.* ટોપથી ઢાંકવું; ટોપ ધરવો. To cover with a hood. **2.** ઢાંકી દેવું; સંતાડવું; ઢાંકવું. To hide; to conceal.

Hooded (હુડેડ્), *a.* ટોપવાળું; ટોપના આકારનું; ટોપ પહેરેલું. Furnished with a hood; covered with a hood.

Hoodwink (હુડ્વીન્ક), *vt.* આંખે પાટા બાંધવા; અંધારી બાંધવી. To make blind by covering the eyes. **2.** (*fig.*) છેતરવું; ઠગવું; આહું અવળું સમજાવવું. To deceive; to cheat.

Hoof (હુફ્), *n. pl.* **Hoofs.** ખરી; ક્ષુર. The horny substance, terminating the end of the legs of an animal. **2.** ઢોર; ખરીવાળું જનાવર. An animal having hoofs.

Hoofed (હુફ્ડ્), *a.* ખરીવાળું; ક્ષુરનું. Provided with hoofs; furnished with hoofs.

Hook (હુક), *n.* આંકડી; આંકડો; માછલાં પકડવાનો ગલ. A piece of metal curved, used for catching or holding, etc. **2.** દાતરડું. A sickle; an instrument for cutting grass or crop. **3.** જાળ; પાસ; ફાંસો. A snare; an enticement. *vt. vi.* આંકડી ભરાવવી; પાશમાં નાંખવું. To fasten with a hook; to ensnare. **2.** આંકડાની પેઠે વાળવું. To bend in the manner of a hook. **By hook or crook,** ગમે તે ઉપાયે; ગમે તેમ કરીને. **Hook-nosed,** *a.* પોપટના જેવા નાકવાળું.

Hooked (હુક્ડ્), *a.* વાળેલું; વાંકું; વળેલું. Bent; curved; joined with a hook.

Hooligan (હુલિગૅન્), *n.* ધાંધલવાળી શેરી; શોરબકોરથી ભરપૂર મોહોલ્લો. A rough street; a noisy street.

Hoop (હુપ્), *n.* પટો; પાટો; હાંસડી; કાંઠલો. A flexible iron or wooden strip. **2.** ચક્કર; ગોળ પાટો. A circular band. *vt. vi.* પાડથી બાંધવું; પટાથી સજ્જડ કરવું. To fasten with a hoop or hoops. **2.** બૂમ પાડવી; ચીચીઆરી પાડવી. To shout; to scream out.

Hooping-cough (હુપિન્ગ્-કફ્), *n.* ઉટાંટિયો; સસણી; દમ. A kind of disease, affecting the lungs, while coughing.

Hoot (હૂટ), *vi.* હડધૂત કરવું; ધુત્કાર કરવો; તિરસ્કારપૂર્વક બોલવું. To utter in contempt; to say scornfully. **2.** ઘુવડની માફક બોલવું; ઘુવડનું બોલવું. To cry like an owl. *n.* હડધૂત; ધુત્કાર; તિરસ્કાર. An utterance with hatred; a cry in contempt. **2.** ઘુવડનું બોલવું તે; ઘુવડનો 'ઘુ ઘુ ઘુ' અવાજ. A cry of an owl.

Hop (હૉપ્), *n.* ફલંગ; છલંગ; ફાળ; કુદકો. A jump; a spring; a leap; a bound. **2.** નાચ; નૃત્ય. A dance. *vt. pr. p.* **Hopping.** *imp.* & *p. p.* **Hopped.** ફલંગ મારવી; કુદકો ભરવો; ફાળ ભરવી. To jump; to make a jump; to spring; to leap. **2.** લંગડાતા ચાલવું. To limp; to walk in a lame manner. **3.** નાચ કરવો. To dance.

Hopper (હૉપર્), *n.* કુદનાર; કુદાકુદ કરનાર; ફલંગ ભરનાર; છલંગ મારનાર. One, who hops. **2.** લાકડાનો ચારણો. A wooden trough with holes. **3.** નાની હોડી-મછવો. A kind of boat.

Hopping (હૉપિન્ગ્), *n.* કુદકો; છલંગ; ફાળ. A jump; a spring.

Hope (હોપ), *n.* આશા; મુરાદ; ઇચ્છા; ભરોસો; ઉમેદ; આકાંક્ષા. An expectation; a desire; a trust. **2.** આશાજનક બનાવ. An event, giving a hope. **3.** આશા આપનાર; ઉમેદ આપનાર. One, who is the object of hope. *vt. vi. pr. p.* **Hoping.** *imp.* & *p. p.* **Hoped.** આશા રાખવી; ઉમેદ રાખવી; આકાંક્ષા ધરાવવી; મુરાદ હોવી. To expect; to have some longing for; to trust.

Hopeful (હોપ્ફુલ), *a.* આશાભર્યું; આશાવાળું; આશાયુક્ત. Inclined to some hope; full of some hope.

Hopefully (હોપ્ફુલલિ), *ad.* આશાથી; ઉમેદથી; આસ્થાપૂર્વક. In a hopeful way or manner.

Hopefulness (હોપ્ફુલનેસ), *n.* આશાયુક્ત હોવું તે; આશાવાળું બનવું તે. A state of being hopeful.

Hopeless (હોપ્લેસ), *a.* આશાભંગ; નિરાશાવાળું; નિરાશ. Devoid of any hope; despondent.

Hopelessness (હોપ્લેસનેસ), *n.* નિરાશા; નાઉમેદપણું; આશાભંગ હોવું તે. A state of being hopeless.

Horde (હોર્ડ્), *n.* ભમતા માણસોનું ટોળું; રખડતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માણસોનો સમૂહ–ટુકડી. A wandering gang; a tribe consisting of wandering people.

Horizon (હૉરાઇઝૉન્), *n.* દ્રષ્ટિમર્યાદા; ક્ષિતિજ. An imaginary line, seeming to touch the earth and the sky, at a distance.

Horizontal (હૉરિઝૉન્ટલ્), *a.* દ્રષ્ટિ મર્યાદાનું; દ્રષ્ટિમર્યાદા સંબંધિ; ક્ષિતિજ રેખામાં આવી રહેલું. Pertaining to a horizon.

Horizontally (હૉરિઝૉન્ટલ્–લિ), *ad.* ક્ષિતિજ રેખાની દ્રષ્ટિએ; દ્રષ્ટિમર્યાદાની ગણત્રીએ; દ્રષ્ટિમર્યાદાની રીતે. In a horizontal way.

Horn (હૉર્ન્), *n.* શિંગડું; શિંગ; શૃંગ. The stony and pointed part of the animals. **2.** સાબરશિંગ. The antler of a deer. **3.** રણશિંગ; ભુંગળું; તુરાઈ; તતુડું. A wind instrument. *vt.* શિંગડાવાળું કરવું; શિંગડાનો આકાર આપવો. To furnish with horns; to give the shape of a horn. **Horn-bill,** *n.* મોટી ચાંચવાળું એક જાતનું પક્ષી.

Horn-book (હૉર્ન્–બુક્), *n.* પહેલી ચોપડી; જાણવા માટેનું પ્રથમ પુસ્તક; મૂળતત્વવાળું નાનું પુસ્તક. The first book for children; a hand-book.

Horned (હૉર્ન્ડ્), *a.* શિંગડાવાળું; શિંગડાથી સજ્જ થયેલ. Provided with horns; furnished with a horn or horns.

Hornet (હૉર્નેટ્), *n.* ભમરો; એક જાતની માખ. A kind of large wasp.

Horny (હૉર્નિ), *a.* શિંગડાવાળું; શિંગડા જેવું. શિંગડાનું બનાવેલું; કઠણ. Of or like a horn; made of horn.

Horology (હોરોલૉજી), *n.* કાલમાપકયંત્ર; ઘટી; ઘટીકાયંત્ર. An instrument to measure or to mark the time; a time-piece.

Horoscope (હોરોસ્કોપ્), *n.* જન્મોત્રી;જન્માક્ષર; જન્મકુંડળી. An aspect of the planets and stars at the time of one's birth.

Horrible (હૉરિબલ્), *a.* ભયંકર; વિકરાળ; કમકમાટ આવે તેવું; ત્રાસજનક; ઘોર; વિકટ. Dreadful; hideous; terrible.

Horribly (હૉરિબ્લિ), *ad.* ભયંકર રીતે; કમકમાટ આવે તેવી રીતે; ત્રાસજનક રીતે; વિકરાળપણે. Dreadfully; terribly; in a horrible way.

Horrid (હૉરિડ્), *a.* Same as, **Horrible.**

Horrific (હૉરિફિક્), *a.* ભયંકર; વિકરાળ; ભય ઉપજાવે તેવું Dreadful; terrible; fearful.

Horrification (હૉરિફિકેશન્), *n.* ભય ઉપજાવવો તે; થરથરાટ; કમકમાટ. An act of putting to fear; the bristling of the hair through fear or an alarm.

Horrify (હોરિફાઇ), *vt. pr. p.* **Horrifying.** *imp. & p. p.* **Horrified.** બીવરાવવું; ભય પમાડવો; થથરાવી નાંખવું. To put to fear; to awaken the sense of fear; to impress with terror.

Horror (હોરર્), *n.* ભય; બીક; થરથરાટ; ત્રાસ. A dread; something causing terror or fear.

Horse (હૉર્સ્), *n.* ઘોડો; અશ્વ. A kind of quadruped. **2.** ઘોડેસ્વાર; હયદળ; ઘોડા ઉપર બેસીને લડનાર લશ્કર. A rider on a horse; a cavalry. *vt.* ઘોડા ઉપર સવારી કરવી; ઘોડેસ્વાર થવું. To ride a horse; to mount on a horse. **2.** પીઠપર લઈ જવું. To carry on the back. **Horse-breaker, Horse-trainer,** ઘોડાને પલોટનાર; ચાબુક સવાર. **Horse-leech,** *n.* અશ્વવૈદ; ઘોડાની દવા કરનાર.

Horseman (હૉર્સ્મૅન્), *n* ઘોડેસવાર; અસવાર. A rider on horseback; a cavalier.

Horsemanship (હૉર્સ્મૅન્શિપ્), *n.* અશ્વારોહણ વિદ્યા; અશ્વવિદ્યા. Skill in riding a horse.

Horsepower (હૉર્સ્–પાઉઅર્), *n.* અશ્વબળ; વરાળયંત્રની શક્તિનું પ્રમાણ; ઘોડાની મદદથી ચલાવાતો સંચો. The power exerted by a horse; the mechanical force of a machine; a machine, worked out by a horse.

Horse-shoe (હૉર્સ્–શૂ), *n.* ઘોડાની નાળ; નાળબંધ. A shoe used for horses.

Hortation (હૉર્ટેશન્), *n.* બોધ; શિખામણ; ઉપદેશ. A moral presage; words containing advice.

Hortative (હૉર્ટેટિવ્), *a.* બોધક; શિખામણ આપે તેવું; બોધદાયક; ઉપદેશક. Exhortative; advisory. [**Hortative.**

Hortatory (હૉર્ટેટૉરિ), *a.* Same as,

Horticulture (હૉર્ટિકલ્ચૂર્), *n.* બાગ બનાવવાનો ધંધો–કળા; બાગબાનનો હુન્નર; ફુલપાન ઉછેરવિદ્યા. An art of cultivating gardens; gardening.

Horticulturist (હોર્ટિકલ્ચૂરિસ્ટ્), *n.* ફુલ, પાન, રોપા, વિગેરે ઉછેરવામાં પ્રવીણ પુરૂષ; બાગ બનાવવાના ધંધામાં પ્રવીણ પુરૂષ. One, well-versed in the science of horticulture.

Hosanna (હોઝૅન), *n.* ઇશ્વર કૃપા માગવાના શબ્દ; પ્રભુ સ્તુતિનો શબ્દ. A phrase or words uttered as a prayer to God.

Hose (હોઝ્), *n.* પાયજામો; પગનાં મોજાં. Close-fitting trousers; a pair of stockings. **2.** બંબાની સુંઢ. A flexible pipe.

Hosier. (હોઝિર), *n.* મોજાંવાળો; ગંજીફરાક, વિગેરે વેચનાર. A dealer in stockings, or similar goods, etc.

Hosiery (હોઝિએરિ), *n.* ગંજીફરાક, મોજાં, વિગેરે પરચુરણ ચીજો. The articles, or goods, sold by a hosier.

Hospitable (હૉસ્પિટેબલ્), *a.* પરોણાની ચાકરી કરનાર; મહેમાનગીરી ઉઠાવનારૂં; અતિથિપૂજક; આદર-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સત્કારી. Entertaining a guest; gentle to guests or strangers.

Hospitably (હૉસ્પિટેબ્લિ), *ad.* પરોણાગાકરી-પૂર્વક; સત્કારથી; આદરભાવપૂર્વક. In a hospitable way.

Hospital (હૉસ્પિટલ), *n.* ઔષધશાળા; દવાખાનું; બિમારખાનું; 'ઇસ્પિતાલ'. A house for the sick, injured or infirm.

Hospitality (હૉસ્પિટેલિટિ), *n.* આદરભાવ; અતિથિસત્કાર; મહેમાનગીરી; પરોણાગત; આગતા-સ્વાગતા. Entertainment; kindness shown to the guests.

Host (હોસ્ટ), *n.* સૈન્ય; દળ; ફોજ; સેના. An army; a collection of soldiers. **2.** ટોળું; સમૂહ; મેદિની. A crowd; a multitude; a large number. **3.** યજમાન; પરોણાગત કરનાર; મહેમાનગીરી કરનાર; ઘરધણી. An entertainer; one, who receives guests; a land-lord. **4.** વીશીવાળો; મુસાફરખાનાવાળો. An inn-keeper.

Hostess (હોસ્ટેસ), *n.* સ્ત્રી યજમાન; ગૃહસ્વામિની. A female, who entertains guests.

Hostile (હોસ્ટાઇલ), *a.* વેરી; દ્વેષી; વિપરીત; વિરોધી; અદાવતીયું. Inimical; unfriendly; of an enemy; malignant.

Hostility (હોસ્ટિલિટિ), *n.* વેર; દ્વેષ; વિરોધ; દુશ્મનાવટ; અદાવત; કીનો. Unfriendliness; animosity; a state of being hostile. **2.** લડાઇ; યુદ્ધ; ઝપાઝપી; વિગ્રહ. A war; a warfare; a contest.

Hostler (ઑસ્લર), *n.* ધર્મશાળાની તપાસ રાખનાર માણસ; ઘોડાની માવજત કરનાર; રાવત. An inn-keeper; a horse-trainer.

Hot (હૉટ), *a.* ઉનું; ગરમ; ધગધગતું; ગરમ લહાય જેવું; ખળખળતું. Having or containing heat; very warm. **2.** જલદ; તપીજાય તેવા મિજાજનું, તામસી સ્વભાવનું; આકરૂં; આવેશમાં આવી જાય તેવું. Fiery; easily excited; of irritable nature; violent; furious. **Hot-bed,** *n.* વૃક્ષ, વિગેરે જલદીથી ઉગાડવાને માટે ખાતરથી બનાવેલું થર-પડ. **Hot-headed,** *a.* તામસી સ્વભાવનું; જલદ; ચઢાઉ; જલદી તપી જાય તેવું. **Hot-pressed,** *a.* ગરમી લગાડીને દબાવેલું-સંકોચાયેલું.

Hotch-Hotch (હૉચ્-પૉચ્), *n.* ખીચડો; એકઠું કરેલું તે; મિશ્રણ. A mixture; a state of being mixed together.

Hotel (હોટેલ), *n.* ઉપહાર ગૃહ; વિશ્રાન્તિ ગૃહ; વિશી. An inn; a house, to entertain the strangers.

Houdah (હાઉડે), *n.* અંબાડી; હોદો. A seat, [on an elephant's back.

Hough (હૉક), *n.* મનુષ્યના પગના ઘુંટણનો પાછલો ભાગ. The back part of the human knee. *vt.* ઘુંટણનો ભાગ કાઢી નાંખી અશક્ત બનાવવું. To disable by cutting a knee.

Hound (હાઉન્ડ), *n.* શિકારી કુતરો. A kind of dog, very useful in hunting by the scent. **2.** (*fig.*). અધમ માણસ; હલકો પુરૂષ. A mean minded person. *vt.* કુતરાઓને લઇને શિકાર કરવો; શિકારની પાછળ દોડાવવું. To hunt by the help of a hound; to chase after.

Hour (અવર), *n.* કલાક; કાળ; સમય; વખત. The period consisting of sixty minutes; the time; a very short period. **Hour-hand,** *n.* ઘડિયાળમાં કલાક એળખવાનો કાંટો.

Hourly (અવરલિ), *a.* કલાકે કલાકે બનતું; કલાકે કલાકે થતું; ઘડી ઘડીનું; વારંવારનું. Happening every hour; continual. *ad.* હરઘડીએ; વારે ઘડીએ; વારંવાર. Frequently; constantly.

House (હાઉસ), *n.* ઘર; મકાન; રહેઠાણ; ગૃહ; સદન; આવાસ; નિવાસ. A dwelling place; a mansion; a residence. **2.** મુસાફરખાનું; વીશીખાનું; ઉતારો. A lodge; an inn. **3.** વંશ; ઓલાદ; કુળ. A family; the descendants. **4.** પેઢી; દુકાન. An established firm. **5.** સભા; સભામાં આવનારે લોક; શ્રોતાજન. A meeting; the people attending a meeting. *vt. vi.* ઘરમાં રાખવું; આશ્રય આપવો; સંભાળ રાખવી. To receive into a house; to shelter. **2.** સહીસલામત જગ્યામાં લંગર કરવું (વહાણનું). To anchor at a safe place. **3.** રહેવું; વસવું; નિવાસ કરવો. To dwell; to lodge. **House of Commons,** *n.* આમની સભા; દિવાને આમ. **House of Lords,** *n.* અમીરોની સભા; દિવાને ખાસ. **To keep house,** જુદું ઘર માંડવું. **House-agent** or **factor,** *n.* ભાડાં ઉઘરાવનાર કારકુન.

House-breaker (હાઉસ્-બ્રેકર), *n.* ઘર ફાડીને ચોરી કરનાર; ઘરફોડ; ઘરની દિવાલ ખોદીને ચોરી કરનાર. A burglar; one, who breaks into a house with a mind of stealing or doing any sort of felony.

House-hold (હાઉસ્-હોલ્ડ), *a.* ઘરકામનું; કુટુંબ સંબંધી; ઘરગથુ. Domestic; pertaining to a house or family. *n.* કુટુંબના માણસો; પરિવાર; વિસ્તાર; કુટુંબીજન. The members composing a family.

House-holder (હાઉસ્-હોલ્ડર), *n.* ઘરધણી; ગૃહસ્થાશ્રમી; કુટુંબ કબીલાવાળો માણસ. A master of a house; the head of a family.

House-keeper (હાઉસ્-કીપર), *n.* ગૃહસ્થ; ઘરધણી-ધણીઆણી; કુટુંબી. A house holder. **2.** ઘરકામમાં મદદ કરવાને રાખવામાં આવેલી સ્ત્રી નોકર-નોકરડી. A female-servant.

House-keeping (હાઉસ્-કીપિન્ગ), *n.* ઘરનાં કામકાજ; ખોરાક પૂરો પાડવો તે. The general concerns of house-hold matters.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

House-less (હાઉસ્-લેસ્), *a.* ઘરબાર વિનાનું; કુટુંબ સિવાયનું; નિરાધાર; એકલું; એકલવાયું. Devoid of a house; without any protection.

House-steward (હાઉસ્-સ્ટુવર્ડ્), *n.* ઘરનાં કામકાજની સંભાળ રાખનારો મુનીમ; મોટો ગુમાસ્તો. A male servant, minding the house-hold affairs of his master.

House-wife (હાઉસ્-ઉવાઇફ), *n.* ગૃહિણી; ધણીઆણી; શેઠાણી; ઘરકામમાં મુખ્ય ભાગ લેનારૂં બૈરૂં. The mistress of a family; a lady supervising the house-hold matters. *vt.* ચતુરાઈથી કામકાજ કરવું; કરકસરથી ઘર સંસાર ચલાવવો. To manage the house-hold affairs skilfully and frugally.

House-wifery (હાઉસ્-ઉવિફ્રિ, હઝિફ્રિ), *n.* ઘરખટલો; ગૃહકાર્ય; ઘરનું કામકાજ. The affairs, in general, which are managed by a mistress.

Housing (હાઉઝિંગ્), *n.* ઘાસીઓ; ઘોડાનો સાજ; ઘોડા-ઉપર પથરાતો સામાન. A saddle-cloth; a horse cloth. **2.** ઘરમાં આશરો આપીને રાખવો તે; આશ્રય આપવો તે. An act of giving shelter or protection. **3.** આશ્રય સ્થાન. A place where one receives shelter. **4.** ઘાસિયો; ઘોડાનો સાજ. A saddle-cloth; a horse-cloth.

Hovel (હૉવેલ્), *n.* ભીંત વગરનું છાપરૂં; ઝુંપડું; છાપરી. An open shed for cattle; a hut.

Hover (હૉવર્), *vi. pr. p.* **Hovering.** *imp.* & *p. p.* **Hovered.** ગોળાકારમાં ફરવું; આંટા મારવા; ભટકવું. To take a round in a circular way; to ramble; to wander; to move to and fro. **2.** પાંખ ફફડાવ્યા કરવી; પાંખ ઉપર ટંગાઇ રહેવું. To flutter the wings; to hang on the wings.

Hoveringly (હૉવરિન્ગ્લિ), *ad.* ગોળાકારમાં ફરતાં-ભટકતાં; પાંખો ફફડાવતાં. In a hovering way.

How (હાઉ), *ad.* કેવી રીતે; કેમ; શા વાસ્તે; કેટલું; શાથી; કેવું. In the way which; by what method or process; for what reason.

Howbeit (હાઉબીઇટ્), *con.* ગમે તેમ હોય; તો પણ; પણ એમ છતાં. Nevertheless; notwithstanding; in spite of that.

However (હાઉએવર્), *ad. conj.* ગમેતેમ; તો પણ; તેમ છતાં. In whatever manner or way.

Howitzer (હાઉવિટ્ઝર્), *n.* એક પ્રકારની ટુંકી, હલકી તોપ (જે ગાડામાં જડેલી હોય છે.) A kind of short and light cannon.

Howl (હાઉલ્), *vi. pr. p.* **Howling.** *imp.* & *p. p.* **Howled.** બુમ પાડીને બોલવું; ઘોંઘાટ કરવો; શોરબકોર મચાવવો. To speak loudly; to clamour. **2.** કુતરાં અથવા વરૂની માફક ધુરકવું. To cry in manner of dogs or hounds. *n.* કુતરા અથવા વરૂની માફક બુમ; સંકટ અથવા દુઃખથી બુમ પાડી ઉઠવું તે. A cry of a dog or a hound; a cry of distress.

Howling (હાઉલિન્ગ્), *a.* વાઘ, વરૂ, વિ૦ હિંસક પ્રાણીઓથી ગાજી રહેલું; વિકાળ; ભયંકર. Resounding with the cries of ferocious beasts; dreary. *n.* ધુરકવું તે; ધુરકીને કહેવું અથવા બોલવું તે. An act of crying fiercely.

Hubbub (હબ્બબ્), *n.* શોરબકોર; ઘોંઘાટ; કકળાટ; બુમરાણ. An uproar; a loud noise; a tumult.

Hubble-bubble (હબલ્-બબલ્), *n.* હુકકો; 'હોકો' A kind of tobacco pipe; a hookah.

Huddle (હડ્ડલ્), *vt. vi. pr. p.* **Huddling.** *imp.* & *p. p.* **Huddled.** ગડબડગોટાળો વાળવા; ધુંચવી નાંખવું; ઘાલમેલ કરવી. To do in a hasty way; to carry out disorderly. *n.* ટોળું; સમુદાય; ઘાલમેલ; ઘોંઘાટ. A crowd; a disorderly plan; a disturbance. [huddles.

Huddler (હડ્લર્), *n.* ઘાલમેલ કરનાર. One who

Hue (હ્યૂ), *n. pl.* **Hues.** રંગ; વર્ણ. A colour; a tint; a dye. **2.** બુમ; પોકાર; કોલાહલ; હાકોટો. A cry; a shout.

Huff (હફ્), *n.* ગુસ્સો; ક્રોધ; ક્રોધનો ઉભરો; ચીડ; ઝાંઝ. An anger; an irritable nature. **2.** બડાઇ મારનાર; પતરાજીખોર. A boaster. *vt. vi.* મોટું કરવું; ફુલાવવું. To swell; to enlarge. **2.** ગુસ્સે થવું; રિસાવું; ફુલવું; મોટું થવું. To be angry; to be irritated; to swell.

Hug (હગ્), *vt. vi. pr. p.* **Hugging.** *imp.* & *p. p.* **Hugged.** ભેટવું; વળગી રહેવું; બગલમાં દાબવું; આલિંગન દેવું. To embrace; to clasp to the bosom; to cherish love for. **2.** દબાઇને બેસવું; ભેગુ થઇ જવું; એકઠા થવું. To crowd; to cuddle together. *n.* આલિંગન; કોટી; બાથ. An embrace; a clasp.

Hugger (હગ્ગર્), *n.* ભેટનાર; સ્નેહથી મળનાર. કોટિ કરનાર. One, who hugs.

Huge (હ્યૂજ્), *a.* ઘણું મોટું; વિશાળ; ગંજાવર. Enormous; very large; immense.

Hulk (હલ્ક), *n.* વહાણનું ખોખું; કદરૂપું ભારે વહાણ. The frame of a ship; a heavy and clumsy ship. **2.** કોઇ પણ ભારે વસ્તુ-ચીજ. Any heavy material.

Hulky (હલ્કિ), *n.* ઘણુંજ ભારે; અતિશય ભારને લીધે બેડોળ. Having a large body; clumsy.

Hull (હલ્), *n.* છોડું; છોતરૂં; છાલ; ફોતરૂં. The outward skin of a kernel or a fruit. **2.** વહાણનું ખોખું. A frame or body of a ship. *vi.* ફોલવું; છોતરાં કાઢવા; છાલ ઉતારવી; ખાંડીને છોડાં કાઢવાં. To deprive of the hulls **2.** તોપના ગોળાથી વહાણના પેટામાં કાણું પાડવું; વિંધવું. To pierce the hull with a cannon-ball.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Huller (હલર), *n.* છોડાં અથવા ફોતરાં કાઢનાર; ખાંડનાર. One, who hulls. **2.** ફોતરાં, વિગેરે જુદા કરવાનું સાધન; સાંબેલું; પરાળ. A machine for separating seeds from husks.

Hum (હમ), *vi. pr. p.* **Humming.** *imp. & p. p.* **Hummed.** ગણગણવું; ધીમેથી બોલવું; ગણગણાટ કરવો. To murmur; to buzz; to produce a distinct sound. **2.** ધીમે સાદે ગાવું; ખોખરી રીતે વાત કરવી; ગણગણતા અવાજે સંતોષ બતાવવો. To sing in a low tone; to express satisfaction in a humming sound. *n.* ગણગણાટ; ઘોંઘાટ; ગણગણતો અવાજ. A buzz; a continuation of inarticulate sound; a dull noise. *int.* એમ! હેં! હોય! A word implying some doubt.

Hum-drum (હમ-ડ્રમ); *a.* ઢોર જેવું; રસ સિવાયનું; મંદ; સુસ્ત. Dull; tasteless.

Human (હ્યૂમૅન), *a.* માણસ જાતનું; મનુષ્યના જેવું; માનુષી; મનુષ્યજાતીનું. Pertaining to man; belonging to man.

Humane (હ્યૂમેન), *a.* મનુષ્યજાતિનું; માનુષી; મનુષ્યના ગુણોને મળતું. Belonging to man; human. **2.** દયાળુ; માયાળુ; પરોપકારી; અનુકંપી. Merciful; kind; benevolent.

Humanely (હ્યૂમેનલિ), *ad.* માયાળુપણે; દયાપૂર્વક; કરૂણાથી. Kindly; mercifully.

Humanize (હ્યૂમૅનાઇઝ), *vt. pr. p.* **Humanizing.** *imp. & p. p.* **Humanized.** મનુષ્યવર્તન શિખવવું; માણસાઇ શિખવવી; શિષ્ટાચાર શિખવવો; સુધારવું. To teach humanity; to civilize; to train to manhood.

Humanism (હ્યૂમૅનિઝમ), *n.* મનુષ્ય ધર્મ; માણસ અથવા જનસમૂહ તરફની લાગણી; મનુષ્યતા. Humanity; the duty and love towards humanity.

Humanity (હ્યૂમૅનિટિ), *n.* માણસાઇ; મનુષ્યત્વ; મનુષ્યધર્મ. A quality or state of being human. **2.** દયા; કરૂણા; કૃપા; રહેમ. Mercy; compassion; benevolence.

Humble (હમ્બલ), *a.* હલકું; ગરીબ; સાદું; નરમ; વિનયી; રાંક. Not lofty or splendid; not proud; gentle; soft; meek. *vt.* હલકું પાડવું; આબરૂ ઘટાડવી; શાખ બગાડવી. To bring down; to abase; to lower. **2.** ગર્વ ઉતારવો; શરમાવી નાંખવું. To mortify the pride of.

Humbleness (હમ્બલનેસ), *n.* ગરીબાઇ; હલકાઈ; સાદાઇ; નરમાશ. A state of being humble.

Humbly (હમ્બ્લિ), *ad.* નમ્રતાપૂર્વક; નમ્રતાથી. Gently; in a humble way.

Humbug (હમ્બગ), *n.* અષ્ટપષ્ટ અથવા ઉંધું ચૂતું સમજાવવું તે; ભૂલથાપ; ઠગબાજી; છેતરપીંડી. An act of leading astray; an imposition. **2.** છેતરનાર; આહું અવળું સમજાવનાર; ઠગબાજી કરનાર. One, who imposes; an impostor. *vt.* ઉંધું ચતું સમજાવવું; ભુલથાપ દેવી; ઠગવું. To deceive; to impose on; to beguile.

Humid (હ્યૂમિડ), *a.* હવાવાળું; હવાએલું; ભેજવાળું; ભીનાશવાળું; શરદી કરે તેવું. Damp; moist; containing moisture.

Humidity (હ્યૂમિડિટિ), *n.* હવા; ભેજ; શરદી; ભીનાશ. Moisture; dampness; a state of being wet.

Humiliate (હ્યૂમિલિએટ), *vt. pr. p.* **Humiliating.** *imp. & p. p.* **Humiliated.** હલકું પાડવું; માનભંગ કરવું; ગર્વ ઉતારવો; નાક કાપવું. To degrade; to reduce to lower rank; to mortify the pride of.

Humiliation (હ્યૂમિલિએશન), *n.* માનભંગ; પ્રતિષ્ઠા હાની; ગર્વખંડન; બેઇજ્જત કરવી તે. A degradation; the mortification of pride.

Humility (હ્યૂમિલિટિ), *n.* નમ્રતા; દીનતા; કૃપા; દયા; નિરભિમાન. A state of being free from pride; gentility; a feeling of one's own insignificance.

Hummock (હમૉક), *n.* નાની ટેકરી; ટેકરો; ડુંગર. A hillock; a hill.

Humorist (હ્યૂમરિસ્ટ), *n.* રમૂજી માણસ; વિનોદી પુરૂષ; ગમ્મતી આદમી; લહેરી; તુરંગી; મનમોજી. A jocular person; a mirthful person; one, displaying humour either in writing or in speaking.

Humoristic (હ્યૂમરિસ્ટિક), *a.* વિનોદનું; રમૂજને લગતું; ગમ્મતી. Pertaining to a humour.

Humorous (હ્યૂમરસ), *a.* વિનોદી; રમૂજી; ગમ્મતી; ટીખળી સ્વભાવનું. Jocular; playful; full of mirth. **2.** ભેજવાળું; ભીનું. Moist; wet.

Humorously (હ્યૂમરસલિ), *ad.* વિનોદીપણે; રમૂજીપણે; આનંદથી. In a humorous way.

Humorsome (હ્યૂમરસમ), *a.* Same as, **Humorous.**

Humour (હ્યૂમર). *n.* મિજાજ; પ્રકૃતિ; સ્વભાવ; મનોવૃત્તિ. Temper; a disposition; a mood. **2.** વિનોદ; મજાક; ટૉળ; સ્હેજ હાસ્ય; ગૌરવયુક્ત હાસ્ય. A wit; a mirth; a playful fancy. *vt.* મન રીઝાવવું; વૃત્તિને અનુસરવું; રંજન કરવું. To adapt one's self to; to comply; to gratify. Also spelt as, **Humor.**

Hump (હમ્પ), *n.* ખુંધ; ઢેકો. A fleshy protuberance on an animal's back.

Hump-backed (હમ્પ-બૅક્ડ), *a.* ખુંધીયું; ઢેકાવાળું; પીઠ ઉપર ઉપસેલા ભાગવાળું. Furnished with a hump on the back.

Hunch (હન્શ), *vt.* કોણીથી ધક્કો મારવો; કોણી મારવી. To push with an elbow; to strike

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

with an elbow. *n.* ખૂંધ; ઢેકો. A hump; a protuberance. **2.** કોણીનો ધક્કો; હડસેલો. A push with an elbow. **Hunch-back,** *n.* ખુંધો માણસ; ખુંધવાળી પીઠ.

Hundred (હન્ડ્રેડ્), *a.* સો; સેંકડો. Of a number, following ninety-nine; of a century. *n.* સો; ૧૦૦; સૈકું. The number, following ninety-nine.

Hundredth (હન્ડ્રેડ્થ્), *a.* સોમું; સોમો. Following the number, ninety-nine.

Hunger (હન્ગર્), *n.* ભૂખ; ક્ષુધા. A desire for food. **2.** (*fig.*) લોભ; ઉત્કંઠા; આકાંક્ષા. Any strong desire; an ardent wish.

Hungry (હન્ગ્રિ), *a.* ભૂખ્યો; ક્ષુધા પીડિત;ભૂખ્યું; ક્ષુધાયમાન. Feeling a desire for food; having an appetite. **2.** લોભી; ઉત્કંઠિત; આકાંક્ષા રાખનાર. Having an eager desire or longing.

Hunt (હન્ટ્), *vt. vi.* શિકાર કરવો;શોધવું;ખોળવું; –ની પાછળ પડવું અથવા જવું. To chase; to pursue; to be in search of; to seek. *n.* શિકાર; મૃગયા; શોધ; અન્વેષણ. A game; a pursuit after a game; the game. **2.** શિકારી કુતરાઓનું ટોળું; શિકારીઓનું ટોળું. A pack of hounds; a crowd or a group of hunters.

Hunter (હન્ટર્), *n.* શિકારી; શિકારકરનાર માણસ; પારધી. A huntsman. **2.** શિકારમાં સવારીને માટે વપરાતો ઘોડો.A horse, trained up for hunting.

Huntress (હન્ટ્રેસ્), *n. pl.* **Huntresses.** શિકાર કરનાર સ્ત્રી; શિકારનો શોખ ધરાવનાર સ્ત્રી. A huntswoman.

Huntsman (હન્ટ્સમૅન્), *n. pl.* **Huntsmen.** શિકારી; પારધી; વ્યાધ. A hunter; one, who chases after a game.

Hurdle (હર્ડ્લ્), *n.* ટાટું; ત્રાપો; તટ્ટી; ઝાડનાં ડાંખળાનો બનાવેલો ઝાંપો–વાડ. A movable work of matted twigs. *vt.* વાડ બનાવવી; તટ્ટી કરવી; ટાટું બનાવવું. To erect a fence or a barrier.

Hurds (હર્ડ્ઝ્), *n.* શણના ગાંઠા; ગાંઠોવાળો શણનો ભાગ. The coarse part of hemp.

Hurl (હર્લ્), *vt. vi.* ફેંકવું; નાંખવું;જોરથી નાંખવું –મારવું; છૂટા હાથે મારવું. To throw with violence. **2.** ઉતાવળથી દોડી જવું; જલદીથી જવું. To go quickly or hurriedly. **2.** જુસ્સાથી બોલવું; આવેશથી બોલવું. To utter vehemently. *n.* જોરથી ફેંકવું તે; તોફાન; ઘોંઘાટ. An act of throwing vehemently; a tumult.

Hurly-burly (હર્લિ–બર્લિ), *n.* ગડબડાટ; ઘોંઘાટ; ધમચકડ; ધાંધલ. Tumult; bustle; noise.

Hurra, Hurrah (હુર્રે, હુર્રૅહ્), *int.* વાહ વાહ !; હર્ષ ગર્જના; અતિહર્ષ વખતે બોલવામાં આવતો શબ્દ. An exclamation of joy or surprise.

Hurricane (હરિકેન્), *n.* વાવાઝોડું; પવનનું સખ્ત તોફાન; પવન સાથે ગાજવીજ. A violent tempest; a storm of wind; a thing resembling a storm

Hurry (હરિ), *vt. pr. p.* **Hurrying.** *imp.* & *p. p.* **Hurried.** ખેંચી લઇ જવું; ઉતાવળ કરવી; ત્વરા કરવી; ધમચકડ કરવી. To take away quickly; to hasten; to move on very quickly; to confuse. *n.* ઉતાવળ; ત્વરા; ઝડપ. A haste; quickness; an urgency. **2.** વ્યાકુલતા; ધમચક્કરપણું. Confusion; derangement.

Hurt (હર્ટ્), *vt. imp.* & *p. p.* **Hurting,** *imp.* **Hurt.** *p. p.* **Hurt.** વગાડવું; ઈજા કરવી; દુઃખ દેવું; નુકશાન કરવું; હરકત પાડવી; માઠું લગાડવું. To cause bodily pain to; to wound the feeling; to damage. *n.* ઇજા; જખમ; ઘા; વ્યથા. A wound; a bruise; a pain. **2.** નુકશાન; દુઃખ; ઉપદ્રવ. A damage; a mischief; a hindrance.

Husband (હસ્બૅન્ડ્), *n.* પતિ; ધણી; વર; કંથ. A man joined to a woman in marriage. *vt.* ખેડવું; ખેડાણ કરવું. To cultivate; to plough. **2.** કરકસરથી વાપરવું; પ્રમાણસર વાપરવું. To use frugally.

Husbandman (હસ્બૅન્ડ્મૅન્), *n.* ખેડુત; કૃષીવલ; ખેતીકરનાર. A farmer; a cultivator.

Husbandry (હસ્બૅન્ડ્રિ), *n.* ખેતીવાડી; કૃષી; ખેતી. A farming; an agriculture. **2.** ઘરકામમાં દેખરેખ રાખવી તે; કરકસર. A management of house-hold affairs; frugality.

Hush (હશ્), *a.* શાંત; ચુપ; મુંગું. Silent;quiet. *int.* શાંત ! ચુપ ! ચુપ રહો !. A word warning one to remain silent. *vt.* શાંત કરવું; મટાડવું; દાબી દેવું. To make silent; to suppress; to soothe.

Husk (હસ્ક્), *n.* છાલાં; ભુસું; ફોતરાં. Rind; glume; the exterior covering of corn or some fruits.

Huskiness (હસ્કિનેસ્), *n.* છાલાં હોવા તે; ફોતરાં હોવાં તે. A state of being husky.

Husky (હસ્કિ), *a.* છાલાવાળું; ભુંસાનું; ફોતરાંનું. Pertaining to husk; containing husk.

Hussar (હુઝ્ઝાર્), *n.* પિસ્તોલ, વિગેરે રાખનાર લશ્કરી સિપાઇ; ઘોડેસ્વાર. A light cavalry soldier.

Hustings (હસ્ટિન્ગ્સ્), *n.* લંડન શહેરની મોટી અદાલત-કોર્ટ. A court, held in the city of London.

Hussy (હસિ), *n.* રાંડ; કુલ્ટા; શંખણી. A worthless woman. **2.** ઘર ચલાવનાર બૈરૂં; ઘરનો કારભાર ચલાવનારી સ્ત્રી. A house-wife.

Hustle (હસલ્), *vt. vi pr. p.* **Hustling.** *imp.* & *p. p.* **Hustled.** હચમચાવવું; ધક્કામુક્કી કરવી. To push strongly; to jostle. **2.** ભીડ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવી; ગીરદી થવી. To be crowded.

Huswife (હઝિફ્), *n.* Same as, **Housewife.**

Hut (હટ્), *n.* ઝુંપડી; છાપરી; પર્ણકુટિ; મઢૂલી. A cottage; a small house; a hovel. *vt. vi.* ઝુંપડીમાં રહેવું; છાપરીમાં રાખવું. To live in a hut; to put in a hut.

Hutch (હચ્), *n.* કોઠાર; ભંડાર; જુદી જુદી ચીજો મુકવાની મોટી પેટી. A store-house. **2.** નીચું ગાડું. A cart of small size. *vt.* ગાડામાં ભરવું. To place in a cart.

Hybrid (હાઇબ્રિડ્, હિબ્રિડ્), *n.* ખચ્ચર જાતિનું પ્રાણી; જુદી જુદી જાતનાં પ્રાણીના સમાગમથી થયેલું વર્ણશંકર પ્રાણી-પ્રજા-છોડ. A creature, a plant or animal by different species.

Hydrant (હાઇડ્રન્ટ્), *n.* પાણીનો નળ; આગ ઓલવવા સારૂ પાણી ઉંચે ચઢાવવાનું યંત્ર. A water plug.

Hydraulics (હાઇડ્રૉલિક્સ્), *n.* ઉદકશાસ્ત્ર; જળવેગ ગણિત. The science, dealing with the application of water in machinery.

Hydrogen (હાઇડ્રોજેન્), *n.* હાઇડ્રોજન વાયુ; ઉદક જનક વાયુ. One of the elements of water; an elementary substance.

Hydromel (હાઇડ્રૉમેલ્), *n,* મધપાણી; મધનો દારૂ. A liquor, made of honey diluted in water.

Hydropathy (હાઇડ્રૉપૅથિ), *n.* પાણીથી સારૂં કરવાનો ઇલાજ; જળોપચાર; જળપ્રયોગ. The treatment of diseases by the use of cold-water.

Hydrophobia (હાઇડ્રોફોબિઍ), *n.* હડકવા; હડકાયાપણું. A disease, caused by the bite of a mad animal.

Hydrostatics (હાઇડ્રૉસ્ટૅટિક્સ્), *n.* સ્થિર પ્રવાહી શાસ્ત્ર; સ્થિરોદકશાસ્ત્ર. The science, treating the pressure and equilibrium of fluids.

Hyena (હાઇ-એનૅ), *n.* તરસ; દીપડાની જાતનું એક પ્રાણી. A kind of carnivorous animal found in Asia or Africa.

Hygiene (હાઇજીન્), *n.* આરોગ્ય સંરક્ષણશાસ્ત્ર The sanitary principles; the science, dealing with the promotion of health.

Hygienic (હાઇજીનિક્), *a.* આરોગ્ય સંરક્ષણને લગતું; આરોગ્યશાસ્ત્રનું. Pertaining to hygiene.

Hygrometer (હાઇગ્રોમીટર્), *n.* હવામાં રહેલી ભીનાશનું પ્રમાણ કાઢવાનું યંત્ર. An instrument for measuring the moisture of the atmosphere.

Hymen (હાઇમેન્), *n.* લગ્ન; વિવાહ. A marriage. **2.** સ્ત્રીની યોનીના મુખ આગળનો પડદો. The virginal membrane.

Hymeneal (હાઇમેનીઍલ્), *a.* લગ્નનું; વિવાહનું. Pertaining to a marriage. *n.* લગ્નગીત. A marriage song. [**Hymeneal.**

Hymenean (હાઇમેનીઍન્), *n.* Same as,

Hymn (હિમ્), *n.* ભજન; કીર્તન; સ્તોત્ર; ગીત. A sacred lyric; a holy song. *vt.* ભજન કરવું; ગાવું; વખાણ કરવાં. To sing a sacred song; to celebrate; to praise.

Hymnal (હિમ્નૅલ્), *n.* ભજનની ચોપડી; કીર્તનપોથી. A book containing holy songs.

Hyperdole (હાઇપર્ઝોલ્), *n.* અતિશયોક્તિ; અત્યુક્તિ. Exaggeration; a statement or words, showing exaggeration.

Hyperbolic (હાઈપર્બોલિક્), *a.* અતિશયોક્તિવાળું; અત્યુક્તિનું; અતિશયોક્તિને લગતું. Containing a hyperbole.

Hypercritic (હાઇપર્ક્રિટિક્), *n.* અતિશય છિદ્ર શોધનાર; અતિશય ઝીણી દ્રષ્ટિએ જોનાર; બારીક રીતે ભૂલ તપાસનાર. One, who is critical beyond measure; a rigid critic. *a.* બારીક રીતે તપાસે તેવું; અતિશય ઝીણું. Scrutinizing minutely; examining very carefully.

Hyphen (હાઈફન્), *n.* સંબંધ ચિન્હ (-). A mark or a dash, showing that words are compounded. *vt.* સંબંધ ચિન્હ મુકવું. To join by a hyphen.

Hypocrisy (હિપૉક્રિસિ), *n.* ઢોંગ; વેષધારીપણું; પાખંડ; ડોળ; આડંબર. Insincerity; dissimulation; an act of assuming a false appearance of piety and virtue.

Hypocrite (હિપૉક્રિટ્), *n.* ઢોંગી; પાખંડ કરનાર; વેષધારી; આડંબર કરનાર. A pretender; one, who practises hypocrisy.

Hypogastrium (હાઈપૉગૅસ્ટ્રિઅમ્), *n.* પેડુની નીચેનો ભાગ; ડુંટીથી તે ગુહ્યાંગના નિમાળા સુધીનો ભાગ. The lower part of the abdomen.

Hypotenuse (હાઈપૉટેન્યૂસ્), *n.* કાટખૂણાની સામેની બાજુ; કર્ણ. The longest side of a right-angled triangle.

Hypothesis (હાઈપૉથીસિસ્), *n. pl.* **Hypotheses.** માની લીધેલી વાત; સિદ્ધાંતાશય; પ્રતિજ્ઞા ઉપન્યાસ. A supposition; something not proved, but assumed.

Hypothetic,-al (હાઇપૉથેટિક્,-કૅલ્), *a.* માની લીધેલું; સાંકેતિક; અનુમાનિક; કલ્પિત. Conditional; supposed to be true or proved.

Hyssop (હિસ્સૉપ્), *n.* એક જાતનો ખુશબોદાર રોપો; ઝુફો. A kind of aromatic plant.

Hysterical (હિસ્ટીરિકૅલ્), *a.* ચિત્તભ્રમને લગતું; અવયવોના ખેંચાણને લગતું; હિસ્ટીરીઆના દરદને લગતું. Of or pertaining to hysteria.

Hysteria (હિસ્ટીરિઍ), *n.* શરીરના અવયવનું ખેંચાણ; તાણ; ચિત્તભ્રમ; આંકડી; 'હિસ્ટીરિઆ' A kind of disease, characterized by fits.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Hysterics (હિસ્ટીરિક્સ), *n.* Same as, **Hysteria.**

Hysterotomy (હિસ્ટેરૉટૉમિ), *n.* ગર્ભ કાપી બહાર કાઢવોઃતે. Act of taking out a fetus, after cutting the fetus.

I.

I (આઇ), અંગ્રેજી મૂળાક્ષરનો નવમો અક્ષર. The ninth letter of the English Alphabet. **2.** સંખ્યામાં તે એકને માટે વપરાય છે. It is represented by one in number. *pro.* હું; મેં. It is the first personal pronoun.

Iambic (આઇઍમ્બિક્), *n.* બે અક્ષરના જે ગણમાં પહેલો લઘુ અને બીજો ગુરૂ હોય તે ગણ; લઘુ ગુરૂ; લઘુગુરૂ ગણની કવિતા. A metrical foot, consisting of two syllables the first short and second long. *a.* લઘુ પછવાડે ગુરૂ સ્વરવાળું; લઘુ ગુરૂ સંબંધી. Containing a short syllable, followed by a long one. [**Iambic.**

Iambus (આઇઍમ્બસ્), *n.* Same as,

Ibex (આઇબેક્સ્), *n.* એક જાતનો જંગલી બકરો. A kind of wild goat, with large horns.

Ibis (આઇબિસ્), *n.* સાપ જેવા પ્રાણીઓને ખાઇને જીવતું એક જાતનું પક્ષી. A kind of bird with a long beak, living upon reptiles.

Ice (આઈસ્), *n.* બરફ; હિમ. Water in a solid form. **2.** ખાંડની ચાસણી. Sugar in the conserved form. *vt.* બરફવાળું કરવું; હિમવાળું કરવું; હિમમય બનાવી દેવું. To change into ice; to convert into a frozen state. **2.** ખાંડની ચાસણીનો ઢોળ ચઢાવવો; ઠારવું. To cover with concreted sugar; to freeze. **Ice-field,** *n.* હિમ ક્ષેત્ર; બરફનો મોટો ઢગ. **Ice-house,** *n.* બરફ મળવાનું સ્થળ–દુકાન. **To break the ice,** મેદાને પડવું; શરૂઆત કરવી; આરંભ કરવો.

Ice-berg (આઇસ્-બર્ગ્), *n.* બરફનો હુંગર; બરફનો પહાડ. A hill of ice. **2.** દરિયામાં તરતો બરફનો પહાડ. A huge mass of ice, floating in a sea.

Ichneumon (ઇક્ન્યૂમૉન્), *n.* ઇજીપ્ત દેશમાં જોવામાં આવતું નોળિયાની જાતનું પ્રાણી (જે મગરનાં ઇંડાં ખાઇ જાય છે.) A kind of carnivorous animal seen in Egypt (It lives upon the alligator's eggs.)

Ichthyology (ઇક્થિઑલૉજી), *n.* મત્સ્યવર્ણન; મત્સ્યવિદ્યાવર્ણન. The science, describing the fishes.

Icicle (આઈસિકલ્), *n.* હીકમણ; બરફના નાના નાના કકડા. Small pieces of ice; the particles of ice.

Iciness (આઇસિનેસ્), *n.* ઠરી જાય અથવા ઠારી નાંખે તેવો ગુણ; અતિશય શીતળતા. A state of being icy or very cool.

Icy (આઇસિ), *a.* બરફવાળું; ઠંડું; હિમમય; શિતળતાવાળું. Containing ice; very cold; pertaining to ice.

Idea (આઈડીઍ), *n.* વિચાર; તર્ક; કલ્પના; મત; ખ્યાલ. A thought; an imagination; a notion; a guessing.

Ideal (આઇડીઍલ્), *a.* માનસિક; મનમાં કલ્પેલું; મનોમય. Mental; intellectual; existing in ideas; visionary. **2.** માયાવાદ શીખવે તેવું; માયાવાદના સિદ્ધાંતવાળું. Containing the principles of idealism. **3.** નમુનાયોગ્ય; આદર્શ. Fit for a model. *n.* નમુનો; આદર્શ; શ્રેષ્ઠ ભાવના. A model; a standard.

Idealism (આઇડીઍલિઝમ્), *n.* બધી સૃષ્ટિ કેવળ મનોમય છે એવો મત; માનસસૃષ્ટિ. Conception of the ideal; an imagery. **2.** અવિદ્યાવાદ; માયાવાદ; ચિદાત્મકત્વવાદ. The doctrine, which denies the existence of material bodies. **3.** કલ્પનામય હોવાનો ગુણ–ધર્મ. A state of being ideal.

Idealist (આઇડીઍલિસ્ટ્), *n.* સૃષ્ટિ મનોમય છે એવો મત ધરાવનાર; માયાવાદી; અવિદ્યાવાદી. One, who believes in idealism.

Ideally (આઇડીઍલ્લિ), *ad.* કલ્પનાપૂર્વક; ભાવનામય. In an ideal way.

Ideality (આઈડીઍલિટિ), *n.* કલ્પના શક્તિ; સંપૂર્ણ ભાવનાશક્તિ; મનોશક્તિ. A capacity to form an idea of existing beauty, or perfection.

Idealize (આઇડીઍલાઈઝ્), *vi. vt pr. p* **Idealizing.** *imp. & p. p.* **Idealized.** માનસસૃષ્ટિ ઉત્પન્ન કરવી; કલ્પિત ગુણ યોજવા. To form the conception of; to make an ideal of.

Identical (આઇડેન્ટિકૅલ્), *a.* એજ; તેજ; અનન્ય; અભેદ; સમાન; સમ. The same; equal in value or worth.

Identically (આઇડેન્ટિકૅલ્-લિ), *ad.* અસમાન રીતે; અભેદ રીતે; અનન્ય રીતે. In an identical way; equally.

Identification (આઇડેન્ટિફિકેશન્), *n.* ઓળખી કાઢવું તે; સમીકરણ; એકરૂપતા; જુદી જુદી વસ્તુ એકજ છે એમ સાબીત કરવું તે. An act of identifying; an act of proving the same.

Identify (આઇડેન્ટિફાઈ), *vt. pr. p* **Identifying.** *imp. & p. p.* **Identified.** સમાન છે તેમ સાબીત કરવું; તે એજ છે તેમ દેખાડવું; એકરૂપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવું; ઓળખાવવું; જણાવવું. To make to be the same; to prove to be the same or equal in value.

Identity (આઇડેન્ટિટિ), *n.* અભેદતા; ઐક્ય; એકજપણું; સમાનતા; તદ્રૂપતા; અનન્યભાવ. A state of being the same; the sameness.

Ideography (ઈડીઑગ્રેફિ), *n.* અવાજ કર્યા સિવાય વિચારો જણાવવા તે. The representation of ideas, without producing sound.

Idiocy (ઇડિઑસિ), *n.* મૂર્ખતા; જડબુદ્ધિ; કમઅક્કલપણું; મૂઢતા. Foolishness; a want of sense or intellect; a state of being an idiot.

Idiom (ઇડિઑમ્), *n.* વાક્યપદ્ધતિ; ભાષાની રૂઢિ-ઢબ. A peculiar style of composition; a particular style of composition; a variety of language. **2.** બોલી; ભાષા. A dialect; a speech.

Idiomatic,-al (ઇડિઑમૅટિક,-કૅલ્), *a.* ભાષાની રૂઢીને લગતું; વાક્યપદ્ધતિનું; બોલી વિષે. Pertaining to an idiom or idioms.

Idiomatically (ઇડિઑમૅટિકૅલિ), *ad.* વાક્ય પદ્ધતિને અનુસરીને;રૂઢિની દ્રષ્ટિએ.In an idiomatic way.

Idiosyncracy (ઇડિઑસિન્ક્રૅસિ), *n.* ખાસિયત; પ્રકૃતિ વિશેષતા; જાતિસ્વભાવ. A characteristic in an individual's temperament; a speciality in temper or nature.

Idiot (ઇડિઑટ્), *n.* જન્મનો મૂર્ખ; ઠોઠ; બેવકુફ; અક્કલ સિવાયનો. A natural fool; a simpleton; a brute.

Idiotic,-al (ઇડિઑટિક,-કૅલ્), *a.* મૂર્ખ; ઠોઠ; મૂર્ખાઈવાળું; મંદ બુદ્ધિનું; મૂઢ. Foolish; dull in sense; pertaining to an idiot.

Idle (આઈડ્લ્), *a.* આળસુ; સુસ્ત; નવરૂં; નકામું; કામ સિવાયનું; નિરૂદ્યોગી. Lazy; useless; unemployed; slothful. *vt. pr. p.* **Idling.** *imp. & p. p.* **Idled.** વિલંબ કરવો; વખત નકામો ગુમાવવો; કંઇપણ કામ કર્યા સિવાય ખાલી બેસી રહેવું. To waste away; to pass away the time in no work.

Idleness (આઈડ્લ્નેસ્), *n.* આળસ; સુસ્તી; એદીપણું; કાર્યશૂન્યતા; નિરૂદ્યોગ સ્થિતિ. Laziness; dulness; a state of being idle.

Idler (આઇડ્લર્), *n.* આળસુ; નવરો; એદી; સુસ્ત પુરૂષ. A slothful person; a sluggard; a lazy person.

Idly (આઇડ્લિ), *ad.* આળસુપણે; સુસ્તપણે; વિલંબ પૂર્વક. Lazily; in an idle way. **2.** વૃથા;ફોગટ; નિરર્થક. In vain; without any effort.

Idol (આઇડૉલ્), *n.* દૈવિ મૂર્તિ; પ્રતિમા; પૂતળું. A divine image; a form. **2.** (*fig.*) આંખની કીકી; હૈયાનો હાર. A very favourite object or thing.

Idolater (આઇડૉલૅટર્), *n.* મૂર્તિપૂજક; મૂર્તિ ઉપાસક; પ્રતિમા આરાધક. A worshipper of an idol or idols. **2.** પ્રશંસક; ઉપાસક; પ્રેમી. An admirer. **3.** પરમેશ્વર સિવાય દેવ, દેવીઓની પૂજા કરનાર. A worshipper of a deity.

Idolatress (આઇડૉલૅટ્રેસ્), *n.* પૂજનારી; દેવ, દેવીની ઉપાસના કરનારી સ્ત્રી. A female worshipper of a deity.

Idolatrous (આઇડૉલૅટ્રસ્), *a.* મૂર્તિપૂજાનું; દેવીની પૂજાને લગતું. Pertaining to the worship of idols. **2.** પૂજ્ય ભાવવાળું; આદરસત્કારવાળું. Having reverence for.

Idolatry (આઇડૉલૅટ્રિ), *n.* મૂર્તિપૂજન; મૂર્તિસેવા; The worship of an idol. **2.** વૃથા દેવની પૂજા; ખોટા દેવની પૂજા. The worship of one, who is not god.

Idolize (આઇડૉલાઇઝ્), *vt. vi. pr. p.* **Idolizing.** *imp. & p. p.* **Idolized.** દેવ જેવું માનવું; દેવરૂપે ગણવું. To make an idol of; to believe as a deity. **2.** અતિશય હેત રાખવું; પ્રેમ રાખવો. To love in excess. **3.** મૂર્તિઓ બનાવવી. To form the idols.

Idolizer (આઇડૉલાઈઝર્), *n.* દેવરૂપે ગણનાર; અતિશય પ્રેમ રાખનાર; સ્નેહીને માટે જીવ આપનાર. One, who idolizes.

Idyl (આઇડિલ્), *n.* ગ્રામ્ય જીવનની અથવા ગોવાળ જીવનના ઉપર લખાએલી રસિક ટુંકી કવિતા; ટુંકી કવિતા. A short, but interesting poem written on the pastoral matter.

If (ઈફ્), *conj.* જો; અથવા તો; તો. In case; otherwise.

Igneus (ઈગ્નીઅસ્), *a.* અગ્નિવાળું; અગ્નિ તુલ્ય; અગ્નિરૂપ; અગ્નિમાંથી નીકળેલું. Containing the fire; pertaining to fire.

Ignis-fatuus (ઇગ્નિસ્-ફૅટ્યૂઅસ્), *n. pl.* **Ignes-fatui.** ભોંય લીલી ઉપર થતા ભૂતના ભડકા; મિથ્યાગ્નિ. A flame of light, seen at night on the marshy places.

Ignite (ઈગ્નાઇટ્), *vt. vi. pr. p.* **Igniting.** *imp. & p. p.* **Ignited.** સળગાવવું; ચેતાવવું; પ્રગટાવવું. To kindle; to set on fire. **2.** સળગવું; ચેતવું; ઝગવું. To take fire; to catch fire.

Ignitible (ઇગ્નાઇટિબલ્), *a.* સળગી ઉઠે તેવું; પ્રદીપનશીલ; સળગાવી શકાય તેવું. Capable of being ignited.

Ignition (ઇગ્નિશન્), *n.* બાળવું તે; બળવું તે; દહન; દહનક્રિયા; પ્રદીપન. An act of setting on fire; an act of burning.

Ignoble (ઇગ્-નોબલ્), *a.* નીચા કુળનું; કમજાત; હલકું; નીચ; અધમ વૃત્તિનું. Not noble or honourable; mean; abject.

Ignobleness (ઇગ્નોબલ્નેસ્), *n.* અધમ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હલકી વૃત્તિ; કમજાતપણું; હલકાઇ. A state of being ignoble.

Ignominious (ઇગ્નૉમિનિઅસ્), *a.* શરમભરેલું; અપકીર્તિવાળું; હલકાઈવાળું; અધમ. Shameful; mean; infamous. **2.** ધિક્કારને પાત્ર; ધિક્કારવાલાયક. Detestable; degrading.

Ignominiously (ઇગ્નૉમિનિઅસ્લિ), *ad.* શરમ ભરેલી રીતે; અધમપણે; અપકીર્તિ ભરેલી રીતે. In an ignominious way; shamefully.

Ignominy (ઇગ્નૉમિનિ), *n.* શરમ; અપમાન; કલંક; માનહાની; અપ્રતિષ્ઠા; અપકીર્તિવાળું કામ; કલંકિત કૃત્ય. Shame; an abasement; a discredit; an ignoble action.

Ignorance (ઇગ્નોરૅન્સ્), *n.* અજ્ઞાનતા; અજાણપણું; મૂર્ખતા; નાદાની; અણમાહીતી. The want of knowledge; a state of being ignorant.

Ignorant (ઈગ્નોરૅન્ટ્), *a.* અજ્ઞાન; અજાણ; મૂર્ખ; નાદાન; માહીતી વિનાનું. Uninstructed; unaware; unknown.

Ignorantly (ઇગ્નોરૅન્ટ્લિ), *ad.* અજ્ઞાનપણે; અજાણપણે; નાદાનપણે; મૂર્ખતાથી. In an ignorant way; foolishly.

Ignore (ઇગ્નોર્), *vt. pr. p.* **Ignoring.** *imp.* & *p. p.* **Ignored.** ધ્યાનમાં ન લેવું; ન ગણવું; આંખ મીંચામણાં કરવાં; જાણી જોઇને ન બોલવું. To disregard; to pass out to notice; to connive.

Ignorement (ઇગ્નોર્મેન્ટ્), *n.* આંખ મીંચામણાં; જાણી જોઈને જવું કરવું તે; ધ્યાનમાં ન રાખવું તે. An act of ignoring; a disregard.

Iguana (ઈગ્વાનૅ), *n.* પાયાવો જેવું એક જનાવર-પ્રાણી. A reptile of the lizard family.

Ill (ઈલ્), *a.* નઠારૂં; બુરૂં; માંદું; બેડોળ; ખરાબ. Wicked; bad; sick; deformed. **2.** અસભ્ય; તોછડું; જંગલી. Rude; wild; untrained. *n.* સંકટ; આફત; દુઃખ; વિપત્તિ. A calamity; a misfortune; a disaster. *ad.* ખરાબ રીતે; જેવું તેવું; ઢંગધડા સિવાયનું. Badly; in a hap-hazard way. **Ill-breeding,** *n.* દુરાચાર; અસભ્યતા. **Ill-fame,** *n.* અપકીર્તિ; અપયશ. **Ill-humour, Ill-temper,** *n.* ખરાબ સ્વભાવ; ચીડીઓ મીજાજ. **Ill-advised,** *a.* અવળી શિખામણે ચડેલો. **Ill-blood,** *n.* દુશ્મનાવટ; અંટસ. **Ill-match,** *n.* કજોડું (પતિ, પત્નીનું.)

Illapse (ઇલ્-લૅપ્સ્), *vi. pr. p.* **Illapsing.** *imp.* & *p. p.* **Illapsed.** એકદમ ધસી જવું; પસાર થઇ જવું. To pass away soon; to glide. *n.* એકદમ ધસી જવું તે; ઉથલો. A sudden entrance; a relapse.

Illation (ઇલેશન્), *n.* અનુમાન; તર્ક; કલ્પના. An inference; a guessing.

Ill-behaved (ઈલ્-બીહેવ્ડ્), *a.* દુરાચારી; અસભ્ય; પાપી; ખરાબ ચાલનું. Of bad conduct.

Illegal (ઈલ્-લીગૅલ્), *a.* ગેરવ્યાજબી; કાયદાવિરૂદ્ધ; ન્યાયવિરૂદ્ધ. Unlawful; illicit.

Illegally (ઈલ્-લીગૅલિ), *ad.* ગેરવ્યાજબી રીતે; ન્યાયની સામે; અન્યાય ભરેલી રીતે Unlawfully; in an illegal way.

Illegibility (ઈલ્-લેજિબિલિટિ), *n.* વાંચી ન શકાય તેવી દશા; અશુદ્ધપણું. A state of being illegible

Illegible (ઇલ્-લેજિબલ્), *a.* વાંચી ન શકાય એવું; ઉકેલી ન શકાય તેવું; વંચાઇ ન શકાય તેવું. Incapable of being read. [**Illegibility.**

Illegibleness (ઇલ્-લેજિબલનેસ્), *n.* Same as,

Illegibly (ઇલ્-લેજિબ્લિ), *ad.* વાંચી ન શકાય તેવી રીતે; ઉકેલી ન શકાય તેમ; અશુદ્ધરીતે. In an illegible way.

Illegitimacy (ઇલ્લેજિટિમૅસિ), *n.* અનૌરસપણું; મૂળનું અથવા અસલનું ન હોવું તે. A state of being illegitimate.

Illegitimate (ઇલ્લેજિટિમેટ્), *a.* ગેરવ્યાજબી; કાયદા વિરૂદ્ધ; ન્યાય વિરૂદ્ધ. Unlawful; contrary to law or justice. અનૌરસ; રાંડના પેટનું; વિધિસર લગ્ન વિનાના જારકર્મથી થયેલું. Spurious; born of parents, unrecognised by the society.

Illegitimately (ઇલ્લેજિટિમેટ્લિ), *ad.* ગેરવ્યાજબી રીતે; અનૌરસ રીતે; કાયદા વિરૂદ્ધ. In an illegitimate way; unlawfully.

Illiberal (ઈલ્-લિબરૅલ્), *a.* સાંકડા મનનું; ઉદાર નહિ તેવું; હલકું; છૂટછાટ વિનાના વિચારવાળું. Narrow-minded; mean; not free-minded.

Illiberality (ઇલ્-લિબરૅલિટિ), *n.* કૃપણતા; પોજીપણું; સાંકડું મન; નીચતા. Norrow-mindedness; meanness; the state of being illiberal.

Illicit (ઈલ્લિસિટ્), *a.* અઘટિત; કાયદા વિરૂદ્ધ; ગેરકાયદેસર; ગેરવ્યાજબી; ધર્મ વિરૂદ્ધ. Improper; unlawful; illegal.

Illimitable (ઇલ્લિમિટેબલ્), *a.* હદ વગરનું; સીમા સિવાયનું; મર્યાદારહિત; અનહદ; અતિશય. Incapable of being limited; boundless.

Illimitableness (ઇલ્લિમિટેબલનેસ્), *n.* હદ વિનાનું અથવા સીમા સિવાયનું હોવું તે; મર્યાદારહિતપણું. A state of being illimitable.

Illimitably (ઇલ્લિમિટેબ્લિ), *ad.* હદ વિના; મર્યાદા સિવાય; અનહદપણે. In an illimitable way.

Illiteracy (ઈલ્લિટરૅસિ), *n.* અજ્ઞાનતા; નિરક્ષરતા; અભણપણું; અપાંડિત્ય. Ignorance; want of learning or knowledge.

Illiterate (ઇલ્લિટરેટ્), *a.* અજ્ઞાન; નિરક્ષર; અભણ; વિદ્યાહીન. Ignorant; wanting in learning.

Illiterateness (ઇલ્લિટરેટનેસ્), *n.* અજ્ઞાનતા; નિરક્ષરતા; વિદ્યાહીનપણું. A state of being illiterate; ignorance.

Illness (ઈલ્નેસ્), *n.* રોગ; માંદગી; આજારી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદવાડ; બીમારી; વ્યાધિ. A disease; a malady; a sickness.

Illogical (ઈલ્-લૉજિકૅલ્), *a.* તર્કશાસ્ત્રના નિયમ વિરૂદ્ધ; ન્યાય વિરૂદ્ધ; અતાર્કિક. Contrary to the rules of logic; unmindful of logical rules.

Illogically (ઇલ્-લૉજિકૅલિ), *ad.* ન્યાય વિરૂદ્ધ રીતે; અતાર્કિક રીતે. In an illogical way.

Illogicalness (ઈલલૉજિકૅલનેસ્), *n.* ન્યાયવિરૂદ્ધતા; નિયમ વિરૂદ્ધતા. A state of being illogical.

Illude (ઇલ્યૂડ્), *vi. pr. p.* **Illuding.** *imp.* & *p. p.* **Illuded.** ઠગવું; ભુલથાપ ખવરાવવી; ફસાવવું; આડું અવળું સમજાવવું; ફાંદામાં નાંખવું; જાળમાં નાંખવું. To deceive; to entrap; to mock.

Illuminate (ઇલ્યૂમિનેટ્), *vt. pr. p.* **Illuminating.** *imp.* & *p. p.* **Illuminated.** રોશની કરવી; પ્રકાશ પાડવો; પ્રકાશીત કરવું; શણગારવું. To light with festal lamps; to adorn; to decorate.

Illumination (ઇલ્-લ્યૂમિનેશન્), *n.* પ્રકાશ; રોશની; ચળકાટ; દીપાવલી; પ્રકાશ. An act of illuminating; a brightness; a lustre; a decoration of lights.

Illuminator (ઈલ્-લ્યૂમિનેટર્), *n.* પ્રકાશિત કરનાર; રોશની કરનાર; તેજોમય બનાવનાર. One that illuminates. **2.** દુર્બિનનો કાચ. A lens.

Illumine (ઇલ્-લ્યૂમિન્), *vt.* Same as **Illuminate.**

Illusion (ઈલ્-લ્યૂઝ્હન્), *n.* ભૂલ; મોહ; માયા; પ્રપંચ; અવિદ્યા; ધંતરમંતર. A false show; a deceptive scene; a mockery; a witchcraft.

Illusive (ઈલ્-લ્યૂસિવ્), *a.* મોહ પમાડે તેવું; માયાવી; કપટજાળમાં પાથરે તેવું. Deceiving by a false show; leading astray.

Illusively (ઇલ્-લ્યૂસિવ્લિ), *ad.* મોહ પમાડે તેવી રીતે; માયાવી રીતે; કપટજાળમાં પાથરે તેવી રીતે. In an illusive way.

Illusory (ઇલલ્યૂસૉરિ), *a.* Same as, **Illusive.**

Illusiveness (ઇલ્યૂસિવ્નેસ), *n.* Same as, **Illusion.**

Illustrable (ઈલસ્ટ્રેબલ્), *a.* દાખલો આપી શકાય એવું. That can be illustrated.

Illustrate (ઇલસ્ટ્રેટ), *vt. pr. p.* **Illustrating.** *imp.* & *p. p.* **Illustrated.** દાખલા દલીલ આપીને સમજાવવું; વિવરણ કરવું; બ્યાન કરવું; To make vivid by comparison. **2.** પ્રકાશિત કરવું; ચળકતું કરવું. To make bright.

Illustration (ઈલસ્ટ્રેશન્), *n.* દાખલો; દૃષ્ટાંત; ઉદાહરણ. An example; an explanation; a model. **2.** પ્રકાશન; સમજુતી; વિવરણ. An elucidation; an act of making things very clear and vivid.

Illustrious (ઇલસ્ટ્રિઅસ્), *a.* પ્રસિદ્ધ; નામદાર; પંકાએલું; તેજોમય; પ્રખ્યાત; વિખ્યાત. Eminent; renowned; well-known; famous. **2.** ભભકાદાર; તેજસ્વી; ચળકતું. Shining; splendid.

Image (ઇમેજ્), *n.* પૂતળુ; મૂર્તિ; પ્રતિમા; તસ્વીર; છબી. A likeness; an effigy; a picture. **2.** સ્વરૂપ; ડોળ; ઘાટ; દેખાવ. An appearance; a cast; a form. *vt.* સ્વરૂપ રચવું; ડોળ કાઢવો; તસ્વીર ચીતરવી. To form a likeness; to represent by an image.

Imagery (ઇમેજરિ), *n.* મૂર્તિઓ; પૂતળા; તસ્વીર. Images in general. **2.** ખોટું રૂપ; ડોળ; આભાસ. A false appearance; an unreal show.

Imaginable (ઇમૅજિનેબલ્), *a.* ધારી શકાય તેવું; કલ્પનીય. Capable of being imagined or thought.

Imaginary (ઇમૅજિનૅરિ), *a.* મનકલ્પિત; માનસિક; કલ્પનીય; કાલ્પનીક; ધારી શકાય તેવું. Capable of being imagined; conceivable; existing in ideas; fancied.

Imagination (ઇમૅજિનેશન્), *n.* કલ્પના; વિચાર; માયા; ભાસ; ખ્યાલ. A fancy; an idea; a thought.

Imagine (ઇમૅજિન્), *vt. vi. pr. p.* **Imagining.** *imp.* & *p. p.* **Imagined.** ધારવું; વિચારવું; અટકળ બાંધવી; અનુમાન કરવું. To think; to form an idea of; to guess; to suppose.

Imbecile (ઇમ્બેસિલ્), *a.* નબળું; અશક્ત; કમજોર; દુર્બલ. Weak; feeble; wanting in strength.

Imbecility (ઇમ્બેસિલિટિ), *n.* નબળાઈ; અશક્તપણું; દુર્બળતા. Weakness; feebleness.

Imbed (ઇમ્બેડ્), *vt. pr. p.* **Imbedding.** *imp.* & *p. p.* **Imbedded.** દાટવું; પથારીમાં મૂકી દેવું To sink in bed; to lay in bed.

Imbibe (ઈમ્બાઇબ્), *vt. pr. p.* **Imbibing.** *imp.* & *p. p.* **Imbibed.** ચુસવું; પીવું; શોષવું; શોષણ કરવું. To absorb; to drink. **2.** મનમાં ઉતારવું; સમજવું; ગ્રહણ કરવું. To understand step by step; to accept.

Imbiber (ઈમ્બાઇબર્), *n.* શોષનાર; ચુસનાર; શોષણ કરનાર; મનમાં ઉતારનાર. One, who or that imbibes.

Imbibition (ઈમ્બિબિશન્), *n.* શોષણ; ચુસી લેવું તે; ગ્રહણ કરવું તે. An act of imbibing.

Imbitter (ઇમ્બિટર્), *vt. pr. p.* **Imbittering.** *imp.* & *p. p.* **Imbittered.** કડવું કરવું–બનાવવું;–માં ઉમેરો કરવો; વધારો કરવો; પ્રદીપ્ત કરવું; ઉશ્કેરવું. To make bitter; to render exasperate. **2.** દુઃખી કરવું; બેચેન બનાવવું. To make unhappy; to make restless.

Imbrue (ઇમ્બ્રૂ), *vt. pr. p.* **Imbruing.** *imp.* & *p. p.* **Imbrued.** ચુસી લેવું; ભીંજવવું; લિપ્ત કરવું; બહાર કાઢવું. To soak; to moisten; to emit; to pour out.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Imbruement (ઈમ્બ્રૂમેન્ટ), *n.* ચુસી લેવું તે; શોષણક્રિયા; બહાર કાઢવું તે. An act of imbruing.

Imbue (ઇમ્બ્યૂ), *vt. pr. p.* **Imbuing.** *imp.* & *p. p.* **Imbued.** રંગવું; રંગ ચઢાવવો; કેળવવું;—ના ગુણમય કરવું. To dye; to tinge; to make impressed by.

Imbuement (ઈમ્બ્યૂમેન્ટ), *n.* રંગ ચઢાવવો તે; રંગમય કરવું તે. An act of imbuing.

Imitable (ઇમિટેબલ્), *a.* નકલ કરવા લાયક; ઉતારો થઇ શકે તેવું; અનુકરણીય. Capable of being imitated or copied.

Imitate (ઇમિટેટ્), *vt. pr. p.* **Imitating.** *imp.* & *p. p.* **Imitated.** નકલ કરવી; ઉતારો કરવો; અનુકરણ કરવું; આબેહૂબ અસલ જેવું બનાવવું. To copy; to follow in method; to follow as a model.

Imitation (ઇમિટેશન્), *n.* નકલ; ઉતારો; દેખાદેખી; અનુકરણ; સાદૃશ્ય; પ્રતિરૂપ. An act of initating; a copy; a likeness; a resemblance.

Imitative (ઇમિટેટિવ્), *a.* નકલ કરનારૂં; અનુકરણીય; દેખાદેખી કરે એવું; નકલશીલ. Prone to imitate; inclined to copy out.

Imitatively (ઇમિટેટિવ્લિ), *ad.* નકલ થઈ શકે તેવી રીતે; દેખાદેખીપૂર્વક; અનુકરણીય રીતે. In an imitating way or method.

Imitator (ઇમિટેટર્), *n.* અનુકરણ કરનાર; નકલ કરનાર; ઉતારો કરનાર; દેખાદેખી કરનાર. One who imitates; a copyist.

Immaculate (ઈમ્મૅક્યૂલેટ્), *a.* પવિત્ર; નિર્દોષ; શુદ્ધ; નિષ્કલંક; ચોક. Spotless; pure; unstained.

Immaculately (ઈમ્મૅક્યૂલેટ્લિ), *ad.* પવિત્રપણે; નિર્દોષપણે; શુદ્ધ રીતે; નિષ્કલંકપણે. In an immaculate way.

Immaculateness (ઇમ્મૅક્યૂલેટ્નેસ્), *n.* પવિત્રતા; શુદ્ધિ; નિષ્કલંકપણું; શુદ્ધિ. A state of being immaculate.

Immanent (ઇમ્મૅનેન્ટ્), *a.* સ્વાભાવિક; મૂળનું; અંતરસ્થ. Natural; inward; existing within; inherent.

Immaterial (ઇમ્મૅટીરિઍલ્), *a.* હલકું; નજીવું; નિરૂપયોગી; નિરર્થક. Unimportant; trifle; useless. **2.** અમૂર્તિમાન; નિરાકાર; અદેહી. Incorporeal; unshaped; disembodied.

Immaterially (ઈમ્મૅટીરિઍલિ), *ad.* નિરર્થકપણે; નિરૂપયોગીપણે; નજીવી રીતે. In vain; without any use; in a trifle way. **2.** નિરાકાર રીતે; અમૂર્તિમાન સ્થિતિમાં. In an unshaped condition.

Immaterialism (ઈમ્મૅટીરિઍલિઝમ્), *n* નિરાકારવાદ; નાસ્તિકવાદ; આત્મવાદ. The doctrine, that all things seen on the earth exist in ideas only.

Immaterialist (ઈમ્મૅટીરિઍલિસ્ટ), *n.* આત્મવાદી; નિરાકારવાદી. One, holding the doctrine of immaterialism.

Immature (ઇમ્મૅટ્યૂર્), *a.* કાચું; કુમળું; નાપુખ્ત; અપક્વ. Unripe; premature; raw.

Immaturely (ઇમ્મૅટ્યૂરલિ), *ad.* કાચી બુદ્ધિમાં; નાદાનીથી; અપક્વરીતે; અપ્રૌઢપણે. In an immature condition.

Immaturity (ઇમ્મૅટ્યૂરિટિ), *n.* કાચાપણું; અપૂર્ણતા; અધુરી સ્થિતિ; અપ્રૌઢતા. A state of being immature; unripeness.

Immatureness (ઇમ્મૅટ્યૂર્નેસ્), *n.* Same as, **Immaturity.**

Immeasurable (ઈમ્મેઝરેબલ્), *a.* માપી નહિ શકાય એવું; અપરિમિત; અનંત; બેહદ; અમેય. Incapable of being measured; illimitable.

Immediacy (ઇમ્મીડિઍસિ), *n.* પ્રત્યક્ષતા; અપરોક્ષ્યપણું. Proximity; the relation of being immediate.

Immediate (ઇમ્મીડિએટ્), *a.* પાસેનું; નજદીકનું; રૂબરૂ; સન્મુખ; તાત્કાલિક; સાક્ષાત. Proximate; close; present; instant.

Immediately (ઇમ્મીડિએટ્લિ), *ad.* તરતજ; તાબડતોબ; તાત્કાલિક; વિના વિલંબે. Without delay; soon; instantly.

Immemorial (ઇમ્મેમોરિઍલ્), *a.* ઘણુંજ જુનું; પુરાતન; અનાદિ; અસલનું. Beyond memory; out of mind; ancient.

Immense (ઈમ્મેન્સ્), *a.* ઘણુંજ; બેહદ; અત્યંત; પુષ્કળ; અમર્યાદ. Vast; unlimited; very large; huge.

Immensely (ઇમ્મેન્સ્લિ), *ad.* પુષ્કળ રીતે; અમર્યાદરીતે; બેહદપણે; અતિશય. In an immense way; unlimitably.

Immensity (ઇમ્મેન્સિટિ), *n.* માપી ન શકાય એવો વિસ્તાર; અનંતતા. Unlimited extension; infinity.

Immerge (ઇમ્-મર્જ્), *vt. vi. pr. p.* **Immerging.** *imp.* & *p. p.* **Immerged.** ડબોળવું; બોળવું; નિમગ્ન કરવું; ઝબોળવું. To plunge; to immerse; to dip. **2.** કોઇપણ સ્થાનમાં ભરાઇ બેસવું; અદૃશ્ય થઈ જવું. To lie hidden; to be invisible.

Immerse (ઈમ્મર્સ્), *vt.* બોળવું; ડબોળવું; ગ્રસ્ત કરવું; લીન બનાવવું; તલ્લીન કરવું. To dip; to sink; to absorb.

Immersion (ઈમ્-મર્શન્), *n.* ડબોળવું તે; સ્નાન; ડુબકી. A sinking; a dipping. **2.** નિમગ્નતા; લીનતા; તલ્લીન સ્થિતિ. An absorption; a state of being immersed.

Immethodical (ઇમ્મેથોડિકૅલ્), *a.* અવ્યવસ્થિત; પદ્ધતિ સિવાયનું; રીત સિવાયનું. Devoid of any proper way or method.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Immethodically (ઇમ્મેથોડિકલિ), *ad.* અવ્યવસ્થિત રીતે; પદ્ધતિ સિવાય; બંદોબસ્ત વિના. In an immethodical way; without a proper method.

Immigrant (ઈમ્મિગ્રેન્ટ), *n.* પરદેશવાસી; પરદેશમાં જઇને વસેલો પુરૂષ. One, who immigrates.

Immigration (ઈમ્મિગ્રેશન્), *n.* પરદેશ આવી રહેવું તે; પરદેશ મુલકવાસ. A removal to some foreign place for the purpose of a permanent residence.

Immigrate (ઇમ્મિગ્રેટ), *vi. pr. p.* **Immigrating.** *imp. & p. p.* **Immigrated.** જાયુ વસવા સારૂ પરમુલકમાં જઇને રહેવું; સ્વવતનમાંથી પરમુલક વાસ કરવો. To remove and settle into another country.

Imminent (ઇમિનેન્ટ), *a.* ઝઝુમી રહેલું; ભયયુક્ત; નજીકનું; પાસેનું. Near at hand; containing danger or fear.

Immit (ઇમ્-મિટ), *vt.* દાખલ કરવું;–માં પ્રવેશ કરાવવો–કરવો. To send in.

Immoderate (ઇમ્-મૉડરેટ), *a.* અતિશય; અપરિમિત; બેહદ; ઘણુંજ; અત્યંત; બેસુમાર. Extravagant; exceeding in limit; excessive.

Immoderately (ઇમ્-મૉડરેટલિ), *ad.* બેસુમારપણે; બેહદ રીતે; અપરિમિતપણે. In an immoderate way.

Immoderateness (ઈમ્મૉડરેટનેસ્), *n.* અતિશયપણું; અપરિમિતતા; અનહદ હોવું તે. A state of being immoderate.

Immoderation (ઇમ્મૉડરેશન્), *n.* Same as, **Immoderateness.**

Immodest (ઇમ્મૉડેસ્ટ), *a.* લાજ વિનાનું;બેશરમ; અમર્યાદ; લજ્જાહીન; બેઅદબ. Shameless; arrogant; impudent.

Immodesty (ઇમ્મૉડેસ્ટિ), *n.* નિર્લજ્જપણું; બેઅદબી; અવિવેક; અવિનય; ગેરવર્તણુંક. Impudence; arrogance; shamelessness.

Immolate (ઈમ્મોલેટ), *vt.* ભોગ આપવો; બલિદાન આપવું; મારી નાંખવું; વધ કરવો. To sacrifice; to kill as a victim; to offer in sacrifice.

Immolation (ઈમ્મોલેશન્), *n.* બલીદાન; ભોગ તરીકે સમર્પણ કરવું તે; વધ; ભોગ. A sacrifice; an act of offering a sacrifice.

Immolater (ઇમ્મોલેટર), *n.* બલીદાન આપનાર; ભોગ આપનાર; વધ કરનાર. One, who immolates.

Immoral (ઈમ્મૉરલ), *a.* અનીતિમય; દુરાચરણી; અનાચારી; પાપિષ્ટ. Wicked; containing immorality; sinful.

Immorality (ઇમ્મૉરલિટિ), *n.* અનીતિ; દુરાચાર; બદફેલી; ગેરવર્તણુક; દુષ્ટકર્મ; વ્યભિચાર. A quality of being immoral; a wicked action; an unfair practice.

Immortal (ઇમ્-મૉર્ટલ), *a.* અમર; ચિરંજીવી; અવિનાશી; અજર; શાશ્વત; સનાતન; અક્ષર. Undying; imperishable; eternal; everlasting; perpetual. *n.* અમર પ્રાણી–જન. An undying person or creature.

Immortality (ઈમ્મૉર્ટલિટિ), *n.* અમરપણું; અમરત્વ; નિત્યતા; શાશ્વત સ્થિતિ. A condition of being immortal; perpetuality.

Immortalization (ઇમ્મૉર્ટલાઇઝેશન્), *n.* અમરત્વ બનાવવું તે; નિત્ય અથવા ચિરંજીવી કરવું તે. An act of making everlasting.

Immortalize (ઇમ્-મૉર્ટલાઇઝ્), *vt. pr. p.* **Immortalizing.** *imp. & p. p.* **Immortalized.** અમર કરવું; નિત્ય રહે તેમ બનાવવું; શાશ્વત કરવું. To perpetuate; to render immortal.

Immovability (ઇમ્-મૂવૅબિલિટિ), *n.* અચળપણું,-તા; સ્થિરતા; દૃઢ હોવું તે; સ્થાવરપણું. A state of being immovable.

Immovable (ઇમ્-મૂવેબલ્), *a.* અચળ; સ્થાવર; સ્થિર; દૃઢ. Fixed; firm; steady. **2.** (*Law*) ખસેડી ન શકાય એવું; સ્થાવર. Incapable of being removed; fixed. *n.* (*pl.*) સ્થાવર મિલ્કત. Land or such things as can't be removed.

Immovableness (ઈમ્-મુવૅબલનેસ્), *n.* Same as, **Immovability.**

Immunity (ઈમ્-મ્યૂનિટિ), *n.* છૂટ; માફી; મુક્તપણું; હક્ક. Freedom; a special privilege;an exemption from an obligation, duty,etc.

Immure (ઇમ્-મ્યૂર્), *vi. pr. p.* **Immuring.** *imp. & p. p.* **Immured.** કેદ કરવું; ગોંધવું; પુરવું; સજા કરવી. To shut up; to confine; to imprison within walls.

Immutability (ઇમ્મ્યૂટેબિલિટિ), *n.* નિર્વિકારીપણું; અચળપણું; નિત્યતા; શાશ્વતતા; અવ્યય. Unchangeableness; a state of being eternal.

Immutable (ઈમ્મ્યૂટેબલ), *a.* નિર્વિકારી; નિત્ય; શાશ્વત. Eternal; unchangeable; everlasting.

Imp (ઈમ્પ્), *n.* નાનો સેતાન; લુચ્ચું છોકરૂં; ભૂત. A devil; a cunning child. **2.** નાની ડાળી; કુમળી ડાળી. A shoot; a sprout.

Impacable (ઇમ્પૅકેબલ), *a.* શાંત ન થાય તેવું; તૃપ્ત ન થાય તેવું. Beyond the power of being appeased.

Impact (ઈમ્પૅક્ટ), *vt.* સજ્જડ દબાવવું; દબાવીને ઠોકવું. To press closely or firmly. *n.* ધક્કો; અથડામણ. A collision; striking against.

Impair (ઇમ્પેર્), *vi. pr. p.* **Impairing.** *imp. & p. p.* **Impaired.** બગાડવું; ખરાબ કરવું; કમજોર કરવું; ગુણમાં ઘટાડવું. To spoil; to lead astray; to weaken; to enfeeble; to lessen in quality.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Impale (ઈમ્પેલ), *vt. pr. p.* **Impaling.** *imp. & p. p.* **Impaled.** પુરવું; ગોંધવું; બંધ કરવું. To inclose; to confine. **2.** શૂળી દેવી; ફાંસીએ ચઢાવવું. To put on a stake; to empale.

Impalement (ઈમ્પેલ્મેન્ટ), *n.* ફાંસીએ ચઢાવવું તે; શૂળીએ ચઢાવવું તે; બંધન. An act of impaling.

Impalpable (ઇમ્પૅલ્પેબલ), *a.* સ્પર્શથી સમજાય નહિ તેવું; અતિસૂક્ષ્મ; માલમ પડે નહિ તેવું; અગ્રાહ્ય. Incapable of being felt; not readily apprehended in mind.

Impanel (ઇમ્પૅનેલ), *vt. pr. p.* **Impanelling.** *imp. & p. p.* **Impanelled.** પંચનાં માણસોનાં નામ યાદીમાં લખવા; જ્યુરીના માણસોની ટીપ કરવી. To write the names of persons in a jury.

Impanelment (ઈમ્પૅનેલ્મેન્ટ), *n.* પંચનાં માણસોની યાદી લખવી તે; જ્યુરીના સભાસદોનાં નામ લખવાં તે. An act of impanelling.

Impart (ઇમ્પાર્ટ), *vt. pr. p.* **Imparting.** *imp. & p. p.* **Imparted.** બક્ષિસ આપવી; આપવું; દાન તરીકે અર્પણ કરવું. To bestow; to give. **2.** વિદિત કરવું; જણાવવું. To inform; to make acquainted.

Impartial (ઈમ્-પાર્શિ-ઍલ્), *ad.* નિષ્પક્ષપાતી; બીનતરફદાર; સમદર્શી; અદલ ઇન્સાફી. Just; unbiased; equitable; unprejudiced.

Impartiality (ઈમ્પાર્શિઍલિટિ), *n.* નિષ્પક્ષપાત; ઈન્સાફદારી; અદલપણું; સમાનધર્મ-ભાવ. A state of being impartial; justice; disinterestedness.

Impartially (ઇમ્પાર્શિઍલ્-લિ), *ad.* નિષ્પક્ષપાતપણે; અદલ ઈન્સાફીથી; બીનતરફદારીપૂર્વક; ન્યાયીપણે. In an impartial way; fairly; equitably.

Impartialness (ઈમ્પાર્શિઍલનેસ્), *n.* Same as, **Impartiality.**

Impassable (ઇમ્પૅસેબલ), *a.* અગમ્ય; જેમાં દાખલ ન થવાય તેવું; દુર્ગમ્ય. Incapable of being passed.

Impassible (ઇમ્પૅસિબલ), *a.* સુખ દુઃખ લાગે નહિ તેવું; અચેતન; જડ. Devoid of any mental feelings; untouched by pain, sorrow, joy, etc.

Impassibility (ઇમ્પૅસિબિલિટિ), *n.* સુખ દુઃખ લાગે નહિ તેવી સ્થિતિ; અચેતનપણું; જડતા. A state of being impassible.

Impassibleness (ઈમ્પૅસિબલનેસ્), *n.* Same as, **Impassibility.**

Impatience (ઈમ્પેશન્સ), *n.* અધીરાઇ; ઉતાવળાપણું; વ્યગ્રતા; અત્યાતુરતા. Egerness; a state of being hasty; mental restlessness for a particular information.

Impatient (ઈમ્પેશન્ટ), *a.* અધીરો; ઉતાવળીઓ; વ્યગ્ર; અત્યાતુર. Eager; hasty; restless; earnest.

Impatiently (ઇમ્પેશન્ટ્લિ), *ad.* અધિરાઈથી; ઉતાવળથી; ધૈર્યહીનપણે. Very; in an impatient way.

Impeach (ઇમ્પીચ), *vt. pr p.* **Impeaching.** *imp. & p. p.* **Impeached.** તોહોમત મૂકવું; આરોપ મૂકવો; તકસીરવાન છે એમ સાબીત કરવું; અટકાવવું; અડચણ કરવી. To exhibit charges against; to accuse; to call to question; to hinder.

Impeachable (ઇમ્પીચેબલ), *a.* તોહોમત મૂકી શકાય તેવું; અટકાવી શકાય તેવું. Capable of being impeached; accusable.

Impeacher (ઇમ્પીચર), *n.* તોહોમત મૂકનાર; આરોપ મૂકનાર; ગુન્હેગાર છે તેમ સાબીત કરનાર. One who impeaches.

Impeachment (ઇમ્પીચ્મેન્ટ), *n.* તોહોમત; આરોપ; દોષારોપ; દોષ. An act of calling to account; an accusation; a charge.

Impeccable (ઇમ્પેકેબલ), *a.* પાપ ન કરે તેવું; નિષ્પાપ; નિર્દોષ. Not liable to commit any sin; free from any sin.

Impede (ઇમ્પીડ), *vt. pr. p.* **Impeding.** *imp. & p. p.* **Impeded.** અડચણ કરવી; હરકત કરવી; અટકાવવું; ખલેલ કરવી; અવરોધ કરવો. To hinder; to delay; to obstruct.

Impediment (ઈમ્પેડિમેન્ટ), *n.* અટકાવ; અડચણ; હરકત; અંતરાય; વિઘ્ન; ડખલ; નડતર; પ્રતિબંધ; વિરોધ. An obstacle; a hindrance; an obstruction; a delay. **2.** બોલતાં બોલતાં અચકાવું તે; વાક્સ્ખલન. A voice defect.

Impedimental (ઇમ્પેડિમેન્ટલ), *a.* અટકાવનું; અડચણને લગતું; અંતરાયનું; વિરોધી. Pertaining to an impediment.

Impel (ઇમ્પેલ), *vt. pr. p.* **Impelling.** *imp & p. p* **Impelled.** આગળ ચલાવવું; પ્રવર્તાવવું; ઉશ્કેરણી આપવી; હડસેલવું; પ્રેરવું. To urge forward; to press on; to excite to action.

Impend (ઇમ્પેન્ડ), *vt.* ઝઝુમવું તે; માથાપર આવી પહોંચવું; માથાપર લટકવું. To hang over; to be imminent.

Impendence (ઇમ્પેન્ડેન્સ), માથા ઉપર ઝઝુમવું તે; માથાપર લટકી રહેવું તે. An act of hanging.

Impenetrable (ઇમ્પેનીટ્રેબલ), *a.* જેમાં પ્રવેશ થઇ શકે નહિ એવું; અસર નહિ થાય એવું; અપ્રવેશ્ય; અભેદ્યનીય. Incapable of being pierced; incapable of being understood.

Impenetrability (ઇમ્પેનીટ્રેબિલિટિ), *n.* અભેદ્યતા; નિર્ગમ્યતા; અસર ન થાય તેવી સ્થિતિ. A state of being impenetrable. **2.** જડબુદ્ધિ; મૂર્ખતા. Stupidity.

Impenitence,-cy (ઈમ્પેનિટેન્સ,-ન્સિ), *n.* અ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પશ્ચાત્તાપ; કઠોર હૃદય હોવું તે; હૃદયની કઠોરતા. A state of being impenitent.

Impenitent (ઈમ્પેનિટેન્ટ), *a.* પસ્તાવો ન કરે તેવું; ખેદહીન; કઠણ હૈયાનું; વજ્ર છાતીનું; પશ્ચાત્તાપ ન કરે એવું. Not repenting of sin; obdurate. *n.* ખેદહીન પુરૂષ; પશ્ચાત્તાપ ન કરનાર. One, who does not repent of sins.

Imperative (ઇમ્પરેટિવ્), *a.* હુકમ કરનાર; આજ્ઞા સૂચક; આદેશક; અધિકારયુક્ત કરેલું Commanding; authoritative. **Imperative mood,** *n.* આજ્ઞાર્થ ભેદ.

Imperatively (ઈમ્પરેટિવ્લિ), *ad.* સત્તાની રૂએ; આજ્ઞાથી; હુકમસર. In a commanding way; authoritatively.

Imperceptible (ઇમ્પર્સેપ્ટિબલ), *a.* અગોચર; અદૃશ્ય; બારીક; અસિદ્ધ; સૂક્ષ્મ; અવ્યક્ત. Not decernible by senses; very fine; not easily understood.

Imperceptibility (ઇમ્પર્સેપ્ટિબિલિટિ), *n.* અતિસૂક્ષ્મપણું; અગોચરતા; બારીકપણું. A state of being imperceptible.

Imperceptibleness (ઇમ્પર્સેપ્ટિબલ્નેસ), *n.* Same as, **Imperceptibility.**

Imperceptibly (ઇમ્પર્સેપ્ટિબ્લિ), *ad.* બારીક રીતે; અદૃશ્યપણે; ઝીણવટથી. In a very fine way.

Imperfect (ઇમ્પર્ફેક્ટ), *a* અપૂર્ણ; અધુરૂં; કાચું; ઓછું; ન્યૂન; ખોડખાંપણવાળું. Incomplete; defective; wanting in perfection.

Imperfection (ઇમ્પર્ફેક્શન), *n.* અપૂર્ણતા; કસુર; દૂષણ; કલંક; ન્યૂનતા. Deficiency; a want; a blemish; a flaw.

Imperfectly (ઇમ્પર્ફેક્ટ્લિ), *ad.* અપૂર્ણ રીતે; ઉપરચોંટીયું; ન્યૂનતાથી. Defectively; in an imperfect way.

Imperial (ઇમ્પીરિઍલ), *a.* બાદશાહી; રાજકીય; શહેનશાહી; સામ્રાજ્યનું. Royal; kingly; supreme; pertaining to an empire or a king.

Imperialism (ઇમ્પીરિઍલિઝમ્), *n.* સામ્રાજ્યવાદ; સામ્રાજ્ય સત્તા હોવી તે. A rank or position of being imperial.

Imperialist (ઇમ્પીરિઍલિસ્ટ), *n.* સામ્રાજ્યવાદી; બાદશાહી હકુમતને માનનાર; સામ્રાજ્યમાં સેવા કરતો સૈનીક. A subject or a soldier, serving in a government; one, who advocates the cause of imperialism.

Imperil (ઇમ્પેરિલ), *vt.* જોખમમાં નાંખવું; ભયમાં ઉતારવું—નાંખવું. To throw into danger; to bring into risk.

Imperishable (ઇમ્પેરિશેબલ), *a.* નાશ પામે નહિ એવું; અવિનાશી; અચળ; અજર; અક્ષય. Indestructible; everlasting; not subject to decay or death.

Imperious (ઈમ્પીરિઅસ), *a.* અહંકારી; મિજાજી; તોરી; ગર્વિષ્ટ; સ્વભાવમાં અક્કડ. Arrogant; haughty; overbearing. **2.** ચાલે નહિ તેવું; તાકીદનું; જરૂરનું. Urgent; imperative.

Impersonal (ઈમ્પર્સનૅલ), *a.* વ્યાકરણમાં અકર્તૃક; કર્તા વિનાનું; કોઇને ન સંબોધેલું. Not representing a person.

Impersonally (ઈમ્પર્સનૅલિ), *ad.* વ્યાકરણમાં અકર્તૃકરીતે; કર્તા વિનાનું. In an impersonal way.

Impersonation (ઇમ્પર્સોનેશન), *n.* જડ પદાર્થને ચૈતન્યનું રૂપ આપવું તે. An act of representing in a personal form.

Impertinence,-cy (ઈમ્પર્ટિનેન્સ,-ન્સિ), *n.* બેઅદબી; અસભ્યતા; અવિનય. Rudeness; incivility; a state of being impertinent.

Impertinent (ઈમ્પર્ટિનેન્ટ), *a.* અસભ્ય;બેઅદબ; ઉછાંછળું; અપ્રસ્તુત; દાંડ; અવિનિત. Rude; insolent; rash; immodest. **2.** લાગુ પડે નહિ તેવું; અસંબંધિક; અપ્રસ્તુત. Irrelevant; not to the point under discussion. *n.* વગર તેડે દાખલ થનાર; ગોલૈયો. An intruder.

Impertinently (ઈમ્પર્ટિનેન્ટ્લિ), *ad.* અસભ્ય રીતે; બેઅદબીથી; ઉછાંછળી રીતે. Rashly; insolently. **2.** લાગુ પડે નહિ તેવી રીતે; અપ્રસ્તુત રીતે. Irrelevantly.

Imperturbable (ઈમ્પર્ટર્બેબલ), *a.* ગભરાય નહિ તેવું; આકુળ વ્યાકુળ બને નહિ તેમ. Incapable of being disturbed.

Impervious (ઈમ્પર્વિઅસ), *a.* જેમાં પ્રવેશ ન થઈ શકે તેવું; અભેદ્ય; અગમ્ય; દુર્ભેદ્ય. Incapable of being admitted; not admitting an entrance.

Impetuosity (ઈમ્પેટ્યૂઑસિટિ), *n.* જુસ્સો; અકળામણ; ઝનુન, આવેશ. Fierceness; a passion; a rage.

Impetuous (ઇમ્પેટ્યૂઅસ), *a.* જબરૂં; જોરવાળું; આકરૂં; તીક્ષ્ણ; ઉગ્ર. Forcible; fierce; violent; passionate; raging.

Impetus (ઈમ્પેટસ), *n.* વેગ; આવેશ; ગતિનું જોર; પ્રેરણા; પ્રોત્સાહન. Momentum; the force which puts a body in motion.

Impiety (ઇમ્પાએટિ), *n.* દેવનિંદા; અભક્તિ; ધર્મનિંદા; દેવભક્તિથી દૂર રહેવું તે. A state of impious or irreligious.

Impious (ઇમ્પાયસ), *a.* દેવભક્તિ વિનાનું; પાપી; અધર્મી; દેવ અથવા ધર્મનિંદક. Ungodly; profane; irreverent.

Impiously (ઈમ્પાયસ્લિ), *ad.* અધર્મીપણે; ધર્મની નિંદા કરીને; દેવભક્તિ કરે નહિ તેવી રીતે In an impious way; irreverently. [**Impiety.**

Impiousness (ઈમ્પાયસ્નેસ), *n.* Same as,

Implacability (ઇમ્પ્લેકૅબિલિટિ), *n.* કટ્ટી દુશ્મના-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટ; અશામ્યતા. A quality of being implacable.

Implacable (ઈમ્પ્લેકેબલ), *a.* કદાપી શાંત ન થાય એવું; અશામ્ય; અતિ દ્વેષી. Not to be pacified; ardently inimical.

Implant (ઇમ્પ્લૅન્ટ), *vt.* રોપવું; દ્રઢ બેસાડવું; આરોપણ કરવું. To set plants, etc. for growth; to fix into the ground. **2.** સ્થાપવું; શરૂઆત કરવી. To establish; to begin.

Implantation (ઇમ્પ્લૅન્ટેશન), *n.* સ્થાપના; આરોપણ; સજ્જડ અથવા દ્રઢ બેસાડવું તે. An act of implanting; a foundation.

Implead (ઈમ્પ્લીડ), *vt.* ફરિયાદી કરવી; કામ ચલાવવું. To sue at law; to file a suit against.

Impleader (ઇમ્પ્લીડર), *n.* ફરિયાદી કરનાર; કામ ચલાવનાર. One, who sues at law.

Implement (ઇમ્પ્લીમેન્ટ), *n.* હથિયાર; ઓજાર; સામગ્રી; સાધન; સાહિત્ય. An instrument; a tool; an article used at the time of doing some manual work. *vt.* અમલમાં લાવવું; બજાવવું; પાર મૂકવું. To execute; to perform; to bring to an end.

Implemental (ઈમ્પ્લીમેન્ટલ), *a.* હથિયારનું; ઓજારને લગતું; સાહિત્યનું. Pertaining to an implement.

Implicate (ઇમ્પ્લિકેટ), *vt. pr. p.* **Implicating.** *imp. & p. p.* **Implicated.** સામેલ છે એમ જણાવવું; ગુંચવવું; ગુંચવણમાં પાડવું. To entangle in some affair; to involve; to infold.

Implication (ઇમ્પ્લિકેશન), *n.* ગુંચવણી; અનુમાન; તર્ક; અટકળ. An act of implicating; an inference; a guessing.

Implicative (ઇમ્પ્લિકેટિવ્), *a.* અનુમાનશીલ; અટકળ બાંધે તેવું; તર્કશીલ. Tending to implicate.

Implicit (ઇમ્પ્લિસિટ). *a.* પુરેપૂરું; સંપૂર્ણ; પુરું; અનુમાન સિદ્ધ: Free from any doubt; deeply rooted.

Imploration (ઇમ્પ્લોરેશન), *n.* કાલાવાલા; આજીજી; વિનંતી; દીનતાપૂર્વક કરેલી યાચના. A request; an entreaty; a supplication.

Imploratory (ઈમ્પ્લોરૅટરિ), *a.* દીનતા ઉપજાવે તેવું; કાલાવાલા કરવું; વિનંતીથી ખોલવું. Tending to an entreaty; supplicating.

Implore (ઈમ્પ્લોર), *vt. pr. p.* **Imploring.** *imp. & p. p* **Implored.** કાલાવાલા કરવા; આજીજી કરવી; વિનંતી કરવી; દીનતાપૂર્વક માગવું; યાચના કરવી. To beseech; to supplicate; to request eagerly for.

Implorer (ઇમ્પ્લોરર), *n.* કાલાવાલા કરનાર; આજીજી કરનાર; વિનંતી કરનાર; દીનતાપૂર્વક માગણી કરનાર; યાચના કરનાર. One, who implores.

Imploringly (ઈમ્પ્લોરિન્ગ્લિ), *ad.* આજીજીપૂર્વક; દીનતાપૂર્વક; યાચનાપૂર્વક. In a beseeching way.

Imply (ઇમ્પ્લાઇ), *vt. pr. p.* **Implying.** *imp. & p. p.* **Implied.** અર્થ નીકળવો; સિદ્ધ થવું; લગાડવું; ગુંચવવું; ગુંથવું. To involve; to include; to refer.

Impliedly (ઇમ્પ્લાઇડ્લિ), *ad.* અર્થ નીકળે તેવી રીતે; લગાડી શકાય તેમ; સૂચવી શકાય તેવી રીતે. In an implied form.

Impolite (ઈમ્પોલાઇટ), *a.* અવિવેકી; જંગલી; અવિચારી; અનીતિજ્ઞ. Imprudent; discourteous; rude.

Impolitely (ઇમ્પોલાઇટ્લિ), *ad.* અવિવેકીપણે; અસભ્ય રીતે; મર્યાદાપૂર્વક. Immodestly; in a rude way.

Impoliteness (ઇમ્પોલાઇટ્નેસ), *n.* અવિવેક; અસભ્યતા; અમર્યાદા. Rudeness; immodesty; incivility.

Imponderability (ઇમ્પૉન્ડરેબિલિટિ), *n.* ઘણાજ ઓછા વજનનું હોવું તે; જોખી શકાય નહિ તેવી સ્થિતિ. A state of being imponderable.

Imponderable (ઇમ્પૉન્ડરેબલ), *n.* વજન સિવાયનું; હલકું; જોખાય નહિ એવું. Incapable of being weighed; without any sensible weight.

Imponderableness (ઇમ્પૉન્ડરેબલ્નેસ), *n.* Same as, **Imponderability.**

Import (ઈમ્પોર્ટ), *vt.* દેશાવરથી લાવવું–મંગાવવું. To bring from a foreign land; to bring into one's own country. **2.** અર્થ દેખાડવો; અર્થ સૂચવવો; સૂચના કરવી. To signify; to imply. **3.** અગત્યતા ધરાવવી; કામનું બનવું–હોવું. To bear usefulness. *n.* દેશાવરથી મંગાવેલો માલ; આયાત. That which is brought from a foreign land. **2.** અર્થ; મતલબ; અભિપ્રાય; મહત્વ. A meaning; a significance; an importance.

Importable (ઇમ્પોર્ટેબલ), *a.* પરદેશથી માલ મંગાવી શકાય તેવું; આયાત કરી શકાય તેવું. Capable of being imported.

Importation (ઇમ્પોર્ટેશન), *n.* પરદેશથી આયાત કરવી તે; આયાત. An act of importing.

Importer (ઇમ્પોર્ટર), *n.* માલની આયાત કરનાર; પરદેશમાંથી માલ મંગાવનાર. One, who imports from a foreign country.

Importance (ઇમ્પૉર્ટન્સ), *n.* અગત્ય; ભારબોજ; જરૂરીઆત; વજન; ઉપયોગ; ગૌરવ. Significance; a weight; a consequence.

Important (ઇમ્પૉર્ટન્ટ), *a.* અગત્યનું; જરૂરિઆતનું; ભારબોજવાળું; ઉપયોગી; ગૌરવવાળું. Significant; useful; weighty; forcible.

Importunacy (ઇમ્પૉર્ટ્યૂનસિ), *n.* કાલાવાલા; કરગરવું તે; અત્યાગ્રહ. An entreaty; a solicitation.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Importunate (ઇમ્પૉર્ટ્યૂનેટ), *a.* ઘણા કાલાવાલા કરતું; જરૂરનું; અત્યાગ્રહી; કરગરતું. Entreating; urgent; pressing.

Importunateness (ઇમ્પૉર્-ટ્યૂનેટ્નેસ), *n.* Same as, **Importunacy.**

Importunately (ઇમ્પૉર્ટ્યૂનેટ્લિ), *ad.* કાલાવાલા કરે તેવી સ્થિતિમાં; કરગરે તેવી સ્થિતિમાં. In an importunate way.

Importune (ઇમ્પૉર્ટ્યૂન), *a.* Same as, **Im-portunate.**

Importunity (ઇમ્પૉર્ટ્યૂનિટિ), *n.* કાલાવાલા; આજીજી; અત્યાગ્રહ; યાચના. An earnest request; an eager solicitation.

Imposable (ઇમ્પોઝેબલ), *a.* કર તરીકે મૂકી શકાય તેવું; જબરજસ્તીથી લઇ શકાય તેવું; સત્તાથી લઇ શકાય એવું. Capable of being imposed.

Imposableness (ઇમ્પોઝેબલનેસ), *n.* જબરજસ્તીથી લેવું તે; કર અથવા હક અથવા સત્તાથી લેવું તે. An act of imposing.

Impose (ઇમ્પોઝ), *vt. vi. pr. p.* **Imposing.** *imp. & p. p.* **Imposed.** (કર તરીકે) મુકવું-બેસાડવું; ચોંટાડવું; જબરજસ્તીથી આપવું. To lay as a burden, tax or duty; to give forcibly. **2.** છેતરપીંડી કરવી; ઠગવું; લુચ્ચાઇ કરવી. To deceive; to cheat.

Imposer (ઇમ્પોઝર), *n.* છેતરનાર; ઠગનાર; મરજી વિરૂદ્ધ કામ કરાવનાર. One, who imposes.

Imposition (ઇમ્પોઝિશન), *n.* મૂકવું; બેસાડવું તે; સ્થાપના. An act of laying down; a foundation. **2.** જકાત; દાણ; વેરો. A tax; a duty. **3.** મરજી વિરૂદ્ધ સોંપેલું કામ-પાઠ. An extra work forced upon a man against his will. **4.** કપટ; દગો; ઠગવિદ્યા. A deception; a fraud.

Impossibility (ઇમ્પૉસિબિલિટિ), *n.* અશક્યતા; અસંભવિતપણું; અઘટમાન સ્થિતિ-કામ; અસંભાવના. Impracticability; a state of being impossible.

Impossible (ઇમ્પૉસિબલ), *a.* અશક્ય; અસંભવિત; કરી ન શકાય તેવું; અઘટમાન. Impracticable; incapable of being thought or practised.

Impossibly (ઇમ્પૉસિબ્લિ), *ad.* અશક્ય રીતે; અસંભવિતપણે. In an impossible way.

Impost (ઇમ્પોસ્ટ), *n.* જકાત; દાણ; કર; વેરો; લાગો. A tax; a duty.

Impostor (ઇમ્પૉસ્ટર), *n.* ઠગનાર; છેતરનાર; પચાવી પાડનાર; ધૂર્ત; લુચ્ચો. A deceiver; a cheat; a rogue; a cunning fellow.

Imposture (ઇમ્પૉસ્ટ્યૂર), *n.* ઠગાઇ; કપટબાજી; ધૂર્તવિદ્યા; છળ; કપટ. A fraud; a deceit; an imposition.

Impotence,-cy (ઇમ્પોટેન્સ-ન્સિ), *n.* નબળાઇ; કમજોરી; દુર્બળતા; અશક્તિ; નપુંસકતા. Weakness; leanness; want of vigour or physical strength.

Impotent (ઇમ્પોટેન્ટ), *a.* નબળું; કમજોર; નિર્બળ; દુર્બળ; વાંઝિયું. Weak; wanting in strength; sterile. **2.** (*Law*) નપુંસક; બાયલો; નિર્બળ. Unable to have potence. *n.* નબળું માણસ; કમજોર આદમી. A weak person; a person wanting in strength and energy.

Impound (ઇમ્પાઉન્ડ), *vt.* વાડામાં પુરવું; ગોંધવું; અટકાવવું. To restrain; to confine within limits.

Impoundage (ઇમ્પાઉન્ડેજ), *n.* વાડામાં (ઢોરને) પુરવાથી મળેલા પૈસા અથવા મહેનતાણું; ઢોરને વાડામાં પુરવું તે; ગોંધવું તે; બંધન. Money got by impounding; an act of impounding; a restraint.

Impounder (ઇમ્પાઉન્ડર), *n.* વાડામાં ઢોરને પુરનાર; રોકનાર; ગોંધનાર. One, who impounds.

Impoverish (ઇમ્પૉવરિશ), *vt.* દરિદ્ર બનાવવું; નિર્ધન કરવું; ભિખારી દશામાં મૂકવું. To make poor; to reduce to poverty. **2.** નિઃસત્વ બનાવવું; બલહીન કરવું. To deprive of worth; to make sterile.

Impracticability (ઇમ્પ્રૅક્ટીકૅબિલિટિ), *n.* અશક્યતા; અસાધ્યતા; અસંભવ વસ્તુ-ચીજ અથવા પદાર્થ. An impossibility; an impracticable thing or object.

Impracticable (ઇમ્પ્રૅક્ટિકેબલ), *a.* ન બને તેવું; અસાધ્ય; ગહન; અઘટનીય. Incapable of being practised; mysterious.

Impracticableness (ઇમ્પ્રૅક્ટિકેબલનેસ), *n.* Same as, **Impracticability.**

Impracticably (ઇમ્પ્રૅક્ટિકેબ્લિ), *ad.* અશક્યતા પૂર્વક; બની ન શકે તેવી સ્થિતિમાં; અગમ્યરીતે. In an impracticable way.

Impractical (ઇમ્પ્રૅક્ટિકૅલ), *a.* અશક્ય; અવ્યવહારૂ; બની ન શકે તેવું. Incapable of being practical; not practical.

Imprecate (ઇમ્પ્રીકેટ), *vt. pr. p.* **Imprecating.** *imp. & p. p.* **Imprecated.** શાપ દેવો; બદદુઆ આપવી; અકલ્યાણ ઇચ્છવું. To curse; to invoke an evil against.

Imprecation (ઇમ્પ્રીકેશન), *n.* શ્રાપ; બદદુવા; ગાળ; શાપ. A curse; a wish of calamity to another.

Imprecatory (ઇમ્પ્રીકેટૉરિ), *a.* શાપવાળું; બદદુવાવાળું; અકલ્યાણકર. Tending to a curse; containing an evil desire.

Impregnability (ઇમ્પ્રેગ્નૅબિલિટિ), *n.* અજીત સ્થિતિ; અજેય હાલત; જીતી ન શકાય તે. A state of being impregnable.

Impregnable (ઇમ્પ્રેગ્નેબલ), *a.* અજીત; જીતી ન શકાય તેવું; અસાધ્ય; ખસેડી ન શકાય એવું. In-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vincible; unconquerable.

Impregnableness (ઇમ્પ્રેગ્નેબલ્નેસ્), *n.* Same as, **Impregnability.**

Impregnably (ઇમ્પ્રેગ્નૅબ્લિ), *ad.* જીતી ન શકાય તેવી રીતે; દુર્જેય સ્થિતિમાં. In an impregnable way.

Impregnate (ઇમ્પ્રેગ્નેટ્), *vt. pr. p.* **Impregnating.** *imp.* & *p. p.* **Impregnated.** ગર્ભવંતું કરવું; ઉત્પન્ન કરવું; હમેલ રાખવો To make pregnant; to cause to conceive. **2.** ફળરૂપ કરવું; ફળવાન બનાવવું. To fertilize. **3.** એકનો ગુણ બીજામાં લાવવો-મુકવો. To transfer qualities.

Impregnation (ઇમ્પ્રેગ્નેશન્), *n.* ગર્ભધારણ; ગર્ભોત્પાદન; મિશ્રણ. A state of being impregnated.

Impress (ઇમ્પ્રેસ્), *vt. pr. p.* **Impressing.** *imp.* & *p. p.* **Impressed.** નિશાન કરવું-પાડવું; છાપવું; છાપ મારવી. To stamp; to imprint. **2.** સમજાવવું; ઠસાવવું; મનમાંઉતારવું. To explain clearly; to inculcate. *n.* મુદ્રા; છાપો; આકાર: છાપ; નિશાની; ચિન્હ. A stamp; a seal; a mark; a distinction.

Impressible (ઇમ્પ્રેસિબલ્), *a.* નિશાન કરી શકાય તેવું; ભાર દઇને સમજાવી શકાય તેવું; મનમાં ઉતારી શકાય તેવું. Capable of being impressed.

Impressibleness (ઇમ્પ્રેસિબલ્નેસ્), *n.* સમજાવી શકાય તેવી બાબત; મનમાં ઉતારવું અથવા ઠસાવવું તે; ઉંડી અસર ઉપજાવવી તે. A state of being impressible.

Impressibly (ઇમ્પ્રેસીબ્લિ), *ad.* ચોક્કસ રીતે; સારી રીતે સમજ પડે તેવી રીતે. In an impressible way.

Impression (ઇમ્પ્રેશન્), *n.* છાપ; નિશાની;ચિન્હ. A sign; a mark. **2.** ભાસ; અસર; સમજ;વિચાર; કલ્પના. An idea; a thought; a belief. **3.** આવૃત્તિ. An edition.

Impressionable (ઇમ્પ્રેશનેબલ્), *a.* સમજાવી શકાય તેવું; છાપ મારી શકાય તેવું; અસરકારક થઇ શકે તેવું. Capable of producing an impression.

Impressionably (ઇમ્પ્રેશનેબ્લિ), *ad.* છાપ-ચિન્હ કરી શકાય તેવી રીતે; અસરકારક રીતે; સમજાવી શકાય તેવી રીતે. In an impressionable way.

Impressive (ઇમ્પ્રેસિવ્), *a.* મનમાં ઠસી જાય એવું; અસરકારક; હૃદયસ્પર્શી. Effective; capable of moving the heart.

Impressively (ઇમ્પ્રેસિવ્લિ), *ad.* મનમાં ઠસી જાય તેવી રીતે; અસરકારક રીતે. In am impressive way.

Imprimis (ઇમ્પ્રાઇમિસ્), *ad.* પહેલેથી; અગાઉથી; પ્રથમથી. In the first place; in the first rank.

Imprint (ઇમ્પ્રિન્ટ્), *vt.* છાપવું; ઠસાવવું; અસર કરવી. To stamp; to mark by means of types; to impress.

Imprison (ઇમ્પ્રિઝન્), *vt. pr. p.* **Imprisoning.** *imp.* & *p. p.* **Imprisoned.** કેદ કરવું; તુરંગમાં નાંખવું; બંદીખાનામાં નાંખવું; કારાગૃહમાં પુરવું To put into a prison; to confine; to keep in custody.

Imprisonment (ઇમ્પ્રિઝન્મેન્ટ્), *n.* કેદ; બંધન; તુરંગમાં પુરવું તે; અટકાયત. An act of imprisoning.

Improbability (ઇમ્પ્રૉબેબિલિટિ), *n.* અસંભવપણું; અસંભવિત દશા-સ્થિતિ; અસંગતિ. Unlikelihood; a quality of being improbable.

Improbable (ઇમ્પ્રૉબેબલ્), *a.* અસંભવિત; નહિ બને તેવું; અસંભાવ્ય; બનવાનો સંભવ ન હોય તેવું. Unlikely to be true; not possible to happen.

Improbableness (ઇમ્પ્રૉબેબલ્નેસ્), *n.* Same as, **Improbability.**

Improbably (ઇમ્પ્રૉબેબ્લિ), *ad.* અસંભવિત રીતે; નહિ બને તેવી રીતે; બનવાનો સંભવ ન હોય તેવી રીતે. In an improbable way.

Improbity (ઇમ્પ્રૉબિટિ), *n.* અપ્રમાણિકપણું; બેઇમાની; અસત્ય; કપટ. Dishonesty; want of integrity.

Improper (ઇમ્પ્રૉપર્), *a.* અઘટિત; અયોગ્ય;અનુચિત; અણઘટતું. Unfit;unbecoming;unsuitable.

Improperly (ઇમ્પ્રૉપર્લિ), *ad.* અઘટિત રીતે; અયોગ્ય રીતે; ગેરવ્યાજબી રીતે. In an improper way; unsuitably.

Impropriety (ઇમ્પ્રોપ્રાઇટિ), *n.* અયોગ્યતા; નાલાયકી; અયુક્તિ; અયોગ્યપણું. A quality of being improper; unsuitability.

Improvable (ઇમ્પ્રૂવેબલ્), *a.* સુધારવા લાયક; સુધારો થઇ શકે તેવું; કામમાં લઇ શકાય તેવું. Capable of being improved.

Improvableness (ઇમ્પ્રૂવેબલ્નેસ્), *n.* સુધારો; લાભકારકસ્થિતિ. A condition of being improved.

Improve (ઇમ્પ્રૂવ્), *vt. vi. pr. p.* **Improving.** *imp.* & *p. p.* **Improved.** સુધારવું; સુધારો; કરવો; ઉન્નતિ કરવી; સારૂં કરવું. To make better; to increase by use; to bring on a better level. **2.** સુધરવું; સુધારો થવો; ઉન્નતિ થવી. To grow better; to rise

Improver (ઇમ્પ્રૂવર્), *n.* સુધારો કરનાર; સારૂં કરનારે; સુધારક; ઉન્નતિકર. One, who improves.

Improvement (ઇમ્પ્રૂવ્મેન્ટ્), *n.* સુધારો; ઉત્કર્ષ; ઉન્નતિ; અભિવૃદ્ધિ. An act of improving; a state of being improved; a betterment; a growth.

Improvidence (ઇમ્પ્રૉવિડેન્સ્), *n.* ટુંકી દૃષ્ટિ, ગફલત; અવિચાર. A want of foresight.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Improvident (ઇમ્પ્રૉવિડેન્ટ), *a.* ટુંકી નજરનું; અવિચારી; બેઅવિવેકી; અજ્ઞાન; ગફલતમાં રહેનાર. Short-sighted; thoughtless; heedless.

Improvidently (ઇમ્પ્રૉવિડેન્ટલિ), *ad.* અવિચારપૂર્વક; અજ્ઞાનપણે; ટુંકી નજરથી. Thoughtlessly; in an improvident way.

Imprudence (ઈમ્પ્રૂડેન્સ), *n.* અવિચાર; વિચારશૂન્યતા; ગાફેલિઅત. Rashness; heedlessness; thoughtlessness.

Imprudent (ઈમ્પ્રૂડેન્ટ), *a.* અવિચારી; વિચારશૂન્ય; ગાફેલ. Rash; thoughtless; careless.

Impugn (ઇમ્પ્યૂન), *vt.* મના કરવી; નિષેધ કરવો; સામું કહેવું. To contradict.

Impugnable (ઇમ્પ્યૂનેબલ), *n.* મના કરી શકાય તેવું; નિષેધ કરી શકાય તેમ. Capable of being impugned.

Impugnment (ઇમ્પ્યૂનમેંન્ટ), *n.* નિષેધ; સામું કહેવું તે; ખંડન કરવું તે. An act of impugning; a contradiction.

Impulse (ઇમ્પલ્સ), *n.* આંચકો; ધક્કો; આવેશ; વેગ; પ્રેરણા; જુસ્સો; પ્રયોજન. A sudden motive; an act of driving with force; a sudden thought; a change of force or momentum.

Impulsion (ઇમ્પલ્ઝૂહન), *n.* જોશ; વેગ; પ્રેરણા; આગળ ગમન કરવું અથવા કરાવવું તે. A force; a motive; an impulse.

Impulsive (ઇમ્પલ્સિવ્), *a.* આંચકો મારનાર; ચલાનાર; પ્રવર્તક; પ્રેરક. Having the power of impelling. **2.** મનસ્વી; લહેરી; આસરંગી. Acting under one's emotions.

Impulsiveness (ઇમ્પલ્સિવ્નેસ), *n.* લહેર; તરંગ; આસરંગ; પ્રેરકશક્તિ. A state of being impulsive.

Impunity (ઇમ્પ્યૂનિટિ), *n.* દંડની માફી; સજાની માફી; નુકશાનમાંથી છુટા રહેવું તે. Exemption from penalty or punishment.

Impure (ઇમ્યૂર્), *a.* મેલું; ગંદુ; મલિન; અપવિત્ર; ભેગવાળું; ખરાબ; અસ્વચ્છ. Foul; mixed with a baser quality; unchaste; obscene; unholy.

Impurity (ઈમ્પ્યૂરિટિ), *n.* મલિનતા; અપવિત્રતા; નાપાકપણું. A state of being impure; foulness; defilement. **2.** ભેગ; મિશ્રણ. An addition of foul matter.

Imputable (ઇમ્પ્યૂટેબલ), *a.* આરોપ મુકવાજોગ; ગુન્હેગાર ઠરાવવા લાયક; આરોપણીય. Accusable; chargeable; capable of being imputed.

Imputation (ઇમ્પ્યૂટેશન), *n.* આરોપ; તોહોમત; અપરાધ માથે ચઢાવવો તે. An accusation; an act of laying a charge against.

Impute (ઇમ્પ્યૂટ), *vt. pr. p.* **Imputing.** *imp. & p. p.* **Imputed.** આરોપ મુકવો; તકસીરવાન છે એમ ઠરાવવું;–નું છે એમ ગણવું. To accuse; to ascribe; to attribute.

In (ઇન્). *prep.* અંદર; મધ્યે; માંહે. Within; inside. *n.* નોકરી–ચાકરીમાં વળગેલો માણસ–આદમી. A person, employed or on work. *ad.* અંદર; માંહે. Within; inside; not out. **To be in for it,** ની તરફેણ કરવી; પક્ષ ખેંચ્યો. **In the name of,** ને વાસ્તે; ને માટે. **In blank,** ફક્ત નામ લખવામાં–થી. **To be in,** ઘરમાં હોવું.

Inability (ઇનૅબિલિટિ), *n.* અશક્તિ; અસામર્થ્ય; દુર્બળતા; ન આવડવું તે. A state of being unable; weakness; a want of knowledge.

Inaccessibility (ઇન્એક્સેસિબિલિટિ), *n.* દુર્ગમ્યતા; અભેદ્યતા; દુષ્પ્રાપ્યપણું. A state of being inaccessible.

Inaccessible (ઇન્એક્સેસિબલ), *a.* જવાય અવાય નહિ તેવું; અલભ્ય; દુષ્પ્રાપ્ય. Unobtainable; unattainable.

Inaccessibleness (ઇન્એક્સેસિબલનેસ), *n.* Same as, **Inaccessibility.**

Inaccuracy (ઇન્–ઍક્–ક્યૂરૅસિ), *n.* ભુલ; કસુર; ખોડ; દોષ; અશુદ્ધતા; અચોકસાઇ. Want of accuracy; an error; a mistake.

Inaccurate (ઇન્-ઍક્ક્યૂરેટ), *a.* ભુલચુકવાળું; ગફલતવાળું; અચોકસાઈવાળું; અશુદ્ધ; દોષવાળું. Not exact; containing some short-comings or errors.

Inaccurately (ઈન્–ઍક્ક્યૂરેટલિ), *ad.* અચોકસપણે; અશુદ્ધરીતે; ગફલતમાં. In an inaccurate way.

Inaction (ઇન્–ઍક્શન્), *n.* નિરૂદ્યોગ; આળસ; સુસ્તી. Idleness; a state of being inactive.

Inactive (ઇન્–ઍક્ટિવ્), *n.* સુસ્ત; નિરૂદ્યોગી; મંદ; ધીમું; અચેતન. Dull; idle; slow.

Inactively (ઇન્-ઍક્ટિવ્લિ), *ad.* સુસ્તપણે; ધીમે ધીમે; અચેતનપણે. In an inactive way; idly; slowly.

Inactivity (ઇન્ઍક્ટિવિટિ), *n.* મંદતા; સુસ્તી; ધીમાશ; અચૈતન્ય. Dulness; want of activity.

Inadequacy (ઈન્–ઍડીક્વૅસિ), *n.* અપૂર્ણતા; અયોગ્યતા; અનુચિતતા. Insufficiency; a defective state.

Inadequate (ઇન્ઍડીક્વેટ), *a.* અયોગ્ય; અઘટીત; અપૂર્ણ; ખૂટતું. Deficient; defective; insufficient.

Inadequately (ઇન્–ઍડીક્વેટલિ), *ad.* અયોગ્ય રીતે; અઘટીત રીતે; અપૂર્ણ રીતે. Insufficiently; in a defective way.

Inadequateness (ઇન–ઍડીક્વેટનેસ), *n.* Same as, **Inadequacy.**

Inadmissibility (ઇન્-ઍડ્મિસિબિલિટિ), *n.* કબુલ કરવા જેવું ન હોવું તે; અગ્રાહ્યતા; સ્વીકારી ન શકાય તેવી વસ્તુ–સ્થિતિ. A state of being inadmissible.

Inadmissible (ઇન્-ઍડ્મિસિબલ), *a.* કબુલ ન કરવા જોગ; અગ્રાહ્ય; અસ્વીકાર્ય; અમાન્ય. Incapable

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of being accepted or owned.

Inadvertence,-cy (ઇન્ઍડ્વર્ટન્સ,-ન્સિ), *n.* ગફલત; ચુક; ગાફેલપણું; અસાવધાનતા. Heedlessness; inattention.

Inadvertent (ઇન્-ઍડ્વર્ટન્ટ્), *a.* અસાવધ; ગાફેલ; પ્રમાદી, બેસુરત; ધ્યાન ન આપે તેવું. Heedless; inattentive to one's afiairs; careless.

Inadvertently (ઈન્-ઍડ્વર્ટન્ટ્લિ), *ad.* અસાવધપણે; બેસુરતપણે; પ્રમાદથી. In an inadvertent way.

Inalienable (ઇન્-એલિએનેબલ્), *a.* બીજાને ન અપાય તેવું; વંશપરંપરા ભોગવાય તેવું; વતની. Unalterable; unaltered.

Inamorata (ઇન્-ઍમોરૅટ), *n.* પ્રિય; આશક; સ્નેહી; કાન્ત. A male lover.

Inane (ઇનેન્), *a.* ઠાલું; પોકળ; ખાલી; શૂન્ય. Empty; void. *n.* ખાલી જગ્યા; પોલાણ. Vacuity; a hollow space.

Inanition (ઈન્-ઍનિશન્), *n.* ખાલીપણું; શૂન્યતા; પોકળતા. The void space; emptiness. **2.** લાંઘણ; લાંઘણની અસર. Exhaustion from want of food. [**Inanition.**

Inanity (ઇન્-ઍનિટિ), *n.* Same as,

Inanimate (ઈન્-ઍનિમેટ્), *a.* નિર્જીવ; જડ; અચેતન; બેજાન; નિશ્ચેષ્ટ. Free from life; dead; inert.

Inanimation (ઇન્-ઍનિમેશન્), *n.* નિર્જીવતા; જડતા; અચેતનપણું. A state of being inanimate.

Inanimateness (ઇન્-ઍનિમેટ્નેસ્), *n.* Same as, **Inanimation.**

Inappetence,-cy (ઇન્-ઍપ્પીટેન્સ્,-ન્સિ), *n.* ભુખ નહિ લાગવી તે; ક્ષુધા જતી રહેવી તે. Want of feeling hunger or appetite.

Inapplicable (ઇન્ઍપ્પ્લિકેબલ્), *a.* લાગુ પડે નહિ એવું; માફક ન આવે તેવું; અપ્રયોજ્ય. Not suited to the purpose; incapable of being applied.

Inapplicability (ઇન્-ઍપ્પ્લિકૅબિલિટિ), *n.* અનુરાગપણું; માફક ન આવે તેવી સ્થિતિ; લાગુ પડે નહિ તેવી બીના. A state of being inapplicable.

Inapplication (ઇન્-ઍપ્પ્લિકેશન્), *n.* પ્રવૃત્તિથી અલગ રહેવું તે; મન ન લાગવું તે. A state of being inapplicable.

Inappropriate (ઇન્-ઍપ્પ્રોપ્રિએટ્), *a.* લાગુ પડે નહિ એવું; અયોગ્ય; માફક ન આવે તેવું. Unsuitable; unsuited; unbecoming; improper.

Inappropriation (ઇન્ઍપ્પ્રોપ્રિએશન્), *n.* લાગુ પડે નહિ તેવો ગુણ; અયોગ્યતા; માફક ન આવે તેવી બીના. A state of being inappropriate.

Inapt (ઇન્-ઍપ્ટ્), *a.* લાગુ ન પડે તેવું; અયોગ્ય; અઘટિત. Unbecoming; unfit; improper.

Inaptness (ઇન્-ઍપ્ટ્નેસ્), *n.* અયોગ્યતા; અનુચિતતા. A state of being inapt.

Inaptitude (ઇન્-ઍપ્ટિટ્યૂડ્), *n.* નાલાયકી; અયોગ્યતા. Unfitness; a state of being unsuitable.

Inarticulate (ઇન્-આર્ટિક્યૂલેટ્), *a.* અસ્પષ્ટ; નહિ સમજાય તેવું; અસ્ફુટ. Not articulate; not clearly uttered.

Inarticulately (ઇન્-આર્ટિક્યૂલેટ્લિ), *ad.* અસ્પષ્ટ રીતે; નહિ સમજાય તેવી રીતે; અસ્ફુટપણે. In an inarticulate way.

Inarticulation (ઇન્-ઑર્ટિક્યૂલેશન્), *n.* અસ્પષ્ટ ઉચ્ચાર; નહિ સમજાય તેવા શબ્દોચ્ચારણ. An indistinct speech; an indistinct sound in speaking; a want of articulation.

Inarticulateness (ઇન્-આર્ટિક્યૂલેટ્નેસ્), *n.* Same as, **Inarticulation.**

Inattention (ઇન્-ઍટેન્શન્), *n.* અસાવધપણું; અનાદર; અલક્ષ; ગફલત; બેદરકારી; ઉપેક્ષા. Carelessness; heedlessness; a neglect.

Inattentive (ઇન્ઍટ્ટેન્ટિવ્), *a.* અસાવધ; બેદરકાર; ગાફીલ; ઉપેક્ષા કરનાર. Careless; heedless; negligent.

Inattentively (ઇન્ઍટેન્ટિવ્લિ), *ad.* પ્રમાદપૂર્વક; બેકાળજીપૂર્વક; બેદરકારીથી. In an inattentive way; carelessly. [as, **Inattention.**

Inattentiveness (ઈન્ઍટેન્ટિવ્નેસ્), *n.* Same

Inaudibility (ઇન્-ઑડિબિલિટિ), *n.* સાંભળી ન શકાય તેવી સ્થિતિ; કર્ણાગોચરતા. A state of being inaudible.

Inaudible (ઇન્-ઑડિબલ્), *a.* સંભળાય નહિ એવું; અશ્રાવ્ય; કર્ણાગોચર; અવાજ સિવાયનું; નિઃશબ્દ. Incapable of being heard; silent.

Inaudibleness (ઇન્-ઑડિબલ્નેસ્), *n.* Same as, **Inaudibility.**

Inaudibly (ઇન્-ઑડિબ્લિ), *ad.* સંભળાય નહિ તેવી રીતે; અવાજ ન સંભળાય તેવી રીતે. In an inaudible way.

Inaugurate (ઇન્-ઑગ્યૂરેટ્), *vt. pr. p.* **Inaugurating.** *imp. & p. p.* **Inaugurated.** અભિષેક કરવો; આરંભવું; વિધિપૂર્વક અધિકાર આપવો. To install; to dedicate. સ્થાપના કરવી; સવિધિ શરૂઆત કરવી. To begin ceremoniously.

Inauguration (ઇન્-ઑગ્યૂરેશન્), *n.* ક્રિયા સાથે કરેલો અભિષેક; વિધિપૂર્વકની સ્થાપના અથવા શરૂઆત. A formal beginning of any ceremony.

Inaugurator (ઇન્-ઑગ્યૂરેટર્), *n.* ક્રિયા સાથે અભિષેક કરાવનાર; વિધિપૂર્વક સ્થાપના કરાવનાર. One, who inaugurates.

Inauspicious (ઈન્-ઑસ્પિશસ્), *a.* અશુભ; અમંગળ; અપશુકનિયું; અનિષ્ટ. Ill-omened; unlucky; unfavourable.

Inauspiciously (ઇન્-ઑસ્પિશસ્લિ), *ad.* અશુભ રીતે; અમાંગલિક રીતે; અનિષ્ટરીતે; અપશુકનિયાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણે. Unluckily; unfavourably.

Inauspiciousness (ઇન્-ઑસ્પિશસ્નેસ્), *n.* અશુભ અથવા અનિષ્ટ હોવું તે; અમંગલિક સ્થિતિ. A state of being inauspicious.

Inauthontic (ઈન્ઑથેન્ટિક્), *a.* સાબીતી વિનાનું; અપ્રમાણ. Wanting in proof; unreal.

Inauthoritative (ઇન્ઑથૉરિટેટિવ્), *a.* પ્રમાણ વિનાનું; આધાર વિનાનું; સત્તા સિવાયનું. Having no authority.

Inboard (ઈન્બોર્ડ્), *ad.* વહાણમાં; વહાણ ઉપર. [On board of a vessel.

Inborn (ઇન્બૉર્ન્), *a.* સ્વાભાવિક; કુદરતી; સહજ; કુદરતી રીતે થયેલું. Natural; inherent.

Inbred (ઇન્બ્રેડ્), *a.* Same as, **Inborn.**

Incalculability (ઇન્-કૅલ્ક્યૂલૅબિલિટિ), *n.* બેસુમારપણું; અગણિતતા; અગણ્યતા. A state of being incalculable.

Incalculable (ઇન્-કૅલ્ક્યૂલેબલ્), *a.* અગણિત; બેસુમાર; અગણ્ય. Beyond calculation or reckoning.

Incalculably (ઇન્કૅલ્ક્યૂલેબ્લિ), *ad.* અગણિત; બેસુમાર રીતે; ન ગણી શકાય તેમ. In an incalculable way.

Incandescence (ઇન્કૅન્ડેસેન્સ્), *n.* અતિશય ગરમી; ઝગઝગાટ; તાપ. A state of glowing with heat.

Incantation (ઇન્કૅન્ટેશન્), *n.* જાદુ; ધંતરમંતર; મેલી વિદ્યા; વશીકરણ વિદ્યા. Enchantment; a black art; a spell.

Incapability (ઇન્કૅપૅબિલિટિ), *n.* નાલાયકી; અસામર્થ્ય; અયોગ્યતા; સમાવેશ કરવાની શક્તિ ન હોવી તે. A state of being incapable.

Incapable (ઈન્કૅપેબલ્), *a.* જેમાં માય નહિ એવું; દુર્બળ; અશક્ત; નબળું; શક્તિ સિવાયનું. Wanting in capacity to contain; weak; having no power to act. *n.* કંઇપણ કામ કરવાને અશક્ત માણસ. A man, physically or mentally weak.

Incapableness (ઇન્કૅપેબલ્નેસ્), *n.* Same as, **Incapability.**

Incapacitate (ઇન્કૅપૅસિટેટ્), *vt. pr. p.* **Incapacitating.** *imp.* & *p. p.* **Incapacitated.** અશક્ત કરવું; દુર્બળ બનાવવું; અયોગ્ય કરવું; કામ માટે નાલાયક ઠરાવવું. To make unable; to make unfit; to disqualify as weak.

Incapacitation (ઇન્કૅપૅસિટેશન્), *n.* અશક્તિ; દુર્બળતા; અયોગ્ય બનાવવું તે. An act of incapacitating.

Incapacity (ઈન્કૅપૅસિટિ), *n.* અશક્તિ; નાલાયકી; અયોગ્યતા; બુદ્ધિહીનતા. A want of power or capacity; a defect of intellectual power.

Incarcerate (ઇન્કાર્સરેટ્), *vt.* જેલમાં નાંખવું; તુરંગમાં મોકલવું; કેદ કરવું; પુરવું. To imprison; to confine.

Incarceration (ઈન્કાર્સરેશન્), *n.* કેદ; કેદમાં મોકલવું તે; બંધનયુક્ત બનવું તે. An imprisonment. **2.** શ્વાસ ગુંગળાવીને મારી નાંખવું તે. An act of strangulating.

Incarnate (ઇન્કાર્નેટ્), *a.* દેહ ધારી; મૂર્તિમાન; અવતારી; દેહના ગુણવાળું. Embodied in flesh; invested with human body. *vt.* અવતાર લેવો; મૂર્તિમાન થવું. To embody in flesh.

Incarnation (ઇન્કાર્નેશન્), *n.* અવતાર; શરીર અથવા દેહ ધારણ. An act of clothing with flesh; an act of taking human form or body.

Incase (ઇન્કેસ્), *vt. pr. p.* **Incasing.** *imp.* & *p. p.* **Incased.** ડબીમાં ઘાલવું-મુકવું; ઢાંકવું; લપેટી દેવું. To inclose in a case.

Incautious (ઇન્કૉશસ્), *a.* અસાવધ; ગાફેલ; પ્રમાદી; અસાવધાન. Careless; not cautious; heedless; unwary.

Incautiously (ઇન્કૉશસ્લિ), *ad.* અસાવધપણે; ગાફેલપણે; પ્રમાદપૂર્વક; બેફીકરાઇથી. Carelessly; negligently.

Incautiousness (ઈન્કૉશસ્નેસ્), *n.* અસાવધાનપણું; પ્રમાદ; બેકાળજી; બેફીકરાઈ. Heedlessness; unwariness.

Incendiarism (ઇન્સેન્ડિઍરિઝમ્), *n.* પારકાનું ઘર દ્વેષ ભાવથી બાળી નાંખવું તે; કોઇના ઘરમાં આગ સળગાવવી તે. An act of an incendiary.

Incendiary (ઇન્સેન્ડિએરિ), *a.* દ્વેષભાવથી પારકાનું ઘર બાળવાની બાબતમાં; દગાખોર. Of the malacious burning of a house. *n.* પારકાનું ઘર બાળનાર; આગ લગાડનાર. One, who sets fire to a house. **2.** (*fig.*) કજીઆ કરાવનાર; અંદર અંદર ટંટા કરાવનાર. One, who instigates or excites for quarrels.

Incense (ઇન્સેન્સ્), *n.* ધૂપ; ગંધ; ધૂપને માટે સુગંધી પદાર્થોની મેળવણી. The materials burnt for perfumes, etc. *vt.* ધૂપથી સુગંધાદાર બનાવવું; ધૂપ કરવો. To perfume with odour.

Incensive (ઈન્સેન્સિવ્), *a.* ધૂપવાળું; સુગંધીદાર; સુગંધીદાર પદાર્થોવાળું. Containing the odorous substance.

Incentive (ઇન્સેન્ટિવ્), *a.* ઉત્તેજન આપનાર; ઉત્તેજક; પ્રેરક; પ્રવર્તક. Encouraging; inciting; stirring. *n.* ઉત્તેજન; ઉશ્કેરણી; પ્રલોભન. A motive; that which promotes.

Incentively (ઇન્સેન્ટિવ્લિ), *ad.* ઉત્તેજનપૂર્વક; પ્રયોજનપૂર્વક. In an inciting way.

Inception (ઇન્સેપ્શન્), *n.* આરંભ; શરૂઆત; પ્રારંભ. A beginning; a commencement.

Inceptive (ઇન્સેપ્ટિવ્), *a.* આરંભનું; શરૂઆતનું. Of the beginning; pertaining to the beginning.

Inceptor (ઇન્સેપ્ટર્), *n.* આરંભ કરનાર; શરૂઆત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર. One who begins; a beginner.

Incertitude (ઇન્સર્ટિટ્યૂડ્), *n.* અનિશ્ચય; શંકા; વિકલ્પ; અનિર્ણય. Uncertainty; a doubt.

Incessant (ઇન્સેસન્ટ્), *a.* બંધ ન પડે તેવું; નિરંતર; ચાલુ; સતત. Continuous; unceasing; uninterrupted.

Incessantly (ઇન્સેસન્ટ્લિ), *ad.* સતત રીતે; નિરંતર રીતે; બંધ ન પડે તેવી સ્થિતિમાં. Continuously; unceasingly.

Incest (ઇન્સેસ્ટ્), *n.* નિકટ સગાં સાથે સંભોગ; અગમ્યાગમન; ગોત્ર ગમન. A sexual intercourse with a nearest relative.

Incestuous (ઇન્સેસ્ટ્યૂઅસ્), *a.* નિકટ સગાં સાથે સંભોગ કરનાર-વ્યભિચારી. Committing the crime of incest.

Inch (ઈન્ચ્), *n. pl.* **Inches.** તસુ; એક ફુટનો બારમો ભાગ. One-twelfth part of an inch. **2.** (*fig.*) અણીનો સમય-વેળા. A critical time. *vt. vi.* ધીમે ધીમે ખસેડવું-ખસવું; આઘા જવું; ધીમે ધીમે દૂર કરવું. To move slowly. **Inch by inch,** ઘણુંજ ધીમે; કીડીવેગે.

Inchoate (ઇન્કોએટ્), *vt.* શરૂઆત કરવી; પ્રારંભ કરવો. To begin; to commence. *a.* શરૂઆતનું; મૂળનું; મૂળ તત્વોને લગતું. Recently begun; rudimentary.

Inchoately (ઇન્કોએટ્લિ), *ad.* મૂળમાં; શરૂઆતમાં; પ્રારંભમાં. In a rudimentary state.

Incidence (ઇન્સિડેન્સ્), *n.* બનાવ; વૃત્તાંત; પ્રસંગ; ઘટના; બીના. An event; an occurrence. **Angle of incidence,** *n.* પતનકોણ. **Line of incidence,** *n.* પતનરેખા.

Incident (ઇન્સિડેન્ટ્), *n.* બનાવ; બીના; ઘટના; બાબત. An event; an occurrence; a happening. *a.* પ્રસંગોપાત; આવી પડેલું; નૈમિત્તિક; પ્રસ્તુત. Liable to happen; natural; occasional.

Incidental (ઇન્સિડેન્ટૅલ્), *a.* બનાવને લગતું; બીના અથવા ઘટનાનું; પ્રસંગોપાતનું. Occasional; pertaining to an event

Incidentally (ઇન્સિડેન્ટૅલ્-લિ), *ad.* પ્રસંગોપાત; પ્રસંગવસાત્; બની આવે ત્યારે; કોઇ કોઇ વખત. Occasionally; in an incident way.

Incipient (ઇન્સિપિએન્ટ્), *a.* આરંભનું; શરૂઆતનું; શરૂ થતું. Beginning; commencing.

Incision (ઇન્સિઝ્હન્), *n.* કાપો; છેદ; ચિરાડો; ચીરો; કાપવું તે. A cut; a wound; an act of cutting.

Incisive (ઇન્સાઇસિવ્), *a.* કાપે તેવું; ચિરાડો પાડે તેવું; છેદન કરે તેવું. Tending to a cut or a wound.

Incite (ઇન્સાઇટ્), *vt. pr. p.* **Inciting.** *imp.* & *p. p.* **Incited.** ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; ચઢાવવું; પ્રેરવું; દોરવું; શિખવવું. To rouse; to stir; to move to action.

Incitement (ઇન્સાઇટ્મેન્ટ્), *n.* ઉત્તેજન; ઉશ્કેરણી; પ્રોત્સાહન; શીખવણી. An encouragement; an impulse; a motive.

Incivil (ઇન્સિવિલ્), *a.* અસભ્ય; જંગલી; અવિવેકી; અવિનયી. Rude; impolite. **2.** અમુલ્કી; લશ્કરી. Not civil; military.

Incivility (ઇન્સિવિલિટિ), *n.* અસભ્યતા;અમર્યાદા; અવિવેક; અવિનય. Rudeness; impoliteness; immodesty. **2.** વર્તણુક; દુરાચરણ. A bad conduct; a misbehaviour.

Inclemency (ઇન્ક્લેમેન્સિ), *n.* નિર્દયપણું; નિર્દયતા; કઠોરતા; ઘાતકીપણું. Harshness; cruelty; severity of temper. **2.** તોફાનીપણું; સખ્તાઇ. Harshness; a state of being inclement.

Inclement (ઇન્ક્લેમેન્ટ્), *a.* નિર્દય; કઠોર; તોફાની; સખ્ત; ઘાતકી. Harsh; severe; tempestuous; stormy.

Inclemently (ઇન્ક્લેમેન્ટ્લિ), *ad.* નિર્દયતાથી; તોફાનપૂર્વક; ઘાતકીપણે. Cruelly; in an inclement way.

Inclinable (ઇનક્લીનેબલ્), *a.* વળી જાય એવું; લળી જાય એવું; નમનશીલ. Capable of being inclined; leaning.

inclination (ઇનક્લીનેશન્), *n.* મનનું વલણ; ઇચ્છા; ઝોક; મરજી; વલણ. A propensity; a bent of mind; an attitude; a favour. **2.** ઇચ્છિત વસ્તુ-પદાર્થ. A desired object or thing.

Incline (ઇન્ક્લાઇન્), *vt. vi. pr. p.* **Inclining.** *imp.* & *p. p.* **Inclined.** વાળવું; મરડવું; નમાવવું. To bend; to stoop; to bow. **2.** ઇચ્છવું; મરજી થવી-હોવી; વલણ હોવું. To desire; to have a feeling for. *n.* ઢોળાવ; ઢાળ; ઉતરણ. A slope; an inclined plane.

Inclose (ઇન્ક્લોઝ્), *pr. p.* **Inclosing.** *imp.* & *p. p.* **Inclosed.** બીડવું;-માં મૂકવું; ઘાલવું; લપેટવું. To cover with a case; to enclose.

Incloser (ઇન્ક્લોઝર્), *n.* બીડનાર;-માં મૂકનાર; લપેટનાર. One, who incloses.

Inclosure (ઇન્ક્લોઝર્), *n.* વાડો; વાડ; આડી આવતી ભીંત. A barrier; a fence. **2.** પરબીડીઆમાં મૂકેલો કાગળ; લખોટો. A written paper enclosed in an envelope.

Include (ઇન્-ક્લ્યૂડ્), *vt. pr. p.* **Including.** *imp.* & *p. p.* **Included.** સમાવવું; સમાવેશ કરવો; માંહે હોવું; અંદર સમાવેશ કરવો; અંતર્ભાવ હોવો. To contain; to hold; to comprehend.

Inclusion (ઇન્-ક્લ્યૂઝ્હન્), *n.* સમાવેશ; અંદર લેવું તે; ગણત્રી થવી તે; અંતર્ભાવ. An act of including.

Inclusive (ઇન્-ક્લ્યૂસિવ્), *a.* સુદ્ધાં; માં ગણત્રી થાય તેવું; સહિત. Including; reckoned al-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ready [સાથે. In an inclusive way.

Inclusively (ઈન્-ક્લ્યૂસિવ્લિ), *ad.* સહિત;

In-coercible (ઇન્-કોઅર્સિબલ્), *a.* રોકી ન શકાય તેવું; જોર ન આપી શકાય તેવું; દબાણથી જેનું પાણી ન થઈ શકે તેવું. Incapable of being coerced.

In-cognito (ઈન્-કૉગ્નિટો), *a.* ઓળખાય નહિ એવી રીતે; વેષ ધારણ કરીને; ગુપ્ત વેષે. In disguise; in an assumed character.

Incognizable (ઇન્કૉગ્નિઝેબલ્), *a.* ઓળખાય નહિ તેવું; જણાય નહિ તેવું. Incapable of being recognised. Also spelt as, **Incognisable.**

Incognizance (ઇન્કૉગ્નિઝન્સ્), *n.* ઓળખાય નહિ તેવી સ્થિતિ; બીજા માહિતગાર દશા-સ્થિતિ. A state of being incognizable. Also spelt as, **Incognisance.**

Incognizant (ઈન્કૉગ્નિઝન્ટ્), *a.* બીનમાહિતગારને ઓળખે નહિ તેવું; જાણે નહિ તેવું; અજાણ. Not cognizant.

Incoherence,-cy (ઇન્કોહીરેન્સ્,-ન્સિ), *n.* અસંબંધ; વિરોધતા; અસંગતિ; અસંયોગ. A want of adhesion; a state of being incoherent.

Incoherent (ઇન્કોહીરેન્ટ્), *a.* વિરૂદ્ધ; અળગું; છૂટું; અસંબંધવાળું; અસંયુક્ત. Unconnected; separate; inconsistent.

Incoherently (ઇન્કોહીરેન્ટ્લિ), *ad.* વિરૂદ્ધપણે; આડું અવળું; છુટક છુટક. In an incoherent way.

Incombustibility (ઇન્કૉમ્બસ્ટિબિલિટિ), *n.* અદાહ્યતા; નહિ સળગવાનો ગુણ; અદહનશીલતા. A state of being incombustible.

Incombustible (ઇન્કૉમ્બસ્ટિબલ્), *a.* સળગે નહિ એવું; અદાહ્ય; અદહનશીલ. Incapable of being combustible.

Income (ઇન્કમ્), *n.* આવક; આમદાની; કમાઇ; પેદાશ; પ્રાપ્તિ; ઉત્પન્ન. A gain or profit resulting from one's labour or efforts; an acquisition; a produce.

Incommensurable (ઇન્કૉમેન્શ્યૂરેબલ્), *a.* જેઓનું એકજ વસ્તુથી માપ થઈ શકે તેવું; શેષ રહ્યા શિવાય ભાગાય નહિ તેવું. Having no common measure.

Incommensurate (ઇન્કૉમેન્શ્યૂરેટ્), *a.* માફક ન આવે તેવું; અતૂલ્ય; અસમાન. Not adequate; not of equal measure.

Incommode (ઇન્કૉમોડ્), *vt.* અડચણ પાડવી; અગવડમાં નાંખવું; ઇજા દેવી; કલેશ કરાવવો. To give inconvenience; to trouble.

Incommodious (ઈન્કૉમોડિઅસ્), *a.* અગવડવાળું; સોઇ વગરનું; હરકત કરનારૂં. Causing inconvenience; inconvenient; troublesome.

Incommodiously (ઇન્કૉમોડિઅસ્લિ) *ad.* અગવડ ભરેલીરીતે; હરકત થાય તેવીરીતે; સોઇ સિવાય. In an incommodious way.

Incommunicability (ઇન્કૉમ્યૂનિકેબિલિટિ), *n.* બીજાને ન કહેવાય અથવા જણાવાય તેવી બીનાસ્થિતિ. A state of being incommunicable.

Incommunicable (ઇન્કૉમ્યૂનિકેબલ્), *a.* બીજાને કહેવાય નહિ તેવું; અનિવેદ્ય. Not communicable; incapable of being imparted to others.

Incommunicableness (ઇન્કૉમ્યૂનિકેબલનેસ્), *n.* Same as, **Incommunicability.**

Incomparable (ઇન્કૉમ્પરેબલ્) *a.* અતુલ્ય; અનુપમ; અપ્રતિમ; અદ્વિતીય; બીનહરીફ. Unequalled; unrivalled; peerless.

Incomparably (ઇન્કૉમ્પરેબ્લિ), *ad.* સર્વોત્તમ રીતે; અદ્વિતીયપણે; અનુપમરીતે. In an incomparable way.

Incompatibility (ઇન્કૉમ્પટિબિલિટિ), *n.* વિરૂદ્ધતા; અયુક્તતા; અસંગતતા. A state of being incompatible; inconsistence.

Incompatible (ઈન્કૉમ્પટિબલ્) *a.* વિરૂદ્ધ; વીપરીત; અયુકત; અસંગત. Inconsistent; disagreeable.

Incompatibly (ઇન્કૉમ્પટિબ્લિ), *ad.* વિપરીત રીતે; અસંગતપણે; વિરૂદ્ધપણે. In an incompatible way.

Incompetence,-cy (ઇન્કૉમ્પીટેન્સ્,-ન્સિ), *n.* અશક્તિ; અસામર્થ્ય; અયોગ્યતા; અપાત્રતા. Inability; a legal unfitness; inadequacy.

Incompetent (ઇન્કૉમ્પીટેન્ટ્), *a.* અશકત; અયોગ્ય; અસમર્થ; નાલાયક. Incapable; inadequate; unfit.

Incomplete (ઇન્કૉમ્પ્લીટ્), *a.* અધુરૂં; અસમાપ્ત; કાચું; અપૂર્ણ. Unfinished; defective.

Incompleteness (ઇન્કૉમ્પ્લીટ્નેસ્), *n.* અપૂર્ણતા; અધુરી સ્થિતિ; અસંપૂર્ણતા. A state of being incomplete; imperfection.

Incompletion (ઈન્કૉમ્પ્લીશન્), *n.* Same as, **Incompleteness.**

Incomprehensibility (ઇન્કૉમ્પ્રીહેન્સિબિલિટિ), *n.* ગહનતા; દુર્બોધતા; સમજી શકાય નહિ તેવી બાબત; અગ્રાહ્યતા. A state of being incomprehensible.

Incomprehensible (ઇન્કૉમ્પ્રીહેન્સિબલ્), *a.* સમજાય નહિ એવું; ગૂઢ; અકળ; દુર્લભ; અગ્રાહ્ય; દુર્બોધ; ગહન. Inconceivable; beyond the scope of intellect.

Incomprehensibleness (ઇન્કૉમ્પ્રીહેન્સિબલનેસ્), *n.* Same as, **Incomprehensibility.**

Incomprehension (ઈન્કૉમ્પ્રીહેન્સન્), *n.* ગહનતા; સમજી શકાય નહિ તેવી બાબત; અગમ્યતા. Want of understanding.

Incompressibility (ઈન્કૉમ્પ્રેસિબિલિટિ), *n.* અસંકોચનીયતા; દબાય નહિ તેવી સ્થિતિ. A state

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of being incompressible.

Incompressible (ઈન્કૉમ્પ્રેસિબલ્), *a.* દબાય નહિ એવું; અસંકોચનીય. Incapable of being compressible; opposing compression.

Inconceivable (ઈન્કૉન્સીવેબલ્), *a.* અકલ્પનીય; અતર્ક્ય; અભાવનીય; ગહન; અચિંત્ય; ગૂઢ; કલ્પી ન શકાય તેવું. Incomprehensible; beyond the possibility of being thought.

Inconclusive (ઇન્કૉન્ક્લ્યૂસિવ્), *a.* નિર્ણય ન નીકળે તેવું; અનિશ્ચયાત્મક; અપ્રમાણ. Having no final conclusion; not conclusive.

Incondite (ઈન્કૉન્ડાઇટ્), *a.* અસભ્ય; જંગલી; ગમાર; મર્યાદા વિનાનું. Rude; impolite.

Incongruence (ઇન્કૉન્ગ્રૂએન્સ્), *n.* વિરૂદ્ધતા; અસમાનતા; અસમાન સ્થિતિ. A state of being incongruent.

Incongruent (ઇન્કૉન્ગ્રૂએન્ટ્), *a.* અસંગત; વિરૂદ્ધ; અસંભવિત. Unsuitable; inconsistent.

Incongruity (ઇન્કૉન્ગ્રૂઇટિ), *n.* વિરૂદ્ધતા; અસંગતપણું; અસંભવિત સ્થિતિ. A state of being incongruent.

Incongruous (ઇન્કૉન્ગ્રૂઅસ્), *a.* અસંભવિત; અસંગત; અયોગ્ય; અયુક્ત; વિરૂદ્ધ. Inconsistent; unsuitable. [Same as, **Incongruity.**

Incongruousness (ઇન્કૉન્ગ્રૂઅસ્નેસ્), *n.*

Inconsiderable (ઈન્કૉન્સિડરેબલ્), *a.* ધ્યાનમાં ન લેવા જોગ; હલકું; અલ્પ; ક્ષુદ્ર; નજીવું. Unimportant; not worth noting; trivial.

Inconsiderableness (ઇન્કૉન્સિડરેબલનેસ્), *n.* અલ્પપણું; ક્ષુદ્રતા; નજીવી બીના. A state of being inconsiderable; triviality.

Inconsiderably (ઇન્કૉન્સિડરેબ્લિ); *ad.* ધ્યાનમાં ન લઇ શકાય તેવી રીતે; અલ્પપણે; નજીવી રીતે. In an inconsiderable way; in a trivial manner.

Inconsiderate (ઇન્કૉન્સિડરેટ્), *a.* અવિચારી; અવિવેકી; બીજાનું મન ન પુરે તેવું; વિચારશૂન્ય. Thoughtless; hasty; rash; imprudent.

Inconsiderateness (ઇન્કૉન્સિડરેટ્નેસ્), *n.* અવિચારી; અવિવેક; વિચારશૂન્યતા. A state of being inconsiderate.

Inconsiderately (ઇન્કૉન્સિડરેટ્લિ), *ad.* અવિચારપણે; અવિવેકપૂર્વક; સાહસપૂર્વક; ઉતાવળમાં. In a hasty way; thoughtlessly.

Inconsistence,-cy (ઈન્કૉન્સિસ્ટેન્સ,-ન્સિ), *n.* એક બીજાથી ઉલટું હોવું તે; વિરોધ વૃત્તિ હોવી તે; અસ્થીરતા; ઢચુપચુ રહેવું તે. A state of being inconsistent.

Inconsistent (ઇન્કૉન્સિસ્ટેન્ટ્), *n.* એક બીજાથી ઉલટું; વિરોધી; ચંચળ મનનું; અદૃઢ; અસ્થિર. Contradictory; not consistent.

Inconsolable (ઇન્કૉન્સોલેબલ્), *a.* શાંત ન બને તેવું; શોકાતુર; નિર્વિનોદ. Incapable of being consoled.

Inconsolably (ઈન્કૉન્સોલેબ્લિ), *ad.* શાંત ન બને તેવી રીતે; શોકમાં; શોકાતુર રીતે. In an inconsolable way.

Inconspicuous (ઇન્કૉન્-સ્પિક્યૂઅસ્), *a.* સહેલાઇથી ન જોઈ શકાય તેવું; અદર્શનીય. Not to be seen easily.

Inconstancy (ઇન્કૉન્સ્ટૅન્સિ), *n.* અસ્થિરતા; ચપળતા; ચંચળતા; વિકારીપણું. A state of being inconstant; unsteadiness.

Inconstant (ઇન્કૉન્સ્ટૅન્ટ્), *a.* ચલિત; અસ્થિર; ચંચળ; વિકારી. Unsteady; fickle; variable; changeable.

Incontestable (ઇન્કૉન્ટેસ્ટેબલ્), *a.* નિર્વિવાદ; બેતકરાર; નિઃશંક; નિઃસંદેહ. Doubtless; incapable of admitting any dispute.

Incontinence,-cy (ઇન્કૉન્ટિનેન્સ,-ન્સિ), *n.* વ્યભિચાર; છિનાળું; લંપટતા; ઇંદ્રિઓને વશ થઇ પડવું તે; અસંયમ. Lewdness; a state of being incontinent.

Incontinent (ઈન્કૉન્ટિનેન્ટ્), *a.* વ્યભિચારી; અસંયમી; અજીતેંદ્રિય. Lewd; sensuous; unchaste.

Incontrovertibility (ઇન્કૉન્ટ્રોવર્ટિબિલિટિ), *n.* સુનિશ્ચિતતા; નિઃસંદેહપણું; તકરાર વિનાનું હોવું તે. A state of being incontrovertible; doubtlessness.

Incontrovertible (ઇન્કૉન્ટ્રોવર્ટિબલ્), *a.* તકરાર સિવાયનું; નિર્વાદ; અખંડનનીય. Indisputable; free from any dispute.

Incontrovertibleness (ઇન્કૉન્ટ્રોવર્ટિબલનેસ્), *n.* Same as, **Incontrovertibility.**

Inconvenience (ઇન્કૉન્વીનિએન્સ્), *n.* અડચણ; અગવડ; ગેરસોઇ; સગવડતા, વિ. ની ખામી અથવા અછત. A state of being inconvenient. *vt.* અગવડમાં નાંખવું; અગવડમાં ઉતારવું. To put to inconvenience.

Inconvenient (ઈન્કૉન્વીનિએન્ટ્), *a.* અયોગ્ય; અડચણવાળું; અઘટિત; અનુચીત; અગવડતા ભરેલું. Not convenient; causing some trouble; inopportune.

Inconveniently (ઇન્કૉન્વીનિએન્ટ્લિ), *ad.* અયોગ્યરીતે; અઘટીતરીતે; અગવડતાપૂર્વક. In an inconvenient way.

Inconversant (ઇન્કૉન્વર્સન્ટ્), *a.* અજાણ; માહીતીવિનાનું; કોઇપણ બીના અથવા બાબતમાં અજ્ઞાન. Unfamiliar; not knowing.

Inconvertibility (ઇન્કૉન્વર્ટિબિલિટિ), *n.* ફેરવી ન શકાય તેવી સ્થિતિ; હેરફેર વિનાની સ્થિતિ. A state of being inconvertible.

Inconvertible (ઇન્કૉન્વર્ટિબલ્), *a.* ફેરવાય નહિ તેવું; બદલાય નહિ એવું; નાં નાણાં ન મળે તેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Incapable of being converted; not convertible.

Incorporate (ઇન્કૉર્પોરેટ), *vt. vi.* ભેળવી દેવું; એક સરખું કરવું; જોડવું. To mix; to unite; to join into one. **2.** શરીરમાં મુકવું; સાકાર બનાવવું —કરવું. To embody. **3.** જોડાવું; ભળી જવું; સાકાર બનવું. To be mixed or united. *a.* સંયુક્ત; જોડાયેલું; મિશ્ર. United; mixed.

Incorporation (ઇન્કૉર્પોરેશન્), *n.* મેળવી દેવું તે; સંયોગ; મિશ્રણ; સનંદી મંડળી કરવી તે; મેળાપ; સંબંધ. An act of incorporating; an association; a union, established by law.

Incorporeal (ઇન્કૉર્પોરીઍલ્), *a.* શરીર વિનાનું; નિરાકાર; વિદેહી; નિરવયવ; અદૈહિ. Not consisting of matter or of body; immaterial.

Incorrect (ઇન્કૉરેક્ટ), *a.* અશુદ્ધ; ભુલચુકવાળું; ખામીવાળું; ખોટું; ગલત; ભુલવાળું. Erroneous; faulty; not correct.

Incorrectly (ઇન્કૉરેક્ટલિ), *ad.* અશુદ્ધરીતે; ભુલચુક ભરેલી રીતે; ભુલ ભરેલી સ્થિતિમાં. In an incorrect way; erroneously.

Incorrectness (ઇન્કૉરેક્ટનેસ્), *n.* અશુદ્ધતા; ભુલચુકવાળું હોવું તે; ગલત. A state of being incorrect.

Incorrigibility (ઇન્કૉરિજિબિલિટિ), *n.* સુધરે નહિ તેવી સ્થિતિ; અતીશય બગડી ગએલી હાલત; વંઠેલપણું. A state of being incorrigible.

Incorrigible (ઇન્કૉરિજિબલ્), *a.* સુધરે નહિ એવું; અતીશય બગડી ગયેલું અથવા વંઠી ગયેલું; અસાધ્ય; દુષ્ટ; વંઠેલ. Incapable of being amended or corrected. *a.* વંઠેલ પુરૂષ; અતિદુષ્ટ પુરૂષ; આડે માર્ગે ચડી ગયેલ આદમી. A person who is beyond correction.

Incorruptibility (ઇન્કૉરપ્ટિબિલિટિ), *n.* અવિકાર; અવિનાશીપણું; અતિ પ્રમાણિકપણું; ચોખ્ખાઇ. Incapability of corruption.

Incorruptible (ઇન્કૉરપ્ટિબલ્), *a.* અવિકારી; પ્રમાણિક; ચોખ્ખું. Incapable of corruption or dissolution.

Incorruptibleness (ઇન્કૉરપ્ટિબલ્નેસ્), *n.* Same as, **Incorruptibility.**

Incorruption (ઇન્કૉરપ્શન્), *n.* અવિકારીપણું; પ્રમાણિકપણું; ચોખ્ખાઇ. Purity; a state of being incorruptible.

Increase (ઇન્ક્રીઝ), *n.* વધારો; વૃદ્ધિ; નફો. A produce; a profit; a growth. **2.** સંતતિ; છોકરો; સંતાન. A progeny; an issue. *vt. vi.* ઉગવું; વધવું; મોટા થવું; વિસ્તાર પામવો. To grow; to extend; to be fertile. **2.** ફેલાવવું; વધારવું; ભારે કરવું; વિસ્તારવું. To make larger; to augment.

Increasable (ઇન્ક્રીઝેબલ્), *a.* વૃદ્ધિકારક; વધારી શકાય એવું; ફેલાવી શકાય એવું; ઉન્નત કરી શકાય એવું. Capable of being increased.

Increaser (ઇન્ક્રીઝર્), *n.* વૃદ્ધિ કરનાર; વિસ્તાર કરનાર; વધારનાર. One, who increases.

Incredibility (ઇન્ક્રેડિબિલિટિ), *n.* અવિશ્વાસ; અણપતીજ; અશ્રદ્ધા. A quality of being incredible.

Incredible (ઇન્ક્રેડિબલ્), *a.* અવિશ્વાસ્ય; માની ન શકાય તેવું; બેઇતબારી; શ્રદ્ધા ન મુકાય તેવું. Capable of any belief; not credible.

Incredibleness (ઇન્ક્રેડિબલ્નેસ્), *n.* Same as, **Incredibility.**

Incredibly (ઇન્ક્રેડિબ્લિ), *ad.* માની ન શકાય તેવી રીતે; શ્રદ્ધા ન મુકાય તેવી સ્થિતિમાં; અશ્રદ્ધાપૂર્વક. In an incredible way.

Incredulity (ઇન્ક્રેડ્યૂલિટિ), કોઈની વાતમાં અવિશ્વાસ; અણભરોસો; અપતીજ; અશ્રદ્ધા. A disbelief; a condition of being incredulous.

Incredulous (ઇન્ક્રેડ્યૂલસ્), *a.* અવિશ્વાસી; અશ્રદ્ધાવાળું; પતીજ નહિ રાખનાર; શંકાશીલ. Sceptical; not readily believing.

Incredulousness (ઇન્ક્રેડ્યૂલસનેસ્), *n.* Same as, **Incredulity.**

Incredulously (ઇન્ક્રેડ્યૂલસલિ), *ad.* અવિશ્વાસ પણે; અશ્રદ્ધાપૂર્વક. In an incredulous way.

Increment (ઇન્ક્રીમેન્ટ), *n.* વધારો; વૃદ્ધિ; ઉપજ; ઉમેરો. An increase; a produce; an addition.

Incriminate (ઇન્ક્રિમિનેટ), *vt. pr. p.* **Incriminating.** *imp. & p. p.* **Incriminated.** તોહોમત મુકવું; આળ મુકવું; ગુન્હેગાર ઠરાવવું. To accuse; to lay a charge against.

Incrust (ઇન્ક્રસ્ટ), *vt.* થરે ચઢાવવું; પોપડા બાઝવા; થર બાઝવા. To cover with a case; to be crusty.

Incrustation (ઇન્ક્રસ્ટેશન્). *n.* થર; પડ; પોપડો. An outer coating or a layer; a crust.

Incubate (ઇન્ક્યૂબેટ), *vi.* સેવવું; ઇંડાનું પોષણ કરવું; ઇંડા સેવવા ઉપર બેસવું. To sit on the eggs for hatching.

Incubus (ઇન્ક્યૂબસ્), *n.* નઠારૂં સ્વપ્ન; ખરાબ સ્વપ્ન. A bad dream; a dream causing alarm or dread. **2.** ભૂત; સેતાન; ખવિસ. A demon; an evil spirit.

Inculcate (ઇન્કલ્કેટ), *vt. pr. p.* **Inculcating.** *imp. & p. p.* **Inculcated.** મનમાં ઉતારવું–ઠસાવવું; બોધ કરવો; ઘડીએ ઘડીએ ઉપદેશ આપીને સુધારવું. To impress upon; to admonish; to urge upon the mind.

Inculcation (ઇન્કલ્કેશન્), *n.* વારંવાર આપેલો બોધ—ઉપદેશ; હરઘડીએ અપાતી શિખામણ. A frequent admonition; an instruction.

Inculcator (ઇન્કલ્કેટર્), *n.* વારંવાર ઉપદેશ આપનાર; બોધક; શિખામણ આપનાર. One, who

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

inculcates.

Inculpable (ઈન્કલ્પેબલ્), *a.* નિરપરાધી; નિર્દોષ; ગુન્હાને પાત્ર ન હોય તેવું. Not guilty; faultless; blamable.

Inculpableness (ઈન્કલ્પેબલ્નેસ્), *n.* નિર્દોષતા; નિરપરાધી સ્થિતિ. A state of being inculpable.

Inculpate (ઈન્કલ્પેટ્), *vt. pr. p.* **Inculpating.** *imp. & p. p.* **Inculpated.** દોષ મુકવો; ઠપકો દેવો. To blame; to censure. **2.** (*Law*) ગુન્હેગાર ઠરાવવો; દોષીત ગણવું. To accuse of a crime; to impute guilt.

Inculpatory (ઈન્કલ્પેટોરિ), *a.* ગુન્હો સાબીત કરે તેવું; દોષિત ઠરાવવું; દોષિત ગણે તેમ. Tending to inculpate.

Incumbent (ઇન્કમ્બેન્ટ્), *a.* આશ્રિત; અવલંબિત; આવશ્યક; કોઈ જગ્યા ઉપર હોનારૂં. Supported by; lying on; resting on. **2.** ફરજીઆત; આવશ્યક; ફરજ દાખલ રહેલું. Obligatory; resting upon a person as a duty.

Incumber (ઈન્કમ્બર્), *vt.* ગભરાવવું; ગુંચવવું; મુંઝવણમાં નાંખવું. To confuse; to obstruct; to puzzle.

Incur (ઈન્કર્), *vt. pr. p.* **Incurring.** *imp. & p. p.* **Incurred.** પોતાપર ખેંચી લેવું; વહોરી લઈ લેવું;–પર લાવવું; જવાબદાર રહેવું. To become liable; for; to expose to danger.

Incurrence (ઈન્કરેન્સ્), *n.* પોતાપર ખેંચી લેવું તે; જવાબદારી;—માથે લઈ લેવું તે. An act of incurring.

Incurability (ઈન્ક્યૂરેબિલિટિ), *n.* અસાધ્યતા; (રોગ) સારૂં નહિ થવું તે; બેઇલાજ. A condition of being incurable.

Incurable (ઇન્ક્યૂરેબલ્), *a.* સારૂ થાય નહિ એવું; અસાધ્ય; બેઇલાજ; નિરૂપાય. Not admitting any remedy; incapable of being cured.

Incurableness (ઇન્ક્યૂરેબલનેસ્), *n.* Same as, **Incurability.**

Incuriosity (ઈન્ક્યૂરિઑસિટિ), *n.* નહિ જાણવાની ઈચ્છા; બેપરવાઈ. A state of being incurious.

Incurious (ઈન્ક્યૂરિઅસ્), *a.* જાણવાની ઈચ્છા વિનાનું; જીજ્ઞાસા રહિત; અજીજ્ઞાસુ. Not curious; devoid of curiosity.

Incuriously (ઈન્ક્યૂરિઅસલિ), *ad.* જીજ્ઞાસારહિત અવસ્થામાં; અજીજ્ઞાસુપણે. In an incurious way.

Incuriousness (ઈન્ક્યૂરિઅસનેસ્), *n.* Same as, **Incuriosity.**

Incursion (ઈન્કર્શન્), *n.* આક્રમણ; પરમુલક ઉપરનો હુમલો; ચઢાઈ. *n.* A severe attack; an inroad; an invasion.

Incursive (ઈન્કર્સિવ્), *a.* પરમુલક ઉપર આક્રમણ કરતું; હુમલો કરતું; ચઢાઈ કરે તેવું. Making an attack.

Incus (ઈન્કસ્), *n.* કાનની અંદરનું હાડકું. A bone [of the interior of the ear.

Indebted (ઈન્ડેટેડ્), *a.* દેવાદાર; કરજદાર; આભારી; કૃતજ્ઞી; ઉપકૃત. Being under a debt; thankful; obliged.

Indebtedness (ઇન્ડેટેડ્નેસ્), *n.* દેવું; કરજ; ઋણ; આભાર; ઉપકાર. A state of being indebted; an obligation; a thankfulness.

Indecency (ઈન્ડીસેન્સિ), *n.* બિભત્સપણું; નિર્લજ્જપણું; અયોગ્યતા; અનીતિ. Grossness in manner; immodesty.

Indecent (ઇન્ડીસેન્ટ્), *a.* નિર્લજ્જ; અમર્યાદ; ઉઘાડું; નાગું; સાંભળીને અથવા જોઈને શરમ આવે તેવું. Immodest; shameless; naked; unfit to be heard or seen.

Indecision (ઇન્ડીસિશન્), *n.* અનિશ્ચય; અનિર્ણય; સંદેહ; સંકલ્પ વિકલ્પ. A wavering state of mind; a want of decision.

Indecisive (ઈન્ડીસાઇસિવ્), *a.* નિર્ણય થાય નહિ એવું; નિકાલ આવે નહિ એવું; અનિર્ણયાત્મક; સવિકલ્પ. Not arriving at a final issue; unsettled; unsteady.

Indecisively (ઈન્ડીસાઈસિવ્લિ), *ad.* નિર્ણય ન થઈ શકે તેવી રીતે; નિકાલ ન આવે તેવી રીતે; અનિર્ણયાત્મકરીતે. In an unsettled way; in an indecisive manner.

Indecisiveness (ઈન્ડીસાઈસિવનેસ્), *n.* Same as, **Indecision.**

Indeclinable (ઈન્ડીક્લાઈનેબલ્), *a.* અવિકારી; જાતિ, વચન, નહિ લાગે તેવું (વ્યાકરણમાં). Unchangeable by terminations. *n.* અવ્યય; અવિકારીપદ. A word, which is not declined.

Indecorous (ઇન્ડીકોરસ્), *a.* અઘટિત; અયુક્ત; ન છાજે તેવું. Improper; unbecoming.

Indecorously (ઇન્ડીકોરસલિ), *ad.* અઘટિતરીતે; અયુક્તરીતે; ન છાજે તેવી રીતે. Improperly; in an indecorous way.

Indecorum (ઈન્ડીકોરમ્), *n.* અવિનય; અસભ્યતા; અયોગ્ય કર્મ. Impropriety of conduct; rudeness.

Indeed (ઈન્ડીડ્), *ad.* ખરેખર; ખચ્ચિત; અવશ્ય; વસ્તુતઃ. In reality; really; truly.

Indefatigability (ઈન્ડીફૅટિગેબિલિટિ), *n.* અતિપરિશ્રમી બનવું તે; અશ્રમીત થવું તે; થાકયા સિવાય કામ કર્યા જવું તે. A state of being indefatigable.

Indefatigable (ઈન્ડીફૅટિગેબલ્), *a.* થાકી નહિ જાય તેવું; થાકયા સિવાય કામ કરે જાય તેવું; અતિપરિશ્રમી; ખંતીલું. Not tired; not yielding to fatigue; unwearied.

Indefatigably (ઈન્ડીફૅટિગેબ્લિ), *ad.* થાકી ન જાય તેવી રીતે; ખંતથી; થાકયા સિવાય. In an unwearied state.

Indefeasible (ઈન્ડીફીઝિબલ્), *a.* રદ ન કરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકાય તેવું; અખંડનીય; અચ્છેદનીય. Incapable of being defeasible; unrefutable.

Indefinite (ઇન્ડેફિનિટ્), *a.* અનિશ્ચિત; અનિયમિત; બેસુમાર; બેહદ; મર્યાદા રહિત; મોઘમ. Not fixed; undetermined; uncertain.

Indefinitely (ઈન્ડેફિનિટ્લિ), *ad.* અનિશ્ચિતપણે; અનિયમિત રીતે; મોઘમપણે. In an indefinite way.

Indefiniteness (ઇન્ડેફિનિટ્નેસ્), *n.* અનિશ્ચितતા; બેસુમારપણું; અનિયમિતપણું. A state of being indefinite.

Indelibility (ઈન્ડેલિબિલિટિ), *n.* અક્ષયતા; રદ ન થઇ શકે તેવી સ્થિતિ; ભુંસાઈ ન શકે તેવી બાબત. A state of being indelible.

Indelible (ઈન્ડેલિબલ્), *a.* ભુંસાઈ નહિ તેવું; ખુબ ચોંટી ગયેલું; અક્ષય; રદ ન થઈ શકે તેવું; મોકૂફ ન થાય તેવું. Incapable of being blotted; imperishable. [**Indelibility.**

Indelibleness (ઈન્ડેલિબલનેસ્), Same as,

Indelibly (ઈન્ડેલિબ્લિ), *ad.* ભુંસાઈ નહિ તેવી રીતે; રદ ન થઈ શકે તેવી રીતે; મોકૂફ ન થાય તેમ. In an indelible way.

Indelicacy (ઇન્ડેલિકેસિ), *n.* નિર્લજ્જતા; બેશરમીપણું; બેમલાઝો; અસભ્યતા. Want of delicacy; rudeness.

Indelicate (ઇન્ડેલિકેટ્), *a.* બેશરમ; અસભ્ય; નિર્લજ્જ; અમર્યાદ. Rude; unmannerly; indecent.

Indemnification (ઇન્ડેમ્નિફિકેશન્), *n.* નુકશાનથી બચાવવું તે; નુકશાન ભરી આપવું તે. An act of indemnifying.

Indemnify (ઈન્ડેમ્નિફાય્), *vt.* નુકશાન ભરી આપવું; ખોટ અથવા નુકશાનથી બચાવવું. To secure against loss or damage.

Indemnity (ઈન્ડેમ્નિટિ), *n.* નુકશાની ન થવાની રાહત; સજા ન થવાની હામી. Security; insurance. **2.** નુકશાની ભરી આપવી તે; નુકશાની. Security from any loss; a loss; a damage.

Indent (ઈન્ડેન્ટ્), *n.* મંગાવેલા માલની યાદી; માલની નોંધ. An order for goods. **2.** ખાંચ; કોરણ. A notch. **3.** સિક્કો; છાપ. A stamp; an impression. *vt.* લખીને માલ મંગાવવો; સામાનને માટે 'ઓર્ડર' નોંધાવવો. To send for an order of goods. **2.** ખાંચ પાડવી; ધાર પાડવી; કોરણ કરવી. To mark with a notch.

Indentation (ઈન્ડેન્ટેશન્), *n.* દાંતો; ખાંચ; ખાંચખુંચ. A notch; a cut.

Indenture (ઈન્ડેન્ટ્યૂર્), *n.* કરારનામું; પ્રતિજ્ઞાપત્ર; ખત. A mutual agreement; a bond; a document. **2.** ખાંચ પાડવી તે; દાંતો; ખાંચ. An act of making a notch; a cut. *vt.* કરારથી બાંધી લેવું; લખત અથવા ખતથી બાંધવું. To bind by an agreement. **2.** ખાંચ પડવી; ધાર ખરવી. To be notched.

Independence,-cy (ઇન્ડીપેન્ડેન્સ્,-ન્સિ), *n.* સ્વતંત્રતા; આપ અખત્યારી; છૂટ; અપરાધીનતા. A state of being independent.

Independent (ઈન્ડીપેન્ડેન્ટ્), *a.* સ્વતંત્ર; આપ અખત્યાર; મોકળું; છૂટું. Not depending on others; free; unrestrained; self-directing. **2.** જુદું; નિરાળું; અલગ. Separate; unconcerned.

Independently (ઇન્ડીપેન્ડેન્ટ્લિ), *ad.* સ્વતંત્ર રીતે; મોકળે હાથે; મરજી મુજબ; સ્વાધીનપણે. In an independent way; freely.

Indescribable (ઇન્ડીસ્ક્રાઇબેબલ્), *a.* અવર્ણનીય; અવાચ્ય; અકથનીય. Incapable of being described.

Indescribably (ઇન્ડીસ્ક્રાઇબેબ્લિ), *ad.* અવર્ણનીયરીતે; અકથનીય સ્થિતિમાં; વર્ણન ન થઈ શકે તેવી રીતે. In an indescribable way.

Indesirable (ઇન્ડીઝાયરેબલ્), *a.* ન ઈચ્છવા જેવું; ઈચ્છી ન શકાય તેવું. Undesirable.

Indeterminable (ઈન્ડીટર્મિનેબલ્), *a.* નક્કી ન કરાય તેવું; નિશ્ચિત ન થઈ શકે તેવું; અકથનીય. Incapable of being determined.

Indeterminate (ઈન્ડીટર્મિનેટ્), *a.* અનિશ્ચિત; નક્કી નહિ થયેલું; અચોક્કસ. Uncertain; not precise; indefinite.

Indeterminately (ઈન્ડીટર્મિનેટ્લિ), *ad.* અનિશ્ચિતપણે; નક્કી નહિ થાય તેવી રીતે; અચોક્કસ રીતે. In an indeterminate way; unprecisely.

Indetermination (ઇન્ડીટર્મીનેશન્), *n.* અનિશ્ચય; આનાકાની. A wavering state of mind.

Indetermined (ઈન્ડીટર્મિન્ડ્), *a.* અનિશ્ચિત; મોઘમ કરેલું; અચોક્કસ. Unsettled; not fixed.

Index (ઈન્ડેક્સ્), *n. pl.* **Indexes; Indices.** અનુક્રમણિકા; સાંકળિયું; પ્રસ્તાવના. A table of reference in a book. **2.** માર્ગ સૂચક તરીકે મૂકવામાં આવતો હાથ (☞); દર્શક. A pointer; a hand painted to show or point out a road. **2.** ઘાત ચિન્હ; ઘાત. A figure showing the power or root in Algebra.

India (ઈન્ડિઍ,-આ), *n.* હિંદુસ્તાન; ભારતવર્ષ. One of the countries, in Asia.

Indiaman (ઈન્ડિઍમૅન્), *n.* હિંદુસ્તાન સાથે વેપાર કરનાર મોટું વહાણ. A large vessel, trading with India.

Indian (ઈન્ડિઍન્), *a.* હિંદુસ્તાનનું; ભારતવર્ષનું. Of India; pertaining to India. **Indian-corn,** *n.* મકાઈ. **Indian-fig-tree,** *n.* વડનું ઝાડ. **Indian-rubber,** *n.* રબર.

Indicate (ઈન્ડિકેટ્), *vt. pr. p.* **Indicating.** *imp. & p. p.* **Indicated.** દેખાડવું; દર્શાવવું; બતાવવું; સૂચવવું; કથિત કરવું. To point out; to show; to suggest.

Indication (ઈન્ડિકેશન્), *n.* ચિન્હ; લક્ષણ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાડવું તે; છાયા; નિશાન; ઈશારો. A mark; a token; a characteristic; a sign.

Indicative (ઈન્ડિકેટિવ્), *a.* બોધક; દેખાડનાર; સૂચવનાર. Pointing out; bringing to notice directly.

Indicatively (ઈન્ડિકેટિવ્લિ), *ad.* સૂચવી શકાય તેવી રીતે; દર્શાવી શકાય તેમ; બતાવી શકાય તેવી રીતે. In a clear way as can be indicated.

Indicator (ઈન્ડિકેટૉર્), *n.* સૂચન કરનાર; બતાવનાર; દર્શાવનાર. One who indicates.

Indict (ઇન્ડાઇટ્), *vt.* તોહોમત મુકવું; દોષ મુકવો; દોષિત કરાવવું. To accuse; to charge with a crime.

Indicter,-or (ઇન્ડાઇટર્), *a.* તોહોમત મુકનાર; દોષિત ઠરાવનાર. One, who indicts.

Indictment (ઈન્ડાઇટ્મેન્ટ્), *n.* તોહોમત; આરોપ; દોષારોપ. An accusation; a charge with a crime.

Indifference (ઇન્ડિફ્-ફ્રેન્સ્), *n.* બેપરવાઈ; બેતમા; વિરકતતા; ઉદાસીનતા; અનપેક્ષા; અનાદર. Carelessness; want of care or anxiety; an absence of feeling or love.

Indifferent (ઈન્ડિફ્-ફ્રેન્ટ્), *a.* બેપરવા રાખનાર; બેકાળજી ધરાવનાર; નિસ્પૃહી; તમા વિનાનું. Careless; unconcerned; feeling no interest.

Indifferently (ઇન્ડિફ્-ફ્રેન્ટ્લિ), *ad.* નિસ્પૃહપણે; બેતમાથી; પરવા રાખ્યા સિવાય; કોઇનો પક્ષ ન ખેંચાય તેવી રીતે. In an indifferent way.

Indigenous (ઇન્ડિજીનસ્), *a.* ગામઠી; દેશી; મુલ્કી; દેશમાં બનેલું. Country; native; produced naturally in one's own country.

Indigent (ઇન્ડિજેન્ટ્), *a.* ગરીબ; કંગાલ; દરિદ્ર; દીન. Poor; needy.

Indigence,-cy (ઇન્ડિજેન્સ્,-ન્સિ), *n.* ગરીબાઈ; કંગાલીઅત; દરિદ્રતા. Poverty; penury; a condition of being indigent.

Indigestible (ઇન્ડિજેસ્ટિબલ્), *a.* ન પચે તેવું, અજીર્ણકારક; જીરવાય નહિ તેવું; હજમ ન થઈ શકે તેવું. Incapable of being digested.

Indigestion (ઇન્ડિજેસ્ટ્યૉન્), *n.* અજીર્ણ; બદહજમી; અપચો; મંદાગ્નિ. Want of digestion; dyspepsia.

Indignant (ઇન્ડિગ્નૅન્ટ્), *a.* ક્રોધી; ક્રોધાયમાન; કુપિત; ગુસ્સે થયેલું. Feeling anger; wrathful; agitated.

Indignantly (ઇન્ડિગ્નૅન્ટ્લિ), *ad.* ગુસ્સામાં; ક્રોધીત સ્થિતિમાં; તપી જઇને. In an indignant way; angrily.

Indignation (ઈન્ડિગ્નેશન્), *n.* ધિક્કારયુક્ત ક્રોધ; ગુસ્સો; રીસ; કોપ. Anger mixed with hatred; abhorrence.

Indignity (ઇન્ડિગ્નિટિ), *n.* અપમાન; તિરસ્કાર; અનાદર; ધિક્કાર. An insult; an outrage; a feeling of hatred.

Indigo (ઇન્ડિગો), *n.* ગળી; ગુલી. A blue vegetable dye. *a.* ગળીના રંગવાળું; ગળીએલ. Having an indigo colour. **Indigo-plant,** *n.* ગળીનો છોડ.

Indirect (ઇન્ડિરેક્ટ્), *a.* ફેરવાળું; વાંકું; આડું; પરોક્ષ. Not direct; round-about; not open.

Indirectly (ઇન્ડિરેક્ટ્લિ), *ad.* આડી રીતે; પરોક્ષ રીતે; ફેરમાં. In an indirect way.

Indirectness (ઇન્ડિરેક્ટ્નેસ્), *n.* ફેરવાળું હોવું તે; પરોક્ષ બાબત; સીધેસીધું નહિ હોવું તે. A quality of being indirect.

Indiscernible (ઈન્ડિસર્નિબલ્), *a.* દેખાય નહિ એવું; ઇંદ્રિયાગોચર; અતિસૂક્ષ્મ; અવ્યક્ત. Incapable of being discerned; imperceptible.

Indiscernibleness (ઇન્-ડિસર્નિબલ્નેસ્), *n.* ઇંદ્રિયાગોચરતા; અવ્યક્ત સ્થિતિ; અતિસૂક્ષ્મતા. A state of being indiscernible.

Indiscernibly (ઇન્-ડિસર્નિબ્લિ), *ad.* અવ્યક્ત રીતે; અતિ સૂક્ષ્મપણે. In an imperceptible way.

Indiscreet (ઇન્ડિસ્ક્રીટ્), *a.* અવિચારી; અવિવેકી; અણસમજુ; અદૂરદર્શી. Thoughtless; immodest; imprudent.

Indiscretion (ઇન્ડિસ્ક્રીશન્), *n.* અવિચાર; અવિવેક; અણસમજ; અનપેક્ષા. Thoughtlessness; imprudence; want of sound reasoning.

Indiscriminate (ઇન્ડિસ્ક્રિમિનેટ્), *a.* અવિવેકી; વિવેક જ્ઞાન વિનાનું; ભેદ સમજ્યા સિવાય કરેલું. Without discrimination or judgment; confused.

Indiscriminately (ઈન્-ડિસ્ક્રિમિનેટ્લિ), *ad.* અવિવેકથી; ભેદભાવ સમજ્યા સિવાય. In an indiscriminate way.

Indiscrimination (ઇન્ડિસ્ક્રિમિનેશન્), *n.* અવિવેક; અવિચાર; કોઇપણ બાબતમાં સારાસાર ન જાણવાની શક્તિ. Want of discretion; a state of being indiscriminate.

Indispensability (ઈન્-ડિસ્પેન્સેબિલિટિ), *n.* આવશ્યકતા; જરૂરિયાત; અગત્યતા. An urgent need; an urging usefulness.

Indispensable (ઇન્-ડિસ્પેન્સેબલ્), *a.* આવશ્યક; જરૂરનું; અગત્યનું; જેના સિવાય ચાલે નહિ એવું. Absolutely necessary; urgently required; useful.

Indispensableness (ઈન્-ડિસ્પેન્સેબલ્નેસ્), *n.* Same as, **Indispensability.**

Indispose (ઇન્-ડિસ્પોઝ્), *vt. pr. p.* **Indisposing.** *imp. & p. p.* **Indisposed.** મન ઉઠી જવું; મન ફરી જવું; નાખુશી બતાવવી; વિમુખતા રાખવી. To discard; to show an apathy; to be indifferent.

Indisposition (ઈન્ડિસ્પોઝિશન્), *n.* અપ્રીતિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાખુશી; અસ્પૃહા; વિમુખતા. Aversion; an apathy; indifference. 2. સરખાપણું ન હોવું તે. A state, wanting affinity.

Indisputability (ઇન્ડિસ્પ્યુટેબિલિટિ), *n.* તકરાર કે વિવાદ રહિતપણું. Incapability of being disputed.

Indisputable (ઇન્ડિસ્પ્યૂટેબલ્), *a.* તકરાર સિવાયનું; નિર્વિવાદ; તકરાર થાય નહિ તેવું. Incapable of being disputed; incontrovertible.

Indisputableness (ઇન્ડિસ્પ્યૂટેબલનેસ્), *n.* Same as, **Indisputability.**

Indisputably (ઇન્ડિસ્પ્યૂટેબ્લિ), *ad.* બીન તકરારથી; નિર્વિવાદપણે; તકરાર ન થાય તેવી રીતે. In an indisputable way.

Indissoluble (ઈન્-ડિસ્-સૉલ્યૂબલ્), *a.* ઓગળે નહિ એવું; દ્રવીભૂત ન થાય તેવું; અદ્રાવ્ય. Incapable of being dissolved. 2. (*fig.*) દૃઢ; મક્કમ; નક્કર. Firm; stable.

Indistinct (ઇન્ડિસ્ટિન્ક્ટ્), *a.* અસ્પષ્ટ; બરાબર ઓળખાય નહિ તેવું; ઝાંખું; અવ્યક્ત. Unclear; not clearly perceived or known.

Indistinguishable (ઇન્ડિસ્ટિન્ગ્વિશેબલ્), *a.* ઓળખાય નહિ એવું; અભિન્ન. Incapable of being known clearly; inseparable.

Indite (ઈન્ડાઈટ્), *vt.* બનાવવું; રચવું; બોલીને લખવું; નવું લખવું. To compose; to dictate what is to be written; to write.

Inditement (ઇન્ડાઈટ્મેન્ટ્), *n.* લખાણ; નવું લખવું તે; લેખનકળા. A composition; an act of writing.

Individual (ઇન્ડિવિડ્યૂઍલ્), *a.* એક; એકનું; અમુકનું; એકલાનું; જેના ભાગ ન પડી શકે તેવું; અવિભાજ્ય. One; single; pertaining to one only. *n.* જણ; આદમી; માણસ; વ્યક્તી. A single person; one person or one thing. 2. અવિભાજ્ય પદાર્થ-વસ્તુ. A thing, incapable of being divided.

Individually (ઇન્ડિવિડ્યૂઍલ્લિ), *ad.* એક એક; આસામીવાર; દરેક જણ, વારાફરતી. Each by itself; separately.

Individualism (ઇન્ડિવિડ્યૂઍલિઝમ્), *n.* વ્યક્તિગત હોવું તે; પ્રત્યેકતા. A state of being one or single. 2. પોતાની જાતનો સ્વાર્થ. Self-interest.

Individuality (ઇન્ડિવિડ્યૂઍલિટિ), *n.* Same as, **Individualism.**

Indivisibility (ઇન્ડિવિઝિબિલિટિ), *n.* અવિભાજ્યતા; જેનો ભાગ અથવા કકડા પડે નહિ તેવી સ્થિતિ. A state of being indivisible.

Indivisible (ઈન્-ડિવિઝિબલ્), *a.* અવિભાજ્ય; ભાગ ન પાડી શકાય તેવું. Incapable of being divided.

Indivisibleness (ઈન્ડિવિઝિબલનેસ્), *n.* Same as, **Indivisibility.**

Indivisibly (ઇન્ડિવિઝિબ્લિ), *ad.* અવિભાજ્ય રીતે; ભાગ ન પડે તેવી સ્થિતિમાં. In an indivisible way.

Indocile (ઈન્ડોસાઈલ્), *a.* હળીમળી ન જાય તેવું; શિખે નહિ તેવું. Intractable; not docile.

Indocility (ઈન્ડોસિલિટિ), *n.* શિખે નહિ તેવી સ્થિતિ; હળીમળી શકે નહિ તેવી બીના. A state of being not docile.

Indoctrination (ઈન્ડૉક્ટ્રિનેશન્), *n.* મૂળતત્વો શિખવવાં તે; જ્ઞાનનું અથવા કોઈપણ વિદ્યાનું શિક્ષણ આપવું તે. An act of indoctrinating.

Indoctrinate (ઈન્ડૉક્ટ્રિનેટ્), *vt. pr. p.* **Indoctrinating.** *imp. & p. p.* **Indoctrinated.** ઉપદેશ કરવો; જ્ઞાનનાં મૂળ તત્વો જણાવવા-શિખવવાં. To teach the principles; to instruct.

Indolence (ઇન્ડોલેન્સ્), *n.* આળસ; સુસ્તી; પ્રમાદ; નિરૂદ્યમપણું. Dulness; idleness; laziness.

Indolent (ઈન્ડોલેન્ટ્), *a.* આળસુ; સુસ્ત; પ્રમાદી; નિરૂદ્યમી; નિરૂત્સાહી. Dull; idle; lazy.

Indolently (ઇન્ડોલેન્ટ્લિ), *ad.* સુસ્તપણે; આળસથી; પ્રમાદ પૂર્વક; નિરૂત્સાહપણે. In an indolent way; idly.

Indomitable (ઈન્-ડૉમિટેબલ્), *a.* જીતાય નહિ એવું; અજીત; વશ ન થઇ શકે એવું. Untamable; invincible.

Indomitableness (ઇન્-ડૉમિટેબલનેસ્), *n.* જીતી ન શકાય તેવી સ્થિતિ; વશ ન થઈ શકે તેવી સ્થિતિ. A state of being indomitable.

Indomitably (ઇન્-ડૉમિટેબ્લિ), *ad.* અજીત રીતે; પાળી ન શકાય તેમ. In an indomitable way.

Indoor (ઇન્ડોર્), *a.* ઘરની અંદરનું; ઘરમાં રહીને રમવાનું; ઘરગતુ. Domestic; done or practised within the doors.

Indorse (ઇન્ડોર્સ્), *vt.* શેરો કરવો; ની પાછળ સહી કરવી; સ્વીકાર કરવો; ટેકો આપવો. To write some words on the back side of a letter; to guarantee; to approve.

Indorsee (ઇન્ડોર્સી), *n.* જેના ઉપર હુંડી લખવામાં આવેલી હોય તે માણસ. An acceptor of a bill of exchange.

Indorser (ઈન્ડોર્સર્), *n.* હુંડી લખનાર; શેરો કરનાર; સ્વીકારનાર. One, who, indorses.

Indorsement (ઇન્-ડોર્સમેન્ટ્), *n.* શેરો; સહી; સ્વીકાર; કબુલાત; હુંડી પાછળ જે લખેલું હોય તે. A sanction; a support; an act of endorsing.

Indubitable (ઇન્-ડ્યૂબિટેબલ્), *a.* નિઃશંક; ખચ્ચીત; નિશ્ચયાત્મક. Unquestionable; not admitting any doubt.

Indubitableness (ઈન્-ડ્યૂબિટેબલનેસ્), *n.* નિઃશંકતા; નિશ્ચયાત્મકતા; ખચ્ચીત સ્થિતિ. A state of being indubitable.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Indubitably (ઈન્-ડ્યૂબિટેબ્લિ), *ad.* નિઃશંકપણે; નિશ્ચયાત્મક રીતે; ખરેખર રીતે. Unquestionably; truly.

Induce (ઈન્ડ્યૂસ્). *vt. pr. p.* **Inducing.** *imp. & p. p.* **Induced.** ઉશ્કેરવું; સમજાવવું; મન ફેરવવું; લલચાવવું; દોરવું; પ્રલોભન કરવું. To prevail on; to reason with; to tempt.

Inducible(ઈન્ડ્યૂસિબલ), *a.* લલચાવી શકાય તેવું; પ્રલોભન કરી શકાય તેવું; ઉશ્કેરણી કરી શકાય તેવું. Capable of being induced.

Inducement (ઈન્ડ્યૂસ્મેન્ટ્), *n.* લાલચ; મોહ; પ્રલોભન. A motive; that which leads one to act. **2.** (*Law*) નિમિત્ત; કારણ; મતલબ. An idea that leads to action.

Inducer (ઈન્ડ્યૂસર્), *n.* લલચાવનાર; લાલચમાં નાંખનાર; ઉશ્કેરણી કરનાર. One, who induces.

Induct (ઇન્ડક્ટ્), *vt.* અધિકાર પર બેસાડવું; પદવી આપવી; વિધિપૂર્વક અધિકાર સોંપવો. To bring in as to a benefice.

Inductile (ઇન્-ડક્ટાઇલ્), *n.* તાર ન ખેંચાય તેવું; કઠણ. Incapable of being drawn into wire.

Inductility(ઇન્-ડક્ટિલિટિ), *n.* તાર ન ખેંચાય તેવો ગુણ; અતિકઠણતા. A state of being inductile.

Induction (ઈન્ડક્શન્), *n.* અધિકાર પર બેસાડવું તે; વિધિપૂર્વક સ્થાપના. An act of inducting. **2.** સાધારણ વાતનું અનુમાન;સિદ્ધાંત. An inference.

Inductive (ઈન્-ડક્ટિવ્), *a.* અનુમાનિક; તારવી કાઢનારૂં; સામાન્ય બાબત ઉપરથી મુકરર વાતનો અર્થ સાર રૂપે બતાવવું. Proceeding by induction.

Indue (ઇન્ડ્યૂ), *vt. pr. p.* **Induing.** *imp. & p. p.* **Indued.** આપવું; દેવું. To invest; to endow. **2.** પહેરવું; ધારણ કરવું. To put on; to hold.

Indulge (ઇન્ડલજ્), *vt. vi. pr. p.* **Indulging.** *imp. & p. p.* **Indulged.** લાડ લડાવવાં; મના ન કરવી; ચાલવા દેવું; લક્ષપર ન લેવું. To give way; to give free course. **2.** ઈચ્છાપૂર્વક વર્તવું; અસંયમી થવું. To gratify one's desires.

Indulgence (ઈન્ડલજેન્સ્), *n.* લાડ; આસકિત; છૂટ આપવી તે; અનિયમ; અસંયમ. An act of indulging; intemperance. **2.** મહેરબાની; કૃપા; દયા. Favour; mercy. **3.** પાપમુકિત. Absolution from sins.

Indulgent (ઈન્ડલજેન્ટ્), *a.* લાડ લડાવનાર; અસંયમી; ઈચ્છાઓ પુરી પાડનાર; ક્ષમાશીલ; કૃપાળુ. Prone to indulge; not strict.

Indulgently (ઈન્ડલજેન્ટ્લિ), *ad.* લાડપૂર્વક; ઇચ્છાઓ પુરી પાડીને; ક્ષમાયુકતપણે; સૌમ્યતાથી. In an indulgent way.

Indurate (ઇન્-ડ્યૂરેટ્), *vt. vi.* કઠણ બનવું; કઠોરતા બતાવવી. To become or grow hard; to be relentless. **2.** વજ્ર હૈયાનું બનાવવું; લાગણી વગરનું કરવું. To make void of feelings.

Induration (ઈન્-ડ્યૂરેશન્), *n.* કઠોરતા; નિર્દયતા; કઠણતા. Stiffness; a state of becoming stiff; harshness.

Industrial (ઈન્ડસ્ટ્રિઍલ્), *a.* ઔદ્યોગિક; ઉદ્યોગ, વિગેરેને લગતું; હુન્નર, વિગેરેની બાબતનું. Pertaining to an industry; of the arts.

Industrious (ઇન્ડસ્ટ્રિઅસ્), *a.* ઉદ્યોગ, હુન્નર,વિગેરે કામમાં રચ્યો પચ્યો રહેનાર. Diligent; assiduous.

Industriously (ઇન્ડસ્ટ્રિઅસલિ), *ad.* ઔદ્યોગીક રીતે; પરિશ્રમ પૂર્વક; મહેનત લઇને. In an industrious way.

Industry (ઈન્ડસ્ટ્રિ), *n.* ઉદ્યોગ; મહેનત; પરિશ્રમ; ધંધો; પ્રવૃત્તિ. Any sort of occupation; diligence; assiduity.

In-ebriate (ઈન્-એબ્રિએટ્), *vt.* નીશો કરવો; છાકટા બનવું; દારૂ પીને બેશુદ્ધ બનાવવું-બનવું. To intoxicate; to make drunk. *n.* છાકટો; પીધેલ; દારૂના ઘેનવાળો પુરૂષ. A person, under the intoxication of wine, etc.

Inebriation (ઈન્-એબ્રિએશન્), *n.* કેફ; છાકટાપણું;ઉન્માદ;અમલ. Drunkenness; intoxication.

Inebriety (ઇન્-એબ્રાઇએટિ), *n.* Same as, **Inebriation.**

Inebrious (ઇન્-એબ્રિઅસ્), *a.* પીધેલો; છાકટો; દારૂની અસરથી બેશુદ્ધ બનેલો. Drunk; intoxicated.

Ineffability (ઇન્-એફ્ફેબિલિટિ), *n.* અવર્ણનીયતા; અકથનીયતા; બોલી ન શકાય તેવી બાબત. A state of being unutterable.

Ineffable(ઈન્-એફ્-ફેબલ્),*a.* અવર્ણનીય; અકથનીય; બોલાય નહિ તેવું. Indescribable; unutterable.

Ineffective (ઇન્-ઈફ્ફેક્ટિવ્), *a.* વ્યર્થ; નિષ્ફળ; ફોગટ; નિરૂપયોગી; અગુણકારક. Useless; wanting some usefulness; impotent.

Ineffectively (ઇન્-ઈફ્ફેક્ટિવ્લિ), *ad.* વ્યર્થપણે; ફોગટપણે; નિરૂપયોગીપણે; ફાયદો ન પડે તેવી રીતે. In an ineffective way.

Ineffectiveness (ઈન્ઈફ્-ફેક્ટિવ્નેસ), *n.* વ્યર્થતા; નિષ્ફળતા; નિરૂપયોગીતા; અવગુણકારક સ્થિતિ. Uselessness; impotency; a quality of being ineffective.

Ineffectual (ઇન્-એફ્-ફેક્ટ્યૂઍલ્), *a.* ગુણ વિનાનું; વિફળ; નબળું. Inefficient; weak.

Inefficacious (ઇન્-એફ્-ફિકેશસ્), *a.* Same as, **Ineffective.**

Inefficacy (ઇન્એફ્-ફિકેસિ), *n.* Same as, **Ineffectiveness.**

Inefficiency (ઇન્-એફ્-ફિશેન્સિ), *n.* ગુણ રહિત હોવું તે; નિરૂપયોગીતા; શકિત હીનતા; વ્યર્થપણું. Failure of effect; weakness; uselessness.

Inefficient (ઇન્એફ્ફિશેન્ટ્), *a.* ગુણરહિત; નિરૂપયોગી; અકુશળ; શકિતહીન. Devoid of effect; incompetent; impotent.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Inelegance (ઇન્-એલીગૅન્સ્), *n.* અસુંદરતા; બેડોળપણું; જંગલીપણું; અશોભા. A state of being inelegant; want of beauty; grace or charm.

Ineligant (ઇન્-એલિગૅન્ટ્), *a.* અશોભીત; બેડોળ; બેઢંગું; છટા સિવાયનું. Wanting in grace or charm; inattractive.

Ineligibility (ઇન્-એલિજ્જિબિલિટિ), *n.* નાલાયકી; પસંદ ન પડે તેવી સ્થિતિ. A state of being ineligible.

Ineligible (ઈન્-એલિજિબલ્), *a.* પસંદ ન પડે તેવું; નાલાયક; અયોગ્ય. Unfit for selection; not capable of being elected.

Inept (ઈન્-એપ્ટ્), *a.* અયોગ્ય; અઘટિત; અનુચિત; નાલાયક. Unsuitable; improper. **2.** મૂર્ખ; જડ. Silly; foolish.

Ineptitude (ઇન્-એપ્ટિટ્યૂડ્), *n.* અયોગ્યતા; અઘટિતપણું; નાલાયકીપણું. A state of being improper or unsuitable; impropriety. [**eptitude.**

Ineptness (ઇન્-એપ્ટ્નેસ્), *n.* Same as, **In-**

Inequality (ઇન્-ઇક્વૉલિટિ), *n.* અસમાનતા; ફેર; તફાવત; વિષમતા; ભિન્નતા. Diversity; unevenness; inadequacy.

Inequitable (ઈન્-ઇક્વિટેબલ્), *a.* અન્યાયી; ગેરવ્યાજબી; ન્યાય વિરૂદ્ધ. Unjust; unfair.

Inequity (ઇન્-ઇક્વિટિ), *n.* અન્યાય; ન્યાયવિરૂદ્ધ-તા; ગેરવ્યાજબીપણું. Injustice; unfairness.

Inert. (ઈનર્ટ્), *a.* જડ; અચેતન; સુસ્ત; ગતિરહિત. Deprived of motion; dull; inactive.

Inertia (ઇનર્શિઍ), *n.* જે સ્થિતિમાં હોય તેજ સ્થિતિમાં રહેવું એવો ગુણ; જડત્વ; અચેતનતા. Inactivity; passiveness.

Inertly (ઇનર્ટ્લિ), *ad.* અચેતનપણે; સુસ્તપણે; એકની એક સ્થિતિમાં રહે તેવી રીતે. In an inert way.

Inestimable (ઇન્-એસ્ટિમેબલ્), *a.* ગણત્રી ન થઇ શકે તેવું; અસંખ્ય; અમોલ; અતિ કિંમતી. Incapable of being computed; very costly.

Inestimably (ઇન્-એસ્ટિમેબ્લિ), *ad.* અમૂલ્યરીતે; કિંમત ન કરી શકાય તેવી રીતે; સર્વોત્તમપણે. In an inestimable way.

Inevitable (ઇન્-એવિટેબલ્), *a.* દૂર કરાય નહિ તેવું; અનીવાર્ય; ટાળી શકાય નહિ તેવું; આવશ્યક. Unavoidable; not evitable; admitting no evasion.

Inexcusable (ઈન્એક્સ્ક્યૂઝેબલ્), *a.* માફ કરવાને અયોગ્ય; અક્ષમ્ય; માફ ન થાય તેવું. Unpardonable; incapable of being excused.

Inexcusableness (ઇન્એક્સ્ક્યૂઝેબલ્નેસ), *n.* માફ કરવાને અયોગ્યતા; અક્ષમ્યતા; માફ ન થઇ શકે તેવી બાબત. A state of being inexcusable.

Inexhausted (ઇન્-એગ્ઝૉસ્ટેડ્), *a.* અશ્રમિત; નહિ થાકેલું; પરિશ્રમ નહિ પામેલું. Untired; unwearied. **2.** ખૂટે નહિ તેવું; પુરૂં ન થાય તેવું. Incapable of being over.

Inexhaustibility (ઇન્-એગ્ઝૉસ્ટિબિલિટિ), *n.* અખૂટતા; અશ્રમિતપણું; પરિશ્રમ નહિ હોવો તે. A state of being inexhaustible.

Inexhaustible (ઇન્-એગ્ઝૉસ્ટિબલ્), *a.* ખૂટે નહિ એવું; અખૂટ; અક્ષય; બેસુમાર. Incapable of being exhausted; unfailing.

Inexhaustibly (ઇન્-એગ્ઝૉસ્ટિબ્લિ), *ad.* બેસુમાર રીતે; અખૂટ રીતે; ખૂટે નહિ તેવી રીતે; અપરિશ્રમપૂર્વક. In an inexhaustible way or degree.

Inexorable (ઇન્-એક્સોરેબલ્), *a.* કઠણ હૈયાનું; નિર્દય; નિષ્ઠુર; વજ્ર હૃદયી. Hard-hearted; relentless; cruel.

Inexorably (ઇન્-એક્સોરેબ્લિ), *ad.* નિર્દયપણે; નિષ્ઠુરપણે; કઠણ હૈયાથી. Relentlessly; cruelly.

Inexpedient (ઈન્-એક્સ્પીડિએન્ટ્), *a.* અયોગ્ય; અનુચિત; નાલાયક. Unfit; improper.

Inexpediently (ઇન્-એક્સ્પીડિએન્ટ્લિ), *ad.* અયોગ્ય રીતે; નાલાયક રીતે; અનુચિત રીતે. Improperly; in an inexpedient way.

Inexperience (ઇન્-એક્સ્પીરિએન્સ્), *n.* બીનમાહીતિપણું; અજાણતા; અનુભવ નહિ હોવો તે. Want of familiarity; an absence of experience.

Inexperienced (ઇન્-એક્સ્પીરિએન્સ્ડ્), *a.* બીનમાહીતગાર; અજાણ; બીનઅનુભવી. Unfamiliar; not duly acquainted.

Inexplicable (ઈન્-એક્સ્પ્લિકેબલ્), *a.* સમજાય નહિ તેવું; સમજાવી શકાય નહિ તેવું; ગૂઢ; દુર્ગમ્ય. Incapable of being explained; mysterious.

Infallibility (ઈન્-ફૅલિબિલિટિ), *n.* ભૂલ ન થવી તે; અચૂકપણું; નિર્ભ્રાંતપણું. A state of being infallible; reliability.

Infallible (ઈન્-ફૅલિબલ્), *a.* ભુલ ન કરે એવું; અચુક; ભુલ વગરનું; અસ્ખલનશીલ. Unerring; reliable; free from any mistake.

Infallibly (ઈન્-ફૅલિબ્લિ), *ad.* ભુલ ન કરે તેવી રીતે; અચુક રીતે; અસ્ખલનશીલપણે. In an infallible way.

Infamous. (ઈન્ફેમસ્), *a.* અપકીર્તિવાળું; બેઆબરૂદાર; ફજેત થયેલું. Scandalous; vile; defamed.

Infamy (ઇન્ફૅમિ), *n.* અપકીર્તિ; બેઆબરૂ; અપયશ; નામોશી; બેઈજ્જત. Disgrace of reputation; vileness.

Infancy (ઈન્ફૅન્સિ), *n.* બાલ્યાવસ્થા; બાળપણ; બચપણ. A condition or state of a child; childhood. **2.** આરંભ; શરૂઆત; મંડાણ. A beginning; a commencement. **3.** (*Law*) સગીરપણું; પાકી અથવા પુખ્ત ઉમ્મર ન હોવી તે. A minority.

Infant (ઇન્ફૅન્ટ્), *n.* બાળક; બચ્ચું. A child (of two to three years of age.) **2.** (*Law*) સગીર બાળક; કાચી વયનું બચ્ચું-બાળક. A minor. *a.* અપરિપક્વ; કાચું; અપુખ્ત. Not mature; raw.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Infantile (ઇન્ફૅન્ટાઇલ), *a.* બાળપણનું; બચપણનું; બાળપણનું. Pertaining to infancy or child-hood.

Infanticide (ઇન્ફૅન્ટિસાઇડ્), *n.* બાળ હત્યા; બાળકનો વધ કરનાર; બાળહત્યારો. A murderer of an infant or infants. **2.** તરતજ જન્મેલા બાળકનું ખુન કરવું તે. An act of killing a newly-born child.

Infantry (ઇન્ફૅન્ટ્રિ), *n.* પાયદળ; પગે ચાલનારૂં લશ્કર. A body of soldiers, serving on foot; the foot-soldiers.

Infatuate (ઈન્ફૅટ્યૂએટ્), *vt. pr. p.* **Infatuating.** *imp. & p. p.* **Infatuated.** મોહ પમાડવો; ગાંડું કરવું; મોહિત કરવું. To inspire with folly; to inspire with an uncontrollable passion or desire.

Infatuation (ઇન્ફૅટ્યૂએશન્), *n.* મોહ; ઉન્માદ; મોહવશતા; ઉન્માદપણું; અમુક; ચીજ પાછળ ચિત્તની વિહ્વળતા. An act of infatuating; a state of being infatuated; a maddened state of mind.

Infect(ઇન્ફેક્ટ્), *vt.* ચેપ લગાડવો;રોગી કરવું;બગાડવું. To spoil with noxious matter; to corrupt.

Infection (ઈન્ફેક્શન્), *n.* ઉડતો રોગ; ચેપ લાગવો તે. A prevailing disease; an epidemic disease. **2.** (*fig.*) સત્તા; જોર; ચાહના. Influence; a strong inclination.

Infer (ઈન્ફર્), *vt. pr. p.* **Inferring.** *imp. & p. p.* **Inferred.** અનુમાન કરવું; તર્ક કરવો; વિચાર બાંધવો; અટકળ કરવી. To conclude; to imply; to deduce.

Inferable (ઇન્ફરેબલ્), *a.* અનુમાન કરી શકાય એવું; અટકળ કરવા લાયક; અનુમેય. Capable of being inferred.

Inference (ઈન્ફરેન્સ્), *n.* અનુમાન; તર્ક; ક્યાસ; વિચાર. An act of inferring; a deduction.

Inferential (ઇન્ફરેન્શૅલ), *a.* અનુમાન સિદ્ધ; તર્ક સિદ્ધ; અટકળથી; નક્કી કરી શકાય તેવું. Tending to an inference.

Inferentially (ઈન્ફરેન્શૅલલિ), *ad.* અનુમાન પૂર્વક;અટકળથી; તર્કથી. In a way of inference.

Inferrible (ઇન્ફરિબલ્), *a.* Same as, **Inferable.**

Inferior (ઇન્ફીરિઅર્), *a.* નીચી પદવીનું; ઉતરતું; ઉતરતા દરજ્જાનું. Of lower grade or degree. *n.* ઉતરતી પદવીનું માણસ; હાથ નીચેનું માણસ. A person of lower grade; a subordinate.

Inferiority (ઇન્ફીરિઑરિટિ), *n.* ઉતરતું સ્થાન દરજ્જો અથવા મોભો; હલકું સ્થાન. A state of being inferior.

Infernal (ઇન્ફર્નલ્), *a.* ઘાતકી; નિર્દય; ક્રૂર. Cruel; ruthless. **2.** નર્કલોકનું; નર્કલોક સંબંધી. Pertaining to a hell; hellish.

Infest (ઈન્ફેસ્ટ્), *vt.* ઉપદ્રવ કરવો; દુઃખ દેવું; હેરાન કરવી; પીડા કરવી; ત્રાસ આપવો. To harass; to torment; to trouble; to annoy.

Infestation (ઇન્ફેસ્ટેશન્), *n.* પજવણી; હેરાન ગતિ; ઉપદ્રવ; હરકત; ત્રાસ. A molestation; an annoyance; a trouble.

Infester (ઈન્ફેસ્ટર્), *n.* પજવણી કરનાર; ઉપદ્રવ કરનાર; હરકત કરનાર. One, who infests.

Infidel (ઈન્ફિડેલ્), *a.* ખ્રીસ્તી ધર્મમાં અવિશ્વાસુ; આકીન નહિ રાખનાર; અશ્રદ્ધાળુ. Not believing in Christianity; sceptical. *n.* ખ્રીસ્તી ધર્મમાં આકીન નહિ રાખનાર; ધર્મમાં વિશ્વાસ નહિ મુકનાર. One who does not believe in Christianity; a disbeliever.

Infidelity (ઇન્ફિડેલિટિ), *n.* અવિશ્વાસ; બેઈમાન; નાસ્તિકપણું. Unbelief; want of faith; atheism. **2.** જારકર્મ; છિનાળું. Unchastity in a couple.

Infinite (ઇન્ફિનિટ્), *a.* અપાર; અનંત; બેહદ; બેસુમાર; અતિશય મોટું; વિશાળ. Limitless; not finite. *n.* અપારપણું; બેહદપણું; અનહદતા; પરમેશ્વર. An infinite space; the Almighty.

Infinitesimal (ઇન્ફિનિટેસિમૅલ્), *a.* ઘણુંજ નાનું; અતિસૂક્ષ્મ. Very small; less than any assignable part.

Infinitude (ઇન્ફિનિટ્યૂડ્), *n.* બેહદપણું; અનંતતા; અપારપણું. A state of being infinite; immensity; infinity.

Infinity (ઇન્ફિનિટિ), *n.* Same as, **Infinitude.**

Infirm (ઈન્ફર્મ), *a.* અશક્ત; દુર્બળ; કમજોર; અસ્થિર. Weak; feeble; irresolute.

Infirmary (ઈન્ફર્-મૅરિ), *n.* દવાખાનું; રોગીશાળા; ઈસ્પીતાલ; દરદીને રાખવાની જગ્યા. A place, where the sick are nursed and lodged.

Infirmity (ઇન્ફર્મિટિ), *n.* અશક્તિ; દુર્બળતા; અસ્થિરતા; કમજોરપણું. Weakness; a state of being infirm.

Infix (ઈન્ફિક્સ્), *vt.* ખોંસવું; ચોંટાડવું; ઘાલવું; મૂકવું; જડતર કરીને બેસાડવું. To set in; to fix by thrusting in; to implant. *n.* કોઈપણ ખોંસાડેલી ચીજ—ઘાલવામાં આવેલી ચીજ. Some thing infixed.

Inflame (ઇન્ફ્લેમ્), *vt. vi. pr. p.* **Inflaming.** *imp. & p. p.* **Inflamed.** સળગાવવું; ચેતાવવું; પેટાવવું. To kindle; to set on fire. **2.** ઉશ્કેરવું; લાલચોળ કરવું; તપાવીને લાલચોળ કરવું. To excite; to redden; to make angry. **3.** લાલચોળ થવું; ઉશ્કેરાઈ જવું; સળગવું. To grow angry; to take fire.

Inflamer (ઈન્ફ્લેમર્), *n.* સળગાવનાર; ચેતાવનાર; પેટાવનાર; તપાવીને લાલચોળ કરનાર; ઉશ્કેરનાર. One,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

who inflames.

Inflammability (ઈન્-ફ્લેમૅબિલિટિ), *n.* જ્વાળાગ્રાહ્યતા; સ્હેજ વારમાં બળી જવાનેા અથવા ભડકેા થઇ જવાનેા ગુણ હેાવેા તે. A state of being inflammable.

Inflammable (ઇન્ફ્લેમેબલ્), *a.* સેહેજવારમાં બળે તેવું; જવાળાગ્રાહી. Easily kindled; having the nature of catching fire. **2.** ઉશ્કેરાય એવું; તપી જાય તેવું; કેાપાયમાન થઈ જાય તેવું. Irritable; capable of being soon excited.

Inflammation (ઇન્ફ્લૅ-મેશન્), *n.* આગ;આગથી સળગી ઉઠવું તે; બળવું તે. An act of taking fire or setting on fire. **2.** ઉશ્કેરણી; તપાવીને લાલચેાળ કરવું તે. An act of inflaming.

Inflammatory (ઇન્ફ્લૅમૅટરિ), *a.* દાહક; સળગી ઉઠે તેવું; પ્રકેાપશીલ. Tending to inflame; exciting anger.

Inflate (ઇન્ફ્લેટ્), *vt. pr. p.* **Inflating.** *imp. & p. p.* **Inflated.** પવનથી ફુલાવવું; પવન ભરીને મેાટું કરવું. To puff up; to swell by injecting air.

Inflation (ઈન્ફ્લેશન્), *n.* પવનથી ફુલાવવું તે; મેાટું કરવું તે; ગર્વથી ફુલાઇ જવું તે. An act of inflating; a swelling.

Inflect (ઈન્ફ્લેક્ટ્), *vt.* વાળવું; વાંકું કરવું. To bend; to turn from a direct course. **2.** વિભક્તિ લગાડવી; રૂપાખ્યાન કરવાં. To conjugate; to decline. **3.** સ્વર ઉંચેા, નીચેા ચઢાવવેા. To modulate the voice or sound.

Inflection (ઈન્ફ્લેક્શન્), *n.* વાંકુ વાળવું તે; રૂપ; રૂપાખ્યાન; વિભક્તિ; સ્વરભેદ. An act of inflecting; a modulation of the voice. Also spelt as, **Inflexion.**

Inflexibility (ઈન્-ફ્લેક્સિબિલિટિ), *n.* મરડાય નહિ એવેા ગુણ; દૃઢપણું; નિશ્ચયપણું; અચલિતપણું. Stiffness; incapable of being flexible.

Inflexible (ઇન્-ફ્લેક્સીબલ્), *a.* મરડાય નહિ એવું; વાળી શકાય નહિ તેવું. Incapable of being flexible. **2.** દૃઢ; આગ્રેહી; અચલિત. Firm-minded; unalterable.

Inflict (ઈન્ ફ્લિક્ટ્), *vt.* દેવું (દુઃખ, વિ.); કરવું; નાંખવું. To impose; to lay on; to cause to feel.

Inflicter (ઇન્ફ્લિક્ટર્), *n.* દુઃખ દેનાર; ઉપદ્રવ કરનાર; હેરાન કરનાર. One, who inflicts.

Infliction (ઈન્ ફ્લિક્શન્), *n.* દુઃખ દેવું તે; શિક્ષા કરવી તે; દુઃખ ભેાગવવવું તે; નશીઅત. An act of inflicting; that which has been inflicted.

Inflictive (ઇન્ફ્લીક્ટિવ્), *a.* દુઃખ દે તેવું; શિક્ષા કરે તેવું; પીડા અથવા ઉપદ્રવ કરે તેવું. Tending to infliction.

Influence (ઇન્ફ્લ્યૂએન્સ્), *n.* અસર; સત્તા; વસીલેા; વજન; વગ; ભારબેાજ; ચલણ. A power; weight; an ability to move; an impressive nature. *vt.* અસર કરવી; સત્તા ચલાવવી; વગ વસીલેા ઉભેા કરવેા; વજન રાખવું. To exercise an effect or power; to dominate; to sway.

Influencer (ઇન્-ફ્લ્યૂએન્સર્), *n.* અસર કરનાર; વગ વસીલેા ઉભેા કરનાર. One, who influences.

Influent (ઇન્-ફ્લ્યૂએન્ટ્), *a.* વહેતું; ઝરતું; વહન કરતું. Flowing; moving; moving onward.

Influential (ઇન્-ફ્લ્યૂએન્શૅલ્). *a.* વજનદાર; ભારબેાજ વાળું; વગવસીલાવાળું. Having influence; exerting influence or power.

Influenza (ઇન્ફ્લ્યૂએન્ઝા), *n.* સળેખમ; સળેખમની સાથેનેા તાવ. A kind of fever, accompanied by cold.

Influx (ઇન્ફ્લક્સ્), *n.* અંદર વહેવું તે; અંતઃપ્રવાહ. An act of flowing in; an inflow.

Influxion (ઇન્ફ્લક્શન્), *n.* ભરતી; પુષ્કળ આવવું તે અથવા અંદર દાખલ થવું તે. An infusion.

Infold (ઈન્ફેાલ્ડ્), *vi.* વિંટાઈ જવું; વિંટવું; આલિંગન દેવું; ભેટવું. To wrap in; to fold in; to embrace.

Inform (ઈન્ફૉર્મ્), *vt.* ખબર આપવી; જણાવવું; કહેવું. To communicate; to make known. **2.** (*Law*) અપરાધની ખબર કહેવી-પહેાંચાડવી. To make known about an accusation. **To inform against,** ની વિરૂદ્ધ ખબર આપવી; ફરિયાદ કરવી.

Informal (ઈન્ફૉર્મૅલ્), *a.* નિયમ વિરૂદ્ધ; અવ્યવસ્થિત; રીત અથવા વિધિ વિરૂદ્ધ. Not in the regular form; without any ceremony.

Informant (ઇન્ફૉર્મૅન્ટ્), *n.* ખબર આપનાર; જણાવનાર; તેાહેામતદાર. One, who informs.

Information (ઇન્ફૉર્મેશન્), *n.* ખબર; સમાચાર; સૂચન; અખબાર; કેાઇની મારફતે મળેલું જ્ઞાન. Knowledge; news; intelligence.

Infraction (ઇન્ફ્રૅક્શન્), *n.* ભંગ; ઉલ્લંઘન; ખંડન. A violation; a breach.

Infringe (ઇનફ્રિન્જ્), *vt. pr. p.* **Infringing.** *imp. & p. p.* **Infringed.** ભાંગવું; તેાડવું; ઉલ્લંઘન કરવું. To violate; to break; to transgress.

Infringement (ઈન્-ફ્રિન્જ્મેન્ટ્), *n.* ઉલ્લંઘન; ભંગ. An act of violating; a violation.

Infringer (ઇનફ્રિન્જર્), *n.* ઉલ્લંઘન કરનાર; ભંગ કરનાર. One, who infringes.

Infumate (ઈન્-ફ્યૂમેટ્), *vt.* ધુણી દઈને સુકવવું; ધુમાડામાં સુકવવું. To dry in smoke.

Infume (ઇન્-ફ્યૂમ્), *vt.* Same as, **Infumate.**

Infuriate (ઈન્-ફ્યૂરિએટ્), *vt.* ક્રેાધ ચઢાવવેા; ક્રેાધિત કરવું; ચીડવવું. To excite anger in; to render angry. *a.* તપી ગયેલું; ક્રેાધીત; ગુસ્સે થઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયેલું. Enraged; excited.

Infuse (ઇન્-ફ્યૂઝ્), *vt. pr. p.* **Infusing.** *imp.* & *p. p.* **Infused.** રેડવું; ભીંજવવું; પલાળવું. To pour; to make wet. **2.** ઠસાવવું; સારી રીતે સમજાવવું. To instil; to diffuse.

Infusible (ઇન્-ફ્યૂઝિબલ્), *a.* રેડી શકાય એવું; ફેલાઈ જાય તેવું; ભીંજાઇ જાય તેવું. Capable of being infused.

Infusion (ઈન્-ફ્યૂઝ્હન્), *n.* રેડવું તે; ઉકાળો; કાવો; ક્વાથ; ઝબોળવું તે. An act of pouring; an immersion. **2.** મનમાં ઉતારવું તે; ઠસાવવું તે; સૂચના. An act of explaining; inculcation; a suggestion.

Ingenious (ઈન્જીનિઅસ્), *a.* યુક્તિમાન; અક્કલમંદ; શોધક બુદ્ધિનું; ચતુર; યુક્તિવાળું. Skilful; witty; of inventive brain.

Ingenuity (ઇન્જેન્યૂઇટિ), *n.* શોધક બુદ્ધિ; ચતુરાઈ; કારીગીરી; હુન્નર. Skill; a ready invention; the power of being ingenious.

Ingenuous (ઇન્-જેન્યૂઅસ્), *a.* કુલીન; ખાનદાન; નિષ્કપટી; મોટા મનનું. Honourable; frank; noble.

Ingenuously (ઇન્-જેન્યૂઅસ્લિ), *ad* કુલીનપણે; ખાનદાનીથી; મોટા મનથી; નિષ્કપટપણે. Honourably; nobly; frankly.

Ingenuousness (ઇન્જેન્યૂઅસ્નેસ્), *n.* કુલીનતા; ખાનદાની; નિષ્કપટપણું. Nobility; frankness.

Ingest (ઇન્જેસ્ટ્), *vt.* હોજરીમાં ભરવું–નાંખવું. To throw into the stomach.

Ingot (ઈન્ગોટ્), *n.* સોનું, રૂપું, ઇત્યાદિ ધાતુની લગડી; કોઈપણ ધાતુની લગડી. A mass of gold or silver, cast in a mould; a mass of unwrought metal.

Ingraft (ઈન્ગ્રૅફ્ટ્), *vt.* ડાળી કાપવી; ઝાડની કલમ કરવી; ઝાડની ડાળી કાપી બીજામાં ભેળવી દેવી; દૃઢ બેસાડવું. To insert a scion of one tree to another; to fix deeply or firmly.

Ingrafter (ઈન્ગ્રૅફ્ટર્), *n* કલમ કરનાર; ડાળી જમીનમાં રોપનાર; દૃઢ બેસાડનાર. One, who ingrafts.

Ingrate (ઇન્ગ્રેટ્), *n.* કૃતઘ્ન; નિમકહરામ; લુણહરામ. An ungrateful person; a faithless person.

Ingrateful (ઇન્ગ્રેટ્ફુલ્), *a.* કૃતઘ્ની; નિમકહરામી; લુણહરામી. Unthankful; faithless.

Ingratiate (ઇન્ગ્રેશિએટ્), *vt.* બીજાની મહેરબાની અથવા કૃપા મેળવવા પ્રયાસ કરવો; પ્રિય બનવું; પ્રેમ મેળવવો; ભલામણ કરવી. To try to get the good-will of another; to commend.

Ingratitude (ઇન્-ગ્રૅટિટ્યૂડ્), *n.* કૃતઘ્નતા; નિમકહરામીપણું. Unthankfulness; a state of being ungrateful.

Ingredient (ઇન્ગ્રીડિએન્ટ્), *n.* ભાગ; અંશ; અવયવભૂત; મૂળતત્વ. A portion; an element; a component.

Ingress (ઇન્ગ્રેસ્), *n.* અંદર જવું તે; પ્રવેશ; પેસારો. An entrance; a state of getting in.

Ingulf (ઈન્ગલ્ફ્), *vt.* ગરક કરવું; ઉરાડી દેવું; અખાતમાં મળી જવું. To swallow up; to swallow up (as in a gulf).

Inhabit (ઇન્હૅબિટ્), *vt. vi. pr. p.* **Inhabiting.** *imp.* & *p. p.* **Inhabited.** રહેવું; વસવું; વાસ કરવો; મુકામ કરવો; નિવાસ કરવો. To dwell; to live; to reside.

Inhabitable (ઇન્હૅબિટેબલ્), *a.* રહેવા જોગ; વસવાજોગ; મુકામ કરવા જોગ. Capable of being inhabited.

Inhabitance,-cy (ઈન્હૅબિટૅન્સ્,-ન્સિ), *n.* કાયદેસર વાસ-રહેઠાણ. A residence; a legal habitation.

Inhabitant (ઈન્-હૅબિટૅન્ટ્), *n.* રહેવાસી; રહેનાર; વાસી; વતની. A permanent dweller; a fixed resident.

Inhabitation (ઈન્-હૅબિટેશન્), *n.* રહેઠાણ; વાસ; મુકામ; સ્થળ. A dwelling place; an abode; a residence.

Inhale (ઇન્હેલ્), *vt. pr. p.* **Inhaling.** *imp.* & *p. p.* **Inhaled.** શ્વાસ લેવો; દમ લેવો; શોષણ કરવું. To draw in (mostly into lungs); to suck in.

Inhalation (ઇન્હેલેશન્), *n.* શ્વાસ; દમ; શ્વાસ લેવાની ક્રિયા. An act of inhaling.

Inhaler (ઈન્હેલર્), *n.* શ્વાસ લેનાર; દમ લેનાર. One, who inhales.

Inharmonious (ઇન્-હાર્મોનિઅસ્), *a.* બેસુરૂં; બેતાલું; મેળાપ હોય નહિ તેવું. Discordant; not harmonious.

Inharmony (ઈન્-હાર્મૉનિ), *n.* બેસુર; બેતાલ; અણમેળાપ. A state of being discordant.

Inhere (ઇન્હીર), *vt.* વળગી રહેવું; ચોંટી રહેવું; નું હોવું. To stick firmly; to belong.

Inherence,-cy (ઇન્હીરેન્સ્,-ન્સિ), *n.* ચોંટી રહેવું તે; વળગી રહેવું તે. છૂટા ન પાડી શકાય તેવી સ્થિતિ. An inseparable condition; a state of inhering.

Inherent (ઇન્હીરેન્ટ્), *a.* ચોંટી રહે એવું; સ્વાભાવિક; મૂળનું; કુદરતી. Inseparable; inborn; innate.

Inherit (ઇન્હેરિટ્), *vt. vi.* વારસ થવું; વારસો મળવો; બાપદાદા અથવા વડવાથી પ્રાપ્ત કરવું. To get by birth; to receive by inheritance. **2.** કબજો લેવો; હક ધરાવવો. To possess; to own. **3.** વારસો મળવો; વારસદાર બનવું. To get the ancestral estate or property.

Inheritable (ઈન્હેરિટેબલ્), *a.* વારસામાં મળે તેવું; વારસ થવા જોગ. Capable of being inherited.

Inheritance (ઇન્હેરિટૅન્સ્), *n.* વારસો; વારસામાં મળેલું તે; વારસાના હકથી મળેલું તે. An estate; any

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

estate got from an ancestor to the heir; any possession received by gift.

Inheritor (ઇન્હેરિટર), *n.* વારસ; વારસાનો ઉત્તરાધિકારી. An heir; one, who inherits.

Inheritress (ઇન્હેરિટ્રેસ), *n.* સ્ત્રી વારસ; વારસ માટે અધિકારિણિ. A female, who inherits.

Inheritrix (ઇન્હેરિટ્રિક્સ), *n.* Same as, **Inheritress.**

Inhibit (ઇન્હિબિટ), *vt.* અટકાવવું; વારવું; રોકવું; અટકાવ કરવો; મના કરવી; અવરોધ કરવો. To stop; to check; to prevent; to forbid.

Inhibition (ઇન્-હિબિશન), *n.* અટકાવ; મના; નિષેધ; પ્રતિબંધ. A restraint; a prohibition.

Inhibitory (ઇન્હિબિટોરિ), *a.* મના કરવું; અટકાવવું; નિષેધ કરવું. Preventing; causing inhibition.

Inhospitability (ઇન્હૉસ્પિટૅબિલિટિ), *n.* પરોણાચાકરી ન કરવી તે; આગતા સ્વાગતા ન કરવી તે. A state of being inhospitable (esp. to a guest or guests.)

Inhospitable (ઇન્-હૉસ્પિટેબલ), *a.* પરોણાચાકરી નહિ કરનાર; આગતાસ્વાગતા નહિ કરનાર. Not hospitable; unkind to the guests.

Inhuman (ઇન્-હ્યૂમૅન), *a.* નિર્દય; ક્રૂર; જંગલી; ઘાતકી; દયાહીન. Cruel; savage; hard-hearted.

Inhumanity (ઇન્-હ્યૂમૅનિટિ), *n.* નિર્દયતા; ક્રૂરતા; ઘાતકીપણું; નિષ્ઠુરતા. Cruelty; savageness.

Inhumanly (ઇન્-હ્યૂમૅનલિ), *ad.* ઘાતકીપણે; નિર્દયપણે; ક્રૂરતાથી. Cruelly; in an inhuman way; hard-heartedly.

Inhume (ઇન્હ્યૂમ્), *vt.* જમીનમાં પૂરવું; દાટવું; જમીનમાં ઉતારવું-નાંખવું. To bury; to inter.

Inimical (ઇનિમિકૅલ), *a.* વેર રાખે એવું; અંટસ રાખે તેવું, દ્વેષીલું; દુશ્મનાવટવાળું. Unfriendly; revengeful; hostile.

Inimically (ઇનિમિકૅલલિ), *ad.* વેરથી; દ્વેષભાવે; દુશ્મનાવટપૂર્વક. In a hostile way.

Iniquitous (ઇનિક્વિટસ), *a.* અધર્મનું; અન્યાયનું; હરામનું; પાપ કર્મથી મેળવેલું. Unjust; wicked; unrighteous.

Iniquity (ઇનિક્વિટિ), *n.* અન્યાય; અધર્મ; દુષ્ટતા; પાપ; ગુન્હો; અપરાધ. Want of equity; a sin; a crime; wickedness.

Initial (ઇનિશૅલ), *a.* પહેલું; પ્રથમનું; આરંભનું; શરૂઆતનું. Beginning; original. *n.* કોઇપણ નામનો પહેલો અક્ષર. The first letter of a word. *vt.* નામનો પહેલો અક્ષર લખીને સહી કરવી. To mark with an initial.

Initiate (ઈનિશિએટ), *vt pr. p.* **Initiating.** *imp. & p. p.* **Initiated.** મૂળતત્વ શિખવવા; કોઈ મંડળીમાં દાખલ કરવું; શરૂઆત કરવી. To teach the rudiments of; to admit into a society; to commence.

Initiation (ઇનિશિએશન), *n.* ઉપદેશ આપી મંડળમાં દાખલ કરવું તે; પહેલાં દાખલ કરવું તે; પ્રથમ પ્રવેશ. An act of initiating.

Initiative (ઇનિશિએટિવ), *a.* પહેલું; પ્રથમનું; પ્રાથમિક. Serving to initiate. *n.* આરંભ; શરૂઆત. A beginning; an introductory step.

Initiatory (ઇનીશીએટૅરિ), *a.* Same as, **Initiative.**

Inject (ઇન્જેક્ટ), *vt.* અંદર ઘાલવું; પિચકારી મારવી; પિચકારીથી દાખલ કરવું. To throw into; to cast into.

Injection (ઈન્જેક્શન), *n.* પીચકારીવડે શરીરમાં દાખલ કરવાનું ઔષધ; પીચકારી મારવી તે. An act of injecting.

Injudicious (ઈન્-જ્યૂડિશસ), *a.* અવિચારી; અવિવેકી; બેશરમ; અનુચિત. Imprudent; thoughtless; unwise.

Injudiciously (ઇન્-જ્યૂડિશસલિ), *ad* અવિચારીપણે; અવિવેકીપણે; બેશરમ રીતે; વિવેકબુદ્ધિ વાપર્યા વિના. Thoughtlessly; unwisely.

Injudiciousness (ઇન્-જ્યૂડિશસનેસ), *n.* અવિચાર; અવિવેક; બેશરમ. Thoughtlessness.

Injunction (ઇન્-જન્ક્શન), *n.* આજ્ઞા; હુકમ; તાકીદપત્ર; આજ્ઞાપત્ર. An order; a lawful command. **2.** (*Law*) અમુક કામ પડવું મૂકવાને કોઇ પણ વ્યક્તિને આપવામાં આવેલો હુકમ. A written order, requiring a person to refrain from a work.

Injure (ઇન્જ્યૂર), *vt. pr. p.* **Injuring.** *imp. & p. p.* **Injured.** નુકશાન કરવું; બગાડવું; માઠું લગાડવું; મન દુભાવવું To harm; to damage; to wound the feelings. **2.** ઘા લગાડવો-કરવો. To hurt.

Injurious (ઈન્-જુરિઅસ), *a* નુકશાનકારક; હેરાન કર્તા; દુઃખકારક; હાનીકારક. Harmful; tending to injure; prejudicial.

Injury (ઇન્જરિ), *n. pl.* **Injuries.** નુકશાન; ખરાબી; બિગાડ; વાગવું તે; ધક્કો; નાશ. A harm; a damage; a mischief.

Injustice (ઈન્-જસ્ટિસ), *n.* અન્યાય; અધર્મ; ગેરઇન્સાફ; અયોગ્ય દોષ મૂકવો તે. Want of justice; inequity.

Ink (ઈન્ક), *n.* શાઇ; રૂસ્નાઇ. A coloured liquid used chiefly for writing. *vt.* શાઇ લગાડવી; શાહી ચોપડવી. To apply ink to; to blacken.

Inkle (ઇન્કલ), *n.* પાટી; પહોળી ફીત. A kind of broad tape.

Inkstand (ઈન્કસ્ટૅન્ડ), *n.* ખડીઓ; દોત; કલમદાન. An ink-bottle; a small case for ink, pen, etc.

Inland (ઇન્-લૅન્ડ), *a.* અંદરના ભાગનું; દેશી; મુલ્કી; દરિયાથી દૂર હોય તેવું. Within the country;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

interior; far away from the sea. *n.* દેશની અંદરનો ભાગ. The interior part of a country.

Inlay (ઈન્લે), *vt. pr. p.* **Inlaying.** *imp.* & *p. p.* **Inlaid.** જડવું; બેસાડવું;–ની અંદર જડાવ કામ કરવું. To set in with mosaic insertions. *n.* જડાવ કામ; લાકડા, વિ૦ ના ઉપર હાથીદાંત, ઇત્યાદિનું જડેલું કામ. Ivory set in with a block of wood.

Inlet (ઈન્લેટ્), *n.* રસ્તો; માર્ગ; નાની ખાડી. An entrance; a way for ingress; a bay.

Inly (ઇન્લિ), *ad.* છુપી રીતે;ચૂપકીથી. Secretly; unknowingly.

Inmate (ઇન્મેટ્), *n.* સાથે રહેનાર; રહેવાસી (દવાખાનાનો અથવા જેલનો). One, who dwells in the same apartment or room; a person who dwells in the same house.

Inmost (ઇન્મોસ્ટ્), *a.* ઘણો ભાગ અંદર હોય એવું. Farthest from the surface.

Inn (ઇન્ન્), *n.* ધર્મશાળા; વીશી; મુસાફરખાનું; સરાઈ. A public house; a tavern **2.** પાઠશાળા. A college.

Innate (ઇન્-નેટ્), *a.* જન્મનું; સ્વાભાવિક; કુદરતી; સહજ; અંતરૂત્પન્ન થયેલ. Inborn; natural; inartificial;derived from the mental constitution.

Innateness (ઈનનેટ્નેસ્), *n.* સ્વાભાવિક સ્થિતિ; કુદરતી સ્થિતિ; કુદરત. A state of being innate.

Innavigable (ઇન્-નૅવિગેબલ્), *a.* વહાણથી જવાય અવાય નહિ તેવું; વહાણ ન હંકારી શકાય એવું. Incapable of navigation.

Inner (ઈનર્), *a.* અંદરનું; અંદરની બાજુનું. Of the inside; interior.

Innermost (ઇનર્-મોસ્ટ્), *a.* સૌથી અંદરનું; અંદરની બાજુનું. Most interior.

Inn-keeper (ઇન્ન્-કીપર્), *n.* ધર્મશાળાની દેખરેખ રાખનાર; વીશીવાળો; મુસાફર ખાના માટે રાખેલો રખવાળ. One, in charge of an inn.

Innocence (ઇન્નોસેન્સ્), *n.* નિર્દોષતા; નિરપરાધીપણું; નિરપરાધ; કલંક નહિ હોવું તે. Blamelessness; purity of heart; artlessness.

Innocent (ઇન્નોસેન્ટ્), *a.* નિરપરાધી; નિર્દોષ; નિષ્કપટી; નિર્બાધક. Free from guilt; pure-hearted; sinless; upright. *n.* નિર્દોષ પુરૂષ; નિરપરાધી; નિષ્પાપી. One, free from any guilt or sin; an innocent person.

Innocuous (ઈન્-નૉક્યૂઅસ્), *a.* નિરપકારી; જેથી દુઃખ ન થાય એવું; અદ્રોહી; નિર્વિકારી. Harmless; safe; innocent.

Innovate (ઇન્નોવેટ્), *vt. vi. pr. p.* **Innovating.** *imp.* & *p. p.* **Innovated.** નવી રીત દાખલ કરવી; નવી પદ્ધતિ દાખલ કરવી. To change by introducing something new.

Innovation (ઈન્-નોવેશન્), *n.* નવી રીતમાં થોડો ઘણો કરેલો ફેરફાર; નવી પદ્ધતિ. A new method or system.

Innovator (ઇન્નોવેટર્), *n.* ફેરફાર; કરનાર; નવી રીત ચાલુ કરનાર; નવી રૂઢી શરૂ કરનાર. One, who innovates.

Innuendo (ઈન્-ન્યૂએન્ડો), *n.* આડી વાત કરીને કરેલી ઈશારત; અન્યોક્તિ. An oblique hint.

In-oculate (ઇન્-ઑક્યૂલેટ્), *vt.* શીતળા કાઢવા; રસી મુકાવવી; ચેપ ઘાલીને રોગ કરવો. To vaccinate; to insert infectious matter. **2.** ઝાડની ડાળી બીજા ઝાડની કલમ સાથે જોડવી. To insert a plant or a bud to another.

Inoculation (ઇન્-ઑક્યૂલેશન્), *n.* શીતળા કાઢવા–કઢાવવા તે; રસી મુકાવવી તે; એક ઝાડની કળી બીજા ઝાડ સાથે જોડવી તે. An act of inoculating.

Inculator (ઇન્-ઑક્યૂલેટર્), *n.* શીળી કાઢનાર; રસી મૂકનાર; કલમ (વૃક્ષની) ચઢાવનાર. One, who inoculates.

In-odorous (ઇન્-ઓડરસ્), *a.* વાસ વિનાનું; ગંધ વિનાનું; ગંધહીન. Having no smell; devoid of scent.

Inoffensive (ઇન્-ઑફેન્સિવ્), *a.* ગરીબ; રાંક; નિરપરાધી; સાલસ; કોઇને નુકશાન ન કરે તેવું. Meek; harmless; free from doing any mischief towards others.

Inofficious (ઇન્-ઑફ્ફિશસ્), *a.* બેદરકાર; ધ્યાન ન આપે તેવું. Inattentive; heedless. **2.** કઠોર સ્વભાવનું; તોછડા સ્વભાવનું. Harsh in nature; of unkind nature.

Inoperative (ઈન્-ઑપરેટિવ્), *a.* અસર કરે નહિ તેવું; નિરૂપયોગી; નિષ્ફળ; વ્યર્થ. Having no effect; producing no effect; useless.

Inopportune (ઇન્-ઑપૉર્-ટ્યૂન્), *a.* અકાલિક; કવેળાનું; અકાળ; અસમયાનુસાર. Inconvenient; unseasonable.

Inopportunely (ઇન્-ઑપૉર્-ટ્યૂનલિ), *ad.* અકાલિક; કવેળાનું; અસમયાનુસાર. In an inopportune way.

Inordinate (ઈન્-ઑર્ડિનેટ્), *a.* બેસુમાર; અત્યંત; અપરિમિત; અમર્યાદ; બેહદ. Excessive; unlimited; boundless.

Inordinately (ઇન્-ઑર્ડિનેટલિ), *ad.* બેસુમારરીતે; અત્યંતરીતે; અપરિમિત રીતે; અમર્યાદપણે; બેહદપણે. Excessively; boundlessly.

Inorganic (ઈન્-ઑર્ગેનિક્), *a.* જડ; નીર્જીવ; નીરવયવ; ચૈતન્ય રહિત. Inanimate; lifeless. **2.** જડ પદાર્થનું. Of inanimate objects

Inquest (ઇન્-ક્વેસ્ટ્), *n.* તપાસ; શોધ; પંચાત; એકાએક મરણ શા કારણથી થયું તે શોધી કાઢવા જે પંચ બેસે છે તે; જુરી. An inquiry; a search; an inquiry before a jury.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Inquietude (ઇન્-ક્વાયેટ્યૂડ્), *n.* બેચેની; અસમાધાનતા. Restlessness; uneasiness.

Inquire (ઇન્ક્વાયર્), *vt. pr. p.* **Inquiring.** *imp. & p. p.* **Inquired.** પુછવું; તજવીજ કરવી; તપાસ કરવી; શોધખોળ કરવી. To ask; to search for; to seek for.

Inquirer (ઈન્ક્વાયરર્), *n.* પૂછનાર; તપાસ કરનાર; તજવીજ કરનાર; શોધક; ખબર કાઢનાર. One, who inquires.

Inquiry (ઇન્ક્વાયરિ), *n.* શોધ; તપાસ; પરીક્ષા; ચોકસી. An act of inquiring; a search; an examination.

Inquisition (ઇન્-ક્વિઝિશન્), *n.* તપાસ; ચોકસાઇ; શોધખોળ. An inquiry; an examination. **2.** (*Law*) સરકારી તપાસ. A judicial examination.

Inquisitional (ઇન્-ક્વિઝિશનૅલ્), *a.* તપાસનું; શોધખોળવાળું; ચોકસાઇને લગતું. Pertaining to an inquisition.

Inquisitive (ઇન્-ક્વિઝિટિવ્), *a.* શોધક; તપાસ કરે તેવું; જીજ્ઞાસુ; વિચક્ષણ. Of the nature of searching; prone to research.

Inquisitiveness (ઈન્-ક્વિઝિટિવ્નેસ્), *n.* Same as, **Inquisition.**

Inquisitor (ઇન્-ક્વિઝિટર્), *n.* તપાસ કરનાર; શોધખોળ કરનાર; ભાળ મેળવનાર. One, who inquires or examines officially.

Inroad (ઈન્રોડ્), *n.* ચઢાઇ; હુમલો; આક્રમણ; કોઈપણ દેશ શત્રુની ચઢાઇ; હદ છોડી બીજાની મિલ્કતને કબજો લેવો તે. An invasion; an attack; an encroachment.

Inroll (ઇન્-રોલ્), *vt.* Same as, **Enroll.**

Insalubrious (ઇન્સૅલ્યૂબ્રિઅસ્), *a.* આરોગ્ય રાખે નહિ તેવું; વ્યાધિકર; રોગકારક. Unwholesome; unhealthy.

Insalubrity (ઈન્સૅલ્યૂબ્રિટિ), *n.* અનારોગ્ય; રોગકારક સ્થિતિ; વ્યાધિ. Unwholesomeness; unhealthiness.

Insalutary (ઈન્સૅલ્યૂટરિ), *a.* વ્યાધિકર; અનારોગ્યકર; દુઃખ ઉત્પન્ન કરનારૂં. Unhealthy; unwholesome.

Insane (ઇન્સેન્), *a.* ગાંડો; ઘેલો; દીવાનો; ઉન્મત્ત; ઉન્માદી. Mad; delirious; crazy. **2.** ગાંડા પુરૂષોને માટે વપરાય તેમ ઇચ્છેલું; દીવાના. પુરૂષોથી. વપરાતું. Used by mad persons.

Insanely (ઇન્સેનલિ), *a.* ગાંડપણમાં; દીવાના પણે; ઉન્મત્તપણે. In an insane way.

Insanity (ઇન્સૅનિટિ), *n.* ગાંડપણ; ઘેલછા; ઉન્મત્તતા; દિવાનાપણું. Craziness; madness; mental derangement.

Insatiability (ઈન્-સૅશિઍબિલિટિ), *n.* અતિ લોભ; અસંતોષ; અતૃપ્તિ. A state of being overgreedy; a dissatisfaction.

Insatiable (ઇન્-સૅશિએબલ્), *a.* અસંતોષી; અતૃપ્ત; અતિલોભી; અશમનીય. Incapable of being satisfied; very greedy.

Insatiableness (ઈન્-સૅશિએબલ્નેસ્), *n.* Same as, **Insatiability.**

Inscribe (ઇન્સ્ક્રાઇબ્), *vt. pr. p.* **Inscribing.** *imp. & p. p.* **Inscribed.** કોતરવું;—ના ઉપર લખવું. To engrave; to write on. **2.** મનમાં ઠસાવવું-ઉતારવું. To impress upon the mind.

Inscriber (ઇન્સ્ક્રાઇબર્), *n.* કોતનાર;—ના ઉપર લખનાર; શિલાલેખ, અથવા કોઈપણ જાતનો લેખ કોતરનાર. One, who inscribes.

Inscription (ઇન્-સ્ક્રિપ્શન્), *n.* લખાણ; લેખ; કોતરેલું લખાણ; લેખન. An act of writing; anything engraved on a solid substance.

Inscriptive (ઇન્સ્ક્રિપ્ટિવ્), *a.* કોતરી કાઢેલું; લખી શકાય તેવું; મનમાં ઠસાવી શકાય તેવું. Capable of being inscribed.

Inscrutability (ઇન્-સ્ક્રૂટૅબિલિટિ), *n.* ગૂઢાર્થ; શોધી ન શકાય તેવી બાબત; અકળતા. A state of being inscrutable.

Inscrutable (ઇન્-સ્ક્રૂટેબલ્), *a.* ગૂઢ; અકળ; અગમ; શોધી શકાય નહિ એવું. Incomprehensible; obscure; incapable of being understood.

Inscrutableness (ઇન્-સ્ક્રૂટેબલ્નેસ્), *n.* Same as, **Inscrutability.**

Insect (ઇન્સેક્ટ્), *n.* જીવડું; જીવજંતુ; કીડો. A kind of small animal. **2.** (*fig.*) પામર જીવ; ક્ષુદ્ર પુરૂષ. An insignificant person.

Insectivorous (ઇન્સેક્ટિવોરસ્), *a.* કીડા ખાનારૂં; કીડાભક્ષક. Living on insects or worms.

Insecure (ઇન્-સીક્યૂર્), *a.* જોખમવાળું; સહીસલામતી વિનાનું; સંશયયુક્ત. Containing risk; risky; not safe.

Insecurely (ઇન્સીક્યૂરલિ), *ad.* સંશયયુક્ત રીતે; સહીસલામતી વિના; જોખમ વેઠીને. In an insecure way.

Insecurity (ઇન્-સીક્યૂરિટિ), *n.* જોખમ; ભય; જુમ્મો; સંશયયુક્ત સ્થિતિ. Risk; a danger; a hazardous state.

Insensibility (ઇન્સેન્સિબિલિટિ), *n.* અસાવધપણું; અશુદ્ધિ; બેભાનપણું; બેહોશપણું. Want of sensibility; unconsciousness. **2.** લાગણી હીનતા; દયા હીનતા; જડતા. Dulness; senselessness.

Insensible (ઈન્સેન્સિબલ્), *a.* બેશુદ્ધ; બેભાન; બેહોશ. Devoid of feeling or perception.

Insensibleness (ઈન્સેન્સિબલ્નેસ્), *n.* Same as, **Insensibility.**

Insensibly (ઇન્સેન્સિબ્લિ), *ad.* બેભાનપણે; બેહોશપણે. In an insensible way.

Inseparability (ઈન્સેપરેબિલિટિ), *n.* અભિન્નતા; જુદું પડે નહિ તેવી સ્થિતિ; અવિભાજ્યપણું. A state

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of being inseparable.

Inseparable (ઇન્-સેપરેબલ્), *a.* જુદું પડે નહિ તેવું; અભિન્ન; નોખું ન પાડી શકાય તેવું. Incapable of being separated.

Inseparableness (ઈન્સેપરેબલનેસ્), *n.* Same as, **Inseparability.**

Insert (ઈન્સર્ટ્), *vt.* દાખલ કરવું; અંદર ખોંસવું-મુકવું; લખવું. To bring into; to set into; to thrust.

Insertion (ઈન્સર્શન્), *n.* અંદર ઘાલવું તે; દાખલ કરવું તે; પ્રવેશ. An act of inserting. **2.** દાખલ થયેલી કોઇપણ વસ્તુ-ચીજ-પદાર્થ. Anything or object inserted.

Inside (ઇન્સાઈડ્), *ad. prep.* અંદર; માંહે; અંદરની બાજુમાં. Not outside; existing in the inner part.

Insidious (ઇન્સિડિઅસ્), *a.* દગાબાજ; કપટી; દગાખોર;કાવત્રાંબાજ;હરામી. Deceitful; sly;cunning.

Insidiousness (ઇન્સિડિઅસનેસ્),.*n.* કપટ; દગો; કાવત્રાંબાજ થવું તે; હરામખોરી. An act of being insidious.

Insight (ઇન્સાઈટ્), *n.* પૂર્ણ જ્ઞાન; માહિતી; જાણ; પીછાન; અવલોકન શકિત; ઉંડી પહોંચ-નજર. A complete knowledge; a perfect information; the power of perception.

Insignia (ઈન્સિગ્નિઅ), *n.* અધિકારીનું ચિન્હ-નિશાની; નિશાન. A bedg or badges of an office.

Insignificance,-cy (ઇનસિગ્નિફિકેન્સ્,-ન્સિ), *n.* હલકાપણું; લઘુતા; તુચ્છપણું. Meanness; want of position or a status. **2.** અર્થહીનતા; અર્થશૂન્યતા. Want of a meaning or a sense.

Insignificant (ઇન્-સિગ્નિફિકેન્ટ્), *a.* અર્થ વગરનું; નજીવું; હલકું; ફોગટ; નિરર્થક. Trivial; unimportant;devoid of any sense or meaning.

Insincere (ઈન્-સિન્સીર્), *a.* કપટી; દગલબાજ; બેવફા. Not sincere; feigning.

Insincerely (ઈન્-સિન્સીર્લિ), *ad.* દગલબાજપણે; કપટથી; બેવફાઈપૂર્વક. In an insincere way.

Insincerity (ઇન્-સિન્સેરિટિ), *n.* દગો; જુઠાપણું; કપટ; ઢોંગ. Deceitfulness; a state of being insincere.

Insinuate (ઈનસિન્યૂએટ્), *vt. pr. p.* **Insinuating.** *imp. & p. p.* **Insinuated.** ઘુસવું; ધીમેધીમે દાખલ થવું; કૃપા મેળવવા યત્ન કરવો. To enter gradually; to introduce gently; to try to win favour. **2.** ઇશારો કરવો; વક્રોકિત વાપરવી. To show a hint at.

Insinuating (ઇન્-સિન્યૂએટિન્ગ્), *a.* પેટમાં પેસી જનાર; ઘુસી જનાર; કૃપાકાંક્ષી. Tending to enter slowly; trying to win favour.

Insinuation (ઇન્સિન્યૂએશન્), *n.* ધીમે ધીમે દાખલ થવું તે; કૃપા મેળવવી તે; પ્રેમ મેળવવાનો પ્રયત્ન. A slow entrance; an attempt to win grace or favour. **2.** ઇશારો; વક્રોકિત; A hint; a suggestion.

Insinuator (ઈન્સિન્યૂએટર્), *n.* ધીમે ધીમે દાખલ થનાર; ઇશારો કરનાર; સાનમાં કહેનાર. One, who insinuates.

insipid (ઈન્-સિપિડ્), *a.* સ્વાદ વિનાનું; અસર વિનાનું; મોળું; ફીકું; લુખું. Tasteless; dull in effect; vapid.

Insipidity (ઈન્-સિપિડિટિ), *n.* સ્વાદ હીનતા; રસ હીનતા; ફીકાપણું;લુખાપણું.Tastelessness;dulness.

Insist (ઇન્સિસ્ટ્), *vi. pr. p.* **Insisting.** *imp. & p. p.* **Insisted.** આગ્રહ કરવો; હઠ કરવી; જક કરવી. To urge; to press; to be obstinate. **2.** ટેકો ખોળવો; આધાર ખોળવો. To find support.

Insistence (ઈન્સિસ્ટેન્સ્), *n.*હઠ; આગ્રહ; આધાર. An act of insisting; a support.

Insnare (ઇન્-સ્નેર્), *vt.* જળમાં પકડવું-લેવું. To catch in a snare. **2.** ફસાવવું; ફાંસામાં પાડવું; સપડાવવું. To entrap; to put to a fix.

Insnarer (ઇન્-સ્નેરર્), *n.* જળમાં પકડનાર; ફસાવનાર; સપડાવનાર. One, who insnares.

Insobriety (ઈન્-સોબ્રાઇએટિ), *n.* છાકટાપણું; કેફીપણું; કેફ. Drunkenness; intoxication.

Insociable (ઈન્-સોશિએબલ્), *a.* અતહું; અમિલનસાર; હળીમળી ન જાય તેવું; મળતાવહું નહિ તેવું; એકાંતવાસી. Incapable of being sociable; taciturn.

Insolence (ઇન્સોલેન્સ્), *n.* અહંકાર; અભિમાન; ગર્વ; ધૃષ્ટતા; ઉદ્ધતાઇ. Pride; haughty nature; impudence; vanity.

Insolent (ઈન્સોલેન્ટ્), *a.* ઉદ્ધત; મગરૂર; ગર્વીષ્ટ; દાંડ; અહંકારી; નિર્લજ; અમર્યાદ. Proud; haughty; vain; daring.

Insolently (ઇન્સોલેન્ટ્લિ), *ad.* ઉદ્ધતપણે; અહંકારપૂર્વક; અમર્યાદ રીતે; નિર્લજપણે. In an insolent way.

Insolubility (ઇન્-સૉલ્યૂબિલિટિ), *a* ઓગળે નહિ અથવા પીંગળે નહિ તેવો ગુણ; કઠણ અથવા નક્કરપણું. A quality of being insoluble.

Insoluble (ઇન્-સૉલ્યૂબલ્), *a.* ઓગળે નહિ એવું; કઠણ; છુટે નહિ એવું. Incapable of being dissolved. **2.** સમજાવી શકાય નહિ તેવું; કઠણ; મુશ્કેલ;અઘરૂં. Incapable of being solved.

Insolubleness (ઇન્-સૉલ્યૂબલનેસ્), *n.* Same as, **Insolubility.**

Insolvable (ઇન્-સૉલ્વેબલ્), *a.* પીંગળી જાય નહિ તેવું; કઠણ; સમજાવી શકાય નહિ તેવું. Incapable of being solved.

Insolvency (ઇન્-સૉલ્વેન્સિ), *n.* નાદારી; નાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થિતિ; કરજ ફેડવાને અશક્તિમાન હોવું તે. A state of being insolvent.

Insolvent (ઇન્-સૉલ્વેન્ટ), *a.* નાદાર; દેવાળીઓ; કરજ ફેડવાને અશક્ત. Not in a state of discharging the debt. *n.* નાદાર; દેવાળીઓ. One, unable to pay off the debt.

Insomnia (ઇન્સોમ્નિઍ), *n.* ઉંઘ ન આવે તેવો ગુણ; ઉંઘ ઉડી જાય તેવી સ્થિતિ. Sleeplessness; want of sleep.

Insomuch (ઇન્સોમચ્), *ad.* અહિંસુધી; એટલે લગી-સુધી. To such a point or degree.

Insooth (ઈન્-સૂથ્), *ad.* ખરેખર; સાચી રીતે. Truly; really.

Inspect (ઈન્સ્પેક્ટ્), *vt. pr. p.* **Inspecting.** *imp. p. p.* **Inspected.** બારીકાઇથી જોવું; તપાસવું; હોદ્દાની રૂએ પરીક્ષા કરવી. To see minutely; to look upon carefully; to examine officially.

Inspection (ઇન્સ્પેક્શન્), *n.* તપાસ; પરીક્ષા; અવલોકન; નીરીક્ષણ. An examination; a close observation.

Inspector (ઇન્સ્પેક્ટર્), *n.* નિરીક્ષણ કરનાર; તપાસનાર; પરીક્ષક; ગુણદોષ જોનાર. One, who inspects; or sees minutely.

Inspectorship (ઇન્સ્પેક્ટરશિપ્), *n.* નિરીક્ષકનો હોદ્દો-પદ; પરીક્ષકની પદવી. A state or position of an inspector.

Inspiration (ઈન્સ્પિરેશન્), *n.* શ્વાસ-દમ લેવો તે; શ્વાસોશ્વાસની ક્રિયા. Inhalation; an act of breathing. **2.** ઇશ્વરી પ્રેરણા; પ્રેરણા; સ્ફુર્તિ; હિંમત. A divine idea; an innate thought or notion.

Inspire (ઇન્-સ્પાયર્), *vt. pr. p.* **Inspiring.** *imp. & p. p.* **inspired.** શ્વાસ લેવો; દમ લેવો. To inhale. **2.** પ્રેરણા થવી; સ્ફુરવું; ખ્યાલ થવો. To get an innate notion or idea.

Inspirit (ઇન્સ્પિરિટ્), *vt.* ઉશ્કેરવું; ઉત્તેજન આપવું; ઉત્સાહ આપવો; જોશ આપવો. To animate; to incite for some motive.

Inspissate (ઈન્સ્પિસેટ્), *vt.* ઉકાળીને જાડું કરવું; ઘટ્ટ બનાવવું. To thicken by boiling; to render thick.

Inspissation (ઇન્સ્પિસેશન્), *n.* કરવું તે; જાડું બનાવવું તે. An act of making thick.

Instability (ઈન્-સ્ટેબિલિટિ), *n.* અસ્થિરતા; ચલિતપણું; અનિત્યતા; ચંચળતા; અદ્દઢતા. A state of being unstable; unsteadiness.

Instable (ઇન્-સ્ટેબલ), *a.* અસ્થિર; અદ્દઢ; ચલિત; ચંચળ; અનિત્ય. Unsteady; mutable; wavering.

Instableness (ઈન્-સ્ટેબલનેસ્), *n.* Same as, **Instability.**

Install (ઇન્સ્ટૉલ), *vt.* સ્થાપના કરવી; અભિષેક કરવો; રાજ્યાભિષેક કરવો. To invest with some power or rank.

Installation (ઇન્સ્ટૉલલેશન્), *n.* સ્થાપના; સંસ્કાર પૂર્વકની સ્થાપના; કોઇપણ કામની-ફરજની સોંપણી. An act of installing.

Instalment (ઇન્-સ્ટૉલ્મેન્ટ્), *n.* હપ્તો; કાંધું; ભાગ. A part or portion of a debt; a part.

Instance (ઇન્સ્ટન્સ્), *n.* દૃષ્ટાંત; ઉદાહરણ; દાખલો; બનાવ. An event; a happening. **2.** આજીજી; આગ્રહ. An urgency. *vt.* દાખલો આપવો; ઉદાહરણ આપવું. To mention as an example.

Instant (ઈન્સ્ટન્ટ્), *a.* ઉતાવળું; તત્પર; તૈયાર. Quick; immediate. *n.* ક્ષણ; પળ; પલક; કાળ; સમય; વેળા. A moment; a period of time.

Instantaneous (ઇન્-સ્ટન્ટનીઅસ્), *a.* તાત્કલિક; તરતજ થાય તેવું. Done in a moment; happening soon; immediate.

Instanter (ઇન્સ્ટન્ટર્), *ad.* તરતજ; તેજ ઘડીએ; તેજપળે. Immediately; at that very moment.

Instantly (ઇન્સ્ટન્ટ્લિ), *ad.* તેજ પળે; તેજ ઘડીએ; વિના વિલંબે. At that moment; immediately; soon.

Instead (ઇન્સ્ટેડ્), *ad.* બદલામાં; અવેજમાં; ની જગ્યાએ; ની વતી. In place of; in room of.

Instep (ઇન્સ્ટેપ્), *n.* પગની પાની; એડી. The spur.

Instigate (ઇન્સ્ટિગેટ્), *vt. pr. p.* **Instigating.** *imp. & p. p.* **Instigated.** ઉશ્કેરવું; ચડાવવું; ભંભેરવું; શિખવવું. To provoke; to goad on; to urge.

Instigation (ઇન્સ્ટિગેશન્), *n.* ઉશ્કેરણી; શિખવણી; પ્રેરણા; ચડવણી. An act of instigating.

Instigator (ઈન્સ્ટિગેટર્), *n.* ઉશ્કેરનાર; શિખવણી કરનાર; ચડવણી કરનાર; શાળી કરનાર. One, who instigates.

Instill, Instil (ઇન્-સ્ટિલ્), *vt. pr. p.* **instilling.** *imp. & p. p.* **Instilled.** થોડે થોડે મનમાં ઠસાવવું; ધીમે ધીમે મગજમાં ઉતારવું. To infuse gradually. **2.** ટીપે ટીપે રેડવું. To pour gently; to pour drop by drop.

Instillation (ઈન્-સ્ટિલેશન્), *n.* ટીપે ટીપે રેડવું તે; ધીમે ધીમે સમજાવવું અથવા મનમાં ઠસાવવું તે. An act of instilling.

Instiller (ઇન્સ્ટિલર્), *n.* રેડનાર; ફેલાવનાર; સારી રીતે મગજમાં ઠસાવનાર-ઉતારનાર. One, who instils.

Instilment (ઇન્સ્ટિલમેન્ટ્), *n.* રેડવું તે; ફેલાવવું તે; સમજાવવું તે. An act of instilling.

Instinct (ઇન્સ્ટિન્ક્ટ્), *n.* પ્રેરણા; અંગબુદ્ધિ; સમજ; અંગ જ્ઞાન. An impulse; a natural knowledge.

Instinctive (ઈન્સ્ટિન્ક્ટિવ્), *a.* સ્વાભાવિક; પ્રેરક; પ્રેરણા બુદ્ધિનું; પ્રકૃતિ સિદ્ધ. Original; natural; established by impulse.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Institute (ઈન્સ્ટિટ્યૂટ), *n.* નિયમ; ધારો; કાયદો; વિધિ; શિરસ્તો; માન્ય કરેલો રિવાજ. An established rule; a custom. **2.** શાળા; સમાજ; મંડળ; મંડળી. An institution; a seminary. **3.** સંસ્થાપન; સ્થાપના. An act of establishing. *vt.* બાંધવું; ઠરાવ કરવો; નિમવું; નિર્માણ કરવું. To ordain; to form; to enact. **2.** શરૂ કરવું; પ્રારંભ કરવો. To commence; to begin.

Institution (ઇન્સ્ટિટ્યૂશન્), *n.* સ્થાપના; બંધારણ; ધર્મપ્રતિષ્ઠા. An establishment; a foundation; an established order. **2.** સંસ્થા; શાળા; મંડળ; ખાતું. An organized society; a body, organized for some public motive.

Institutional (ઇન્સ્ટિટ્યૂશનૅલ), *a.* સ્થાપનાને લગતું; મંડળનું; શાળાનું; સંસ્થાની બાબતનું. Of or pertaining to an institution.

Institutionary (ઇન્સ્ટિટ્યૂશનૅરિ), *a.* Same as, **Institutional.**

Institutor (ઇન્સ્ટિટ્યૂટર), *n.* પ્રારંભ કરનાર; સંસ્થા અથવા મંડળનો સ્થાપક. One, who institutes.

Instruct (ઇન્સ્ટ્રક્ટ), *vt.* શિખવવું; કેળવવું; હુકમ આપવો; ખબર કરવી; સૂચનારૂપે શિખવવું. To teach; to inform; to impart knowledge.

Instructible (ઇન્સ્ટ્રક્ટિબલ), *a.* શિખવાય તેવું; સૂચના આપી શકાય તેવું; કેળવાય તેવું. Capable of being instructed.

Instruction (ઇન્સ્ટ્રક્શન્), *n.* સૂચના; સલાહ; ઉપદેશ; હિતવચન; શિક્ષાવચન. A hint; a suggestion; a teaching; a precept.

Instructive (ઈન્સ્ટ્રક્ટિવ્), *a.* સૂચના આપે તેવું; બોધ આપે તેવું; હિત વચન સંભળાવે તેવું. Tending to instruct; suggestive.

Instructor (ઈન્સ્ટ્રક્ટર્), *n.* ઉપદેશક; સૂચના કરનાર; હિત વચન સંભળાવનાર; શિક્ષા વચન કહેનાર. One, who instructs.

Instrument (ઇન્સ્ટ્રૂમેન્ટ), *n.* ઓજાર; હથિયાર; સાધન; શસ્ત્ર. A tool; an implement; a contrivance. **2.** વાજું; વાજીંત્ર; વાંસળી. An organ; a fife.

Instrumental (ઇન્સ્ટ્રૂમેન્ટૅલ), *a.* કાર્યસાધક; સાધનભૂત; સહકારી. Helping as a means; helpful. **2.** હથિયારનું; ઓજારનું; શાસ્ત્રને લગતું. Pertaining to an instrument. **3.** વ્યાકરણમાં ત્રીજી વિભક્તિનું (કારણભૂત). Of the case in grammar showing agency

Instrumentality (ઇન્સ્ટ્રૂમેન્ટૅલિટિ), *n.* સાધકપણું; મારફત; હસ્તક; કારણરૂપતા. A state of being instrument; an agency.

Insubordinate (ઇન્સબોર્ડિનેટ), *a.* ઉપરીને તાબે ન રહે તેવું; બેઅદબ; હુકમનો અનાદર કરનાર. Not subordinate; disobedient.

Insubordination (ઇન્સબોર્ડિનેશન્), *n.* શિરજોરી; બેહુકમપણું; આજ્ઞાભંગ; અવિનય. Disobedience; violence of rules and order.

Insufferable (ઇન્સફ્રેબલ), *a.* સહન ન થઇ શકે એવું; અસહ્ય; ખમી ન શકાય તેવું. Intolerable; unendurable.

Insufferably (ઈન્સફ્રેબ્લિ), *ad.* અસહ્ય રીતે; ખમી ન શકાય તેવી રીતે. Intolerably.

Insufficiency (ઇન્સફિશેન્સિ), *n.* ઓછાપણું; અછત હોવી તે; ન્યૂનતા. A state of being not sufficient.

Insufficient (ઇન્સફિશેન્ટ), *a.* ઓછું; જોઇએ તેટલું નહિ; અયોગ્ય; નાલાયક; કસરવાળું; અધુરૂં. Inadequate; not sufficient; not enough.

Insular (ઇન્સ્યૂલર્), *a.* બેટનું; ટાપુનું; પાણીથી વિંટાળાએલું. Pertaining to an island; belonging to an island; surrounded by water. **2.** (*fig.*) સાંકડા મનવાળું. Narrow-minded.

Insularity (ઇન્સ્યૂલૅરિટિ), *n.* બેટનું-ટાપુનું હોવું તે; મનનું સંકુચિતપણું. A state of being insular; narrow-mindedness.

Insularly (ઇન્સ્યૂલૅરલિ), *ad.* સંકુચિતપણે; બેટનું હોય તેવી રીતે; ટાપુમાં ગણત્રી થઇ શકે તેવી રીતે. In an insular way.

Insulate (ઇન્સ્યૂલેટ), *vt.* અલગ કરવું; વેગળું કરવું; ઇલાયદું મુકવું. To separate; to isolate. **2.** દ્વિપ બનાવવો; ટાપુ કરવો. To make an island of.

Insulated (ઈન્સ્યૂલેટેડ્), *a.* અલગ; છૂટું; વેગળું; જુદું; છુટું છવાયું. Separated; standing by itself. **2.** ગુરૂત્વાકર્ષણની અસર ન થાય તેટલું દૂર. Far away from the effect of gravitation.

Insulation (ઇન્સ્યૂલેશન્), *n.* અલગ કરવું તે; છૂટું બનાવવું તે; દ્વિપ અથવા ટાપુ બનાવવાનું કામ. An act of insulating.

Insulator (ઇન્સ્યૂલેટર્), *n.* અલગ કરનાર; દ્વિપ બનાવનાર; ટાપુ કરનાર. One, who insulates. **2.** વિજળીની અસર ન થવા દેનાર ચીજ. A non-conductor of electricity.

Insult (ઈન્સલ્ટ), *vt. vi.* અપમાન કરવું; માનભંગ કરવું; બેઅદબી કરવી; તિરસ્કારયુક્ત વર્તન ચલાવ્યું. To treat with abuse; to behave scornfully; to be disrespectful to. *n.* અપમાન; બેઅદબી; માનભંગ. An abuse; an act of insolence; any gross affront.

Insulter (ઇન્સલ્ટર), *n.* અપમાન કરનાર; માનભંગ કરનાર; બેઅદબી કરનાર. One, who insults.

Insuperability (ઇન્સ્યૂપરેબિલિટિ), *n.* અનિવાર્યતા; અજેયપણું; દુસ્તર સ્થિતિ; ઓળંગાય નહિ તેવી સ્થિતિ. A state of being insuperable.

Insuperable (ઇન્સ્યૂપરેબલ), *a.* મુશ્કેલ; ન જીતાય એવું; ઓળંગાય નહિ એવું; અનિવાર્ય; દુસ્તર; અજીત. Insurmountable; incapable of being overcome.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Insuperableness (ઇન્-સ્યૂપરેબલનેસ્), *n.* Same as, **Insuperability.**

Insupportable (ઇન્-સપ્પોર્ટેબલ્), *a.* ઉંચકાય નહિ તેવું; ટેકો ન દઇ શકાય એવું; વજન ન આપી શકાય તેવું; આધાર ન આપી શકાય તેવું. Incapable of being supported.

Insupportableness (ઈન્સપ્-પોર્ટેબલનેસ્), *n.* ઉંચકાય નહિ તેવી સ્થિતિ; વજન ન આપી શકાય તેવી સ્થિતિ. A state of being insupportable.

Insupportably (ઈન્-સપ્-પોર્ટેબ્લિ), *ad.* ઉંચકાય નહિ તેવી રીતે; વજન ન આપી શકાય તેમ; ટેકો ન દેવાય તેવી રીતે. In an insupportable way.

Insuppressible (ઇન્-સપ્પ્રેસિબલ્), *a.* દબાય નહિ એવું; અનિવાર્ય; કાબુમાં ન રાખી શકાય તેવું. Incapable of being suppressed.

Insuppressibly (ઇન્-સપ્પ્રેસિબ્લિ), *ad.* દબાય નહિ તેમ; અનિવાર્યપણે; વશ ન કરી શકાય તેમ. In an insuppressible manner or way.

Insurable (ઇન્શુરેબલ્), *a.* વીમો ઉતરાવી શકાય તેવું; ખાત્રી આપી શકાય તેવું. Capable of being insured.

Insurance (ઇન્શુરન્સ્), *n.* વીમો; વીમો ઉતરાવવો તે; ખાત્રી. A security against damage of a person; assurance.

Insure (ઇન્-શુર્), *vt. pr. p.* **Insuring.** *imp. & p. p.* **Insured.** ખાત્રી કરવી; વીમો ઉતારવો. To ascertain; to secure against any loss or damage.

Insurer (ઇન્શુરર્), *n.* ખાત્રી કરનાર; વીમો ઉતારનાર. One, who insures.

Insurgent (ઇન્-સર્જેન્ટ્), *n.* ફિતુરી પુરૂષ-આદમી; બંડખોર પુરૂષ. A rebel; one, who takes part in a revolt. *a.* ફિતુરી; બળવાખોર; બંડખોર. Rebellious; rising against the state authorities.

Insurmountability (ઈન્-સર્માઉન્ટેબિલિટિ), *n.* ઓળંગી ન શકાય તેવી સ્થિતિ; દુસ્તર સ્થિતિ; મુશ્કેલી સામે ઉભા ન રહી શકાય તેવી સ્થિતિ. A state or condition of being insurmountable.

Insurmountable (ઇન્સર્માઉન્ટેબલ્), *a.* ઓળંગી ન શકાય તેવું; દુસ્તર; સામું ન થઈ શકાય તેવું. Incapable of being surmounted; insuperable.

Insurmountableness(ઇન્-સર્માઉન્ટેબલનેસ્), *n.* Same as, **Insurmountability.**

Insurmountably (ઇન્સર્માઉન્ટેબ્લિ), *ad.* ઓળંગી ના શકાય તેવી રીતે; પ્રતિરોધકપણે. In an unsurmountable way.

Insurrection (ઇન્સરેક્શન્), *n.* બળવો; બંડ; ફિતુર; હુલ્લડ; રાજ્યદ્રોહ. A rebellion; a revolt.

Insusceptibility (ઈન્-સસેપ્ટિબિલિટિ), *n.* અસર થાય નહિ તેવી સ્થિતિ; ગ્રહણ શક્તિનો અભાવ; અજાણપણું. A state of being insusceptible.

Insusceptible (ઇન્-સસેપ્ટિબલ્), *a.* અસર થાય નહિ તેવું; અસર લાગે નહિ તેવું. Incapable of being impressed.

Intangibility (ઇન્ટેન્જિબિલિટિ), *n.* અસ્પૃશ્યતા; સ્પર્શાગોચરતા. A state of being intangible.

Intangible (ઈન્ટેન્જિબલ્), *a.* અસ્પૃશ્ય; જેને સ્પર્શ થાય નહિં તેવું; સ્પર્શાગોચર. Not tangible; incapable of being touched.

Intangibleness (ઇન્ટેન્જિબલનેસ્), *n.* Same as, **Intangibility.**

Intangibly (ઇન્-ટેન્જિબ્લિ), *ad.* અસ્પૃશ્ય રીતે; સ્પર્શ ન થાય તેવી રીતે. In an intangible way.

Integer (ઈન્ટીજર્), *n.* પૂર્ણાંક; પૂર્ણસંખ્યા. A complete entity; a whole number in contradiction to its fraction.

Integral (ઇન્ટીગ્રેલ્), *a.* આખું; અખંડ; પૂર્ણ; અભિન્ન. Complete; entire; whole; unseparated.

Integrant (ઈન્ટીગ્રેન્ટ્), *a.* Same as, **Integral.**

Integrate (ઇન્ટીગ્રેટ્), *nt.* આખું બનાવવું; સંપૂર્ણ કરવું; સરવાળો કરવો; એકઠું કરવું. To make entire; to complete; to give the sum total of.

Integration (ઇન્ટીગ્રેશન્), *n.* સંપૂર્ણ બનાવવું તે; અભિન્નતા; આખું બનાવવું તે. An act of integrating.

Integrity (ઇન્ટેગ્રીટિ), *n.* પ્રમાણિકપણું; સત્યતા; નેકી; શુદ્ધતા. Honesty; a straightforward dealing.

Integument (ઇન્ટેગ્યૂમેન્ટ), *n.* ઢાંકણ; આવરણ; ત્વચા પડદો; પોપડો; આચ્છાદન. A covering; the skin; the layer.

Intellect (ઈન્ટેલેક્ટ્), *n.* અક્કલ; બુદ્ધિ; વિચારશક્તિ; ચેતના. The faculty leading to judgment; the sense; the power of thought.

Intellectual (ઈન્ટેલેક્ટ્યૂઅલ્), *a.* બુદ્ધિનું; મનનું; માનસિક; અક્કલવાન; બુદ્ધિથી ઉદ્ભવેલું. Of or pertaining to intellect; sensible; derived from sense or intellect.

Intellectually (ઈન્ટેલેક્ટ્યૂઅલિ), *ad.* કલ્પનાથી; બુદ્ધિપૂર્વક; જ્ઞાનથી. In an intellectual way; skilfully.

Intelligence (ઈન્ટેલિજેન્સ્), *n.* ચતુરાઇ; બુદ્ધિ; સમજ; જ્ઞાન. Skill; intellect; understanding; knowledge. **2.** ખબર; સમાચાર; અખબાર; બાતમી. A news; an information.

Intelligent (ઇન્ટેલિજેન્ટ્), *a.* હોંશિયાર; બુદ્ધિમાન; અક્કલવાળો; ચતુર. Skilful; well-informed; wise-headed.

Intelligently (ઇન્ટેલિજેન્ટ્લિ), *ad.* બુદ્ધિપૂર્વક;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોંશિયારીથી; ચતુરાઈથી. Skilfully; cleverly.

Intelligibility (ઇન્ટેલિજિબિલિટિ), *n.* બુદ્ધિગમ્યતા; સુગમ્યતા; ગહનીયતા. A state of being intelligible.

Intelligible (ઇન્ટેલિજિબલ્), *a.* સમજાય એવું; બુદ્ધિગમ્ય; સુગમ્ય; સમજમાં આવે તેવું. Capable of being understood; comprehensible.

Intelligibleness (ઈન્ટેલિજિબલનેસ્), *n.* Same as, **Intelligibility.**

Intelligibly (ઇન્ટેલિજિબ્લિ), *ad.* સમજાય તેવી રીતે; સુગમ્ય રીતે; કળાય તેવી રીતે. In an intelligible way; clearly.

Intemperance (ઇન્ટેમ્પરૅન્સ્), *n.* બેસુમારપણું; અમિતાહાર; અત્યાહાર; અતિ ભોજન; અતિ ખાનપાન. Want of moderation; excess in alcoholic liquors.

Intemperate (ઇન્ટેમ્પરેટ્), *a.* અમિતાહારી; ઘણું ખાનાર; ખાનપાનમાં અનિયમિત; અતિ મદ્ય પીનાર. Immoderate; irregular in eating or in drinking liquors.

Intemperately (ઇન્ટેમ્પરેટ્લિ), *ad.* અમિતાહારપૂર્વક; ખાનપાનમાં અનિયમિત રીતે. In an intemperate way.

Intend (ઈન્ટેન્ડ્), *vt. pr. p.* **Intending.** *imp.* & *p. p.* **Intended.** ધારવું; ઇરાદો રાખવો; કલ્પના હોવી; ખ્યાલ કરવો; ઇચ્છા ધરાવવી. To think; to design; to mean.

Intended (ઇન્ટેન્ડેડ્), *a.* સગાઇથી બંધાયેલું; સગાઈના સંબંધથી જોડાયેલ. Betrothed; engaged. **2.** ધારેલું; નક્કી કરેલું. Purposed; thought. *n.* સગાઇથી સંબંધ થયેલ પતિ. An affianced lover.

Intendedly (ઇન્ટેન્ડેડ્લિ), *ad.* ઈરાદાપૂર્વક; જાણી જોઇને; ઇચ્છાપૂર્વક. Intentionally.

Intense (ઈન્ટેન્સ્), *a.* ઘણું; અતિશય; પ્રબળ; ભારે; તીક્ષ્ણ; તીવ્ર; પ્રચંડ. Keen; ardent; vehement; excited.

Intensification (ઇન્ટેન્સિફિકેશન્), *n.* પ્રબળ અથવા ઘણુંજ તીવ્ર કરવું તે–બનાવવું તે; પ્રચંડતા. An act of making intense.

Intensifier (ઇન્ટેન્સિફાયર્), *n.* પ્રબળ કરનાર; તીવ્ર રૂપ કરનાર–પ્રગટાવનાર. One who intensifies.

Intensify (ઇન્ટેન્સિફાય્), *vt.* પ્રબળ કરવું; તીવ્ર બનાવવું; પ્રચંડ કરવું. To make intense.

Intensity (ઇન્ટેન્સિટિ), *n.* અતિશયતા; જબરાપણું; ભારેપણું; પ્રબળતા; પ્રચંડતા. Keenness; ardour; vehemence.

Intent (ઈન્ટેન્ટ્), *a.* વલણવાળું; ઇચ્છાવાળું; નિશ્ચયી. Having the mind bent on; desiring eagerly.

Intention (ઇન્ટેન્શન્), *n.* ધારણા; અભિપ્રાય; વિચાર; અર્થ; હેતુ; ખ્યાલ. An idea; a notion; a thought; an aim.

Intentional (ઇન્ટેન્શનૅલ્), *a.* ઇરાદાપૂર્વક કરેલું; હેતુ અથવા ધારણાથી કરેલું. Done with a motive or intention.

Intentionally (ઇન્ટેન્શનૅલ્લિ), *ad.* ઇરાદાપૂર્વક; હેતુપૂર્વક; અભિપ્રાય મુજબ. In an intentional way.

Inter (ઇન્ટર્), *vt. pr. p.* **Interring.** *imp.* & *p. p.* **Interred.** દાટવું; જમીનમાં પુરવું; ગાડવું; ભૂમિ સંસ્કાર કરવો. To bury; to inhume.

Interment (ઈન્ટર્મેન્ટ્), *n.* દાટવું તે; દટન ક્રિયા; જમીનમાં ગાડવું તે; ભૂમિસંસ્કાર. An act of interring; a burial.

Intercalary (ઈન્ટર્કૅલૅરિ), *a.* વચમાં ઘાલેલું; અધિક (માસ, મહિનો). Inserted among others; introduced in the middle of.

Intercalate (ઇન્ટર્-કૅલેટ્), *vt.* પંચાંગમાં અધિક માસ ગણવો–મૂકવો–ઘાલવો. To insert between the space (of time, thing, etc.)

Intercalation (ઇન્ટર્-કૅલેશન્), *n.* પંચાંગમાં અધિક માસ ગણવો તે; અધિક માસ હોવો તે. An act of intercalating.

Intercede (ઇન્ટર્સીડ્), *vi.* વચ્ચે પડવું; વચ્ચે પડી સમજાવવું; મધ્યસ્થ થવું; આડે આવવું. To mediate; to intervene. **2.** બીજા સારૂ માફી માંગવી. To plead in favour of another.

Interceder (ઇન્ટર્સીડર્), *n.* વચ્ચે પડનાર; મધ્યસ્થ થનાર; આડે આવનાર; વચ્ચે પડી સમજાવનાર. One, who intercedes.

Intercept (ઈન્ટર્સેપ્ટ્), *vt.* અધવચ અટકાવવું; રોકવું, વહેવાર બંધ રાખવો; રસ્તામાં રોકવું–અટકાવવું. To stop by the way; to interrupt the journey, or a letter, etc.

Intercepter (ઇન્ટર્સેપ્ટર્), *n.* અધવચ રોકનાર; અટકાવનાર; વહેવાર બંધ રાખનાર. One, who intercepts.

Interception (ઈન્ટર્સેપ્શન્), *n.* રોકાણ; અટકાયત; વ્યવહાર બંધ પાડવો તે. An act of intercepting.

Intercession (ઈન્ટર્સેશન્), *n.* મધ્યસ્થપણું; વચમાં પડી પતાવટ કરવી તે; વચ્ચે પડવું તે. A mediation; an act of interceding.

Intercessional (ઇન્ટર્સેશનૅલ્), *a.* મધ્યસ્થપણાની બાબતનું; પતાવટને લગતું. Pertaining to a mediation.

Intercessor (ઇન્ટર્સેસર્), *n.* મધ્યસ્થ; વચમાં પડી પતાવટ કરનાર. A mediator; one, who intercedes.

Interchange (ઈન્ટર્ચેન્જ્), *vt. vi.* અદલાબદલી કરવું; અદલબદલ કરવું. To receive mutually. *n.* અદલાબદલી; સાટાપાટી; વિનિમય; ફેરફાર. An exchange between two or more.

Interchangeability (ઇન્ટર્ચેન્જેબિલિટિ), *n.* સાટાપાટી થવી તે; અદલાબદલી હોવી તે; ફેરફાર. An act of being interchangeable.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Interchangeable (ઈન્ટર્ચેન્જેબલ), *a.* અદલાબદલી થઇ શકે તેવું; સાટાપાટી કરી શકાય તેવું; ફેરફાર થઇ શકે તેવું. Capable of being interchanged.

Interchangeableness (ઈન્ટર્ચેન્જેબલનેસ), *n.* Same as, **Interchangeability.**

Intercourse (ઇન્ટર્કોર્સ), *n.* વહીવટ; વ્યવહાર; મિલાવડો; ઘરોબો; પરિચય. Reciprocal dealings; communication; communion.

Interdict (ઈન્ટર્ડિક્ટ), *vt.* મના કરવી; નિષેધ કરવો; રોકવું; અટકાવવું. To forbid; to prohibit; to restrain. *n.* મનાઇ; નિષેધ; અટકાયત; રોકાણ; નિવારણ. A prohibition; a restraint.

Interdiction (ઇન્ટર્ડિક્શન્), *n.* મનાઈ; શ્રાપ; નિષેધ; પ્રતિબંધ. A prohibition.

Interdictive (ઇન્ટર્ડિક્ટિવ્), *a.* મનાઇવાળું; પ્રતિબંધ કરે તેવું. Prohibitory.

Interdictory (ઇન્ટર્ડિક્ટોરિ), *n.* મનાઈવાળું; નિષેધક; પ્રતિબંધવાળું. Tending to interdiction; prohibitory.

Interest (ઇન્ટરેસ્ટ), *n.* ફાયદો; હિત; લાભ; કલ્યાણ. A gain; a profit; an advantage. **2.** વગ; વગવસીલો. Influence. **3.** વ્યાજ. A sum received in return of the loan. **4.** કાળજી; દરકાર; આનંદ. Care; heedfulness; joy. *vt.* ધ્યાન ખેંચવું. આસ્થા ઉત્પન્ન કરવી; આકર્ષવું; તલ્લીન કરવું. To attract the mind of; to draw the attention of; to absorb. **2.** માં લાભ હોવો; સ્વાર્થ ધરાવવો. To have a concern in.

Interesting (ઇન્ટ્રેસ્ટિન્ગ), *a.* મનોરંજક; ખુશ; દીલપસંદ; ગમ્મત ઉપજાવે તેવું; આનંદકારક. Amusing; engaging the mind or attention.

Interestingly (ઇન્ટરેસ્ટિન્ગ્લિ), *ad.* મનોરંજકપણે; ગમ્મત ઉપજાવે તેવી રીતે; આનંદપૂર્વક. In an interesting way.

Interfere (ઇન્ટર્ફીર્), *vt. pr. p.* **Interfering.** *imp. & p. p.* **Interfered.** વચ્ચે પડવું; માં હાથ ઘાલવો; ખલેલ પહોંચાડવી; નડવું; અંતરાય નાંખવો. To meddle; to interpose; to clash.

Interference (ઇન્ટર્ફીરેન્સ), *n.* વચ્ચે પડવું તે; ખલેલ; હરકત; નડતર; અંતરાય. An act of interfering.

Interferer (ઇન્ટર્ફીરર), *n.* વચ્ચે પડનાર; અંતરાય નાંખનાર; ખલેલ પહોંચાડનાર. One, who interferes.

Interim (ઇન્ટેરિમ્), *n.* વચમાંનો કાળ; મધ્યકાળ; વચગાળાનો સમય; અંતર્ગત સમય. The mean time; time intervening. *a.* મધ્યકાળનું; વચમાંના સમયનું. Belonging to an intervening time.

Interior (ઇન્ટીરિઅર્), *a.* અંદરનું; માંહેનું; અંતરસ્થ. Inner; of the inner side. *n.* અંદરનો ભાગ; અંદરની બાજુ. The inside part of a thing.

Interiority (ઇન્ટીરિઆરિટિ), *n.* અંદરના ભાગનું હોવું તે; અંતર્ગત સ્થિતિ. A state of being interior.

Interjacent (ઇન્ટર્જેસેન્ટ), *a.* વચમાં આવેલું; મધ્ય સ્થિતિ. Intervening; lying between.

Interjection (ઇન્ટર્જેક્શન્), *n.* વચ્ચે નાંખવું તે. An act of throwing in the middle. **2.** કેવળપ્રયોગી અવ્યય. One of the parts of speech expressing joy or sorrow.

Inter-knit (ઇન્ટર્નિટ), *vt.* સાથે સાથે ગુંથવું; જોડે જોડે ગુંથણી કરવી. To knit together.

Interlace (ઇન્ટર્લેસ), *vt. vi.* અંદર અંદર ગુંથવું—ગુંથણી કરવી; સાથે સાથે ગુંથવું; અંદરની બાજુએ પટી મુકવી. To weave together; to twine together.

Interlacement (ઈન્ટર્લેસમેન્ટ), *n.* અંદર અંદર ગુંથણી કરવી તે; સાથે સાથે કરેલી ગુંથણી. An act of interlacing.

Interleave (ઇન્ટર્લીવ્), *vt.* ચોપડીમાં બંન્ને પાનાની વચ્ચે એક કોરૂં પાનું ઘાલવું—મુકાવવું. To insert a blank leaf between two printed pages.

Interline (ઇન્ટર્લાઇન્), *vt.* બે લીટી વચ્ચે લખવું; એક અને બીજી લીટીમાં વારાફરતી લખવું. To write between lines.

Interlineation (ઇન્ટર્લિનીએશન્), *n.* બે લીટીઓની વચ્ચે લખેલો શબ્દ; બે લીટીઓની વચમાં લખવું તે. An act of interlining.

Interlink (ઇન્ટર્લિન્ક), *vt.* આંકડીથી જોડવું; કડીથી બંધ બેસાડવું; કડી જોડવી. To connect with a link or a hook.

Interlocution (ઇન્ટર્લોક્યૂશુન), *n.* સંવાદ; સંભાષણ. A dialogue; an interchange of speech. **2.** (*Law*) ચૂકાદા અગાઉની છેલ્લી દલીલ. A final argument.

Interlocutor (ઇન્ટર્લોક્યૂટર), *n.* સંવાદ કરનાર; સંભાષણ કરનાર—લખનાર; કોર્ટમાં ચુકાદા અગાઉની છેલ્લી દલીલ કરનાર. One, who speaks in a dialogue.

Interlocutory (ઈન્ટર્લોક્યૂટોરિ), *a.* સંવાદ રૂપ; દલીલરૂપ; સંભાષણનું. Pertaining to a dialogue.

Interlope (ઈન્ટર્-લોપ), *vi. pr. p.* **Interloping.** *imp. & p. p.* **Interloped.** બીજાના કામમાં માથું મારવું; બીજાના કામમાં હાથ ઘાલવો; અન્યાયપૂર્વક ઘુસવું. To intrude; to meddle with unauthoritatively.

Interloper (ઇન્ટર્-લોપર્), *n.* બીજાના કામમાં માથું મારનાર; ઘુસનાર; હાથ ઘાલનાર. One, who interlopes.

Interlude (ઇન્ટર્-લ્યૂડ્), *n.* નાટકનો તમાસો; ફારસ; નાટકમાં બે અંક વચ્ચેનો આનંદનો અથવા ચ્હાપાણીનો સમય. A lively entertainment between two acts in a drama or any show.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Interlunar,-y (ઇન્ટર્-લ્યૂનૅર્,-રિ), *a.* અમાવાસ્યાનું; અમાવાસ્યાને લગતું. Of the time, when the moon is invisible.

Intermarriage (ઇન્ટર્-મૅરિજ્), *n.* માંહોમાંહીનાં લગ્ન; એકબીજાની સાથે લગ્ન કરવાનો વ્યવહાર. A marriage between two families or tribes.

Intermarry (ઇન્ટર્મૅરિ), *vt.* માંહોમાંહી લગ્ન કરવાં; અરસ્પરસ લગ્ન કરવાનો અધિકાર અથવા વ્યવહાર હોવો. To marry together; to become connected by a marriage.

Inter-meddle (ઇન્ટર્-મેડ્લ્), *vt.* વચમાં પડવું; હાથ ઘાલવો; ઘુસવું. To interpose; to meddle with.

Inter-meddler (ઇન્ટર્-મેડ્લર્), *n.* વચમાં પડનાર; હાથ ઘાલનાર; ઘુસનાર; ઘુસણીયો. One, who meddles with.

Intermeddlesome (ઇન્ટર્મેડ્લ્સમ્), *a.* વચમાં પડવાની વૃત્તિવાળો; વચમાં હાથ ઘાલવાની ઇચ્છાવાળો; ઘુસણીઓ. Prone to intermeddling.

Intermedial (ઇન્ટર્મીડિઍલ્), *a.* વચ્ચેનું; મધ્યનું; વચ્ચે પડેલું. Lying in the middle; situated in the middle.

Intermediation (ઇન્ટર્મીડિએશન્), *n.* વચ્ચે પડવું તે; મધ્ય જગ્યાપર હોવું તે. Interposition.

Inter-mediate (ઇન્ટર્-મીડિએટ્), *a.* Same as, **Inter-medial.**

Interment (ઇન્ટર્મેન્ટ્), *n.* દફન; દફનક્રિયા; ભૂમિસંસ્કાર. A burial; an act of interring.

Interminable (ઈન્ટર્મિનેબલ્), *a.* છેડા વગરનું; હદ વગરનું; અનંત; બેહદ; અમર્યાદ; નિઃસીમ. Boundless; endless.

Interminableness (ઇન્ટર્મિનેબલ્નેસ્), *n.* છેડા વગરનું હોવું તે; અનંતતા; બેહદપણું; અમર્યાદા. A state of being interminable.

Interminably (ઈન્ટર્મિનેબ્લિ), *ad.* અમર્યાદપણે; બેહદપણે; હદ સિવાય; છેડા સિવાય. In an interminable way.

Interminate (ઈન્ટર્મિનેટ્), *a.* Same as, **Interminable.**

Intermingle (ઇન્ટર્મિન્ગલ), *vt. vi. pr. p.* **Intermingling.** *imp. & p. p.* **Intermingled.** સેળભેળ કરવું; એકઠું કરવું; મિશ્રણ કરવું; સેળભેળ થવું; એકઠું થવું. To mix together.

Intermission (ઇન્ટર્મિશન્), *n.* તહકુબી; વિરામ; અટકાવ; આંતરો. A cessation for a time; a pause. **2.** તાવનું થોડા વખતને માટે શાંત પડવું તે. A temporary pause of fever.

Intermissive (ઈન્ટર્મિસિવ્), *a.* અટકાવ કરે તેવું; તહકુબીવાળું; આંતરા કરે તેવું. Causing or tending to intermission.

Intermit (ઈન્ટર્મિટ્), *vt. vi. pr. p.* **Intermitting.** *imp. & p. p.* **Intermitted.** અટકાવવું; વારંવાર આવવું; વારેઘડીએ થવું. To cause to cease for some time; to come or visit often; to take place frequently. **2.** આંતરે આવવું-થવું. To relax at intervals.

Intermittent (ઈન્ટર્મિટેન્ટ્), *a.* આંતરે આંતરે આવવું; વારેઘડીએ શરૂ થવું અને બંધ પડવું. Relaxing at intervals; ceasing at intervals.

Intermix (ઈન્ટર્-મિક્સ્), *vt. vi.* સેળભેળ કરવું; મિશ્રણ કરવું; મેળવણી કરવી. To intermingle; to mix together. **2.** મિશ્રણ થવું; મેળવણી થવી. To be mixed together.

Intermixture (ઈન્ટર્-મિક્સ્ટ્યૂર્), *n.* મેળવણી; સેળભેળ; મિશ્રણ; સંયોગ. An act of mixing together; a portion, mixed together.

Inter-mural (ઈન્ટર્-મ્યૂરલ્), *a.* કોટના વચમાંનું; ભીંતની વચ્ચેનું. Lying between two walls.

Internal (ઈન્ટર્નલ્), *a.* અંદરનું; માંહેનું; વાસ્તવિક; ખરૂં; મૂળનું. Inward; interior; real; true.

Internally (ઈન્ટર્નલ્-લિ), *ad.* અંદરની બાજુએ; મનમાં; પેટમાં. Inwardly; in an invisible way.

International (ઈન્ટર્નૅશનલ્). *a.* જુદા જુદા દેશના વ્યવહારનું; દેશદેશનું; જુદી જુદી પ્રજાને લગતું. Relating to the intercourse of different nations or countries.

Interpellate (ઇન્ટર્પેલેટ્), *vt.* સવાલ પૂછવો; પ્રશ્ન પૂછવો; પ્રશ્ન પૂછીને આગળ બોલતા અટકાવવું. To question; to interrupt by asking a question.

Interpellation (ઇન્ટર્પેલેશન્), *n.* સવાલ; પ્રશ્ન કરવો તે; પ્રશ્ન પૂછીને અટકાવવું તે. A question; an interruption.

Interpolate (ઇન્ટર્પોલેટ્), *vt.* અસલ ગ્રંથમાં ફેરફાર કરવો; મૂળ ગ્રંથમાં કંઈક ઉમેરવું. To insert some matter in an original writing or book. **2.** નવીન ઉમેરો કરીને બગાડવું. To corrupt by the insertion of some new matter.

Interpolater (ઈન્ટર્પોલેટર્), *n.* અસલ ગ્રંથમાં ફેરફાર કરનાર; મૂળગ્રંથમાં ઉમેરો કરનાર. One, who interpolates.

Interpolation (ઈન્ટર્પોલેશન્), *a.* અસલ લખાણમાં ઉમેરેલા શબ્દો-વાક્ય; નવું લખાણ ઉમેરીને મૂળનું લખાણ બગાડવું તે. An act of interpolating.

Interpose (ઇન્ટર્પોઝ્), *vt. vi. pr. p.* **Interposing.** *imp. & p. p.* **Interposed.** વચ્ચે મૂકવું; ઘુસવું;-ની મધ્યે મુકવું. To place between; to intrude; to lay in the middle. **2.** વચ્ચે થવું; ઘુસી જવું. To be in the middle of.

Interposition (ઈન્ટર્-પોઝિશન્), *n.* મધ્યસ્થપણું; -ની વચ્ચે આવવું તે; મધ્ય સ્થળમાં હોવું તે; દરમ્યાનગીરી. An act of interposing.

Interpret (ઇન્ટર્પ્રીટ્), *vt.* અર્થ સમજાવવો; ભાષાંતર કરવું; એક ભાષામાંથી બીજી ભાષામાં ખુલાસો કરવો. To expound; to explain; to translate.

Interpretable (ઈન્ટર્પ્રીટેબલ્), *a.* અર્થ સમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાવી શકાય તેવું; ભાષાંતર કરી શકાય તેવું. Capable of being explained or expounded.

Interpretation (ઇન્ટર્પ્રીટેશન્), *n.* ભાષાંતર; તરજુમો; ખુલાસો; સમજણ; વ્યાખ્યા; નિરૂપણ; પ્રકાશન. A translation; an explanation; a meaning.

Interpretative (ઇન્ટર્પ્રીટેટિવ્), *a.* ખુલાસો કરે તેવું; નિરૂપણ કરનાર; વ્યાખ્યા આપીને જુદી જુદી રીતે સમજાવે તેવું. Explanatory; tending to interpret.

Interpreter (ઈન્ટર્પ્રીટર્), *n.* એક ભાષામાંથી બીજી ભાષામાં સમજાવનાર; ભાષાંતર કર્તા; તરજુમો કરનાર; નિરૂપણ કરનાર. One, who inteprets.

Interregnum (ઈન્ટર્રેગ્નમ્), *n.* એક રાજાના મરણ બાદ બીજો રાજા ગાદીએ બેસે તે વચ્ચેનો કાળ; નાયક વગરનો સમય. The time between the death of one king and the coronation of the succeeding king.

Interrogate (ઈન્ટર્રોગેટ), *vt. vi.* પૂછવું; પ્રશ્ન પૂછવો; સવાલ કરવો–મૂકવો; પ્રશ્ન પૂછીને પરીક્ષાકરવી–તપાસવું. To enquire; to question; to examine by asking questions.

Interrogation (ઈન્ટર્રોગેશન્), *n.* પ્રશ્ન; સવાલ; સવાલથી પરીક્ષા કરવાની રીત. A question; an act of questioning.

Interrogative (ઇન્ટર્રૉગેટિવ્), *a.* પ્રશ્નાર્થરૂપ; પ્રશ્નનું; પ્રશ્નાત્મક. Expressing or denoting a question.

Interrogatively (ઈન્ટર્રૉગેટિવ્લિ),*ad.*પ્રશ્નાત્મક રીતે; પ્રશ્નનારૂપમાં; પ્રશ્નાર્થરૂપે. In an interrogative way.

Interrupt (ઈન્ટર્રપ્ટ), *vt. pr. p.***Interrupting.** *imp.* & *p. p.* **Interrupted.** બોલતાં અટકાવવું–રોકવું–બંધ પાડવું. To stop the speech of; to hinder from speaking. **2.** રોકવું; અડચણ કરવી. To obstruct; to come in the way of.

Interruptedly (ઈન્ટર્રપ્ટેડ્લિ), *ad.* વચ્ચે બોલી ઉઠીને; બોલતાં બોલતાં અટકાવીને. In the way of causing interruption.

Interrupter (ઇન્ટર્રપ્ટર્), *n.* વચ્ચે બોલી ઉઠનાર; બોલતાં બોલતાં અટકાવીને વચ્ચે બોલનાર; અંતરાય પુરનાર. One, who interrupts.

Interruption (ઈન્ટર્રપ્શન્), *n.* અડચણ; હરકત; ભંગ; અંતરાય; વિરામ. A hindrance; a stop; a break.

Intersect (ઈન્ટર્સેક્ટ), *nt.* વચમાંથી છેદવું; કાપવું; કાપીને જુદું કરવું; નોખું પાડવું. To cut into; to cut or divide between; to separate.

Intersection (ઇન્ટર્સેક્શન્), *n.* છેદવું તે; છેદન; છેદનબિંદુ (ભૂમિતિમાં). An act of intersecting.

Interspace (ઈન્ટર્સ્પેસ્), *n.* બે પદાર્થ–ચીજ વચ્ચેની જગ્યા અથવા અંતર. The distance between two places.

Intersperse (ઇન્ટર્સ્પર્સ), *vt.* વચ્ચે ફેંકવું; વેરવું; નાંખવું. To scatter; to throw at random.

Interspersion (ઈન્ટર્સ્પર્શન્), *n.* વેરવું તે; વચ્ચે પાથરવું તે; ફેંકી દેવું તે. An act of interspersing.

Interstice (ઈન્ટર્સ્ટિસ્), *n. pl.* **Interstices.** ફાટ; ચીરો; તડ; ચીર; ગાળો. A crevice; a crack; a narrow space between things.

Intertexture (ઈન્ટર્ટેક્સ્ટ્યૂર્), *n.* અંદરનું વણાટ; વણાટથી તૈયાર કીધેલું કાપડ. An act of interweaving; a fabric interwoven.

Intertwine (ઈન્ટર્-ટ્વાઈન્), *vt. vi.* ગુંથવું; અરસપરસ ગુંથવું. To interlace. **2.** ગુંથાઇ જવું. To be mutually interlaced.

Interval (ઈન્ટર્વૅલ્), *n.* વચમાંનો વખત;દરમ્યાન; ગાળો; અવકાશ; ફુરસદ; આંતરો; છેટું; જગ્યા. A space between things; a distance between places.

Intervene (ઇન્ટર્વીન્), *vi. pr. p.* **Intervening.** *imp.* & *p. p.* **Intervened.** વચમાં આવવું; મધ્યસ્થ થવું; વચમાં પડવું. To come between; to be stationed in the midst of.

Intervener (ઈન્ટર્વીનર્), *n.* વચમાં આવનાર; મધ્યસ્થ થનાર;વચમાં પડનાર.One,who intervenes.

Intervention (ઇન્ટર્વેન્શન્), *n.* વચમાં પડવું તે; મધ્યસ્થ થવું તે; વચ્ચે હોવું તે. An act of intervening; an act of coming between.

Interview (ઈન્ટર્-વ્યુ), *n.* મુલાકાત; મેલાપ; ભેટ; વાતચિત. A meeting; a communication of thoughts. *vt.* મુલાકાત લેવી; વાતચિત કરવી; મેળાપ કરવો. To call on; to call on for the purpose of some communication.

Interviewer (ઇન્ટર્વ્યૂઅર્), *n.* મુલાકાત લેનાર; મેળાપ કરનાર; પરિચય પાડીને વાત કરનાર. One, who interviews. **2.** કોઇપણ નામાંકિત પુરૂષની મુલાકાત લેનાર. One, who interviews a man of renown (a newspaper reporter).

Interweave (ઇન્ટર્-વીવ્), *vt.* એકઠું વણવું;સાથે સાથે ગુંથવું. To weave together; to interlace.

Intestate (ઈન્ટેસ્ટેટ), *n.* વારસનામું કર્યા સિવાય મરનાર માણસ; વારસનામું (મૃત્યુપત્ર) કર્યા સિવાય મરી ગએલો પુરૂષ. A person, who dies without making a will. *a.* વારસનામું કર્યા સિવાય મરી જનાર. Dying without preparing a will.

Intestinal (ઈન્ટેસ્ટિનૅલ), *a.* આંતરડાનું; આંતરડાં સંબંધી. Pertaining to the intestines.

Intestine (ઇન્ટેસ્ટાઈન્), *a.* શરીરનું; અંદરનું. Of the body; internal. **2.** દેશનું; દેશની અંદરની સ્થિતિનું. Of the country; not foreign.

Intestines (ઇન્ટેસ્ટાઈન્સ્), *n.* (*pl.*) આંતરડાં. Entrails in general.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Inthral, Inthrall (ઈન્થ્રૉલ્), *vt. pr. p.* **Inthralling.** *imp. & p. p.* **Inthralled.** ગુલામીમાં રાખવું; ગુલામ બનાવવો; દાસ બનાવવો. To enslave; to make a slave of.

Inthralment (ઈન્થ્રૉલમેન્ટ), *n.* ગુલામીમાં રાખવું તે; ગુલામી; દાસત્વ. An act of enslaving; slavery.

Inthrone (ઇન્થ્રોન્), *vt.* Same as, **Enthrone.**

Intimacy (ઇન્ટિમૅસિ), *n.* ઘણોજ પરિચય; ઘરોબો; દોસ્તી. Close friendship; acquaintance; familiarity.

Intimate (ઇન્ટિમેટ), *a.* જીવજાન; ગાઢું; અતિશય પરિચયમાં આવેલું; પાશેનું; નજીકનું. Sincere; closely acquainted or related; nearing. *vt.* સૂચના આપવી; ખબર જણાવવી-કરવી; જણાવવું. To give a slight notice; to inform.

Intimation (ઈન્ટિમેશન્), *n.* ખબર; સૂચના; બાતમી; ચેતવણી; ઈરાદો; જાહેર ખબર. A hint; a suggestion; a public notice or information.

Intimidate (ઇન્ટિમિડેટ), *vt.* બીવરાવવું; દહેશત ઉપજાવવી; ડરાવવું; ભયભીત કરવું. To dishearten; to inspire with fear; to make fearful.

Intimidation (ઇન્ટિમિડેશન્), *n.* બ્હીક; દહેશત; ડર; ભય; થરથરાટ. An act of intimidating; the fear.

Intimidatory (ઈન્ટિમિડેટૉરિ), *a.* બ્હીક ઉપજાવે તેવું; ભય કરે તેવું; દહેશત. લગાડે તેવું. Causing fear or danger.

Into (ઇન્ટુ), *prep.* અંદર; માંહે; માં; મધ્યે; મોઝાર. In; in the direction of; inside; inward.

Intolerability (ઇન્ટૉલરૅબિલિટિ), *n.* અસહ્યપણું; ખમી ન શકાય તેવી સ્થિતિ. A state of being intolerable.

Intolerable (ઇન્ટૉલરેબલ), *a.* સહન થાય નહિ તેવું; અસહ્ય; ખમી શકાય નહિ તેવું. Not tolerable; insufferable. **2.** અત્યંત; બેહદ; અતિશય. Abnormal; enormous.

Intolerableness (ઇન્ટૉલરેબલનેસ્), *n.* Same as, **Intolerability.**

Intolerably (ઇન્ટૉલરેબ્લિ), *ad.* અસહ્ય રીતે; સહન ન થાય તેવી રીતે; ખમી શકાય નહિ તેવી રીતે. In an intolerable way.

Intolerant (ઈન્ટૉલરૅન્ટ), *a.* સહન ન કરે તેવું; સહન કરવાને અશક્ત. Not tolerant; incapable of tolerating.

Intomb (ઇન્ટુમ્), Same as, **Entomb.**

Intonate (ઇન્ટોનેટ), *vt.* સ્વર કાઢવો; ગાયનના રાગ કાઢવા; સુર ગોઠવવા. To modulate the voice or sound.

Intonation (ઈન્ટોનેશન્), *n.* સ્વર ભેદ; ગાયનના રાગ કાઢવા તે; નાદ. Modulation of voice. **2.** કોઈપણ ગાયનના રાગ કાઢવા તે. An act of sounding the tones.

Intoxicate (ઈન્ટૉક્સીકેટ), *vt. pr. p.* **Intoxicating.** *imp. & p. p.* **Intoxicated.** નિશો ચઢાવવો; કેફ કરવો; મસ્ત-ગાંડું બનાવવું; અમલ કરવો. To inebriate; to make drunk; to excite to the state of delirium.

Intoxication (ઈન્ટૉક્સીકેશન્), *n.* કેફ; અમલ; નિશો; ઉન્માદ. Drunkenness; inebriation.

Intractability (ઈન્ટ્રૅક્ટૅબિલિટિ), *n.* હળીમળી ન જાય તેવો ગુણ; જક્ક; હઠ; જીદ. Stubbornness; obstinacy; the state of being intractable.

Intractable (ઇન્ટ્રૅક્ટેબલ), *a.* હઠીલું; જક્કી; હળીમળી ન જઇ શકે તેવું; શિખવી શકાય નહિ તેવું; Stubborn; obstinate; indocile.

Intransitive (ઈન્ટ્રૅન્સિટિવ્), *a.* અકર્મક; (વ્યાકરણમાં) કર્મ વિનાનું. Not having an object.

Intransitively (ઈન્ટ્રૅન્સિટિવ્લિ), *a.* અકર્મક રીતે; કર્મ ન વપરાયું હોય તેવી રીતે. In an intransitive way.

Intransmutability (ઈન્ટ્રૅન્સ્મ્યૂટેબિલિટિ), જેનું જાત્યાંતર થઈ શકે નહિ તેવો ગુણ અથવા તેવી સ્થિતિ. A state of being intransmutable.

Intransmutable (ઈન્ટ્રૅન્સ્મ્યૂટેબલ), *a.* જેનું જાત્યાંતર ન થાય તેવું; અવિકારી. Incapable of being changed into another form.

Intrench (ઈન્ટ્રેન્શ્), *vt.* આસપાસ ખાઇ ખોદી મોરચો બંધ કરવો. To dig out a ditch in defence of the enemies. **2.** બીજાના હકમાં પગપેસારો કરવો; ઘુસવું. To encroach; to intrude.

Intrenchment (ઇન્ટ્રેન્શમેન્ટ), *n.* ખાઈ અને મોરચો; મોરચાવાળી છાવણી. A ditch dug out in defence of the enemies. **2.** બચાવ; સંરક્ષણ; રક્ષણ. A defence; a protection. **3.** બીજાના હકમાં પગ પેસારો કરવો તે. An encroachment on the rights of another.

Intrepid (ઈન્ટ્રેપિડ્), *a.* નિર્ભય; બહાદુર; છાતીવાળું; હિંમતવાન. Brave; undaunted; bold.

Intrepidity (ઇન્ટ્રેપિડિટિ), *n.* હિંમત; બહાદુરી; નિર્ભયતા; બેધડકપણું; હામ; છાતી. Courage; boldness; fearlessness.

Intrepidly (ઈન્ટ્રેપિડ્લિ), *a.* બહાદુરીથી; નિર્ભયતાપૂર્વક; છાતીપૂર્વક; બેધડક રીતે. Bravely; boldly.

Intricacy (ઇન્ટ્રિકૅસિ), *n. pl.* **Intricacies.** ગુંચવણ; ગુંચ; અસરળતા; વિષમતા; કુટીલતા. A perplexity; a complication; an entanglement.

Intricate (ઇન્ટ્રિકેટ), *a.* ગુંચવણવાળું; અસરળ; અવિષમ; કુટિલ. Complicated; perplexed.

Intrigue (ઇન્ટ્રિગ્), *n.* કારસ્તાન; કાવતરૂં; કામ ચરિત્ર; કપટ પ્રબંધ. A plot; a plot of a complicated nature. **2.** જારકર્મ; વ્યભિચાર. An illicit connection between a man and a female.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. કપટ કરવું; કાવત્રું રચવું; કપટપ્રબંધ યોજવો. To form a scheme; to plot against.

Intriguer (ઈન્ટ્રિગર્), *n.* કારસ્તાન કરનાર; કાવત્રું કરનાર. One, who intrigues; a plotter.

Intrinsic,-al (ઈન્ટ્રિન્સિક્,-કૅલ્),*a.* ખરેખરૂં;મૂળનું; સ્વાભાવિક; વાસ્તવિક; યથાર્થ. True; real; essential; inherent.

Intrinsically (ઇન્ટ્રિન્સિકૅલ્લિ), *ad.* યથાર્થપણે; મૂળ સ્વરૂપમાં; વાસ્તવિક રીતે. Truly; really; essentially.

Introduce (ઇન્ટ્રોડ્યૂસ્), *vt. pr. p.* **Introducing.** *imp. & p. p.* **Introduced.** પ્રવેશ કરાવવો; લઇ જવું; ઓળખાણ કરાવવી; મુલાકાત કરાવવી. To lead in; to bring in; to bring one into acquaintance with. **2.** આરંભ કરવો; શરૂઆત કરવી. To begin; to commence.

Introducer (ઈન્ટ્રોડ્યૂસર્), *n.* પ્રવેશ કરાવનાર; ઓળખાણ કરાવનાર; મુલાકાત કરાવનાર. One, who introduces.

Introduction (ઈન્ટ્રોડક્શન્), *n.* અંદર લાવવું તે; પ્રવેશ; ઓળખાણ; મુલાકાત. An act of bringing in; an entrance; an acquaintance. **2.** પ્રસ્તાવના; ઉપોદ્ઘાત; દીબાચો; આરંભ; શરૂઆત. The portion or part of any writing preceding the main work; the beginning.

Introductive (ઈન્ટ્રૉડક્ટિવ્), *a.* દાખલ કરે એવું; પ્રસ્તાવનારૂપ; પ્રસ્તાવના સંબંધી; પારિભાષિક. Bringing anything forward; tending to introduce; preliminary. [**Introductive.**

Introductory (ઇન્ટ્રૉડક્ટૉરિ), *a.* Same as,

Introspect (ઇન્ટ્રોસ્પેક્ટ્), *vt.* અવલોકન કરવું; આંતરિક રીતે તપાસવું; બારીકાઇથી જોવું. To observe minutely; to see inwardly.

Introspection (ઇન્ટ્રોસ્પેક્શન્), *n.* અંદરની બાજુનું અવલોકન-તપાસ; અવલોકન; અંતર્દૃષ્ટિ. A view of the inside; an observation.

Introspective (ઈન્ટ્રોસ્પેક્ટિવ્), *a.* તપાસ કરે તેવું; અવલોકન કરવાની વૃત્તિવાળું. Of the nature of introspecting.

Intrude (ઈન્ટ્રૂડ્), *vt. vi. pr. p.* **Intruding.** *imp. & p. p.* **Intruded.** વગર બોલાવે અંદર જવું; ઘુસવું; મર્યાદા છોડી જવું; માથું મારવું. To enter uninvitedly; to encroach; to thrust in.

Intruder (ઈન્ટ્રૂડર્), *n.* વગર બોલાવે જનાર; ઘુસણીઓ; વગર નોતરે જનાર. An interloper; one, who intrudes.

Intrusion (ઈન્ટ્રૂઝન્), *n.* વગર બોલાવે જવું તે; બીજાના કામમાં માથું મારવું તે. An act of intruding.

Intrusive (ઇન્ટ્રૂસિવ્), *a.* બોલાવ્યાં સિવાય જાય તેવું; બીજાના કામમાં માથું મારે તેવું. Tending to intrude; causing an intrusion.

Intrust (ઈન્ટ્રસ્ટ્), *vt.* સોંપવું; સ્વાધીન કરવું; હવાલે કરવું. To deliver to the trust of; to hand over; to give in charge of.

Intuition (ઇન્ટ્યૂશન્), *n.* કુદરતી જ્ઞાન; અંતર્જ્ઞાન; પ્રત્યક્ષજ્ઞાન. Cognition; immediate knowledge.

Intwine (ઈન્ટ્વાઈન્), *vt.* વિંટળવું; લપેટવું; વિંટી લેવું. To twist; to involve; to wreathe.

Intwinement (ઇન્ટ્વાઈન્મેન્ટ્), *n.* વિંટી લેવું તે; લપેટી લેવું તે. An act of intwining.

Inundate (ઈનન્ડેટ્), *vt. pr. p.* **Inundating.** *imp. & p. p.* **Inundated.** જળમય કરવું; રેલ આપવી; રેલ છેલ કરવું; ભરપુર બનાવવું-કરવું. To flow over; to overflow; to fill with superfluity.

Inundation (ઇનન્ડેશન્), *n.* રેલ; પ્રલય; જળમય કરવું તે. A flood; an act of inundating.

Inure (ઈન્યૂર્), *vt. pr. p.* **Inuring.** *imp. & p. p.* **Inured.** ટેવ પાડવી; મહાવરો કરાવવો. To habituate; to accustom. **2.** મહાવરાથી કઠણ કરવું. To harden by the constant use.

Inurement (ઈન્યૂરમેન્ટ્), *n.* ટેવ; મહાવરો; રીત. A custom; a usage; a process of inuring.

Inurn (ઇનર્ન્), *vt.* દાટવું; કબરમાં મૂકવું. To bury; to inter; to entomb

Inutility (ઇન્યુટિલિટિ), *n.* નિરૂપયોગીતા; નકામાપણું; અનુપયોગ. Uselessness; a state of being unprofitable.

Invade (ઇન્વેડ્), *vt. pr. p.* **Invading.** *imp. & p. p.* **Invaded.** હુમલો કરવો; લુંટને માટે ચઢાઇ કરવી; સવારી કરવી; આક્રમણ કરવું. To attack; to enter with a view to plundering; to make an inroad.

Invader (ઈન્વેડર્), *n.* હુમલો કરનાર; લુંટને માટે ચઢાઇ કરનાર; આક્રમણ કરનાર. One, who invades.

Invain (ઈન્વેન્), *ad.* મિથ્યા; નકામું; વ્યર્થ; ફોગટ. Useless; in a useless manner.

Invalid (ઇન્વૅલિડ્). *a.* નબળું; નકામું; વ્યર્થ; બાતલ. Not valid; useless; having no moral or legal force. *n.* રોગી માણસ; દરદી; આજારી. A patient; an ill person. *vt.* અશક્ત કરવું; રોગી બનાવવું. To make weak or sickly. **2.** બાતલ કરવું; રદ કરવું. To classify as not valid.

Invalidate (ઇન્વૅલિડેટ્), *vt. pr. p.* **Invalidating.** *imp. & p. p.* **Invalidated.** વ્યર્થ કરવું; રદ કરવું; બાતલ કરવું. To render invalid; to render of no legal effect.

Invalidity (ઈન્વૅલિડિટિ), *n.* નબળાપણું; વ્યર્થતા; શિથિલતા. Want of strength; the state of being useless.

Invaluable (ઈન્વૅલ્યૂએબલ્), *a.* ઘણુંજ કિંમતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોઘું; અમુલ્ય; અણમોલ. Costly; very dear; priceless.

Invariability (ઇન્વૅરિઍબિલિટિ). *n.* સ્થિરતા; દૃઢતા; બદલાય નહિ તેવી બાબત; એક સરખું હોવું તે. A state of being invariable; constancy.

Invariable (ઇન્વૅરિએબલ્), *a.* એક સરખું; સ્થિર; બદલાય નહિ તેવું; દૃઢ. Constant; not variable; always uniform.

Invariableness (ઈન્વૅરિએબલ્નેસ્), *n.* Same as, **Invariability.**

Invariably (ઇન્વૅરિએબ્લિ), *ad.* એક સરખી રીતે; દૃઢપણે; સ્થિરતાપૂર્વક. In an invariable way; steadily.

Invasion (ઇન્વેઝ્હન્), *n.* ચઢાઇ; હુમલો; આક્રમણ; સ્વારી; હલ્લો. An attack; an inroad; a hostile attack.

Invective (ઈન્વેક્ટિવ્), *n.* નિંદા; બદબોઇ; ગાળ; મર્મવાક્ય. A sarcasm; a satire.

Inveigh (ઇન્વે), *vt. pr. p.* **Inveighing.** *imp. & p. p.* **Inveighed.** નિંદા કરવી; ભુંડું બોલવું; નિંદવું; બદબોઈ કરવી. To utter invectives; to speak ill of.

Inveigher (ઇન્વેઅર્), *n.* નિંદા કરનાર; મર્મવાક્ય કહેનાર; બદબોઇ કરનાર. One, who inveighs.

Inveigle (ઇન્વીગલ્), *vt.* છેતરવું; ભુલથાપ દેવી; ફોસલાવીને લઈ જવું; છળથી કઢાવવું. To wheedle; to seduce.

Inveiglement (ઇન્વીગલ્મેન્ટ્), *n.* છેતરપીંડી; ભૂલથાપ; ફોસલામણી. A deception; a seduction.

Inveigler (ઈન્વીગ્લર્), *n.* છેતરપીંડી કરનાર; ભૂલથાપ દેનાર; ફોસલાવનાર. One, who inveigles; a wheedler.

Invent (ઇન્વેન્ટ્), *vt. pr. p.* **Inventing.** *imp. & p. p.* **Invented.** શોધ કરવી; શોધખોળ કરવી; હુન્નર અથવા કળાની શોધ કરવી. To contrive; to fabricate; to plan.

Invention (ઇન્વેન્શન્), *n.* શોધ; નવી યુક્તિ; યોજના; નૂતન અથવા નવી શોધખોળ. A discovery; a device; an act of inventing.

Inventive (ઈન્વેન્ટિવ્), *a.* શોધક; નવું શોધી કાઢે તેવું; નૂતન શોધ કરે તેવું. Capable of making an invention; quick at invention.

Inventer,-or (ઇન્વેન્ટર્), *n.* શોધક; શોધ ખોળ કરનાર; નવી કળાની શોધ કરનાર. A male, who invents.

Inventress (ઈન્વેન્ટ્રેસ્), *n.* શોધક સ્ત્રી; નવીન વિદ્યા શોધનારી સ્ત્રી. A female, who invents.

Inverse (ઈન્વર્સ્), *a.* ઉંધું; ઉલટું; અવળું; વિપરિત. Opposite in effect; contrary in sense.

Inversion (ઇન્વર્શન્), *n.* ઉલટું કરવું તે; વ્યતિક્રમ; પરસ્પર જગ્યાની અદલાબદલી; વ્યુત્ક્રમ; અવળો ક્રમ. An act of inverting; a thing inverted.

Invert (ઈન્વર્ટ્), *vt.* ઉલટું કરવું; અદલાબદલી કરવી; અંવળો ક્રમ બનાવવું. To turn upside down; to put in inverse position.

Inverted (ઈન્વર્ટેડ્), *a.* ઉલટું કરેલું; અદલાબદલી કરેલી; વ્યતિક્રમવાળું. Turned to a contrary direction or side; changed in order.

Invest (ઇન્વેસ્ટ્), *vt. vi. pr. p.* **Investing.** *imp. & p. p.* **Invested.** પદવી આપવી; (અધિકારયુક્ત) કરવું. To endow; to bestow. **2.** પહેરાવવું; આચ્છાદિત કરવું. To clothe; to furnish with dress. **3.** વેપારમાં નાણાં રોકવા–મુકવા; થાપણ કરવી–રોકવી. To lay out as a capital in any trade or commerce. **4.** ઘેરો ઘાલવો; ચઢાઈ કરવી. To lay a siege to.

Investigate (ઇન્વેસ્ટિગેટ્), *vt. pr. p.* **Investigating.** *imp. & p. p.* **Investigated.** શોધવું; તપાસવું; ચોકસી કરવી; તજવીજ કરવી; તપાસ કરવી. To search; to inquire; to pursue.

Investigation (ઈન્વેસ્ટિગેશન્), *n.* તપાસ; શોધ; શોધખોળ; તજવીજ. A search; an inquiry.

Investiture (ઇન્વેસ્ટિટ્યૂર્), *n.* કબજો સોંપવો તે; પ્રતિષ્ઠાપન; અભિષેક. An act of giving out possession; investment.

Investment (ઇન્વેસ્ટ્મેન્ટ્), *n.* સત્તા, અધિકાર, નિગેરે આપવા તે. An act of investing. **2.** કપડાં; પોશાક; ઝભ્ભો; ડગલો. A dress; a robe; a garment. **3.** નાણાંનું રોકાણ; થાપણ; કોઈપણ ધંધા અથવા પ્રવૃત્તિમાં રોકાયેલ મુડી. A capital; the money, invested.

Investor (ઇન્વેસ્ટર્), *n.* મુડી રોકનાર; વેપાર માટે થાપણ રોકનાર; સત્તા આપનાર. One, who invests.

Inveterate (ઇન્વેટરેટ્), *a.* ઘણા દિવસનું; જુનું; કટ્ટું; સખ્ત. Old; ancient; bitter; deep-rooted.

Inveterately (ઈન્વેટરેટ્લિ), *ad.* ઘણા દિવસનું; કટ્ટુ રીતે; સખાઇથી; કાઢી ન નંખાય તેવી રીતે. In an inveterate way.

Inveterateness (ઇન્વેટ્રેરેટ્નેસ), *n.* ઘણા દિવસનું અથવા જુનામાં જુનું હોવું તે; ઉખડી ન જાય તે સ્થિતિ. A state of being inveterate.

Invidious (ઇન્વિડિઅસ્), *a.* અદેખું; ધિક્કારવા જોગ; અદેખાઇ કરે તેવું; ઇર્ષા ઉત્પન્ન કરે તેવું. Envious; likely to provoke jealousy; causing hatred or ill-will.

Invidiously (ઈન્વિડિઅસ્લિ), *ad.* ધિક્કારી શકાય તેવી રીતે; અદેખાઇ ઉત્પન્ન કરે તેમ. In an invidious way.

Invigilance (ઇન્વિજિલૅન્સ્), *n.* ગફલત; અસાવધાની; બીનસાવચેતી. Carelessness; want of caution.

Invigilant (ઇન્વિજિલૅન્ટ્), *a.* અસાવધાન; બીનસાવચેત; ગાફેલ. Careless; uncautious.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Invigorate (ઈન્વિગૉરેટ્), *vt. pr. p.* **Invigorating.** *imp. & p. p.* **Invigorated.** પુષ્ટિ આપવી; તાકાદવાળું કરવું; કૌવત આપવું; જોર-બળ આપવું. To animate; to give vigour; to strengthen.

Invigorating (ઇન્વિગૉરેટિન્ગ્), *a.* ધાતુપુષ્ટ; પુષ્ટીકારક; પૌષ્ટિક; બળ વધારે તેવું. Animating; adding to physical strength.

Invigoration (ઇન્વિગૉરેશન્), *n.* બળવર્ધન; પુષ્ટિ; તાકાદનું વધવું તે. An act of invigorating.

Invigorative (ઇન્વિગૉરેટિવ્), *a.* પુષ્ટિકારક; પુષ્ટ બનાવે તેવું; તાકાદ આપે તેવું. Causing or tending to physical strength.

Invincibility (ઇન્વિન્સિબિલિટિ), *n.* અજેયતા; અજીત સ્થિતિ; દુર્જેયતા; જીત મેળવી ન શકાય તેવી બાબત. A state of being invincible; incapability of being subdued.

Invincible (ઈન્-વિન્સિબલ્), *a.* અજીત; જીતાય નહિ તેવું; અજય; દુર્જેય. Inconquerable; incapable of being subdued.

Invincibleness (ઈન્-વિન્સિબલ્નેસ્), *n.* Same as, **Invincibility.**

Inviolable (ઈન્-વાયોલેબલ્), *a.* નાપાક ન થાય તેવું; બગડે નહિ એવું; બગાડી શકાય નહિ તેવું; અબાધ્ય; ઉલ્લંઘન ન થઇ શકે તેવું. Not violable; chaste.

Inviolate (ઇન્વાયોલેટ્), *a.* નહિ બગડેલું; અખંડિત; અભંગ; અલંઘિત. Unpollluted; unhurt; unbroken.

Invisibility (ઈન્વિઝિબિલિટિ), *n.* અદૃશ્યતા; પરોક્ષતા; અપ્રત્યક્ષતા. A quality of being imperceptible to the sight.

Invisible (ઇન્-વિઝિબલ્), દેખાય નહિ તેવું; અદૃશ્ય; અગોચર; પરોક્ષ. Unseen by the sight; imperceptible. ¶ as, **Invisibility.**

Invisibleness (ઇન્-વિઝિબલ્નેસ્), *n.* Same

Invitation (ઇન્વિટેશન્), *n.* તેડું; નોતરૂં; આમંત્રણ; ઇજન; માન સહિત બોલાવવું તે. An act of inviting; solicitation; a cordial call.

Invite (ઇન્વાઇટ્), *vt. pr p.* **Inviting.** *imp. & p. p.* **Invited.** નોતરૂં દેવું; આમંત્રણ આપવું; તેડું કરવું; માન સહિત બોલાવવું. To entertain; to receive cordially; to summon.

Inviting (ઇન્વાઇટિન્ગ્), *a.* લલચાવે એવું; મોહક; પ્રલોભન કરે તેવું. Alluring; enticing; attracting.

Invocate (ઈન્વોકેટ્), *vt. pr. p.* **Invocating.** *imp. & p. p.* **Invocated.** ના નામનું સ્મરણ કરવું; પ્રાર્થના કરીને બોલાવવું; આવાહન કરવું. To invoke; to address in a prayer; to implore.

Invocation (ઈન્વોકેશન્), *n.* આવાહન; પ્રાર્થના; નામસ્મરણ; વિનંતી. An act of invocating; an act of imploring for some divine help.

Invoice (ઇન્વૉઇસ્), *n.* મોકલેલા માલની યાદી; ભરતીઉ; માલનું ભરતીઉ. A detailed statement of goods, etc. to a consignee. *vt.* ભરતીઉ લખવું; માલની યાદી લખવી-નોંધવી. To write an invoice.

Invoke (ઇન્વોક), *vt. pr. p.* **Invoking.** *imp. & p. p.* **Invoked.** નામ લેવું; પ્રાર્થના કરવી; મંત્ર બળથી કોઈ પણ દેવનું આવાહન કરવું. To mutter the prayers; to call on any divinity for help. **2.** આજીજી કરવી; યાચના કરવી. To ask earnestly.

Involuntarily (ઇન્વૉલન્ટૅરિલિ), *ad.* નાખુશીથી; ખુશી ઉપરાંત; ઇચ્છા સિવાય. Compulsorily; in an involuntary way.

Involuntariness (ઇન્વૉલન્ટૅરિનેસ્), *n.* નાખુશી; નાખુશી હોવી તે; ઈચ્છા સિવાય કામ કરવું તે. A state of being involuntary.

Involuntary (ઇન્વૉલન્ટૅરિ), *a.* ઈચ્છા વગરનું; નાખુશીવાળું; ખુશી ઉપરાંત. Compulsory; not done willingly.

Involve (ઇન્વૉલ્વ્), *vt. pr. p.* **Involving.** *imp. &. p. p.* **Involved.** લપેટવું; વિંટાળવું; ઢાંકવું. To roll: to wrap; to cover; to envelop. **2.** અનુમાનથી જણાવવું; ધ્વનિથી અર્થ સૂચવવો; અર્થ નીકળવો. To imply; to connect by way of some consequence. **3.** ગરક કરવું; ડુબાવવું; લીન કરવું. To overwhelm; to absorb; to engage deeply. **4.** ગુંચવણમાં ખવું-નાંખવું. To embarass.

Involvement (ઈન્વૉલ્વ્મેન્ટ્), *n.* લપેટવું તે; ઢાંકી દેવું તે; ઢાંકણ; ધ્વનિથી અર્થ સમજાવવો તે. An act of involving; an implication.

Invulnerability (ઈન્વલ્નરેબિલિટિ), *n.* ઘા ન લાગે તેવું હોવું તે; વજ્રદેહી હોવું તે; શરીરે ઘા પડે નહિ તેવું હોવું તે. A state of being invulnerable.

Invulnerable (ઇન્-વલ્નરેબલ્), *a.* ઘા લાગે નહિ એવું; વજ્રદેહી; શરીરે ઘા પડે નહિ તેવું. Not vulnerable; incapable of being wounded.

Invulnerableness (ઈન્વલ્નરેબલ્નેસ્), *n.* Same as, **Invulnerability.**

Inward (ઇન્વર્ડ્), *a.* અંદરનું; માંહેનું; પેટમાંનું; અંદરની બાજુનું. Interior; seated inside a thing; placed within. *ad.* અંદર; મનમાં. In the mind.

Inwardly (ઈન્વર્ડ્લિ), *ad.* અંદર ખાનેથી; છૂપી રીતે; બહાર ન જોઈ શકાય તેવી રીતે. Internally; privately; secretly.

Inwardness (ઈન્વર્ડ્નેસ્), *n.* આંતર સ્થિતિ; અંદરખાનેથી કાર્ય થવું તે; બહારથી ન જોઇ શકાય તેવી સ્થિતિ. A state of being inward.

Inwrap (ઇન્-રેપ્), *vt. pr. p.* **Inwrapping.** *imp. & p. p.* **Inwrapped, Inwrapt.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લપેટવું; વિંટાળવું; ગુંચાવવું; ગભરાવવું. To infold; to involve; to perplex.

Inwreathe (ઈન્-રીધ્), *vt.* હાર-માળાથી આચ્છાદિત કરવું; માળા પહેરાવવી. To surround as with a garland.

Inwrought (ઇન્રૉટ્), *a.* ભરત ભરેલું; ભરતવાળું; જડેલું; આકૃતિ અથવા બુટ્ટાથી શણગારેલું. Adorned with some figures; embroidered.

Iodine (આયોડિન્), *n.* રસાયણ શાસ્ત્રમાં કાળા રંગ ઉપરની એક વસ્તુ. A kind of chemical substance.

Irascibility (આઇરૅસિબિલિટિ), *n.* જરા જરામાં ચિઢાઇ જવાનો ગુણ; તપી જવું તે; કોપ; ખીજ. A state of being irascible.

Irascible (આઇરૅસિબલ્), *a.* જરા જરામાં ગુસ્સો કરે એવું; નહિ જેવી બાબતમાં તપી જાય તેવું. Easily excited; irritable; prone to anger.

Irascibleness (આઇરૅસિબલનેસ્), *n.* Same at, **Irascibility.**

Irascibly (આઇરૅસિબ્લિ), *ad.* તપી જઈને; કોપાયમાન થઇને; ખીજાઇ જઇને. Angrily; in an irascible way.

Ire (આઇર્), *n.* ગુસ્સો; ક્રોધ; તામસ સ્વભાવ; કોપ. Anger; wrath; an irritable nature or temper.

Ireful (આઇર્ફુલ્), *a.* ગુસ્સાવાળું; ક્રોધિત; તામસી; ચીડવાળું. Angry; wrathful.

Irefully (આઇર્ફુલ્લિ), *ad.* ક્રોધથી; ગુસ્સાથી; ચીડાઇ જઇને. Angrily; in an excited way.

Irksome (અર્ક્સમ્), *a.* કંટાળા ભરેલું; ત્રાસદાયક; માથાકુટિયું; બેચેન બનાવે તેવું. Wearisome; troublesome.

Irksomeness (અર્ક્સમ્-નેસ્), *n.* કંટાળો ઉપજાવે તેવી સ્થિતિ; ત્રાસદાયક દશા; બેચેની. A state of being irksome.

Iron (આયર્ન્), *n.* લોઢું; લોખંડ; લોહ. A kind of most useful of all metals. **2.** લોઢાનું બનાવેલું કોઇપણ હથિયાર-વાસણ. Any utensil made of iron. **3.** (*pl.*) બેડી; બંધન; સાંકળ. Fetters; chains; handcuffs. *a.* સખ્ત; કઠણ; વજ્રમય. Hard; firm; robust. **2.** લોખંડનું બનાવેલું; લોઢાનું; લોખંડને લગતું. Made of iron; pertaining to iron, *vt.* લોઢાને ઘસીને સુંવાળું બનાવવું. To smooth with iron. **2.** લોખંડના હથિયાર પુરા પાડવા. To furnish with the iron equipments or arms. **3.** બેડી પહેરાવવી; બંધન યુક્ત કરવું. To fetter. **Iron-age,** *n.* કળિકાળ; કળિયુગ. **Iron-bound,** *a.* લોઢાથી બાંધેલું; ખડબચડું. **Iron-cased,-clad,** *a.* લોઢાનાં પતરાથી મઢેલું (વહાણ.) **Iron-founder,** *n.* લોઢાનું ભરત કામ કરનાર; લોઢાને ગાળીને જુદા જુદા દાગીના બનાવનાર. **Iron-foundry,** *n.* લોખંડને ગાળવાની ભઠ્ઠી; બીડનું કારખાનું. **Iron-monger,** *n.* લોખંડનો વેપારી. **Iron-smith,** *n.* લુહાર; લોઢાની જુદી જુદી ચીજો બનાવનાર. **Iron-ware,** *n.* લોખંડની બનાવેલી ચીજો-વસ્તુઓ.

Ironical (આઇરૉનિકલ્), *a.* હોય તેથી ઉલટું બોલવા સંબંધી; ઉલટી બોલીનું; અન્યોક્તિનું. Of or pertaining to irony.

Ironically (આઇરૉનિકલ્-લિ), *ad.* ઉલટી બોલીની રીતે; અન્યોક્તિથી ભરપૂર રીતે; વ્યંગથી. In an ironical way.

Irony (આઇરૉનિ), *n.* હોય તેનાથી ઉલટું બોલવું તે; અન્યોક્તિ; વ્યંગોક્તિ; મશ્કરીમાં બોલવું તે. A subtle way of sarcasm.

Irradiate (ઇર્રેડિએટ્), *vt. vi. pr. p.* **Irradiating.** *imp.* & *p. p.* **Irradiated.** પ્રકાશિત કરવું; રોશની કરવી; પ્રકાશનો ફેલાવો કરવો. To illuminate; to cast brilliancy on. **2.** પ્રકાશિત થવું; ચળકાટ અથવા તેજનો ફેલાવો થવો. To emit rays; to illuminate; to shine.

Irradiance,-cy (ઈર્રેડિએન્સ્,-ન્સિ), *n.* પ્રકાશ; ચળકાટ; શોભા (પ્રકાશથી થયેલી); કાન્તિ; તેજ. Emission of rays or light on an object; light; splendour.

Irradiant (ઇર્રેડિએન્ટ્), *a.* તેજસ્વી; પ્રકાશિત; પ્રકાશ પામતું; તેજના કિરણો ફેલાવતું. Emitting rays of light.

Irradiation (ઇર્રેડિએશન્), *n.* તેજ; પ્રકાશ; ચળકાટ. Illumination; brightness.

Irrational (ઇર્-રૅશનલ્), *a.* બુદ્ધિ સિવાયનું; મૂર્ખાઇ ભરેલું; અજ્ઞાન; વિવેક બુદ્ધિ સિવાયનું. Void of reason or understanding.

Irrationality (ઈર્-રૅશનૅલિટિ), *n.* બુદ્ધિહીનતા; અજ્ઞાનતા; મૂર્ખાઇ. Want of reasoning; incapacity for understanding a thing.

Irrationally (ઇર્-રૅશનૅલલિ), *ad.* અજ્ઞાનપૂર્વક; વિવેકબુદ્ધિ વિના; મૂર્ખાઇથી. In an irrational way.

Irreclaimable (ઈર્-રીક્લેમેબલ્), *a.* ઠેકાણે ન આવે તેવું; વંઠેલ; વહી ગયેલું; સુધરી શકે નહિ તેવું. Incapable of being reformed; incorrigible; not reclaimable.

Irreclaimably (ઇર્રીક્લેમેબ્લિ), *ad.* વંઠેલપણે; સુધરી શકે નહિ તેવી રીતે; વહીગયેલ સ્થિતિમાં. In an incorrigible way.

Irreconcilability (ઈર્રેકૉન્સાઇલૅબિલિટિ), *n.* અશામ્યતા; સમાધાન ન થઈ શકે તેવી સ્થિતિ. A state of being irreconcilable.

Irreconcilable (ઇર્રેકૉન્સાઇલેબલ્), *a.* હળીમળી જાય નહિ તેવું; અશામ્ય; સમાધાન ન થઈ શકે તેવું. Not to be reconciled.

Irrecoverable (ઈર્-રીકવરેબલ્), *a.* પાછું આવે નહિ તેવું; ના ઇલાજવાળું; પાછું મેળવાય નહિ તેવું. Incapable of being restored or regained; inconsistent.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Irredeemability (ઇર્રીડીમેબિલિટિ), *n.* છોડાવી ન લેવાય તેવી સ્થિતિ; મુક્તિ ન આપી શકાય તેવી બાબત. A state of being irredeemable.

Irredeemable (ઇર્-રીડીમેબલ્), *a.* ન છોડાવી શકાય તેવું; મુક્ત ન કરાય તેવું. Not redeemable; incapable of being released.

Irreducible (ઇર્-રીડ્યૂસિબલ્), *a.* ઓછું ન કરી શકાય તેવું; જૂદી જૂદી સ્થિતિમાં લાવવાને અશક્ય હોય એવું. Incapable of being reduced.

Irrefragable (ઇર્-રેફ્રેગેબલ્), *a.* ખંડન ન કરાય તેવું; રદ ન થઇ શકે તેવું; અખંડનીય. Incapable of being refuted; not refutable.

Irrefutable (ઇર્-રે (રી) ફ્યૂટેબલ્), *a.* Same as, **Irrefragable.**

Irregular (ઇર્-રેગ્યૂલર્), *a.* અનિયમિત; અવ્યવસ્થિત; નિયમ સિવાયનું; ધારાથી ઉલટું. Deviating from a rule; not regular. **2.** એક સરખું ન હોય તેવું; વિષમ; વાંકું. Not uniform; not straight. *n.* અનિયમિત રીતે કામ કરનાર; અવ્યવસ્થિત રીતે કામ કરનાર. One, not working regularly.

Irregularity (ઇર્-રેગ્યૂલૅરિટિ), *n.* અનિયમ; અવ્યવસ્થા; નિયમ-ધારામાં વિરોધતા. A state of being irregular.

Irregularly (ઈર્રેગ્યૂલૅરલિ), *ad.* અનિયમિતપણે; અવ્યવસ્થિત રીતે; નિયમની બહાર. In an irregular way.

Irrelevance,-cy (ઇર્રેલેવૅન્સ્ ઇન્સિ), *n.* અપ્રાસંગિક અથવા સંબંધ વિનાનું હોવું તે; લાગુ પડે નહિ તેવી સ્થિતિ. A state of being irrelevant.

Irrelevant (ઈર્રેલીવૅન્ટ્), *a.* લાગુ પડે નહિ તેવું; સંબંધ વિનાનું; અપ્રાસંગિક; અપ્રસ્તુત; આડું. Not applicable; not to the point; not relevant.

Irrelevantly (ઇર્રેલીવૅન્ટ્લિ), *ad.* લાગુ પડે નહિ તેવી રીતે; અપ્રસ્તુત રીતે; સંબંધ રહિત. In an irrelevant way.

Irreligion (ઇર્-રીલિજૅન્), *n.* ધર્મ તરફ અભક્તિ; ધર્મ લોપ; ઈશ્વરનિંદા. Impiety; want of religion.

Irreligious (ઈર્રીલિજસ્), *a.* અધર્મી; નાસ્તિક; ધર્મ તરફ ખરાબ લાગણી દેખાડનાર; ધર્મ વિરોધી. Profane; impious; not inclined to religion.

Irremediable (ઇર્-રેમીડિએબલ્), *a.* નિરૂપાય; ઇલાજ ન થાય તેવું; બેઇલાજ; અસાધ્ય. Not to be remedied; incurable.

Irremediableness (ઇર્-રેમીડિએબલનેસ્), *n.* નિરૂપાય સ્થિતિ હોવી તે; બેઇલાજપણું. A state of being irremediable.

Irremediably (ઈર્-રેમીડિએબ્લિ), *ad.* ઇલાજ ન ઉપજે તેવી રીતે; બેઇલાજપૂર્વક; નિરૂપાય સ્થિતિમાં. In an irremediable way.

Irreparibility (ઈર્-રેપૅરિબિલિટિ), *n.* સુધરે નહિ તેવી સ્થિતિ; સુધારો ન કરી શકાય તેવી બાબત; સમારી ન શકાય તેવી હકીકત. A state of being irreparible.

Irreparable (ઈર્-રેપૅરેબલ્), *a.* સુધરે નહિ એવું; સમારી ન શકાય તેવું; પાછું મળે નહિ તેવું. Incapable of being repaired; not reparable.

Irreparableness (ઇર્-રેપૅરેબલનેસ્), *n.* Same as, **Irreparibility.**

Irrepealable (ઈર્-રીપીલેબલ્), *a.* રદ ન થાય તેવું; બાતલ ન કરાય તેવું. Incapable of being repealed.

Irreprehensible (ઈર્-રેપ્રીહેન્સિબલ્), *a.* ઠપકો ન દેવાય તેવું; અદૂષણીય; અનિંદ્ય. Incapable of being blamed or censured.

Irreprehensibleness (ઇર્-રેપ્રીહેન્સિબલનેસ્), *n.* ઠપકો ન દેવો તે; અનિંદ્ય સ્થિતિ; અદૂષણીયતા. A state of irreprehensible.

Irrepressible (ઈર્-રેપ્રેસિબલ્), *a.* દબાવી ન શકાય તેવું; અસંકોચનીય; દાબમાં ન રહે તેવું. Incapable of being repressible.

Irreproachable (ઇર્-રીપ્રોચેબલ્), *a.* ઠપકો દેવાય નહિ તેવું; નિર્દોષ; નિષ્કલંક; નિરપરાધી. Innocent; free from blame; upright.

Irreproachableness. (ઇર્-રીપ્રોચેબલનેસ્), *n.* ઠપકો ન આપી શકાય તેવી બાબત-સ્થિતિ-હકીકત; નિરપરાધીપણું. A state of being irreproachable.

Irreprovable (ઇર્-રીપ્રૂવેબલ્), *a.* Same as, **Irreproachable.**

Irresistibility (ઇર્-રીઝિસ્ટિબિલિટિ), *n.* અટકાવી શકાય નહિ તેવી બાબત; અનિવાર્યતા; ટક્કર ઝીલવાની અશક્યતા. A state of being irresistible.

Irresistible (ઇર્-રીઝિસ્ટિબલ્), *a.* અટકાવી શકાય નહિ તેવું; અનિવાર્ય; ટક્કર ઝીલી શકાય નહિ તેવું. Incapable of being resisted or opposed.

Irresistibly (ઈર્-રીઝિસ્ટિબ્લિ), *ad.* અનિવાર્ય રીતે; અટકાવી ન શકાય તેવી રીતે; દબાવી ન દેવાય તેમ. In an irresistible way.

Irresolute (ઇર્-રેઝોલ્યૂટ્), *a.* ચલિત મનનું; વારંવાર વિચાર ફેરવે તેવું; ઢચુપચુ મનનું; અસ્થિર વૃત્તિનું. Not firm-minded; undecided; wavering.

Irresolutely (ઇર્-રેઝોલ્યૂટ્લિ), *ad.* ઢચુપચુ મનથી; અસ્થિર મનથી; વારંવાર વિચાર ફેરવે તેવી સ્થિતિમાં. In an undecided way; waveringly.

Irresolution (ઈર્-રેઝોલ્યૂશન્), *n.* અસ્થિરતા; અધૈર્ય; અદૃઢતા; ચાંચલ્યવૃત્તિ. Unsteadiness; a wavering state of mind.

Irrespective (ઇર્-રીસ્પેક્ટિવ્), *a.* સંબંધ ન રાખે તેવું; આધાર વિનાનું; ધ્યાનમાં ન લેવાય તેવું. Having no reference to a particular event or circumstance; unmindful.

Irrespectively (ઈર્-રીસ્પેક્ટિવ્લિ), *ad.* આધાર રાખ્યા વિના; લક્ષ આપ્યા વિના. In an irrespective way.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Irresponsible (ઇર્-રીસ્પૉન્સિબલ્), *a.* બીનજોખમદાર; જવાબદાર ન હોય તેવું; બીનજવાબદાર. Not responsible for any result or effect.

Irretrievable (ઈર્-રીટ્રીવેબલ્), *a.* પાછું મેળવાય નહિ તેવું; ઉપાય વિનાનું; ફરીથી હાથમાં ન આવે તેવું. Incapable of being restored.

Irretrievableness (ઇર્-રીટ્રીવેબલ્-નેસ્), *n.* ફરીથી પાછું ન મેળવી શકાય તે સ્થિતિ-વસ્તુ-બાબત. Incapability of being restored.

Irretrievably (ઇર્-રીટ્રીવેબ્લિ), *ad.* પાછું ન મેળવી શકાય તેવી રીતે; ફરીથી હાથમાં ન આવે તેવી રીતે. Irrecoverably.

Irreverence (ઇર્-રેવરેન્સ્), *n.* અનાદર; અપમાન; આદરસત્કાર નહિ થવો તે; તિરસ્કાર. Disrespect; a feeling of hatred; want of reverence.

Irrevocable (ઈર્-રીવેકેબલ્), *a.* ફેરવાય નહિ તેવું; પાછું વળી શકે નહિ તેવું; પીછાજ ન લઇ શકાય તેવું. Incapable of being revoked; irresistible.

Irrigate (ઇર્-રિગેટ્), *vt. pr. p.* **Irrigating.** *imp. & p. p.* **Irrigated.** નહેર અથવા તળાવ, વિ૦ ની મારફતે ખેતરમાં પાણી પહોંચાડવું; નહેર કામ બાંધવું-કરવું. To water by artificial channels for water. **2.** ભીંજવવું; પલાળવું; સિંચવું. To sprinkle; to moisten.

Irrigation (ઇર્રિગેશન્), *n.* નહેર, તળાવ, વિ૦ ની મારફતે ખેતરમાં પાણી પાવું તે. An act of irrigating.

Irritable (ઇર્રિટેબલ્), *a.* તામસી; ચિડિયું; ખીજાઇ જાય તેવું. Prone to anger; of a fiery nature.

Irritably (ઇર્રિટેબ્લિ), *ad.* તામસી રીતિથી; ખીજમાં; ઉશ્કેરાઇ ગયેલી હાલતમાં. In an irritable way.

Irritate (ઈર્-રિટેટ્), *vt. pr. p.* **Irritating.** *imp. & p. p.* **Irritated.** ચિડવવું; ખીજવવું; ઉશ્કેરવું; ક્રોધિત કરવું. To tease; to excite anger; to fret.

Irritation (ઇર્રિટેશન્), *n.* ચીઢ; ગુસ્સો; ખીજ; પજવણી. Anger; provocation; wrath.

Irritative (ઇર્રિટેટિવ્), *a.* ખીજવે તેવું; તામસી; ચીઢાવે તેવું; ક્રોધિત કરે તેવું. Tending to excite; prone to anger.

Irruption (ઇર્-રપ્શન્), *n.* એકાએક ફાટી નીકળવું તે; બહાર નીકળી આવવું તે; ધડાકો; ધડાકો કરીને ફુટવું તે. A bursting; a violent rushing. **2.** એકદમ કરેલો હુમલો-ચઢાઇ. A sudden attack; an invasion.

Is (ઈઝ્), *vi.* હોવું ક્રિયાપદનું ત્રીજો પુરૂષ એક વચનનું રૂપ; છે. It is the third person singular of the verb to **be.**

Islam (ઇસ્લૅમ), *n.* મુસલમાની ધર્મ; મુસલમાન ધર્મ પાળનાર. The religion, propounded by Mahomed, or its follower

Islamism (ઇસ્લૅમિઝમ્), *n.* મુસલમાન ધર્મ; મોહમદી ધર્મ. The faith of an Islam.

Island (આઇલૅન્ડ્), *n.* બેટ; ટાપુ; દ્વીપ. A plot of land, surrounded by water. *vt.* ટાપુ બનાવવો; બેટ જેવું કરવું. To form an island.

Islander (આઇલૅન્ડર્), *n.* બેટવાસી; ટાપુનો વતની; દ્વીપમાં વસનાર. One, inhabiting an island.

Isle (આઇલ્), *n.* બેટ; ટાપુ; દ્વીપ. An island. *vi.* ટાપુ થવો; બેટ સ્થાપવો; બેટમાં રહેવું. To become an isle; to island.

Islet (આઇલેટ્), *n.* નાનો બેટ; ટાપુ; દ્વીપ. A small island.

Isolable (આઇસોલેબલ્), *a.* છૂટું કરાય તેવું; જુદું કરાય તેવું. Capable of being isolated.

Isolate (આઇસોલેટ્), *vt. pr. p.* **Isolating.** *imp. & p. p.* **Isolated.** અળગું કરવું; વેગળું કરવું; જૂદું મૂકવું. To place in a separate position or situation; to separate.

Isolation (આઈસોલેશન્), *n.* અળગાપણું; વેગળાપણું; અતડાપણું; જુદું હોવું તે. A state of being alone; a separation.

Isonomy (આઇસૉનૉમિ), *n.* સમાન હક; એક સરખા હક; હકમાં સમાનતા. Equal law; an equal privilege.

Isosceles (આઇસૉસીલીઝ્), *a.* બે બાજુ સરખી હોય તેવું; બે પાયા સરખા હોય તેવું. Containing two sides or legs equal.

Issue (ઇશ્યૂ), *n.* બહાર નીકળવું તે; નિર્ગમન; સ્રાવ. An act of coming or passing out. **2.** પરિણામ; આખરનું ફળ. A result; a consequence. **3.** સંતતિ; પ્રજા; ઓલાદ. A progeny; an offspring. **4.** જમીનની ઉપજમાંથી થતો ફાયદો-નફો. The gain resulting from the produce of the earth. **5.** વાતનો મુદ્દો; બાબત; ચર્ચાનો વિષય. A point of debate or controversy. *vi. vt. pr. p.* **Issuing.** *imp. & p. p.* **Issued.** બહાર નીકળવું; બહાર આવવું; જન્મવું; ઉદ્ભવવું; શરૂઆત થવી. To come out; to be out; to be born; to originate. **2.** નિવેડો લાવવો; બંધ કરવું. To settle; to decide.

Isthmus (ઇસ્ટ્મસ્, ઇસ્મસ), *n.* સંયોગી ભૂમિ. A narrow neck of land, by which two continents are connected.

Isthmian (ઇસ્ટ્મિઍન્). *a.* સંયોગી ભૂમિને લગતું. Pertaining to an isthmus.

It (ઇટ્), *pro.* તે; પેલું; એ (નાન્યતર જાતિનું ત્રીજા પુરૂષ એક વચનનું સર્વનામ છે). A third personal pronoun of the neuter gender.

Itch (ઈચ), *n.* ખસ; ખુજલી; ખરજ. A kind of skin disease. *vi.* ખસ થવી; ખરજ થવી; ખુજલી આવવી. To feel an itch.

Itchy (ઇચિ), *a.* ખસવાળું; ખુજલીવાળું; ખરજ અથવા ખસથી પીડાતું. Affected with itch.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Item (આઇટમ્), *n.* રકમ; કલમ; બાબત. An article; a particular in an account; a hint. *vt.* નોંધ કરવી; કલમ લખવી. To write an article on.

Iterate (ઇટરેટ્), *vt. pr. p.* **Iterating.** *imp. & p. p.* **Iterated.** ફરીથી કહેવું; બીજી વાર બોલવું; પુનરૂક્તિ વાપરવી. To repeat; to utter for a second time.

Iteration (ઇટરેશન્), *n.* ફરી ફરીને બોલવું તે; પુનરૂક્તિ. A repetition.

Itinerant (આઇટિનરન્ટ્). *a.* ફર્યા કરનાર; ભટકતું; ભટકનાર. Wandering; not-settled.

Itenerary (આઇટીનરરિ), *a.* દેશાટન કરતું; પરિભ્રમણ કરતું; મુસાફરીને લગતું. Travelling; relating to a travel. *n.* દેશાટનના વૃત્તાંતવાળું પુસ્તક. A book containing the description on travels.

Itinerate (આઇટિનરેટ્), *vi.* ઉપદેશ કરવાને ગામે ગામ ફરવું; બોધ દેવા સારૂ જુદે જુદે સ્થળે ફરવું-આથડવું-જવું. To travel from place to place for preaching; to wander without a fixed dwelling-place.

Itself (ઇટ્સેલ્ફ્), *pro.* તેની જાતે; પોતે; ખુદ. The neuter form akin to Himself.

Ivory (આઈવોરિ), *n.* હાથીદાંત; હસ્તીદંત. The substance, forming the tusks of the elephant. **2.** હાથીદાંત ઉપર કરેલું કોતર કામ. A carving, executed in ivory. *a.* હાથીદાંતનું; હસ્તીદંતનું બનેલું. Made of ivory; containing ivory.

Ivy (આઈવિ), *n.* ઘર-ઝાડ ઉપર ચઢતો એક જાતનો વેલો. A kind of creeping plant.

J.

J (જે), અંગ્રેજી મૂળાક્ષરનો દશમો અક્ષર છે (જેનો ઉચ્ચાર જ્ થાય છે). The tenth letter of an English alphabet.

Jabber (જૅબર), *vi. pr. p.* **Jabbering.** *imp. & p. p.* **Jabbered.** બકબક કરવું; લવારો કરવો; બકબકાટ કરવો. To talk idly and rapidly; to chatter. *n.* બકબકાટ; લવારો; લવરી. An idle talk; a rapid talk.

Jabberer (જૅબરર્), *n.* બકબક કરનાર; લવારો કરનાર; બકબકાટ કરનાર. One, who jabbers.

Jack (જૅક્), *n.* કોઇ હલકું પતરાજીખોર માણસ; અધમ વૃત્તિનો પુરૂષ. A mean-minded fellow. **2.** ગમાર; રોંચો; ઓછી આવડતનો આદમી. A silly fellow. **3.** બુટ ઉતારવાનું હથિયાર-ઓજાર. An instruments to pull off boots. **4.** ખલાસીનું લોકપ્રીય નામ. A familiar name of a sailor. **5.** ધજા; નાનો વાવટો. A small banner; a flag. **6.** બખ્તર; કવચ. An armour of defence. **7.** રમતમાં પાનામાં ચિત્રેલો ગુલામ-ગોલો. A knave, painted in the playing cards. **Jack-hare,** *n.* સસલો (નરજાતિ). **Jack-ketch,** *n.* જલ્લાદ; મારો; ફાંસી દેનાર. **Jack-pudding,** *n.* રંગલો; વિદૂષક. **Jack-knife,** *n.* ગજવામાં રાખવાનું મોટું ચપ્પુ. **Jack-screw,** *n.* ભારે ચીજો ઉંચકવાનો સંચો.

Jackal (જૅકૉલ્), *n.* શીઆળ; કહોલું; શિયાળવું. A kind of fox (said to be hunting the prey for the lion). **2.** (*fig.*) પારકાના લાભને માટે તેને ખુશી કરવા હલકું કામ કરનાર. One who does a mean action for another's sake.

Jacket (જૅકેટ્), *n.* બદન; કબજો; બંડી; 'જાકીટ.' A short coat; an outer casing of cloth. **2.** વરાળયંત્રનું ઉપરનું ઢાંકણ. A covering preventing the radiation of heat from a steam-boiler. *vt.* બદન આપવું; બંડી અથવા જાકીટ આપવું. To furnish with a jacket.

Jaconet (જૅકોનેટ્), *n.* જગન્નાથી; મલમલ. A kind of cotton fabric, fine in texture.

Jaculate (જૅક્યૂલેટ્), *vt. pr. p.* **Jaculating.** *imp. & p. p.* **Jaculated.** એકદમ ફેંકવું-નાંખવું; કાઢવું. To dart; to throw all of a sudden.

Jade (જેડ્), *n.* દમવગરનું ઘોડું; થાકી ગયેલું ઘોડું-ટટ્ટું. A tired or exhausted horse. **2.** જુવાન સ્ત્રી; કુમારજા; રાંડ. A young woman; a woman of no high moral principles. **3.** એક જાતનો લીલો પત્થર. A kind of stone of dark-green colour. *vt. vi.* ધિક્કારી કાઢવું; તુચ્છકાર કરવો. To hate; to detest; to look at scornfully. **2.** થાકી જવું; કંટાળી જવું. To be tired or wearied. **3.** થકવી નાંખવું; શ્રમિત કરવું. To make weary.

Jadery (જેડરિ), *n.* જુવાન સ્ત્રીના ચાળા; હાવભાવ. The tricks of a jade.

Jadish (જેડિશ્), *a.* દમ વગરના ઘોડાના જેવું; સુકલકડું; યુવાન સ્ત્રીના થનથનાટનું-જેવું. Like a jade; pertaining to a jade.

Jag (જૅગ્), *n.* ખાંચ; ખાડો; કાંગરો; ચીર; ફાટ; તડ. A notch; a cut; a cleft. *vt.* ખાંચા પાડવા; કાંગરા કરવા; ચીર કરવી. To notch.

Jagger (જૅગર્), *n.* ખાડો પાડનાર; ખાંચ પાડનાર; ફાટ કરનાર. One, who jags.

Jaggery (જૅગરિ), *n.* ગોળ. The Indian sugar, red in colour. Also spelt as, **Jagghery.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Jaguar (જૅગ્વૉર્), *n.* અમેરિકન વાઘ; ચિત્તો. The American tiger.

Jail (જેલ), *n.* કેદખાનું; તુરંગ; બંધીખાનું; 'જેલ'; કારાગૃહ. A prison; a building for the confinement of criminals. *vt.* કેદમાં નાંખવું; કારાવાસમાં પુરવું; બંધીખાનામાં પુરવું. To imprison; to confine in a jail. **Jail-bird,** *n.* કેદી; બંધીજન. **Jail-fever,** *n.* ઘાડી વસ્તીમાં થતો ભયંકર તાવ.

Jailer, Jailor (જેલર્), *n.* દારોગો; 'જેલર'; તુરંગનો ઉપરી-અમલદાર. The keeper of a prison or jail. [A privy room.

Jakes (જેક્સ્), *n.* સંડાસ; જાજરૂ; વાડો; પાયખાનું.

Jam (જેમ્), *n.* મુરબ્બો; અથાણું. A preserve of fruits. **2.** લોકોની ગીરદી; જનસમૂહ. A crowd of people. *vt. vi. pr. p.* **Jamming.** *imp.* & *p. p.* **Jammed.** ચગદાવું; પીલાઈ જવું; ભીડથી અકળાઈ જવું. To be crushed. **2.** ચગદવું; પીલવું; દાબી દેવું. To squeeze; to press together.

Jane (જેન્), *n.* જાડું કપડું; ચોતાંરૂં કપડું; 'જીન'. A kind of cotton cloth.

Janitor (જૅનિટર્), *n.* પોળીઓ; દરવાન; દેવડીવાળો; દ્વારપાળ; પગી. A door-keeper; a porter.

Janitrix (જૅનિટ્રિક્સ્), *n.* દ્વારપાળ અથવા દેવડીવાળા તરીકે કામ કરનાર સ્ત્રી-બાઇ. A female door-keeper. [Showy; gay.

Janty (જૅન્ટિ), *a.* ભભકાદાર; રંગીલું; ફાંકડું.

January (જૅન્યૂઍરિ), *n.* અંગ્રેજી વર્ષનો પહેલો માસ-મહીનો. The first month of the Christian era.

Japan (જૅપૅન્), *n.* રોગાન; જાપાની રીત પ્રમાણે રોગાન કરેલું કામ. Varnish; any work varnished after the Japanese fashion. *vt.* રોગાન ચઢાવવો-ચોપડવો; રોગાન ચોપડીને કાળું અને ચકચકિત બનાવવું. To varnish; to make glossy and shining by applying varnish.

Japanese (જૅપૅનિઝ્), જાપાન દેશનું; જાપાનને લગતું; જાપાન દેશના રીતરિવાજ મુજબનું. Of or pertaining to Japan.

Japanner(જૅપૅનર્), *n.* રોગાન ચઢાવનાર; 'વારનીશ' દેનાર-ચોપડનાર. One, who japans. [a joke.

Jape (જેપ્), *n.* મશ્કરી; મજાક; વિનોદ. A jest;

Jar (જાર્), *n.* બરણી; પહોળા મ્હોંનું માટીનું વાસણ. A vessel of earth or of glass. **2.** બરણીમાં માય તેટલી વસ્તુ-પદાર્થ. The contents of a jar. **3.** બેસુરો અવાજ; કઠોર નાદ-શબ્દ; કર્કશ અવાજ. A harsh sound; a discordant sound. **4.** કજીયો; અણબનાવ; ટપાટપી; તકરાર. An altercation; a quarrel. *vt. vi. pr. p.* **Jarring.** *imp.* & *p. p.* **Jarred.** બેસુર વાગવું; કઠોર અવાજ થવો. To produce a discordant sound. **2.** કજીયો કરવો; તકરાર કરવી; ટંટો કરવો. To quarrel; to altercate.

Jargon (જાર્ગૉન), *n.* ગડબડ બોલી; ન સમજાય તેવી ભાષા-બોલી. An indistinct talk or language; a confused talk. *vi.* ન સમજાય તેવી રીતે બોલવું. To talk indistinctly.

Jarringly (જાર્રિન્ગ્લિ), *ad.* કઠોર નાદથી; બેસુરી રીતે; કર્કશ અવાજથી. In a jarring sound.

Jasmin, Jasmine (જૅસ્મિન્), *n.* જુઇ; ચંબેલી, વિગેર ફુલોની જાત; જાસવેણ. A kind of plant, bearing fragrant flowers.

Jaundice (જૉન્ડિસ્), *n.* કમળો (આંખનો રોગ છે જેનાથી બધું પીળું દેખાય છે). A kind of bodily disease. **2.** (*fig.*) વ્હેમ; અદેખાઇ. Superstition; envy. *vt.* કમળો થવો. To be affected with jaundice. **2.** (*fig.*) વ્હેમી બનવું; અદેખાઇ કરવી. To be prejudiced.

Jaunt (જૉન્ટ્), *vi.* સેહેલ કરવા જવું; ફરવા જવું; હવા ફેર કરવા જવું. To make a trip; to ramble; to stroll. *n.* મુસાફરી; ટુંકી સહેલ; હવાફેર માટે બહાર જવું તે. An excursion; a trip; a short journey.

Jauntily (જૉન્ટિલિ), *ad.* ભભકાપૂર્વક; ફાંકડી રીતે; દેખાવડી રીતે. Showily; airily; in a jaunty way.

Jauntiness (જૉન્ટિનેસ્), *n.* ભભકાદાર હોવું તે; ફાંકડી રીતે હોવું તે-બનવું તે; શોક; શોભા; ભભકો. A state of being jaunty.

Jaunty (જૉન્ટિ), *a.* ભભકાદાર; ફાંકડું; રંગીલું; ઇશ્કી. Airy; showy; gay.

Javelin (જૅવેલિન્), *n.* અસલના વખતનો ભાલો; બરછી. A light spear, thrown by the hand in time of warfare. *vt* ભાલો મારવો; બરછી મારવી. To strike with a javelin.

Jaw (જૉ), *n.* જડબું; ડાચું; દાઢ. The upper or lower bony part of the mouth. **2.** (*fig.*) વાચાળપણું; અતિશય બોલવાની ટેવ. A habit of too much talking. **Jaw-tooth,** *n.* રાક્ષસી. *vt.* હલકા શબ્દો વાપરવા; ગાળ દઇને વાત કરવી. To use vulgar language in talk.

Jay (જે), *n.* ચાસ; નીલકંઠ; એક જાતનું પક્ષી. A kind of bird, resembling a crow.

Jealous (જેલસ્), *a.* અદેખું; વ્હેમી; ઇર્ષાળુ. Uneasy on account of rivalry; prone to suspicion. **2.** આતુર; ફીકરવાળું; કાળજી કરનારૂં. Eager; anxious.

Jealously (જેલસ્લિ), *ad.* અદેખાઈપૂર્વક; ઇર્ષાથી; જાણી જોઇને ખરાબ થાય તે હેતુથી. In a jealous way or manner.

Jealousness (જેલસ્નેસ્), *n.* અદેખાઈ; ઈર્ષાવાળું બનવું તે-ઇર્ષા હોવી તે. A state of being jealous.

Jealousy (જેલસિ), *n.* અદેખાઇ; ઈર્ષા; વહેમ; મત્સર; આંખનું ઝેર. A state of being jealous; superstition; undue fear of another's

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

rivalry.

Jean (જીન્), *n.* જીન; સુતરાઉ કાપડ; સાટીન. A kind of cotton-cloth, having a smooth surface.

Jeer (જીર્), *vi. vt. pr. p.* **Jeering.** *imp. & p. p.* **Jeered.** મશ્કરી કરવી; મેણું મારવું; કરડાકીમાં બોલવું. To utter sarcastically; to mock; to taunt; to deride.

Jeerer (જીરર્), *n.* મશ્કરી કરનાર; વિનોદ કરનાર; મેણું મારનાર. One, who jeers.

Jeeringly (જીરિન્ગ્લિ), *ad.* મશ્કરીમાં; વિનોદમાં; મેણામાં. In a jeering way.

Jehovah (જહૉવે), *n.* ખૂદા; પરમેશ્વર; ઇશ્વર; સ્વયંભૂ. A Supreme Omnipotent Being.

Jejune (જીજ્યૂન્), *a.* ખાલી; ઠાલું; ભૂખ્યું; રસ વિનાનું; નિઃસત્વ; ફીકું; નિર્જીવ; શુષ્ક; દમ વિનાનું. Bare; meagre; dry; devoid of interest or any sentiment.

Jelly (જેલિ), *n.* મુરબ્બો; પાક; ચીકણો પદાર્થ. The juice of fruits, boiled with sugar; a solution of gelatine. *vi.* ચીકણું થવું; પાક થવો; મુરબ્બો તૈયાર થવો. To be jelly.

Jenny (જેનિ), *n.* પાણી કે વરાળ બળથી ચાલતો રેંટિયો; સુતર કાંતવાનો સાંચો. A machine for spinning, moved by water or steam.

Jeopard (જેપર્ડ્), *vt.* જોખમમાં પાડવું; ભયમાં ઉતારવું; સાહસ ઉઠાવવું. To put in danger; to hazard.

Jeopardize (જેપર્ડાઇઝ્), *vt. pr. p.* **Jeopardizing.** *imp. & p. p.* **Jeopardized.** જોખમમાં નાંખવું; ભયમાં નાંખવું–ઉતારવું; સાહસ કરવું. To throw in danger or in risk; to expose to injury.

Jeopardous (જેપર્ડસ્), *a.* જોખમી; ભયકારક; સાહસિક. Risky; hazardous.

Jeopardy (જેપર્ડિ), *n.* જોખમ; ધોકો; નુકશાન; જીવનું જોખમ. A danger; a risk, a peril; an exposure to injury or death. *vt.* જોખમમાં નાંખવું; નુકશાનમાં ધકેલવું; ભયમાં ઝંપલાવવું. To expose oneself to danger or risk.

Jerk (જર્ક્), *vt. vi.* હડસેલો મારવો; ફેંકવું; આંચકો મારવો. To give a push; to throw with a quick motion. **2.** ધિક્કારી કાઢવું; તિરસ્કાર કરવો. To show contempt. *n.* આંચકો; હડસેલો. ધક્કો. A push; a quick pull; a jolt.

Jerkin (જર્કિન્), *n.* બંડી; નાનું પહેરણ; કબજો. A jacket; a waist coat.

Jest (જેસ્ટ્), *n.* મશ્કરી; ઠઠ્ઠો; ડોળ; ઉપહાસ; મજાક. A joke; a fun; a witty remark. *vt.* મશ્કરી કરવી; મજાક કરવી; વિનોદ કરવો. To joke; to pass a witty remark against.

Jester (જેસ્ટર્), *n.* મશ્કરો; ભાંડ; વિદૂષક. A joker; a buffoon.

Jesuit (જેસ્યૂટ્), *n.* લુચ્ચો માણસ; છળભેદ કરે તેવો માણસ; ખટપટીઓ; ધૂતારો. A crafty person; a cunning person; an intriguer. **2.** રોમન કેથોલિક પંથના એક વિભાગનું નામ. A religious order, belonging to the Roman Catholic Church.

Jet (જેટ્), *n.* એક જાતનો કાળો પત્થર. A kind of black stone. **2.** ફુવારો; પ્રવાહી પદાર્થનું ઉંચે ઉછળવું તે. A shooting forth; a spouting of any liquid. *vi. vt pr. p.* **Jetting.** *imp. & p. p.* **Jetted.** બહાર નીકળવું; ફુવારાની માફક ઉંચે ઉછળવું; ફુવારાની માફક ઉછાળવું. To come out; to shoot out; to emit.

Jetsam, Jetson (જેટ્સૅમ્, જેટ્સન્), *n.* આફતમાંથી બચાવવા વહાણમાંથી બોજો હલકો કરવો તે. The throwing of goods overboard to lighten a ship in distress.

Jew (જ્યૂ), *n.* યાહૂદી; ઇસરાઇલ. A Hebrew; An Israelite.

Jewess (જ્યૂ-એસ્), *n.* યાહૂદણ. A Hebrew woman.

Jewish (જ્યૂઇશ), *a.* યાહૂદીનું; ઇસરાઇલને લગતું; યાહૂદી સંબંધી. Of or pertaining to a Jew.

Jewel (જ્યૂએલ્), *n.* રત્ન; જવાહીર; નીલમ; માણેક. A precious stone; a gem; a ruby. **2.** (*fig.*) કિંમતી વસ્તુ. The most valuable or costly thing. *vt.* રત્નથી શણગારવું; રત્ન જડિત ઘરેણાંથી શણગારવું. To adorn with jewels. **2.** રત્ન ચોંટાડવા; રત્ન જડવાં. To fit with gems.

Jeweller (જ્યૂએલર્), *n.* ઝવેરી; હીરા, માણેક, વિગેરેનો વેપાર કરનાર. One, who deals in jewels, etc.

Jewellery (જ્યૂએલરિ), *n.* ઝવેરાત; દર દાગીના; જવાહીર. Jewels in general. **2.** ઝવેરીનો ધંધો; જવાહીર, વિગેરે વેચવાનું કામ. The trade or occupation of a jeweller. Also spelt **Jewelry.**

Jib (જિબ્), *vi. pr. p.* **Jibbing.** *imp. & p. p.* **Jibbed.** ચોકડું ખેંચવું (ઘોડાનું). To pull against a bit. Also spelt as, **Jibe.**

Jig (જિગ્), *n.* તાલ પ્રમાણે થતો નાચ; હાવભાવ; ચેષ્ટા. A kind of light dance; tricks. *vi.* નાચવું; તાલ પ્રમાણે ગાવું. To dance; to dance in a jig.

Jilt (જિલ્ટ્), *n.* આશકને ખોટા બાનાં બતાવીને નાસીપાસ કરનાર સ્ત્રી; સ્નેહને તજનારી સ્ત્રી. A woman, who disappoints her lover; a mean-minded woman. *vt. vi.* સ્નેહ તરછોડવો; પ્યાર છોડવો; આશક તરફ બેવફા બનવું. To deceive in love; to be faithless to the lover.

Jingle (જિન્ગ્લ્), *vi. vt. pr. p.* **Jingling.** *imp. & p. p.* **Jingled.** ઝણ ઝણ રણકો થવો; ખણખણવું; ખણખણાટ થવો. To sound in a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

tinkling way; to clink. **2.** ખણખણાટ કરવો; રણકો વગાડવો. To produce a tinkling sound. *n.* રણકો; ખણખણાટ; ઝણકાર. A tinkling sound. **2.** પ્રાસ; અનુપ્રાસ. A sound in rhyme.

Job (જૉબ્), *n.* પરચુરણ કામ; ઉઘડ કામ. A piece or portion of chance work. **2.** બીના; બનાવ; હકીકત. An event; an affair. *vt. vi.* પરચુરણ કામ લેવું-કરવું; દલાલની માફક સોદા ઉતારવા-કરવા. To buy and sell as a broker; to work at chance. **2.** ગાડી, ઘોડા ભાડે આપવા. To let out horses or carriages.

Jobber (જૉબર્), *n.* ઉઘડ કામ કરનાર; પરચુરણ કામ કરનાર. One, who works at jobs. **2.** શેર સટ્ટા, વિ. નો વેપારી-દલાલ. A dealer in stocks. **3.** ગાડી ઘોડા, વિગેરે ભાડે આપનાર. One, who hires carriages, horses, etc.

Jockey (જૉકિ), *n. pl.* **Jockeys.** ચાબુક સ્વાર; અશ્વશિક્ષક; શરતનો ઘોડો હાંકનાર. One, who rides horses in horse-races. **2.** ઘોડાનો વેપારી; સોદાગર. A dealer in horses. **3.** લુચ્ચો પુરૂષ; છેતરી પાડે તેવો પુરૂષ. A tricky fellow.

Jocund (જૉકન્ડ્), *a.* રમૂજી; રંગીલું; આનંદી; વિનોદી; મોજીલું. Cheerful; merry; gay; sportive.

Jocundity (જૉકન્ડિટિ), *n.* રમૂજ; આનંદ; મોજ; વિનોદ; ખુશમિજાજ. Cheerfulness; merriment; sportive nature.

Jocundly (જોકન્ડ્લિ), *ad.* રમુજીપણે; આનંદથી; વિનોદથી. Playfully; merrily; cheerfully.

Jacundness (જોકન્ડ્નેસ્), *n.* Same as, **Jocundity.**

Jog (જૉગ્), *vt. vi.* કોણીથી હડસેલો મારવો; ધ્યાન ખેંચવું; સૂચના આપવી. To push with an elbow; to suggest; to draw the attention. **2.** ધીમેધીમે ચાલવું; મંદ ગતિએ જવું. To go slowly; to follow gently. *n.* સહજ ધક્કો-હડસેલો. A slight push. **2.** સૂચના; સ્મરણ કરાવવું તે. A hint; a slight remembrance. **Jog-trot,** *n.* ગજ ગતિ; મંદ ગતિ.

Jogger (જૉગર્), *n.* હડસેલો મારનાર; ધ્યાન ખેંચનાર; સૂચન કરનાર; સ્મરણ કરાવનાર. One, who jogs.

Join (જોઇન્), *vt. vi.* જોડવું; સાંધવું; મેળવવું; એક કરવું; સાંધેસાંધો મેળવવો. To connect; to link together; to unite together. **2.** જોડાઇ જવું; સંધાઇ જવું; એક થઇ જવું. To be united together; to associate.

Joiner (જૉઇનર્), *n.* સાંધનાર; સંયોજક; પ્રયોજક. One, who joins (two ends). **2.** સુથાર. A carpenter.

Joinery (જૉઇનેરિ), *n.* સુથારી કામ; સાંધા કામ. The work of a carpenter; the carpentry.

Joint (જૉઇન્ટ્), *n.* ગાંઠ; સાંધો; ગ્રંથી. The part, or portion, where two or more things are united. **2.** સાંધો; ચણીઆરૂં; મિલ્ગરૂં. A hinge. *a.* સંયુક્ત; એકત્ર; બધાએ મળીને કરેલું. United; combined. સહીઆરૂ; બેની ભાગીદારીમાં થયેલું. Belonging to two or more partners. *vt. vi.* સાંધાથી જોડવું; એકઠા કરવું; બંધબેસ્તા થવું-આવવું. To join; to connect; to supply with a joint.

Jointly (જૉઇન્ટ્લિ), *ad.* સાથે મળીને; એકઠા થઇને; સાથે સાથે. In a joint way; unitedly.

Jointure (જૉઇન્ટ્યૂર્), *n.* (*Law*) સ્ત્રી ધન; પલ્લું; વિધવા ધન. Property settled on a woman, with a right of enjoying it after the death of her husband. *vt.* પલ્લું નક્કી કરવું; સ્ત્રી ધન તરીકે નક્કી રાખવું-કરવું. To settle as a jointure.

Joist (જૉઇસ્ટ્), *n.* મોતી; ભાલ; પિઢીયું. A timber laid horizontally.

Joke (જોક્), *vt. vi. pr. p.* **Joking.** *imp.* & *p. p.* **Joked.** મશ્કરી કરવી; મજાક કરવી; હસવું; ઉપહાસ્ય કરવું. To make fun of; to banter; to jest. *n.* મશ્કરી; મજાક; હાસ્ય. A fun; a jest; a witty remark.

Joker (જોકર્), *n.* મશ્કરી કરનાર; વિદૂષક; રંગલો. One, who jokes; a buffoon.

Jolliness (જૉલિનેસ્), *n.* ખુશમિજાજ; આનંદી સ્વભાવ; ગમ્મત. A gay temper; gaiety.

Jollily (જૉલિલિ), *ad.* ખુશમિજાજથી; આનંદથી; ગમ્મતથી. In a jolly way or manner; mirthfully.

Jollity (જૉલિટિ), *n.* ખુશમિજાજ; મજા; આનંદીપણું; ગમ્મત. A gay disposition; gaiety; a state of being jolly.

Jolly (જૉલિ), *a.* ખુશમિજાજી; આનંદી; ગમ્મતિ; વિનોદી; રંગીલું. Mirthful; jovial; merry; sportive.

Jolt (જોલ્ટ્), *vi. vt.* આંચકો આવવો; આંચકો ખાવો-લાગવો. To shake with abrupt rising and falling. *n.* આંચકો; હડસેલો. A sudden jerk or push; a shock by a sudden jerk.

Jolter (જોલ્ટર્), *n.* આંચકો આપનાર; આંચકો લગાડનાર; ધક્કો દેનાર. One, who or that jolts.

Jostle (જૉસલ્), *vt. vi. pr. p.* **Jostling.** *imp.* & *p. p.* **Jostled.** હડસેલવું; ધક્કો મારવો; કોણીથી ખસેડવું. To push; to push with an elbow. **2.** ગીરદીમાં કોણીઓ ખાવી. To shove about as in a crowd.

Jot (જૉટ્), *vt. pr. p.* **Jotting.** *imp.* & *p. p.* **Jotted.** લખી લેવું; ટિપ્પણ કરવું; નોંધ કરવી; ટાંચણ કરવું. To make a memorandum; to write down in a diary. *n.* તલ માત્ર; બિંદુ માત્ર; બિંદુ; અણુ; પરમાણુ. An iota; a point; the least quantity.

Jotter (જૉટર્), *n.* ટિપ્પણ કરનાર; નોંધ કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટાંચણ કરનાર. One, who jots down.

Jotting. (જૉટ્ટિન્ગ્), *n.* ટિપ્પણ; નોંધ; સ્મરણ; લેખ. A summary; a sketch; a memorandum.

Journal (જર્નલ્), *n.* રોજનામું; રોજનીશી; રોજમેળ. A diary; an account of daily transaction. **2.** વર્તમાનપત્ર; ચોપાનીયું. A newspaper. **3.** દફતર; નોંધપોથી. A record-book.

Journalism (જર્નલિઝમ્), *n.* રોજમેળ રાખવો તે; હિસાબ, વિગેરે નોંધવાનું કામ. An act of keeping up accounts and diary. **2.** વર્તમાનપત્રનો ધંધો ચલાવવો તે. An act of writing or editing the newspapers.

Journalist (જર્નલિસ્ટ), *n.* રોજનામું રાખનાર; દફતરદાર; નોંધપોથી રાખનાર; વર્તમાનપત્ર ચલાવનાર. One, who keeps a diary; a news-paper editor.

Journalistic (જર્નલિસ્ટિક), *a.* વર્તમાનપત્ર સંબંધી; વર્તમાનપત્રનું. Pertaining to a journal. **2.** વર્તમાનપત્રના લેખક સંબંધી. Of an editor of a journal.

Journalize (જર્નલાઇઝ્), *vt. vi.* વર્તમાન પત્રનો ધંધો ચલાવવો; વર્તમાનપત્રમાં લેખ મોકલવા. To conduct the work of journalism.

Journey (જર્નિ), *n.* મુસાફરી; દેશાટન; સફર; પ્રવાસ; પર્યટન; મજલ; ખેપ. A travel; a travel from one place to another. *vi.* મુસાફરી કરવી; પ્રવાસે જવું; સફર કરવી; રસ્તો કાપવો. To travel; to travel from one place to another. **Journey-man,** *n.* રોજંદા પગારથી કામ કરનાર; શીખીને પાકો થયેલ કસબી કારીગર.

Jove (જોવ્), *n.* બૃહસ્પતિ; ગુરૂ; જ્યુપીટર. The chief divinity of the Romans; Jupiter.

Jovial (જોવિઍલ્), *a.* ખુશ; આનંદી; રંગીલું; શોખીન; ગમતી; ઉલ્લાસી. Cheerful; gay; merry.

Joviality (જોવિઍલિટિ), *a.* હર્ષ; આનંદ; ગમ્મત; ઉલ્લાસ. Gaiety; merriment; cheerfulness.

Jovialness (જોવિઍલનેસ્), *n.* Same as, **Joviality.**

Joy (જૉય્), *n. pl.* **Joys.** આનંદ; હર્ષ; ખુશાલી; ઉલ્લાસ. Delight; gladness; pleasure. **2.** આનંદ અથવા સુખનું કારણ. The cause of delight or happiness. *vt. vi.* ખુશી થવું; આનંદ પામવો; હર્ષિત બનવું; ઉલ્લાસિત થવું. To be glad; to delight; to be pleased.

Joyful (જૉયફુલ્), *a.* આનંદી; ખુશ; હર્ષવાન; હરખાયેલું. Delightful; pleased; glad.

Joyfully (જૉયફુલલિ), *ad.* આનંદથી; ખુશાલી સાથે; હર્ષથી; ઉલ્લાસથી. Delightfully; gladly.

Joyfulness (જૉયફુલનેસ), *n.* આનંદની લાગણી; હર્ષ; ખુશાલી. Cheerfulness; delight.

Joyless (જૉયલેસ્), *a.* આનંદ વિનાનું; નિરૂત્સાહી; હર્ષ વિનાનું; ચિંતાતુર. Free from joy; dull; sad.

Joyous (જૉયસ્), *a.* આનંદી; હરખાયેલું; ઉલ્લાસી; હર્ષિત. Gay; merry; joyful.

Joyously (જૉયસલિ), *ad.* આનંદિતપણે; ઉમંગથી; ઉલ્લાસથી; હર્ષભેર. Joyfully; merrily.

Joyousness (જૉયસનેસ્), *n.* આનંદિત હોવું તે; ઉમંગ; ઉલ્લાસ. A state of being joyous.

Jubilant (જ્યૂબિલૅન્ટ), *a.* ખુશીના નાદ ઉચ્ચારતું; આનંદ પામતું; જયનો ધ્વનિ પોકારતું. Triumphant; rejoicing.

Jubilee (જ્યૂબિલી), *n.* આનંદનો દિવસ; ખુશાલીનો દિવસ; ઉત્સવ. A day of joy; an occasion of festivity.

Judge (જજ્), *vt. vi. pr. p.* **Judging.** *imp. & p. p.* **Judged.** ન્યાય કરવો; ચુકાદો આપવો; વિચારપૂર્વક તોડ કરવો-ફેંસલો આપવો; બુદ્ધિપૂર્વક વિચારવું. To decide; to settle judiciously; to estimate; to think wisely. *n.* ન્યાયાધીશ; કાજી; મુનસફ. An officer administering justice. **2.** ગુણગ્રાહી; ગુણજ્ઞ; કદર કરનાર; પારખું કરનાર; ખરૂં ખોટું તપાસનાર. One, who appreciates the merits of; a critic.

Judgeship (જજ્શિપ્), *n.* ન્યાયાધીશનો હોદ્દો-પદવી; ન્યાયાસન. The rank or position of a judge; a seat or place of justice.

Judgment (જજ્મેન્ટ), *n.* વિવેક; સમજ; બુદ્ધિ. Discrimination; the sense. **2.** ફેંસલો; ચુકાદો; કાયદાપૂર્વક કરેલો ન્યાય-ફડચો. A legal decision; an award. **Judgment-day,** *n.* કયામત; જગતના ન્યાયનો દિવસ.

Judicatory (જ્યૂડિકૅટૉરિ), *n.* ન્યાયસભા; અદાલત; કચેરી; ધર્મસભા. A tribunal; a court of justice. *a.* ન્યાયને લગતું; ન્યાય ખાતાનું. Pertaining to the justice.

Judicature (જ્યૂડિકૅટ્યૂર્), *n.* ન્યાય કરવાનો અધિકારી; ઇન્સાફ આપવાની સત્તા; ન્યાયાધિકાર. The power of distributing justice. **2.** ઇન્સાફ આપનારી 'કોર્ટ'; ન્યાયમંદીર. A court of justice.

Judicial (જ્યૂડિશૅલ્), *a.* ન્યાયસભાનું; અદાલતનું; ન્યાયાધિશનું. Pertaining to the court of justice; of a judge. **2.** ન્યાય કરવાને લાયક; ડાહ્યું; ન્યાયી. Fitted to render justice; prudent.

Judicious (જ્યૂડિશસ્), *a.* ડાહ્યું; વિવેકી; ડહાપણવાળું; ઉચિત; ઘટિત; યોગ્ય. Wise; prudent; proper.

Judiciously (જ્યૂડિશસલિ), *ad.* ડહાપણપૂર્વક; બુદ્ધિપૂર્વક; ઘટિત રીતે; યોગ્ય રીતે; ઉચિતપણે. Wisely; prudently; properly.

Judiciousness (જ્યૂડિશસનેસ), *n.* ડાહ્યું હોવું તે; બુદ્ધિપૂર્વક કામ કરવાની કળા-આવડત. A state of being judicious.

Jug (જગ્), *n.* ભોટવો; કુંજો; લોટો; ચંબુ; ઝારી. A kind of drinking-vessel; a pitcher.

Juggle (જગલ્), *vt. vi. pr. p.* **Juggling.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

imp. & p. p. **Juggled.** નજરબંધી કરવી; હાથચાલાકી કરવી; ઇંદ્રજાળ પાથરવી. To play tricks by sleight of hand; to deceive by tricks. **2.** ઇલ્મ કરવો; ધંતર મંતર કરવા. To conjure. [A sorcerer; a conjurer.

Juggler (જગ્લર્), *n.* વાદી; ઇલ્મી; ગારૂડી; જાદુગર.

Jugglery (જગ્લેરિ), *n.* હાથચાલાકી; ધંતરમંતર; ગારૂડીવિદ્યા; જાદુ; ઠગબાજી. The art of a juggler; the trickery.

Juice (જ્યૂસ્), *n.* રસ; પાણી; સુધા. The fluid matter of any vegetable.

Juiceless (જ્યૂસલેસ્), *a.* રસ વિનાનું; પાણી વિનાનું; સુધા વિનાનું; નિરસ; સત્વ વિનાનું. Devoid of juice.

Juicy (જ્યૂસિ), *a.* રસવાળું; રસદાર; રસાળ. Full of juice; containing juice.

Jujube (જ્યૂજુબ્), *n.* બોરડી; બોર; કફનું ઔષધ. A kind of tree or its berries.

July (જૂલાઈ), *n.* અંગ્રેજી વર્ષનો સાતમો માસ-મહીનો. The seventh month of the Christian year.

Jumble (જમ્બલ્), *ot. vi. pr. p.* **Jumbling.** *imp. & p. p.* **Jumbled.** ગડબડ કરવી; ગોટાળો કરવો; ઘાલમેલ કરવી. To mix in a confused mass. **2.** ગોટાળો થવો; ગરબડ થવી. To be mixed in a confused state. *n.* ગડબડ; લોચો; ઘાલમેલ. A collection without order; a confusion.

Jump (જમ્પ્), *vi. vt.* કુદકો મારવો; છલંગ ભરવી; કુદવું; કુદી જવું. To spring; to leap; to pass by leaps. **2.** ઝંપલાવવું; ઝીકાવવું; સાહસ કરવું. To risk; to undertake some risky job *n.* કુદકો; છલંગ; ઠેકડો; ફાળ. A leap; a spring; a bound. **2.** પ્રયત્ન; પ્રયાસ; અજમાયેશ. An attempt; an effort.

Junction (જન્ક્શન્), *n.* જોડી દેવું તે; સંયોગ; જોડાણ; ભેટો; સમાગમ. An act of joining; a union; a state of meeting together.

Juncture (જન્ક્ટ્યૂર્), *n.* જોગ; તક; તાકડો; અણી; અણીનો પ્રસંગ. A point; a critical time; an opportune occasion.

June (જૂન્), *n.* અંગ્રેજી વર્ષનો છઠ્ઠો મહિનો. The sixth month of the Christian year.

Jungle (જન્ગલ્), *n.* વન; વગડો; જંગલ; રાન; વેરાન. A wood; a forest; land covered with forest-trees. **Jungle-fever,** *n.* એક પ્રકારનો ઝેરી તાવ. **Jungle-fowl,** *n.* જળકુકડી (જે અમેરિકામાં જોવામાં આવે છે).

Junior (જુનિઅર્), *n.* નહાનું; ઉતરતા દરજ્જાનું; કનિષ્ટ; નવું; તાજું. Younger; of lower rank; fresh.

Juniority (જુનિઑરિટિ), *n.* ઉતરતા દરજ્જાનું હોવું તે; ઉતરતી પંક્તિનું ગણાવું તે; નવું અથવા તાજું બાનવું તે-હોવું તે. A state of being junior.

Junket (જન્કેટ્), *n.* મીઠાઈ; સુખડી; જફત; મીજબાની. A sweetmeat; a feast; an entertainment. *vt. vi.* મીજબાની આપવી; જફત ઉડાડવી; મીઠાઇ વહેંચવી. To entertain with a feast; to feast.

Jupiter (જ્યૂપિટર્), *n.* બૃહસ્પતિ; ગુરૂ; એક ગ્રહ. The supreme deity of gods and man; one of the planets.

Juridical (જ્યૂરિડિકલ્), *a.* અદાલતનું; ઇન્સાફની બાબતનું; ઇન્સાફને લગતું. Pertaining to a court of justice.

Jurisdiction (જ્યૂરિરિડ્ક્શન્), *n.* સત્તા; અધિકાર; અમલ; હકુમતિ; ઇલાકો; હક. Power; authority; a presidency.

Jurisprudence (જ્યૂરિસ્પ્રૂડેન્સ્), *n.* વ્યવહારશાસ્ત્ર; કાયદાનો ઇલમ; ધર્મશાસ્ત્ર. The knowledge or the science of laws in general.

Jurist (જ્યૂરિસ્ટ્), *n.* વ્યવહારવેત્તા; ધર્મશાસ્ત્રજ્ઞ; અર્થશાસ્ત્રી. One, well up in laws; one, well acquainted with civil matters.

Juror (જ્યૂરર્), *n.* પંચમાંનો અથવા જુરિમાંનો કોઇ સભાસદ. A member of a jury.

Jury (જ્યૂરિ), *n.* પંચ; જુરી. A body of persons helping the judge, in delivering the right judgment.

Juryman (જ્યૂરિમૅન્), *n.* Same as, **Juror.**

Just (જસ્ટ્), *a.* ન્યાયી; અદલ; ઇન્સાફી; રાસ્ત; વ્યાજબી. Righteous; honest; upright. *ad.* નિષ્પક્ષપાતપણે; બરાબર; ઠીક; પાસે; નજીક; લગોલગ. Righteously; honestly; approximately; nearly; exactly.

Justice (જસ્ટિસ્), *n.* ન્યાય; ઇન્સાફ; ધર્મ; ન્યાયનીતિ; પ્રમાણિકપણું. Equity; the quality of being just. **2.** ન્યાયાધીશ; ઇન્સાફ કરનાર; જસ્ટિસ. An officer administering justice.

Justifiable (જસ્ટિફાએબલ્), *a.* યોગ્ય; વ્યાજબી; ખરૂં છે તેમ બતાવી અપાય તેવું; ન્યાયાનુસાર. Capable of being justified.

Justification (જસ્ટિફિકેશન્), *n.* ખરૂં અથવા વ્યાજબી કરી આપવું તે; દોષમોચન: પ્રતિપાદન. An act of justifying; absolution.

Justify (જસ્ટિફાઇ), *vt. pr. p.* **Justifying.** *imp. & p. p.* **Justified.** બેગુન્હા કરવું; વ્યાજબી છે એમ બતાવવું; ખરૂં છે તેમ સાબીત કરવું. To prove or show to be just; to prove not guilty; to absolve.

Jut (જટ્), *vi. pr. p.* **Jutting.** *imp. & p. p.* **Jutted.** બહાર નીકળવું; બહાર પડતા થવું; અમુક ભાગ આગળ આવવો. To shoot out. *n.* આગળ પડતો ભાગ; ઉપસેલો ભાગ. A projecting part;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a projection. [resembling hemp.

Jute (જ્યૂટ), *n.* શણ; ભીંડી. A substance,

Juvenile (જ્યૂવેનાઇલ), *a.* જ્હાનું; તરૂણ; યુવાન; ભરજુવાન. Of or pertaining to youth; young; youthful. *n.* તરૂણ પુરૂષ; યુવાન. A young person; a youth.

Juvenility (જ્યૂવેનિલિટિ), *n.* જુવાની; યુવાવસ્થા; તારૂણ્ય; યૌવન. Youthfulness; a state of being juvenile.

Juxtapose (જક્સ્ટૅપોઝ), *vt.* લગોલગ અડાડીને મેલવું; થડોથડ ગોઠવવું; નિકટ મુકવું. To place side by side; to place next to next.

Juxtaposition (જક્સ્ટૅપોઝિશન), *n.* સમીપતા; પાસે આવવું તે; સન્નિધાન; નિકટતા. Contiguity; proximity.

K.

K (કે), અંગ્રેજી મૂળાક્ષરનો ૧૧ મો અક્ષર. (જેનો ઉચ્ચાર 'ક્ક' થાય છે.) The eleventh letter of the English alphabet.

Kaffer (કાફીર), *n.* મુસલમાની ધર્મ નહિ પાળનાર. A non-believer in Islamism. Also spelt as, **Kafir, Kaffir.**

Kalendar (કૅલેન્ડર), *n.* Same as, **Calender.**

Kangaroo (કૅન્ગૅરૂ), *n.* ઑસ્ટ્રેલીઆમાં જોવામાં આવતું ચોપગું પ્રાણી; 'કાંગારૂ' પ્રાણી. The native animal of Australia. **Kangaroo-grass,** *n.* ઑસ્ટ્રેલીઆમાં ઉગતું એક જાતનું ઘાસ.

Kaw (કૉ), *n.* (કાગડાનો) કા, કા, અવાજ; કાગારવ. The cry of a crow. *vi.* કા, કા, અવાજ કરવો; (કાગડાનું) કા, કા, બોલવું. To cry as a crow. [આવવા. To vomit.

Keck (કેક), *vi.* ઓકારી ખાવી; ઉલટી થવી; ઉબકા

Kedge (કેજ), *n.* વહાણનું નાનું લંગર. A small anchor of a ship. *vt.* લંગર ખસેડવું. To move an anchor.

Keel (કીલ), *n.* વહાણનું તળિયું; આખું વહાણ. The bottom of a ship; a ship. *vt.* (હોડીનું) હંકારવું; હાંકવું. To sail; to steer.

Keelage (કીલેજ), *n.* વહાણને બંદરમાં પ્રવેશ કરવા માટે ચાપવો પડતો કર-વેરો-હકસાઈ. The duty, to be levied on a ship, for entering the harbour.

Keen (કીન), *a.* આતુર; ઇતેજાર; ઉત્સુક. Eager; vehement. **2.** સખ્ત; હાડોહાડ વ્યાપે તેવું; વજ્રમય Bitter; piercing; sarcastic. **3.** તીક્ષ્ણ; ધારવાળું; તેજદાર; પાણીવાળું. Sharp; having a fine edge.

Keenly (કીનલિ), *ad.* આતુરતાથી; ઇતેજારીથી; ઉત્સુકપણે; તીક્ષ્ણ રીતે. Eagerly; in a keen way or manner.

Keenness (કીનનેસ), *n.* આતુરતા; ઇતેજારી; ઉત્સુકતા; તીક્ષ્ણતા; ધારવાળું હોવું તે. Eagerness; impatience; a state of being sharp or pointed.

Keep (કીપ), *vt. pr. p.* **Keeping.** *imp.* & *p. p.* **Kept.** રાખવું; પાસે રાખી મુકવું; પકડી રાખવું; કબજામાં રાખવું. To hold; to contain; to hold in possession; to preserve. **2.** બચાવવું; સંભાળવું; રક્ષણ કરવું. To preserve; to protect. **3.** પાળવું; સાચવવું; અવલંબીને રહેવું. To adhere; to observe. **4.** ધારણ કરવું; પકડવું. To assume; to hold. **To keep a word,** વચન પાળવું; બોલ્યું પાળવું. **To keep off** or **away,** દૂર રાખવું; ટાળવું. **To keep back,** છાનું માનું સંતાડી રાખવું. **To keep house,** ઘરસંસાર જુદો માંડવો. **To keep down,** દાબમાં રાખવું; કબજામાં રાખવું. **To keep in,** નાશી ન જાય તેમ કરવું; બંધનયુક્ત કરવું. **To keep term,** હાજરી આપવી-ભરવી.

Keep (કીપ), *n.* સંભાળ; ચોકી; જતન; રક્ષણ; હવાલો; દેખરેખ. Care; guard; protection; supervision. **2.** ગુજરાન; ભરણપોષણ. Maintenance; support. **3.** કિલ્લો; કોટ. A fort; a castle. **4.** દેખરેખ; હવાલો. Supervision; a charge.

Keeper (કીપર), *n.* રખવાળ; સાચવનાર; પગી; પેરો ભરનાર; ચોકીઆત; ચોકીવાળો. One, who has the charge of; one, who retains in custody.

Keepsake (કીપ્સેક), *n.* સંભારણું; યાદગીરી દાખલ આપેલી કોઇપણ વસ્તુ-ચીજ; સ્નેહ સંભારણું. Any thing or object kept or given, as a mark of friendship. [barrel.

Keg (કેગ), *n* નાનું પીપ. A small cask or

Ken (કેન), *vt. pr. p.* **Kenning.** *imp.* & *p. p.* **Kenned.** જાણવું; ઓળખવું; પારખવું. To know; to descry; to see at a distance; to recognize. *n.* દૃષ્ટિમર્યાદા; નજર. A view; a reach of sight. **2.** બુદ્ધિ; પહોંચ; અડસટ્ટો; આશરો. Cognizance; a reach of knowledge.

Kennel (કેનેલ), *n.* કુતરાની કોડ; કુતરાં રાખવાનો ખડો-ઓરડી; શ્વાનગૃહ. A house for dogs. **2.** કુતરાઓનું ટોળું; શિકારી કુતરાઓની ટોળી. A pack of hounds. *vt. vi.* કુતરાઓની ઓરડીમાં પુરવું; કોડમાં રહેવું. To confine in a kennel.

Kernel (કર્નેલ), *n.* માવો; ગર; મગજ; છોડાંવાળી ચીજનો અંદરનો ભાગ. The edible substance

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

in the shell of a nut or the stone of a fruit. **2.** (*fig.*) મુદ્દો; હેતુ; સાર. The gist; the chief point. *vi.* માવો-ગર-ગર્ભ પેદા કરવો; ગર ઉત્પન્ન કરવો. To produce the kernel.

Kerosene (કેરૉસીન્), *n.* ઘાસલેટ; ગ્યાસતેલ; 'કેરોસીન' તેલ. A liquid, used mostly as a lamp-oil.

Ketch (કેચ્), *n.* બેડોળી વહાણ. A strongly built vessel, having two masts.

Kettle (કેટ્લ્), *n.* દેગ; ચરૂ; પાણી, વિગેરે ઉકાળવાનું વાસણ. A vessel, chiefly meant for boiling water, etc.

Kettle-drum (કેટ્લ્-ડ્રમ્), *n.* નગારૂં; ઢોલ; ડંકો. A kind of drum. **2.** સાંજરે આપેલી મિજબાની-ચા પાર્ટી. A tea-party, held in evening.

Key (કી), *n. pl.* **Keys.** ચાવી; કુંચી. An instrument for shutting or opening a lock. **2.** હથિયાર; સાધન; માર્ગદર્શક. An instrument; an agency; a guide. **3.** કળ; કળવિકળ; યુક્તિ; પ્રયુક્તિ. A contrivance; a scheme. **4.** ગાયનનો સુર. The tune. *vt.* કુંચી આપવી; ચાવી આપવી. To furnish with a key; to supply with a key. **2.** ચાવીથી બંધ કરવું. To fasten with a key. **3.** ગાયનનો સુર ચઢાવવો. To raise the pitch of a tune. **Key-hole,** *n.* કુંચી ઘાલવાનું બાકું-કાણું. **Key-note,** *n.* સુરનું સ્થાન; મુદ્દાની વાત-બાબત. [Quayage.

Keyage (કીએજ્), *n.* બંદર ઉપર લેવાતી જકાત.

Kick (કિક્), *n.* લાત; પાટુ; પગપ્રહાર. An act of striking with one's foot or feet; a blow with the foot. *vt. vi.* લાત મારવી; પાટુ મારવી; પગપ્રહાર કરવો. To strike with the foot. **To kick the bucket,** મરી જવું; ગુજરી જવું.

Kickshaw (કિક્શૉ), *n.* વિલક્ષણ વસ્તુ; વિચિત્ર વસ્તુ. A strange and surprizing thing. **2.** ભોજન; હલકા પ્રકારનું જમણ. A light dinner.

Kid (કિડ્), *n.* બકરીનું બચ્ચું; બોકડું; લવારૂં. A young goat. **2.** બકરીના બચ્ચાંનું ચામડું. Leather of a kid. **3.** લાકડાનું નાનું કુંડું-પીપ. A small wooden tub. *vt.* લવારૂં-બોકડું જણવું-જન્મ આપવો. To bring forth a young goat.

Kidnap (કિડ્નૅપ્), *vt. pr. p.* **Kidnapping.** *imp. & p. p.* **Kidnapped.** મનુષ્ય હરણ કરવું; મનુષ્યને ઉપાડીને લઇ જવું; હરણ કરવું; મરજી વિરૂદ્ધ લઇ જવું. To take away forcibly; to abduct; to carry away forcibly.

Kidnapper (કિડ્નૅપર્), *n.* મનુષ્યહરણ કરનાર; મનુષ્યને સમજાવી છાનોમાનો ઉપાડી જનાર. One, who kidnaps.

Kidnapping (કિડ્નૅપિન્ગ્), *n.* મનુષ્ય હરણ; છાનામાનાં ઉપાડીને લઈ જવું તે. An act of taking away forcibly.

Kidney (કિડ્ની), *n.* મૂત્રાશય; ગુરદા; મૂત્રપિંડ. An organ, excreting urine, etc. **Kidney-bean,** *n.* ચોળા; ચોળાની સિંગ.

Kill (કિલ્), *vt. pr. p.* **Killing.** *imp. & p. p.* **Killed.** મારી નાંખવું; મારવું; પ્રાણ લેવો; હત્યા કરવી. To deprive of life; to destroy; to put to death; to slay. **2.** શમાવવું; શાંત કરવું. To pacify; to deaden (the effect of pain, etc.)

Killer (કિલર્), *n.* મારી નાંખનાર; હત્યા કરનાર; શમાવનાર. One, who or that kills.

Killing (કિલિન્ગ્), *n* મારી નાંખવું તે; હત્યા; શમાવવું તે; ઓછું કરવું તે; મટાડી દેવું તે. An act of destroying.

Kiln (કિલ્), *n.* ભઠ્ઠી; નિંભાડો; નિમાડ. A large oven; a furnace for burning bricks, tiles, etc.

Kilogram, Kilogramme (કિલોગ્રૅમ્), *n.* બે રતલ ના તોલ જેટલું વજન. A french weight, equal to two pounds.

Kin (કિન્), *n.* સગાઇ; સગપણ; સંબંધ. Relationship; connection by relationship. **2.** સગાં; સગાંવહાલાં. Relatives. *a.* સગાઈનું; સંબંધી; એકજ સ્વભાવનું. Of the relatives; of the same nature.

Kind (કાઈન્ડ્), *a.* માયાળુ; કૃપાળુ; દયા રાખનાર; દયાળુ; પરોપકારી. Good-natured; benevolent; merciful. **Kind-hearted,** *a.* માયાળુ; માયાળુ અંતઃકરણવાળો.

Kind (કાઇન્ડ્), *n.* જાત; વર્ગ; પ્રકાર; રીત. A class; nature; a genus; variety; style.

Kindergarten (કિન્ડરગાર્ટન્), *n.* બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપવાની વિદ્યા-કળા; કિન્ડરગાર્ટન. A system of training the children.

Kindle (કિન્ડ્લ્), *vt. vi. pr. p.* **Kindling.** *imp. & p. p.* **Kindled.** સળગાવવું; પેટાવવું; ચેતાવવું. To set on fire; to ignite. **2.** ઉત્તેજીત કરવું; તપાવવું; ઉશ્કેરવું; પ્રદીપ્ત કરવું. To inflame; to heat; to stir. **3.** સળગવું; તપવું; તપી જવું. To be on fire; to catch fire; to be inflamed.

Kindler (કિન્ડ્લર્), *n.* સળગાવનાર; ચેતાવનાર; પેટાવનાર; પ્રદીપ્ત કરનાર; ઉશ્કેરનાર. One, who kindles.

Kindling (કિન્ડ્લિન્ગ્), *n.* સળગાવવું તે; પ્રદીપન; ચેતાવવું તે; પેટાવવું તે. An act of inflaming.

Kindliness (કાઇન્ડ્લીનેસ્), *n.* પ્રીતિભાવ; દયા; માયાળુપણું; સ્નેહભાવ. A state of being kindly.

Kindly (કાઇન્ડ્લિ), *ad.* માયાળુપણે; નમ્રતાથી; સુશીલતાથી; મહેરબાની કરીને; કૃપા કરીને. Gently; in a kind way. *a.* માયાળુ; કૃપાળુ; દયાળુ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Gentle; well-behaved.

Kindness (કાઇન્ડ્નેસ્), *n.* માયા; ભલાઇ; કૃપા; અનુગ્રહ; અહેશાન. A state of being kind; gentility; benevolence.

Kindred (કિન્ડ્રેડ્), *n.* સગાં; સગાઇ; સગપણ. Relations; affinity; relationship. *a.* મળતું; એક જાતનું; સંબંધી. Related; allied.

Kine (કાઈન્), *n.* ગાયો. Cows; a plural form of a cow.

Kinematics (કાઇનીમૅટિક્સ્), *n.* ગતિશાસ્ત્ર; ગતિ વિજ્ઞાન-શાસ્ત્ર. The science dealing with motion.

King (કિન્ગ્), *n.* રાજા; બાદશાહ; નૃપતિ; મહીપાલ; ભૂપાલ; ભૂપતિ. A sovereign; a ruler; a monarch; a prince.

Kingdom (કિન્ગ્ડમ્), *n.* રાજ્યપદ; રાજ્યાધિકાર; રાજ્યની હકુમત-રાજ્ય મુલક. The power of a king; the territory of a king; a realm.

Kingfisher (કિન્ગ્ફિશર્), *n.* એક જાતનું જળગામી પક્ષી. A kind of bird, diving into the water for fish.

Kingliness (કિન્ગ્લિનેસ્), *n.* દરબારી સ્થિતિમાં હોવું તે; શાહી સ્થિતિ. A state of being kingly.

Kingly (કિન્ગ્લિ), *a.* રાજાનું; દરબારી; રાજાને છાજે તેવું; શાહી; બાદશાહી. Of or pertaining to a king; royal; becoming a king.

Kinsfolk (કિન્સ્ફૉક્), *n.* સગાંવહાલાં; સગાંસ્નેહી. Relations; relatives.

Kinship (કિન્શિપ્), *n.* સગાઇ; સગપણ. Relation; a state of being related.

Kinsman (કિન્સ્મૅન્), *n. pl.* **Kinsmen.** સગો; સગોત્ર; કુટુંબી; સ્વજન. A relative; a relation.

Kirk (કર્ક), *n.* (સ્કૉટ્લૅન્ડમાંનું) દેવળ; મંદિર. A church. **Kirk-man,** *n.* પાદરી.

Kiss (કિસ્), *vt. vi.* ચુંબન કરવું; બચ્ચી કરવી; સ્નેહની નિશાની કરવી. To embrace with the lips. **2.** વ્હાલથી અડવું; ધીમેથી અડકવું. To touch gently and affectionately. *n.* ચુંબન; બોક્કી; ચુમી. An embracing with the lips. **2.** ખાંડનું રમકડું. A sugar-toy.

Kit (કિટ્), *n.* ખટલો; સરસામાન; સામાન; રાચરચીલું; સરંજામ. An outfit. **2.** મોટો શીશો. A large bottle. **3.** લાકડાનું પીપ. A wooden tub.

Kitchen (કિચેન્), *n.* રસોડું; બબરચીખાનું; રસોઇખાનું; રાંધણીયું. A special room in a house, meant for cookery. **Kitchen-garden,** *n.* શાક ભાજીની વાડી.

Kitchener (કિચેનર્), *n.* રસોઇયો; બબરચી; રાંધણીયામાં કામ કરનાર. A cook. **2.** રસોઇ કરવાનો ચુલો. A kind of cooking stove.

Kite (કાઈટ્), *n.* પતંગ; કનકવો. A light frame of paper and wood. **2.** સમડી; શમળી. A kind of bird. **Kite-flier,** *n.* સાર્વજનિક અભિપ્રાય મેળવવા હજારો પ્રયાસ કરનાર.

Kith (કિથ્), *n.* ઓળખીતો પુરૂષ; ઓળખાણવાળો પુરૂષ; પીછાનદાર. An acquaintance; friends in general.

Kitten (કિટન્), *n.* બિલાડીનું બચ્ચું. The young of the cat. *vt. vi.* બિલાડીને બચ્ચાં જણવાં-આવવા. To bring forth as kittens.

Kittenish (કિટનિશ્), *a.* બિલાડીના બચ્ચાં જેવું; બિલાડી અથવા મીનડીના બચ્ચાનું. Like or pertaining to a kitten. *a.* રમતિયાળ; રમતિયાળ સ્વભાવનું. Playful; of a playful nature.

Knack (નૅક્), *n.* યુક્તિવાળું રમકડું; ખેલ; ચાતુર્ય; A toy; a plaything. **2.** કારીગીરી; કળા. Skill; dexterity; adroitness.

Knag (નૅગ્), *n.* ગાંઠો; ગાંઠ; ખુંટો; ખીલી; ખીલો. A knot; a wooden peg. **2.** સાબરસિંગની શાખા. A shoot of a deer's horns.

Knaggy (નૅગિ), *a.* ગાંઠાવાળું; સાબરસિંગની શાખાવાળું-ને લગતું. Pertaining to a knag.

Knap (નૅપ્), *vt.* બચકું ભરવું; હુચો ભરવો. To bite; to bite off.

Knave (નેવ્), *n.* ઠગ; લુચ્ચો; ધૂતારો; દંભી; હરામખોર. A rascal; a deceitful person. **2.** પાનાની રમતમાં ગુલામ-ગોલો. A card with a servant in the playing-cards.

Knavery (નેવરિ), *n.* ઠગવિદ્યા; ધૂર્તબાજી; લુચ્ચાઈ; હરામખોરી; દોંગાઇ. Roguery; the practice of a knave.

Knavish (નેવિશ્), *a.* ઠગબાજીનું; ધૂર્તતાવાળું; લુચ્ચાઇવાળું; કપટી; હરામખોરનું. Roguish; fraudulent.

Knavishly (નેવિશલિ), *ad.* લુચ્ચાઇથી; ધૂર્તતાથી; કપટથી; દગો કરીને. Fraudulently; in a knavish way.

Knavishness (નેવિશનેસ્), *n.* લુચ્ચાઇ; ધૂર્તતા; કપટ રાખવું તે. A state of being knavish.

Knead (નીડ્), *vt.* ટુંપવું; ગુંદવું; દાબવું; કણેક બાંધવી. To press into a mass; to prepare the mass for bread.

Kneader (નીડર્), *n.* ટુંપનાર; દાબનાર; ગુંદનાર. One, who kneads.

Knee (ની), *n. pl.* **Knees.** ઢીંચણ; ઘુંટણ. The joint between the thigh and leg.

Kneel (નીલ્), *vi. pr. p.* **Kneeling.** *imp.* & *p. p.* **Knelt.** ઘુંટણીએ પડવું; ઘુંટણીએ પડીને નમવું-નમન કરવું. To bend the knee; to fall on the knees.

Kneeler (નીલર્), *n.* ઘુંટણીએ પડીને પ્રાર્થના કરનાર; નમન કરનાર. One, who kneels down.

Kneelingly (નીલિન્ગ્લિ), *ad.* ઘુંટણીએ પડીને; વાંકા વળીને; નમસ્કારપૂર્વક. In a kneeling way.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Knell (નેલ્), *n.* મૃત્યુઘંટ; મરણ વખતે અથવા મૃત્યુ વખતે વગાડવામાં આવતો ઘંટ. A death-bell; a bell rung at the time of any one's death; the death signal. *vt.* મરણ વખતે ઘંટ વગાડવો;શ્મશાનમાં મુડદા દાટવાને લઇ જતી વેળા ઘંટનો અવાજ કરવો. To sound as a funeral bell.

Knife (નાઇફ્), *n. pl.* **Knives.** છરી; ચપ્પુ; પાળી; ચાકુ. A kind of cutting instrument with a sharp blade.

Knight (નાઇટ્), *n.* સરદાર; 'નાઇટ' ની પદવી વાળો. A title of honour or dignity. **2.** વીર પુરૂષ; શુરવીર; શૂરોપુરૂષ. A warrior; a brave man. **3.** શેત્રંજનો ઘોડો. A piece in the game of chess, bearing the head of a horse.

Knight-hood (નાઈટ્-હુડ્), *n.* સરદારની પદવી વીરપુરૂષમાં અથવા શુરવીરમાં ગણાવું તે. A rank, position or title of a knight

Knightly (નાઇટ્લિ), *a.* શૂરવીરને છાજે તેમ; સરદાર ને શોભે તેમ; 'સર' નાઇટની પદવીને લાયક. Of or pertaining to a knight.

Knit (નિટ્), *vt. pr. p.* **Knitting.** *imp.* & *p. p.* **Knitted, Knit.** ગુંથવું; ગાંઠ વાળવી —પાડવી બાંધવું; મેળથી દેવું; ભેગું કરવું. To tie together; to fasten with a knot; to collect. **2.** ગુંથણ કામ કરવું;-ભરત કામ કરવું. To embroider; to form into a textile fabric. **To knit the brows,** ભવાં ચઢાવવાં; આંખો ચઢાવીને બોલવું.

Knight-errant (નાઇટ્-એરૅન્ટ્), *n.* શૂરવીરતાનો પ્રસંગ શોધનાર વીર પુરૂષ; કિર્તિનેજ માટે મથનાર બહાદૂર પુરૂષ. A knight, who travels in search of adventures. [A protuberance.

Knob (નૉબ્), *n.* બહાર પડતી ગાંઠ—ગાંઠો; મોગરો.

Knock (નૉક્), *vi. vt. pr. p.* **Knocking.** *imp.* & *p. p.* **Knocked.** અફળાવું; ખખડાવવું; ઠોકવું. To strike against; to dash against; to beat; to clash. *n.* બારણું ઠોકવું તે; અફળાટ; ખખડાવવું તે An act of striking against; a dashing. **To knock out,** ધક્કો મારીને બહાર કાઢવું. **To knock up,** ઠોકીને—ખખડાવીને જગાડવું.

Knocker (નૉકર્), *n.* ખખડાવનાર; ઠોકનાર; અફળાનાર. One, who knocks.

Knoll (નૉલ્), *n.* ડુંગરની ટોચ; શિખર; ટેકરી. A hill; a hillock; a mound.

Knoll (નૉલ્), *vt. vi.* ઘંટ વગાડવો; ઘંટ વાગવો. To ring the bell; to knell. *n.* ઘંટ. A bell.

Knot (નૉટ્), *n.* ગાંઠ; આંટીઘુંટી; ગ્રંથી A tie; a union; a perplexity; a knob. *vt.* ગાંઠ વાળવી; જોડવું; બાંધવું. To form into a tie; to unite; to fasten. **2.** ગુંચવવું; ગુંચવાઇ જવું. To puzzle; to be entangled or puzzled.

Knotty (નૉટિ), *a.* ગાંઠાવાળું; ખાંચખુંચનું. Having knots; pertaining to knots. **2.** કઠણ; મુશ્કેલ; ન સમજી શકાય તેવું. Hard; puzzling; not easily explicable.

Know (નો), *vt. vi. pr. p.* **Knowing.** *imp.* **Knew.** *p. p.* **Known.** જાણવું; ઓળખવું; પીછાનવું; માહિતગાર હોવું; પારખવું; પસંદગી આપવી. To understand; to perceive; to recognize; to be acquainted with. **Know-all,** *n.* સળ બંદરકા વેપારી; બધું જાણનાર; બધી રીતનું જ્ઞાન ધરાવનાર.

Knowable (નોએબલ્), *a.* જાણી શકાય એવું; સમજી શકાય તેવું; બુદ્ધિગમ્ય. Capable of being known or understood.

Knowingly (નોઇન્ગ્લિ), *ad.* જાણી જોઇને; ઇરાદાપૂર્વક; બુદ્ધિપૂર્વક. Intentionally; deliberately.

Knowledge (નૉલેજ્), *n.* જ્ઞાન; માહિતી; ઓળખાણ; સમજણ; વિદ્યા; ખબરદારી. Cognition; information; learning; skill; cognizance.

Knuckle (નકલ), *n* આંગળીનો સાંધો; વેઢો; પ્રાણીના પગનો સાંધો. The joint of a finger; the knee-joint of a quadruped. *vi. vt.* નમવું; શરણ થવું; તાબે થવું. To yield; to submit.

Knurl (નર્લ્), *n.* ગાંઠ; કઠણ પદાર્થ. A knot; a hard substance.

L.

L (એલ્), અંગ્રેજી મુળાક્ષરનો બારમો અક્ષર છે, જેનો ગુજરાતીમાં લ, ળ ઉચ્ચાર થાય છે. It is the twelfth letter of the English alphabet.

Label (લેબલ્), *n.* નિશાની તરીકે મારેલી ચિઠ્ઠી; નાની ટિકિટ; ચક્તી; 'લેબલ'. A slip, attached as a mark *vt.* ચિઠ્ઠી ચોડવી; ચિઠ્ઠી લગાડવી; ચક્તી ચોડવી. To affix a label.

Labeller (લેબલર્), *n.* લેબર ચોંટાડનાર; ચિઠ્ઠી ચોંટાડનાર-ગોઠવનાર. One, who labels.

Labial (લેબિઍલ), *a.* ઓષ્ટસ્થાની; ઓષ્ટ્ય. Of or pertaining to the lips. *n.* ઓષ્ટસ્થાની અક્ષર (પ, ફ, બ, ભ, મ,). A letter of a labial class.

Laboratory (લૅબૉરૅટૉરિ), *n.* પ્રયોગશાળા; ઔષધશાળા; ક્રિયાશાળા. A work-house of a chemist or a physician; a room meant for some chemical experiment.

Laborious (લૅબોરિઅસ્), *a.* મહા મહેનતવાળું; શ્રમવાળું; કઠણ; ઉદ્યોગી; કંટાળા ભરેલું. Toilsome;

CC-0: In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

wearisome; hard-working; tiresome.

Laboriously (લૅબોરિઅસલિ), *ad.* શ્રમથી; પરિશ્રમપૂર્વક; થાકી જવાય તેવી રીતે; અતિશય મહેનત કરીને. In a laborious way; diligently.

Labour (લેબર્), *n.* મહેનત; શ્રમ; મજુરી; વૈતરૂં. Exertion; toil; unplesant work. **2.** પ્રસુતિ; પ્રસવ વેદના. Travail; the pangs of child-birth. *vt. pr. p.* **Labouring.** *imp. & p. p.* **Laboured.** મજુરી કરવી; મહેનત કરવી; પરિશ્રમ કરવો; વૈતરૂં કરવું. To toil; to work in a toilsome way; to do any work with efforts. **2.** ખેડવું; ખેડાણ કરવું; ખેડાણ કરીને જમીન સુધારવી. To till; to cultivate. **3.** સુવાવડમાં કષ્ટાવું-કષ્ટ પામવું. To undergo the pangs of childbirth. **4.** (વહાણનું) ચકડોળે ચડવું; ઝોલા ખાવું; અથડાવું. To pitch and roll heavily (as of a ship).

Labourer (લેબરર્), *n.* મજુર; વૈતરો; દાડીઓ; રોજીથી કામ કરનાર. One, using force rather than intelligence; a porter.

Labyrinth (લૅબિરિન્થ્), *n.* ગલી કુંચીનો રસ્તો; ગુંચવણી; ભુલભુલામણી. An intricate path; an intricate inclosure in a garden or a park. **2.** ગુંચવણ; મુશ્કેલી; અડચણ. A complicacy; a difficulty.

Labyrinthine (લૅબિરિન્થાઇન્), *a.* ગુંચવણવાળું; ભુલભુલામણીના રસ્તાનું. Pertaining to a labyrinth.

Lac (લૅક), *n.* લાખ; લક્ષ. A number consisting of one hundred thousand. **2.** રાળ જેવો પદાર્થ; ચોંટાડવાની લાખ. A kind of sticky substance.

Lace (લેસ્), *n.* ફીત; તોઈ; કીનારી; પટી. A fine kind of net work. **2.** 'બુટ' બાંધવાની દોરી. A string or cord mostly used in fastening boots, etc. *vi.* કીનારી મૂકવી; ઝુલ ચોંટાડવી; ફીત મુકવી; ફીત મુકીને શણગારવું. To fasten with a lace. **Lace-frame,** *n.* ફીત, પટી, વિગેરે બનાવવાનો સાંચો.

Lacerate (લૅસરેટ), *vt. pr. p.* **Lacerating.** *imp. & p. p.* **Lacerated.** ફાડવું; ચીરવું; ઉખેડવું; ચીરી નાંખવું; ચીરો પાડવો. To rend; to break; to tear. **2.** દુઃખ દેવું; પીડવું; રીબાવવું. To afflict; to torture.

Laceration (લૅસરેશન્), *n.* ચિરાડો; છિદ્ર; ઘા; કાપો. A cut; a hole; a wound. **2.** ચિરવું તે; વિદારણ. An act of cutting or lacerating.

Lacerative (લૅસરેટિવ્), *a.* ચીરો પાડે તેવું; ઘા કરે તેવું; દુઃખ આપે તેવું; રીબાવે તેવું. Causing laceration; tending to lacerate.

Lachrymal (લૅક્રિમલ્), *a.* આંસુને લગતું; અશ્રુ; અશ્રુજનક. Pertaining to tears; generating tears.

Lacing (લેસિન્ગ્), *n.* પટ્ટી મુકવી તે; કોર મુકવી તે; ઝુલ મુકવાનું કામ. An act of decorating with a lace.

Lack (લૅક), *n.* ખૂટ; અછત; ઘટ; ન્યૂનતા; ખામી. A deficiency; a want; a need. **2.** ઠપકાનું કારણ; વાંક; ગુન્હો. A cause of blame; a blame. *vt. vi.* વાંક કાઢવો; ખોટ કાઢવી; ન્યૂનતા બતાવવી. To find fault; to blame. **2.** ઘટવું; ઓછું થવું; ઉણપ હોવી; તંગીમાં હોવું. To be in want; to be deficient. **Lack-all,** *n.* બધી રીતે તંગીમાં આવી પડેલો માણસ.

Lack-a-day (લૅક્-ઍન્ડે), *int.* અરે ! અફસોસ ! હાય ! A word expressing sorrow.

Lackey (લૅકી), *n.* ખીદમતદાર; ખવાસ; ચાકર; હજુરીઓ; હાએહા કરનાર; ખુશામતીઓ. An attendant; follower.

Laconic,-al (લૅકૉનિક ,-કૅલ), *a.* સંક્ષિપ્ત; ટુંકમાં બોલનાર; મિતભાષી; અલ્પાક્ષર. Brief; pithy. **2.** નિર્દય; ક્રૂર; કઠોર. Harsh; stern; cruel.

Laconically (લૅકૉનિકૅલલિ), *ad.* સંક્ષિપ્ત રીતે; ટુંકમાં; અલ્પભાષણ કરીને. Briefly; in a very short way.

Laconism (લૅકૉનિઝમ્), *n.* સંક્ષિપ્ત રીતે લખવું તે; ટુંકમાં બોલવાની અથવા લખવાની ટેવ હોવી તે. A concise style; a brief way of speaking or writing.

Lactary (લૅક્ટૅરિ), *n.* ગોરસ શાળા; દૂધ, વિગેરે ઉત્પન્ન કરવાનું અને વેચવાનું સ્થળ. A dairy-house. *a.* દૂધથી ભરેલું; દૂધવાળું; દૂધનું. Full of milk; milky.

Lactation (લૅક્ટેશન્), *n.* સ્તનપાન; ધવડાવવું તે; ધાવણ. An act of sucking; a suckling.

Lacteal (લૅક્ટીલ્). *a.* દૂધનું; દૂધને લગતું. Pertaining to milk. **2.** અન્નરસ વાહક. Conveying chyle *n.* અન્નરસ વાહિની A chyliferous vessel. [or pertaining to milk.

Lactic (લૅક્ટિક), *a.* દૂધનું; દૂધસંબંધી. Of

Lactometer (લૅક્ટોમીટર), *n.* દૂધ ચોખ્ખું છે કે નહિ તે તપાસવાનું યંત્ર. A contrivance for testing the purity of milk.

Lad (લૅડ્), *n.* છોકરો; બહુક; બાળ; સાથી; કુમાર; શિશુ. A boy; a youth; a companion.

Ladder (લૅડર્), *n.* સીડી; નિસરણી; દાદર. A frame (usually of wood or metal) to ascend or descend. **2.** (*fig.*) ઉંચે ચઢવાનું સાધન; ઉન્નતિનો રસ્તો બતાવનાર-યોજનાર. A means of rising to prominence.

Lade (લેડ્), *vt. pr. p.* **Lading.** *imp.* **Laded.** *p. p.* **Laded,** or **Laden.** લાદવું; બોજો મૂકવો-ભરવો; ભાર ચઢાવવો. To load; to put a burden on. **2.** અંદર નાંખવું; બહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢવું. To throw in; to take out.

Lading (લેડિન્ગ્), *n.* ભરેલો માલ; ભાર; ભાર ભરવાનું કામ. A cargo; burden; an act of loading.

Ladle (લૅડ્લ્), *n.* મોટો ચમચો; કડછો; પળો; ડોઈઓ; મોટી પળી. A cup-like spoon, used in dipping. *vt.* કડછાવતી ફેરવવું; ચમચાથી લેવું. To dip with a ladle.

Ladleful (લૅડ્લ્ફુલ્), *n.* મોટા ચમચામાં માય તેટલો પદાર્થ; કડછામાં આવે તેટલી વસ્તુ. The quantity contained in a ladle.

Lady (લેડિ), *n. pl.* **Ladies.** બાઇ; માનનીય સ્ત્રી; બાનુ. A respectable woman; a worthy woman. **2.** અમીરની સ્ત્રી; કુળવાન સ્ત્રી. The wife of a noble or knight; a noble woman. **3.** શેઠાણી; ગૃહરાજ્ઞી. A mistress; a house-wife. **Lady-crab,** *n.* સુંદર જડાઘવાળો કાચબો. **Lady-bird,** *n.* એક જાતનું જીવડું; ઇંદ્રગોપ. **Lady-love,** *n.* પ્રાણપ્રિયા. **Lady-like,** *a.* કુલીન સ્ત્રીના જેવું. **Lady-finger,** *n.* ભીંડો.

Ladyhood (લેડિ-હુડ્), *n.* ઉમરાવ પત્નીની સ્થિતિ-દશા; કુલીન સ્ત્રીત્વ. A rank of a noble woman.

Ladyship (લેડિશિપ્), *n.* કુલીન સ્ત્રીની પદવી-સ્થાન-હોદ્દો. A position of a respectable woman.

Lag (લૅગ્), *vi. pr. p.* **Lagging.** *imp.* & *p. p.* **Lagged.** પાછળ રહેવું; કામમાં વિલંબ કરવો; પાછળ પડી જવું; રઝળવું. To remain behind; to stay behind; to loiter. *n.* વિલંબ; ઢીલ. A delay; the amount of retardation of some work. *a.* મંદ; સુસ્ત; પાછળ રહેનાર; વિલંબથી કામ કરનાર. Slow; idle; coming behind; tardy. **Lag-end,** *n.* કોઇ પણ ચીજનો છેવટમાં છેવટનો અંત.

Laggard (લૅગ્-ગાર્ડ્), *n.* રખડનાર; ભ્રમણ કરનાર; કામ વિના આંટા મારનાર. A wanderer; a loiterer. **2.** ધીમો અને સુસ્ત પુરૂષ. A slow and idle fellow. *a.* ધીમો; મંદ; રખડાઉ; ભ્રમણ કરતો. Slow; idle; wandering.

Laggardly (લૅગ્-ગાર્ડ્લિ), *ad.* સુસ્તપણે; રખડી રખડીને; આળસમાં. Slowly; idly.

Lagger (લૅગર્), *n.* સુસ્તપણે કામ કરનાર; રખડનાર; ભટકનાર. One, who lags.

Lagoon (લૅગૂન્), *n.* છાછરૂં તળાવ; છિછરૂં તળાવ. A shallow lake.

Lair (લેર્), *n.* ભરાઇ રહેવાની જગ્યા; બખોલ; ગુફા; દાટવાની જગા. A place to lie; a den; the resting place of a wild beast.

Laird (લેર્ડ્), *n* જાગીરદાર; વતનદાર; અમીર. A lord; a peer; a noble.

Laity (લેઇટિ), *n.* સંસારી લોક; ગ્રહસ્થ મંડળી. A layman; one, not a hermit. **2.** ગૃહસ્થાશ્રમ; સંસારી જનપદ. The rank or position of a layman.

Lake (લેક), *n.* સરોવર; તળાવ; જળાશય. A large body of water, wholly surrounded by land. **2.** રંગવાનો ઘેરો લાલ રંગ. The red colour, used in colouring.

Laky (લેકિ), *a.* સરોવરનું; જળાશયનું; સરોવરને લગતું. Pertaining to a lake.

Lamb (લૅમ્), *n.* ઘેટાનું બચ્ચું. The young of the sheep. **2.** (*fig.*) રાંક પુરૂષ; ગરીબડા સ્વભાવનો આદમી. A meek fellow. *vi.* (ઘેટાનું બચ્ચું) જણવું. To bring forth a lamb or lambs.

Lamb-kin (લૅમ્કિન્), *n.* ઘેટાનું બચ્ચું; હલવાન. A young lamb. [A young lamb.

Lambling (લૅમ્લિન્ગ્), *n.* ઘેટાનું બચ્ચું; નાનું ઘેટું.

Lambent (લૅમ્બેન્ટ્), *a.* રમતું; ફરતું; આમતેમ ફરતું અથવા રખડતું; ધીમે ધીમે ચાલતું. Walking at random; wandering playfully; gliding. **2.** પ્રકાશતું; ઝબુકતું; ચળકતું. Shining; flashing; twinkling.

Lame (લેમ્), *a.* લૂલું; ખોડું; લંગડું. Crippled; disabled in one of the limbs. **2.** અપૂર્ણ; ખામીવાળું; ઢીલુંપોચું. Imperfect; defective. *vt.* લુલું કરવું; લંગડું બનાવવું; ખામીવાળું કરવું. To make lame; to make defective.

Lamely (લેમ્લિ), *ad.* લંગડાતાં; લંગડાઇને; ખોડા પગે ચાલીને. In a lame way.

Lameness (લેમ્નેસ્), *n.* લંગડા હોવું તે; લંગડાપણું. A state of being lame. **2.** (*fig.*) પાયા વિનાનું હોવું તે; આધાર વિનાનું હોવું તે. A case, of being without any base.

Lament (લૅમેન્ટ્), *vi. vt. pr. p.* **Lamenting.** *imp.* & *p. p.* **Lamented.** શોક કરવો; વિલાપ કરવો; રોવું; દિલગીર થવું-બનવું; અફસોસ કરવો. To bewail; to feel sorrow; to be sad; to mourn. *n.* શોક; વિલાપ; અફસોસ. Lamentation. **2.** શોકવાળું ગીત; વિલાપમય કવિતા; રાજીઓ; પરાજીઓ. An elegy; a poem, expressing some sadness.

Lamentable (લૅમેન્ટેબલ્), *a.* શોચનીય; દુઃખવાળું; દુઃખદ; શોકથી ભરપૂર. Expressing sorrow or sadness; sad.

Lamentation (લૅમેન્ટેશન્), *n.* શોક; દિલગીરી; દુઃખ અથવા શોક કરવો તે. Sadness; sorrow; a feeling of sadness.

Lamina (લૅમિનૅ), *n.* પૂડ; થર; વરખ. A layer; a thin covering. **2.** ભીંગડું; પડ. A scale.

Lamp (લૅમ્પ), *n.* દીવો; બાતી; કોડીયું; ચિરાગ. A vessel, containing oil for burning a light. **2.** દીપક; પ્રકાશ; તેજ. Illumination. **Lamp-black,** *n.* કાજળ; મેંશ. **Lamp-lighter,** *n.* દીવો સળગાવનાર. **Lamp-light,** *n.* દીવાનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ-અજવાળું. **Lamp-stand,** *n.* દીવી;સમેદાની.

Lampoon (લૅમ્પૂન), *n.* નિંદાયુક્ત લખાણ; બદબોઇ ભરેલું લખાણ. A satire; a satirical writing. **2.** નાલાસી ભરેલું લખાણ. A writing intended to reproach. *vt.* નિંદાયુક્ત લખાણ લખવું; બદબોઇ ભરેલું લખાણ કરવું. To write a satire; to write in the way of reproach.

Lampooner(લૅમ્પૂનર્),*n.*નિંદાયુક્ત લખાણોલખનાર; બદબોઇ ભરેલું લખનાર One, who lampoons.

Lance (લૅન્સ), *n.* ભાલો; બરછી. A spear. **2.** ભાલાવાળો; ભાલેદાર. One armed with a spear. **3.** નસ્તર; ધારવાળું ચપ્પુ. A penknife with a sharp blade. *vt.* ભાલો મારવો; ભાલાથી વિંધવું. To pierce with a lance.

Lancer (લૅન્સર્), *n.* ભાલાંવાળો; બરછી રાખનાર; ભાલાવાળો સવાર; ભાલેદાર. One, who carries a spear.

Lancet (લૅન્સેટ્), *n.* નસ્તર; બારીક પાનાવાળું ચપ્પુ અથવા નાની છરી. A surgical instrument, used in opening tumours, etc. **Lancet-fish,** *n.* એક પ્રકરની માછલી.

Lance-wood (લૅન્સ્-ઉડ્), *n.* ચીકણું અને ભાંગે નહિ તેવું એક જાતનું લાકડું. A kind of tough wood.

Land (લૅન્ડ્), *n.* જમીન; ભોંય; સ્થળ. The ground; the solid part of the earth; soil. **2.** મુલક; દેશ. A territory; a country. **3.** સ્થાવર મીલ્કત; જાગીર. An estate. *vt. vi.* વહાણપરથી કિનારે ઉતરવું; જમીન ઉપર પગ મૂકવો-ઉતરવું. To disembark; to go ashore. **Land-crab,** *n.* જમીનઉપર રહેતો એક પ્રકારનો કાચબો. **Land-fish** *n.* પાણી સિવાય જમીન ઉપર રહેતી એક જાતની માછલી. **Land-force,** *n.* જમીન ઉપર લડનારૂં લશ્કર. **Land-revenue,** *n.* મહેસુલ. **Land-tax,** *n.* જમીન ઉપરનો કર. **Land-breeze,** *n.*કિનારા તરફથી વાતો પવન. **Land-measurer,** *n.* જમીનની માપણી કરનાર અમલદાર.

Landed (લૅન્ડેડ્), *a.* સ્થાવર; ભોંયભાડાનું; જમીનનું. Of or pertaining to land.

Land-holder (લૅન્ડ્-હોલ્ડર્), *n.* ઘરધણી; જાગીરદાર દેસાઇ; જમીનદાર. A man, possessing an estate; an owner of land.

Land-lady (લૅન્ડ્લેડિ), *n.* ઘરધણીઆણી; જાગીર, વતન, વિગેરેનો કબજો ધરાવનાર બાઇ; ગૃહસ્વામિની. A woman, having the possession of an estate.

Land-lord (લૅન્ડ્-લૉર્ડ્), *n.* ઘરધણી; જમીનદાર; જમીનનો માલીક; જાગીરદાર. The owner of land or house. **2.** લૉજ અથવા ઉતારાનો માલીક. The master of an inn or lodge.

Land-mark (લૅન્ડ્-માર્ક્), *n.* જમીનની હદનું નિશાન; ખેતર અથવા ક્ષેત્ર વિગેરેની હદ; બાણ; ક્ષેત્ર સીમા; હદની નિશાની. A mark fixing the boundary of an estate, territories, etc.

Landscape (લૅન્ડ્સ્કેપ્), *n.* નજરે પડતી જમીન તથા પદાર્થ; દૃષ્ટિમર્યાદામાં જે બધું જોઈ શકાય તે પ્રદેશ; ભૂમિચિત્ર; ભૂભાગ. A tract of land, which is visible at a glance; the portion of a country which can be made visible in a picture. **2.** કોઇપણ પ્રદેશનો ચિત્રેલો ભાગ. A pictorial aspect of a country.

Landsman (લૅન્ડ્ઝમૅન્), *n. pl.* **Landsmen.** જમીન ઉપર વસનાર; દરિયાઈ જીવન (ખલાસીનું) નહિ ગુજારનાર. One, living on land.

Lane (લેન્), *n.* ગલી; શેરી; નાળ; ખાંચો; સાંકડો રસ્તો-માર્ગ. A narrow path-way; an alley; a narrow passage (between buildings or hedges).

Language (લૅન્ગ્વેજ્), *n.* ભાષા; બોલી; વાચા; વાણી; ઝબાન; બોલવાની શૈલી. A speech; an utterance; a style of speech. **2.** શૈલી;બોલવાની પદ્ધતિ. A mode of expression. **3.** સંકેત; ઈશારાથી અથવા સાનેની સમજાવવું તે. The expression of thought in any way.

Languid (લૅન્ગ્વિડ્), *a.* મંદ; ઢીલું; સુસ્ત; લબડતું; મ્લાન; ખિન્ન; શિથિલ. Weak; drooping; weary; tired; slow in work; spiritless.

Languidly (લૅન્ગ્વિડ્લિ), *ad.* સુસ્તપણે; શિથિલપણે; મ્લાન વદને. In a languid way; spiritlessly.

Languidness (લૅન્ગ્વિડ્નેસ્), *n.* મ્લાન વદન થઇ જવું તે; સુસ્ત અથવા ઢીલા પડી જવું તે. A state of being languid.

Languish (લૅન્ગ્વિશ્), *vi.* લેવાઇ જવું; નરમ પડવું; દુબળા પડવું; ક્ષીણ બનવું; નરમ પડતા જવું. To become weak; to get reduced in strength. **2.** ખીન્ન થવું; કંટાળવું; શિથિલ થવું. To be weary; to be dull.

Languishment (લૅન્ગ્વિશ્મેન્ટ્), *n.* ક્ષીણ થવું તે; દુબળા દેખાવું તે; મ્લાન થઇ જવું તે. A state of being languish.

Languor (લૅન્ગર્), *n.* સુસ્તિ; થાક; કમજોરી; ગ્લાનિ; જડતા. Dulness of intellect; sluggishness; faintness.

Lank,-y (લૅન્ક્,-કિ), *a.* સુકાઇ ગયેલું; તવાઇ ગયેલું; અતીશય ઘસાઇને પાતળું થઇ ગયેલું. Lean; not plump; reduced.

Lantern (લૅન્ટર્ન્), *n.* ફાનસ; અજવાળિયું; કંડીલ. A case, inclosing a light and protecting it from rain and wind. *vt.* ફાનસ આપવું To supply with a lamp.

Lap (લૅપ્), *n.* ઘેર; ઝૂલ; ચાળ. The loose part of a coat, etc.; a skirt. **2.** ખોળો; અંકઉત્સંગ. The cavity formed by the knee, when one sits. **3.** છેડો; પાલવ. The ending part of any cloth. *vt. pr. p.* **Lapping.** *imp.* &

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

p. p. **Lapped.** ઘડી પાડવી વિંટાળવું; લપેટવું. To form folds; to wind; to encircle. **2.** મૂકવું; સાથે સાથે ગોઠવવું. To lay together. **3.** ઘચઘચ ખાઇ જવું; ચાટી જવું. To swallow; to lick up.

Lap-dog (લૅપ્-ડૉગ્), *n.* લાડકો કુતરો;જ્પાળેલો કુતરો. A pet-dog; a fondled dog.

Lap-ful (લૅપ્-ફુલ્), *a.* ખોળામાં માય તેટલું; ખોળાપૂર. As much as the lap can contain.

Lapidary (લૅપિડૅરિ), *n.* હીરા ઘસનાર; ઝવેરી; કિંમતી પત્થરોની કસોટી કરનાર. One, who cuts, polishes and engraves gems, etc.; a jeweller; a dealer in precious stones. *a.* કિંમતી પત્થરનું; ઝવેરાતને લગતું. Pertaining to a lapidary.

Lapper (લૅપર્), *n.* ઘડી વાળનાર; લુગડાની કહ્યી કરનાર; ઘડી વાળીને ગોઠવનાર. One, who laps.

Lappet (લૅપેટ્), *n.* ઝુલ; ઘેર; મગજી; કોર. A decorative little flap or fold. *vt.* ઝુલથી સુશોભિત કરવું; ઝુલ મૂકવી. To decorate with a lappet.

Lapse (લૅપ્સ્), *n.* વહી જવું તે; ગતિ; સ્ખલન. A slow or gradual passing away; a gliding; a falling. **2.** પ્રવાહ; વહન. A flow. **3.** ભુલચુક; ખોટ; કસુર. A mistake; an error. **4.** હક ખોવો તે–હુણાવવો તે. A losing of one's right or privilege. *vi. vt.* ધીમે ધીમે વહેવું; ધીમે ધીમે ચાલ્યું જવું; સ્ખલિત કરવું–થવું. To pass gently and slowly; to fail in duty. **2.** વીતવું; ગુજરવું; આવી પડવું. To befall; to happen. **3.** સોંપી દેવું; હક છોડવો. To let go one's right or claim. **4.** ભુલ કરવી; કસુર કરવી. To err; to mistake.

Lap-wing (લૅપ્-ઉવિન્ગ્), *n.* ટીટોડી–ટીટોડો. A kind of bird, resembling a pigeon.

Lar-board (લાર્-બોર્ડ્), *n.* વહાણનું ડાબું પડખું–ડાબી બાજુ. The left-hand side of a ship.

Larcener (લાર્સનેર્), *n.* ચોરી કરનાર; ચોર; સ્તેન. One, who commits a theft; a thief

Larcenist (લાર્સેનિસ્ટ્), *n.* Same as, **Larcener.**

Larceny (લાર્સેનિ), *n.* ચોરી; ચૌરકર્મ; ખાતર પાડવું તે. A theft; an act of stealing.

Lard (લાર્ડ્), *n.* હુક્કરની ચરબી. The fat of swine. **2.** હુક્કરનું માંસ. The flesh of swine. *vt. vi.* ચરબીવાળું કરવું; ચરબી ચોપડવી. To stuff with the fat of lard. **2.** જાડા કરવું; હૃષ્ટપુષ્ટ કરવું. To fatten.

Larder (લાર્ડર્), *n.* હુક્કરનું માંસ અથવા ચરબી રાખવાની ઓરડી–સ્થળ–ઠેકાણું. A room, where the fat or flesh of swine is kept.

Lardy (લાર્ડિ), *a.* ચરબીવાળું; હુક્કરના માંસનું. Pertaining to lard; of the flesh of swine.

Large (લાર્જ્), *a.* મોટું; વિશાળ;પહોળું; વિસ્તીર્ણ; ઘણું; પુષ્કળ. Big; extensive; ample; diffusive; plentiful. **Large-hearted,** *a.* ઉદાર વૃત્તિવાળું; મોટા મનવાળું.

Largely (લાર્જ્લિ), *ad.* વિશાળપણે; વિસ્તીર્ણપણે –રીતે; પુષ્કળપણે. Plentifully; in a large way.

Largeness (લાર્જ્નેસ્), *n.* મોટું અથવા વિસ્તારવાળું હોવું તે; પુષ્કળ હોવું તે. A state of being plenty.

Largess (લાર્જ્સ્), *n.* બક્ષિસ; દાન; ભેટ; ઇનામ. A present; gift; a reward? **2.** ઉદારતા; ઔદાર્ય. Generosity.

Lark (લાર્ક્), *n.* લાવરી; ચંડોળ પક્ષી. A kind of sweet-singing bird. **Lark-spur,** *n.* બગીચામાં ઉગાડવામાં આવતો એક જાતનો સુંદર છોડ.

Larva (લાર્વા), *n. pl.* **Larvae.** કામળિયાની જાતની ચેળ; કીડો. A kind of worm.

Larynx (લૅરિંક્સ્), *n.* ઘાંટી; કંઠસ્થાન; નરડી; કંઠેન્દ્રિય; કંઠનાળ. The cavity in the throat playing a useful part in speaking.

Lascivious (લૅસિવિઅસ્), *a.* કામી; લંપટ; કામાતુર. Lewd; lustful.

Lash (લૅશ્), *n. pl.* **Lashes.** ચાબુક; ફટકો; કોરડો. A whip; a blow or stroke with a whip. **2.** મર્મ વચન; મેણું; વાક્પ્રહાર. A satire; a taunt; a sarcasm. *vt.* કોરડો મારવો; ચાબુક મારવી; ફટકા લગાવવા. To strike with a whip; to strike. **2.** મેણું મારવું; મર્મ વચન કહેવું; વાક્પ્રહાર કરવો. To taunt;to scold. **Eye-lash,** *n.* ભમર; ભમર ઉપર ઉગેલા વાળ.

Lasher (લૅશર્), *n.* ચાબુક મારનાર; ફટકા મારનાર. One, who lashes.

Lass (લૅસ્), *n. pl.* **Lasses.** છોકરી; પોરી; યુવાનસ્ત્રી. A girl; a young woman.

Lassie (લૅસી), *n.* નાની છોકરી; તરૂણ બાળા. A young girl; a term of endearment for any girl.

Lassitude (લૅસિટ્યૂડ્), *n.* સુસ્તી; મંદપણું; ગ્લાનિ; શરીરનું અતિશય થાકી જવું તે. Dulness; weariness; fatigue.

Last (લાસ્ટ્), *a.* છેલ્લું; પાછલું; આખરનું. Final; hindmost? *n.* જોડાનું કાલબુટ. A wooden block, on which the shoes are prepared. *ad.* છેલ્લાં; છેવટે; આખર વખતે. Finally; in conclusion; at the last moment. *vi.* નભવું; ટકવું; રહેવું; ચાલુ રહેવું. To continue; to remain in existence.

Lasting (લાસ્ટિન્ગ્), *a.* ટકાઉ; ચાલે તેવું; ઘણી મુદત સુધી ચાલે તેવું; ચિરસ્થાયી. Remaining or existing for a long time; durable.

Lastingness (લાસ્ટિન્ગ્નેસ્), *n.* ટકાઉપણું; ઘણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુદત સુધી ચાલે તેવું હોવું તે. A state of being lasting. [Finally; in conclusion.

Lastly (લાસ્ટ્લિ), *ad.* છેલ્લી વારે; આખર ઘડીએ.

Latch (લૅચ્), *n.* ઉલાળો; આગળી; ભુંગળ; અડગરો. A catch for fastening a door. *vt.* ઉલાળો વાસવો; ભુંગળ ભરાવવી; અડગરો ભરાવવો. To fasten with a latch. **Latch-key,** *n.* ઉલાળો ઉઘાડવાને લોઢાની ચાવી.

Latchet (લૅચેટ્), *n.* પગના જોડા બાંધવાની દોરી. The string meant for fastening a pair of shoes; a shoe-string.

Late (લેટ્), *a.* મોડું; મોડું આવેલું; થોડાકજ દિવસ ઉપર બનેલું. Coming after the required time; of recent occurrence. **2.** સુસ્ત; મંદ; ધીમો. Slow; tardy. **3.** થોડા સમય પહેલાં મરી ગયેલું-ગત થયેલું; મહુર્મ; માઝ. Deceased; departed. **Of late,** હમણાંનું; તાજેતરનું. *ad.* મોડું; મોડા સમય સુધી. Till a long time past.

Lately (લેટ્લિ), *ad.* થોડા દિવસ અગાઉ; થોડા દિવસ અગાઉજ. Not long ago; recently.

Latency (લેટેન્સિ), *n.* ગુપ્તપણું; ઢંકાઇ ગયેલી સ્થિતિમાં હોવું તે; જોઇ ન શકાય તેવી સ્થિતિ. A state of being latent.

Latent (લેટેન્ટ્), *a.* ગુપ્ત; ગૂઢ; ઢંકાઇ ગયેલું; અદૃષ્ય; જોઇ ન શકાય તેવું. Secret; hidden; invisible.

Lateral (લૅટરૅલ્), *a.* બાજુનું; પાસાને લગતું; પાર્શ્વ. Of or pertaining to the sides.

Lath (લૅથ્), *n.* છાપરે જડવાનો પકવાસો; ચીપ; જળોવાહીયું. A thin wooden strip. *vt.* પકવાસો જડવો; ચીપ જડવી. To set in with a lath; to cover with laths.

Lathe (લેથ્), *n.* સંધાડો; ચરખો. A machine for shaping the wooden or iron articles or frames. **2.** કોઠાર; ભંડાર. A granary; a store-house.

Lather (લૅધર્), *n.* સાબુનું ફીણ A soap-froth. *vi. vt.* ફીણ બનાવવું; ફીણ આપવું; ફીણવાળું કરવું. To form a foam of soap and water; to become frothy.

Latitude (લૅટિટ્યૂડ્), *n. pl.* **Latitudes.** પહોળાણ; છૂટ; ચોડાઇ. Breadth; area or extent from side to side. **2.** વિસ્તાર; ફેલાવો; છૂટ. Extent; amplitude; size. **3.** અક્ષાંશ; શર; વિક્ષેપ. Distance north to south from the equator.

Latitudinarian (લૅટિટ્યૂડિનૅરિઍન્), *n.* શાસ્ત્ર-મર્યાદા બહાર સ્કેતાર; અમર્યાદ માણસ; સ્વેચ્છાચારી પુરૂષ. One, who indulges freedom in thinking or reasoning *a.* નિરંકુશ; સ્વેચ્છાચારી; અમર્યાદ રીતે વર્તનાર. Unrestrained; self-willed.

Latrine (લૅટ્રિન્), *n.* જાજરૂ; સંડાસ; પાયખાનું; વાડો A water-closet; a privy room.

Latter (લૅટર્), *a.* પાછલું; પાછળનું; બેમાંનું બીજું. The second of the two. **2.** હાલનું; અર્વાચીન; અસલનું ન હોય તેવું. Modern; recent.

Latterly (લેટર્લિ), *ad.* પહેલાનું; હાલનું; થોડા સમય પહેલાનું. Of late; lately.

Lattice (લૅટિસ્), *n* લાકડા, લોઢા, વિગેરેની બારીની જાળી. A window with strips of iron or wood. *vt.* જાળી બનાવવી; કઠેરો બેસાડવો-કરાવવો. To furnish with a lattice.

Laud (લૉડ્), *vt.* વખાણ કરવા; પ્રશંસા કરવી; તારીફ કરવી. To praise; to extol. **2.** સ્તુતિ કરવી. To pray. *n.* પ્રશંસા; તારીફ; વખાણ; સ્તુતિ. A praise; an exaltation; a prayer.

Laudable (લૉડેબલ્), *a.* વખાણવા લાયક; સ્તુતિ પાત્ર; પ્રશંસાયોગ્ય; પ્રશંસનીય. Worthy of being praised; commendable; praiseworthy.

Laudably (લૉડેબ્લિ), *ad.* પ્રશંસા ભરેલી રીતે; સ્તુતિપૂર્વક; વખાણ કરીને. In a laudable way.

Laudanum (લૉડેનમ્), *n.* અફીણનો અર્ક. The essence of opium.

Laudation (લૉડેશન્), *n.* પ્રશંસા; સ્તુતિ; વખાણ A praise; an act of commending; commendation.

Laugh (લાફ્), *vt. vi.* હસવું; ખડખડાટ હસવું. To show joy. **2.** આનંદિત દેખાવું. To appear gay. *n.* હાસ્ય; હસવાનો અવાજ; ખીખી અવાજ. An act of showing joy; the sound, created by laughing. **To laugh at,** મજાક કરવી; મશ્કરી કરવી. **To laugh away,** હસીને કાઢી નાંખવું. **To laugh in the sleeve,** ધીમેથી હાસ્ય કરવું.

Laughable (લાફેબલ્), *a.* હાસ્યજનક; હસવા લાયક; હાસ્યોત્પાદક. Exciting laughter; ludicrous.

Laughter (લાફ્ટર્), *n.* હાસ્ય; હસવું તે; પ્રહસન; હાંસી. An expression of joy or mirth by means of the eyes or lips; an act of laughing.

Launch (લૉન્શ્), *vt. vi* હડસેલવું; ધક્કો મારવો; હડસેલો મારી બહાર કાઢવું. To throw; to hurl; to fly off. **2.** ઝુકાવવું; ઝંપલાવવું; ઉતરવું. To set afloat; to commence. **3.** માં કુદી પડવું; -માં ઉતરવું. To plunge. *n.* વહાણને જમીન ઉપરથી પાણીમાં ઉતારવું તે; ધકેલવું તે. An act of launching.

Launder (લૉન્ડર્, લાન્ડર), *n.* ધોબી; કપડાંની ઇસ્ત્રી કરનાર. A washerman; one, washing the clothes, etc.

Laundress (લૉન્ડ્રેસ્, લાન્ડ્રેસ્), *n.* ધોબણ; લુગડાં ધોવાનું કામ કરનારી સ્ત્રી. A washer-woman; a woman, whose work it is to wash clothes, etc.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Laundry (લૅનડ્રિ, લૉન્ડ્રી),*n.* કપડાં ધોવાની ઓરડી-જગ્યા. A room; where clothes are washed.

Laurel (લૉરેલ), *n.* તજ, કપૂર, વિ૦ ના ઝાડની જાતનું લૉરેલ નામનું ઝાડ. An evergreen shrub. **2.** ઈજ્જત; આબરૂ; કીર્તિ; પ્રતિષ્ઠા. Reputation; fame; glory. **3.** લૉરલનો મુગટ. A crown made of laurel.

Laureate (લૉરીએટ્), *n.* લોરલ નામનું ઘાસ-છોડ ધારણ કરેલો પુરૂષ. A person crowned with laurel. *a.* 'લોરેલ' ખોંસેલું; લોરલથી સજ્જ થયેલું. Decorated with laurel. *vt.* 'લૉરલ' ની માલા પહેરાવીને માન આપવું; ઈલ્કાબ આપી માન આપવું. To honour with laurel garland; to honour with a degree, etc. **Poet-laureate,** *n.* રાજકવિ.

Lavatory (લૅવૅટૉરિ), *n.* ન્હાવા ધોવાની જગ્યા; સ્નાન કરવાનું સ્થાન. A place for wasing and bathing.

Lava (લાવા), *n.* જ્વાળામુખી પર્વતમાંથી બળતો નીકળતો રસ-પદાર્થ; 'લાવા.' The matter flowing out from a volcano.

Lave (લેવ્), *vt.* ધોવું; પખાળવું; સાફ કરવું; નવરાવવું. To clean; to wash; to bathe. **2.** રેડવું; ધાર કરવી. To pour out. *n.* બાકીનો ભાગ; શેષ. A remaining part or portion.

Lavish (લૅવિશ્), *vt. pr. p.* **Lavishing.** *imp.* & *p. p.* **Lavished.** ખૂબ ખરચવું; ઉડાવવું; વાપરવું; અતિશય ખરચવું; મોકળા મને ઉપયોગ કરવું. To spend in excess; to squander; to use freely. *a.* ખરચાળ; ઉડાઉ; ઘોતાળ. Spendthrift; squandering. **2.** બેહદ; અતિશય; અથાગ. Boundless; beyond measure; excessive.

Lavishly (લૅવિશલિ), *ad.* ઉડાઉપણે; ઘોતાળપણે; બેહદ રીતે; અથાગ રીતે. In a lavish way.

Lavishness (લૅવિશનેસ્), *n.* ઉડાઉપણું; ઘોતાળપણું; અતિશય વાપરી નાંખવું તે. An act of being lavish.

Law (લૉ), *n. pl.* **Laws.** કાયદો; કાનુન; ધારો; ઠરાવ; નિયમ. A rule; a regulation; an order. **2.** ફરમાન; શાસ્ત્રોક્ત ધારો. An edict; a precept. **3.** કાયદાશાસ્ત્ર. A lagal science. **Law-book,** *n.* કાયદાની માહિતીવાળું પુસ્તક.

Lawful (લૉફુલ્), *a.* કાયદેસર; કાયદા પ્રમાણેનું; ધારાનું; નિયમનું; કાનુનના આધારે થતું. Agreeable to law; legitimate; rightful.

Law-fully (લૉફુલ્લિ), *ad.* કાયદાના આધારે; કાયદેસર; નિયમપૂર્વક. Rightfully; according to law.

Lawfulness (લૉફુલ્લનેસ્), *n.* કાયદા પ્રમાણે હોવું તે; નિયમસર અથવા કાયદેસર ગણાવું તે. A state of being lawful.

Lawless (લૉલેસ્), *a.* કાયદા અને વ્યવસ્થા વિનાનું; કાયદા બહાર; ન્યાયવિરૂદ્ધ; દુરાચારી. Contrary to law; illegal; uncontrolled by laws.

Lawlessness (લૉલેસનેસ્), *n.* કાયદા અને વ્યવસ્થા વિનાનું હોવું તે; ન્યાય વિરુદ્ધતા; કાયદાથી બહાર ગણવું તે. A state of being lawless.

Lawn (લૉન્), *n.* મેદાન; થડમાંથી કાપી નાંખેલા ઘાસવાળું મેદાન; જંગલમાં ઝાડવાઓ વચ્ચે દેખાતી ખુલ્લી જગ્યા. A space of ground covered over with grass; a vista through trees. **Lawn-mower,** *n.* ઘાસ કાપવાનું યંત્ર.

Lawny (લૉનિ), *a.* મેદાનનું; ખુલ્લા મેદાનને લગતું; ઝાડવાવાળી ફૂટક ફૂટક જમીનનું. Pertaining to a lawn.

Lawyer (લૉયર્), *n.* વકીલ; ધારાનો હીમાયતી; કાયદામાં વાકેફગાર; વ્યવહાર શાસ્ત્રજ્ઞ. A pleader; one well-versed in laws.

Lax (લૅક્સ્), *a.* ઢીલું; શિથિલ; પોચું; નરમ. Not strict or rigid; yielding; weak; loose.

Laxation (લૅક્સેશન્) *n.* ઢીલું કરવું તે; નરમ પાડવું તે; પોચું બનાવવું તે. An act of making lax.

Laxative (લૅક્સૅટિવ્), *a.* રેચક; કોઠો નરમ કરે તેવું. Having the power of relieving from constipation. *n.* રેચક દવા; કોઠો નરમ કરે તેવી દવા. A medicine working as a purgative.

Laxativeness (લૅક્સૅટિવ્નેસ્), *n.* દવાનો રેચક ગુણ; પોચાપણું; શિથિલતા. A state of being laxative.

Laxity (લૅક્સિટિ), *n.* ઢીલાપણું; આળસ; મનનું પોચાપણું; શિથિલતા. A want of strictness; slothfulness; a state of being lax.

Lay (લે), *n. pl.* **Lays.** ગીત; કવિતા. A song; a poem. **2.** ધર્મ; મત; પંથ. Faith; creed. *a.* સંસારી; પાદરીના ધંધામાં ન હોય તેવું. Worldly; of the worldly matter.

Lay (લે), *vt. pr. p.* **Laying.** *imp.* **Laid.** *p. p.* **Laid.** મુકવું; બેસાડવું; ગોઠવવું; પાથરવું; તૈયાર કરવું. To set; to place; to arrange. **2.** નરમ પાડવું; શાંત કરવું. To calm down; to soften. **3.** સુવાડવું; પથારીમાં મુકવું. To cause to go to bed. **To lay aside,** બાજુએ મુકવું. **To lay by,** સંઘરી રાખવું; સંઘરવું. **To lay hold of,** પકડી રાખવું. **To lay waste,** પાયમાલ-ઉજ્જડ કરવું. **To lay open,-out,** જાહેર કરવું; ખુલ્લું કરવું.

Layer (લેયર્), *n.* પડ; થર (માટીનું, ઈંટનું). A covering; a thin coat or coating. **3.** મૂકનાર; ચણનાર; ગોઠવનાર. One who lays. **3.** શાખા; ફણગો. A shoot of a plant.

Layman (લેમૅન્), *n. pl.* **Laymen.** ગૃહસ્થ; સંસારી; પાદરી ન હોય તેવો માણસ. One of the laity; one, who is not a clergyman.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Lazar (લૅઝર્), *n.* રગતપીતિયું; ગળત કોઢવાળો માણસ A person, infected by a filthy disease.

Lazily (લેઝિલિ), *ad.* આળસપૂર્વક; મંદતાથી; ધીમે ધીમે; શિથિલપણે. Idly; slowly; in a lazy way.

Laziness (લેઝિનેસ્), *n.* આળસ; સુસ્તી; મંદતા; ઢીલાપણું; કામમાં શિથિલતા. Idleness; slothfulness; laxity in energy.

Lazy (લેઝિ), *a.* આળસુ; ધીમું; મંદ; જાણી જોઇને ધીમે ધીમે કામ કરવાની વૃત્તિવાળું; સુસ્ત. Idle; dull in intellect; prone to work slowly.

Lea (લી), *n.* ટુંકુ ઘાસ થતું હોય તેવી જગ્યા; ખસલીવાળું મેદાન; ગૌચર. A meadow with green grass; a grassy plain full of pasturage.

Ley (લે), *n. pl.* **Leys.** Same as, **Lea.**

Lead (લેડ્), *n.* સીસું. One of the elements, with a heavy weight. **White lead,** *n.* સફેદો. **Sulphate of lead,** *n.* સિંદુર. **Lead pencil,** *n.* સીસાપેન.

Lead (લીડ્), *vt. vi. pr. p.* **Leading.** *imp.* & *p. p.* **Led.** દોરવું; લઈ જવું; આગેવાની કરવી; રસ્તો બતાવવો. To guide; to conduct; to show the path. *n.* આગેવાની; મુખ્ય ભાગ; સરદારી. Guidance; a direction.

Leader (લીડર્), *n.* દોરનાર; નાયક; નેતા; પ્રેરનાર; આગેવાન; સરદાર; મુખ્ય કામ કરનાર. A guide; a chief; a commander. **2.** ન્યુસ્પેપરમાં અધિપતિનો લેખ–મુખ્ય લેખ. An article contributed by a newspaper editor.

Leadership (લીડરશિપ્), *n.* આગેવાની; સરદારનો હોદ્દો–પદવી. The rank or position of a leader.

Leading (લીડિન્ગ્), *a.* મુખ્ય; મોટામાં મોટું; ધ્યાન ખેંચનારૂં. Chief; attractive; worth paying attention.

Leaf (લીફ્), *n. pl.* **Leaves.** પાંદડું; પર્ણ; પાન; વરખ. One of the parts of a plant.

Leafless (લીફ્લેસ્), *a.* પાંદડા વિનાનું; બોડું; પર્ણશૂન્ય Deprived of leaves; having no foliage.

Leaflet (લીફ્લેટ્), *n.* નાનું પુસ્તક–ચોપાનીયું. A small book; a book of very small size.

Leafy (લીફિ), *a.* પાંદડાવાળું; પર્ણથી ભરપૂર. Containing leaves; full of leaves.

League (લીગ્), *n.* ત્રણ માઇલનું અંતર–છેટું. A distance of three miles. **2.** એક સંપ–એકગાંઠ; બે અથવા વધારે પ્રજાઓનો સંપ–મેળ. Unity existing between two or more nations; a union. *vt. vi.* જોડવું; એકત્ર કરવું; મળી જવું. To join; to combine; to be united.

Leak (લીક્), *n.* ગાબડું; તડ; ફાટ; ચીર; કાણું; બખોલ. A hole; a crack; an opening. **2.** કાણાંમાંથી પાણીનું અંદર આવવું અથવા બહાર જવું તે. An act of passing away or entering of water through a hole. *vi.* પાણી ભરાવું; પાણીનું અંદર દાખલ થવું; પ્રવાહી પદાર્થનું ટપકવું –ગળવું–ઝરવું. To let water or any fluid in or out through an opening.

Leakage (લીકેજ્), *n.* ગળતર; ઝરણ; ટપકીને પડવું તે. A state of being leaky.

Leakiness (લીકિનેસ્), *n.* ગળતર થવું તે; ઝરણ હોવું તે; કાણામાંથી અથવા ચીરમાંથી નીચે પડવું તે. A state of being leaky.

Leaky (લીકિ), *a.* ગાબડું પડેલું; કાણાવાળું; છિદ્રનું. Having a hole; full of holes. **2.** ટપકતું; ઝરતું; ગળતું. Admitting any fluid to come out slowly.

Lean (લીન્), *vi. vt. pr. p.* **Leaning.** *imp.* & *p. p.* **Leant** or **Leaned.** વાંકા વળવું; નમવું; અઢેલીને ઉભા રહેવું; ઝોક ખાવો. To incline; to slant; to incline from a right position. **2.** વાંકુ વાળવું; નમાવવું. To cause to lean. *a.* પાતળું; ક્ષીણ; નબળું; ઘસાઇ ગયેલું. Thin; slender; wanting in flesh.

Leap (લીપ્), *vi. vt.* કુદવું; છલંગ મારવી; ઠેકવું; કુદકો મારવો; ફાળ ભરવી. To spring; to bound; to jump. **2.** કુદાવવું; છલંગ ભરાવવી. To cause to spring. *n.* છલંગ; ઠેકડો; ફાળ. A spring; a bound; a jump. **Leap-year,** *n.* જે સાલમાં ફેબ્રુઆરી મહિનાના ૨૯ દિવસ હોય છે તે સાલ.

Learn (લર્ન્), *vt. vi. pr p.* **Learning.** *imp.* **Learned, Learnt.** *p. p.* **Learnt, Learned.** શિખવું; ભણવું; જાણવું; સાંભળવું. To acquire knowledge; to gain knowledge; to receive information. **To learn by heart,** મ્હોંએ તૈયાર કરવું; ગોખવું.

Learned (લર્નેડ્), *a.* વિદ્વાન; વિદ્વતા ભરેલું; પંડિતાઇવાળું; વિદ્યાવાન. Well-versed; well-read; skilful.

Learnedness (લર્નેડ્નેસ્), *n.* વિદ્વાન હોવું તે; વિદ્વતા મેળવવી તે; વિદ્યાવાન બનવું તે. A state of being learned.

Learning (લર્નિન્ગ્), *n.* ભણતર; વિદ્યા; વિદ્વતા; પાંડિત્ય; જ્ઞાન; વિદ્યાજ્ઞાન. The acquisition of knowledge; knowledge in general; erudition.

Lease (લીઝ્), *n.* ભાડાચિઠ્ઠી; ગણોત; ઇજારો; પટ્ટો. A letting of land, etc.; a contract for a letting. *vt. pr. p.* **Leasing.** *imp.* & *p. p.* **Leased.** ભાડે આપવું; સાંથે આપવું; ઇજારે આપવું. To let for a particular rent; to grant by lease.

Leasable (લીઝેબલ્), *a.* સાંથે આપી શકાય તેવું; ગણોતે આપી શકાય તેવું; પટ્ટાથી ભાડે આપી શકાય તેવું. Capable of being leased.

Leasehold (લીઝ્હોલ્ડ્), *n.* ગણોતનો ભોગવટો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A tenure of lease. *a.* ગણોતથી અથવા પટાથી રાખેલું. Held by a tenure.

Leaseholder (લીઝ્હોલ્ડર્), *n.* ગણોતથી અથવા પટાથી જમીનનો કબજો ધરાવનાર. One, who possesses by a lease.

Leash (લીશ્), *n.* કુતરાને બાંધવાની દોરી; બાજ પક્ષીને બાંધવાની દોરી. A thong for holding a dog or a hawk. *vt.* દોરીથી બાંધવું; સજ્જડ કરવું. To fasten with a leash.

Leasing (લીઝિન્ગ્), *n.* જુઠાણું; અસત્ય. Falsehood; a lie.

Least (લીસ્ટ્), *a.* ન્હાનામાં નાનું; ઓછું; થોડું; સૌથી ઓછું. Smallest; very little; lowest. *ad.* સૌથી થોડામાં થોડી રીતે; ઓછામાં ઓછી રીતે. In the smallest way or degree. **At least,** *ad.* ઓછામાં ઓછું.

Leather (લેધર્), *n.* ચામડું; મ્હાલ; કેળવેલું અથવા કમાવેલું ચામડું; ચર્મ. The dressed hides; tanned hide. *a.* ચામડાનું; ચામડાનું બનાવેલું. Containing leather; made of leather. *vt.* ચામડું પુરૂં પાડવું-આપવું; કેળવેલું ચામડું તૈયાર કરવું. To furnish with leather. **Leather-dresser,** *n.* ચમાર; ચામડિયો.

Leathern (લેધર્ન્), *a.* ચામડાનું; ચામડાનું બનાવેલું. Made of leather.

Leathery (લેધરિ), *a.* ચામડા જેવું; ચર્મના જેવું. Resembling leather; tough.

Leave (લીવ્), *n. pl.* **Leaves.** રજા; છૂટી; પરવાનગી; આજ્ઞા; હુકમ. Liberty; permission; an allowance.

Leave (લીવ્), *vt. pr. p.* **Leaving.** *imp. & p. p.* **Left.** છોડવું; મૂકવું; તજવું; દૂર કરવું; કાઢી નાંખવું; આપવું. To abandon; to set aside; to suffer to remain. **2.** વારસામાં આપવું; પાછળ મૂકી જવું. To bequeath. **3.** બાકી રહેવા દેવું; અધુરૂં રાખવું. To remain undone; to keep incomplete.

Leaven (લેવન્), *vt.* આથવું; ખમીર કરવું; થીજવવું; ફીણ લાવવું. To cause to ferment; to mix with leaven. *n.* ખમીર; આથો; ઉભરો આવવો તે. A substance causing fermentation.

Leavings (લીવિન્ગ્ઝ્), *n.* ટાળણ; છાંડેલો ભાગ; ઉપયોગ કરતાં બાકી રહેલો ભાગ; અજીહું; અવશેષ; બાકી રહેલો ભાગ-નિશાની. Refuse; relic; something left.

Lecher (લેચર્), *n.* રંડીબાજ; ઈશ્કી; વિલાસી; વ્યભિચારી. A man given to lewdness; a man of illicit conduct. *vi.* છિનાળું કરવું; વ્યભિચાર કરવો. To practise lewdness.

Lecherous (લેચરસ્), *a.* લંપટ; રંડીબાજ; ઇશ્કી; વિલાસી. Lustful; addicted to lewdness.

Lecherously (લેચરસ્લિ), *ad.* લંપટપણે; વિલાસમાં; ઇશ્કીઆદતમાં; વ્યભિચારમાં. Lustfully; in a way addicted to lewdness.

Lecherousness (લેચરસ્નેસ્), *n.* લંપટપણું; ઈશ્ક; વિલાસ; મોહમય જીવન. A state of being lecherous; lustfulness. [ness.

Lechery (લેચરિ), *n.* Same as, **Leherous-**

Lection (લેક્શન્), *n.* પાઠ; વાંચન; વાંચવું તે. A lesson; a reading.

Lecture (લેક્ટ્યૂર્), *n.* ભાષણ; વ્યાખ્યાન; ઉપદેશ; પ્રવચન. A discourse on some subject, to be read before an audience. **2.** પાઠ; બીજાઓને શીખવવા સારૂ તૈયાર કરેલું લખાણ. A discourse intended for instruction. **3.** ઠપકો; વાક્પ્રહાર. A formal reproach. *vt.* ભાષણ આપવું; વ્યાખ્યાન કરવું; ઉપદેશ દેવો; પ્રવચન કરવું. To deliver a discourse on any topic; to deliver a lecture.

Lecturer (લેક્ટ્યૂરર્), *n.* ભાષણ કર્તા; ભાષણ આપનાર; પાઠ કહેનાર-આપનાર. One, who lectures; an assistant professor in a college.

Ledge (લેજ્), *n* થર; પટ; કોર; ઓળ. A layer; a stratum. **2.** છાજલી; અભરાઇ. A shelf.

Ledger (લેજર), *n.* ખાતાવહી; ખતવણી. The book af accounts (commercial) **2.** ઘોર ઉપરનો મોટો લેખ. A flat stone of a tomb.

Lee (લી), *n.* જેણી ગમનો પવન વાતો હોય તેની સામેની બાજુ-દિશા. The direction towards which the wind blows. **2.** આશ્રયસ્થાન; આરામની જગ્યા. A place of shelter or rest. **3.** કચરો; જામેલો થર-કચરો. Sediment. **Leeward,** *a. ad.* પવનની સામેની દિશાનું-દિશા તરફનું. **Lee-way,** *n.* પવનની સામેની બાજુએ જવું તે.

Leech (લીચ્), *n. pl.* **Leeches.** લોહી ચુસી લેનાર જળો. A kind of blood-sucking worm. **2.** (*fig.*) દાક્તર; વૈદ. A plysician; a doctor. *vt.* જળો મુકાવવી; લોહી કાઢવું. To bleed by the use of leeches.

Leer (લીર્), *n.* આડી નજર; કટાક્ષ. A side glance, showing some malignity. *vt. vi.* આડી નજર ફેંકવી; કટાક્ષ કરવો. To cast a side glance at. **2.** લલચાવવું; પ્રલોભન કરવું; મોહમાં ઉતારવું. To allure; to entice.

Lees (લીઝ્), *n.* કચરો; મેલ; કીટ્ટું; કીટો. Sediment; dregs.

Left (લેફ્ટ્), *a.* ડાબું; ડાબી બાજુનું; ડાબીગમનું; વામ. Of the side opposed to the right side. **2.** છોડી દીધેલું; મૂકી દીધેલું; તજેલું. Deserted; abandoned. *n.* ડાબી બાજુ. The side opposite to the right. **Left-handed,** *a.* ડાબોડીયું; ડાબા હાથે કામ કરવાની હથોટીવાળું.

Leg (લેગ્), *n.* પગ; ટાંટિયો; પગનો નળો. The part of the limb from the foot to the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

knee. **2.** પાયો; આધાર. A long support as of a chair, table, etc. **3.** મોજું; પાયજામો. An article of dress covering the leg. *vi.* પગ તરીકે વાપરવું To use as a leg. **To stand on one's legs,** પોતાના બળ ઉપર ઝઝુમવું; સ્વાશ્રયી થવું.

Legacy (લેગૅસિ), *n.* વારસો; વારસામાં આપેલી ચીજો વસ્તુઓ. A property transfered by a will; an inheritance; things or objects inherited.

Legal (લીગૅલ્), *a.* કાયદાનું; કાયદેસરનું; કાનુન પ્રમાણેનું; વ્યવહારશાસ્ત્રનું. Of or pertaining to a law or laws; managed by the laws.

Legality (લીગૅલિટિ), *n.* કાયદેસરપણું; વ્યવહારપણું; કાયદા પ્રમાણે હોવું તે. A state of being legal.

Legalize (લીગૅલાઇઝ), *vt. pr. p.* **Legalizing.** *imp. & p. p.* **Legalized.** કાયદેસર ગણાય તેમ કરવું; કાયદાથી બરાબર કરવું; કાયદાના આધારે કરવું. To Make legal; to do lawfully.

Legally (લીગૅલ્લિ), *ad.* કાયદેસર; કાયદાના આધારે. Lawfully; in a legal way.

Legalness (લીગૅલ્નેસ્), *n.* Same as, **Legality.**

Legate (લીગેટ્), *n.* પોપનો પ્રતિનિધિ; વકીલ; રાજ્યદૂત. An envoy; an ambassador (esp. of the Pope to a foreign state).

Legateship (લીગેટ્શિપ્), *n.* પોપના પ્રતિનિધિનો હોદ્દો; રાજ્યદૂતપણું. The office of a legate.

Legatee (લીગેટી), *n.* જેને વારસો સોંપવામાં આવ્યો હોય તે; વારસ. One, to whom a legacy is bequeathed.

Legation (લીગેશન્), *n.* એલચીનું રહેઠાણ-મુકામ; મુખ્ય વકીલ અને તેના માણસોને મોકલવા તે. The residence of a legate at a foreign court; an act of sending a legate and his staff at a foreign court. **2.** પોપના પ્રતિનિધિના તાબાનો મુલક. The district, ruled by a papal legate.

Legator (લીગેટૉર્), *n.* વશિયતનામું કરી આપનાર; વારસો આપનાર-સોંપનાર. One, who bequeaths a legacy to.

Legend (લીજેન્ડ્), *n.* આશ્ચર્ય ઉપજાવે તેવી કથા; કહાણી; દંતકથા; વાર્તા; ગાથા; લોકપ્રચલિત વાર્તા. A marvellous story; a narrative; a tradition. **2.** લેખ; કહેવત. An inscription.

Legendary (લેજેન્ડરિ), *a.* દંતકથાનું; કહાણીનું; લોકપ્રચલિત વાર્તાને વિષે. Fabulous; pertaining to a legend.

Legerdemain (લેજર્ડીમેન્), *n.* હાથ ચાલાકી; ઇંદ્રજાલ; નજરબંધી. A sleight of hand; any artful deception.

Legibility (લેજિબિલિટિ), *n.* વાંચી શકાય તેવું હોવું તે; ઉકેલી શકાય તેમ હોવું તે. A state of being legible.

Legible (લેજિબલ્), *a.* વંચાય તેવું; વાંચી શકાય તેવું; ઉકેલી શકાય તેવું; સ્પષ્ટ રીતે સમજાય તેવું. Capable of being read; clear in meaning.

Legibleness (લેજિબલનેસ્), *n.* Same as, **Legibility.**

Legibly (લેજિબ્લિ), *ad.* વંચાય તેવી રીતે; વાંચી શકાય તેવી રીતે; સ્પષ્ટ રીતે સમજી શકાય તેવી રીતે. In a legible way.

Legion (લીજૉન્), *n.* ફોજ; સેના; લશ્કર. A military force; an army. **2.** સમૂહ; સંઘ; સમુદાય. A crowd; a multitude; a great number. **3.** ચારથી છ હજાર સૈન્યની ટુકડી. A troop, consisting of four to six thousand soldiers.

Legislate (લેજિસ્લેટ્), *vt.* કાયદા બાંધવા; ધારાધોરણ રચવા-બાંધવા; કાયદા ઘડવા. To enact a new law or laws.

Lukewarm (લ્યૂકવૉર્મ્), *a.* મધ્યમ રીતે ગરમ; જરા અથવા સહેજ ગરમ. Moderately warm. **2.** ઠંડું; નિરુત્સાહી. Cold; inactive.

Lukewarmness (લ્યૂકવૉર્મનેસ્), *n.* સહેજ ગરમ હોવું તે; મધ્યમ રીતે ગરમ હોવું તે. A state of being lukewarm.

Lull (લલ્), *vt. vi. pr. p.* **Lulling.** *imp.* & *p. p.* **Lulled.** સુવાડવું; હાલરડું ગાઇને ઉંઘાડવું-ઉંઘ અણવી; ઉંઘ લાવવી. To induce to sleep in a singing way. **2.** શાંત કરવું-પાડવું To quiet; to make calm.

Lullaby (લલૅબિ), *n.* હાલરડું; બાળકને સુવાડતી વખતે ગાવામાં આવતું બંધબેસતું ગીત. A song that quiets a babe or baby.

Lumbago (લમ્બૅગો), *n.* કમરમાં વા આવવો તે; સંધીવા. A pain, affecting the lower part of the body.

Lumber (લમ્બર્), *n.* અટાળો; ડાકડમાળ; આચરકુચર; નકામો સરસામાન. Things collected, as of no use; old and useless articles. **2.** નકામા વાસણ કુસણ. Useless and discarded utensils. *vt. vi.* ડાકડમાળ એકઠો કરવો; નકામો સરસામાન ભરવો-ભરી રાખવો. To collect old articles without any use. **2.** ધીમેધીમે ચાલવું; અતિશય ભારથી ધીમે ધીમે જવું. To move heavily.

Lumberer (લમ્બરર્), *n.* નકામો સરસામાન એકઠો કરનાર; આચરકુચર એકઠું કરનાર. One, that lumbers.

Luminary (લ્યૂમિનૅરિ), *n.* આકાશમાંનો તેજસ્વી પદાર્થ (જેવાકે સૂર્ય, ચંદ્ર, વિગેરે). Any heavenly body that transmits light. **2.** (*fig.*) મહાન પુરૂષ; તેજસ્વી પુરૂષ. A well-reputed greatman.

Luminous (લ્યૂમિનસ્), *a.* તેજસ્વી; પ્રકાશમાન; ચકચકિત; દીપ્તમાન; ભભકાદાર. Shining; bright; brilliant; splendid.

Luminously (લ્યૂમિનસલિ), *ad.* તેજસ્વીપણે; ચકચકિત રીતે; ભભકાદારપણે. In a luminous way.

Luminousness (લ્યૂમિનસનેસ્), *n.* તેજસ્વી હોવું તે; ચકચકિત પ્રકાશવું તે. A state of being luminous.

Lump (લમ્પ્), *n.* લચકો; લોંદો; ટુકડો. A mass of any matter. **2.** સંચય; સમૂહ; જથ્થો. A collection; a mass of things. *vt.* એકઠું કરવું; ભેગું કરવું; જુમલે કરવું. To collect; to gather.

Lumpy (લમ્પિ), *a.* ગઠ્ઠાવાળું; ગાંઠાથી ભરપૂર; સમૂહનું. Of or pertaining to a lump.

Lunacy (લ્યૂનૅસિ), *n.* ગાંડપણ; દિવાનાપણું; ઘેલછા; ઉન્માદતા. Insanity; a state of being mad **2.** મૂર્ખામી; અતિશય મૂર્ખતા. An extreme folly.

Lunar (લ્યૂનર્), *a.* ચંદ્રનું; ચંદ્ર જેવું; ચંદ્રની પ્રતિમાના આકારનું. Pertaining to the moon; of the form or shape of the moon.

Lunatic (લ્યૂનૅટિક્), *a.* ગાંડું; ઘેલું; દિવાનું. Insane; maddened. *n.* ગાંડો માણસ; દિવાનો. A mad person; an insane person.

Lunch (લન્શ્), *n.* બપોરનો નાસ્તો; રોંઢો. A light noon repast. *vi.* નાસ્તો કરવો; રોંઢો કરવો. To take a lunch. [**Lunch.**

Luncheon (લન્શૉન્), *n.* Same as,

Lung (લન્ગ્), *n. pl.* **Lungs.** ફેફસું. An organ for respiration.

Lunge (લન્જ્), *n.* તરવારનો અણધાર્યો ઘા; ઓચિંતી તરવાર ખોંસી દેવી તે. A sudden thrust of a sword or any other deadly weapon.

Lurch (લર્ચ્), *n.* વહાણનો ઝોક ખાવો તે; કળવડ. A sudden roll of a ship on one side. **2.** ઉર્મી; ઓચિંતી સ્ફુરી આવેલી લાગણી. A feeling; a mental inclination. *vt.* લથડીયું ખાવું; નમી જવું; ઝોખ ખાવો. To stagger; to withdraw to one side. **2.** ઝાડીમાં ભરાઇ બેસવું-સંતાઈ જવું. To lie hidden; to lurk.

Lure (લ્યૂર્), *vt.* લલચાવવું; લોભાવવું; પ્રલોભન કરાવવું; મોહ પમાડવો; મોહ પમાડીને અવળા રસ્તે દોરવું. To tempt; to induce; to lead astray. *n.* લાલચ; લોભ; પ્રલોભન; આકર્ષણ. A temptation; an enticement.

Lurid (લ્યૂરિડ્), *a.* પીળું; ભુરા રંગવાળું. Yellow; yellowish; brown.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Lurk (લર્ક), *vi.* છુપાઈ જવું; ભરાઇ બેસવું; સંતાઇ જવું; છુપાતા ફરવું. To lie secretly; to lie in wait.

Lurker (લર્કર), *n.* છુપાઇ જનાર; સંતાઇ જનાર. One, who lurks.

Luscious. (લ્યૂશસ્), *a.* ગળ્યું; મધ જેવું મીઠું; અતિશય મિષ્ટ. Very sweet; delicious.

Lust (લસ્ટ), *n.* લોભ; તૃષ્ણા; કામાતુરવૃત્તિ; દુર્બુદ્ધિ; ઇંદ્રિયાસક્તિ; પાપાસક્તિ. Greed; an ambition; any sensuous desire; a sensual gratification or pleasure. *vi.* વાસના હોવી; કામાતુરવૃત્તિ થવી; પાપાસક્તિ થવી; લોભી બનવું; તૃષ્ણા રાખવી; ઝંખના હોવી. To have a passion for; to be passionate; to desire earnestly or very eagerly.

Lustful (લસ્ટ્ફુલ્), *a.* કામી; કામાસકત; કામાંધ; વિલાસી; લંપટ. Full of lust; addicted to carnal desire.

Lustfully (લસ્ટ્ફુલ્લિ), *ad.* વિલાસીપણે; લંપટપણે; કામાંધપણે. In a lustful way.

Lustfulness (લસ્ટ્ફુલ્નેસ્), *n.* વિલાસી સ્થિતિ હોવી તે; કામાંધતા. A state of being lustful.

Lustre (લસ્ટર્), *n.* તેજ; કાંતિ; નુર; ચળકાટ; ઝળકાટ. Brightness; brilliancy; splendour.

Lustrous (લસ્ટ્રસ્), *a.* તેજસ્વી; કાન્તિમાન; ઝલેહદાર; ચળકાટ મારતું. Bright; shining; brilliant.

Lustrously (લસ્ટ્રસલિ), *ad.* તેજસ્વીપણે; ચળકાટ મારે તેવી રીતે; ઝલેહ ભરેલી રીતે. In a lustrous way.

Lusty (લસ્ટિ), *a.* મજબૂત; જોરાવર; જબરૂં; જબરજસ્ત. Stout; strong; robust.

Lustiness (લસ્ટિનેસ્), *n.* તાકાદ; તાકાત; જોર; બળ. A state of being lusty; physical strength.

Lute (લ્યૂટ્), *n.* વીણા; તંબુરો; સિતાર. A stringed musical instrument of the guitar kind. *vt.* વીણા વગાડવી; સિતાર વગાડવી. To play on a lute.

Luxuriance,-cy (લગ્ઝ્યૂરિઍન્સ્,-ન્સિ), *n.* પુરજોર; અતિવૃદ્ધિ; અતિશય સમૃદ્ધિ. Abundance; a state of being luxuriant.

Luxuriant (લગ્ઝ્યૂરિઍન્ટ્), *a.* ઘણુંજ; પુષ્કળ; અતિસમૃદ્ધ; ઘણું ખીલેલું. Plentiful; excessive; abundant.

Luxuriantly (લગ્ઝ્યૂરિઍન્ટ્લિ), *ad.* અતિસમૃદ્ધ સ્થિતિમાં; બહોળી રીતે; રેલંછેલ સ્થિતિમાં. In a luxuriant way.

Luxuriate (લગ્ઝ્યૂરિએટ્), *vt. vi.* ભરપૂર ખીલવું; જોરમાં ખીલવું; ફાલવું; અતિવૃદ્ધિ થવી. To grow in excess; to grow plentifully. **2.** સારી પેઠે ખાવું; લહેર ઉડાવવી; મગ્ન સ્થિતિમાં રહેવું. To eat plentifully; to indulge with delight.

Luxurious (લગ્ઝ્યૂરિઅસ્), *a.* એશ આરામ કરનાર; ભોગી; આનંદ ભોગવનાર; વિલાસી; મોજશોખી. Prone to luxury; apt to be inclined for personal gratification.

Luxuriously (લગ્ઝ્યૂરિઅસ્લિ), *ad.* એશઆરામમાં; ભોગવિલાસમાં; મોજશોખમાં. In a luxurious way.

Luxuriousness (લગ્ઝ્યૂરિઅસ્નેસ્), *n.* એશઆરામમાં જીંદગી ભોગવવી તે; મોજશોખમાં રહેવું તે. A state of being luxurious.

Luxury (લગ્ઝ્યૂરિ), *n. pl.* **Luxuries.** વિલાસ; મોજશોખ; અમનચમન; સુખોપભોગ. Enjoyment; a free indulgence in the means of living.

Lye (લાઇ), *n.* ક્ષારોદક; ક્ષારવાળું પાણી. Water impregnated with salt.

Lying (લાઇન્ગ), *n.* અસત્ય; અસત્ય બોલવું તે. A falsehood; an untrue statement.

Lymph (લિમ્ફ્), *n.* પાણીનો ઝરો; પાણી; નિર્મળ જળ. A spring of water; clear and transparent water.

Lynx (લિન્ક્સ્), *n.* બિલાડીને મળતું એક પ્રાણી. A creature of the cat family, noted for its sharp sight. **Lynx-eyed,** *a.* તીવ્ર નજરવાળું.

Lyre (લાયર્), *n.* સારંગી; એકતારો વીણા. A lute; a stringed instrument. **Lyre-bird,** *n.* સોળ પીંછાવાળું એક જાતનું સારંગીના આકાર જેવું પક્ષી.

Lyric (લિરિક્), *a.* સારંગીનું; વીણાનું. Of or pertaining to a lyre. *n.* મનોવિકાર કરે તેવી કવિતા. A poem, causing sensation.

Lyrist (લાયરિસ્ટ્), *n.* સારંગી વગાડનાર; વીણા વગાડનાર. One, who plays on a lyre.

Lyssa (લિસૅ), *n.* હડકવા; કુતરાનો હડકવા. The maddened state of a dog.

M.

M (એમ્), અંગ્રેજી મૂળાક્ષરનો ૧૩ મો અક્ષર છે. The thirteenth letter of the English alphabet.

Mab (મૅબ્), *n.* અપ્સરા; પરી. A damsel.

Ma'am (મૅમ્), *n.* શેઠાણી; બાઇ; બાઇસાહેબ. A lady; a mistress.

Macadamize (મૅકૅડમાઈઝ્), *vt. pr. p.* **Macadamizing.** *imp. & p. p.* **Macadamized.** કાંકરા નાંખી રસ્તાને પાકો કરવો-બાંધવો. To cover a read with small pieces of stone.

Mace (મેસ્), *n.* ગદા; દંડુકો; નાની પણ જાડી લાકડી; ધોકો; છડી; ચોપ. A short staff; a staff

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

showing the emblem of authority. **2.** જાવંત્રી. A kind of spice. **3.** 'બિલિયર્ડ' નામની રમત રમવાની લાકડી. A rod, used in billiards.

Mace-bearer (મેસ્-બેરર્), *n.* છડીદાર; ચોપદાર; નકીબદાર. One, who is in charge of a royal staff. [**bearer.**

Macer (મેસર્), *n.* Same as, **Mace-**

Macerate (મૅસરેટ્), *vt. pr. p.* **Macerating.** *imp. & p. p.* **Macerated.** પાતળું કરવું; ઓળવું; ભીંજવવું; ઝબોળવું. To make thin; to soften; to make wet; to dip. **2.** દેહ કષ્ટ કરવું; ઇંદ્રિયદમન કરવું. To mortify; to subdue the senses.

Maceration (મૅસરેશન્), *n.* દેહ કષ્ટ દેવું તે; ઇંદ્રિયદમન; કષ્ટ; પાતળું કરવું તે. An act of macerating.

Machinate (મૅકિનેટ્), *vt. pr. p.* **Machinating.** *imp. & p. p.* **Machinated.** કપટ કરવું; કાવત્રું કરવું; ખટપટ કરવી; યોજના કરવી. To contrive; to plot; to form a scheme.

Machination (મૅકિનેશન્), *n.* કાવત્રું; ખટપટ; યોજના; ઉપાય. A plot; a scheme.

Machinator (મૅકિનેટર્), *n.* કાવત્રું કરનાર; કપટ કરનાર; ખટપટ કરનાર. A plotter.

Machine (મૅશીન્), *n.* યંત્ર; સાંચો; સાંચાકામ યંત્ર સાહિત્ય. Any contrivance, with which the work is made easy. **2.** હથિયાર; સાધન. A tool; an instrument. **Machine-shop,** *n.* સાંચાકામ બનાવવાનું સ્થળ.

Machinery (મૅશિનેરિ), *n.* સાંચાકામ; યંત્ર; સાહિત્ય; યંત્ર સમૂદાય; સાંચા. Machines in general; the working parts of a machine.

Machinist (મૅશિનિસ્ટ્), *n.* સાંચા બનાવનાર; યંત્રકાર; સાંચા કામમાં પ્રવીણ પુરૂષ; યંત્ર કામમાં પ્રવીણ કારીગર. A constructor of machines; one, who works on a machine.

Machrocosm (મૅક્રોકોઝમ્), *n.* વિશ્વ; જગત; દુનિયા; બ્રહ્માંડ. The universe; the world.

Mad (મૅડ્), *a.* ઘેલું; દિવાનું; ગાંડું; મગજ ચસ્કેલ; હડકાયેલું. Crazy; insane. **Mad-cap,** *n.* ડાગળી ખસી ગયેલો પુરૂષ. **Mad-dog,** *n.* હડકાયું કુતરૂં. **Mad-house,** *n.* ગાંડાની ઈસ્પિતાલ.

Madam (મૅડમ્), *n.* બાઈ; બીબી; શેઠાણી; બેગમ; બાઇસાહેબ. A term of respect used to women. **2.** મગરૂર સ્ત્રી. A proud lady. *pl.* **Mesdames,** (મેડેમ્ઝ).

Madden (મૅડ્ન્), *vt. vi. pr. p.* **Maddening.** *imp. & p. p.* **Maddened.** ગાંડું કરવું; દીવાનું બનાવવું; બાવરૂં બનાવવું. To make mad; to excite with feelings. **2.** ઉશ્કેરવું; ઘેલું કરવું. To enrage. **3.** ગાંડું થવું; બાવરૂં બનવું; ઉશ્કેરાઈ જવું. To become mad.

Madder (મૅડર્), *n.* મજીઠ. A kind of plant or its colour. *vi.* મજીઠીયા રંગથી (રાતારંગથી) રંગવું. To colour with madder.

Madly (મૅડ્લિ), *ad.* ગાંડપણમાં; દિવાની હાલતમાં; ઘેલછામાં. In a mad state.

Madefaction (મૅડીફૅક્શન્), *n.* ભેજવાળું કરવું તે; ભીનાશ. An act of making wet.

Madefy (મૅડીફાઇ), *vt.* ભીંજવવું; ભીનું કરવું. To make wet; to moisten.

Madness (મૅડ્નેસ્), *n.* ઘેલાપણું; દીવાનાપણું; Lunacy; insanity; a state of being mad.

Magazine (મૅગઝિન), *n.* માસિક ચોપાનીયું; ચોપાનીયું. A periodical paper. **2.** કોઠાર; ભંડાર; વખાર; દારૂ રાખવાની ઓરડી. A store-house; a warehouse; a room for storing gunpowder. *vt.* કોઠાર ભરવો; વખાર ભરવી; સંગ્રહ કરવો. To store up; to accumulate.

Magaziner (મૅગઝિનર્), *n.* માસિક પત્રોમાં લેખ લખનાર-છપાવનાર. One, who writes articles in a magazine. [**Magaziner.**

Magazinist (મૅગઝિનિસ્ટ્), *n.* Same as,

Maggot (મૅગૉટ્), *n.* કીડો; ચેળ. A worm. **2.** તરંગ; લહેર. A whim; a fancy.

Maggoty (મૅગૉટિ), *a.* કીડાથી ભરપૂર; કીડાવાળું. Full of maggots. **2.** તરંગી; લહેરી; વિચારપ્રમાણે વર્તનાર. Whimsical.

Magic (મૅજિક્), *n.* જાદુ; મેલીવિદ્યા; ધંતરમંતર. Sorcery; enchantment. *a.* જાદુનું; મેલીવિદ્યાનું; જાદુમાં વપરાતું. Pertaining to sorcery; used in magic.

Magical (મૅજિકલ્), *a.* જાદુનું; ધંતરમંતરનું; જાદુ સંબંધી; જાદુમાંથી નીકળતું-થતું. Pertaining to sorcery; resulting from magic.

Magically (મૅજિકલ્લિ), *ad.* જાદુ ભરેલી રીતે; મેલી વિદ્યાની બાબતમાં. In a magical way.

Magician (મૅજિશૅન્), *n.* જાદુગર; ઇલ્મી; ધંતરમંતર જાણનાર; માયાવી. A sorcerer; an enchanter; one, who practises black art.

Magisterial (મૅજિસ્ટીરિઍલ્), *a.* ફોજદારી કામનું; મેજીસ્ટ્રેટનું. Belonging to a magistrate. **2.** શેઠનું; ધણીનું; હાકેમને લગતું. Of or pertaining to a master or a ruler.

Magistral (મૅજિસ્ટ્રલ્), *a.* Same as, **Magisterial.**

Magistrate (મૅજિસ્ટ્રેટ્), *n.* માજીસ્ટ્રેટ; ફોજદારી અમલદાર; કોટવાળ; ન્યાયાધીશ. A person, dispensing justice in police courts, etc.

Magistracy (મૅજિસ્ટ્રેસિ), *n.* ફોજદારી અમલદાર અથવા માજીસ્ટ્રેટની પદવી અથવા સત્તા. The rank or power of a magistrate.

Magnanimity (મૅગ્નનિમિટિ), *n.* મોટું મન; પ્રૌઢતા; ઉદારતા; ઔદાર્ય. Greatness of mind;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

nobility; dignity of soul.

Magnanimous (મૅગ્નૅનિમસ્), *a.* ઉદાર; મોટા મનનું; મહાત્મા; ઉદાર મનનું. Noble; great; generous.

Magnanimously (મૅગ્નૅનિમસ્લિ), *ad.* ઉદારતાથી; મોટા મનથી; ઔદાર્યપણે. In a magnanimous way.

Magnate (મૅગ્નેટ્), *n.* ઉમરાવ; કુલીનજન; મોટી પદવીવાળો પુરૂષ. A person of rank or dignity; a person of note.

Magnet (મૅગ્નેટ્), *n.* લોહચુંબક; લોહકાન્ત. The load-stone.

Magnetic (મૅગ્નેટિક્), *a.* લોહચુંબકનું; લોહકાન્તવાળું; લોહચુંબક પાચેલું. Of or covered in magnet.

Magnetism (મૅગ્નેટિઝમ્), *n.* લોહચુંબકનો ગુણ; લોહને આકર્ષવાની શક્તિ. The property or the power of attracting the magnet. **2.** (*fig.*) વશીકરણ; મોહક શક્તિ; મોહકલા. The power of enchanting.

Magnificence (મૅગ્નિફિસેન્સ્), *n.* શોભા; જાહોજલાલી; ઐશ્વર્ય; પ્રતાપ; વિભૂતિ; દબદબો. Splendour; a state of being magnificent.

Magnificent (મૅગ્નિફિસેન્ટ્), *a.* ભભકાદાર; તેજસ્વી; શોભાયમાન; ભવ્ય; ઠાઠમાઠવાળું. Grand; splendid; stately.

Magnificently (મૅગ્નિફિસેન્ટ્લિ), *ad.* ભભકાદાર રીતે; તેજસ્વીપણે; ભવ્ય રીતે. In a magnificent way.

Magnifier (મૅગ્નિફાઇઅર્), *n.* હોય તે કરતાં મોટું દેખાડનાર યંત્ર; દુર્બિન. An instrument, that magnifies.

Magnify (મૅગ્નિફાઇ), *vt. pr. p.* **Magnifying.** *imp. & p. p.* **Magnified.** મોટું કરવું; વિસ્તારવું; અતિશય લંબાવવું. To enlarge; to make extensive. **2.** વખાણવું; ઉન્નત બનાવવું. To praise; to extol.

Magniloquence (મૅગ્નિલૉક્વેન્સ્), *n.* બોલવાની અથવા લખવાની સુંદર છટા; ડોળ ભરેલી રીતે બોલવું તે; આડંબરવાળી વક્તૃત્વશક્તિ ધરાવવી તે. A grand way of speaking or writing.

Magniloquent (મૅગ્નિલૉક્વેન્ટ્), *a.* વાણીમાં આડંબરવાળું; બોલવાની છટાવાળું. Speaking in a lofty way.

Magnitude (મૅગ્નિટ્યૂડ્), *n.* મહત્વ; પરિમાણ; પરિમિતિ; વિસ્તાર; પહોળાઇ. Extent; bulk; size; dimension.

Maid (મેડ્), *n.* કન્યા; કુમારીકા; બાળા. A girl; a virgin. **2.** ચાકરડી; દાસી; લૌંડી. A female servant.

Maiden (મેડન્), *n.* કુમારીકા; બાળા; કન્યા. A girl; a virgin. *a.* કુમારિકાનું; બાળાને લગતું. Pertaining to a maid. **2.** શરૂઆતનું; પ્રથમનું. Of the first time. **Maiden speech,** *n.* પ્રથમવારનું ભાષણ.

Maidenhood (મેડન્હુડ્), *n.* કુમારીપણું; કૌમાર્ય; ચોખ્ખાપણું. Virginity; a state of being maiden.

Maidenliness (મેડન્લિનેસ્), *n.* કુમારિકાની દશામાં હોવું તે; કુંવારી કન્યાની સ્થિતિમાં હોવું તે. A state of being maidenly.

Maid-servant (મેડ્-સર્વન્ટ્), *n.* દાસી; ચાકરડી. A female servant.

Maidenly (મેડન્લિ), *a.* કોમળ; શરમાળ; કન્યા તુલ્ય; લજ્જાવાળું. Tender; modest; like a maiden. *ad.* શરમાળપણે; કોમળતાથી; લજ્જાળુપણે. In a maidenly way; modestly.

Mail (મેલ્), *n.* બખ્તર; કવચ. An armour; any defensive covering. **2.** કોથળી; ટપાલનો થેલો-કોથળો. A bag; a postal bag. **3.** ટપાલ; ડાક; દાગ. The post. *vt.* ટપાલમાં નાંખવું; ટપાલમાં રવાના કરવું. To put in the mail; to post. **2.** બખ્તર પહેરવું. To put on an armour. **Mail-coach,** *n.* ટપાલ લઈ જનારી ગાડી. **Mail steamer,** *n.* ટપાલના થેલા, વિગેરે લઈ જનાર આગબોટ. **Mail-train,** *n.* ટપાલ લઇ જનાર 'રેલ્વે'-આગગાડી.

Maim (મેમ્), *n.* ખોડ; ખાંપણ; અંગવિહિનતા; અંગ છેદ; ન્યૂનતા. A hurt or injury received on the body, by which a person is maimed. *vt.* ખોડું કરવું; અંગ કાપવું; લુલું બનાવવું. To deprive of a limb; to disable; to mutilate.

Maimed (મેમ્ડ્), *a.* ખોડું; લુલું; લંગડું; અંગરહિત. Disabled; mutilated; crippled.

Maimedness (મેમ્ડનેસ્), *n.* ખોડખાંપણવાળી સ્થિતિ હોવી તે; લંગડાપણું હોવું તે. A state of being maimed.

Main (મેન્), *a.* મુખ્ય; ખાસ; મોટું; પરમ; જબરૂં. Chief; particular; huge; strong. **2.** જરૂરી; અગત્યનું. Important; useful. *n.* બળ; જોર; તાકાદ. Strength; physical force. **Main-sail,** *n.* વહાણનો મુખ્ય સઢ; ટંડેલ. **Main-spring,** *n.* ઘડિયાળમાં મુખ્ય કમાન.

Main-land (મેનલૅન્ડ્), *n.* ભૂખંડ; ભૂમિ; મહાખંડ. The continent.

Mainly (મેનલિ), *ad.* મુખ્યત્વે કરીને; ઘણું કરીને; ઘણે ભાગે. Chiefly; mostly.

Maintain (મેન્ટેન્), *vt.* ભરણપોષણ કરવું; ગુજરાન કરવું; પાળવું; ઉછેરવું. To support; to uphold; to sustain; to provide with the living. **2.** નભાવવું; ટકાવવું; ચાલુ રાખવું. To continue. **3.** ખાત્રીપૂર્વક જણાવવું; ખાત્રીથી કહેવું; પ્રતિપાદન કરવું. To assert; to affirm.

Maintainable (મેન્ટેનેબલ્), *a.* પાળી શકાય તેવું; ભરણ પોષણ કરાય તેવું; નભાવી શકાય તેવું. Capable of being maintained.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Maintenance (મેન્ટેનન્સ્), *n.* આજીવિકા; ગુજરાન; ભરણ. પોષણ; નિર્વાહવૃત્તિ. A means of support; sustenance. **2.** રક્ષણ; સંભાળ. A defence; a protection; a care.

Maize (મેઝ્), *n.* મકાઇ; મકાઇ ડોડો. An indian corn.

Majestic (મૅજેસ્ટિક્), *a.* પ્રતાપી; પ્રૌઢ; મોટું; તેજસ્વી; ઓજસ્વી; ભવ્ય. Stately; grand; elevated; royal.

Majestical (મૅજેસ્ટિકલ્), *a.* Same as, **Majestic.**

Majesty (મૅજેસ્ટિ), *n.* રાજતેજ; રાજ્ય મહિમા; રાજાધિરાજ; રાજ્યવિભૂતિ; રાજાનો ખિતાબ. Royal grandeur; regal dignity; the title or honour to a king or queen.

Major (મેજર્), *a.* વધારે મોટું; ઘણું મોટું; વધારે ઉપયોગી. Greater; more important. *n.* લશ્કરી અમલદાર; 'મેજર'; સુબેદાર. A military officer, next in rank about a captain. **2.** (*Law*) પુખ્ત ઉમ્મરે આવેલો પુરૂષ. A person in full age. **Major-general,** *n.* લશ્કરી ખાતામાં મોટો અમલદાર.

Majorship (મેજર્શિપ્), *n.* લશ્કરી ખાતામાં 'મેજર'ની પદવી; 'મેજર' અથવા સુબેદારનો હોદ્દો. The rank of a major.

Major-domo (મેજર્-ડોમો), *n.* ઘરનો કારભારી; મુનીમ; ઘરનો વહીવટ કરનાર. A steward; a manager of household matter.

Majority (મેજૉરિટિ), *n.* ઘણો મોટો ભાગ; વધારે પડતો ભાગ; અડધા કરતાં વધારે ભાગ. A state of being greater; a state of being more than one half. **2.** મોટી ઉમ્મર; યોગ્ય વય; પુખ્ત ઉમ્મર. A full age.

Make (મેક્), *vt. vi. pr. p.* **Making.** *imp.* & *p. p.* **Made.** ઉત્પન્ન કરવું; કરવું; બનાવવું; ઘડવું; નિર્માણ કરવું. To create; to frame; to fashion; to form. **2.** સંપાદન કરવું; મેળવવું; પ્રાપ્ત કરવું. To get; to gain; to accomplish. **3.** માનવું; ગણવું; ધારવું. To suppose; to think. **4.** જવું; ચાલવું; વધવું. To proceed; to move. **To make money,** દ્રવ્ય કમાવું; પૈસા મેળવવા. **To make little way,** ચાલવું; થોડે દૂર જવું. **To make away,** મારી નાંખવું. **To make believe,** ઢોંગ કરવો. **To make much of,** લાડ કરવા; લાડ લડાવવા. **To make little of,** હિસાબમાં ન ગણવું. **To make of,** વિચારવું; સમજવું. **To make over,** સોંપી દેવું. **To make up,** તૈયાર કરવું; એકઠું કરવું. **To make up for,** ખોટ પૂરી કરી આપવી. **To make up,** સમાધાન કરવું; ટંટો પતાવવો. **To make water,** પેશાબ કરવો; મુતરવું. **To make at,** ધસારો કરવો; હુમલો કરવો. **To make with,** એક સંપીલા થવું. **Make-bate,** *n.* કજીયા કરાવનાર; કજીયા દલાલ. **Make-peace,** *n.* સલાહ કરાવનાર. **Make-weight,** *n.* ત્રાજવાનો ઘડો.

Make (મેક્), *n.* બાંધો; ઘાટ; બંધારણ; આકાર. A constitution; a form; a frame; a shape.

Maker (મેકર્), *n.* બનાવનાર; કરનાર; કર્ત્તા; ઉત્પાદક. One, who makes; an originator; a creator.

Maladministration (મૅલ્-ઍડ્મિનિસ્ટ્રેશન્), *n* અંધેર; ગેરબંદોબસ્ત; અંધેર કારભાર; ગોટાળા ભરેલો કારભાર. Bad management of public affairs.

Malady (મૅલડિ), *n.* રોગ; વ્યાધિ; આજારી; બિમારી. A disease; an ailment. **2.** નીતિમાં બગાડો –ભ્રષ્ટતા. A moral disorder.

Malaria (મૅલેરિઍ), *n.* રોગ ઉત્પન્ન કરનાર હવા; ભેજવાળી હવા. Air causing or producing a disease (esp. fever.)

Malarial (મૅલેરિઍલ્), *a.* ભેજવાળી હવાનું; રોગ ઉત્પન્ન કરે તેવી હવાનું. Pertaining to malaria.

Malarious (મૅલેરિઅસ્), *a.* Same as, **Malarial.**

Malcontent (મૅલ્કૉન્ટેન્ટ્), *a.* રાજ્યથી નાખુશ થયેલું; રાજ્યાધિકારથી અસંતુષ્ટ બનેલું; રીસાએલું; નારાજ. Discontented with the ruling system of the government.

Male (મેલ્), *n.* નર; પુરૂષ; મર્દ. One, of the sex, that begets young. *a.* નરજાતીનું; ફળ ઉત્પન્ન કરે તેવું. Masculine; pertaining to the sex 'male'.

Malediction (મૅલેડિક્શન્), *n.* બદદુવા; શાપ; શ્રાપ. A curse; an imprecation.

Malefactor (મૅલેફૅક્ટર્), *n.* ગુન્હેગાર; અપરાધી પુરૂષ; દુઃખ દેનાર; ઉપાધી કરનાર. A criminal; one, who commits a crime.

Malevolence (મૅલેવોલેન્સ્), *n.* દ્વેષભાવ; કપટ બુદ્ધિ; દ્રોહ; અનિષ્ટેચ્છા. A state of being malevolent.

Malevolent (મૅલેવોલેન્ટ્), *a.* ભુંડું તાકનાર; ભુંડું ઈચ્છનાર; બદદાનતવાળું. Malicious; spiteful; revengeful.

Malevolently (મૅલેવોલેન્ટ્લિ), *ad.* બદદાનતથી; ભુંડું ઇચ્છીને; દ્વેષપૂર્વક; અંટસથી. Maliciously; spitefully.

Malice (મૅલિસ્), *n.* અદાવત; કીનો; વેર; દ્વેષ; ખાર; અદેખાઇ. Enmity; jealousy; an evil intention.

Malicious (મૅલિશસ્), *a.* અદાવતવાળું; ઝેરીલું; કીનાખોર; વેરવાળું; ખારીલું. Jealous; envious; harbouring an evil intention.

Maliciously (મૅલિશસ્લિ), *ad.* અદાવતથી; ઝેરથી; કપટભાવથી; વેરપૂર્વક. In a malicious way.

Maliciousness (મૅલિશસ્નેસ્), *n.* અદાવત હોવી તે; ઝેરની લાગણી હોવી તે. A state of being

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

malicious.

Malign (મૅલાઈન્), *a.* અદાવતીયું; ઝેરીલું; ડંસીલું; કિન્નાખોર. Spiteful; revengeful. *vt.* ખોટું કરવું; નિંદા કરવી; અપમાન કરવું; નુકશાન કરવું. To speak ill of; to vilify.

Malignance,-cy (મૅલિગ્નૅન્સ્,-ન્સિ), *n.* વેર; વેરભાવ; અદેખાઇ; દુશ્મનાવટ. Enmity; a state of being malign.

Malignant (મૅલિગ્નૅન્ટ્), *a.* ખારીલું; કિન્નાખોર; ઘાતકી; અંટસ રાખનાર. Malicious; inimical. **2.** પ્રાણઘાતક; નાશ કરે તેવું. Destructive. **3.** ખરાબ અસર ફેલાવે તેવું. Exerting an evil influence.

Malignantly (મૅલિગ્નૅન્ટ્લિ), *ad.* અંટસપૂર્વક; અદેખાઇ ભરેલી રીતે; ઘાતકીપણે. In a malignant way.

Malignity (મૅલિગ્નિટિ), *n.* ખારીલાપણું; અંટસ રાખવી તે. A state of being malicious.

Malignly (મૅલાઇનલિ), *ad.* અંટસપણે; દ્વેષ ભાવથી; વેરથી. In a malign way.

Mall (મૉલ્), *vt.* ખાંડવું; કુંદી કરવી; કુટવું. To beat with a wooden hammer. *n.* લાકડાની મોગરી; કુંદી; ઘણ. A heavy beetle; a maul. **2.** હરવા ફરવાનું સાર્વજનિક સ્થળ. A public walk.

Malleability (મૅલીએબિલિટિ), *n.* વાળી શકાય તેવો ગુણ; ઘડી શકાય તેવી સ્થિતિ. A state of being malleable.

Malleable (મૅલીએબલ્), *a.* વાળી શકાય તેવું; ઠોકવાથી લાંબુ થાય તેવું; ઘડી શકાય તેવું. Capable of being shaped with a hammer.

Malleableness (મૅલીએબલનેસ્), *n.* Same as, **Malleability.**

Mallet (મૅલેટ્), *n.* મોગરી; હથોડી. A wooden hammer.

Malt (મૉલ્ટ્), *n.* જવ; જવનું ખમીર. Barley; the preparation of barley. *a.* જવવાળું; ખમીરનું. Containing malt. *vt. vi.* જવનું ખમીર બનાવવું-બનવું. To become malt. **Malt-barn,** *n.* જવનું ખળું. **Malt-liquor,** *n.* જવનો દારૂ. **Malt-man,** *n.* જવ, અથવા જવનો દારૂ બનાવનાર. **Malt-worm,** *n.* અતિશય દારૂ પીનાર.

Maltreat (મૅલ્ટ્રીટ્), *vt.* મારવું; હેરાન કરવું; પજવવું; ખરાબ રીતે વર્તવું. To harass; to treat ill.

Maltreatment (મૉલ્ટ્રીટ્મેન્ટ્), *n.* પજવણી; ખરાબ વર્તન; હેરાનગતિ. An act of maltreating.

Malversation (મૅલવર્સેશન્), *n.* ખરાબ ચાલ; દુષ્ટવર્તણુંક; શઠતા; હરામખોરી. Bad conduct; unworthy behaviour.

Mama, Mamma (મૅમ્મા), *n.* મા; માજી; જી; આઇ. Mother; a word of tenderness used by young persons to an old woman.

Mammal (મૅમ્મૅલ્), *n.* ધવડાવનારાં પ્રાણી. An animal of the class of mammalia.

Mammalia (મૅમ્મૅલિઍ), *n.* ધવડાવનારાં પ્રાણી; આંચળવાળા પ્રાણી. The highest class of vertebrates.

Mammon (મૅમ્મૉન્), *n.* ધનનો દેવ; કુબેર. The god of riches or wealth. **2.** ધન; સંપત્તિ; દોલત. Riches; wealth.

Mammonist (મૅમ્મૉનિસ્ટ્), *n.* પૈસાને દેવ તરીકે પૂજનાર; ફક્ત પૈસાનો પૂજારી. One, who is after the acqisition of wealth.

Man (મૅન્), *n. pl.* **Men.** માણસ; મનુષ્ય; નર; ધણી; માલીક. A human being; an adult male person. **2.** માનવજાતિ; આદમી. The human race. **3.** વર; ધણી. A husband. *vt.* માણસ પુરા પાડવા. To supply with a man or men. **2.** હિંમત આપવી; ઉત્તેજીત કરવું. To instil courage. **Man-of-war,** *n.* લડાયક વહાણ. **Man-of-straw,** *n.* પૂતળું.

Manacle (મૅનકલ્), *n.* (*pl.*) હાથની બેડી; શૃંખલા. A shackle; a handcuff. *vt.* હાથકડી કરવી; શૃંખલાબંધ કરવું. To shackle; to put handcuffs.

Manage (મૅનેજ્), *vt. pr. p.* **Managing.** *imp.* & *p. p.* **Managed.** ચલાવવું; કારભાર કરવો; વહીવટ કરવો; વ્યવસ્થા કરવી; ગોઠવણ કરવી. To arrange; to conduct; to carry on; to administer.

Manageable (મૅનેજેબલ્), *a.* ગોઠવણી કરી શકાય તેવું; વહીવટ કરી શકાય તેવું; વ્યવસ્થામાં રાખી શકાય તેવું. Capable of being managed.

Management (મૅનેજમેન્ટ્), *n.* ગોઠવણી; વ્યવસ્થા; વહીવટ; કારભાર. An arrangement; an administration. **2.** કારભારી મંડળ. A body of administrators.

Manager (મૅનેજર્), *n.* વ્યવસ્થાપક; ગોઠવણી કરનાર; કારભારી; વહીવટ કરનાર; પ્રયોજક; મૂનીમ. One, who manages; an administrator.

Mandate (મૅન્ડેટ્), *n.* આજ્ઞા; હુકમ; આદેશ. An order; a command. **2.** પોપનું ફરમાન. A papal order.

Mandatory (મૅન્ડેટૉરિ), *a.* હુકમનું; આજ્ઞાનું; આજ્ઞાસૂચક. Pertaining to an order; commanding.

Mane (મેન્), *n.* ઘોડાની ચાળ; કેશવાળી. Hair growing on the upper neck of a horse or a lion.

Manes (મેનીઝ્), *n.* પિતૃલોક; પિતૃઓ. The shades of the dead.

Manful (મૅન્ફુલ્), *a.* હિંમતવાન; બહાદૂર; છાતીવાળું. Bold; courageous.

Manfully (મૅન્ફુલિ), *ad.* બહાદૂરીથી; હિંમતથી; મર્દાનગીથી. Boldly; courageously.

Manfulness (મૅન્ફુલનેસ્), *n.* બહાદૂરી; હિંમત; મર્દાનગી હોવી તે. A state of being manful.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Mange (મેન્જ્), *n.* ઢોરઢાંખર, વિગેરેને થતી એક જાતની ખુજલી. A skin disease prevailing in cattle, etc.

Manger (મેન્જર્), *n.* ગમાણ; ઢોરને ઘાસચારો નીરવાની જગ્યા. A box, in which fodder is laid for cattle.

Mangle (મૅન્ગ્લ્), *vt. pr. p.* **Mangling.** *imp. & p. p.* **Mangled.** ફાડી નાંખવું; તોડી નાંખવું; ભાંગી નાંખવું. To break; to break to pieces. **2.** ઉઝરડા ભરવા; ચીરવું. To bruise; to lacerate. **3.** કપડાની અસ્ત્રી કરવી. To smooth with a mangle. *n.* અસ્ત્રી; કુંદી કરવાનું યંત્ર. A machine for smoothing cloth.

Mango (મૅન્ગો), *n. pl.* **Mangoes.** કેરી; આમ્રફળ. The fruit of a mango tree.

Manhood (મૅન્હુડ્), *n.* પુરૂષભાવ; મનુષ્યત્વ; પુરૂષાતન; યૌવન. A state of being a man; youth.

Mania (મેનિઍ), *n.* ઘેલછા; ગાંડપણ; ઘેલાઇ; ગાંડાપણ. Madness; insanity. **2.** કોઇપણ વસ્તુ મેળવવાની અતિશય ઇતેજારી. An extreme eagerness for any object or desire.

Maniac (મેનિઍક), *a.* ગાંડું; દિવાનું. Crazy; mad. *n.* ગાંડો પુરૂષ; દિવાનો. An insane person.

Manifest (મૅનિફેસ્ટ), *vt.* દેખાડવું; બતાવવું; જાહેર કરવું; ખુલ્લું કરવું; પ્રકાશમાં લાવવું. To disclose; to exhibit; to bring before the view of. *a.* ઉઘાડું; જાહેર; સ્પષ્ટ. Visible; clearly seen; not secret. *n.* વહાણમાં ભરેલા માલનું ભરતીઉં; યાદી; નોંધ. A description of the ship with the cargo.

Manifestation (મેનિફેસ્ટેશન્), *n.* જાહેર કરવું તે; પ્રકાશમાં લાવવું તે; નિવેદન. An act of manifesting.

Manifestness (મૅનિફેસ્ટ્નેસ્), *n.* ખુલ્લું થવું તે; જાહેરમાં આવવું તે. A state of being manifest.

Manifestly (મેનિફેસ્ટ્લિ), *ad.* જાહેરમાં; ખુલ્લી રીતે; ચોખ્ખી રીતે; સ્પષ્ટતાથી. Openly; clearly; in a manifest way.

Manifesto (મૅનિફેસ્ટો), *n.* ઢંઢેરો; રાજ્ય અથવા સરકાર તરફની જાહેર ખબર; જાહેરનામું. A royal declaration.

Manifold (મૅનિફોલ્ડ્), *a.* ઘણા પ્રકારનું; અનેક; વિવિધ; ઘણી જાતનું. Various; numerous. *n.* એક વખતે ઘણી નકલો થઈ જાય તેવા કાગળની પ્રત. A copy, producing many copies. *ad.* ઘણી વખતે; વિવિધ રીતે. In many ways. *vt.* ઘણી નકલો કરવી–ઉતારવી. To multiply the copies.

Manikin (મૅનિકિન્), *n.* નાનું માણસ; ઠીંગણું માણસ; વામનજી. A dwarf; a pigmy.

Mankind (મૅન્કાઇન્ડ્), *n.* મનુષ્ય જાત; આદમી જાત; માનવ જાત. Human race; man taken collectively.

Man-like (મૅન્–લાઇક્), *a.* મનુષ્ય યોગ્ય; મનુષ્યને લાયક. Befitting man or mankind.

Manipulate (મૅનિપ્યૂલેટ્), *vt. vi.* હાથવતી કરવું; બનાવવું; હાથનો ઉપયોગ કરવો. To operate with the hands; to use the hands as in artistic way.

Manipulation (મૅનિપ્યૂલેશન્), *n.* હાથની ક્રિયા; હસ્તક્રિયા; હાથચાલાકી કરી ખોટું કામ કરવું તે; હાથચાલાકી. An act of showing an artifice by hand.

Manipulative (મૅનિપ્યૂલેટિવ), *a.* હાથચાલાકીનું; હાથવતી કામ કરે તેવું; હાથચાલાકી વાપરે તેવું. Pertaining to or using manipulation.

Manipulator (મૅનિપ્યૂલેટર્), *n.* હાથ ચાલાકી વાપરનાર; હાથચાલાકીના પ્રયોગ કરનાર. One, who manipulates.

Manliness (મૅન્લિનેસ્), *n.* મરદાનગી; પુરૂષાતન; હિંમત; દૃઢ મનોબળ. A state of being manly; courage; firmness.

Manly (મૅન્લિ), *a.* મરદાનગીવાળું; હિંમતવાન; પુરૂષાતન બતાવે તેવું; શૌર્યવાન. Courageous; bold; daring.

Manner (મૅનર્), *n.* રીત; પ્રકાર; તરેહ; ચાલ; ઢોળ; ઢબ. A style; a mode; a habit. **2.** ચાલ; શિરસ્તો. A custom; a habit.

Mannerism (મૅનરિઝમ્), *n.* એક સરખી રીતે કોઇપણ રીતે અથવા પદ્ધતિને બાઝી રહેવું તે. An act of adhering to a particular style.

Mannerist (મૅનરિસ્ટ્), *n.* કોઇપણ પદ્ધતિને વળગી રહેનાર–બાઝીને કામ કરનાર. one, who practises mannerism.

Mannerly (મૅનર્લિ), *a.* વિવેકી; સભ્ય; સુશીલ; રીતભાતવાળું. Possessing good manners; polite; civil.

Manoeuvre (મૅનૂવર્, મૅન્યૂવર), *n.* યુક્તિ; હીકમત; દાવ; પેચ. A device; a scheme; a plan. **2.** સૈન્ય રચના; વ્યૂહ રચના. An arrangement of military force. *vt.* દાવપેચ કરવો; યુક્તિ કરવી; સૈન્ય ગોઠવવું. To form a plan; to arrange a force.

Manor (મૅનૉર્), *n.* જાગીર; વતન; તાલુકો; દેશાઇગીરીમાં મળેલી જમીન. The land belonging to a noble; an estate.

Manorial (મૅનૉરિઍલ), *a.* જાગીરનું; વતનને લગતું; તાલુકાનું. Pertaining to a manor.

Mansion (મૅન્શન્), *n.* હવેલી; ભવ્ય મકાન; મહેલ; ભૂવન; સુંદર રહેઠાણ. A fine building; a residence; an abode.

Mantel (મૅન્ટેલ), *n.* ચૂલા પાછળની જગ્યા; પેંડલી. The place behind a fire-place.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Mantle (મૅન્ટલ્), *a.* ઝભ્ભો; શરીર ઉપરનું અંગ વસ્ત્ર. A cloak; a loose upper garment. *vt. vi.* જમીન ઉપર પાથરવું; ઢાંકવું; સંતાડી દેવું. To spread on the ground; to hide. **2.** પથરાઇ જવું; છવાઈ જવું. To be spread.

Manual (મૅન્યૂઍલ્), *a.* હસ્તકૃત; હાથનું બનાવેલું. Made or done by the hand. *n.* નાનું પુસ્તક; લઘુ ગ્રંથ; મોટા ગ્રંથમાંથી તૈયાર કરેલો સાર સંગ્રહ. A hand-book; an epitome.

Manufactory (મૅન્યૂફૅક્ટૉરિ), *n.* કારખાનું; કારીગરી; બનાવટ. A work-house; a factory. *a.* કારખાનાનું; કારીગરી સંબંધી. Of a factory.

Manufacture (મૅન્યૂફૅક્ચ્યૂર), *vt. vi.* હુન્નરથી બનાવવું; હુન્નર કરવો; કારીગીરીથી કરવું. To make wares by hands; to prepare skilfully. **2.** કંઇપણ (હુન્નર) બનાવવામાં રોકાવું. To be employed in preparing something. *n.* કારીગીરી; હુન્નર; કિસબ. Skill in preparing any ware.

Manufacturer (મૅન્યૂફૅક્ચ્યૂરર), *n.* કારીગર; કારખાનામાં માલ તૈયાર કરનાર-કરાવનાર; શિલ્પશાસ્ત્રી. One, who manufactures.

Manumit (મૅન્યૂમિટ્), *vt. pr. p.* **Manumitting.** *imp.* & *p. p.* **Manumitted.** ગુલામગીરીમાંથી મુકત કરવું; ગુલામગીરીમાંથી છોડાવવું. To release from slavery; to liberate.

Manure (મૅન્યૂર), *n.* ખાંતર. Any matter added to the soil to fertilize it. *vt.* ખાંતર નાંખવું; ખાતર પુરવું. To furnish with manure. **2.** ફળદ્રુપ બનાવવું; રસાળ કરવું. To fertilize.

Manurer (મૅન્યૂરર), *n.* ખાતર પુરનાર; ખાતર નાંખીને ખેડનાર; ફળદ્રુપ બનાવનાર. One, who manures.

Manurial (મૅન્યૂરિઍલ્), *a.* ખાતરનું; ખાતર બાબતનું. Pertaining to manure.

Manuscript (મૅન્યૂસ્ક્રિપ્ટ), *n.* હાથનું લખેલું પુસ્તક; હસ્ત લિખિત પ્રત-પુસ્તક અથવા પત્ર. A book or paper written with the hand; any matter ready to be sent to a printing press. *a.* હાથે લખેલું; હસ્તલિખિત. Written with the hand.

Many (મૅનિ), *a.* બહુ; પુષ્કળ; ઘણું. Numerous; containing a great number; not few. **Many-sidedness,** *n.* એકજ વાત અથવા મુદ્દાને ઘણી બાજુ હોવી તે; દીર્ઘદૃષ્ટિ હોવી તે.

Map (મૅપ), *n.* નકશો; દેશચિત્ર. A representation of the earth or its countries. **2.** ચિતાર; આલેખન. A vivid or graphic picture. *vt. pr. p.* **Mapping** *imp.* & *p. p.* **Mapped.** નકશો કાઢવો; નકશો દોરવો; દેશચિત્ર દોરવું. To sketch; to form a plan.

Mar (માર્), *vt. pr. p.* **Marring.** *imp.* & *p. p.* **Marred.** બગાડવું; નુકશાન કરવું; હાની દુષણ દેવું; ખરાબ કરવું. To spoil; to tarnish; to impair.

Maraud (મ્રૅરૉડ્), *vt.* લુંટવું; ધાડ પાડવી; લુંટફાટ ચલાવવી. To rob; to plunder. *n.* લુંટફાટ; લુંટફાટમાં મેળવેલો માલ. An act of plundering; plunder.

Marauder (મૅરૉડર્), *n.* લુંટફાટ કરનાર; ધાડ પાડનાર; લુંટી લેનાર. One, who marauds; a plunderer.

Marble (માર્બલ્), *n.* આરસપહાણ; સંગેમરમર. A massive compact lime stone. **2.** લખોટો; લખોટી; પથરી. A stone, with which children play. *a.* આરસપહાણનું; સંગેમરમરનું. Made of marble; consisting of marble.

March (માર્ચ્), *vt. vi. pr. p.* **Marching.** *imp.* & *p. p.* **Marched.** કુચ કરાવવી; કુચ કરવી; સરખા કદમ ભરીને ચાલવું. To move with regular steps. **2.** ડોળથી ચાલવું; ભભકાદાર રીતે હીંડવું-ચાલવું. To walk in a steady way. *n.* કુચ; કુચથી ચાલેલું અંતર. An advance of soldiers; the distance marched. **2.** અંગ્રેજી વર્ષનો ત્રીજો માસ; 'માર્ચ' મહિનો. The third month of the Christian era.

Marchioness (માર્શનેસ્), *n.* માર્કિવસની સ્ત્રી. The wife or the widow of Marquis.

Mare (મેર્), *n.* ઘોડી. The female of a horse. **Mare's tail,** એક જાતનો સામાન્ય છોડવો.

Margin (માર્જિન્), *n.* કોર; કિનારો; કાંઠો; હાંસીઓ. An edge; a border; a brink; the edge of a leaf. **2.** નફો; મળતર; ગાળો. A gain; a profit.

Marginal (માર્જિનૅલ્), *a.* કિનારાનું; કિનારાને લગતું; હાંસિયા ઉપર લખેલું. Of or pertaining to a margin; written in a margin.

Marginate (માર્જિનેટ્), *a.* કિનારાવાળું; હાંસિયાવાળું; કાંઠાને લગતું. Pertaining to a margin.

Marigold (મૅરિગોલ્ડ્), *n.* ફુલગોટો; ગલગોટો. A kind of plant bearing yellowish flowers.

Marine (મૅરિન્), *a.* સમુદ્રનું; દરિયાઇ; સમુદ્રમાંથી મળે તેવું. Pertaining to a sea; naval. *n.* આરમાર ઉપરનો સિપાઇ; દરિયાઇખાતું. The whole navy of a state. [A sailor; a seaman.

Mariner (મૅરિનર્), *n.* ખલાસી; ખારવો; નાવિક.

Marish (મૅરિશ), *n.* ભેજવાળી જગ્યા; કાદવવાળી જગ્યા; કલાણ. A marsh; a marshy place.

Marital (મૅરિટલ્), *a.* પતિનું; ભર્તાર સંબંધી; ધણીનું. Of or pertaining to a husband.

Maritime (મૅરિટાઇમ્), *a.* દરિયાઇ; સમુદ્રનું; વહાણનું. Of a sea; pertaining to a ship. **2.** દરિયાના કાંઠે આવેલું. Situated on the sea shore.

Mark (માર્ક્), *vt. vi.* બારીકાઈથી જોવું; ધ્યાનમાં લેવું; અવલોકવું; લક્ષમાં રાખવું. To see carefully; to observe; to scrutinize. **2.** ચિન્હ કરવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એધાણી કરવી; નિશાન કરવું; છાપ મારવી. To designate; to put a mark on; to stamp. *n.* ચિન્હ; નિશાની; લક્ષણ; નિશાન. A stamp; a token; an impression. **2.** નિશાન; લક્ષ્યબિંદુ. A thing or object aimed at. **3.** ગુણ; ખ્યાતિ; આબરૂ. A characteristic; fame.

Market (માર્કેટ), *n.* બજાર; ચૌટું; ગુજરી; ચોક. A selling-place; a place, where various goods and articles are bought and sold; a fair. *a.* બજારનું; બજારૂ; ચૌટાને લગતું. Pertaining to a market. *vt. vi.* ખરીદવું; વેચવું; સોદો કરવો. To buy; to sell; to bargain.

Marketable (માર્કેટેબલ), *a.* વેચાય તેવું; ખપી જાય તેવું; ભાવમાં પોશાય તેવું; ભાવ ઉપજે તેવું. Capable of being sold; current in market.

Marketably (માર્કેટેબ્લિ), *ad.* વેચી શકાય તેવી રીતે; ખપી જાય તેમ; વિક્રય થઇ શકે તેવી રીતે. In a marketable way.

Marksman (માર્ક્સમૅન), *n.* પાકા નિશાનવાળો; નિશાનબાજ; લક્ષ્યવેધી. One, who shoots well.

Marl (માર્લ), *n.* એક જાતની ચીકણી માટી. A kind of sticky clay.

Marquess (માર્ક્વેસ), *n.* Same as, **Marqis.**

Marquis (માર્કિવસ), *n.* ઇંગ્લૅન્ડમાં અમીરની એક પદવી; 'માર્કિવસ'. A title of nobility in England.

Marquise (માર્કીઝ), *n.* 'માર્કિવસ'ની પત્ની. The wife of a marquis.

Marriage (મૅરિજ), *n.* લગ્ન; સાદી; પાણી ગ્રહણ. An act of marrying; a legal union of a man and woman for life; a wedlock.

Marriageable (મૅરિજેબલ), *a.* લગ્ન કરવા લાયક; પરણાવવા જોગ; લગ્નગાંઠથી જોડવા જોગ. Of an age suitable for marriage.

Marrow (મૅરો), *n.* હાડકામાંનો નરમ માવો; મજ્જાતત્વ; ગર. The fleshy part in the bones; the essence; the best part of any thing. **Marrow-bone,** *n.* માવાદાર હાડકું. **Marrow-fat,** *n.* એક જાતનો મોટો વટાણો.

Marrowy (મૅરોઇ), *a.* મજ્જાવાળું; તત્વવાળું; ગરથી ભરપૂર. Full of marrow.

Marry (મૅરિ), *vt. vi. pr. p.* **Marrying.** *imp. & p. p.* **Married.** પરણાવવું; લગ્ન કરવું; લગ્ન કરાવવું; પરણવું; લગ્નગાંઠથી જોડવું–જોડાવું. To unite in wedlock; to unite or join, as husband and wife legally. *int.* ખરેખર; ખરેખાત. Indeed; truly.

Mars (માર્સ), *n.* રણદેવતા; રણદેવ. The god of war. **2.** મંગળનો ગ્રહ; ભૌમ. One of the planets of the solar system.

Marsh (માર્શ), *n.* ઘાસવાળી, કાદવવાળી ભીની જગ્યા; નાનું ખાબોચિયું. A swamp; a morass.

Marshal (માર્શલ), *n.* સેનાપતિ; લશ્કરી અમલદાર; ફોજનાયક. A military officer of a high rank. *vt.* વ્યૂહ રચના કરવી; સૈન્ય ગોઠવવું; દોરવું. To arrange; to dispose in order; to guide.

Marshaller (માર્શલર), *n.* વ્યૂહ રચના કરનાર; સૈન્ય ગોઠવનાર; સૈન્ય નિયામક. One, who marshals.

Marshy (માર્શિ), *a.* કાદવવાળું; ઘાસથી અને કાદવથી ઢંકાએલું. Muddy; swampy.

Mart (માર્ટ), *n.* Same as, **Market.**

Martial (માર્શલ), *a.* લડાઈનું; યુદ્ધનું; રણવિષયક. Military; of war. **2.** રણવીર; શૂરો. Brave; heroic.

Martin (માર્ટિન), *n.* એક જાતની ચકલી; દેવચકલી. A kind of sparrow.

Martinet (માર્ટિનેટ), *n.* સખ્ત બંદોબસ્તરાખનાર લશ્કરી અમલદાર. A strict military officer.

Martingale (માર્ટિંગેલ), *n.* જેરબંધ; (ઘોડાનો), કોરડો. A strap used in fastening the girth of a horse.

Martyr (માર્ટર), *n.* સ્વધર્મને માટે પ્રાણ આપનાર; પોતાના સિદ્ધાંતોને સારૂ ભોગ આપનાર. One, who gives his life to sustain the real cause of religion, etc. *vt.* ધર્મને ખાતર દુઃખ ભોગવવું; યાતના ભોગવવી; સંકટ ખમવું; પ્રાણાર્પણ કરવા. To bear or suffer for the sake of religion.

Martyrdom (માર્ટરડમ), *n.* ધર્મ મતને સારૂ પ્રાણ આપવો તે; સ્વધર્મને માટે પ્રાણાર્પણ. An act of sacrificing one's life for the sake of one's religion or principles.

Marvel (માર્વેલ), *vt. vi. pr. p.* **Marvelling.** *imp. & p. p.* **Marvelled.** અચંબો પામવો; આશ્ચર્ય પમાડવું; અચંબો પમાડવો. To wonder; to astonish. *n.* નવાઇ; અચંબો; આશ્ચર્ય; કૌતક. A wonder; an astonishment; a miracle.

Marvellous (માર્વેલસ), *a.* ચમત્કારિક; અદ્ભુત; નવાઈ પમાડે તેવું; આશ્ચર્યકારક. Wonderful; surprising; astonishing.

Marvellously (માર્વેલસલિ), *ad.* ચમત્કારિક રીતે; અદ્ભુત રીતે; નવાઇ પમાડે તેવી રીતે. In a marvellous way.

Masculine (મૅસ્ક્યૂલિન), *a.* પુરૂષનું; નરનું; નરના જેવા ગુણવાળું. Of a man; pertaining to a man; having the qualities of a man. **Masculine gender,** *n.* નરજાતિ; પુલ્લિંગ.

Mash (મૅશ), *n.* બેચાર વસ્તુઓનો છુંદો; કચુંબર. A mixture of grain, beaten or blended. *vt.* છુંદો કરવો; કચુંબર કરવું; મેલવણી કરવી. To crush by beating.

Mask (મૅસ્ક), *n.* કૃત્રિમ મુખ; નાટકમાં બનાવટી રૂઢોરૂ; મુરખો. A covering for the face, used in disguise. **2.** બહાનું; નિમિત્ત; સોંગ; ઢોંગ. A pretext; an unreal cause or state-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ment. 3. તોપનો પડદો. A screen of a cannon. *vt.* વેશ બદલવો; ઢાંકવું; સંતાડવું; બ્હાનું કાઢવું. To conceal under a mask; to hide; to pretend.

Mason (મૅસન્), *n.* કડિયો; સલાટ. A worker in stone or bricks. 2. 'ફ્રિમેસન' મંડળમાંનો એક સભાસદ. One of the members of the fraternity of free-masons.

Masonic (મૅસૉનિક્), *a.* 'ફ્રિમેશન' મંડળના એક સભાસદનું. Pertaining to a Freemason.

Masonry (મૅસન્રિ), *n.* કડીઆનું કામ; સલાટનો ધંધો; કડીઆ કામ. The work done by a mason. 2. ઇમારત: બાંધકામ. A building.

Masqusrade (મૅસ્કરેડ્), *n.* વેશ બદલનારા અથવા નાચનારા માણસોની ટોળી-મંડળી. An assemblage of persons, wearing masks on the stage, etc. 2. વેશ બદલો; ધારણ કરેલો સોંગ-પહેરવેશ. A disguise. *vi.* વેશ ભજવવા પાઠ લેવો; છુપા વેશમાં ઉતરવું. To go in disguise.

Mass (મૅસ્), *n.* લોંદો; ભચકો; ઢગલો; સમૂહ; જથ્થો; કોઇપણ ચીજનો એકઠો કરેલો પદાર્થ. A lump; a body of matter collected into a lump; a large quantity; a large number. *vt.* ઢગલો કરવો; સમૂહમાં ગોઠવવું; જથ્થાબંધ મુકવું. To collect; to lay into a heap. 2. ટોળાબંધ ભેગું કરવું. To collect in crowds. **Mass-meeting,** *n.* જન સમૂદાયની સભા.

Massacre (મૅસૅકર્), *n.* પુરૂષોની કતલ; ખુનરેજી; કાપાકાપી. A thoughtless killing of human beings; a slaughter. *vt.* ખુનરેજી કરવી; કતલ ચલાવવી; કાપાકાપી કરવી. To slaughter; to kill with violence.

Massacrer (મૅસૅકરર્), *n.* ખુનરેજી કરનાર; કાપાકાપી ચલાવનાર. One, who massacres.

Massive (મૅસિવ્), *a.* ભારવાળું; મોટું; ભારે; જબ્બર; વજનદાર. Weighty; huge; heavy.

Massiveness (મૅસિવ્નેસ્), *n.* ભારવાળું હોવું તે; જબ્બર અથવા વજનદાર બનવું તે. A state of being massive.

Massy (મૅસિ), *n.* Same as, **Massive.**

Mast (માસ્ટ્), *n.* વહાણનો ડોળ-કુઓ; ડોળ. The beam of a vessel. *vt.* ડોળ ગોઠવવો; કુઓ ગોઠવવો. To fix a mast.

Master (માસ્ટર્), *n.* ધણી; શેઠ; સ્વામી; ઉપરી; અધિપતિ. An employer; one, who governs; a head; a leader. 2. મહેતાજી; શિક્ષક; ઉસ્તાદ. A teacher; an expert instructor. 3. ડોળીવાળું વહાણ. A vessel, with masts. 4. નાનો છોકરો; જુવાન; સદ્ગૃહસ્થ. A young lad; a youth; a gentleman. (Abbreviated form is **Mr.**) *vt.* જીતવું; તાબે કરવું; વશ કરવું. To conquer; to subdue; to get under the control of. **Master-work,** *n.* સુંદર કાર્ય; ઉત્તમમાં ઉત્તમ કૃતિ. **Master-piece,** *n.* કારીગરીવાળું કામ; ચતુરાઇવાળું કૃત્ય; સારામાં સારૂં કામ-કાવ્ય.

Masterly (માસ્ટર્લિ), *a.* ઘણી ચતુરાઇ ભરેલું; નિપુણ; કાર્યદક્ષતાવાળું. Skilful; expert; done skilfully.

Mastery (માસ્ટરિ), *n.* કૌશલ્ય; ચતુરાઇ; નિપુણતા. Skill; eminence. 2. ધણીપણું; આધિપત્ય; ઉપરીપણું. Superiority; an act of mastering.

Masticate (મૅસ્ટિકેટ્), *vt. pr. p.* **Masticating.** *imp. & p p.* **Masticated.** ચાવવું; વાંગોળવું; ધીમે ધીમે પેટમાં ઉતારવું. To chew; to grind with the teeth.

Mastication (મૅસ્ટિકેશન્), *n.* ધીમે ધીમે ચાવવાની ક્રિયા-કામ; વાગોળવું તે. An act of masticating.

Mastiff (મૅસ્ટિફ્), *n.* કુતરીની એક જાત; પહાડી અને બહાદૂર કુતરોની એક જાત. A kind of large dogs, noted for strength and courage.

Mat (મૅટ્), *n.* સાદડી; ચટાઇ. A fabric of husks, straw, etc. *vt.* સાદડી જડવી; સાદડી પાથરવી. To cover with a mat.

Match (મૅચ્), *n.* બરોબરીઓ; હરીફ; જોડીઓ. A rival; a competitor; an equal. 2. હરીફાઇ; સ્પર્ધા; બાજી; દાવ. Rivalry; competition; a contest. 3. લગ્ન; વિવાહ. A marriage; a union by marriage. 4. દિવાસળી. A substance used in igniting fire. *vt. vi.* બરોબરી કરવી; સ્પર્ધા કરવી; હરીફાઇમાં ઉતરવું. To rival; to compete. 2. પરણવું; લગ્ન કરવા. To marry. 3. અનુકુળ હોવું; સરખું હોવું; સરખામણીમાં ઉતરવું. To be of equal size; to suit.

Matchless (મૅચ્લેસ્), *a.* અનુપમ; અતુલ્ય; અવર્ણનીય; અદ્વિતીય; શ્રેષ્ઠ. Unequalled; incomparable; superior.

Matchlock (મૅચ્લૉક), *n.* જામગરીવાળી બંદુક. A gun, fired with a match.

Mate (મેટ્), *n.* સાથી; જોડીઓ; સોબતી; મદદગાર. A companion; a helper. 2. વર અથવા વહુ. One of the couple. 3. વહાણનો મદદગાર. An officer of a ship. *vt.* પરણવું; લગ્ન કરવું. To marry. 2. હરિફાઇ કરવી; બરોબરી કરવી. To rival; to compete.

Material (મૅટીરિઍલ્), *n.* ચીજ; જણસ; દ્રવ્ય; સાધન; પદાર્થ; વસ્તુ. A thing; a substance; an object. 2. (*pl.*) સાહિત્ય; સાધનો. Equipments. *a.* પંચમહાભૂતનું; પંચમહાભૂતોનું બનેલું. Formed of five ingredients. 2. ભૌતિક; દ્રવ્યમય. Consisting of matter. 3. ઉપયોગી; અગત્યનું. Important; useful.

Materialism (મૅટીરિઍલિઝમ્), *n.* દેહાત્મવાદ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જડવાદ; સંસાર વિષયવાસના. A doctrine propounded by the materialists.

Materiality (મૅટીરિઍલિટિ), *n.* જડ ભાવ; પંચ ભૂતાત્મકભાવ. Material existence.

Materially (મૅટીરિઍલલિ), *ad*, વસ્તુતઃ; ખરી રીતે; અવશ્ય રીતે; વાસ્તવિકપણે. In a material way; essentially; really.

Materialist (મૅટીરિઍલિસ્ટ), *n.* દેહાત્મવાદી; જડવાદી; અનાત્મવાદી. One, who holds the doctrines of materialism.

Maternal (મૅટર્નલ), *a.* માતાનું; માતૃ સબંધી; માતૃ પક્ષનું. Of or pertaining to the mother; of the side of the mother.

Mathematical (મૅથેમૅટિકલ), *a.* ગણિત સંબંધી; ગણિતને લગતું; ગણિતશાસ્ત્રનું. Pertaining to the science of mathematics.

Mathematically (મૅથેમૅટિકલલિ), *ad.* ગણિતની પદ્ધતિએ; ગણિતશાસ્ત્રની રૂએ. In a mathematical way.

Mathematician (મૅથેમૅટિશૅન), *n.* ગણિતશાસ્ત્રી; ગણિતવેત્તા; ગણિતશાસ્ત્રમાં પ્રવિણ પુરૂષ. One, well-versed in mathematics.

Mathematics (મૅથેમૅટિક્સ) *n.* ગણિત; ગણિતશાસ્ત્ર. The science of reasoning with numbers and figures.

Matin (મૅટિન), *n. pl.* પ્રભાતિયું; પ્રાતઃસ્મરણ ગીત. Morning prayers. *a.* પ્રાતઃકાલ ગીત સંબંધી. Of matins.

Matrice (મૅટ્રિસ), *n.* ગર્ભાશય-કમળ; પ્રજોત્પત્તિ સ્થાન. The womb. 2. બીબું; આકાર. A mould; a form. [વધને લગતું. Of matricide.

Matricidal (મૅટ્રિસાઇડલ), *a.* માતૃ વધનું; માતાના

Matricide (મૅટ્રિસાઇડ), *n.* માતૃહત્યા; માતાનું ખૂન; માતૃ વધ. The murder of one's own mother. 2. માતૃહત્યા કરનાર; માતૃવધ કરનાર. One, who kills his mother.

Matriculate (મૅટ્રિક્યૂલેટ), *vt. vi.* પાઠશાળાની મંડળીમાં લેવું; પાઠશાળામાં પ્રવેશ કરવો. To enter in a register of a college; to be regarded as a member of a society. *n.* પાઠશાળાનો વિદ્યાર્થી; મૅટ્રિકની પરીક્ષા પસાર કરનાર વિદ્યાર્થી. One, who is registered in the university.

Matriculation (મૅટ્રિક્યૂલેશન), *n.* વિશ્વ વિદ્યાલયમાં નામ નોંધાવી પાઠશાળામાં દાખલ થવું તે. An act of matriculating.

Matrimonial (મૅટ્રિમોનિઍલ), *a.* લગ્નનું; વિવાહનું; વિવાહ સંબંધી. Of or pertaining to a marriage.

Matrimony (મૅટ્રિમૉનિ), *n.* લગ્ન; વિવાહ; સાદી; વેવિશાળ. A marriage; a wedlock.

Matrix (મૅટ્રિક્સ), *n.* ગર્ભસ્થાન; કમળ. The womb. 2. બીબું; આકાર; ઘાટ. A shape; a moulded form.

Matron (મેટ્રૉન), *n.* ઉતરતી વયની સ્ત્રી; ડોશી; માજી; પ્રૌઢા સ્ત્રી. An elderly woman. 2. ઘરમાં કારભાર કરનારી મોટી આધેડ વયની સ્ત્રી. An old woman, managing the household affairs.

Matter (મેટર), *n.* જોઇ શકાય અથવા અડી શકાય તેવો પદાર્થ; વસ્તુ; વિષય; પ્રકરણ; કામ; અર્થ; બાબત. A material; any subject of discussion; a concern; an affair. *vi.* ઉપયોગી હોવું; ઉપયોગીતા ધરાવવી. To be useful to; to bear importance at.

Matting (મૅટિન્ગ), *n.* ચટાઇ; સાદડી બનાવવાના પદાર્થ. Mat-work; materials for preparing a mat. [tool used in digging.

Mattock (મૅટૉક), *n.* કોદાળી; ખરપો; તીકમ. A

Mattress (મૅટ્ર-ટ્રેસ), *n.* રજાઇ; તળાઇ; ગોદડું. A bed padded with cotton.

Mature (મૅટ્યૂર), *a.* પુખ્ત; પૂર્ણ; પાકી હાલત; પરિપક્વ; પુખ્ત ઉમ્મરે આવેલું. Ripe; full of growth; made perfect by time. *vt.* પાકું કરવું; સિદ્ધ કરવું; પૂર્ણ કરવું. To ripen; to accomplish; to bring to perfection.

Maturity (મૅટ્યૂરિટિ), *n.* પુખ્તપણું; પૂર્ણતા; પરિપક્વ સ્થિતિ; પરિપક્વપણું. A state of being mature. [**Maturity.**

Matureness (મૅટ્યૂરનેસ), *n.* Same as,

Maudlin (મૉડ્લિન), *a.* છાકટું; પીધેલ; મસ્ત. Intoxicated. 2. લાગણીવાળું; આવેશવાળું. Emotional.

Maugre (મૉગર), *prep.* તેમ છતાં; છતાંએ; તોપણ. In spite of; however; notwithstanding.

Maul (મૉલ), *vt.* મોગરીનો માર મારવો; ધીબવું; ડંગોરો મારવો. To beat with a heavy stick. 2. નુકશાન કરવું; ઇજા કરવી. To injure. *n.* મોગરી; હથોડી. A wooden hammer.

Maund (મૉન્ડ), *n.* મણ; ૪૦ શેરનું વજન. A weight equal to forty seers.

Mausoleum (મૉસૉલીયમ), *n.* મોટી શોભીતી કબર; દરગાહ; રોજો; સમાધી; છત્રી. A grand tomb; a magnificent tomb.

Maw (મૉ), *n.* જનાવરોની હોજરી; પશુનું પેટ. A stomach of an animal. 2. ભૂખ; ઇચ્છા; રૂચિ. Appetite; an inclination for food.

Mawkish (મૉકિશ), *a.* કંટાળો આવે તેવું; ચીડ ચડે એવું. Disgustive; tiresome.

Mawkishness (મૉકિશનેસ), *n.* કંટાળો ઉપજે તેવો ગુણ; ચીડાઈ જાય તેવી સ્થિતિ. A state of being mawkish.

Maxim (મૅક્સિમ), *n.* કહેવત; કહેણી; નીતિવચન; સિદ્ધાંત; સૂત્ર. A proverb; an axiom.

Maximum (મૅક્સિમમ), *a.* વધારેમાં વધારે; મોટામાં મોટું. Greatest. *n.* વધારેમાં વધારે પરિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ણામ-બાબત. A result of the greatest state.

May (મે), *n.* અંગ્રેજી વર્ષનો પાંચમો માસ. The fifth month of the Christian era. *v.* રજા માગવામાં વપરાતું સાહાય્યકારક ક્રિયાપદ. An auxiliary verb. **May be,** *ad.* કદાચ; રેખને હશે; હોય.

Mayor (મેઅર્), *n.* કોટવાળ; હાકેમ. The chief officer of a municipal corporation.

Mayoress (મેઅરેસ્), *n.* હાકેમ અથવા 'મેઅર' ની પત્ની. The wife of a mayor.

Maze (મેઝ્), *n.* ગલી કુંચીવાળો રસ્તો; ગુંચવણવાળો રસ્તો; મુંઝવણ; ગુંચવણી. An intricate path; an intricacy; a perplexity.

Mazy (મેઝિ), *a.* ગલીકુંચીવાળું; ગુંચવણ ભરેલું; મુંઝવણમાં નાંખે તેવું. Full of intricacy; intricate; perplexing.

Me (મી), *pro.* મને. The objective case of the pronoun, **I.**

Mead (મીડ્), *n.* ઘાસવાળી જમીન; બીડ. A [meadow.

Meadow (મેડો), *n. pl.* **Meadows.** ઘાસવાળી જમીન; ચરો; બીડ. Any grassy field; a piece of grass-land.

Meadowy (મેડોઇ), *a.* ઘાસવાળી જમીનનું; ચરાને લગતું; બીડનું; બીડના જેવું. Of a meadow.

Meagre (મીગર્), *a.* નબળું; અશક્ત; શક્તિવિનાનું; સુકાઇ ગયેલું; ક્ષીણ; થોડા માંસવાળું. Lean; weak; thin; reduced. **2.** નાનું; થોડું; અલ્પ. Small; little; scanty. Also spelt as, **Meager.**

Meagrely (મીગરલિ), *ad.* અશકત રીતે; શક્તિ વિનાનું; સુકાઇ ગયેલી સ્થિતિમાં. In a meagre state; in a reduced condition.

Meagreness (મીગર્નેસ્), *n.* અશક્તિ; થોડું માંસ શરીરમાં હોવું તે; ઘસાઇ ગયેલી અવસ્થા; જર્જરિત દશા. A state of being meagre.

Meal (મીલ્), *n.* ભોજન; જમણ; ખાણું. A repast; the edible part of any kind of grain. **Meal-time,** *n.* ભોજનનો સમય; જમણવેળા.

Mealy (મીલિ), *a.* નરમ; આટાવાળું; લોટથી ઢંકાયેલું; સુકું. Full of meal; containing meal; powdery.

Mean (મીન્), *vt. pr. p.* **Meaning.** *imp.* & *p. p.* **Meant.** મનમાં હોવું; અર્થ કરવો; ભાવ દેખાડવો; મતલબ હોવી; સાર હોવો. To understand; to signify; to import; to intend. *a.* અધમ; હલકું; પાજી; તુચ્છ. Low; base; vulgar. **2.** મધ્યમ; સરેરાશ. Of middle state; average. *n.* (*pl.*) દ્રવ્ય; સાધન; પૈસો; સાહિત્ય. Wealth; money; equipment.

Meaning (મીનિન્ગ્), *n.* અભિપ્રાય; અર્થ; ખુલાસો; સૂચન; સમજૂતિ. An import; a sense; a significance.

Meaningless (મીનિન્ગ્લેસ્), *a.* અર્થ વિનાનું; પ્રયોજન રહિત; સમજૂતિ સિવાયનું. Conveying no sense or meaning.

Measles (મીઝલ્સ્), *n.* ઓરી; અછબડા. A kind of contagious disease.

Measurable (મેઝરેબલ્), *a.* માપી શકાય તેવું; માપ કાઢી શકાય એવું. Capable of being measured.

Measure (મેઝર્), *vt. vi. pr. p.* **Measuring.** *imp.* & *p. p.* **Measured.** માપવું; માપ લેવું; અટકળ બાંધવી; ભરવું. To ascertain by measuring; to value by the rules of measurement; to estimate. *n.* માપ; પરિમાણ; અટકળ; હદ. An extent; an estimate; a limit. **2.** છંદ; તાલ. Metre; rhythm.

Measurement (મેઝર્મેન્ટ્), *n.* માપણી; માપ; માપવું તે. An act of measuring; a dimension.

Measureless (મેઝર્લેસ્), *a.* બેસુમાર; બેહદ; અપરિમિત; નિઃસીમ. Boundless; limitless; infinite.

Meat (મીટ્), *n.* માંસ; ગોશ. The animal flesh, used as food. **2.** ખોરાક; અન્ન. Food; food in general. **Meat-pie,** *n.* માંસ શેકીને તૈયાર કરેલું ભજીયું.

Mechanic (મીકૅનિક્), *a.* યાંત્રિક; યંત્રનું; યંત્રને લગતું. Pertaining to the rules of mechanism. *n.* કારિગર; યંત્ર ઉપર સારી રીતે કામ કરનાર. An artisan; an artificer. **2.** યંત્ર બનાવનાર અથવા સુધારનાર. One who makes or repairs machines.

Mechanics (મીકૅનિક્સ્), *n. pl.* યંત્રશાસ્ત્ર; યંત્ર વિદ્યા. The science treating with force and power.

Mechanism (મીકૅનિઝમ્), *n.* યંત્ર ક્રિયા; બાંધણી; રચના; ઘટના. Machinery; the construction or the structure of machinery.

Mechanist (મીકૅનિસ્ટ્), *n.* યંત્ર બનાવનાર; યંત્રકાર; યંત્ર વાપરવામાં પ્રવિણ પુરૂષ. A maker of machines; one, who is well up in the art of using machines.

Medal (મેડૅલ્), *n.* ચાંદ; પદ; મુદ્રક; ચંદ્રક. A coin, reminding of a noteworthy event.

Medalist (મેડૅલિસ્ટ્), *n.* ચાંદ મેળવનાર; મુદ્રક મેળવનાર. One, who gains a medal. **2.** ચાંદ બનાવનાર. One, who moulds a medal or medals. Also spelt as, **Medallist.**

Meddle (મેડ્લ્), *vt. pr. p.* **Meddling.** *imp.* & *p. p.* **Meddled.** વચમાં પડવું; હાથ ઘાલવો; ઘાલમેલ કરવી; કોઇની બાબુતમાં માથું મારવું. To engage one's self; to interfere; to mix one's self.

Meddler (મેડ્લર્), *n.* વચ્ચે પડનાર; ઘાલમેલીઓ; ધાંધળિયો; ધમાલ કરનાર. One, that meddles.

Meddlesome (મેડ્લસમ્), *a.* વચ્ચે પડનાર; ઘાલમેલ કરવાની વૃત્તિવાળો; ધમાલ કરનાર. Prone

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

to meddling.

Meddlesomeness (મેડ્લસમનેસ્), *n.* વચ્ચે પડવું તે; દરમ્યાનગીરી કરવી તે. An act of being meddlesome.

Medial (મીડીઍલ્), *a.* વચલું; સરેરાશ; મધ્યમ. Mean; pertaining to a middle part.

Median (મીડિઍન્), *a.* વચ્ચે આવેલું; મધ્યમાં રહેલું. Situated in the middle.

Mediate (મીડિએટ્), *vt. vi. pr. p.* **Mediating.** *imp. & p. p.* **Mediated.** મધ્યસ્થ થવું; વચમાં પડવું; વચમાં આવેલું હોવું. To interpose between two parties.

Mediation (મીડિએશન્), *n.* મધ્યસ્થી; વચ્ચે પડવું તે; મધ્યસ્થ રહેવું તે; દરમ્યાનગીરી કરવી તે. An act of mediating; an intervention.

Mediator (મીડીએટર્), *n.* વચ્ચે પડનાર; મધ્યસ્થ રહેનાર. One, that mediates.

Medical (મેડિકૅલ્), *a.* વૈદકનું; ઔષધીને લગતું; ઉપચારને લગતું. Pertaining to a medicine or medicines.

Medically (મેડિકૅલલિ), *ad.* વૈદકીય રીતે; ઉપચારની રીતિએ; ઔષધની બાબતમાં. In a medical way.

Medicament (મેડિકૅમેન્ટ્), *n.* દવા; ઔષધ; ઓસડ; ઉપચાર. A medicine; any thing used in healing or curing any disease.

Medicamental (મેડિકૅમેન્ટલ્), *a.* દવાનું; ઔષધનું; ઉપચારની બાબતનું. Of or pertaining to medicament.

Medicine (મેડિસિન્), *n.* દવા; ઔષધ; ઓસડ; ઉપચાર. A remedy; a physic. **2.** વૈદકશાસ્ત્ર; વૈદવિદ્યા. The science treating with diseases and their cure.

Medieval (મેડિઇવલ્), *a.* મધ્યકાળ સંબંધી; મધ્યકાલિક; મધ્યકાળને લગતું. Of or pertaining to the middle ages.

Mediocrity (મીડિઑક્રિટિ), *n.* મધ્યદશા; સામાન્યતા; સાધારણ સ્થિતિ; મધ્યમતા. A middle state; a middle degree or rank.

Meditate (મેડિટેટ્), *vt. vi.* ધ્યાન ધરવું; ચિન્તવન કરવું; વિચારવું; કલ્પના કરવી; યોજવું. To think; to consider deeply; to intend.

Meditation (મેડિટેશન્), *n.* ધ્યાન; ચિંતવન; વિચાર; સમાધી; વિચારમગ્ન સ્થિતિ. A deep reflection; a deep thinking; an absorbed state of mind.

Meditative (મેડિટેટિવ્), *a.* ધ્યાનશિલ; વિચાર કરે તેવું; ધ્યાનિમગ્ન; વિચારમાં રોકાયેલ. Inclined to meditate.

Mediterranean (મેડિટરેનીઍન્), *a.* જમીનથી ઘેરાયેલું; ભૂમધ્ય; જમીનની વચમાં આવેલું. Surrounded by land; inclosed by land.

Medium (મીડિઅમ્), *n. pl.* **Media.** મધ્યમ પરિણામ; રસ્તો; સાધન; આવવા જવાની જગ્યા; મારફત. A mean between two results; instrumentality; agency.

Medley (મેડ્લિ), *n. pl.* **Medleys.** ભેળ; ભેળસેળ; ખીચડો; મિશ્રણ. A mixture; a jumble.

Medullar (મેડ્યૂલર્), *n.* હાડકાની અંદરના માવાનું; અસ્થિ સંબંધી. Pertaining to the marrow.

Meed (મીડ્), *n.* બદલો; બક્ષીસ; ફળ; ઈનામ. A reward; a recompense; a gift; a merit.

Meek (મીક્), *a.* ગરીબ; સાલસ; નમ્ર; બીજાની ઈચ્છા વિરૂદ્ધ ન વર્તે તેવું. Gentle; mild; submissive.

Meekly (મીકલિ), *ad.* ગરીબાઇથી; સાલસપણે; નમ્રતાથી. Gently; mildly; submissively.

Meekness (મીકનેસ્), *n.* સાલસાઇ; ભલમનસાઇ; ગરીબાઈ; નમ્રતા. Mildness; gentility; a state of being mild.

Meet (મીટ્), *vt. vi. pr. p.* **Meeting.** *imp. & p. p.* **Met.** મળવું; ભેટવું; મુલાકાત લેવી. To visit; to call on; to pay visit to. **2.** દૃષ્ટિએ પડવું; જોવું; સહન કરવું. To see; to perceive; to endure. **3.** મળવું; મળી જવું; એકઠું થવું. To join; to come together. **To meet with,** ની દૃષ્ટિએ પડવું–મળવું.

Meet (મીટ્), *a.* ઉચિત; યોગ્ય; લાયક. Proper; fit; suitable. *n.* શિકારીઓનું ટોળું; શિકારીઓને મળવાનું સ્થળ. A company of hunters; a meeting–place of hunters

Meeting (મીટિન્ગ્), *n.* મુલાકાત; સભા; મંડળી; બેઠક. An act of calling on; an assembly; a collection of people assembled for a common cause.

Meetness (મીટનેસ્), *n.* લાયકાત; યોગ્યતા. Fitness; suitability.

Megrim (મીગ્રિમ્), *n.* આદાશીશી; માથાનું દુઃખ; માથાનો દુઃખાવો. Pain in the side of the head.

Melancholic (મેલૅન્કૉલિક્), *a.* ઉદ્વેગનું; ખેદયુક્ત; ઉદાસી; દિલગીરી બતાવે તેવું. Full of melancholy; producing sadness.

Melancholy (મેલૅન્કૉલિ), *n.* ઉદ્વેગ; દિલગીરી; ખેદ. Gloominess; sadness; dejection. *a.* દિલગીર; ઉદાસ; ખેદજનક. Gloomy; sad; dejected; causing sadness.

Meliorate (મીલિયૉરેટ્), *vt. vi. pr p.* **Meliorating.** *imp. & p. p.* **Meliorated.** સુધારવું; દુરસ્ત કરવું; ઉન્નત કરવું. To improve; to make better. **2.** દુરસ્ત થવું; સુધરવું. To get better.

Melliferous (મેલિફેરસ્), *a.* ગળપણ પેદા કરે તેવું; ગળપણ લાવે તેવું; મધુજનક. Producing sweetness as honey.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Mellifluous (મેલિફ્લ્યૂઅસ્), *a.* મધુર; મીઠું. Sweet; flowing as honey.

Mellifluously (મેલિફ્લ્યૂઅસ્લિ), *ad.* મધુર રીતે; મીઠાશથી; ગળપણ ભરેલી રીતે. In a mellifluous way.

Mellow (મેલો), *vt. vi.* પાકવું; નરમ થવું; નરમ કરવું; પકવવું. To make soft and tender; to grow ripe; to ripen. *a.* બરોબર પાકેલું; નરમ; પોચું; ગળગળું. Ripened; soft; tender; delicate.

Mellowness (મેલોનેસ્), *n.* નરમાશ; પાકાપણું; ગળગળાપણું; પોચું થવું તે. A state of being mellow; softness.

Melodious (મેલોડિઅસ્), *a.* મધુર; સુસ્વરવાળું; રસીલું. Musical; containing a fine tune or harmony.

Melodiously (મેલોડિઅસ્લિ), *ad.* સુસ્વરથી; મધુરતાથી; રસપૂર્વક. In a melodious way; sweetly.

Melodiousness (મેલોડિઅસ્નેસ્), *n.* સુસ્વર હોવો તે; મધુરતા હોવી તે; મીઠાશયુક્ત બનવું તે. A state of being melodious.

Melodize (મેલોડાઇઝ્), *vt. pr. p.* **Melodizing.** *imp. & p. p.* **Melodized.** સુસ્વરવાળું બનાવવું; મધુરતા ઉત્પન્ન કરવી. To make melodious.

Melody (મેલોડિ), *n.* અવાજની મીઠાશ; મધુરતા; સૂર; સ્વરનો ક્રમ. Sweetness of sound; a sweet succession of sound.

Melon (મેલૉન્), *n.* તડબુચ; ખડબુચ; કાલીંગડું. A kind of large fruit, highly flavoured.

Melt (મેલ્ટ્), *vt. vt. pr. p.* **Melting.** *imp. & p. p.* **Melted.** ગળવું; ઓગાળવું; રસમય કરવું. To soften by heat; to fuse; to dissolve. **2.** ગળવું; ઓગળવું; રસમય થવું. To dissolve; to get softened by heat. **3.** દયાળુ બનવું; લાગણી ઉત્પન્ન થવી; દયાર્દ્ર થવું. To feel pity for.

Melting (મેલ્ટિન્ગ્), *a.* પીગળે તેવું; ઓગળી જાય તેવું; રસમય થઇ જાય તેવું. Capable of being melted. **2.** (*fig.*) નરમ; પોચું; દયાળુ. Soft; tender.

Member (મેમ્બર્), *n.* સભાસદ; 'મેમ્બર'; સભ્ય. An individual of an assembly or a meeting. **2.** અવયવ; શરીરનો કોઇપણ ભાગ. A limb; a part of a body (esp. of animal).

Membership (મેમ્બર્શિપ્), *n.* સભાસદની પદવી અથવા હોદ્દો. The rank or position of a member.

Membrane (મેમ્બ્રેન્), *n.* અંદરની પાતળી ચામડી; ત્વચા; પડ. A thin tissue of the body.

Membranous (મેમ્બ્રેનસ્), *a.* અંદરની ચામડીનું; પાતળી ચામડી જેવું. Of or pertaining to membrane.

Memento (મીમેન્ટો), *n.* યાદગીરી; સંભારણું; સ્મારક. Something, that reminds; a token of remembrance.

Memoir (મેમૉઈર્), *n.* ચરિત્ર; જીવનવૃત્તાંત; બ્યાન; હકીકત. A history; a historical account; an account of events in the life of a noteworthy person; a biography.

Memorable (મેમોરેબલ્), *a.* યાદ રાખવા જેવું; યાદગીર; સ્મરણીય. Worthy of being remembered; remarkable; noteworthy.

Memorandum (મેમોરૅન્ડમ્), *n. pl.* **Memoranda.** યાદી; ટીપ; નોંધ; સ્મરણપોથી; ટિપ્પણ; ટાંચણ. A brief note; a record of some events or accounts.

Memorial (મેમોરિઍલ્), *n.* યાદગીરી; સ્મરણ સ્તંભ; કીર્તિસ્તંભ. A monument; a memory. **2.** યાદ; ટીપ; નોંધ. A record; a memorandum.

Memorialist (મેમોરિઍલિસ્ટ્), *n.* સ્મારક કરનાર; સ્મારકના ઉપર કવિતા વિગેરેથી લોકોને યાદ દેવડાવનાર. One who writes on memorials.

Memorize (મેમોરાઈઝ્), *vt.* સ્મરણ કરાવવું; યાદ રહે તેવી રીતે લખવું; સ્મરણ સ્તંભ ઉપર કોતરાવવું. To cause to remember; to record.

Memory (મેમોરિ), *n.* યાદગિરિ; સ્મરણ; સ્મૃતિ; સ્મરણ શક્તિ. Remembrance; a state of being remembered. [Rational beings.

Men (મેન્), *n. pl.* of **Man.** માણસો; મનુષ્યો.

Menace (મેનેસ્), *vt. pr. p* **Menacing.** *imp. & p. p.* **Menaced.** ધમકી આપવી; ધમકાવવું; દહેશત ઉપજાવવી; ભય ઉપજાવવો. To threaten; to overawe. *n.* ધમકી; ડરામણી; ભય ઉપજાવવો તે. A threatening; a threat.

Menacing (મેનેસિન્ગ્), *a.* ધમકી આપે તેવું; બીક ઉપજાવે તેવું; ભય વાહક. Threatening.

Menage (મેનેઝ્), *n.* ઘરગથ્થુ કામ; ઘરનો ધંધો; ગૃહકાર્ય વ્યવસ્થા. Management of household affairs.

Menagerie (મેનૅજરિ), *n.* શિકારખાનું; સંગ્રહસ્થાન; જંગલી પ્રાણીઓનું સંગ્રહસ્થાન. A collection of wild beasts for the purpose of exhibition.

Mend (મેન્ડ્), *vt. vr.* સુધારવું; સમારવું; દુરસ્ત કરવું; સારૂં કરવું. To improve; to repair; to correct. **2.** છોલવું; ઘડવું; અણી કાઢવી. To set right; to patch. **2.** સારા થવું; સુધરવું. To recover; to get better.

Mendable (મેન્ડેબલ્), *a.* સુધારી શકાય તેવું; દુરસ્ત કરી શકાય તેવું; છોલી શકાય તેવું. Capable of being mended.

Mendacious (મેન્ડેશસ્), *a.* અસત્યવાદી; જુઠું બોલનાર; લબાડ; લુચ્ચો. Prone to falsehood; deceptive; false.

Mendacity (મેન્ડૅસિટિ), *n.* જુઠ; લબાડીપણું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટું બોલવું તે; અસત્ય. Falsehood; a lie.

Mender (મેન્ડર), *n.* સુધારો કરનાર; દુરસ્ત કરનાર; સમારનાર. One, who mends.

Mendicancy (મેન્ડિકૅન્સિ), *n.* ભિક્ષાવૃત્તિ; કંગાલપણું; યાચકવૃત્તિ. Beggary; a state of a mendicant.

Mendicant (મેન્ડિકૅન્ટ), *n.* ભીખારી; જોગી; બાવો; વેરાગી; ફકીર; સંન્યાસી. A beggar; a begging friar. [**Mendicancy.**

Mendicity (મેન્ડિસિટિ), *n.* Same as,

Menial (મીનિઍલ), *a.* હલકું; નીચ; અધમ; ઉતરતા દરજ્જાનું. Mean; servile; low. *n.* ઘરનો ચાકર; વસવાયું; હલકું કામ કરનાર. A servant; a household servant.

Menses (મેન્સિસ), *n. pl.* ઋતુ પ્રાપ્તિ; દસ્તાન; અટકાવ; ઓપટી. The monthly discharge of a woman.

Menstrual (મેન્સ્ટ્રૂઍલ), *a.* માસિક; દરમહિનાનું; મહિને મહિને થતું. Monthly; recurring every month. **2.** ઋતુદાનને લગતું; ઋતુદાનનું. Pertaining to menses.

Menstruate (મેનસ્ટ્રૂએટ), *vt.* સ્ત્રીને અટકાવ આવવો; બહાર બેસવું; છેટે બેસવું. To discharge the menses.

Menstruation (મેનસ્ટ્રૂએશન), *n.* અટકાવવાળું થવું તે; ઋતુ પ્રાપ્તિ મેળવવી તે; રજસ્વલા બનવું તે. An act of menstruating.

Menstruous (મેન્સ્ટ્રૂઅસ), *a.* ઋતુદાનને લગતું; સ્ત્રીઓના માસિક અટકાવનું. Of the monthly flow of females.

Mensurable (મેન્શ્યૂરેબલ), *a.* માપી શકાય તેવું; મોજણી કરી શકાય તેમ. Capable of being measured.

Mensurableness (મેન્શ્યૂરેબલનેસ), *n.* માપી શકાય તેવી સ્થિતિ; મોજણી કરી શકાય તેવી હાલત. A state of being mensurable.

Mensuration (મેન્શ્યૂરેશન), *n.* માપવું તે; માપણી; મોજણી; માપણી કરવી તે. An act of measuring (esp. the surface of the earth).

Mental (મેન્ટલ), *a.* માનસિક; મનનું; મનકલ્પિત; મનોજન્ય. Of the mind; resulting from the mind or a thought; intellectual.

Mentality (મેન્ટલિટિ), *n.* મનોધર્મ; માનસ સ્વભાવ. The common state of mind.

Mentally (મેન્ટલિ), *ad.* માનસિક દૃષ્ટિએ; મનમાં ને મનમાં. Intellectually.

Mentha (મેન્થ), *n.* ફુદીનો; ઈલ્મીટ. A kind of fragrant plant.

Mention (મેન્શન), *vt.* કહેવું; બોલવું; વર્ણન કરવું; નિવેદન કરવું. To say; to speak briefly about; to describe. *n.* કથન; ટુંકામાં બોલવું તે; સંક્ષિપ્ત સૂચન. A brief speaking about any thing; a short statement.

Mentionable (મેન્શનેબલ), *a.* કહી શકાય તેવું; જણાવી શકાય તેવું; નિવેદન કરી શકાય તેવું. Capable of being mentioned.

Mentor (મેન્ટૉર), *n.* ડાહ્યો સલાહકાર; સારી રીતે બોધ આપનાર; ઉપદેશ દેનાર. A wise adviser; a faithful instructor.

Mercantile (મર્કૅન્ટાઇલ), *a.* વેપારનું; વેપાર સંબંધી; શાહુકાર અથવા વેપારીને લગતું. Pertaining to trade or commerce; of a merchant.

Mercenary (મર્સિનૅરિ), *n.* પગાર લઇ બીજા રાજ્યની નોકરી કરનાર સૈનિક-સિપાઇ; પગારદાર સિપાઈ. A soldier, hired for a foreign state. *a.* ભાડુતી; પૈસા લઇ કામકાજ કરનાર; લાલચુ. Hired; working for reward only.

Mercer (મર્સર), *n.* રેશમી અને ઉનના કાપડનો વેપારી. A dealer in silken and woollen cloth.

Mercery (મર્સરિ), *n.* રેશમ અથવા ઉનનું કાપડ. The silken or woollen cloth. **2.** વેપાર. A trade.

Merchandise (મૅર્કૅન્ડાઇઝ), *n.* વેપારની ચીજ; દ્રવ્ય; જણસો; વેચી શકાય અથવા વકરો કરી શકાય તેવી ચીજો. Wares; articles for sale; commodities. *vt.* વેચવું; વેચાણ કરવું; ખરીદવું; વિક્રય કરવો. To buy; to sell; to bargain.

Merchant (મર્ચન્ટ), *n.* વેપારી; સોદાગર; મોટા પ્રમાણમાં વેપાર કરનાર. A trader; one, who carries on a large trade. *a.* વેપારનું; વેપારને લગતું. Commercial.

Merchantable (મર્ચન્ટેબલ), *a.* વેચવા લાયક; ઉપાડ થાય તેવું; માલ વેચાય જાય તેવું. Fit for sale.

Merchant-man (મર્ચન્ટ-મૅન), *n.* માલ લઇ જનારૂં તેમજ લાવનારૂં વહાણ; બેપારનું વહાણ. A trading vessel.

Merciful (મર્સિફુલ), *a.* દયાળુ; કૃપાળુ; ક્ષમાવંત; ક્ષમાશીલ. Showing mercy; full of pity; tender-hearted.

Mercifully (મર્સિફુલલિ), *ad.* દયાથી; કૃપાપૂર્વક; ક્ષમાશીલપણે. In a merciful way; tender-heartedly.

Merciless (મર્સિલેસ), *a.* નિર્દય; ઘાતકી; જંગલી; દયાહીન. Cruel; pitiless.

Mercilessly (મર્સિલેસલિ), *ad.* નિર્દયપણે; ઘાતકીપણે; દયાહીન રીતે. Cruelly; in a merciless way.

Mercurial (મર્ક્યૂરિઍલ), *a.* પારાનું; પારદનું; પારા વિષેનું. Pertaining to or of mercury.

Mercury (મર્ક્યૂરિ), *n.* પારો; પારદ. One of the ores; a kind of chemical substance. **2.** બુધ; બુધદેવ; બુધનો ગ્રહ. One of the planets, revolving round the sun. **3.** દૂત; કાસદ; બેપીઓ. A messenger.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Mercy (મર્સિ), *n.* દયા; કરૂણા; કૃપા; ક્ષમાશીલતા. Pity; compassion; mildness of temper.

Mere (મીર્), *a.* કેવળ; માત્ર; ફક્ત. Only; absolute; entire.

Merely (મીર્લિ), *ad.* કેવળ; માત્ર; ફક્ત. Only; entirely; solely.

Meretricious (મેરીટ્રિશસ્), *a.* છિનાળવું; રાંડનું; કિસ્બણના પેટનું. Of a prostitute. **2.** ખોટા મોહથી લોભાવનારૂં. Alluring by a false show.

Merge (મર્જ), *vt. vi. pr. p.* **Merging.** *imp. & p. p.* **Merged.** ગરક કરવું; લીન કરવું; હુબી જવું. To cause to be absorbed; to be swallowed. **2.** હુબી જવું; ગરક થવું; લીન થવું. To sink; to engross.

Meridian (મીરિડિઍન્), *n.* મધ્યાન્હ; બપોર. Mid-day; noon. **2.** મધ્યાન્હ રેખા-રેષા; ગ્રામ્યોત્તર રેષા-વૃત્ત. A longitude, passing through the zenith of any place.

Merit (મેરિટ્), *n.* ગુણ; યોગ્યતી; લાયકી; પુણ્ય; ધર્મ; ફળ; બદલો. A quality; excellence; worth; fitness; a result; a recompense. **2.** શ્રેષ્ટતા; ઉપરીપણું. Superiority. **3.** *pl.* ગુણદોષ. Good as well as bad qualities. *vt. vi.* યોગ્ય બનવું; લાયક બનવું. To deserve; to be fit for. **2.** ઇનામ આપવું; બદલો આપવો. To reward.

Meritorious (મેરિટોરિઅસ્), *a.* ગુણવાન; યોગ્ય; ગુણસંપન્ન; પુણ્યશાળી. Possessing good merits; virtuous; praiseworthy.

Meritoriously (મેરિટોરિઅસ્લિ), *ad.* યોગ્યરીતે; ગુણવાન રીતે; પુણ્યશાળીપણે. In a meritorious way.

Mermaid (મર્મેડ્), *n.* ઉપલો ભાગ સ્ત્રીનો અને નીચલો ભાગ માછલીના જેવો, એવું એક કલ્પિત પ્રાણી. A fabulous marine creature, with the upper part like a woman and the lower one like a fish.

Merrily (મેરિલિ), *ad.* મોજમજાહથી; આનંદથી; હર્ષથી. Cheerfully; gaily.

Merriment (મેરિમેન્ટ્), *n.* મોજમજા; આનંદ; ખુશાલી; ઉલ્લાસ; વિનોદ; હાસ્ય. Mirth; gaiety with laughter.

Merry (મેરિ), *a.* આનંદી; હસમુખું; ખુશ; ઉલ્લાસિત; વિનોદી. Mirthful; gay; sportive. **Merry-andrew,** *n.* વિદૂષક; રંગલો. **Merry-man,** *n.* વિદૂષક; નકલ કરી બીજાને હસાવનાર.

Mesh (મેશ્), *n.* જાળનું કાણું-બાકું. Net-work with a hole. *vt. vi.* જાળમાં પકડવું; ભરાવવું; સપડાવવું. To entrap into a mesh. **2.** સપડાઇ જવું; જાળમાં પકડાઇ જવું. To be entrapped. **Mesh-work,** *n.* જાળીવાળું કામ; જાળનું ગુંથેલું કામ.

Mesmerism (મેસ્મેરિઝમ્), *n.* મન જાગૃત રહે ત્યાંણ શરીરને બેભાન કરવાની ક્રિયા-કળા; પ્રાણવિનિમય; એકનો પ્રાણ બીજાના પ્રાણસાથે બદલવાની ક્રિયા. The doctrine, that a person can exert his influence on the will-power of another.

Mess (મેસ્), *n.* વીસી; ભાણું; એકી વખતનું ભાણું. An inn; a lodge; a meal. **2.** ગડબડગોટો; ગોટાળો; સેળભેળ. A mixture of many things; a medley. **3.** ફજેતી; હાલહવાલ; ખરાબ હાલત. A plight; a miserable condition. *vi. vt.* વીસીમાં જમવું; સાથે બેસીને ભોજન લેવું. To dine at an inn; to take a meal in a mess. **Mess-mate,** *a.* જમવામાં સોબતી; એકજ પંગતે જમનાર.

Message (મેસેજ્), *n.* તાકીદનો સંદેશો; સમાચાર; કહેણ; પેગામ. An urgent communication either written or verbal. *vt.* સંદેશો લઈ જવો; સંદેશો પહોંચાડવો. To carry a message.

Messenger (મેસેન્જર્), *n.* કાસદ; એપિયો; જાસુસ; હલકારો; દૂત; સંદેશો લઇ જનાર તેમજ લાવનાર. A carrier; a courier; a herald.

Messiah (મીસાઈઍ), *n.* ઠરાવેલો ખ્રિસ્ત; અભિષિક્ત. The Saviour; Christ.

Messuage (મેસ્વેજ્), *n.* ઘર અને તેને લગતી જમીન-જગ્યા; ગૃહવાટિકા. A dwelling house with the adjacent buildings, etc. appropriated to the use of the household.

Metal (મેટૅલ્), *n.* ધાતુ; કાચી ધાતુ. A certain elementary substance such as gold, brass, copper, etc. as dug out from a mine. *a.* ધાતુનું; ધાતુને લગતું; ધાતુમય. Of or formed of metal.

Metallic (મેટૅલિક્), *a.* ધાતુને લગતું; કાચી ધાતુવાળું; ધાતુનું. Of or pertaining to metal.

Metallist (મેટૅલિસ્ટ), *n.* ધાતુ પરીક્ષક; ધાતુનું અથવા ધાતુ ઉપર કામ કરનાર. A worker in metals.

Metallurgy (મેટૅલર્જિ), *n.* ધાતુશોધન વિદ્યા; ધાતુશોધન. An art of working with metals.

Metamorphose (મેટૅમૉર્ફોસ્), *vt.* રૂપ બદલવું; રૂપાન્તર કરવું; રૂપભેદ બનાવવું-કરવું. To transform; to change the shape of.

Metamorphosis (મેટૅમૉર્ફોસિસ્), *n.* રૂપાન્તર; બદલો; ફેરો; એક સ્થિતિમાંથી બીજી સ્થિતિમાં બદલાઇ જવું તે. A transposition; a change; a change in form or shape.

Metaphor (મેટૅફર્), *n.* ઉપમા; રૂપક; અલંકાર; લક્ષણા. An implied simile. (*e. f.* That man is a crow).

Metaphoric,-al (મેટૅફૉરિક્,-કૅલ્), *a.* ઉપમાનું; રૂપકનું; અલંકારમય. Of or pertaining to a metaphor.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Metaphorically (મેટૅફૉરિકલિ), *ad.* ઉપમાની દ્રષ્ટિએ; રૂપક ગણાય તેવી રીતે. In a metaphoric way.

Metaphrase (મેટૅફ્રેઝ), *n.* શબ્દે શબ્દનો તરજુમો; શબ્દે શબ્દ પ્રમાણે ભાષાંતર. A verbal translation. [**Metaphrase.**

Metaphrasis (મેટૅફ્રેઝિઝ), *n.* Same as,

Metaphrast (મેટૅફ્રસ્ટ), *n.* શબ્દે શબ્દનો તરજુમો કરનાર–અર્થ કરનાર. A literal translator.

Metaphrastic,-al (મેટૅફ્રસ્ટિક,–કલ), *a.* શબ્દે શબ્દનો તરજુમો કરે તેવું;–અર્થ કરનારનું. Pertaining to a metaphrast.

Metaphysical (મેટૅફિઝિકલ), *a.* આત્મ–તત્વ વિદ્યા સંબંધી; આત્મ તત્વ વિદ્યાને લગતું. Pertaining to metaphysics. **2.** તદ્‌ભૂત; આશ્ચર્યવત. Wonderful; surprising.

Metaphysician (મેટૅફિઝિશૅન), *n.* આત્મ તત્વ વિદ્યા જાણનાર; માનસશાસ્ત્રમાં નિપુણ માણસ. One well-knowing metaphysics.

Metaphysics (મેટૅફિઝિક્સ), *n.* આત્મ તત્વ વિદ્યા; માનસશાસ્ત્ર; અર્થતત્વ શાસ્ત્ર. Mental philosophy; the science on relationship of the external world to the human beings.

Metathesis (મેટૅથીસિસ), *n.* અક્ષરોનું આગળ પાછળ થઇ જવું તે; વર્ણવિપર્યય. A transposition of letters or syllables of a word.

Mete (મીટ), *vt.* માપવું; ભરવું; માપીને નક્કી કરવું. To measure; to ascertain by measuring. **Mete-yard,** *n.* માપવાનો સળિયો–યાર્ડ.

Metempsychosis (મેટેમ્સિકોસિસ), *n.* જન્માંતર; જન્મમરણનો ફેરો. Transmigration; an act of passing away of the soul from one body to another.

Meteor (મીટીઅર), *n.* ખરતો તારો; ભૂતનો ભડકો. A body that flies in the amosphere; a shooting star.

Meteoric (મીટીઑરિક), *a.* ખરતા તાર સંબંધી; ખરતા તારાનું. Of a meteor.

Meteorite (મીટીઑરાઇટ), *n.* ખરતા તારામાંથી નીકળતો અથવા પડતો પત્થર. A mass of stone or iron, falling from a meteor.

Meteorological (મીટીઅરૉલૉજિકલ), *a.* વાયુ ચક્ર સંબંધી; આકાશી પદાર્થોનું. Pertaining to the atmosphere and its phenomena.

Meteorology (મીટીઅરૉલૉજિ), *n.* વાયુચક્ર શાસ્ત્ર; વાયુમંડળ વિદ્યા. The science of the atmosphere and its phenomena.

Meter, Metre (મીટર), *n.* ચરણ; કવિતાનું માપ; પ્રાસ. Poetical measure; rhyme. **2.** ૩૯·૩૭ ઇચનું માપ; 'મીટર'. A measure of 39·37 inches.

Methinks (મીથિન્ક્સ), *vi.* મને જણાય છે કે; મને જણાય છે જે મુજબ. It seems to me that.

Method (મેથૉડ), *n.* રીત; ક્રમ; પદ્ધતિ; નિયમ. A way; a system; a procedure; an order.

Methodic,-al (મેથૉડિક,–કલ), *a.* ક્રમનું; પદ્ધતિને લગતું; નિયમને લગતું; રીતનું. Of or pertaining to a method; systematic.

Methodically (મેથૉડિકલિ), *ad.* નિયમ પ્રમાણે; રીતસર; પદ્ધતિસર. In a methodical way; systematically.

Methodist (મેથૉડિસ્ટ), *n.* નિયમ પ્રમાણે ચાલનાર; રીત મુજબ વર્તનાર; ક્રમપ્રમાણે વર્તનાર. One, who observes or follows method. **2.** તત્વવેત્તાની જુના વખતની એક નિશાળ. One of the old schools of philosophers. **3.** જોન વેસ્લી નામના તત્વવેત્તાને માનનાર-ના પ્રમાણે અનુસરનાર. A follower of the principles, laid down by John Wesley.

Methodize (મેથૉડાઇઝ), *vt. pr. p.* **Methodizing.** *imp.* & *p. p.* **Methodized.** નિયમસર ગોઠવવું; પદ્ધતિસર મુકવું; ક્રમ પૂર્વક કરવું. To arrange in order, to work systematically.

Metonymy (મેટૉનિમિ), *n.* એક શબ્દને બદલે બીજો શબ્દ મૂકવાથી થયેલો અલંકાર. A figure of speech, by which one word is substituted for another. [**Meter.**

Metre, Meter (મીટર), *n.* Same as,

Metric (મેટ્રિક), *a.* મીટરના માપ સંબંધી; મીટરના માપનું; દશાંશ પદ્ધતિનું. Of or pertaining to the measurement in metres or the decimal system.

Metric,-al (મેટ્રિક,–કલ), *a.* માપનું; માપ સંબંધી. Pertaining to the measurement. **2.** છંદનું; તાલબદ્ધ; પ્રાસાનુબદ્ધ. Of or pertaining to a metre or rhyme.

Metrology (મેટ્રૉલૉજિ), *n.* માપ, વજન, વિગેરેનું શાસ્ત્ર. A science dealing on weights and measures, etc.

Metropolis (મીટ્રૉપૉલિસ), *n.* રાજ્યધાની; મુખ્ય શહેર; પાટનગર; રાજનગર. The chief or capital city of a state or kingdom.

Metropolitan (મીટ્રૉપૉલિટૅન), *n.* મુખ્ય ધર્માધ્યક્ષ; મુખ્ય ધર્માધિકારી. An archbishop. *a.* રાજ્યધાનીને લગતું; રાજનગર સંબંધી. Pertaining to the capital city or town. **2.** પાદરીનું. Of a bishop.

Mettle (મેટ્લ), *n.* હિંમત; પાણી; જોશ; તેજ; હીર; કસ; દમ. Courage; spirit; boldness; fortitude. [Spirited; fiery.

Mettled (મેટ્લ્ડ) *a.* પાણીદાર; તેજદાર; દમવાળું.

Mettlesome (મેટ્લસમ), *a.* પાણીદાર; દમવાળું; છાતીવાળું; હિંમતવાન; તેજ. Spirited; bold; courageous; fiery.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Mettlesomeness (મેટ્લ્સમ્નેસ્), *n.* પાણીદાર અથવા તેજદાર હોવું તે; હિંમતવાન બનવું તે. A state of being mettlesome.

Mew (મ્યુ), *n.* બતક, વિગેરે રાખવાનું પાંજરૂં; પુરવાની જગ્યા; ગોંધવાની જગ્યા. A cage for hawks; a coop for fowls. 2. બિલાડીનું મ્યાઉં મ્યાઉં કરવું તે. The common cry of a cat. *vt. vi.* પાંજરામાં પુરવું; ગોંધવું; પુરવું. To confine in a cage; to inclose. 2. મ્યાઉં મ્યાઉં કરવું. To cry in the manner of a cat.

Mewl (મ્યૂલ્), *vi.* દુઃખથી બચ્ચાંની માફક રડવું; બુમ પાડીને રોવું. To cry in the manner of a child.

Mica (માઇકે), *n.* અબરખ; અભ્રક. A kind of [mineral.

Micaceous (માઇકેશસ્), *a.* અબરખવાળું; અબરખનું; અબરખનું બનાવેલું. Made of mica; containing mica.

Miche (માઇશ્), *vi.* સંતાઇ રહેવું; ભરાઈ બેસવું; છુપાઇ જવું. To lie hidden; to get concealed.

Microscope (માઈક્રોસ્કોપ્), *n.* સૂક્ષ્મદર્શક યંત્ર; ઝીણીવસ્તુને મોટી કરીને બતાવનારૂં યંત્ર. An optical instrument, showing the tiniest things as visible.

Microscopic,-al (માઇક્રોસ્કૉપિક્,-કૅલ્), *a.* સૂક્ષ્મદર્શક યંત્રનું; સૂક્ષ્મદર્શક યંત્રથી જોવાય તેવું. Of a microscope. 2. અતિસૂક્ષ્મ; બારીક. Very small; tiny.

Mid (મિડ્), *a.* વચલું; મધ્યનું; અંદરનું. Middle; occupying the middle place.

Middle(મિડ્લ્), *a.* વચ્ચેનું; વચલું; મધ્યમ. Of the mid; occupying the mid position. *n.* મધ્યદેશ; મધ્ય ભાગ. A middle portion. **Middle-aged,** *a.* આધેડ. **Middle-most,** *a.* વચ્ચોવચનું. **Mid-day,** *n.* બપોર; મધ્યાન્હ.

Middling (મિડ્લિન્ગ્), *a.* મધ્યમ; સાધારણ; વચલા વાંધાનું. Of the common class.

Midge (મિજ્), *n.* માંખ; ડાંસ; મચ્છર. Gnats.

Midst (મિડ્સ્ટ્), *prep.* મધ્યે; વચમાં. In the middle part of. *ad.* મધ્યે; વચમાં. In the middle. *n.* મધ્યભાગ; મધ્ય. The central part.

Mid-wife (મિડ્-વાઇફ્), *n.* દાઇ; સુયાણી; પ્રસુતીના કામમાં મદદ કરનાર બાઇ. A woman, whose occupation it is to help at the time of child-birth. *vi.* સુયાણીનું કામ કરવું; દાઇ તરીકે કામ કરવું. To work as a mid-wife.

Mid-wifery (મિડ્-વાઇફરિ), *n.* પ્રસવ વિદ્યા; ગર્ભમોચન વિદ્યા; સૂયાણીનું કામ; દાઇનું કામ. The profession of a mid-wife; the science of delivery.

Mien (મીન્), *n.* ચહેરો; દેખાવ; ડોળ; રૂપ; શિકલ; આકૃતિ; મુદ્રા. A look; an appearance; an outward figure.

Might (માઇટ્), *n.* જોર; બળ; શક્તિ કૌવત; તાકાદ. Strength; ability; power. *vi.* સહાયકારક ક્રિયાપદ '**may**' ના ભૂતકાળનું રૂપ. It is the past tense of **may.**

Mightily (માઇટિલિ), *ad.* જોરાવરપણે; જોરથી; બળપૂર્વક. Forcibly; strongly; powerfully.

Mightiness (માઇટિનેસ્), *n.* જોર હોવું તે; બળવાન ગણાવું તે. A state of being mighty.

Mighty (માઇટિ), *a.* જોરાવર; પરાક્રમી; બળવાન; શક્તિવાન. Powerful; vigorous; strong. 2. પ્રચંડ; અતિશય. Very great; excessive.

Migrate (માઇગ્રેટ્), *vi. pr. p.* **Migrating.** *imp. & p. p.* **Migrated.** દેશાંતર જવું; એક દેશમાંથી બીજા દેશમાં જવું; સ્થળાન્તર કરવો; જન્મ સ્થાન બદલવું. To go to a foreign place; to change one's residence.

Migration (માઇગ્રેશન્), *n.* દેશાંતર કરવું તે; એક દેશમાંથી અન્ય સ્થળે જવું તે. An act of migrating.

Migratory (માઇગ્રૅટરિ), *a.* દેશાંતર જઇ રહેનાર; ભટકતું; અદૃઢ રીતે રહેતું. Inhabiting a country not one's own; unsteady in fixing the habitation.

Milch (મિલ્શ્), *a.* દૂઝણી; દૂધ દેતી. Giving milk. 2. નાજુક; નરમ. Tender; soft.

Mild (માઈલ્ડ્), *a.* ભલું; સાલસ; નમ્ર; નરમ દીલનું; શાંત; સૌમ્ય. Gentle; kind; tender; calm; soft.

Mildly (માઇલ્ડ્લિ), *ad.* સાલસપણે; ભલાઈથી; નમ્રતાપૂર્વક; નરમાશથી. Gently; kindly; calmly.

Mildness (માઇલ્ડ્નેસ્), *n.* નરમાશ; ભલમનસાઇ; નમ્રતા;ગરીબાઈ Gentility; goodness of temper.

Mildew (મિલ્ડ્યૂ), *n.* ઉબ; છારી; ફુગ. A collection of powdery fungi. *vi.* ઉબ વળવી; છારી બાઝવી; ફુગ આવવી. To taint with mildew.

Mile (માઇલ્), *n.* ૫૨૮૦ ફીટનું અંતર; 'માઇલ'. A distance of 5280 feet.

Mileage (માઇલેજ્), *n.* દર માઇલે મુસાફરીમાં મળતું ભથ્થું. An allowance, given per every mile. 2. માઈલ પ્રમાણેનું અંતર-છેટું. A distance according to the miles.

Militant (મિલિટૅન્ટ્), *a.* લઢાઇ કરતું; યુદ્ધ કરે તેવું; લઢનાર. Prone to fighting; apt to fighting; of the war-like nature.

Military (મિલિટૅરિ), *a.* લશ્કરી; યુદ્ધનું; યુદ્ધ સંબંધી. Pertaining to an army; of war; war-like. *n.* સૈન્ય; ફોજ; સેના. Troops; an army.

Militate (મિલિટેટ્), *vt. vi.* સામું થવું; વિરૂદ્ધ હોવું; ઝગડો કરવો; લઢાઈ કરવી. To oppose; to fight; to contend.

Militia (મિલિશે), *n.* જરૂર વખતે લડવાને રાખેલી ફોજ; ભારૂતી લશ્કર. A troop of soldiers, who are not regularly and permanently

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

employed as the soldiers.

Milk (મિલ્ક્), *n.* દૂધ; પય; ક્ષીર. A white sweet fluid, of the female mammals. *vt. vi.* દૂધ દહોવું; દોવું. To press milk from the udders of. (*fig.*) જોરજુલ્મથી છીનવી લેવું; પડાવી લેવું. To deprive of. **Milk-maid,** *n.* દૂધ વેચનાર છોકરી-બાળા; દૂધવાળી. **Milk-man,** *n.* દૂધવાળો. **Milk-teeth,** *n.* દૂધિયા દાંત. **Milk-pail** or **pot,** *n.* દૂધ દહોવાનું વાસણ; વટલોઇ; તાંબડી.

Milky (મિલ્કિ), *a.* દૂધવાળું; દૂધનું; દૂધનું બનાવેલું. Containing milk; of milk; made of milk. **Milkyway,** *n.* આકશગંગા; મંદાકિની.

Mill (મિલ્), *n.* ઘંટી; ચક્કી. A grinding stone. 2. દળવાની મિલ. A factory where-in corn is reduced to powder. 3. વણવાનો સાંચો; કોઈ પણ જાતનો તૈયાર માલ બનાવવાનું કારખાનું. A machine of manufacturing goods or articles. *vt.* દળવું. To reduce to powder. 2. સાંચામાં તૈયાર કરવું-બનાવવું. To manufacture. 3. છાપ મારવી. To stamp. 4. કુંદી કરવી. To full (with a machine).

Millennial (મિલેનિઍલ્), *a.* હજાર વર્ષનું; હજાર વર્ષ ચાલે તેવું. Of or pertaining to a period of one thousand years.

Millennium (મિલેનિયમ્), *n.* હજાર વર્ષ; સહસ્ર વરસનો યુગ. A period of one thousand years.

Miller (મિલર્), *n.* કારખાનાવાળો; કારખાનામાં કામ કરનાર. One, who works in a mill; one who owns a mill or a factory.

Millet (મિલેટ્), *n.* બોજરી. A kind of grain.

Milliner (મિલિનર્), *n.* સ્ત્રીઓના માથાનો પોશાક બનાવનારી દરજણ. A woman, preparing the head-dress, etc. of females.

Millinery (મિલિનરિ), *n.* સ્ત્રીઓના માથાનો પોશાક (ટોપી, પટી, વિગેરે). The head-dress of a female. 2. દરજણનો ધંધો. The work of a milliner.

Million (મિલ્યૉન્), *n.* દશ લાખની સંખ્યા. A number consisting of ten lacs. 2. (*fig.*) મોટી સંખ્યા; ઘણી મોટી સંખ્યા. A very great figure. *a.* દશ લાખની સંખ્યાનું. Of a million.

Millionaire (મિલ્યૉનેર્), *n.* દશલાખ રૂપિયાનો આસામી-શેઠ; ઘણોજ પૈસાદાર માણસ. A very wealthy person; a very rich man.

Milter (મિલ્ટર્), *n.* માછલાનો નર; માછલો. A male fish.

Mimic (મિમિક્), *n.* નકલ કરનાર; ચાળા પાડનાર; નકલી. One who imitates; a baffoon. *a.* નકલ કરે એવું; ચાળા પાડે તેવું; અનુકરણ કરે તેવું. Prone to imitate; imitative. *vt.* ચાળા પાડવા; દાંત દેખાડવા (મશ્કરીમાં); નકલ કરવી. To imitate; to mock.

Mimical (મિમિકૅલ્), *a.* નકલનું; ચાળાનું; નકલને લગતું. Pertaining to mimics.

Mimicry (મિમિક્રિ), *n.* ચાળા; અનુકરણ; નકલ કરવી તે; દાંતીયા કરવા તે. Gestures; an imitation.

Minaret (મિનૅરેટ્), *n.* મિનારો; બુરજ; શિખર. A lofty tower attached to a mosque or a fort.

Mince (મિન્સ્), *vt. vi.* ઝીણા ઝીણા કટ્કા કરવા; કચુંબર કરવું; ચુરો કરવો. To cut into pieces. 2. ધીમા પગલાથી ચાલવું; ડોળથી ચાલવું. To walk with slow steps.

Mind (માઈન્ડ્), *n* મન; ચિત્ત; ધ્યાન; અંતઃકરણ; વિચાર; હેતુ; ઇરાદો; મનનું વલણ. Attention; the heart; an idea; an aim; a mental inclination. *vt.* મનદેવું; ધ્યાન આપવું; ચિત્ત ચોંટાડવું; માનવું. To attend; to pay attention; to be careful; to believe.

Mindful (માઈન્ડ્-ફુલ્), *a.* કાળજીવાળું; ધ્યાન આપનાર; સાવધાન; સાવચેત. Careful; attentive.

Mindfully (માઈન્ડ્ફુલ્લિ), *ad.* કાળજીપૂર્વક; સાવધાનતાથી; સાવચેતીથી. Carefully; attentively.

Mindfulness (માઇન્ડ્ફુલ્નેસ્), *n.* સાવચેતી રાખવી તે; કાળજી; ફીકરમંદ હોવું તે. A state of being mindful.

Mine (માઈન્), *pro.* મારૂં; મ્હારૂં. The possessive case of the pronoun, I.

Mine (માઇન્), *n. pl.* **Mines.** ખાણ; સુરંગ. A place or cavity where a metal or metals are available; an underground passage. *vt.* ખોદીને પાયો પાડી નાંખવો; સુરંગ ફોડીને નાશ કરવું; સુરંગ ફોડવી. To destroy by means of a mine. 2. ખોદવું; ખાણ ખોદવી. To dig; to dig out a mine.

Miner (માઇનર્), *n.* ખાણ ખોદનાર; ખાણમાં કામ કરનાર; સુરંગ ફોડનાર. One, who works in a mine.

Mineral (મિનરૅલ્), *n.* ખાણમાંની વસ્તુ; ખનીજ પદાર્થ; ધાતુ. Any ingredient in the crust of the earth. *a.* ખીનજ પદાર્થનું; ધાતુનું; ખાણમાંની વસ્તુને લગતું. Pertaining to a mineral or minerals.

Mineralize (મિનરૅલાઇઝ્), *vt.* ખનીજ પદાર્થ બનાવવો; ખનીજનો પાસ દેવો. To change into mineral.

Mineralist (મિનરૅલિસ્ટ્), *n.* ખનીજ પદાર્થ બનાવવામાં નિપુણ; ખનીજ પદાર્થની બાબતમાં સારી માહિતી મેળવનાર. One, expert in minerals.

Mineralogist (મિનરૅલૉજિસ્ટ્), *n.* ધાતુવેત્તા; ધાતુ પરીક્ષક. One, well up in the study of metals.

Mineralogy (મિનરૅલૉજિ), *n.* ધાતુ વિદ્યા; ખનીજ વિદ્યા. The science, dealing with

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

minerals. [The goddess of Learning.

Minerva (મિનર્વા), *n.* સરસ્વતી દેવી; સરસ્વતી.

Mingle (મિન્ગ્લ્), *vt. vi. pr. p.* **Mingling.** *imp. & p. p.* **Mingled.** મેળવવું; એકઠું કરવું; સેળભેળ કરવું. To mix; to mix together; to put together; to combine. **2.** એકઠું થવું; સેળભેળ થવું. To be mixed; to be together.

Miniature (મિનિટ્યૂર્), *n.* નાના આકારની તસ્વીર; નાની છબી. A picture represented on a a very much reduced scale; a small picture.

Minikin (મિનિકિન્), *n.* લાડકું; લાડકવાયું. A darling; a favourite, **2.** ઝીણી ટાંકણી. A small pin. *a* ઠીંગણું; નાનું. Small in stature; stunted; diminutive.

Minim (મિનિમ્), *n.* ઠીંગણું; વહેંતીયું માણસ. A dwarf. **2.** ઘણુંજ બારીક હોય તેવી ચીજ-પદાર્થ-વસ્તુ. Any thing very minute. **3.** પ્રવાહી પદાર્થનું નાનામાં નાનું માપ. The smallest liquid measure.

Minimize (મિનિમાઇઝ્), *vt.* નાનામાં નાનીસંખ્યાએ પહોંચાડવું; ઓછામાં ઓછું કરવું. To reduce to the lowest grade or number.

Minimum (મિનિમમ્), *n.* ઓછામાં ઓછી સંખ્યા-રકમ; નાનામાં નાની વસ્તુ. The least number; the smallest thing.

Minion (મિન્યૉન્), *n.* માનીતી ચીજ; હૈયાનો હાર; અતિશય વહાલી વસ્તુ. A favourite object or thing; a loved one.

Minister (મિનિસ્ટર્), *n.* પ્રધાન; દિવાન; કારિભારી; વજીર. An officer of the high rank of the king; one engaged in the state administration. **2.** કામદાર; મુનીમ; ગુમાસ્તો; આડતીઓ. A servant; an agent. **3.** પાદરી; ધર્મોપદેશક. A priest. *vt. vi.* સેવા કરવી; ચાકરી ઉઠાવવી; કારભાર કરવો. To serve; to attend; to administrate.

Ministerial (મિનિસ્ટીરિઍલ્), *a.* પ્રધાનને લગતું; પ્રધાન અથવા વજીરની બાબતનું; પાદરીનું; મુનીમનું. Of a minister.

Ministration (મિનિસ્ટ્રેશન્), *n.* કારભાર; સેવા ચાકરી; કારભારીનું કામ. An act of ministering service.

Ministry (મિનિસ્ટ્રિ), *n.* પ્રધાન મંડળ; દીવાન-ગીરી; પ્રધાનપદ. A body of ministers; the rank or position of a minister. **2.** ઉપાધ્યાય-પણું; પાદરીનો હોદ્દો અથવા હકુમત. The position of a clergyman. [red pigment; red-lead.

Minium (મિનિઅમ્), *n.* સિંદુર; સિંધુર. A heavy

Minor (માઇનૉર્), *n.* સગીર; બાળક; કાચી ઉમ્મરનો પુરૂષ A boy, who has not attained maturity. *a.* નાનું; લઘુ; કનીયસ. Smaller in rank or degree.

Minority (માઇનૉરિટિ), *n.* બાલ્યાવસ્થા; બાળક-પણું; કાચી ઉમ્મર; સગીર. A state of being a minor; the condition of being under age. **2.** નાનપ; ન્યૂનતા; અલ્પ ભાગ. A state of being small or smaller in number.

Minster (મિનસ્ટર્), *n.* દેવળ; દહેરૂં; મંદીર. A church; a holy place of worship; a monastery.

Minstrel (મિન્સ્ટ્રેલ્), *n.* વગાડનાર અને ગાનાર; ગાંધર્વ. A singer; a musical performer.

Minstrelsy (મિન્સ્ટ્રેલ્સિ), *n.* ગાવા, વગાડવાની ક્રિયા; ગાંધર્વ કળા. The practice of a minstrel.

Mint (મિન્ટ્), *n.* ટંકશાળ. A place for coining money by the royal authority. **2.** ઉત્પત્તિ સ્થાન; ખાણ. A place of supply. **3.** ફુદીનો. A kind of aromatic herb. *vt.* સિક્કા પાડવા. To coin the money. **2.** બનાવટ કરવી; ખોટી રીતે ઉભુ કરવું. To feign; to fabricate.

Minus (માઈન્સ્), *a.* બાદબાકી; બાદબાકીનું. Less; deducting. *n.* બાદબાકીનું ચિન્હ (—). The sign showing deduction.

Minute (માઈન્યૂટ્), *a.* સૂક્ષ્મ; બારીક; ઝીણું. Very fine; tender; delicate. **2.** સૂક્ષ્મદૃષ્ટિવાળું; દૂધમાંથી પુરા કાઢે એવું. Very precise; foresighted. *vt.* લખી લેવું; નોંધ કરી દેવી. To write down in a sketch-book; to record.

Minute (મિનિટ્), *n.* ક્ષણ; પળ; મિનિટ. A moment; one-sixtieth part of an hour. **2.** ટાંચણ; ટિપ્પણ; ટુંકી નોંધ; સ્મરણ લેખ. A short sketch; a summary; a note preserving some one's memory.

Minutely (માઇન્યૂટ્લિ), *ad.* બારીકાઇથી; સૂક્ષ્મ-તાથી; ચીપી ચીપીને. Exactly; precisely; in a minute way.

Minuteness (માઈન્યૂટ્નેસ્), *n.* સૂક્ષ્મતા; બારી-કાઇ; ચોકસાઇ. A quality of being minute.

Minx (મિન્ક્સ્), *n.* ઉદ્ધત અને નખરાંબાજ છોકરી. A wanton girl; a pert.

Miracle (મિરેક્લ્), *n.* કૌતક; ચમત્કાર; આશ્ચર્ય. A wonder; a surprising thing or matter.

Miraculous (મિરૅક્યૂલસ્), *a.* અદ્ભૂત; ચમત્કારી; દિવ્ય. Wonderful; surprising; celestial.

Mirage (મિરેજ્), *n.* મૃગજળ; ઝાંઝવા; જલાભાસ. A false or unreal appearance of water on a sandy desert; an illusion.

Mire (માઇર્), *n.* કાદવ; કીચડ; કચરો. Mud; spongy earth. *vt. vi.* કાદવમાં ચોંટાડવું; કાદવ-વાળું કરવું. To soil with mud; to make muddy. **2.** કાદવમાં ચોંટી જવું. To stick in mud.

Mirror (મિરર્), *n.* આરસી; દર્પણ; ચાટલું; અરિસો. A looking glass. **2.** નમુનો; પ્રતિમા; આદર્શ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A pattern; a model. *vt.* દેખાડવું; બતાવવું; દર્શાવવું. To show; to display; to bring before view.

Mirth (મર્થ), *n.* વિનોદ; રમુજ; ગમ્મત; આનંદ; ઉલ્લાસ. Merriment; joy.

Mirthful (મર્થ્ફુલ્), *a.* વિનોદી; આનંદી; ઉલ્લાસી; રમુજી. Merry; joyful; sportive.

Mirthfully (મર્થ્ફુલલિ), *ad.* વિનોદથી; આનંદમાં; ઉલ્લાસમાં; રમુજમાં. In a mirthful way; joyfully.

Mirthfulness (મર્થ્ફુલનેસ્), *n.* વિનોદી હોવું તે; આનંદી હોવાનો ગુણ; ઉલ્લાસિત બનવું તે. A state of being mirthful.

Miry (માઈરી), *a.* કાદવથી ખરડાયેલું; કાદવવાળું; કીચડવાળું. Full of mire; muddy.

Misadventure (મિસ્-ઍડ્વેન્ટ્યૂર્), *n.* વિપત્તિ અથવા આપદાથી જોડાયેલ બનાવ; દુર્ભાગ્ય ઘટના-બનાવ. An event joined with misfortune; a calamity.

Misadvise (મિસ્-ઍડ્વાઇઝ્), *vt.* ખોટી રીતની સલાહ આપવી; બદસલાહ આપવી; ઉંધે પાટે ચઢાવવું. To advise in a wrong way.

Misanthrope (મિસૅન્થ્રોપ્), *n.* માણસ જાતનો ધિક્કાર કરનાર; જનસમૂહનો તિરસ્કાર કરનાર; જનસમાજને તુચ્છ કરનાર; જન શત્રુ. A hater of mankind.

Misanthropic (મિસૅન્થ્રૉપિક્), *a.* જન સમાજનો તિરસ્કાર કરે તેવું; માનવ દ્રોહ કરનારનું. Pertaining to a misanthrope. [**Misanthrope.**

Misanthropist (મિસૅન્થ્રૉપિસ્ટ્), *n.* Same as,

Misanthropy (મિસૅન્થ્રૉપિ), *n.* માનવજાતિનો ધિક્કાર-તિરસ્કાર; વિશ્વ દ્રોહ; જન દ્વેષ. Hatred to mankind.

Misapplication (મિસ્-ઍપ્લિકેશન્), *n.* અયોગ્ય રીતે ઉપયોગમાં લેવું તે; નકામું અથવા વ્યર્થ રીતે ખર્ચવું તે. A wrong application of a thing or means.

Misapply (મિસ્-ઍપ્લાઇ), *vt.* ખોટી રીતે ખર્ચવું; નકામું વાપરવું; અયોગ્ય રીતે ઉપયોગમાં લેવું. To use or apply in a wrong way.

Misapprehend (મિસ્ઍપ્રીહેન્ડ્), *vt.* ખોટું સમજવું; સમજમાં ફેર હોવો; ખોટી રીતે સમજવું. To understand in a wrong sense.

Misapprehension (મિસ્-ઍપ્-પ્રીહેન્શન્), *n.* ખોટી સમજણ; બરાબર નહિ સમજવું તે; ખોટો ખ્યાલ-અર્થ. A wrong understanding; an act of understanding things in a contrary sense.

Misapprehensive (મિસ્-ઍપ્પ્રીહેન્સિવ્), *a.* ખોટા ખ્યાલમાં દોરે તેવું; ખોટી રીતે અથવા અવળી રીતે સમજાવે તેવું. Tending to misapprehend.

Misappropriate (મિસ્-ઍપ્પ્રોપ્રિએટ્), *vt.* ખોટો ઉપયોગ કરવો; પચાવી પાડવું; પોતાના કામે વાપરવું. To use in a wrong way; to use improperly.

Misappropriation (મિસ્-ઍપ્પ્રોપ્રિએશન્), *n.* ખોટો ઉપયોગ કરવો તે; હજમ કરી જવું તે; ઉચાપત કરી જવું તે. An act of misappropriating.

Misbehave (મિસ્-બીહેવ્), *vt. vi* ખરાબ રીતે વર્તવું-ચાલવું; આડે રસ્તે ચાલવું; ગેરવર્તન ચલાવવું; કુમાર્ગે વર્તવું. To behave badly; to act improperly.

Miscalculate (મિસ્-કૅલ્ક્યૂલેટ્), *vt.* ગણવામાં ભૂલ કરવી; ખોટી ગણત્રી કરવી. To calculate improperly or wrongly.

Miscalculation (મિસ્કૅલ્-ક્યૂલેશન્), *n.* ગણત્રીમાં ભૂલ કરવી તે અથવા ભૂલ થવી તે; ખોટી ગણત્રી. An act of miscalculating.

Miscalculative (મિસ્કૅલ્ક્યૂલેટિવ્), *n.* ગણત્રીમાં ભૂલ કરે તેવું; ખોટી ગણત્રી કરાય તેવું. Tending to miscalculate.

Miscarriage (મિસ્કૅરિજ્), *n.* નિષ્ફળતા; અશુભ ફળ; કાર્ય પાર નહિ પડવું તે. A fruitless result; an unsuccessful end. **2.** કસુવાવડ; અધુરે વહી જવું તે. An act of bringing forth before proper time.

Miscarry (મિસ્કૅરિ), *vi.* ગેર વલ્લે પડવું-થવું. To fail to get the destination. **2.** પાર નહિ પડવું. To fail to reach the desired object. **3.** અધુરે અવતરવું; યોગ્ય સમય પહેલાં ગર્ભ બહાર પડવો. To bring forth before the proper time.

Miscellaneous (મિસ્સેલ્લૅનીઅસ્), *a.* પરચુરણ; અનેક પ્રકારનું; જુદ્દજુદું; નાનાવિધ; વિવિધ. Mixed; various; of various types.

Miscellany (મિસ્સેલ્લૅનિ), *n.* નાના પ્રકારની વસ્તુઓનો સમૂહ; નાનાવિધ વસ્તુઓ એકત્ર કરવી તે. A collection of various things.

Mischance (મિસ્ચૅન્સ્), *n.* દુર્ભાગ્ય; કમનશીબ; ખરાબ ભાગ્ય. Ill-luck; bad fortune.

Mischief (મિસ્ચીફ્), *n.* તોફાન; ઉપદ્રવ; પીડા; અનીષ્ટ; હરકત. A harm; a damage; an obstacle; a source or cause of trouble.

Mischievous (મિસ્ચીવસ્), *a.* તોફાની; ઉપદ્રવ કરનારૂં; અનીષ્ટ કરનારૂં; હરકત પમાડનારૂં. Causing or playing mischief; harmful; troublesome.

Miscompute (મિસ્કૉમ્પ્યૂટ્), *vt.* ખોટી ગણત્રી કરવી; ગણત્રીમાં ભૂલ કરવી. To reckon wrongly.

Misconceive (મિસ્કૉન્સીવ્), *vt.* ખોટો ખ્યાલ બાંધવો; ગેરસમજૂતિ થવી; ભૂલચૂક કરવી. To form a wrong notion of; to misunderstand.

Misconception (મિસ્કૉન્સેપ્શન્), *n.* ગેરસમજ; ભૂલચૂક; ખોટો ખ્યાલ; ગેરસમજૂતિ. A wrong idea; a false notion; a misunderstanding.

Misconduct (મિસ્કૉન્ડક્ટ્), *n.* દુરાચરણ; અયોગ્ય વર્તણુક; અનાચાર; દુરાચાર. Bad conduct; im-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

proper behaviour.

Misconstruction (મિસ્કૉન્સ્ટ્રક્શન્), *n.* ખોટી સમજ; ગેરસમજૂતિ; ખોટી રચના. A wrong understanding; a wrong or erroneous formation of a thing or figure.

Misconstrue (મિસ્કૉન્સ્ટ્રૂ), *vt.* બીજા અર્થમાં લેવું; ઉંધો અર્થ બેસાડવો-કરવો. To construe in a wrong sense.

Miscreant (મિસ્ક્રીઍન્ટ્), *n.* નાસ્તિક; નિરીશ્વરાવાદી; ઈશ્વર તેમજ પ્રભુમાં નહિ માનનાર. A non-believer in god. **2.** લુચ્ચો; હરામખોર; પાપી પુરૂષ. A rogue; a cunning fellow.

Misdate (મિસ્ડેટ્), *vt.* ખોટી તારીખ લખવી; તારીખ લખવામાં ભૂલ કરવી. To date in a wrong way.

Misdeed (મિસ્ડીડ્), *n.* દુરાચરણ; કુકર્મ; બદકામ; ખરાબ કાર્ય. A bad action; an improper work; a wicked work.

Misdemeanour (મિસ્ડીમીનર્), *n.* દુરાચરણ; ખરાબ કૃત્ય-કાર્ય. Ill-behaviour. **2.** ગુન્હો; અપરાધ; ગુન્હો કરે તેવું કાર્ય. A crime.

Misdirect (મિસ્ડિરેક્ટ્), *vt.* ઉંધે રસ્તે દોરવું; અવળે રસ્તે દોરવું; ખોટો રસ્તો બતાવવો. To show a wrong side or direction.

Misemploy (મિસ્-ઍમ્પ્લોય્), *vt.* ખરાબ રસ્તે વાપરવું; અઘટિત રીતે ઉપયોગમાં લેવું. To employ amiss.

Miser (માઇઝર્), *n.* કંજુસ; કૃપણ; બખીલ. A covetous fellow; a niggardly person. *a.* કૃપણ; કંજુસ; બખીલ. Niggardly; greedy.

Miserable (મિઝ્રેબલ્), *a.* દુઃખી; કંગાલ; વિપત્તિમાં સપડાયેલું; સંકટગ્રસ્ત. Unhappy; wretched. full of troubles. **2.** નકામું; વ્યર્થ; હલકું; અધમ. Useless; mean.

Miserably (મિઝરેબ્લિ), *ad.* દુઃખદ સ્થિતિમાં; દુઃખમય હાલતમાં; સંકટગ્રસ્ત રીતે. In a miserable way; unhappily.

Miserliness (માઇઝર્લિનેસ્), *n.* કૃપણતા; કંજુસાઇ હોવી તે. A state of being miserly.

Miserly (માઇઝર્લિ), *a.* કૃપણ; કંજુસ; બખીલ; મખ્ખીચુસ. Covetous; niggardly. **2.** કંજુસ જેવું; કંજુસને મળતું. Like a miser.

Misery (મિઝરિ), *n. pl.* **Miseries.** દુઃખ; આપત્તિ; વિપત્; સંકટ. Unhappiness; a distress; a calamity.

Misfortune (મિસ્ફૉર્-ટ્યૂન્), *n.* કમનશીબ; દુર્ભાગ્ય; ખરાબ દશા; દુર્દૈવ. Ill-luck; bad luck; a calamity.

Misgovern (મિસ્-ગવર્ન્), *vt.* ખરાબ રીતે રાજ્ય કરવું; અઘટિત રીતે રાજ્ય વહેવાર ચલાવવો; અંધેર ચલાવવું. To rule improperly; to misrule.

Misgovernment (મિસ્-ગવર્ન્મેન્ટ્), *n.* રાજ્યની અવ્યવસ્થા; અંધેર રાજ્ય; રાજ્યમાં અંધેર કારભાર A bad way or form of the government; an anarchy.

Misguide (મિસ્ગાઈડ્), *vt.* ઉંધે રસ્તે દોરવું; અવળો રસ્તો બતાવવો; ભરમાવવું; ભ્રમમાં નાંખવું. To lead astray; to show an improper path.

Mishap (મિસ્હૅપ્), *n.* આફત; વિપત્તિ; સંકટ; દુર્દૈવ. Ill-luck; calamity; adversity.

Misinform (મિસ્-ઇન્ફૉર્મ્), *vt.* ખોટી ખબર આપવી; ખોટું કહેવું. To inform wrongly.

Misinformant (મિસ્-ઇન્ફૉર્મૅન્ટ્), *a.* ખોટી રીતે ખબર આપનાર; ખોટું કહેનાર. Desiring to inform wrongly.

Misinterpret (મિસ્-ઈન્ટર્પ્રીટ્), *vt. vi.* ખોટો અર્થ કરવો; અવળા અર્થમાં સમજવું અથવા સમજાવવું. To take in a wrong sense; to explain in a wrong way.

Misinterpretation (મિસ્-ઇન્ટર્પ્રીટેશન્), *n.* ઉલટો અર્થ કરવો તે; ખોટો અર્થ સમજવો તે અથવા સમજાવવો તે. An act of misinterpreting.

Misinterpreter (મિસ્-ઈન્ટર્પ્રીટર્), *n.* ઉલટો અર્થ બેસાડનાર; ખોટી રીતે સમજણ પાડનાર. One, who misinterprets.

Misjudge (મિસ્-જજ્), *vt. vi.* વિચાર કરવામાં ભૂલ કરવી; ખોટી રીતે ખ્યાલ આવવો-ખ્યાલ કરવો. To consider erroneously; to err in judgment.

Misjudgment (મિસ્-જજ્મેન્ટ્), *n.* ગેરસમજણ; અસત્ય કલ્પની; ખોટો ખ્યાલ-વિચાર-ઠરાવ. A misunderstanding; an erroneous judgment.

Mislay (મિસ્લે), *vt. vi. pr. p.* **Mislaying.** *imp. & p. p.* **Mislaid.** આડું અવળું મૂકવું; ગેરવલ્લે પડવું; ખોવું; નહિ જડવું. To lay wrongly; to lose; to fail to get at the proper time.

Mislead (મિસ્-લીડ્), *vt. pr. p.* **Misleading.** *imp. & p. p.* **Misled.** ગેર રસ્તે લઇ જવું; ભૂલાવવું; ભ્રમણામાં નાંખવું. To lead in a wrong way; to deceive.

Misle (મિઝલ્), *vi.* ધીમે ધીમે વરસવું; ઝરમર ઝરમર રીતે વરસવું. To rain into fine drops. *n.* ઝરમર ઝરમર વરસાદ વરસવો તે. A mizzle.

Mismanage (મિસ્મૅનેજ્), *vt.* અંધેર ચલાવવું; ખરાબ રીતે વહીવટ કરવો; ગેરબંદોબસ્ત ચાલવા દેવો. To manage in a bad way; to administer improperly.

Mismanagement (મિસ્મૅનેજ્મેન્ટ્), *n.* અંધેર; અવ્યવસ્થિત કારભાર; ગેરબંદોબસ્ત. Want of proper management; improper administration.

Mismate (મિસ્મેટ્), *vt.* ખોટી રીતે જોડવું; અઘટિતરીતે મિત્રાચારી બાંધવી. To match amiss

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

or wrongly.

Mismeasure (મિસ્-મેઝર્), *vt.* ખોટી રીતે માપવું; માપવામાં કાળજી ન રાખવી; માપ લેવામાં ભૂલ કરવી. To measure in a faulty way.

Misname (મિસ્નેમ્), *vt.* ખોટા નામથી બોલાવવું; હોય તેના કરતાં બીજું નામ વાપરવું. To call by the wrong name.

Misnomer (મિસ્નોમર્), *n.* ખોટી રીતે નામ આપવું તે; ખોટી રીતે પાડેલું નામ. A misapplied term or designation.

Misogamist (મિસૉગૅમિસ્ટ્), *n.* લગ્નને ધિક્કારનાર; લગ્ન ન થાય તો સારૂં એવો મત ધરાવનાર. A hater of marriage.

Misogamy (મિસૉગૅમિ), *n.* લગ્ન પ્રથાનો ધિક્કાર; લગ્નવિધિનો તિરસ્કાર. A hatred towards or for marriage.

Misplace (મિસ્-પ્લેસ્), *vt.* ખોટી જગ્યાએ મૂકવું; અવળું મુકવું-ચોંટાડવું; ખોટી રીતે જોડવું. To set in a wrong way; to unite improperly.

Misplacement (મિસ્-પ્લેસ્-મેન્ટ્), *n.* ખોટી જગ્યાએ મૂકવું તે; અયોગ્ય જોડાણ; આડાઅવળું ગોઠવવું તે. An act of misplacing.

Misprint (મિસ્પ્રિન્ટ્), *vt.* ખોટી રીતે છાપવું; છાપવામાં ભૂલ કરવી. To print in a wrong way. *n.* છાપવામાં થયેલી ભૂલ. A mistake in printing.

Mispronounce (મિસ્પ્રોનાઉન્સ્), *vt.* અશુદ્ધ ઉચ્ચાર કરવો-કરવા; ખોટી રીતે બોલવું. To pronounce erroneously.

Misrepresent (મિસ્રેપ્રીઝેન્ટ્), *vt.* ખોટી હકીકત કરવી; ખોટી રીતે સમજાવવું. To represent incorrectly.

Misrepresentation (મિસ્રેપ્રીઝેન્ટેશન્), *n.* ખોટી રીતે સમજાવવું તે; ખોટી હકીકત કહેવી તે; કાન ભંભેરવા તે. An act of misrepresenting.

Misrule (મિસ્રૂલ્), *n.* ગેરબંદોબસ્ત; અંધેર; રાજ્યમાં અથવા વહીવટમાં અંધેર. Mismanagement; improper arrangement. *vt.* અંધેરપણે વહીવટ કરવો; ગેરબંદોબસ્ત રીતે વર્તન ચલાવવું. To manage in an improper way; to arrange badly.

Miss (મિસ્), *vt.* ચુકવું; ચુકી જવું; નિષ્ફળ થવું; ગુમાવવું; ખોટ પડવી. To fail to get; to omit; to sustain. **2.** પડવા દેવું; અટકવા ન દેવું. To let fall; to let slip. *n.* કન્યા; છોકરી; અવિવાહિત સ્ત્રી. A girl; an unmarried woman. **2.** રખાત. A kept mistress.

Missnape (મિસ્-શેપ્), *vt.* બેડોળ બનાવવું; ઢંગ ઘડા વગરનું કરવું; કઢંગુ કરવું. To deform; to give a bad or ill shape.

Misshapen (મિસ્-શેપન્), *a.* બેડોળ; બદશિકલ; વિરૂપ. Deformed; having a bad form.

Missile (મિસાઈલ્), *n.* ફેંકાય એવું હથિયાર; અસ્ત્ર; ઉભા રહીને છુટું ફેંકાય તેવું શસ્ત્ર. A weapon; any weapon thrown with a hostile intention.

Mission (મિશન્), *n.* સંદેશો; મોકલવું તે. A message; an errand; a word; a sending. **2.** ધર્મપ્રચારાર્થે મોકલેલા માણસોનું મંડળ-ટૂકડી. A body of religious preachers.

Missionary (મિશનૅરિ), *n.* ખ્રિસ્તિ ધર્મોપદેશક; ખ્રિસ્તિ ધર્મ પ્રચારક; પાદરી. One, appointed to preach Christianity; a clergyman. **2.** ધર્મોપદેશક; ધર્મનો પ્રચાર કરનાર. A religious preacher. *a.* ખ્રિસ્તિ ધર્મને લગતું; ધર્મોપદેશકનું. Pertaining to a missionary.

Missive (મિસિવ્), *n.* મોકલેલો કાગળ; સંદેશો; મોકલેલી વસ્તુ. That which is sent; a message. *a.* મોકલેલું; રવાના કરેલું Despatched; forwarded.

Misspell (મિસ્સ્પેલ્), *vt.* ખોટી રીતે જોડણી કરવી; અશુદ્ધ લખવું. To write incorrectly.

Misspend (મિસ્-સ્પેન્ડ્), *vt.* કુમાર્ગે વાપરવું; ખોટે રસ્તે ખરચવું. To spend improperly.

Misstate (મિસ્-સ્ટેટ્), *vt.* ખોટી રીતે કહેવું; આડીઅવળી રીતે ભંભેરવું. To state in a wrong way.

Mist (મિસ્ટ્), *n.* ધુમસ; ધુમર. Fog; watery vapour surrounding the atmosphere. **2.** અંધારી; ઝાંખ. Anything making the sight dim or obscure.

Mistakable (મિસ્ટેકેબલ્), *a.* ભૂલ થાય તેવું; ભૂલથાપ ખવાઇ જાય તેવું. Capable of being mistaken.

Mistake (મિસ્ટેક્), *vt. vi. pr. p.* **Mistaking.** *imp.* **Mistook.** *p. p.* **Mistaken.** ભૂલ કરવી; ખોટું સમજવું; ભૂલચૂક કરવી. To err; to misjudge. **2.** ભૂલથી ધારવું; અજાણતાં માની લેવું. To think erroneously. *n.* ભૂલ; ભૂલચૂક; દોષ. An error; a short-coming.

Mister (મિસ્ટર્), *n.* શેઠ; સાહેબ; 'મીસ્ટર'. A title of respect to the elders; a term of courtesy.

Mistime (મિસ્ટાઈમ્), *vt.* ખોટો સમય પૂરવો; ખોટી રીતે સમય નોંધવો. To time wrongly.

Mistletoe (મિઝ્લટો), *n.* એક જાતનો છોડ-વેલો; આકાશી વેલ. A kind of evergreen plant.

Mistranslate (મિસ્-ટ્રૅન્સ્લેટ્), *vt.* અશુદ્ધ ભાષાંતર કરવું; ખોટો તરજુમો કરવો. To translate erroneously.

Mistrust (મિસ્ટ્રસ્ટ્), *n.* અણવિશ્વાસ; અણભરોસો. Distrust. *vt.* અણવિશ્વાસ રાખવો; અણભરોસો ધરાવવો-રાખવો-બતાવવો. To distrust.

Misty (મિસ્ટિ), *n.* ઝાકળવાળું; ઝાકળથી ઘેરાયેલું. Full of mist; covered with mist; foggy.

Misunderstand (મિસ્-અન્ડર્સ્ટૅન્ડ્), *vt.* ખોટી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે સમજવું; ઉંધો અર્થ કરવો; અર્થનો અનર્થ કરવો. To take in a contrary sense; to mistake for.

Misunderstanding (મિસ્-અન્ડરસ્ટૅન્ડિન્ગ્), *n.* ઉંધો અર્થ; ગેરસમજુતિ; ભ્રાન્તિ; ભ્રમ. A contrary sense; an error.

Misuse (મિસ્-યૂઝ્), *vt.* ગેરરસ્તે વાપરવું; ખોટી રીતે વાપરવું; ગેરઉપયોગ કરવો. To treat ill; to abuse; to use for a bad motive.

Misuse (મિસ્-યૂસ્), *n.* ખોટો વપરાશ; ગેરઉપયોગ; અઘટિત રીતે વપરાશમાં લેવું તે. An abuse; an ill-use.

Mite (માઇટ્), *n.* ઝીણો કીડો; જીવડું. A small insect. **2.** લેશ; કણ; રજ. Any thing very small; an atom.

Mitigate (મિટિગેટ્), *vt. pr. p.* **Mitigating.** *imp.* & *p. p.* **Mitigated.** ઓછું કરવું; કમી કરવું; નરમ પાડવું; શાંત કરવું. To abate; to render less painful; to lessen; to moderate.

Mitigation (મિટિગેશન્), *n.* નરમ પાડવું તે; શાંતિ; ઉપશમન; ઓછું કરવું તે. An act of mitigating; an alleviation; an abatement.

Mitigative (મિટિગેટિવ્), *a.* શાંત થઇ શકે તેવું; ઓછું થઇ શકે તેવું; પાછું હઠે તેવું. Tending to mitigate.

Mitre (માઇટર્), *n.* ધર્માધ્યક્ષનો મુગટ. A head-dress of an archbishop.

Mitten (મિટન્), *n.* આંગળા સિવાયનુ હાથનું મોજું. A covering for the hand and wrist only.

Mittimus (મિટિમસ્), *n.* કેદમાં મોકલવાનું વારંટ-ફરમાનપત્ર. A warrant of sending to prison.

Mix (મિક્સ્). *vt. vi. pr. p.* **Mixing.** *imp.* & *p. p.* **Mixed.** ભેળવવું; મિશ્રણ કરવું; મેળવવું; એકઠું કરવું. To blend; to mingle; to join. **2.** મિશ્રણ થવું; મળી જવું; એકઠું થવું. To become united; to be together; to mingle.

Mixture (મિક્સ્ટ્યૂર્), *n.* મેળવણી; મિશ્રણ; ભેળ; મેળવણ. An act of mixing; a thing mixed together.

Mizzle (મિઝલ્), *vi. pr. p.* **Mizzling.** *imp* & *p. p.* **Mizzled.** ઝરમર ઝરમર વરસવું. To rain in fine drops. *n.* ઝરમર ઝરમર વરસાદ. Small rain.

Mnemonic,-al (નીમૉનિક્,-કૅલ્), *a.* સ્મરણ શક્તિને ઉત્તેજીત કરે તેવું; સ્મરણ શક્તિ વધારવું. Inciting the memory; assisting the memory.

Mnemonics (નીમૉનિક્સ્), *a.* સ્મરણ શક્તિ; સ્મરણશાસ્ત્ર. Memory; the science of memory.

Moan (મોન્), *vi.* વિલાપ કરવો; રડવું; પોક મુકવી; શોક કરવો; અફસોસ કરવો. To utter a cry of grief or distress; to lament; to bewail. *n.* વિલાપ; દિલગીરી; શોક; અફસોસ. Lamentation; grief; sadness.

Moanful (મોન્ફુલ્), *a.* દિલગીરી ઉપજાવે તેવું; દુઃખી; શોકકારક. Sad; lamenting.

Moat (મોટ્), *n.* કિલ્લાની આસપાસ ખોદેલી ખાઈ. A ditch round a castle *vt.* કિલ્લાની આસપાસ ખાઈ ખોદવી. To dig a ditch or a trench round a castle.

Mob (મૉ), *n.* તોફાની ટોળું; હુલ્લડ કરનારાઓનું ટોળું; દગાખોરની ટુકડી. A crowd of the rioters; the assembly of the low and rude people (for some malicious intention.) *vt. pr. p.* **Mobbing.** *imp.* & *p. p.* **Mobbed.** એકઠા થવું; તોફાન કરવાને માટે મળવું. To crowd about; to attack in a disorderly way.

Mobile (મોબિલ્), *a.* અસ્થિર; ચલાયમાન; ચંચળ. Unsteady; fickle; movable. **2.** સહેલાઇથી વહેવું; ઘણું પ્રવાહી. Flowing with great ease.

Mobility (મોબિલિટિ), *n.* અસ્થિરતા; ચલાયમાન પણું; સહેલાઇથી વહેવાનો ગુણ-વહેવું તે. A state of being mobile.

Mock (મૉક્), *vt. vi.* ચાળા પાડવા; હસવું; મશ્કરી કરવી; નકલ કરવી. To mimic; to deride; to ridicule. *n.* ચાળા; મશ્કરી; મજાક; ધિક્કાર યુક્ત હાસ્ય. Mimics; derison. *a.* બનાવટી; હાસ્યયુક્ત; ઉપર ઉપરથી દેખાય તેવું. Counterfeit; false; ridiculous.

Mocker (મોકર્), *n.* ચાળાપાડનાર; મશ્કરી કરનાર; ધિક્કારયુક્ત હાસ્ય કરનાર. One, who mocks.

Mockery (મૉકરિ), *n.* ચાળા પાડવા તે; ચેષ્ટા; હાસ્ય; મશ્કરી; ઉપહાસ. Derision; an act of mocking; ridicule. **2.** જુઠો દેખાવ; ઢોંગ; બનાવટી વેશ. A false show; a pretence.

Modal (મોડલ્), *a.* રૂપનું; રૂપવાળું; નમુનાનું; નમુનાને લગતું; ઢબનું; ટેવવાળું. Of or pertaining to a mode.

Mode (મોડ્), *n.* નમુનો; રૂપ; આકાર; રીતરિવાજ; રીતભાત. A form; method; a fashion.

Model (મૉડેલ્), *n.* નમુનો; દાખલો; આદર્શ; પ્રમાણ. A pattern; a copy; an example; an illustration. *vt.* નમુનો બનાવવો; દાખલો આપવો; આદર્શરૂપ કરવું. To make a pattern; to mould; to form a standard.

Moderate (મૉડરેટ્), *vt. vt. pr. p.* **Moderating.** *imp.* & *p. p.* **Moderated.** નરમ પાડવું; ઓછું કરવું. To lessen; to allay. **2.** નરમ પડવું; ઓછું થવું. To grow less. **3.** સંયમમાં રાખવું; દાબમાં રાખવું. To control; to check. *a.* નિયમિત; મધ્યમ રીતે; માફકસર. Temperate; frugal. **2.** શાંત; નરમ; માફકસર; ઠંડુ. Calm; cold; not extreme.

Moderately (મૉડરેટ્લિ), *ad.* માફકસર; મધ્યમ રીતે; નિયમિત રીતે. In a moderate way

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

or degree.

Moderation (મૉડરેશન્), *n.* મિતાહાર; નિયમિત પણું; આહાર, વિહાર, વિગેરેમાં સંયમ; A quality of being moderate. **2.** શાંતિ; મિતવ્યય; મુફક હોવું તે. Calmness; agreeableness.

Moderator (મૉડરેટર્), *n.* મુફકસર રાખનાર; શાંત પાડનાર. One, that moderates. **2.** પ્રમુખ; અધ્યક્ષ. A president. **3.** ગતિને નિયમમાં રાખનાર; ગતિ નિયામક. One, that controls the motion.

Modern (મૉડર્ન્), *a.* હાલનું; અર્વાચીન; ચાલુ જમાનાનું; આધુનિક; નૂતન. Of recent period or time; pertaining to the present time. *n. pl.* હાલના જમાનાના માણસો; અર્વાચીન યુગના પુરૂષો. The persons existing in the current era.

Modernize (મૉડર્નાઇઝ્), *vt.* હાલના રિવાજને અનુસરીને કરવું; અર્વાચીન રિવાજ પ્રમાણે વર્તવું. To follow the customs of the modern period.

Modernizer (મૉડર્નાઈઝર્), *n.* હાલના રિવાજ પ્રમાણે અનુસરીને વર્તનાર; અર્વાચીન રીવાજ પ્રમાણે ચાલનાર. One, who modernizes.

Modest (મૉડેસ્ટ્), *a.* નમ્ર; વિનયી; મર્યાદાશીલ; સાદું; સરળ; શરમાળ. Humble; gentle; simple in manners; bashful.

Modestly (મૉડેસ્ટ્લિ), *ad.* નમ્રતાથી; વિનયપૂર્વક; શરમાળ રીતે; સરળતાથી. In a modest way or degree.

Modesty (મૉડેસ્ટિ), *n.* નમ્રતા; વિનય; શરમાળપણું; સરળતા; મર્યાદા. A state of being modest; bashfulness.

Modicum (મૉડિકમ્), *n.* થોડો ભાગ; અલ્પ ભાગ; અવશેષ. A little portion; a small quantity.

Modifiable (મૉડિફાએબલ્), *a.* રૂપમાં ફેરફાર થાય તેવું; ફેરબદલો થઈ શકે તેવું; સુધારીને નવો ઘાટ આપી શકાય તેવું. Capable of being modified.

Modification (મૉડિફિકેશન્), *n.* રૂપફેર; ફેર; ફેરફાર. A change; a mode; an alteration.

Modifier (મૉડિફાઇર્), *n.* રૂપાન્તર કરનર; ફેરફાર કરનાર; બદલનાર. One, that modifies.

Modify (મૉડિફાઇ), *vt. pr. p.* **Modifying.** *imp. & p. p.* **Modified.** ફેરફાર કરવો; બદલવું; રૂપાન્તર કરવું; રૂપમાં બદલો કરવો. To alter; to change; to qualify.

Modulate (મૉડ્યૂલેટ્), *vt.* સ્વર ફેરવવો; સુર ચડાવવો તેમજ ઉતારવો. To make vary a sound or sounds.

Modulation (મૉડ્યૂલેશન્), *n.* સ્વરભેદ; સુસ્વર; સ્વર યોજન. Melody or harmony in sound.

Modulator (મૉડ્યૂલેટર્), *n.* તાલ મેળવનાર; સ્વર મેળવનાર; સ્વરયોજક. One that modulates.

Moffussil (મૉફ્ફ્યૂસિલ્), *n.* સ્થાનિક શહેર શિવાય બીજા શહેરો અને દેશો. The other cities but one's own.

Moiety (મોઇઅેટિ), *n.* નીમેલો ભાગ; હિસ્સો; અર્ધભાગ. One of two equal divisions or parts.

Moil (મૉઈલ્), *vt.* બગાડવું; ખરડવું. To soil; to make dirty. **2.** પરિશ્રમ ઉઠાવવો; વૈતરૂં કરવું. To toil; to work hard.

Moist (મૉઇસ્ટ્), *vt.* હવાવાળું કરવું; ભેજવાળું કરવું; પલાળવું; ભીનું કરવું. To make damp; to moisten. *a.* ભેજવાળું; શરદીવાળું; ભીનું. Damp; wet; humid.

Moisten (મૉઇસન્), *vt.* ભીનું કરવું; પલાળવું; પલાળીને પોચું કરવું. To make damp; to make moist. **2.** ભીનું થવું; ભેજવાળું થવું. To become wet.

Moistness (મૉઈસ્ટ્નેસ્), *n.* ભીનાશ; ભેજ; શરદી. A state of being wet.

Moisture (મૉઇસ્ટ્યૂર્), *n.* ભેજ; ભીનાશ; શરદી. Wetness; damp.

Molar (મોલર્), *a.* દાઢનું; દાઢથી ચાવવાનું; ચાવવામાં વપરાતું. Serving to grind the food. *n.* દાઢ. A grinding tooth.

Molasses (મોલૅસીસ્), *n.* ગૌળ. Treacle.

Mole (મોલ્), *n.* શરીર ઉપરનો કાળો ડાઘ; તલ; મસો. A spot or mark on the human body. **2.** છછુંદર. A kind of rat. **3.** ખાઇ ખોદવાનું એક જાતનું હળ. A kind of plough for digging a trench. **4.** બાંધ; પુરતો. A breakwater; a mound.

Molecular (મોલેક્યૂલર્), *a.* અણુનું; પરમાણુનું; રજ અથવા કણને લગતું. Of or pertaining to a molecule.

Molecule (મોલેક્યૂલ્), *n* કણ; અણુ; પરમાણુ; રજ; કણ. A smallest indivisible particle.

Molest (મોલેસ્ટ્), *vt.* હેરાન કરવું; કનડવું; પજવવું; હરકત પહોંચાડવી; ઉપદ્રવ કરવો. To disturb; to trouble; to oppress; to vex.

Molestation (મોલેસ્ટેશન્), *n.* હેરાનગતિ; કનડગત; પજવણી; ઉપદ્રવ. Disturbance; annoyance; oppression.

Molester (મોલેસ્ટર્), *n.* હેરાનગતિ પહોંચાડનાર; હરકત કરનાર. One, who molests.

Mollify (મૉલિફાઈ), *vt.* નરમ કરવું; શાંત પાડવું; કમી કરવું; ઓછું કરવું. To soften; to assuage; to lessen.

Mollusc,-sk (મૉલસ્ક્), *n.* માંસરૂપી પ્રાણી (જેવાં કે અળસીયાં, ગોકળગાય, વિગેરે). Fleshy insects like snails, etc.

Molten (મોલ્ટન્), *a.* ગાળેલું; પીંગળેલું; ઓગાળેલું. Melted. **2.** ગાળેલી ધાતુનું બનાવેલું-બનેલું. Made of a melted metal.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Moment (મોમેન્ટ), *n.* ક્ષણ; પળ; મિનિટ. A minute; a small unit of time. **2.** જોર; બળ; વેગ. Force; impulse. **3.** જરૂરિઆત; ભાર; અગત્યતા. Importance.

Momentarily (મૉમેન્ટૅરિલિ), *ad.* ક્ષણે ક્ષણે; ઘડીએ ઘડીએ; ઘડી ઘડીમાં બદલાય તેવી રીતે. In a momentary way or manner.

Momentary (મૉમેન્ટૅરિ), *a.* ક્ષણભંગુર; ક્ષણિક; થોડીવાર ટકે તેવું. Transitory; lasting for a short time; transient.

Momentous (મોમેન્ટસ્), *a.* ભારે; વજનદાર; અગત્યનું. Weighty; important; of great consequence.

Momentousness (મોમેન્ટસનેસ્), *n.* ભારે હોવું તે; વજનદાર બનવું તે; અગત્યનું હોવું તે. A state of being momentous.

Momentum (મોમેન્ટમ્), *n.* વેગ; ગતિ; સપાટો. Motion; impetus.

Monarch (મૉનાર્ક), *n.* પ્રતાપી રાજા; પાદશાહ; શહેનશાહ; સત્તાધારી રાજા. A supreme king; a sovereign; a great ruler. **2.** અધિપતિ; સ્વામી; શિરોમણી. A supreme owner; a great lord.

Monarchal (મૉનાર્કલ), *a.* બાદશાહનું; બાદશાહી; સત્તાધારી. Of a sovereign; imperial; royal.

Monarchic (મૉનાર્કિક), *a.* બાદશાહનું; રાજાને લગતું; શાહી સત્તાને લગતું. Pertaining to a monarch.

Monarchist (મૉનાર્કિસ્ટ), *n.* બાદશાહ રાજ્ય કરવાને હોવોજ જોઇએ તેવો મત ધરાવનાર. One, who believes in monarchy.

Monarchy (મૉનાર્કિ), *n.* રાજ્ય; સ્વતંત્ર રાજાની સત્તા; એક રાજ્ય સત્તા. Kingdom; the absolute power of a king or a sovereign.

Monastery (મૉનૅસ્ટરિ), *n. pl.* **Monasteries.** મઠ; આશ્રમ; મુનીવાસ; વિહાર. An abbey; a convent.

Monastic,-al (મૉનૅસ્ટિક,-કૅલ), *a.* મઠ સંબંધિ; મઠને લગતું; અપાસરાની બાબતનું. Pertaining to a monastery.

Monasticism (મૉનૅસ્ટિસિઝમ્), *n.* સંસારત્યાગ; વનવાસ; વૈરાગ્ય. The practice of a monk; aversion from the worldly life.

Money (મની), *n.* પૈસો; નાણું; દોલત; દ્રવ્ય. Wealth; riches; property. **Money-changer,** *n.* નાણાવટી; શરાફ. **Money-matter,** *n.* પૈસાને લગતી બાબત. **Money-lender,** *n.* નાણાંની ધીરધાર કરનાર.

Moneyed (મનીડ), *a.* પૈસાદાર; દ્રવ્યવાન; ધનવાન. Rich; wealthy.

Monger (મૉન્ગર), *n.* વેચનાર; વેપારી; સોદાગર. A merchant; a dealer; a trader.

Mongrel (મન્ગ્રેલ), *a.* મિશ્ર જાતનું; ભેળસેળ થયેલું. Of a mixed breed or race.

Monition (મૉનિશન), *n.* ચેતવણી; ઉપદેશ; બોધ; સૂચના. A warning; a hint; a suggestion; an admonition. **2.** ખબર; સૂચના. An intimation.

Monitive (મૉનિટિવ્), *a.* સૂચના-ચેતવણી આપે તેવું; બોધક. Tending to admonish.

Monitory (મૉનિટૉરિ), *a.* બોધક; સૂચક; ઉપદેશ આપે તેવું. Admonishing; instructive.

Monitor (મૉનિટર), *n.* ચેતવણી આપનાર; ઉપદેશક. One, who admonishes or gives a caution against. **2.** વડો નિશાળિયો; વર્ગમાં મુખ્ય ગણાતો વિદ્યાર્થી. A top-boy in a class.

Monk (મન્ક), *n.* મઠવાસી; જતિ; યતિ. A community of males, inhabiting a monastery.

Monkey (મન્કી), *n. pl.* **Monkeys.** વાંદરો; કપિ; વાનર. An animal, having a long tail.

Monochord (મૉનોકૉર્ડ), *n.* એક તારો તંબુરો. A kind of stringed musical instrument.

Monody (મૉનોડિ), *n.* એક જણને ગાવાનું શોક ગીત. A sad or mournful song, sung by one person.

Monogamist (મૉનોગૅમિસ્ટ), *n.* એકજ સ્ત્રી સાથે પરણનાર; પુરૂષથી બીજી પત્ની સાથે લગ્ન કરાય નહિ એવો મત ધરાવનાર. One, who observes monogamy.

Monogamy (મૉનોગૅમિ), *n.* પતિવ્રત; પત્ની વ્રત; એકજ પુરૂષ અથવા સ્ત્રી સાથે લગ્ન બંધનથી જોડાવું તે. An observance of a single marriage.

Monograph (મૉનોગ્રૅફ), *n.* એકજ વસ્તુનું લખેલું લખાણ-વૃત્તાન્ત. A description of a single thing or event.

Monographic,-al (મૉનોગ્રૅફિક,-કૅલ), *a.* એકજ વસ્તુનું લખેલા લખાણની બાબતનું. Pertaining to a monograph.

Monolith (મૉનોલિથ્), *n.* એકજ પત્થરનો સ્તંભ; એકજ પાષાણનો બનાવેલો સ્તંભ. A column, constructed of a single stone.

Monologue (મૉનોલૉગ્), *n.* આત્મભાષણ. A soliloquy; what is spoken by one person alone (as in talking to himself). **2.** એકજ પાત્રના ભાગનું નાટક. A dramatic piece, wherein there is a single performer.

Monology (મૉનોલૉજિ), *n.* આત્મભાષણ કરવાની ટેવ. A habit of indulging in monologue.

Monomania (મૉનોમૅનિઍ), *n.* ગાંડપણ; ઉન્માદસ્થિતિ; એકજ બાબતમાં ગાંડાપણું. Insanity; a mania.

Monopolist (મૉનૉપૉલિસ્ટ), *n.* એકજ જાતનો બધો માલ પોતાના કબજામાં રાખનાર. One, who

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

has a monopoly.

Monopolize (મૉનૉપૉલાઇઝ્), *vt.* અમુક માલ વેચવાને કુલ સત્તા મેળવવી,–સનંદ મેળવવી. To have a monopoly.

Monopoly (મૉનૉપૉલિ), *n.* કોઈ જાતનો માલ વેચવાને કોઇપણ કંપનીએ અથવા માણસે રાખેલો પરવાનો; સનંદ. A sole right to deal in.

Monosyllable (મૉનોસિલેબલ્), *n.* એકાક્ષરી શબ્દ; એકપદી શબ્દ. A word of one syllable.

Monotheism (મૉનોથીઝમ્), *n.* એકજ દેવ છે તેવો મત; અદ્વૈતવાદ. The doctrine of the existence of one God only.

Monotheist (મૉનોથીસ્ટ્), *n.* એકજ દેવ છે તેવો મત ધરાવનાર; અદ્વૈતવાદી. One who believes in one God only.

Monotone (મૉનોટોન્), *n.* એક સરખો સ્વર–અવાજ. The sameness of sound.

Monotonous (મૉનૉટોનસ્), *a.* એકજ સ્વર અથવા તાલવાળું; કંટાળો ઉપજાવે એવું; એક રંગી. Having unvaried tone; dull; cheerless.

Monotony (મૉનૉટૉનિ), *n.* એક સરખો સ્વરભેદ; એક સરખાપણું. A state of being monotonous. 2. કંટાળો આપે તેવી સમાનતા,–સરખાપણું. A cheerless uniformity.

Monsoon (મૉન્સૂન્), *n.* ચોમાસું; વર્ષાઋતુ; ચાતુર્માસ. The rainy season; the trade wind, which brings rain.

Monster (મૉન્સ્ટર્), *n.* રાક્ષસ; દૈત્ય; દાનવ. A giant; a person of extraordinary size and deformity.

Monstrosity (મૉન્સ્ટ્રૉસિટિ), *n.* રાક્ષસી સ્વભાવ રાખવો તે; દાનવવૃત્તિ બતાવવી તે. A state of being monstrous.

Monstrous (મૉન્સ્ટ્રસ્), *a.* ભયાનક; ઘોર; વિકટ. Horrible; dreadful; terrible.

Month (મન્થ્), *n.* મહિનો; માસ. A period consisting of about thirty days.

Monthly (મન્થ્લિ), *a.* માસિક; મહિનાનું; માસને લગતું. Of or pertaining to a month. *ad.* મહિને મહિને; માસે માસે. At every month.

Monument (મૉન્યૂમેન્ટ્), *n.* સ્મરણ કરાવે તેવી વસ્તુ અથવા ચીજ; યાદગીરી; સ્મરણચિન્હ. A memorial. 2. સ્મરણ સ્તંભ; કીર્તિ મંદિર. A memorial raised in honour of a great hero.

Monumental (મૉન્યૂમેન્ટલ્), *a.* સ્મરણ સ્તંભનું; યાદગીરીને લગતું. Pertaining to a monument.

Mood (મૂડ્), *n.* પ્રકૃતિ; મિજાજ; માનસિક સ્થિતિ. Nature; temperament. 2. (વ્યાકરણમાં) અર્થ; વાચ્ય. The manner of the use of a verb.

Moodiness (મૂડિનેસ્), *n.* ખેદ ચઢે તેવી સ્થિતિ; ખીજાઈ જાય તેવી પ્રકૃતિ. A state of being irritable.

Moody (મૂડિ), *a.* ચિડિયું; ખીજાઇ જાય તેવું; ઉશ્કેરાઇ જાય તેવું. Fretful; irritable.

Moon (મૂન્), *n.* ચંદ્ર; શશી; ઇન્દુ; ચાંદો; ચંદ્રમા. The luminous body revolving round the sun. **Full-moon,** *n.* પૂર્ણિમા; પૂનમ. **New-moon,** *n.* બીજનો ચંદ્ર. **Moonlight,** *n.* ચંદની; ચાંદરાત. **Moonplant,** *n.* સોમવલ્લી. **Moonstone,** *n.* ચંદ્રમણી.

Moor (મૂર્), *n.* ભીનાશ અને ઘાસવાળું મેદાન. A heath; a grassy plot of land. *vt. vi.* નાંગરવું; લંગર નાંખી પડવું. To cast anchor. 2. દૃઢ કરવું; નક્કી કરવું. To fix firmly.

Moorage (મૂરેજ્), *n.* વહાણ નાંગરવાની જગ્યા. A place for mooring.

Moorish (મૂરિશ્), *a.* હવાવાળું; ભેજવાળી જગ્યાનું; લીલોતરી વાળા મેદાનનું. Pertaining to a moor; of a moor.

Moot (મૂટ્), *vt.* વાદ કરવો; તકરાર કરવી; વાદવિવાદ ચલાવવો. To debate; to discuss. *a.* વાદવિવાદમાં ઉતરાય તેવું; તકરારી. Prone to discussion; debatable. *n.* તકરાર; વાદવિવાદ; દલીલ. A debate; a discussion.

Mop (મૉપ્), *vt.* કુચડો ફેરવવો; કુચડાવતી સાફ કરવું. To wipe off with a mop. *n.* કુચડો; 'બ્રશ'. A kind of rough broom.

Mope (મોપ્), *n.* સુસ્ત પુરૂષ; બેચેન માણસ. A dull fellow; a low-spirited person. *vi.* ઉદાસી થવું; બેચેન બનવું. To show a down face; to be low-spirited.

Mopish (મોપિશ્), *a.* સુસ્ત; ઉદાશ; શોકાતુર. Dull; spiritless; sad; gloomy.

Moral (મૉરલ્), *a.* સદાચરણી; નીતિમાન; બોધક. Relating to morals. *n.* બોધ; નીતિ; સાર. The lesson; the point worth remembering.

Morally (મૉરલિ), *ad.* નૈતિક દૃષ્ટિએ; નીતિશાસ્ત્ર પ્રમાણે. According to the moral way or principles.

Moralist (મૉરલિસ્ટ્), *n.* નીતિ–ધર્મનો ઉપદેશ કરનાર; સદાચારી. A preacher on morality.

Morality (મૉરલિટિ), *n.* નીતિ; ન્યાય; નીતિ વ્યવહાર; સદાચાર; સદાચરણ. The practice of moral duties.

Moralize (મૉરલાઈઝ્), *vt.* નીતિના માર્ગે લાવવું –ચઢાવવું. To bring on the path of morality. 2. માંથી સાર ગ્રહણ કરવો–કાઢવો; તાત્પર્ય કાઢવું. To find out the essence or the good points.

Morass (મૉરસ્), *n.* પોચી અને ભેજવાળી ભીની જમીન. A swamp; a marsh; a fen.

Morbid (મૉર્બિડ્), *a.* રોગી; આજારી; વિકારવાળું; દુઃખી. Sickly; diseased; prone to sickness.

Morbidity (મૉર્બિડિટિ), *n.* રોગ; આજારીપણું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુઃખ; વિકારી અવસ્થા. A state of being morbid.

More (મોર્), *a.* વધારે; અધીક; જાદે; અદકું. Additional; greater in amount or degree. *ad.* વધારે; જાદે; વધારામાં. In addition to. *n.* મોટી સંખ્યા; ઘણું. A great number.

Moreover (મોર્ઓવર્), *ad.* તે ઉપરાંત; બીજું વધારે; વધારામાં. Besides; further; in the like way.

Morn (મૉર્ન્), *n.* સવાર; પ્રભાત; પ્રાતઃકાળ; વહાણું. The first part of a day (This is a poetic word).

Morning (મૉર્નિંગ્), *n.* સવાર; પ્રભાત; પ્રાતઃકાળ. The first part of a day. *a.* સવારનું; પ્રભાતનું. Of the morning. **Morning-star,** *n.* શુક્રનો તારો.

Morose (મોરોસ્), *a.* ઉદાસ; બળીએલ સ્વભાવનું; કર્કશ સ્વભાવનો. Sad; gloomy; sullen.

Morosely (મોરોસ્લિ), *ad.* ઉદાસીનપણે; કર્કશ સ્વભાવથી. In a morose way.

Moroseness (મોરોસ્નેસ્), *n.* ઉદાસી; બળીએલ સ્વભાવ; કર્કશ સ્વભાવ. Sadness; a teasing temper; a state of being morose.

Morrow (મૉરો), *n.* આવતી કાલ; બીજો દિવસ. The next or the following day.

Morsel (મૉર્સેલ્), *n.* કોળીઓ; ગ્રાસ. A mouthful; a bite. **2.** નાનો કકડો; થોડો ભાગ; અલ્પાંશ. A little piece.

Mortal (મૉર્ટલ્), *a.* નાશવંત; મરણાધીન; કાલાધીન; કાલવશ. Subject to death or decay. **2.** પ્રાણઘાતક; જીવલેણ; મરણ ઉપજાવે તેવું. Deadly; destructive. **3.** માનવ જાતનું; મનુષ્યને લગતું. Of or pertaining to man. *n.* મનુષ્ય; શરીરધારી. Man; a person.

Mortality (મૉર્ટલિટિ), *n.* મરણ; નાશ; મૃત્યુ. Death; destruction. **2.** મરણાધીનતા; અનિત્યતા. A state of being mortal.

Mortally (મૉર્ટલ્લિ), *ad.* નાશવંત રીતે; મૃત્યુ પામે તે દશામાં; અનિત્ય હાલતમાં. In a mortal way.

Mortar (મૉર્ટર્), *n.* રેતી, ચુનાનો કરેલો કોલ; છો; ખલ. A mixture of lime and sand, with water, used in walls.

Mortgage (મૉર્ગેજ્), *n.* ઘરેણે મૂકેલી ચીજ; ગીરો મૂકેલી વસ્તુ. A thing or property pawned or pledged, till the repayment of the debt. *vt.* ઘરેણે મુકવું; સાનમાં મુકવું; ગીરોહકથી આપવું-લેવું. To pledge; to grant on mortgage.

Mortgagee (મૉર્ગેજી), *n.* ગીરવી રાખનાર; સાનમાં લેનાર. One, to whom the property has been mortgaged.

Mortgager (મૉર્ગેજર્), *n.* ઘરેણે મુકનાર; ગીરોહકથી સ્થાવર મિલ્કત મુકનાર; સાનમાં મુકનાર. One, who mortgages.

Mortification (મૉર્ટિફિકેશન્), *n.* માંસમાં સળો થવો તે; કોહી જવું તે; નાશ પામવું તે. An act of mortifying. **2.** માન હાની; ફજેતી. Loss of one's prestige. **3.** ઇંદ્રિય દમન-નિગ્રહ. Subjection of one's passions.

Mortify (મૉર્ટિફાઇ), *vi. vt.* સડી જવું; કોહી જવું. To lose vitality; to become gangrenous. **2.** માનભંગ કરવું; ઉતારી પાડવું. To humiliate; to affect with vexation.

Mortise (મૉર્ટિસ્), *n.* જેમાં સાલ બેસે તે બાકું-કાણું. A hole, fitted in a material of timber, with a corresponding hole. *vt.* સાલ બેસાડવું. To join or fasten in a mortise.

Mortuary (મૉર્ટ્યૂઍરિ), *a.* મુડદાં દાટવા સંબંધી; શબદફનની બાબતનું. Of or pertaining to the burial of a human dead body. *n.* સ્મશાન; મુડદા રાખવાની જગ્યા. A place for the reception of the dead.

Mosaic (મૉઝેઇક), *n.* પચરંગી પત્થર જડાવ કામ. An inlaid work of enamel, marble, glass, etc. *a.* જડાવ કામને લગતું; જડિત કામ સંબંધી. Pertaining to the work of enamel, etc.

Moslem (મૉઝ્લેમ્), *n.* મુસલમાન; મુસ્લીમ. A Mahomedan. *a.* મુસલમાનનું; મુસ્લીમને લગતું. Pertaining to a Moslem.

Mosque (મૉસ્ક), *n.* મસીદ; દરગાહ; રોજો. A muslim place of worship.

Mosquito (મૉસ્કિટો), *n. pl.* **Mosquitoes,** મચ્છર; ડાંસ. Gnats.

Moss (મૉસ્), *n.* લીલ; શેવાળ. Morass. **2.** લીલવાળી જગ્યા. A bog; a marshy place. *vt.* લીલથી ઢાંકી દેવું. To cover in moss.

Mossy (મૉસિ), *a.* લીલવાળું; શેવાળથી ભરપૂર. Full of moss; containing moss.

Most (મોસ્ટ), *a.* સૌથી વધારે; ઘણું; વધારેમાં વધારે. Greatest in number. *ad.* ઘણુખરૂં; ઘણુ કરીને. Generally; for the most part.

Mostly (મોસ્ટ્લિ), *ad.* ઘણે ભાગે; ઘણુ કરીને; મુખ્યત્વે કરીને. For the most part.

Mote (મોટ), *n.* કણ; રજ; લેશ; તણખલું. A small particle. **2.** વાદવિવાદ કરનારી સભા. A debating society.

Moth (મૉથ્), *n.* પતંગીયું; ફુદું. A caterpiller; a butterfly.

Mother (મધર્), *n.* માતા; મા; માતૃ; માદર. A female parent. **2.** મૂળ; ઉત્પત્તિ સ્થાન. A source; an origin. **Mother-in-law,** *n.* સાસુ. **Mother-of-pearl,** *n.* મોતીની શીપ. **Mother-wit,** *n.* સ્વભાવિક બુદ્ધિ.

Motherhood (મધર્હુડ્), *n.* માતૃત્વ; માતાનું સ્થાન-પદવી. The rank or position of the

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

mother.

Motherly (મધર્લિ), *a.* માતા તુલ્ય; માતા જેવું; માતું. Of or pertaining to a mother. *ad.* મા પ્રમાણે; મા જેવું. In the manner of a mother.

Motion (મોશન્), *n.* ગતિ; હલનચલન; હાલચાલ; An act of moving; movement. **2.** ખરડો; ઠારો. A resolution, before the stage of being passed. **3.** ઝાડો; ટટ્ટી. A stool. **4.** સૂચના; ઇશારત. A proposal; hint. **5.** વિચાર; બુદ્ધિ;વાસના. An impulse; a notion; a motive.

Motionless (મોશન્લેસ્), *a.* ગતિ વિનાનું; સ્થિર; સ્તબ્ધ. Free from motion; being at rest.

Motive (મોટિવ્), *n.* હેતુ; મતલબ; કારણ; ઇરાદો. An aim; a purpose; an intention. *a.* પ્રવર્તક; ઉત્તેજક; ચલાવનાર. Causing motion.

Motor (મોટર્), *n.* ચલાવનાર; ગતિ આપનાર. One, who imparts motion. **2.** ગતિ આપનાર યંત્ર; ચલાવનાર શક્તિ. A prime mover.

Motorist (મોટરિસ્ટ્). *a.* મોટરગાડી વાપરવામાં અથવા ચલાવવામાં પ્રવીણ પુરૂષ. One, expert in driving a motor-car.

Motto (મૉટ્ટો), *n.* વાક્ય; વચન; મુદ્રાલેખ. A sentence;a pithy sentence full of meaning.

Mould (મોલ્ડ્), *n.* બીબું; ડોળ; ઘાટ; રચના; આકાર A form; a shape; a frame. **2.** માટી; મટોડી. Earth; soil. **3.** ઉબ; ફુગ. Concretion from damp. *vt.* ઘાટ ઘડવો; રચના કરવી; બીબાવેતી આકાર કાઢવો. To form a shape; to construct; to give a form to; to fashion.

Moulder (મોલ્ડર્), *n.* ઘાટ ઘડનાર; આકૃતિ બનાવનાર; આકાર આપનાર; ઘડનાર. One, who moulds.

Moulding (મોલ્ડિન્ગ્), *n.* ઘાટ ઘડવો તે; આકાર કાઢવો તે. An act of giving shape.

Moult (મોલ્ટ્), *vi.* પીંછા ખરી પડવા; બાલ-ચામડી વિગેરે ખરી પડવા. To shed the feathers; to cast the skin, etc.

Mound (માઉન્ડ્), *n.* બાંધ; પુસ્તો; ટેકરી; ડુંગર. A raised bank; a hill; an elevated hillock.

Mount (માઉન્ટ્), *vt. vi pr. p.* **Mounting.** *imp. & p. p.* **Mounted.** સવાર થવું;-ના ઉપર બેસવું; સવારી કરવી. To ride; to bestride. **2.** ઉંચું કરવું; ઉંચે ચઢાવવું To raise; to elevate. **3.** ઉપર જવું; ચઢવું. To go up; to ascend. **4.** સરવાળો થવો; કુલ એકંદર થવું. To form the sum total of. *n.* ડુંગર; ટેકરી. A hill; a hillock. **2.** બાંધ; પુસ્તો. A mound.

Mountain (માઉન્ટિન્), *n.* પર્વત; ડુંગર; પહાડ. A very high hill; a range of hills.

Mountaineer (માઉન્ટિનીર્), *n.* પહાડમાં વસનાર; પાહાડી માણસ-આદમી; પહાડી. One, who lives in the mountains.

Mountainous (માઉન્ટિનસ્), *a.* પહાડવાળું; ઘણા પર્વતનું; વિશાળ; અતિ મોટું. Full of hills; containing mountains; very large; extensive.

Mountebank (માઉન્ટીબૅન્ક્), *n.* ઢોંગી વૈદ; ઉંટ વૈદ. A quack.

Mourn (મોર્ન્), *n.* વિલાપ કરવો; શોક કરવો; દિલગીરી બતાવવી; આક્રંદ કરવું. To lament; to grieve.

Mourner (મોર્નર્), *n.* શોક કરનાર; વિલાપ કરનાર; આક્રંદ કરનાર. One, who laments.

Mournful (મોર્નફુલ્), *a.* શોકવાળું; વિલાપ કરે તેવું; ખેદ યુક્ત; ખેદજનક. Sad; causing or expressing grief.

Mournfully (મોર્નફુલલિ), *ad.* દિલગીરીમાં; શોકમાં; ખેદયુક્ત રીતે. In a mournful way or manner.

Mouse (માઉસ્), *n. pl.* **Mice.** ઉંદર. A small quadruped. **2.** વહાલનો શબ્દ. A term of endearment. *vt.* ઉંદરનો શિકાર કરવો. To catch mice.

Mouth (માઉથ્), *n.* મ્હોં; વદન; મુખ. An opening for receiving food for the animals, etc. **2.** બાકું; છિદ્ર. A hole; an aperture. **3.** પ્રવેશ; મુખદ્વાર. An opening of the river; a place for entrance. *vi* ભભકાબંધ ઉચારવું -બોલવું. To pronounce affectedly.

Mouthful (માઉથ્ફુલ્), *n.* કોળિયો; ગ્રાસ; ઘુક્કો. A very small quantity of an edible substance.

Mouth-piece (માઉથ્-પીસ્), *n.* મ્હોંડેથી વગાડવાનું વાજું; પીપુડું. A musical instrument, played on by the mouth.

Movable, Moveable (મુવેબલ્), *a.* ખસાડી શકાય એવું; ચળ; જંગમ. Susceptible of motion; changeable.

Movables (મુવેબલ્સ્), *n.* જંગમ મિલ્કત; માલ મિલ્કત. Property (as ornaments, money, etc.)

Move (મુવ્), *vt. vi.* હલાવવું; ખસેડવું; ગતિ ચાલુ કરવી. To cause to change place; to tranfer the position of; to set in motion. **2.** ઉશ્કેરવું; જાગૃત કરવું; ઉત્તેજીત કરવું. To excite; to stir. **3.** દરખાસ્ત રજુ કરવી; વિચાર જણાવવો. To bring the proposal. **4.** હલવું; ખસવું; ગતિ ચાલુ થવી. To change; to be in motion. **5.** રહેવાનું સ્થાન બદલવું. To change the residence. of. *n.* ખસેડવું તે; ચલણ; દાવપેચ. An act of moving; movement.

Movement (મુવ્મેન્ટ્), *n.* હલન ચલન; હાલવું તે; સ્થળભેદ. An act of moving; a change of place. **2.** ચાળા; મનો ગતિ; ચલન; વ્યાપાર. Motion of the mind; the manner of moving.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

3. ક્ષોભ; ગભરાટ. An agitation.

Mow (મો), *vt.* ઘાસ કાપવું; લણવું; દાતરડાથી ઘાસ કાપવું. To cut the grass; to cut with a hook or scythe.

Mower (મોઅર્), *n.* ઘાસ કાપનાર; લણનાર. One that mows.

Much (મચ), *a.* ઘણું; વધારે; પુષ્કળ. Great in quantity or in any matter. *a.* બહુ; પુષ્કળ. A great deal. *ad.* ઘણું; પુષ્કળ રીતે. In a great degree.

Muck (મક્), *n.* છાણ; ખાતર; કોહી ગયેલો પદાર્થ–કચરો. Manure; dung.

Mucus (મ્યૂકસ્), *n.* ગળફો; બળગમ; જળસ. A kind of viscid fluid.

Mud (મડ્), *n.* કાદવ; કાંપ; કચરો. Earth mixed with water; mire. *vi.* કાદવથી બગડવું –લપેટાવું. To soil with mud.

Muddy (મડિ), *a.* કાદવવાળું; કચરાવાળું. Full of mud; containing mud.

Muddle (મડ્લ્), *vt. pr. p.* **Muddling.** *imp. & p. p.* **Muddled.** ડોળવું; મેલું કરવું; કચરાવાળું કરવું. To make muddy or dirty. 2. ગુંચવવું; ગભરાવવું. To confuse; to disturb the mind of.

Muffle (મફ્લ્), *vt. pr. p.* **Muffling.** *imp. & p. p.* **Muffled.** ઢાંકવું; ઓઢાડવું; વીંટવું. To cover; to enfold; to wrap. *n.* નાકની દાંડી; ગરગડીનું પાટિયું. The end of the nose; a pulley-block.

Muffler (મફ્લર્), *n.* ગલપટો. A neck-cloth. 2. બુરખો; ઘુમટો. A mask.

Mug (મગ્), *n.* પ્યાલો; પવાલું; જામ. A drinking cup or vessel. 2. ચહેરો; મોઢું. Face; the mouth.

Muggy (મગિ), *a.* ભીનું; ભેજવાળું. Moist; wet. 2. ગરમ. Warm.

Mulberry (મલ્બેરિ), *n.* સેતુર; સેતુરનું ઝાડ. A kind of sweet fruit; a tree, growing mulberries.

Mulct (મલ્ક્ટ્), *n.* દંડ; ગુન્હેગારી. A fine; a penalty. 2. વાંક; ગુન્હો; અપરાધ. A fault; a crime. *vt.* દંડ કરવો; સજા ફરમાવવી; ખુંચવી લેવું. To fine; to sentence; to deprive.

Mule (મ્યૂલ્), *n.* ખચ્ચર; ગધેડું. A hybrid animal. 2. જક્કી માણસ. A stubborn; an obstinate fellow.

Muleteer (મ્યૂલેટીર્), *n.* ખચ્ચરવાળો; ખચ્ચર હાંકનાર. An owner of a mule; one, who drives mules.

Mull (મલ્), *vt.* મસાલો નાંખી ગરમ કરવું; મસાલો નાંખી ઉકાળવું. To boil with spices. 2. ભૂકો કરવો; ઝીણો ભુકો કરવો. To reduce to powder.

Multifarious (મલ્ટિફેરિઅસ્), *a.* ઘણા પ્રકારનું; વિવિધ; અનેક જાતનું; નાનાવિધ; અનેક. Various; having many varieties; consisting of many forms.

Multiform (માલ્ટિફૉર્મ્), *a.* Same as, [**Multifarious.**

Multiped (મલ્ટિપેડ્), *a.* ઘણા પગવાળું. Having many legs. *n.* કાનખજુરો. An insect with many feet.

Multiple (મલ્ટિપલ્), *n.* ભાજ્ય; સાધારણભાજ્ય; ગુણાકાર. A number, containing another an exact number of times without a reminder. *a.* વધારે પ્રકારનું; ઘણું. Of many times.

Multiplicand (મલ્ટિપ્લિકૅન્ડ્), *n.* ગુણ્ય; ગુણાંક. A number which is to be multiplied by another number.

Multiplication (મલ્ટિપ્લિકેશન્), *n.* ગુણાકાર; ગુણન. An act of multiplying.

Multiplicity (મલ્ટિપ્લિસિટિ), *n.* પુષ્કળતા; બહુપણું; બહુત્વ A state of being many.

Multiplier (મલ્ટિપ્લાઇર્), *n.* ગુણક; ગુણાંક. A number that multiplies another.

Multiply (મલ્ટિપ્લાઇ), *vt. vi. pr. p.* **Multiplying.** *imp. & p. p.* **Multiplied.** ગુણવું; ગુણાકાર કરવો. To find the product of. 2. વધારવું; વધવું. To increase; to augment.

Multitude (મલ્ટિટ્યૂડ્), *n.* મોટી સંખ્યા; સમૂદાય; મેળાવડો; ઢગલો; જથ્થો; સમૂહ. A great number (of people); a crowd; a collection.

Multitudinous (મલ્ટિટ્યૂડિનસ્), *a.* ઘણા પ્રકારનું; નાનાવિધ; જુદી જુદી જાતનું; પુષ્કળ. Manifold; plenty; of various types.

Mum (મમ્), *a.* ચુપ; મુગું; બોળહું. Silent; not speaking. *n.* જવનો દારૂ. A malt-liquor. *int.* ચૂપ રહે! છાનો રહે! ચૂપ! Be silent! silence.

Mumble (મમ્બલ્), *vi.* બડબડવું; ગણગણવું; બડબડાટ કરવો. To prate; to mutter. 2. ન સમજાય તેવી રીતે બોલવું; અસ્પષ્ટ રીતે બોલવું. To speak indistinctly.

Mummer (મમર્), *n.* બનાવેલું મોઢું ઘાલી રમત કરનાર. One, who puts on a mask.

Mummy (મમિ), *n.* ઈજીપ્ત દેશમાં મસાલો ભરી રાખેલું મુડદું. A dead human body embalmed and dried after the Egyptian fashion.

Mumps (મમ્પ્સ્), *n.* કાનની નીચે થતું એક જાતનું દરદ; ગાલપચોરિયાં. A disease of or below the ears.

Munch (મન્શ), *at.* ભચડ ભચડ ચીવવું. To chew [noisily.

Mundane (મન્ડેન્), *a.* દુનિયાનું; આલોકનું; સાંસારિક. Of this world; worldly.

Mungoose (મન્ગૂસ્), *n.* નોળિયો; નોળ. A quadruped, resembling a rat in size.

Municipal (મ્યૂનિસિપલ્), *a.* શહેર સુધરાઇનું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શહેર સંબંધી. Pertaining to a city; relating to town-conservancy. **2.** મૂલકી; રાજ્યનું. Of a kingdom.

Municipality (મ્યૂનિસિપૅલિટિ), *n.* શહેર સુધરાઇ ખાતું; આરોગ્યખાતું. A town, having local self-government.

Munificence (મ્યૂનિફિસેન્સ), *n.* ઉદારતા; સખાવત; ઔદાર્ય. Liberality; generosity; bounty; a giving with liberality.

Munificent (મ્યૂનિફિસેન્ટ), *a.* ઉદાર; સખી; સખાવત આપનાર. Liberal; generous.

Muniment (મ્યૂનિમેન્ટ), *n.* કિલ્લો; ગઢ; દુર્ગ. A fort; a fortress.

Munition (મ્યૂનિશન), *n.* લડાઇનો સામાન; યુદ્ધ સામગ્રિ. Stores and provisions for war.

Murder (મર્ડર), *n.* ખૂન; મનુષ્યહત્યા; વધ. An act of killing a person. *vt.* મનુષ્યહત્યા કરવી; મારી નાંખવું; ખૂન કરવું. To kill; to deprive of life; to destroy.

Murderer (મર્ડરર), *n.* ખૂની; ઘાતક; હત્યારો; ખૂન કરનાર. One, who commits a murder; a slaughterer.

Murderous (મર્ડરસ), *a.* ઘાતકી; ખુની; પ્રાણઘાતક; હિંસક. Savage; cruel; bloody.

Murky (મર્કિ), *a.* અંધારૂં; કાળું; શ્યામ. Black; dark; darkened.

Murmur (મર્મર), *n.* ખળખળાટ; ઘોંઘાટ; કલકલ. A low and confused sound. *vi.* કકળાટ થવો; ઘોંઘાટ થવો. To make a low noise.

Musca (મસ્કૅ), *n.* ભરણી નક્ષત્ર; ભરણી. One of the heavenly constellations.

Muscle (મસલ), *n.* માંસ તંતુ; સ્નાયુ; માંસરજ્જુ. An organ of motion in animal bodies. **2.** જોર; તાકાદ; બળ. Physical strength or force.

Muscular (મસ્ક્યૂલૅર), *a.* માંસતંતુ સંબંધી; સ્નાયુને લગતું; જોરાવર. Pertaining to muscles; strong; robust.

Muse (મ્યૂઝ), *vi. pr. p.* **Musing.** *imp.* & *p. p.* **Mused.** વિચાર કરવો; વિચારવું; મનન કરવું. To think; to think very deeply. *n.* ઉંડો વિચાર; ચિંતવન; મનન. A deep thought or idea.

Museum (મ્યૂઝીઅમ), *n.* સંગ્રહસ્થાન; પદાર્થ સંગ્રહ સ્થાન. A building, having the collection of various articles and things for show; a grand show-room.

Mushroom (મશ્રૂમ), *n.* કુતરાની ટોપી; ફીલાડાનો ટોપ. A fungus.

Music (મ્યૂઝિક), *n.* ગાન; ગાયન. The science and the art of musical sound. **2.** સુસ્વર; મીઠો અવાજ. Melody.

Musical (મ્યૂઝિકૅલ), *a.* ગાયન વિદ્યાનું; સંગિતનું; સંગિતવિદ્યા સંબંધી. Pertaining to music. **2.** સુરનું; અવાજને લગતું; સુસ્વરવાળું. Melodious.

Musician (મ્યૂઝિશૅન), *n.* સંગીત જાણનાર; ગાનાર; ગાયક; ગવૈયો. A skilful singer; one who is well up in the art of singing.

Musk (મસ્ક), *n.* કસ્તુરી. A substance found in the navel of a male deer. *vt.* કસ્તુરીથી સુગંધીદાર બનાવવું. To perfume with musk. **Musk-deer,** *n.* કસ્તુરીમૃગ. **Musk-melon,** *n.* ખડબુચું; તળીઉં ચીભડું; સકરટેટી; ટેટી.

Musket (મસ્કેટ), *n.* બંદુક; પિસ્તોલ. A fire-arm.

Musketeer (મસ્કેટીર), *n.* બંદુકવાળો; બંદુક ફોડનાર. A soldier, armed with a musket.

Musketry (મસ્કેટ્રિ), *n.* બધી જાતની બંદુકો. Fire-arms, taken collectively. **2.** બંદુક ફોડવાની કળા. The art of firing with muskets.

Muslin (મસ્લિન), *n.* મલમલ; જાડી મલમલ. A kind of soft cloth. *a.* મલમલનું; મલમલનું બનાવેલું. Of muslin; made of muslin.

Must (મસ્ટ), *v.* સહાય કારક ક્રિયાપદ છે જેનો અર્થ જોઇએ (દબાણ, હુકમ, વિ૦ જેવો) થાય છે. It is one of the auxiliary verbs, implying compulsion.

Mustache (મુસ્ટાશ), *n.* મુંછ; થોભીયા. Hair growing above the mouth.

Mustard (મસ્ટર્ડ), *n.* રાઈનો છોડ; રાઇ. A kind of plant or its seeds.

Muster (મસ્ટર), *vt.* એકઠું કરવું; મેળવવું; લશ્કરની હાજરી પુરવી. To collect; to combine; to call the roll of soldiers. **Muster-roll,** *n.* હાજરી પત્રક; સૈનિકોનું હાજરી પત્રક.

Mutability (મ્યૂટૅબિલિટિ), *n.* અસ્થીરતા; વિકારશીલતા; ચંચળતા. Changeableness; inconstancy.

Mutable (મ્યૂટેબલ), *a.* અસ્થીર; ફરી જાય તેવું; વિકારશીલ; અસ્થાયી; ચંચળ. Unsteady; changeable; fickle; alterable.

Mutation (મ્યૂટેશન), *n.* ફેરફાર; બદલવું તે; પરિવર્તન. A change; a process of changing.

Mute (મ્યૂટ), *n.* બોબડું માણસ; મુંગો. A dumb person; one unable to utter the speech. *a.* બોબડો; મુંગો. Dumb.

Mutilate (મ્યૂટિલેટ), *vt.* કાપકૂપ કરવી; અંગચ્છેદન કરવું; ભાંગવું; કાપી નાંખવું. To maim; to cripple. **2.** અગત્યનો ભાગ કાપીને બગાડવું. To remove an important part.

Mutilation (મ્યૂટિલેશન), *n.* હાથ, પગ કાપી નાંખવા તે; અંગચ્છેદન; વ્યંગતા. An act of mutilating; an act of depriving of an important part.

Mutineer (મ્યૂટિનીર), *n.* બંડ કરનાર; બળવાખોર; ઉપરીના અથવા રાજ્યસત્તાના સામો થનાર. One, guilty of mutiny.

Mutinous (મ્યૂટિનસ), *a.* બંડ કરનારૂં; દગાખોર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બળવો કરવાની ઇચ્છાવાળું. Prone to mutiny; engaged in a mutiny.

Mutiny (મ્યૂટિનિ), *n.* બળવો; બંડ; સિપાઇઓનો અથવા ખલાસીઓનો બળવો. An insurrection; a rebellion. *vi.* બળવો ઉઠાવવો-કરવો; ઉપરીના સામા થવું. To rise against military or naval power.

Mutter (મટર્), *vi.* બડબડવું; લવારો કરવો; લવરી કરવી. To prate; to grumble; to utter words slowly.

Muttering (મટરિન્ગ્), *n.* બડબડાટ; લવારો; લવરી. A prate; a prattling sound.

Mutton (મટન્), *n.* ઘેટાંનું માંસ; મેંઢાનું માંસ; ઘોસ. The flesh of sheep.

Mutual (મ્યૂટ્યૂઍલ્), *a.* અરસપરસનું; આપસ-આપસનું; અંદર અંદરનું. Reciprocal; resulting from two or more.

Mutually (મ્યૂટ્યૂઍલલિ), *ad.* અરસપરસ રીતે; આપસ આપસમાં. In a mutual way.

Muzzle (મઝલ્), *n.* તોપનું મ્હોંડું; બંદુકનું મોં. The open end of a gun. **2.** જનાવરનું (ખાસ કરીને ઘોડા, વિગેરેનું) જડબું; ડાચું. The projecting mouth of an animal. *vt.* બંદુકનું મ્હોં રાખવું-ધરવું. To put a muzzle on.

My (માઇ), *pro.* મારૂં; મારો; મારી. It is the possessive form of the pronoun I.

Myriad (મિરિઍડ્), *n.* દશહજાર; ઘણી મોટી સંખ્યા. A number consisting of ten thousand; a very great number. *a.* ઘણું; મોટી સંખ્યાનું. Of a great number.

Myrobalan (માઇરૉબૅલન્), *n.* સુકાં આંબળાં. A dried fruit, resembling a prune.

Myrrh (મર્), *n.* હીરાબોળ; ગંધરસ. A gummy, resinous substance.

Myrtle (મર્ટલ્), *n.* મેંદી; મેંદીનો છોડ. A kind of ever-green plant.

Mysterious (મિસ્ટીરિઅસ્), *a.* ગૂઢ; ગહન; અકળ; ન સમજાય તેવું. Secret; obscure; impossible to understand.

Mystery (મિસ્ટરિ), *n.* છુપોભેદ; મર્મ; રહસ્ય; ગુપ્ત શક્તિ; અકળિત શક્તિ. A secret point; a state of being mysterious. [secret.

Mystical (મિસ્ટિકૅલ્), *a.* ગહન; ઉંડો; ગૂઢ. Deep;

Myth (મિથ્), *n.* કલ્પિત વાત; પુરાણકથા; જોડી કાઢેલી વાત. A legend.

Mythic,-al (મિથિક્,-કૅલ્), *a.* ખોટું; કલ્પિત; જોડી કાઢેલું. Fabulous; imaginary; pertaining to a myth or myths.

Mythological (મિથૉલૉજિકૅલ્), *a.* પુરાણોક્ત; પુરાણના આધારે યોજેલું; કલ્પિત. Relating to mythology; fabulous.

Mythologist (મિથૉલૉજિસ્ટ્), *n.* પુરાણ, વિગેરે શાસ્ત્રોનો સારી રીતે અભ્યાસ કરનાર-અભ્યાસક. One, well-versed in mythology.

Mythology (મિથૉલૉજિ), *n.* પુરાણશાસ્ત્ર; દંત કથા; શાસ્ત્રોનો ઇતિહાસ. The treatise of myths; a collection of myths.

N.

N (એન્), અંગ્રેજી મૂળાક્ષરનો ચૌદમો અક્ષર છે. (ગુજરાતી ભાષામાં, ન્, ણ્, ઙ્, ને બદલે વપરાય છે.) It is the fourteenth letter of the English alphabet.

Nab (નૅબ્), *vt.* એકાએક પકડી લેવું; જોરથી ઝાલવું-પકડવું. To seize suddenly; to catch all of a sudden.

Nadir (નેડર્), *n.* અધોબિંદુ; નીચામાં નીચું બિંદુ. The lowest point. **2.** (*fig.*) અધમ દશા; હલકામાં હલકી અવસ્થા. The depressed state or condition.

Nag (નૅગ્), *n.* ટટ્ટુ; નાનું ઘોડું. A small horse; a pony. *vt.* ધમકાવવું; ભૂલો વારંવાર બતાવવી; ત્રાસ દેવો. To scold; to point out mistakes many times.

Naiad (નેઍડ્), *n.* જળદેવી. A water nymph. **2.** પતંગીઆની એક જાત. A class of butterflies.

Nail (નેલ્), *n.* ખીલો; મેખ. A pointed piece of metal. **2.** પંજો; નખ. The horny scale growing at the end of human fingers and toes. **3.** સવા બે ઇંચનું લંબાઇનું માપ. A measure of length, being $2\frac{1}{4}''$. *vt.* ખીલા મારવો-ઠોકવો-બેસાડવા. To fasten with nails; to stud with nails.

Nailer (નેલર્), *n.* ખીલા અથવા ચુકો બનાવનાર અથવા વેચનાર. A manufacturer or dealer of nails. **2.** ખીલાથી ઠોકનાર-બંધ બેસાડનાર. One, who fastens with a nail or nails.

Nailery (નેલ્રિ), *n.* ખીલા, ચુકો, વિગેરે બનાવવાનું કારખાનું. A manufactory, where-in nails, etc. are made.

Naive (નેવ્), *a.* ભોળો; નિષ્કપટી; નિખાલસ. Artless; frank; simple-hearted.

Naivety (નેવીટિ), *n.* ભોળાપણું; નિખાલસપણું; સરળતા; નિષ્કપટપણું. Artlessness; frankness in nature; a quality of being naive.

Naked (નેકેડ્), *a.* નગ્ન; ઉઘાડું; ખુલ્લું. Without clothes; bare; open; manifest.

Nakedly (નેકેડ્લિ), *ad.* નગ્નપણે; ઉઘાડી રીતે; ખુલ્લેખુલ્લી રીતે. In a naked way; openly.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Nakedness (નેકેડ્નેસ્), *n.* નાગાપણું; નગ્નતા; ઉઘાડાપણું; અડવાપણું. A state of being naked; plainness.

Namable (નેમેબલ્), *a.* નામ આપી શકાય તેવું; સંજ્ઞાથી ઓળખાવી શકાય તેવું. Capable of being named.

Name (નેમ્), *n.* નામ; સંજ્ઞા; અભિધાન. A designation for a person or a thing. **2.** આબરૂ; કીર્તિ; શાખ. Fame; reputation. *vt.* નામ પાડવું; નામ આપવું; સંજ્ઞાથી ઓળખાવવું. To designate; to nominate; to mention by name.

Nameless (નેમ્લેસ્), *a.* નામ સિવાયનું; નનામું; નામ રહિત; સંજ્ઞા વગરનું. Without a name or mark.

Namelessness (નેમ્લેસ્નેસ), *n.* નામ સિવાયનું હોવું તે; સંજ્ઞા વિનાનું હોવું તે. A state of being nameless.

Namely (નેમલિ), *ad.* નામે; એટલે; એટલે કે. That is to say; in the name of.

Namesake (નેમ્સેક), *n.* નામરાશી; સ્વનામી; એક નામનો માણસ. One, having the same name as another.

Nap (નૅપ્), *n.* ટુંકી ઉંઘ; અલ્પ નિદ્રા; ઝોકું. A short sleep. **2.** રૂવાંટી; રૂવાં. Soft fur; the downy substance. *vi. pr. p.* **Napping.** *imp. & p. p.* **Napped.** ટુંકી ઉંઘ લેવી; અલ્પ નિદ્રા ભોગવવી; થોડી વાર સુવું. To have a short sleep.

Nape (નેપ્), *n.* ઓચી; ડોક; ગરદન; ગળચી. The back part of the neck.

Naphtha (નૅફ્થૅ), *n.* નખવેલ. A variety of bitumen, used as a source of light.

Naphthalic (નૅફ્થૅલિક), *a.* નખતેલનું; નખતેલને લગતું. Pertaining to naptha.

Napkin (નૅપ્કિન્), *n.* હાથ મ્હોં લ્હોવાનો રૂમાલ; નાનો ટુવાલ. A towel; a cloth, used for wiping the hands, etc.

Napoleon (નૅપોલીઑન્), *n.* ૨૦ ફ્રાન્કનો ફ્રાન્સનો સિક્કો. A French gold coin, worth 20 franks (about ten rupees).

Nappy (નૅપિ), *a.* ઉંઘણસી; નિદ્રાળુ. Prone to sleep. *n.* નિદ્રાજનક પીણું; કેફી પીણું. A strong ale.

Narcotic (નાર્કોટિક), *a.* નિદ્રાજનક; ઉંઘ લાવે તેવું. Inducing sleep. *n.* નિદ્રાજનક પદાર્થ. A substance producing sleep or stupor.

Nard (નાર્ડ્), *n.* જટામાસી; એક જાતનું તેલ-મલમ. A kind of plant; a pigment prepared from nard.

Narrate (નૅરેટ્), *vt. pr. p.* **Narrating.** *imp. & p. p.* **Narrated.** કહેવું; બ્યાન કરવું; કથન કરવું; વર્ણન આપવું. To relate; to describe; to tell as a story.

Narration (નૅરેશન્), *n.* કથન; વર્ણન; આખ્યાન; વાર્તા; ગાથા; કથા. An act of narrating; a story.

Narrative (નૅરેટિવ્), *a.* આખ્યાનનું; કથાનું; કથાને લગતું. Of or relating to a story. *n.* કથા; વાર્તા; વર્ણન. A story; a narration.

Narrator (નૅરેટર્), *n.* કથા કહેનાર; વર્ણન કરનાર; બ્યાન કરનાર. One that narrates; a story-teller.

Narrow (નૅરો), *a.* સાંકડું; સંકુચિત; અવિસ્તૃત. Having little breadth; limited; not extensive. *vt. vi.* સંકુચિત કરવું; સાંકડું બનાવવું. To make narrow. **2.** સાંકડું થવું. To become narrow. *n.* સામુદ્રધુની; સાંકડો માર્ગ. A strait.

Narrow-minded, *a.* સાંકડા મનનું; કંજુસ.

Narrowness (નૅરોનેસ્), *n.* સાંકડાપણું; સંકુચિતસ્થિતિ; સંકડામણ; કંજુસાઇ. A state of being narrow.

Nasal (નૅઝલ્), *a.* નાકનું; અનુનાસિક. Of the nose; produced from the nose. *n.* અનુનાસિકવર્ણ. A sound, which is uttered through the nose.

Nascent (નૅસેન્ટ્), *a.* ખીલી નીકળતું; વિકસતું; ઉઘડતું; પહોળું થતું. Blooming; extending; beginning to grow.

Nastily (નૅસ્ટિલિ), *ad.* ખરાબ રીતે; ગંધાય તેવી રીતે; સુગ આવે તેવું. In a nasty way.

Nastiness (નૅસ્ટિનેસ્), *n.* દુર્ગંધ; સુગ આવે તેવી સ્થિતિ હોવી તે. A state of being nasty; filthiness.

Nasty (નૅસ્ટિ), *a.* ખરાબ; મેલું; ગંદું; સુગ ચઢે તેવું. Filthy; dirty; disagreeable.

Natal (નેટૅલ્), *a.* જન્મનું; સ્વજન્મને લગતું. Pertaining to one's birth.

Nation (નેશન્), *n.* પ્રજા; લોક; વસ્તી; જનસમૂદાય; કોમ. People; people of one country; a community. **2.** ઓલાદ; વંશ. A race.

National (નૅશનૅલ્), *a.* પ્રજાકીય; પ્રજાને લગતું; સામાન્ય; સાર્વજનિક. Of or pertaining to a nation or people in general.

Nationalism (નૅશનૅલિઝમ્), *n.* કોઈ પણ પ્રજાની ખાસ રૂઢી-ખાસીઅત-સંપ્રદાય; પ્રજાકીય આચાર વિચાર. National habits or customs; nationality.

Nationalist (નૅશનૅલિસ્ટ), *n.* પ્રજા પક્ષનો અનુયાયી; પ્રજા સમૂહમાં વિશ્વાસ રાખનાર; પ્રજા ગણને ટેકો આપનાર. A supporter of nationalism.

Nationality (નેશનૅલિટિ), *n.* પ્રજા; લોક. A nation. **2.** દેશીયતા; વિશેષતા; વિશેષ ગુણ-લક્ષણ. The national character.

Native (નેટિવ્), *a* જાતનું; દેશી; સ્વદેશનું; સ્વજન્મનું. Pertaining to one's birth; natal; of one's native place or land. *n.* વતની; રહેવાસી. An inhabitant.

Nativity (નેટિવિટિ), *n.* જન્મભૂમિ; જન્મ સ્થાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The place of one's birth. **2.** જન્મ; ઉત્પત્તિ; ઉદ્ભવ. The birth; the origin. **3.** જન્મકુંડળી; જન્માક્ષર. A horoscope.

Natron (નેટ્રૉન્) *n.* સાજીખાર. Carbonate [of soda.

Natty (નૅટિ), *a.* ચોખ્ખું; સ્વચ્છ; નિર્મળ. Neat; tidy.

Natural (નૅટ્યૂરૅલ્), *a.* કુદરતી; સહજ; સ્વાભાવિક; અકૃત્રિમ; મૂળનું; પહેલાનું. Pertaining to or belonging to nature; original; not artificial; essential.

Naturally (નૅટ્યૂરૅલ્લિ), *ad.* સ્વાભાવિક રીતે; કુદરતી રીતે; આપોઆપ. In the natural way; originally.

Naturalist (નૅટ્યૂરૅલિસ્ટ્), *n.* કુદરતી ત્વારીખ જાણનાર. One well-versed in the study of natural science. **2.** સ્વભાવવાદી; સ્વભાવવાદનો મત ધરાવનાર. One, who holds the doctrine of naturalism.

Naturalization (નૅટ્યૂરૅલાઇઝેશન્), *n.* કોઈ પરદેશીએ સ્વવતન જેવા હક મેળવવા તે; અભ્યાસથી મહાવરો પાડવો તે. An act of naturalizing.

Naturalize (નૅટ્યૂરૅલાઇઝ્), *vt.* અનુકુળ આવે તેમ કરવું; પોતાના દેશ જેવું ગણવું; પોતાનું કરીને સ્થાપવું. To make familiar by usage or habits; to confer the rights on a foreigner.

Nature (નેટ્યૂર્), *n.* સૃષ્ટિ; વિશ્વ; જગત્. The universe; the creation (of God). **2.** સૃષ્ટિ ક્રમ અથવા ધારો; રૂઢિ; માર્ગ. The universal course of things, etc. **3.** જાતિસ્વભાવ; પ્રકૃતિ; વસ્તુસ્વભાવ. Temperament; an essential attribute. **4.** જાત; પ્રકાર; વર્ગ ભેદ. Kind; genus.

Naught (નૉટ્), *n.* કંઇજ નહિ; શૂન્યતા; શૂન્ય; મીંડું. Nothing; a cipher. *a.* કિંમત વગરનું; શૂન્ય; ખરાબ. Worthless; having no value; bad.

Naughtiness (નૉટિનેસ્), *a.* તોફાની સ્વભાવ હોવો તે; ખરાબ સ્વભાવ અથવા દુષ્ટતા બતાવવી તે. A state of being naughty.

Naughty (નૉટિ), *a.* નઠારૂં; ખરાબ; તોફાની; બદમાસ; ઉછાંછળું; ઉપદ્રવી, Bad; mischievous; perverse; ill-behaved.

Nausea (નૉશીઍ), *n.* બકારી; વાયુથી આવતાં ચક્કર-ઉલટી. A sickness of the stomach. **2.** વહાણમાં આવતાં ચક્કર-ફેર. A sea-sickness.

Nauseate (નૉશીએટ્), *vt. vi.* ઉલટી કરવી-કરાવવી; વમન થવું; ફેર આવવા. To be inclined to vomit; to feel nausea. **2.** કંટાળો આવવો-ઉપજવો. To loathe; to feel disgust.

Nauseous (નૉશસ્), *a.* કંટાળો આવે તેવું; સુગ ચઢે તેવું; ઉલટી થાય તેવું. Causing nausea; disgusting.

Nautical (નૉટિકૅલ્), *a.* નૌકાશાસ્ત્રનું; વહાણની બાબતનું; દરિયાઇ; સામુદ્રિક. Pertaining to the science of navigation.

Naval (નૅવૅલ્), *a.* વહાણનું; અરમાર સંબંધી; દરિયાઇ. Of a ship; marine; maritime.

Nave (નેવ્), *n.* દેવળનો મધ્ય ભાગ. The middle part of a church. **2.** નારખું. The block in the centre of a wheel, in which the spokes are inserted.

Navel (નૅવેલ્), *n.* ઢુંટી; નાભી. A depression, in the centre of the abdomen. **Navel-string,** *n.* નાળ; નાયડો.

Navigable (નૅવિગેબલ્), *a.* નૌકાગમ્ય; વહાણ જઇ શકે તેવું. Capable of being navigated.

Navigableness (નૅવિગેબલનેસ્), *n.* નૌકાગમ્યતા; વહાણ જઈ શકે તેવી સ્થિતિ. A state of being navigable.

Navigate (નૅવિગેટ્), *vt. vi.* વહાણમાં બેસી મુસાફરી કરવી; સફર કરવી; વહાણવટું કરવું. To journey by water; to manage a ship.

Navigation (નૅવિગેશન્), *n.* નૌકાશાસ્ત્ર; નાવિક વિદ્યા. An art of navigating. **2.** સમુદ્ર યાત્રા; નૌકાપર્યટન. An act of navigating.

Navigator (નૅવિગેટર્), *n.* વહાણવટી; સફર કરનાર; નાવિક; નૌકાશાસ્ત્રી. One that navigates. **2.** નૌકા શિક્ષણ સંબંધી લખાણવાળું પુસ્તક. A book, dealing with the subject of navigation.

Navy (નેવિ), *n.* વહાણનો કાફલો; નૌકા સમૂહ. A fleet of ships (war-ships). **2.** અરમારના માણસો; નૌકા સૈન્ય. The naval force of any place or country.

Nay (ને), *ad.* નહિં; એટલુંજ નહિ; ફક્ત. Not; no. *n.* અસ્વીકાર; કબુલ નહિ કરવું તે. A denial; a rejection.

Neap (નીપ્), *a.* ઓછું; થોડું. Low; not high. **Neap-tide,** *n.* સાતમ, આઠમની જે નીચી ભરતી આવે છે તે.

Near (નીર્), *a.* પાસેનું; નજીકનું; સમીપનું. Not remote; adjacent. *prep.* પાસે; નજીક. Close by; adjacent. *ad.* પાસે; સમીપ; નજીક. Not remote; nigh; in the vicinity; closely. **2.** લગભગ; ચ્યાશરે. Almost; approximately. *vt. vi.* પાસે જવું; નજીકમાં જવું; આવી પહોંચવું. To approach; to go near.

Nearly (નીર્લિ), *ad.* લગભગ; ઘણું કરીને; પાસે; નજીકના પ્રમાણમાં. Almost; closely; intimately.

Nearness (નીરનેસ્), *n.* નજીકમાં અથવા સમીપમાં હોવું તે; આસપાસની સ્થિતિ. A state of being near; proximity.

Neat (નીટ્), *a.* ઠીકઠીક; સ્વચ્છ; ચોખ્ખું; શુદ્ધ; સાફ. Tidy; clean; chaste; pure.

Neatly (નીટ્લિ), *ad.* ચોખ્ખાઇપૂર્વક; સફાઇથી; સ્વચ્છતાથી. In a neat way; cleanly.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Neatness (નીટ્નેસ્), *n.* સફાઇ; સ્વચ્છતા; ચોખ્ખાઇ; સુંદરતા. Cleanliness; a state of being neat.

Nebula (નેબ્યૂલૅ), *n.* વાદળ સરખાં દેખાતા તારાઓનો સમૂહ. A cloud like object in the heavens.

Nebular (નેબ્યૂલૅર્), *a.* વાદળને લગતું; વાદળ સરખું. Pertaining to a cloud or clouds.

Nebulous (નેબ્યૂલસ્), *a.* વાદળથી ઘેરાયેલું; વાદળાંથી ઢંકાયેલું. Cloudy; hazy.

Necessarily (નેસેસૅરિલિ), *ad.* મુખ્યત્વે કરીને; ખાસ કરીને; ઘણું કરીને. Chiefly; particularly; unavoidably.

Necessary (નેસેસૅરિ), *a.* આવશ્યક; જરૂરનું; અગત્યનું. Unavoidable; indispensable. *n.* (*pl.*) જરૂરિયાતની વસ્તુઓ-ચીજો. Requisites; the needful things. **2.** જાજરૂ; સંડાસ. A privy room.

Necessitate (નીસેસિટેટ્), *vt.* જરૂર પાડવી; જરૂરનું કરવું; આવશ્યક બનાવવું-કરવું; ફરજ પાડવી. To make needful; to render unavoidable; to urge; to force.

Necessitous (નીસેસિટસ્), *a.* ઘણુંજ કંગાલ; ગરીબ; અતીશય કંગાળ. Very needy; indigent; poor; straitened in circumstances.

Necessity (નીસેસિટિ), *n. pl.* **Necessities,** જરૂરિઆત; અગત્યતા; પ્રયોજન; ખપ. A want; a requisite; inevitableness. **2.** ગરિબાઇ; તંગી. Poverty; indigence.

Neck (નેક્), *n.* ગરદન; બોચી; ગળેચી; ગળું. The part of the body connecting the head and trunk. **2.** સંયોગી ભૂમિ. An isthmus. **3.** કાંઠો; કિનારી. A border; the slender part of any thing (esp. a bottle). **Neck-cloth,-kerchief,** *n.* ગલપટો; ગળેબંધ.

Neck-lace (નેક્લેસ્), *n.* હાર; માળા; સ્વંકળી. An ornamental lace decorating the neck.

Necromancer (નેક્રૉમૅન્સર્), *n.* જાદુગર; ઇલ્મી; ધંતરમંતર જાણનાર; હુન્નરી. A sorcerer; a wizard.

Necromancy (નેક્રૉમૅન્સિ), *n.* ભૂતવિદ્યા; જાદુ; મેલી વિદ્યા; ધંતરમંતર. The black art; sorcery.

Nectar (નેક્ટર્), *n.* અમૃત; પીયુષ; સુધા. A drink of the divine or heavenly beings.

Need (નીડ્), *n.* નિર્ધનતા; આવશ્યકતા; જરૂરિયાત. Poverty; a want; a necessity. *vt. vi.* જરૂર પડવી; જરૂરિયાત હોવી; તંગી પડવી. To require; to stand in want of.

Needful (નીડ્ફુલ્), *a.* જરૂરનું; ગરજાઉ; જરૂરિયાતવાળું. Needy; necessary.

Needfully (નીડ્ફુલ્લિ), *ad.* ગરજાઉપણે; જરૂરિયાતપૂર્વક; ગરીબાઇથી. In a needful way.

Needfulness (નીડ્ફુલ્નેસ્), *n.* તંગી અથવા જરૂરિઆત હોવી તે. A state of being needful.

Needle (નીડ્લ્), *n.* સોય; સોયો; સુઇ. A small steel instrument for sewing. *vt. vi.* સોયના જેવું બનાવવું. To form like a needle. **Needle-work,** *n.* ભરતકામ; શીવવાનું કામ.

Needless (નીડ્લેસ્), *a.* જરૂર વિનાનું; નકામું; અમસ્તુ; કારણ વિનાનું. Unnecessary; having no need.

Needlessness (નીડ્લેસ્નેસ્), *n.* બીન જરૂરિયાત હોવું તે; કારણ વિનાનું હોવું તે; અનાવશ્યકતા. A state of being needless.

Needs (નીડ્સ્), *ad.* ખાસ કરીને; જરૂરિયાતપૂર્વક. Necessarily; needfully.

Needy (નીડિ), *a.* ગરિબ; કંગાળ; તંગીવાળું. Poor; standing in wants; indigent.

Nefarious (નીફેરિઅસ્), *a.* અતિ દુષ્ટ; અઘોર; પાપી; લુચ્ચું; બદફેલ. Wicked; extremely impious.

Nefariousness (નીફેરિઅસ્નેસ્), *n.* દુષ્ટતા; અઘોર પાપવૃત્તિ હોવી તે; લુચ્ચાઈ. A state of being nefarious.

Negation (નીગેશન્), *n.* અસ્વીકાર; પ્રતિષેધ; અટકાયત; નામંજુર કરવું તે. A non-acceptance; a denial.

Negative (નેગૅટિવ્), *a.* નકારનું; નિષેધનું; અસ્વીકારસુચક; અભાવદર્શક. Denying; refusing; privative. *n.* નકારસૂચક શબ્દ અથવા વાક્ય. A word or expression showing denial. **2.** વિજળીનો એક પ્રકાર. One of the kinds of electricity. *vt.* ના કહેવું; મંજુર ન કરવું; નિષેધ કરવો. To reject; to deny.

Negatively (નેગૅટિવ્લિ), *ad.* નકારમાં; નિષેધ કરીને; નકારપૂર્વક. In a negative way.

Neglect (નેગ્લેક્ટ્), *n.* ગફલત; વિસ્મૃતિ; કસુર; બેદરકારી. Carelessness; omission of duty or work; heedlessness. *vt.* ગફલત કરવી; ભૂલ કરવી; વિસ્મૃતિ કરવી; કસુર કરવી. To show carelessness; to omit to do; to show heedlessness.

Neglectful (નેગ્લેક્ટ્ફુલ્), *a.* ગાફિલ; બેપરવા; બેદરકાર. Careless; indifferent; heedless.

Neglectfully (નેગ્લેક્ટ્ફુલ્લિ), *ad.* બેપરવાઇથી; બેદરકાર ભરેલી રીતે. In a neglectful way.

Negligence (નેગ્લિજેન્સ્), *n.* ગફલત; ભૂલ; કસુર; બેદરકારી. Carelessness; heedlessness; a state of being negligent.

Negligent (નેગ્લિજેન્ટ્), *a.* ગાફેલ; બેફિકરૂં; બેદરકાર. Neglectful; heedless; careless.

Negligently (નેગ્લિજેન્ટ્લિ), *ad.* બેપરવાઇથી; બેદરકારીથી. In a negligent way; carelessly.

Negotiable (નીગોશિએબલ્), *a.* બીજા આસા-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માને અપાય તેવું; સંદેશો અથવા વ્યવહાર ચલાવી શકાય તેવું; ચલણ થાય તેવું. Capable of being negotiated.

Negotiate (નીગોશિએટ), *vt. vi.* સંદેશો ચલાવવો; વ્યવહાર ચલાવવો અથવા ચાલુ રાખવો; કામકાજ કરવું; ભાંજગડ કરવી; કોલકરાર કરવા. To bargain for sale or purchase; to communicate; to treat with commerce; to hold a diplomatic intercourse.

Negotiation (નીગોશિએશન), *n.* સોદો; ભાંજગડ કોલકરાર; વ્યવહાર; વ્યાપારનું કામકાજ; સુલેહ શાંતિના સંદેશા. A bargain; a communication; a commercial dealing or a political dealing.

Negotiator (નીગોશિએટર), *n.* ભાંજગડ કરનાર; સુલેહ, વિગેરેના પરરાજ્યોમાં સંદેશા ચલાવનાર; બન્ને પક્ષો સાથે કામકાજ કરી તેમનાં મન્નું સમાધાન કરનાર. One, who negotiates.

Negress (નીગ્રેસ), *n.* હબસણ; સીદણ. A female negro.

Negro (નીગ્રો), *n. pl.* **Negroes.** હબસી; સીદી. A human race, noted for its black skin.

Neigh (ને), *vi.* ખોંખારવું; હણહણવું (ઘોડાનું). To utter the cry of a horse.

Neighbour (નેબર), *n.* પાડોશી; ઘરની નજીકનાંજ રહેનાર. One, who lives near another. **2.** મિત્રાચારીથી રહેનાર અથવા વર્તનાર. One, who is friendly with another. *a.* નજીકનું; પાડોશનું;પાસેનું. Adjoining; nearing. *vt. vi.* ના પાડોશી હોવું–થવું; ઘાડા પરિચયમાં આવવું. To dwell in the vicinity; to be closely familiar to.

Neighbourhood (નેબરહુડ), *n.* પડોશ; નજીકની જગ્યા–સ્થાન; પાસેનું રહેઠાણ. A vicinity; a proximity; a nearing habitation.

Neighbourliness (નેબર્લિનેસ), *n.* પાડોશીની માફક વર્તવું તે; મિલનસાર સ્વભાવ હોવો તે. A state of being neighbourly.

Neighbourly (નેબરલિ), *a.* પાડોશીને લાયક–માફક; મળતાવડું; મિલનસાર. Befitting a neighbour; social.

Neither (નીધર, નાઇધર), *conj. pro. a.* બેમાંનું એકે નહિ. Not either; not one of two.

Nemoral (નેમૉરલ), *a.* જંગલને લગતું; અરણ્યનું. Of a wood; belonging to a wood.

Neology (નીઑલૉજિ), *n.* નવો મત; નવો સિદ્ધાંત. A new doctrine. **2.** નવા શબ્દ દાખલ કરવા તે. An introduction of new words into a language.

Neophyte (નીઑફાઇટ), *n.* નવો થયેલો ખ્રિસ્તિ. A new convert. **2.** નવો શિખાઉ; નવો નિશાળિયો. A novice; a beginner.

Nephew (નેવ્યૂ), *n. pl.* **Nephews.** ભત્રીજો; ભાણેજ; ભાણજો. A brother's or a sister's son.

Nephritc,-al (નેફ્રિટિક,–કલ), *a.* મૂત્રપિંડનું; ગુરદાનું; મૂત્રપિંડને લગતું. Pertaining to the kidneys.

Nepotism (નીપૉટિઝમ), *n.* સગાં, સંબંધી તરફ અતિશય પ્રેમ અથવા સ્નેહ બતાવવો તે. An exceeding attachment to relatives.

Neptune (નેપ્ટ્યૂન), *n.* વરૂણદેવ; 'નેપ્ટ્યૂન' નામનો ગ્રહ. The chief god of marine of the Romans; one of the planets.

Nerve (નર્વ), *n.* જ્ઞાનતંતુ; શરીરનું જોર. A sinew; muscular power. **2.** જોર; બળ; તાકાદ. Strength; physical force. *vt.* બળ આપવું; તાકાદ આપવી; જોર દેવું. To give vigour to; to give strength to.

Nerveless (નર્વલેસ), *a.* કમજોર; ઢીલું; તાકાદ સિવાયનું; કમતાકાદવાળું. Weak; powerless.

Nervous (નર્વસ), *a.* બળવાન; જબરૂં; તેજદાર. Strong; vigorous. **2.** જ્ઞાનતંતુનું; જ્ઞાનતંતુ સંબંધી. Pertaining to the nerves. **3.** પોચા મનનું; બીકણ; ગભરાઈ જાય તેવું. Weak-minded; easily confused or excited.

Nervy (નર્વિ), *a.* જબરૂં; બળવાન; તાકાદવાળું; જોરવાળું. Strong; sinewy.

Nest (નેસ્ટ), *n.* પક્ષીનો માળો. The bed of a bird. **2.** આશ્રમ; આશ્રયસ્થાન; રહેઠાણ. A residence. *vt. vi.* માળો બાંધવો; માળો બાંધીને રહેવું. To build a nest; to form a nest.

Nestle (નેસલ), *vt. vi.* પક્ષીની પેઠે માળો બાંધીને રહેવું; આશરો લેવો; ઉછેરવું; પાળી પોષીને મોટું કરવું. To occupy a nest; to take shelter; to cherish and maintain.

Nestling (નેસ્લિંગ), *n.* નવું સેવન થયેલું બચ્ચું; ઇંડામાંથી તુરતનું બહાર નીકળેલું પક્ષી. A young bird in the nest.

Net (નેટ), *n.* જાળ; પાશ. A fabric of fine texture, meant chiefly for catching fish, etc. *vt.* જાળીદાર કામ કરવું; જાળ કરવી–બનાવવી. To make a net-work. **2.** જાળમાં ફસાવવું–પકડવું. To take or capture in a net. **3.** (*fig.*) લલચાવવું; પ્રલોભન કરવું. To entice; to seduce.

Net, Nett (નેટ), *a.* ચોખ્ખું; સ્વચ્છ; ખરાજાત વિનાનું. Free from all deductions. *vt.* ચોખ્ખો નફો મેળવવો. To gain as clear profit.

Nether (નેધર), *a.* નીચેનું; તળેનું; નીચલું. Lower; under; situated on the lower side.

Nettle (નેટલ), *n.* કોવચ; આગીઓ; ખંજવાળ આવે તેવો છોડ. A plant with stinging hairs. *vt.* ખીજવવું; ચીડાવવું; ચટકો લગાડવો. To tease; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

irritate; to vex.

Neuralgia (ન્યૂરૅલજિઍ), *n.* શૂળનું દરદ; જ્ઞાનતંતુનું દરદ. An ailment of the nerve system.

Neuter (ન્યૂટર્), *n.* નપુંસક; હીજડો; ફાતડો. One, belonging to neither sex. **2.** ત્રાહિત માણસ; કોઈ પણ પક્ષમાં ભાગ નહિ લેનાર. A neutral; a person, taking part in neither side. *a.* મધ્યસ્થ; અલગ. Impartial; neutral. **2.** નાન્યતર જાતિનું; નપુંસક. Denoting neither sex.

Neutral (ન્યૂટ્રૅલ્), *a.* નિષ્પક્ષપાતી; અલગ; નિરાળું. Indifferent; impartial. *n.* નિષ્પક્ષપાતી પુરૂષ-પ્રજા. An impartial person or nation.

Neutralization (ન્યૂટ્રૅલાઇઝેશન્), *n.* નિરૂપયોગી કરવું તે; નિરૂપયોગીપણું. A process of neutralizing.

Neutralize (ન્યૂટ્રૅલાઇઝ્), *vt.* રદ કરવું; નિરૂપયોગી કરવું-બનાવવું. To render neutral. **2.** કોઈપણ વસ્તુનો ખાસ ગુણ ઉડાડી દેવો; શિથિલ કરવું. To reduce the peculiar properties of a thing.

Neutrality (ન્યૂટ્રૅલિટિ), *n.* મધ્યસ્થપણું; નિષ્પક્ષપાતપણું; તટસ્થ સ્થિતિ. A state of being neutral.

Never (નેવર્), *ad.* કદી નહિ; કદાપી પણ નહિ; કોઇ સમય નહિ; બીલકુલ નહિ. Not at any time; in no way.

Never-the-less (નેવર્-ધી-લેસ્), *ad.* તેમ છતાં; તોપણ; પરંતુ. In spite of that; notwithstanding.

New (ન્યુ), *a.* નવું; નવીન; તાજું; હમણાનું. Fresh; modern; recent. **2.** કોરૂં; તાજેતરમાં ખરીદેલું. Of a recent purchase.

Newly (ન્યૂલિ), *ad.* નવીનતાથી; હમણાંનું; થોડીવાર અગાઉથીજ આવેલું. In a new way or degree; recently.

Newness (ન્યૂનેસ્), *n.* નવીનતા; નવાપણું; થોડીવાર અગાઉનું હોવું તે. A state of being new.

News (ન્યૂસ્), *n.* ખબર; સમાચાર; વર્તમાન. Intelligence; fresh information or tidings. **News-paper,** *n.* વર્તમાનપત્ર; વર્તમાન સમાચાર. **News-vendor,** *n.* વર્તમાનપત્ર વેચનાર. **News-monger,** *n.* વાતોડીઓ; ગપ્પીદાસ.

Next (નેક્સ્ટ્), *a.* પાસેનું; લગોલગનું; નેડેનું. Nearest; in place or in time; adjacent; adjoining. *ad.* પછી; તે પછી. In the time nearest; succeeding.

Nexus (નેક્શસ્), *n.* ગાંઠ; સંબંધ. A connection.

Nib (નિબ્), પક્ષીની ચાંચ. The beak of a bird. **2.** કલમની ટાંક-ચાંચ. The point of a pen. *vt.* ટાંક કાઢવી; અણી કાઢવી. To furnish with a nib.

Nibble (નિબલ્), *vt. vi. pr. p.* **Nibbling.** *imp.* & *p. p.* **Nibbled.** કોતરી ખાવું; કરડવું; બચકું ભરવું; મુળમાંથી કોતરી ખાવું. To bite gradually; to eat slowly.

Nibbler (નિબ્લર્), *n.* કોતરી ખાનાર; મુળિયામાંથી નાશ કરનાર; કરડનાર. One, that nibbles.

Nice (નાઇસ્), *a.* સુંદર; લહેજતદાર; મનોરંજક. Pleasing; delightful. **2.** ચોક્કસ; બારીક; બરાબર. Exact; precise.

Nicely (નાઇસલિ), *ad.* સુંદર રીતે; સફાઈથી; બારીકાઈથી. In a nice manner; precisely.

Nicety (નાઇસેટિ), *n.* બારીકાઇ; સુંદરતા; ઝીણી નજર-તપાસ. Exactness; a state of being nice.

Niche (નિક્), *n.* ગોખલો; ભીંતમાંનો ગોખ-ગોખલો; આરીઓ; હાટીઉં. A cavity in a wall; a hollow space in a wall.

Nick (નિક્), *n.* અણીવેળા; તાકડો; કટોકટીનો પ્રસંગ. A critical time or moment; the exact moment, when the help is urged for. *vt.* અણીને વખતેજ કહેવું અથવા કરવું; લાગુ પડે તેમ કરવું. To practise at the right time; to strike at the proper time.

Nickel (નિકલ્), *n.* 'નીકલ' નામની ધાતુ (જે વજનમાં હલકી હોય છે). A white metallic substance. *a.* 'નીકલ'નું બનેલું-બનાવેલું. Made of nickel.

Nick-name (નિક્નેમ્), *n.* ખીજમાં પાડેલું નામ; વિનોદથી આપેલું ઉપનામ. A name given in contempt or derision. *vt.* મશ્કરીમાં નામ આપવું; ખીજમાં નામ આપવું. To call by a nickname.

Niece (નીસ્), *n.* ભત્રીજી; ભાણેજ; ભાણેજી. A brother's or a sister's daughter.

Niggard (નિગર્ડ્), *a.* કંજુસ; બખીલ; કૃપણ; મખ્ખીચુસ. Miserly; stingy. *n.* કંજુસ માણસ; કૃપણ. A miserly fellow; a miser; a covetous person.

Niggardliness (નિગર્ડ્લિનેસ્), *n.* કંજુસાઈ હોવી તે; કૃપણતા દાખવવી તે. A state of being niggardly.

Niggardly (નિગર્ડ્લિ), *a.* કંજુસ; કૃપણ; મખ્ખીચુસ. Miserly; stingy. *ad.* કંજુસાઇથી; કૃપણતાથી. In a miserly way.

Nigh (નાઈ), *a.* પાસેનું; નજીકનું; નજદીકનું. Near; not distant in place or time. *ad.* પાસે; નજીક. Near. **2.** લગભગ; છેક. Almost; nearly. *vt. vi.* પકડી પાડવું; નજીકમાં આવી પડવું. To approach; to go in the proximity of.

Night (નાઇટ્), *n.* રાત; રજની; નિશા; રાત્રી. The period from sunset to sunrise. **Night-bird,** *n.* રાત્રે બોલનાર પક્ષી; ઘુવડ. **Night-hag,** *n.* રાત્રે ભટકતી ડાકણ. **Night-cap,** *n.* રાત્રે સૂતી વખતે પહેરવાની ટોપી. **Night-dress,** *n.* રાત્રીનો પોશાક. **Night-fall,** *n.* સંધ્યાકાળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Night-watch, *n.* રાતની રખેવાળી. **Night-shade,** *n.* લોંચ રીંગણી.

Nightingale (નાઇટિન્ગેલ), *n.* બુલબુલ પક્ષી. A kind of bird, noted for its sweet, fine and melodious tone of music.

Nightly (નાઈટ્લિ), *a.* રાતનું; રાતના વૃત્તનું. Of the night time. *ad.* દરેક રાત્રે; રાત્રે. Every night.

Nightmare (નાઇટ્મેર), *n.* ખરાબ સ્વપ્નું-સ્વપ્ન. A bad dream. **2.** ગભરાટમાં નાંખે તેવો કોઇ પણ બનાવ. Any overwhelming incident.

Nihilism (નિહિલિઝમ્), *n.* નહિપણું; શૂન્યતા; શૂન્યવાદ. A doctrine of nothingness (regarding power, wealth, etc.)

Nihilist (નિહિલિસ્ટ), *n.* શૂન્યવાદી; રાજ્યધર્મ અથવા રાજ્યસત્તા નાશ થાય તો સારૂં એવો મત ધરાવનાર. One, propounding the doctrine of nihilism.

Nihility (નિહિલિટિ), *n.* Same as, **Nihilism.**

Nimble (નિમ્બલ્), *a.* ચપળ; ચાલાક; ચંચળ; જાગૃત; સાવધ. Active; alert; lively.

Nimbly (નિમ્બ્લિ), *ad.* ચપળતાથી; ચાલાકીથી; હોંશિયારીથી. In a nimble way.

Nimbleness (નિમ્બલનેસ્), *n.* ચપળતા; ચાલાકી; જાગૃતિ. Activity; a state of being nimble.

Nimbus (નિમ્બસ્), *n.* વરસાદનાં વાદળાં. The rain cloud or clouds.

Nine (નાઇન્), *a.* નવ; ૯. Of the number four added by five. *n.* નવની સંખ્યા. The number four added by five. **Ninth,** *a.* નવમું. [Nine times more.

Ninefold (નાઇન્ફોલ્ડ્), *a.* નવગણું; નવપટ.

Nineteen (નાઇનટીન્), *a.* ઓગણીશ; ૧૯. Four added by fifteen. *n.* ઓગણીશની સંખ્યા. The number consisting of one, added by eighteen. **Nineteenth,** *a.* ઓગણીશમું.

Ninety (નાઈન્ટિ), *a.* નેવું; ૯૦. Ten added by eighty. *n.* નેવુંની સંખ્યા. The number consisting of ten, added by eighty.

Nip (નિપ્), *vt. pr. p.* **Nipping.** *imp. & p. p.* **Nipped.** છેડેથી કાપવું; છાંટવું; છાંટી કાઢવું; ચુંટવું. To cut at the point; to pinch. **2.** ઉખેડી નાંખવું; નાશ કરવો. To destroy. *n.* ચીમટી; ચુંટી લેવું તે. An act of pinching; a pinch with the nails. **2.** છેડેથી કાપવું તે; ખોડું કરવું તે. An act of cutting at the end.

Nippers (નિપર્સ્), *n. pl.* નાનો ચીપીઓ; સાણસી. Small pincers.

Nipple (નિપલ્), *n.* સ્તન-ધાઇનું ટોચકું; કુચાગ્ર. A pap; a teat.

Nit (નિટ્), *n.* લીખ; જૂનાં ઇંડા. The egg of a louse or any other small insect.

Nitty (નિટિ), *a.* લીખવાળું; જૂનાં ઇંડાથી ભરપૂર. Full of nits. [known as saltpetre.

Nitre (નાઇટર્), *n.* સુરોખાર. A substance

Nitric (નાઇટ્રિક્), *a.* સુરોખારના ગુણવાળું; સુરોખારથી મિશ્રિત. Containing saltpetre.

Nitrogen (નાઇટ્રોજેન્), *n.* નાઇટ્રોજન વાયુ-હવા. A colourless gas, filling up $\frac{4}{5}$ part of the atmosphere. [Containing nitre.

Nitrous (નાઇટ્રસ્), *a.* સુરોખારના ગુણવાળું.

No (નો), *a.* કોઈ નહિ; એકે નહિ. Not any one. *n.* નકાર; અસ્વિકાર. A denial. *ad.* નહિ; ના. Not; not at all.

Nobility (નોબિલિટિ), *n.* કુલીનતા; ખાનદાની; અમીરાઈ; મોટું મન; ઔદાર્ય; ઉદારતા. Nobleness; generosity; a state of being noble. **2.** અમીર ઉમરાવ લોકનો વર્ગ. The peerage; the persons of high rank and fame.

Noble (નોબલ્), *a.* ખાનદાન; કુલીન; ઉમદા; ઉદાર; પ્રૌઢ; ભવ્ય. Well-bred; magnificent; lofty in character; of the best kind. *n.* કુલીન પુરૂષ; ઉમદા પુરૂષ; અમીર. A peer; a person of lofty character.

Nobly (નોબ્લિ), *ad.* ઉમદાપણે; ઉદારપણે; કુલીનતાથી. In a noble way or character.

Nobleness (નોબલનેસ્), *n.* કુલીનતા; ખાનદાની; મોટાઇ. Dignity; greatness.

Nobleman (નોબલ્મૅન્), *n.* અમીર; ઉમરાવ; રાજ્યદરબારી પુરૂષ. A peer; a noble.

Nobody (નોબૉડિ), *n.* કોઇ નહિ; એકે નહિ. No one; not a single person. **2.** હિસાબ વગરનો માણસ. An insignificant person.

Nocent (નોસેન્ટ્), *a.* ઇજા કરનારૂં; અપરાધી; દુઃખદાયક; હાનીકારક. Harmful; noxious.

Nocturn (નૉક્ટર્ન્), *n.* રોમન કેથોલિક સંપ્રદાય મુજબ રાત્રે થતું ભજન-ગીત. A religious service of the Roman Catholics, done at midnight.

Nocturnal (નૉક્ટર્નલ્), *a.* રાતનું; રાત્રીએ થયેલું; રાતને લગતું. Of or belonging to a night; done during night time.

Nod (નૉડ્), *vt. vi.* માથું હલાવવું-ડોલાવવું. To bend the head with a quick jerk. **2.** ડોકું ધુણાવીને હા કહેવું અથવા ઇશારો કરવો. To signify an assent by a nod. **3.** ડોલાં ખાવા; ઝોકા ખાવા. To feel drowsy. *n.* માથું હલાવવું તે-ડોલાવવું તે; નમન માટે અથવા કાંઇપણ પસંદગી માટે ડોકું નમાવવું તે. An act of inclining the head with a view to give assent or salutation.

Noddle (નૉડ્લ્), *n.* મસ્તક; માથું. The head.

Node (નોડ્), *n.* ગાંઠ; ઢેકો. A knot; a swelling. **2.** ઉપગ્રહ. One, of the points, at

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

which the orbit of a satellite intersects a point of the orbit of the planet round which it is revolving.

Nodulous (નૉડ્યૂલસ્), *a.* ગાંઠાવાળું; ઢેકાનું; ઢેકાવાળું. Pertaining to knots; having knots.

Noise (નૉઈઝ), *n.* અવાજ; શબ્દ; ઘોંઘાટ; પોકાર. Any continuous sound; loud and confused talk; clamour. *vt. vi.* અવાજ કરવો; શોર મચાવવો; ઘોંઘાટ કરવો. To produce a continuous sound; to make a jarring sound. **2.** અવાજ થવો; ઘોંઘાટ થવો. To be noisy.

Noiseless (નૉઈઝલેસ્), *a.* શાંત; અવાજ વગરનું; ઘોંઘાટ સિવાયનું. Quiet; free from disturbance or noise.

Noiselessness (નૉઇઝલેસનેસ્), *n.* શાંત હોવું તે; ઘોંઘાટ વિનાનું હોવું તે-થવું તે. A state of being noiseless.

Noisily (નૉઇઝિલિ), *ad.* મોટા અવાજથી; ઘોંઘાટ કરીને. In a noisy way.

Noisome (નૉઇસમ્), *a.* તંદુરસ્તીને નુકશાનકારક; દુર્ગંધવાળું. Noxious to health; fetid.

Noisy (નૉઇઝિ), *a.* ઘોંઘાટવાળું; ધાંધળિયું; ગાજી રહેલું; ઘીચોઘીચ વસ્તીવાળું. Full of noise or disturbance.

Nomad (નોમૅડ્), *n.* પશુ, જનાવર, વિગેરે ચરાવીને પેટ ભરનાર-ગુજરાન ચલાવનાર. One, whose occupation is to feed their flocks or cattle. *a.* ભટકતું; એક જગ્યાએથી બીજી જગ્યાએ જતું. Roving; wandering.

Nomadic (નોમૅડિક્), *a.* જનાવરો ઉછેરી અથવા ચરાવીને નિર્વાહ કરનાર. Pastoral; wandering for the sake of pasturage.

Nomenclature (નોમેન્ક્લૅટ્યૂર્) *n.* શબ્દ કોષ; શબ્દ સમૂહ. A vocabulary; a dictionary. **2.** પારિભાષિક શબ્દ; કોઈ હુન્નરને લગતા વપરાતા ખાસ શબ્દો. The technical words of any branch of art or science.

Nominal (નૉમિનૅલ્), *a.* નામતુંજ; ફક્ત નામધારી; નામ વિષયક. Existing in name only; unreal.

Nominally (નૉમિનૅલલિ), *ad.* ઉપર ઉપરથી; નામતુંજ. In the name only.

Nominate (નૉમિનેટ્), *vt. pr. p.* **Nominating.** *imp. & p. p.* **Nominated.** નામ દેવું; નામ દઇને કહેવું; હોદ્દાને માટે નિમણુંક કરવી. To mention by name; to propose by name for some rank or power.

Nomination (નૉમિનેશન્), *n.* નીમવું તે; નીમણુંક નામ દઇને કરવી તે. An act of nominating.

Nominative (નૉમિનેટિવ્), *n.* વ્યાકરણમાં પ્રથમા વિભક્તિ. The subjective case in grammar. *a.* નામ આપે તેવું; નિમણુંક કરે તેવું. Pertaining to nomination.

Nominator (નૉમિનેટર્), *n.* નિમણુંક કરનાર; નામ દઇને કહેનાર-પસંદગી કરનાર. One, who nominates.

Nominee (નૉમિની), *n.* કોઈપણ જગ્યાને માટે નિમાયેલો પુરૂષ; નિમેલો પુરૂષ. A person, nominated.

Non (નૉન્), *ad.* ન; અન; નહિ; અ. A prefix [showing negation.

Non-acceptance (નૉન્-ઍક્સેપ્ટન્સ્), *n.* અસ્વીકાર; નહિ સ્વીકારવું તે. A refusal to accept a thing or any matter.

Non-age (નૉન્-એજ્), *n.* બાળપણ; બાલ્યાવસ્થા; સગીરપણું. Childhood; minority.

Non-appearance (નૉન્-ઍપીરન્સ્), *n.* ગેરહાજરી; અવિદ્યમાન સ્થિતિ. Absence; non-existence.

Non-commissioned (નૉન્-કમિશન્ડ્), *a.* સનંદ વગરનું; પરવાના વિનાનું. Having no commission.

Non-compos (નૉન્-કૉમ્પોસ્), *a.* ઘેલું; ગાંડું; ખસેલું; દિવાનું; ડાગળી ચસ્કેલ. Mad; insane; of unsound mind.

Non-delivery (નૉન્-ડિલિવરિ), *n.* હવાલે ન કરવું તે; ન સોંપવું તે; ન પહોંચાડવું તે. A failure of delivery.

None (નન્), *a. pro.* કોઈ નહિ; એક પણ નહિ; લગારે નહિ. Not one; not any.

Non-entity (નૉન્-એન્ટિટિ), *n.* નહિપણું; નાસ્તિત્વ; અભાવ; અવિદ્યમાનપણું. A thing or a person not existing; the absence of existence. [as, **Non-entity.**

Non-existence (નૉન્-એક્ઝિસ્ટેન્સ્), *n.* Same

Non-payment (નૉન્-પેમેન્ટ્), *n.* પૈસા ન ભરવા તે; નાણા નહિ ચુકવવા તે. Neglect to pay.

Non-plus (નૉન્-પ્લસ્), *n.* ગભરાટ; ગુંચવાડો; આપદા; સંકટ. Confusion; a distress; a calamity. *vt.* ગુંચવાડામાં નાંખવું-પાડવું; મ્હાત કરવું. To puzzle; to confound.

Non-resident (નૉન્-રેસિડેન્ટ્), *a.* પોતાની જગ્યામાં નહિ રહેતું-રહેનાર; સ્વવતનમાં નહિ રહેનાર. Not residing at a particular place. *n.* સ્વવતનમાં અથવા જાગીરમાં નહિ રહેનાર. One, not residing in one's jurisdiction.

Non-sense (નૉન્-સેન્સ્), *n.* અર્થ વગરનું હોવું તે; મૂર્ખાઈ ભરેલી વાતચીત; બીન મહત્વની બીના. A thing or matter without any sense or meaning.

Non-sensical (નૉન્-સેન્સિકૅલ્), *a.* અર્થ વગરનું; અનર્થક; અયોગ્ય; નકામું. Meaningless; wanting in sense.

Non-suit (નૉન્-સ્યૂટ્), *vt.* દાવો રદ કરવો-કાઢી નાંખવો; વાદીની ગફલતને લીધે દાવો નહિ ચાલવા દેવાનો ઠરાવ કરવો. To record for the dismi-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ssal of the suit due to some mistake on the part of the plaintiff. *n.* દાવો રદ કરવાનો ઠરાવ. An order for dismissal of the suit.

Noodle (નૂડ્લ્), *n.* મૂર્ખ માણસ; અનાડી પુરૂષ; જંગલી અથવા અણઘડ આદમી. A stupid person; a simpleton.

Nook (નૂક), *n.* ખૂણો; દિશા; કોણ. A corner; a recess.

Noon (નૂન્), *n.* બપોર; મધ્યાન્હ; મધ્યાન્હકાળ. The mid-day. **2.** શિખર; બિંદુ; ટોચ. The highest point. *a.* બપોરનું; મધ્યાન્હને લગતું. Pertaining to the mid-day. **Noonday,** *n.* બપોર; મધ્યાન્હ.

Noose (નૂઝ), *n.* ગાળો; ફાંસો; સરકી જાય તેવી ગાંઠ. A turning knot. *vt.* ફાંસામાં નાંખવું-પકડવું; સાણસામાં લેવું. To entrap; to tie up in a noose.

Nor (નૉર્), *conj.* પણ નહિ; અને નહિ; અને પણ નહિ. A word showing negation.

Normal (નૉર્મૅલ્), *a.* ધારા પ્રમાણેનું; નિયમિત; Regular; according to the prescribed rules.

North (નૉર્થ્), *n.* ઉત્તર દિશા; ઉત્તર બાજુ. One of the cardinal directions. *a.* ઉત્તર તરફનું; ઉત્તરનું. Towards the north; of the north. **North-east,** *n.* ઈશાન ખૂણો. **North-west,** *n.* વાયવ્ય ખૂણો. **North-star,** *n.* ઉત્તર ધ્રુવનો તારો. **North-pole,** *n.* ઉત્તર ધ્રુવ.

Northward (નૉર્થ્વર્ડ્), *ad.* ઉત્તર તરફ; ઉત્તર ભણી. In or to the direction of the north.

Nose (નોઝ), *n.* નાક; નાસિકા. The projecting part of the face, with the power of smelling. **2.** ઘ્રાણેન્દ્રિય; સુંઘવાની શક્તિ. The power or sense of smelling. *vt. vi.* સોડમ આવવી; સુંઘવું. To smell; to scent. **Nose-bag,** *n.* તોબરો. **Nose-gay,** *n.* કલગી; ફુલની છડી; તોરો; ગજરો. **Nose-ring,** *n.* નકની વાળી; નથ.

Nosology (નોસૉલૉજિ), *n.* રોગ વર્ગીકરણ; રોગનિદાન શાસ્ત્ર. A classification of diseases.

Nostril (નૉસ્ટ્રિલ્), *n.* નસ્કોરૂં; નાકનો પડદો. One of the two holes of the nose.

Nostrum (નૉસ્ટ્રમ્), *n.* જડી બુટ્ટી; ગૂઢ ઔષધ; ઉટ વૈદું. A quack medicine.

Not (નૉટ્), *ad.* નથી; નહિ; ન. A word, denoting refusal or negation.

Notability (નોટૅબિલિટિ), *n.* પ્રસિદ્ધતા; સ્મરણીયપણું; વિખ્યાતી પામે તેવી સ્થિતિ. A state of being notable.

Notable (નોટેબલ્), *a.* યાદ રાખવા જોગ; સ્મરણીય; પ્રસિદ્ધ; વિખ્યાત; મશહૂર. Memorable; remarkable; well-known. [**Notability.**

Notableness (નોટેબલનેસ્), *n.* Same as,

Notary (નોટેરિ), *n.* કરારનામા, ખત, વિગેરે ઉપર સહી સિક્કો કરનાર; કરેલી વાતની નોંધ કરનાર. An officer authorized to attest the written documents.

Notation (નોટેશન્), *n.* આંકડા માંડવા તે; પરિમાણ; સંખ્યા; આંકડો; અંક; અક્ષર અથવા ધાતુ ઉપરથી લીધેલો ભાવાર્થ. The art of recording by marks or characters.

Notch (નૉચ્), *n.* ચીરો; ખાંચ; કાતરો; ખોડ. A hollow cut; a nick. **2.** પર્વતની ખીણ; કરાડ. A gap in a mountain. *vt.* ખાંચો પડવો; ચીરાડ પાડવી; ચીરા પાડવા. To indent; to cut into a notch.

Note (નોટ્), *n.* ચિન્હ; લક્ષણ; નિશાની. A mark; a distinction. **2.** નોંધ; ખુલાસો; ટિપ્પણ. A short or brief explanation; anything written briefly. **3.** સૂર; અવાજ. A tone; a tune. **4.** આબરૂ; કીર્તિ; નામ. Fame; reputation. *vt.* ધ્યાન આપવું; લક્ષમાં લેવું. To attend; to pay heed. **2.** ખુલાસો કરવો; ટીકા કરવી. To explain; to annotate. **3.** સૂરમાં ઉતારવું-રાગ કાઢવો. To arrange in musical character.

Noted (નોટેડ્), *a.* નામાંકિત; પ્રખ્યાત; મશહૂર; નામીચું. Well-known; famous; well-reputed.

Nothing (નથિન્ગ્), *n.* કાંઈ નહિ; બીજું કશું નહિ; કશું નહિ. Not anything. **2.** નકામી અથવા નજીવી ચીજ-બાબત. A trifle; a very insignificant matter.

Nothingness (નથિન્ગ્નેસ્), *n.* શૂન્યતા; હયાતિમાં ન હોવું તે. Absence of any thing or matter.

Notice (નોટિસ્), *n.* દૃષ્ટિ; નજર; અવલોકન; સમજ; જ્ઞાન; માહિતી. Observation; cognizance. **2.** ચેતવણી; ખબર; માહિતી; જાહેર ખબર. An information; a public information; an announcement. *vt.* જોવું; અવલોકન કરવું; ખબર આપવી. To observe; to see carefully; to inform.

Noticeable (નોટિસેબલ્), *a.* ધ્યાન આપવા જોગ; વિચારવા જોગ; લક્ષ આપવા લાયક. Worthy of notice; conspicuous.

Notification (નોટિફિકેશન્), *n.* જાહેરનામું; ઢંઢેરો; સૂચના પત્ર. An advertisement; a royal notice; a publication.

Notify (નોટિફાઈ), *vt. pr. p.* **Notifying.** *imp. & p. p.* **Notified.** જાહેર કરવું; ઢંઢેરો પીટાવવો; પ્રસિદ્ધ કરવું; પ્રચાર કરવો. To publish; to declare; to inform by notice.

Notion (નોશન્), *n.* કલ્પના; તર્ક; વિચાર; મન; ખ્યાલ; બુદ્ધિ. An idea; an opinion; a thought.

Notional (નોશનૅલ્), *a.* કલ્પનાને લગતું; તર્કનું; વિચાર અથવા ખ્યાલની બાબતનું. Pertaining to a notion; ideal.

Notoriety (નોટોરાએટિ), *n.* બદનામ; અપકીર્તિ; ખરાબ કામને મટે ખ્યાતિ. A state of being

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

notorious; reputation for bad actions.

Notorious (નોટોરિઅસ્), *a.* લુચ્ચાઇમાં પ્રખ્યાત; બદનામને માટે જાણીતું; જાહેર; જાણીતું. Ill-reputed; well-known for bad reputation; manifest to the world.

Notoriously (નોટોરિઅસ્લિ), *ad.* અપકીર્તિ ભરેલી રીતે; બદનામથી; જાણીતી રીતે. In a notorious way.

Notwithstanding (નૉટ્ઉવિથ્સ્ટૅન્ડિંગ્), *prep.* & *conj.* તેમ છતાં; તથાપિ; પણ; પરંતુ. In spite of; nevertheless.

Nought (નૉટ્), *n.* કંઈ નહિ; કંઇપણ નહિ. Nothing; not anything.

Noun (નાઉન્), *n.* નામ; સંજ્ઞા; સંકેત. A name; [a naming word.

Nourish (નરિશ્), *vt. vi.* પાલન પોષણ કરવું; પાલન કરવું; પ્રતિપાલન કરવું; ઝૂજરાન કરવું-ચલાવવું. To maintain; to feed; support.

Nourishment (નરિશ્મેન્ટ્), *n.* પાલણપોષણ; ખોરાકી; ભરણપોષણ; જીવન સાધન. An act of nourishing; food; nutriment.

Novel (નૉવેલ્), *a.* નવું; હાલનું; અદ્ભુત; નવાઇ ઉપજાવે તેવું. Fresh; new; modern; wonderful. *n.* કલ્પિત કથા; વાર્તા; ગાથા. A fiction; a narrative. **2.** નવાપણું; નૂતનતા. Novelty; an unusual matter or thing.

Novelist (નૉવેલિસ્ટ્), *n.* નવલકથા લખનાર; કથા લખનાર; નવલ કથાકાર. Nne, who writes a novel or novels.

Novelty (નૉવેલ્ટિ), *n.* નવાઈ; નવીનતા; નવાઇ પમાડે તેવી ચીજ; કૌતુક ઉપજાવે તેવી વસ્તુ; વિલક્ષણતા. Wonder; a wonderful thing; newness; a surprising object.

November (નૉવેમ્બર્), *n.* નવેમ્બર મહિનો. The eleventh month of the Christian era.

Novice (નૉવિસ્), *n.* ધંધાશે નવો શિખાઉ; ઉમેદવાર; નવો નિશાળિયો. A beginner; an apprentice.

Novitiate (નૉવિશિએટ્), *n.* શિખાઉપણું; ઉમેદવારી. A state of being a novice.

Now (નાઉ), *ad.* હમણાં; હાલમાં; અધુના; સાંપ્રતકાળમાં; આ વખતે. At this moment; in present circumstances.

Now-a-days (નાઉઍ-ડેઝ્), *ad.* આધુનિક સમયમાં; ચાલુ કાળમાં. In modern times.

No-way,-s (નોઉવે,-ઉવેઝ્), *ad.* કોઇપણ પ્રકારે નહિ. Not at any rate.

No-wise (નો-ઉવાઇઝ્), *ad.* Same as, **Noway.**

Noxious (નૉક્શસ્), *a.* અપકારક; ઇજાકારક; હાનિકારક; બાધક; નુકશાનકર્તા. Harmful; injurious.

Nozzle (નોઝલ્), *n.* જાનવરનું નાક; જાનવરનુ લાંબું મ્હોં. The snount. **2.** નાળચું. The projecting part of something.

Nucleus (ન્યૂક્લીઅસ્), *n.* મધ્ય ભાગ; ગર્ભ; મીંજ. A central portion; a kernel.

Nude (ન્યૂડ્), *a.* નાગું; ઉઘાડું; કપડાં સિવાયનું. Naked; unclothed. **2.** નકામું; ફોકટ; વ્યર્થ. Useless; void.

Nudity (ન્યૂડિટિ), *n.* નગ્નતા; ખુલ્લો ભાગ. A state of being naked; nakedness.

Nugatory (ન્યૂગૅટૉરિ), *a.* નજીવું; હલકું; ફોગટ; વ્યર્થ. Trifle; vain; of no value.

Nuisance (ન્યૂસન્સ્), *n.* ઉપદ્રવકારક વસ્તુ; કંટાળો ઉપજાવે તેવી ચીજ. An offensive matter; a harmful or disgusting object. **2.** ગંદકી; ઉપદ્રવ. Filthiness.

Null (નલ્), *a.* ફોકટ; વ્યર્થ; નકામું. Invalid; void; useless. *n.* અર્થ વિનાની સ્થિતિ; અસર વિનાની વસ્તુ. A state or a thing, devoid of any effect.

Nullification (નલિફિકેશન્), *n.* ખંડન કરવું તે; ખંડન; રદ અથવા બાતલ કરવું તે. An act of nullifying.

Nullify (નલિફાઇ), *vt. pr. p.* **Nullifying.** *imp.* & *p. p.* **Nullified.** ખંડન કરવું; રદ કરવું; વ્યર્થ ગણવું-કરવું. To refute; to render invalid.

Nullity (નલિટિ), *n.* નહિપણું; અભાવ; અવિદ્યમાન સ્થિતિ. A state of being null; absence of any thing. **2.** (*Law*) કાયદાની સત્તા ન હોવી તે; અધિકાર વિનાનું હોવું તે. Absence of power or authority.

Numb (નમ્), *a.* બેશુદ્ધ; શુદ્ધ વિનાનું; જડ; અચેતન. Insensible; senseless; producing insensibility. *vt. vi.* બેશુદ્ધ કરવું; શુદ્ધ વિનાનું કરવું-થવું; અચેતન કરવું-થવું. To deprive of sensation; to benumb.

Number (નમ્બર્), *n.* સંખ્યા; આંક; આંકડો. A figure; that which may be counted. **2.** (વ્યાકરણમાં) વચન. The distinction of objects in grammar. *vt. vi.* ગણવું; ગણત્રી કરવી; આંકડો માંડવો-લખવો. To count; to write down a figure; to reckon.

Numberless (નમ્બર્લેસ્), *a.* અગણિત; અસંખ્ય; અમાપ. Innumerable; countless.

Numerable (ન્યૂમરેબલ્), *a.* ગણી શકાય તેવું; માપ કાઢી શકાય તેવું. Capable of being counted.

Numeral (ન્યૂમરલ્), *a.* સંખ્યાદર્શક; સંખ્યાવાચક. Denoting a number or numbers. *n.* સંખ્યા; આંચકો. A figure or character denoting a number.

Numeration (ન્યૂમરેશન્), *n.* આંકડા માંડવા તે; સંખ્યાવાંચન. An act of numbering.

Numerator (ન્યૂમરેટર્), *n.* અપૂર્ણાંકની ઉપરનો આંકડો; અંશ. A number expressing the fractional units.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Numerical (ન્યૂમરિકૅલ્), *a.* સંખ્યામાંનું; સંખ્યાસૂચક; સંખ્યાને લગતું. Of or pertaining to a number; consisting in numbers.

Numerous (ન્યૂમરસ્), *a.* પુષ્કળ; બહુ; ઘણું; વધારે. Consisting of a large number; plenty; many.

Numismatics (ન્યૂમિસ્મૅટિક્સ્), *n.* શિક્કાશાસ્ત્ર; મુદ્રાવિદ્યા. The science of coins and medals.

Nun (નન્), *n.* મઠવાસિની; બ્રહ્મચર્ય પાળીને મઠમાં રહેનાર સ્ત્રી. A woman, living in a convent.

Nunnery (નનરિ), *n.* મઠ; આશ્રમ; કૌમાર્યવ્રત પાળનાર સ્ત્રીઓનો આશ્રમ. A convent; a residence of women, who are practising a religious vow.

Nuncio (નન્શ્યો), *n.* રોમન ધર્માધ્યક્ષનો દૂત. A papal representative. **2.** દૂત; જાસુસ. A messenger.

Nuptial (નપ્શૅલ્), *a.* વિવાહને લગતું; લગ્નનું; વૈવાહિક. Pertaining to the marriage ceremony. *n. pl.* વિવાહ; લગ્ન. Wedding; marriage.

Nurse (નર્સ્), *n.* બાળકોને ધવડાવનારી તથા માવજત કરનારી બાઈ; આયા; દાઈ. A woman looking after the babies. **2.** દર્દીઓની માવજત કરનારી બાઈ. A woman, attending the sick. *vt.* સંભાળવું; માવજત કરવી; બરદાસ રાખવી. To nourish; to maintain. **2.** ધવડાવવું; ખવરાવવું. To suckle; to feed.

Nursery (નર્સરિ), *n.* છોકરાંઓની સંભાળ રાખવાનો ઓરડો,–ગૃહ. A place, set apart for children. **2.** ઝાડોના રોપાની જગ્યા; જ્યાં વૃદ્ધિ થાય તે સ્થળ. A place, where trees, plants, etc. are planted.

Nursling (નર્સ્લિંગ્), *n.* બાળક; બચ્ચું; નાનું ધાવણું છોકરૂં. A baby; an infant.

Nurture (નર્ટ્યૂર્), *n.* કેળવણી; શિક્ષણ. Education; training. **2.** આહાર; ખોરાક; ભરણપોષણ. Food; maintenance. *vt.* શિખવવું; કેળવણી આપવી; શિક્ષણ દેવું. To educate; to train. **2.** પાલન કરવું ખવરાવવું. To nourish; to feed.

Nut (નટ્), *n.* કોટલાથી ઢંકાએલું ફળ (સોપારી, નાળિયેર, જાયફળ, વિગેરે). A fruit with shell, inclosing a kernel. *vt.* ફળ એકઠાં કરવાં. To gather fruits. **Nut-cracker,** *n.* સુડી; સુડો. **Nut-meg,** *n.* જાયફળ. **Nut-shell,** *n.* કોચલું; કાચલી.

Nutriment (ન્યૂટ્રિમેન્ટ્), *n.* આહાર; ખોરાક; ભક્ષણ. Food; aliment. **2.** પુષ્ટિકારક પદાર્થ–વસ્તુ. That which promotes growth.

Nutrimental (ન્યૂટ્રિમેન્ટૅલ્), *a.* આહારનું; ખોરાકને લગતું; ભરણપોષણનું. Pertaining to nutriment.

Nutrition (ન્યૂટ્રિશન્), *n.* Same as, **Nutriment.**

Nutritious (ન્યૂટ્રિશસ્), *a.* પુષ્ટિકારક; બળ આપનાર; તાકાદ વધારે તેવું. Nourishing; promoting growth or vigour. [**Nutritious.**

Nutritive (ન્યૂટ્રિટિવ્), *a.* Same as,

Nuxvomica (નક્સવૉમિકૅ), *n.* ઝેર કોચલું. A kind of poisonous substance, used in medicine.

Nymph (નિમ્ફ્), *n.* અપ્સરા; પરી; જળદેવી. A fairy; a heavenly damsel. **2.** સુંદર બાળા–છોકરી. A lovely or beautiful girl.

O.

O (ઓ), અંગ્રેજી મૂળાક્ષરનો પંદરમો અક્ષર છે. It is the fifteenth letter of the English alphabet. *int.* અરે! ઓહો! ઓહ! A word, expressing surprise.

Oak (ઓક્), *n.* એ નામનું વિલાયતી ઝાડ છે; ઓક્ નામના ઝાડનું લાકડું. A kind of English tree or its wood.

Oaken (ઓકન્), *a.* 'ઓક' ના ઝાડમાંથી બનાવેલું; 'ઓક' લાકડાનું; ઓકને લગતું. Made of an oak tree; pertaining to the oak tree.

Oakum (ઓકમ્), *n.* જુના દોરડાનો કોથો. The substance of old ropes.

Oar (ઓર્), *n.* હલેસું; ચાટવો. A tool for impelling a boat. **To lie on the oars,** કામ બંધ કરવું.

Oarsman (ઓર્સ્મૅન્), *n.* હલેસાં મારનાર; ખલાસી. One, skilled in using oars; a rower; a boatman.

Oasis (ઓએસિસ્), *n. pl.* **Oases.** રણમાં કે ઉજ્જડ જગ્યામાં ફળદ્રુપ સ્થાન; રણમાં લીલોતરીવાળી જગ્યા; શાદ્વલ. A fertile place in a desert.

Oat (ઓટ્), *n.* એક જાતનું જવના જેવું અનાજ. A kind of corn resembling barley.

Oath (ઓથ્), *n.* સર્મ; કસમ; સોગન; ઇકરાર. A solemn declaration; a holy affirmation.

Obduracy (ઑબ્ડ્યૂરૅસિ), *n.* કઠોરપણું; અતિ દુરાગ્રહ; જીદ; અતિ દુરાગ્રહ. A state of being obdurate; obstinacy.

Obdurate (ઑબ્ડ્યૂરેટ્), *a.* કઠોર; હઠીલું; દુરાગ્રહી; જક્કી. Hard-hearted; stubborn; obstinate.

Obdurately (ઑબ્ડ્યૂરેટ્લિ), *ad.* દુરાગ્રહથી; હઠીલાઈથી; જક્કીપણે; કઠોરતાથી. In an obdurate way.

Obdurateness (ઑબ્ડ્યૂરેટ્નેસ્), *n.* દુરાગ્રહ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જક્ક; હઠ. A state of being obdurate; stubbornness.

Obedience (ઓબીડિએન્સ), *n.* આધીનતા; આજ્ઞાંકિતપણું; તાબેદારી; આજ્ઞાપાલનપણું. Submissiveness; compliance with an order.

Obedient (ઓબીડિએન્ટ), *a* આજ્ઞાંકિત; તાબેદાર; આધીન. Submissive; dutiful; complying.

Obediently (ઓબીડિએન્ટલિ), *ad.* આજ્ઞાંકિતપણે; તાબેદારીથી; આજ્ઞાનુસાર. In an obedient way.

Obeisance (ઓબેસન્સ), *n.* નમસ્કાર; પ્રણામ; વંદન; જયશ્રીહરિ. A bow; a salutation; homage. **2.** તાબેદારી; આધીનતા. Obedience.

Obelisk (ઓબેલિસ્ક), *n.* સ્તંભ; થાંભલો. A column; a monumental pillar. **2.** (†) લખાણમાં વધારો બતાવવા માટે મૂકવામાં આવતું નિશાન. A mark used in writing or in printing.

Obese (ઓબીસ્), *a.* જાડું; ભોલ; પુષ્ટ. Fat; fleshy.

Obey (ઓબે), *vt. vi. pr. p.* **Obeying.** *imp. & p. p.* **Obeyed.** માનવું; ગણકારવું; આધીન થવું; કહ્યામાં રહેવું. To submit; to yield; to be obedient to.

Obit (ઑબિટ્), *n.* મોત; મરણ; મૃત્યુ. Death; decease. **2.** મરણ ક્રિયા; ઉત્તર ક્રિયા. Obsequies.

Obituary (ઑબિટ્યૂઅરિ), *a.* મોતનું; મરણને લગતું. Of the death; relating to some one's death. *n.* મૃત્યુના સમાચાર; મોતની ખબર; કોઇપણ માણસના મૃત્યુ સમાચાર. The information relating to the death of some one.

Object (ઑબ્જેક્ટ્), *n.* વસ્તુ; ચીજ; પદાર્થ. A thing; a material. **2.** ઉદ્દેશ; હેતુ; કારણ; નિમિત્ત; A motive; an aim; an end. **3.** દેખાવ; દૃશ્ય. A sight; a show. **4.** (વ્યાકરણમાં) કર્મ. What denotes an action in a sentence. **5.** *vt. vi.* વાંધો લેવો; તકરાર ઉઠાવવી; સામા થવું; વિરૂદ્ધ પડવું. To oppose; to argue against; to raise an objection.

Objection (ઑબ્જેક્શન્), *n.* હરકત; વાંધો; અડચણ; મુશ્કેલી. An adverse reason; an obstacle; an impediment.

Objectionable (ઑબ્જેક્શનેબલ્), *a.* હરકત આવે તેવું; વાંધા પડતું; અડચણવાળું; તકરારી. Admitting an objection; disputable.

Objective (ઑબ્જેક્ટિવ્), *a.* પદાર્થ-વિષય સંબંધિ; પદાર્થનું. Pertaining to an object. **2.** બહારનું; પદાર્થનિષ્ઠ; અનાત્મ સંબંધી. Outward; external. **3.** કર્મ સંબંધી (વ્યાકરણમાં); કર્મને લગતું (બીજી વિભક્તિ). Of the case which refers to an object in grammar.

Objectivity (ઑબ્જેક્ટીવિટિ), *n.* વિષયાત્મકપણું; અનાત્મ સંબંધી હોવું તે. A quality of being objective.

Objector (ઑબ્જેક્ટર્), *n.* વાંધો લેનાર; તકરાર ઉઠાવનાર; વિરૂદ્ધ પડનાર. One, who objects.

Objuration (ઑબ્જ્યૂરેશન્), *n.* સોગન અથવા સમથી બંધાવું તે. A binding by oath.

Objure (ઑબ્જ્યુર્), *vt. pr. p.* **Objuring.** *imp. & p. p.* **Objured.** સોગન ખાવા; સમથી બંધાવું; સમ ખાવા. To swear; to take an oath.

Objurgation (ઑબ્જર્ગેશન્), *n.* ઠપકો; દૂષણ; નિંદા. Reproof; a scolding.

Oblate (ઑબ્લેટ્), *a.* અર્પણ કરેલું; અર્પિત. Offered as a sacrifice.

Oblation (ઑબ્લેશન્), *n.* અર્પણ; સમર્પણ; બળીદાન. Any thing offered in worship; a sacrifice.

Obligate (ઑબ્લિગેટ્), *vt. pr. p.* **Obligating.** *imp. & p. p.* **Obligated.** બાંધી લેવું; બંધનમાં રાખવું; એહશાનમાં રાખવું. To bring under obligation.

Obligation (ઑબ્લિગેશન્), *n.* બંધન; કર્તવ્યતા; ઋણ. An act of binding by a promise, contract or oath; the binding effect of anything. **2.** અહેસાન; આભાર; ઉપકાર. Thankfulness; gratitude.

Obligatory (ઑબ્લિગેટરિ), *a.* ફરજ પડે તેવું; બંધનકારક; આવશ્યક; ફરજીઆત. Binding by law or duty; compulsory.

Oblige (ઑબ્લાઇજ્), *vt. pr. p.* **Obliging.** *imp. & p. p.* **Obliged.** જરૂર પાડવી; ફરજ પાડવી. To bind by a bond; to urge; to necessitate. **2.** આભાર માનવો; ઉપકાર કરવો; સાટું ચઢાવવું. To thank; to gratify.

Obligee (ઑબ્લાઇજી), *n.* કરાર લખી લેનાર-લખાવી લેનાર. A person to whom, another is bound.

Obliging (ઑબ્લાઇજિન્ગ્), *a.* ઉપકારશીલ; ઉપકારી; અહેશાનમંદ. Courteous; grateful; thankful.

Oblique (ઑબ્લિક્), *a.* વાંકું; આડું; ત્રાંસુ; તિરકસ. Slanting; inclining; not straight. **2.** મેલા મનનું; કપટી; છળકપટથી કામ કરનાર. Fraudulent; dishonest.

Obliquity (ઑબ્લિક્વિટિ), *n.* વાંકાપણું; વક્રતા; નિયમ વિરૂદ્ધતા; વાંકું બોલવું તે. A quality of being oblique; divergence.

Obliterate (ઑબ્લિટરેટ્), *vt.* છેકી નાંખવું; ભુંસી નાંખવું; કાઢી નાંખવું; ઉડાડી દેવું. To blot out; to erase; to remove; to wear out.

Obliteration (ઑબ્લિટરેશન્), *n.* છેકો; ચેકો; ભુંસી નાંખવું તે; ઉડાડી દેવું તે. An act of effacing.

Obliterator (ઑબ્લિટરેટર્), *n.* છેકો મુકનાર; ભુંસનાર; ભુંસી નાંખનાર. One, who obliterates.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Oblivion (ઑબ્લિવિઑન્), *n.* વિસ્મૃતિ; વિસારો; ભુલાવો; ગુન્હાની માફી. Forgetfulness.

Oblivious (ઑબ્લિવિઅસ્), *a.* વિસ્મૃતિવાળું; ભૂલે તેવું; ભુલાવી દે તેવું. Forgetful; causing forgetfulness.

Oblong (ઑબ્લૉન્ગ્), *a.* લંબચોરસ. Having greater length than breadth. *n.* લંબચોરસ આકૃતિ. A figure, with greater length than breadth.

Obloquy (ઑબ્લૉક્વિ), *n.* નિંદા; બદબોઇ; ખરાબ અથવા વાંકું બોલવું તે. Slandering; reproof; reproachful words.

Obnoxious (ઑબ્નૉક્શસ્), *a.* ઠપકાલાયક; દોષ પાત્ર; અનિષ્ટ; ધિક્કારવા લાયક. Blameworthy; hateful.

Obscenity (ઑબ્સીનિટિ), *n.* ભુંડાળું; નિર્લજ્જપણું; નાગાઇ; મલીનતા; અમંગળબીના. A quality of being obscene.

Obscene (ઑબ્સીન્), *a.* ભુંડું; નિર્લજ્જ; નાગું; બીભત્સ; મલીન. Abusive; impure; foul. **2.** અશુભ; અમંગળ; અમંગલિક. Ill-omened.

Obsceneness (ઑબ્સીનનેસ્), *n.* Same as, **Obscenity.**

Obscure (ઑબ્સ્ક્યૂર્), *a.* ઝાંખુ; થોડાઘણા પ્રકાશવાળું. Dim; dark; faint. **2.** અપ્રસિદ્ધ; છૂપું; ખુણાખોચરાનું. Unknown; secret; mysterious. *vt. vi.* ઝાંખું કરવું; ઓછા પ્રકાશવાળું બનાવવું. To make dim or faint. **2.** અપ્રસિદ્ધ કરવું; ગુપ્ત રાખવું. To hide; to conceal.

Obscurity (ઑબ્સ્ક્યૂરિટિ), *n.* અંધારૂં; ગૂઢપણું; અપ્રસિદ્ધિ. Dimness; a state of being obscure.

Obsequies (ઑબ્સીક્વિઝ્), *n.* (*pl.*) મૃત્યુ સંસ્કાર; ઉત્તરક્રિયા; પ્રેતકર્મ. The last ceremony rendered to a person after his death; funeral rites.

Obsequious (ઑબ્સીક્વિઅસ્), *a.* ખુશામતિયું; હાજીહા કરનાર; અતિશય મરજી ઉઠાવનાર. Compliant; promptly submissive.

Obsequiously (ઑબ્સીક્વિઅસલિ), *ad.* ખુશામતથી; હાજી હા કરીને. In a flattering way.

Obsequiousness (ઑબ્સીક્વિઅસનેસ), *n.* ખુશામત કરવાની ટેવ હોવી તે; હાજી હા કરવી તે. A quality of being obsequious.

Observance (ઑબ્ઝર્વન્સ્), *n.* પાળવું તે; માનવું તે; અનુષ્ઠાન; વિધિ ક્રિયા કરવી તે. A form of practising rites; a rite; rites.

Observant (ઑબ્ઝર્વન્ટ્), *a.* અવલોકન કરનાર; નિરીક્ષક. Carefully observing; scrutinizing. **2.** આધીન–તાબે થવું; રીત અથવા વિધિ પ્રમાણે ચાલવું. Obedient; pactising rites.

Observatory (ઑબ્ઝર્વૅટૉરિ), *n.* વેધશાળા; આકાશી પદાર્થોનું અવલોકન સ્થાન. A place or building constructed for astronomical observations.

Observe (ઑબ્ઝર્વ), *vt vi. pr. p.* **Observing.** *imp. & p. p.* **Observed.** અવલોકન કરવું; ધ્યાનપૂર્વક અથવા બારીકાઇથી જોવું; તપાસવું. To see minutely; to watch carefully. **2.** ટીકા કરવી; કહેવું. To remark; to mention. **3.** પાલન કરવું; પાળવું; આચરવું. To practise; to comply with.

Observer (ઑબ્ઝર્વર્), *n.* અવલોકન કરનાર; ધ્યાનપૂર્વક જોનાર–તપાસનાર; પાળનાર (વ્રત, વિધિ, વિગેરે). One, who observes.

Obsolete (ઑબ્સોલીટ્), *a.* વ્યવહાર બહાર; રૂઢિમાંથી નીકળી ગયેલું: અપ્રચલિત. Not longer used in practice; out of custom; out of fashion.

Obseleteness (ઑબ્સોલીટ્નેસ્), *n.* વ્યવહાર બહાર હોવું તે; અપ્રચલિત સ્થિતિ. A state of being obsolete.

Obstacle (ઑબ્સ્ટેકલ્), *n.* અડચણ; વિરોધ; અંતરાય; હરકત; વિઘ્ન; પ્રતિબંધ; ખલેલ. An obstruction; a hindrance; an impediment.

Obstetric,-al (ઑબ્સ્ટેટ્રિક્,–કલ્), *a.* પ્રસવ કાર્ય સંબંધી; દાઇના ધંધાને લગતું. Pertaining to the work of delivery; of the midwifery.

Obstinacy (ઑબ્સ્ટિનૅસિ), *n.* હઠીલાઈ; દુરાગ્રહ; મમત; આગ્રહ; આડાઇ; જક. A state of being obstinate; stubbornness.

Obstinate (ઑબ્સ્ટિનેટ્), *a.* હઠીલું; જક્કી; આડું; મમતી; દુરાગ્રહી. Stubborn; not yielding.

Obstinately (ઑબ્સ્ટિનેટ્લિ), *ad.* હઠીલાઇથી; જક્કીપણે; દુરાગ્રહથી. In an obstinate way.

Obstreperous (ઑબ્સ્ટ્રેપરસ્), *a.* બહુબોલું; વાતોડીયું; કલબલીયું Talkative; garrulous; noisy.

Obstruct (ઑબ્સ્ટ્રક્ટ્), *vt* બંધ કરવું; અટકાવવું; અડચણ કરવી; અવરોધ કરવો. To block up; to hinder; to stop; to check.

Obstructer (ઑબ્સ્ટ્રક્ટર્), *n.* અડચણ કરનાર; હરકત કરનાર; અંતરાય પાડનાર. One, who obstructs.

Obstruction (ઑબ્સ્ટ્રક્શન્), *n.* અડચણ; પ્રતિબંધ; હરકત; અંતરાય. An obstacle; an impediment; a hindrance.

Obstructive (ઑબ્સ્ટ્રક્ટિવ્), *a.* અડચણકર્તા; પ્રતિબંધવાળું; અંતરાય કરનાર. Tending to obstruction.

Obstructively (ઑબ્સ્ટ્રક્ટિવ્લિ), *ad.* અડચણ થાય તેવી રીતે; અંતરાય અથવા હરકત ભરેલી રીતે. In an obstructive way.

Obtain (ઑબ્ટેન્), *vt. vi.* મેળવવું; પ્રાપ્ત કરવું; સંપાદન કરવું. To get; to acquire; to procure. **2.** ચાલવું; હોવું; પ્રવૃત્તિ હોવી. To subsist; to be established in custom.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Obtainable (ઑબ્ટેનેબલ્), *a.* મેળવી શકાય તેવું; પ્રાપ્ત થઇ શકે તેવું; સંપાદન થઈ શકે તેવું; લભ્ય. Capable of being obtained.

Obtend (ઑબ્ટેન્ડ્), *vt.* સામા થવું; વિરૂદ્ધ પડવું. To oppose; to resist. **2.** ખોટું કારણ બતાવવું; ડોળ દેખાડવો. To pretend; to counterfeit.

Obtrude (ઑબ્ટ્રૂડ્), *vt. vi.* વગર બોલાવે જવું; માથું મારવું; ઘુસવું. To force into any place or state improperly; to interlope; to enter without permission.

Obtrusion (ઑબ્ટ્રુઝ્હન્), *n.* બળાત્કારે આવવું તે; માથું મારવું તે; ઘુસવું તે. An act of obtruding.

Obtrusive (ઑબ્ટ્રૂઝિવ્), *a.* બળાત્કારથી માથું મારનાર; ઘુસવાની વૃત્તિવાળો. Tending to obtrude.

Obtuse (ઑબ્ટ્યૂઝ્), *a.* પહોળું (ખુણો); વિષમ. Not pointed or accute. **2.** મૂઢ; જડ બુદ્ધિનું; ધીમું; સુસ્ત. Stupid; dull; slothful.

Obtuseness (ઑબ્ટ્યૂઝ્નેસ્), *n.* પહોળું હોવું તે; પહોળાશ; વિષમતા. A quality of being obtuse.

Obverse (ઑબ્વર્સ્), *a.* ઉપસેલું; બહાર પડતું દેખાતું શિક્કાવાળું. With the narrow base.

Obversion (ઑબ્વર્શન), *n.* પ્રતિવર્તન; ઉંધું વાળવું તે; ઉથલો. An act of obverting.

Obvert (ઑબ્વર્ટ્), *vt.* ની બાજુએ ફેરવવું;ની તરફ વાળવું. To turn towards.

Obviate (ઑબ્વિએટ્), *vt.* નિવારવું; ટાળવું; મટાડવું; દૂર કરવું. To remove; to overcome.

Obviation (ઑબ્વિએશન્), *n.* નિવારણ; ટાળવું તે; દૂર રાખવું તે. An act of warding off.

Obvious (ઑબ્વિઅસ્), *a.* ઉઘાડું; ખુલ્લું; જાહેર. Clear; open; manifest.

Obviously (ઑબ્વિઅસ્લિ), *ad.* ખુલ્લી રીતે; ઉઘાડું; જાહેર રીતે; સ્પષ્ટ રીતે. In an obvious way; apparently; clearly.

Obviousness (ઑબ્વિઅસ્નેસ્), *n.* ખુલ્લે ખુલ્લું હોવું તે; સ્પષ્ટતા; ચોખ્ખે ચોખ્ખી બીના હોવી તે. A state of being obvious.

Occasion (ઑક્ઝ્હન્) *n.* પ્રસંગ; તક; જોગવાઇ; કારણ; હેતુ. An opportunity; an incident; a chance; a motive. *vt.* કારણભૂત કરવું; પ્રસંગ વશાત બનાવવું; નિમિત્ત થવું. To be the cause of; to produce.

Occasional (ઑકેઝ્હનૅલ્), *a.* કોઈ કોઇવાર થતું; નૈમિતિક; પ્રાસંગિક; કોઈકોઇવારનું. Happening at times; incidental.

Occasionally (ઑકેઝ્હનૅલલિ), *ad.* કોઇકોઇ વાર; પ્રાસંગિક રીતે. In an occasional way; at times.

Occident (ઑક્સિડેન્ટ્), *n.* પશ્ચિમ દિશા; પશ્ચિમ ભાગ. The western direction; the west.

Occidental (ઑક્સિડેન્ટૅલ્), *a.* પશ્ચિમ દિશાનું; પશ્ચિમ દિશાને લગતું. Of or pertaining to the west; western.

Occlude (ઑક્લ્યૂડ્), *vt.* ચુસવું; શોષણ કરવું; શોષી લેવું. To suck; to suck up.

Occult (ઑકલ્ટ્), *a.* ગુપ્ત; અપ્રસિદ્ધ; છાનું; ગહન. Secret; hidden; mysterious.

Occultation (ઑકલ્ટેશન્), *n.* ગ્રાસ; યુતિ; આચ્છાદન. The hiding (as of a star or planet).

Occultism (ઑકલ્ટિઝમ્), *n.* યોગ વિદ્યા; યોગાભ્યાસ; રહસ્ય વિદ્યા. A science of mysterious doctrines.

Occupancy (ઑક્યૂપૅન્સિ), *n.* કબજો; ભોગવટો; વહિવટ ભોગવવાનો હક. An act of occupying; a possession.

Occupant (ઑક્યૂપૅન્ટ્), *n.* (*Law*) કબજો ભોગવનાર; ભોગવટો કરનાર. One, who has the possession or ownership of.

Occupation (ઑક્યૂપેશન્), *n.* ધંધો; રોજગાર; ઉદ્યમ; નિયોગ; પ્રવૃત્તિ. A vocation; a calling; a trade. **2.** કબજો લેવો તે; ભોગવટો An act of taking possession.

Occupier (ઑક્યૂપાઈર્), *n.* કબજો લેનાર; વેપારી; કારીગર One, who occupies; a trader; an artisan.

Occupy (ઑક્યૂપાઈ), *vt. pr. p.* **Occupying.** *imp.* & *p. p.* **Occupied.** કબજો લેવો; ભોગવટામાં રાખવું; કબજો અથવા હક ધરાવવો. To take the possession; to possess; to claim as an owner. **2.** રોકવું; ભરાઈ જવું. To fill; to surround. **3.** કામે વળગાડવું; રોકવું; રાખવું. To employ; to engage.

Occur (અકર્), *vi. pr. p* **Occurring.** *imp.* & *p. p.* **Occurred.** બનવું; થવું; નજરે પડવું; જોવામાં આવવું. To happen; to befall; to take place; to be visible.

Occurrence (અકરેન્સ્), *n.* બનાવ; વાત; બીના; ઘટના. An incident; an event; a happening.

Ocean (ઓશન્), *n.* સમુદ્ર; દરિયો; મહાસાગર. A sea; an unimaginable expanse of water.

Oceanic (ઓશીનિક્), *a.* દરિયાનું; સમુદ્રને લગતું; મહાસાગરના વિષે. Of an ocean; belonging to an ocean.

Ochre (ઓકર્), *n.* ગેરૂ; એક જાતની પીળી, લાલ લોહમય માટી. A yellowish clay.

Octagon (ઑક્ટૅગૉન્), *n.* અષ્ટકોણ; આઠ ખૂણાવાળી આકૃતિ. A figure of eight sides and eight angles.

Octagonal (ઑક્ટૅગૉનૅલ્), *a.* અષ્ટકોણનું; આઠ ખૂણાને લગતું. Of an octagon.

Octavo (ઑક્ટેવો), *n.* આઠ પાનાની ચોપડી;અષ્ટપત્રી પુસ્તક. A book, with eight leaves.

October (ઑક્ટોબર્), *n.* અંગ્રેજી વર્ષનો દસમો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહીનો. The tenth month of the Christian year.

Octroi (ઑક્ટ્રૉઈ), *n.* દરવાજે લેવામાં આવતું હાંસલ-વેરો. A tax levied in kind or money at the entrance-place of a city or a town.

Ocular (ઑક્યૂલર), *a.* નજરે જોયેલું; પ્રત્યક્ષ. Seen by actual sight. **2.** આંખનું; આંખને લગતું. Pertaining to the eye.

Oculist (ઑક્યૂલિસ્ટ), *n.* નેત્ર વૈદ્ય; આંખના કામમાં નિપુણ વૈદ્ય-ડૉક્ટર. One skilled in the diseases of the eye.

Odd (ઑડ્), *a.* વિલક્ષણ; વિચિત્ર; કઢંગુ. Peculiar; strange; unique. **2.** એકી (સંખ્યા); વિષમ. Undivided by two without a remainder; not even.

Oddity (ઑડિટિ), *n.* વિલક્ષણતા; કઢંગાપણું; વિચિત્રતા. Singularity; a quality of being odd.

Oddness (ઑડ્નેસ્), *n.* Same as, **Oddity.**

Ode (ઓડ્), *n.* ગીત; કાવ્ય; દુહો; કવિત. A lyric poem; a short poem.

Odious (ઓડિયસ્), *a.* અપસંદ; નઠારું; ધિક્કારવા જોગ; ખોટું; અપ્રિય; કંટાળો ઉપજે તેવું. Hateful; producing hatred; offensive.

Odiously (ઓડિઅસ્લિ), *ad.* તિરસ્કારયુક્ત; અપ્રિય રીતે; કંટાળો ઉપજે તેવી રીતે; સૂગ ચડે તેવી રીતે. In an offensive way.

Odiousness (ઓડિઅસ્નેસ્), *n.* તિરસ્કાર યુક્ત હોવું તે; અપ્રિયતા; કંટાળો ઉપજે તેવી સ્થીતિ હોવી તે. A state of being odious.

Odium (ઓડિયમ્), *n.* તિરસ્કાર; ફિટકાર; અભાવો; તુચ્છકાર. Hatred; dislike; offensiveness.

Odoriferous (ઓડૉરિફ્રસ્), *a.* ખુશબોદાર; સુવાસી; સુગંધીદાર; સુવાસિત. Perfumed; fragrant.

Odour (ઓડર્), *n.* સુગંધ; ખુશબો; સોડમ; વાસ. Fragrance; a smell; a scent. **2.** કોઇપણ પ્રકારની ગંધ સારી અથવા ખોટી. Any kind of smell whether pleasing or displeasing. Also spelt as, **Odor.**

Of (ઑવ્), *prep.* નો, ની, નું; ને વિષે. A word, showing possession or ownership.

Off (ઑફ્), *ad.* દૂર; લાંબે; આઘે. At a distance; away. *int.* જા! ચાલ્યો જા! દૂર થા!. Get away. *a.* આઘેનું; છેટનું; દૂરનું. Distant; of a distance. **Off and on,** *ad.* અનિયમિત રીતે; વારંવાર.

Offal (ઑફ્ફલ્), *n.* ફોહેલું માંસ. Waste meat. **2.** એઠવાડ;કચરો; ગંદકી.Refuse; rubbish matter.

Offence (ઑફેન્સ્), *n.* અપરાધ; નુકશાન; ગુન્હો. Anger; a crime; a harmful deed. **2.**નાખુશી; અકૃપા; ક્રોધ. Displeasure; anger.

Offend (ઑફેન્ડ્), *vt. vi.* નાખુશ કરવું; કંટાળો આપવો; ત્રાસ ઉપજાવવો; ખોટું લગાડવું. To displasse; to annoy; to harm. **2.** ગુન્હો કરવો; ગુન્હેગાર થવું. To commit a crime.

Offender (ઑફેન્ડર્), *n.* ગુન્હેગાર; અપરાધી. A criminal; one, who offends.

Offensive (ઑફેન્સિવ્), *a.* ગુસ્સો લાવે તેવું; તિરસ્કારયુક્ત; માઠું લગાડે તેવું; અહિતકારક; અપ્રિય. Teasing; displeasing; annoying; disgusting.**2.** લડાઈની પહેલ કરનારૂં; હુમલો કરનારૂં. Aggressive; attacking.

Offensively (ઑફેન્સિવ્લિ), *ad.* ત્રાસદાયક રીતે; ગુસ્સાવાળી સ્થિતિમાં; તિરસ્કારયુક્ત રીતે; હુમલો કરવાની સ્થિતિમાં. In an offensive way.

Offensiveness (ઑફેન્સિવ્નેસ્), *n.* ત્રાસયુક્ત સ્થિતિ; તિરસ્કાર બતાવવો તે. A state of being offensive.

Offer (ઑફર્), *vt.* આપવું; દેવું; અર્પણ કરવું; બળિદાન દેવું. To give; to part with; to sacrifice. **2.** માગણી કરવી; માંગવું; દરખાસ્ત કરવી; સૂચવવું. To ask for; to propose; to suggest. *n.* અર્પણ; માગણી; નિવેદન; કહેણ. An act of offering; a sacrifice; an act of bidding.

Offering (ઑફરિન્ગ્), *n.* બળિદાન; નૈવેદ્ય; ભેટ; અર્પણ. A sacrifice; an oblation; a gift.

Offertory (ઑફરટૉરિ), *n.* રોમન કેથોલિક પંથમાં અર્પણ કરતી વખતે ગાવાનું ગીત. A song, uttered in the Roman Catholic church.

Office (ઑફિસ્), *n.* અધિકાર; પદવી; હોદ્દો. A rank; a dignity; a power. **2.** કચેરી; કોર્ટ; A place for public business. **3.** ફરજ; કર્તવ્ય; સેવા; કામ; ધર્મ. A duty; a function; a work entrusted to the care of. **4.** ક્રિયા; વિદ્યા. Any religious service or rite. **5.** દિવાનખાનું; દફતરખાનું.A place for transactions.

Officer (ઑફિસર્), *n.* અમલદાર; કામદાર; અધિકારી; હોદ્દેદાર. One, who holds some high office or rank; one, appointed on some high post. *vt.* અમલદાર નીમવો; અમલદાર તરીકે હુકમ કરવો. To appoint an officer; to command in the capacity of an officer.

Official (ઑફિશૅલ્), *a.* અધિકારને લગતું; કચેરીની રૂએ; સરકારી. Pertaining to an office; derived from the proper office.

Officially (ઑફિશૅલલિ), *ad.* અધિકારની રૂએ; કાયદાની દૃષ્ટિએ; હોદ્દાથી. By the power of the proper authority.

Officiate (ઑફિશિએટ્), *vt. vi.* કામ કરવું; કામ બજાવવું. To discharge one's duties officially. **2.** બીજાને બદલે કામ બજાવવું-કરવું; બદલીનું કામ કરવું.To transact the work or business.

Officiating (ઑફિશિએટિન્ગ્), *a.* કામચલાઉ; બીજાને બદલે કામ કરનાર. Temporary; working for another.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Officious (ઑફિશસ્), *a.* માયાળુ; ઉપકારી; ઉપકાર કરનાર. Kind to excess. **2.** ઘાલમેલ કરનાર; કામમાં વચ્ચે પડનાર. Meddling.

Officiousness (ઑફિશસ્નેસ્), *n.* માયાળુપણું; ઉપકારી વૃત્તિ; ઘાલમેલ કરવાની ટેવ. A state of being officious.

Off-set (ઑફ્-સેટ્), *n.* ફણગો; ફાંટો; અંકુર. A shoot; a sprout; a by-way. **2.** કાટખૂણાથી માપેલું ટુંકું અંતર. A perpendicular short distance. **3.** વળતર; સામું લેણું અથવા રકમ કાઢવી તે. A sum or amount set off against another as an equal item.

Off-shoot (ઑફ્-શૂટ), *n.* ફાંટો; ફંટાએલી શાખા. A branch from a main stem or part.

Off-spring (ઑફ્-સ્પ્રિન્ગ), *n.* સંતાન; પ્રજા; સંતતિ; બાળબચ્ચાં. A child; a progeny. **2.** વંશ; ઓલાદ. A race; a generation.

Oft, Often (ઑફ્ટ્, ઑફન્), *ad.* વારંવાર; ફરી ફરીને; બહુવાર; ઘણીવાર. Many times; more than once; frequently.

Often-times (ઑફન્ટાઇમ્સ્), *ad.* વારંવાર; વારેઘડીએ; ઘડીએ ઘડીએ. Often; many times; frequently.

Ogle (ઓગલ્), *vt. vi.* નેત્ર કટાક્ષથી જોવું; આડી આંખે જોવું-નજર કરવી. To see with side-glances, with a view to attract notice or attention. *n.* આડી નજર; ત્રાંસી નજર; કટાક્ષ. A side-glance; a side-look.

Ogre (ઓગર્), *n.* મનુષ્ય ભક્ષક રાક્ષસ. A monster living on human flesh. **2.** (*fig.*) અતિ દુષ્ટ આદમી. A very wicked fellow.

Ogreish (ઓગરિશ્), *a.* રાક્ષસનું; અતિ દુષ્ટ પુરૂષને લગતું. Of an ogre.

Oh (ઓહ્), *int.* અરે! રે! ઓહ! A word, expressing joy or sorrow.

Oil (ઑઇલ્), *n.* તેલ. An unctuous combustible substance. *vt.* તેલ ચોપડવું; તેલ લગાડવું; ચોળવું. To smear; to lubricate. **Oil-cake,** *n.* ખોળ. **Oil-man,** *n.* ઘાંચી; તેલી. **Oil-mill,** *n.* ઘાણી; તેલ કાઢવાનું અથવા બનાવવાનું કારખાનું. **Oil-cloth,** *n.* મીણીયું.

Oiliness (ઑઇલિનેસ્), *n.* તેલનો ગુણ હોવો તે; ચિકાશ; ચિકટાપણું. A state of being oily.

Oily (ઑઈલિ), *a.* તેલવાળું; ચિકણું; ચિકાશવાળું. Containing oil; unctuous.

Oint (ઑઈન્ટ્), *vt.* લગાડવું (તેલ, વિગેરે); મસળવું; ચોપડવું; લેપ કરવો. To anoint; to besmear.

Ointment (ઑઇન્ટમેન્ટ્), *n.* મલમ; લેપ; મર્દન કરવાની દવા; ઘસવાનો પદાર્થ. Any soft substance, used in smearing a diseased part.

Old (ઓલ્ડ્), *a.* જુનું; વપરાયેલું; પહેલાના વખતનું; ઘસાઇ ગયેલું. Not new; used; of former time; worn off. **2.** ઘરડું; વયોવૃદ્ધ; ઉતરતી અવસ્થાનું. Advanced in age or life.

Olden (ઓલ્ડન્), *a.* અસલ; પૂરાતન; અગાઉનું. Ancient; old. *vi.* જૂનું થવું; ઘરડું થવું. To become old; to grow old.

Oldness (ઓલ્ડ્નેસ્), *n.* ઘડપણ; વૃદ્ધાવસ્થા; બુઢાપો; જીર્ણ અવસ્થા. A state of becoming old.

Olfactory (ઑલફૅક્ટૉરિ), *a.* વાસેંદ્રિય સંબંધી; સુંઘવાનું. Pertaining to the sense of smelling. *n.* સુંઘવાની ઇન્દ્રિય; ઘ્રાણેંદ્રિય. The sense of smell or smelling.

Olibanum (ઑલિબૅનમ્), *n.* લોબાન. A kind of incense.

Oligarch (ઑલિગાર્ક્), *n.* અલ્પજન રાજસત્તાનો હિમાયતી. A supporter of oligarchy.

Oligarchic,-al (ઑલિગાર્કિક્,-કૅલ્), *a.* રાજ્ય સત્તા થોડા માણસોના હાથમાં રહે તેવા વિચારનું-વિચારને લગતું. Of oligarchy.

Oligarchy (ઑલિગાર્કિ), *n.* થોડા માણસોના હાથમાં રાજ્યવહિવટ આપવાની રીત-પ્રથા; અલ્પજન સત્તા. A form of government, in which the power rests with the small number of people.

Olive (ઓલિવ્), *n.* એક જાતનું ઝાડ અથવા તેનું ફળ; જીતફળ. An evergreen tree or its fruit. *a.* બદામી રંગનું; બદામી રંગવાળું. Of a tawny green colour.

Omen (ઓમેન્), *n.* શુકન; ભાવિ સૂચક ચિન્હ; પૂર્વલક્ષણ. A presage; an augury. **2.** શુભાશુભ લક્ષણ. A foreboding sign. *vi.* ભવિષ્ય કથન બાંધવું; શુકન કહેવા. To predict; to presage.

Ominous (ઓમિનસ્), *a.* અપશુકનિયાળ; અમાંગલિક; અનિષ્ટસૂચક. Foreboding evil; inauspicious.

Ominousness (ઓમિનસ્નેસ્), *n.* અપશુકનિયાળવાળું હોવું તે; અમાંગલિક સ્થિતિ. A state of being ominous.

Omissible (ઓમિસિબલ્), *a.* પડતું મુકાય તેવું; ગફલત થાય તેવું; વર્જિત થઇ શકે તેવું. Capable of being omitted.

Omission (ઓમિશન્), *n.* પડતું મૂકવું તે; ત્યાગ; ગફલત; લોપ; વર્જન. A neglect or failure to do something; an act of omitting.

Omit (ઓમિટ્), *vt. pr. p.* **Omitting.** *imp.* & *p. p.* **Omitted.** ગફલત કરવી; પડતું મેલવું; વિસરી જવું; મુકી દેવું; જવા દેવું. To err; to let go; to miss; to let slip; to leave out. **2.** બાકી રાખવું; અધૂરૂં મુકવું. To leave undone; to fail to complete.

Omnibus (ઑમ્નિબસ્), *n.* એક જાતની મોટી ગાડી. A long bodied, four-wheeled vehicle.

Omnifarious (ઑમ્નિફેરિઅસ્), *a.* જુદી જુદી જાતનું; તરેહ તરેહનું. Of various kinds.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Omnipotence (ઑમ્નિપોટેન્સ્), *n.* સર્વ શક્તિમાનપણું; સર્વ શક્તિમાન પ્રભુ–પરમેશ્વર. Almighty power.

Omnipotent (ઑમ્નિપોટેન્ટ્), *a.* સર્વ શક્તિમાન; અનંતશક્તિવાળો. Almighty.

Omnipresence (ઑમ્નિપ્રેઝન્સ્), *n.* સર્વ વ્યાપકતા; વિશ્વ વ્યાપ્તિ; વિભૂતા. A state of being omnipresent.

Omnipresent (ઑમ્નિપ્રેઝન્ટ્), *a.* સર્વવ્યાપક; વિશ્વવ્યાપી; સર્વવ્યાપી. Present in all places at the same time.

Omniscience (ઑમ્નિસિએન્સ્), *n.* સર્વજ્ઞતા; ત્રિકાલીય સ્થિતિ. A state of being omniscient.

Omniscient (ઑમ્નિસિએન્ટ્), *a.* સર્વજ્ઞ; ત્રિકાલીય; ત્રિકાલદર્શી. Having a universal knowledge; infinitely knowing.

Omnivorous (ઑમ્નિવૉરસ્), *a.* બધું ખાઈ જનારૂં; ખાઉધરૂં; સર્વભક્ષી. Eating food of every type; devouring.

On (ઑન્), *ad.* આગળ; વધારે આગળ. Forward. **2.** ચાલુ હાલતમાં–સ્થિતિમાં. In the working order. *prep.* પર; ઉપર. At; in the upper part. **2.** વિષે; ની બાબતનું. About; with respect to. **On and on,** આગળ અને આગળ.

Once (વન્સ્), *ad.* એકવાર; અગાઉ; પહેલાં; એક વખતે. Formerly; one time. **At once,** *ad.* એકદમ; વિના વિલંબે. Soon.

One (વન્), *a.* એક; કોઇ એક. Being of a single unit. **2.** આખું; પૂર્ણ. Undivided; whole. *pro.* એકાદ; કોઇએક. Some one; a single thing.

Oneness (વન્નેસ્), *n.* એકપણું; એક સરખું; અદ્વૈતભાવ. Singleness; unity.

One-sided (વન્-સાઇડેડ્), *a.* એકતરફી; એક બાજુનું. Partial; denoting one side.

One-sidedness (વન્-સાઇડેડ્નેસ્), *n.* એકતરફીપણું; એકબાજુપણું; પક્ષપાતપણું. Partiality; a state of being one-sided. *vt.* જોડવું; એકત્ર કરવું. To unite; to combine. **One-eyed,** *a.* કાણું; એકાક્ષી.

Onerate (ઑનરેટ્), *vt.* ભાર ભરવો; લાદવું; અતિશ્રમ આપવો. To load; to burden.

Oneration (ઑનરેશન્), *n.* ભાર ભરવો તે; અતિશય શ્રમ આપવાનું કાર્ય–કામ; બોજો લાદવો તે. An act of onerating.

Onerous (ઑનરસ્), *a.* ભારે; જુલમ ભરેલું; અતિશય શ્રમવાળું. Burdensome; troublesome.

Onion (અન્યન્), *n.* ડુંગળી; પ્યાજ; કાંદો. A plant of the lily, used as an article of food.

Only (ઓન્લિ), *ad.* કેવળ; ફક્ત; તદ્દન; માત્ર. Solely; simply. *a.* એકજ; એકનું એક. Single; alone. *conj.* સિવાય; વગર. Except; save.

Onset (ઑન્સેટ્), *n.* હુમલો; લડાઈ; આક્રમણ. An attack; an invasion. **2.** લશ્કરનો હુમલો. An attack of an army.

Onslaught (ઑન્સ્લૉટ્), *n.* હુમલો; ચઢાઇ; દારૂણ યુદ્ધ. An attack; a dreadful battle.

Ontology (ઑન્ટૉલૉજિ), *n.* પ્રાણી માત્રનો વિચાર; ભૂતમાત્ર વિચાર. The science, relating to all beings.

Onus (ઓનસ્), *n.* જુમ્મો; બોજો; ભાર. A burden. **2.** સાબીત કરવાનો જુમ્મો–બોજો. A burden of proof.

Onward,-s (ઑન્-ઉવર્ડ્,-ઝ્), *ad.* આગળ; આગળ અને આગળ. Forward; on; in a continuous way.

Ooze (ઉઝ્), *vi. pr. p.* **Oozing.** *imp.* & *p. p.* **Oozed.** ગળવું; ઝરવું; ટપકવું; નીતરવું. To drop gently; to percolate; to emit.

Opacity (ઓપૅસિટિ), *n.* અપારદર્શકપણું; તેજહિનપણું; નિસ્તેજપણું. Want of transparency; obscurity.

Opaque (ઓપેક્), *a.* અપારદર્શક; તેજહિન; ઝાંખું. Untransparent; obscure; dim.

Opaqueness (ઓપેક્નેસ્), *n.* અપારદર્શકપણું; તેજહિનપણું. A state of being opaque.

Open (ઓપન્), *vt. vi.* ઉઘાડવું; ખોલવું; જાહેર કરવું; છૂટું કરવું; શરૂ કરવું. To unclose; to disclose; to begin; to commence. **2.** લંબાવવું; વિસ્તારવું; ફેલાવવું. To spread; to expand. **3.** ઉઘડવું; ખુલવું; સ્પષ્ટ થવું. To be open; to expand; to manifest.

Open (ઓપન્), *a.* ઉઘાડું; ખુલ્લું; સ્પષ્ટ; પ્રસિદ્ધ; જાહેર. Manifest; clear; well-known; public. **2.** મોકળું; ઉઘાડું; ખુલ્લું. Expanded; unclosed. **3.** ભોળું; ઉદાર; નિષ્કપટી. Simple-minded; liberal; frank. **Open-handed,** *a.* ઉદાર; બહોળા હાથે વાપરે તેવું. Liberal.

Opening (ઓપનિંગ્), *n.* આરંભ; શરૂઆત; પ્રારંભ. A beginning; a commencement. **2.** ચિરો; છિદ્ર; કાણું. A hole; a vacant place.

Openly (ઓપન્લિ), *ad.* ખુલ્લી રીતે; સ્પષ્ટપણે; છડેચોક. In an open way; clearly; frankly.

Openness (ઓપ્નનેસ્), *n.* ખુલ્લાપણું; ઉઘાડું હોવું તે; નિષ્કપટીપણું. A state of being open; frankness.

Opera (ઑપેરૅ), *n.* સંગીત નાટક; ગાયનમાં ઉતારીને કરેલું નાટક. A drama accompanied by music.

Operate (ઑપરેટ્), *vt. vi. pr. p.* **Operating.** *imp.* & *p. p.* **Operated.** અસર કરવી; ગુણ દાખવવો. To have an effect; to show the merit. **2.** શસ્ત્રોપચાર કરવા; વાઢકાપ કરવા; અસ્તર મૂકવું; શસ્ત્રક્રિયા કરવી. To do some manual work upon a human body. **3.** કરવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્પન્ન કરવું. To produce; to do. 4. કામ કરવું; ક્રિયા કરવી. To work.

Operation (ઑપરેશન્), *n.* કામ; કૃતિ; કાર્ય; વ્યાપાર. An action; a work. 2. અસર; ગુણ; ધર્મ. An effect; an influence. 3. શસ્ત્રકામ; વાઢ કાપ. An act of cutting a limb in a surgical way.

Operator (ઑપરેટર્), *n.* ક્રિયાકારક; કાર્ય કરનાર; વાઢકાપ કરનાર; શસ્ત્રવૈદ્ય. One, who operates.

Operose (ઓપરોઝ્), *a.* માથાકૂટવાળું; કંટાળા ભરેલું; શ્રમપૂર્વક કરેલું. Tedious; wearisome; done with great efforts.

Ophthalmia (ઓફ્થૅલ્મિઍ), *n.* આંખનો રોગ; નેત્રનું દરદ; આંખો દુઃખવા આવવી તે. An inflammation of the eye or eyes.

Opiate (ઓપિએટ્), *n.* ઉંઘ લાવે તેવું ઓસડ; અફીણવાળી દવા; નિંદ્રાજનક ઔષધિ; બેચેની શાંત કરનારી દવા. A soporous medicine; any medicine containing opium; a narcotic. *a.* નિંદ્રાજનક; ઉંઘ લાવે તેવું. Producing sleep or stupor.

Opine (ઓપાઈન્), *vi.* ધારવું; કલ્પના કરવી; વિચારવું. To think; to suppose.

Opinion (ઓપિનિયન્), *n.* મત; અભિપ્રાય; વિચાર; બુદ્ધિ; મતિ. An idea; a thought; an estimation; a notion.

Opium (ઓપિઅમ્) *n.* અફીણ; અફીમ. The juice of white poppy. **Opium-eater,** *n.* અફીણી; બંધાણી. **Opium-water,** *n.* કસુંબો.

Opponent (ઑપોનેન્ટ્), *n.* વેરી; શત્રુ; દુશ્મન; પ્રતિપક્ષી. An enemy; a foe; an adversary. *a.* વિરોધી; વિરુદ્ધ; પ્રતિકૂળ. Adverse; antagonistic.

Opportune (ઑપ્-પૉર્-ટ્યૂન્), *a.* સમયાનુસાર; પ્રસંગને લાયક; ખરી વખતનું; યોગ્ય સમયનું. Timely; suitable to the time.

Opportunely (ઑપ્-પૉર્-ટ્યૂન્લિ), *ad.* પ્રસંગને અનુસરીને; લાયક રીતે; ખરી વખતે. Suitably; in an opportune way.

Opportunity (ઑપ્પૉર્ટ્યૂનિટિ), *n. pl.* **Opportunities.** તક; પ્રસંગ; અવસર; લાગ; તાકડો. A suitable occasion; a chance; a right moment; a favourable time.

Opposible (ઑપ્પોઝિબલ્), *a.* સામું થાય તેવું; વિરોધ કરે તેવું; ઉલટી રીતે કાર્ય કરે તેવું. Capable of being opposed.

Oppose (ઑપ્પોઝ્), *vt pr. p.* **Opposing.** *imp. & p. p.* **Opposed.** સામે થવું; આડું પડવું; વિરુદ્ધ પડવું. To resist; to act against; to withstand.

Opposer (ઑપ્પોઝર્), *n.* સામો પડનાર; વિરુદ્ધ થનાર; ઉલટી રીતે કાર્ય કરનાર. One, who opposes.

Opposite (ઑપ્પોઝિટ્), *a.* સામું; સન્મુખ; અભિમુખ. Facing; standing in front. 2. ઉલટું વિપરીત; વિરોધી. Contrary; adverse.

Opposition (ઑપ્-પોઝિશન્), *n.* સામું થવું તે; અટકાયત; અવરોધ. An act of opposing; resistance.

Oppress (ઑપ્પ્રેસ્), *vt.* જુલમ ગુજારવો; હેરાન કરવું; સતાવવું; પજવવું; ત્રાસ દેવો; કનડવું; ભાર ભરીને પીડા કરવી. To harass; to impose trouble; to molest; to overburden.

Oppression (ઑપ્પ્રેશન્), *n.* જુલ્મ; ત્રાસ; જબરજસ્તી; પીડા; દુઃખ. An act of oppressing; cruelty; severity.

Oppressive (ઑપ્પ્રેસિવ્), *a.* જુલ્મી; અતિશય ભારે; ઘાતકી; પીડાકારક. Severe; tyrannical.

Oppressor (ઑપ્પ્રેસર્), *n.* જુલમગાર; ઉપદ્રવ કરનાર; હેરાન કરનાર; ત્રાસ દેનાર. One, who oppresses.

Opprobrious (ઑપ્રોબ્રિયસ્), *a.* તિરસ્કાર ભરેલું; નિંદક; બદનામી. Disgusting; disgraceful.

Oppugn (ઑપ્-પ્યૂન્), *vt.* સામાથવું; ટક્કર ઝીલવી; ની સામે બાથ ભીડવી. To resist; to fight against.

Optative (ઑપ્ટેટિવ્), *a.* ઇચ્છાદર્શક; ઇચ્છાસૂચક. Expressing desire or wish.

Optic (ઑપ્ટિક્), *n.* આંખ; નેત્ર; દેખાવ. An organ of sight; a vision. *a.* નેત્રનું; આંખનું; નજરનું. Relating to or pertaining to an eye; visual.

Optical (ઑપ્ટિકલ્), *a.* નેત્રનું; આંખની બાબતનું; નજરનું; દૃશ્યનું. Pertaining to an eye; of a vision.

Optician (ઑપ્ટિશન્), *n.* દર્શનયંત્ર બનાવનાર અથવા વેચનાર. One, who deals in optical glasses or instruments. 2. દર્શનશાસ્ત્ર જાણનાર; દર્શનવિદ્યામાં સારૂં જ્ઞાન મેળવનાર. One, well-versed in the science of optics.

Optics (ઑપ્ટિક્સ્), *n.* દર્શનશાસ્ત્ર; દર્શનવિદ્યા. The scince, dealing with light or vision.

Optimism (ઑપ્ટિમિઝમ્), *n.* સૃષ્ટિમાં જે કાંઈ બને છે તે સારૂંજ છે તેવો મત; આશાજનક દૃષ્ટિથી જોવાનું વલણ; સર્વ શુભવાદ. The principle, that everything in nature is always for the best.

Optimist (ઑપ્ટિમિસ્ટ્), *n.* સૃષ્ટિમાં જે કાંઇ બને છે તે સારૂંજ છે તેવો મત ધરાવનાર; આશાજનક દૃષ્ટિએથી જોનાર. One, who holds optimism.

Option (ઑપ્શન્), *n.* ખુશી; મરજી; ઇચ્છા; પસંદગી. A choice; a desire; an alternative.

Optional (ઑપ્શનૅલ્), *a.* ઇચ્છાપર આધાર રાખતું; ઐચ્છિક; ખુશીથી કરેલું. Pertaining to an option.

Opulence (ઑપ્યૂલેન્સ્), *n.* દોલત; સમૃદ્ધિ; ધન; વૈભવ. Wealth; affluence.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Opulent (ઑપ્યૂલેન્ટ), *a.* દોલતવાન; તવંગર;સમૃદ્ધિવાન; પૈસાદાર. Wealthy; affluent; rich.

Or (ઑર્), *con.* અથવા; કિંવા; વા; નહિતર. A word, showing alternative.

Oracle (ઑરૅકલ), *n.* દેવ વાણી; દિવ્ય વાણી અથવા બોલી; આકાશવાણી. An answer of a god; a heavenly message. **2.** પૂછેલા પ્રશ્નનો જવાબ દેનાર દેવ. A god or a deity, who answers the inquiries. **3.** ગુરૂની અથવા કોઇ મોટા પુરૂષની આજ્ઞા ધારક બોલી. The speech of a preceptor or any great person.

Oracular (ઑરૅક્યૂલર), *a.* દેવવાણીનું; દિવ્ય બોલીને લગતું; આકાશવાણીને વિષે; દેવના પ્રશ્નને લગતું. Pertaining to an oracle.

Oral (ઓરૅલ), *a.* મોઢાનું; મુખ જવાબનું; મુખ જુબાનીનું. Spoken or uttered by the mouth; verbal.

Orally (ઓરૅલલિ), *ad.* મોઢેથી; મુખજુબાનીની બાબતમાં. In an oral way or manner.

Orange (ઑરેન્જ્), *n.* નારંગી; નારંગીનું ઝાડ. The fruit of a tree; the orange tree. **2.** નારંગી રંગ. The colour like an orange. *a.* નારંગી રંગનું. Of the orange colour.

Orangutan (ઑરૅન્ગ્ઉટૅન્), *n.* પુંછડા વગરનો વાંદરો; ઉરાંગઉટાંગ વાંદરો. A tailless monkey, found in Africa. Also as, **Orangoutang.**

Oration (ઑરેશન્), *n.* ભાષણ; મ્હોંએ કીધેલું વાક્ચાતુર્યવાળું ભાષણ. An elaborate lecture or discourse. *vi.* છટાદાર ભાષણ કરવું. To deliver an oration.

Orator (ઑરેટર્), *n.* છટાદાર ભાષણ કરનાર;વક્તા; સભાપંડિત; વાક્ચાતુર્યનિપુણ પુરૂષ. An eloquent speaker; an eloquent man.

Oratorical (ઑરૅટૉરિકૅલ), *a.* વાક્ચાતુરીવાળું; શબ્દાલંકારનું-વાળું. Pertaining to an oration; rhetorical.

Oratory (ઑરૅટૉરિ), *n.* વાક્ચાતુર્ય; શબ્દચાતુર્ય; વકતૃત્વ. Eloquence; skill in a discourse.

Orb (ઑર્બ્), *n.* ગોળો; વર્તુલ; બિંબ. A globe; a sphere. **2.** ગોળ ફરતો પદાર્થ; પૈડું. A revolving circular body; a wheel.

Orbit (ઑર્બિટ્), *n.* ગ્રહને ફરવાનો માર્ગ; કક્ષા. The path of a planet. **2.** ડોળો; ચક્ષુડોળો. The cavity in which an eye is situated.

Orchard (ઑર્ચર્ડ્), *n.* ફળ વાડી; ફળ બાગ; વાડી; ફળવાટિકા. An inclosure, with fruit-bearing trees. **2.** બાગ; બગીચો. A garden.

Orchestra (ઑર્કેસ્ટ્રૅ), *n.* નાટકશાળામાં વાજીંત્ર ભૂમિ આગળની જગ્યા. The theatrical space between the stage and the audience.

Ordain (ઑર્ડેન્), *vt.* ઠરાવવું; નીમવું; નક્કી કરવું; સ્થાપવું; નિયમ પ્રમાણે ગોઠવવું. To arrange; to set in order; to appoint; to establish by a law or rule.

Ordainable (ઑર્ડેનેબલ્), *a.* નક્કી કરી શકાય તેવું; ઠરાવી શકાય તેવું; ગોઠવી શકાય તેવું. Capable of being ordained.

Ordainer (ઑર્ડેનર્), *n.* નક્કી કરનાર; ગોઠવનાર; નીમનાર; સ્થાપનાર. One, who ordains.

Ordeal (ઑર્ડીઍલ્), *n.* ખરાખોટાની તપાસ;કસોટી. A severe trial; a severe test.

Order (ઑર્ડર્), *n.* હુકમ; આજ્ઞા; ફરમાન. A command; a mandate. **2.** પદ્ધતિ; વ્યવસ્થા; ક્રમ; પ્રણાલિકા; રીતિ. A method; a system; a rule. **3.** વર્ગ; જાત. A classification; a genus. **4.** પંથ; સંપ્રદાય; માર્ગ; આશ્રમ. A body of religious persons. **5.** સંકળના; નિયમ; અંશ. A series; a degree. *vt. vi.* હુકમ આપવો; આજ્ઞા આપવી; ફરમાવવું. To command; to bid. **2.** નિયમસર મૂકવું; ગોઠવવું; પદ્ધતિસર મૂકવું. To set in order or. series. **3.** સૂચવવું; ગોઠવણી કરવી. To direct; to arrange. **4.** ધર્મ ગુરૂનું પદ આપવું; દીક્ષા આપવી. To admit to the holy orders.

Orderly (ઑર્ડલિ), *a.* વ્યવસ્થિત; ગોઠવણ મુજબ; નિયમાનુસાર. Methodical; well-arranged; regular. *ad.* વ્યવસ્થિત રીતે; નિયમિત રીતે. In a well-arranged way or style. *n.* અમલદારના હુકમોને અમલમાં લાવનાર ખીનસંદી અમલદાર. A private soldier attending the superior office to execute his orders.

Ordinal (ઑર્ડિનૅલ્), *a.* ક્રમવાચક; ક્રમવાચક સંખ્યાનું. Showing order of the numbers.

Ordinance (ઑર્ડિનૅન્સ્), *n.* નિયમ; ધારો; ઠરાવ; કાનુન; વિધિ. An established rule; an edict, a decree.

Ordinarily (ઑર્ડિનૅરિલિ), *ad.* સાધારણ રીતે; ઘણુંકરીને; દસ્તુર મુજબ; મધ્યમ રીતે. In an ordinary way; commonly.

Ordinary (ઑર્ડિનૅરિ), *a.* રોજનું; શિરસ્તા મુજબનું; મધ્યમ; સાધારણ. Of every day routine; common.

Ordinate (ઑર્ડિનેટ્), *a.* નિયમસર; ક્રમાનુસાર; ધારામુજબ. Methodical; regular.

Ordination (ઑર્ડિનેશન્), *n.* સ્થાપિતપણું; નિયોજન; ગોઠવણી; નિયમ. An arrangement; an appointment.

Ordnance (ઑર્ડનૅન્સ્), *n.* તોપખાનું; તોપો; અગ્ન્યસ્ત્ર. Cannon; great guns.

Ordure (ઑર્ડ્યૂર્), *n.* છાણ; વિષ્ઠા; મળ. Dung; excrement.

Ore (ઑર્), *n.* કાચી ધાતુ; અશુદ્ધ ધાતુ. An unrefined metal. **2.** ધાતુ. Metal.

Organ (ઑર્ગૅન્), *n.* ઇંદ્રિય; ઇંદ્રિય દ્વાર. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

sense; a feeling sensation. 2. સાધન; માર્ગ; રસ્તો. Instrumentality; a road; a way. 3. વાજું. A wind-instrument.

Organic,-al (ઑર્ગૅનિક,-કૅલ્), *a.* ઇંદ્રિયને લગતું; સાધનનું; વાજાનું. Pertaining to an organ.

Organism (ઑર્ગૅનિઝમ્), *n.* શરીર રચના; અવયવ ઘટના. Organic structure.

Organist (ઑર્ગૅનિસ્ટ્), *n.* વાજું વગાડનાર. One, who plays on the organs.

Organization (ઑર્ગૅનિઝેશન્), *n.* રચના; ગોઠવણ; બંદોબસ્ત; ગોઠવણી કરવી તે. An act of organizing; a process of arranging.

Organize (ઑર્ગૅનાઈઝ્), *vt.* સાવયવ કરવું; ઇન્દ્રિયવાન બનાવવું. To furnish with organs. 2. વ્યવસ્થા કરવી; બંદોબસ્ત કરવો; ઘટના કરવી. To arrange; to manage; to form in order.

Organizer (ઑર્ગૅનાઇઝર્), *n.* ગોઠવણી કરનાર; રચના બનાવનાર; વ્યવસ્થિત સ્થિતિમાં લાવનાર-મૂકનાર. One, who organizes.

Orient (ઓરિએન્ટ્), *a.* પૂર્વનું; પૂર્વ દેશનું; પૂર્વ દેશને લગતું. Eastern; of the eastern countries. 2. તેજદાર; ચકચકિત. Bright; shining. *n.* પૂર્વ દિશા. The East. 2. પૂર્વ તરફના દેશ અથવા દેશો. The eastern countries. *vt.* સંબંધ નક્કી કરવો; નિયમિત રીતે ગોઠવવું. To ascertain the connections of; to arrange in order.

Oriental (ઓરિએન્ટૅલ્), *a.* પૂર્વ દેશનું; પૃથ્વીના પૂર્વ ભાગનું. Of the easten countries; of the east. *n.* પૂર્વ દેશનો વતની; એશિયા ખંડનો રહેવાસી. A native of the eastern regions.

Orientalist (ઓરિએન્ટૅલિસ્ટ્), *n.* પૂર્વ દેશની વિદ્યામાં પ્રવીણ પુરૂષ; પૂર્વ દેશનો વતની. One, well-versed in the languages of the East; an inhabitant of the Eastern part of the earth.

Orifice (ઑરિફિસ્), *n.* બાકું; કાણું; છેદ; છિદ્ર. An opening; a hole; a vent.

Origin (ઑરિજિન્), *n.* મૂળ; આરંભ; શરૂઆત; ઉત્પત્તિ. A source; a beginning; the birth; an act of coming into existence. 2. કારણ; નિમિત્ત; હેતુ. A cause; a reason; an object.

Original (ઑરિજિનૅલ્), *a.* મૂળનું; અસલી; નવું. First in order; fresh; primitive; genuine. *n.* પ્રારંભ; બીજ; કારણ; હેતુ. A beginning; a source.

Originality (ઑરિજિનૅલિટિ), *n.* કલ્પના શક્તિ; રચના શક્તિ; અસલપણું. A highly imaginative faculty; a state of being original.

Originally (ઑરિજિનૅલલિ), *a.* પહેલાં; શરૂઆતમાં; મૂળથી. Primarily; in the primitive way.

Originate (ઑરિજિનેટ્), *vt. vi.* ઉત્પન્ન કરવું; પેદા કરવું; નવું બનાવવું. To create; to bring into existence; to produce. 2. પેદા થવું; ઉત્પન્ન થવું; નવું બનવું. To grow into existence; to form as new.

Originator (ઑરિજિનેટર્), *n.* શરૂઆત કરનાર; ઉત્પન્ન કરનાર; ઉત્પાદક; યોજક; પ્રયોજક. One, who originates.

Orison (ઑરિઝૉન્), *n.* પ્રાર્થના; વિનંતી; આજીજી; સ્તુતિ; ઉપાસના. A prayer; a supplication.

Ornament (ઑર્નમેન્ટ્), *n.* અલંકાર; ભૂષણ; ઘરેણું; શોભા; શણગાર; આભૂષણ. Decoration; adornment. *vt.* શોભાવવું; શણગારવું; ઘરેણાંથી સજ્જ કરવું. To beautify; to adorn; to decorate.

Ornamental (ઑર્નમેન્ટૅલ્), *a.* શોભાવે તેવું; શોભાવાળું; સુશોભિત; અલંકારને લગતું. Beautifying; pertaining to ornament.

Ornamentation (ઑર્નમેન્ટેશન્), *n.* સુશોભિત કરવું તે; આભૂષણ; અલંકાર. An act of decorating; ornaments; decorations.

Ornithology (ઑર્નિથૉલૉજિ), *n.* પક્ષિવર્ણન; પક્ષિવિદ્યા. The description and the classification of birds.

Orphan (ઑર્ફન્), *n.* માબાપ વગરનું છોકરૂં; નિરાધાર બાળક; અનાથ. A parentless child; a helpless child. *a.* અનાથ; નિરાધાર; ગરીબ હાલતનું. Wanting in help; destitute of help. *vt.* માબાપ વિનાનું કરવું-બનાવવું. To deprive of parents.

Orphanage (ઑર્ફનેજ્), *n.* માબાપ નહિ હોવા તે; નિરાધાર સ્થિતિ. A state of an orphan. 2. નિરાધાર બાળકોને રહેવાનું મકાન-આશરો; અનાથાશ્રમ. A house for orphans.

Orpiment (ઑર્પિમેન્ટ્), *n.* હરતાલ. A kind of mineral substance.

Orthodox (ઑર્થૉડૉક્સ્), *a.* રૂઢિચુસ્ત; ધર્મચુસ્ત; રૂઢી પ્રમાણે ચાલે તેવું; જુના રીત રિવાજને અવલંબીને કામ કરનાર. Sound in religious principles or doctrines.

Orthodoxy (ઑર્થૉડૉક્સી), *n.* રૂઢિચુસ્તપણું; જુના રીત રિવાજને અનુસરીને વર્તવું તે-ચાલવું તે; અતિશય શ્રદ્ધા હોવી તે. A state of being orthodox.

Orthoepy (ઓર્થોએપિ), *n.* શુધ્ધોચ્ચાર વિદ્યા; શુધ્ધરીતે ઉચ્ચાર કરવા તે. The art of uttering words correctly.

Orthography (ઑર્થૉગ્રૅફિ), *n.* શુધ્ધ જોડણી; વર્ણ વિચાર; શબ્દવિન્યાસ. The correct spellings; the portion of grammar, treating on the way of writing spellings only.

Oscillate (ઑસિલેટ્) *vi.* ઝુલવું; ઝોલા ખાવા; આમ તેમ ચાલવું. To swing; to move backward and forward. 2. અમુક હદ વચ્ચે વધવું અથવા ઘટવું. To fluctuate.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Oscillation (ઑસિલેશન્), *n.* ઝોલા ખાવા તે; ઝોલું; આંદોલન; વધઘટ. A backward and forward motion; a vibration; a fluctuation; a variation.

Oscillatory (ઑસિલૅટૉરિ), *a.* ઝોલાં ખાય તેવું; આંદોલન ઉપજાવે તેવું; વધઘટ કરે તેવું. Tending to oscillate; fluctuating.

Osier (ઓઝીઅર્), *n.* નેતર; ટોપલા અથવા ટોપલીઓ બનાવવાને એક જાતનું નેતર. A kind of willow. *a.* નેતરનું બનાવેલું. Made of willow.

Ossification (ઓસિફિકેશન્), *n.* –નું હાડકું થવું તે. An act of ossifying.

Ossify (ઓસિફાઇ), *vt. vi. pr. p.* **Ossifying.** *imp. & p. p.* **Ossified.** હાડકું બનાવવું; હાડકા જેવું કરવું. To form as bone. **2.** હાડકા જેવું થવું–બનવું. To be as bone.

Ostensibility (ઑસ્ટેન્સિબિલિટિ), *n.* ભભકાદાર હોવું તે; દેખાવવાળું અથવા ઠાઠમાઠવાળું બનવું તે; બહારનો ઠાઠ રાખવો તે. A quality of being ostensible.

Ostensible (ઑસ્ટેન્સિબલ્), *a.* દેખીતું; બહારનું; ભભકાદાર; દેખાડવાનું; ઉપર ઉપરનું. Apparent; showy; outward.

Ostensibly (ઑસ્ટેન્સિબ્લિ), *ad.* દેખીતી રીતે; ભભકાદારપણે; દેખાવામાં. In an ostensible way; apparently.

Ostentation (ઑસ્ટેન્ટેશન્), *n.* આડંબર; ભભકો; ડોળ; દમામ. A show; an outward show or parade; an ambitious display.

Ostentatious (ઑસ્ટેન્ટેશસ્), *a.* ભભકાદાર; ઢોંગી; ડોળી. Showy; pretending.

Osteology (ઑસ્ટીઑલૉજિ), *n.* અસ્થિવિદ્યા–શાસ્ત્ર. The science, dealing with the bones only.

Ostracism (ઑસ્ટ્રૅસિઝમ્), *n.* દેશનિકાલ; દેશવટો; બહુમતીથી દેશનિકાલની સજા કરવી તે. Banishment; an expulsion by the majority of votes.

Ostracise (ઑસ્ટ્રૅસાઇઝ્), *vt.* દેશનિકાલ કરવો; વ્યવહાર બહાર મૂકવું. To exile; to banish.

Ostrich (ઑસ્ટ્રિચ્), *n.* શાહમૃગ; શાહામૃગ. A large bird, inhabiting the sandy parts of Africa.

Other (અધર્), *a. pro.* બીજું; અન્ય; જૂદું. Not the same; second; alternate.

Otherwise (અધર્વાઇઝ્), *ad.* જૂદી રીતે; બીજી રીતે; નહિ તો; અન્યથા. Differently; in other respects.

Otology (ઑટૉલૉજિ), *n.* શ્રોત્ર વિદ્યા; કાન અને તેના રોગ સંબંધી જ્ઞાન. The knowledge about the ears or their disease.

Ottar (ઑટર્), *n.* અત્તર; સુગંધીદાર તેલ. Attar; [a perfumery.

Otter (ઑટર્), *n.* જળ બિલાડી. A kind of carnivorous animal, living upon fish.

Otto (ઑટો) *n.* અત્તર;સુગંધીદાર તેલ. Perfumery.

Ought (ઑટ્), *vt.* જોઇએ. આવશ્યકતા બતાવનાર સહાય્યકારક ક્રિયાપદ છે. It is an auxiliary verb.

Ounce (આઉન્સ્), *n.* અધોળ; ૪૮૦ ગ્રેનનું માપ. A weight, equal to one-sixteenth of a pound.

Our,-s (અવર્,-અવર્સ્), *pro.* આપણું; અમારૂં. Belonging to us; of us.

Ourself (અવર્-સેલ્ફ્), *pl.* **Ourselves.** અમે પોતે; અમે જાતે. Myself; a pronoun of the first person, used emphatically.

Oust (આઉસ્ટ્), *vt.* લઇ લેવું; છીનવી લેવું; કાઢી મૂકવું; ખસેડી નાંખવું. To take away; to snatch away; to remove.

Out (આઉટ્), *ad.* બહાર; બહારની બાજુએ; બહાર ગયેલું. Away; away from home. *vt.* બહાર મોકલવું; જાહેર કરવું; વેચવું. To send out; to sell; to dispose. *int.* હઠ! ચાલ! ચાલ, ચાલ! An expresssion, showing contempt or derision.

Out-bid (આઉટ્-બિડ્), *vt.* લીલામમાં મોટી માગણી કરવી; હરાજીમાં ભાવ બોલવામાં વધવું. To exceed in bidding at an auction.

Out-brave (આઉટ્-બ્રેવ્), *vt.* –થી બળમાં ચઢિયાતા થવું; શેરને માથે સવાશેર બનવું. To excel in strength.

Out-break (આઉટ્-બ્રેક), *n.* એકદમ બહાર નીકળવું તે (રોગનું); હુમલો; ઉત્પત્તિ. A bursting-forth; an eruption; an attack (of a disease).

Out-burst (આઉટ્-બર્સ્ટ), *n.* Same as, **Outbreak.**

Out-cry (આઉટ્-ક્રાઇ), *n.* બૂમ; પોકાર; ઘોંઘાટ; કોલાહલ. A loud cry; a clamour.

Out-do (આઉટ્-ડુ), *vt.* હઠાવવું; પાછું પાડવું. To set behind; to surpass.

Out-door,-s (આઉટ્-ડોર્,-સ્), *a.* ઘરની બહારનું; બહારનું Being or done in the open air or space. **Out-door-patient,** બહારનો દરદી.

Outer (આઉટર્), *a.* બહારનું; બાહ્ય. External; not inside.

Out-face (આઉટ્-ફેસ્), *vt.* શેરને માથે સવાશેર બનવું; હંફાવવું. To excel in physical strength.

Out-fit (આઉટ્-ફિટ્), *n.* દરિયાઇ મુસાફરીની બધી જાતની તૈયારી; પ્રવાસ સાધન ને સાહિત્ય. A equipment for a voyage.

Out-fitter (આઉટ્-ફિટર્), *n.* દરિયાઈ મુસાફરીનો સામાન તૈયાર કરનાર. One, who makes an out-fit.

Out-house (આઉટ્-હાઉસ્), *n.* ઉપગૃહ; ઘરની પાસેની નાની ઓરડી. A small room or house adjoining the main house.

Out-landish (આઉટ્-લૅન્ડિશ્), *a.* પરદેશી; વિલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીય; બીજા દેશનું;પરભૂમિનું. Foreign; not native.

Out-law (આઉટ્-લૉ), *n.* બારવટીઓ; બારવટે નીકળેલો પુરૂષ અથવા આદમી. A person, deprived of the state protection. *vt.* બારવટું કરવું-ખેલવું. To practise out-lawry.

Out-lawry (આઉટ્-લૉરિ), *n.* બારવટું; લુંટફાટ, વિગેરે. A state of being an out-law.

Out-lay (આઉટ્-લે), *n.* ખરચ; ખરચેલી રકમ; વ્યય. An expense; expenditure. *vt.* પાથરવું; મૂકવું; ખુલ્લું મૂકવું. To spread out; to display.

Out-let (આઉટ્-લેટ્), *n.* બારૂં; માર્ગ; નિકાલ. A vent; a place of exit. *vt.* બહાર કાઢવું; જવા દેવું. To emit; to let go out.

Out-line (આઉટ્-લાઇન્), *n.* હદ; મર્યાદા; રેખાકૃતિ. A boundary; a limit. **2.** ખોખું; ડોળિયું. A sketch. *vt.* બહારની આકૃતિ કાઢવી; ખોખું કાઢવું. To draw the sketch; to show by an outline.

Out-live (આઉટ્-લિવ્), *vt.* જીવવું; -ના કરતાં વધારે જીવવું. To survive; to live longer than.

Out-number (આઉટ્-નમ્બર્), *vt.* સંખ્યામાં ચઢિયાતા થવું; વધારે થવું. To exceed in number.

Out-rage (આઉટ્-રેજ), *n.* જુલમ; બળાત્કાર; અનર્થ. Oppresion; gross injury.

Out-rageous (આઉટ્રેજસ્), *a.* જુલ્મી; ત્રાસ આપનાર; ઘોર; અત્યાચાર કરનાર; ઉશ્કેરાઈ જાય તેવો. Violent; furious; atrocious.

Out-rageously (આઉટ્રેજસ્લિ), *ad.* અત્યાચાર ભરેલી રીતે; જુલ્મથી; ત્રાસદાયક રીતે. In an outrageous way or manner.

Outrageousness (આઉટ્રેજસ્નેસ્), *n.* અત્યાચાર; જુલ્મગાર બનવું તે. A state of being outrageous.

Out-rider (આઉટ્રાઇડર્), *n.* ઘોડાગાડીની સાથે ચાલતો ઘોડે સ્વાર. A servant on horseback, going along with the carriage.

Out-right (આઉટ્રાઈટ્), *ad.* લાગલુંજ; તત્ક્ષણ; તરતજ; એકદમ Immediately; at once.

Out-run (આઉટ્-રન્), *vt.* પાછળ પાડવું; દોડવામાં આગીઆતા થવું? To run faster; to leave behind.

Out-rush (આઉટ્-રશ્), *vi.* ધસારો કરવો; એકદમ દોડીને જવું. To rush forcibly. *n.* ધંસારો; ઝડપથી દોડી જવું તે; પ્રવાહ. A rushing out.

Outset (આઉટ્સેટ્), *n.* પ્રારંભ; શરૂઆત; મંડાણ. A beginning; a starting; a commencement.

Out-side (આઉટ્સાઈડ્), *a.* બહારનું; ઉપરનું. External; outward. **2.** બહાર; અંદર નહિ તેવું. Not inside; being out. *n.* બહારનો ભાગ; બહારની બાજુ. The external part of anything.

Out-sider (આઉટ્સાઇડર્), *n.* બહારનો પુરૂષ; પરાયો; અન્ય કુટુંબનો અથવા દેશનો. One, not belonging to a party; a foreigner.

Out-standing (આઉટ્સ્ટૅન્ડિન્ગ), *a.* બહાર નીકળતું; બાકી રહેતું; અવશેષ; ઉભું. Not collected; not paid; unsettled.

Out-stay (આઉટ્સ્ટે), *vt.* વધારે વખત રહેવું-ટકવું. [To stay longer.

Out-ward (આઉટ્-ઉવર્ડ્), *a.* ઉપરનું; દેખીતું; બહારનું; સ્પષ્ટ; ખુલ્લું. External; manifest; clear. **2.** પરદેશનું; અન્યદેશને લગતું. Foreign.

Out-wardly (આઉટ્-ઉવર્ડ્લિ), *ad.* બહારનું; ઉપર ઉપરથી; સ્પષ્ટ રીતે. In an outward way; clearly; apparently.

Out-wear (આઉટ્-ઉવેર્), *vt.* ઘસાઇ ઘસાઇને નાશ પામવું; ઘસાઇ જવું. To consume slowly and slowly; to come to an end gradually. **2.** લાંબા વખત સુધી નભવું-ટકવું. To remain long.

Out-weigh (આઉટ્-વે), *vt.* તોલમાં વધારે હોવું -નીકળવું. To exceed in weight.

Out-wit (આઉટ્-ઉવિટ્), *vt.* વધારે ચતુરાઈથી છેતરવું; થાપ મારવી. To over-reach; to deceive.

Out-work (આઉટ્-ઉવર્ક્), *n.* બહારનો કિલ્લો; કિલ્લાની ખાઇની બહારનો કોટ. A part of the fortification, away from the fort or fortress.

Oval (ઓવૅલ્), *a.* ઇંડાકારનું; અંડાકારવાળું. Resembling an egg in shape; having the shape of an egg. *n.* ઇંડાકૃતિ; અંડાક્ષર. A figure in the form of an egg.

Ovation (ઓવેશન્), *n.* નાનો જય કરી પાછા ફરનાર સેનાપતિને આપેલું માન; લોકસન્માન. Reception given to a triumphant commander, by the common will of the people.

Oven (ઓવેન્), *n.* ભઠ્ઠી; ચુલો; લોઢી; તવો. A room for baking and drying any substance.

Over (ઓવર્), *prep. ad.* ઉપર; પર; ના કરતાં વધારે. Above in place or position; more than. **Over and above,** એ ઉપરાંત. **Over and over,** ફરી ફરીને. **To give over,** પડતું મૂકવું; મૂકી દેવું. **To run over,** એકદમ દોડી જવું; ઝડપથી જોઇ જવું. **To throw over,** ત્યાગ કરવો; નાંખી દેવું.

Over-act (ઓવર્-ઍક્ટ્), *vt. vi.* નાટકમાં પાઠ અતિશયોક્તિથી ભજવવો; અમર્યાદાપણે વર્તવું. To exaggerate in acting.

Over-alls (ઓવર્-ઑલ્ઝ્), *n. pl.* લાંબો લેંઘો; ઈજાર. Loose-trousers.

Over-awe (ઓવર્-ઑ), *vt.* દબાવવું; ધમકાવવું; બીવરાવવું; ભયગ્રસ્ત કરવું. To restrain by fear; to terrify.

Over-balance (ઓવર્-બૅલન્સ્), *n.* વધારાનું તોલ-માપ. Excess of weight or measure. *vt.* ઓજામાં વધારે હોવું; ભારમાં વધારે થવું. To exceed in balance or weight.

Over-bearing (ઓવર્-બેરિન્ગ્), *a.* મીજાજી; અપમાન કરે તેવું; ઉદ્ધત. Arrogant; insolent.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Over-board (ઓવર્-બોર્ડ્), *ad.* વહાણ ઉપરથી; વહાણની બાજુએથી. Over the side of a ship.

Over-burden (ઓવર્-બર્ડન), *vt.* અતિશય ભાર ભરવો-લાદવો-મૂકવો. To load in excess.

Over-cast (ઓવર્-કાસ્ટ્), *a.* ઘેરાએલું (વાદળ); ઘનઘોર; છવાએલું. Clouded. *vt.* આચ્છાદન કરવું; ઢાંકી દેવું; ઘેરવું (વાદળથી). To cloud; to darken.

Over-charge (ઓવર્-ચાર્જ્), *vt.* વધારે મૂલ અથવા કિંમત કહેવી; ભાર વધારે પ્રમાણમાં ભરવો. To make an excessive charge against; to over-load. *n.* વધારે પડતી કિંમત-આંકડો; વધારે પડતો ભાર. An excessive price; an excess of burden or weight.

Over-come (ઓવર્-કમ્), *vt.* જીતવું; વશ કરવું; તાબે કરવું. To conquer; to subdue; to surmount.

Over-confident (ઓવર્-કૉન્ફિડેન્ટ્), *a.* અતિશય વિશ્વાસુ; વધારે પ્રમાણમાં વિશ્વાસ ધરાવનાર. Excessively confident.

Over-dose (ઓવર્-ડોઝ્), *n.* ઘણી મોટી ફાકી; એક વખતની પીવાની દવાનો ઘણો મોટો ભાગ. A greater portion of medicine, to be taken once. *vt.* વધારે પ્રમાણમાં દવા આપવી. To give medicine more in quantity than required.

Over-flow (ઓવર્-ફ્લો), *vt. vi.* છુડાડવું; ગરક કરવું; ડુબાવી દેવું; પાણીનું ફરી વળવું; રેલછેલ થવી. To flow over; to inundate; to deluge. *n.* રેલ; પૂર; જળનું ફરી વળવું તે. An inundation; an act of flowing.

Over-gorge (ઓવર્-ગૉર્જ્), *vt.* હદ કરતાં વધારે ખાવું; અતિશય પ્રમાણમાં હોજરી ભરવી. To fill the stomach to excess.

Over-grown (ઓવર્-ગ્રોન્), *a.* ઢંકાઇ ગયેલું; વધી ગયેલું; અતિશય પ્રમાણમાં ઉગેલું. Covered with growth; excessively grown.

Over-growth (ઓવર્-ગ્રોથ્), *n.* સંવૃદ્ધિ; વધારો; ફાલની અતિવૃદ્ધિ. An excessive growth.

Over-haul (ઓવર્-હૉલ્), *vt.* બરોબર તપાસવું; બારીકાઈથી જોવું. To examine minutely; to see carefully.

Over-head (ઓવર્-હેડ્), *ad.* ઉંચે; માથા ઉપર; માથે. Aloft; above; in the zenith.

Over-hear (ઓવર્-હીર્), *vt.* વેગળેથી અથવા બાજુમાં ઉભા રહીને છાનામાના સાંભળવું; સાંભળવું. To hear by chance; to come to know unknowingly.

Over-joy (ઓવર્-જોય્), *vt. vi.* અતિશય આનંદ પામવો-પમાડવો; અતિશય રાજી થવું. To be extremely joyful; to gratify to excess.

Over-lay (ઓવર્-લે), *vt. vi.* મઢવું; જડવું; -થી ઢાંકવું. To cover; to set in.

Over-leap (ઓવર્-લીપ્), *vt.* ફદી જવું; કુદવું. To leap across; to leap over.

Over-look (ઓવર્-લૂક), *vt.* કાળજીપૂર્વક તપાસવું; સારી રીતે તપાસવું; નિરીક્ષણ કરવું. To examine carefully; to scrutinize; to observe. **2.** જતું કરવું; આંખ આડા કાન કરવા; બેકાળજી વાપરવી. To pass over indulgently; to connive at

Over-plus (ઓવર્-પ્લસ્), *n.* વધારો; વધારાનો ભાગ; ફાલતુ ભાગ. Surplus; a remaining part or portion.

Over-reach (ઓવર્-રીચ્), *vt.* છેતરવું; ઠગવું. To cheat; to deceive. **2.** કોઇપણ સ્થળે આઘે જતા રહેવું. To go abroad or at a great distance.

Over-rule (ઓવર્-રૂલ્), *vt.* સત્તાનું જોર ચલાવવું; અતિશય હુકમ ચલાવવો. To rule by power or authority. **2.** (*Law*) ના મંજુર ગણવું; રદ્દ ગણવું-કરવું. To reject; to set aside.

Over-run (ઓવર્-રન્), *vt.* પથરાવું; ફેલાવવું; તાબે કરવું. To run over; to grow over; to over-come.

Over-see (ઓવર્-સી), *vt.* દેખરેખ રાખવી; ઇજનેરી કામ ઉપર નજર રાખવી. To supervise; to take charge of.

Over-seer (ઓવર્-સીર્), *n.* દેખરેખ રાખનાર; 'ઓવરસીયર'. A supervisor; one, who oversees.

Over-sight (ઓવર્-સાઈટ્), *n.* ભૂલ; ભૂલચુક; નજર ચૂક. An error; an omission.

Over-spread (ઓવર-સ્પ્રેડ્), *vt. vi.* ઉપર પાથરવું; પસરવું; ફેલાઇજવું; પથરાઈ જવું. To spread over; to scatter over.

Over-step (ઓવર્-સ્ટેપ્), *vt.* આગળ પગલું ભરવું; વધવું; આગળ જવું. To go forward; to transgress.

Over-stock (ઓવર્-સ્ટૉક), *vt.* જરૂર કરતાં વધારે માલ રાખવો; વધારે પ્રમાણમાં માલનો જથ્થો રાખવો. To supply in excess. *n.* વધારા પડતો માલ. Stock in excess.

Overt (ઓવર્ટ્), *a.* ખુલ્લું; જાહેર; ઉઘાડું; સ્પષ્ટ. Open; public; manifest.

Over-take (ઓવર્-ટેક), *vt.* પકડી પાડવું; ઓચિંતા પકડવું-ઝાલવું. To catch up; to seize suddenly.

Over-throw (ઓવર્-થ્રો), *vt.* ઉંધું વાળવું; હરાવવું; પરાજય કરવો. To upset; to defeat; to throw over. *n.* નાશ; પરાજય; ખેદાનમેદાન. Ruin; destruction; a defeat.

Over-ture (ઓવર્ટ્યૂર), *n.* ભાંજગડ થયેલી વાત; દરખાસ્ત; કહેણ. A matter discussed; an offer; a proposal. **2.** છિદ્ર. બાકું; કાણું. A hole; a recess.

Over-turn (ઓવર્-ટર્ન્), *vt.* ઉંધું પાડવું; ઉથલાવી નાંખવું; નાશ કરવો. To overset; to upset; to ruin.

Over-weening (ઓવર્-ઉવીનિંગ્), *a.* પતરાજીવાળું; પતરાજીખોર; અભિમાની. Arrogant; vain; conceited. *n.* પતરાજી; અભિમાન; શેખી. Arro-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

gance; vanity.

Over-whelm (ઓવર્-ઉવ્હેલ્મ્), *vt.* ઘણા ભારમાં દબાવી નાંખવું; કચરી નાખવું; દાટી દેવું; લુબ્ધ કરવું. To crush; to swallow up; to submerge.

Over-wise (ઓવર્-ઉવાઇઝ્), *a.* દોઢડાહ્યું; અતિશય ડાહ્યું. Wise to excess.

Oviform (ઓવિફૉર્મ્), *a.* ઇંડાના આકારનું; અંડાકારવાળું. Having the form of an egg.

Owe (ઓ), *vt.* દેવું હોવું; કરજ રાખવું; ના આભારી થવું. To stand in debt of; to have an obligation; to be thankful.

Owing (ઓઇન્ગ્), *a.* માગવું; કરજ અદા કરવું. Due; held under obligation. **Owing to,** ને લીધે; નાથી; ના હેતુથી.

Owl (આઉલ્), *n.* ઘુવડ- નિશાચર પક્ષી. A nocturnal bird of prey.

Owlet (આઉલેટ્), *n.* ઘુવડનું બચ્ચું. A young owl.

Own (ઓન્), *a.* પોતાનું; પોતીકું; જાતનું. Belonging to one's own. *vt.* સ્વીકારવું; કબુલ કરવું; માનવું. To acknowledge; to confess. **2.** માલીક હોવું; ધણીપણું રાખવું. To possess; to claim as an owner.

Owner (ઓનર્), *n.* ધણી; માલીક; કબજો ધરાવનાર; કબુલ કરનાર. A proprietor; one who possesses.

Ownership (ઓનર્ શિપ્), *n.* માલીક; ધણીપણું; અધિકાર. A state of owning or possessing a thing; possession.

Ox (ઑક્સ્), *n. pl.* **Oxen.** બળદ; બેલ. A male of bovine quadrupeds.

Oxide (ઑક્સાઇડ્), *n.* ઑકસીજન અને બીજા મિશ્ર પદાર્થો સાથે મળીને બનેલો પદાર્થ. A binary compound of oxygen.

Oxidize (ઑક્સિડાઇઝ્), *vt.* કાટ ચઢવો; કટાઇ જવું. To convert into an oxide.

Oxygen (ઑક્સ્-સિજેન્), *n.* પ્રાણવાયુ; 'ઑકસીજન ગૅસ.' One of the gaseous elements.

Oyster (ઑઇસ્ટર્), *n.* કાલુ માછલી. A well-known edible fish.

Ozone (ઓઝોન્), *a.* ઠરી ગયેલો પ્રાણવાયુ-ઑકસીજન. A modification of oxygen.

P.

P (પી), અંગ્રેજી મૂળાક્ષરનો સોળમો અક્ષર. The sixteenth letter of the English alphabet.

Pabulum (પૅબ્યૂલમ્), *n.* અન્ન; ખોરાક; આહાર. Food; aliment.

Pace (પેસ્), *n.* પગલું; કદમ; ડગલું. A step; a foot-step. **2.** ચાલ; ગતિ; વેગ. Gait; manner of walking. *vt. vi.* સાધારણ ચાલે ચાલવું; ચાલ્યા જવું-કરવું. To walk slowly.

Pacer (પેસર્), *n.* સારી રીતે ચાલનાર ઘોડો. A horse well-trained in pacing.

Pacific (પૅસિફિક્), *a.* સલાહકારક; સંધીકારક; શાંત; નરમ. Apt to make peace; appeasing; calm.

Pacification (પૅસિફિકેશન્), *n.* સમજૂતિ; સુલેહ; નરમ પાડવું તે; શાંતિ. An act of pacifying; an appeasement.

Pacificatory (પૅસિફિકૅટૉરિ), *n.* સંધી કરાવનાર; સુલેહ શાંતિ કરાવનાર. Tending to make peace.

Pacifier (પૅસિફાઇર્), *n.* સુલેહ શાંતિ કરાવનાર; સંધી કરાવનાર. One, who pacifies.

Pacify (પૅસિફાઇ), *vt. pr. p.* **Pacifying.** *imp. & p. p.* **Pacified.** ઠંડુ કરવું; શાંત કરવું; નરમ પાડવું; સમજાવવું. To quiet; to appease; to calm; to reason with.

Pack (પૅક્), *n.* ગાંસડી; પોટલી; બચકો. A bundle; a bale. **2.** જથ્થો; સમૂદાય; ટોળું; ઘોકડી. A collection; a crowd; a set. *vt. vi.* બાંધવું; ગાંસડી બાંધવી; લપેટવું; રવાને કરવું. To put together; to arrange in a bale; to send; to forward.

Package (પૅકેજ્), *n.* ગાંસડી; ખોળે; બાંધણ. A packet; a bale. **2.** માલ ઉપરની જકાત. A duty levied on the goods, packed.

Pack-cloth (પૅક્-ક્લૉથ્), *n.* માલ બાંધવાનું કપડું-કંતાન. A cloth used in packing goods.

Packet (પૅકેટ્), *n.* પડીકું; ચોટલી; બીંદડી. A small bundle; a little parcel. **2.** વહાણ. A vessel; a ship.

Pack-horse (પૅક્-હૉર્સ્), *n.* ભાર બરદારી ઘોડો. A horse, used in carrying goods.

Pack-man (પૅક્મૅન્), *n.* ફેરીઓ; ફરી ફરીને માલ વેચનાર. A pedlar.

Pack-saddle (પૅક્-સૅડ્લ્), *n.* ખોગીર; પલાણ; પાડ. A saddle for loaded animals.

Pact (પૅક્ટ્), *n.* ખોલી; શરત; કોલકરાર. An agreement; a compact.

Paction (પૅક્શન્), *n.* Same as, **Pact.**

Pad (પૅડ્), *n.* ગાદી; તકિયો; ખોગીર. A small cushion; a soft saddle. **2.** શાહીચૂસ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખવાના કાગળની થોકડી. A set of blotting papers or writing papers. **3.** લુટારો; ધાડપાડુ. A robber. **4.** ધીમી ચાલે ચાલતો ઘોડો. A horse, walking at a slow pace. *vt. pr. p.* **Padding.** *imp. & p. p.* **Padded.** ગાદી જડવી. To stuff so as to make a pad.

Paddle (પૅડ્લ), *vi.* પાણીમાં હાથપગ અફાળવા. To play in water with hands and feet. **2.** હલેસું મારવું. To row with an. oar. *n.* હલેસું; ચાટવો. An oar; a kind of broad oar.

Paddock (પૅડૉક), *n.* દેડકો. A frog. **2.** ઘરની નજીકમાંજ ઢોરને ચરવાનો વાડો. An inclosure as pasture for the cattle near the house.

Paddy (પૅડિ), *n.* ડાંગર; ભાત. Unhusked rice.

Padlock (પૅડ્લૉક), *n.* તાળું; કુલપ. A portable lock. **2.** અંકુશ; દબાણ. A curb; a restraint. *vt.* તાળાથી વાસવું; તાળું દેવું; અટકાવવું. To fasten with a lock.

Pagan (પૅગૅન), *n.* મૂર્તિપૂજક; જંગલી; કાફર. One who worships false gods; a heathen. *a.* મૂર્તિપૂજાનું; જંગલી; કાફરને લગતું. Pertaining to heathen.

Paganism (પૅગૅનિઝમ), *n.* મૂર્તિપૂજા; ખોટાં દેવની આરાધના કરવી તે. A state of being a pagan.

Page (પેજ), *n.* પાનું; પૃષ્ઠ. A leaf of a book. **2.** નોકર; હજુરિયો; ખીજમતદાર. An attendant; a waiter. **3.** યુક્તિ; યોજના; ગોઠવણ. A plan; a contrivance. **4.** લખાણ; નોંધ. A writing; a record. *vt.* નોકર તરીકે વર્તવું–રહેવું. To attend as a waiter. **2.** પાનાનો નંબર નોંધવો; પાનાં પાડવા. To write a number on a page; to mark the pages of a book.

Pageant (પેજેન્ટ), *n.* ખેલ; તમાશો. A show; a performance. **2.** શોભા; આડંબર; ભભકો. Anything showy; pomp. *a.* ભભકાદાર; શોભાવાળું. Showy; splendid. *vt.* તમાસો કરવો; ખેલ કરવો. To represent by a show or exhibition.

Pageantry (પેજેન્ટ્રિ), *n.* ઠાઠમાઠ; દબદબો; ધામધુમ; શોભા; આડંબર. Splendour; a showy exhibition.

Pagoda (પૅગોડ), *n.* દહેરૂં; દેવમંદીર; બૌધ ધર્મી દેવાલય; દેવળ. A temple; a Buddhist temple.

Pail (પેલ), *n.* વટલોઇ; ખુલ્લા મોંનું વાસણ. A vessel generally used in carrying milk or water.

Pain (પેન), *n* દુઃખ; પીડા; દરદ. Mental distress; uneasiness. **2.** મહેનત; શ્રમ; પરિશ્રમ. Labour; toil. **3.** સજા; શિક્ષા; દંડ. Penalty; punishment. **4.** વ્યાધિ; કષ્ટ; પીડા. Any bodily distress. *vt.* દુઃખ દેવું; પીડા કરવી; સંતાપવું. To torment; to trouble; to harass.

Painful (પેન્ફુલ), *a.* દુઃખદાયક; દરદ કરે તેવું; દુઃખ ઉપજાવે તેવું. Causing pain; producing pain or uneasiness.

Painfully (પેન્ફુલ્લિ), *ad.* દુઃખદાયક રીતે; દરદ કરે તેવી રીતે; કષ્ટકારક રીતે. In a painful way.

Painstaking (પેન્સ્ટેકિન્ગ), *a.* મહેનતુ; ઉદ્યોગી; શ્રમ લઇને કામ કરે તેવું. Diligent; industrious; attentive in work.

Paint (પેન્ટ), *vt. vi.* રંગવું; રંગથી ચીતરવું; ચિત્ર કાઢવું. To colour; to apply colour to; to draw a picture. **2.** વર્ણન કરવું; બ્યાન કરવું. To describe vividly. *n.* રંગ; રંગ દેવો તે. A colouring substance; an act of colouring.

Painter (પેન્ટર), *n.* ચિતારો; ચિત્રકાર; રંગવાનો ધંધો કરનારો. One, whose business is to paint; an artist. **2.** વહાણ બાંધવાને છેડે લગાડેલું દોરડું. A rope, used in fastening a ship.

Painting (પેન્ટિન્ગ), *n.* ચિત્ર કામ; ચિત્રકળા; રંગકામ; તસ્વીર; છબી. An act of laying colours; a picture, painted.

Pair (પેર), *n.* જોડ; જોડું; એક જાતની બે વસ્તુ. Two things of the same form or size; a set. **2.** દંપતી; યુગલ. A couple; a married couple. *vt.* જોડ બાંધવી; જોડ બેસાડવી. To join in pairs; to form into a couple.

Palace (પૅલેસ), *n.* મહેલ; રાજમહેલ; રાજ મંદિર. a royal house; a building, in which a royal family resides. **2.** હવેલી; મોટું મકાન. A grand or a magnificent building.

Paladin (પૅલૅડિન), *n.* શૂરાતન બતાવવા સંકટ ખોળતો અમીર–શૂરવીર. A knight errant.

Palanquin (પૅલૅન્કિન), *n.* પાલખી; સ્યાનો; શિબિકા. A litter; a covered conveyance.

Palatable (પૅલૅટેબલ), *a.* સ્વાદમાં માફક આવે તેવું; રૂચિકર; લહેજતદાર. Sweet to the taste; tasty.

Palatableness (પૅલૅટેબલનેસ), *n.* સ્વાદમાં મફિક આવવું તે; રૂચિકર હોવું તે. A state of being palatable.

Palatal (પૅલૅટલ), *a.* તાળુસ્થાની; તાળુને લગતું. Pertaining to a palate.

Palate (પૅલેટ), *n.* તાળવું; તાલુ. The roof of the mouth. **2.** સ્વાદ; રસ; રસનેદ્રિંય. Taste; relish.

Palatial (પૅલેશલ), *a.* મહેલનું; રાજ્યમંદિરના જેવું; ભવ્ય. Pertaining to a palace; resembling a palace; magnificent.

Pale (પેલ), *a.* ફિકું; ઝાંખું; ઉતરી ગયેલું; નિરસ. Whitish; wanting in blood; not fresh; devoid of sentiment. *vt. vi.* ઝાંખું પાડવું; ફિકાશ લાવવી. To make dim or without lustre. **2.** ફિકું પડવું; રંગ ઉડી જવો. To be whitish; to grow pale.

Paleness (પેલનેસ), *n.* ફિકાપણું; ઝાંખાપણ; રંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉડી જવો તે; લોહીનું ઉડી જવું તે. A state of being pale.

Paleology (પેલીઍલૉજિ), *n.* પ્રાચીન વૃત્તાન્ત-ગ્રંથ; પ્રાચીન વૃત્તાંત વિદ્યા. The study or knowledge of antiquity.

Paleous (પેલીઅસ્), *a.* ફોતરાંવાળું; છોડાંવાળું. Containing chaffs; chaffy.

Palestra (પૅલેસ્ટ્રૅ), *n.* તાલીમખાનું; અખાડો. A place for exercise and wrestling.

Palfrey (પૉલફ્રિ), *n.* સ્વારીનો ઘોડો. A horse used in riding. **2.** બૈરાને બેસવા લાયક નાનો ઘોડો. A small saddle-horse, used by ladies.

Pall (પૉલ્), *n.* ઢીલો ઝભ્ભો. A loose upper robe or garment. **2.** મુડદા ઉપરની ચાદર; કફન. A covering of a dead human body. *vt. vi.* રસકસ ઉડાવી દેવો; નબળું કરવું. To weaken; to deprive of strength or vigour.

Palladium (પૅલૅડિયમ્), *n.* રક્ષણસ્થંભ; બચવાનું સાધન અથવા ઠેકાણું; રક્ષક દેવ. A safeguard; a helping deity.

Pallet (પૅલેટ્), *n.* સુવાને ઘાસનું પાથરણું; પથારીનો ગાભો. A bed of straws. **2.** કુંભારનો ચાક. A potter's wheel.

Palliate (પૅલિએટ્), *vt.* છાવરવું; જોર નરમ પાડવું; હઠાવવું. To soften; to mitigate; to abate.

Palliation (પૅલિએશન્), *n.* જોર નરમ પાડવું તે -થવું તે; નબળું પાડવું તે; પાછા હઠાવવાનું કામ. An act of palliating.

Pallid (પૅલિડ્), *a.* ઘોળું; ઝાંખું; ફિક્કું. Whitish; pale; dim.

Pallidity (પૅલિડિટિ), *n.* ઘોળાશ; ફિકાશ; ઝાંખાશ. A state of being pallid; dimness.

Palm (પામ્), *n.* તાડ; નાળિયેરી; ખજુરી. A kind of tree of the order *palmae*. **2.** તાડપત્ર. A leaf of a palm tree. **3.** હથેળી; પંજો; કરતલ. The concave and broad part of an arm. **4.** (*fig.*) ફત્તેહ; જય. A victory; a conquest. *vt.* પકડવું; ઝાલવું. To catch; to hold. **2.** દગલબાજી કરવી; દગાથી ચાપવું. To use fraud.

Palmer (પામર્), *n.* યાત્રાળુ; જાત્રાળુ. A pilgrim.

Palmistry (પાલ્મિસ્ટ્રિ), *n.* સામુદ્રિક શાસ્ત્ર; સામુદ્રિક વિદ્યા; હાથ જોઈ નશીબ કહેવાની વિદ્યા. An art of foretelling by seeing the lines of the hands.

Palmister (પાલ્મિસ્ટર્), *n.* સામુદ્રિક વિદ્યા જાણનાર; હાથ જોઇને નશીબ કહેનાર. One, who practises palmistry.

Palmy (પામિ), *a.* ખજુરીનું; તાડનું. Pertaining to a palm. **2.** (*fig.*) આબાદ; ચઢતી કળાનું; સમૃદ્ધ. Prosperous; flourishing.

Palmyra (પાલમિરૅ), *n.* તાડ; તાડનું ઝાડ. A palm tree.

Palpable (પૅલ્પેબલ્), *a.* ખુલ્લું; ઉઘાડું; પ્રત્યક્ષ. Plain; clear; distinct. **2.** સ્પર્શથી લાગે તેવું; સ્પર્શગોચર. Capable of being felt.

Palpably (પૅલ્પેબ્લિ), *ad.* ખુલ્લી રીતે; ચોખ્ખી રીતે; સ્પષ્ટ રીતે. Clearly; distinctly.

Palpitate (પૅલ્પિટેટ્), *vt.* જોરથી ધબકવું; ધડકવું; ધબકારા થવા. To throb; to flutter forcibly. **2.** (*fig.*) ધ્રુજવું; થરથરવું. To tremble.

Palpitation (પૅલ્પિટેશન્), *n.* ધબકારો; થરથરાટ; કંપ. An act of palpitating.

Palsy (પૅલ્ઝિ), *n.* લકવો; અર્ધાંગ વાયુ. Paralysis. *vt.* લકવો થવો; લકવાના દરદથી પીડાવું. To paralyse.

Paltry (પૉલ્ટ્રિ), *a.* તુચ્છ; નજીવું; હલકું; તિરસ્કારી કાઢવા જેવું. Mean; servile.

Pamper (પૅમ્પર્), *vt.* સારી પેઠે ખવરાવીને રૂષ્ટપુષ્ટ બનાવવું; લાડ લડાવવા. To indulge with rich food; to caress; to indulge excessively.

Pamperer (પૅમ્પરર્), *n.* લાડ લડાવનાર; સારી પેઠે ખવરાવીને રૂષ્ટપુષ્ટ બનાવનાર. One, who pampers.

Pamphlet (પૅમ્ફ્લેટ્), *n.* ચોપાનીયું; નાની ચોપડી. A short treatise; a very small book.

Pamphleteer (પૅમ્ફ્લેટીર્), *n.* ચોપાનીયા લખનાર; નાનાં નાનાં પુસ્તકો બહાર પાડનાર. One, who writes or publishes pamphlets.

Pan (પૅન્), *n.* લોઢી; કડાઇ; પેણો. A shallow vessel of iron or tin. *vt.* ભેગું કરવું; એકઠું કરવું; પરિણામ આવવું. To collect; to combine; to result.

Panacea (પૅનસીઍ), *n.* સર્વ રોગ મટાડનાર ઔષધ; દુઃખ માત્ર મટાડે તેવી દવા. A remedy for all diseases; a universal medicine.

Pander (પૅન્ડર્), *n.* ભડવો; કુટણો; ભડવાઈ કરનાર. A male procurer. *vt. vi.* ભડવાઈ કરવી; ભડવાઈ કરાવવી. To help in the lustful deed of any one.

Panderess (પૅન્ડરેસ્), *n.* કુટણી સ્ત્રી; ખરાબ કાર્યમાં દલાલી કરનાર સ્ત્રી. A female procurer.

Pane (પેન્), *n.* બારી અથવા બારણામાં જડવાનો કાચનો તકતો. A plate of glass inserted in any window or door.

Panegyric (પૅનીજિરિક્), *n.* વખાણ; તારીફ; પ્રશંસા. Praise; laudation.

Panegyric,-al (પૅનીજિરિક્,-કૅલ્), *a.* વખાણનું; સ્તુતિવાળું; પ્રશંસામય. Of or pertaining to a praise or praises.

Panegyrist (પૅનીજિરિસ્ટ્), *n.* સ્તુતિ કરનાર; સ્તુતિ પાઠક. A eulogist; one, who bestows praises.

Panegyrize (પૅનેજિરાઇઝ્), *vt. vi.* વખાણવું; તારીફ કરવી; પ્રશંસા કરવી. To praise; to eulogize.

Panel (પૅનેલ), *n.* બારણા અથવા બારી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાઢેલો ચોરસ આકાર. A square pane in a window or a door. 2. જુરીના નામની ક્રીપનું પત્રક. A list of jurors. *vt.* તકતીઓ મુકવી-જડવી. To set in with panels.

Pang (પૅન્ગ્), *n.* ચટકો; વેદના; વ્યથા; દુઃખ; કષ્ટ. A sudden pain; an agony.

Panic (પૅનિક્), *n.* ધ્રાસકો; હેબક; ફોળ. Terror; fright; a sudden fear. *a.* ધ્રાસકો લાવે તેવું; હેબકવાળું. Containing panic.

Pannier (પૅનિઅર્), *n.* નેતરનો કંડીઓ; ટોપલો; દાબડો. A wicker-basket. 2. પશુની પીઠ ઉપર મૂકવામાં આવતો સામાનનો એક ભાગવાળો ટોપલો. A basket, put on a beast of burden.

Panorama (પૅનોરામૅ), *n.* કોઇપણ દેખાવનું દિગ્દર્શન; પૂર્ણ દેખાવ; વિશ્વ દૃશ્ય. A full representation of nature or any sight in a picture.

Panoramic (પૅનોરૅમિક્), *a.* કુદરતી દેખાવનું; વિશ્વ દૃશ્યને લગતું; કોઇપણ વસ્તુના પૂર્ણ દેખાવનું. Of or pertaining to a parnorama.

Pant (પૅન્ટ્), *vt. vi.* હાંફવું; દમ લેવો; શ્વાસ લેવો. To gasp; to labour for breath. 2. આશા રાખવી; તૃષ્ણા રાખવી. To long for; to hope. *n.* શ્વાસ; દમ; હાંફ. A breath; a breathing with difficulty.

Pantaloon (પૅન્ટૅલૂન્), *n.* પાયજામો; સુરવાળ; લેંઘો. Trousers. 2. ભાંડ; મસ્કરો. A gay fellow; a buffoon.

Pantheism (પૅન્થીઝમ્), *n.* આખું વિશ્વ એજ ઇશ્વર છે એવો મત; અદ્વૈત મત. A doctrine that Universe is nothing but God.

Pantheist (પૅન્થીસ્ટ્), *n.* આખું વિશ્વ એજ ઇશ્વર છે તેવો મત ધરાવનાર-માનનાર. One, who believes in pantheism.

Pantheon (પૅન્થીઑન્), *n.* સર્વ દેવોનું દહેરૂં-મંદિર. A temple for all the gods.

Panther (પૅન્થર્), *n.* આફ્રિકાનો દીપડો; ચિત્તો; વાઘ. A dark-coloured leopard found in the forests of Africa.

Pantology (પૅન્ટૉલૉજિ), *n.* સર્વ સમાચાર સંગ્રહ-પુસ્તક. A volume, containing the universal informations.

Pantomime (પૅન્ટોમાઈમ્), *n.* મૂગાં મૂગાં ચાળા બતાવીને નાટક કરનાર; મૂકનટ. A dumb show acted by the players or actors on the stage.

Pantry (પૅન્ટ્રિ), *n.* ખોરાક ભરવાનો કોઠાર-ભંડાર; અન્ન કોષ. An apartment for keeping provisions.

Pap (પૅપ્), *n.* સ્તનાગ્ર; દીંટડી; સ્તન મુખ. A nipple; a teat. 2. ફળનો ગર-માવો. The pulp of a fruit.

Papa (પપા), *n.* બાપ; બાપા (નાના બાળકથી વપરાતું નામ). Father; a word used by children.

Papacy (પૅપૅસિ), *n.* પોપની સત્તા-હકુમત; પોપની પદ્વી. The jurisdiction of a pope; the rank or power of a pope.

Papal (પૅપૅલ્), *a.* પોપ સંબંધી; પોપને લગતું; પોપનું. Of or pertaining to a pope.

Paper (પેપર્), *n.* કાગળ; લેખ; પત્ર. A material used for writing or printing; a document. 2. વર્તમાન પત્ર. A newspaper. *a.* કાગળનું બનાવેલું; કાગળનું. Made of paper; pertaining to paper. *vt.* કાગળ ચોંટાડવો-લપેટવો-બીડવો. To inclose in paper.

Papist (પૅપિસ્ટ્), *n.* પોપની સત્તાને માનનાર. One, who believes in the papal power.

Pappy (પૅપિ), *a.* રસવાળું; નરમ. Soft; having pap.

Par (પાર્), *n.* સરખી કિંમત; સમાનતા; સરખાપણું. Equal value; similarity. *prep.* થી; સાથે. By; with.

Parable (પૅરૅબલ્), *n.* દ્રષ્ટાંતરૂપ કથા; નીતિકથા. A story containing a moral; an allegorical illustration. *vt.* દ્રષ્ટાંતથી સમજાવવું; શિખામણ દેવી. To illustrate by an example.

Parabola (પૅરૅબૉલૅ), *n.* શંકુ આકૃતિ; સમકલ. A cone; a conical shape.

Parabole (પૅરૅબોલિ), *n.* સમાનતા; સાદૃશતા; સરખામણી. Equality; comparison.

Parabolic (પૅરૅબૉલિક્), *a.* દ્રષ્ટાંતરૂપ; નીતિદર્શનને લગતું. Illustrative; of a parabole.

Parade (પૅરેડ્), *n.* ઠાઠમાઠ; ભભકો; દમામ. An outward show; a formal display. 2. લશ્કરી કવાયતની જગ્યા-સ્થાન. A place for the military drill. 3. ચોકી; પહેરો. A guard. *vt. vi.* ભભકો બતાવવો-કરવો; ઠાઠ કરવો. To show the pomp; to exhibit in a showy way. 2. કવાયતને માટે એકઠા થવું. To assemble for drill.

Paradise (પૅરૅડાઈઝ્), *n.* સ્વર્ગ; બેહસ્ત; જન્નત. Heaven; a place of bliss. 2. ઇડનની વાડી. The garden of Eden.

Paradox (પૅરૅડૉક્સ્), *n.* દુનિયાથી ઉલટો મત અથવા વિચાર; લોક વિરૂદ્ધ ભાસ. An opinion or a tenet, quite in opposition to a worldly rule.

Paragon (પૅરૅગૉન્), *n* નમૂનો; સ્હોરો; સાથી; બરોબરીઓ. A model; a match. *vt. vi.* બરોબરી કરવી; સ્પર્ધા કરવી. To match; to show rivalry.

Paragraph (પૅરૅગ્રૅફ્), *n.* ફકરો; પરિચ્છેદ. A part or portion of any composition or written work. *vt.* ફકરો પાડવો; ફકરા દીઠ ભાગ કરવા. To divide into paragraphs.

Paragraphic,-al (પૅરૅગ્રૅફિક્,-કૅલ્), *a.* ફકરાનું; ફકરાને લગતું; પરિચ્છેદનું. Of or belonging to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a paragraph.

Parallel (પૅરલેલ્), *a.* સમાન્તર; સમ; તુલ્ય. Having equal distance; similar. *n.* સમાંતર લીટી. A line drawn at equal distance. **2.** સમાનતા; સરખાપણું; તૂલના; નમૂનો; જોડ. Similarity; resemblance; comparison. *vt. vi.* સમાંતર કરવું-થવું. To keep at equal distance. **2.** જોડ તરીકે સરખું થવું. To correspond.

Parallelogram (પૅરલેલૉગ્રૅમ્), *n.* સમાંતર બાજુ ચોખુણ. A geometrical figure having the opposite sides as parallel.

Paralogy (પૅરલૉજિ), *n.* ખોટી તકરાર; આભાસ. મિથ્યાવાદ. False reasoning or arguing.

Paralysis (પૅરલિસિસ્), *n.* લકવો; અર્ધાંગ વાયુ. Palsy; a loss of sensation in any limb.

Paralytic,-al (પૅરલિટિક્,-કૅલ્), *a.* લકવાના રોગ વાળું; જુહું પડેલું; ખોટકાઇ ગયેલું. Affected with paralysis.

Paralyze (પૅરલાઇઝ્), *vt.* જુહું પડી જવું; બહેર મારી જવું; લકવો થવો. To be afflicted by paralysis.

Paramount (પૅરમાઉન્ટ્), *a.* શ્રેષ્ઠ; સર્વોપરી; ઉત્તમ. Superior; of the highest rank or quality. *n.* મુખ્ય સરદાર. The chief leader.

Paramour (પૅરમૂર્), *n.* યાર; જાર; જારિણી; અંગવસ્ત્ર. A lover of either sex, unlawfully combined.

Parapet (પૅરપેટ્), *n.* છાતી જેટલી ઉંચી ભીંત; વંડો. A low wall; a rampart.

Paraphernalia (પૅરફર્નેલિઍ), *n.* કન્યાદાનમાં મળેલું ધન; સ્ત્રી ધન; લુગડાં; ઘરેણાં. Some property resevered for a wife more than the dowry.

Paraphrase (પૅરફ્રેઝ્), *n.* વિવરણ; વ્યાખ્યાન; સમજૂતિ. A clear meaning or explanation; vivid expression of ideas. *vt. vi.* વિવરણ કરવું; સમજૂતિ આપવી; સમજાવવું. To explain vividly or clearly

Paraphrast (પૅરફ્રૅસ્ટ્), *n.* વિવરણ કરનાર; સારી રીતે સમજાવનાર. One, who paraphrases.

Paraphrastic,-al (પૅરફ્રૅસ્ટિક્,-કૅલ્), *a.* વિવરણને લગતું; સમજૂતિવાળું. Pertaining to paraphrase.

Parasite (પૅરસાઇટ્), *n.* ટુકડખાઉ; ભોજનભટ્ટ. A hanger-on; a mean-minded fellow.

Parasol (પૅરસૉલ્), *n.* યુરોપીઅન સ્ત્રીઓની નાની છત્રી. A small umbrella used by European ladies.

Parboil (પાર્ બૉઇલ્), *vt.* થોડું થોડું ઉકાળવું; ધીમે ધીમે પકાવવું. To boil in part; to boil gradually.

Parcel (પાર્સેલ્), *n.* ગાંસડી; પોટલી; બચકી. A bundle; a package. **2.** ટુકડો; ભાગ. A portion; a part. **3.** ઢગલો; સમૂહ. A collection; a group. *vt.* ગાંસડીબંધ બાંધવું; પોટલી કરવી; 'પાર્સલ' રવાના કરવું. To arrange into a parcel; to set into a mass.

Parcener (પાર્સનર્), *n.* એકજ વારસામાં સરખો ભાગીદાર-હિસ્સેદાર. A coheir.

Parch (પાર્ચ્), *vt.* શેકવું; ભુંજવું. To burn the surface of; to give heat to.

Parchment (પાર્ચ્મેન્ટ્), *n.* ચર્મપત્ર (ઘેટાંનું); લખવાના કામમાં આવે તેવું ઘેટાંનું ચામડું. The skin of a sheep, to bo used for writing purpose.

Pardon (પાર્ડન્), *n.* માફી; ક્ષમા. Forgiveness; an excuse. **2.** મુક્તિ; છુટકારો. A freedom; a release by a royal authority. *vt.* માફી આપવી; ક્ષમા કરવી; મૂકી દેવું; છોડી દેવું. To forgive; to excuse; to free from penalty.

Pardonable (પાર્ડનેબલ્), *a.* માફ કરવા જોગ; ક્ષમા કરવા લાયક. Admitting of pardon.

Pardonableness (પાર્ડનેબલનેસ્), *n.* માફ કરવું તે; ક્ષમા કરવાનો ગુણ. A state of being pardonable.

Pardonably (પાર્ડનેબ્લિ), *ad.* ક્ષમા થઈ શકે તેવી રીતે; ક્ષમા આપીને. In a pardonable way.

Pardoner (પાર્ડનર્), *n.* ક્ષમા આપનાર; માફી આપનાર One, who pardons.

Pare (પેર્), *vt.* છોલવું; તરાસવું; તાછવું; ઉપર ઉપરથી કાપવું-છાંટવું. To cut off; to reduce; to remove.

Paregoric (પૅરીગૉરિક્), *a.* દરદ નરમ પાડે તેવું; દુઃખ સમાવે તેવું. Lessening pain; assuaging pain. *n.* દુઃખ અથવા દરદ મટાડનાર ઔષધ. A medicine, lessening pain.

Parent (પૅરેન્ટ્), *n.* મા અથવા બાપ; મા કે બાપમાંનું એક. A mother or a father. **2.** (*fig.*) મૂળ કારણ; હેતુ. A cause; a reason.

Parentage (પૅરેન્ટેજ્), *n.* માબાપપણું. The position of a parent. **2.** ખાનદાની; કુળ; ઉત્પત્તિ. Nobility; family; birth.

Parental (પૅરેન્ટલ્), *a.* માબાપનું; માતાપિતાને લગતું. Pertaining to a parent.

Parenthood (પૅરેન્ટ્-હુડ્), *n.* માબાપપણું; માબાપત્વ; પિતા અથવા માતા તરીકેનું સ્થાન. A state of being a parent.

Parentless (પૅરેન્ટ્લેસ), *a.* માબાપ વિનાનું; અનાથ; નિરાધાર. Deprived of the protection of parents.

Parenthesis (પૅરેન્થેસિસ્), *n. pl.* **Parentheses.** કૌંસ; ( ) આવી નિશાની; ઉપન્યાસ ચિન્હ. A mark ( ) showing some additional meaning of the nearing word.

Parenthetic (પૅરેન્થેટિક્), *a.* કૌંસને લગતું; કૌંસની બાબતનું; ઉપન્યાસનું. Pertaining to a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

parenthesis.

Pariah (પેરિઍ), *n.* હિંદુસ્તાનમાં હલકામાં હલકી જ્ઞાતિ-નાત; ઢેડ; ભંગી. The lowest class of people in India.

Parish (પૅરિશ્), *n.* પાદરીની સત્તા નીચેનો મુલક. The district under the charge of a parson. *a.* પાદરીની સત્તાનું-ને લગતું. Belonging to a parish.

Park (પાર્ક), *n.* હરવા ફરવાની જગ્યા; બાગ. A plot of ground in a city meant for the public use. **2.** મૃગયાવન; શિકારને માટે વપરાતું વન. A piece of ground, used for chasing. *vt.* બાગમાં પૂરવું-એકઠું કરવું. To inclose in a park.

Parlance (પાર્લૅન્સ્), *n.* સાધારણ વાતચિત; મસલત; સંભાષણ. A discourse; a discussion.

Parley (પાર્લિ), *n.* વાતચિત; મસલત. A discussion; a mutual talk. *vt.* વાતચિત કરવી; મસલત ચલાવવી. To discuss; to talk mutually.

Parliament (પાર્લિમેન્ટ), *n.* સભા; 'પાર્લામેન્ટ'ની સભા; સભા; મંડળી. A meeting; a conference; a public meeting held by the crown.

Parliamentary (પાર્લિમેન્ટૅરિ), *a.* પાર્લમેન્ટ સંબંધી; પાર્લમેન્ટને લગતું; રાજસભા વિષયક. Pertaining to a parliament.

Parlour (પાર્લર્), *n.* ઓરડો; બેઠક; દિવાનખાનું; ઘરમાં વાતચીત કરવાનો ઓરડો. A room; a room for general discussion.

Parlous (પાર્લસ્), *a.* નુકશાનકારક; ભયંકર. Perilous; dangerous.

Parody (પૅરૉડિ), *n.* મૂળ કાવ્યમાં ફેરફાર કરી તેમાં નવો હાસ્યરસ આણ્યો હોય તેવું કાવ્ય. A literary composition, in which the original sense has been made humorous. *vt.* મૂળ કાવ્યમાં ફેરફાર સાથે હાસ્યરસ ઉમેરવો. To write a parody on.

Parole (પૅરોલ્), *n.* બોલી; પ્રતિજ્ઞા; શરત. A promise; a word denoting some oath or promise.

Paroxysm (પૅરૉક્સિઝમ્), *n.* દરદનું જોરથી ઉઠી આવવું તે; ઉછાળો; આવેશ; જોશ. A fit of a disease; a convulsion.

Parricide (પૅરિસાઇડ્), *n.* પિતૃ હત્યા કરનાર; બાપની હત્યા કરનાર; માતૃ ઘાતક. A person, who murders his father or mother. **2.** મા અથવા બાપનું ખૂન. A murder of a parent.

Parrot (પૅરૉટ), *n.* પોપટ; શુક; કીર. A kind of bird, noted for its fine imitation of human speech. *vt.* પોપટની માફક બોલવું; સમજ્યા સિવાય ઉચ્ચારવું. To utter or repeat like a parrot.

Parry (પૅરિ), *vt. vi.* ચૂકવવું; ઉડાવવું; ટાળવું; નિવારવું. To ward off; to stop the effect of.

Parse (પાર્સ્), *vt.* વ્યાકરણ કરવું; પદચ્છેદ કરવું. To divide or arrange into different parts of speech.

Parsimonious (પાર્સિમોનિઅસ્), *a.* કંજુસ; બખીલ; મખ્ખીચુસ. Miserly; niggardly.

Parsimony (પાર્સિમૉનિ), *n.* કંજુસાઈ; કૃપણતા; બખીલપણું. Niggardliness; miserliness; a state of being parsimonious.

Parson (પાર્સન્), *n.* પાદરી; વિલાયતમાં ખ્રિસ્તિ ધર્મોપદેશક. A clergyman; a man, entitled to preach.

Part (પાર્ટ), *n.* ભાગ; અંશ; હિસ્સો. A portion; a share. **2.** બાબત; સંબંધ; વિષય; પ્રકરણ. A concern; a matter of interest. **3.** પક્ષ; બાજુ. A side. *vt. vi.* જુદા પાડવું; નોખું કરવું; ભાગ પાડવા; વહેંચણી કરવી. To separate; to divide; to distribute. **2.** છોડવું; તજવું. To leave; to desert. **3.** જુદા પડવું; ભાગ પડવો. To be separated. *ad.* થોડું; જરા. Partly; by a little portion.

Partake (પાર્ટેક), *vt. vi. pr. p.* **Partaking.** *imp.* **Partook.** *p. p.* **Partaken.** ભાગ લેવો; ભાગીદાર થવું; સામેલ થવું; સામેલ હોવું. To share; to have a part.

Partaker (પાર્ટેકર્), *n.* ભાગીદાર; સાથી; મળતીઓ; સાથે સાથે કામ કરનાર. A partner; one, who partakes.

Parterre (પાર્ટેર્), *n.* ફુલબાગ; ફુલવાડી; ચમન. The beds, in which flowers are cultivated. **2.** નાટકશાળામાં સૌથી નીચા વર્ગની બેઠક. The pit class in a theatre.

Partial (પાર્શલ્), *a.* એકતરફી; પક્ષપાતી; એક તરફ તાણનાર. One sided; inclined to one party. **2.** થોડા ભાગનું; કંઈક. Of some part.

Partiality (પાર્શલિટિ), *n.* પક્ષપાત; તરફદારી; એકતરફી મહેરબાની, મમતા અથવા વલણ બતાવવું તે. A state of being partial; an undue favour; a state of being partial.

Partially (પાર્શલલિ), *ad.* પક્ષપાતપૂર્વક; મહેરબાનીથી. In a partial way.

Participate (પાર્ટિસિપેટ), *vt. vi.* હિસ્સો લેવો; ભાગ પાડવો-પડાવવો; ભાગીઆ બનવું. To take a part in; to partake; to share.

Participation (પાર્ટિસિપેશન્), *n.* હિસ્સો; ભાગ; વહેંચણી. An act of participating; a distributed portion.

Participial (પાર્ટિસિપિઍલ), *a.* કૃદંતનું; કૃદંત ઉપરથી નીકળેલું. Derived form a participle. *n.* કૃદંત અથવા કૃદંત ઉપરથી બનેલો શબ્દ. A participial word.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Participle (પાર્ટિસિપલ્), *n.* (વ્યાકરણમાં) કાર્ય બોધક ક્રિયાપદનું રૂપ; કૃદંત. A part of speech, connecting the nature of both the verb and adjective. [An atom; a jot.

Particle (પાર્ટિકલ્), *n.* રજ; કણ; અણુ; લેશ.

Particular (પાર્ટિક્યૂલૅર્), *a.* વિશેષ; અમુક;ફલાણું; ખાસ. Special; not general; definite. *n.* વિગત; હકીકત; બાબત. A detail; a single point or instance.

Particularly (પાર્ટિક્યૂલૅર્લિ), *ad.* ખાસ કરીને; મુખ્યત્વે કરીને; વિશેષ કરીને; ખાસ; વિશેષ. In a particular way; specially.

Particularize (પાર્ટિક્યૂલૅરાઇઝ્), *vt. vi.* વિગતવાર કહેવું; સવિગત જણાવવું; ખાસ કરીને કહેવું. To give the particulars of; to mention definitely; to specify.

Partisan (પાર્ટિઝૅન્), *n.* વળગી રહેનાર; પક્ષધર. An adherent to a party; a strong advocate of a party. **2.** ભાલો; છડી. A truncheon. *a.* વળગી રહેનાર; વળગનાર. Adherent.

Partition (પાર્ટિશન્), *n.* પડદો; વિભાગ; ભાગ; આંતરો. A division; a separation. *vt.* પડદો રાખવો; વિભાગ કરવા; ભાગ કરવા. To divide into portions or shares.

Partner (પાર્ટ્નર્), *n.* ભાગીદાર; સોબતી; સાથી; હિસ્સેદાર; પાંતીદાર. A partaker; a sharer; one having a part in any transaction or share.

Partnership (પાર્ટ્નર્શિપ્), *n.* ભાગીદારી; સાથીપણું; હિસ્સો. A state of being a partner.

Partridge (પાર્ટ્રિજ્), *n.* તિત્તર; તોતર પક્ષી. A kind of dove.

Parturition (પાર્ટ્યૂરિશન્), *n.* વિયાવું તે; પ્રસવ; જણવું તે. An act of bringing forth of young.

Party (પાર્ટિ), *n pl.* **Parties.** ટોળી; પક્ષ; મંડળી; બેઠક. A body of persons, having a common motive. **2.** ભાગીદાર; મળતીઓ; અનુયાયી. One interested in an affair. **3.** તડ; પક્ષ; તરફેણ. A faction; a side. **Party-coloured,** *a.* રંગ; બેરંગી. **Party-wall,** *n.* બે ઘર વચ્ચેનો કરો.

Pasha (પાશે), *n.* તુર્કસ્થાનમાં લશ્કરી અમલદારની પદ્વી. A military title or rank in Turkey.

Pass (પાસ્), *vt. vi.*-માં થઇને ઓળંગવું; પસાર થવું; જવું. To go by or beyond. **2.** ગુજારવું; વ્યતીત કરવું. To spend. **3.** ફત્તેહમંદ બનવું; ફત્તેહ મેળવવી. To be successful; to get success. **4.** બનવું; આવી પડવું; વીતવું; ગુજરવું. To happen; to take place; to befall. **5.** નભવું; ટકવું; ચાલું રહેવું. To continue; to last. **6.** વસિયતનામાની રૂએ મળવું. To get by a rule. **7.** ઘાલવું; ઘોંચવું. To thrust. *n.* રસ્તો; વાટ; માર્ગ; સાંકડો અથવા વિકટ રસ્તો. A passage; a narrow way. **2.** આંચકો; પ્રહાર; ઘા. A push; a thrust. **3.** સ્થિતિ; દશા; અવસ્થા. A state; a condition. **4.** પરવાનો; રજા ચિઠ્ઠી. A permission to pass. **Pass-book,** *n.* ખાતાવહી; જમાવહી.

Passable (પાસેબલ્), *a.* જવાય તેવું; ઉતરાય તેવું; ચાલે તેવું; નભી જાય તેવું; ચાલુ. Capable of being passed; current.

Passage (પૅસેજ્), *n.* રસ્તો; વાટ; માર્ગ. A way; a path. **2.** મુસાફરી; પ્રવાસ. A travel; a journey. **3.** રસ્તો; રિવાજ; રીત. A course; a way; a usage. **4.** લખાણમાંથી લીધેલો ભાગ; ફકરો; 'પેરૅગ્રૅફ'. A paragraph; a portion from the original matter.

Passenger (પૅસેન્જર્), *n.* રસ્તે જનાર; ઉતારૂ; વટેમાર્ગુ. A way-farer; a passer-by; a traveller.

Passion (પૅશન્), *n.* મનોવિકાર; મનોભાવ; મનોધર્મ; ક્રોધાવેશ; જુસ્સો. A state of being acted upon a passive condition; the mental movement. **2.** કામવિકાર; હવસ; મદન. Sensuous feelings; lust. **3.** આસક્તિ; મનની ઘેલછા. Mental addictedness; madness. *vt. vi.* ઉશ્કેરવું; ઉશ્કેરાઈ જવું. To excite; to get excited.

Passionate (પૅશનેટ્), *a.* તામસી; ઝનુની; ક્રોધી; આસક્તિવાળું; મોહમય. Easily moved or excited; prone to anger; zealous; infatuated.

Passive (પૅસિવ્), *a.* સહન કરનારૂં; ખમનારૂં; સોસિનારૂં. Enduring; not opposing; forbearing. **Passive-Voice,** *n.* શક્યભેદ; સહ્યભેદ.

Passiveness (પૅસિવ્નેસ્), *n.* ધીરજ; સહન શક્તિ હોવી તે; કર્મપાત્રતા. A state of being passive.

Pass-port (પાસ્-પૉર્ટ્), *n.* પરવાનો; રજાચિઠ્ઠી. A permission to enter or to pass (a territory).

Past (પાસ્ટ્), *a.* ગુજરેલું; વીતી ગયેલું; બની ગયેલું. Happened previously; elapsed. *n.* બની ગયેલી વાત; ગુજરેલો સમય. A state of things gone before. *prep.* આગળ; પાસે થઇને. Beyond; touching; by. *ad.* થી; પેલી તરફ. Beyond; by.

Paste (પેસ્ટ્), *n.* લાહી; ખેળ. A kind of sticky substance, made of flour and water. **2.** મલીદો; શીરો. A kind of sweet preparation of flour, milk, etc. *vt.* લાહી ચોપડવી; લાહી લગાડવી. To apply paste to; to fasten with paste.

Pastime (પૅસ્ટાઈમ્), *n.* સહેલ; રમતગમત; વિનોદ; ક્રીડા. An amusement; a sport. *vi.* ગમ્મત કરવી; ખેલ કરવો; વિનોદ કરવો. To amuse; to be sportive.

Pastor (પૅસ્ટર્), *n.* ભરવાડ; રબારી; આહીર. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

shepherd; a cowherd. **2.** આચાર્ય; ધર્મોપદેશક. A preceptor; a religious preacher.

Pastoral (પૅસ્ટૉરૅલ્), *a.* ગોવાળને લગતું; આહીરનું; આચાર્યનું. Pertaining to a pastor.

Pasturage (પૅસ્ટ્યૂરેજ્), *n.* ઢોરને ચરવાની જગ્યા; ગોચર; ચાર; ઘાસચારો. Pasture; a grazing plot of ground; grass grown on a pasture.

Pasture (પૅસ્ટ્યૂર્), *vt. vi.* ચરાવવું; ચરવું. To feed on grass; to graze. *n.* ઘાસ ચારો; ચારો; ખોરાક (જનાવરનો). Grass for cattle. **2.** જનાવરોને ચરવાની જગ્યા. A grassy plot of land for the cattle.

Pat (પૅટ્), *n.* ઘોલ; થપડાક; ટપલી. A slight blow on the face. **2.** *a.* યોગ્ય; લાયક. Fit; suitable. *vt.* ઠોકવું; થાબડવું. To strike gently.

Patch (પૅચ્), *n.* થીગડું; જમીનનો કકડો; ગાબડું. A piece of cloth or any other material; a plot of land. *vt.* થીગડું મારવું; સાંધો કરવો; ટાંકા મારવા. To mend by sewing; to mend with pieces; to stitch.

Pate (પેટ્), *n.* માથું; તાલુકું. The head of a person; the top of the head.

Patent (પેટેન્ટ્), *n.* સનંદ; પરવાનો; અમુક વસ્તુનો હક. A privilege; a special right for a certain thing. *a.* ખુલ્લું; જાહેર; વ્યક્ત; પ્રગટ. Open; public; manifest. *vt.* સનંદ આપવી; ફરમાન આપવું. To grant by a patent.

Patentee (પેટેન્ટી), *n.* સનંદદાર; અમુક ચીજનો પરવાનો આપવામાં આવ્યો હોય તે સખ્સ. One, who holds a patent; a holder of a patent.

Paternal (પૅટર્નૅલ્), *a.* માબાપપરથી ઉતરી આવેલું; વંશપરંપરાનું; અસલનું; પહેલાનું. Of the parents; ancestral; fatherly; hereditary.

Paternity (પૅટર્નિટિ), *n.* પિતૃત્વ; બાપપણું. Fatherhood. **2.** મૂળ લેખકપણું. Authorship.

Path (પાથ્), *n.* રસ્તો; માર્ગ; ક્રમ; પદ્ધતિ. A way; a route; a course. *vt. vi.* રસ્તો કરવો; માર્ગ કરવો. To make a path. **2.** ચાલવું; જવું. To go over; to walk over.

Pathetic,-al (પૅથેટિક્,-કૅલ્), *a.* મન પીંગળી જાય તેવું; અસરકારક; મનોવેધક; કરૂણામય. Exciting pity or emotion; emotional; affecting.

Pathology (પૅથૉલૉજિ), *n.* નિદાનશાસ્ત્ર; રોગની પરીક્ષાનું શાસ્ત્ર; રોગનિદાન વિદ્યા. The science treating of the diseases and their remedy.

Pathos (પેથૉસ્), *n.* કરૂણા; કરૂણરસ; દયા; રસ. A quality, touching the heart; a deep feeling; a sympathetic feeling of heart.

Patience (પેશેન્સ્), *n.* ધીરજ; સબુરી; સહન શક્તિ; ધીરતા. Calmness of heart; the power of endurance; forbearance.

Patient (પેશેન્ટ્), *a.* ધીરજવાન; સહનશક્તિવાળો; ધીરૂ. Tolerating; waiting with patience; long-suffering.

Patricide (પૅટ્રિસાઈડ્), *n.* બાપનું ખૂન; પિતાનું ખૂન કરનાર; પિતૃઘાતક. The murder of one's father; a murderer of one's father.

Patrimonial (પૅટ્રિમૉનિઍલ્), *a.* વંશપરંપરાનું; ઘરડાઓથી થયેલું. Of a patrimony.

Patiently (પેશેન્ટ્લિ), *ad.* ધીરજથી; ધીરૂતાથી; ખામોશવૃત્તિ પૂર્વક. Calmly; in a patient way.

Patriarch (પૅટ્રિઆર્ક્), *n.* કુટુંબનો વડીલ; મૂળઆદી પુરૂષ; વડીલંપણાની સત્તા ભોગવનાર; કુલપતિ. One, who rules a family; a venerable old person in a family.

Patrician (પૅટ્રિશૅન્), *n.* અમીર; કુલીન પુરૂષ. A noble; a peer. *a.* અમીરનું; કુલીન. Of a peer; noble.

Patrimony (પૅટ્રિમૉનિ), *n.* ગિરાસ; વારસો; વતન; વાડીવજીફો. An estate inherited from one's father or fore-fathers; a heritage.

Patriot (પેટ્રિઍટ્), *n.* સ્વદેશાભિમાની પુરૂષ; સ્વદેશ હિતેચ્છુ. A person loving his country zealously. *a.* સ્વદેશ ભકતનું; સ્વદેશ હિતેચ્છુને લગતું. Of or pertaining to a patriot.

Patriotic (પૅટ્રિઍટિક્), *a.* સ્વદેશાભિમાની. Inspired or actuated by patriotism.

Patriotism (પેટ્રિઍટિઝમ્), *n.* સ્વદેશપ્રીતિ; સ્વદેશાભિમાન; સ્વદેશાનુરાગ. Love or feelings for one's own country.

Patrol (પૅટ્રૉલ્), *n.* રોન; પેરો; ચોકી. An act of taking rounds. **2.** રોનવાળો; ચોકીદાર; પહેરેગીર. A watchman; one who is on duty of watching; a sentinel. *vt.* રોન ફરવી; ચોકી કરવી. To go on rounds; to watch.

Patron (પેટ્રૉન્), *n.* મુરબ્બી; આશ્રયદાતા; પોષક; આશ્રય આપનાર. A helper; a defender; a supporter; a guardian. **2.** સંત; સાધુ પુરૂષ. A saint. **3** ગુલામગીરીમાંથી મુકત કરનાર. A master, who has made his slaves free.

Patronage (પૅટ્રૉનેજ્), *n.* મદદ; આશ્રય; હિમાયત; વસીલો. A support; a help; an advocacy. **2.** ઉત્સાહ; પ્રોત્સાહન. Encouragement.

Patronize (પૅટ્રૉનાઇઝ્), *vt.* આશરો આપવો; ટેકો આપવો; મુરબ્બી તરીકે મદદ કરવી. To support; to act as a patron.

Patronizer (પૅટ્રૉનાઈઝર્), *n.* મુરબ્બી તરીકે મદદ કરનાર; ટેકો આપનાર; સહાય કરનાર. One, who patronizes.

Patten (પૅટન્), *n.* લાકડાની પાવડી; પાદુકા; ચાખડી. A wooden shoe; a sole made of wood.

Patter (પૅટર્), *vi.* વરસાદના છાંટાની માફક છડછડ પડવું; દડદડ પડવું. To fall gently as the rain drops. **2.** ધીમે ધીમે બોલવું; બડબડવું. To utter

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

slowly; to mutter. *n.* ધીમેથી આવતો કલબલ અવાજ. A low sound of speech or talk.

Pattern (પૅટર્ન), *n.* નમૂનો; વાનગી; અસલ પ્રત; પહેલાની નકલ. A model; an original design; an example. **Pattern-drawer,** *n.* નવા નવા નમૂના બનાવનાર.

Paucity (પૉસિટિ), *n.* થોડાપણું; ન્યૂનતા; અલ્પતા. Smallness; a state of being a little.

Pauper (પૉપર્), *n.* ગરીબ; ભિખારી; નાદાન; અનાથ. A poor person; an indigent fellow.

Pauperism (પૉપરિઝમ્), *n.* ભૂખે મરતાપણું; દળદર; ગરીબાઈ. A state of being pauper; extreme poverty.

Pause (પૉઝ્), *n.* વિરામ; અટકાવ. A slight stop; an interruption. **2.** તહકૂબી; વિસામો; થાક. A truce; a temporary rest. *vi. vt.* થોભવું; અટકવું; વિશ્રામ લેવો. To stop; to cease; to rest. **2.** વિચારમાં પડવું; સંકલ્પ વિકલ્પ કરવા. To hesitate. **3.** થોભવું; વિચાર કરવા માટે અટકવું. To stop or wait for some weighty consideration. **4.** થોભાવવું; અટકાવવું. To stop; to cause to rest.

Pave (પેવ્), *vt.* ફરસબંધી કરવી; પથરા જડવા; ચોરસા જડવા. To set with bricks, stones, etc. **2.** (*fig.*) સહેલું કરવું; સાધનભૂત બનાવવું. To prepare a way.

Pavement (પેવ્મેન્ટ્), *n.* ફરસબંધી; ચીરાબંધી. A paved path or road.

Pavilion (પૅવિલિઍન્), *n.* તંબુ; ડેરો; બંગલો; છત્ર. A tent; a building; a canopy.

Paw (પૉ), *n.* બિલાડીજેવા પશુનો પંજો. A claw. *vt. vi.* ટાંપ મારવી; તરાપ મારવી; પંજાથી પકડવું. To pass the paw over; to seize with a paw or paws.

Pawn (પૉન્), *n.* ધરેણે મૂકેલી વસ્તુ–ચીજ. Any thing deposited as security. **2.** હોડ; શરત; પણ. A state of being pledged; a wager. *vt.* ધરેણે મૂકવું; સાટામાં મૂકવું; ગીરો હકમાં આપવું. To pledge; to wager.

Pay (પે), *vt. vi. pr. p.* **Paying.** *imp.* & *p. p.* **Paid.** પૈસા આપવા; માગતું ચુકવવું; દેવા પેટે આપવું; પગાર આપવો. To recompense for; to give as a debt; to give as a salary or bill, etc. **2.** કિંમત આપવી; મૂલ્ય આપવું. To pay the price of. *n.* પગાર; મુસારો; બદલો; વેતન. A salary; a recompense.

Payable (પેઍબલ્), *a.* અપાય તેવું; સ્વીકારવા યોગ્ય; નાણાં આપવા જોગ. Capable of being paid.

Payee (પેઈ), *n.* પૈસા લેનાર આસામી. One, to whom money is paid.

Payment (પેમેન્ટ્), *n.* પગાર આપવો તે; નાણું (બીલ) ચુકવવું તે. An act of giving money due; a discharge of debt. **2.** અવેજ; બદલો. A recompense; a reward.

Pea (પી), *n.* વટાણાનો છોડ; વટાણો. A kind of bean–plant or its seed.

Peace (પીસ્), *n.* સુલેહ; સલાહ; શાંતિ; સંપ; સંધી. Calmness; repose; tranquility; harmony. **Peace-officer,** *n.* સુલેહનો અમલદાર.

Peaceable (પીસેબલ્), *a.* શાંત; ઠંડું; સ્વસ્થ; ગરીબ; સાલસ; નિરાંતવાળું. Calm; tranquil; quiet.

Peaceableness (પીસેબલનેસ્), *n.* સ્વસ્થ અથવા શાંત હોવું તે; નિરાંત સ્વભાવ હોવો તે; સાલસપણું. A state of being peaceable.

Peaceably (પીસેબ્લિ), *ad.* સાલસપણે; સ્વસ્થતાથી; શાંતિથી. In a peaceable way.

Peaceful (પીસ્ફુલ), *a.* સુલેહશાંતિવાળું; શાન્ત. Containing or full of peace; calm; quiet.

Peacefully (પીસ્ફુલલિ), *ad.* સુલેહ શાંતિથી; શાંતિથી; સ્વસ્થ રીતે. In a peaceful way.

Pea-cock (પી–કૉક), *n.* મોર; મયૂર. A kind of male bird.

Pea-hen (પી–હેન્), *n.* મયૂરી; ઢેલ. A female of a peacock.

Peak (પીક્), *n.* ટોચ; શિખર; અગ્ર ભાગ. The upper part of anything; a summit; a pointed part. *vi.* માંદા દેખાવું; ફિક્કા પડતા જવું. To look sickly or thin.

Peal (પીલ્), *n.* કડાકો; ધડાકો; રણકો. A succession of loud sounds. *vt. vi.* અવાજ કરવો; અવાજ થવો; ઘંટાનાદ થવો. To sound; to produce sound.

Pear (પેર્), *n.* જામ; જામફળ. A well known [edible fruit.

Pearl (પર્લ્), *n.* મોતી; મુક્તાફળ. A silvery substance, round in shape. **2.** કિનાર; ઝુલ. A border; a fringe. **3.** મોતીઓ. A cataract. *vt.* મોતીથી શણગારવું. To decorate with pearls. *a.* મોતીનું; મોતીમય. Consisting of pearls. **Pearl-oyster,** *n.* મોતી પકવનાર માછલી; કાળુ માછલી.

Pearly (પર્લિ), *a.* મોતીનું; મોતીવાળું; મોતી જેવું. મૌતિકને લગતું. Containing or having pearls; resembling a pearl.

Peasant (પેઝન્ટ્), *n.* ખેડુત; ગામડીઓ; રોંચો. A farmer; a villager; a clown. **2.** ખેડુતનું; ગ્રામ્ય. Of a farmer; rural.

Peasantry (પેઝન્ટ્રિ), *n.* ખેડુતવર્ગ; ગ્રામ્યજન; કૃષિવલ સમૂહ. The body of rustics or cultivators. **2.** ગ્રામ્યતા; ગામડિયાપણું. A state of being peasants.

Pease (પીઝ્), *n.* વટાણા; વટાણાના દાણા. Peas.

Pebble (પેબલ્), *n.* કાંકરો; પત્થર; મરડીઓ. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

small stone, round in shape. 2. ચશ્માનો પારદર્શક પત્થર. A transparent glass of the spectacles.

Peccable (પેકેબલ), *a.* પાપ કરે તેવું; પાપાધીન; પાપવશ થાય તેવું. Liable to sin.

Peccancy (પેકૅન્સિ), *n.* અપરાધ; ગુન્હો; તકસીર. An offence; a crime.

Peccant (પેકૅન્ટ), *a.* પાપી; અપરાધી; પાપાચરણથી ભરપૂર. Sinful; corrupt.

Peck (પેક), *vt. vi.* ચાંચ મારવી; ચાંચવતી વીણવું–ઉપાડવું. To strike with the beak; to pick up with a beak. *n.* એક બુશલનો ચોથો ભાગ. The fourth part of a bushel.

Pectoral (પેક્ટોરૅલ), *a.* છાતીનું; છાતી સંબંધી; ઉરનું. Of the breast or the chest. *n.* છાતીનું બખ્તર; છાતીનું ઢાંકણ. A covering for the breast. 2. છાતીના રોગો સારા કરવાની દવા. A medicine, curing the diseases of the chest.

Peculate (પેક્યૂલેટ), *vt.* પચાવી પાડવું; ખાઈ જવું; હરામખોરી કરવી. To misappropriate money.

Peculation (પેક્યૂલેશન), *n.* ઉચાપત; સોંપેલા નાણાં ખાનગી ઉપયોગમાં લઇ લેવા તે; હરામખોરી. Misappropriation of money.

Peculiar (પીક્યૂલિઅર), *a.* ખાસ; વિશેષ; કોઇને ન હોય તેવું. Particular; belonging to one's own.

Peculiarity (પીક્યૂલિઍરિટિ), *n.* વિશેષતા; વિલક્ષણતા; વિચિત્રતા. A state of being peculiar.

Peculiarly (પીક્યૂલિઅર્લિ), *ad.* ખાસ કરીને; વિશેષે કરીને; વિચિત્રપણે. In a peculiar way.

Pecuniary (પીક્યૂનિઍરિ), *a.* પૈસાને લગતું; નાણા સંબંધી; દ્રવ્યને લગતું. Monetary; relating to money.

Pedagogue (પેડૅગૉગ), *n.* છોકરાં ભણાવનાર; મહેતાજી. A teacher for children. 2. મહેતાજીની પદ્ધતિ પ્રમાણે ચાલનાર; દોઢડાહ્યું. One, who follows the manners of a school master.

Pedant (પેડૅન્ટ), *n.* વિદ્વતાનો ડોળ કરનાર; શેખીખોર. One, who makes a show of his learning.

Pedantic (પેડૅન્ટિક), *a.* વિદ્વતાનો ડોળ કરનારૂં; મિથ્યા પંડિતાઈ બતાવતું. Pertaining to a pedant.

Pedantry (પેડૅન્ટ્રિ), *n.* પાંડિત્ય; પાંડિત્યનો ભભકો; વિદ્યાની પતરાજી. Vain show or pomp for learning.

Peddle (પેડ્લ), *vt.* ફરી ફરીને માલ વેચવો; ફેરી કરવી. To sell goods in small quantities while travelling about.

Peddler (પેડ્લર), *n.* ફરી ફરીને માલ વેચનાર; ફેરિયો. One, who peddles. Also spelt, **Pedlar.**

Pedestal (પેડેસ્ટલ), *n.* પાયો; તળગટ; બેસણી; કુંભી. The base or foot of a column.

Pedestrian (પેડેસ્ટ્રિઍન), *n.* પગે ચાલીને મુસાફરી કરનાર; પગપાળો; પાઉંપેદલ. A foot traveller; one, who travels on foot. *a.* પગે ચાલીને જતું –મુસાફરી કરતું. Travelling on foot.

Pedigree (પેડિગ્રી), *n.* વંશ; પેઢી; કુળ; ઓલાદ. A lineage; a descent;

Peel (પીલ), *n.* છાલ; છોલ; બારીક ચામડી. The rind or skin. *vt. vi.* છોલવું; છાલ ઉતારવી; ઉખેડવું. To strip the skin or rind. 2. છાલ ઉતરવી; છોલાઇ જવું. To lose the rind or skin.

Peeler (પીલર), *n.* છાલ ઉતારનાર; છોહું ઉખેડનાર; ચામડી ઉતારનાર. One, who peels.

Peep (પીપ), *vi.* છાનામાના જોવું; ડોકિયાં કરવાં; તકાવવું; દેખાવા માંડવું. To look slyly; to begin to appear. *n.* ડોકિયું કરવું તે; છાનામાના જોવું તે; પ્રથમ દર્શન. A sly look; the first sight or appearance.

Peer (પીર), *n.* અમીર; ઉમરાવ; કુલીનજન. A noble; a noble man. 2. બરાબરીઓ; જોડીઓ; સાથીદાર; હરિફ. A companion; a match; a rival. *vt. vi.* સરખા દેખાવું; બરોબરીઆ થવું. To appear to be equal; to be in rivalry with. 2. સરખા બનાવવા. To make equal in rank.

Peerage (પીરેજ), *n.* અમીરની પદ્વી–હકુમત. The rank of a peer. 2. અમીર લોકોનો સમૂહ–ટોળું–જથ્થો. A body of the peers.

Peeress (પીરેસ), *n.* અમીરની સ્ત્રી; અમીરાણી; ઠકરાણી. The wife of a peer.

Peerless (પીર્લેસ), *a.* બીનહરીફ; ઉત્તમ; અદ્વિતીય. Matchless; unrivalled; excellent.

Peevish (પીવિશ), *a.* ચીડીયું; મિજાજી; તોરી; રિસાળ. Petulant; fretful.

Peevishly (પીવિશલિ), *ad.* મિજાજીપણે; રિસાળપણે; મિજાજમાં. In a peevish way.

Peevishness (પીવિશનેસ), *n.* ચીડ; રિસ; રિસાળપણું. A state of being peevish; a fretful nature.

Peg (પેગ), *n.* મેખ; ખુંટી; ખુંટો. A wooden pin. 2. પાયરી; ક્રમ. A degree; a grade. *vt.* ખુંટી ઘાલવી; ખીલી મારવી. To fasten with a peg; to mark with a wooden pin.

Pelf (પૅલ્ફ), *n.* દોલત; ધન; પૈસો; પુંજી. Wealth; riches (ill-gotten).

Pelican (પેલિકૅન), *n.* લાંબી ચાંચવાળું અને જોડાઈ ગયેલા આંગળાવાળું પક્ષી. A bird having a long beak and webbed feet.

Pellet (પેલેટ), *n.* ગોળી; ગુટીકા. A small ball; a pill. *vt.* નાની ગોળીઓ બનાવવી. To form into small balls.

Pellicle (પેલિકલ), *n.* પાતળું છોહું; પાતળું પડ–થર; પોપડી. A thin skin; a thin film.

Pellitory (પેલિટૉરિ), *n.* અકલગરો. A kind

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

of substance, used in medicine.

Pellmell (પેલમેલ), *ad.* ભેળસેળ; ભીડ કરીને; ગરબડ ભરેલી રીતે. Confusedly; in utter confusion.

Pellucid (પેલ્યૂસિડ્), *a.* નિર્મળ; સ્વચ્છ; કંચન જેવું; શુદ્ધ; પારદર્શક. Clear; transparent.

Pelt (પેલ્ટ), *n.* ચામડું; ખાલ. The hide of a beast. **2.** પ્રહાર; આઘાત. A stroke; a blow. *vt.* છુટું મારવું; ફેંકવું. To throw; to throw off.

Pelvis (પેલ્વિસ), *n.* પેટની નીચેનો ભાગ; પેડું. The part of the body, below the stomach.

Pen (પેન), *n.* કલમ; લેખણ. An instrument to write in ink. **2.** ઝાંપો; વાડો; ડબો. An inclosure. **3.** પિંછું. A feather; a quill. *vt. pr. p.* **Penning.** *imp.* & *p. p.* **Penned.** લખવું; લેખણ ચલાવવી. To write; to compose. **2.** (વાડામાં) પુરવું; ગોંધવું. To inclose; to confine.

Penal (પીનૅલ), *a.* સજાને લગતું; દંડનું; શિક્ષા સંબંધી. Pertaining to punishment. **2.** ફોજદારી. Criminal.

Penalize (પીનૅલાઇઝ), *vt.* દંડ કરાવવો; શિક્ષી કરાવવી. To make penal.

Penalty (પીનૅલ્ટિ), *n.* સજા; શિક્ષા; નશીઅત. Punishment for a crime or crimes. **2.** દંડ; ગુન્હેગારી. A fine; a forfeiture.

Penance (પેનૅન્સ), *n.* તપ; પ્રાયશ્ચિત; પ્રાયશ્ચિત કર્મ; પશ્ચાત્તાપ; દુઃખ; દિલગીરી. Repentance; pain; sorrow. *vt.* પ્રાયશ્ચિત કરાવવું. To impose penance on.

Pence (પેન્સ), *n.* આશરે એક આનાની કિંમતનો વિલાયતી સિક્કો. An English coin worth one anna.

Pencil (પેન્સિલ), *n.* સીસાપેન; પીંછી; કલમ. A slender blacklead; a small brush of hair. **2.** કિરણ સમૂહ; કિરણજળ. A collection of rays. **3.** ચિતારાની હોંશિયારી–ચતુરાઇ. The skill of a painter, shown in his picture or painting. *vt.* સીસાપેનથી લખવું. To write with a pencil.

Pendant (પેન્ડૅન્ટ), *n.* લોલક; પાંદડી; લટકણીયું. A hanging ornamental matter; something suspended.

Pendent (પેન્ડેન્ટ), *a.* લટકતું; ઝુલતું; આમ્તેમ હાલતું. Hanging; suspending; moving to and fro.

Pendulum (પેન્ડ્યૂલમ), *n.* ઘડીઆળનું લોલક; લટકણીયું. A suspending body, moving to and fro.

Penetrability (પેનેટ્રેબિલિટિ), *n.* ભેદ્યતા; પ્રવેશ શક્તિ. A quality of being penetrable.

Penetrable (પેનેટ્રેબલ), *a.* પેસે તેવું; ભેદ્ય; પ્રવેશનીય. Capable of being penetrated.

Penetrate (પેનેટ્રેટ), *vt. vi.* અંદર પેસવું;—માં પ્રવેશ કરવો; દાખલ થવું. To enter into; to make way into. **2.** સમજવું; અર્થ ગ્રહણ કરવો. To understand; to comprehend. **3.** ભેદીને જવું; અસર કરવી. To move deeply; to make sensible.

Penetration (પેનીટ્રેશન), *n.* અંદર પેસવું તે; પ્રવેશન. An act of penetrating. **2.** તીક્ષ્ણ બુદ્ધિ; કુશાગ્ર બુદ્ધિ. A sharp wit or intellect.

Peninsula (પેનિન્સ્યૂલૅ), *n.* દ્વીપકલ્પ. A portion of land surrounded by water on three sides.

Peninsular (પેનિન્સ્યૂલૅર), *a.* દ્વીપકલ્પનું; દ્વીપકલ્પ જેવું. Of or resembling a peninsula.

Penitence (પેનિટેન્સ), *n.* પસ્તાવો; પશ્ચાત્તાપ; અનુતાપ. A feeling of sadness for committing sins; repentance.

Penitent (પેનિટેન્ટ), *a.* પાપને માટે પશ્ચાત્તાપ કરનાર; અનુતાપયુક્ત. Feeling sadness for one's sins. *n.* પાપને માટે પશ્ચાત્તાપ કરનાર; અનુતાપ કરનાર. A person, repenting for sins.

Pennant (પેનૅન્ટ), *n.* વાવટો; નિશાન; ધજા. A small flag.

Pen-knife (પેન્-નાઈફ), *n. pl.* **Pen-knives.** ચપ્પુ; છરી; ચાકુ. A small pocket knife.

Penman (પેન્મૅન), *n.* લખનાર; લેખક; લેખનશક્તિ ધરાવનાર. A writer; an author.

Penmanship (પેન્મૅન્શિપ), *n.* લેખન વિદ્યા-કળા. An act of writing.

Pennon (પેનન), *n.* નાનો વાવટો; ધજા; નિશાન. A small flag.

Penniless (પેનિલેસ), *a.* ગરીબ; નિર્ધન; કંગાલ. Poor; reduced to poverty.

Penny (પેનિ), *n. pl.* **Pennies, Pence.** દશ પાઈ બરાબર એક વિલાયતી સિક્કો. An English coin, made of bronze. **Pennyweight,** *n.* ચોવિસ ગ્રેનના માપનું તોલ.

Pension (પેન્શન), *n.* બેઠો પગાર; પેન્શન. A state allowance granted to an old state servant. **2.** કર; ખંડણી; ભરણું. A tribute; a payment.

Pensioner (પેન્શનર), *n.* બેઠો પગાર ખાનાર; 'પેન્શન' મેળવનાર. One, who gets a pension.

Pensive (પેન્સિવ), *a.* ઉદાસી; બેચેન; અતીશય વિચારવાળું; ચિંતાગ્રસ્ત. Sad; seriously thinking about; anxious.

Pensively (પેન્સિવ્લિ), *ad.* ઉદાસીથી; ચિંતાગ્રસ્ત પણે; અતિશય વિચારમાં. In a pensive way.

Pensiveness (પેન્સિવ્નેસ), *n.* ખેદ; શોક; દિલગીરી; માનસિક બેચેની. Sadness; a state of being pensive.

Pentagon (પેન્ટૅગૉન), *n.* પંચકોણ; પાંચખૂણાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકૃતિ. A five-sided figure with angles.

Pentagonal (પેન્ટૅગૉનલ્), *n.* પંચકોણને લગતું; પાંચ ખૂણાની આકૃતિવાળું. Pertaining to a pentagon.

Pent-house (પેન્ટ્-હાઉસ્), *n.* પડાળી; વાછટિયું. A roof, sloping from a main wall.

Penultimate (પીનલ્ટિમેટ્), *a.* ઉપાંત્ય; છેલ્લાના પહેલાનું. Last but one. *n.* ઉપાંત્યાક્ષર. The last or final syllable but one of a word.

Penumbra (પીનમ્બ્રૅ), *n.* ઝાંખી છાયા; અપૂર્ણ પ્રકાશ. A faint shadow; an incomplete light.

Penurious (પીન્યૂરિઅસ્), *a.* કૃપણ; સુમ; મખ્ખીચુસ. Stingy; niggardly. **2.** નિર્ધન; ગરીબ. Poor; indigent.

Penuriously (પીન્યૂરિઅસલિ), *ad.* ગરીબાઇથી; નિર્ધનતાથી; દરિદ્રતાપૂર્વક. In a penurious way.

Penury (પીન્યૂરિ), *n.* ગરીબાઇ; નિર્ધનતા; દરિદ્રતા. Poverty; indigence.

Peon (પીઍન્), *n.* સિપઇ; પટાવાળો; હમાલ; ચપરાસી. A constable; an attendant at an office.

People (પીપલ્), *n.* લોક; કોમ; પ્રજા; જાતી; વસ્તી. A community; a nation; a race. *vt. pr. p.* **Peopling.** *imp.* & *p. p.* **Peopled.** વસાવવું; વસ્તી કરવી. To populate; to increase the population of.

Pepper (પીપર્), *n.* મરી; મરચીનો છોડ. A kind of spices; a plant bearing pepper. *vt.* મરી ભભરાવવા; મરી ભરવા. To season with pepper.

Peppermint (પીપરમિન્ટ્), *n.* ફુદીનાનો અર્ક; 'પીપરમિન્ટ'નો અર્ક. The essence of the herb of pepper.

Peppery (પેપરિ), *a.* મરીનું; તીખું. Containing pepper. **2.** (*fig.*) ગરમ સ્વભાવનું; મિજાજી; ઉશ્કેરાઇ જાય તેવું. Hot-tempered; easily excited.

Peptic (પેપ્ટિક્), *a.* પાચક; હજમ થાય તેવું; અગ્નિવર્ધક. Pertaining to digestion. *n.* પાચન કરનાર ઇંદ્રિય; પાચક દવા. A medicine that causes digestion.

Per (પર્), *prep.* પર; સાથે; જોડે; દીઠ. By; for; for each.

Peradventure (પર્ઍડ્વેન્ટ્યૂર), *ad.* ભોગે જોગે; ક્વચિત; કદાચિત. Scarcely; seldom; perhaps.

Perambulate (પર્ઍમ્બ્યૂલેટ્), *vt.* ફરી વળવું; પરિક્રમણ કરવું. To walk through. **2.** હદ અથવા સરહદ તપાસવી. To examine the boundaries.

Perambulation (પર્ઍમ્બ્યૂલેશન્), *n.* ફરી વળવું તે; હદની તપાસ અર્થે પરિભ્રમણ કરવું તે. An act of perambulating.

Perceivable (પર્સીવેબલ્), *a.* દેખાય એવું; સમજાય તેવું; નજરે પડે તેવું. Capable of being perceived.

Perceivably (પર્સીવેબ્લિ), *ad.* દેખાય તેવી રીતે; સમજાય તેવી રીતે; નજરે પડે તેવી રીતે. In a perceivable way.

Perceive (પર્સીવ્), *vt. pr. p.* **Perceiving.** *imp.* & *p. p.* **Perceived.** જાણવું; જોવું; ખબર પડવી. To know; to discern.

Perceiver (પર્સીવર્), *n.* જોનાર; સમજનાર; સમજ શક્તિ ધરાવનાર. One, who perceives.

Percentage (પર્સન્ટેજ્), *n.* સેંકડા ઉપરનું લવાજમ. A rate fixed on one hundred.

Perceptible (પર્સેપ્ટિબલ્), *a.* સમજી શકાય તેવું; જાણી શકાય તેવું; પ્રત્યક્ષ. Capable of being perceived; discernible.

Perceptibility (પર્સેપ્ટિબિલિટિ), *n.* સમજી શકાય તેવી સ્થિતિ; દૃષ્ટિગોચર થવું તે. A state of being perceptible.

Perception (પર્સેપ્શન્), *n.* જ્ઞાન શક્તિ; ગ્રહણ શક્તિ; સમજ. Knowledge; a power of understanding. **2.** વિચાર; ખ્યાલ. An idea; an imagination.

Perch (પર્ચ્), *vt. vi.* પક્ષીને સળિયા ઉપર બેસાડવું. To place a bird on a rod or perch. **2.** પક્ષીનું સળિયા ઉપર બેસવું. To sit as of a bird. *n.* પક્ષીને પાંજરામાં બેસવાનો સળિયો. A bar in a cage for a bird to sit.

Percher (પર્ચર્), *n.* પક્ષીને પાંજરામાં બેસાડનાર; જે સળિયો અથવા લાકડી ઉપર પક્ષી પાંજરામાં બેસે છે તે. One or that which makes a bird perch in a cage.

Perchance (પર્ચૅન્સ્), *ad.* કદાચિત; દૈવયોગે; ભોગજોગે. Perhaps; scarcely.

Percolate (પર્કોલેટ્), *vt. vi.* ગાળવું; નીતારવું. To filter; to strain. **2.** ગળવું; ઝરવું; નીતરવું. To filter; to pass through the holes.

Percolation (પર્કોલેશન્), *n.* ગાળવું તે; ગળન; ઝરણ. An act of percolating; filtration.

Percussion (પર્કશન્), *n.* અથડાવું તે; ટક્કર; આઘાત. An act of striking one body against another.

Perdition (પર્ડિશન્), *n.* નાશ; નખ્ખોદ; નર્કવાસ; અધોગતિ. A loss; destruction.

Peregrinate (પેરીગ્રિનેટ્), *vt.* પ્રવાસ કરવો; દેશાટન કરવો; મુસાફરી કરવી. To travel; to visit many places.

Peregrination (પેરિગ્રિનેશન્), *n.* પ્રવાસ; મુસાફરી; દેશાટન. A travel; an act of peregrinating.

Peregrinator (પેરિગ્રિનેટર્), *n.* મુસાફર; ભ્રમણ કરનાર; દેશાટન કરનાર. A traveller; a visitor of many places.

Peremptorily (પેરીમ્પ્ટરિલિ), *ad.* નક્કી રીતે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સજ્જડ રીતે; સામા થવાય નહિ તેવી રીતે. In a peremptory way.

Peremptory (પેરેમ્પ્ટોરિ), *a.* તાકીદ ભરેલો; જડબે સલાક; સજ્જડ; સામા બોલાય નહિ તેવું; જહાંગીરી. Decisive; absolute; final.

Perennial (પેરેનિઍલ), *a.* કાયમનું; હંમેશનું; નિરંતર; સતત. Continuous; perpetual.

Perfect (પર્ફેક્ટ), *a.* ભરપૂર; પૂર્ણ; પુરતું; સંપૂર્ણ; Full; complete. *vt.* સંપૂર્ણ કરવું; પૂર્ણ બનાવવું; પરિપૂર્ણ કરવું. To make complete; to bring to an end.

Perfection (પર્ફેક્શન્), *n.* પૂર્ણતા; સંપૂર્ણતા; પ્રવીણતા; પરાકાષ્ઠા. A state of being perfect; an entire state of completion; the highest degree of completion.

Perfidious (પર્ફિડિઅસ્), *a.* વિશ્વાસઘાતી; દગલબાજ; દગાખોર; હરામખોર; નિમકહરામ. Treacherous; faithless.

Perfidy (પર્ફિડિ), *n.* કપટ; દગલબાજી; વિશ્વાસઘાત; નિમકહરામી. Fraud; treachery; faithlessness.

Perforate (પર્ફોરેટ), *vt.* કાણું પાડવું; બાકું પાડવું; વીંધવું To pierce; to bore through.

Perforation (પર્ફોરેશન્), *n.* વીંધવું તે; કાણું અથવા છિદ્ર પાડવું તે; કાણું; છિદ્ર. An act of perforating; a hole pierced.

Perforator (પર્ફોરેટર્), *n.* કાણું પાડનાર; છિદ્ર કરનાર; બાકું કરનાર; કાણું અથવા છિદ્ર પાડવાનું હથિયાર. One, who perforates; a machine to perforate.

Perforce (પર્ફોર્સ્), *ad.* બળાત્કારથી; જોરજુલમથી; જબરાઇથી. Forcibly; by force.

Perform (પર્ફૉર્મ્), *vt. vi.* કરવું; બજાવવું; બનાવવું; સંપાદન કરવું. To do; to execute; to accomplish. 2. ભજવવું; ભાગ લેવો. To act; to play the part of.

Performable (પર્ફૉર્મેબલ્), *a.* બની શકે તેવું; અમલમાં મુકાય તેવું; કરવા લાયક. Capable of being performed.

Performance (પર્ફૉર્મન્સ), *n.* કામ; ક્રિયા; કાર્ય. An action; a ceremony; a deed. 2. પ્રયોગ; ખેલ; તમાશો. An experiment; a show.

Performer (પર્ફૉર્મર્), *n.* બનાવનાર; કરનાર; સંપાદક. One, who performs.

Perfume (પર્ફ્યૂમ્), *n.* સુગંધ; ખુશબો; પરિમળ. Fragrance; a sweet scent. 2. સુગંધીદાર પદાર્થ; દ્રવ્ય. A fragrant substance. *vt.* સુગંધીદાર કરવું–બનાવવું; મીઠીવાસવાળું બનાવવું. To make fragrant.

Perfumer (પર્ફ્યૂમર્), *n.* અત્તર, વિગેરે સુગંધી તેલો વેચનાર–બનાવનાર; સરૈયો. One, who sells perfumes.

Perfumery (પર્ફ્યૂમરિ), *n.* સુગંધ; સુવાસ. Fragrance. 2. સુગંધીદાર પદાર્થ–તેલ, વિ૦ બનાવવાનું કામ. An act of preparing perfumes.

Perfunctory (પર્ફન્ક્ટૉરિ), *a.* બેદરકારીપૂર્વક કીધેલું. Done carelessly. 2. બેકાળજી; બેફિકરૂં; નિરૂત્સાહી. Careless; indifferent.

Perhaps (પર્હૅપ્સ્), *ad.* કદાપિ; કદાચ; કદાચિત. By chance; if it be possible.

Peril (પેરિલ્), *n.* ભય; જોખમ; ધોક્કો; દુઃખ. A danger; a risk; a hazardous task. *vt. vi.* ભયમાં નાંખવું; હાનીમાં ઉતારવું; ભયમાં નાંખવું. To expose to danger; to risk.

Perilous (પેરિલસ્), *a.* જોખમી; ભય ભરેલું; હાનીકારક; નુકશાનકારક. Dangerous; causing harm; hazardous.

Perilousness (પેરિલસ્નેસ્), *n.* જોખમી સ્થિતિ; ભય ભરેલી અવસ્થા હોવી તે. A state of being perilous.

Perimeter (પેરિમીટર્), *n.* આકૃતિ મર્યાદા; પરિમિતિ; પરિમાણ. The sum of the bounding lines.

Period (પીરિઍડ્), *n.* વખત; કાળ; સમય. A limited portion of time; a short duration. 2. કાળમાન; જમાનો; યુગ. An age. 3. અવસ્થા; દશા; મુદત; વાયદો. A term; a duration of time. 4. છેવટ; અંત; આખરી કાળ. An end; a conclusion. 5. ગાયનનું વાક્ય; ચરણ; ટેક. A musical sentence; a rhyme.

Periodical (પીરિઍડિકૅલ્), *a.* ચોક્કસ મુદતે બનતું; અમુક વખતે નીકળતું–થતું; સામયિક. Happening at a fixed period; pertaining to a period or periods. *n.* વર્તમાન પત્ર; માસિક ચોપાનિયું. A newspaper; a magazine.

Periphery (પેરિફેરિ), *n.* ઘેરો; ઘેરાવો; પરિઘ; કોઇપણ ચીજની સપાટી. The circumference; the outward portion of a body.

Periphrasis (પેરિફ્રૅસિસ્), *n.* લાંબું વર્ણન કરી બોલવું તે–કહેવું તે; લંબાણમાં સમજાવવું તે. A round-about expression; a circumlocution.

Perish (પેરિશ્), *vt. vi.* મારી નાંખવું; નાશ કરવો. To destroy; to ruin. 2. મરી જવું; વિનાશ થવો; લય પામવું. To die; to decay.

Perishable (પેરિશેબલ્), *a.* નાશ પામે એવું; મરી જાય તેવું; નાશવંત. Liable to perish; subject to decay.

Periwig (પેરિવિગ્), *n.* બનાવટી વાળની ટોપી; નિમાળાની ટોપી. A small wig. *vt.* નિમાળાની ટોપી પહેરાવવી. To dress with a periwig.

Periwinkle (પેરિવિન્ક્લ્), *n.* ગોકળ ગાય; એક પ્રકારનું છીપમાં રહેનારૂં જીવડું. A snail; an insect living in a sea-shell.

Perjure (પર્જ્યૂર્), *vt. pr. p.* **Perjuring.** *imp. & p. p.* **Perjured.** ખોટા સોગન ખાવા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટા સોગન ઉપર સાહેદી પુરવી; પ્રતિજ્ઞા ભંગ કરવી. To swear falsely; to make a false oath in the court of justice.

Perjurer (પર્જ્યૂરર), *n.* ખોટા સોગન ખાનાર; પ્રતિજ્ઞા ભંગ કરનાર; કસમ તોડનાર. One, who perjures.

Perjury (પર્જ્યૂરિ), *n.* જુઠા સોગન; ખોટી પ્રતિજ્ઞાનો ગુન્હો. An act of perjuring; an act of taking a false oath as a witness.

Perk (પર્ક), *vt. vi.* માનમાં રહેવું; ગુમાનમાં રહેવું; તોરમાં રહેવું–ચાલવું. To hold oneself arrogantly; to exalt oneself.

Permanence (પર્મૅનેન્સ), *n.* કાયમપણું; સ્થાયિત્વ; સ્થીરતા; શાશ્વતતા. Duration; stability; a state of being permanent.

Permanent (પર્મૅનેન્ટ), *a.* હંમેશનું; કાયમ; ચિરસ્થાયી; જથુનું. Perpetual; continuous; everlasting.

Permanently (પર્મૅનેન્ટ્લિ), *ad.* ચિરસ્થાયી પણે; નિત્ય; હંમેશને માટે; અચળ; અક્ષય; કાયમ. In a permanent way.

Permeable (પર્મીએબલ્), *a.* આરપાર ઉતરે એવું; વ્યાપ્ય; ભેદ્ય. Capable of being permeated; yielding passage.

Permeate (પર્મીએટ), *vt.* આરપાર નીકળી જવું; પ્રવેશ કરવો; વ્યાપવું; [illegible] જવું. To pass through the pores; to spread, to pervade.

Permissible (પર્મિસિબલ), *a.* રજા અપાય તેવું; થવા દેવા જેવું; પરવાનગી જોગ. Capable of being permitted.

Permission (પર્મિશન), *n.* રજા; પરવાનગી; છૂટ; આજ્ઞા; અનુજ્ઞા. A formal consent; a leave.

Permissive (પર્મિસિવ્), *a.* રજા આપે તેવું; પરવાનગી અથવા છૂટ આપે તેવું. Tending to permit.

Permit (પર્મિટ), *vt. pr. p.* **Permitting.** *imp. & p. p.* **Permitted.** પરવાનગી આપવી; રજા આપવી; છૂટી દેવી; સંમતિ દેવી; અનુમોદન દેવું. To grant leave; to sanction; to give a consent.

Permutation (પર્મ્યૂટેશન), *n.* અદલાબદલી; સાટું; વિનિમય; ફેરફાર. An interchanging; a reciprocal change.

Permute (પર્મ્યૂટ), *vt.* સાટું કરવું; બદલો કરવો; ફેરફારી કરવી. To interchange; to exchange.

Permuter (પર્મ્યૂટર), *n.* સાટું કરનાર; બદલો કરનાર. One, who permutes.

Pernicious (પર્નિશસ), *a.* ખરાબ કરનારૂં; ઘાતકી; હાનીકારક; ઉખડી જાય એવું; અતિશય ખરાબ. Harmful; noxious; destructive.

Perniciously (પર્નિશસ્લિ), *ad.* હાનીકારકપણે; અતિશય ખરાબ રીતે; ઘાતકીપણે. In a pernicious way.

Peroration (પેરોરેશન), *n.* ભાષણનો આખરનો ભાગ. The concluding part of a speech.

Perpend (પર્પેન્ડ), *vt.* તોલ કરવો; ખ્યાલ બાંધવો; કયાસ કરવો. To weigh carefully; to think cautiously.

Perpendicular (પર્પેન્ડિક્યૂલર), *a.* સીધું; પાધરૂં; દોર; ઉભું. Straight; erect. *n.* લંબ રેખા–રેષા; સીધી લીટી. A line falling at right angles.

Perpetrate (પર્પીટ્રેટ), *vt. pr. p.* **Perpetrating.** *imp. & p. p.* **Perpetrated.** ઘોર કર્મ કરવું; અતિશય દુષ્ટ કર્મ કરવું. To do a bad or vile work. **2.** કરવું; બજાવવું; સાધવું. To do; to carry on.

Perpetration (પર્પીટ્રેશન), *n.* ઘોર કર્મ કરવું તે; કર્મનું આચરણ. An act of committing a bad work.

Perpetrator (પર્પીટ્રેટર), *n.* ઘોર કર્મ કરનાર; દુષ્ટ કામ બજાવનાર; કાર્ય કરનાર. One, who perpetrates.

Perpetual (પર્પેટ્યૂઅલ), *a.* નિરંતર; અખંડ; જથુનું; હંમેશનું. Continuous; everlasting.

Perpetually (પર્પેટ્યૂઅલ્લિ), *ad.* નિરંતર રીતે; અખંડ રીતે; જથુનું. In a perpetual way; continuously.

Perpetuate (પર્પેટ્યૂએટ), *vt.* હંમેશ રહે તેમ કરવું; ચિરસ્થાયી બનાવવું; કાયમ રીતે સ્થાપવું. To make perpetual.

Perpetuity (પર્પેટ્યૂઇટિ), *n.* નિત્યતા; અનંતતા; અચળપણું; હંમેશ રહેવું તે. A state of being perpetual; endlessness.

Perplex (પર્પ્લેક્સ), *vt.* ગુંચવવું; ગભરાવવું; અકળાવવું; ભુલાવવું; મુંઝવણમાં નાંખવું. To embarass; to entangle; to puzzle.

Perplexity (પર્પ્લેક્સિટિ), *n.* ગુંચવણ; ગભરાટ; મુંઝવણ; સપડામણ; વ્યગ્ર સ્થિતિ. An embarassment; a state of being perplexed.

Perquisite (પર્ક્વિઝિટ), *n.* દસ્તુરી; લવાજમ; સુખડી; પગાર ઉપરાંત મળેલું લવાજમ; હકસાઇ. An extra gain or income in addition to one's salary or pay.

Perquisition (પર્ક્વિઝિશન), *n.* સંપૂર્ણ તપાસ; પુરેપુરી માહીતિ. A complete search or information.

Persecute (પર્સીક્યૂટ), *vt.* જુલમ ગુજારવો; દુઃખ દેવું; ત્રાસ આપવો; હેરાન કરવું; સતાવવું. To harass; to oppress.

Persecution (પર્સીક્યૂશન), *n.* જુલમ; ઉપદ્રવ; ત્રાસ. An act of persecuting; an oppression. **2.** બજાવણી; કામ ચલાવવું તે. A prosecution.

Persecutor (પર્સીક્યૂટર), *n.* જુલમ કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રાસ આપનાર; દુઃખ દેનાર. One, who persecutes.

Perseverance (પર્સીવીરૅન્સ), *n.* ખંત; ઉદ્યોગ; ખંતથી કામમાં વળગ્યા રહેવું તે. A habitual pursuit in a work; an act of persevering.

Persevere (પર્સીવીર), *vt.* ની પાછળ લાગવું; ખંતથી વળગવું; મચ્યા રહેવું; ખંતથી કામ કરવું. To work diligently; to persist in any attempt.

Perseveringly (પર્સીવીરિન્ગ્લિ), *ad.* ખંતથી; અત્યાગ્રહપૂર્વક; અતિશય શ્રમપૂર્વક. In a persevering way.

Persist (પર્સિસ્ટ), *vi.* આગ્રહ કરવો; ખેંચતાણ કરવી; કામમાં લાગવું-વળગવું. To press; to continue steadily.

Persistence,-cy (પર્સિસ્ટેન્સ,-ન્સિ), *n.* આગ્રહ; હઠ; ખંતથી કામે લાગવું તે. A state of being persistent; diligence.

Persistent (પર્સિસ્ટેન્ટ), *a.* ખંતીલું; આગ્રહી; ખેંચતાણ કરે તેવું; જક્કી. Diligent; persevering.

Person (પર્સન), *n.* આદમી; પુરૂષ; આસામી. A male or a female; a human being. **2.** શરીર; દેહ. The body. **3.** વેશ; મૂર્તિ; આકાર. A character; a form.

Personage (પર્સોનેજ), *n.* નામીચું માણસ; ગૃહસ્થ; પ્રતિષ્ઠિત પુરૂષ. A famous person; a man of renown. **2.** નાટકમાં અમુક વેષ ધારણ કરવો તે. Character assumed in a play.

Personal (પર્સૉનલ), *a.* મનુષ્યનું; શરીરનું; દેહનું. Of a person; relating to the human body. **2.** ખાનગી; ખુદ પોતાનું. Private; not public. **3.** પુરૂષવાચક. Denoting a person (in grammar).

Personality (પર્સોનૅલિટિ), *n.* પોતાપણું; વિશેષ જીવત્વ; વ્યક્તિ. An individual; that which makes distinction in a person.

Personally (પર્સોનૅલલિ), *ad.* જાતેજ; પોતેજ. In person; in a personal way.

Personalty (પર્સૉનલ્ટિ), *n.* માણસાઇ; મનુષ્યત્વ. A state of being a person. **2.** જંગમ મિલ્કત. Personal property.

Personate (પર્સોનેટ), *vt.* ખોટો ડોળ કરવો; ઢોંગ કરવો; સ્વરૂપ ધારણ કરવું; વેષ લેવો. To assume the character of; to counterfeit; to pretend; to disguise. **2.** વખાણવું; સ્તુતિ કરવું. To extol; to praise. **3.** નું રૂપ આપવું. To personify.

Personation (પર્સોનેશન), *n.* વેષ ધારણ કરવો તે; રૂપ લેવું તે; ખોટો ડોળ દેખાડવો તે. An act of personating.

Personification (પર્સૉનિફિકેશન), *n.* નિર્જીવ વસ્તુને જીવતા માણસના જેવાં લક્ષણ આપવા તે; ચેતન ધર્મારોપ. An act of personifying.

Personify (પર્સૉનિફાઇ), *vt. pr. p.* **Personifying.** *imp. & p. p.* **Personified.** માણસ રૂપ આપવું; ચેતન રૂપ આપવું; ચેતન ધર્મ ગણવું. To regard as a person; to impersonate.

Personnel (પર્સોનેલ), *n.* કોઇ સાર્વજનિક ખાતામાં કામે લાગેલા માણસો. A body of persons, employed in some public function.

Perspective (પર્સ્પેક્ટિવ), *n.* દુર્બિન; આરપાર દેખાય એવો કાચ. A telescope. **2.** દેખાવ; ચિત્ર. A view; a picture. **3.** આબેહુબ ચિત્ર પાડવાની વિદ્યા. An art of representing in a real picture. *a.* દૃષ્ટિશાસ્ત્ર સંબંધી-વિષયક. Relating to the science of vision.

Perspicacious (પર્સ્પિકેશસ), *a.* તીક્ષ્ણ દૃષ્ટિનું; તીવ્ર બુદ્ધિનું; સમજવાની શક્તિવાળું. Keen-sighted; acute or sharp in discerning.

Perspicacity (પર્સ્પિકૅસિટિ), *n.* તીક્ષ્ણ દૃષ્ટિ; બારીક નજર; કુશાગ્ર બુદ્ધિ. A state of being perspicacious; keen-sightedness.

Perspicuity (પર્સ્પિક્યૂઇટિ), *n.* સરળતા; સ્પષ્ટતા; ચોખ્ખાઇ. A state of being perspicuous; clearness; simplicity.

Perspicuous (પર્સ્પિક્યૂઅસ), *a.* સમજાય એવું; સ્પષ્ટ; સરળ; ચોખ્ખું; વ્યક્ત. Clear to the understanding; free from an ambiguity.

Perspicuously (પર્સ્પિક્યૂઅસલિ) *ad.* સમજાય તેવી રીતે; સ્પષ્ટ રીતે; ચોખ્ખી રીતે. Clearly; in a perspicuous way.

Perspiration (પર્સ્પરેશન), *n.* પરસેવો; પસીનો; પરસેવો છૂટવો તે. Sweat; an act of perspiring.

Perspire (પર્સ્પાઇર), *vt. vi.* પરસેવો નીકળવો; પરસેવો થવો-છૂટવો. To sweat; to excrete matter through the skin.

Persuade (પર્સ્વેડ), *vt. pr. p.* **Persuading.** *imp. & p. p.* **Persuaded.** સમજાવવું; દલીલ સાથે કહેવું; મન ફેરવવું; મનમાં ઠસાવવું. To reason with; to plead; to change the mind by some words.

Persuasible (પર્સ્વેઝિબલ), *a.* સમજાવી શકાય એવું; મનને અસર થાય તેવું. Capable of being persuaded.

Persuasion (પર્સ્વેઝ્હન), *n.* સમજાવવું તે; મન મનાવવું તે. An act of persuading. **2.** નિર્ણય; સંશય છેદ; ભરોસો; આકીન A decision; a creed; a belief.

Persuasive (પર્સ્વેઝિવ), *a.* સમજાવીને મન ફેરવી નાંખે એવું; પ્રબોધક; આકીન અથવા વિશ્વાસ બેસાડે તેવું. Tending to persuade.

Pert (પર્ટ), *a.* ચપળ; ચંચળ. Brisk; active; lively. **2.** ખુલ્લું; ઉઘાડું; સાફ. Open; clear. **3.** તોછડું; અવિવેકી. Impudent; immodest.

Pertly (પર્ટલિ), *ad.* ચંચળતાથી; ચપળતાથી; ખુલ્લી રીતે. Actively; briskly; openly.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Pertness (પર્ટ્નેસ્), *n.* ચપળતા; ચાલાકી; તોછડાઇ; ખુલ્લેખુલ્લી હકીકત. Activity; liveliness; frankness.

Pertain (પર્ટેન્), *vi.* -નું હોવું;-ને લગતું હોવું; સંબંધ ધરાવવો. To belong; to have reference to.

Pertaining (પર્ટેનિંગ્), *a.* લગતું; ની બાબતનું; નિસબતનું. With reference to; belonging to.

Pertinacious (પર્ટિનેશસ્), *a.* આપમતિયું; હઠીલું; દુરાગ્રહી; જક્કી; સ્થિર; અડગ. Adhering to one's own opinions; obstinate; resolute; steady.

Pertinacity (પર્ટિનૅસિટિ), *n.* હઠ; મમત; દુરાગ્રહ; ખંત. Obstinacy; perseverance.

Pertinenc,-cy (પર્ટિનેન્સ્,-ન્સિ), *n.* હાથમાં લીધેલી વાતનો લાયક સમય-વખત; પ્રસંગ; યોગ્યતા; પ્રસ્તુતાનુસાર. A state of being pertinent; relevance.

Pertinent (પર્ટિનેન્ટ્), *a.* સંબંધ રાખતું; પ્રસંગોપાત; યથાયોગ્ય; Relevent; suitable to the opportunity or time.

Perturb (પર્ટર્બ્), *vt.* ડોળી નાંખવું; ક્ષોભ કરાવવો; સંતાપ કરાવવો; ગભરાવી નાંખવું. To disturb; to agitate; to confuse.

Perturbable (પર્ટર્બેબલ્), *a.* ડોળી નંખાય તેવું; ~~ક્ષોભ કરાવવો તેવું;~~ ગભરાવી નાંખે તેવું. Capable of being perturbed or agitated.

Perturbation (પર્ટર્બેશન્), *n.* વ્યગ્રતા; વ્યાકુળતા;ક્ષોભ;ઉદ્વેગ. Agitation; mental uneasiness.

Perturber (પર્ટર્બર્), *n.* ક્ષોભ પમાડનાર; ગભરાવનાર; ઉદ્વેગ પમાડનાર. One, who perturbs.

Perusal (પેર્યૂઝેલ્), *n.* અધ્યયન; પઠન; વાંચન. An act of perusing; a study; a deep reading.

Peruse (પેર્યૂઝ્), *vt.* વાંચવું; વાંચીને ધ્યાનમાં લેવું; નિરીક્ષણ કરવું. To read; to read carefully; to observe.

Peruser (પેર્યૂઝર્), *n.* અધ્યયન કરનાર; ઉંડી રીતે વાંચનાર; પારાયણ કરનાર. One, who peruses.

Pervade (પર્વેડ્), *vi.* બધે પ્રસરી જવું; સર્વવ્યાપક હોવું; સર્વત્ર ફેલાઇ જવું. To pass through the whole extent of; to flow through.

Pervasion (પર્વેઝ્હન્), *n.* ફેલાઇ જવું તે; વ્યાપકપણું; પ્રસરી રહેવું તે. An act of pervading.

Pervasive (પર્વેઝિવ્), *a.* સઘળી જગ્યાએ ફેલાઇ જાય તેવું; વ્યાપક. Tending to pervade.

Perverse (પર્વર્સ્), *a.* જક્કી; અડીઅલ; ઉંધું; ન સમજે તેવું. Obstinate; stubborn; cross. **2.** વાંકું; અવળું. Turned aside or away.

Perverseness (પર્વર્સ્નેસ્), *n.* જક્ક; અડીઅલપણું; આડાઇ; હઠ. Stubbornness; a state of being perverse.

Perversion (પર્વર્સન્), *n.* વિકાર; વિકૃતિ; ખરાબી; બગડી જવું તે. A change for something worse.

Perverseness. [**Perversity** (પર્વર્સિટિ), *n.* Same as,

Pervert (પર્વર્ટ્), *vt.* અવળે માર્ગે ચાલવું; ઉલટો અર્થ કરવો; ખરાબ રસ્તો સૂજવો; ભ્રષ્ટ કરવું. To turn from right; to corrupt. *n.* વટલેલ અથવા ભ્રષ્ટ પુરૂષ. One, who has been corrupted.

Pervertible (પર્વર્ટિબલ્), *a* અવળે માર્ગે દોરાય તેવું;ભ્રષ્ટ થાય તેવું. Capable of being perverted.

Pervious (પર્વિઅસ્), *a.* પ્રવેશ કરે તેવું; દાખલ થાય તેવું; ભેદ્ય. Capable of being penetrated.

Pessimism (પેસિમિઝમ્), *n.* દુનિયામાં દુઃખ અને અનર્થ સિવાય કંઇ જોવામાં આવતું નથી તેવો મત; નિર્વેદવાદ. A doctrine that the present state of things tends to misery and evil.

Pessimist (પેસિમિસ્ટ્), *n.* દુનિયામાં દુઃખ અને અનર્થ સિવાય કંઇ જોવામાં આવતું નથી તેવો મત ધરાવનાર. One who advocates pessimism.

Pest (પેસ્ટ્), *n.* મરકી; રોગ; રોગચાળો; 'પ્લેગ'. A plague; a pestilence. **2.** (*fig.*) ઉપાધિ; સંકટ અથવા મુશ્કેલીનું કારણ. A nuisance; a source of trouble.

Pester (પેસ્ટર્), *vt.* હેરાન કરવું; દુઃખ દેવું; સંતાપવું; પજવવું. To distrub; to oppress; to trouble.

Pestiferous (પેસ્ટિફરસ્), *a.* પ્રાણનારાક; વિનાશક; રોગ ઉત્પન્ન કરે તેવું; હાનીકારક. Pestilent; noxious.

Pestilence (પેસ્ટિલેન્સ્), *n.* રોગ; મરકી; ચેપી રોગચાળો. An epidemic disease generally known as the plague.

Pestilent (પેસ્ટિલેન્ટ્), *a.* મરકી લાવનાર; રોગ લાવનાર; જીવલેણ; ઉપાધિકારક. Containing pestilence; troublesome. [**Pestilent.**

Pestilential (પેસ્ટિલેન્શૅલ્), *a.* Same as,

Pestle (પેસલ્), *n.* દસ્તો; પરાર; સાંબેલું. An implement used in pounding any matter. *vt.* દસ્તાથી ખાંડવું. To pound with a pestle.

Pet (પેટ્), *n.* વ્હાલું; લાડકું; પ્રિય. A favourite; a darling. **2.** સ્વભાવમાં ખોટું લાગે તેવો સ્વભાવ. A slight peevish nature. *vt. vi. pr. p.* **Petting.** *imp.* & *p. p.* **Petted.** લાડ લડાવવાં; અતિશય પ્રિય તરીકે માનવું. To fondle; to indulge.

Pettish (પેટિશ્), *a.* રીસાળ; વચકાખોર; વાંધા પાડનાર Peevish; slightly prone to anger.

Petal (પેટલ્), *n.* પાંખડી; ફુલની પાંદડી; પુષ્પદલ. A leaf of a flower.

Petit (પીટિટ્), *a.* નાનું; હલકું; ક્ષુદ્ર. Small;little.

Petition (પીટિશન્), *n.* અરજી; અરજી; વિનંતી; પ્રાર્થના. A request; a supplication; a formal written request. *vt. vi.* અરજી કરવી; વિનંતી પત્ર મોકલવો-લખવો. To make a petition; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

write a request.

Petitioner. (પીટિશનર્), *n.* અરજ કરનાર; અરજદાર; વિનંતી પત્ર આપનાર; અરજી લખી આપનાર. One, who petitions.

Petrifaction (પેટ્રિફૅક્શન્), *n.* પત્થર થઇ જવાની ક્રિયા; પત્થરરૂપે થઈ ગયેલો કોઈપણ પદાર્થ. A process or manner of changing into stone.

Petrify (પેટ્રિફાઇ), *vt. vi. pr. p.* **Petrifying.** *imp. & p. p.* **Petrified.** પત્થર કરવો; પદાર્થને પત્થરના રૂપમાં ફેરવવું. To make a stone of; to change into the form of stone. **2.** (*fig.*) કઠણ બનાવવું; સખ્ત કરવું; વજ્રમય બનાવવું-થવું. To harden; to paralyze; to be hard-hearted.

Petrography (પેટ્રૉગ્રૅફિ), *n.* રસાયણિક રીતે ખડકો અથવા ખડકોના પત્થરનું વર્ણન. A scientific description of rocks.

Petrol (પેટ્રૉલ), *n.* પત્થરમાંથી નીકળતું એક જાતનું તેલ; 'પેટ્રોલ'. Petroleum spirit. [**Petrol.**

Petroleum (પેટ્રોલીઅમ્), *n.* Same as,

Petticoat (પેટિકોટ્), *n.* ઘાઘરો; ચણીઓ. A loose underwear used by females. **2.** (*fig.*) ઓરત; સ્ત્રી. A female; a woman.

Pettifogger (પેટિફૉગર્), *n.* રેંજી પેંજી વકીલ; મુખત્યાર વકીલ. An inferior type of a lawyer.

Pettiness (પેટિનેસ), *n.* હલકાપણું; લઘુતા; નજીવાપણું. Smallness; a state of being a trifle.

Petty (પેટિ), *a.* નાનું; હલકું; નજીવું; સહેજ. Small; little; trifling.

Petulance,-cy (પેટ્યૂલૅન્સ,-ન્સિ), *n.* ચીડ; ઝનૂન; રીસાળપણું. Peevishness; a state of being petulant.

Petulant (પેટ્યૂલૅન્ટ્), *a.* ચીડીયું; ઝાંઝી; ઝનુની. Peevish; prone to anger; fretful.

Petulantly (પેટ્યૂલૅન્ટ્લિ), *ad.* ચીડીઆ સ્વભાવથી; રિસાળપણે; ઝાંઝી સ્વભાવપૂર્વક. In a petulant way.

Pew (પ્યૂ), *n.* દેવળમાંનું આસન-બેઠક. A seat in a church. **2.** દેવળમાંનો મંડપ. An inclosure in a church. *vt.* બેઠક બનાવવી; મંડપ બાંધવો. To furnish with a pew or pews.

Pewit (પીવિટ્), *n.* ટીટોડી-ડો. A lapwing.

Pewter (પ્યૂટર્), *n.* જસત. An alloy of tin and lead. **2.** જસતનું; જસતમય. Of or containing pewter.

Pewterer (પ્યૂટરર્), *n.* જસતના પતરાનાં વાસણો, વિ૦ બનાવનાર. One, who makes the articles of pewter.

Phaeton (ફેઇટૉન્), *n.* ચાર પૈડાની બે ઘોડાની ખુલ્લી ગાડી. An open four-wheeled carriage drawn by two horses.

Phalanx (ફૅલૅન્ક્સ), *n.* ફોજની રચના; સૈન્ય વ્યૂહ. Troops in close array.

Phantasm (ફૅન્ટૅઝમ્), *n.* વિચાર; ઝંખના; મનોરથ. A fancy; a notion; a dream.

Phantastic (ફૅન્ટૅસ્ટિક્), *a.* ખોટું; કલ્પનામય; કલ્પિત. Imaginary; unreal.

Phantasy (ફૅન્ટૅસિ), *n.* તુરંગ; કલ્પનાશક્તિ. A whim; a caprice; an ideal image.

Phantom (ફૅન્ટમ્), *n.* ભૂત; પિશાચ; વૈતાળ. A spirit; a ghost. **2.** આભાસ; ઝંખના; કલ્પના. An apparition; an ideal image.

Phantomastic (ફૅન્ટમૅસ્ટિક્) *a.* ભૂત, પિશાચને લગતું; ઝંખનામય; કલ્પિત. Of or pertaining to a phantom.

Pharisaism (ફૅરિસેઇઝમ્), *n.* ધર્મના બહારના આચાર વિચાર વિગેરે; બગ ભગતપણું; ધાર્મિક ઢગપણું. Outward religious observances; hypocrisy in religion.

Pharmacopoeia (ફાર્મૅકોપીઍ), *n.* ઔષધ સંગ્રહ; ઓસડ તૈયાર કરવા બાબતનો ગ્રંથ-પુસ્તક. A book or a treatise describing the drugs and their uses. **2.** ઔષધ બનાવવાનું કારખાનું. A chemical laboratory.

Pharmacy (ફાર્મૅસિ), *n.* ઓસડ વિગેરે તૈયાર કરવાનો ધંધો. An occupation of preparing drugs, etc. **2.** ઔષધ ક્રિયાશાળા. A medical store-room.

Phase (ફેઝ્), *n.* દર્શન; [illegible] sight. **2.** ચંદ્રની કળા. An illumination in the disc of the moon.

Phasis (ફેસિસ્), *n. pl.* **Phases.** ચંદ્ર અથવા કોઇ બીજા ગ્રહનો પ્રકાશિત ભાગ; ચંદ્રકળા; કળા. A phase.

Phenomenon (ફીનૉમેનૉન્), *n. pl.* **Phenomena.** દ્રષ્ટિ વિષય; ચમત્કાર; વિલક્ષણ વસ્તુ. Any visible thing; any wonderful appearance.

Phial (ફાઇઍલ્), *n.* શીશી; બાટલી. A bottle. *vt. pr. p.* **Phialling.** *imp. & p. p.* **Phialled.** શીશીમાં ભરવું-રેડવું. To put or fill in a phial.

Philanthropic,-al (ફિલૅન્થ્રૉપિક્,-કૅલ્), *a.* પરોપકારી; પરદુઃખભંજન; વિશ્વપ્રેમી; જનહિતકારી. Benevolent; bearing good will towards all human beings.

Philanthropist (ફિલૅન્થ્રૉપિસ્ટ્), *n.* પરગજુ માણસ; જગમિત્ર; પરદુઃખભંજન પુરૂષ; વિશ્વપ્રેમી. One, who practises philanthropy.

Philanthropy (ફિલૅન્થ્રૉપિ), *n.* પરગજુપણું; ઉપકારશીલતા; લોકોપકાર બુદ્ધિ; ભૂત દયા. Love towards humanity; benevolence to mankind.

Philogyny (ફિલૉજિનિ), *n.* સ્ત્રીઓના સહવાસ માટેની પ્રીતિ; નારી આકર્ષણ વૃતિ. Fondness for females.

Philologist (ફિલૉલૉજિસ્ટ્), *n.* ભાષાશાસ્ત્રી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દશાસ્ત્ર વેત્તા; ભાષા વિશારદ. One, well-versed in philology. [Philologist.

Philologer (ફિલૉલૉજર્), *n.* Same as,

Philology (ફિલૉલૉજિ), *n.* ભાષાશાસ્ત્ર; શબ્દશાસ્ત્ર; વ્યુત્પત્તિ શાસ્ત્ર. Grammatical learning; criticism on language.

Philosopher (ફિલૉસૉફર્), *n.* તત્વજ્ઞાની; તત્વ શોધક; વિજ્ઞાનશાસ્ત્રી; જ્ઞાનનિષ્ટ. One, who is devoted to the study of wisdom of life. **Philosopher's stone,** *n.* પારસમણી; ચિંતામણી.

Philosophic,-al (ફિલૉસૉફિક્,-કૅલ્), *a.* તત્વજ્ઞાન સંબંધી; ફિલસુફની; વિજ્ઞાન-જ્ઞાનને લગતું. Pertaining to philosophy.

Philosophically (ફિલૉસૉફિકૅલ્લિ), *ad.* તત્વજ્ઞાનની દ્રષ્ટિએ; વૈજ્ઞાનિક રીતે; તત્વશોધનની દ્રષ્ટિએ. In a philosophic way.

Philosophize (ફિલૉસૉફાઇઝ્), *vt.* તત્વજ્ઞાનીની દ્રષ્ટિએ વિચારવું; તત્વનું નિરૂપણ કરવું. To reason like a philosopher.

Philosophy (ફિલૉસૉફિ), *n.* તત્વજ્ઞાન; તત્વશાસ્ત્ર; વિજ્ઞાનશાસ્ત્ર. The science, explaining the phenomena of the universe by ultimate causes.

Philter, Philtre (ફિલ્ટર્), *vt.* વશીકરણ કરવું; પ્રેમાસક્તિ મેળવે એવું કામોત્તેજક કરવું. To excite to sexual desire; to mix a potion. *n.* વશીકરણ; કામણ; સ્ત્રીએ પુરૂષને અને પુરૂષે સ્ત્રીને વશ કરવાને કરેલું કામણ. A potion, meant for the excitement of love.

Phlebotomy (ફ્લેબૉટોમિ), *n.* ફસ ખોલવી તે; ફસ ખોલીને રકતસ્રાવ કરાવવો તે. An act of opening a vein for letting blood.

Phlegm (ફ્લેમ્), *n.* કફ; સળેખમ; બળખો. A viscid matter discharged by coughing. **2.** (*fig.*) ઠંડી; સુસ્તી. Coldness; dulness.

Phlegmatic,-al (ફ્લેગ્મૅટિક્,-કૅલ્), *a.* કફનું; સળેખમ સંબંધી; સુસ્ત; મંદ. Pertaining to phlegm.

Phoenix (ફિનિક્સ્), *n.* એક કલ્પિત પક્ષી. A bird of ancient legend. **2.** અપ્સરા; પરી; કામદેવ. A damsel; a person of extraordinary beauty.

Phonograph (ફોનોગ્રૅફ્), *n.* સ્વરસંકેત; ઉચ્ચાર માટે શબ્દ ઉપર મૂકવામાં આવતી નિશાની. A type for expressing a sound. **2.** 'ફોનોગ્રેફ'. An instrument for the reproduction of sounds.

Phonographer (ફોનોગ્રૅફર્), *n.* સ્વર નિયમ શાસ્ત્ર જાણનાર; 'ફોનોગ્રેફ' બનાવનાર-દુરસ્ત કરનાર. One, versed in phonography.

Phonography (ફોનોગ્રૅફિ), *n.* સ્વર નિયામક શાસ્ત્ર. A description of sounds; an art of using a phonograph.

Phosphorus (ફૉસ્ફૉરસ્), *n.* એક જાતનો પીળો પદાર્થ; 'ફોસ્ફરસ'. A solid combustible substance.

Photograph (ફોટૉગ્રૅફ્), *n.* છબી; તસ્વીર; યાંત્રિક ચિત્ર. A picture or likeness taken by photography. *vt.* છબી પાડવી; ફોટો લેવો; તસ્વીર પાડવી. To produce an image by a photographic means.

Photographer (ફોટૉગ્રૅફર્), *n.* ફોટોગ્રેફ લેનાર; છબી પાડનાર; તસ્વીર લેનાર. One, who practises in photography. [Photographer.

Photographist (ફોટૉગ્રૅફિસ્ટ્), *n.* Same as,

Photography (ફોટૉગ્રૅફિ), *n.* સૂર્યના અજવાળાથી છબી પાડવાની કળા; યાંત્રિક ચિત્રકળા. A process of producing pictures by the light of the sun, with some chemicals.

Photology (ફોટૉલૉજિ), *n.* તેજ અથવા પ્રકાશ સંબંધી માહિતી આપનારૂં શાસ્ત્ર. The science of light and its phenomena.

Photometer (ફોટૉમેટર્), *n.* પ્રકાશ તીવ્રતામાપક યંત્ર. An instrument measuring the intensity of light.

Phrase (ફ્રેઝ્), *n.* વાક્યનો ભાગ; ઉપવાક્ય. A short or brief part of a sentence. **2.** નાનું વાક્ય; કહેવત. A pithy saying; a proverb. *vt.* નામ પાડવું; ઉપમા આપવી; શબ્દથી વાપરવું. To call; to express.

Phraseology (ફ્રેઝીઑલૉજિ), *n.* બોલવા લખવાની ઢબ; ઈબારત; વાપરેલા શબ્દો. Manner of of expression; a collection of phrases.

Phrenology (ફ્રેનૉલૉજિ), *n.* મગજશાસ્ત્ર; કપોળ શાસ્ત્ર. The science of the special functions of the brain.

Phrensy (ફ્રેન્ઝિ), *n.* ઉન્માદ; ઝનુન; ચિત્તવિભ્રમ. Mental excitement; delirium.

Phthsis (થાઇસિસ્), *n.* ક્ષયરોગ; કફ ક્ષય. Consumption of the tissues.

Phylactery (ફિલૉક્ટરિ), *n.* મંત્રેલું માદલિયું; તાવીજ; રક્ષાબંધન. An amulet worn against some evil.

Physic (ફિઝિક્), *n.* વૈદું; દવા; ઓસડ. An act of curing diseases; an application of medicines for some relief. *vt.* ઓસડ કરવું; ઉપચાર કરવા; સારૂં કરવું; મટાડવું. To treat with medicine; to remedy.

Physical (ફિઝિકૅલ્), *a.* દૈહિક; પ્રાકૃતિક; જડ; ભૌતિક. Bodily; pertaining to nature; relating to senses; material.

Physically (ફિઝિકૅલ્લિ), *ad.* પ્રાકૃતિક રીતે; જડપણે; શારીરિક રીતે. In a physical way.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Physician (ફિઝિશૅન્), *n.* વૈદ; હકિમ; દાકતર. A person skilful in the art of healing; one, who prescribes remedies for diseases.

Physics (ફિઝિક્સ્), *n.* ભૌતિક વિદ્યા; પદાર્થ વિજ્ઞાન શાસ્ત્ર; સ્થૂળ પદાર્થ શાસ્ત્ર. The science, dealing on natural forces or objects.

Physiognomist (ફિઝિઑગ્નૉમિસ્ટ્); *n.* મુખ સામુદ્રિક જાણનાર; મુખ લક્ષણવેત્તા; મુખાકૃતિ જોઇને નશીબ કહેનાર. One clever in physiognomy.

Physiognomy (ફિઝિઑગ્નૉમિ), *n.* ચહેરો; સિકલ; મુખમુદ્રા. The face; the countenance. **2.** ચહેરા ઉપરના ભાવ. Expressions on the face. **3.** ચહેરા ઉપરાથી સ્વભાવની પરીક્ષા; મુખસામુદ્રિક. An art of foretelling events by the features of the face.

Physiologist (ફિઝિઑલૉજિસ્ટ્), *n.* સર્વેન્દ્રિય શાસ્ત્રી; પ્રાણી શાસ્ત્રવેત્તા. One, who is a student of physiology.

Physiology (ફિઝિઑલૉજિ), *n.* પ્રાણીશાસ્ત્ર; સર્વેન્દ્રિયશાસ્ત્ર; માનસેન્દ્રિય શાસ્ત્ર. The science, which treats of the phenomena of all kinds of living creatures.

Physique (ફિઝિક્), *n.* શરીરનું બંધારણ; શારીરિક બાંધો; કાઠું. A structure of a person; a constitution of a person.

Piazza (પિઍઝ્), *n.* મહેરાબદાર થાંભલાની ચાલ-ચાલી. A portico; a rectangular space surrounded by buildings.

Pica (પાઇકૅ), *n.* એક જાતના ટાઇપ. A large type of printing types.

Pice (પાઇસ્), *n. pl.* **Pice.** પૈસો; દમડી; ફદિયું. A copper coin worth one-fourth of an anna.

Pick (પિક્), *vt. vi.* તોડવું; ચુંટવું; વીણવું; ઉપાડી લેવું; એકદમ ઝડપીને લેવું. To pluck; to take up; to collect. **2.** ધીમે ધીમે ખાવું-ચાવવું. To eat slowly. **3.** ચાંચ મારવી; કોચવું. To peck; to prick. *n.* અણીવાળું ઓજાર-હથિયાર; તીક્ષ્ણ હથિયાર; આર. A pointed instrument; a sharp point. **2.** પસંદગી; પસંદ કરવાનો હક. A choice; a right of selection.

Pick-axe (પિક્-ઍક્સ્), *n.* તીકમ; કોદાળી; ચાંચવો. A pick with a sharp point.

Picket (પિકેટ્), *n.* ગરજો; અણીદાર ખુંટો-ખીલો. A pointed spike or nail. **2.** લશ્કરની નાની ટુકડી. A small detachment of soldiers. *vt.* ખીલાથી મજબુત કરવું; ખીલે બાંધવું. To fasten with spikes; to fortify with the pointed spikes.

Pickle (પિક્લ્), *n.* આથણું; અથાણું. Fruit or vegetable preserved. *vt.* અથાણું કરવું; આથણું ભરવું. To keep fruits or vegetables preserved.

Pick-lock (પિક્-લૉક્), *n.* તાળું અથવા કળ ઉઘાડવાની સળી. A spike for picking locks. **2.** તાળાં તોડનાર ચોર; તાળું ઉઘાડીને ચોરી કરનાર. A thief; one, who picks locks.

Pick-pocket (પિક્-પૉકેટ્), *n.* ગજવાકાતરૂ; ખિસાકાતરૂ; ગઠીઓ. One, who steals any article from a pocket.

Picnic (પિક્નિક્), *n.* વાડીમાં જઇને કીધેલી ઉજાણી; જાફત; વનભોજન. A feast; an entertainment in an open air. *vi.* ઉજાણીમાં ભાગ લેવો; જાફત કરવી. To take part in a picnic.

Pictorial (પિક્ટોરિઍલ્), *a.* ચિતરેલું; ચિત્રથી સમજાવેલું; સચિત્ર; ચિત્રયુક્ત. Illustrated by pictures; full of pictures.

Picture (પિક્ટ્યૂર્), *n.* ચિત્ર; છબી; તસ્વીર; નકશો; આકૃતિ. An image; a likeness; a representation of any thing. **2.** ચિત્રકામ. An act of painting. *vt.* છબી ચિતરવી; ચિત્ર દોરવું. To draw in a picture; to delineate.

Picturesque (પિક્ટ્યૂરેસ્ક્), *a.* મનોહર; ખુશનુમા; લલિત; શોભાયુક્ત. Charming; attractive; pleasing. **2.** આબેહૂબ; નમૂનેદાર. Vivid; graphic.

Picturesqueness (પિક્ટ્યૂરેસ્ક્નેસ્), *n.* મનોહરતા; આબેહૂબપણું; ઉડીને આંખને બાઝે તેવી સ્થિતિ-ગુણ. A state of being picturesque.

Pie (પાઈ), *n.* પાઇ; પૈ. A coin, worth one third of a pice. **2.** શેકેલું ભજીયું. An article of food, fried and baked. **3.** બિબાંના મિશ્રિત અક્ષર. Mixed types.

Piebald (પાઇબૉલ્ડ્), *a.* પટ્ટરંગી; ચિત્ર વિચિત્ર; કાબરચિતરૂં; રંગ બેરંગી. Spotted; variegated in colours.

Piece (પીસ્), *n.* કકડો; ટુકડો; ભાગ; અંશ. A part; a portion; a division. **2.** વિદ્વતા ભરેલું લખાણ; કળા કૌશલ્યનો નમૂનો. A literary composition; a model bespeaking some fine art. **3.** સિક્કો. A coin. **4.** બંદુક; તોપ. A gun; a firearm. *vt. vi.* સાંધવું; જોડવું; જોડાવું. To unite; to join; to be united.

Piecemeal (પીસ્મીલ્), *ad.* ટુકડે ટુકડે; થોડે થોડે; કકડે કકડે. In pieces; in parts. *a.* કકડાનું બનેલું. Made up of parts.

Pier (પીર્), *n.* કમાનસારૂ મુકેલો થાંભલો; પાષાણ સ્તંભ; પુસ્તો; બાંધ. A mass of masonry, supporting an arch; a column of stones.

Pierce (પીઅર્સ્), *vt. vi. pr. p.* **Piercing.** *imp. & p. p.* **Pierced.** ભોંકવું; વિંધવું; કાણું પાડવું; છેદ કરવો; દાખલ કરવું. To penetrate; to thrust. **2.** પેસવું; દાખલ થવું. To enter as a point.

Piercing (પીઅર્સિન્ગ્), *a.* વેધક; ભોંકી દે તેવું; વિંધે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવું; છેદે તેવું. Penetrating; thrusting.

Piety (પાઇએટિ), *n.* ભક્તિ; ઈશ્વર ભક્તિ; ભાવ; ઉપાસના. Devotion; attachment to God; inclination of heart.

Pig (પિગ), *n.* હુક્કર; ભુંડનું બચ્ચું. A swine; a young one of a swine. **2** કાચી ધાતુનો જાડો કકડો. A mass of some metal. *vt.* હુક્કરની પેઠે વિઆવું; જણવું; ભુંડની માફક ભેગા રહેવું. To bring forth young ones; to remain together as pigs. **Pig-sty,** *n.* હુક્કરવાડો; ભુંડ અને તેનાં બચ્ચાંને રહેવાનું ઠેકાણું. **Pig-headed,** *a.* જક્કી; ઉદ્ધત.

Piggery (પિગરિ), *n.* હુક્કરવાડો; ભુંડણને વિઆવાનું તેમજ રહેવાનું સ્થાન. A place meant for the pigs.

Pigeon (પિજૅન્), *n.* કબુતર; કપોત. A dove. **2.** (*fig.*) છેતરાઇ જાય તેવો પુરૂષ. A person, easily beguiled. *vt.* છેતરવું; ચિરવું; કાતરવું. To deceive; to beguile. **Pigeon-hearted,** *a.* બ્હીકણ; ભીરૂ. **Pigeon-hole,** *n.* કબુતર ખાનામાં એક કબુતર રહી શકે તેટલું ખાનું. **Pigeon-house,** *n.* કબુતરનું પાંજરૂં.

Pigmean (પિગ્મીઍન્), *a.* વામનજી; ઠીંગણું. Stunted; dwarfish.

Pigment (પિગ્મેન્ટ), *n.* રંગ; ચિતારાનો રંગ. A colour used in painting. **2.** મસાલેદાર અર્ક-દારૂ. Wine flavoured with spices.

Pigmy (પિગ્મિ), *n.* વામનજી; ઠીંગણું માણસ. A short-statured person.

Pike (પાઇક), *n.* ભાલો; બરછી; અણીદાર ખીલો. A spear; a pointed nail or spike. **2.** શિખરવાળી ટેકરી. A hill with a peak. **3.** મીઠા જળમાં રહેનારી માછલી. A fresh-water fish.

Pikeman (પાઇક્મૅન), *n.* બરછી અથવા ભાલાથી સજ્જ થએલો સૈનિક. A soldier, armed with a pike.

Pilaster (પિલૅસ્ટર), *n.* ચાર ખુણાનો થાંભલો; સ્તંભ; ચોરસ થાંભલો. A square pillar projecting from a wall.

Pile (પાઈલ), *n.* ઢગલો; ગંજ; અંબાર; સમૂહ; જથ્થો. A heap; a collection. **2.** થાંભલો; ટેકો. A large pillar; a prop; a support. **3.** મોટું મકાન; ઈમારત; હવેલી. A large building. *vt.* ઢગલો કરવો; સીંચવું. To arrange in a heap; to collect; to store up.

Piles (પાઇલ્સ), *n.* હરસ; મસા; ગુદારોગ. One of the diseases.

Pilfer (પિલ્ફર), *vt. vi.* હલકી ચોરી કરવી; ચોરવું. To steal articles of small value; to commit a theft.

Pilferer (પિલ્ફરર), *n.* નાની નાની ચોરી કરનાર; ચોર. One, who pilfers.

Pilgrim (પિલ્ગ્રિમ), *n.* જાત્રાળુ; યાત્રાળુ; તીર્થ કરનાર. A way-farer; a traveller; one, who visits holy places.

Pilgrimage (પિલ્ગ્રિમેજ), *n.* જાત્રા; યાત્રા; તીર્થ; હજ. A journey or tavel to a holy place.

Pill (પિલ), *n.* દવાની ગોળી; ઓસડની ગોળી. A little ball of medicine, which is to be swallowed. *vt.* દવાની ગોળીઓ બનાવવી-વાળવી. To form in pills. **2.** લુંટવું; ચોરવું; ચામડી ઉતારવી. To rob; to plunder; to peel.

Pillage (પિલેજ), *n.* લુંટફાટ; લુંટનો માલ. Robbery; a plundering; what is got by force or robbery. *vt.* ગામ લુંટવું; લુંટફાટ ચલાવવી. To plunder; to rob.

Pillar (પિલર), *n.* મકાનનો થાંભલો; સ્તંભ; ટેકણ. A column; a pile.

Pillion (પિલ્-લિઍન્), *n.* ઘોડા ઉપર સ્ત્રીઓને બેસવાનું ગાદીવાળું જીન. A saddle used by ladies.

Pillory (પિલૉરિ), *n.* ફજેતીનું લાકડું; અપમાન સ્તંભ. A frame of wood, used to punish the offenders.

Pillow (પિલો), *n.* તકિયો; ઓશિકું. A cushion, to support the head of a person, when he is at rest. *vt.* તકીયો મુકવો; ઓશિકું રાખવું. To rest on a pillow.

Pilot (પાઇલૉટ), *n.* ભોમિયો; રક્ષક; માર્ગ બતાવનાર. A guide; a leader. **2.** બંદર પસાર કરાવી આપનાર દરિયાઈ અમલદાર; સુકાની; મોટો નાવિક. One, employed to steer a vessel. *vt.* માર્ગ બતાવવો; સુકાની તરીકે વર્તવું; રસ્તો કાઢવો; રસ્તે દોરવું. To guide; to work as a pilot. **2.** મુશ્કેલીમાં રસ્તો સુજાડવો-બતાવવો. To show the way in difficulty. **Pilot-engine,** *n.* ટ્રેનના પહેલાં રસ્તો સાફ છે કે કેમ તે તપાસ કરનાર એન્જીન.

Pilotage (પાઇલૉટેજ), *n.* સુકાનીને અથવા માર્ગ દર્શકને આપવામાં આવતું મહેનતાણું-ઇનામ; સુકાનીનું કામ. The remuneration of a pilot; the work of a pilot.

Pimento (પિમેન્ટો), *n.* ચીનીકબાલા; ચણીપબાબ. A kind of substance growing in west Indies.

Pimp (પિમ્પ), *n.* ભડવો; કુટણો. A procurer; a pander. *vt.* ભડવાઈ કરવી; દલાલી કરવી. To pander; to procure women to others for their gratification of lust.

Pimple (પિમ્પલ), *n.* ફોલ્લી; ખીલ. A small swelling of the skin.

Pin (પિન), *n.* ટાંકણી; ખીલી; મેખ. A small pointed piece of iron, mostly used in fastening the papers, etc.; a bolt. *vt. pr. p.* **Pinning.** *imp.* & *p. p.* **Pinned.** ટાંકણી ખોસવી; ખીલી મારવી. To fasten with

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a nail. 2.પૂરવું; ગોંધવું.To inclose; to confine.

Pincers (પિન્સર્સ), *n. pl.* ચીપીઓ; ચિમટો; શમેણી. An instrument, used in drawing or holding fast any material or thing.

Pinch (પિન્શ), *n.* ચીમટી; ચુંટી. A nip. 2. ચપટી; નાનામાં નાનો જથ્થો. A small quantity. 3. દુઃખ; દરદ; અડચણ. A pain; a difficulty. *vt.* ચુંટી ખણવી; ચમટી ભરવી. To bruize with a nip. 2. મુશીબતમાં લાવવું; સાણસામાં લેવું. To bring to calamity; to straiten.

Pine (પાઇન્), *vi.* મનમાં મુંઝાવું; ઝુરવું; વ્યગ્ર બનવું; વિયોગથી દુઃખી થવું; તલખવું. To languish; to lose flesh; to have a great longing for. *n.* 'પાઈન' નામનું ઝાડ અથવા તેનું લાકડું. A name of a tree or its wood. 2. અન્નસ; અનેનાસ. A pineapple. [tropical fruit.

Pine-apple (પાઈન્-ઍપલ્), *n.* અન્નસનું ફળ. A

Pinfold (પિન્-ફોલ્ડ્), *n.* ઢોરનો વાડો; ખેતર, વિ૦ સ્થળોમાં નુકશાન કરનાર ઢોરને પુરવાનો વાડો. A pound; a cattle-pound.

Pinion (પિન્યૉન્), *n.* પાંખ; પીંછું. A wing; a feather. 2. દાંતાવાળું ચક્કર. A small wheel with teeth. *vt.* પાંખો બાંધીને પુરવું. To confine by binding the wings. 3. બેડીઓ પહેરાવવી; મુશ્કેટાટ બાંધવું; બંદીવાન કરવું. To shackle; to confine; to fetter.

Pink (પિન્ક્), *n.* ગુલાબી રંગ; ખુલ્લો લાલ રંગ. A light red colour. 2. સૌંદર્યની હદ-પરાકાષ્ટા અથવા અવધિ. Any thing, which shows excellence or beauty. *vt. vi.* ભોંકવું; ખોસી દેવું; નાંખવું. To stab; to pierce. 2.કાણાં પાડવાં. To bore holes. 3. આંખ મલકાવવી-પટપટાવી. To wink. **Pink-eye,** *n.* ઘોડાને થતો એક જાતનો તાવ.

Pinnacle (પિનૅકલ્), *n.* શિખ; ટોચ; અણિદાર શિખર. A top; a lofty peak; a summit. *vt.* શિખરવાળું કરવું; અણિદાર કરવું. To furnish with a summit.

Pint (પિન્ટ્), *n.* સવાશેરના આસરાનું પ્રવાહી પદાર્થનું માપ. A measure equal to one pound and a quarter.

Pioneer (પાઇઍનીર્), *n.* પહેલ કરનાર; અગ્રેસર; શરૂઆત કરનાર. A leader; a beginner. 2. લશ્કરનો રસ્તો તૈયાર કરવા આગળથી જનાર. One who marches before the army to repair the road. *vt. vi.* રસ્તો તૈયાર કરવો; પહેલ કાઢવી. To go before and prepare the road. 2. અગ્રેસર તરીકે વર્તવું. To act as a pioneer.

Pious (પાઈઅસ્), *a.* પવિત્ર; ધાર્મિક; ભક્તિવાળું; ધર્માત્મા. Pure; religious; devoted; godly.

Piously (પાઇઅસ્લિ), *ad.* પવિત્રપણે; ધાર્મિકરીતે; ભક્તિભાવથી. Purely; in a pious way; devotedly.

Pipe (પાઇપ્), *n.* નળી; ભુંગળી. A hollow metallic tube. 2. વાંસળી; પાવો; મોરલી. A wind instrument of music. 3. ચલમ. A tube of clay or of any other material, used in smoking tobacco. *vt. vi.* વાંસળી વગાડવી; મોરલીનો નાદ કરવો; કોઈપણ વાજીંત્ર મ્હોંએથી વગાડવું. To play on the pipe. 2. તીણા અવાજથી બોલવું. To utter in a sharp tone. 3. સીસોટી જેવો અવાજ કરવો. To sound on a pipe; to whistle.

Piper (પાઇપર્), *n.* વાંસળી વગાડનાર; મોરલી વગાડનાર. One, who plays on a pipe.

Piquancy (પિકૅન્સિ), *n.* ઝણઝણાટ; તીખાશ; તમતમાટ. A quality of being piquant.

Piquant (પિકૅન્ટ્), *n.* ઝાટકો લાગે તેવું; તીખું; ધમધમાટ. Sharp; pungent.

Pique (પિક્), *n.* ચીઢ; રિસ; ચટકો; અમળાટ;લાલસા; સ્પૃહા. A feeling of vexation; a slight provocation; a keen desire. *vt. vi.* ચટકો લગાડવો; માઠું લગાડવું. To offend; to provoke.

Piquet (પિકેટ્), *n.* ગંજીફાની એક પ્રકારની રમત. A game at cards.

Piracy (પાઇરૅસિ), *n.* ચાંચિયાનું કામ; ચાંચિયાવૃત્તિ; દરિયામાં વહાણોને લુંટવાનો ધંધો. An act of a pirate; a robbery on the high seas.

Pirate (પાઇરેટ્), *n.* ચાંચિયો; વહાણ લુંટનાર. A sea-robber. 2. ચાંચિયાઓનું વહાણ. A vessel, used by sea-robbers. *vt. vi.* ચાંચિયાનો ધંધો કરવો; ચાંચિયાનું કામ કરવું. To work as a sea-robber. 9. મધ્ય દરિયે વહાણ લુંટવા. To rob the vessels on the high sea.

Piratic,-al (પાઇરૅટિક્,-કૅલ્), *a.* ચાંચિઆઓને લગતું; ચાંચિયા લોકોના વહાણ વિષે. Of or pertaining to a pirate.

Pisces (પિસીઝ્), *n.* મીન રાશી; બારમી રાશી. The twelfth sign of the Zodiac.

Pismire (પિસ્માઈર્), *n.* એક જાતની કીડી.An ant.

Piss (પિસ્), *vi.* પિશાબ કરવો; મુતરવું; લઘુશંકા કરવી. To discharge the fluid from the urinary bladder.

Pistachio (પિસ્ટૅશિઓ), *n.* પીસ્તાં; એક જાતનો મેવો. A kind of edible substance.

Pistil (પિસ્ટિલ્), *n.* ગર્ભતંતુ; ગર્ભ સ્ત્રીકેસર. The seed-bearing organ of the flower.

Pistol (પિસ્ટૉલ્), *n.* નાની બંદુક; ફોડવાની પિસ્તોલ; જંબુરો. A small fire-arm. *vi.* બંદુકથી મારવું; પિસ્તોલથી મારવું. To shoot with a pistol

Piston (પિસ્ટન્), *n.* ડટ્ટો; યંત્રોમાં પાણી ખેંચી લેવા જે ભુંગળું નક્કર હોય છે તે; દટ્ટો. A movable piece, being cylindrical in form.

Pit (પિટ્), *n.* ખાડો; ખો; કોતર. A large cav-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ity in the ground; an abyss. 2. નાટકશાળામાં છેલ્લા વર્ગની જગ્યા. The seat for the audience of the last class in a theatre. 3. અખાડો; સાઠમારીની જગ્યા. An inclosed area meant for some games. *vt. pr. p.* **Pitting.** *imp.* & *p. p.* **Pitted.** ખાડામાં મુકવું. To lay into a pit. 2. સામસામાં ઉભા કરવા. To cause to stand as rivals.

Pitch (પિચ), *n.* પ્રમાણ; દરજ્જો; શિખર; ટોચ. A proportion; a top; a peak. 2. ફેંકવું તે; નાંખવું તે. A throw; a toss. 3. સુર; અવાજનું પ્રમાણ. The gravity of sound. 4. ડામર. A coal-tar. *vt. vi.* ફેંકવું; નાંખવું; ઉછાળવું. To toss; to throw. 2. સુર બેસાડવો. To set the tune of. 3. જામવું; ઠરવું. To settle. 4. કાળું કરવું. To darken; to blacken. 5. ઢાંકવું; ઢાંકી દેવું. To cover over. **Pitch-fork,** *n.* પંચોટી. **Pitch-pipe,** *n.* સુર મેળવવાનું યંત્ર.

Pitcher (પિચર), *n.* નાળચાંવાળો ઘડો; ઘાડવો; ચંબુ. A vessel for holding liquids with a spout.

Piteous (પિટીઅસ), *a.* દયા ઉત્પન્ન કરે તેવું; દયામણું; કરૂણામય; કરૂણાથી ભરપૂર. Producing pity; compassionate. 2. લાગણી અથવા ભાવથી ભરપૂર; દિલગીરી ઉત્પન્ન કરે તેવું. Full of feelings; sad.

Piteously (પિટીઅસલિ), *ad.* દયા ઉત્પન્ન કરે તેવી રીતે; દયામણી રીતે; કરૂણાથી. In a piteous way; mournfully.

Pith (પિથ્), *n.* ગર; ગર્ભ; અંદરનો સત્વ; બીજ; મગજ. The internal substance of a fruit, or any substance. 2. સાર; તત્વ; ટુંક સાર. Cogency; a brief summary. 3. શક્તિ; સામર્થ્ય; બળ. Power; potency; vigour.

Pithless (પિથ્લેસ), *a.* સત્વ વિનાનું; સાર રહિત; નિર્માલ્ય; રસ હીન. Devoid of pith; worthless.

Pithy (પિથિ), *a.* સત્વવાળું; ગરવાળું; સાર સાથેનું; માલવાળું. Containing or having pith.

Pitiable (પિટિએબલ), *a.* દયા ઉપજાવે તેવું; કરૂણ; દયા કરવા લાયક; દયાજનક. Exciting pity; producing pity or mercy.

Pitiably (પિટિએબ્લિ), *ad.* દયા ઉપજાવે તેવી રીતે; દયાજનક રીતે. In a pitiable way.

Pitiful (પિટિફુલ), *a.* દયાળુ; દયાશીલ; દયામણું; કરૂણામય. Merciful; compassionate; tender-hearted.

Pitifully (પિટિફુલલિ), *ad.* દયા ઉપજાવે તેવી રીતે; દયામણી રીતે. In a pitiful way; mercifully.

Pitiless (પિટિલેસ), *a.* નિર્દય; દયાહીન; નિષ્ઠુર. Cruel; merciless; devoid of pity.

Pittance (પિટન્સ), *n.* નજીવી આવક; અલ્પ કમાણી-હિસ્સો; હલકો પગાર. A small income; a very small portion allowed as pay or allowance.

Pity (પિટિ), *n.* દયા; રહેમ; કરૂણા; મીઠી નજર. Compassion; a kind feeling. 2. અફસોસની વાત; દયાનું કારણ. A reason for sorrow; a thing to be sorry for. *vt. v.i. pr. p.* **Pitying.** *imp.* & *p. p.* **Pitied.** દયા બતાવવી; દયા કરવી; દયાળુ થવું. To show mercy; to be kind to.

Pivot (પિવૉટ), *n.* વચલો ઉભો રહેલો ખીલો-ખીલી; ખીલડો; ખીલી, જેમાં પરોવેલું ચક્કર ફરતું હોય તે ધરી. A short axis, on which a spherical body turns round. 2. આધાર; મુખ્ય હેતુ. A support; a turning point.

Placability (પ્લૅકબિલિટિ), *n.* શાંત પાડી શકાય એવો ગુણ; નરમ કરી શકાય તેવો ગુણ. A state of being placable.

Placable (પ્લૅકેબલ), *a.* શાંત થઇ શકે એવું; આરાધ્ય; સમજી જાય તેવું. Ready to be pacified; appeasable.

Plackard (પ્લૅકાર્ડ), *n.* જાહેર ખબર; જાહેર ખબર ચોડેલો કાગળ. An advertisement; a public notice. *vt.* જાહેર ખબર ચોડવી; જાહેર ખબરથી સૂચના આપવી. To stick a public notice; to inform by an advertisement.

Place (પ્લેસ), *vi.* મુકવું; ઠરાવવું; નિમવું; સ્થાપવું. To set; to fix; to designate. 2. મુડી તરીકે રોકવું; રોકાણ કરવું. To invest. *n.* જગ્યા; સ્થાન; સ્થળ; ઠેકાણું; ઘર; મકાન. A dwelling-house; a habitation. 2. દરજ્જો; પદવી. A rank; a position. 3. મેદાન; ચોગાન; ખુલ્લી જગ્યા. An open space. 4. ધંધો; પ્રવૃત્તિ; કાર્ય. A calling; avocation. 5. અવકાશ; જગ્યા. A room; a space. **To give place,** તાબે થવું; આધીન થવું. **To take place,** થવું; બનવું. **In place of,** ને બદલે; ની વતી.

Placid (પ્લૅસિડ), *a.* સંતોષી; શાંત; ધીમું; સૌમ્ય. Contented; quiet; gentle.

Placidity (પ્લૅસિડિટિ), *n.* સંતોષ; શાંતિ; સૌમ્યતા. Contentment; a state of being placid.

Placidness (પ્લૅસિડ્નેસ), *n.* Same as, **Placidity.**

Plagiarism (પ્લેજિઍરિઝમ્), *n.* બીજાના પુસ્તકમાંથી ચોરી કરી ગ્રંથ બનાવવો તે; ગ્રંથનો ઉતારો; લખાણની ચોરી. An act of plagiarising; a literary theft.

Plagiarist (પ્લેજિઍરિસ્ટ), *n.* બીજાના પુસ્તકમાંથી ઉતારો કરી પોતે પુસ્તક છપાવનાર; પુસ્તકના લખાણની ચોરી કરનાર One who plagiarizes.

Plagiarize (પ્લેજિઍરાઈઝ), *vt. vi.* લખાણની ચોરી કરવી; કાવ્ય ચોરી કરવી. To steal from the writings of others.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Plague (પ્લેગ્), *n.* મરકી; જીવલેણ ચેપી રોગ; An epidemic disease. **2.** વ્યાધિ;ઉપાધિ; આપદા; સંકટ. A calamity; an adversity. *vt.* મરકીથી પીડવું-પીડાવું; ચેપી રોગથી પીડાવું. To afflict with plague. **2.** પીડા કરવી; ત્રાસ દેવો; હરકત કરવી; સંતાપવું. To trouble; to harass.

Plaguy (પ્લેગિ), *a.* મરકીથી પીડાતું;મરકીના રોગવાળું; ચેપી રોગનું. Afflicted with a plague. **2.** પીડાવાળું; સંતાપ ઉપજાવે તેવું. Troublesome.

Plaid (પ્લેડ્), *n.* ઉનનું કાપડ; ચાદર; પચરંગી ફેંટો. Woollen cloth;a head-dress of variegated colours.

Plain (પ્લેન્), *a.* ખુલ્લું; સપાટ; સરખું; સાદું; ભોળું. Open; even; simple. **2.** સ્પષ્ટ; ઉઘાડું; ખુલ્લું. Clear; evident. **3.** નિષ્કપટિ; સરળ; પ્રમાણિક. Honest; artless. *ad.* સાદી રીતે; સ્પષ્ટપણે; ખુલ્લે ખુલ્લી રીતે. In a plain way; frankly. *n.* ખુલ્લી જગ્યા; મેદાન. A piece of level land.

Plainly (પ્લેન્લિ), *ad.* સ્પષ્ટપણે; ખુલ્લી રીતે; નિષ્કપટપણે. In a plain way; frankly.

Plainness (પ્લેન્નેસ્), *n.* સ્પષ્ટતા; ખુલ્લી રીતે હોવું તે; નિષ્કપટપણું.A quality of being plain.

Plaint (પ્લેન્ટ્), *n.* દાદ કરવી તે; રોવું તે; ફરિયાદ. A complaint; an accusation. **2.** ફરિયાદ કરનાર; દાદ માંગનાર. One, who lodges a complaint against.

Plaintiff (પ્લેન્ટિફ્), *n.* વાદી; ફરિયાદી. One, who files a suit against in the court of justice.

Plaintive (પ્લેન્ટિવ્), *a.* ઉદાસી;શોકાતુર;ખેદદર્શક. [Sad; sorrowful.

Plait (પ્લેટ્), *n.* કલ્લી; ગડી; પાટલી. A fold; a doubling of cloth. **2.** વાળની લટ; અંબોડો. A braid of hair. *vt.* પાટલી વાળવી; ગડી કરવી. To arrange in folds.

Plan (પ્લૅન્), *vt. pr. p.* **Planning.** *imp.* & *p. p.* **Planned.** રચના કરવી; યુક્તિ કરવી; ગોઠવણી કરવી. To devise; to form a scheme; to contrive. **2.** નકશો ઉતારવો; નમુનો કાઢવો. To draft. *n.* યુક્તિ; ગોઠવણી; યોજના; વ્યવસ્થા. A scheme; a project; a design.

Plane (પ્લેન્), *a.* સપાટ; સમતલ; સમાન. Having equal level. *n.* કાલ્પનિક સપાટી. An ideal surface. **2.** રંદો. A carpenter's tool. *vt.* સપાટ કરવું; એક સરખું બનાવવું; રંદો ફેરવવો. To make smooth; to level.

Planet (પ્લૅનેટ્), *n.* ગ્રહ; સ્થિર તારો. A celestial heavenly revolving body.

Planetary (પ્લૅનેટરિ), *a.* ગ્રહનું; ગ્રહોને લગતું; ગ્રહ સંબંધી. Of or pertaining to a planet or planets.

Plank (પ્લૅન્ક), *n.* પાટિયું; તકતો. A broad piece of timber. *vt.* પાટિયા જડવા; તકતા જડવા. To cover with planks.

Plant (પ્લૅન્ટ્), *n.* છોડવો; રોપો; છોડ; વનસ્પતિ. A bush; a vegetable. *vt.* વાવવું; રોપવું; ઉગાડવું. To set into the ground for growth; to furnish with plants. **2.** ગોઠવવું; સ્થિર મૂકવું. To set right; to make steady.

Plantain (પ્લૅન્ટેન્), *n.* કેળનું વૃક્ષ. A tree growing in all temperate regions. **2.** કેળું; કેળાં; કદળી ફળ. A fruit of the plaintain tree.

Plantation (પ્લૅન્ટેશન્), *n.* વાવવું તે; રોપણી કરવી તે; વાવેતર. An act of planting. **2.** વાડી; સ્વસ્થાન; સંસ્થાન. A garden; a colony.

Planter (પ્લૅન્ટર્), *n.* વાવનાર; રોપનાર. One who plants. **2.** વાડીનો માલીક; વતનદાર; દેશાઈ; નવી વસ્તી વસાવનાર. An owner of garden; an estate-holder.

Plash (પ્લૅશ્), *n.* ખાબોચીયું; ખાબહું. A pool. **2.** છબછબાવવું તે. An act of splashing in water. *vt. vi.* પાણીમાં ઉછાળવું-છાંટવું; છબછબ કરવું. To dabble in water.

Plaster (પ્લૅસ્ટર્), *n.* મલમ; લેપ. An external application;an ointment. **2.** સાગોળ; 'પ્લાસ્તર'. A composition of lime, water, etc. *vt.* સલ્લો દેવો; પટ્ટી મારવી; પ્લાસ્તર કરવું. To cover with plaster; to overlay with plaster.

Plastic (પ્લૅસ્ટિક્), *a.* આકાર [illegible] ઘાટ બનાવવા લાયક. Capable of being moulded or framed.

Plat (પ્લૅટ્), *vt. pr. p.* **Platting.** *imp.* & *p. p.* **Platted.** વણવું; ગુંથવું; ઘડી વાળવી. To plait; to interweave. *n.* ગુંથણ કામ; ઘડી વાળવાનું કામ; કલ્લી. Work done by plaiting. **2.** જમિનનો નાનો કકડો. A small plot of ground.

Plate (પ્લેટ્), *n.* થાળી; રકાબી. A dish. **2.** પહોળું, ચપટું પતરૂં. A flat piece of metal. **3.** ચિત્ર; છાપ. An engraved painting; a mould; a type. **4.** તકતો. A glass. *vt.* ઢોળ ચઢાવવો; મઢવું; ઓપદાર કરવું. To cover the coating; to lay in; to polish. **2.** ધખ્તરથી શણગારવું. To adorn with plates of metal. **3.** પાતળા પતરાં ઘડવા. To beat into thin sheet of metal.

Plated (પ્લેટેડ્), *a.* રસેલું; સોના રૂપાનો ઢોળ ચઢાવેલું. Covered with gold and silver.

Plateau (પ્લૅટો), *n. pl.* **Plateaux, Plateaus.** ઉંચાણ,-સપાટ ધરતી; ઉંચાણ પ્રદેશ. A table-land; a flat surface. **2.** ચિત્રવાળી રકાબી. An ornamental dish.

Platform (પ્લૅટ્ફૉર્મ્), *n.* મંડપ; ચોરો; ચોતરો; ખાસ બાંધેલી જગ્યા 'પ્લૅટ્ફૉર્મ્.' A dais; an elevated plot of ground; the raised walk at a railway station.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Platinum (પ્લૅટિનમ્), *n.* રૂપા જેવી એક ધાતુ. A kind of metal resembling silver.

Platitude (પ્લૅટિટ્યૂડ્), *n.* રસહીનતા; સ્વતઃ—સિદ્ધ પ્રમાણ. Triteness; truism.

Platoon (પ્લૅટૂન્), *n.* 'પલ્ટન'; બે ઓળમાં ઉભી રહે તેવી લશ્કરી ટુકડી. A troop; a body of soldiers.

Platter (પ્લૅટર્), *n.* રકાબી; કથરોટ. A plate; a large dish.

Plaudit (પ્લૉડિટ્), *n.* શાબાસી; વખાણ; ધન્યવાદ. An applause; praises.

Plausibility (પ્લૉઝિબિલિટિ), *n.* વખાણ; પ્રશંસા કરવા લાયક ગુણ; બહારથી ખરૂં દેખાય તેવી સ્થિતિ. A state of being plausible.

Plausible (પ્લૉઝિબલ્), *a.* વખાણવા લાયક; સ્તુત્ય; પ્રશંસા કરવા લાયક. Praiseworthy. **2.** બહારથી ખરૂં દેખાય તેવું. Apparently right.

Plausibleness (પ્લૉઝિબલનેસ્), *n.* Same as, **Plausibility.**

Play (પ્લે), *vi. pr. p.* **Playing.** *imp.* & *p. p.* **Played.** રમવું; ખેલ કરવો; ક્રીડા કરવી. To sport; to frolic. **2.** દાવ ખેલવો; જુગાર રમવો. To gamble. **3.** વગાડવું; વાજીંત્ર વગાડવું. To perform on a musical instrument. **4.** વર્તન રાખવું; ચાલવું; આચરવું. To behave; to practise. **5.** વેશ લેવો; નાટકમાં પાત્ર તરીકે કામ કરવું. To act as an actor in a drama. *n.* રમત; ખેલ; તમાશો. An amusement; a sport. **2.** નાટક પ્રયોગ; નાટક. A dramatic representation. **To play false,** દગો દેવો—કરવો. **To play off,** પ્રપંચી થવું; જણાવવું. **To play one's card,** યુક્તિ કરવી. **Play-house,** *n.* નાટકશાળા.

Player (પ્લેઅર્), *n.* રમનાર; રમતમાં ભાગ લેનાર. One, who plays at any game. **2.** નટ; નટી; પાત્ર; વેશ ભજવનાર. An actor; an actress; one who plays the part of.

Play-fellow (પ્લે-ફેલો), *n.* સોબતી; ગોઠીઓ; સાથે રમનાર. A companion in a play or any sport.

Play-ful (પ્લેફુલ્), *a.* રમતિયાળ; ખેલાડી; લહેરી. Prone to sport or amusement.

Play-fully (પ્લેફુલલિ), *ad.* રમતિયાળપણે; ખેલાડીપણે; લહેરીપણે. In a playful way.

Plea (પ્લી), *n,* દલીલ; તકરાર; સબબ; બહાનું. That, which is alleged in support; a cause; a pretext. **2.** (*Law*) તોહોમતદારનો જવાબ—રદીઓ. The answer of a defendant.

Plead (પ્લીડ્), *vt.* જવાબ આપવો; કારણ બતાવીને કહેવું; રદીઓ આપવો;—નો પક્ષ ખેંચીને દલીલપૂર્વક કહેવું; ની વિરૂદ્ધ કહેવું. To argue in favour of; to advocate the cause of; to urge reasons for or against.

Pleadable (પ્લીડેબલ્), *a.* દલીલ કરવા જોગ; જવાબ આપી શકાય તેવું; પક્ષ કરીને બોલી શકાય તેવું. Capable of being pleaded.

Pleader (પ્લીડર્), *n.* વકીલ; મુખત્યાર; પક્ષ કરીને બોલનાર; —ની તરફદારી લેનાર. One, who pleads; an advocate.

Pleading (પ્લીડિન્ગ્), *n.* દલીલપૂર્વક બોલવું તે—કહેવું તે; પક્ષ કરીને બોલી શકવું તે; દલીલ કરવાની શક્તિ—રીત. An act of advocating any cause.

Pleasant (પ્લેઝન્ટ્), *a.* ખુશકારક; આનંદી; મઝાનું; સ્વાદિષ્ટ. Pleasing; agreeable; suitable to the taste.

Pleasantly (પ્લેઝન્ટ્લિ), *ad.* ખુશકારક રીતે; આનંદિતપણે. In a pleasant way.

Pleasantry (પ્લેઝન્ટ્રિ), *n.* રમુજ; વિનોદ; ઠઠ્ઠાબાજી; હાસ્ય વિનોદ. A lively talk; a jest; a trick exciting laughter.

Please (પ્લીઝ્), *vt. vi. pr. p.* **Pleasing.** *imp.* & *p. p.* **Pleased.** આનંદ પમાડવો; આનંદિત કરવું ખુશી કરવું; સંતોષ આપવો. To give pleasure; to gratify; to satisfy. **2.** ખુશી થવું; ઠીક પડવું; આનંદ પામવો. To be satisfied; to be inclined to; to afford pleasure. **3.** મહેરબાની કરવી; કૃપા બતાવવી. To show pleasure.

Pleasing (પ્લીઝિન્ગ્), *a.* મનોરંજક; ખુશકારક; આનંદ પમાડે તેવું. Agreeable; yielding pleasure or satisfaction.

Pleasure (પ્લેઝર્), *n.* મોજ; આનંદ; એશઆરામ; ખુશાલી. Merriment; joy; a mental gratification.

Plebeian (પ્લેબીઍન્), *a.* સાધારણ લોકનું; મધ્યમ લોકવર્ગનું. Of the common people; pertaining to the lower rank of people. *n.* મધ્યમ વર્ગનો માણસ; સાધારણ પુરૂષ. A person, belonging to the common rank.

Pledge (પ્લેજ્), *n.* ઘરેણે મૂકેલી જણસ—ચીજ; જામીનગીરીમાં મૂકાએલી ચીજ-વસ્તુ; જામીન. A thing or property pawned; a bail; a security. **2.** ખાત્રી; ભરોસો; વિશ્વાસ. An assurance; a trust. **3.** આશિર્વાદ; સલામતી. A toast; a health. *vt.* ઘરેણે મૂકવું; ગીરવી મૂકવું; ખાત્રી કરી આપવી. To deposit in pledge; to guarantee. **2.** વચન પાળવું; પ્રતિજ્ઞા પાળવી. To abide by a promise. **3.** (દારૂનો) ગ્લાસ આપીને સલામતી લેવી. To drink the health of.

Pledget (પ્લેજેટ્), *n.* ખીલો; ફાચર; ડાટો. A small plug.

Pleiad (પ્લાઇઍડ્), *n. pl.* **Pleiads, Pleiades.** કૃતિકા નક્ષત્ર. A constellation, of one of the seven stars.

Plenary (પ્લીનૅરિ), *a.* ભરપૂર; પુરૂં; સંપૂર્ણ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તદ્દન. Full; complete; entire.

Plenipotentiary (પ્લેનિપોટેન્શિઍરિ), *n.* સર્વ સત્તાવાળો એલચી; કુલમુખત્યાર એલચી. An ambassador, endowed with all the powers.

Plenitude (પ્લેનિટ્યૂડ્), *n.* પુષ્કળતા; ભરચકપણું; વિપુલતા. Plenty; abundance; fullness.

Plenteous (પ્લેન્ટીઅસ્), *a.* ભરપૂર; વિપૂલ; બહુ; પુષ્કળ. Ample; full; copious.

Plentiful (પ્લેન્ટિફુલ્), *a* બહુ; ભરપૂર; પુષ્કળ; ઘણુંજ. Copious; abundant.

Plentifully (પ્લેન્ટિફુલલિ), *ad.* પુષ્કળ રીતે; ભરચકપણે; ઘણુંજ. Copiously; in a plentiful way.

Plenty (પ્લેન્ટિ), *n.* પુષ્કળતા; ભરચકપણું; ભરપૂરપણું; સમૃદ્ધિ; વિપુલતા. Abundance; copiousness; a full supply.

Pleonasm(પ્લીઍનૅઝમ્),*n.* બોલવા, લખવામાં જરૂર કરતાં વધારે શબ્દો વાપરવા તે; બહુ અક્ષરતા. A redundancy of language either in writing or in speaking.

Pliability (પ્લાઇઍબિલિટિ), *n.* મરડાઇ જવાનો ગુણ વાળીએ તેમ વળે તેવો ગુણ. A quality of being pliable.

Pliable (પ્લાઇઍબલ્), *a.* મરડાઇ શકે તેવું; નમી જાય તેવું; વળી શકે તેવું. Flexible; pliant.

Pliableness (પ્લાઇઍબલનેસ્), *n.* Same as, **Pliability.**

Pliancy (પ્લાઇઍન્સિ), *n.* વળી જવાનો ગુણ; નરમાશ; પોચાપણું; અદ્દઢતા. A quality of being pliant; the softness of temper.

Pliant (પ્લાઇઍન્ટ્), *a.* વળાય એવું; નરમ; પોચું; અદ્દઢ. Capable of being bent; soft;yielding.

Pliers (પ્લાયર્ઝ), *n. pl.* ચીપીઓ;-પકડ; ચીમટો. Pincers with long jaws.

Plight (પ્લાઇટ્), *n.* હાલત; અવસ્થા; સ્થિતિ. A condition; a state. **2.** દુર્દશા; ભયંકર સ્થિતિ. A dangerous state or condition. **3.** વચન; પ્રતિજ્ઞા. A security; a pledge. *vt.* વચન આપવું; જામીન થવું. To pledge.

Plod (પ્લૉડ્), *vt. vi. pr. p.* **Plodding.** *imp. & p. p.* **Plodded.** ધીમે ધીમે ચાલવું; કષ્ટપૂર્વક વૈતરૂં કરવું; અતિશય શ્રમ કેરવો. To walk heavily; to toil.

Ploddingly (પ્લૉડિન્ગ્લિ), *ad.* શ્રમપૂર્વક; કષ્ટ વેઠીને. In a toilsome way or manner.

Plot (પ્લૉટ્), *vt. vi. pr. p.* **Plotting.** *imp. & p. p.* **Plotted.** યુક્તિ રચવી; કાવત્રું કરવું; ઘાટ ઘડવો (ખરાબ અર્થમાં). To form a scheme; to play a mischief on; to conspire. *n.* યુક્તિ; યોજના; કાવત્રું; ખટપટ. A scheme; a plan; a contrivance.

Plotter (પ્લૉટર્), *n.* યુક્તિ કરનાર; કાવત્રું કરનાર; દગાબાજ. One, who plots against.

Plough (પ્લાઉ), *n.* હળ; હોળ; સાંતી. An implement used in agriculture for breaking the surface of the ground. **2.** ખાંચો પાડવાનો રંદો; ચોપડીઓનાં પાનાની કોરો કાપવાનું હથિયાર. An implement used in cutting the edges of the book. *vt. vi.* ખેડવું; ચાસવું. To till; to turn with a plough. **Ploughman** *n.* ખેડુત; હળ હાંકનાર. **Plough-land,** *n.* ખેડાણ કરવા લાયક જમીન. **Plough-share,** *n.* હળનું ચવડું; હળપુણી. **Plough-wright,** *n.* હળ બનાવનાર અથવા વેચનાર.

Ploughable (પ્લાઉઍબલ્), *a.* ખેડી શકાય એવું; ચાસી શકાય તેવું; ખેડાણ કરવા લાયક. Capable of being ploughed.

Plow (પ્લાઉ), *n.* હળ; હોળ. A plough.

Pluck (પ્લક્), *vt. vi.* ખેંચવું; તાણવું; આંચકો મારવો. To pull with a force; to seize suddenly. **2.** ઉખેડી નાંખવું; પીછાં ખેંચવાં; બોડું કરવું. To strip off; to strip feathers. *n.* હિંમત; પાણી; શૌર્ય. Courage; boldness.

Plug (પ્લગ્), *n.* ડાટો; ડટ્ટો; બુચ. A wooden block used to stop a hole. **2.** તમાકુનો પડો. A flat cake of tobacco. *vt. pr. p.* **Plugging.** *imp. & p. p.* **Plugged.** ડાટો મારવો; બુચ મારીને મજબુત બનાવવું. To stop with a plug; to make tight with a plug.

Plum (પ્લમ્), *n.* આલુ; સુકી દ્રાક્ષ. A kind of fruit; a raisin. **2.** (*fig.*) સારી મિલ્કત; ધન; દોલત. A good property.

Plumage (પ્લૂમેજ્), *n.* પીંછા; કલગી. The feathers of a bird.

Plumb (પ્લમ્), *n.* ઓળંભો. A little weight of lead. **2.** લંબરેખા. A line passing to the centre of gravity. *ad.* ઉભી લીટીમાં; સિધિ લીટીમાં. In a perpendicular line. *a.* ઉભું; સિધું. Straight; perpendicular. *vi.* ઓળંભામાં લાવવું; સીધું મૂકવું. To cause to be perpendicular.

Plumbago (પ્લમ્બૅગો), *n.* એક પ્રકારની ધાતુ; 'પ્લમબેગો'. A name used for Graphite.

Plumber (પ્લમર્), *n.* સીસાનું કામ કરનાર; સિસાગર. A worker in lead.

Plume (પ્લ્યૂમ્), *n.* પીંછું; તારો; કલગી. A feather, worn as an ornament. *vt.* પીંછા કાઢી નાંખવા; બોડું કરવું. To pluck the feathers; to strip.

Plummet (પ્લમેટ્), *n.* ઓળંભો; પાણીની ઉંડાઈ માપવાનું હથિયાર. A plumb.

Plump (પ્લમ્પ્), *a.* ભરાવદાર; ગોળમટોળ; ઘાટીલું. Having a full skin; fleshy. *n.* જુથ; ટોળું; સંઘ. A crowd; a collection. *vt. vi.* ફુલાવવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપસાવવું. To swell; to make fleshy. 2. ફુલવું; ઉપસવું; ભરાવદાર થવું. To grow fleshy. *ad.* એકદમ; એકાએક. Suddenly; at once.

Plunder (પ્લન્ડર્), *vt.* લુંટવું; લુંટફાટ કરવી–ચલાવવી; લુંટી લેવું. To rob; to spoil. *n.* લુંટ; ધાડ; લુંટમાં મેળવેલો માલ. A robbery; a pillage; a spoil.

Plunderer (પ્લન્ડરર્), *n.* લુંટારો; લુંટફાટ કરનાર; ધાડપાડુ. A robber; one, who plunders.

Plunge (પ્લનજ), *vt. vi.* બુડાડવું; ડુબાવવું; ખોસવું; બોળવું; ઝબોળવું. To immerse; to thrust. 2. ડુબકી મારવી; પેશી જવું. To dive; to enter into. 3. ઝંપલાવવું; એકદમ દાખલ થવું. To enter head-long or violently. *n.* એકદમ પેસવું તે; દાખલ થવું તે; ડુબકી; સાહસા પ્રવેશ; સાહસ કામ. An act of plunging; a dive; a rash act.

Pluperfect (પ્લૂ–પરફેક્ટ), *a.* દ્વિત્વ ભૂતકાળ; લિટ્ (વ્યાકરણમાં). Past perfect.

Plural (પ્લૂરૅલ), *a.* અનેક; એક કરતાં વધારે; બહુ. Many; more than one.

Plurality (પ્લૂરૅલિટિ), અનેકતા; બહુત્વ; વધારો; બહુ વચનનો શબ્દ. A state of being plural; a majority.

Pluralize (પ્લૂરૅલાઈઝ્), *vt.* એક કરતાં વધારે બનાવવું–કરવું; બહુ વચનનું રૂપ આપવું. To make into a plural form.

Plus (પ્લસ્), *a.* વધારાનું; વત્તા; વાસ્તવિક; ખરૂં. More; positive, *n.* વધારાનું ચિન્હ. A sign (+) showing addition.

Ply (પ્લાઈ), *vt. vi. pr. p.* **Plying.** *imp.* & *p. p.* **Plied.** બગાડવું; ધીબોવવું; કામ કર્યા જવું; જ આવ કરવું. To lay on closely; to work steadily. 2. આગ્રહપૂર્વક વળગવું. To urge urgently. 3. તાબે થવું; મર્યા જવું. To submit; to yield; to beat. *n.* ઘડી; પાટલી. A fold; a plait. 2. વલણ; ઇચ્છા. An inclination; a turn.

Pneumatic (ન્યૂમૅટિક્), *a.* વાયુના જેવું; વાત રૂપ–મય. Resembling air; consisting of air.

Pneumatics (ન્યૂમૅટિક્સ્), *n.* વાયુશાસ્ત્ર; વાતશાસ્ત્ર. The science, dealing with the properties of air, etc.

Pneumonia (ન્યૂમોનિઍ), *n.* ફેફસાંનો સોજો. An inflammation of the lungs.

Pneumonic (ન્યૂમૅનિક્), *a.* ફેફસાંના સોજાને લગતું; ફેફસાંના સોજાનું; ફેફસાંનું. Pertaining to the lungs.

Poach (પોચ્), *vt. vi* ચોરવું; હાથ ચાલાકી કરવી; ધાપ મારવી. To steal; to plunder. 2. ઘાલવું; ભોંકી દેવું; પેસાડી દેવું. To stab; to pierce. 3. છાનો માનો શિકાર ચોરવો; શિકારને મારી નાંખવો. To kill a game.

Poachy (પોચિ), *a.* ભીનું; નરમ; પોચું. Wet; soft and wet.

Pock (પૉક્), *n.* શીતળાનો ફોલ્લો–દાણો. A pustule raised on the body, due to small-pox.

Pocket (પૉકેટ્), *n.* ગજવું; ખિસ્સું; ગુંજું; કોથળી. A pouch; a bag. *vt.* ગજવામાં મૂકવું–ઢાંકવું; સંતાડવું; છાનામાના વાપરવું. To put into a pocket; to conceal; to use the money secretly. **Pocket-book,** *n.* ખીસ્સામાં માય તેવી ચોપડી. **Pocket-hand-kerchief,** *n.* મોં લોવાનો રૂમાલ. **Pocket-money,** *n.* ગજવા ખરચ; હાથ ખર્ચી. **Pocket-knife,** *n.* ખિસ્સામાં રાખી શકાય તેવો ચપ્પુ. **Pocket-pistol,** *n.* ખિસ્સામાં રાખી શકાય તેવી નાની બંદુક–પિસ્તોલ.

Pod (પૉડ્), *n.* સિંગ; ફળી. A capsule of a plant. 2. કોથળી; નાની થેલી. A bag. *vi. pr. p.* **Podding.** *imp.* & *p. p.* **Podded.** સિંગમાં દાણા ભરવાને લીધે ઉપસી આવવું; ઉપસવું. To swell with a pod. 2. સિંગમાં દાણા ભરવા. To produce pods.

Poem (પોએમ્), *n.* કવિતા; કાવ્ય. A metrical composition; a piece of poetry.

Poesy (પોએઝિ), *n.* કાવ્ય બનાવવાની અથવા રચવાની શક્તિ–કળા; કાવ્ય કળા. The art of composing poems. 2. નાની કવિતા કાવ્ય. A short poem.

Poet (પોએટ્), *n.* કવિ; કાવ્યકર્તા; કાવ્યકાર. One, skilled in making poetry; a literary author.

Poetaster (પોએટૅસ્ટર્), *n.* નાની નાની કવિતા બનાવનાર કવિ; જોડકણાં લખનાર કવિ. A petty poet.

Poetess (પોએટેસ્), *n.* સ્ત્રી કવિ; કાવ્ય લખનાર સ્ત્રી. A female writer of poems.

Poetic,-al (પોએટિક્,-કૅલ્), *a.* કાવ્યનું; કવિતાનું; કવિતા વિષે; કવિને લગતું. Of a poem; pertainnig to a poet.

Poetically (પોએટિકૅલ્લિ), *ad.* કાવ્યની દૃષ્ટિએ; કવિતાના રૂપમાં. In a poetic way or manner.

Poetry (પોએટ્રિ), *n.* કવિતા; પદ્ય; કાવ્ય. A metrical composition.

Poignancy (પૉઇનૅન્સિ), *n.* તીક્ષ્ણતા; તીવ્રતા. Keenness; a state of being poignant.

Poignant (પૉઇનૅન્ટ્), *a.* તીક્ષ્ણ; તીવ્ર; મર્મભેદક; ભેદક; વેધક. Sharp; bitter; piercing.

Point (પૉઇન્ટ્), *n.* અણી; ટોચ; બિન્દુ. A piercind end; a top; a dot. 2. નિશાન; ચિન્હ. A mark; a sign. 3. મુદ્દો; વાત; મતલબ. The substance; a chief matter; a purpose. *vt.* સાન કરવી; દેખાડવું; આંગળી બતાવીને કહેવું. To make a sign; to show with a finger. 2. અણી કાઢવી. To mend. 3. સૂચવવું; કહેવું; કથવું. To direct; to mention.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Pointed (પૉઈન્ટેડ્), *a.* અણીદાર; અણીવાળું; તીક્ષ્ણ. Having a point; sharp. **2.** સચોટ; છાતીમાં વાગે તેવું. Piercing; effective.

Pointedly (પૉઈન્ટેડ્લિ), *ad.* સાફ; ચોખાળીને; સચોટ રીતે; ખુલ્લે ખુલ્લી રીતે. In a pointed way; effectively.

Pointer (પૉઇન્ટર્), *n.* દેખાડનાર; બતાવનાર; સૂચવનાર. One, who points. **2.** ઘડિયાળનો કાંટો. The hand of a clock. **3.** એક જાતનો શિકારી કુતરો. A kind of hound.

Pointsman (પૉઈન્ટ્સ્મૅન્), *n.* રેલ્વેમાં પાટા ઉપર કામ કરતો સાંધાવાળો; સાંધાવાળો. A man, in charge of the points in a railway.

Poise (પૉઈઝ), *n.* વજન; તોલ; ભાર; સમતોલપણું; તુલના; ધડો. Weight; gravity; balance. *vi.* તોળવું; જોખવું; સમતોલ રાખવું; ધડો કરવો. To weigh; to balance; to counterpoise.

Poison (પૉઈઝન્), *n.* વિષ; ઝેર; વિખ; ગલ. A substance producing harmful effect (even of death) when given to any being.

Poisonous (પૉઇઝનસ્), *a.* ઝેરી; વિષમય; વિખવાળું. Containing or full of poison.

Poke (પોક્), *n.* આંચકો; હડસેલો; ધક્કો. A push; a jerk. **2.** કોથળો; થેલો; થેલી. A bag; a sack. *vt. vi.* ફાંફા મારવા; શોધવું; તપાસ કરવી. To search in vain; to search.

Poker (પોકર્), *n.* ઠેલનાર; ખોસનાર; ધકેલનાર. One, who pokes. **2.** દેવતા ખોરવાની લાકડી. A poking stick.

Polar (પોલૅર્), *a.* ધ્રુવનું; ધ્રુવ સંબંધી; ધ્રુવને લગતું. Pertaining to the pole of a sphere.

Pole (પોલ્), *n.* લાકડી; ગાડીનો દાંડો; કાઠી. A thin piece of wood; a piece of timber; a rod. **2.** સાડાપાંચ વારનું માપ. A measurement of 5½ yds. **3.** ધ્રુવ. The end of the axis of a sphere. **Pole-star,** *n.* ધ્રુવનો તારો. **Pole-axe,** *n.* ફરશી. **Pole-cat,** *n.* નોળિયાના જેવું પ્રાણી.

Pole (પોલ્), *vt.* દાંડા ઉપર મુકીને લઇ જવું; વાંસથી ધકેલવું; હલાવવું. To carry on a pole; to impel by a pole.

Polemic,-al (પોલેમિક્,-કૅલ્), *a.* તકરારી; વિવાદી; પ્રતિપક્ષ લઇને લખનાર. Of or pertaining to controversy.

Police (પોલિસ્), *n.* ગામ અથવા શહેરની સલામતી; નગર વ્યવસ્થા. The order and security of a town or a city. **2.** નગર રક્ષક; શહેરમાં સુલેહ જાળવનાર નોકર; નગર રક્ષકોનું મંડળ. An officer maintaining peace in a city; a body of such officers.

Policy (પૉલિસિ), *n.* યુક્તિ; વ્યવહાર નીતિ; કામ કરવાની પદ્ધતિ; ચતુરાઇ; ડહાપણ. Wordly wisdom; a method of doing any work; an administrative faculty. **2.** ઇરાદો; હેતુ; આશય. An object; an aim. **3.** વિમાનો કરાર-ખત. A contract of an insuring company. *vt.* કાયદા પ્રમાણે કામ ચલાવવું-કરવું. To work according to rules.

Polish (પૉલિશ્), *vt.* ઓપવું; માંજવું; સાફ કરવું; ચકચકિત કરવું. To make smooth; to make glossy. **2.** ભભકાદાર બનાવવું; સારૂં કરવું. To make showy. *n.* ઓપ; ચળકાટ; સફાઈ; સભ્યતા. A gloss; brightness; elegance; refinement.

Polite (પોલાઇટ્), *a.* સભ્ય; નમ્ર; વિવેકી; સુશીલ. Courteous; well-bred.

Politely (પોલાઈટ્લિ), *ad.* સભ્યતાથી; વિનયપૂર્વક; સુશીલપણે. In a polite way; courteously.

Politeness (પોલાઇટ્નેસ્), *n.* સભ્યતા; સુશીલતા; વિવેક; મર્યાદાયુક્ત આચરણ. Courtesy; good behaviour; refinement in manners.

Politic (પૉલિટિક્), *a.* રાજકીય; રાજનીતિ સંબંધી; રાજવિષયનું. Political; of the polity. **2.** ચતુર; કારસ્થાની; કાર્યસાધક; નીતિકુશળ. Intelligent; well-devised; prudent.

Political (પોલિટિકૅલ્), *a.* રાજપ્રકરણી; રાજ્યવિષયક. Relating to the matters of state.

Politician (પૉલિટિશૅન્), *n.* રાજનીતિજ્ઞ; રાજ્યનીતિમાં કુશળ પુરૂષ; મુત્સદ્દી. A statesman, person expert in politics.

Politics (પૉલિટિક્સ્), *n. pl.* રાજખટપટ; રાજનીતિ; રાજશાસન વિદ્યા; રાજ્ય પ્રકરણ. The management of the administration of the state; the skill in governing the state affairs.

Polity (પૉલિટિ), *n.* રાજ્ય બંધારણ; રાજ્ય બંધારણના નિયમો. The form of a civil government of a state; recognized principles of government of a nation.

Poll (પૉલ્), *n.* માથું; મસ્તક; શિર. The head. **2.** ચુંટણીમાં મત આપનારની યાદી. A list of voters. *vt.* કર નાંખવો; કર ખેસાડવો. To levy a tax. **2.** કાપવું; છેદવું. To cut off. **Poll-tax,** *n.* માથા વેરો; જજીયા વેરો.

Pollard (પૉલૅર્ડ્), *n* શિંગડા વિનાનો બળદ. A hornless ox. **2.** હલકા પ્રકારના ઘઉં. A course kind of wheat. *vt.* ટોચો કાપવી; છેડા કાપવા. To cut the tops.

Pollen (પોલન્), *n.* ફુલનું અબીલ; પરાગ; ઝીણો લોટ. The dust-like cell of the anthers of flowers; fine flower or powder.

Pollute (પૉલ્યૂટ્), *vt. pr. p.* **Polluting.** *imp. & p. p.* **Polluted.** બગાડવું; મેલું કરવું; વટલાવવું; ભ્રષ્ટ કરવું; અપવિત્ર બનાવવું. To soil; to defile; to render unclean.

Polluter (પૉલ્યૂટર્), *n.* બગાડનાર; ભ્રષ્ટ કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વટલાવનાર. One, who pollutes.

Polo (પોલો), *n.* ઘોડા ઉપર બેસીને રમવામાં આવતી એક રમત. A game at ball, played on horse-back.

Pollution (પૉલ્યૂશન્), *n.* બગાડવું તે; ભ્રષ્ટતા; કાયા ભ્રષ્ટ કરવી તે; અપવિત્રતા; મલીનતા. An act of polluting; defilement; impurity.

Poltroon (પૉલ્ટ્રૂન્), *n.* હીજડો; બાયલો; નામર્દ. A dastard; a coward; a man devoid of courage.

Poltroonery (પૉલ્ટ્રૂનેરિ), *n.* બાયલાપણું; નામર્દાઇ; હીજડાપણું. A state of being a poltroon.

Polyandry (પૉલિઍન્ડ્રિ), *n.* એકીજ વખતે કોઇ સ્ત્રીને એક કરતાં વધારે ધણી કરવાનો રિવાજ. The state of a woman, having more than one husband at one time.

Polygamist (પૉલિગૅમિસ્ટ્), *n.* એક કરતાં વધારે સ્ત્રી અથવા પતિ પરણવાનો ચાલ હોય તો સારૂં એવો મત ધરાવનાર. One, who favours polygamy.

Polygamy (પૉલિગૅમિ), *n.* કોઇ સ્ત્રીને એક કરતાં વધારે ધણી હોવા તે; કોઇ પુરૂષને એક કરતાં વધારે સ્ત્રીઓ હોવી તે; અનેક પત્નિત્વ. A state of having the plurality of husbands or wives.

Polyglot (પૉલિગ્લૉટ્), *n.* અનેક ભાષા બોલનાર; બહુ ભાષાઓમાં પ્રવીણ પુરૂષ. One, who is well-versed in many languages.

Polygon (પૉલિગૉન્), *n.* બહુ ખુણાવાળી આકૃતિ; બહુકોણ. A plane figure, having many sides and angles.

Polygonal (પૉલિગૉનલ્), *a.* બહુ ખુણાવાળી આકૃતિને લગતું-નું. Of a polygon.

Polytheism (પૉલિથીઇઝમ્), *n.* ઘણા દેવો ઇશ્વર છે એવો મત; બહુદેવમત; અનેકદેવવાદ. The belief in plurality of gods.

Polytheist (પૉલિથીઇસ્ટ્), *n.* બહુદેવવાદી; સૃષ્ટિમાં ઘણા દેવો છે એવો મત ધરાવનાર. One, who holds the doctrine of polytheism.

Pomegranate (પૉમગ્રૅનેટ્), *n.* દાડમ; દાડેમ; અનાર. A fruit, supposed to be a native of Persia.

Pommel (પોમેલ), *n.* મોગરો; ગુલ્મ. A knob; ball. *vt.* કુટવું; મારવું; ખુંદવું. To beat; to bruise.

Pomp (પૉમ્પ્), *n.* ભભકો; દબદબો; ઠાઠમાઠ; દમદમાટ; શોભા. An outward show; a parade; a pageant; splendour.

Pomposity (પૉમ્પોસિટિ), *n,* ભભકાદારી; ઠાઠમાઠ; રોળ; પતરાજી. A state of being pompous.

Pompous (પૉમ્પસ્), *a.* દબદબાવાળું; રોળદાર; શોભીતું Stately; magnificent.

Pond (પૉન્ડ્), *n.* તળાવ; હોજ; કુંડ. A body of still water, less in extent than a lake.

Ponder (પૉન્ડર્), *vt. vi.* વિચારવું; ખ્યાલ કરવો; મનમાં તોળવું. To think; to weigh carefully.

Ponderability (પૉન્ડરૅબિલિટિ), *n.* વિચારી શકાય તેવી સ્થિતિ; ખ્યાલ કરાય તેવી હકીકત. A state of being ponderable.

Ponderable (પૉન્ડરેબલ્), *a.* વિચારી શકાય-તોળાય એવું; ખ્યાલ કરી શકાય એવું. Capable of being pondered; considerable.

Ponderableness (પૉન્ડરેબલ્નેસ્), *n.* Same as, **Ponderability.**

Ponderous (પૉન્ડરસ્), *a.* વજનદાર; જબરૂં;ભારે. Heavy; weighty.

Poniard (પૉનિયાર્ડ્), *n.* નાની કટાર; ખંજર. A dagger; a weapon for stabbing. *vt.* કટાર મારવી; ખંજર ભોંકવું. To stab with a dagger.

Pontiff (પૉન્ટિફ્), *n.* રોમનો ધર્માધિકારી; પોપ; ધર્માધિકારી. A papal administrator; a high priest.

Pontoon (પૉન્ટૂન્), *n.* નાની હોડી. A flat boat or vessel. **2.** લશ્કરના જવા આવવા સારૂજ થોડા વખતને માટે બાંધેલો પુલ. A temporary military bridge.

Pony (પૉનિ), *n. pl.* **Ponies.** નાનો ઘોડો; ટટ્ટુ; બટ્ટ. A small horse.

Poodle (પૂડ્લ્), *n.* ખોળામાં રમાડવાનો નાનો લાડકો કુતરો. A kind of dog, covered with long curling hair.

Pooh (પૂહ્), *int.* છટ્ છટ્! છીટ છીટ! A term of contempt.

Pooh-pooh (પૂહ્-પૂહ્), *vi.* તુચ્છકારી કાઢવું; અવગણના કરવી. To hate; to scorn.

Pool (પૂલ), *n.* પાણીનું ખાબોચિયું; ઉંડો ખાડો. A small body of stagnant water; a reservoir or water. *vt. vi.* ભેગું કરવું; એકઠું થવું. To gather.

Poop (પૂપ્), *n.* વહાણનો ઉંચો પાછળનો ભાગ. The highest part of a ship's deck.

Poor (પૂર્), *a.* ગરીબ; બિચારૂં; કંગાલ; નબળું; નિર્ધન. Needy; indigent; weak.

Poorly (પૂર્લિ), *ad.* ગરીબાઇથી; નિર્ધનતાથી; કંગાલપણે; દીનતાપૂર્વક. In a poor way; meanly.

Pop (પૉપ્), *n.* ફટ દઇને થયેલો અવાજ. A quick explosive sound. *vt. vi. pr. p.* **Popping.** *imp. & p. p.* **Popped.** ફટ અવાજ કરવો; ફુટવું. To produce an explosive sound. **2.** ઝટ લઇને મૂકવું-બોલવું. To utter quickly.

Pope (પોપ્), *n.* ક્રિશ્ચિઅન ધર્મનો વડો ધર્મગુરૂ; ધર્માધિકારી. The archbishop of Rome; a priest of the highest rank. **2.** માછલું. A fish.

Popinjay (પૉપિન્જે), *n.* પોપટ; શુક. A parrot. **2.** (*fig.*) વરણાગીઓ; ફુલફટાકિયો. A fop.

Popish (પોપિશ્), *a.* 'પોપ' ને લગતું;વડા ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુરૂનું. Of the pope.

Poplin (પૉપ્લિન્), *n.* રેશમ અને ઉનનું કાપડ. A kind of silken and woollen cloth.

Poppy (પૉપિ), *n.* ખસખસ; ખસખસનો છોડ. A kind of plant or its seeds.

Populace (પૉપ્યૂલેસ્), *n.* જન સમૂહ; વસ્તી; જનસમૂદાય; પ્રજા. The common people; the people in general.

Popular (પૉપ્યૂલર્), *a.* લોકપ્રિય; પ્રજામાં પ્રસિદ્ધ થયેલું; સરળ; લોકોપયોગી; લોકમાન્ય. Familiar; well-known; common; made favourite by the people.

Popularity (પૉપ્યૂલૅરિટિ), *n.* લોકપ્રિયતા; લોકનું રાજીપણું; જનરૂચિ; લોકમત. A state of being popular; quality of pleasing the common people.

Popularize (પૉપ્યૂલૅરાઈઝ), *vt.* લોકપ્રિય બનાવવું; લોકમત ફેલાવવો; પ્રસિદ્ધ કરવું. To make popular; to make well-known.

Populate (પૉપ્યૂલેટ), *vt. vi.* વસાવવું; વસ્તી કરવી-વધારવી; વસ્તીવાળું કરવું. To furnish with the population.

Population (પૉપ્યૂલેશન્), *n.* વસ્તી; લોકસમૂહ; જન સમૂહ; પ્રજા. The number of people.

Populous (પૉપ્યૂલસ્), *a.* ઘાડી વસ્તીવાળું; આબાદ; ઘણા જનસમૂહને લગતું. Abounding in people; thickly populated. **2.** નામીચું; વખણાયેલું; પ્રસિદ્ધ. Famous; well-known.

Porcelain (પૉર્સીલેન્), *n.* ચીનાઈ કામ; ચીનાઇ વાસણ. Chinese earthenware.

Porch (પૉર્ચ), *n.* રંગમંડપ. A covered walk; a portico.

Porcupine (પૉર્ક્યૂપાઈન્), *n.* શાહુડી. A creature with sharp or pointed quills.

Pore (પોર્), *n.* રૂંવાટી ઉપરનું છિદ્ર; સ્વેદ દ્વાર. A small opening on the skin; a small hole for perspiration. *vi.* એકી નજરે જોવું; ધ્યાનથી જોવું. To fix the attention; to see minutely.

Pork (પોર્ક), *n.* હુક્કરનું માંસ-ગોસ; હુક્કરનું આથેલું માંસ. The salted flesh of the swine.

Porker (પોર્કર્), *n.* નાનું હુક્કર. A small hog; a hog.

Porosity (પોરૉસિટિ), *n.* છિદ્રો હોવા તે; છિદ્રમય હોવું તે; સછિદ્રતા. A state of being porous.

Porous (પોરસ્), *a.* ઝીણા ઝીણા છિદ્રોવાળું; કાણાંમય. Having pores; containing pores.

Porousness (પોરસનેસ્), *n.* Same as, **Porosity.**

Porridge (પૉરિજ્), *n.* રાબડી; ઘેંસ; ભૈડકું. A kind of food, which may be eaten or sipped.

Porringer (પૉરિન્જર્), *n.* વાડકી; પ્યાલી; કટોરી. [A dish; a cup.

Port (પૉર્ટ), *n.* બંદર; દરવાજો. A harbour; a haven. **2.** 'પોર્ટ' નામનો દારૂ. A kind of wine made in Portugal. **3.** દરવાજો; બારણું. A door; a gate. **4.** ઢબ; આકાર; ઢોળ. A deportment; a bearing. **5.** ડાબું બુડદું; વહાણની ડાબી બાજુ. The left side of a ship. *vt.* ફેરવવું; લેઇ જવું; ખસેડવું. To carry; to turn.

Portable (પૉર્ટેબલ્), *a.* લઇને ફરી શકાય તેવું; સહેલાઇથી ઉંચકી શકાય તેવું. Capable of being easily carried.

Portal (પૉર્ટલ્), *n.* બારી; દરવાજો; ઝાંપો. A door; a gate. **2.** પ્રાર્થના પોથી. A prayer book.

Portend (પૉર્ટેન્ડ), *vt.* આગળથી બતાવવું; અગાઉથી સૂચવવું; જણાવવું; સૂચના કરવી; પહેલેથી ચિન્હ બતાવવા. To foreshow; to indicate some future events by some signs.

Portent (પૉર્ટેન્ટ), *n.* અપશુકન; ખરાબચિન્હ અથવા શુકન. A sign, which foreshows some evil or calamity.

Portentous (પૉર્ટેન્ટસ્), *a.* અપશુકનનું; અપશુકનિયાળ; અકલ્યાણકારક બનાવ બનવાનો છે તેવું સૂચવતું. Ill-omenous; indicating the possibility of some bad event.

Porter (પૉર્ટર્), *n.* હેલકારી; મજુર; વેતરો. A carrier; a labourer.

Porterage (પૉર્ટરેજ્), *n.* મજુરી; વેતરૂં. Money charged by a porter for conveying parcels, etc.

Procurement (પ્રોક્યૂરમેન્ટ્), *n.* સંપાદન; પ્રાપ્તિ; મુનીમગીરી. An act of procuring; a management.

Procurer (પ્રોક્યૂરર્); *n.* સંપાદક; મેળવી આપનાર. One, that procures. **2.** ભડવો; ફૂટણો; અનીતિના કામ માટેનો દલાલ. One, who helps in satisfying another's lust.

Procuress (પ્રોક્યૂરેસ્), *n.* ભડવી; ફૂટણી; અનીતિના કામમાં મદદ કરનાર સ્ત્રી; દૂતિ. A female procurer.

Prodigal (પ્રૉડિગૅલ્), *a.* છૂટ હસ્તે વાપરે તેવું; અતિશય ખર્ચાળ; ઘોતાળ. Lavish; extravagant.

Prodigality (પ્રૉડિગૅલિટિ), *n.* અતિશય ઉદારપણું; અત્યુદારતા; બહોળે હાથે ખર્ચ કરવાની ટેવ; ઘોતાળપણું. Excessive generosity of mind; lavishness.

Prodigally (પ્રૉડિગૅલ્લિ), *ad.* બહોળે હાથે; મોકળે મને; ઉદાર રીતે. In a prodigal way; lavishly.

Prodigious (પ્રોડિજસ્), *a.* નવાઈ પમાડે તેવું; વિસ્મય કરે તેવું; વિલક્ષણ; બેસુમાર; ગંજાવર. Marvellous; surprising; vast; wonderful.

Prodigy (પ્રોડિજિ), *n.* ચમત્કાર; અદ્‌ભૂત બનાવ; વિચક્ષણ બનાવ. A wonder; an extraordinary event; a marvel. **2.** રાક્ષસ; દૈત્ય; અસુર. A demon; a giant.

Produce (પ્રોડ્યૂસ્), *vt. vi. pr. p.* **Producing.** *imp. & p. p.* **Produced.** ઉત્પન્ન કરવું; પેદા કરવું; બનાવવું; ઉઘાડું કરવું; બહાર લાવવું. To bring forward; to create; to exhibit. **2.** આપવું; નિપજવું; ઉદ્‌ભવવું. To yield; to furnish. **3.** પાક થવો; પાક નિપજવો. To bear the crop. *n.* નિપજ; પેદાશ; ઉપજ; પાક. Agricultural product; the outcome of natural growth.

Producible (પ્રોડ્યૂસિબલ્), *a.* રજુ થવા યોગ્ય; ઉત્પન્ન થવા યોગ્ય; રજુ કરી શકાય તેવું. Capable of being produced.

Product (પ્રોડક્ટ્), *n.* પેદાશ;ઉત્પત્તિ;ફળ;પરિણામ. Production; a result. **2.** ગુણાકાર; ગુણન ફળ. Multiplication; the quantities multiplied.

Production (પ્રોડક્શન્), *n.* પેદાશ; ઉત્પત્તિ; ઉત્પાદન; ઉપજ; ઉત્પન્ન. An act of producing; a produce; what is produced or manufactured.

Productive (પ્રોડક્ટિવ્), *a.* ઉત્પન્ન કરે તેવું; ફળવંત; ફળરૂપ; ઉત્પાદક. Yielding; producing or bearing fruits, etc.; origination.

Profanation (પ્રોફૅનેશન્), *n.* નાપાક બનાવવું તે; ભ્રષ્ટ કરવું તે; વટલાવવું તે. An act of profaning.

Profane (પ્રોફેન્), *a.* અપવિત્ર; નાસ્તિક; ભ્રષ્ટ. Ungodly;impious;unconsecrated. *vt.* અપવિત્ર કરવું; ભ્રષ્ટ કરવું; નિંદવું. To pollute; to debase.

Profanity (પ્રોફૅનિટિ), *n.* ઈશ્વર નિંદા; ધર્મ નિંદા; ધર્મદ્રોહ. Irreverence to god;blasphemy.

Profess (પ્રોફેસ્), *vt.* ખુલ્લું કહેવું-કરવું; પ્રતિજ્ઞાપૂર્વક કહેવું; ખુલ્લી રીતે સ્વિકારવું; To assert openly; to state clearly; to avow. **2.** કબુલ કરવું; સ્વિકારવું. To confess; to own. **3.** ધંધો કરવો; પંડિત કહેવરાવવું. To take to a profession; to claim oneself to be a well-read person.

Professedly (પ્રોફેસેડ્લિ), *ad.* ખુલ્લી રીતે;પ્રતિજ્ઞાપૂર્વક; સ્પષ્ટ રીતે. Avowedly; openly;clearly.

Profession (પ્રોફેશન્), *n.* ઉદ્યોગ; ધંધોરોજગાર; કાર્ય. A calling; a vocation. **2.** એક ધંધામાં પડેલાં બધાં માણસો. A body of persons,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

engaged in a vocation.

Professor (પ્રોફેસર), *n.* વિદ્યાવિશારદ; શિક્ષાગુરૂ; આચાર્ય; પાઠક. One, who publicly teaches any art or science. **2.** (*fig.*) ઉસ્તાદ; કોઈપણ હુન્નરનું સારૂં જ્ઞાન ધરાવનાર. One, who is well-versed in any art.

Proffer (પ્રૉફર્), *vt.* આપવું; આપવા માંડવું. To offer for acceptance. **2.** સૂચના કરવી; દરખાસ્ત મૂકવી. To propose. *n.* કહેણ; વચન; દરખાસ્ત. An offer; a proposal.

Proficiency (પ્રોફિશેન્સિ), *n.* નિપુણતા; હોંશિયારી; ચતુરાઇ; કૌશલ્ય. Dexterity; skill; a state of being proficient.

Proficient (પ્રોફિશેન્ટ્), *a.* નિપુણ; ચતુર; પ્રવીણ; કાબેલ; હોંશિયાર. Competent; well-versed (in any science).

Profile (પ્રોફાઈલ્), *n.* એક બાજુનું ચિત્ર; આલેખન; મૂળતત્વ; રૂપરેખા. An outline of the human face, by side ways; an outline. *vt.* છબી કાઢવી; રૂપરેખા ચિતરવી. To draw a profile of.

Profit (પ્રૉફિટ), *n.* નફો; લાભ; હિત; કલ્યાણ; ફાયદો. A gain; an advantage; a benefit. *vt. vi.* ફાયદો થવો; હિત થવું; કલ્યાણ કરવું-થવું. To gain; to be of an advantage.

Profitable (પ્રૉફિટેબલ્), *a.* ફાયદાકારક; લાભદાયક; નફાકારક; ફળદાયક. Gainful; advantageous; lucrative.

Profitably (પ્રૉફિટેબ્લિ), *ad.* ફાયદાકારક રીતે; લાભદાયક રીતે; ફળદાયક સ્થિતિમાં. In a profitable way.

Profligacy (પ્રૉફ્લિગૅસિ), *n.* લુચ્ચાઇ; સોદાઇ; દુરાચરણ; બદફેલી. A vicious course of life; dissoluteness.

Profligate (પ્રૉફ્લિગેટ્), *a.* લુચ્ચો; દુરાચારી; વંઠેલ; સોદો; ખરાબ આચરણવાળો. Dissolute; immoral; vicious. *n.* લુચ્ચો પુરૂષ; દુરાચરણી માણસ. A vicious person.

Profligately (પ્રૉફ્લિગેટ્લિ), *ad.* દુરાચરણી રીતે; વંઠેલપણે; ખરાબ આચરણથી. In a profligate way.

Profligacy.

Profligateness (પ્રૉફ્લિગેટ્નેસ્), *n.* Same as,

Profound (પ્રોફાઉન્ડ્), *a.* ઉંડું; ભારે; ઘાડું; ગંભીર; જ્ઞાનમાં ઉંડું. Deep; weighty; deep in knowledge. *n.* સમુદ્ર; મહાસાગર; બહુજ ઉંડો ખાડો. The deep; an ocean; a bottomless pit.

Profoundly (પ્રોફાઉન્ડ્લિ), *ad.* ગંભીરતાથી; ઉંડાઈથી; અત્યંત વિચારપૂર્વક. In a profound way.

Profoundness (પ્રોફાઉન્ડ્નેસ્), *n.* ઉંડાઇ; ઘાડાપણું; ગંભીરતા; જ્ઞાનમાં ઉંડાપણું. A state of being profound.

Profundity (પ્રોફન્ડિટિ), *n.* Same as,

Profuse (પ્રોફ્યૂઝ્), *a.* ઉદાર; સખી; ઘોતાળ; બહુ ખરચી નાંખે તેવું. Liberal; lavish; extravagant.

Profuseness (પ્રોફ્યૂઝ્નેસ્), *n.* ઉદારતા; સખીપણું; ઘોતાળપણું. Liberality; extravagance; lavishness.

Profusion (પ્રોફ્યૂઝ્હન્), *n.* same as,

Progenitor (પ્રોજેનિટર્), *n.* પૂર્વજ; પિતા; કુળ પુરૂષ; વડીલ. An ancestor; a forefather.

Progeny (પ્રોજેનિ), *n.* સંતાન; પ્રજા; ઓલાદ; બાળબચ્ચાં. Children; issues; offspring.

Prognostic (પ્રૉગ્નૉસ્ટિક્), *a.* પૂર્વ લક્ષણ બતાવવું; અગાઉથી સૂચવવું; પૂર્વસૂચક. Indicating future by some signs; foreshowing *n.* ભાવિચિન્હ; પૂર્વ ચિન્હ. A mark or a sign showing some future events.

Programme (પ્રોગ્રૅમ્), *n.* વ્યવસ્થાપત્ર; પ્રથમ કરેલી યાદી-વ્યવસ્થા. A pre-arranged order for any work, to be at hand.

Progress (પ્રોગ્રેસ્) *n.* ગતિ; ક્રમ; અભ્યાસ; વૃદ્ધિ. An act of proceeding; a course; a way; an advance. *vt. vi.* આગળ ચાલવું; વધવું; મોટું થવું; વૃદ્ધિ પામવી. To proceed; to advance; to extend.

Progression (પ્રોગ્રેશન્), *n.* આગળ જવું તે; કાલ ક્રમ; શ્રેણી; વ્યવહાર. An act of moving forward; a course; a regular way.

Progressive (પ્રોગ્રેસિવ્), *a.* આગળ વધતું; પ્રગતિ કરતું; ચઢતી કળાનું; ઉન્નતિ પામતું. Moving forward; advancing; proceeding.

Prohibit (પ્રોહિબિટ્), *vt.* સત્તાની રૂએ; મના કરવી; વારવું; અટકાવવું; રોકવું; પ્રતિષેધ કરવો. To forbid authoritatively; to restrain; to prevent.

Prohibiter (પ્રોહિબિટર્), *n.* મના કરનાર; અટકાવનાર; રોકનાર. One, who prohibits.

Prohibition (પ્રોહિબિશન્), *n.* મનાઇ; અટકાયત; રોકાણ; પ્રતિષેધ; હરમ્ત. An act of prohibiting; an interdict.

Prohibitory (પ્રોહિબિટૉરિ), *a.* નિષેધક; અટકાવ કરે તેવું; પ્રતિરોધક. Tending to prohibition.

Project (પ્રોજેક્ટ્), *n.* તુરંગ; કલ્પના; ખ્યાલ. An idea; a thought; a notion. **2.** યુક્તિ; ઉપાય; દાવ. A device; a scheme. *vt. vi.* યોજવું; કલ્પના કરવી; વિચાર કરવો. To devise; to scheme. **2.** આગળ નીકળવું; અણી નીકળવી. To shoot.

Projectile (પ્રોજેક્ટાઇલ્), *a.* દૂરવેધી; ફેંકનારૂં. Throwing or impelling forward. *n.* ફેંકેલું હથિયાર; દૂરવેધી શસ્ત્ર. A weapon impelled by force.

Projection (પ્રોજેક્શન), *n.* આગળ પડતો ભાગ; નીકળી આવેલો ભાગ; ઉપસી રહેલો ભાગ. A portion jutting out. **2.** મકાનનો નકશો; ઘાટ; આકૃતિ. A design; a plan (of a building).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Projector (પ્રોજેક્ટર્), *n.* યોજક; પ્રયોજક; કલ્પના કરનાર. One, who forms a scheme or a notion.

Prolific (પ્રોલિફિક્), *a.* ફળવંત; બહુ ફળ આપે તેવું; બચ્ચાં જણવાની શક્તિવાળું. Fruitful; productive; generative.

Prolix (પ્રોલિક્સ્), *a.* ઘણું લાંબું; કંટાળા ભરેલું; પુનરૂક્તિવાળું. Extending to a great length.

Prolixity (પ્રોલિક્સિટિ), *n.* કંટાળો અથવા આળસ લાવે તેવું લખાણ; ઘણું લંબાણ. A state of being prolix.

Prologue (પ્રોલૉગ્), *n.* પ્રવેશક; નાન્દી; નાટકની પ્રસ્તાવના. The preface of a drama or any performance. **2.** નાન્દી બોલનાર; નાટકની પ્રસ્તાવના કરનાર. One, who recites a prologue. *vt.* પ્રસ્તાવના કરવી; શરૂઆત કરવું. To begin with a preface.

Prolong (પ્રોલૉન્ગ્), *vt.* લંબાવવું; લાંબું કરવું; વધારવું; વિસ્તારવું; ફેલાવવું. To extend; to stretch; to expand. **2.** મુલત્વી રાખવું; મુદત વધારવી. To defer; to postpone.

Prolongation (પ્રોલૉન્ગેશન્). *n.* લાંબું કરવું તે; લંબીકરણ; વૃદ્ધિ; વધારો. An act of prolonging; an extension.

Promenade (પ્રોમીનેડ્), *n.* હરવા ફરવાની જગ્યા; વિહારસ્થાન. A place for walk. *vt.* હવા ખાવા જવું; સહેલ કરવા નીકળી પડવું. To go for a pleasant walk.

Prominence (પ્રૉમિનેન્સ્), *n.* પ્રસિદ્ધતા; શ્રેષ્ઠતા; પ્રસિદ્ધિ. Conspicuousness; a state of being prominent.

Prominent (પ્રૉમિનેન્ટ્), *a.* પ્રસિદ્ધ; મુખ્ય; આગળ પડતું; તરત નજરે પડે તેવું. Well-known; conspicuous; distinguished.

Prominently (પ્રૉમિનેન્ટ્લિ), *ad.* પ્રસિદ્ધ રીતે; આગળ પડીને; જગજાહેર રીતે. In a prominent way.

Promiscuous (પ્રોમિસ્ક્યૂઅસ્), *a.* સેળભેળ; ગેરબંદોબસ્તવાળું; અવ્યવસ્થિત; અનુક્રમ વિનાનું; અસંબદ્ધ. Mingled; confused; random.

Promise (પ્રોમિસ્), *n.* વચન; કોલ; કબુલાત; કરાર; પ્રતિજ્ઞા. A binding word or agreement; a pledge. **2.** આશા. A hope. *vt.* વચન આપવું; કોલ દેવો; પ્રતિજ્ઞા પાળવી. To bind one's self by a promise or contract; to pledge. **2.** આશા આપવી-દેખાડવી. To show some hopes.

Promisee (પ્રોમિસી), *n.* જેને વચન, કોલ, વિ૦ આપવામાં આવ્યા હોય તે પુરૂષ. One, to whom a promise is made.

Promiser (પ્રોમિસર્), *n.* વચન આપનાર; પ્રતિજ્ઞાનું પાલન કરનાર. One, who observes a promise.

Promising (પ્રોમિસિન્ગ્), *a.* આશાજનક; સારૂં નામ કાઢે તેવો; કીર્તિ મેળવે તેવો. Hopeful; likely to gain name.

Promissory (પ્રોમિસૉરિ), *a.* બંધનકારક; જેમાં વચન હોય તેવું; વચનથી બંધાય તેવું. Containing or having a promise. **Promissory note,** *n.* વચનપત્રી; દેખત હુંડી.

Promontory (પ્રોમૉન્ટૉરિ), *n.* ભૂશલાકા; ઉચ્ચ ભૂમિ-જમીન. A cape; a headland.

Promote (પ્રોમોટ્), *vt.* વધારવું; ઉપરના સ્થાને બેસાડવું હોવું; ઉંચી પદવીએ ચઢાવવું. To further; to contribute to the growth or increase; to raise to a higher post. **2.** ઉશ્કેરવું; જગાડવું. To stir up; to excite.

Promoter (પ્રોમોટર્), *n.* વધારનાર; ઉંચી પદવીએ લેનાર; પ્રોત્સાહન આપનાર; ઉશ્કેરનાર. One, who promotes.

Promotion (પ્રોમોશન્), *n.* વધારો; પુષ્ટિ; પ્રવર્તન; નોકરીમાં કે પગારમાં વધારો; ઉપલા સ્થાનમાં ચઢવું તે. An act of promoting; an advancement.

Prompt (પ્રૉમ્પ્ટ્), *a.* તાકીદનું; તત્પર; ઝડપથી કરેલું; હોંસભેર કરેલું. Immediately; swift; done quickly. *vt.* પ્રેરણા કરવી; સૂઝાડવું; સૂઝે તેમ કરવું. To inspire; to suggest, *n.* વાયદો. A limited period for some transaction

Promptitude (પ્રૉમ્પ્ટિટ્યૂડ્), *n.* ઝડપ; ચપળતા; સત્વરતા; ઝપાટો. A state of being prompt; quickness of temper. [**Promptitude.**

Promptness (પ્રૉમ્પ્ટ્નેસ્), *n.* Same as,

Promulgate (પ્રૉમલ્ગેટ્), *vt.* જાહેર કરવું; પ્રસિદ્ધ કરવું; જણાવવું. To announce; to declare; to publish.

Promulgation (પ્રૉમલ્ગેશન્), *n.* પ્રસિદ્ધ કરવું તે; ઢંઢેરો; જાહેરનામું. An act of promulgating; a publication.

Promulgator (પ્રૉમલ્ગેટર્), *n.* જાહેરનામું ફેરવનાર; ઢંઢેરો પીટનાર; પ્રસિદ્ધ કરનાર. One, who promulgates.

Prone (પ્રોન્), *a.* નીચી ડોકવાળું; ખુંધવાળું. Bending forward; sloping. **2.** -ના સ્વભાવવાળું; ખાસીઅતનું. Disposed to; inclined.

Proneness (પ્રોન્નેસ્), *n.* ઝોક; ઢોળાવ; અધોમુખતા; ઉતાર. A state of being prone; declivity; disposition.

Prong (પ્રૉન્ગ્), *n.* કાંટો; દાંતો; શૂળ; ફળું. The spike of a fork; a pointed instrument

Pronoun (પ્રોનાઉન્), *n.* સર્વનામ. A word, standing for or instead of a noun.

Pronounce (પ્રોનાઉન્સ્), *vt. vi.* ઉચ્ચાર કરવો; બોલવું; ઉચ્ચારવું. To utter; to speak with accents. **2.** નક્કી કરીને કહેવું-જણાવવું; ખાત્રીપૂર્વક કહેવું. To declare; to affirm.

Pronunciation (પ્રોનન્સિએશન્), *n.* ઉચ્ચાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલી; વર્ણોચ્ચારણ. A mode or the way of uttering words; utterance.

Proof (પ્રૂફ્), *n.* પ્રમાણ; દાખલો; અજમાએશ; પરીક્ષા; પુરાવો; સાબીતી; તાળો; મુદ્દો. A test; a trial; an evidence; a method for testing the accuracy of a sum. *a.* અભેદ્ય; મજબુત; સામું થઇ શકે તેવું. Impenetrable; capable to resist.

Prop (પ્રૉપ્), *vt. pr. p.* **Propping.** *imp. & p. p.* **Propped.** ટેકો આપવો; આધાર આપવો; ટેકવી રાખવું. To support; to sustain; to support by placing a thing against. *n.* ટેકો; આધાર; થાંભલો. A support; a pillar; a column.

Propaganda (પ્રૉપૅગૅન્ડૅ), *n.* કોઈ પણ સારા સિદ્ધાંતોનો ફેલાવો કરનારી સંસ્થા. An institution, spreading some doctrines.

Propagate (પ્રૉપૅગેટ્), *vt.* ફેલાવવું; પ્રચાર કરવો; વંશવૃદ્ધિ કરવી. To diffuse; to spread; to continue production.

Propagation (પ્રૉપૅગેશન્), *n.* ફેલાવો; પ્રચાર; વિસ્તાર. An act of propagating; a diffusion.

Propel (પ્રોપેલ્), *vt. pr. p.* **Propelling.** *imp. & p. p.* **Propelled.** ઠેલવું; હડસેલવું; આગળ ધપાવવું. To drive by force; to move forward.

Propeller (પ્રોપેલર્), *n.* ઠેલનાર; હડસેલનાર; આગળ ધપાવનાર. One, who propels.

Propense (પ્રૉપેન્સ્), *a.* મન વળેલું; રૂખવાળું; વલણ પકડેલું. Inclined; pisposed.

Propensity (પ્રોપેન્સિટિ), *n.* મનનું વલણ; મરજી; ઇચ્છા. A mental inclination; a desire; a tendency.

Proper (પ્રૉપર્), *a.* યોગ્ય; લાયક; વ્યાજબી; ઘટારત. Fit; appropriate; just. **2.** પોતાનું; સ્વકીય. Belonging to one's own.

Properly (પ્રૉપર્લિ), *ad.* યોગ્ય રીતે; બરાબર રીતે; લાયક રીતે. In a proper way or manner.

Property (પ્રૉપર્ટિ), *n. pl.* **Properties.** મીલકત; માલ; ખજાનો; દોલત. The possession of buildings, etc.; an estate; wealth. **2.** નાટકનો જોઇતો સરસામાન. A stage requisite. **3.** ગુણ; સ્વભાવ; ધર્મ. A quality; an attribute.

Prophecy (પ્રૉફેસિ), *n.* ભવિષ્ય કથન; ભવિષ્ય સૂચન. A prediction; a foretelling. **2.** સૂચના; ઉપદેશ. An instruction; an exhortation.

Prophesy (પ્રૉફેસિ), *vt. pr. p.* **Prophesying.** *imp. & p. p.* **Prophesied.** ભવિષ્ય કહેવું–ભાખવું; આગળથી બનાવ કહી સંભળાવવો; ઉપદેશ દેવો. To foretell; to preach.

Prophet (પ્રૉફેટ્), *n.* ભવિષ્ય કહેનાર; ઇશ્વર પ્રેરિત સંદેશો કહેનાર–સૂચવનાર. One, who foretells; a predictor.

Prophetess (પ્રૉફેટેસ્), *n.* ભાવી કહેનારી; ઈશ્વર પ્રેરણાથી ભવિષ્ય કહેનાર સ્ત્રી. A female prophet.

Prophetic,-al (પ્રૉફેટિક્,-કૅલ્), *a.* ભાવી બનાવનું; ભવિષ્યને લગતું; પેગંબરનું. Of or pertaining to a prophet.

Propinquity (પ્રૉપિન્ક્વિટિ), *n.* સમીપપણું; નિકટતા; સગપણ. Nearness; kindred.

Propitiate (પ્રોપિશિએટ્), *vt. vi. pr. p.* **Propitiating.** *imp. & p. p.* **Propitiated.** પ્રસન્ન કરવું; મનાવવું; આરાધના કરવી; આરાધવું. To win the favour of; to conciliate.

Propitiation (પ્રોપિશિએશન્), *n.* આરાધના; પ્રસન્ન કરવાનું કામ; ઉપાસના અથવા પૂજાથી પ્રસન્ન કરવું તે. An act of propitiating.

Propitiator (પ્રોપિશિએટર્), *n.* આરાધના કરનાર; ઉપાસના કરનાર; પ્રસન્ન કરનાર. One, who propitiates.

Propitious (પ્રોપિશસ્), *a.* શુભ; મંગળ; કલ્યાણકારી. Auspicious; kind. **2.** દયાળુ; કૃપાળુ; મહેરબાન. Merciful; gracious.

Propone (પ્રોપોન્), *vt.* દરખાસ્ત કરવી; સૂચના કરવી; સૂચવવું; વિચાર રૂપે ફેલાવવું. To propose; to propound.

Proportion (પ્રોપોર્શન્), *n.* પ્રમાણ; ભાગ; પ્રમાણ શુદ્ધિ; હિસ્સો. A share; a lot; a ratio. *vt.* પ્રમાણ ઠરાવવું; ભાગ નક્કી કરવો; સરખા ભાગ કરવા. To adjust the share; to arrange in a suitable parts.

Proportional (પ્રોપોર્શનૅલ્), *a.* પ્રમાણનું; પ્રમાણસર; સમપ્રમાણ. Of or pertaining to proportion.

Proportionate (પ્રોપોર્શનેટ્), *a.* પ્રમાણમાં કીધેલું; પ્રમાણસર રાખેલું. Adjusted or arranged in due proportion. *vt.* પ્રમાણસર રાખવું; પ્રમાણમાં ગોઠવવું. To arrange in a due relation.

Proposal (પ્રોપોઝૅલ્), *n.* વિચાર; દરખાસ્ત; રજુ કરેલી સૂચના; માગણી. An idea proposed; a suggestion; an offer.

Propose (પ્રોપોઝ્), *vt. pr. p.* **Proposing.** *imp. & p. p.* **Proposed.** સુચના કરવી; દરખાસ્ત મૂકવી; વિચાર જણાવવો; મનસુબો કરવો; માગણી કરવી. To suggest; to express an idea or ideas for; to intend; to send an offer.

Proposition (પ્રોપોઝિશન્), *n.* દરખાસ્ત; માગણી; સૂચના. A proposal; an offer. **2.** સિદ્ધાંત; મત. A statement proved to be true.

Propound (પ્રોપાઉન્ડ્), *vt.* આગળ મૂકવું; બતાવવું; મનસુબો કરવો. To exhibit; to propose; to consider.

Propounder (પ્રોપાઉન્ડર્), *n.* આગળ મૂકનાર; પ્રવર્તાવનાર; જણાવનાર. One, who propounds.

Proprietary (પ્રોપ્રાઇટૅરિ), *a.* માલિકનું; માલિકીનું; સ્વામિત્વનું. Possessed by an owner;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

belonging to a proprietor. *n.* માલિક; ધણી; કબ્જો ભોગવનાર સમસ્ત. An owner; a body of owners.

Proprietor (પ્રોપ્રાઇએટર્), *n.* માલિક; ધણી; સ્વામિ; અધિકારી. An owner; a person with a legal claim to something.

Proprietorship (પ્રોપ્રાઇએટર્શિપ્), *n.* સ્વામિત્વ; માલિકી; આધિપત્ય. A state of being a proprietor.

Propriety (પ્રોપ્રાઇટિ), *n.* યોગ્યતા; યથાર્થતા; લાયકી; ઉચિતતા. Appropriateness; fitness. **2.** વિશેષતા; ખાસિયત. An original quality or merit. **3.** ધણીપણું; માલિકી; અધિકાર. Ownership; an authority.

Prorogation (પ્રોરોગેશન્), *n.* મુલત્વી રાખવું તે; લાંબી મુદતે કરવું તે; મોકૂફ રાખવું તે. An act of proroguing; a delay.

Prorogue (પ્રોરોગ્), *vt.* મુલત્વી રાખવું; લાંબી મુદતે કરવું; મોકૂફ રાખવું. To defer; to postpone; to delay.

Proscribe (પ્રોસ્ક્રાઇબ્), *vt.* દુષ્ટ ગણી કાઢવું; નિષેધ કરવો; રાજ્યરક્ષણ બહાર કાઢવું. To interdict; to exclude; to outlay.

Proscriber (પ્રોસ્ક્રાઈબર્), *n.* નિષેધ કરનીર; પ્રતિષેધ કરનાર; રોકનાર; અટકાવનાર. One, who proscribes.

Proscription (પ્રોસ્ક્રિપ્શન્), *n.* પ્રતિષેધ; નિષેધ; અટકાયત. An act of proscribing; an interdict.

Prosaic,-al (પ્રોઝેઇક્,-કૅલ્), *a.* ગદ્યરૂપ; અરસિક; નિરસ. In the manner of prose; dull; tedious.

Prosaist (પ્રોઝેઇસ્ટ્), *n.* ગદ્યમાં લખાણ લખનાર; ગદ્યલેખક. A writer of prose.

Prose (પ્રોઝ્), *n.* ગદ્ય; ગદ્યરૂપ લખાણ. An ordinary written or spoken language. **2.** કંટાળો ઉપજાવે તેવું અરસિક લખાણ. A dull composition. *vi.* ગદ્યમાં લખાણ કરવું; કંટાળો ઉપજાવે તેવું લખાણ લખવું; અરસિક લખાણ લખવું. To write in prose; to write in a dull way or manner.

Prosecute (પ્રૉસીક્યૂટ્), *vt.* કર્યાં જવું; લાગ્યા રહેવું; ફરિયાદી માંડવી. To follow after; to pursue; to file a suit against.

Prosecution (પ્રૉસીક્યૂશન્), *n.* ચાલું રાખવું તે; પ્રવર્તન. A mental or physical pursuit. **2.** ફોજદારીમાં ચાલતું કામ; ફોજદારી. A criminal suit.

Prosecutor (પ્રૉસીક્યૂટર્), *n.* ફરિયાદી; ફોજદારીમાં કામ ચલાવનાર; પુંઠે લાગનાર. One, who prosecutes; a person carrying prosecution.

Proselyte (પ્રૉસીલાઈટ્), *n.* સ્વધર્મ છોડનાર પુરૂષ-આદમી; સ્વધર્મત્યાગી. A convert to some religion.

Prosodian (પ્રૉસોડિઍન્), *n.* પિંગળશાસ્ત્રમાં નિપુણ પુરૂષ; પિંગળ કવી. One well-versed in prosody.

Prosodist (પ્રૉસોડિસ્ટ્), *n.* Same as, **Prosodian.**

Prosody (પ્રોસૉડિ), *n.* પિંગળ; કવિતાશાસ્ત્ર. A treatise dealing in the rules of rhythm and verses.

Prospect (પ્રૉસ્પેક્ટ્), *n.* એકી વખતે જે નજરે પડે તે દેખાવ; આશા; ઉમેદ. A general view; sight of things within the range of the eye; an anticipation.

Prospective (પ્રૉસ્પેક્ટિવ્), *a.* પછીના કાળ વિષેનું; આશા સંબંધી; ઉમેદને લગતું. Of a prospect; pertaining to some future hope.

Prospectus (પ્રૉસ્પેક્ટસ્), *n.* વિજ્ઞાનપત્ર; પ્રસિદ્ધપત્ર; જાહેરખબર. A summary of something to be proposed.

Prosper (પ્રૉસ્પર્), *vt. vi.* પાર પાડવું; સફળ કરવું; આબાદ બનાવવું. To make prosperous; to render successful. **2.** આબાદ થવું; પાર પડવું; સફળ થવું. To thrive; to succeed.

Prosperity (પ્રૉસ્પેરિટિ), *n.* આબાદી; ચઢતી સ્થિતિ; સુખ; વૈભવ; વિભૂતિ. Good fortune or luck; opulence; a thriving condition.

Prosperous (પ્રૉસ્પરસ્), *a.* આબાદ; સુખી; શ્રીમંત; મંગળકારી; ક્ષેમકુશળ. Thriving; flourishing; favourable.

Prostitute (પ્રૉસ્ટિટ્યૂટ્), *n.* કસબણ; વેશ્યા; રાંડ. A harlot; a strumpet. *vt.* વેશ્યાવૃત્તિ કરવી; બદકામ કરવું-કરાવવું; અધમ કામ કરાવવું. To act as a harlot; to debase; to offer for lewdness.

Prostitution (પ્રૉસ્ટિટ્યૂશન્), *n.* છિનાળું; વેશ્યાવૃત્તિ; શરીર ધર્મનો દુરૂપયોગ. An act of a prostitute

Prostrate (પ્રૉસ્ટ્રેટ્), *vi. pr. p.* **Prostrating.** *imp. & p. p.* **Prostrated.** દંડવત પ્રણામ કરવા; લાંબા થઇને જમીન પર પડવું. To bow in humble reverence; to fall at the feet of. **2.** જમીનદોસ્ત કરવું; લાંબુ કરી નાંખવું. To lay flat; to throw down. *a.* લાંબુ થઈ ગયેલું; સૂઇ ગયેલું; જમીનદોસ્ત થયેલું. Stretched; extended; fallen to ground.

Prostration (પ્રૉસ્ટ્રેશન્), *n.* દંડવત પ્રણામ; નમસ્કાર; સાષ્ટાંગ પ્રણામ. An act of laying one's self flat.

Prostyle (પ્રોસ્ટાઈલ્), *a.* ઇમારતના આગલા ભાગમાં થાંભલાની હારવાળું. Having columns in front line of a building.

Prosy (પ્રૉઝિ), *a.* ગદ્યાત્મક; ગદ્યરૂપ. Consisting of prose; of the nature of prose. **2.** (*fig.*) રસ વિનાનું; નિરસ. Devoid of any sentiment; dull.

Protect (પ્રોટેક્ટ્), *vt.* રક્ષણ કરવું; બચાવવું; જતન કરવું; સંભાળવું; પાલન કરવું. To defend; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

preserve; to support.

Protection (પ્રોટેક્શન્), *n.* રક્ષણ; બચાવ; જતન; પાલન; આશ્રય; ઓથ. A defence; a shelter; a shield.

Protective (પ્રોટેક્ટિવ્), *a.* જેનાથી રક્ષણ થાય તેવું;રક્ષક; પાલક. Tending to protect;defensive.

Protector (પ્રોટેક્ટર્), *n.* પાલક; રક્ષક; આશ્રયદાતા; મુરબ્બી; ઓથ આપનાર. A defender; a guardian; a patron.

Protectorate (પ્રોટેક્ટરેટ્), *n.* સંરક્ષણસત્તાક રાજ્ય. The government by a protector.

Protoplasm (પ્રોટોપ્લેઝમ્), *n.* પ્રાણરક્ષક રસ; વીર્ય; બીજ; ધાતુ. A substance, forming the base of living matter.

Prototype (પ્રોટોટાઈપ્), *n.* નમૂનો; સાક્ષાત્રૂપ; મૂળસ્વરૂપ; આબેહૂબ મૂર્તિ. A primary form; an archetype.

Protract (પ્રોટ્રૅક્ટ્), *vt.* લંબાવવું; વિલંબ કરવો; દિવસો વ્યતિત કરવા; મુલત્વી રાખવું. To delay; to defer; to prolong.

Protraction (પ્રોટ્રૅક્શન્), *n.* વિલંબ; ઢીલ;મુલત્વી રાખવું તે. Delay; an act of protracting.

Protractor (પ્રોટ્રૅક્ટર્), *n.* વિલંબ કરનાર; લાંબી મુદતો પાડનાર; ઢીલ કરનાર.One, who protracts.

Protrude (પ્રોટ્રૂડ્), *vt. vi.* બહાર કાઢવું; હડસેલી કાઢવું; ધક્કેલવું. To push out; to thrust out. **2.** બહાર નીકળવું; ઘસી આવવું. To shoot out; to project.

Protuberance (પ્રોટ્યૂબરન્સ્), *n.* ઢેકો; ગાંઠ; ઉપસી આવેલો ભાગ. A swelling; a tumour; a knob.

Protuberate (પ્રોટ્યૂબરેટ્), *vi.* ઢેકા જેવું થવું; ઉપસી આવવું; ગાંઠ બાઝવી.To swell;to bulge out.

Proud (પ્રાઉડ્), *a.* અહંકારી; અભિમાની; ગર્વિષ્ઠ; મગરૂર. Haughty; having a high opinion of one's own self; arrogant.

Prove (પ્રૂવ્), *vt. pr. p.* **Proving.** *imp. & p. p.* **Proved.** સાબિત કરવું; સિદ્ધ કરવું; પારખવું; અજમાવી જોવું; સત્ય ઠરાવવું–બતાવી આપવું. To try by a result; to test; to evince; to verify.

Provender (પ્રોવેન્ડર્), *n.* ઘાસદાણો; ચારો; ચંદી. Dry food for domestic animals. **2.** અન્ન; ખોરાક. Food.

Proverb (પ્રૉવર્બ), *n.* કહેવત; કહેણી; કથન;ઉખાણું. A maxim; a saying; a by-word.

Proverbial (પ્રૉવર્બિઍલ્), *a.* કહેવતનું; ઉખાણાને લગતું; લોક પ્રસિદ્ધ. Of a proverb; used as a proverb.

Provide (પ્રોવાઈડ્), *vt. vi. pr. p.* **Providing.** *imp. & p. p.* **Provided.** પુરૂં પાડવું; તૈયાર કરી રાખવું; આપવું; ઇલાજ કરવો; આગળથી યોજના કરવી. To supply; to afford;to prepare.

Provided (પ્રોવાઈડેડ્), *con.* પણ; પણ એટલું; એવી શરતે. On condition; this being done.

Providence (પ્રૉવિડેન્સ્), *n.* દુરંદેશી; પૂર્વવિચાર; દીર્ઘદૃષ્ટિ. A foresight. **2.** પરમેશ્વર; વિધિ. God.

Provident (પ્રૉવિડેન્ટ્), *a.* દીર્ઘદૃષ્ટિવાળું;દૂરદર્શી; ભવિષ્યચિંતક; કરકસરિયું. Foresighted; prudent. economical.

Providential (પ્રૉવિડેન્શૅલ્), *a.* ઇશ્વરી દયાથી થયેલું; દૈવયોગનું; ઇશ્વરી સત્તાનું-માયાનું. Resulted by the providence of God.

Province (પ્રૉવિન્સ્), *n.* પ્રાંત; ઇલાકો; મુલક;પ્રદેશ. A district; a presidency; a territory; a region. **2.** અધિકાર; હકુમત; સત્તા; હક. Jurisdiction; power.

Provincial (પ્રોવિન્શૅલ્), *a.* ઇલાકાનું; પ્રાંતનું; પ્રાંતિક; મુખ્ય સરકારના તાબાનું. Of a province; belonging to a presidency.

Provincialism (પ્રોવિન્શૅલિઝમ્), *n.* ઇલાકામાં અથવા દેશના કોઈપણ વિભાગમાં બોલીમાં વપરાતી પ્રણાલિકા-રૂઢી-ચાલ. A provincial characteristic.

Provision (પ્રોવિઝૉન્), *n.* કરાર; શરત; બોલી. An agreement; a condition. **2.** અન્નપાણી; ખોરાકી; સીધું. Food; victuals. **3.** અગાઉની ગોઠવણ; તૈયારી. Previous preparations. *vt.* ખાવા પીવાની સોઇ પુરી પાડવી; ખોરાકની સગવડતા કરવી. To supply with food, etc.

Provisional (પ્રોવિઝનૅલ્), *a.* કામચલાઉ; થોડા વખતને માટે; અલ્પકાલિક. Temporary; lasting for a short time.

Provisionally (પ્રોવિઝનૅલ્લિ), *ad.* કામચલાઉ રીતે; થોડા વખતને માટે. Temporarily; for a short period.

Proviso (પ્રોવાઇઝો), *n.* શરત; બોલી; કરાર. An agreement; a contract; a condition.

Provocation (પ્રૉવોકેશન્), *n.* ખીજવણી; ઉશ્કેરણી; ચીડવણી. An act of provoking; an excitement.

Provocative (પ્રોવોકેટિવ્), *a.* ઉત્તેજક; ઉદ્દીપક; સંતાપકારક;ઉશ્કેરણી કરે તેવું.Tending to provoke.

Provoke (પ્રોવોક્), *vt. vi.* ઉશ્કેરવું; ચીડવવું; ખીજવવું; ક્રોધ ઉત્પન્ન કરવો–કરાવવો; મ્હોંમાં હાથ નાંખીને બોલાવવું. To stir; to excite; to agitate; to arouse; to instigate.

Prow (પ્રાઉ), *n.* વહાણનો આગલો ભાગ; નાવ; મછવો. The feremost part of a vessel.

Prowess (પ્રાઉએસ્), *n.* પરાક્રમ; બહાદુરી; શૂરાતન; શૌર્ય. Valour; bravery; heroism.

Prowl (પ્રાઉલ્), *vi.* શિકારની શોધમાં ફરવું; શિકાર પકડવો; ભક્ષને માટે આથડવું–ફરવું. To move about in search of prey; to rove about. **2.** લૂંટથી ભેગું કરવું; સંચય કરવો. To store or collect

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

by plunder. *n.* પરિભ્રમણ; શિકારની શોધમાં ફરવું તે. An act of prowling.

Proximate (પ્રૉક્સિમેટ્), *a.* લગતું; નિકટનું; પાસેનું; સમીપનું. Nearest; neighbouring; next.

Proximately (પ્રૉક્સિમેટ્લિ), *ad.* નિકટનું અથવા સમીપનું હોય તેવી રીતે; આશરે. In a proximate way.

Proximity (પ્રૉક્સિમિટિ), *n.* સમીપતા; નીકટતા; સન્નિધિ. Nearness; vicinity.

Proximo (પ્રૉક્સિમો), *ad.* આવતો મહિનો; આવતા માસમાં. In the coming month; in the next month.

Prude (પ્રુડ), *n.* નખરાંખોર સ્ત્રી; ઢોંગી સ્ત્રી; લજ્જાળુપણાનો ઢોંગ કરનારી સ્ત્રી. A woman feigning modesty or coyness.

Prudence (પ્રુડેન્સ્), *n.* વિવેક; ડહાપણ; દીર્ઘદૃષ્ટિ. Discretion; wisdom; carefulness.

Prudent (પ્રુડેન્ટ્), *a.* ડાહ્યું; વિવેકી; દીર્ઘદૃષ્ટિવાળું; નીતિનિપુણ. Wise; foresighted; judicious; thoughtful.

Prudential (પ્રુડેન્શૅલ્), *a.* ડહાપણનું; વિવેકદૃષ્ટિનું; સમજણ શક્તિનું. Prudent; thoughtful.

Prune (પ્રુન્), *vt.* કલમ કરવી; છાંટવું; ઉપર ઉપરથી કાતરી નાંખવું. To mend; to trim; to cut off; to shear. **2.** ટૂંપવું; ઠીકઠાક કરવું; સજ્જ કરવું. To dress; to prepare.

Prurience,-cy (પ્રૂરિએન્સ્,-ન્સિ), *n.* તલપાપડ; તલવલાટ; તલપ. A state of being prurient.

Prurient (પ્રુરિએન્ટ્), *a.* તલપી રહેલું; કામી; કામવર્ધક. Pining; lustful.

Pry (પ્રાઈ), *vt. pr. p.* **Prying.** *imp.* & *p. p.* **Pried.** બારીકાઇથી જોવું; તપાસવું; અવલોકન કરવું; નિરીક્ષણ કરવું. To observe; to inspect; to see minutely. *n.* બારીક તપાસ; અવલોકન; માથું મારવાની ટેવ. Observation; a peep in to any matter.

Psalm (સામ્), *n.* સ્તોત્ર; ગીત; ભજન; ભક્તિ ભાવવાળું ગીત. A prayer; a hymn; a devotional song.

Psalmit (સામિસ્ટ્), *n.* ભજન અથવા સ્તોત્ર બનાવનાર કવિ; સ્તોત્ર કવિ; સ્તોત્રકાર. A composer of sacred songs.

Psalmodist (સામૉડિસ્ટ્), *n.* ભજનીઓ; સ્તોત્ર ગાનારો. One, who sings sacred songs.

Psalmody (સામૉડિ), *n.* સ્તોત્ર; ગાયન; ભજન. A holy or sacred song.

Psychologic,-al (સાઈકૉલૉજિક્,-કૅલ્), *a.* માણસ વિજ્ઞાનનું; મનોવિજ્ઞાનને લગતું; આત્મત્વ વિદ્યાની બાબતનું. Pertaining to psychology.

Psychologically (સાઇકૉલૉજિકૅલ્લિ), *ad.* માનસ વિજ્ઞાનની દૃષ્ટિએ; આત્મત્વ વિદ્યાની રીતે. In a psychological way.

Psychology (સાઇકૉલૉજિ), *n.* મનોવિજ્ઞાન; માનસશાસ્ત્ર; આત્મત્વ વિદ્યા. The science of the human soul or mind.

Puberty (પ્યૂબર્ટિ), *n.* જુવાની; જોબન; યૌવન; પ્રૌઢ દશા. Youth; the age at which the persons can beget or bear.

Public (પબ્લિક્), *a.* સર્વનું; લૌકિક; પ્રસિદ્ધ; જાહેર; સામાજીક; સાર્વજનિક; સરિયામ; મશહૂર; પ્રચલિત. Belonging to all; common; general; open to all. *n.* પ્રજા; લોક; લોકસમૂહ. The people or population in general.

Publication (પબ્લિકેશન્) *n.* પ્રસિદ્ધ કરવું તે; છપાવવું તે (પુસ્તક); પ્રગટ કરવું તે; પ્રસિદ્ધ કરેલું પુસ્તક. An act of publishing; a book published.

Publicity (પબ્લિસિટિ), *n.* પ્રસિદ્ધિ; જાહેરપણું; જાહેરાત; જનપ્રસિદ્ધિ. A state of being public.

Publish (પબ્લિશ્), *vt.* પ્રગટ કરવું; જાહેર કરવું; છાપી પ્રસિદ્ધ કરવું. To make public or familiar; to print and issue from the press.

Pucker (પકર્), *vt.* કરચલી વાળવી; કલ્લી વાળવી; કરચલી પાડવી. To gather into small folds. *n.* કલ્લી; ગડી. A fold; a wrinkle.

Pudding (પુડિન્ગ્), *n.* દૂધ અને મૈદાનો એક જાતનો નરમ ખાવાનો પદાર્થ; એક જાતનું વિલાયતી ભજીયું. A kind of soft edible sweet substance.

Puddle (પડ્લ્), *n.* ગંદા પાણીનું ખાબોચિયું; ખાબહું; કાદવ; કીચડ. A small muddy pool; a collection of mud; mud.

Puerile (પ્યૂઅરાઈલ્), *a.* બાળ બુદ્ધિનું; છોકરવાદનું; કાચી સમજણનું; નાદાન. Childish; boyish.

Puerility (પ્યૂઅરિલિટિ), *n.* છોકરવાદી; નાદાની; બાળક બુદ્ધિ. Childishness; a state of being puerile.

Puerperal (પ્યૂઅરપરૅલ્), *a.* સુવાવડનું; પ્રસૂતિકાળનું; પ્રસૂતિનું. Of childbirth.

Puff (પફ્), *n.* ફુંક; ઝપાટો; ફુંફાટો; સપાટો. A sudden emission of breath; a blow of wind. **2.** ફિસિયારી; બડાઈ; મિથ્યાસ્તુતિ. A boasting; an empty praise. *vt. vi.* ફુંફાટા મારવા. To blow in puffs. **2.** ફુલવું; ફુલીને દડો થવો. To swell with air. **3.** ખોટા વખાણ કરવા; ફુલણજી બનાવવું. To flatter; to inflate with vain praises.

Puffy (પફિ), *a.* ફુલેલું; ફુલાઇ ગયેલું; ભભકાદાર. [Swelled; inflated; tumid.

Pugh (પૂ), *int.* છટ્ છટ્! છિટ્ છિટ્! A term of contempt; pshaw.

Pugilist (પ્યૂજિલિસ્ટ્), *n.* મૂક્કાબાજીથી લડનાર; ઠોંસા ઠોંસાથી લડનાર. A boxer.

Pugnacious (પગ્નેશસ્), *a.* લડાઈખોર; ટંટાખોર; કજીયાખોર. Prone to fighting; quarrelsome.

Puisne (પ્યૂની), *a.* નહાનું; ઉતરતી પાયરીનું; નાનો; 'જુનિયર'. Later in age or time; junior.

Puissant (પ્યૂઇસૅન્ટ્), *a.* પરાક્રમી; બળવાન;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જબરદસ્ત. Mighty; powerful; forcible.

Puke (પ્યૂક), *vt. vi.* ઓકવું; ઉલટી કરવી–થવી. To vomit; to vomit up. *n.* ઉલટી અથવા ઓકારી કરવાની દવા. A medicine causing a vomit.

Pule (પ્યૂલ), *vi.* ઈઇ કર્યા જવું; કજીઓ કરવો. To utter like a chicken; to whimper.

Pull (પુલ), *vt. vi.* ખેંચવું; તાણવું; આંચકો મારવો. To draw forcibly; to tug. **2.** ફાડવું; ચીરવું; છિન્નભિન્ન કરવું. To tear; to rend. *n.* આંચકો; આકર્ષણ; આંચકો મારવો તે. An act of pulling; a jerk. **2.** હલેસું; હલેસાં મારવા તે. An oar; an act of rowing.

Pullet (પુલેટ), *n.* નાની મરઘી; કુકડી. A young hen.

Pulley (પુલિ), *n. pl.* **Pulleys.** ગરગડી;ગરેડી; ફરકડી. A wheel with a broad rim for transmitting some power; a small wheel movable at an axle.

Pulmonary (પલ્મોનેરિ), *a.* ફેફસાંનું; ફેફસાંમાંથી ઉઠેલું. Of or pertaining to the lungs.

Pulp (પલ્પ), *n.* ગર; માવો; મેદો; મગજ; ગર્ભ; દળ. The soft interior substance of a fruit; material for making paper. *vt.* માવો કરવો; ગર કરવો. To reduce to a pulpy state.

Pulpy (પલ્પિ), *a.* માવોદાર; ગરવાળું; મગજવાળું; દળમય. Containing or having pulp.

Pulpit (પુલ્પિટ), *n.* ઉપદેશકનું ઉંચું આસન; ભાષણ કરનારની બેઠક; વ્યાસાસન. An elevated place for a preacher of a lecturer.

Pulsation (પલ્સેશન), *n.* નાડીનો ધબકારો;નાડીની ગતિ–વેગ. A beating of the pulse.

Pulse (પલ્સ), *n.* નાડી; નાડીનો ધબકારો. Pulsation; a beating of the pulse. **2.** વેગ; ગતિ; ધબકારો. Vibration; an impulse. **3.** કઠોળ; શિંગદાણા, વિગેરે. Leguminous seeds or their plants. **To feel the pulse,** નાડ જોવી.

Pulverisation (પલ્વરાઇઝેશન), *n.* બારીક ચુરો કરવો તે; ઝીણો ભુકો બનાવવો તે; ભુકો. An act of pulverizing; an act of reducing to powder.

Pulverize (પલ્વરાઇઝ), *vt. vi.* ઝીણો ભૂકો કરવો; બારીક ભૂકો કરવો; લોટ જેવું કરવું–બનાવવું. To reduce to powder; to be in the powdery state.

Pulverous (પલ્વરસ), *a.* ભૂકા જેવું; ચુરણ જેવું; બારીક. Containing powder or dust.

Pump (પમ્પ), *n.* બંબો; વાતશોષક યંત્ર. A mechanic contrivance to raise fluids. *vt.* બંબાથી ચઢાવવું; પાણી કાઢવું. To raise with a pump; to raise water with a pump.

Pumpkin (પમ્પકિન), *n.* કોળાનો વેલો; કોળું. A kind of plant or its fruit.

Pun (પન), *n.* શબ્દનો વિનોદ; શબ્દની રમૂજ; શ્લેષ. A play on words; a quibble. *vt. pr. p.* **Punning.** *imp. & p. p.* **Punned.** દ્વિઅર્થી શબ્દ વાપરવો–કહેવો; શ્લેષ વાપરવો. To say ambiguously; to play upon words.

Punch (પન્શ), *n.* કાણું; છિદ્ર પાડવાનું હથિયાર. A hole; a boring tool. **2.** રંગલો; વિદૂષક. A buffoon. **3.** પંચદારૂ. A beverage of wine, sugar, etc. **4.** ભાર ખેંચનાર ઘોડો. A draught horse. **5.** થાંભલો; ટેકો; આધાર. A prop; a pillar. *vt.* ઓજારથી કાણું પાડવું; છિદ્ર પાડવું. To perforate with an instrument.

Puncheon (પન્શોન), *n.* એક જાતનું માપ; પીપ. A cask, measuring eighty four gallons in weight. **2.** બીબું; ચોકઠું. A frame; a die.

Punctilio (પંક્ટિલિઓ), *n.* સૂક્ષ્મ વર્તમાન; ઝીણવટ નીતિ;સભ્યતાની નાનામાં નાની બાબત. A nice point of exactness in conduct.

Punctilious (પન્ક્ટિલિઅસ), *a.* આદર સત્કારમાં ધ્યાન આપનાર; ઝીણું; અતિશય ચિકણું. Exact or particular in the way of behaviour; over–exact or precise.

Punctual (પન્ક્ટ્યૂઅલ), *a.* વખતસર હાજર રહેનાર; નિયમિત અને વખતસર કામ કરનાર.Exact in keeping the appointment; doing work at the proper time.

Punctuality (પન્ક્ટ્યૂઅલિટિ), *n.* નિયમસરપણું; વખતસર જવું આવવું તે; કાલપાલન. A state of being punctual.

Punctually (પન્ક્ટ્યૂઅલ્લિ), *ad.* નિયમસર; નિયમિતપણે; વખતસર. In a punctual way.

Punctuate (પન્ક્ટ્યૂએટ), *vt.* વિરામ ચિન્હ મૂકવું –મૂકવા. To mark with a point or points.

Punctuation (પન્ક્ટ્યૂએશન), *n.* વિરામ ચિન્હ; વિરામ ચિન્હ મૂકવાં તે. An act of punctuating.

Puncture (પન્ક્ટ્યૂર), *n.* નાનું કાણું; છિદ્ર; વ્હે; સૂર. A small hole; a pricking point. *vt.* કાણાં પાડવા; સાર પાડવો; વ્હે કરવા. To make a hole or holes.

Pungency (પન્જેન્સિ), *n.*તીખાશ;તીવ્રતા; તીક્ષ્ણતા; ઉગ્રતા. Sharpness; keenness; a state of being pungent.

Pungent (પન્જેન્ટ), *a.*તીખું; ઝમઝર્માટી; ઝણઝણાટીવાળું. Affecting the tongue; acrid.

Punish (પનિશ), *vt.* મારવું; શિક્ષા કરવી; સજા કરવી; નશિઅત કરવી; શિક્ષા ફરમાવવી. To chastise; to castigate; to impose a bodily punishment.

Punishable (પનિશેબલ), *a.* શિક્ષા કરી શકાય એવું; મારી શકાય તેવું; દંડનીય. Capable of being punished.

Punishment (પનિશમેન્ટ), *n.* શિક્ષા; દંડ; નશિયત; શાસન; તાડન. An act of punishing; chastisement.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Punitive (પ્યૂનિટિવ્), *a.* દંડ આપનારૂં; દંડ દાખલ કરેલું; શિક્ષાને લગતું. Pertaining to punishment; involving to punishment.

Puny (પ્યૂનિ), *a.* નાનું; નબળું; હલકું; પામર;ક્ષુદ્ર. Inferior; petty; insignificant.

Pup (પપ્), *n.* કુરકુરિયું; ભોટીલું. A puppy. *vi. pr. p.* **Pupping.** *imp. & p. p.* **Pupped.** કુરકુરિયાં જણવા; ભોટિલાં જણવાં. To bring forth whelps.

Pupil (પ્યૂપિલ્), *n.* શિષ્ય; વિદ્યાર્થી; નિશાળિયો; ચેલો. A student; a disciple. **2.** આંખની કીકી -પૂતળી. An aperture in the eye.

Puppet (પપેટ્), *n.* પુતળું; રમકડું; ઢીંગલું; બાવલું. A doll; a small image. **2.** (*fig.*) બીજાની ઇચ્છા પ્રમાણે વર્તનાર પુરૂષ. One, who is actuated by another's will.

Puppy (પપિ), *n. pl.* **Puppies.** કુરકુરિયું; ભોટિલું. A young of a canine animal.

Purblind (પર્બ્લાઇન્ડ્), *a.* સ્હેજ આંધળો;આંધળું; ઝાંખી દૃષ્ટિવાળો. Dim-sighted; seeing in an obscure way.

Purchase (પર્ચેઝ), *vt. vi.* વેચાતું લેવું; ખરીદવું; ખરીદી કરવી; મેળવવું; પ્રાપ્ત કરવું. To buy; to gain; to acquire. *n.* ખરીદી; સોદો. An act of purchasing; a commodity purchased.

Purchaser (પર્ચેઝર્), *n.* ખરીદનાર; ગ્રાહક. One who purchases; a buyer.

Pure (પ્યૂર્), *a.* નિર્મળ; સ્વચ્છ; સાફ; ચોખ્ખું. Clean; clear; free from any mixture. **2.** પવિત્ર; શુદ્ધ; નિષ્કલંક. Blameless; spotless; free from a stain.

Purgative (પર્ગેટિવ્), *a.* રેચક; જુલાબ લાવે તેવું; કોઠો સાફ કરે તેવું. Having the power of purging. *n.* રેચક દવા; જુલાબની દવા. A purging medicine.

Purge (પર્જ્), *vt.* જુલાબ લેવો; કોઠો સાફ કરવો; સુધારવું; સારા પાયા ઉપર લાવવું. To clean the bowels; to cleanse; to improve.

Purification (પ્યૂરિફિકેશન્), *n.* પવિત્ર કરવું તે; સ્વચ્છ બનાવવું તે; શુદ્ધિ; વિશુદ્ધિ. An act of purifying.

Purificatory (પ્યૂરિફિકેટરિ), *a.* શુદ્ધ કરે તેવું; શોધક; પવિત્ર બનાવે તેવું. Tending to purify.

Purifier(પ્યૂરિફાઇઅર્),*n.*પવિત્ર કરનાર;શોધન કરનાર; સાફ-સ્વચ્છ બનાવનાર. One, who purifies.

Purify (પ્યૂરિફાઇ), *vt. pr. p.* **Purifying.** *imp. & p. p.* **Purified.** નિર્મળ કરવું; સ્વચ્છ બનાવવું; શુદ્ધ કરવું; સાફ કરવું. To make clean; to free from dirt or soil; to make pure.

Purity (પ્યૂરિટિ), *n.* પવિત્રતા; નિર્મળતા; સ્વચ્છતા. A state of being pure; cleanliness.

Purl (પર્લ્), *vt. vi.* ખળખળ વહેવું; ખળખળ અવાજ કરવો; જળમાં વમળ કરવા. To flow gently; to ripple. **2.** ભરતથી શણગારવું. To decorate with embroidery. *n.* કીનારી; તોઇ; કિનાર. A lace; a fine border. **2.** પાણીમાંના ભમર. An eddy; a ripple.

Purloin (પર્લૉઇન્), *vt. vi.* ચોરવું; હાથ મારવો; ધાપ મારવી? To steal; to take way secretly.

Purple (પર્પલ્), *a.* જાંબુ રંગનું; જાંબુડિયા રંગનું. Of a colour composed of red and blue. **2.** શાહી; બાદશાહી. Royal; regal. *n.* જાંબુડીઓ રંગ; જાંબુ રંગ. A colour composed. of blue and red colour. **2.** જાંબુડીઆ રંગનો ઝબ્બો-પોશાક. A purple robe or dress.

Purport (પર્પોર્ટ્), *n.* મતલબ; સાર; ટુંક અર્થ; ખુલાસો. A purpose; a clear meaning; an import. *vt. vi.* મતલબ હોવો; અર્થ થવો; સાર રૂપે હોવું. To mean; to import.

Purpose (પર્પૅસ્), *n.* ધારણા; ઇરાદો; હેતુ; ઉદ્દેશ; મતલબ; કાર્ય. An aim; an intention; a meaning. *vt. vi.* વિચાર કરવો; વિચાર ધરાવવો-રાખવો. To design; to intend.

Purposeless (પર્પોસ્લેસ), *a.* મતલબ વિનાનું; નિરર્થક; નકામું; હેતુ સિવાયનું. Meaningless; without any import.

Purposely (પર્પોસ્લિ), *ad.* જાણી જોઈને; હેતુ પૂર્વક; ઇરાદાપૂર્વક. Intentionally.

Purr (પર્), *vi.* મીઆઉં મીઆઉં કરવું (બિલાડીનું). To murmur in a manner of a cat. *n.* ધીમો અવાજ; મીઆઉં મીઆઉં અવાજ. A slow voice made by a cat.

Purse (પર્સ્), *n.* કોથળી; થેલી. A bag; a money-bag. **2.** બક્ષિસ તરીકે એકઠી કરેલી રકમ. A sum collected as a present. **3.** (*fig.*) ખજાનો; તીજોરી. A treasury. *vt.* થેલીમાં ભરવું; કોથળીમાં મૂકવું. To put in a purse.

Pursuance (પર્સ્યૂઅન્સ), *n.* અનુસરણ; ચલાવ્યા જવું તે; અનુગમન. An act of following; a consequence.

Pursuant (પર્સ્યૂઅન્ટ્), *a.* અનુસરતું; અનુરોધી; ના-પ્રમાણે અનુસરતું. Following; agreeable; conformable.

Pursue (પર્સ્યૂ), *vt. pr. p.* **Pursuing.** *imp. & p. p* **Pursued.** -ની પાછળ પડવું; શિકારની પાછળ પાંછળ જવું; —ની પાછળ મંડવું; કોઠો લેવો. To chase; to follow; to go after.

Pursuit (પર્સ્યૂટ્), *n.* શિકાર; શિકારની શોધમાં જવું તે. A game; an act of chasing. **2.** નિત્ય ઉદ્યમ; અનુષ્ઠાન; પ્રવૃત્તિ. An exertion; a performance; a course of any business.

Purulent (પ્યૂર્યુલેન્ટ્), *a.* પરૂ ભરેલું; પરૂનું બનેલું; પરૂના જેવું. Full of pus; resembling pus.

Purvey (પર્વે), *vt.* ખોરાકીનો માલ પુરો પાડવો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક વેચાતો લેવો. To furnish with provisions; to buy provisions.

Pus (પસ્), *n.* પરૂ; ગુમડા, વિ૦ માંથી નિકળતું પાસ. The white matter found in any sore.

Push (પુશ્), *vt. vi.* હડસેલવું; ધક્કો મારવો; ઠેલવું. To press against with force. **2.** પ્રેરણા; કરવી; પ્રેરવું; ધકેલવું. To urge; to continue energetically. **3.** ગોદો મારવો; ઘસારો કરવો. To make a thrust; to affront. *n.* ધક્કો; હડસેલો; સપાટો; પ્રહાર. A thrust; a stroke.

Pusillanimity (પ્યૂસિલૅનિમિટિ), *n.* નામર્દાઇ; બાયલાપણું; શૌર્ય હીનતા. Cowardliness; timidity.

Pusillanimous (પ્યૂસિલૅનિમસ્), *a.* બાયલું; શૌર્યહીન; નામરદ. Cowardly; timid; devoid to strength.

Puss (પુસ્), *n.* બિલાડી; મીની. A name for a cat. **2.** સસલું. A hare.

Pussy (પુસિ), *n.* પાળેલી બિલાડી; મીનીબાઈ. A pet name for a cat. **2.** છોકરી; પોરી. A lass; a pet name for a girl.

Pustule (પસ્ટ્યૂલ્), *n.* ફોલ્લો; ફોલ્લી; ઝરેળો. An inflamed part on the skin.

Put (પુટ), *vt. pr. p.* **Putting.** *imp.* & *p. p.* **Put.** મુકવું; લગાડવું; રેડવું; રાખવું; છોડવું. To place; to set; to apply; to pour; to assign. **2.** ધકેલવું; પ્રેરવું. To impel; to urge. બતાવવું; દર્શાવવું. To show; to indicate. **To put about,** રહો ફેરવવું. **To put away,** ખસેડવું; રજા આપવી; છૂટા છેડા કરવા. **To put back,** ઢીલ કરવી; રોકવું. **To put down,** મુકી દેવું; કમી કરવું; દાબી દેવું. **To put forward,** આગળ લંબાવવું; ઉન્નત કરવું. **To put in,** ઘુસાડી દેવું; ઘાલવું. **To put in mind of,** યાદ દેવું; યાદ દેવરાવવું. **To put off,** ઉતારવું; બાજુએ મૂકવું (જોડા, વિગેરે); ઢીલ કરવી; છોડીને જતા રહેવું. **To put over,** અધિકાર આપવો. **To put to death,** મારી નાંખવું. **To put up,** સહન કરવું. **To put to sea,** વહાણ હંકારવું; દરિયાઈ મુસાફરી શરૂ કરવી.

Put, Putt (પટ્), *n.* ગામડીઓ; ગમાર; રોંચો. A rustic; a clown.

Putative (પ્યૂટેટિવ્), *a.* ધારેલું; લોકમાન્ય; જનપ્રસિદ્ધ. Supposed; reputed.

Putrefaction (પ્યૂટ્રીફૅક્શન્), *a.* કોહવું તે; સડવું તે; કોહવાટ. A process of putrefying; a substance putrefied.

Putrefy (પ્યૂટ્રીફાઈ), *vi. vt. pr. p.* **Putrefying.** *imp.* & *p. p.* **putrefied.** કોહવું; સડવું; કોહવડાવવું. To be putrid; to render putrid or rotten.

Putrid (પ્યૂટ્રિડ્), *a.* ગંધાઇ ગયેલું; કોહોવાઇ ગયેલું; સડેલું. Rotten; putrefied.

Putridity (પ્યૂટ્રિડિટિ), *n.* કોહોવાટ; સડેલાપણું; સડી જવું તે; કોહી જવું તે. A state of being putrid; rottenness.

Putty (પટિ), *n.* કાચ જડવાની લાંપી. A kind of thick paste. *vt.* લાંપી ચોંટાડવી–ચોપડવી. To cement with putty.

Puzzle (પઝલ્), *vt. vi. pr. p.* **Puzzling,** *imp.* & *p. p.* **puzzled.** ગુંચવાડામાં નાંખવું; ગભરાટમાં નાંખવું; મુશ્કેલીમાં ઉતારવું; વ્યાકુળ બનાવવું; ભ્રમમાં નાંખવું. To confuse; to perplex; to bewilder; to put to a stand. *n.* ગુંચવાડો; વ્યગ્રતા; ગભરાટ; વ્યાકુળતા. Confusion; perplexity; bewilderment. **2.** કોયડો; શમશ્યા. A riddle.

Puzzlement (પઝલમેન્ટ્), *n.* ગભરાટ; વ્યાકૂળતા; વ્યગ્રતા; ભ્રમ; ભુલભુલામણી. A state of being puzzled; bewilderment.

Pygmy (પિગ્મિ), *n.* વામનજી; વેંતિયું માણસ; ઠિંગણો પુરૂષ. A short and stunted fellow; a dwarf.

Pyramid (પિરૅમિડ્), *n.* મિસર દેશનો મિનારો; A tapering figure; a solid structure with a rectangular base.

Pyre (પાયર્), *n.* મુડદાં બાળવાની ચ્હે; ચિત્તા. A funeral pile.

Pyrology (પાઇરૉલૉજિ), *n.* ઉષ્ણતાશાસ્ત્ર. The science of heat.

Pyrotechny (પાઇરોટેક્નિ), *n.* આતસબાજી; આતસબાજી બનાવવાની ક્રિયા. A use and application of fire-work.

Python (પાઇથૉન્), *n.* નાગ; મોટો સાપ. A genus of venomous serpent.

Q.

Q (ક્યૂ), અંગ્રેજી મૂળાક્ષરનો સત્તરમો અક્ષર છે. It is the seventeenth letter of the English Alphabet.

Quack (ક્વૅક્) *n.* ડોળ કરનાર; દંભી. A pretender; a boaster. **2.** ઉંટવૈદું કરનાર; ઉપર ઉપરથી ઈલાજ કરનાર. A pretender of medical skill; a charlatan. **3.** બતકની બોલી. A cry of a duck. ઉંટવૈદાનું; ઉપર ચોંટીઆ જ્ઞાનનું. Of or pertaining to a quack. *vt.* ડોળ ઘાલવો; ઉંટવૈદું કરવું; ઢોંગ કરવો; ઉપચાર અજમાવવાનું કહેવું. To pretend; to practise quackery.

Quackery (ક્વૅકરિ), *n.* ઉંટવૈદું; વિદ્યાનો ખાલી અભિમાન. The practice of a quack. **2.** ઢોંગ; મિથ્યાભિમાન. Imposture; a vain show.

Quadrangle (ક્વૉડ્રૅન્ગલ્), *n.* ચોખૂણ આકૃતિ; ચોરસ આકૃતિ; ચતુષ્કોણ. A plain figure, having four sides and four angles.

Quadrangular (ક્વૉડ્રૅન્ગ્યૂલર્), *a.* ચતુષ્કોણનું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોખુણ; ચોખંડું. Of or pertaining to a quadrangle.

Quadrant (ક્વૉડ્રન્ટ), *n.* ગોળનો ચોથો ભાગ; વર્તુલનો ચોથો ભાગ; ચોથો ભાગ. The fourth part of a circle; a fourth part. **2.** તારા, વિગેરેની ઉંચાઇ માપવાનું યંત્ર. An instrument for measuring the height of stars.

Quadrate (ક્વૉડ્રેટ), *n.* ચોરસ. A square. *vt.* સરખું કરવું; ચોરસ કરવું. To square with. **2.** માફક કરવું. To suit with.

Quadratic (ક્વૉડ્રેટિક), *a.* ચોખુણવાળું; ચોખંડ; ચોરસનું. Of or pertaining to a square.

Quadrennial (ક્વૉડ્રેનિઍલ), *a.* દર ચાર વર્ષે થતું-આવતું; ચાર વાર્ષિકી. Happening every fourth year.

Quadrilateral (ક્વૉડ્રિલૅટરલ), *a.* ચાર બાજુવાળું; ચોખંડ; ચોખુણ. Containing four angles. *n.* ચાર બાજુવાળી આકૃતિ. A four-sided figure.

Quadruped (ક્વૉડ્રુપેડ), *n.* ચોપગું પ્રાણી; ઢોર; પશુ. A four-footed animal. *a.* ચારપગવાળું; ચોપગું. Four-footed; having four feet.

Quadruple (ક્વૉડ્રૂપલ), *a.* ચારગણું; ચોપટ; ચારપટ. Fourfold; four times. *vt. vi.* ચારગણું કરવું; ચોગણું કરવું. To multiply by four; to make four times.

Quaff (ક્વૉફ), *vt. vi.* ગટગટ પી જવું; ગળે ઉતારી જવું; ઠાંસવું; અતિશય પીવું. To drink readily; to drink to excess.

Quaggy (ક્વૉગિ), *a.* નરમ; પગ પેસી જાય તેવું; કાદવવાળું. Soft; boggy.

Quagmire (ક્વૅગ્માઇર), *n.* પગ પેસી જાય તેવી પોચી જમીન; કાદવવાળી નરમ જમીન. Wet and muddy land.

Quail (ક્વેલ), *n.* લાવરી; એક જાતનું પક્ષી. A kind of bird. *vt. vi.* નાશીપાસ થવું; નાઉમેદ બનવું. To be disappointed. **2.** મરી જવું; લય પામવું. To die; to perish.

Quaint (ક્વેન્ટ), *a.* વિચિત્ર; તરેહવાર; સુંદર; અજાયબી પમાડે તેવું; ચતુર. Strange; wonderful; surprising; crafty.

Quaintly (ક્વેન્ટલિ), *ad.* વિચિત્રપણે; તરેહવાર રીતે; વિલક્ષણ રીતે; અજાયબી પમાડે તેવી રીતે. Wonderfully; in a quaint way.

Quaintness (ક્વેન્ટનેસ), *n.* વિલક્ષણતા; અજાયબી; વિચિત્રતા. A quality of being quaint.

Quake (ક્વેક), *vt. vi.* ધ્રુજવું; કાંપવું; થરથરવું; કંપારી છુટવી. To shudder; to tremble. **2.** ધ્રુજાવવું; થરથરાવવું. To cause to shudder. *n.* થરથરાટ; કંપારી; ધ્રુજારો. A quaking; a shaking.

Qualification (ક્વૉલિફિકેશન), *n.* યોગ્યતા; ગુણ; લાયકી; પાત્રતા. An act of qualifying; a characteristic. **2.** મર્યાદા; પરિચ્છેદ. A limitation; a restriction.

Qualify (ક્વૉલિફાઇ), *vt. pr. p.* **Qualifying.** *imp. & p. p.* **Qualified.** યોગ્ય કરવું; લાયક બનાવવું-કરવું; ફેરફાર કરવો; ખાસ ગુણ ધરાવવો-મૂકવો. To modulate; to make capable for; to give a quality to.

Qualitative (ક્વૉલિટેટિવ), *a.* ગુણવાચક; ગુણ સંબંધી; ગુણ પ્રમાણે કરેલું-કાઢેલું. Pertaining to a quality or qualities.

Quality (ક્વૉલિટિ), *n.* ગુણ; ધર્મ; જાત; કુલીનતા; ખાસીઅત; પ્રકાર; લક્ષણ; શક્તિ. Character; a sort; a rank; a merit; a distinctive power.

Qualm (ક્વૉમ), *n.* મોળ; ઉલટી; મંદવાડ; રોગ; આજારી સ્થિતિ. A sensation of nausea; a sickness. **5.** મરણ; મૃત્યુ. Death; the end of life. **3.** દિલગિરી; દુઃખ. Sadness; mental uneasiness.

Quantitative (ક્વૉન્ટિટેટિવ), *a.* પરિમાણવાચક; પરિમાણ નક્કી કરવા માટેનું. Estimable according to quantity; relating to quantity.

Quantity (ક્વૉન્ટિટિ), *n.* જથ્થો; પરિમાણ; રકમ; ઢગલો; પરિમિતિ; ભાગ. An extent; a measure; a considerable amount.

Quantum (ક્વૉન્ટમ), *n.* રકમ; પરિમાણ; જથ્થો; અંશ. A quantity; an amount; a portion.

Quarantine (ક્વૉરેન્ટાઇન), *n.* ચેપી રોગવાળા પ્રદેશમાંથી પાછા ફરતા વહાણને અટકાવવાનું સ્થાન-જગ્યા-અથવા મુદત. A place or period for which a ship is detained, owing to its visit in various countries, being infected with contagious diseases. **2.** સંસર્ગ નિષેધ-અટકાવ. A restraint of intercourse. *vt.* દૂર રહેવાની ફરજ પાડવી. To compel to stay at a distance.

Quarrel (ક્વૉરેલ), *n.* કલહ; લઢાઇ; કજીઓ; વિવાદ; ઝઘડો. A dispute; a contest; strife. **2.** ચોરસ; ચોખુણ વસ્તુ. A square. *vt. pr. p.* **Quarrelling.** *imp. & p. p.* **Quarrelled.** કજીઓ કરવો; ઝઘડો કરવો; કલહ ઉઠાવવો; લડવું. To contend; to fight; to struggle.

Quarreller (ક્વૉરેલર), *n.* કજીઓ કરનાર; ટંટો કરનાર; તકરાર કરનાર; વાદવિવાદ કરનાર. One, who quarrels.

Quarrellous (ક્વૉરેલસ), *a.* કજીઆખોર; ટંટાખોર. Quarrelsome; provoked.

Quarrelsome (ક્વૉરેલસમ), *a.* કજીયાખોર; કજીઆળુ; ટંટાખોર. Prone to quarrel; provoked.

Quarry (ક્વૉરિ), *n.* પથ્થરની ખાણ; પાષાણ ભૂમિ. A mine of stones; a stone-pit. **2.** શિકાર; મારેલો શિકાર. The object of the chase. *vt.* ખાણ ખોદવી; પથ્થરની ખાણ ખોદવી. To dig a mine of stone. **2.** શિકાર કરવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To prey. *a.* ચોરસ; ચોખંડું. Square;quadrate.

Quart (ક્વૉર્ટ), *n.* એક ગેલનનો ચોથો ભાગ;ચોથો ભાગ. The fourth part of a gallon. **2.** ભૂમિ; પ્રદેશ. A region; a territory.

Quartan (ક્વૉર્ટન), *a.* ચાર ચાર દિવસે થનતું -થતું; ચોથિયું. Happening every fourth day.

Quarter (ક્વૉર્ટર), *n.* ચોથો ભાગ;પા; ચતુર્થાંશ. One fourth part. **2.** હંદ્રવેટનો ૪થો ભાગ.One fourth of a *cwt.* **3.** દિશા; બાજુ. A side; a direction. **4.** પરૂ; મોહોલ્લો; ફળિયું. A division of a town; a street. **5.** પ્રાંત; દેશ; ભાગ. A territory; a region. *vt.* ચાર સરખા ભાગ પાડવા-કરવા. To divide into four equal parts. **Quarter-master,** *n.* સિપાઇઓના ખોરાક, વિ૦ ની દેખરેખ રાખનાર અમલદાર.

Quarterage (ક્વૉર્ટરેજ), *n.* દર ત્રણ માસે મળતું લવાજમ-ભથ્થું. A quarterly allowance.

Quarterly (ક્વૉર્ટર્લિ), *a.* ત્રિમાસિક; દર ત્રણ મહિને થતું. Happening every third month. **2.** ચોથે ભાગે હોય એવું. Containing a fourth part. *n.* ત્રિમાસિક ચોપાનિયું. A periodical published every third month. *ad.* દર ત્રણ ત્રણ માસે. In or on every third month.

Quarters (ક્વૉર્ટર્સ), *n. pl.* મુકામ; ઉતારો; ઘર; જગ્યા; રહેઠાણ. An assigned place;a specific place; a station; a residence; a lodging.

Quarto (ક્વોર્ટો), *n.* એક તાવના ચાર પાનાવાળી ચોપડી. A book of the sheet of papers. *a.* એક તાવના ચાર પાનાવાળું. With the four leaves of a book. [of silica; an agate.

Quartz (ક્વૉર્ટ્ઝ), *n.* કાચમણી; ચકમક. A form

Quash (ક્વૉશ), *vt. vi.* કચરવું; છુંદી નાંખવું; નરમ પાડવું; દાબી દેવું. To crush; to soften; to subdue. **2.** રદ કરવું; નામંજુર કરવું. To cancel; to annul. [though.

Quasi (ક્વેસાઇ), જાણે કે; જાણે. As if; as

Quaver (ક્વેવર), *vi.* કાંપવું; ધ્રુજવું; થરથરવું. To tremble; to shake. **2.** ધ્રુજતો અવાજ કાઢવો. To shake the voice. *n.* ધ્રુજતો અવાજ; થરથરાટ; સ્વરભંગ. A shaking voice on a musical instrument; a vibration in voice.

Quay (ક્વે), *n.* બંદર; ડક્કો; ઓવારો; ઘાટ. A wharf; a bank on the side of a harbour. *vt.* બંદર બાંધવું; ડક્કો કરવો. To furnish with a quay. [woman; a girl; a slut.

Quean (ક્વીન), *n.* સ્ત્રી; છોકરી; ખરાબ સ્ત્રી. A

Queen (ક્વીન), *n.* રાણી; મહિષી; રાજરાણી. The wife of a king; a female monarch. **Queen dowager,** *n.* રાજાની વિધવા રાણી. **Queen Regent,** *n.* રાજ્ય કોરભાર ચલાવનાર રાણી.

Queenly (ક્વીનલિ), *a.* રાણીના જેવું; રાજ રાણીને છાજતું; રાણીને લાયક. Pertaining to a queen; befitting position of a queen.

Queen's-metal (ક્વીન્ઝ મેટલ), *n.* કાંસું. An alloy of tin, lead and copper.

Queer (ક્વીર), *a.* વિલક્ષણ; તરેહવાર; વિચિત્ર; અદ્ભુત; અજાયબી પમાડે તેવું. Odd; wonderful; strange; surprising. **2.** ગુપ્ત; ન સમજી શકાય તેવું. Secret; mysterious.

Quell (ક્વેલ), *vt.* નરમ પાડવું; ઠંડું પાડવું; દાબી દેવું; સમાવવું. To pacify; to cool; to quiet; to subdue.

Quench (ક્વેન્શ), *vt. vi.* મટાડવું; છીપાવવું; તૃપ્ત કરવું; શાંત કરવું. To allay; to slake (thirst); to pacify. **2.** બુઝાવવું; ઓલાવી નાંખવું. To extinguish. **3.** ઓલાઇ જવું; મટી જવું; શાંત થવું. To be extinguished; to be quiet.

Querulous (ક્વેર્યૂલસ), *a.* લડવાડિયું; વાંધાખોર; બડબડતું; કળકળતું. Quarrelsome; inclined to murmur; fretful.

Querist (ક્વેરિસ્ટ), *n.* પુછપરછ કરનાર; સવાલ પુછનાર; પૃચ્છક. One, who asks questions.

Query (ક્વેરિ), *n. pl.* **Queries.** પ્રશ્ન; સવાલ; સંદેહ; શંકા. A question; a doubt. *vt. vi.* સવાલ પૂછવા; પુછપરછ કરવી; પ્રશ્ન પૂછવા. To ask questions; to inquire. **2.** શંકા લાવવી; સંદેહ આવવો. To doubt; to suspect.

Quest (ક્વેસ્ટ), *n.* શોધ; તપાસ; તલ્લાસ; તજવીજ. An inquiry; a search. **2.** શોધનાર; તપાસ કરનાર. One, who is in search of; an inquirer. *vt. vi.* શોધવું; તપાસવું; પરીક્ષા કરવી. To search; to examine.

Refract (રીફ્રૅક્ટ), *vt.* વાંકું વાળવું; મરડવું; વક્રીભવન થવું. To bend sharply; to bend abruptly; to break the natural course of the rays.

Refraction (રીફ્રૅક્શન્), *n.* વક્રીભવન; અજવાળાના તેજની વક્ર ગતિ. An act of refracting; a change of direction, caused by rays.

Refractory (રીફ્રૅક્ટરિ), *a.* હઠીલું; કહ્યું ન માનનાર; જક્કી; જીદી; મમતી. Stubborn; obstinate; resisting.

Refrain (રીફ્રેન્), *vt. vi. pr. p.* **Refraining.** *imp. & p. p.* **Refrained.** વેગળું કરવું; દૂર રાખવું; અટકાવવું; ત્યાગ કરવો; થોભાવવું. To restrain; to hold back; to curb. **2.** અટકવું; થોભવું; વેગળું રહેવું; દૂર રહેવું. To forbear; to hold aloof.

Refresh (રીફ્રેશ્), *vt.* થંડું કરવું; શાંત કરવું; તાજું કરવું; વિશ્રાન્તિ લેવી–આપવી; આરામ લેવો. To make cool; to enliven; to take rest; to reanimate.

Refreshment (રીફ્રેશમેન્ટ), *n.* વિસામો; વિશ્રાંતિ; નિરાંત. A relief; a rest for a short time or period. **2.** નાસ્તો; લઘુ આહાર. A slight repast; an article of food.

Refrigerate (રીફ્રિજરેટ), *vt.* ટાઢું કરવું; ઠંડું પાડવું; ગરમી ઘટાડવી; શિતળ બનાવવું. To make cool; to lessen the heat.

Refuge (રેફ્યૂજ્), *n.* આશરો; આશ્રય; આધાર; ઉપાય; શરણ. A shelter; a protection; a retreat.

Refugee (રેફ્યૂજી), *n.* શરણાગત; શરણાર્થી; સ્વદેશ ત્યાગ કરીને બીજા દેશમાં શરણાગત થવાને રહેલો માણસ. One, who flees to another's shelter.

Refulgence (રીફુલ્જેન્સ્), *n.* અતિશય પ્રકાશ; ચળકાટ; તેજ. Splendour; brilliancy.

Refulgent (રીફુલ્જેન્ટ), *a.* તેજસ્વી; ચકચકિત; કાંતિવાન; ચળકતું; દેદીપ્યમાન. Brilliant; shining.

Refund (રીફન્ડ્), *vt.* પાછું આપવું; વાળી આપવું; મજરે આપવું; ભરી દેવું. To repay; to give back; to restore. *n.* પાછી આપેલી રકમ; પાછો આંપેલો અવેજ. The sum paid back.

Refusal (રીફ્યૂઝૅલ્), *n.* નકાર; ના પાડવી તે; અસ્વીકાર; નિષેધ. An act of refusing; a denial.

Refuse (રીફ્યૂઝ્), *vt. pr. p.* **Refusing.** *imp. & p. p.* **Refused.** ના પાડવી; ઇન્કાર કરવો; ના કહેવી; અસ્વીકાર કરવો. To decline to do; to say no; to disagree. (રેફ્યૂઝ્); *n.* કચરો; પુંજો; મળ, વિગેરે. A rubbish matter; a waste.

Refutable (રેફ્યૂટેબલ્), *v.* ખંડન કરી શકાય તેવું; નિરાકરણ કરી શકાય તેવું; ખોટું છે તેમ સાબીત કરી શકાય તેવું. Capable of being refuted.

Refutation (રેફ્યૂટેશન્), *n.* ખંડન; રદીઓ; તોડ; નિરાકરણ. An act of refuting; an act of proving to be false.

Refute (રીફ્યૂટ), *vt. pr. p.* **Refuting.** *imp. & p. p.* **Refuted.** ખંડન કરવું; સામો રદીઓ આપવો; ખોટું છે તેમ સાબીત કરવું. To prove to be false; to disprove.

Refuter (રીફ્યૂટર્), *n.* ખંડન કરનાર; સામો રદીઓ આપનાર. One, who refutes.

Regain (રીગેન્), *vt.* પાછું મેળવવું; પ્રાપ્ત કરવું; ફરીથી પામવું. To get back; to recover.

Regal (રીગૅલ્), *a.* રાજ્ય સંબંધી; રાજકીય; બાદશાહી. Of or pertaining to kingdom; political; royal.

Regale (રીગેલ્) *vt, pr. p.* **Regaling.** *imp. & p. p.* **Regaled.** મિજબાની આપવી; જ્યાફત આપવી; સંતોષ પમાડવો. To entertain with a feast; to gratify.

Regality (રીગૅલિટિ), *n.* બાદશાહી; બાદશાહની હકુમત–સત્તા; રાજ્યાધિકાર; રાજ્ય ચિન્હ. Sovereignty; royalty; an ensign of royalty.

Regard (રીગાર્ડ્), *vt. vi.* કાળજી ધરાવવી; દરકાર રાખવી; માનવું; જોવું; નિહાળવું; ગણકારવું. To show some concern; to keep in view; to consider; to heed. *n.* ધ્યાન; નજર; દરકાર; લક્ષ; કાળજી. Attention; consideration. **2.** પૂજ્ય બુદ્ધિ; મનોભાવ; લાગણી. Reverence; a feeling. **3.** નિસ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બત; વિષય; બાબત. A reference; a relation.

Regardful (રીગાર્ડ્ફુલ્), *a.* ધ્યાન આપનાર; કાળજીવાળું; ફિકરમંદ; સાવચેત. Attentive; careful; heedful.

Regardfully (રીગાર્ડ્ફુલ્લિ), *ad.* ધ્યાનપૂર્વક; કાળજીપૂર્વક; સાવચેતીથી. In a regardful way.

Regardless (રીગાર્ડ્લેસ્), *a.* બેપરવા; બેફીકરૂં; બેદરકાર. Negligent; heedless; careless.

Regardlessness (રીગાર્ડ્લેસ્નેસ્), *n.* બેપરવાઇ; બેફીકરાઇ; ગાફેલ સ્થિતિ. A state of being regardless; negligence.

Regency (રીજેન્સિ), *n.* રાજપ્રતિનિધિનો અધિકાર –અમલ. The power or authority of a regent. 2. રાજ્ય પ્રતિનિધિઓનું મંડળ. A body of different regents.

Regenerate (રીજેનરેટ્), *vt. pr. p.* **Regenerating.** *imp. & p. p.* **Regenerated.** ફરીથી જન્મ આપવો; પેદા કરવું; સજીવન કરવું. To generate; to produce anew; to cause to be born again. *a.* ફરીથી પેદા કરેલું; પુનર્જન્મ પામેલું. Reproduced; born again.

Regeneration (રીજેનરેશન્), *n.* નવો જન્મ; નવી પેદાશ; પુનરૂત્પતિ; પુનરૂદ્ધાર. An act of regenerating; an act of entering a new spiritual life.

Regent (રીજેન્ટ્), *n.* અધિકારી; રાજ રક્ષક; રાજ્ય પ્રતિનિધિ. A ruler; a governor.

Regicide (રેજિસાઇડ્), *n.* રાજ હત્યા કરનાર; રાજાને મારી નાંખનાર; નૃપતિઘાતક. One, who murders a sovereign. 2. રાજાનું ખૂન; રાજ હત્યા; નૃપતિઘાત. A murder of a monarch.

Regime (રેઝિમ્), *n.* રાજ્ય; અમલ; કારકીર્દી; રાજ્ય પદ્ધતિ. A mode or system of government.

Regimen (રેજિમેન્), *n.* પરહેજી; કરી; પથ્યાપથ્ય વિચાર. The regulation of diet, etc. 2. સુરાજ્ય પદ્ધતિ; વ્યવસ્થિત રાજ્ય પદ્ધતિ. An orderly form of the government.

Regiment (રેજિમેન્ટ્), *n.* ફોજની ટુકડી; પલટન. A troop of soldiers. 2. સત્તા; કારભાર. A power; an authority.

Regimental (રેજિમેન્ટલ્), *a.* ફોજને લગતું; પલટણનું; સત્તાનું. Of or pertaining to a regiment.

Region (રીજન્), *n.* પ્રદેશ; મુલક; ભાગ; પ્રાંત. A territory; a portion or part of a province. 2. મંડળ; ભુવન; ચક્રભુવન. A sphere; a place.

Register (રેજિસ્ટર્), *n.* લેખ; નોંધ; દફતરમાં રહેતી ટીપ–ચાદી. A record; a writing; a memorial. *vt.* નોંધવું; દફતરમાં દાખલ કરવું; ટીપમાં ઉમેરવું. To record; to enter into a record; to enroll.

Registrar (રેજિસ્ટ્રાર્), *n.* દફતરદાર; દફતરે ચઢેલા કાગળોની નોંધ રાખનાર અમલદાર; 'રજીસ્ટ્રાર'. One, who registers.

Registration (રેજિસ્ટ્રેશન્), *n.* દફતરમાં નોંધવું તે; નોંધણી; નોંધ. An enrollment; an act of recording. [stration.

Registry (રેજિસ્ટ્રિ), *n.* Same as, **Regi-**

Regress (રીગ્રેસ્), *vi.* પાછું જવું; પાછા વળવું. To go back; to return. *n.* પાછા જવું તે; પ્રતિગતિ; પરાવર્તન. An act of going back; a return. [વર્તન. An act of turning back.

Regression (રીગ્રેશન્), *n.* પાછા ફરવું તે; પરા-

Regret (રીગ્રેટ્), *n.* દિલગીરી; પશ્ચાત્તાપ; ખેદ; શોક. Sorrow; sadness; repentance. *vt. pr. p.* **Regretting.** *imp. & p. p.* **Regretted.** દિલગીરી થવું; પસ્તાવો કરવો; શોક કરવો To lament; to be sorry for; to express sorrow.

Regular (રેગ્યૂલર્), *a.* કાયદાસર; નિયમ મુજબ; યથાશાસ્ત્ર; બરોબર; નિયમપૂર્વક. Conformed to a rule; methodical; orderly.

Regularity (રેગ્યૂલૅરિટિ), *n.* નિયમિતતા; કાયદાસરપણું; નિયમસર વર્તવું તે; એકસરખાપણું; રીત; પદ્ધતિ. A state of being regular; punctuality.

Regularly (રેગ્યૂલર્લિ), *ad.* નિયમસર; નિયમિત રીતે; વ્યવસ્થિત રીતે. In a regular way; in a uniform system.

Regulate (રેગ્યૂલેટ્), *vt.* નિયમસર ચલાવવું; બંદોબસ્ત કરવો; સુધારવું; નિયમમાં રાખવું. To direct by rules; to arrange in order; to put in better order.

Regulation (રેગ્યૂલેશન્), *n.* કાયદો; કાનુન; ધારો; નિયમ; વ્યવસ્થા; બંદોબસ્ત. A rule; an order; a management; a state of being regulated.

Regulative (રેગ્યૂલેટિવ્), *a.* ક્રમાનુસાર કરે તેવું; નિયમમાં રાખે તેવું; નિયામક. Tending to regulate.

Regulator (રેગ્યૂલેટર્), *n.* નિયંતા; સુધારનાર; શાસક. One, who or that which regulates 2. ઘડિયાળ. A clock, showing a regular time.

Rehearsal (રીહર્સૅલ્), *n.* ઉલ્લેખ; કથન; પૂર્વાભિનય; મ્હોંએ પાઠ બોલી જવો તે. An act of narrating; a repetition.

Rehearse (રીહર્સ્), *vt.* મ્હોંએ કહી સંભળાવવું; મુખપાઠ બોલી જવો; પૂર્વાભિનય કરવો. To recite; to repeat the lesson, etc. orally.

Reign (રેન્), *vi. pr. p.* **Reigning.** *imp. & p. p.* **Reigned.** રાજ્ય કરવું; ગાદીએ આવવું –બેસવું; સિંહાસન પર બેસવું. To rule; to decorate the royal seat; to hold kingly powers. 2. ચાલવું; પ્રસરવું;–નું બળ હોવું. To prevail; to predominate. *n.* રાજ્ય; અમલ; રાજ્યાધિકાર. A rule; a royal power; a sovereignty.

Reimburse (રી-ઇમ્બર્સ્), *vt. pr. p.* **Reim-**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

bursing. *imp. & p. p.* **Reimbursed.** પાછું ભરી દેવું; ભરી આપવું; પાછું ભરવું. To repay; to return.

Reimbursement (રી-ઈમ્બર્સ્મેન્ટ), *n.* પાછું ભરી આપવું તે; પાછી દેવું તે. An act of repaying.

Rein (રેન્), *n.* લગામની દોરી; અછોડો; લગામ. The strap of a bridle; a bridle. **2.** (*fig.*) અંકુશ; દાબ. A restraint; curb. *vt.* લગામવડે દાબમાં રાખવું; દાબમાં રાખવું; અંકુશમાં રાખવું. To restrain by a rein; to curb.

Reindeer (રેન્ડીર્), *n.* ઉત્તર યુરોપ અને એશિયામાં વસનાર એક જાતનું હરણ; 'રેન્ડીર'. A kind of deer, living in the northern Europe or Asia.

Reins (રેન્સ્), *n. pl.* મૂત્રપિંડ; કમ્મરની પછવાડેનો ભાગ. The kidneys; the loins.

Re-insert (રી-ઇન્સર્ટ્), *vt.* ફરીથી દાખલ કરવું; અંદર લાવવું. To insert again.

Re-inspect (રી-ઇન્સ્પેક્ટ્), *vt.* ફરીથી તપાસવું -જોવું; બારીકાઇથી જોવું. To inspect again.

Reinstall (રી-ઇન્સ્ટૉલ્), *vi.* ફરીથી સ્થાપવું; ફરીથી પદવીએ ચઢાવવું. To install again.

Reinstalment (રી-ઇન્સ્ટૉલમેન્ટ્), *n.* ફરીથી સ્થાપના કરવી તે; પુનઃસ્થાપના; બીજીવાર પદવીએ ચઢાવવું તે. An act of reinstalling.

Reinstate (રી-ઇન્સ્ટેટ્), *vt. pr. p.* **Reinstating.** *imp. & p. p.* **Reinstated.** ફરીથી નીમવું; બીજીવાર બેસાડવું-સ્થાપવું. To place again in a former place.

Re-invest (રી-ઇન્વેસ્ટ્), *vt.* બીજીવાર રોકવું; ફરીથી મૂડી રોકવી. To invest again.

Re-investment (રી-ઇન્વેસ્ટ્મેન્ટ્), *n.* બીજીવાર મુડી રોકવી તે; મુડીનું બીજીવારનું રોકાણ. An act of re-investing.

Reiterate (રીઇટરેટ્), *vt. pr. p.* **Reiterating.** *imp. & p. p.* **Reiterated.** વારંવાર બોલવું; ફરી ફરીને બોલ્યા કરવું. To say frequently; to repeat many times.

Reiteration (રીઇટરેશન્), *n* ફરીફરીને બોલવું તે; બોલ્યા કરવું તે. An act of reiterating.

Reject (રીજેક્ટ્), *vt.* ના પસંદ કરવું; રદ કરવું; બાતલ કરવું; તજવું; ઇન્કાર કરવો. To dislike; to discard; to refuse to accept.

Rejection (રીજેક્શન્), *n.* નાપસંદગી; રદ કરવું તે; ત્યાગ; બાતલ બનાવવું તે. An act of rejecting; a refusal to accept.

Rejoice (રીજૉઈસ્), *vt. vi. pr. p.* **Rejoicing.** *imp. & p. p.* **Rejoiced.** ખુશ કરવું; હર્ષ પામવો; હરખાઈ જવું; આનંદિત બનવું. To gladden; to feel joy; to be delighted.

Rejoicing (રીજૉઈસિન્ગ્), *n.* આનંદ; હર્ષ; ખુશાલી; ઉલ્લાસ. Joy; extreme delight.

Rejoin (રીજૉઇન્), *vt. vi.* ફરીથી જોડવું; જવાબ આપવો; પ્રત્યુત્તર દેવો. To join again; to answer; to reply.

Rejoinder (રીજૉઇન્ડર્), *n.* જવાબ; પ્રત્યુત્તર; ઉત્તરનો ઉત્તર. A reply; an answer to a reply.

Rejuvenate (રીજુવીનેટ્), *vt.* જુવાન કરવું; યૌવન ધારણ કરાવવું. To render young again.

Relapsable (રીલૅપ્સેબલ્), *a.* ફરીથી ઉથલો ખાય તેવું; અસલની જગ્યાએ પહોંચે તેવું; પાછું હઠે તેવું. Capable of being relapsed.

Relapse (રીલૅપ્સ્), *vi. pr. p.* **Relapsing.** *imp. & p. p.* **Relapsed.** પાછું હઠવું; અસલની સ્થિતિએ પહોંચવું. To turn back; to reach the former stage. **2.** (દરદનો) ઉથલો ખાવો; દરદ પાછું શરૂ થવું. To fall back from a recovery. *n.* પાછું હઠવું તે; ઉથલો; ફરીથી થવું તે; શરૂઆત થવી તે. An act of turning back or falling back.

Relate (રીલેટ્), *vt. vi. pr. p.* **Relating.** *imp. & p. p.* **Related.** કહેવું; વર્ણન કરવું; કથન કરવું. To tell; to narrate. **2.** સંબંધ રાખવો; હકીકત હોવી; સંબંધ હોવો. To refer to; to bear relation to; to pertain. **3.** સગપણ હોવું; સંબંધ જોડવો-હોવો. To ally by kindred.

Relation (રીલેશન્), *n.* સગપણ; સગાઇ; સગોત્ર. Kinship. **2.** સગું; સગાઈ ધરાવનાર; આપ્તજન. A kinsman; a kinswoman; a relative. **3.** નિસબત; સંબંધ; લેવડદેવડ; બરોબરી; તુલના. A connection; a regard; a certain position of one thing with regard to another.

Relation-ship (રીલેશન્-શિપ્), *n.* સગપણ; સંબંધ; બંધુભાવ. A state of being kindred; an affinity.

Relative (રેલેટિવ્), *a.* લગતું; વળગતું; સંબંધી; -ને વિષેનું; બાબતનું. Relevant; not absolute; referring to. *n.* સગું; કુટુંબી; બંધુજન. One, who bears relation to. **Relative pronoun,** *n.* તત્પદાપેક્ષક સર્વનામ. **Relative value,** *n.* સાપેક્ષમૂલ્ય.

Relatively (રેલેટિવ્લિ), *ad.* સંબંધને યોગ્ય રીતે; અરસ્પરસ સંબંધમાં આવે તેવી રીતે. In a relative way or manner.

Relativity (રેલેટિવિટિ), *n.* ને વિષે હોવું તે; સંબંધ ધરાવવો તે; સાપેક્ષ. A state of being relative.

Relax (રીલૅક્સ્), *vt. vi.* ઢીલું પાડવું; નરમ રાખવું; વિસામો આપવો; આરામ આપવો. To slacken; to loosen; to give some rest; to ease. **2.** નરમ પડવું; ઢીલું થવું; આરામ થવો. To become less; to abate.

Relaxation (રીલૅક્સેશન્), *n.* વિસામો; ફુરસદ; વિશ્રાંતિ; નિવૃત્તિ; કામમાંથી થોડા સમયને સારૂ છુટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થવું તે. A state of being relaxed; recreation; a relief to the brain.

Relaxative (રીલૅક્સૅટિવ્), *a.* ઢીલું પાડતું; નરમ પાડતું. Abating; of the relaxing nature.

Relay (રીલે), *n.* ડાકનો ટપ્પો–ચોકી; ટપ્પે ટપ્પે બદલીને માટે રાખેલા ઘોડા. A supply of anything esp. a horse to give relief.

Release (રીલીઝ), *vt. pr. p.* **Releasing.** *imp. & p. p.* **Released.** છુટકારો કરવો;મુક્ત કરવું; છોડાવવું; નિવારણ કરવું; ટાળવું. To let go; to deliver; to relieve; to ward off. *n.* છુટકારો; છુટકો; મુક્તિ; ઉદ્ધાર. An act of making free; a freedom; a discharge; an act of setting free.

Relegate (રેલીગેટ), *vt. pr. p.* **Relegating.** *imp. & p. p.* **Relegated.** દેશનિકાલ કરવો; નાંખી દેવું; હદ બહાર કાઢવું. To banish; to exile. **2.** –ને હવાલે કરવું; સ્વાધીન કરવું. To transfer to.

Relegation (રેલીગેશન્), *n.* દેશનિકાલ; દેશવટો; હદ બહાર કાઢવું તે. A banishment; an exile.

Relent (રીલેન્ટ), *vi.* દયા આવવી; દયા ઉપજવી; મન પીગળવું; કરૂણા આવવી. To feel pity; to be melted with mercy or pity. **2.** તાબે થવું;પીગળવું; ઓગળવું. To surrender;to dissolve.

Relentless (રીલેન્ટલેસ્), *a.* નિર્દય; નિષ્ઠુર; વજ્ર છાતીનું; કઠોર અંતઃકરણનું. Unyielding; unpitying; cruel; harsh.

Relevance,-cy (રેલીવૅન્સ્,-ન્સિ), *n.* લાગુ પાડવું તે; સંબંધ ધરાવવો તે; પ્રાસંગિકતા. A state of being relevant.

Relevant (રેલીવૅન્ટ), *a.* પ્રસંગે ઘટતું; પ્રસંગને લાગુ પડતું; મુદ્દાને લાગુ પડતું; સંબંધ ધરાવતું. Suitable; applicable; opportune. **2.** મદદ આપે તેવું; સહાયક. Tending to help or support.

Reliability (રીલાઇઍબિલિટિ), *n.* વિશ્વાસપણું; ભરોસાદારી; વિશ્વાસ મૂકવા જેવું હોવું તે. A state of being reliable.

Reliable (રીલાઈઍબલ), *a.* વિશ્વાસ કરવા જોગ; ભરોસાદાર; ભરોસો કરવા લાયક. Fit to be relied on; trustworthy.

Reliableness (રીલાઇઍબલનેસ્), *n.* Same as, **Reliability.**

Reliance (રીલાઈઍન્સ્), *n.* ભરોસો;ઈતબાર;વજન; વિશ્વાસ. Trust; confidence; faith.

Relic (રેલિક), *n.* શેષ; સિલક; બાકીનો ભાગ; અવશેષ. A ramnant; a remaining portion or part. **2.** (*pl.*) મૃત શરીર; મૃતદેહ; શબ. A corpse; a human dead body. **3.** કુમારકચિન્હ. A memorial.

Relict (રેલિક્ટ), *n.* વિધવા; રંડાએલી સ્ત્રી; રાંડીરાંડ બાઈ. A widow; a woman, whose husband is dead.

Relief (રીલીફ), *n.* આરામ; શાંતિ; કળ; ચેન. Rest; mental ease; comfort. **2.** મદદગાર, અથવા બદલીએ આવેલું માણસ. One, who relieves in the duty or work. **3.** કર; વેરો; નજરાણું; ખંડણી. A tax; a tribute. **4.** સપાટ ભોંયથી ઉપસેલી જમિન. An elevated plot of land.

Relievable (રીલીવેબલ), *a.* છુટકારો થાય તેવું; ટાળી શકાય તેવું; ઘટાડો કરી શકાય તેવું; ફેર–બદલીમાં મોકલી શકાય તેવું. Capable of being relieved.

Relieve (રીલીવ્), *vt. pr. p.* **Relieving.** *imp. & p. p.* **Relieved.** આરામ આપવો; મુક્ત કરવું; મદદ કરવી. To free from work; to release. **2.** નિવારણ કરવું; ટાળવું; ઘટાડવું (દુઃખ). To alleviate;to soften; to remove;to abate.

Reliever (રીલીવર્), *n.* મદદગાર; દુઃખ અથવા હરકત ઓછી કરનાર; સાંત્વન કરનાર; નોકરીમાં બદલીએ આવનાર. One, who relieves.

Religion (રીલિજૅન્), *n.* ધર્મ; પંથ; દીન; મજહબ. A system of faith and worship; the way of God's worship.

Religionist (રીલિજૅનિસ્ટ), *n.* ધર્મમાં મમત્વ ધરાવનાર પુરૂષ; ધર્મી. One devoted to religion.

Religious (રીલિજસ્), *a.* ધાર્મિક; ધર્મી; ધર્મને લગતું. Devoted to one's religion; pious; pertaining to one's religion.

Relinquish (રીલિન્ક્વિશ), *vt.* છોડી દેવું; ત્યાગ કરવો; તજવું; મૂકી દેવું; વર્જવું; હક ઉઠાવી લેવો. To leave off; to give up; to desert; to set aside (a claim).

Relinquishment (રીલિન્ક્વિશમેન્ટ), *n.* ત્યાગ; તજવું તે; પરિત્યાગ; હાથ ઉઠાવવો તે. An act of relinquishing.

Relish (રેલિશ), *n.* સ્વાદ; રૂચિ; મજાહ; આનંદ; ભાવ; અભિરૂચિ. A pleasing taste; a joyous sensation; a liking; a flavour. *vt.* સ્વાદદાર બનાવવું;–ની રૂચિ થવી; લહેજત આવવી; અભિરૂચિ થવી. To make tasty; to enjoy the taste of; to have a liking for.

Relishable (રેલિશેબલ), *a.* સ્વાદવાળું; રૂચિકર; લહેજત ઉપજાવે તેવું. Containing taste; producing flavour.

Reluctance,-cy (રીલક્ટૅન્સ્,-ન્સિ), *n.* નાખુશી; આનાકાની; ગેરમરજી; કંટાળો. Displeasure; a hesitation.

Reluctant (રીલક્ટૅન્ટ), *a.* નાખુશ; નારાજ; આનાકાની સાથે કરે તેવું. Unwilling; displeased; hesitating.

Reluctantly (રીલક્ટૅન્ટલિ), *ad.* નાખુશીથી; નારાજી પૂર્વક; ઢચુપચુ મનથી; અદ્રઢ રીતે. In a reluctant way.

Relume (રીલ્યૂમ્), *vt. pr. p.* **Reluming.** *imp. & p. p.* **Relumed.** ફરીથી સળગાવવું,–

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેતવવું;અગ્નિ મૂકવો.To re-kindle;to light again.

Rely (રીલાઇ), *vt. pr. p.* **Relying.** *imp. & p. p.* **Relied.** ભરોસો રાખવો; વિશ્વાસ ધરાવવો; શ્રદ્ધા રાખવી; આકીન રાખવું,–મૂકવું. To trust; to confide; to put faith in.

Remain (રીમેન્), *vt. vi.* રહેવું;બાકી રહેવું;વધવું. To be left; to increase; to stay behind. **2.** મુકામ કરવો; વાસ કરવો; રહેવું. To abide; to stay; to halt. *n.* અવશેષ; ખંડેર; વધેલો ભાગ. The portion that remains. **2.** *pl.* મુડદું; પ્રેત; શબ. A dead body. **3.** ગ્રંથકારના મરણ બાદ બહાર પડેલાં પુસ્તકો. The books published after the death of an author.

Remainder (રીમેન્ડર્), *n.* બાકી; શેષ; સિલક; બાદબાકી. Any thing that remains; a sum left after subtraction. *a.* બાકીનું; બાકી રહેલું. Remaining; left behind.

Remand (રીમૅન્ડ્), *vt.* ફરીથી તપાસમાં મોકલવું; પાછું મોકલવું. To send back for an inquest; to return back. *n.* મોકલવાનો હુકમ; ફરીથી તપાસાર્થે મોકલવાનો હુકમ. An order for remanding.

Remark (રીમાર્ક્), *vt. vi.* ધ્યાન દઇને જોવું;અવલોકન કરીને કહેવું; ટીકા કરવી; નિરીક્ષણ કરવું. To see carefully; to observe; to pass a word of judgment. **2.** નિશાન કરવું; બરોબર ઓળખવું. To mark; to know carefully. *n.* ટીકા; વચન; યુક્તિ; શેરો. One's opinion in writing or in speaking; a statement.

Remarkable (રીમાર્કેબલ્), *a.* ધ્યાનમાં રાખવા જેવું; નામાંકિત; પ્રસિદ્ધ; પ્રખ્યાત; વિખ્યાત; અપૂર્વ. Conspicuous;extraordinary;distinguished.

Remarkably (રીમાર્કેબ્લિ), *ad.* નામાંકિતપણે; પ્રસિદ્ધપણે;અપૂર્વ સ્થિતિમાં. In a remarkable way.

Re-marriage (રી-મૅરિજ્), *n.* બીજીવારનું લગ્ન;પુનર્વિવાહ;નાતરૂં. A marriage for the second time.

Remarry (રીમૅરિ), *vt. pr. p.* **Remarrying.** *imp. & p. p.* **Remarried.** બીજીવાર પરણવું;પુનર્વિવાહ કરવો;નાતરૂં કરવું. To marry again.

Remedial (રેમીડિઍલ્), *a.* ઉપાય કરવા વિષેનું; ઇલાજ લેવા બાબતનું; ઇલાજ લે તેવું. Of or pertaining to a remedy; affording a remedy.

Remedy (રેમેડિ), *n. pl.* **Remedies.** ઔષધ; ઓસડ; દવા; ઇલાજ; ઉપાય; સાધન. A medicine; a cure; a reparation. *vt. pr. p.* **Remedying.** *imp. & p. p.* **Remedied.** મટાડવું; ઉપચાર કરવો; ઓસડ કરવું. To cure; to apply a remedy for.

Remember (રીમેમ્બર્), *vt vi.* યાદ કરવું; સ્મરણમાં લાવવું; સંભાળવું; સ્મૃતિમાં લાવવું. To bear in mind; to keep in mind; to recollect. **2.** યાદ આવવું;સાંભળવું. To bring to remembrance.

Remembrance (રીમેમ્બ્રૅન્સ્), *n.* યાદ હોવું તે; સ્મરણ; સ્મૃતિ; સ્મરણશક્તિ. An act of remembering; a recollection. **2.** સ્મરણવસ્તુ; અભિજ્ઞાન. A thing kept in memory

Remembrancer (રીમેમ્બ્રૅન્સર્), *n.* સ્મરણ કરાવનાર; યાદ દેવરાવનાર; અમલદારોને તેમના કામની યોગ્ય વખતે ખબર આપનાર અમલદાર. One, who helps in remembering; one that brings to mind.

Remind (રીમાઈન્ડ્), *vt.* યાદ દેવરાવવું; સ્મરણમાં લાવવું; સંભાળી આપવું. To bring to the remembrance of; to put to the memory of.

Reminder (રીમાઇન્ડર્), *n.* યાદ દેવડાવનાર; સંભાળનાર; સ્મૃતિમાં લાવનાર. One, who reminds.

Reminiscence(રેમીનિસેન્સ્), *n.*યાદગીરી;સ્મરણ; સ્મૃતિ; સાંભળેલી વાત. A memory; a matter of remembrance.

Remiss (રીમિસ્), *a.* સુસ્ત; બેપરવા; ગાફીલ; બેદરકાર. Dull; careless; negligent.

Remissible (રીમિસિબલ્), *a.* પાછું આપી શકાય તેવું; પાછું સોંપવા લાયક. Capable of being remitted.

Remission (રીમિશન્), *n.* ઘટાડો; માફી; ક્ષમા; છૂટ; વળતર. An abatement; a pardon; a sum given back after its payment.

Remit (રીમિટ્), *vt. vi. pr. p.* **Remitting.** *imp. & p. p.* **Remitted.** પાછું મોકલવું; સ્વાધીન કરવું; આપવું; નાણાં મોકલવા. To send back; to surrender; to send money. **2.** હલકું પડવું; મંદ પડવું; સુસ્ત થવું. To abate; to become dull.

Remittal (રીમિટૅલ્), *n.* પાછું મોકલવું તે; પાછું સોંપવું તે. An act of giving back. **2.** દૂર દેશમાં નાણાં મોકલવા તે. An act of sending money (payment) at a distant country.

Remittance (રીમિટૅન્સ્), *n.* મોકલેલા પૈસા; રવાનગી; મોકલવું તે. A sum or money remitted; an act of remitting.

Remitter (રીમિટર્), *n.* મોકલનાર;નાણાં મોકલનાર; દૂર દેશથી નાણાં મોકલનાર. One who remits.

Remnant (રેમ્નૅન્ટ્), *n.* બાકીનો ભાગ; અવશેષ; બચેલો ભાગ; અંશ; ભાગ; કકડો. A small portion; a piece; a part; a remainder.

Re-modify (રીમૉડિફાઇ), *vt.* નવો આકાર બનાવવો; નવા ઘાટમાં ગોઠવવું. To shape again; to arrange in a new model.

Remonstrance (રીમૉન્સ્ટ્રૅન્સ્), *n.* શિખામણ દેવાની મતલબે થનાર જવાબ–દલીલ; દલીલ; ઠપકો; ઉપદેશ. An expostulation; a protest; statement of reasons against something.

Remonstrate (રીમૉન્સ્ટ્રેટ્), *vt. vi. pr. p.* **Remonstrating.** *imp. & p. p.* **Remonstrated.** દલીલપૂર્વક શિખામણ દેવી; કાન ઉઘાડવા; શિખામણ દેવી. To expostulate; to pro-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

test against.

Remorse (રીમૉર્સ્), *n.* પસ્તાવો; ખેદ; દિલગીરી; પશ્ચાત્તાપ; અફસોસ. The mental pain produced by sense of guilt; repentance.

Remorseful (રીમૉર્સ્ફુલ), *a.* પશ્ચાત્તાપ કરે તેવું; ખેદ કરે તેવું; ખેદયુક્ત. Full of remorse; repenting.

Remorsefully (રીમૉર્સ્ફુલ્લિ), *ad.* ખેદ કરે તેવી રીતે; પશ્ચાત્તાપથી; અત્યંત ખેદથી. In a repenting way.

Remorseless (રીમૉર્સ્લેસ્), *a.* પશ્ચાત્તાપ ન કરે તેવું; પાષાણ હૃદયનું; નિષ્ઠુર. Not repenting; merciless.

Remote (રીમોટ્), *a.* દૂરનું; આઘેનું; છેવટનું; પુરાતન કાળનું; પહેલાનું; લાંબા વખતનું. Not near; far off; of old times; situated at a distant place.

Remoteness (રીમોટ્નેસ), *n.* દૂરનું અથવા છેટેનું હોવું તે; પુરાતન કાળનું હોવું તે; લંબાણ અંતર. A state of being remote.

Remould (રીમોલ્ડ્), *vt.* ફરીથી આકાર આપવો; નવેસરથી કરવું. To mould again; to give a new shape or form.

Remount (રીમાઉન્ટ), *vt.* ફરીથી સ્વારી કરવી; બીજીવાર બેસવું. To mount again for the second time. *n.* તૈયાર કરેલો નવો ઘોડો. A horse kept ready for a riding purpose.

Removable (રીમૂવેબલ્), *a.* ખસેડી શકાય તેવું; સ્થળાંતર કરી શકાય તેવું; લઇ જઇ શકાય તેવું. Capable of being removed.

Removal (રીમૂવૅલ્), *n.* સ્થળાંતર; જગ્યા બદલવી તે; કાઢી મૂકવું તે; બરતર્ફી; છુટકારો. An act of removing; a state of being removed.

Remove (રીમૂવ્), *vt. vi. pr. p.* **Removing.** *imp. & p. p.* **Removed.** ખસેડવું; દૂર કરવું; સ્થળાંતર કરવું; સ્થળ બદલવું. To change the place of; to displace; to take away. **2.** ખસવું; ખસી જવું; દૂર થવું. To change place in any way or manner. *n.* સ્થળાંતર; એક જગ્યાથી બીજી જગ્યાએ બદલવું તે-મૂકવું તે. An act of changing the place.

Remunerate (રીમ્યૂનરેટ્), *vt. pr. p.* **Remunerating.** *imp. & p. p.* **Remunerated.** બદલો વાળવો; અવેજ વાળવો-આપવો; મહેનતનું ફળ દેવું; શુકશાન ભરી દેવું. To reward; to requite.

Remuneration (રીમ્યૂનરેશન્), *n.* બદલો; કામનું મહેનતાણું; મહેનતનું ફળ; દસ્તુરી. An act of remunerating.

Remunerative (રીમ્યૂનરેટિવ્), *a.* બદલો આપે તેવું; ફિકાયત કરે તેવું; ફળદાયક; લાભકારક. Affording remuneration.

Renard (રેનૉર્ડ્), *n.* શિયાળ; લોંકડી. A fox.

Renascence (રીનેસૅન્સ્), *n.* ઉદ્ધાર; નવો જન્મ મળવો તે; ઉદય. A revival; a new birth. Also spelt as **Renaissance.**

Rencounter, Rencontre (રેન્કાઉન્ટર્, રેન્કૉન્ટર્), *vt vi.* અણધાર્યું મળવું; ભેગા થવું; ભેટો કરવો; સામસામી લડવું To meet unexpectedly; to encounter; to attack. *n.* અણધારી લડાઈ; ઓચિંતી મારામારી. A casual combat; an unexpected attack.

Rend (રેન્ડ્), *vt. vi. pr. p.* **Rending.** *imp. & p. p.* **Rent.** ફાડવું; ચીરવું; તોડવું; તોડી નાંખવું; વિદારવું. To split; to burst; to cut asunder. **2.** બળાત્કારથી લઇ લેવું; પડાવી લેવું. To seize forcibly; to take away by force. **3.** ફાટી જવું; જુદું પડવું. To become separated.

Render (રેન્ડર્), *vt.* પાછું આપવું-દેવું; અદા કરવું. To return; to discharge. **2.** ભાષાંતર કરવો; તરજુમો કરવો. To translate. **3.** બતાવવું; નિવેદન કરવું; કહેવું. To state; to mention.

Rendering (રેન્ડરિન્ગ્), *n.* તરજુમો; ભાષાંતર કરવું તે; ભાષાંતર. A translation; a version.

Rendezvous (રેન્ડેવૂ), *n.* જ્યાં એકઠાં થવાનો ઠરાવ હોય તે સ્થળ-ઠેકાણું અથવા સ્થાન; સંકેત સ્થળ. A fixed meeting place for two or more persons. **2.** સૈન્યનો નીમેલો મુકામ. An appointed camp or place for the troops.

Renegade,-do (રેનીગેડ,-ડો) *n.* સ્વધર્મ છોડનાર; લાલચથી સ્વપક્ષ છોડનાર; સ્વધર્મ ત્યાગી. One, faithless to one's party or religion.

Renew (રીન્યૂ), *vt. pr. p.* **Renewing.** *imp. & p. p.* **Renewed.** તાજું કરવું; નવું કરવું; સમારવું; ફરીથી બાંધવું-સ્થાપવું; ફરીથી સ્થાપના કરવી. To re-establish; to re-create; to continue; to begin again.

Renewable (રીન્યૂએબલ્), *a.* નવું થઇ શકે તેવું; નવું કરાય તેવું; ફેરવાય તેવું; પુનઃસ્થાપના થઇ શકે તેવું. Capable of being renewed.

Renewal (રીન્યૂઍલ્), *n.* જીર્ણોદ્ધાર; નવું કરવું તે; પુનઃકરણ. An act of renewing.

Renounce (રીનાઉન્સ્), *vt. vi. pr. p.* **Renouncing.** *imp. & p. p.* **Renounced.** છોડી દેવું; હક ઉઠાવવો; ત્યાગ કરવો; વર્જન કરવું. To disown; to desert; to give up. **2.** કબુલ નહિ કરવું; અસ્વીકાર કરવો; રદ કરવું. To disclaim; to reject.

Renouncement (રીનાઉન્સ્મેન્ટ), *n.* ત્યાગ; વર્જન; અસ્વીકાર; પરિત્યાગ; હક ઉઠાવી લેવો તે. An act of renouncing; an act of disclaiming.

Renovate (રેનોવેટ્), *vt. pr. p* **Renovating.** *imp & p. p.* **Renovated.** ફરીથી બાંધવું; નવું કરવું; સ્થાપના કરવું. To renew; to begin anew.

Renovater,-or (રેનોવેટર્), *n.* સ્થાપના કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાપક; નવું કરનાર. One, who renovates.

Renovation (રેનોવેશન), *n.* Same as, **Renewal.**

Renown (રીનાઉન), *n.* નામ; કીર્તિ; આબરૂ;પ્રતિષ્ઠા; યશ; પ્રસિદ્ધિ. Fame; glory; reputation. *vt.* વિખ્યાતિ કરવી; નામ વધારવું; આબરૂ વધારવી. To make famous; to get reputation.

Renowned (રીનાઉન્ડ), *a.* નામાંકિત; કીર્તિમાન; યશસ્વી; વિખ્યાત. Famous; celebrated; well-known.

Rent (રેન્ટ), *n.* ભાડું; કિરાયું; સાંથ; ગણોત.The income made by letting any landed property on hire. **2.** ચીરો; ફાટ; ઘા. A cut; a rupture. *vt* ગણોતે આપવું; સાંથે આપવું-રાખવું; ભાડે આપવું. To let on hire; to lease. *a.* ફાટેલું; ચીરેલું; ચિદ્દારેલું. Cut; split.

Rental (રેન્ટલ), *n.* સાંથ; આમદાનીની યાદી; તહેસીલ ખાતાની ચોપડી; જથાબંધી. A rent-roll.

Renumerate (રીન્યૂમરેટ), *vt.* ફરીથી ગણવું; ગણત્રી કરવી.To recount; to enumerate again.

Re-ordain (રી-ઑર્ડેન), *vt.* ફરીથી નીમવું; બીજીવાર ઠરાવવું-નક્કી કરવું. To ordain again.

Renunciation (રીનન્સિએશન), *n.* ત્યાગ; છોડી મુકવું તે; અસ્વીકાર; હજ્જ ઉઠાવવો તે. An act of disclaiming; a denial; a disavowal.

Re-organization (રી-ઑર્ગનિઝેશન), *n.* ફરીથી કરેલી ગોઠવણી-વ્યવસ્થા; યોજના. An act of re-organizing.

Re-organize (રી-ઑર્ગનાઇઝ), *vt. pr. p.* **Re-organizing.** *imp. & p. p.* **Re-organized.** ફરીથી યોજના કરવી-વ્યવસ્થા કરવી; બીજીવાર ગોઠવણી કરવી. To organize again; to arrange anew.

Repair (રીપેર), *vt. vi.* સુધારવું; સમારવું; દુરસ્ત કરવું; સમું કરવું. To restore; to amend; to set right. **2.** તોટો ભરી આપવો; નુકશાની ભરી દેવી. To make up amends for the injury. **3.** જવું આવવું; આવ, જા કરવી. To go; to return. *n.* સુધારો; મરામત; સમરામણી; નુકશાન ભરી દેવું તે. An act of repairing; a supply of loss.

Reparable (રેપરેબલ), *a.* સમરાવી શકાય તેવું; દુરસ્ત કરી શકાય તેવું; સમરાવવા જોગ. Capable of being repaired.

Reparation (રેપરેશન), *n.* અવેજ; બદલો; સુધારો; દુરસ્તી. An act of repairing; a repair; amends.

Repartee (રીપાર્ટી), *n.* હાજર જવાબ; સમયોચિત ઉત્તર; ચતુરાઇથી વાળેલો જવાબ. A ready-witted answer or reply; a smart reply.

Repast (રીપાસ્ટ), *n.* થોડું જમણ; નાસ્તો;આહાર. A slight food. *vt. vi.* ખોરાક લેવો; નાસ્તોકરવો; આહાર કરવો. To take food; to feast.

Repay (રીપે), *vt.* પાછું વાળવું; બદલો આપવો; પ્રત્યુપકાર કરવો; ઉપકારનો બદલો ઉપકારમાં વાળવો. To pay back; to recompense.

Repayment (રીપેમેન્ટ), *n.* પાછું આપવું તે; ભરી દેવું તે; ભરી દીધેલું નાણું. An act of repaying; the money repaid.

Repeal (રીપીલ), *vt. pr. p.* **Repealing.** *imp. & p. p.* **Repealed.** રદ કરવું; બાતલ કરવું; તોડી નાંખવું; શમાવવું. To cancel; to abrogate; to suppress. **2.** ફરીથી બોલાવવું. To recall; to call again. *n.* પાછું બોલાવવું તે; રદ કરવું તે; બાતલ કરવું તે. A recall; an act of recalling.

Repealer (રીપીલર), *n.* રદ કરનાર; કાઢી નાંખનાર; ખંડન કરનીર; બાતલ કરનાર. One, who repeals.

Repeat (રીપીટ) *vt.* ફરીથી બોલવું; મોઢે કરેલું બોલી જવું; શિખેલું બોલવું. To say again; to say orally. **2.** પાછું આપી દેવું; પાછું ભરવું. To pay again; to repay.

Repeatedly (રીપીટેડ્લિ), *ad.* વારંવાર; વારે ઘડીએ; ઉપરાઉપરી. Often; frequently.

Repel (રીપેલ), *vt. pr. p.* **Repelling.** *imp. & p. p.* **Repelled.** હઠાવવું; પાછું કહાડવું; હાંકી કાઢવું. To drive back; to compel to go back; to drive away. **2.** પ્રતિરોધ કરવો; અટકાવવું; સામું થવું. To resist; to oppose.

Repellent (રીપેલેન્ટ), *a.* પાછું હઠાવનાર; પાછું હાંકનાર; નિવારક; દૂર કરે તેવું. Removing; driving back.

Repent (રીપેન્ટ), *vt. pr. p.* **Repenting.** *imp. & p. p.* **Repented.** પસ્તાવો કરવો; દિલગીરી બતાવવી; પસ્તાવું; ખેદ પામવો. To feel regret; to feel grief or pain for something done sinfully.

Repentance (રીપેન્ટન્સ), *n.* પશ્ચાત્તાપ; પસ્તાવો; અનુતાપ; અનુશોચન. An act of repenting; a feeling of sadness for some bad work.

Repentant (રીપેન્ટન્ટ), *a.* પશ્ચાત્તાપી; શોચ કરનાર; દિલગીરી; ખિન્ન. Repenting; penitent.

Repertory (રેપર્ટોરિ), *n.* કોઠાર; ભંડાર;ભંડાર. A store-room; a store-house; a treasury.

Repetition (રીપીટિશન), *n.* પુનરાવૃત્તિ; પાઠ બોલવો તે; ફરી ફરીને બોલવું તે. An act of repeating; a recitation.

Repine (રીપાઈન), *vi. pr. p.* **Repining.** *imp. & p p.* **Repined.** મનમાંને મનમાં બળવું; ઝુરવું; વિરહથી સુકાવું; અસંતોષ પામવો; અબડવું. To continue pining; to remain dissatisfied; to murmur.

Repiner (રીપાઈનર), *n.* મનમાંને મનમાં બળનાર; ઝુરનાર; અસંતુષ્ટ રહેનાર. One, who repines.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Replace (રીપ્લેસ્), *vt.* ફરીથી પોતાની જગ્યાએ મૂકવું; -ની જગ્યા પુરવી To place again; to set up in a new position. **2.** પૈસા ભરી દેવા; દેવું વાળવું; અદા કરવું. To pay off one's debt; to discharge.

Replacement (રીપ્લેસ્મેન્ટ્), *n.* ફરીથી જગ્યાએ બેસાડવું અથવા મૂકવું તે; ની જગ્યા પુરવી તે. An act of replacing.

Replenish (રીપ્લેનિશ), *vt.* ભરપૂર કરવું; તાજું બનાવવું; ફરીથી ભરવું. To stock with abundance; to fill again.

Replete (રીપ્લીટ્), *vt. pr. p.* **Repleting.** *imp. & p. p.* **Repleted.** બરાબર ભરવું; ખીચોખીચ ભરવું; ઠાંસીને અથવા દાબીને ભરવું. To fill completely; to fill to satiety. *a.* ભરપૂર; પૂર્ણ; ભરેલું. Full of; filled.

Repletion (રીપ્લીશન્), *n.* ભરપૂર હોવું તે; પૂર્ણતા; પરિપૂર્ણતા. A state of being complete or full; a perfection.

Replication (રીપ્લિકેશન્), *n.* જવાબ; પ્રત્યુત્તર; ઉતારો; નકલ. An answer; a reply; a copy.

Reply (રીપ્લાઇ), *vi pr. p.* **Replying.** *imp. & p. p.* **Replied.** જવાબ દેવો; પ્રત્યુત્તર આપવો; ઉત્તર દેવો; પત્રનો જવાબ આપવો. To answer; to respond. *n.* જવાબ; પ્રત્યુત્તર; ઉત્તર. A reply; a response.

Report (રીપોર્ટ્), *vt. vi.* હકીકત કહેવી-જણાવવી; નિવેદન કરવું; ખબર કરવી; જાહેર કરવું. To inform; to give an account of; to circulate. **2.** સત્તાવાર જાહેર કરવું. To declare authoritatively. **3.** ભાષણની નોંધ કરવી; ટાંચણ કરવું. To take down the substance of a speaker. *n.* હેવાલ; હકીકત; બીના; સમાચાર. An account; an information; that which has been reported. **2.** લોકચર્ચા; જનસમૂહમાં ફેલાયેલી બાત. A rumour. **3.** ધ્વનિ; અવાજ; ધડાકો; ભડાકો (બંદુકનો). A sound; a loud exploded noise. **4.** ભાષણનો ટુંક સાર; નોંધ. A summary of a speech.

Reporter (રીપોર્ટર્), *n.* ખબર આપનાર; બાતમી આપનાર; સમાચાર પહોંચાડનાર. One, who reports; one who reports officially.

Repose (રીપોઝ્), *vt. vi. pr. p.* **Reposing.** *imp. & p. p.* **Reposed.** મૂકવું; ધરવું. To lay down; to lodge. **2.** આરામ લેવો; ભરોસો રાખવો-મૂકવો. To lie at ease; to confide; to trust. *n.* નિવૃત્તિ; વિસામો; આરામ; નિરાંત. Rest; a period of rest; recreation. **2.** મનની શાંતિ; સ્વાસ્થ્ય. Mental rest; calmness of mind.

Reposit (રીપૉઝિટ્), *vt pr. p.* **Repositing.** *imp. & p. p.* **Reposited.** વખારમાં ભરવું; કોઠારમાં ભરવું; સંગ્રહ કરવો. To lay up; to store; to lodge.

Repository (રીપૉઝિટૉરિ), *n.* વખાર; કોઠાર; ભંડાર. A store-room; a ware-house.

Repossess (રીપૉઝેસ્), *vt.* ફરીથી કબજો લેવો-હક ધરાવવો; ફરીથી કબજામાં આવવું. To possess again.

Reprehend (રેપ્રીહેન્ડ્), *n.* ઠપકો દેવો; ખીજવું; દોષ બતાવવો; ધમકાવવું. To chide; to blame; to reprove.

Reprehender (રેપ્રીહેન્ડર્), *n.* ઠપકો દેનાર; દોષ બતાવનાર; ધમકાવનાર. One, who reprehends.

Reprehensible (રેપ્રીહેન્સિબલ્), *a.* ઠપકા લાયક; દોષ મૂકવા જોગ; દોષ દેવા જોગ; નિંદ્ય. Blameworthy; censurable.

Reprehension (રેપ્રીહેન્શન્), *n.* ઠપકો; ઠપકો દેવો તે; દૂષણ; આરોપ. A reproof; a blame.

Reprehensive (રેપ્રીહેન્સિવ્), *a.* ઠપકાવાળું; દૂષણમય; આરોપવાળું. Containing a reprehension.

Represent (રેપ્રીઝેન્ટ્), *vt.* દેખાડવું; બતાવવું; દર્શાવવું; આલેખવું. To show; to present; to delineate. **2.** ની તરફદારી કરવી; -ની તરફથી કરવું; નું સ્થાન લેવું. To stand in place of; to work for. **3.** નો વેશ ધરવો-ધારણ કરવો. To personate.

Representation (રેપ્રીઝેન્ટેશન્), *n.* દેખાડવું તે; વર્ણન; અરજ; વિનંતી. An act of representing; a narration; a request. **2.** ચિત્ર; તસ્વીર; આલેખન. An image; a picture; a likeness.

Representative (રેપ્રીઝેન્ટેટિવ્) *n.* વકીલ; પ્રતિનિધિ; મુખત્યાર. A pleader; one, who stands in place of; an agent.

Repress (રીપ્રેસ્), *vt.* બેસાડી દેવું; સમાવી દેવું; દાબી દેવું; દબાવવું. To subdue; to press down; to crush down. **2.** દાબમાં રાખવું; અટકાવમાં રાખવું. To restrain; to check.

Repression (રીપ્રેશન્), *n.* દાબ; અંકુશ; બેસાડી દેવું તે; સમાવી દેવાનું કામ. A restraint; a curb; an act of repressing.

Repressive (રીપ્રેસિવ્), *a.* દાબથી બેસાડી દેતેવું; નિગ્રહકારી; નિરોધક. Tending to repress.

Reprieve (રીપ્રીવ્), *vt. pr. p.* **Reprieving.** *imp. & p. p.* **Reprieved.** દેહાંતની શિક્ષામાં વિલંબ કરવો; શિક્ષા મુલત્વી રાખવી; થોડા સમયને માટે વિશ્રાંતિ આપવી. To delay the punishment of execution; to relieve temporarily. *n.* દેહાંત શિક્ષા થોડીવાર મુલત્વી રાખવી તે; ફાંસી થોડા સમયને માટે બંધ રાખવી તે. A temporary suspension of the execution.

Reprimand (રેપ્રિમેન્ડ્), *n.* ધમકી; ઠપકો; શબ્દમાર. A formal reproof; a sharp rebuke. *vt.* ઠપકો દેવો; ધમકી આપવી; ભૂલને માટે શબ્દપ્રહાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરવો. To reprove; to reprehend.

Reprint (રીપ્રિન્ટ), *vt.* ફરીથી છાપવું; નવી આવૃત્તિ કઢાવવી. To print again; to have a new edition. *n.* કોઈપણ પુસ્તકની નવી આવૃત્તિ; બીજી વખતની છપામણી. An act of printing again.

Reprisal (રીપ્રાઇઝલ્), *n.* વેર વાળવું તે; બદલો લેવો તે; પ્રત્યુપકાર. A retaliation; an act of avenging. **2.** દુશ્મનની પાસેથી વેરના બદલામાં લીધેલી કંઈપણ વસ્તુ. Anything, seized from an enemy in way of retaliation.

Reproach (રીપ્રોચ્), *vt.* ઠપકો દેવો; મેણું મારવું; ધૂતકારી કાઢવું. To upbraid; to censure with severity. *n.* ઠપકો; નિંદા; બદનામી; બેશરમી. A reproof; a derision; a scorn.

Reproachful (રીપ્રોચ્ફુલ), *a.* ઠપકાવાળું; નિંદાત્મક, નિંદાથી ભરપૂર; લજ્જાસ્પદ. Containing a reproach; upbraiding.

Reprobate(રેપ્રોબેટ), *vt. pr. p.* **Reprobating.** *imp.* & *p. p.* **Reprobated.** ખોટું માનવું; નાપસંદ કરવું; ધિક્કારવું; તિરસ્કાર કરવો. To disbelieve; to condemn; to hate. *a.* વૃહી ગયેલું; બહેકી ગયેલું; છકેલું. Depraved; doomed to decay. **2.** પાપમય; દુરાચારી. Wicked; abominous. *n.* વંઠી ગયેલો પુરૂષ; વંઠેલ. A depraved person.

Reprobation (રીપ્રોબેશન્), *n.* પાપમાં મુકી દેવું તે; પાપમાં પડવું તે; દુરાચરણ. An act of reprobating. **2.** ના પાડવું તે; નાપસંદ કરવું તે. A rejection.

Reproduce (રીપ્રોડ્યૂસ), *vt. pr. p.* **Reproducing.** *imp.* & *p. p.* **Reproduced.** નવું પેદા કરવું; નિપજાવવું; ફરીફરી કહેવું-કહી દેખાડવું; યાદ કરાવવું. To produce again; to cause to exist again; to bring to the memory.

Reproducer (રી-પ્રોડ્યૂસર્), *n.* નવું પેદા કરનાર; નિપજાવનાર; ફરી ફરીને કહેનાર. One, who reproduces.

Reproduction (રી-પ્રોડક્શન્), *n.* પુનરૂત્પત્તિ; પુનર્જન્મ. An act of reproducing; a re-birth.

Reproof (રીપ્રુફ્), *n.* ઠપકો; વાક્પ્રહાર; નિંદાત્મક વાક્ય. A taunt; an expression of blame or censure. **2.** રદીઓ; ખંડન. A refutation.

Reprovable (રીપ્રૂવેબલ્), *a.* ઠપકો દઇ શકાય તેવું; ધમકાવી શકાય તેવું; દોષણીય. Capable of being reproved.

Reprove (રીપ્રુવ્), *vt. pr. p.* **Reproving.** *imp.* & *p p.* **Reproved.** ધમકાવવું; ઠપકો દેવો; દોષ કાઢવો; નાપસંદગી જણાવવી. To chide; to rebuke; to disapprove.

Reptile (રેપ્ટાઇલ્), *n.* પેટથી ચાલતું પ્રાણી; સાપ; ઘણા નાના પગે ચાલતું જીવડું. A creature, that crawls; a serpent. **2.** (*fig.*) અધમ પુરૂષ; હલકા હૃદયનો માનવી. A mean-minded fellow. *a.* પેટે ચાલનારૂં; પેટ ઘસીને ચાલનારૂં. Creeping; **2.** (*fig.*) અધમ; ક્ષુદ્ર; નીચ. Mean; base.

Republic (રીપબ્લિક્), *n.* પ્રજાસત્તાક રાજ્ય; પ્રજાતંત્ર; લોકસત્તાત્મક રાજ. A form of the government, in which the power rests with people.

Republican (રીપબ્લિકૅન્), *n.* પ્રજાસત્તાક રાજ્યનો હિમાયતી; પ્રજાસત્તાક રાજ્યને માટે મત ધરાવનાર. One, in favour of the republic. *a.* પ્રજાસત્તાક તંત્રનું; પ્રજાતંત્રને લગતું. Of a republic.

Republicanize (રીપબ્લિકૅનાઇઝ્), *vt.* પ્રજાસત્તાક રાજ્ય બનાવવું; પ્રજાતંત્ર કરવું. To constitute or form a republic.

Repudiate (રીપ્યુડિએટ્), *vt. pr. p.* **Repudiating.** *imp.* & *p. p.* **Repudiated.** હાથ ઉઠાવવો; છોડી દેવું; છુટા છેડા કરવા; નાકબુલ કરવું. To cast off; to divorce; to disown; to reject.

Repudiation (રીપ્યૂડિએશન્), *n.* પરિત્યાગ; હક જતો કરવો તે; વિવાહ સંબંધનો અંત. An act of repudiating.

Repudiator (રીપ્યૂડિએટર્), *n.* હક છોડનાર; પરિત્યાગ કરનાર; છુટા છેડા કરનાર. One, who repudiates.

Repugnance (રીપગ્નન્સ્), *n.* નાખુશી; આનાકાની; વિરોધ; અટકાવ; કંટાળો; ત્રાસ; અરૂચિ. A state of being repugnant; a dislike; a displeasure.

Repugnant (રીપગ્નન્ટ્), *a.* વિરૂદ્ધ; ઉલટું; પ્રતિકૂળ; નારાજ; વિમુખ; વિપરીત. Contrary; inconsistent; offensive.

Repulse (રીપલ્સ્), *vt. pr. p.* **Repulsing.** *imp.* & *p. p.* **Repulsed.** પાછા હઠાવવું; અટકાવવું; વિરોધ કરવો; કાઢી મુકવું. To repel; to drive back; to reject. *n.* અટકાવવું તે; પાછા હઠાવવું તે; પ્રત્યાઘાત; ના પાડવી તે; નકાર. An act of repulsing; a refusal.

Repulsion (રીપલ્શન્), *n.* પાછું હઠાવવું તે; અટકાવવું તે. An act of repulsing.

Repulsive (રીપલ્સિવ્), *a.* સામું થાયન્તેવું; પ્રતિઘાતક; પ્રતિસારી; સ્નેહી સિવાયનું; ઉપર ઉપરનું. Tending to repulse.

Reputable (રેપ્યૂટેબલ્), *a.* આબરૂદાર; પ્રતિષ્ઠિત; માનનીય; માનપદને લાયક. Respectable; honourable; praiseworthy.

Reputation (રેપ્યૂટેશન્), *n.* આબરૂ; પ્રતિષ્ઠા; કીર્તિ; ખ્યાતિ; યશ. Fame; glory; renown.

Repute (રીપ્યૂટ્) *vt. pr. p.* **Reputing.** *imp.* & *p. p.* **Reputed.** માનવું; ગણવું; લેખવું; સમજવું. To regard; to look upon; to consider. *n.* કીર્તિ; ખ્યાતિ; ગૌરવ; પ્રતિષ્ઠા. Good name; fame; reputation.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Request (રીક્વેસ્ટ), *n.* વિનંતી; અરજ; દીનતાપૂર્વકની માગણી; પ્રાર્થના; યાચના; વિજ્ઞપ્તિ. A solicitation; a petition; a prayer. *vt.* માગવું; પ્રાર્થના કરવી; અરજ કરવી; વિનતી કરવી. To ask; to pray; to solicit

Requiem (રીક્વિએમ્), *n.* મરણ પામેલાને માટે કીધેલી બંદગી; પ્રાર્થના. A prayer for the dead.

Requirable (રીક્વાઇરેબલ), *a.* જરૂર પાડવા જોગ; માગવા જોગ; જરૂરિયાતવાળું હોય તેવું. Capable of being required.

Require (રીક્વાઇર્), *vt. pr. p.* **Requiring.** *imp. & p. p.* **Required.** જરૂર પાડવી; જરૂરિયાત હોવી; તંગીમાં હોવું. To need; to be in want of. **2.** પુછવું; માંગવું. To ask as a favour. **3.** સત્તાથી કહેવું; હુકમ ફરમાવવો. To ask authoritatively.

Requirement (રીક્વાઇર્મેન્ટ), *n.* જરૂરીઆત; ગરજ; માગણી; ફરમાન. A need; what is required; a demand.

Requisite (રેક્વિઝિટ), *a.* જરૂરનું; અગત્યનું; આવશ્યક; જરૂરિઆતવાળું. Needful; necessary. *n.* જરૂરિયાત; જરૂરિયાતવાળી વસ્તુ-ચીજ. That which is necessary.

Requisitely (રેક્વિઝિટ્લિ), *ad.* આવશ્યક રીતે; જરૂરિઆતથી; જરૂરથી. In a requisite way.

Requisition (રેક્વિઝિશન્), *n.* માગણી; ઇચ્છા; નોતરૂં; આમંત્રણ. A demand; a written call; an invitation. *vt.* માગણી કરવી;-ની પાસે માગવું. To demand upon; to make a requisition for.

Requisitionist (રેક્વિઝિશનિસ્ટ), *n.* માગણી કરનાર; આમંત્રણ દેનાર-કરનાર; નોતરૂં દેનાર. One, who makes a requisition.

Requisitor (રેક્વિઝિટર્), *n.* સાચી હકીકત અથવા માહિતી શોધવા માટે નિમાયેલો અમલદાર. One, appointed to find out the real facts.

Requital (રીક્વાઇટલ), *n.* બદલો; પ્રતિદંડ; સાટું. A retaliation; a retribution; a recompense.

Requite (રીક્વાઈટ), *vt. pr. p.* **Requiting.** *imp. & p. p.* **Requited,** બદલો આપવો; અવેજ આપવો; પ્રતિદંડ કરવો. To return good for good and evil for evil.

Requiter (રીક્વાઇટર્), *n.* બદલો વાળનાર; પ્રતિદંડ આપનાર. One, who requites.

Rescind (રીસિન્ડ્), *vt.* રદ કરવું; બાતલ કરવું; મોકુફ કરવું. To annul; to repeal.

Rescission (રીસિઝન્), *n.* ખંડન કરવું તે; કાઢી નાંખવું તે; રદ કરવું તે. An act of rescinding.

Rescript (રીસ્ક્રિપ્ટ), *n.* રાજાની આજ્ઞા; બાદશાહી હુકમ; પરવાનો; રાજ ફરમાન. A royal order; an edict; a decree.

Rescue (રેસ્ક્યૂ), *vt. pr. p.* **Rescuing.** *imp. & p. p.* **Rescued.** છોડાવવું; બચાવવું; ઉદ્ધાર કરવો. To free from danger or evil; to deliver. *n.* છુટકો; બચાવ; રક્ષણ; મુક્તિ. A release; a deliverance; a defence. **2.** (*Law*) કાયદેસર પકડાએલી ચીજને જોરથી પાછી લઇ લેવી તે. An act of seizing upon a thing forcibly.

Research (રીસર્ચ્), *vt.* સંશોધન કરવું; બારીકાઈથી તપાસ કરવી. To seek diligently or skilfully; to examine precisely. *n* શોધ; તપાસ; શોધખોળ; સંશોધન. A diligent and skilful inquiry; an investigation.

Researcher (રીસર્ચર્), *n.* સંશોધન કરનાર; તપાસ કરનાર; શોધખોળ કરનાર. One, engaged in a research.

Resemblance (રીઝેમ્બ્લેન્સ્), *n.* સરખાપણું; મળતાપણું; પ્રતિરૂપ; સરખામણી. A likeness; a similitude; a state of being similar.

Resemble (રીઝેમ્બલ્), *vt. pr. p.* **Resembling.** *imp. & p. p.* **Resembled** મળતા આવવું;-ના સરખા થવું; સાદશ હોવું; સરખાવવું. To be like; to have similarity in; to compare.

Resent (રીઝેન્ટ), *vt. vi.* બુરૂં લાગવું; માઠું લાગવું; ખોટું લાગવું-લગાડવું. To take ill; to be sensible; to feel anger; to irritate.

Resentful (રીઝેન્ટ્ફુલ), *a.* ક્રોધથી ભરપૂર; તામસ પ્રકૃતિવાળું; ક્રોધી. Wrathful; irritable.

Resentment (રીઝેન્ટ્મેન્ટ), *n.* ગુસ્સો; ક્રોધ; રીસ; કોપ. Anger; displeasure; indignation; wrath.

Reservation (રેઝર્વેશન્), *n.* રાખી મૂકેલી ચીજ; ઉંચે રાખેલી ચીજ-વસ્તુ; બચાવેલી ચીજ. A thing reserved for some future use. **2.** શરતવાળું વાક્ય; બચી જવાય તેવી બારી. A proviso.

Reserve (રીઝર્વ્), *vt. pr. p.* **Reserving.** *imp. & p. p.* **Reserved.** રાખી મૂકવું; રાખવું. સંગ્રહ કરવો; ભવિષ્યના ઉપયોગને માટે રહેવા દેવું. To keep; to retain; to keep for future time. *n.* રાખી મૂકવું તે; ભવિષ્યના ઉપયોગને માટે બચાવેલી ચીજ; શિલક. An act of reserving; a thing or money reserved. **3.** લાજ; પડદો; સંકોચ. Over-modesty; bashfulness.

Reserves (રીઝર્વ્સ્), *n.* ફાલતું સૈન્ય; વધારાનું લશ્કર; ખપ સિવાય વધારાની વસ્તુઓ. An extra army, used for some special reason.

Reserved (રીઝર્વ્ડ), *a.* અલગ રાખેલું; ઉપયોગને માટે કોરે રાખેલું; ઇલાયદુ. Kept apart; ascertained for use; separate. **2.** ભારેખમ; મોકળા મનનું નહોય તેવું; સંકોચશીલ. Serious; not frank; bashful.

Reservoir (રેઝર્વોર્), *n.* હોજ; કુંડ; તળાવ; હવાડો. A place, where water is collected and kept for use. **2.** ભંડાર; કોઠાર. A place,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

where anything is stored.

Reside (રીસાઇડ્), *vt. pr. p.* **Residing.** *imp. & p. p.* **Resided.** રહેવું; વસવું;વતની થવું–બનવું; વાસ કરવો. To dwell; to live; to abide.

Residence (રેસિડેન્સ્), *n.* મકાન; ઘર; રહેઠાણ; નિવાસ; આવાસ; સ્થાન. An abode; a dwelling-house; a habitation.

Residency (રેસિડેન્સિ), *n.* પરમુલકમાં રહેતા અમલદારનું સ્થાનક–સ્થાન; ' રેસિડેન્ટ 'ને રહેવાની જગ્યા. A dwelling-place for a resident.

Resident (રેસિડેન્ટ્), *n.* પરરાજ્યમાં સરકાર તરફથી રહેવા સારૂ નિમાએલ અમલદાર; ' રેસીડેન્ટ '. An officer residing at a foreign court.

Residual (રીઝીડ્યુઅલ્), *a.* તળે રહેલું; શેષ રહેલું. Left after a part is taken.

Residuary(રીઝીડ્યૂઍરિ), *a.* બાકી રહેલું; અવશેષ; બાકી રહેલા સંબંધી. Pertaining to a residue.

Residue (રેઝિડ્યૂ), *n.* બાકી; શેષ; બાકી રહેલો કચરાવાળો ભાગ; અવશેષ. A remaining part; a remainder.

Residuum(રીઝિડ્યૂઅમ્),*n.*બાકીનો ભાગ;શેષ;તળેનો ભાગ; અવશેષ. A remaining portion; a part left at the bottom; a remainder.

Resign (રીઝાઈન્), *vt.* રાજીખુશીથી છોડવું; ત્યાગ કરવો; રાજીનામું આપવું; સોંપવું. To give back; to assign over; to withdraw as a claim; to submit.

Resignation (રેઝિગ્નેશન્), *n.* રાજીનામું; ત્યાગ; પરિત્યાગ; ઉત્સર્જન. An act of resigning; an abdication.

Resin (રેઝિન્), *n.*રાળ. A kind of powderlike [inflammable substance.

Resinous (રેઝિનસ્), *a* રાળના ગુણવાળું; રાળવાળું. Containing the properties of resin.

Resist (રીઝિસ્ટ્), *vt. pr. p.* **Resisting.** *imp. & p. p.* **Resisted.** સામા થવું; અટકાવવું; રોકવું; ખાળવું. To stand against; to withstand; to obstruct; to oppose.

Resistance (રીઝિસ્ટૅન્સ્), *n.* અટકાવ; સામા થવું તે; આડખીલી; પ્રતિબંધન; પ્રતિરોધ. An act of resisting;a contrary force;an opposition.

Resistant (રીઝિસ્ટૅન્ટ્), *a.* અટકાવે તેવું; પ્રતિરોધક; સામા થાય તેવું. Capable of resisting.

Resistible (રીઝિસ્ટિબલ), *a.* અટકાવે તેવું; નિવારક; સામો ઉપચાર લઇ શકાય તેવું. Capable of resisting.

Resistless (રીઝિસ્ટ્લેસ્), *a.*સામા ન થવાય તેવું; અપ્રતિરોધક; અટકાવી ન શકાય તેવું. Incapable of being resisted.

Resolute (રેઝોલ્યૂટ્), *a.* અચળ; ડગે નહિ તેવું; દૃઢ; હિંમતવાન; આગ્રહી. Steady; firm; determined; bold.

Resolution (રેઝોલ્યૂશન), *n.* ઠરાવ; દૃઢ સંકલ્પ; નિશ્ચય; નિર્ણય. A fixed idea; a determination; a steady decision; a firmness.

Resolvable (રીઝૉલ્વેબલ્), *a.* મૂળ તત્વનું; પૃથક્કરણ થઇ શકે તેવું; જેનું મૂળતત્વ શોધન થાય તેવું. Capable of being resolved.

Resolve (રીઝૉલ્વ્), *vt. pr. p.* **Resolving.** *imp. & p. p.* **Resolved.** નિશ્ચય કરવો; ઠરાવ કરવો; મનસુબો ગોઠવવો. To determine; to decide firmly. **2.** મૂળ તત્વો જૂદાં પાડવાં; પિંગાળવું; ઓગાળવું. To separate the component parts; to dissolve.

Resolvent (રીઝૉલ્વેન્ટ્), *a.* છૂટું પાડે તેવું; ગાળે તેવું; દ્રાવક; ગાળનારૂં. Tending to resolve.

Resonance (રેઝૉનૅન્સ્), *n.* પ્રતિધ્વનિ; ધ્વનિ; પડઘો પડવો તે. An act of resounding.

Resonant (રેઝૉનૅન્ટ્), *a.* પડઘો પડતું; પ્રતિધ્વનિ કરતું; શબ્દનો પડઘો પાડે તેવું. Resounding; echoing.

Resort (રીઝૉર્ટ્), *vi.* આશરે જવું; આશરાં નીચે–ની મદદ લેવી; આશરો પકડવો. To betake one's self to; to go under the protection of; to seek the help of. *n.* જવું તે; આશરો; ખેઠક; ખેસવા ઉઠવાની જગ્યા. An act of resorting; a place of help or protection.

Resound (રીઝાઉન્ડ્), *vt. vi. pr. p.* **Resounding.** *imp. & p. p.* **Resounded.** પડઘો પડવો; ગાજી ઉઠવું; પડઘોત્થવો; અવાજ થવો. To sound back; to echo; to be full of sound. *n.* પડઘો; ધ્વનિ; ફરીથી અવાજનું સંભળાવું તે. An echo; a return of sound.

Resource (રીસોર્સ્), *n pl.* **Resources.** ઉપાય; ઈલાજ; યુક્તિ; સાધન. A remedy; a means of support; an expedient. **2.** *pl.* પુંજી;સંપત્તિ;ધન; દ્રવ્ય.Pecuniary means;funds.

Respect (રીસ્પેક્ટ્),*vt.* દરકાર કરવી–રાખવી;ગણવું; માન રાખવું; પૂજ્ય ભાવે વર્તવું. To regard; to consider; to look upon with a holy eye. **2.** સન્મુખ હોવું;–ની સામે હોવું;–ની સાથે સંબંધ ધરાવવો-રાખવો. To look toward; to refer to. *n.* માન; આવકાર; આબરૂ. Esteem; honour; reverence. **2.** સંબંધ; ધોરણ; ઉદ્દેશ. A consideration; a motive. **3.** નમસ્કાર; રામરામ; સલામ. A word of salutation.

Respectability (રીસ્પેક્ટૅબિલિટિ), *n.* આબરૂદાર હોવું તે; ઇજ્જત અથવા માનવાળું ગણાવું તે; યોગ્યતા; આબરૂ. A state of being respectable.

Respectable (રીસ્પેક્ટૅબલ),*a.* આબરૂદાર; પૂજ્ય, ઇજ્જતદાર; પ્રતિષ્ઠિત; ગૌરવવાળું.Worthy of respect; having good repute; mediocre.

Respectably (રીસ્પેક્ટૅબ્લિ), *ad.* માનસર; ગૌરવથી; ઇજ્જતથી. In a respectable manner;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

honourably.

Respectful (રીસ્પેક્ટ્ફુલ), *a.* માનવાળું; આદરશીલ; અદબવાળું; મર્યાદાવાળું. Marked by respect; gentle; ceremonious.

Respectfully (રીસ્પેક્ટ્ફુલલિ), *ad.* મર્યાદાપૂર્વક; માનથી; આદરપૂર્વક. In a respectful way or manner.

Respecting (રીસ્પેક્ટિન્ગ્), *prep.* ને વિષે; સંબંધીને; ઉદ્દેશીને. Regarding; concerning.

Respective (રીસ્પેક્ટિવ્), *a.* પોતપોતાનું; જેનું તેનું; સાપેક્ષ. Particular; referring to. **2.** મર્યાદાવાળું; અદબવાળું. Respectful.

Respectively (રીસ્પેક્ટિવ્લિ), *ad.* જેનું તેનું; યથાક્રમ; સૌ સૌનું; આપઆપનું. In their respective order.

Respiration (રેસ્પિરેશન્), *n.* દમ લેવો તે; શ્વાસોચ્છ્વાસ; દમ લેવો અને કાઢવો તે. An act of respiring; a state of breathing.

Respire (રીસ્પાઇર્), *vt. vi. pr. p.* **Respiring.** *imp. & p. p.* **Respired.** ફરીથી શ્વાસ લેવો; શ્વાસ લેવો અને કાઢવો; દમ લેવો અને મૂકવો. To breathe; to breathe in and out.

Respite (રીસ્પાઈટ્), *n.* (*Law*) મુદતનો વિસામો; આરામ; દેહાંત દંડ થોડા વખત માટે બંધ રાખવો તે. A pause; an interval of rest; a reprieve. **2.** ઢીલ; વિલંબ; વાર. A delay; a postponement; *vt.* ઢીલ કરવી; વિલંબ લગાડવો; મુલત્વી રાખવું. To delay; to postpone; to defer. **2.** દેહાંત દંડની શિક્ષા મુલત્વી રાખવી. To keep back from execution for some time.

Resplendence,-cy (રીસ્પ્લેન્ડેન્સ્,-ન્સિ), *n.* ચળકાટ; તેજ; કાંતિ; પ્રકાશ; પ્રભા. A state of being resplendent; brilliant.

Resplendent(રીસ્પ્લેન્ડેન્ટ્),*a.* ચકચકિત;તેજસ્વી; ઉજ્જવલ; દેદીપ્યમાન; પ્રકાશિત; તેજોમય. Shining; bright; lustrous; brilliant.

Respond (રીસ્પૉન્ડ્), *vt. vi.* જવાબ દેવો; જવાબ વાળવો; પ્રત્યુત્તર દેવો. To answer; to reply. **2.** -ની સાથે મળતું આવવું; બંધ બેસતું થવું; માફક થવું. To correspond; to suit. **3.** જવાબદાર ગણાવું. To be answerable to. *n.* થોડે થોડે અંતરે ગવાતું ભજન; જવાબ. A short hymn, chanted at intervals; a response.

Respondent (રીસ્પૉન્ડેન્ટ્), *n.* (*Law*) પ્રતિવાદી; જવાબદાર; પ્રતિપક્ષી. One, who answers in a law-suit. **2.** સામો જવાબ આપનાર; સામાની દલીલનો ઉત્તર વાળનાર. One, who responds. *a.* અનુરૂપ; અનુકૂળ; બંધ બેસતું. Answering; conformable.

Response (રીસ્પૉન્સ્), *n.* જવાબ; ઉત્તર;પ્રત્યુત્તર; સામો જવાબ વાળવો તે. An answer; a reply.

Responsibility (રીસ્પૉન્સિબિલિટિ), *n. pl.* **Responsibilities.** જવાબદારી; જુમ્મેદારી; જોખમ. Accountability; liability.

Responsible (રીસ્પૉન્સિબલ્), *a.* જુમ્મેદાર; જોખમદાર; જવાબદારીવાળું. Accountable; liable to answer.

Responsibly (રીસ્પૉન્સિબ્લિ), *ad.* જોખમદારીપૂર્વક; જુમ્મેદારીથી; જવાબદારીપૂર્વક. In a responsible way.

Responsive (રીસ્પૉન્સિવ્), *a.* જવાબ દેનાર; અનુકૂળ; માફક; યોગ્ય; જવાબદાર. Answering; suitable; responding

Rest (રેસ્ટ્), *n.* આરામ; ચેન; શાંતિ; નિશ્ચલતા; સ્થિરતા; શાંતિ. Ease; tranquility; steadiness; peace. **2.** અવલંબન; આધાર; ઘોડો. Anything on which a thing rests; a support **3.** ઉતારો; વિશ્રામ સ્થાન. A lodge; a halting place. **4.** બાકીનું; અવશેષ. The remainder. *vt. vi.* મૂકવું; ટેકો દેવો; અઢીંગવું. To cause to lean; to support; to lean. **2.** થાક ખાવો; આરામ લેવો; વિસામો ખાવો. To cease from work for a time; to recreate.

Restaurant (રેસ્ટોરૉન્ટ્, રેસ્ટોરૉન્ગ્), *n.* વીશી; ભોજનગૃહ; ઉપહારગૃહ. An eating-house.

Restitution (રેસ્ટિટ્યૂશન્), *n.* પાછું આવવું તે; પહેલાની સ્થિતિમાં પાછું જવું તે; નુકશાન ભરી દેવું તે. An act of restoring; amends.

Restive (રેસ્ટિવ્), *a.* અડિયલ; હઠીલું; જક્કી;દુરાગ્રહી. Stubborn; unwilling to go forward.

Restless (રેસ્ટ્લેસ્), *a.* બેચેન; અસ્વસ્થ; આરામ વગરનું; વ્યાકુળ; ઉદ્વેગી Uneasy; unquiet; turbulent.

Restlessness (રેસ્ટ્લેસનેસ્), *n.* અસ્વસ્થપણું; બેચેની; અશાંતપણું; બેચેન; અવસ્થા. Uneasiness; a state of being restless.

Restorable (રીસ્ટોરેબલ્), *a.* ફરીથી લાવી શકાય તેવું; સ્થાપના થઇ શકે તેવું; પુનઃ પ્રાપ્ત કરી શકાય તેવું. Capable of being restored.

Restoration (રેસ્ટોરેશન્), *n.* ફરીથી સ્થાપન કરવું તે; પુનઃસત્તાએ (સ્થાને) લાવવું તે; પુનઃપ્રાપ્ત થયેલ વસ્તુ. An act of restoring; a renewal. **2.** તબીઅતનો સુધારો; સાજા થવું તે. A recovery of health.

Restorative (રીસ્ટોરેટિવ્), *a.* પૂર્વ સ્થિતિમાં લાવનારૂં; પુષ્ટિકારક; કૌવત વધારનારૂં; બળવર્ધક. Having power to restore; strength-giving.

Restore (રીસ્ટોર્), *vt. pr. p.* **Restoring.** *imp. & p. p.* **Restored.** પાછું લાવવું; પાછું આપવું; સ્થાને બેસાડવું; સ્થાપવું. To bring back; to give back; to re-establish. **2.** તંદુરસ્ત કરવું; સાજા કરવું. To cure; to make healthy. **3.** સમારવું; સુધારવું. To repair; to place in a better position.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Restrain (રીસ્ટ્રેન્), *vi. pr. p.* **Restraining.** *imp. & p. p.* **Restrained.** દાબમાં રાખવું; અટકાવવું; સંયમમાં રાખવું; નિગ્રહ કરવો; વશ રાખવું; કબજે રાખવું. To check; to control; to curb.

Restraint (રીસ્ટ્રેન્ટ્), *n.* દાબ; અટકાવ; અવરોધ; નિગ્રહ; સંયમ; નિરોધ. A check; a hindrance; an act of restraining.

Restrict (રીસ્ટ્રિક્ટ), *vt. pr. p.* **Restricting.** *imp. & p. p.* **Restricted.** મર્યાદા બાંધવી; હદ બાંધવી; ધોરણ નક્કી કરવું. To limit; to confine; to fix the limit.

Restriction (રીસ્ટ્રિક્શન્), *n.* પ્રતિબંધ; હદ; મનાઇ; દાબ; અટકાવ; દબાણ. An act of restricting; a limitation; a restraint.

Restrictive (રીસ્ટ્રિક્ટિવ્), *a.* મર્યાદા બાંધે તેવું; અટકાવ કરે તેવું; નિયામક. Tending to restrain; limiting.

Result (રીઝલ્ટ્), *vt.* પરિણામ આવવું; ઉપજવું; છેવટ આવવું; નીકળવું; ઉત્પન્ન થવું. To come out; to terminate; to originate. *n.* પરિણામ; ફળ; છેવટ; અર્થ; ગુણ. A consequence; an end; an effect.

Resultant (રીઝલટૅન્ટ્), *n.* બે અથવા વધારે બળ સાથે મળવાથી ઉત્પન્ન થનાર; પરિણામક. Resulting from the combination of two or more forces.

Resumable (રીઝ્યૂમેબલ્), *a.* ફરીથી શરૂ કરાય તેવું; પાછું લેવાય તેવું; ફરીથી શરૂ કરવા લાયક. Capable of being resumed.

Resume (રીઝ્યૂમ્), *vi. pr. p.* **Resuming.** *imp. & p. p.* **Resumed.** પાછું લેવું; ફરીથી શરૂ કરવું; નવેસર કરવું To take back; to begin again; to commence anew.

Resumption (રીઝમ્શન્), *n.* પાછું લઇ લેવું તે; ફરીથી કરવું તે; પુનર્ગ્રહણ. An act of resuming; an act of taking back.

Resurrection (રીસરેક્શન્), *n.* ફરીથી ઉઠવું તે; ફરીથી જોર પાછું મેળવવું તે. An act of rising again. **2.** મુએલાનું જીવતા થવું તે; કયામત; પુનર્જીવન. The revival of the dead on the doomsday.

Resurrectionist (રીસરેક્શનિસ્ટ્), *n.* કબરમાંથી (ચીરવાને માટે) મુડદું ચોરનાર. One, who steals bodies from the grave for dissection.

Resuscitate (રીસસિટેટ્), *vt.* સજીવન કરવું; જીવ ઘાલવો-મૂકવો; પુનઃજીવન આપવું; શુદ્ધિમાં લાવવું. To bring to life; to revive; to recover from death.

Resuscitation (રીસસિટેશન્), *n.* સજીવન કરવું તે; પુનઃજીવન આપવું તે; તાજું કરવું તે. An act of resuscitating.

Retail (રીટેલ્), *vt. pr. p.* **Retailing.** *imp. & p. p.* **Retailed.** છૂટક વેચવું; પરચુરણ વેચવું; થોડે થોડે વેચવું. To deal in small quantities; to sell little by little. *n.* પરચૂરણ વેચાણ; છૂટક છૂટક વેચાણ. An act of dealing in small portion.

Retailer (રીટેલર્), *n.* પરચુરણ વેચનાર; છૂટક છૂટક; વેચનાર. One, who retails.

Retailment (રીટેલ્મેન્ટ્), *n.* પરચુરણ વેચવાનું કામ; પરચુરણ વેચવું તે. An act of selling in retail.

Retain (રીટેન્), *vt.* રાખવું; ધરવું; પાસે રાખવું; જવા નહિ દેવું; પકડી રાખવું. To hold; to detain; to continue to possess. **2.** ચાકરીમાં રાખવું; નાણાં આપી રોકવું. To engage on pay.

Retainable (રીટેનેબલ્), *a.* રાખી શકે તેવું; જવા ન દે તેવું; ધરી રાખે તેવું. Capable of being retained.

Retainer (રીટેનર્), *n.* ખીજમતદાર; ચાકર; સેવક; આશ્રિતજન. An attendant; a servant; an adherent.

Retainment (રીટેન્મેન્ટ્), *n.* પકડી રાખવું તે; અટકાવ; જવા નહિ દેવું તે. An act of retaining.

Retaliate (રીટૅલિએટ્), *vt. vi. pr. p.* **Retaliating.** *imp. & p. p.* **Retaliated.** વેર વાળવું; બદલો લેવો-વાળવો; મોતનો બદલો મોતમાં લાવવો. To take revenge; to return like for like. **2.** વેર વળવું; બદલો વળવો. To be avenged.

Retaliation (રીટૅલિએશન્), *n.* વેર લેવું તે; બદલો; પ્રતિક્રિયા; સામાના જેવા થવું તે. An act of retaliating.

Retaliatory (રીટૅલિએટૉરિ), *a.* વેર લે તેવું; સામો થાય તેવું; પ્રતિક્રિયા કરે તેવું. Returning like for like.

Retard (રીટાર્ડ્), *vt. vi.* ઓછું કરવું; ધીમું કરવું; મંદ ગતિમાં મૂકવું; ઢીલું પાડવું; અટકાવવું. To lessen; to prevent the progress; to slacken; to put off.

Retardation (રીટાર્ડેશન્), *n.* ધીમું કરવું તે; ઓછું-મંદ ગતિમાં મુકવું તે; વેગનો ઘટાડો. An act of retarding or delaying the motion of.

Retarder (રીટાર્ડર્), *n.* ધીમું કરનાર; ઓછું કરનાર; મંદ ગતિમાં મુકનાર. One, who retards.

Retch (રેચ્), *vi.* ઉલટી થવી; ઓકવું; બકારી આવવી. To vomit; to strain as in vomiting.

Retention (રીટેન્શન્), *n.* ધારણશક્તિ; ધારવું તે; રાખવું તે. An act of retaining. **2.** યાદ રાખવું તે; યાદશક્તિ. A power of remembrance.

Retentive (રીટેન્ટિવ્), *a.* ધારણ શક્તિવાળું; ભૂલે નહિ એવું; ગ્રાહક; સમાવી શકે તેવું. Having power to retain; sharp in memory.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Retentiveness (રીટેન્ટિવ્નેસ), *n.* ધારણ શક્તિ હોવી તે; ગ્રહણશક્તિ; સમાવી શકાય તેવી સ્થિતિ. A quality of being retentive.

Reticent (રેટિસેન્ટ), *a.* શાંત રહે તેવું; ચુપકી પડુ તેવું; મૌન ધારણ કરવાની વૃત્તિવાળું. Having a nature to be silent; reserved; quiet.

Reticulation (રેટિક્યૂલેશન), *n.* જાળીદાર કામ; જાળીવાળું કામ. A network.

Retina (રેટિનૅ), *n.* આંખનો પડદો; આંખની કીકી; અક્ષિપટ. A membrane, lining the interior of the eye.

Retinue (રેટિન્યૂ), *n.* સવારી; રસાલો; સવારીમાં સાથે ફરનાર નોકર, ચાકર, વિગેરે. A train of attendants; a train of persons.

Retire (રીટાઇર), *vi. pr. p.* **Retiring.** *imp.* & *p. p.* **Retired.** જવું; પાછું જવું; નિવૃત્ત થવું; ઘેર બેસવું. To go back; to be from any work or duty due to old age. **2.** તજવું; ત્યાગ કરવો; સંસાર ત્યાગ કરવો. To be aloof from the world.

Retired (રીટાયર્ડ), *a.* ત્યાગી; એકાંતવાસી; નોકરી પુરી થયે ઘેર બેઠેલ; વ્યવહાર તજી દીધેલ. Secluded; withdrawn from a duty or any work.

Retirement (રીટાઇરમેન્ટ), *n.* એકાંત સ્થળ; એકાંત રહેઠાણ; વૈરાગ્ય; નિવૃત્તિ. A lonely place or a seclusion; a retired life.

Retort (રીટૉર્ટ), *vt.* ઉલટાવીને કહેવું; પ્રતિક્ષેપ કરવો; પાછું ફેંકવું. To say in return; to accuse against; to reflect. **2.** સખ્ત જવાબ દેવો; કરડાકીમાં બોલવું. To make a severe reply. *n.* ઉલટાવીને કહેલો બોલ; ઉત્તર; સામો જવાબ. A quick response; a severe and effective reply. **2.** નળીવાળું વાસણ; બકયંત્ર. A vessel used for distillation.

Retouch (રીટચ), *vt.* નવા ફેરફાર સાથે સુધારવું; ફોટોગ્રાફને ઠીકઠાક કરી સુધારવું. To revise with certain changes; to make some changes in the negative slides of a photo.

Retrace (રીટ્રેસ), *vi. pr. p.* **Retracing.** *imp.* & *p. p.* **Retraced.** પાછું હઠવું; પાછા જવું; તેને તે રસ્તે જવું. To go back; to recede **2.** -નું મૂળ શોધવું; ફરીથી આલેખવું. To draw or trace origin of; to draw again.

Retract (રીટ્રૅક્ટ), *vt. vi.* **Retracting.** *imp.* & *p. p.* **Retracted.** બોલેલો બોલ પાછો લેવો; થુકેલું ચાટવું; બોલેલું ફેરવી નાંખવું; ફરી જવું; માથું ખેંચી લેવું. To disavow; to draw back; to unsay one's words.

Retractable (રીટ્રૅક્ટેબલ), *a.* બોલેલું રદ કરી શકાય તેવું; પાછું ફેરવી શકાય તેવું. Capable of being retracted.

Retransform (રીટ્રૅન્સફૉર્મ), *vt.* ફરીથી બદલવું; બદલીમાં લેવું. To change again; to transform again.

Retreat (રીટ્રીટ), *vi.* પાછા જવું; ફરવું; હઠવું; આશરો લેવો. To withdraw; to retire; to resort. *n.* એકાંત વાસ; આશ્રમ; આશરો; વિશ્રામ સ્થાન. A lonely place; a resort; a place of rest; a refuge.

Retrench (રીટ્રેન્શ), *vt.* કાપી નાંખવું; છાંટવું; ઓછું કરવું. To cut off; to pare away. **2.** ઓછું કરવું કરવું; ઘટાડવું; કમી કરવું; કાપવું. To lessen; to abridge; to curtail.

Retrenchment (રીટ્રેન્શમેન્ટ), *n.* કમી કરવું તે; કાપકૂપ; ખંડન; ઓછું કરવું તે. An act of retrenching. **2.** બહારના કોટ ઉપરાંત રક્ષણાર્થે બાંધેલો અંદરનો કોટ. An inner fortification.

Retribute (રીટ્રિબ્યૂટ), *vt. pr. p.* **Retributing.** *imp.* & *p. p.* **Retributed.** બદલો વાળવો; બદલામાં આપવું; સાટામાં આપવું. To give in return; to pay for; to requite.

Retribution (રીટ્રિબ્યૂશન), *n.* બદલો; ફળ; અવેજ; બદલો વાળવો તે. An act of retributing; a repayment.

Retributive (રીટ્રિબ્યૂટિવ), *a.* બદલો વાળી શકાય તેવું; અવેજ આપી શકાય તેવું; પ્રતિ ફળદાયક. Capable of being retributed.

Retrievable (રીટ્રીવેબલ), *a.* ફરીથી સંપાદન કરી શકાય તેવું; પાછું મેળવી શકાય તેવું; પ્રાપ્ત કરી શકાય તેવું. Capable of being regained or recovered.

Retrieve (રીટ્રીવ), *vt. pr. p.* **Retrieving.** *imp.* & *p. p.* **Retrieved.** પાછું મેળવવું; સંપાદન કરવું; ફરીથી પ્રાપ્ત કરવું. To recover; to regain; to get again.

Retrocede (રીટ્રોસીડ), *vt. pr. p* **Retroceding.** *imp.* & *p. p.* **Retroceded.** મંજુર કરવું; પાછું આપવું. To grant; to give back.

Retrocession (રીટ્રોસેશન), *n.* પાછું આપવું તે; પાછું જવું તે. An act of retroceding

Retrogradation (રીટ્રોગ્રેડેશન), *n.* પ્રતિ ગમન; ઉલટી દિશાએ જવું તે. An act of moving backward; a backward motion. **2.** વાંક; ઢોળાવ. A slanting position; a decline.

Retrograde (રીટ્રોગ્રેડ), *vi.* પાછળની ગતિએ જવું; ઉલટી દિશાએ જવું. To move backward; to go backward.

Retrogression (રીટ્રોગ્રેશન), *n.* વિપરીત ગતિ; ઉલટી ગતિ; વક્ર ગતિએ ચાલવું તે. An act of moving backward; a retrogradation.

Retrospect (રીટ્રોસ્પેક્ટ), *n.* પાછળ જોવું તે; પાછલો વિચાર; ગઈ ગુજરી બીનાનો વિચાર; સિંહાવલોકન; ગતાવલોકન. An act of looking or viewing at the past things or events; a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

thought for the past. [as, **Retrospect.**

Retrospection (રીટ્રોસ્પેક્શન), *n.* Same

Retrospective (રીટ્રોસ્પેક્ટિવ્), *a.* ગઇ ગુજરી વાત સબંધી; ગત બનાવને લગતું; સિંહાવલોકનકારી. Referring to the past matters; of the past events.

Return (રીટર્ન્) *vt. vi. pr. p.* **Returning.** *imp. & p. p.* **Returned.** પાછું મોકલવું; પાછું દેવું; મજરે આપવું; સાટામાં આપવું; બદલે આપવું. To send back; to pay back; to exchange. **2.** જવાબ આપવો; ઉત્તર દેવો. To answer; to reply. **3.** પાછું જવું; મુળની જગ્યાએ જવું. To go back; to revert. *n.* પાછું લઇ જવું તે; પાછું લાવવું તે; પુનરાગમન; પુનરાવૃત્તિ. An act of taking back; a work of bringing back. **2.** બદલો; અવેજ; સાટું. A recompense; a requital; a remittance. **3.** ઉપજ; નફો; હાંસલ. A produce; a profit. **4.** યાદી; પત્રક; નોંધ. A list; a record.

Returnable (રીટર્નેબલ્), *a.* પાછું મોકલવા જેવું; પાછું આપવા જોગ; કાયદા પ્રમાણે પાછું અપાય તેવું. Capable of being returned.

Reunion (રીયૂન્યૉન્), *n.* ફરી મળવું તે; પુનઃ મેળાપ; બીજીવારનું મિલન; પુનઃ સંયોગ. An act of reuniting.

Re-unite (રીયૂનાઇટ્), *vt.* ફરી મેળવવું; પુનઃ મેળાપ કરવો–કરાવવો; સલાહ કરાવવી. To unite again; to join again.

Reveal (રીવીલ્), *vt.* કહેવું; જણાવવું; (ગુપ્ત બીના) પ્રસિદ્ધ કરવી; ઉઘાડું કરવું; જાહેર કરવું; પ્રકાશિત કરવું. To disclose; to declare; to make known; to bring to light.

Revealer (રીવીલર્), *n.* પ્રસિદ્ધ કરનાર; પ્રગટ કરનાર; સ્પષ્ટીકરણ કરનાર; જાહેર કરનાર. One who reveals.

Revel (રેવેલ્), *vi. pr. p.* **Revelling.** *imp. & p. p.* **Revelled.** મોજ મારવી; ખાઈપીને મસ્તી કરવી; ઉજાણી કરવી; મિજબાની કરવી (મદ્ય, વિગેરેની). To indulge in merriment; to carouse; to feast. *n.* મદ્ય, વિગેરેની મિજબાની; ઉજાણી. A feast of wine; a carousal.

Revelation (રેવેલેશન્), *n.* પ્રકટીકરણ; સ્પષ્ટીકરણ; પ્રસિદ્ધિ; ઇશ્વરી સત્ય જાહેર કરવું તે. An act of revealing; a disclosing of the divine truth.

Revelry (રેવેલરિ), *n.* ચેનબાજી; ખુશાલી; ધામધૂમ; પાનમહોત્સવ. An act of engaging in a revel; a noisy festivity.

Revenge (રીવેન્જ્), *vt. vi. pr. p.* **Revenging.** *imp. & p. p.* **Revenged.** વેર લેવું-વાળવું; દાવ વાળવો; દુશ્મનાવટ દાખવવી. To avenge; to take vengeance; to return harm for harm. *n.* વેર; બદલો; દુશ્મનાવટનો બદલો લેવો તે. Vengeance; an act of revenging.

Revengeful (રીવેન્જ્ફુલ્), *a.* વેરી; ખુની; કપટી; અંટસવાળું; અદાવતીયું; ડંશીલું. Vindicative; spiteful; malicious.

Revenue (રેવેન્યૂ), *n.* વાર્ષિક ઉપજ; આવક; પેદાશ; મહેસુલ. The annual income or profit; an income; an income of the state. **2.** ફળ; બદલો; ઇનામ. A reward; a recompense; a result.

Reverberate (રીવર્બરેટ્), *vt. vi.* **Reverberating.** *imp. & p. p.* **Reverberated.** પડઘો પાડવો; પ્રતિધ્વનિ કરવો; પ્રતિબિંબ પાડવું. To echo; to resound; to reflect. **2.** પડઘો પડવો; ગાજી ઉઠવું; પ્રતિધ્વનિ થવો. To echo; to résound.

Reverberation (રીવર્બરેશન્), *n.* પ્રતિધ્વનિ; પડઘો; પ્રતિગર્જના. An act of reflecting a sound; an echo.

Reverberative (રીવર્બરેટિવ્), *a.* પ્રતિધ્વનિ કરે તેવું; ગાજી ઉઠે તેવું. Resounding; reverberating.

Revere (રીવીર્), *vt. pr. p.* **Revering.** *imp. & p. p.* **Revered.** વડીલ દાખલ ગણવું; પ્રુજવું; માન આપવું; અદબ રાખવી; આદરસત્કાર કરવો; પૂજ્ય બુદ્ધિથી માન આપવું. To venerate; to respect; to look upon as an elder; to honour with reverence.

Reverence (રેવરેન્સ્), *n.* માન; અદબ; ભાવ; સત્કાર; આદરભાવ; પૂજ્યભાવ–બુદ્ધિ. A feeling of respect; veneration; an obeisance. **2.** માનનીય પુરૂષ. A person, worthy of respect. *vi.* માન આપવું; પૂજ્યભાવે ગણવું–ધારવું. To look upon.

Reverend (રેવરેન્ડ્), *a.* પૂજ્ય; માન્ય; માનનીય. Adorable; respectable. *n.* પાદરીને અપાતો ખિતાબ. A title of a clergyman.

Reverent (રેવેરેન્ટ્), *a.* માનવંત; આદરશીલ; નમ્ર; વંદનશીલ. Humble; regardful; expressing reverence.

Reverential (રેવેરેન્શૅલ્), *a.* આદરયુક્ત; માન દર્શાવનારૂં; પૂજ્ય; વંદનશીલ. Suggesting reverence; expressing a sign of respect.

Reverse (રીવર્સ્), *vt. vi. pr. p.* **Reversing.** *imp. & p. p.* **Reversed.** ઉલટાવવું; રદ કરવું; ઉંધું વાળવું; ફેરફાર કરવો. To upset; to annul; to overturn; to change. **2.** ઉલટું થવું; વિપરીત થવું. To be reversed. *a.* ઉલટું; વિરૂદ્ધ; વિપરીત; વિલોમ. Opposite; contrary; overturned. *n.* વ્યતિક્રમ; ફેરફાર; વિપર્યય. A change from good to bad; a misfortune.

Reversion (રીવર્શન્), *n.* (*Law*) વારસો મેળવવાનો પહેલો અધિકાર; ઉત્તરાધિકાર. The first right to future possession. **2.** પાછું આવવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે; પુનરાગમન. An act of coming back; an act of returning. **3.** શેષ; અવશેષ. A remainder; a residue.

Revert (રીવર્ટ્), *vi. pr. p.* **Reverting.** *imp. & p. p.* **Reverted.** પાછું પ્રાપ્ત થવું; પાછું જવું; પાછું આવવું. To regain; to go back; to come back. **2.** (*Law*) માલિકને પાછું મળવું. To return to the owner. **3.** ફેંકવું; નાંખવું. To throw; to reflect.

Reverter (રીવર્ટર્), *n.* પાછો ફરનાર; પાછો જનાર; ઉપલા સ્થાનથી નીચા સ્થાને જનાર. One, who reverts.

Revertible (રીવર્ટિબલ્), *a.* પાછું જઈ શકે તેવું; નીચા સ્થાને જઈ શકે તેવું; પાછું ફેંકે તેવું. Capable of being reverted.

Revest (રીવેસ્ટ્), *vt.* ફરીથી કપડાં પહેરવા; લુગડાં આપવા. To clothe again. **2.** અધિકાર આપવો; ફરીથી સત્તા સોંપવી. To vest with office or power.

Review (રીવ્યૂ), *vt.* જોવું; તપાસવું; ગુણદોષ જોવા; બારીકાઈથી તપાસવું; અવલોકવું. To observe; to see; to see critically; to examine. *n.* તપાસ; ગુણદોષ નિરીક્ષણ; અવલોકન; સિંહાવલોકન. A critical study; an observation; a careful examination.

Reviewer (રીવ્યૂઅર્), *n.* ગ્રંથના ગુણદોષ જોનાર; બારીક નજરે તપાસનાર; અવલોકન કરનાર; વિવેચન કરનાર. One, who reviews; one, who examines critically.

Revile (રીવાઈલ્), *vt. pr. p.* **Reviling.** *imp. & p. p.* **Reviled.** બદબોઇ કરવી; નિંદા કરવી; ભુંડું બોલવું. To censure, to reproach; to abuse. *n.* નિંદા; ગાળ; અપશબ્દ; બદબોઇ. An act of reviling; a censure; a reproach.

Reviler (રીવાઇલર્), *n.* નિંદક; ભુંડું બોલનાર; ગાળ બોલનાર. One, who reviles.

Revisal (રીવાઇઝલ્), *n.* તપાસણી; શોધન; સુધારો; પુનરાવર્તન. An act of revising for the sake of correction. [**Revisal.**

Revision (રીવિઝ્હન્), *n.* Same as,

Revise (રીવાઈઝ્), *vt. pr. p.* **Revising.** *imp. & p. p.* **Revised.** ફરીથી નજર કરી જવી; ફરી ભણી જવું; તપાસ કરવી; સુધારો વધારો કરવો. To re-examine; to read again; to look over with a view to correction.

Revival (રીવાઇવલ્), *n.* સજીવન કરવું તે; જીવતું કરવું તે; પુનરુદ્ધાર સ્થિતિમાં મૂકવું તે; પુનર્જીવન. An act of reviving; a state of being revived.

Revive (રીવાઇવ્), *vt. pr. p.* **Reviving.** *imp. & p. p.* **Revived.** ફરીથી સાજું કરવું; સજીવન કરવું; પુનરુદ્ધાર કરવો; મૃતપાય: સ્થિતિમાંથી સારી સ્થિતિએ મૂકવું. To return to life; to bring again to life; to refresh.

Revocable (રેવોકેબલ્), *a.* ફેરવી શકાય તેવું; રદ કરી શકાય તેવું; કાઢી શકાય તેવું. Capable of being revoked.

Revocation (રેવોકેશન્), *n.* રદ કરવું તે; બાતલ કરવું તે; ખંડન; પાછું બોલાવવું તે. An act of repealing; a repeal; a recalling.

Revoke (રીવોક્), *vt. pr. p.* **Revoking.** *imp. & p. p.* **Revoked.** રદ કરવું; ફેરવવું; તોડવું; બાતલ કરવું. To repeal; to annul; to cancel. [**Revocation.**

Revokement (રીવોક્મેન્ટ્), *n.* Same as,

Revolt (રીવોલ્ટ્), *vi.* સામે ઉઠવું; બંડ જગાવવું; બળવો કરવો; ત્રાસ દેવો. To rise against; to rebel; to renounce subjection; a renunciation. *n.* ફિતુર; બળવો; બંડ. An act of revolting; a rebellion; a renunciation of the subjection.

Revolting (રીવોલ્ટિન્ગ્), *a.* ત્રાસદાયક; બંડખોર; બંડ જમાવે તેવું. Loathsome; rebellious.

Revolution (રેવોલ્યૂશન્), *n.* ઉથલપાથલ; ફેરફાર; પરિભ્રમણ; ક્રાંતિ; પરિવર્તન. A radical change of events or circumstances; moving round (as a wheel).

Revolutionary (રેવોલ્યૂશનરિ), *a.* રાજ્યમાં ઉથલપાથલ સંબંધી; રાજ્યમાં ફેરફાર વિષે. Pertaining to a change in the system of a government. *n.* રાજ્યમાં ઉથલપાથલ કરનાર; બળવાખોર; One, who takes part in a revolt.

Revolutionist (રેવોલ્યૂશનિસ્ટ્), *n.* બળવાખોર; રાજ્યમાં ઉથલપાથલ કરનાર; રાજ્ય વિરૂદ્ધ ચળવળમાં ભાગ લેનાર. A revolutionary; one, who is in favour of revolution.

Revolve (રીવૉલ્વ્), *vt. vi. pr. p.* **Revolving.** *imp. & p. p.* **Revolved.** ફેરવવું; પરિભ્રમણ કરાવવું-કરવું; ગોળ ફરવું. To cause to turn; to rotate; to move round.

Revolver (રીવૉલ્વર્), *n.* પરિભ્રમણ કરનાર; ફરનાર. One, who revolves. **2.** વધારે નળીઓવાળી બંદુક; પિસ્તોલ. A kind of fire-arm; a gun.

Reward (રીવૉર્ડ્), *n.* ઇનામ; બક્ષિસ; બદલો; પારિતોષિક. A prize; a gift; a recompense. *vt.* ઈનામ આપવું; બક્ષિસ આપવી; ભેટ તરીકે આપવું; બદલો વાળવો. To requite; to give as a prize; to remunerate.

Re-write (રી-રાઇટ્), *vt.* બીજીવાર લખવું; ટુંકાણમાં લખાણ કરવું. To write again; to write in a brief way.

Reynard (રેનૉર્ડ્), *n.* લોંકડી; શિયાળ. A fox; a name, used for a fox.

Rhapsodic,-al (રૅપ્સૉડિક્,-કૅલ્), *a.* અસંબદ્ધ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાષણને લગતું; સંબંધ વિનાના કાવ્યનું. Of or pertaining to a rhapsody.

Rhapsodist (રૅપ્સૉડિસ્ટ), *n.* સંબંધ વગર લખાણ અથવા ભાષણ કરનાર; અસંબંધ કાવ્યયોજક. One, who writes or recites a rhapsody.

Rhapsody (રૅપ્સૉડિ), *n.* અસંબદ્ધ ભાષણ-લખાણ; સંબંધ વિનાનું કાવ્ય. An irrelevant composition; a disconnected series of sentences.

Rhetoric (રેટૉરિક), *n.* સુભાષિત ભાષણ કરવાની કળા-વિદ્યા; છટાદાર ભાષણ; વાક્ચાતુર્ય કેળવવાની રીત-કળા. The art which teaches oratory.

Rhetorician (રેટૉરિશૅન), *n.* ભાષણ કરવાની વિદ્યા શિખવનાર; અલંકારશાસ્ત્રી. One, knowing well the science of rhetoric.

Rheumatic,-al (રૂયૂમૅટિક,-કૅલ), *a.* સંધીવાયુ-વાળું; વાતરોગથી પીડાતું; સંધીવાને લગતું. Pertaining to rheumatism.

Rheumatism (રૂયૂમૅટિઝમ્), *n.* સંધીવાયુ; વાત-રોગ; સંધીવા. A kind of disease, affecting the joints and muscles.

Rhinoceros (રાઇનૉસેરૉસ્), *n.* ગેંડો; ગેંડી. A kind of large ungainly animal.

Rhomboid (રૉમ્બૉઇડ્), *n.* જેની સામસામેની બાજુઓ બરોબર છે પણ ખૂણા બરોબર નથી તેવી ચતુષ્કોણ આકૃતિ. A quadrilateral figure, having only the opposite sides equal and angles not right angles.

Rhombus (રૉમ્બસ), *n.* ચતુષ્કોણાકૃતિ; સમચતુસ્ર. A quadrilateral, with equal sides and angles not right angles.

Rhubarb (રૂબાર્બ), *n.* રેવંચિની; રોઈબાબ. A kind of country medicine or medicinal herb.

Rhyme (રાઈમ્), *n.* અનુપ્રાસ; કવિતા; કાવ્યપ્રાસ. A poetic composition. **2.** દુહો. A couplet. *vt. vi. pr. p.* **Rhyming.** *imp.* & *p. p.* **Rhymed.** કવિતા બનાવવી; પદ્ય લખવું; કાવ્ય બનાવવું. To make verses; to write in a poetic composition.

Rhythm (રિથમ્), *n.* તાલ; લય; સુરનો એક સરખો પ્રવાહ. The measure of time or movement in poetry.

Rhythmic,-al (રિથમિક,-કૅલ), *a.* તાલનું; લયને લગતું. Of or pertaining to rhythm.

Rib (રિબ્), *n.* પાંસળી; પાંસળું. One of the curved bones of the chest. **2.** પાંદડાની નસ; રેખા. One of the veins in leaves of a plant.

Ribald (રિબૅલ્ડ્), *n.* નાગું બોલનાર; અપશબ્દ વાતવાતમાં કાઢનાર; નઠારૂં બોલનારૂં. A person prone to utter bad or foul words; a lewd person.

Ribaldry (રિબૅલ્ડ્રિ), *n.* અશ્લિલ બોલી; નાગું અથવા ઉઘાડું ભાષણ; નાગાઈ. Low and vulgar speech; the practice of a ribald.

Riband (રિબૅન્ડ્), *n.* રેશમી પટી; ફીત; કોર. 'રિબન.' A silken fillet; a narrow strip.

Ribbon (રિબન્), *n.* રેશમી પટી; ફીત; કોર. A fillet of silk; a narrow strip (of any thing). *vt.* કોર મૂકવી; પટી મૂકવી; 'રિબન' ચોંટાડવી; કોરથી શણગારવું. To decorate with a ribbon or a lace.

Rice (રાઇસ્), *n.* ચોખા; ભાત; ડાંગર. A kind of well-known cereal plant and its seeds. **Rice-gruel,** *n.* કાંજી. **Rice-dust,** *n.* કુશકી. **Parched-rice,** *n.* મમરા.

Rich (રિચ્), *a.* પૈસાદાર; દ્રવ્યવાન; ધનિક; તાલેવંત. Wealthy; abounding in means; opulent. **2.** પુષ્કળ; અતિશય; ફળરૂપ; રસાળ. Abundant; fertile; copious. **3.** સ્વાદિષ્ટ; મસાલેદાર; લહેજતદાર. Tasty; relishing.

Riches (રિચીઝ), *n.* દોલત; સંપત્તિ; લક્ષ્મી; ઐશ્વર્ય; શ્રીમંતાઇ. Wealth; opulence.

Richly (રિચ્લિ), *ad.* શોભીતી રીતે; ભભકાથી; સારી રીતે. Gracefully; in a rich way. **2.** પુષ્કળપણે; અતિશય વધારે પ્રમાણમાં. In a plenty way.

Richness (રિચ્નેસ્), *n.* શ્રીમંતાઇ; પુષ્કળપણું; અતિશયપણું. A state of being rich.

Rick (રિક), *n.* અંબાર; ઓઘલું; ગંજી; ગંજ. A stack or pile of corn or hay. *vt.* ગંજી કરવી; અંબાર કરવો; ઢગલો કરવો. To arrange in ricks.

Rickets (રિકેટ્સ્), *n.* એક પ્રકારનો બાળકોને તવાઇ જવાનો રોગ. A kind of disease affecting the children.

Rickety (રિકેટિ), *a.* નબળું; ખખળી ગયેલું; દોદરૂં; અશક્ત. Feeble; weak; imperfect.

Rid (રિડ્), *vt. pr. p.* **Ridding.** *imp.* & *p. p.* **Rid.** છોડવું; મુક્ત કરવું; મોકળું કરવું; દૂર કરવું; કાઢવું; નિષ્કંટક કરવું; –માંથી બચાવવું. To make free; to deliver; to make away with; to save. **To get rid of,** સ્વતંત્ર થવું–કરવું.

Riddance (રિડન્સ્), *n.* છૂટકારો; છૂટકો; આઝાદી; મોક્ષ; મુક્તિ. A deliverance; a freedom; an act of releasing.

Riddle (રિડ્લ્), *n.* કોયડો; સમસ્યા; ઉખાણું. A puzzle; an ambiguous problem. **2.** ચાયણી; ચાયણો. A sieve. *vt. vi.* ચાળવું. To pass through a sieve. **2.** કોયડો છોડવો; ઉખાણું સમજાવવું–કહેવું. To solve a riddle.

Ride (રાઇડ્), *vt. vi. pr. p.* **Riding.** *imp.* **Rode.** *p. p.* **Ridden.** ઘોડા અથવા બીજા વાહનપર બેસીને જવું; સવારી કરવી. To travel

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

on the back of an animal (as a horse). 2. ગાડીમાં બેસીને જવું. To be carried in any vehicle. n. સવારી; ગાડી, વિગેરે વાહનમાં કરેલો ફેરો. An act of riding; an excrusion on a horse or in a carriage. 2. સવારીનો ઘોડો. A saddle-horse.

Rider (રાઈડર), n. ઘોડા ઉપર બેસનાર; સવાર; સવારી કરનાર; મુસાફર. One, who rides; a traveller. 2. કૃત્ય; સિદ્ધાંત. A problem. 3. ખત અથવા કોઇપણ લખાણમાં કરેલું સાંધણ; પરિશિષ્ટ. An addition to a document, etc.

Ridge (રિજ્), n. ટેકરીઓની હાર-ઓળ; પર્વતની હાર. A range of hills or mountains. 2. છાપરાનો મોભ-ટોંચ. The topmost part of a roof. 3. ઉપસેલી જમીન; બે ચાસ વચ્ચેની જમીન. An elevated earth or ground. vt. હુંગરોની હાર બનાવવી; શેરડે પાડવો. To form a ridge of. **Ridge-bone,** n. પીઠનું હાડકું.

Ridicule (રિડિક્યૂલ), vt. pr. p. **Ridiculing.** imp. & p. p. **Ridiculed.** હસી કહાડવું; મશ્કરી કરવી; મજાક કરવી. To laugh at; to mock; to joke. n. ઠઠ્ઠો; મજાક; હાંસી; મશ્કરી; ઉપહાસ્ય. A joke; an act of ridiculing; a mockery.

Ridiculer (રિડિક્યૂલર્), n. મજાક કરનાર; હાંસી કરનાર; ઉપહાસ્ય કરનાર. One, who ridicules.

Ridiculous (રિડિક્યૂલસ્), a. હસી કાઢવા જેવું; હાંસી ઉપજાવે તેવું; હાસ્યજનક; મશ્કરી ઉપજાવે તેવું. Worthy of exciting a ridicule; ludicrous.

Ridiculously (રિડિક્યૂલસલિ), ad. હાસ્યજનક રીતે; હસી કાઢવા જોગ; મશ્કરીમાં. In a ridiculous way or manner.

Ridiculousness (રિડિક્યૂલસનેસ્), n. મશ્કરીમાં હસવું તે; ઉપહાસ્યથી વર્તવું તે. An act of being ridiculous.

Riding (રાઇડિન્ગ્), n. સવારી કરવી તે; અશ્વારોહણ. An act of one, who rides. 2. યોર્ક શાયર પ્રાંતના ત્રણમાંથી એક ભાગ. One of the three divisions of Yorkshire.

Rife (રાઇફ્), a. ઘણું જોરથી ચાલે તેવું; શક્તિમાન; પ્રબળ; ચંચળ; ચાલાક. Prevalent; pervading; active.

Rifle (રાઇફલ્), n. પેચવાળી બંદુક. A gun whose barrel is grooved. 2. (pl.) બંદુક ધારણ કરનાર લશ્કરી સિપાઇઓ. The soldiers equipped with rifles. vt. હરણ કરવું; ખુંચવી લેવું; ઝુંટાવી લેવું. To pillage; to rob; to practise robbery; to take away forcibly.

Rifleman (રાઇફલમેન્), n. બંદુકથી સજ્જ થયેલો લશ્કરી સિપાઇ. A soldier armed with a rifle.

Rift (રિફ્ટ), n. ચીરો; કરાડ; ફાટ; તડ. A cleft; a fissure; an opening. vt. vi. ચીરો પાડવો; કરાડ પડવી; ફાટ થવી. To cleave; to rive; to burst.

Rig (રિગ્), vt. pr. p. **Rigging.** imp. & p. p. **Rigged.** સજવું; પહેરવું; શણગારી તૈયાર કરવું. To dress; to furnish with apparatus. 2. દોરડાં, વિગેરેથી સજ્જ કરવું. To supply with shrouds. n. પોશાક; આનંદી પોશાક. Dress; a gay dress. મસ્તીખોર છોકરી-બૈરી; લુચ્ચી છોકરી. A wanton girl; a playful woman. 2. મશ્કરી; મઝા; વિનોદ. A trick; a frolic.

Rigging (રિગિન્ગ્), n વહાણનાં બધાં દોરડાં. The tackles of a ship; the ropes, which support a mast.

Right (રાઇટ્), a. ખરૂં; વ્યાજબી; સત્ય; બરાબર; સીધું; યોગ્ય. Just; true; upright; proper. 2. નિયમ પ્રમાણેનું; નિયમાનુસાર. Orderly. 3. જમણો; દક્ષિણ. What is opposite to left. ad. વ્યાજબી રીતે; સત્યતાથી; સીધી રીતે; યોગ્ય રીતે. In a right way; properly; suitable. n. દાવો; હક; અધિકાર. A claim; a demand; a legal power. 2. ઇન્સાફ; ન્યાય; અદલપણું. Justice; integrity. 3. જમણી બાજુ. The side opposed to the left. vt. vi. ખરૂં કરવું; સુધારવું; ઇન્સાફ કરવો. To make right; to correct; to give justice. 2. સીધું થવું; ટટ્ટાર થવું. To be straight; to be erect.

Righteous (રાઇટીયસ્), a. પ્રમાણિક; નીતિમાન; ધર્મી; સત્યવાદી; ધાર્મિક; ન્યાયનિષ્ઠ. Uprignt; just; equitable.

Righteousness (રાઇટીઅસનેસ), n. પ્રમાણિકપણું; સત્યવાદીપણું; ન્યાયનિષ્ઠા; ધાર્મિક અને નૈતિક વલણ. A state of being righteous.

Rightful (રાઇટ્ફુલ્), a. હકદાર; વ્યાજબી; ખરૂં; કાયદેસર. Claiming; just; having a proper right; legal.

Rightfully (રાઇટ્ફુલલિ), ad. વ્યાજબી રીતે; યથાર્થ રીતે; કાયદેસરથી. In a rightful way; justly; legally.

Rigid (રિજિડ્), a. સખ્ત; કઠોર; કઠણ; જાલીમ; કડક. Harsh; severe; strict. 2. વળે નહિ તેવું; મરડાય નહિ તેવું; કઠણ. Stiff; not pliant; unyielding.

Rigidly (રિજિડલિ), ad. સખ્ત રીતે; કડકપણે; જાલીમ રીતે; કઠોરપણે. Strictly; severely; cruelly.

Rigidity (રિજિડિટિ), n. સખ્તાઇ; કઠોરતા; કડક મિજાજ; નિર્દયતા. Harshness; severity; cruelty.

Rigidness (રિજિડનેસ્), n. Same as, **Rigidity.**

Rigmarole (રિગ્મેરોલ્), n. અર્થ વિનાની વાત; લવારો; બકબકાટ. A foolish or idle talk; a prattling.

Rigour (રિગર્), n. સખ્તાઇ; કરડાપણું; જાલિમપણું; કઠોરતા; આકરાપણું. Harshness; stiffness; cruelty; rigidity.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Rigorous (રિગરસ્), *a.* સખ્ત;કરડાકીવાળું;જાલિમ; કઠોર; આકરા સ્વભાવવાળું. Harsh; stiff; rigid.

Rigorously (રિગરસ્લિ), *ad.* ઉગ્ર રીતે; કરડી રીતે; બારીકાઇથી; નિર્દયપણે. In a rigorous way; cruelly.

Rill (રિલ્), *n.* ઝરો; વહેળિયું; નાળું. A stream; a brook. *vi.* ઝરણ થઇને વહેવું; નાળું બનવું; ઝરો થવો. To run in a brook.

Rillet (રિલેટ્), *n.* નાની નદી; નાળું; ઝરો. A rivulet; a very small river.

Rim (રિમ્), *n.* કોર; કિનાર; કાંઠો; ધાર. An edge; a border; a margin. *vi.* કોર બનવી; કિનારો થવો; કાંઠો બંધાવો. To be formed into a rim.

Rind (રાઇન્ડ્), *n.* છાલ; ત્વચા (ફળની); ચામડી. Bark; peel;an external covering of a fruit.

Ring (રિન્ગ્), *n.* વિંટી; મુદ્રિકા; વાળી; વેઢ; મુદ્રા. A circular ornament for the fingers, or ears. **2.** કુંડાળું; વર્તુલ; ગોળ અખાડો. A circle; a circular area. **3.** અખાડો; કુસ્તીબાજોનું સ્થળ. Any space for physical feats. **4.** રણકો; ખણખણાટ; ઘોંઘાટ. A sound; any loud sound. *vt. vi. pr. p.* **Ringing.** *imp.* **Rang.** *p. p.* **Rung.** વાગવું; વગાડવું; અવાજ કરવો–થવો; રણકો થવો. To produce a sound; to sound loudly. **2.** ગાજવું; ગાજી રહેવું. To resound with. **Ring-dove,** *n.* ઘોળા કાંઠલાવાળું કબુતર. **Ring-leader,** *n.* બંડખોરની ટોળીનો આગેવાન. **Ring-master,** સરકસ; વિ૦ રમતોમાંઘોડા, વિગેરેના ખેલો બતાવનાર મુખ્ય ખેલાડી.

Ringing. (રિન્ગિન્ગ્), *n.* રણકો; ઘણઘણાટ; ખમખમાટ (અવાજનો). A sound;a jingling noise.

Ringlet (રિન્ગ્લેટ્), *n.* નાની વિંટી–વેઢ; નાનું કુંડાળું. A small ring or a circle. **2.** વાળનો ગુચ્છો; લટ. A curl of hair.

Ringworm (રિન્ગ્વર્મ્), *n.* દાદર; દરાજ. A kind of skin disease.

Rinse (રિન્સ્), *vt.* ધોવું; ખંખાળવું; ધીમે ધીમે સાફ કરવું; વિંછળવું. To wash gently;to cleanse. *n.* ખંખાળવું તે; ધોવું તે. An act of rinsing.

Riot (રાઇઍટ્), *vt. vi* હુલ્લડ કરવું; તોફાનમાં મોકલવું–ભાગ લેવો; ધાંધળ મચાવવું; હંગામો કરવો. To act in an unrestrained way; to raise a rebel; to grow mischievous. *n.* ફીતુર; હુલ્લડ; ધાંધલ; તોફાન; હંગામો. An uproar; a tumult.

Rioter (રાઇઍટર્), *n.* તોફાન કરનાર; ધાંધલ કરનાર; ફીતુરમાં ભાગ લેનાર. One, who riots.

Riotous (રાઇઍટસ્), *a.* ફિતુરી; તોફાની; હુલ્લડખોર; દંગો કરે તેવું. Seditious; tumultuous.

Rip (રિપ્), *vt. pr. p.* **Ripping.** *imp.* & *p. p.* **Ripped.** ઉકેલવું;ચિરવું;ઉતેડવું;ઉકેલી નાંખવું. To cut open; to tear off; to divide into parts by tearing. *n.* કાપો; ચીરો; ફાટ. A rent; a cut.

Ripe (રાઇપ્), *a.* પાકું; પાકેલું; પકાવેલું; પુખ્ત; પુખ્ત વિચારનું; પ્રૌઢ. Ready for reaping; perfect in growth; mature; developed. *vi.* પકવ થવું; પાકવું. To grow ripe.

Ripen (રાઇપન્), *vt. vi.* પકવવું; પાકવું; પાકટ થવું. To make ripe; to grow ripe. **2.** પૂર્ણતાએ પહોંચાડવું–આવવું. To cause to reach to perfection; to come to perfection.

Ripeness (રાઇપ્નેસ્), *n.* પકવતા; પાકટ અવસ્થા; પાકી ગયેલી હાલત; પરિપકવતા. A state of being ripe; maturity.

Ripple (રિપલ્), *n.* ઝીણાં ઝીણાં પાણીના મોજાં; ઉર્મિ; લહેર. Little curling waves. *vt. vi.* ખડબચડા તળિયા ઉપર વહેતા પાણીનો અવાજ કરવો–થવો; ખળખળ વહેવું; મોજાં બનવાં. To make a sound as of water while running on the earth.

Rise (રાઇઝ), *vi. pr. p.* **Rising.** *imp.* **Rose.** *p. p.* **Risen.** ઉગવું; ઉપર ચઢવું; ઉંચે જવું; –ના ઉપર આવવું; ઉદય થવો; ચઢતી થવી. To come to view; to ascend; to go high; to be prosperous. **2.** વધવું; ઉમસવું; ફુલવું. To increase; to swell. **3.** ઢોળાવવાળું હોવું. To be in a sloping position. **4.** હુમલો કરવો; લઢાઇને માટે તત્પર થવું; બળવામાં જોડાવાની તૈયારી કરવી. To revolt; to prepare to join a battle. **5.** નીપજવું; પરિણામ આવવું. To result; to yield. *n.* આરોહણ; ઉત્પાત; અભ્યુદય; ચઢતી. An act of ascending; a prosperity; an opulent state. **2.** શરૂઆત; મૂળ; પ્રારંભ. A beginning; a resource; an origin. **3.** અવાજનું વધવું તે; સુરનું વધવું તે. An increase of the sound.

Risible (રિઝિબલ્), *a.* હાસ્યજનક; હસામણું;હસવું લાવે તેવું. Creating or producing laughter; disposed to laugh.

Risk (રિસ્ક), *n.* ભય; જોખમ; બોજો; જવાબદારી. A danger; a peril; a responsibility; an exposure to harm. *vt.* જોખમમાં નાંખવું; જુમ્મેદારી માથે લેવી; –નું બીડું ઝડપવું. To expose to risk; to incur the responsibility; to venture.

Rite (રાઇટ્), *n.* ક્રિયા; વિધિ; સંસ્કાર; ધર્મક્રિયા; આચાર વિચાર. A solemn observation; a ceremony; a solemn duty.

Ritual (રિટ્યૂઍલ્), *a.* ક્રિયાનું; ધર્મક્રિયા સંબંધી; વિધિવિષયક; શાસ્ત્રોક્ત. Of a rite or rites; ceremonial. *n.* ધર્મક્રિયાની પદ્ધતિ; ક્રિયાકાંડનું પુસ્તક. A system of religious rites; a book containing the description of religious ceremonies.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Rival (રાઇવૅલ), *n.* બરાબરીઓ; પ્રતિસ્પર્ધી; હરીફ; સમોવડીઓ. A competitor; one, who strives for superiority with another. *a.* બરાબરી કરનાર; હરીફાઇવાળું. Competing; emulating. *vt. pr. p.* **Rivalling.** *imp. & p. p.* **Rivalled.** બરાબરી કરવી; પ્રતિસ્પર્ધા કરવી; સ્પર્ધામાં ઉતરવું. To compete; to emulate.

Rivalry (રાઇવૅલરિ), *n.* પ્રતિસ્પર્ધા; હરિફાઈ; સ્પર્ધા; બરાબરી. An emulation; a competition.

Rive (રાઇવ્), *vt. vi. pr. p.* **Riving.** *imp.* **Rived.** *p. p.* **Rived, Riven.** ચીરવું; ફાડવું; ચીરી નાંખવું. To split; to cleave. **2.** ચીરાઇ જવું; ફાટી જવું. To be split.

Rivel. (રિવેલ), *vt. pr. p.* **Rivelling.** *imp. & p. p.* **Rivelled.** કરચલી પાડવી; ગડી પાડવી. To contract into wrinkles.

River (રિવર્), *n.* નદી; સરિતા; સિંધુ. A large brook of flowing water. **River-basin,** *n.* નદી પ્રદેશ. **River-bed,** *n.* નદીના તળિયાની જમીન; નદીનું ભાઠું. **River-horse,** *n.* જળઘોડો.

Rivet (રિવેટ્), *n.* સજ્જડ બેસાડેલો ખીલો; જડ; ખીંટ. A nail fastened firmly; a bolt. *vt.* ખીલાથી સજ્જડ બેસાડવું; જડવું. To fasten with a rivet.

Rivulet (રિવ્યૂલેટ્), *n.* નાળું; નદીનો પ્રવાહ. A streamlet; a brook.

Road (રોડ્), *n.* રસ્તો; માર્ગ; વાટ; પંથ. A way; an open way; a passage. **2.** રસ્તો; સડક. A place for one, to ride. **3.** હુમલો; ચઢાઈ. An attack; invasion. **Road-stead,** *n.* વહાણ લાંગરવાની જગ્યા-સ્થળ.

Roam (રોમ્), *vi.* રખડવું; ભટકવું; ભમવું; ફરવું. To wander; to ramble; to rove. *n.* રખડપટ્ટી; ભ્રમણ; વિહાર. An act of wandering.

Roamer (રોમર્), *n.* રખડનાર; ભટકનાર; ભમનાર. One, who rambles.

Roan (રોન્), *a.* કાબરચિત્રું. With a brown and black colour. *n.* કાબરચિત્રા રંગનો ઘોડો. A horse of a roan colour.

Roar (રોર્), *vt. vi. pr. p.* **Roaring.** *imp. & p. p.* **Roared.** આરડવું; તાહુકવું; બૂમ પાડવી; ગર્જના કરવી. To cry loudly as in pain or anger; to cry aloud; to bellow. **2.** ઘુઘવાટ કરવો; ઘુઘુ અવાજ કરવો. To produce a noisy sound. **3.** મોટેથી બૂમ પાડવી; ચીસ પાડવી. To cry with a loud sound. *n.* ગર્જના; બરાડો; બૂમ; ઘોંઘાટ; ઘુઘુવાટ; ઘુઘુ અવાજ. A loud thundering cry; a clamour; a roaring sound.

Roaring (રોરિન્ગ્), *n.* ગર્જના; બરાડો; આક્રંદ. A deep, loud sound.

Roast (રોસ્ટ્), *vt. vi.* શેકવું; ભુંજવું; સીજવવું; બાફવું. To expose to heat; to prepare for the table, by exposing to heat. **2.** શેકાઇ જવું; સીજાઇ જવું. To become roasted. *n.* શેકેલું માંસ; માંસનો શેકેલો કકડો. A piece of beef roasted.

Rob (રૉબ્), *vt. pr. p.* **Robbing.** *imp. & p. p.* **Robbed.** ચોરવું; લુંટવું; છીનવી લેવું; પડાવી લેવું; બળાત્કારપૂર્વક લઇ લેવું. To steal; to plunder; to seize forcibly; to deprive unlawfully.

Robber (રૉબર્), *n.* ચોર; લુંટારો; ધાડપાડુ. A plunderer; a free-booter; one, who robs.

Robbery (રૉબરિ), *n.* લુંટ; ચોરી; લુંટફાટ; ધાડ. An act of depriving by force, a plundering; a practice of robbing; a theft.

Robe (રોબ્), *n.* ઝભ્ભો; જમો; સિરપાવ; પોશાક. An outer loose garment; an elegant gown. *vt.* ઝભ્ભો પહેરવો; પોશાક પહેરવો-પહેરાવવો. To clothe in a robe; to attire.

Robin (રૉબિન્), *n.* રતાશ પડતી એક જાતની ચકલી. A kind of sparrow, red in colour.

Robust (રૉબસ્ટ્), *a.* જોરાવર; મજબૂત; જબરૂં; તંદુરસ્ત; કદાવર; જવાંમર્દ. Strong; sinewy; healthy; muscular.

Robustness (રૉબસ્ટ્નેસ્), *n.* જોરાવરપણું; મજબૂતાઇ; કદાવરપણું; તંદુરસ્તી. A state of being robust; a healthy condition.

Roc (રૉક્), *n.* રૉક પક્ષી, જે ઘણુંજ કદાવર હોય છે. A monstrous bird, as narrated in the Arabian Tales.

Rock (રૉક્), *n.* ખડક; પત્થર; શીલા; ખરાબો. A crag; a formation of the mass of stony surface under water. *vt vi.* હિંચકા નાંખવા; ઝોલા ખવરાવવા; ડોલાવવું. To swing; to cause to sleep by swinging. **2.** લટકવું; ઝુલવું; ઝોલા ખાવા. To suspend; to swing.

Rocket (રૉકેટ્), *n.* બાણ; હવાઇ (દારૂથી બનાવેલી); અગ્નિબાણ. An artificial firework.

Rocky (રૉકિ), *a.* ખડકવાળું; ખડકોથી ભરપૂર; ખડકમય. Containing or full of rocks. **2.** (*fig.*) પાષાણ હૃદયી; વજ્ર છાતીવાળું. Hard-hearted; unfeeling; stony.

Rod (રૉડ્), *n.* લાકડી; છડી; સોટો; સળિયો. A stick; a stick, meant for punishing. **2.** રાજદંડ; છડી. A royal staff. **3.** સાડાસોળ ફીટનું માપ. A measure of length, containing 16½ feet.

Rodent (રોડેન્ટ્), *a.* કાતરી ખાનારૂં; કરડી ખાનારૂં; તિક્ષ્ણ-બારીક દાંતવાળું. Gnawing; having sharp teeth. *n.* કાતરી ખાનારૂં પ્રાણી (જેવાં કે ઉંદર, કોળ, વિગેરે). An animal that gnaws.

Roe (રો), *n.* મૃગલી; હરણી. The female of a hart. **2.** માછલીનાં ઇંડાં. The spawn of fishes.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Rogue (રોગ્), *n. pl.* **Rogues.** લુચ્ચો;ધુતારો; સોદો; ઠગ; દગલબાજ; બદમાશ; શઠ. A cunning fellow; a rascal; a dishonest person.

Roguery (રોગરિ), *n.* લુચ્ચાઇ; ઠગવિદ્યા; શઠતા; ધૂર્તતા. Cunningness; rascality; slyness; knavery.

Roguish (રોગિશ્), *a.* લુચ્ચું; કપટી; દગાખોર; કાવત્રાબાજ; ઠગાઇ કરે તેવું. Knavish; fraudulent; sly.

Roguishness (રોગિશનેસ્), *n.* દગાવાળું હોવું તે; કપટ; લુચ્ચાઈ. A state of being roguish.

Roll (રોલ્), *vt. vi. pr. p.* **Rolling.** *imp.* & *p. p.* **Rolled.** વિંટાળવું; લપેટવું; ફેરવવું; ગબડાવવું. To wrap; to move by turning on axis; to turn over; to involve by winding. **2.** ફેરવવું; ગબડવું; વિંટાઇ જવું. To turn over; to be wrapped; to move in a circular way. *n.* વિંટાએલી વસ્તુ. Anything wrapped. **2.** યાદી; નોંધ;હાજરીપત્રક. A record; a register. **3.** લખોટો; વિંટો; દસ્તાવેજ, વિ૦ રાખેલા હોય તેવું ભુંગળું. A scroll.

Roller (રોલર્), *n.* ફેરવનાર; ગબડાવનાર. One, who rolls. **2.** પટો; પટી A band; a fillet. **Roller-pin,** *n.* વેલણ.

Romance (રોમૅન્સ્), *n.* અતિ અદ્ભુત કલ્પિત વાત; કિસ્સો; કલાણી; વીરરસવાળી કથા. A novel full of adventures. *vi.* અતિ અદ્ભુત કલ્પિત વાત લખવી-કહેવી; કિસ્સો કહેવો. To devise or narrate a story.

Romancer (રોમૅન્સર્), *n.* લડાઇ, વિગેરેની અદ્ભુત કલ્પિત વાત કહેનાર; વીરરસવાળી કથા કહેનાર. A writer of romance. [**Romancer.**

Romanticist (રોમૅન્ટિસિસ્ટ્), *n.* Same as,

Romantic (રોમૅન્ટિક્), *a.* વિલક્ષણ; મનોકલ્પિત; તરેહવાર; અજાયબ; જોડી કાઢેલું. Extraordinary; marvellous; imaginative.

Romany (રોમૅનિ), *n.* ભવિષ્ય કથનને માટે તેમજ દવાને માટે દેશદેશોમાં રખડતી બાઇ અથવા આવી બાઇઓનું ટોળું. A gypsy.

Romp (રૉમ્પ્), *n.* મસ્તીખોર છોકરી; ઉછાંછળી છોકરી. A playful and boisterous girl. **2.** ઉછાંછળી રમત; ધાંધળ; તોફાનવાળી રમત. A wanton play; a boisterous game. *vt.* ધીંગાણું કરવું; કુદાકુદ કરવી; ધીંગામસ્તી કરવી. To play in a rude and boisterous way.

Rood (રૂડ્), *n.* એક એકરનો ચોથો ભાગ. The fourth part of an acre (1210 sq. yds.) **2.** સાડાપાંચ વારનું માપ; પોલ. A measure of 5½ yds. in length; a pole. **3.** ઇસુખ્રિસ્તની વધસ્થાન વખતની છબી. A cross; a crucifix.

Roof (રૂફ્), *n.* છાપરૂં; ધુમ્મટ; છત્ર. The top covering of any building. **2.** તળવું; ટોચ. The palate; a top. *vt.* છાપરૂં કરવું; આચ્છાદન કરવું; છાજ, વિગેરેથી ઢાંકવું. To cover or furnish with a roof. **2.** આશરો લેવો; આરામ લેવો. To shelter. **Roof-tree,** *n.* મોભ.

Roofer (રૂફર્), *n.* છાપરૂં તૈયાર કરનાર; છાજથી છાજનાર; ટોચ, વિ૦ નો ભાગ દુરસ્ત કરનાર. One, who roofs.

Rook (રૂક્), *n.* કાગડો; કાગ. A crow. **2.** (*fig.*) ધુતારો; લુચ્ચો; ઠગારો; ઠગ. A cunning fellow; a cheat. **3.** શેત્રંજની રમતમાં હાથી. One of the figures in the game of chess *vt. vi.* ઠગવું;છેતરવું; ઠગાઈ કરવી. To deceive; to cheat; to defraud.

Rookery (રૂકરિ), *n.* કાગડાઓનો માળો બાંધવાની જગ્યા-સ્થાન. A place for the rooks to form the nests.

Room (રૂમ્), *n.* ઓરડો;ઓરડી. A division of a house. **2.** જગ્યા;અવકાશ;સ્થળ. A space;a place; a station. [Spacious; wide; extensive.

Roomy (રૂમિ), *a.* વિશાળ; મોટું; વિસ્તીર્ણ.

Roost (રૂસ્ટ્), *n.* પક્ષીઓને રાત્રે બેસવાની દાંડી. The pole, on which the fowls rest at night. *vi.* લાકડીપર પક્ષીઓનો આરામ લેવો; ઝાડપર બેસવું. To perch; to occupy a roost.

Root (રૂટ્), *n.* મૂળ; જડ; મુળિયું; તળિયું. The underground part of a tree; a foundation; a bottom. **2.** મુળ કારણ; મુખ્ય હેતુ. The fundamental cause. *vt. vi.* મુળ બાઝવા; જડ ઘાલવી; મુળિયાં ફુટવાં. To fix roots; to implant. **2.** સારી રીતે સમજાવવું; અસરકારક રીતે કહેવું. To impress deeply. **3.** ખોદી કાઢવું; જડ મૂળથી ઉખેડી નાંખવું. To eradicate; to extirpate.

Rope (રોપ્), *n.* દોરી; દોરડું; રસી; રોંઢવું. A cord; a large cord. *vt. vi.* દોરડાંથી બાંધવું; બાંધી લેવું; રસીથી બાંધવું. To fasten with a rope. **2.** દોરડું બનીવું-થવું. To be formed into a rope. **Rope-dancer,** *n.* બજાણીઓ; નટ; દોરડા ઉપર રમનાર.

Ropy (રોપિ), *n.* ચિકણું; ચિકટ; રેસાવાળું; તારવાળું. Viscous; tenacious.

Rosary (રોઝરિ), *n. pl.* **Rosaries.** માળા; જપમાળી; બેરખો. A garland; a string of beads. **2.** ગુલાબના ક્યારા; ગુલાબવાડિયું. A bed of roses.

Rose (રોઝ્), *n. pl.* **Roses.** ગુલાબ; ગુલાબનું ફુલ. A kind of beautiful flower. **2.** ગુલાબના છોડ. A plant, growing roses **Rose-bush,** *n.* ગુલાબનો છોડ. **Rose-water,** *n.* ગુલાબજળ.

Roseate (રોઝીએટ્), *a.* ગુલાબી; ગુલાબી રંગનું; ગુલાબ સરખું ખીલતું. Of a rose colour; blooming.

Rosin (રૉઝિન્), *n.* રાળ. Resin, in its dried form. *vt.* રાળ લગાડવી-ચોપડવી. To rub resin.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Rosy (રોઝિ), *a.* ગુલાબી; ગુલાબી રંગનું; લાલ રંગનું Of rose colour; blooming.

Rot (રૉટ્), *v. vi. pr. p.* **Rotting.** *imp.* & *p. p.* **Rotted.** સડવી નાંખવું; કોહોવડાવવું. To make putrid; to cause to decompose. **2.** સડી જવું; ગંધાઇ જવું; કોહી જવું. To become putrid; to be decayed. *n.* સડો; સળો; કોહવાટ. Putrefaction; a decay.

Rotary (રોટૅરિ), *a.* ચક્રની માફક ફરતું; ચક્રગતિનું; વારાફરતી થતું; પરિભ્રમણનું. Turning like a wheel; pertaining to rotation.

Rotate (રોટેટ્), *vt. vi. pr. p.* **Rotating.** *imp.* & *p. p.* **Rotated.** ચક્રની માફક ગોળો ગોળ ફેરવવું-ફરવું. To cause to turn round; to revolve. **2.** વારાફરતી બદલવું; વારા બાંધવા. To cause to succeed in turn.

Rotation (રોટેશન્), *n.* ચક્રનું ફરવું તે; પૈડાનું ફરવું તે; પરિવર્તન. An act of rotating; a succession in series.

Rotatory (રોટેટૉરિ), *a.* ચક્રગતિનું; વારાફરતીનું; ચક્રગામી. Turning as a wheel, on its axis.

Rough (રફ્), *a.* ખડબચડું; કઠોર; સખ્ત; ઉગ્ર; તોફાની. Uneven; not smooth; austere; stormy.

Roughly (રફ્લિ), *ad.* ખડબચડી રીતે; કઠોરતાથી; સખ્ત રીતે. In a rough way.

Roughness (રફ્નેસ્), *n.* કઠોરતા; ખડબચડાપણું; જાડાશ; સ્થૂલતા. A state of being rough.

Round (રાઉન્ડ્), *a.* ગોળ; ચક્રાકાર; ગોળ. Circular; having a round form or shape. **2.** વ્યાજબી; આસપાસની; આશરાનું. Fair; approximate. *n.* વર્તુલ; ચક્ર; ફેરો. A circle; a sphere. **2.** ફેરો; આંટો; રોન. A course of action; a circuit. **3.** ક્રમ; વારો; ફેરો; પાળી. A succession of work or duty. **4.** ટોળી મંડળ. An assembly; a society. *ad.* બધી બાજુએ; આસપાસ; ચોતરફ; ચારે બાજુ. On all sides; circularly. *prep.* સઘળે સ્થળે; બધી બાજુએ. Around; about; surrounded by. *vt. vi.* વર્તુલ કરવો; ગોળાકાર કરવો; ઘેરી લેવું; વિંટાઇ વળવું. To form a circle; to give a circular form; to surround; to environ. **2.** રોનમાં ફરવું; ચોકી કરવી. To walk in a round or rounds (to guard); to watch. **3.** ગોળ ફરવું; ચક્ર ચક્ર ફરવું. To go round; to move round. **Round-house,** *n.* પોલીસે પકડેલા માણસોને પુરવાનું ચોકીખાનું.

Roundlay (રાઉન્ડ્લે), *n.* કવિતા; ગોળ ફેરામાં બોલાતું ગીત-કવિતા; ગોળ નાચ. A poem; a song, sung in a chorus; a circular dance.

Roundlet (રાઉન્ડ્લેટ્), *n.* નાનો વર્તુલ-ગોળ. A small circle.

Roundly (રાઉન્ડ્લિ), *ad.* સઘળીગમ; ચારે તરફ.

Roundness (રાઉન્ડ્નેસ્), *n.* વર્તુલાકારે હોવું તે; ગોળાકારે હોવું તે. A state of being round. **2.** ખુલ્લાપણું; સ્પષ્ટતા. Openness; frankness.

Rouse (રાઉઝ્), *vt. pr. p.* **Rousing.** *imp.* & *p. p.* **Roused.** જગાડવું; ઉઠાડવું; જાગૃત કરવું; પ્રદિપ્ત કરવું; ઉશ્કેરવું. To wake from sleep; to stir up; to excite; to awaken the feelings of.

Rout (રાઉટ્), *n.* લશ્કરનું વિખરાઈ જવું તે; ધુળધાણી કરવું તે; વિનાશ; સૈન્ય ભંગ. A disorder and confusion in an army. **2.** તોફાની ટોળી; ધાડપાડુઓની ટોળી. A mob; a crowd of robbers. **3.** (*Law*) સુલેહભંગ. The disturbance in the public peace. *vt.* હરાવવું; વિખેરી નાંખવું; સૈન્યમાં ભંગાણ પાડવું. To defeat; to put to flight; to cause a break in the army.

Route (રૂટ્), *n.* રસ્તો; વાટ; માર્ગ; રાહ. A course; a way; a passage.

Routine (રૂટિન્), *n.* નિત્ય ક્રમ; કાર્યક્રમ-પદ્ધતિ. હંમેશનો રસ્તો-રિવાજ. An arranged course of work or business; a regular line of work, to be followed.

Routinist (રૂટિનિસ્ટ્), *n.* ક્રમ, પદ્ધતિ અથવા નિયમ પ્રમાણેજ કામ લેનાર; પદ્ધતિસર કામ લેનાર. One, who follows a routine.

Rove (રોવ્), *vt. vi. pr. p.* **Roving.** *imp.* & *p. p.* **Roved.** ભટકવું; રખડવું; ફરતા ફરવું; આથડવું. To wander; to ramble; to go without any motive.

Rover (રોવર્), *n.* ભટકનાર; આથડનાર; ઠેકાણા વગરનો આદમી. A wanderer; a rambler; a person of wavering mind. **2.** ચાંચિયો. A sea-robber; a pirate.

Row (રાઉ), *n.* શોરબકોર; તોફાન; ઘોંઘાટ; કજીયો. A noisy quarrel; a tumult; a brawl.

Row (રો), *n. pl.* **Rows.** હાર; ઓળ; પંગત; શ્રેણી. A line; a rank; a series; a file. *vt.* હલેસાં મારીને આગળ ચલાવવું-વધારવું; હલેસાંથી ચાલવું. To conduct with oars; to be moved by oars.

Rowdy (રાઉડિ), *a.* તોફાની; હુલ્લડખોર; વંઠેલ; ઉખડી ગયેલ. Noisy; rebellious; disreputable. *n.* વંઠેલ પુરૂષ; હુલ્લડખોર આદમી. A turbulent fellow.

Rower (રોઅર્), *n.* હલ્લેસાં મારનાર; ખલાસી. One, that manages an oar in sailing.

Royal (રૉયૅલ), *a.* બાદશાહી; રાજાનું; રાજકીય; રાજ્યદરબારી. Kingly; of a monarch; regal.

Royalist (રૉયૅલિસ્ટ્), *n.* રાજપક્ષી પુરૂષ; રાજા તરફનો પુરૂષ. One who is on the side of the sovereign.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Royalty (રૉયલ્ટિ), *n.* બાદશાહી; રાજત્વ; રાજપદ; પેટંટના કે સનદના ઉપયોગ માટે આપેલું ભાડું. A state or position of a king; a sovereignty; share paid to a state. **2.** ઐશ્વર્ય; રાજ્યસત્તા. Kingliness; the power of a monarch.

Rub (રબ્), *vt. vi. pr. p.* **Rubbing.** *imp.* & *p. p.* **Rubbed.** ઘસવું; છોલવું; મસળવું; લુછવું; સાફ કરવું; માલેસ કરવું; મર્દન કરવું. To apply something to the body with pressure and friction; to move with friction; to clean. **2.** ઘસીને સાફ કરવું; ઉટકવું; ચકચકિત બનાવવું. To cleanse; to polish; to brighten. **3.** ઘસીને જવું; ઘસાવું; મહેનતે પસાર થવું. To move along the surface with friction; to pass over with some strain. *n.* ઘસારો; ઘર્ષણ; માલેસ. An act of rubbing; a friction; a smearing. **2.** વાંધો; ખલેલ; હરકત; નડતર. An obstacle; a hindrance.

Rubber (રબર્), *n.* ઘસનાર; ઘસીને સાફ કરનાર; 'રબર'. One, who or that which rubs.

Rubbish (રબિશ્), *n.* કચરો; પુંજો; મેલ; કસ્તર. Waste; a rejected matter; a filthy substance; a valueless stuff.

Ruble (રૂબલ), *n.* રૂશિયામાં ચાલતો સિક્કો; 'રૂબલ'. A Russian coin, in currency.

Ruby (રૂબિ); *n. pl.* **Rubies.** માણેક; લાલરંગનું પાનું. A valuable stone of a deep-red colour. **2.** લાલ રંગ; રાતો રંગ. A red colour; a red tint. *vt.* લાલ કરવું; રાતું કરવું. To make red; to redden.

Rudder (રડર્), *n.* સુકાન; દોરી; નિયંતાનું સાધન. A contrivance with which a ship is steered; a governor.

Ruddy (રડિ), *a.* રતાશ મારતું; લાલચોળ; લાલ; સુરખીદાર. Of a red colour; reddish. *vt.* રાતું કરવું; લાલ રંગનું બનાવવું. To make red; to make ruddy.

Rude (રૂડ્), *a.* જંગલી; અનાડી; અણઘડ; નિર્લજ; બેઅદબ. Wanting in manners; uncivilized; impudent; unmannerly. **2.** સફાઇ સિવાયનું; ઘાટ વિનાનું; સૌંદર્યહીન. Unrefined; not well-shaped; wanting in elegance.

Rudely (રૂડ્લિ), *ad.* જંગલી રીતે; અણઘડપણે; બેઅદબ રીતે; સફાઇ વિનાનું. In a rude way; impudently.

Rudeness (રૂડ્નેસ્), *n.* જંગલીપણું; બેઅદબી; તોછડાઈ; અવિનય. A state of being rude; immodesty.

Rudiment (રૂડિમેન્ટ્), *n.* મૂળતત્વ; બીજ; મૂળ પીઠીકા; મૂળ. The elementary principle of any thing; a first step; a beginning.

Rudimental (રૂડિમેન્ટલ્), *a.* મૂળ તત્વનું; તત્વને લગતું; પ્રાથમિક. Initial; elementary; pertain- to the beginning. [**Rudinental.**

Rudimentary (રૂડિમેન્ટરિ), *a.* Same as,

Rue (રૂ), *vt. vi. pr. p.* **Ruing.** *imp.* & *p. p.* **Rued.** પશ્ચાત્તાપ કરવો; અફસોસ કરવો-કરાવવો. To repent; to regret; to cause to grieve. **2.** દયા આવવી; લાગણી હોવી. To feel mercy; to be compassionate. *n.* એક જાતનો છોડ; સિતાબ. A kind of plant.

Rueful (રૂફુલ), *a.* પશ્ચાત્તાપથી ભરપૂર; અફસોસ કરે તેવું; દિલગીરી બતાવે તેવું; શોકાતુર. Mournful; sad; sorrowful.

Ruffian (રફિઍન્), *n.* ઘાતકી; ખૂની; ચંડાળ; અત્યાચારી પુરૂષ. A cut-throat; a brutal fellow. **2.** ભડવો; કુટણો. A pander. *a.* ઘાતકી; ખૂની; ક્રૂર. Cruel; brutal.

Ruffianism (રફિઍનિઝમ્), *n.* ઘોર કર્મો કરવાં તે; ખૂનીપણું; ગળું કાપવું તે. The practice of a ruffian.

Ruffle (રફલ), *vt. pr. p.* **Ruffling.** *imp.* & *p. p.* **Ruffled.** અસ્વસ્થ કરવું; અશાંત બનાવવું; ડોળવું. To disturb the surface; to make restless; to make turbid. **2.** કરચલી વાળવી; ફીત ચોંટાડવી. To fold into plaits; to stitch the border of. *n.* વ્યગ્રતા; અસ્વાસ્થ્ય; અશાંતિ. An agitation; a mental restlessness. **2.** ફીતનો વાળેલો કકડો; કરચોળી. A frill.

Rug (રગ્), *n.* કામળીની જાતનું જાડું કપડું; કામળો; ધાબળો. A kind of woollen stuff; a heavy woollen fabric.

Rugged (રગેડ્), *a.* અડબચડું; ઉંચુંનીચું; ઢેકાઢેકાવાળું. Rough; uneven; broken into points. **2.** તોફાની; અવિવેકી; રીતભાત સિવાયનું. Rude; turbulent. **3.** મિજાજી; તામસી; ચિડિયા સ્વભાવનું. Rough in temper; irritable.

Ruin (રૂઈન્), *n.* નાશ; ખરાબી; પાયમાલી; હાની. A destruction; a havoc; a loss; an overthrow. *vt. vi.* ઉંધું વાળવું; નાશ કરવો; ખરાબી કરવી; પાયમાલ બનાવવું-કરવું. To over-turn; to cause destruction; to bring to a loss. **2.** નાશ થવો; પાયમાલી થવી; ઉંધું વળવું. To destroy; to come to a ruinous state.

Ruins (રૂઇન્સ્), *n. pl.* જીર્ણ મકાનો; ખંડેર; ભાંગી ગયેલાં ઘર, વિગેરે. The dilapidated houses or buildings.

Ruinous (રૂઇનસ્) *a.* ખરાબીપર આવેલું; નુકશાનકારક; નાશકારક; ભાંગી ગયેલું. Destructive; baneful; causing ruin.

Rule (રૂલ), *n.* રાજ્ય; અમલ; સત્તા; ધણીપણું; સ્વાધીનતા. A kingdom; a power; an authority; an ownership. **2.** કાયદો; કાનુન; ધારો; નિયમ; શિરસ્તો; ક્રમ. An order; a law; a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

usage. 3. આચરણ; ચાલચલગત. Behaviour; conduct. 4. આંકણી; 'રૂલર'. A straight piece of wood, meant for drawing lines. *vt. vi. pr. p.* **Ruling.** *imp. & p. p.* **Ruled.** રાજ્ય કરવું; અધિકાર ચલાવવો; સત્તા વાપરવી; હુકુમત ચલાવવી. To govern; to sway; to control. 2. નિશ્ચય કરવો; ઠરાવ કરવો; કાયદો બાંધવો; ધારો બાંધવો. To settle a law or order; to enact a regulation. 3. હોવું; ચાલવું; પ્રચલિત થવું. To be; to exist; to continue. 4. આંકવું; લીટી દોરવી. To draw the lines. 5. સત્તાધિન હોવું; પ્રબળ બનવું-થવું; અમલ હોવો. To be in power; to predominate; to have authority.

Ruler (રૂલર્), *n.* રાજ્યકર્તા; શાસનકર્ત્તા; બાદશાહ; રાણી; શાસક; અધિપતિ. One, who rules; a sovereign. 2. આંકણી; 'રૂલર'. A wooden or metal roller.

Ruling (રૂલિન્ગ્), *n.* (*Law*) નિર્ણય; ઠરાવ; ફેંસલો. A decision of the court; an order of the judge. *a.* પ્રબળ; સત્તાવાન; આગેવાન; હુકુમત ચલાવતું; સત્તા ભોગવતું. Predominant; powerful; chief.

Rum (રમ્), *n.* એક પ્રકારનો દારૂ. A kind of whisky. *a.* વિલક્ષણ; તરેહવાર; વિચિત્ર પ્રકારનું. Odd; queer.

Rumble (રમ્બલ્), *vi. pr. p.* **Rumbling.** *imp. & p. p.* **Rumbled.** ગડગડવું; ગડબડાટ થવો; ગર્જવું. To produce a heavy sound; to murmur. *n.* ગડબડાટ; ધ્વનિ; ગર્જના. A loud and confused noise; a roaring sound.

Ruminant (રૂમિનન્ટ્), *a.* વાગોળનારૂં. Chewing the cud. *n.* વાગોળનારૂં પ્રાણી-પશુ. An animal chewing the cud.

Ruminate (રૂમિનેટ્), *vt. pr. p.* **Ruminating.** *imp. & p. p.* **Ruminated.** વાગોળવું; ચાવવું. To chew the cud. 2. (*fig.*) મનન કરવું; ચિંતવન કરવું. To ponder; to think deeply; to muse.

Rumination (રૂમિનેશન્), *n.* વાગોળવું તે; વાગોળવાની શક્તિ; ચિંતવન; મનન; ફરીફરીને કરેલો વિચાર. An act of ruminating; a meditation; a pondering.

Rummage (રમેજ્), *n.* બારીક તપાસ; શોધ; નિરીક્ષણ. A close search; an observation. *vt. vi.* બારીકાઈથી તપાસવું; જોવું; કાળજીપૂર્વક તપાસવું. To examine minutely; to scrutinize; to search.

Rumour (રૂમર્), *n.* અફવા; ગપ; બુમાટો; વાત; ખબર. A popular report or talk; an information; a current topic. *vt.* અફવા ઉડાડવી-ચલાવવી; ખબર ફેલાવવી; વાત લઈ જવી. To spread a report; to circulate by reports.

Rump (રમ્પ્), *n.* ઢગરૂં; કુલો; ગાંડ; જનાવરના બરડાનો છેડો. The buttock; the buttocks.

Rumple (રમ્પલ્), *vt. vi.* કરચલી પાડવી; કરચલી વળવી. To form wrinkles. *n.* કરચલી; ચીણ; પટ. A wrinkle; a fold.

Run (રન્), *vt. vi. pr. p.* **Running.** *imp.* **Ran.** *p. p.* **Run.** દોડવું; ઘોડવું; નાસવું; દોડાદોડ કરવી; ઉતાવળથી ચાલવું; એકદમ નાસી જવું. To move swiftly; to pass away quickly; to go away speedily. 2. ચાલુ હોવું; પ્રવર્તવું;-માં સૂધી હોવું. To prevail; to continue. 3. વહેવું; ફેલાઇ જવું; પ્રસરવું. To flow; to spread; to extend. 4. દોડાવવું; અનુસરવું. To cause to run; to follow. 5. ભોંકવું; મારવું; ખોસવું. To thrust; to drive into. 6. માથે લેવું; વહોરી લેવું. To run the risk of; to encounter. **To run away,** નાસી જવું; હરણ કરી જવું. **To run down,** કામ કરતાં અટકી પડવું; ઉતરી જવું. **To run in name of,**-ના નામે હોવું; વહિવટ ચલાવવો. **To run in with,** અનુમતિ આપવી; મળતા આવવું. **To run over,** ઉભરાઈ જવું; ઉપર થઈને ચાલ્યા જવું. **To run into,**માં પ્રવેશ કરવું; પ્રવેશવું. **To run against,** ની સાથે આથડવું;-અથડામણી કરવી. **To run on,** આગળ દોડવું-ચાલવું. **To run to,** -નો આશરો પકડવો. *n.* દોડ; પલાયન: નાસી જવું તે. An act of running. 2. વહેળો; ઝરો; નાળું. A brook; a rivulet. 3. રૂઢિ; પ્રચાર; ફેલાવો. A usage; an extent; a circulation. 4. એક વિકેટથી બીજી વિકેટ સૂધીની દોડ; 'રન'. A point scored in the cricket. 5. ઘંટીનાં પડ. A pair of mill-stones. [Liquified; melted.

Run (રન્), *a.* પિંગળેલું; ગાળેલું; તાવેલું; તવાયેલું.

Runagate (રનૅગેટ્), *n.* યુદ્ધ વિમુખ; સ્વમાર્ગનો ત્યાગ કરીને નાશી જનાર. A fugitive.

Runaway (રનૅઉવે), *n.* નાશી જનાર; દોડી જનાર; પલાયન કરનાર. A fugitive. 2. નાશી જવું તે; પલાયન; દોડ. An act of running away.

Runlet (રનલેટ્), *n.* નાળું; ઝરો; નાની નદી. A stream; a rivulet.

Runner (રનર્), *n.* દોડનાર; નાસનાર; જાસુસ; ખેપિયો. One, who runs away; a spy; a messenger.

Rupee (રૂપી), *n. pl.* **Rupees.** રૂપીઓ. An Indian silver coin worth sixteen annas.

Rupture (રપ્ટ્યૂર્), *vt. vi. pr. p.* **Rupturing.** *imp. & p. p.* **Ruptured.** ભાંગવું; તોડવું; જુદું પાડવું. To break; to separate; to rend. 2. ભંગાણ પડવું; -માં તૂટ થવી. To suffer a breach; to part by violence. *n.* ભાંગી જવું તે; તૂટ; ભાંગફોડ; ચીરો; ચીરાડ; તડ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

An act of breaking apart; a breach; a separation.

Rural (રૂરૅલ), *a.* ખેતીવાડીનું;ગ્રામ્ય; કૃષિ સંબંધી. Pertaining to agriculture.

Ruse (રૂઝ), *n.* દાવ; યુક્તિ; દાવપેચ; કપટ; છળ; પ્રપંચ. A trick; an artifice; a fraud.

Rush (રશ), *vi. vt. pr. p.* **Rushing.** *imp. & p. p.* **Rushed.** ઝપાટા બંધ જવું; દોડતા જવું; ધસારો કરવો; –ના ઉપર તૂટી પડવું. To move with force; to attack; to encounter violently. **2.** માં જવું; પેસવું. To meet; to enter. *n.* ધસારો; ઝપાટો; સપાટો; વેગ; આવેશ. A violent and forcible motion; a quick sensation (of feelings). **2.** દબાણ; ભાર. A pressure.

Russet (રસેટ), *a.* ભુરા રંગનું; રાતું ભુરૂં. Of brown colour; reddish. **2.** અણઘડ; ગામડિયું. Coarse; rough and thick in shape or form. *n.* ભૂરા રંગનું; કપડું; રાતા ભૂરા રંગનું શેબફળ. A cloth of brown colour; an apple of russet colour.

Rust (રસ્ટ), *n.* કાટ; કિટ; જંગ. The reddish yellow covering on iron, when exposed to air. *vt. vi.* કાટવાળું કરવું; કટાઈ જવું; કાટથી ખવાઇ જવું. To affect with rust; to gather rust; to become oxidized.

Rustic (રસ્ટિક), *a.* ગ્રામ્ય; જંગલી;અનાડી;અસભ્ય. Rural; rude; unmannerly; awkward. *n.* ગામડિયો; ભોળો અને નિષ્કપટી માણસ. A clown; an artless fellow.

Rusticate (રસ્ટિકેટ), *vt. pr. p.* **Rusticating.** *imp. & p. p.* **Rusticated.** અમુક મુદત સુધી કાઢી મૂકવું; પ્રતિબંધ કરવો; અંતરાય નાંખવો. To banish for a certain period or time; to impede.

Rustication (રસ્ટિકેશન), *n.* કાઢી મૂકવું તે; પ્રતિબંધ; અમુક મુદત સુધીનો અટકાવ. An act of rusticating.

Rusticity (રસ્ટિસિટિ), *n.* જંગલીપણું; ગ્રામ્યતા; અસભ્યતા; અણઘડતા; ભોળાપણું. Rudeness;impudence; artlessness.

Rustle (રસલ), *vt. vi. pr. p.* **Rustling.** *imp. & p. p.* **Rustled.** ખડખડવું; ખણખણવું; ખખડાવવું. To make a small succession of sounds; to cause to rustle. *n.* ખણખણાટ; ખખડાટ. A slight crackling sound.

Rusty (રસ્ટિ), *a.* કાટવાળું; કાટથી ખવાઇ ગયેલું. Covered with rust. **2.** (*fig.*) ચિડિયું; ઉશ્કેરાઇ જાય તેવું. Irritable; excitable.

Rut (રટ), *n.* ઘરેડીનો કાપો; ગાડાનો ચીલો. The track of a cart-wheel; a line on the ground. **2.** જનાવરોમાં ઉદ્ભવેલા કામ–વિષયેચ્છાનો સમય. The time for the sexual excitement as of deer, etc. *vi.* ચીલો પાડવો–થવો; કાપો પડવો. To form a track on the soil. **2.** વિષયેચ્છા ઉદ્ભવવી. (જનાવરોની). To desire for copulation.

Ruth (રૂથ), *n.* દયા; કરૂણા; રહેમ; અનુકંપા. Compassion; a feeling of pity;tenderness of heart.

Ruthful (રૂથ્ફુલ), *a.* દયાળુ; કૃપાળુ; રહેમવાળું; કરૂણામય: Merciful; compassionate; kind.

Ruthless (રૂથ્લેસ), *a.* દયાહિન; નિર્દય; નિષ્ઠુર; પાષાણ હૃદયનું. Cruel; pitiless; harsh.

Ruthlessness (રૂથ્લેસનેસ), *n.* દયાહિનતા; નિર્દયતા; નિષ્ઠુરતા હોવી તે. A state of being ruthless.

Rye (રાઇ), *n.* એક પ્રકારનું અનાજ; જવ. A kind of corn resembling barley.

Ryot (રાઇઑટ), *n.* રૈયત; પ્રજા; ખેડુત; કૃષીવલ. A cultivator; a farmer; a peasant.

S.

S (ઍસ), અંગ્રેજી મૂળાક્ષરનો ઓગણીસમો અક્ષર છે, જેનો ઉચ્ચાર સ, અને ઝ થાય છે. It is the 19th letter of the English Alphabet.

Sabaoth (સૅબૅઑથ), *n.* લશ્કરનો જથ્થો; ટોળું; સૈનિકોનું ધાડું. Armies.

Sabbath (સૅબ્બૅથ), *n.* આરામ અથવા વિશ્રાંતિનો દિવસ;રવિવાર. A day of rest;the time of rest.

Sable (સેબલ), *n.* નોળિયાની જાતનું એક પ્રાણી. A creature, resembling a weasel. **2.** શોક પ્રદર્શિત કરવા માટે પહેરવામાં આવતો પોશાક–ડ્રેસ. A mourning dress; funeral garments. *a.* ઝાંખું; કાળું; શામળું; શ્યામ. Dark; blackish; dim. *vt.* ઝાંખું બનાવવું; કાળું કરવું. To render dim or dark.

Sabre, Saber (સેબર), *n.* પોહોળી–વાંકી તરવાર; ઘોડેસ્વારની તરવાર. A sword with a broad and heavy blade. *vt.* વાંકી તરવારથી ઘા કરવો; પહોળી તરવારથી કાપવું–લઢવું. To strike with a sabre; to kill with a saber.

Sac (સૅક), *n.* કોથળો; ગુણ; થેલો. A bag;a pouch.

Saccharine (સૅક્કરિન), *a.* ખાંડનું; સાકરમય; સાકરને લગતું; સર્કરાવાળું. Of or consisting of sugar; pertaining to sugar. **2.** ગળ્યું; મિષ્ટ; મીઠું. Sweet; delicious.

Sacerdotal (સૅસરડોટલ), *a.* પુરોહિતને લગતું; યાજ્ઞિક; બ્રાહ્મણ સંબંધી. Pertaining to the priest; priestly.

Sacerdotalism (સસરડોટલિઝમ), *n.* પુરોહિત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃત્તિ રાખવી તે; યાજ્ઞિકપણું; બ્રાહ્મણને કર્મકાંડ પાળવા તે. A state of being in sacerdotal system.

Sachet (સાશે), *n.* સુગંધીદાર પદાર્થો રાખવાની નાની પેટી. A small bag to keep the odorous substances.

Sack (સૅક), *n.* કોથળો; થેલો; ગુણ. A large bag; a pouch. **2.** ઝભ્ભો; શરીર ઉપર પહેરવાનો ડગલો. A loose garment; a robe. **3.** લુંટ; લુંટમાં લીધેલો માલ. A plundering; a booty. **4.** એક પ્રકારનો દારૂ. A kind of wine. *vt.* કોથળામાં ભરવું; થેલામાં ભરવું. To put into a bag. **2.** લુંટવું; લુંટફાટ ચલાવવી. To plunder; to storm.

Sack-cloth, *n.* ગુણપાટ; કંતાન.

Sackage (સૅકેજ), *n.* લુંટફાટ; લુંટી લેવું તે. An act of taking by force; a plundering.

Sack-ful (સૅક્-ફુલ), *a.* ગુણભર; કોથળામાં માય તેટલું. As much as a sack can contain.

Sacrament (સૅક્રેમેન્ટ), *n.* વફાદાર રહેવાના સમસોગંદ; પ્રતિજ્ઞા; સમ. An oath to observe allegiance; a solemn oath. **2.** સંસ્કાર; ધર્મવિધિ. A sacred religious ceremony. **3.** પ્રભુભોજન. The Lord's supper. **4.** પવિત્ર ચીજવસ્તુ; ગુપ્ત ભેદ. A sacred or holy thing; a mystery. *vt.* સોગન આપવા; સોગંદથી બાંધવું. To administer an oath; to bind by an oath.

Sacramental (સૅક્રેમેન્ટલ), *a.* પવિત્ર સંસ્કારનું; સોગંદપરનું; સંસ્કારરૂપ. Of or pertaining to a sacrament.

Sacred (સેક્રેડ્), *a.* પવિત્ર; પૂજ્ય; વંદનીય; વૈદિક; સર્વમાન્ય. Holy; venerable; consecrated. **2.** અલૌકિક; અસંસારિક. Not secular; not worldly.

Sacredly (સેક્રેડ્લિ), *ad.* પવિત્રપણે; વંદનીય રીતે; પૂજ્ય ભાવથી. In a sacred way.

Sacredness (સેક્રેડ્નેસ્), *n* પવિત્રતા; ધર્મીપણું; અબાધ્યતા; આધ્યાત્મિક સંબંધ. A quality of being sacred; holiness; inviolability; spiritual connection.

Sacrifice (સૅક્રિફાઇસ્), *n.* હોમ; હવન; યજ્ઞ. An offering of any thing to a deity. **2.** બળિદાન; અર્પણ; સમર્પણ; આહુતિ. An oblation; anything offered to a divinity. *vt. pr. p.* **Sacrificing.** *imp. & p. p.* **Sacrificed.** બળિદાન દેવું; ભોગ આપવો; અર્પણ કરવું; ચઢાવવું. To offer an oblation; to consecrate; to offer at an altar.

Sacrificer (સૅક્રિફાઇસર્), *n.* યાજ્ઞિક; યજ્ઞ કરાવનાર ગોર. One, who sacrifices.

Sacrificial (સૅક્રિફિશૅલ), *a.* યજ્ઞનું; યજ્ઞને લગતું; બળિદાનની બાબતનું. Pertaining to a sacrifice; of a sacrifice.

Sacrilege (સૅક્રિલેજ્), *n.* પવિત્ર વસ્તુને ભ્રષ્ટ કરવાનો અપરાધ; ધર્મોલ્લંઘન. A sin of violating sacred things.

Sacrilegious (સૅક્રિલીજસ્), *a.* અપવિત્ર; અધર્મી; પાપી; ધર્મઉલ્લંઘન કરનાર; દેવદ્રોહી. Unholy; irreligious; impious.

Sacristy (સૅક્રિસ્ટિ), *n.* દેવળમાં ફૂલનાં વાસણ, ઇત્યાદિ રાખવાની ઓરડી. A room, in a church where the articles of worship are stored.

Sad (સૅડ્), *a.* ઉદાસ; ગમગીન; શોકાતુર; ખિન્ન; મ્લાન. Dejected; sorry; gloomy; cheerless. **2.** ખેદજનક; શોચનીય; દુઃખ ઉપજાવે તેવું. Causing sadness. *vt.* દિલગીર કરવું; શોકાતુર બનાવવું. To make sad or gloomy.

Sadden (સૅડન્), *vt. vi. pr. p.* **Saddening.** *imp. & p. p.* **Saddened.** ઉદાસ કરવું; દિલગીર બનાવવું; ખિન્ન બનાવવું. To make gloomy or sad; to render sorrowful. **2.** ઉદાસીન થવું; દિલગીર બનવું. To be downcast or dejected.

Saddle (સૅડ્લ્), *n.* જીન; ખોગીર; ઘોડા ઉપર બેસવાનો સામાન. A seat for a rider; a padded part of a harness. *vt. pr. p.* **Saddling.** *imp. & p. p.* **Saddled.** જીન પલાણવું; ખોગીર મુકવું; ઘોડા ઉપર સામાન મુકવો. To adorn with a saddle; to equip for riding. **2.** –ના માથે મુકવું. To load upon; to impose. **Saddle-bag,** *n.* ઘોડાની પીઠ ઉપર બન્ને બાજુએ જીનથી નીચેના ભાગમાં રહેતી કોથળી. **Saddle-cloth,** *n.* ધાશીઓ; જીનપોશ. **Saddle-girth,** તંગ; કમરબંધ. **Saddle-tree,** જીનનું પલાણ

Saddler (સૅડ્લર્), *n.* જીનગર; જીન બનાવનાર; ઘોડાનાં જીન બનાવવાનો ધંધો કરનાર. One, who makes saddles.

Saddlery (સૅડ્લેરિ), *n.* જીન બનાવવાનો ધંધો; જીનગરની દુકાનમાં વેચાતો સામાન. The trade of a saddler; the articles sold in a saddler's shop.

Sadiron (સૅડાઇરૉન્), *n.* અસ્તરી; કરવાનો સાંચો; અસ્ત્રી. A flat iron, used in smoothing clothes.

Sadly (સૅડ્લિ), *ad.* દિલગીરીપૂર્વક; ઉદાસીનપણે; ગમગીનીથી. In a sad way; sorrowfully.

Sadness (સૅડ્નેસ્), *n.* દિલગીરી; ઉદાસીનતા; ગમગીની. A state of being sad; sorrow; dejection.

Safe (સેફ્), *a.* સહીસલામત; નિર્ભય; સાંગોપાંગ; નિર્વિઘ્ન; હરકત વિનાનું. Unharmed; free from danger; secure. *n.* તીજોરી; સહીસલામત જગ્યાસ્થાન; નિર્ભય સ્થાન. A fire-proof receptacle; a box or chamber of great strength, used to preserve the valuable articles. *vt.* સહીસલામત કરવું; નિર્ભય મૂકવું–કરવું. To keep in safety; to deposit in a harmless place.

Safe-guard (સેફ્-ગાર્ડ્), *n.* બચાવ; રક્ષણ; આશરો; આશ્રય. A defence; a protection; a shelter. **2.** પરવાનો; અભયપત્ર; કોલ; વચન. A

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

pass; a passport; a promise for safety. 3. રખેવાળ; વળાવો; ભોમીઓ; માર્ગદર્શક. A guard; a convoy. *vt.* ચોકી કરવી; બચાવ કરવો; રખેવાળી કરવી. To guard; to defend.

Safely (સેફ્લિ), *ad.* સહિસલામતપણે; નિર્ભયપણે; ક્ષેમકુશળતાથી. In a safe way or manner; without any danger or risk.

Safety (સેફ્ટિ), *n.* સહીસલામતી; નિર્ભયતા; આશ્રય. A state of being safe; fearlessness; a shelter. **Safety-lamp,** *n.* અતિશય પવનમાં ન બુઝાય તેમજ એકદમ સળગી ન જાય તેવો દીવો. **Safety-value,** *n.* વરાળને કાબુમાં રાખવા માટે વરાળયંત્રમાં ગોઠવેલું ઢાંકણા સાથેનું બાકું.

Safflower (સૅફ્-ફ્લાઉવર્), *n.* કસુંબી; કરડી. A kind of dried plant, yielding the colours, yellow and red.

Saffron (સૅફ્-ફ્રૉન્), *n.* કેસર; જફરાન; કેસરનું ઝાડ. A kind of an aromatic yellowish substance or its plant. *a.* કેસરી રંગનું; કેસરીઉં. Of saffron colour. *vt.* કેસરના સ્વાદવાળું બનાવવું; કેસરી કરવું; મશાલો નાંખવો. To season with saffron.

Sag (સૅગ્), *vi.* ભારને લીધે નમવું; લચી જવું. To sink due to weight or burden. 2. ભટકવું; રખડવું; રઝળવું. To wander; to ramble. 3. નમવું; વાંકા વળવું; આંચકો ખાવો. To bend; to hesitate.

Saga (સાગૅ), *n.* નોર્વે અને સ્વીડન વિગેરે દેશોની દંત કથા; વાર્તા; આખ્યાન. A Scandinavian legend; a tale.

Sagacious (સૅગેશસ્), *a.* ચતુર; હોંશિયાર; ચાલાક; ચપળ; વિલક્ષણ. Intelligent; having keen perception; shrewd.

Sagacity (સૅગૅસિટિ), *n.* ડહાપણ; ચતુરાઇ; હોંશિયારી; ચાલાકી; શાણપણ; વિલક્ષણ બુદ્ધિ. Wisdom; intelligence; a power of perception; a discernment.

Sage (સેજ્), *n.* સાધુ પુરૂષ; ડાહ્યો પુરૂષ; ગુરૂ; ઋષિ; બુદ્ધિશાળી પુરૂષ. A man of wisdom; a wise person; a philosopher. *a.* ડહાપણવાળું; શાણું; વિચક્ષણ; બુદ્ધિશાળી. Wise; prudent; thoughtful.

Sagittarius (સૅજ્ટિરિઅસ્), *n.* ધનરાશી; ધન. The ninth sign of Zodiac.

Sago (સેગો), *n.* સાબુચોખા; વાંશીઆ ચોખા અથવા દાણા. A dry granulated starch.

Said (સેડ્), *p. p.* of **Say.** *a.* સદરહુ; ઉપર કહેલું; અગાઉ બોલેલું; ઉપર પ્રમાણે. Mentioned before; aforesaid.

Sail (સેલ), *n* સઢ. A canvas tied to the mast, to catch the force of the wind. 2. સઢવાળું વહાણ. A vessel; a ship with a mast. 3. સફર; જળપ્રવાસ. A journey; a travel by sea. *vt vi.* હંકારવું; મુસાફરી શરૂ કરવી; પાણી ઉપર તરવું-ચાલવું (વહાણનું). To propel; to commence a journey. 2. જળમાર્ગે જવું-હાંકવું. To go or move on water.

Sailer (સેલર્), *n.* સઢવાળું વહાણ હંકારનાર; વહાણ. A ship; one that sails.

Sailor (સેલર્), *n.* ખલાસી; નાવિક; ખારવો. A mariner; a seaman.

Saint (સેન્ટ્), *n.* સાધુ; મુની; સંત; સિદ્ધ; પુણ્યાત્મા; મહાત્મા. A sage; a godly person; one eminent for piety and virtue.

Saintliness (સેન્ટ્લિનેસ્), *n.* સાધુવૃત્તિ; મહાત્માપણું; સાધુત્વ. A state of being saintly.

Saintly (સેન્ટ્લિ), *a.* પવિત્ર; પુણ્યશાળી; ભક્ત; સાધુવૃત્તિવાળો. Holy; pious; becoming a saint.

Sake (સેક), *n.* ખાતર; કારણ; મતલબ; અર્થ; હેતુ; નિમિત્ત. A cause; a reason; a purpose; a motive.

Sal (સૅલ્), *n.* ખાર; મીઠું. Salt.

Salaam (સૅલામ્), *n.* સલામ; નમસ્કાર; વંદન. A salutation. *vt. vi.* સલામ ભરવી; સલામ કરવી. To perform a salaam.

Salacious (સૅલૅશસ્), *a.* લંપટ; વિષયી; કામાતુર. Lustful; lecherous.

Salad (સૅલૅડ્), *n.* કચુંબરને માટે એક જાતની ભાજી; ચટણી. A vegetable preparation, seasoned with spices.

Salammoniac (સૅલૅમ્મોનિઍક), *n.* નવસાર; નવસાગર. Ammonia Chloride.

Salary (સૅલૅરિ), *n.* પગાર; દરમાયો; માસિક મહેનતાણું. A monthly pay; the fixed regular wages; a stipend; a hire. *vt.* પગાર આપવો; દરમાયો આપવો. To pay or fix the salary.

Sale (સેલ્), *n.* વેચાણ; વકરો; વિક્રય; ખપત; માલનો ઉપાડ. An act of selling; a demand. 2. જાહેર રીતે વેચવું તે; હરાજી. A public disposal; an auction.

Salep (સૅલેપ્), *n.* સાલમમિશ્રિ; સાલમ; સાલમપાક. A kind of country medicinal substance.

Salesman (સેલ્સમૅન્), *n. pl.* **Salesmen.** વેચનાર; આઢતિયો; માલવેચી આપનાર; દલાલી ખાઇને માલ વેચનાર. One, who disposes goods or merchandise.

Salic (સૅલિક), *n.* પુરૂષનેજ રાજ્યગાદી મળે તેવો ફ્રાન્સ દેશનો કાયદો. A law in France that only the males should get the throne.

Salient (સેલિએન્ટ્), *a.* મુખ્ય બહાર પડતું; વિશિષ્ટ; પ્રધાન. Chief; predominant; prominent; excelling. 2. કુદતું; ઠેકડા ભરતું. Leaping; jumping. 3. બહાર નીકળતું; ઉપસેલું; ફુલેલું. Projecting.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Saline (સૅલાઇન્), *a.* ખારૂં; નિમકવાળું; ખારમય. Containing salt; pertaining to salt. *n.* ખારાપાણીનો ઝરો. A spring of salt water.

Saliva (સૅલાઇવૅ), *n.* થુંક; લાળ; અમી. The secretion from the salivary glands.

Salivary (સૅલિવૅરિ), *a.* લાળને લગતું; થુંકનું; લાળવાળું. Pertaining to saliva.

Salivate (સૅલિવેટ્), *vt.* મ્હોંમાંથી થુંક નીકળવું–આવવું; થુંક ઝરવું; મ્હોં આણવું–લેવું. To produce saliva.

Sallow (સૅલો), *a.* પીળાશ પડતું; ફિક્કું; પીળું. Yellowish; pale. *n.* એક જાતનું ઝાડ. A kind of a tree.

Sallowness (સૅલોનેસ્), *n.* પિળાશ; પાહુંરંગ; ફિકાશ A quality of being sallow.

Sally (સૅલિ), *n.* મનના તુરંગ; ખ્યાલ; લહેર. A fancy; a caprice; a whim. **2.** કુદકો; છલંગ. A spring; a bound. *vi. pr. p.* **Sallying.** *imp.* & *p. p.* **Sallied.** કુદકો મારવો; ધસી આવવું; સામા આવવું. To jump; to rush. **2.** બહાર નીકળી આવવું; નિકળવું. To issue forth. **3.** ઘેરો ઘલનારાઓના ઉપર તૂટી પડવું. To attack the besiegers.

Salmon (સૅમન્), *n.* એક જાતની મોટી ભુરા રંગની માછલી. A kind of fish.

Saloon (સૅલૂન્), *n.* સુંદર દીવાનખાનું; રંગમહેલ; સુંદર ઓરડો; રેલ્વે ગાડીમાં સુશોભિત ડબો. A fine and well decorated room; a large public elegant room.

Salt (સૉલ્ટ્), *n.* મીઠું; ખાર; લવણ; નિમક. Chloride of sodium. **2.** સ્વાદ; લહેજત; રસ. Flavour; taste. **3.** દમ; કસ; રસ; ઉત્સાહ. Piquancy; vigour. *vt.* મીઠું નાંખવું; મીઠાથી આથવું. To season with salt; to make saltish.

Salter (સૉલ્ટર્), *n.* મીઠું પાનાર; મીઠાનો વેપારી; અગરીઓ; મીઠું બનાવનાર. One, who prepares or sells salt.

Saltern (સૉલ્ટર્ન્), *n.* મીઠું બનાવવાની જગ્યા; અગર. A place, where salt is prepared.

Saltish (સૉલ્ટિશ્), *a.* ખારૂં; ખારાશઉપર. Slightly salt.

Saltishness (સૉલ્ટિશનેસ્), *n.* ખારાશનો ગુણ હોવો તે; ખારાશ ઉપર હોવું તે. A state of being saltish.

Saltpetre (સૉલ્ટ્પીટર્), *n.* સુરોખાર. Potassium nitrate.

Salubrious (સૅલ્યૂબ્રિઅસ્), *a.* તંદુરસ્તી વધારનાર; નિરોગી; આરોગ્યવર્ધક; સુખકારક. Favourable to health; wholesome; healthy

Salubriousness (સૅલ્યૂબ્રિઅસનેસ્), *n.* શરીરને ગુણકારીપણું; નિરોગીપણું; તંદુરસ્તીને પુષ્ટિ આપે તેવો ગુણ. A state of being salubrious.

Salutary (સૅલ્યૂટૅરિ), *a.* નિરોગી; સુખકારી; ગુણકારી; હિતકારક. Tending to heatlh; promoting health; beneficial.

Salutation (સૅલ્યૂટેશન), *n.* સલામ; પ્રણામ; નમન; નમસ્કાર; સાહેબજી. An act of saluting.

Salute (સૅલ્યૂટ્), *n.* નમસ્કાર; પ્રણામ; વંદન. An expression of good wishes or welfare. **2.** અભિવંદન; પ્રણામ; ચુંબન; બોકી. A token or sign of reverence and good feelings; a sign of respect. *vt. pr. p.* **Saluting.** *imp.* & *p. p.* **Saluted.** ખુશાલી પુછવી; નમસ્કાર કરવા; પ્રણામ કરવા; વંદન કરવા. To give a sign of good will; to bow as a token of respect. **2.** હથિયારથી અથવા તોપથી માન આપવું. To honour by a discharge of gun or arms.

Salvage (સૅલ્વેજ્), *n.* દરિયામાં ડુબતા માણસ અથવા માલ બચાવનારને અપાયેલું ઇનામ. A reward granted to one, for saving a man or cargo from peril.

Salvation (સાલ્વેશન્), *n.* મુક્તિ; મોક્ષ; ઉદ્ધાર; સદ્ગતિ. An act of redeeming of sin, etc.; an absolution; a state of getting everlasting happiness. **2.** રક્ષણ; બચાવ. A defence; a protection.

Salve (સાલ્વ્, સાવ્), *n.* મલમ; લેપ; અંજન; વારણ; નિવારક; ઉતાર; ઇલાજ. An ointment; a remedy; a substance to be applied to wounds. *vt.* લેપ કરવો; મલમપટી કરવી. To apply ointment. **2.** ઇલાજ લેવો; વારણ કરવું. To take some remedy.

Salver (સૅલ્વર્), *n.* થાળ; તબક; કથરોટ; છાછર. A tray. **2.** લેપ કરનાર; મલમપટી કરનાર. One, who salves.

Salvo (સૅલ્વો), *n.* અપવાદ; નિયમ; શરત; બહાનું. An exception; a pretext; an outward reason. **2.** બંદુક અથવા તોપોનો અવાજ. A volley of the firing of gun.

Same (સેમ્), *a.* એજ; તેનું તે; એકજ; એકસરખુંજ; સમાન. Similar; identical.

Sameness (સેમ્નેસ્), *n.* એકજપણું; સરખાપણું; સમાનતા; સમભાવ. A quality of being the same; similarity.

Samphire (સૅમ્ફાઈર્), *n.* દરીઆની હદવેલ. A kind of plant, whose leaves are used in salads.

Sample (સૅમ્પલ્), *n.* નમૂનો; વાનગી; ઉદાહરણ; દાખલો. A specimen; a pattern; an example. *vt.* નમૂનો લેવો; વાનગી સરખાવવી. To take a specimen; to compare a pattern.

Sampler (સૅમ્પ્લર્), *n.* નમૂના બતાવનાર; નમુના કાઢનાર–ઓળખાવનાર. One, who samples.

Sanative (સૅનૅટિવ્), *a.* રોગ મટાડે તેવું; તંદુરસ્તી વધારે તેવું; આરોગ્યવર્ધક; રોગનાશક. Healing; conducive to health.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Sanatory (સૅનૅટારિ), *a.* Same as, **Sanative.**

Sanctification (સૅન્ક્ટિફિકેશન્), *n.* પવિત્ર બનાવવું તે; પ્રાયશ્ચિત; પાપમુક્તિ. An act of making holy; a state of being sanctified.

Sanctifier (સૅન્ક્ટિફાઈઅર્), *n.* પવિત્ર બનાવનાર; પ્રાયશ્ચિત કરાવનાર; પાપહારી. One, who sanctifies.

Sanctify (સૅન્ક્ટિફાઇ), *vt. pr. p.* **Sanctifying.** *imp. & p. p.* **Sanctified.** પવિત્ર કરવું–બનાવવું; વિધિ સંસ્કારથી પાપમુક્ત કરવું. To make sacred or holy; to purify from sins.

Sanctimonious (સૅન્ક્ટિમોનિઅસ્), *a.* પાક ભક્તિનો ડોળ ઘાલનાર; દંભી; ઢોંગી; કપટ કરીને પવિત્રતાને નામે બીજાને છેતરનાર. Making a show of purity; pretending saintliness.

Sanction (સૅન્ક્શન્), *n.* રજા; મંજુરી; પરવાનગી; બહાલી. A permission; a confirmation. *vt.* રજા આપવી; મંજુર કરવું; અનુમોદન આપવું. To permit; to grant; to confirm.

Sanctity (સૅન્ક્ટિટિ), *n.* પવિત્રતા; અંતઃશુદ્ધિ; સાધુવૃત્તિ; નિર્મલતા. Holiness; purity of heart; saintlike qualities. [**Sanctity.**

Sanctitude (સૅન્ક્ટિટ્યૂડ્), *n.* Same as,

Sanctuary (સૅન્ક્ટ્યૂઍરિ), *n.* દેવમંદિર; દેવાલય; પવિત્ર શરણભૂમિ; પૂજાગૃહ. A sacred place; a holy place; a temple; a church. **2.** આશ્રયસ્થાન; નિર્ભયસ્થાન; શરણ; આશ્રય. An asylum; a place of resort; a shelter.

Sanctum (સૅન્ક્ટમ્), *n.* પવિત્ર જગ્યા; સ્થાન; એકાંત સ્થળ. A holy place; a lonely and a holy place; a retreat.

Sand (સૅન્ડ્), *n.* રેતી; વેળુ; વાલુકા. Powdery particles of stone. **2.** *pl.* રણ; રેતીનું મેદાન. A desert; a sandy plain. *vt.* રેતી પાથરવી; –ના ઉપર રેતી નાંખવી; રેતી ઉપર હાંકવું. To spread sand on; to drive on a sandy path. **Sand-box,** *n.* રજદાની; રેતીયું. **Sand-glass,** *n.* ઘડિયાળની શીશી.

Sandal (સૅન્ડૅલ્), *n.* ચંપલ; પાવડી; પાદુકા. A pair of wooden shoes. **2.** સુખડ. Sandalwood.

Sandalwood (સૅન્ડૅલઉવૂડ્), *n.* સુખડ; સુખડનું લાકડું. A highly perfumed tree.

Sand-wich (સૅન્ડ્ઉવિચ્), *n.* માખણ ચોપડેલી રોટલીના બે કટકાની વચ્ચે મીઠું દીધેલો માંસનો કકડો. Two thin slices of bread. **Sand-wich-man,** *n.* જાહેરખબરનાં બે પાટીઆં (એક આગળ અને એક પાછળ) લઇ જનાર માણસ.

Sandy (સૅન્ડિ), *a.* રેતાળ; રેતીનું; રેતીમય. Containing or formed of sand. **2.** રેતીને મળતું; રેતી જેવું. Resembling sand.

Sane (સેન્), *a.* સાવધ; ચતુર; હોંશિયાર; મગજ ઠેકાણે હોય તેવું. Cautious; wise; having rationalism; mentally sound.

Saneness (સેન્નેસ્), *n.* સાવધપણું; હોંશિયારી; માનસિક સ્થિરતા. A state of being sane; a mental steadiness; a rationality.

Sanguiferous (સૅન્ગ્વિફરસ્), *a.* રક્તવાહિન; લોહી લઇ જનારૂં. Producing or carrying blood.

Sanguify (સૅન્ગ્વિફાઈ), *vt.* લોહી પેદા કરવું; લોહી રક્તવાહિનીમાં લઇ જવું. To produce blood.

Sanguinary (સૅન્ગ્વિનૅરિ), *a.* લોહી લુહાણ; ખુની; લોહી તરસ્યું; ઘાતકી; હિંસક. Bloody; murderous; cruel. **2.** લોહીવાળું; રક્તમય. Containing blood; full of blood.

Sanguine (સૅન્ગ્વિન્), *a.* લોહીના રંગ જેવું; લાલ; રાતું. Containing or resembling blood-like colour. **2.** હોંસિલું; ઉમંગી; ઉત્સુક. Warm; eager; desirous. *n.* લોહી જેવો રંગ; રાતો રંગ; રાતા રંગની કંઇપણ ચીજ. Bloodlike colour; red colour; anything of red colour.

Sanguineous (સૅન્ગ્વિનીઅસ્), *a.* ઘણા લોહીવાળું; લોહીથી ભરપૂર; લોહીના જેવા રંગવાળું. Abounding in blood; having the blood-like colour.

Sanguineness (સૅન્ગ્વિન્નેસ્), *n.* લોહીવાળું અથવા લોહીવાળા રાતા રંગનું હોવું તે. A state of being sanguine.

Sanhedrim (સૅન્હેડ્રિમ્), *n.* યાહુદી લોકની મોટી ધર્મ સભા. The great council of the jews.

Sanies (સૅનિઝ્), *n.* ગુમડા ઉપરની રસી; ઝરતી રસી. A thin pus or fluid on an ulcer.

Sanitarium, Sanatorium (સૅનિટૅરિઅમ્, સૅનૅટોરીઅમ્), *n.* આરોગ્યવર્ધક સ્થળ; સારા હવા પાણીવાળું સ્થળ. A healthy place; a health-giving retreat.

Sanitary (સૅનિટૅરિ), *a.* આરોગ્ય રાખે તેવું; તંદુરસ્તકર; આરોગ્ય રક્ષક. Preserving health; tending to secure health; hygenic.

Sanitation (સૅનિટેશન્), *n.* આરોગ્યની જાળવણી અથવા સાચવટ; આરોગ્ય વ્યવસ્થા. An act of preserving health; hygiene.

Sanity (સૅનિટિ), *n.* Same as, **Saneness.**

Sap (સૅપ્), *n.* ઝાડનો રસ; પાણી; સત્વ. The juice of a tree; the vital essence. **2.** (*fig.*) ઉત્સાહી પુરૂષ; ખંતીલો આદમી. A studious person. *vt. vi. pr. p.* **Sapping.** *imp. & p. p.* **Sapped.** પાયો ખોદી કાઢવો; જડમૂળથી ઉખેડી નાંખવો; નાશ કરવો. To undermine; to destroy from the root. **2.** સુરંગ ખોદવી-ફોડવી. To pierce with saps.

Sapless (સૅપ્લેસ્), *a.* પાણી વિનાનું; સત્વવિનાનું; નીરસ. Devoid of juice; deprived of vitality.

Sapling (સૅપ્લિન્ગ્), *n.* રોપો; રસથી ભરેલો તાજો છોડવો–નાનું ઝાડ. A plant or young tree

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

full of sap. [who saps.

Sapper (સૅપર્), *n.* ખોદનાર; સુરંગ ફોડનાર. One,

Sapid (સૅપિડ્), *a.* સ્વાદિષ્ટ; સુરસ; મિષ્ટ સ્વાદવાળું. Having relish; savoury.

Sapidity (સૅપિડિટિ), *n.* સ્વાદ; મીઠો સ્વાદ; લહેજત. A state of being sapid.

Sapidness(સૅપિડ્નેસ્), *n.* Same as, **Sapidity.**

Sapience (સૅપિએન્સ્), *n.* અક્કલ; ડહાપણ; ચતુરાઈ. Sense; wisdom; intelligence.

Sapient (સૅપિએન્ટ્), *a.* ડાહ્યો; શાણો; ચતુર; વિવેકી. Wise; sagacious; modest.

Sapiently (સૅપિએન્ટ્લિ), *ad.* ડહાપણથી; વિવેકપૂર્વક; ચતુરાઇથી. Wisely; thoughtfully.

Saponacious (સૅપોનેશસ્), *a.* સાબુવાળું; સાબુ જેવું; ચિકણું. Soapy; resembling soap.

Sapor (સૅપર્), *n.* લેહેજત; સ્વાદ; ખાવાપીવામાં મિઠાશ. Flavour; taste.

Sapphire (સૅફ્ફાઈર્), *n.* નીલમ; નીલમણી; લીલમ. A kind of precious stone. **2.** પ્રકાશિત; વાદળી રંગ. The bright blue colour. *a.* લીલમના જેવું; નીલમનું. Of or pertaining to sapphire.

Saracen (સૅરસેન્), *n.* આરબ; અરબસ્તાનની બાજુનો કોઇપણ આરબ મુસલમાન. An Arab.

Sarcasm (સાર્કૅઝ્), *n.* મેહેણું; આક્ષેપ; ટપ્પો; કડવું વચન; મર્મ વચન. A taunt; a reproach; a cutting jest.

Sarcastic,-al (સાર્કૅસ્ટિક્,-કલ), *a.* મેહેણાવાળું; તીક્ષ્ણ; મર્મવાળું; હૃદયભેદક; તીવ્ર. Taunting; severe; piercing the heart; bitter.

Sarcastically (સાર્કૅસ્ટિકૅલ્લિ), *ad.* તીક્ષ્ણ રીતે; મેહેણું મારીને; હૃદયભેદક સ્થિતિમાં; તીવ્રતાથી. In a sarcastic way or manner.

Sarcenet (સાર્સેનેટ્), *n.* એક જાતનું ઝીણું રેશમી કપડું. A kind of fine silken fabric.

Sarcophagous (સૅર્કૉફૅગસ્), *a.* માંસ ખાનારું; માંસ ભક્ષી. Flesh-eating; carnivorous.

Sardine (સાર્ડાઈન્), *n.* (ભુમધ્ય સમુદ્રમાં) જોવામાં આવતી એક પ્રકારની માછલી. A kind of fish; a herring.

Sardonic (સાર્ડૉનિક્), *a.* ઉપર ઉપરનું; ખાલી; બળાત્કારનું; દેખાવા પૂરતું. Outward; seeming; unreal; insincere.

Sardonyx (સાર્ડૉનિક્સ્), *n.* પોખરાજ; ગોમેદ. A kind of precious stone.

Sarsaparilla (સાર્સૅપૅરિલ્લે), *n.* 'સાર્સાપરિલા', નામનો અમેરિકામાં ઉગતો છોડ. A kind of medicinal plant growing in America.

Sash (સૅશ્), *n.* સુશોભિતપટો; કમરપટો; કમરબંધ; શેલું. A belt; a girdle. *vt.* કમરબંધ પહેરવો-પહેરાવવો; સેલું પહેરાવવું. To dress with a sash.

Satan (સૅટન્), *n.* સેતાન; ઇબ્લીસ. A chief of the demons. **2.** (*fig.*) દુષ્ટ અને ઘાતકી પુરૂષ. A very wicked fellow.

Satanic (સૅટૅનિક્), *a.* સેતાનનું; પાપી વિચારવાળું; સેતાન જેવું. Of or pertaining to satan; wicked.

Satchel (સૅચેલ્), *n.* નાની કોથળી; જોસ્તાન; તોસ્દાન. A small bag; a hand-bag for carrying books, etc.

Sate (સેટ્), *vt.* તૃપ્ત કરવું; ભરપૂર ભરવું; સંતુષ્ટ કરવું. To satisfy; to satiate; to satisfy the appetite of.

Satellite (સૅટેલાઇટ્) *n.* ખુશામતિયું માણસ; ખુશામતખોર પુરૂષ. An obsequious dependant; a sevile follower. **2.** ઉપગ્રહ. A secondary planet; a small planet.

Satiate (સેશિએટ્), *vt. pr. p.* **Satiating.** *imp. & p. p.* **Satiated.** સંતુષ્ટ કરવું; તૃપ્ત કરવું; અતિ તૃપ્તિ કરવી. To satisfy to excess; to satisfy the desire of. *a.* સંતુષ્ટ; તૃપ્ત; ધરાયેલું. Satisfied; well-contented.

Satiable (સેશિએબલ્), *a.* તૃપ્ત થઈ શકે તેવું; ધરાઇ જાય તેવું. Capable of being satiated.

Satiety (સૅટાઇએટિ), *n.* અતિતૃપ્તિ; મન ધરાઇ જવું તે; સંતોષ; પૂર્ણ કામના. Fullness of satisfaction; gratification.

Satin (સૅટિન્), *n.* અંતલસ; જાડું રેશમી કપડું; 'સાટિન'. A kind of thick silken fabric, with a glossy surface.

Satire (સૅટાઈર્), *n.* દુરાચરણ; ઉપહાસક કવિતા; સખ્ત ટીકા. An invective poem; a severe remark; a sarcasm.

Satiric,-al (સૅટિરિક્,-કૅલ્), *a.* ઉપહાસક; નિંદાત્મક; આક્ષેપવાળું; ટીકાથી જોડાએલું; ઝાટકણી કાઢે તેવું. Containing or full of satires; severe in language.

Satirically (સૅટિરિકૅલ્લિ), *ad.* નિંદાત્મક રીતે; ઉપહાસ્યથી ભરપૂર; કઠોર રીતે. In a satirical manner.

Satirist (સૅટિરિસ્ટ્), *n.* ઉપહાસ કાવ્ય લેખક. One, who writes a satire.

Satirize (સૅટિરાઇઝ્), *vt. pr. p.* **Satirizing.** *imp. & p. p.* **Satirized.** ટીકા રૂપે લખાણ કરવું; નિંદક કવિતા લખવી; સખ્ત ટીકા કરવી; ઝાટકણી કરવી. To censure with satires; to write in a way to find fault with.

Satisfaction (સૅટિસ્ફૅક્શન્), *n.* સંતોષ; ખાત્રી; પતીજ; તૃપ્તિ; ઇચ્છા-શાંતિ. A contentment; a gratification; an act of satisfying.

Satisfactorily (સૅટિસ્ફૅક્ટૉરિલિ), *ad.* સંતોષકારક રીતે; તૃપ્ત થવાય તેવી રીતે; મન માને તેવી રીતે In a satisfactory way or manner.

Satisfactory (સૅટિસ્ફૅક્ટૉરિ), *a.* સંતોષકારક; મન માનતું; મનને તૃપ્ત કરે તેવું. Causing satis-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

faction; favourable to one's mind.

Satisfy (સૅટિસ્ફાઇ), *vt. vi. pr. p.* **Satisfying.** *imp. & p. p.* **Satisfied.** સંતુષ્ટ કરવું; તૃપ્ત કરવું; સંતોષ પામવો. To gratify; to content. **2.** નું સમાધાન કરવું; પતાવવું; ચુકવવું. To pay what is due; to reconcile.

Satrap (સૅટ્રૅપ), *n.* સુબો; છત્રપતિ; નવાબ. The governor of a province.

Saturation (સૅટ્યૂરેશન્), *n.* ભિંજવીને તદ્દબોળ કરવું તે; ભિંજવવું તે; કાઢવવું તે. An act of saturating; a state of being saturated.

Saturate (સૅટ્યૂરેટ), *vt. pr. p.* **Saturating.** *imp. & p. p.* **Saturated.** સારી પેઠે પલાળવું; ભિંજવવું; ભેજવાળું બનાવવું; પાણી પાઇને તૃપ્ત કરવું. To cause to be impregnated; to make full of moisture; to fill fully.

Saturn (સૅટર્ન), *n.* શનિ; શનિદેવ; પ્રાચિન રોમન લોકનો દેવ. One of the planets of the solar system, far remote from the sun.

Saturday (સૅટર્ડે), *n.* શનિવાર; શનિશ્ચર. One of the week-days.

Saturnalia (સૅટર્નૅલિઅ), *n.* પ્રાચિન રોમન લોકોનો હોળીના જેવો બિભત્સ તહેવાર-પર્વ. The festival period of the ancient Romans. **2.** (*fig.*) મોજમઝાહનો સમય; વિષયાસક્તિ તૃપ્ત કરવાનો સમય. A period of enjoyment or indulgence.

Saturnian (સૅટર્નિઅન્), *a.* શનિદેવનું; શનિને લગતું. Pertaining to Saturn. **2.** સત્યયુગનું; સત્યુગ જેવું. Belonging to the golden age.

Saturnine (સૅટર્નાઇન્), *a.* શનિની દશાગ્રસ્ત. Influenced by the planet Saturn. **2.** ધીમું; મંદ; ગંભીર; ભારે. Slow; serious; gloomy; heavy.

Satyr (સૅટર્), *n.* એક કલ્પિત વનદેવતા. An imaginary sylvan deity. **2.** એક પ્રકારનું પતંગીઉ. A kind of butterfly.

Sauce (સૉસ્), *n.* ચટણી; રાયતું; અથાણું. A condiment, used at table for whetting appetite. *vt.* લહેજતદાર કરવું; તીખું અને સ્વાદિષ્ટ કરવું. To supply with appetite-increasing condiments; to make tasty. **2.** ઉદ્ધતાઈથી વર્તવું; બેશરમા બનવું. To be impudent.

Sauce-pan (સૉસ્-પૅન્), *n.* નાની કઢાઇ; તપેલી. A small pan, having a handle.

Saucer (સૉસર), *n.* રકાબી; તાસક; તબકડી; થાળી. A small flat vessel; a dish.

Sauciness (સૉસિનેસ્), *n.* ઉદ્ધતાઇ; બેશરમીપણું; નિર્લજ્જતા. Insolence; impudence; wildness.

Saucy (સૉસિ), *a.* ઉદ્ધત; અમર્યાદ; બેઅદબ; ફાટેલ મગજનો; નિર્લજ્જ. Insolent; impudent; wild; haughty.

Saunter (સॉન્ટર), *vi. pr. p.* **Sauntering.** *imp. & p. p.* **Sauntered.** રખડવું; નકામું ફરવું; રઝળવું; કાર્ય વિના આથડવું. To wander; to loiter; to walk about idly. *n.* આથડવું અથવા રખડવાની જગ્યા. A place for wandering.

Saunterer (સॉન્ટરર), *n.* રખડનાર; આથડનાર; રઝળનાર. One, who saunters; a wanderer.

Sauntering (સॉન્ટરિન્ગ્), *n.* રખડપટ્ટી; આથડવું તે; આમતેમ રઝળવું તે. A wandering; a rambling.

Sausage (સૉસેજ્), *n.* ઘુંટીને તેમાં ઘણા મસાલા નાંખીને જનાવરની કોથળીમાં ભરેલું માંસ. An article of food, consisting of chopped meat.

Savage (સૅવેજ્), *a.* જંગલી; બેઅદબી; ઘાતકી; નિર્દય; રાની. Untrained; wild; cruel; merciless; fierce. *n.* જંગલી પુરૂષ; નિર્દય આદમી; રાક્ષસ; નરાધમ. A wild person; a cruel person; a brute.

Savagely (સૅવેજ્લિ), *ad.* નિર્દયપણે; ઘાતકીપણે; ક્રૂરતાથી. In a savage way; cruelly.

Savageness (સૅવેજ્નેસ્), *n.* જંગલી આચરણ; નિર્દયતા; ક્રૂરતા; ઘાતકીપણું. A wild behaviour; cruelty.

Savanna,-h (સૅવન્ન), *n.* ઝાડસિવાયનું ઘાસવાળું મેદાન. A meadow in a tropical region.

Savant (સૅવાન્), *n.* વિદ્વાન પુરૂષ; પંડિત. A man of learning and knowledge.

Save (સેવ્), *vt. vi. pr. p.* **Saving.** *imp. & p. p.* **Saved.** બચાવવું; રક્ષણ કરવું; તારણ કરવું; ઉગારવું. To protect; to defend; to rescue. **2.** ઉગારવું; સંગ્રહ કરવો; સાચવવું. To lay; to reserve; to collect; to preserve. *prep. con.* સિવાય; વિના; વગર. Except; without; excluding.

Saving (સેવિન્ગ્), *a.* કરકસરિયું; સંઘરો કરનાર; અલ્પ વ્યય કરનાર. Frugal; sparing; economic. *n.* સંઘરો; સંચય; રક્ષણ; ફાજલ રકમ. What has been saved economically; something or amount hoarded. **2.** અપવાદ; નિયમ. An exception. **Savings-bank,** *n.* નાણાં જમે કરનારી પેઢી.

Saviour (સેવિઅર્), *n.* બચાવનાર; ઉદ્ધારક; રક્ષણ કરનાર; તારક; માણસને મોક્ષ આપનાર. One, who delivers or saves from destruction; a redeemer.

Savor, Savour (સેવર), *n.* સ્વાદ; રૂચિ; ગંધ; પરિમળ. A taste; an odour; a flavour. **2.** સુંઘવાની શક્તિ. The smelling power. *vt. vi.* ચાખવું; રૂચિ થવી. To relish; to have an appetite. **2.** ગુણ હોવો; અસર હોવી; વાસ છે તેમ દેખાવું. To have a smell or taste.

Savoury (સેવરિ), *a.* સ્વાદિષ્ટ; લહેજતદાર; સુગંધી-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાર; ખાવાની રૂચિ ઉપજાવે તેવું. Pleasing to the organs of taste and smell.

Saw (સો), *n.* કરવત; આરી. An instrument of metal, used in cutting wood, etc. **2.** કહેવત; કહેણી. A saying; a proverb. **3.** આજ્ઞા; હુકમ. An order; a command. *vt. vi.* વહેરવું; આરીવતી કાપવું. To form by cutting with a saw. **2.** વહેરણીઆનું કામ કરવું. To practise sawing. **Saw-dust,** *n.* લાકડાનો વહેર; વ્હેર. **Saw-mill,** લાકડાં વહેરવાનું કારખાનું.

Sawyer (સૉયર્), *n.* લાકડાં વેરનાર; કરાઇ;વેરણીઓ. One, who saws.

Say (સે), *vt. vi. pr. p.* **Saying.** *imp.* & *p. p.* **Said.** બોલવું; કહેવું; જવાબ દેવો; કહી જવું; ભાખવું; કથન કરવું. To speak; to tell; to utter. *n.* ભાષણ કહેવાનું હોય તે; વચન; કથન. An expression of words; a speech; an utterance. **2.** પ્રયત્ન; યત્ન; અજમાયશ. An attempt; an effort. **3.** એક જાતનું રેશમી કાપડ. A kind of silken fabric.

Saying (સેઈન્ગ્), *n.* કહાણી; કહેવત; વચન; વાત. A proverb; an aphorism.

Scab (સ્કૅબ્), *n.* જખમ અથવા ગુમડા ઉપર વળેલી ચામડી. A kind of crust formed on a wound or a boil. **2.** ઘેટામાં થતો એક જાતનો રોગ. A disease of sheep.

Scabbard (સ્કૅબર્ડ્), *n.* તરવારનું મ્યાન; ઘર;મેણ. The covering of a sword, the speath of any weapon. *vt.* મ્યાનમાં ઘાલવું; મ્યાનમાં રાખવું. To put in a scabbard.

Scaffold (સ્કૅફૉલ્ડ્), *n.* પાલખ. A temporary structure of timber, used for various purposes. **2.** ફાંસી દેવા ગોઠવેલો માંચડો. An elevated platform meant for an execution. *nt.* પાલખ બંધાવવી. To raise a scaffold.

Scaffolding (સ્કૅફૉલ્ડિન્ગ્), *n.* પાલખ; પાલખનાં લાકડાં. A temporary structure of timber for supporting workmen, engaged on a building.

Scald (સ્કૉલ્ડ્), *n.* ગરમ પાણીનો ચટકો; દાઝ; પોપડો. An injury to the skin, by some hot water. *a.* ભીંગડાવાળું; પોપડાવાળું. Affected with the scald. *vt.* ઉના પાણીથી અથવા બીજા પ્રવાહી પદાર્થથી દઝાડવું-બાળવું.To burn with hot liquid.

Scale (સ્કેલ્), *n.* ત્રાજવું; ત્રાજવાનું પલ્લું; કાંટો; તુલા. A balance; the dish of a balance. **2.** *pl.* તુલારાશી. The sign Libra. **3.** ક્રમ; માપક. A standard; a standard of weight or measurement. **4.** ભીંગડું; ભીંગડાવાળો ભાગ. A thin plate, protecting the skin. **5.** શ્રેણી; ક્રમ; પંક્તિ. A grade; a progressive series. *vt. vi. pr. p.* **Scaling.** *imp.* & *p. p.* **Scaled.** માપવું; જોખવું; પ્રમાણસર આપવું; તોળવું. To measure; to weigh. **2.** ભીંગડું કાઢી નાંખવું; ચામડી ઉપરનું ફોતરૂં કાઢી નાંખવું. To take off the thin plates on the skin. **3.** જૂદું કરવું; કાઢી મૂકવું. To separate; to take apart. **4.** નિસરણી મૂકીને ચઢવું-ઉપર જવું. To climb by a ladder.

Scalene (સ્કૅલીન્), *a.* વિષમ કોણવાળું; વિષમ બાજુવાળો (ત્રીકોણ). Having the angles unequal; having the sides unequal. *n.* વિષમ કોણ ત્રિકોણ. A scalene triangle.

Scall (સ્કૉલ્), *n.* દાગ; પોપડો. A scab. *a.* પોપડાવાળું; દાગવાળું; ખુજલીવાળું. Scabby; covered with scall.

Scallop (સ્કૅલૉપ્), *n.* એક પ્રકારની માછલી. A kind of marine fish. *vt.* કોર કાપીને ગોળ કાંગરા પાડવા. To cut the border into segments of circles.

Scalp (સ્કૅલ્પ્), *vt.* માથા ઉપરની ચામડી ઉખેડી નાંખવી; ખાલ ઉતારવી. To deprive of the skin of the head. *n.* માથાની ચામડી-ખાલ. The skin of the head.

Scaly (સ્કૅલિ), *a.* ભિંગડાવાળું; છારીવાળું; પોપડાથી ભરપૂર. Covered with scales.

Scamp (સ્કૅમ્પ્), *n.* ધુતારો; લુચ્ચો; ઠગ; હરામી; બદમાસ. A cunning fellow; rogue; a rascal. *vt.* ઉપરચોંટિયું અને તે પણ અપ્રમાણિકપણે કરવું.To carry a work superfluously and dishonestly.

Scamper (સ્કૅમ્પર્), *vi.* નાસી જવું; સટકી જવું; દોડી જવું; પલાયન કરી જવું. To run away; to hasten away. *n.* નાશી જવું તે; પલાયન. A quick flight; an act of running away.

Scan (સ્કૅન્), *vt. pr. p.* **Scanning.** *imp.* & *p. p.* **Scanned.** બારીકાઇથી તપાસવું;નિરીક્ષણ કરવું; ધ્યાનપૂર્વક જોવું. To see carefully; to observe; to look at mindfully. **2.** ક્રમે ક્રમે ઉપર ચઢવું-જવું. To mount by steps. **3.** માત્રા ગણવી. To think of metre in poetry.

Scandal (સ્કૅન્ડલ્), *n.* નિંદા; અપવાદ; આળ; આરોપ; બદનામી; કલંક. A censure; a disgrace; a stigma; a public reproach; a slandering. *vt.* બદનામી કરવી; અપકીર્તિ કરવી; આરોપ મૂકવો. To slander; to reproach.

Scandalize (સ્કૅન્ડલાઇઝ્),*vt. pr. p.* **Scandalizing.** *imp.* & *p. p.* **Scandalized.** આળ મૂકવું; ખોટી રીતે કલંકિત કરવું; આબરૂ લેવી; બદનક્ષી કરવી. To slander; to reproach openly; to give an offence to.

Scandalous (સ્કૅન્ડલસ્), *a.* કલંકિત; દૂષણિય; અયોગ્ય; નાલાસી ભરેલું; નીચું ઘાલવા જેવું. Bringing shame or infamy; disgraceful. **2.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદનક્ષીવાળું; નિંદાત્મક. Libellous; slandering.

Scansion (સ્કૅન્શન્), *n.* માત્રા, ગણ, વિ૦ પાડવા તે; કવિતાને માત્રા, વિગેરેથી શણગારવી તે. An act of scanning.

Scant (સ્કૅન્ટ્), *a.* થોડું; અલ્પ; ઓછું. A little; not enough; scarce.

Scanty (સ્કૅન્ટિ), *a.* ઓછું; અલ્પ; સાંકડું; અપૂર્ણ. Wanting; very little; not ample. **2.** કંજુસ; ઓછું વાપરે તેવું. Miserly; niggardly.

Scape-grace (સ્કેપ્-ગ્રેસ્), *n.* ઢંગધડા વગરનો માણસ; ઢચુપચુ મનનો પુરૂષ; બ્હીકણ સ્વભાવવાળો પુરૂષ. A person, without any principle; a person of wavering mind.

Scar (સ્કાર્), *n.* ડાઘો; ચાંદું; ચાઠું. A mark in the skin of a fruit or an animal. **2.** કલંક; ડાઘ; દૂષણ; એબ. A stain; a stigma.

Scaramouch (સ્કૅરમાઉચ્), *n.* ભાંડ; વિદુષક; રંગલો. A buffoon; a light-hearted fellow.

Scarce (સ્કૅર્સ્), *a.* કમી; થોડું; તાણવાળું; ભીડવાળું; દુર્લભ. Not plentiful; having some want; rare; uncommon. **2.** કંજુસ; કરકસરિયું Miserly; frugal. *ad.* દુર્લભ રીતે; ભાગ્યેજ; પરાણે. In a scarce way; hardly; frugally.

Scarcely (સ્કૅર્સ્લિ), *ad.* ભાગ્યેજ; મુશ્કેલીથી; મુશીબતથી; શ્રમપૂર્વક. Hardly; barely; with difficulty.

Scarceness (સ્કૅર્સ્નેસ્), *n.* અછત; તંગી; ખોટ; તાણ; ઓછાપણું. A state of being scarce; rarity; a short supply; a want.

Scarcity (સ્કૅર્સિટિ), *n.* Same as, **Scarceness.**

Scare (સ્કેર્), *vt. pr. p.* **Scaring**, *imp.* & *p. p.* **Scared.** ભડકાવવું; બીવરાવવું; ચમકાવવું; ત્રાસ પમાડવો. To frighten; to strike with fear; to terrify.

Scare-crow (સ્કેર્-ક્રો), *n.* અનાજ, વિગેરેના ખેતરમાં પક્ષીઓ ચમકાવીને નસાડવા સારૂ ઉભો કરેલો ચાડીઓ. A structure raised in a field to make the birds, etc. run away with fear.

Scarf (સ્કાર્ફ્), *n. pl.* **Scarfs.** પીછોડી; ખેસ; ઉપરણો; અંગવસ્ત્ર. A light shawl; an upper covering. *vt.* ખેસ ઓઢવો; ઉપરણાથી ઢાંકવું. To cover with a scarf.

Scarify (સ્કૅરિફાઈ), *vt.* લોહી કાઢવા સારૂ નસ્તર વાપરવું; નસ્તર મુકવું. To operate with a lancet. **2.** ખેતર ખેડવું. To plough a field.

Scarlet (સ્કાર્લેટ્), *n.* કિરમજી રંગ; લાલચટક રંગ; લાલચોળ રંગ. A deep-red colour; a bright red colour. *a.* કિરમજી રંગનું; લાલચોળ રંગવાળું. Of scarlet colour.

Scarp (સ્કાર્પ્), *n.* ઉભો ઢોળાવ; સીધો ઢોળાવ. A steep descent; a declivity. *vt.* સીધો ઢોળાવ કરવો. To cut down in a straight way.

Scathe (સ્કેથ્), *n.* નુકશાન; ઈજા; હાની. A harm; an injury; a hurt. *vt.* નુકશાન કરવું; ઈજા કરવી; ઘા મારવો-કરવો. To injure; to hurt.

Scatheful (સ્કેથ્ફુલ), *a.* નુકશાનકારક; હાનીકારક; ઇજા પમાડે તેવું. Harmful; causing damage.

Scatheless (સ્કેથ્લેસ્), *a.* નુકશાન સિવાયનું; અણિશુદ્ધ; અક્ષત. Unharmed; free from a damage.

Scatter (સ્કૅટર્), *vt. vi. pr. p.* **Scattering.** *imp.* & *p. p.* **Scattered.** વેરવું; વિખેરવું; છૂટા પાડવું; અસ્તવ્યસ્ત કરવું. To sprinkle; to strew; to throw down; to disunite. **2.** વિખરાઇ જવું; વેરાઇ જવું; અસ્તવ્યસ્ત થવું. To be dispersed; to be dissipated.

Scavange (સ્કૅવેન્જ્), *vt.* પોળમાંથી અથવા શેરીમાંથી કચરો કાઢવો; ગાહું કાઢવું. To clean the streets of a city; to clear of filth.

Scavenger (સ્કૅવેન્જર્), *n.* ગાહું કાઢનાર; ઢેડીઓ; કચરો કાઢનાર; ઓળગાણો; ભંગી. A person, employed to clean the town roads, etc.

Scene (સીન્), *n. pl.* **Scenes.** નાટક અથવા રંગભૂમિ ઉપરનો દેખાવ; રંગભુમિ; પડદો. The decorations and fittings of a stage; a theatrical place or show. **2.** નાટકમાંનો પ્રવેશ. A division of an act. **3.** તમાશો; દેખાવ; રચના. A show; a spectacle; a view.

Scenery (સીનેરિ), *n.* દેખાવ; રચના; સૃષ્ટિના પદાર્થોનો સમગ્ર દેખાવ; રંગભૂમિ ઉપરની રચના-ગોઠવણી. The general appearance of a place; a dramatic show or arrangement of the scences.

Scent (સેન્ટ્), *n.* વાસ; સુગંધ; ખુશબો; પરિમળ; સુવાસ. A fragrance; an odour. **2.** સુવાસિત તેલ-પદાર્થ. An odorous oil or substance. **3.** -ના પગલે પગલે જવું તે; -ની શોધ માટે જવાનો રસ્તો. A path to be followed; a tract. *vt.* ખુશબોદાર બનાવવું; સુવાસિત કરવું. To fill with odour; to make fragrant.

Scentful (સેન્ટ્ફુલ), *a.* સુગંધીદાર; સુગંધીવાળું. Containing or having smell or odour.

Scentless (સેન્ટ્લેસ્), *a.* સુગંધરહિત; સુગંધ વિનાનું. Free from odour or smell.

Sceptic (સ્કેપ્ટિક), *a.* શંકાશીલ; વહેમી; સંદેહમાં ગુંચાએલો; અવિશ્વાસુ. Doubtful; disbelieving; doubting the faith. *n.* શંકાશીલ માણસ; અવિશ્વાસુ માણસ; નાસ્તિક પુરૂષ. A non-believer; an infidel.

Scepticism (સ્કેપ્ટિસિઝમ્), *n.* સંદેહ રાખવો તે; વહેમ; શંકાશીલ મત; સંશયવાદ. A state of being sceptic; a disbelief.

Sceptre, Scepter (સેપ્ટર), *n.* રાજદંડ; છડી; રાજ્યાધિકાર. A royal staff; a mace; a regal power.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Schedule (શેડ્યૂલ), *n.* યાદ; સામાન, વિગેરેની યાદી; નોંધ; ટાંકેલો કાગળ; દસ્તાવેજ; કાગળનું ભુંગળું. A document; a formal list; a scroll of written or printed urgent papers. *vt.* નોંધ કરવી; દસ્તાવેજમાં મૂકવું-વિંટાળવું. To place or insert in a schedule.

Scheme (સ્કીમ્), *n.* યોજના; યુક્તિ; તદબીર; રચના; મનસુબો; હિકમત; ઇલાજ. A design; a plan; a device; a project. *vt. vi. pr. p* **Scheming.** *imp. & p. p.* **Schemed.** વ્યવસ્થા કરવી; ગોઠવણી કરવી; યોજના કરવી; તદબીર અજમાવવી; ઉપાય લેવો; મનસુબો કરવો. To arrange; to manage; to plan; to design.

Schematic (સ્કીમૅટિક), *a.* યુક્તિનું, પ્રબંધને લગતું; વ્યવસ્થાનું; આલેખન વિષયક. Pertaining to a scheme; of a scheme.

Schematist (સ્કીમૅટિસ્ટ), *n.* યુક્તિ યોજનાર; પ્રબંધક; વ્યવસ્થા ગોઠવનાર. One given to forming a scheme or schemes.

Schism (સિઝમ્), *n.* જુદાઇ; ફાટ; ભેદ; તડ; શાખા. A separation; a division; a split.

Schismatic (સિઝમૅટિક), *a.* ચાલતા ધર્મથી જુદો પડેલો; ભેદ પાડનાર. Pertaining to a division in a community or religion.

Scholar (સ્કૉલર), *n.* વિદ્યાર્થી; શિષ્ય; શિષ્યવૃત્તિ મેળવનાર નિશાળીયો. A pupil; a student; a learner. **2.** વિદ્વાન; પંડિત; અભ્યાસક. A learned person; one in pursuit of knowledge.

Scholarly (સ્કૉલર્લિ), *a.* વિદ્વતા ભરેલું; પાંડિત્ય ભરેલું; વિદ્વાન. Befitting a scholar; learned; like a learned person.

Scholarship (સ્કૉલર્શિપ), *n.* શિષ્યવૃત્તિ; વિદ્યાર્થીને મળતું વેતન -મહેનતાણું; વિદ્વતા; જ્ઞાન. The character of a scholar; a learning; a knowledge.

Scholastic (સ્કૉલૅસ્ટિક), *a.* નિશાળનું; પાઠશાળા સંબંધી; વિદ્યાલયને લગતું. Pertaining to a school. **2.** વિદ્વાન અથવા સાક્ષરને લગતું; પંડિતનું. Of a learned person. **3.** અતિશય જ્ઞાનના ડોળવાળું; દોંભિક; ડોળવાળું. Pedantic; formal.

Scholasticism (સ્કૉલૅસ્ટિસિઝમ્), *n.* પાંડિત્યવાળું; હોવું તે; વિદ્વતા ધરાવવી તે. A state of being scholastic.

Scholium (સ્કોલિઅમ્), *n.* ટીકા; ખુલાસો; ભાષ્ય; ટિપ્પણ; સમજૂતિ. An explanatory hint or remark; a commentary; a marginal note.

Scholiast (સ્કોલિઍસ્ટ), *n.* ટીકાકાર; ખુલાસો કરનાર; ટિપ્પણ કરનાર. A commentator; one who annotates.

School (સ્કૂલ), *n.* શાળા; નિશાળ; પાઠશાળા; વિદ્યાભુવન. A place of education; an institution of learning. **2.** મત; શાખા; પંથ; માર્ગ. The canons; the precepts; a sect. **3.** અનુયાયિઓ; એકજ આચાર્ય અથવા ગુરૂના વિચાર માન્ય કરનારાઓ. The followers of a preceptor. *vt.* કેળવણી આપવી; નિશાળે ભણાવવા સારૂ મોકલવું. To educate at a school; to train. **School-book,** *n.* નિશાળમાં ચાલતું પુસ્તક; પાઠ્ય પુસ્તક. **School-boy,** *n.* નિશાળિયો; ભણનાર; વિદ્યાર્થી. **School-fellow,** *n.* એકજ શાળામાં સાથે અભ્યાસ કરનાર; સહાધ્યાયી. **School-mate,** *n.* સહાધ્યાયી છોકરો અથવા છોકરી. **School-master,** *n.* મહેતાજી; ગુરૂ; શિક્ષક. **School-mistress,** *n.* મહેતીજી; સ્ત્રીશિક્ષક.

Schooling (સ્કૂલિન્ગ્), *n.* શિક્ષણ; અધ્યાપન; નિશાળમાં ચાલતો અભ્યાસ. Instructions or tuition, imparted in schools. **2.** ઠપકો; દોષ. A reproof.

Schooner (સ્કૂનર્), *n.* બેડોળીવાળું વહાણ. A vessel with two masts. **2.** દારૂ પીવાનો ગ્લાસ; કાચનો પ્યાલો. A drinking cup.

Science (સાઇએન્સ), *n.* ઇલમ; શાસ્ત્ર; વિદ્યા; જ્ઞાન; વિજ્ઞાન; હુન્નર. The knowledge on any subject; a learning; any branch of knowledge or information. **2.** ચતુરાઇ; બુદ્ધિ; કળા. Art; skill.

Scient (સાઇએન્ટ), *a.* ચતુર; કુશળ; નિપૂણ. Skilful; expert.

Scientific,-al (સાઇએન્ટિફિક,-કૅલ), *a.* શાસ્ત્રાનુસારી; શાસ્ત્રના નિયમોને અનુસરતું; વિજ્ઞાનિક. Following the rules or principles of Science; pertaining to Science.

Scientifically (સાઇએન્ટિફિકૅલ્લિ), *ad.* શાસ્ત્રની પદ્ધતિએ; શાસ્ત્રાનુસાર; વૈજ્ઞાનિક દૃષ્ટિએ. In a scientific way or manner.

Scientist (સાઇએન્ટિસ્ટ), *n.* વૈજ્ઞાનિક; રસાયન શાસ્ત્રવેત્તા. One, well-versed in the knowledge of Science.

Scimitar (સિમિટર), *n.* કટાર; નાની તલવાર. A dagger; a sword with a broad blade. Also spelt as, **Scimiter.**

Scintillate (સિન્ટિલેટ), *vt.* અગ્નિની ચિણગારી કાઢવી; ઝગઝગવું; પ્રકાશવું. To emit sparks; to sparkle.

Sciolism (સાઇઑલિઝમ્), *n.* ઉપરચોંટિયું જ્ઞાન; પોપટિયું જ્ઞાન; સમજ્યા સિવાયનું જ્ઞાન. A superficial knowledge; an apparent knowledge.

Sciolist (સાઇઑલિસ્ટ), *n.* વેદીયું ઢોર; વિદ્વતાનો ઢોંગ કરનાર; ઉપરચોંટિયું જ્ઞાન ધરાવનાર. One, who pretends knowledge; a smatterer.

Scion (સાઇઑન), *n.* ઝાડ અથવા છોડની કલમ; ફણગો; અંકુર. A sprout of a plant or a tree. **2.** વારસ; વંશજ. A heir; a descendant.

Scirrhus (સ્કિર્રસ, સાઇરસ), *n.* વરસોળી; માંસમાં બંધાએલી ગાંઠ. An indurated gland.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Scirrhosis (સ્કીરોસીસ, સાઈરોસીસ) *n.* Same as, **Scirrhus.**

Scissors (સિઝર્સ), *n. pl.* કાતર; કેંચી. A cutting instrument, having two blades.

Scoff (સ્કૉફ), *vt. vi.* મશ્કરી કરવી; હાંસી કરવી; તુચ્છકારી કાઢવું; અપમાન કરવાના ઇરાદાથી હસવું. To mock at; to jest at scornfully; to laugh ridiculously. *n.* હાંસી; મશ્કરી; ઉપહાસ; તિરસ્કાર. A joke; a jest; a ridiculous treatment; a hatred.

Scold (સ્કોલ્ડ), *vt. vi.* ઠપકો દેવો; ખીજવું; ધમકાવવું; ટકટક કરવું; -ની ઝાટકણી કાઢવી. To find faults with; to chide with rudeness. *n. n.* ઠપકો દેનાર; લઢનાર; ધમકાવનાર. One, who scolds. **2.** કર્કશા; લઢવાડ કરનારી સ્ત્રી; વાતવાતમાં ધમકાવનાર સ્ત્રી. A rude woman; a noisy woman. **3.** ધમકી; લઢાઇ; ટંટો. A brawl; a scolding.

Scolder (સ્કોલ્ડર), *n.* લઢનાર; ઠપકો આપનાર; ખીજનાર; ધમકાવનાર. One, who scolds.

Scholding (સ્કોલ્ડિન્ગ), *n.* ઠપકો; ધમકી; ગાળ. A chiding; a railing.

Sconce (સ્કૉન્સ), *n.* મીણબત્તિ ઘાલવાનું બાકું-નળી. A candle-hole; a protection for a candle. **2.** બચાવ; રક્ષણ માટેનો કિલ્લો; રક્ષણાર્થે ઉપયોગમાં લેવામાં આવતી ઝુંપડી. A defence; a fortification; a hut, used as a defence. **3.** શિરસ્ત્રાણ. A helmet. **4.** માથાવેરો; એકજાતનો કર. A poll-tax. *vt.* કિલ્લામાં પુરવું; ગોંધવું; કેદ કરવું. To confine in a tower; to shut up in a fort. **2.** દંડ કરવો; નશિયત કરવી. To fine; to chastise.

Scoop (સ્કૂપ), *n.* ડોઇ; મોટો કડછો. A large ladle **2.** ઉંડો અને પહોળો પાવડો. A deep and broad shovel. **3.** ઝપાટો; સપાટો. A blow. **4.** પોલાણ; બાકું. A hollow space; a hole. *vt.* પોલાણ કરવું; ખોદી કાઢવું. To make hollow; to dig out

Scope (સ્કોપ), *n.* લક્ષ; મનસુબો; વિસ્તાર; મોકળાશ. An aim; a purpose; an extent; an extension. **2.** અવધિ; સીમા; પર્યંત. A length; a limit.

Scorbutic (સ્કૉર્બ્યૂટિક), *a.* આગરૂના રોગવાળું. [Affected with scurvy.

Scorch (સ્કૉર્ચ), *vt. vi.* શેકવું; બાળવું; દાઝવું; બાળી મૂકવું. To affect with heat; to burn; to destroy in fire. **2.** બળવું; દાઝી જવું. To be burnt.

Sever (સેવર્), *vt. vi.* કાપીને જુદા પાડવું; નોંખા કરવું; ઇલાયદું કરવું. To cut off; to divide; to separate. **2.** કપાઇને જુદું પડવું-થવું; ચિરાઇ જવું. To be separated; to ba parted.

Severable (સેવરેબલ્), *a.* જુદા પાડી શકાય તેવું; નોંખું કરી શકાય તેવું; ઇલાયદું કરી શકાય તેવું. Capable of being separated.

Several (સેવરૅલ્), *a.* કેટલાએક; ઘણાં; અનેક; જુદા જુદા. Some; many more than two; various. *n.* પ્રત્યેક જણ; દરેક; પૃથક વસ્તુ-ચીજ. An individual; a small number.

Severally (સેવરૅલ્લિ), *ad.* પૃથક પૃથક; જુદું જુદું; નિરાળું; છુટક છૂટક. Separately; in a several way.

Severance (સેવરૅન્સ્), *n.* અલગપણું; જુદાપણું; જુદું હોવું તે; જુદાઇ; વિયોગ. A state of being

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

separated; a partition; a separation.

Severalty (સેવરૅલ્ટિ), *n.* આગવો અથવા પોતીકો ભાગ; જેમાં બીજા કોઈનો ભાગ ન હોય તેવી હકીકત. An individual part; a state of separation from the rest.

Severe (સીવીર્), *a.* સખત; કઠણ; નિષ્ઠુર;જલીમ; તીવ્ર; દુઃખદાયક. Harsh; rigorous; austere; sharp; affecting.

Severely (સીવીર્લિ), *ad.* સખ્ત રીતે;નિષ્ઠુરપણે; તીવ્રપણે. Harshly; strictly; mercilessly.

Severeness (સીવીર્નેસ્), *n.* કઠોરપણું; સખ્તાઇ; કરડાકી. Severity.

Severity (સીવીરિટિ), *n.* સખ્તાઇ; તીવ્રતા; કરડાકી; ઉગ્રપણું. A state of being severe; harshness; inclemency.

Sew (સો), *vt. vi. pr. p.* **Sewing.** *imp.* **Sewed.** *p. p.* **Sewed,** or **Sewn.** સીવવું; સીવી લેવું; સાંધવું. To unite by stiches; to close by sewing. **2.** દરજીનો ધંધો કરવો; સીવણ કામ કરવું. To practise the art of sewing.

Sewage (સ્યૂએજ્), *n.* મોરી; ગટરનું પાણી. The contents of a drain.

Sewer (સ્યુઅર્), *n.* ગટર; ગંદા પાણીની નીક. An underground drain to carry filth.

Sewing (સોઇન્ગ્), *n.* સીવણ કામ; શીવવાનો ધંધો. An act or occupation of one, who sews. **Sewing-machine,** *n.* દરજીને સીવવાનો સાંચો.

Sex (સેક્સ્), *n.* જાતિ; સ્ત્રી પુરૂષ ભેદ; લિંગ ભેદ; લિંગ. A genus; the distinction between male and female.

Sexennial (સેક્સેનિઍલ), *a.* છ વરસ. ટકે એવું; છ વર્ષ સૂધી ચાલે તેવું; છ વાર્ષિક. Continuing or lasting for six years. *n.* દર છ છ વર્ષે બનતો બનાવ. An event happening every six years.

Sexagenarian (સેક્સૅજેનૅરિઍન્), *n.* સાઠ વરસનું માણસ–પુરૂષ. A person sixty years old. *a.* સાઠ વરસની ઉમ્મરનું. Of sixty years.

Sexagenary (સેક્સૅજેનૅરિ), *a.* સાઠના આંકડાનું; સાઠ વરસની ઉમ્મરનું. Of the number sixty; of sixty years.

Sextain (સેક્સ્ટેન્), *n.* છપ્પો; છ લીંટીની કવિતા. [A poem of six lines.

Sexton (સેક્સટૉન્), *n.* ખ્રિસ્તી દેવળમાં પરચુરણ કામકાજ કરનાર તથા કબર વિગેરે ખોદવાનું કામ કરનાર. A grave-digger at a Christian church; one, who does miscellaneous work at a church.

Sexual (સેક્સ્યૂઍલ), *a.* જાતિને લગતું; સ્ત્રી પુરૂષ સંબંધી; ગુહ્યાંગને વિષે. Of or pertaining to a sex or sexes. **Sexual-intercourse,** *n.* મૈથુન; સંભોગ.

Shabble (શૅબલ), *n.* તરવાર; તલવાર. A sword.

Shabbiness (શૅબિનેસ્), *n.* ભીખારી અવસ્થા; ફાટી તુટી હાલત; જીર્ણતા; કૃપણતા. A state of being shabby; a beggarly state.

Shabby (શૅબિ), *a.* જૂનું; ફાટેલું તૂટેલું; પુરાણું; સાથરિયું; તુચ્છ; નીચુ; ભીખારી હાલ જેવું Worn to rags, ragged; mean; beggarly; having tattered clothes.

Shackle (શૅકલ્) *vt.* હાથપગમાં બેડી નાંખવી–જડવી; બેડી ઘાલવી; શૃંખલા બંધન કરવું. To fetter; to chain. **2.** અડચણ કરવી; રોકવું. To impede; to obstruct. *n.* બેડી; હેડ; શૃંખલાબંધન. Fetters; a gyve. **2.** નડતર; અડચણ; બંધન. An obstacle; an impediment.

Shad (શૅડ્), *n.* એક જાતની ખોરાકના ઉપયોગમાં આવતી માછલી. A kind of fish used as food.

Shade (શેડ્), *n* છાયા; અંધારૂં; ઓળો; પડદો. A shadow; darkness; a faint shadow; a curtain. **2.** આશરો; આશ્રય. A shelter; a protection. **3.** આભાસ; પડછાયો; ભૂત–પ્રેત વિગેરેની છાયા. An impression; an apparition. *vt.* છાયા કરવી; ઓળો પાડવો; પડદાનો ઓથો કરવો. To make a shadow of; to dim the light or brightness of. **2.** આકૃતિ બતાવવી–દર્શાવવી. To represent in a picture. **3.** ચઢતા ઉતરતા રંગ પાડવા–પુરવા. To paint or mark with gradations of colours, or light.

Shading (શેડિન્ગ), *n.* ચિત્રમાં ચઢતા ઉતરતા રંગ જે રીતે પડે છે તે. The effect of light, as shown in a picture or painting.

Shadow (શૅડો), *n.* પડછાયો; છાયા; પ્રતિબિંબ; આભાસ. A shade with indefined limits; an image; obscurity of light. **2.** છાંયડાવાળી જગ્યા; બચાવ; રક્ષણ; આશરો. A shady place; a protection; a shelter. **3.** અંધારૂં; ઝાંખાશ. Darkness; faintness; adumbration. *vt.* છાંયડો કરવો; છાંયા કરવી; અંધારૂં કરવું. To throw a shadow on; to darken; to make shady. **2.** રક્ષણ કરવું; બચાવ કરવું. To protect; to defend. **3.** ચઢતો ઉતરતો રંગ પૂરવો–બતાવવો; આભાસ બતાવવો. To give a shade to. **4.** ઢાંકવું; સંતાડવું; આવરણ કરવું. To cover; to hide. **5.** ઉદાસીન બનાવવું. To make gloomy.

Shadowy (શૅડોઇ), *a.* છાંયાવાળું; ઝાંખું; આછું; પ્રકાશરહિત. Full of shadow; dim; faint; devoid of light. **2.** કલ્પિત; ભ્રમવાળું; મંદ; ઉદાસીન. Imaginary; unreal; gloomy.

Shady (શેડિ), *a.* છાંયાવાળું; છાયાથી ઢંકાએલું. Containing shade; covered with shadow. અંધકારમય; ઝાંખું; આભાસવાળું. Spread with shade; dim; dark; faint. **2.** દ્વિઅર્થી; શકવાળું; અસ્પષ્ટ. Ambiguous; doubtful; not clear.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Shaft (શૅફ્ટ), *n.* દાંડો; તીર; કોઇપણ હથિયારનો હાથો; ધુંસરી. A rod; a long handle; a pole of a vehicle. **2.** સ્તંભ; થાંભલો. A column. **3.** હવા માટેનો રસ્તો. A passage for air.

Shag (શૅગ્), *n.* જાડા વાળ; બરછટ વાળ. Coarse hair. **2.** ઝીણી તમાકુ. A kind of fine tobacco. *a.* વાળવાળું; ગુચ્છાદાર. Hairy; provided with tufts of hair. *vt.* ગુચ્છાદાર બનાવવું–કરવું. To make hairy.

Shagginess (શૅગિનેસ્), *n.* વાળનું ખડબચડાપણું; જાડાપણું A state of being shaggy.

Shaggy (શૅગિ), *a.* બરછટ વાળવાળું; બરછટ; ખરબચડા વાળનું અથવા ઉનનું. Rough with long hair or wool.

Shagreen (શૅગ્રીન્); *n.* દાણીદાર ચામડું. A leather with a granulated surface. *a.* દાણાદાર ચામડાનું; દાણાદાર ચામડાનું બનેલું. Of or formed of shagreen.

Shah (શૉ), *n.* ઇરાનના રાજાનો ખિતાબ. A title of Persian monarchs. **2.** રાજા; શાહજાદો. A chieftain; a prince.

Shake (શેક), *vt. vi. pr. p.* **Shaking.** *imp.* **Shook.** *p. p.* **Shaken.** હલાવવું; ડગમગાવવું; આંચકો લગાડવો; આંચકો મારવો; ધ્રુજાવી દેવું. To cause to move; to make shiver; to tremble; to thrill. **2.** હાલવું; ડગમગવું; આંચકો લાગવો; ધ્રુજવું. To move; to waver; to quiver; to tremble. *n.* થરથરાટ; કંપ; ડગમગાટ; ધ્રુજારો. A quaking; a shivering; a thrilling sensation.

Shaky (શેકિ), *a.* ડગડગતું; ડોલતું; હાલતું; પહું પહું થઇ રહેલું; ચીરાવાળું. Trembling; shaking; having cracks.

Shall (શૅલ્), *n.* સહાયકારક ક્રિયાપદ અને તે ભવિષ્યકાળ સૂચવે છે. An auxiliary verb, which denotes the simple future tense.

Shalloon (શૅલૂન્), *n.* એક જાતનું ઉનનું કાપડ. A kind of woollen stuff.

Shallow (શૅલો), *a.* છાછરૂં; છાલકું; અલ્પ વિદ્યાવાળું; બહુ ઉંડું નહિ ઉતરેલું. Not deep; shoal; not deep in knowledge. *n.* છાછરા પાણીની જગ્યા-ભાઠું. A shoal; a place, where water is not deep. *vt.* છાછરૂં બનોવવું–કરવું. To make shallow.

Shallowness (શૅલોનેસ્), *n.* છાછરાપણું; આછકડાઇ; ઉપર ઉપરનો ડોળ રાખવો તે. A state of being shallow; a show (of knowledge).

Sham (શૅમ્), *n.* ઢોંગ; પાખંડ; છળભેદ; પ્રપંચ An imposture; a trick; a fraud. *a.* પાખંડી; બનાવટી; છળભેદવાળું; કૃત્રિમ; પ્રપંચી. Feign; false. *vt. vi.* ઠગવું; છેતરવું; દેખાડવું; ઢોંગ કરવો. To deceive; to cheat; to feign.

Shamble (શૅમ્બલ્), *vi. pr. p.* **Shambling.** *imp. & p. p.* **Shambled.** લથડતા પગે ચાલવું; બેઢંગી રીતે ચાલવું. To walk in an awkward way; to walk unsteadily.

Shambles (શૅમ્બલ્ઝ્), *n. pl.* ખાટકી બજાર; કસાઇ કાટલું; ખાટકીવાડો. A place, where meat is sold; a place of butchery.

Shame (શેમ્), *n.* શરમ; લાજ; સંકોચ. A painful sensation due to anything done wrong. **2.** અપકીર્તિ; અપ્રતિષ્ઠા; કલંક. Dishonour; disgrace; a stain. *vt. vi.* શરમાવવું; લજાવવું; લજામણું કરવું. To put to shame; to make shameful. **2.** બેઆબરૂ કરવી; નીચું જોવરાવવું; અપકીર્તિ કરવી. To dishonour; to disgrace.

Shameful (શેમ્ફુલ્), *a.* બેશરમ; નિર્લજ; અમર્યાદ; નાગું. Disgraceful; impudent; indecent.

Shameless (શેમ્લેસ્), *a.* અસભ્ય; શરમવિનાનું બેમર્યાદ; ઉદ્ધત; નિર્લજ. Immodest; wanting shame; insolent.

Shamelessness (શેમ્લેસ્નેસ્), *n.* નિર્લજતા; બેશરમપણું; ઉદ્ધતાઈ. A state of being shameless.

Shammy (શૅમિ), *n.* એક જાતનું સુંવાળું ચામડું. A kind of soft leather.

Shampoo (શૅમ્પૂ), *vt.* ચંપી કરવી–કરાવવી; ચંપાવવું; રગડવું; ગુંદવું; દાબવું; દબાવવું. To rub and squeeze; to rub; to knead. *n.* ચંપી; પગચંપી કરાવવી તે. An act of shampooing.

Shank (શૅન્ક), *n.* ઢીંચણથી ઘુંટી સુધીનો ભાગ. The part between the ankle and the knee.

Shape (શેપ્), *n.* આકાર; રૂપ; ઘાટ; ડોળ; આકૃતિ; નમૂનો. A figure; a form; an appearance; a model. **2.** વેશ; પોશાક. A guise. *vt. vi.* ઘડવું; ઘાટ ઘડવો; રચવું; રૂપ આપવું; આકૃતિ બનાવવી. To form; to create a figure of; to make a pattern. **2.** ધારણ કરવું; સજવું To assume a form. **3.** લાયક હોવું; અનુકુળ થવું; માફકસર બનવું. To be adapted; to conform.

Shapeable (શેપેબલ્), *a.* આકાર આપી શકાય તેવું; ઘડી શકાય તેવું; ઘાટમાં મૂકી શકાય તેવું. Capable of being shaped or being formed.

Shapeless (શેપ્લેસ્), *a.* બેડોળ; આકાર વિનાનું; ઘાટ વિનાનું; વિરૂપ. Deformed; devoid of form; wanting in shape.

Shapely (શેપ્લિ), *a.* ઘાટદાર; ડોળદાર; આકારવાળું; દેખાવડું; સુંદર. Well-formed; with a pleasing shape.

Shard (શાર્ડ્), *n.* ઠીકરૂં; માટીના વાસણનો કકડો. A broken piece of an earthen vessel. **2.** વાડનું છીડું. An opening in a fence. **3.** હદ; સીમા; મર્યાદા. A division; a limit.

Share (શેર્), *n.* પાંતિ; ભાગ; હિસ્સો; ફાળો; 'શેર.' An equal part; a division; an allotted

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

portion; an allotment. **2.** હળની કોશ–ચૂવહું. An ending part of a plough. *vt. vi.* ભાગ પાડવો; હિસ્સો કરવો; વાંટવું; વહેંચણી કરવી. To divide in portion or part; to distribute. **2.** ભાગ્ય હોવો; ભાગ પાડવો. To have a part in. **Share-broker,** *n.* 'શેર' દલાલ **Share-holder,** *n.* 'શેર' નો કબજો ધરાવનાર; ભાગીદાર; હિસ્સાદાર. [One, who shares.

Sharer (શેરર્), *n.* ભાગીદાર; ભાગ પાડનાર;પાંતીદાર.

Shark (શાર્ક), *n.* સમુદ્રમાં રહેતું એક જબરૂં માછલું (જે આશરે ૬૦ ફીટ લાંબું હોય છે). A kind of sea-fish. **2.** લુચ્ચો અને લોભી પુરૂષ.An artful and greedy person. **3.** લુચ્ચો; ઠગારો. A cheat; a rogue. *vt. vi.* ઠગવું; છેતરવું. To deceive; to swindle. **2.** આડું અવળું ભેગું કરવું. To gather indiscriminately.

Sharp (શાર્પ્); *a.* પાણીદાર; તેજદાર; તીક્ષ્ણ;બારિક; સતેજ; તમતમાટીવાળું; તીવ્ર. Not blunt; keen; pointed; animated; pungent; acute.

Sharpen (શાર્પન્), *vt. vi.* ધાર ચઢાવવી; તિક્ષ્ણ કરવું; સતેજ બનાવવું. To give an edge to; to render quick and acute. **2.** તિક્ષ્ણ બનાવવું; ઉશ્કેરાઈ જાય તેવું કહેવું. To make pointed; to cause to get excited. **3.** ધારવાળું થવું. To be pointed; to become sharp.

Sharper (શાર્પર્), *n.* સોદો; લુચ્ચો; દગાખોર; પ્રપંચી. A swindler; a cheat.

Shatter (શૅટર્), *vt. vi.* ભાંગી નાંખવું; ચુરેચુરો કરવો; તોડીને કકડે કકડા કરી નાંખવા. To break into pieces; to dash to pieces. **2.** ભાંગી જવું; ચુરેચુરો થઈ જવો. To be broken to pieces *n.* ચુરો; ભુક્કો; કકડો; ભાગ. A shattered state of a thing; a fragment; a portion.

Shave (શેવ્), *vt. vi. pr. p.* **Shaving.** *imp.* **Shaved.** *p. p.* **Shaved; Shaven.** છોલવું; ઘસવું; રંદો મારવો. To pare; to rub the upper surface **2.** હજામત કરવી; મુંડવું; દાઢી મુંડવી; વાળ કરવું. To remove hair from the beard with a razor. **3.** સાફ કરવું; છોલી નાંખવું. To sweep away. **4.** ઝુંટવીને લઇ લેવું; પડાવી લેવું; બજાર ભાવ કરતાં વધારે દરે વેચવું અથવા ઓછા દરે લેવું. To oppress by extortion; to take away by a deception. *n.* હજામત;છોલ; મુંડન. A work of shaving.

Shaveling (શેવ્લિન્ગ્), *n.* સાધુ (તિરસ્કારમાં); મુંડકો; મુંડિયો; જતિ. A word of contempt for a priest. [a grove.

Shaw (શૉ), *n.* ઝાડી; વૃક્ષ ઘટા. A thicket;

Shawl (શૉલ્), *n.* શાલ; દુશાલો. A costly loose covering for the body. *vt.* શાલમાં લપેટવું–વિંટવું. To cover in a shawl.

She (શી), *pro.* તેણી; તે (નારીજાતિમાં); પેલી. The feminine of the pronoun **he.**

Sheaf (શીફ્), *n. pl.* **Sheaves.** પૂળો; ભારો; ભાર. Collection of the stalks. *vt.* એકઠું કરવું; પૂળો બાંધવો. To collect and bind.

Sheafy (શીફિ), *a.* પૂળિયાનું; કડબવાળું–નું.Consisting of a sheef.

Shear (શીર્), *vt. vi. pr. p.* **Shearing.** *imp.* **Sheared,** or **Shore.** *p. p.* **Sheared, Shorn.** ઉન કાતરવું; વાળ અથવા ઉન ઉતારવું; ખેતરમાંથી ઘાસ કાપવું–નિંદવું. To cut the wool from; to clip; to cut with a sickle. **2.** (*fig.*) કોઈની મિલ્કત ઉડાવી દેવી; પચાવી પડવું. To appropriate unlawfully (the property).

Shearer (શીરર્), *n.* કાતરનાર; વાળ અથવા ઉન ઉતારનાર. One, who shears.

Shearling (શીર્લિન્ગ્), *n.* એક વખત જેનું ઉન કતરાઇ ગયું હોય તેવું ઘેટું. A sheep, that has been once shorn.

Shears (શીર્ઝ), *n. pl.* કાતર; કાતરણી. An implement with two blades, used in shearing or cutting.

Shearing (શીરિન્ગ્), *n.* કાતરવું તે; કાતરવાથી નીકળેલું ઉન વિગેરે; કતરામણ. An act of clipping with shears.

Sheath (શીથ્), *n.* મ્યાન; તરવારનું ઘર–ઢાંકણ; આચ્છાદન. A scabbard; a covering; a case for the weapons.

Sheathe (શીધ્), *vt. pr. p.* **Sheathing.** *imp.* & *p. p.* **Sheathed.** મ્યાનમાં મૂકવું; મ્યાન કરવું; મઢવું; જડવું; બેસાડવું. To put into a case or scabbard; to supply with a sheath. **2.** નરમ પાડવું; ધીમું કરવું; ઓછું કરવું. To soften; to mitigate.

Shed (શેડ્), *vt. pr. p.* **Shedding.** *imp.* & *p. p.* **Shed.** નાંખવું; પાડવું; ઉતારવું; પ્રસારવું; ફેલાવવું. To let fall; to emit; to spread; to diffuse. **2.** પડવું; ઉતરવું; ફેલાઇ જવું. To fall; to be diffused. *n.* ઝુંપડી; છાપરી; એક ઢાળિયું. A hut; a cottage; a hovel.

Sheen (શીન્), *vi.* પ્રકાશવું; ચળકવું; શોભવું. To shine; to glitter; to brighten. *n.* ચળકાટ; શોભા; પ્રકાશ; ભભકો Brightness; splendour. *a.*ચળકતું; સુંદર; શોભિતું. Bright; gay; shining.

Sheep (શીપ્), *n. pl.* **Sheep.** મેંઢું; ઘેટું; ગાડરૂં. A ruminant animal noted for its wool. **2.** (*fig.*) નબળો પુરૂષ; દમવગરનો આદમી; શરમાળ પુરૂષ. A weak-minded person; a meek person;a silly fellow.**Sheep-faced,** *a.* અતિ શરમાળ પુરૂષ. **Sheep-headed,** *n.* મૂર્ખ; બુદ્ધિહીન પુરૂષ. **Sheep's eye,** *n.*આંખનો ચાળો; નેત્ર કટાક્ષ. **Sheep-walk,** *n.* ઘેટાંને ચરવાનું જંગલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Sheep-fold (શીપ્-ફોલ્ડ્), *n.* મેંઢા અથવા ઘેટાં પુરવાનો વાડો. An inclosure for sheep.

Sheepish (શીપિશ), *a.* મેંઢાનું; ઘેટાને લગતું. Of or pertaining to a sheep. 2. (*fig.*) ગરીબ; બકરી જેવું; બીકણ; રાંક. Meek; bashful; timid.

Sheer (શીર્), *a.* તદ્દન; બિલકુલ; સ્પષ્ટ; ખુલ્લું; ફક્ત; કેવળ. Quite; simple; obvious; openly. *a.* ચળકતું; સ્વચ્છ; ચોખ્ખું. Bright; clear. *vt. vi.* કાતરવું. To shear. 2. આઘાપાછા થવું; કોરે ખસવું. To turn away; to move aside.

Sheer (શીર્), *n.* ગતિમાંનો ફેર; વલણ; વાંક; ઝોક. A turn; an inclination.

Sheet-anchor (શીટ્-ઍન્કર્), *n.* વહાણમાંની સૌથી મોટી બિલાડી; મોટામાં મોટું લંગર. The largest anchor in a ship. 2. (*fig.*) છેલ્લામાં છેલ્લો આધાર; મુખ્ય આધાર. The last or the chief support; the last safety.

Shelf (શેલ્ફ્), *n. pl.* **Shelves.** છાજલી; અભરાઈ. A board fixed horizontally to a wall for holding vessels, books, etc.; a ledge. 2. ખડકની સપાટી બહાર નીકળેલો થર. A projecting layer of a rock. *vt.* છાજલી ઉપર મૂકવું. To place on a shelf.

Shell (શેલ), *n.* ઉપરનું પડ; કચોટી; છોડું. An upper layer or covering 2. શંખ; છીપ; શીપ. The external covering of mollusks. 3. ગરભછાંટ; છરાનો ગોળો; દારૂગોળો. A hollow projectile with a bursting charge. *vt. vi.* ફોડવું; છરાવાળા ગોળા ફેંકવા. To bombard. 2. સિંગ વિગેરેમાંથી નીકળવું (દાણાનું). To fall out of the pod. 3. કાચલી ફોડવી; ભાંગવું. To break out of the shell of; to separate.

Shell-fish, *n.* 'શેલ' નામની દરિયાઈ માછલી.

Shellac (શેલલૅક્), *n.* લાખનાં પતરાં-લાખ. Lac formed into thin cakes.

Shelter (શેલ્ટર્), *n.* આશ્રય; આશરો; રક્ષણ; બચાવ; રક્ષણસ્થાન. A protection; a refuge; a place of safety; a security 2. રક્ષક; વાલી; રક્ષણ કરનાર A guardian; a defender. *vt. vi.* રક્ષણ કરવું; બચાવવું; આશરો આપવો; શરણે લેવું. To defend; to guard; to shield. 2. છુપાવવું; સંતાડવું. To disguise; to conceal. 3. આશરો લેવો; શરણે જવું. To go under the safety of.

Shelve (શેલ્વ્), *vt.* છાજલી જડવી; અભરાઈ ખેસાડવી. To furnish with a shelf or shelves. 2. (*fig.*) કોરે મૂકવું; બાજુએ રહેવા દેવું; પડતર રાખવું. To set aside; to put out of the way. 3. નમતું હોવું; ઢળતું હોવું. To be inclined.

Shelving (શેલ્વિન્ગ્), *a.* ઢોળાવવાળું; ઢાળમાં આવેલું. Inclining; sloping.

Shepherd (શેપર્ડ્), *n.* રબારી; ભરવાડ; આહીર. A man tending a flock of sheep 2. ધર્મગુરૂ; ધર્મોપદેશક. A pastor.

Shepherdess (શેપર્ડેસ્), *n.* રબારણ; ભરવાડણ. A woman, who tends a flock of sheep.

Sherbet (શર્બેટ્), *n.* ખાંડ મિશ્રિત મીઠું પીણું; શરબત. A delicious drink mixed with sugar.

Sheriff (શેરિફ્), *n.* નાજર; 'શેરિફ'. The chief respectable officer of a district.

Sherry (શેરિ), *n.* સ્પેનમાં બનતો એક પ્રકારનો જલદ દારૂ. A light coloured wine of Spain.

Shew (શો), *vt. pr. p.* **Shewing.** *imp.* **Shewed.** *p. p.* **Shewn.** બતાવવું; દેખાડવું. To bring to notice; to bring to the view of.

Shibboleth (શિબ્બોલેથ્), *n.* સંકેતિક શબ્દ જે ઉપરથી માણસ કઈ જાતનો છે તેની પરીક્ષા કરી શકાય છે. A pet word of any party.

Shield (શીલ્ડ્), *n.* ઢાલ. A piece of defensive armour, carried on the arm. 2. બચાવ; રક્ષણ; આશરો; ઓથ. A defence; a protection; a shelter. 3. બચાવનાર; બચાવ કરનાર; આશરો આપનાર. One, who shields; a protector. *vt. pr. p.* **Shielding.** *imp.* & *p. p.* **Shielded.** રક્ષણ કરવું; બચાવ કરવો; આશરો આપવો. To defend; to protect.

Shift (શિફ્ટ્), *vt. vi.* જગ્યા અથવા સ્થાન બદલવું; માથેથી કાઢી નાંખવું. To change the place; to remove; to transfer. 2. ભાગ પાડવા; વહેંચવું; ફેરવવું. To divide; to distribute; to change. 3. યુક્તિ કરવી; નિર્વાહ કરવો; રસ્તો કાઢવો. To plan; to manage for maintenance. *n.* ફેરફાર; સ્થળાંતર; બદલી. A change; a transfer. 2. ઉપાય; હિકમત; રસ્તો; તોડ. An expedient; a remedy; a decision.

Shiftable (શિફ્ટેબલ્), *a.* ફેરવી શકાય એવું; સ્થળાંતર કરી શકાય તેવું; ઉપાય લઇ શકાય તેવું. Capable of being shifted.

Shiftless (શિફ્ટ્લેસ્), *a.* ઉપાય ન સૂઝાડે તેવું; પ્રમાદી; તોડ કરતાં ન આવડે તેવું. Devoid of expedients or plans.

Shifty (શિફ્ટિ), *a.* યુક્તિબાજ; સમયસૂચક; તોડ કાઢે તેવું. Full of tricks; ready-witted; fertile in plans.

Shilling (શિલિન્ગ), *n.* અંગ્રેજી રૂપાનાણું (જેની કિંમત આશરે બાર આના બરાબર હોય છે); શિલિંગ. A silver coin of English currency.

Shimmer (શિમર્), *vi.* ઝાંખું ચળકવું; આછું પ્રકાશવું; ઝાંખો પ્રકાશ પડવો. To shine faintly; to gleam. *n.* આછો પ્રકાશ; ઝાંખો પ્રકાશ. A faint light; a gleaming

Shin (શિન્), *n.* પગની નળી; ગુડો. The front part of the leg below the knee. *vt vi. pr. p.* **Shinning.** *imp.* & *p. p.* **Shinned.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઢ અથવા ઝાડ ઉપર ચઢવું. To climb on a mast or a tree. **2.** થાંભલા ઉપર ચઢવું. To climb a pole.

Shine (શાઇન્), *vt. vi. pr. p.* **Shining.** *imp. & p. p.* **Shone.** પ્રકાશવું; ઝગઝગવું; પ્રકાશિત કરવું; શોભાયમાન કરવું; ચળકાટ મારવો. To emit rays of light; to illumine; to be glossy. **2.** પ્રકાશ પાડવો; ચકચકિત કરવું. To brighten; to cause to shine. *n.* તેજ;પ્રકાશ; રોશની; ચળકાટ. Brightness; light; lustre; brilliancy.

Shingle (શિન્ગલ્), *n.* મરડીઓ; કાંકરો; મરડ. A water-worn gravel; a pebble. 2. પાતળું પાટિયું; લાંબું ઢાળ પડતું વહેરેલું પાટિયું. A thin piece of wood. *vt.* પાટિયા જડવા; પાટિયાથી જડી લેવું. To fasten or cover with shingles.

Shining (શાઇનિંગ્), *a.* પ્રકાશિત; તેજસ્વી;પ્રખ્યાત; નામિચું; ચળકતું; દીપી આવતું. Brilliant; famous; well-known; brightening.

Shiny (શાઇનિ), *a.* ચળકતું; સ્વચ્છ; પ્રકાશિત. Brilliant; clear.

Ship(શિપ્),ધણીપણું બતાવનાર એક પ્રત્યય. A suffix [denoting ownership.

Ship (શિપ્), *n.* વહાણ; નૌકા; જહાઝ; બારકસ. A large sea-going vessel. *vt. vi.* વહાણમાં મોકલવું; રવાને કરવું; વહાણમાં ચઢાવવું. To put on board; to send by water. **2.** વહાણમાં બેસીને પ્રયાણ કરવું-જવું. To embark on a ship. **Ship-board,** વહાણ. *ad.* વહાણ ઉપર. **Ship-boy,** *n.* વહાણમાં નોકરી કરતો નાનો છોકરો;મજુર. **Ship-builder,** *n.* વહાણ બનાવનાર કારીગર. **Ship-master,** *n.* નાખુદો; ટંડેલ. **Ship-mace,** *n.* એકજ વહાણમાં સાથે રહેતા ખલાસીઓમાંનો એક. **Ship-wreck,** *n.* પવન અને દરિયાના મોજાંથી થયેલો વહાણનો નાશ. **Ship-yard,** *n.* ગોદી.

Ship-chandler (શિપ્ ચેન્ડલર્), *n.* દોરડા, વિ૦ વહાણનો સામાન વેચનાર વેપારી. One, who deals in cordage, etc. of a ship.

Shipment (શિપ્મેન્ટ્), *n.* વહાણમાં માલ મોકલવો તે; વહાણમાં માલ ચઢાવવો તે; વહાણમાં રવાના કરેલો માલ. A process or work of shipping; the goods, that has been shipped.

Shipper (શિપર્), *n.* વહાણમાં માલ ભરનાર-ચડાવનાર-મોકલનાર. One, who sends goods by water.

Ship-shape (શિપ્-શેપ્), *a.* વ્યવસ્થિત; બરાબર; રીતસર. Orderly; well-arranged.

Ship-wright (શિપ્-રાઇટ્), *n.* વહાણ બનાવનાર; નૌકા બાંધનાર. A builder or a constructor of ships.

Shire (શાઇર્), *n.* પરગણું; તાલુકો; મહાલ; જીલ્લો. A division of a country; a district; a county.

Shirk (શર્ક્), *vt. vi.* છટકી જવું; નીકળી જવું; કામ કરવામાં આંખ આડા કાન કરવા. To avoid one's duty; to hesitate the work, entru ated; to neglect work. **2.** કપટ કરીને ગુજરાન ચલાવવું રહેવું. To live by tricks. *n.* કામમાં હરામખોરી કરનાર; બરાબર કામ નહિ કરનાર; છળ કપટથી ગુજરાન ચલાવનાર. One, who shows negligence in work.

Shirt (શર્ટ્), *n.* ખમીશ; અંદરનું બદન-પહેરણ; 'શર્ટ'. A loose under-wear. *vt.* ખમીશ પહેરાવવું; પહેરણ પહેરાવવું. To clothe with a shirt.

Shive (શાઇવ્) *n.* કકડો; ટૂકડો; પાતળો ટૂકડો. A thin fragment; a piece.

Shiver (શિવર્), *vt. vi.* ચુરેચુરા કરવા; ભાંગીને કકડે કકડા કરવા; તોડી નાંખવું. To break into pieces. **2.** ચુરે ચુરા થઇ જવા. To be broken into pieces. **3.** ધ્રુજવું; થરથરવું; કાંપવું. To tremble; to shake with fear; to quiver. *n.* ધ્રુજારો; થરથરાટ; કંપ. A quivering; a shaking fit.

Shoal (શોલ્), *n.* ઝુંડ; ટોળું; સમૂહ. A crowd; a throng. **2.** છાછરા પાણીવાળી જગ્યા; ભાઠું. A shallow watery place. *a.* છાછરૂં; ભાઠાવાળું; છાછરા પાણીવાળું. Shallow; having little depth. *vi.* છાછરૂં થવું; ભાઠું બનવું. To become more shallow.

Shock (શૉક્), *n.* આંચકો; ઝાટકો; ધક્કો. A sudden impulse; a quick onset. **2.** આવેશ; સ્નાયુઓનું અમુક જગ્યાએ દબાણ. An agitation; a convulsion of the vital forces on the body. **3.** ગંજી; ઓઘો; ઓઘલો. A pile of sheaves of grain. *vt.* આંચકો મારવો; હડસેલો મારવો; એકાએક ભય ઉત્પન્ન કરાવવો; ત્રાસની લાગણી ઉત્પન્ન કરવી. To cause to shake; to create the feelings of alarm or terror; to cause to shake or tremble.

Shocking (શૉકિન્ગ્), *a.* કમકમાટ ભરેલું; દિલ દુખાવે એવું; ખેદમય; ત્રાસદાયક. Causing horror or terror; alarming.

Shod (શૉડ્), *imp. & p. p.* of **Shoe.** નાળબંધ; નાળ જડેલું. Furnished with shoes.

Shoe (શૂ), *n. pl.* **shoes.** પગરખું; જોડો;ખાસડું બુટ. A covering made of leather or canvas. *vt. pr. p.* **Shoeing.** *imp. & p. p* **Shod.** નાળ જડવી; નાળ બાંધવી. To furnish with a shoe or shoes. **Shoe-black,** *n.* બુટ સાફ કરનાર; બ્લેકી લગાડનાર. **Shoe-leather,** *n.* બુટને માટે વપરાતું ચામડું.

Shoeless (શૂલેસ્), *a.* પગરખાં વિનાનો; જોડા રહિત; બુટ સિવાયનું; નાળ વગરનું. Deprived of shoes.

Shoer (શૂઅર્), *n.* પગરખાં પહેરાવનાર; નાળબંધ. One, who furnishes with a shoe or shoes.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Shoe-maker (શૂ-મેકર્), *a.* મોચી; બુટ બનાવનાર. One, whose occupation it is to prepare boots and shoes.

Shoot (શૂટ્), *vt. vi. pr. p.* **Shooting.** *imp. & p. p.* **shot.** બંદુકથી મારવું-વિંધવું; તીરથી મારવું-વિંધવું; બંદુક ફોડવી. To discharge a fire-arm; to hit with an arrow. 2. -માંથી નીકળવું; ફણગો ફુટવો. To come out of; to protrude. 3. તીરની માફક સપાટાથી જવું. To pass off very quickly. 4. ફોડવું; તાકવું; ફેંકવું. To discharge; to aim to hurl. 5. આંકડી આવવી; શૂળ નીકળવું. To pass with a piercing sensation in the belly. 6. મોટું થવું; વધવું; અંકુર ફુટવા. To grow; to advance. *n.* છોડવું તે; ગોળીથી પ્રહાર કરવો તે. An act of shooting; a shot. 2. અંકુર; ફણગો; ઉગતું બીજ. A sprout; a young plant or a branch.

Shooting (શૂટિન્ગ્), *n.* છોડવું તે; મારવું તે; તાકવું તે; બંદુકથી શિકાર કરવો તે. An act of one, who shoots; the killing of game. **Shooting-star,** *n.* ખરતો તારો.

Shop (શૉપ્), *n.* દુકાન; હાટ; પેઢી. A house or a place, where things are sold. *vi.* માલ લેવાને દુકાનોમાં જવું-ફરવું. To visit shops in order to purchase goods or articles. **Shop-boy,** *n.* દુકાનના કામમાં મદદ કરવા રોકેલો નાનો નોકર.

Shop-keeper (શૉપ્-કીપર્), *n.* દુકાનદાર; છૂટક માલ વેચનાર. A trader; one, who sells goods in a shop

Shop-man (શૉપ્મૅન્), *n.* **Shopmen.** નાનો વેપારી; પરચુરણ ચીજો વેચનાર. A petty trader.

Shopping (શૉપિન્ગ્), *n.* માલ ખરીદવા બજારમાં ફરવું તે; ખરીદેલો માલ. An act of purchasing goods; goods or articles purchased.

Shore (શોર્), *n.* દરિયાનો કિનારો; કાંઠો; તટ. The coast adjacent to an ocean; the land near a sea. *vt.* કિનારા ઉપર મૂકવું. To set on the shore.

Shoreless (શોર્લેસ્), *a.* કિનારા સિવાયનું; વિસ્તીર્ણ; વિશાળ; બેહદ. Having no shore; extensive; unlimited.

Shorn (શૉર્ન્), *p. p.* of **Shear:** કાતરેલું; મુંડેલું; નિંદેલું. Deprived of wool, hair or grass

Short (શૉર્ટ્), *a.* ટુંકું; થોડું; થોડા વખતનું. Brief; not lengthy; of a little duration. 2. ન્યૂન; કમી; ઓછું. Deficient; wanting. 3. ટુંકું; થોડું. Brief; abrupt. *n.* ટુંક હેવાલ; સાર; સારાંશ. A brief account or summary. *ad.* ટુંકામાં; થોડામાં; એકદમ; અધવચ. Briefly; in a short way or manner. *vt. vi.* ટુંકું કરવું; ઓછું કરવું. To shorten; to make brief. 2. નિષ્ફળ નિવડવું-જવું. To fail. **Short-sighted,** *a.* ટુંકી નજરનું; ઓછી બુદ્ધિનું. **Short-lived,** *a.* ઓછી ઉમ્મરનું; અલ્પ વયનું. **Short-winded,** *a.* દમીએલ; થોડો શ્વાસ લઇ શકે તેવું. **Short-cut,** *n.* ટુંકો રસ્તો. **Short-hand,** *n.* સંક્ષિપ્તમાં થોડા અક્ષરમાં લખવાની કળા.

Shortage (શૉર્ટેજ્), *n.* તૂટ; ખોટ; કમીપણું; તંગાશ. A state of deficiency; a want; a scarcity.

Short-coming (શૉર્ટ્-કમિન્ગ્), *n.* વાંક; ભૂલ; ખામી; ન્યૂનતા; ચૂક. A mistake; a fault; a deficiency; an error.

Shorten (શૉર્ટન્), *vt.* થોડું કરવું; ઘટાડવું; સંક્ષિપ્ત કરવું; ઓછું કરવું. To make short; to abate; to lessen; to decrease.

Shot (શૉટ્), *n.* બંદુકની ગોળી; છરો. A bullet. 2. ગોળી જેટલે દૂર જઈ શકે તેટલું અંતર; તીરવો. The range of the flight of an arrow or a bullet. 3. ચોક્કસ તાકનાર; લક્ષ્યવેધી. A marksman. *vt. pr. p.* **Shotting.** *imp. & p.p.* **Shotted.** બંદુકમાં ગોળી ભરવી. To load a gun with a shot. *a.* જુદા જુદા રંગ દેખાય તેવું ગુંથેલું. Interwoven so as changeable colours are seen.

Should (શૂડ્), 'Shall' ક્રિયાપદનું ભૂતકાળ છે; જોઇએ. It is the past tense of the auxiliary verb **Shall,** implying duty or obligation.

Shoulder (શોલ્ડર્), *n.* ખભો; ખાંધ. The joint, joining the human arm with the body. *vt.* ખભે ઉંચકવું; ખભાવતી હડસેલો મારવો; ખભા ઉપર લેવું. To take upon the shoulders; to push with the shoulder. **Shoulder-belt,** *n.* ખભા ઉપર થઇને પહેરવામાં આવતો પટો. **Shoulder-blade,** *n.* ખભા ઉપરનું હાડકું. **Shoulder-knot,** *n.* પોશાક પહેરતાં ખભા ઉપર આવે તેવો કસબી અથવા ભરતનો બુટ્ટો.

Shout (શાઉટ્), *vt. vi pr. p.* **Shouting.** *imp. & p. p.* **Shouted.** બૂમ પાડવી; પોકાર કરવો; હાંક મારવી; ઘોષનાદ કરવો. To utter a loud cry; to utter loudly (as a token of joy) and suddenly. *n.* બૂમ; પોકાર; હાંક; શોર. An outcry; a burst of voice; a vehement cry.

Shouting (શાઉટિન્ગ્), *n.* પોકાર; બુમાબુમ; કીકીઆરી. A loud and sudden utterance.

Shove (શવ્), *vt.* ધક્કો મારવો; હડસેલો મારવો. To push along; to give a sudden jerk or impulse. 2. હંકારવું; આગળ ચલાવવું. To move along; to propel. *n.* ધક્કો; હડસેલો; આંચકો. A forcible push or jerk.

Shovel (શૉવેલ્), *n.* પાવડો. A broad blade

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

with a handle. *vt. pr. p.* **Shovelling.** *imp. & p. p.* **Shovelled.** પાવડા વતી ફેંકવું-નાંખવું; પાવડાથી એકઠું કરવું. To throw with a shovel; to gather with a shovel.

Show (શો), *vt. vi. pr. p.* **Showing.** *imp.* **Showed.** *p. p.* **Showed, Shown.** દેખાડવું; બતાવવું; નજરે પાડવું; જોવરાવવું; સાબીત કરવું; સ્પષ્ટ કરવું. To display; to exhibit; to bring to the sight; to manifest. **2.** દેખાડી આપવું; સમજાવવું. To explain clearly. **3.** દેખાવું; સ્પષ્ટ થવું; જોવું. To become visible. *n.* તમાસો; ખેલ; દમામ; ઠાઠમાઠ; ભભકો. An exhibition; a spectacle; a performance; a pomp. **2.** આડંબર; ધામધૂમ; ડોળ; બહારનો દેખાવ. A parade; an outward sight; a semblance. **Show-bread,** *n.* નૈવેદ્ય; દેવને થાળ ધરવો તે.

Showy (શોઈ); *a.* ભભકાદાર; દેખાવદાર; રોનકદાર. Gay; gaudy; making a show.

Shower (શાઉઅર્), *n.* મુવહું; ઝાપટું; વરસાદની ઝડી. A fall of rain in an undue proportion. *vt. vi.* છૂટે હાથે આપવું; મોકળે મને આપવું-વહેંચવું. To bestow liberally; to part with liberally. **2.** વરસાદની ઝડી પડવી-થવી; ઝાપટું પડવું. To rain in torrents.

Showery (શાઉઅરિ); *a.* ઝાપટારૂપે પડતું; એકદમ પડતું (વરસાદનું); વરસાદના ઝાપટાનું. Falling in showers; of a shower.

Shred (શ્રેડ્), *n.* ચિથરું; ટુકડો; કકડો. A strip of torn clothes; a garment; a piece. *vt. pr. p.* **Shredding.** *imp. & p. p.* **Shred, Shredded.** ટુકડા કરવા; કકડા કરવા; ચિંદરડી ફાડવી-કરવી. To tear into a strip; to cut into small pieces.

Shrew (શ્રૂ), *n.* વઢકારી સ્ત્રી; કર્કશા; વઢકણી બાયડી. A turbulent woman; a quarrelsome woman; an ill-tempered woman.

Shrewd (શ્રૂડ્), *a.* હોંશિયાર; લાંબી નજરવાળું; દીર્ઘ દૃષ્ટિવાળું; ગંભીર; બારીક નજરનું. Artful; sagacious; far-sighted; thoughtful. **2.** લુચ્ચું; પહોંચેલ; ખારીલું. Cunning; vindictive.

Shrewdness (શ્રૂડ્નેસ્), *n.* હોંશિયારી; દીર્ઘદૃષ્ટિ; ડહાપણ; લુચ્ચાઇ. A state of being shrewd or cunning; sagacity.

Shriek (શ્રીક), *vt. vi. pr. p.* **Shrieking.** *imp. & p. p.* **Shrieked.** ચીચીઆરી પાડવી; બૂમ પાડવી; ચીસ પાડવી. To scream; to utter a shrill cry. *n.* ચીસ; તીક્ષ્ણ અને ઝીણી બૂમ. A scream; a shrill cry.

Shrieker (શ્રીકર્), *n.* ચીચીઆરી પાડનાર; બૂમ પાડનાર; ચીસ પાડનાર. One, who shrieks.

Shrill (શ્રિલ્), *a.* બારીક; ઝીણું; તીક્ષ્ણ; કર્ણવેધક. Acute; sharp; keen. *vt. vi.* ચીસ પાડવી; બૂમ પાડવી. To utter a sharp cry.

Shrillness (શ્રિલ્નેસ્), *n.* ઝીણો અવાજ હોવો તે; તીક્ષ્ણતા; બારીક સ્વર. A state of being shrill.

Shrimp (શ્રિમ્પ્), *n.* દરિયાઇ માછલી (જે કાચબા જેવી હોય છે). A sea-fish resembling a lobster. **2.** ઠીંગણો; વાનજી. A dwarf.

Shrine (શ્રાઇન્), *n.* પવિત્ર ચીજો રાખવાનો દાબડો-પેટી; પવિત્ર સ્થળ; તીર્થ. A box or a case for putting holy things or objects; a holy place. *vt.* પેટીમાં પવિત્ર વસ્તુ મૂકવી-ઘાલવી; મંદિરમાં મૂકવું. To enshrine.

Shrink (શ્રિન્ક), *vi. pr. p.* **Shrinking.** *imp.* **Shrank.** *p. p.* **Shrunk; Shruken.** ચઢીજવું; ચિમળાઇ જવું; સંકોચાઇ જવું. To contract; to become wrinkled. **2.** આંચકો ખાવો; પાછા હઠવું. To hesitate; to recede. *n.* પાછા હઠવું તે; ચઢી જવું તે; સંકોચ. An act of shrinking.

Shrinkage (શ્રિન્કેજ્), *n.* ચઢી જવાથી લંબાઇમાં થયેલો ઘટાડો; સંકોચન; ઘટાડો. A contraction in measure or bulk; a decrease.

Shrive (શ્રાઇવ્), *vt.* કબૂલાત સાંભળવી; કબૂલાત સાંભળ્યા પછી ક્ષમા આપવી. To hear confession; to confess and absolve.

Shrivel (શ્રિવેલ), *vt. vi. pr. p.* **Shrivelling.** *imp. & p. p.* **Shrivelled.** કરચલી વાળવી; સંકુચિત કરવું; ચિમળાવી નાંખવું. To make contracted; to wither. **2.** કરચલી વળવી; સંકુચિત થવું; ચિમળાઇ જવું. To get contracted; to wither.

Shriver (શ્રાઇવર્), *n.* કબુલાત આપનાર; માફી માટે ક્ષમા કરનાર. One, who shrives.

Shroud (શ્રાઉડ્), *n.* શબને ઓઢાડેલું કપડું,-ચાદર,-વસ્ત્ર. A cloth or any covering placed on a corpse; a garment; a winding sheet. *vt. vi.* વસ્ત્રથી ઢાંકવું; સંતાડવું; ચાદરથી લપેટવું. To cover in a shroud; to put a cloth on. **2.** આશ્રય લેવો. To resort to a shelter.

Shrub (શ્રબ્), *n.* નાનું ઝાડ; જડી બુટ્ટિ; ઔષધી; ગુચ્છાવાળો છોડ. A woody plant of a less size than a tree; a low tree.

Shrubbery (શ્રબરિ), *n.* ઝાડી; છોડવાઓનો જથ્થો-સમૂહ. A thicket; a collection of shrubs.

Shrug (શ્રગ્), *vt. pr. p.* **Shrugging.** *imp. & p. p.* **Shrugged.** નાપસંદગી બતાવવા ખભા મરડવા; ખભા ઉંચે ચઢાવવા; નાક ચડાવવું. To raise one's shoulders as a sign of dislike or aversion. *n.* ખભો ચઢાવીને અણગમો બતાવવો તે. An act of raising shoulders, as a sign of dislike or displeasure.

Shudder (શડર્), *n.* કંપારી; કમકમાટ; થરથરાટ. A quake; a shivering due to some fear or terror. *vi.* થરથરવું; ધ્રુજવું; ત્રાસવું; કંપવું To

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

tremble; to shake; to shiver.

Shuffle (શફ્ફલ), *vi. pr. p.* **Shuffling.** *imp. & p. p.* **Shuffled.** ઘાલમેલ કરવી; ઘાંઘલ કરવી. To disturb; to confuse. **2.** ભેળસેળ કરવું; મિશ્રણ કરવું; યુક્તિથી દાખલ કરી દેવું; ચિપવું (રમતમાં પાનાને). To remove by artificial confusion. *n.* પેચ; યુક્તિ; દાવ. A trick; an evasion.

Shuffler (શફ્લર), *n.* પાનાંને ચીપનાર; દાવપેચ રમનાર; યુક્તિથી કામ લેનાર. One, who shuffles.

Shun (શન), *vt. pr. p.* **Shunning.** *imp. & p. p.* **Shunned.** દૂર કરવું; ત્યાગ કરવો; છોડી દેવું; તજવું; -થી દૂર રહેવું. To avoid; to desent; to get out of the way of.

Shunt (શન્ટ), *vt.* બાજુની રેલ ઉપર વાળવું; વાળીને બાજુના પાટે ચડાવવું; બાજુની રેલપર ગાડી ચલાવવી. To turn off (as a train). **2.** જલદીથી દોડાવવું; ચલાવવું. To cause to move fast. *n.* એક પાટેથી બીજા પાટે વાળવું તે. An act of turning off to a side-path.

Shut (શટ), *vt. pr. p.* **Shutting.** *imp. & p. p.* **Shut.** બંધ કરવું; અટકાવવું; બીડવું; વાસવું. To close; to stop; to fasten. **2.** બંધ થવું; વસાઈ જવું; બીડાઇ જવું. To become close.

Shutter (શટર), *n.* બારણું; ઢાંકણ; ઢાંકણું. A movable covering for a window. **2.** બંધ કરનાર; વાસનાર One, who shuts or closes.

Shuttle (શટ્લ), *n.* વણકરનો કાંઠલો; સાળવીનો કાંઠલો. A weaver's instrument used in weaving.

Shy (શાઇ), *a.* અતિશય શરમાળ; બ્હીકણ; ડરકણ. Over-modest; timid; easily frightened.

Shyness (શાઇનેસ), *n.* શરમાળપણું; લાજ; સંકોચ; ભીરૂતા. A state of being shy; over-modesty; timidity.

Sibilant (સિબિલૅન્ટ), *a.* ઉષ્મ; સકારી; 'સ' કારના અવાજ જેવું. Making a hissing sound. *n.* 'સ' કારી અવાજનો અક્ષર; ઉષ્માક્ષર. A sibilant letter.

Sibyl (સિબિલ), *n.* સ્ત્રી જ્યોતિષી; ભવિષ્ય કહેનાર સ્ત્રી; નશીબ કહેનાર-જોનાર સ્ત્રી. A female fortune-teller.

Sibylist (સિબિલિસ્ટ), *n.* સ્ત્રી જ્યોતિષીનું ભવિષ્ય માનનાર; સ્ત્રી જ્યોતિષીને માનનાર. One, who has faith in a sibyl.

Siccate (સિકેટ), *vt.* સૂકવવું; કોરૂં કરવું. To dry; to expose to air.

Sice (સાઇસ), *n.* પાસા પરનો છનો આંક; છક્કો. The number six at dice.

Sick (સિક), *a.* આજારી; માંદું; રોગી. Ill; not-well; indisposed. **2.** મોળ આવતી હોય તેવું. Inclined to vomit. **3.** કંટાળેલું; વિરક્ત. Tired; disgusted. *vt.* માંદા થવું-પડવું. To fall ill or sick.

Sicken (સિકન), *vt. vi.* બિમાર કરવું; રોગ ગ્રસ્ત કરવું; નબળું પાડવું; શિથિલ બનાવવું. To make sick; to weaken in health. **2.** માંદગી હોવી; બિમારી ભોગવવી. To be sick. **3.** મોળ આવવી; બકારી થવી. To nauseate. **4.** કંટાળો ઉપજવો; દુઃખ થવું. To be disgusted with.

Sickle (સિકલ), *n.* દાતરડું. A reaping instrument. **Sickle-moon,** *n.* બીજનો ચંદ્ર. **Sickle-man,** *n.* ખેતરમાં લણનાર-કાપણી કરનાર.

Sickly (સિકલિ), *a.* રોગી; આજારી; માંદું; નબળું. Habituated to illness; unhealthy. **2.** રોગ ઉત્પન્ન કરે તેવું; રોગ ફેલાવે તેવું. Producing or spreading a disease. *ad.* માંદી હાલતમાં; આજારીપણે. In a sick condition.

Sickness (સિકનેસ), *n.* માંદગી; આજારીપણું; મંદવાડ; બિમારી; રોગ. A state of being sick; illness; a disease.

Side (સાઇડ), *n. pl.* **Sides.** બાજુ; પાસુ; ગમ; હાથ; પડખું; કાંઠો. A direction; an edge; a border. **2.** પક્ષ; તડ; તરફેણ. A party; a faction. *vt. vi. pr. p.* **Siding.** *imp. & p. p.* **Sided.** -ની બાજુએ રહેવું; ની તરફદારી કરવી; બરોબરી કરવી. To stand by the side of; to rival with. **2.** ની બાજુ હોવું; -નું વલણ હોવું. To be on the side of; to turn on the way of. **Side by side,** સાથે સાથે; જોડે જોડે. **Side to side,** આરપાર. **Side-board,** જમવાનો સામાન રાખવાનું મેજ. **Side-long,** ત્રાંસુ. **Side-look,** ત્રાંસી નજર.

Siding (સાઇડિન્ગ), *n.* લોઢાની સડકનું પડખું-ફાંટો; લોઢાની સડકનો ફાંટો. A side-track as of a railroad.

Sidereal (સાઇડીરીઍલ), *a.* તારાનું; ગ્રહ વિષેનું; તારા વિષયક. Pertaining to stars or planets.

Siege (સીજ), *n.* ઘેરો; શહેરને લશ્કરે ઘેરી લેવું તે. An attack of an army at a fortified place; an act of surrendering a city or a fort. *vt.* હુમલો કરવો; ઘેરો ઘાલવો; ઘેરી લેવું. To beset; to besiege. **Siege-work,** *n.* યુદ્ધ સમયે થોડા સમયને માટે બાંધેલો કિલ્લો.

Sierra (સિએરૅ), *n.* ખડબચડો ડુંગર-ટેકરી. A chain of hills, with saw-like ridges.

Sieve (સીવ), *n.* ચારણી; ચારણો; જાડી ટોપલી. A utensil, which separates husk from flour etc.; a coarse basket.

Sift (સિફ્ટ), *vi.* ચાળવું; છણવું; ગાળવું. To separate by a sieve. **2.** તપાસીને જોવું; અવલોકન કરીને જોવું; બારીકાઇથી જોવું. To see minutely; to observe; to scrutinize.

Sifter (સિફ્ટર), *n.* ચાળનાર; ચાળણો. One,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

who sifts; a sieve.

Sigh (સાઇ), *vt.* નિસાસો નાંખવો; ડસકું ભરવું; ખેદ કરવો. To breathe heavily; to mourn; to lament. *n.* ઉંડો નિસાસો; ડસકું; ખેદ; શોક. A deep breathing. a lamentation; a grief.

Sight (સાઇટ્), *n.* દ્રષ્ટિ; દેખાવ; તમાસો; દર્શન. An act of seeing; a show; a spectacle. **2.** નજર; દૃષ્ટિ; દૃષ્ટિગોચરતા. An open view. **3.** આંખ; નેત્ર. An organ of seeing; the eye. **4.** તપાસ; ચોકસાઇ; અવલોકન. An observation. *vt. vi.* નિરખવું; જોવું; અવલોકન કરવું. To see minutely; to observe. **2.** તાકવું; તાકીને જોવું. To aim at; to take an aim.

Sight-draft, *n.* તરત મુદતની હુંડી.

Sightliness (સાઇટ્લિનેસ્), *n.* શોભા; આંખને પ્રિય લાગે તેવો દેખાવ; સૌંદર્ય. A scene pleasing to the eye; beauty; a state of being sightly.

Sightly (સાઇટ્લિ), *a.* મોખરાપરનું; બહાર પડતું; દેખાવડું; સુશોભિત; મનોહર. Open to sight; pleasing; charming.

Sign (સાઇન્), *n.* ચિન્હ; નિશાની; લક્ષણ; ઇશારો; ચેતવણી; સંજ્ઞા. A mark; a token; a warning; a symbol. *vt. vi.* ચિન્હ કરવું; ઇશારો કરવો; નિશાનીથી જણાવવું. To make a mark on; to show by a sign. **2.** સહી કરવી. To write one's signature on. **3.** ચિન્હથી બતાવવું-જણાવવું-દર્શાવવું. To signify by a mark. **4.** નિશાની થવી; શુકન થવા. To be a sign or omen.

Signal (સિગ્નૅલ્), *n.* નિશાન; સાન; સંકેત; ઇશારત. A token; a mark; an indication. *a.* નામીચું; પ્રખ્યાત; જાણીતું. Well-known; famous; eminent. **2.** નિશાનને લગતું; ઇશારતનું. Of a signal or a mark. *vt. pr. p.* **Signalling.** *imp.* & *p. p.* **Signalled.** નિશાનથી જણાવવું; ચેતાવવું; ખબર આપવી. To inform or communicate by a signal.

Signalize (સિગ્નૅલાઇઝ્), *vt. pr. p* **Signalizing.** *imp.* & *p. p.* **Signalized.** નિશાનીથી ખબર આપવી; સંકેતથી જણાવવું-કહેવું. To inform by a sign; to communicate by a signal. **2.** નામીચું કરવું; પ્રસિદ્ધ કરવું. To distinguish; to make well-known.

Signatory, Signatary (સિગ્નૅટૉરિ, સિગ્નૅટૅરી), *a.* સીલ-સિક્કાનું; સીલ, વિગેરેની બાબતનું. Pertaining to a seal. *n.* સહીકરનાર; મતુ કરનાર. One, who signs.

Signature (સિગ્નૅટ્યૂર્), *n.* સહી; હસ્તાક્ષર; મતુ; નિશાન. An autograph; a mark. *vt.* હસ્તાક્ષર કરવા; સહી કરવી. To mark with a signature.

Signet (સિગ્નેટ્), *n.* મહોર; છાપ; રાજની ખાનગી મુદ્રા. A seal; a royal seal or a mark; a royal ring.

Significance (સિગ્નિફિકૅન્સ્), *n.* પ્રાધાન્યતા; મહત્વ; અગત્યતા. A state of being significant; an importance. **2.** અર્થ; મર્મ; મતલબ; સાર. A meaning; an import.

Significant (સિગ્નિફિકૅન્ટ્), *a.* અર્થવાળું; સાર્થક; સૂચક; દર્શક; મહત્વવાળું; ઉપયોગી. Containing a meaning; expressive; suggestive; important.

Signification (સિગ્નિફિકેશન્), *n.* અર્થ; અભિપ્રાય; આશય; ભાવાર્થ. An import; a sense; a meaning. **2.** ઇશારત અથવા બીજી કોઇપણ રીતે જાણીતું કરવું તે. An act of signifying.

Signify (સિગ્નિફાઇ), *vt. pr. p.* **Signifying.** *imp.* & *p. p.* **Signified.** બતાવવું; જણાવવું; સૂચના કરવી; વિદિત કરવું; અર્થ થવો હોવો. To show; to express; to show by a sign; to manifest; to contain the meaning of.

Signior (સિન્યૉર્), *n.* મહેરબાન સાહેબ; શ્રીમાન; શેઠ સાહેબ. Sir; a title of respect.

Sign-post (સાઇન્પોસ્ટ્), *n.* જાહેર ખબર, વિ૦ ચોંટાડવાનો થાંભલો. A pillar, where advertisements, hand bills, etc. are posted for the public information.

Silence (સાઇલેન્સ્), *n.* ચુપકી; શાંતિ; ખામોશી; સ્તબ્ધતા. Stillness; an absence of sound or noise; calmness. *vt.* શાંત પાડવું; નરમ કરવું; અટકાવવું. To quiet; to calm down; to restrain from doing any work.

Silent (સાઈલેન્ટ્), *a.* મુંગું; છાનું; ગુપ્ત; સ્થિર; શાંત; અપ્રસિદ્ધ. Still; quiet; secret; steady; unpublished.

Silently (સાઈલેન્ટ્લિ), *ad.* છાનામાના; ચુપકીથી; અવાજ કર્યા સિવાય. In a silent way or manner; secretly.

Silk (સિલ્ક્), *n.* રેશમ; હીર. The fine and soft substance produced from cocoons. **2.** રેશમી કાપડ. Cloth made of silk.

Silken (સિલ્કન્), *a.* રેશમનું; રેશમી; રેશમી બનાવટનું. Of or made of silk. **2.** (*fig.*) લીસું; નરમ; સુંવાળું; કોમળ. Soft; smooth.

Silky (સિલ્કિ), *a.* રેશમ જેવું; સુંવાળું; નરમ. Silken; resembling silk; soft.

Sill (સિલ્), *n.* પાયો; મંડાણ; શરૂઆત. A foundation; a beginning. **2.** ઉમરો; પાળ. A threshold.

Silliness (સિલિનેસ્), *n.* નાદાની; મૂર્ખાઈ; મૂર્ખતા; બેવકૂફી. Foolishness; a state of being silly.

Silly (સિલિ), *a.* નાદાન; મૂર્ખ; ભોળું; બેવકૂફ. Foolish; wanting in sense; simple-hearted.

Silt (સિલ્ટ્), *n.* કાંપ; કાદવ; પ્રાણીના પ્રવાહ સાથે ઘસડાઇ આવેલો અને નીચે બેઠેલો કચરો. Mud or

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

muddy substance deposited at the bottom of a flow of water. *vt.* ચિરાડામાં થઇને વહેવું; પ્રવાહનું ફંટાવું. To flow through crevices.

Silty (સિલ્ટિ), *a.* કાદવવાળું; કચરાથી ભરપૂર. Full of silt; muddy.

Silvan (સિલ્વૅન્), *a.* વન સંબંધી; જંગલને લગતું; જંગલનું; અરણ્યનું. Of or pertaining to a forest.

Silver (સિલ્વર્), *n.* રૂપું; ચાંદી; રૂપાજેવી વસ્તુ-ચીજ. A kind of white metallic substance used in coins and making ornaments. **2.** રૂપેરી રંગ; રૂપાજેવો સફેદ રંગ. The white colour like silver.

Silvery (સિલ્વરિ), *a.* રૂપાનું; રૂપેરી; રૂપાના જેવું; ચકચકિત; સફેદ. Of silver; white like silver; bright.

Similar (સિમિલૅર્), *a.* સરખું; મળતું; સમાન; તુલ્ય. Resembling; corresponding; homogeneous. *n.* સમપદાર્થ; સરખી હોય તેવી ચીજ-વસ્તુ. A thing, which is similar; a corresponding thing.

Similarity (સિમિલૅરિટિ), *n.* મળતાપણું; સરખાપણું; સાદૃશ્ય; સજાતીયતા; સામ્ય. A likeness; a state of being similar; a resemblance.

Similarly (સિમિલૅર્લિ), *ad.* તેજ પ્રમાણે; બરોબર; સરખી રીતે; તેવીજ રીતે. In a similar way or manner.

Simile (સિમિલિ), *n.* ઉપમા; દૃષ્ટાંત; ઉત્પ્રેક્ષા. A comparison; a word or a phrase, which shows comparison.

Similitude (સિમિલિટ્યૂડ્), *n.* મળતાપણું; સરખાપણું; આકાર; તુલના; મુકાબલો; દૃષ્ટાંત. A similarity; a resemblance; a comparison; an illustration.

Simmer (સિમર્), *vi.* ધીમે ધીમે ઉકળવું; ખદખદવું. To boil gently.

Simoom (સિમૂમ્), *n.* એક જાતનો ગુંગળાવી નાંખે તેવો તોફાની વાયુ. A kind of suffocating and stormy wind.

Simper (સિમ્પર્), *vi.* નાદાનીમાં હસવું; મશ્કરીમાં હસવું. To smile in a silly way. **2.** ચમકવું; ચળકવું. To twinkle. *n.* નાદાની ભરેલી રીતે હાસ્ય કરવું તે; ખોટી રીતે હસવું તે. An act of smiling in a silly way.

Simple (સિમ્પલ્), *a.* સાદું; મિશ્રિત; નકશી વિનાનું; સહેલું. Not complex; plain. **2.** નિખાલસ; શુદ્ધ અંતઃકરણવાળું; નિષ્કપટી. Sincere; artless. **3.** સહેલું; સ્પષ્ટ; ખુલ્લું; સમજાય તેવું. Easy; clear; easily grasped.

Simpleton (સિમ્પલટન્), *n.* ભોળો માણસ; બેવકૂફ; મૂર્ખો; ગમાર. A senseless fellow; a silly person.

Simplicity (સિમ્પ્લિસિટિ), *n.* સાદાઈ; નિખાલસપણું; સરળતા; અમિશ્રતા; નિષ્કપટીપણું. A state of being simple; artlessness; frankness of heart.

Simplification (સિમ્પ્લિફિકેશન), *n.* સાદું રૂપ આપવું તે; સરળ બનાવવું તે. An act of reducing to a simple form; a process of simplifying.

Simplify (સિમ્પ્લિફાઇ), *vt. pr. p.* **Simplifying.** *imp. & p. p.* **Simplified.** સાદું રૂપ આપવું; સરળ બનાવવું; ચોખ્ખું કરવું. To reduce to a simple form.

Simply (સિમ્પ્લિ), *ad.* સ્પષ્ટતાથી; સાદી રીતે; એકલું; કેવળ; ફક્ત; માત્ર. Plainly; in a simple way; only.

Simulate (સિમ્યૂલેટ્), *vt. pr. p.* **Simulating.** *imp. & p. p.* **Simulated.** ઢોંગ કરવો; ડોળ કરવો; ઉપર ઉપરથી દેખાડવું; આડંબર રાખવો. To pretend; to feign; to assume. *a.* કૃત્રિમ; ઢોંગિલું; બહારથી દેખાડેલું. Feigned; pretended.

Simulation (સિમ્યૂલેશન્), *n.* ખોટો દંભ; ઢોંગ; આડંબર; કૃત્રિમ દેખાવ. A false show; an act of simulating; an unnatural scene.

Simultaneous (સિમલ્ટેનિઅસ્), *a.* એક વખતે બનેલું-થયેલું; સમકાલિક. Existing or happening at the same time.

Simultaneously (સિમલ્ટેનીઅસલિ), *ad.* એકજ પ્રસંગે; એકીજ વખતે-સાથે. At the same time.

Sin (સિન્), *n.* પાપ; કુકર્મ; દુષ્કર્મ; દુરાચરણ. A wicked action; an immoral deed; an offence. *vt. pr. p.* **Sinning** *imp. & p. p.* **Sinned.** પાપ કરવું; ગુન્હો કરવો; કુકર્મ કરવું. To practise an immoral deed; to commit an offence.

Since (સિન્સ્), *prep. ad. conj.* -થી; ત્યારથી; તે વખતથી. From that time; beginning from that time. **2.** અમુક વખતથી આજ સૂધી. From a certain period till now. **3.** જ્યારે; કે. When; that.

Sincere (સિન્સીર્), *a.* ખરૂં; નિષ્કપટી; સાફ દિલનું; નિર્મળ; અકૃત્રિમ; નિખાલસ. Genuine; frank; guileless; true; real.

Sencerely (સિન્સીર્લિ), *ad.* ખરા દીલથી; અંતઃકરણપૂર્વક; દિલોજાનથી; નિષ્કપટપણે. In a sincere way; heartily; frankly.

Sincerity (સિન્સેરિટિ), *n.* સચ્ચાઇ; નિષ્કપટીપણું; શુદ્ધભાવ; હૃદયની સરળતા. A state of being sincere; honesty of mind.

Sine (સાઈન્), *n.* જ્યા (ગણિત શાસ્ત્રમાં); લંબરેખા. The perpendicular; the length of a prependicular.

Sinecure (સાઇનીક્યૂર્), *n.* વગર કામે ઘેર બેઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવક લેવી તે; કામ વગરની બેઠી નોકરી. Any office, which is free from heavy responsibilites.

Sinew (સિન્યૂ), *n. pl.* **Sinews.** નસ; સ્નાયુ; વીર્ય; તાકદ. A muscle; a vein; strength; vigour. *vt.* સ્નાયુથી જોડવું; બળવાન બનાવવું-કરવું. To make strong.

Sinewy (સિન્યૂઇ), *a.* સ્નાયુનું; સ્નાયુ વિષે. Of sinews; pertaining to sinews. **2.** જબરૂં; બળવાન; જોરાવર. Strong; powerful; vigorous.

Sinful (સિન્ફુલ), *a.* પાપી; કુકર્મી; પાપમાર્ગે જતું; પાપથી ભરપૂર. Wicked; unholy; full of immoral deeds.

Sinfully (સિન્ફુલલિ), *ad.* કુકર્મીપણે; પાપપરાયણ રીતે. In a sinful way; in a wicked manner.

Sing (સિન્ગ્), *vt. vi. pr. p.* **Singing.** *imp.* **Sang.** *p. p.* **Sung.** ગાવું; ગાયન ગાવું; લલકારવું; ગાન કરવું. To utter melodiously, with rhyme. **2.** સુસ્વર અવાજ કાઢવો; ટૌકારવું (પક્ષિનું). To sing in manner of a bird; to warble. **3.** પદ્યમાં વર્ણવવું-કહેવું; રસિકતાથી કહેવું. To recite or narrate in a poetic composition.

Singe (સિન્જ્), *vt.* ઉપરની સૂપાટી બાળવી; શેકવું; ઉપરની રૂવાંટી બાળી નાંખવી. To burn slightly; to remove the down from. *n.* શેકવું તે; દઝાડવું તે. An act of burning slightly.

Singer (સિન્જર્), *n.* કપડાં પરની રૂવાંટી બાળી નાંખનાર પુરૂષ; કપડાં પરની રૂવાંટી બાળનાર સંજો. A person, employed to singe; a machine that singes.

Singer (સિન્ગર્), *n.* ગાનારો; ગાયક; ગવૈયો. One, whose profession, it is to sing.

Singing (સિન્ગિંગ્), *n.* સંગીત; ગાનતાન; ગાયન. Music; a tune; the way of expressing a song.

Single (સિન્ગલ), *a.* નિરાળું; એકલું; નોખું; અલગ. Separate; only one; secluded; alone. **2.** કુંવારૂં; અવિવાહિત. Unmarried. *vt. pr. p.* **Singling.** *imp.* & *p. p.* **Singled.** જૂદું પાડવું; નિરાળું કરવું; નોંખું અથવા અલગ રાખવું. To separate; to withdraw; to keep alone. **2.** ચુંટી કાઢવું; પસંદ કરવું. To select; to choose. **3.** એક પછી એક લેવું. To take one by one.

Single-handed, *a.* એકલે હાથે; કોઇની મદદ વિના.

Single-minded } *a.* નિખાલસ; ભોળું.
Single-hearted }

Singleness (સિન્ગલનેસ્), *n.* એકલાપણું; કુંવારાપણું; કોઇની પણ સોબત વિનાનું હોવું તે. A state of being single.

Singly (સિન્ગ્લિ), *ad.* પ્રત્યેક; દરેક; એકલું; પૃથક્ પૃથક્. Individually; separately.

Singular (સિન્ગ્યૂલર્), *a.* એકલું; એકવચનનું. Denoting one person or thing. **2.** વિચિત્ર; અપૂર્વ; અસાધારણ; અજાયબીવાળું. Strange; extraordinary; wonderful. **3.** નિરાળું; નોંખું; અલગ. Separate; distinct. **4.** તુરંગી; આસ્મરંગી. Whimsical.

Singularity (સિન્ગ્યૂલરિટિ), *n.* એકલાપણું; અપૂર્વતા; વિલક્ષણતા; મહામુશ્કેલીએ મળે તેવી ચીજ; વાંઢાપણું. A state of being singular, a peculiar state or condition; a strangeness.

Singularly (સિન્ગ્યૂલર્લિ), *ad.* વિચિત્રપણે; વિલક્ષણપણે; એકવચનને લગતી રીતે. In a singular way.

Sinister (સિનિસ્ટર્), *a.* અશુભ; અમંગળ; ખરાબ; અનિષ્ટ. Inauspicious; unlucky; evil; bad; ill. **2.** ડાબી બાજુનું; ડાબી દિશાનું. Of the left side.

Sinisterly (સિનિસ્ટર્લિ), *ad.* ડાબી બાજુએ; અશુભ રીતે. In a sinister way or manner.

Sinistral (સિનિસ્ટ્રલ), *a.* ડાબી બાજુનું; ડાબી દિશાનું. Of the left side; going to the left direction.

Sinistrous (સિનિસ્ટ્રસ), *a.* અશુભ; ખોટું; વિપરીત; ડાબી બાજુનું. Inauspicious; belonging to the left side.

Sink (સિન્ક), *vt. vi pr. p.* **Sinking.** *imp.* **Sank, Sunk.** *p. p.* **Sunk.** ડુબાવી દેવું; બુડાડવું; તળીએ અથવા નીચે બેસાડી દેવું. To cause to descend below the surface; to immerse in a fluid. **2.** ઓછું કરવું; કમી કરવું; ઘટાડવું; નકામું ગુમાવવું. To lessen; to abate; to waste; to decline. **3.** ડુબવું; નીચે બેસવું; ઘટવું; ગરક થવું; ધીમે ધીમે અસ્ત પામવું. To disappear below the surface; to abate; to decline slowly and slowly. *n.* ખાળ; મોરી; નીક; ગટર. A drain, carrying filthy water. **Sink-hole,** *n.* ખાળકુવો.

Sinuous (સિન્યૂઅસ્), *a.* પેચદાર; સર્પાકાર; સાપના જેવું વળેલું. Twisted; winding; having an undulating form.

Sinless (સિન્લેસ્), *a.* પાપ વિનાનું; પાપ રહિત; નિર્દોષ. Free from sin; guiltless; innocent.

Sinner (સિન્નર્), *n.* પાપી; પાપ કરનાર; કુકર્મી; દુષ્ટ પુરૂષ. A sinful person; an offender.

Sinologue (સિનૉલૉગ્), *n.* ચિન દેશની ભાષા; સાહિત્ય વિગેરેનો અભ્યાસક. A student of the Chinese language and literature.

Sinuate (સિન્યૂએટ્), *vt. pr. p.* **Sinuating.** *imp.* & *p. p.* **Sinuated.** વાંકું ચુકું વાળવું-કરવું; સર્પાકારે કરવું-વાળવું. To bend in a zig-zag way; to turn in and out. *a.* વાંકું; સર્પાકારે વાળેલું; પેચદાર; વાળેલું. Winding; bend-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ing; sinuous.

Sinus (સાઇનસ્), *n.* ફાટ; ચીરો; નાળું; પોલાણ. An opening into the land; a cavity.

Sip (સિપ્), *n.* હોઠથી જરા પીધેલો ઘુંટડો; સડાકો. A small draught, drunk with the lips. *vt. vi. pr. p.* **Sipping.** *imp. & p. p.* **Sipped.** હોઠવતી પીવું; બચકે બચકે પીવું; ચાટવું. To imbibe by the lips; to suck.

Sipper (સિપર્), *n.* ચાટનાર; ઘુંટડે ઘુંટડે પીનાર. One, who sips.

Siphon (સાઇફૉન્), *n.* પીપમાંથી પ્રવાહી વસ્તુ કાઢવાની નળી; વક્રનળી; 'સાઇફોન'. A bent tube used in drawing liquids out of a vessel. Also spelt as, **Syphon.**

Sir (સર્), *n.* સાહેબજી; ખુદાવંદ; શેઠ; મહેરબાન સાહેબ. A gentleman; a title of respect towards the superiors. **2.** 'નાઇટ' અથવા 'બૅરોનેટ' નો ખિતાબ. The title of a knight or a baronet.

Sire (સાઇર્), *n.* બાપ; પિતા; મહારાજ; માબાપ; વડીલ; મુરબ્બી. A father; a title of respect used to a king or to an elder. *vt.* (ઘોડાઓ માટે) ઉત્પન્ન કરવું; જન્મ આપવો. To procreate; to beget.

Siren (સાઇરેન્), *n.* મોહ પમાડનારી સ્ત્રી; મોહની. A fascinating woman; an enticing or a charming lady. **2.** દરિયાઈ ત્રણ દેવીમાંની એક. One of the three sea-nymphs. *a.* લલચાવનારૂં; મોહ પમાડનાર; મોહક. Enticing; alluring.

Sirname (સર્નેમ્), *n.* અટક; ઉપનામ; કુળનામ. A family-name or designation.

Sirrah (સિરૅ), *n.* અરેઓ લુચ્ચા; હરામખોર! લુબાડ. A term expressing hatred or contempt.

Sirup (સિરપ્), *n.* રસ; ચાસણી; 'સિરપ' A sweet juice made from the juice of fruits and herbs.

Sister (સિસ્ટર્), *n.* બહેન; ભગિની. A female, born of the same parents, **2.** મઠમાં રહેનારી કુંવારી સ્ત્રી; ધર્મ ભગિનિ-બહેન. A female belonging to the same community; a nun. **3.** જોડ; સરખી જોડની વસ્તુ. One of the same kind or condition.

Sister-hood (સિસ્ટર્-હુડ્), *n.* બેનનું સગપણ; બેનપણ. The rank or position of a sister. **2.** સ્ત્રીમંડળ; સ્ત્રી સમાજ. A collection of females, working for the uplift of the society.

Sister-in-law (સિસ્ટર્-ઇન્-લૉ), *n. pl.* **Sisters-in-law.** સાળી; નણંદ; દેરાણી; જેઠાણી. A wife's sister; the husband's sister.

Sisterly (સિસ્ટર્લિ), *a.* બહેન પ્રમાણે; બહેનને લાયક-યોગ્ય. Becoming a sister; like a sister.

Sit (સિટ્), *vi. pr. p.* **Sitting.** *imp. & p. p.* **Sat.** બેસવું; બેસી જવું; બેઠક લેવી; આસન લેવું. To rest upon the haunches; to repose; to rest. **2.** સેવવું; સેવન કરવું. To brood. **3.** બંધબેસતું આવવું; બંધબેસતું થવું. To be suited. **4.** (મેમ્બર તરીકે) બેસવું. To occupy a place as.

Site (સાઇટ્), *n.* જગ્યા; ઠેકાણું; સ્થળ; સ્થાનક; બેઠક. A situation; a position; the position of a thing.

Sitting (સિટિન્ગ્), *n.* બેઠક; આસન; મેળાપ; સેવન. An act of one, who sits; a seat; a brooding. *a.* બેઠેલું; સેવન કરતું. Occupying a seat; brooding.

Situate,-d (સિટ્યૂએટ્,-ટેડ્), *a.* આવી રહેલું; સ્થિર બેસારેલું; મુકેલું; આવી રહેલું. Located; permanently fixed or placed.

Situation (સિટ્યૂએશન્), *n.* સ્થિતિ; સ્થાન; જગ્યા. A position; a locality. **2.** દશા; હાલત; પદવી; અધિકાર. A state; a condition; a rank.

Sitz-bath (સિટ્સ્બૅથ્), *n.* બેસીને ન્હાવાનું પીપ. A tub, in which one bathes in a sitting position.

Siva (સિવ્), *n.* શિવ; મહાદેવ; શંકર ભગવાન. The third god of the Hindu triad.

Six (સિક્સ્), *a.* છ; ૬. Two more than four. *n.* છની સંખ્યા. The number consisting of four, added by two. [repeated.

Six-fold (સિક્સફોલ્ડ્), *a.* છ ગણું. Sixtimes

Sixteen (સિક્સટીન્), *a.* સોળ; ૧૬. Four added by twelve. *n.* સોળની સંખ્યા. The sum consisting of eight added by eight.

Sixth (સિક્સ્થ), *a.* છઠ્ઠું; ૬ઠ્ઠું. Coming next in order of the fifth. *n.* પષ્ઠાંશ; ૬ઠ્ઠી સંખ્યા. The number following the fifth one.

Sixtieth (સિક્સ્ટિએથ્), *a.* સાઠમું; ૬૦મું. Coming after the number fifty-ninth. *n.* ૬૦મી સંખ્યા. The number following the fifty-ninth.

Sixty (સિક્સ્ટિ), *a.* સાઠ; ૬૦. Ten times six. *n.* સાઠની રકમ. The sum consisting of fifteen, multiplied by four.

Sizar (સાઇઝાર્), *n.* કેમ્બ્રીજ યુનિવર્સિટિનો વિદ્યાર્થી જેને રોજ મફત જમવાનો તથા ભણવાનો હોય છે તે વર્ગનો વિદ્યાર્થી. A student (of Cambridge university), who is exempted from paying all his charges.

Size (સાઇઝ્), *n.* કદ; પરિમાણ; પડ. A bulk; a magnitude; an extent or volume or surface. **2.** ભરત; માપ; ભરતર. A dimension. **3.** આર; ખોળ. A kind of glue. *vt. pr. p.* **Sizing.** *imp. & p. p.* **Sized.** કદ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માપ પ્રમાણે ગોઠવવું; માપ નક્કી કરવું; પ્રમાણ નક્કી કરવું-ઠરાવવું. To arrange according to size or bulk; to fix the standard.

Sizing (સાઇઝિન્ગ્), *n.* આર દેવો તે; ખેળ ચઢાવવો તે. An act of covering with size. **2.** અમુક હદ સૂધી લઈ જવું તે. An act of bringing to a certain limit.

Sizy (સાઇઝિ), *a.* ચીકણું; ખેળજાળું; આરવાળું. Containing size; glutinous.

Skain, Skein (સ્કેન્), *n.* દોરાની આંટી;દોરાંની કોકડી; દોરાની કે તાંતણાની લગ. A small hank of thread; a quantity of yarn, put together.

Skate (સ્કેટ્), *n.* બરફ ઉપર ચાલવાનો એક પ્રકારનો ધાતુનો બનાવેલો જોડો. A metallic shoe,specially prepared for running on the ice. *vt.* ધાતુનો જોડો પહેરીને બરફ ઉપર ચાલવું-ચાલતાં ચાલતાં સરકી જવું. To move on an icy ground with skates.

Skeleton (સ્કેલીટૉન્), *n.* હાડપિંજર; શરીરનું ખોખું; હાડકાનો માળો. The bony part of an animal body. **2.** ખોખું; ડોળિયું; ખરડો. A structure; a frame-work; an outline of a draft. *a.* હાડપિંજરનાં જેવું; હાડપિંજરને મળતું; ખરડાવાળું. Resembling a skeleton. **Skeleton-key,** *n.* બીજા તાળાને બેસે તેવી કરેલી ચોરકુંચી.

Skeptic (સ્કેપ્ટિક્), *n.* ખરૂં શું છે તેની ખાત્રી ન થતી હોય તેવો શંકાશીલ પુરૂષ; દરેક દરેક બાબતમાં શંકા રાખનાર આદમી. One, who is uncertain as to the result of a thing or an event.

Skerry (સ્કેરિ), *n.* ખડકવાળો ટાપુ; જુદો પડેલો ખડક અથવા ટેકરો. A rocky isle; a separated rock.

Sketch (સ્કેચ્), *n.* હદ બતાવતી લીટીઓ વડે જે આકાર બતાવતો હોય તે નકશો; ખરડો; ખોખું;વર્ણન; રૂપરેખા. A complete draft of anything; a general description; a draft; an outline. *vt. vi.* આંકવું; દોરવું; મુખ્ય બીના ટુંકમાં જણાવવી. To make a rough design; to delineate in short. **Sketch-book,** *n.* ઘણીખરી બીનાની ટુંકમાં નોંધ આપેલી હોય તેવું પુસ્તક.

Skiff (સ્કિફ્),*n.*નાનો મછવો; હોડી. A light boat.

Skilful (સ્કિલ ફુલ), *a.* નિપુણ; ચતુર; ડાહ્યું; હોંશિયાર; હુન્નરી; કુશળ. Expert; well-versed; thoughtful.

Skilfully (સ્કિલ ફુલલિ), *ad.* હોંશિયારીથી; ચતુરાઇથી; કુશળતાથી. In a skilful way; thoughtfully.

Skilfulness (સ્કિલ ફુલનેસ્),*n.* પ્રવીણતા; નિપુણતા; કુશળતા. A state of being skilful.

Skill (સ્કિલ્), *n.* ચતુરાઇ; ડહાપણ; યુક્તિ; હાથકસબ; હુન્નર. A display of art; an intelligence; wisdom; a contrivance. **2.**નિપુણતા; કળા કૌશલ્ય. Expertness; a proficiency.

Skim (સ્કિમ્), *vt. vi. pr. p.* **Skimming.** *imp. & p. p.* **Skimmed.** સપાટી ઉપરથી લઈ લેવું; મલાઈ અથવા તર લઈ લેવી. To clear from the upper surface; to remove the cream from. **2.** (*fig.*) ઉપર ટપકે જોઈ જવું-નજર નાંખવી. To look over; to see carelessly. **Skim-milk,** *n.* જેમાંથી મલાઈ કાઢી નાંખી હોય તેવું દૂધ.

Skimble (સ્કિમ્બલ્), *a.* ભટકતું; રખડતું; સંબંધ વિનાનું; અવ્યવસ્થિત. Rambling; wandering; unconnected.

Skimmer (સ્કિમર્),*n.* મલાઇ તારવી લેવાનું વાસણ. A vessel where in cream is collected. **2.** પાણીમાં રહેનારૂં એક જાતનું પક્ષી. A kind of aquatic bird.

Skin (સ્કિન્), *n.* ચામડી; ચામડું; ખાલ; ખોળિયું. The external integument of an animal. **2.** છાલ; છોતરૂં; છોલ; છોહું. The bark of a fruit or a plant; a husk. *vt. vi. pr. p.* **Skinning.** *imp. & p. p.* **Skinned.** ચામડી ઉતારવી; ખાલ કાઢી નાંખવી; છોડાં અથવા છોતરાં ઉખાડવા. To deprive of the external integument or bark; to peel. **2.** ચામડી આવવી; ચામડીથી ઢંકાઇ જવું. To become covered with skin.

Skin-deep (સ્કિન્-ડીપ્), *a.* બહુ ઉંડું ન હોય તેવું; ઉપર ઉપરનું; ઉપરચોંટિયું. Not very deep; superficial; slight.

Skinless (સ્કિન્લેસ્), *a.* ચામડી વિનાનું; ચામડી રહિત. Without or deprived of skin.

Skinner (સ્કિનર્), *n.* ચામડી ઉતારનાર; ખાલ કાઢનાર. One, who skins. **2.** ચામડાંનો વેપારી. A dealer of leather or hides.

Skinny (સ્કિનિ), *a.* પાતળું; ચામડી દેખાય તેવું; તવાઇ ગયેલું; હાડકાળું. Very thin; wanting flesh; consisting of skin only.

Skip (સ્કિપ્), *vt. vi. pr. p.* **Skipping.** *imp. & p. p.* **Skipped.** ઉડવું; છલંગ મારવી; કુદવું; ઠેકડો મારવો. To jump; to spring; to leap. **2.** છોડી દેવું; પડતું મૂકવું. To omit. *n.* છલંગ કુદકો; ઠેકડો. A spring; a jump. **2.** ટોપલી; છાબડી. A basket.

Skipper (સ્કિપર્), *n.* ન્હાના વેપારી વહાણનો ટંડેલ -નાખુદો. The master of a small trading vessel. **2.** મૂર્ખ માણસ; અવિચારી પુરૂષ. A thoughtless person.

Skirmish (સ્કર્મિશ્), *n.* ઝપાઝપી; કજીઓ; ઝઘડો; મારામારી. A quarrel; a short fight; a contest. *vi.* ઝપાઝપી કરવી; નાની લડાઈ કરવી; મારામારી કરવી. To contest; to fight; to engage in a small warfare.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Skirt (સ્કર્ટ), *vt. vi. pr. p.* **Skirting.** *imp. & p. p.* **Skirted.** હદ બાંધવી; હદ અથવા સીમા આપવી; હદ પર આવવું; સીમાડે વસવું. To border; to form the boundary; to be on the line or boundary of. *n.* હદ; સીમા; છેડો; કિનારો. A border; an edge; a margin. **2.** ઝુલ; ઘેર; પાલવ. The lower part of a garment.

Skittish (સ્કિટિશ), *a.* બીકણ; શરમાળ; ઢંગ વગરનું; અસ્થિર મનોવૃત્તિનું; ચંચળ મનનું. Shy; timid; fickle-minded. **2.** ઉડાઉ; ખરચાળ; મોજીલું; લહેરી. Wanton; volatile.

Skull (સ્કલ), *n.* ખોપરી; માથાનું તાલકું. The case of the head. **Skull-cap,** *n.* ટોપી; માથાને બરાબર બેસતી ટોપી.

Skute (સ્કયૂટ), *n.* હોડી; મછવો. A boat; a small vessel.

Sky (સ્કાઈ), *n. pl.* **Skies.** આકાશ; વ્યોમ; આસ્માન; આભ. The firmament; the heavens. **2.** પડછાયો; છાંયો. A shadow; a shade. **3.** વાદળું. A cloud. *vt.* આકાશ તરફ ફેંકવું-નાંખવું. To throw towards the sky. **Sky-blue,** *a. n.* આશમાની; નિલવર્ણ. **Sky-high,** *a.* ઘણુંજ ઉંચું. **Sky-larking,** *n.* આનંદમાં અતિશય દારૂ પીવો તે. **Sky-light,** *n.* અજવાળિયું; આકાશબારી. **Sky-rocket,** *n.* હવાઇ.

Sky-lark (સ્કાઇ-લાર્ક), *n.* ભરદ્વાજ નામનું પક્ષી; ચંડોળપક્ષીની જાતનું પક્ષી. A kind of bird, noted for its fine tune.

Slab (સ્લૅબ), *n.* શિલા; પત્થરની પાટ; પાટ. A marble piece; a stone with plane surface. *a.* ઘટ્ટ; જાડું. Thick; viscous.

Slabber (સ્લૅબર), *vt. vi.* થુંકીને બગાડવું; ઢોળવું; બગાડવું. To foul with spittle; to spill. **2.** મોંમાંથી લાળ પડવા દેવી. To let saliva fall from the mouth.

Slack (સ્લૅક), *a.* ધીમું; સુસ્ત; મંદ; નરમ; શિથિલ. Slow; dull; lax; backward. *ad.* ધીમેથી; સુસ્તપણે; શિથિલપણે. In a slack way. *n.* લટકતા રાંઢવાનો ભાગ; કોલસાની વધેલી ભૂકી. The part of a rope which hangs loose; coal screened from household or furnace coal.

Slack, Slacken (સ્લૅક, સ્લૅકન), *vt. vi.* ઢીલું કરવું; શિથિલ બનાવવું; પોચું પાડવું; નરમ કરવું. To lessen; to reduce the tension of; to repress. **2.** ઢીલું થવું; શિથિલ થવું; નરમ થવું. To become less tight; to get repressed; to abate.

Slackly (સ્લૅકલિ), *ad.* શિથિલપણે; નરમાશથી; પોચાશથી. In a slack way; loosely.

Slackness (સ્લૅકનેસ), *n.* ઢીલાપણું; શિથિલતા; ઠંડાશ; નરમાશ; ધીમાશ; મંદપણું. A state of being slack; slowness; looseness.

Slag (સ્લૅગ), *n.* ધાતુનો કચરો; ધાતુનો મેલ. The fused dross of metal. **2.** જ્વાળામુખી પર્વતમાંથી નીકળતો પદાર્થ. The scoria, smelting from a volcano.

Slake (સ્લેક), *vt. vi.* બુઝવવું; તરસ છીપાવવી; મટાડવું; પાણી નાંખવું; ચુનો પલાળવો; ભાંગવું; ઓલવવું. To allay; to quench; to mix with water. **2.** હોલાઇ જવું; બુઝાઇ જવું; નરમ થવું. To be extinct; to soften.

Slam (સ્લૅમ), *vt. vi. pr. p.* **Slamming.** *imp. & p. p.* **Slammed.** ધબોધબ બંધ કરવું; જોરથી વાસવું. To shut with violence or force. **2.** ધબોધબ બંધ થઇ જવું; જોરથી વસાઈ જવું. To be closed with violence. *n.* જોરથી બારણું વસાઇ જવું તે; ધબોધબ બંધ થવું તે. A violent shutting of a door.

Slander (સ્લૅન્ડર), *n.* ચુગલી; નિંદા; અપવાદ. A false report, maliciously uttered; a defamation; an aspersion. *vt.* ચુગલી કરવી; નિંદા કરવી; માથે આળ ચઢાવવું-દૂષણ લગાડવું. To defame; to bring discredit; to stigmatize.

Slanderer (સ્લૅન્ડરર), *n.* નિંદા કરનાર; ચાડી કરનાર; ચુગલીખોર. One, who slanders; a defamer.

Slanderous (સ્લૅન્ડરસ), *a.* ચુગલીખોર; નિંદાત્મક; નિંદા કરનાર; નિંદા અથવા ચાડીથી ભરપૂર. Given to slander; uttering slander; calumnious.

Slang (સ્લૅન્ગ), *n.* હલકી-નીચ બોલી; બિભત્સ ભાષા; ગાળાગાળીથી ભરપૂર બોલી. A vulgar speech or language; an abusive language. *vt.vi.* હલકી બોલી વાપરવી; ગાળ દેવી. To use abusive language.

Slant (સ્લૅન્ટ), *a.* ત્રાંસું; નમતું; ઢળતું; વાંકું; ઢાળ પડતું. Sloping; inclining; bending; curved; oblique. *vt. vi.* આડું કરવું; ત્રાંસું કરવું; નમતું કરવું. To make oblique. **2.** ત્રાંસું થવું-હોવું. To be in a sloping condition; to be oblique.

Slap (સ્લૅપ), *n.* ઘોલ; તમાચો; લપ્પડાક; થપડાક. A blow with the hand, specially on the face. *vt. pr. p.* **Slapping.** *imp. & p. p.* **Slapped.** ઘોલ મારવી; લપડાક મારવી; તમાચો મારવો. To strike with the hand; to give a blow with the hand. *ad.* તરતજ; તડોતડ; એકદમ. Quickly; rapidly.

Slash (સ્લૅશ), *n* લાંબો કાપો; ચીરો. A long cut; an opening. *vt. pr. p.* **Slashing.** *imp. & p. p.* **Slashed.** જોરથી કાપી નાંખવું; ચીરો પાડવો-કરવો. To cut violently; to form a gap at random. **2.** ચાબુક મારવી; ફટકો મારવો; ફટકારવું. To lash; to give a blow.

Slat (સ્લૅટ), *vt. pr. p.* **Slatting.** *imp. & p. p.* **Slatted.** મારવું; પછાડવું; ચીરો પાડવો. To strike; to dash against; to make a cut or an incision. *n.* પાટીઆ અથવા ધાતુની સાંકડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચીપ. A thin narrow strip of wood or metal.

Slate (સ્લેટ), *n.* પથ્થરપાટી; પત્થરની તકતી; પત્થરની પાતળી કાપેલી ચીર. A tablet of stone; a thin slab of smooth stone. **2.** ધાતુનું પાતળું પતરૂં. A thin metal plate. *vt. pr. p.* **Slating.** *imp. & p. p.* **Slated.** 'સ્લેટ' અથવા પત્થરપાટી જડવી. To cover with a slaty slab.

Slattern (સ્લૅટર્ન), *n.* ગંદી સ્ત્રી; ફુએડ સ્ત્રી. An untidy woman; a slut. *a.* ગંદું; ફુએડ; મેલું. Slovenly; dirty.

Slaty (સ્લેટિ), *a.* પત્થરપાટીનું; એક જાતના સુંવાળા પત્થરમય. Containing or having slate.

Slaughter (સ્લૉટર્), *n.* કતલ; કાપાકાપી; ખૂનરેજી; સંહાર; ઘાણ; નિકંદન. A carnage; a massacre; a killing. **2.** પશુવધ; માંસ વેચવા પશુઓને મારવા તે. A butchery; an act of killing beasts for market. *vt.* મારી નાંખવું; કાપાકાપી કરવી; હત્યા કરવી; ઘાણ કાઢવો. To kill; to put to death; to destroy the life or lives of for market. **Slaughter-house,** *n.* કસાઈખાનું.

Slaughterer (સ્લૉટરર્), *n.* ગળાં કાપનાર; ઘાતકી પુરૂષ; કસાઇ; નિર્દયમાં નિર્દય પુરૂષ. One, who practises butchery.

Slaughterous (સ્લૉટરસ્), *a.* ખૂનરેજી કરવાની વૃત્તિવાળું; હિંસક; ઘાતક. Murderous; bent on slaughtering.

Slave (સ્લેવ્), *n.* ગુલામ; દાસ. A bond-servant; a human being, who is the property of another. **2.** વેતરો; હલકો માણસ; વેઠીઓ. A drudge; an abject person. *vi.* ગુલામગીરી કરવી; વેતરૂં કરવું; મજુરી કરવી. To practise slavery; to drudge; to toil.

Slavery (સ્લેવરિ), *n.* ગુલામગીરી; પરાધીનતા; હુંડાપણું; બીજાની વૃત્તિને અનુસરતું અધમ જીવન. A bondage; a servitude; a perfect subjection.

Slavish (સ્લેવિશ્), *a.* ગુલામના જેવું; દાસોચિત; ગુલામને લાયક; મજુરીવાળું. Of or pertaining to a slave; abject.

Slavishly (સ્લેવિશલિ), *ad.* ગુલામગીરીવાળું; ગુલામની અવસ્થામાં; અધમ રીતે; મજુરીથી. In a slavish way; in a servile manner.

Slavishness (સ્લેવિશનેસ્), *n.* ગુલામની દશામાં હોવું તે; અધમ અને પરાધીન મનોદશા ભોગવવી તે. A state of being slavish.

Slay (સ્લે), *vi. pr. p.* **Slaying.** *imp.* **Slew.** *p. p.* **Slain.** કતલ કરવું; મારી નાંખવું; કાપી નાંખવું; જીવ લેવો. To kill violently; to deprive of life.

Slayer (સ્લેઅર્), *n.* ખૂની; ઘાતક; પ્રાણ લેનાર; મારી નાંખનાર. One, who slays; a murderer.

Sledge (સ્લેજ્), *n.* હથોડો. A heavy hammer used mostly by smiths. **2.** બરફ ઉપર ચલાવવાની વગર પૈડાની ગાડી. A vehicle, without wheels, used for the conveyance of goods, over snow or ice. *vt. vi.* બરફ ઉપર ચલાવવાની ગાડીમાં લઇ જવું અથવા મુસાફરી કરવી. To convey or travel in a sledge.

Sleek (સ્લીક), *a.* સુંવાળું; સાફ; લીસું; ચળકતું. Smooth; polished; shining. *vt.* સુંવાળું અને ચકચકિત બનાવવું-કરવું; લીસું કરવું. To render smooth; to make glossy.

Sleekness (સ્લીકનેસ્), *n.* લીસાપણું; સુંવાળું હોવું તે; સાફ અથવા સફાઇબંધ હોવું તે. A state of being sleek.

Sleeky (સ્લીકિ), *a.* લીસું; સફાઇબંધ અને સુંવાળા દેખાવવાળું. Of a polished appearance.

Sleep (સ્લીપ્), *n.* ઉંઘ; નિંદ્રા; શયન. A periodical and temporary rest for the brain and the body mostly at night; a repose. *vt. vi. pr. p.* **Sleeping.** *imp. & p. p.* **Slept.** ઉંઘવું; નિદ્રા લેવી; શયન કરવું. To go to bed for rest; to repose; to slumber. **2.** (*fig.*) બેદરકાર બનવું-રહેવું; આંખ મિંચવી. To remain careless; to fail to mind. **Sleep-walker,** *n.* ઉંઘમાંને ઉંઘમાં ચાલનાર.

Sleeper (સ્લીપર્), *n.* ઉંઘણસી; બહુ ઉંઘ લે તેવો આદમી; આળસુ પુરૂષ. A sleepy-head; a drone; a lazy fellow. **2.** આડી પડેલી કંઇપણ વસ્તુ-ચીજ-પદાર્થ. Any reclining thing. **3.** સલીપર; સલેપાટ; પાટલો; 'બીમ'. A straight framework or a rail of iron or another metal.

Sleepiness (સ્લીપિનેસ્), *n.* ઉંઘવાની વૃત્તિ હોવી તે; ઉંઘ આવવી તે; ઉંઘણસીપણું. A state of being sleepy.

Sleepless (સ્લીપ્લેસ્), *a.* ઉંઘ વિનાનું; નિદ્રારહિત; આરામ વિનાનું. Deprived of sleep; restless.

Sleeplessness (સ્લીપ્લેસનેસ્), *n.* નિદ્રા નહિ હોવી તે; ઉંઘનો અભાવ. A state of being sleepless.

Sleepy (સ્લીપિ), *a.* ઉંઘવાના વિચારવાળું; ઉંઘતું; નિદ્રાવાળું. Inclined to sleep. **2.** (*fig.*) આળસુ; ગાફેલ; બેદરકાર. Inactive; sluggish.

Sleet (સ્લીટ્), *n.* ઝીણા હિમ અથવા કરા ભેગો વરસાદ; ઝરમર ઝરમર પડતો વરસાદ. Rain mixed with snow or hail. *vi.* હિમ સાથે વરસાદ પડવો-વરસવો. To rain with snow.

Sleeve (સ્લીવ્), *n. pl.* **Sleeves.** બાંય; બાં. The part of a garment, covering an arm. *vt.* બાંય બેસાડવી-ચોડવી. To furnish with a sleeve. **To laugh in the sleeve,** છાની રીતે હસવું; મોંમાં મોં ઘાલીને હસવું.

Sleeveless (સ્લીવ્લેસ્), *a.* બાંય વિનાનું. Without or deprived of a sleeve or sleeves. **2.** કારણ વિનાનું; નિમિત્ત સિવાયનું. Without a cause or reason.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Sleigh (સ્લે), *n.* બરફ ઉપર ચલાવવાની સુંદર ગાડી. An elegant vehicle, used on the snowy paths.

Sleight (સ્લાઈટ્), *n.* હાથચાલાકીનો પ્રયોગ અથવા ખેલ; ચતુરાઇનો ખેલ; માયા; ઇંદ્રજાળ. An artful trick or a feat; a dexterity.

Slender (સ્લેન્ડર્), *a.* પાતળું; કુમળું; નાજુક; કમજોર; દુબળું; જીર્ણ. Thin; tender; meagre; weak; scanty.

Slenderly (સ્લેન્ડર્લિ), *ad.* નાજુક રીતે; દુબળી રીતે; કોમળ સ્થિતિમાં; કમજોરપણે. Meagrely; in a slender way.

Slenderness (સ્લેન્ડર્નેસ્), *n.* નાજુકાઇ; કમતાકાતી; દુબળાપણું; અલ્પતા; પાતળાપણું. A state of being slender; scantiness.

Slice (સ્લાઇસ્), *n.* ચીર; કાતરી; પોતળો કકડો; કાપલી. A thin piece cut off; a portion cut off. *v.* કાપવું; કાપીને કકડા કરવા; ચીરીઓ પાડવી. To cut into pieces; to divide into parts.

Slide (સ્લાઇડ્), *vt vi. pr. p.* **Sliding.** *imp.* **Slid.** *p. p.* **Slid, Slidden.** સરવું; સરી પડવું; લપસવું; ખસી જવું. To pass on gently; to pass smoothly; to glide. *n.* લપસી જવું તે; લપસણું; લીસો રસ્તો. An act of sliding; a smooth path; a gliding way.

Sliding (સ્લાઇડિન્ગ્), *a.* ઘસડાઈ જાય તેવું; લપસી જાય તેવું. Capable of sliding. *n.* ઘસડાઈ જવું તે; સરકીને જવું તે. An act of passing on gently and smoothly.

Slight (સ્લાઇટ્), *a.* આછું; હલકું; સ્હેજ; ઓછું; નજીવું. Scanty; insignificant; insufficient. *n.* અવગણના; તુચ્છકાર; અનાદર. A disregard; a hatred; a dislike. *vt.* અનાદર કરવો; તુચ્છકારવું; તિરસ્કાર કરવો. To disregard; to scorn; to show hatred or aversion.

Slightly (સ્લાઇટ્લિ), *ad.* જરા; સ્હેજ; ઉપર ઉપરનું; બેદરકારપણે. In a slight way; negligently.

Slightness (સ્લાઈટ્નેસ્), *n.* નાજુકપણું; સૂક્ષ્મતા; બારીકાઇ. A state of being slight.

Slily (સ્લાઇલિ), *ad.* પ્રપંચથી; લુચ્ચાઇથી; ખુંધાઇપૂર્વક. Craftily; in a cunning manner.

Slim (સ્લિમ્), *a.* પાતળું; બારીક; નજીવું; નબળું. Thin; minute; worthless; weak.

Slime (સ્લાઇમ્), *n.* પોચી, ભીની અને ચીકણી માટી. Clay. **2.** શિલાજીત. Bitumen. *vt.* માટીવાળું કરવું; કાદવવાળું બનાવવું. To make slimy.

Slimy (સ્લાઇમિ), *a.* ચિકણી માટીવાળું; માટીથી ખરડાએલું; ચિકટ. Containing clay; viscous.

Sling (સ્લિન્ગ્), *n.* ગોફણ; ઝોળી. A contrivance with which stones are hurled; a stroke; a throw. *vt. vi. pr. p.* **Slinging.** *imp.* & *p. p.* **Slung.** ગોફણ ફેંકવી; ગોફણ મારવી. To hurl with a sling. **2.** લટકવું; ઝુલતું રાખવું. To hang; to keep in a hanging condition.

Slink (સ્લિન્ક્), *vt. vi. pr. p.* **Slinking.** *imp.* & *p. p.* **Slunk.** અધુરે અવતરવું-તરવઇ જવું (જનાવરની માદાને માટે). To bring forth prematurely. **2.** છાનામાના જતા રહેવું; સંતાઇને નાસી જવું. To steal away; to go away meanly. *a.* અધુરે અવતરેલું-જણેલું. Produced prematurely (said of a beast). *n.* અધુરે જણેલું બચ્ચું. A calf brought forth prematurely. **2.** લુચ્ચો; ચોર. A sneaking fellow.

Slip (સ્લિપ્), *n.* ભૂલ; નજરચૂક; ગોથું; સ્ખલન. A mistake; an unintentional mistake. **2.** કાપેલી ડાળ; કલમ; શાખા. A twig separated from a branch or a tree. **3.** નાનો કકડો; ખંડ. A piece; a small portion. **4.** ઢાંકણ; આચ્છાદન. A covering; a case. **5.** ખોટો અથવા બનાવટી સિક્કો. A counterfeit coin. **6.** સુતરનો અમુક જથ્થો. A particular quantity of yarn. **7.** ગલ્લી; ઘરોની વચ્ચેની જગ્યા. A narrow passage between buildings. **8.** એક જાતની માછલી. A kind of fish. **9.** એકદમ નજર ચૂકાવીને છટકી જવું તે. An act of going away soon. *vt. vi. pr. p.* **Slipping.** *imp.* & *p. p.* **Slipped.** ચુકવું; ભૂલ કરવી; ચુકી જવું. To mistake; to err. **2.** લપસવું; ખસી પડવું; ખસી જવું. To roll; to slide; to move gently. **3.** અચાનક જવું; છાનામાના જવું; સટકી જવું. To go at once; to go away secretly; to run away. **4.** કાપવું; કાપી નાંખવું; તોડી નાંખવું. To cut off; to break.

Slipper (સ્લિપર્), *n.* સપાટ; તરતમાં કહાય તેવો જોડો. A kind of light shoe. **2.** લપસી જનાર; લપસનાર. One, who slips or falls gently.

Slippery (સ્લિપરિ), *a.* લપસણું; લીસું; લપસી જવાય તેવું; અસ્થિર; ડગુમગુ. Liable to slip; unsteady; uncertain.

Slit (સ્લિટ્), *vt. pr. p.* **Slitting.** *imp.* & *p. p.* **Slit, Slitted.** કાપીને લાંબી ચીર બનાવવી; ચીરવું; કકડા કરવા. To cut lengthwise; to cut into strips. *n.* લાંબો ચીરો; ફાટ; કાપ. A long cut; a narrow opening.

Sliver (સ્લિવર્), *vt.* પાતળા અને ઝીણા કકડા કરવા; કાપવું; સમારવું. To divide or cut into small pieces. *n.* કકડો; ચીરો. A piece; a part cut off.

Slogan (સ્લોગૅન્), *n.* લડાઇની વખતે માણસો ભેગા કરવા સ્કોટલૅન્ડમાં પાડવામાં આવતી બૂમ. The war-cry of a High-lander. **2.** બૂમ; પોકાર; લશ્કરને ભેગા થવાની બૂમ. A war-cry; a shout for collecting soldiers.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Sloop (સ્લૂપ્), *n.* એક શઢનું નાનું વહાણ; જહાજ. A vessel with one mast.

Slop (સ્લૉપ્), *n.* પાણી ઢોળાએલી જગ્યા; ભીની જગ્યા. A wet or a marshy place. **2.** હલકી જાતનો ખાવાનો પદાર્થ; ઘેંસ. A mean kind of food. **3.** ખાબોચિયું; કાદવવાળી જમિન. A puddle. *vt. pr. p.* **Slopping.** *imp. & p. p.* **Slopped.** છલકાઇ જવું; ઢોળાઇ જવું. To overflow; to be spilled.

Slope (સ્લોપ્), *n.* ઢાળ; ઢોળાવ; ઢળતી જગ્યા. A declivity; a downward direction; an oblique direction. *vt. vi. pr. p.* **Sloping.** *imp. & p. p.* **Sloped.** ઢળતું કરવું; ઢાળવાળું બનાવવું. To form with a slope; to incline. **2.** ઢોળાવવાળું હોવું-થવું. To take an oblique side or direction.

Sloping (સ્લોપિન્ગ્), *a.* ઢાળવાળું; ઢોળાવવાળું; ઉતરતું; ઢાળપડતું. Oblique; slanting.

Sloth (સ્લૉથ્), *n.* આળસ; સુસ્તી; પ્રમાદ; ધીમાશ. Laziness; idleness; slowness. **2.** એકપ્રકારનું મંદ પ્રાણી. A kind of creature with slow speed.

Slothful (સ્લૉથ્ફુલ્), *a.* સુસ્ત; આળસુ; મંદ; એદી. Slow at work; inactive; sluggish.

Slothfulness (સ્લૉથ્ફુલનેસ્), *n.* આળસ; સુસ્તી; પ્રમાદ; એદીપણું. A state of being slothful; inactivity.

Slouch (સ્લાઉચ્), *n.* ચાલમાં વાંકુ વળવું તે; વાંક. A stoop in walking; a droop. *vt.* ઝુલવું; ઝુલતું રાખવું. To hang down.

Slough (સ્લફ્), *n.* સાપની ઉતારેલી કાંચળી. A cast-off skin of a serpent. **2.** ગુમડાપરનું મુડદાલ માંસ. The flesh on a sore. *vi.* ઉખડી જવું; ખરી પડવું-જવું. To come off as the matter, formed over a sore.

Slough (સ્લાઉ), *n.* કાંપવાળી જગ્યા; કાદવવાળી જગ્યા. A muddy place; a place full of mire.

Sloughy (સ્લફિ), *a.* કાંચળીવાળું; મુડદાલ માંસ હોય તેવું. Containing or having a slough.

Sloven (સ્લવન્), *n.* ગંદો પુરૂષ; મલીન આદમી; આળસુ માણસ. A man careless to neatness and order; a lazy fellow.

Slovenliness (સ્લવન્લિનેસ્), *n.* પહેરવા ઓઢવામાં ગંદાપણું અથવા મલીનતા રાખવી તે. A state of being slovenly.

Slovenly (સ્લવન્લિ), *a.* મેલુંઘેલું; સુસ્ત; ફુઅડ; આળસુ; બેકાળજીવાળું. Untidy; lacking neatness in dress and order; careless. *ad.* ફુઅડપણે; અસ્વચ્છ રીતે. In a slovenly way.

Slow (સ્લો), *a.* ધીમું; હળવું; મંદ; સુસ્ત; થંડું. Gentle; not quick; dull; behind the time; inactive. *vt. vi.* ઢીલ કરવી; વિલંબ કરવો; સુસ્ત પાડવું. To delay; to linger; to make dull. **2.** ધીમે ધીમે જવું; આસ્તે જવું. To go gently.

Slowly (સ્લોલિ), *ad.* ધીમેથી; હળવે હળવે; ધીમે ધીમે; મંદ ગતિએ. Gently; in a slow manner.

Slowness (સ્લોનેસ્), *n.* ધીમાશ; મંદગતિ; વિલંબ; ઢીલ. A state of being slow; want or absence of quickness.

Slubber (સ્લબર્), *vt.* ખરડવું; બગાડવું; ડાઘા પાડવા. To besmear; to sully; to stain.

Slug (સ્લગ્), *n.* ગોકળ ગાય. A kind of insect, which walks very slowly. **2.** અડચણ; હરકત; મુશ્કેલી. An obstacle; a hindrance. **3.** આળસુ; એદી પુરૂષ. An idle or lazy fellow.

Sluggard (સ્લગાર્ડ્). *n.* એદી; ઉંઘણસી; આળસુ; સુસ્ત આદમી. An idle person; a habitually lazy fellow.

Sluggish (સ્લગિશ્), *a.* આળસુ; મંદ; જડ; ધીમું; મંદબુદ્ધિવાળું. Lazy; dull; inactive; stupid.

Sluggishness (સ્લગિશનેસ્), *n.* પ્રમાદ; એદીપણું; આળસ; સુસ્તી; ધીમાશ. Laziness; slothfulness; idleness.

Sluice (સ્લ્યૂસ્), *n.* પાણી જવા આવવાનો દરવાજો; ગરનાળું; પાણી વહેવાની નાની કુંડી. A contrivance for excluding or including water, a water-way. *vt.* ભીનું કરવું; તરબોળ કરવું. To make wet; to wet abundantly.

Slum (સ્લમ્), *n.* વિષયી વસ્તીનો મહેલ્લો; વેશ્યાવાડો; ગંદવાડવાળો મહેલ્લો. A low and dirty street.

Slumber (સ્લમ્બર્). *n.* નિંદ્રા; ઉંઘ; સ્હેજ ઝોકું આવવું તે. A light sleep; a repose. *vi.* થોડીવાર ઉંઘવું; ઝોકાં ખાવા; સ્હેજ ઉંઘ લેવી. To sleep lightly; to doze; to sleep.

Slur (સ્લર્), *n.* કલંક; એબ; ડાઘ; કાળી ટીલી; બટ્ટો. A stigma; a stain; a disgrace. *vt. pr. p.* **Slurring.** *imp. & p. p.* **Slurred.** બટ્ટો લગાડવો; કલંકિત કરવું; એબવાળું બનાવવું; વગોવવું. To stigmatize; to disgrace; to soil. **2.** અપસ્ટ રીતે બોલવું-ઉચ્ચાર કરવા. To pronounce indistinctly. **3.** છુપાવવું; સંતાડવું. To conceal; to hide.

Slut (સ્લટ્), *n.* ફુએડ સ્ત્રી; ગંદી સ્ત્રી. An unclean or untidy woman. **2.** કુતરી. A bitch; a name of contempt for a woman.

Sluttish (સ્લટિશ્), *a.* ફુએડ; ગંદુ; મેલું. Dirty; foul; untidy.

Sly (સ્લાઇ), *a.* લુચ્ચું; ખંધું; કાવતાબાજ; દગાખોર; પક્કું. Artful; cunning; crafty; shrewd.

Slyly (સ્લાઇલિ), *ad.* લુચ્ચાઈથી; ખંધાઇથી; દગાથી; કપટપૂર્વક; છુપી રીતે. In a sly way; craftily.

Slyness (સ્લાઇનેસ્), *n.* ધૂર્તપણું; કપટ; લુચ્ચાઇ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

A state of being sly; a deceit; a cunningness.

Smack (સ્મૅક), *n.* સ્વાદ; લહેજત. A taste; a flavour. **2.** ચુંબન; બચી ભરતી વખતનો બચકારો. A kiss; a sharp noise. **3.** ધોલ; લપડાક; ઝપાટો. A slap; a stroke. *vt. vi.* ટચકારો મારવો; બચ્ચી ભરવી; મોટેથી ચુંબન કરવું. To kiss with a sharp noise; to kiss aloud. **2.** સડાકો બોલાવવો (ચાબુકનો). To make a sound as of a whip. **3.** સ્વાદવાળું બનાવવું-કરવું. To make tasty.

Small (સ્મૉલ), *a.* નાનું; થોડું; અલ્પ; તુચ્છ; ઝીણું; હલકું; નજીવું. Having a little size; not much; insignificant; trivial. *ad.* થોડુંક; જરા; થોડી રીતે. In a little way. **Small-arms,** *n.* શસ્ત્ર; બંદુક, વિ૦. **Small-craft,** *n.* નાનું વહાણ.

Smallness (સ્મૉલનેસ), *n.* લઘુતા; અલ્પતા; થોડાપણું. A state of being small; a state of having a little quantity.

Small-pox (સ્મૉલ-પૉક્સ), *n.* શીતળા; સહિએડ; શીળી; કાકાબળિયા. A kind of contagious disease.

Smart (સ્માર્ટ), *a.* ચાલાક; ચપળ; ચંચળ; તીવ્ર; હોંશિયાર; ઝડપથી કામ કરનાર. Active; sharp; clever; vigorous. **2.** તમતમાટ. Pungent. **3.** ભભકાવાળું; શોભિતું. Showy; attractive; brilliant. *vt.* લાહે બળવી; ચરચરવું; દુઃખવું; વેઠવું. To feel a pungent pain; to suffer.

Smartness (સ્માર્ટનેસ), *n.* ચાલાકી; ચપળતા; હોંશિયારી; તીવ્રતા; તીક્ષ્ણતા. A state of being smart; quickness; liveliness.

Smash (સ્મૅશ), *vt.* ચુરેચુરો કરવો; કચરી નાંખવું; કચ્ચરઘાણ વાળવો-કરવો. To break to pieces; to dash to pieces. *n.* ચુરેચુરા; કચ્ચરઘાણ; કકડેકકડા કરવા તે. An act of reducing to pieces; a destruction.

Smasher (સ્મૅશર), *n.* ચુરેચુરા કરનાર; કચ્ચરઘાણ વાળનાર. One, who smashes.

Smatter (સ્મૅટર), *vt. vi.* વગર સમજે ભરડવું; બકવું; ઉપરચોંટિયું જ્ઞાન હોવું. To talk idly; to prattle; to have a superficial knowledge. *n.* ઉપરચોંટિયું જ્ઞાન. Superficial knowledge.

Smatterer (સ્મૅટરર), *n.* ઉપરચોંટિયું જ્ઞાન મેળવનાર; સમજ્યા સિવાય ગમે તેમ બોલનાર. One, who smatters.

Smattering (સ્મૅટરિન્ગ), *n.* ઉપરચોંટિયું જ્ઞાન; સમજ્યા સિવાયનું લોકોને બતાવવા સારૂ પ્રાપ્ત કરેલું જ્ઞાન. A superficial knowledge.

Smear (સ્મીર), *vt. pr. p.* **Smearing.** *imp.* & *p. p.* **Smeared.** ચિકણી વસ્તુથી ખરડવું; લેપ કરવો; લપેટવું. To daub; to overspread with an adhesive matter. **2.** દૂષણ લગાડવું; કલંકિત કરવું. To soil; to defame. *n.* અંજન; તેલ; મલમ. An ointment; oil, to be applied to body.

Smell (સ્મેલ), *vt. vi. pr. p.* **Smelling.** *imp.* & *p. p.* **Smelled, Smelt.** સુંઘવું; વાસ લેવી; વાસથી જાણવું. To get the scent of; to perceive by the nose of. **2.** વાસ નીકળવી; વાસ આવવી; વાસથી શોધી કાઢવું. To have the smell or odour. *n.* સુગંધ; ખુશબો; દુર્ગન્ધ. Odour; scent.

Smelt (સ્મેલ્ટ), *vt.* ધાતુનો રસ કરવો; ગાળવું. To melt as ore; to fuse. **2.** સુંઘ્યું; સુંઘેલું. *imp.* & *p. p.* of **Smell.** *n.* એક જાતની માછલી. A kind of fish.

Smile (સ્માઈલ), *vt. vi.* હાસ્યથી જણાવવું-દર્શાવવું. To express by a gentle laughter. **2.** મ્હોં મલકાવવું; જરા હસવું; હાસ્ય કરવું; વિનોદથી બોલવું. To laugh a little; to laugh gently. **3.** આનંદી દેખાવું; ખુશકારક જણાવું. To appear gay or joyful. *n.* મંદ હાસ્ય; મ્હોંનો મલકાટ. A slow laughter; an act of smiling.

Smirk (સ્મર્ક), *vi.* ઢોંગ કરી ઘણી મહેરબાની દેખાડવી; ઉપર ઉપરથી હેત બતાવવું. To simper; to pretend to show feelings.

Smite (સ્માઇટ), *vt. pr. p.* **Smiting.** *imp.* **Smote.** *p. p.* **Smit, Smitten.** મારવું; પ્રહાર કરવો; ઘા કરવો. To strike; to dash against. **2.** મારી નાંખવું; ઘા કરીને પ્રાણ લેવો. To kill; to kill with a stroke. **3.** નાશ કરવું; તોડીને નાશ કરવું; ધ્વંશ કરવો. To destroy; to bring to an end. **4.** હરાવવું; પરાભવ કરવો. To overcome; to defeat. **5.** બીવરાવવું; ભયભીત કરવું. To put to fear or terror; to terrify. *n.* ઘા; પ્રહાર A stroke; a blow.

Smith (સ્મિથ), *n.* લુહાર; હથોડાથી કામ કરનાર. (કંસારો, સોની). One, who forges with the hammer. **2.** (*fig.*) કંઇને કંઇ કરનાર. One who makes anything. *vt.* ઘડવું; હથોડાવડે ટીપવું. To forge; to beat with a hammer.

Smithery (સ્મિથરિ), *n.* લુહાર, વિગેરે ઘડનારનું કારખાનું; ઘડવાનું કામ. The work-shop of a smith; work done by a smith.

Smithy (સ્મિથિ), *n.* લુહારની કોડ; કંસારા અથવા સોનીની ભઠ્ઠી. The workshop of a smith.

Smock-frock (સ્મૉક-ફ્રૉક), *n.* જાડો શણનો પહેરવાનો ખેતીના મજુરનો ઝભ્ભો. A loose garment of linen, used by the farm-labourers.

Smoke (સ્મોક), *n.* ધુમાડો; ધુણી; ધૂમ્ર; જોઇ શકાય તેવી વરાળ. The visible vapour, which is expelled from a burning body. **2.** તમાકુ, વિગેરે પીવી તે. An act of smoking tobacco.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. vi. pr. p. **Smoking.** *imp. & p. p.* **Smoked.** ધુમાડો દેવો; ધુમાડામાં સુકવવું. To apply smoke to **2.** ધુમાડો નીકળવો; ધુણી થવી. To eject smoke. **3.** (*fig.*) શોધી કાઢવું; ખોળી કાઢવું. To find out; to search out.

Smoker (સ્મોકર્), *n.* બીડી પીનાર; ધુમાડાની વાસ લેનાર. One, who smokes.

Smoking (સ્મોકિન્ગ્), *n.* બીડી પીવી તે; ધૂમ્રપાન. An act of inhaling tobacco smoke from a pipe, or a **biri.** (native cigar)

Smoky (સ્મોકિ), *a.* ધુમાડાથી ઘેરાઇ ગયેલું; ધુમાડાના ગોટે ગોટાથી ઉભરાતું; ધુમાતું; ધુમાડા જેવું. Surrounded by smoke; full of curls of smoke; resembling smoke.

Smooth (સ્મૂથ્), *a.* લીસું; સુંવાળું; સાફ; સરળ; સપાટ Even; not rough; well polished. **2.** શાંત; સ્થિર; અક્ષુબ્ધ. Calm; steady; without being disturbed. **3.** સતત વહેતું; ચાલુ. Continuously flowing without stopping. *vt. vi.* અડચણ દૂર કરવી; સરળ બનાવવું; સાફ કરવું; લીસું અને સપાટ કરવું. To free from any trouble; to make easy; to make even by polishing. **2.** ખુશામત કરવી; પ્રશંસા કરવી. To flatter; to praise outwardly. **Smooth-iron,** *n.* ઇસ્ત્રી (ધોબીની). **Smooth-tongued,** *a.* મીઠા બોલું; હા એ હા ભણનાર.

Smoothen (સ્મૂધન્), *vt.* સાફ કરવું; સુંવાળું બનાવવું; લીસું કરવું; ઓપીને માંજીને અથવા ઘસીને ચકચકિત બનાવવું. To smooth; to make polished.

Smoother (સ્મૂધર્), *n.* સાફ અને સુંવાળું બનાવનાર; લીસું કરનાર. One who smooths.

Smoothly (સ્મૂથ્લિ), *ad.* સરળતાથી; વિના મુશ્કેલીએ; સહેલાઈથી; હરકત સિવાય. In a smooth way; easily.

Smoothness (સ્મૂથ્નેસ્), *n.* સરળતા; સુંવાળાપણું; લીસાપણું. A state of being smooth; evenness of surface.

Smother (સ્મોધર્), *vt. vi.* ગુંગળાવીને મારી નાંખવું; દબાવી દેવું; દાબી નાંખવું. To kill by suffocation; to suffocate; to stifle **2.** દબાઇ જવું; શ્વાસ રૂંધાઇ જવો; ગુંગળાઈ જવું. To be suffocated. *n.* ગુંગળાવી નાંખે તેવી ધુમાડી-ધૂળ. A suffocating smoke or dust.

Smoulder (સ્મોલ્ડર્), *vi.* ધુમાતું બળવું; કજવાઇ જવું; ધુમાડો થવો; ધુણી થવી. To burn and smoke without flames; to be full of smoke. **2.** (*fig.*) મનમાંને મનમાં બળવું-સળગવું; ઝુરવું. To burn inwardly; to feel for.

Smuggle (સ્મગલ્), *vt. vi. pr. p.* **Smuggling.** *imp. & p. p.* **Smuggled.** જકાત-દાણ આપ્યા સિવાય ચાલવું; દાણચોરી કરવી; છાનુંમાનું લઈ જવું. To import or export secretly or contrary to law; to practise smuggling.

Smuggler (સ્મગ્લર્), *n.* દાણ ચોરી કરનાર; જકાત આપ્યા સિવાય માલનો વેપાર કરનાર. One, who smuggles.

Smuggling (સ્મગ્લિન્ગ્), *n.* દાણચોરી; જકાતની ચોરી. An act of exporting or importing without paying the duty.

Smut (સ્મટ્), *n.* મેંશનો ડાઘ; કાજળ; કોયલાનો ડાઘ. A spot with soot or coal. **2.** માટીવાળો પોચો કોયલો. A soft coal full of earth. **3.** બેફાટ અથવા નિર્લજ્જ વચન; ફટાણાં. Obscene and filthy language. **4.** અનાજના કણસલા ઉપર થતો રોગ. A disease of cereals.

Smutch (સ્મચ), *n.* ડાઘો; કાળો ડાઘો. A spot; a foul or black stain. *vt.* ધુમાડાથી કાળું કરવું. To blacken with smoke.

Smutty (સ્મટિ), *a.* ડાઘવાળું; મેંશથી ખરડાએલું. Soiled with smut. **2.** નિર્લજ્જ; બેફાટ; ભુંડું. Immodest; obscene.

Snack (સ્નૅક્), *n.* હિસ્સો; ભાગ. A share; a portion. **2.** ઉતાવળમાં લીધેલો-કરેલો થોડો નાસ્તો. A slight and hasty repast.

Snaffle (સ્નૅફલ્), *n.* ઝેરકડીવાળી એક જાતની લગામ. A kind of bridle-bit. *vt.*-ના મોંમાં લગામ નાંખવી;-ને લગામ ઘાલવી. To bridle.

Snail (સ્નેલ્), *n.* ગોકળગાય. A kind of red coloured insect. **2.** (*fig.*) એદી અથવા આળસુ પુરૂષ. An idle fellow; a very slow worker.

Snake (સ્નેક્), *n.* સાપ; સર્પ; ભુજંગ; નાગ. A serpent. *vi.* સર્પની માફક ચાલવું. To creep as a serpent. **Snake-bite,** *n.* સર્પદંશ. **Snake-catcher,** *n.* મદારી; ગારૂડી.

Snaky (સ્નેકિ), *a.* સાપ જેવું; સાપને મળતું. Resembling a serpent; like a serpent. **2.** સાપવાળું; સાપથી ભરેલું. Containing or having serpents. **3.** (*fig.*) લુચ્ચું; કપટી. Deceitful; cunning.

Snap (સ્નૅપ્), *n.* આંગળીથી વગાડેલી ટચકારી. A sharp sound produced by the fingers. **2.** ચાબુકનો ફટાકો. A sound produced by a whip. **3.** બચકું; કકડો. A bite; a morsel. **4.** ચપળતા; ચાલાકી. Briskness; activity. **5.** કકડો; ટુકડો; બચકું. A piece; a fragment. **6.** વંદો; વંદાની જાત. A kind of beetle. **7.** બીસ્કીટ. A kind of biscuit. *vt. vi. pr. p.* **Snapping.** *imp. & p. p.* **Snapped.** એકદમ ભાંગવું; ઝટ લઇને તોડી નાંખવું. To break at once. **2.** એકદમ બચકું ભરવું. To bite suddenly. **3.** સડાક દઇને મારવું; ઝટ લઈને બંધ કરવું. To hit at once; to shut quickly. **4.** ગુસ્સાથી ઉતરી પડવું; ખીજવાઇ જઇને વાત કરવી. To say in an angry tone. **5.** સડાકા બોલાવવા; ચપ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટીઓ વગાડવી. To make a cracking sound. 6. ભાંગી જવું. To be broken away.

Snappish (સ્નૅપિશ), *a.* ખિજાળ સ્વભાવનું; ચિડિયું; વાંધાખોર; મિજાજ ખોઇ બેસે તેવું. Prone to excitement or anger; sharp in reply. 2. કરડી ખાય તેવું. Apt to bite.

Snare (સ્નેર્), *n.* જાળ; ફાંસો; પાશ. A trap; a thing which entangles. *vt. pr. p.* **Snaring.** *imp. & p. p.* **Snared.** જાળમાં નાંખવું; ફાંસામાં પકડવું; ફસાવવું. To entrap; to entangle.

Snarl (સ્નાર્લ્), *vt.* ઘુરકવું; બડબડવું; ઘુરકીને બોલવું. To growl as an angry dog; to talk rudely. 2. મુંઝવવું; મુશ્કેલીમાં નાંખવું. સપડાવવું. To entangle; to embarass. 3. ઉપસાવવું; મોટું કરવું. To raise; to enlarge the surface of *n.* ઘુરકવું તે; બડબડાટ; ગાંઠ. An act of crying in a wild manner; a knot. 2. મુશ્કેલી; મુંઝવણ. A difficulty; an an embarassment.

Snatch (સ્નૅચ્), *vt. vi.* છિનવી લેવું; પડાવી લેવું; ઝુંટી લેવું. To seize away forcibly; to take away by force or hastily. *n.* ઝડપ; ઝાપ; તરાપ; ઝુંટાવી લેવું તે. A hasty attempt to take a thing; a sudden catch or attempt for a thing. 2. નાનો કકડો; ભાગ. A portion; a fragment.

Sneak (નીક્), *vt. vi.* છાના માના નાશી જવું; સંતાઈ જવું; આંખ ચોરાવીને જતા રહેવું. To go away silently; to creep secretly. *n.* હલકું માણસ; ટેક મૂકીને વર્તનારૂ પુરૂષ. A mean fellow; a person of no high morality.

Sneaking (સ્નીકિન્ગ્), *a.* નજર ચોરી; ચાપલુસીખોર; નીચું; અધમ; પાજી. Creeping away out of sight; mean; underhand.

Sneer (સ્નીર્), *vi.* તિરસ્કાર કરવો; અપમાન કરવું; હલકાઇથી વર્તવું. To behave meanly; to scorn; to treat scornfully. *n.* તિરસ્કાર; અપમાન; ધિક્કાર; હાંસિ. A disdainful look; an expression of scorn.

Sneeze (સ્નીઝ્), *vi. pr. p.* **Sneezing.** *imp. & p. p,* **Sneezed.** છીંક ખાવી; છીંકવું; છીંક આવવી. To emit air violently through the nose. *n.* છીંક. An act of one, who sneezes.

Sneezing (સ્નીઝિન્ગ્), *n.* છીંક; છીંક ખાવી તે. An act of ejecting air violently through the nose.

Sniff (સ્નિફ્), *vt. vi.* નાકવડે ખેંચવું; નાક વાટે દમ લેવો; નસ્કોરાં બોલવા; સુંઘવું. To draw in through the nose; to smell. *n.* નાકવડે શ્વાસ લેવો તે; નસ્કોરાંનો અવાજ. An act of sniffing; the sound produced while breathing.

Snip (સ્નિપ્), *vt. pr. p.* **Snipping.** *imp. & p. p.* **Snipped.** કાતરવું; કાપી નાંખવું; થોડે થોડે કાપવું. To cut off; to clip; to nip. *n.* કાપેલો કકડો-ભાગ; કાપલો. A cut with scissors; a small shred.

Snivel (સ્નિવેલ્), *n.* લિંટ; નાકમાંથી નીકળતો ઘોળો ચિકણો પદાર્થ. Mucus from the nose. *vi. pr. p.* **Snivelling.** *imp. & p. p.* **Snivelled.** છોકરીની માફક ઉંઆ ઉંઆ કરીને રોવું; ઉંડા સાદથી રોવું. To cry as children; to whimper.

Snob (સ્નૉબ્), *n.* સારા લોકોની મહોબત છે એવી વાતો કરી લોકોને છેતરનાર; શ્રીમંતાઇનો ડોળ કરનાર પુરૂષ. A person, who affects to be in the company of the rich persons; a vulgar fellow, who pretends to be rich. 2. ગામનો રહીશ. A townsman. 3. મોચી. A shoemaker.

Snooze (સ્નૂઝ્), *n.* અલ્પ નિંદ્રા; ઝોકું; ટુંકી ઉંઘ. A short sleep; a nap. *vi.* થોડી ઉંઘ લેવી-ભોગવવી. To enjoy a short sleep.

Snore (સ્નોર્), *vi.* ઉંઘમાં નસ્કોરાં બોલવા-બોલાવવા; ઘોરવું. To breathe with a hoarse nasal voice in sleep; to sleep soundly. *n.* ઉંઘમાં નસ્કોરાં બોલે તે. A hoarse nasal sound in sleep.

Snort (સ્નૉર્ટ્), *n.* ફુંફાડો; સુસવાટો. A loud sound, produced by forcing the air through the nostrils. *vt.* હાંફવું; શ્વાસ લઇ ઘોડાની પેઠે સુસવાટ કરવો. To pant; to breathe heavily.

Snot (સ્નૉટ્), *n.* લીંટ; નીટ. Mucus discharges from the nose. 2. મૂર્ખ માણસ; જડ બુદ્ધિનો આદમી. A dolt. 3. હલકો પુરૂષ A mean fellow. *vt. pr. p.* **Snotting.** *imp. & p. p.* **Snotted.** નાક છિંકવું; નાક સાફ કરવું. To clear the nose.

Snotty (સ્નૉટિ), *a.* લીંટવાળું; ગંદુ; ફુઅડ. Dirty; foul with snot.

Snout (સ્નાઉટ્), *n.* જનાવરનું લાંબુ મ્હોં, નાક, વિગેરે. The projecting nose of an animal. 2. પોલી ભુંગળીનો છેડો. The end of a hollow pipe. *vt.* નાળચું બેસાડવું; નાળચાનું મ્હોં બંધબેસતું કરવું. To fit or furnish with a snout.

Snow (સ્નો), *n.* બરફ; હિમ. Watery particles congealed into white flakes. *vt. vi.* બરફ પડવો; બરફની માફક ફેલાવું. To fall as snow; to be spread as snow. **Snow-drift,** *n.* પવનથી ઘસડાઇ આવેલો બરફનો મોટો કકડો. **Snow-line,** *n.* પર્વત ઉપરના હિમની મર્યાદા. **Snow-shoe,** *n.* બરફ ઉપર ચાલતાં લપસી ન જવાય તેટલા માટે પહેરેલો જોડો. **Snow-storm,** *n.* વા વંટોળ સાથે બરફનું તોફાન. **Snow-white,** *n.* બરફ જેવું સફેદ.

Snowy (સ્નોઇ), *a.* બરફવાળું; હિમમય; બરફ જેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફેદ. Containing or having snow; white as snow.

Snub (સ્નબ્), *vt. pr. p.* **Snubbing.** *imp. & p. p* **Snubbed.** છેડો કાપવો; અણી કાપી નાંખવી. To break the ending part. **2.** ધમકાવવું; તરછોડવું; ધમકી દેવી. To reprimand; to abandon. *n.* ધમકી; ઠપકો. A reprimand; a scolding. **Snub-nosed,** *a.* ચપટા નાકનું.

Snuff (સ્નફ્), *n.* ગુલ; મોગરો (દિવેટનો). The part of a candle-wick which has been charred. **2.** સુંઘવું તે; શ્વાસ લેવો તે; તપખીર; સુંઘવાની તમાકુ. An act of smelling or inhaling; a powdery state of tobacco. *vt.* બત્તીનો મોગરો કાપવો-કાતરવો. To crop the snuff of. **2.** શ્વાસ લેવો; સુંઘવું. To inhale; to smell; to sniff. **Snuff-box,** *n.* તમાકુ ભરવાની ડબી.

Snuffer (સ્નફર્), *n.* સુંઘનાર; છીંકણી લેનાર-સુંઘનાર. One, who snuffs. **2.** *pl.* દીવાનો મોગરો કાપવાની કાતર. A pair of scissors, used in removing a snuff.

Snuffle (સ્નફલ્), *vi. pr. p.* **Snuffling.** *imp. & p. p.* **Snuffled.** નાકમાંથી બોલવું; ગુંગણું બોલવું. To speak with a nasal tune. **2.** નાકવડે શ્વાસ લેવો-કાઢવો. To breathe through the nose.

Snug (સ્નગ્), *a.* છુપાએલું; લપાઇ ગયેલું; સુરક્ષિત. Concealed; hidden; well-protected. **2.** સગવડવાળું; સારૂં; ચોખ્ખું. Convenient; fine; neat and clean. **3.** લપાઇ રહેલું. Lying close. *vt. vi. pr. p.* **Snugging.** *imp. & p. p.* **Snugged.** સગવડતામાં રાખવું-મૂકવું; સારી રીતે રાખવું. To put conveniently; to put in a neat place. **2.** લપાઇને સૂઈ જવું. To lie close.

Snugly (સ્નગ્લિ), *ad.* સગવડતામાં; ચોખ્ખી રીતે; સુખરૂપ; લપાઇને. In a snug way; closely.

Snugness (સ્નગ્નેસ્), *n.* સગવડતા; ચોખ્ખાઈ; સ્વચ્છતા; લપાઇ રહેલું તે. A state or quality of being snug.

So (સો), *ad.* એમ; તેમ; તેવું; તે પ્રમાણે; તે મુજબ-રીતે. In the same or like manner. **2.** ઘણું બધું; એટલું બધું. Very; in a high degree. **3.** ઠીક; ભલે; વારૂ. Well; very well. *conj.* તેને લીધે; તેટલા માટે. Therefore. **2.** અગર જો; તેમ છતાં. Provided that. **So forth,** *ad.* એ મુજબ; એ રીતિએ.

Soak (સોક્), *vt. vi.* ભિંજવવું; પલાળવું; પાણીવાળું કરવું; બોળવું. To imbibe in water or in any other fluid; to steep. **2.** પાણી પીવરાવવું; -પાવું. To drench. **3.** છિદ્રવાટે સોષી લેવું. To draw in by pores. **4.** પલળવું; ભિંજાઇ જવું. To be wet. **5.** ખૂબ દારૂ પીવો-ઢીંચવો. To drink to excess.

Soaker (સોકર્), *n.* દારૂ પીનાર; છીકટો; વારંવાર પીનાર. A habitual drinker.

Soap (સોપ્), *n.* સાબુ. A substance containing soda, used in washing clothes, etc. *vt.* સાબુ લગાડવો; સાબુ ચોપડવો. To apply or wash with soap. **Soap-boiler,** *n.* સાબુ બનાવનાર. **Soap-nut,** *n.* અરીઠાં.

Soapy (સોપિ), *a.* સાબુ જેવું; સાબુના જેવું નરમ અને સુંવાળું. Like or resembling soap.

Soar (સોર્), *vi. pr. p.* **Soaring.** *imp. & p. p.* **Soared.** ઉડવું; ઉંચે ચઢવું; હવામાં ઉડવું. To fly (as a bird); to mount upward on wings. **2.** (*fig.*) તરંગોમાં ઉડવું; તર્ક ઉપર તર્ક કરવા. To be absorbed in a lofty imagination. *n.* ઉંચે ઉડવું તે-જવું તે. An act of flying very high.

Sob (સૉબ્), *vi. pr. p.* **Sobbing.** *imp. & p. p.* **Sobbed.** હુસકાં ખાઇને રડવું-રોવું; નિસાસો મૂકવો; ગદ્‌ગદ્ કંઠે રૂદન કરવું. To weep with a deep breathing; to sigh heavily. *n.* હુસકું; નિસાસો. An act of sobbing; a deep breathing; a sigh.

Sober (સોબર્), *a.* ખાવા પીવામાં અંદાજ રાખનાર; નિયમિત ખાનપાન કરનાર; મિતાહારી. Temperate in eating and drinking. **2.** દારૂ પીવામાં સંયમી; બહુ ઓછો દારૂ પીએ તેવું. Temperate in the use of wine. **3.** ઠાવકું; સાવધ; સ્વસ્થ; વિચારવંત; ગંભીર. Thoughtful; cautious; grave. *vt. vi.* દારૂના કેફથી મુક્ત કરવું;-સાવધ કરવું. To make sober or grave. **2.** દારૂના અમલથી સાવધ થવું; નિશો ઉતરવો. To become sober. **Sober-minded,** ઠરેલ; ગંભીર.

Soberize (સોબરાઇઝ્), *vt. vi.* ઠરેલ બનાવવું; મિતાહારી કરવું-થવું; નિયમિત થવું. To make sober; to be sober.

Soberly (સોબર્લિ), *ad.* ઠરેલપણે; ગંભીરતીથી; મિતાહારીપણે. In a sober way; seriously; moderately.

Soberness (સોબર્નેસ્), *n.* ધીમાશ; દારૂ પીવામાં ધીમાશ, અથવા સાવચેતી; ભારેખમપણું; ગંભીરતા. A state of being sober; temperance; seriousness. [**ness.**

Sobriety (સોબ્રાઇટિ), *n.* Same as, **Sober-**

Sobriquet (સોબ્રિકેટ્), *n.* મશ્કરીનું નામ; ઉપનામ. A nickname.

Sociability (સોશિઍબિલિટિ), *n.* મળતાવડાપણું; મિલનસારપણું; સૌજન્યભાવ. A state of being sociable.

Sociable (સોશિએબલ્), *a.* મિલનસાર; મળતાવડું; હળેમળે તેવું; સ્નેહી સ્વભાવવાળું. Social; inclined

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

to be in the company; associable.

Sociableness (સોશિએબલનેસ્), *n.* મિલનસારપણું; મળતાવડાપણું; હળિમળિ જાય તેવો ગુણ. A quality of being sociable.

Social (સોશૅલ), *a.* સમાજનું; સંસારને લગતું; જનસમાજ વિષે. Of or pertaining to a society. **2.** વ્યવહારિક; સાંસારિક; દુનિયાદારીનું. Worldly; relating to man, living in the world. **3.** મિલનસાર; મળતાવડું. Affable; not reserved.

Socialism (સોશૅલિઝમ્), *n.* દુનિયાના બધા લાભનો મઝિયારો ઉપયોગ; સામાન્ય સ્વામિત્વ. A system of social reform, which thinks of society with an equitable distribution of labour and property.

Socialist (સોશૅલિસ્ટ), *n.* સામાન્ય સ્વામિત્વનો મત ધરાવનાર; સમિષ્ટવાદી. One, who upholds the cause of socialism.

Sociality (સોશૅલિટિ), *n.* સમાજપ્રિયતા; મિલનસારપણું. Sociability.

Society (સોસાઇએટિ), *n.* મંડળી; સોબત; પંક્તિ; ટોળી; મંડળ; સમાજ; સમાગમ. A company; fellowship; a number of persons, working for a common cause.

Sociology (સોશિઑલૉજિ), *n.* સમાજશાસ્ત્રી; સમાજ વિદ્યા. The science, which treats with the laws of human society.

Sock (સૉક), *n.* પગનું નાનું મોજું; જોડાની અંદરની સુખતળી. A woven covering for the leg; an inner sole for the shoe.

Socket (સૉકેટ), *n.* ખાનું; ઘર; ગોખલો; કોઈપણ ચીજનો આધાર. A case; an opening; an opening into which any object is fitted.

Sod (સૉડ્), *n.* ઘાસની જમિન; ઘાસવાળું માટીનું ઢેપું. Turf; a sward. *vt.* મટોડી અથવા માટી નાંખવી; માટીથી ઢાંકી દેવું. To cover with sod.

Soda (સોડા), *n.* એક પ્રકારનો ખાર-ક્ષાર; સોડા નામનો ખાર. Sodium oxide; sodium carbonate.

Sodium (સોડિયમ્), *n.* એક પ્રકારનું ફિક્કા રંગનું ધાતુનું તત્વ. A metallic element of the alkali-group.

Sodomite (સૉડોમાઇટ), *n.* ગાંડ મારનાર; ગાંડ મરાવનાર; સૃષ્ટિક્રમ વિરૂદ્ધ મૈથુન કરનાર. One practising sodomy.

Sodomy (સૉડોમિ), *n.* ગાંડ મરામણી; ગુદા મૈથુન. Copulation in a manner against nature.

Sofa (સોફ), *n.* કોચ; લાંબો ગાદીવાળો બેસવાનો કોચ. A long seat with a stuffed bottom.

Soft (સૉફ્ટ), *a.* સુંવાળું; પોચું; લીસું. Smooth; delicate; well-polished; **2.** નરમ; પોચું; સુંવાળું માયાળુ. Yielding; tender; kind. **3.** મૃદુ; મધુર. Gentle; pleasing.

Soften (સૉફન્), *vt. vi.* નરમ કરવું; શાંત પાડવું; કોમળ બનાવવું; નિર્બળ બનાવવું; છાવરવું. To make soft; to mitigate; to palliate; to pacify. **2.** પિંગાળવું; ઓગાળવું; ગાળવું. To mollify; to render soft. **3.** નરમ થવું; સુધરવું; પિંગળવું. To become soft; to relent.

Softly (સૉફ્ટલિ), *ad.* નરમાશથી; ધીમેથી; કુમળાશથી. Gently; slowly; in a soft way or manner.

Softness (સૉફ્ટનેસ્), *n.* નરમાશ; પોચાશ; મૃદુતા; કોમળતા; સુશીલપણું; ધીમાશ. Tenderness; gentility; slowness.

Soil (સૉઈલ્), *n.* જમીન; ભોંય; પૃથ્વીનું ઉપરનું પડ. Ground; an upper stratum of the earth. **2.** ખાતર. Manure; dung. **3.** ડાઘ; કલંક; એબ. A stain; a stigma. **4.** ભેજવાળી અથવા પાણીવાળી જમીન. A damp or marshy place. *vt. vi.* ડાઘપાડવા; મેલું કરવું; ગંદું કરવું. To cover with spots; to make dirty or foul. **2.** કલંકિત કરવું; એબ લગાડવી. To sully; to tarnish. **3.** મેલું થવું; ડાઘવાળું બનવું. To be dirty.

Soiree (સ્વૉરે), *n.* સંધ્યાકાળ પછીનો મેળાવડો-મીજલસ; સામાજીક મેળાવડો. An evening party; a social gathering.

Sojourn (સોજર્ન્), *n.* મુસાફર તરીકેનો વાસ; મુકામ; થોડા વખતને માટેનો ઉતારો અથવા રહેઠાણ. A temporary residence as that of a traveller; a dwelling place to be used for a short and uncertain time. *vi.* થોડો વખત રહેવું-વાસ કરવો; ઉતારો કરવો; મુકામ કરવો. To stay for a short period; to halt; to live as a stranger.

Sojourner (સોજર્નર્), *n.* મુસાફર; પ્રવાસી; થોડો સમય વાસ કરનાર. A traveller; a temporary resident; one, who sojourns.

Sojournment (સોજર્નમેન્ટ), *n.* અલ્પ સમયનો પ્રવાસ; થોડા સમયની મુસાફરી; વાસ કરવો તે. An act of sojourning.

Solace (સૉલેસ), *n.* સુખ; દીલાસો; આરામ; વિશ્રાન્તિ; આશ્વાસન; મન વાળવાનું ઠેકાણું. A relief; a consolation; a relaxation. *vt.* આશ્વાસન આપવું; દિલાસો દેવો; ધીરજ આપવી. To comfort; to soothe by words. **2.** નરમ પાડવું; ઓછું કરવું. To allay; to assuage.

Solar (સોલર્), *a.* સૂર્યનું; સૂર્યને લગતું; સૌર; સૂર્યના તાપથી ઉત્પન્ન થયેલું. Of or pertaining to the sun; resulting from the sun-heat. **Solar-system,** *n.* સૂર્યમંડળ. **Solar-eclipse,** *n.* સૂર્ય ગ્રહણ.

Solder (સોલ્ડર), *n.* ઝારણ; રેવણ. A metal used in joining or uniting different metals. *vt.* રેણ દેવું; ઝારવું; રેણવું. To unite by a metallic substance, making the joints solid.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Soldier (સોલ્જર), *n.* સીપાઇ; સૈનિક; લશ્કરી સિપાઇ. A warrior; one, who serves in an army. **2.** યોદ્ધો; શૂરવીર; પહેલવાન. A warrior; a brave fellow; a person, famous for valour. *vi.* લશ્કરી સિપાઈ તરીકે નોકરી કરવી–કામ કરવું. To serve as a soldier; to work as soldier.

Soldier-like (સોલ્જર્–લાઇક), *a.* સિપાઇગીરીને યોગ્ય–લાયક; સિપાઇગીરીનું. Befitting a soldier.

Soldierly (સોલ્જર્લિ), *a.* Same as, **Soldier-like.**

Soldiership (સોલ્જર્શિપ્), *n.* સિપાઇગીરી; સૈનિકની પદવી–જગ્યા. The rank or position of a soldier.

Soldiery (સોલ્જરિ), *n.* સિપાઇ લોક; લશ્કર; સેના; સિપાઇ મંડળ. A body of soldiers; an army.

Sole (સોલ્), *a.* એકલું; એકજ; અનન્ય. Alone; unaccompanied. **2.** (*Law*) કુંવારૂં. Unmarried. *n.* પગનું તળિયું. The bottom of the foot. **2.** જોડાનું તળિયું. The lower part of a shoe. **3.** એક પ્રકારની ચપટી માછલી. A kind of flat fish.

Solacism (સૉલેસિઝમ્), *n.* ભાષા બોલવામાં અશુદ્ધ ઉચ્ચારનો અસંગતપ્રયોગ. An impropriety in the use of any language.

Solely (સોલ્લિ), *ad.* એકલું; માત્ર; ફક્ત; કેવળ. Alone; only; simply.

Solemn (સૉલેમ્), *a.* પવિત્ર; ધાર્મિક; ગંભીર; વિધિસર. Holy; religious; marked with religious rites. **2.** ગંભીર; ભારે; ઉંડું. Serious; deep.

Solemnize (સૉલેમ્નાઈઝ્), *vt. pr. p.* **Solemnizing.** *imp. & p. p.* **Solemnized.** પવિત્ર ક્રિયા કરવી; વિધિ પ્રમાણે પરિપૂર્ણ કરવું; યથાવિધિ કરવું. To perform with solemn ceremonies. **2.** ગંભીરતા લાવવી; ગૌરવ ઉત્પન્ન કરવું. To bring seriousness mixed with reverence.

Solemness (સૉલેમ્નેસ્), *n.* ધર્મસંસ્કાર; પવિત્રતા; વિધિ; ગંભીરતા; ગાંભીર્ય. A state of being solemn; solemnity. [**Solemness.**

Solemnity (સૉલેમ્નિટિ), *n.* Same as,

Soleness (સોલનેસ્), *n.* એકલાપણું; એકલું હોવું તે; અનન્યભાવ A state of being one; singleness.

Solicit (સોલિસિટ્), *vt. pr. p.* **Soliciting.** *imp. & p. p.* **Solicited.** અરજ કરવી; વિનંતી કરવી; કાલાવાલા કરીને માંગવું; કરગરવું. To make petition; to request earnestly. **2.** બોલાવવું; આમંત્રણ કરવું; કહેવું. To invite; to send for. **3.** ની તરફમાં બોલવું–કહેવું; વ્યગ્ર કરવું. To plead; to disturb.

Solicitation (સોલિસિટેશન્), *n.* પ્રાર્થના; આજીજી; વિજ્ઞપ્તિ; ઉત્કંઠિત મનેચ્છા. An act of soliciting; an eager request or desire. **2.** આમંત્રણ. An invitation.

Solicitor (સોલિસિટર્), *n.* પક્ષ કરીને બોલનાર; પ્રથમ પંક્તિનો વકિલ; 'સોલિસિટર.' One, who pleads for; an attorney; one, who solicits.

Solicitous (સોલિસિટસ્), *a.* આતુર; કાળજી ધરાવનાર; ચિંતાયુક્ત; ફિકરમંદ; વ્યગ્ર. Anxious; concerned; disturbed.

Solicitude (સોલિસિટ્યૂડ્), *n.* કાળજી; ચિંતા; ઉત્કંઠા; તીવ્ર વાંચ્છના. Mental restlessness; an eager desire; a state of being solicitous.

Solid (સૉલિડ્), *a.* કઠણ; દળદાર; ઘન; નક્કર; પાકું; જબ્બર. Hard; compact; cubic; full of matter; sound. **2.** સંગીન; સદ્ધર; ખરૂં; પરિપક્વ. Weighty; firm; reliable; genuine. *n.* નક્કર પદાર્થ; ઘનાકૃતિ. Any substance, which is free from hollowness; any figure with length, breadth, and thickness.

Solidification (સૉલિડિફિકેશન્), *n.* ઘનીકરણ; નક્કર બનાવવું તે; કઠણ કરવું તે. An act of solidifying; a state of being solid.

Solidify (સૉલિડિફાઇ), *vt. vi. pr. p.* **Solidifying.** *imp. & p. p.* **Solidified.** નક્કર બનાવવું; ઘન બનાવવું; સંગીન કરવું. To render solid; to cause to change to a solid form. **2.** નક્કર થવું–બનવું; સંગીન થવું. To become solid.

Solidity (સૉલિડિટિ), *n.* ઘનપણું; નક્કરપણું; કાઠિન્ય; સંગીનપણું. A state of being solid; validity.

Soliloquize (સોલિલોક્વાઇઝ્), *vi.* એકલી એકલા વાત કરવી; મનની સાથે બોલવું To talk to one's self.

Soliloquy (સોલિલોક્વિ), *n.* આત્મભાષણ; મન સાથે બોલવું તે; એકલા અને એકલા સંભાષણ કરવું તે. An act of soliloquizing.

Solitariness (સૉલિટેરિનેસ્), *n.* નિર્જનતા; એકાંતવાસી હોવું તે; એકાંતપણું. A state of being solitary.

Solitary (સૉલિટેરિ), *a.* એકલું; એકાંતવાંસી; સૂનકાર જેવું; એકાકી. Lone; single; still; quiet. **2.** શોકાતુર; ઉદાસીન. Gloomy; sad.

Solitude (સૉલિટ્યૂડ્), *n.* એકાંતવાસ; એકાંત સ્થળ; જંગલ; વન; એકાંતવૃત્તિ. Loneliness; a lonely place; a place free from any social communication.

Solo (સોલો), *n.* એક માણસે ગાયેલો રાગ. A tune or music, as sung by a man.

Solomon (સૉલોમૉન્), *n.* ડાહ્યો પુરૂષ; કાબેલ પુરૂષ. A very wise person. (Solomon was an Israel king, noted for his wisdom).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Solstice (સોલ્સ્ટિસ્), *n.* અયન; ઉત્તર અથવા દક્ષિણ તરફ સૂર્યની ગતિ; અયનકાળ. The time of the year, at which the sun is at the farthest point from the equator.

Solubility (સૉલ્યૂબિલિટિ), *n.* ઓગળવાનો ગુણ; દ્રાવ્યતા; શકયતા. A quality of being soluble.

Soluble (સૉલ્યૂબલ્), *a.* પીંગળી જાય એવું;દ્રાવ્ય; ઓગળી જાય એવું; નક્કી થઇ શકે તેવું. Capable of being solved; capable of being explained or cleared. [**Solubility.**

Solubleness (સૉલ્યૂબલનેસ્), Same as,

Solution (સોલ્યૂશન્), *n.* કોઇ વસ્તુને પાણીમાં પિંગળાવી કરેલું પાણી; નિરાકરણ; વિભાગ. A process, by which a body is absorbed into liquid. **2.** ખુલાસો; સમજૂતિ; ઉકેલ; નીવેડો. An explanation; a clearing of any problem. **3.** છૂટકારો; છૂટકો. A release; a discharge.

Solvable (સૉલ્વેબલ્), *a.* છોડાવી શકાય તેવું; સમજૂતિ આપી શકાય તેવું; ઓગાળી શકાય તેવું. Capable of being solved.

Solve (સૉલ્વ્), *vt. pr. p.* **Solving.** *imp.* & *p. p.* **Solved.** ખુલાસો કરવો; છોડાવવું; ગુંચવણ દૂર કરવી; સંશય દૂર કરવો. To explain; to make free from any doubt or confusion; to clear the meaning.

Solvency (સૉલ્વેન્સિ), *n.* કરજ ફેડવાની શક્તિ; દેવું વાળવાનું સામર્થ્ય. Ability to pay debts or all just claims.

Solvent (સૉલ્વેન્ટ્), *a.* કરજ અથવા દેવું ફેડી શકે તેવું; વ્યવહારકુશળ. Capable of paying all debts. **2.** બીજા પદાર્થોને ગાળે તેવું; દ્રાવક. Possessing the power of dissolving.

Sombre (સૉમ્બર્), *a.* ઝાંખું; શ્યામ; ઘેરૂં. Dim; black; dark; dull. **2.** ગંભીર; દિલગીરી; ઉદાસ. Sad; sorry; grave. *vt.* ઝાંખું કરવું; કાળું બનાવવું-કરવું; શોકકારક કરવું. To render dim or black; to sadden.

Somberly (સૉમ્બર્લિ), *ad.* ઝાંખી રીતે; ઉદાસીન વૃત્તિથી; ગંભીરતાથી.In a sombre way;gravely.

Somberness (સૉમ્બર્નેસ્), *n.* ઉદાસીનતા;ઝાંખાશ; કાળાશ.A state of being sombre; gloominess.

Sombrous (સૉમ્બ્રસ્), *a.* ઝાંખું; ઉદાસ; કાળું; ગંભીર. Sombre; dull; black.

Some (સમ્), *a.* કેટલાએક; થોડું; કોઇક; કેટલુંક; કોઇ. Several; forming a little. **2.** અંદાજે; સુમારે; અમુક; અમુકેક. Approximate; about; certain. **3** કોઈ; કોઈ એક. Certain. **Somebody,** *n.* કોઇક; એકજણ; કોઈપણ એક. **Somehow,** *ad.* કોઈપણ રીતે; ગમે તેમ કરીને. **Something,** *n.* કોઈપણ વસ્તુ; કાંઇપણ. **Sometimes,** *ad.* કોઇ કોઈ વાર-વખત; ઘણી વેળાએ **Some-where,** *ad.* કોઈપણ સ્થળે-જગ્યાએ.

Somersault (સમર્સૉલ્ટ્), *n.* ગુલાંટ; ગોઠીમહું; ગોથું. A leap, by which a person rotates his body from heel to head, completing a circuit. [**Somersault.**

Somerset (સમર્સેટ્), *n.* Same as,

Somnambulism (સૉમ્નૅમ્બ્યૂલિસ્ટ્), *n.* ઉંઘમાં ફરવું તે; ઉંઘમાંને ઉંઘમાં ચાલવું તે. An act of walking during sleep.

Somnambulist (સૉમ્નૅમ્બ્યૂલિસ્ટ્), *n.*ઉંઘમાંને ઉંઘમાં ફરનાર-ચાલનાર. One, who walks in or during sleep.

Somniferous (સૉમ્નિફરસ્), *a.* ઉંઘ લાવનાર; નિદ્રાજનક. Inducing or causing sleep.

Somniloquy (સૉમ્નિલોક્વિ), ઉંઘમાં વાત કરવી તે; ઉંઘમાં બોલવું તે-લવરી કરવી તે. A talk in sleep

Somniloquist (સૉમ્નિલોક્વિસ્ટ્), *n.* ઉંઘમાં વાત કરનાર; નિદ્રામાં લવરી કરનાર. One, who talks in sleep. [child; a male issue.

Son (સન્), *n.* પુત્ર; દીકરો; છોકરો. A male

Sonata (સોનાટૅ), *n.* વાજાનો સુર-રાગ. One of the musical notes.

Song (સૉન્ગ્), *n.* ગીત; ગાયન; સંગીત; કાવ્ય. A lyrical poem, adapted to music; a little poem; a lay; a verse. **Song-bird,** *n.* મધુર રીતે ગાનારૂં પક્ષી. **Song-sparrow,** *n.* એક જાતની વગડાઉ ચકલી.

Songster (સૉન્ગ્સ્ટર્), *n.* ગવૈયો; ગાનાર; ગાયક. One, well-versed in singing. **2.**ગાનારૂં પક્ષી. A singing bird.

Songstress (સૉન્ગ્સ્ટ્રેસ્), *n.* ગાનારી; ગવૈયણ; ગાનતાનમાં નિપૂણતા ધરાવનાર સ્ત્રી. A woman, well-versed in the art of singing

Son-in-law (સન્-ઈન્-લૉ), *n. pl.* **Sons-in-law.** જમાઈ; જમઈ. The husband of one's daughter.

Sonnet (સૉનેટ્), *n.* ચૌદ લીટીનો એક અમુક પ્રકારનો છંદ; લઘુ કવિતા; કાવ્ય; છંદ. A poem of fourteen lines; a short poem; a song.

Sonneteer (સૉનેટીર્), *n.* લઘુ કવિતા અથવા કાવ્ય બનાવનાર-રચનાર; ચૌદ લીટીવાળો છંદ બનાવનાર. One, who composes a sonnet or sonnets.

Sonorous (સોનોરસ્), *a.* રણકદાર; બુલંદ અવાજનું; ખણખણ વાગે તેવું; ઉંચા અવાજવાળું. Resonant; giving sound when struck or rung.

Soon (સૂન્), *ad.* જલદીથી; ઝડપથી; ઝટપટ;તરતજ; સત્વર; વિના વિલંબે. In a short time; very early; without delay.

Soot (સૂટ્), *n.* મેંશ; કાજળ. A black substance, formed from fuel while burning. *vt.* મેંશથી ઢાંકી દેવું; કાજળવાળું કરવું. To cover

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

with soot.

Sooth (સૂથ્), *n.* સાચું; સત્યતા; સત્ય. Truth; reality. **2.** ભવિષ્ય-કથન. Augury.

Soothe (સૂધ્), *vt. pr. p.* **Soothing.** *imp. & p. p.* **Soothed.** ખુશામતથી ખુશ કરવું; મીઠી વાતથી રાજી કરવું. To please with soft words; to flatter. **2.** શાંત કરવું; ઠંડું કરવું; દિલાસો આપવો. To assuage; to mitigate.

Soother (સૂધર્), *n.* ખુશામતથી ખુશ કરનાર; મીઠી વાતથી રાજી કરનાર; શાંત કરનાર; ઠંડું પાડનાર. One, who soothes.

Soothing (સૂધિન્ગ્), *a.* શાંત કરતું; આશ્વાસન આપતું; ઠંડું પાડતું. Assuaging; making quiet.

Soothsay (સૂધ્સે), *vi.* ભવિષ્ય કહેવું; ભવિષ્ય સૂચવવું-દર્શાવવું. To predict; to foretell.

Soothsayer (સૂથ્સેઅર્), *n.* ભવિષ્યવેત્તા; જોષી; ભવિષ્ય જાણનાર. One, who foretells events; a prophet.

Soothsaying (સૂથ્સેઈન્ગ્), *n.* ભવિષ્ય કથન; ભવિષ્ય. A foretelling.

Sootiness (સૂટિનેસ્), *n.* કાજળવાળું હોવું તે; મેંશવાળું હોવું તે. A state of being sooty.

Sooty (સૂટિ), *a.* કાજળવાળું; મેંશવાળું. Covered with soot.

Sop (સૉપ્), *n.* પ્રવાહી પદાર્થમાં પલાળી મૂકેલો ખાવાનો પદાર્થ; ખીર. Any edible substance dipped in liquid.

Sophism (સૉફિઝમ્), *n.* આભાસ; ખરી દેખાતી ખોટી તકરાર; સિદ્ધાંતાભાસ. Any fallacy designed to deceive; the doctrine practised by a sophist.

Sophist (સૉફિસ્ટ્), *n.* આભાસવાદી; વિદ્વાન; સુફી; તાર્કિક. A fallacious reason; a quibbler.

Sophister (સૉફિસ્ટર્), *n.* વિલાયતના વિદ્યાલયમાં બીજા વરસનો વિદ્યાર્થી; આભાસવાદી; મિથ્યાવાદ કરનાર. A student advanced beyond the first year in the Cambridge university; a fallacious reasoner.

Sophistic,-al (સોફિસ્ટિક્,-કૅલ્), *a.* ભૂલવાળું; ભ્રમિત; આભાસાત્મક. Not sound in argument; fallacious.

Sophisticate (સોફિસ્ટિકેટ્), *vt.* ભેળવાળું કરવું; બગાડવું; કૃત્રિમ કરવું; મિશ્રણ કરીને હલકું કરવું. To adulterate; to make spurious; to pervert. *a.* બગડેલું; ભેળવાળું; મિશ્રિત. Adulterate; not pure.

Sophistication (સોફિસ્ટિકેશન્), *n.* ભેળવણી; મિશ્રણ કરીને બગાડવું તે; હલકું કરવું તે. An act of sophisticating; an adulteration.

Soporiferous (સોપોરિફરસ્), *a.* ઉંઘ લાવનારૂં; નિદ્રાજનક; ઘેન લાવે તેવું. Causing sleep; tending to sleep.

Sorcerer (સૉરસરર્), *n.* જાદુગર; ઈલ્મી; નજરબંધી કરનાર. A conjurer; a magician; an enchanter.

Sorceress (સૉરસરેસ્), *n.* જાદુગરિણી; ઈલ્મ જાણનાર સ્ત્રી; નજરબંધી કરનાર સ્ત્રી. A female conjurer; an enchantress.

Sorcery (સૉરસરિ), *n.* જાદુ; ધંતરમંતર; ઈલ્મ; નજરબંધી; ઇંદ્રજાલ. Magic; enchantment; witchcraft.

Sordid (સૉરડિડ્), *a.* નીચ; હલકું; તુચ્છ; અધમ; પાપી; દુષ્ટ. Vile; base; insignificant; sinful; wicked. **2.** અતિ લોભી; કંજુસ; કૃપણ. Greedy; niggardly.

Sordidly (સૉરડિડ્લિ), *ad.* હલકાઇપૂર્વક; નીચતાથી; અધમપણે. Meanly; in a sordid way.

Sordidness (સૉરડિડ્નેસ્), *n.* કૃપણતા; નીચતા; હલકાઈ; અધમતા. Vileness; baseness; a state of being sordid.

Sore (સોર્), *n.* જનાવરના શરીર ઉપર છોલાએલી ચામડી; ફાટેલી ચામડી; ઉઝરડો; ઘા. A place in an animal body, where the skin is ruptured so as to cause pain; a wound. *a.* દુઃખ ઉપજાવે તેવું; વેદના કરે તેવું; સખ્ત; દુઃખદાયક. Afflictive; causing pain; severe; painful.

Sorely (સોર્લિ), *ad.* ભારે દુઃખ થાય તેવી રીતે; દુઃખદાયક રીતે; ત્રાસદાયક રીતે. Painfully; harmfully; grievously.

Soreness (સોર્નેસ્), *n.* દુઃખ; દરદ; તીવ્રપણું. Pain; painfulness; a state of being sore.

Sorrel (સોરેલ્), *n.* ખોટી ભાજી બદામી રંગ. A plant, having a sour juice; a reddish brown colour. *a.* બદામી રંગનું; બદામી રંગવાળું. Of reddish brown colour.

Sorrow (સૉરો), *n.* શોક; ખેદ; દિલગીરી; બળાપો; સંતાપ; ગ્લાનિ. Regret; sadness; grief. *vt.* ખેદ પામવો; દુઃખ લાગવું; શોકાતુર બનવું; દિલગીરી બતાવવી; સંતાપ કરવો. To grieve; to be sad; to be sorry.

Sorrowful (સૉરોફુલ્), *a.* દુઃખી; ઉદાસ; શોકાતુર; દુઃખદાયક; શોચનીય. Unhappy; sad; mournful; lamentable.

Sorrowfully (સૉરોફુલ્લિ), *ad.* શોકાતુરપણે; દુઃખદાયક રીતે; શોચનીય રીતે. In a sorrowful way or manner.

Sorrowfulness (સૉરોફુલનેસ્), *n.* દુઃખી બનવું તે; ઉદાસીનતા બતાવવી તે; શોચનીય સ્થિતિ. A state of being sorrowful.

Sorrily (સૉરિલિ), *ad.* દિલગીરીથી; ખિન્નતાથી; અફસોસ બતાવીને. In a sorry way; sadly.

Sorry (સૉરિ), *a.* દીલગીર; ખિન્ન; ખેદયુક્ત. Regretful; sad; dejected.

Sort (સૉર્ટ્), *n.* પ્રકાર; જાત; તરેહ; રીત. A classification; an order; a manner. **2.** ટોળું; જથ્થો; સમૂહ. A collection; a crowd;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

a group: **8.** જોડું; થોકડી; જોડકું. A pair; a set. *vt. vi.* વર્ગ પાડવા; વ્યવસ્થામાં ગોઠવવું; જાતવાર ગોઠવવું; વર્ગણી કરવી. To separate and place in distinct class or order; to divide; to arrange in order. **2.** ચુંટી કાઢવું; પસંદ કરવું. To select; to choose. **3.** જોડાઇ જવું; બંધ બેસવું થવું; મળતું આવવું. To unite; to agree; to fix.

Sortable (સૉર્ટેબલ), *a.* વર્ગીકરણ કરી શકાય તેવું; જાત અથવા ક્રમવાર ભાગ પાડી શકાય તેવું. Capable of being sorted.

Sorter (સૉર્ટર), *n.* ગોઠવનાર; જાતવારી પ્રમાણે અથવા ક્રમ પ્રમાણે મૂકનાર. One, who sorts.

Sortie (સોર્ટી), *n.* ઘેરાએલી જગ્યામાંથી ઘેરો ઘાલનાર; ઉપર કરેલો એકદમ હલ્લો; ધસારો. A sally.

Sot (સૉટ), *n.* છાકટો; કેફી; મૂર્ખ; બેવકૂફ. A habitual drunkard; a blockhead; a stupid fellow. *vt. vi. pr. p.* **Sotting.** *imp. & p. p.* **Sotted.** છાકટું બનાવવું; મદિરાપાનથી ઉન્મત્ત બનાવવું; દારૂ પાવો. To stupefy; to intoxicate. **2.** દારૂ પીવો; છાકટું બનવું. To be intoxicated.

Sottish (સૉટિશ), *a.* દારૂડિયો; દારૂની લતમાં લાગેલું; મંદોન્મત્ત; મૂર્ખ. Drunken; stupid.

Sottishness (સૉટિશનેસ), *n.* દારૂની લત હોવી તે; મદોન્મત્તપણું; મૂર્ખતા. A quality of being drunken; drunkenness.

Soul (સોલ), *n.* આત્મા; હૃદય; પ્રાણ; ચેતન. The moving spirit; the heart; the life; vitality. **2.** માણસ; મનુષ્ય; પ્રાણી; જીવજંતુ. A human being; a life. *vt.* જીવ મૂકવો; સજીવન કરવું; ચેતનમય બનાવવું. To endow with life; to inspire with life.

Soulless (સોલલેસ), *a.* જીવવિનાનું; ચેતનરહિત; આત્મહીન. Devoid of soul or life; lifeless.

Sound (સાઉન્ડ), *n.* અવાજ; સુર; ઘોંઘાટ; શબ્દ. Noise; report; a word. **2.** ધ્વનિ; શબ્દની અસર; ખાલી અવાજ. Empty noise. **3.** સાંકડી ખાડી; સામુદ્રધૂનિ. A narrow strait. *a.* નિરોગી; સાજો; ઠીક; મજબુત. Healthy; free from any disease; strong. **2.** સહીસલામત; સાજુતાજુ; અણીશુદ્ધ. Safe; harmless. **3.** ભૂલચૂક વિનાનું; પરિપક્વ. Free from error; correct; right. *vt. vi.* અવાજ કાઢવો-લઇ જવો; વગાડવું; સુર નીકળવો. To carry out sound; to play on. **2.** ઉંડાઈ માપવી; તાગ કાઢવો; બરાબર તપાસવું. To measure the depth; to examine critically. **3.** પડઘો પાડવો-નીકળવો. To reverberate; to cause to make sound.

Soundly (સાઉન્ડ્લિ), *ad.* ઘસઘસાટ રીતે; બરાબર; સારી રીતે; સારીપેઠે. In a sound way; in a healthy condition.

Soundness (સાઉન્ડ્નેસ), *n.* સાજાતાજા હોવું તે; નિરોગીપણું; પરિપક્વ સ્થિતિ; ખોડખાંપણ વિનાનું હોવું તે. A state of being sound.

Soup (સૂપ), *n.* માંસ-ભાજી વિગેરેનો સેરવો; માંસ વિગેરેની બનાવેલી કઢી. A broth; a kind of food, prepared generally by boiling flesh.

Soupy (સૂપિ), *a.* સેરવાનું; માંસની ભાજીને લગતું. Of or containing soup.

Sour (સાઉર), *a.* ખાટું; આંબલી જેવું; આંબટ. Having acid; tart. **2.** (*fig.*) ચિડિયું; ખીજાળ; રિસાળ. Peevish; cross; morose. *vt. vi.* ખાટું કરવું; ખાટું બનાવવું; ખાટું થવું; ખટાશવાળું થવું. To make acid; to be full of acid. **2.** ફળહીન બનાવવું. To make unproductive. **3.** નિષ્ઠુર બનાવવું; હૃદયહીન કરવું. To make cold. *n.* ખટાશ; ખાટો પદાર્થ. A sour substance.

Sourness (સાઉરનેસ), *n.* ખટાશ; ચિડિયાપણું. A quality of being sour.

Source (સોર્સ), *n.* મૂળ; મુખ; પ્રભવ; ઝરો; ઉત્પત્તિસ્થાન. An origin; the first cause; a spring; a place of rise, birth or coming-out.

Souse (સાઉઝ), *n.* મીઠામાં આથેલું અથાણું; આથી મુકેલો કોઇપણ પદાર્થ. Pickle seasoned with salt; something kept in pickle. *vt. vi.* પાણીમાં ઝબોળવું-બોળવું; કોઈપણ પ્રવાહી પદાર્થમાં નાંખવું. To immerse into water; a plunge into any liquid. **2.** અથાણું નાંખવું. To pickle. **3.** તૂટી પડવું; તરાપ મારવી. To pounce upon.

South (સાઉથ), *n.* દક્ષિણ દિશા. One of the four cardinal directions; the direction facing the north. *a.* દક્ષિણ દિશામાં આવેલું. Situated in the south direction. *ad.* દક્ષિણ દિશાએ-બાજુએ; દક્ષિણ દિશામાંથી. Toward the south; from the south. *vi.* દક્ષિણ દિશાએ જવું-ખસવું. To go or move towards the south. **South-east,** *n. a.* અગ્નિકોણ; અગ્નિકોણનું-દિશાનું. **South-west,** *n. a.* નૈરૂત્ય કોણ; નૈરૂત્યકોણનું.

Southerly (સધર્લિ), *a.* દક્ષિણ દિશાએ પડેલા; દક્ષિણ દિશામાંથી આવતા-વાતા. Lying in the south; coming from the south.

Southern (સધર્ન), *a.* દક્ષિણ દિશાનું; દક્ષિણ ગમનું; દક્ષિણ બાજુનું. Of or towards the south direction.

Sovereign (સૉવરીન), *n.* મહારાજાધિરાજ; રાજકર્તા રાણી અથવા રાજા; સર્વોપરી રાજા. A monarch; a supreme ruler; an emperor; an empress. **2.** ૨૦ શિલિંગની કિંમતનો એક સોનાનો સિક્કો. A gold coin, worth 20 shillings. *a.* મુખ્ય; શ્રેષ્ઠ; સર્વોપરી; સર્વથી મોટું. Predominant; paramount; superior. **2.** રામબાણ; સર્વોત્કૃષ્ટ; પાછું હઠે નહિ તેવું. Effectual; highest in merits. **3.** બાદશાહી; રાજકીય; શહેનશાહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Royal; regal.

Sovereignty (સોવરીનટિ), *n.* રાજસત્તા;સામ્રાજ્ય; શાહી હકુમત; અધિરાજ્ય. The power or supremacy exercised by a sovereign or a king.

Sow (સાઉ), *n.* હુક્કરી; ભુંડણ. The female of a swine.

Sow (સો), *vt. pr. p.* **Sowing.** *imp.* **Sowed.** *p. p.* **Sown.** વાવવું; વાવેતર કરવું; બીજ ફેલાવવું-રોપવું. To scatter as seed; to plant.

Sower (સોઅર્), *n.* વાવનાર; વાવેતર કરનાર; બીજ [રોપનાર. One, who sows.

Sowing (સોઈન્ગ્), *n.* વાવેતર; વાવણી; રોપણી; બીજરોપણ. An act of scattering seeds upon the earth.

Spa (સ્પા), *n.* ખનીજ પદાર્થોના મિશ્રણવાળો ઝરો. A mineral spring.

Space (સ્પેસ્), *n.* જગ્યા; અવકાશ; કાળ. Extension; room; any part of extension; the interval of time. **2.** અંતર; લંબાણ.Distance from one place to another. **3.**મુદત;અવધિ; સમય. Duration; a quantity of time. **4.** છાપેલી ચોપડીઓમાં લીટી વચ્ચે અથવા શબ્દ વચ્ચે રોકાતી જગ્યા. An interval between words or lines in printed books or matter. **5.** માર્ગ; રસ્તો. A track; a path. *vt. pr. p.* **Spacing.** *imp. & p. p.* **Spaced.** જગ્યા ગોઠવવી; ની વચ્ચે જગ્યા રાખવી. To arrange the space between.

Spacial (સ્પેશલ્), *a.* અવકાશને લગતું; જગ્યાને વિષે; માર્ગનું; કાળવિષયક. Pertaining to space.

Spacious (સ્પેશસ્), *a.* વિશાળ; મોટું; વિસ્તીર્ણ; પહોળું. Vast; extensive; expanded.

Spade (સ્પેડ્), *n.* કોદાળી. An implement for digging ground. **2.** રમતના પાનામાં કાળી-બદામ. A spade-like suit in the playing cards. **3.** ત્રણ વરસનું સાબર. A hart or stag, three years old. **To call a spade a spade,** કાણાને કાણુ કહેવું.

Span (સ્પૅન), *n.* વેંત; બિલ્લસ; ઘણી ટુંકી મુદત. A space covering about nine inches; a very short duration. **2.**કમાનના બે બાજુના ટેકા વચ્ચેનો ભાગ. The extent of an arch between its abutments. **3.** એકજ જાતના રૂપ રંગવાળા જનાવરની જોડ. A yoke of an animal. *vt. pr. p.* **Spanning.** *imp. & p. p.* **Spanned.** વેંતથી માપવું-ભરવું. To measure with a span.

Spangle (સ્પૅન્ગલ્), *n.*ટીલી; ચાંદલો; તારાટીપકી. A small circular ornament of metal. **2.** ચકચકિત નાની વસ્તુ. A small shining object. *vt. vi. pr. p.* **Spangling.** *imp. & p. p.* **Spangled.** ટીલી ચોંટાડવી-લગાડવી; ટીલી ચોંટાડીને શણગારવું. To adorn with spangles. **2.** ચકચકિત થવું; પ્રકાશવું; ઝબુકવું. To shine; to glitter.

Spangler (સ્પૅન્ગ્લર્), *n.* ટીલડીઓથી શણગાર કરનાર-શણગારનાર; ટીલી ચોંટાડનાર; ચકચકિત બનાવનાર. One, who spangles.

Spaniard (સ્પૅનિયર્ડ્), *n.* સ્પેન દેશનો વતની-રહેવાસી. A native of Spain.

Spaniel (સ્પૅનીએલ્), *n.* એક પ્રકારનો તીવ્ર બુદ્ધિવાળો અને કહ્યાગરો કુતરો. One of the kinds of the dog. **2.** ખુશામતિયું માણસ. A flatterer; a fawning person.

Spank (સ્પૅન્ક્), *vt. vi.* લપડાક મારવી; તમાચો મારવો. To slap; to give a blow on the cheeks. **2.** જલદીથી ચાલ્યા જવું; દોડી જવું. To move quickly; to run away.

Spanker (સ્પૅન્કર્), *n.* લપડાક મારનાર; તમાચો મારનાર. One who spanks. **2.** પવનવેગે જતો અશ્વ. A fleet-horse. **3.** વહાણનો સઢ. A sail of a ship.

Span-new (સ્પૅન-ન્યૂ), *a.* નવુંનકોર; તાજું; Quite new; brand new.

Spar (સ્પાર્), *n.* વહાણનો ડોલ; સાગના લાકડાનો મોટો કકડો. A mast of a ship; a piece of timber. **2.** સળિયા; ગજ; ભુંગળ. A bar; bolt. **3.** ધોળો સુરમો; સફેદ પત્થર. A kind of white mineral. *vt. vi. pr. p.* **Sparring.** *imp. & p. p.* **Sparred.** આડ દેવી; ભુંગળ ભરાવવી; સળિયો ભરાવવો. To bolt; to fasten with a bar. **2.** લડવું; ઝઘડો કરવો; મુક્કાબાજી કરવી. To quarrel; to contest; to fight making use of fists; to box.

Spare (સ્પેર્), *a.* થોડું; ઓછું; ફાજલ; કરકસરિયું. Not plenty; scanty; surplus; saving; frugal. **2.** પાતળું; આછા માંસનું; દુબળું. Thin; lean. *vt. vi. pr. p.* **Sparing.** *imp. & p. p.* **Spared.** કરકસર કરવી; બચાવવું; થોડું વાપરવું; ચલાવી લેવું; વાપરતા વધારવું To use frugally; to save; to dispense; to keep in surplus. **2.** ક્ષમા કરવી; માફ કરવું. To forgive to forbear.

Sparing (સ્પેરિન્ગ્), *a.* કરકસરિયું; થોડું થોડું વાપરનાર; કરકસરથી કામ લેનાર. Frugal; economical; saving.

Sparingly (સ્પેરિન્ગ્લિ), *ad.* કરકસરથી; થોડેસર વાપરીને. In a sparing way; frugally.

Spark (સ્પાર્ક્), *n.* ચિણગારી; તણખો; અગ્નિકણ. A small particle of fire. **2.** રજ; કણ; ફણગો. A germ; a particle. **3.** છેલ; ફક્કડ પુરૂષ. A gay fellow. *vi.* ઝગઝગવું; તણખા કાઢવા. To sharkle; to emit particles of fire.

Sparkle (સ્પાર્કલ્), *n.* ન્હાની ચણગી; તણખો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશ; ચંળકાટ. A spark; brilliancy. *vt. vi. pr. p.* **Sparkling.** *imp. & p. p.* **Sparkled.** વિખરાઇ જવું; ફેલાઇ જવું; છુટા પડી જવું. To disperse; to scatter. **2.** તણખા નીકળવા-ઉડવા; ચળકવું; ભડકો થવો. To emit spark; to glitter.

Sparkling (સ્પાર્કલિન્ગ્), *a.* ચળકતું; તેજદાર; પાણીવાળું. Shining; brilliant; lively.

Sparrow (સ્પૅરો), *n.* ચકલી; ચલ્લી. A small singing bird.

Sparry (સ્પારિ), *a.* સફેદ સુરમા જેવું; સુરમાનું. Resembling spar.

Sparse (સ્પાર્સ્), *a.* ઓછું; થોડું; આછું પાથરેલું; વિખરાએલું; આઘે આઘે મૂકેલું. Scanty; thinly scattered; planted at intervals. *vi.* વિખેરવું; વેરવું. To scatter; to disperse.

Sparseness (સ્પાર્સનેસ્), *n.* વિખરાયેલું હોવું તે; પથરાએલું હોવું તે. A state of being sparse.

Spasm (સ્પૅઝમ્), *n.* તાણ; ખેંચ; આંકડી; ગોળો. An unnatural contraction of muscles, due to the disease. **2.** આવેશ; આંચકો. A sudden and violent emotion.

Spasmodic (સ્પૅસ્મૉડિક્), *a.* થોડીવારમાં નરમ પડી જાય તેવું; તાણ આવે તેવું. Convulsive; pertaining to spasm.

Spatter (સ્પૅટર્), *vt. pr. p.* **Spattering.** *imp. & p. p.* **Spattered.** છાંટા ઉડાડવા-ના ઉપર છાંટા નાંખવા. To scatter a liquid substance on; to throw drops on. **2.** (*fig.*) બદનામી કરવી; ઈજ્જતપર હાથ નાંખવો. To defame.

Spatula (સ્પૅટ્યૂલૅ), *n.* પહોળા પાનાનો વાપરવાનો ચપ્પુ-છરી (મલમ, વિ૦ ચોપડવામાં વપરાય છે). A penknife or knife with a broad and flat blade.

Spavin (સ્પૅવિન્), *n.* ઘોડાના પગ ઉપરનો સોજો; ગાંઠ. A disease of horses, affected by bony swelling.

Spawn (સ્પૉન્), *n.* દેડકાનાં ઇંડાં; માછલીના ઇંડાં. The eggs of frogs or fishes. **2.** ઓલાદ; વંશ; બચ્ચું. An offspring. **3.** જમીનમાંના થડમાંથી ફુટેલા ફણગા અથવા ડાળિયો. The white fibrous matter, from which fungi are produced. *vt. vi.* ઇંડાં મૂકવા (દેડકી, માછલીને). To deposit or lay eggs. **2.** જણવું; જન્મ આપવો (ધિક્કાર યુક્ત). To bring forth; to produce.

Spay (સ્પે), *n.* ત્રણ વરસની ઉમ્મરનું એક જાતનું લાલ હરણ. The male of the red deer. *vt.* ખાસી કરવી. To castrate.

Speak (સ્પીક્), *vt. vi. pr. p.* **Speaking.** *imp.* **Spoke.** *p. p.* **Spoken.** બોલવું કહેવું; ઉચ્ચારવું; વદવું. To say; to utter words or sounds. **2.** ભાષણ કરવું; વ્યાખ્યાન કરવું. To deliver a speech; to lecture. **To speak of,** ને વિષે બોલવું-કહેવું. **To speak out,** બોલી દેવું; જેવું હોય તેવું કહી દેવું. **To speak with,** વાતચીત કરવી.

Speaker (સ્પીકર્), *n.* બોલનાર; વક્તા; પ્રમુખ. One, who speaks; a chairman.

Spear (સ્પીર્), *n.* ભાલો; નેજો. A pointed weapon; a lance. **2.** અણીદાર ઘાસ. A pointed blade of grass. *vt.* ભાલો મારવો; ભાલો ફેંકવો; ભાલાથી વીંધી નાંખવું. To hurl a spear at; to kill by throwing a lance.

Spearman (સ્પીર્મૅન્), *n.* ભાલેદાર; ભાલો રાખનાર; ભાલો લઈને ફરનાર. One, who is armed with a spear.

Special (સ્પેશૅલ્), *a.* ખાસ; વિશેષ; ચોક્કસ કારણસર ઠરાવેલું; યોજેલું; વિલક્ષણ; અદ્ભૂત. Particular; pertaining to species.

Specially (સ્પેશૅલ્લિ), *ad.* મુખ્યત્વે કરીને; ખાસ કરીને; વિશેષ કરીને. Particularly; chiefly; in a special way.

Specialty (સ્પેશૅલ્ટિ), *n.* અમુક બાબત; વિશેષ ધર્મ; બાબત. A particular case or matter. **2.** (*Law*) મહોર સાથેનો કરાર. A contract under seal.

Specie (સ્પીશી), *n.* રોકડ; નગદી; સોના રૂપાનો સિક્કો. Money in cash; a golden or a silver coin.

Species (સ્પીસીઝ્), *n.* જાત; કીસમ; પ્રકાર; તરેહ. A sort; a kind; a variety. **2.** વર્ગ; પ્રકાર; જથ્થો. A group; a class; a collection.

Specific (સ્પેસિફિક્), *a.* વિશેષ; અસાધારણ; અમુકજ; ચોક્કસ. Pertaining to a species; definite; limited.

Specification (સ્પેસિફિકેશન્), *n.* વિગતવાર; કરેલી હકીકત; વિગત; ચોક્કસ વાત. An act of specifying a thing or a matter; a particular designation.

Specify (સ્પેસિફાઇ), *vt. pr. p.* **Specifying.** *imp. & p. p.* **Specified.** વિશેષ કરીને કહેવું; નામ દેવું; દેખાડવું. To mention as a particular thing or result.

Specimen (સ્પેસિમેન્), *n.* નમુનો; વાનગી; પ્રતિમા. A model; a pattern; a sample.

Specious (સ્પેશસ), *a.* દેખીતું સારૂં; સુશોભિત; દેખાવડું. Pleasing in form or appearance; showy.

Speck (સ્પેક્), *n.* ડાઘો; ટપકું; રજ; ચાંદું. A small blot; a spot; a particle. **2.** કણ; લેશ. A smallest portion or a particle; a mite. **3.** એક પ્રકારની નાની માછલી. A kind of small fish. *vt.* ડાઘા પાડવા; ટપકા નાંખવા. To mark with spots.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Speckle (સ્પેકલ્), *n.* નાનો ડાઘ; ટપકું; છાંટ. A small speck; a small spot. *vt. pr. p.* **Speckling.** *imp. & p. p.* **Speckled.** નાના ડાઘા પાડવા; ટપકા કરવા-પાડવા. To mark with small spots.

Spectacle (સ્પેક્ટેકલ્), *n.* ખેલ; તમાશો; દેખાવ; દૃશ્ય. A show; a pageant; a scene. **2.** જોવાનો કાચ-તકતો. A spy-glass. **3.** *pl.* ચશ્મા. An optical instrument helping the eye to see.

Spectacular (સ્પેક્ટૅક્યૂલર્), *a.* તમાશાનું; દેખાવને લગતું; ચશ્મા સંબંધી. Pertaining to a spectacle.

Spectator (સ્પેક્ટેટર્), *n.* જોનાર; તમાશગીર; પ્રેક્ષક. One, who looks or beholds; one, who is present at a dramatic show.

Specter, Spectre (સ્પેક્ટર્), *n.* ભૂત; પ્રેત; સેતાન; પિશાચ. An apparition; a ghost.

Spectral (સ્પેક્ટ્રલ્), *a.* ભૂતનું; પિશાચને લગતું; ભૂતની બાબતનું. Of or pertaining to a spectre.

Speculate (સ્પેક્યૂલેટ્), *vt. vi. pr. p.* **Speculating.** *imp. & p. p.* **Speculated.** તર્ક બાંધવો; વિચાર કરવો; કલ્પના કરવી. To think; to meditate; to contemplate. **2.** અડસટ્ટો બાંધવો; વાયદાનો વેપાર કરવો; સટ્ટો કરવો. To estimate; to make a forward bargain.

Speculation (સ્પેક્યૂલેશન્), *n.* કલ્પના; તર્ક; અટકળ; ખ્યાલ. An act of thinking; a reasoning; an estimation. **2.** સટ્ટો; વાયદાનો વેપાર. A forward purchase or sale

Speculative (સ્પેક્યૂલેટિવ્), *a.* વિચારશીલ; તર્કબાજ; સટ્ટાનો વેપાર કરે તેવું. Tending to contemplate; thoughtful.

Speculator (સ્પેક્યૂલેટર્), *n.* તર્કબાજ પુરૂષ; સટ્ટાનો વેપાર કરનાર; સટોરિયો. One, who speculates. **2.** અવલોકન કરનાર; તર્ક બાંધનાર. An observer.

Speculum (સ્પેક્યૂલમ્), *n. pl.* **Specula, Speculums.** દર્પણ; આરસી. A looking-glass; a mirror. **2.** ઓપેલા ધાતુનો આરસો. A reflector of polished metal. **3.** શરીરના કેટલાક ભાગોમાં પ્રકાશ નાંખવાનું યંત્ર. An instrument for throwing light into some of the parts of the body.

Speech (સ્પીચ્), *n.* ભાષા; વાણી; બોલી. Language; a mode of talking; a tongue; a dialect. **2.** ભાષણ. A lecture; an oration. **3.** વાતચીત; શબ્દ વ્યાપાર. A talk; a conversation.

Speechify (સ્પીચિફાઇ), *vi.* ભાષણ કરવું; વ્યાખ્યાન કરવું-આપવું. To deliver a speech.

Speechless (સ્પીચ્લેસ્), *a.* વાચા સિવાયનું; નિરૂત્તર; મુંગું. Deprived of the power of speech.

Speed (સ્પીડ્), *n.* ઉતાવળ; વેગ; ઝડપ; ત્વરા. Rapidity; velocity; quickness in motion. **2.** સફળતા; સિદ્ધતા. Success; a favourable result. *vt. vi.* ઉતાવળ કરવી; ઝડપ વાપરવી; ત્વરા કરવી. To make haste; to move quickly. **2.** જલદીથી મોકલવું-રવાને કરવું. To send soon; to expedite. **3.** ફત્તેહ મેળવવી; પાર પાડવું (કાર્ય). To succeed; to get success.

Speedily (સ્પીડિલિ), *ad.* ઝડપથી; ઉતાવળથી; વેગથી; તાબડતોબ. Quickly; in a speedy way; in a short time.

Speedy (સ્પીડિ), *a.* વેગવાળું; વહેલું. Quick; hasty.

Spell (સ્પેલ્), *n.* મંત્ર; મોહિની; જાદુ; આકર્ષણ. A charm; an incantation. **2.** વારો બદલવો તે; કામનો વારો. A turn of work; a period. *vt. vi. pr. p.* **Spelling.** *imp. & p. p.* **Spelled,** or **Spelt.** જોડણી કરવી; જોડણી કહેવી. To form or relate the spellings of. **2.** મહા મુશ્કેલીએ વાંચવું; અચકાતા અચકતા વાંચવું. To read with difficulty. **3.** જાદુ કરવું; વશીકરણ કરવું. To fascinate; to charm. **Spell-bound,** *a.* મંત્રથી અંજાઇ ગયેલું; મંત્રને વશ થઈ ગયેલું.

Spelling (સ્પેલિન્ગ્), *n.* જોડણી; પદાક્ષર. A formation of words by letters; orthography. *a.* જોડણીનું; જોડણી વિષે. Of or pertaining to a spelling or spellings.

Spelter (સ્પેલ્ટર્), *n.* જસત. Zinc.

Spencer (સ્પેન્સર્), *n.* બદન ઉપર પહેરવાની નાની બંડી. A short jacket. **2.** કોઠારી; અન્નશાળાની દેખરેખ રાખનાર. One, who looks after the provisions.

Spend (સ્પેન્ડ્), *vt. vi. pr. p.* **Spending.** *imp. & p. p.* **Spent.** ખરચવું; વાપરવું; વ્યય કરવો; ઉડાડવું. To lay out; to make a purchase for; to exhaust; to waste. **2.** ગાળવું; વ્યતિત કરવું. To pass; to pass away.

Spend-thrtft (સ્પેન્ડ્-થ્રિફ્ટ્), *a.* ઉડાઉ; બહુ ખરચ કરનાર; અતિશયપણે દ્રવ્યનો વ્યય કરનાર. Extravagant; prodigal. *n.* ઉડાઉ પુરૂષ; ફુલણજી. A prodigal.

Sperm (સ્પર્મ્), *n.* ધાતુ; બીજ; વીર્ય. The male fecundating fluid; a semen.

Spermaceti (સ્પર્મસેટિ), *n.* સ્ત્રીણબત્તી બનાવવાની એક પ્રકારના મગરમચ્છની ચરબી. A fatty material, produced from a species of whales.

Spew (સ્પ્યૂ), *vi. vt.* નાંખવું; ઉલટી કરવી; બકારી ખાવી. To eject from the stomach; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vomit. 2. કંટાળીને ફેંકી દેવું;-નાંખી દેવું. To cast away with hatred. *n.* ઉલટી; ઓકારી; વમન. A vomit; that which is ejected or thrown out.

Sphere (સ્ફીર્), *n.* ગોળ; વર્તુલ; ગોળાકાર આકૃતિ. A circular figure; a globe. 2. નભોમંડળ; આકાશ. The firmament; the sky. 3. વિસ્તાર; ફેલાવો. An extent. 4. વિષય; પ્રકરણ; ઇલાકો; અધિકાર. A province; a compass; an authority. 5. દરજ્જો; ક્રમ; પાયરી. A rank; a position. *vt.* ગોળાકાર બનાવવું; ગોળાકૃતિમાં મૂકવું. To place in a sphere.

Spheric,-al (સ્ફીરિક્,-કલ્), *a.* ગોળાકાર; ફરતું; ગોળાકૃતિનું; વર્તુલને લગતું. Of or pertaining to a sphere.

Spheroid (સ્ફીરૉઇડ્), *n.* લગભગ ગોળાકૃતિ. A somewhat round figure.

Spherometer (સ્ફીરોમીટર્), *n.* ગોળમાપક યંત્ર. An instrument used in measuring the curvature of spheres.

Spherule (સ્ફેર્યૂલ્), *n.* નાનો ગોળો; લઘુ ગોળો. A small sphere.

Sphinx (સ્ફિન્ક્સ્), *n. pl.* **Sphinxes.** એક પ્રકારનો કલ્પિત રાક્ષસ (સ્ત્રીના જેવું મ્હોં અને છાતીવાળો તેમજ પાંખવાળો રાક્ષસ). A fabulous monster having wings.

Spice (સ્પાઇસ્), *n.* ગરમ મસાલો; તેજાનો. A vegetable production of many kinds, viz. pepper, ginger, cloves, cinnamon, etc. *vt.* ગરમ મસાલો નાંખવો-ભભરાવવો; મસાલેદાર કરવું. To season with spice or spices.

Spicery (સ્પાઇસરિ), *n.* મશાલા; મસાલામાત્ર. Spices in general. 2. મસાલા રાખવાની જગ્યા-કોઠાર. A repository of spices.

Spick (સ્પિક્), *n.* ખીલો. A nail; a spike. **Spick and Span,** *a.* કોરૂં કડકડતું; તદ્દન નવું.

Spicy (સ્પાઇસિ), *a.* મસાલેદાર; તીખું; તમતમાટવાળું. Fragrant; pungent.

Spider (સ્પાઇડર્), *n.* કરોળિયો; અષ્ટપાદ. A kind of insect. 2. તાવડી; પેણી. An iron pan.

Spigot (સ્પિગૉટ્), *n.* ન્હાનો ખીલો; પીપનો દાટો. A spike; a peg used to stop the vent in a cask.

Spike (સ્પાઇક્), *n.* ખીલો; ખૂંટો; મેખ. A large nail. 2. કણસલું; હુંડું. An ear of corn or grain. 3. ફણગો. A sprout. *vt.* ખીલો બેસાડવો; ખીલો બેસાડીને મજબુત કરવું. To fasten with a nail.

Spikenard (સ્પાઇકનાર્ડ્), *n.* જટામાસીનો રોપો; જટામાસી. A kind of aronatic plant.

Spill (સ્પિલ્), *vt. vi.* ઢોળાવા દેવું; ઢોળવું; વેરવું; પાડી નાંખવું. To suffer to fall on the ground from a vessel; to let fall; to be lost or wasted. 2. બગાડવું; નુકશાન કરવું; કદરૂપું બનાવવું. To mar; to injure; to deface. 3. નાશ કરવો; મારી નાંખવું; અંત લાવવો. To destroy; to kill. *n.* ચીરી; કોઈપણ ચીજની પાતળી ચીરી-કકડો. A slender piece of anything.

Spin (સ્પિન્), *vt. vi. pr. p.* **Spinning.** *imp.* **Span.** *p. p.* **Spun.** કાતવું; સુતર ફેરવવું-કરવું; પીંજણ કરવું; લંબાવીને તાર કાઢવા-ખેંચવા. To draw and twist into threads. 2. લંબાવવું. To extend. 3. ચકર ચકર ફેરવવું-ફરવું; પરિભ્રમણ કરવું. To whirl; to move in a round form. 4. ઝીણી ધારે વહેવું. To issue in a small current. **To spin a yarn,** નકામી વાત કરવી. **To spin a top,** ભમરડો ફેરવવો.

Spin (સ્પિન્), *n.* વેગ; ગતિ; ખરખર ચાલ્યા જવું તે. Velocity; an act of spinning.

Spinal (સ્પાઈનૅલ્), *a.* બરડાની કરોડને લગતું; બરડાની કરોડવાળું. Of or pertaining to a spine; vertebral.

Spindle (સ્પિન્ડ્લ્), *n.* તરાક; ત્રાક; 'સ્પિન્ડલ્'. The long and slender rod in the spinning wheel. 2. ધરી; આંસ. An axis. *vi.* પાતળું અને લાંબુ થવું. To grow into a long and slender body. **Spindle-shanks,** *n.* લાંબા અને પાતળા પગવાળો પુરૂષ.

Spine (સ્પાઇન્), *n.* કરોડ; બરડાનું હાડકું. The backbone; the spinal column of an animal. 2. ઝાડનો કાંટો. A sharp appendage to a tree.

Spinet (સ્પિનેટ્), *n.* એક જાતનું કુંચીવાળું વાજું. A musical instrument, having a key of note.

Spinner (સ્પિનર્), *n.* કાંતનાર; સુતર કાંતનાર; કાંતવાનું યંત્ર; રેંટીઓ. One, who or that which spins. 2. કરોળિયો. A spider.

Spinning-wheel (સ્પિનિન્ગ્-વ્હીલ્), *n.* રેંટિઓ; ચરખો. A machine for spinning yarn or thread.

Spinster (સ્પિન્સ્ટર્), *n.* રેંટિયો કાંતનાર પુરૂષ અથવા સ્ત્રી. A person, whose occupation is to spin. 2. નહિં પરણેલી કુંવારી સ્ત્રી; અવિવાહિત સ્ત્રી. An unmarried woman.

Spinstress (સ્પિનસ્ટ્રેસ), *n.* Same as, **Spinster.**

Spiral (સ્પાઇરૅલ્), *a.* પેચદાર; પેચવાળું; સ્ક્રુ જેવું; ચક્રાકાર. Winding like the thread of a screw; circular in form.

Spire (સ્પાઇર્), *n.* શિખર; મોખરો; ટોચ. A steeple; the tapering portion. 2. પેચ; સ્ક્રુ; વળ; વાંક. A curl; a twisting part of a nail. 3. મથાળું; છેવટની ટોચ; પરાકાષ્ટા. The ending part of any thing; the highest

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

point or limit. *vi.* ફાંટા ફુટવા–નીકળવા. To shoot forth.

Spirit (સ્પિરિટ), *n.* જીવ; ચેતન; આત્મા. The life; the animation; the soul. **2.** પ્રકૃતિ; સ્વભાવ; મનોભાવ; ચિત્ત. Mental disposition; temper. **3.** ઉત્સાહ; પાણી; હિંમત; બળ; ધૈર્ય. Ardour; courage; zeal. **4.** દારૂ; સુરા; મદિરા. Alcohol. **5.** ભૂત; રાક્ષસ; પિશાચ. A ghost; a spectre. *vt.* ઉત્સાહિત કરવું. ચેતન આપવું. To animate; to encourage. **2.** ઉતાવળથી લઈ જવું; પકડી જવું. To carry away rapidly.

Spirited (સ્પિરિટેડ્), *a.* પાણીદાર; જુસ્સાદાર; હિંમતદાર; વીર્યવાન; તાકાતવાન. Possessing a spirit or vigour; animated with vigour.

Spiritless (સ્પિરિટ્લેસ્), *a.* પાણીવિનાનું; જુસ્સાવિનાનું; વીર્યહિન. Deprived of spirit; dejected; wanting in vigour.

Spiritual (સ્પિરિટ્યૂઍલ્), *a.* આધ્યાત્મિક; ધર્મને લગતું; આત્મા અથવા પ્રાણનું. Consisting of spirit; pertaining to religion; pertaining to soul or life.

Spirituous (સ્પિરિટ્યૂઅસ્), *a.* જલદ; તીવ્ર; કેફ લાવનાર. Containing sprit; alcoholic.

Spirometer (સ્પિરૉમીટર્), *n.* શ્વાસમાપક યંત્ર. An instrument to measure the capacity of the lungs.

Spiritualism (સ્પિરિટ્યૂઍલિઝમ્), *n.* આધ્યાત્મિક બાબત સિવાય દુનિયામાં બીજું કાંઈ નથી એવો મત–સિદ્ધાંત; જીવાત્મવાદ. A tenet of being spiritual.

Spiritualist (સ્પિરિટ્યૂઍલિસ્ટ્), *n.* આત્મજ્ઞાનવેત્તા; બ્રહ્મવાદી; જ્ઞાનમાર્ગી. One, who has a regard for spiritual things.

Spirt (સ્પર્ટ્), *vt. vi.* ફોગળો કરવો; ફોગળાની ધાર કરવી. To force out in a jet from the mouth. **2.** ધાર થવી. To issue out as a jet. *n.* ધાર; ફોગળાની ધાર. A jet.

Spit (સ્પિટ્), *n.* થુક; લાળ. Saliva. **2.** માંસ શેકવાનો લોઢાનો સળિયો. A pointed rod to bake meat. *vt. pr. p.* **Spitting.** *imp.* & *p. p.* **Spat.** થુંકવું; પીચકારી મારવી. To eject or throw out from the mouth. **2.** ભોકવું; ખોસી દેવું; પેસાડી દેવું. To pierce; to thrust.

Spittle (સ્પિટ્લ), *n.* થૂંક; લાળ. Saliva ejected from the mouth.

Spittoon (સ્પિટૂન), *n.* થૂંકદાની; પિચદાની. A vessel used in receiving discharges of the mouth.

Spite (સ્પાઇટ્), *n.* અંટસ; દ્વેષ; ઝેર; અદેખાઇ. Grudge; rancour; ill-will; jealousy. *vt.* અદેખાઈ કરવી; દ્વેષ કરવો. To grudge; to show jealousy; to harbour ill-will against.

Spiteful (સ્પાઇટ્ફુલ), *a.* ખારીલું; ખુનસવાળું; દ્વેષીલું; ડંખીલું; ઝેરીલું. Malignant; yindictive; malicious.

Spitefully (સ્પાઇટ્ફુલ્લિ), *ad.* દ્રોહપૂર્વક; ખુનસથી; ખારથી. In a spiteful way.

Spitefulness (સ્પાઇટ્ફુલ્નેસ્), *n.* દ્રોહ કરવો તે; અંટસ રાખવી તે. A state of being spiteful.

Splash (સ્પ્લૅશ્), *vt. vi.* કાદવવાળા પાણીના છાંટા ઉડાડવા; કાદવથી ખરડવું; ભીંજવવું. To spatter with muddy water; to throw in drops; to wet. **2.** પાણી સાથે અફળાવું. To dash with water. *n.* છાંટા ઉડાડેલું પાણી; કાદવવાળું પાણી. Muddy water thrown on anything.

Splash-board, *n.* છાંટા ગાડીમાં ઉડે નહિ તેટલા માટે બાજુએ જડેલું પાટિયું–પતરૂં.

Splashy (સ્પ્લૅશિ), *a.* કાદવ કચરાવાળા પાણીવાળું; કીચડવાળું; મેલું. Muddy; containing muddy and dirty water; dirty.

Spleen (સ્પ્લીન્), *n.* બરોળ; ચીત્ત ઉદાસ રાખે તેવો રોગ. The milt. **2.** ચિડિયો સ્વભાવ; ક્રોધ; રીસાળ સ્વભાવ. An irritable nature; anger. *vt.* નાપસંદ કરવું; ધિક્કારવું. To dislike; to show aversion.

Spleeny (સ્પ્લીનિ), *a.* રિસાળ; વાંધાખોર; ચીડાઈ જાય તેવું. Peevish; fretful; splenetic.

Splendent (સ્પ્લેન્ડેન્ટ્), *a.* ચળકતું; પ્રકાશિત; પ્રખ્યાત; નામાંકિત. Shining; lustrous; illustrious.

Splendid (સ્પ્લેન્ડિડ્), *a.* ઝગઝગતું; પ્રખ્યાત; શોભીતું; સુંદર; ભભકાદાર. Shining; famous; magnificent; nicely decorated.

Splendidly (સ્પ્લેનડિડ્લિ), *ad.* ભવ્ય રીતે; શોભાયમાન રીતે; તેજસ્વીપણે. In a splendid way; magnificently.

Splendour,-or (સ્પ્લેન્ડર્), *n.* ચકચકાટ; તેજ; શોભા; પ્રકાશ; ઝગઝગાટ; તેજ; ઠાઠમાઠ; વૈભવ. Lustre; brilliancy; brightness; light; magnificence.

Splenetic (સ્પ્લેનેટિક), *a.* ચીડખોર; ચિડિયું; દમીએલ; બરોળથી પીડાતું. Peevish; suffering from the spleen.

Splice (સ્પ્લાઈસ્), *vt.* સાંધવું; જોડવું; ગાંઠ વગર જોડવું; બાંધવું. To unite in the way of weaving; to tie. *n.* છેડા વણીને જોડવું તે. An act of weaving the ends of a rope, etc.

Splint (સ્પ્લિન્ટ્), *n.* ઉતરી ગયેલું હાડકું બેસાડવાને વપરાતી ચીપ; ખપાટિયું. A thin piece of wood, used in setting a bone right. **2.** ભાંગી ગયેલું અથવા ઉતરી ગયેલું હાડકું. A broken or a disconnected bone. **3.** ચીરાઈ પડેલો કકડો. A piece, split off. *vt.* ચીપો ઉતારવી; ચીર પાડવી. To make into a thin piece. [**Splint.**

Splinter (સ્પ્લિન્ટર્), *n.* Same as,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Split (સ્પ્લિટ્), *n.* ચીરો; તડ; ફાટ; તૂટ; છિદ્ર. A rent; a crack; a cut. **2.** કકડો; ટૂકડો; ભાગ. A fragment; a part. *vt. vi.* **Splitting.** *imp. & p. p.* **Split.** ફાડવું; ચીરવું; કાપો મૂકવો. To divide; to cleave; to rend; to tear. **2.** ચીરાવું; કાપો પાડવો; કાપ પડવો. To be divided; to part asunder.

Spoil (સ્પૉઈલ્), *n.* લુંટ; જબરાઈથી પડાવેલો માલ; જોરજુલમથી મેળવેલી વસ્તુ-ચીજ. A plunder; robbery; property acquired by a plunder. **2.** બિગાડ; પાયમાલી. A ruin; a destruction. *vt. vi.* લુંટવું; લુંટી લેવું; જબરાઈથી પડાવી લેવું; છીનવી લેવું. To rob; to plunder; to deprive of by force or violence. **2.** નાશ કરવો; ખરાબી કરવી; પાયમાલ કરવું. To ruin; to destroy; to devastate. **3.** ખરાબી થંવી; નાશ થવો. To ruin; to be destroyed.

Spoilable (સ્પૉઈલેબલ્), *a.* બગાડી શકાય તેવું; લુંટફાટમાં મેળવી શકાય તેવું; લુંટી લેવાય તેવું. Capable of being spoiled.

Spoiler (સ્પૉઇલર્), *n.* બગાડનાર; લુંટનાર; લુંટી લેનાર. One, who spoils; a plunderer.

Spoke (સ્પોક્), *n.* પૈડાની આર; આર; દાંતો. A projecting handle of a wheel; a radius of a wheel. *vt. pr. p.* **Spoking.** *imp. & p. p.* **Spoked.** આરા બેસાડવા; દાંતા ઘાલવા. To fasten with a spoke or spokes. **2.** બોલ્યું. *imp.* of **Speak.**

Spokesman (સ્પોક્સ્મૅન્), *n. pl.* **Spokesmen.** કોઇની વતી બોલનાર-કહેનાર. One, who speaks on behalf of another. **2.** પ્રમુખ; ભાષણ કરનાર. A president.

Spoliate (સ્પોલિએટ્), *vt. vi. pr. p.* **Spoliating.** *imp. & p. p.* **Spoliated.** લુંટવું; લુંટફાટ ચલાવવી; છીનવી લેવું. To plunder; to deprive of with violence or force.

Spoliation (સ્પોલિએશન્), *n.* લુંટફાટ કરવી તે; લુંટ; લુંટથી મેળવેલો માલ. A robbery; a plundering; an act of spoliating. **2.** (*Law*) દસ્તાવેજમાં ઠરેલી છેકછેકી.

Spondee (સ્પૉન્ડી), *n* બે ગુરૂ અક્ષરનો ગુણ. A poetic foot of two long syllables, used in Latin and Greek poems.

Sponge (સ્પન્જ્), *n.* વાદળી. A porous stuff imbibing fluids. **2.** ખુશામતિયો; કેવળ ખુશામતથી પેટ ભરનાર. A base flatterer. *vt. vi.* વાદળીથી સાફ કરવું; વાદળીવડે ધોવું. To cleanse with a sponge. **2.** ખુશામતથી ખાવું; છેતરીને લઈ લેવું. To maintain one's self by flattery; to cheat. **3.** ચુસી જવું; પી જવું. To imbibe. **Sponge-cake,** *n.* એક જાતની ગળી રોટલી; માલપૂવો.

Sponger (સ્પન્જર્), *n.* વાદળીવડે ધોનાર; વાદળીનો ઉપયોગ કરનાર. One, who makes use of a sponge. **2.** ખુશામતિયો; ધુતારો; લુચ્ચો. A flatterer; a hanger-on; a rogue.

Sponginess (સ્પન્જિનેસ્), *n.* પોચાપણું; ચુસી લેવું તે. A state of being spongy.

Spongy (સ્પન્જિ), *a.* ભીનું વાદળીના જેવું; પોચું; ભીનાશવાળું. Wet; like a sponge; soft.

Sponsal (સ્પૉન્સલ્), *a.* વિવાહ સંબંધી; લગ્નને વિષે. Pertaining to a marriage.

Sponsor (સ્પૉન્સૉર્), *n.* જામીન; હામી. A surety. **2.** ધર્મપિતા; ધર્મમાતા. A god-father; a god-mother.

Spontaneity (સ્પૉન્ટેનીઇટિ), *n.* આપોઆપપણું; સ્વસંતોષ; સહજતા; સ્વેચ્છાનુરૂપતા. A quality of being spontaneous; naturalness.

Spontaneous (સ્પૉન્ટેનીઅસ્), *a.* આપોઆપનું; કુદરતી; સ્વભાવિક; પોતાની મેળે થયેલું. Resulting from natural feelings; voluntary.

Spontaneously (સ્પૉન્ટેનીઅસ્લિ), *ad.* કુદરતી રીતે; સ્વભાવિકપણે; આપોઆપથી. In a spontaneous way; voluntarily.

Spool (સ્પૂલ્), *n.* ફીરકી; ફરકડી. A hollow cylinder of wood used to wind thread or yarn.

Spoon (સ્પૂન્), *n.* ચમચો; પળી; કડછી. A kind of small domestic utensil. **2.** મૂર્ખ પુરૂષ; અક્કલહિન આદમી. A simpleton. *vt. vi.* ચમચાથી લેવું-આપવું. To take up in a spoon. **2.** ઘેલછાથી વર્તવું; પ્રીતિની ઘેલછા બતાવવી. To show excessive fondness for.

Spoonful (સ્પૂન્ફુલ્), *n.* ચમચામાં માય તેટલું; ચમચો ભરીને. As much as a spoon contains.

Spoony (સ્પૂની), *a.* નરમ; પોચા દીલનો; ઢચુપચુ મનવાળું. Soft; weak-minded. **2.** ઘેલછાથી વર્તે તેવું. Showing excessive fondness. *n.* મૂર્ખ પુરૂષ; કમ અક્કલવાળો માણસ. A silly fellow; a stupid person Also spelt, **Spooney.**

Sporadic (સ્પૉરૅડિક્), *a.* કોઇ કોઈવાર થતું; કોઇ ઠેકાણે બનતું-થતું; છૂટું છવાયું. Happening at sometime; separate.

Sport (સ્પોર્ટ્), *n.* રમત; ખેલ; રમતગમત; મઝા; આનંદ; વિહાર. Amusement; a merry-making; a pastime. **2.** હાસ્ય; મશ્કરી; મજાક. A mockery; a joke; a fun. **3.** શિકાર; મૃગયા. A hunting in an open field; a diversion of the field. **4.** રમકડું. A plaything. *vt. vi.* ગમ્મત કરવી; મઝા કરવી; ખેલવું; વિનોદ કરવો; આનંદ કરવો. To play; to be frolicsome; to amuse. **2.** શિકાર કરવો; મૃગયા કરવી. To hunt; to practise the out-door game.

Sporter (સ્પૉર્ટર્), *n.* આનંદ કરનાર; મઝા કરનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિહાર કરનાર. One, who enjoys sports; one, who sports.

Sportful (સ્પૉર્ટ્ફુલ્), *a.* ગંમતી; આનંદી; રમતીઆળ. Amusive; gay; playful.

Sportive (સ્પૉર્ટિવ્), *a.* આનંદી; વિલાસી; ક્રિડાશીલ. Playful; gay; frolicsome.

Sportivenes (સ્પૉર્ટિવ્નેસ્), *n.* આનંદીપણું; વિલાસીપણું; ક્રીડાબુદ્ધિ. A quality of being sportive.

Sportsman (સ્પૉર્ટ્સ્મૅન્), *n.* રમતગમતમાં ભાગ લેનાર; શિકારી; શિકારનો શોખ ધરાવનાર. One, who is after the sports of the field.

Spot (સ્પૉટ્), *n.* ડાઘ; ડાઘો; ટપકું; બિંદુ. A blot; a small mark or blot; a speck. **2.** નામોશી; કલંક; લાંછન. A disgrace; a stigma. **3.** જગ્યા; સ્થાન; સ્થળ; ભૂમિ. A place; a locality; a position; a situation. *vt. vi. pr. p.* **Spotting.** *imp. & p. p.* **Spotted.** ડાઘા પાડવા; ટપકા પાડવા; ટપકું પાડવું. To mark with a spot or spots. **2.** એબ લગાડવી; કલંકિત કરવું. To blemish; to stain. **3.** ડાઘાવાળું બનવું–થવું. To be full of spots.

Spotless (સ્પૉટ્લેસ), *a.* ડાઘ વગરનું; ચોખ્ખું; નિષ્કલંક; શુદ્ધ. Free from spots; devoid of any impurity; staifiless.

Spotted (સ્પૉટેડ્), *a.* ડાઘાવાળું; ટપકાંવાળું. Marked with spots; full of spots.

Spousal (સ્પાઉઝલ્), *a.* લગ્ન સંબંધી; લગ્નનું; વિવાહવિષયક. Matrimonial; bridal. *n.* લગ્ન; વિવાહ. A marriage; nuptials.

Spouse (સ્પાઉઝ્), *n.* ધણી કે ધણીઆણી; વર; વહુ; દંપતી; જોડું. A husband or wife; a couple.

Spout (સ્પાઉટ્), *n.* નળી; પરનાળ; નાળચું. A tube; a pipe; a projecting mouth of a vessel. **2.** પાણીનો પ્રવાહ–ધોધ; કોઇપણ પ્રવાહી પદાર્થનો દદુડો. A jet of water or of any liquid. *vt. vi.* કોગળો કરીને બહાર કાઢવું. To take out in a jet. **2.** ગીરો મૂકવું; ઘરાણે મૂકવું. To pledge; to pawn. **3.** ધસારાબંધ પ્રવાહી પદાર્થનું નીકળવું; ધસી આવવું. To come out in violence.

Sprain (સ્પ્રેન્), *n.* લચક; મોચ; કરમોળ. An act of overstraining of any joint or the bone. *vt.* લચકાવવું; મોચકાવવું. To weaken as a joint or any muscle.

Sprawl (સ્પ્રૉલ્), *vi.* હાથ પગ લાંબા કરીને સૂવું; આમતેમ ફેલાવું. To lie with the limbs stretched out; to spread irregularly.

Spray (સ્પ્રે), *n.* નાની ડાળી; છોડ; ફણગો. A small branch; a twig; a shoot. **2.** પાણીના ઉડતા છાંટા. Water, scattering in small particles. *vt.* છાંટા ઉડાડવા; છાંટાને રૂપે પાડવા દેવું. To let fall in particles.

Spread (સ્પ્રેડ્), *n.* ફેલાવો; પ્રસાર; લંબાણ; વિસ્તાર. Extent; an extension; a range. **2.** ઢાંકણ; ચાદર; ઢાંકવાનું કપડું. A cover; a piece of cloth used as a covering. **3.** મિજબાની; જયાફત. A feast; a table. *vt. vi. pr. p.* **Spreading.** *imp. & p. p.* **Spread.** પ્રસારવું; ફેલાવવું; પાથરવું; લંબાવવું; અભિવૃદ્ધિ કરવી. To extend; to diffuse; to propagate. **2.** વેરવું; નાંખવું; ઉડાડવું. To scatter; to strew. **3.** પ્રસિદ્ધ કરવું; પ્રસિદ્ધિમાં લાવવું. To make well known; to circulate. **4.** પ્રસરવું; ફેલાઇ જવું; અભિવૃદ્ધિ થવી. To be expanded; to be extended.

Spree (સ્પ્રી), *n.* મોજમઝા; શરાબબાજી; દારૂ પીવાની મઝા. A carousal; a drinking frolic.

Sprig (સ્પ્રિગ્), *n.* નાની ડાળી; ડાંખળી. A very small branch.

Spright (સ્પ્રાઇટ્), *n.* જીવ; આત્મા Spirit; soul. **2.** પિશાચ; પ્રેત; જીન. An apparition; a ghost; an evil-spirit. **3.** ટુંકી તીર. A short arrow. *vt.* ભૂતની માફક ફરવું; જ આત્મ કરવી. To haunt in the manner of a ghost.

Sprightful (સ્પ્રાઇટ્ફુલ્), *a.* ચંચળ; આનંદી; ખુશમિજાજી; ઉલ્લાસી; ઉત્સાહી; ચપળ. Gay; lively; vivacious; active.

Sprightliness (સ્પ્રાઇટ્લિનેસ્), *n.* ચંચળતા; ચકોરપણું; ચપળતા; ઉત્સાહીપણું. A quality of being sprightly; liveliness.

Sprightly (સ્પ્રાઇટ્લિ), *a.* ચકોર; ચંચળ; આનંદી; ઉત્સાહી; ચપળ. Active; energetic; brisk.

Spring (સ્પ્રિન્ગ્), *n.* કુદકો; ફલંગ; ફાળ; છલંગ. A leap; a bound. **2.** કમાન; સ્થિતિસ્થાપક પદાર્થ. Any kind of elastic body. **3.** ઝરો; ઝરણું. A stream of water. **4.** મૂળ; હેતુ; ઉદ્ભવ. A cause; an origin. **5.** ફણગો; છોડવો. A shoot; a young tree. વસંતઋતુ; વસંત કાળ. The vernal season. **7.** (*fig.*) યુવાવસ્થા; યુવાની. Youth; the prime state of life. *vt. vi. pr. p.* **Springing** *imp.* **Sprang.** *p. p.* **Sprung.** કુદવું; છલંગ મારવી; જોરથી નીકળવું; એકદમ નીકળવું. To leap; to bound; to eject all of a sudden; to shoot. **2.** પાછું વળવું; અસલ સ્થિતિએ આવવું. To fly back. **3.** નિપજવું; ઉત્પન્ન થવું; બહાર આવવું. To result; to issue forth; to come out. **4.** આબાદ થવું; ચઢતી થવું. To be prosperous. **Spring-carriage,** *n.* કમાનવાળી ગાડી. **Spring-tide,** વસંત ઋતુમાં આવતી મોટી ભરતી.

Springy (સ્પ્રિન્ગિ), *a.* કમાન જેવું; સ્થિતિસ્થાપક. Elastic. **2.** ઝરાવાળું; ઝરાં વિગેરેથી ભરપૂર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Abounding with springs.

Sprinkle. (સ્પ્રિન્કલ્), *vt. pr. p.* **Sprinkling.** *imp. & p. p.* **Sprinkled.** ભભરાવવું; છાંટવું; વેરવું; -ના ઉપર પાથરવું. To scatter; to spread or scatter in small drops. **2.** જળ સિંચન કરવું. To scatter a few drops on; to baptize. **3.** વેરાઇ જવું; ધીમે ધીમે પડવું. To fall in drops.

Sprinkling (સ્પ્રિન્કલિન્ગ્), *n.* છાંટવું તે; વેરવું તે; ભભરાવવું તે. An act of spreading at random. **2.** થોડું; થોડો ભાગ. A small quantity.

Sprite (સ્પ્રાઇટ્), *n.* ભૂત; પ્રેત; પિશાચ; આભાસ. A spirit; an evil spirit; an apparition; a shadow. **2.** પરી; વનદેવી. A fairy; an elf.

Sprout (સ્પ્રાઉટ્), *n.* ફણગો; અંકુર; પલ્લવ; માંજર. The shoot of a plant; a fresh outgrowth. *vi.* ફુટવું; ખીલવું; ફુટી નીકળવું; ફંટાવું. To shoot as the seed of a plant; to germinate.

Spruce (સ્પ્રૂસ્), *a.* ટાપટિપીયું; શોખી; અલબેલું. Neat, smart in dress; foppish. *vt.* સારી રીતે કપડાં પહેરવા; વરણાગીઆ કરવું. To dress in a spruce way.

Spur (સ્પર્), *n.* એડી; કાંટો. A contrivance, stuck to the heel, which helps in increasing a horse's speed, while running. **2.** (*fig.*) પ્રોત્સાહન; પ્રેરણ. Animation; an incitement. **3.** પર્વતનો ફાંટો. An off-shoot of a mountain. *vt. vi. pr. p.* **Spurring.** *imp. & p. p.* **Spurred.** એડી મારવી; ઉતાવળથી દોડાવવું. To prick with spurs. **2.** પ્રેરણા કરવી; ઉશ્કેરવું; પ્રોત્સાહન આપવું. To incite; to impel. ઉતાવળથી હાંકવું અથવા દોડાવવું (ઘોડાને) To ride fast; to press forward. **Spur-gall,** *n.* એડી મારવાથી ચામડી ઉપર પડેલું ચકામું -ચાઠું.

Spurious (સ્પ્યૂરિઅસ્), *a.* બનાવટી; કલ્પિત; કૃત્રિમ. Adulterate; false; not genuine. **2.** રાંડના પેટનું; હરામજાદું. Unlegitimate.

Spuriously (સ્પ્યૂરિઅસલિ), *ad.* ખોટી રીતે; બનાવટી રીતે; નકલી રીતે; કૃત્રિમપણે. In a spurious way.

Spuriousness (સ્પ્યૂરિઅસ્નેસ્); *n.* કૃત્રિમતા; નકલીપણું; બનાવટ. A state of being spurious.

Spurn (સ્પર્ન્), *vt. vi.* ધિક્કારવું; તરછોડવું; તિરસ્કાર કરવો; લાત મારીને કાઢી મૂકવું. To hate; to detest; to throw out with a kick; to reject. *n.* ધિક્કાર; તિરસ્કાર; અવગણના. A hatred; a rejection; a dislike. **2.** લાત; પાદ પ્રહાર. A kick; a blow with the foot.

Spurt (સ્પર્ટ્), *vt. vi.* પિચકારી ઉડાડવી; ફોગળો કરવો; ધોર રૂપે બહાર પાડવું-આવવું. To throw out a liquid; to rush out; to rush in a small jet. *n.* ધાર; દદુડી; એકદમ જાગૃત થઇને કીધેલો પ્રયત્ન; જુસ્સાનો પ્રયત્ન. A jet; a sudden outbreak of attempt. **2.** ફણગો; કળી. A sprout.

Sputter (સ્પટર્), *vt. vi. pr. p.* **Sputtering.** *imp. & p. p.* **Sputtered.** બહુ ઉતાવળે અને અસ્પષ્ટ રીતે બોલવું; થુંક ઉડે તેમ બોલવું-વાત કરવી. To utter hastily and indistinctly; to speak rapidly.

Sputterer (સ્પટરર્), *n.* ઉતાવળથી અને અસ્પષ્ટ રીતે બોલનાર-કહેનાર; થુંક ઉડે તેમ વાત કરનાર. One, who sputters.

Sputum (સ્પ્યૂટમ્), *n.* લાળ; થુંક. Saliva; spittle.

Spy (સ્પાઇ), *n. pl.* **Spies.** બાતમીદાર; જાસુસ; બીજાના કામની ગુપ્ત રીતે દેખરેખ રાખનાર. A person, who keeps a constant watch on the actions, conduct, etc. of others; a secret emissary. *vt. vi. pr. p.* **Spying.** *imp. & p. p.* **Spied.** બારીક તપાસથી જોવું; અવલોકન કરવું; બાતમી મેળવવી. To see minutely; to observe and gain information secretly. **2.** શોધ કરવી; તપાસ કરવી. To search. **Spy-glass,** *n.* નાનું દુરબીન.

Squab (સ્ક્વૉબ્), *n.* નરમ ઓશિકું-તકિયો. A soft cushion. **2.** કબુતરનું તરતનું જન્મેલું બચ્ચું. An unfledged bird of a pigeon. **2.** જાડો; ઠીંગણો માણસ. A short and stunted fellow. *a.* ટુકું અને જાડું; ઠીંગણું. Short and stunted; fat. **2.** પીંછા આવ્યા સીવાયનું; સેવન કર્યા વિનાનું (ઇંડાનું). Unfledged. *vi.* એકદમ પડવું; ધબાક લઇને પડવું. To fall plump.

Squabble (સ્ક્વૉબલ્), *n.* કજીઓ; તકરાર; ઝપાઝપી; વાગ્પ્રહાર; બોલાચાલી. An altercation; a quarrel; a scuffle. *vi. pr. p.* **Squabbling.** *imp. & p. p.* **Squabbled.** કજીઓ કરવો; તકરાર કરવી; રકઝક કરવી. To quarrel; to dispute.

Squabbler (સ્ક્વૉબ્લર્), *n.* તકરાર કરનાર; રકઝક કરનાર; લડાઇ કરનાર. One, who squabbles.

Squad (સ્ક્વૉડ્), *n.* નાની ટુકડી; ટોળી; દેખરેખ માટે ભેગી કરેલી ટુકડી. A small party of men.

Squadron (સ્ક્વૉડ્રૉન્), *n.* લશ્કરની ટૂકડી; સેના; અશ્વદળ; અશ્વવ્યૂહ. A body of troops; a cavalry. **2.** ચોરસ આકારમાં ઉભી કરેલી સૈન્યની ટૂકડી. A body of troops, arranged in a square.

Squalid (સ્ક્વૉલિડ્), *a.* મેલું; ગંદું; મલિન; ગંધાતું. [Filthy; dirty; foul.

Squalidity (સ્ક્વૉલિડિટિ), *n.* ગંદકી; મલિનતા; મેલાપણું. A state of being squalid.

Squalidness (સ્ક્વૉલિડ્નેસ્), *n.* Same as, **Squalidity.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Squall (સ્ક્વૉલ), *n.* બૂમ; ચીસ; રાડ. A scream; a loud cry. **2.** પવનનું તોફાન; એકદમ ચઢી આવતો પવન. A storm; a sudden gust of wind. *vi.* ચીસ પાડવી; બૂમાટો પાડવો; એકદમ બોલાવવું. To cry out; to scream; to exclaim.

Squalor (સ્ક્વૉલર), *n.* ગંદવાડ; ગંદકી; મલિનતા. Filthiness; dirtiness.

Squander (સ્ક્વૉન્ડર), *vt. pr. p.* **Squandering.** *imp. & p. p.* **Squandered.** લખલુટ ખરચ કરવો; ગુમાવી દેવું; ઉડાડવું; ઉડાવી દેવું. To spend profusely; to waste away.

Squanderer (સ્ક્વૉન્ડરર), *n.* પુષ્કળ રીતે પૈસો ખરચ કરનાર; ગુમાવી દેનાર; ઉડાવી દેનાર. One, who squanders.

Square (સ્ક્વેર), *n.* સમચોરસ આકૃતિ; ચોરસ; સમચતુષ્કોણ. A four-sided figure with equal sides and four right angles; a square surface. **2.** લડાઈમાં ગોઠવેલો વ્યૂહ-સૈન્ય. A squadron. **3.** તખ્તો; કાચ. A pane of glass. **4.** વર્ગ ઘાત. The product of a number multiplied by itself. **5.** ચોક; ચોગાન. An open space or yard covering nearly all the sides equal. **6.** સુતારનો કાટખુણો. A carpenter's tool. **7.** કજીઓ; ઝઘડો; લડાઇ. A quarrel. *a.* ચોરસ; ચોખંડું. Having all the sides equal; measuring in a square. **2.** બરોબર; વ્યાજબી; ન્યાયસર. Just; equitable; true. *vt. vi. pr. p.* **Squaring.** *imp. & p. p.* **Squared.** ચોરસ બનાવવું; ચોખંડું કરવું. To form a square. **2.** બરોબર કરવું; ઠીક કરવું; ગોઠવવું. To set right; to adjust properly; to adjust. **3.** બંધબેસતું થવું; અનુસરતું થવું. To be adaptable. **4.** કજીઓ કરવો; ઝઘડો કરવો. To quarrel. **Square-root,** *n.* વર્ગમૂળ. **To get square with,** હિસાબ પતાવી દેવો. **To square one's shoulders,** ખભા ચઢાવવા. **On the square,** વ્યાજબીપણે.

Squash (સ્ક્વૉશ), *vt. pr. p.* **Squashing.** *imp. & p. p.* **Squashed.** છુંદવું; કચરવું; વાટીને લુગ્દી બનાવવી. To beat to a pulpy substance; to crush. *n.* વાટીને નરમ બનાવેલો પદાર્થ. A squashed matter or substance.

Squat (સ્ક્વૉટ), *vi.* પલાંઠીવાળીને બેસવું; સંકોચાઇને બેસવું; ચપટ બેસવું. To sit upon the heels. **2.** પારકી જમીન પચાવી પાડવી; બીજાની જમીન ઉપર વસવું. To settle on another's land without any claim. *a.* લપાઇ બેઠેલું; ચપટ; ચપટું. Crouching; short and thick. *n.* પલાંઠી કચરાઇ જાય તેવી રીતે પડવું તે. A posture of sitting on one's heels; a fall in a way to crush.

Squatter (સ્ક્વૉટર), *n.* પલાંઠી વાળીને લપાઇ બેસનાર; જમીન પચાવી પાડનાર. One, who misappropriates the land of.

Squeak (સ્ક્વીક), *n.* ચૂં ચૂં; તીણો અવાજ; કીકીઆરી. A sharp noise; a shrill sound. *vt. pr. p.* **Squeaking.** *imp. & p. p.* **Squeaked.** ચૂં ચૂં કરવું; તીણો અવાજ કાઢવો; કીકીઆરી કરવી. To utter a shrill cry; to scream.

Squeal (સ્ક્વીલ), *n.* લાંબો તીણો અવાજ; ચીચીઆરી; કીકીઆરી. A sharp, but prolonged cry. *vi.* લાંબો અવાજ કરવો; તીણો અવાજ કાઢવો. To eject a shrill cry. **2.** વિશ્વાસઘાત કરવો. To betray.

Squeamish (સ્ક્વીમિશ), *a.* મિજાજી; ચિપાસિયું; સાંકડા મ્હોંવાળું; ચિકણું. Fastidious; scrupulous.

Squeeze (સ્ક્વીઝ), *vt. vi. pr. p.* **Squeezing.** *imp. & p. p.* **Squeezed.** નીચોવવું; દબાવવું; પિલવું. To press; to compress. **2.** જુલમ ગુજારવો; સતાવવું. To harass; to torment. **3.** ધક્કાથી પોતાનો રસ્તો કરવો. To force one's way by pressing. *n.* નીચોવણી; દબાણ; જુલ્મ. A compression.

Squib (સ્ક્વિબ), *n.* ફટાકો; પલીતો. A cracker. **2.** નિંદાત્મક લેખ-લખાણ લખનાર. A petty lampoon. **3.** નિંદાત્મક લખાણ લખનાર. A writer of a lampoon.

Squill (સ્ક્વિલ), *n.* રાની કાંદો; રાની કાંદાના ફુલ. A kind of plant, with a bulbous root.

Squint (સ્ક્વિન્ટ), *vt. vi.* ત્રાંસુ જોવું; આડું જોવું; બાડી નજરે નિહાળવું. To look sideway; to look obliquely. **2.** ઢાળ પડતું હોવું; વક્ર હોવું. To be in a sloping side. *a.* બાડો; ત્રાંસુ જોનાર. Looking obliquely. *n.* ત્રાંસુ જોવું તે; આડી નજર રાખવી તે; બાડી નજરે જોવું તે. An act of looking askance; a state of being cross-eyed.

Squire (સ્ક્વાઇર), *n.* વિલાયતમાં 'નાઈટ' થી ઉતરતા દરજ્જાનો ગૃહસ્થ. A title of dignity next below the knight. **2.** 'નાઇટ' અથવા સરદારની સાથે ઢાલ તથા બખ્તર લઇને રહેનાર-ફરનાર. A shield-bearer or an armour-bearer, in the company of a knight. **3.** સ્ત્રી સન્માન કરનાર પુરૂષ-આદમી. A man, showing devotion to a lady. **4.** રાજેશ્રી; મહેરબાન; મહેરબાન સાહેબ. A title of respect, shown to a gentleman. *vt. vi.* 'સ્ક્વાઇર' તરીકે કામ કરવું-વર્તવું-રહેવું. To respect, or attend on a gentleman.

Squirehood (સ્ક્વાઇરહુડ), *n.* 'સ્ક્વાઇર' તરીકેની પદવી-હકુમત. The dignity or the rank of a squire.

Squireship (સ્ક્વાઇરશિપ), *n.* Same as, **Squirehood.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Squireling (સ્ક્વાઈર્લિન્ગ્), *n.* નાનો 'સ્ક્વાઇર' અથવા સરદાર. A sonall or petty squire.

Squirrel (સ્કિવર-રેલ્), *n.* ખિસ્કોલી; ખીલોડી. A species of rodent mammals.

Squirt (સ્ક્વર્ટ્), *n.* પીચકારી; નાની ધાર; દદુડી. A contrivance, with which a liquid is ejected; a jet; a flow. **2.** નાનો ઝરો; વહેળિયું. A spring; a stream. *vt. vi.* પિચકારી મારવી-છોડવી; ધાર કરવી; ધાર થવી. To eject. from a narrow pipe.

Squirter (સ્ક્વર્ટર્), *n.* પીચકારી મારનાર; ધાર કરનાર; દદુડી કરનાર. One, who squirts.

Stab (સ્ટૅબ), *vt. vi. pr. p* **Stabbing**. *imp.* & *p. p.* **Stabbed.** ભોંકી દેવું; ઘોંચવું; ઘોંચીને (કટાર, અથવા ધારવાળું હથિયાર) મારી નાંખવું. To pierce with a pointed weapon. **2.** હથિયાર ભોંકીને ઘાયલ કરવું. To wound with a sharp or pointed instrument. *n.* હથિયાર ભોંકવું તે; અણીદાર હથિયારવડે કરેલો ઘા. An act of stabbing with a pointed weapon.

Stabber (સ્ટૅબર્), *n.* હથિયાર ભોંકીને મારી નાંખનાર; જખમ કરનાર; ઘાયલ કરનાર. One, who stabs.

Stability (સ્ટેબિલિટિ), *a.* સ્થિરતા; મજબુતી; દૃઢતા; કાયમપણું. Steadiness; firmness.

Stable (સ્ટેબલ્), *a.* સ્થિર; દૃઢ; મજબુત; ટકાઉ; કાયમ. Firm; unwavering; strong; steady; durable.

Stable (સ્ટેબલ્), *n.* તબેલો; અશ્વશાળા; ડહેલું. A building having rooms or apartments for a horse or horses. *vt. vi.* અશ્વશાળામાં મૂકવું-રાખવું. To place in a stable. **2.** તબેલામાં રહેવું. To dwell in a stable. **Stable-boy**, *n.* ઘોડાવાળો; અશ્વપાળ. **Stable-man**, *n.* ઘોડાવાળો-અશ્વપાળ.

Stableness (સ્ટેબલનેસ્), *n.* Same as, [**Stability.**

Stablish (સ્ટૅબ્લિશ્), *vt.* Same as, **Establish.**

Stack (સ્ટૅક), *n.* ગંજી; ઢગલો; ઓઘલો; મોટો જથ્થો; રાશિ. A large pile (of hay or straw); a collection. **2.** ધુમાડીયું. A chimney. **3.** ૧૦૮ ક્યુબિક ફીટનો લાકડાનો ઢગલો. A pile of wood containing 108 cubic feet. *vt.* ખડકવું; એકઠું કરીને ગંજાબર ગોઠવવું; ઢગલો કરવો. To arrange into a large pile. **Stack-yard,** *n.* ઘાસની ગંજી ખડકવાનો વાડો-જગ્યા.

Staff (સ્ટાફ્), *n. pl.* **Staves, Staffs.** લાકડી; ડાંગ; ડંગોરો; ચાલતી વખતે આધારને માટે રાખેલી લાકડી. A stick; a walking-stick. **2.** આધાર; આશ્રય. ટેકો. A support. **3.** *pl.* (**Staffs.**) કામદાર મંડળ; અધિકારી મંડળ; કામ કરનારાઓનો સમૂહ. A body of workers in the same line; a body of co-workers. **4.** જે લાકડી ઉપર વાવટાનું કપડું જડાવવામાં આવે છે તે વાંસ; છડી; રાજદંડ. A pole to which a flag is attached; a mace.

Stag (સ્ટૅગ્), *n.* સાબર; હરણ; મૃગ. A red deer. **Stag-disease,** *n.* ઘોડાને થતો એક જાતનો રોગ. **Stag-hound,** *n.* એક જાતનો શિકારી કુતરો.

Staggard (સ્ટૅગાર્ડ્), *n.* ચાર વરસની ઉમ્મરનું હરણ. A stag, with four years of age.

Stage (સ્ટેજ્), *n.* ઉંચી બેઠક; ઉંચું સ્થાન. A raised or elevated platform or seat. **2.** પાલખ; માંચડો. A scaffold. **3.** રંગ શાળા; નાટ્ય-પ્રયોગ ભૂમિ. A theatre; the playground. **4.** રંગ ભૂમિ; કોઇપણ કામને માટેનું સ્થળ-સ્થાન. The scene or the place of any noted action or career. **5.** સ્થિતિ; હાલત; દશા; અવસ્થા; સ્થાન; ક્રમ. A condition; a state; a rank; a grade, **6.** બંધ ઘોડાગાડી. An omnibus. **7.** પડાવ; વિશ્રામ સ્થાન; ઉતારો. A station. *vt.* નાટ્યપ્રયોગ ભૂમિ ઉપર મૂકવું-ગોઠવવું. To place on the theatrical stage. **Stage-box,** *n.* રંગ ભૂમિની નજીકનું સ્થાન (જ્યાં વાજાવાળા, વિગેરે બેસે છે). **Stage-coach,** *n.* ઉતારિઓની ઘોડાગાડી. **Stage-door,** *n.* નાટ્ય પ્રયોગ ભૂમિ તરફ જવા આવવાનો દરવાજો. **Stage-manager,** *n.* નાટ્યપ્રયોગ ઉપર દેખરેખ રાખનાર તેમજ તે સંબંધી જ્ઞાન ધરાવનાર. મુખ્ય પાત્ર-નટ. **Stage-player,** *n.* નાટકમાંનો પાત્ર; વેશધારી. **Stage-play,** *n.* નાટ્ય પ્રયોગ; નાટક.

Stager (સ્ટેજર્), *n.* વૃદ્ધ અને ઠરેલ પુરૂષ; અનુભવી માણસ. A person of experience; a wise person.

Stagger (સ્ટૅગર્), *vt. vi. pr. p.* **Staggering.** *imp.* & *p. p.* **Staggered.** લથડીયું ખાવું-ખવરાવવું; લથડવું; ડગમગવું. To reel; to cause to totter; to falter; to hesitate. **2.** નિષ્ફળ જવા માંડવું. To begin to give way. *n.* લથડિયું; ભમરી; સ્ખલન. A reeling motion. **2.** (*fig.*) ગભરાટ; શંકા. A confusion; a hesitation.

Stagnate (સ્ટૅગ્નેટ્), *vi. pr. p.* **Stagnating.** *imp.* & *p. p.* **Stagnated.** સ્થીર રહેવું; બંધ પડવું; મંદ થવું; શિથિલ થવું. To cease to run; to cease to flow; to become cold or dull.

Stagnant (સ્ટૅગ્નન્ટ્), *a.* સ્થિર; બંધાઇ ગયેલું; ઠરી ગયેલું; પ્રવાહ વિનાનું. Not flowing or running; standing. **2.** મંદ; શિથિલ; સુસ્ત; જડ. Dull; inactive; insensible.

Staid (સ્ટેડ્), *a.* પુખ્ત; શાણો; ગંભીર; ઠાઉકો; ઠરેલ. Mature; wise; grave; serious. *imp.* & *p. p.* of **Stay.** રહેલું; અટકેલું.

Stain (સ્ટેન્), *n.* ડાઘ; એબ; કલંક; ડાઘો; દૂષણ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંછન; નામોશી. A spot; a stigma; a blot; a blemish; a disgrace. *vt. pr. p.* **Staining.** *imp. & p. p.* **Stained.** ડાઘાવાળું કરવું; દૂષણ લગાડવું; લાંછન લગાડવું; નામોશી આપવી. To make full of spots; to bring infamy to. 2. ડાઘ લાગવો; ઝાંખું થવું. To be spotted.

Stainless (સ્ટેન્લેસ્), *n.* નિર્દોષ; શુદ્ધ અંતઃકરણવાળું; નિષ્કલંક. Free from any stain; innocent.

Stair (સ્ટેર્), *n.* સીડીનું એક પગથીયું; સીડી; નીસરણી. A succession of steps; a ladder. **Stair-case,** *n.* નીસરણી; જીનો.

Stake (સ્ટેક્), *n.* મેખ; ખીલો; અણીદાર ખીલો. A pointed piece of wood or metal. 2. શરત; હોડ; હોડમાં મૂકેલી વસ્તુ-ચીજ. A wager; a pledge. *vt.* ખીલા મારવા; ખીલાથી જડવું. To fasten with a stake or stakes. 2. શરતમાં મૂકવું; હોડમાં મૂકવું. To pledge; to wager. 3. લાકડાની ખીલીથી ઘાયલ કરવું; ખીંટી ભોંકવી. To pierce with a stake.

Stalactite (સ્ટૅલૅક્ટાઇટ્), *n.* શંકુ આકારનો કોઇપણ ખનીજ પદાર્થ અથવા ખડક. Any mineral or rock, with the shape of a cone.

Stale (સ્ટેલ્), *a.* વાસી; ટાઢું; બેસ્વાદ. Vapid; tasteless; cold; not fresh or new. 2. ઘસાઇ ગયેલું; જીર્ણ; તૂટી ગયેલું. Worn off; very old; decayed. *vt. vi.* વાપરીને ઘસી નાંખવું; જીર્ણ કરવું-બનાવવું. To make worn; to reduce to a decayed state. 2. નિઃસ્વાદ બનાવવું; નિઃસત્વ કરવું. To make tasteless. 3. મુતરવું (પશુનું); પેશાબ કરવો. To discharge urine (as a horse). *n.* ઘણા વખત સુધી પડી રહેલો પદાર્થ-વસ્તુ; જીર્ણ થઇ ગયેલી વસ્તુ. A thing or substance worn out by a long use.

Stalk (સ્ટૉક્), *n.* સાંઠો; રાહું; બરૂ. The stem of a plant. *vi.* શિકારની શોધમાં લપાઇને અથવા સંતાતા ચાલવું. To walk very silently in search of a game. 2. પ્રૌઢતાથી અથવા ગૌરવ ભરેલી રીતે ચાલવું. To walk in a lofty way; to walk slowly.

Stall (સ્ટૉલ્), *n.* ઢોરને બાંધવાની જગ્યા; તબેલો; ઉભા રહેવાનું સ્થળ; કોહોડ. A place for cattle; a stand; a station. 2. નાની દુકાન; હાટડી. A very small shop. 3. ધર્માધ્યક્ષનું આસન; બેઠક. A seat of a clergy. *vt. vi.* તબેલામાં રાખવું-બાંધવું; જડું કરવું. To put into a stable; to make robust. 2. છાનું રાખવું; ગુપ્ત રાખવું. To keep concealed; to keep hidden. 3. બરફ અથવા કાદવમાં લપટાઇ જવું. To be set as in snow or mire.

Stallion (સ્ટૅલ્યન્), *n.* ઓલાદ વધારવાને રાખેલો ઘોડો; વાલી ઘોડો. A horse used in breeding.

Stalwart, Stalworth (સ્ટૅલ્-ઉવર્ટ્, સ્ટૅલ્-ઉવર્થ્), *a.* હિંમતવાળું; બહાદૂર; પાણીદાર; જુસ્સાદાર. Brave; daring; spirited; vigorous.

Stamen (સ્ટેમેન્), *n. pl.* **Stamens,** or **Stamina.** નરતંતુ; કેસર; પુંકેસર. The male organ of flowers.

Stamina (સ્ટૅમિનૅ), *n.* મુખ્ય ભાગ; સારો અને કસદાર ભાગ; સત્વ; દમ; તેજ. The chief part of a body; the pithy substance; vigour.

Stammer (સ્ટૅમર્), *vi. pr. p.* **Stammering.** *imp. & p. p.* **Stammered.** અચકાતાં અચકાતાં બોલવું; જીભ અટકવી; તોતડું બોલવું. To falter in speech; to hesitate while speaking.

Stammering (સ્ટૅમરિન્ગ્) *n.* તોતડું બોલવું તે; અચકાતા બોલવું તે. A habit of speaking with some faltering.

Stamp (સ્ટૅમ્પ્), *n.* છાપ; ટિકિટ; સિક્કો; બિબું. An impression; a cast, a coin; a die. 2. ચિન્હ; નિશાની; સરકારી મોહોર. A mark; a sign; an official mark. 3. લક્ષણ; ગુણ; ચિન્હ; આકાર. A characteristic; a merit; a form. *vt. vi.* છાપ મારવી; છાપવું; પગ પછાડવો; ઠોકવું; અફાળવું. To impress with a stamp; to dash against. 2. સિક્કા પાડવા; છાપ મારવી. To coin. 3. ટિકિટ ચોંટાડવી; 'સ્ટૅમ્પ' લગાડવો. To put a stamp on.

Stampede (સ્ટૅમ્પીડ્), *n.* નાસભાગ; એકાએક ભયથી કરેલી દોડાદોડ-પલાયન. An act of headlond running-away due to some sudden fear or terror. *vt. vi.* ભયથી નાસી જવું; પલાયન કરી જવું; નસાડી મૂકવું. To run away; to put to flight.

Stanch (સ્ટૅન્શ્), *a.* મજબૂત; કઠણ; મજબુત; પાકું; ખરૂં. Sound; strong; firm; zealous. 2. ડગે નહિ તેવું; આગ્રહી. Unflinching; keen. *vt. vi.* અટકાવવું; બંધ પાડવું; રોકવું; થોભવું. To stop; to check; to prevent. 2. બુઝાવવું (આગ); છીપાવવું (તરસ). To extinguish; to quench; to allay. 3. મજબુત બનાવવું. To make strong. *n.* અટકાવનાર; રોકનાર; વારનાર. One, that checks or stops.

Stand (સ્ટૅન્ડ્), *vt. vi. pr. p.* **Standing.** *imp. & p. p.* **Stood.** ઉભા રહેવું; ઉભા થવું; ખડા થવું-રહેવું. To be supported on the feet in an erect way. 2. આવેલું હોવું; વસેલું હોવું. To be situated; to consist. 3. આગળ વધતા અટકાવવું; થોભવું; અટકવું. To stop from a progress; to cease; to stop from motion. 4. શુદ્ધ રહેવું; નિર્દોષ રહેવું-થવું. To pass an innocent life; to remain pure. 5. મળતાં આવવું; અનુસરવું. To agree; to accord. 6. સ્તબ્ધ થવું; ઠરી જવું; ઠરવું. To be in a motionless condition; to be stagnant. 7.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખમવું; સાંખવું; વેઠવું. To endure; to bear; to resist. *n.* ઉભા રહેવાની જગ્યા; સ્થાન; મુકામ. A halting place. 2. બચાવને માટે થોભવું તે; ગતિરોધ. A resistance. 3. ઉંચી બેઠક; મંડપ. A raised seat; a platform. 4. સ્થિતિ; સ્થાન; દરજ્જો; મોભો. A position; a place; a rank. 5. ગભરાટ; ગભરામણ; મુશીબત. A confusion; a bewilderment. **To stand by,** ની પડખે ઉભા રહેવું. **To stand against,** નો વિરોધ કરવો. **To stand for,** ને માટે હોવું; આધાર તરીકે રહેવું-હોવું. **To stand fast,** અચળ રહેવું. **To stand in,** ખર્ચાઇ જવું; વપરાઈ જવું. **To stand off,** અળગું રહેવું; વેગળું રહેવું **To stand out,** બહાર ધસી આવવું નીકળવું. **To stand with,** ને અનુસરવું.

Standing (સ્ટૅન્ડિન્ગ્), *a.* ઝાલુ; કાયમ; હાલેચાલે નહિ તેવું; સ્થિર. Continuous; steady; not moving. 2. ઉભું; કાપી ન નાંખ્યું હોય તેવું Erect 3. મુકરર કરેલું; સ્થાપિત. Settled; established.

Stand-point (સ્ટૅન્ડ્-પૉઈન્ટ્) *n.* કાયમ જગ્યા; દૃષ્ટિ; નજર; વિચાર; સમજ. A fixed point; a station; a sight; a comprehension.

Standish (સ્ટૅન્ડિશ્), *n.* કલમદાન; દોત અથવા કલમ રાખવાનું ખાનું. A stand for pen and ink.

Standard (સ્ટૅન્ડર્ડ્), *n.* પ્રમાણ; ધોરણ; માપ; ધડો. An ascertained measure or a weight; a test. 2. વાવટો; ઝંડો; પતાકા. A flag; a banner. 3. આધાર; ટેકો. An upright support *a.* પ્રમાણભૂત; વિશ્વાસ રાખવા લાયક; આધારભૂત. Authorized; trustworthy; serving as a standard. **Standard-bearer,** *n.* વાવટો ઉંચકનાર; નિશાનદાર.

Standardize (સ્ટૅન્ડર્ડાઇઝ્), *vt.* પ્રમાણભૂત કરવું; આધારભૂત બનાવવું; પ્રમાણ તરીકે માન્ય રાખવું. To ascertain or form as an authority; to accept as a standard.

Stanza (સ્ટૅન્ઝ), *n.* ટુંક; ચરણ; કડી; શ્લોક; છંદ. A verse; a part of a poem or poetry.

Staple (સ્ટેપલ), *n.* વેપારનું મુખ્ય મથક; બજાર; ગંજ. A settled market; an emporium. 2. મૂળ; મુખ્ય સ્થળ-જગ્યા. A source; an origin. 3. વેપારનો મુખ્ય માલ-જથ્થો. The chief commodity of goods in a market. 4. લોઢાનો નકુચો. An iron-loop. 5. કાચો માલ; કાચા માલનો વેપાર. Raw materials. 6. દેવળને અર્પાયેલો પ્રાંત. A district given over to an abbey. 7. રૂ, ઉન કે શણનો તાર. A thread of cotton, wool or flax. *a.* માલને લગતું; જણસનું. Pertaining to commodities for sale. 2. ધોરી; મુખ્ય; ચાલતો; ઘિકતો. Chief; established; main. *vt* તાર પ્રમાણે ગોઠવવું. To adjust according staples.

Star (સ્ટાર્), *n.* તારો; તારક. A luminous body, shining in the heaven. 2. (*fig.*) સિતારો; નશીબ. A destiny; the fate. 3. ટીકડી; કટોરી; ટપકી. A small figure resembling a star. 4. કુળદીપક પુરૂષ; પ્રશંસાપાત્ર પુરૂષ. A person of rank and fame. *vt. vi. pr. p.* **Starring.** *imp.* & *p. p.* **Starred.** તારા ટીપકીઓ ચોઢવી. To adorn with stars. 2. (તારાઓનું) પ્રકાશવું; તેજસ્વી થવું. To be brilliant and shining.

Starch (સ્ટાર્ચ્), *n.* આર; કાંજી; ખેળ. A kind of vegetable substance. 2. અક્કડપણું; અકડાઇ. Stiffness in manners. *vt.* ખેળ નાંખવી; કાંજી નાંખવી. To stiffen with starch.

Starchy (સ્ટાર્ચિ), *a.* કાંજીનું; અક્કડ; આરવાળું. Of or pertaining to starch.

Stare (સ્ટેર્), *vt. vi. pr. p.* **Staring.** *imp.* & *p. p.* **Stared.** તાકીને જોવું; એકી ટસે નજર ફેંકવી. To gaze; to look minutely. 2. બહાર પડવું; નીકળવું. To project. *n.* સ્થિર દૃષ્ટિપાત; અતિમેષાવલોકન. A look, with eyes wide open.

Stark (સ્ટાર્ક્), *a.* અક્કડ; મજબુત; શક્તિવાન. Stiff; rigid. 2. શક્તિવાન; મજબૂત; આકરૂં. Powerful; vigorous. 3. ફક્ત; કેવળ; તદ્દન; શુદ્ધ. Mere; only; sheer. *ad.* તદ્દન કેવળ; હડહડતું; બધી રીતે. Wholly; completely.

Starry (સ્ટારિ), *a.* તારાથી શોભિતું; નક્ષત્રોથી ભરપૂર; તારાની માફક પ્રકાશતું. Adorned with stars; abounding with stars.

Start (સ્ટાર્ટ્), *vt. vi.* પ્રારંભ કરવો; શરૂઆત કરવી; પ્રસ્થાન કરવું. To begin; to commence; to originate. 2. ચમકવું; ઉભું થવું; ચમકીને કુદવું. To move suddenly; to leap with surprise. 3. ચમકાવવું; ભડકાવવું. To get alarmed; to alarm. 4. ચલાવવું; ગતિમાં મૂકવું. To set in motion. *n.* ચમકારો; ચમકાટ; કંપ; સ્ફુરણ. A sudden slight motion or jerk of the body. 2. પ્રચાર; શરૂઆત; પ્રારંભ. A beginning; a commencement. **To have a start,** શરૂઆત થવી. **To start up,** ચમકીને જાગી ઉઠવું. **To start after,** ની પાછળ પડવું. **Start-up,** તરતનો પૈસાદાર થયેલો માણસ.

Startle (સ્ટાર્ટ્લ), *vt. vi. pr. p.* **Startling.** *imp.* & *p. p.* **Startled.** ચમકાવવું; આશ્ચર્ય પમાડવું; હેરત પમાડવું. To alarm; to surprise. 2. આડે માર્ગે લઇ જવું; દોરવું. To deviate from the right path. 3. ચમકવું; ભડકવું; આશ્ચર્ય પામવું. To be alarmed; to move with a start.

Starvation (સ્ટાર્વેશન્), *n.* ભૂખમરો; ભૂખે મરવું તે; અનાહાર; આહાર નહિ મળવો તેવી સ્થિતિ. A condition of being without sufficient

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

food; an act of starving.

Starve (સ્ટાર્વ), *vt. vi. pr. p.* **Starving.** *imp. & p. p.* **Starved.** ભૂખે મારવું; ભૂખે કરવું; ભૂખમરાથી મારવું. To deprive of food and water; to weaken the strength of; to kill by keeping one in a starving state. **2.** ક્ષુધાથી મરણ પામવું; પ્રાણ છોડવા. To die of hunger; to perish.

Starveling (સ્ટાર્વેલિન્ગ), *n.* ભૂખથી રિબાતું પ્રાણી, વિગેરે. Any one suffering from starvation. *a.* ક્ષુધાતુર; ક્ષુધા વેઠીને ક્લાન થઇ ગયેલું. Hungry; lean.

State (સ્ટેટ), *n.* દશા; હાલત; સ્થિતિ. A condition of a thing or a person. **2.** દરજ્જો; મોભો; પદવી. A rank; an office; a power. **3.** વૈભવ; પ્રતાપ. Grandeur; dignity. **4.** દમદમાટ; આડંબર; ભભકો. A pomp; an outward show or appearance. **5.** કાયદા ઘડનાર મંડળ-સભા. The legislating body of a country. **6.** રાજ્ય; સંસ્થાન; પ્રજા. A political body; a nation. **7.** ઉંચી પદવીનો માણસ. A man of high rank or dignity. **8.** અવધિ; શિખર; ટોચ. A limit; a top; a summit. *vt. pr. p.* **Stating.** *imp. & p. p.* **Stated.** કહેવું; વર્ણવવું; નિવેદન કરવું; જાહેર કરવું. To relate; to narrate; to manifest. *a* સરકારી; રાજ્યને લગતું; દરબારી. Of or pertaining to a government.

State-craft (સ્ટેટ-ક્રૅફ્ટ), *n.* રાજ્ય કારભાર ચલાવવાની આવડત-કળા; રાજ્યકારભાર. Statesmanship; the skill in managing the state affairs.

Stateliness (સ્ટેટ્લિનેસ્), *n.* પ્રૌઢતા; ઠાઠમાઠ; દમામ; ભવ્યતા. A state of being stately; grandeur.

Stately (સ્ટેટ્લિ), *a.* પ્રૌઢ; ઠાઠમાઠવાળું; મોટું; દમામદાર; ભવ્ય; આડંબરથી ભરપૂર. Grand; majestic; august.

Statesman (સ્ટેટ્સ્મૅન), *n. pl* **Statesmen.** રાજનિતિજ્ઞ; રાજતંત્રી; રાજકારભારી. A man, clever in the arts of the government; a politician.

Statesmanship (સ્ટેટ્સ્મૅન્શિપ્), *n.* રાજનીતિજ્ઞતા; રાજદરબારીપણું; કારભાર. The office or the rank of a statesman.

Statement (સ્ટેટ્મેન્ટ), *n.* હકીકત; વર્ણન; હેવાલ; બ્યાન; બીના; કેફિયત. An act of stating verbally or on paper; a description of an event; a narration.

Statics (સ્ટૅટિક્સ્), *n.* પદાર્થ સ્થિતિ; પદાર્થ વિદ્યા; ગુરૂત્વ વિદ્યા; સ્થિતિ ગણિત. The science, which treats of the equilibrium of forces.

Station (સ્ટેશન્), *n.* મુકામ; જગ્યા; સ્થળ; પડાવ. A halt; a halting place; a camp. **2.** સમતુલના; સમતોલન. Equilibrium. **3.** ચોકી; 'ગેટ'; થાણુતરો. The head-quarter of a police-force. **4.** નિમેલું કામ; હોદો; અમલ. Work assigned; an office. **5.** હાલત; સ્થિતિ; દશા; મરતબો. A state; a condition; a social status. *vt.* બેસાડવું; મૂકવું; નક્કી કરવું; રાખવું. To seat; to place; to ascertain.

Stationary (સ્ટેશનૅરિ), *a.* સ્થિર; અચળ રહે તેવું; ડગે નહિ તેવું. Remaining in the same place; not moving; fixed.

Stationer (સ્ટેશનર્), *n.* કાગળ, પેન્સીલ, કલમ, વિગેરે વેચનાર; કાગદી. One, who sells paper, pens, etc.

Stationery (સ્ટેશનેરિ), *n.* લેખનસામગ્રી; કલમ, કાગળ, સાહી, સિંસાપેન, વિગેરે. The articles (such as pen, paper, ink, etc.) sold by a stationer. *a.* કાગળ, કલમ, સાહી, વિગેરેને લગતું. Belonging to the articles used in writing.

Statistics (સ્ટૅટિસ્ટિક્સ્), *n.* દેશસ્થિતિ; લોકની સ્થિતિ, વિ૦ નો ગણિત અથવા આંકડાથી કરેલો સંગ્રહ. The numerical facts and figures of a country or a nation.

Statistical (સ્ટૅટિસ્ટિકલ્), *a.* લોકોની સ્થિતિને લગતું; ઉદ્યમ સંબંધી. Pertaining to statistics.

Statuary (સ્ટૅટ્યૂઍરિ), *n.* પૂતળાં, મૂર્તિ, વિગેરે કોતરનાર; મૂર્તિકાર. One, who is after carving the images. **2.** પૂતળાં કોતરવાની કળા. The art of carving statues. **3.** મૂર્તિઓનો સમૂહ. A collection of images.

Statue (સ્ટૅટ્યૂ), *n.* મૂર્તિ; પૂતળું; બાવલું; પ્રતિમા. An image; a carved figure (esp. human); a portrait. *vt.* પૂતળું બનાવવું; બાવલું કરવું-બનાવવું To make an image; to carve out a statue.

Stature (સ્ટેટ્યૂર્), *n.* શરીરની ઉંચાઇ; કદ; બાંધો; કાઠું. The height of a human body; a bodily constitution.

Status (સ્ટૅટસ્), *n.* સ્થિતિ; હાલત; દરજ્જો; માપ; મરતબો; પદવી. A state; a condition; a rank; a position.

Statute (સ્ટૅટ્યૂટ), *n.* લિખીત ધારો; કાયદો; કાનુન; ઠરાવ. A written law or order; a resolution; ane nactment.

Statutory (સ્ટૅટ્યૂટૉરિ), *a.* કાયદા પ્રમાણે થયેલું; કાયદાનું; ઠરાવના ઉપર આધાર રાખતું. Of a statute depending on a statute.

Stave (સ્ટેવ્), *n.* સાંકડું-પાતળું પીપ બનાવવાનું પાટિયું. A narrow strip of wood. **2.** (ગાયનમાં) કડવું-પદ. A stanza; a verse. **3.** *vt.* દૂર કરવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેગળું કરવું; ચઢાવવું. To push away; to push off. 2. ધક્કેલે રાખવું; આગળ ચઢાવવું. To delay; to linger. 3. વહી જવા દેવું; ઢોળાવા દેવું. To let go or flow.

Stay (સ્ટે), *n.* મુકામ; પડાવ; નિવાસ. A station; a sojourn. 2. પ્રતિબંધ; નિરોધ; અટકાવ; સંયમન. A hindrance; a restraint; a check. 3. (*pl.*) કાંચળી; ચોળી; કબજો. A bodice. 4. અવલંબન; આશરો; ટેકો. A support; a prop. *vt.vi. pr.p.* **Staying.** *imp.* & *p.p* **Stayed, Staid.** અટકાવવું; રોકવું; ટેકો દેવો; આધાર મૂકવો. To stop; to support. 2. ઉભા રહેવું; થોભવું; અટકવું. To wait; to stop. 3. સહન કરવું; ખમવું; સામા થવું. To endure; to resist. 4. મુકામ કરવો; વાસ કરવો. To dwell; to sojourn.

Stead (સ્ટેડ્), *n.* જગ્યા; ઠેકાણું; સ્થાન; સ્થળ. A place; a spot; a room. *vt.* ઉપયોગના થવું; મદદ કરવી; સહાય કરવી. To help; to assist; to aid.

Steadfast (સ્ટેડ્ફાસ્ટ્), *a.* સજ્જડ; દૃઢ; અચળ; અડગ. Firm; immovable; not fickle; unwavering.

Steadfastly (સ્ટેડ્ફાસ્ટ્લિ), *ad.* દૃઢતાથી; અચળપણે; સ્થિરતાથી; અડગપણે. Firmly; steadily; unhesitatingly.

Steadfastness (સ્ટેડ્ફાસ્ટ્નેસ્), *n.* દૃઢતા; અડગ મનોવૃત્તિ થવી તે-હોવી તે. A state of being steadfast.

Steadily (સ્ટેડિલિ), *ad.* સ્થિરતાપૂર્વક; શાંતપણે; દૃઢતાથી; ધીરજથી. In a steady way or manner.

Steadiness (સ્ટેડિનેસ્), *n.* સ્થિરતા; અચળતા; ધૈર્યશીલપણું. A state of being steady.

Steady (સ્ટેડિ), *a.* સજ્જડ; ખસે નહિ તેવું; સ્થિર; દૃઢ; કાયમી. Fixed; firm; resolute; constant. *vt. vi. pr. p.* **Steadying.** *imp.* & *p.p.* **Steadied.** ઠરાવી રાખવું; સ્થિર મૂકવું-રાખવું; દૃઢ કરવું; To make firm; to make regular and unflinching, 2. સ્થિર હોવું; બદલાય નહિ તેવી સ્થિતિમાં હોવું. To be constant.

Steal (સ્ટીલ્), *vt. vi. pr. p.* **Stealing.** *imp.* **Stole.** *p. p.* **Stolen.** ચોરવું; ચોરી કરવી; છાનામાના લઈ જવું. To deprive of feloniously; to commit a theft. 2. ચુપકીથી દાખલ થવું-માં પ્રવેશ કરવો. To enter secretly. 3. ગુપ્તરીતે કરવું; ન જાણે તેવી રીતે કરવું. To do without being seen. 4. ચોરીથી અથવા ચુપકીથી જતા રહેવું. To pass away silently.

Stealing (સ્ટીલિન્ગ્), *n.* ચોરી; સ્તેય; ચોરી કરવી તે; ચોરીનો માલ. A theft; a thing or property stolen.

Stealth (સ્ટેલ્થ્), *n.* Same as, **Stealing.**

Stealthy (સ્ટેલ્થિ), *a.* ચોરીથી કરેલું; છાનું; ગુપ્ત; ચોરીનું. Done in a way of theft; secret.

Steam (સ્ટીમ્), *n.* વરાળ; બાફ; બાષ્પ. Water in the state of vapour. *vt. vi.* બાફ દેવો; વરાળ આપવી. To expose to the action of steam. 2. વરાળ કાઢવી; વરાળ રૂપે ઉડી જવું. To emit steam; to be invisible as vapour. **Steam-boat,** *n.* વરાળ યંત્રથી ચાલતી નૌકા. **Steam-engine,** *n.* બાષ્પ યંત્ર; વરાળ યંત્ર. **Steam-boiler,** *n.* વરાળ ઉત્પન્ન કરવાનો મોટો દેગ; બોઇલર. **Steam-launch,** *n.* વરાળ યંત્રથી ચાલતો મછવો.

Steamer (સ્ટીમર્), *n.* આગબોટ; વરાળયંત્ર; બાષ્પ નૌકા. A vessel propelled by a steam.

Steamy (સ્ટીમિ), *a.* વરાળનું; વરાળથી ભરપૂર; બાફનું. Of or full of steam.

Steed (સ્ટીડ્), *n.* ઘોડો; લડાયક અશ્વ; ઘણા પાણીવાળો ઘોડો. A spirited horse; a military horse. 2. રાજ્ય દરબારમાં વપરાતો ઘોડો. A horse, seen in a royal stable.

Steel (સ્ટીલ્), *n.* પોલાદ; ગજવેલ; લોઢું. A ગજવેલ અથવા પોલાદનું હથિયાર. An instrument or arm made of steel. *vt.* પોલાદ ચઢાવવું; પોલાદનું પાણી પાવું. To overlay with steel. 2. (*fig.*) મજબુત કરવુ; દૃઢ બનાવવું; સખ્ત કરવું. To make hard; to make inobdurate.

Steel-yard (સ્ટીલ-યાર્ડ્), *n.* કંપાણ; તોલવાનો લોખંડનો કાંટો. A kind of balance, used in weighing weights, etc.

Steep (સ્ટીપ્), *a.* ઉભા ચઢાવવાળું; ઢોળાવવાળું; ઉભું. Precipitous; having a slope. 2. ઘણુંજ ઉંચું; વિકટ; ઘણુંજ ભારે. Lofty; very high. *n.* ઉભો ચઢાવ; ડુંગરો; ટેકરો; ટેકરીવાળી જગ્યા. A precipitous place; a hill. *vt. vi.* પલાળવું; ડુબાવવું. To soak or dip into any liquid. 2. ઢોળાવવાળું થવું-હોવું. To become steep.

Steeple (સ્ટીપલ્), *n.* ખ્રિસ્તી દેવળનો અણીવાળો મિનારો; ડુંગરો; શિખર. A spire; a spire on the Christian church.

Steepled (સ્ટીપલ્ડ્), *a.* મિનારાવાળું; કાંગરાથી ભરપૂર. Having steeples; full of steeples.

Steer (સ્ટીર્), *n.* વાછરડો; ગોધો. A young ox. *vt. vi.* વહાણ હંકારવું; વહાણ ચલાવવું. To direct the course of a vessel. 2. તજવીજ કરવી; ઉપાય અજમાવવો. To apply the remedy for.

Steerage (સ્ટીરેજ્), *n.* વહાણને હંકારવું તે-ચલાવવું તે. An act of steering. 2. થોડું ભાડું આપીને બેસનારા મુસાફરો માટે વપરાતો વહાણનો પાછલો ભાગ. The hinder part of a ship.

Steersman (સ્ટીર્ઝ્મૅન્), *n.* સુકાન ફેરવનાર; સુકાની. A helmsman; one that steers.

Stellar,-ary (સ્ટેલર્,-રી), *a.* તારા સંબંધી; તારાવાળું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારાથી ભરપૂર. Pertaining to a star or stars; full of stars.

Steno-grapher (સ્ટેનોગ્રૅફર), *n.* સંકેતલેખ લખનાર; ટુંકમાં લખનાર. One well-versed in the art of writing short-hand.

Stenographist (સ્ટેનોગ્રૅફિસ્ટ), *n.* Same as, **Stenographer.**

Stenography (સ્ટેનોગ્રૅફિ), *n.* સંક્ષેપમાં લખવાની કળા-હુન્નર; ટુંકાણમાં લખવાની કળા. The art of writing in shorthand.

Stem (સ્ટેમ્), *n.* થડ; મુખ્ય ભાગ; થડિયું. The part of a tree, supporting the branches. **2.** વહાણના મોખરાનો ભાગ. The front part of a ship. **3.** વંશ; કુટુંબની શાખા. A family; a branch of a family. **4.** થડનો તે ભાગ, જેમાંથી પાંદડાં ફુટે છે; થડિયું. The part of a tree bearing the leaves; the main stock of a tree. *vt. pr. p.* **Stemming.** *imp.* & *p. p.* **Stemmed.** અટકાવવું; બંધ રાખવું; ખાળવું; પ્રવાહ અટકાવવો. To stop; to check.

Stench (સ્ટેન્શ), *n.* દુર્ગંધ; બદબો; ખરાબ વાસ; નઠારી વાસ. An ill-smell; a stink.

Stencil (સ્ટેન્સિલ્), *n.* ચિતારા અથવા છીપા વિગેરેનું છાપવાનું બિબું. A thin plate of metal used in painting.

Stentorian (સ્ટેન્ટોરિઅન્), *a.* ઘણા મોટા અવાજવાળું; મોટા ઘાંટાવાળું; તાણીને ઘાંટો પાડી શકે તેવું. Having an extremely loud noise; capable of uttering a very loud sound.

Step (સ્ટેપ્), *n.* કદમ; ડગલું; પગલું. A pace **2.** પગથીયું. A rest for a foot while ascending or descending a staircase. **3.** ઉપાય; ઇલાજ. A remedy; a resource. **4.** આચરણ; કાર્યારંભ. A proceeding; an action. **5.** *pl.* રસ્તો; માર્ગ. A walk; a passage. **6.** *pl.* નીસરણી; દાદર; ખસેડી શકાય તેવી નીસરણી. A portable staircase. **Step-brother,** *n.* ઓરમાન ભાઇ. **Step-sister,** *n.* ઓરમાન બ્હેન. **Step-daughter,** *n.* ઓરમાન પુત્રી. **Step-son,** *n.* ઓરમાન પુત્ર.

Step (સ્ટેપ્), *vt. vi. pr. p.* **Stepping.** *imp.* & *p. p.* **Stepped.** પગ મૂકવો; કદમ ભરવું; પગલું ભરવું; ધીમેથી ચાલવું. To lay a pace on; to walk slowly; to go on foot. **To step aside,** બાજુએ ખસી જવું. **To step in** or **into,** –માં પ્રવેશ કરવો; પ્રવેશવું. **To step out,** લાંબું પગલું ભરવું.

Stereoscope (સ્ટેરીઓસ્કોપ્), *n.* ચિત્રને આબેહુબ જોવાનું યંત્ર. An optical instrument used in viewing a picture.

Stereotype (સ્ટેરીઓટાઈપ્), *n.* પુસ્તકો, વિગેરે છાપવાના બીબાંનાં પતરાં. A kind of plate of types used in printing the books. *vt.* ચોપડીઓ, વિગેરે છાપવામાટે બિબાં બનાવવા. To form the stereotypes of. **2.** (*fig.*) સજ્જડ બેસાડવું; દૃઢ કરવું; ચોંટાડવું. To fix firmly; to render firm.

Sterile (સ્ટેરાઇલ્), *a.* ઉજ્જડ; ફળ વિનાનું; અફળ; વાંઝિયું. Barren; devoid of fruits; unfruitful.

Sterility (સ્ટેરિલિટિ), *n.* ઉજ્જડપણું; વાંઝિયાપણું; વંધ્યત્વ. A state of being barren; a condition of being unproductive.

Sterilize (સ્ટેરિલાઇઝ્), *vt.* ઉજ્જડ બનાવવું; ફળવિહિન કરવું; વાંઝિયું રાખવું. To make barren; to make unproductive.

Sterling (સ્ટર્લિન્ગ્), *a.* અંગ્રેજી નાણાં સંબંધી; અંગ્રેજી નાણાનું ચલણનું. Of the British currency or coinage. **2.** (*fig.*) શુદ્ધ; ચોખ્ખું. Pure; genuine. *n.* અંગ્રેજી સિક્કાનું નામ છે. An English coin with a standard value.

Stern (સ્ટર્ન્), *a.* કઠોર; સખ્ત; અતિદૃઢ; નિષ્ઠુર; નિર્દય. Rigorous; austere; firm; relentless. *n.* સુકાન; વહાણનો પાછલો ભાગ; નાવનો પાછળનો ભાગ. The helm of a vessel; the rudder; the rear part of a ship.

Sternly (સ્ટર્નલિ), *ad.* કઠોરપણે; સખ્ત રીતે; નિષ્ઠુરપણે. Strictly; in a stern way.

Sternness (સ્ટર્નનેસ્), *n* કઠોરતા; સખ્તાઇ; નિર્દયતા. A state of being stern; relentlessness.

Sternum (સ્ટર્નમ્), *n.* છાતીનું ચપટું-વચલું હાડકું. The breast-bone.

Stethoscope (સ્ટેથોસ્કોપ્), *n.* છાતી, વિગેરે તપાસવાની દાકતરની ભુંગળી-નળી. An instrument used in examining the lungs, the breast, etc. by a medical practitioner.

Steven (સ્ટેવન્), *n.* મોટો અવાજ; ઘુમાટો; અવાજ. A loud cry; an uproar. **2.** બોલી; ભાષા. A language; a speech.

Stew (સ્ટ્યૂ), *vt. vi.* ધીમે ધીમે ઉકાળવું; સીજવવું; ધીમે ધીમે ઉકળવું; સીજવું. To boil gently; to seethe. *n.* ધીમે તાપે સીજવેલું ભોજન. A seethed dinner. **2.** અકળામણ; ગભરાટ. A confusion; a disorder. **3.** છિનાળ; વેશ્યા. A prostitute.

Steward (સ્ટ્યૂઅર્ડ્), *n.* ઘરનો કારભારી; ઘરનો વહીવટ કરનાર મુનીમ. A manager of household affairs. **2.** વીશી, વિગેરે સ્થળે કામ કરનાર અથવા વહીવટ કરનાર નોકર. A servant supervising the work in a hotel. *vt.* –ના ઘરનો વહીવટ કરવો–ચલાવવો; કારભારી તરીકે કામ કરવું. To manage the house-hold affairs of; to work as a steward.

Stewardship (સ્ટ્યૂઅર્ડ્શિપ્), *n.* મુનીમગિરિ; કારભારીપણું; ઘરનું કામ કાજ કરનાર મુનીમની પદવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

The rank or position of a steward.

Sthenic (સ્થેનિક), *a.* હૃદયને ઉત્તેજીત કરે તેવું. Stirring the heart.

Stick (સ્ટિક), *n.* લાકડી; સોટી; ડાંગ; જેષ્ટિકા. A rod; a staff. **2.** કાઠી; બળતણ; લાકડું-લાકડા. Fuel in a general sense. **3.** અણીવાળા હથિયારથી ભોકવું તે; ગોદો મારવો તે. An act of thrusting with a stick. *vt. vi. pr. p.* **Sticking.** *imp. & p. p.* **Stuck.** વળગાડવું; ચોંટાડવું; મારવું; ઘોંચવું; ખોસવું; મૂકવું. To adhere; to fasten; to thrust; to lay. **2.** વળગી રહેવું; ચોંટવું; ઘોંચી જવું. To be fastened; to be adhesive. **3.** જડવું; બેસાડવું. To set in; to fix. **To stick at,** અટકવું; આનાકાની કરવી. **To stick by,** -ને વળગી રહેવું; પકડી રાખવું. **To stick to,** વળગવું; વળગી રહેવું.

Stickle (સ્ટિકલ્), *vi.* વચ્ચે પડીને તકરાર પતાવવી; લવાદ તરીકે વર્તવું. To intervene; to act as an arbitrator. **2.** જક્ક કરવી; આગ્રહ કરવો. To be obstinate; to persist in.

Stickler (સ્ટિકલર), *n.* મધ્યસ્થ; લવાદ; પંચ. One, who arbitrates; an umpire. **2.** દુરાગ્રહી; ખોટી રીતે જીદ કરનાર. One, who contends for trifles.

Stiff (સ્ટિફ), *a.* કઠણ; મરડાય નહિ તેવું; વળે નહિ તેવું; જાડું; અક્કડ. Not easily bent; harsh; firm; unyielding. **2.** હઠીલું; જક્કી; દુરાગ્રહી. Stubborn; obstinate. **3.** કઠોર; કડવું; ખરાબ. Harsh; severe.

Stiffen (સ્ટિફન્), *vt. vi.* વળે નહિ તેવું કરવું; કઠોર બનાવવું; જાડું કરવું. To render stiff; to make flexible; to make viscous. **2.** બેશુદ્ધ કરવું. To stupefy; to benumb. **3.** કઠોર થવું-કરવું; જાડું થવું. To be stiff.

Stiffness (સ્ટિફનેસ્), *n.* કઠણાસ; કઠોરતા; જાડાપણું. A state or quality of being stiff.

Stifle (સ્ટાઇફલ્), *vt. pr. p.* **Stifling.** *imp. & p. p.* **Stifled.** ગુંગળાવવું; શ્વાસ રોકવો; શ્વાસ રોકીને મારી નાંખવું. To suffocate; to smother; to kill by suffocation. **2.** બુઝાવવું; નાશ કરવો; ઓલાવવું. To extinguish; to put to end.

Stigma (સ્ટિગ્મૅ), *n.* અપકીર્તિ; એબ; કલંક; લાંચ્છન; ડાઘ. Disgrace; a mark of infany or disgrace. **2.** ડામ દેવાથી પેડેલું ચાહું; નિશાની. A brand.

Stigmatize (સ્ટિગ્મૅટાઇઝ્), *vt. pr. p.* **Stigmatizing.** *imp. & p. p.* **Stigmatized.** કલંકિત કરવું; ડાઘ લગાડવો; દૂષણ લગાડવું. To make disgraceful; to tarnish; to mark with a stain or stigma. **2.** સંતાડવું; છુપાવવું; ગુપ્ત રાખવું. To conceal; to hide; to keep as secret.

Stile (સ્ટાઇલ્), *n.* વચલી વાડ કે ઉપરથી જવા આવવાને પગથિયાં. A set of steps of a fence wall.

Still (સ્ટિલ્), *a.* ચુપ; છાનું; શાંતિકારક. Silent; quiet; uttering no sound. **2.** હંમેશનું; દરરોજનું; જાથુનું. Constant; continuous. *ad.* હજુસુધી; અત્યારસુધી; તોપણ; અદ્યાપિ. To this time; till now; yet. *vt.* શાંત કરવું; ઠંડુ પાડવું. To make cool or quiet. **Still-born,** *a.* પેટમાંને પેટમાં મરી ગયેલું.

Stillness (સ્ટિલનેસ્), *n.* શાંતિ; ચુપકી; સ્થિરતા; નિઃશબ્દત્વ. Silence; calmness; quietness.

Stilt (સ્ટિલ્ટ), *n.* ચાલતાં ભોંયથી પગ ઉંચો રાખવાને ખોભણવાળી લાકડી; ઘોડી. A crutch; a long piece of wood, used while walking.

Stimulant (સ્ટિમ્યૂલૅન્ટ), *a.* ચેતન કરે તેવું; ઉદ્દીપક; ઉત્તેજક; જાગૃતિમાં લાવે તેવું. Tending to stimulate. *n.* ઉત્તેજક દવા; ઉદ્દીપક દવા-શક્તિ. A medicine or any agency giving stimulation.

Stimulate (સ્ટિમ્યૂલેટ્), *vt. vi. pr. p.* **Stimulating.** *imp. & p. p.* **Stimulated.** ઉશ્કેરવું; ઉદ્દીપ્ત કરવું; ઉત્તેજીત બનાવવું. To excite; to stir; to rouse; to animate. ઉત્તેજીત બનવું -થવું; પ્રોત્સાહન રૂપે થવું. To work as a stimulation.

Stimulation (સ્ટિમ્યૂલેશન્), *n.* ઉત્તેજન; ઉશ્કેરણી; પ્રોત્સાહન. An act of stimulating; animation; a quick increase of vital energy.

Stimulative (સ્ટિમ્યૂલેટિવ્), *a.* ઉદ્દીપન કરવાના ગુણવાળું; ઉત્તેજક. Having the quality of stimulating. *n.* ઉત્તેજક બનાવનાર દવા. A medicine causing stimulation.

Stimulus (સ્ટિમ્યૂલસ્), *n.* હોંશ; જાગૃતિ અથવા ઉત્સાહ પ્રેરનાર કોઇપણ વસ્તુ ઉશ્કેરનાર વસ્તુ. Any thing or object that stimulates; an incitement.

Sting (સ્ટિન્ગ્), *n.* ડંખ; કાંટો; ચટકો; વેદના. Any sharp organ of offence and defence. **2.** મનોવેધક દર્દ-દુઃખ. Anything that causes pain. *vt. pr. p.* **Stinging.** *imp. & p. p.* **Stung.** ડંખ દેવો; ચટકો ભરવો; દંશ મારવો. To pain with a sting. **2.** દુઃખ દેવું; વેદના કરવી; ચરચરવું. To inflict pain by a sting; to feel a burning sensation.

Stinginess (સ્ટિન્જિનેસ્), *n.* કૃપણતા; કંજુસાઇ; અતિશય લોભવૃત્તિ હોવી તે. A quality of being stingy; niggardliness.

Stingy (સ્ટિન્જિ), *a.* કૃપણ; કંજુસ; બખીલ. Miserly; niggardly; tight-fisted.

Stink (સ્ટિન્ક), *vt. vi. pr. p.* **Stinking.** *imp. & p. p.* **Stunk.** ગંધ મારવી; દુર્ગંધાવું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદબો નીકળવી-આવવી; દુર્ગંધ મારવી; ગંધાવું. To emit an offensive smell; to have a disgusting smell. *n.* ગંધ; દુર્ગંધ; બદબો. An offensive smell; a bad and disgusting smell.

Stint (સ્ટિન્ટ), *n.* મર્યાદા; નિગ્રહ; સંયમ. A limit; a restraint. *vt.* સંકોચમાં રાખવું; મર્યાદામાં રાખવું; મોટું વધવા દેવું નહિ; જુજ ખર્ચ આપવું. To restrict; to provide with a scanty allowance.

Stipend (સ્ટાઇપેન્ડ્), *n.* પગાર; મુસારો; વેતન. A periodical payment for some service or study.

Stipendiary (સ્ટાઈપેન્ડિઅરિ), *n.* મુસારો અથવા વેતન લઇને કામ કરનાર; વેતન મેળવનાર. One, who receives a stipend. *a.* મુસારાનું; વેતનનું; વૃત્તિને લગતું. Of or pertaining to a stipend.

Stipulate (સ્ટિપ્યૂલેટ્), *vi. pr. p.* **Stipulating.** *imp. & p. p.* **Stipulated.** બોલી કરવી; કરાર કરવા; શરત કરવી. To contract; to bind by mutual terms; to settle terms.

Stipulation (સ્ટિપ્યૂલેશન્), *n.* કરાર; શરત; બોલી; ઠરાવ. A contract; a condition; an act of stipulating.

Stir (સ્ટર્), *vt. vi. pr. p.* **Stirring.** *imp. & p. p.* **Stirred.** હલાવવું; ઉઠાવવું; ઉત્સાહિત કરવું; જાગ્રત કરવું. To change; to rouse; to incite; to awaken. **2.** વાદવિવાદમાં લાવવું-મૂકવું. To dispute; to raise a question about. **3.** કામમાં ગુંથાવું; મહેનત કરવી. To exert one's self; to work hard. **4.** ખસવું; હાલવું. To move. *n.* હીલચાલ; ગડબડાટ; ધાંધળ; રમખાણ; તોફાન. An agitation; a confusion; a tumult. **2.** વિચારનો ગોટાળો; વિચારશ્રેણીમાં અવ્યવસ્થા. A disorder in thoughts or in ideas.

Stirring (સ્ટરિન્ગ્), *a.* ચપળ; ચકોર; ધમાધમવાળું; પ્રવૃત્તિવાળું. Active; agitative; habituated to busy life.

Stirrup (સ્ટિરપ્), *n.* પિંગડું; રિકાબ; પાવડો (ઘોડાનાં જીનનો). A strap, hanging from a saddle, with a suitable appliance to receive a rider's foot.

Stitch (સ્ટિચ્), *n.* ટાંકો; બખિયો; શીવણ; ઓટણ. A single pass of a needle in sewing **2.** કળતર; પીડા; શૂળ. A sharp pain in the body. **3.** વળ; આમળો. A contortion; a twist. **4.** ખાંચ. A notch. *vt.* બખીઓ દેવો; ટાંકા ભરવા; ટાંકા મારવા; સાંધવું; સિવવું. To form stitches; to sew.

Stock (સ્ટૉક્), *n.* ભંડોળ; સંચય; શિલક; ખજાનો. A store; a collection. **2.** પુંજી; મૂળ ધન; રોકેલું નાણું; ભંડોળ. A fund; money invested. **3.** ઢોર; ઢોરઢાંખર. Cattle (collectively). **4.** લાકડાનું ગચિયું; થાંભલો. A pillar; a wooden block. **5.** જડ બુદ્ધિવાળો માણસ; બુડથલ. A man of no acute intellect; a dullard. *vt.* એકઠું કરવું; ભેગું કરવું; સંઘરવું. To collect; to hoard. **2.** જોઈતી વસ્તુઓ પુરી પાડવી. To supply with needful things. *a.* હંમેશનું; કાયમનું; ખપનું. Constant; permanent. **Stock-company,** *n.* 'સ્ટોક' ભાગીદારોની પેઢી-કંપની. **Stock-in-trade,** *n.* વેચવા માટે દુકાનમાં રહેલો માલ. **To take stock** માલની સિલક મેળવવી; નોંધ કરવી. **To stock up,** ખોદી કાઢવું. **To stock down,** ઘાસનું વાવેતર કરવું. **Stock-broker,** *n.* શેર દલાલ. **Stock-exchange,** *n.* શેર અથવા શેરોની લેવડ દેવડ. **Stock-holder,** *n.* જેની પાસે 'શેર' હોય તે; શેરનો કબજો ધરાવનાર. **Stock-blind,** *a.* આંધળુંભીંત.

Stockade (સ્ટૉકેડ્), *n.* લાકડીઓ ખોસીને રક્ષણાર્થે ઉભો કરેલો કોટ; બચાવનું સાધન; લક્કડ કોટ. An inclosure, made of wood; a barrier. *vt.* ને ફરતો કોટ બાંધવો (લાકડીઓનો, ઝાડની ડાળી, વિગેરેનો); લક્કડકોટ બાંધીને રક્ષણ કરવું. To surround or fortify with a stockade.

Stocking (સ્ટૉકિન્ગ્), *n.* પગનું લાંબું મોજું. A close and fitting covering for the foot. **Stocking-weaver,** *n.* મોજાં ગુંથનાર.

Stockinger (સ્ટૉકિન્ગર્), *n.* મોજાં ગુંથનાર-બનાવનાર. One, who makes stockings.

Stoic (સ્ટોઈક્), *n.* સુખ દુઃખની લાગણી ન થાય તેવો પુરૂષ; વૈરાગી; વેદાંતી. A person, indifferent to joy or sorrow. **2.** ઝેનો નામના તત્વ જ્ઞાનીનો ચેલો. A disciple of a philosopher Zeno. *a.* ઉદાસ; વિરક્ત; લાગણી વિનાનું. Indifferent; apathetic.

Stoical (સ્ટોઇકલ્), *a.* ઝેનો 'સ્ટોઈક' સિદ્ધાંતને લગતું; ઉદાસીનતાવાળું; સુખ દુઃખની લાગણી સિવાયનું. Of or pertaining to Stoics.

Stoicism (સ્ટોઇસિઝમ્), *n.* ઉદાસીનતા; વિરક્તપણું; વૈરાગ્ય. Indifference to pleasures or pains. **2.** ઝેનાના ચેલાઓનો સિદ્ધાંત. The opinions propounded by the Stoics.

Stoke (સ્ટોક્), *vt. vi.* વરાળયંત્રમાં અથવા ભઠ્ઠીમાં બળતણ પુરવું-નાંખવું. To supply a fire with fuel.

Stoker (સ્ટોકર્), *n.* વરાળયંત્રની ભઠ્ઠી ઉપર રહીને તેમાં બળતણ પુરનાર. One, who feeds a furnace or a large fire.

Stole (સ્ટોલ્), *n;* પગ સુધીનો લાંબો ઝભ્ભો. A long loose garment reaching the knees. *vt. imp.* of **steal.**

Stolid (સ્ટૉલિડ્), *a.* જડ; સુસ્ત; મુરખ. Dull;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

sluggish; foolish; stupid.

Stolidity (સ્ટૉલિડિટિ), *n.* સુસ્તી; મૂર્ખતા; જડપણું; મૂર્ખાઇ. A state of being dull; dullness of sense. [**Stolidity.**

Stolidness (સ્ટૉલિડ્નેસ્), *n.* Same as,

Stomach (સ્ટમક્), *n.* પેટ; જઠર; કોઠો; હોજરી. A digestive cavity. **2.** ક્ષુધા; ખાવાની ઇચ્છા અથવા રૂચી. Hunger; an appetite for food. **3.** ઇચ્છા; રૂચિ; મરજી. A desire; an inclination. *vt* ધિક્કારવું; દ્વેષ રાખવો. To hate; to show disgust. **2.** સાંખવું; સહન કરવું. To bear; to tolerate.

Stomachic (સ્ટોમૅકિક્), *a.* જઠરનું; હોજરીને લગતું; જઠરાગ્નિ વધારે તેવું. Of or pertaining to the stomach. *n.* પેટનું ઓસડ; પાચક દવા. A medicine used in exciting the stomach to action.

Stone (સ્ટોન્), *n.* પત્થર; શિલા; પાષાણ. A hard material, consisting of lime, clay, silex, etc. **2.** પત્થરનો પાળિયો; સ્મરણસ્તંભ. A monument of stone. **3.** ગોટલી; ઠળિયો. The inner or outer hard substance of a fruit (a mango, etc.) **4.** આંડ; પેળવો. A testicle. **5.** ચૌદ શેરના વજનનું માપ. A weight of fourteen pounds. *vt. vi.* પત્થર મારવા-ફેંકવા; પત્થરવડે મારવું. To hurl stones at; to kill by throwing stones at. **2.** કઠણ બનાવવું-કરવું. To harden; to make like stone. **3.** પત્થર ઉપર ઘસીને ધાર કાઢવી-ચત્તવવી. To sharpen with a stone. **Stone-blind,** *a.* આંધળુંભીંત; આંધળુંધબ. **Stone-cutter,** *n.* સલાટ; પત્થર ફોડનાર. **Stone-fruit,** *n.* ગોટલીવાળું ફળ; ઠરીઆવાળું ફળ. **Stone-hammer,** *n.* પત્થર ફોડવામાં વપરાતો હથોડો. **Stone-hearted,** *a.* પત્થર જેવા હૃદયવાળું; નિર્દય. **Stone-ware,** *n.* પત્થરની બનાવેલી ચીજો. **Philosopher's stone,** *n.* પારસમણી.

Stony (સ્ટોનિ), *a.* પત્થરવાળું; પત્થરમય. Of or consisting of stone. **2.** (*fig.*) નિર્દય; કઠણ હૃદયનું. Merciless; hard-hearted.

Stool (સ્ટૂલ), *n.* પાટલો; બાજઠ; લાકડાની ઘોડી. A seat without back with three or four legs. **2.** દસ્ત; ઝાડો; ફેરો. An evacuation; a dircharge from the bowels.

Stoop (સ્ટૂપ્), *vt. vi. pr. p.* **Stooping.** *imp.* & *p. p.* **Stooped.** વાંકો વળવું; નમવું; ઉડતાં ઉડતાં ઉતરવું. To bend forward; to incline forward. **2.** તાબે થવું; શરણે જવું. To yield; to submit. **3.** વાંકું વાળવું; નીચા વાળવું. To cause to bend down; to slant. **4.** પાયરીએથી ઉતારવું-ઉતરવું. To cause to degrade; to descend in rank. **5.** તરાપ મારવી; તૂટી પડવું. To pounce upon. *n.* નમવું તે; નમન; પાયરીથી ઉતરવું તે. An act of stooping; an act of bending; a descent.

Stop (સ્ટૉપ્), *vt. vi. pr. p.* **Stopping.** *imp.* & *p. p.* **Stopped.** બંધ કરવું; વાસવું; અટકાવવું; રોકવું; પતિબંધ કરવો; ઓભાવવું. To close; to fasten; to obstruct; to impede. **2.** મોકૂફ રાખવું; ગતિભંગ કરવું. To suspend; to cease the motion of. **3.** બંધ પડવું; અટકવું; ઓભવું; ગતિભંગ થવું. To close; to come to a stop; to be impeded. *n.* અટકાવ; વિરામ; પ્રતિબંધ; બંધ પડવું તે. A cessation; an obstruction; a state of being impeded. **2.** ચાંપ; અટકણ; કળ. A contrivance to stop. **3.** વિરામ ચિન્હ; (.) A last pause in reading a sentence. **Stop-cock,** *n.* વાસવા ઉઘાડવાની ટોટીવાળી ચકલી.

Stoppage (સ્ટૉપેજ્), *n.* પ્રતિબંધ; અટકાવ; અવરોધ; રોકણ. An act of stopping.

Stopper (સ્ટૉપર્), *n.* બંધ કરનાર; વાસનાર; અટકાવનાર. One, who stops. **2.** દાટો; બુચ. A cork. *vt.* દાટાથી બંધ કરવું-અટકાવવું. To fasten with a cork or a stopper.

Stopple (સ્ટોપલ્); *n.* દાટો; બુચ. A cork; a stopper. *vt.* બુચ મારીને બેસાડી દેવું; દાટાથી સજ્જડ કરવું. To close with a stopple.

Storage (સ્ટોરેજ્), *n.* વખારમાં ભરી રાખવું તે; વખારભાડું; ભાર અથવા માલનો સંગ્રહ કરવો તે. An act of depositing in a warehouse; the money charged for storing in a store-house or ware-house.

Store (સ્ટોર્), *n.* સંગ્રહ; વખાર; કોઠી; સંચય; ભંડાર. Collection; an accumulation; a place of deposits for goods. **2.** (*pl.*) સામગ્રી; વસ્તુઓ; પદાર્થ. Articles of food in general. *vt.* ભરી રાખવું; એકઠું કરવું; સંચય કરવો. To gather; to collect as a supply; to accumulate. **2.** વખારમાં ભરવું; કોઠીમાં ભરવું. To deposit in a store. **Store-room,** *n.* કોઠાર; ભંડાર. **Store-keeper,** *n.* વખારી; ભંડારી; કોઠારી. [wading bird.

Stork (સ્ટૉર્ક્), *n.* સારસ; સરસઠું. A kind of

Storm (સ્ટૉર્મ્), *n.* પવનનું તોફાન; વાવાઝોડું; વંટોળિયો. A tempest; a violent commotion of the atmosphere; a boisterous wind. **2.** બખેડો; ફિતૂર; તોફાન; બંડ. A tumult; a rebellion. **3.** મોટી આફત; વિપત્તિ. A calamity. **4.** હલ્લો; હુમલો. An attack; an assault. *vt. vi* હુમલો કરવો; હલ્લો કરવો. To assault; to lay a siege to. **2.** કોપાયમાન થવું; ક્રોધ કરવો; પ્રચંડ દેખાવું. To be angry; to frown at.

Stormy (સ્ટૉર્મિ), *a.* તોફાની; પ્રચંડ દેખાતું; વા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંટોળવાળું. Full of a storm; tempestuous. 2. ગુસ્સાવાળું; તપી જાય તેવું. Irritable; easily excitable.

Story (સ્ટોરિ), *n. pl.* **Stories.** કહાણી; વાર્તા; વાત; ગાથા; વૃત્તાન્ત. A description of some events; a fable; a narration; a statement. જૂઠી વાત; કિસ્સો. A fib; an unreliable statement. 3. જૂઠું વર્ણન; આનંદદાયક વાર્તા. A novel; a fictitious tale.

Story, Storey (સ્ટોરિ), *n.* માળ; મેડો. The upper ground or floor in a house.

Stout (સ્ટાઉટ), *a.* મજબુત; જોરાવર; બળવાન; જાડું; હૃષ્ટપુષ્ટ. Strong; vigorous; robust; bulky in body.

Stoutly (સ્ટાઉટ્લિ), *ad.* મજબુતાઇથી; જોરાવરપણે. શુરવીરપણે. In a stout way or manner; bravely.

Stoutness (સ્ટાઉટ્નેસ્), *n.* મજબુતી; જોરાવરપણું; શુરવીરતા. A state of being stout. 2. હૃષ્ટપુષ્ટપણું. A state of having physical bulk.

Stove (સ્ટોવ્), *n. pl.* **Stoves.** ચુલો; ભઠ્ઠી; 'સ્ટવ'. An apparatus to contain a fire for cooking or other purposes. *vt.* ભઠ્ઠીમાં તપાવવું; ગરમ કરવું. To heat in a stove.

Stow (સ્ટો), *vi.* ખડકવું; પાસે પાસે ખડકીને ભરવું; ગોઠવીને મૂકવું. To arrange in a compact way; to pack. 2. યોગ્ય જગ્યાએ મૂકવું. To put away in a suitable way.

Straddle (સ્ટ્રૅડલ્), *vt. vi. pr. p.* **Straddling.** *imp. & p. p.* **Straddled.** ઘોડો પલાણીને બેસવું; પગ પહોળા કરીને ચાલવું-બેસવું. To stride over; to part the legs wide over.

Straggle (સ્ટ્રૅગલ્), *vi. pr. p.* **Straggling.** *imp. & p. p.* **Straggled.** રખડવું; ભટકવું; આથડવું. To wander; to ramble. 2. ચારે તરફ ફેલાઇ જવું; પ્રસરવું. To spread wide 3. વેરાઇ જવું; વિખરાઈ જવું. To be scattered. 4. ડાળીઓનું પુષ્કળપણે વધવું-ઉગવું. To grow with irregular branches.

Straggler (સ્ટ્રૅગ્લર્), *n.* રખડનાર; ભટકનાર; અથડામણી કરનાર. One, who straggles. 2. છૂટો પડેલો પ્રવાહ અથવા પદાર્થ. A flow or an object separated.

Straight (સ્ટ્રેટ), *a.* સીધું; સરખું; વ્યાજબી; પાધરૂં; બારોબાર. Right; just; fair; direct. 2. પ્રમાણિક; વ્યાજબી. Upright; honest. *ad.* સીધી રીતે; પ્રમાણિકપણે; વ્યાજબી રીતે; સરળ રીતે. Directly; in a straight way or manner. *vt.* સીધું કરવું; પાધરૂં બનાવવું. To make straight.

Straighten (સ્ટ્રેટન્), *vt.* સીધું કરવું; પાંસરૂં કરવું; અનુક્રમે ગોઠવવું. To make straight; to arrange in order.

Straightforward (સ્ટ્રેટ-ફૉરવર્ડ્), *a.* પ્રમાણિક; ઈન્સાફી; ન્યાયી; સરળ અને સીધા રસ્તાનું. Honest; frank; equitable.

Straightforwardness (સ્ટ્રેટ્ફૉરવર્ડ્નેસ્), *n.* પ્રમાણિકપણું; ન્યાયી હોવું તે; વ્યવહારમાં સરળતા.

Strain (સ્ટ્રેન), *vt. vi.* તાણવું; ખેંચવું; બળ કરીને તાણવું; જોર કરીને ખેંચવું. To extend; to stretch; to draw with force. 2. પરાણે લાગુ પાડવું; અર્થને મારી મચડીને બેસાડવો. To stretch beyond the proper limits; to apply the meaning of; to carry in the sense of. 3. થાય તેટલું બળ કરવું; તંગ કરવું; વધારેમાં વધારે શક્તિ કરીને લંબાવવું. To exert to the utmost. 4. છાતી સરસું દાબવું. To press closely. 5. અતિ આગ્રહથી કરાવવું-ઉશ્કેરવું. To urge or impel one to action. 6. ગાળવું; છણવું; ચાળીને સાફ કરવું. To filter; to pass through a sieve. 7. અતિશય મહેનત કરવી; શ્રમ વાપરીને કામ કરવું. To toil; to work laboriously *n.* સખ્ત યત્ન; પરિશ્રમ; મહેનત. An over-exertion; a labour; an excessive effort. 2. આંચકો; તાણ; લચક. A sprain; a jerk; a push. 3. રીત; પ્રકાર; ઢબ; ઢોળ. A manner or method of action; a style. 4. વલણ; મનની પ્રકૃતિ. A mental inclination; a natural disposition.

Strainer (સ્ટ્રેનર્), *n.* ગળણી; ચાળણી. A filter; a sieve. 2. ખેંચનાર; લંબાવનાર. One, who strains.

Strait (સ્ટ્રેટ), *n.* સામુદ્રધ્રુનિ; સાંકડો માર્ગ-રસ્તો. A narrow way connecting two seas. 2. દુઃખ; સંકટ; મુશ્કેલી; તંગી. A difficulty; an obstacle; an indigence 3. સાંકડો માર્ગ-રસ્તો. A narrow passage. *a.* સાંકડું; સખ્ત; સખ્તાઇથી વર્તનાર. Narrow; rigorous.

Straiten (સ્ટ્રેટન્), *vt.* તંગ કરવું; સખ્ત બનાવવું; મુશ્કેલીમાં મૂકવું. To make tight; to render terse. 2. સંકટમાં નાંખવું; મુશીબતમાં ઉતારવું. To put in troubles; to embarass. 3. સાંકડું બનાવવું-કરવું. To make narrow.

Strand (સ્ટ્રૅન્ડ્), *n.* દરિયાનો અથવા મોટા સરોવરનો કિનારો-કાંઠો. A shore; a beach of a lake. 2. દોરડાનો આંબળો-વળ. A twist of a rope. *vt. vi.* જમિન ઉપર ચઢાવવું-હંકારવું. To drive towards the ground. 2. જમિન તરફ વળવું; કિનારે જવું. To run aground; to be drifted on shore.

Strange (સ્ટ્રેન્જ્), *a.* પરદેશનું; પારકું; અજાણ્યું; વિચિત્ર; તરેહવાર. Foreign; belonging to another; unknown. 2. વિલક્ષણ; અદ્ભુત; ચમત્કારી; અલૌકિક. Surprising; curious; novel; odd; extraordinary.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Strangely (સ્ટ્રેન્જ્લિ), *ad.* વિચિત્રપણે; વિલક્ષણ રીતે; નવાઇ ઉપજાવે અથવા હેરત પમાડે તેવી રીતે. In a strange way; extraordinarily.

Strangeness (સ્ટ્રેન્જ્નેસ્), *n.* વિચિત્રતા; વિલક્ષણતા; વિસ્મયતા; અજાણ્યાપણું. A quality of being strange.

Stranger (સ્ટ્રેન્જર્), *n.* પરદેશી; પારકો; અજાણ્યો; અપરિચિત પુરૂષ. A foreigner; an unknown person; an unacquainted fellow. **2.** મહેમાન; પરોણો; અતિથિ. A guest; a visitor. **3.** (*Law*) વગર હકે ઘુસી ગયેલો આદમી. An intruder.

Strangle (સ્ટ્રૅન્ગલ્), *vt. pr. p.* **Strangling.** *imp.* & *p. p.* **Strangled.** ગળું દાબીને મારી નાંખવું; ગુંગળાવીને મારવું; દાબી દેવું; જીવ લેવાના હેતુથી ગળું પકડવું. To destroy by compressing the wind-pipe; to suffocate.

Strangler (સ્ટ્રૅન્ગ્લર્), *n.* ગુંગળાવીને મારી નાંખનાર; ગળું દબાવીને મારનાર; શ્વાસ રૂંધીને જીવ લેનાર. One, who strangles.

Strangulation (સ્ટ્રૅન્ગ્યૂલેશન્), *n.* ગુંગળાવીને મારી નાંખવું તે; શ્વાસ રૂંધીને જીવ લેવો તે. An act of strangling.

Strangury (સ્ટ્રૅન્ગ્યૂરિ), *n.* એકદમ પિશાબ નહિં થતાં ધીમે ધીમે થાય તેવો રોગ; મૂત્રકૃચ્છ. A disease, which causes pain, while passing the urine.

Strap (સ્ટ્રૅપ્), *n.* ચામડાનો પટ્ટો-પાટો; લુગડાંની પટી; ચીપ; ચીંદરડી. A long narrow slip of leather; a belt. *vt. pr. p.* **Strapping.** *imp.* & *p. p.* **Strapped.** પટ્ટાથી મારવું; કોરડાથી મારવું; પટ્ટા વડે શિક્ષા કરવી. To punish with a strap. **2.** ચીપ અથવા પટ્ટાથી બાંધવું. To fasten with a strap.

Strapping (સ્ટ્રૅપિન્ગ્), *a.* ઉંચું; આકર્ષક; સુંદર. Tall; handsome.

Stratagem (સ્ટ્રૅટજેમ્), *n.* યુક્તિ; પેચ; ઉપાય; લડાઇમાં દાવપેચ; છળકપટ. An artifice; a device; a fraud in war.

Strategetics, Strategics (સ્ટ્રૅટેજેટિક્સ્, સ્ટ્રૅટેજિક્સ્), *n.* કળા કારાલ્યનો ઉપયોગ કરવો તે; સૈન્ય અથવા વ્યૂહ રચનામાં બતાવેલી હોંશિયારી. The science of arranging and forming the projects of military operations. **2.** સેનાપતિપણું; સેનાધિપતિની પદવી-સ્થાન. Generalship. [**Strategetics.**

Strategy (સ્ટ્રૅટેજિ), *n.* Same as,

Strategic,-al (સ્ટ્રૅટેજિક્,-કૅલ્), *a.* યુદ્ધકૌશલ્યનું; દાવપેચને લગતું; દાવપેચથી ભરપૂર. Pertaining to a strategy; full of strategy.

Stratify. (સ્ટ્રૅટિફાઇ), *vt.* થર બંધાડવા; પડ ચોંટાડવા. To form layers; to arrange in strata.

Stratum (સ્ટ્રૅટમ્), *n. pl.* **Strata.** પૃથ્વીમાંનું માટીનું પડ; થર; ખડકનું પડ. A bed of earth or a rock. **2.** થર; પડ; પડદો. A layer; a covering. [A stalk or stem of grain.

Straw (સ્ટ્રૉ), *n.* પરાળ; ટુંકું ઘાસ; તૃણ; તણખલું.

Strawberry (સ્ટ્રૉબેરિ), *n.* બોર જેવાં એક જાતનાં ફળ અથવા તેનો છોડ. A kind of fruit or its plant.

Stray (સ્ટ્રે), *vt. vi.* ભટકવું; આડાઅવળા રખડવું; ભમવું; રઝળવું. To wander; to go without any object; to loiter. **2.** આડે માર્ગે આથડવું -જવું. To deviate from a right path. *a.* રખડવું તે; ભટકવું તે; અથડામણ; સ્ખલન. A wandering; a deviating from a right path.

Streak (સ્ટ્રીક્), *n.* રેખા; રેષા; લીસોટો; નિશાન. A line; a mark. **2.** ભોંયથી જુદા રંગની નિશાની. A line, differing in colour from the ground. *vt.* લીટા કરવા; ચિન્હ કરવું; નિશાની મૂકવી; જુદા જુદા રંગની નિશાની કરવી. To mark; to veriegate with lines.

Streaky (સ્ટ્રીકિ), *a.* જુદા જુદા રંગોવાળું; રંગબેરંગી; ચિત્રવિચિત્ર. Variegated in colours; **2.** અટાપટાદાર. Having streaks.

Stream (સ્ટ્રીમ્), *n.* વહેળિયું; ઝરો; નાળું; પ્રવાહ; વેગ; ધાર. A current of water or any other fluid; a flow; a continued course. **2.** તેજનું કિરણ. A ray of light. *vt. vi.* માંથી નીકળવું;-નો પ્રવાહ ચાલવો; રેડવું; ધાર કરવી. To send forth in a current; to pour. **2.** વાવટાને છોડી દેવો-છૂટો મૂકવો. To unfurl a flag. **3.** વહેવું; ધારા ચાલવી; ધાર થવી. To flow; to issue in a stream. **4.** ચારે તરફ પ્રસરવું. To radiate.

Streamer (સ્ટ્રીમર્), *n.* વાવટો; નિશાન; ધ્વજા. An ensign; a flag; a pennon.

Streamlet (સ્ટ્રીમ્લેટ્), *n.* નહાનું વેહેળીયું; નાનો ઝરો; નાળું. A rivulet; a rill.

Street (સ્ટ્રીટ્), *n.* મોહોલ્લો; રસ્તો; શેરી; ગલી; પોળ; ફળિયું. A public road; a high way; a royal road. **Street-boy,** *n.* શેરીમાં રખડતો અનાથ છોકરો. **Street-walker,** *n.* વેશ્યા; રાંડ.

Strength (સ્ટ્રેન્ગ્થ્), *n.* બળ; જોર; શક્તિ; સામર્થ્ય; કૌવત. Physical power; an ability; a vigour. **2.** પુષ્ટિ; ટેકો; અવલંબન. A support. **3.** મજબૂત કિલ્લો; બચાવની જગ્યા. A stronghold; a fortification.

Strengthen (સ્ટ્રેન્ગ્થન્), *vt. vi.* મજબૂત કરવું; બળ આપવું; સબળ બનાવવું. To make strong; to encourage; to intensify. **2.** મજબૂત થવું; સબળ થવું-બનવું. To grow or become strong.

Strenuous (સ્ટ્રેન્યૂઅસ્), *a.* ઘણો આગ્રહી; શૂરો; ઉદ્યોગી; પરિશ્રમી; ઉત્સુક. Zealous; valiant; diligent; earnest.

Strenuousness (સ્ટ્રેન્યૂઅસ્નેસ્), *n.* અત્યંત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ્રહ; પરિશ્રમ; ખંત; કાર્યમાં જોડાવાની હોંશ. A state of being strenuous; a zeal.

Stress (સ્ટ્રેસ્), *n.* જોર; ભાર; દબાણ; વજન; આગ્રહ; તાણ. Strength; weight; a pressure; a strain. **2.** સંકટ; દુઃખ; પીડા. A distress; a calamity.

Stretch (સ્ટ્રેચ્), *vt. vi.* લંબાવવું; ફેલાવવું; લાંબુ કરવું; વિસ્તારવું; પહોળું કરવું. To extend; to lengthen; to increase in area; to broaden. **2.** લાંબુ થવું; ફેલાઇ જવું; પહોળું થવું. To be extended; to spread. *n.* લાંબુ કરવું તે; ખેંચવું તે; પહોળું કરવું તે; વિસ્તાર; ફેલાવો. An act of extending or broadening; an extent. **2.** પ્રયાસ; પ્રયત્ન; માર્ગ; દિશા. A strain; a direction.

Stretcher (સ્ટ્રેચર), *n.* અશક્ત અથવા મરી ગયેલા માણસને માટે ઉપયોગમાં લેવામાં આવતી ખાટલી–ઝોળી. A litter used, while carrying the weak or dead persons. **2.** ખેંચનાર; લાંબુ કરનાર. One, who stretches.

Strew (સ્ટ્રુ), *vt. pr. p.* **Strewing.** *imp.* **Strewed.** *p. p.* **Strewed, Strewn.** વિખેરવું; વેરવું; આમતેમ પાથરવું; ભભરાવવું; આચ્છાદન કરવું. To scatter; to spread; to cover.

Strict (સ્ટ્રિક્ટ), *a.* કરડું; સખત; નિષ્ઠુર; કઠોર. Harsh; severe; rigorous. **2.** ચોક્કસ; બારીક; કાળજીપૂર્વકનું. Precise; exact; accurate.

Strictly (સ્ટ્રિક્ટલિ), *ad.* સખ્તપણે; નિષ્ઠુર રીતે; ચોક્કસપણે. In a strict way or manner; rigidly; precisely.

Strictness (સ્ટ્રિક્ટનેસ્), *n.* સખ્તાઈ; કઠોરતા; ચોકસાઇ; કડકપણું. A quality of being strict; severity; preciseness.

Stricture (સ્ટ્રિક્ટ્યૂર્), *n.* સખ્તાઈ; ચોકસાઇ; સખ્ત ટીકા; આક્ષેપ. Strictness; a severe criticism; a censure. **2.** નજર; દૃષ્ટિ; સ્પર્શ. A glance; a sight; a touch.

Stride (સ્ટ્રાઇડ્), *n.* ફલંગ; ફાળ; પહોળું અને લાંબુ કદમ. A long step; a leap. *vi. pr. p.* **Striding.** *imp.* **Strode.** *p. p.* **Stridden.** મોટાં પગલાં ભરીને ચાલવું; ફલંગ મારવી; પલાણવું. To walk with long steps; to straddle. **2.** પગ પહોળા રાખીને ઉભા રહેવું. To stand with the legs apart.

Strife (સ્ટ્રાઈફ્), *n. pl.* **Strifes.** લડાઈ; કજીઆ; ઝઘડો; ટંટો; બખેડો. A contest; an an emulation; a quarrel; a fight. **2.** ચડસાચડસી; હરિફાઇ. A rivalry; an emulation.

Strike (સ્ટ્રાઈક), *vt. vi. pr. p.* **Striking.** *imp.* **Struck.** *p. p.* **Struck, Stricken.** મારવું; ઠોકવું; તાડન કરવું; પ્રહાર કરવો. To beat; to smite; to give a blow to. **2.** અથડાવું; પછડાવું. To come in collision with. **3.** ઘા કરવો; પછાડવું; નાંખી દેવું To give a blow; to throw away. **4.** લાગવું; સ્ફુરવું; વિચાર થવો. To feel; to think about. **5.** ઠસાવવું; અસર ઉપજાવવી. To impress upon; to have an effect on. **6.** વાગવું; પછડાવું; પડી જવું. To have a hurt on; to dash against. **7.** એકદમ દેખાવું; દૃષ્ટિએ પડવું. To light upon all of a sudden. **8.** આગળ વધવું; આગળ જવું. To proceed or go in advance. **9.** છેકવું; ભુંસવું. To rub off; to erase. **10.** હુમલો કરવો; ઘા કરવો. To have an assault. **11.** તાકવું; ચોટ લગાડવી. To aim at; to mark at. **12.** એકદમ શરૂ કરવું; પ્રારંભ કરવો. To begin; to commence at once. **13.** હડતાળ પાડવી; કામપર ન ચડવું. To quit work. *n.* પ્રહાર; મારવું તે; તાડન. An act of beating. **2.** હડતાળ; કામ ઉપર ન ચડવું તે. An act of quitting work due to some grievances. **3.** ગુણની ઉત્તમતા; શ્રેષ્ઠતા. Superiority of qualities. **To strike work,** કામનો અણોજો પાળવો; પાખી પાડવી. **To strike a match,** દિવાસળી સળગાવવી. **To strike off,** કમી કરવું; ઉડાડી દેવું; કાઢી નાંખવું. **To strike home,** બરોબર ચોટ લગાવવી. **To strike in,** અંદર પેસવું; પ્રવેશ કરવો. **To strike in with,** ને મળતા આવવું; ના પ્રમાણે વર્તવું. **To strike for,** એકદમ નીકળવું–ચાલવું.

Striking (સ્ટ્રાઇકિન્ગ્), *a.* અસરકારક; આબેહૂબ; ચમત્કારિક; મનમાં લાગે તેવું; આકર્ષક. Effective; attractive; vivid; impressive.

String (સ્ટ્રિન્ગ્), *n.* દોરી; તાર; રેસો; માળા; કામઠાની દોરી; પણછ. A cord; a fibre; a thread. **2.** હાર; માળા; પંક્તિ; શ્રેણી. A line; a series; a chain. *vi.* તાર બાંધવા; તાર ચઢાવવા; સૂરવાળું કરવું; મજબૂત કરવું; ખેંચવું. To furnish with a string or strings; to make tight; to tighten.

Stringed (સ્ટ્રિન્ગ્ડ્), *a.* તારવાળું; તારથી જોડાએલું. [Having strings.

Stringent (સ્ટ્રિન્જેન્ટ), *n.* સખત; આકરૂં; કરડું; કડક; નિષ્ઠુર. Harsh; severe; strict.

Strip (સ્ટ્રિપ્), *vt. pr. p.* **Stripping.** *imp.* & *p. p.* **Stripped.** ઉતારી લેવું; છિનવી લેવું; પડાવી લેવું; ના વિનાનું કરવું. To deprive of; to snatch away; to pull of a covering. **2.** નગ્ન કરવું; ઉપરથી છાલ–છોડાં લઇ લેવા. To deprive of clothes; to peel off. *n.* પટી; ચીપ; ચિંદરડી. A narrow piece or band. **2.** કાચી ધાતુ ધોવાનું કુંડું. A trough used in washing ores.

Stripe (સ્ટ્રાઈપ્), *n.* પટો; પટી. A line or a narrow division of anything. **2.** કોર; ફીત; કિનારી; મગજી. A border; a fringe. **3.** ઝપાટો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફટકો; સાટકો. A stroke or a blow with a stick or lash. 4. લક્ષણ; ચિન્હ; નિશાની. A characteristic; a sign; a mark. *vt.* જૂદા જૂદા રંગના થીગડાં મારવા; અટાપટાદાર કરવું. To variegate with stripes. 2. ચાબુકથી મારવું; પ્રહાર કરવો; સોળ પાડવો. To strike with a lash.

Stripling (સ્ટ્રિપ્લિન્ગ્), *n.* ઉછરતો જુવાનીઓ; તરૂણ; બાળક; છોકરો. A lad; a youth.

Stripping (સ્ટ્રિપિન્ગ્), *n.* ખુંચવી લેવું તે; ઉતારી લેવું તે. An act of one, who strips.

Stroam (સ્ટ્રોમ્), *vi.* રખડવું; રઝળવું; વગર કામે આમતેમ ફરવું–ટીચાવું. To wander; to ramble without any motive. 2. લાંબા પગલે ચાલવું; લાંબી ફાળો ભરવી. To take long strides in walking.

Strive (સ્ટ્રાઈવ્), *vi. pr. p.* **Striving.** *imp.* **Strove.** *p. p.* **Striven.** પ્રયત્ન કરવો; મહેનત કરવી; કોશિષ કરવી; માથાકૂટ કરવી; બરોબરી કરવી; હરિફાઇમાં ઉતરવું. To try; to attempt; to struggle; to work hard; to rival.

Striver (સ્ટ્રાઈવર્), *n.* પ્રયત્ન કરનાર; મહેનત કરનાર; કાર્યમાં મંડી રહેનાર. One, who strives.

Stroke (સ્ટ્રોક), *n.* ઝપાટો; ફટકો; ઘા; ઝટકો; હુમલો. A blow; a knocking; a violent attack. 2. દુઃખ; પીડા; સંકટ. An injury; a distress. 3. ઘડિયાળનો રણકો–અવાજ. A striking sound as that of a clock. 4. ધીમેથી ટકોરો વગાડવો તે; થાબડવું તે. A gentle touch. 5. દાવપેચ; ચતુરાઇનો ખેલ; હથોટી. Skill shown at work; workmanship. 6. શક્તિ; બળ. Power; strength. *vt. pr. p.* **Stroking.** *imp.* & *p. p.* **Stroked.** ધીમેથી હાથ ફેરવવો; થાબડવું; વ્હાલ કરવું; પંપાળવું. To rub the surface of very gently; to soothe. 2. ઘસીને સાફ કરવું. To make smooth by rubbing.

Stroll (સ્ટ્રોલ), *n.* રખડપટ્ટી; અથડામણી; સેહેલ; પરિભ્રમણ; વિહાર. A wandering on foot; a rambling. *vi.* આથડવું; ભટકવું; રખડવું; પરિભ્રમણ કરવું. To wander; to ramble.

Strong (સ્ટ્રૉન્ગ્), *a.* મજબૂત; જબરૂં; સમર્થ; બળવાન; શક્તિવાળું. Vigorous; healthy; sound in body. 2. ગુણવાન; ગુણકારક; જલદ. Effective; impressive. 3. મક્કમ; દૃઢ; મજબૂત. Firm; well-established; steady. 4. ચુસ્ત; ઝનૂની; ખરા દિલનું. Zealous; sincere. **Strong-hand,** *n.* દબાણ; જુલ્મ. **Strong-water,** *n.* દારૂ.

Strongly (સ્ટ્રૉન્ગ્લિ), *ad.* જોરથી; દૃઢતાથી; મજબૂતાઇથી. In a strong way; vehemently.

Stronghold (સ્ટ્રૉન્ગ્હોલ્ડ્), *n.* કિલ્લો; ગઢ; દુર્ગ. A fortified place; a place of safety.

Strop (સ્ટ્રૉપ), *n.* ટપટપીયું. A strip of leather, used in sharpening razors. *vt.* ટપટપીયા ઉપર ફેરવીને (અસ્ત્રાને) તેજ કરવો. To sharpen on a strop.

Structure (સ્ટ્રક્ચર્), *n.* બાંધો; બંધારણ; ઘાટ; રચના; બાંધણી; મકાનની રચના. A shape; a construction; a build; a form; a building of any construction.

Struggle (સ્ટ્રગલ્), *n.* કજીઓ; લડાઇ; ઝપાઝપી; તરફડીઆં. A contest; a quarrel; an attempt to get out of any thing or difficulty. 2. માથાકૂટ; પ્રયાસ; અતિશય પ્રયત્ન. An effort; an exertion. *vi. pr. p.* **Struggling.** *imp.* & *p. p.* **Struggled.** અતિશય પ્રયત્ન કરવો; તરફડીઆં મારવા; ઝપાઝપી કરવી. To strive; to make efforts; to resist against; to contend against.

Struggler (સ્ટ્રગ્લર્), *n.* પ્રયત્ન કરનાર; તરફડીઆં મારનાર; ફાંફાં મારનાર; ઝપાઝપી કરનાર. One, who struggles.

Strumpet (સ્ટ્રમ્પેટ), *n.* છિનાળ; કસ્બણ; રાંડ; રંડી; પાતર. A prostitute; a harlot. *vi.* છિનાળું કરવું; છિનાળ તરીકે રહેવું. To debauch.

Strut (સ્ટ્રટ), *n.* નખરાં; ઠમકો; આડંબર ભરેલી ચાલ. A lofty or pompous walk; a walk with the head erect. *vi. pr. p.* **Strutting.** *imp.* & *p. p.* **Strutted.** નખરાં કરવા; ઠમકાથી ચાલવું–હીંડવું. To walk with a proud gait; to walk in a pompous way.

Strutter (સ્ટ્રટર્), *n.* નખરાં કરીને ચાલનાર; અભિમાનથી છાતી અદ્ધર રાખીને ફરનાર. One, who struts.

Strychnine (સ્ટ્રિક્નાઇન્), *n.* ઝેરકચોલું; ઝેરકોચલું. A very poisonous herb or its fruit, used in medicine. Also spelt as, **Strychnia.**

Stub (સ્ટબ્), *n.* ઝાડનું જમીનમાં બાકી રહેલું થડ; ભોંયમાં રહેલા રાડાં અથવા સાંઠા. A stump of a trunk of a stalk. 2. લાકડાનું ગચ્ચું. A block of wood. *vt. pr. p.* **Stubbing.** *imp.* & *p p.* **Stubbed.** મૂળ ઉખેડી નાંખવું; ઠુંઠા કાઢી નાંખવા. To remove the stubs of. 2. (*fig.*) નાશ કરવું; સત્યાનાશ કાઢવું. To destroy utterly.

Stubble (સ્ટબલ્), *n.* અનાજ વિગેરેના ભોંયપર રહેલા રાડાં અથવા ખુંપા. The part of a stalk left on the ground by the sickle.

Stubborn (સ્ટબૉર્ન્), *a.* જક્કી; મમતી; હઠીલું; કહ્યું માને નહિ તેવું; અડીઅલ; જીદ્દી. Stiff; obstinate; unyielding; persistent.

Stubbornness (સ્ટબૉર્નનેસ્), *n.* જક; હઠ; દુરાગ્રહ; અત્યંતાગ્રહ; અડિયલપણું. A state of being stubborn; obstinacy.

Stubby (સ્ટબિ), *a.* ઠુંકા રાડાંવાળું; ઠુંકું અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મજબૂત. Abounding with stubs; short and muscular.

Stucco (સ્ટકો), *n.* ઝીણો સાગોળ; સાગોળથી કરેલું કામ. Plaster of any kind used on walls. *vt.* ઝીણા સાગોળનો લેપ કરવો. To overlay with stucco.

Stud (સ્ટડ્), *n.* અશ્વશાળા; હયશાળા; ઘોડા અને ઘોડીઓને રાખવાનું સ્થાન. A place, where horses and mares are kept. **2.** કોલરનું બટન-બોરિયું. An ornamental button. *vi. pr. p.* **Studding.** *imp.* & *p. p.* **Studded.** જડિત કામથી શણગારવું; જડવું; બટન, વિગેરેથી શણગારવું. To set in with ornamental objects.

Student (સ્ટ્યૂડેન્ટ્), *n.* વિદ્યાર્થી; વિદ્યાભ્યાસી; શિખનાર; શિષ્ય. A pupil; a scholar. **2.** અભ્યાસક. One, who studies any branch of philosophy.

Studio (સ્ટ્યૂડિઓ), *n. pl.* **Studios.** કિસબી કારીગરની દુકાન; ફોટોગ્રાફ પડવાની જગ્યા. The workroom or the show-room of an artist or a photographer.

Studious (સ્ટ્યુડિઅસ્), *a.* ઉદ્યોગી; ખંતીલું; અભ્યાસી; વિચારશીલ; પરિશ્રમી. Diligent; given to study; contemplative; seriously thinking about.

Studiously (સ્ટ્યૂડિઅસલિ), *ad.* ખંતથી; પરિશ્રમપૂર્વક; અભ્યાસથી; ઉદ્યોગમાં રોકાઇને. In a studious way; diligently.

Study (સ્ટડિ), *n. pl.* **Studies.** અભ્યાસ; અધ્યયન; પાઠન; શિક્ષણ. An application of mind to books or to any science of learning. **2.** ખંત; ઉદ્યોગ; મનન; સતત પ્રયત્ન. A constant endeavour; diligence; a meditation. *vt. vi. pr. p.* **Studying.** *imp.* & *p. p.* **Studied.** અભ્યાસ કરવો; અધ્યયન કરવું; મનન કરવું; શિખવું; ધ્યાનપૂર્વક શિખવું. To apply one's mind to learn; to meditate deeply; to learn carefully and attentively.

Stuff (સ્ટફ્), *n.* વસ્તુ; દ્રવ્ય; પદાર્થ; કાચો માલ. An unmanufactured material. **2.** સત્વ; દમ; ઝવેરાત; હીર. A real spirit; essence. **3.** રાચરચીલું. Refuse of worthless articles. **4.** લવારો; બકવાટ. An idle talk; a prattle. *vt. vi. pr. p.* **Stuffing.** *imp.* & *p. p.* **Stuffed.** દાબીને ભરવું; ખીચોખીચ ભરવું; બંધ કરવું. To fill up with pressure; to pack with pressure or force. **2.** ગળાસૂધી ખાવું; અતિશય ખાવું. To eat too much; to eat in excess.

Stuffing (સ્ટફિંગ્), *n.* ભરવાની વસ્તુ; પુરણ; માંસને સ્વાદિષ્ટ કરવાનો મસાલો. What is used for filling anything; a seasoning used to stuff meat.

Stultify (સ્ટલ્ટિફાઇ), *vt. pr. p.* **Stultifying.** *imp.* & *p. p.* **Stultified.** બેવકૂફ જણાય તેમ કરવું; દિવાનું બનાવવું; ગાંડું કરવું. To make a fool of; to render insane. **2.** દિવાના તરીકે સાબીત કરવું. To prove to be mad.

Stumble (સ્ટમ્બલ્), *vt. vi. pr. p.* **Stumbling.** *imp.* & *p. p.* **Stumbled.** ગબડી પાડવું; ગબડી પડવું; ગોથું ખાવું; લથડવું. To cause to stagger; to stagger; to walk unsteadily. **2.** ભૂલવું; ગોથું ખાવું; ચૂક કરવી; સ્ખલિત થવું. To mistake; to err. *n.* ગોથું; ઠોકર; ઠેશ; છક્કડ. A trip in walking. **2.** ભૂલ; ચૂક. An error; a mistake.

Stump (સ્ટમ્પ્), *n.* ઝાડનું ઠુંઠું; બાકી રહેલું થડ. A wooden block; the root-part of a tree, after its trunk being cut. **2.** ક્રિકેટની રમતમાં જમિનમાં ખોસેલી લાકડી. A stick stuck into the ground in the game of cricket. *vt. vi. pr. p.* **Stumping.** *imp.* & *p. p.* **Stumped.** ઠુંઠું કરવું; બોઠું બનાવવું. To cut off a part of. **2.** ધબધબ ચાલવું. To walk in a clumsy way.

Stun (સ્ટન્), *vt. pr. p.* **Stunning.** *imp.* & *p. p.* **Stunned.** બેશુદ્ધ કરવું; બેભાન બનાવવું; અવાજથી કાન ફોડી નાંખવા. To make senseless by force; to overpower the sense of hearing. **2.** અચંબો પમાડવો; ચકિત કરવું. To amaze; to astonish. *n.* બેભાન કરવું તે; અચેતન સ્થિતિ; બેબાકળાપણું. A state of being stunned.

Stunt (સ્ટંટ્), *vt.* ઠીંગરાઇ જાય તેમ કરવું; મોટું થવા દેવું નહિ; વધતાં અટકાવવું. To check the growth of; to keep in a dwarfish form. *n.* ઠીંગણું માણસ-પ્રાણી; વામનજી. A dwarfish man or a creature; a dwarf.

Stunted (સ્ટન્ટેડ્), *a.* ઠીંગણું; વધે નહિ તેવું; ગંઠાએલું. Checked in growth; dwarfish.

Stuntedness (સ્ટન્ટેડ્નેસ્), *n.* ઠીંગણા હોવું તે; ઠીંગણાપણું. A quality of being stunted.

Stupefaction (સ્ટ્યૂપીફૅક્શન્), *n.* બેશુદ્ધિ; બેહોશ કરવું તે-બનાવવું તે; મોહ. An act of stupefying; a state of being stupefied.

Stupefy (સ્ટ્યૂપીફાઇ), *vt. pr. p.* **Stupefying.** *imp.* & *p. p.* **Stupefied.** બેભાન બનાવવું; મુગ્ધ કરવું; અચેતન કરવું; બેશુદ્ધ કરવું. To make torpid; to create senselessness; to deprive of animation.

Stupendous (સ્ટ્યૂપેન્ડસ્), *a.* છક કરી નાંખે તેવું; આશ્ચર્યકારક; અતિશય મોટું; વિસ્મયજનક. Astonishing; amazing; full of wonder.

Stupid (સ્ટ્યૂપિડ્), *a.* જડ; મૂર્ખ; બુદ્ધિહીન; ઠોઠ; અણસમજુ. Dull; insensible; wanting in

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

sense or intellect.

Stupidity (સ્ટ્યૂપિડિટિ), *n.* મૂર્ખતા; મંદબુદ્ધિ; બેવકૂફિ; અજ્ઞાન. Foolishness; dullness; insensibility. [**Stupidity.**

Stupidness (સ્ટ્યૂપિડ્નેસ્), *n.* Same as,

Stupor (સ્ટ્યૂપૉર્), *n.* બેશુદ્ધિ; ઇન્દ્રિયોનું બહેરા થઈ જવું તે; બેભાનપણું; મોહ. Senselessness; a deadened state of the senses.

Sturdiness (સ્ટર્ડિનેસ્), *n.* જોરાવરપણું; તાકાતવાન હોવું તે; હઠ; જક. A state of being sturdy.

Sturdy (સ્ટર્ડિ), *a.* હઠીલું; દુરાગ્રહી; દૃઢ. Obstinate; resolute. **2.** મજબૂત; જોરાવર; તાકાતવાળું; બળવાન. Strong; robust.

Stutter (સ્ટટર્), *vi.* તોતડું બોલવું; અચકાતાં અચકાતાં બોલવું; બોલતાં જીભ અટકવી. To stammer; to falter while speaking. *n.* તોતડું બોલવું તે; અચકાતાં અચકાતાં બોલવું તે. An act of speaking in a faltering way.

Stutterer (સ્ટટરર્), *n.* તોતડું બોલનાર; અચકાતાં અચકાતાં બોલનાર. One, who stutters.

Sty (સ્ટાઈ), *n.* ડુક્કર પુરવાનો વાડો; ડુક્કરખાનું. An inclosure for swine. **2.** આંખ ઉપર થતી આંજણી. A boil on an eyelid. **3.** પશુની માફક વિષયમાં ગરક રહેવાનું સ્થાન. A place for bestial debauchery. *vt. pr. p.* **Staying.** *imp.* & *p. p.* **Stied.** વાડામાં પૂરવું–ગોંધવું. To shut up in a sty.

Style (સ્ટાઇલ્), *n.* ઢબ; પદ્ધતિ; રીત; શૈલી. A mode; a method; a manner. **2.** ચાલ; રીતભાત. A fashion; a custom. **3** નામ; સંજ્ઞા. A mode of address. *vt. pr. p.* **Styling.** *imp.* & *p. p.* **Styled.** નામ આપવું; નામ કહેવું; સંજ્ઞા કહેવી;–નું નામ કહેવું. To designate; to give the name to. **2** ગણાવું; કહેવાવું; હકથી કહેવરાવવું. To entitle; to be called as by a right.

Stylish (સ્ટાઇલિશ્), *a.* પદ્ધતિસર; રીતસરનું; રોફબંધ. Containing or having some style.

Suable (સ્યૂએબલ્), *a.* દાવો થઈ શકે તેવું; કોર્ટમાં લઇ જઈ શકાય તેવું. Capable of being sued.

Suasion (સ્વેઝ્હન્), *n.* સમજાવવું તે; સમજુતિ આપવી તે; ખાતરી કરી આપવી તે. An act of persuading.

Suavity (સ્વૅવિટિ), *n.* મિઠાશ; ખુશકારકપણું; મધુરતા; મનોરંજકપણું. Sweetness to the taste; pleasantness.

Subacid (સબ્-ઍસિડ્), *a.* ખટુમીઠું; ખટુમઠું. Moderately sour; slightly acid.

Sub-agency (સબ્-એજન્સિ), *n.* હાથ નીચેનો કારભાર–આડત. A subordinate agency.

Sub-agent (સબ્-એજન્ટ), *n.* હાથ નીચેનો કારભારી–વહીવટદાર–અથવા આડતીઓ. A subordinate agent.

Subaltern (સબ્-ઍલ્ટર્ન્), *n.* લશ્કરના કેપ્ટનથી હલકા દરજ્જાનો સનંદી અમલદાર. A commissioned military officer next in rank to a captain. *a.* હાથ નીચેનું; તાબાનું. Subordinate; inferior.

Subalternate (સબ્-ઑલ્ટર્નેટ્), *a.* વારાફરતી આવતું; ક્રમવાર આવતું; એકપછી એક આવતું. Succeeding in order; coming in order.

Sub-committee (સબ્-કૉમ્મિટી), *n.* પેટામંડળ; ઉપસભા; નાનું મંડળ. A division or part of a committee.

Sub-contractor (સબ્-કૉન્ટ્રૅક્ટર્), *n.* હાથ નીચેનો ઇજારદાર; પેટા ઇજારદાર. One, who takes a part of a contract from the chief contractor.

Sub-divide (સબ્-ડિવાઇડ્), *vt.* ભાગના ભાગ કરવા અથવા પાડવા; વિભાગ પાડવા. To divide out of a divided portion.

Sub-division (સબ્-ડિવિઝ્હન્), *n.* પેટાભાગ; પેટા વિભાગ; પ્રતિશાખા; ભાગનો ભાગ. A portion of a thing made by sub-dividing.

Sub-due (સબ્-ડ્યૂ), *vt. pr. p.* **Subduing.** *imp.* & *p. p.* **Subdued.** તાબે કરવું; સ્વાધીન કરવું; જીતવું; બળહીન કરવું; દાબી નાંખવું; કચરી નાંખવું. To overcome; to crush; to win over; to deprive of strength.

Subjacent (સબ્જેસેન્ટ્), *a.* નીચેનું; તળેનું; હેઠળનું; નીચેના ભાગમાં આવી રહેલું. Lying below; situated in the lower part.

Subject (સબ્-જેક્ટ્), *n.* વિષય; મુદ્દો; મૂળ વસ્તુ; ચીજ. A topic; a chief thing; an original matter. **2.** (વ્યાકરણમાં) કર્તા. The nominative of a verb. **3.** રૈયત; પ્રજા. The people in general, who are under the sway of a government. *vt.* અમલમાં લાવવું; જીતવું; તાબે કરવું. To bring under the sway of; to win; to conquer; to win over. **2.** ની આગળ મૂકવું. To submit; to place before. **3.** લગાડવું; કરવું. To cause to undergo. *a.* તળેનું; હેઠળનું; તાબાનું. Placed or situated under. **2.** નમ્ર; તાબેદાર; વશ થાય તેવું. Obedient; submissive. **2.** આધીન; આવી પડે તેવું. Exposed; liable.

Subjection (સબ્જેક્શન્), *n.* આધીનતા; તાબે થવું તે; પરતંત્રતા; હુકમદારી; પરાધીનતા. A state of being under the power or sway of.

Subjective (સબ્જેક્ટિવ્), *a.* આત્મગત; વિષયગત; માનસિક; મનમાં સ્ફુરેલું. Derived from one's soul; mentally thought. **2.** વિષયક; બાબત અથવા વિષયને લગતું. Of or pertaining to a subject.

Subjectivism (સબ્જેક્ટિવિઝમ્), *n.* વિજ્ઞાનવાદ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહમ્વાદ. Egoism; a philosophical doctrine referring to mind.

Subjectivist (સબ્જેક્ટિવિસ્ટ), *n.* અહમ્વાદી; વિજ્ઞાનવાદી. An egoist; one, who holds the doctrine of **'Self.'**

Subjectivity (સબ્જેક્ટિવિટિ), *n.* સ્વાનુભવવાદ. A state of being subjective.

Subjoin (સબ્જૉઇન્), *vt.* સાંધવું; પેટા ભાગને એક કરવા; એકત્ર બનાવવું; પરિશિષ્ટ તરીકે જોડવું.–મૂકવું. To annex; to append.

Subjugate (સબ્જ્યૂગેટ), *vt.* તાબે કરવું; આધીન કરવું; જીતવું; હરાવીને શરણમાં લેવું; નિગ્રહ કરવો. To subdue; to conquer; to bring under the sway of.

Subjugation (સબ્જ્યૂગેશન્), *n.* તાબે કરવું તે; વશ કરવું તે; શરણે લાવવું તે; દમન; નિગ્રહ. An act of subjugating.

Subjugator (સબ્જ્યૂગેટર્), *n.* નિગ્રહ કરનાર; હરાવીને તાબે કરનાર; જીતનાર One, who subjugates.

Sublimate (સબ્લિમેટ), *n.* રસકપુર; ઉર્ધ્વ પાતનાવશેષ; વરાળના રૂપમાં લાવીને પાછી ઠારેલી ચીજ. That which is produced by sublimating. *vt.* વરાળના રૂપમાં લાવવું; ઉન્નત સ્થિતિમાં મૂકવું. To bring into the vapoury state; to elevate.

Sublime (સબ્લાઇમ્), *a.* પ્રૌઢ; ઉમદા; ઉંચું; ઉન્નત; પ્રતાપી; હર્ષિત. Lofty; noble; dignified; majestic; eminent; elevated by joy.

Sublimity (સબ્લિમિટિ), *n.* ઉંચાપણું; ઉદારતા; પ્રૌઢતા; ગૌરવ; ઉન્નતિ; વિખ્યાતિ; પ્રતાપ. A state of being sublime; loftiness of character; grandeur.

Sublunar,-y (સબ્-લ્યૂનૅર્,-રિ), *a.* આ પૃથ્વીનું; ઐહિક; દુનિયાનું. Of or pertaining to this earth; earthly.

Sub-marine (સબ્-મૅરિન્), *a.* દરિયા નીચેનું; સમુદ્ર તળેનું. Growing or seen at the bottom of a sea.

Submerge (સબ્મર્જ્), *vt. vi. pr. p.* **Submerging.** *imp. & p. p.* **Submerged.** પાણીમાં બોળવું; પાણીમાં (વહાણને) બોળવું અથવા ડુબાવી દેવું. To put into or under water; to destroy by plunging into water. 2. ડુબી જવું; જળમાં નાશ થવો. To sink; to destroy in water.

Submergence (સબ્મર્જેન્સ્), *n.* પાણીમાં ડુબી જવું તે અથવા ડુબાવી દેવું તે; જળતળે લઇ જઇને નાશ કરવો. An act of submerging.

Submission (સબ્મિશન્), *n.* શરણે થવું તે; આધીનતા; તાબેદારપણું; આજ્ઞાપાલન; હુકમ ઉઠાવવો તે. An act of submitting; obedience to the order. 2. નમ્રતા; અનુવર્તન. Meekness; gentility.

Submissive (સબ્મિસિવ્), *a.* આધીન; નમ્ર; તાબેદાર; આજ્ઞાંકિત; નમનશીલ. Obedient; meek; yielding; gentle.

Submissively (સબ્મિસિવ્લિ), *ad.* આજ્ઞાંકિતપણે; નમનતાથી; દીનતાપૂર્વક. Obediently; gently and meekly.

Submissiveness (સબ્મિસિવ્નેસ્), *n.* આજ્ઞાંકિતપણું; દીનતા; આધીન થવાનો ગુણ; આનાકાની કર્યા સિવાય માની જવું તે. A state of being submissive.

Submit (સબ્મિટ), *vt. vi. pr. p.* **Submitting.** *imp. & p. p.* **Submitted.** બીજાને હવાલે કરવું; સોંપવું; આપવું. To entrust to the care of. 2. તાબે થવું; આધીન થવું. To yield; to surrender. 3. નીચે ઉતારવું; નીચે મૂકવું. To lay down; to place downward. 4. બીજાનું કહ્યું માનવું–માથે ચઢાવવું; આધીન થઇને રહેવું. To obey; to be submissive.

Subordinate (સબૉર્ડિનેટ), *a.* હાથ નીચેનું; ઉતરતા દરજ્જાનું; આધીન; તાબાનું; ગૌણ. Having an inferior position or rank; placed in a lower position. *n.* ઉતરતા દરજ્જાનો પુરૂષ; તાબાનો માણસ. A person, holding an inferior position to his superior. *vt.* ઉતરતા દરજ્જામાં મૂકવું અથવા રાખવું; નીચા દરજ્જાનું ગણવું. To place below in rank or power.

Subordination (સબૉર્ડિનેશન્), *n.* તાબેદારી; હાથ નીચેની પાયરી; હલકી સ્થિતિ. A state of being subordinate; inferiority in rank or power.

Suborn (સબૉર્ન્), *vt.* (*Law*) સોગંદ ઉપર ખોટી સાક્ષી અપાવવી-પૂરવી; ખોટી રીતે ઉભું કરવું. To commit perjury.

Subscribe (સબ્સ્ક્રાઇબ્), *vt. vi. pr. p.* **Subscribing.** *imp. & p. p.* **Subscribed.** ટીપમાં ભરવું; નામ નોંધવું; સહી કરી કબુલ રાખવું. To promise to pay by writing one's own name with some amount; to give one's consent. 2. ગ્રાહક તરીકે નામ નોંધાવવું; ઘરાક થવું. To enter one's name for papers or for a book. 3. જામીન થવું; જામિનગીરી આપવી. To become a surety for.

Subscriber (સબ્સ્ક્રાઇબર્), *n.* ટીપમાં નાણાં ભરનાર; ગ્રાહક તરીકે દાખલ થનાર; લવાજમ ભરનાર. One, who enters his name for a newspaper, etc. by a regular payment.

Subscription (સબ્સ્ક્રિપ્શન્), *n.* ટીપમાં ભરેલી રકમ; ઉઘરાણું; ફાળો; ભરણું; લવાજમ. The amount subscribed or collected. 2. સહી કરવી તે; લખવું તે. An act of writing one's signa-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ture. 3. અનુમતિ; કબુલાત; સહી. A consent; a mutual agreement.

Subsequence (સબ્સીક્વેન્સ્), *n.* પરિણામ; છેવટ; પાછળથી થવું તે. A result; a consequence; a state of being subsequent.

Subsequent (સબ્સીક્વેન્ટ), *a.* પછીનું; પાછળનું; પછવાડેથી થયેલું; પાછળથી બનતું-થતું. Following in time or in order; succeeding.

Subsequently (સબ્સીક્વેન્ટલિ), *ad.* પાછળથી; ના પરિણામથી; પછીથી. Afterwards; at a later period.

Subserve (સબ્સર્વ), *vt. vi.* મદદ આપવી; કામ લાગવું; મદદગાર થઈ રહેવું. To help; to assist. 2. તાબેદારીનું કામ કરવું-ઉઠાવવું. To be subordinate.

Subservient (સબ્સર્વિએન્ટ), *a.* ઉપયોગી; મદદગાર; સહાય્યકારી; સહાયભૂત. Useful in an inferior rank or capacity; helping.

Subside (સબ્સાઈડ્), *vi. pr. p.* **Subsiding.** *imp. & p. p.* **Subsided.** તળિયે બેસવું; નીચે બેસવું; સમી જવું; ઓછું થવું; ઢળવું; ઉતરી જવું (ભરતીનું). To fall at the bottom; to abate; to become lower.

Subsidiary (સબ્સિડિઅરિ), *a.* મદદગાર; ક્રમકે આવનારૂં; વધારાનું; પુષ્ટિ આપનારૂં; સહાયકારી. Helping; assisting; additional. *n.* મદદ કરનાર; સહાય આપનાર. An assistant; a helper.

Subsidize (સબ્સિડાઇઝ્), *vt.* મદદને માટે નાણાં આપવા અથવા ધીરવા; નાણાં આપીને મદદ મેળવવી. To furnish with a subsidy; to receive a help by paying a sum of money.

Subsidy (સબ્સિડિ), *n. pl.* **Subsidies.** પૈસાની મદદ; કોઇ રાજાએ નાણાની આપેલી મદદ; ખંડણી; ટેકો; સહાય્ય. A help (in money) paid by one government to another in order to get its help.

Subsist (સબ્સિસ્ટ), *vt. vi. pr. p.* **Subsisting.** *imp. & p. p.* **Subsisted.** ખોરાક પૂરો પાડવો; પોષણ કરવું; નિર્વાહ ચલાવવો. To supply with food; to nourish; to maintain. 2. હોવું; હયાતિમાં હોવું; ચાલુ રાખવું. To exist; to be; to continue. 3. ભરણપોષણ થવું; ખોરાક પુરો થવો. To be maintained.

Subsistence (સબ્સિસ્ટન્સ્), *n.* ગુજરાન; ગુજારો; નિર્વાહ; ખોરાકી પોષાકી; ઉપજીવિકા. Maintenance; livelihood; means of support. 2. સ્થિતિ; હોવું તે; અસ્તિત્વ. Existence; the life.

Subsoil (સબ્સોઇલ્), *n.* નીચેની જમિન; સપાટી અને તળિયા વચ્ચેની જમિન. The bed of earth, which lies beneath the surface soil.

Substance (સબ્સ્ટન્સ્), *n.* પદાર્થ; મતલબ; દ્રવ્ય; ચીજ; વસ્તુ. A matter; a thing; a material; an essence; a body. 2. માલમિલ્કત; દ્રવ્ય; ધન; વૈભવ. Estate; property.

Substantial (સબ્સ્ટૅન્શૅલ્), *a.* વાસ્તવિક; ખરૂં; સંગીન; મજબૂત; યથાર્થ. Real; existing; firm. 2. દ્રવ્યમય; પદાર્થમય; પંચભૂતાત્મક. Corporeal; consisting of matter.

Substantially (સબ્સ્ટૅન્શૅલલિ), *ad.* ખરેખર; વાસ્તવિક રીતે; યથાર્થ રીતે; સંગીનપણે. Truly; essentially.

Substantiate (સબ્સ્ટૅન્શિએટ્), *vt.* પૂરાવાથી સાબીત કરી આપવું; ખરૂં કરી આપવું; પ્રતિપાદન કરવું. To establish the truth by proof; to verify.

Substantive (સબ્સ્ટૅન્ટિવ્), *a.* પાત્રતા નિરૂપણ કરનારૂં; હયાતિસૂચક; સ્વાવલંબી. Expressing existence; depending on itself. *n.* (વ્યાકરણમાં) નામ. A noun.

Substitute (સબ્સ્ટિટ્યૂટ્), *vt.* બીજાના ઠેકાણે મૂકવું; અવેજમાં મૂકવું;-ની વતી મૂકવું. To place for; to exchange. *n.* અવેજમાં મૂકેલી વસ્તુ અથવા પુરૂષ; પ્રતિનિધિ. A thing or a person, who is substituted for another; one who works on behalf.

Substitution (સબ્સ્ટિટ્યૂશન્), *n.* બદલામાં આપવું તે; અદલબદલ કરવું તે; અવેજમાં મૂકવું તે; અદલાબદલી. An act of substituting; an act of putting one thing for the other.

Substract (સબ્સ્ટ્રૅક્ટ), *vt.* બાદ કરવું; કાઢી લેવું; ઓછું કરવું; ઘટાડવું. To withdraw; to lessen; to take away from.

Substraction (સબ્સ્ટ્રૅક્શન્), *n.* બાદ કરવું તે; કમી કરવું તે; ઘટાડો; બાદબાકી. An act of substracting.

Sub-stratum (સબ્સ્ટ્રેટમ્), *n.* જમિનની નીચેનું પડ-થર; ભોંય નીચેનું પડ. That which is laid under the soil; an interior layer of the earth.

Subtenant (સબ્-ટેનન્ટ), *n.* પેટા ભાડુત. One who sublets his hired house or land.

Subtend (સબ્ટેન્ડ્), *vt.* ના સામું હોવું; ના સામું આવવું-થવું; સન્મુખ આવવું. To face; to be opposite to.

Subterfuge (સબ્ટરફ્યૂજ્), *n.* બહાનું; બચી જવાની યુક્તિ; પ્રપંચ; દાવપેચ; છળ. A shift; a dishonest expedient.

Subterranean (સબ્ટેરૅનીઅન્), *a.* જમિનમાંનું; પૃથ્વીના પડનું; જમિન તળેનું. Situated within the earth.

Subterraneous (સબ્ટેરૅનીઅસ્), *a.* Same as, **Subterranean.**

Subtilize (સબ્ટિલાઇઝ્), *vt.* ઝીણું કરવું; બારીક બનાવવું. To make thin. 2. શોધન કરવું. To refine.

Subtle (સટ્લ્), *a.* પાતળું; બારીક; ઝીણું; બારીક પોતવાળું. Thin; nice; nicely woven. 2.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તીવ્ર બુદ્ધિવાળું; ચતુર. Sharp-witted; intelligent. 3. તીવ્ર; સંખ્ત; તીક્ષ્ણ. Sharp; acute; piercing. 4. ધૂર્ત; પ્રપંચી; પેચવાળું. Artful; cunning.

Subtleness (સટ્લનેસ્), *n.* પાતળાપણું; પાતળું હોવું તે; તીવ્રતા; તીક્ષ્ણતા. A state of being subtle. 2. લુચ્ચાઇ; દોગાઇ. Craftiness.

Subtlety (સટ્લટિ), *n.* બારીકી; કુશળપણું; ખંધાઇ; લુચ્ચાઇ; ધૂર્તતા; દાવપેચ. Craftiness; cunnigness.

Substract (સબ્સ્ટ્રૅક્ટ્), *vt.* બાદ કરવું; કમી કરવું; ઓછું કરવું; -માંથી લેવું. To withdraw; to take away from; to abate.

Substraction (સબ્સ્ટ્રૅક્શન્), *n.* બાદબાકી; -માંથી લઇ લેવું તે; ઓછું કરવું તે. An act of substracting.

Subtrahend (સબ્ટ્રહેન્ડ્), *n.* બાદ કરવાની સંખ્યા અથવા રકમ; બાદ. A sum or a number to be substracted.

Suburb (સબર્બ્), *n.* પરૂં; ફળિયું; બહાર કોટ; કોટ બહારનો ભાગ; નાનું ગામ; ઉપનગર. An outlying portion of a town or a city.

Suburban (સબર્બૅન્), *a.* પરાને લગતું; શહેર બહારના વિભાગને લગતું. Pertaining to a suburb or suburbs. *n.* પરામાં રહેનાર માણસ. An habitant of a suburb.

Subversion (સબ્વર્શન્), *n.* નાશ; ઉંધું વાળવું તે; પાયમાલી; વિનાશ; સત્યાનાશ. An overthrow; an entire destruction; a complete ruin.

Subversive (સબ્વર્સિવ્), *a.* ઉંધું વાળે તેવું; નાશ કરે તેવું; પાયમાલ કરે તેવું. Tending to subvert; inclined to overthrow.

Subvert (સબ્વર્ટ્), *vt.* નાશ કરવો; ઉથલપાથલ કરવી; પાયમાલી કરવી; વિનાશ કરવો. To destroy; to overthrow. 2. મનને ખરાબ રસ્તે ફેરવવું; ભ્રમિત કરવું. To corrupt the mind.

Succeed (સક્સીડ્), *vt. vi.* ના પછી આવવું; -ને ઠેકાણે આવવું; ક્રમવાર આવવું; અનુસરવું. To follow; to follow in order. 2. પરિણામ થવું-આવવું. To result; to follow as the result of. 3. આબાદ થવું; વધવું. To be prosperous. 4. ફત્તેહમંદ થવું; જય પામવો; પાર પડવું; ફાવવું. To be successful; to get the object desired.

Success (સક્સેસ્), *n.* ફત્તેહમંદી; સફળતા; જય; ફત્તેહ; સાફલ્યતા. A happy result of any work or aim. 2. પરિણામ; ફળ. A result; an issue.

Successful (સક્સેસ્ફુલ્), *a.* ફત્તેહમંદ; નશીબવાન; વિજયી; સિદ્ધ. Resulting in success; prosperous.

Successfully (સક્સેસ્ફુલલિ), *ad.* ફત્તેહમંદીથી; સફળતાપૂર્વક; વિજય ભરેલી રીતે. In a successful way or manner.

Succession (સક્સેશન્), *n.* ક્રમ; અનુક્રમ; હાર; એક પછી એક આવવું તે. A series; a line; a following of things in order. 2. વંશ; વિસ્તાર; ક્રમવાર વારસો મેળવવો તે. A lineage; an act of getting an inheritance in order.

Successive (સક્સેસિવ્), *a.* એક પછી એક આવવું; ક્રમવાર; યથાક્રમ; ક્રમાનુયાયી. Following in order; coming in succession. 2. વંશપરંપરાનું. Inherited.

Successively (સક્સેસિવ્લિ), *ad.* ક્રમવાર; યથાક્રમ; એક પછી એક. In a successive way.

Successor (સક્સેસર્), *n.* એક એકની પછી આવનાર વારસ; ઉત્તરાધિકારી. One, who succeeds; an inheritor.

Succinct (સક્સિન્ક્ટ્), *a.* સંક્ષિપ્ત; મુખ્તેસર; ટુંકું; અવિસ્તીર્ણ. Short; brief; concise.

Succour (સકર્), *vt.* દુઃખમાં મદદ આપવી; વારે ધાવું; સંકટમાં મદદ કરવી; હાથ આપવો-લંબાવવો. To help in difficulty; to run to help; to shelter. *n.* મદદ; હાથ; આશ્રય; સહાય. A help; a protection; a shelter.

Succulence (સક્ક-ક્યૂલેન્સ્), *n.* રસવાળું હોવું તે; રસમયતા. A state of being succulent.

Succulent (સક્ક-ક્યૂલેન્ટ્), *a.* રસવાળું; કસવાળું; રસદાર; જલમય. Full of juice; juicy.

Succumb (સક્કમ્), *vi.* તાબે થવું; શરણે થઇ જવું; હારી જવું; નમી જવું. To submit; to yield; to surrender.

Such (સચ્), *a. pro.* આવું; તેવું; એના જેવું; અમુક; ફલાણું; એવું. Resembling; like; similar.

Suchwise, *ad.* આવી રીતે; આમ.

Suck (સક્), *vt. vi.* ધાવવું; ચૂસવું; સ્તનપાન કરવું. To draw a liquid by the action of the mouth; to drink milk from the breast or the udders. 2. ખેંચી લેવું; શોષણ કરવું. To absorb; to imbibe. *n.* ધાવણ; સ્તનપાન; ચૂસી લેવું તે. An act of sucking; milk drawn from the breast. 2. રસ. Juice.

Sucker (સકર્), *n.* ચૂસનાર; શોષણ કરનાર. One, that sucks. 2. કુમળી ડાળી. A shoot or a branch of a tree.

Suckle (સકલ્), *vt. pr. p.* **Suckling.** *imp. & p. p.* **Suckled.** ધવરાવવું; સ્તનપાન કરાવવું. To cause to suck; to give breast to.

Suckling (સકલિન્ગ્), *n.* ધાવણું બાળક; ધવરાવીને ઉછરેલું પ્રાણી. A young child or an animal nursed at the breast.

Suction (સક્શન્), *n.* ચૂસી લેવું તે; શોષણ; ધાવણ. An act of sucking any fluid by the pressure of external air.

Sudden (સડેન્), *a.* એકાએકનું; અણધાર્યું; ઓચિંતું. Immediate; unexpected. 2. જલદીનું; ઉતાવળીયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Quick; rapid.

Suddenly (સડેન્લિ), *ad.* એકાએક; એકદમ; અણધારી રીતે; અચાનક રીતે. All of a sudden; unexpectedly.

Suddenness (સડેન્નેસ્), *n.* એકાએક થવું તે; અણધાર્યું બનવું તે; ઓચિંતો પ્રસંગ થવો તે. A state of being sudden.

Sudorific (સ્યૂડોરિફિક્), *a.* પરસેવો લાવે તેવું; સ્વેદજનક; પસીનો આણે તેવું. Causing or producing sweat; perspiring.

Suds (સડ્ઝ), *n. pl.* ઉકાળેલું સાબુનું પાણી. Water impregnated with soap with a frothy mass.

Sue (સ્યૂ), *vt. vi. pr. p.* **Suing.** *imp. & p. p.* **Sued.** દાવો કરવો; અરજી કરવી; ફરીઆદી કરવી; દાવો બાંધવો. To go to court for some claim; to apply against; to lodge a complaint. **2.** પ્રીતિ મેળવવા પ્રયત્ન કરવો; પરણવાને માંગણી કરવી; આશક થવું. To woo; to be a lover.

Suet (સ્યૂએટ્), *n.* કોઇપણ પ્રાણીની ચરબી; ચરબીવાળા તંતુ. The fatty tissues of an animal.

Suffer (સફર્), *vt. vi. pr. p.* **Suffering.** *imp. & p. p.* **Suffered.** ભોગવવું; વેઠવું; સહન કરવું; ખમવું. To bear; to endure; to undergo. **2.** દુઃખ વેઠવું; કષ્ટ પડવું; નુકશાન લાગવું; ધક્કો લાગવો. To bear miseries; to sustain a damage or injury. **3.** થવા દેવું; અટકાયત ન કરવી. To tolerate; to allow.

Suflerable (સફરેબલ્), *a.* સહનશક્તિવાળું; ધીરજવાળું. Capable of enduring.

Sufferance (સફરેન્સ્), *n.* દુઃખ; પીડા; કષ્ટ; સંકટ. A misery; a suffering. **2.** ઇજા; હરકત; નુકશાન. An injury; a damage. **3.** સહનશીલતા; અનુભવ; ભોગ. An act of suffering; the power of endurance; an injury. **4.** અપ્રતિબંધ; અનુમતિ; પરવાનગી. Toleration; a permission.

Sufferer (સફરર્), *n.* દુઃખ વેઠનાર; કષ્ટ સહન કરનાર; સંકટનો ભોગ થઇ પડેલ પુરૂષ. One, who suffers.

Sufferings (સફરિન્ગ્સ્), *n. pl.* દુઃખ; પીડા; સંકટ; વેદના; વ્યથા; શ્રમ. Miseries; pains; hardships.

Suffice (સફ્ફાઇસ્), *vt. vi.* તૃપ્ત કરવું; પુરૂં પાડવું; સંતોષ પમાડવો; જોઇએ તેટલું આપીને સંતોષવું. To satisfy; to furnish adequately. **2.** પુરૂં થવું; તૃપ્ત થવું. To be contented with. **3.** પુરતું હોવું; બસ હોવું. To be enough or sufficient.

Sufficiency (સફ્ફિશેન્સિ), *n.* પુરતાપણું; જોઇએ તેટલું હોવું તે સ્થિતિ; પર્યાપ્તિ. A state of being sufficient. **2.** યોગ્યતા; શક્તિ; બળ. Adequacy; capacity. **3.** આપ ભરોસો; આત્મશક્તિ. Self-confidence; ability.

Sufficient (સફ્ફિશેન્ટ્), *a.* પુરતું; બસ; ખપ જેટલું; જોઇએ તેટલું. Enough; needful; ample.

Sufficiently (સફ્ફિશેન્ટ્લિ), *ad.* પુરતી રીતે; ખપ તેટલું; જોઇએ તેવા પ્રમાણમાં; મન માન્યું. In a sufficient way or manner.

Suffix (સફ્ફિક્સ્), *n.* પ્રત્યય; ઉત્તરાક્ષર; શબ્દ અથવા અક્ષરને છેડે લગાડેલો બીજો ઉપશબ્દ. A letter or a syllable added to the end of a word; a postfix. *vi.* પ્રત્યય લગાડવો; છેડે ઉમેરવું. To annex to the end.

Suffocate (સફ્ફોકેટ્), *vt. vi. pr. p.* **Suffocating.** *imp. & p. p.* **Suffocated.** શ્વાસ રોકવો; ગુંગળાવી નાંખવું; શ્વાસ રૂંધીને મારી નાંખવું. To smother; to kill by stifling. **2.** ઓલવી નાંખવું; બુઝાવી દેવું. To extinguish; to put out. **3.** શ્વાસ રૂંધાઇ જવો. To be stifled.

Suffocation (સફ્ફોકેશન્), *n.* ગુંગળાવી નાંખવું તે; શ્વાસનું રોકાણ; શ્વાસાવરોધ. An act of suffocating; a state of being smothered.

Suffocative (સફ્ફોકેટિવ્), *a.* ગુંગળાવી નાંખે તેવું; શ્વાસ રૂંધે તેવું; શ્વાસાવરોધક. Tending to suffocate.

Suffragan (સફ્ફ્રેગેન્), *a.* મદદગાર; સહાય કરનાર (પાદરીને માટે). Helping; assisting. *n.* એક પાદરીને તેના કાર્યોમાં મદદ કરનાર બીજો પાદરી. A bishop who helps another bishop in his diocese.

Suffrage (સફ્ફ્રેજ્), *n.* મત; મતાધિકાર; સહી; મત આપવાની સંમતિ. A vote; an assent for a vote; one's voice given out.

Suffragist (સફ્ફ્રેજિસ્ટ્), *n.* મત આપનાર; અનુમતિ દેખાડનાર; સંમતિ આપનાર. One, who is in favour of a suffrage.

Suffuse (સફ્ફ્યૂઝ્), *vt. pr. p.* **Suffusing.** *imp. & p. p.* **Suffused.** ફેલાવવું; વ્યાપ્ત કરવું; પાથરવું. To spread; to fill with some fluid.

Suffusion (સફ્ફ્યૂઝ્હન્), *n.* ફેલાવો; વ્યાપકતા; આજુબાજુના ભાગમાં પ્રવાહી ચીજનું ફેલાઇ જવું તે. An act of suffusing; a spreading.

Sugar (શુગર્), *n.* ખાંડ; શુક્ર. A well-known substance prepared from sugar-cane. **2.** (*fig.*) મિઠાશ; અમૃત. Sweetness. *vt.* ખાંડવાળું બનાવવું; ખાંડ ભુભરાવવી. To impregnate with sugar; to mix with sugar. *a.* ખાંડવાળું; ખાંડ મિશ્રિત. Mixed with sugar. **Sugar-cane,** *n.* શેરડી. **Sugar-baker,** *n.* ખાંડ ધોનાર; ખાંડ ધોઇને સાફ કરનાર. **Sugar-candy,** *n.* સાકર. **Sugar-loaf,** પતાસું **Sugar-mill,** *n.* શેરડી પીલીને ખાંડ, સાકર, વિગેરે બનાવવાનું કારખાનું.

Sugary (શુગરિ), *a.* ખાંડના જેવું; ખાંડ મિશ્રિત; મીઠું; મિઠાશવાળું. Resembling sugar; sweet.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Suggest (સજેસ્ટ), *vt. vi. pr. p.* **Suggesting.** *imp. & p. p.* **Suggested.** સૂચવવું; ઈશારો કરવો; સૂચના તરીકે કહેવું; સૂઝાડવું. To give a hint to; to hint; to bring to the mind of; to recall. **2.** લલચાવવું; લાલચ આપીને ફાંદામાં નાંખવું. To tempt; to entice.

Suggester (સજેસ્ટર), *n.* સૂચના આપનાર; ઈશારો કરનાર; સાનમાં સમજાવનાર. One, who suggests.

Suggestion (સજેસ્ટ્યૉન), *n.* સૂચના; ઇશારો; ઉપદેશ. A hint; an instruction with some signs. **2.** (*Law*) તહોમત; ફરિયાદ. An accusation.

Suggestive (સજેસ્ટિવ્), *a.* સૂચક; ગર્ભિત; સૂચનાત્મક; પ્રબોધક. Containing a hint or a suggestion.

Suicidal (સ્યૂસાઇડલ), *a.* આત્મઘાતી; સ્વહસ્તેજ પોતાનો નાશ કરે તેવું. Pertaining to a suicide.

Suicide (સ્યૂસીઈડ્), *n.* આત્મઘાત; આત્મહત્યા; પ્રાણહત્યા; આપઘાત. Self-murder; a destroyer of one's life. **2.** આત્મહત્યા કરનાર; આત્મઘાતી. One, guilty of self-murder.

Suit(સ્યૂટ્),*n.* પરણવાના ઈરાદાથી સ્ત્રીની પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ અથવા પ્રયાસ; પ્રયત્ન. Courtship; an effort; an endeavour. **2.** દાવો; મુકદ્દમો; ફરિયાદ. A legal claim or complaint. **3.** વિનંતી; પ્રાર્થના; આજીજી. A request; a solicitation. **4.** અનુક્રમ પ્રમાણે બનનારી અથવા આવનારી ચીજો; થોકડી; જોડ (વસ્ત્રોની). A series of things or events; a set of clothes. *vt.* સં. બંધબેસવું; માફક આવવું; માફકસર થવું. To adapt; to agree; to concur. **2.** દીપ્વું; યોગ્ય લાગવું; ઠીક પડે તેમ કરવું. To appear well; to adjust.

Suitability (સ્યૂટેબિલિટિ), *n.* લાયક હોવું તે; યોગ્ય હોવું તે; લાયકાત; અનુરૂપતા. A set of being suitable; fitness.

Suitable (સ્યૂટેબલ), *a.* છાજતું; યોગ્ય; લાયક; ઘટતું; અનુકુળ. Befitting; proper; becoming; agreeable.

Suitably (સ્યૂટેબ્લિ), *ad.* યોગ્યરીતે; લાયકીથી; ઘટિતપણે; અનુકુળતાથી. In a suitable way or manner.

Suite (સ્વીટ્), *n.* પરિજન; નોકરચાકર; અનુયાયી વર્ગ; રસાલો. A retinue; a body of followers. **2.** જોડ; થોકડી. A set.

Suitor (સ્યૂટર). *n.* પરણવા માટે પ્રીતિ મેળવવાનો ઉદ્યોગ કરનાર; પ્રેમની માંગણી કરનાર. A wooer. **2.** અરજ કરનાર; ફરિયાદી. An applicant; a plaintiff.

Sulkily (સલકિલિ), *ad.* ચિડીયાપણે; બળિયેલ સ્વભાવે; જક્કથી. In a sulky way or manner.

Sulkiness (સલ્કિનેસ્), *n.* ચિડીયાપણું; બળિએલપણું; જક્ક. A state of becoming sulky.

Sulky (સલ્કિ), *a.* ચીડિયું; ચઢેલા મ્હોંવાળું; બળિયેલ; જક્કી. Peevish; with a frowning face; obstinate.

Sullen (સલેન્), *a.* ઉદાસ; ચિડિયું; બળિએલ; હઠિલું; જક્કી. Gloomy; dismal; prone to anger; stubborn. [A state of becoming sullen.

Sullenness (સલેનનેસ્), *n.* ઉદાસીનતા ;હઠ; જક્ક.

Sully (સલિ), *vt. vi pr. p.* **Sullying.** *imp. & p. p.* **Sullied.** ડાઘ લગાડવો; ડાઘો પાડવો; કલંકિત કરવું; બટ્ટો લગાડવો; ઝાંખું કરવું; શ્યામ બનાવવું To soil; to tarnish; to darken. **2.** કચરો લગાડવો; કચરાવાળું કરવું. To make dirty. *n.* કચરો; ડાઘ. Soil; tarnish.

Sulphate (સુલ્ફેટ), *n.* ગંધકના તેજાબવાળો ખાર. A salt of sulphuric acid.

Sulphur (સલ્ફર), *n.* ગંધક. A kind of non-metallic element.

Sulphureous (સલ્ફ્યુરીઅસ), *a.* ગંધકવાળું; ગંધક મિશ્રિત. Containing sulphur; mixed with sulphur.

Sulphury (સલ્ફરિ), *a.* ગંધક જેવું; ગંધકને મળતું; ગંધકના ગુણવાળું. Resembling or like sulphur.

Sultan (સલ્ટૅન), *n.* મુસલમાની બાદશાહનો ખિતાબ. A ruler of Mahommedan state.

Sultana (સલ્ટૅન), *n.* બેગમ સાહેબા; સુલ્તાનની રાણી. The wife of a Sultan.

Sultriness (સલ્ટ્રિનેસ્), *n.* ગરમી; ઘામ; કઠ; ઉષ્ણતા; તાપ; ઉકળાટ. A state of being sultry.

Sultry (સલ્ટ્રિ), *a.* ગરમ; ઉષ્ણ; ઉકળાટવાળું; ઘણુંજ ગરમ. Hot; burning and oppressive.

Sum (સમ્), *n.* સરવાળો; રકમ; અવેજ; હિસાબ; મેળવણી. The whole of any number added together. **2.** સારાંશ; તાત્પર્ય; મતલબ. The substance; the essence; the result. **3.** પરિપૂર્ણતા; શિખર; ટોચ. A top; a summit. *vt. pr. p.* **Summing.** *imp.* & *p. p.* **Summed.** સરવાળો કરવો; મેળવવું; એકઠું કરવું. To bring or add together; to collect. **2.** સારાંશ કહેવો; તાત્પર્ય કહેવું; ઉપસંહાર કરવો. To comprise in a few words; to relate very briefly.

Summarize (સમરાઇઝ), *vt.* ટુંકમાં કહેવું અથવા લખવું; ટુંકમાં નોંધ લખવી; તાત્પર્ય કાઢવું. To make an abstract of; to represent very briefly. [An act of summing up.

Summation (સમેશન્), *n.* સમાહાર; અધિરોહણ.

Summary (સમરિ), *n.* ટુંકસાર; સંક્ષેપ; સારાંશ. A general statement in brevity; an abridged account. *a.* સંક્ષિપ્ત; ટુંકું; સામાસિક. Short; brief

Summer (સમર), *n.* ઉન્હાળો; ગરમીના દિવસ. The warmest season in a year. **Summer-Summer-house,** ઉન્હાળામાં હવાને માટે બંધાવેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બગીચો-બાગ-બંગલો.

Summit (સમિટ્), *n.* શિખર; ટોચ; મથાળું; અગ્ર ભાગ. The top; the highest point (of a mountain). **2.** સિમા; હદ; પરાકાષ્ઠા. The highest degree; the greatest elevation.

Summon (સમન્), *vt.* બોલાવવું; તેડાવવું; તેડવા મોકલવું; હાજર થવાનું ફરમાવવું-કહેવું. To call for; to order for some presence; to ask by some power.

Summons (સમન્સ્), *n.* સરકારનું તેડું; કોર્ટમાંથી-અમુક દિવસે હાજર રહેવાનું ફરમાન બતાવતો પત્ર; આવાહનપત્ર. A call or warning to be present at a fixed day or date.

Sumpter (સમ્પ્ટર્), *n.* ભાર ખેંચનાર ઘોડો; ભારખાનાનો ઘોડો. A baggage horse; a pack-horse.

Sumptuary (સમ્પ્ટ્યૂઍરિ), *a.* ખરચ સંબંધી; ખરચના નિયમને લગતું; ખરચવિષયક. Relating to expenditure; regulating expenses.

Sumptuous (સમ્પ્ટ્યૂઅસ્), *a.* ઘણું ખરચ થાય તેવું; કિમ્મતી; ભારે; રોનકદાર; સરસ; ભભકાદાર; ઠાઠવાળું. Costly; expensive; splendid.

Sun (સન્), *n.* સૂર્ય; સુરજ; દીવાકર; રવિ; ભાસ્કર. The greatest luminous heavenly body. **2.** તડકો; તાપ; સૂર્યના તાપની ગરમી. Sunshine; the sunheat. *vt.* સૂર્યનાં કિરણમાં અથવા તડકામાં ઉઘાડું મૂકવું; ખુલ્લું મૂકવું; તડકો ખવરાવવો. To expose to the sun's rays. **Sun-beam,** *n.* સૂર્યનું કિરણ. **Sun-burnt,** *a.* સૂર્યના તાપથી બળી ગયેલું. **Sun-flower,** *n.* સુરજમુખીનું ફુલ. **Sun-dial,** *n.* છાયાયંત્ર; શંકુયંત્ર. **Sun-stroke,** *n.* સૂર્યની અતિશય ગરમી; લૂ; લૂખ. **Sun-light,** *n.* સૂર્યનો પ્રકાશ. **Sun-down,** *n.* સૂર્યાસ્ત.

Sunday (સન્-ડે), *n.* રવિવાર; આદિતવાર. One of the weekdays. **2.** (*fig.*) આરામનો દિવસ. The day of rest; the sabbath.

Sunk, Sunken (સન્ક્, સન્કન્), *a.* ડૂબેલું; ઉંચાઇને લીધે આંખની નજરે આગળથી ઉતરી ગયેલું; તળિયે બેસી ગયેલું. Drowned; invisible due to height; lying at the bed of a flow. **2.** (*fig.*) ઉતરી ગયેલું; ખિન્ન થયેલું. Down; dejected.

Sunless (સનલેસ્), *a.* સૂર્યની ગરમી ન પહોંચે તેવું; સૂર્યના તાપ વિનાનું; ઠંડું; છાંયાવાળું. Devoid of the sun-rays; shadowy.

Sunny (સનિ), *a.* સુરજના જેવું; સુરજનો તાપ પડે તેવું; પ્રકાશિત; તેજસ્વી; Like or resembling the sun; bright; shining.

Sunrise (સનરાઈઝ્), *n.* સૂર્યોદય; સૂર્યનું ઉગવું તે. The first coming out of the sun from the horizon.

Sunset (સન્સેટ્), *n.* સૂર્યાસ્ત; સૂર્યને આથમવાનો સમય. The time of setting of the sun.

Sunder (સન્ડર્), *vt.* જુદું પાડવું; તોડવું; કાપવું; ઇલાયદું કરવું. To divide; to separate; to part. **2.** તડકામાં અને હવામાં ખુલ્લું મૂકવું. To expose to sun-light and air. *n.* વિભાગ; ભાગ; અંશ. A portion; a part.

Sundries (સન્ડ્રિઝ્), *n.pl.* પરચુરણ જણસો; સામાન; અરચુરણ પરચુરણ નાની મોટી વસ્તુઓ. Many different things or objects; various small things.

Sundry (સન્ડ્રિ), *a.* જુદું જુદું; ભિન્ન ભિન્ન; વિવિધ; અલગ. Various; diverse; separate.

Sup (સપ્), *vt. vi. pr. p.* **Supping.** *imp.* & *p. p.* **Supped.** હોઠથી પીવું; ચમચા અથવા હોઠવતી પદાર્થને ખાવો; ઘુંટડે ઘુંટડે પીવું. To sip; to drink with the lips. **2.** સાંજનું ભોજન કરવું; વાળું કરવું. To have the evening meal.

Superable (સ્યૂપરેબલ્), *a.* જીતી શકાય તેવું; ફાવી શકાય તેવું. Capable of being conquered.

Superabound (સ્યૂપર્-ઍબાઉન્ડ્), *vi.* અતિશય પ્રમાણમાં હોવું; લીલા લહેર હોવી; ભરચક હોવું; સમૃદ્ધિવાન થવું. To abound beyond measure.

Superabundance (સ્યૂપર્-ઍબન્ડન્સ્), *n.* ફેલછેલ; અધિકતા; પુષ્કળપણું; અતિશય પ્રમાણમાં સમૃદ્ધ થવું તે. A state of being superabundant.

Super-abundant (સ્યૂપર્-ઍબન્ડન્ટ્), *a.* અધિક; અતિશય વધારે; પુષ્કળ; ભરચક. Abounding to excess.

Superannuated (સ્યૂપર્ઍન્યૂએટેડ્), *a.* ઘડપણથી નાલાયક થયેલું અથવા ઠરેલું; અશક્ત થયેલું; નાલાયક બનેલું. Disqualified due to old age.

Superb (સ્યૂપર્બ), *a.* પ્રૌઢ; ઉમદા; રોનકદાર; ભભકાદાર; કિમતી; સરસ; શ્રેષ્ઠ. Magnificent; grand; precious; excellent.

Supercilious (સ્યૂપર્સિલિઅસ્), *a.* મિજાજી; મગરૂર; પતરાજી ભરેલું; તોરી; અભિમાની; ઉન્મત્ત. Arrogant; haughty; vain; over-bearing

Super-eminence (સ્યૂપર્-એમિનેન્સ્), *n.* સર્વોત્તમતા; સર્વોપરીપણું; શ્રેષ્ઠતા. A quality of being supereminent.

Super-eminent (સ્યૂપર્-એમિનેન્ટ્), *a.* સર્વોપરી; શ્રેષ્ઠ; સર્વોત્તમ. Surpassing in excellence; superior in all respects.

Supererogation (સ્યૂપરેરોગેશન), *n.* ફરજ અથવા જરૂરિઆત કરતાં વધારે કરવું તે; અધિકાચાર. Performance of more than duty requires.

Superficial (સ્યૂપર્ફિશૅલ્), *a.* ઉપર ઉપરનું; બહારનું; ઉપરચોંટિયું; દેખાવ પૂરતું; કાચું; છાછરૂં. Not deep; not profound; shallow. **2.** જમિન ઉપરનું; સપાટીને લગતું; જમિન ઉપર દેખાતું. Pertaining to the surface; lying on the surface.

Superficially (સ્યૂપર્ફિશૅલિલિ), *ad.* ઉપર ઉપરનું હોય તેવી રીતે; ફક્ત બહારથીજ; દેખાવનું. Outwardly; in a superficial manner.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Superficies (સ્યૂપર્ફિસિઝ), *n.* સપાટી; તલ ઉપરનો ભાગ. The surface of a thing or area. **2.** (*law*) જમિન અથવા મકાન સાથે વળગેલી જંગમ મિલ્કત. Everything seen on the ground or a building.

Superfine (સ્યૂપર્ફાઇન્), *a.* ઘણુંજ સરસ; સરસ; ઉમદા; શ્રેષ્ટ; ઘણુંજ ઝીણું. Very fine; of excellent quality; having fineness.

Superfluity (સ્યૂપર્ફ્લ્યૂઇટિ), *n.* વધારો; ફાલતું હોવાપણું; વધારાની વસ્તુ; નકામાપણું. Superabundance; an excess; a surplus in excess.

Superfluous (સ્યૂપર્ફ્લ્યૂઅસ્), *a.* ખપ કરતાં વધારે; ફાલતું; નકામું; નિરૂપયોગી. Unnecessary; excessive; useless.

Superhuman (સ્યૂપર્હ્યૂમૅન્), *a.* દેવતાઈ; અલૌકિક; અમાનુષ. Divine; celestial.

Superincumbence(સ્યૂપર્-ઇન્કમ્બેન્સ્), *n.* અન્ય ઉપર અવલંબિત હોવું તે; બીજા ઉપર આધાર રાખીને ઉભા રહેવું તે. A state of being superincumbent.

Superincumbent (સ્યૂપર્ઇન્કમ્બેન્ટ્), *a.* બીજા કશાના ઉપર રહેનાર; બીજા ઉપર અવલંબેલું. Lying on something; reclining on something.

Superintend (સ્યૂપરિન્ટેન્ડ્), *vt.* તપાસવું; દેખરેખ રાખવી; માવજત કરવી; ઉપરીપણું રાખવું. To supervise; to bring under the notice very carefully; to work as a superior.

Superintendent (સ્યૂપરિન્ટેન્ડેન્ટ્), *n.* દેખરેખ રાખનાર; જાળવનાર; અધ્યક્ષ; કારભારી; નાયક. One who suprintends; one, who has the oversight of something.

Superior (સ્યૂપીરિઅર્), *a.* ઉપરનું; શ્રેષ્ટ; ચઢિયાતું; ઉત્તમ; વિશિષ્ટ; ઉંચા પ્રકારનું. More dignified or elevated; best; exalted. *n.* ઉપરી; અધિકારી; ચઢિયાતો પુરૂષ; ઉત્તમ પુરૂષ. One, who is above rank, or station. 2. મહંત; આશ્રમનો ગુરૂ. The head of a monastery or like.

Superiority (સ્યૂપીરિઑરિટિ), *n.* વડીલપણું; શ્રેષ્ઠતા; ઉપરીપણું; ઉંચપણું. A state or a rank of being superior; pre-eminence.

Superlative (સ્યૂપર્લેટિવ્), *a.* સર્વોત્તમ; અતિશ્રેષ્ટ; ઉંચામાં ઉંચી પદવીનું; ચઢિયાતું. Excellent; best; of the highest grade. **2.** (વ્યાકરણમાં) ઉત્કર્ષવાચક; સર્વ સાપેક્ષરૂપ. Showing the highest or the lowest merit or a quality. *n.* સૌથી સરસ ચીજ અથવા પદાર્થ; ચઢિયાતાપણું. The most excellent thing or a substance of the highest rank. **2.** છેવટનો ગુણ બતાવનાર શબ્દ. The superlative degree of an adjective, etc.

Superlunary (સ્યૂપર્લ્યૂનૅરિ), *a.* આ દુનિયાનું ન હોય તેવું; પારલૌકિક. Not belonging to this world.

Supernal (સ્યૂપર્નૅલ), *a.* ઉંચેનું; ઉપરનું. High; of the higher state or position. **2.** દિવ્ય; સ્વર્ગીય. Heavenly; celestial.

Supernatural (સ્યૂપર્નૅચ્યૂરૅલ), *a.* દેવતાઇ; અસાધારણ; અલૌકિક. Divine; wonderful; miraculous.

Supernumerary (સ્યૂપર્ન્યૂમેરરિ), *a.* કહેલી અથવા બતાવેલી સંખ્યા ઘણીજ વધારે; ફાલતું; વધારાનું. Far exceeding the number stated or mentioned; superfluous. *n.* વધારાની ચીજ; ફાલતુ ચીજ; અધિક સંખ્યા. A number beyond the number of consideration; a thing in excess.

Super-royal (સ્યૂપર્-રૉયૅલ), *a.* રૉયલ કદના કાગળ કરતાં મોટું. Larger than royal size.

Super-scribe (સ્યૂપર્-સ્ક્રાઇબ્), *vt.* ઉપર લખવું; શિરનામું લખવું; પત્તો અથવા ઠેકાણું લખવું. To write the address. **2.** ના ઉપર કોતરવું; કોતરીને અક્ષર કાઢવા. To engrave on.

Superscription (સ્યૂપર્સ્ક્રીપ્શન્), *n.* ઉપરનો લેખ; સિરનામું; કાંઈ સપાટી ઉપર કોતરેલું હોય તે. Any thing written on the surface or carved on the surface.

Supersede (સ્યૂપર્સીડ્), *vt.* -ને બદલે આવવું; ને ઠેકાણે આવવું. To come in the place of; to replace, **2.** એકને ખસેડીને બીજાને મૂકવું. To place or employ one in place of the former. **2.** બરતરફ કરવું; નિરૂપયોગી કરવું; અટકાવવું; To suspend; to displace.

Superstition (સ્યૂપર્સ્ટિશન્), *n.* વહેમ; ખોટાડોળ; ખોટોધર્મ; ધર્માન્ધપણું; મૂઢ વિશ્વાસ; ખોટા અથવા મિથ્યા દેવની ભક્તિ. A blind faith; a faith placed in any object of worship due to ignorance; a belief in omens.

Superstitious (સ્યૂપર્સ્ટિશસ્), *a.* વહેમી; ખોટો ધર્મ પાળનાર; ધર્માન્ધ; મિથ્યાધર્મી. Addicted to superstition or blind faith.

Superstructure (સ્યૂપર્સ્ટ્રક્ચ્યૂર્), *n* ઉપરની બાંધણી; ઇમારત; ઉપરનું ચણતર; મોટું મકાન; ભૂવન. An act of building on; an edifice.

Supervene (સ્યૂપર્વીન્). *vi.* બનવું; થવું; -ના પછી બનવું; નિપજવું. To take place; to happen; to take place after something else.

Supervise (સ્યૂપર્વાઇઝ્), *vt. pr. p.* **Supervising**. *imp. & p. p.* **Supervised.** દેખરેખ રાખવી; ચોકી રાખવી; તપાસ રાખવી; To inspect authoritatively; to look with care.

Supervision (સ્યૂપર્વિઝ્હન્), *n.* દેખરેખ; નજર; તપાસ; ચોકી; ચોઇસાઇપૂર્વકની દેખરેખ. An act of supervising; a direction.

Supervisor (સ્યૂપર્વાઇઝર્), *n.* દેખરેખ રાખનાર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તપાસ રાખનાર; કાળજીપૂર્વક નજર રાખનાર. One, who supervises.

Supine (સ્યૂપાઇન્), *n.* કૃદંત નામ; ભાવ કૃદંત. A verbal noun. *a.* ઢળતું; ના તરફ વલણવાળું; આડું. Sloping; inclining. **2.** બેદરકાર; સુસ્ત; નિરૂદ્યમી. Careless; dull.

Supper (સપર્), *n.* સાંજનું અથવા રાતનું ખાણું; વાળું. An evening meal; a nightmeal.

Supplant (સપ્-પ્લેન્ટ્), *vt.* દાવપેચથી દૂર કરવું અથવા ખસેડવું; ઉંધું વાળવું; ઉથલાવી નાંખવું. To remove by a trick; to set aside. **2.** ઠોકર મારીને પાડી નાંખવું. To give a stumbling blow; to trip.

Supple (સપલ્), *a.* નરમ; કોમળ; સુંવાળું; સહેલાઇથી વળી શકે તેવું. Soft; flexible; yielding. **2.** ખુશામતિયું; પંપાળ પંપાળ કરે તેવું. Flattering; fawning. *vi.* કોમળ અને નરમ બનવું; સુંવાળા થવું; ખુશામતિયા થવું. To be soft and pliant.

Supplement (સપ્પ્લીમેન્ટ્), *n.* પૂરવણી; વધારો; સાંધણ; ટાંચણ; ઉમેરો; પરિશિષ્ટ. A part or a portion added to; an appendix; an addition (*esp.* to a book). *vt.* વધારવું; ઉમેરો કરવો; ટાંચણ કરવું; સાંધણ કરવું. To add; to add as a part; to increase by a supplement.

Supplemental (સપ્પ્લીમેન્ટલ), *a.* વધારાનું; ઉમેરાનું; પરિશિષ્ટરૂપ. Additional; supplementary.

Supplementary (સપ્પ્લીમેન્ટરિ), *a.* વધારાનું; ઉમેરાનું; સાંધણરૂપ; પૂરક; પરિશિષ્ટરૂપ. Additional; tending to increase; of the nature of supplement.

Suppliant (સપ્પ્લિઍન્ટ્), *a.* પ્રાર્થના કરતું; કાલાવાલા કરતું; આજીજી કરતું; વિનંતી કરતું. Entreating; requesting earnestly for; beseeching. *n.* અરજ ગુજારનાર; વિનંતી કરનાર; કાલાવાલા પૂર્વક કહેનાર. One, who entreats earnestly; a petitioner.

Supplicate (સપ્પ્લિકેટ્), *vt. vi. pr. p.* **Supplicating.** *imp. & p. p.* **Supplicated.** પ્રાર્થના કરવી; વિનંતી કરવી; આજીજી કરવી; કાલાવાલા કરવા; વિનંતીપૂર્વક અરજ કરવી. To entreat; to request; to address in prayer.

Supplication (સપ્પ્લિકેશન્), *n.* પ્રાર્થના; અરજ; વિનંતી; યાચના. A prayer; a request; an act of supplicating.

Supplicator (સપ્પ્લિકેટર્), *n.* વિનંતી કરનાર; અરજ કરનાર; યાચના કરનાર. One, who supplicates.

Supplier (સપ્પ્લાયર્), *n.* (સાધન, સામગ્રી વિ૦ સાધનો) પૂરા પાડનાર; મેળવી આપનાર; આપનાર. One, who supplies.

Supply (સપ્-પ્લાઈ), *vt. pr. p.* **Supplying.** *imp. & p. p.* **Supplied.** પૂરું પાડવું; મેળવી આપવું; આપવું; જોઇતી વસ્તુઓ આપવી. To furnish; to give; to maintain with; to fill up. રોકવું; ઠેકાણે આવવું-પાડવું. To occupy; to take the place of. *n. pl.* **Supplies.** પૂરૂં પાડવું તે; આપવું તે; ભંડાર; ખજાનો. An act of supplying; a store; a treasure. **2.** આપેલા નાણાં; મંજુર કરેલો ખર્ચ. An amount of money provided or supplied.

Support (સપ્પોર્ટ), *n.* ટેકો; આધાર; આશ્રય; ગુજરાન; નિર્વાહ. A shelter; a maintenance; a livelihood. **2.** થાંભલો; અવલંબન; પુષ્ટિ. A pillar; a prop. *vt.* ટેકો આપવો; આશ્રય આપવો; મદદ આપવી; સાધન બનાવવું. To shelter; to assist; to help in maintaining. **2.** નભાવવું; સહન કરવું; ટકાવી રાખવું. To carry on; to endure; to prop. **3.** સાબીત કરવું; પુષ્ટિ આપવી. To varify.

Supportable (સપ્પોર્ટબલ્), *a.* ટેકો આપી શકાય તેવું; ખમાય તેવું; ટેકવી શકાય તેવું. Capable of being supported.

Supporter (સપ્પોર્ટર્), *n.* ટેકો આપનાર; આધાર આપનાર; હિમત અથવા ઉત્સાહ આપનાર. One, who supports.

Supportless (સપ્પોર્ટ્લેસ), *a.* આધાર વિનાનું; ટેકા વિનાનું; નિરાધાર. Deprived of a support.

Suppose (સપ્પોઝ્), *vt. vi. pr. p.* **Supposing.** *imp. & p. p.* **Supposed.** ધારવું; અનુમાન કરવું; કલ્પના કરવી; માનવું. To think; to presume; to conclude; to believe. **2.** નો અર્થ થવો- નીકળવો; ભાવાર્થ હોવો. To bear the meaning.

Supposition (સપ્પોઝિશન્), *n.* ધારણા; કલ્પના; અટકળ; ક્યાસ; ભાવના; ખ્યાલ; તર્ક. A thought; an imagination; an idea; a conjecture.

Supposititious (સપ્પોઝિટિશસ્), *a.* કૃત્રિમ; બનાવટી; ખરાના ઠેકાણે બનાવટીને ઉભું કરેલું; કાલ્પનિક. Spurious; counterfeit; unreal.

Suppress (સપ્પ્રેસ્), *vt.* દબાવી દેવું; શાંત કરી નાંખવું; બેસાડી દેવું; નરમ પાડવું. To check; to restrain; to subdue; to pacify. **2.** બંધ કરવું; અટકાવવું. To restrain; to stop.

Suppression (સપ્પ્રેશન), *n.* બંધ પાડવું તે; અટકાવવું તે; બંધ થઇ જવું તે; અટકાયત; નિવારણ; નિગ્રહ. An act of suppressing; a repression.

Suppressive (સપ્પ્રેસિવ્), *a.* નિગ્રહ કરી શકે તેવું; અટકાવનારૂં; નિરોધક. Tending to suppress.

Suppurate (સપ્પ્યુરેટ્), *vt. vi.* પાકવું; પાચ ભરાવું; પાચ ભરાય તેમ કરવું. To generate pus.

Suppuration (સપ્પ્યુરેશન્), *n.* પાચ થવું તે; પરૂ થવું તે; પરૂ ભરાવું તે. A process of suppurating.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Supremacy (સ્યૂપ્રીમૅસિ), *n.* સર્વોપરી સત્તા અથવા અધિકાર; ઐશ્વર્ય; વિશિષ્ટતા. A state of being supreme; the highest authority or power.

Supreme (સ્યૂપ્રીમ્), *a.* શ્રેષ્ઠ; સર્વોપરી; સર્વોત્તમ; અતિશય ભારે; વિશિષ્ટ. Highest in rank or power; greatest; utmost.

Surcharge (સર્-ચાર્જ્), *vt.* વધારે ભાર મૂકવો-ભરવો; વધારે મૂકવું. To over-burden; to overstock. *n.* અતિશય ભાર; હદ ઉપરાંતનો બોજો. An over-burden; an excessive load.

Surd (સર્ડ્), *n.* કરણી (ગણિતમાં), A quantity, which is inexpressible by rational numbers. *a.* કરણીવાળું. Having or involving surds.

Sure (શૂર્), *a.* નક્કી; ખાત્રીવાળું; ભરોસાદાર; પાકે પાયે બનેલું-થતું; જરૂર. Positive; unquestionable; having surety; certain; firm; secure.

Surely (શૂર્લિ), *ad.* ખરેખર; નક્કીપણે; ખાત્રીપૂર્વક; બેશક; બેલાશક; અવશ્યેજ; નિર્ભયપણે. Indeed; certainly; undoubtedly; securely.

Sureness (શૂર્નેસ્), *n.* નક્કિપણું; ખચિતપણું; ખાત્રીવાળું હોવું તે. A state of being sure.

Surety (શૂરીટિ), *n.* (*law*) જામિન; હામી. A bail; one bound to suffer a penalty for another. **2.** અવેજ; અવેજમાં મૂકેલી ચીજ; બાંહેધરી. A pawn; a security.

Surf (સર્ફ્), *n.* દરિયાના કિનારા ઉપરનું મોજું; ખડક સાથે અથડાતું મોજું. The swell of the sea, which breaks upon the shore.

Surface (સર્ફેસ્), *n.* બહારનો ભાગ; સપાટી; પૃષ્ઠ; ઉપરની ભોંય. The outer part or ground of anything; an external appearance. *a.* સપાટીવાળું; પૃષ્ઠને લગતું; સપાટીનું. Of or pertaining to the surface. *vt.* સપાટ બનાવવું; એક સરખું કરવું. To give a particular surface to.

Surfeit (સર્ફિટ્), *n.* અકરાંતિયું ખાવું પીવું તે; અતિશય પ્રમાણમાં ખાનપાન કરવા તે; અતિશયનું ભોજન. Excess in eating and drinking; a gluttonous meal. **2.** અતિશય પ્રમાણમાં ભોજન લેવાથી ઉપજેલો કંટાળો. Disgust due to a gluttonous meal. *vt. vi.* અતિશય ખવરાવવું; સારી પેઠે ખવરાવવું; ખવરાવીને અરૂચિ અથવા કંટાળો ઉપજાવવો. To overfeed; to cause disgust due to overfeeding. **2.** અતિશય ખાવું; કંટાળો ઉપજે સથવા બકારી આવે ત્યાં સુધી ખાવું. To eat in excess.

Surfy (સર્ફ), *a.* પાણીના મોજાવાળું; દરિયાના મોજાનું; મોજાં અથડાવાથી થયેલા ફીણવાળું. Of a surf; foaming due to dashing of surfs.

Surge (સર્જ્), *n.* દરિયાનું મોજું; મોજાની છોળ; મોટું મોજું; કલ્લોલ. A sea-wave; a billow. **2.** ઝરો; ફુવારો. A spring; a fountain. *vt.* મોજું આવવું; ઉછાળીને આવવું; દોરડું એકદમ સરકાવવું. To rise as of a wave; to swell; to let go as a rope suddenly.

Surgeon (સર્જન્), *n.* શસ્ત્રવૈદ્ય; વાઢકાપનું કામ જાણનાર વૈદ; તબીબ. One, whose occupation is to cure a patient of his disease by the process of operation.

Surgeonry (સર્જનરિ), *n.* શસ્ત્રવૈદ્યનો દરજ્જો-પદવી. The rank or power of a surgeon.

Surgery (સર્જેરિ), *n.* શસ્ત્રવિદ્યા; વાઢકાપની વિદ્યા. The branch of medicine, involving the performance of operation on limbs, having life. **2** વાઢકાપ કરવાની ઓરડી. A room where on operation is effected.

Surgical (સર્જિકૅલ્), *a.* શસ્ત્રવૈદકનું; શસ્ત્રવિદ્યાને લગતું. Of or pertaining to surgery.

Surliness (સર્લિનેસ્), *n.* ચીઢિયા સ્વભાવવાળું હોવું તે; ખરાબ સ્વભાવનું બનવું તે; કઠોરતા. A state of being surly.

Surly (સર્લિ), *a.* ખરાબ સ્વભાવનું; ચીઢિયું; તોરી; અભિમાની. Arrogant; ill-tempered; rude.

Surmise (સર્માઈઝ્), *n.* ધારણા; કલ્પના; અનુમાન; અટકળ. An imagination; a thought; a supposition; a guess. *vt.* કલ્પના કરવી; તર્ક કરવો; અનુમાન બાંધવું; અટકળ કરવી. To imagine; to think; to suppose; to infer.

Surmount (સર્માઉન્ટ્), *vt.* જીતવું; વશ કરવું; ફાવવું; સામું જીતી લેવું. To conquer; to subdue; to overcome.

Surmountable (સર્માઉન્ટેબલ્), *a.* જીતી શકાય તેવું; વશ કરી શકાય તેવું; ફાવી શકાય તેવું. Capable of being surmounted.

Surname (સર્નેમ્), *n.* અટક; ઉપનામ; કુળનામ. A family name or title; an additional name. *vt.* અટક આપવી; કુળનામ આપવું; ઉપનામ આપવું. To give a surname to.

Surpass (સર્પાસ્), *vt.* ચઢીઆતા થવું; હઠાવવું; ના કરતાં શ્રેષ્ઠ બનવું; અધિક થવું-નિવડવું. To excel; to exceed; to show superiority.

Surpassable (સર્પાસેબલ્), *a.* વધી જાય તેવું; ચઢિયાતું થાય તેવું; હઠાવી શકાય તેવું. Capable of being surpassed.

Surplice (સર્પ્લાઇસ્), *n.* પાદરીઓને ધર્મ ક્રિયા વખતે પહેરવાનો ધોળો ઝભ્ભો. A white garment dressed by a clergy at religious services.

Surplus (સર્પ્લસ્), *a.* વધારાનું; ફાલતું; બાકીનું; Additional; more than required. *n.* વધારાનો ભાગ; બાકીનો ભાગ; ફાલતું ભાગ. An additional portion or part; what is more than sufficient.

Surplusage (સર્પ્લસેજ્), *n.* ફાલતુ અથવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વધારાનો ભાગ; બાકી રહેલો ભાગ. Surplus. **2.** (*fig.*) નકામો અથવા ખપ વગરનો ભાગ. Something, unnecessary to any matter.

Surprise (સર્પ્રાઇઝ્), *n.* અચંબો; વિસ્મય; આશ્ચર્ય; ચમત્કાર. Astonishment; wonder. **2.** અણધાર્યો હુમલો; છાપો; છુપો ધસારો. A sudden attack; an assault. *vt.* અચંબો પમાડવો; વિસ્મય પમાડવું; ચકચકિત કરવું. To strike with wonder; to astonish. **2.** છાપો મારવો; હલ્લો કરવો. To attack suddenly; to fall upon all of a sudden.

Surprising (સર્પ્રાઇઝિન્ગ્), *a.* આશ્ચર્યકારક; વિસ્મયતાજનક; ચમત્કારી; અદ્ભૂત. Wonderful; extraordinary.

Surrender (સર્રેન્ડર્), *vt. vi.* તાબે કરવું; શરણે કરવું; સ્વાધીન કરવું; શરણે જવું; છોડી દેવું; સ્વાધીન થવું. To yield; to resign. **2.** ત્યાગ કરવો; કબજો સોંપી દેવો. To give up a claim on demand. *n.* તાબે થવું તે; સ્વાધીન કરવું તે. An act of yielding; an act of surrendering.

Surreptitious (સરેપ્ટિશસ્), *a.* ચોરીનું; છાનું માનું કરેલું; દગાફટકાથી કરેલું; કપટથી યોજેલું-કરેલું. Done by stealth; made fraudulently.

Surrogate (સર્રોગેટ્), *n.* મોટા પાદરી તરફથી મોકલવામાં આવેલો પ્રતિનિધિ; મુખત્યાર. A deputy (mostly of a bishop).

Surround (સર્-રાઉન્ડ્), *vt.* ઘેરી લેવું; ચારે તરફ વિંટાળી લેવું; આવરણ કરવું; વિંટાળવું. To encompass; to inclose on all sides. **2.** ચારે બાજુએ હોવું-આવી રહેવું. To lie on all sides.

Surrounding (સર્-રાઉન્ડિંગ્), *n.* આસપાસનું-આજુબાજુનું વાતાવરણ. External circumstances or conditions; an environment.

Surtout (સર્ટૂ), *n.* સૌથી ઉપર પહેરવાનો ડગલો; અંગરખું; જામો; ઝભ્ભો. A loose upper coat.

Surveillance (સર્વેલ્-લૅન્સ્), *n.* દેખરેખ; જાપ્તો; નજર; ચોકસાઈ; દૃષ્ટિબંધન. An inspection; a watch; superintendence

Surveillant (સર્વેલ્-લૅન્ટ્), *a.* દેખરેખ રાખતું; નજર રાખતું; ચારે તરફ બારીકાઇથી જોતું. Watching; inspecting; watching over others.

Survey (સર્વે), *n.* બધે ઓઘ ફેરવી જોવું તે; તપાસ; મોજણી; માપણી. A general view or look; a close inspection of the quality quantity, etc. of the surface of the earth; the dimensions of the plots of the ground, etc. *vt. pr. p.* **Surveying.** *imp.* & *p. p.* **Surveyed.** તપાસવું; નજર ફેરવીને જોવું; બારીકાઇથી અવલોકન કરવું. To examine; to inspect; to observe minutely. **2.** માપવું; માપણી કરવી; મોજણી કરવી; ખુંટ-સીમાં વિગેરે નક્કી કરવા. To measure the dimensions of; to ascertain the measure of.

Surveying (સર્વેઇન્ગ્), *n.* માપણી કરવી તે; માપવું તે; માપણી કરવાનું કામ. An act of one, who surveys.

Surveyor (સર્વેયર્), *n.* તપાસનાર; ભૂમાપક; માપણી કરનાર; મોજણી કરનાર; નજર ફેરવીને જોનાર. One, who surveys.

Survival (સર્વાઇવૅલ્), *n.* એકના મરણ બાદ બીજાએ જીવવું તે; એકની પછી બીજો પાછળ રહેનાર-ભોગવનાર હોવો તે. An out-living; a state of surviving.

Survive (સર્વાઇવ્), *vt. pr. p.* **Surviving.** *imp.* & *p. p.* **Survived.** મુઆ પછી જીવવું; પછવાડે જીવવું; બનાવ બન્યા પછી વિદ્યમાન હોવું. To outlive; to remain after; to live longer than.

Survivor (સર્વાઇવર્), *n.* બીજાના મુઆ પછી જીવનાર; પાછળ જીવનાર; હકદાર; બનેલા બનાવ પછી જીવનાર-રહેનાર. One, who survives.

Susceptibility (સસેપ્ટિબિલિટિ), *n.* ગ્રહણ-શક્તિ; મનોભાવના; ચિત્તવૃત્તિ; ગ્રહણશીલતા. A state of being susceptible; sensitiveness.

Susceptible (સસેપ્ટિબલ્), *a.* ઝટ અસર થાય તેવું; થઈ શકે તેવું; કોમળ; ગ્રહણીય; સમર્થ. Impressible; tender; soft; sensitive; readily acted upon.

Suspect (સસ્પેક્ટ્), *vt.* શક રાખવો; વહેમ રાખવો; અંદેશો લાવવો; અવિશ્વાસ કરવો. To entertain a vague belief; to mistrust; to doubt. *n.* જેના ઉપર વહેમ અથવા અશ્રદ્ધા લાવવામાં આવેલ હોય તે પુરૂષ. A suspected person

Suspecter (સસ્પેક્ટર્), *n.* શક લાવનાર; વહેમ રાખનાર; અંદેશો લાવનાર. One, who suspects.

Suspicion (સસ્પિશન્), *n.* શકિ; વહેમ; અંદેશો; અવિશ્વાસ; શંકા. An act of suspecting; a misbelief; a doubt; a feeling of distrust.

Suspicious (સસ્પિશસ્), *a.* વહેમી; વહેમથી ભરેલું; સંશયશીલ; સંશયજનક. Apt to suspicion; doubtful; uncertain as to the result; producing a suspicion.

Suspend (સસ્પેન્ડ્), *vt. vi.* લટકાવવું; ટાંગવું; ઉચે ભરાવવું. To hang up; to cause to hang. **2.** ના આધારે મૂકવું-રાખવું. To cause to depend on. **3.** અટકાવવું; અનિશ્ચિત મુદ્દત માટે મોકૂફ રાખવું; થોડા સમયને માટે કામપર આવતાં અટકાવવું. To stop for a time; to interrupt for a short period; to debar from an office temporarily. **4.** લટકવું; ઝુલવું; ટંગાઈ જવું; થોડી વાર સુધી બંધ થવું. To be in a hanging state; to stop from work.

Suspender (સસ્પેન્ડર્), *n.* અટકાવનાર; મોકૂફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર; થોડી મુદતને માટે બંધ પડનાર. One, who suspends.

Suspense (સસ્પેન્સ્), *n.* અનિશ્ચય; થોડા સમયને માટે અટકવું તે. Indecision; a temporary pause. *a.* મોકૂફ; બંધ રાખેલું. Stopped for a short time or period.

Suspension (સસ્પેન્શન્), *n.* અટકાવવું તે; થોડી મુદત બંધ રાખવું તે; વિરામ; નિવૃત્તિ. An act of suspending.

Sustain (સસ્ટેન્), *vt.* ગુજરાન ચલાવવું; નભાવવું; આજીવિકા ચલાવવી. To maintain; to support; to subsist. **2.** ખમવું; સહન કરવું. To bear; to put up with. **3.** મંજુરી આપવી; કાયમ રાખવું. To sanction; to continue. **4.** ખરૂં છે તેમ સાબીત કરવું. To prove to be valid.

Sustenance (સસ્ટીનન્સ્), *n.* ભરણપોષણ; ખોરાક; ખોરાકી પોશાકી; ગુજરાન. Maintenance; livelihood. **2.** ખોરાક; અન્ન; આહાર. Food; victuals.

Sutler (સટ્લર્), *n.* લશ્કર જોડે સરસામાન, દારૂ, વિગેરે વેચવા જનાર. A person, who follows an army and sells the troops, liquor or provisions.

Suture (સ્યૂટ્યૂર્), *n.* જખમને ટેભા મારી બંધ કરવો તે; સીવી લેવું તે. An act of uniting the edges of a wound by stitching; an act of sewing.

Suzerain (સ્યૂઝેરેન્), *n.* મુખ્ય રાજા; મોટો જમિનદાર; મુખ્ય સરદાર. A supreme king or ruler; a feudal lord.

Suzerainty (સ્યૂઝેરેન્ટિ), *n.* મુખ્ય રાજાનો હોદ્દો; મુખ્ય જમિનદારની પદવી-હોદ્દો. The title or rank of a suzerain.

Swab (સ્વૉબ્), *n.* ભોંય વાળવાની સાવરણી; ગ્રાહ કાઢવાની સાવરણી; કુચડો. A mop used in cleaning floors, etc. **2.** (*fig*) બેડોળ પુરૂષ; રોંચો; રીતભાત વગરનો જડસો. A clumsy fellow. *vt.* સાવરણીથી સાફ કરવું; કુચડાવતી સાફ કરવું. To clean with a mop. **2.** ભીનાશ કાઢી નાંખવી. To remove the wetness of.

Swaddle (સ્વૉડ્લ્), *vt.* પાટા બાંધવા; લુગડા અથવા પાથરાથી વિંટાળવું-લપેટવું. To bind as with a band of cloth. *n.* લુગડાનો પાટો; પરિવેષ્ટન. A cloth-band (used generally for infants).

Swagger (સ્વેગર્), *vt. vi.* બંડાઇ મારવી; ફુલાઈ મારવી; પતરાજી કરવી. To boast; to brag; to show vanity; to bully. *n.* બડાઇ મારવાનું કામ અથવા જગ્યા. An action or place of boasting.

Swaggerer (સ્વૅગરર્), *n.* બડાઇ મારનાર; ફુલણજી; શેખી કરનાર. One, who swaggers.

Swain (સ્વેન્), *n.* ગામડીઓ; ગામડામાં રહેનાર. A youngman dwelling in a village or a country. **2.** સ્નેહ કરનાર; સ્નેહી; પ્રિય. A lover.

Swallow (સ્વૉલો), *n.* ચકલી; ચકલો. A kind of bird. *vt. vi. pr. p.* **Swallowing.** *imp. & p. p.* **Swallowed.** ગળી જવું; ગટ્ટ કરી જવું; ગળે ઉતારી જવું. To take away into the stomach. **2.** ઓઇઆં કરી જવું; પચાવી પાડવું. To misappropriate; to claim as one's own. **3.** ખપાવી નાંખવું; વાપરી નાંખવું. To consume; to use away.

Swamp (સ્વૉમ્પ્), *n.* કાંપ; કાદવ; પાણીવાળી જગ્યા. Mud; mire; a watery place. *vt. vi.* કાદવમાં બોળવું; કાદવમાં અથવા ગારામાં નાંખવું. To plunge or sink into mud or mire. **2.** પાણી ભરાઇને તળિયે બેસવું. To founder.

Swampy (સ્વૉમ્પિ), *a.* પાણી જેવું; કાંપવાળું; કાદવવાળું. Resembling swamp; muddy.

Swan (સ્વૉન્), *n.* રાજહંસ; હંસ. A kind of long-necked bird.

Sward (સ્વૉર્ડ્), *n.* ઘાસવાળી જમીન; ભોંય; પડ. The grassy plot of land; the surface of the ground. *vt. vi.* ઘાસ ઉગાડવું; ઘાસ ઉગવું; ઘાસવાળી જમીન હોવી. To cover with sward.

Swarm (સ્વૉર્મ્), *n.* ટોળું; જમાવ; ઝુંડ; સમૂદાય; જથ્થો. A collection; a crowd; a multitude. નહાના નહાનાં જીવજંતુઓનું ટોળું. A collection of small insects. *vi.* ટોળું થઇને જવું; ટોળાબંધ ઉડવું; ખીચોખીચ ભરાવું. To go away in a crowd; to fly in a collection; to abound in.

Swarthy (સ્વૉર્થિ), *a.* કાળું; આછા કાળા રંગનું; શ્યામ. Tawny; darkish; slightly black.

Swash (સ્વૉશ), *vt. vi.* પાણી રેડવું; જોરથી પાણી છાંટવું. To splash; to flow as water. **2.** શેખી કરવી. To boast. *n.* પાણીનું જુસ્સાભેર ઉડવું તે; જોરથી પાણીનું છાંટવું તે. A dashing of water with force.

Swath (સ્વૉથ્), *n.* પટ્ટી; કિનારી; ફીત. A band a fillet. **2.** દાતરડાથી એકે સપાટે ઘાસ કાપેલું હોય તે જમીન. The whole sweep of scythe. **3.** વજન; ઓજ; વક્કર; સમતોલ. A weight; an influence. *vt. vi.* ધારણ કરવું; સત્તા ચલાવવી; રાજ્ય ચલાવવું. To bear; to rule over; to dominate. **2.** વાળવું; ફેરવવું; ફરવું. To bend; to turn; to incline. **3.** ઝાલવું; વાપરવું; ધારણ કરવું. To wield; to use; to bear. **4.** વજન હોવું; ભાર હોવો. To have influence on.

Sway (સ્વે), *n.* સત્તા; અમલ; રાજ્ય; શાસન; પ્રભુત્વ. Authority; power; a rule; the state of being lordly. **2.** આધિપત્ય; ઉપરીપણું. Mastership; superiority.

Swear (સ્વેર્), *vt. vi. pr. p.* **Swearing.** *imp.* **Swore.** *p. p.* **Sworn.** સમ ઘાલવા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સોગંદ ખવરાવવા–દેવા; પ્રતિજ્ઞા ઉપર કહેવું–બોલવું; સોગંદ લેવા. To put to an oath; to affirm on an oath; to administer an oath. 2. (*law*) સોગંદપૂર્વક જુબાની આપવી. To give an evidence on oath.

Sweat (સ્વેટ), પરસેવો; પસીનો; સ્વેદ; ઝરણ. Perspiration. 2. (*fig.*) શ્રમ; થાક; અતિશય મહેનત. Labour; toil; hard work. *vt. vi. pr. p.* **Sweating.** *imp.* & *p. p.* **Sweated** or **Sweat.** પસીનો લાવવો; સ્વેદજનક બનાવવું; છિદ્રમાંથી નીકળવું; પરસેવાથી ભીનું કરવું. To cause to perspire; to emit from the pores. 2. પરસેવો થવો; પસીનો છુટવો; પરસેવાથી ભીનું થવું. To perspire; to have sweat. 2. (*fig.*) મહેનત કરવી; વૈતરૂં કરવું; અતિશય શ્રમ કરવો. To labour; to toil; to drudge.

Sweatiness (સ્વેટિનેસ્), *n.* પરસેવાથી ભીનું ભીનું થઇ જવું તે; પસીનાથી નીતરી જવું તે. A state of being sweaty.

Sweaty (સ્વેટિ), *a.* પરસેવાવાળું; સ્વેદવાળું; પરસેવાથી ભીંજાયેલું. Full of sweat; containing sweat; perspired. 2. (*fig.*) મહેનતવાળું; શ્રમિત. Laborious; toilsome.

Sweep (સ્વીપ્), *vt. vi. pr. p.* **Sweeping.** *imp.* & *p. p.* **Swept.** ઝાડવું; કચરો કાઢવો; સાફ કરવું; પુંજો કાઢવો. To remove dirt with a besom or a brush; to clean by brushing. 2. ખેંચી જવું; ઘસડી જવું; ધકેલી જવું. To draw or move swiftly over; to drag away. 3. રણકારો કરવો; રણકારાનો અવાજ નીકળવો. To strike with a long stroke. 4. સપાટો કાઢી નાખવો; ઘાણ વાળવો. To blow over; to destroy. 5. ડોળથી ચાલ્યા જવું. To pass with pomp. *n.* માર્જન; ફેર; વાંક; વલણ. An act of sweeping; a curve; an inclination. 2. કચરઘાણ; નાશ; સંહાર. Destruction; a violent ruin.

Sweeper (સ્વીપર્), *n.* ઝાડું કાઢનાર; કચરો સાફ કરનાર; વાળનાર. One, who sweeps.

Sweeping (સ્વીપિન્ગ્), *a.* ઘણું; બહોળું; વ્યાપ્ત; સર્વને લાગુ પડતું. Wide and comprehensive in meaning.

Sweepings (સ્વીપિન્ગ્ઝ્), *n. pl.* કચરો; પુંજો; ઝાડુ. Rubbish; the things collected by sweeping.

Sweet (સ્વીટ્), *a.* ગળ્યું; મીઠું; મીઠાશવાળું; મધુર; મનોરંજક; આનંદજનક. Having sugarlike taste; pleasing to the ear; melodious. *ad.* મધુર રીતે; મીઠાશ ભરેલી રીતે. Melodiously, in a sweet manner. *n.* મીઠાશ; ગળપણ; મિષ્ટ પદાર્થ. Confectionary. 2. પ્રિયતમ; વલ્લભ; પ્રિય. A darling.

Sweeten (સ્વીટન્), *vt. vi.* મીઠું કરવું–બનાવવું; મીઠાશ મૂકવી; ગળપણ ઘાલવું. To make sweet; to insert sweetness. 2. ગળ્યું થવું; મીઠું થવું. To be or become sweet. **Sweet-heart,** *n.* પ્રિયા; પ્યારી.

Sweetish (સ્વીટિશ્), *a.* થોડું ઘણું ગળ્યું; ગળપણવાળું. Somewhat sweet.

Sweetly (સ્વીટ્લિ), *ad.* મિઠાશથી; મધુરતાથી; મધુરી રીતે. In a sweet way; melodiously.

Sweetmeat (સ્વીટ્મીટ્), *n* ખાંડ પાયેલો મેવો; મુરબ્બો; મિઠાઇ. Fruit preserved with sugar; confection.

Sweetness (સ્વીટ્નેસ્), *n.* મીઠાશ; ગળપણ; મધુરતા. A state of being sweet.

Swell (સ્વેલ્), *n.* મોટું થવું તે; વૃદ્ધિ; વધારો; ફુલવું તે. An act of swelling; an increase in dimensions. 2. રેલ; પુર; પાણીની છોળ. A flood; a wave; a succesion of waves. *vt. vi. pr. p.* **Swelling.** *imp.* **Swelled.** *p. p.* **Swelled, Swollen.** રેલ આવવી; ફુલાઈ જવું; મસ્તી કરવું; અભિમાન કરવું. To be flooded; to be elated; to grow bulky. 2. મોટું દેખાવું; મોટું થવું. To appear large or bulky. 3. સૂજવું; વધવું; ફુલાઈ જવું. To increase in size of; to inflate; to puff up.

Swelling (સ્વેલિન્ગ્), *n.* ઉપસી આવવું તે; સોજો; ફુલી જવું તે. A protuberance; the effect of that which swells.

Swelter (સ્વેલ્ટર્), *vi.* તાપથી મરણતોલ થઇ જવું; બાફાઈ જવું; મરવા પડવું; તાપથી મૂર્છા આવવી. To be fainted due to excessive heat; to be overcome with heat. 2. ઝરવું; બહાર નિકળવું. To exude; to come out.

Swerve (સ્વર્વ્), *vi.* પાછું હઠવું; પાછું વળવું; વાંકુ થવું; ખસવું; આઘાપાછા થવું. To recede; to deviate; to waver; to wander from any line.

Swift (સ્વીફ્ટ્), *a.* ઉતાવળું; ઝડપવાળું; વેગવાળું; પવનવેગી; જલદી ચાલનાર. Quick; rapid; fleet.

Swiftly (સ્વિફ્ટ્લિ), *ad.* ઉતાવળથી; વેગથી; ત્વરાથી; પવનવેગે; ઝડપથી. In a swift way or manner; quickly; rapidly.

Swiftness (સ્વિફ્ટ્નેસ્), *n.* ઉતાવળ; ઝડપ; ત્વરા. Rapidity; quickness; a state of being swift.

Swill (સ્વિલ્), *vt.* અતિશય હોઇઆં કરી જવું; વધારે પ્રમાણમાં પી જવું. To drink to excess. *n.* અતિશય પ્રમાણમાં કરેલું પાન. A drink taken in excess.

Swim (સ્વિમ્), *vt. vi. pr. p.* **Swimming.** *imp.* **Swam, Swum.** *p. p.* **Swum.** ઝબોળવું; તરાવવું; પ્રવાહી પદાર્થની સપાટી પર રાખવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

To cause to float; to let remain on the surface of any fluid *esp.* water. **2.** તરવું; ખેંચાયા જવું. To be supported on water or any fluid. *n.* તરવું તે; તરણ. An act of swimming. **2.** માછલાંનો ફુક્કો. The air bladder of fish or fishes.

Swimmer (સ્વિમર્), *n.* તરનાર; પ્રાણીની સપાટી ઉપર ફરનાર. One, who swims.

Swimmingly (સ્વિમિન્ગ્લિ), *ad.* સહેલાઈથી; નિર્વિઘ્ને;ફત્તેહથી.Easily;smoothly; successfully.

Swindle (સ્વિન્ડ્લ્), *vt. pr. p.* **Swindling.** *imp. & p. p.* **Swindled.** છેતરવું; ઠગવું; ધૂતી લેવું. To cheat; to deceive; to defraud grossly. *n.* છળ; કપટ; પ્રપંચ. A cheat; a fraud; a deceitful work.

Swindler (સ્વિન્ડ્લર્), *n.* ઠગ; ધૂતારો; છેતરી જનાર. One, who swindles; a cheat.

Swindlery (સ્વિન્ડ્લેરિ), *n.* ઠગવિદ્યા; ધૂર્તતા; પ્રપંચ; છળકપટ. The practice of a swindler; a cheating.

Swine (સ્વાઈન), *n. pl.* **Swine** ભુંડ; હુક્કર; [સુઅર. A hog; a pig.

Swinery (સ્વાઇનેરિ), *n.* હુક્કરખાનું; સુઅરોનો વાડો. A place, where swine are kept.

Swing (સ્વિન્ગ્), *vt. vi. pr. p.* **Swinging.** *imp. & p. p.* **Swung.** હિંચકા નાંખવા; ઝુલો ખવરાવવો; આમતેમ ફેરવવું. To cause to move to and fro; to turn from one side to another side. **2.** ઝુલવું; હિંચકા ખાવા; હિંચવું. To move to and fro; to oscillate; to use a swing. **3.** આંદોલન કરવું-થવું. To vibrate *n.* હિંચકો; ઝુલો; હિંડોળો. An oscillating seat. **2.** ઝોલો; આંદોલન. Oscillation; vibration.

Swinge (સ્વિન્જ્), *vt.* ખૂબ મારવું; તાડન કરવું; ઠોકવું. To beat soundly; to chastise.

Swink (સ્વિન્ક્), *vi.* વૈતરૂં કરવું; શ્રમ ઉઠાવવો; અતિશય મહેનત કરવી. To labour; to drudge; to toil.

Swirl (સ્વર્લ્), *vi.* (પાણીમાં) ચકરી થવી; વમળ થવા; (જળમાં) ભમરા પડવા-થવા. To form eddies; to whirl.

Switch (સ્વિચ્), *n.* નાની સોટી; નાનો ચાબુક. A small stick or a whip. **2.** વળે તેવી નાની ડાળી—શાખા. A flexible twig. **3.** વાળનો કલ્લો; લુમખો. A tress of hair. **4.** વિજળીક 'પાવર' બંધ કરવાને અથવા શરૂ કરવાને વપરાતી કળ-અટકણ. A contrivance for electricity. *vt.* સોટીથી મારવું; ચાબુકથી મારવું; ઉપર ઉપરથી છાંટવું. To strike with a stick or a lash.

Swivel (સ્વિવેલ્), *n.* નકુચો; આંકડો; હુક; અંકોડો. A contrivance to fasten; a hook.

Swoon (સ્વૂન્), *n.* મૂર્છા; બેશુદ્ધિ; બેભાન સ્થિતિ. A fainting condition; a state of being infatuated. *vi.* મૂર્છા પામવી; બેશુદ્ધ બનવું; બેભાન થવું. To faint; to lose sense.

Swoop (સ્વૂપ્), *n.* ઝડપ; તરાપ; ઝડપી લેવું તે. An act of snatching at once; a forcible catch. *vt.* ઝડપી લેવું; એકદમ પકડી લેવું; તરાપ મારીને પકડી લેવું. To seize at once; to fall on suddenly.

Sword (સોર્ડ્), *n.* તરવાર; તલવાર; ખડ્ગ; અસિ; સમશેર. A kind of an offensive weapon, having broad and sharp blades. **2.** રાજ્ય ચિન્હ. A royal emblem.

Swordsman (સોર્ડ્ઝ્મૅન્), *n.* તરવાર વાપરી જાણવામાં કુશળ પુરૂષ; સમશેર બહાદુર; ખડ્ગધારી. A man skilled in the sword.

Sycamore (સિકૅમોર્), *n.* એક પ્રકારનું ઝાડ છે; અંજીરનું ઝાડ. A large tree of the nature of the fig tree.

Sycophancy (સિકોફૅન્સિ), *n.* હલકી ખુશામત; ગાંડગુલામી; હાજી હા કરવા તે. Mean flattery; servility.

Sycophant (સિકોફૅન્ટ્), *n.* ખુશામતિયો પુરૂષ; નીચ ખુશામતિયો; બધી રીતે હાજીહા કરીને વર્તનાર. A servile or a mean flatterer.

Syllabic,-al (સિલૅબિક્,-કૅલ્), *a.* અક્ષરનું; વર્ણ સંબંધી; એકપદી. Of or pertaining to a syllable or syllables.

Syllable (સિલેબલ્), *n.* વર્ણ; સ્વરયુક્ત વર્ણ; એક સ્વર. A sound or combination of sound uttered together. *vt.* બોલવું; ઉચ્ચાર કરવા. To utter; to pronounce.

Syllabist (સિલૅબિસ્ટ્), *n.* સ્વર પ્રમાણે શબ્દના ભાગ પાડવામાં કુશળ પુરૂષ. One, well-versed in dividing the words into syllables.

Syllabus (સિલૅબસ્), *n.* ટાંચણ; સાર; ક્રમની નોંધ; અભ્યાસ ક્રમની નોંધ. An abstract; a statement of the course of study, etc.

Syllogism (સિલોજિઝમ્), *n.* આપેલી બે દલીલ ઉપરથી નક્કી કરેલી દલીલ; અવયવ ઘટીત વાક્ય. A true logical proposition, of which the first two are promises and the last a conclusion.

Syllogistic,-al (સિલોજિસ્ટિક્,-કૅલ્), *a.* અવયવ ઘટિત વાક્યને લગતું;-ના સંબંધનું. Pertaining to syllogism.

Sylph (સિલ્ફ્), *n.* પરી; વનદેવી; યક્ષિણી; વિદ્યાધરી. A fairy.

Sylvan (સિલ્વૅન), *a.* જંગલનું; અરણ્યનું; વનનું; અરણ્યમય. Forestlike; rural; pertaining to a wood; woody.

Symbol (સિમ્બૉલ્), *n.* લક્ષણસૂચક ચિન્હ;સંકેત; અર્થસૂચક અક્ષર; ચિન્હ; નમૂનો. A visible sign of an idea; an emblem; a mark; a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

representation.

Symbolic,-al (સિમ્બૉલિક્,-કૅલ્), *a.* ચિન્હવાળું; સંકેતનું; લક્ષણસૂચક ચિન્હનું. Having a symbol; of the nature of a symbol.

Symmetric,-al (સિમેટ્રિક્,-કૅલ્), *a.* આકાર શુદ્ધિવાળું; આકાર સાંગતાનું. Of or pertaining to symmetry.

Symmetry (સિમેટ્રિ), *n.* આકાર શુદ્ધિ; આકાર સાંગતા; અવયવ સંજોગ. A due proportion in size and in form of a body.

Sympathetic,-al (સિમ્પૅથેટિક્,-કૅલ્), *a.* લાગણી બતાવનાર; અનુકંપાવાળું; બીજાની દાઝ જાણે તેવું; સમદુઃખી. Having fellow-feeling; expressive of sympathy.

Sympathize (સિમ્પૅથાઈઝ્), *vt. vi. pr. p.* **Sympathizing.** *imp. & p. p.* **Sympathized.** દયા લાવવી; દાઝ અથવા લાગણી થવી; સુખદુઃખમાં ભાગ લેવો; અનુકંપા બતાવવી. To feel for; to have a common feeling for; to have a fellow-feeling. **2.** આશ્વાસન આપવું; સાંત્વન આપવું. To condole. **3.** એકરૂપ કરવું; બંધબેસતું કરવું. To harmonize.

Sympathizer (સિમ્પૅથાઇઝર્), *n.* લાગણી બતાવનાર; બીજાના દુઃખમાં ભાગ લેનાર; બીજાનું દુઃખ જાણનાર. One, who sympathizes.

Sympathy (સિમ્પૅથિ), *n.* બીજાના દુઃખે દુઃખી થવું અને સુખે સુખી થવું તે; દયા; દાઝ અથવા લાગણી. Feeling corresponding to what another feels; a fellow-feeling; compassion.

Symphony (સિમ્ફોનિ), *n.* એકરાગ; સુસ્વરતા; મેળ; મેળાપ. Harmony of sounds; a harmonious sound.

Symptom (સિમ્ટૉમ્), *n.* નિશાની; ચિન્હ;લક્ષણ. A sign; a mark; a token. **2.** રોગની નિશાની. A mark of a disease.

Symptomatic,-al (સિમ્ટૉમૅટિક્,-કૅલ્), *a.* નિશાનીસૂચક; લક્ષણભૂત; ચિન્હસૂચક. Indicating or having a symptom.

Synagogue (સિનૅગોગ્), *n.* યાહુદી લોકોનો ધર્મ સમાજ; યાહુદી લોકનું ધર્મ મંદીર. A congregation of the Jews; a place of worship of the Jews.

Syncope (સિન્કોપી), *n.* શબ્દના વચલા અક્ષર લોપ થવા તે અથવા કરવા તે; વિરામ; અટક. A contraction of a word in the middle part; a pause. **2.** મૂર્છા; બેભાન સ્થિતિ. A fainting state; a swoon.

Syndic (સિન્ડિક્), *n.* વિદ્યાશાળાનો કારભારી; વકીલટદાર; બીજાને બદલે વહિવટ કરવા ચુંટાએલો અમલદાર. A person, selected for the transaction of public affairs; a magistrate.

Syndicate (સિન્ડિકેટ્), *n.* અધિકારીમંડળ; કામ ચલાવનાર મંડળ; કારોબારી સભા-મંડળ. A body of syndics; a body of persons, managing the financial and educational matters

Synecdoche (સિનેક્ડૉકી), *n.* લક્ષણા; ઉપલક્ષણ; અલંકાર શાસ્ત્રમાંનો એક અલંકાર. One of the figures of speech, in which the whole is represented by the part or vice versa.

Synod (સિનૉડ્), *n.* ધર્માધિકારીઓનું મંડળ; ધાર્મિક સભા. An ecclesiastical council. **2.** ધારાસભા. A legislative body.

Synonym (સિનૉનિમ્), *n.* એકાર્થી શબ્દ; તેજ અર્થનો બીજો શબ્દ; તુલ્યાર્થ; ઉપશબ્દ. One of two or more words bearing the same meaning.

Synonymous (સિનૉનિમસ્), *a.* એકાર્થવાચક; એકાર્થી; સમાનાર્થી. Containing or having a synonym or synonyms.

Synopsis (સિનૉપ્સિસ્), *n. pl.* **Synopses.** ટુંક સાર; સારાંશ; મુખ્ય બાબતનોજ સંગ્રહ. A brief summary; a conspectus.

Syntax (સિન્ટૅક્સ્), *n.* વાક્ય રચના; વાક્યવિચાર; જોડેલી વસ્તુ-પદાર્થ. The arrangement of words in a sentence; a union of things; a combination.

Synthesis (સિન્થેસિસ્), *n. pl.* **Syntheses.** સંયોજન; એકીકરણ; મિશ્રણ; સંમિલન. An act of composing together; an act of putting two or more things together.

Synthesize (સિન્થેસાઇઝ્), *vt.* સંયોજનથી જોડવું; મિશ્રણ કરવું; મેળવવું. To combine by synthesis; to bring together.

Synthetic,-al (સિન્થેટિક્,-કૅલ્), *a.* સંયોજનનું; એકીકરણ વિષેનું; મિશ્રણને લગતું. Of or pertaining to a synthesis or syntheses.

Syphilis (સિફિલિસ્), *n.* ચાંદી; ટાંકી; વિસ્ફોટક; ઉપદંશ; ગરમી. A kind of venereal disease, communicated by sexual intercourse.

Syringe (સિરિન્જ્), *n.* પીચકારી; બસ્તી. A kind of hand-pump used for medical purposes. *vt.* પીચકારી મારીને સાફ કરવું. To clean by an injection from a syringe.

System (સિસ્ટેમ્), *n.* વ્યવસ્થા; ગોઠવણ; રચના; ક્રમ; પદ્ધતિ; રીત; રીતિ; અનુક્રમ. A regular formation of principles; a method; a mode; a series; an arrangement.

Systematic,-al (સિસ્ટેમૅટિક્,-કૅલ્), *a.* વ્યવસ્થાસર; પદ્ધતિને લગતું; ક્રમ સહિત. Pertaining to a system; methodical.

Systematically (સિસ્ટેમૅટિકૅલ્લિ), *ad.* પદ્ધતિસર; વ્યવસ્થાપૂર્વક; ધોરણ મુજબ. In a systematic way or order.

Systematize (સિસ્ટેમૅટાઇઝ્), *vt.* વ્યવસ્થા કરવી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોઠવણ કરવી; વ્યવસ્થામાં લાવવું; ક્રમ પ્રમાણે ગોઠવવું. To manage; to arrange in order; to set right methodically.

Systematizer (સિસ્ટેમૅટાઈઝર્), *n.* વ્યવસ્થા પ્રમાણે ગોઠવનાર; ક્રમ પ્રમાણે મૂકનાર-યોજનાર; પદ્ધતિસર ગોઠવનાર. One, who systematizes.

T.

T (ટી), અંગ્રેજી મૂળાક્ષરનો વિસમો અક્ષર છે. It is the twentieth letter of the English alphabet.

Tab (ટૅબ્), *n.* ટોપીની ફીત; ગાળો; ફાંસો. A lace; a loop for pulling something. **2.** કોર; ઝુલ. The ending part of a cloth.

Tabasher (ટૅબૅશર), *n.* વાંસની તપખીર; વાંસ-કપુર. A kind of medicinal herb.

Tabby (ટૅબિ), *n.* લહેરિયાવાળું રેશમી કાપડ. A kind of rich silken fabric. **2.** કાબરચિત્રી બિલાડી; કોઈ પણ જાતની બિલાડી. A cat of a mixed colour. **3.** ઘરડી કુંવારી સ્ત્રી. An old spinster. *vt.* જળનાં મોજાં જેવી લહેર પાડવી; ભાત પાડવી. To cause to look wavy by the process of calendering.

Tabefaction (ટેબીફૅક્શન્), *n.* રોગથી ગળતાજવું તે; લોહીનું સુકાવા માંડવું તે. A wasting away of the body.

Tabernacle (ટૅબર્નેક્લ), *n* યાહુદી લોકનું દેવળ. The Jewish temple. **2.** તંબુ; ડેરો. A tent. **3.** માણસજાત; મનુષ્ય; દેહ; પિંડ. The human body.

Tabid (ટૅબિડ્), *a.* કૃશ થઈ ગયેલું; તવાઈ ગયેલું. Wasted by a disease; emaciated.

Tabinet (ટૅબિનેટ્), *n.* લહેરિયાવાળું બારીક રેશમી કાપડ અથવા વસ્ત્ર. A silken fabric, having a watered surface.

Table (ટેબલ્), *n.* મેજ; 'ટેબલ'. An article of household furniture. **2.** પત્રક; અનુક્રમણીકા; નોંધ; ક્રોષ્ટક; કોઠો. A catalogue; an index; a series of many items arranged in helping the memory to rememember or understand. **3.** ગોળ રકાબી; ભોજન; થાળી. A round dish; a dinner. **4.** ચોરસ પાટિયું; તકતો; પાટ. A square board. **5.** સમસ્થળ; સમાન ભૂમિ. A plane surface of land. *vt. vi. pr. p.* **Tabling.** *imp. & p. p.* **Tabled.** કોઠો બનાવવો; પત્રક બનાવવું; ખાના પાડવા; ખાના પાડીને લખવું. To form a table of; to tabulate. **2.** નોંધવું; દાખલ કરવું. To enlist; to write in the list of. **3.** જમવું; જમણ લેવું. To dine; to eat. **4.** ખાવાનું પુરૂં પાડવું; પિરસવું. To supply with food; to serve at dinner. **5.** મેજ ઉપર મૂકવું-ગોઠવવું. To lay on the table. **Table-bed,** *n.* મેજના ઘાટનો પલંગ. **Table-bell,** *n.* જરૂરીના કામ પ્રસંગે નોકરને બોલાવવા સારૂ મેજ ઉપર મૂકવામાં આવેલી નાની ઘંટડી. **Table-cover,** *n.* મેજ ઉપરનું ઢાંકણ; મેજ ઉપરનું કપડું. **Table-talk,** *n.* ખાણાં વખતે થતી વાતચીત; મુદ્દા સિવાયની વાતચીત. **Table-shore,** *n.* નીચાણવાળો સપાટ કિનારો. **Table-land,** *n.* ઉચ્ચસમ પ્રદેશ અથવા ભૂમિ. **Table-spoon,** *n.* ખાણું પીરસવાનો મોટો ચમચો. **Table-wares,** *n.* મેજ ઉપર મૂકવામાં આવતી ચીજો-વસ્તુઓ.

Tableau (ટૅબ્લો), *n.* છબી; મૂર્તિ; આબેહુબ પ્રતિમા; ચિત્રરૂપ દેખાવ. A picture; a vivid representation. **2.** મુંગુ નાટક; મૂક નાટ્ય. A silent and vivid show in a drama.

Tablet (ટૅબ્લેટ્), *a.* ચોરસ સપાટ કટ્ટો; તકતી; પીઠિકા. A square board; flat piece of any material. **2.** ટીકડી; નાની ગોળી. A flat small piece esp. of medicine or confection. **3.** નાનું મેજ. A small table.

Taboo (ટાબૂ), *n.* મનાઈ; દુવાઇ; આણ. A prohibition; an interdiction. *vt.* મનાઇ કરવી; બંધી કરવી. To prohibit; to interdict.

Tabret (ટેબ્રેટ્), *n.* નાની ઢોલકી; નાનો ઢોલ. A tabor; a small drum.

Tabour, Tabor (ટૅબૌર્), *n.* પખાજ; ઢોલકી; ઢોલ; મૃદંગ. A small drum. *vi.* મૃદંગ વગાડવી; ઢોલ વગાડવો. To play the tabour.

Tabular (ટૅબ્યૂલર્), *a.* ખાના પાડેલું; ચોંકડીઓવાળું; કોઠાને લગતું; કોઠાવાળું. Arranged in a table; computable by the use of tables.

Tacit (ટૅસિટ્), *a.* મોઘમ; ગુપ્ત; ગર્ભિત; નિર્વિકલ્પ. Implied; silent.

Taciturn (ટૅસિટર્ન્), *a.* અલ્પભાષી; થોડાબોલું; અબોલું; સુમસું; મુગું. Habitually silent; not prone to talk much.

Taciturnity (ટૅસિટર્નિટિ), *n.* સુમસુમપણું; મૌન; થોડાબોલું હોવું તે. A state of being taciturn.

Tack (ટૅક્), *vt.* સાંધવું; જોડવું; વળગાડવું; લાગુ કરવું. To fasten; to add; to attach. **2.** ખીલો મારીને સજ્જડ કરવું; To fasten by nailing. *n.* મેખ; ચુંક; નાની ખીલી. A small pointed nail. **2.** વધારો; પરિશિષ્ટ. An addition; a supplement.

Tackle (ટૅક્લ), *n.* બે અથવા વધારે ગરેડીવાળું યંત્ર; ગરેડી. A contrivance, with two or more pulleys, for raising or lowering heavy weights. **2.** સામાન; સાધન; વહાણનાં દોરડાં. The rigging and ropes of a ship.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

vt. vi. pr. p. **Tackling.** *imp. & p. p.* **Tackled.** સાધનો આપવા; વહાણના દોરડા, વિ. પૂરા પાડવા; સજ્જડ પકડી રાખવું. To supply with tackles; to seize. **2.** કામ કરવાને જોસબંધ જવું. To go vigorously to work.

Tact (ટૅક્ટ), *n.* યુક્તિ; કળા; ઉંડી પહોંચ; ચાતુર્ય; નિપુણતા. Dexterity; skill; cleverness.

Tactful (ટૅક્ટફુલ), *a.* ઉંડી પહોંચવાળો; ચતુર; નિપુણ; કળાબાજ. Having or possessing tact.

Tactless (ટૅક્ટલેસ), *a.* ઉંડી પહોંચ વિનાનો; કળાવિહીન; ઓછી આવડતવાળો. Wanting in tact; devoid of skill.

Tactics (ટૅક્ટિક્સ), *n.* કવાઅત; વ્યૂહ; સૈન્ય રચનાની વિદ્યા. The science of disposing an army in order; an arrangement of troops. **2.** કામ કરવાની રીત-કુનેહ. A way or method of procedure.

Tactile (ટૅક્ટાઇલ), *a.* સ્પર્શ કરવા જેવું; સ્પર્શનીય; સ્પર્શ સંબંધી. Capable of being touched or felt.

Taction (ટૅક્શન), *n.* સ્પર્શ; અડકવું તે. A touch; an act of touching.

Tadpole (ટૅડ્પોલ), ઇંડામાંથી નીકળેલું તરતું દેડકું. The first stage of a frog, just after coming out of its egg.

Taffeta (ટૅફ્ફેટા), *n.* ઝીણી કુમાશવાળું રેશમી કાપડ; રેશમી ગાઝ; વિલાયતી રેશમી કાપડ. A kind of fine silken cloth. Also spelt as, **Taffety.**

Tag (ટૅગ), *n.* ચિઠ્ઠી. A label. **2.** નાનું ઘેટાનું બચ્ચું. A young lamb. **3.** તોફાની ટોળી; તોફાન. The rabble. *vt. pr. p.* **Tagging.** *imp. & p. p.* **Tagged.** ચિઠ્ઠી લગાડવી; જોડવું; ચોંટાડવું. To apply a label to; to join; to fasten.

Tail (ટેલ), *n.* પુંછડું; પુંછડી; દુમ; પુરછ. The ending hairy part of the body of an animal. **2.** કોઇપણ ચીજનો છેવટનો ભાગ. The hinder part of any thing.

Tailor (ટેલર), *n.* દરજી; સઈ; મેરાઈ. One, whose occupation is to sew clothes. *vt.* દરજીનો ધંધો કરવો. To follow the business of a tailor. **Tailor-bird,** *n.* એક જાતનું સુંદર ગાતું પક્ષી.

Tailoress (ટેલરેસ), *n.* દરજણ; સીવનારી બાઇ. A female, who makes garments.

Taint (ટેન્ટ), *vt. vi.* બગાડવું; ઝેરી કરવું; દૂષણ લગાડવું; એબ લગાડવી; મલિન કરવું; પાસ બેસાડવો. To imbue with something noxious or poisonous; to pollute; to sully; to stain. **2.** કલંકિત થવું; ઝેરી બનવું; પાસ લાગવો. To be stained; to be poisonous; to be imbued with. **3.** ચેપ લાગવો. To be infected. *n.* ચેપ; પાસ; કાળો ડાઘો; કલંક; દૂષણ; એબ. An infection; a stain; a stigma; a corruption.

Taintless (ટેન્ટલેસ), *a.* દૂષણ વિનાનું; કલંક શિવાયનું; ચેપ વિનાનું. Free from any stain.

Take (ટેક), *vt. pr. p.* **Taking.** *imp.* **Took.** *p. p.* **Taken.** લેવું; પકડવું; ઝાલવું; ગ્રહણ કરવું; રાખવું. To hold; to receive; to accept. **To take to,** ઝપાટામાં પાડવું. **To take along,** દોરી લેઇ જવું; તેડી જવું. **To take aim,** નિશાન તાકવું. **To take down,** નીચે ઉતારવું-લાવવું. **To take heart,** હિંમત પકડવી. **To take in,** છેતરવું. **To take off,** ઉતારી લેવું. **To take to business,** કામમાં અથવા ધંધામાં હોવું. **To take after,** ના જેવું હોવું. **To take over,** માથે લેવું. **To take the air,** ફરવા જવું. **To take up arms,** લડાઇને માટે તૈયાર થવું.

Take (ટેક), *n.* એકી વખતે પકડાએલા માછલાંનો જથ્થો. A quantity of fish, caught at one time. **Take-in,** *n.* છેતરપીંડી; ઠગાઇ. **Take-off,** *n.* ચાળા પાડવા તે.

Talbot (ટૉલ્બોટ), *n.* એક જાતનો તિક્ષ્ણ ઘ્રાણેન્દ્રિયવાળો શિકારી કુતરો. One of the kinds of hunting dogs.

Talc (ટૅલ્ક), *n.* અબરક; અબરખ. A soft mineral of a soapy feel and gray colour.

Tale (ટેલ), *a.* વાત; કથા; કહાણી; આખ્યાન; ગાથા. A narrative story; an oral recital; a description. **2.** ગણત્રી; ગણત્રી સાથેનો હિસાબ. A reckoning; a computation. **Tale-bearer,** *n.* વાતની આઘાપાછી કરનાર; એક ઠેકાણેથી બીજે ઠેકાણે વાત લઇ જનાર.

Talent (ટૅલેન્ટ), *n.* શક્તિ; બુદ્ધિ; અક્કલ; હોંશિયારી; કૌશલ્ય. A gifted faculty; intellect; skill; dexterity. **2.** યાહુદી લોકનો એક પ્રકારનો સિક્કો. A silver coin of the Jews worth about Rs. 980.

Talented (ટૅલેન્ટેડ), *a.* બુદ્ધિશાળી; હોંશિયાર; ગુણવાન; નિપુણ. Gifted with tallent; skilful; furnished with great faculties.

Talisman (ટૅલિસ્મૅન), *n. pl.* **Talismans.** તાવીજ; માદળીયું; મંત્રેલો દોરો-ચિઠ્ઠી. An amulet; a charm; anything with some extraordinary effects.

Talk (ટૉક), *vi.* વાત કરવી; વાતચિત કરવી; બોલવું; મસલત કરવી; સલાહ લેવી. To speak to; to say to; to consult. **To talk to,** ને કહેવું; સમજાવવું. **To talk over,** વાદવિવાદ કરવો.

Talk (ટૉક), *n.* વાત; વાતચિત; મસલત; સલાહ. Conversation; a discussion; a suggestion. **2.** ગપાટો; બૂમ; ઉડતી વાત; અફવા. A rumour; a report.

Talkative (ટૉકેટિવ), *a.* વાતોડિયું; અતિશય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોલનાર; વાત કરાવનાર; બડબાડયું; લવલંવીઉં. Prone to too much talking; garrulous.

Talkativeness (ટૉકેટિવ્નેસ્), *n.* અતિશય બોલવું તે; વાત કરવી તે; લવરી કરવી તે. A state of being talkative.

Talker (ટૉકર્), *n.* વાતોડિયો; વાત કરીને મન રંજન કરનાર; ગપ્પીદાસ. One, who talks much.

Tall (ટૉલ્), *a.* ઉંચું; ઉંચી કાઠીનું; લંબુસ. High in stature. **2.** ઉત્તમ; શ્રેષ્ટ. Best; excellent.

Tallness (ટૉલ્નેસ્), *n.* ઉંચાઇ; ઉંચાણ. A quality of being tall.

Tallow (ટૅલો), *n.* ગાય અથવા ઢોરની ચરબી. The fat of a cow or of any cattle. *vt.* ચરબી લગાડવી; ચરબી ચોપડવી. To apply tallow to; to grease with tallow.

Tallow-chandler (ટૅલો-ચૅન્ડ્લર્), *n.* ચરબીનો વેપાર કરનાર; ચરબી બનાવનાર; ચરબી વેચનાર. One, who prepares or sells tallow.

Tallowy (ટૅલોઇ), *a.* ચરબીવાળું; ચરબી મિશ્રિત. Of or full of tallow; mixed with tallow.

Tally (ટૅલિ), *n.* બીજા સાથે મળતી આવતી કોઈ-પણ ચીજ-પદાર્થ; રકમ; મેળ. An item, or any thing, which corresponds to another. *vt. vi. pr. p.* **Tallying.** *imp. & p. p.* **Tallied.** બીજા સાથે બનાવવું; મેળ ખવરાવવો; મેળ ખાવો; સરખું થવું; તાળો મેળવવો. To correspond; to make similar to or equal to; to be agreeable.

Talon (ટૅલૉન્), *n.* શિકારી પક્ષીના પગનો પંજો; પક્ષીનો નખ. A claw of a bird of prey.

Tamarind (ટૅમરિન્ડ્), *n.* આંબલીનું ઝાડ; આંબલી. A leguminous tree, noted for its fine leaves and shade.

Tambourine (ટૅમ્બૂરિન્), *n.* ખંજરી; વાડકાનું ડફ. A small drum.

Tame (ટેમ્), *a.* પાળેલું; હળિમળી ગયેલું; હળેલું; સ્વભાવથી વાકેફ થઇ ગયેલું. Domesticated; domestic. **2.** વશ થયેલું; આધીન બનેલું. Subdued; controlled. **3.** નિર્માલ્ય; દમ વગરનું. Insipid; dull. *vt.* હેળવવું; વશ કરવું; પાળવું; આધીન બનાવવું. To domesticate; to subdue; to make tame.

Tameable (ટેમેબલ્), *a.* પાળી શકાય તેવું; હળીમળી શકે તેવું; આધીન થાય તેવું. Capable of being tamed. Also spelt as, **Tamable.**

Tameless (ટેમ્લેસ્), *a.* પાળી ન શકાય તેવું; આધીન ન થાય તેવું; હળીમળી ન શકે તેવું. Incapable of being tamed; wild.

Tameness (ટેમ્નેસ્), *n.* હળિમળી જવાનો ગુણ; બીજાના સ્વભાવને આધીન થવાનો ગુણ; આધીનતા. A state of being tameable.

Tamper (ટૅમ્પર્), *vt.* છેડવું; અડકવું; હાથ ઘાલવો; બગાડવાના હેતુથી વચ્ચે હાથ મૂકવો-ઘાલવો. To meddle with; to interfere.

Tamperer (ટૅમ્પરર્), *n.* છેડનાર; વચ્ચે હાથ ઘાલનાર; વચમાં પડનાર. One, who tampers.

Tan (ટૅન્), *vt. pr. p.* **Tanning.** *imp. & p. p.* **Tanned.** ચામડું પકવવું; ચામડું સોરવું અથવા તૈયાર કરવું. To make leather; to prepare for leather. *n.* ચામડું પકવવાનો મસાલો. Materials for preparing leather.

Tang (ટૅન્ગ્), *n.* દરિયામાં ઉગતો નકામો છોડ. A sea-weed. **2.** સ્વાદ. A taste. **3.** કડી અથવા બકલનો આંકડો. Tongue of a buckle.

Tangency, Tangence (ટૅન્જેન્સિ, ટૅન્જેન્સ), *n.* સ્પર્શ્યતા; સ્પૃશતા. A touching; a state of being tangent.

Tangent (ટૅન્જેન્ટ્), *n.* સ્પર્શરેખા; સંપાત રેખા-રેષા A straight line touching a circle or a curve, and it does not cut a circle, though produced.

Tangibility (ટૅન્જિબિલિટિ), *n.* સ્પર્શજ્ઞેયતા; સ્પૃશતા; સ્પર્શ. A state of being tangible.

Tangible (ટૅન્જિબલ્), *a.* સ્પર્શેન્દ્રિયથી જણાય તેવું; ખરૂં લાગે તેવું; સ્પર્શનીય; હાથમાં આવે ખરૂં કરે એવું. Perceptile by the touch; capable of being touched; real; substantial; evident. [**Tangibility.**

Tangibleness (ટૅન્જિબલ્નેસ્), *n.* Same as,

Tangle (ટૅન્ગલ્), *vt. vi. pr. p.* **Tangling.** *imp. & p. p.* **Tangled.** ગુંચવવું; ગુંચવી નાંખવું; વિમાસણમાં નાંખવું; મિશ્રિત કરવું. To perplex; to confuse. **2.** ફસાઈ પડવું; ગુંચાઇ જવું. To be entrapped; to be confused. *n.* ગાંઠ; દોરા વિગેરેની પડી ગયેલી ગાંઠ; ગુંચવણ; આંટી. A knot of threads; a snarl; a perplexity.

Tank (ટૅન્ક્), *n.* બાંધેલું તળાવ; હોજ; ટાંકું; સરોવર; જળાશય. A large cistern; a reservoir.

Tantalize (ટૅન્ટલાઇઝ્), *vt.* ટમટમાવવું; ટીંગળાવવું; ખોટી આશા ઉભી કરાવવી; લાલચમાં નાંખવું. To put to vain hopes; to torment.

Tantalization (ટૅન્ટલિઝેશન્), *n.* ટમટમાવવું તે; ખોટી આશા ઉત્પન્ન કરાવીને ટીંગળાવવું તે-દુઃખ દેવું તે. An act of tantalizing.

Tantalizer (ટૅન્ટલાઇઝર્), *n.* ટમટમાવનાર; દુઃખ દેનાર; ખોટી આશા ઉત્પન્ન કરાવનાર. One, who tantalizes.

Tantamount (ટૅન્ટમાઉન્ટ્), *a.* બરોબર સરખું; સમતોલ; તુલ્ય. Equal in value; equivalent in effect or value.

Tantivy (ટૅન્ટીવી), *n.* છલંગ. A gallop. **2.** શીકારની બૂમ. A hunting cry. *a.* ઉતાવળું. Swift. *adv.* ઉતાવળથી. Swiftly.

Tap (ટૅપ્), *vt. vi. pr. p.* **Tapping.** *imp.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

& *p. p.* **Tapped.** ટચકારો મારવો; ધીમેથી ફપડાક મારવી; ટચકો મારવો. To strike gently; to strike with a gentle blow. *n.* ટકોરો; થપડાક; ટપલી. A gentle stroke; a very slow blow.

Tap (ટૅપ), *vt. pr. p.* **Tapping.** *imp.* & *p. p.* **Tapped.** છેદવું; બાંકુ પાડવું; કાણું પાડવું; છિદ્રવાટે પ્રવાહી પદાર્થ બહાર કાઢવો. To pierce; to cut; to make a hole in; to let out any fluid by means of a hole. *n.* દારૂ કાઢવાની નળી અથવા છીદ્ર; દાટો; નળીમાંથી ખેંચાયેલો દારૂ. A hole; a faucet; liquor extracted through a tap.

Tape (ટેપ), *n.* ફીત; પટી; માપવાની ફીત અથવા દોરી. A narrow fillet. **Tape-worm,** *n.* લાંબો કૃમિ-કરમ.

Taper (ટેપર), *vt. vi.* પાતળું કરવું; છેડે પાતળા થતા જવું; શંકુ આકારનું હોવું-બનાવવું. To render thin; to make slender at the top; to be of a tapering form or size. *n.* ઠુંકી મીણબત્તી; દીવો. A short candle; a burning candle. 2. છેડે અણીવાળો આકાર. A form; resembling a cone. *a.* એક છેડા તરફથી પાતળું થતું જતું. Gradually becoming thin at the top.

Tapestry (ટૅપેસ્ટ્રિ), *n.* ભીંતના પડદા; બુટ્ટાદાર શોભીતું કપડું; બુટ્ટાદાર પડદા. A kind of fine woven hangings, of cotton, silk or linen. *vt.* પડદા જડીને સુશોભિત કરવું; પડદા જડવા. To decorate with tapestries.

Tar (ટાર), *n.* ડામર; વિલાયતી ડામર; 'ટાર'. A black viscous substance. *vt. pr. p.* **Tarring.** *imp.* & *p. p.* **Tarred.** ડામર ચોપડવો; ડામર લગાડવો. To smear with tar.

Tardiness (ટાર્ડિનેસ), *n.* ધીમાશ; કામમાં ઠંડાપણું; મંદતા. A quality of being tardy; slowness in work.

Tardy (ટાર્ડિ), *a.* ધીમું; ઠંડું; મંદ; લાસરિયું. Slow; not acting; prone to be late.

Tare (ટેર), *n.* બારદાન; વળતર; છૂટ; કપાત. The allowance which a buyer gets from his seller; a deduction from the gross weight of the goods. *vt.* બારદાન ઠરાવવું અથવા નક્કી કરવું. To mark the tare of goods.

Target (ટાર્જેટ), *n.* નાની ઢાલ. A small circular shield. 2. નિશાન; ચોટ; લક્ષ્ય. A mark, set up in archery.

Targum (ટાર્ગમ), *n.* બાયબલનું ખાલડી ભાષામાં કીધેલું ભાષાંતર કિંવા વિવરણ. The translation of the Bible to the Chaldee language.

Tariff (ટૅરિફ), *n.* જકાતનામું; જકાતના દરની ચાદી-નોંધ; નિરખનામું; જકાતનો દર. A list of duties levied by the Government, on the export and the import. *vt.* માલના જકાતની નોંધ અથવા ચાદી બનાવવી અથવા લખવી. To prepare a list of duties on goods, etc.

Tarn (ટાર્ન), *n.* પર્વતની ટેકરીઓમાં આવેલું નાનું સરોવર. A small mountain lake.

Tarnish (ટાર્નિશ), *vt. vi.* ડાઘ પાડવો; ઝાંખું કરવું; મેલું કરવું. To make dirty; to sully; to soil; to lessen the lustre of. 2. ડાઘ પડવો; ઝાંખું થવું; મેલું થવું. To lose the lustre of; to become dim. *n.* ડાઘો; ઝાંખાશ; ગંદકી. A spot; a stain; a blot.

Tarnisher (ટાર્નિશર), *n.* ડાઘ પાડનાર; કલંકિત કરનાર; મેલું કરનાર. One, who tarnishes.

Tarpaulin (ટાર્પૉલિન), *n.* ડામર લગાડેલું કંતાન; તારપત્રી. A tarred canvas. 2. ડામર લગાડેલા લુગડાનાં ઢાંકણવાળી ખલાસીની ટોપી. A sailor's hat, covered with tarred cloth.

Tarry (ટૅરિ), *vt. vi. pr. p.* **Tarrying.** *imp.* & *p. p.* **Tarried.** ઉભા રહેવું; વિલંબ કરવો; થોભવું; વાર લગાડવી; ઢીલ કરવી. To stay; to wait; to take time; to delay. 2. -ની રાહ જોવી. To wait for. *a.* ડામરવાળું. Covered with tar.

Tart (ટાર્ટ), *n.* ફળ શેકીને કીધેલો ખાવાનો પદાર્થ. A kind of pastry consisting of fruits, baked. *a.* ખાટું; ખટાશ પડતું; દાંત અંબાઇ જાય તેવું. Sharp to the taste; acidulous. 2. (*fig.*) મર્મભેદક; તીવ્ર; તીક્ષ્ણ. Sharp; severe.

Tartan (ટાર્ટન), *n.* કિનારાપર ચાલતું નહાનું વહાણ. A small coasting vessel. 2. રંગબેરંગી અટાપટાદાર કાપડ. A kind of variegated cotton or woollen stuff.

Tartar (ટાર્ટર), *n.* તાતાર દેશનો વતની અથવા રહેવાસી. An inhabitant of Tartary. 2. ખીજાઇ જાય તેવો પુરૂષ. A person of irritable nature. **To catch a tartar,** બળિયા સાથે બાથ ભીડવી.

Task (ટાસ્ક), *n.* કામ; ફરજીઆત કામ; સોંપેલું કામ; પાઠ. Labour; work imposed by another; a lesson. 2. ધંધો; મહેનત; ઉદ્યમ. Business; diligence; exertion. *vt.* કામ આપવું; ફરજીઆત કામ સોંપવું; કામ નીમી આપવું. To impose work on; to entrust with work compulsorily. 2. કર નાંખવો; કર તરીકે ગણવું-આપવું. To impose as a tax. **Task-master,** *n.* કામ આપનાર-સોંપનાર.

Tassel (ટૅસેલ), *n.* ફુમતું; ઝુમખો; ચમરી. An ornamental lace, consisting of threads of silk, wool, etc. *vt. vi.* ફુમતું મૂકીને શણગારવું. To adorn with a tassel or tassels.

Taste (ટેસ્ટ), *vt. pr. p.* **Tasting.** *imp.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

& *p. p.* **Tasted.** સ્વાદ ચાખવો; સ્વાદ પરખવો; અજમાયશ કરવી; અનુભવવું; ચાખવું. To try by the touch esp. of the tongue; to eat a very small quantity; to experience. *n.* સ્વાદ; લહેજત; રસ; રસેંદ્રિય; શોખ; રૂચિ; અભિરૂચિ. An act of tasting; a flavour; a liking; a desire. **2.** પારખવાની શક્તિ; પીછાન. A discerning judgment. **3.** નાનેગી; નમૂનાની ચીજ. A specimen; a model.

Tastable (ટેસ્ટેબલ), *a.* સ્વાદ લેવા જેવું; ચાખવા જેવું; લહેજતદાર. Capable of being tasted; relishing.

Tasteful (ટેસ્ટ્ફુલ), *a.* સ્વાદિષ્ટ; સ્વાદવાળું; લહેજતદાર; મિષ્ટ; રસિક. Possessing a high relish; full of taste; savoury.

Tastefully (ટેસ્ટ્ફુલલિ), *ad.* સ્વાદિષ્ટપણે; લહેજતથી; મિઠાશથી. In a tasteful way or manner.

Tastefulness (ટેસ્ટ્ફુલનેસ્), *n.* સ્વાદ હોવો તે; રસિકતા હોવી તે; લહેજતદાર હોવું તે. A state of being tasteful.

Tasteless (ટેસ્ટ્લેસ્), *a.* મઝા વિનાનું; સ્વાદરહિત; અરસિક; લહેજત વિનાનું. Devoid of taste; dull; uninteresting.

Tastelessness (ટેસ્ટ્લેસ્નેસ્), *n.* નિઃસ્વાદ હોવું તે; રસ વિનાનું થવું તે-બનવું તે. A state of being tasteless.

Tasty (ટેસ્ટિ), *a.* લહેજતદાર; રસવાળું; મિષ્ટ; સ્વાદવાળું. Containing a good taste; sweet in taste.

Tatter (ટૅટ્ટર્), *n.* ચિથરૂં; ફાટેલું તૂટેલું કપડું; ગાભો. A rag; a part torn and hanging to a thing.

Tattle (ટૅટ્લ), *n.* ગપ; ગપ્પાં; ગપાટા સપાટા. An idle talk; a trifling talk. *vi.* લવારો કરવો; બકવું; ગપાટા મારવા. To prate; to talk idly; to take part in spreading the rumours of.

Tattler (ટૅટ્લર્), *n.* બડબડિયો; ગપાટાં મારનાર; લવારો કરનાર; વાત કહી દેનાર. One, who tattles.

Tatoo (ટૅટૂ), *n.* છૂંદણાં; છૂંદણું. Marks or a mark done by puncturing the skin. **2.** ઢોલ, અથવા તતુડીનો પાછા ફરવાનો સંકેતાર્થે કરેલો અવાજ. A trumpet sound at night, to soldiers. *vt.* છુંદણાં છુંદાવવાં; છુંદણું પાડવું. To mark with the blackish spots on the skin.

Taunt (ટૉન્ટ), *vt.* મેણું મારવું; ઠપકો દેવો; કટુ વચન સંભળાવવું; મર્મ વચન કહેવું. To revile; to jeer; to reproach. *n.* મેણું; મર્મવચન; ઠપકો. A sarcastic remark; a rebuke; a reproach.

Taunter (ટૉન્ટર્), *n.* મેણું મારનાર; મર્મ વચન સંભળાવનાર; ઠપકો દેનાર. One, who taunts.

Tauntingly (ટૉન્ટિન્ગ્લિ), *ad.* મેણાં સંભળાવીને; મર્મ વચન સંભળાવવાની રીતે. Reproachfully; in a taunting way or manner.

Taurus (ટૉરસ્), *n.* વૃષભ રાશી. One of the signs of the Zodiac. **2.** બેલ; બળદ. A bull.

Tautology (ટૉટૉલૉજિ), *n.* એકના એક અર્થમાં જૂદા જૂદા શબ્દો વાપરવા તે; અનુવાદ; પુનઃકથન. A repetition of the same meaning in different words.

Tautologous (ટૉટૉલૉગસ્), *a.* એકના એક અર્થવાળું; પુનરૂક્તિવાળું. Having the same sense in different forms.

Tavern (ટૅવર્ન્), *n.* દારૂનું પીઠું; કલાલની દુકાન; મદિરાલય. A public shop, where liquors are available. **2.** મુસાફરખાનું. An inn; a hotel.

Taverner (ટૅવર્નર્), *n.* કલાલ; દારૂ વેચનાર; પીઠાવાળો. One, who is in charge of a tavern.

Taw (ટૉ), *n.* લખોટો; મંજો. A large marble, used by children in playing. *vt.* કચરવું; કચરી અથવા ટીપીને તૈયાર કરવું. To pound; to prepare by beating. **2.** સફેદ ચામડું રંગવું. To dress hide white.

Tawdriness (ટૉડ્રિનેસ્), *n.* ભભકાદાર હોવું તે; બહારથી દેખાવડું હોવું તે. A state of being tawdry.

Tawdry (ટૉડ્રિ), *a.* સસ્તું અને ઘણા દેખાવવાળું; બહુજ ભભકાવાળું; બહારથી દેખાવડું. Cheap and gaudy; showy; ornamental.

Tawniess (ટૉનિનેસ્), *n.* બદામી અથવા પિળચટા રંગનું હોવું તે; કપિલ હોવું તે. A state of being tawny.

Tawny (ટૉનિ), *a.* બદામી; પીળું; પીળચટું; પિંગલ. Of brown colour; having a yellowish colour.

Tax (ટૅક્સ), *n.* જકાત; કર; વેરો; મહેસુલ. A duty; a charge imposed; a sum levied as a duty; an authoritative contribution. *vt.* કર નાંખવો; વેરો નાંખવો-બેસાડવો. To impose or levy a tax on. **2.** આરોપ મૂકવો; તહોમત મૂકવું. To accuse; to lay a charge against. **Tax-payer,** *n.* કર ભરનારિ; વેરો આપનાર.

Taxable (ટૅક્સેબલ), *a.* કર બેસાડવા લાયક; વેરો નાંખવા લાયક. Capable of being taxed.

Taxation (ટૅક્સેશન), *n.* કર બેસાડવો તે; કરની શરૂઆત કરવી તે; વેરો લેવો તે; વેરો. An act of imposing a tax or taxes; the sum imposed as a tax. **2.** (*law*) સામા ધણી પાસેથી ખરચ અપાવવું તે. An act of assessing a bill of cost.

Taxidermist (ટૅક્સિડર્મિસ્ટ), *n.* ચર્મવિદ્યા જાણનાર; ચામડાની વધારે પ્રમાણે માહિતી મેળવનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

One clever in taxidermy.

Taxidermy (ટૅક્સિડર્મિ), *n.* જનાવરમા ચામડાનો રંગ સાચવી રાખવો તે; ચર્મવિદ્યા. An act of preparing and preserving animal skins.

Tea (ટી), *n.* ચ્હા; ચા. The prepared leaves of a shrub. **2.** બનાવેલી ચ્હા; ચ્હાનો ઉકાળો. Infusion of tea leaves in boiling water. **Tea-caddy,** *n.* ચ્હાદાનીયું. **Tea-cup,** *n.* ચ્હાનો પ્યાલો. **Tea-garden,** *n.* ચ્હાના છોડના બગીચા. **Tea-dealer,** *n.* ચ્હાનો વેપારી.

Teach (ટીચ્), *vt. vi pr. p.* **Teaching.** *imp. & p. p.* **Taught.** શિખવવું; ભણાવવું; બોધ કરવો; શિક્ષણ આપવું. To impart knowledge; to train; to educate. **2.** ટેવ પાડવી; ચ્હાવરો પાડવો. To accustom; to form a habit.

Teachable (ટીચેબલ), *a.* શિક્ષણ યોગ્ય; શિખવી શકાય તેવું; નમ્ર; સુશીલ. Capable of being taught; docile.

Teacher (ટીચર્), *n.* શિક્ષક; શિખવનાર; ગુરૂ; મહેતાજી; અધ્યાપક. One, whose occupation is to train; a tutor; an instructor.

Teachership (ટીચર્શીપ્), *n.* શિક્ષક અથવા ગુરૂ તરીકેની પદવી-સ્થાન. The rank or position of a teacher.

Teaching (ટીચિન્ગ્), *n.* શિક્ષણ; અધ્યાપન; કેળવણી. A training; a business of imparting instruction.

Teak (ટીક્), *n.* સાગ; સાગનું ઝાડ; સાગનું લાકડું. A tree, growing in East Indies; the timber of the teak tree.

Teal (ટીલ્), *n.* જળકુકડી. A small duck.

Team (ટીમ્), *n.* ગાડી, વિગેરેમાં જોડેલા બે અથવા વધારે ઘોડા; બે બળદની જોડી. Two or more horses or oxen, harnessed to the same vehicle. **2.** ટોળું (નાના પશુઓનું); યૂથ. A group of young animals. **3.** જોડ; જોડી. A pair of a set; a party (of players).

Teamster (ટીમ્સ્ટર્), *n.* ગાડીવાન; ગાડી હાંકનાર; ગાડીવાળો. One, who drives a team.

Tear (ટેર્), *vt. vi. pr. p.* **Tearing.** *imp.* **Tore.** *p. p.* **Torn.** ફાડવું; ચીરવું; ઉખેડવું; તોડવું. To separate the parts by force; to pull and separate by force; to lacerate. **2.** ફાટી જવું; ચીરાઇ જવું; ફાટ પડવી. To be torn. *n.* ફાટ; ચીરો; તડ. A rent; a fissure.

Tear (ટીર્), *n.* આંસુ; જળધારા; અશ્રુપાત. A pearl like drop of the limpid from the eye. **2.** શોક; વિલાપ; દિલગીરી. Lamentation; sadness.

Tease (ટીઝ્), *vt. pr. p.* **Teasing.** *imp. & p. p.* **Teased.** ખીજવવું; ચીડાવવું; પજવવું; ત્રાસ આપવો. To vex; to annoy; to harass. **2.** પંઝેટવું; પીંજવું. To comb; to card.

Teat (ટીટ્), *n.* આંચળ; દીંટડી; ધાઇ. A nipple; a pap.

Technical (ટેક્નિકલ્), *a.* કોઇ અમુક ઉદ્યોગને લગતું; હસ્તવિદ્યાની બાબતનું; સાંકેતીક; શિલ્પ ઉદ્યમ વિષયક. Pertaining to the mechanic arts; of the handicraft arts.

Technic (ટેક્નિક્), *n.* વિદ્યાકળા; શિલ્પકળા; હુન્નર કળા શિખવાની રીત. Method of manipulation in any art.

Technicality (ટેક્નિકૅલિટિ), *n.* સાંકેતિત્વ; પરિભાષા; વિશેષ વિદ્યા અથવા હુન્નર સંબંધી જ્ઞાનમાહિતી હોવી તે. A state of being technical. **2.** કોઇપણ ધંધા અથવા હુન્નરનો ખાસ વિષય હોવો તે. That, which remains peculiar to any trade or profession.

Technology (ટેક્નૉલૉજિ), *n.* કળાવિજ્ઞાન; શિલ્પ વિજ્ઞાન; પરિભાષા રૂઢિ. The science of the industrial arts.

Ted (ટેડ્), *vt. pr. p.* **Tedding.** *imp. & p. p.* **Tedded.** વિખરાવું નાંખવું; છૂટું કરવું; ભાગ પાડવા; પાથરા કરવા. To spread; to scatter.

Tedious (ટીડિઅસ્), *a.* કંટાળા ભરેલું; માથાકુટિયું; કંટાળો ઉત્પન્ન કરે તેવું; એકનું એક ફરી ફરીને કરવાનું હોય તેવું. Wearisome; causing tedium; monotonous.

Tediously (ટીડિઅસ્લિ), *ad.* કંટાળો ઉપજાવે તેવી રીતે; શ્રમપૂર્વક; ગ્લાનિપૂર્વક. In a tedious way.

Tediousness (ટીડિઅસ્નેસ્), *n.* કંટાળો ઉપજાવે તેવું હોવું તે; ગ્લાનિ ઉપજાવી તે; શ્રમ લાગે તેવી સ્થિતિ. A state of being tedious.

Tedium (ટીડિઅમ્), *n.* શ્રમ; કંટાળો; ગ્લાનિ; શ્રમજનક સ્થિતિ. Wearisomeness; a state of being tired.

Teem (ટીમ્), *vi.* જણવું; વિયાવું; ગર્ભ રહેવો. To produce a young one; to give birth to; to conceive.

Teens (ટીન્સ્), *n.* તેરથી ઓગણીસ વરસનો સમય અથવા ઉમ્મર. The period or the age of life from thirteen to nineteen years.

Teeth (ટીથ્), *n. pl.* of **Tooth.** દાંત; દંત. The bones of the mouth.

Teethe (ટીધ્), *vi.* દાંત ફુટવા; દાંત આવવા-નીકળવા. To grow teeth; to breed teeth.

Teetotaler (ટીટોટૅલર્), *n.* નિશાની ચીજ નહિ પીવાની પ્રતિજ્ઞા લઇ બેઠેલું માણસ; માદક પદાર્થોનું સેવન નહિ કરનાર. One, who abstains entirely from the use of intoxicating liquors. Also spelt as, **Teetotaller.**

Teetotalism (ટીટોટૅલિઝમ્). *n.* માદક પદાર્થ વર્જન; પરહેજગારી. A complete abstinence

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

from intoxicating liquors.

Teetotum (ટીટોટમ્), *n.* બાળકને રમવાની ચકરડી; ભમરડી. A child's plaything.

Tegmentum (ટેગ્મેન્ટમ્), *n.* ત્વચા; ઉપરની ચામડી. A covering; the scaly coat.

Tegument (ટેગ્યૂમેન્ટ), *n.* ઢાંકણ; આવરણ; આચ્છાદન; ત્વચા. A cover; a cover consisting of skin.

Tegular (ટેગ્યૂલર), *a.* ચામડીનું; ત્વચાનું; છાલનું. Pertaining to skin or the upper coat.

Telegram (ટેલીગ્રૅમ્), *n.* તારથી મોકલેલો સંદેશો; તાર. A message sent by telegraphic despatch.

Telegraph (ટેલીગ્રૅફ), *n.* તાર; તારનો સંચો; વિદ્યુત તારનો સાંચો; વિદ્યુતવડે દૂર સંદેશો ઝડપથી મોકલવાનો સંચો. A telegram; an apparatus for communicating news or any sort of intelligence quickly between two places. *vt.* તાર મારફતે સંદેશો મોકલવો. To convey by a telegraph.

Telegraphic,-al (ટેલીગ્રૅફિક્,-કૅલ્), *a.* તારનું; તાર મારફત મોકલેલા સંદેશાનું. Of or pertaining to a telegraph.

Telegraphy (ટેલીગ્રૅફિ), *n.* તારનો સંચો બનાવવાની આવડત; તાર મોકલવાની કળા. The science of constructing telegraphic machines; the art of communicating by a telegraph.

Telemeter (ટેલેમીટર), *n.* અન્તર માપિકા યંત્ર. An instrument for measuring the distance of an object from a spectator.

Telepathy (ટેલીપૅથિ), *n.* ઘણે દૂર બેઠા એક બીજાનાં વિચાર જાણવાની વિદ્યા; વિચાર સંક્રમણવિદ્યા. The communication of feelings between persons at a distance from eath other.

Telephone (ટેલીફોન્), *n.* બોલેલા શબ્દો છેટેથી સાંભળી શકાય તેવું યંત્ર; 'ટેલીફોન'. An instrument reproducing words or sounds at a distance.

Telephonist (ટેલીફોનિસ્ટ), *n.* 'ટેલીફોન' નો ઉપયોગ કરનાર; 'ટેલીફોન' યંત્રદ્વારા વારંવાર સંદેશા લેનાર અથવા મોકલનાર. One, using a telephone, as a work or practice.

Telescope (ટેલીસ્કોપ્), *n.* દૂર્બિન; દૂરદર્શકયંત્ર. An optical instrument, used in viewing the distant objects. *vt.* દૂર્બિનથી જોવું; દૂરદર્શક યંત્રનો ઉપયોગ કરવો. To use a telescope.

Telescopic,-al (ટેલીસ્કોપિક્,-કૅલ્), *a.* દુર્બિનથી દેખાતું; દૂરદર્શક યંત્રથી દેખાય તેવું. Capable of seeing by a telescope.

Telescopist (ટેલીસ્કોપિસ્ટ), *n.* દુર્બિનનું યંત્ર વાપરવામાં કુશળ પુરૂષ. One skilled in using the telescope.

Tell (ટેલ્), *vt. vi. pr. p.* **Telling.** *imp. & p. p.* **Told.** કહેવું; જણાવવું; નિવેદન કરવું; પ્રકાશન કરવું. To say in words; to express; to relate. **2.** હેવાલ આપવો; હકીકત કહી સંભળાવવી. To give an account; to inform.

Tellable (ટેલેબલ્), *a.* કહી શકાય તેવું; નિવેદન કરાય તેવું; જણાવી શકાય તેવું. Capable of being told.

Tell-tale (ટેલ-ટેલ્), *n.* ચાડી કરનાર; ચૂગલીખોર; ચાડીઓ. One, who discloses, the private affairs of some one.

Temerity (ટીમેરિટિ), *n.* ઉદ્ધતાઈ; ઉછાંછળાપણું; સમજશક્તિ વિનાની હિંમત. Rashness; insolence; recklessness.

Temper (ટેમ્પર), *n.* મિજાજ; સ્વભાવ; તબિયત; પ્રકૃતિ. Mental disposition. **2.** મધ્યસ્થપણું; મધ્યસ્થ સ્થિતિ. The middle state or character. **3.** ગુસ્સો; ક્રોધ. Irritation; anger; heat of mind. *vt. vi.* મેળવણી કરવી; માફકસર બનાવવું; શાંત કરવું; નરમ કરવું. To mix duly; to make agreeable; to soften; to assuage. **2.** મળતા થવું; મળતું આવવું; માફકસર બનવું. To accord; to be harmonized.

Temperament (ટેમ્પરમેન્ટ), *n.* પ્રકૃતિ; મિજાજ; જાતી સ્વભાવ; શરીર પ્રકૃતિ. The peculiar temper of a person; nature; constitutional formation. **2.** તાવ અથવા ટાઢનું પ્રમાણ; શીતોષ્ણ પ્રમાણ. The due proportion of heat or cold.

Temperance (ટેમ્પરન્સ્), *n.* મધ્યમપણું; મિતાહાર સ્થિતિ; નિગ્રહ; સંયમ. Moderation; moderate indulgence; sobriety.

Temperate (ટેમ્પરેટ), *a.* સમધાત; મર્યાદા મિશ્રિત; સમ; સમશીતોષ્ણ. Moderate; not excessive. **2.** નરમ; શાંત સ્વભાવનું; સંયમી; મિતાહારી. Calm; sober, moderate.

Temperately (ટેમ્પરેટલિ), *ad.* સમધાતપણે; સમશીતોષ્ણ રીતે; એક સરખી રીતે. In a temperate way.

Temperateness (ટેમ્પરેટનેસ્), *n.* Same as, **Temperance.**

Temperature (ટેમ્પરેચ્યૂર), *n.* શીતોષ્ણ પ્રમાણ ગરમી; ઉષ્ણમાન પ્રમાણ. Condition of weather with respect to heat or cold. **2.** બંધારણ; સ્થિતિ; મનની શાંતિ. Constitution; calmness of mind.

Tempered (ટેમ્પર્ડ), *a.* સ્વભાવનું; મિજાજનું; બરેબર પાણી પાયેલું. Brought to a proper temper.

Tempest (ટેમ્પેસ્ટ), *n.* પવનનું ભારે તોફાન; અત્યંત તોફાની પવન; વાવાઝોડું; આંધી. A furious storm; a wind storm. **2.** હુલ્લડ; બંડ; ફિતુર. A storm of extreme violence; a tumult.

Tempestuous (ટેમ્પેસ્ટ્યૂઅસ), *a.* તોફાની; પવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નના તોફાનવાળું; આંધીથી ભરપૂર; મહાભારત. Stormy; violent; turbulent.

Tempestuously (ટેમ્પેસ્ટ્યૂઅસ્લિ), *ad.* પ્રચંડપણે; તોફાનીપણે; પવનના તોફાન સાથે. In a tempestuous way or manner.

Tempestuousness (ટેમ્પેસ્ટ્યૂઅસ્નેસ્), *n.* તોફાની હોવું તે; પ્રચંડ થવું તે; આંધીવાળું હોવું તે-બનવું તે. A state of being tempestuous.

Temple (ટેમ્પલ્), *n.* દેવમંદિર; દેવભૂષન; દહેરૂં; મઠ; વિહાર. A building dedicated to the service of God; a place of worship; a church. **2.** લમણું; ગંડસ્થળ. The flat portion between the forehead and ear.

Temporal (ટેમ્પોરલ્), *a.* આ લોકનું; ઐહિક; સાંસારિક; દુનિયાદારીનું. Of this world; secular; earthly; worldly. **2.** રાજ્ય વિષયક; મુલ્કી. Civil; civic. **3.** લમણાનું; લમણાવિષયક. Pertaining to the temples of the head. *n.* સાંસારિક વસ્તુ; પદાર્થ. Any earthly or worldly thing or matter.

Temporality (ટેમ્પોરલિટિ), *n.* સાંસારિક બીના હોવી તે; દુનિયાદારીનું હોવું તે; ક્ષણભંગુરતા. A state of being temporal; momentariness.

Temporarily (ટેમ્પોરરિલિ), *ad.* થોડા વખતને સારૂ; ક્ષણિક; કામચલાઉ. In a temporary way; provisionally.

Temporary (ટેમ્પોરરિ), *a.* થોડા વખતને માટે; ક્ષણિક; થોડો સમય ચાલે તેવું. Provisional; lasting for a short time; momentary.

Temporize (ટેમ્પોરાઇઝ), *vi.* સમાધાની કરવી; સમય સૂચકતા વાપરીને કામ કરવું; માફકસર થવું-કરવું. To try to suit both the parties; to accord.

Tempt (ટેમ્ટ), *vt.* લલચાવવું; ભાવવું; ફોસલાવવું; ઉશ્કેરવું. To entice; to attract; to allure; to excite.

Temptation (ટેમ્ટેશન્), *n.* લાલચ; લોભ; આકર્ષણ; મોહક વસ્તુ-ચીજ. An enticement; an attraction; an allurement.

Ten (ટેન્), *a.* દશ. Following the number nine. *n.* દશની સંખ્યા. The number consisting of five, added by five.

Tenth (ટેન્થ), *a.* દશમો-મું. Succeeding the order of the ninth. *n.* દશમો-મું; દશમો ભાગ. The tenth portion or part.

Tenability (ટેનબિલિટિ), *n.* બચાવી શકાય તેવું હોવું તે; રક્ષણીયતા; રક્ષણ શકયતા. A state of being tenable.

Tenable (ટેનેબલ્), *a.* બચાવ કરાય તેવું; રક્ષણ કરી શકાય તેવું; રક્ષણીય. Capable of being defended or maintained. [**Tenability.**

Tenableness (ટેનેબલ્નેસ્), *n.* Same as,

Tenacious (ટેનેશસ્), *a.* ચીકણું; વળગી રહે તેવું; છોડે નહિ તેવું; ચિક્કટ. Adhesive; inclined to hold fast; tough. **2.** (*fig.*) દુરાગ્રહી; હઠિલું; જક્કી. Obstinate; stubborn.

Tenacity (ટેનેસિટિ), *n.* ચીકાસ; ચિકણાપણું; જક્કીપણું; વળગી રહેવાનો ગુણ. A state of being tenacious; adhesiveness.

Tenancy (ટેનન્સિ), *n.* મિલ્કતનો વહિવટો-ભોગવટો; મિલ્કત ઉપરનો અધિકાર અથવા કબજો. A state of holding an estate or land.

Tenant (ટેનન્ટ), *n.* બીજાની જમિન ગણોતે રાખનાર; ભાડે રાખનાર; ભાડુત. One, who occupies houses, or lands, for which he pays rent; an occupant.

Tend (ટેન્ડ્), *vt. vi.* ચાકરી કરવી; બરદાસ કરવી; માવજત કરવી;-ની ખબર રાખવી. To serve; to look after; to watch. **2.** ધ્યાન આપવું; કાળજી રાખવી. To be careful to; to be attentive. **3.** અમુક દિશામાં ફેલાવું; આડા જવું-ફાટવું. To follow in a certain course; to move in a particular way. **4.** ફળ થવું; નિપજવું; ઉદ્દેશ ધરાવવો. To serve as a result; to have a motive for.

Tendency (ટેન્ડેન્સિ), *n.* મનનું વલણ; ઇચ્છા; ધોરણ; રૂખ; માનસિક ઝોક. A mental inclination; an attitude; a particular course.

Tender *n.* (ટેન્ડર્), ઇજારાને માટે માંગણી કરવી તે; હાજર કરવું તે; નિવેદન. An offer for any contract; a proposal for the supply of any goods. **2.** બરદાસ રાખનાર; ચાકરી ઉઠાવનાર. One, who tends. *a.* કોમળ; સુકુમાર; સુંવાળું; પોચું; નાજુક. Delicate; soft; smooth; yielding. **2.** રસિક; કરૂણા જનક; કરૂણાત્મક. Interesting; pathetic. **3.** માયાળુ; નમ્ર. Gentle; humble. *vt.*-ને માટે ફીકર ધરાવવી; કાળજી રાખવી. To have a care for. **2.** નિવેદન કરવું; નિરૂપણ કરવું. To offer in words.

Tenderly (ટેન્ડર્લિ), *ad.* નાજુકાઇથી; દયાળુપણે; કોમળતાથી. Softly; gently; mercifully.

Tenderness (ટેન્ડર્નેસ્), *n.* નાજુકાઈ; દયાળુપણું; કોમળતા. A quality of being tender; softness.

Tendinous (ટેન્ડિનસ્), *a.* સ્નાયુનું; નસ સંબંધી; સ્નાયુમય. Of or pertaining to a sinew or sinews; sinewy. [A sinew.

Tendon (ટેન્ડૉન્), *n.* સ્નાયુ; શિરા; સંધી બંધન.

Tendril (ટેન્ડ્રિલ્), *n.* કુંળી ડાંખળી; વેલો; વાળો. A tender twig; a slender plant.

Tenebrous (ટેનીબ્રસ્), *a.* શામળું; કાળું; શોકવાળું. Blackish; dark; sad.

Tenement (ટેનીમેન્ટ), *n.* જાગીર; વતન; ગિરાસ; રહેવાનું મકાન-ઘર. A fief; a habitation; a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

dwelling place.

Tenet (ટેનેટ્), *n.* અભિપ્રાય; મત; વિચાર; સિદ્ધાંત. An opinion; a principle; a dogmatic belief.

Tenfold (ટેન-ફોલ્ડ્), *a. ad.* દશ ઘણુ-ગણું; દશપટ. Ten times repeated.

Tennis (ટેનીસ્), *n.* દડા અને જાળીવાળા બેટ સાથે રમાતી એક પ્રકારની રમત. A kind of play, practised with a ball and with a racket.

Tenon (ટેનૉન્), *n.* લાકડાનું સાલ. The part of a mortise. *vt.* લાકડાનું સાલ કાઢવું. To fit for a mortise.

Tenor (ટેનૉર્), *n.* અભિપ્રાય; ધોરણ; હેતુ; અર્થ. A meaning; a purport. **2.** ગતિ; વલણ; રીત. A mode; an inclination. **3.** (*Law*) ખરી નકલ; ખરી પ્રત. An exact copy of a writing.

Tense (ટેન્સ્), *n.* (વ્યાકરણમાં) કાળ. The indication of time in grammar. *a.* મજબુત; તંગ; એકદમ ખેંચાતું; તસ તસ થાય તેવું. Tight; rigid; not lax.

Tensible (ટેન્સિબલ્), *a.* ખેંચાય તેવું; તાણી શકાય તેવું; ખેંચતાં લાંબુ થઇ શકે તેવું. Capable of being extended or stretched.

Tensibleness (ટેન્સિબલનેસ્), *n.* ખેંચતાં લાંબુ થઈ શકે તેવો ગુણ; તાણી શકાય તેવી સ્થિતિ હોવી તે. A state of being tensible.

Tension (ટેન્શન્), *n.* તાણીને લાંબુ કરવું તે; તસતસાટ; સંકોચ; ખેંચ કરવી તે. An act of stretching; a state of being stretched.

Tensity (ટેન્સિટિ), *n.* લાંબુ થઈ શકે તેવું હોવું તે; ખેંચતા મોટું થવું તે; સંકુચિતતા. A state of being tense.

Tent (ટેન્ટ્), *n.* તંબુ; ડેરો; રાવટી. A portable lodge, made of canvas. *vi.* તંબુમાં રહેવું; તંબુમાં મુકામ કરવો; પડાવ કરવો. To lodge in a tent.

Tentative (ટેન્ટેટિવ્), *a.* અજમાયશનું; પરીક્ષા થઈ શકે તેવું; કસવા જેવું Pertaining to a trial; of a test. *n.* કસોટી; પ્રયોગ. An experiment; a trial.

Tenter (ટેન્ટર્), *n* કારખાનામાં યંત્રની દેખરેખ રાખનાર; કાપડને બરાબર રીતે સૂકવનાર સંચો. One who looks after machines in a manufactory; a machine used in drying cloth in a manufactory.

Tenth (ટેન્થ્), *a. n.* દશમો; દશમો ભાગ; દશમી સંખ્યા. Next in order after the ninth; the number following the ninth.

Tenuity (ટેન્યૂઈટિ), *n.* પાતળાપણું; સૂક્ષ્મતા; ઝીણવટ; બારીકાઇ. Thinness; a state of being tenuous.

Tenuous (ટેન્યૂઅસ્), *a.* પાતળું; ઝીણું; બારીક; સૂક્ષ્મ. Thin; slender; minute.

Tenure (ટેન્યૂર્), *n.* સ્થાવર મિલ્કતનો ઉપભોગ અથવા ભોગવટો કરવો તે; સ્થાવર મિલ્કત ભોગવવાનો હક; ઉપભોગ પ્રકાર. An act or a right of possessing as property.

Tepefy (ટેપીફાઇ), *vt. vi. pr. p.* **Tepefying.** *imp.* & *p. p.* **Tepefied.** સહેજસાજ ગરમ કરવું; ગરમ થવું; કોકરવરણું કરવું-થવું. To make or be moderately warm.

Tepid (ટેપિડ્), *a.* છેક ટાઢું નહિ તેવું; કોકરવરણું; સહેજ ગરમ. Slightly warm; moderately warm.

Tepidness, Tepidity (ટેપિડ્નેસ્, ટેપિડિટિ), *n.* સાધારણ ગરમ હોવું તે; કોકરવરણું થવું તે. A state of being tepid; moderate warmth.

Teraph (ટેરૅફ્), *n. pl.* **Teraphim.** કુળદેવી; ગોત્ર દેવી; ગોત્ર દેવતા. A household deity; a family image of a deity.

Term (ટર્મ્), *n.* સીમા; હદ; અવધિ. A limit; an end; a boundary. **2.** મુદત; ચોક્કસ કાળ અથવા સમય; વાયદો; 'ટર્મ'; સત્ર. A period of time defined or designated. **3.** પદ. A member of a compound quantity. **4.** બોલી; કરાર; સંકેત. An agreement; a condition. **5.** વ્યવહાર; વૃત્તિ. Communication; an intercourse. *vt.* સંજ્ઞા આપવી; કહેવું; બોલાવવું. To denote; to designate; to name.

Termagancy (ટર્મૅગૅન્સિ), *n.* બંડ; તોફાન; હુલ્લડ. Turbulence; a state of being termagnant.

Termagant (ટર્મૅગૅન્ટ્), *a.* તોફાની વૃત્તિનું; ટંટાખોર; બંડખોર. Tumultuous; riotous. *n.* વઢકણી સ્ત્રી; શંખણી; કજીઆખોર સ્ત્રી. A boisterous woman.

Terminable (ટર્મિનેબલ્), *a.* મર્યાદા બંધાઇ શકે તેવું; હદ બાંધી શકાય તેવું. Capable of being terminated.

Terminal (ટર્મિનલ્), *a.* અંતનું; છેડાનું; છેવટનું. Of or pertaining to an end; having an end or extremity. *n.* છેડો; અંત; છેવટનો ભાગ. An end; an extremity.

Terminate (ટર્મિનેટ્), *vt. vi. pr. p.* **Terminating.** *imp.* & *p. p.* **Terminated.** સીમા બાંધવી; હદ બાંધવી; મર્યાદા બાંધવી; છેડો લાવવો. To bound; to limit; to set an end to. **2.** સમાપ્ત કરવું; પુરૂં કરવું. To complete; to finish. **3.** સમાપ્ત થવું; પુરૂં થવું. To be at an end.

Termination (ટર્મિનેશન્), *n.* અંત; છેડો; છેવટનો ભાગ; છેવટ; સીમા; અવધિ. An end; the final or last portion; a limit. **2.** પરિણામ; અંત. A result; an issue. **3.** પ્રત્યય; અંત્યાક્ષર A part annexed to a root; a word added.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Terminator (ટર્મિનેટર્), *n.* સીમા અથવા હદ બાંધનાર-નક્કી કરનાર. One, who terminates. **2.** ચંદ્રના અપ્રકાશિત અને પ્રકાશિત ભાગની વચ્ચેની કલ્પિત લીટી. The imaginary line between the shining and unilluminating part of the moon.

Terminology (ટર્મિનૉલૉજિ), *n.* શબ્દ; સંજ્ઞાશાસ્ત્ર; પરિભાષિક શબ્દ; સંકેત. A doctrine or treatise on terms.

Terminus (ટર્મિનસ્), *n. pl.* **Termini.** મર્યાદા; છેડો; હદ; હદ બતાવવા સારૂ ગોઠવેલા પત્થર. A limit; a boundary; a border; a pillar or stone arranged or fixed to show a boundary.

Termite (ટર્માઇટ્), *n.* ઉધઇ; કંસારી. One of the species of insects.

Termless (ટર્મ્લેસ્), *a.* મર્યાદા સિવાયનું; નામ ન આપી શકાય તેવું; સંજ્ઞા વિનાનું. Devoid of any term or designation.

Tern (ટર્ન્), *a.* ત્રણવાળું; ત્રણ હોય તેવું. Threefold; triple; consisting of three.

Terrace (ટેરેસ્), *n.* અગાસી; ધાબું; ઓટલો; ચોતરો. A flat roof of a house; a level plain. **2.** ગોખ; છજું. A balcony. *vt.* અગાસી બનાવવી; ધાબું કરવું. To form into a terrace.

Terraqueous (ટેરેક્વીઅસ્), *a.* જળ સ્થળ મય; જમિનનું અને પાણીનું; જળસ્થળાત્મક. Consisting of water and land.

Terrene (ટેર્-રીન્), *a.* પૃથ્વીનું; ભૂલોકનું; ઐહિક; લૌકિક. Of the earth; belonging to the earth.

Terrestrial (ટેર્-રેસ્ટ્રિઅલ્), *a.* Same as, **Terrene.**

Terrible (ટેર્-રિબલ્), *a.* ભયંકર; ત્રાસદાયક; ભયાનક; ઘોર; દારૂણ; ઉગ્ર; બિહામણું. Dreadful; formidable; dangerous; exciting fear.

Terribleness (ટેર્-રિબલનેસ્), *n.* ભયંકરપણું; ભયાનક સ્થિતિ; ઉગ્રતા; બિહીમણાપણું. A state of being terrible; dread.

Terribly (ટેરિબ્લિ), *ad.* ભયંકરપણે; ભયાનક રીતે; ઉગ્રતાથી. In a terrible way or manner.

Terrier (ટેરીઅર્), *n.* એક જાતનો તીવ્ર ઘ્રાણેન્દ્રિયવાળો શિકારી કુતરો. A small veriety of dog.

Terrific (ટેરિફિક્), *a.* Same as, **Terrible.**

Terrify (ટેરિફાઇ), *vt. pr. p.* **Terrifying.** *imp. & p. p.* **Terrified.** બીવરાવવું; ભયંકર બનાવવું; ચોંકાવવું; ત્રાસ ઉત્પન્ન કરવો. To frighten; to shock with fear.

Territorial (ટેરિટૉરિઅલ્), *a.* મુલકનું; મુલક સંબંધી; જમિન સંબંધી; મુલ્કી. Of or pertaining to territory or land. **Territorial force,** *n.* મુલ્કી લશ્કર; જમિન ઉપર રહીને લડનાર લશ્કર.

Territory (ટેર્-રિટૉરિ), *n. pl.* **Territories.** મૂલક; પ્રદેશ; ભૂમિ. A country; a region; a land; a dominion.

Terror (ટેરૉર્), *n.* ઘણોજ ભય; અતીશય બીક; ત્રાસ. Fear that agitates the body and mind; extreme fear; dread.

Terrorist (ટેરૉરિસ્ટ્), *n.* ભયથી રાજ્ય ચલાવનાર; ભય અથવા બીક ઉપજાવીને કામ લેનાર. One, who rules with terror.

Terrorize (ટેરૉરાઇઝ્), *vt.* ભય ઉપજાવવો; હેબક પમાડવી; ત્રાસ ઉપજાવવો. To impress with fear or terror.

Terse (ટર્સ્), *a.* શબ્દની ખુબી સાથે ટુંકું; સંક્ષિપ્ત. Elegantly concise or short. **2.** ઘસેલું; સાફ કરેલું. Polished; rubbed. **3.** ચાલાક; સુશિક્ષિત. Active; refined.

Terseness (ટર્સ્નેસ્), *n.* શબ્દની ખુબી સાથે ટુંકું હોવું તે; ચાલાકી; સુશિક્ષિતપણું. A state or quality of being terse.

Tertian (ટર્શૅન્), *a.* દરેક ત્રીજે દિવસે બનતું-થતું; ત્રીજે ત્રીજે દિવસે આવતું. Happening every third day. *n.* એકાંતરિયો તાવ. An intermittent fever, which occurs every third day.

Tesselated (ટેસ્-સેલેટેડ્), *a.* ચોકડીદાર; ખાના ખાનાવાળું. Formed of little squares; designed like a checkered board.

Test (ટેસ્ટ્), *n.* અજમાયેશ; પરીક્ષા; કસોટી; પારખ. A critical trial; an examination. **2.** પરીક્ષા કરવાનું સાધન. A means of an examination. **3.** વિચારબુદ્ધિ; પારખવાની શક્તિ. A judging capacity. **4.** સોના, રૂપા, વિગેરે ધાતુઓને ઓગાળવાની કુલડી-કુલ્લી. A vessel used in refining, gold or silver. *vt.* પારખવું; શોધન કરવું; વિવેક બુદ્ધિથી તપાસવું અથવા જોવું. To refine; to see the purity of; to examine judiciously.

Testaceous (ટેસ્ટેશસ્), *a.* સીપનું બનેલું; સીપના જેવું; સીપવાળું. Formed of a shell or shells; resembling or pertaining to shells.

Testament (ટેસ્ટમેન્ટ્), *n.* મૃત્યુપત્ર; મૃત્યુલેખ; વસિયતનામું. A will; a duly executed document, the effects of which survive the testator. **2.** સંહિતા; કરાર. Divine revelations.

Testamental (ટેસ્ટમેન્ટલ્), *a.* સંહિતાને લગતું; કરારનું. Pertaining to the Testament.

Testamentary (ટેસ્ટમેન્ટરિ), *a.* મૃત્યુપત્રનું; 'વીલ'ને લગતું; વસિયતનામાના આધારે થયેલું; વસિયતનામામાં ઠરાવેલું. Pertaining to a testament; ascertained by a will or a testament.

Testate (ટેસ્ટેટ્), *n.* વસિયતનામું કરીને મરી જનાર માણસ. One, who leaves a will at his death. *a.* વસિયતનામું કરીને મરણ પામેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Dead after leaving a will.

Testator (ટેસ્ટેટૉર્), *n.* વસિયતનામું કરનાર-યોજનાર; 'વીલ' કરનાર. A man, leaving a valid will at his death.

Testatrix (ટેસ્ટેટ્રિક્સ્), *n.* વસિયતનામું કરીને મરણ પામનાર સ્ત્રી; 'વીલ' કરનાર સ્ત્રી. A woman leaving a valid will at her death.

Testicle (ટેસ્ટિક્લ્), *n.* વૃષણ; ઝાંડવો; અંડ. A gland, which secrets the semen.

Testification (ટેસ્ટિફિકેશન્), *n.* કોઇને વિષે ખાત્રીપૂર્વક કંઈ કહેવું તે; પ્રતિજ્ઞાપૂર્વક જણાવવું તે. An act of testifying.

Testify (ટેસ્ટિફાઇ), *vt. pr. p.* **Testifying.** *imp. & p. p.* **Testified.** કોઇ વિષે ખાત્રી કરીને કહેવું; અજમાયેશ કરવી; સાક્ષી આપવી-પુરવી. To bear witness.

Testimonial (ટેસ્ટિમોનિઍલ્), *n.* પ્રમાણપત્ર; સુનામપત્ર; ભરોસાપત્ર-ખત; 'સર્ટિફિકેટ'. A certificate, in favour of some one's character or work.

Testimony (ટેસ્ટિમૉનિ), *n.* કબૂલાત; સાહેદી; જુબાની; પુરાવો; પ્રતિજ્ઞા ઉપર આપેલી જુબાની. A solemn declaration, made for proving some facts; a divine revelation.

Testiness (ટેસ્ટિનેસ્), *n.* ચિડિયાપણું; ઝાંઝી સ્વભાવ હોવો તે; ચીડ; તામસ. A state of being testy.

Testy (ટેસ્ટિ), *a.* ધુંધવાતું; કરડું; તામસી; ઝાંઝી. Fretful; petulent.

Tether (ટેધર્), *n.* ઘોડાનું અથવા પશુનું દામણ; દામણ; પશુને બીડમાં ચરવા સારૂં લાંબું બાંધેલું દોરડું. A long rope or chain by which an animal is fastened. *vt.* દોરડું બાંધવું; પશુને દોરડું બાંધીને ચરવા છુટું મૂકવું. To fasten with a chain or long rope.

Tetragon (ટેટ્રગૉન્), *n.* ચોખૂણ; ચાર ખૂણાની આકૃતિ. A plane figure having four angles and four sides.

Tetter (ટેટર્), *n.* દાદર, વિગેરે ચામડીનો રોગ. A kind of skin disease.

Tew (ટ્યૂ), *n.* હોડીને ઘસડીને લઇ જવાનું દોરડું અથવા સાંકળ. A rope or chain for towing a boat. *vt.* ચામડું, શણ, વિગેરે ધુંટીને તૈયાર કરવું. To prepare by beating as leather, hemp, etc.

Text (ટેક્સ્ટ), *n.* મૂળ વચન; પાઠ્ય પુસ્તક; મૂળ. An original book; a prescribed book for study; an original matter. **2.** મોટા અક્ષરે લખવાની પદ્ધતિ. A way of writing with capital letters. *vt.* મોટા અક્ષરે લખવું. To write in large or capital letters.

Textile (ટેક્સ્ટાઇલ્), *a.* વણેલા કપડાં સંબંધી; વણેલા કપડાનું; વણીને તૈયાર કરેલું. Of woven fabrics.

Textual (ટેક્સ્ટ્યૂઍલ્), *a.* મૂળનું; પાઠ્ય પુસ્તક વિષેનું; અસલનું; શરૂઆતનું. Original; of the text-book; pertaining to the beginning of anything.

Texture (ટેક્સ્ટ્યૂર્), *n.* પોત; વણાટ; કૂમાશ; વણતર. The way of weaving; the fineness of a fabric, woven.

Than (ધૅન્), *conj.* -ના કરતાં; કરતાં; થી; -નાથી. A word, denoting comparison.

Thank (થૅન્ક), *vt.* આભાર માનવો; પાડ માનવો; ઉપકાર માનવો-સ્વીકારવો; ધન્યવાદ આપવો; સાબાશી આપવી. To express a sense of gratitude; to accept the kindness of. *n. sing.* or *pl.* પાડ; આભાર; ઉપકાર; કૃતજ્ઞતા. An expression of gratitute; an obligation.

Thankful (થૅન્ક્ફુલ્), *a.* આભારી; ઉપકારી; કૃતજ્ઞ. Grateful; impressed with the sense of obligation.

Thankfulness (થૅન્ક્ફુલનેસ્), *n.* આભાર માનવો તે; ઉપકારી બનવું તે; પાડ દર્શાવવો તે; આભાર. A state of being thankful.

Thankfully (થૅન્ક્ફુલલિ), *ad.* આભારપૂર્વક; કૃતજ્ઞતાપૂર્વક; ઉપકારપૂર્વક. In a thankful way; gratefully.

Thankless (થૅન્ક્લેસ્), *a.* આભાર વિનાનું; કૃતઘ્ન; અગુણગ્રાહી. Unthankful; not ready to receive thanks.

Thanklessness (થૅન્ક્લેસનેસ્), *n.* આભાર વિનાનું હોવું તે; કૃતઘ્નતા; અવગુણગ્રાહીપણું. A quality of being ungrateful.

That (ધૅટ્), *a. pro. pl.* **Those.** તે; એ; પેલું; જે તે. A word referring to a person or a thing previously mentioned. *conj. ad.* કે; કારણકે; સાટીકે. Because; for; in order that.

Thatch (થૅચ્), *n.* છાપરા ઉપર ખડકેલું પરાળ અથવા સૂકું ઘાસ; છાજ; પરાળ. Straw, rushes, etc. used to cover the roofs. *vt.* છાજવું; છાવણ કરવું; પરાળથી ઢાંકવું. To cover with thatch.

Thatcher (થૅચર્), *n.* છાજનાર; છાપરા ઉપર ઘાસ વિગેરે ગોઠવીને બરાબર મૂકનાર-કરનાર. One, who thatches.

Thaumaturgy (થૉમૅટર્જિ), *n.* તાજુબ થવું તે; વિસ્મય બનાવવું તે; ચમત્કૃતિ; હાથચાલાકીનો ખેલ. An act of performing something wonderful; legerdemain.

Thaw (થૉ), *vt. vi.* પીંગાળવું; ઓગાળવું; પાણી કરી નાંખવું. To reduce to a watery state; to melt. **2.** પાણી થઇ જવું; પીંગળવું; નરમ થઈ જવું. To be melted; te be reduced to a

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

watery state.

The (ધી), *n.* નામની પહેલા વાપરવામાં આવતો નિશ્ચયાત્મક શબ્દ. A word used before a noun or nouns or before an adjective.

Theatre, Theater (થીએટર્), *n.* રંગભૂમિ; નાટકશાળા; નાટચગૃહ. A play-house; building, where dramatic spectacles are shown.

Theatrical (થીઍટ્રિકલ્), *a.* રંગભૂમિને લગતું; નાટકશાળાનું; નાટચગૃહની બાબતમાં. Of or pertaining to a theatre.

Theft (થૅફ્ટ), *n.* ચોરી; સ્તેય; ચોરીનું કામ. An act of stealing; a larceny.

Their,-s (ધેર્, ધેર્સ્), *pro.* તેઓનું; એમનું. The possessive form of the pronoun they.

Theism (થીઇઝમ્); *n.* પરમેશ્વર છે એવો મત; આસ્તિકચવાદ. A doctrine about the existence of God.

Theist (થીઇસ્ટ), *n.* ઇશ્વરના અસ્તિત્વમાં માનનાર; આસ્તિક. One, who believes in God's existence.

Theistic,-al (થીઇસ્ટિક્,-કલ્) *a.* ઇશ્વરવાદનું; આસ્તિક સંબંધી; ઇશ્વર છે એવો મત માનનારની બાબતનું. Pertaining to theism or a theist.

Theme (થીમ્), *n.* વિષય; બાબત; પ્રકરણ; વસ્તુ. A topic; a subject; a thing of discussion.

Them (ધેમ્), *pro* તેમને; તેઓને. The objective case, in plural number of the pronoun he, she and it. **Themselves,** *pro.* તેઓની મેળે; તેઓ જાતે. Reflexive plural form of the third personal pronoun.

Then (ધેન્), *ad.* ત્યારે; તે વખતે; પછી; ત્યાર પછી; આ પછી. At that time; afterwards; after that or this event.

Thence (ધેન્સ્), *ad.* ત્યાંથી; તે વખતથી; તે જગ્યાએથી. From that place; from that period or time.

Theocracy (થીઑક્રેસિ), *n.* ઇશ્વર સત્તાક રાજ્ય; ધર્મગુરૂઓથી ચલાવાતો રાજ્યકારભાર. Government, by the immediate power of God; the political power, exercised by priests.

Theocratic,-al (થીઑક્રેટિક્,-કલ્), *a.* ઇશ્વર સંબંધી; ઇશ્વર રાજ્યનું; ઐશ્વરી સત્તાવિષયક. Of or pertaining to theocracy.

Theogony (થીઑગોનિ), *n.* દેવોત્પત્તિ; દેવવંશ. The generation of a god or gods.

Theologian (થીઑલૉજિઍન્), *n.* વેદાંતી; ઇશ્વર શાસ્ત્રવાદી; બ્રહ્મજ્ઞાની. A person well-versed in the study of theology.

Theology (થીઑલૉજિ), *n.* દેવજ્ઞાન; ઈશ્વર સંબંધી જ્ઞાન અથવા વિદ્યા; વેદાંત; તત્વજ્ઞાન. The science of Divinity or of God.

Theorem (થીઑરેમ્), *n.* સાધ્ય પ્રતિજ્ઞા; સિદ્ધાંત; પ્રમેય. A statement, on which some of the principles are based.

Theoretic,-al (થીઑરેટિક્,-કલ્), *a.* વ્યવહારોપયોગમાં ન આવે તેવું; સિદ્ધાંત વિષયક; કાલ્પનિક. Of or pertaining to a theory or theories; based on an imagination; not practical.

Theorist (થીઑરિસ્ટ્), *n.* મનકલ્પિત વાત રજુ કરનાર-કહેનાર; ફક્ત મ્હોંડાથી વાતોજ કરનાર. One, who believes in theories only; one, who forms theories.

Theorize (થીઑરાઈઝ્), *vt. pr. p.* **Theorizing.** *imp. & p. p.* **Theorized.** સિદ્ધાંત રચવો; તર્ક બાંધવો; કલ્પતા કરવી; અનુમાનસિદ્ધ વાત કરવી. To form a theory on; to infer on certain propositions.

Theory (થીઑરિ), *n. pl.* **Theories.** મન કલ્પના; અનુમાન; વિદ્યાનો નિયમ; તર્ક; વિતર્ક; માનસ સૃષ્ટિ; સિદ્ધાંત. A supposition; an inference based on certain facts; a hypothesis.

Theosophic,-al (થીઑસૉફિક્,-કલ્), *a.* બ્રહ્મ જ્ઞાનને લગતું; તત્વજ્ઞાન વિષયક. Pertaining to theosophy.

Theosophy (થીઑસૉફ), *n.* બ્રહ્મવિદ્યા; બ્રહ્મજ્ઞાન; તત્વજ્ઞાન. The philosophy, which proposes to know God or the supreme Spirit.

Therapeutic (થીરૅપ્યૂટિક્), *a.* રોગ નિવારક; રોગ પ્રતિકારક. Healing or curing a disease or diseases. *n.* રોગનિવારક ઉપચાર; રોગ પ્રતિકારક ઇલાજ-ઉપાય; રોગચિકિત્સા. A remedy healing the diseases.

There (ધેર્), *ad.* ત્યાં; ત્હાં; પણે; તે જગ્યાએ; તે સ્થળે; તે ઠેકાણે; (વાકયની શરૂઆતમાં આ શબ્દ સ્થળવાચક ક્રિયાવિશેષણ છે, પણ તેનો કાંઇ ઉપયોગ નથી). In that place; at that place; to that place. **There-about,** *ad.* તે જગ્યાની આસપાસ; આશરે એટલામાં. **There-after,** *ad.* ત્યારબાદ; તે પછી. **There-at,** *ad.* તે જગ્યાએ; ત્યાં. **There-by,** *ad.* તેથી; તેને લીધે. **Therefore,** *ad.* તેટલા માટે; તે સારૂ. **There-of,** *ad.* તેમાંનું. **There-in,** *ad.* તે સ્થળે; તે જગ્યામાં. **There-upon,** *ad.* એથી; એ ઉપરથી. **There-with,** *ad.* તે ઉપરાંત; વધારામાં.

Thermal (થર્મલ્), *a.* ઉનું; ગરમ; ઉષ્ણ; ગરમીવાળું. Hot; warm; pertaining to heat.

Thermic (થર્મિક્), *a.* Same as, **Thermal.**

Thermometer (થર્મોમીટર્), *n.* શીતોષ્ણ માપક યંત્ર; ઉષ્ણમાન યંત્ર. An instrument measuring temperature.

These (ધીસ્), *a. pro.* આ. The plural [from of this.

Thesis (થેસિસ્), *n. pl.* **Theses.** પક્ષ; પૂર્વપક્ષ; પ્રતિક્ષા; નિબંધ; પ્રબંધ. A proposition; an exercise; an essay.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

They (ધે), *pro.* તેઓ; તે. The plural form of the pronoun, he she and it.

Thick (થિક્), *a.* જાડું; ઘાડું; પાસે પાસે આવેલું; ખીચોખીચ. Not thick; dense; closely situated. **2.** ડોળાયેલું; ચોકખું નહિ તેવું; આરપાર દર્શક ન હોય તેવું. Muddy; turbid. *n.* જાડામાં જાડો ભાગ; ઝાડી. The thickest portion of anything; a thicket. *ad.* ખીચોખીચ; અડોઅડ; પાસે પાસે. Closely; in a dense way.

Thicken (થિકન્), *vt. vi. pr. p.* **Thickening.** *imp. & p. p.* **Thickened.** જાડું કરવું; ડોળવું; ઘટ્ટ બનાવવું. To make dense; to render thick. **2.** જાડું થવું; થિજી જવું; ઘટ્ટ બનવું. To be thick; to become dense.

Thicket (થિકેટ્), *n.* ઝાડી; ઝુંડ; વૃક્ષ સમૂહ. A wood; a collection of trees, etc.

Thickly (થિકલિ), *ad.* ઘટ્ટપણે; જાડાઇમાં; સ્થૂલપણે; અડોઅડ રીતે. In a thick way or manner.

Thickness (થિકનેસ્), *n.* જાડું થવું તે; સ્થૂલતા; ડોળાઇ જવું તે; જાડાઈ; ઘટ્ટપણું. A state of being dense; density.

Thief (થીફ્), *n. pl.* **Thieves.** ચોર; તસ્કર; ચોરવાનો ધંધો કરીને પેટ ભરનાર. One, who commits theft; a person, guilty of theft.

Thieve (થીવ્), *vi.* ચોરી કરવી; ચોરવું; છાનુંમાનું લઈ લેવું. To steal; to practise theft.

Thievery (થીવરિ), *n.* ચોરીનો ધંધો; ચોરી; ચૌરકર્મ-કાર્ય. The practice of a thief; a theft.

Thievish (થીવિશ્), *a.* ચોરીનું; ચોરી કરવાની વૃત્તિનું; હરામ હાનતનું. Prone to stealing; given to theft.

Thigh (થાઈ), *n.* જાંગ; થાપો; સાથળ. The thick fleshy part of the leg between the knee and the trunk. **Thigh-bone,** *n.* જાંગનું હાડકું.

Thimble *n.* (થિમ્બલ્), દરજીની અંગુઠી (સીવતી વખતે પહેરવાની). A metal cap for the finger, generally used by a tailor at the time of sewing.

Thin (થિન્), *a.* પાતળું; બારીક; ઝીણું; સૂક્ષ્મ. Containing a fine surface; lean; minute. **2.** આછું; અડોઅડ ન હોય તેવું. Not close or crowded. *vt. vi. pr. p.* **Thinning.** *imp. & p. p.* **Thinned.** પાતળું કરવું; ઝીણું કરવું; આછું કરવું-બગાડવું. To render thin; to make less. **2.** પાતળું થવું; ઝીણું થવું. To be reduced to thinness.

Thine (ધાઇન્), *pro.* ત્હારો-રી-રૂં. The possessive form of the pronoun thou.

Thing (થિન્ગ્), *n.* વસ્તુ; ચીજ; જણસ; વાત; બાબત; દ્રવ્ય; પદાર્થ. An object; a substance, a matter. **2.** *pl.* સરસામાન; ચીજો; વસ્તુઓ. Articles in general; luggage.

Think (થિન્ક્), *vt. vi. pr. p.* **Thinking.** *imp. & p. p.* **Thought.** વિચારવું; ધારવું; માનવું; કલ્પના કરવી; સમજવું; જાણવું. To suppose; to bring to the mind; to infer; to understand; to know. **2.** જણાવું; લાગવું. To appear; to feel. **3.** મનન કરવું; ચિંતવન કરવું. To meditate. **4.** ગણવું; લેખવું; ધારવું. To judge; to presume; to conceive.

Thinker (થિન્કર્), *n.* વિચારીને અથવા સમજીને કાર્ય કરનાર; વિચારશક્તિનો ઉપયોગ કરનાર. One, who thinks.

Thinking (થિન્કિન્ગ્), *n.* ધારવું તે; ધારણા; વિચારશક્તિ. A judgment; an imagination.

Thinly (થિનલિ), *ad.* આછું; થોડું; થોડી રીતે; આછી રીતે. In a thin way or manner.

Thinness (થિનનેસ્), *n.* પાતળા હોવું તે; બારીકાઇ; સૂક્ષ્મતા; પાતળાપણું. A state of being thin.

Third (થર્ડ્), *a.* ત્રીજું; તીજું. Of the number, succeeding the second. *n.* ત્રીજી સંખ્યા; ત્રીજો ભાગ. The quotient of a unit, divided by three.

Thirdly (થર્ડ્લિ), *ad.* ત્રીજું; ત્રીજી રીતે. In thet hird place or manner.

Thirst (થર્સ્ટ્), *n.* તરસ; પ્યાસ. A desire for water. **2.** (*fig.*) તૃષ્ણા; આશા. A desire; a longing. *vi.* તરસ લાગવી; તરસ્યા થવું; પાણી પીવાની ઇચ્છા થવી. To have a desire for water; to desire water.

Thirstiness (થર્સ્ટિનેસ્), *n.* તરસ્યા થવું તે; તૃષાતુર હોવું તે. A state of being thirsty.

Thirsty (થર્સ્ટિ), *a.* તરસ્યું; પાણી પીવાની ઇચ્છાવાળું; તૃષાળુ. Feeling thirst; parched with thirst.

Thirteen (થર્ટીન્), *a.* તેર; ૧૩. Three more than ten. *n.* તેરની સંખ્યા-આંકડો. The figure representing thirteen units.

Thirteenth (થર્ટીન્થ્), *a.* ૧૩મું; તેરમો-મી-મું. Next in order of the twelfth. *n.* તેરમો ભાગ; તેરમી સંખ્યા. The quotient of a unit divided by thirteen.

Thirtieth (થર્ટિએથ્), *a.* ૩૦મું; ત્રીસમું. Of the number, succeeding twenty ninth. *n.* ૩૦મી સંખ્યા; ત્રીસમો ભાગ. The quotient of a unit divided by thirty.

Thirty (થર્ટિ), *a.* ત્રીસ; તીસ; ૩૦. Of the number following twenty nine. *n.* ત્રીસની સંખ્યા. A figure, representing thirty.

This (ધિસ્), *a. pro. pl.* **These.** આ. A word, denoting some thing that is present or near in place.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Thistle (થિસલ્), *n.* એક જાતનું કાંટાળું ઝાડ; જળવાસો (કાંટાળા છોડવાનું નામ છે). A kind of prickly plant.

Thither (ધિધર્), *ad.* ત્યાં; પેલી તરફ; પેલી બાજુ There; towards that place or direction. 2. એ પરિણામે-થી; તે પરિણામ તરફ. To that result. **Thither-ward,** *ad.* તેણી તરફ; તે બાજુએ.

Thong (થૉન્ગ્), *n.* ચામડાની દોરી; વાધરી; ચામડાનો બંધ. A leather-strap; a leather-band.

Thorax (થોરૅક્સ્), *n.* છાતી; વક્ષસ્થળ; ઉરસ્થળ. The part between the neck and abdomen.

Thoracic (થોરૅસિક્), *a.* છાતીનું; વક્ષઃ સ્થળમાંનું; છાતીને લગતું. Pertaining to the thorax.

Thorn (થૉર્ન્), *n.* કાંટો; શૂળ; કંટક. A hard and pointed projection of a shrub. 2. કાંટાનું ઝાડ; કાંટાળો છોડ. A prickly shrub.

Thorny (થૉર્નિ), *a.* કાંટાળું; કાંટાવાળું; પીડા કરે તેવું. Containing a thorn or thorns; full of thorns.

Thorough (થરો), *a.* આરપાર પહોંચી જાય તેવું; પાકું; પકવ; કુશળ. Passing from one end to onother; complete; perfect. *prep.* માં; અંદર Through. **Thorough-bred,** *a.* જાતવાંન; ઉંચામાં ઉંચી ઓલાદનું. **Thorough-going,** *a.* બધી બાબતનું કામ કરે તેવું;આવડતવાળું.

Thorough-fare (થરો-ફેર્), *n.* ધોરી રસ્તો; રાજ માર્ગ; ખુલ્લો માર્ગ. A main road; a public road.

Thoroughly (થરોલિ),*ad.* પૂરેપૂરી રીતે; સંપૂર્ણપણે; સારી પેઠે-રીતે. Completely; entirely; perfectly.

Those (ધોસ્), *a. prn.* તેઓ; પેલા. Plural of **That.**

Thou (ધાઉ), *pro.* તું; આ શબ્દ પ્યારમાં અથવા તિરસ્કારમાં વપરાય છે. The second person pronoun in the singular form. *vt. vi.* તું, કહીને બોલાવવું; તુંકારો કરવો. To address as thou.

Though (ધો), *conj.* જોકે; અગર જો; તેમ છતાં; જોકે-તથાપિ તોપણ. Although; notwithstanding; however.

Thought (થૉટ્), *n.* વિચાર; અભિપ્રાય; ચિંતવન; વિચારણા; સંકલ્પ; મનોવૃત્તિ. An idea; a notion; a meditation; a reflection. *pt.* વિચાર્યું; ધાર્યું; ઈચ્છ્યું. *imp.* of the verb **Think,**

Thoughtful (થૉટ્ફુલ્),*a.* વિચારવંત; વિવેકશિલ; બુદ્ધિપૂર્વક યોજેલું; લક્ષ્ય આપનાર.

Thoughtfulness (થૉટ્ફુલનેસ્), *n.* વિચારપૂર્વક કામ કરવું તે; બુદ્ધિપૂર્વક કાર્ય સાધવું તે. A state of being thoughtful.

Thoughtfully (થૉટ્ફુલલિ), *ad.* વિચારપૂર્વક; બુદ્ધિપૂર્વક; વિવેકશિલપણે. In a thoughtful way or manner.

Thoughtless (થૉટ્લેસ્), *a.* અવિચારી; વિચારહીન; મૂર્ખ; કાર્યમાં બુદ્ધિનો ઉપયોગ ન કરે તેવું. Imprudent; careless; unmindful of consequences.

Thoughtlessness (થૉટ્લેસ્નેસ્); *n.* અવિચારીપણું; અવિવેક; બુદ્ધિહીનતા. A state of being thoughtless; inattention.

Thousand (થાઉઝન્ડ્), *a.* હજાર; સહસ્ર. Ten hundred taken together. *n.* હજારની સંખ્યા. The number consisting of ten hundred. **Thousand-fold,** *a.* હજારગણું.

Thraldom (થ્રૉલ્ડમ્), *n.* ગુલામગિરી; દાસત્વ; ગુલામગિરી કરવી તે. Slavery; bondage.

Thrall (થ્રૉલ્), *n.* ગુલામ; દાસ. A slave; a servile servant; a bondman.

Thrash (થ્રૅશ્), *vt.* ઝાટકવું; ઝુડવું; ટપેરવું; ડફેરવું; ગુંદીપાક આપવો. To beat in a way as to separate grain from husk; to beat soundly. 2. વૈતરૂં કરવું; મજુરી કરવી. To labour; to toil.

Thread (થ્રેડ), *n.* દોરો; સુતર; તાર; રેસો; તંતુ; આંટો; પેચ. A very small twist of cotton, flax, wool, etc.; a fibre; a spiral part of a screw. *vt.*-માં દોરો ઘાલવો અથવા પરોવવો. To pass thread through the eye of.

Threadbare (થ્રેડ્બેર્), *a.* તારે તાર દેખાય એટલું ઘસાઇ ગયેલું; જીર્ણ થઇ ગયેલું. Worn out to the naked thread.

Threat (થ્રેટ્), *n.* ધમકી; ભય; ધાક. A menace; a threatening. *vt. vi.* બ્હીવરાવવું; ભયભીત કરવું; ચમકાવવું; ચમકવું. To make one frightened; to get alarmed.

Threaten (થ્રેટન્), *vt.* ધમકાવવું; બ્હીવરાવવું; ભયભિત કરવું; ભય દેખાડવો. To menace; to intimidate; to warn of danger.

Threatener (થ્રેટનર્), *n.* ધમકી આપનાર; બીવરાવનાર;ભય ઉપજાવનાર.One, who threatens.

Threatening (થ્રેટનિંગ્), *n.* ધમકી આપવી તે; ડર; બ્હીક. A menacing; an act of showing danger or fear.

Three (થ્રી), *a.* ત્રણ; ૩. Two added by one. *n.* ત્રણનો આંકડો. A figure showing three.

Threefold (થ્રીફોલ્ડ્), *a.* ત્રણગણા; ત્રણ પટ; ત્રણગણું. Consisting of thrice repeated.

Thresh (થ્રેશ્), *vt.* Same as, **Thrash.**

Threshold (થ્રેશોલ્ડ્), *n.* ઉમરો; ઉંબર; ઉંબરો. A doorsill; a plank. lying under a door. 2. (*jig.*) પ્રારંભ; શરૂઆત; આરંભ. A beginning; a commencement.

Thrice (થ્રાઇસ્), *ad.* ત્રણ વખત; ત્રણવાર.Three times; repeated by three times.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Thrift (થ્રિફ્ટ) *n.* કરકસર; ત્રેવડ; કાટકસર; મિતવ્યય. Frugality; economical management of the expense. **2.** સારી સ્થિતિ; આબાદ થતી હાલત. A thriving state.

Thriftily (થ્રિફ્ટિલિ), *ad.* કરકસરથી; મિતવ્યયપણે; ત્રેવડપૂર્વક. Frugally; in a thrifty way or manner.

Thriftiness (થ્રિફ્ટિનેસ્), *n.* કરકસર કરવી તે; મિતવ્યયી બનવું તે; ત્રેવડ કરવી તે. A state of being thrifty.

Thrifty (થ્રિફ્ટિ), *a.* કરકસરિયું; વિચારપૂર્વક ખરચ કરે તેવું; અલ્પવ્યયી; પૈસા જાળવીને બુદ્ધિપૂર્વક સાચવીને કામ કરનાર. Frugal; economical. **2.** આબાદ થતું; ઉન્નતિ પામતું. Prospering.

Thrill (થ્રિલ્), *vt. vi.* ભોંકવું; વિંધવું; આરપાર ઉતારવું; અંદર દાખલ કરવું. To pierce; to penetrate; to bore. **2.** કમકમાટી થવી; રોમાંચ ઉભા થવા. To have a quaking sensation. *n.* કમકમાટ; રોમાંચ ઉભા થવા તે; થરથરાટી. A shivering sensation; a tremulous excitement.

Thrive (થ્રાઇવ્), *vi. pr. p.* **Thriving.** *imp.* **Throve.** *p. p.* **Thriven.** સમૃદ્ધ થવું; પૈસા કમાવા; સમૃદ્ધિવાન બનવું; ઉદ્યોગ, કરકસર, અને મહેનત વિગેરેથી આગળ વધવું. To be prosperous; to have increase or success.

Throat (થ્રોટ્), ગળું; કંઠ; ગરદન. The part of the neck, joining the vertebral column. *vi.* ગળામાં બોલવું; અસ્પષ્ટ ઉચ્ચાર કરવા. To utter in the throat; to speak indistinctly, **To lie in one's throat,** હડહડતું જુઠું બોલવું.

Throb (થ્રૉબ્), *vi. pr. p.* **Throbbing.** *imp & p. p.* **Throbbed.** ધડકવું (નાડીનું); ફરકવું; ધબક ધબક થવું. To beat (of pulse); to palpitate. *n.* ધબકવું તે; સ્ફુરણ; ધબકારો. A palpitation; an act of throbbing.

Throe (થ્રો), *n.* પ્રસવ વેદના; પ્રસૂતી વેદના–પીડા; ગર્ભકષ્ટ. Extreme pain due to child-birth; agony.

Throne (થ્રોન્), *n.* રાજ્યગાદી; સિંહાસન; તખ્ત; રાજ્યાસન. A royal seat; a royal chair; an ornamental chair of state.

Throng (થ્રૉન્ગ), *n.* ટોળું; ઠઠ; ભીડ; સમુદાય; સમૂહ. A crowd; a multitude of persons; a great number. *vt. vi.* સમૂદાય કરવો; ભીડ કરવી; ઠઠ જામવી; ખીચોખીચ ભરાવું. To crowd; to be crowded together.

Throttle (થ્રૉટ્લ), *n.* શ્વાસ લેવાની નળી. A wind-pipe. *vt. vi.* શ્વાસ અટકાવવો–રોકવો; શ્વાસ રૂંધવો; ગુંગળાવવું. To choke; to stop the breath of; to strangle.

Through (થ્રુ), *prep.* આરપાર;-માંથી; -માં થઇને. From one side to another; from end to end. **2.** ની મારફતે; ને લીધે. Due to; on account of. *ad.* આરપાર; એક છેડાથી બીજા છેડા સુધી; શરૂઆતથી અંત સુધી. From one end to the other; from beginning to end. **Throughout,** *ad.* બધે; દરેક ભાગમાં; ઠેઠસુધી.

Throw (થ્રો), *vt. vi. pr. p.* **Throwing.** *imp.* **Threw.** *p. p.* **Thrown.** ફેંકવું; પાડવું; પાડી નાંખવું; ઉરાડવું; પછાડવું. To cast; to fling; to hurl; to pull by force. *n.* ફેંકી દેવું તે; પાસા ફેંકવા તે; પછાડવું તે; અથડામણ. An act of throwing away. **2.** યત્ન; પ્રયત્ન. An effort; an attempt. **3.** અંતર; છેટું. A distance. **4.** ઘા; ઝાટકો. A blow; a stroke. **To throw away,** ઉડાડી દેવું; વેડફી નાંખવું. **To throw by,** નજીવું ગણવું. **To throw in,** -માં પ્રવેશ કરાવવો. **To throw off,** હાંકી કાઢવું; મારીને કાઢી મૂકવું. **To throw out,** બહાર કાઢવું. **To throw back,** પ્રતિબિંબ પાડવું. **To throw down,** ભાંગી, તોડીને ફેંકી દેવું.

Thrum (થ્રમ્), *n.* લુગડાંના છેડા; નહિ વણેલા છુટા છેડા; આંતરી; રેસા. One of the ends of weaver's thread. **2.** જાડું સુતર. A rough yarn.

Thrush (થ્રશ્), *n.* એક જાતનું સુંદર પક્ષી; સારિકા; મેના. One of the species of singing birds.

Thrust (થ્રસ્ટ્), *vt. vi. pr. p.* **Thrusting.** *imp. & p. p.* **Thrust.** ધકેલવું; ઘાલવું; દાબીને ઘાલવું; ભોંકવું. To push with force; to drive forcibly. **2.** આરપાર કાઢવું; વીંધવું. To pierce. **3.** અગળ માથું મરિવું; ધુસ્યા કરવું. To push forward; to make a push. *n.* હડસેલો; પ્રહાર; તાડન; હુમલો; ચઢાઇ. A stab; an attack.

Thug (થગ્), *n.* ફાંસિયો; તાલમબાજ; હિંદુસ્તાની ઠગ–ચોર; લુચ્ચામાં લુચ્ચો પુરૂષ. One of the plundering races in India.

Thumb (થમ્), *n.* હાથનો અંગુઠો. The thickest finger of the human hand. *vt.* અણઘડપણે હાથમાં લેવું; અંગુઠાથી અડકવું–ડાઘા પાડવા. To touch clumsily; to soil with the thumb.

Thump (થમ્પ્), *n.* ધબકારો; ધબાકો; ધબાકાટ. The sound created by a sudden fall; a knock; a heavy fall. *vt. vi.* મારવું; ટીપવું; ધબ લઇને નીચે પાડવું–પડવું; ધબકારો થવો. To strike with; to fall with a heavy blow. **2.** કચરવું; ખાંડવું. To pound; to beat.

Thunder (થન્ડર્), *n.* મેઘ ગર્જના; મેઘનાદ; ધડાકો; ચમકી જાય તેવી બૂમ. The sound, which follows a flash of lightning. **2.** ગર્જના; મોટી બૂમ; ધડાકો. A roaring sound; any loud cry or noise. *vt. vi.* હોંકારો કરવો; ગર્જના કરવી; ગાજવું; તાડુકવું. To utter vehe-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

mently; to make a roaring sound. **Thunder-bird,** *n.* એક જાતનું સુંદર ગાનાર પક્ષી. **Thunder-bolt,** *n.* વિદ્યુતલેખા; વિજળીનો લાંબો લિસોટો; ધડાકો; અતિ હિંમતવાળો. પુરૂષ. **Thunder-clap,** *n.* વિજળીનો ઓચિંતો થતો કડાકો-ગર્જના. **Thunder-shower,** *n.* ગાજવીજની સાથે પડેલું વરસાદનું ઝાપટું. **Thunder-storm,** *n.* વાવાઝોડું; ગાજવીજ સાથેનું તોફાન. **Thunder-struck,** *a.* દિગ્મૂઢ બનેલું; ચકિત બનેલું.

Thursday (થર્સ્ડે), *n.* ગુરૂવાર; બ્રહસ્પતિ વાર; 'ભેંસ્પતવાર'. One of the week days.

Thus (ધસ્), *ad.* આ પ્રમાણે; આવી રીતે; આમ; એમ. In this way; in that way.

Thwart (થ્વૉર્ટ), *a.* આડું; ત્રાંસુ. Transverse; oblique. 2. (*fig.*) જક્કી; હઠીલું; આડું. Obstinate; perverse. *ad.* આડી રીતે; ત્રાંસી રીતે. In an oblique way or manner. *vt.* નડવું; હરકત કરવી; આડા સુઈને જવું. To obstruct; to move across. 2. નાશીપાસ કરવું; નિષ્ફળ કરવું; હરાવવું. To frustrate; to defeat [**Thou.**

Thy (ધાય્), *pro.* તારૂં. Possessive form of

Tiara (ટાઇઍર), *n.* મુગટ (પોપનો); પોપનો હોદ્દો. The pope's triple crown; the dignity of the pope. 2. અસલી ઇરાનીઓનો માથે પહેરવાનો પોશાક. The headdress of the ancient Persians.

Tibia (ટિબિઍ), *n.* પગનો નળો; પગના નળાનું હાડકું. The inner larger bone of the leg.

Tick (ટિક્), *n.* ઘડિયાળનો ટિક્ ટિક્ અવાજ. A quick sound of a clock or a watch. 2. ગોદડાનું ખોળિયું. A covering or a case of a bed. 3. ઉધારે આપવું અથવા લેવું તે; શાખ; વિશ્વાસ. An act of giving on credit; a trust. 4. બગાઇ; ડાંસ. A kind of large mites. 5. ધ્યાન ખેંચવાને મૂકેલી નિશાની. A mark to draw the attention. *vt.vi.* ભરોંસેઠ રાખવો; વિશ્વાસ રાખવો. To cofide; to trust. 2. ઉધારે આપવું. To give on credit. 3. ટિક્ ટિક્ અવાજ થવો. To bear a ticking sound.

Ticket (ટિકેટ્), *n.* ચિઠ્ઠી; 'ટિકીટ'; ન્હાની ચિઠ્ઠી. A label stuck on the outer surface of anything; a small piece of paper or card-board. *vt.* ચિઠ્ઠી લગાડવી; ટિકિટ ચોંટાડવી; ચિઠ્ઠી આપવી. To put a ticket on; to furnish with a ticket.

Tickle (ટિક્લ્), *vt. vi. pr. p.* **Tickling.** *imp. & p. p.* **Tickled.** ગલી બચી કરવી; ખુશ કરવું. To touch the skin gently; to titillate. 2. ખુશામત કરવી; હાજી હા ભણવી. To flatter.

Tickler (ટિક્લર્), *n.* ગલગલી કરનાર; ખુશામત કરીને ખુશ કરનાર; હાએ હા ભણનાર. One, who tickles.

Ticklish (ટિક્લિશ્), *a.* ડગમગતું; અસ્થિર; મુકરર નહિ તેવું. Unsettled; unsteady; indefinite. 2. મુશ્કેલ; અઘરૂં; વિકટ. Difficult; hard.

Tidal (ટાઇડૅલ્), *a.* ભરતીનું; જુવાળ સંબંધી; ભરતી વિષેનું. Of or pertaining to a tide.

Tide (ટાઇડ્), *n.* ભરતી; જુવાળ; ઉલટેલો પ્રવાહ. The alternate rising of the waters of the ocean, bays, etc. 2. પ્રવાહ; વેગ; ગતિ; પૂર. A stream; a flood. *vt. vi.* ભરતી આવવી; ભરતીની સાથે રહે તેમ કરવું. To be effected by a tide; to drive with the tide.

Tidings (ટાઇડિન્ગ્ઝ્), *n. pl.* સમાચાર; ખબર; બાતમી; પ્રવૃત્તિ. News; information; intelligence.

Tidiness (ટાઈડિનેસ્), *n.* સ્વચ્છતા; સાફસુફ હોવું તે; ઠીક ઠીક હોવું તે. Cleanness; a state of being tidy.

Tidy (ટાઇડિ), *a.* સાફસુફ; ઠીક; ચોખ્ખું; સ્વચ્છ; સુઘડ. Near; orderly; arranged in order; snug.

Tie (ટાઇ), *n. pl.* **Ties.** ગાંઠ; કસ; બંધન. A knot; a fastening. *vi. pr. p.* **Tying.** *imp. & p. p.* **Tied.** બાંધવું; ગાંઠ પાડવી; બંધન કરવું. To fasten; to keep tight with a knot.

Tier (ટીર્), *n.* એક ઉપર એક એવી હાર; શ્રેણી; પંક્તિ. A row or rank, placed above the other; a line. (ટાઇઅર), *n.* બાંધનાર; બંધન કરનાર; ગાંઠ વાળનાર. One, who ties.

Tiff (ટિફ્), *n.* બોલાચાલી; ટંટો; તકરાર. A quarrel; an altercation; a dispute. 2. દારૂનો નાનો ઘુંટડો. A small draught of liquor. *vt. vi.* દારૂ પીવો; ઘુંટડે ઘુંટડે પીવું. To drink; to sip in a small quanity.

Tiffin (ટિફિન્), *n.* નાસ્તો; રેંટો; સાધારણ રીતે ખાવું તે. A lunch; a slight repast.

Tiger (ટાઇગર્), *n.* વાઘ; વ્યાઘ્ર; શાર્દૂલ. A large and carnivorous animal. 2. (*fig.*) લોહીનો તરસ્યો માણસ; ક્રુર અથવા ઘાતકી પુરૂષ. A blood-thirsty man; a cruel man.

Tight (ટાઇટ્), *a.* સજ્જડ બેસતું; બંધબેસતું; હવા કે પાણી પ્રવેશ ન કરે તેવું; તંગ. Compact; firmly fitted.

Tighten (ટાઇટન્), *vt.* મજબૂત કરવું; બંધબેસતું કરવું; તંગ થાય તેમ કરવું; જકડાઈ જાય તેવું કરવું. To make tight; to fit closely.

Tightness (ટાઇટ્નેસ), *n.* મજબૂતાઈ; સખ્તપણું; તંગ સ્થિતિ. A state of being tight; closeness of parts.

Tigress (ટાઇગ્રેસ્), *n.* વાઘણ. The female of a tiger. 2. (*fig.*) લોહી પીનાર સ્ત્રી; ઘાતકી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્ત્રી. A cruel or blood-thirsty woman.

Tile (ટાઇલ્), *n.* નળિયું; નેવું. A thin piece of baked clay. **2.** જમિન ઉપર ચોંટાડવાના આરસના નાના ચોરસા. A small marble slab used in flooring. *vt.* નળિયાથી ઢાંકવું; છાપરૂં ચાળવું; નળિયાં મૂકવાં. To cover with tiles.

Tiler (ટાઇલર્), *n.* છાપરૂં ચાળનાર; ખલાસી. One whose occupation is to cover or arrange properly the roofs with tiles.

Till (ટિલ્), *prep. conj.* જ્યાં સૂધી-લગી-લગણ, ત્યાંસૂધી. Upto the time; to that period. **Till-now,** હમણાંસૂધી. **Till-then,** તે વખત સૂધી; ત્યાં સૂધી.. *n.* ગલ્લો; વકરો નાંખવાની પેટી. A money-box in a shop; a cash-drawer. **2.** ભાઠાની માટી; કઠણ જમિન. A kind of hard clay.

Till (ટિલ્), *vt. imp. & p. p.* **Tilling.** *imp. & p. p.* **Tilled.** ખેડવું; ખેડાણ કરવું; કૃષિકર્મ કરવું; જમિન ખેડવી. To cultivate land; to plough; to prepare for seed.

Tillage (ટિલેજ્), *n.* કૃષિકર્મ; ખેડાણ; ખેડાએલી જમિન. The work of tilling; the cultivated ground.

Tiller (ટિલર્), *n.* ખેડનાર; ખેતી કરનાર; કૃષિવલ. A farmer; a cultivator; one, who tills.

Tilt (ટિલ્ટ), *vt. vi.* ભોંકવું; ખોંચવું; ભાલો ભોંકવો; ઘોડા ઉપર બેસીને ભાલો ઘોંચવો. To run or ride and thrust with a lance; to pierce. **2.** વાંકું વાળવું; નમાવવું. To incline; to bend. **3.** નમી જવું; વાંકું વળવું. To incline; to lean. *n.* ભાલો મારવો તે; ગોદો મારવો તે. An act of piercing with a lance.

Timber (ટિમ્બર્), *n.* ઇમારતી લાકડું; લક્કડ;સાગ; ઈમારતી કાટ; ઝાડનું થડ; ઈમારતી લાકડું ઉગાડે એવું ઝાડ. Wood used in building purposes;the tree bearing such a wood. *vt.* ઈમારતી લાકડું પુરૂં પાડવું-આપવું. To furnish with timber. **Timber-merchant,** *n.* ઇમારતી લક્કડનો વેપારી.

Time (ટાઈમ્), *n.* વખત; કાળ; સમય; મુદત;પ્રસંગ. A point or a period of duration; an occasion. **2.** તક; લાગ; વેળા; અવસર. An opportunity; a chance; a season. **3.** વાર; પટ્ટ. Repetition. **4.** કાળ (વ્યાકરણમાં). Tense **5.** વાર; વિલંબ; ઢીલ. Delay; more than required period. **6.** ફુરસદ; નવરાશ; આરામનો સમય. Leisure; a period of rest. *vt. vi.* વખત મુકરર કરવો; સમય બાંધવો; નક્કી કરવું. To appoint the time; to ascertain. **2.** વખતસર જવું. To move in time. **3.** વખત લંબાવવો; વખત ગુમાવવો. To take a long time; to delay. **Time-honoured,** *a.* લાંબા વખતથી પૂજ્ય ગણાતું. **Time-keeper,** *n.* હાજરી લેનાર; માલ; વિગેરેની નોંધ લેનાર. **Time-server,** *n.* જમાનાને માન આપીને કામ કરનાર.

Timbrel (ટિમ્બ્રેલ્), *n.* ઢોલકી; પખાજ; પુરાતન કાળનો ઢોલ. A drum; a drum, in use from the highest antiquity.

Timely (ટાઇમ્લિ), *ad.* વખતસર; યથાકાળ; જ્યારે જોઇએ ત્યારે. Early in time; at a proper time. *a.* જોઇએ તે વેળાનું; સમયોચિત; યથાકાલિન. Happening at the proper time; seasonable; early.

Time-piece (ટાઇમ્-પીસ્), *n.* ઘડીઆળ. A clock, showing the progress of time; a chronometer.

Timid (ટિમિડ્), *a.* બ્હીકણ; ભડકણ; ભયશીલ; ડરકણ; ભીરૂ. Easily frightened; not bold; shy; fearful.

Timidity (ટિમિડિટિ), *n.* બાયલાપણું; મનનું પોચાપણું; ભીરૂતા; નાહિંમતપણું. A state of being timid; fearfulness.

Timidly (ટિમિડ્લિ), *ad.* બ્હીકણપણે; પોચા મનથી; ભીરૂતાથી; નાહિંમતપણે. Fearfully; in a timid way or manner.

Timidness (ટિમિડ્નેસ્), *n.* Same as **Timidity.**

Timorous (ટિમોરસ્), *a.* બ્હીકણ;ભડકણ; નામર્દ; નાહિંમતવાન. Fearful; shy; wanting in courage.

Tin (ટિન્), *n.* કલાઇ; કથીર; લોખંડના બારીક પતરાં. A substance found as a mineral; a plate made of tin. *vt. vi. pr. p.* **Tinning.** *imp. & p. p.* **Tinned.** કલાઇ કરવી; કલાઇ ચઢાવવી; કલાઇ દેવી. To cover in tin. **Tin-man,** *n.* કલાઇના વાસણો બનાવવાનો ધંધો કરનાર. **Tin-foil,** *n.* કલાઈનું પાતળું પતરૂં. **Tin-ore,** *n.* કલાઇની કાચી ધાતુ. **Tin-ware,** *n.* કલાઈનાં વાસણો, વિગેરે.

Tincal (ટિન્કલ્), *n.* ટંકણખાર; ટંકણ. Borax in the crude form.

Tincture (ટિંક્ટ્યૂર્), *n.* આભાસ; છાંટ;અસર;પાસ. A shadow of colour; a tinge; a slight taste. **2.** અર્ક; સત્વ; અરક. The volatile part of a substance; spirit. *vi.* મેળવવું; મિશ્રણ કરવું; ભેગ કરવું. To mix; to tinge. **2.** અર્ક ખેંચવો; સત્વ કાઢવો. To extract.

Tinge (ટિન્જ્), *vt.* છાંટ દેવી;પાસ દેવો;સુરખી મારે તેમ કરવું; સ્હેજસાજ રંગ આપવો. To mix with a slight colour; to imbue with a foreign matter. *n.* પાસ; સ્હેજ આછો રંગ; અસર; આભાસ. A slight colour; a hue.

Tingle (ટિન્ગ્લ્), *vt. vi. pr. p.* **Tingling.** *imp & p. p.* **Tingled.** ઝણઝણ બોલતું હોય તેમ લાગવું; ઝણઝણી ભરાવી; ચચરવું. To feel a sharp thrilling pain; to have an acute sensa-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

tion in the skin; to ring slowly.

Tinker (ટિન્કર્), *n.* કંસારો; વાસણો સાંધીને સારા કરનાર-બનાવનાર; તાંબા પિત્તળના વાસણો દુરસ્ત કરનાર. A mender of pans, vessels, etc. **2.** કલાઇ કરનાર. One who tins vessels. *vt. vi.* વાસણ ઘડવાં; ઝારણ દઇને સારૂં બનાવવું. To mend or solder metal-wares.

Tinkle (ટિન્કલ્), *vt. vi. pr. p.* **Tinkling.** *imp. & p. p.* **Tinkled.** ખખડાવવું; ઝણઝણાટ થાય તેમ વગાડવું. To cause to make sharp and jingling sound. **2.** ખખડવું; ઝણઝણવું; વાગવું. To clink; to jingle. *n.* રણકો; ખણખણાટ. A sharp quick sound.

Tinsel (ટિન્સેલ્), *n.* ઓછી કિંમતની પણ ચળકાટવાળી વસ્તુ; ફીત, કિનારી, ખોટો કસબ, વિગેરે. Thin shining metallic plate; cloth overlaid with foil. *vt.* ચળકાટ મૂકીને શણગારવું; સુશોભિત કરવું. To adorn with tinsel. *a.* બહારથી ભભકો બતાવનારૂં અથવા શોભિતું; કૃત્રિમ શોભાવાળું. Showy to excess; superficial.

Tint (ટિન્ટ્), *n.* ઝાંખો રંગ; છાંટ; આભાસ. A slight colouring. *vt.* ઝાંખો રંગ લગાડવો; પાસુ ખેસાડવો. To give a slight colouring; to tinge.

Tinto (ટિન્ટો), *n.* દ્રાક્ષનો મીઠો દારૂ. A kind of [sweet wine.

Tintinabulation (ટિન્ટિનૅબ્યૂલેશન્), *n.* રણકારો; ટકોરો; રણકો. A tinkling sound as of a bell or bells.

Tiny (ટાઇનિ), *a.* નાનકડું; નાનું; અતિશય નાનું; નાજુક. Very small; little; puny.

Tip (ટિપ્), *n.* અગ્રભાગ; છેડો; અણી; ટેરવું; ટોચ. The point or extremity of anything. **2.** ટપલી; થપડાક. A gentle blow on the body, esp. on the cheeks. **3.** બક્ષિસ; ઇનામ; નાના છોકરાંને બક્ષિસ તરીકે કંઇપણ આપેલી રકમ. A gift; a small present in money. **4.** સૂચના; સંકેત. A hint; an intimation. *vt. vi. pr. p.* **Tipping.** *imp. & p. p.* **Tipped.** અણી કરવી; To form a point of. **2.** બક્ષિસ આપવી; ઈનામ તરીકે આપવું. To give as a present. **3.** નમવું. To bend. **To tip off,** રેડવું; રેલો કાઢવો. **To tip over,** ઉંધું વાળવું; ઉલાળવું. **Tip-cart,** *n.* સહેલાઇથી ઉલાળી શકાય તેવું ગાડું. **Tip-cat,** મોઈ; ગીલી દંડાની રમત. **Tip-staff,** *n.* ખોલીવાળી લાકડી.

Tippet (ટિપેટ્), *n.* સ્ત્રીઓનું કંઠ વસ્ત્ર; ઓઢતાને ખોચી પર રાખવાનું વસ્ત્ર. A kind of covering for the shoulders sometimes descending as far as waist.

Tipple (ટિપ્લ્), *vt. vi. pr. p.* **Tippling.** *imp. & p. p.* **Tippled.** દારૂ પીવો; નિશાબાજી કરવી; મદ્ય વ્યસન હોવું; અતિશય દારૂ પીવો. To drink; to drink intoxicating liquors; to drink frequently.

Tippler (ટિપ્લર્), *n.* દારૂડિયો; છાકટો; અતિશય દારૂ પીનાર; મદ્યપાન કરનાર. One, who tipples.

Tipsy (ટિપ્સિ); *a.* પીધેલ; છાકટુ; નિશાથી લથડતું. Intoxicated; prone to drinking; muddled with strong drink; reeling.

Tiptoe (ટિપ્ટો), *n.* પગના અંગુઠા કે આંગળીનું ટેરવું. The end or top of the toe. **To stand on tiptoe,** અતિશય આતુર હોવું; ઉત્કંઠિત હોવું.

Tiptop (ટિપ્ટોપ્), *n.* ઘણુ હોવું તે; અતિશય પ્રમાણમાં શ્રેષ્ટ બનવું તે; પરાકાષ્ટા. A state of being to the utmost degree or point; first-rate

Tirade (ટિરેડ્), *n.* નિંદાત્મક ભાષણ; આક્ષેપ; આરોપ. A series of invectives; a declamatory flight of reproof.

Tire (ટાઈર્), *n.* પૈડાંની વાટ; પૈડાંનો પાટો. A band of metal for a wheel. **2.** પોશાક; કપડાં. Dress; attire. **3.** સરસામાન; સાહિત્ય. Household articles or things. **4.** માથાનું ઢાંકણ; મુગટ; શિરસ્ત્રાણ. A headdress of the males. *vt. vi.* થકવી નાંખવું; શ્રમ આપીને કંટાળો ઉપજાવવો; શ્રમ પહોંચાડવો. To exhaust the strength of; to make one tired. **2.** થાકી જવું; શ્રમિત થવું. To be exhausted.

Tiresome (ટાઈર્સમ્), *a.* કંટાળા ભરેલું; થાક ઉપજાવે તેવું; શ્રમજનક. Wearisome; causing fatigue.

Tiresomeness (ટાઈર્સમનેસ્), *n.* કંટાળા ભરેલું હોવું તે; થાક ઉપજીવે તેવી સ્થિતિ. A state of being tiresome.

Tissue (ટિસ્યૂ), *n.* છરીનું બુટ્ટાદાર કપડું; કસબનું બુટ્ટાદાર કપડું. A textile fabric of gold or silver thread with cotton cloth. **2.** સ્નાયુના રેષા. Organic layers in fibres. *vt.* બુટ્ટાદાર કાપડ વણવું-બનાવવું To form tissue of.

Tit (ટિટ્), *n.* ન્હાનો ઘોડો; ટટ્ટુ. A small horse. **2.** ટુકડો; કકડો. A bit; a morsel. **3.** રાંડ; રંડા. A contemptuous word for a woman. **Tit for tat,** થાય તેવા થવું તે.

Titillation (ટિટિલેશન્), *n.* ગલગલી; ગલગલી કરવી તે. A slight and smooth touch on the skin; an act of titillating.

Tithe (ટાઇધ્), *n.* દશમો ભાગ; દશાંશ. A tenth part or portion of any thing. *vt. vi.* આવકના દશમા ભાગનો કર નાંખવો; દશમો ભાગ લેવો. To levy a tithe on.

Titillate (ટિટિલેટ), *vt. vi.* ગલીપચી કરવી; ગલગલી થવી. To give a slight relish to.

Tithable (ટાઈધેબલ્), *a.* દશમો ભાગ વસુલ કરી શકાય તેવું; દશમો ભાગ લઇ શકાય તેવું. Subject to the payment of a tithe.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Title (ટાઇટ્લ), *n.* ઇલ્કાબ; મિતાબ. A word of honour added to the name. **2.** (*Law*) પુસ્તકનો ભાગ; ખંડ; વિભાગ. A section of a subject or a book. **3.** નામ; ઉપનામ; સંજ્ઞા; શિરોનામ. A name; an appellation. **4.** પુરાવારૂપ દસ્તાવેજ. A document, standing as a proof. *vt.* નામ દઇને બોલાવવું; નામ આપવું. To entitle; to name. **Title-deeds,** *n.* માલકીનો દસ્તાવેજ. **Title-page,** *n.* પુસ્તકનું મુખપૃષ્ઠ.

Titmouse (ટિટ્માઉસ્), *n. pl.* **Titmice,** ઝીણા અને સુંદર અવાજવાળું એક જાતનું પક્ષી. A bird with a shrill and fine note.

Titter (ટિટર્), *vi.* મનમાં હસવું; ખીખી હસવું; ધીમેથી હસવું. To laugh with restraint; to laugh without much noise. *n.* મનમાં ને મનમાં હસવું તે; મંદ હાસ્ય. A restrained laugh; a genle laughter.

Tittle (ટિટ્લ), *n.* કણ; રજ; બિંદુ; અણુ. A small particle; a jot.

Tittle-tattle (ટિટ્લ-ટૅટ્લ), *n.* ખોટો લવારો; બકવાટ; નકામી લવરી; પટપટારો. An idle talk; a trifling talk. *vi.* બડબડવું; લવવું; લવરી કરવી. To prate; to talk idly.

Titular (ટિટ્યૂલર્), *a.* નામનું; વેશધારી; પુતળા જેવું. Existing by name or by title only; having a title but not the duties of that office.

Titulary (ટિટ્યૂલરિ), *a.* Same as **Titular.**

To (ટુ), *prep. ad.* પાસે; કને; સુધી; પર્યંત; ને; ને માટેનું. Denoting motion to a place or a thing. **2.** ની તરફ; ની સામે. In the direction of. **To and fro,** આમતેમ.

Toad (ટોડ), *n.* દેડકો; મેંડક; દદુંર; દેડકાની જાતનું પ્રાણી. A reptile, resembling a frog. **Toad-eater,** *n.* અધમ પુરૂષ; ખુશામતિયો માણસ. **Toad-fish,** *n.* દેડકાના આકારની એક પ્રકારની માછલી. **Toad-stool,** *n.* કુતરાની ટોપી (એક જાતની વનસ્પતિ).

Toady (ટોડિ), *n. pl.* **Toadies** ખુશામતિયો; માખણીઓ; નીચ પુરૂષ. A mean flatterer; a sycophant; a toad-eater.

Toast (ટોસ્ટ), *n.* શેકેલી રોટલી; ખાખરી. Bread dried and baked before fire. **2.** – નું નામ લઈ દારૂનો પ્યાલો પીવો તે. An act of drinking to the health of. *vt.* નું નામ લઇ દારૂ પીવો; ની સલામતી ઈચ્છવી–લેવી. To drink after proposing the health of. **2.** શેકવું; તપાવીને લાલચોળ કરવું. To dry and scorch by the heat.

Tobacco (ટોબૅકો), *n.* તંબાકુ; તંબાકુનો છોડ. An American plant of the nightshade family. **Tobacco-pipe,** *n.* ચલમ; ચુંગી; હોકલી.

Tobacconist (ટોબૅકોનિસ્ટ), *n.* તંબાકુવાળો; તંબાકુ વેચનાર. A dealer in tobacco. **2.** તંબાકુ પીનાર. A smoker of tobacco.

Tocsin (ટૉક્સિન્), *n.* ભયસૂચક ઘંટ; ભયસૂચક ઘંટનાદ. An alarm-bell; a bell rung as a signal to any danger.

To-day (ટુ-ડે), *ad.* આજ; આજરોજે. On this day. *n.* આજનો દિવસ; આજ. This day; the present day.

Toddle (ટૉડ્લ), *vi.* ટુંકા ટુંકા પગલાં ભરીને ચાલવું; ગોથાં ખાતાં ખાતાં ચાલવું. To walk with short steps in a tottering state. *n.* લથડતાં લથડતાં ચાલવું તે. An act of walking in a tottering way.

Toddy (ટૉડિ), *n.* તાડી; તાડરસ. The sweet juice of palms; palm-wine.

To-do (ટુ-ડુ), *n.* ધાંધલ; ગરબડ; ધમાચકડી. A bustle; a confusion; a commotion.

Toe (ટો), *n. pl.* **Toes.** પગની આંગળી; પગનું આંગળું અથવા અંગુઠો. One of the small members, which form the ending part of the foot. **2.** ખરીવાળાં પ્રાણીના ખરીનો આગળનો ભાગ. The fore-part of a hoof of a hoofed animal. *vt.* આંગળીવતી અડવું. To touch with a toe.

Together (ટુગેધર્), *ad.* એકઠાં; ભેગા મળીને; સાથે સાથે; પરસ્પર મળીને. Unitedly; in a combined way or manner.

Toil (ટૉઇલ), *n.* જાળ; પેચ; દાવ. A snare; a net. **2.** સખત મહેનત; વૈતરૂં; પરિશ્રમ; માથાકુટ. A drudgery; a hard work; an exertion. *vi.* શ્રમ કરવો; સખત મજુરી કરીને થાકી જવું; વૈતરૂં કરવું; પરિશ્રમ કરવો. To weary to work hard; to exert much.

Toilet (ટૉઇલેટ), *n.* શણગીર સજવાની ઢબ–રીત; શણગાર. The process or the mode of dressing. **2.** અરિસાવાળું ટેબલ (જેમાં જોઇને કપડાં પહેરી શકાય). A dressing table.

Toilsome (ટૉઇલસમ્), *a.* સખ્ત મહેનતનું; શ્રમવાળું; પરિશ્રમ ભરેલું. Laborious; causing fatigue.

Toilsomeness (ટૉઇલસમ્નેસ), *n.* સખ્ત મહેનતવાળું હોવું તે; શ્રમથી ભરપૂર હોવું તે; શ્રમોત્પાદક સ્થિતિ. A state of being toilsome.

Token (ટોકન્), *n.* નિશાની; ચિન્હ; યાદગીરી; સંભારણું; એંધાણી. A mark; a sign; a symbol; a memorial.

Tolerable (ટૉલરેબલ), *a.* ખમાય તેવું; સહેવાય તેવું; મધ્યમ; માફકસર; સમધારણ. Capable of being endured or borne; moderate; agreeable.

Tolerance (ટૉલરન્સ), *n.* ખણખોદ નહિ તેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વભાવ; સહિષ્ણુતા; ઉદાસીનતા. A state of being tolerant; a capacity to endure.

Tolerant (ટૉલરન્ટ), *a.* ખણખોદ નહિ કરવાના સ્વભાવવાળું; ઉદાર; મોટા પેટનું. Forbearing; indulgent; inclined to tolerate.

Tolerate (ટૉલરેટ), *vt. pr. p.* **Tolerating.** *imp. & p. p.* **Tolerated.** સહન કરવું; ધીરજથી ખમવું; અટકાયત ન કરવી; મનાઇ ન કરવી; છૂટ આપવી. To put up with; to allow; to to permit; to treat patiently.

Toleration (ટૉલરેશન), *n.* ઉદારવૃત્તિ; ઔદાર્યતા; અપ્રતિબંધ; ધર્મ પાળવાની છુટ. An act of tolerating; tolerance; freedom from bigotry.

Toll. (ટોલ), *n.* પૂલ પર અથવા નાકા પાસે થઇને જવા આવવાનો કર; હાંસલ; હકસાંઇ; નાકાવેરો. A tax paid for passing on a bridge or by a public way. 2. ધીમેથી ઘંટ વગાડવો તે. The sounding of a bell with slow strokes. *vt.* વેરો એકઠો કરવો; વેરો વસુલ કરવો. To collect as a toll. 2. લલચાવવું; ફાંદામાં નાંખવું; લપટાવવું. To allure; to entice. 3. દેવળમાંનો ઘંટ વગાડવો; ઘંટ વગાડીને કયો સમય છે તે જણાવવું; કોઈનું મરણ વખતે ખબર આપવા દેવળમાં ઘંટનો નાદ કરવો. To ring the church bell on certain occasion. **Toll-gate,** *n.* જ્યાં કર લેવામાં આવતો હોય તે દરવાજો-સ્થાન. **Toll-gatherer,** *n.* કર વસુલ કરનાર કારકુન. **Toll-man,** *n.* કર લેનાર અમલદાર. **Toll-booth,** *n.* જકાત નક્કી કરવા માટે જ્યાં માલ જોખવામાં આવે છે તે જગ્યા. 2. શહેરનું જોખાનું. **Toll-house,** *n.* કર લેવાની ચોકી; માંડવી.

Tomahawk (ટૉમૅહૉક), *n.* અમેરિકન ફરસી; કુહાડી; પરશુ. A kind of American war hatchet. *vt.* કુહાડી મારવી; ફરસીથી મારવું અથવા મારી નાંખવું. To strike or kill with a tomahawk.

Tomato (ટોમેટો), *n.* *pl.* **Tomatoes.** અમેરિકન વેગણ; ટામેટું. An American plant of the potato family.

Tomb (ટૂમ), *n.* કબર; ઘોર; મુડદું દાટવાનો ઘુમ્મટ-ઝરો; દેવડી; છત્રી; હજીરો. A grave; a vault for the reception of the dead. *vt.* દાટવું; ઘોરમાં મૂકવું; કબરમાં મૂકવું. To bury; to entomb. **Tomb-stone,** *n.* કબર આગળ ચોંટાડેલો પત્થર.

Tombac (ટૉમૅક), *n.* ત્રાંબુ અને જસતની મિશ્રિત ધાતુ. An alloy of copper and zinc. Also spelt as, **Tombak.**

Tome (ટોમ), *n.* મહાભારત જેવો ગ્રંથ-પુસ્તક; ભારે પુસ્તક. A ponderous book; a weighty book.

Tom-fool (ટૉમ-ફૂલ), *n.* મૂર્ખ; બેવકૂફ. A great fool.

Tom-foolery (ટૉમ-ફૂલરિ), *n.* બેવકૂફી ભરેલું કામ; મૂર્ખાઇ ભરેલું કામ-કૃત્ય; મૂર્ખાઇ. Foolish trifling; silly trifles; foolishness.

Tommy (ટૉમિ), *n.* રોટલી; પાઉં. Bread. 2. અદલો બદલો; સાટું; અવેજ. An exchange; a barter; goods given for wages.

To-morrow (ટુ-મૉરો), *n.* આવતી કાલ; આવતી કાલનો દિવસ. The day coming after to-day. *ad.* આવતી કાલે. On the day after the present.

Tomtom (ટૉમટૉમ), *n.* નગારૂં; નોબત; ઢોલ; તાંસુ. An Indian drum.

Ton (ટન), *n.* ૨૨૪૦ પાઉન્ડ અથવા રતલનું વિલાયતી તોલ. A weight, equalling 2240 lbs.

Tone (ટોન), *n.* અવાજ; સુર; સાદ. A modulation of the voice. 2. જુસ્સો; આવેશ. Spirit; impulse. 3. મનનું વલણ; વૃત્તિ; ભાવ. Mood; temper. 4. ઝોક; વલણ; સ્વરૂપ. An inclination; a tendency. *vt.* રાગ કાઢવો; સુર મેળવવો. To give a certain tone. 2. નરમ કરવું; ઢીલું મૂકવું. To soften; to moderate.

Toneless (ટોનલેસ), *a.* સુર સિવાયનું; બેસુરૂં. Wanting in harmonious tone; having no tone.

Tongs (ટૉન્ગ્સ), *n.* *pl.* ચિપિયો; ચીમટો. An instrument of metal used in handling things.

Tongue (ટન્ગ), *n.* જીભ; રસના; જીહ્વા. The fleshy movable organ in the mouth. 2. વાણી; બોલી; ભાષા. Speech; a language. 3. ઘંટમાંનો લોલક. The clapper of a bell. *vt. vi.* ઠપકો દેવો; લડવું; ધમકાવવું. To scold; to chide. 2. બોલવું; ઉચ્ચારવું; ઉચ્ચાર કાઢવો. To utter; to speak. 3. સુરમાં ગોઠવવું. To modify the tone of.

Tonguester (ટંગ્સ્ટર), *n.* લવારો કરનાર; ગપ્પીદાસ; તડાકીઓ. A talkative fellow.

Tonic (ટૉનિક), *a.* કૌવત, બળ અથવા શક્તિ આપે તેવું; પૌષ્ટિક; બળ વધારનારૂં. Increasing strength or vitality. 2. રાગનું; સુરને લગતું. Pertaining to a tune. *n.* કૌવત આપનારી દવા; શક્તિ વર્ધક દવા. Medicine giving strength.

To-night (ટુ-નાઇટ), *a.* આજ રાતનું; આજ રાતના વખતે થતું. Of or happening this night. *ad.* આજ રાત્રે; આજ રાતરે. At night time of this day. *n.* આજ રાત; આજ રાતના વખતનો સમય. The present night.

Tonnage (ટનેજ), *n.* કોઈપણ વહાણના માલનું એકંદર વજન; વહાણમાં ભરેલા માલનું કુલ વજન. The total weight of goods carried by a ship. 2. 'ટન' પ્રમાણે માલ ઉપર લેવામાં આવતો દસ્તુર. A duty inposed on the goods as per ton.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Tonsure (ટૉન્સ્યૂર), *n.* ક્ષૌરકર્મ; મુંડન; વાળ કાતરવા તે. An act of shaving or clipping.

Too (ટૂ), *ad.* જોઈએ તેથી વધારે; હદ કરતાં બહુ અથવા ઓછું; અત્યંત ઘણું; અત્યંત થોડું. More than enough; showing or denoting excess. **2.** વળી; પણ; તેનીસાથે; વધારામાં. In addition to; also; besides.

Tool (ટૂલ), *n.* ઓજાર; હથિયાર; લોઢું. An implement; a machine used in sharpening other instruments.

Tooth (ટૂથ્), *n. pl.* **Teeth.** દાંત; દંત. A bony appendage in the mouth. **2.** દાંતો. A small, narrow projecting piece as in a comb, wheel, etc. *vt.* દાંતા પૂરા પાડવા; દાંતવાળું કરવું; દાંત જડવા. To furnish with teeth. **Tooth-ache,** *n.* દાંતનું દરદ. **Tooth-brush,** *n.* દાંત સાફ કરવાનું બ્રશ અથવા કૂચડો. **Tooth-powder,** *n.* દંત મંજન. **Tooth-pick,** *n.* દાંત ખોતરણી. **Tooth-stick,** દાતણ.

Tooth-some (ટૂથ્સમ્), *a.* લહેજતદાર; સ્વાદિષ્ટ; મિષ્ટ. Palatable; tasty.

Top (ટૉપ), *n.* મથાળું; ટોચ; શિખર. The highest point; a summit. **2.** માથું; અગ્રભાગ. The head; the vertex. **3.** સીમા; હદ; અવધિ; પરાકાષ્ટા. The highest degree; the acme. **4.** ભમરડો. A child's toy. *vt. pr. p.* **Topping.** *imp.* & *p. p.* **Topped.** મથાળે આવવું; આંગળ અથવા મોખરે ઉભા રહેવું; પ્રખ્યાતીમાં આવવું. To stand at the top of; to stand first; to rise to eminence; to surpass. **2.** શિખરપર ઢાંકવું; શિખરપર મૂકવું. To cover the top; to tip.

Topaz (ટૉપૅઝ્), *n.* પોખરાજ; પુષ્પરાગ. A mineral, occurring in rhombic prisms.

Tope (ટોપ), *n.* ઝાડી; વૃક્ષ ઘટા. A grove of trees; a thicket. *vi.* અતિશય દારૂ પીવો; બહુજ દારૂ પીવો; દારૂ ઢીંચવો. To drink in excess; to drink frequently.

Toper (ટોપર), *n.* દારૂડિયો; નિશાખોર; અતિશય છાકટો. A drunkard; a sot.

Topful (ટૉપ્ફુલ), *a.* કાનાસુધી ભરેલું; છલોછલ ભરેલું. Brimful; full to the top.

Tophet (ટૉફેટ), *n.* નરકાગાર; દોઝખ; જહાનમ. The hell; the place of torture.

Topic (ટૉપિક), *n.* વિષય; પ્રકરણ; બાબત; અર્થ; વાદવિવાદનો વિષય. A subject of discussion.

Topical (ટૉપિકલ), *a.* પ્રસ્તાવિક; પ્રાસંગિક; વિષયને લગતું. Of or pertaining to a topic.

Topographer (ટૉપૉગ્રૅફર), *n.* અમુક જગ્યાનું અથવા સ્થાનનું વર્ણન કરવામાં કુશળ પુરૂષ. One, well up in the art of topography.

Topography (ટૉપૉગ્રૅફિ), *n.* કોઈપણ જગ્યાનું આબેહુબ વર્ણન; અમુક જગ્યાનું સવિસ્તર વર્ણન. A vivid description of a place or a scene.

Topple (ટૉપલ્), *vt. vi.* ગબડાવી પાડવું; નીચે પાડી નાંખવું. To cause to roll down; to tumble. **2.** ઢળવું; ઢળી પડવું; ગબડવું. To fall down; to tumble down.

Topsyturvy (ટૉપ્સિટર્વિ), *ad.* ઉલટું સુલટું; તળે ઉપર; ઉંધુંચતું; ઉથલપાથલ. In an inverted way or manner.

Torch (ટૉર્ચ), *n.* મશાલ; દીવડો. A lamp giving a large flaring flame. **Torch-bearer,** *n.* મશાલચી.

Torment (ટૉર્મેન્ટ), *n.* અતિશય વેદના; દુઃખ; પીડા; કષ્ટ; તીવ્ર વ્યથા અથવા વેદના. Extreme pain; torture; physical or mental anguish. *vt.* બેહદ દુઃખ દેવું; રિબાવવું; કષ્ટ આપવું; પીડા કરવી; વ્યથા કરવી. To give extreme pain; to afflict; to harass; to vex.

Tormenter (ટૉર્મેન્ટર), *n.* અતિશય દુઃખ દેનાર; કષ્ટ આપનાર; રીબાવીને મારનાર; ફાંસી આપનાર. One, who torments; an executioner.

Tornado (ટૉર્નેડો), *n.* ભયંકર વાવાઝોડું; વંટોળિયો; પવનનું તોફાન. A violent whirling wind; a storm in the most terrible form.

Torpedo (ટૉર્પીડો), *n.* વહાણોને ઉડાવી દેવાનો સાંચો; નૌકાનાશક યંત્ર. A machine or a contrivance for destroying ships. **2.** એક પ્રકારની માછલી. A kind of fish. *vt.* 'ટૉરપીડો'થી નાશ કરવું. To destroy by a torpedo.

Torpid (ટૉર્પીડ્), *a.* બ્હેર મારી ગયેલું; મુડદાલ; સુસ્ત; મંદ; અચેતન; જડ. Benumbed; dull; inactive; spiritless.

Torpidity (ટૉર્પિડિટિ), *n.* મુડદાલપણું; બેચેનપણું; અચેતન સ્થિતિ; મંદતા. A state of being torpid; numbness.

Torrent (ટૉરેન્ટ), *n.* જળઘોધ; પ્રવાહ; મુસળધાર વરસાદ. A violent stream as of water, lava, etc.; a rapid flow.

Torrid (ટૉરિડ્), *a.* બળી જવાય તેવું ગરમ; અતિશય ગરમ; ઉષ્ણ; દાઝી ગયેલું. Violently hot; parched with heat. **Torrid zone,** *n.* ઉષ્ણ કટિબંધ.

Torridity (ટૉરિડિટિ), *n.* અતિશય તપી જવું તે; બહુજ ગરમ થવું તે; ઉષ્ણતા. A state of being torrid. [**Torridity.**

Torridness (ટૉરિડ્નેસ્), *n.* Same as,

Tort (ટૉર્ટ), *n.* (*law*) નુકશાન; ઈજા; નુકશાની. Mischief; injury; harm.

Tortious (ટૉર્શસ્), *a.* (*law*) નુકશાનીવાળું; ઇજાકારક. Injurious; wrongful.

Tortoise (ટૉર્ટૉઇઝ), *n.* કાચબો; કૂર્મ; કર્ક. A turtle; a kind of land reptiles.

Tortuous (ટૉર્ટ્યૂઅસ્), *a.* વક્ર; વાંકું; આંમળાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળું. Twisted; winding. **2.** (*fig.*) અપરોક્ષ; કપટવાળું. Indirect; deceitful.

Tortuosity (ટૉર્ટ્યૂઑસિટિ), *n.* વક્રતા; વાંક; આંમળો; કૂટિલતા. A state of being tortuous.

Torture (ટૉર્ટ્યૂર), *n.* અતિ વેદના; દુઃખ; કષ્ટ; અસહ્ય વેદના; સંકટ. Extreme pain; pain inflicted upon. *vt. pr. p.* **Torturing.** *imp. & p. p* **Tortured.** રીબાવવું; અતિશય કષ્ટ આપવું; વેદના થાય તેમ કરવું; તીવ્ર દુઃખ દેવું. To put to torture; to inflict severe pain on.

Tory (ટૉરિ), *n.* ઈંગ્લૅન્ડમાં રાજાના પક્ષનો માણસ; રાજ પક્ષકાર. A member of the conservative party; an adherent to the royal cause.

Toss (ટૉસ), *vt. vi. pr. p.* **Tossing.** *imp. & p. p.* **Tossed.** ઉછાળવું; ફેંકવું; અસ્તવ્યસ્ત કરવું; અવ્યવસ્થિત બનાવવું. To throw upward; to put in a disorderly state. **2.** આકુળવ્યાકુળ કરવું. To agitate. **3.** ઉછળવું; અવ્યવસ્થિત બનવું. To rise upward; to be disorderly. **4.** આમતેમ ગબડવું. To tumble; to roll about. *n.* ઉંચે ફેંકવું તે; ઉલાળવું તે. An act of throwing upward. **To toss off,** એકજ ઘુંટડે પીવું. **To be tossed,** ઉથલ પાથલ થવું. **Toss-pot,** *n.* દારૂડિયો; નિશાબાજ.

Total (ટોટૅલ), *a.* પુરેપૂરૂં; સંપૂર્ણ; કુલ. Complete; entire; whole. *n.* સરવાળો; કુલ રકમ; સમગ્રતા. The whole sum or amount.

Totality (ટોટૅલિટિ), *n.* સમૂહતા; પૂર્ણતા; કુલ એકઠો સરવાળો. A state of being total.

Totally (ટોટૅલલિ), *ad.* પૂરેપુરૂં; બિલકુલ; તમામ. Completely; wholly.

Totter (ટૉટર), *vi.* લથડવું; લથડીઆં ખાંતાં ચાલવું; લથડીઆં ખાવાં; ડગમગવું. To stagger; to walk unsteadily. **2.** નિષ્ફળતા પામવાની અણી ઉપર હોવું. To be on the point of failing.

Totterer (ટૉટરર), *n.* લથડીઆં ખાનાર; ડગમગનાર; લથડાઇને ચાલનાર. One, who totters.

Tottery (ટૉટરિ), *a.* લથડિયાંખાતું; અથડાતું. Moving or walking unsteadily.

Touch (ટચ), *vt. vi.* અડકવું; સ્પર્શ કરવો; હાથથી બાઝવું-પકડવું; સ્પર્શેન્દ્રિયથી લાગવું. To come in contact with; to strike gently; to perceive by the sense of feeling. **2.** હૃદય પીગળે તેમ કરવું; હૃદયને પીગળાવવું. To move the heart; to soften the feelings. **3.** અસર થવી; લાગણી થવી. To take effect. *n.* સ્પર્શ; સંસર્ગ; સ્પર્શજ્ઞાન. A contact; a power of perception. **2.** ઇશારો; સૂચના; સંકેત. A hint; a suggestion. **3.** અંશ; ભાગ. A portion; a part. **4.** ઘાટ; ડોળ; આકૃતિ. A feature or general features. **Touch-stone,** *n.* સોના રૂપાની કસોટી કાઢવાનો પત્થર; કસોટી. **To touch at,** બંદરે અડકવું-થોભવું. **To touch on,** થોડા વખત માટે જવું-રોકાવું. **To touch upon,** વાદવિવાદ કરવો; –ના ઉપર ચર્ચા કરવી.

Touching (ટચિન્ગ), *a.* અસરકારક; હૃદયભેદક; મન પીગાળી નાંખે તેવું. Pathetic; melting or moving the heart.

Touchy (ટચિ), *a.* ચિઢિયું; જલદીથી ખીજાઈ જાય તેવું; બળિયૂલ. Peevish; irritable.

Tough (ટફ), *a.* ચિકણું; ચિકાસવાળું; ચિક્કટ. Tenacious; viscous; having the quality of tenacity.

Toughen (ટફન), *vt. vi.* ચિકણું કરવું; ચિકણું થવું; ચિકાશવાળું બનવું. To make tough; to be tough.

Toughness (ટફનેસ), *n.* ચિકટ થવું તે; ચિકાશવાળું હોવું તે. A quality of being tough.

Tour (ટૂર), *n.* મુસાફરી; પર્યટન; નાની નાની સફર. A journey in a circuit; a travel. *vi.* મુસાફરી કરવી; સફર કરવી; પર્યટન કરવું. To travel; to make a tour.

Tourist (ટૂરિસ્ટ), *n.* મુસાફરી કરનાર; પ્રવાસી; ભ્રમણ કરનાર. One, who is on a tour.

Tournament (ટૂર્નામેન્ટ), *n.* શસ્ત્રવિદ્યામાં કુશળતા બતાવવા કીધેલું યુદ્ધ; યુદ્ધ વિહાર. A contest of skill, esp. at arms; a war-like game or fight.

Tow (ટો), *vt.* વહાણને દોરડાં બાંધી પાણી તરફ ઘસડી લઇ જવું. To draw a vessel by tying it with ropes. *n.* પંજેટવાથી રહેલું ગાંઠાગાંઠાવાળું શણ. The course part of flax after being separated from a finer quantity. **Tow-boat,** *n.* દોરડાંવતી ઘસડીને લઇ જવાય તેવી હોડી.

Toward,-s (ટોઅર્ડ,-ઝ), *prep.* તરફ; પ્રતિ; પ્રત્યે;– ની તરફ. In the direction of; with respect to. **2.** આશરે; લગભગ. Near; about.

Towel (ટાઉએલ), *n.* ડિલ લુછવાનો રૂમાલ; ટુવાલ. A cloth used for wiping.

Tower (ટાઉઅર), *n.* મિનારો; બુરજ; કિલ્લો; ગઢ. A lofty building of a round shape; a fortress; a citadel. **2.** ઉંચાણ. Elevation. *vi.* ઉંચે હોવું; ઉંચે હવામાં ઉડવું. To be lofty; to be very high.

Towering (ટાઉઅરિન્ગ), *a.* (*fig.*) ઉંચું; શ્રેષ્ઠ; સર્વોત્તમ; ઉંચે ચઢવું. Surpassing; superior; rising in eminence.

Town (ટાઉન), *n.* શહેર; નગર; રાજધાનીનું શહેર; મુખ્ય નગર. A collection of houses larger than a village. **Town-hall,** *n.* નગરગૃહ; પુરગૃહ. **Towns-folk,** *n.* શહેરી લોક; નાગરીકો.

Townsman (ટાઉન્સમૅન), *n. pl.* **Townsmen.** શહેરી; નાગરિક; નગરજન. A citizen;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

an inhabitant of a town.

Toxic,-al (ટૉક્સિક્,-કૅલ), *a.* ઝેરી; વિષમય. Poisonous.

Toxicology (ટૉક્સિકૉલૉજિ). *n.* વિષ વિજ્ઞાન. The science, treating with various kinds of poison.

Toy (ટૉય્), *n.* રમકડું; ક્રીડાખેલ; ક્રીડાવસ્તુ. A plaything; a sport. **2.** નજીવી વાત; નકામી બાબત. An unimportant thing or event. *vi.* રમત કરવી; વિનોદ કરવો; ખેલ કરવો; નજીવી બાબતમાં મશગુલ રહેવું. To play; to trifle away. **Toyman,** *n.* રમકડાં વેચનાર; રમકડાની દુકાન રાખનાર.

Trace (ટ્રેસ્), *vt. vi. pr. p.* **Tracing.** *imp. & p. p.* **Traced.** ચીતરવું; ના ઉપર મૂકીને ચીતરવું; ના ઉપર ફરી વળવું. To mark out; to copy; to draw with some marks. **2.** અનુસરવું; ને પગલે ચાલવું. To follow; to go after the track of. *n.* નિશાની; ના ઉપર ચીતરવું તે; પગલું; પત્તો. A mark; an act of tracing on; a foot-print; a track; a path. **2.** થોડો ભાગ; અંશ. A small quantity or portion.

Traceable (ટ્રેસેબલ), *a.* ફરીથી એકના ઉપરથી કઢાય અથવા ચિતરી શકાય તેવું; પગલે પગલે ચાલ્યા જવાય તેવું; ઠેકાણું મેળવી શકાય તેવું. Capable of being traced.

Trachea (ટ્રૅકીઍ), *n.* ફેફસાંમાં હવા જવાની નળી; શ્વાસમાર્ગ. A wind-pipe.

Track (ટ્રૅક્), *n.* પગલાંની નિશાની; ડગલું; પત્તો. A foot-print; a mark left off by a foot-step; a trace. **2.** રસ્તો; માર્ગ; ચીલાવાળો માર્ગ. A road; a path; way. **3.** જમિનનો કકડો; જમિનનો થોડો ભાગ. A plot of land. *vt.* પગલે પગલે જવું; પગલા ઉપરથી શોધી કાઢવું. To follow the steps; to trail.

Tracker (ટ્રૅકર્), *n.* પગલે પગલે ચાલીને શિકાર કરનાર;-ની પુંઠ પકડનાર. One, who hunts by following the track; one who tracks.

Trackless (ટ્રૅક્લેસ્), *a.* ઉજ્જડ; વેરાન; નિર્જન; કોઈનું પગલું પણ પડેલું ન હોય તેવું. Barren; unfrequented by man; untrodden.

Tract (ટ્રૅક્ટ), *n.* મેદાન; જમિન અથવા પાણીનો ગમે તેટલો ભાગ. A region of land or water of indefinite extent. **2.** ધર્માચરણ; નિબંધ; આચાર પદ્ધતિ. A short religious treatise.

Tractability (ટ્રૅક્ટેબિલિટિ), *n.* હુકમને તાબે થવું તે; આજ્ઞાધીનતા; કહ્યાગરાપણું. A state of being tractable.

Tractable(ટ્રૅક્ટેબલ), *a.* કહ્યાગરૂં; કહે તેમ કરનારૂં; આધીન થનારૂં; વિનયી. Docile; submissive; governable. **2.** ઉઘાડું; દેખીતું; ચોખ્ખું. Clear; manifest. [**Tractability.**

Tractableness (ટ્રૅક્ટેબલનેસ્), *n.* Same as,

Traction (ટ્રૅક્શન્), *n.* ખેંચવું તે; ખેંચાણ. An act of drawing or pulling.

Tractive (ટ્રૅક્ટિવ્), *a.* લાંબુ કરાય તેવું; ખેંચી શકાય તેવું. Serving to draw or to pull.

Trade (ટ્રેડ્), *n.* વેપાર; ધંધો; રોજગાર; ઉદ્યોગ; વાણિજ્ય. A business of any nature; a calling; a commerce; an occupation. **2.** *pl.* ઇશાન કોણનો વાયુ. The wind blowing from north-east direction. *vi.* વેપાર કરવો; વેચવું; વિક્રય કરવું. To have dealings; to sell or to buy. **Trade-allowance,** *n.* ખરીદ ભાવમાં કાપેલું વળતર; મૂકેલી છૂટ. **Trade-mark,** *n.* બીજાના માલથી ઓળખાવવા પોતાના માલ ઉપર કરેલો માર્ક-નિશાની. **Trade-price,** *n.* વેપારી ભાવ. **Trade-wind,** *n.* ઇશાન કોણનો સમુદ્ર તરફથી આવતો પવન.

Trader (ટ્રેડર્), *n.* વેપારી; વેપાર કરનાર;સોદાગર. A dealer; one engaged in commerce. **2.** વેપારી વહાણ; માલ લઈને એક બંદરેથી બીજા બંદરે જતું વહાણ. A vessel, empoyed for sale.

Tradesman (ટ્રેડ્સ્મૅન્), *n.* દુકાનદાર; દુકાને બધી ચીજો વેચનાર. A shop-keeper.

Tradition (ટ્રૅડિશન્), *n.* દંત કથા; લોક કથા; વંશપરંપરા ચાલી આવે તેવી વિગત-કથા; સંપ્રદાય; જુના વખતનો રિવાજ. A doctrine of facts handed down from from age to age; the oral communication of knowledge as received from the ancestors.

Traditional (ટ્રૅડિશનૅલ), *a.* દંતકથાને લગતું; દંત કથાનું; વંશપરંપરાથી ઉતરી આવેલું. Of or pertaining to a tradition.

Traditionalist (ટ્રૅડિશનૅલિસ્ટ), *n.* દંતકથાઓનો અભ્યાસક; દંતકથાને માનનાર; જુના સંપ્રદાય મુજબ વર્તવાનું પસંદ કરનાર. One, who believes in tradition. [**Traditional.**

Traditionary (ટ્રૅડિશનૅરિ) *a.* Same as,

Traduce (ટ્રૅડ્યૂસ્), *vt. pr. p.* **Traducing.** *imp. & p. p.* **Traduced.** દ્વેષ કાઢવો; ખોટી નિંદા કરવી; અપવાદ મૂકવો; આળ મૂકવું. To calumniate; to defame; to expose to hatred. **2.** મર્મ બગાડવું; ભ્રષ્ટ કરવું. To seduce; to corrupt.

Traducement (ટ્રૅડ્યુસમેન્ટ), *n.* ખોટો આરોપ; ખોટો દોષ મૂકવો તે; અપવાદ મૂકવો તે. An act of traducing.

Traducer (ટ્રૅડ્યુસર્), *n.* ખોટો આરોપ મૂકનાર; અપવાદ મૂકનાર; નિંદાત્મક વાક્યો કહેનાર. One, who traduces.

Traffic (ટ્રૅફિક્), *n.* વેપાર; માલ; માલની આપ લે કરવી તે. Exchange or interchange of goods and commodities. *vt. vi.* વેપાર કરવો; માલની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપ લે કરવી. To buy or sell goods.

Tragedian (ટ્રૅજીડિઍન્), *n.* કરૂણારસોત્પાદક નાટક લખનાર-ભજવનાર; કરૂણ રસનો પાઠ લેનાર. A writer or an actor of a tragedy.

Tragedy (ટ્રૅજીડિ), *n.* કરૂણરસવાળો બનાવ; શોકકારક બનાવ; કરૂણરસ પ્રાધાન્ય નાટક. A fatal or sad event; a dramatic performance ending in sorrow.

Tragic,-al (ટ્રૅજિક્,-કૅલ્), *a.* કરૂણ રસનું; કરૂણરસાત્મક; શોકકારક ભાવવાળું; દુઃખદ; કરૂણરસમાં અંત આવે તેવું. Pertaining to a tragedy; mournful; ending in sorrow.

Trail (ટ્રેલ્), *vt. vi. pr. p.* **Trailing.** *imp.* & *p. p.* **Trailed.** પગલાં શોધીને શિકાર કરવો; લીટો પડવો; ઘસડીને લઇ જવું; ખેંચવું; ઘસડવું. To track; to drag in length. *n.* માણસ અથવા પશુનું પગલું; શિકારીને શિકાર શોધવા માટેનું પગલું અથવા નિશાન. A track followed by a hunter.

Train (ટ્રેન્), *n.* રસાલો; અનુયાયી વર્ગ; સવારી; પરિજન. A retinue; a body of followers. **2.** હાર; ઓળ; શ્રેણી. A series; a succession of things. **3.** આગગાડી; ટ્રેન. A connected line of cars or railway carriages. **4.** લોભ;લાલચ. An enticement; a temptation. *vt. vi.* શિક્ષણ આપવું; તાલીમ આપવી;પલોટવું. To educate; to instruct; to show some methods. **2.** ફાંદામાં નાંખવું; લાલચમાં નાંખવું. To entice; to allure. **Train-oil,** *n.* વ્હેલ માછલીનું તેલ.

Trainer (ટ્રેનર્), *n.* શિખવનાર; કેળવણી આપનાર; કેળવનાર. One, who trains.

Training (ટ્રેનિંગ્), *n.* શિક્ષણ; તાલીમ;કેળવણી; કવાએત; અભ્યાસ. Instruction; the act of one, who trains.

Trait (ટ્રેટ્), *n.* લક્ષણ; ચિન્હ; સ્પર્શ; વિશેષ ગુણ; છાંટ. A mark; a characteristic; a touch.

Traitor (ટ્રેટર્), *n.* રાજદ્રોહી; ફિતુરી; બળવાખોર; બંડખોર. One, guilty of treason; one disloyal to the government. **2.** વિશ્વાસઘાત કરનાર; વિશ્વાસઘાતી. One, who betrays the confidence of.

Traitorous (ટ્રેટરસ્), *n.* રાજ્યદ્રોહી; વિશ્વાસઘાતી; દેશદ્રોહી. Guilty of treason; treacherous; disloyal to one's country.

Traitress (ટ્રેટ્રેસ્), *n.* રાજ્યદ્રોહ કરનાર સ્ત્રી; દેશદ્રોહ કરનાર સ્ત્રી; વિશ્વાસ ઘાતક સ્ત્રી. A female, who is guilty of treason.

Tram (ટ્રૅમ્), *n.* પાટા ઉપર ચાલતી ગાડી; ટ્રામવેનો પાટો One, of the rails of a tramway.

Trammel (ટ્રૅમ્મેલ્), *n.* બેડી; પક્ષીઓ વિગેરે પકડવાની એક પ્રકારની જાળ. Shackles; a net for catching birds. *vt.* બંધનમાં ઘાલવું;જાળમાં પકડવું; બેડી ઘાલવી. To confine; to entrap.

Tramp (ટ્રૅમ્પ્), *vt. vi.* પગે છુંદવું; પગથી ખુંદવું; ચૂર્ણ કરવું. To tread; to trample. **2.** રખડવું; ભટકવું. To wander; to ramble. *n.* પગથી મુસાફરી કરનાર. A foot-traveller. **2.** ચાલતી વખતે જમિન ઉપર થતો ધબકારો. The sound of the feet at the time of walking on the ground.

Trample (ટ્રૅમ્પલ્), *vt. vi. pr. p.* **Trampling.** *imp.* & *p. p.* **Trampled.** પગ તળે દાબવું; છુંદવું; કચરવું. To tread under foot; to walk over. **2.** (*fig.*) લાત મારીને ઉભા રહેવું; તિરસ્કારપૂર્વક વર્તવું. To treat scornfully; to stamp.

Trampler (ટ્રૅમ્પ્લર્), *n.* પગથી છુંદનાર; પગ તળે કચરનાર; તિરસ્કારપૂર્વક વર્તનાર. One, who tramples.

Trance (ટ્રૅન્સ્), *n.* સમાધિ; તન્મયાવસ્થા; મૂર્છા; બેશુદ્ધિ. An ecstasy; a state of insensibility. *vt.* બેશુદ્ધ કરવું; સમાધિવશ બનાવવું. To entrance.

Tranquil (ટ્રૅંક્વીલ્), *a.* શાંત; શાંતી ભરેલું; સ્થિર; સ્વસ્થ; સ્થિરતાવાળું. Calm; quiet;steady; peaceful.

Tranquillity (ટ્રૅન્ક્વીલિટિ), *n.* શાંતિ; સ્થિરતા; નિવૃત્તિ. A state of being tranquil;calmness.

Tranquillize (ટ્રૅન્ક્વિલાઇઝ્), *vt.* શાંત કરવું; શાંત પાડવું; સ્વસ્થ કરવું; સ્થિર બનાવવું. To make calm; to compose; to make peaceful.

Tranquillizer (ટ્રૅન્ક્વિલાઈઝર્), *n.* શાંત કરનાર; સ્વસ્થ કરનાર; શાંતિ આપનાર. One, that tranquillizes. [**Tranquillity.**

Tranquilness (ટ્રૅન્ક્વિલનેસ્), *n.* Same as,

Transact (ટ્રૅન્સૅક્ટ્), *vt.* કરવું; બનાવવું; વહિવટ કરવો; આચરવું; વ્યવહાર ચલાવવો. To do; to execute; to manage the affairs.

Transaction (ટ્રૅન્સૅક્શૉન્), *n.* કામ; વહેવાર; વહિવટ; ફડચો; નિકાલ; પતાવટ. A performance; an aftaiq; a settlement of some business.

Transactor (ટ્રૅન્સૅક્ટર્), *n.*કામ કરનાર; વહિવટ ચલાવનાર; ફડચો કરનાર; નિકાલ કરનાર; પતાવટ કરનાર. One, who transacts.

Trans-atlantic (ટ્રૅન્સ-ઍટ્લૅન્ટિક), *a.*આટલાંટિક મહાસાગરની પેલીપારનું- તરફનું. Lying beyond the Atlantic.

Transcend (ટ્રૅન્સેન્ડ્), *vt.* ચઢિયાતા હોવું; ને ટપી જવું; ઉંચે ચઢવું; ઓળંગીને જવું. To surpass; to rise over; to cross; to pass over.

Transcendent (ટ્રૅન્સેન્ડેન્ટ્) *a.* સર્વોત્તમ; સર્વોત્કૃષ્ટ; અત્યુત્તમ; બીજા કરતાં શ્રેષ્ટ. Superior; surpassing; excellent.

Transcendental (ટ્રૅન્સેન્ડેન્ટૅલ્), *a.* મનુષ્યની અક્કલમાં ન આવે તેવું; અનુભવાતીત. Reaching

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

beyond the limit of human knowledge.

Transcribe (ટ્રૅન્સ્ક્રાઇબ) *vt. pr. p.* **Transcribing.** *imp. & p. p.* **Transcribed.** ઉતારો કરવો; નકલ કરવી; 'કોપી' કરવી. To write down in the same form; to copy.

Transcriber (ટ્રૅન્સ્ક્રાઇબર્) *n.* ઉતારો કરનાર; નકલે નકલ કરનાર; કોપી કરનાર. One, who transcribes.

Transcript (ટ્રૅન્સ્ક્રિપ્ટ), *n.* ઉતારો; નકલ; પ્રતિલેખ; પ્રત. A written copy; a copy; an imitation.

Transcription (ટ્રૅન્સ્ક્રિપ્શન્) *n.* ઉતારો; પ્રતિલેખન; નકલ કરવી તે. A copy; a way of transcribing.

Transfer (ટ્રૅન્સ્ફર્); *vt. pr. p,* **Transferring.** *imp. & p. p.* **Transferred.** બદલવું; સ્થળાંતર કરવું; ની જગ્યા બદલાવવી; ખસેડવું. To change; to carry from one place to another; to remove. *n.* એક જગ્યાએથી બીજી જગ્યાએ લાવવું તે; બદલી; સ્થળાંતર. An act of changing from one place to another; a change; a removal.

Transferable (ટ્રૅન્સ્ફરેબલ્), *a.* બીજાના નામ ઉપર ચઢાવાય તેવું; ફેરવી શકાય તેવું. Capable of being transferred.

Transferee (ટ્રૅન્સ્ફરી), *n.* જે માણસના ઉપર કાંઇ પણ ચઢાવવામાં આવ્યું હોય તે. A person, to whom a transfer has been effected.

Transference (ટ્રૅન્સ્ફરેન્સ્), *n* બદલી; સ્થળાંતર; એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવું તે. An act of transferring.

Transferrer (ટ્રાન્સ્ફરર્), *n.* બદલાવનાર. One [who transfers.

Transfiguration (ટ્રૅન્સ્ફિગ્યૂરેશન્), *n.* રૂપાંતર; આકાર અથવા દેખાવનો ફેરફાર. A change of form or appearance.

Transfigure (ટ્રૅન્સ્ફિગ્યૂર), *vt.* રૂપાંતર કરવું; બદલવું; ફેરફાર કરવો. To change the outward appearance of. 2. ઉન્નત સ્વરૂપ આપવું. To glorify.

Transfix (ટ્રૅન્સ્ફિક્સ), *vt.* આરપાર નીકળે તેમ ભોંક્વું; ભોંચવું. To pierce through a pointed weapon.

Transform (ટ્રૅન્સ્ફૉર્મ્), *vt.* બદલવું; રૂપાંતર કરવો; ફેરફાર કરવો. To change the form of; to convert.

Transformation (ટ્રૅન્સ્ફૉર્મેશન્), *n.* રૂપાંતર; બદલો; રૂપવિકાર. A change in form or figure; an organic change.

Transfuse (ટ્રૅન્સ્ફ્યૂઝ), *vt.* એકમાંથી બીજામાં આવે તેમ કરવું; રેડવું; એકમાંથી બીજે ફેલાવવું. To pour as liquid.

Transfusion (ટ્રૅન્સ્ફ્યૂઝહૉન્), *n.* એકમાંથી બીજામાં રેડવું તે; બીજામાં ફેલાવવું તે. An act of transfusing.

Transgress (ટ્રૅન્સ્ગ્રેસ્), *vt. vi.* ઉલ્લંઘવું; તોડવું; પાપ કરવું; ઓળંગવું; હુકમનો અનાદર કરવો. To pass beyond; to surpass; to violate; to offend.

Transgression (ટ્રૅન્સ્ગ્રેશન્), *n.* ઉલ્લંઘન; ભંગ; અમર્યાદા; આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તે. A breach of command or order.

Transgressor (ટ્રૅન્સ્ગ્રેસર્), *n.* ઉલ્લંઘન કરનાર; ભંગ કરનાર; અમર્યાદાપૂર્વક વર્તનાર. One, who transgresses.

Tranship (ટ્રૅન્શિપ્), *vt. pr. p.* **Transhipping.** *imp. & p. p.* **Transhipped.** એક વહાણમાંથી બીજા વહાણમાં મૂકવું-ભરવું-નાંખવું. To transfer from one ship to another.

Transhipment (ટ્રૅન્શિપ્મેન્ટ), *n.* એક વહાણમાંથી બીજા વહાણમાં માલ ચઢાવવો તે. An act of transhipping.

Transience,-cy (ટ્રૅન્સીએન્સ્,-સી), *n.* Same as, **Transientness.**

Transient (ટ્રૅન્સિએન્ટ), *a.* ક્ષણિક; ક્ષણભંગુર; અનિત્ય; ચંચળ; કાયમ ન ટકે તેવું. Momentary; not lasting; not permanent.

Transientness (ટ્રૅન્સિએન્ટ્-નેસ્), ક્ષણિકતા; ચંચળતા; નાશવંત સ્થિતિ. A state of being transient.

Transit (ટ્રૅન્સિટ્), *n.* જવું આવવું તે; લઇ જવું તે; સંક્રમણ. An act of passing; a work of going. 2. માર્ગ; રસ્તો; વાટ. A way; a path.

Transit-duty, *n.* ચોકીદાણ; માલ ઉપરની જકાત.

Transition (ટ્રૅન્ઝિશૉન્), *n.* એક સ્થિતિમાંથી બીજી હાલતમાં આવવું તે; પુનર્ભવ; સંસરણ; સ્થળાંતર. A state of passing from one state to another; a change.

Transitive (ટ્રૅન્સિટિવ્), *a.* કર્મ ઉપરથી નીકળેલું; કર્મવાળું; સકર્મક. Denoting action; having an object.

Transitoriness (ટ્રૅન્સિટૉરિનેસ્), *n.* ક્ષણભંગુરતા; અસ્થિરતા; ક્ષણિકત્વ. A state of being transitory.

Transitory (ટ્રૅન્સિટૉરિ), *a.* ક્ષણિક; ક્ષણભંગુર; અસ્થિર; અનિત્ય. Fleeting; momentary; transient.

Translate (ટ્રૅન્સ્લેટ્), *vt. pr. p.* **Translating.** *imp. & p. p.* **Translated.** તરજુમો કરવો; ભાષાંતર કરવું; બીજા શબ્દમાં કહેવું. To render into another language; to interpret. 2. મનુષ્ય દેહે બીજા લોકમાં જવું. To remove to another world without death.

Translation (ટ્રૅન્સ્લેશન્), *n.* તરજુમો; ભાષાંતર; એક ભાષામાંથી બીજી ભાષામાં સમજાવવું તે. An act of translating; a version. 2. બદલી; ફેરફારી. A removal; a change.

Translator (ટ્રૅન્સ્લેટર્) *n.* તરજુમો કરનાર; ભાષાંતર કરનાર; એક ભાષામાંથી બીજી ભાષામાં અર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનાર. One, who translates.

Translucence,-cy (ટ્રૅન્સલ્યૂસેન્સ્,-ન્સિ), *n.* અર્ધપારદર્શકપણું; સ્વચ્છતા; નિર્મળતા,-પણું. A state of being translucent.

Translucent (ટ્રૅન્સલ્યૂસેન્ટ), *a* અર્ધપારદર્શક; સ્વચ્છ; નિર્મળ. Transparent; clear.

Transmarine (ટ્રૅન્સમૅરિન્), *a.* દરિયાપારનું સમુદ્રની બીજી બાજુનું. Lying beyond or on the other side of the sea.

Transmigrate (ટ્રૅન્સમાઇગ્રેટ), *vi.* બીજો જન્મ થવો; પુનર્જન્મ થવો; જન્માંતર થવો. To pass from one body to another. **2.** બીજા દેશમાં જવું; બીજી હદમાં વસવું. To go from one's region to another region; to migrate.

Transmigration (ટ્રૅન્સમાઇગ્રેશન્), *n.* પુનર્જન્મ; જન્માંતર; સ્વદેશ છોડી પરદેશમાં વાસ કરવો તે. An act of transmigrating.

Transmissibility (ટ્રૅન્સમિસિબિલિટિ), *n.* સંચારણ ક્રિયા. A state of being transmissible.

Transmissible (ટ્રૅન્સમિસિબલ્), *a.* એક પાસેથી બીજાને મળે તેવું; કશામાં થઇને જાય તેવું. Capable of being transmitted.

Transmission (ટ્રૅન્સમિશન્), *n.* મોકલવું તે; રવાનગી; સંચારણ. An act of transmitting. **2.** (*law*) વારસામાં ઉતરવું તે. An act of being inherited.

Transmit (ટ્રૅન્સમિટ્), *vt. pr. p.* **Transmitting.** *imp. & p. p.* **Transmitted.** રવાના કરવું;–ની પેઢીમાં ઉતરવું; વારસામાં મેળવવું; પહોંચાડવું. To communicate by sending; to pass on by inheritance.

Transmogrification (ટ્રૅન્સમોગ્રિફિકેશન્), *n.* રૂપ બદલવું તે; રૂપાંતર. A transformation.

Transmutable (ટ્રૅન્સમ્યૂટેબલ્), *a.* આકાર બદલે તેવું; દ્રવ્યભેદ સાધ્ય. Transformable.

Transmutation (ટ્રૅન્સમ્યૂટેશન્), *n.* રૂપાંતર; આકાર વિકૃતિ; રૂપ બદલી નાંખવું તે. An act of transmuting.

Transmute (ટ્રૅન્સમ્યૂટ્), *vt.* રૂપ બદલવું; રૂપમાં ફેરફાર કરવો; રૂપાંતર કરવું. To transform; to change from one form to another.

Transparence (ટ્રૅન્સપૅરેન્સ્), *n.* પારદર્શક હોવું તે; સ્વચ્છતા. A state of being transparent.

Transparent (ટ્રૅન્સપૅરેન્ટ્), *a.* પારદર્શક; આરપાર દેખાય તેવું; સ્વચ્છ; વિમલ; કિરણભેદ્ય. Having the property of transmitting the rays; bright; clear; pellucid.

Transparently (ટ્રૅન્સપૅરેન્ટ્લિ), *ad.* આરપાર દેખી શકાય તેવી રીતે; સ્વચ્છ રીતે; પારદર્શકપણે. In a transparent way or manner.

Transpire (ટ્રૅન્સપાઇર્), *vi.* મોમાંથી હવા બહાર નીકળવી;–માંથી નિસરવું; છૂટવું. To exhale; to evaporate.

Transplant (ટ્રૅન્સપ્લૅન્ટ્) *vt.* એક ઠેકાણેથી બીજે ઠેકાણે રોપવું; ઉગાડવું; વાસો કરાવવો. To remove the plantation from one place to another.

Transport (ટ્રૅન્સપૉર્ટ્), *vt.* દેશનિકાલની સજા કરવી; કાળાપાણીએ મોકલવું. To banish; to exile. **2.** એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવું. To carry from one place to another. **3.** અતિશય આનંદ વ્યાપવો–ફેલાવવો. To ravish with pleasure. *n.* દેશનિકાલની સજા પામેલો કેદી. A prisoner banished. **2.** અત્યાનંદ; પરમાનંદ. An excess of joy; an ecstasy.

Transportation (ટ્રૅન્સપૉર્ટેશન્), *n.* દેશનિકાલ; દેશનિકાલની સજા ફરમાવવી તે; કાળાપાણીએ મોકલવું તે; અતિશય હર્ષિત થવું તે. An act of transporting; a state of being over-joyful.

Transpose (ટ્રૅન્સપોઝ્), *vt. pr. p.* **Transposing.** *imp. & p. p.* **Transposed.** ફેરબદલ કરવું; અદલબદલ કરવું; ઉલટસુલટ કરવું; બદલવું. To invert; to change vice versa; to change the position or order.

Transposition (ટ્રૅન્સપોઝિશન્), *n.* જગ્યાની અદલાબદલી; ફેર; પરિવર્તન; ઉલટ સુલટ કરવું તે. An act of transposing.

Transversal (ટ્રૅન્સવર્સલ્), *a.* આડું પડેલું; આડું આવેલું. Lying across; coming across.

Transverse (ટ્રૅન્સવર્સ્) *a.* Same as, **Transversal.**

Trap (ટ્રૅપ્), *n.* શિકાર પકડવાનું પાંજરૂં; ફાંસો; ઠગાઈ. A contrivance for catching game; a stratagem. *vt. pr. p.* **Trapping.** *imp. & p. p.* **Trapped.** પેચમાં નાંખવું; ફસાવવું; સપડાવવું. To ensnare. **2.** પાંજરામાં પકડવું. To catch in a trap. **Trap-door,** *n.* જાળિયું; અજવાળિયું.

Trapezium (ટ્રેપીઝિઅમ્), *n. pl.* **Trapezia** or **Trapeziums.** વિષમબાજુ ચોરસ. A plane figure, with four lines, of which none is parallel.

Trappings (ટ્રૅપિન્ગ્ઝ્), *n.* ઘોડાના જીનનો સામાન અથવા સાજ; ઘોડાનો શણગાર. Ornamental accessories, to be put on horses. **2.** વસ્ત્ર; શણગાર, વિ. Ornaments, dress, etc.

Trash (ટ્રૅશ), *n.* નકામી ચીજ; ધૂળ; રાખ; કચરો; પુંજો. A trifle; rubbish; rubbish things.

Travail (ટ્રૅવેઇલ્), *vt. vi. pr. p.* **Travailing.** *imp. & p. p.* **Travailed.** પ્રસવ વેદના થવી; પ્રસૂતિની પીડા થવી. To suffer the pangs of child-birth. **2.** કંટાળી જાય તેમ કરવું; કંટાળો આપવો. To tire; to make tire-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

some. 3. ઘણીજ મજુરી કરવી. To toil; to labour. *n.* પ્રસૂતિ પીડા; પ્રસવ વેદના. Pangs at the time of child-birth. 2. શ્રમ; અતિશય વૈતરૂં. Labour; hard work.

Travel (ટ્રૅવેલ્), *vt. vi. pr. p.* **Travelling.** *imp. & p. p.* **Travelled.** દેશાટન કરવું; મુસાફરી કરવી; પ્રવાસ કરવો; દેશ ભ્રમણ કરવો. To journey; to go on a march; to visit various countries or places. *n.* મુસાફરી; પરિભ્રમણ; દેશાટન. An act of one, who travels; a journey.

Traveller (ટ્રૅવેલર્) *n.* મુસાફર; પથિક; વટેમાર્ગુ; પ્રવાસી; પંથી. One, who travels. 2. વેપારી; એક સ્થાનેથી બીજા સ્થાને ફરતો વેપારી. A merchant, who travels to sell his goods or commodities.

Travelling (ટ્રૅવેલિન્ગ્), *n.* મુસાફરી; પર્યટન; પ્રવાસ. An act of one, who travels; a journey.

Traverse (ટ્રૅવર્સ્), *a.* આડું; વાંકું. Lying cross; slanting; cross. *n.* અડચણ; નડતર; મુશ્કેલી. A difficulty; an obstacle. *vt. vi.* આડું મૂકવું; પ્રતિકુળ પડવું,-થવું; વાંધો નાંખવો; હરકત ઉઠાવવી. To lay in a cross way; to obstruct; to thwart. 2. ઘડિયાળના કાંટા બરાબર ફરવા. To turn on a pivot (as hands of the watch).

Travesty (ટ્રૅવેસ્ટિ), *n.* મૂળ ગ્રંથનું હાસ્યજનક વ્યાખ્યાન. A humorous translation of an original work.

Tray (ટ્રે), *n. pl.* **Trays.** તબક; થાળી; તાસક; રકાબી; ખુમચો. A small trough; a salver. **Tray-trip,** *n.* એક પ્રકારની પાસાની રમત.

Treacherous (ટ્રૅચરસ્), *a.* દગલબાજ; કપટી; વિશ્વાસઘાતી; દગો દેનારૂં. Involving treachery; deceitful.

Treacherously (ટ્રૅચરસ્લિ), *ad.* કપટથી; વિશ્વાસઘાતથી; દગાફટકાથી. In a treacherous way.

Treachery (ટ્રૅચરિ), *n.* કપટ; દગો; વિશ્વાસઘાત; નિમકહરામીપણું. A state of being treacherous; breach of faith.

Treacle (ટ્રીક્લ્), *n* ગોળ; ગુડ. Molasses. 2. અસરકારક ઈલાજ; રામબાણ ઉપાય. A sovereign remedy.

Tread (ટ્રેડ્), *vt. vi. pr. p.* **Treading.** *imp.* **Trod.** *p. p.* **Trod, Trodden.** પગ તળે કચરવું; ખુંદવું; કચરી નાંખવું;-ના ઉપર થઇને ચાલવું. To set the foot on; to step over; to press with the feet. *n.* પગલું; પદન્યાસ; ચાલવાની રીત,-ઢબ. A step; a manner of walking. 2. રસ્તો; માર્ગ. A way; a path.

Treadle (ટ્રેડ્લ્), *n.* પગવડે ફેરવી શકાય તેવો સાંચાનો ભાગ. The part of a machine, which can be turned over by the foot.

Uncharitable (અન્-ચૅરિટેબલ્), *a.* દોષ મૂકનાર; દાન નહિ કરવાની વૃત્તિવાળું. Not charitable.

Unchaste (અન્-ચેસ્ટ્), *a.* વ્યભિચારી; નાપાક; છિનાળવું. Lewd; not chaste.

Unchastity (અન્-ચેસ્ટિટિ), *n.* વ્યભિચાર; જારકર્મ. A state of being unchaste; lewdness.

Unchecked (અન્-ચેક્ડ્), *a.* નહિ અટકાવેલું; નિરંકુશ; અટકાયત વિનાનું. Not checked; free from restraint.

Un-christian (અન્-ક્રિસ્ટ્યૅન્), *a.* ખ્રિસ્તિ ધર્મ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિરૂદ્ધનું; ક્રિશ્ચિયન ધર્મનું ન હોય તેવું. Opposed to the spirit of Christianity.

Unciform (અનસિફૉર્મ્), *a.* હુકના આકારનું; હુક જેવી આકૃતિવાળું. Having the form of a hook.

Uncircumcised (અનસરકમ્સાઈઝ્ડ્), *a.* સુન્નત કર્યા વિનાનું; બેસુન્નત. Not circumcised.

Uncivil (અન્-સિવિલ્), *a.* અસભ્ય; નાલાયક; ગામઠી; અણઘડ. Savage; rude; not courteous.

Uncivilized (અન્-સિવિલાઇઝ્ડ્), *a.* નહિ સુધરેલું; સંસ્કૃતિમાં આગળ નહિ વધેલું; જંગલી. Not civilized.

Unclaimed (અન્-ક્લેમ્ડ્), *a.* નધણીઆતું; બીનવારસી; વારસ સિવાયનું. Not called for.

Unclasp (અન્-ક્લૅસ્પ્), *vt.* આંકડી કાઢીને ઉઘાડવું-ખોલવું. To open what has been clasped.

Uncle (અન્કલ્), *n.* કાકો; મામો; ફુવો; માસો. The brother of one's father or mother, or the husband of one's father's or mother's sister.

Un-clean (અન્-ક્લીન્), *a.* મેલું; ગંદું; મલિન; અસ્વચ્છ. Not clean; dirty; foul; filthy.

Uncleanliness (અન્ક્લીન્લિનેસ્), *n.* ગંદકી; અસ્વચ્છતા; મલિનતા. Filthiness; a state of being unclean. [**Unclean.**

Uncleanly (અન્-ક્લીન્લિ), *a.* Same as,

Unclothe (અન્-ક્લોધ્), *vt.* કપડાં ઉતારવા; વસ્ત્ર કાઢવા; વસ્ત્રહિન કરવું. To make naked; to deprive of clothes.

Unclouded (અન્-ક્લાઉડેડ્), *a.* વાદળ વિનાનું; સ્વચ્છ; નિર્મળ. Free from clouds; clear; not darkened.

Uncoil (અન્-કૉઈલ્), *vt. vi.* ઉકેલવું; વળ ઉકેલવો; રાંઢવાનો વિંટો છૂટો કરવો; ગાંઠ છોડવી. To unwind; to open as the turns of a rope.

Uncomeliness (અન્-કમલિનેસ્), *n.* બેડોળપણું; નાલાયકપણું; અરસિકતા. A state of being uncomely.

Uncomely (અનકમ્લિ), *a.* બેડોળ; રૂપ અથવા કાંતિ વિનાનું; અઘટિત; નાલાયક. Free from any grace or beauty; unbecoming.

Uncomfortable (અન્-કમ્ફર્ટેબલ્), *a.* બેચેન; અસ્વસ્થ; સોઇ વિનાનું. Restless; wanting in comfort.

Uncomfortably (અન્-કમ્ફર્ટેબ્લિ), *ad.* બેચેની ભરેલી રીતે; અગવડતા ભરેલી રીતે; અશાંતિપૂર્વક. In an uncomfortable way.

Uncommon (અન્-કૉમૉન્), *a.* અસાધારણ; વિરલ; ક્વચિત. Rare; not common.

Un-communicative (અન્-કૉમ્યૂનિકેટિવ્), *a.* સંદેશા ન ચલાવી શકાય તેવું; અતૂટ. Not communicative.

Uncompromising (અન્-કૉમ્પ્રોમાઇઝિન્ગ્), *a.* સમાધાન ન થાય તેવું; ન માને તેવું; જક્કી. Incapable of being compromised.

Unconcern (અન્-કૉન્સર્ન્), *n.* બેફિક્રાઇ; બેપરવાઇ; બેતમા. Want of concern; a cool state of mind.

Unconcernedly (અન્-કૉન્સર્નેડ્લિ), *ad.* બેપરવાઇથી; બેતમાથી; બેફિકરાઇપૂર્વક. In an unconcerned way or manner.

Uncondemned (અન્-કૉન્ડેમ્ડ્), *a.* ગુન્હેગાર નહિ ઠરાવેલું; નિરપરાધી. Not condemned.

Unconditional (અન્-કૉન્ડિશનૅલ્), *a.* બિનશરતી; પ્રતિબંધ વિનાનું. Not limited by any condition.

Unconfined (અન્-કૉન્ફાઈન્ડ્), *a.* છૂટું; બંધનમુક્ત; મર્યાદાવિનાનું. Free; not confined.

Unconfirmed (અન્-કૉન્ફર્મ્ડ્), *a.* હંમેશને માટે મંજુર નહિ કરેલું; સાબીત નહિ કરેલું. Not confirmed.

Uncongenial (અન્-કૉન્જીનિઍલ્), *a.* તંદુરસ્તીને પ્રતિકૂળ હોય તેવું; અનુકૂળ ન હોય તેવું. Not congenial.

Unconquerable (અન્-કૉન્કરેબલ્), *a.* અજીત; અજેય; જીતી ન શકાય તેવું. Not conquerable.

Unconscious (અન્-કૉન્શસ્), *a.* અચેત; અજાણ; બીનવાકેફગાર. Not knowing; ignorant.

Unconsciousness (અન્-કૉન્શસ્નેસ્), *n.* અજાણસ્થિતિ; બીનવાકેફગારસ્થિતિ; અચેતનપણું. A state of being unconscious.

Unconstitutional (અન્-કૉન્સ્ટિટ્યૂશનૅલ્), *a.* બંધારણથી ઉલટું; ધારા ધોરણથી વિમુખ; રાજ્યનીતિ વિરૂદ્ધ. Not constitutional.

Unconstrained (અન્-કૉનસ્ટ્રેન્ડ્), *a.* સ્વતંત્ર; છૂટું; સ્વેચ્છાનું. Free from constraint; voluntary.

Unconverted (અન્-કૉન્વર્ટેડ્), *a.* ફેરવેલું નહિ તેવું; ઈસુનો ધર્મ જેણે સ્વીકાર્યો નથી તેવું. Not converted.

Uncorked (અન્-કૉર્ક્ડ્), *a.* ડાટો નહિ મારેલું; બુચ નહિ મારેલું-જડેલું. Not corked.

Uncounted (અન્-કાઉન્ટેડ્), *a.* અગણિત; અતિશય. Not counted.

Uncourteous (અન્-કૉર્ટીઅસ્), *a.* અસભ્ય; જંગલી; વિવેક વિનાનું. Rude; impolite; not courteous.

Uncouth (અનકૂથ્), *a.* ઢંગ વિનાનું; વિચિત્ર; ત્રેહવાર; વિલક્ષણ. Not familier; unknown; strange.

Uncover (અન્-કવર્), *vt.* ઢાંકણ લઈ લેવું; ઉઘાડવું; ખુલ્લું મૂકવું. To take away a cover; to disclose.

Uncrowned (અન્-ક્રાઉન્ડ્), *a.* તાજ વિનાનું; મુગટ સિવાયનું. Deprived of a crown.

Unction (અંક્શન્), *n.* તેલ, અત્તર, વિગેરેથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિષેક કરવો તે; તેલ ચોપડવું તે; તેલાભિષેક. An act of anointing or smearing with oil or an oily substance.

Unctuous (અંક્ટ્યૂઅસ્), *a.* ચિકણું; તેલવાળું; તેલીયું. Oily; greasy.

Unculpable (અન્-કલ્પેબલ્), *a.* કપટો ન આપી શકાય તેવું; નિરપરાધી; અદૂષણીય. Not culpable.

Uncultivated (અન્-કલ્ટિવેટેડ્), *a.* નહિ ખેડેલું; ખેડયા સિવાયનું; અણઘડ; અસભ્ય. Not cultivated; untrained.

Uncut (અન્કટ્), *a.* કાપ્યા સિવાયનું; આખું; પાસા પાડયા સિવાયનું. Not cut.

Undaunted (અન્-ડૉન્ટેડ્), *a.* નિર્ભય; નિડર; ધાસ્તી સિવાયનું; કઠણ છાતીનું. Not daunted; fearless; daring.

Undecaying (અન્ડીકેઇન્ગ્), *a.* ક્ષીણ નહિ થાય તેવું; અવિનાશી; અમર. Not decaying; immortal.

Undeceive (અન્-ડીસીવ્), *vt.* આંખ-કાન ઉઘાડવા; ભૂલ કાઢી નાંખવી. To free from deception.

Undecided (અન્-ડીસાઇડેડ્), *a.* અનિશ્ચિત; ઢચુપચુ મનવાળું; અદ્દઢ. Not decided or settled.

Undefiled (અન્ડીફાઇલ્ડ્), *a.* અપવિત્ર નહિ થયેલું; નિર્મળ; પાક; ભ્રષ્ટ નહિ બનેલું. Not defiled; pure.

Undefinable (અન-ડીફાઇનેબલ્), *a.* હદ અથવા મર્યાદા બાંધી ન શકાય તેવું; વ્યાખ્યા ન આપી શકાય તેવું. Incapable of being defined.

Undefined (અન્-ડીફાઇન્ડ્), *a.* જેની હદ, મર્યાદા, અથવા વ્યાખ્યા બંધાઇ નથી તેવું. Not defined.

Undeniable (અન્ડીનાઇએબલ્), *a.* ના ન પાડી શકાય તેવું; અબાધિત. Incapable of being denied.

Under (અન્ડર્), *prep.* નીચે; તળે; હેઠળ; તાબામાં; હુકમમાં; આધીનમાં. Beneath; in the subordination of.

Under-act (અન્ડર્-ઍક્ટ્), *vt.* નાટક જોઇએ તેવી રીતે નહિ ભજવવું. To act in a deficient manner.

Under-agent (અન્ડર્-એજન્ટ્), *n.* પેટા આડતિયો, તાબાનો અથવા હાથ નીચેનો આડતિયો. A subordinate agent.

Under-charge (આન્ડર્-ચાર્જ્), *vt.* ઓછી કિંમત લેવી; કિંમત ઘટાડવી; દારૂગોળો ઓછો ભરવો. To charge below the price; to put a very small charge into.

Under-current (અન્ડર્-કરેન્ટ્), *n.* પાણીની નીચે ચાલતો પ્રવાહ. A current below the surface of water.

Under-dealing (અન્ડર્-ડીલિન્ગ્), *n.* લુચ્ચાઇ; છળ; કપટથી વર્તવું તે. Cunningness; an act of treating with fraud.

Under-do (અન્ડર્-ડૂ), *vt.* હોવું જોઇએ તેના કરતાં ઓછું કરવું. To do less than what is needed.

Under-done (અન્ડર્-ડન્), *a.* બરાબર રંધાયેલું નહિ તેવું; કાચું; અપક્વ. Not well cooked.

Under-go (અન્ડર્-ગો), *vt.* ભોગવવું; ખમવું; સહન કરવું. To suffer; to bear. **2.** પરિણામ આવવું-નીપજવું. To result.

Undergraduate (અન્ડર્-ગ્રૅડ્યૂએટ્), *n.* જે વિદ્યાર્થીને પાઠશાળામાં પ્રથમ પંક્તિ (ડીગ્રી) મળી નથી તે વિદ્યાર્થી. A student, failing to get his first degree of the university.

Undergrowth (અન્ડર્ગ્રોથ્), *n.* ઝાડવાઓની નીચે ઉગતા નાના રોપો અથવા બીજા ઝાડવા. Shrubs growing among large trees.

Under-hand (અન્ડર્-હૅન્ડ્), *a.* કપટવાળું; દગાથી ભરપૂર; બીજાને ખબર ન પડે તેવી રીતે. Deceitful; unfair; secret. *ad.* કપટથી; દગાથી. Deceitfully.

Under-line (અન્ડર્-લાઇન્), *vt.* શબ્દની અથવા વાક્યની નીચે લીટી દોરવી. To draw a line below a word or words.

Under-ling (અન્ડર્-લિન્ગ્), *n.* હાથ નીચેનું હલકું માણસ; તાબાનો માણસ. A subordinate.

Under-mine (અન્ડર્-માઇન્), *vt.* પાયામાંથી ખોદી કાઢવું; છાની રીતે સુરંગ કરવી. To form a mine under. **2.** નાશ કરવો; પાયમાલી કરવી; છાની રીતે નુકશાન કરવું. To bring a ruin; to destroy.

Under-most (અન્ડર્-મોસ્ટ), *a.* સર્વથી નીચેનું; કનિષ્ટ. Lowest in rank or power.

Under-neath (અન્ડર્-નીથ્), *prep. ad.* નીચે; હેઠળ; તળે. Under; below.

Under-prize (અન્ડર્-પ્રાઇઝ્), *vt.* ઓછી કિંમત કરવી; -ની ઓછી કદર કરવી. To under-value.

Under-rate (અન્ડર્-રેટ્), *vt.* Same as, **Underprize.**

Under-rose (અન્ડર્-રોઝ્), *ad.* છાનામાના; ગુપ્ત રીતે. Secretly; silently.

Under-sign (અન્ડર્-સાઇન્), *vt.* નીચે સહી કરવી; -ની નીચે મતું કરવું. To write one's name at the end of.

Understand (અન્ડર્-સ્ટૅન્ડ્), *vt. vi. pr. p.* **Understanding.** *imp. & p. p.* **Understood.** સમજવું; જાણવું; માનવું; ખબર મળવી. To know; to comprehend; to learn.

Understanding (અન્ડર્-સ્ટૅન્ડિંગ્), *n.* સમજ; જ્ઞાન; સમજશક્તિ; ગ્રહણશક્તિ. Knowledge; a comprehensive power.

Understood (અન્ડર્-સ્ટૂડ), *n.* અધ્યાહાર; ગર્ભિત શબ્દ. A meaning, meant but not expressed. **2.** જાણ્યું; જાણેલું. *imp. & p. p.* of **Understand.**

Under-strapper (અન્ડર્-સ્ટ્રૅપર્), *n.* હલકા કામનો કારભારી. A petty fellow.

Undertake (અન્ડર્ટેક), *vt.* હાથમાં લેવું; માથે લેવું; કામ કરવાને કબુલ કરવું; બીડું ઝડપવું. To

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

take upon one's self; to take in hand; to show one's readiness in doing a work. **2.** હુમલો કરવો. To attack.

Undertaker (અન્ડર્-ટેકર્) *n.* માથે લેનાર; શરત કરીને કામ માથે લેનાર. One, who undertakes.

Undertaking (અન્ડર્-ટેકિંગ્), *n.* સાહસ; જોખમી કામ; વચન; કોલકરાર. An enterprise; a promise; contract.

Undervalue (અન્ડર્-વૅલ્યૂ), *vt.* ઓછી કિંમત કરવી; ભાવ ન પૂછવો; ઓછી કિંમત આંકવી. To depreciate; to set a less value on.

Under-writer (અન્ડર્-રાઇટર્), *n.* દરિયાઈ રસ્તે માલનો વીમો ઉતારનાર. A marine insurer.

Un-deserved (અન્-ડીઝર્વ્ડ), *a.* ગેરવ્યાજબી; અઘટિત; અયોગ્ય. Not deserved; not merited.

Undeserving (અન્-ડીઝર્વિન્ગ્), *a.* નાલાયક; ગુણહીન. Wanting in worth or merit.

Un-designed (અન્-ડીઝાઇન્ડ્), *a.* અસંકલ્પિત; જાણી જોઈને કલ્પના કર્યા વગર કરેલું. Not designed.

Un-desirable (અન્-ડીઝાયરેબલ્), *a.* અરુચિકર; નહિ ઈચ્છવા જેવું; અપ્રિય. Not desired.

Un-determined (અન્-ડીટર્મિન્ડ્), *a.* નિશ્ચય કર્યા વિનાનું; ઠરાવ નહિ કીધેલું તેવું. Not determined; not certain.

Un-deviating (અન્-ડીવિએટિન્ગ્), *a.* આડે માર્ગે નહિ જનાર; સીધે માર્ગે જવું. Not deviating.

Un-devout (અન-ડીવાઉટ્), *a.* ભક્તિભાવ વિનાનું; અભાવિક. Not devout; unholy.

Un-digested (અન્-ડિજેસ્ટેડ્), *a.* પચે નહિ તેવું; અજીર્ણ કરે તેવું. Not digested.

Un-dignified (અન્-ડિગ્નિફાઈડ્), *a.* માન ભરેલું નહિ તેવું; નીચ; અપ્રૌઢ. Unworthy; not dignified.

Un-discerning (અન્-ડિસર્નિંગ્), *a.* અવિવેકી; અવિચારી; વિચારશૂન્ય. Not discerning; wanting in discernment.

Un-disciplined (અન્ડિસિપ્લિન્ડ્), *a.* બીન કેળવાયેલું; રીતભાત નહિ શિખેલું; કાચું. Not disciplined; raw.

Un-disguised (અન્-ડિસ્ગાઇઝ્ડ્), *a.* કપટ વગરનું; ખુલ્લું; અકૃત્રિમ. Artless; open; natural.

Undisturbed (અન્ડિસ્ટર્બ્ડ્), *a.* અવ્યગ્ર; શાંત; સ્વસ્થ. Not disturbed; calm.

Undivided (અન્-ડિવાઈડેડ્), *a.* અખંડ; ભાગ નહિ પાડેલું; આખું; અવિચ્છિન્ન. Whole; not divided.

Undo (અન્-ડૂ), *vt.* ધૂળધાણી કરવું; પાયમાલ કરવું; ફેરવી નાંખવું. To ruin; to annul; to reverse. **2.** છૂટું કરવું; ઉઘાડવું. To loosen; to open.

Undone (અન્ડન્), *a.* પાયમાલ થઇ ગયેલું; કર્યા સિવાયનું. Ruined; not done.

Undoubted (અન્ડાઉટેડ્), *a.* સંદેહ વગરનું; શંકા સિવાયનું; શક વિનાનું. Not doubted.

Undress (અન્-ડ્રેસ), *vt.* કપડાં ઉતારવાં; લૂગડાં કાઢી નાંખવા; અલંકાર કાઢી લેવા. To deprive of clothes or ornaments.

Undue (અન્ડ્યૂ), *a.* અયોગ્ય; અઘટિત; નાલાયક; ઘણુંજ. Improper; not due; excessive.

Undulate (અન્ડ્યૂલેટ્) *vi. pr. p.* **Undulating.** *imp. & p. p.* **Undulated.** હિંચકા ખાવા; લટકીને હિંચવું; આમતેમ ઝુલવું. To vibrate; to swing. **2.** જળમાં મોજાંનું ઉંચું થવું. To rise and fall as of waves.

Undulation (અન્-ડ્યૂલેશન્), *n.* હિંચકા ખાવા તે; ઝોલા ખાવા તે; આમતેમ ઝુલવું તે; તરંગ. An act of undulating.

Undulatory (અન્ડ્યૂલૅટૉરિ), *a.* ઝુલતું; મોજાંની પેઠે આમતેમ હાલતું. Waving; moving to and fro.

Unduly (અન્ડ્યૂલિ), *ad.* ગેરવ્યાજબી રીતે; નાલાયકી ભરેલી રીતે; અઘટિતપણે. In an undue way or manner; improperly.

Undutiful (અન્-ડ્યૂટિફુલ્), *a.* અકર્તવ્યશીલ; આજ્ઞા નહિ માનનાર. Not dutiful.

Uneasiness (અન્-ઇઝિનેસ્), *n.* બેચેની; અશાંતિ; અસ્વસ્થતા. A state of being uneasy; restlessness.

Uneasy (અન્-ઇઝિ), *a.* બેચેન; અસ્વસ્થ; અશાંત. Restless; agitated. **2.** કઠણ; મુશ્કેલ. Hard; difficult.

Uneducated (અન્-એડ્યૂકેટેડ્), *a.* બીન કેળવાયેલું; અભણ; નહિ ભણેલું; ગમાર. Not educated.

Unembarrassed (અન્-એમ્બૅરૅસ્ડ્), *a.* અકળાયેલું નહિ તેવું; નહિ ગભરાયેલું; મુંઝવણમાં નહિ આવી પડેલું. Not embarrassed; free from difficulties.

Unemployed (અન્-એમ્પ્લૉઇડ્), *a.* બીનરોજગારી; નાહ વપરાતું; નિર્વ્યાપાર. Not employed; having no regular work to attend.

Unemployment (અન્-એમ્પ્લોઇમૅન્ટ્), *n.* બીનરોજગાર સ્થિતિ-હાલત; ધંધા-રોજગાર વિનાના હોવું તે. A state of being unemployed.

Unenduring (અન્-એન્ડ્યૂરિન્ગ્), *a.* ટકે નહિ તેવું; સામું ન થઇ શકે તેવું; સહન ન કરે તેવું. Not enduring.

Un-enlightened (અન્-એન્લાઈટન્ડ્). *a.* પ્રકાશહીન; તેજવિહીન; અજ્ઞાન. Not illuminated; not brightened.

Un-envious (અન્-એન્વિઅસ્), *a.* અદેખાઇ ઉત્પન્ન ન કરે તેવું; ઇર્ષા વિનાનું. Not envious.

Un-equal (અન્-ઇક્વૅલ્), *a.* સરખું ન હોય તેવું; અસમાન; અસમ. Not equal; inadequate.

Un-equable (અન્-ઇકવેબલ્), *a.* બદલાય તેવું; અસ્થિર; આસરંગ. Fitful; constantly changing.

Un-equivocal (અન્-ઇક્વીવોકૅલ્), *a.* સાફ અર્થ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાળું; ખુલ્લા અથવા ચોખ્ખા અર્થવાળું. Not equivocal; evident.

Un-erring (અન્-એરિંગ્), *a.* ભૂલ ન કરે તેવું; ભૂલે નહિ તેવું. Not erring; incapable of any error or mistake.

Un-essential (અન્-એસેન્શૅલ્), *a.* જરૂર વગરનું; અનાવશ્યક; બીનજરૂરી. Not essential; needless.

Un-even (અન્-ઈવન્), *a.* ઉંચું નીચું; અસમાન; ખડબચડું; અતુલ્ય. Rough; not plain.

Unevenness (અન્-ઈવનનેસ્), *n.* ઉંચુંનીચું હોવું તે; અસમાનતા; ખડબચડાપણું. A state of being uneven.

Unexampled (અન્-એક્ઝામ્પલ્ડ્), *a.* અનુપમ; અપ્રતિમ; જેના જેવું બીજું ન હોય તેવું. Having no rival.

Unexceptionable (અન્-એક્સેપ્શનેબલ્), *a.* વાંધો લેવાય નહિ તેવું; અબાધિત; નિર્દોષ. Not objectionable; faultless.

Unexecuted (અન્-એક્સીક્યૂટેડ્), *a.* કાર્યમાં નહિ યોજેલું; સહી વગરનું; અકૃત. Not executed.

Unexhausted (અન્-એગ્ઝૉસ્ટેડ્), *a.* થાકી ન ગયું હોય તેવું; સિલકમાં બચેલું; બાકી રહેલું. Not exhausted.

Unexpected (અન્-એક્સ્પેક્ટેડ્), *a.* નહિં ધારેલું; અણધાર્યું; ઓચિંતું. Not expected; sudden.

Unexpectedly (અન્-એક્સ્પેક્ટેડ્લિ), *ad.* અણધાર્યું; ઓચિંતું; એકાએક. Suddenly; at once.

Unexplored (અન્-એક્સ્પ્લોર્ડ્), *a.* નહિં શોધાયેલું; અજ્ઞાન. Not explored.

Unextinguished (અન્-એક્સ્ટિન્ગ્વિશ્ડ્), *a.* બુઝાય નહિ તેવું; ઓલવાયેલું ન હોય તેવું. Not extinguished.

Unfading (અન્-ફેડિંગ્), *a.* કરમાય નહિ તેવું; તાજું; અક્ષય. Not fading; not liable to wither.

Unfailing (અન્-ફેલિન્ગ્) *a.* અખૂટ; ખચિત; રામબાણ; અમોઘ; નિષ્ફળ થાય તેવું. Sure; certain; not failng.

Unfair (અન્-ફેર્), *a.* ગેરવ્યાજબી; અપ્રમાણિક; ખોટું. Unjust; not fair; partial.

Unfaithful (અન્-ફેથ્ફુલ્), *a.* બેઈમાન; નિમકહરામ; અપ્રમાણિક. Faithless; treacherous.

Unfaltering (અન્-ફૉલ્ટરિન્ગ્), *a.* અચકાયાવિનાનું; નિડર; બેલગામ. Not faltering; not hesitating.

Unfashionable (અન્-ફૅશનેબલ્), *a.* બેરિવાજનું; અણઘડ; પદ્ધતિ અથવા રિવાજ બહારનું. Not according to the prevailing fashion or custom.

Unfasten (અન્-ફૅસન્), *vt.* છોડવું; મોકળું કરવું; છૂટું કરવું. To untie; to loosen.

Unfathomable (અન્-ફૅધમેબલ્), *a.* અથાગ; અગમ્ય; અગહન. Not fathomable.

Unfavourable (અન્-ફેવરેબલ્), *a.* પ્રતિકૂળ; અશુભ; ઉલટું; વિષમ. Not favourable; contrary to.

Unfeeling (અન્-ફીલિન્ગ્), *a.* નિર્દય; દયાહીન; કઠણ હૈયાનું; ઘાતકી. Cruel; hard-hearted; obdurate.

Unfeigned (અન્-ફેન્ડ્), *a.* નિષ્કપટ; ખરેખરૂં; વાસ્તવિક. Not feigned; real; natural.

Unfettered (અન્-ફેટર્ડ્), *a.* બંધન વગરનું; છૂટું; મુક્ત. Not fettered; unchained.

Unfinished (અન્-ફિનિશ્ડ્), *a.* અપૂર્ણ; અધૂરૂં; કાચું. Not finished; imperfect.

Unfit (અન્-ફિટ્), *a.* નાલાયક; અયોગ્ય; અઘટિત. Improper; unbecoming; not fit. *vt.* નાલાયક બનાવવું; અયોગ્ય કરવું. To render unfit.

Unfixed (અન્-ફિક્સ્ડ્), *a.* અસ્થિર; અનિશ્ચિત; ચલિત. Not fixed; unsettled.

Unfledged (અન્-ફ્લેજ્ડ્), *a.* પીંછા ન ફુટેલાં હોય તેવું; નહાનું; કાચું; પુરતા અનુભવ સિવાયનું. Not fledged; raw; wanting in sufficient experience.

Unfold (અન્-ફોલ્ડ્), *vt. vi.* ઉઘાડવું; પ્રકટ કરવું; ઉકલેવું; વાડામાંથી છૂટું કરવું. To open the folds of; to disclose. **2.** ઉઘાડવું; પ્રકટ થવું; છૂટું થવું. To be disclosed; to open.

Unforeseen (અન્-ફોર્સીન્), *a.* બેમાલુમ; અણધાર્યું; અચાનક. Not foreseen; sudden.

Unforgiving (અન્-ફૉર્ગિવિન્ગ્), *a.* માફી ન આપે તેવું; અક્ષમાશીલ. Not of forgiving nature.

Unformed (અન્-ફૉર્મ્ડ્), *a.* આકાર વિનાનું; નિરાકાર. Not having been formed; shapeless.

Unfortified (અન્-ફૉર્ટિફાઇડ્), *a.* નહિ બાંધેલું; કિલ્લો ન બાંધેલ હોય તેવું. Not fortified.

Unfortunate (અન્-ફૉર્ચ્યૂનેટ્), *a.* ભાગ્યહીન; અશુભ; કમનશીબ. Not fortunate; unlucky. *n.* કમનશીબ પુરૂષ; ભાગ્યહીન આદમી. An unlucky man. **2.** વેશ્યા; પતીત સ્ત્રી. A prostitute.

Unfortunately (અન્ફૉર્ચ્યૂનેટ્લિ), *ad.* કમનશીબ રીતે; ભાગ્યહીન રીતે. Uuluckily; in an unfortunate way.

Unfounded (અન્-ફાઉન્ડેડ્), *a.* આધાર વિનાનું; પાયા વિનાનું; મૂળ સિવાયનું. Free from any base or foundation groundless.

Un-frequented (અન્-ફ્રીક્વેન્ટેડ્), *a.* જનસંચાર વગરનું; નિર્જન; એકાંતમાં આવેલું. Rarely visited; lonely.

Unfriendliness (અન્-ફ્રેન્ડ્લિનેસ્), *n.* સ્નેહ સિવાયનું હોવું તે; મિત્રાચારીનો અભાવ. A state of being unfriendly.

Unfriendly (અન્-ફ્રેન્ડ્લિ), *a.* સ્નેહ સિવાયનું; બેદીલ; હેત ભાવ સિવાયનું-વિનાનું. Not friendly.

Unfruitful (અન્-ફ્રૂટ્ફુલ્), *a.* નિષ્ફળ; ઉજ્જડ; ફોગટ; વૃથા. Fruitless; barren.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Unfulfilled (અન્-ફુલ્ફિલ્ડ્), *vt.* નહિં પુરૂ કરેલું; પાળ્યા સિવાયનું. Not fulfilled.

Unfurl (અન્ફર્લ્), *vt.* ઉકેલવું; ખોલવું; છોડી દેવું. To loose from a furled state.

Unfurnished (અન્-ફર્નિશ્ડ્), *a.* સરંજામ વિનાનું; રાચરચિલા વગરનું. Not supplied with necessaries.

Ungainliness (અનગેન્લિનેસ્), *n.* બેડોળ સ્થિતિ; બેઢંગાપણું. A state of being ungainly.

Ungainly (અનગેન્લિ), *a.* બેડોળ; બેઢંગું; કઢંગું. Awkward; uncouth.

Ungenerous (અન્-જેનરસ્), *a.* સાંકડા મનનું; ઉદાર નહિ તેવું; હલકી મનોવૃત્તિનું. Not generous; mean.

Ungenteel (અન્-જેન્ટીલ્), *a.* અસભ્ય; જંગલી; રીતભાત વિનાનું. Rude; impolite.

Ungentlemanly (અન્-જેન્ટ્લમૅન્લિ), *a.* સદ્-ગૃહસ્થને છાજે નહિ તેવું; શિષ્ટાચારથી વિરૂદ્ધ. Not becoming a gentleman.

Ungird (અન્ગર્ડ્), *vt.* કમર છોડવી; સામાન છોડવો. To free from a band or a girdle.

Ungodliness (અનગૉડ્લિનેસ્), *n.* નાસ્તિકતા; અધાર્મિકપણું; ભક્તિભાવ વિનાનું હોવું તે. A state of being ungodly.

Ungodly (અનગૉડ્લિ), *a.* અધાર્મિક; ભક્તિ વિનાનું; નાસ્તિક. Not godly; impious.

Ungovernable (અનગવર્નબ્લ્), *a.* ગાંઠે નહિ તેવું; ફાટેલ મગજનું; દુઃશાસન. Not governable.

Ungraceful (અનગ્રેસફુલ), *a.* બેડોળ; કદરૂપું; અનાડી. Not graceful; awkward.

Ungrammatical (અન્-ગ્રમૅટિકલ્), *a.* વ્યાકરણના નિયમથી વિરૂદ્ધ; વ્યાકરણની દૃષ્ટિએ દોષવાળું. Not grammatical.

Ungrateful (અનગ્રેટ્ફુલ), *a.* ઉપકાર ન માને તેવું; કૃતઘ્ન. Not grateful.

Unguarded (અન્-ગાર્ડેડ્), *a.* સંભાળ વિનાનું; રક્ષણ કર્યા સિવાયનું; ગાફેલ. Not guarded; without being protected.

Unguent (અન્ગ્વેન્ટ્), *n.* મલમપટી; લેપન; લેપ. An ointment. 2. સંચા, વિગેરેને તેલ લગાડવું તે. An act of applying oil to machinery.

Unguentous (અન્-ગ્વેન્ટસ્), *a.* તેલવાળું; ચરબીવાળું; ચિકણું. Oily; fatty.

Unhallowed (અન્-હૅલ્લોડ્), *a.* કુકર્મી; દુષ્ટ; નાપાક; અશુભ; અમંગળ. Not hallowed; wicked; impious.

Unhand (અન્-હૅન્ડ્), *vt.* હાથપરથી જવા દેવું; છોડવું; મૂકી દેવું. To let go; to take the hands from.

Unhandsome (અન્-હૅન્ડ્સમ્), *a.* કદરૂપું; બદશીકલ; બદસુરત. Ungainly; deformed; not beautiful. 2. ગેરવ્યાજબી; અઠીક. Unfair; improper.

Unhandy (અન્-હૅન્ડિ), *a.* અણકસબી; અણઘડ; કારીગરી વિનાનું. Not handy; awkward.

Unhappiness (અન-હૅપિનેસ્), *n.* દુઃખ; આપત્તિ; પીડા; અકલ્યાણ. A calamity; a state of being unhappy.

Unhappy (અન્-હૅપિ), *a;* દુઃખી; અશુભ; અમંગળ. Not happy; inauspicious; evil.

Unharbour (અન્-હાર્બર્), *vt.* બારામાંથી રજા આપવી અથવા કાઢી મૂકવું (વહાણને) To drive away from a harbour. 2. આશરા વિનાનું બનાવવું; રહેઠાણ સિવાયનું કરવું. To deprive of shelter.

Unharness (અન્-હાર્નેસ્), *vt.* ઘોડા, વિગેરેનો સાજ કાઢી લેવો–ઉતારવો. To take away harness of a horse, etc.

Unhealthy (અન્હેલ્થિ), *a.* રોગી; બિમાર; રોગવાળું; અતંદુરસ્ત. Not healthy; not sound in health.

Unheard (અન્-હર્ડ્), *a.* નહિ સંભળાયેલું; ન સાંભળેલું; દાદ દીધા વિનાનું. Not heard.

Unheeded (અન્ હીડેડ્), *a.* ધ્યાનમાં નહિ રાખેલું; લક્ષમાં નહિ ઉતારેલું; ઉપેક્ષિત. Not heeded; not attended.

Unhinge (અન્-હિન્જ્), *vt.* મિજાગરામાંથી છૂટું કરવું–પાડવું; સાંધામાંથી ઉકેલવું. To take away from the hinges.

Unholiness (અન્-હોલિનેસ્), *n.* અપવિત્રતા; અશુદ્ધિ; નાપાકપણું. A state of becoming unholy; impurity.

Unholy (અન્-હોલિ), *a.* અપવિત્ર; નાપાક; અશુદ્ધ. Wanting in holiness; impure.

Unhonoured (અન્-ઑનર્ડ્), *a.* અપમાનિત; માન પામ્યા સિવાયનું. Not being honoured.

Unhurt (અન્-હર્ટ્), *a.* ઇજા થયા સિવાયનું; સલામત; હરકત પામ્યા વિનાનું. Not hurt; safe.

Unicorn (યૂનિકૉર્ન), *n.* એક સિંગડાવાળું કલ્પિત પ્રાણી ગેંડો. A fabulous animal with one horn.

Un-ideal (અન્-આઇડીઍલ્), *a.* ખરૂં; વાસ્તવિક; સત્યતાવાળું. Real; not ideal

Un-idiomatic,-al (અન્-ઇડિઍમૅટિક્,-કૅલ્), *a.* બોલવાની રીતથી ઉલટું; ભાષા પદ્ધતિ વિરૂદ્ધ. Actrng against the mode of speech.

Uniform (યૂનિફૉર્મ્), *n.* એક સરખો પોશાક; લશ્કરી પોશાક. A dress of the same kind or fashion. *a.* એક જાતનું; એક સરખું; એકજ તરેહનું. Of the same kind or type; having the same form.

Uniformity (યૂનિફૉર્મિટિ), *n.* એક રૂપતા; એક સરખાપણું; સમાનતા; તાદૃશ્યતા. A state of being uniform; conformity.

Unify (યૂનિફાઇ), *vt. pr. p.* **Unifying.** *imp. & p. p.* **Unified.** એકીકરણ કરવું; એક રૂપમાં લાવવું–ગોઠવવું. To form into one; to

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

reduce to unity.

Unimaginable (અન્-ઇમૅજિનેબલ્), *a.* અકલ્પિત;ધારી ન શકાય તેવું. Incapable of being imagined.

Un-impaired (અન્-ઇમ્પેર્ડ્), *a.* નહિ બગડેલું; સાબુત;નુકશાન થયા સિવાયનું. Not impaired;safe.

Unimpeachable (અન્-ઇમ્પીચેબલ), *a.* અદૂષણીય; નિષ્કલંક; અનિંદાત્મક. Not impeachable; free from any blame.

Un-important (અન્-ઇમ્પોર્ટન્ટ), *a.* જરૂર સિવાયનું; બીનજરૂરી. Not important;needless;

Un-infected (અન્-ઇન્ફેક્ટેડ્), *a.* ચેપ ન લાગેલો હોય તેવું; બગડયા સિવાયનું. Not infected.

Un-inhabitable (અન્-ઇન્હૅબિટેબલ), *a.* માણસથી વસી ન શકાય તેવું; રહેઠાણ માટે અનુચિત. Not inhabitable.

Un-initiated (અન્-ઇનિશિએટેડ્), *a.* મૂળતત્વથી અજ્ઞાત; સંસ્કાર પામ્યા વિનાનું. Not initiated.

Un-injured (અન્-ઇન્જર્ડ્), *a.* નહિ બગડેલું; સહીસલામત; સાબુત. Not injured.

Un-intelligible (અન્-ઇન્ટેલિજિબલ્), *a.* સમજાય નહિ તેવું; અગમ્ય; અગ્રાહ્ય; દુર્બોધ. Not intelligible; incapable of being understood.

Un-intentional (અન્-ઇન્ટેન્શનૅલ), *a.* નહિ ધારેલું; જાણી જોઇને નહિ કરેલું; અજાણથી થઇ ગયેલું. Not intended.

Un-interesting (અન્-ઇન્ટરેસ્ટિન્ગ્), *a.* રસ વિનાનું; નિરસ; અરસિક. Not interesting; dull.

Union (યૂન્યૉન), *n.* સંપ; એકમત; સંયોગ; મેળાપ. Harmony; a coalition; agreement.

Unique (યૂનિક), *a.* એકજ; અનન્ય; અપૂર્વ; અદ્વિતીય; અસાધારણ. Unrivalled; uncommon; extraordinary;

Unison (યૂનિસૉન), *n.* સ્વરનો મિલાપ; સૂર; તાલ; એકાતર સંબંધ; એક રાગ. Harmony of sound; identity in pitch.

Unisonous (યૂનિસૉનસ), *a.* એકજ સૂરવાળું; એક સરખો અવાજ હોય તેવું. Having unison.

Unit (યૂનિટ), *n.* એકમ; એકમ પરિમાણ; એકજ વ્યક્તિ અથવા ચીજ. A single thing or an object; a single person. **2.** પ્રમાણને માટે નક્કી કરેલું કોઇપણ માપ-પ્રમાણ. A standard of measurement or weight.

Unitarian (યૂનિટેરિઍન), *n.* ઇશ્વરીઐક્યનો ઇન્કાર કરનાર; અદ્વૈતવાદી. One, who follows the doctrine of unitarianism.

Unitarianism (યૂનિટેરિઍનિઝમ્), *n.* અદ્વૈતવાદ; એકેશ્વરવાદી. The doctrine of the Unitarians.

Unite (યૂનાઇટ), *vt. vi. pr. p.* **Uniting.** *imp. & p p.* **United.** જોડવું; સંયુક્ત કરવું; સાંધવું; સંપ કરાવવો; એકત્ર કરવું. To combine; to connect; to join; to bring into unity. **2.** સંધાઇ જવું સંપ થવો; એકત્ર થવું. To become united; to become one.

Unity (યૂનિટિ), *n.* એકતા; એકપણું;અભેદ્ય સ્થિતિ; સંપ. Oneness; agreement; harmony.

Universal (યૂનિવર્સલ), *a.* સર્વમય; સર્વ; આખું; વિશ્વને લગતું; સર્વત્ર ફેલાઇ ગયેલું. All-pertaining to the universe.

Universalism (યૂનિવર્સલિઝમ્). *n.* બધા માણસોને મોક્ષ મળે છે તેવો મત સિદ્ધાંત. The doctrine that all men will finally receive salvation.

Universality (યૂનિવર્સલિટિ), *n.* સર્વવ્યાપકત્વ; સાર્વત્રિકતા. A state of being universal.

Universally (યૂનિવર્સલિ), *ad.* સર્વ રીતે; બધી રીતે; સામાન્ય રીતે. In a universal way.

Universe (યૂનિવર્સ), *n.* વિશ્વ; સૃષ્ટિ; આલમ; જગત; બ્રહ્માંડ. The creation; the world.

University (યૂનિવર્સિટિ), *n. pl.* **Universities.** પાઠશાળા; વિદ્યાલય; શાળામંડળ-સમૂહ. A corporation of schools and colleges, training the student-world for some faculties.

Univocal (યૂનિવૉકલ), *a.* ફક્ત એકજ અર્થવાળું; એકાર્થી; એકરાગી. Having only one meaning. *n.* એક અર્થવાળો શબ્દ. A word with one meaning.

Unjust (અન્-જસ્ટ), *a.* અધર્મી; અન્યાયી; ગેરવ્યાજબી. Not just; contrary to right.

Unjustly (અન્-જસ્ટલિ), *ad.* અન્યાય ભરેલી રીતે;ગેરવ્યાજબીપણે;અધર્મીપણે. In an unjust way.

Unkind (અન્-કાઇન્ડ્), *a.* અકૃપાળુ; કઠોરવૃત્તિનું; નિર્દય; ક્રૂર. Merciless; harsh; cruel

Un-known (અન્-નોન), *a.* બીન માહિતગાર; અજાણ્યું; ઓળખાણ સિવાયનું. Not known or familiar.

Unlade (અન્-લેડ્), *vt.* બોજો ઉતારવો; ભાર ઉતારવો; ખાલી કરવું. To deprive of load;to unload.

Unlawful *a.* (અન્-લૉફુલ), *a.* ગેરકાયદાવાળું; હરામનું; રાજાજ્ઞા વિના. Acting against the laws.

Unlawfully (અનલૉફુલલિ), *ad.* ગેરકાયદેસર; ગેરવ્યાજબીપણે. Not lawfully; illegally.

Unlawfulness (અનલૉફુલનેસ), *n.* ગેરકાયદેસર હોવું તે; ગેરવ્યાજબીપણે વર્તવું તે. A state of being unlawful.

Unless (અનલેસ), *conj.* નહિં તો; સિવાય; જો નહિ; તો નહિ. If not; were it not so.

Unlettered (અનલેટર્ડ), *a.* વગર ભણેલો; અનક્ષર; નિરક્ષર. Not learned; illiterate.

Unlike (અન્-લાઇક), *a.* સરખું ન હોય તેવું; જુદું; અસમાન. Dissimilar; separate.

Unlikely (અનલાઇકલિ), *a.* ન બનવા જોગ; અસંભવિત; આશા વિનાનું. Not likely; improbable. *ad.* ઘણું કરીને નહિ બનવા જોગ. Not likely.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Unlikeness (અનલાઇકનેસ્), *n.* પૃથકતા; ભિન્નતા; જુદાપણું. An absence of similarity.

Unlimited (અનલિમિટેડ્), *a.* અપાર; અમર્યાદ; અનંત; હદ વગરનું. Boundless; not limited; incapable of being limited.

Unlink (અનલિન્ક્), *vt.* આંકડો કાઢી નાંખવો; જુદું કરવું; છૂટું કરવું. To separate the link of; to disconnect.

Unload (અન્-લોડ્), *vt.* બોજો ઉતરિવો; ભાર ઉતારવો; ખાલી કરવું. To disburden; to take away the load.

Unlock (અન્લૉક્), *vt.* તાળું ઉઘાડવું; તાળું તોડવું. [To unfasten; to open.

Unlovely (અનલવ્લિ), *a.* અળખામણું; અરમ્ય; અપ્રિય. Not amiable; not pleasing to the sense.

Unlucky (અનલકિ), *a.* કમનશીબ; અભાગિયું; ભાગ્યહીન. Nat lucky; unfortunate.

Unmake (અન્મેક્), *vt.* નાશ કરવો; રૂપ ગુણ, વિગેરેનો નાશ કરવો. To destroy the property of.

Unman (અનમૅન્), *vt.* નપુંસક કરવું; હિંમત છોડાવવી. To emasculate; to dishearten.

Unmanageable (અનમૅનજેબલ્), *a.* બહેકી ગયેલું; બેલગામ; છકેલું; છટકેલું. Not manageable.

Unmanliness (અનમૅન્લિનેસ્), *n.* નપુંસકપણું; નામર્દાઇ; બાયલાપણું. A state of being unmanly; cowardice.

Unmanly (અનમૅનલિ), *a.* બાયલું; અઘટિત; નામર્દ. Cowardly; wanting in courage; timid.

Unmannerly (અનમૅનર્લિ), *a.* રીતભાત સિવાયનું; જંગલી; અસભ્ય. Rude; not mannerly.

Unmarried (અન્-મૅરિડ્), *a.* નહિ પરણેલું; કુંવારું; વિવાહ સિવાયનું. Not married.

Unmask (અનમૅસ્ક્), *vt. vi.* બુરખો કાઢી નાંખવો; વેશ કાઢી નાંખવો. To remove a mask; to lay open to view.

Unmindful (અનમાઇન્ડ્ફુલ્), *a.* કાળજી વિનાનું; બેફિકરું; દરકાર વિનાનું. Not mindful; negligent.

Unmoor (અન્-મૂર્), *vt.* લંગર ઉઠાવવું; લંગર ઉચકવું. To loose from moorings.

Unnatural (અન્-નૅટ્યૂરૅલ્), *a.* સૃષ્ટિનિયમ વિરુદ્ધ; અસ્વાભાવિક; વિલક્ષણ. Not natural; artificial.

Unnecessary (અન્-નેસેસૅરિ), *a.* બીન અગત્યતાવાળું; નિષ્પ્રયોજન. Having no need; needless.

Unnerve (અન્-નર્વ્), *vt.* બળહિન કરવું; અશક્ત બનાવવું; નું બળ ઘટાડવું. To deprive the strength of; to reduce the force or strength of.

Un-noticed (અન્નોટિસ્ડ્), *a.* ધ્યાનમાં નહિ આવેલું; અલક્ષિત. Not noticed.

Un-obeyed (અન્ઓબેડ્), *a.* હુકમનો અનાદર કરેલું; તાબામાં નહિ રહેલ. Not obeyed.

Un-objectionable (અન્ઑબ્જેક્શનેબલ્), *a.* વાંધા વિનાનું; હરકત સિવાયનું; અબાધિત. Not objectionable.

Un-observable (અન્ઑબ્ઝર્વેબલ્), *a.* નહિ જોવાય તેવું; અવલોકન ન કરી શકાય તેવું. Incapable of being observed.

Unobserved (અન્ઑબ્ઝર્વ્ડ્), *a.* અવલોકનમાં નહિ આવેલું; અલક્ષિત. Not observed.

Un-obtrusive (અન્-ઑબ્ટ્રુઝિવ્), *a.* શરમાળ; વગર બોલાવે જાય નહિ તેવું; વગર બોલાવે નહિ બોલવાની વૃત્તિવાળું. Not obtrusive; over-modest.

Un-occupied (અનઑક્યૂપાઇડ્), *a.* ખાલી; વપરાશ વગરનું; કોઇના ઉપયોગમાં ન આવે તેવું. Not occupied; empty.

Un-official (અન્ઑફ્ફિશૅલ્), *a.* ખાનગી; 'ઑફિસ' ખાતાના કામનું ન હોય તેવું. Not-official.

Unopposed (અન્ઓપોઝ્ડ્), *a.* બીન અટકાયતનું; જેની સામા કોઇ ન થયું હોય તેવું. Not opposed.

Un-organized (અન્ઑર્ગનાઇઝ્ડ્), *a.* અવ્યવસ્થિત; ગોઠવણની ખામીવાળું. Not well organized.

Unostentatious (અન્ઑસ્ટેન્ટેશસ્), *a.* ભભકાસિવાયનું; આડંબર વિનાનું; સાદું. Artless; simple; wanting in show.

Unpack (અન્પૅક્), *vt.* ઉકેલી નાંખવું; છૂટું કરવું. To separate; to loosen.

Unpaid (અન્પેડ્), *a.* પૈસા ન આપ્યા હોય તેવું; બીન ચૂકવેલું; પગાર નહિ કરાયેલું. Not paid.

Unpalatable (અન્પૅલૅટેબલ્), *a.* સ્વાદ વગરનું; અરૂચિકર; અણગમતું. Not palatable; disagreeable.

Unparalleled (અન્પૅરૅલેલ્ડ્), *a.* અસમાંતર; અપ્રતિમ; અપૂર્વ; અદ્વિતીય Unequalled; unmatched; having no second.

Unpardonable (અન્પાર્ડનેબલ્), *a.* ક્ષમા ન થઇ શકે તેવું; અક્ષમ્ય; માફી ન આપી શકાય એવું. Incapable of being pardoned.

Unphilosophical (અનફિલૉસૉફિકૅલ્), *a.* તત્વજ્ઞાન વિરુદ્ધ; પદાર્થજ્ઞાનથી ઉલટું. Not philosophical.

Un-pleasant (અન્પ્લેઝૅન્ટ્), *a.* ના પસંદ; દુઃખદાયક; અળખામણું લાગે તેવું. Not pleasant; offensive.

Un-polished (અન્પૉલિશ્ડ્), *a.* સાફ કર્યા સિવાયનું; અસંસ્કૃતિમય; ચકચકિત ન કર્યું હોય તેવું. Not polished; un-refined.

Un-popular (અન્પૉપ્યૂલૅર્), *a.* પ્રસિદ્ધિમાં નહિ આવેલું; લોકોમાં પ્રચાર નહિ પામેલું; જન સમૂદાયને અળખામણું. Not popular.

Un-precedented (અન્પ્રીસીડેન્ટેડ્), *a.* અપૂર્વ; જેના જેવું આગળ ન થયું હોય તેવું. Not precedented; new.

Un-prejudiced (અન્પ્રેજ્યૂડિસ્ડ્), *a.* નહિ વહેમાયેલું; ઇન્સાફવાળું; એકતરફી નહિ ઢળનારું. Not prejudiced.

Unprepared (અન્પ્રીપર્ડ્), *a.* તૈયાર નહિ થયેલું. [Not prepared.

Unpresumptuous (અન્પ્રીઝમ્પ્ટ્યૂઅસ્), *a.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગર્વવિનાનું; અભિમાન રહિત; સાદું. Free from pride; modest; simple.

Unprincipled (અનપ્રીન્સિપલ્ડ્), *a.* એક નિશ્ચય વિનાનું; ઠરાવ વગરનું; સિદ્ધાંતહીન. Not having a firm idea or principle.

Unproductive (અનપ્રૉડક્ટિવ્), *a.* ફળે નહિ તેવું; નિષ્ફળ; નિરર્થક. Not productive; not fertile.

Unpromising (અનપ્રૉમિસિન્ગ્), *a.* સારૂં નીવડે નહિ તેવું; સારી આશા નહિ બતાવનાર. Not promising.

Unpropitious (અનપ્રોપિશસ્), *a.* પ્રતિકૂળ; અમંગળ; વિપરિત; અશુભ. Not favourable; inauspicious.

Unprotected (અનપ્રૉટેક્ટેડ્), *a.* નિરાધાર; અરક્ષિત; નિરાશ્રય. Unsheltered; not protected.

Unprovoked (અનપ્રોવોક્ડ્), *a.* ખિજવાયેલું નહિ તેવું; શાંત. Not provoked.

Unqualified (અનક્વૉલિફાઇડ્), *a.* નાલાયક; ગુણસંપન્ન ન હોય તેવો; અયોગ્ય. Not qualified for.

Unquenchable (અનક્વેન્શેબલ્), *a.* (તરસ) છીપાય નહિ તેવું; ઓલવાય નહિ તેવું; મટે નહિ તેવું. Not quenchable.

Unquestionable (અનક્વેસ્ટ્યૉનેબલ્), *a.* સંદેહ વગરનું; નિઃસંશય. Not questionable.

Unquiet (અનક્વાઇએટ્), *a.* ઉંઘ વગરનું; બેચેન; અશાંત. Restless; uneasy.

Unravel (અનરૅવેલ), *vt.* ગુંચ કાઢવી; છૂટું પાડવું; ઉકેલવું. To disentangle; to separate.

Unread (અનરેડ્), *a.* નહિ વાંચેલું; નહિં ભણેલું; અનક્ષર. Not read; illiterate.

Unreal (અનરીઍલ), *a.* નામનું; ખોટું; અસત્ય; બનાવટી. Not real; artificial.

Unreasonable (અનરીઝનેબલ), *a.* ગેરવ્યાજબી; અયોગ્ય; અઘટિત. Not reasonable; out of reason.

Unrefuted (અનરેફ્યૂટેડ્), *a.* અખંડિત; સિદ્ધ કરેલું; ખંડન નહિ કરેલું. Not refuted.

Unregardful (અનરીગાર્ડ્ફુલ), *a.* બેદરકારીવાળું; ગાફેલ; અસાવધ. Not regardful.

Unrelenting (અનરીલેન્ટિંગ્), *a.* કઠણ છાતીનું; નિર્દય; કઠોરવૃત્તિનું. Hard; cruel; not relenting.

Unreliable (અનરીલાઇએબલ), *a.* ભરોસો રાખી શકાય નહિ તેવું; અવિશ્વાસપાત્ર. Not reliable or trustworthy.

Unremitting (અનરીમિટિન્ગ્), *a.* જારી રહેલું; નિરંતર; અખંડ; જથ્થુ. Not remitting; continuous.

Unrepealed (અનરીપીલ્ડ્), *a.* રદ નહિ કરેલું; કાયમ કરેલું. Not repealed.

Un-reputable (અનરેપ્યૂટેબલ), *a.* આબરૂ વગરનું; બીન આબરૂદાર. Not reputable.

Unreserved (અનરીઝર્વ્ડ્), *a.* ખુલ્લા મનવાળું; સાફદિલનું. Not reserved; frank-hearted.

Unresisting (અનરીઝિસ્ટિન્ગ્), *a.* અટકાવ ન કરે તેવું; સામું ન થાય તેવું. Not resisting; unopposing.

Unrestrained (અનરીસ્ટ્રેન્ડ્), *a.* નિરંકુશ; અંકુશમાં નહિ આવેલું; દાબમાં નહિ આવેલું. Not restrained.

Unrighteous (અનરાઈટીઅસ), *a.* અધર્મી; અન્યાયી; દુષ્ટ; અપ્રમાણિક. Not righteous; wicked.

Unripe (અનરાઇપ્), *a.* કાચું; નહિ પાકેલું; અપક્વ. Not ripe; not mature.

Unrivalled (અનરાઇવૅલ્ડ્), *a.* અપ્રતિમ; બીનહરિફ; અનુપમ; અપૂર્વ. Not rivalled; surpassing.

Unroll (અનરોલ્), *vt.* *vi.* વિંટાયેલું છોડી નાંખવું; ઉકેલવું; છૂટું કરવું–થવું. To lay open; to display; to unfold.

Unruffled (અનરફલ્ડ્), *a.* સ્થિર; શાંત; અક્ષુબ્ધ. Calm; quiet; not ruffled.

Unruly (અનરૂલિ), *a.* વશ થાય નહિ તેવું; ફાટેલ; બેલગામ; તોફાની. Turbulent; disposed to violate laws.

Un-saddle (અનસૅડલ્), *vt.* જીન (ઘોડા ઉપરથી) લઇ લેવું; જીન ઉતારવું. To strip of a saddle.

Un-sanctified (અનસૅન્ક્ટિફાઈડ્), *a.* અપવિત્ર; અશુદ્ધ. Not sanctified.

Unsatiable (અનસ્ટૅશિએબલ), *a.* તૃપ્ત ન થાય તેવું; અતૃપ્ત. Not satiable.

Unsatisfactory (અનસૅટિસ્ફૅક્ટરિ), *a.* અસંતોષકારક; મનને તૃપ્ત ન કરે તેવું. Not satisfactory.

Un-savoury (અનસેવરિ), *a.* બેસ્વાદ; અણગમતું; અપ્રિય. Not savoury; insipid.

Un-say (અનસે), *vt.* બોલેલું ફરી જવું; થુંકીને ચાટવું. To change the words or statement; to retract.

Un-screw (અનસ્ક્રૂ) *vt.* પેચ કાઢવો; છૂટું કરવું; ઉકેલવું. To take away a screw; to unfasten.

Unscriptural (અનસ્ક્રિપ્ચ્યૂરલ), *a.* શાસ્ત્રવિરૂદ્ધ; અશાસ્ત્રીય; યથા શાસ્ત્ર ન હોય તેવું. Not scriptural.

Unscrupulous (અનસ્ક્રૂપ્યૂલસ્), *a.* આંચકો ખાય નહિ તેવું; શંકા વિનાનું. Not scrupulous; regardless of principles.

Unsearchable (અનસર્ચેબલ), *a.* શોધી શકાય નહિ તેવું; અકળિત; સમજાય નહિ તેવું. Not searchable; hidden.

Unseasonable (અસીઝનેબલ), *a.* કવખતનું; અકાલિક; અયોગ્ય અવસરનું. Not seasonable.

Unseemly (અનસીમ્લિ) *a.* અયોગ્ય; અઘટિત; નાલાયક. Unfit; unbecoming. *ad.* અઘટિત રીતે; અયોગ્ય રીતે. In an unseemly way.

Un-seen (અનસીન્), *a.* નહિ જોયેલું; અદૃશ્ય; અદૃષ્ટ. Not seen.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Unseparable (અન્-સેપરેબલ્), *a.* ભાગિ પાડી ન શકાય તેવું; અભેદ્ય. Not separable.

Unserviceable (અન્-સર્વિસેબલ), *a.* નકામું; નિરૂપયોગી; કામમાં ન આવે તેવું. Not serviceable; useless.

Unsettled (અન્-સેટ્લ્ડ્), *a.* અવ્યવસ્થિત; અસ્થિર; બંદોબસ્ત સિવાયનું. Not settled; unsteady.

Unshackled (અન્-શૅકલ્ડ્), *a.* બેડી સિવાયનું; બંધન વગરનું. Free; not being shackled.

Un-sheathe (અન્-શીધ્), *vt.* મ્યાનમાંથી બહાર કાઢવું; બહાર કાઢવું; ખેંચવું. To take out of the scabbard; to draw out.

Un-sheltered (અન્-શેલ્ટર્ડ્), *a.* રક્ષણ વિનાનું; અનાશ્રિત; નિરાધાર. Not sheltered; not protected.

Unshod (અન્-શૉડ્), *a.* ઉઘાડા પગવાળું; નાળ વગરનું. Not shod.

Unsightly (અન્-સાઈટ્લિ), *a.* બેડોળ; કઢંગું; આંખને ન ગમે તેવી રીતે. Deformed; ugly.

Unskilful (અન્-સ્કિલ્ફુલ્), *a.* અણકિસ્બી; અકુશળ; આવડત વિનાનું. Not skilful; not dexterous.

Unskilled (અન્-સ્કિલ્ડ્), *a.* Same as, **Unskilful.**

Unsociable (અન્-સોશિએબલ્), *a.* મળતાવડું નહિ તેવું; અતડું; હળીમળી ન જાય તેવું. Not sociable; reserve.

Unsolicited (અન્-સોલિસિટેડ્), *a.* અયાચિત; વગર માગેલું; નહિ માગેલું. Not solicited.

Unsophisticated (અન્-સૉફિસ્ટિકેટેડ્), *a.* તાલ મેલ વગરનું; અદૂષિત; ચોખ્ખું. Not sophisticated; pure.

Unsought (અન્-સૉટ્), *a.* માગ્યા વિનાનું; પ્રયત્ન સિવાય મળેલું. Not sought for; unasked.

Unsound (અન્-સાઉન્ડ્), *a.* રોગી; અશક્ત; ભૂલવાળું; દુર્બળ. Not healthy; erroneous.

Unsparing (અન્-સ્પેરિન્ગ્), *a.* કરકસર રાખે નહિ તેવું; ખરચાળ; ઉડાઉ; દયાહીન. Not sparing; merciless.

Unspeakable (અન્-સ્પીકેબલ્), *a.* અવર્ણનીય; અકથનીય; કહી ન શકાય તેવું. Not speakable.

Unstable (અન્-સ્ટેબલ્) *a.* અસ્થિર; અદ્દઢ; ચંચળ. Not stable; wavering.

Unsteady (અન્-સ્ટેડિ), *a.* અસ્થિર; અદ્દઢ; ચંચળ. Not firm; of changing nature.

Unstring (અન્સ્ટ્રિન્ગ્), *vt.* દોરી છોડવી-ઉકેલવી; જોર નરમ પાડવું. To deprive of string; to abate the tension of.

Unstudied (અન્સ્ટડિડ્), *a.* અગાઉથી નહિ વિચારેલું અથવા અભ્યાસ કરેલું; સહેલું; સાદું; સરળ. Not studied; simple.

Unsubdued (અન્-સબ્ડ્યૂડ્), *a.* ન જીતેલું; તાબે કરેલું નહિં તેવું; અજીત; અશાંત. Not subdued.

Unsubstantial (અન્-સબ્સ્ટેનશૅલ્), *a.* અર્થ વગરનું; દમ સિવાયનું; ખાલી; પોકળ. Visionary; lacking in spirit.

Unsuccessful (અન્-સક્સેસ્ફુલ્), *a.* નિષ્ફળ; ફત્તેહમંદ નહિ થયેલું; ફળ નહિ પામેલું. Not successful.

Unsuitable (અન્-સ્યૂટેબલ્), *a.* બંધ ન બેસે તેવું; અનુચિત; લાયક નહિ તેવું. Not suitable; inconsistent. [**Unsuitable.**

Unsuited (અન્સ્યૂટેડ્), *a.* Same as,

Unsullied (અન્સલિડ્), *a.* ડાઘ વગરનું; કલંક સિવાયનું; નિર્મળ. Spotless; innocent.

Un-surmountable (અન્સર્માઉન્ટેબલ્), *a.* ઓળંગી શકાય નહિ તેવું; અલંઘનીય. Not surmountable.

Unsurpassed (અન્સર્પાસ્ડ્), *a.* જેનાથી બીજું ચઢિયાતું ન હોય તેવું; બીન હરિફ; અનુપમ. Not surpassed; superior.

Unsusceptible (અન્સસેપ્ટિબલ), *a.* કઠોર; નિર્દય; ઘાતકી. Cruel; not susceptible.

Unsuspected (અન્સસ્પેક્ટેડ્), *a.* શક સિવાયનું; સંદેહ વગરનું; અનાશંકિત. Not suspected.

Unswathe (અન્-સ્વેધ), *vt.* પાટો છોડવો; બંધન મુક્ત કરવું. To relieve from a bondage.

Unsworn (અન્-સ્વોર્ન્), *a* સોગંદ નહિ લીધેલું; સપથ નહિ દેવાયેલું. Not sworn.

Unsymmetrical (અન્સિમેટ્રિકૅલ્), *a* બરાબર રૂપ, ઢંગ અથવા ડોળ વગરનું; બેડોળ. Not symmetrical.

Unsystematic,-al (અન્સિસ્ટમૅટિક્,-કૅલ્), *a.* બંધારણ વગરનું; નિયમ વિનાનું; પદ્ધતિ વિનાનું. Wanting in a system or method.

Untackle (અન્-ટૅકલ્), *vt.* ઘોડાં ઉપરથી સાજ ઉતારવો; તંગ છોડવો. To unharness.

Untameable (અન્ટેમેબલ્), *a.* પાળી શકાય નહિ તેવું; કાબુમાં ન આવે તેવું; હળે નહિ તેવું. Not tameable; incapable of being tamed.

Untarnished (અન્-ટાર્નિશ્ડ્), *a.* ડાઘ વગરનું; કલંક રહિત; શુદ્ધ. Not tarnished; spotless.

Un-taught (અન્-ટૉટ્), *a.* નહિ શીખવેલું; અભણ; અજ્ઞાન. Not taught.

Un-tenable (અન્-ટીનેબલ્), *a.* પ્રતિપાદન ન થાય તેવું; સાબીત ન થઇ શકે તેવું; અસમર્થનીય. Not tenable.

Unthankful (અનથૅન્કફુલ્), *a* ઉપકાર નહિ જાણનાર; કૃતઘ્ન; ગુણ ઉપર અવગુણ કરે તેવું. Not thankful.

Unthankfulness (અનથૅન્કફુલનેસ્), *n.* કૃતઘ્નતા; અનાભારીપણું; આભાર નહિ માનવો તે. A state of being unthankful.

Unthrone (અનથ્રોન્), *vt.* ગાદી ઉપરથી ઉઠાડી મૂકવું; ગાદી લઈ લેવી. To deprive of the throne.

Un-tidy (અન્-ટાઇડિ), *a.* બેદરકાર; ફુવડ; કવખતનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Careless; slovenly; untimely.

Untie (અન્-ટાઇ), *vt.* છોડવું; ઉકેલવું; મુક્ત કરવું; મોકળું કરવું. To release; to let loose.

Until (અન્ટિલ્), *prep. conj.* જ્યાં સૂધી-ત્યાં સૂધી; જ્યાં લગી-ત્યાં લગી. As far as; till; up to the time.

Untilled (અન્ટિલ્ડ્), *a.* ખેડેલું નહિ તેવું; પડતર; ખેડાણ કર્યા સિવાયનું. Not cultivated; not tilled.

Untimely (અન્ટાઇમ્લિ), *a.* કવખતનું; અકાળ; અકાલિક; એકાએક. Premature; sudden. *ad.* કવખતે; અકાળે; એકાએક. Prematurely.

Untiring (અન્-ટાઇરિન્ગ્), *a.* થાકી ન જાય તેવું; અપરિશ્રમી. Not tiring.

Unto (અન્ટૂ), *prep. conj.* જ્યાંસૂધી; લગી; પર્યંત. Until.

Untold (અન્ટોલ્ડ્), *a.* અકથિત; અવર્ણનીય. Not told; indescribable.

Untolerable (અન્-ટોલરેબલ્), *a.* ખમી ન શકાય એવું; અસહનીય. Not tolerable.

Untouchable (અન્ટચેબલ્) *a.* અડી શકાય નહિ તેવું; અસ્પૃશ્ય. Incapable of being touched.

Untouched (અન્ટચ્ડ), *a.* નહિ અડકેલું; અનામત; સહીસલામત; અસર થાય નહિ તેવું. Not touched; uninjured.

Untoward (અન્ટોવર્ડ્), *a.* હઠીલું; જક્કિ; અનિવાર; મુશ્કેલ; અઘરૂં. Perverse; obstinate.

Untractable (અન્ટ્રૅક્ટેબલ્), *a.* હાથમાં ન રહે તેવું; હઠીલું; મમતી; જક્કી. Not tractable; stubborn.

Untrained (અન્-ટ્રેન્ડ્), *a.* બિનકેળવાયેલું; અણશિખાઉ; બીન અનુભવી. Not trained; uninstructed.

Untrodden (અન્-ટ્રૉડન્), *a.* ચાલ્યા વગરનું; સંચાર પામ્યા સિવાયનું. Not trodden.

Untrowable (અન્-ટ્રોએબલ્), *a.* અવિશ્વાસનીય; વિશ્વાસ ન રાખી શકાય તેવું. Incredible.

Untrue (અન્ટ્રૂ), *a.* અસત્ય; ખોટું; બેવફા; ચલિત. False; faithless; not true.

Untruth (અન્-ટ્રૂથ્), *n.* અસત્ય; જૂઠું; અનૃત. Falsehood; a lie.

Untunable (અન્ટ્યૂનેબલ્), *a.* સુર ન નીકળે તેવું; વાજંત્રના જેવો અવાજ ન નીકળી શકે તેવું. Not tunable

Un-twine (અન્ટ્વાઇન્), *vt.* ઉકેલવું; વિંટાએલું છોડવું. To untie; to unfold.

Un-twist (અન્ટ્વીસ્ટ), *vt.* ઉકેલવું; છોડવું. To unfold; to disentangle.

Un-usual (અન્યૂઝ્યૂઍલ્), *a.* અસાધારણ; બેરિવાજિ; લોકરૂઢિથી વિરાળું. Uncommon; not usual.

Unvanquished (અન્-વૅન્કિવર્શ્ડ્), *a.* અજીત; અપરાજીત; નહિં જીતાયેલું. Not vanquished; not vanquished; not overcome.

Unvail (અન્વેલ્), *vt.* બુરખો કાઢી લેવો; ઉઘાડું કરવું. To take away a vail; to disclose.

Unvariable (અન્-વૅરિએબલ્), *a.* બદલાય નહિ એવું; એક સરખું. Incapable of being varied.

Unvaried (અન્-વેરીડ્), *a.* ફેરફાર નહિ થયેલું; એક સરખું. Not varied; even.

Unvarnished (અન્-વાર્નિશ્ડ્), *a.* રંગ રોગાન ચડાવ્યા સિવાયનું; ભભકાવગરનું; સાદું. Not varnished.

Unveil (અન્-વેલ્), *vt. vi.* બુરખો કાઢવો; બુરખો ઉતારવો; સ્પષ્ટ જોવું-દેખાડવું. To remove a veil; to bring to view.

Unversed (અન્-વર્સ્ડ્), *a.* અનિપૂણ; માહિતી વગરનું; અપરિચિત. Not versed; not acquainted.

Unvitiated (અન્-વિશિએટેડ્), *a.* નહિ બગાડેલું; શુદ્ધ; પવિત્ર; પાક. Not vitiated; pure.

Unwarped (અન્-ઉવૉર્પ્ડ), *a.* અદલ; ઈન્સાફી; ન્યાયી. Impartial; just.

Unwarrantable (અન્-ઉવૉરૅન્ટેબલ્), *a* સત્તા વગરનું; પરવાનગી સિવાયનું; અયોગ્ય. Not warrantable; improper.

Unwary (અન્-ઉવેરિ), *a.* અસાવધ; ગાફેલ; પ્રમાદી; અસાવધાન. Not wary; careless.

Unwavering (અન્-ઉવેવરિન્ગ્), *a.* દૃઢ; સ્થિર; ઢચુપચુ ન હોય તેવું. Steady; firm.

Unweaned (અન્-ઉવીન્ડ્), *a.* ધાવતું; ધાવણ નહિ મૂકેલું. Sucking.

Unwearied (અન્-ઉવીરીડ્), *a.* નહિ થાકેલું; અશ્રમિત; અશ્રાંત. Not tired.

Un-welcome (અન્-ઉવેલ્કમ્), *a.* નાખુશકારક; નહિ માન પામેલું; સ્વાગત ન પામેલું. Unpleasing; not well received.

Unwell (અન્-ઉવેલ્), *a.* જીવને સુખ ન હોય તેવું; માંદું; અસ્વસ્થ. Not well; indisposed.

Unwholesome (અન્-હોલસમ્), *a.* રોગોત્પાદક; વિકારી; અપથ્યકારક. Not wholesome.

Unwholesomeness (અન્-હોલ્સમ્નેસ્), *n.* અપથ્યકારી હોવું તે; ફાયદાકારક ન હોવું તે; અનારોગ્ય વર્ધક સ્થિતિ. A state of being unwholesome.

Unwieldy (અન્-ઉવીલ્ડિ), *a.* ઘણું ભારે; વજનદાર; ખસેડી ન શકાય તેવું. Not wieldy.

Unwilling (અન્-ઉવિલિન્ગ્), *a.* નાખુશ; નારાજ; બેદિલ; અસંતોષી. Not willing; disinclined.

Unwind (અન્-ઉવાઇન્ડ્), *vt. vi.* ઉકેલવું; છૂટું કરવું-થવું. To disentangle.

Unwise (અન્-ઉવાઈઝ્), *a.* ઘેલું; મૂર્ખ; અવિચારી. Not wise; foolish.

Unwittingly (અન્-ઉવિટિન્ગ્લિ), *ad.* અજાણતાં; ભૂલથી. Unknowingly.

Unwonted (અન્-ઉવન્ટેડ્), *a.* ધારા પ્રમાણે ન હોય તેવું; ટેવ અથવા મહાવરા વિનાનું; અલૌકિક. Not accustomed; extraordinary.

Unworthy (અન્-ઉવર્ધિ), *a.* અયોગ્ય; અઘટિત; માનપાનને લાયક નહિ એવું. Unfit; undeserving

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Unwrap (અન્-રૅપ્), *vt.* વિંટેલું ઉકેલવું; છૂટું કરવું. To open what is wrapped.

Un-written (અન્-રિટન્), *a.* લખેલું ન હોય તેવું; મોઢાનું. Not written; oral.

Un-wrought (અન્-રૉટ્), *a.* નહિ બનાવેલું; વગર આકારનું. Having no shape.

Un-yielding (અન્-ઇલ્ડિન્ગ્), *a.* હઠીલું; અવશ્ય; તાબે ન થાય તેવું. Stubborn; not yielding.

Un-yoke (અન્-યોક), *vt.* ધુંસરીએથી છોડવું; ધુંસરીએથી મુક્ત કરવું. To set aside from a yoke.

Up (અપ્), *prep. ad.* ઉપર; પર; પાસે; ઉભું. High; aloft; above.

Upbraid (અપ્બ્રેડ્), *vt. vi. pr. p.* **Upbraiding.** *imp. & p.; p.* **Upbraided.** ઠપકો દેવો; બદનામી મૂકવી; ધમકાવવું. To reproach; to chide.

Upbraiding (અપ્બ્રેડિન્ગ્), *n.* ઠપકો; ધમકી; બદનામી. A reproof; a reproach.

Upheaval (અપ્હીવૅલ્), *n.* છલંગ; ઉછાળો. An act of upheaving.

Upheave (અપ્હીવ્), *vt.* નીચેથી ઉંચકવું; ઉપાડવું; ઉંચું કરવું. To raise; to lift up.

Uphill (અપ્-હિલ્), *a;* ચઢાવવાળું; કઠણ; મુશ્કેલ; અઘરૂં. Difficult; hard.

Up-hold (અપ્-હોલ્ડ્), *vt.* ઉંચું કરવું; ટેકો રાખવો; અવલંબન આપવું; ઈચ્છા વ્યાપવી વૃત્તિ બતાવવી. To elevate; to support; to maintain.

Up-holder (અપ્-હોલ્ડર્), *n.* ટેકો આપનાર; અવલંબન આપનાર; પુષ્ટિ આપનાર. One, who upholds; a supporter.

Up-holder (અપ્હોલ્ડર્), *n.* ટેકો આપનાર; અવલંબન કરનાર; આશરો આપનાર. A supporter.

Up-holster (અપ્-હોલસ્ટર્), *vt.* શેતરંજી, તકિયા, વિગેરે માલ વેચવો. To furnish with household articles.

Up-holsterer (અપ્હોલ્સ્ટરર્), *n.* શેતરંજી, બિછાનાં, તકિયાં, વિગેરે ઘર સામાન પૂરો પાડનાર-વેચનાર વેપારી. One who furnishes with house-hold articles such as carpets, etc.

Upland (અપ્-લૅન્ડ્), *n.* સુકો જમીન; ઉંચાણમાં આવેલી જમિન. Dry land.

Uplift (અપ્લિફ્ટ્), *vt.* ઉંચકવું; ઉપર લાવવું; ઉંચે લઈ જવું. To raise; to carry on high. *n.* જમિનનું ઉપસવું તે. A raising of a stratum.

Upon (અપૉન્), *prep* પર; ઉપરથી; લીધે; વિષે. On; resting on; lying on.

Upper (અપર્), *a.* ઉપલું; શ્રેષ્ટ; ચઢિયાતું; મોટું. Higher; superior. **Upper-hand,** *n.* ઉપરીપણું; શ્રેષ્ટતા. **Upper-most,** *a.* સૌથી ઉપરનું; બધાથી ઉત્તમ. **Upper-world,** *n.* સ્વર્ગ.

Upright (અપ્-રાઇટ્), *a.* સીધું; ટટ્ટાર; ન્યાજબી; પ્રમાણિક. Straight; erect; fair; honest.

Uproar (અપ્રોર્), *n.* શોરબકોર; કલબલાટ; ઘોંઘાટ; કકળાટ. A noisy talk; a tumult.

Upset (અપ્સેટ્), *vt.* ઉથલાવી નાંખવું; ઉંધું પાડવું; ઉંધું વાળવું. To overturn; to overthrow. *n.* ઉથલાવી પાડવું તે; ઉંધું વાળવું તે. An act of overturning. *a.* નક્કી કરેલું; દૃઢ. Firm; settled.

Upshot (અપ્શૉટ્), *n.* છેવટ; અંત; પરિણામ. The result; the end.

Upstart (અપ્-સ્ટાર્ટ્), *n.* એકદમ પૈસાદાર; પૈસાદાર થયેલો માણસ; એકાએક તવંગર થયેલો માણસ. One that becomes rich or gets power suddenly. *vi.* એકદમ નીકળવું. To start suddenly.

Upward (અપ્-વર્ડ્), *a.* ઉપરનું; ઉંચેનું. Pointing towards a higher place. *ad.* ઉપર; ઉપર બાજુની તરફ. Towards a higher place.

Upwards (અપ્-વર્ડ્ઝ્), *ad.* ઉંચે; ઉપરની તરફ; ઉપર. In an upward direction or state.

Urban (અર્બૅન્), *a.* શહેરી; નાગરિક; નગરને લગતું. Of or pertaining to a city or a town.

Urbane (અર્બેન્), *a.* સભ્ય; ભલું; વિવેકી; સુશીલ. Polite; goodnatured; modest.

Urbanity (અર્બૅનિટિ), *n.* સભ્યતા; સુજનતા; સુશીલતા. Politeness; a state of being urbane.

Urchin (અર્ચિન્), *n.* છોકરૂં; પોરિયું; ભુલકું. A roguish child. **2.** એક જાતની સાહુડી. A hedge hog. **3.** તોફાની પિશાચ. A violent elf.

Urge (અર્જ્), *vt. vi. pr. p.* **Urging.** *imp. & p. p.* **Urged.** ફરજ પાડવી; ધકેલવું; મન કરાવવું; આગ્રહ કરવો; ખેંચતાણ કરવી; ઉશ્કેરવું. To press; to ply with; to insist on.

Urgency (અર્જેન્સિ), *n.* આગ્રહ; તાકીદ; અગત્ય; ભીડ; આવશ્યકતા. A pressure; an insistence; a need.

Urgent (અર્જેન્ટ્), *a.* જરૂરનું; આગ્રહી; અગત્યનું; તાકીદનું. Pressing; important; speed.

Urgently (અર્જેન્ટ્લિ), *ad.* જરૂરથી; આગ્રહપૂર્વક; અગત્યથી; તાકીદથી. In an urgent way or manner; needfully.

Urinal (યૂરિનૅલ્), *n.* મૂત્રદાની. A vessel for holding urine. **2.** મૂતરડી; પિશાબખાનું. A place for urinating purpose.

Urinary (યૂરિનૅરિ), *n.* પેશાબખાનું. A urinal.

Urinate (યૂરિનેટ્), *vi.* પિશાબ કરવો; મુતરવું. To make water; to discharge urine.

Urine (ત્યૂરિન્), *n.* પિશાબ; મુતર. An animal fluid secreted by the kidneys.

Urn (અર્ન્), *n.* પાણી ભરવાનું એક વાસણ; ચંબુ. A vessel for containing water. **2.** સ્મશાન; કબર. A burial place.

Ursa (અર્સ), *n.* રીંછ (એક નક્ષત્ર). The Great Bear.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Us (અસ્), *pro.* અમને; આપણને. The first personal pronoun of the plural form in the objective case.

Usage (યૂઝેજ્), *n.* રિવાજ; મહાવરો; વર્તણુંક; રવૈયો; રીત; રૂઢિ; સંપ્રદાય. A custom; a treatment; a method; a way; a practice.

Use (યૂઝ્), *vt. vi. pr p.* **Using.** *imp.* & *p. p.* **Used.** ઉપયોગ કરવો; ખપમાં લેવું; વાપરવું; વ્યવહારમાં લેવું. To employ; to make a practice of. **2.** ટેવ પાડવી; મહાવરો રાખવો. To form a habit or a custom **3.** વર્તવું; વર્તન રાખવું. To treat; to behave. **4.** વસવું; રહેવું. To inhabit. (યુસ્) *n.* ઉપયોગ; ખપ; મહાવરો; વપરાશ; પ્રયોજન; જરૂરિયાત. A need; a want; an act of using or employing; a custom.

Useful (યૂસ્ફુલ્), *a.* ઉપયોગી; કામનું; ખપનું; જરૂરનું. Denoting a use; needful; important.

Usefulness (યૂસ્ફુલનેસ્), *n.* ઉપયોગમાં આવવું તે; ખપનું અથવા જરૂરિયાતનું હોવું તે. A state of being useful.

Useless (યૂસલેસ્), *a.* અમથું; નકામું: નિરર્થક; ખપ વગરનું. Wanting in use; being of no use.

Uselessness (યૂસલેસનેસ્), *n.* નકામું હોવું તે; નિરૂપયોગીતા; ખપવગરનું હોવું તે. A state of being useless

Usher (અશર્), *n.* ચોપદાર; નકીબ; છડીદાર. A royal servant waiting at the court door; a mace bearer. **2.** ઉપશિક્ષક; ઉપગુરૂ. An assistant teacher. *vt.* ઓળખાણ કરાવવી; દાખલ કરાવવું; ચોપદાર તરીકે કામ કરાવવું. To introduce; to act an usher.

Usual (યૂઝ્યૂઍલ્), *a.* હંમેશનું; શિરસ્તા મુજબનું; વ્યવહારિક. Of daily use; ordinary; common.

Usually (યૂઝ્યૂઍલલિ), *ad.* હંમેશ મુજબ; શિરસ્તા પ્રમાણે. Ordinarily; commonly.

Usurer (યૂઝ્યૂરર્), *n.* ઘણુંજ વ્યાજ લેનાર-ખાનાર. One, who lends money at an exorbitant interest.

Usurp (યૂઝર્પ્), *vt. vi.* જબરદસ્તીથી લઈ લેવું; દબાવી પડવું; બળાત્કારે લઈ લેવું; પચાવી પાડવું. To seize by force; to take away by force.

Usurpation (યૂઝર્પેશન્), *n.* બળાત્કારે છિનવી લેવું તે; અપહરણ. An act of usurping.

Usurper (યૂઝર્પર્), *n.* બળાત્કારથી છીનવી લેનાર; જોરજુલમથી લઇ લેનાર; ઝુંટવી લેનાર. One, who usurps.

Usury (યૂઝ્યૂરિ), *n.* ઘણુંજ ભારે વ્યાજ લેવાનો ધંધો; અતિશય વ્યાજ લેવું તે. The practice of charging exorbitant interest.

Utensil (યૂટેન્સિલ્), *n.* વાસણ; વાસણકુસણ; પાત્ર; ઠામ. A vessel; an implement.

Uterus (યૂટેરસ્), *n.* ગર્ભાશય; કમળ. A female organ; the womb.

Uterine (યૂટેરાઈન્), *a.* જેની મા એક હોય પણ બાપ બીજો હોય તેવું; સહોદર. Born of the same mother but by a different father.

Utilitarian (યૂટિલિટેરિઍન્), *n.* ઉપયોગીતાવાદી; ઘણાઓને ઘણું સુખ મળે તો સારૂં એવો મત ધરાવનાર. One, who holds the doctrine of utility.

Utility (યૂટિલિટિ), *n.* ઉપયોગ; ફાયદો; કામ; ઉપયોગિતા; ગુણ. Usefulness; a real value.

Utilize (યૂટિલાઈઝ્), *vt. pr. p.* **Utilizing.** *imp.* & *p. p.* **Utilized.** કામમાં લેવું; ઉપયોગમાં લેવું; કામે લગાડવું; વપરાશ કરવો. To employ; to make use of.

Utmost (અટ્-મોસ્ટ્), *a.* બને તેટલું વધારેમાં વધારે; સૌથી છેલ્લું. Situated at the farthest point.

Utopian (યૂટોપિઍન્), *a.* કલ્પિત; મૂળ વગરનું; શેખશલ્લીના વિચાર જેવું. Ideal; fanciful.

Utricle (યૂટ્રિકલ્), *n.* નાની કોથળી. A small sack.

Utter (અટર્), *vt.* બોલવું; કહેવું; જાહેર કરવું. To speak; to say; to put forth. *a.* કેવળ; બીલકુલ; તદ્દન; છેવટનું. Only; total; quite; final.

Utterly (અટર્લિ), *ad.* બિલકુલ; તદ્દન; સંપૂર્ણ રીતે. Totally; completely.

Utterable (અટરેબલ્), *a.* બોલી શકાય તેવું; વર્ણવી શકાય તેવું. Capable of being uttered.

Utterance (અટરન્સ્), *n.* ઉચ્ચાર; વાણી; બોલવાની ઢબ; રીત. Articulation; speech; the style of speaking or uttering

Uxorious (અગ્ઝોરિઅસ્), *a.* સ્ત્રીને આધીન થયેલો; સ્ત્રીવશ; બાયલો. Depending on one's wife; fond of one's wife.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

V.

V (વી), અંગ્રેજી મુળાઅક્ષરનો ૨૨ મો અક્ષર છે. The twenty second letter of the English alphabet.

Vacancy (વેકૅન્સિ), *n.* ખાલી પડેલી જગ્યા; અવકાશ; પોલાણ; વિચારશૂન્યતા; પોકળતા. A state of being vacant; hollowness; an unoccupied state.

Vacant (વેકૅન્ટ), *a.* ખાલી; અવકાશવાળું; સૂનું; પોલાણવાળું; નવરું; વિચારશૂન્ય. Unfilled; empty; unoccupied; free from thought.

Vacate (વૅકેટ), *vt. pr. p.* **Vacating.** *imp.* & *p. p.* **Vacated.** ખાલી કરવું; છોડી દેવું; બાતલ કરવું. To leave empty; to make vacant.

Vacation (વૅકેશન્), *n.* નિવૃત્તિનો સમય; નવરાશનો ગાળો-આંતરો; છૂટી; છૂટીના દિવસ. A time or period of rest; holidays; the time without work.

Vaccinate (વૅક્સિનેટ), *vt. pr. p.* **Vaccinating.** *imp.* & *p. p.* **Vaccinated.** શિતળા કાઢવા-ટાંકવા; સૈયડ ટાંકવા. To inocculate with the cow-pox.

Vaccination (વૅક્સિનેશન્), *n.* શિતળા કાઢવા તે; ગૌ સૈયડ ટાંકવા તે. An act of vaccinating.

Vaccinator (વૅક્સિનેટર્), *n.* શિતળા કાઢનાર; શીળી ટાંકનાર. One, who vaccinates.

Vaccine (વૅક્સાઈન્), *a.* ગાયના ચેપને લગતું; ગાયના ચેપવાળું. Of the cow-pox.

Vacillate (વૅસિલેટ), *vi. pr. p.* **Vacillating.** *imp. p. p.* **Vacillated.** ગોળ ફરવું; અસ્થિર રહેવું; આમતેમ ઝૂલવું; ઢચુપચુ દશામાં હોવું. To move in a circular way; to remain unsteady; to reel. **2.** તર્કવિતર્ક કરવા-બાંધવા. To fluctuate in thoughts.

Vacillation (વૅસિલેશન્), *n.* અસ્થિરતા; અસ્થિરપણું; ચંચળતા; ડામાડોળપણું. Unsteadiness; fickleness; a wavering state.

Vacuity (વૅક્યૂટિ), *n.* ખાલી પડવું તે; શૂન્યતા; ખાલી જગ્યા; અભાવ; ન હોવાપણું. Emptiness; a space unfilled; an absence of thought; a space unfilled with air.

Vacuous (વૅક્યૂઅસ્), *a.* ખાલી; અવકાશ વિનાનું; પોકળ. Empty; vacant.

Vacuum (વૅક્યૂઅમ્), *n.* Same as **Vacuity.**

Vademecum (વેડીમીકમ્), *n.* કોઈ પણ માણસને વારંવાર પોતાના ઉપયોગમાં આવતું નાનું પુસ્તક અથવા કોઇપણ ચીજ; લઘુગ્રંથ; ગજવામાં ઘાલી શકાય તેવું ઉપયોગી નાનું પુસ્તક. A book or a thing, which a person constantly uses as reference; a pocket companion.

Vagabond (વૅગૅબાન્ડ્), *n.* ભટકનાર; રખડાઉ; ઉઠેલ; સ્વેચ્છાચારી પુરૂષ. A wanderer; an idle, worthless fellow. *a.* ભટકતો; રખડતો; આમતેમ આથડતો. Wandering.

Vagabondage (વૅગૅબાન્ડેજ્), *n.* ભટકનાર અથવા રખડનારની હાલત અથવા સ્થિતિ; રખડાઉપણું. A state of a vagabond.

Vagary (વૅગરિ), *n.* લહેર; તુરંગ; બુદ્ધિભ્રમ; મનની અસ્થિરતાને લીધે જુદા જુદા વિચાર થવા તે. A wandering of thoughts; a whim.

Vagina (વૅજિનૅ), *n.* મુખદ્વાર; આવરણ; યોની. A sheath; a canal extending to the womb in females.

Vagrancy (વૅગ્રૅન્સિ), *n.* ભટકવું તે; રખડવું તે; આથડવું તે; રખડામણી. A state of a vagrant; a state of being without a settled home.

Vagrant (વૅગ્રન્ટ), *a.* રખડનાર; ભટકનાર; રખડાઉ. Wandering. *n.* ભટકનાર; રખડાઉ. A vagabond.

Vague (વેગ્), *a.* મોંઘમ; અનિશ્ચિત; અસ્પષ્ટ; અવ્યક્ત. Unfixed; indefinite; not clear in meaning or thought.

Vagueness (વેગ્નેસ્), મોંઘમપણું; અનિશ્ચિતતા; સંદિગ્ધતા. A state of being vague; uncertainty as to the meaning.

Vail (વેલ્), *n.* મહેમાન તરફથી નોકર, ચાકરને આપવામાં આવતી રકમ. Money given to servants by a guest or guests. **2.** નફો; લાભ. A profit; a gain. **3.** બુરખો; પડદો; આંતરો. A mask; a covering. *vt.* જવા દેવું; પડવા દેવું. To let go; to fall.

Vain (વેન્), *a.* ફોગટ; ખાલી; વ્યર્થ; નકામું; નિરર્થક; મિથ્યા. Empty; useless; worthless; false.

Vale (વેલ્), *n.* ખીણ; બે ટેકરા વચ્ચેની જગ્યા. A valley.

Valediction (વેલીડિક્શન્), *n.* છેલ્લી સલામ; છુટા પડતી વખતના આશીર્વાદ. A farewell; farewell greetings.

Valedictory (વેલીડિક્ટૉરિ), *a.* છેવટના આશિર્વાદવાળું; આશિર્વચન મિશ્રિત Bidding a farewell.

Valet (વૅલેટ), *n.* ચાકર; ખીજમતદાર; હજારિયો. A man-servant.

Valetudinarian (વૅલીટ્યૂડિનૅરિઍન્), *a.* જન્મથી રોગીઉં; પિંડરોગિયું; જન્મરોગી. Very sickly; infirm from birth. *n.* રોગી પુરૂષ; પિંડરોગી. A person of a sickly constitution; a very lean and weak person.

Valiant (વૅલ્યૅન્ટ), *a.* બહાદૂર; પરાક્રમી; શૂરવીર; હિંમતવાન. Brave; heroic; courageous.

Valiantly (વૅલ્યૅન્ટલિ), *ad.* બહાદૂરીથી; શૂરવીરતાથી; હિંમતપૂર્વક. Bravely; courageously.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Valid (વૅલિડ્), *a.* વાસ્તવિક; પાકું; મજબૂત; કાયદાની દૃષ્ટિએ ખરૂં. Real; firm; legally true or right.

Validity (વૅલિડિટિ), *n.* વાસ્તવિકપણું; વ્યર્થપણું; કાયદાની દૃષ્ટિએ ખરાપણું. A state of being valid; the condition of having legal strength.

Valley (વૅલી) *n. pl.* **Valleys.** ખીણ; ખો; બે પહાડ અથવા પર્વત વચ્ચેની જગ્યા. A space between two mountains; a vale.

Vallum (વૅલ્લમ્), *n.* કિલ્લો; બાંધેલો કોટ. A rampart.

Valorous (વૅલોરસ્), *a.* પરાક્રમી; બહાદૂર; શુરો; હિમ્મતવાન; જવાંમર્દ. Bold; valiant.

Valour (વૅલોર્), *n.* બહાદૂરી; શૌર્ય; પરાક્રમ. Bravery; courage; prowess.

Valuable (વૅલ્યૂએબલ્), *a.* કિંમતી; ભારે કિંમતનું; મૂલ્યવાન. Costly; precious; having a high or a great value.

Valuation (વૅલ્યૂએશન્), *n.* કિંમત કરવી તે; કિંમત આંકવી તે; મૂલ્ય. An act of setting or estimating the price for; a value.

Value (વૅલ્યૂ), *vt. pr. p.* **Valuing.** *imp. & p. p.* **Valued.** કિંમત ગણવી; મૂલ્ય ગણવું-આંકવું; ગણવું; માનવું. To estimate the worth of; to consider; to appraise. *n.* કિંમત; મૂલ્ય; વજન; ઉપયોગીપણું. Worth; importance; usefulness.

Valueless (વૅલ્યૂલેસ્), *a.* કિંમત વિનાનું; નજીવું; નિરૂપયોગી; નિર્મૂલ્ય. Having no value.

Valve (વૅલ્વ્), *n.* બે પડવાળું ઢાંકણું; બે પડવાળું બારણું. A movable lid; one of the leaves of a folding door.

Vampire (વૅમ્પાઇર્), *n.* વેતાલ; રાક્ષસ; પિશાચ. A blood-thirsty demon. **2.** લૂંટારો; લૂંટીને ગુજરાન ચલાવનાર. A robber; a cruel fellow.

Van (વૅન્), *n.* આગલો ભાગ; મોખરો; અગ્રભાગ. The first line or the first part. **2.** સરસામાન લઈ જવાની ગાડી; રેલવેમાં માલ લઇ જવાનો ડબ્બો. A light wagon used in carrying or shifting goods. **3.** સુપડું. A winnowing fan for grain. *vt.* ઝાટકવું; ઉપણવું; સાફ કરવું. To winnow; to clean.

Vandal (વૅન્ડૅલ્), *n.* સુધારાનો અને સાહિત્યનો શત્રુ; અભણ; જંગલી પુરૂષ. One, who destroys the work of civilization and literature.

Vandalism (વૅન્ડૅલિઝમ્), *n.* જંગલીપણું; સુધારાની સાથે દુશ્મનાવટ હોવી તે; ક્રૂરતા. The practice of a vandal.

Van-guard (વૅન્ગાર્ડ્), *n.* લશ્કરના મોખરાની ટૂકડી; મોખરાનું લશ્કર. The troop in front; the van.

Vane (વૅન્) *n.* વાયુગતિદર્શક યંત્ર. A weather-cock.

Vanish (વૅનિશ્), *vi.* અંતર્ધાન થઈ જવું; અદૃશ્ય થવું; દેખાતા બંધ પડવું; જતા રહેવું. To disappear; to cease to exist in sight; to pass away.

Vanity (વૅનિટિ), *n.* પતરાજી; શેખીપણું; બડાઈ; ગર્વ; ફુલણજીપણું. A state of being vain; a false show or pride; a boast.

Vanquish (વૅન્ક્વિશ્), *vt.* હરાવવું; પરાજય કરવો; ફત્તેહ મેળવવી. To defeat; to win over; to conquer.

Vanquishable (વૅન્ક્વિશેબલ્), *a.* હરાવી શકાય તેવું; જીતાય તેવું; જેય. Capable of being vanquished.

Vanquisher (વૅન્ક્વિશર્), *n.* હરાવનાર; જય મેળવનાર; જીતનાર. One, who vanquishes.

Vantage (વૅન્ટેજ્), *n.* લાભ; ફાયદો; નફો. A profit; a gain.

Vapid (વૅપિડ્), *a.* દમ વગરનું; નિઃસત્વ; કસ વગરનું; રસહીન. Spiritless; insipid; dull.

Vapidity (વૅપિડિટિ), *n.* નિઃસત્વતા; રસહીનતા; દમ વગરનું હોવું તે. A state of being vapid; insipidity.

Vapour (વેપોર્), *n.* બાફ; વરાળ; ધુમસ; બાષ્પ. A gaseous state of water when it is heated; fog; a hazy matter. **2.** કલ્પના; તુરંગ. A whim; a fancy. *vt.* બડાઇ મારવી; પતરાજી કરવી; શેખીખોર થવું. To boast; to brag. Also spelt as, **Vapor.**

Vaporize (વેપોરાઇઝ્), *vt. vi.* વરાળ કરવી; વરાળરૂપે ઉડી જવું; વરાળના રૂપમાં ફેરવવું. To change into the form of vapour; to pass away in vapour.

Vaporous (વેપોરસ્), *a.* વરાળ જેવું; બાષ્પરૂપ; વરાળમય. Full of vapour; having vapour. **2.** તુરંગી; કલ્પના કરે તેવું. Whimsical; vain.

Vapoury (વેપોરિ), *a.* બાફવાળું; ધુંધવાતું; બળિયેલ. Full of vapour.

Variability (વેરિઍબિલિટિ), *n.* અસ્થિરતા; બદલાય જાય તેવું હોવું તે; ચંચળતા. Fickleness; changeableness.

Variable (વેરિએબલ્), *a.* ફેરફાર થવા જોગ; અસ્થિર; ચંચળ; અનિત્ય. Liable for a change; unsteady; fickle.

Variance (વેરિઍન્સ્), *n.* તફાવત; ભેદ; અંતર; વિરોધ; કલહ; ફેર. A change of condition; a difference; a dissension.

Variation (વેરિએશન્), *n.* ફેરફાર; તફાવત; ભેદ; વિકાર. A change; an alteration; an act of varying.

Variegate (વેરીએગેટ્), *vt.* ચિત્રવિચિત્ર બનાવવું; રંગબેરંગી કરવું; ઘણારંગવાળું કરવું. To diversify; to paint with many hues.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Variegation (વેરીએગેશન્), *સ.* ઘણા રંગવાળું હોવું તે; બહુ રંગીપણું. A state of being variegated.

Variety (વેરાઇએટિ), *n. pl.* **Varieties.** ચિત્રવિચિત્રપણું; તરેહ; પ્રકાર; જુદીજુદી જાત; વિવિધતા. A state of being various; diversity.

Variform (વૅરિફૉર્મ્), *a.* જુદાજુદા આકારનું; તરેહ તરેહ આકારવાળું. Having various forms.

Various (વેરિઅસ્), *a.* તરેહ તરેહનું; નાનાવિધ; જુદું જુદું; વિવિધ. Diverse; different; several.

Varlet (વૉર્લેટ્), *n.* ખીજમતદાર; ચાકર; નોકર; હરામખોર; ધૂતારો; લુચ્ચો. A page; a knight's attendant; a knave; a rascal.

Varnish (વૉર્નિશ્), *n.* રોગાન; રંગ; 'વારનિશ'. A glossy oil-substance. **2.** બહારનો ભભકો; ચળકતો દેખાવ; ખોટો દેખાવ. An outward show; a polishing appearance. *vt.* વારનીશ લગાડવો; રંગ લગાડવો; ચળકતું કરવું. To lay varnish on; to gloss over.

Vary (વેરિ), *vt. vi. pr. p.* **Varying.** *imp. & p. p.* **Varied.** ફેરવવું; બદલવું; રૂપાંતર કરવું. To change the aspect of; to modify; to alter. **2.** ફરવું; બદલવું; રૂપાંતર થવું. To be modified; to alter.

Vascular (વૅસ્ક્યૂલૅર્), *a.* રસવાહિનીથી ભરપૂર; નસોવાળું; નસનું. Full of vessels as an important part of the structure of plants.

Vase (વેઝ્), *n.* વાસણ; ચંબુ; પ્યાલું. A vessel; a drinking cup; a bowl.

Vaseline (વેસેલિન્), *n.* મલમના કામમાં વપરાતો પદાર્થ; 'વેસેલિન.'. A substance used as an unguent, generally.

Vassal (વૅસૅલ્) *n.* જાગીરદાર; માંડલિક રાજા; ખંડિયો. A feudatory chief. **2.** નોકર; હાથ નીચેનો ચાકર; ગુલામ. A servant; a subordinate; a slave.

Vassalage (વૅસૅલેજ્), *n.* માંડલિક થવું તે; ગુલામી દશા. A state of being a vassal. **2.** માંડલિક રાજાના તાબાનો મુલક. The territory held by a vassal.

Vast (વાસ્ટ્), *a.* વિશાળ; મોટું; ગંજાવર; વિપુલ. Boundless; extensive; immense.

Vastly (વાસ્ટ્લિ), *ad.* વિશાળપણે; બહુજ. Very greatly; to a vast extent.

Vastness (વાસ્ટ્નેસ્), *n.* વિશાળપણું; અતિશય વિસ્તાર. A state of being vast.

Vat (વૅટ્), *n.* મોટું પીપ; કુંડું; ટાંકી A large tub; a cistern. *vt.* પીપમાં ભરવું; પીપમાં ખાલી કરવું. To put into a vat.

Vatican (વૅટિકૅન્), *n.* રોમ શહેરમાં પોપને રહેવાનું સ્થળ. A place, where the pope lives in Rome.

Vaticinate (વૅટિસિનેટ્), *vt.* અગમચેતી કરવી; ભવિષ્યકથન કહેવું. To prophesy; to foretell.

Vaticination (વેટિસિનેશન્), *n.* અગમચેતી; ભવિષ્યકથન; ભવિષ્યસૂચન. A prediction; a prophecy.

Vault (વૉલ્ટ્), *n.* ઘુમ્મટ; ભોંયરું; મહેરાબદાર ઓરડો. An arched canopy; an arched apartment. **2.** આકાશ; નભોમંડળ. The sky. **3.** કુદકો છલંગ; ઠેકડો. A leap; a jump. *vt. vi.* ઘુમટ કરાવવો; કમાન મુકવી; મહેરાબદાર બનાવવું. To form with an arch; to arch. **2.** છલંગ મારવી; કુદકો ભરવો. To leap; to jump.

Vaulter (વૉલ્ટર્), *n.* કમાન બનાવનાર–બાંધનાર; કૂદનાર. One, who vaults; a leaper.

Vaunt (વૉન્ટ્), *n.* બડાઇ; શોખી; પતરાજી; ડંફાસ. A boast; a vain pomp; a brag. *vt. vi.* બડાઇ મારવી; ડંફાસ મારવી; શેખી કરવી. To boast; to brag.

Vaunter (વૉન્ટર્), *n.* બડાઇ મારનાર; શેખી કરનાર; ડંફાસ મારનાર. A boaster; one, who talks idly.

Vaward (વાવર્ડ્), *n.* મોખરો; લશ્કરનો આગળનો અથવા મોખરાનો ભાગ. The vanguard.

Veal (વીલ્), *n.* વાછરડાનું માંસ; ગોવત્સ માંસ. The flesh of a killed calf.

Veer (વીર્), *vt. vi.* બદલાવવું; બદલવું; ફરવું. To change the side of; to change; to turn round.

Vegetable (વેજ્ટેબલ્), *n.* વનસ્પતિ; શાકભાજી; તરકારી; ભાજીપાલો. A plant used as food by human beings. *a.* વનસ્પતિનું; શાકભાજી વિષયક. of or pertaining to vegetation.

Vegetarian (વેજ્ટેરિઅન્), *n.* શાકાહારી; ફળ, અન્નાદિક, વિગેરેનો આહાર કરીને જીવનાર; ફળાહારવાદી. One, who lives upon vegetables in general; one, who maintains the doctrine of vegetarianism.

Vegetarianism (વેજ્ટેરિઅનિઝમ્), *n.* શાક, ભાજી, ફળ ફળાદિ વિગેરેજ મનુષ્યોનો ખોરાક છે એવો મત. A principle of living on fruits and vegetables.

Vegetate (વેજ્ટેટ્), *vi.* ફણગો ફુટવો; વધવું; અંકુર ફુટવો; મોટા થવું; ઉગવું. To grow; to grow in manner of plants.

Vegetation (વેજ્ટેશન્), *n.* ઉગવું તે; ઝાડપાન; વનસ્પતિ. The growth of vegetables; plants and vegetables.

Vehemence (વીહેમેન્સ્), *n.* જોર; બળ; વેગ; આવેશ; ઝપાટો; ઝનૂન. Violence; fury; a passionate ardour.

Vehement (વીહેમેન્ટ્), *a.* જોરવાળું; જબરું; વેગવાળું; ઝનૂની. Violent; furious; ardent.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Vehemently (વીહેમેન્ટ્લિ), *ad.* જોરથી; પ્રચંડ રીતે; વેગથી; બળપૂર્વક; ઝનૂનથી. Passionately; in a vehement way.

Vehicle (વીહિકલ્), *n.* વાહન; ગાડી; રથ; બગી; પાલખી. A conveyance; a carriage; a cart.

Veil (વેલ્), *n.* બુરખો; ઢાંકણ; આવરણ; પડદો. A mask; a disguise; a covering; a curtain. *vt.* બુરખો નાંખવો; આવરણ કરવું; સંતાડવું; ઢાંકવું. To cover with a mask; to hide; to cover.

Vein (વેન્), *n.* રક્તવાહિની; નસ; નાડી; રગ; રસ્તો; માર્ગ. An artery; a course; a current. *vt.* રેખાથી અંકિત કરવું; રેખાવાળું કરવું. To mark with veins.

Vellum (વેલમ્), *n.* સૂક્ષ્મ ચર્મ પત્ર. A kind of parchment made of a calf's skin.

Velocity (વીલૉસિટિ), *n.* વેગ; ગતિ; ત્વરા; ઝડપ. Speed; swiftness; a very quick motion; rapidity.

Velvet (વેલ્વેટ્), *n.* મખમલ. A rich silk stuff. *a.* મખમલનું; સુંવાળું; લીસું. Of velvet; soft.

Velvety (વેલ્વેટિ), *a.* મખમલ જેવું; મખમલના જેવું સુંવાળું. Resembling velvet; soft; smooth.

Venal (વીનલ્), *a.* લાંચખાઉ; લાલચુ; વેચાણિયું. Ready to receive a bribe; saleable.

Venality (વીનૅલિટિ) *n.* લાંચ ખાવાની ટેવ; લાંચખોરી; વેચાણિયાપણું. A state of being venal; mercinariness.

Vend (વેન્ડ્), *vt.* વેચવું; વકરો કરવો; વિક્રય કરવો. To sell; to dispose of.

Vendee (વેન્ડી), *n.* ખરીદ કરનાર; વેચાતું લેનાર. A person, to whom a thing is sold.

Vendetta (વેન્ડેટૅ), *n.* કોઇ સગાને મારી નાંખવા માંટેનું વેર; લોહીનો બદલો લોહીથી લેવાનો વિચાર. A bloody revenge; a blood-feud.

Vendible (વેન્ડિબલ્), *a.* વેચી શકાય એવું; વિક્રય કરવા જોગ. Saleable; fit for sale.

Vendor (વેન્ડૉર્), *n.* માલ વેચનાર; માલને ખપાવનાર. A seller; one, who sells. Also spelt as **Vender.**

Venerable (વેનરેબલ્), *a.* પૂજ્ય; આપવા લાયક; માનનીય; પવિત્ર. Worthy of respect; deserving respect.

Venerate (વેનરેટ્), *vt. pr. p.* **Venerating.** *imp.* & *p. p.* **Venerated.** માન આપવું; પૂજવું; પૂજ્ય ભાવે જોવું; અદબ રાખવી. To honour with respect and awe; to revere.

Veneration (વેનરેશન્), *n.* પૂજ્યભાવ; આદરભાન; પવિત્ર ગણવાનો તેમજ માન આપવાની લાગણી. An act of venerating; a feeling created by the dignity and wisdom of the man.

Venerator (વેનરેટર્), *n.* માન આપનાર; પૂજ્ય ભાવથી જોનાર; ઉપાસક. One, who venerates.

Venereal (વેનીરીઍલ્), *a.* સ્ત્રીસંભોગ સંબંધી; ગરમીનું; મૈથુનથી થતું; કામોત્પાદક. Resulting to sexual intercourse.

Venery (વેનરિ), *n.* મૈથુન; સ્ત્રીસંભોગ; રતિસુખ. Sexual intercourse. **2.** મૃગયા; શિકારની રમત. The sports of the chase.

Venetian (વીનીશિઍન્) *n.* વેનીસનો રહેવાશી. A native of Venice. *a.* વેનીસ શહેરનું. Of or pertaining to the city of Venice.

Vengeance (વેન્જૅન્સ્), *n.* વેર; બદલો; પ્રતિકાર; ખાર; ઝેર; ઈર્ષા; કીનો. Retribution; punishment for an injury.

Vengeful (વેન્જ્ફુલ્), *a.* ખારીલું; ખૂની; ઝેરી; કીનાખોર. Revengeful; vindictive.

Venial (વેનીઍલ્), *a.* ક્ષમા કરવા યોગ્ય; માફી કરવા લાયક. Excusable; capable of being pardoned. **2.** રજા આપેલી; છૂટ આપેલી. Permitted; allowed.

Venialness (વીનિઍલનેસ્), *n.* ક્ષમા આપી શકાય તેમ હોવું તે; ક્ષમાશીલપણું; દરગુજરપણું. A state of being venial.

Venison (વેન્ઝ્હન્, વેનિઝન્), *n.* હરણ અથવા મૃગનું માંસ. Flesh of animals of the deer kind.

Venom (વેનૉમ્), *n.* ઝેર; વિષ; વિખ. Poison; a destructive substance for life. **2.** (*fig*) અદાવત; વેર; ઝેર. Enmity; bitterness of feelings.

Venomous (વેનોમૅસ્), *a.* ઝેરી; વિષમય; વિષવાળું; ડંસીલું. Containing venom; poisonous; spiteful.

Venomously (વેનોમસ્લિ), *ad.* વિષમયપણે; ઝેરીલી રીતે; પ્રાણઘાતક રીતે; અંટસથી. In a venomous way; spitefully.

Vent (વેન્ટ્), *n.* રસ્તો; બારણું; પ્રવેશ; વાટ; દ્વાર. An outlet; an opportunity for an escape; a small opening. *vt.* બહાર કાઢવું; છોડી કાઢવું. To let out; to pour forth. **2.** પ્રસિદ્ધ કરવું. To publish.

Ventage (વેન્ટેજ્), *n.* નાનું બાકું અથવા છિદ્ર. A small hole or opening.

Ventiduct (વેન્ટિડક્ટ્), *n.* પવનનો રસ્તો; નળિયું; નાની બારી. A passage for wind.

Ventilate (વેન્ટિલેટ્), *vt. pr. p.* **Ventilating.** *imp.* & *p. p.* **Ventilated.** પવન આવે તેમ કરવું; પવનના આવજાવને માટે છૂટ રખાવવી. To expose to the free passage of air. **2.** તકરાર પર લેવું; ચર્ચા ચલાવવી. To debate; to discuss.

Ventilation (વેન્ટિલેશન્), *n.* તાજો પવન આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમ કરવું તે; પવનની છૂટ રખાવવી તે. An exposer to air; an act of ventilating.

Ventilator (વેન્ટિલેટર), *n.* જાળિયું; પવન માટે ખાસ મૂકેલાં નાનાં નાનાં જાળિયા-કાણાં. A contrivance for keeping the air fresh in a close space.

Venture (વેન્ટ્યૂર), *vt. vi. pr. p.* **Venturing.** *imp. & p. p.* **Ventured.** જોખમમાં નાંખવું; સાહસ ખેડવું; ઝુકાવવું; ઝંપલાવવું. To dare; to risk.

Venturesome (વેન્ટ્યૂરસમ્), *a.* સાહસિક; બહાદુર; હિંમતવાન; છાતીવાળો. Daring; bold; brave.

Venturous (વેન્ટ્યૂરસ્), *a.* Same as, **Venturesome.**

Venus (વીનસ્), *n.* રતિ; કામદેવની સ્ત્રી. The goddess of Beauty and Love. **2.** શુક્રનો તારો One, of the planets.

Veracious (વીરેશસ્), *a.* સત્યવાદી; સાચું બોલનાર; સત્યશીલ. Truthful; true; disposed to tell the truth. **2.** સાચું; વાસ્તવિક; ખરૂં. True; real.

Veracity (વીરૅસિટિ), *n.* સચ્ચાઇ સાચવટ; સ્પષ્ટતા; સત્યવાદીપણું. Truth; truthfulness.

Veranda / **Verandah** (વીરૅન્ડૅ), *n.* ઓસરી; પરશાળ; રવેશ. A light external gallery, with a sloping roof.

Verb (વર્બ્), *n.* ક્રિયાપદ. A word denoting [an action in a sentence.

Verbal (વર્બૅલ્), *a.* ક્રિયાપદનું; ક્રિયાપદ ઉપરથી થયેલું. Of or derived from a verb. **2.** મ્હોડાનું; નહિ લખાયેલું; મુખથી બોલાયેલું. Oral; not written. **3.** અક્ષરે અક્ષર; શબ્દોથી ભરપુર. Literal; word by word.

Verbalism (વર્બૅલિઝમ્), *n.* મ્હોંએથી કાંઇ કહેવું તે; જણાવવું તે; મુખ નિવેદન. Something expressed orally.

Verbally (વર્બૅલલિ), *ad.* વાણીમાં; શબ્દમાં; મુખથી. Not written; orally.

Verbalize (વર્બૅલાઈઝ), *vt.* ક્રિયાપદના રૂપમાં બનાવવું-ફેરવવું; ક્રિયાપદ તરીકે વાપરવું. To change in the form of a verb; to use as a verb.

Verbatim (વર્બેટિમ્), *ad.* અક્ષરે અક્ષર; શબ્દે શબ્દ. Word by word.

Verdancy (વર્ડૅન્સિ), *n.* લીલોતરી; હરિયાળી જમિન; ઝાડપાલાવાળી ધરતી. A state of being verdant; greenness.

Verdant (વર્ડૅન્ટ), *a.* લીલું; લીલોતરીવાળું; હરિયાળું; વનસ્પતિવાળું. Green with herbage; covered with foliage.

Verdict (વર્ડિક્ટ), *n.* ફેંસલો; નિકાલ; ઠરાવ; નિર્ણય (પંચનો). The decision given by a jury; a judgment.

Verdigris (વર્ડિગ્રિસ્), *n.* મોરથુથુ; તાંબાનો કાટ. Green rust formed on copper. *vt.* તાંબાનો કાટ લગાડવો. To cover with verdigris.

Verdure (વર્ડ્યૂર, વર્જર્), *n.* લીલોતરી; હરીયાળી જમિન; લીલીછમ જમિન. Greenness; freshness of vegetation.

Verdurous (વર્ડ્યૂરસ્), *a.* લીલોતરીવાળું; હરિયાળું; લીલી વનસ્પતિવાળું. Covered with verdure.

Verge (વર્જ્), *n.* કિનારો; કોર; કોરણ. A margin; a brink; an edge. **2.** સીમા; સિમાડો; પાળી. A boundary; a limit. *vi.* કિનારે આવવું; લગોલગ આવી પહોંચવું;-ની નજીકમાં હોવું. To border; to be in the vicinity of; to come to. **2.** ઝુકવું; ઝુકમવું. To incline; to bend.

Vergency (વર્જન્સિ), *n.* કિનારે આવવું તે; સિમાડે હોવું તે. An act of situating on the border.

Verifiable (વેરિફાઇએબલ્), *a.* સાબીત કરી આપવા જોગ; સાબીત કરી શકાય તેવું. Capable of being verified.

Verification (વેરિફિકેશન્), *n.* સાબીત કરવું તે; પુરાવાથી સાબીત કરવું તે. An act of verifying.

Verify (વેરિફાઇ), *vt. pr. p.* **Verifying.** *imp. & p. p.* **Verfied.** ખરૂં કરી આપવું; સાબીત કરવું; સિદ્ધ કરવું. To prove to be true; to confirm the proof of; to affirm.

Verily (વેરિલિ), *ad.* ખરેખર; બેશક; ખચ્ચિત; બરોબર. Really; in reality; in fact.

Verity (વેરિટિ), *n.* ખરાપણું; સત્યતા; સાચાઇ; ખરેખરાપણું. Truth; reality; that which is true.

Vermilion (વર્મિલ્યૉન્), *n.* હિંગળોક; સિંદુર; હિંગળોકિયો રંગ. A kind of bright red pigment.

Vermin (વર્મિન્), *n.* કીડી; મંકોડી; જીવાત. An ant; insects ingeneral. **2.** (*fig.*) દુષ્ટ માણસ; અપકારી પુરૂષ. A wicked person; an unobliging person.

Vernacular (વર્નૅક્યૂલૅર્), *a.* દેશી; સ્વદેશી; જન્મનું. Native; of one's country. *n.* સ્વભાષા; જન્મથી બોલાતી ભાષા. One's mother tongue.

Vernal (વર્નૅલ્), *a.* વસંત ઋતુનું; વસંત ઋતુને લગતું. Pertaining to the spring. **2.** (*fig.*) યુવાવસ્થાનું; યૌવન વર્ગને લગતું. Pertaining to youth.

Versatile (વર્સૅટાઇલ્), *a.* ચંચળ; અસ્થિર; વારંવાર ફરે તેવું. Unsteady; inconstant. **2.** બધી બાજુએ ધ્યાન રાખે તેવું. Mindful of all circumstances.

Versatility (વર્સૅટિલિટિ), *n.* ચંચળતા; ચપળ બુદ્ધિ; ચાંચલ્ય. A state of being versatile; unsteadiness. [**Versatility.**

Versatileness (વર્સૅટાઇલનેસ્), *n.* Same as,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Verse (વર્સ), *n. pl.* **Verses.** કવિતા; શ્લોક; ચરણ; છંદ; પદ. A line with metrical feet; a couplet; a poetry; a stanza.

Versed (વર્સ્ડ), *a.* કાબેલ; હોંશિયાર; નિપુણ; ચતુર. Clever; expert.

Versification (વર્સિફિકેશન), *n.* કાવ્ય રચવું તે; પદ્ય રચના; કવિતા બનાવવી તે. An act of turning into verse; a metrical composition.

Versifier (વર્સિફાઇઅર), *n.* પદ્ય રચનાર; કવિતા બનાવનાર; કાવ્યમાં ગોઠવનાર. One, who versifies.

Versify (વર્સિફાઈ), *vt. pr. p.* **Versifying.** *imp. & p. p.* **Versified.** કવિતા બનાવવી શ્લોક રચવો; પદ્યમાં ગોઠવવું. To arrange into verses; to compose into metrical composition.

Version (વર્શન), *n.* તરજુમો; ભાષાંતર; હકીકત. A translation; a description; a narration of some events.

Versus (વર્સસ), *prep.* ની સામે;–ની વિરૂદ્ધ. [Against.

Vertebra (વર્ટીબ્રે), *n.* બરડાની કરોડ; બરડાની કરોડનું હાડકું. A bone of the spinal column.

Vertex (વર્ટેક્સ), *n. pl.* **Vertices** or **Vertexes.** શિખર; ટોચ; માથું; કળશ. A top; a summit; an apex; a turning point.

Vertical (વર્ટિકલ), *a.* શિરો બિંદુનું; માથા ઉપરનું; ઉભું. Pertaining to a vertex.

Vertically (વર્ટિકલલિ), *ad.* માથા ઉપર હોય તેવી રીતે; શિરોબિંદુ તરફનું. In a vertical way.

Vertigo (વર્ટિગો, વર્ટાઇગો), *n.* તમ્મર; ભમરી; ચક્કર. Giddiness; dizziness.

Very (વેરિ), *ad.* ઘણું; બહુ; વધારે; પુષ્કળ. Extremely; to a great degree. *a.* ખરેખરૂં; સત્ય; એજ તેજ. True; real; the same.

Vesicle (વેસિકલ), *n.* ફોલ્લી; ફોફેયો; ખાડો. A small blister on the skin; a cavity in a body.

Vesper (વેસ્પર), *n.* સંધ્યાકાળ; સાંજ. The evening. 2. શુક્રનો તારો. The evening star; the venus. *a.* સંધ્યાકાળનું; સાંજનું. Of the evening.

Vespers (વેસ્પર્સ), *n. pl.* સંધ્યાકાળ વખતે ગવાતાં ભજન–સ્તોત્ર. The evening songs or prayers.

Vessel (વેસેલ), *n.* વાસણ; પાત્ર; ઠામ; ભાજન; પ્યાલો. A utensil; a dish; a cup. 2. વહાણ; જહાજ; નૌકા. A ship. 3. નાડી; નસ; વાહિની. A tube or canal containing blood or any other fluid.

Vest (વેસ્ટ), *n.* પોશાક; જામો; અંગરખું; કબજો; પેટી. An outer dress or garment; a robe; a waist coat. *vt. vi.* વસ્ત્ર પહેરાવવાં; કપડાંથી સજ્જ કરવું; પરિધાન આપવાં. To dress; to supply with dress. 2. ઢાંકવું; આચ્છાદન કરવું; વિંટાળવું. To cover; to encompass. 3. (*Law*) સત્તા આપવી; અધિકાર આપવો. To invest with power or authority; to endow with power.

Vestal (વેસ્ટલ), *a.* ચોખ્ખું; પવિત્ર; નિર્મળ. Pure; chaste; holy.

Vestibule (વેસ્ટિબ્યૂલ), *n.* દેવડી; દ્વારમંડપ; પરસાળ; ઓરડો. A lobby; an entrance into the house.

Vestige (વેસ્ટિજ), *n.* નિશાની; નામ; ચિન્હ; લેશ; પગલું; પત્તો. A mark; a trace; a print; a faint sign or mark.

Vestment (વેસ્ટમેન્ટ), *n.* ઝભ્ભો; લેબાશ; પોશાક; જામો. A garment; a dress; a clothing.

Vesture (વેસ્ટ્યૂર), *n* Same as, **Vestment.**

Vestry (વેસ્ટ્રિ), *n.* દેવળમાં કપડાં, વાસણ, વિગેરે રાખવાની તથા ઇશ્વર ભજન કરવાની ઓરડી. A room in the church, where clothes, etc. are kept.

Vetch (વેચ), *n.* મઠ, અડદ, મસુર, ગવાર, વિગેરે કઠોળ. A kind of leguminous plant.

Veteran (વેટરૅન), *n.* કસાયેલો યોદ્ધો; લડવૈયો; શૂરવીર પુરૂષ. A well-experienced soldier or warrior. *a.* લડાઇનો અનુભવી; જ્ઞાનવૃદ્ધ; કસાયેલ. Well trained in wars; experienced.

Veterinary (વેટેરિનૅરિ), *a.* જનાવરના વૈદાનું; પશુ ચિકિત્સાવિષયક. Pertaining to the diseases of animals.

Veto (વીટો), *n.* કાયદા વિરૂદ્ધ નામંજુર કરવાનો હક; નિષેધ; અટકાયત. An interdiction against the law. *vt.* નામંજુર કરવું; અટકાયત કરવી; મના કરવી. To put a veto on; to forbid.

Vex (વેક્સ), *vt.* ચીડવવું; ખીજવવું; પજવવું; દુભાવવું; હરકત કરવી. To excite the feeling of anger; to trouble; to harass.

Vexation (વેક્સેશન), *n.* ઇતરાજી; દુઃખ; ઉપદ્રવ; ચીડ; નાખુશી. Affliction; a displeasure; annoyance.

Vexatious (વેક્સેશસ), *a.* દુઃખદાયક; ચીડ ચઢે તેવું; ખીજાઇ જાય તેવું; બાધક. Causing vexation; afflicting; annoying.

Via (વાઇઅ), *prep.* થઇને; ને માર્ગે; રસ્તામાં. By the way of. *n.* રસ્તો; માર્ગ. A road; a way; a path.

Viable (વાઇએબલ), *a.* જીવવું રહે તેવું; જન્મીને જીવે તેવું. Capable of sustaining life.

Viaduct (વાઇઅડક્ટ), *n.* ખીણ અથવા નાળા ઉપર બાંધેલો પૂલ. A bridge, constructed on a valley.

Vial (વાઇઅલ), *n.* નાની શીશી; બાટલી; કુંપી. A small bottle; a phial.

Viands (વાઇઅન્ડ્ઝ), *n. pl.* મિષ્ટાન્ન; ખાવાના પદાર્થ; ખાનપાન.

Viaticum (વાઇઅટિકમ), *n.* મુસાફરીનું ભાથું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોરાક; વાટખરચી. Provisions for a journey.

Vibrate (વાઈબ્રેટ), *vt. vi. pr. p.* **Vibrating.** *imp. & p. p.* **Vibrated.** આમતેમ ફેરવવું; લટકવું; ઝોલાં ખાવાં; ઝાલાએ ચઢાવવું. To move to and fro; to swing; to oscillate.

Vibration (વાઇબ્રેશન્), *n.* આંદોલન; સ્ફુરણ; આમ તેમ ફરવું તે; ઝોલો. An act of vibrating; an oscillation.

Vicar (વિકાર્), *n.* ધર્મોપાધ્યાય; પોપે નીમેલો મુખ્ય પાદરી. The priest of a parish in England.

Vicarage (વિકારેજ્), *n.* ઉપાધ્યાય વૃત્તિ; પાદરી તરીકેનું વર્ષાસન. The benefice of a vicar.

Vicarious (વાઇકૅરિઅસ્), *a.* બીજાને બદલે કામ કરનાર- પ્રતિનિધિ વિષયક; અવેજી. Delegated; acting for another; working as a substitute.

Vicarship (વિકાર્શિપ્), *n.* પાદરીની પદવી-હોદ્દો The office or dignity of a vicar.

Vice(વાઇસ્), *n.* દુર્ગુણ; દુર્વ્યસન; દુરાચાર; અનીતિ; અવગુણ; ખોટ; ખામી. An evil habit; an immoral practice; a defect.

Vice (વાઇસ્), *a.* નાનું; ઉપ; નાયબ-કિતરતા દરજ્જાનું. Designating the subordinate or the next office. **Vice-admiral,** *n.* નાયબ નૌકાધિપતિ. **Vice-chancellor,** *n.* ઉપ-ચૅન્સેલર; ઉપમંત્રી. **Vice-president,** *n.* ઉપપ્રમુખ.

Vice-regal (વાઇસ્-રીગલ્), *a.* સુબાનું; હાકિમને લગતું; રાજ પ્રતિનિધિ વિષયક. Pertaining to a viceroy.

Viceroy (વાઈસ્રૉય્), *n.* રાજાનો પ્રતિનિધિ; સૂબો; 'વાઈસરૉય'. One, who rules in the name of monarch. 2. અમેરિકામાં થતું એક જાતનું પતંગિયું. An American butterfly.

Viceroyalty (વાઇસ્રૉયલ્ટિ), *n.* સૂબાની જગ્યા; રાજ્ય પ્રતિનિધિનો હોદ્દો; સૂબાગિરી. The rank or position of a viceroy.

Viceroyship (વાઈસ્રૉયૂશિપ્) *n.* Same as, **Viceroyalty.**

Vicinity (વિસિનિટિ) *n.* નિકટતા; સમીપમાં હોવું તે; પડોશ; સાનિધ્ય. A state or quality of being near; nearness; a proximity.

Vicious (વિશસ્), *a.* દુર્ગુણી; નઠારૂં; દુષ્ટ; ખરાબ; એબવાળું અપૂર્ણ; ખામીવાળું. Addicted to vice; wicked; defective.

Vicissitude (વિસિસિટ્યૂડ્), *n. pl.* **Vicissitudes.** ફેરફાર; ઉથલપાથલ; બદલો; વિપર્યય. A regular change.

Victim (વિક્ટિમ્), *n.* ભોગ; ભક્ષ; બળિદાન. A living being sacrificed to some deity; a sacrifice. 2. પંજામાં સપડાયેલ પુરૂષ; છેતરાયેલો પુરૂષ. A dupe; a gull.

Victimize (વિક્ટિમાઈઝ્), *vt.* નો ભોગ લેવો-કરવો; ફસાવવું; ધૂતવું. To make a victim of; to cheat.

Victor (વિક્ટર્), *n.* જીતનાર; હરાવનાર; જેતા; જયપામનાર. A conqueror; one, who wins at a battle.

Victorious (વિક્ટોરિઅસ્), *a.* જીતનાર; જય મેળવનાર; ફત્તેહ મેળવનાર. Triumphant; crowned with a victory.

Victual (વિક્ટ્યૂઍલ્, વિટ્લ), *n.* અન્ન; ખોરાક; ભોજન; આહાર. Food; articles of food. *vt. pr. p.* **Victualling.** *imp. & p. p.* **Victualled.** ખોરાક પૂરો પાડવો; અન્ન આપવું. To supply with food.

Vide (વાઇડ્), *n.* કોઇપણ બીજી ચીજનો સંબંધ બતાવનાર શબ્દ. A word, denoting some reference to any other word or words.

Victory (વિક્ટરિ), *n.* જય; ફત્તેહ; જીત. A conquest; a triumph.

Vie (વાઈ), *vt. pr. p.* **Vying.** *imp. & p. p.* **Vied.** બરાબરી કરવી; હરિફાઇ કરવી; સ્પર્ધા કરવી. To compete; to rival; to contend. 2. હોડ બકવી; સરત મૂકવી. To wager.

View (વ્યૂ), *n.* દેખાવ; નજર; અવલોકન. A scene; a sight; an appearance; observation. 2. બુદ્ધિ; મન; વિચાર. A sense; an opinion. 3. દૃષ્ટિ; દૃષ્ટિગોચરતા. A sight; a range of sight. *vt. pr. p.* **Viewing.** *imp. & p. p.* **Viewed.** જોવું; તપાસવું; અવલોકવું; વિચારવું. To behold; to see; to observe; to think.

Viewer (વ્યૂઅર્) *n.* તપાસનાર; અવલોકનાર; બુદ્ધિપૂર્વક ખ્યાલ કરનાર. One, who views.

Viewless (વ્યૂલેસ્), *a.* દેખાવમાં ન આવે તેવું; દેખી ન શકાય તેવું; અદૃશ્ય. Incapable of being viewed.

Vigil (વિજિલ્), *n.* ભક્તિને માટે કરેલું જાગરણ-ઉજાગરો. A devotional watching; an act of keeping awake.

Vigilance (વિજિલૅન્સ્), *n.* હોંશિયારી; ખબરદારી; જાગૃતિ; સાવધપણું. Cleverness; activity; wakefulness; caution.

Vigilant (વિજિલૅન્ટ્), *a.* સાવધ; જાગૃત; હોંશિયાર; ખબરદાર; ચાલાક. Cautious; wakeful; active.

Vigilantly (વિજિલૅન્ટ્લિ), *ad.* જાગૃતિથી; સાવધપણે; હોંશિયારીથી; ખબરદારીથી. Cautiously; in a vigilant way; cleverly.

Vigorous (વિગોરસ્), *a.* બળવાળું; વેગવાળું; જબરૂં; જુસ્સાદાર; પ્રબળ. Having or containing vigour; powerful; strong.

Vigorously(વિગોરસ્લિ), *ad.* પ્રબળપણે; જુસ્સાથી; વેગથી. In a vigorous way; forcibly.

Vigour (વિગર્), *n.* બળ; કૌવત; તેજ; ઉત્સાહ; હોંશ. Force; strength; energy; zeal.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Vile (વાઇલ), *a.* નીચું; અધમ; ખરાબ; દુષ્ટ;નઠારૂં; હલકું. Mean; base; low; wicked.

Vileness (વાઇલનેસ), *n.* અધમતા; દુષ્ટતા; નીચતા; હલકાપણું. Baseness; wickedness; a state of being vile.

Vilification (વિલિફિકેશન), *n.* હલકું માનવું તે; બટ્ટો લગાડવો તે; દૂષણવાળું કહેવું તે. An act of vilifying.

Vilify (વિલિફાઇ), *vt. pr. p.* **Vilifying.** *imp. & p. p.* **Vilified.** માન ઉતારવું; બદનામ કરવું; આળ ચોંટાડવું; ધિક્કારવું; અવગણના કરવી. To degrade; to defame; to despise.

Villa (વિલ્લ), *n.* શહેર બહારનો બંગલો; વાડી; ગ્રામ્યગૃહ-આવાસ. A rural mansion; a country residence.

Village (વિલેજ), *n.* ગામડું; ગામ; ગ્રામ. An assemblage of houses smaller than a town. **Village-headman,** *n.* મુખી. **Village-accountant,** *n.* મહેતો; તલાટી.

Villager (વિલ્લેજર),*n.*ગામડાનો વતની;ગ્રામ્યવાસી; ગામડીઓ. An inhabitant of a village.

Villain (વિલેન),*n.*લુચ્ચો; ચંડાળ;બદમાસ; હરામખોર. A wicked person; a knave; a vile fellow.

Villainous (વિલેનસ), *a.* લુચ્ચો; સોદો; દૈંગો; દુષ્ટ; હરામખોર. Base; mean; wicked.

Villainy (વિલ્-લેનિ), *n.* હરામખોરી, લુચ્ચાઇ; શઠતા; દુષ્ટ કાર્ય. Wickedness; cunningness mixed with baseness

Vindicate (વિન્ડીકેટ), *vt.* હક છે તેમ બતાવવું; હક સાબીત કરવો; ટેકો આપવો. To lay a claim to; to maintain as a right; to support. **2.** બચાવવું; મુક્ત કરવું. To defend; to set at liberty.

Vindication (વિન્ડિકેશન) *n.* હકને સાબીત કરવો તે; ટેકો; બચાવ. An act of vindicating; a defence.

Vindicator (વિન્ડિકેટર), *n.* સાબીત કરનાર; હક રક્ષક. One, who vindicates.

Vindictive (વિન્ડિક્ટિવ્), *a.* ખારીલું; ઝેરીલું; દ્વેષીલું; કિનાખોર. Revengeful; prone to revenge.

Vindictiveness (વિન્ડિક્ટિવ્નેસ), *n.* કિનાખોર વૃત્તિ; ઝેરીલાપણું; અદેખો સ્વભાવ. A state of being vindictive.

Vine (વાઇન), *n.* દ્રાક્ષનો વેલો; દ્રાક્ષલત્તા. A plant, bearing grapes.

Vinegar (વિનેગર); *n.* સરકો; ખાટો પદાર્થ; આસવ. Any thing really sour; dilute and impure acetic acid.

Vinery (વાઇનરિ), *n.* દ્રાક્ષવાટિકા; દ્રાક્ષમંડપ. A kind of green house where vines are cultivated.

Vine-yard (વાઈન્-યાર્ડ), *n.* દ્રાક્ષવાટિકા; દ્રાક્ષમંડપ. A yard for grape-vines.

Vintage (વિન્ટેજ), *n.* દ્રાક્ષની ઉપજ(એક વર્ષમાં થતી); એક વર્ષમાં થતો દ્રાક્ષનો પાક. The produce of the vine for one season.

Vintager (વિન્ટેજર), *n.* દ્રાક્ષનો પાક લેનાર. One, engaged in the vintage.

Vintner (વિન્ટ્નર), *n.* દારૂ વેચનાર; દારૂનો વેપારી. A wine-merchant.

Vintry (વિન્ટ્રિ), *n.* દારૂ એકઠો કરવાનું અથવા વેચવાનું સ્થળ. A place, where wine is stored and sold.

Viol (વાઇઑલ), *n.* છ તારનું સારંગીને મળતું વાજીંત્ર. A winged musical instrument.

Viola (વાઈઑલ્લ), *n.* Same as, **Viol.**

Violable (વાયોલેબલ), *a.* ખંડનીય; ભાંગવાજોગ. તોડવા યોગ્ય, ઉલ્લંઘન કરવા યોગ્ય. Capable of being violated.

Violate (વાયોલેટ), *vt. pr. p.* **Violating.** *imp. & p. p.* **Violated.** ભાંગવું; તોડવું; અનાદર કરવો; ઉલ્લંઘન કરવું. To break; to disobey; to infringe; to transgress. **2.** જોરજુલમથી સ્ત્રીસંગ કરવો; બળાત્કાર કરવો;-ની આબરૂ લેવી. To ravish; to commit rape upon.

Violation (વાયોલેશન), *n.* રદ કરવું તે; ઉલ્લંઘન; બળાત્કાર; ખલેલ; અડચણ. An act of violating; an infringement.

Violator (વાયોલેટર), *n.* ઉલ્લંઘન કરનાર; ભંગ કરનાર; અવળે રસ્તે જનાર. One, who violates.

Violence (વાયોલેન્સ), *n.* જોર જુલ્મ; બળાત્કાર; જબરજસ્તીથી કામ લેવું તે. An act of violating; a violation. **2.** હુમલો; આક્રમણ. An attack; an assault.

Violent (વાયોલેન્ટ), *a.* પ્રચંડ; જબરૂં; જોરવાળું; ભારે;આવેશવાળું. Forcible; vehement;furious.

Violently (વાયોલેન્ટલિ), *ad.* પ્રચંડ રીતે; જોરથી; વેગથી; આવેશપૂર્વક. Forcibly; furiously; in a violent way.

Violet (વાઈઓલેટ), *n.* એક જાતનું ઝાડ અથવા તેનું ફળ; પાટલ ફુલનો રંગ. A kind of plant or its flowers or its colour. **2.** જાંબુડિયો રંગ. A purple colour.

Violin (વાઇઓલિન), *n.*એકા સુરની સારંગી;સારંગી. A stringed musical instrument.

Violinist (વાઇઓલિનિસ્ટ), *n.* સારંગીવાળો; સારંગી વગાડનાર.One, who plays on a violin.

Viper (વાઇપર), *n.* સાપ; સર્પ. A kind of the snakes. **2.** (*fig.*) કૃતઘ્ની માણસ; દગાખોર પુરૂષ. A treacherous fellow.

Viperous (વાઇપરસ), *a.* ઝેરીલું; ખારીલું; સાપના જેવું; ડંખીલું Malignant; venomous.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Virago (વિરૅગો), *n.* લડાયક મૈરી; વીરાંગના; શુરવીર સ્ત્રી. A female warrior; a warlike woman. **2.** લડવાડ કરનાર સ્ત્રી; કર્કશા સ્ત્રી. A termagant.

Virgin (વર્જિન્), *n.* કુમારિકા; કન્યા; કુંવારી સ્ત્રી. A woman, having no carnal knowledge of man; a maiden. *a.* કુમારિકાનું; કુંવારી સ્ત્રીને લગતું. Of or pertaining to a virgin.

Virginity (વર્જિનિટિ) *n.* કૌમાર્ય; કૌમાર્યાવસ્થા; કન્યાવ્રત; કુંવારાપણું. Maidenhood; a state of being a virgin; an unmarried life.

Virgo (વર્ગો), *n.* કન્યારાશી; કન્યા. One of the constellations of the zodiac.

Virile (વિરિલ,વિરાઇલ), *a.* પુરૂષાતનનું; પુરૂષાર્થવાળું; જનનશક્તિવાળું. Capable of begetting; masculine.

Virility (વિરિલિટિ), *n.* પુરૂષપણું; પુરૂષત્વ; જનનશક્તિ; પુરૂષાતન. Manliness; the power of procreation.

Virtual (વર્ટ્યૂઍલ), *a.* ખરૂં;ખરેખરૂં;સત્ય. Real; true. **2.** ગુણવાળું; ફાયદાકારક. Efficacious; potential.

Virtually (વર્ટ્યૂઍલ્લિ), *ad.* ખરેખર; વાસ્તવિક રીતે; ખરૂં જોતાં; આખરે. Practically; really; in truth.

Virtue (વર્ટ્યૂ) *n. pl.* **Virtues.** ગુણ; નેકી; સદાચરણ; ભલાઇ; સદ્ગુણ. A moral goodness; a merit; purity of heart.

Virtuous (વર્ટ્યૂઅસ્), *a.* સદ્ગુણી; સદાચારી; સદાચરણી; નેકવૃત્તિવાળું. Having or possessing good qualities.

Virtuously (વર્ટ્યૂઅસ્લિ), *ad.* સદાચરણપૂર્વક; સારી રીતભાતથી; નેકવૃત્તિથી. In a virtuous way.

Virulence (વિર્યૂલેન્સ્), *n.* હડહડતાપણું; દ્વેષ; ઝેર; પ્રાણઘાતક હોવાની વૃત્તિ હોવી તે. A state of being virulent.

Virulent (વિર્યૂલેન્ટ્), *a.* સખ્ત; દ્વેષીલું; કડું; ઉગ્ર; હડહડતું. Bitter; vindictive; malignant. **2.** જીવલેણ; ઝેરી. Fatal; poisonous.

Virulently (વિર્યૂલેન્ટલિ), *ad.* સખ્તરીતે; ઉગ્રપણે; હડહડતીરીતે. In a virulent way.

Virus (વાઇરસ્), *n.* ચેપ; પાશ; રોગની ઝેરી અસર ફેલાવવી તે. Poisonous matter as of small-pox, etc.

Vis (વિસ્), *n.* શક્તિ; દમ; જોર. Force; energy.

Visage (વિસેજ્), *n.* ચ્હેરો; સિકલ; આકૃતિ; મુખમુદ્રા. The face; the countenance;the mien.

Visard (વિઝાર્ડ્), *n.* બુરખો; આચ્છાદન. A mask; a covering.

Viscid (વિસ્સિડ્), *a.* ચિકણું; ચિકાશવાળું; ચોંટી જાય તેવું. Sticky; adhering; tenacious.

Viscidity (વિસ્સિડિટિ), *n.* ચિકાશ; ચિકટાપણું. A state of being viscid; stickiness.

Viscosity (વિસ્કૉસિટિ), *n.* Same as, **Viscidity.**

Viscous (વિસ્કસ્), *a.* Same as, **Viscid.**

Viscount (વાઇકાઉન્ટ્), *n.* અર્લથી ઉતરતી પદવીનો અમીર; 'શેરીફ.' A noble next to the earl.

Viscountess (વાઇકાઉન્ટેસ્), *n.* અમીરની સ્ત્રી; અમીરાણી. The wife of a viscount.

Visibility (વિઝિબિલિટિ), *n.* ખુલ્લાપણું; દેખાવની હાલત- સ્થિતિ; દૃષ્ટિગોચરતા. A state or quality of being visible.

Visible (વિઝિબલ્), *a.* દેખાય એવું; દ્રષ્ટિગોચર; નજરે પડે તેવું; પ્રત્યક્ષ. Perceptible; capable of being seen or viewed.

Visibleness (વિઝિબલનેસ્), *n.* Same as, **Visibility.**

Visibly (વિઝિબ્લિ), *ad.* દેખાય તેવી રીતે; દ્રષ્ટિગોચર થાય તેવી રીતે; સ્પષ્ટ રીતે. Perceptibly; obviously.

Vision (વિઝૂહૉન્), *n.* નજર; દર્શન; સ્વપ્નું; દ્રષ્ટિ. A sight; a dream. **2.** કલ્પના; તુરંગ. A fancy; an imagination. **3.** આભાસ; પડછાયો. A phantom; an apparition.

Visionary (વિઝૂહૉનૅરિ), *a.* મન કલ્પિત; સ્વપ્ન સમાન; તુરંગબાજ; શેખશહ્લીના વિચારોથી ભરપૂર. Fanciful; imaginary. *n.* તુરંગો બાંધનાર; કલ્પનાના ઘોડા દોડાવનાર. One, who sees visions.

Visit (વિઝિટ્), *vt. vi. pr. p.* **Visiting.** *inp. & p. p.* **Visited.** મુલાકાત કરવી; મેળાપ કરવો; મુલાકાત માટે જવું. To go to see; to attend. **2.** મુલાકાત; મેળાપ; એક બીજાને મળવા જવું તે; તપાસણી. An act of visiting; a call; an inspection.

Visitant (વિઝિટૅન્ટ્), *n.* મહેમાન;પરોણો; અભ્યાગત. A guest; a visitor. *a.* મુલાકાત લેતું; મળવા જતું; મળવાને આતુર. Visiting; eager to visit.

Visitation (વિઝિટેશન્), *n.* તપાસ; તપાસણી; મુલાકાત. An examination; an inspection; a formal visit.

Visitor, Visiter (વિઝિટૉર્, વિઝિટર્), *n.* મુલાકાત કરનાર; દેખરેખ રાખનાર; ચોકસી કરનાર. One, who visits. **2.** મહેમાન; પરોણો. A guest.

Visor, Vizor (વિઝૉર્), *n.* બુરખો; મુખવટો; વેશ. A mask; a part of a helmet.

Vista (વિસ્ટ), *n.* બંન્ને તરફ ઝાડ આવી રહ્યા હોય તેવો રસ્તો અથવા દેખાવ; કુંજ; તરૂપંક્તિ. An avenue; a view of the trees, growing on both the sides.

Visual (વિઝૂયૂઍલ્), *n.* દૃષ્ટિ વિષયક; નજર અથવા દેખાવ સંબંધી; દેખાય તેવું. Pertaining to sight; visible.

Vital (વાઇટૅલ્), *a.* જીવના જેવું; પ્રાણ આપનારૂં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાણરક્ષક. Relating to life; contributing life; consisting of life.

Vitality (વાઇટૅલિટિ), *n.* પ્રાણશક્તિ; ચૈતન્ય; જીવન શક્તિ; વીર્ય. Animation; the principles of life.

Vitals (વાઇટૅલ્સ્), *n.* મર્મસ્થાન; સુંવાળી જગ્યા. Organs that are necessary for life.

Vitiate (વિશિએટ્), *vt. pr. p.* **Vitiating.** *imp. & p. p.* **Vitiated.** બગાડવું; ખરાબ કરવું; ભ્રષ્ટ કરવું; રદ કરવું; એળવાળું બનાવવું. To spoil; to impair; to annul.

Vitiation (વિશિએશન્), *n.* બગાડ; ભ્રષ્ટતા; બાતલ કરવું તે; રદ કરવું તે. An act of vitiating.

Vitriol (વિટ્રિઑલ્), *n.* મોરથુથુ; તાંબુ, લોઢું, જસત, વિગેરેનો ખાર. A sulphate of metals.

Vituperate (વાઇટ્યૂપરેટ્), *vt. pr. p.* **Vituperating.** *imp. & p. p.* **Vituperated.** દોષ મૂકવો; ઠપકો દેવો; આરોપ મૂકવો; નિંદવું. To find fault with; to blame; to scold.

Vituperation (વાઇટ્યૂપરેશન્), *n.* આક્ષેપ; આળ; આરોપ. A blame; an act of vituperating.

Vivacious (વાઇવૅશસ્), *a.* ચાલાક; ચપળ; ચંચળ; ઉલ્લાસવાળું; હોંસિલું. Lively; merry; enthusiastic.

Vivacity (વાઇવૅસિટિ), *n.* ચંચળતા; ચપળતા; તેજી; જીવ; ઉત્સાહ; ઉલ્લાસ. Sprightliness; liveliness; animation.

Vivid (વિવિડ્), *a.* આબેહુબ; ભભકાદાર; તેજસ્વી; ચળકતું. Graphic; bright; shining; lively.

Vividly (વિવિડ્લિ), *ad.* આબેહૂબ રીતે; ભભકાથી; તેજસ્વીપણે. Graphically; in a vivid way.

Vividness (વિવિડ્નેસ્), *n.* આબેહૂબપણું; ભભકો; ચળકાટ. A state of being vivid; liveliness.

Vivification (વિવિફિકેશન્), *n.* સજીવન કરવું તે; ચૈતન્યમય બનાવવું તે; ચેતન. An act of vivifying; restoration of life.

Vivify (વિવિફાઇ), *vt. pr. p.* **Vivifying.** *imp. & p. p.* **Vivified.** સજીવન કરવું; ચૈતન્ય આપવું; ચેતનમય બનાવવું. To animate; to endow with life.

Vixen (વિક્સેન્), *n.* શિયાળ (માદા). A female fox. **2.** ઝંખણી સ્ત્રી; કર્કશા સ્ત્રી; લઢવાડ કરનારી સ્ત્રી. An ill-tempered woman.

Viz (વિઝ્), *ad.* તે-કે; એટલે; તે આ. Namely; that is.

Vizard (વિઝાર્ડ્), *n.* બુરખો; ઢાંકણ; આચ્છાદન. A mask; a covering (esp. for the face).

Vizier (વઝીર્), *n.* પ્રધાન; વજીર; દિવાન. A minister; a state councillor.

Vocable (વોકેબલ્), *n.* બોલ; શબ્દ; નામ; વર્ણ સમૂહ. A word; a term; a name.

Vocabulary (વોકૅબ્યૂલૅરિ), *n.* શબ્દ સમૂહ; નાનો શબ્દ કોષ; શબ્દ ભંડાર-સંગ્રહ. A dictionary; a word-book.

Vocabulist (વોકૅબ્યૂલિસ્ટ્), *n.* શબ્દકોષ બનાવનાર; શબ્દકોષ લખનાર. A writer of a vocabulary.

Vocal (વોકૅલ્), *a.* વાણીનું; મોઢાનું; કંઠનું. Pertaining to speech; oral; sonorous.

Vocalist (વોકૅલિસ્ટ્), *n.* ગવૈયો; ગાનારો. A singer; a musician.

Vocalize (વોકૅલાઇઝ્), *vt.* કંઠથી ગાવું; સ્વરથી ગાવું. To practise music with vocal sounds.

Vocation (વોકેશન્), *n.* ધંધો; રોજગાર; કામ; ઉદ્યમ; વેપાર; વૃત્તિ. A calling; an occupation. **2.** તેડું; આમંત્રણ. A call; an invitation.

Vocative (વોકૅટિવ્), *a.* સંબોધન. Addressing; appellative. *n.* સંબોધન વિભક્તિ (વ્યાકરણમાં). A case of address.

Vociferate (વોસિફેરેટ્), *vi.* બૂમ પાડવી; ઘોંઘાટ કરવો; શોર મચાવીને મોટેથી કહેવું; પોકાર કરવો. To cry aloud; to shout out.

Vociferation (વોસિફેરેશન્), *n.* બુમ; પોકાર; કોલાહલ. A violent outcry.

Vociferous (વોસિફરસ્), *a.* ઘોંઘાટ કરનાર; બુમ પાડનાર; ઘાંટો પાડીને બોલનાર. Clamorous; noisy.

Vogue (વોગ્), *n.* ચાલ; વ્યવહાર; ધારો; રીત રિવાજ. A custom; a practice; a mode.

Voice (વૉઇસ્), *n.* અવાજ; સુર; કંઠ; ઘાંટો; સાદ. The sound; the way of expressing music; the faculty of utterance. **2.** અભિપ્રાય; મત; ચલણ. An opinion; a vote. **3.** (વ્યાકરણમાં) ભેદ. A form of verb inflection. *vt.* બોલવું; સ્વરોચ્ચારણ કરવા; કંઠમાંથી કહેવું. To utter; to express vocally. **2.** નીમવું; ચુંટવું; ચુંટણી કરવી. To elect; to vote for.

Voiceless (વોઇસલેસ્), *a.* અવાજ વિનાનું; મૂગું; ચલણ વિનાનું અથવા સત્તા વિનાનું. Silent; devoid of any power or influence.

Void (વૉઇડ્), *a.* ખાલી; ઠાલું; અવકાશ વિનાનું; શૂન્ય. Empty; vacant; not occupied. **2.** નકામું; ફોગટ; વૃથા. Vain; useless. *vt.* છોડી દેવું; તજવું; ખાલી કરવું; બાતલ કરવું. To leave; to quit; to vacate. **2.** ખાલી થવું; બહાર નીકળવું. To come out; to issue forth. *n.* ખાલી જગ્યા; અવકાશ. An unoccupied place.

Voidable (વૉઇડેબલ્), *a.* રદ થઈ શકે તેવું; બાતલ કરી શકાય તેવું. Capable of being avoided. **2.** શૂન્ય થવા જેવું; ખાલી થાય તેવું.

Volatile (વૉલેટાઇલ્), *a.* વાયુ રૂપે જવું રહે તેવું; એકદમ ઉડી જાય તેવું. Liable to evaporation; flying soon. **2.** ચંચળ; અદ્દઠ; અસ્થિર. Unsteady; fickle.

Volatility (વૉલેટિલિટિ), *n.* હવામાં ઉડી જાય તેવો ગુણ; ચંચળપણું; અસ્થિરતા; ચપળતા. Fickleness; a state of being volatile.

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Volcanic (વૉલ્કેનિક), *a.* જ્વાળામુખી પર્વતનું; બળતા પર્વત સંબંધી. Pertaining to a volcano or volcanoes.

Volcano (વૉલ્કેનો), *n. pl.* **Volcanoes.** જ્વાળામુખી પર્વત; બળતો પહાડ-પર્વત. A burning mountain, issuing lava.

Vole (વોલ્), *n.* છછુંદર; ઉંદરની જાતનું પ્રાણી. A kind of rats or mice.

Volition (વોલિશન્), *n.* ઇચ્છા; મન; સંકલ્પ; ઇચ્છાશક્તિ. A choice; a will; the will-power.

Volley (વૉલિ), *n.* બાણ વિગેરેનો સામટો માર; વરસાદની ઝડી; વૃષ્ટિ. A flight as of missiles or arrows; a burst of many things or ideas at a time.

Volt (વૉલ્ટ), *n.* વિજળિ બળ કેટલું છે તે દર્શાવવાનું 'યુનિટ'-માપ. The practical unit of electricity.

Volubility (વૉલ્યૂબિલિટિ), *n.* વાક્ચાપલ્ય; વાચાળપણું; વાક્પટુતા. A state of being voluble.

Voluble (વૉલ્યૂબલ્), *a.* ચપળ; ચાલાક; વાક્પટુ. Having the fluency of speech; active in utterance.

Volubleness (વૉલ્યૂબલનેસ્), *n.* Same as, **Volubility.**

Volume (વૉલ્યુમ), *n.* ગ્રંથ; મોટું પુસ્તક; મોટા પુસ્તકનો વિભાગ. A part of the work; a book. **2.** કદ; વિસ્તાર; ગુંછળું. A mass; a bulk; a twist; a roll.

Voluminous (વૉલ્યૂમિનસ્), *a.* ગ્રંથનું; ગ્રંથ વિષયક. Pertaining to a book. **2.** વિસ્તારવાળું; વિસ્તીર્ણ; વિશાળ કદવાળું Extensive; copious; wide. **3.** ઘણી ગુંચોવાળું. Containing many folds.

Voluntarily (વૉલન્ટરિલિ), *ad.* રાજી ખુશીથી; સ્વેચ્છાપૂર્વક; મરજીમુજબ. In a voluntary way.

Voluntary (વૉલન્ટરિ), *a.* સ્વેચ્છાધીન; જાણી જોઇને કીધેલું; સ્વતંત્ર; ઈચ્છાનુસાર. Depending upon one's will; free; regulated by the free will.

Volunteer (વૉલન્ટીર્), *n.* પોતાની ખુશીથી નોકરી ઉઠાવનાર; ખુશીથી ચાકરી કરનાર; સ્વયંસેવક. One, who offers any kind of service out of his free will. *vt. vi.* રાજી ખુશીથી નોકરીમાં રહેવું; પોતાની મેળેજ આપવું અથવા આપવા કબુલવું. To offer service voluntarily.

Voluptuary (વોલપ્ટ્યૂઅરિ), *n.* વિષયી; વિલાસી; કેવળ મોજમજા ભોગવનાર. A sensualist; a man, wholly engrossed in pleasures and luxuries.

Voluptuous (વોલપ્ટ્યૂઅસ્), *a.* વિષય સુખ ભોગવનાર; વિલાસી; ઇન્દ્રિયસુખમાંજ આનંદ ભોગવનાર. Sensual; of a voluptuary.

Vomit (વૉમિટ્), *vt. vi. pr. p.* **Vomiting.** *imp. & p. p.* **Vomited.** ઉલટી કરવી; ઉલટી થવી; ઓકવું; બહાર કાઢવું. To throw up; to puke. *n.* ઉલટી; વમન; બહાર નીકળવું અથવા કાઢવું તે. Matter that is vomited.

Voracious (વોરેશસ્), *a.* ખાઉકણ; ફાડી ખાનાર; ખાઉધર; અત્યાહારી. Eating greedily; rapacious.

Voracity (વોરેસિટિ), *n.* ખાઉધરાપણું; અત્યાહારીપણું. A state of being voracious.

Vortex (વૉર્ટેક્સ્), *n. pl.* **Vortexes** or **Vortices.** પાણીમાંથી થતા ભમરા; વમળ; આવર્ત. A whirlpool; an eddy.

Votary (વોટરિ), *n. pl.* **Votaries.** ભક્ત; સાધુજન; સેવક; આશ્રિતજન. One devoted by a vow.

Vote (વોટ્), *n.* મત; અભિપ્રાય; વિચાર. One's desire or choice; an opinion. **2.** મતાધિકાર; મત. A suffrage; voice. *vt. vi.* મત દર્શાવવો; અભિપ્રાય આપવો. To elect; to choose. **2.** ઠરાવ કરવો; મંજુર કરવું. To enact a rule.

Voter (વોટર્), *n.* મત આપનાનાર; મતાધિકાર ધરાવનાર. One, who votes; one who has a legal right of voting.

Vouch (વાઉચ્), *vt.* ખાતરી કરવી; નિશાની કરવી; મંજુર કરવું; ટેકો આપવો. To affirm; to confirm; to support. **2.** (*Law*) સાક્ષી તરીકે કોર્ટમાં બોલાવવું. To call to the court as a witness.

Voucher (વાઉચર્), *n.* પ્રમાણપત્ર; પુરાવો; દસ્તાવેજ; પ્રમાણભૂત સાધન. An authoritative paper; an evidence.

Vouch-safe (વાઉચ્સેફ્), *vt. vi.* કૃપા બતાવવી; મહેરબાની કરવી; બક્ષવું. To concede; to condescend.

Vow (વાઉ), *n.* બાધા; નિયમ; ધાર્મિક પ્રતિબંધ. A solemn promise; a pledge. *vt. vi.* પ્રતિજ્ઞા લેવી; બાધા લેવી-જણાવવી; પ્રતિજ્ઞાથી બંધાવું; ખાત્રીપૂર્વક કહેવું-નિવેદન કરવું. To assert or declare solemnly; to state firmly.

Vowel (વાઉએલ્), *n.* સ્વર; સ્વરણ. An uncompounded modulation of the voice. *a.* સ્વરનું; સ્વર સંબંધી. Pertaining to a vowel.

Voyage (વૉઇએજ્), *n. pl.* **Voyages.** દરિયાની મુસાફરી; સફર. A journey by sea; a journey to a distant land. *vt. vi.* દરિયાઇ મુસાફરી કરવી; સફર કરવી; દુરદેશ જવું. To make a journey; to travel.

Voyager (વૉઇએજર્) *n.* દરિયાની સફર કરનાર; સફરી. A traveller.

Vulcan (વલ્કૅન્), *n.* અગ્નિદેવ; વિશ્વકર્મા. The Roman deity, who presided over fire.

Vulcanize (વલ્કેનાઇઝ્), *vt.* ગંધક મેળવીને રબરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઠણ બનાવવું. To mix sulphur with rubber.

Vulgar. (વલ્ગર્), *a.* નીચ; અધમ; હલકી જાતનું. Mean; of low or inferior type. **2.** ગ્રામ્ય; અનાડી; અસભ્ય. Impolite; country; base.

Vulgarism (વલ્ગૅરિઝમ્), *n.* નીચ અથવા હલકા વર્ણની બોલી; અધમ લોકોની અશ્લિલ ભાષા. The vulgar language or mode of expression.

Vulgarity (વલ્ગૅરિટિ), *n.* અધમતા; હલકાપણું; ક્ષુદ્રતા. A state of being vulgar; meanness.

Vulnerable (વલ્નરેબલ્), *a.* જખમ વાગે તેવું; ઘા લાગે તેવું; નુકશાન થઈ શકે તેવું; ભેદ્ય. Capable of being wounded.

Vulture (વલ્ટ્યૂર્), *n.* ગીધ; ગૃધ્ર. A kind of rapacious birds.

Vulturine (વલ્ટ્યૂરાઇન્), *a.* ગીધના જેવા ગુણવાળું; ફાડીખાનારૂં. Having the qualities of a vulture.

Vulturous (વલ્ટ્યૂરસ્), *a.* Same as, **Vulturine.**

W.

W (ડબ્લ્યૂ), અંગ્રેજી મૂળાક્ષરનો તેવીસમો અક્ષર છે. The twenty third letter of the English alphabet.

Wabble (વૉબલ્), *vi. pr. p.* **Wabbling.** *imp. & p. p.* **Wabbled.** ડોલવું; ડોલતાં ડોલતાં ચાલવું; ઝોલા ખાવા. To vacillate; to move in a staggering way.

Wad (વૉડ્), *n.* બંદુકમાં હુચો ભરવો તે; બંદુકમાં ઘાલવાનો હુચો. A soft mass of material, (as of cotton, wool, etc.) used to stop the charge of a gun. *vt. pr. p.* **Wadding.** *imp. & p. p.* **Wadded.** બંદુકમાં હુચો ભરવો. To furnish with a wad.

Waddle (વૉડ્લ્), *vt. vi. pr. p.* **Waddling.** *imp. & p. p.* **Waddled.** ચગદવું; કચરવું. To tread upon; to trample. **2.** ડોલવું; ઝુલતાં ચાલવું; અડબડીયાં ખાતાં ચાલવું. To stagger; to walk in a tottering way.

Wade (વેડ્), *vt. vi. pr. p.* **Wading.** *imp. & p. p.* **Waded.** પાણી વિગેરેમાં થઇને ચાલવું અથવા જવું; ઓળંગી જવું. To pass over; to walk through water; to move through a fluid. **2.** પાર મૂકવું; મહા મુશ્કેલીએ પાર ઉતરવું. To toil with labour; to carry on with great labour.

Wader (વેડર્), *n.* પાણીમાં ચાલનાર; મહામુશ્કેલીએ કામ કરનાર,–કામ પાર પાડનાર. One, who wades.

Wafer (વેફર્), *n.* ગળી પાતળી રોટલી; પાપડ; પુરી. A small thin sweet cake. **2.** લાખની તકતી. A thin disc of paste used in sealing letters, etc.

Waferer (વેફેરર્), *n.* કંદોઇ; મીઠાઇવાળો. A confectioner.

Waft (વૉફ્ટ), *vt. vi.* પાણીમાં વહેવું–લઈ જવું; હવામાં લઈ જવું; હવામાં ઉડાવવું. To cause to float in water or in air. **2.** વહેવું; તરવું. To float. *n* વહેવું તે; વહન. An act of floating. **2.** પવનનું અથવા પાણીનું મોજું. A current of air; a wave. **3.** સંકેત; ઇસારો. A signal; a sign.

Waftage (વૉફ્ટેજ્), *n.* પાણીમાં અથવા હવામાં લઇ જવું તે અથવા ઘસડાઇ જવું તે. An act of wafting or the state of being wafted.

Wafter (વૉફ્ટર્), *n.* પાણીમાં લઇ જનાર; હોડી. One, who or that wafts.

Wag (વૅગ્), *vt. vi.* **Wagging.** *imp. & p. p.* **Wagged.** આમતેમ હલાવવું; ધુણાવવું; આગળ પ્રયાણ કરવું. To move to and fro; to shake. **2.** હાલ્યા કરવું; પટપટાવવું To vibrate; to keep in motion.

Waggery (વૅગરિ), *n.* મશ્કરી; ઠઠ્ઠાબાજી; હાંસી; વિનોદ; ટોળ. Jocularity; a fun.

Waggish (વૅગિશ્), *a.* વિનોદી; ગમતી; ટિખળી. Frolicsome; gay.

Waggishness (વૅગિશનેસ્), *n.* વિનોદ; ગંમત; ટિખળી સ્વભાવ. Frolicsome nature; a quality of being waggish.

Wage (વેજ્), *vt.* લડાઇ ચલાવવી; આગળ ને આગળ ચલાવવું; જોખમમાં નાંખવું. To engage in a fight; to carry on; to undertake.

Wager (વેજર્), *n.* સરત; હોડ. A pledge; a bet; a stake. *vt.* સરત મારવી; હોડ મૂકવી–બકવી. To bet; to stake.

Wagerer (વેજરર્), *n.* સરત મારનાર; હોડ કરનાર–બકનાર. One, who wagers.

Wages (વેજીઝ્), *n.* મજુરી; મહેનતાણું; રોજી; રોજીંદો પગાર. Price paid for labour; recompense.

Waggon, Wagon (વૅગૉન્), *n.* ગાડી; માલ ભરવાનો ડબ્બો; 'વેગન'; ખટારો. A vehicle with four wheels; a freight-car on a railway. *vt. vi.* ભારખાના મારફતે માલ દેશાવર રવાના કરવો; માલ ચઢાવવો. To forward or send goods in a waggon.

Wagoner (વૅગૉનર્), *n.* ગાડું હાંકનાર; ગાડાવાળો. One, who drives a wagon. **2.** સપ્તર્ષિ. Ursa Major.

Wagtail (વૅગ્ટેલ્), *n.* ખંજન પક્ષી (આ પક્ષીની પુછડી હંમેશાં હાલ્યા કરે છે.) A kind of singing birds.

Waif (વેફ્), *n.* નધણીઆતો માલ; જેનો કોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માલેક નથી એવો માલ. Goods or property without an owner; an unclaimed property. 2. ઘરબાર વિનાનું રખડતું છોકરૂં. A wandering child.

Wail (ઉવેલ્), *vt. vi. pr. p.* **Wailing.** *imp. & p. p.* **Wailed.** વિલાપ કરવો; દિલગીરી બતાવવી; શોક કરવો; આક્રંદ કરવું. To bewail; to lament; to express sorrow loudly. *n.* રડાપીટ; શોક; વિલાપ; આક્રંદ. Lamentation; a weeping.

Wain (ઉવેન્), *n.* ગાડું; ખટારો; ભાર ખેંચવાની રેકડી. A wagon; a four wheeled vehicle used in dragging goods. **The wain,** *n.* સપ્તર્ષિ.

Wainscot (ઉઍન્સ્કૉટ્), *n.* ઓકનું લાકડું; પાટિયાંવાળી ભીંત. The wood of the oak tree; the walls, lined with timber. *vt.* પાટિયાની ભીંત જડવી; ભીંતમાં પાટિયા જડી લેવા. To line with panels.

Waist (ઉવેસ્ટ્), *n.* કમ્મર; કેડ; કટિપ્રદેશ. The part of the human body below the ribs. **Waist-band,** *n.* કમરપટો; કટિબંધ. **Waist-coat,** *n.* બંડી; બદન; બાંડીઓ કબજો.

Wait (ઉવેટ્), *vt. vi.* રાહ જોવી; ખોટી થવું; વાટ જોવી. To await; to stay for. **2.** નું કામ કરવું; બરદાસ કરવી; ખીજમત ઉઠાવવી. To attend; to perform **3.** નીપજવું; પરિણામ આવવું. To follow as a result. *n.* ઢીલ; રાહ; વાટ. A delay; an act of waiting. **2.** સંતાઇ જવાની જગ્યા; ભરાઇ બેસવાની જગ્યા. An ambush.

Waiter (ઉવેટર્), *n.* ખિદ્મતદાર; હજુરિયો નોકર; પરિજન. An attendant; a servant. **2.** કથરોટ; થાળ. A salver.

Waitress (ઉવેટ્રેસ્), *n.* ચાકરડી; દાસી. A [female servant.

Waive (ઉવેવ્), *vt. vi. pr. p.* **Waiving.** *imp. & p. p.* **Waived.** ત્યાગ કરવો; છોડી દેવું; તજવું; મૂકી દેવું; ત્યાગવું; દૂર થવું-જવું. To reject; to desert; to relinquish; to give up.

Wake (ઉવેક), *vt. vi. pr. p.* **Waking.** *imp. & p. p.* **Woke, Waked.** જગાડવું; જાગૃત કરવું; સજીવન કરવું; ચેતનમય બનાવવું. To awake; to rouse from sleep; to animate. **2.** જાગવું; જાગી ઉઠવું; ચેતનમય બનવું-થવું. To be roused from sleep; to awake. *n.* જાગરણ; ઉજાગરો. An act of waking; a state of being without sleep.

Wakeful (ઉવેક્ફુલ્), *a.* જાગૃત; સાવધ; ચાલાક; ચપળ. Not sleeping; cautious; active.

Wakefully (ઉવેક્ફુલલિ), *ad.* સાવધપણે; ચાલાકી પૂર્વક; ચપળતાથી. In a wakeful way.

Wakefulness (ઉવેક્ફુલનેસ્), *n.* જાગૃતિ; સાવધપણું; હોંશિયારી. A state of being wakeful; cautiousness.

Waken (ઉવેકન્), *vt. vi.* Same as, **Wake.**

Wale (ઉવેલ્), *n.* સૉળ; મારની નિશાની. A mark on the skin by a rod. *vt.* સૉળ પાડવા; સોટી મારીને સૉળ પાડવા. To mark with stripes.

Walk (ઉવૉક્), *vt. vi.* ચાલવું; ડગલા ભરવાં; પગ ઉપાડવો; સ્હેલ કરવા જવું. To move on feet; to go by steps; to go out as a pleasure. *n.* સહેલ; ચાલ; ગમન; ફરવા જવું તે; વિહાર. An act of walking on feet; a pleasure-trip. **2.** વિષય; બાબત; પ્રકરણ. A sphere; a matter. **To walk over,** પસાર કરી જવું. **To walk in,** -માં પ્રવેશ કરવો. **To walk with,** ના પ્રમાણે ચાલવું-વર્તવું.

Wall (ઉવૉલ), *n.* ભીંત; દીવાલ; કોટ. A work of stone or bricks, intended for defence. **2.** પડદો; આંતરો; અંતરાય. A curtain; a hindrance. *vt.* ભીંત બાંધવી; દિવાલ ચણવી. To inclose with a wall; to fortify.

Wallet (ઉવૉલેટ્), *n.* કોથળી; ઝોળી; મુસાફરીમાં રાખવાનો ખડીઓ-પાકીટ. A bag; a sack; a traveller's bag.

Walleteer (ઉવૉલેટીર્), *n.* પગે ચાલતો મુસાફર; ઝોળી લઇને રખડતો ભિખારી. One, who carries a wallet; a beggar with a sack.

Wallop (ઉવૉલોપ્), *vt. vi.* ઝુડવું; મારવું; પ્રહાર કરવો. To beat; to flog. **2.** ખદબદવું; ઉકળવું. To boil. *n.* પ્રહાર; માર મારવો તે. A blow; a beating.

Wallow (ઉવૉલ્લો), *vi. pr. p.* **Wallowing.** *imp. & p. p.* **Wallowed.** લોટવું; આળોટવું; ગુલાંટ ખાવી; ગબડવું; પાપમાં ગરક થઇ જવું. To roll one's self about; to live in vices.

Walnut (ઉવૉલનટ્), *n.* અખરોટ; અખોડ. The nut of the tree of the genus Juglans.

Walrus (વૉલરસ્), *n.* દરિયાઇ ઘોડો; દરિયામાં રહેતું લાંબા દાંતવાળું માંસાહારી પ્રાણી. A large carnivorous marine.

Waltz (ઉવૉલ્ટ્ઝ્), *n.* એક જાતનો ગોળ ફરવાનો નાચ; ફુદડી; ફેરફુદડી ફરવી તે. A kind of circular dance. *vi.* નાચવું; ફુદડી ફરવી. To dance in a circular way.

Wan (ઉવૉન્), *a.* ફિક્કું; પીળું; નિસ્તેજ. Pale; bloodless. *vi.* ફિક્કું પડવું; નિસ્તેજ થવું; રંગ ઉડવો. To become pale; to grow pale.

Wand (ઉવૉન્ડ્), *n.* જાદુગરની લાકડી; મદારીની લાકડી. A rod used by a conjuror. **2.** રાજ્યદંડ; અધિકારની છડી. A royal staff.

Wander (ઉવૉન્ડર્), *vi. pr. p.* **Wandering.** *imp. & p. p.* **Wandered.** રખડવું; ભટકવું; આથડવું; રઝળવું; આમતેમ ફરવું. To ramble; to stroll; to rove. **2.** ભ્રમિત થવું; આડા રસ્તે જવું; માર્ગ ચૂકવો. To deviate; to err.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Wanderer (ઉવૉન્ડરર્), *n.* રખડનાર; ભટકનાર; કામ સિવાય આથડનાર. A rambler; one, who wanders.

Wane (ઉવેન્), *vi. pr. p.* **Waning.** *imp. & p. p.* **Waned.** (ચંદ્રની કળાનું તેજ) ઓછું થવું; ઘટવું; ક્ષીણ થવું; ઉતરતી દશા થવી. To decrease; to decline; to grow less. *n.* ઘટાડો; ક્ષીણતા; ઓછું થવું તે. A decrease; a decline.

Want (ઉવૉન્ટ્), *n.* જરૂરીયાત; તંગી; અછત; ખોટ; હીનતા. A deficiency; indigence; absence. 2. ગરિબાઈ; અછત. Penury; a scarcity. 3. માગણી; ખપત. A demand. *vt. vi.* ઇચ્છવું; ચહાવું; માગવું. To desire; to wish to have; to demand. 2. ઘટવું; ઓછું થવું; ન્યૂનતા બતાવવી. To decrease; to become less. 3. અભાવ હોવો; તૂટ પડવી; ખોટ પડવી. To feel absence for; to fall short of.

Wanton (ઉવૉન્ટૉન્), *a.* રમતિયાળ; વિલાસી; ખુશમિજાજ; કામાતુર; લંપટ. Playful; indulging in natural impulses without restraint; licentious. 2. ભરચક ઉગેલું; વધારે પ્રમાણમાં ફાલેલું. Growing in excess. 3. વગર વિચારે કામ કરે તેવું; સાહસિક. Daring; heedless. *n.* વિષયાસક્ત પુરૂષ; ભટકેલ અથવા વંઠેલ પુરૂષ. A licentious person. *vi.* મોજ મારવી; અમર્યાદ રીતે વર્તવું; ભટકવું. To revel; to sport in lewdness.

Wantonly (ઉવૉન્ટૉનલિ), *ad.* નિરંકુશ રીતે; અમર્યાદપણે; લંપટપણે. In a wanton way or manner.

Wantonness (ઉવૉન્ટૉનનેસ), *n.* વિલાસ; કામાતુરપણું; વિષયાસક્તિ; મોજમજાહવાળું જીવન હોવું તે. A state of being wanton.

War (ઉવૉર્), *n.* લડાઇ; યુદ્ધ; સંગ્રામ; વિગ્રહ. A contest between nations or kingdoms. *vi. pr. p.* **Warring.** *imp. & p. p.* **Warred.** લડાઈ ચલાવવી; યુદ્ધ કરવું; સંગ્રામ આદરવો. To carry on war; to contend; to fight.

Warble (ઉવૉર્બલ્), *vt. vi. pr. p.* **Warbling.** *imp. & p. p.* **Warbled.** લહેકાવીને ગાવું; લહેકાવીને બોલવું; સુસ્વરથી ગાવું. To sing melodiously; to trill. *n.* મધુર અવાજ-ગાયન; ગીત. A melodious tune; a song.

Warbler (ઉવૉર્બ્લર્), *n.* ગાનાર; સુંદર રીતે આલાપથી ગાનાર. One, who warbles. 2. સુંદર રીતે ગાનાર પક્ષી. An American singing bird.

Ward (ઉવૉર્ડ્), *v. vi.* ચોકી કરવી; રક્ષા કરવી; બચાવવું. To defend; to guard against. 2. સાવધ રહેવું; સંભાળ રાખવી. To be active and vigilant. 3. નિવારવું; ટાળવું; દૂર રાખવું. To keep away; to free from. *n.* ચોકી કરવી તે; બચાવ; નિવારણ. An act of warding off; a watch. 2. પરગણાનો અથવા શહેરનો વિભાગ. A division of a city. 3. સગીર; વાલીની સંભાળનું છોકરૂં. A minor; a person, under the care of a guardian.

Warden (ઉવૉર્ડેન્), *n.* ચોકીદાર; રખવાળ; પગી. A keeper; a guardian.

Wardenship (ઉવૉર્ડેનશિપ્), *n.* ચોકીદારીપણું; રખેવાળી; પગીપણું. The rank or position of a warden.

Warder (ઉવૉર્ડર્), *n.* સંભાળ રાખનાર; વાલી; કાળજીપૂર્વક રક્ષણ કરનાર; દ્વારપાળ. One, who wards; a guard.

Ware (ઉવેર્), *n.* માલ; સોદો; સામાન. Goods; commodities for sale. *vt.* જાણીતા કરવું; સાવધ બનાવવું. To make aware; to warn.

Ware-house (ઉવેર્હાઉસ્), *n.* વખાર; કોઠી; કોઠાર. A store-house for wares. *vt.* વખારમાં ભરવું; કોઠારમાં માલનો સંગ્રહ કરવો. To deposit in a warehouse.

Warfare (ઉવૉર્ફેર્), *n.* યુદ્ધ; લડાઇ; સંગ્રામ; વિગ્રહ. A contest or a fight between nations; a military service.

Warily (ઉવેરિલિ), *ad.* ચોકસાઇથી; વિચારીને; સાવધપણે. Cautiously; in a wary way.

Warlock (ઉવૉર્લૉક્), *n.* દૈત; ભૂત; રાક્ષસ. A male witch. 2. જાદુગર; ઇલ્મી. A sorcerer.

Warlike (ઉવૉર્લાઇક્), *a.* લડાયક; રણોત્સુક; લડવૈયું; સંગ્રામને છાજે તેવું. Disposed or fit for a war; eager to join a battle.

Warm (વૉર્મ્), *a.* ગરમ; ઉષ્ણ; ગરમીવાળું; ઉનું. Containing heat in a moderate form; subject to heat. 2. હોસિલું; આતુર; ઉત્સાહી. Zealous; ardent; eager. *vt. vi.* ઉનું કરવું; ગરમ બનાવવું; ઉષ્ણ થવું. To render warm; to be warm; to be heated. **Warm-blooded,** *a.* ગરમ લોહીવાળું. **Warm-hearted,** *a.* ખરા અંતઃકરણવાળું; લાગણીવાળું.

Warmly (ઉવૉર્મ્લિ), *ad.* હોંસથી; ઉલટથી; આનંદભેર. Sincerely; ardently.

Warmth (ઉવૉર્મ્થ્), *n.* ગરમી; ઉષ્ણતા. A state of being warm; heat. 2. (*Fig.*) આતુરતા; ઉત્સાહ; હોંશ. Eagerness; ardour; zeal.

Warn (ઉવૉર્ન્), *vt.* ખબર આપવી; ચેતવવું; સૂચવવું; સત્તાની રૂએ કહેવું. To inform; to make aware; to notify; to give notice to.

Warner (ઉવૉર્નર્), *n.* ખબર આપનાર; ચેતવનાર; સૂચવનાર. One, who warns

Warning (ઉવૉર્નીન્ગ્), *n.* ચેતવણી; સૂચના; તાકીદ; બોધન. A previous hint or suggestion; a caution.

Warp (ઉવૉર્પ્), *n.* ઉભો દોરો; તાણો; સુતર. The lengthwise threads in a fabric. 2. વહાણને ખસેડવા લંગરને વળગાડેલું દોરડું. A rope used in

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

moving a vessel. *vt. vi.* મરડવું; વાંકું વાળવું. To twist; to bend. **2.** મરડાઇ જવું; વાંકું થઇ જવું. To be twisted. **3.** વણવું; બનાવવું. To weave; to manufacture.

Warrant (ઉવોરૅન્ટ), *n.* સત્તા; અધિકાર; પરવાનો; અખત્યારનામું. An authority; a right granted to a person or a factory. **2.** સલામતી; જામિનગીરી. Security; a guarantee. **3.** ગુન્હેગારને પકડવા માટે આપવામાં આવેલ પત્ર-ફરમાન. An order urging for an arrest of some one found guilty. *vt.* અધિકાર આપવો; સત્તા આપવી; જામીનગીરી આપવી; હક બક્ષવો. To authorize; To endow with power; to pledge for.

Warrantable (ઉવોરૅન્ટેબલ), *a.* લાજમ; યોગ્ય; વ્યાજબી; કાયદેસર. Justifiable; lawful.

Warrantableness (ઉવોરૅન્ટેબલનેસ), *n.* લાજમ હોવું તે; યોગ્ય હોવું તે; કાયદેસર બનવું તે. A state of being warrantable.

Warranty (ઉવોરૅન્ટિ) *n.* ખાત્રી; જોખમદારી; જામિનગીરી. A security; a legal deed of security.

Warren (ઉવોરેન), *n.* સસલાને રાખવાનો વાડો; માંછલાને નદીમાં રાખવાનું ઠેકાણું. A plot of ground for the breeding of rabbits; a preserve for fish in a river.

Warrior (ઉવૉરિઅર) *n.* સિપાઈ; યોદ્ધો; શૂરવીર; લડવૈયો. A soldier; a champion.

Wart (ઉવૉર્ટ) *n.* મસો; ચમકીલ; છોડના ઉપર થતો ગાંઠો. A small dry growth on the body; a roundish glandule on the plants.

Wary (ઉવેરિ), *a.* સાવધ; હોંશિયાર; સાવચેત; ચોક્કસરીતે પોતાનું કામ કરનાર. Cautious of future events; careful; scrupulous.

Wash (ઉવૉશ), *vt. vi.* ધોવું; નિખારવું; પાણીથી સાફ કરવું; વિંછળવું; પવિત્ર કરવું. To clean with water; to remove impurity or dirt off. **2.** પાણી ફરી વળવું; જળથી ઘસાઇ જવું. To overflow. **3.** ન્હાવું; અંગ ધોવું. To bathe in; to make ablution. *n.* ભીની અને ઘાસવાળી જમિન; કલાણ. A bog; a fen. **2.** ધોવું તે; પાણીથી સાફ કરવું તે. An act of washing. **Washer-man,** *n.* ધોબી; કપડાં ધોવા, વિગેરેનો ધંધો કરનાર. **Washer-woman,** *n.* ધોબણ. **Wash-out,** *n.* વરસાદથી સડક અથવા માટીનું ધોવાઈ જવું તે. **Wash-stand,** *n.* હાથ, મ્હોં, વિગેરે ધોવાનું વાસણ મૂકવાની ઘોડી.

Wasp (ઉવૉસ્પ), *n.* ભમરો; ભમરી. A kind of biting insect; a bee. **2.** (*Fig.*) ચીડીયા સ્વભાવવાળો પુરૂષ; ચીડાઇ જાય તેવો પુરૂષ. A person of ill-humour.

Waspish (ઉવૉસ્પિશ), *a.* ચિડિયું; મિજાજી; ભમરાના આકારનું. Easily excitable; having the shape of a wasp.

Wassail (ઉવૉસ્સેલ), *n.* દારૂ પીવાનો ઉત્સવ; પાનોત્સવ. A carouse; a drinking bout. **2.** દારૂ પીતાં ગવાતાં ગીત. A drinking song.

Wassailer (ઉવોસ્સેલર), *n.* મોજમજામાં ભાગ લેનાર; મિજબાની (ખાસ કરીને મદ્યપાનની) ઉડાવનાર. One, who drinks wassail.

Wastage (ઉવેસ્ટેજ), *n.* બગાડ; વધારે પડતો થતો વપરાશ અથવા વ્યય; ઘટ; નુકશાની. Loss by use; a shortage.

Waste (ઉવેસ્ટ), *vt. vi. pr. p.* **Wasting.** *imp & p. p.* **Wasted.** ક્ષીણ કરવું; ઓછું કરવું; ખરચી દેવું; વેરાન કરવું; ઉજ્જડ બનાવવું. To abate; to squander; to make barren. **2.** ક્ષીણ થવું; ઘટવું. To be diminished; to grow less. *n.* ઘટાડો; બગાડ; ઓછું થવું તે; ખરચી નાખવું તે. A decrease; an act of wasting; a slow loss. **2.** વેરાન; ઉજ્જડ જમિન; જંગલ; પડતર ચીજ. A desert; a barren land; an unused thing or article. **3.** ઉડાઉપણું; વ્યર્થ ખરચ કરવો તે. A habit of squandering; prodigality. *a.* નકામું; નિરૂપયોગી; બાતલ; વ્યર્થ. Useless; out of use; refuse **2.** નિર્જન: ઉજ્જડ; વાવેતર વિનાનું. Barren; devoid of population; uncultivated. **Waste-gate,** *n.* વધારાનું પાણી કાઢી નાંખવાનો રસ્તો. **Waste-basket,** *n.* નકામા કાગળો, કચરો વિગેરે રાખવની ટોપલી.

Wasteful (ઉવેસ્ટ્ફુલ), *a.* ઉડાઉ; ફોગટ ખરચી નાંખનાર; અતિશય વ્યય કરે તેવું. Lavish; prodigal; not knowing thrift.

Wastrel (ઉવેસ્ટ્રેલ), *n.* આળસુ માણસ; રખડાઉ આદમી; કામધંધા સિવાયનો પુરૂષ. An idle fellow; a worthless fellow.

Watch (ઉવૉચ), *n. pl.* **Watches.** ખિસા ઘડિયાળ; નાનું ઘડીઆળ. A small time-piece. **2.** ચોકીદાર; પહેરેગીર; સંત્રી; પગી. A guard; a sentinel. **3.** ચોકી; પહેરો; રખેવાળ. The duty or work of a watchman. *vt. vi.* રક્ષણ કરવું; ચોકી કરવી; ઉજાગરો કરવો; જાગવું. To guard; to look with attention; to keep away from sleep; to remain waking. **2.** સાવધ બનવું; જાગૃતિ બતાવવી. To be alert; to keep vigilance. **Watch-dog,** *n.* ચોકી કરવા સારૂ પાળેલો કુતરો. **Watch-fire,** *n.* ચોકીદારે રાત્રે જાગવા સારૂ સળગાવેલો અગ્નિ-તાપ. **Watch-house,** *n.* દેવડી; ચોકી. **Watch-key,** *n.* ઘડિયાળને ચાવી દેવાની કુંચી **Watch-maker,** *n.* ઘડિયાળ બનાવનાર. **Watch-man,** *n* રાત્રે રોન ફરનાર; પગી. **Watch-word,** સંકેતિક શબ્દ; દુશ્મન અથવા દોસ્ત ઓળખાઇ આવે તેવા સંકેતમાં બોલવામાં આવતો સિપાઇઓનો શબ્દ.

Watchful (ઉવૉચ્ફુલ), *a.* સાવધ; જાગૃત; હોંશિ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાર. Attentive; active; cautious.

Watchfully (ઉવૉચ્ફુલ્લિ), *ad.* સાવધપણે; સાવચેતીથી; હોંશિયારીથી. Attentively; in a watchful way.

Watchfulness (ઉવૉચ્ફુલ્નેસ્), *n.* સાવધપણું; હોંશિયારી; કાળજીપૂર્વક સોંપેલી ચીજને સંભાળવીને. A state of being watchful.

Water (ઉવૉટર્), *n.* પાણી; જળ; ઉદક; સલીલ. The fluid discharged from the clouds. **2.** (*fig.*) દમ; સત્વ; પાણી. Strength; potency. *vt. vi.* પાણી છાંટવું; જળથી ભીંજવવું; ભીનું કરવું. To sprinkle with water; to wet. **2.** પાણીવાળું કરવું. To supply with water. **3.** જળ પડવું; પાણી વહેવું-પડવું. To shed water or any other fluid. **Water-bearer,** *n.* ભીસ્તી; કૂંભરાશી. **Water-bound,** *a.* પાણીની રેલથી રોકાયેલું. **Water-brain,** *n.* ઘેટાંને થતો એક જાતનો રોગ. **Water-carriage,** *n.* વહાણ; હોડી. **Water-clock,** *n.* જળ ઘટિકા યંત્ર. **Water-closet,** *n.* જાજરૂ; સંડાસ. **Water-colour,** *n.* પાણીને ગુંદરમાં મેળવી કરેલો રંગ. **Water-fall,** *n.* જળધોધ. **Water-lily,** *n.* કમળનું ફુલ. **Water-fowl,** *n.* જળકુકડી. **Water-gruel,** *n.* કાંજી. **Water-melon,** *n.* તડબૂચ. **Water-mill,** *n.* જળચક્કી; પાણીની ગતિથી ચાલનાર યંત્ર. **Water-thief,** *n.* ચાંચીઓ. **Waterproof,** *a.* પાણી ન પેસે તેવું. **Water-spout,** *n.* વંટોળિયો.

Watery (ઉવૉટરિ), *a.* પાણીવાળું; જળમય; જળથી ભિંજાયેલું. Containing water; consisting of water. **2.** સ્વાદ વિનાનું; સ્વાદ રહિત. Tasteless; devoid of any taste.

Wattle (ઉવૉટ્લ્), *n.* ત્રાપો; તટ્ટી. A hurdle of interlaced rods. *vt.* ડાળી સાથે બાંધવું; ગુંથવું; વણવું. To bind with twigs; to plat.

Wave (ઉવેવ્), *n. pl.* **Waves.** મોજું; લહેર; છોળ; તરંગ; ઉર્મી. An undulation; an undulating line or streak. *vt. vi. pr. p.* **Waving.** *imp. & p. p.* **Waved.** આમતેમ હલાવવું; છોળ લાવવી. To cause to undulate; to produce a wave or waves. **2.** નિશાની કરીને બોલાવવું; પટ્ટા ખેલવા. To call by a signal; to brandish.

Waver (ઉવેવર્), *vi.* આમતેમ હાલવું; હેલ્લા ખાવું. To move to and fro; to reel; to oscillate. ઢચુપચુ થવું; શંકા કરવી; અચકાવું. To vascillate; to hesitate.

Wavelet (ઉવેવ્લેટ્), *n.* નાનું મોજું; નાનો હિલોળો-છોળ. A small wave.

Wavy (ઉવેવિ), *a.* મોજાંની માફક ઉછળતું; છોળ લાવે તેવું; તરંગ અથવા કલ્લોલમય. Full of waves; rising like a wave or waves.

Wavering (ઉવેવરિન્ગ્), *a.* અદૃઢ; ઢચુપચુ; ડગમગતું; ડોલતું. Unsteady; moving to and fro.

Wax (ઉવૅક્સ્), *n.* મીણ; કાગળ ઉપર સીલ કરવાની લાખ. A fatty substance produced by the bees; a wax-like substance used in uniting the surfaces of the things. *vi.* વધવું; ફાલવું; મોટું થવું; વૃદ્ધિ થવી. To increase in size; to grow bigger in area. **Wax-candle,** *n.* મીણબત્તિ. **Wax-paper,** *n.* મીણ પાયેલો કાગળ. **Wax-cloth,** મીણીયું. **Wax-end,** *n.* બુટ સીવવાનો મીણ પાયેલો દોરો.

Waxen (ઉવૅક્સન્), *a.* મીણનું બનેલું; મીણ પાયેલું; મીણવાળું. Made or formed of wax.

Way (ઉવે), *n. pl.* **Ways.** રસ્તો; માર્ગ; દિશા; પંથ. A direction; a course; a passage. **2.** રીત; ક્રમ; માર્ગ; પ્રકાર. A manner; a method; a course. **Way-bill,** *n.* ગાડીમાં લઇ જવાના માલની અથવા ઉતારઓની યાદી. **Way-worn,** *a.* મુસાફરીથી થાકી ગયેલું.

Way-farer (ઉવેફેરર્), *n.* વટેમાર્ગુ; પથિક; મુસાફર. A traveller; a passenger.

Way-faring (ઉવે-ફેરિન્ગ્), *a* મુસાફરી કરતું; રસ્તે જતું. Travelling; going or passing by the way.

Way-lay (ઉવે-લે), *vt.* રસ્તામાં લૂટી લેવું; માર્ગમાં લૂટવું; સંતાઇને લૂટવાના ઇરાદાથી ઉભા રહેવું. To lie in wait for; to rob in or on the way.

Way-ward (ઉવે-વર્ડ્), *a.* હઠીલું; જક્કી; જીદ્દી; આપમતી. Stubborn; perverse; disobedient.

Way-wardness (ઉવે-વર્ડ્નેસ્), *n.* હઠ; જક્ક; જીદ; મમત. A quality of being wayward; perverseness.

We (ઉવી), *pro.* અમે; આપણે. The first person pronoun, and the plural form of **I.**

Weak (ઉવીક્), *a.* દુર્બળ; નબળું; કમજોર; અશક્ત. Wanting in vigour or physical strength; feeble; infirm. **2.** નબળો; કાચો; ઓછી આવડતવાળો. Not well-read. **Weak-side,** *n.* નબળી બાજુ; ખોડવાળી બાજુ.

Weaken (ઉવીકન્), *vt.* કમજોર પાડવું; નબળું કરવું; જોર ઓછું કરવું; શક્તિ વિનાનું કરવું. To enfeeble; to reduce the strength of; to deprive of strength.

Weakling (ઉવીક્લિન્ગ્), *n* નબળું પ્રાણી; અશક્ત આદમી; દમ વગરનો પુરૂષ. A weak creature or fellow.

Weakness (ઉવીક્નેસ્), *n.* નબળાઇ; અશક્તિ; કમજોરપણું; બુદ્ધિમંદપણું. A state of being weak.

Weal (ઉવીલ્), *n.* કલ્યાણ; હીત; આબાદાની; કુશળતા. Welfare; prosperity; happiness.

Wealth (ઉવેલ્થ્), *n.* સંપત્તિ; દોલત; દ્રવ્ય; પૈસો; સમૃદ્ધિ. Prosperity; opulence; riches; affluence.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Wealthily (ઉવેલ્થિલિ), *ad.* સમૃદ્ધિવાળી સ્થિતિમાં; વૈભવશાળીપણે. In a wealthy state or condition.

Wealthy (ઉવેલ્થિ), *a.* દોલતવાન; ધનવાન; શ્રીમંત; વૈભવશાળી. Having wealth; prosperous; rich. in means.

Wean (ઉવીન્), *vt.* ધાવણ છોડાવવું; ધાવણ મૂકે તેમ કરવું. To deprive of the mother's milk as food.

Weanling (ઉવીન્લિન્ગ્), *n.* ધાવણ છોડાવેલું બાળક-છોકરૂં-વાછરડું. A child or any animal newly weaned.

Weapon (ઉવેપૉન્), *n.* હથિયાર; ઓજાર; શસ્ત્ર. An instrument at a combat; an instrument of offence or defence.

Wear (ઉવેર્), *vt vi. pr. p.* **Wearing.** *imp.* **Wore.** *p. p.* **Worn** પહેરવું; ધારણ કરવું; પરિધાન કરવું. To bear on the body; to keep on the person; to assume. **2.** ઉપયોગ કરીને ઘસી નાખવું; જીર્ણ કરવું. To use away; to waste away by a constant use. *n.* ઘસાઈ જવું તે; ફાટી જવું તે; જીર્ણાવસ્થા. A state of being worn away. **To wear away,** ધીમે ધીમે ઘસી નાંખવું. **To wear off,** ઘસાઈ જવું. **To wear out,** જૂનું કરી નાંખવું.

Weariness (ઉવીરિનેસ્), *n.* થાક; કંટાળો; શ્રમ; ખેદ; ત્રાસ. A state of being weary.

Wearisome (ઉવીરિસમ્), *a.* કંટાળો ભરેલું; થકવી નાંખે તેવું; શ્રમાવહ. Causing fatigue or disgust; irksome.

Wearisomeness (ઉવીરિસમનેસ્), *n.* થકવી નાંખે તેવી સ્થિતિ; કંટાળો આપે તેવી હાલત. A state of being weary.

Weary (ઉવીરિ), *a.* થાકેલું; કંટાળેલું; થાકી ગયેલું; શ્રમિત; કંટાળો આપે તેવું. Tired; tiresome. *vt.* થકવવું; થકવી નાંખવું; કંટાળો આપવો. To make tired; to harass; to fatigue.

Weasel (ઉવીઝલ્), *n.* નોળિયો. A kind of carnivorous creatures.

Weather (ઉવેધર્), *n.* હવા; ઋતુ; કાળ. The atmospheric condition of any period or time of the year. *vt. vi.* હવામાં નાંખવું; ખમવું; ટક્કર લેવી; હવા સામે ટકી રહેવું. To expose to air; to resist against the air. **Weather-beaten,** *a.* પવનના સપાટા સહન કરે તેવું. **Weather-board,** *n.* પાણી અંદર આવતું અટકાવવા માટે વહાણને જડેલું પાટિયું. **Weather-cock,** *n.* પવનની ગતિ સૂચવનાર યંત્ર; પવન ચક્કી. **Weather-driven,** *a.* પવનથી ઘસડાઈ ગયેલું. **Weather-worn,** *a.* પવનથી ઘસાઇ ગયેલું.

Weave (ઉવીવ્), *vt. vi. pr. p.* **Weaving.** *imp.* **Wove.** *p. p.* **Woven.** વણવું; ગુંથવું; સાળ ઉપર લૂમ કરવું; સાથે જોડવું. To interlace the threads; to work with a loom; to entwine into a fabric.

Weaver (ઉવીવર્), *n.* વણકર; સાળવી; વણનાર. One, whose art is to weave.

Weazen (ઉવીઝન્), *a.* પાતળું; ક્ષીણ; તીણું. Thin; sharp.

Web (ઉવેબ્), *n.* થાન; તાકો; જોટો. The fabric, which is woven; the whole piece of cloth woven in a loom. **2.** જળપક્ષીનાં આંગળા વચ્ચેની ચામડી. The membrane, uniting the fingers of water-fowls. **3.** જાળું; જાળ. A cobweb. *vt. pr. p.* **Webbing.** *imp.* & *p. p.* **Webbed.** જાળમાં ફસાવવું; ફાંદામાં નાંખવું-ઉતારવું. To surround with a web. **Web-footed,** *a.* જાલપાદવાળું.

Webster (ઉવેબ્સ્ટર્), *n.* વણનારી; વણનાર સ્ત્રી; વણકર બાઈ. A female weaver.

Wed (ઉવેડ્), *vt. vi. pr. p.* **Wedding.** *imp.* & *p. p.* **Wedded.** લગ્ન કરવું; વિવાહ કરવો; પરણવું; લગ્નગાંઠથી જોડાવું. To marry; to be united with a tie of marriage; to join in marriage.

Wedding (ઉવેડિન્ગ્), *n.* વિવાહ; લગ્ન; પરણવાની ક્રિયા. A marriage; an act of marrying.

Wedge (ઉવેજ્), *n.* ફાચર; ખીલો. A piece of metal or wood or rocks. *vt.*-માં ફાચર જડવી, -મારવી. To drive or fasten with a wedge.

Wed-lock (ઉવેડ્-લૉક્), *n.* વિવાહ; લગ્ન; લગ્નવિધિ. A marriage; a matrimony.

Wednesday (ઉવેન્ઝ્ડે), *n.* બુધવાર. One of the week days, following Tuesday.

Wee (ઉવી), *a.* અલ્પ; નાનું; ક્ષુદ્ર; જરા. Insignificant; very little or small.

Weed (ઉવીડ્), *n.* નકામો શેપો અથવા છોડવો; નિંદણ કરવા જેવું નકામું ઘાસ. A useless plant or grass growing in water or fields. **2.** (*fig.*) નકામી ચીજ-વસ્તુ. Any useless thing. *vt.* ઘાસ કાઢી નાંખવું; નિંદવું; નિંદણ કરવું. To remove useless grass; to free from noxious plants. **Weed-mouth,** *n.* ઘણી ભાંષાઓ જાણનાર.

Weeder (ઉવીડર્), *n.* નકામું ઘાસ કાપનાર; ખેતરમાં નિંદનાર. One, who weeds. **2.** નિંદવાનું હથિયાર; ખરૂપડી. A weeding tool.

Weeding (ઉવીડિન્ગ્), *n.* ખેતરમાંથી નકામું ઘાસ કાપવું તે,-નિંદવું તે. An act of removing weeds from.

Weeds (વીડઝ્), *n. pl.* વિધવાનો શોકનો પોશાક. The mourning dress of a widow.

Week (ઉવીક્), *n.* અઠવાડિયું. A period of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

seven days. **Week-day,** *n.* રવિવાર સિવાય અઠવાડિયાનો કોઇપણ દિવસ.

Ween (વ્વીન્), *vi.* ધારવું; ભાસવું; કલ્પના કરવી. To think; to imagine.

Weep (વ્વીપ્), *vt. vi. pr. p.* **Weeping.** *imp. & p. p.* **Wept.** રૂદન કરવું; શોક કરવો; રડવું; પશ્ચાતાપ કરવો. To shed tears from the eyes; to lament; to bewail.

Weever (વ્વીવર્), *n.* ખોરાકમાં વપરાશમાં આવતી એક જાતની માંછલી. An edible fish of the British seas.

Weevil (વ્વીવિલ્), *n.* અનાજ, રૂ, વિગેરેમાં થતાં જીવડાં;કાતરા.The insects of the beetle family.

Weft (વ્વેફ્ટ), *n.* વાણો; કાપડમાંનું આડું સુતર. The threads that are carried in the shuttle and cross the warp.

Weigh (વ્વેહે), *vt. vi.* તોળવું; જોખવું; વજન કાઢવું; માપવું. To examine by the balance; to fix the weight of. **2.** ઉંચું કરવું; ઉપાડવું; તોલ કરવો. To raise; to lift. **3.** વજન થવું; જોખાવું. To be in weight.

Weighable (વ્વેએબલ્), *a.* તોળી શકાય તેવું; વજનમાં મૂકાય તેવું.Capable of being weighed.

Weight (વ્વેટ્), *n.* વજન; તોલ; ભાર. A heavy mass; the measure of the force of gravity of any body. **2.** વજન; ભારબોજ; કિંમત; ગૌરવ; ચલણ. Influence; efficacy. *vt.* જોખવું;તોલ મૂકવો–કરવો. To load with a weight.

Weightiness (વ્વેટિનેસ્), *n.* ભારબોજ; મહત્વ; વજન.Importance; a state of being weighty.

Weighty (વ્વેટિ), *a.* વજનદાર; અગત્યનું; મોટું; જરૂરી;ગંભીર.Heavy;important;serious; grave.

Weird (વ્વીર્ડ્), *n.* નશીબ; કર્મ; ભવિષ્ય.Destiny; fate. *a.* નશીબને લગતું; અમાનુષ્ય. Pertaining to fate; unearthly.

Welcome (વ્વેલ્કમ્),*n.* આદરમાન;આગતાસ્વાગત; સન્માન. A salutation; a kind reception to a guest. *a.* સ્વાગતનું; આદરમાનનું; સન્માનનું. Of or pertaining to a salutation. **2.** આનંદજનક; સુખપ્રદ. Pleasing.*vt. pr. p.* **Welcoming.** *imp. & p. p.* **Welcomed.** આગતા સ્વાગતા કરવી; આદરમાન આપવું; સન્માન કરવું. To entertain kindly; to receive cheerfully.

Weld (વ્વેલ્ડ્), *vt.* ખૂબ ટીપીને લોઢા વિગેરેના બે ભાગ અથવા સાંધા જોડવા; સાંધવું; જોડવું. To join into firm union by heating metal pieces. *n.* સાંધો જોડવો તે; સાંધાથી એકત્ર કરવું તે. An act of welding.

Weldable (વ્વેલ્ડેબલ), *a.* ગરમ કરીને જોડી શકાય અથવા સાંધી શકાય તેવું. Capable of being welded.

Welder (વ્વેલ્ડર્), *n.*ગરમ કરીને અથવા તપાવીને સાંધનાર–એક કરનાર. One, who welds.

Welfare (વ્વેલફેર્), *n.* ભલું; કલ્યાણ; ખેરિયત; કુશળતા; આબાદાની. A state of being free from evil; prosperity.

Welkin (વ્વેલ્કિન્), *n.* આકાશ; આસમાન. The sky; the vault of heaven.

Well (વ્વેલ્), *n.* કુવો; ઝરો; વહેળિયું. A fountain; a spring. **2.** ભંડાર; સાગર. A source; an origin. *vt. vi.*–માંથી પાણી કાઢવું; પાણી નીકળવું; ઝરવું; વહેવું. To draw out as water from a well; to flow out. *a.* સારૂ; નિરોગી; કુશળ; ભાગ્યશાળી; સમૃદ્ધ. Having good order or condition; happy; heathy; prosperous. *ad.* બરાબર રીતે; ઠીક; ન્યાયપૂર્વક; યથાયોગ્ય. Properly; justly; rightly.**Well-enough,** *ad.* જોઇએ તેવું સારૂંજ. **Well-off,** *a.* સુખી; આબાદ. **Well-to-do,** *a.* પૈસાદાર; તવંગર. **Well-a-day,** *int.* હાય ! અફસોસ ! **Well-born,** *a.* કુલીન; કુળવાન. **Well-bred,** *a.* સભ્ય; મર્યાદાશીલ. **Well-informed,** *a.* બહુ વાંચેલ; વધારે જ્ઞાનવાળું. **Well-disposed,** *a.* સારા સ્વભાવવાળું. **Well-nigh,** *ad.* લગભગ ઘણું કરીને તેટલુંજ.

Welter (વ્વેલ્ટર્); *vi.* આળોટવું; લોટવું; રગદોળાવું; મોજાંની માફક ઉછળવું. To wallow; to roll about; to rise and fall as waves.

Wen (વ્વેન્), *n.* રસોળી; ગાંઠ; ગુમડું.A tumour on the skin without inflammation.

Wench (વ્વેન્શ), *n.* રાંડ; વેશ્યા; લુચ્ચી છોકરી. A young woman of loose character. *vi.* રાંડોની સોબતમાં ફરવું; ખરાબ છોકરીઓની સોબત કરવી. To be in the company of women, who are of loose character.

Wend (વ્વેન્ડ્), *vi. pr. p.* **Wending.** *imp. & p. p.* **Wended.** જવું; રસ્તો લેવો–માપવો. To go; to pass from a place.

Went (વ્વેન્ટ્),*vi.* ગયો.Imperfect form of **go.**

West (વ્વેસ્ટ્), *n.* પશ્ચિમ; આથમણી દિશા. The cardinal point, where the sun sets. *a.*પશ્ચિમ તરફનું; આથમણી બાજુનું. Towards the west.

Westerly (વ્વેસ્ટર્લિ),*a.* પશ્ચિમ તરફનું; પશ્ચિમમાં વસેલું અથવા આવેલું. Being toward the west. *ad.* પશ્ચિમ દિશા તરફ. Towards the west.

Western (વ્વેસ્ટર્ન), *a.* પશ્ચિમનું; પશ્ચિમ તરફનું; પાશ્ચિમાત્ય. Of the west quarter.

Westerner (વ્વેસ્ટરનર્), *n.* પશ્ચિમના દેશોનો રહેવાસી. An inhabitant of the western countries.

West-ward,-s (વ્વેસ્ટ્-વર્ડ્,-ર્ડ્ઝ્), *ad.* પશ્ચિમ તરફ–ભણી; પશ્ચિમ દિશાએ. In or towards the direction of the west.

Wet (વ્વેટ્), *a.* ભીનું; ભીંજાયેલું; વરસાદના પાણીથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભેજવાળું. Containing water; moist; damp. *vt. vi. pr. p.* **Wetting.** *imp.* & *p. p.* **Wetted.** ભીંજવવું; ખોળવું; ભીનું કરવું. To make wet; to moisten. **2.** ભેજવાળું થવું; ભીનું થવું. To become wet. *n.* ભીનાશ; ભેજ. Wetness. **Wet-nurse,** *a.* ધવરાવનાર આયા-સ્ત્રી. **Wet shod,** *a.* ભીના પગવાળું; ભીના જોડાવાળું.

Wether (ઉવેધર્), *n.* ખસી કરેલો મેંઢો. A castrated ram.

Wetness (ઉવેટ્નેસ્), *n.* ભેજ; ભીનાશ; શરદી. A state of being wet; moisture.

Wettish (ઉવેટિશ્), *a.* થોડીઘણી ભીનાશવાળું, -ભેજવાળું. Somewhat wet; slightly moist.

Whack (ઉવૅક), *vt.* મુક્કી મારવી; મારવું; ઠોંસો દેવો. To strike; to thrash. *n.* મુક્કો; પ્રહાર. A blow; a blow with the fist.

Whale (ઉવ્હેલ્), *n.* મગરમચ્છ; 'વ્હેલ' નામની માછલી. The name given to the larger mammals of the order Cetacea.

Wharf (ઉવૉર્ફ્), *n. pl.* **Wharfs** or **Wharves.** બંદરનો ડક્કો; ઘાટ; ઓવારો. A quay. *vt.* ડક્કા ઉપર મૂકવું; બંદરે લાવવું. To place on a wharf.

Wharfage (ઉવૉર્ફેજ્), *n.* બંદર ઉપર લેવામાં આવતી જકાત; બંદર ઉપરનો કર. The duty paid due to the use a wharf.

What (ઉવૉટ્), *pro.* જે તે; કોણ; કયું; શું? An interrogative pronoun; it is also used as a relative pronoun. **What not,** ગમે તે. **What if,** શું, જો, તો. **What else,** બીજું શું. **What than,** પછી શું. **Whatever,** જે જે. **What-soever,** જેટલું-તેટલું.

Wheal (ઉહ્વીલ્), *n.* ફોલ્લો; ચામડી ઉપર પડેલું લાલ ચામઠું. A pustule; a scar on the skin.

Wheat (ઉવ્હીટ્), *n.* ઘઉં. A well-known grain, which furnishes a white nutrious flour. **Wheat-ear,** *n.* ઘઉંનું કણસલું.

Wheaten (ઉવ્હીટ્ન્), *a.* ઘઉંનું; ઘઉંનું બનાવેલું Made of wheat.

Wheedle (ઉહ્વીડ્લ્), *vt. vi. pr. p.* **Wheedling.** *imp.* & *p. p.* **Wheedled.** ફોસલાવવું; પટાવવું; સમજાવીને કામ કાઢી લેવું; ખુશામત કરવી. To entice by sweet words; to cajole; to flatter.

Wheedler (ઉહ્વીડ્લર્), *n.* ફોસલાવનાર; પટાવનાર; લલચાવનાર. One, who wheedles.

Wheedling (ઉહ્વીડ્લિન્ગ્), *n.* લાલચ; ફોસલામણી; પટાવીને કામ કાઢી લેવું તે. An enticement; an act of one, who wheedles.

Wheel (ઉહ્વીલ્), *n.* પૈડું; ચાક; ચક્ર; રેંટ. A circular frame; turning round on its axis. *vt. vi.* ફેરવવું; ગતિ આપવી. To cause to revolve; to turn round **2.** ની આસપાસ ફરવું; ચક્કર મારવું. To go round; to move round. **Wheel-barrow,** *n.* હલકી ગાડી; લારી. **Wheel-wright,** *n.* પૈડાં બનાવનાર; ગાડી બનાવનાર.

Wheeze (ઉહ્વીઝ્), *vi.* ગળામાં કફ બોલવો; શ્વાસ લેતાં ઘરેરો થવો. To breathe hard and with an audible sound.

Whelm (ઉહ્વેલ્મ્), *vt.* ચોમેરથી દાબી દેવું; બુરાડવું; ગરક કરવું; લીન કરવું. To cover or press on all sides; to ingulf; to swallow.

Whelp (ઉહ્વેલ્પ્), *n.* કુરકુરિયું; સિંહ અથવા વાઘનું બચ્ચું. A puppy; a cub. **2.** ચક્રનો દાંતો. A tooth of a wheel. *vt. vi.* બચ્ચું જણવું (પશુનું); બચ્ચું ઉછેરવું. To bring forth whelps.

When (ઉવ્હેન્), *ad. conj.* જ્યારે; ક્યારે; જે વખતે-તે વખતે. At what time or period; while. **Whenever,** જ્યારે-જ્યારે; ત્યારે ત્યારે. **When-so-ever,** ગમે ત્યારે; ગમે તે વખતે.

Whence (ઉવ્હેન્સ્), *ad.* જ્યાંથી; ક્યાંથી; જ્યારથી. From what place; from what source.

Where (ઉવ્હેર્), *ad. conj.* જ્યાં; જે ઠેકાણે; ત્યાં; ક્યે ઠેકાણે-સ્થળે. At which place; at what place. **Where-about,** ઠામ-ઠેકાણું. **Where-as,** ખરૂં કારણ તો એ છે જે; તેટલા માટે. **Where-at,** શા ઉપરથી. **Where-by,** જે ઉપરથી. **Where-fore,** જે કારણને માટે-લીધે. **Where-upon,** જે ઉપરથી; જેથી. **Where-with, -withal,** જે વડે કરીને; જેથી.

Wherry (ઉવ્હેરિ), *n.* તરાપો; અણીવાળો મછવો; હોડા. A light shallow boat, used for plying on rivers.

Whet (ઉહ્વેટ્), *vt. pr. p.* **Whetting** *imp.* & *p. p.* **Whetted** or **Whet.** ઘસીને ધાર કાઢવી; સરાણ ઉપર ચઢાવવું. To sharpen by rubbing with a stone. **2.** જગાડવું; પ્રદિપ્ત કરવું; ઉશ્કેરવું. To excite; to stimulate.

Whether (ઉહ્વેધર્), *conj.* અથવા; નહિ; કે; અગર. In case; if not; if.

Whetter (ઉહ્વેટર્), *n.* પથરી ઉપર ઘસીને ધાર કાઢનાર; સરાણીઓ. One, who whets.

Whey (ઉવ્હે), *n.* દહીંનું પાણી; છાશ. The watery part curd-milk. **Whey-face,** *n.* ભયથી સફેદ બની ગયેલો ચહેરો.

Which (ઉવિચ્), *pro.* ક્યું; કોણ; જે; ક્યો. A word used for a relative or interrogative pronoun. **Whichever,** જે જે; જે કોઈ. **Which-so-ever,** જે જે.

Whiff (ઉવ્હિફ્), *vt. vi.* બીડી પીતાં પીતાં ફુંક મારવી; ધૂમાડાના ગોટા કાઢવા. To smoke; to puff out while smoking. *n.* ફુંક; દમ; ધુમાડાનો ગોટો કાઢવો તે. A puff; an act of

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

whiffing.

While (ઉહ્વાઈલ્), *conj.* જે વેળા; ત્યારે;એટલામાં; તે અરસામાં; જ્યાંસૂધી. At the time when; by the time; as long as. *vt. pr. p.* **Whiling.** *imp. & p. p* **Whiled.** નકામું ગુમાવવું;વ્યતીત કરવું; ગાળવું. To pass idly; to spend. **2.** રખડવું; રઝળવું. To wander.

Whilst (ઉહ્વાઇલ્સ્ટ્), *conj.* જ્યારે ત્યારે;એટલામાં; તેટલામાં; દરમ્યાનમાં. During the time; as long as.

Whim (ઉહ્વિમ્) *n.* તુરંગ; મનનું વલણ; લહેર; ફાંટો; મોજ; નાદ; વિકલ્પ. A fancy; a freak; a caprice; a wavering turn of mind.

Whimper (ઉહ્વિમ્પર્), *vi.* ડચકાં ખાઇને રડવું; હુસકાં ભરીને રોવું. To weep with a sad and broken heart.

Whimsey, Whimsy (ઉહ્વિમ્ઝિ), *n.* તુરંગ; લહેર; કલ્પના; વિકલ્પ. A fancy; a freak.

Whimsical (ઉહ્વિમ્ઝિકૅલ્), *a.* લહેરી; તુરંગી; આસરંગી; મિજાજી; મનસ્વી. Capricious;freakish; full of whims.

Whimsicality (ઉહ્વિમ્ઝિકૅલિટિ), *n.* લહેરી બનવું તે; સ્વચ્છંદીપણું રાખવું તે; મનસ્વીપણે વર્તવું તે. A state of being whimsical; a whim.

Whine (ઉહ્વાઇન્), *n.* રડાપીટ; રોકકળ; શોકમય અવાજ. A drawling tone. *vi.* કકડીને રોવું; ધીમે ધીમે રડવું; બાળકની પેઠે રોવું. To weep after the manner of a child; to cry slowly.

Whip (ઉવ્હિપ્), *n.* ચાબકો; ચાબુક; કોરડો. A lash; a stick with a thong of leather. **2.** ગાડીવાન; રથ હાંકનાર; સારથી. A coachman. *vt. pr. p.* **Whipping.** *imp. & p. p.* **Whipped.** ચાબકો મારવો; ચાબુકથી પ્રહાર કરવો; કોરડાથી ફટકાવવું. To strike with a whip; to lash; to flog.

Whirl (ઉહ્વર્લ્), *vt. vi.* ગબડાવવું; જોરથી ફેરવવું-ફેંકવું. To turn round rapidly; to throw violently. **2.** ગોળાકારે ફરવું; ચક્કરમાં ફરવું. To move round in a circular form. *n.* ભ્રમણ; ભ્રાન્તિ; ફરકડી. An act of turning with velocity.

Whirlpool (ઉવ્હર્લ્પૂલ્), *n.* વમળ પાણીની ભમરી. An eddy.

Whirlwind (ઉવ્હર્લ્ઉવિન્ડ્), *n.* વંટોળિયો; વાવાઝોડું; ચક્રવાત; પવનનું તોફાન. A vortex of air; a violent wind.

Whisk (ઉહ્વિસ્ક્), *n.* પીંછી; નાનો કુચડો. A small brush. **2.** ઝપાટો; આંચકો. A sudden puff;a quick motion. *vt. vi.* ખંખેરવું; ઝાટકવું; બ્રશથી સાફ કરવું. To sweep with a brush. **2.** ઝડપથી ચાલ્યા જવું. To move quickly.

Whiskers (ઉહ્વિસ્કર્સ્), *n.* મુછના થોભિયા; મુંછના લાંબા વાળ. The long hair of the moustache.

Whisky, Whiskey (ઉહ્વિસ્કિ), *n.* ઘઉં, જવ, વિગેરેમાંથી કાઢેલો દારૂ; એક પ્રકારનો દારૂ. An ardent spirit, distilled form barley.

Whisper (ઉહ્વિસ્પર્) *vt. vi. pr. p.* **Whispering.** *imp & p. p.* **Whispered.** ગુપચુપ કાનમાં કહેવું; ધીમી વાત કરવી-કહેવી; ધીમેથી બોલવું; ધીમો અવાજ કાઢવો. To utter or speak with a hissing voice; to say very slowly. *n.* ઝીણો અવાજ;ધીમી વાતે; કાનમાં કહેવું તે. A slow and gentle voice; a slow talk.

Whisperer (ઉહ્વિસ્પરર્), *n.* ધીમે સાદે બોલનાર; ધીમેથી કહેનાર; કાનમાં વાત કરનાર. One who whispers.

Whist (ઉહ્વિસ્ટ્), *a.* છાનું; મુંગું; શાન્ત. Silent; quiet. *int.* છાનો રહે! ચુપ! Be silent. *n.* ગંજીપાની એક રમત; ભીરૂદાવ. A kind of play at cards.

Whistle (ઉહ્વિસલ્), *n.* સિસોટી; સીટી. A sharp musical sound produced by forcing the breath. *vt.* સિસોટી વગાડવી; અવાજ સાથે ફુંકવું; સણસણાટ અવાજ થવો. To produce a musical sound by forcing the breath.

Whistler (ઉહ્વિસલર્), *n.* સીસોટી વગાડનાર; સણસણાટ અવાજ કરનાર; ફુંકનાર. One who whistles.

Whit (ઉવ્હિટ્), *n.* લેશ; માત્ર; કણ; રજ. A bit; a jot; a particle; an iota.

White (ઉહ્વાઇટ્), *a.* ઉજળું; સફેદ; ધોળું; શ્વેત; ધવળ; ઉજ્જવલ. Not black; of milk colour. **2.** (*fig.*) એબ સિવાયનું; નિષ્કલંક. Free from a spot; stainless. **3.** પાકટ; પાકી વયનું; ધોળું. Gray-haired; hoary. **White-ant,** *n.* ઉધઈ. **White-brant,** *n.* ધોળો હંસ. **White-iron,** *n.* કલઇ ચઢાવેલું લોહું. **White-leather,** *n.* સફેદ ચામડું. **White-lime,** *n.* કળીચુનો. **White-powder,** *n.* અવાજ વિના ફુટે તેવો બંદુકમાં ભરવાનો દારૂ. **White of an egg,** *n.* ઇંડાની સફેદી. **Whlte-vitriol,** *n.* સફેદો. **White-lead,** *n.* સફેદો.

Whiten (ઉહ્વાઇટેન્), *vt. vi.* ધોળું કરવું; સફેદ કરવું-થવું. To make white; to grow white.

Whiteness (ઉહ્વાઇટ્નેસ્), *n.* ધોળાશ; ઉજળાશ; શ્વેતરંગ હોવો તે; ધવલતા. A quality of being white.

White-wash (ઉહ્વાઇટ્-વૉશ) *vt.* ચુનો લગાડી ધોળવું; કળીચુનો લગાડવો. To cover with a liquid for whitening. *n.* પાણી સાથે મેળવેલો ચુનો (જે ધોળાવવાના કામમાં વપરાય છે). A liquid for whitening.

Whither (ઉહ્વિધર્), *ad.* ક્યાં; કેણીગમ;જ્યાં જ્યાં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કઈ બાજુએ. To what or which place. **Whither-so-ever,** *ad.* કોઇપણ સ્થળે-ઠેકાણે.

Whitish (હ્વાઇટિશ). *a.* સફેદી મારતું; ધોળાશ ઉપરનું; ધોળું. Somewhat white; having a white colour.

Whitlow (હ્વિટ્લો), *n.* નખછર; નેયું પાકવું તે. The inflammation of toes or fingers.

Whittle (હ્વિટ્લ), *n.* એક જાતનો ગજવામાં રાખવાનો ચાકુ-ચપ્પુ. A knife. *vt.* ચપ્પાવડી છોલવું-કાપવું. To cut with a knife.

Whiz (હ્વિઝ), *vi. pr. p.* **Whizzing.** *imp.* & *p. p.* **Whizzed.** સણસણવું; સણસણાટ અવાજ થવો. To make a hissing sound. *n.* સણસણાટ; સણસણાટવાળો અવાજ. A hissing sound or noise.

Who (હુ), *pro.* જે; કોણ. One; any one. **Whoever, Who-so-ever,** *n.* જે કોઈ; જે ગમે તે.

Whole (હોલ), *a.* આખું; સઘળું; તમામ; બધું; અખંડ; પૂરૂં. Complete; all; not defective; entire. *n.* પૂર્ણ વસ્તુ-બીની; અખંડ સ્થિતિ. An entire thing; a complete state of any thing.

Wholeness (હોલનેસ), *n.* અખંડ સ્થિતિ; સંપૂર્ણ ચીજ-બીના. A state of being whole.

Wholesale (હોલસેલ), *n.* જથ્થાબંધ વેચાણ; એક સામટું વેચાણ. Sale of goods, in large a quantity.

Wholesome (હોલસમ), *a.* ગુણકારી; સુખકારક; કામનું; ફાયદાકારક. Salubrious; promoting health; good for the health.

Wholesomeness (હોલસમનેસ), *n.* ગુણવાળું હોવું તે; ફાયદાકારક સ્થિતિ. A quality of being wholesome.

Wholly (હોલલિ), *ad.* તદ્દન; તમામ; બિલકુલ; સાફ. Totally; entirely; completely.

Whom (હૂમ), *n.* કોને; જેને. To what person or animal.

Whoop (હૂપ), *vt. vi.* બૂમો પાડી અપમાન કરવું. To insult with loud cries. **2.** ચીસ પાડવી; બૂમ પાડવી; પોકાર કરવો. To shout; to cry aloud. *n.* બુમ; ચીચીઆરી. A shout; a loud cry.

Whore (હોર), *n.* વેશ્યા; પાતર; કસ્બણ; રામજણી. A prostitute; a harlot. *vt. vi.* જારકર્મ કરાવવું; પૈસા માટે વ્યભિચાર સેવવો; વેશ્યા તરીકે વર્તવું. To practise prostitution.

Whoredom (હોરડમ), *n.* જારકર્મ; છિનાળું; બદફેલી. The practice of a whore; lewdness.

Why (વ્હાઈ), *ad.* શામાટે; કેમ; શા સારૂ-વાસ્તે. What for; for what reason. *n.* વાછરડી. A heifer.

Wick (વિક), *n.* દીવેટ; વાટ; બત્તી; કાકડો. A loose spongy string, which draws burning of a candle.

Wickedness (વિકેડનેસ), *n.* દુષ્ટતા; દુરાચારીપણું; પાપાચરણ; કુકર્મી સ્વભાવ. A state of being wicked.

Wicker (વિકર), *n.* નાનીડાળી; ટોપલી. A small twig; a basket. *a.* ઝાડની ડાળીનું બનાવેલું. Made of or formed of twigs.

Wicked (વિકેડ), *a.* દુષ્ટ; પાપી; ખરાબ; દુરાચારી; ખળ. Evil; sinful; base; of bad character.

Wickedly (વિકેડલિ), *ad.* દુષ્ટપણે; ખરાબરીતે; દુરાચારીપણે. In a wicked way or manner.

Wicket (વિકેટ), *n.* ડોકાબારી; ખડકી. A small door or gate. **2.** ક્રિકેટની રમતમાં વપરાતા દાંડામાંનો એક દાંડો અથવા દાંડા આગળની જગ્યા અથવા ક્રિકેટની રમત રમનાર. One of three stamps used in the cricket, or the ground near in or a player.

Wide (વાઇડ), *a.* પહોળું; ચોડું; વિશાળ; વિસ્તીર્ણ. Extensive; spacious; broad. *ad.* વિશાળરીતે; ઘણે દૂર; ઘણે આઘે. Far; in a wide way.

Widely (વાઈડલિ), *ad.* વિશાળપણે; બહોળીરીતે પુષ્કળપણે. Copiously; in a wide way.

Widen (વાઈડન), *vt. vi.* પહોળું કરવું; ચવડું કરવું; વિશાળ કરવું. To make wide; to extend. **2.** પહોળું થવું; વિશાળ થવું. To grow wide.

Wideness (વાઇડનેસ), *n.* પહોળાપણું; પહોળાઇ. A quality of being wide.

Width (વિડથ), *n.* પહોળાઇ; પનો. Breadth; wideness.

Widow (વિડો), *n.* વિધવા; રાંડીરાંડ બાઇ. A woman, who has lost her husband, and remains unmarried.

Widower (વિડોઅર), *n.* વિધુર; રંડાએલો પુરૂષ -આદમી. A man, who has lost his wife and remains unmarried.

Widowhood (વિડોહુડ), *n.* વિધવાપણું; વિધવા સ્ત્રીની સ્થિતિ. The condition or state of a widow.

Wield (વિલ્ડ), *vt.* ધારવું; કરવું; વાપરવું; ઉપયોગમાં લેવું; વ્યવસ્થા કરવી; કારભાર કરવો. To hold; to use with hand; to manage.

Wife (વાઇફ), *n. pl.* **Wives.** પરણીઅત બૈરી -સ્ત્રી; પત્ની; ભાર્યા; ધણિયાણી. A woman, who is united to a man by marriage.

Wig (વિગ), *n.* વાળની ટોપી; બાલની ટોપી. An artificial covering of hair for the head.

Wight (વાઈટ), *n.* મનુષ્ય; માણસ; પુરૂષ. A person; a human being. **2.** અણુ; અલ્પભાગ. A particle; a smallest portion. *a.* ચપળ; ચાલાક. Active; nimble.

Wild (વાઇલ્ડ), *a.* જંગલી; રાની; અનાડી. Living in a forest; untrained. **2.** ખેડ્યા સિવાયનું; ખેડાણ વગરનું. Without being cultivated. *n.* જંગલ; રણ; ખેડ્યા વિનાનું ખેતર. A forest; a desert; an uncultivated plot of land. *ad.*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અણઘડપણે; જંગલીરીતે. In a wild way.

Wildly (ઉવાઈલ્ડ્લિ), *ad.* જંગલીપણે;રીતભાત વિના; અસભ્ય રીતે. In a wild way or manner.

Wilderness (ઉવિલ્ડરનેસ), *n.* રણ; મેદાન; વેરાન; અરણ્ય. A desert; a forest; a barren plain.

Wildness (ઉવાઇલ્ડ્નેસ), *n.* જંગલીપણું; દુરાગ્રહીપણું; અણઘડપણું. A state of being wild.

Wile (ઉવાઇલ), *n.* કાવો દાવો; ફરેબ; છળભેદ; કપટ. A stratagem; a trick; a fraud;a sly artifice. *vt. pr. p.* **Wiling.** *imp.* & *p. p.* **Wiled.** કપટકરવું; છળભેદ કરવો. To play a stratagem.

Wilful (ઉવિલ્ફુલ), *a.* હઠીલું;મમતી;તોરી;સ્વચ્છંદી; મરજીમુજબ કરે તેવું. Perverse; stubborn.

Wilfully (ઉવિલ્ફુલલિ), *ad.* હઠથી; સ્વચ્છંદીપણે; મનસ્વીરીતે. In a wilful way or manner.

Wilfulness (ઉવિલ્ફુલનેસ), *n.* હઠ; સ્વેચ્છાચારી આચરણ; મનસ્વીરીતે વર્તવાની ટેવ. A state of being wilful.

Will (ઉવિલ), *n.* મરજી; ખુશી; રાજી; ઇચ્છા. Willingness; a desire; a wish. **2.** હુકમ; આજ્ઞા. An order; a command. **3.** (*law*) મૃત્યુલેખ; વસિયત નામું. A testament. *vt. vi.* મરજી હોવી; ઈચ્છવું; સંમતિ થવી–હોવી; વસિયત નામું કરવું. To desire; to wish; to devise for. **2.** હુકમ કરવો; આજ્ઞા કરવી.To order;to command. **3.**ભવિષ્યકાળ બતાવનાર સાહાય કારક ક્રિયાપદ.An auxiliary verb denoting the future tense. *imp.* **Would.**

Willing (ઉવિલિન્ગ્), *a.* ખુશી;તૈયાર;રાજી;આપોઆપ તૈયાર થાય તેવું. Ready; showing readiness for; desirous.

Willingly (ઉવિલિન્ગ્લિ), *ad.* ખુશીથી;રાજીખુશીથી. In a willing way or manner.

Willingness (ઉવિલિન્ગ્નેસ), *n.* ખુશાલી;તૈયારી; આપોઆપ તૈયાર થવાની ટેવ; ઉત્સુકતા. A quality of being willing.

Willow (ઉવિલ્લો), *n.* એકપ્રકારનું ઝાડ છે. A kind of evergreen tree.

Wily (ઉવાઇલિ), *a.* લુચ્ચો; તરકટી;કાવાબાજ; કપટી. Cunning; carfty; artful.

Win (ઉવિન), *vt. vi. pr. p.* **Winning.** *imp.* & *p. p.* **Won.** જીતવું; મેળવવું; સંપાદન કરવું. To get by the right of superiority; to gain; to accomplish. **2.** ખેંચવું; પ્રલોભન કરવું; રક્ષણ કરવું. To attract; to captivate.

Wince (ઉવિન્સ), *vt.* આંગ સંકોચવું; આંચકો ખાવો; ચમકવું. To shrink; to start back.

Winch (ઉવિન્ચ), *n.* ચાક ફેરવવાનો દાંડો. A crank with a handle, helping to turn the axle.

Wind (ઉવિન્ડ), *n.* પવન;. હવા; વા; વાયુ. A current of air; air in motion. **2.** દમ;શ્વાસ લેવો તે. A breath; a breathing. *vt. pr. p.* **Winding.** *imp.* & *p. p.* **Winded** or **Wound.**પવનમાં મૂકવું; સૂકવવું; ફુંકીને વગાડવું. To expose to the wind;to blow the pipe. **Windfall,** *n.* અણધાર્યો લાભ. **Wind-mill,** *n.* પવન ચક્કિ. **Wind-gun,** *n.* હવાથી ફોડવામાં આવતી બંદુક. **Wind-pipe,** *n.* શ્વાસ લેવાની નળી.

Wind (ઉવાઇન્ડ), *vt. vi. pr. p.* **Winding.** *imp.* & *p. p.* **Wound.** વિંટાળવું; લપેટવું; વિટવું. To roll about; to twist. **2.** કબજામાં લેવું; નિયમમાં લેવું; અમલમાં મૂકવું. To control; to regulate. **3.** લપેટાવું; વિંટાઈ જવું–વળવું. To be twisted. **4.** વળવું; વાંકાચુંકા જવું.To bend; to go in a zigzag way. **5.** પુરૂં કરવું;સમાપ્ત કરવું. To conclude; to finish. **To wind off,** ઉકેલી નાંખવું. **To wind the watch,** ઘડિયાળને ચાવી આપવી. **To wind out,** બંધ કરવું; માંડી વાળવું.

Winding. (ઉવાઈન્ડિન્ગ્), *n.* ગલીકુંચી; સર્પાકારે થવું તે; વાંક. A zigzag course or way; a bend; a turn. *a.* વાંકુંચુંકું; આડાઅવળું. Having a curve; zigzag. **Winding-sheet,** *n.* શબવસ્ત્ર; પ્રેતવસ્ત્ર.

Window (ઉવિન્ડો), *n.* બારી; ખડકી. An opening in a wall for light and air. **2.** એક બીજાને કાપતી લીટીઓથી થતું ચિત્ર. A figure, formed of lines crossing one another. *vt.* બારી મૂકવી–જડવી.To furnish with a window or windows.

Windward (ઉવિન્ડ્–ઉવર્ડ્), *a.* પવનની દિશાનું; પવન વાતો હોય તે બાજુ તરફનું. Of the direction, from where the wind blows. *ad.* પવન તરફ. Toward the wind.

Windy (ઉવિન્ડિ), *a.* પવનનું; વાયુનું; વાયુ તરફનું Consisting of wind; of the wind. **2.** પવનથી થયેલું. Effected by the wind.

Wine (ઉવાઇન), *n.* દ્રાક્ષનો દારૂ; મદિરા; દ્રાક્ષરસ. The fermented juice of grapes. **2.** કોઇપણ ફલમાંથી બનાવેલો સીરક્રો. A liquor prepared from the juice of any fruit.

